અસ્વીકરણ: સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઈ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

DISCLAIMER: The translated judgment in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgment shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

==========

[૨૦૧૫] ૧૩ એસ.સી.આર. ૧

સુપ્રિમ કોર્ટ એડવોકેટ્સ-ઓન-રેકોર્ડ

એસોસિએશન અને અન્ય

વિ.

યુનિયન ઓફ ઈન્ડિયા.

(રિટ પિટિશન (સિવિલ) નં. ૧૩/૨૦૧૫)

ઓક્ટોબર ૧૬, ૨૦૧૫

[જગદીશ સિંઘ ખેહર, જે. ચેલમેશ્વર,

મદન બી. લોકુર, કુરિયન જોસેફ,

આદર્શ કુમાર ગોયલ, ન્યાયમૂર્તિઓ]

કોન્સ્ટીટ્યુશન (નાઇન્ટી-નાઇન્થ એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૧૪ - સુપ્રિમ કોર્ટમાં ન્યાયમૂર્તિઓની, અને હાઇકોર્ટોમાં મુખ્ય ન્યાયમૂર્તિઓ અને ન્યાયમૂર્તિઓની નિમણૂકની કોલેજિયમ પ્રણાલી; અને એક હાઇકોર્ટમાંથી બીજી

હાઇકોર્ટમાં હાઇકોર્ટોના મુખ્ય ન્યાયમૂર્તિઓ અને ન્યાયમૂર્તિઓની બદલી - કોલેજિયમ પ્રણાલીના સ્થાને નવી યોજના વિચારવામાં આવેલ - કોન્સ્ટીટ્યુશન (નાઇન્ટી-નાઇન્થ એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૧૪ સાથે વંચાણે લેતાં નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન એક્ટ, ૨૦૧૪ ના નેજા હેઠળ સ્થાપિત છ-સભ્ય નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન (એનજેએસી) - એનજેએસી આ મુજબ બનેલ છે: (એ) ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ, અધ્યક્ષ, હોદ્દાની રૂએ; (બી) ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ પછીના સુપ્રિમ કોર્ટના અન્ય બે વરિષ્ઠ ન્યાયમૂર્તિઓ સભ્યો તરીકે, હોદ્દાની રૂએ; (સી) કાયદા અને ન્યાયના પ્રભારી કેન્દ્રીય મંત્રી સભ્ય તરીકે, હોદ્દાની રૂએ; (ડી) સભ્યો તરીકે નામાંકિત કરવાના બે પ્રતિષ્ઠિત વ્યક્તિઓ - કોન્સ્ટીટ્યુશન (નાઇન્ટી-નાઇન્થ એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૧૪ - ની કાયદેસરતા - ઠેરવ્યું (કોર્ટના હુકમ અનુસાર): તે ગેરબંધારણીય અને શૂન્ય છે - નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન એક્ટ, ૨૦૧૪ - ન્યાયતંત્ર - ઉચ્ચ ન્યાયતંત્ર - બંધારણીય અદાલતો - ન્યાયમૂર્તિઓની નિમણૂક અને બદલી - પ્રક્રિયા.

નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન એક્ટ, ૨૦૧૪ - સુપ્રિમ કોર્ટમાં ન્યાયમૂર્તિઓની, અને હાઇકોર્ટોમાં મુખ્ય ન્યાયમૂર્તિઓ અને ન્યાયમૂર્તિઓની નિમણૂકની કોલેજિયમ પ્રણાલી; અને એક હાઇકોર્ટમાંથી બીજી હાઇકોર્ટમાં હાઇકોર્ટોના મુખ્ય ન્યાયમૂર્તિઓ અને ન્યાયમૂર્તિઓની બદલી - કોલેજિયમ પ્રણાલીના સ્થાને નવી યોજના વિચારવામાં આવેલ - કોન્સ્ટીટ્યુશન (નાઇન્ટી-નાઇન્થ એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૧૪ સાથે વંચાણે લેતાં નેશનલ

જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન એક્ટ, ૨૦૧૪ ના નેજા હેઠળ સ્થાપિત છ-સભ્ય નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન (એનજેએસી) - એનજેએસી આ મુજબ બનેલ છે: (એ) ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ, અધ્યક્ષ, હોદ્દાની રૂએ; (બી) ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ પછીના સુપ્રિમ કોર્ટના અન્ય બે વરિષ્ઠ ન્યાયમૂર્તિઓ સભ્યો તરીકે, હોદ્દાની રૂએ; (સી) કાયદા અને ન્યાયના પ્રભારી કેન્દ્રીય મંત્રી સભ્ય તરીકે, હોદ્દાની રૂએ; (ડી) સભ્યો તરીકે નામાંકિત કરવાના બે પ્રતિષ્ઠિત વ્યક્તિઓ - નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન એક્ટ, ૨૦૧૪ - ની કાયદેસરતા - ઠેરવ્યું (કોર્ટના હુકમ અનુસાર): તે ગેરબંધારણીય અને શૂન્ય છે - કોન્સ્ટીટ્યુશન (નાઇન્ટી-નાઇન્થ એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૧૪ - ન્યાયતંત્ર - ઉચ્ચ ન્યાયતંત્ર - બંધારણીય અદાલતો - ન્યાયમૂર્તિઓની નિમણૂક અને બદલી - પ્રક્રિયા.

ન્યાયતંત્ર - ઉચ્ચ ન્યાયતંત્ર - બંધારણીય અદાલતો - ન્યાયમૂર્તિઓની નિમણૂક અને બદલી - પ્રક્રિયા - સુપ્રિમ કોર્ટમાં ન્યાયમૂર્તિઓની, અને હાઇકોર્ટોમાં મુખ્ય ન્યાયમૂર્તિઓ અને ન્યાયમૂર્તિઓની નિમણૂકની કોલેજિયમ પ્રણાલી; અને એક હાઇકોર્ટમાંથી બીજી હાઇકોર્ટમાં હાઇકોર્ટોના મુખ્ય ન્યાયમૂર્તિઓ અને ન્યાયમૂર્તિઓની બદલી - કોલેજિયમ પ્રણાલીના સ્થાને નવી યોજના વિચારવામાં આવેલ - કોન્સ્ટીટ્યુશન (નાઇન્ટી-નાઇન્થ એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૧૪ સાથે વંચાણે લેતાં નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન એક્ટ, ૨૦૧૪ ના નેજા હેઠળ સ્થાપિત છ-સભ્ય નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન (એનજેએસી) - એનજેએસી આ મુજબ બનેલ છે: (એ) ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ,

અધ્યક્ષ, હોદ્દાની રૂએ; (બી) ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ પછીના સુપ્રિમ કોર્ટના અન્ય બે વરિષ્ઠ ન્યાયમૂર્તિઓ સભ્યો તરીકે, હોદ્દાની રૂએ; (સી) કાયદા અને ન્યાયના પ્રભારી કેન્દ્રીય મંત્રી સભ્ય તરીકે, હોદ્દાની રૂએ; (ડી) સભ્યો તરીકે નામાંકિત કરવાના બે પ્રતિષ્ઠિત વ્યક્તિઓ - ઠેરવ્યું (કોર્ટના હુકમ અનુસાર): કોન્સ્ટીટ્યુશન (નાઇન્ટી-નાઇન્થ એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૧૪ પહેલાં અસ્તિત્વમાં હતી તે મુજબની કોલેજિયમ પ્રણાલી કાર્યરત જાહેર કરવામાં આવે છે - જોકે, "કોલેજિયમ પ્રણાલી"ની કામગીરી સુધારવા માટે યોગ્ય પગલાં, જો કોઈ હોય તો, દાખલ કરવા વિચારણા કરવા માટે, આ બાબત હવે પછીની તારીખે સૂચિબદ્ધ કરવામાં આવેલ છે - કોન્સ્ટીટ્યુશન (નાઇન્ટી-નાઇન્થ એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૧૪- નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન એક્ટ, ૨૦૧૪.

ન્યાયતંત્ર - ઉચ્ચ ન્યાયતંત્ર - બંધારણીય અદાલતો - ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂક - સંસદ, વૈકલ્પિક પ્રક્રિયા પૂરી પાડવા સક્ષમ છે કે કેમ - ઠેરવ્યું (ન્યાયમૂર્તિ ખેહર અનુસાર): અનુચ્છેદ ૩૬૮ હેઠળ પોતાની સત્તાનો ઉપયોગ કરતી વખતે, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂક માટે અન્ય કોઈ વૈકલ્પિક પ્રક્રિયા પૂરી પાડવા માટે સંસદ સ્વતંત્ર છે, જ્યાં સુધી કે તે લક્ષણો "સત્તાનું પૃથક્કરણ" અને "ન્યાયતંત્રની સ્વતંત્રતા", કે જે બંધારણના "મૂળભૂત માળખા"ના "મુખ્ય" ઘટકો છે, તે જાળવી રાખવામાં આવે.

ભારતનું બંધારણ - માં સુધારો - વ્યાપ - ઠેરવ્યું (ન્યાયમૂર્તિ ખેહર અનુસાર): બંધારણનું "મૂળભૂત માળખું" અખંડિત છે - બંધારણમાં તેના કોઈપણ

"મૂળભૂત લક્ષણો"ને રદબાતલ કરવા માટે સુધારો કરી શકાતો નથી - ઉપરાંત, જો બંધારણના "મૂળભૂત લક્ષણો" પૈકીના એકના આધારે સામાન્ય કાયદા સામે કોઈ પડકાર ઊભો કરવામાં આવે, તો તેમ કરવું કાયદેસર રહેશે.

ભારતનું બંધારણ - અનુચ્છેદ ૩૬૮ - બંધારણીય સુધારાઓ - લોકોની ઇચ્છા અને ન્યાયિક સમીક્ષા - સુધારા કરવાની સત્તા પર મર્યાદાઓ - ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂક અને બદલી - અનુચ્છેદ ૧૨૪(૨) અને ૨૧૭(૧) હેઠળ વિચારવામાં આવેલી પ્રવર્તમાન પ્રક્રિયાના સ્થાને, જાહેર જીવનમાંથી પ્રતિષ્ઠિત/મહત્વપૂર્ણ વ્યક્તિઓ, કારોબારી અને ન્યાયતંત્રના સભ્યોનો સમાવેશ કરતું વિસ્તૃત ન્યાયિક નિમણૂક પંચ રચવાની દરખાસ્ત કરવામાં આવેલ - કથિત ઉદ્દેશ્ય સિદ્ધ કરવા માટે, અનુચ્છેદ ૩૬૮(૨), ખાસ કરીને તેના હેઠળના પરંતુક (પ્રોવિઝો) હેઠળ વિચારવામાં આવેલી પ્રક્રિયાને અનુસરીને, કોન્સ્ટીટ્યુશન (૯૯મો સુધારો) એક્ટ દ્વારા, અનુચ્છેદ ૧૨૪ અને ૨૧૭ માં અન્ય બાબતોની સાથોસાથ સુધારો કરવામાં આવ્યો, અને બંધારણમાં અનુચ્છેદ ૧૨૪એ, ૧૨૪બી અને ૧૨૪સી ઉમેરવામાં આવ્યા - તેની સાથે જ, સંસદે એનજેએસી એક્ટ ઘડ્યો - સદર બંધારણીય સુધારો અને કાયદાકીય અધિનિયમન, સુપ્રિમ કોર્ટ સમક્ષ પડકારવામાં આવ્યા - ઠેરવ્યું (ન્યાયમૂર્તિ ખેહર અનુસાર): સંસદને આપવામાં આવેલી સુધારા કરવાની સત્તા પર ઘોષિત મર્યાદાઓ છે, જેનો ભંગ કરી શકાય નહીં - જો કોઈ બંધારણીય સુધારો સ્પષ્ટપણે ગેરબંધારણીય હોય તેવી રીતે બંધારણના "મૂળભૂત ભાગ" (કોર)નો ભંગ કરે અથવા તેના "મૂળભૂત કે આવશ્યક લક્ષણો"નો નાશ કરે, તો તેણે પ્રતિબંધિત

ક્ષેત્ર ઓળંગ્યું ગણાશે - આ પાસું, નિઃશંકપણે ન્યાયિક સમીક્ષાના દાયરામાં આવશે - બાબતના ઉપરોક્ત પરિપ્રેક્ષ્યમાં, વાદગ્રસ્ત બંધારણીય સુધારો, તેમજ એનજેએસી એક્ટ પણ, બંધારણના "મૂળભૂત માળખા"ની કસોટી પર અને તે સંદર્ભમાં સુપ્રિમ કોર્ટ દ્વારા નિર્ધારિત કરવામાં આવેલા પરિમાણો પર ન્યાયિક સમીક્ષાને પાત્ર રહેશે, ભલે વાદગ્રસ્ત બંધારણીય સુધારો સર્વાનુમતે અથવા ભારે બહુમતીથી મંજૂર અને પસાર કરવામાં આવ્યો હોય, અને અઠ્ઠાવીસ જેટલી રાજ્ય વિધાનસભાઓ દ્વારા તેનું અનુસમર્થન કરવામાં આવ્યું હોવા છતાં પણ - કોન્સ્ટીટ્યુશન (નાઇન્ટી-નાઇન્થ એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૧૪ - નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન એક્ટ, ૨૦૧૪.

ન્યાયતંત્ર - ઉચ્ચ ન્યાયતંત્ર - બંધારણીય અદાલતો - ન્યાયમૂર્તિઓની નિમણૂક અને બદલી - ન્યાયતંત્રની સ્વતંત્રતા - ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને ન્યાયમૂર્તિઓના તેમના કોલેજિયમને આપવામાં આવેલી પ્રાથમિકતા - ઠેરવ્યું (ન્યાયમૂર્તિ ખેહર અનુસાર): ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં, અને તેમજ, અનુચ્છેદો ૧૨૪, ૨૧૭ અને ૨૨૨ હેઠળ એક હાઇકોર્ટમાંથી બીજી કોઈપણ હાઇકોર્ટમાં મુખ્ય ન્યાયમૂર્તિઓ અને ન્યાયમૂર્તિઓની બદલીની બાબતમાં, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને ન્યાયમૂર્તિઓના તેમના કોલેજિયમને આપવામાં આવેલી પ્રાથમિકતા, ઉપરોક્ત જોગવાઈઓના (મૂળ રીતે ઘડવામાં આવ્યા મુજબ) અભિન્ન અંગ તરીકે સ્વીકારવાને પાત્ર છે - તેથી, જ્યારે ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂક (તેમજ, બદલી)ના સંદર્ભમાં એવો આક્ષેપ કરતો પ્રશ્ન ઉપસ્થિત

કરવામાં આવે કે એક "મૂળભૂત લક્ષણ/માળખા" તરીકે "ન્યાયતંત્રની સ્વતંત્રતા"નું બંધારણનું ઉલ્લંઘન થયું છે, ત્યારે એ બાબતની ખાતરી કરવી પડશે કે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા (ન્યાયમૂર્તિઓના કોલેજિયમની સામૂહિક બુદ્ધિમત્તાના આધારે) વાપરવામાં આવતી ન્યાયતંત્રની પ્રાથમિકતાનો ભંગ થયો હતો કે કેમ - ત્યારબાદ જ એ તારણ કાઢવું શક્ય બનશે કે બંધારણના આવશ્યક "મૂળભૂત લક્ષણ" તરીકે "ન્યાયતંત્રની સ્વતંત્રતા" જળવાઈ રહી હતી કે નહીં (અને તેનો ભંગ થયો ન હતો) - ભારતનું બંધારણ - અનુચ્છેદો ૧૨૪, ૨૧૭ અને ૨૨૨. ન્યાયતંત્ર - ઉચ્ચ ન્યાયતંત્ર - બંધારણીય અદાલતો - ન્યાયમૂર્તિઓની નિમણૂક અને બદલી - પ્રક્રિયા - કોલેજિયમ પ્રણાલીના સ્થાને નવી યોજના વિચારવામાં આવેલ - કોન્સ્ટીટ્યુશન (નાઈન્ટી-નાઈન્થ એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૧૪ સાથે વંચાણે લેતાં નેશનલ જ્યુડિશિયલ એપોઈન્ટમેન્ટ્સ કમિશન એક્ટ, ૨૦૧૪ ના નેજા હેઠળ સ્થાપિત નેશનલ જ્યુડિશિયલ એપોઈન્ટમેન્ટ્સ કમિશન (એનજેએસી) - એનજેએસીમાં ન્યાયતંત્રના સભ્યો, કારોબારી અને જાહેર જીવનમાંથી પ્રતિષ્ઠિત/મહત્વપૂર્ણ વ્યક્તિઓનો સમાવેશ કરવાનો હતો - શું વ્યવહારિકતાની દ્રષ્ટિએ, ઉમેરવામાં આવેલી અનુચ્છેદો ૧૨૪એ થી ૧૨૪સી ની જોગવાઈઓ સાથે સંલગ્ન અનુચ્છેદો ૧૨૪, ૨૧૭ અને ૨૨૨ ની સુધારેલી જોગવાઈઓ હેઠળ, નિર્ણય લેવાની બાબતમાં ન્યાયતંત્ર પાસે પ્રાથમિકતા જાળવી રાખી હોવાનું વાદગ્રસ્ત બંધારણીય સુધારા અંગે માની શકાય કે કેમ - ઠેરવ્યું (ન્યાયમૂર્તિ ખેહર અનુસાર): એનજેએસીના સભ્યપદમાં ન્યાયિક ઘટક કોઈ અયોગ્ય ઉમેદવારની ઉમેદવારી નકારી કાઢવા માટે પૂરતો સક્ષમ હતો માત્ર

એટલી ખાતરી કરવાથી ન્યાયતંત્રની પ્રાથમિકતા જળવાઈ રહી હોવાનું માની શકાય નહીં - પ્રાથમિકતાની બાબતમાં, એનજેએસીનો ન્યાયિક ઘટક યોગ્ય ઉમેદવારની નિમણૂક સુનિશ્ચિત કરવા માટે પણ પોતાની મેળે સક્ષમ હોવો જોઈએ - પ્રસ્થાપિત યોજના હેઠળ, જો ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને સુપ્રિમ કોર્ટના અન્ય બે સૌથી વરિષ્ઠ ન્યાયમૂર્તિઓ (ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ પછીના), ઉચ્ચ ન્યાયતંત્રમાં નિમણૂક માટે કોઈ ઉમેદવારને યોગ્ય ગણતા હોય, તો પણ જો એનજેએસીના કોઈપણ બે સભ્યો તેનાથી વિપરીત અભિપ્રાય આપે, તો સંબંધિત વ્યક્તિની નિમણૂક ન પણ થાય - આ ન્યાયિક ઘટકની પ્રાથમિકતા માટે સ્પષ્ટપણે અનિચ્છનીય હશે - પ્રસ્તુત મુદ્દાની ગંભીરતા એ હકીકત પરથી સ્પષ્ટ થાય છે કે બે "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ" (એટર્ની જનરલના જણાવ્યા મુજબ "સામાન્ય વ્યક્તિઓ"), વિચારણા હેઠળની વ્યક્તિની નિમણૂકની તરફેણમાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને સુપ્રિમ કોર્ટના બે સૌથી વરિષ્ઠ ન્યાયમૂર્તિઓ દ્વારા કરવામાં આવેલી સર્વાનુમત ભલામણને નિષ્ફળ બનાવી શકે છે - જે કોઈપણ શંકા વિના, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂકની બાબતમાં ન્યાયતંત્રની પ્રાથમિકતાને ઉતારી પાડનારું છે - પ્રસ્તુત મુદ્દો દેખીતી રીતે ઘણો વધુ પશ્ચાતગામી છે, જ્યારે કાયદા અને ન્યાયના પ્રભારી કેન્દ્રીય મંત્રી પણ ન્યાયિક ઘટકના સર્વાનુમત મંતવ્યને ટેકો આપતા હોય, કારણ કે તો પણ "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ"નો અસંમત અવાજ પ્રભાવી રહેશે - તે સ્પષ્ટ છે કે, ન્યાયતંત્રની પ્રાથમિકતાને અત્યંત નાજુક બનાવીને તેને વધુ એક વિનાશક ફટકો આપવામાં આવ્યો છે - અનુચ્છેદ ૧૨૭એ(૧)(એ) અને (બી) ઉચ્ચ

ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂકની બાબતમાં ન્યાયતંત્રની પ્રાથમિકતા સુનિશ્ચિત કરવા માટે ન્યાયિક ઘટકને પૂરતું પ્રતિનિધિત્વ પૂરું પાડતા નથી, અને તેથી, તેઓ ભારતના બંધારણના "મૂળભૂત માળખા"નું ઉલ્લંઘન કરનારા હોવાથી રદ કરવા અને ફગાવી દેવાને પાત્ર છે - આ દ્રષ્ટિએ જોતાં, જો એનજેએસી દ્વારા વિચારવામાં આવેલી રીતે ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગીની પ્રક્રિયા હાથ ધરવામાં આવે, તો બંધારણના "મૂળભૂત માળખા"નું સ્પષ્ટપણે ઉલ્લંઘન થશે - વાદગ્રસ્ત બંધારણીય સુધારો, બંધારણના "મૂળભૂત માળખા"ની સત્તા બહારનો હોવાથી, રદ કરવાપાત્ર છે - ભારતનું બંધારણ - અનુચ્છેદ ૧૨૪એ(૧)(એ) અને (બી).

ન્યાયતંત્ર - ઉચ્ચ ન્યાયતંત્ર - બંધારણીય અદાલતો - ન્યાયમૂર્તિઓની નિમણૂક - પ્રક્રિયા - નવી યોજના વિચારવામાં આવેલ - નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન (એનજેએસી) ની સ્થાપના - એનજેએસીમાં ન્યાયતંત્રના સભ્યો, કારોબારી અને જાહેર જીવનમાંથી પ્રતિષ્ઠિત/મહત્વપૂર્ણ વ્યક્તિઓનો સમાવેશ કરવાનો હતો - રાજકીય-કારોબારીની ભાગીદારી - શું વાજબી છે કે કેમ - એનજેએસીના હોદ્દાની રૂએ સભ્ય તરીકે કાયદા અને ન્યાયના પ્રભારી કેન્દ્રીય મંત્રીની ઉપસ્થિતિ - સામે પડકાર - ઠેરવ્યું (ન્યાયમૂર્તિ ખેહર અનુસાર): રાજકીય-કારોબારીની, જ્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની આખરી/અંતિમ પસંદગી અને નિમણૂકમાં કોઈ ભૂમિકા ન હોવી જોઈએ - ખાસ કરીને ન્યાયિક ન્યાયનિર્ણયનની કાર્યવાહીઓમાં રાજકીય-કારોબારીની ભાગીદારીની વિશાળતાને ધ્યાનમાં રાખીને - રાજકીય-

કારોબારી પ્રત્યે પરસ્પરતા અને બદલો ચૂકવવાની લાગણીઓ, "ન્યાયતંત્રની સ્વતંત્રતા" માટે વિનાશક સાબિત થશે - ઉચ્ચ ન્યાયતંત્ર સમક્ષ વિચારણા માટે આવતા મોટાભાગના કેસોમાં કારોબારીનું મોટું હિત રહેલું હોવાથી, એનજેએસીના હોદ્દાની રૂએ સભ્ય તરીકે કાયદા અને ન્યાયના પ્રભારી કેન્દ્રીય મંત્રીની ભાગીદારી સ્પષ્ટપણે પ્રશ્નાસ્પદ ગણાશે - કાયદા અને ન્યાયના પ્રભારી કેન્દ્રીય મંત્રીની ભાગીદારીના પરિણામે, મંત્રીના સમર્થનથી નિમણૂક માટે મંજૂર કરાયેલ ન્યાયમૂર્તિ, જ્યારે કારોબારી પક્ષકાર તરીકે વિરોધી ભૂમિકા ધરાવતી હોય તેવી બાબતમાં, કોઈ પક્ષકાર દ્વારા ઉઠાવવામાં આવેલી હિતોના સંઘર્ષની દલીલનો પ્રતિકાર કરવા કે તેનો સામનો કરવા માટે સક્ષમ ન પણ હોઈ શકે - એનજેએસીમાં, કાયદા અને ન્યાયના પ્રભારી કેન્દ્રીય મંત્રી ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની તમામ આખરી પસંદગીઓ અને નિમણૂકોમાં પક્ષકાર રહેશે - જે બાબતમાં રાજકીય-કારોબારી મુકદ્દમામાં (લિસ) પક્ષકાર હોય, તેમાં એનજેએસી દ્વારા મંજૂર કરાયેલા ન્યાયમૂર્તિઓ માટે હિતોના સંઘર્ષની દલીલનો પ્રતિકાર કરવો મુશ્કેલ બની શકે છે (જો આવી દલીલ ઉઠાવવામાં આવે અને તેના પર ભાર મૂકવામાં આવે તો) - ઉપરોક્ત બાબતની, આવી દલીલને ફગાવી દેવામાં આવે તો પણ, "ન્યાયતંત્રની સ્વતંત્રતા"ને ક્ષીણ કરવાની અનિવાર્ય અસર થશે - તેથી, રાજકીય-કારોબારીને સોંપવામાં આવેલી ભૂમિકા, વધુમાં વધુ સહયોગી ભાગીદારી પૂરતી મર્યાદિત હોઈ શકે છે, જેમાં આખરી નિર્ણયમાં કોઈપણ ભૂમિકા બાકાત રાખવામાં આવે છે - પસંદગીની આખરી પ્રક્રિયામાં, કાયદા અને ન્યાયના પ્રભારી કેન્દ્રીય મંત્રીની માત્ર ભાગીદારી, હોદ્દાની રૂએ એનજેએસીના સભ્ય તરીકે,

અનુચ્છેદ ૧૨૭એ(૧)(સી) ની સુધારેલી જોગવાઈને બંધારણની સત્તા બહારની ઠેરવશે, કારણ કે તે "ન્યાયતંત્રની સ્વતંત્રતા" અને "સત્તાના પૃથક્કરણ"ના સિદ્ધાંતો પર તરાપ મારે છે - સમગ્ર વિશ્વમાં સમાજોના ક્રમશઃ વિકાસની પ્રક્રિયામાં, ન્યાયતંત્રને કારોબારી અને રાજકીય નિયંત્રણમાંથી મુક્ત કરવાનો, અને ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂકની સંપૂર્ણપણે યોગ્યતા પર આધારિત પ્રણાલીનો સમાવેશ કરવાનો પ્રવાહ રહ્યો છે - કારણ કે માત્ર ત્યારે જ, ન્યાયિક સમીક્ષાની પ્રક્રિયા રાષ્ટ્ર નિર્માણને અસરકારક રીતે સમર્થન આપશે - "ન્યાયતંત્રની સ્વતંત્રતા" અને "ન્યાયિક સમીક્ષા"ની વિભાવનાઓની પ્રગતિને હવે સમગ્ર વિશ્વમાં માન્યતા આપવામાં આવી રહી હતી - ઉચ્ચ ન્યાયતંત્રમાં નિમણૂકોની બાબતમાં કારોબારી અને રાજકીય ભાગીદારીની ઘટતી જતી ભૂમિકા, એક સ્પષ્ટ વાસ્તવિકતા છે - ઉપરોક્ત પ્રવાહને ધ્યાને લેતાં, અગાઉ અત્યાર સુધી અસ્તિત્વમાં હતી તેના કરતાં કારોબારીની કોઈપણ મોટી અને વધુ ભાગીદારી હોઈ શકે નહીં - અને ભારતીય પરિપ્રેક્ષ્યમાં, સેકન્ડ અને થર્ડ જજિસ કેસોમાં આપવામાં આવેલા ચુકાદાઓ દ્વારા હાલમાં જે વિચારવામાં આવ્યું છે તે મુજબ - તેથી એવું તારણ કાઢવું અનિવાર્ય છે કે, એનજેએસીમાં નિહિત આખરી નિર્ણાયક પ્રક્રિયામાં કાયદા અને ન્યાયના પ્રભારી કેન્દ્રીય મંત્રીની ભાગીદારી, તેમજ, "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ"ની પસંદગીમાં વડાપ્રધાન અને લોકસભામાં વિરોધ પક્ષના નેતાની (અને જો કોઈ ન હોય તો - લોકસભામાં સૌથી મોટા એકમાત્ર વિરોધ પક્ષના નેતાની) ભાગીદારી, એક પશ્ચાતગામી પગલું હશે, અને તે સ્વીકારી શકાય નહીં - ભારતનું બંધારણ - અનુચ્છેદ ૧૨૭એ(૧)(સી).

ન્યાયતંત્ર - ઉચ્ચ ન્યાયતંત્ર - બંધારણીય અદાલતો - ન્યાયમૂર્તિઓની નિમણૂક અને બદલી - પ્રક્રિયા - એનજેએસીનું બંધારણ અને માળખું - એનજેએસીમાં ન્યાયતંત્રના સભ્યો, કારોબારી અને બે "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ"નો સમાવેશ કરવાનો હતો - "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ"ની લાયકાતો અને ગેરલાયકાતોનું વર્ણન ન કરવાથી ઉપસ્થિત થયેલો મુદ્દો - એનજેએસીમાં નામાંકિત કરવાના બે "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ"ને વીટોની સત્તા આપવી - તેની યોગ્યતા - ઠેરવ્યું (ન્યાયમૂર્તિ ખેહર અનુસાર): "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ"ની લાયકાતોનું (-કદાચ, ગેરલાયકાતોનું પણ) વર્ણન કરવાનો મુદ્દો અત્યંત મહત્વનો છે, અને તે નામાંકિત કરનાર સત્તાધિંકારીઓ દ્વારા ધારણ કરવામા આવેલા ઉચ્ચ બંધારણીય હોદ્દાઓને ધ્યાનમાં લીધા વિના, તેમની મુક્ત ઇચ્છા અને પસંદગી પર છોડી શકાય નહીં - ખાસ કરીને એટલા માટે, કારણ કે બે "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ" એનજેએસીની ૧/૩ સભ્યસંખ્યા ધરાવે છે, અને રાજકીય-કારોબારી ઘટક કરતાં બમણી સંખ્યા ધરાવે છે, અને તેથી, એનજેએસીની નિર્ણય લેવાની પ્રક્રિયામાં અત્યંત મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે - "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ" તરીકે નામાંકિત થવા માટેની પાત્રતાની લાયકાતો નિર્ધારિત ન કરવા બદલ, અને તેને અસ્પષ્ટ તેમજ અવ્યાખ્યાયિત છોડી દેવા બદલ, અનુચ્છેદ ૧૨૪એ(૧)(ડી) રદ કરવા અને ફગાવી દેવાને પાત્ર છે - છ-સભ્ય એનજેએસીમાં બે "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ"નો સમાવેશ કરવા પાછળના તર્કને સમજવો અન્યથા પણ મુશ્કેલ છે - એટર્ની જનરલ દ્વારા દર્શાવવામાં આવેલી લાયકાત ધરાવતી "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ", ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂકની

બાબતમાં શું યોગદાન આપશે તે સમજવું મુશ્કેલ છે - ન્યાયમૂર્તિઓની પસંદગીની સંવેદનશીલતા એટલી પ્રચંડ છે, અને અયોગ્ય નિમણૂકો કરવાના પરિણામો એટલા જોખમી છે કે, જો ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂકની પ્રક્રિયામાં સામેલ લોકો ખોટી પસંદગી કરે, તો તે દેશને એક પ્રકારની અરાજકતા તરફ દોરી શકે છે - ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂકની પ્રક્રિયામાં બે સામાન્ય વ્યક્તિઓનો પ્રવેશ કરાવવાની, અને સાથોસાથ તેમને વીટોની સત્તા આપવાની સંસદની બુદ્ધિમત્તાને સમજવી પણ મુશ્કેલ છે - એનજેએસી એક્ટની કલમ ૫(૨) હેઠળનો બીજો પરંતુક, અને કલમ ૬(૬), સ્પષ્ટપણે આદેશ આપે છે કે, સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક માટે વિચારણા કરવા નામાંકિત કરાયેલ વ્યક્તિ, અને હાઇકોર્ટોના મુખ્ય ન્યાયમૂર્તિઓ અને ન્યાયમૂર્તિઓ તરીકે નિમણૂક માટે વિચારણા હેઠળની વ્યક્તિઓની નિમણૂક કરી શકાતી નથી, જો એનજેએસીના કોઈપણ બે સભ્યો આ દરખાસ્ત સાથે સહમત ન થાય - એનજેએસી એક્ટ સાથે વંચાણે લેતાં વાદગ્રસ્ત બંધારણીય સુધારા હેઠળ વિચારવામાં આવેલી ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી પ્રક્રિયાની યોજનામાં, બે "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ" પોતાની મેળે જ તમામ ભલામણોને નકારી કાઢવા માટે પૂરતી સત્તા ધરાવે છે - માત્ર એટલું જ નહીં, આ બે "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ" પાસે એનજેએસીના બાકીના ચાર સભ્યો દ્વારા સર્વાનુમતે મંજૂર કરાયેલા તમામ નામોને નકારી કાઢવાની સંપૂર્ણ સત્તા પણ રહેશે - જેમાં દેખીતી રીતે જ એનજેએસીના સમગ્ર ન્યાયિક ઘટકની સર્વાનુમત ભલામણને નકારી કાઢવાની સત્તાનો સમાવેશ થશે -

"પ્રતિષ્ઠિત વ્યક્તિઓ"માં આવી સત્તા નિહિત કરવી, "ન્યાયતંત્રની સ્વતંત્રતા"ની યોજનામાં સ્પષ્ટપણે અસમર્થનીય છે - બંધારણના "મૂળભૂત માળખા"નું ઉલ્લંઘન કરનાર હોવાથી અનુચ્છેદ ૧૨૭એ(૧)(ડી) રદ કરવા અને ફગાવી દેવાને પાત્ર છે - ભારતનું બંધારણ - અનુચ્છેદ ૧૨૭એ(૧)(ડી) - કોન્સ્ટીટ્યુશન (નાઈન્ટી-નાઈન્થ એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૧૪ - નેશનલ જ્યુડિશિયલ એપોઈન્ટમેન્ટ્સ કમિશન એક્ટ, ૨૦૧૪ - કલમ ૫(૨) હેઠળનો બીજો પરંતુક અને કલમ ૬(૬).

ન્યાયતંત્ર - ઉચ્ચ ન્યાયતંત્ર - બંધારણીય અદાલતો - ન્યાયમૂર્તિઓની નિમણૂક અને બદલી - રાજકીય-કારોબારી તંત્રની ભાગીદારી - "નાગરિક સમાજ"ની ભૂમિકા ભારતમાં - ઠેરવ્યું (ન્યાયમૂર્તિ ખેહર અનુસાર): બંધારણ "સ્પોઈલ્સ સિસ્ટમ" (જે "પેટ્રોનેજ સિસ્ટમ" તરીકે પણ ઓળખાય છે) ની કલ્પના કરતું નથી, જેમાં ચૂંટણી જીતનાર રાજકીય પક્ષ વિજય તરફ કામ કરવા બદલ પુરસ્કાર તરીકે, અને પક્ષને સત્તામાં રાખવા માટેના પ્રોત્સાહન તરીકે, તેના સમર્થકો, મિત્રો અને સંબંધીઓને સરકારી હોદ્દાઓ આપે છે - સ્પોઈલ્સ સિસ્ટમના શાસનથી "ન્યાયતંત્રની સ્વતંત્રતા" જાળવી રાખવા માટે, ન્યાયિક નિમણૂકોને કોઈપણ રાજકીય-કારોબારી દખલગીરીથી સુરક્ષિત રાખવી અત્યંત મહત્વપૂર્ણ રહેશે - ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂકની બાબતમાં ન્યાયતંત્રની પ્રાથમિકતા જાળવી રાખવી એ આમ કરવાનો સુરક્ષિત માર્ગ હશે - ન્યાયમૂર્તિઓની નિમણૂકની બુદ્ધિમત્તા રાજકીય-કારોબારી સાથે વહેંચી શકાય છે એવું ઠેરવવું મુશ્કેલ છે - ભારતમાં, નાગરિક સમાજનો સ્વાભાવિક વિકાસ હજુ સુધી પૂરતા પ્રમાણમાં થયો નથી - આ દેશના

નાગરિકોના અધિકારોનું રક્ષણ કરવાની ન્યાયતંત્ર પાસેથી રહેલી અપેક્ષા, શાસનના અન્ય અંગોથી તેને સંપૂર્ણપણે અલિપ્ત અને સ્વતંત્ર રાખીને જ સુનિશ્ચિત કરી શકાય છે - ભારતમાં "નાગરિક સમાજ"ના વિકાસની વર્તમાન સ્થિતિ, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂકમાં, અથવા એક હાઇકોર્ટમાંથી બીજી હાઇકોર્ટમાં મુખ્ય ન્યાયમૂર્તિઓ અને ન્યાયમૂર્તિઓની બદલીની બાબતમાં, રાજકીય-કારોબારી તંત્રની ભાગીદારી માટે શુભ સંકેત આપતી નથી - ઉચ્ચ ન્યાયતંત્ર, કે જે અનુચ્છેદો ૩૨ અને ૨૨૬ હેઠળ તેને સોંપવામાં આવેલી બંધારણીય જવાબદારીના આધારે આ દેશના નાગરિકોના મૂળભૂત અધિકારોનું રક્ષક છે, તેણે નાગરિક સમાજના સંરક્ષક તરીકે કાર્ય કરવાનું ચાલુ રાખવું જ જોઈએ - ભારતનું બંધારણ - અનુચ્છેદો ૩૨ અને ૨૨૬.

નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન એક્ટ, ૨૦૧૪ - એનજેએસીની કામગીરી - તેના માટે કોરમ - નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન (એનજેએસી) ની બેઠક, ક્યારે માન્ય ગણાય - માન્ય નિર્ણય લેવા માટે જરૂરી સભ્ય સંખ્યા - ઠેરવ્યું (ન્યાયમૂર્તિ ખેહર અનુસાર): જો કોઈ વૈધાનિક જોગવાઈ લઘુત્તમ કોરમ નક્કી કર્યા વિના વ્યક્તિઓના કોઈ મંડળમાં નિર્ણય લેવાની સત્તા નિહિત કરે છે, તો નિર્ણય લેવાની પ્રક્રિયામાં તે મંડળના તમામ સભ્યોની બહુમતી વિચાર-વિમર્શ કરે તો જ માન્ય બેઠક યોજી શકાય છે - તેથી તે જ સામ્યતા પર, આવા મંડળ દ્વારા માન્ય નિર્ણય માટે મંડળના તમામ સભ્યોની સાદી બહુમતી દ્વારા નિર્ણય લેવો જરૂરી બનશે - જો ઉપરોક્ત સિદ્ધાંતો એનજેએસીને લાગુ કરવામાં આવે, તો તેનું સ્વાભાવિક

પરિણામ એ આવશે કે, છ-સભ્ય એનજેએસીમાં એનજેએસીની માન્ય બેઠકમાં ઓછામાં ઓછા ચાર સભ્યો ભાગ લેતા હોવા જોઈએ - તે જ રીતે, એનજેએસીનો માન્ય નિર્ણય (કોઈપણ નિર્ધારિત પૂર્વશરતની ગેરહાજરીમાં) માત્ર સાદી બહુમતીથી જ લઈ શકાય, એટલે કે એનજેએસીના ઓછામાં ઓછા ચાર સભ્યો દ્વારા (બંને તરફ ત્રણ-ત્રણ સભ્યો હોય તો સાદી બહુમતી બનશે નહીં) - ન્યાયતંત્ર - ઉચ્ચ ન્યાયતંત્ર - બંધારણીય અદાલતો - ન્યાયમૂર્તિઓની નિમણૂક અને બદલી - પ્રક્રિયા.

નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન એક્ટ, ૨૦૧૪ - કલમો ૫(૨) અને ૬(૬) - કાયદેસરતા - ન્યાયતંત્ર - ઉચ્ચ ન્યાયતંત્ર - બંધારણીય અદાલતો - ન્યાયમૂર્તિઓની નિમણૂક અને બદલી - એનજેએસીના કોઈપણ બે સભ્યોમાં નિહિત વીટોની સત્તા - ઠેરવ્યું (ન્યાયમૂર્તિ ખેહર અનુસાર): એનજેએસીના કોઈપણ બે સભ્યોમાં નિહિત વીટોની સત્તા, પસંદગી અને નિમણૂકની બાબતમાં ન્યાયતંત્રની પ્રાથમિકતા પર પ્રતિકૂળ અસર કરશે, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની (તેમજ તેમની બદલીની બાબતમાં પણ) - કલમો ૫(૨) અને ૬(૬) "ન્યાયતંત્રની સ્વતંત્રતા" અને "સત્તાના પૃથક્કરણ"ના સંદર્ભમાં બંધારણના "મૂળભૂત માળખા"નો ભંગ કરે છે - તેથી, કલમો ૫(૨) અને ૬(૬) બંધારણની સત્તા બહારની જાહેર કરવાને પાત્ર છે.

નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન એક્ટ, ૨૦૧૪ - કલમ ૫(૧) - ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની નિમણૂક - પ્રક્રિયા - કલમ ૫(૧) માં

જોગવાઈ કરવામાં આવી હતી કે એનજેએસી, સુપ્રિમ કોર્ટના સૌથી વરિષ્ઠ ન્યાયમૂર્તિને, તેઓ તે હોદ્દો ધરાવવા માટે "યોગ્ય" ગણાય તે શરતને આધીન રહીને, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક કરવા માટે ભલામણ કરશે - એવી દલીલ કે "યોગ્ય" શબ્દનું વિસ્તૃત રીતે વર્ણન કરવામાં આવ્યું ન હતું અને કારોબારીની ઇચ્છાને અનુરૂપ થાય તે રીતે યોગ્યતાને હેતુપૂર્વક વ્યાખ્યાયિત કરવાનું સંસદ માટે હંમેશાં ખુલ્લું હતું અને આનાથી "ન્યાયતંત્રની સ્વતંત્રતા" ગંભીર રીતે પ્રભાવિત થઈ શકે/થશે - ઠેરવ્યું (ન્યાયમૂર્તિ ખેહર અનુસાર): સુપ્રિમ કોર્ટમાં ન્યાયમૂર્તિઓની તેમજ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના હોદ્દા માટેની પસંદગીની પ્રક્રિયાને અનિશ્ચિત અને અસ્પષ્ટ શબ્દોને આધીન રાખવી એ સંસદના ક્ષેત્રાધિકારમાં ન હતું - કલમ ૫ હેઠળ સુપ્રિમ કોર્ટના સૌથી વરિષ્ઠ ન્યાયમૂર્તિના સંદર્ભમાં "યોગ્ય" શબ્દના સ્પષ્ટ પરિમાણો વ્યક્ત કરવા અનિવાર્ય હતા - વરિષ્ઠતા યાદીમાં ઘણા નીચે રહેલા ઉમેદવારને પસંદ કરવા માટે "યોગ્ય" શબ્દને અનુકૂળ રીતે ઘડી શકાય છે - એટર્ની જનરલ દ્વારા અપનાવવામાં આવેલું વલણ, એટલે કે કલમ ૫(૧) માં વપરાયેલા "યોગ્ય" શબ્દનો અર્થ માત્ર "... માનસિક અને શારીરિક યોગ્યતા ..." તરીકે વાંચવામાં આવશે, તે માન્ય રાખવામાં આવે છે અને સ્પષ્ટ કરવામાં આવે છે - જો તેમ કરવામાં આવે, તો તે કાયદેસર અને બંધારણીય રહેશે - જોકે, જો અપનાવવામાં આવેલું વલણ અરજદારો દ્વારા સૂચવવામાં આવેલી રીતે "ન્યાયતંત્રની સ્વતંત્રતા"નો ભંગ કરતું હોય, તો તે કાયદાની દ્રષ્ટિએ પડકારવાપાત્ર રહેશે.

નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન એક્ટ, ૨૦૧૪ - કલમ ૫(૨), પહેલો પરંતુક - ની કાયદેસરતા - હાઇકોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂક - કલમ ૫(૨) નો પહેલો પરંતુક જોગવાઈ કરે છે કે હાઇકોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂક માટે ભલામણ કરતી વખતે, વરિષ્ઠતા ઉપરાંત, તેવા ન્યાયમૂર્તિની ક્ષમતા અને ગુણવત્તા પર એનજેએસી દ્વારા વિચારણા કરવામાં આવશે - ઠેરવ્યું (ન્યાયમૂર્તિ ખેહર અનુસાર): નિઃશંકપણે, કલમ ૫(૨) હેઠળના પહેલા પરંતુકમાં "વરિષ્ઠતા" સ્વીકારવી એ એક પ્રશંસનીય ઉદ્દેશ્ય છે - અને જો વરિષ્ઠતાને "ક્ષમતા અને ગુણવત્તા" સાથે પૂરક બનાવવામાં આવે અને સાંકળી લેવામાં આવે, તો સૌથી આદર્શ અભિગમ અપનાવવામાં આવ્યો હોવાનું માની શકાય છે - પરંતુ કાગળ પર જે જણાય છે, તે ક્યારેક વ્યવહારમાં સાચું ન પણ હોઈ શકે - અનુભવ દર્શાવે છે કે, દરેક હાઇકોર્ટમાં ન્યાયમૂર્તિઓની નિમણૂક બેચમાં કરવામાં આવે છે, દરેક બેચમાં માત્ર બે કે ત્રણ નિમાયેલા વ્યક્તિઓ હોઈ શકે છે, અથવા ક્યારેક દસ કે તેથી વધુ વ્યક્તિઓ પણ હોઈ શકે છે - એક હાઇકોર્ટમાં નિમાયેલા ન્યાયમૂર્તિઓનું જૂથ, બીજી હાઇકોર્ટમાં નિમાયેલા ન્યાયમૂર્તિઓના જૂથથી માત્ર થોડા દિવસો, અથવા માત્ર થોડા અઠવાડિયા અને ક્યારેક માત્ર થોડા મહિનાના અંતરે અલગ હશે - ન્યાયમૂર્તિઓની અખિલ ભારતીય વરિષ્ઠતામાં, એક જ દિવસે એક હાઇકોર્ટમાં નિમાયેલી સંપૂર્ણ બેચને, માત્ર થોડા દિવસો કે અઠવાડિયા કે મહિનાઓ પછી બીજી હાઇકોર્ટમાં નિમાયેલા અન્ય ન્યાયમૂર્તિઓ કરતાં (વરિષ્ઠતામાં) ક્રમિક ક્રમમાં ઉપર મૂકવામાં આવશે - પાછળથી નિમાયેલા ન્યાયમૂર્તિઓને, વરિષ્ઠતામાં અગાઉની બેચ કરતાં સામૂહિક રીતે નીચે મૂકવા

પડશે - જો સુપ્રિમ કોર્ટમાં ન્યાયમૂર્તિઓની નિમણૂક વરિષ્ઠતાના આધારે (પ્રાથમિક વિચારણા તરીકે) કરવાની હોય, તો સુપ્રિમ કોર્ટમાં બઢતીની બાબતમાં અગાઉની બેચને પ્રાથમિકતા રહેશે - અને કાલ્પનિક રીતે, જો તે બેચમાં દસ ન્યાયમૂર્તિઓ હોય (કોઈ ચોક્કસ હાઇકોર્ટમાં એકસાથે નિમાયેલા), અને જો તે તમામે હાઇકોર્ટના ન્યાયમૂર્તિઓ તરીકે પોતાની જાતને સક્ષમ અને ગુણવાન સાબિત કર્યા હોય, તો જ્યારે સુપ્રિમ કોર્ટમાં ન્યાયમૂર્તિઓની જગ્યાઓ ખાલી પડે ત્યારે તેમને એક પછી એક નિમણૂક આપવી પડશે - બાબતના તે દ્રષ્ટિકોણથી, જ્યાં સુધી સમગ્ર બેચ પૂર્ણ ન થાય ત્યાં સુધી એક જ હાઇકોર્ટના ન્યાયમૂર્તિઓને સુપ્રિમ કોર્ટમાં નિમણૂક અપાશે - ઉપરોક્ત પરિસ્થિતિમાં જ્યાં બેચ દસ ન્યાયમૂર્તિઓની બનેલી હતી, તે જ હાઇકોર્ટના ન્યાયમૂર્તિઓ સુપ્રિમ કોર્ટમાં ન્યાયમૂર્તિઓની કુલ જગ્યાઓનો ત્રીજો ભાગ રોકશે - તે સ્પષ્ટપણે અસ્વીકાર્ય હશે - ન્યાયમૂર્તિઓની વરિષ્ઠતાના આધારે, તેને પ્રાથમિક વિચારણા ગણીને વિચારણા કરવી, શક્ય હોય તેટલી વધુ રાજ્ય હાઇકોર્ટોમાંથી પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરવાની વર્તમાન પરંપરા પર પ્રતિકૂળ અસર કરશે - પ્રચલિત પરંપરા પ્રાદેશિક પ્રતિનિધિત્વ જાળવવાની છે - તદનુસાર, કલમ ૫(૨) હેઠળનો પહેલો પરંતુક રદબાતલ થવા પાત્ર છે.

નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન એક્ટ, ૨૦૧૪ - કલમ ૬(૧) - ની કાયદેસરતા - હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે હાઇકોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂક - કલમ ૬(૧) જોગવાઈ કરે છે કે એનજેએસી હાઇકોર્ટના ન્યાયમૂર્તિઓની પરસ્પર વરિષ્ઠતા અને ક્ષમતા, ગુણવત્તા અને નિર્દિષ્ટ કરવામાં

આવે તેવા યોગ્યતાના અન્ય કોઈપણ માપદંડના આધારે ભલામણ કરશે - ઠેરવ્યું (ન્યાયમૂર્તિ ખેહર અનુસાર): કલમ ૬(૧) એ જ વરિષ્ઠતાનો અર્થ ધરાવે છે જેવો કલમ ૫(૨) હેઠળના પહેલા પરંતુકના સંદર્ભમાં વ્યક્ત કરવામાં આવ્યો છે - કલમ ૫(૨) હેઠળના પહેલા પરંતુકના કિસ્સામાં નોંધાયેલા ચોક્કસ એ જ કારણોસર, વરિષ્ઠતા (પ્રાથમિક વિચારણા તરીકે) ના આધારે, વિવિધ રાજ્યોની દસ હાઈકોર્ટોમાં એક જ મૂળ હાઈકોર્ટમાંથી મુખ્ય ન્યાયમૂર્તિઓ મેળવી શકાય છે - તેથી કલમ ૬(૧) ની પણ કલમ ૫(૨) હેઠળના પહેલા પરંતુક જેવી જ દશા થવા પાત્ર છે; અને તે રદબાતલ થવા પાત્ર છે.

નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન એક્ટ, ૨૦૧૪ - કલમ ૭ - ની કાયદેસરતા - ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અથવા સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ અથવા હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ અથવા હાઈકોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂક - કલમ ૭ જોગવાઈ કરે છે કે રાષ્ટ્રપતિ આવી નિમણૂકો એનજેએસી દ્વારા કરવામાં આવેલી ભલામણો પર કરશે - કલમ ૭ નો પહેલો પરંતુક જોગવાઈ કરે છે કે રાષ્ટ્રપતિ એનજેએસીને તેણે કરેલી ભલામણ પર પુનર્વિચારણા કરવા જણાવી શકે છે - ઠેરવ્યું (ન્યાયમૂર્તિ ખેહર અનુસાર): એ સ્વીકારવું શક્ય નથી કે કલમ ૭, રાષ્ટ્રપતિ એનજેએસીને તેણે કરેલી ભલામણ પર પુનર્વિચાર કરવા જણાવી શકે તેવી જોગવાઈ કરીને, કોઈપણ રીતે અનુચ્છેદ ૧૨૪(૨) અને ૨૧૭(૧) (જે આદેશ આપે છે કે એનજેએસીની ભલામણ પર રાષ્ટ્રપતિ દ્વારા ન્યાયમૂર્તિઓની નિમણૂક કરવામાં આવશે) નો ભંગ કરશે - એવો નિષ્કર્ષ કાઢવો અયોગ્ય રહેશે કે એનજેએસીને તેની દરખાસ્ત પર પુનર્વિચાર કરવા જણાવવાનું રાષ્ટ્રપતિનું પગલું,

એનજેએસી દ્વારા કરવામાં આવેલી દરખાસ્તને નકારી કાઢવા સમાન હતું - કારણ કે, જો એનજેએસી અગાઉ કરવામાં આવેલી દરખાસ્તનો પુનરોચ્ચાર કરે, તો રાષ્ટ્રપતિ કલમ ૭ ની શરતો અનુસાર પણ તેની સાથે સુસંગત રહીને કાર્ય કરવા બંધાયેલા હતા (જેવું કે એનજેએસી એક્ટની કલમ ૭ હેઠળના બીજા પરંતુક પરથી સ્પષ્ટ થાય છે).

નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન એક્ટ, ૨૦૧૪ - કલમ ૮ - ની કાયદેસરતા - એનજેએસીના સંદર્ભમાં સંયોજકના કાર્યો - કલમ ૮ ન્યાય વિભાગમાં ભારત સરકારના સચિવ એનજેએસીના સંયોજક રહેશે તેવી જોગવાઈ કરે છે - એવી દલીલ કરવામાં આવી હતી કે આવી મોટી જવાબદારી, માત્ર કારોબારી પર છોડી શકાય નહીં, એનજેએસીની કાર્યવાહીમાંથી તમામ કારોબારી ભાગીદારીને બાકાત રાખવી અનિવાર્ય હતી - ઠેરવ્યું (ન્યાયમૂર્તિ ખેહર અનુસાર): એવો પહેલેથી જ નિષ્કર્ષ કાઢવામાં આવ્યો છે કે, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં, અનુચ્છેદ ૧૨૪એ(૧) હેઠળ વિચાર્યા મુજબ એનજેએસીના સભ્ય તરીકે કાયદા અને ન્યાયના પ્રભારી કેન્દ્રીય મંત્રીની ભાગીદારી, "સત્તાનું પૃથક્કરણ" અને "ન્યાયતંત્રની સ્વતંત્રતા" ની વિભાવનાઓનો ભંગ કરશે, કે જે બંને નિર્વિવાદપણે ભારતના બંધારણના "મૂળભૂત માળખા"ના ઘટકો છે - ચોક્કસ એ જ કારણોસર, કલમ ૮ કાયદાની દ્રષ્ટિએ ટકી શકે તેવી નથી - એનજેએસી જેવી સંસ્થામાં, વહીવટી કામગીરી કારોબારી અથવા ધારાકીય નિયંત્રણ હેઠળ હોઈ શકે નહીં - એકમાત્ર બાકી રહેલો વિકલ્પ એ છે કે આવી સંસ્થાનો વહીવટી અંકુશ ન્યાયતંત્રને સોંપવો.

ભારતનું બંધારણ - માં સુધારો, ન્યાયિક સમીક્ષાની પ્રક્રિયા દ્વારા બાજુ પર રાખવામાં આવેલ - પરિણામ - સુપ્રિમ કોર્ટની પાંચ-ન્યાયમૂર્તિઓની બેંચ દ્વારા વાદગ્રસ્ત કોન્સ્ટીટ્યુશન (૯૯મો સુધારો) એક્ટ, બંધારણના "મૂળભૂત માળખા"નું ઉલ્લંઘન કરતો હોવાથી બાજુ પર રાખવામાં આવેલ - તેની અસર - વાદગ્રસ્ત સુધારા પહેલાં અસ્તિત્વમાં હતા તે મુજબના અનુચ્છેદ ૧૨૪, ૧૨૬, ૧૨૮, ૨૧૬, ૨૨૨, ૨૨૪, ૨૨૪એ અને ૨૩૧ શું પુનર્જીવિત થશે; અને આવા પુનર્જીવન પર, સેકન્ડ અને થર્ડ જજીસ કેસોમાં આપવામાં આવેલા ચુકાદાઓ, ઉચ્ચ ન્યાયતંત્રના ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂક તેમજ બદલીનું ફરીથી નિયમન કરશે કે કેમ - ઠેરવ્યું (ન્યાયમૂર્તિ ખેહર અનુસાર): વર્તમાન પરિસ્થિતિ એવી છે કે જ્યાં, ન્યાયિક સમીક્ષાની પ્રક્રિયા દ્વારા વાદગ્રસ્ત બંધારણીય સુધારો બાજુ પર રાખવામાં આવ્યો છે - આવી સ્થિતિ હોવાથી, વાદગ્રસ્ત બંધારણીય સુધારાનું કારણ અને અસર ભલે ગમે તે હોય, તે બાજુ પર રાખવામાં આવેલ ગણાશે, અને સુધારા પહેલાંની સ્થિતિ પુનઃસ્થાપિત થશે - સુધારાના કારણ અને અસરના તબક્કા કે પગલાં શું છે તેનાથી કોઈ ફરક પડતો નથી, જ્યારે સુધારેલી જોગવાઈઓ બાજુ પર રાખવામાં આવે ત્યારે તમામ તબક્કા અને પગલાં તે જ રીતે રદબાતલ થઈ જશે જે રીતે તે સુધારા દ્વારા દાખલ કરવામાં આવ્યા હતા - જો વાદગ્રસ્ત બંધારણીય જોગવાઈ કે બંધારણની સુધારેલી જોગવાઈઓ બંનેમાંથી કોઈ પણ ટકી ન શકે, તો તેનાથી બંધારણીય તંત્ર પડી ભાંગશે, કેમ કે જ્યાં સુધી ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂકની રીતનો સંબંધ છે ત્યાં સુધી એક ત્રુટિ અથવા શૂન્યાવકાશ સર્જાશે -

આવી સ્થિતિ કોઈપણ યોગ્ય અર્થઘટન પ્રક્રિયાનું પરિણામ હોઈ શકે નહીં - કોન્સ્ટીટ્યુશન (૯૯મો સુધારો) એક્ટ ઘડતી વખતે સંસદનો સ્પષ્ટ આશય હાલની જોગવાઈઓમાં સુધારો કરીને ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂક માટે નવી પ્રક્રિયા પૂરી પાડવાનો હતો - સ્વાભાવિક રીતે જ તેથી, જ્યારે કોઈ અલગ પ્રક્રિયા વિચારતી સુધારેલી જોગવાઈ બાજુ પર રાખવામાં આવે છે, ત્યારે મૂળ પસંદગી અને બિન-સુધારેલી જોગવાઈઓ હેઠળની નિમણૂકની પ્રક્રિયા પુનર્જીવિત થશે - જ્યારે કોઈ ચુકાદો ધારાસભા દ્વારા કરવામાં આવેલા સુધારા અથવા રદ્દીકરણને બાજુ પર રાખે છે, ત્યારે તે તદ્દન સ્વાભાવિક છે કે અગાઉની સ્થિતિ (સ્ટેટસ ક્વો એન્ટે) પુનઃસ્થાપિત થશે - વાદગ્રસ્ત કોન્સ્ટીટ્યુશન (૯૯મો સુધારો) એક્ટ, ૨૦૧૪ બાજુ પર રાખવાની સાથે, તેના દ્વારા સુધારવા માંગવામાં આવેલી બંધારણની જોગવાઈઓ આપોઆપ પુનર્જીવિત થશે, અને અગાઉની સ્થિતિ પુનઃસ્થાપિત થશે - કોન્સ્ટીટ્યુશન (નાઈન્ટી-નાઈન્થ એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૧૪ - ન્યાયતંત્ર - ઉચ્ચ ન્યાયતંત્ર - બંધારણીય અદાલતો - ન્યાયમૂર્તિઓની નિમણૂક અને બદલી.

ભારતનું બંધારણ - અનુચ્છેદ ૧૨૪એ - ની કાયદેસરતા - નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન (એનજેએસી) ની રચના અને બંધારણ - ઠેરવ્યું (ન્યાયમૂર્તિ ખેહર અનુસાર): અનુચ્છેદ ૧૨૪એ કોન્સ્ટીટ્યુશન (નાઈન્ટી-નાઈન્થ એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૧૪ નો મુખ્ય પાયો રચે છે - અનુચ્છેદ ૧૨૪એ ને રદબાતલ કરવાથી આપોઆપ અનુચ્છેદો ૧૨૪, ૧૨૪બી, ૧૨૪સી, ૧૨૬, ૧૨૮, ૨૧૭, ૨૨૨, ૨૨૪, ૨૨૪એ અને ૨૩૧ માં કરવામાં આવેલા સુધારાઓ

રદ થઈ જશે - આ, તે સાદા કારણસર, કે પછીના અનુચ્છેદો માત્ર ત્યારે જ ટકી શકે તેમ છે જો અનુચ્છેદ ૧૨૪એ માન્ય રાખવામાં આવે - જો એનજેએસીના સભ્યો પૈકીના કોઈપણ એકના સમાવેશને ગેરબંધારણીય ઠેરવવામાં આવે, તો અનુચ્છેદ ૧૨૪એ તેની સંપૂર્ણતામાં નિરર્થક બની જશે - અનુચ્છેદ ૧૨૪એ(૧) ના ખંડ (એ) અને (બી) એનજેએસીમાં ન્યાયિક ઘટકને પૂરતું પ્રતિનિધિત્વ પૂરું પાડતા નથી, અનુચ્છેદ ૧૨૪એ(૧) ના ખંડ (એ) અને (બી) ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂકની બાબતમાં (તેમજ એક હાઇકોર્ટમાંથી બીજી હાઇકોર્ટમાં મુખ્ય ન્યાયમૂર્તિઓ અને ન્યાયમૂર્તિઓની બદલીની બાબતમાં પણ) ન્યાયતંત્રની પ્રાથમિકતા જાળવી રાખવા માટે અપૂરતા છે - તેથી તે "ન્યાયતંત્રની સ્વતંત્રતા" ના સિદ્ધાંતનું ઉલ્લંઘન કરનારા છે - અનુચ્છેદ ૧૨૪એ(૧) નો ખંડ (સી), કાયદા અને ન્યાયના પ્રભારી કેન્દ્રીય મંત્રીના એનજેએસીના હોદ્દાની રૂએ સભ્ય તરીકેના સમાવેશના કારણે બંધારણની જોગવાઈઓની સત્તા બહારનો છે - અનુચ્છેદ ૧૨૪એ(૧) નો ખંડ (સી) "ન્યાયતંત્રની સ્વતંત્રતા" તેમજ "સત્તાના પૃથક્કરણ" ના સિદ્ધાંતો પર તરાપ મારે છે - ઉપરાંત, અનુચ્છેદ ૧૨૪એ(૧) નો ખંડ (ડી) કે જે એનજેએસીના સભ્યો તરીકે બે "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ" ના સમાવેશની જોગવાઈ કરે છે, તે વિવિધ કારણોસર બંધારણની જોગવાઈઓની સત્તા બહારનો છે - તે બંધારણના "મૂળભૂત માળખા" નું ઉલ્લંઘન કરનારું છે - બાબતના ઉપરોક્ત પરિપ્રેક્ષ્યમાં, અનુચ્છેદ ૧૨૪એ(૧) ના તમામ ખંડો (એ) થી (ડી) રદ કરવાપાત્ર છે - તે અનુસાર તે રદબાતલ કરવામાં આવે છે - અનુચ્છેદ ૧૨૪એ(૧) ને રદબાતલ

કરવાના પરિપ્રેક્ષ્યમાં, સમગ્ર કોન્સ્ટીટ્યુશન (નાઇન્ટી-નાઇન્થ એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૧૪ રદ કરવાપાત્ર છે - તે અનુસાર તેને બંધારણની જોગવાઈઓની સત્તા બહારનો હોવાના કારણે તેની સમગ્રતામાં આથી રદબાતલ કરવામાં આવે છે - કોન્સ્ટીટ્યુશન (નાઇન્ટી-નાઇન્થ એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૧૪ - ન્યાયતંત્ર - ઉચ્ચ ન્યાયતંત્ર - બંધારણીય અદાલતો - ન્યાયમૂર્તિઓની નિમણૂક અને બદલી - પ્રક્રિયા.

ભારતનું બંધારણ - અનુચ્છેદ ૧૨૪સી - ની કાયદેસરતા - ઠેરવ્યું (ન્યાયમૂર્તિ ખેહર અનુસાર): નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન એક્ટ, ૨૦૧૪ અન્ય બાબતોની સાથોસાથ અનુચ્છેદ ૧૨૪સી માંથી ઉદ્ભવે છે - અનુચ્છેદ ૧૨૪એ(૧) હેઠળ રચાયેલા એનજેએસીની ગેરહાજરીમાં તેનું કોઈ સ્વતંત્ર અસ્તિત્વ નથી - અનુચ્છેદો ૧૨૪એ અને ૧૨૪સી રદ કરવામાં આવ્યા હોવાથી, કુદરતી પરિણામ સ્વરૂપે, નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન એક્ટ, ૨૦૧૪ પણ રદ કરવાપાત્ર છે, અને તે અનુસાર તેને આથી રદબાતલ કરવામાં આવે છે - ઉપરોક્તના પરિપ્રેક્ષ્યમાં, એનજેએસી એક્ટની વ્યક્તિગત જોગવાઈઓની બંધારણીય કાયદેસરતાની તપાસ કરવી આવશ્યક ન હતી - તેમ છતાં, તેની કલમો ૫, ૬, ૭ અને ૮ સામે ઉપસ્થિત કરવામાં આવેલા પડકારની તપાસ કરવામાં આવી છે - એનજેએસી એક્ટની કલમો ૫, ૬ અને ૮ બંધારણની જોગવાઈઓની સત્તા બહારની હોવાનું જણાયું - નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન એક્ટ, ૨૦૧૪ - કલમો ૫, ૬ અને ૮ - ન્યાયતંત્ર -

ઉચ્ચ ન્યાયતંત્ર - બંધારણીય અદાલતો - ન્યાયમૂર્તિઓની નિમણૂક અને બદલી - પ્રક્રિયા.

ન્યાયતંત્ર - ઉચ્ચ ન્યાયતંત્ર - બંધારણીય અદાલતો - ન્યાયમૂર્તિઓની નિમણૂક અને બદલી - ભારતમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકના સંદર્ભમાં બંધારણીય ઈતિહાસ - ચર્ચા કરવામાં આવી - ઠેરવ્યું (ન્યાયમૂર્તિ લોકુર અનુસાર): પૃષ્ઠભૂમિના ઐતિહાસિક તથ્યો પરથી જે તારણો કાઢી શકાય છે તે નીચે મુજબ છે: (૧) સંબંધિત તમામ પક્ષકારો દ્વારા ન્યાયતંત્રની સ્વતંત્રતા હંમેશા માન્ય અને સ્વીકૃત રાખવામાં આવી છે - (૨) આઝાદી પહેલાં, વરિષ્ઠ અદાલતમાં ન્યાયમૂર્તિની નિમણૂક સંપૂર્ણપણે ક્રાઉન (તાજ) ની મુનસફી હતી - બંધારણ સભાને લાગ્યું કે આવી 'સર્વોચ્ચ અને સંપૂર્ણ' સત્તા રાષ્ટ્રપતિ અથવા તે સમયની સરકાર અથવા ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ (એક વ્યક્તિ તરીકે) માં નિહિત ન હોવી જોઈએ અને તેથી સુપ્રિમ કોર્ટમાં ન્યાયમૂર્તિની નિમણૂક માટે રાષ્ટ્રપતિ માટે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે ફરજિયાતપણે વિચાર-વિમર્શ કરવાનું (અન્ય ન્યાયમૂર્તિઓ સાથે વિચાર-વિમર્શ કરવાની મુનસફી સાથે) આવશ્યક બનાવીને તે સત્તા પર એક અંકુશ મૂકવામાં આવ્યો હતો - હાઈકોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂક માટે પણ, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર-વિમર્શ ફરજિયાત હતો - ઉપરાંત, હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ અને રાજ્યના રાજ્યપાલ સાથે વિચાર-વિમર્શ ફરજિયાત હતો - નોંધપાત્ર રીતે, નાગરિક સમાજમાંથી કોઈની સાથે પણ વિચાર-વિમર્શનો કોઈ ઉલ્લેખ નથી - (૩) ન્યાયમૂર્તિઓની નિમણૂકની પ્રક્રિયામાં રાષ્ટ્રપતિની વ્યક્તિગત ભૂમિકા અંગેની કોઈપણ શંકાનો

અંત આવ્યો અને તે સ્પષ્ટ હતું કે રાષ્ટ્રપતિ માત્ર મંત્રી પરિષદની સલાહ પર જ કાય કરે તેવી અપેક્ષા રાખવામાં આવી હતી - (જ) તેવી જ રીતે, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ વ્યક્તિગત કે અંગત ક્ષમતામાં કાર્ય કરે તેવી અપેક્ષા રાખવામાં આવતી નથી પરંતુ ન્યાયમૂર્તિની નિમણૂક માટે ભલામણ કરતાં પહેલાં તેમણે તેમના વરિષ્ઠ ન્યાયમૂર્તિઓ સાથે વિચાર-વિમર્શ કરવો જ જોઈએ - (ધ) ડૉ. આંબેડકર અને બંધારણ સભાએ બંધારણ સભાની ચર્ચાઓ (સીએડી) માં 'અનિયંત્રિત મુનસફી' ના સિદ્ધાંતનો સ્વીકાર કર્યો ન હતો પરંતુ આ મત પાછળથી ફર્સ્ટ જજીસ કેસ માં નકારી કાઢવામાં આવ્યો હતો કે જે ન્યાયમૂર્તિ ભગવતી અને ન્યાયમૂર્તિ દેસાઈ દ્વારા પ્રતિપાદિત 'આખરી સત્તા' નો સિદ્ધાંત લાવ્યો હતો - (ઙ) નિમણૂક પ્રક્રિયામાં કારોબારીની દખલગીરી (કદાચ 'કબજો લેવાની' અનૌપચારિક પદ્ધતિ સાથે) આઝાદીના સમયની આસપાસ શરૂ થઈ ગઈ હતી અને આઝાદી પછી વધુ વણસી હતી, જે ૧૯૮૦ ના દાયકાના અંત તરફ ચરમસીમાએ પહોંચી હતી - (ઞ) એવો એક પણ કિસ્સો દર્શાવવામાં આવ્યો નથી કે જ્યાં રાષ્ટ્રપતિએ સુપ્રિમ કોર્ટ અથવા હાઈકોર્ટના ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક માટે કોઈ વ્યક્તિની ભલામણ કરી હોય - રાજ્યના મુખ્યમંત્રીએ કદાચ ભલામણ કરી હોય (જોકે આવો કોઈ કિસ્સો દર્શાવવામાં આવ્યો ન હતો) પરંતુ મેમોરેન્ડમ ઓફ પ્રોસિજર અનુસાર તે હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ મારફત મોકલવી જરૂરી હતી - (ટ) ફર્સ્ટ જજીસ કેસ પહેલાં માત્ર એક જ કિસ્સો દર્શાવવામાં આવ્યો હતો કે જ્યાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની સંમતિ વિના હાઈકોર્ટના ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક કરવામાં આવી હોય - ફર્સ્ટ જજીસ કેસ પછી આવી સાત જેટલી

નિમણૂકો કરવામાં આવી હતી - આ એક સ્પષ્ટ સંકેત છે કે ફર્સ્ટ જજીસ કેસ માં પ્રતિપાદિત 'આખરી સત્તા' નો સિદ્ધાંત 'સંપૂર્ણ કારોબારી પ્રાથમિકતા' માં પરિણમ્યો - રાજકીય કારોબારીના કારણે ડૉ. આંબેડકરનું સ્વપ્ન એક દુઃસ્વપ્ન બની ગયું - (૯) 'આખરી સત્તા'નો સિદ્ધાંત અથવા 'સંપૂર્ણ કારોબારી પ્રાથમિકતા' નો સિદ્ધાંત હવે મંદ પડી ગયો છે અને સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂકમાં આખરી નિર્ણય સેકન્ડ જજીસ કેસ અને થર્ડ જજીસ કેસ મુજબ રાષ્ટ્રપતિ અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ વચ્ચે વહેંચાયેલો છે - ઐતિહાસિક રીતે, કારોબારીને આખરી નિર્ણય સોંપવાની બાબતની ટીકા અન્ય કોઈએ નહીં પરંતુ એટર્ની-જનરલ શ્રી એમ. સી. સેતલવાડ દ્વારા કરવામાં આવી હતી, જેમણે ૧૪મો અહેવાલ આપવામાં આવ્યો ત્યારે ભારતના લો કમિશનના અધ્યક્ષપદની ધૂરા સંભાળી હતી - વખતોવખત નોંધવામાં આવ્યું છે તેમ તે પ્રણાલી બિલકુલ સારી રીતે ચાલી શકી નથી - (૧૦) નેશનલ કમિશન ટુ રિવ્યુ ધ વર્કિંગ ઓફ ધ કોન્સ્ટીટ્યુશન તેમજ હાઉસ ઓફ લોર્ડ્સના એક જવાબદાર ન્યાયમૂર્તિનો એવો અભિપ્રાય હતો કે સેકન્ડ જજીસ કેસ અને થર્ડ જજીસ કેસ માં નિર્ધારિત ન્યાયમૂર્તિઓની નિમણૂકની પ્રક્રિયા ન્યાયતંત્રની સ્વતંત્રતા જાળવી રાખવાનો અને વરિષ્ઠ અદાલતોના ન્યાયમૂર્તિઓની નિમણૂક માટે યોગ્ય પદ્ધતિ પૂરી પાડવાનો ઉદ્દેશ્ય વ્યાપકપણે સિદ્ધ કરે છે.

ન્યાયતંત્ર - ઉચ્ચ ન્યાયતંત્ર - બંધારણીય અદાલતો - ન્યાયમૂર્તિઓની નિમણૂક અને બદલી - પ્રક્રિયા - 'સંપૂર્ણ કારોબારી પ્રાથમિકતા' પ્રણાલી અથવા 'આખરી સત્તા' નો સિદ્ધાંત અને સેકન્ડ જજીસ કેસ અને થર્ડ જજીસ કેસ દ્વારા

પ્રતિપાદિત ન્યાયમૂર્તિઓની નિમણૂકની 'કોલેજિયમ પ્રણાલી' - ચર્ચા કરવામાં આવી - ઠેરવ્યું (ન્યાયમૂર્તિ લોકુર અનુસાર): 'સંપૂર્ણ કારોબારી પ્રાથમિકતા' પ્રણાલી અથવા 'આખરી સત્તા' નો સિદ્ધાંત અને સુપ્રિમ કોર્ટ તથા હાઈકોર્ટોના ન્યાયમૂર્તિઓની નિમણૂકની 'કોલેજિયમ પ્રણાલી' બંને તેમના સમયમાં સ્વીકાર્ય પ્રણાલીઓ હતી - કમનસીબે, કારોબારી દ્વારા 'કારોબારી પ્રાથમિકતા' પ્રણાલીનો દુરુપયોગ કરવામાં આવ્યો હતો અને ન્યાયતંત્ર તેના વિશે ખાસ કશું કરી શક્યું નહીં, કારણ કે ન્યાયમૂર્તિઓ કાયદાના શાસનથી બંધાયેલા છે - આ દુરુપયોગના કારણે જ સુપ્રિમ કોર્ટના બારના કહેવાથી બંધારણીય જોગવાઈઓ પર પુનર્વિચાર કરવામાં આવ્યો હતો - આ તે આંતર્દ્રષ્ટિ છે કે જેના પરિણામે સેકન્ડ જજીસ કેસ અને બંધારણનું અર્થપૂર્ણ તેમજ વ્યવહારુ અર્થઘટન આવ્યું - એમ કહેવું કે કોલેજિયમ પ્રણાલી નિષ્ફળ ગઈ છે અને તેને બદલવાની જરૂર છે તે સાચું કે વાજબી મૂલ્યાંકન ગણાશે નહીં.

ન્યાયતંત્ર - ઉચ્ચ ન્યાયતંત્ર - બંધારણીય અદાલતો - ન્યાયમૂર્તિઓની નિમણૂક અને બદલી - પ્રક્રિયા - વિચારણાની પ્રક્રિયા - કોલેજિયમ પ્રણાલી - બે તબક્કા - ભલામણ-પૂર્વેનો તબક્કો અને ભલામણ-પશ્ચાતનો તબક્કો - સેકન્ડ જજીસ કેસ ની અસર અને પરિણામ - ભારતના બંધારણના અનુચ્છેદ ૧૨૪(૨) અને અનુચ્છેદ ૨૧૭(૧) માં આવતા 'વિચાર-વિમર્શ' નો અર્થ - ઠેરવ્યું (ન્યાયમૂર્તિ લોકુર અનુસાર): ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક માટે કોઈ વ્યક્તિની વિચારણા કરવાની પ્રક્રિયા બંને તબક્કે મહત્વપૂર્ણ છે, એટલે કે 'કોલેજિયમ' ની રચના કરતા પોતાના સાથીદારો સાથે વિચાર-વિમર્શ કરીને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ

દ્વારા ભલામણ કરવામાં આવે તે પહેલાંના તબક્કે અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા કારોબારીને ભલામણ મોકલવામાં આવે તે પછીના તબક્કે પણ - બંને તબક્કે, આ પ્રક્રિયા સહભાગી છે - ભલામણ-પૂર્વેના તબક્કામાં, તે કોલેજિયમની રચના કરતા ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને તેમના સાથીદારોને સાંકળતી એક સહભાગી પ્રક્રિયા છે - આ તે તબક્કો છે કે જેમાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અન્ય ન્યાયમૂર્તિઓનો અને જો જરૂરી જણાય તો અન્ય કોઈપણ વ્યક્તિનો અભિપ્રાય મેળવે છે - આ તબક્કામાં કારોબારીની સહભાગિતાનો પણ સમાવેશ થાય છે કારણ કે આ તે તબક્કો છે કે જેમાં આખરે ન્યાયમૂર્તિ તરીકે નિયુક્ત થઈ શકે તેવી વ્યક્તિની ખામીઓ, જો કોઈ હોય તો, તે અંગે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ કારોબારી પાસેથી માહિતી મેળવે છે - ભલામણ-પશ્ચાતના તબક્કામાં પણ આ પ્રક્રિયા સહભાગી છે પરંતુ મુખ્યત્વે કારોબારી સાથે, જો લેખિતમાં નોંધવાના પ્રબળ અને સંગીન કારણોસર ચોક્કસ વ્યક્તિની નિમણૂક સામે કારોબારીને કોઈ વાંધો હોય - તેથી, જ્યારે કોઈ વ્યક્તિની ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક માટે વિચારણા કરવામાં આવે છે, ત્યારે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ વાસ્તવમાં ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક માટે કોઈ વ્યક્તિની ભલામણ કરે તે પહેલાં ન્યાયતંત્રની અંદર વ્યાપક અને ગહન સહભાગી વિચાર-વિમર્શ થાય છે; અને ભલામણ કરવામાં આવ્યા પછી, પ્રક્રિયા આગળ ધપાવવામાં આવે તે પહેલાં કારોબારી અને ન્યાયતંત્ર વચ્ચે વિચાર-વિમર્શ થાય છે - વિચારણા કરવામાં અને ભલામણનો સ્વીકાર કરવામાં મુશ્કેલી માત્ર ત્યારે જ ઊભી થાય છે જ્યારે કારોબારી અને ન્યાયતંત્ર વચ્ચે વિચાર-વિમર્શ દરમિયાન મતભેદ હોય - સેકન્ડ

જીસ કેસ આ વિવાદનું અસરકારક રીતે નિરાકરણ લાવે છે - ભલામણ-પૂર્વેના તબક્કે, એ તદ્દન શક્ય છે કે કારોબારી પાસે કોઈ વકીલ કે ન્યાયમૂર્તિના કોઈ અંગત લક્ષણ અથવા ચારિત્ર્યની નબળાઈ અંગેની એવી સામગ્રી હોય કે જે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અથવા હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિના ધ્યાને ન હોય અને જે તે વ્યક્તિને ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક મેળવવા માટે સંભવિતપણે અપાત્ર ઠેરવી શકે છે - ત્યારબાદ એક વિચાર-વિમર્શક તરીકે આ માહિતી કે સામગ્રી ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના ધ્યાને લાવવાની જવાબદારી કારોબારીની છે - ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક માટે યોગ્ય ઉમેદવારની ભલામણ કરવાની જવાબદારી ન્યાયતંત્રની હોવાથી, ન્યાયતંત્રના મંતવ્યને (જેનું પ્રતીક ભારતના મુખ્ય ન્યાયમૂર્તિનું મંતવ્ય છે) પ્રાથમિકતા આપવામાં આવે છે, જે સદર સામગ્રી કે માહિતીનું યોગ્ય મૂલ્યાંકન કરશે અને વસ્તુલક્ષી વિચારણા કરશે તેમજ નિમણૂકની ઇચ્છનીયતા અંગે આખરી નિર્ણય લેશે - ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ યોગ્ય કારણોસર કારોબારીના મંતવ્યનો સ્વીકાર કરી શકે છે અથવા યોગ્ય કારણોસર કારોબારીના મંતવ્યનો અસ્વીકાર પણ કરી શકે છે - આ અર્થમાં જ ભારતના બંધારણના અનુચ્છેદ ૧૨૪(૨) અને અનુચ્છેદ ૨૧૭(૧) માં આવતા 'વિચાર-વિમર્શ' ને સમજવાનો રહે છે - ભારતનું બંધારણ - અનુચ્છેદો ૧૨૪(૨) અને ૨૧૭(૧).

ન્યાયતંત્ર - ઉચ્ચ ન્યાયતંત્ર - બંધારણીય અદાલતો - ન્યાયમૂર્તિઓની નિમણૂક - ૯૯મા બંધારણીય સુધારા અધિનિયમે અન્ય બાબતોની સાથોસાથ અનુચ્છેદ ૧૨૪(૨) માં સુધારો કર્યો અને અનુચ્છેદ ૧૨૪એ દાખલ કર્યો -

બંધારણના અનુચ્છેદ ૧૨૪(૨) માં સુપ્રિમ કોર્ટ અથવા હાઇકોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂક માટે રાષ્ટ્રપતિને ભલામણ કરવા અનુચ્છેદ ૧૨૪એ હેઠળ રચાયેલ એનજેએસી જરૂરી હતું - એનજેએસી અને રાષ્ટ્રપતિની ભૂમિકા - ચર્ચા કરવામાં આવી - ઠેરવ્યું (ન્યાયમૂર્તિ લોકુર અનુસાર): રાષ્ટ્રપતિની ભૂમિકા અંગે કોઈ સ્પષ્ટતા નથી - ગમે તે સંજોગોમાં, ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓની સલાહ લેવા માટે રાષ્ટ્રપતિને ઉપલબ્ધ વિવેકાધિકાર છીનવી લેવામાં આવ્યો છે - રાષ્ટ્રપતિનો નિર્ણય બે પ્રતિષ્ઠિત વ્યક્તિઓના અભિપ્રાયને આધીન છે, જેમાંથી કોઈ પણ બંધારણીય રીતે જવાબદાર નથી - કેબિનેટ જવાબદારીના સુસ્થાપિત સિદ્ધાંત પર શંકા ઊભી થાય છે - એક કાયદો - એનજેએસી એક્ટ, નહીં કે બંધારણ, બંધારણીય માળખાથી વિપરીત રાષ્ટ્રપતિને બાધ્ય કરે છે - ૯૯મો બંધારણીય સુધારો અધિનિયમ, મૂળ રીતે ઘડવામાં આવેલા બંધારણના અનુચ્છેદ ૧૨૪(૨) માં ગંભીર અને ગેરબંધારણીય અતિક્રમણ કરે છે - કોન્સ્ટીટ્યુશન (નાઇન્ટી-નાઇન્થ એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૧૪.

ન્યાયતંત્ર - ઉચ્ચ ન્યાયતંત્ર - બંધારણીય અદાલતો - ન્યાયમૂર્તિઓની નિમણૂક - ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને ન્યાયતંત્રની ભૂમિકા - ૯૯મા બંધારણીય સુધારા અધિનિયમ અને એનજેએસી એક્ટના સંદર્ભમાં - ચર્ચા કરવામાં આવી - ઠેરવ્યું (ન્યાયમૂર્તિ લોકુર અનુસાર): ન્યાયતંત્રના સર્વાનુમત અભિપ્રાયને બે પ્રતિષ્ઠિત વ્યક્તિઓ દ્વારા અથવા એક પ્રતિષ્ઠિત વ્યક્તિ અને કાયદા મંત્રી (જેમનો અભિપ્રાય મંત્રી પરિષદના અભિપ્રાયને આધીન છે, જેનું

તેઓ પ્રતિનિધિત્વ કરે છે) દ્વારા નકારી શકાય છે - એક સંસ્થા તરીકે ન્યાયતંત્રનો સર્વાનુમત અભિપ્રાય, એક એવો અભિપ્રાય જેનું સન્માન કરવામાં આવતું હતું (અને વાજબી રીતે તેમ થતું હતું), તે ૯૯મા બંધારણીય સુધારા અધિનિયમ અને એનજેએસી એક્ટ પસાર થવાથી વાસ્તવમાં કંઈ મહત્વ ધરાવતો નથી - ૯૯મા બંધારણીય સુધારા અધિનિયમ દ્વારા ભારતના મુખ્ય ન્યાયમૂર્તિને એનજેએસીમાં માત્ર એક મતના આંકડા અને છ માંથી એક સભ્ય બનાવી દેવામાં આવ્યા છે, જે વાસ્તવમાં તેમને ઉચ્ચ અદાલતોમાં ન્યાયમૂર્તિઓની નિમણૂક કરવાની બંધારણીય જવાબદારીમાંથી વંચિત કરે છે અને ઇતિહાસ, બંધારણીય પરંપરા તથા બંધારણ દ્વારા આપવામાં આવેલી સત્તા છીનવી લે છે - ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને ન્યાયતંત્રની સંસ્થા હવે તેના નિર્ણયોમાં નાગરિક સમાજના વીટોને આધીન છે - ન્યાયમૂર્તિઓની નિમણૂકની સમગ્ર યોજના કે જે બંધારણ સભા દ્વારા વિચારવામાં આવી હતી, તે ૯૯મા બંધારણીય સુધારા અધિનિયમ અને એનજેએસી એક્ટ દ્વારા ઉલટપુલટ કરી દેવામાં આવી છે - કોન્સ્ટીટ્યુશન (નાઇન્ટી-નાઇન્થ એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૧૪ - નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન એક્ટ, ૨૦૧૪.

ન્યાયતંત્ર - ઉચ્ચ ન્યાયતંત્ર - બંધારણીય અદાલતો - ન્યાયમૂર્તિઓની નિમણૂક - એનજેએસીમાં પ્રતિષ્ઠિત વ્યક્તિઓની ઉપસ્થિતિ - પડકારવામાં આવી - ઠેરવ્યું (ન્યાયમૂર્તિ લોકુર અનુસાર): સિદ્ધાંત મુજબ, ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં જીવનના તમામ ક્ષેત્રોની પ્રતિષ્ઠિત વ્યક્તિઓ સાથે વિચાર-વિમર્શ કરવા સામે કોઈ વાંધો હોઈ શકે નહીં - પરંતુ આ પ્રતિષ્ઠિત

વ્યક્તિઓ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા (અન્ય ન્યાયમૂર્તિઓ અને સંભવતઃ અન્ય પ્રતિષ્ઠિત વ્યક્તિઓ સાથે વિચાર-વિમર્શ કરીને) સર્વાનુમતે અથવા અન્યથા લેવાયેલા નિર્ણય પર વીટો વાપરી શકે તે અકલ્પ્ય છે - તે એનજેએસીમાં પ્રતિષ્ઠિત વ્યક્તિઓને વાસ્તવમાં રાજાશાહી સત્તા પ્રદાન કરે છે, કોઈપણ જવાબદારી વિનાની સત્તા - પ્રતિષ્ઠિત વ્યક્તિઓની શ્રેણીઓ માત્ર અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ, અન્ય પછાત વર્ગો, લઘુમતીઓ અથવા મહિલાઓ પૂરતી મર્યાદિત ન હોવી જોઈએ પરંતુ તે નીતિવિષયક બાબત છે અને આ વિશે વધુ કંઈ કહી શકાય નહીં, સિવાય કે પુનર્વિચારણા જરૂરી છે - એનજેએસીમાં નામાંકન કરવાના હેતુઓ માટે કોણ પ્રતિષ્ઠિત વ્યક્તિ છે કે નથી તે નક્કી કરવા માટે કોઈ માર્ગદર્શિકા હોઈ શકે નહીં, પરંતુ પસંદગી એક ઉચ્ચ-સત્તાવાળી સમિતિ પર છોડવામાં આવી છે તે એક પૂરતો અંકુશ છે, જો સમિતિનો નિર્ણય સર્વાનુમત હોય.

ન્યાયતંત્ર - ઉચ્ચ ન્યાયતંત્ર - બંધારણીય અદાલતો - ન્યાયમૂર્તિઓની નિમણૂક - એનજેએસીમાં કાયદા મંત્રીની ઉપસ્થિતિ - એવા કારણોસર પડકાર કે ભારતીય સંઘ અદાલતોમાં સૌથી મોટો પક્ષકાર છે અને કાયદા મંત્રીને એનજેએસીના સભ્ય તરીકે રાખવાથી, નિષ્પક્ષ પસંદગી માટે નુકસાનકારક સાબિત થઈ શકે છે, જો વિપરીત-ફળદાયી ન હોય તો પણ - ઠેરવ્યું (ન્યાયમૂર્તિ લોકુર અનુસાર): ન્યાયતંત્રની સ્વતંત્રતા માટેનો સંઘર્ષ હંમેશા નિર્ણય લેવામાં કારોબારીને બાકાત રાખવા પર કેન્દ્રિત રહ્યો છે, પરંતુ એનજેએસીમાં કાયદા મંત્રીનો સમાવેશ વિપરીત-ફળદાયી, ઐતિહાસિક રીતે બહુમતીવાદ-વિરોધી છે

અને વિવિધ સમિતિઓમાં વ્યક્ત કરવામાં આવેલા વિવિધ મંતવ્યોની વિરુદ્ધ જાય છે - વિશેષ કરીને એટલા માટે, કારણ કે કાયદા મંત્રી નિર્ણય લેતી સંસ્થામાં વીટો વાપરી શકે છે - એનજેએસીમાં કાયદા મંત્રીની ઉપસ્થિતિ તદ્દન બિનજરૂરી અને અવિચારી છે - એનજેએસીમાં કાયદા મંત્રીની ઉપસ્થિતિ કેબિનેટ જવાબદારીના સિદ્ધાંત પર શંકા પેદા કરે છે. ન્યાયતંત્ર - ઉચ્ચ ન્યાયતંત્ર - બંધારણીય અદાલતો - ન્યાયમૂર્તિઓની નિમણૂક - મૂળ રીતે ઘડવામાં આવેલા બંધારણના અનુચ્છેદ ૧૨૪(૨) એ ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં રાષ્ટ્રપતિ માટે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર-વિમર્શ કરવો ફરજિયાત બનાવ્યો હતો - એનજેએસી અને ફરજિયાત વિચાર-વિમર્શ પર તેની અસર - ઠેરવ્યું (ન્યાયમૂર્તિ લોકુર અનુસાર): ૯૯મા બંધારણીય સુધારા અધિનિયમ અને એનજેએસી એક્ટે વિચાર-વિમર્શની પ્રક્રિયાને એક પ્રહસન બનાવી દીધી છે - અર્થપૂર્ણ સહભાગી વિચાર-વિમર્શની પ્રક્રિયા હવે અસ્તિત્વમાં રહી નથી - ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં રાષ્ટ્રપતિ અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ વચ્ચેની સહિયારી જવાબદારી બંધારણ સભાની કલ્પનાથી ઘણી પર રહેલી સંસ્થાને સોંપી દેવામાં આવી છે - પ્રતિબદ્ધ ન્યાયમૂર્તિઓ હોવાની સંભાવના અને પ્રતિબદ્ધ ન્યાયતંત્ર હોવાના પરિણામો, એવું ન્યાયતંત્ર જે કદાચ સ્વતંત્ર ન હોય, તે અકલ્પનીય છે.

ન્યાયતંત્ર - ઉચ્ચ ન્યાયતંત્ર - બંધારણીય અદાલતો - ન્યાયમૂર્તિઓની નિમણૂક - એનજેએસી અને હાઇકોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂક - ઠેરવ્યું (ન્યાયમૂર્તિ લોકુર અનુસાર): ૯૯મા બંધારણીય સુધારા અધિનિયમ અને એનજેએસી એક્ટની કલમ ૬ ની સંયુક્ત અસર એ છે કે હાઇકોર્ટના ન્યાયમૂર્તિની

નિમણૂક પરનું સમગ્ર નિયંત્રણ એનજેએસી દ્વારા હસ્તગત કરી લેવામાં આવ્યું છે અને વ્યવસ્થા સંપૂર્ણપણે બદલાઈ ગઈ છે, જેમાં હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિને એક ફરજિયાત સલાહકાર અને પરંપરાગત રીતે સમજવામાં આવતા બંધારણના અનુચ્છેદ ૨૧૭(૧) દ્વારા વિચારવામાં આવ્યા મુજબ નિમણૂકની ભલામણ શરૂ કરનારના સ્થાનેથી ઉતારીને માત્ર નામાંકન કરનાર એવી વ્યક્તિ બનાવી દેવામાં આવ્યા છે જેમની સાથે કરવામાં આવેલા નામાંકન સંદર્ભે ત્યારબાદ કોઈપણ રીતે વિચાર-વિમર્શ કરવો જરૂરી રહેતો નથી - ન્યાયમૂર્તિની નિમણૂક માટેની ભલામણ શરૂ કરવાની પ્રક્રિયા, જે આઝાદી પછીથી સામાન્ય રીતે સ્વીકૃત હતી, તેને ધરમૂળથી બદલી નાખવામાં આવી છે, અને સુસ્થાપિત બંધારણીય પરંપરાઓની ઉપેક્ષા કરવામાં આવી છે - હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ માત્ર એક નામાંકન કરનાર અધિકારીની ભૂમિકા સુધી સીમિત થઈ ગયા છે, જેમના અભિપ્રાય માત્ર નામાંકનના હેતુઓ માટે લેવામાં આવે છે પરંતુ ન્યાયમૂર્તિની નિમણૂક જેવી મહત્વપૂર્ણ બાબતમાં એક સલાહકાર તરીકે લેવામાં આવતો નથી - હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિને આપવામાં આવેલ બંધારણીય મહત્વ વાસ્તવમાં શૂન્ય સમાન સ્તરે સંપૂર્ણપણે ઘટાડી દેવામાં આવ્યું છે - ભારતનું બંધારણ - અનુચ્છેદ ૨૧૭(૧) - કોન્સ્ટીટ્યુશન (નાઇન્ટી-નાઇન્થ એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૧૪ - નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન એક્ટ, ૨૦૧૪- કલમ ૬.

ન્યાયતંત્ર - ઉચ્ચ ન્યાયતંત્ર - બંધારણીય અદાલતો - ન્યાયમૂર્તિઓની નિમણૂક - એનજેએસીના કન્વીનર - ન્યાય વિભાગમાં ભારત સરકારના સચિવ, એનજેએસી એક્ટની કલમ ૮(૩) મુજબ એનજેએસીના કન્વીનર છે - ઠેરવ્યું

(ન્યાયમૂર્તિ લોકુર અનુસાર): એનજેએસી એક્ટમાં કન્વીનરની ફરજો અને જવાબદારીઓ સ્પષ્ટ કરવામાં આવી નથી અને અધિનિયમ હેઠળના નિયમો અને વિનિયમો ઘડવામાં આવ્યા નથી - તેથી કન્વીનર પાસેથી જે કાર્યો કરવાની અપેક્ષા રાખવામાં આવે છે તે સમજવું મુશ્કેલ છે - તે ઉપરાંત, સચિવ સરકારના એક અધિકારી છે અને એનજેએસીને જવાબદાર નથી - સચિવને સરકારી તિજોરીમાંથી પગાર અને ભથ્થાં ચૂકવવામાં આવે છે - આ બાબત હાઈકોર્ટો અથવા સુપ્રિમ કોર્ટના અધિકારીઓથી તદ્દન વિપરીત છે જેઓ સીધા પોતાના સંબંધિત મુખ્ય ન્યાયમૂર્તિને જવાબદાર હોય છે - વધુમાં, તેમના પગાર અને ભથ્થાં ભારતના એકત્રિત ભંડોળ પર પ્રભારિત છે - આ અધિકારીઓની 'સ્વતંત્રતા' જળવાઈ રહે છે જ્યારે ન્યાય વિભાગમાં ભારત સરકારના સચિવની તેવી સ્વતંત્રતા જળવાતી નથી - વળી, સચિવ બદલીપાત્ર હોદ્દો ધરાવે છે અને કારોબારીની મનસ્વી ધૂન મુજબ તેમને બદલી શકાય છે, જે એનજેએસીને સાતત્યથી વંચિત કરે છે અને, એક અર્થમાં, કારોબારી ઈચ્છે ત્યારે તેને અધવચ્ચે નિરાધાર છોડી દે છે - આ બાબત સ્પષ્ટપણે વાંધાજનક છે - નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન એક્ટ, ૨૦૧૪ - કલમ ૮(૩).

ન્યાયતંત્ર - ઉચ્ચ ન્યાયતંત્ર - બંધારણીય અદાલતો - ન્યાયમૂર્તિઓની નિમણૂક - ગોપનીયતાની આવશ્યકતાઓ - એનજેએસીની કામગીરી - ઠેરવ્યું (ન્યાયમૂર્તિ લોકુર અનુસાર): પારદર્શિતા અને ગોપનીયતા વચ્ચેનું સંતુલન અત્યંત નાજુક છે અને જો કોઈ ચોક્કસ વ્યક્તિ વિશે કોઈ સંવેદનશીલ માહિતી જાહેર કરવામાં આવે, તો તેની પ્રતિષ્ઠા અને ગરિમા પર તેની દૂરગામી અસર પડી

શકે છે - ૯૯મા બંધારણીય સુધારા અધિનિયમ અને એનજેએસી એક્ટે વ્યક્તિની અંગતતા સંબંધી ચિંતાઓની નોંધ લીધી નથી - આ બાબત મહત્વપૂર્ણ છે કારણ કે એટર્ની જનરલ દ્વારા એવી રજૂઆત કરવામાં આવી હતી કે એનજેએસીની કાર્યવાહી સંપૂર્ણપણે પારદર્શક રહેશે અને એનજેએસી પાસે ઉપલબ્ધ માહિતી કોઈપણ વ્યક્તિ મેળવી શકશે - આ એક ઘણું વ્યાપક સામાન્યીકરણ છે જે સ્પષ્ટપણે એવી વ્યક્તિની અંગતતાને ધ્યાનમાં લેતું નથી કે જેની નિમણૂક માટે, ખાસ કરીને હાઇકોર્ટના ન્યાયમૂર્તિ તરીકે અથવા પ્રથમ તબક્કે સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ તરીકે ભલામણ કરવામાં આવી હોય - જાણવાનો અધિકાર એ મૂળભૂત અધિકાર નથી પરંતુ વધુમાં વધુ તે એક ગર્ભિત મૂળભૂત અધિકાર છે અને તે તમામ લોકો જે ભોગવે છે તે અંગતતાના ગર્ભિત મૂળભૂત અધિકારથી મર્યાદિત છે - આ બંને ગર્ભિત મૂળભૂત અધિકારો વચ્ચે સંતુલન જાળવવું મુશ્કેલ છે, પરંતુ ૯૯મો બંધારણીય સુધારો અધિનિયમ અને એનજેએસી એક્ટ તે સંતુલન સાધવાનું તો એક બાજુ રહ્યું, તેના પર વિચાર કરવાનો પણ પ્રયાસ કરતા નથી - કોન્સ્ટીટ્યુશન (નાઈન્ટી-નાઈન્થ એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૧૪ - નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન એક્ટ, ૨૦૧૪.

ન્યાયતંત્ર - ઉચ્ચ ન્યાયતંત્ર - બંધારણીય અદાલતો - ન્યાયમૂર્તિઓની નિમણૂક - ૯૯મો બંધારણીય સુધારો અધિનિયમ બંધારણના મૂળભૂત માળખામાં ફેરફાર કરતો હોવાનું જાહેર કરવામાં આવ્યું - તેની અસર - ઠેરવ્યું (ન્યાયમૂર્તિ લોકુર અનુસાર): ૯૯મા બંધારણીય સુધારા અધિનિયમ દ્વારા સુધારેલી બંધારણીય જોગવાઈઓ પુનર્જીવિત થઈ જાય છે, એવી જાહેરાત થતાં કે

૯૯મો બંધારણીય સુધારો અધિનિયમ ગેરબંધારણીય છે - કોન્સ્ટીટ્યુશન (નાઇન્ટી-નાઇન્થ એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૧૪.

કોન્સ્ટીટ્યુશન (નાઇન્ટી-નાઇન્થ એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૧૪ - ની કાયદેસરતા - ઠેરવ્યું (ન્યાયમૂર્તિ લોકુર અનુસાર): તે સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટોમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં મૂળભૂત ફેરફારો દાખલ કરીને અને બંધારણના અનુચ્છેદ ૧૨૪(૨) તથા અનુચ્છેદ ૨૧૭(૧) ને પુનર્લેખિત કરીને બંધારણના મૂળભૂત માળખામાં ફેરફાર કરે છે, જેથી ન્યાયતંત્રની સ્વતંત્રતા સાથે ગંભીર બાંધછોડ થાય છે - પરિણામે, ૯૯મો બંધારણીય સુધારો અધિનિયમ ગેરબંધારણીય છે - ૯૯મા બંધારણીય સુધારા અધિનિયમે બંધારણીય સ્થિતિને સંપૂર્ણપણે બદલી નાખી છે અને નિમણૂક પ્રક્રિયામાં રાષ્ટ્રપતિની ભૂમિકા બદલી નાખી છે તેમજ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથેના ફરજિયાત વિચાર-વિમર્શમાં નોંધપાત્ર સુધારો કર્યો છે અને સમગ્ર પ્રક્રિયાને એનજેએસીની ભલામણ દ્વારા બદલી કે વિસ્થાપિત કરી દીધી છે - ૯૯મો બંધારણીય સુધારો અધિનિયમ અને એનજેએસી એક્ટ અનુત્તરિત પ્રશ્નોની એક શ્રેણી ઊભી કરે છે - એ સાચું છે કે બંધારણ દરેક વિગત, ખાસ કરીને પ્રક્રિયાગત વિગતો, સ્પષ્ટ અને સમાવિષ્ટ કરી શકતું નથી - પરંતુ તે જ સમયે, એનજેએસી યોજનાની મૂળભૂત આવશ્યકતાઓ એનજેએસી એક્ટ સાથે વંચાણે લેવાતા ૯૯મા બંધારણીય સુધારા અધિનિયમ પરથી સ્પષ્ટ થવી જ જોઈએ, ખાસ કરીને જ્યારે તે ન્યાયમૂર્તિઓની નિમણૂકની એવી પ્રવર્તમાન પદ્ધતિને ઉથલાવી નાખવા માંગતી હોય કે જે ન્યાયતંત્રની સ્વતંત્રતા જાળવી રાખે છે - મહત્વપૂર્ણ મુદ્દાઓને પાછળની તારીખે પૂરક કાયદા

કે પૂરક ગૌણ કાયદા દ્વારા ઉકેલવા માટે છોડી શકાય નહીં, અન્યથા એક અનિચ્છનીય શૂન્યાવકાશ ઊભો થશે, જે બાબતોને વધુ ખરાબ બનાવશે - ભારતનું બંધારણ - અનુચ્છેદો ૧૨૪(૨) અને ૨૧૭(૧).

નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન એક્ટ, ૨૦૧૪ - ની કાયદેસરતા - ઠેરવ્યું (ન્યાયમૂર્તિ લોકુર અનુસાર): ૯૯મો કોન્સ્ટીટ્યુશન એમેન્ડમેન્ટ એક્ટ ગેરબંધારણીય હોવાથી, નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન એક્ટ, ૨૦૧૪ કે જે ૯૯મા કોન્સ્ટીટ્યુશન એમેન્ડમેન્ટ એક્ટનું સંતાન છે, તે કાયદાના પુસ્તક પર સ્વતંત્ર રીતે અસ્તિત્વ ધરાવી શકે નહીં - અન્યથા પણ, તે સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટોમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં સારભૂત મનસ્વીતાને સક્ષમ કરીને બંધારણના અનુચ્છેદ ૧૪નું ઉલ્લંઘન કરે છે - ન્યાયતંત્ર - ઉચ્ચ ન્યાયતંત્ર - બંધારણીય અદાલતો - ન્યાયમૂર્તિઓની નિમણૂક અને બદલી - ભારતનું બંધારણ - અનુચ્છેદ ૧૪.

ન્યાયતંત્ર - ઉચ્ચ ન્યાયતંત્ર - બંધારણીય અદાલતો - ન્યાયમૂર્તિઓની નિમણૂક - ન્યાયતંત્રની સ્વતંત્રતા અને નિમણૂક પ્રક્રિયા - ઠેરવ્યું (ન્યાયમૂર્તિ લોકુર અનુસાર): ન્યાયતંત્રની સ્વતંત્રતા ન્યાયમૂર્તિની નિમણૂક સાથે શરૂ થાય છે - એમાં કોઈ શંકા નથી કે સુપ્રિમ કોર્ટ અથવા હાઇકોર્ટમાં ન્યાયમૂર્તિની નિમણૂક એ ન્યાયતંત્રની સ્વતંત્રતાનો એક અભિન્ન ભાગ છે - જોકે, એટર્ની જનરલ જ્યારે એવું કહે છે કે જોકે ન્યાયમૂર્તિની નિમણૂક એ ન્યાયતંત્રની સ્વતંત્રતાનો એક ભાગ છે, પરંતુ તે માત્ર એક નાનો ભાગ છે અને ચોક્કસપણે કોઈ પ્રમુખ ભાગ નથી,

ત્યારે તેમની સાથે સંમત થવું શક્ય નથી - તે વાસ્તવમાં ન્યાયતંત્રની સ્વતંત્રતાનો પાયાનો ભાગ છે - હાઈકોર્ટ અથવા સુપ્રિમ કોર્ટમાં ન્યાયમૂર્તિની નિમણૂક માટેની પ્રક્રિયા અને વાસ્તવિક નિમણૂક એ ન્યાયતંત્રની સ્વતંત્રતાનો એક પ્રમુખ ભાગ છે અને તેથી, બંધારણના મૂળભૂત માળખાનો એક અભિન્ન ભાગ છે.

ભારતનું બંધારણ - માં સુધારો - પડકારવાના કારણો - સંસદીય કાયદાને પડકારવાના કારણોથી ભિન્નતા - ઠેરવ્યું (ન્યાયમૂર્તિ લોકુર અનુસાર): બંધારણમાં સુધારાને માત્ર ત્યારે જ પડકારી શકાય જો તે બંધારણના મૂળભૂત માળખામાં ફેરફાર કરતો હોય - જ્યારે કોઈ કાયદાને પડકારી શકાય જો: (૧) તે ધારાસભાની સક્ષમતા બહારનો હોય; (૨) તે બંધારણના અનુચ્છેદ ૧૩નું ઉલ્લંઘન કરતો હોય; (૩) તે બંધારણના કોઈ પ્રતિબંધની વિરુદ્ધ ઘડવામાં આવ્યો હોય; અને (૪) તે બંધારણમાં ઠરાવેલી પ્રક્રિયાનું પાલન કર્યા વિના ઘડવામાં આવ્યો હોય - સિદ્ધાંતો / તત્વો - મૂળભૂત માળખાનો સિદ્ધાંત.

ન્યાયતંત્ર - ઉચ્ચ ન્યાયતંત્ર - બંધારણીય અદાલતો - ન્યાયમૂર્તિઓની નિમણૂક - ધ્યાનમાં લેવાના પરિબળો - ઠેરવ્યું (ન્યાયમૂર્તિ લોકુર અનુસાર): બે નિર્ણાયક પરિબળો છે- (૧) વ્યાવસાયિક કુશળતા, ન્યાયિક ક્ષમતા, એક સારા ન્યાયમૂર્તિ બનવા માટેની વ્યક્તિની યોગ્યતા અને સ્વભાવ, અને (૨) તે વ્યક્તિની અંગત શક્તિઓ, નબળાઈઓ, આદતો અને લક્ષણો - જ્યાં સુધી એક સારા ન્યાયમૂર્તિ બનવા માટેની વ્યક્તિની વ્યાવસાયિક કુશળતા, ન્યાયિક

ક્ષમતા, યોગ્યતા અને સ્વભાવનો સંબંધ છે, તે મૂલ્યાંકન કરવા માટે સૌથી યોગ્ય વ્યક્તિ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ (અન્ય ન્યાયમૂર્તિઓ સાથે વિચાર-વિમર્શ કરીને) રહેશે અને કાનૂની બિરાદરી બહારની કોઈ વ્યક્તિ નહીં - બીજી તરફ, જ્યાં સુધી વ્યક્તિની અંગત શક્તિઓ, નબળાઈઓ, આદતો અને લક્ષણોનો સંબંધ છે, યોગ્ય માહિતી માત્ર કારોબારી તરફથી જ આવી શકે છે, કારણ કે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને અન્ય ન્યાયમૂર્તિઓ તેનાથી વાકેફ ન પણ હોય - સંભવિત ક્ષમતાના સંદર્ભમાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ 'નિષ્ણાત' છે જ્યારે પૂર્વઇતિહાસ અને અંગત લક્ષણોના સંદર્ભમાં કારોબારી 'નિષ્ણાત' છે - ભાવિ ન્યાયમૂર્તિના વ્યક્તિત્વના આ બંને પાસાં નિઃશંકપણે ભિન્ન હોવાથી, આ બાબતમાં ન્યાયતંત્ર અને કારોબારી વચ્ચે મતભેદ હોઈ શકે નહીં કેમ કે તેઓ બંને વ્યક્તિના જીવનના જુદા જુદા પાસાંઓ પર પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે છે - ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ કારોબારીના 'નિષ્ણાત અભિપ્રાય' પર કોઈ ટિપ્પણી કરી શકે નહીં અને કારોબારી પણ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના 'નિષ્ણાત અભિપ્રાય' પર કોઈ ટિપ્પણી કરી શકે નહીં.

ન્યાયતંત્ર - ઉચ્ચ ન્યાયતંત્ર - બંધારણીય અદાલતો - ન્યાયમૂર્તિઓની નિમણૂક - કોન્સ્ટીટ્યુશન (નાઇન્ટી-નાઇન્થ એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૧૪ - નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન એક્ટ, ૨૦૧૪ - ની કાયદેસરતા - ઠેરવ્યું (ન્યાયમૂર્તિ લોકુર અનુસાર): સેકન્ડ જજિસ કેસમાં સ્વીકારવામાં આવ્યું હતું કે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા કરવામાં આવેલી ભલામણને નકારી કાઢવાની મુનસફી રાષ્ટ્રપતિ પાસે છે, પરંતુ માત્ર ચોક્કસ સંજોગો હેઠળ જ - આ

રાષ્ટ્રપતિની મુનસફી પરનું બંધન હતું - જોકે, ૯૯મા કોન્સ્ટીટ્યુશન એમેન્ડમેન્ટ એક્ટ અને એનજેએસી એક્ટે ન્યાયમૂર્તિની નિમણૂક માટેની ભલામણને નકારી કાઢવાની રાષ્ટ્રપતિની મુનસફી સંપૂર્ણપણે છીનવી લીધી છે, જેનાથી રાષ્ટ્રપતિના બંધારણીય મહત્વમાં ઘટાડો થયો છે - ૯૯મા કોન્સ્ટીટ્યુશન એમેન્ડમેન્ટ એક્ટ અને એનજેએસી એક્ટે રાષ્ટ્રપતિ પાસેથી વિચાર-વિમર્શની આ સ્વતંત્રતા છીનવી લીધી છે, જેમની પાસે માત્ર એનજેએસીની ભલામણને જ ધ્યાનમાં લેવા સિવાય અને તેનાથી આગળ ન વધવા સિવાય અન્ય કોઈ વિકલ્પ નથી - ફરી એકવાર, રાષ્ટ્રપતિનું બંધારણીય મહત્વ અને મૂલ્ય, જો છીનવી લેવામાં ન આવ્યું હોય તો પણ, નોંધપાત્ર રીતે ઘટી ગયું છે - ૯૯મા કોન્સ્ટીટ્યુશન એમેન્ડમેન્ટ એક્ટ અને એનજેએસી એક્ટે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની સત્તાને (વ્યક્તિગત તેમજ સંસ્થાકીય બંને રીતે) નોંધપાત્ર રીતે મર્યાદિત અને સંકુચિત કરી દીધી છે અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ હવે અન્ય ન્યાયમૂર્તિઓનો અથવા એનજેએસી બહારની કોઈપણ વ્યક્તિનો અભિપ્રાય લેવાથી બાકાત થઈ ગયા છે - ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ એક સંસ્થાકીય વડામાંથી ઘટીને માત્ર એક વ્યક્તિગત વ્યક્તિ બની ગયા છે - ૯૯મા કોન્સ્ટીટ્યુશન એમેન્ડમેન્ટ એક્ટ અને એનજેએસી એક્ટે સેકન્ડ જજિસ કેસ અને થર્ડ જજિસ કેસમાં સુવિચારિત પ્રક્રિયાને ઉલટાવી દીધી છે અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની બંધારણીય સત્તા છીનવી લીધી છે અને એનજેએસી સમક્ષ તેનો લાભ ઉઠાવવા માટે તેને થાળીમાં ધરી દીધી છે - આપણા બંધારણીય ઇતિહાસ, સ્થાપિત પરંપરાઓ, છેલ્લા સિત્તેર વર્ષો દરમિયાન વિવિધ સમિતિઓના મંતવ્યો અને શ્રી મોતીલાલ સેતલવાડથી શરૂ કરીને અનેક

કાનૂની દિગ્ગજોના મંતવ્યો, ઘણા દાયકાઓ દરમિયાન ન્યાયતંત્ર જે વેદનામાંથી પસાર થયું છે તે અને આપણા બંધારણની જોગવાઈઓને ધ્યાનમાં લેતાં, કોન્સ્ટીટ્યુશન (નાઈન્ટી-નાઈન્થ એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૧૪ દ્વારા બંધારણમાં દાખલ કરવામાં આવેલ અનુચ્છેદ ૧૨૪એ ન્યાયતંત્રની સ્વતંત્રતા પર અને ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં (જે ન્યાયતંત્રની સ્વતંત્રતાનો પાયાનો અને અભિન્ન ભાગ છે) તરાપ મારે છે અને બંધારણના મૂળભૂત માળખામાં ફેરફાર કરે છે - તેથી તેને ગેરબંધારણીય જાહેર કરવામાં આવે છે - કોન્સ્ટીટ્યુશન (નાઈન્ટી-નાઈન્થ એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૧૪ ની અન્ય જોગવાઈઓ પોતાની મેળે ટકી શકતી નથી અને તેથી તેને પણ ગેરબંધારણીય જાહેર કરવામાં આવે છે - તે જ રીતે, નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન એક્ટ, ૨૦૧૪ કાયદા હેઠળના વિવિધ સત્તાવાળાઓને મનસ્વી અને અમર્યાદિત સત્તાઓ પ્રદાન કરે છે અને તે બંધારણના અનુચ્છેદ ૧૪નું ઉલ્લંઘન કરે છે અને તેને ગેરબંધારણીય જાહેર કરવામાં આવે છે - અન્યથા પણ, નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન એક્ટ, ૨૦૧૪ કોન્સ્ટીટ્યુશન (નાઈન્ટી-નાઈન્થ એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૧૪ ની ગેરહાજરીમાં એકલો ટકી શકે નહીં - આ જાહેરાતનું પરિણામ એ આવે છે કે સેકન્ડ જજિસ કેસ અને થર્ડ જજિસ કેસ દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલી 'કોલેજિયમ પ્રણાલી' પુનર્જીવિત થાય છે - જોકે, (સુધારેલા) મેમોરેન્ડમ ઓફ પ્રોસિજર સાથે વંચાણે લેતાં આ નિર્ણયોમાં ઠરાવવામાં આવેલી ન્યાયમૂર્તિઓની નિમણૂકની પ્રક્રિયાને ચોક્કસપણે સુધારણાની જરૂર છે - ન્યાયમૂર્તિઓની નિમણૂકની પદ્ધતિ અને પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરવા, તેને લોકોની જરૂરિયાતો

પ્રત્યે વધુ પ્રતિભાવશીલ બનાવવા, તેને વધુ પારદર્શક અને સામાજિક જરૂરિયાતોને અનુરૂપ બનાવવા, અને વિશેષ કરીને, ફિફ્થ જજિસ કેસને ટાળવા માટે ભવિષ્યમાં લેવાના પગલાંની બાબતમાં સહાય મેળવવા સારુ એક 'પરિણામલક્ષી સુનાવણી' હાથ ધરવાની જરૂરિયાત છે - કોન્સ્ટીટ્યુશન (નાઇન્ટી-નાઇન્થ એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૧૪ - નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન એક્ટ, ૨૦૧૪.

કોન્સ્ટીટ્યુશન (નાઇન્ટી-નાઇન્થ એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૧૪ - ની કાયદેસરતા - બંધારણીય અદાલતોમાં ન્યાયમૂર્તિઓની નિમણૂક અને બદલી - યોજના અને માળખું - ચર્ચા કરવામાં આવી - ઠેરવ્યું (ન્યાયમૂર્તિ કુરિયન અનુસાર): બંધારણની કામગીરીના પ્રથમ તબક્કા દરમિયાન, કારોબારીએ નિમણૂકમાં ઉપરીપણું ધરાવતી હોવાનો દાવો કર્યો હતો અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અથવા સંબંધિત હાઇકોર્ટોના મુખ્ય ન્યાયમૂર્તિઓ સાથે માત્ર 'વિચાર-વિમર્શ' કરવાનો હતો, જે શબ્દપ્રયોગ ઘણીવાર તેના શાબ્દિક અર્થમાં સમજવામાં આવતો હતો - મુખ્ય ન્યાયમૂર્તિની સહભાગિતા સાથે કારોબારી દ્વારા નિર્ણય લેવામાં આવતો હતો - આ પ્રક્રિયા શમશેર સિંહ કેસમાં સુપ્રિમ કોર્ટના નિર્ણયમાં ચકાસણી હેઠળ આવી હતી જેમાં સાત-ન્યાયમૂર્તિઓની બેન્ચે અન્ય બાબતોની સાથોસાથ ઠેરવેલ કે "ન્યાયતંત્રની સ્વતંત્રતા" એ બંધારણનો એક મૂળ સિદ્ધાંત છે જેનું "ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર-વિમર્શ ફરજિયાત બનાવતા સંબંધિત અનુચ્છેદ દ્વારા રક્ષણ કરવામાં આવે છે" અને એ કે "તમામ કલ્પી શકાય તેવા કેસોમાં ભારતીય ન્યાયના તે સર્વોચ્ચ મહાનુભાવ સાથેનો વિચાર-

વિમર્શ ભારત સરકાર દ્વારા સ્વીકારવામાં આવશે અને સ્વીકારવો જોઈએ" - જોકે, ફર્સ્ટ જજિસ કેસની સુનાવણી કરનારી બેન્ચે, જેમાં માત્ર સાત ન્યાયમૂર્તિઓનું જ કોરમ હતું, ત્રણ સામે ચારની બહુમતી સાથે હોવા છતાં, તેનાથી વિપરીત ઠેરવ્યું - સેકન્ડ જજિસ કેસમાં નવ-ન્યાયમૂર્તિઓની બેન્ચે ફર્સ્ટ જજિસ કેસને ઉલટાવી દીધો, અને ઠેરવ્યું કે હાઈકોર્ટો અને સુપ્રિમ કોર્ટમાં ન્યાયમૂર્તિઓની નિમણૂક એ ન્યાયતંત્રની સ્વતંત્રતાનો એક અભિન્ન અંગ છે, ન્યાયતંત્રની સ્વતંત્રતા એ ભારતના બંધારણના મૂળભૂત માળખાનો ભાગ છે, અને તેથી, નિમણૂકોની બાબતમાં કારોબારી ન્યાયતંત્રની પ્રાથમિકતામાં દખલગીરી કરી શકે નહીં - ૧૯૯૮ માં થર્ડ જજિસ કેસ, એ કોલેજિયમ દાખલ કરીને નિમણૂકની પ્રક્રિયાને સંસ્થાકીય રૂપ આપીને સેકન્ડ જજિસ કેસના સિદ્ધાંતોની કામગીરીનું માત્ર એક સ્પષ્ટીકરણાત્મક વિસ્તરણ છે - આમ, બંધારણીય રીતે ફાળવવામાં આવેલા ક્ષેત્રમાં ન્યાયતંત્રની માળખાકીય સર્વોચ્ચતા સેકન્ડ અને થર્ડ જજિસ કેસ દ્વારા પુનઃસ્થાપિત કરવામાં આવી હતી - આ બેન્ચ એ રેશિયોથી બંધાયેલી છે કે ન્યાયતંત્રની સ્વતંત્રતા એ બંધારણના મૂળભૂત માળખાનો ભાગ છે અને હાઈકોર્ટો તથા સુપ્રિમ કોર્ટમાં ન્યાયમૂર્તિઓની નિમણૂક એ ન્યાયતંત્રની સ્વતંત્રતાના ખ્યાલનો એક અભિન્ન અંગ છે - અને તે સાદા કારણોસર, કોન્સ્ટીટ્યુશન ૯૯મો સુધારો ગેરબંધારણીય જાહેર કરવામાં આવે છે - ન્યાયતંત્ર - ઉચ્ચ ન્યાયતંત્ર - બંધારણીય અદાલતો.

નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન એક્ટ, ૨૦૧૪ - ની કાયદેસરતા - ઠેરવ્યું (ન્યાયમૂર્તિ કુરિયન અનુસાર): બહુમતી દ્વારા એવું ઠેરવવામાં

આવ્યું હોવાથી કે સુધારો પોતે એટલે કે કોન્સ્ટીટ્યુશન ૯૯મો સુધારો જ અમાન્ય છે, તેથી સદર સુધારાની ઉપજ, એટલે કે, નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન એક્ટ, ૨૦૧૪ ની કાયદેસરતાની ચર્ચા કરવાનો કોઈ અર્થ રહેતો નથી - કાયદા હેઠળ તેનું કોઈ અસ્તિત્વ નથી - ન્યાયતંત્ર - ઉચ્ચ ન્યાયતંત્ર - બંધારણીય અદાલતો - ન્યાયમૂર્તિઓની નિમણૂક અને બદલી.

બંધારણીય કાયદો - બંધારણનું અર્થઘટન - બંધારણીય દલીલોનું વર્ગીકરણ - "ઐતિહાસિક", "શાબ્દિક", "માળખાકીય", "વિવેકપૂર્ણ", "સિદ્ધાંત આધારિત" અને "નૈતિક" - કોન્સ્ટીટ્યુશન ૯૯મા એમેન્ડમેન્ટની અસર - ઠેરવ્યું (ન્યાયમૂર્તિ કુરિયન અનુસાર): બંધારણનું અર્થઘટન કરતી વખતે, તમામ સાધનોનો યોગ્ય રીતે ઉપયોગ કરવાનો રહે છે, અને ઘણીવાર સંયોજનમાં પણ ઉપયોગ કરવાનો રહે છે - પ્રસ્તુત કેસમાં, કોન્સ્ટીટ્યુશન ૯૯મા એમેન્ડમેન્ટે હાઇકોર્ટો અને સુપ્રિમ કોર્ટમાં ન્યાયમૂર્તિઓની નિમણૂક માટે એક નવી બંધારણીય યોજના દાખલ કરી છે - બંધારણ હેઠળના ત્રણ બંધારણીય અંગો, તેમની સત્તાઓ અને કાર્યો, અને તેમના આંતરિક સંબંધો પ્રસ્તુત કેસમાં વિશ્લેષણ કરવાના મુખ્ય મુદ્દાઓ હોવાથી, આ મુદ્દાઓના નિરાકરણ માટે 'માળખાકીય સાધન'નો મુખ્યત્વે ઉપયોગ કરવાનો રહે છે - કોન્સ્ટીટ્યુશન ૯૯મા એમેન્ડમેન્ટની કાયદેસરતા મૂળભૂત માળખાના સિદ્ધાંતની કસોટી પર ચકાસવાની રહે છે - સત્તાનું પૃથક્કરણ એ ભારતના બંધારણનું ટેક્ટોનિક માળખું છે - બંધારણીય યોજના હેઠળ, એક અંગ અન્ય અંગની બંધારણીય રીતે સોંપાયેલી સત્તાઓ અને કાર્યોમાં બિનપરવાનગીપાત્ર રીતે દખલગીરી કરતું નથી

- દખલગીરીના માન્ય ક્ષેત્રો એ નિયંત્રણો અને સંતુલન છે - પરંતુ દરેક અંગ માટે અમુક વિશિષ્ટ ક્ષેત્રો છે જેને કેન્દ્રીય સત્તાઓ તરીકે વર્ણવી શકાય - દરેક અંગની કેન્દ્રીય સત્તાઓ પર કોઈ દખલગીરી હોવી જોઈએ નહીં - મૂળભૂત માળખાને નબળું પાડીને એક પ્રતિબદ્ધ ન્યાયતંત્ર રચવાનો કોઈપણ પ્રયાસ, ભલે તેની શક્યતા ગમે તેટલી ઓછી હોય, તેને શરૂઆતમાં જ ડામી દેવો જોઈએ - સંસદ પાસે બંધારણનું ગેરીમેન્ડરિંગ કરવાની કોઈ સત્તા નથી - કોન્સ્ટીટ્યુશન ૯૯મો સુધારો સત્તાના માળખાકીય વિતરણને હાનિ પહોંચાડે છે, અને તેથી, તે બિનપરવાનગીપાત્ર છે - કોન્સ્ટીટ્યુશન (નાઇન્ટી-નાઇન્થ એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૧૪.

ન્યાયતંત્ર - ઉચ્ચ ન્યાયતંત્ર - બંધારણીય અદાલતો - ન્યાયમૂર્તિઓની નિમણૂક અને બદલી - કોલેજિયમ પ્રણાલીના સ્થાને કોન્સ્ટીટ્યુશન (નાઇન્ટી-નાઇન્થ એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૧૪ ના સંદર્ભમાં વિચારવામાં આવેલી નવી યોજના - શું સદર બંધારણીય સુધારો રદ કરવામાં આવે તો પણ, કોલેજિયમ પુનર્જીવિત થતું નથી - ઠેરવ્યું (ન્યાયમૂર્તિ કુરિયન અનુસાર): આ દલીલ સામાન્ય બુદ્ધિને પણ ગળે ઊતરતી નથી - ૯૯મા સુધારા દ્વારા બંધારણમાં કેટલીક જોગવાઈઓને 'બદલવા' અને કેટલીક નવી જોગવાઈઓને 'દાખલ કરવા' માગવામાં આવ્યું હતું - એકવાર બંધારણીય સુધારા દ્વારા બદલવાની અને નવી જોગવાઈઓ દાખલ કરવાની પ્રક્રિયા પોતે જ ખામીયુક્ત અને અસ્વીકાર્ય ઠેરવવામાં આવે, એટલે સુધારા પહેલાંની જોગવાઈઓ આપોઆપ પુનઃ સપાટી

પર આવે છે અને પુનર્જીવિત થાય છે - કોન્સ્ટીટ્યુશન (નાઇન્ટી-નાઇન્થ એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૧૪.

ન્યાયતંત્ર - ઉચ્ચ ન્યાયતંત્ર - બંધારણીય અદાલતો - ન્યાયમૂર્તિઓની નિમણૂક અને બદલી - કોલેજિયમ પ્રણાલી - તેમાં સુધારાની જરૂરિયાત - ઠેરવ્યું (ન્યાયમૂર્તિ કુરિયન અનુસાર): હાલની કોલેજિયમ પ્રણાલીમાં પારદર્શિતા, જવાબદેહી અને વસ્તુલક્ષીતાનો અભાવ છે - નાગરિક સમાજ દ્વારા ક્યારેક અવલોકન કરવામાં આવ્યા મુજબ, વિશ્વાસની ખાધે કોલેજિયમ પ્રણાલીની વિશ્વસનીયતાને અસર કરી છે - ઘણીવાર, ખૂબ જ ગંભીર આક્ષેપો અને ઘણી વખત પાયાવિહોણા ન હોય તેવા આક્ષેપો પણ કરવામાં આવ્યા છે કે તેનો અભિગમ અત્યંત વ્યક્તિલક્ષી રહ્યો છે - આ આક્ષેપો ચોક્કસપણે ઊંડા આત્મનિરીક્ષણની માગ કરે છે - તે હજુ પણ સુધારી શકાય તેવી સ્થિતિ છે - કોઈ શંકા નથી કે, વાંક સંપૂર્ણપણે કોલેજિયમનો નથી - સેકન્ડ એન્ડ થર્ડ જજીસ કેસે વિચલનો રોકવા માટે કારોબારીના હાથમાં અસરકારક સાધનો પૂરાં પાડ્યાં હતાં - કારોબારીએ ભાગ્યે જ તે સાધનોનો અસરકારક રીતે ઉપયોગ કર્યો હતો - તેથી, કોલેજિયમ પ્રણાલીમાં સુધારો કરવાની જરૂર છે જેમાં 'ગ્લાસનોસ્ટ' અને 'પેરેસ્ટ્રોઇકા'ની આવશ્યકતા છે, અને તેથી આ સંદર્ભમાં આ કેસની વધુ સુનાવણી થવી જરૂરી છે.

ભારતનું બંધારણ - અનુચ્છેદ ૩૬૮ - બંધારણમાં સુધારો - બંધારણમાં સુધારો કરવાની સંસદની સત્તા પર મર્યાદા - મૂળભૂત માળખાની કસોટી - ઠેરવ્યું

(ન્યાયમૂર્તિ ગોયલ અનુસાર): બંધારણનો અનુચ્છેદ ૩૬૮ બંધારણમાં સુધારો કરવાની સત્તા અને તે માટેની પ્રક્રિયા પૂરી પાડે છે - બંધારણીય સુધારાએ મૂળભૂત માળખાની કસોટીમાંથી પસાર થવું પડે છે - મૂળભૂત માળખાનું ઉલ્લંઘન થયું હતું કે નહીં તે આખરી રીતે દરેક કેસ મુજબ સુપ્રિમ કોર્ટ દ્વારા નક્કી કરવાનું રહે છે.

ભારતનું બંધારણ - મૂળભૂત માળખું / લક્ષણ - શું છે - ઠેરવ્યું (ન્યાયમૂર્તિ ગોયલ અનુસાર): બંધારણનું કોઈ લક્ષણ મૂળભૂત લક્ષણ છે કે મૂળભૂત માળખાનો ભાગ છે, તે બંધારણની યોજનામાં તેના સ્થાન અને બંધારણની કામગીરી પર તેના ઇનકારના પરિણામને ધ્યાને રાખીને નક્કી કરવાનું રહે છે.

ન્યાયતંત્ર - ન્યાયતંત્ર અને લોકશાહી - ઠેરવ્યું (ન્યાયમૂર્તિ ગોયલ અનુસાર): ન્યાયતંત્રની નિષ્પક્ષતા અને સક્ષમતામાં લોકોનો વિશ્વાસ જ લોકશાહીને ટકાવી રાખે છે - જ્યારે પણ એવો આક્ષેપ કરવામાં આવે કે સદર અંગોએ તેમની બંધારણીય રીતે સોંપાયેલી સત્તા ઓળંગી છે, ત્યારે કારોબારી અને ધારાસભાની સત્તાને નિયંત્રિત કરવાની સત્તા ન્યાયતંત્રને સોંપવામાં આવેલી છે - આ લોકશાહીનો સાર છે.

ન્યાયતંત્ર - ઉચ્ચ ન્યાયતંત્ર - બંધારણીય અદાલતો - ન્યાયમૂર્તિઓની નિમણૂક અને બદલી - યોજના અને માળખું - ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં ન્યાયતંત્રની પ્રાથમિકતા મૂળભૂત માળખાનો ભાગ છે કે કેમ - ઠેરવ્યું (ન્યાયમૂર્તિ ગોયલ અનુસાર): સુપ્રિમ કોર્ટના ચુકાદાઓ સ્પષ્ટપણે નિર્ધારિત કરે છે કે

ન્યાયતંત્રની સ્વતંત્રતા અને ન્યાયિક સમીક્ષા એ મૂળભૂત માળખાનો ભાગ છે - રાજ્યના ત્રણ વિભાગો વચ્ચે સત્તાનું વ્યાપક પૃથક્કરણ એ નિયંત્રણ અને સંતુલન (ચેક્સ એન્ડ બેલેન્સ)ના સિદ્ધાંતનો એક ભાગ છે - તે લોકશાહીનો પણ એક ભાગ છે - ન્યાયતંત્રની સ્વતંત્રતા બંધારણની સમગ્ર યોજનાનું અભિન્ન અંગ છે જેના વિના બંધારણની સર્વોચ્ચતા કે સંઘીય સ્વરૂપ, સામાજિક લોકશાહી કે સમાનતા અને સ્વતંત્રતાના અધિકારો અસરકારક બની શકે નહીં - સેકન્ડ એન્ડ થર્ડ જજીસ કેસના અગાઉના ચુકાદાઓને બંધનકર્તા પૂર્વચુકાદાઓ તરીકે ગણવા પડશે - એકવાર તેમ થાય, એટલે એવું ઠેરવવું પડશે કે ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં ન્યાયતંત્રની પ્રાથમિકતા એ મૂળભૂત માળખાનો ભાગ છે - ન્યાયમૂર્તિઓની નિમણૂક એ ન્યાયતંત્રની સ્વતંત્રતાનો એક ભાગ છે - ન્યાયતંત્રની નિષ્પક્ષતા અને સક્ષમતામાં લોકોનો વિશ્વાસ જ લોકશાહીને ટકાવી રાખે છે - જો ન્યાયમૂર્તિઓની નિમણૂક, જે ન્યાયતંત્રની કામગીરીનું અભિન્ન અંગ છે, તે કારોબારી દ્વારા પ્રભાવિત અથવા નિયંત્રિત થાય, તો તે ચોક્કસપણે ન્યાયમૂર્તિઓની નિષ્પક્ષતા અને તેમની કામગીરીને અસર કરશે - બંધારણની સ્વીકૃત યોજના અને તેની કામગીરી ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં કારોબારીના વર્ચસ્વને મંજૂરી આપતી નથી - સુધારા દ્વારા પણ ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં ન્યાયતંત્રની પ્રાથમિકતાને બાકાત રાખી શકાતી નથી - જ્યાં બંધારણના પ્રસ્થાપિત મૂળભૂત લક્ષણને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવે છે ત્યાં બંધારણીયતાના પૂર્વાનુમાનની દલીલ કોઈ કામ આવી શકે નહીં - તેવી જ રીતે, એવી દલીલ કે સંસદ લોકોની જરૂરિયાતોનું મૂલ્યાંકન કરવા માટે શ્રેષ્ઠ રીતે

સજ્ઞ છે, તે બંધારણના મૂળભૂત લક્ષણમાં સુધારો કરવાની સંસદની સત્તાને વિસ્તૃત કરવા માટે પૂરતું કારણ નથી - સમયનો બદલાવ ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં કારોબારી માટે વધુ મોટી ભૂમિકાને વ્યાજબી ઠેરવતો નથી - ન્યાયતંત્રની સ્વતંત્રતા એ બંધારણની સમગ્ર કામગીરીમાં મુખ્ય તત્વ છે અને આવી સ્વતંત્રતા કારોબારીની દખલગીરીથી મુક્ત ન્યાયમૂર્તિઓની નિમણૂક સાથે અભિન્ન રીતે જોડાયેલી છે - ન્યાયમૂર્તિઓની નિમણૂકની હાલની વ્યવસ્થાની કામગીરીમાં દેખાતી કોઈપણ ખામી, એકવાર તેને મૂળભૂત લક્ષણનો ભાગ ઠેરવવામાં આવ્યા પછી, હાલની યોજનામાં ફેરફાર અથવા નુકસાનને પોતાની મેળે વ્યાજબી ઠેરવી શકતી નથી - ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં ન્યાયતંત્રની પ્રાથમિકતા અને કારોબારીની મર્યાદિત ભૂમિકા એ બંધારણના મૂળભૂત માળખાનો ભાગ છે - ન્યાયતંત્રની પ્રાથમિકતા દરખાસ્ત શરૂ કરવામાં અને તેને આખરી ઓપ આપવામાં રહેલી છે - આ બાબતમાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિનો નિર્ણય આખરી છે - સેકન્ડ એન્ડ થર્ડ જજીસ કેસમાં ઠેરવ્યા મુજબ, દરખાસ્ત શરૂ કરતા પહેલાં સૂચનો આપવા અને સૂચિત ઉમેદવારોના ચારિત્ર્ય અને પૂર્વવૃત્ત વિશે પ્રતિસાદ આપવા તેમજ જાહેર કરાયેલા કારણોસર નિમણૂક સામે વાંધો ઉઠાવવા માટે કારોબારી સ્વતંત્ર છે. ન્યાયતંત્ર - ઉચ્ચ ન્યાયતંત્ર - બંધારણીય અદાલતો - ન્યાયમૂર્તિઓની નિમણૂક અને બદલી - યોજના અને માળખામાં સુધારો - નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન (એનજેએસી) જે કોન્સ્ટીટ્યુશન (નાઇન્ટી-નાઇન્થ એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૧૪ સાથે વંચાણે લેતાં નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન એક્ટ, ૨૦૧૪ ના નેજા હેઠળ

સ્થાપિત કરવામાં આવેલ - એનજેએસી આ મુજબ બનેલ છે: ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ, અધ્યક્ષ, હોદ્દાની રૂએ; ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ પછીના સુપ્રિમ કોર્ટના અન્ય બે વરિષ્ઠ ન્યાયમૂર્તિઓ સભ્યો તરીકે, હોદ્દાની રૂએ; કાયદા અને ન્યાયના પ્રભારી કેન્દ્રીય મંત્રી સભ્ય તરીકે, હોદ્દાની રૂએ; અને વડા પ્રધાન, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને લોકસભામાં વિરોધ પક્ષના નેતાની બનેલી સમિતિ દ્વારા નામાંકિત કરવાના બે પ્રતિષ્ઠિત વ્યક્તિઓ - શું વાદગ્રસ્ત સુધારા હેઠળ ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં ન્યાયતંત્રની પ્રાથમિકતાના મૂળભૂત લક્ષણમાં ફેરફાર કરવામાં આવ્યો છે કે તેને નુકસાન પહોંચાડવામાં આવ્યું છે - ઠેરવ્યું (ન્યાયમૂર્તિ ગોયલ અનુસાર): ન્યાયમૂર્તિઓની નિમણૂકની સુધારા વિનાની મૂળ યોજના હેઠળ, જે બંધારણનું એક મૂળભૂત લક્ષણ છે, રાષ્ટ્રપતિએ ન્યાયતંત્રનું પ્રતિનિધિત્વ કરતા ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર-વિમર્શ કર્યા પછી નિમણૂક કરવાની હોય છે - ઉમેદવારના ચારિત્ર્ય અને પૂર્વવૃત્ત સાથે સંબંધ ધરાવતા નોંધાયેલા કારણોસર અને જો આવા કારણો ભારતના મુખ્ય ન્યાયમૂર્તિને સ્વીકાર્ય જણાય, તો અપવાદરૂપ પરિસ્થિતિઓમાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના મંતવ્યોની અવગણના કરવાની પરવાનગી છે - સુધારેલી યોજના હેઠળ, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા આવો કોઈ આખરી અભિપ્રાય લઈ શકાતો નથી - કોઈપણ કારણ આપ્યા વિના, મંત્રી અથવા નામાંકિત સભ્યો ન્યાયમૂર્તિઓના સર્વાનુમત અભિપ્રાયને ફગાવી શકે છે - હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ કમિશનના સભ્ય નથી અને હાઇકોર્ટોના ન્યાયમૂર્તિઓની નિમણૂક/બદલીમાં તેમની કોઈ બંધારણીય ભૂમિકા નથી - ન્યાયમૂર્તિઓ વિના

મંત્રી અને નામાંકિત સભ્યો નિમણૂક કરી શકતા નથી તે માત્ર હકીકત, ન્યાયતંત્રનું પ્રતિનિધિત્વ કરતા ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા ખુદ નિર્ણય લેવામાં આવતો હોય તેવી સ્થિતિની સમકક્ષ નથી - બે પ્રતિષ્ઠિત સભ્યોની નિમણૂક કરવામાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ પણ સમિતિના સભ્ય હોય તો પણ, હકીકત એ રહે છે કે આવા સભ્યોની નિમણૂક કરવામાં વડા પ્રધાન અને વિરોધ પક્ષના નેતાની નોંધપાત્ર ભૂમિકા છે, જે સભ્યો સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂક અને હાઇકોર્ટોના ન્યાયમૂર્તિઓની નિમણૂક/બદલી કરવામાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને સુપ્રિમ કોર્ટના બે સૌથી વરિષ્ઠ ન્યાયમૂર્તિઓની સમાન સત્તા ધરાવશે એટલું જ નહીં, પરંતુ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને બે સૌથી વરિષ્ઠ ન્યાયમૂર્તિઓની સર્વાનુમત દરખાસ્તને નકારી કાઢવાનો અધિકાર પણ ધરાવશે - કમિશનની આવી રચના ન્યાયતંત્રની સ્વતંત્રતા માટે અનુકૂળ ગણી શકાય નહીં - સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂક અને હાઇકોર્ટોના ન્યાયમૂર્તિઓની નિમણૂક/બદલી, કાયદા મંત્રી અને બે નામાંકિત સભ્યો દ્વારા ઘણી હદ સુધી ચોક્કસપણે પ્રભાવિત થઈ શકે છે, જેનાથી ન્યાયતંત્રની સ્વતંત્રતાને અસર થાય છે - આ સુધારો ન્યાયિક સભ્યોના સર્વાનુમત અભિપ્રાયની પ્રાથમિકતાને પણ દૂર કરે છે કારણ કે આવો અભિપ્રાય નિમણૂકને આખરી ઓપ આપવા માટે પૂરતો નથી - બંધનકર્તા ન્યાયિક દાખલાઓમાં હંમેશા સમજવામાં આવ્યા મુજબ ન્યાયતંત્રની પ્રાથમિકતામાં નામની દરખાસ્ત શરૂ કરવી અને આખરી નિર્ણય લેવાનો સમાવેશ થાય છે - આ બે મુખ્ય લક્ષણો ન્યાયતંત્રની પ્રાથમિકતાની ઓળખ બનાવે છે - જો ન્યાયતંત્ર પ્રથમ તબક્કે

દરખાસ્ત રજૂ કરવામાં અસમર્થ હોય અથવા જો આવી દરખાસ્તને અસરકારક રીતે નકારી શકાય તો પ્રાથમિકતાનો આ ખ્યાલ જોખમાય છે - તેની અસર એ થશે કે ન્યાયમૂર્તિઓની નિમણૂક કાયદા મંત્રી દ્વારા પ્રતિનિધિત્વ પામતી કારોબારી અથવા બિન-ન્યાયમૂર્તિ સભ્યોના પ્રભાવ હેઠળ થઈ શકે છે કે જેમની નિમણૂકમાં પ્રમુખ અવાજ ન્યાયતંત્રનો નથી - આવી નિમણૂકોની અસર એ થશે કે નિમાયેલા ન્યાયમૂર્તિઓ તેમની નિમણૂક માટે કારોબારીના ઋણી રહેશે, જે જાહેર વિશ્વાસ અને ન્યાયતંત્રની નિષ્પક્ષતા માટે વિનાશક હોઈ શકે છે અને એક મહત્વપૂર્ણ નિષ્પક્ષ બંધારણીય અંગ તરીકે ન્યાયતંત્રની ભૂમિકાને પ્રતિકૂળ અસર કરી શકે છે - ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં બંધારણીય રીતે આપવામાં આવેલી ન્યાયિક પ્રાથમિકતાને ઘટાડી શકાતી નથી અથવા જેમને આવા કાર્યો સોંપવામાં આવ્યા નથી કે લેવાની મંજૂરી આપવામાં આવી નથી તેમના દ્વારા નિયંત્રિત કરવાનો પ્રયાસ કરી શકાતો નથી - શ્રેષ્ઠ ઈરાદાઓ સ્વીકારીએ તો પણ, સંસદ બંધારણ દ્વારા તેને આપવામાં આવેલી સત્તા બહાર જઈને કાર્ય કરી શકે નહીં - આમ, ન્યાયતંત્રની પ્રાથમિકતા છીનવી લેવી અથવા સદર ખ્યાલની સમકક્ષ ન હોય તેવી સંસ્થાને આવી પ્રાથમિકતા આપવી એ ચોક્કસપણે સંસદ પાસે ઉપલબ્ધ વિકલ્પ નથી - ભારતના બંધારણની પોતાની પૃષ્ઠભૂમિ અને વ્યક્તિત્વ છે - ભારતીય બંધારણની ઓળખ અને વ્યક્તિત્વને નુકસાન પહોંચે તે રીતે અન્ય દેશોના મોડેલોનું આંધળું અનુકરણ કરી શકાય નહીં - એટર્ની જનરલ દ્વારા સંદર્ભ લીધેલા જ્યુડિશિયલ કમિશનો ન્યાયતંત્રની પૂર્વ-અસ્તિત્વમાં રહેલી ભૂમિકા ઘટાડવાનું વલણ દર્શાવતા નથી - વાસ્તવમાં, વલણ કારોબારીની પૂર્વ-

અસ્તિત્વમાં રહેલી ભૂમિકા ઘટાડવાનું છે - વાદગ્રસ્ત સુધારામાં તે તેનાથી ઉલટું છે - આમ, અન્ય બંધારણોની કામગીરી અથવા અન્ય દેશોમાં વિવિધ રચનાઓ સાથે જ્યુડિશિયલ કમિશનોની સ્થાપના કરવાની દલીલ, ભારતીય બંધારણના મૂળભૂત માળખાથી વિપરીત એવા વાદગ્રસ્ત સુધારાને વ્યાજબી ઠેરવતી નથી - આ દલીલમાં કોઈ તથ્ય નથી કે વર્તમાન કેસમાં બંધારણીય જોગવાઈમાં માત્ર ફેરફાર કરવો એ મૂળભૂત લક્ષણને નુકસાન પહોંચાડવા સમાન નથી - તે માત્ર કરચલીઓ દૂર કરવા માટેના સાદા સુધારાનો કેસ નથી - તેની અસર સ્પષ્ટપણે ન્યાયતંત્રની સ્વતંત્રતાને અસર કરે છે - કારોબારીની પ્રમુખ ભૂમિકા માન્ય નથી - નવી યોજના બંધારણના તે મૂળભૂત લક્ષણને નુકસાન પહોંચાડે છે કે જેના હેઠળ ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં પ્રાથમિકતા ન્યાયતંત્ર પાસે હોવી જોઈએ - નવી યોજના હેઠળ આવી પ્રાથમિકતાને તિલાંજલિ આપી દેવામાં આવી છે - આમ વાદગ્રસ્ત સુધારો ટકાવી શકાય તેમ નથી - કોન્સ્ટીટ્યુશન (નાઇન્ટી-નાઇન્થ એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૧૪.

ન્યાયતંત્ર - ઉચ્ચ ન્યાયતંત્ર - બંધારણીય અદાલતો - ન્યાયમૂર્તિઓની નિમણૂક અને બદલી - યોજના અને માળખામાં સુધારો - કોન્સ્ટીટ્યુશન (નાઇન્ટી-નાઇન્થ એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૧૪ સાથે વંચાણે લેતાં નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન એક્ટ, ૨૦૧૪ ના નેજા હેઠળ સ્થાપિત નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન (એનજેએસી) - ન્યાયમૂર્તિઓ ઉપરાંત કાયદા મંત્રી અને એક નિર્દિષ્ટ સમિતિ દ્વારા નામાંકિત કરવાના બે પ્રતિષ્ઠિત વ્યક્તિઓનો સમાવેશ કરતું એનજેએસી - પ્રતિષ્ઠિત વ્યક્તિઓ પૈકી

એક વ્યક્તિ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ, અન્ય પછાત વર્ગો, લઘુમતીઓ અથવા મહિલાઓ પૈકીના વ્યક્તિઓમાંથી નામાંકિત કરવાની હતી - નામાંકિત સભ્યો પૈકીના એક સભ્ય માટેના આવા અનામતને પડકારવામાં આવેલ - ઠેરવ્યું (ન્યાયમૂર્તિ ગોયલ અનુસાર): બંધારણના ઘડવૈયાઓ અને પ્રતિષ્ઠિત નિષ્ણાત સમિતિઓના મંતવ્યો સ્પષ્ટપણે દર્શાવે છે કે ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં કારોબારીની ભૂમિકા ન્યૂનતમ અને મોટે ભાગે ઉમેદવારોના ચારિત્ર્ય અને પૂર્વવૃત્ત ચકાસવા પૂરતી મર્યાદિત હોવી જોઈએ અને આવા ઉમેદવારોના ગુણદોષ અને યોગ્યતાનું આખરી મૂલ્યાંકન કરવા માટે નહિ - બાબતના આ દ્રષ્ટિકોણથી, જ્યારે સમિતિમાં ઉચ્ચ મહાનુભાવો સામેલ હશે ત્યારે પ્રતિષ્ઠિત વ્યક્તિઓની નિમણૂકના માપદંડ માટે કોઈ માર્ગદર્શિકા જરૂરી નહોતી તેવી દલીલ જો સ્વીકારવામાં આવે તો પણ હકીકત એ રહે છે કે આવી વ્યક્તિઓ સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં માત્ર સહાયક જ નહીં પરંતુ પ્રમુખ ભૂમિકા ભજવશે જે ન્યાયતંત્રની સ્વતંત્રતા માટે અનુકૂળ રહેશે નહિ - નિર્દિષ્ટ કેટેગરીઓમાંથી નામાંકિત સભ્યો પૈકીના એક સભ્ય હોવા અંગેના અનામત માટે કોઈ ઔચિત્ય નથી - આવી જોગવાઈ બંધારણની યોજના વિરુદ્ધ છે અને સંપૂર્ણપણે ગુણદોષના આધારે ન્યાયમૂર્તિઓની પસંદગી કરવાના ઉદ્દેશથી વિપરીત છે - નિમણૂકનું સ્વરૂપ કોઈપણ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની અથવા અનુસૂચિત જાતિઓ કે અનુસૂચિત જનજાતિઓ અથવા મહિલાઓની ઉન્નતિ માટેના કોઈપણ હકારાત્મક પગલાંને વ્યાજબી ઠેરવતું નથી

- ન્યાયમૂર્તિઓની નિમણૂક ઉમેદવારોના ગુણદોષ અને યોગ્યતાના મૂલ્યાંકન પર થવી જોઈએ - મૂલ્યાંકનકારનો ધર્મ, જાતિ કે લિંગ કોઈ સુસંગતતા ધરાવતા નથી.

ન્યાયતંત્ર - ઉચ્ચ ન્યાયતંત્ર - બંધારણીય અદાલતો - ન્યાયમૂર્તિઓની નિમણૂક અને બદલી - સુપ્રિમ કોર્ટ અથવા હાઇકોર્ટોના ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક માટેના ઉમેદવારનું મૂલ્યાંકન અને યોગ્યતા - ઠેરવ્યું (ન્યાયમૂર્તિ ગોયલ અનુસાર): સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂક સામાન્ય રીતે હાઇકોર્ટોના મુખ્ય ન્યાયમૂર્તિઓ અથવા વરિષ્ઠ ન્યાયમૂર્તિઓ અથવા પ્રતિષ્ઠિત વકીલો અથવા પ્રતિષ્ઠિત ન્યાયશાસ્ત્રીઓમાંથી કરવામાં આવે છે કે જેમના ગુણદોષ વરિષ્ઠ ન્યાયમૂર્તિઓને વધુ સારી રીતે જાણીતા હોય છે - તેમનું મૂલ્યાંકન નિષ્પક્ષ અને કોઈપણ રાજકીય અથવા અન્ય વિચારણાઓથી મુક્ત હોવું જોઈએ - પસંદગી કરનાર વ્યક્તિઓ તેમના ગુણદોષ અને યોગ્યતાનું મૂલ્યાંકન કરવા માટે શ્રેષ્ઠ સ્થિતિમાં હોવી જરૂરી છે - ન્યાયતંત્રની પ્રમુખ અને નિર્ણાયક ભૂમિકા એ માત્ર ન્યાયતંત્રની સ્વતંત્રતા અને સત્તાના પૃથક્કરણની જ આવશ્યકતા નથી પરંતુ લોકશાહીની મજબૂતી માટે જરૂરી એવા સામાન્ય લોકોમાં વિશ્વાસ પ્રેરિત કરવા માટે પણ આવશ્યક છે - કારોબારી અથવા ધારાસભા સામે પોતાના મૂળભૂત અને કાનૂની અધિકારોના ઉલ્લંઘનની ફરિયાદ ધરાવતા નાગરિકો એવી અપેક્ષા રાખે છે કે તેમની ફરિયાદ પર એવી વ્યક્તિઓ દ્વારા વિચારણા કરવામાં આવે કે જેમની નિમણૂક કારોબારી અથવા ધારાસભા દ્વારા પ્રભાવિત ન હોય - જો કોઈ નિમણૂક રાજકીય વિચારણા અથવા અન્ય કોઈ બાહ્ય પ્રભાવથી પ્રભાવિત હોવાનું માનવામાં આવે, તો નિષ્પક્ષતામાં રહેલો વિશ્વાસ, જે ન્યાયતંત્રની સ્વતંત્રતાનું

વિશિષ્ટ લક્ષણ છે, તે ધોવાઈ જશે - અન્ય દેશોમાં રહેલી યોજના જ્યારે ભારતીય બંધારણની મૂળભૂત યોજના સાથે સંઘર્ષમાં હોય ત્યારે તેનું યાંત્રિક રીતે અનુકરણ કરી શકાય નહીં.

બંધારણીય કાયદો - બંધારણમાં સુધારો - 'ઓળખ કસોટી' અને 'અસર કસોટી' - ઠેરવ્યું (ન્યાયમૂર્તિ ગોયલ અનુસાર): 'સુધારો' શબ્દનો શાબ્દિક અર્થ બહેતરી અથવા સુધારણા થાય છે અને સુધારાના પ્રયોજક હંમેશા સુધારણાનો દાવો કરી શકે છે - આવા દાવાને 'ઓળખ કસોટી' અને 'અસર કસોટી' લાગુ કરીને ચકાસવો પડે છે - સુધારાથી બંધારણના આવશ્યક લક્ષણની ઓળખ પ્રભાવિત થવી જોઈએ નહીં - બંધારણની યોજનાની કામગીરી પર સુધારાની અસર ધ્યાનમાં લેવી આવશ્યક છે - આ અમુક અંશે વ્યક્તિલક્ષી તત્વ લાવે છે જે મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન કરતી હોવાનો આક્ષેપ હોય અને જેને 'વાજબી નિયંત્રણો'ની વિભાવના પર વ્યાજબી ઠેરવવામાં આવતી હોય તેવી કોઈપણ કાયદાકીય જોગવાઈનું પરીક્ષણ કરતી વખતે પણ અનિવાર્ય છે - આ સંદર્ભમાં, નિષ્ણાત અભ્યાસો દ્વારા દસ્તાવેજીકૃત થયેલી કારોબારી દખલગીરીની અસરને, આ બાબત સંસદના ડહાપણનો વિષય છે તેવા કારણોસર અપ્રસ્તુત ઠેરવી શકાય નહીં કે અવગણી શકાય નહીં - તે માત્ર સુધારાનું લખાણ જ નથી પરંતુ મૂળ યોજનાની 'ઓળખ' અને નવી યોજના હેઠળની સત્તાના 'વ્યાપ' પર તેની અસર અને સંભાવનાને પણ ધ્યાનમાં રાખવી પડશે - નવી યોજના કરચલીઓ દૂર કરી શકે છે પરંતુ તેની વ્યવસ્થા બદલાયેલી યોજનાની સમકક્ષ હોવી જોઈએ - શબ્દો અને શબ્દપ્રયોગો - "સુધારો" - નો અર્થ.

ન્યાયતંત્ર - ઉચ્ચ ન્યાયતંત્ર - બંધારણીય અદાલતો - ન્યાયમૂર્તિઓની નિમણૂક અને બદલી - પ્રક્રિયા - નવી યોજના અને માળખું - છ-સભ્ય નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન (એનજેએસી) ની સ્થાપના - ન્યાયમૂર્તિઓ ઉપરાંત કેન્દ્રીય કાયદા મંત્રી અને એક નિર્દિષ્ટ સમિતિ દ્વારા નામાંકિત કરવાના બે પ્રતિષ્ઠિત વ્યક્તિઓનો સમાવેશ કરતું એનજેએસી - કાયદા મંત્રી અને બે પ્રતિષ્ઠિત વ્યક્તિઓની ઉપસ્થિતિ - શું યોગ્ય છે - ઠેરવ્યું (ન્યાયમૂર્તિ ગોયલ અનુસાર): નવી યોજના હેઠળ, કાયદા મંત્રીને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની સમકક્ષ ભૂમિકા આપવામાં આવી છે - બંધારણના પ્રારંભથી જ, પ્રક્રિયા શરૂ કરતી વખતે અને તેને આખરી ઓપ આપતી વખતે કાયદા મંત્રીની આ ભૂમિકા ક્યારેય વિચારવામાં આવી નહોતી - સહભાગી યોજનામાં, કાયદા મંત્રી વધુમાં વધુ કોઈ નામ સૂચવી શકતા હતા અથવા પ્રસ્તાવિત નામો પર પોતાની ટીપ્પણી આપી શકતા હતા પરંતુ દરખાસ્ત હંમેશા ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા જ શરૂ કરી શકાતી હતી અને શરૂ કરવામાં આવતી હતી - શરૂઆતના તબક્કે, જો સમાન સત્તા આપવામાં આવે, તો તેનાથી ન્યાયતંત્રની પ્રાથમિકતા ધોવાઈ જશે - જે સમિતિમાં પણ પ્રમુખ રાજકીય અવાજ છે તેવી સમિતિ દ્વારા નામાંકિત કરવાના અન્ય બે વ્યક્તિઓને દરખાસ્ત શરૂ કરવા અને આખરી ઓપ આપવા બાબતે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની સમકક્ષ મૂકવાથી મૂળ યોજનાની ઓળખ જ નાશ પામે છે - નામની દરખાસ્ત શરૂ કરતા પહેલાં કોઈપણ સૂચન અથવા દરખાસ્ત શરૂ કર્યા પછી પણ પ્રતિસાદ ઉપયોગી થઈ શકે છે અને તેનાથી ન્યાયતંત્રની સ્વતંત્રતાને અસર ન થઈ શકે પરંતુ દરખાસ્ત શરૂ

કરવા અથવા નિમણૂક અંગેના આખરી નિર્ણયમાં કાયદા મંત્રી અને બે બહારના વ્યક્તિઓની સમાન સહભાગિતા ન્યાયતંત્રની સ્વતંત્રતા માટે હાનિકારક હોઈ શકે છે - કાયદા મંત્રી અને બે વિતરકો કોઈપણ બાહ્ય વિચારણાથી પ્રભાવિત થશે નહીં તેવું માની લઈને તેને નકારી શકાતું નથી - આવું અનુમાન સ્વીકૃત વાસ્તવિક અનુભવથી વિપરીત હશે - તે કારોબારીથી ન્યાયતંત્રના પૃથક્કરણની વિભાવના વિરુદ્ધ પણ હશે - તદુપરાંત આ બાબત બંધારણના ઘડવૈયાઓના મૂળભૂત આશયથી વિપરીત હશે.

નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન એક્ટ, ૨૦૧૪ - કલમો ૨, ૩, ૫(૨), કલમ ૫(૨) નો બીજો પરંતુક, ૫(૩), ૬(૧), ૬(૨), ૬(૩), ૬(૬), ૬(૮), ૮ અને ૧૩ - એનજેએસી એક્ટની કાયદેસરતા - ઠેરવ્યું (ન્યાયમૂર્તિ ગોયલ અનુસાર): કોન્સ્ટીટ્યુશન (નાઇન્ટી-નાઇન્થ એમેન્ડમેન્ટ) એક્ટ સંસદની સક્ષમતા બહાર હોવા અંગેના નિષ્કર્ષને ધ્યાનમાં લેતાં, એનજેએસી એક્ટની કાયદેસરતાની ચર્ચા કરવી જરૂરી નથી કારણ કે એકવાર સુધારો રદ કરવામાં આવે પછી સદર એક્ટ ટકી શકે નહિ - જોકે, ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં ન્યાયતંત્રની પ્રાથમિકતા સાથે કોઈ સમાધાન થઈ શકે નહીં તેવા મંતવ્યને સુસંગત રહીને, અને તે કારણોસર અસંશોધિત જોગવાઈઓ હેઠળ વિચારવામાં આવ્યા મુજબ ન્યાયતંત્ર સાથેના ફરજિયાત વિચાર-વિમર્શને નાબૂદ કરતી સુધારાની કલમ ૨, (અનુચ્છેદ ૧૨૭બી હેઠળ) એનજેએસીને સત્તા પ્રદાન કરતી અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ, સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓ, હાઇકોર્ટોના મુખ્ય ન્યાયમૂર્તિઓ અને અન્ય ન્યાયમૂર્તિઓ તરીકે નિમણૂકોની ભલામણ કરવામાં

તેમજ હાઇકોર્ટોના મુખ્ય ન્યાયમૂર્તિઓ અને ન્યાયમૂર્તિઓની બદલીની ભલામણ કરવામાં કાયદા મંત્રી અને બે પ્રતિષ્ઠિત વ્યક્તિઓને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની સમકક્ષ ભૂમિકા આપતા અનુચ્છેદ ૧૨૭એ હેઠળ કમિશનની રચનાની જોગવાઈ કરતી કલમ ૩ ગેરબંધારણીય છે એટલું જ નહીં પરંતુ પ્રક્રિયાનું નિયમન કરવાની અને પસંદગીની પદ્ધતિ નક્કી કરવાની સંસદને સત્તા આપતો અનુચ્છેદ ૧૨૭સી પણ ગેરબંધારણીય હતો, તેથી વાદગ્રસ્ત એક્ટને રદ કરવો પડે તેમ છે - તે પ્રક્રિયાગત પાસાઓ કરતાં ઘણી આગળ જાય છે - કલમ ૫(૨) માં 'યોગ્યતાના માપદંડ' વિનિયમો દ્વારા નક્કી કરવા પર છોડી દેવામાં આવ્યા છે - કલમ ૫(૨) નો બીજો પરંતુક અને કલમ ૬(૬) કમિશનના બે સભ્યોને વીટો આપે છે જે સુધારા દ્વારા વિચારવામાં આવેલ નથી - કલમ ૫(૩) અને કલમ ૬(૮) વિનિયમો દ્વારા પસંદગી માટેની શરતો નિયત કરવાની જોગવાઈ કરે છે જે માત્ર પ્રક્રિયાગત બાબતો નથી - કલમ ૬ હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા દરખાસ્ત પ્રથમ શરૂ કરવામાં આવ્યા વિના જ હાઇકોર્ટોના ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક માટેની ભલામણો કરવાની સત્તા આપે છે - કલમ ૬(૧) હાઇકોર્ટના ન્યાયમૂર્તિઓની પરસ્પર વરિષ્ઠતાના આધારે હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિની નિમણૂક માટે ભલામણ કરવાની જોગવાઈ કરે છે - આનાથી શક્ય તેટલી વધુ હાઇકોર્ટોને પ્રતિનિધિત્વ આપવા પર અસર પડી શકે છે કારણ કે, પરસ્પર વરિષ્ઠતામાં, માત્ર એક જ હાઇકોર્ટના ઘણા ન્યાયમૂર્તિઓ સૌથી વરિષ્ઠ હોઈ શકે છે - કલમ ૬(૨) હાઇકોર્ટોના મુખ્ય ન્યાયમૂર્તિઓ પાસેથી નામાંકન મેળવવાની જોગવાઈ કરે છે, પરંતુ કલમ ૬(૩) કમિશનને ખુદ ઉમેદવારોની પસંદગી કર્યા

પછી હાઇકોર્ટના ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક માટે ભલામણ કરવાની અને મુખ્ય ન્યાયમૂર્તિ પાસેથી ટિપ્પણીઓ મેળવવાની સત્તા આપે છે - કલમ ૮ કેન્દ્ર સરકારને કમિશનના અધિકારીઓ અને કર્મચારીઓની નિમણૂક કરવાની અને તેમની સેવાની શરતો નિયત કરવાની સત્તા આપે છે - સરકારના સચિવ કમિશનના સંયોજક છે - કલમ ૧૩ તમામ વિનિયમોને સંસદ દ્વારા મંજૂર કરાવવાની જરૂરિયાત રાખે છે - એક્ટની આ જોગવાઈઓ ન્યાયતંત્રની સ્વતંત્રતા પર તરાપ મારે છે - સંસદીય કાયદાની કાયદેસરતા નક્કી કરવામાં મૂળભૂત માળખાનો સિદ્ધાંત લાગુ ન કરવામાં આવે તો પણ, ન્યાયતંત્રની સ્વતંત્રતા અને કાયદાનું શાસન એ બંધારણના અનુચ્છેદો ૧૪, ૧૯ અને ૨૧ ના ભાગ છે અને ન્યાયતંત્રની સ્વતંત્રતાની ગેરહાજરી સદર મૂળભૂત અધિકારોને અસર કરે છે - આમ એનજેએસી એક્ટ રદ થવાને પાત્ર છે - ભારતનું બંધારણ - અનુચ્છેદો ૧૨૪એ, ૧૨૪બી અને ૧૨૪સી.

ન્યાયતંત્ર - ઉચ્ચ ન્યાયતંત્ર - બંધારણીય અદાલતો - ન્યાયમૂર્તિઓની નિમણૂક અને બદલી - પ્રક્રિયા - તેમાં સુધારો - સુધારો રદ થવાની અસર - ઠેરવ્યું (ન્યાયમૂર્તિ ગોયલ અનુસાર): જો સુધારો શૂન્ય ઠેરવવામાં આવે તો પણ પૂર્વ-અસ્તિત્વમાં રહેલી પ્રણાલી પુનઃસ્થાપિત કરી શકાતી નથી તેવી દલીલમાં કોઈ તર્ક નથી - ન્યાયિક સમીક્ષાની સત્તાનો ઉપયોગ કરીને, જોગવાઈને શૂન્ય જાહેર કરી શકાય છે કે જે કિસ્સામાં આવી શૂન્ય જોગવાઈ વિનાની કાનૂની સ્થિતિ પ્રવર્તમાન રહે છે તેમ ઠેરવી શકાય છે - આ એવી પરિસ્થિતિ નથી કે જ્યારે મુદ્દો નક્કી કરતી વખતે સ્થિતિ સ્પષ્ટ કરવામાં આવી ન હોય - સુધારો રદ થતાં, પૂર્વ-

અસ્તિત્વમાં રહેલી પ્રણાલી પુનર્જીવિત થાય છે - કોન્સ્ટીટ્યુશન (નાઇન્ટી-નાઇન્થ એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૧૪.

ન્યાયતંત્ર - ઉચ્ચ ન્યાયતંત્ર - બંધારણીય અદાલતો - ન્યાયમૂર્તિઓની નિમણૂક અને બદલી - પ્રક્રિયા - વર્તમાન પ્રણાલીની કામગીરીની સમીક્ષા - ઠેરવ્યું (ન્યાયમૂર્તિ ગોયલ અનુસાર): સુધારો રદ થતાં સુધારા પહેલાં અસ્તિત્વમાં રહેલી પ્રણાલી પુનર્જીવિત થશે અને તેની કામગીરી અંગે ફરિયાદો વ્યક્ત કરવામાં આવી હોવાથી, આવી ફરિયાદો ધ્યાનમાં લેવી જોઈએ - આવી ફરિયાદોની તપાસ થવી જોઈએ કે જેના માટે આ બાબતને સુનાવણી માટે સૂચિબદ્ધ કરવાની જરૂર છે - વાદગ્રસ્ત બંધારણીય સુધારો અને એનજેએસી એક્ટ ગેરબંધારણીય તરીકે રદ કરવામાં આવે છે - ન્યાયમૂર્તિઓની નિમણૂકની પૂર્વ-અસ્તિત્વ ધરાવતી યોજના પુનર્જીવિત થાય છે - પૂર્વ-અસ્તિત્વ ધરાવતી પ્રણાલીની કામગીરી અંગેની ફરિયાદોના બાકી રહેલા મુદ્દાની વિચારણા માટે આ બાબતને સૂચિબદ્ધ કરવામાં આવે - કોન્સ્ટીટ્યુશન (નાઇન્ટી-નાઇન્થ એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૧૪ - નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન એક્ટ, ૨૦૧૪.

ન્યાયતંત્ર - ઉચ્ચ ન્યાયતંત્ર - બંધારણીય અદાલતો - ન્યાયમૂર્તિઓની નિમણૂક અને બદલી - બંધારણની યોજના - બંધારણ સભામાં ઇતિહાસ અને ચર્ચાઓ - ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર-વિમર્શ - તેનું અર્થઘટન - સંસદની ભૂમિકા - ઠેરવ્યું (ન્યાયમૂર્તિ ચેલમેશ્વર અનુસાર) (લઘુમતી અભિપ્રાય): કાયદાકીય ઇતિહાસ સ્પષ્ટપણે દર્શાવે છે કે બંધારણ સભાના સભ્યોએ

બંધારણના ૩ અંગોમાંથી કોઈપણ એકને બંધારણીય અદાલતોના ન્યાયમૂર્તિઓની નિમણૂક કરવાની સંપૂર્ણ અને નિરંકુશ સત્તા સોંપવાનો સ્પષ્ટપણે ઇનકાર કર્યો હતો - બંધારણ સભાએ સંસદને કોઈ ભૂમિકા સોંપવાનો ઇનકાર કર્યો હતો - તેણે કારોબારીને બેલગામ સત્તા સોંપવાનો ઇનકાર કર્યો હતો - તે જ સમયે એ દરખાસ્ત સાથે સંમત થઈ ન હતી કે કોઈપણ નિમણૂક માટે સીજેઆઈની સંમતિ જરૂરી છે - 'સંમતિ'ના બદલે 'વિચાર-વિમર્શ' શબ્દ વાપરવામાં આવ્યો હતો, પરંતુ તે માત્ર એ દર્શાવવા માટે કરવામાં આવ્યું હતું કે કોઈપણ એક વ્યક્તિને સંપૂર્ણ વિવેકાધિકાર આપવામાં આવ્યો ન હતો, એક વ્યક્તિ તરીકે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિને પણ નહીં, કારોબારીને તો બિલકુલ નહીં, કે જેની પાસે અગાઉ ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા એક્ટ્સ હેઠળ સંપૂર્ણ વિવેકાધિકાર હતો - કોર્ટે ક્યારેય એવું ઠેરવેલ ન હતું કે વિચાર-વિમર્શ એટલે સંમતિ થાય, જેમ કે કેટલાક વર્તુળોમાં અને સુધારાના દર્શાવેલા હેતુઓ અને કારણોમાં પણ અર્થઘટન કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

ભારતનું બંધારણ - માં સુધારો - ની અસર – ઠેરવ્યું (ન્યાયમૂર્તિ ચેલમેશ્વર અનુસાર) (લઘુમતી અભિપ્રાય): મૂળભૂત લક્ષણ રચતા અનુચ્છેદો પૈકીના એક અથવા કેટલાક અનુચ્છેદોમાં કરવામાં આવેલો સુધારો બંધારણના મૂળભૂત માળખાના વિનાશમાં પરિણમી પણ શકે છે અથવા ન પણ પરિણમી શકે - તે બધું સંદર્ભ પર આધાર રાખે છે - જો તે અનુચ્છેદ દ્વારા સિદ્ધ કરવા માંગેલો હેતુ બંધારણના મૂળભૂત માળખા માટે સર્વોચ્ચ આવશ્યક ઘટક બનતો હોય, તો મૂળભૂત લક્ષણના સ્વરૂપ અને તે અનુચ્છેદના રદ્દીકરણના સંદર્ભના આધારે

માત્ર એક અનુચ્છેદમાં કરવામાં આવેલો સુધારો પણ બંધારણના મૂળભૂત માળખાના વિનાશમાં પરિણમી શકે છે.

ન્યાયતંત્ર - ઉચ્ચ ન્યાયતંત્ર - બંધારણીય અદાલતો - ન્યાયમૂર્તિઓની નિમણૂક અને બદલી - ઠેરવ્યું (ન્યાયમૂર્તિ ચેલમેશ્વર અનુસાર) (લઘુમતી અભિપ્રાય): બંધારણ હેઠળ સ્થાપિત કોઈપણ નિમણૂક પ્રક્રિયા માત્ર એક સ્વતંત્ર ન્યાયતંત્રની સ્થાપના માટે અનુકૂળ હોવી અનિવાર્ય છે એટલું જ નહીં પરંતુ તેની કાર્યક્ષમતા પણ સુનિશ્ચિત કરતી હોવી જોઈએ - સ્વતંત્રતાના રક્ષણ માટે આ બે ગુણો આવશ્યક છે.

ન્યાયતંત્ર - ઉચ્ચ ન્યાયતંત્ર - બંધારણીય અદાલતો - ન્યાયમૂર્તિઓની નિમણૂક - ન્યાયિક નિમણૂકોની બાબતમાં ન્યાયતંત્રના અભિપ્રાયને પ્રાથમિકતા આવશ્યક છે કે કેમ - ઠેરવ્યું (ન્યાયમૂર્તિ ચેલમેશ્વર અનુસાર) (લઘુમતી અભિપ્રાય): (કાનૂની બિરાદરી, ન્યાયશાસ્ત્રીઓ, રાજકીય સિદ્ધાંતકારો અને વિદ્વાનોમાં નાગરિક સમાજના વિવેકી અને જવાબદાર વર્તુળોમાં) એવો વિપુલ પ્રમાણમાં અભિપ્રાય છે કે સ્વતંત્ર અને કાર્યક્ષમ ન્યાયતંત્રની સ્થાપના માટે ન્યાયતંત્રના અભિપ્રાયને પ્રાથમિકતા એ કોઈ આદર્શવાદી કે બંધારણીય મૂળભૂત સિદ્ધાંત નથી - બંધારણનું મૂળભૂત લક્ષણ એ સીજેઆઈ (કોલેજિયમ) ના અભિપ્રાયની પ્રાથમિકતા નથી પરંતુ બંધારણીય અદાલતોના ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂક કરવા માટે રાષ્ટ્રપતિ (કારોબારી) માં સંપૂર્ણ સત્તા ન નિહિત કરવામાં રહેલું છે -- એવું માની લેવું અથવા ભારપૂર્વક કહેવું કે માત્ર

ન્યાયતંત્ર જ સ્વતંત્રતાઓનું રક્ષણ કરવા સાથે સંબંધ ધરાવે છે અને તે કામ સારી રીતે કરે છે, તે એક એવી ધારણા છે જે હઠધર્મી છે, પુરાવાકીય આધાર વિનાની છે અને ઐતિહાસિક રીતે ખોટી સાબિત થયેલી છે - લોકોની સ્વતંત્રતાઓનું રક્ષણ કરતું ન્યાયતંત્ર એ એકમાત્ર બંધારણીય અંગ નથી - તદનુસાર, ન્યાયિક નિમણૂકોની બાબતમાં ન્યાયતંત્રના અભિપ્રાયને પ્રાથમિકતા એ સ્વતંત્રતાઓના રક્ષણ માટે ન્યાયતંત્રની સ્વતંત્રતા સુનિશ્ચિત કરવાનો એકમાત્ર માર્ગ નથી - પરિણામે, એવી ધારણા કે નિમણૂક પ્રક્રિયામાં ન્યાયિક શાખાની પ્રાથમિકતા એ એક આવશ્યક તત્વ છે અને તેથી તે મૂળભૂત લક્ષણ છે, તે કોઈપણ આધાર વિના પ્રયોગસિદ્ધ રીતે ક્ષતિપૂર્ણ છે.

ન્યાયતંત્ર - ઉચ્ચ ન્યાયતંત્ર - બંધારણીય અદાલતો - ન્યાયમૂર્તિઓની પસંદગી - છ-સભ્ય નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન (એનજેએસી) ના સંદર્ભમાં વિચારવામાં આવેલી યોજના - એનજેએસીમાં કાયદા મંત્રીની હાજરી, જે મતદાન સત્તાનો ૧/૬ ભાગ આપે છે, તે આપમેળે જ ન્યાયતંત્રની સ્વતંત્રતાને નબળી પાડે છે કે કેમ - ઠેરવ્યું (ન્યાયમૂર્તિ ચેલમેશ્વર અનુસાર) (લઘુમતી અભિપ્રાય): ના - કારોબારી પોતાના નિયંત્રણ હેઠળના વિશાળ વહીવટી તંત્ર સાથે પસંદગી પ્રક્રિયામાં વિશાળ અને મૂલ્યવાન યોગદાન આપવા સક્ષમ છે - બંધારણીય અર્થમાં એનજેએસીનો એક ઘટક બનવા માટે કારોબારી શાખામાં વિશ્વાસની ખાધ અંગેનો વાંધો અમુક હદ સુધી વાજબી છે - ન્યાયિક શાખા સૌથી ઓછી જોખમી શાખા છે તેવી માન્યતા હોવા છતાં, આ જ તર્ક સવિશેષ ન્યાયિક શાખાને પણ લાગુ પડે છે - બંધારણ સભાએ સીજેઆઈમાં પણ અનન્ય વિશ્વાસ

મૂકવાનો ભારપૂર્વક ઇનકાર કર્યો હતો - પસંદગીની પ્રક્રિયામાંથી કારોબારીને સંપૂર્ણપણે બાકાત રાખવી એ લોકશાહીમાં સરકાર લોકોના ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા ચાલે છે તે પાયાના સિદ્ધાંત સાથે અસંગત હશે - આવી બાકાતી અન્ય કોઈ લોકશાહીમાં જોવા મળતી નથી કે જેના મોડેલોનો બંધારણ સભા દ્વારા અભ્યાસ કરવામાં આવ્યો હતો - અન્ય લોકતાંત્રિક બંધારણીય વ્યવસ્થાઓમાં બંધારણીય સરકારની પ્રથાઓના સ્થાપિત સિદ્ધાંતો અને બંધારણ સભાએ કારોબારી માટે એક ભૂમિકા પૂરી પાડી હતી તે હકીકત, પસંદગી પ્રક્રિયામાં કારોબારીની સહભાગિતા મૂળભૂત લક્ષણને રદ કરે છે તેવા અનુમાનને સ્પષ્ટપણે નકારે છે - કારોબારી શાખાની બાકાતી એ નિયંત્રણ અને સંતુલનના મૂળભૂત લક્ષણનો નાશ કરનારી છે - જે બંધારણીય સિદ્ધાંતનો એક પાયાનો સિદ્ધાંત છે.

ભારતનું બંધારણ - અનુચ્છેદ ૧૨૪એ(૧)(ડી) - અનુચ્છેદ ૧૨૪એ(૧)(ડી) માં એવી શરત કે નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન (એનજેએસી) માં વડાપ્રધાન, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને વિરોધ પક્ષના નેતાની બનેલી સમિતિ દ્વારા નામાંકિત બે પ્રતિષ્ઠિત વ્યક્તિઓનો પણ સમાવેશ થવો જોઈએ - ની કાયદેસરતા - ઠેરવ્યું (ન્યાયમૂર્તિ ચેલમેશ્વર અનુસાર) (લઘુમતી અભિપ્રાય): એવું માનવું કે માત્ર ન્યાયતંત્રના સભ્યો જ નિમણૂક પ્રક્રિયામાં મૂલ્યવાન યોગદાન આપી શકે છે, તેના માટે ભારે અહંકાર અને નાગરિક સમાજ પ્રત્યે અનાદરની જરૂર પડે છે - ન્યાયિક સત્તા સહિત તમામ સત્તાનો દુરુપયોગ થઈ શકે છે - તેનો ઉપાય સત્તા આપવાનો ઇનકાર કરવાનો નથી પરંતુ તેનું એવું

માળખું ઘડવાનો છે કે જેથી દુરુપયોગની સંભાવના દૂર થાય - બે પ્રતિષ્ઠિત વ્યક્તિઓને નામાંકિત કરવાની સત્તા ત્રણ ઉચ્ચ બંધારણીય હોદ્દેદારો - વડાપ્રધાન, વિરોધ પક્ષના નેતા અને સીજેઆઈને સોંપવામાં આવી છે - તે પ્રાથમિક રાજકીય જ્ઞાન છે કે વડાપ્રધાન અને વિરોધ પક્ષના નેતા હંમેશા પરસ્પર વિરોધી રાજકીય હિતો ધરાવતા હશે અને ભાગ્યે જ કોઈ મુદ્દે સંમત થશે - તેમ છતાં, દ્વિપક્ષીય સમજૂતીની સંભાવનાને નકારી શકાય નહીં - જોકે, સમિતિમાં સીજેઆઈની હાજરી સામાન્ય રીતે એક મજબૂત અવરોધક હોવી જોઈએ, છતાં સીજેઆઈ રાજકીય સમજૂતીને પારખવામાં નિષ્ફળ જાય અથવા આવી સમજૂતીના સંજોગોમાં લાચારી અનુભવે તેવી સંભાવનાને નકારી શકાય નહીં - એ નિર્વિવાદ છે કે પ્રતિષ્ઠિત વ્યક્તિઓનું નામાંકન ન્યાયિક સમીક્ષાથી પર નથી - આથી એનજેએસીની કામગીરીમાં અને અનિવાર્યપણે બંધારણીય અદાલતોમાં નિમણૂકની પ્રક્રિયામાં વિલંબ થવાની શક્યતા રહેલી છે - તેથી, એ આવશ્યક છે કે પ્રતિષ્ઠિત વ્યક્તિઓના નામાંકનની એક સુદ્રઢ પ્રક્રિયા હોવી જોઈએ જે સંભવિત દ્વિપક્ષીય સમજૂતીઓના જોખમને દૂર કરે - તેનો એકમાત્ર કલ્પનીય ઉપાય નામાંકનની પ્રક્રિયામાં ચકાસણીનું વધુ એક સ્તર સામેલ કરવાનો છે - નીચે દર્શાવેલ રક્ષણાત્મક પગલું 'વિલંબના પરિબળ'ને દૂર કરવાની સાથોસાથ આ પ્રક્રિયાને મૂળભૂત લક્ષણની સ્વીકાર્ય મર્યાદાઓમાં લાવશે - અનુચ્છેદ ૧૨૪-એ(૧)(એ) હેઠળ વિચારવામાં આવેલી સમિતિએ (પ્રતિષ્ઠિત વ્યક્તિઓ માટે) નામાંકિત વ્યક્તિઓની બંને શ્રેણીઓ પૈકી પ્રત્યેક માટે ત્રણ સભ્યોની પેનલ - કુલ છ વ્યક્તિઓની પેનલ તૈયાર કરવી જોઈએ - આવી પેનલ મતદાન માટે

સુપ્રિમ કોર્ટના ફુલ હાઉસ સમક્ષ મૂકવી જોઈએ - બંને શ્રેણીઓ પૈકી પ્રત્યેકમાં સૌથી વધુ મત મેળવનાર નામાંકિતોને આખરે એનજેએસીના પ્રતિષ્ઠિત સભ્યો તરીકે નામાંકિત કરવા જોઈએ - આવી પ્રક્રિયા સમિતિ દ્વારા સત્તાના સંભવિત દુરુપયોગ સામે પૂરતા રક્ષણાત્મક ઉપાયો સામેલ કરવાની સાથોસાથ, પ્રતિષ્ઠિત વ્યક્તિઓની પસંદગી મુખ્યત્વે અનુચ્છેદ ૧૨૪-એ હેઠળ વિચારવામાં આવેલી સમિતિ પાસે જ જાળવી રાખશે.

ભારતનું બંધારણ - અનુચ્છેદ ૧૨૪બી(સી) - અનુચ્છેદ ૧૨૪બી નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન (એનજેએસી) ની ફરજો નિર્ધારિત કરે છે - અનુચ્છેદ ૧૨૪બી(સી) ભલામણ કરાયેલ વ્યક્તિ ક્ષમતા અને પ્રામાણિકતા ધરાવતી હોય તે સુનિશ્ચિત કરવાની એનજેએસી પર જવાબદારી લાદે છે - એવી દલીલ કે ક્ષમતા અને પ્રામાણિકતાનું મૂલ્યાંકન કરવા માટે એનજેએસી દ્વારા અનુસરવાની કોઈપણ માર્ગદર્શિકા આ સુધારામાં નિર્ધારિત કરવામાં આવી નથી - ઠેરવ્યું (ન્યાયમૂર્તિ ચેલમેશ્વર અનુસાર) (લઘુમતી અભિપ્રાય): કોઈપણ સ્પષ્ટ ઘોષણાની ગેરહાજરીમાં પણ, એનજેએસીને સોંપવામાં આવેલી કાર્યાત્મક જવાબદારીઓને ધ્યાનમાં લેતાં, આવી જવાબદારી અંતર્ગત અને ગર્ભિત છે - આ ચોક્સાઈ માત્ર વધુ પડતી સાવચેતી ખાતર જ છે - (૧) જે દસ્તાવેજ દ્વારા આવી જવાબદારીનું સર્જન કરવામાં આવ્યું છે તેનું સ્વરૂપ; (૨) જે સંસ્થા (એનજેએસી) પર જવાબદારી લાદવામાં આવી છે તેની રચના; અને (૩) સોંપણીના સ્વરૂપને ધ્યાનમાં લેતાં, આ દલીલ નકારી કાઢવાને પાત્ર છે - એનજેએસી એ એક મહત્વપૂર્ણ બંધારણીય કાર્ય કરવા માટે રચાયેલી બંધારણીય સત્તા છે - તેનું

ચાર્ટર ખુદ બંધારણ છે - આપણા બંધારણની લંબાણપૂર્વકની વિગતો હોવા છતાં, બંધારણ પાસેથી રાજ્યના વહીવટ સંબંધિત દરેક ઝીણી વિગતો સ્પષ્ટ કરવાની અપેક્ષા રાખવામાં આવતી નથી કે જરૂરી નથી - આ દેશની સર્વોચ્ચ ન્યાયિક સંસ્થાના ત્રણ સભ્યો, કેન્દ્રીય મંત્રીમંડળના એક સભ્ય અને બંધારણ હેઠળના ત્રણ ઉચ્ચ હોદ્દેદારોની બનેલી સમિતિ દ્વારા પસંદ કરાયેલ બે પ્રતિષ્ઠિત વ્યક્તિઓ મળીને એનજેએસીની રચના કરે છે - એવું સૂચન કરવું કે એનજેએસીને બંધારણના લખાણમાં સ્પષ્ટપણે દર્શાવેલી વિગતવાર માર્ગદર્શિકાઓની જરૂર છે, તે બંધારણીય મુસદ્દો ઘડવા માટે અણનમ ધોરણો ન્યાયિક રીતે ફરજિયાત બનાવવા સમાન છે - બંધારણનું અર્થઘટન કરવાનું કાર્ય કાયદાનું અર્થઘટન કરવાના કાર્ય કરતાં અત્યંત અલગ છે - આ સુધારા પહેલાં પણ, બંધારણીય લખાણમાં રાષ્ટ્રપતિ અને સીજેઆઈને અનુસરવા માટે કોઈ સ્પષ્ટ માર્ગદર્શિકા ન હતી - સુધારા પછી પણ જવાબદારી યથાવત છે - માત્ર જેને કાર્ય સોંપવામાં આવ્યું છે તે સહભાગીઓની રચનામાં ફેરફાર થયો છે અને પસંદગી પ્રક્રિયામાં વધુ પારદર્શિતા લાવવાના હેતુથી કાર્ય કરવાની પદ્ધતિમાં ફેરફાર કરવામાં આવ્યો છે - એવી દલીલ કરવી કે આ સુધારો કોઈપણ માર્ગદર્શિકા નિર્ધારિત કરતો ન હોવાથી મૂળભૂત માળખાનો વિનાશક છે, તે મૂળ રીતે ઘડવામાં આવેલા બંધારણનું માળખું ખામીયુક્ત છે એવું ઠેરવવા સમાન છે!

નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન એક્ટ, ૨૦૧૪ - કલમ ૬(૬) - સદર એક્ટની કલમ ૬(૬) હેઠળ એવી શરત કે જો એનજેએસીના કોઈપણ બે સભ્યો એનજેએસી દ્વારા પ્રસ્તાવિત ભલામણ સાથે સંમત ન થાય,

તો એનજેએસી તેવા ઉમેદવારની ભલામણ કરશે નહીં - ની કાયદેસરતા - ઠેરવ્યું (ન્યાયમૂર્તિ ચેલમેશ્વર અનુસાર) (લઘુમતી અભિપ્રાય): કલમ ૬(૬) ની વિગતો વીટોની સત્તા આપે છે કે વિશેષ બહુમતી નિર્ધારિત કરે છે તે પ્રશ્ન માત્ર શાબ્દિક પ્રાસંગિકતા ધરાવે છે - કોઈ તેને ગમે તે નામ આપે, પરિણામ એક જ છે - એનજેએસીના બે સભ્યો અન્ય ચાર સભ્યોના અભિપ્રાયને બાજુ પર રાખી શકે છે અને ભલામણને અટકાવી શકે છે - આવી જોગવાઈમાં સહજ રીતે ગેરકાયદેસર કશું નથી.

ન્યાયતંત્ર - ઉચ્ચ ન્યાયતંત્ર - બંધારણીય અદાલતો - ન્યાયમૂર્તિઓની નિમણૂક અને બદલી - કોલેજિયમ પ્રણાલી - બંધારણીય અદાલતોના ન્યાયમૂર્તિઓ તરીકે નિમણૂક માટેના ઉમેદવારોની યોગ્યતાના મૂલ્યાંકન માટે યોગ્ય છે કે કેમ - ઠેરવ્યું (ન્યાયમૂર્તિ ચેલમેશ્વર અનુસાર) (લઘુમતી અભિપ્રાય): દિનાકરણ કેસ અને શાંતિ ભૂષણ કેસમાં સર્જાયેલી નાલેશી આ પ્રક્રિયામાં નાગરિક સમાજના સભ્યોની સહભાગિતાને પસંદગી પ્રક્રિયામાં સંકળાયેલી ખામીઓને દૂર કરવા માટે વ્યાજબી ઠેરવશે - ઉપર જણાવેલા બે કેસો જ માત્ર એવા કેસો નથી કે જ્યાં પ્રણાલી નિષ્ફળ ગઈ હોય - તે જાહેર રેકોર્ડની બાબત છે કે છેલ્લા ૨૦ વર્ષમાં, કોલેજિયમ પ્રણાલીના આગમન પછી, હાઈકોર્ટોના કોલેજિયમ દ્વારા કરવામાં આવેલી ઘણી ભલામણો સુપ્રિમ કોર્ટના કોલેજિયમ દ્વારા નકારી કાઢવામાં આવી હતી - એવા કેસો પણ છે કે જ્યાં સુપ્રિમ કોર્ટના કોલેજિયમે હાઈકોર્ટ કોલેજિયમ દ્વારા કરવામાં આવેલી કોઈ ચોક્કસ નામની ભલામણો નકારી કાઢ્યા પછી ઝડપથી પોતાના પગલાં પાછા ખેંચી લીધા હતા,

જેના કારણે કોલેજિયમને આવો ઝડપી પલટો લેવા માટે કયા પરિબળોએ અસર કરી હશે તે અંગે ઘણી બધી અટકળોને અવકાશ મળ્યો હતો - આવા નિર્ણયો કેટલાક કિસ્સાઓમાં વાજબી હોઈ શકે છે અને અન્ય કિસ્સાઓમાં ન પણ હોઈ શકે - આ બાબતમાં કોઈ જવાબદેહી નથી - રેકોર્ડ કોઈપણ વ્યક્તિની પહોંચથી સંપૂર્ણપણે પર છે, જેમાં સુપ્રિમ કોર્ટના એવા ન્યાયમૂર્તિઓનો પણ સમાવેશ થાય છે કે જેઓ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ બનવા જેટલા ભાગ્યશાળી નથી - આવી પરિસ્થિતિ આ સંસ્થાની વિશ્વસનીયતામાં વધારો કરતી નથી અને આ દેશના લોકો માટે સારી નથી.

કોન્સ્ટીટ્યુશન (નાઇન્ટી-નાઇન્થ એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૧૪ - ની માન્યતા - ઠેરવ્યું (ન્યાયમૂર્તિ ચેલમેશ્વર અનુસાર) (લઘુમતી અભિપ્રાય): આ સુધારો માન્ય રાખવામાં આવે છે.

નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન એક્ટ, ૨૦૧૪ - ની માન્યતા - ઠેરવ્યું (ન્યાયમૂર્તિ ચેલમેશ્વર અનુસાર) (લઘુમતી અભિપ્રાય): કોન્સ્ટીટ્યુશન (નાઇન્ટી-નાઇન્થ એમેન્ડમેન્ટ) એક્ટને ગેરબંધારણીય અને શૂન્ય ઠેરવતા બહુમતીના નિર્ણયને ધ્યાનમાં લેતાં, નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન એક્ટ, ૨૦૧૪ ની બંધારણીયતા તપાસવાનો કોઈ ઉપયોગી હેતુ રહેતો નથી - કોન્સ્ટીટ્યુશન (નાઇન્ટી-નાઇન્થ એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૧૪. ભારતનું બંધારણ - "મૂળભૂત લક્ષણો" અને "મૂળભૂત માળખું" - ઠેરવ્યું (ન્યાયમૂર્તિ ચેલમેશ્વર અનુસાર) (લઘુમતી અભિપ્રાય): 'મૂળભૂત માળખું' અને

'મૂળભૂત લક્ષણો' શબ્દપ્રયોગો બે જુદા જુદા વિચારો દર્શાવે છે - બંધારણનું મૂળભૂત માળખું એ બંધારણના મૂળભૂત લક્ષણોનો કુલ સરવાળો છે - મૂળભૂત લક્ષણો એ મૂળભૂત માળખાના ઘટકો છે - કોઈ વિશિષ્ટ અનુચ્છેદ અથવા અનુચ્છેદોનો સમૂહ બંધારણનું એક મૂળભૂત લક્ષણ રચી શકે છે - મૂળભૂત લક્ષણ રચતા અનુચ્છેદો પૈકીના એક અથવા કેટલાક અનુચ્છેદોમાં કરવામાં આવેલો સુધારો બંધારણના મૂળભૂત માળખાના વિનાશમાં પરિણમી પણ શકે છે અથવા ન પણ પરિણમી શકે.

પ્રથા અને કાર્યપદ્ધતિ - સુપ્રિમ કોર્ટ - મુકદ્દમાના પક્ષકારના કહેવાથી ન્યાયમૂર્તિનું કેસમાંથી ખસી જવું - યોગ્ય છે કે કેમ - બંધારણીય અદાલતોમાં ન્યાયમૂર્તિઓની નિમણૂક અને બદલીની કોલેજિયમ પ્રણાલી બદલવા માટે વિચારવામાં આવેલી નવી યોજના - નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન એક્ટ, ૨૦૧૪ સાથે વંચાણે લેતાં કોન્સ્ટીટ્યુશન (નાઇન્ટી-નાઇન્થ એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૧૪ ના નેજા હેઠળ સ્થાપિત નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન - ભારતની સુપ્રિમ કોર્ટ સમક્ષ દાખલ કરાયેલી રિટ અરજીઓમાં સદર બંને કાયદાઓની બંધારણીય માન્યતાને પડકારવામાં આવી - આ બાબત મૂળ રૂપે ત્રણ ન્યાયમૂર્તિઓની ખંડપીઠ સમક્ષ સૂચિબદ્ધ કરવામાં આવી હતી - ત્યારબાદ અનિલ આર. દવે, ચેલમેશ્વર, મદન બી. લોકુર, કુરિયન જોસેફ અને આદર્શ કુમાર ગોયલ, ન્યાયમૂર્તિઓની બનેલી પાંચ ન્યાયમૂર્તિઓની ખંડપીઠને સંદર્ભિત કરવામાં આવી - ત્યારબાદ, માનનીય સીજેઆઈએ જે.એસ. ખેહર, ન્યાયમૂર્તિ, ચેલમેશ્વર, મદન બી. લોકુર, કુરિયન જોસેફ અને આદર્શ કુમાર

ગોયલ, ન્યાયમૂર્તિઓ સાથે ખંડપીઠની પુનઃરચના કરી - પુનઃરચિત ખંડપીઠના પ્રિસાઈડિંગ ન્યાયમૂર્તિ, માનનીય ન્યાયમૂર્તિ શ્રી જે. એસ. ખેહર તે સમયે પાંચ માનનીય ન્યાયમૂર્તિઓના કોલેજિયમના સભ્ય હતા - જ્યારે પુનઃરચિત ખંડપીઠે સુનાવણી શરૂ કરી, ત્યારે માનનીય ન્યાયમૂર્તિ શ્રી જે. એસ. ખેહર ખંડપીઠમાંથી ખસી જાય તે માટે અરજ કરવામાં આવી - ખસી જવાની અરજ એ કારણોસર કરવામાં આવી હતી કે ખંડપીઠના પ્રિસાઈડિંગ ન્યાયમૂર્તિ તરીકે માનનીય ન્યાયમૂર્તિ શ્રી જે. એસ. ખેહરનો હોદ્દો મહત્વપૂર્ણ બંધારણીય સત્તાનો ઉપયોગ કરતા 'કોલેજિયમ'ના સભ્ય તરીકેના તેમના હોદ્દા સાથે સુસંગત ન હતો (અને દેખીતી રીતે પરસ્પર વિરોધી હતો); અને જો કોલેજિયમના કોઈ સીટિંગ સભ્ય તેને બદલવા માંગતી યોજના પર નિર્ણય લેવા બેસે તો તે અયોગ્ય હતું - ઠેરવ્યું: ટકી શકે તેમ નથી - ઠેરવ્યું (ન્યાયમૂર્તિ ખેહર અનુસાર): એ હકીકત વિશે કોઈ શંકા નથી કે, હું ૧ + ૪ કોલેજિયમનો સભ્ય રહ્યો છું, અને જો અરજદારો દ્વારા ઉપસ્થિત કરવામાં આવેલ વર્તમાન પડકાર સફળ ન થાય, તો એવી સંભાવના છે કે હું ટૂંક સમયમાં એનજેએસીનો સભ્ય પણ બનીશ - તેથી ગમે તે પ્રક્રિયા પ્રવર્તે, હું પસંદગી પ્રક્રિયાનો એક ભાગ બની રહીશ - જોકે આ વર્તમાન પાંચ ન્યાયમૂર્તિઓની ખંડપીઠના ચાર ન્યાયમૂર્તિઓના સંદર્ભમાં પણ આ જ સ્થિતિ છે - મારા સિવાય, ખંડપીઠ પરના મારા સાથીઓ - જે. ચેલમેશ્વર, મદન બી. લોકુર અને કુરિયન જોસેફ, ન્યાયમૂર્તિઓ યોગ્ય સમયે કોલેજિયમનો ભાગ બનશે (જો રિટ-અરજદારો સફળ થાય તો), અથવા વૈકલ્પિક રીતે, એનજેએસીનો ભાગ બનશે (જો રિટ-અરજદારો નિષ્ફળ જાય તો) - આવી પરિસ્થિતિમાં, હિતોના

ટકરાવનો આક્ષેપ માત્ર મારી સામે જ નહીં, પરંતુ મારા ત્રણ સાથીઓ સામે પણ ઉઠાવવો જોઈતો હતો - પરંતુ, તે રીતે આ મુદ્દો રજૂ કરવામાં આવ્યો નથી - આમ, મારા ખસી જવાની અરજ પાયાવિહોણી છે - જો હું મારા ખસી જવાની અરજ સ્વીકારી લઉં, તો હું એક ખોટી પ્રથા શરૂ કરીશ, અને એક ખોટો દાખલો બેસાડીશ - કોઈ ન્યાયમૂર્તિ મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા તેમને સોંપવામાં આવેલા કેસમાંથી પોતાની મેળે ખસી શકે છે - તે તેમની પોતાની પસંદગીની બાબત હશે - પરંતુ મુકદ્દમાના પક્ષકારના કહેવાથી ખસી જવાની બાબત, જ્યાં સુધી વાજબી ન હોય ત્યાં સુધી, ક્યારેય સ્વીકારવી જોઈએ નહીં - કારણ કે તેનાથી એવી છાપ ઊભી થશે કે માત્ર વાંધાના જોરથી જ ન્યાયમૂર્તિ કેસમાંથી ડરીને બહાર નીકળી ગયા છે - એક ન્યાયમૂર્તિ પોતાનો હોદ્દો સંભાળતા પહેલાં, કોઈના ડર કે પક્ષપાત વિના પોતાની ફરજો બજાવવાના શપથ લે છે - જો તેઓ ખસી જવાની અરજ સ્વીકારે, જ્યાં સુધી તે વાજબી ન હોય, તો તેઓ પોતાના હોદ્દાના શપથનો ભંગ કરશે - સંપૂર્ણ નિષ્ઠા અને પ્રામાણિકતા સાથે મારી જવાબદારી નિભાવવી એ મારી ફરજ છે - બંધારણ અને કાયદાઓનું રક્ષણ કરવા માટે, મારા હોદ્દાના શપથનું પાલન કરવું એ મારી ફરજ છે - ખંડપીઠનો ભાગ બની રહેવાનો મારો નિર્ણય, આ અદાલતમાં મારી પદોન્નતિ સમયે મેં લીધેલા શપથમાંથી ઉદ્ભવે છે - ઠેરવ્યું (ન્યાયમૂર્તિ ચેલમેશ્વર અનુસાર) (પોતાના માટે અને ન્યાયમૂર્તિ ગોયલ માટે): એક સભ્ય કાનૂની વ્યવસ્થાનો આ એક સ્થાપિત સિદ્ધાંત છે કે ન્યાયમૂર્તિ નિષ્પક્ષ હોવા જરૂરી છે - એવું કહેવાય છે કે નિષ્પક્ષ ન્યાયમૂર્તિનું અસ્તિત્વ એ લોકશાહીની ઓળખ છે - અગાઉના નિર્ણયો પરથી નીચે મુજબના સિદ્ધાંતો

૧૯૭૩ (૦) સપ્લી. એસ.સી.આર. ૧ સંદર્ભ લીધેલ પેરા ૨૬ માં

૧૯૭૫ (૧) એસ.સી.આર. ૮૧૪ સંદર્ભ લીધેલ પેરા ૨૬ માં

(૨૦૧૪) ૯ એસ.સી.સી. ૧ સંદર્ભ લીધેલ પેરા ૨૬ માં

૨૦૧૦ (૬) એસ.સી.આર. ૨૧૮ સંદર્ભ લીધેલ પેરા ૩૩ માં

૨૦૦૭ (૭) એસ.સી.આર. ૭૦૫ સંદર્ભ લીધેલ પેરા ૩૩ માં

૨૦૧૧ (૪) એસ.સી.આર. ૨૨૪ સંદર્ભ લીધેલ પેરા ૩૬ માં

૨૦૧૦ (૪) એસ.સી.આર. ૭૪૩ સંદર્ભ લીધેલ પેરા ૩૮ માં

૧૯૯૧ (૨) સપ્લી. એસ.સી.આર. ૪૯૭ સંદર્ભ લીધેલ પેરા ૪૫ માં

૨૦૦૬ (૪) સપ્લી. એસ.સી.આર. ૨૪૩ સંદર્ભ લીધેલ પેરા ૪૭ માં

(૧૯૫૫) ૬ એસ.સી.આર. ૬૦૩ સંદર્ભ લીધેલ પેરા ૪૯ માં

૧૯૭૫ (૧) એસ.સી.આર. ૧ સંદર્ભ લીધેલ પેરા ૪૯ માં

૧૯૮૯ (૩) એસ.સી.આર. ૩૧૬ સંદર્ભ લીધેલ પેરા ૪૯ માં

૨૦૦૨ (૩) એસ.સી.આર. ૧૦૦ સંદર્ભ લીધેલ પેરા ૪૯ માં

૨૦૧૧ (૪) એસ.સી.આર. ૧૯ સંદર્ભ લીધેલ પેરા ૫૧ માં

૨૦૦૪ (૧) એસ.સી.આર. ૫૬૪ સંદર્ભ લીધો પેરા ૫૧ માં

૧૯૮૯ (૧) સપ્લિ. એસ.સી.આર. ૬૯૨ સંદર્ભ લીધો પેરા ૫૧ માં

(૧૯૯૨) ૪ એસ.સી.સી. ૯૭ સંદર્ભ લીધો પેરા ૫૧ માં

(૧૯૫૩) એસ.સી.આર. ૧૦૬૯ સંદર્ભ લીધો પેરા ૫૨ માં

(૧૯૬૫) ૨ એસ.સી.આર. ૯૦૮ સંદર્ભ લીધો પેરા ૫૨ માં

(૧૯૬૧) ૨ એસ.સી.આર. ૮૨૮ સંદર્ભ લીધો પેરા ૫૮ માં

૧૯૮૦ (૧) એસ.સી.આર. ૭૬૯ સંદર્ભ લીધો પેરા ૫૮ માં

૧૯૯૨ (૩) સપ્લિ. એસ.સી.આર. ૧૦૩ સંદર્ભ લીધો પેરા ૫૮ માં

૧૯૯૯ (૨) સપ્લિ. એસ.સી.આર. ૪૭૩	સંદર્ભ લીધો	પેરા ૧૦૦ માં

(ગુણદોષ પરનો હુકમ)

૧૯૮૧ (૧) એસ.સી.આર. ૨૦૬	સંદર્ભ લીધો	પેરા ૫ માં
૧૯૯૨ (૧) એસ.સી.આર. ૬૮૬	સંદર્ભ લીધો	પેરા ૫ માં
(૨૦૧૪) ૧૦ એસ.સી.સી. ૧	સંદર્ભ લીધો	પેરા ૧૧ માં
૨૦૦૬ (૭) સપ્લિ. એસ.સી.આર. ૩૩૬	સંદર્ભ લીધો	પેરા ૧૫ માં
૧૯૭૧ (૩) એસ.સી.આર. ૪૬૧	સંદર્ભ લીધો	પેરા ૨૬ માં
૨૦૧૦ (૬) એસ.સી.આર. ૮૫૭	સંદર્ભ લીધો	પેરા ૩૭ માં
(૨૦૧૫) ૪ સ્કેલ ૧	સંદર્ભ લીધો	પેરા ૪૦ માં
(૧૯૫૨) એસ.સી.આર. ૫૯૭	સંદર્ભ લીધો	પેરા ૪૩ માં
૧૯૬૭ એસ.સી.આર. ૭૬૨	સંદર્ભ લીધો	પેરા ૪૪ માં
૧૯૭૧ (૩) એસ.સી.આર. ૯	સંદર્ભ લીધો	પેરા ૪૫ માં
૨૦૧૨ (૩) એસ.સી.આર. ૧૪૭	સંદર્ભ લીધો	પેરા ૪૬ માં
(૨૦૧૪) ૨ એસ.સી.સી. ૫૩૨	સંદર્ભ લીધો	પેરા ૪૬ માં
૧૯૯૦ (૩) એસ.સી.આર. ૪૪૧	સંદર્ભ લીધો	પેરા ૪૭ માં
(૧૯૭૯) ૧ એસ.સી.સી. ૩૮૦	સંદર્ભ લીધો	પેરા ૪૭ માં
૨૦૧૪ (૬) એસ.સી.આર. ૮૭૩	સંદર્ભ લીધો	પેરા ૪૭ માં
એ.આઇ.આર. ૧૯૯૩ એસ.સી. ૧૮૭૩	સંદર્ભ લીધો	પેરા ૫૪ માં
૧૯૮૨ (૨) એસ.સી.આર. ૨૭૨	સંદર્ભ લીધો	પેરા ૫૮ માં
૧૯૫૦ એસ.સી.આર. ૮૬૯	સંદર્ભ લીધો	પેરા ૭૧ માં
૧૯૫૯ એસ.સી.આર. ૨૭૯	સંદર્ભ લીધો	પેરા ૭૧ માં
૧૯૭૫ (૨) એસ.સી.આર. ૭૭૪	સંદર્ભ લીધો	પેરા ૭૧ માં
૨૦૦૮ (૩) એસ.સી.આર. ૩૩૦	સંદર્ભ લીધો	પેરા ૭૧ માં

૧૯૫૯ એસ.સી.આર. ૬૨૯	સંદર્ભ લીધો	પેરા ૭૨ માં
૧૯૫૨ એસ.સી.આર. ૨૮૪	સંદર્ભ લીધો	પેરા ૭૨ માં
૧૯૭૬ એસ.સી.આર. ૩૪૭	સંદર્ભ લીધો	પેરા ૭૮ માં
૧૯૮૧ (૨) એસ.સી.આર. ૧	સંદર્ભ લીધો	પેરા ૭૮ માં
૧૯૮૯ (૩) એસ.સી.આર. ૧૯	સંદર્ભ લીધો	પેરા ૮૧ માં
૧૯૯૬ (૯) સપ્લિ. એસ.સી.આર. ૪૭૯	સંદર્ભ લીધો	પેરા ૮૧ માં
(૧૯૬૧) ૩ એસ.સી.આર. ૭૦૭	સંદર્ભ લીધો	પેરા ૯૯ માં
૧૯૭૬ (૩) એસ.સી.આર. ૧	સંદર્ભ લીધો	પેરા ૯૯ માં
૧૯૮૭ (૧) એસ.સી.આર. ૧૦૫૪	સંદર્ભ લીધો	પેરા ૯૯ માં
(૨૦૦૫) ૫ એસ.સી.સી. ૩૬૩	સંદર્ભ લીધો	પેરા ૯૯ માં
૧૯૬૧ (૧) એસ.સી.આર. ૯૬	સંદર્ભ લીધો	પેરા ૧૦૨ માં
૧૯૯૩ (૧) એસ.સી.આર. ૮૯૧	સંદર્ભ લીધો	પેરા ૧૦૫ માં
૧૯૯૬ (૨) સપ્લિ. એસ.સી.આર. ૨૩૦	સંદર્ભ લીધો	પેરા ૧૦૭ માં
(૨૦૦૧) ૪ એસ.સી.સી. ૪૫૫	સંદર્ભ લીધો	પેરા ૧૦૭ માં
(૨૦૧૩) ૧ એસ.સી.સી. ૫૨૨	સંદર્ભ લીધો	પેરા ૧૦૭ માં
એ.આઇ.આર. ૧૯૫૫ એસ.સી. ૩૫૨	લાગુ પડતું નથી તેવું ઠેરવ્યું	પેરા ૧૦૮ માં
૧૯૬૩ સપ્લિ. એસ.સી.આર. ૪૩૫	લાગુ પડતું નથી તેવું ઠેરવ્યું	પેરા ૧૦૮ માં
૧૯૬૫ એસ.સી.આર. ૪૨૧	લાગુ પડતું નથી તેવું ઠેરવ્યું	પેરા ૧૦૮ માં
૧૯૬૯ (૩) એસ.સી.આર. ૪૦	લાગુ પડતું નથી તેવું ઠેરવ્યું	પેરા ૧૦૮ માં
(૧૯૭૧) ૩ એસ.સી.સી. ૫૩	લાગુ પડતું નથી તેવું ઠેરવ્યું	પેરા ૧૦૮ માં

૧૯૭૫ (૧) એસ.સી.આર. ૪૨૯	લાગુ પડતું નથી તેવું ઠેરવ્યું	પેરા ૧૦૮ માં
૧૯૭૭ (૧) એસ.સી.આર. ૧૦૦૨	સંદર્ભ લીધો	પેરા ૧૦૮ માં
૧૯૭૫ (૨) એસ.સી.આર. ૬૧૨	સંદર્ભ લીધો	પેરા ૧૦૮ માં
૨૦૦૦ (૧) એસ.સી.આર. ૫૧૮	સંદર્ભ લીધો	પેરા ૧૦૮ માં
૨૦૧૦ (૧૫) એસ.સી.આર. ૮૫૪	સંદર્ભ લીધો	પેરા ૧૦૮ માં
૨૦૧૧ (૫) એસ.સી.આર. ૧૦૧૯	સંદર્ભ લીધો	પેરા ૧૦૮ માં
૨૦૧૧ (૧૧) એસ.સી.આર. ૧૦૯૪	સંદર્ભ લીધો	પેરા ૧૦૮ માં
૧૯૬૯ (૩) એસ.સી.આર. ૪૪૭	સંદર્ભ લીધો	પેરા ૧૨૧ માં
૧૯૭૧ (૨) એસ.સી.આર. ૪૪૬	સંદર્ભ લીધો	પેરા ૧૨૧ માં
૧૯૯૫ (૨) સપ્લિ. એસ.સી.આર. ૧૦૬	સંદર્ભ લીધો	પેરા ૧૨૨ માં
૨૦૦૭ (૧) એસ.સી.આર. ૭૦૬	સંદર્ભ લીધો	પેરા ૧૩૦ માં
(૨૦૧૩) ૧ એસ.સી.સી. ૫૦૭	સંદર્ભ લીધો	પેરા ૧૩૮ માં
૨૦૧૩ (૧૦) એસ.સી.આર. ૧૧૩૦	સંદર્ભ લીધો	પેરા ૧૩૮ માં
૧૯૭૮ (૨) એસ.સી.આર. ૧	સંદર્ભ લીધો	પેરા ૨૧૫ માં
૨૦૦૬ (૫) સપ્લિ. એસ.સી.આર. ૧	સંદર્ભ લીધો	પેરા ૨૧૫ માં
૨૦૦૮ (૪) એસ.સી.આર. ૧	સંદર્ભ લીધો	પેરા ૨૧૫ માં
૨૦૦૩ (૧) એસ.સી.આર. ૬૬૬	સંદર્ભ લીધો	પેરા ૨૧૬ માં
૨૦૧૨ (૪) એસ.સી.આર. ૧૧૮	સંદર્ભ લીધો	પેરા ૨૧૭ માં
૨૦૦૦ (૨) એસ.સી.આર. ૨૯૯	સંદર્ભ લીધો	પેરા ૨૧૮ માં
૨૦૧૫ (૩) એસ.સી.આર. ૧૦૭	સંદર્ભ લીધો	પેરા ૨૧૮ માં
૧૯૮૫ (૨) એસ.સી.આર. ૨૮૭ પેરા ૨૫૦(૭) માં લાગુ પડતું નથી તેવું ઠેરવ્યું ૧૯૮૮ એસ.સી.આર. ૧૦૩૪ પેરા ૨૫૦(૮) માં લાગુ પડતું નથી તેવું ઠેરવ્યું ૧૯૯૬ (૩)	સંદર્ભ લીધો	પેરા ૨૫૦(૧૧) માં

સપ્લિ. એસ.સી.આર. ૯૮ પેરા ૨૫૦(૯) માં
લાગુ પડતું નથી તેવું ઠેરવ્યું ૨૦૦૨ (૧)
એસ.સી.આર. ૮૯૭

૨૦૦૬ (૨) એસ.સી.આર. ૩૦૪	સંદર્ભ લીધો	પેરા ૨૫૦(૧૧) માં

<u>ન્યાયમૂર્તિ ચેલમેશ્વરના હુકમમાં:</u>

(૧૯૯૩) ૪ એસ.સી.સી. ૪૪૧	સંદર્ભ લીધો	પેરા ૨ માં
(૨૦૧૧) ૮ એસ.સી.સી. ૩૮૦	સંદર્ભ લીધો	પેરા ૨૫ માં

<u>ન્યાયમૂર્તિ ચેલમેશ્વરના ચુકાદામાં:</u>

૧૯૭૩ (૦) સપ્લિ. એસ.સી.આર. ૧	સંદર્ભ લીધો	પેરા ૧૧ માં
૧૯૮૨ એસ.સી.આર. ૩૬૫	સંદર્ભ લીધો	પેરા ૧૪ માં
૧૯૯૭ (૨) એસ.સી.આર. ૧૧૮૬	સંદર્ભ લીધો	પેરા ૨૮ માં
૧૯૯૩ (૨) સપ્લિ. એસ.સી.આર. ૬૫૯	સંદર્ભ લીધો	પેરા ૩૯ માં
૧૯૭૮ (૧) એસ.સી.આર. ૪૨૩	સંદર્ભ લીધો	પેરા ૪૦ માં
૧૯૭૦ (૨) એસ.સી.આર. ૬૬૬	સંદર્ભ લીધો	પેરા ૪૨ માં
૧૯૭૫ (૧) એસ.સી.આર. ૮૧૪	સંદર્ભ લીધો	પેરા ૪૨ માં
૧૯૯૦ (૨) સપ્લિ. એસ.સી.આર. ૪૩૩	સંદર્ભ લીધો	પેરા ૪૫ માં
૧૯૯૮ (૨) સપ્લિ. એસ.સી.આર. ૪૦૦	સંદર્ભ લીધો	પેરા ૫૬ માં
૨૦૦૮ (૧૭) એસ.સી.આર. ૭૯૧	સંદર્ભ લીધો	પેરા ૫૯ માં
૨૦૧૧ (૧૦) એસ.સી.આર. ૧૦૬૪	સંદર્ભ લીધો	પેરા ૫૯ માં
(૨૦૧૧) ૮ એસ.સી.સી. ૪૭૪	સંદર્ભ લીધો	પેરા ૫૯ માં
૧૯૯૭ (૨) એસ.સી.આર. ૧૧૮૬	સંદર્ભ લીધો	પેરા ૬૪ માં
(૧૯૮૦) ૩ એસ.સી.સી. ૬૨૫	સંદર્ભ લીધો	પેરા ૭૨ માં
(૧૯૮૧) ૨ એસ.સી.સી. ૩૬૨	સંદર્ભ લીધો	પેરા ૭૩ માં

(૧૯૭૫) સપ્લિ. એસ.સી.સી. ૧ સંદર્ભ લીધો પેરા ૭૩ માં

(૧૯૯૪) ૩ એસ.સી.સી. ૧ સંદર્ભ લીધો પેરા ૭૯ માં

(૨૦૦૬) ૮ એસ.સી.સી. ૨૧૨ સંદર્ભ લીધો પેરા ૮૦ માં

(૨૦૦૧) ૨ એસ.સી.સી. ૧ સંદર્ભ લીધો પેરા ૮૧ માં

એ.આઇ.આર. ૧૯૭૬ એસ.સી. ૧૨૦૭ સંદર્ભ લીધો પેરા ૧૦૩ માં

એ.આઇ.આર. ૧૯૬૭ એસ.સી. ૧ સંદર્ભ લીધો પેરા ૧૦૬ માં

એ.આઇ.આર. ૧૯૬૭ એસ.સી. ૨૯૫ સંદર્ભ લીધો પેરા ૧૧૧ માં

<u>ન્યાયમૂર્તિ લોકુરના ચુકાદામાં:</u>

૧૯૯૬ એસ.સી. ૩૨૪ સંદર્ભ લીધો પેરા ૭ માં

૧૯૯૩ (૨) સપ્લિ. એસ.સી.આર. ૬૫૯ સંદર્ભ લીધો પેરા ૫૧ માં

૧૯૮૨ એસ.સી.આર. ૩૬૫ સંદર્ભ લીધો પેરા ૫૫ માં

૧૯૯૦ (૨) સપ્લિ. એસ.સી.આર. ૪૩૩ સંદર્ભ લીધો પેરા ૫૫ માં

૧૯૯૮ (૨) સપ્લિ. એસ.સી.આર. ૪૦૦ સંદર્ભ લીધો પેરા ૧૦૩ માં

(૧૯૭૭) ૪ એસ.સી.સી. ૧૯૯૩ સંદર્ભ લીધો પેરા ૧૦૫ માં

(૧૯૭૧) ૧ એસ.સી.સી. ૪૧૧ સંદર્ભ લીધો પેરા ૧૩૯ માં

[૧૯૬૫] ૨ એસ.સી.આર. ૫૩ સંદર્ભ લીધો પેરા ૧૪૨ માં

૧૯૭૧ (૩) એસ.સી.આર. ૪૮૩ સંદર્ભ લીધો પેરા ૧૪૨ માં

[૧૯૫૫] ૨ એસ.સી.આર. ૨૨૫ સંદર્ભ લીધો પેરા ૧૯૫ માં

૧૯૭૩ (૦) સપ્લિ. એસ.સી.આર. ૧ સંદર્ભ લીધો પેરા ૧૯૬ માં

૧૯૭૬ એસ.સી.આર. ૩૪૭ સંદર્ભ લીધો પેરા ૧૯૭ માં

૧૯૮૧ (૧) એસ.સી.આર. ૨૦૬ સંદર્ભ લીધો પેરા ૨૦૦ માં

૨૦૦૭ (૧) એસ.સી.આર. ૭૦૬ સંદર્ભ લીધો પેરા ૨૦૨ માં

૨૦૧૦ (૬) એસ.સી.આર. ૨૧૮ સંદર્ભ લીધો પેરા ૨૦૩ માં

(૨૦૧૪) ૧૨ એસ.સી.સી. ૬૯૬ સંદર્ભ લીધેલ પેરા ૨૦૪ માં

૨૦૦૬ (૨) એસ.સી.આર. ૭૪૦ સંદર્ભ લીધેલ પેરા ૨૦૪ માં

૧૯૫૦ એસ.સી.આર. ૮૮ સંદર્ભ લીધેલ પેરા ૨૦૮ માં

૧૯૫૨ એસ.સી.આર. ૧૧૧૨ સંદર્ભ લીધેલ પેરા ૨૧૩ માં

(૧૯૬૭) ૨ એસ.સી.આર. ૭૬૨ સંદર્ભ લીધેલ પેરા ૨૧૪ માં

(૧૯૭૨) ૨ એસ.સી.આર. ૩૩૧ સંદર્ભ લીધેલ પેરા ૨૨૦ માં

૧૯૯૨ (૨) સપ્લી. એસ.સી.આર. ૪૫૪ સંદર્ભ લીધેલ પેરા ૨૨૮ માં

૨૦૦૧ (૧) સપ્લી. એસ.સી.આર. ૬૨૧ સંદર્ભ લીધેલ પેરા ૨૨૯ માં

૨૦૧૪ (૯) એસ.સી.આર. ૯૬૫ સંદર્ભ લીધેલ પેરા ૨૨૯ માં

૨૦૦૨ (૩) સપ્લી. એસ.સી.આર. ૫૮૭ સંદર્ભ લીધેલ પેરા ૨૩૦ માં

૧૯૫૫ એસ.સી.આર. ૬૦૩ સંદર્ભ લીધેલ પેરા ૨૪૩ માં

(૧૯૫૩) ૪ એસ.સી.આર. ૧૦૬૯ સંદર્ભ લીધેલ પેરા ૨૪૩ માં

૧૯૬૧ એસ.સી.આર. ૮૨૮ સંદર્ભ લીધેલ પેરા ૨૪૯ માં

૧૯૬૫ એસ.સી.આર. ૯૦૮ સંદર્ભ લીધેલ પેરા ૨૫૦ માં

(૧૯૬૦) ૧ એસ.સી.આર. ૨૪૯ સંદર્ભ લીધેલ પેરા ૨૫૦ માં

(૧૯૬૩) સપ્લી. ૧ એસ.સી.આર. ૮૭૧ સંદર્ભ લીધેલ પેરા ૨૫૦ માં

૧૯૭૫ (૧) એસ.સી.આર. ૧ સંદર્ભ લીધેલ પેરા ૨૫૧ માં

૧૯૬૭ એસ.સી.આર. ૩૯૯ સંદર્ભ લીધેલ પેરા ૨૫૧ માં

૧૯૮૦ (૧) એસ.સી.આર. ૭૬૯ સંદર્ભ લીધેલ પેરા ૨૫૨ માં

૧૯૮૯ (૩) એસ.સી.આર. ૩૧૬ સંદર્ભ લીધેલ પેરા ૨૫૩ માં

૧૯૯૨ (૩) સપ્લી. એસ.સી.આર. ૧૦૩ સંદર્ભ લીધેલ પેરા ૨૫૬ માં

૧૯૮૯ (૨) એસ.સી.આર. ૩૨૦ સંદર્ભ લીધેલ પેરા ૨૫૬ માં

૨૦૦૨ (૩) એસ.સી.આર. ૧૦૦ સંદર્ભ લીધેલ પેરા ૨૫૭ માં

(૧૯૭૫) ૧ એસ.સી.સી. ૪૮૫ સંદર્ભ લીધેલ પેરા ૨૫૭ માં

૧૯૮૫ (૨) એસ.સી.આર. ૯૧૪ સંદર્ભ લીધેલ પેરા ૨૬૩ માં

૧૯૮૫ (૨) સપ્લી. એસ.સી.આર. ૯૪૯ સંદર્ભ લીધેલ પેરા ૨૬૩ માં

[૧૯૮૬] ૨ એસ.સી.આર. ૫૬ સંદર્ભ લીધેલ પેરા ૨૬૩ માં

૧૯૯૩ (૧) એસ.સી.આર. ૮૯૧ સંદર્ભ લીધેલ પેરા ૨૬૪ માં

[૧૯૬૫] ૧ એસ.સી.આર. ૪૧૩ સંદર્ભ લીધેલ પેરા ૨૭૦ માં

(૧૯૯૧) ૪ એસ.સી.સી. ૬૯૯ સંદર્ભ લીધેલ પેરા ૨૯૭ માં

૧૯૯૪ (૨) એસ.સી.આર. ૩૭૫ સંદર્ભ લીધેલ પેરા ૨૯૮ માં

૧૯૯૨ (૧) સપ્લી. એસ.સી.આર. ૫૩ સંદર્ભ લીધેલ પેરા ૨૯૯ માં

૨૦૧૦ (૬) એસ.સી.આર. ૮૫૭ સંદર્ભ લીધેલ પેરા ૩૦૦ માં

૧૯૭૮ (૧) એસ.સી.આર. ૧ સંદર્ભ લીધેલ પેરા ૩૬૧ માં

૧૯૭૮ (૨) એસ.સી.આર. ૧ સંદર્ભ લીધેલ પેરા ૩૮૬ માં

૧૯૯૫ (૬) સપ્લી. એસ.સી.આર. ૧૭ સંદર્ભ લીધેલ પેરા ૩૮૭ માં

૨૦૦૮ (૪) એસ.સી.આર. ૧ સંદર્ભ લીધેલ પેરા ૩૮૮ માં

(૨૦૧૪) ૧૦ એસ.સી.સી. ૧ સંદર્ભ લીધેલ પેરા ૩૮૯ માં

૧૯૮૧ (૧) એસ.સી.આર. ૨૦૬ સંદર્ભ લીધેલ પેરા ૩૯૭ માં

૧૯૮૩ (૧) એસ.સી.આર. ૧૦૦૦ સંદર્ભ લીધેલ પેરા ૩૯૮ માં

૨૦૦૬ (૭) સપ્લી. એસ.સી.આર. ૩૩૬ સંદર્ભ લીધેલ પેરા ૩૯૯ માં

(૧૯૮૧) ૧ એસ.સી.સી. ૧૬૬ સંદર્ભ લીધેલ પેરા ૪૦૧ માં

[૧૯૫૦] એસ.સી.આર. ૮૬૯ સંદર્ભ લીધેલ પેરા ૪૦૬ માં

[૧૯૫૯] એસ.સી.આર. ૨૭૯ સંદર્ભ લીધેલ પેરા ૪૦૭ માં

૧૯૮૨ (૧) એસ.સી.આર. ૯૪૭ સંદર્ભ લીધેલ પેરા ૪૦૯ માં

૧૯૭૦ (૧) એસ.સી.આર. ૩૮૮ સંદર્ભ લીધેલ પેરા ૪૧૨ માં

૧૯૯૬ (૬) સપ્લી. એસ.સી.આર. ૮૩૯ સંદર્ભ લીધેલ પેરા ૪૧૪ માં

૧૯૯૪ (૧) સપ્લી. એસ.સી.આર. ૬૩૯ સંદર્ભ લીધેલ પેરા ૪૧૫ માં

૧૯૯૧ (૨) સપ્લી. એસ.સી.આર. ૪૯૭ સંદર્ભ લીધેલ પેરા ૪૧૬ માં

૧૯૯૬ (૨) એસ.સી.આર. ૨૩ સંદર્ભ લીધેલ પેરા ૪૧૭ માં

[૧૯૫૦] ૧ એસ.સી.આર. ૮૮ સંદર્ભ લીધેલ પેરા ૪૨૧ માં

[૧૯૬૭] ૧ એસ.સી.આર. ૧૫ સંદર્ભ લીધેલ પેરા ૪૨૩ માં

૨૦૦૮ (૧) એસ.સી.આર. ૯૮૬ સંદર્ભ લીધેલ પેરા ૪૩૨ માં

[૧૯૫૯] એસ.સી.આર. ૬૨૯ સંદર્ભ લીધેલ પેરા ૪૩૯ માં

[૧૯૫૨] એસ.સી.આર. ૨૮૪ સંદર્ભ લીધેલ પેરા ૪૪૩ માં

[૧૯૮૬] ૨ એસ.સી.આર. ૫૬ સંદર્ભ લીધેલ પેરા ૪૪૯ માં

૧૯૯૬ (૩) એસ.સી.આર. ૭૨૧ સંદર્ભ લીધેલ પેરા ૪૫૩ માં

૨૦૦૩ (૧) એસ.સી.આર. ૬૬૬ સંદર્ભ લીધેલ પેરા ૪૫૪ માં

૧૯૬૨ સપ્લી. (૨) એસ.સી.આર. ૧ સંદર્ભ લીધેલ પેરા ૪૫૫ માં

૧૯૯૨ (૧) એસ.સી.આર. ૬૮૬ સંદર્ભ લીધેલ પેરા ૪૫૬ માં

૧૯૮૬ એસ.સી.આર. ૪૭૯ સંદર્ભ લીધેલ પેરા ૪૫૮ માં

૧૯૯૬ (૧૦) સપ્લી. એસ.સી.આર. ૫૮૫ સંદર્ભ લીધેલ પેરા ૪૫૯ માં

૧૯૬૦ (૧) એસ.સી.આર. ૬૦૫ સંદર્ભ લીધેલ પેરા ૪૬૧ માં

૨૦૦૭ (૧) એસ.સી.આર. ૩૧૭ સંદર્ભ લીધેલ પેરા ૪૬૨ માં

૧૯૮૨ (૨) એસ.સી.આર. ૨૭૨ સંદર્ભ લીધેલ પેરા ૪૯૭ માં

૨૦૧૧ (૪) એસ.સી.આર. ૪૪૫ સંદર્ભ લીધેલ પેરા ૫૦૦ માં

૨૦૧૪ (૪) એસ.સી.આર. ૭૭ સંદર્ભ લીધેલ પેરા ૫૦૨ માં

૧૯૯૨ (૨) એસ.સી.આર. ૧૦૯ સંદર્ભ લીધેલ પેરા ૫૪૪ માં

૨૦૧૪ (૨) એસ.સી.આર. ૫૩૭ સંદર્ભ લીધેલ પેરા ૫૫૧ માં

૧૯૮૫ (૨) એસ.સી.આર. ૨૮૭ સંદર્ભ લીધેલ પેરા ૫૫૨ માં

૧૯૭૫ (૩) એસ.સી.આર. ૩૩૩ સંદર્ભ લીધેલ પેરા ૫૫૩ માં

૧૯૮૮ (૩) સપ્લી. એસ.સી.આર. ૨૧૨ સંદર્ભ લીધેલ પેરા ૫૫૪ માં

૨૦૦૨ (૧) એસ.સી.આર. ૮૯૭ સંદર્ભ લીધેલ પેરા ૫૫૮ માં

૧૯૬૫ એસ.સી.આર. ૪૨૧ સંદર્ભ લીધેલ પેરા ૫૫૮ માં

૧૯૬૩ સપ્લી. એસ.સી.આર. ૪૩૫ સંદર્ભ લીધેલ પેરા ૫૫૮ માં

૧૯૮૫ (૨) એસ.સી.આર. ૨૮૭ સંદર્ભ લીધેલ પેરા ૫૫૮ માં

૨૦૧૧ (૧૧) એસ.સી.આર. ૧૦૯૪ સંદર્ભ લીધેલ પેરા ૫૬૦ માં

<u>ન્યાયમૂર્તિ કુરિયનના હુકમમાં:</u>

૧૯૭૪ (૧) એસ.સી.આર. ૬૯૭ સંદર્ભ લીધેલ પેરા ૮ માં

<u>ન્યાયમૂર્તિ કુરિયનના ચુકાદામાં:</u>

૧૯૭૩ (૦) સપ્લી. એસ.સી.આર. ૧ સંદર્ભ લીધેલ પેરા ૧ માં

૧૯૭૫ (૧) એસ.સી.આર. ૮૧૪ સંદર્ભ લીધેલ પેરા ૨ માં

<u>ન્યાયમૂર્તિ ગોયલના ચુકાદામાં:</u>

૧૯૯૮ (૨) સપ્લી. એસ.સી.આર. ૪૦૦ સંદર્ભ લીધેલ પેરા ૩.૪ માં

૧૯૯૩ (૨) સપ્લી. એસ.સી.આર. ૬૫૯ સંદર્ભ લીધેલ પેરા ૩.૪ માં

૧૯૯૬ (૨) સપ્લી. એસ.સી.આર. ૨૩૦ સંદર્ભ લીધેલ પેરા ૧૦ માં

૧૯૭૩ (૦) સપ્લી. એસ.સી.આર. ૧ સંદર્ભ લીધેલ પેરા ૧૫ માં

૧૯૭૬ એસ.સી.આર. ૩૪૭ સંદર્ભ લીધેલ પેરા ૧૫.૪ માં

૧૯૮૧ (૧) એસ.સી.આર. ૨૦૬ સંદર્ભ લીધેલ પેરા ૧૫.૫ માં

૧૯૯૭ (૨) એસ.સી.આર. ૧૧૮૬ સંદર્ભ લીધેલ પેરા ૧૫.૬ માં

૨૦૦૬ (૧૦) સપ્લી. એસ.સી.આર. ૧૯૭ સંદર્ભ લીધેલ પેરા ૧૫.૭ માં

૨૦૦૭ (૯) એસ.સી.આર. ૨૫૯ સંદર્ભ લીધેલ પેરા ૧૫.૮ માં

૧૯૮૨ એસ.સી.આર. ૩૬૫	સંદર્ભ લીધેલ	પેરા ૧૬.૪ માં
૧૯૯૦ (૨) સપ્લી. એસ.સી.આર. ૪૩૩	સંદર્ભ લીધેલ	પેરા ૧૬.૫ માં
૧૯૭૮ (૧) એસ.સી.આર. ૪૨૩	સંદર્ભ લીધેલ	પેરા ૧૭ માં
૧૯૭૫ (૧) એસ.સી.આર. ૮૧૪	સંદર્ભ લીધેલ	પેરા ૧૭.૨ માં
૨૦૧૨ (૩) એસ.સી.આર. ૧૪૭	સંદર્ભ લીધેલ	પેરા ૧૮ માં
(૨૦૧૪) ૨ એસ.સી.સી. ૫૩૨	સંદર્ભ લીધેલ	પેરા ૧૮ માં
૧૯૯૪ (૨) એસ.સી.આર. ૬૪૪	સંદર્ભ લીધેલ	પેરા ૧૮ માં
૨૦૦૬ (૧) એસ.સી.આર. ૫૬૨	સંદર્ભ લીધેલ	પેરા ૧૮ માં
૧૯૯૬ (૧૦) સપ્લી. એસ.સી.આર. ૧૨	સંદર્ભ લીધેલ	પેરા ૧૮ માં
૧૯૯૨ (૧) એસ.સી.આર. ૬૮૬	સંદર્ભ લીધેલ	પેરા ૧૮ માં
૨૦૧૨ (૧૨) એસ.સી.આર. ૨૫૬	સંદર્ભ લીધેલ	પેરા ૧૮.૧ માં
૧૯૭૦ (૨) એસ.સી.આર. ૬૬૬	સંદર્ભ લીધેલ	પેરા ૧૮.૫ માં
૧૯૭૦ (૧) એસ.સી.આર. ૩૮૮	સંદર્ભ લીધેલ	પેરા ૧૮.૯ માં
૨૦૧૪ (૯) એસ.સી.આર. ૯૬૫	સંદર્ભ લીધેલ	પેરા ૧૮.૧૦ માં
(૧૯૮૧) ૧ એસ.સી.સી. ૧૬૬	સંદર્ભ લીધેલ	પેરા ૧૯.૧ માં
૨૦૦૮ (૪) એસ.સી.આર. ૧	સંદર્ભ લીધેલ	પેરા ૧૯.૧ માં
૧૯૯૬ (૧૦) સપ્લી. એસ.સી.આર. ૫૮૫	સંદર્ભ લીધેલ	પેરા ૧૯.૩ માં
૨૦૦૬ (૧) સપ્લી. એસ.સી.આર. ૭૭૨	સંદર્ભ લીધેલ	પેરા ૧૯.૩ માં
૧૯૭૮ (૨) એસ.સી.આર. ૬૨૧	સંદર્ભ લીધેલ	પેરા ૧૯.૭ માં
(૧૯૫૨) એસ.સી.આર. ૫૯૭	સંદર્ભ લીધેલ	પેરા ૧૯.૭ માં
૧૯૭૧ (૩) એસ.સી.આર. ૯	સંદર્ભ લીધેલ	પેરા ૧૯.૭ માં
(૧૯૭૦) ૧ એસ.સી.સી. ૨૪૮	સંદર્ભ લીધેલ	પેરા ૧૯.૭ માં
૧૯૭૩ (૨) એસ.સી.આર. ૭૫૭	સંદર્ભ લીધેલ	પેરા ૧૯.૭ માં

૧૯૯૪ (૨) એસ.સી.આર. ૬૪૪	સંદર્ભ લીધેલ	પેરા ૧૯.૧૪ માં
૨૦૧૧ (૫) એસ.સી.આર. ૫૬૦	સંદર્ભ લીધેલ	પેરા ૧૯.૧૪ માં
૨૦૧૦ (૬) એસ.સી.આર. ૮૫૭	સંદર્ભ લીધેલ	પેરા ૧૯.૧૪ માં
(૨૦૧૪) ૧૦ એસ.સી.સી. ૧	સંદર્ભ લીધેલ	પેરા ૧૯.૧૪ માં
(૧૯૬૫) ૧ એસ.સી.સી. ૪૧૩	સંદર્ભ લીધેલ	પેરા ૧૯.૧૪ માં
૨૦૧૩ (૧૦) એસ.સી.આર. ૧૧૩૦	સંદર્ભ લીધેલ	પેરા ૨૦.૪ માં
૨૦૧૩ (૭) એસ.સી.સી. ૫૦૭	સંદર્ભ લીધેલ	પેરા ૨૦.૪ માં

સિવિલ ઓરિજિનલ જ્યુરિસ્ડિક્શન: રિટ પિટિશન (સિવિલ) નં. ૧૩/૨૦૧૫.

ભારતના બંધારણના અનુચ્છેદ ૩૨ હેઠળ.

સાથે

ડબલ્યુ. પી. (સી.) નં. ૨૩, ૭૦, ૮૩, ૧૦૮, ૧૨૪, ૧૪, ૧૮, ૨૪, ૨૦૯, ૩૦૯, ૩૧૦, ૩૨૩ અને ૩૪૧/૨૦૧૫ અને ટી. પી. (સી.) નં. ૩૯૧ અને ૯૭૧/૨૦૧૫.

રણજિત કુમાર, સોલિસિટર જનરલ, મુકુલ રોહતગી, એટર્ની જનરલ, પી. એસ. નરસિમ્હા, એડિશનલ સોલિસિટર જનરલ, ફલી એસ. નરીમન, પ્રો. ભીમ સિંહ, અનિલ બી. દિવાન, આર. કે. પી. શંકર દાસ, કે. એન. ભટ, વી. મોહના, રામ જેઠમલાણી, કે. કે. વેણુગોપાલ, ટી. આર. અંધ્યારૂજિના, અજિત સિન્હા, રવિન્દ્ર શ્રીવાસ્તવ, ડૉ. રાજીવ ધવન, વરિષ્ઠ એડવોકેટ્સ, એસ. એસ. શમશેરી, ઈરશાદ

અહમદ, ગૌરવ ભાટિયા, સી. ડી. સિંહ, સૌરભ અજય ગુપ્તા, સૂર્યનારાયણ સિંહ, એડિશનલ એડવોકેટ્સ જનરલ, સુભાષ સી. કશ્યપ, પ્રણવ વ્યાસ (સૂર્ય કાંત વતી), સંતોષ પોલ, જોસેફ એરિસ્ટોટલ એસ., અરવિંદ ગુપ્તા, એમ. બી. એલક્કુમનન, મલય સ્વપ્નિલ, પ્રિયા એરિસ્ટોટલ, સવિતા સિંહ, પ્રશાંત ભૂષણ, પ્રશાંત કુમાર, સૈયદ રેહાન, રણવીર સિંહ, અનિંદિતા પુજારી, જિતેન્દ્ર મહાપાત્રા, એ. સી. ફિલિપ, રાબિન મજુમદાર, સુમન, વી. એન. સુબ્રમણ્યમ, સુભાશિષ ભૌમિક, એસ. કે. સિન્હા, જોયદીપ મુખર્જી (રાબિન મજુમદાર વતી), શ્રીરામ પરક્કત, વિષ્ણુ શંકર જૈન (અંકુર એસ. કુલકર્ણી વતી), પ્રાચી બાજપાઈ, ડી. એલ. ચિદાનંદ, માધવી દિવાન, અભિનવ મુખર્જી, બિનુ તામતા, ડૉ. અર્ઘ્ય સેનગુપ્તા, રંજીતા રોહતગી, દેવાંશી સિંહ, દીક્ષા રાય, નિનાદ લાઉડ, અજય શર્મા, ઋત્વિક શર્મા, સમિત ખોસલા, નિખિલ રોહતગી, ગુરમેહર એસ. સિસ્તાની (બી. વી. બલરામ દાસ વતી), ગૌતમ નારાયણ, દેવાશિષ ભરૂકા, સંદીપ સિંહ, અમિત શર્મા (સુશ્રી રુચિ કોહલી વતી), એચ. કે. નાઈક (ગૌતમ તાલુકદાર વતી), અંકુર તલવાર, રોહિત ભટ, પ્રેરણા પ્રિયદર્શિની, સુહાસિની સેન, અંકિત કુમાર (મિશ્રા સૌરભ વતી), નિશાંત કાંતેશ્વરકર, અર્પિત રાય, અનીપ સચથે, સાકાર સરદાના, કે. એનાતોલી સેમ્યા, એડવર્ડ બેલ્હો, અમિત કુમાર સિંહ, અભિસ્થ કુમાર, અભિષેક કુમાર સિંહ, વિજય પ્રતાપ યાદવ, સોમ રાજ ચૌધરી, અનિતા શેનોય, વી. એન. રઘુપતિ, તપેશ કુમાર સિંહ, મોહમ્મદ વકાસ, અનુરાગ સિંહ, ઐશ્વર્યા કે. સિન્હા, રચના શ્રીવાસ્તવ, શશિ જુનેજા, એ. પી. મયી, રમેશ બાબુ એમ. આર., સ્વાતિ સેતિયા, સાપમ બિસ્વજીત મૈતેઈ, ઝેડ. એચ. ઈસ્સાક હૈડિંગ, અશોક કુમાર સિંહ,

હેમંતિકા વાહી, વિનાક્ષી કાદન, જગજીત સિંહ છાબડા (કુલદીપ સિંહ માટે), સિબો શંકર મિશ્રા, પ્રગતિ નીખરા, ઇન્દ્ર પ્રતાપ સિંહ, પ્રકાશ કુમાર સિંહ, અરૂણ મોંગા, કુદરત સંધુ (તુષાર બક્ષી માટે), એમ. યોગેશ કન્ના, જયંત પટેલ, કૃષ્ણા શર્મા, અવિજીત રોય, નવનીત કુમાર, બરનાલી દાસ, દીપિકા (મેસર્સ કોર્પોરેટ લો ગ્રુપ માટે), ગુંટુર પ્રભાકર, પ્રેરણા સિંહ, નુપુર સિંઘલ, સંજય વિસેન, અનિલ કુમાર ઓપરા, અશોક કુમાર ઠાકુર, ઇમરાન ખાન બુરની, ઉપસ્થિત પક્ષકારો માટે એડવોકેટ્સ.

મેથ્યુઝ જે. નેદુમપારા, મનોહર લાલ શર્મા, આર. કે. કપૂર, બિશ્વજીત ભટ્ટાચાર્ય, રાજીવ દૈયા, પી. એમ. દુરાઈસ્વામી (અરજદાર જાતે).

આશિષ દીક્ષિત (સામાવાળા જાતે)

કોર્ટના નીચે મુજબના ચુકાદાઓ અને હુકમો આપવામાં આવેલ:

ચુકાદો

જગદીશ સિંઘ ખેહર, ન્યાયમૂર્તિ

અનુક્રમણિકા

ક્રમ નં.	વિગતો	પેરાગ્રાફ	પૃષ્ઠો
૧.	**રિક્યુઝલ હુકમ**	૧ - ૧૫	૧ - ૧૫
૨.	**રેફરન્સ હુકમ**	૧૬ - ૧૬૯	૧૬ - ૧૬૯
I.	પડકાર	૧ - ૯	૧૬ - ૧૯
II.	પડકારની પૃષ્ઠભૂમિ	૧૦ - ૧૯	૧૯ - ૬૧
III.	સેકન્ડ અને થર્ડ જજિસ કેસોની	૨૦ - ૫૩	૬૧ - ૧૧૫

	પુનર્વિચારણા માટે સામાવાળાઓની દરખાસ્ત		
IV.	પુનર્વિચારણા માટેની દરખાસ્ત સામે અરજદારોનો વાંધો	૫૪ - ૫૯	૧૧૫ - ૧૨૪
V.	વિચારણા	૬૦ - ૧૦૦	૧૨૪ - ૧૬૮
VI.	નિષ્કર્ષ	૧૦૧	૧૬૮ - ૧૬૯
૩.	**ગુણદોષ પરનો હુકમ**	૧ - ૨૫૮	૧૭૦ - ૪૩૯
I.	પ્રસ્તાવના	૧ - ૪	૧૭૦ - ૧૭૧
II.	ગુણદોષ પર અરજદારોની દલીલો	૫ - ૬૬	૧૭૧ - ૨૫૨
III.	ગુણદોષ પર સામાવાળાઓનો પ્રત્યુત્તર	૬૭ - ૧૩૨	૨૫૩ - ૩૨૫
IV.	ચર્ચા અને વિચાર-વિમર્શ	૧૩૩ - ૨૪૫	૩૨૬ - ૪૧૯
V.	વાદગ્રસ્ત બંધારણીય સુધારો રદ કરવાની અસર	૨૪૬ - ૨૫૩	૪૧૯ - ૪૩૬
VI.	નિષ્કર્ષો	૨૫૪ - ૨૫૬	૪૩૬ - ૪૩૮
VII.	આભાર સ્વીકાર	૨૫૭	૪૩૮ - ૪૩૯

**સંપાદકની નોંધ: ચુકાદાની રૂપરેખા આપતી ઉપરોક્ત અનુક્રમણિકામાં દર્શાવેલ પૃષ્ઠો મૂળ ચુકાદાના પૃષ્ઠ નંબર દર્શાવે છે.*

રિક્યુઝલ હુકમ

૧. આ કોર્ટમાં સામાન્ય હુકમો લખવાની આદત પડી જાય છે, કારણ કે હુકમો કાં તો બેન્ચ વતી, અથવા કોર્ટ વતી લખવામાં આવે છે. મોટે ભાગે, અસંમતિ પ્રથમ પુરુષમાં લખવામાં આવે છે. જોકે, આ કોઈ અસંમતિના સ્વરૂપનો હુકમ નથી, છતાં તેને પ્રથમ પુરુષમાં લખવાની જરૂર છે. હાથ પરની બાબતોની સુનાવણીમાંથી મારા રિક્યુઝલ માટેની અરજ પર ન્યાયનિર્ણય આપતાં, જે. ચેલમેશ્વર, ન્યાયમૂર્તિ દ્વારા વ્યક્ત કરાયેલા અભિપ્રાયને સમર્થન આપતી વખતે, બેન્ચ પર મારા ચાલુ રહેવા માટેના કારણો પણ મારા દ્વારા વ્યક્ત કરવાની જરૂર

છે. કાયદાના કોઈપણ સિદ્ધાંતની હિમાયત કરવા માટે નહીં, પરંતુ આચરણના અમુક સિદ્ધાંતો નિર્ધારિત કરવા માટે.

૨. આ હુકમ મુખ્ય વિવાદના નિર્ધારણ માટેની પ્રસ્તાવના - પુરોગામીના સ્વરૂપમાં છે. બેન્ચની વર્તમાન રચના અંગેના વાંધાનો નિર્ણય કરવા માટે તે જરૂરી બન્યો છે. જેમ કે ઉપર નોંધવામાં આવ્યું છે તેમ, જે. ચેલમેશ્વર, ન્યાયમૂર્તિએ આ વાંધા પર નિર્ણય આપ્યો છે. જે. ચેલમેશ્વર, ન્યાયમૂર્તિના હુકમ પછી બનેલી ઘટનાઓ પણ અમુક મહત્વ ધરાવે છે. મારા સુવિચારિત મતે, તેનું પણ વર્ણન કરવાની જરૂર છે, કારણ કે તો જ, સમગ્ર બાબત જે રીતે સંપૂર્ણપણે વ્યક્ત થવી જોઈએ તે રીતે વ્યક્ત થયેલી ગણી શકાય. પુનર્ગઠિત બેન્ચ પર મારું ચાલુ રહેવું એ મારા માટે એકમાત્ર ઉપલબ્ધ માર્ગ શા માટે હતો, તેના કારણો પણ મારે નોંધવાની જરૂર છે. અને તેથી, બેન્ચની બીજી બાજુના દ્રષ્ટિકોણ સાથે કામ પાર પાડતી, તેની સમજ અંગેની મારી બાજુ.

૩(૧) આ બાબતોની સુનાવણી માટે મૂળ રૂપે ત્રણ-ન્યાયમૂર્તિઓની બેન્ચની રચના કરવામાં આવી હતી. આ બેન્ચમાં સમાવેશ થતો હતો

અનિલ આર. દવે, જે. ચેલમેશ્વર અને મદન બી. લોકુર, ન્યાયમૂર્તિઓનો. તે તબક્કે, અનિલ આર. દવે, ન્યાયમૂર્તિ ૧+૨ કોલેજિયમનો તેમજ ૧+૪ કોલેજિયમનો પણ ભાગ હતા. ઉપરોક્ત સંયોજને ૧૧.૩.૨૦૧૫ ના રોજ તેની પ્રથમ સૂચિબદ્ધતા વખતે આ બાબતની સુનાવણી કરી હતી. સુનાવણીની પ્રથમ તારીખે ૧૭.૩.૨૦૧૫ ની મુદતવાળી નોટિસ જારી કરવામાં આવી હતી.

સાથોસાથ, વાય. ક્રિષ્નન વિ. યુનિયન ઓફ ઈન્ડિયા અને અન્ય, ૨૦૧૫ ની રીટ પીટીશન (એમડી) નં. ૬૯, કે જે મદ્રાસ હાઇકોર્ટ (તેની મદુરાઇ બેન્ચ ખાતે) સમક્ષ પડતર હતી, અને જેમાં હાથ પરના કેસોના સમૂહમાં ઉઠાવવામાં આવેલા મુદ્દાઓ જેવા જ મુદ્દાઓ પર વિચારણા કરવામાં આવી રહી હતી, તેની સુનાવણી પર આગળના હુકમો સુધી સ્ટે મૂકવામાં આવ્યો હતો.

(૨) ત્યારપછીની તારીખે, એટલે કે, ૧૭.૩.૨૦૧૫ ના રોજ શ્રી ફલી એસ. નરીમન, વરિષ્ઠ એડવોકેટ, સુપ્રિમ કોર્ટ એડવોકેટ્સ-ઓન-રેકોર્ડ એસોસિએશન વિ. યુનિયન ઓફ ઈન્ડિયા (૨૦૧૫ ની રીટ પીટીશન (સી) નં. ૧૩) માં, શ્રી અનિલ બી. દિવાન, વરિષ્ઠ એડવોકેટ, બાર એસોસિએશન ઓફ ઈન્ડિયા વિ. યુનિયન ઓફ ઈન્ડિયા (૨૦૧૫ ની રીટ પીટીશન (સી) નં. ૧૦૮) માં, શ્રી પ્રશાંત ભૂષણ, એડવોકેટ, સેન્ટર ફોર પબ્લિક ઇન્ટરેસ્ટ લિટીગેશન વિ. યુનિયન ઓફ ઈન્ડિયા (૨૦૧૫ ની રીટ પીટીશન (સી) નં. ૮૩) માં અને શ્રી સંતોષ પોલ, એડવોકેટ, ચેન્જ ઇન્ડિયા વિ. યુનિયન ઓફ ઈન્ડિયા (૨૦૧૫ ની રીટ પીટીશન (સી) નં. ૭૦) માં, અરજદારોનું પ્રતિનિધિત્વ કરતા સાંભળવામાં આવ્યા. ભારતના એટર્ની જનરલ શ્રી મુકુલ રોહતગીએ પ્રત્યુત્તરમાં રજૂઆતો કરી. આ બાબત પાર્ટ-હર્ડ તરીકે દર્શાવવામાં આવી હતી, અને ૧૮.૩.૨૦૧૫ ના રોજ આગળની સુનાવણી માટે રાખવામાં આવી હતી.

(૩) ૧૮.૩.૨૦૧૫ ના રોજ આ કોર્ટ દ્વારા નોંધવામાં આવેલી કાર્યવાહી દર્શાવે છે કે, શ્રી સંતોષ પોલ, (૨૦૧૫ ની રીટ પીટીશન (સી) નં. ૭૦ માં) ને

૧૮.૩.૨૦૧૫ ના રોજ ફરીથી સાંભળવામાં આવ્યા, જેના પર, શ્રી મુકુલ રોહતગી અને ભારતના સોલિસિટર જનરલ શ્રી રણજીત કુમારે પણ પોતાની રજૂઆતો કરી. ત્યારબાદ, વરિષ્ઠ એડવોકેટ - અને સુપ્રિમ કોર્ટ બાર એસોસિએશનના પ્રમુખ શ્રી દુષ્યંત એ. દવેએ, એક હસ્તક્ષેપકાર તરીકે બેન્ચને સંબોધિત કરી. ત્યારબાદ, કોર્ટ તે દિવસ માટે ઊઠી ગઈ. ૧૮.૩.૨૦૧૫ ના રોજ, આ બાબત આગળના દિવસ માટે, એટલે કે, ૧૯.૩.૨૦૧૫ માટે સુનાવણી પર મુલતવી રાખવામાં આવી.

(૪) ૧૯.૩.૨૦૧૫ ના રોજ પસાર કરવામાં આવેલ હુકમ દર્શાવે છે કે, તે તારીખે શ્રી દુષ્યંત એ. દવે, શ્રી મુકુલ રોહતગી, શ્રી ટી. આર. અંધ્યારુજીના, વરિષ્ઠ એડવોકેટ અને શ્રી મેથ્યુઝ જે. નેદુમપારા દ્વારા રજૂઆતો કરવામાં આવી હતી. જ્યારે શ્રી ફલી એસ. નરીમન હજુ બેન્ચને સંબોધિત કરી રહ્યા હતા, ત્યારે કોર્ટ અન્ય બાબતોની સાથે સાથે, "આ બાબતો પાર્ટ-હર્ડ રહી." એવી નોંધ કરીને તે દિવસ માટે ઊઠી ગઈ. આ કેસોની આગળની સુનાવણી ૨૪.૩.૨૦૧૫ સુધી મુલતવી રાખવામાં આવી હતી.

(૫) ૨૪.૩.૨૦૧૫ ના રોજ, શ્રી ફલી એસ. નરીમન અને શ્રી અનિલ બી. દિવાનને ફરીથી સાંભળવામાં આવ્યા. વધારામાં, શ્રી મુકુલ રોહતગીએ પોતાની રજૂઆતો પૂર્ણ કરી. સુનાવણી પૂર્ણ થતાં, ચુકાદો અનામત રાખવામાં આવ્યો. ૨૪.૩.૨૦૧૫ ના રોજ, ૨૦૧૫ ની રીટ પીટીશન (સી) નં. ૧૨૪ (મેથ્યુઝ જે.

નેદુમપારા વિ. સુપ્રિમ કોર્ટ ઓફ ઇન્ડિયા, સેક્રેટરી જનરલ અને અન્ય મારફતે) માં એક અલગ હુકમ પણ પસાર કરવામાં આવ્યો હતો. તે નીચે મુજબ હતો:

'કોર્ટ સમક્ષ જાતે દલીલ કરવા માટે શ્રી મેથ્યુઝ જે. નેદુમપારા દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી ફગાવી દેવામાં આવે છે. શ્રી રોબિન મઝુમદાર, એ.ઓ.આર., જેઓ અગાઉ તેમના વતી ઉપસ્થિત રહેતા હતા, તેમનું નામ કોઝ લિસ્ટમાં દર્શાવવામાં આવે.' (૬) ૭.૪.૨૦૧૫ ના રોજ, અનિલ આર. દવે, ન્યાયમૂર્તિની અધ્યક્ષતાવાળી ત્રણ-ન્યાયમૂર્તિઓની બેન્ચ દ્વારા નીચે મુજબનો હુકમ પસાર કરવામાં આવ્યો હતો:

"૧. આ અરજીઓના સમૂહમાં, ધ કોન્સ્ટીટ્યુશન (નાઇન્ટી-નાઇન્થ એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૧૪ અને ધ નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ કમિશન એક્ટ, ૨૦૧૪ (જે હવે પછી 'સદર એક્ટ' તરીકે ઉલ્લેખિત છે) ની કાયદેસરતાને પડકારવામાં આવી છે. આ પડકાર એવા કારણોસર કરવામાં આવ્યો છે કે ઉપરોક્ત સુધારા અને સદર એક્ટના ઘડતરના પરિણામે ભારતના બંધારણના મૂળ માળખામાં ફેરફાર થયો છે અને તેથી, તેને રદબાતલ કરવા જોઈએ.

૨. અમે પક્ષકારો તરફથી ઉપસ્થિત વિદ્વાન વકીલો અને જાતે ઉપસ્થિત રહેલા પક્ષકારોને વિગતવાર સાંભળ્યા છે.

૩. અરજદારો તરફથી મુખ્યત્વે એવી રજૂઆત કરવામાં આવી છે કે આ તમામ અરજીઓને ભારતના બંધારણના અનુચ્છેદ ૧૪૫(૩) ની જોગવાઈઓ મુજબ પાંચ ન્યાયમૂર્તિઓની બેન્ચ સમક્ષ મોકલવી જોઈએ, કારણ કે આ અરજીઓમાં ભારતના બંધારણના અર્થઘટન સંબંધિત કાયદાના મહત્ત્વપૂર્ણ પ્રશ્નો સંકળાયેલા છે. વધુમાં એવી રજૂઆત કરવામાં આવી છે કે જ્યાં સુધી આ તમામ અરજીઓનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી, વચગાળાની રાહત તરીકે એવો નિર્દેશ આપવો જોઈએ કે સદર એક્ટનો અમલ કરવો નહીં અને ન્યાયમૂર્તિઓની નિમણૂક સંબંધિત વર્તમાન પ્રણાલી ચાલુ રાખવી જોઈએ.

૪. અરજીનો વિરોધ કરતા વકીલની રજૂઆતોનો સારાંશ એ છે કે આ તમામ અરજીઓ અપરિપક્વ છે કારણ કે સદર એક્ટ આજ દિન સુધી અમલમાં આવ્યો નથી અને જ્યાં સુધી સદર એક્ટ અમલમાં ન આવે ત્યાં સુધી દાવાનું કારણ ઉદ્ભવ્યું હોવાનું કહી શકાય નહીં. સંજોગો અનુસાર, વિદ્વાન વકીલના જણાવ્યા મુજબ, અરજીઓ ફગાવી દેવી જોઈએ.

૫. વિદ્વાન વકીલો તેમજ જાતે ઉપસ્થિત રહેલા પક્ષકારોએ તેમના કેસોના સમર્થનમાં કેટલાક ચુકાદાઓ પર આધાર રાખ્યો છે.

૬. કેસની હકીકતો જોતાં અમારો એવો મત છે કે આ અરજીઓમાં ભારતના બંધારણના અર્થઘટન અંગેના કાયદાના મહત્ત્વપૂર્ણ પ્રશ્નો સંકળાયેલા છે અને તેથી અમે રજિસ્ટ્રીને આ જૂથની તમામ બાબતો

માનનીય ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સમક્ષ મૂકવાનો નિર્દેશ આપીએ છીએ જેથી તેઓ તેની વિચારણા માટે મોટી બેન્ચ સમક્ષ મૂકી શકાય.

૭. અમે કેસોનો ગુણદોષ પર નિર્ણય કરી રહ્યા ન હોવાથી, વિદ્વાન વકીલો અને જાતે ઉપસ્થિત રહેલા પક્ષકારો દ્વારા કરવામાં આવેલી રજૂઆતોની ચર્ચા કરવી અમને યોગ્ય જણાતી નથી.

૮. અરજદારો મોટી બેન્ચ સમક્ષ વચગાળાની રાહત માટે અરજ કરવા મુક્ત રહેશે કારણ કે આ તબક્કે કોઈપણ વચગાળાની રાહત આપવી અમને યોગ્ય જણાતી નથી."

૪. કેસોની સુનાવણી દરમિયાન, અનિલ આર. દવે, ન્યાયમૂર્તિએ કોઈપણ કોલેજિયમ કાર્યવાહીમાં ભાગ લીધો ન હતો.

૫. ૭.૪.૨૦૧૫ ના રોજ ત્રણ-ન્યાયમૂર્તિઓની બેન્ચ દ્વારા પસાર કરવામાં આવેલા હુકમના આધારે, માનનીય ભારતના મુખ્ય ન્યાયમૂર્તિએ અનિલ આર. દવે, જે. ચેલમેશ્વર, મદન બી. લોકુર, કુરિયન જોસેફ અને આદર્શ કુમાર ગોયલ, ન્યાયમૂર્તિઓની બનેલી પાંચ-ન્યાયમૂર્તિઓની બેન્ચની રચના કરી.

૬. ૧૩.૪.૨૦૧૫ ના રોજ ધ કોન્સ્ટીટ્યુશન (નાઇન્ટી-નાઇન્થ એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૧૪ અને ધ નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન એક્ટ, ૨૦૧૪ ભારતના ગેઝેટ (અસાધારણ) માં અધિસૂચિત કરવામાં આવ્યા હતા. ઉપરોક્ત બંને કાયદાઓ ૧૩.૪.૨૦૧૫ થી અમલમાં લાવવામાં

આવ્યા હતા. તદનુસાર, ૧૩.૪.૨૦૧૫ ના રોજ અનિલ આર. દવે, ન્યાયમૂર્તિ અનુચ્છેદ ૧૨૪એ(૧)(બી) ના આદેશ હેઠળ, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ પછીના બીજા ક્રમના સૌથી વરિષ્ઠ ન્યાયમૂર્તિ હોવાના કારણે નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશનના હોદ્દાની રૂએ સભ્ય બન્યા.

૭. ૧૫.૪.૨૦૧૫ ના રોજ પાંચ-ન્યાયમૂર્તિઓની બેન્ચ સમક્ષ જ્યારે આ બાબત પ્રથમ વખત સુનાવણી માટે આવી, ત્યારે તેણે નીચે મુજબનો હુકમ પસાર કર્યો:

"આ બાબતો એવી બેન્ચ સમક્ષ સૂચિબદ્ધ કરો કે જેમાં અમારામાંથી એક (અનિલ આર. દવે, ન્યાયમૂર્તિ) સભ્ય ન હોય."

તેથી જ, માનનીય ભારતના મુખ્ય ન્યાયમૂર્તિએ આ કેસોના સમૂહની સુનાવણી માટે મારા, જે. ચેલમેશ્વર, મદન બી. લોકુર, કુરિયન જોસેફ અને આદર્શ કુમાર ગોયલ, ન્યાયમૂર્તિઓ સાથે બેન્ચનું પુનર્ગઠન કર્યું હતું.

૮. ૨૧.૪.૨૦૧૫ ના રોજ જ્યારે પુનર્ગઠિત બેન્ચે સુનાવણી શરૂ કરી, ત્યારે શ્રી ફલી એસ. નરીમને બેન્ચમાંથી મારા રિક્યુઝલ માટે અરજ કરી, જેને શ્રી મેથ્યુઝ જે. નેદુમપારા (૨૦૧૫ ની રીટ પીટીશન (સી) નં. ૧૨૪ માં અરજદાર-જાતે) દ્વારા ટેકો આપવામાં આવ્યો હતો, અને આ પાછળના પક્ષકારે રજૂઆતો પણ કરી હતી, જોકે ૨૪.૩.૨૦૧૫ ના અગાઉના હુકમ (ઉપર ટાંકેલ) દ્વારા તેમને તેમ કરવાથી પ્રતિબંધિત કરવામાં આવ્યા હતા. જ્યારે કેટલાક હિતધારકો

અન્યથા ઇચ્છતા હતા, ત્યારે મારા માટે બેન્ચનું અધ્યક્ષપદ સંભાળવું અવિવેકી જણાતું હતું. જોકે, આ અરજનો વિરોધ કરનારા ઘણા વિદ્વાન વકીલો દ્વારા મક્કમ મતવ્યો વ્યક્ત કરવામાં આવ્યા હતા. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, અગાઉ અનિલ આર. દવે, ન્યાયમૂર્તિના સંદર્ભમાં રિક્યુઝલ માટે અરજ કરવામાં આવી હતી. એ બાબત નિર્દેશિત કરવામાં આવી હતી કે, ઉપરોક્ત અરજના પરિણામે તેમણે (૧૫.૪.૨૦૧૫ ના રોજ) અલગ ખસી જવાનો વિકલ્પ પસંદ કર્યો હતો. કેટલાક વિદ્વાન વકીલો તો ત્યાં સુધી દાવો કરવા આગળ વધ્યા કે, અનિલ આર. દવે, ન્યાયમૂર્તિનું રિક્યુઝલ માત્ર અયોગ્ય જ ન હતું, પરંતુ પ્રેરિત પણ હતું. એવું સૂચન પણ કરવામાં આવ્યું હતું કે, અનિલ આર. દવે, ન્યાયમૂર્તિને બેન્ચનું અધ્યક્ષપદ સંભાળવા વિનંતી કરીને બેન્ચનું પુનર્ગઠન કરવું જોઈએ. હકીકતોનો ઉપરોક્ત ક્રમ દર્શાવે છે કે, અનિલ આર. દવે, ન્યાયમૂર્તિ દ્વારા કરવામાં આવેલ રિક્યુઝલ તેમની પોતાની મેળે ન હતું, પરંતુ તેમને કરવામાં આવેલી આવી જ અરજના માનમાં હતું. તાર્કિક રીતે, જો તેઓ જ્યારે ત્રણ-ન્યાયમૂર્તિઓની બેન્ચના પ્રિસાઇડિંગ ન્યાયમૂર્તિ હતા ત્યારે તેમણે આ કેસો સાંભળ્યા હતા, તો જ્યારે બેન્ચની સંખ્યા વધારવામાં આવી, જેમાં પણ તેઓ પ્રિસાઇડિંગ ન્યાયમૂર્તિ હતા, ત્યારે પણ તેમણે તે સાંભળ્યા હોત.

૯(૧) શ્રી ફલી એસ. નરીમને એવી ઊભી કરવાનો પ્રયાસ કરાયેલી છાપનું ભારપૂર્વક ખંડન કર્યું કે તેમણે ક્યારેય અનિલ આર. દવે, ન્યાયમૂર્તિને રિક્યુઝ થવાની માંગ કરી હતી. પોતાના દાવાના સમર્થનમાં, તેમણે નિર્દેશ કર્યો કે તેમણે ૧૫.૪.૨૦૧૫ ના રોજ લેખિતમાં નીચે મુજબની વિનંતી કરી હતી:

"ધ કોન્સ્ટીટ્યુશન (નાઈન્ટી-નાઈન્થ એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૧૪ અને ધ નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન એક્ટ, ૨૦૧૪ ની જોગવાઈઓ ૧૩ એપ્રિલ, ૨૦૧૫ થી અમલમાં લાવવામાં આવી છે. પરિણામે, આ બેન્ચના પ્રિસાઈડિંગ જજ, માનનીય ન્યાયમૂર્તિ શ્રી અનિલ આર. દવે, હવે (પોતાની પસંદગીથી નહીં પરંતુ કાયદાના બળથી) નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશનના હોદ્દાની રૂએ એક સભ્ય બન્યા છે, કે જેની બંધારણીય માન્યતાને પડકારવામાં આવી છે.

સાદર રજૂઆત કરવામાં આવે છે કે જો શરૂઆતમાં જ - આ માનનીય કોર્ટના હુકમ દ્વારા - એવું જાહેર કરવામાં આવે તો તે યોગ્ય રહેશે કે આ બેન્ચના પ્રિસાઈડિંગ જજ નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશનની કાર્યવાહીમાં બિલકુલ ભાગ લેશે નહીં."

વિદ્વાન વરિષ્ઠ વકીલે નિર્દેશ કર્યો કે, તેમણે આ બાબતોની સુનાવણી દરમિયાન નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશનની કાર્યવાહીમાં કોઈપણ ભાગ ન લેવા માટે તે સમયના પ્રિસાઈડિંગ ન્યાયમૂર્તિ (અનિલ આર. દવે, ન્યાયમૂર્તિ) ને માત્ર વિનંતી કરી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, તેમણે ક્યારેય અનિલ આર. દવે, ન્યાયમૂર્તિને બેન્ચ સમક્ષ પડતર બાબતો ન સાંભળવા માટે કહ્યું ન હતું.

(૨) અનિલ આર. દવે, ન્યાયમૂર્તિના રિક્યુઝલ માટે શ્રી મેથ્યુઝ જે. નેદુમપારા દ્વારા લેખિતમાં કરવામાં આવેલી રજૂઆત નીચે મુજબના શબ્દોમાં હતી:

" ..... VI. જોકે પ્રસ્તુત કેસમાં ત્રણ–ન્યાયમૂર્તિઓની બેન્ચના વડા એવા માનનીય શ્રી ન્યાયમૂર્તિ અનિલ આર. દવે, કાનૂની જગત અને સમગ્ર જનતા દ્વારા પૂજનીય અને આદરણીય ન્યાયમૂર્તિ છે, સર્વોચ્ચ સત્યનિષ્ઠા, ક્ષમતા અને નિષ્પક્ષતા ધરાવતા ન્યાયમૂર્તિ છે, તેમ છતાં નેમો જુડેક્સ ઇન સુઆ કોઝા અથવા નેમો ડેબેટ એસે જુડેક્સ ઇન પ્રોપ્રિયા કોઝા નો સિદ્ધાંત – કોઈ પણ વ્યક્તિ પોતાના કેસમાં પોતે ન્યાયાધીશ હોઈ શકે નહીં – નામદારને આ તબક્કે પણ સ્વયં રિક્યુઝ થવાની આવશ્યકતા ઊભી કરશે કારણ કે આ દેશના ૧૨૦ અબજ સામાન્ય નાગરિકોની નજરમાં, પ્રસ્તુત કેસ સંપૂર્ણપણે એક એવા કાયદા વિશે છે કે જેના હેઠળ જજીસ કેસમાં નિહિત નિમણૂકની અનન્ય સત્તા છીનવી લેવામાં આવી છે અને એક નિષ્પક્ષ સંસ્થામાં નિહિત કરવામાં આવી છે જે ન્યાયમૂર્તિઓની નારાજગી તરફ દોરી શકે છે અને તેથી, ખુદ સુપ્રિમ કોર્ટ પોતે જ સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂકની સત્તા સાથે સંકળાયેલા કેસનો નિર્ણય કરે તે જાહેર વિશ્વસનીયતા પેદા કરશે નહીં. ત્યારે એ પ્રશ્ન ઊભો થાય છે કે તેનો નિર્ણય કોણ કરી શકે. જરૂરિયાતનો સિદ્ધાંત ખુદ સુપ્રિમ કોર્ટ પોતે જ આ પ્રશ્નનો નિર્ણય કરે તે સિવાય બીજો કોઈ વિકલ્પ છોડતો નથી. પરંતુ તે કિસ્સામાં, તે એવા

ન્યાયમૂર્તિઓ દ્વારા થઈ શકે કે જેઓ આજની તારીખે કોલેજિયમનો ભાગ નથી અથવા, જો આજે એનજેએસીની રચના કરવામાં આવે, તો તેના સભ્ય બની શકે છે. અત્યંત આદર સાથે, માનનીય શ્રી ન્યાયમૂર્તિ દવે કોલેજિયમના સભ્ય છે; જો આજે એનજેએસીની રચના થાય તો નામદારશ્રી તેના સભ્ય બનશે. તેથી, અહીં હિતોનો સ્પષ્ટ ટકરાવ છે.

VII. જનમતસંગ્રહ. ઑસ્ટ્રેલિયામાં, ન્યાયમૂર્તિઓની નિવૃત્તિ વય ૭૦ વર્ષ સુધી મર્યાદિત કરતો એક બંધારણીય સુધારો લાવવામાં આવ્યો હતો. ન્યાયમૂર્તિઓ સદર નિર્ણયની યોગ્યતા નક્કી કરે તેના બદલે, સુધારાની કાયદેસરતા જનમતસંગ્રહ દ્વારા નક્કી કરવા પર છોડી દેવામાં આવી હતી, અને ૮૦% વસ્તીએ સુધારાને સમર્થન આપ્યું હતું. તેથી, પરિકલ્પિત એનજેએસી સ્વીકાર્ય છે કે નહીં તે નક્કી કરી શકે તેવી એકમાત્ર સંસ્થા જનમતસંગ્રહ દ્વારા આ દેશની જનતા છે.

VIII. જજિસ-૨ નો ચુકાદો, જેણે બંધારણનું પુનર્લેખન કર્યું હતું, તે શરૂઆતથી જ શૂન્ય છે. સદર કેસ સામાન્ય જનતાને નોટિસ આપ્યા વિના નક્કી કરવામાં આવ્યો હતો. માત્ર સરકાર અને એડવોકેટ્સ ઓન રેકોર્ડ તેમજ અન્ય થોડા લોકોના મંતવ્યો જ સાંભળવામાં આવ્યા હતા. પ્રસ્તુત કેસમાં, સામાન્ય જનતાને સાંભળવાની તક આપવી જોઈએ; ઓછામાં ઓછું મુખ્ય રાજકીય પક્ષોને, અને આ કેસ બંધારણીય બેન્ચને સંદર્ભિત કરવો જોઈએ. વિદ્વાન એટર્ની જનરલની એ નબળી, બલ્કે ક્ષમાયાચક

દલીલને બાજુ પર રાખીને અધિનિયમોની બંધારણીયતા નક્કી થવી જોઈએ કે અધિનિયમો અમલમાં લાવવામાં આવ્યા છે અને તેમની માન્યતાને પડકારી શકાય નહીં, અને તેઓ આગળ આવીને સ્પષ્ટ શબ્દોમાં એ જણાવવામાં નિષ્ફળ રહ્યા કે અધિનિયમો એ લોકોની ઇચ્છા છે, જે તેમના ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે અને તે પણ કોઈ પણ વિભાજન વિના, સર્વાનુમતે. એડવોકેટ્સ ઓન રેકોર્ડ એસોસિએશનની એ દલીલ કે સદર અધિનિયમોને અમલમાં લાવતા જાહેરનામા પર સ્ટે મૂકવામાં આવે, તે તાત્કાલિક ફગાવી દેવી જોઈએ; તેમજ તેની એ માંગણી પણ કે કોલેજિયમ પ્રણાલી, જેનું અસ્તિત્વ સમાપ્ત થઈ ગયું છે, તેને ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે અને તેની ભલામણ પર હાઇકોર્ટો અને સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓના ગરિમાપૂર્ણ પદ પર નિમણૂકો કરવામાં આવે, કારણ કે તેમ કરવાનો અર્થ એ થશે કે હાઇકોર્ટોના જે ન્યાયમૂર્તિઓ અન્ય લોકોની સરખામણીમા નાની ઉંમરે પસંદગી પામીને નિમણૂક મેળવી હોવાના કારણે હાલમાં મુખ્ય ન્યાયમૂર્તિઓ છે, તેઓની સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓ તરીકે નિમણૂક કરવામાં આવશે અને જો તેમ થવા દેવામાં આવે, તો તે એવી પરિસ્થિતિ તરફ દોરી શકે છે જ્યાં આવતીકાલે સુપ્રિમ કોર્ટ શાબ્દિક રીતે પૂર્વ ન્યાયમૂર્તિઓના પુત્રો અને જમાઈઓથી ભરાઈ જશે. હાઇકોર્ટોના ઓછામાં ઓછા ત્રણ મુખ્ય ન્યાયમૂર્તિઓ એવા છે કે જેઓ સુપ્રિમ કોર્ટના પૂર્વ ન્યાયમૂર્તિઓના પુત્રો છે. અરજદાર કોઈ ગુપ્ત માહિતીથી વાકેફ નથી,

અફવાઓથી પણ નહીં. તેમ છતાં તેઓ માને છે કે જો એનજેએસીના અમલીકરણ પર સ્ટે મૂકવામાં આવે, તો સુપ્રિમ કોર્ટના પૂર્વ ન્યાયમૂર્તિઓના ત્રણ પુત્રોની સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓ તરીકે નિમણૂક થઈ શકે છે. તે ન્યાયમૂર્તિઓમાંથી કોઈની પણ સામે અરજદારને અંગત રીતે કશું જ નથી; આ મુદ્દો કોઈપણ વ્યક્તિ વિશે બિલકુલ નથી. અરજદાર સહર્ષ સ્વીકારે છે, અને તેમ કરવામાં આનંદ થાય છે કે, તેમનામાંથી કેટલાક અત્યંત સક્ષમ છે અને નિમણૂક મેળવવા માટે સંપૂર્ણપણે લાયક છે.

IX. જાહેર રોજગારની બાબતમાં કાયદા સમક્ષ સમાનતા અને કાયદાનું સમાન રક્ષણ. હાઈકોર્ટ અને સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિનું પદ, ભલે ઉચ્ચ બંધારણીય પદ હોય, છતાં તે જાહેર રોજગારના ક્ષેત્રમાં જ છે, જેને ધારણ કરવા માટે દરેક પાત્ર વ્યક્તિને તક આપવી જોઈએ, અને પારદર્શક, ન્યાયી, વાજબી અને બિન-મનસ્વી પ્રણાલીના આધારે તેની પસંદગી થવી જોઈએ. અરજદાર પુનરોચ્ચાર કરે છે કે પોતાના કરતાં વધુ ગુણવાન અન્ય લોકો સાથે સરખામણી કરવામાં આવે ત્યારે નિમણૂક મેળવવા માટે તેઓ કદાચ સૌથી ઓછા લાયક હોઈ શકે છે, પરંતુ હકીકત એ છે કે તેઓ સુધારેલા અનુચ્છેદ ૧૨૪એ અને અનુચ્છેદ ૨૧૭ હેઠળ નિર્ધારિત તમામ મૂળભૂત પાત્રતા માપદંડો પૂર્ણ કરતા હોવાથી, તેઓ આ નામદાર કોર્ટ સમક્ષ એવી ઘોષણા માંગવા માટે હકદાર છે કે ખાલી જગ્યાઓની જાહેરાત

આપીને અથવા તેવી અન્ય કોઈ યોગ્ય વ્યવસ્થા દ્વારા ખુલ્લી પસંદગી કરવામાં આવે.

X. ન્યાયિક સમીક્ષા વિરુદ્ધ લોકશાહી. ન્યાયિક સમીક્ષા માત્ર અન્યાયી કાયદાઓ ઘડાતા અટકાવવા માટે અને જંગી બહુમતી ધરાવતા કાયદા દ્વારા તથા કારોબારીની આપખુદ કાર્યવાહી દ્વારા લઘુમતીઓના અધિકારોનું, પછી ભલે તેઓ ધર્મ, જાતિ કે તેઓ ધરાવતા મંતવ્યોની દ્રષ્ટિએ ગમે તે રંગ/સ્વરૂપના હોય, રક્ષણ કરવા માટે છે. તેનો હેતુ કોઈપણ રીતે જનતાના અવાજના સ્થાને ઉચ્ચ ન્યાયતંત્રનો અવાજ બદલવાનો નથી.

XI. સુધારેલ અનુચ્છેદ ૧૨૪એ માત્ર એક બાબતમાં ખામીયુક્ત છે. તેના હેઠળ વિચારવામાં આવેલું કોલેજિયમ હજુ પણ ઉચ્ચ ન્યાયતંત્રની તરફેણમાં સંપૂર્ણપણે ઝૂકેલું છે. છ સભ્યોમાંથી ત્રણ ન્યાયમૂર્તિઓ છે. તે અર્થમાં તે ન્યાયી અને લોકતાંત્રિક બનવામાં નિષ્ફળ જાય છે. પરંતુ સંસદે પોતાની બુદ્ધિમત્તાથી આવો કાયદો ઘડ્યો છે અને જો કોઈ ફરિયાદ હોય, તો તેનું મંચ લોકમત કેળવવાનું અને વધુ લોકશાહી માંગવાનું છે. અરજદારને હાલમાં તેમાં રસ નથી; ઘડવામાં આવેલા અધિનિયમોથી તેઓ ખુશ છે અને પ્રસ્તુત અરજીમાં તેઓ જે મુખ્ય દાદ માંગે છે તે યોગ્ય જાહેરનામા દ્વારા સદર અધિનિયમોને તાત્કાલિક અમલમાં લાવવાની અને આ નામદાર કોર્ટ દ્વારા તે મતલબનો મેન્ડમસ મેળવવાની છે."

૧૦. જ્યારે ૨૧.૪.૨૦૧૫ ના રોજ પુનર્ગઠિત બેન્ચમાંથી મારા રિક્યુઝલની માંગ કરવામાં આવી, ત્યારે મેં અસંદિગ્ધપણે વ્યક્ત કર્યું હતું કે, મને આ બાબતોની સુનાવણી કરવાની કોઈ ઇચ્છા નથી. છતાં, અનિલ આર. દવે, ન્યાયમૂર્તિના સંદર્ભમાં શ્રી ફલી એસ. નરીમાન દ્વારા લેખિતમાં વ્યક્ત કરાયેલા કારણોને ધ્યાનમાં રાખીને મેં ખુલ્લી કોર્ટમાં જાહેર કર્યું હતું કે, મેં ભારતના માનનીય મુખ્ય ન્યાયમૂર્તિને પહેલેથી જ એક પત્ર મોકલી આપ્યો હતો કે, આ બાબતોનો નિકાલ ન થાય ત્યાં સુધી હું ૧+૪ કોલેજિયમની (જેનો હું એક સભ્ય હતો) કાર્યવાહીમાં ભાગ લઈશ નહીં. તેમ છતાં, વાંધો ચાલુ રાખવામાં આવ્યો હતો. એ નોંધવું જરૂરી છે કે અનિલ આર. દવે, ન્યાયમૂર્તિ આ બાબતોની સુનાવણી શરૂ થઈ તે દિવસથી ૧+૨ કોલેજિયમના તેમજ ૧+૪ કોલેજિયમના સભ્ય હતા. આશ્ચર્યજનક રીતે, તે કારણોસર, તેમના રિક્યુઝલની ક્યારેય માંગ કરવામાં આવી ન હતી, અને જ્યારે તેઓ તે પદ પર હતા (૧૧.૩.૨૦૧૫ થી ૭.૪.૨૦૧૫ સુધી), ત્યારે તેમણે આ બાબતોની સુનાવણી કરવાનું ચાલુ રાખ્યું હતું. પરંતુ હું ૧+૪ કોલેજિયમનો સભ્ય હોવાના કારણે, મારા રિક્યુઝલ માટે અરજ કરવામાં આવી હતી.

૧૧. મારો એ અંગત મત હતો અને આજે પણ છે, જેને હું શ્રી ફલી એસ. નરીમાન પર કે શ્રી મેથ્યુઝ જે. નેદુમપારા પર થોપવા માંગતો નથી કે, પુનર્ગઠિત બેન્ચનું અધ્યક્ષપદ સંભાળવા માટે અનિલ આર. દવે, ન્યાયમૂર્તિ સૌથી વધુ યોગ્ય વ્યક્તિઓમાંના એક હતા. જેમ કે ઉપર નોંધવામાં આવ્યું છે તેમ, તેઓ 'કોલેજિયમ પ્રણાલી' હેઠળ ૧+૨ કોલેજિયમ તેમજ ૧+૪ કોલેજિયમનો એક ભાગ

હતા; તેઓ ૧૩.૪.૨૦૧૫ થી અમલમાં આવેલા બંધારણીય સુધારા હેઠળ 'કમિશન પ્રણાલી' માં, નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશનના હોદ્દાની રૂએ સભ્ય તરીકે એ જ જવાબદારીઓ નિભાવવાનું ચાલુ રાખવાના હતા. તેથી, ન્યાયનિર્ણયની પ્રક્રિયાના અંતે ગમે તે પ્રણાલી ટકી રહે, અનિલ આર. દવે, ન્યાયમૂર્તિ ઉચ્ચ ન્યાયતંત્રના ન્યાયમૂર્તિઓની પસંદગી, નિમણૂક અને બદલીમાં ભાગ લેવાના જ હતા. તેથી, વર્તમાન વિવાદના નિર્ણયથી, આ કે તે કોઈપણ રીતે, તેઓ પ્રભાવિત થવાના ન હતા.

૧૨. બેન્ચમાંથી મારા રિક્યુઝલ માટેની અરજ વરિષ્ઠ એડવોકેટ શ્રી ફલી એસ. નરીમાન દ્વારા લેખિતમાં નીચે મુજબ રજૂ કરવામાં આવી હતી:

> "૮. પ્રસ્તુત કેસમાં પ્રિસાઇડિંગ જજ, (માનનીય શ્રી ન્યાયમૂર્તિ જે.એસ. ખેહર) સેકન્ડ જજિસ કેસ સુપ્રિમ કોર્ટ એડવોકેટ્સ-ઓન-રેકોર્ડ એસો. વિ. યુનિયન ઓફ ઇન્ડિયા, (૧૯૯૩) ૪ એસસીસી ૪૪૧ (જે થર્ડ જજિસ કેસ સ્પેશિયલ રેફરન્સ નં. ૧/૧૯૯૮, રી. (૧૯૯૮) ૭ એસસીસી ૭૩૯ માં ૯ ન્યાયમૂર્તિઓની બેન્ચ દ્વારા સર્વાનુમતે પુનઃપુષ્ટ કરવામાં આવેલ છે) માં નોંધાયેલા ચુકાદાઓના કારણે, હાલમાં પાંચ માનનીય ન્યાયમૂર્તિઓના તે કોલેજિયમના સભ્ય છે કે જે ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયિક નિમણૂકોની ભલામણ કરે છે, જે હવે - જો કાયદેસર હોય તો - કોન્સ્ટીટ્યુશન (નાઇન્ટી-નાઇન્થ એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૧૪ સાથે વંચાણે લેતાં નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન એક્ટ નં. ૪૦/૨૦૧૪ ના નેજા

હેઠળ સ્થાપિત નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશનના દાયરામાં આવશે; પરંતુ આ કાયદાઓની બંધારણીય માન્યતાને આ કાર્યવાહીમાં સીધી રીતે પડકારવામાં આવી છે.

બંધારણીય પડકારના આ કેસોની સુનાવણી કરતી આ બેન્ચ પર પ્રિસાઇડિંગ જજ તરીકેનો તેમનો હોદ્દો 'કોલેજિયમ'ના સભ્ય તરીકેના તેમના હોદ્દા સાથે સુસંગત નથી (અને દેખીતી રીતે પરસ્પર વિરોધી છે); અને તે એવા સ્વરૂપમાં જોવાય તેવી સંભાવના છે; હંમેશા એ ધ્યાનમાં રાખીને કે જો બંધારણીય સુધારો અને તેને સંબંધિત કાયદો બંધારણીય રીતે માન્ય ઠેરવવામાં આવે અને કાયદેસર ગણવામાં આવે, તો વર્તમાન પ્રિસાઇડિંગ જજ હવે કોલેજિયમનો ભાગ રહેશે નહીં - એ સ્વીકારવું જ રહ્યું કે કોલેજિયમ નોંધપાત્ર બંધારણીય સત્તાનો ઉપયોગ કરે છે.

૯. બીજા શબ્દોમાં કહીએ તો, શું માનનીય પ્રિસાઇડિંગ જજ માટે એવી બેન્ચ પર બેસવાનું ચાલુ રાખવું અયોગ્ય ગણાશે કે જે એ બાબત પર ન્યાયનિર્ણય કરે છે કે કોલેજિયમ પ્રણાલી, (જે છેલ્લા બે દાયકાથી અમલમાં છે અને (રીટ પિટિશનોમાં) બંધારણના મૂળભૂત માળખાનો એક ભાગ હોવાનું જણાવાયું છે), ચાલુ રહેવી જોઈએ કે ન રહેવી જોઈએ. લોકોના મનમાં એવી છાપ ઊભી થશે કે જો કોલેજિયમના સીટિંગ સભ્ય તેને બદલવા માંગતી યોજના પર ચુકાદો આપવા બેસે, તો તે અયોગ્ય નહીં તો અન્યાયી તો છે જ. આ એ વિચારણા સિવાયની બાબત છે કે

આખરે ચુકાદો અમાન્ય કે શૂન્ય જાહેર થાય છે (કે નથી થતો): પછી ભલે તે પ્રથમ દ્રષ્ટિએ હોય અથવા પુનઃવિચારણા દ્વારા કે ક્યુરેટિવ પિટિશનમાં હોય."

મારા રિક્યુઝલ માટેની ઉપરોક્ત અરજને અરજદાર જાતે શ્રી મેથ્યુઝ જે. નેદુમપારા દ્વારા લેખિતમાં નીચે મુજબ સમર્થન આપવામાં આવ્યું હતું:

" ..... માનનીય શ્રી ન્યાયમૂર્તિ જે.એસ. ખેહર, પ્રિસાઈડિંગ જજ, કે જેમના પ્રત્યે અરજદાર ખૂબ આદર અને સન્માન ધરાવે છે, એક એવા ન્યાયમૂર્તિ કે જેઓ પોતાની સચ્ચાઈ, નિષ્પક્ષતા અને વિદ્વત્તા માટે જાણીતા છે, અરજદારને કહેતા સંકોચ થાય છે કે, તેમણે કોન્સ્ટીટ્યુશન (નાઈન્ટી-નાઈન્થ એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૧૪ અને નેશનલ જ્યુડિશિયલ એપોઈન્ટમેન્ટ્સ કમિશન એક્ટ, ૨૦૧૪ (સંક્ષિપ્તમાં "સદર અધિનિયમો") ની બંધારણીય માન્યતા કે અન્ય બાબતો નક્કી કરતી બંધારણીય બેન્ચનું અધ્યક્ષપદ સંભાળવું જોઈએ નહીં. જો આ નામદાર કોર્ટ સદર અધિનિયમોને ગેરબંધારણીય ઠેરવે અથવા સદર અધિનિયમોના અમલ પર સ્ટે મૂકે તો નામદાર ન્યાયમૂર્તિ કોલેજિયમના સભ્ય બનશે, કારણ કે જો અધિનિયમોના અમલ પર સ્ટે મૂકવામાં આવે, તો એવો અર્થ થવાની શક્યતા છે કે આવા સ્ટે હુકમના આધારે કોલેજિયમ પ્રણાલી અમલમાં ચાલુ રહે છે. જોકે માનનીય શ્રી ન્યાયમૂર્તિ જે.એસ. ખેહર નેશનલ જ્યુડિશિયલ એપોઈન્ટમેન્ટ્સ કમિશનના સભ્ય નથી, કારણ કે, જો આજે

એનજેએસીની રચના કરવામાં આવે, તો તેમાં ભારતના માનનીય મુખ્ય ન્યાયમૂર્તિ અને આ નામદાર કોર્ટના બે સૌથી વરિષ્ઠ ન્યાયમૂર્તિઓનો સમાવેશ થશે. ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ માનનીય શ્રી એચ.એલ. દત્તુની નિવૃત્તિ સાથે, નામદાર માનનીય શ્રી ન્યાયમૂર્તિ જે.એસ. ખેહર કોલેજિયમના સભ્ય બનશે. તેથી, એક સામાન્ય માણસ, બલ્કે એક માહિતગાર દર્શક - એક એવી અભિવ્યક્તિ કે જેને ન્યાયિક રિક્યુઝલના પ્રશ્ન પર આ નામદાર કોર્ટ દ્વારા સ્વીકૃતિ મળી છે - તે એવું માનશે કે જો માનનીય શ્રી ન્યાયમૂર્તિ જે.એસ. ખેહરના વડપણ હેઠળની આ નામદાર કોર્ટની બેન્ચ ઉપરોક્ત કેસની સુનાવણી કરે, તો ન્યાય થયો ન ગણાય. ઓછા માહિતગાર દર્શક, સામાન્ય માણસ, આમ આદમી માટે, ઉપરોક્ત અધિનિયમોને પડકારતી રીટ પિટિશનોની આ નામદાર કોર્ટ દ્વારા સુનાવણી થવી એ હંસના મુકદ્દમામાં જ્યુરી તરીકે શિયાળ હોવા સિવાય બીજું કંઈ નથી. અરજદાર માને છે કે નામદાર ન્યાયમૂર્તિ ખેહરનું ઉમદા હૃદય અજાણતાં જ અચેતન, અર્ધચેતન, સુપ્ત પૂર્વગ્રહથી પ્રભાવિત થઈ શકે છે, કારણ કે નામદાર ન્યાયમૂર્તિ પોતે હિતોના સંઘર્ષની સ્થિતિમાં મુકાઈ ગયા છે.

૩. કોલેજિયમ અને સરકાર, બલ્કે કારોબારી વચ્ચે ન્યાયમૂર્તિઓની નિમણૂકની સત્તા સાથે સંકળાયેલા કેસની સુનાવણી આ નામદાર કોર્ટ ખુદ કરે, તે જાહેર જનતામાં કોઈ વિશ્વાસ પેદા કરશે નહીં, સિવાય કે નિયુક્ત વરિષ્ઠ વકીલો, જેઓ કોલેજિયમ પ્રણાલીને સમર્થન આપતા

જણાય છે. દંતકથા સમાન ન્યાયમૂર્તિ કૃષ્ણ ઐયર - જેઓ માનતા હતા કે ઉચ્ચ ન્યાયતંત્ર અને ખાસ કરીને સુપ્રિમ કોર્ટ સામાન્ય માણસની પહોંચ બહાર છે - તેમના શબ્દપ્રયોગને ઉછીનો લઈએ તો, જે સામાન્ય વકીલો સાથે વારંવાર અન્યાયી વર્તન કરવામાં આવે છે તેમનામાં તેમજ સામાન્ય પક્ષકારો, દરિદ્ર નારાયણોમાં કોલેજિયમ પ્રણાલી કોઈ વિશ્વાસ ધરાવતી નથી. સામાન્ય વકીલ માટે સુપ્રિમ કોર્ટ પરિસરમાં પ્રવેશ મેળવવો પણ મુશ્કેલ બને છે. આ એક કઠોર વાસ્તવિકતા છે, જોકે ઘણા લોકો તેના તરફ આંખ આડા કાન કરવાનો ઢોંગ કરવાનું પસંદ કરે છે. તેથી, અરજદાર અત્યંત આદર સાથે, આ નામદાર કોર્ટના અને સાથોસાથ આ નામદાર કોર્ટના માનનીય પ્રિસાઇડિંગ જજના ગૌરવનું શાબ્દિક રીતે પૂજન કરતાં, સંપૂર્ણ નમ્રતાપૂર્વક અને જો આ રજૂઆત કરવામાં અરજદારથી કોઈ ભૂલ થઈ હોય તો ક્ષમાયાચના સાથે, ઉપરોક્ત કેસની સુનાવણીમાંથી માનનીય શ્રી ન્યાયમૂર્તિ જે.એસ. ખેહર રિક્યુઝ થાય તેવી માંગ કરે છે."

૧૩. પુનર્ગઠિત બેન્ચની અધ્યક્ષતા કરતા ન્યાયમૂર્તિ તરીકે, મેં મારી જાતને એક અજીબ વિષમ પરિસ્થિતિમાં જોઈ. આ બાબતોની સુનાવણીમાં ભાગ લેવાની મારી કોઈ અંગત ઇચ્છા નહોતી. ભારતના માનનીય મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા તેના પર મારા નામાંકનને કારણે હું બેન્ચનો એક ભાગ હતો. શ્રી ફલી એસ. નરીમન, જેમના પ્રત્યે હું ખૂબ આદર ધરાવું છું, તેમના કહેવાથી બેન્ચમાંથી મારા રિક્યુઝલ માટે બીજી વાર વિચારવાની જરૂર નહોતી. એવું નથી કે શ્રી મેથ્યુઝ જે. નેદુમપારા દ્વારા કરવામાં આવેલી અરજ બિનમહત્વપૂર્ણ હતી.

૧૪. પરંતુ ત્યારે, આ એવો બીજો પ્રસંગ હતો જ્યારે કોઈ બાબતની કાર્યવાહી મુલતવી રાખવામાં આવી હોત, માત્ર એટલા માટે કે, ભારતના માનનીય મુખ્ય ન્યાયમૂર્તિએ, પ્રથમ તબક્કે, બેન્ચમાં અનિલ આર. દવે, ન્યાયમૂર્તિને નામાંકિત કર્યા હતા, અને ત્યારપછી, બેન્ચમાં મને નામાંકિત કરીને તેમના સ્થાને મારી બદલી કરી હતી. તેથી એવું અનુભવાયું કે, વિદ્વાન કાઉન્સેલને સાંભળ્યા પછી, ઓછામાં ઓછું ભારતના માનનીય મુખ્ય ન્યાયમૂર્તિના માર્ગદર્શન માટે કારણો નોંધવા જોઈએ, જેથી નામદાર બેન્ચમાં બીજું કોઈ એવું નામાંકન ન કરે, જેની સામે તે જ રીતે વાંધો ઉઠાવવામાં આવે. આની સાથે, શ્રી મુકુલ રોહતગી, શ્રી હરીશ એન. સાલ્વે અને શ્રી કે. કે. વેણુગોપાલ દ્વારા રજૂ કરાયેલી દલીલો, કે પરિમાણો નિર્ધારિત કરવા જોઈએ, તેને કારણે રિક્યુઝલના મુદ્દા પર સુનાવણી હાથ ધરવામાં આવી.

૧૫. વિદ્વાન કાઉન્સેલ દ્વારા રજૂ કરવામાં આવેલી રજૂઆતોના આધારે, બેન્ચે એ અરજની તપાસ કરી કે, હું ૧+૪ કોલેજિયમનો સભ્ય હોવા છતાં, શું મારે પુનર્ગઠિત બેન્ચ પર રહેવું જોઈએ કે કેમ. બેન્ચે સર્વાનુમતે તારણ કાઢ્યું કે, મારા માટે આ બાબતોની સુનાવણીમાંથી રિક્યુઝ થવા માટે હિતોનો કોઈ ટકરાવ નહોતો, અને કાયદામાં અન્ય કોઈ વ્યાજબી કારણ નહોતું. ૨૨.૪.૨૦૧૫ ના રોજ, બેન્ચે નીચે મુજબનો સંક્ષિપ્ત હુકમ પસાર કર્યો, જે જે. ચેલમેશ્વર, ન્યાયમૂર્તિ દ્વારા જાહેર કરવામાં આવ્યો હતો:

"અરજદારો દ્વારા એક પ્રાથમિક વાંધો ઉઠાવવામાં આવ્યો હતો કે, શું આ કોર્ટના ચોથા સૌથી વરિષ્ઠ ન્યાયમૂર્તિ હોવાના નાતે, જેઓ કોલેજિયમના સભ્ય પણ છે, ન્યાયમૂર્તિ જગદીશ સિંઘ ખેહરે આ બેન્ચની અધ્યક્ષતા કરવી જોઈએ. અરજદારો અને સામાવાળાઓ તરફના વિદ્વાન કાઉન્સેલ દ્વારા વિસ્તૃત રજૂઆતો કરવામાં આવી હતી. તમામ વિદ્વાન કાઉન્સેલને સાંભળ્યા પછી, અમારો સર્વાનુમત અભિપ્રાય છે કે અમને કાયદામાં એવું કોઈ કારણ જણાતું નથી જેના આધારે ન્યાયમૂર્તિ જગદીશ સિંઘ ખેહરે આ બાબતની સુનાવણીમાંથી પોતાની જાતને રિક્યુઝ કરવી જરૂરી બને. કારણો હવે પછી આપવામાં આવશે."

૧૬. હુકમ જાહેર થયા પછી, મેં બેન્ચ પરના મારા સાથીઓને જણાવ્યું કે, મારે બેન્ચ પર રહેવું જોઈએ કે નહીં તે અંગે હું હજુ પણ અનિર્ણિત હતો, કારણ કે હું રિક્યુઝ થવાનો વિચાર કરી રહ્યો હતો, કેમ કે તે મતલબની એક અરજ કોર્ટ સમક્ષ ખુલ્લેઆમ કરવામાં આવી હતી. બેન્ચ પરના મારા સાથીઓ આ વાત જરાય સ્વીકારવા તૈયાર નહોતા. તેઓ તેમના વિરોધમાં સ્પષ્ટ હતા.

૧૭. ઉપર નોંધાયેલી વાસ્તવિક સ્થિતિ હોવા છતાં, હું એ નોંધવા માંગુ છું કે, તેમની સમજાવટ કે આગ્રહને કારણે મેં આ બાબતે અંતિમ નિર્ણય લીધો નહોતો. પુનર્ગઠિત બેન્ચના સભ્ય તરીકે ચાલુ રહેવાનો નિર્ણય મારો, અને માત્ર મારો જ હતો. મેં જે પસંદગી કરી, તે હૃદયની નહોતી, પરંતુ મનની હતી. મારી જાતને બે પ્રશ્નો પૂછીને આ પસંદગી કરવામાં આવી હતી. પ્રથમ, શું કોઈ

બાબતની સુનાવણી કરતા ન્યાયમૂર્તિએ રિક્યુઝ થવું જોઈએ, ભલે રિક્યુઝલ માટેની અરજ ગેરવાજબી અને અયોગ્ય જણાય? બીજું, જો હું બાબતોની સુનાવણીમાંથી રિક્યુઝ થઈ જાઉં, તો શું હું મારા હોદ્દાના શપથ પ્રત્યે વફાદાર રહી શકીશ?

૧૮. મારું રિક્યુઝલ માંગવા માટે મારી વિરુદ્ધ જે કારણ દર્શાવવામાં આવ્યું હતું તે એ હતું કે, હું ૧+૪ કોલેજિયમનો એક ભાગ હતો. પરંતુ તે બાબત, અનિલ આર. દવે, ન્યાયમૂર્તિ માટે પણ ગેરલાયકાત હોવી જોઈતી હતી. પણ જ્યારે તેમણે બાબતોની સુનાવણી શરૂ કરી, અને ૭.૪.૨૦૧૫ સુધી, તેઓ આ જ કથિત ગેરલાયકાત ધરાવતા હતા. છતાં, મારી સામે ઉઠાવવામાં આવેલો વાંધો, તેમની સામે ઉઠાવવામાં આવ્યો નહોતો. જ્યારે પૂછવામાં આવ્યું, ત્યારે શ્રી ફલી એસ. નરીમને ભારપૂર્વક વિરોધ કર્યો કે, તેમણે અનિલ આર. દવે, ન્યાયમૂર્તિનું રિક્યુઝલ માંગ્યું નહોતું. તેમણે પોતાના દાવાને પુરાવા સાથે સમર્થન આપ્યું. આશ્ચર્ય થાય છે કે, તેમણે અનિલ આર. દવે, ન્યાયમૂર્તિનું રિક્યુઝલ કેમ ન માંગ્યું? એ હકીકત વિશે કોઈ શંકા નથી કે, હું ૧+૪ કોલેજિયમનો સભ્ય રહ્યો છું, અને જો અરજદારો દ્વારા ઉઠાવવામાં આવેલો વર્તમાન પડકાર સફળ ન થાય, તો એવી શક્યતા છે કે હું ટૂંક સમયમાં એનજેએસીનો પણ સભ્ય બનીશ. તેથી પ્રક્રિયા ગમે તે પ્રચલિત રહે, હું પસંદગી પ્રક્રિયાનો ભાગ બની રહીશ. જોકે, (આ પાંચ-ન્યાયમૂર્તિઓની બેન્ચ પર) અમારા ચારના સંદર્ભમાં આ જ સ્થિતિ છે. મારા સિવાય, બેન્ચ પરના મારા સાથીઓ - જે. ચેલમેશ્વર, મદન બી. લોકુર અને કુરિયન જોસેફ, ન્યાયમૂર્તિઓ પણ સમય જતાં કોલેજિયમનો ભાગ બનશે (જો

આ કોર્ટ સમક્ષના રીટ-અરજદારો સફળ થાય તો), અથવા વૈકલ્પિક રીતે, એનજેએસીનો ભાગ બનશે (જો રીટ-અરજદારો નિષ્ફળ જાય તો). આવી સ્થિતિમાં, હિતોના ટકરાવનો દાવો માત્ર મારી સામે જ નહીં, પરંતુ મારા ત્રણ સાથીઓ સામે પણ ઉઠાવવો જોઈતો હતો. પરંતુ, એ રીતે આ મુદ્દો રજૂ કરવામાં આવ્યો નહોતો. મારા સુવિચારિત મતે, મારા રિક્યુઝલ માટેની અરજ યોગ્ય આધાર ધરાવતી નથી. જો હું મારા રિક્યુઝલ માટેની અરજ સ્વીકારી લઉં, તો હું એક ખોટી પ્રથા શરૂ કરીશ, અને એક ખોટો દાખલો બેસાડીશ. કોઈ ન્યાયમૂર્તિ મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા પોતાને સોંપવામાં આવેલા કેસમાંથી પોતાની મેળે રિક્યુઝ થઈ શકે છે. તે તેમની પોતાની પસંદગીની બાબત રહેશે. પરંતુ કોઈ દાવો કરનાર પક્ષકારના કહેવાથી રિક્યુઝલ, જ્યાં સુધી તે વાજબી ન હોય, ક્યારેય સ્વીકારવું જોઈએ નહીં. કારણ કે તેનાથી એવી છાપ પડશે કે ન્યાયમૂર્તિ માત્ર વાંધાના જોરે જ કેસમાંથી ડરી ગયા હતા. કોઈ ન્યાયમૂર્તિ પોતાનો હોદ્દો સંભાળતા પહેલાં, કોઈપણ ડર કે પક્ષપાત વિના પોતાની ફરજો બજાવવાના શપથ લે છે. જો તેઓ રિક્યુઝલ માટેની અરજ સ્વીકારે, જ્યાં સુધી તે વાજબી ન હોય, તો તેઓ પોતાના હોદ્દાના શપથનો ભંગ કરશે. સંપૂર્ણ નિષ્ઠા અને પ્રમાણિકતા સાથે મારી જવાબદારી નિભાવવી એ મારી ફરજ છે. બંધારણ અને કાયદાઓનું રક્ષણ કરવા માટે, મારા હોદ્દાના શપથનું પાલન કરવું એ મારી ફરજ છે. બેન્ચના એક ભાગ તરીકે ચાલુ રહેવાનો મારો નિર્ણય, આ કોર્ટમાં મારી બઢતી વખતે મેં લીધેલા શપથમાંથી ઉદ્ભવે છે.

રેફરન્સ હુકમ

I. પડકાર:

૧. કેસોના વર્તમાન સમૂહમાં વિચારણા માટે ઉપસ્થિત થયેલો પ્રશ્ન, કોન્સ્ટીટ્યુશન (નાઇન્ટી-નાઇન્થ એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૧૪ (જે હવે પછી કોન્સ્ટીટ્યુશન (૯૯મો સુધારો) એક્ટ તરીકે ઉલ્લેખિત છે) ની, તેમજ નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન એક્ટ, ૨૦૧૪ (જે હવે પછી એનજેએસી એક્ટ તરીકે ઉલ્લેખિત છે) ની બંધારણીય માન્યતાને લગતો છે.

૨. વિવાદના ગુણદોષ પરની સુનાવણી દરમિયાન, જે ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂક (એટલે કે હાઇકોર્ટો અને સુપ્રિમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિઓ અને ન્યાયમૂર્તિઓ), અને એક હાઇકોર્ટમાંથી બીજી હાઇકોર્ટમાં મુખ્ય ન્યાયમૂર્તિઓ અને ન્યાયમૂર્તિઓની બદલીને લગતો છે, તે દરમિયાન એ બાબત સામે આવી કે સામાવાળાઓ તરફના વિદ્વાન કાઉન્સેલ અન્ય બાબતોની સાથે સાથે એસ.પી. ગુપ્તા વિ. યુનિયન ઓફ ઇન્ડિયા૧ (જે હવે પછી ફર્સ્ટ જજિસ કેસ તરીકે ઉલ્લેખિત છે) માં આપવામાં આવેલા ચુકાદા પર આધાર રાખી રહ્યા હતા; જ્યારે કે, અરજદારો તરફના વિદ્વાન કાઉન્સેલ અન્ય બાબતોની સાથે સાથે સુપ્રિમ કોર્ટ એડવોકેટ્સ-ઓન-રેકોર્ડ એસોસિએશન વિ. યુનિયન ઓફ ઇન્ડિયા૨ (જે હવે પછી સેકન્ડ જજિસ કેસ તરીકે ઉલ્લેખિત છે) ના ચુકાદા પર, અને ઇન રી: સ્પેશિયલ રેફરન્સ નં. ૧/૧૯૯૮૩ (જે હવે પછી થર્ડ જજિસ કેસ તરીકે ઉલ્લેખિત છે) ના ચુકાદા પર આધાર રાખી રહ્યા હતા.

૩. સ્વતઃ રીતે, ફર્સ્ટ જજિસ કેસના ચુકાદા પર આધાર રાખવા અંગે સામાવાળાઓ તરફના વિદ્વાન કાઉન્સેલ દ્વારા અપનાવવામાં આવેલું વલણ તેમના માટે ઉપલબ્ધ નહોતું. આ એ સરળ કારણસર કે, ફર્સ્ટ જજિસ કેસમાં આપવામાં આવેલો ચુકાદો, સેકન્ડ જજિસ કેસમાં મોટી બેન્ચ દ્વારા ઉલટાવી દેવામાં આવ્યો હતો. અને તદુપરાંત, સેકન્ડ જજિસ કેસમાં જાહેર કરાયેલ કાયદાના વિવેચનને, થર્ડ જજિસ કેસ દ્વારા પુનઃપુષ્ટ કરવામાં આવ્યું હતું.

૪. એ ધ્યાનમાં રાખીને કે, સામાવાળાઓ દ્વારા અપનાવવામાં આવેલું વલણ કાયદેસર રીતે અનુમતિપાત્ર નહોતું, એટર્ની જનરલ, સોલિસિટર જનરલ અને સામાવાળાઓનું પ્રતિનિધિત્વ કરતા અન્ય વિદ્વાન કાઉન્સેલે, તેમના માટે ઉપલબ્ધ એકમાત્ર માર્ગ અપનાવ્યો, અર્થાત્ સેકન્ડ અને થર્ડ જજિસ કેસોમાં આ કોર્ટ દ્વારા આપવામાં આવેલા નિર્ણયોની પુનર્વિચારણા માંગવી. ઉપરોક્ત ઉદ્દેશ્ય માટે એવો દાવો કરવામાં આવ્યો હતો કે, જ્યારે સેકન્ડ જજિસ કેસમાં ઉપસ્થિત થયેલા વિવાદ પર ચર્ચા કરવામાં આવી હતી, ત્યારે આ બાબતના વિવિધ મહત્વપૂર્ણ પાસાઓ આ કોર્ટના ધ્યાને લાવવામાં આવ્યા નહોતા. એવી દલીલ કરવામાં આવી હતી કે, જો સેકન્ડ જજિસ કેસમાં ઉપસ્થિત વિવાદની સાચા પરિપ્રેક્ષ્યમાં તપાસ કરવામાં આવી હોત, તો આ કોર્ટે બહુમતી દ્વારા તેમાં વ્યક્ત કરાયેલા તારણો નોંધ્યા ન હોત. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, જ્યાં સુધી સામાવાળાઓને સેકન્ડ અને થર્ડ જજિસ કેસોમાં આપવામાં આવેલા ચુકાદાઓની અસ્વીકાર્યતાના સંદર્ભમાં તેમની રજૂઆતો રજૂ કરવાની મંજૂરી

આપવામાં ન આવે, ત્યાં સુધી આ કોર્ટ માટે સદર ચુકાદાઓ પર આધાર રાખીને વર્તમાન વિવાદનો નિકાલ કરવો બાબતોની યોગ્યતામાં રહેશે નહીં.

૫. ચર્ચા હેઠળના વિવાદના મહત્વ અને સંવેદનશીલતાને ધ્યાનમાં રાખીને, તેમજ સેકન્ડ અને થર્ડ જજિસ કેસોમાં આ કોર્ટ દ્વારા આપવામાં આવેલા ચુકાદાઓની પુનઃતપાસ માટે સામાવાળાઓનું પ્રતિનિધિત્વ કરતા વિદ્વાન કાઉન્સેલે જે તીવ્રતાથી દબાણપૂર્વક રજૂઆત કરી હતી તેને પણ ધ્યાનમાં રાખીને, અમે તેમને તેમના દાવાઓના આધારની વિગતવાર રજૂઆત કરવાની પરવાનગી આપી.

૬. આ કોર્ટ દ્વારા સેકન્ડ અને થર્ડ જજિસ કેસોમાં આપવામાં આવેલા ચુકાદાઓ પર પુનર્વિચારણા કરવાની જરૂર હતી કે કેમ તે મુદ્દા પર આગળ વધતાં પહેલાં, અમે સૌ પ્રથમ એ નક્કી કરવાનો પ્રસ્તાવ મૂકીએ છીએ કે આ કોર્ટ દ્વારા નિર્ધારિત તકનીકી પરિમાણોને ધ્યાનમાં રાખીને, આ કેસના વિશિષ્ટ તથ્યો અને સંજોગોમાં, અમારા માટે આ કાર્ય હાથ ધરવું વાજબી રહેશે કે નહીં. જો અમે નકારાત્મક નિષ્કર્ષ પર આવીએ, અને ઠેરવીએ કે બંને ચુકાદાઓની પુનર્વિચારણા માંગતી અરજ વાજબી નહોતી, તો તે આ બાબત પર પૂર્ણવિરામ મૂકી દેશે. જોકે, સામાવાળાઓ વતી રજૂ કરવામાં આવેલી દરખાસ્ત સ્વીકારવામાં ન આવે તો પણ, અમે હજુ પણ તેમના વતી રજૂ કરવામાં આવેલી દલીલોની તપાસ કરીશું, કારણ કે આવી અત્યંત મહત્વપૂર્ણ અને સંવેદનશીલ બાબતમાં, માત્ર ટેકનિકલ કારણોસર પુનર્વિચારણા માટેની અરજ ફગાવી દેવી યોગ્ય ન

ગણાય. ત્યારબાદ અમે એ નક્કી કરવાનો પ્રયાસ કરીશું કે, સામાવાળાઓ તરફથી રજૂ કરવામાં આવેલી દલીલો, સેકન્ડ અને થર્ડ જજિસ કેસોમાં નોંધાયેલા તારણોની પુનર્વિચારણા માટે સ્પષ્ટ અને અનિવાર્ય કારણો દર્શાવે છે કે કેમ. અમે એ તપાસવાનો પણ પ્રયાસ કરીશું કે, શું સામાવાળાઓ પ્રથમદર્શી રીતે એ દર્શાવવામાં સક્ષમ રહ્યા છે કે અગાઉના ચુકાદાઓને સ્પષ્ટપણે ભૂલભરેલા ગણી શકાય. આવા પ્રાથમિક ન્યાયનિર્ણય માટે, અમને સંતોષ છે કે હાલની બેન્ચનું સંખ્યાબળ અનુચ્છેદ ૧૪૫(૩) હેઠળના પરંતુકમાં વ્યક્ત કરાયેલી નિર્ધારિત જરૂરિયાતને સંતોષે છે.

૭. ઉપરોક્ત તપાસના પરિણામે, જો એવું દર્શાવવામાં આવે કે સેકન્ડ અને થર્ડ જજિસ કેસોમાં આપવામાં આવેલા ચુકાદાઓ પર પ્રથમદર્શી રીતે પુનર્વિચારણા જરૂરી છે, તો પછી અમે ઉપરોક્ત બંને ચુકાદાઓ પૈકી કોઈ પર પણ આધાર રાખવાની અરજદારોને પરવાનગી આપ્યા વિના, મુખ્ય વિવાદના ગુણદોષ પર ઊંડાણપૂર્વક વિચારણા કરીશું.

૮. જો અમે મુખ્ય વિવાદના સંદર્ભમાં ગુણદોષના આધારે અરજદારો તરફથી રજૂ કરવામાં આવેલી દલીલો સ્વીકારતા નથી, તો તે પણ એક અર્થમાં બાબતનો અંત લાવશે, કારણ કે સેકન્ડ અને થર્ડ જજિસ કેસો દ્વારા સંચાલિત અગાઉની વ્યવસ્થા ભૂતકાળની એક ઐતિહાસિક ઘટના બની જશે, કેમ કે એનજેએસી એક્ટ સાથે વાદગ્રસ્ત કોન્સ્ટીટ્યુશન (૯૯મો સુધારો) એક્ટ હેઠળ વિચારવામાં આવેલી નવી યોજના અગાઉની વ્યવસ્થાનું સ્થાન લેશે. ઉપરોક્ત

સંજોગોમાં, સેકન્ડ અને થર્ડ જજિસ કેસોની પુનઃતપાસનો પ્રશ્ન માત્ર સૈદ્ધાંતિક બની રહેશે, અને તેથી બિનજરૂરી બની જશે.

૯. જોકે, જો અમે અરજદારો તરફના વિદ્વાન કાઉન્સેલ દ્વારા રજૂ કરવામાં આવેલી દલીલો સ્વીકારીએ, જેના પરિણામે અગાઉની પ્રક્રિયા પુનર્જીવિત થાય, અને સાથોસાથ સામાવાળાઓની તરફેણમાં એવું તારણ કાઢીએ કે સેકન્ડ અને થર્ડ જજિસ કેસો પર પુનર્વિચારણા જરૂરી છે, તો અમે આ બાબત નવ-ન્યાયમૂર્તિઓની બેન્ચ (અથવા તેનાથી પણ મોટી

બેન્ચ) સમક્ષ, સેકન્ડ અને થર્ડ જજિસ કેસોમાં આપવામાં આવેલા ચુકાદાઓની પુનઃતપાસ માટે સંદર્ભિત કરવા બંધાયેલા રહીશું.

II. પડકારની પૃષ્ઠભૂમિ:

૧૦. ભારતની સુપ્રિમ કોર્ટ અને રાજ્યોની હાઇકોર્ટોના ન્યાયમૂર્તિઓની નિમણૂક અનુક્રમે અનુચ્છેદ ૧૨૪ અને ૨૧૭ હેઠળ કરવામાં આવે છે. હાઇકોર્ટો માટે અધિક ન્યાયમૂર્તિઓ અને કાર્યકારી ન્યાયમૂર્તિઓની નિમણૂક અનુચ્છેદ ૨૨૪ અને ૨૨૪એ હેઠળ કરવામાં આવે છે. એક હાઇકોર્ટમાંથી બીજી હાઇકોર્ટમાં હાઇકોર્ટના ન્યાયમૂર્તિઓ અને મુખ્ય ન્યાયમૂર્તિઓની બદલી અનુચ્છેદ ૨૨૨ હેઠળ કરવામાં આવે છે. હાલના વિવાદ માટે, મૂળ અનુચ્છેદ ૧૨૪ અને ૨૧૭ નીચે મુજબ ટાંકવા આવશ્યક છે:

"૧૨૪. સુપ્રિમ કોર્ટની સ્થાપના અને રચના. (૧) ભારતના એક મુખ્ય ન્યાયમૂર્તિ અને, સંસદ કાયદા દ્વારા વધુ સંખ્યા નિયત ન કરે ત્યાં સુધી, સાતથી વધુ નહીં તેટલા અન્ય ન્યાયમૂર્તિઓની બનેલી ભારતની એક સુપ્રિમ કોર્ટ રહેશે.

(૨) સુપ્રિમ કોર્ટના દરેક ન્યાયમૂર્તિની નિમણૂક, તે હેતુ માટે રાષ્ટ્રપતિને જરૂરી જણાય તેવા સુપ્રિમ કોર્ટના અને રાજ્યોની હાઇકોર્ટોના ન્યાયમૂર્તિઓ સાથે વિચાર-વિમર્શ કર્યા પછી, રાષ્ટ્રપતિ દ્વારા પોતાના હસ્તાક્ષર અને મુદ્રા સહિતના અધિકારપત્ર દ્વારા કરવામાં આવશે અને તેઓ પાંસઠ વર્ષની વય પ્રાપ્ત કરે ત્યાં સુધી હોદ્દો ધરાવશે:

પરંતુ મુખ્ય ન્યાયમૂર્તિ સિવાયના અન્ય ન્યાયમૂર્તિની નિમણૂકના કિસ્સામાં, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે હંમેશા વિચાર-વિમર્શ કરવામાં આવશે:

વધુમાં પરંતુ-(એ) ન્યાયમૂર્તિ, રાષ્ટ્રપતિને સંબોધિત પોતાના હસ્તાક્ષરવાળા લખાણ દ્વારા, પોતાના હોદ્દાનું રાજીનામું આપી શકશે;

(બી) ન્યાયમૂર્તિને કલમ (૪) માં જોગવાઈ કર્યા મુજબની રીતે તેમના હોદ્દા પરથી દૂર કરી શકાશે.

(૨એ) સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિની વય, સંસદ કાયદા દ્વારા જોગવાઈ કરે તેવા સત્તાધિકારી દ્વારા અને તેવી રીતે નક્કી કરવામાં આવશે.

(૩) કોઈ વ્યક્તિ સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક માટે લાયક ગણાશે નહીં સિવાય કે તે ભારતનો નાગરિક હોય અને-(એ) ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી હાઇકોર્ટના અથવા ઉપરાઉપરી એવી બે કે તેથી વધુ કોર્ટોના ન્યાયમૂર્તિ રહ્યા હોય; અથવા

(બી) ઓછામાં ઓછા દસ વર્ષ સુધી હાઇકોર્ટના અથવા ઉપરાઉપરી એવી બે કે તેથી વધુ કોર્ટોના એડવોકેટ રહ્યા હોય; અથવા

(સી) રાષ્ટ્રપતિના મતે, પ્રતિષ્ઠિત ન્યાયશાસ્ત્રી હોય.

સ્પષ્ટીકરણ ૧.- આ કલમમાં "હાઇકોર્ટ" એટલે એવી હાઇકોર્ટ કે જે ભારતના રાજ્યક્ષેત્રના કોઈપણ ભાગમાં હકૂમત ભોગવે છે, અથવા આ બંધારણના પ્રારંભ પહેલાં કોઈપણ સમયે ભોગવતી હતી.

સ્પષ્ટીકરણ ૨.- આ કલમના હેતુ માટે કોઈ વ્યક્તિ એડવોકેટ રહી હોય તે સમયગાળાની ગણતરી કરવામાં, તે વ્યક્તિ એડવોકેટ બન્યા પછી ડિસ્ટ્રિક્ટ જજ (જિલ્લા ન્યાયાધીશ) થી ઊતરતા દરજ્જાનો ન હોય તેવો ન્યાયિક હોદ્દો ધરાવતી રહી હોય તે કોઈપણ સમયગાળો સામેલ કરવામાં આવશે.

(૪) સુપ્રિમ કોર્ટના કોઈ ન્યાયમૂર્તિને તેમના હોદ્દા પરથી, સંસદના દરેક ગૃહ દ્વારા તે ગૃહની કુલ સભ્ય સંખ્યાની બહુમતીથી અને હાજર રહીને મતદાન કરતા તે ગૃહના સભ્યોની ઓછામાં ઓછી બે-તૃતીયાંશ

બહુમતીથી સમર્થિત સંબોધન તે જ સત્રમાં રાષ્ટ્રપતિ સમક્ષ રજૂ કરવામાં આવ્યા પછી પસાર કરાયેલા રાષ્ટ્રપતિના આદેશ સિવાય, આવા સાબિત થયેલી ગેરવર્તણૂક અથવા અસમર્થતાના કારણોસર દૂર કરી શકાશે નહીં.

(૫) સંસદ કાયદા દ્વારા, સંબોધન રજૂ કરવાની તેમજ કલમ (૪) હેઠળ ન્યાયમૂર્તિની ગેરવર્તણૂક અથવા અસમર્થતાની તપાસ અને સાબિતી માટેની કાર્યપદ્ધતિનું નિયમન કરી શકશે.

(૬) સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ તરીકે નિમાયેલી દરેક વ્યક્તિએ, પોતાના હોદ્દામાં પ્રવેશ કરતા પહેલાં, ત્રીજી અનુસૂચિમાં તે હેતુ માટે નિર્ધારિત નમૂના મુજબ, રાષ્ટ્રપતિ સમક્ષ અથવા તેમના દ્વારા તે વતી નિયુક્ત કરાયેલી કોઈ વ્યક્તિ સમક્ષ સોગંદ લેવા પડશે અથવા પ્રતિજ્ઞા કરવી પડશે અને તેના પર સહી કરવી પડશે.

(૭) સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ તરીકે હોદ્દો ધરાવી ચૂકેલી કોઈપણ વ્યક્તિ ભારતના રાજ્યક્ષેત્રમાં આવેલી કોઈપણ કોર્ટમાં અથવા કોઈપણ સત્તાધિકારી સમક્ષ વકીલાત કે કામ કરી શકશે નહીં."

"૨૧૭. હાઈકોર્ટના ન્યાયમૂર્તિના હોદ્દાની નિમણૂક અને શરતો.-(૧) ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ, રાજ્યના રાજ્યપાલ અને, મુખ્ય ન્યાયમૂર્તિ સિવાયના અન્ય ન્યાયમૂર્તિની નિમણૂકના કિસ્સામાં હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર-વિમર્શ કર્યા પછી રાષ્ટ્રપતિ દ્વારા પોતાના

હસ્તાક્ષર અને મુદ્રા સહિતના અધિકારપત્ર દ્વારા હાઇકોર્ટના દરેક ન્યાયમૂર્તિની નિમણૂક કરવામાં આવશે, અને તેઓ વધારાના કે કાર્યકારી ન્યાયમૂર્તિના કિસ્સામાં અનુચ્છેદ ૨૨૪ માં જોગવાઈ કર્યા મુજબ, અને અન્ય કોઈપણ કિસ્સામાં તેઓ બાસઠ વર્ષની વય પ્રાપ્ત કરે ત્યાં સુધી હોદ્દો ધરાવશે:

પરંતુ

(એ) ન્યાયમૂર્તિ, રાષ્ટ્રપતિને સંબોધિત પોતાના હસ્તાક્ષરવાળા લખાણ દ્વારા, પોતાના હોદ્દાનું રાજીનામું આપી શકશે;

(બી) સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિને દૂર કરવા માટે અનુચ્છેદ ૧૨૪ ની કલમ (૪) માં દર્શાવેલી રીતે રાષ્ટ્રપતિ દ્વારા ન્યાયમૂર્તિને તેમના હોદ્દા પરથી દૂર કરી શકાશે;

(સી) રાષ્ટ્રપતિ દ્વારા ન્યાયમૂર્તિની સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક થવાથી અથવા રાષ્ટ્રપતિ દ્વારા ભારતના રાજ્યક્ષેત્રમાં આવેલી અન્ય કોઈપણ હાઇકોર્ટમાં તેમની બદલી કરવામાં આવવાથી તે ન્યાયમૂર્તિનો હોદ્દો ખાલી થશે.

(૨) કોઈ વ્યક્તિ હાઇકોર્ટના ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક માટે લાયક ગણાશે નહીં સિવાય કે તે ભારતનો નાગરિક હોય અને-(એ) ઓછામાં ઓછા દસ વર્ષ સુધી ભારતના રાજ્યક્ષેત્રમાં ન્યાયિક હોદ્દો ધરાવતી રહી હોય; અથવા

(બી) ઓછામાં ઓછા દસ વર્ષ સુધી હાઇકોર્ટના અથવા ઉપરાઉપરી એવી બે કે તેથી વધુ કોર્ટોના એડવોકેટ રહ્યા હોય;

સ્પષ્ટીકરણ.- આ કલમના હેતુઓ માટે (એ) કોઈ વ્યક્તિએ ભારતના રાજ્યક્ષેત્રમાં ન્યાયિક હોદ્દો ધરાવ્યો હોય તે સમયગાળાની ગણતરી કરવામાં, તેણે કોઈપણ ન્યાયિક હોદ્દો ધરાવ્યા પછીનો એવો કોઈપણ સમયગાળો સામેલ કરવામાં આવશે, જે દરમિયાન તે વ્યક્તિ હાઇકોર્ટના એડવોકેટ રહી હોય અથવા ટ્રિબ્યુનલના સભ્યનો હોદ્દો કે સંઘ અથવા રાજ્ય હેઠળ કાયદાના વિશેષ જ્ઞાનની જરૂર હોય તેવો કોઈપણ હોદ્દો ધરાવતી રહી હોય;

(એએ) કોઈ વ્યક્તિ હાઇકોર્ટના એડવોકેટ રહી હોય તે સમયગાળાની ગણતરી કરવામાં, તે વ્યક્તિ એડવોકેટ બન્યા પછી ન્યાયિક હોદ્દો અથવા ટ્રિબ્યુનલના સભ્યનો હોદ્દો કે સંઘ અથવા રાજ્ય હેઠળ કાયદાના વિશેષ જ્ઞાનની જરૂર હોય તેવો કોઈપણ હોદ્દો ધરાવતી રહી હોય તેવો કોઈપણ સમયગાળો સામેલ કરવામાં આવશે;

(બી) કોઈ વ્યક્તિએ ભારતના રાજ્યક્ષેત્રમાં ન્યાયિક હોદ્દો ધરાવ્યો હોય અથવા હાઇકોર્ટના એડવોકેટ રહ્યા હોય તે સમયગાળાની ગણતરી કરવામાં, આ બંધારણના પ્રારંભ પહેલાંનો એવો કોઈપણ સમયગાળો સામેલ કરવામાં આવશે જે દરમિયાન તેમણે ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ, ૧૯૩૫ દ્વારા વ્યાખ્યાયિત કર્યા મુજબ ૧૫મી ઓગસ્ટ, ૧૯૪૭

પહેલાં ભારતમાં સમાવિષ્ટ કોઈપણ વિસ્તારમાં ન્યાયિક હોદ્દો ધરાવ્યો હોય, અથવા યથાપ્રસંગ, તેવા કોઈપણ વિસ્તારમાં આવેલી કોઈપણ હાઈકોર્ટના એડવોકેટ રહ્યા હોય.

(૩) જો હાઈકોર્ટના ન્યાયમૂર્તિની વય અંગે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય, તો તે પ્રશ્નનો નિર્ણય ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર-વિમર્શ કર્યા પછી રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવશે અને રાષ્ટ્રપતિનો નિર્ણય આખરી રહેશે."

૧૧. બંધારણની જોગવાઈઓની, તેમજ સંસદ અને રાજ્ય વિધાનમંડળો દ્વારા ઘડવામાં આવેલા અન્ય તમામ કાયદાકીય અધિનિયમોની ખરી અસર અને આશય, અનુચ્છેદ ૧૪૧ હેઠળ સુપ્રિમ કોર્ટ દ્વારા તેનું જે રીતે અર્થઘટન કરવામાં આવે અને ઘોષણા કરવામાં આવે તે રીતે સમજવામાં આવે છે. આ કોર્ટ દ્વારા અનુચ્છેદ ૧૨૪ અને ૨૧૭ નું જે રીતે અર્થઘટન કરવામાં આવ્યું હતું, તે મુખ્યત્વે આ કોર્ટના ત્રણ-બંધારણીય બેંચના ચુકાદાઓમાંથી ઉદ્ભવે છે, જે હવે સીધી વિચારણા હેઠળ છે. પ્રથમ ચુકાદો ૩૦.૧૨.૧૯૮૧ ના રોજ ફર્સ્ટ જજીસ કેસ માં ૪:૩ ની બહુમતીથી સાત-ન્યાયમૂર્તિઓની બેંચ દ્વારા આપવામાં આવ્યો હતો. સુભાષ શર્મા વિ. યુનિયન ઓફ ઇન્ડિયા૪ માં ત્રણ-ન્યાયમૂર્તિઓની બેંચ દ્વારા ફર્સ્ટ જજીસ કેસ ની શુદ્ધતા અંગે શંકા વ્યક્ત કરવામાં આવી હતી, જેમાં એવો અભિપ્રાય આપવામાં આવ્યો હતો કે ફર્સ્ટ જજીસ કેસ માં બહુમતી મંતવ્ય પર મોટી બેંચ દ્વારા વિચારણા થવી જોઈએ. ભારતના મુખ્ય ન્યાયમૂર્તિએ બે પ્રશ્નોની તપાસ કરવા માટે નવ-ન્યાયમૂર્તિઓની બેંચની રચના કરી: પ્રથમ, શું સુપ્રિમ કોર્ટ

અને હાઇકોર્ટોમાં ન્યાયમૂર્તિઓની નિમણૂક, તેમજ હાઇકોર્ટોના મુખ્ય ન્યાયમૂર્તિઓ અને ન્યાયમૂર્તિઓની બદલીના સંબંધમાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિનો અભિપ્રાય પ્રાથમિકતા મેળવવા હકદાર હતો? અને બીજું, શું હાઇકોર્ટોમાં ન્યાયમૂર્તિઓની સંખ્યા નિયત કરવી ન્યાયિક રીતે સમીક્ષાપાત્ર (જસ્ટિસિયેબલ) હતી? ૭:૨ ની બહુમતીથી, આ કોર્ટની નવ-ન્યાયમૂર્તિઓની બેંચે, સેકન્ડ જજીસ કેસ માં, ફર્સ્ટ જજીસ કેસ ના ચુકાદાને ઉલટાવી દીધો. આ ચુકાદો ૬.૧૦.૧૯૯૩ ના રોજ આપવામાં આવ્યો હતો. સેકન્ડ જજીસ કેસ ના અર્થઘટન અંગે યુનિયન ઓફ ઇન્ડિયાને શંકાઓ ઉપસ્થિત થવાના પરિણામે, ભારતના રાષ્ટ્રપતિએ અનુચ્છેદ ૧૪૩ હેઠળ પોતાની સત્તાનો ઉપયોગ કરીને સુપ્રિમ કોર્ટને તેના અભિપ્રાય માટે નવ પ્રશ્નોનો સંદર્ભ મોકલ્યો. નવ-ન્યાયમૂર્તિઓની બેંચે ૨૮.૧૦.૧૯૯૮ ના રોજ આ સંદર્ભનો સર્વાનુમતે જવાબ આપ્યો હતો.

૧૨. ૧૯૯૩ માં સેકન્ડ જજીસ કેસ માં આ કોર્ટનો ચુકાદો આપવામાં આવ્યા પછી, અને આ કોર્ટનો સલાહકારી અભિપ્રાય ૧૯૯૧ સપ્લી. (૧) એસ.સી.સી. ૫૭૪ ૧૯૯૮ માં ભારતના રાષ્ટ્રપતિને આપવામાં આવ્યા પછી, ઉચ્ચ ન્યાયતંત્રના ન્યાયમૂર્તિઓની નિમણૂક (તેમજ, બદલી) સંબંધિત અનુચ્છેદ ૧૨૪(૨) અને ૨૧૭(૧) માં વપરાયેલા "વિચાર-વિમર્શ" શબ્દનું અર્થઘટન આ બાબતમાં ન્યાયતંત્રને પ્રાથમિકતા આપવા તરીકે થવા લાગ્યું. સામાવાળાના જણાવ્યા મુજબ, આના પરિણામે "વિચાર-વિમર્શ" શબ્દનો અર્થ "સંમતિ" તરીકે કરવામાં આવ્યો (અનુચ્છેદ ૧૨૪, ૨૧૭ અને ૨૨૨ દ્વારા શાસિત બાબતોમાં).

ત્યારબાદ યુનિયન ઓફ ઈન્ડિયાએ, ઉપરોક્ત બે ચુકાદાઓ સાથે સુસંગત રહીને, હાઈકોર્ટો અને સુપ્રિમ કોર્ટમાં ન્યાયમૂર્તિઓ અને મુખ્ય ન્યાયમૂર્તિઓની નિમણૂક માટે ૩૦.૬.૧૯૯૯ ના રોજ મેમોરેન્ડમ ઓફ પ્રોસિજર ઘડ્યું. અને ત્યારબાદ તે મેમોરેન્ડમ ઓફ પ્રોસિજર સાથે સુસંગત રહીને જ નિમણૂકો કરવામાં આવી.

૧૩. અમારી સમક્ષ વ્યક્ત કરવામાં આવેલી સ્થિતિ અનુસાર, એવી લાગણી અનુભવાઈ હતી કે, ઉચ્ચ ન્યાયતંત્રના ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂક તેમજ બદલી માટે એક પંચની રચના થવી જોઈએ, જે અનુચ્છેદ ૧૨૪(૨) અને ૨૧૭(૧) હેઠળ વિચારવામાં આવેલી ભારતની સુપ્રિમ કોર્ટ અને હાઈકોર્ટોના ન્યાયમૂર્તિઓ તેમજ મુખ્ય ન્યાયમૂર્તિઓની નિમણૂક માટેની પ્રવર્તમાન પ્રક્રિયાનું સ્થાન લેશે. એવું અનુભવાયું હતું કે, પ્રસ્તાવિત પંચ વ્યાપક આધાર ધરાવતું હોવું જોઈએ. તેમાં, પંચમાં ન્યાયતંત્ર, કારોબારીના સભ્યો અને જાહેર જીવનની પ્રતિષ્ઠિત/મહત્વપૂર્ણ વ્યક્તિઓનો સમાવેશ થવો જોઈએ. ઉપરોક્ત રીતે, પસંદગી પ્રક્રિયામાં પારદર્શિતા લાવવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો.

૧૪. કથિત ઉદ્દેશ્ય સિદ્ધ કરવા માટે, અનુચ્છેદ ૩૬૮(૨), ખાસ કરીને તેના હેઠળના પરંતુક હેઠળ વિચારવામાં આવેલી પ્રક્રિયાને અનુસરીને, કોન્સ્ટીટ્યુશન (૯૯મો સુધારો) એક્ટ દ્વારા, અનુચ્છેદ ૧૨૪ અને ૨૧૭ માં અન્ય બાબતોની સાથોસાથ સુધારો કરવામાં આવ્યો, અને બંધારણમાં અનુચ્છેદ ૧૨૪એ, ૧૨૪બી અને ૧૨૪સી દાખલ કરવામાં આવ્યા. આ સુધારાને ૩૧.૧૨.૨૦૧૪ ના રોજ

રાષ્ટ્રપતિની મંજૂરી મળી હતી. જોકે, તેનો અમલ ૧૩.૪.૨૦૧૫ થી કરવામાં આવ્યો હતો (ગેઝેટ ઓફ ઇન્ડિયા (અસાધારણ) ભાગ ૨, કલમ ૧ માં તેના જાહેરનામાના પરિણામે). તેની સાથે જ, સંસદે એનજેએસી એક્ટ ઘડ્યો, જેને પણ ૩૧.૧૨.૨૦૧૪ ના રોજ રાષ્ટ્રપતિની મંજૂરી મળી હતી. તેનો પણ ૧૩.૪.૨૦૧૫ થી અમલ કરવામાં આવ્યો હતો (ગેઝેટ ઓફ ઇન્ડિયા (અસાધારણ) ભાગ ૨, કલમ ૧ માં તેના જાહેરનામા દ્વારા). ઉપરોક્ત બંધારણીય સુધારો અને કાયદાકીય અધિનિયમન એ અરજીઓના જૂથ દ્વારા પડકારનો વિષય છે, જેની અમારા દ્વારા સામૂહિક રીતે સુનાવણી કરવામાં આવી રહી છે. અરજદારો દ્વારા ઉપસ્થિત કરવામાં આવેલા પડકારના સાચા આશયને, અને તેમાં સંકળાયેલા કાનૂની તેમજ બંધારણીય મુદ્દાઓની બારીકીઓને અસરકારક રીતે સમજવા માટે, ફર્સ્ટ જજીસ કેસ નું વિહંગાવલોકન કરવું અનિવાર્ય છે, જેના પર સામાવાળાના વિદ્વાન વકીલ દ્વારા સેકન્ડ અને થર્ડ જજીસ કેસ ની પુનર્વિચારણા મેળવવાના તેમના પ્રયાસમાં આધાર રાખવામાં આવ્યો છે.

ફર્સ્ટ જજીસ કેસ - ૧૯૮૧ સપ્લી. એસ.સી.સી. ૮૭.

૧૫. કેન્દ્રીય કાયદા મંત્રીએ પંજાબના રાજ્યપાલ અને અન્ય તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓને તારીખ ૧૮.૩.૧૯૮૧ નો એક પત્ર પાઠવ્યો હતો. પત્ર મેળવનારાઓને અન્ય બાબતોની સાથે સાથે એવી જાણ કરવામાં આવી હતી કે, " ... હાઇકોર્ટના ન્યાયમૂર્તિઓમાંથી ત્રીજા ભાગના ન્યાયાધીશો, શક્ય હોય ત્યાં સુધી, જે રાજ્યમાં હાઇકોર્ટ આવેલી છે તે રાજ્યની બહારના હોવા જોઈએ ... ".

ઉપરોક્ત પત્ર દ્વારા, પત્ર મેળવનારાઓને એવી વિનંતી કરવામાં આવી હતી કે " ... (એ) હાઇકોર્ટોમાં કાર્યરત તમામ અધિક ન્યાયમૂર્તિઓ પાસેથી ... દેશની અન્ય કોઈપણ હાઇકોર્ટમાં કાયમી ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક મેળવવા માટે તેમની સંમતિ મેળવવી ... " ઉપરોક્ત પત્રમાં એવી અપેક્ષા રાખવામાં આવી હતી કે સંબંધિત નિમણૂક પામનારાઓએ " ... પસંદગીના ક્રમમાં એવી ત્રણ હાઇકોર્ટોના નામ દર્શાવવા જરૂરી રહેશે, કે જ્યાં તેઓ કાયમી ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક મેળવવાનું પસંદ કરશે; અને (બી) જે વ્યક્તિઓ પ્રારંભિક નિમણૂક માટે તમારા દ્વારા પહેલાથી જ પ્રસ્તાવિત કરવામાં આવી હોય અથવા ભવિષ્યમાં પ્રસ્તાવિત કરવામાં આવી શકે તેમ હોય તેમની પાસેથી ત્રણ હાઇકોર્ટો માટેની આવી જ પસંદગી સાથે દેશની અન્ય કોઈપણ હાઇકોર્ટમાં નિમણૂક પામવા માટે તેમની સંમતિ મેળવવી ... ". કેન્દ્રીય કાયદા મંત્રીએ ઉપરોક્ત પત્રમાં સ્પષ્ટતા કરી હતી કે, તેમની સંમતિ આપવી અથવા તેમની પસંદગી દર્શાવવી એ સરકાર તરફથી તેમની પસંદગીઓ અનુસાર તેમને સમાવવા માટેની કોઈ પ્રતિબદ્ધતા સૂચવશે નહીં. તેના પ્રત્યુત્તરમાં, ઘણા અધિક ન્યાયમૂર્તિઓએ તેમના મૂળ રાજ્યની બહાર નિમણૂક મેળવવા માટે પોતાની સંમતિ આપી હતી.

(૧) ઇકબાલ ચાગલા (અને અન્ય અરજદારો) ને લાગ્યું કે તારીખ ૧૮.૩.૧૯૮૧ નો પત્ર એ "ન્યાયતંત્રની સ્વતંત્રતા" પર સીધો હુમલો હતો, અને બંધારણના એક મહત્વપૂર્ણ/મૂળભૂત લક્ષણ પર અનિયંત્રિત આક્રમણ હતું. બોમ્બે ખાતેના વકીલ મંડળો (એડવોકેટ્સ એસોસિએશન્સ) ની શ્રેણીએ તારીખ ૧૮.૩.૧૯૮૧ ના પત્રને "ન્યાયિક સ્વતંત્રતા" માટે વિધ્વંસક ગણાવી તેની નિંદા કરતા ઠરાવો

પસાર કર્યા. તેઓએ પત્ર પાછો ખેંચવાની માંગ કરી. તેમ કરવામાં ન આવતાં, ઉપરોક્ત એસોસિએશનો દ્વારા બોમ્બે હાઇકોર્ટમાં તારીખ ૧૮.૩.૧૯૮૧ ના પત્રને પડકારતી રિટ અરજી દાખલ કરવામાં આવી હતી. હાઇકોર્ટ દ્વારા એક વચગાળાનો હુકમ પસાર કરવામાં આવ્યો હતો, જેમાં કેન્દ્રીય કાયદા મંત્રી અને સરકારને તારીખ ૧૮.૩.૧૯૮૧ ના પત્રનો અમલ કરવાથી રોકવામાં આવ્યા હતા. ઉપરોક્ત વચગાળાના હુકમ સામે કરવામાં આવેલી લેટર્સ પેટન્ટ અપીલ હાઇકોર્ટની ડિવિઝન બેંચ દ્વારા રદ કરવામાં આવી હતી. ઉપરોક્ત વચગાળાના હુકમને આ કોર્ટ સમક્ષ પડકારવામાં આવ્યો હતો. આ બાબત આ કોર્ટ સમક્ષ પેન્ડિંગ હતી તે દરમિયાન, કેન્દ્રીય કાયદા મંત્રી અને ભારત સરકારે અનુચ્છેદ ૧૩૯એ હેઠળ ટ્રાન્સફર પિટિશન દાખલ કરી હતી. ટ્રાન્સફર પિટિશન મંજૂર કરવામાં આવી હતી, અને બોમ્બે હાઇકોર્ટમાં દાખલ કરવામાં આવેલી રિટ અરજી સુપ્રિમ કોર્ટમાં ટ્રાન્સફર કરવામાં આવી હતી.

(૨) વી.એમ. તારકુંડે દ્વારા દિલ્હી હાઇકોર્ટમાં બીજી અરજી દાખલ કરવામાં આવી હતી. તેમાં તારીખ ૧૮.૩.૧૯૮૧ ના પત્રની બંધારણીય માન્યતા સામે પડકાર ઊભો કરવામાં આવ્યો હતો. દિલ્હી હાઇકોર્ટના ત્રણ અધિક ન્યાયમૂર્તિઓ, એટલે કે, ઓ.એન. વોહરા, એસ.એન. કુમાર અને એસ.બી. વાડ, ન્યાયમૂર્તિઓ, જેમની મુદત તારીખ ૬.૩.૧૯૮૧ ના રોજ સમાપ્ત થતી હતી, તેમના સંદર્ભમાં એક વધારાનું કારણ રજૂ કરવામાં આવ્યું હતું. તેમને બે વર્ષની આગળની મુદત માટે નિમવાને બદલે, તેમની નિમણૂક તારીખ ૭.૩.૧૯૮૧ થી ત્રણ મહિના માટે લંબાવવામાં આવી હતી. આ ટૂંકા ગાળાની

નિમણૂકોને "ન્યાયતંત્રની સ્વતંત્રતા" માટે વિધ્વંસક હોવા ઉપરાંત, અનુચ્છેદ ૨૨૪ હેઠળ ગેરવાજબી હોવાના આધારે પડકારવામાં આવી હતી. આ રિટ અરજી પણ સુનાવણી માટે સુપ્રિમ કોર્ટમાં ટ્રાન્સફર કરવામાં આવી હતી. જ્યાં સુધી તારીખ ૧૮.૩.૧૯૮૧ ના પરિપત્ર પત્રનો સંબંધ છે, સુપ્રિમ કોર્ટે, અરજદાર દ્વારા કરવામાં આવેલી મૌખિક અરજ પર, નિર્દેશ આપ્યો હતો કે જે કોઈ અધિક ન્યાયમૂર્તિ પરિપત્ર પત્રનો જવાબ આપવા ન માંગતા હોય તેઓ તેમ ન પણ કરે, અને તેમણે તારીખ ૧૮.૩.૧૯૮૧ ના પત્રનો જવાબ મોકલ્યો ન હતો તે કારણોસર તેમને મુદત વધારો કે કાયમી નિમણૂક આપવાનો ઇનકાર કરવામાં આવશે નહીં. ત્યારબાદ, એસ.બી. વાડ, ન્યાયમૂર્તિની નિમણૂક તારીખ ૭.૬.૧૯૮૧ થી એક વર્ષના સમયગાળા માટે અધિક ન્યાયમૂર્તિ તરીકે ચાલુ રાખવામાં આવી હતી, પરંતુ ઓ.એન. વોહરા અને એસ.એન. કુમાર, ન્યાયમૂર્તિઓને તારીખ ૭.૬.૧૯૮૧ પછી ચાલુ રાખવામાં આવ્યા ન હતા.

(૩ અને ૪). જે.એલ. કાલરા અને અન્ય, જેઓ દિલ્હી હાઇકોર્ટમાં પ્રેક્ટિસ કરતા વકીલો હતા, તેમના દ્વારા ત્રીજી રિટ અરજી દાખલ કરવામાં આવી હતી. અને ચોથી રિટ અરજી અલ્હાબાદ હાઇકોટના પ્રેક્ટિસ કરતા વકીલ એસ .પી. ગુપ્તા દ્વારા દાખલ કરવામાં આવી હતી. ત્રીજી અને ચોથી રિટ અરજીઓ અગાઉની બે અરજીઓની જેમ જ નોંધપાત્ર રીતે સમાન દાદ મેળવવા માટે હતી.

(૫) લિલી થોમસ દ્વારા પાંચમી રિટ અરજી દાખલ કરવામાં આવી હતી. તેમણે તારીખ ૧૯.૧.૧૯૮૧ ના ટ્રાન્સફર હુકમને પડકાર્યો હતો, જેના દ્વારા મદ્રાસ

હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિને કેરળ હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. ઉપરોક્ત હુકમ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથેના સલાહ–મશવરા પછી, રાષ્ટ્રપતિ દ્વારા અનુચ્છેદ ૨૨૨(૧) હેઠળ પસાર કરવામાં આવ્યો હતો. તેવી જ રીતે, પટના હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિની મદ્રાસ હાઇકોર્ટમાં ટ્રાન્સફરને એવો દાવો કરીને પડકારવામાં આવી હતી કે, અનુચ્છેદ ૨૨૨(૧) હેઠળ ટ્રાન્સફર કરવાની સત્તા હાઇકોર્ટોના ન્યાયમૂર્તિઓ પૂરતી મર્યાદિત હતી, અને તે મુખ્ય ન્યાયમૂર્તિઓ સુધી વિસ્તરતી ન હતી. વૈકલ્પિક રીતે, એવી દલીલ કરવામાં આવી હતી કે, ટ્રાન્સફર ફક્ત સંબંધિત ન્યાયમૂર્તિની સંમતિથી, અને માત્ર જાહેર હિતમાં, તથા ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથેના સંપૂર્ણ અને અસરકારક સલાહ–મશવરા પછી જ કરી શકાય છે.

(૬ અને ૭) એ. રાજપ્પા દ્વારા છઠ્ઠી રિટ અરજી દાખલ કરવામાં આવી હતી, જેમાં મુખ્યત્વે તારીખ ૧૯.૧.૧૯૮૧ ના હુકમને પડકારવામાં આવ્યો હતો, જેના દ્વારા કેટલાક મુખ્ય ન્યાયમૂર્તિઓની ટ્રાન્સફર કરવામાં આવી હતી. આ અરજીમાં એક વધારાની રજૂઆત કરવામાં આવી હતી, એટલે કે, મુખ્ય ન્યાયમૂર્તિઓની ટ્રાન્સફર સંબંધિત રાજ્યોના રાજ્યપાલો સાથેના પૂર્વ સલાહ–મશવરા વિના કરવામાં આવી હતી, અને વધુમાં, સદર ટ્રાન્સફર જાહેર હિતમાં ન હતી, અને તેથી, અનુચ્છેદ ૨૧૭(૧) માં સમાવિષ્ટ પ્રક્રિયાગત આવશ્યકતાઓનું ઉલ્લંઘન કરતી હતી. પી. સુબ્રમણ્યન દ્વારા સાતમી રિટ અરજી, એ. રાજપ્પા દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી જેવા જ કારણોસર દાખલ કરવામાં આવી હતી.

(૮) પટના હાઇકોર્ટના પ્રેક્ટિસ કરતા વકીલો ડી.એન. પાંડે અને ઠાકુર રામાપતિ સિન્હા દ્વારા આઠમી રિટ અરજી દાખલ કરવામાં આવી હતી. આ અરજીમાં, પટના હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ ન્યાયમૂર્તિ કે.બી.એન. સિંઘને સામાવાળા નં. ૩ તરીકે પક્ષકાર બનાવવામાં આવ્યા હતા. સામાવાળા નં. ૩ દ્વારા કરવામાં આવેલી અરજ પર, તેમને અરજદાર નં. ૩ તરીકે સ્થાન ફેરબદલ કરવામાં આવ્યા હતા. અરજદાર નં. ૩ તરીકે, ન્યાયમૂર્તિ કે.બી.એન. સિંઘે વિગતવાર સોગંદનામું દાખલ કરી એવો દાવો કર્યો હતો કે તેમની ટ્રાન્સફર સજાના ભાગરૂપે કરવામાં આવી હતી, અને વધુમાં, તે અપ્રસ્તુત અને અપૂરતા કારણોસર કરવામાં આવી હતી, અને જાહેર હિતમાં કરવામાં આવી ન હતી. અને વધુમાં કે, તે પૂર્વે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે સંપૂર્ણ અને અસરકારક સલાહ–મશવરા કરવામાં આવ્યા ન હતા,

તેથી તે સ્પષ્ટ થાય છે કે, ઉપર જણાવેલ અરજીઓ બે અલગ–અલગ પ્રકારના કેસો સંબંધિત હતી. પ્રથમ, ન્યાયાધીશોની પ્રારંભિક નિમણૂક, અને અધિક ન્યાયમૂર્તિઓની મૂળ મુદત પૂરી થવા પર તેમની નિમણૂકની મુદતમાં વધારો કરવા સંબંધિત મુદ્દો. અને બીજું, એક હાઇકોર્ટમાંથી બીજી હાઇકોર્ટમાં ન્યાયાધીશો અને મુખ્ય ન્યાયમૂર્તિઓની ટ્રાન્સફર.

૧૬. પ્રથમ ન્યાયમૂર્તિ કેસમાં નોંધાયેલા મંતવ્યો, જ્યાં સુધી તે હાલના વિવાદ માટે સુસંગત છે, તે અહીં સારાંશ રૂપે રજૂ કરવામાં આવે છે:

પી. એન. ભગવતી, ન્યાયમૂર્તિ (જેઓ તે સમયે હતા):

(૧) ન્યાયતંત્રની સ્વતંત્રતાના વિષય પર, એવો અભિપ્રાય આપવામાં આવ્યો હતો કે " ... ન્યાયતંત્રની સ્વતંત્રતાનો ખ્યાલ એ એક ઉમદા ખ્યાલ છે જે બંધારણીય યોજનાને પ્રેરિત કરે છે અને તે પાયો રચે છે જેના પર આપણી લોકશાહી શાસનવ્યવસ્થાની ઈમારત ટકેલી છે. જો કોઈ એક સિદ્ધાંત સમગ્ર બંધારણના સમગ્ર માળખામાં વ્યાપેલો હોય, તો તે કાયદાના શાસનનો સિદ્ધાંત છે અને બંધારણ હેઠળ, ન્યાયતંત્રને એ કાર્ય સોંપવામાં આવ્યું છે કે તે રાજ્યના દરેક અંગને કાયદાની મર્યાદામાં રાખે અને તે દ્વારા કાયદાના શાસનને અર્થપૂર્ણ તેમજ અસરકારક બનાવે ... નાગરિક અને રાજ્ય વચ્ચે કારોબારીના અતિરેક અને કારોબારી દ્વારા સત્તાના દુરુપયોગ કે ગેરઉપયોગ સામે ન્યાયતંત્ર એક ઢાલ સમાન છે, અને તેથી, તે અત્યંત આવશ્યક છે કે ન્યાયતંત્ર કારોબારીના દબાણ કે પ્રભાવથી મુક્ત હોવું જ જોઈએ અને બંધારણના ઘડવૈયાઓ દ્વારા બંધારણમાં વિસ્તૃત જોગવાઈઓ કરીને આ બાબત સુનિશ્ચિત કરવામાં આવી છે. " ... એવું માનવામાં આવ્યું હતું કે, "ન્યાયતંત્રની સ્વતંત્રતા" નો ખ્યાલ માત્ર કારોબારીના દબાણ કે પ્રભાવથી સ્વતંત્રતા પૂરતો મર્યાદિત ન હતો, પરંતુ તે ઘણો વ્યાપક ખ્યાલ હતો, જેણે તેના દાયરામાં અન્ય ઘણા દબાણો અને પૂર્વગ્રહોથી સ્વતંત્રતાને સમાવી લીધી હતી. તેના ઘણા પરિમાણો હતા, એટલે કે, આર્થિક કે રાજકીય એવા અન્ય સત્તા કેન્દ્રો સામે નિર્ભયતા, અને એવા પૂર્વગ્રહોથી મુક્તિ જે ન્યાયાધીશો જે વર્ગના હોય તે વર્ગ દ્વારા પ્રાપ્ત અને પોષિત થયા હોય. કોર્ટે ઠેરવેલ કે, બંધારણની જોગવાઈઓનું અર્થઘટન કરતી વખતે "ન્યાયતંત્રની સ્વતંત્રતા" ના સિદ્ધાંતને ધ્યાનમાં રાખવાનો હતો (પેરા ૨૭).

(૨). હાઇકોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂકના વિષય પર, એવો અભિપ્રાય આપવામાં આવ્યો હતો કે, રાષ્ટ્રપતિ દ્વારા અનુચ્છેદ ૧૨૪ હેઠળ નિમવામાં આવતા સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓની જેમ જ (જેનો અસરમાં અને સારરૂપે અર્થ કેન્દ્ર સરકાર થાય છે), તેવી જ રીતે, અનુચ્છેદ ૨૧૭ હેઠળ હાઇકોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂકની સત્તા કેન્દ્ર સરકાર દ્વારા વાપરવાની હતી. કોર્ટે ઠેરવેલ કે, આવી સત્તા માત્ર " ... ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ, રાજ્યના રાજ્યપાલ, અને, હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ સાથેના સલાહ–મશવરા પછી ... " જ વાપરી શકાય તેવી હતી. એવો નિષ્કર્ષ કાઢવામાં આવ્યો હતો કે, ઉપરોક્ત બંને અનુચ્છેદોના સીધા વાંચનથી એ સ્પષ્ટ હતું કે, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ, હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ, અને હાઇકોર્ટ તથા સુપ્રિમ કોર્ટના અન્ય એવા ન્યાયાધીશો (જેમની સાથે સલાહ–મશવરા કરવા કેન્દ્ર સરકાર યોગ્ય સમજે), તેઓ સલાહકારી ભૂમિકા ધરાવતા બંધારણીય પદાધિકારીઓ હતા, અને નિમણૂકની સત્તા સંપૂર્ણપણે અને માત્ર કેન્દ્ર સરકારના નિર્ણયમાં જ રહેલી હતી. એ બાબત દર્શાવવામાં આવી હતી કે, ઉપરોક્ત સત્તા નિરંકુશ સત્તા ન હતી, એ અર્થમાં કે, કેન્દ્ર સરકાર બંને અનુચ્છેદોમાં નિર્દિષ્ટ બંધારણીય પદાધિકારીઓ સાથે સલાહ–મશવરા કર્યા વિના મનસ્વી રીતે વર્તી શકતી ન હતી. કેન્દ્ર સરકારે બંધારણીય પદાધિકારીઓ સાથે સલાહ–મશવરા કર્યા પછી જ કામ કરવાનું હતું, અને તે સલાહ–મશવરા સંપૂર્ણ તેમજ અસરકારક હોવા જોઈતા હતા (પેરા ૨૯).

(૩). અનુચ્છેદ ૧૨૪(૨) અને અનુચ્છેદ ૨૧૭(૧) માં વ્યક્ત થયેલા "સલાહ-મશવરા" શબ્દના અર્થના પ્રશ્ન પર, કોર્ટે ઠેરવેલ કે આ પ્રશ્ન હવે રેસ ઇન્ટિગ્રા રહ્યો

ન હતો, કેમ કે આ મુદ્દો યુનિયન ઓફ ઈન્ડિયા વિરુદ્ધ સાંકળચંદ હિમતલાલ શેઠપ માં સુપ્રિમ કોર્ટના નિર્ણય દ્વારા આખરી થઈ ચૂક્યો હતો, જેમાં તેનો અર્થ અનુચ્છેદ ૨૨૨(૧) ના સંદર્ભમાં નક્કી કરવામાં આવ્યો હતો. પરંતુ, પક્ષકારો વચ્ચે એ સામાન્ય બાબત હતી કે, અનુચ્છેદ ૨૨૨(૧) માં વપરાયેલા "સલાહ-મશવરા" શબ્દનો તે જ અર્થ હતો, જે અનુચ્છેદ ૧૨૭(૨) અને ૨૧૭(૧) માં હતો, તેથી કોર્ટે ઠેરવેલ કે, " ... તેથી, એ બાબત ફલિત થાય છે કે રાષ્ટ્રપતિ પાસે જે કંઈ સામગ્રી હોય અને તેઓ જે કાર્યવાહી કરવાનો પ્રસ્તાવ મૂકતા હોય તે તમામ બાબતો તેમણે મુખ્ય ન્યાયમૂર્તિને જણાવવી જ જોઈએ. બદલામાં મુખ્ય ન્યાયમૂર્તિ જવાબદાર માધ્યમો દ્વારા અથવા સીધી રીતે જરૂરી માહિતી એકત્રિત કરવી જોઈએ, જરૂરી વિગતોથી પોતાને વાકેફ કરવા જોઈએ, પોતાની પાસે રહેલી માહિતી પર વિચાર-વિમર્શ કરવો જોઈએ અને ન્યાય વ્યવસ્થાના વહીવટના હિતમાં આગળ વધીને રાષ્ટ્રપતિને કાર્યવાહી અંગે એવી સલાહ આપવી જોઈએ કે જે તેમના મતે જાહેર હિતને, ખાસ કરીને ન્યાય વ્યવસ્થાના હિતને આગળ ધપાવે ... ". વધુમાં એવો નિષ્કર્ષ કાઢવામાં આવ્યો હતો કે, સાંકળચંદ હિમતલાલ શેઠ કેસપ માં ઉપરોક્ત અવલોકન અનુચ્છેદ ૧૨૭(૨) અને ૨૧૭(૧) ના અર્થ હેઠળ "સલાહ-મશવરા" શબ્દના વ્યાપ અને અર્થ નક્કી કરવા માટે સમાન બળ સાથે લાગુ થશે. આ બે અનુચ્છેદો હેઠળ જેમની સાથે સલાહ-મશવરા કરવા જરૂરી છે તે દરેક બંધારણીય પદાધિકારી સમક્ષ તેમની વિચારણા માટે સંબંધિત વ્યક્તિની નિમણૂક કે બિન-નિમણૂકને લગતી સંપૂર્ણ અને એકસમાન હકીકતો હોવી આવશ્યક છે, અને એકસમાન સામગ્રી પર લેવાયેલા તે દરેકના અભિપ્રાય

પર કેન્દ્ર સરકાર દ્વારા વિચારણા થવી જ જોઈએ, (૧૯૭૭) ૪ એસ.સી.સી. ૧૯૩ સંબંધિત વ્યક્તિને ન્યાયમૂર્તિ તરીકે નિયુક્ત કરવા કે નહીં તે અંગે નિર્ણય લે તે પહેલાં. વ્યક્ત કરવામાં આવેલા અભિપ્રાયોને ધ્યાને લીધા પછી અને તેને યોગ્ય મહત્વ આપ્યા પછી, હાઇકોર્ટ અથવા સુપ્રિમ કોર્ટમાં ન્યાયમૂર્તિની નિમણૂક અથવા બિન-નિમણૂકના સંદર્ભમાં પોતાનો નિર્ણય લેવા માટે કેન્દ્ર સરકાર સ્વતંત્ર હતી. એવું પણ અવલોકન કરવામાં આવ્યું હતું કે, જે એકમાત્ર કારણસર આવા નિર્ણયને પડકારી શકાતો હતો તે એ હતું કે તે કાર્યવાહી બદદાનત અથવા અપ્રસ્તુત બાબતો પર આધારિત હતી. જે બંધારણીય હોદ્દેદારો સાથે વિચાર-વિમર્શ કરવાનો હતો તેમની વચ્ચે મતભેદના કિસ્સામાં, એવું માનવામાં આવ્યું હતું કે તે કેન્દ્ર સરકારે નક્કી કરવાનું હતું કે કોનો અભિપ્રાય સ્વીકારવો જોઈએ. અરજદારો વતી રજૂ કરવામાં આવેલી એવી દલીલ કે, વિચાર-વિમર્શની પ્રક્રિયામાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિનું પ્રાધાન્ય હોવું જોઈએ, કારણ કે તેઓ ભારતીય ન્યાયતંત્રના વડા અને ન્યાયિક બિરાદરીના કુળપિતા (પેટરફેમિલિયસ) હતા, તે એ કારણસર ફગાવી દેવામાં આવી હતી કે દરેક બંધારણીય હોદ્દેદાર સમાન મહત્વના હકદાર હતા. સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂકના સંદર્ભમાં, એવું ઠેરવવામાં આવ્યું હતું કે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર-વિમર્શ કરવો જરૂરી હતો, પરંતુ કેન્દ્ર સરકાર ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના અભિપ્રાય અનુસાર કાર્ય કરવા માટે બંધાયેલી ન હતી, તેમ છતાં, તેમનો અભિપ્રાય ખૂબ મહત્વનો હકદાર હતો. તેથી એવું ઠેરવવામાં આવ્યું હતું કે, નિમણૂકની અંતિમ સત્તા કેન્દ્ર સરકાર પાસે રહેલી હતી (પેરા ૩૦).

(૪) સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂકના મુદ્દે, એવો નિષ્કર્ષ કાઢવામાં આવ્યો હતો કે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર-વિમર્શ એ ફરજિયાત આવશ્યકતા હતી. પરંતુ નિમણૂક કરતી વખતે, કેન્દ્ર સરકાર જરૂરી સમજે તેવા સુપ્રિમ કોર્ટના અને હાઇકોર્ટોના અન્ય ન્યાયમૂર્તિઓ સુધી આ વિચાર-વિમર્શ વિસ્તરી શકતો હતો. જ્યાં માત્ર ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે જ વિચાર-વિમર્શ કરવામાં આવ્યો હોય (એટલે કે, જ્યારે વિચાર-વિમર્શ સુપ્રિમ કોર્ટના અથવા હાઇકોર્ટોના અન્ય ન્યાયમૂર્તિઓ સુધી વિસ્તર્યો ન હતો), ત્યારે શું ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા આપવામાં આવેલ અભિપ્રાય બંધનકર્તા ગણવો જોઈએ તે રજૂઆતના જવાબમાં, એવો અભિપ્રાય આપવામાં આવ્યો હતો કે અનુચ્છેદ ૧૨૪(૨) હેઠળ પ્રદાન કરાયેલ નિમણૂકની સત્તાનો ઉપયોગ કરતા પહેલાં, સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટોના એક અથવા વધુ ન્યાયમૂર્તિઓ સાથે વિચાર-વિમર્શ કરવો અનિવાર્ય હતો. એવું માનવામાં આવ્યું હતું કે, સુપ્રિમ કોર્ટમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકના સંદર્ભમાં માત્ર ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથેનો વિચાર-વિમર્શ એ નિમણૂકની બહુ સંતોષકારક પદ્ધતિ ન હતી, કારણ કે શાણપણ અને અનુભવની એવી માંગ હતી કે કોઈ પણ વ્યક્તિ ગમે તેટલી ઉચ્ચ અને મહાન હોય, અને ગમે તેટલી પ્રામાણિક અને શુભચિંતક હોય, તોપણ કોઈ એક જ વ્યક્તિના હાથમાં સત્તા ન હોવી જોઈએ. એવું સૂચન કરવામાં આવ્યું હતું કે, જો એક કોલેજિયમ ઉચ્ચ ન્યાયતંત્રમાં નિમણૂકો અંગે રાષ્ટ્રપતિને ભલામણો કરે તો તે વધુ યોગ્ય રહેશે, અને ભલામણ કરનાર સત્તામંડળ વધુ વ્યાપક આધાર ધરાવતું હોવું જોઈએ. જો કોલેજિયમ એવી વ્યક્તિઓનું બનેલું હોય કે જેઓ બેન્ચમાં નિમણૂક

માટે યોગ્ય હોઈ શકે તેવી વ્યક્તિઓનું જ્ઞાન ધરાવતી હોય અને આવી નિમણૂક માટે જરૂરી ગુણો ધરાવતી હોય, તો તે ખરેખર સ્વતંત્ર હોય તેવા યોગ્ય પ્રકારના ન્યાયમૂર્તિઓ સુનિશ્ચિત કરવામાં ઘણું મદદરૂપ સાબિત થશે (પેરા ૩૧).

(૫) એવું ઠેરવવામાં આવ્યું હતું કે, અધિક ન્યાયમૂર્તિની નિમણૂક અનુચ્છેદ ૨૧૭(૧) માં નિર્ધારિત કરેલ પ્રક્રિયાનું પાલન કરીને જ થવી જોઈએ. તદનુસાર, જ્યારે અધિક ન્યાયમૂર્તિની મુદત પૂરી થાય અને તેઓ ન્યાયમૂર્તિ તરીકે રહેતા નથી, ત્યારે તેમની પુનઃનિમણૂક અનુચ્છેદ ૨૧૭(૧) માં દર્શાવેલ પ્રક્રિયાને ફરીથી અપનાવીને જ થઈ શકે છે. અધિક ન્યાયમૂર્તિને આપમેળે અને કોઈ પણ વધુ વિચારણા વિના વધુ એક મુદત માટે અધિક ન્યાયમૂર્તિ તરીકે અથવા કાયમી ન્યાયમૂર્તિ તરીકે નિયુક્ત કરવા જ જોઈએ તેવી દલીલ ફગાવી દેવામાં આવી હતી (પેરા ૩૮ થી ૪૪).

(૬) કેન્દ્રીય કાયદા મંત્રીના તા. ૧૮.૩.૧૯૮૧ ના પત્રની કાયદેસરતાના પ્રશ્ન પર, એવો અભિપ્રાય આપવામાં આવ્યો હતો કે તે કોઈ પણ કાનૂની અથવા બંધારણીય જોગવાઈનું ઉલ્લંઘન કરતો નથી. એવું માનવામાં આવ્યું હતું કે, અધિક ન્યાયમૂર્તિઓ પાસેથી અથવા તેમની કાયમી નિમણૂક પહેલાં ન્યાયમૂર્તિઓ પાસેથી તા. ૧૮.૩.૧૯૮૧ ના પત્ર દ્વારા મેળવવા માંગવામાં આવેલ અગાઉની સંમતિનો, જ્યાં સુધી ભારતના મુખ્ય ન્યાયમૂર્તિનો સંબંધ છે ત્યાં સુધી, કોઈ અર્થ રહેશે નહીં, કારણ કે અધિક ન્યાયમૂર્તિએ પોતાની સંમતિ આપી હતી કે નહીં તે હકીકતને ધ્યાનમાં લીધા વિના, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિએ એ બાબત પર

વિચાર કરવો પડશે કે અધિક ન્યાયમૂર્તિને અન્ય હાઇકોર્ટમાં કાયમી ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક કરવાની મંજૂરી આપવી તે જાહેર હિતમાં રહેશે કે કેમ (પેરા ૫૪).

(૭) એસ. એન. કુમાર, ન્યાયમૂર્તિ (જેઓ જ્યારે અધિક ન્યાયમૂર્તિ તરીકેનો હોદ્દો ધરાવતા હતા ત્યારે કેન્દ્ર સરકાર દ્વારા તેમને ચાલુ રાખવામાં આવ્યા ન હતા) દ્વારા ઉપસ્થિત કરવામાં આવેલ વ્યક્તિગત દાવાના ગુણદોષ નક્કી કર્યા પછી, એવો નિષ્કર્ષ કાઢવામાં આવ્યો હતો કે જો ભારત સરકાર દિલ્હી હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા કાયદા મંત્રીને સંબોધવામાં આવેલ તા. ૭.૫.૧૯૮૧ નો પત્ર ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સમક્ષ રજૂ કરવાનો કોઈ માર્ગ શોધી શકે અને તે પત્રના સંદર્ભમાં તેમનો અભિપ્રાય મેળવી શકે તો તે યોગ્ય રહેશે. અને ત્યારબાદ એ બાબત પર વિચારણા કરે કે શું એસ. એન. કુમાર, ન્યાયમૂર્તિને અધિક ન્યાયમૂર્તિ તરીકે પુનઃનિયુક્ત કરવા જોઈએ.

(૮) કે. બી. એન. સિંહ, મુખ્ય ન્યાયમૂર્તિના સંદર્ભમાં, એવો અભિપ્રાય આપવામાં આવ્યો હતો કે કેન્દ્ર સરકાર દ્વારા તેના બંધારણીય કાર્યોનો સ્પષ્ટ ત્યાગ કરવામાં આવ્યો હતો, અને તેથી, પટના હાઇકોર્ટમાંથી મદ્રાસ હાઇકોર્ટમાં તેમની બદલીને ગેરબંધારણીય અને રદબાતલ ઠેરવવામાં આવી હતી.

એ. સી. ગુપ્તા, ન્યાયમૂર્તિ:

(૧). "ન્યાયતંત્રની સ્વતંત્રતા" ના વિષય પર, એવો અભિપ્રાય આપવામાં આવ્યો હતો કે તેનો અર્થ ન્યાયમૂર્તિઓ મનસ્વી રીતે કાર્ય કરે તેવી સ્વતંત્રતા નથી. તેનો

માત્ર એટલો જ અર્થ હતો કે, ન્યાયમૂર્તિઓ તેમના ન્યાયિક કાર્યોનું નિર્વહન કરતી વખતે મુક્ત હોવા જોઈએ. "ન્યાયતંત્રની સ્વતંત્રતા" જાળવી રાખવા માટે, એવું માનવામાં આવ્યું હતું કે ન્યાયમૂર્તિઓને પ્રત્યક્ષ કે પરોક્ષ દખલગીરી સામે રક્ષણ આપવું પડશે. એવો નિષ્કર્ષ કાઢવામાં આવ્યો હતો કે, બંધારણીય જોગવાઈઓનું એ રીતે અર્થઘટન ન કરવું જોઈએ કે જે "ન્યાયતંત્રની સ્વતંત્રતા" ના ખ્યાલને નબળો પાડવા તરફ દોરી જાય (પેરા ૧૧૯).

(૨) તે પ્રશ્ન પર કે, શું હાઇકોર્ટના અધિક ન્યાયમૂર્તિના હોદ્દાની મુદત પૂરી થતાં, હાઇકોર્ટમાં પેન્ડિંગ કામનું ભારણ અન્ય ન્યાયમૂર્તિની સેવાઓની જરૂરિયાત ધરાવતું હોવા છતાં, તેમને બીજી મુદત ન આપીને પડતા મૂકવા માન્ય છે? એવો અભિપ્રાય આપવામાં આવ્યો હતો કે, અધિક ન્યાયમૂર્તિનો કાર્યકાળ માત્ર બાકી રહેલા કામ અથવા હાઇકોર્ટની કામગીરીમાં કામચલાઉ વધારા પર જ નિર્ભર હતો. અને અધિક ન્યાયમૂર્તિ પ્રોબેશન પર ન હોવાથી, તેઓ કાયમી ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક માટે યોગ્ય છે કે કેમ તે નક્કી કરવા માટે તેમની કામગીરી ધ્યાનમાં લઈ શકાય નહીં. તેથી, એવો નિષ્કર્ષ કાઢવામાં આવ્યો હતો કે જો હાઇકોર્ટમાં પેન્ડિંગ કામનું ભારણ અધિક ન્યાયમૂર્તિની નિમણૂકને વાજબી ઠેરવતું હોય, તો સંબંધિત અધિક ન્યાયમૂર્તિને બીજી મુદત માટે શા માટે નિયુક્ત ન કરવા જોઈએ તેનું કોઈ કારણ હોઈ શકે નહીં. અનુચ્છેદ ૨૨૪ માં ઉલ્લેખિત બે વર્ષનો સમયગાળો કાર્યકાળની મહત્તમ મર્યાદા દર્શાવે છે અને રાષ્ટ્રપતિ કોઈ પણ ટૂંકા ગાળા માટે અધિક ન્યાયમૂર્તિની નિમણૂક કરવા સક્ષમ છે તેવી રજૂઆત ફગાવી દેવામાં આવી હતી. ન્યાયમૂર્તિની યોગ્યતા તેમની પ્રારંભિક નિમણૂક સમયે ધ્યાનમાં

લેવામાં આવી હોવાથી, તેથી અનુચ્છેદ ૨૧૭(૧) હેઠળ તેમની પુનઃનિમણૂક કરવી જોઈએ કે કેમ તે નક્કી કરતી વખતે, એવો અભિપ્રાય આપવામાં આવ્યો હતો કે તપાસનો વ્યાપ માત્ર એટલા પૂરતો મર્યાદિત હતો કે શું હાઈકોર્ટમાં પેન્ડિંગ કામનું ભારણ તેમની સેવાઓ ચાલુ રાખવાની જરૂરિયાત ઊભી કરે છે.

(૩). એસ. એન. કુમાર, ન્યાયમૂર્તિના સંબંધમાં હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા વ્યક્ત કરાયેલા અભિપ્રાયનો સંદર્ભ આપતાં, એવો અભિપ્રાય આપવામાં આવ્યો હતો કે જ્યારે કોઈ ન્યાયમૂર્તિ સામે તેમની ફરજોના નિર્વહનના સંદર્ભમાં આક્ષેપો કરવામાં આવ્યા હોય, ત્યારે ઉપલબ્ધ એકમાત્ર વાજબી માર્ગ, કે જે "ન્યાયતંત્રની સ્વતંત્રતા" ને નબળી ન પાડે, તે એ હતો કે આક્ષેપોની તપાસ સાથે આગળ વધવું અને જો આક્ષેપો સાચા જણાય તો ન્યાયમૂર્તિને હોદ્દા પરથી દૂર કરવા (અનુચ્છેદ ૨૧૮ સાથે વંચાણે લેતાં અનુચ્છેદ ૧૨૪(૪) અને (૫) હેઠળ નિર્ધારિત પ્રક્રિયા અનુસાર). એવું માનવામાં આવ્યું હતું કે, આક્ષેપોની સત્યતાની યોગ્ય રીતે ખાતરી કર્યા વિના, તેમની સામે આક્ષેપો હોવાના કારણોસર અધિક ન્યાયમૂર્તિને તેમના હોદ્દાની પ્રારંભિક મુદતના અંતે પડતા મૂકવા, તે "ન્યાયતંત્રની સ્વતંત્રતા" નો નાશ કરનારું હતું (પેરા ૧૨૩).

(૪). દિલ્હી હાઈકોર્ટના અધિક ન્યાયમૂર્તિ એસ. એન. કુમાર, ન્યાયમૂર્તિને સેવાઓમાં ચાલુ ન રાખવાના સંદર્ભમાં, એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે કાયદા મંત્રીને સંબોધવામાં આવેલ દિલ્હી હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિનો તા. ૭.૫.૧૯૮૧ નો પત્ર ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સમક્ષ જાહેર કરવામાં આવ્યો ન

હતો. ભારતના મુખ્ય ન્યાયમૂર્તિથી સુસંગત સામગ્રી છુપાવવામાં આવી હોવાથી, એવો નિષ્કર્ષ કાઢવામાં આવ્યો હતો કે અનુચ્છેદ ૨૧૭(૧) દ્વારા વિચારવામાં આવ્યો હતો તેવો કોઈ સંપૂર્ણ અને અસરકારક "વિચાર-વિમર્શ" થયો ન હતો. અને તેથી, હાઇકોર્ટમાં પેન્ડિંગ કામનું ભારણ અધિક ન્યાયમૂર્તિની સેવાઓની જરૂરિયાત ધરાવતું હોવા છતાં, દિલ્હી હાઇકોર્ટના અધિક ન્યાયમૂર્તિ તરીકે એસ. એન. કુમાર, ન્યાયમૂર્તિના હોદ્દાની મુદત ન લંબાવવાનો નિર્ણય અમાન્ય હતો.

(૫). હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ વચ્ચે મતભેદના કિસ્સામાં શું ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના અભિપ્રાયને પ્રાધાન્ય મળશે તે પ્રશ્ન પર, એવો મત વ્યક્ત કરવામાં આવ્યો હતો કે જ્યાં સુધી આવો અભિપ્રાય કોઈ સ્પષ્ટ ખામીથી પીડાતો ન હોય ત્યાં સુધી રાષ્ટ્રપતિએ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિનો અભિપ્રાય સ્વીકારવો જોઈએ. અને એ કે, રાષ્ટ્રપતિ અમ્પાયર તરીકે કાર્ય કરી શકે નહીં અને બે અભિપ્રાયો વચ્ચે પસંદગી કરી શકે નહીં (પેરા ૧૩૪).

(૬) સાંકળચંદ હિંમતલાલ શેઠ કેસપ ના ચુકાદાનો સંદર્ભ આપતાં, જેમાં એવો નિષ્કર્ષ કાઢવામાં આવ્યો હતો કે અનુચ્છેદ ૨૨૨(૧) હેઠળ સામૂહિક બદલીઓની કલ્પના કરવામાં આવી ન હતી, એવો અભિપ્રાય આપવામાં આવ્યો હતો કે રાષ્ટ્રપતિ માત્ર ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર-વિમર્શ કર્યા પછી જ ન્યાયમૂર્તિની એક હાઇકોર્ટમાંથી બીજી હાઇકોર્ટમાં બદલી કરી શકે છે અને એ કે,

ભારતના મુખ્ય ન્યાયમૂર્તિએ દરેક કેસમાં વિચાર કરવો જ જોઈએ કે શું સૂચિત બદલી જાહેર હિતમાં હતી (પેરા ૧૩૮).

(૭). પટના હાઇકોર્ટમાંથી મદ્રાસ હાઇકોર્ટમાં કે. બી. એન. સિંહ, મુખ્ય ન્યાયમૂર્તિની બદલીના સંદર્ભમાં, એવો અભિપ્રાય આપવામાં આવ્યો હતો કે ઉપરોક્ત બદલી વહીવટી કારણોસર અને જાહેર હિતમાં કરવામાં આવી હોવા છતાં પણ, તેનાથી બદલી પામનારને કંઈક નુકસાન થવાની સંભાવના હતી, અને તેમને એવી જગ્યાએ બદલી કરવાની શક્યતા પર વિચાર કરવો જ વાજબી રહેશે જ્યાં તેમને ઓછામાં ઓછી મુશ્કેલીઓનો સામનો કરવો પડે, એટલે કે, જ્યાં ભાષાની મુશ્કેલી ગંભીર ન હોય.

એસ. મુર્તઝા ફઝલ અલી, ન્યાયમૂર્તિ:

(૧) અનુચ્છેદ ૨૨૨ હેઠળ હાઇકોર્ટના ન્યાયમૂર્તિની બદલી માટે જે ન્યાયમૂર્તિની બદલી કરવાની દરખાસ્ત હોય તેમની સંમતિ જરૂરી છે કે કેમ તે મુદ્દા પર, એવો અભિપ્રાય આપવામાં આવ્યો હતો કે સંમતિ વિનાની બદલી એ શિક્ષા સમાન નથી, તેમજ તેમાં કોઈ કલંક પણ સંકળાયેલું નથી. તદનુસાર એવો નિષ્કર્ષ કાઢવામાં આવ્યો હતો કે, અનુચ્છેદ ૨૨૨ નું પાલન કર્યા પછી કરવામાં આવેલી બદલી "ન્યાયતંત્રની સ્વતંત્રતા" ને નુકસાન પહોંચાડશે નહીં કે તેનું ધોવાણ કરશે નહીં (પેરા ૩૪૫).

(૨) રાજ્ય બહારથી હાઇકોર્ટોના મુખ્ય ન્યાયમૂર્તિઓની નિમણૂક કરવાના અને દરેક હાઇકોર્ટમાં રાજ્ય બહારથી ૧/૩ ભાગના ન્યાયમૂર્તિઓ રાખવાના સંદર્ભમાં, એવું વ્યક્ત કરવામાં આવ્યું હતું કે અનુચ્છેદ ૨૨૨ રાષ્ટ્રપતિને એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં ન્યાયમૂર્તિની (જેમાં મુખ્ય ન્યાયમૂર્તિનો સમાવેશ થાય છે) બદલી કરવાની સ્પષ્ટ સત્તા પ્રદાન કરે છે. આ સત્તાનો ઉપયોગ કેવી રીતે કરવો તે નક્કી કરવામાં, એવું માનવામાં આવ્યું હતું કે સદર સત્તાનો ઉપયોગ કયા ધોરણો, સિદ્ધાંતો, શરતો અને સંજોગો હેઠળ કરવાનો હતો તે નિર્ધારિત કરવાની ગર્ભિત સત્તા રાષ્ટ્રપતિ નિઃશંકપણે ધરાવતા હતા. નીતિના સ્વરૂપ અને શરતો અંગે રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવેલી જાહેરાત (જેનો વાસ્તવમાં અર્થ મંત્રી પરિષદ દ્વારા કરવામાં આવેલી જાહેરાત થતો હતો) તે તદ્દન પૂરતી હતી, અને તદ્દન કાનૂની અને બંધારણીય હતી (પેરા ૪૧૦).

(૩) કેન્દ્રીય કાયદા મંત્રીના તા. ૧૮.૩.૧૯૮૧ ના પત્રની કાયદેસરતાના વિષય પર, એવું ઠેરવવામાં આવ્યું હતું કે તે કોઈપણ રીતે ન્યાયમૂર્તિઓની છબીને ખરડતો નથી, અથવા "ન્યાયતંત્રની સ્વતંત્રતા" ને ક્ષતિ પહોંચાડતો નથી (પેરા ૪૩૩).

(૪) અધિક ન્યાયમૂર્તિઓની નિમણૂકના પ્રશ્ન પર, અને અનુચ્છેદ ૨૧૭ ના અર્થઘટન પર, પી. એન. ભગવતી અને ઈ. એસ. વેંકટરામૈયા, ન્યાયમૂર્તિઓ દ્વારા વ્યક્ત કરવામાં આવેલા અભિપ્રાયને અપનાવવામાં આવ્યો હતો (પેરા ૪૩૪).

(૫) જ્યાં સુધી અનુચ્છેદ ૨૨૪ ના અર્થઘટનનો સંબંધ હતો, પી.એન. ભગવતી અને ડી.એ. દેસાઈ, ન્યાયમૂર્તિઓનો અભિપ્રાય સ્વીકારવામાં આવ્યો હતો, (પેરાગ્રાફ ૫૩૭). અને તદનુસાર, તેમની નિમણૂકની મુદત સમાપ્ત થયા પછી, અધિક ન્યાયમૂર્તિ તરીકે એસ.એન. કુમાર, ન્યાયમૂર્તિના ચાલુ રહેવા અંગેના તેમના નિષ્કર્ષને સમર્થન આપવામાં આવ્યું હતું.

(૬) સાંકળચંદ હિંમતલાલ શેઠ કેસપ માં આપવામાં આવેલા નિર્ણયનું વિશ્લેષણ કરતાં, અન્ય બાબતોની સાથે સાથે, રાષ્ટ્રપતિ અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ વચ્ચેના અસરકારક વિચાર–વિમર્શના નીચે મુજબના આવશ્યક પાસાઓ તારવવામાં આવ્યા હતા. કે વિચાર–વિમર્શ પૂર્ણ અને અસરકારક હોવો જોઈએ, અને ન્યાયમૂર્તિની વાસ્તવિક બદલી પહેલાં થવો જોઈએ. જો ન્યાયમૂર્તિની બદલી કરતાં પહેલાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર–વિમર્શ કરવામાં ન આવ્યો હોય, તો કોર્ટે ઠેરવેલ કે, તે બદલી ગેરબંધારણીય ગણાશે. તમામ સંબંધિત માહિતી અને આવશ્યક તથ્યો ભારતના મુખ્ય ન્યાયમૂર્તિને પૂરા પાડવામાં આવવા જોઈએ, જેથી તેઓ યોગ્ય નિષ્કર્ષ પર પહોંચી શકે. ઉપરોક્ત પ્રક્રિયાનું સંપૂર્ણ પાલન થયા પછી જ, વિચાર–વિમર્શ પૂર્ણ અને અસરકારક ગણવામાં આવશે. એવું માનવામાં આવ્યું હતું કે, રાષ્ટ્રપતિને પોતાનો અભિપ્રાય આપતાં પહેલાં પ્રત્યેક સંબંધિત તથ્ય પર વિચાર કરવાની ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની રાષ્ટ્રપતિ અને જે ન્યાયમૂર્તિની બદલી કરવાની દરખાસ્ત છે તે બંને પ્રત્યે ફરજ હતી. પોતાનો અભિપ્રાય આપતાં પહેલાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ, સંબંધિત ન્યાયમૂર્તિ પાસેથી અનૌપચારિક રીતે જાણી શકતા હતા કે શું કોઈ

એવી અંગત મુશ્કેલી અથવા એવું કોઈ માનવતાવાદી કારણ છે કે જેના આધારે તેમની બદલી ન થવી જોઈએ. અને તેમ કર્યા પછી જ, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ પોતાનો અભિપ્રાય રાષ્ટ્રપતિને મોકલી શકતા હતા. વિચાર–વિમર્શ પ્રક્રિયાના ઉપરોક્ત પાસાઓને ૧૯.૧.૧૯૮૧ ના રોજના હુકમની માન્યતાના સંબંધમાં લાગુ કરતાં, જેના દ્વારા કે.બી.એન. સિંહ, મુખ્ય ન્યાયમૂર્તિની બદલી કરવામાં આવી હતી, કોર્ટે ઠેરવેલ કે, અનુચ્છેદ ૨૨૨ હેઠળ વિચારાયેલી વિચાર–વિમર્શ પ્રક્રિયાનો ભંગ થયો હતો, જેના લીધે રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવેલો હુકમ અમાન્ય ઠરે છે (પેરાગ્રાફ ૫૮૯).

વી.ડી. તુળઝાપુરકર, ન્યાયમૂર્તિ:

(૧). જ્યાં સુધી "ન્યાયતંત્રની સ્વતંત્રતા" ના પ્રશ્નનો સંબંધ છે, એવો દાવો કરવામાં આવ્યો હતો કે આ બાબતમાં પોતાના મંતવ્યો વ્યક્ત કરનારા તમામ ન્યાયાધીશોએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, બંધારણના ઘડવૈયાઓએ ઉચ્ચ ન્યાયતંત્રના "ન્યાયાધીશોની સ્વતંત્રતા" સુનિશ્ચિત કરવા માટે બનતા તમામ પ્રયાસો કર્યા હતા. ઉપરોક્ત દલીલના સમર્થનમાં બંધારણની કેટલીક જોગવાઈઓનો સંદર્ભ આપવામાં આવ્યો હતો. એ પણ નિર્દેશ કરવામાં આવ્યો હતો કે ભારત સંઘનું પ્રતિનિધિત્વ કરતા એટર્ની જનરલે ઉપરોક્ત રજૂઆતનો વિરોધ કર્યો ન હતો (પેરાગ્રાફ ૬૩૯).

(૨) પ્રેક્ટિસ કરતા વકીલોના સમુદાયમાંથી અનુચ્છેદ ૨૨૪(૧) હેઠળ નિમાયેલા અધિક ન્યાયમૂર્તિઓના સંદર્ભમાં, એ નિર્દેશ કરવામાં આવ્યો હતો કે, તેમની

પ્રારંભિક નિમણૂકના સમયે તેમની પાસેથી એક બાંહેધરી લેવામાં આવતી હતી કે જો અને જ્યારે તેમને તે કોર્ટના કાયમી ન્યાયમૂર્તિ તરીકેના હોદ્દાની ઓફર કરવામાં આવે, ત્યારે તેઓ તેનો ઇનકાર કરશે નહીં. અને વધુમાં, બોમ્બે હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ તેમની પાસેથી વધુ એવી બાંહેધરી રજૂ કરવાની અપેક્ષા રાખતા હતા કે, જો તેઓ આવી કાયમી ન્યાયમૂર્તિ પદવી સ્વીકારવાનો ઇનકાર કરે (ઓફર કરવામાં આવી હોવા છતાં), અથવા જો તેઓ અધિક ન્યાયમૂર્તિના હોદ્દા પરથી રાજીનામું આપે, તો તેઓ બોમ્બે હાઇકોર્ટ સમક્ષ, અથવા તેના તાબાની કોઈપણ અદાલત કે ટ્રિબ્યુનલ સમક્ષ વકીલાત કરશે નહીં. ઉપરોક્ત બાંહેધરીઓના આધારે, એવી દલીલ કરવામાં આવી હતી કે બારમાંથી નિયુક્ત થયેલા અધિક ન્યાયમૂર્તિઓને હોદ્દા પર ચાલુ રહેવાની કાયદેસરની અપેક્ષા અને એક અમલપાત્ર અધિકાર પ્રાપ્ત થયો હતો. એવું માનવામાં આવ્યું હતું કે હાઇકોર્ટમાં અધિક ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં અનુચ્છેદ ૨૨૪(૧) નિમણૂક સત્તાધિકારીને કોઈ સંપૂર્ણ સત્તા અથવા વિવેકાધિકાર પ્રદાન કરે છે તેવું અર્થઘટન કરવું અશક્ય હતું (પેરાગ્રાફ ૬૨૨ અને ૬૨૪).

(૩) સામાવાળાઓ વતી કરવામાં આવેલી એવી તમામ રજૂઆતો કે અધિક ન્યાયમૂર્તિની મુદત લંબાવવી, અથવા તેમને કાયમી ન્યાયમૂર્તિ બનાવવા એ નવી નિમણૂક સમાન હતું, તે ફગાવી દેવામાં આવી હતી. એવો નિષ્કર્ષ કાઢવામાં આવ્યો હતો કે અધિક ન્યાયમૂર્તિની મુદત લંબાવવા અથવા તેમને કાયમી બનાવવા માટે અનુચ્છેદ ૨૧૭(૧) હેઠળ તેમની યોગ્યતાનું પુનઃનિર્ધારણ કરવું જરૂરી નથી (પેરાગ્રાફ ૬૨૮).

(૪). જે પરિસ્થિતિઓમાં શંકાસ્પદ ગેરવર્તણૂક અને/અથવા પ્રામાણિકતાના અહેવાલિત અભાવને જાહેર કરતાં તથ્યો હોય ત્યાં અધિક ન્યાયમૂર્તિના ચાલુ રહેવાના પ્રશ્ન સાથે કામ પાર પાડતી વખતે, એવો મત વ્યક્ત કરવામાં આવ્યો હતો કે, કાર્યરત અધિક ન્યાયમૂર્તિની પ્રારંભિક મુદત સમાપ્ત થતાં તેમને ચાલુ રાખવાના પ્રશ્ન પર વિચાર કરતી વખતે, અનુચ્છેદ ૨૧૭(૧) હેઠળની વિચાર-વિમર્શ પ્રક્રિયામાં વિચારાયેલી યોગ્યતાની કસોટી લાગુ કરવી જોઈએ નહીં - ઓછામાં ઓછું ત્યાં સુધી જ્યાં સુધી કોઈપણ શંકાસ્પદ ગેરવર્તણૂક અને/અથવા પ્રામાણિકતાના અભાવના સંદર્ભમાં સંબંધિત ન્યાયમૂર્તિ વિરુદ્ધ તપાસ કરવા માટે કાનૂની માન્યતા ધરાવતી કોઈ યોગ્ય વ્યવસ્થા પૂરી પાડવામાં ન આવે (પેરાગ્રાફ ૬૨૮).

(૫) કાર્યરત અધિક ન્યાયમૂર્તિ તરીકે ચાલુ રાખવા માટેની વિચારણાના વ્યાપ પર (ન્યાયમૂર્તિની પ્રારંભિક મુદત સમાપ્ત થતાં), એવો અભિપ્રાય આપવામાં આવ્યો હતો કે, વિચાર-વિમર્શ પ્રક્રિયા માત્ર એ જોવા પૂરતી મર્યાદિત હોવી જોઈએ કે, અનુચ્છેદ ૨૨૪(૧) માં ઉલ્લેખિત પૂર્વશરતો અસ્તિત્વમાં હતી કે નહીં, અથવા કામની પેન્ડન્સી ચાલુ રાખવાનું વાજબી ઠેરવતી હતી કે નહીં. કોર્ટે ઠેરવેલ કે, અનુચ્છેદ ૨૧૭(૧) હેઠળની વિચાર-વિમર્શ પ્રક્રિયામાં વિચારાયેલી યોગ્યતાની કસોટીનો આશરો લઈ શકાય નહીં અને લેવો જોઈએ નહીં (પેરાગ્રાફ ૬૨૯).

(૬) અનુચ્છેદ ૨૧૭(૧) ના સંદર્ભમાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની પ્રાથમિકતાના પ્રશ્ન પર, એવો મત વ્યક્ત કરવામાં આવ્યો હતો કે, તેમાં કલ્પિત

યોજના, સૂચિતાર્થ અને ઉદ્દેશ દ્વારા, સ્પષ્ટપણે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા આપવામાં આવેલી સલાહને પ્રાથમિકતા આપે છે. જોકે, એ સ્પષ્ટ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો કે, હાઇકોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની સલાહને પ્રાથમિકતા આપવાનું કોઈપણ દરખાસ્તને વીટો કરવાની સત્તા તરીકે અર્થઘટન કરવું જોઈએ નહીં. અને એ કે, જો ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની સલાહ અપ્રસ્તુત કે અસંબદ્ધ બાબતો પર આધારિત હોય, તો તે ન્યાયિક સમીક્ષાને અધીન રહેશે, જેમ કે રાષ્ટ્રપતિનો આખરી નિર્ણય, જો તેઓ વાજબી અને પ્રતીતિકારક કારણોસર ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની સલાહની અવગણના કરે. અનુચ્છેદ ૨૧૭(૧) નું ઉપરોક્ત રીતે અર્થઘટન કરવું, એવું માનવામાં આવ્યું હતું કે, "ન્યાયતંત્રની સ્વતંત્રતા" જાળવવામાં ઘણી મદદરૂપ થશે (પેરાગ્રાફ ૬૩૨).

(૭) અનુચ્છેદ ૨૨૨(૧) હેઠળ વિચારાયેલ 'વિચાર-વિમર્શ' ના વ્યાપના સંબંધમાં, સાંકળચંદ હિંમતલાલ શેઠ કેસપ માં બહુમતી મંતવ્ય દ્વારા કાઢવામાં આવેલા નિષ્કર્ષ(ર્ષો)ને સમર્થન આપવામાં આવ્યું હતું.

(૮) જ્યાં સુધી સંબંધિત ન્યાયમૂર્તિની બદલી કરતાં પહેલાં તેમની સંમતિ લેવાના મુદ્દાનો સંબંધ છે, સાંકળચંદ હિંમતલાલ શેઠ કેસપ માં આપવામાં આવેલા નિર્ણયના આધારે, એવું માનવામાં આવ્યું હતું કે સંબંધિત ન્યાયમૂર્તિની સંમતિ મેળવ્યા વિના બદલીઓ કરી શકાય છે. અને તદનુસાર કોર્ટે ઠેરવેલ કે,

સંમતિ વિનાની બદલીઓ અનુચ્છેદ ૨૨૨(૧) ના કાર્યક્ષેત્ર હેઠળ આવતી હતી (પેરાગ્રાફ ૬૪૫ અને ૬૪૬).

(૯) કેન્દ્રીય કાયદા મંત્રી દ્વારા લખાયેલા ૧૮.૩.૧૯૮૧ ના રોજના પત્રના સંદર્ભમાં, એવો દાવો કરવામાં આવ્યો હતો કે, પ્રક્રિયાની આવશ્યક વ્યવસ્થા કે પદ્ધતિ નક્કી કર્યા વિનાની નીતિગત બદલી પણ કારોબારીની દખલગીરી સામે સંપૂર્ણ રક્ષણ સુનિશ્ચિત કરશે નહીં. તેનાથી વિપરીત એવું માનવામાં આવ્યું હતું કે, યોગ્ય કેસમાં, ચુસ્તપણે વસ્તુલક્ષી કારણોસર અને જાહેર હિતમાં કરવામાં આવેલી પસંદગીયુક્ત બદલી બિન-દંડાત્મક હોઈ શકે છે. તેથી એવો નિષ્કર્ષ કાઢવામાં આવ્યો હતો કે બદલીનો પ્રત્યેક કેસ, ભલે તે નીતિ પર આધારિત હોય કે વ્યક્તિગત કારણોસર હોય, તે દંડાત્મક હતો કે નહીં તે નક્કી કરવા માટે તેના પોતાના તથ્યો અને સંજોગોના આધારે તેનું મૂલ્યાંકન કરવું પડશે (પેરાગ્રાફ ૬૪૯).

(૧૦) એવો નિષ્કર્ષ કાઢવામાં આવ્યો હતો કે, કાર્યરત અધિક ન્યાયમૂર્તિ પાસેથી અન્ય હાઇકોર્ટમાં નિમણૂક મેળવવા માટે તેમની સંમતિ માંગવી, તે વાસ્તવમાં પોતાની હાઇકોર્ટમાંથી અન્ય હાઇકોર્ટમાં તેમની બદલી માટે તેમની સંમતિ માંગવા સમાન હતું, જે અનુચ્છેદ ૨૨૨(૧) ના વ્યાપ હેઠળ આવે છે. સાંકળચંદ હિંમતલાલ શેઠ કેસપ માં આપવામાં આવેલા ચુકાદાનો સંદર્ભ આપતાં, એવું માનવામાં આવ્યું હતું કે ૧૮.૩.૧૯૮૧ નો પરિપત્ર પત્ર ઉપરોક્ત ચુકાદામાં વ્યક્ત કરાયેલા સલામતીના પગલાં અને કડક શરતોને અવગણવાનો એક

પ્રયાસ હતો (પેરાગ્રાફ ૬૫૨). અને વધુમાં, તે પરિપત્ર પત્ર સ્પષ્ટપણે કારોબારીના વર્ચસ્વ અને અહંકારની ગંધ ફેલાવતો હતો, જેનો ઉદ્દેશ કાર્યરત અધિક ન્યાયમૂર્તિઓના મન પર બળજબરીપૂર્ણ પ્રભાવ પાડવાનો હતો, જેમાં તેમને એવી ગર્ભિત ધમકી આપવામાં આવી હતી કે જો તેઓ અન્યત્ર બદલી માટે પોતાની સંમતિ નહીં આપે, તો તેમને ન તો ચાલુ રાખવામાં આવશે કે ન તો કાયમી કરવામાં આવશે. ઉપરોક્ત પત્ર "ન્યાયતંત્રની સ્વતંત્રતા" માં કારોબારીની દખલગીરી સમાન હોવાનું ઠેરવવામાં આવ્યું હતું, અને તેથી તે ગેરકાયદેસર, ગેરબંધારણીય અને રદબાતલ હતો. તેના હેઠળ મેળવવામાં આવેલી કોઈપણ સંમતિને પણ રદબાતલ ઠેરવવામાં આવી હતી (પેરાગ્રાફ ૬૫૪).

(૧૧) એવો પણ નિષ્કર્ષ કાઢવામાં આવ્યો હતો કે, આવી અગાઉથી મેળવેલી સંમતિ સમક્ષ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની સલાહ તેની વાસ્તવિક અસરકારકતા ગુમાવી દેશે, અને તેને બદદાનતપૂર્વક તથા પરોક્ષ હેતુ માટે બહાર પાડવામાં આવેલ ગણાવી પડશે, એટલે કે અનુચ્છેદ ૨૨૨(૧) ને બાયપાસ કરવા અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સમક્ષ એક પૂર્ણ થઈ ચૂકેલી સ્થિતિ બનેલી હકીકત રજૂ કરવા માટે, અને તેથી, તેને ગેરકાયદેસર અને ગેરબંધારણીય જાહેર કરવાપાત્ર હતી (પેરાગ્રાફ ૬૫૫).

(૧૨) ઉપરોક્ત ૧૮.૩.૧૯૮૧ નો પરિપત્ર પત્ર અનુચ્છેદ ૧૪ નો પણ ભંગ કરતો હોવાનું ઠેરવવામાં આવ્યું હતું, કારણ કે પરિપત્ર પત્રના દર્શનીય ભાગ પર જ અયોગ્ય ભેદભાવ સ્પષ્ટપણે છતો થતો હતો. આ વધારાના કારણસર, કેન્દ્રીય

કાયદા મંત્રીનો ૧૮.૩.૧૯૮૧ નો પત્ર રદ કરવાપાત્ર હોવાનું માનવામાં આવ્યું હતું (પેરાગ્રાફ ૬૫૯ અને ૬૬૦).

(૧૩) એસ.એન. કુમાર, ન્યાયમૂર્તિને ચાલુ ન રાખવાના વિષય પર, એવું ઠેરવવામાં આવ્યું હતું કે, પત્રવ્યવહાર અને નોંધો પરથી એ તદ્દન સ્પષ્ટ હતું કે તેમની પ્રામાણિકતા સંબંધિત વધુ વિગતો અને નક્કર તથ્યો તથા સામગ્રી, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા ખાસ માંગવામાં આવી હોવા છતાં, પૂરી પાડવામાં આવી ન હતી, અને ૭.૫.૧૯૮૧ નો પત્ર, જેમાં આવી વિગતો અને નક્કર તથ્યો તથા સામગ્રી હતી, તે તેમનાથી દૂર રાખવામાં આવ્યો હતો, જેના પરથી એવું અનુમાન થાય છે કે જે તથ્યો કેન્દ્રીય કાયદા મંત્રી અને દિલ્હી હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા ધ્યાને લેવામાં આવ્યા હતા (જેમણે એસ.એન. કુમાર, ન્યાયમૂર્તિની નિમણૂક ન લંબાવવા માટે નિમણૂક સત્તાધિકારીને આધાર પૂરો પાડ્યો હતો), તે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સમક્ષ મૂકવામાં આવ્યા ન હતા, અને તેથી, અનુચ્છેદ ૨૧૭(૧) દ્વારા અપેક્ષિત મુજબ રાષ્ટ્રપતિ અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ વચ્ચે ન તો સંપૂર્ણ વિચાર-વિમર્શ થયો હતો કે ન તો અસરકારક વિચાર-વિમર્શ. તદનુસાર એવો નિષ્કર્ષ કાઢવામાં આવ્યો હતો કે એસ.એન. કુમાર, ન્યાયમૂર્તિ વિરુદ્ધનો નિર્ણય કાનૂની બદદાનતથી દૂષિત હતો, અને તેથી, તેને રદબાતલ અને અસ્તિત્વહીન ગણવાપાત્ર હતો, અને જરૂરી વિચાર-વિમર્શ નવેસરથી હાથ ધર્યા પછી, પુનર્વિચારણા કરવા અને યોગ્ય હુકમો પસાર કરવા માટે તેમનો કેસ રાષ્ટ્રપતિને પરત મોકલવો પડ્યો હતો (પેરાગ્રાફ ૬૬૪ અને ૬૬૬ થી ૬૬૮). (૧૪) કે.બી.એન. સિંહ, મુખ્ય ન્યાયમૂર્તિની બદલીની

માન્યતાના સંબંધમાં, એવું માનવામાં આવ્યું હતું કે કોઈપણ મિલીભગત કે સંડોવણીના અભાવમાં, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા અનુસરવામાં આવેલી પ્રક્રિયામાં કોઈ ગેરરીતિ સામેલ ન હોવાથી, એવો નિષ્કર્ષ કાઢવાપાત્ર હતો કે વાદગ્રસ્ત બદલી જાહેર હિતમાં કરવામાં આવી હતી અને સજાના ભાગરૂપે નહીં. તદનુસાર ઉપરોક્ત બદલીને માન્ય ઠેરવવામાં આવી હતી (પેરાગ્રાફ ૬૮૦).

ડી.એ. દેસાઈ, ન્યાયમૂર્તિ:

(૧) એ નોંધ્યા પછી કે, અનુચ્છેદ ૭૪ હેઠળ રાષ્ટ્રપતિ મંત્રી પરિષદની સલાહ મુજબ કાર્ય કરે છે, અને અનુચ્છેદ ૨૧૭(૩) હેઠળ કાર્ય કરતી વખતે રાષ્ટ્રપતિ અત્યંત મહત્વપૂર્ણ કાર્યો કરે છે. એવું માનવામાં આવ્યું હતું કે એવું કહી શકાય નહીં કે ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની સત્તાનો ઉપયોગ કરતી વખતે રાષ્ટ્રપતિ ન્યાયિક અથવા અર્ધ–ન્યાયિક કાર્યો કરી રહ્યા હતા. ન્યાયમૂર્તિઓની નિમણૂકના કાર્યને કારોબારી કાર્ય તરીકે જાહેર કરવામાં આવ્યું હતું, અને તેથી કોર્ટે ઠેરવેલ કે, અનુચ્છેદ ૭૪ અમલમાં આવશે. અને તેથી એવો નિષ્કર્ષ કાઢવામાં આવ્યો કે, અનુચ્છેદ ૨૧૭ હેઠળ ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં રાષ્ટ્રપતિએ મંત્રી પરિષદની સલાહ મુજબ કાર્ય કરવું પડશે (પેરાગ્રાફ ૭૧૫). અને તેથી એવું ઠેરવવામાં આવ્યું કે, અનુચ્છેદ ૨૧૭ હેઠળ નિમણૂકની અંતિમ સત્તા, "નિઃશંકપણે" રાષ્ટ્રપતિ પાસે રહેલી હતી.

(૨) એ નિર્દેશિત કરવામાં આવ્યું હતું કે, (હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ સિવાયના) ન્યાયમૂર્તિની નિમણૂકની સત્તાનો ઉપયોગ કરતા પહેલાં, રાષ્ટ્રપતિ

અનુચ્છેદ ૨૧૭ માં ઉલ્લેખિત ત્રણ બંધારણીય પદાધિકારીઓ સાથે વિચાર–વિમર્શ કરવા માટે બંધારણીય બંધન હેઠળ હતા (પેરાગ્રાફ ૭૧૮ અને ૭૧૯). અને એ કે ઉપરોક્ત ત્રણ બંધારણીય પદાધિકારીઓ એકબીજાની સમકક્ષ હતા. તેઓ કોઈપણ સાપેક્ષ પદાનુક્રમ વિનાની સમકક્ષ સત્તાઓ હતા, અને તેથી, હાઈકોર્ટોના ન્યાયમૂર્તિઓની નિમણૂકના મુદ્દે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના અભિપ્રાયને પ્રાધાન્ય આપી શકાય નહીં (પેરાગ્રાફ ૭૨૪, ૭૨૬ અને ૭૨૮).

(૩) એવો પણ નિષ્કર્ષ કાઢવામાં આવ્યો હતો કે, અનુચ્છેદ ૨૨૪ હેઠળ અધિક ન્યાયમૂર્તિ તરીકેની નિમણૂકની મૂળ મુદત પૂરી થવા પર, સંબંધિત ન્યાયમૂર્તિને ચાલુ રાખવા માટે અનુચ્છેદ ૨૧૭ માં સમાવિષ્ટ પ્રક્રિયાને પુનઃ અપનાવવાની પરિકલ્પના કરવામાં આવશે (પેરાગ્રાફ ૭૩૬ અને ૭૪૫).

(૪) એવું માનવામાં આવ્યું હતું કે, એ વાત નકારી શકાય તેમ નહોતી કે, ૨૫ વર્ષથી વધુ સમયથી જે પ્રથાનું પાલન કરવામાં આવતું હતું, એટલે કે જો કોઈ કાયમી જગ્યા ખાલી ન હોય તો અધિક ન્યાયમૂર્તિને હંમેશા નવી મુદત માટે ધ્યાનમાં લેવામાં આવતા હતા, અને જો આવી કોઈ જગ્યા ખાલી હોય, તો તેમને કાયમી ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક માટે ધ્યાનમાં લેવામાં આવતા હતા. ઠેરવવામાં આવેલ કે, એટર્ની જનરલની એવી દલીલ કે આવા અધિક ન્યાયમૂર્તિને ધ્યાનમાં લેવા માટે કોઈ અગ્રતા, પસંદગી, મહત્વ કે અધિકાર નથી, અને તેઓ બજારમાંથી લાવી શકાય તેવી અન્ય કોઈપણ વ્યક્તિની સમકક્ષ હતા, તે બંધારણીય યોજનાની અવગણના સમાન ગણાશે, અને તેને નકારી કાઢવી જ

જોઈએ (પેરાગ્રાફ ૭૫૯). ઠેરવવામાં આવેલ કે, જ્યારે કોઈ ન્યાયમૂર્તિની અધિક ન્યાયમૂર્તિ તરીકે બે વર્ષની મુદત માટે નિમણૂક કરવામાં આવી હોય, ત્યારે તેમની નિમણૂક કાયમી ન્યાયમૂર્તિ તરીકેની નહોતી તેવું વિચારવા માટે તે પૂરતું હતું. અને તેથી, જો કોઈ કાયમી જગ્યા ખાલી પડે, તો અધિક ન્યાયમૂર્તિ તે કાયમી ખાલી જગ્યા સામે પોતાની નિમણૂકનો અમલ કરાવી શકે નહીં (પેરાગ્રાફ ૭૬૨).

(૫) એવો પણ નિષ્કર્ષ કાઢવામાં આવ્યો હતો કે, અધિક ન્યાયમૂર્તિની મુદત ત્રણ મહિના કે છ મહિના માટે લંબાવી શકાય નહીં, કારણ કે આવી ટૂંકા ગાળાની નિમણૂકો અનુચ્છેદ ૨૨૪ ના સ્પષ્ટ આશયથી સંપૂર્ણપણે અસંગત અને વિપરીત હતી, અને હાઇકોર્ટના ન્યાયમૂર્તિના ગૌરવને પણ ન શોભે તેવી હતી (પેરાગ્રાફ ૭૬૩ અને ૭૬૪).

(૬) અધિક ન્યાયમૂર્તિની મુદત લંબાવવાના વિષય પર, એવું માનવામાં આવ્યું હતું કે, બંધારણીય પદાધિકારીઓ માટે પ્રસ્તાવના ગુણદોષ પર પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યા વિના પ્રસ્તાવ પર દબાઈને બેસી રહેવું, અને કેવળ નિષ્ક્રિયતા દ્વારા પ્રસ્તાવને રદ કરી દેવો એ યોગ્ય નહોતું. તે મુજબ એવો અભિપ્રાય આપવામાં આવ્યો હતો કે, જ્યારે અધિક ન્યાયમૂર્તિની મુદત પૂરી થવા આવી હોય, ત્યારે પ્રારંભિક નિમણૂકની મુદત પૂરી થાય તે પહેલાં વિચાર–વિમર્શની પ્રક્રિયા પૂર્ણ કરવા માટે પ્રસ્તાવ શરૂ કરવો એ હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ માટે ફરજિયાત હતું (પેરાગ્રાફ ૭૭૨).

(૭) એસ.એન. કુમાર, ન્યાયમૂર્તિની મુદત ન લંબાવવાના સંદર્ભમાં, એવું માનવામાં આવ્યું હતું કે, જ્યારે બે ઉચ્ચ બંધારણીય પદાધિકારીઓ, એટલે કે, દિલ્હી હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ તેમની શંકાસ્પદ સચ્ચાઈના ચોક્કસ સંદર્ભમાં મળ્યા હતા, ત્યારે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિને તારીખ ૭.૫.૧૯૮૧ નો પત્ર ન બતાવવાનું કૃત્ય એ અનુચ્છેદ ૨૧૭ દ્વારા અપેક્ષિત વિચાર–વિમર્શની પૂર્ણતામાં ઘટાડો કરતું નથી. તે મુજબ, ઠેરવવામાં આવેલ કે, તારીખ ૭.૫.૧૯૮૧ ના પત્રમાં દર્શાવેલા મુદ્દાઓ સહિતના તમામ સુસંગત મુદ્દાઓ પર સંપૂર્ણ અને અસરકારક વિચાર–વિમર્શ થયો હતો. અને સંબંધિત ન્યાયમૂર્તિનો મુદત ચાલુ રાખવાનો દાવો નકારી કાઢવાને પાત્ર હતો. જોકે, એવું સૂચન કરવામાં આવ્યું હતું કે ભારત સરકાર અત્યારે પણ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિને તારીખ ૭.૫.૧૯૮૧ નો પત્ર બતાવી શકે છે, અને તેમને તેમના મંતવ્યો આપવા માટે વિનંતી કરી શકે છે. તેમના મંતવ્યો પ્રાપ્ત થયા પછી, ભારત સરકાર નવેસરથી નિર્ણય લઈ શકે છે કે એસ.એન. કુમાર, ન્યાયમૂર્તિને દિલ્હી હાઇકોર્ટના અધિક ન્યાયમૂર્તિ તરીકે ફરીથી નિમણૂક આપવી જોઈએ કે નહીં. જોકે, એવી સ્પષ્ટતા કરવામાં આવી હતી કે, પ્રસ્તાવિત પુનર્વિચારણાને નિર્દેશ તરીકે નહીં, પરંતુ માત્ર એક સૂચન તરીકે ગણવી જોઈએ.

(૮) અનુચ્છેદ ૨૨૨(૧) હેઠળ સંબંધિત ન્યાયમૂર્તિની ટ્રાન્સફર કરતા પહેલાં તેમની સંમતિ મેળવવી જોઈએ કે કેમ તે પ્રશ્ન પર, એવો નિષ્કર્ષ કાઢવામાં આવ્યો હતો કે, અનુચ્છેદ ૨૨૨(૧) હેઠળ ટ્રાન્સફરની સત્તાનો ઉપયોગ કરવા માટે પૂર્વશરત તરીકે પૂર્વ સંમતિ મેળવવાની જરૂરિયાત નકારી કાઢવાને પાત્ર હતી

(પેરાગ્રાફ ૮૧૩). જોકે એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે, અનુચ્છેદ ૨૨૨(૧) હેઠળની ટ્રાન્સફરની ઉપરોક્ત સત્તા જાહેર હિતની ગેરહાજરીમાં, કારોબારીની કેવળ ધૂન, તરંગ કે મનસ્વીતાના આધારે અથવા ન્યાયમૂર્તિને પોતાની વિચારસરણી અનુસાર વાળવાની તેની ઇચ્છાના આધારે વાપરી શકાય નહીં. "ન્યાયતંત્રની સ્વતંત્રતા" ને તેના પર નિયંત્રણ મેળવવાના કારોબારીના પ્રયાસ સામે સુરક્ષિત રાખવા માટે ત્રણ સલામતી પગલાંઓનું સૂચન કરવામાં આવ્યું હતું, એટલે કે, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે સંપૂર્ણ અને અસરકારક વિચાર–વિમર્શ, માત્ર જાહેર હિતને લક્ષમાં રાખીને જ સત્તાનો ઉપયોગ, અને જો સત્તાનો ઉપયોગ કાયદાના આદેશની વિરુદ્ધ કરવામાં આવ્યો હોય તો ન્યાયિક સમીક્ષા (પેરાગ્રાફ ૮૧૩ થી ૮૧૫).

(૯) એવો પણ નિષ્કર્ષ કાઢવામાં આવ્યો હતો કે, કોઈ વ્યક્તિગત ન્યાયમૂર્તિના વર્તન અથવા આચરણમાં કંઈક અયોગ્ય હોવાને કારણે તેમની કરવામાં આવેલી ટ્રાન્સફર ચોક્કસપણે એક કલંક લગાવશે અથવા લાંછન લગાડશે, અને તેમના ચારિત્ર્ય પર અમીટ છાપ છોડી દેશે. જે હાઇકોર્ટમાં તેમની ટ્રાન્સફર કરવામાં આવી હોય તે હાઇકોર્ટ પણ તેમને નકારશે, અને ન્યાય મેળવનારાઓને તેમની ન્યાયિક સચ્ચાઈમાં બહુ ઓછો અથવા બિલકુલ વિશ્વાસ રહેશે નહીં. તદનુસાર એવો નિષ્કર્ષ કાઢવામાં આવ્યો હતો કે, કોઈ ન્યાયાધીશ સામે તેમના આચરણ કે વર્તનને લગતી કોઈપણ ફરિયાદ કે રાવના કારણે કરવામાં આવતી ટ્રાન્સફર અનુચ્છેદ ૨૨૨(૧) હેઠળ અસ્વીકાર્ય હતી.

(૧૦) કે.બી.એન. સિંઘ, મુખ્ય ન્યાયમૂર્તિની ટ્રાન્સફરના પ્રશ્ન પર, એવું માનવામાં આવ્યું હતું કે, અસરકારક વિચાર-વિમર્શના અભાવે તેમની ટ્રાન્સફરનો હુકમ દૂષિત થયો હતો, અને તેમની પસંદગીયુક્ત ટ્રાન્સફર તેમના પર કલંક અથવા લાંછન લગાવશે. એવું માનવામાં આવ્યું હતું કે, આ ટ્રાન્સફર જાહેર હિતમાં હોય તેવું જણાતું નહોતું. તે અનુસાર, તારીખ ૨૦.૧૨.૧૯૮૦ નો ટ્રાન્સફર હુકમ દૂષિત ગણવામાં આવ્યો હતો, અને તેથી, શૂન્ય જાહેર કરવામાં આવ્યો હતો.

આર. એસ. પાઠક, ન્યાયમૂર્તિ (જેઓ તે સમયે હતા):

(૧) "ન્યાયતંત્રની સ્વતંત્રતા" ના મુદ્દાના સંદર્ભમાં, એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે, જ્યારે ન્યાય વહીવટ તેની કાનૂની મંજૂરી બંધારણમાંથી મેળવે છે, ત્યારે તેની વિશ્વસનીયતા લોકોના વિશ્વાસમાં રહેલી છે. આવા વિશ્વાસ માટે "ન્યાયતંત્રની સ્વતંત્રતા" અનિવાર્ય હતી. એવું માનવામાં આવ્યું હતું કે, એક સ્વતંત્ર અને નિષ્પક્ષ ન્યાયતંત્ર બંધારણીય પરિવેશને ચારિત્ર્ય અને વિષયવસ્તુ પ્રદાન કરે છે (પેરાગ્રાફ ૮૭૪).

(૨) હાઇકોર્ટોમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકના વિષય પર, રાષ્ટ્રપતિ માટે રાજ્યના રાજ્યપાલ, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને સંબંધિત હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર–વિમર્શ કરવો આવશ્યક હતો. એ નિર્દેશિત કરવામાં આવ્યું હતું કે, વિચાર–વિમર્શની પ્રક્રિયામાં ત્રણ અલગ–અલગ બંધારણીય પદાધિકારીઓ સંકળાયેલા હતા, અને દરેકે ભજવવાની એક અલગ ભૂમિકા હતી (પેરાગ્રાફ ૮૮૭). જે કેસમાં હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ અને ભારતના મુખ્ય

ન્યાયમૂર્તિ કોઈ ભલામણ પર સહમત થયા હોય, તેમાં એવું ઠેરવવું વ્યાજબી હતું કે, જ્યાં સુધી તેમ ન કરવા માટેના મજબૂત અને પ્રતીતિકર કારણો ન હોય ત્યાં સુધી, રાષ્ટ્રપતિ સામાન્ય રીતે તે ભલામણનો સ્વીકાર કરશે (પેરાગ્રાફ ૮૮૯). જોકે એ નિર્દેશિત કરવામાં આવ્યું હતું કે, જે ભલામણમાં હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સહમત થયા હોય, તે ભલામણ સાથે સંમત થવા માટે રાષ્ટ્રપતિ હંમેશા બંધાયેલા નહોતા. આ સંદર્ભમાં, એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે, જોકે બંધારણ સભાની ચર્ચાઓ દરમિયાન એવો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો કે ન્યાયમૂર્તિની નિમણૂક માટે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની "સંમતિ" જરૂરી હોવી જોઈએ, અને ઉપરોક્ત પ્રસ્તાવનું ભારતના કાયદા પંચ દ્વારા સમર્થન કરવામાં આવ્યું હતું, છતાં તે પ્રસ્તાવ નિષ્ફળ ગયો હતો, અને તેથી, બંધારણ હાલમાં જેવું અસ્તિત્વમાં છે તે "વિચાર–વિમર્શ" ની પરિકલ્પના કરે છે અને "સંમતિ" ની નહીં (પેરાગ્રાફ ૮૯૦).

(૩) હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા કરવામાં આવેલી ભલામણ પર ભારતના મુખ્ય ન્યાયમૂર્તિનું પ્રાધાન્ય હતું કે કેમ તે પ્રશ્ન પર, એવું માનવામાં આવ્યું હતું કે, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા આપવામાં આવેલી સલાહ પર અપીલીય નિર્ણય આપવા માટે બેઠા નહોતા. એ નિર્દેશિત કરવામાં આવ્યું હતું કે, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા આપવામાં આવતી સલાહ માત્ર તેમની સમક્ષની પ્રાથમિક સામગ્રીને જ નહીં, પરંતુ હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા કરવામાં આવેલા મૂલ્યાંકનને પણ ધ્યાનમાં લીધા પછી સામે આવતી હતી.

અને તેથી, જ્યારે તેઓ પોતાની સલાહ આપે, ત્યારે હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિના મૂલ્યાંકન પર તેમના દ્વારા વિચારણા કરવામાં આવી હોવાનું માનવું જ જોઈએ. એ નિર્દેશિત કરવામાં આવ્યું હતું કે, બંધારણીય યોજના પરથી એવું જણાયું હતું કે, હાઇકોર્ટોને લગતી બાબતોમાં રાષ્ટ્રપતિ અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ વચ્ચે નિકટવર્તી વિચાર-વિમર્શ સંબંધ હતો. તે ક્ષમતામાં, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ મનસ્વી સત્તાના ઉપયોગ પર બંધારણીય અંકુશ તરીકે કાર્ય કરતા હતા, અને "ન્યાયતંત્રની સ્વતંત્રતા" ના રક્ષક હતા (પેરાગ્રાફ ૮૯૧).

(૪) હાઇકોર્ટોમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકના વિષય પર, એવો નિષ્કર્ષ કાઢવામાં આવ્યો હતો કે, કાયમી ન્યાયમૂર્તિની નિમણૂકની જેમ જ અધિક ન્યાયમૂર્તિની નિમણૂક પણ અનુચ્છેદ ૨૧૭(૧) માં નિર્ધારિત રીતે જ થવી જોઈએ. તદનુસાર, એવું માનવામાં આવ્યું હતું કે, જે વ્યક્તિ અધિક ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક માટે યોગ્ય જણાયા હોય અને જેમણે પહેલાથી જ નિપુણતા અને અનુભવ મેળવ્યો હોય, તેમને કામના નિકાલ અર્થે આગળના સમયગાળા માટે ન્યાયમૂર્તિ તરીકે નિમવામાં નહીં આવે તેવી શંકા કરવાનું કોઈ કારણ નહોતું (પેરાગ્રાફ ૮૯૩).

(૫) એવો પણ અભિપ્રાય આપવામાં આવ્યો હતો કે, ન્યાયતંત્ર ન્યાયિક ચુકાદા દ્વારા એ નક્કી કરી શકે નહીં કે હાઇકોર્ટ માટે કેટલા કાયમી ન્યાયમૂર્તિઓની જરૂર છે. અને જો કોઈ કોર્ટ તેમ કરવા માટે સક્ષમ ન હોય, તો તે સરકારને એવો નિર્દેશ આપી શકે નહીં કે અધિક ન્યાયમૂર્તિઓને કાયમી ન્યાયમૂર્તિઓ તરીકે નિમવામાં

આવે (પેરાગ્રાફ ૮૯૫). તે અનુસાર એવું માનવામાં આવ્યું હતું કે, એ બાબતે લેશમાત્ર શંકા નથી કે, જ્યારે અધિક ન્યાયમૂર્તિને અધિક ન્યાયમૂર્તિ તરીકે આગળની નિમણૂક માટે ધ્યાનમાં લેવાના હોય, અથવા કાયમી ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક માટે ધ્યાનમાં લેવાના હોય, ત્યારે અનુચ્છેદ ૨૧૭(૧) ની જોગવાઈ લાગુ થશે (પેરાગ્રાફ ૮૯૭).

(૬) એસ.એન. કુમાર, ન્યાયમૂર્તિને ચાલુ ન રાખવાના સંદર્ભમાં, એ નિર્દેશિત કરવામાં આવ્યું હતું કે, તારીખ ૭.૫.૧૯૮૧ ના પત્રમાં રહેલા આક્ષેપોએ સરકારના નિર્ણયને ભારે પ્રભાવિત કર્યો હતો. ઉપરોક્ત પત્ર ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના ધ્યાને લાવવામાં આવ્યો ન હોવાથી, એવો નિષ્કર્ષ કાઢવો અનિવાર્ય હતો કે, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર-વિમર્શની પ્રક્રિયા સંપૂર્ણ અને અસરકારક નહોતી, અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિથી મહત્વપૂર્ણ તેમજ સુસંગત સામગ્રી છુપાવવાને કારણે તે પ્રક્રિયા દૂષિત થઈ હતી. તે મુજબ ઠેરવવામાં આવેલ કે, એસ.એન. કુમાર, ન્યાયમૂર્તિની મુદત ચાલુ ન રાખવી એ અનુચ્છેદ ૨૧૭(૧) માં સમાવિષ્ટ ફરજિયાત બંધારણીય જરૂરિયાતોનું ઉલ્લંઘન હતું. એવું માનવામાં આવ્યું હતું કે, એસ.એન. કુમાર, ન્યાયમૂર્તિને ચાલુ રાખવા સંબંધિત મુદ્દા પર પુનર્વિચારણા કરવાની જરૂર હતી, અને સંપૂર્ણ તેમજ અસરકારક વિચાર-વિમર્શ પછી જ નિર્ણય લેવાની જરૂર હતી (પેરાગ્રાફ ૯૦૪).

(૭) અનુચ્છેદ ૨૨૨(૧) હેઠળ ન્યાયાધીશોની ટ્રાન્સફરના મુદ્દા પર, એવો નિષ્કર્ષ કાઢવામાં આવ્યો હતો કે, સંબંધિત ન્યાયમૂર્તિની સંમતિ એ ફરજિયાત

જરૂરિયાતો પૈકીની એક નહોતી (પેરાગ્રાફ ૯૧૩). એ નિર્દેશિત કરવામાં આવ્યું હતું કે, કોઈ ન્યાયમૂર્તિની ટ્રાન્સફર માત્ર જાહેર હિતમાં જ કરી શકાતી હતી, અને કોઈ ન્યાયમૂર્તિની દુરાચાર અથવા અસમર્થતાના કારણોસર ટ્રાન્સફર કરી શકાતી નહોતી. કોઈ ન્યાયમૂર્તિને સજા કરવાના હેતુથી અનુચ્છેદ ૨૨૨(૧) નો આશરો લેવાનો પ્રશ્ન સ્પષ્ટપણે નકારી કાઢવામાં આવ્યો હતો (પેરાગ્રાફ ૯૧૭ અને ૯૧૮). એવી સ્પષ્ટતા કરવામાં આવી હતી કે, જેમની ટ્રાન્સફર કરવાનો પ્રસ્તાવ હોય તે ન્યાયમૂર્તિને સુનાવણીનો અધિકાર નહોતો. અને એ કે, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા કરવામાં આવતી તપાસનો વ્યાપ અને માત્રા તેમના એકમાત્ર વિવેકાધિકાર હેઠળ આવતી હતી. માત્ર એટલું જ જરૂરી હતું કે, ન્યાયમૂર્તિને એ જાણ હોવી જોઈએ કે તેમની ટ્રાન્સફરનો પ્રસ્તાવ શા માટે મૂકવામાં આવ્યો હતો, જેથી તેઓ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિને વાકેફ કરવા સક્ષમ બને કે તેમની આવી ટ્રાન્સફર શા માટે ન કરવી જોઈએ. વધુમાં સ્પષ્ટતા કરવામાં આવી હતી કે, અનુચ્છેદ ૨૨૨(૧) હેઠળ વિચારવામાં આવેલી વિચાર-વિમર્શની પ્રક્રિયા માટે જરૂરી હતું કે, રાષ્ટ્રપતિ પાસે રહેલી તમામ સામગ્રી ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સમક્ષ મૂકવામાં આવે (પેરાગ્રાફ ૯૧૯).

(૮) એવું ઠેરવવામાં આવ્યું હતું કે, જે ન્યાયમૂર્તિની બદલી કરવામાં આવી હતી, તેમના માટે તે અનુચ્છેદ ૨૨૨(૧) નો ભંગ કરે છે તે કારણોસર પોતાની બદલીને પડકારીને ન્યાયિક સમીક્ષા મેળવવાનો માર્ગ ખુલ્લો હતો (પેરાગ્રાફ ૯૨૦).

(૯) એવું પણ માનવામાં આવ્યું હતું કે, એક હાઈકોર્ટમાંથી બીજી હાઈકોર્ટમાં ન્યાયમૂર્તિની બદલી કરવાની સત્તા, ન્યાયમૂર્તિની સ્વતંત્રતા અને નિષ્પક્ષતાની ભાવના માટે જોખમ ઊભું કરી શકે છે, અને તે અનુસાર, એવું ઠેરવવામાં આવ્યું હતું કે સદર સત્તાનો ઉપયોગ સંયમપૂર્વક અને માત્ર ખૂબ જ પ્રબળ કારણોસર જ કરવો જોઈએ (પેરાગ્રાફ ૯૨૧).

(૧૦) મુખ્ય ન્યાયમૂર્તિ કે.બી.એન. સિંહની બદલીની કાયદેસરતા અંગે, એવો નિષ્કર્ષ કાઢવામાં આવ્યો હતો કે, જે બાબતોને ધ્યાને રાખીને બદલી કરવામાં આવી હતી, તેને "જાહેર હિત" અભિવ્યક્તિના દાયરામાં આવતી ગણી શકાય, અને તેથી, બદલીનો હુકમ અનુચ્છેદ ૨૨૨(૧) નો ભંગ કરતો ન હતો. (૧૧) તારીખ ૧૮.૩.૧૯૮૧ ના કેન્દ્રીય કાયદા મંત્રીના પત્રની કાયદેસરતાનો સંબંધ છે ત્યાં સુધી, એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે, ન તો દરખાસ્ત કે ન તો તેના માટે આપવામાં આવેલી સંમતિ, કોઈ કાનૂની દરજ્જો ધરાવતી હતી. ઉપરોક્ત દ્રષ્ટિકોણને ધ્યાને લેતાં, એવું ઠેરવવામાં આવ્યું હતું કે, પરિપત્ર પત્ર પર કાર્યવાહી કરી શકાતી ન હતી, અને તેના અનુસંધાને આપવામાં આવેલી કોઈપણ સંમતિ બંધનકર્તા ન હતી.

ઈ.એસ. વેંકટરામૈયા, ન્યાયમૂર્તિ (જેઓ તે સમયે હતા):

(૧) "ન્યાયતંત્રની સ્વતંત્રતા"ના સંદર્ભમાં, એવો અભિપ્રાય આપવામાં આવ્યો હતો કે, તે એવા કેન્દ્રીય મૂલ્યો પૈકીનું એક હતું જેના પર બંધારણ આધારિત હતું. એ બાબત નિર્દેશિત કરવામાં આવી હતી કે, જે તમામ દેશોમાં કાયદાનું શાસન

પ્રવર્તતું હતું, અને એક માણસ અને બીજા માણસ વચ્ચે, માણસ અને રાજ્ય વચ્ચે, એક રાજ્ય અને બીજા રાજ્ય વચ્ચે, તેમજ રાજ્ય અને કેન્દ્ર વચ્ચેના વિવાદો પર ન્યાયનિર્ણય કરવાની સત્તા ન્યાયિક સંસ્થાને સોંપવામાં આવી હતી, ત્યાં તે સ્વાભાવિક હતું કે આવી સંસ્થાને બહારની તરંગી અથવા મનસ્વી દખલગીરીથી મુક્ત એવો દરજ્જો સોંપવો જોઈએ; જેથી તે કોઈપણ ભય વિના અને ન્યાયિક અંતઃકરણ અનુસાર કાર્ય કરી શકે (પેરાગ્રાફ ૧૦૬૮).

(૨) અનુચ્છેદ ૨૧૭(૧) નો ઉલ્લેખ કરતાં એ બાબત ભારપૂર્વક જણાવવામાં આવી હતી કે, હાઇકોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂક કરવામાં આવે તે પહેલાં તેમાં ઉલ્લેખિત ત્રણ હોદ્દેદારો પૈકીના પ્રત્યેક સાથે વિચાર-વિમર્શ કરવો પડતો હતો. એ નિર્દેશિત કરવામાં આવ્યું હતું કે, વિચાર-વિમર્શ કરનારાઓ પૈકીના પ્રત્યેકે વિશિષ્ટ અને અલગ ભૂમિકા ભજવવાની હતી. તેમને સોંપવામાં આવેલી વિશિષ્ટ ભૂમિકાઓને જોતાં, જે અમુક હદ સુધી એકબીજા પર આચ્છાદિત હોઈ શકે છે, એવું કહી શકાય નહીં કે, ત્રણ વિચાર-વિમર્શ કરનારાઓ પૈકી ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ પ્રાથમિકતાનું સ્થાન ધરાવતા હતા (પેરાગ્રાફ ૧૦૧૯).

(૩) હાઇકોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂક કરવાની સત્તાને કારોબારી સત્તા ગણવામાં આવી હતી (પેરાગ્રાફ ૧૦૨૩). તદનુસાર, હાઇકોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂક કરતી વખતે, રાષ્ટ્રપતિ પોતાના મંત્રીમંડળની સલાહ મુજબ કાર્ય કરવા માટે અને સાથે સાથે, અનુચ્છેદ ૨૧૭(૧) હેઠળ જેમની સાથે વિચાર-વિમર્શ કરવો જરૂરી હતો તેઓ દ્વારા વ્યક્ત કરાયેલા અભિપ્રાયોને યોગ્ય મહત્વ આપવા બંધાયેલા

હતા. ઉપરોક્ત હોવા છતાં, એવું માનવામાં આવ્યું હતું કે, એવું ઠેરવવા માટે કોઈ અવકાશ ન હતો કે કાં તો મંત્રીમંડળ રાષ્ટ્રપતિને સલાહ આપી શકે નહીં, અથવા ભારતના મુખ્ય ન્યાયમૂર્તિનો અભિપ્રાય રાષ્ટ્રપતિ પર બંધનકર્તા હતો. જોકે, એવું અનુભવાયું હતું કે આવા અભિપ્રાયને યોગ્ય આદર અને માન આપવું જોઈએ (પેરાગ્રાફ ૧૦૩૨). એવું ઠેરવવામાં આવ્યું હતું કે, ઉપરોક્ત પદ્ધતિ ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં આંતરિક રીતે જોડાયેલી હતી, કારણ કે તે રીતે, ન્યાયમૂર્તિઓને લોકોના ન્યાયમૂર્તિઓ કહી શકાય. જો ન્યાયમૂર્તિઓની નિમણૂક માત્ર ન્યાયમૂર્તિઓની ભલામણોના આધારે જ કરવામાં આવે, તો તેઓ ન્યાયમૂર્તિઓના ન્યાયમૂર્તિઓ બનશે, અને આવી નિમણૂકો લોકપ્રિય લોકશાહીની યોજનામાં બંધબેસતી ન પણ થાય (પેરાગ્રાફ ૧૦૪૨).

(૪) એવું ઠેરવવામાં આવ્યું હતું કે, બંધારણ કાયમી ન્યાયમૂર્તિઓ, અધિક ન્યાયમૂર્તિઓ અથવા કાર્યકારી ન્યાયમૂર્તિઓ માટે નિમણૂકની અલગ પદ્ધતિઓ નિર્ધારિત કરતું નથી. તે તમામની નિમણૂક એક જ પ્રક્રિયા દ્વારા કરવાની આવશ્યકતા હતી, એટલે કે, અનુચ્છેદ ૨૧૭(૧) હેઠળ વિચારવામાં આવેલી રીતે (પેરાગ્રાફ ૧૦૬૧). લગભગ તમામ હાઈકોર્ટના ન્યાયમૂર્તિઓની શરૂઆતમાં અનુચ્છેદ ૨૨૪(૧) હેઠળ અધિક ન્યાયમૂર્તિ તરીકે, અને પાછળથી અનુચ્છેદ ૨૧૭(૧) હેઠળ કાયમી ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક, ન્યાયતંત્રની સ્વતંત્રતા માટે અનુકૂળ ન હતી (પેરાગ્રાફ ૧૦૬૭). એવું ઠેરવવામાં આવ્યું હતું કે, બંધારણ કોઈ અધિક ન્યાયમૂર્તિને હકપૂર્વક એવો દાવો કરવાનો કોઈ અધિકાર આપતું નથી કે તેમની કાયમી ન્યાયમૂર્તિ તરીકે અથવા અધિક ન્યાયમૂર્તિ તરીકે ફરીથી નિમણૂક

થવી જ જોઈએ. તદનુસાર, એવું ઠેરવવામાં આવ્યું હતું કે આવો કોઈ અમલપાત્ર અધિકાર ન હતો (પેરાગ્રાફ ૧૦૭૪).

(૫) ઉપરોક્ત હોવા છતાં, એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે, અધિક ન્યાયમૂર્તિની નિમણૂક ન કરવા માટેના પ્રબળ કારણોના અભાવમાં, તેમની જગ્યાએ અન્ય કોઈની નિમણૂક કરવી એ એક અવાજબી અને વિકૃત કૃત્ય હશે, જે તે વિશિષ્ટ સંજોગોમાં અધિક ન્યાયમૂર્તિને યોગ્ય રાહત માટે કોર્ટ સમક્ષ દાદ માંગવા હકદાર બનાવશે (પેરાગ્રાફ ૧૦૮૬). એવું ઠેરવવામાં આવ્યું હતું કે, જે ઉચ્ચ હોદ્દા પર નિમણૂક કરવામાં આવી હતી તેને ધ્યાનમાં લેતાં, અને આવી કોઈ નિમણૂક કરતાં પહેલાં જે ઉચ્ચ મહાનુભાવો સાથે વિચાર-વિમર્શ કરવાનો હતો તેમની સંલગ્નતાને જોતાં, અધિકાર તરીકે કુદરતી ન્યાયના સિદ્ધાંતો લાગુ પાડવાનો સ્પષ્ટ ઇનકાર કરવામાં આવ્યો હતો (પેરાગ્રાફ ૧૦૮૭).

(૬) અનુચ્છેદ ૨૨૨ ના સંદર્ભમાં, એવો અભિપ્રાય આપવામાં આવ્યો હતો કે, બદલીનો હુકમ પસાર કરતાં પહેલાં, જે ન્યાયમૂર્તિની બદલી કરવામાં આવી રહી હોય તેમની સંમતિ એ કોઈ પૂર્વશરત ન હતી (પેરાગ્રાફ ૧૦૯૭ અને ૧૦૯૯). એવું ઠેરવવામાં આવ્યું હતું કે, એક હાઇકોર્ટના ન્યાયમૂર્તિની બીજી હાઇકોર્ટમાં બદલીને, જે હાઇકોર્ટમાં ન્યાયમૂર્તિની બદલી કરવામાં આવી હોય તેમાં નવી નિમણૂક તરીકે ગણી શકાય નહીં. એવું ઠેરવવામાં આવ્યું હતું કે, અનુચ્છેદ ૨૨૨ હેઠળ કરવામાં આવેલ બદલીનો હુકમ કોર્ટ દ્વારા રદબાતલ થવાને પાત્ર હતો, જો એ દર્શાવી શકાય કે તે કોઈ બાહ્ય કારણોસર કરવામાં આવ્યો હતો, એટલે કે,

અનુચ્છેદ ૨૨૨ ના દાયરાની બહાર આવતા કોઈ કારણસર. અનુચ્છેદ ૨૨૨ હેઠળ, ન્યાયમૂર્તિની બદલી ત્યારે જ કરી શકાય જ્યારે તે બદલી જાહેર હિત સાધતી હોય. એવું ઠેરવવામાં આવ્યું હતું કે, રાષ્ટ્રપતિ પાસે હાઇકોર્ટના ન્યાયમૂર્તિની એવા કારણોસર બદલી કરવાની કોઈ સત્તા ન હતી જે જાહેર હિત સાથે સંબંધ ન ધરાવતા હોય, અથવા કારોબારીની મનસ્વી ધૂન, તરંગ કે કલ્પનામાંથી ઉદ્ભવતા હોય, અથવા કારોબારીની કોઈ ન્યાયમૂર્તિને પોતાની વિચારસરણી મુજબ વાળવાની ઇચ્છાના કારણે હોય (પેરાગ્રાફ ૧૦૯૭, ૧૦૯૯ અને ૧૧૩૨).

(૭) એવું ઠેરવવામાં આવ્યું હતું કે, ન્યાયમૂર્તિના કથિત ગેરવર્તણૂક અથવા અસમર્થતાના કારણોસર અનુચ્છેદ ૨૨૨ નો આશરો લઈ શકાય નહીં (પેરાગ્રાફ ૧૧૩૯).

(૮) વિવિધ નિષ્ણાત સંસ્થાઓ દ્વારા વ્યક્ત કરવામાં આવેલા અભિપ્રાયના આધારે, એવો અભિપ્રાય આપવામાં આવ્યો હતો કે, દરેક હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિની સંબંધિત રાજ્યની બહારથી નિમણૂક કરવાની અને દરેક હાઇકોર્ટના ઓછામાં ઓછા ૧/૩ ભાગના ન્યાયમૂર્તિઓ રાજ્ય બહારના રાખવાની નીતિનો અમલ કરવા માટે, અનુચ્છેદ ૨૨૨ હેઠળ હાઇકોર્ટના ન્યાયમૂર્તિની કોઈપણ બદલી ગેરબંધારણીય ગણાશે નહીં (પેરાગ્રાફ ૧૧૬૪).

(૯) તારીખ ૧૮.૩.૧૯૮૧ નો કેન્દ્રીય કાયદા મંત્રીનો પત્ર માન્ય હોવાનું જણાયું હતું. તેની કાયદેસરતા સામે ઉઠાવવામાં આવેલી તમામ દલીલો ફગાવી દેવામાં આવી હતી (પેરાગ્રાફ ૧૨૩૯).

(૧૦) દિલ્હી હાઇકોર્ટના અધિક ન્યાયમૂર્તિ તરીકેની તેમની મુદત પૂર્ણ થવા પર, એસ.એન. કુમાર, ન્યાયમૂર્તિને નિમણૂકનો નવો હુકમ જારી ન કરવાનો રાષ્ટ્રપતિનો નિર્ણય વ્યાજબી ઠેરવવામાં આવ્યો હતો (પેરાગ્રાફ ૧૧૨૮).

(૧૧) મુખ્ય ન્યાયમૂર્તિ કે.બી.એન. સિંહની બદલી સાંકળચંદ હિમતલાલ શેઠ કેસપ માં દર્શાવેલી પ્રક્રિયા સાથે પૂર્ણપણે સુસંગત રીતે કરવામાં આવી હોવાનું ઠેરવવામાં આવ્યું હતું. તદનુસાર એવો નિષ્કર્ષ કાઢવામાં આવ્યો હતો કે, ઉપરોક્ત બદલી અંગે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા નિષ્પક્ષ અને વાજબી રીતે વિચારણા કરવામાં આવી ન હતી તેવું માનવા માટે કોઈ કારણ ન હતું. કેસના તથ્યો અને સંજોગો પરથી, એવો નિષ્કર્ષ કાઢવામાં આવ્યો હતો કે ઉપરોક્ત બદલી ગેરકાનૂની અથવા શૂન્ય હતી તેવું ઠેરવવું શક્ય ન હતું (પેરાગ્રાફ ૧૨૫૨ અને ૧૨૫૭).

ધ સેકન્ડ જજિસ કેસ (૧૯૯૩) ૪ એસ.સી.સી. ૪૪૧:

૧૭. પ્રસ્તુત મુદ્દાના ન્યાયનિર્ણયના હેતુ માટે, એટલે કે, સેકન્ડ જજિસ કેસમાં આ કોર્ટ દ્વારા આપવામાં આવેલા ચુકાદાની પુનઃતપાસ કરવાની જરૂર છે કે કેમ, વ્યક્તિગત ન્યાયમૂર્તિઓ દ્વારા વ્યક્ત કરાયેલા મંતવ્યોનું વિસ્તૃત વર્ણન કરવું

જરૂરી નથી, કારણ કે તેઓ દ્વારા કાઢવામાં આવેલા નિષ્કર્ષો પોતે પડકારનો વિષય નથી. મર્યાદિત પડકાર એ છે કે, બાબતના મહત્વપૂર્ણ પાસાંઓ, જે ધ્યાને લેવા જોઈતા હતા તેની ચર્ચા કરવામાં આવી ન હતી, અને તેથી, નિર્ણય લેવાની પ્રક્રિયામાં તેને ધ્યાનમાં લઈ શકાયા ન હતા. ઉપરોક્ત પરિપ્રેક્ષ્યમાં, બહુમતી મંતવ્ય દ્વારા કાઢવામાં આવેલા માત્ર તારણોને જ નીચે ટાંકવાનું અમે ઉચિત અને યોગ્ય માનીએ છીએ:

> "(૧) સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટોમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની પ્રક્રિયા એ નિમણૂક માટે ઉપલબ્ધ શ્રેષ્ઠ અને સૌથી યોગ્ય વ્યક્તિઓની પસંદગી માટેની એક સંકલિત 'સહભાગી વિચાર-વિમર્શ પ્રક્રિયા' છે; અને તમામ બંધારણીય હોદ્દેદારોએ આ ફરજ સામૂહિક રીતે બજાવવી જોઈએ, જેનો મુખ્ય હેતુ બંધારણીય ઉદ્દેશ્યને સિદ્ધ કરતો સંમત નિર્ણય પર પહોંચવાનો છે, જેથી પ્રાથમિકતાનો પ્રસંગ જ ઊભો ન થાય.
>
> (૨) સુપ્રિમ કોર્ટના કિસ્સામાં નિમણૂક માટેની દરખાસ્તની શરૂઆત ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા થવી જોઈએ, અને હાઇકોર્ટના કિસ્સામાં તે હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા થવી જોઈએ; અને હાઇકોર્ટના ન્યાયમૂર્તિ/મુખ્ય ન્યાયમૂર્તિની બદલી માટેની દરખાસ્ત ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા શરૂ થવી જોઈએ. આ એવી રીત છે જેમાં સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટોમાં નિમણૂકો તેમજ હાઇકોર્ટોના ન્યાયમૂર્તિઓ/મુખ્ય

ન્યાયમૂર્તિઓની બદલીઓ માટેની દરખાસ્તો અનિવાર્યપણે થવી જ જોઈએ.

(૩) બંધારણીય હોદ્દેદારો વચ્ચે પરસ્પર વિરોધી અભિપ્રાયોના કિસ્સામાં, 'ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના મંતવ્ય દ્વારા પ્રતીકિત' અને નિર્દેશિત કરવામાં આવેલી રીતે રચાયેલા ન્યાયતંત્રના અભિપ્રાયને પ્રાથમિકતા રહેશે.

(૪) સુપ્રિમ કોર્ટ અથવા કોઈપણ હાઇકોર્ટમાં કોઈપણ ન્યાયમૂર્તિની નિમણૂક ત્યાં સુધી કરી શકાતી નથી, જ્યાં સુધી તે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના અભિપ્રાયને અનુરૂપ ન હોય.

(૫) માત્ર અપવાદરૂપ કિસ્સાઓમાં જ, જેમના નામની ભલામણ કરવામાં આવી છે તે વ્યક્તિ નિમણૂક માટે યોગ્ય નથી તેવું દર્શાવતા, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિને જણાવવામાં આવેલા સ્પષ્ટ પ્રબળ અને સંગીન કારણોસર, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા ભલામણ કરાયેલ તે નિમણૂક ન કરવામાં આવી શકે. તેમ છતાં, જો દર્શાવેલા કારણો ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને આ બાબતમાં જેમની સાથે વિચાર-વિમર્શ કરવામાં આવ્યો છે તે સુપ્રિમ કોર્ટના અન્ય ન્યાયમૂર્તિઓ દ્વારા સ્વીકારવામાં ન આવે, તો ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા ભલામણનો પુનરોચ્ચાર કરવામાં આવે ત્યારે, એક સ્વસ્થ પરંપરા તરીકે તે નિમણૂક કરવામાં આવવી જોઈએ.

(૬) ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના હોદ્દા પર નિમણૂક, સુપ્રિમ કોર્ટના સૌથી વરિષ્ઠ ન્યાયમૂર્તિની થવી જોઈએ જેઓ તે હોદ્દો સંભાળવા માટે યોગ્ય ગણાતા હોય.

(૭) હાઇકોર્ટના ન્યાયમૂર્તિઓ/મુખ્ય ન્યાયમૂર્તિઓની બદલીની બાબતમાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિનો અભિપ્રાય માત્ર પ્રાથમિકતા જ ધરાવતો નથી, પરંતુ તે નિર્ણાયક છે.

(૮) એક હાઇકોર્ટમાંથી બીજી હાઇકોર્ટમાં પ્રથમ કે ત્યારબાદની કોઈપણ બદલી માટે જે ન્યાયમૂર્તિ/મુખ્ય ન્યાયમૂર્તિની બદલી કરવામાં આવી રહી હોય તેમની સંમતિ જરૂરી નથી.

(૯) ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની ભલામણ પર કરવામાં આવેલી કોઈપણ બદલી શિક્ષાત્મક માનવામાં આવશે નહીં, અને આવી બદલી કોઈપણ કારણોસર ન્યાયિક રીતે પડકારવાપાત્ર નથી.

(૧૦) તમામ નિમણૂકો અને બદલીઓ કરતી વખતે, દર્શાવેલા ધોરણોનું પાલન થવું આવશ્યક છે. જોકે, તે કોઈપણ વ્યક્તિને કોઈ ન્યાયિક રીતે પડકારવાપાત્ર અધિકાર પ્રદાન કરતા નથી.

(૧૧) નિમણૂકો અને બદલીઓની બાબતોમાં અગાઉ નિર્દિષ્ટ કરાયેલા કારણોસર માત્ર મર્યાદિત ન્યાયિક સમીક્ષા જ ઉપલબ્ધ છે.

(૧૨) ન્યાયમૂર્તિની પ્રારંભિક નિમણૂક, જે હાઇકોર્ટ માટે દરખાસ્ત શરૂ કરવામાં આવી હતી તેના સિવાયની બીજી હાઇકોર્ટમાં પણ કરી શકાય છે.

(૧૩) હાઇકોર્ટોમાં ન્યાયમૂર્તિઓની સંખ્યા નક્કી કરવાની બાબત ન્યાયિક રીતે પડકારવાપાત્ર છે, પરંતુ માત્ર દર્શાવેલ હદ સુધી અને દર્શાવેલી રીતે જ.

(૧૪) એસ.પી. ગુપ્તા વિ. યુનિયન ઓફ ઇન્ડિયા (૧૯૮૨) ૨ એસ.સી.આર. ૩૬૫ : એ.આઇ.આર. ૧૯૮૨ એસ.સી. ૧૪૯ માં બહુમતી મંતવ્ય, જ્યાં સુધી તે નિમણૂકો અને બદલીઓની બાબતોમાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની ભૂમિકાની પ્રાથમિકતા, અને આ બાબતોની વાદયોગ્યતા તેમજ ન્યાયમૂર્તિઓની સંખ્યાના સંબંધમાં વિપરીત દ્રષ્ટિકોણ અપનાવે છે, ત્યાં સુધી તે અમને સાચો દ્રષ્ટિકોણ હોવાનું જણાતું નથી. બંધારણીય યોજના સહિત બંધારણની સંબંધિત જોગવાઈઓનું હવે અમારા દ્વારા અહીં દર્શાવવામાં આવેલી રીતે અર્થઘટન, સમજણ અને અમલીકરણ થવું જોઈએ."

ધ થર્ડ જજિસ કેસ (૧૯૯૮) ૭ એસ.સી.સી. ૭૩૯:

૧૮. સેકન્ડ જજિસ કેસના સંદર્ભમાં જે કારણો નોંધવામાં આવ્યા છે તે જ સમાન કારણોસર, થર્ડ જજિસ કેસમાં વ્યક્ત કરાયેલા સર્વસંમત મંતવ્યમાં ઊંડા ઊતરવું જરૂરી નથી. ભારતના એટર્ની જનરલની કબૂલાત, જે થર્ડ જજિસ કેસના

પેરાગ્રાફ ૧૧ માં સ્પષ્ટપણે નોંધવામાં આવી હતી, તે એ હકીકતને રેખાંકિત કરવા માટે ટાંકવી જરૂરી છે કે, તત્કાલીન એટર્ની જનરલે સ્વીકાર્યું હતું કે સેકન્ડ જજિસ કેસમાં બહુમતી દ્વારા નોંધવામાં આવેલો અભિપ્રાય ભારત સંઘ દ્વારા સ્વીકારવામાં આવ્યો હતો અને, તે મુજબ, તેના પર બંધનકર્તા રહેશે. પેરાગ્રાફ ૧૧ તે મુજબ નીચે પુનઃપ્રસ્તુત કરવામાં આવે છે:

> "૧૧. અમે શરૂઆતમાં જ એટર્ની જનરલના એ નિવેદનોની નોંધ લઈએ છીએ કે (૧) ભારત સંઘ સેકન્ડ જજિસ કેસ (૧૯૯૩) ૪ એસ.સી.સી. ૪૪૧ ના ચુકાદાની સમીક્ષા અથવા પુનઃવિચારણા માંગી રહ્યું નથી અને (૨) ભારત સંઘ રેફરન્સમાં નિર્ધારિત કરાયેલા પ્રશ્નોના આ કોર્ટના જવાબોને સ્વીકારશે અને બંધનકર્તા ગણશે."

૧૯. તે જ રીતે થર્ડ જજિસ કેસમાં વ્યક્ત કરાયેલા તારણોના માત્ર આખરી સારાંશને જ અહીં ટાંકવો જરૂરી છે, જે નીચે પ્રસ્તુત કરવામાં આવે છે:

> "૧. ભારતના બંધારણના અનુચ્છેદ ૨૧૭(૧) માં "ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર-વિમર્શ" શબ્દપ્રયોગ માટે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના અભિપ્રાયની રચનામાં બહુવિધ ન્યાયમૂર્તિઓ સાથે વિચાર-વિમર્શ જરૂરી છે. ભારતના મુખ્ય ન્યાયમૂર્તિનો એકમાત્ર, વ્યક્તિગત અભિપ્રાય સદર અનુચ્છેદોના અર્થમાં "વિચાર-વિમર્શ" બનતો નથી.

૨. પ્યુઇસ્ને ન્યાયમૂર્તિઓની બદલી માત્ર આ હદ સુધી જ ન્યાયિક રીતે સમીક્ષાપાત્ર છે: કે આ સંદર્ભમાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા કરવામાં આવેલી ભલામણ સુપ્રિમ કોર્ટના ચાર સૌથી વરિષ્ઠ પ્યુઇસ્ને ન્યાયમૂર્તિઓ સાથે વિચાર-વિમર્શ કરીને કરવામાં આવી નથી અને/અથવા જે હાઇકોર્ટમાંથી બદલી કરવાની છે તે હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ અને જે હાઇકોર્ટમાં બદલી કરવાની છે તે હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિના મંતવ્યો મેળવવામાં આવ્યા નથી.

૩. ભારતના મુખ્ય ન્યાયમૂર્તિએ સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂક કરવા અને હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ અથવા પ્યુઇસ્ને ન્યાયમૂર્તિની બદલી કરવા માટેની ભલામણ સુપ્રિમ કોર્ટના ચાર સૌથી વરિષ્ઠ પ્યુઇસ્ને ન્યાયમૂર્તિઓ સાથે વિચાર-વિમર્શ કરીને કરવી આવશ્યક છે. જ્યાં સુધી હાઇકોર્ટમાં નિમણૂકનો સંબંધ છે, ત્યાં સુધી ભલામણ સુપ્રિમ કોર્ટના બે સૌથી વરિષ્ઠ પ્યુઇસ્ને ન્યાયમૂર્તિઓ સાથે વિચાર-વિમર્શ કરીને થવી આવશ્યક છે.

૪. નિમણૂક માટે ભલામણ કરાયેલ ન્યાયમૂર્તિની નિમણૂક ન કરવા અંગે ભારત સરકાર દ્વારા મોકલવામાં આવેલી સામગ્રી અને માહિતીના સંદર્ભમાં, સુપ્રિમ કોર્ટના અન્ય ન્યાયમૂર્તિઓ સાથે વિચાર-વિમર્શ કર્યા વિના, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ માત્ર તેમની વ્યક્તિગત ક્ષમતામાં કાર્ય કરવા માટે હકદાર નથી.

૫. સંબંધિત હાઇકોર્ટની બાબતોથી વાકેફ હોવાની સંભાવના ધરાવતા પોતાના સાથી ન્યાયમૂર્તિઓ સાથે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા વિચાર-વિમર્શ કરવાની આવશ્યકતા માત્ર એવા ન્યાયમૂર્તિઓનો જ સંદર્ભ આપતી નથી કે જેમના માટે તે હાઇકોર્ટ મૂળ હાઇકોર્ટ હોય. તે એવા ન્યાયમૂર્તિઓને બાકાત કરતી નથી કે જેમણે તે હાઇકોર્ટના ન્યાયમૂર્તિ અથવા મુખ્ય ન્યાયમૂર્તિનો હોદ્દો સંભાળ્યો હોય બદલી પર.

૬. જે દરેક વરિષ્ઠ ન્યાયમૂર્તિની અવગણના કરવામાં આવી હોય તેમના સંબંધમાં, વરિષ્ઠતાના ક્રમમાંથી વિચલનના વાજબીપણા તરીકે "પ્રબળ સંગીન કારણો" નોંધવાની જરૂર નથી. જે નોંધવાનું છે તે ભલામણ માટેનું હકારાત્મક કારણ છે.

૭. જેમની સાથે વિચાર-વિમર્શ કરવામાં આવ્યો હોય તેવા ન્યાયમૂર્તિઓના મંતવ્યો લેખિતમાં હોવા જોઈએ અને આ અભિપ્રાયના મુખ્ય ભાગમાં દર્શાવેલ હદ સુધી ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા પોતાના મંતવ્યો સાથે ભારત સરકારને જણાવવામાં આવવા જોઈએ.

૮. ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ ભારત સરકારને પોતાની ભલામણો કરતી વખતે, ઉપરોક્ત જણાવ્યા મુજબ વિચાર-વિમર્શ પ્રક્રિયાના ધોરણો અને આવશ્યકતાઓનું પાલન કરવા બંધાયેલા છે.

૯. ઉપરોક્ત જણાવ્યા મુજબ વિચાર-વિમર્શ પ્રક્રિયાના ધોરણો અને આવશ્યકતાઓનું પાલન કર્યા વિના ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા કરવામાં આવેલી ભલામણો ભારત સરકાર પર બંધનકર્તા નથી."

III. સામાવાળાઓ દ્વારા સેકન્ડ અને થર્ડ જજિસ કેસોની પુનઃવિચારણા માટેની દરખાસ્ત:

૨૦. વિદ્વાન એટર્ની જનરલની એવી દલીલ હતી કે, વિવાદના ગુણદોષના ન્યાયનિર્ણય માટે અરજદારોનું પ્રતિનિધિત્વ કરતા વિદ્વાન વકીલ દ્વારા રજૂ કરવામાં આવેલી દલીલોમાં, આ કોર્ટ દ્વારા આપવામાં આવેલા સેકન્ડ અને થર્ડ જજિસ કેસોના ચુકાદાઓ પર ભારપૂર્વક આધાર રાખવામાં આવ્યો હતો. વિદ્વાન એટર્ની જનરલની એવી દલીલ હતી કે, ઉપરોક્ત ચુકાદાઓમાં તારવવામાં આવેલા નિષ્કર્ષોની નવી ચકાસણી દ્વારા પુનઃવિચારણા કરવાની જરૂર હતી, જેથી એ નક્કી કરી શકાય કે, તેમાં નોંધાયેલા તારણો બંધારણ સભાની ચર્ચાઓની પૃષ્ઠભૂમિમાં જોતાં, બંધારણની મૂળ જોગવાઈઓ સમક્ષ ટકી શકે છે કે કેમ.

૨૧. હકીકતોને સાચી રીતે નોંધવા માટે, એ બાબત પર ભાર મૂકવામાં આવ્યો હતો કે, તેમના દ્વારા રજૂ કરવામાં આવેલી દલીલો ભારત સંઘ વતી રજૂ કરી શકાય તેમ ન હતી કારણ કે થર્ડ જજિસ કેસમાં, સંઘે સેકન્ડ જજિસ કેસમાં આપવામાં આવેલા ચુકાદાને સભાનપણે બંધનકર્તા તરીકે સ્વીકાર્યો હતો.

ઉપરોક્ત હોવા છતાં, એટર્ની જનરલે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ભારત સંઘને સેકન્ડ જજિસ કેસમાં આ કોર્ટ દ્વારા આપવામાં આવેલા ચુકાદાની પુનઃવિચારણા માંગવાથી વંચિત રાખી શકાય નહીં. વિદ્વાન એટર્ની જનરલ જે માર્ગ અપનાવવા માટે આગ્રહ રાખી રહ્યા હતા તેમાંથી તેમને વાળવા માટે, એવું સૂચન કરવામાં આવ્યું હતું કે, સેકન્ડ જજિસ કેસમાં આ કોર્ટ દ્વારા કરવામાં આવેલો નિર્ણય ભારત સંઘના દાવા પર પ્રતિકૂળ અસર કરશે નહીં, જો સંઘ એ સ્થાપિત કરી શકે કે બંધારણ (૯૯મો સુધારો) અધિનિયમ દ્વારા બંધારણના "મૂળભૂત માળખા", એટલે કે "ન્યાયતંત્રની સ્વતંત્રતા" સાથે કોઈ સમજૂતી થશે નહીં. આ સૂચન છતાં, એટર્ની જનરલે અરજ કરી કે તેમને એ સ્થાપિત કરવાની મંજૂરી આપવામાં આવે કે સેકન્ડ જજિસ કેસમાં નવ ન્યાયમૂર્તિઓની બેન્ચ દ્વારા આપવામાં આવેલો નિર્ણય કાયદાની દ્રષ્ટિએ ટકી શકે તેમ ન હતો. તેમના આગ્રહ પર, અમે તેમને પોતાની દલીલો રજૂ કરવાની મંજૂરી આપી. એ ઉલ્લેખ કરવાની જરૂર નથી કે, જો એટર્ની જનરલ અમને એ સમજાવવામાં સફળ થાય કે સદર ચુકાદો પ્રથમ દ્રષ્ટિએ સાચી કાનૂની/બંધારણીય સ્થિતિ દર્શાવતો ન હતો, તો આ બાબતની આ કોર્ટના નવ કે તેથી વધુ ન્યાયમૂર્તિઓની સંખ્યા ધરાવતી બંધારણીય બેન્ચ દ્વારા માત્ર ત્યારે જ તપાસ કરવી પડશે, જો અમે વાદગ્રસ્ત બંધારણીય સુધારા સામેના પડકારને વધુમાં માન્ય રાખીએ અને તેને રદબાતલ ઠેરવીએ, અન્યથા નવી વ્યવસ્થા અગાઉની વ્યવસ્થાનું સ્થાન લેશે.

૨૨. સર્વપ્રથમ, અમારું ધ્યાન બંધારણના અનુચ્છેદ ૧૨૪ તરફ દોરવામાં આવ્યું હતું, જેવો તે વર્તમાન સુધારા પહેલાં અસ્તિત્વ ધરાવતો હતો. એવી

રજૂઆત કરવામાં આવી હતી કે અનુચ્છેદ ૧૨૪ એવી પરિકલ્પના કરતો હતો કે, સુપ્રિમ કોર્ટ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને સાતથી વધુ નહીં તેવા અન્ય ન્યાયમૂર્તિઓની બનેલી રહેશે (જ્યાં સુધી સંસદ કાયદા દ્વારા વધુ સંખ્યા નિર્ધારિત ન કરે). એવી રજૂઆત કરવામાં આવી હતી કે, અનુચ્છેદ ૧૨૪ નો ખંડ (૨) સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂકની સત્તા રાષ્ટ્રપતિમાં નિહિત કરતો હતો. અનુચ્છેદ ૧૨૪(૨) હેઠળનો પરંતુક ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે ફરજિયાત "વિચાર-વિમર્શ" ની પરિકલ્પના કરતો હતો. અનુચ્છેદ ૧૨૪ હેઠળ વિચારવામાં આવેલી નિમણૂકોમાં સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટોના એવા અન્ય ન્યાયમૂર્તિઓ સાથે બિન-ફરજિયાત "વિચાર-વિમર્શ" ની પણ આવશ્યકતા હતી, જે રાષ્ટ્રપતિ જરૂરી માને. તદનુસાર એવી રજૂઆત કરવામાં આવી હતી કે, રાષ્ટ્રપતિ દ્વારા અનુચ્છેદ ૧૨૪(૨) હેઠળ વિચારવામાં આવેલો વિચાર-વિમર્શ એટલો વ્યાપક હતો કે જેમાં આ કોર્ટ દ્વારા સેકન્ડ જજિસ કેસમાં આપવામાં આવેલા ચુકાદા અનુસાર માત્ર ન્યાયમૂર્તિઓનું કોલેજિયમ જ નહીં, પરંતુ સુપ્રિમ કોર્ટની કાર્યકારી સંખ્યા પરના પ્રત્યેક ન્યાયમૂર્તિ, તેમજ રાજ્યોની હાઇકોર્ટોના એવા ન્યાયમૂર્તિઓ પણ સામેલ હતા કે જેમની સાથે રાષ્ટ્રપતિ વિચાર-વિમર્શ કરવાનું પસંદ કરે. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિને સોંપવામાં આવેલી માત્ર એક મર્યાદિત ભૂમિકાને સેકન્ડ જજિસ કેસના ચુકાદા દ્વારા, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા લેવાતા એક સર્વવ્યાપી નિર્ણયમાં ફેરવી દેવામાં આવી હતી, જે ન્યાયમૂર્તિઓના કોલેજિયમ સાથે વિચાર-વિમર્શ કરીને લેવાનો હતો. એ બાબત નિર્દેશિત કરવામાં આવી હતી કે, ભારતના

મુખ્ય ન્યાયમૂર્તિના સંદર્ભમાં અનુચ્છેદ ૧૨૪ માં વ્યક્ત કરાયેલા "વિચાર-વિમર્શ" શબ્દનો અર્થ "સહમતિ" કરવામાં આવ્યો હતો. અને તે મુજબ, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને તેમના ન્યાયમૂર્તિઓના કોલેજિયમ દ્વારા રાષ્ટ્રપતિને કરવામાં આવેલી ભલામણથી તેઓ બંધાયેલા હોવાનું ઠેરવવામાં આવ્યું છે. એવી દલીલ કરવામાં આવી હતી કે, ઉપરોક્ત નિર્ણય અનુચ્છેદ ૧૨૪ ની (તેના મૂળ સ્વરૂપમાં) વપરાયેલી ભાષાના સીધા વાંચનથી સંપૂર્ણપણે વિસંગત હતો. એવો દાવો કરવામાં આવ્યો હતો કે "સહમતિ" નો ક્યારેય કોઈ પ્રશ્ન જ નહોતો, કારણ કે અનુચ્છેદ ૧૨૪ માં માત્ર વિચારવામાં આવ્યું હતું "વિચાર-વિમર્શ". એવી દલીલ કરવામાં આવી હતી કે, ઉપરોક્ત "વિચાર-વિમર્શ" ને એવી પરિસ્થિતિમાં પણ રાષ્ટ્રપતિ પર ફરજિયાત અને બંધનકર્તા બનાવવામાં આવ્યો હતો જ્યાં મુખ્ય ન્યાયમૂર્તિ અને ન્યાયમૂર્તિઓના કોલેજિયમ દ્વારા વ્યક્ત કરાયેલ અભિપ્રાય સ્વીકાર્ય ન હોય રાષ્ટ્રપતિને એવો દાવો કરવામાં આવ્યો હતો કે, અનુચ્છેદ ૧૨૪ ઘડવામાં વપરાયેલી સીધી અને સરળ ભાષામાં આ ઉમેરો કેવી રીતે કરવામાં આવ્યો તે સમજી શકાય તેમ નહોતું. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, એકવાર ભારતના મુખ્ય ન્યાયમૂર્તિને (એટલે કે, સેકન્ડ અને થર્ડ જજિસ કેસો હેઠળ વિચારાયેલા ન્યાયમૂર્તિઓના કોલેજિયમને) પ્રાથમિકતા આપવામાં આવે, તો ગર્ભિત રીતે બાકાત થઈ જતો હતો સુપ્રિમ કોર્ટના અન્ય ન્યાયમૂર્તિઓ સાથે અને હાઇકોર્ટોના ન્યાયમૂર્તિઓ સાથેનો પણ "વિચાર-વિમર્શ", જોકે રાષ્ટ્રપતિ જેને યોગ્ય માને તેવા સુપ્રિમ કોર્ટના અન્ય ન્યાયમૂર્તિઓ અને હાઇકોર્ટોના

ન્યાયમૂર્તિઓ સાથે વિચાર-વિમર્શ કર્યા પછી પોતાનો નિર્ણય લેવા માટે રાષ્ટ્રપતિને સત્તા આપતી સ્પષ્ટ જોગવાઈ હતી.

૨૩. એટર્ની જનરલે વધુમાં એવી દલીલ કરી હતી કે, સેકન્ડ જજિસ કેસમાં અનુચ્છેદ ૧૨૪ પર મૂકવામાં આવેલું અર્થઘટન સંપૂર્ણપણે અસમર્થનીય અર્થઘટન હતું, ખાસ કરીને જ્યારે નીચેના દ્રષ્ટાંતના સંદર્ભમાં તેની તપાસ કરવામાં આવે ત્યારે. એ કે જો સુપ્રિમ કોર્ટના તમામ ન્યાયમૂર્તિઓ કોઈ એવા નામની ભલામણ કરે, જેની સાથે માત્ર ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ એકલા જ સંમત ન હોય, તો પણ સદર ભલામણ કરાયેલ વ્યક્તિની ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક કરી શકાતી નથી. એવી રજૂઆત કરવામાં આવી હતી કે આ દ્રષ્ટાંત, એક વ્યક્તિ - ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના હાથમાં સંપૂર્ણ સત્તા મૂકે છે.

૨૪. વિદ્વાન એટર્ની જનરલે ત્યારબાદ કોર્ટનું ધ્યાન અનુચ્છેદ ૧૨૫ તરફ દોર્યું, જેથી એવી દલીલ કરી શકાય કે, સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓને ચૂકવવાપાત્ર પગાર સંસદ દ્વારા કાયદાથી નક્કી કરવાનો હોય છે, અને જ્યાં સુધી આવો નિર્ણય ન થાય ત્યાં સુધી, ન્યાયમૂર્તિને ચૂકવવાપાત્ર ઉપલબ્ધિઓ બીજી અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યા મુજબ રહેશે. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, ન્યાયમૂર્તિઓના પગાર નક્કી કરવા માટે પણ સંસદને સ્પષ્ટ ભૂમિકા આપવામાં આવી હતી, જે સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓની સેવાની શરત છે. તેમણે અનુચ્છેદ ૧૨૬ તરફ પણ ધ્યાન દોર્યું, જે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની ગેરહાજરી અથવા અન્ય કારણોસર, અથવા જ્યારે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ તેમના હોદ્દાની ફરજો

બજાવવા માટે અસમર્થ હોય ત્યારે, મુખ્ય ન્યાયમૂર્તિ તરીકેના કાર્યો કરવા માટે સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓ પૈકીના એકની નિમણૂકની પરિકલ્પના કરે છે. કોર્ટનું ધ્યાન અનુચ્છેદ ૧૨૭ તરફ પણ એ નિર્દેશિત કરવા દોરવામાં આવ્યું હતું કે, એવી પરિસ્થિતિમાં જ્યાં સુપ્રિમ કોર્ટના ઉપલબ્ધ ન્યાયમૂર્તિઓ, કોઈ વિવાદનો ન્યાયનિર્ણય કરવા માટે જરૂરી બેન્ચની કોરમ પૂર્ણ કરી શકતા ન હોય, ત્યારે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ ભારતના રાષ્ટ્રપતિની પૂર્વ સંમતિથી, કોરમ પૂરું કરવા માટે, તેમાં હાઇકોર્ટના એક ન્યાયમૂર્તિનો (જેઓ સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક માટે લાયક હતા) સમાવેશ કરીને કેસની કાર્યવાહી ચાલુ રાખી શકતા હતા. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, રાષ્ટ્રપતિને 'તદર્થ' ધોરણે હાઇકોર્ટના એક ન્યાયમૂર્તિને સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ તરીકે નિમવાની મંજૂરી આપીને, ભારતના રાષ્ટ્રપતિની ભૂમિકા ન્યાય પ્રશાસન સાથે સ્પષ્ટપણે પરસ્પર વણાયેલી હતી. ત્યારબાદ અનુચ્છેદ ૧૨૮ નો સંદર્ભ આપવામાં આવ્યો હતો, જેના દ્વારા ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ, રાષ્ટ્રપતિની પૂર્વ મંજૂરીથી, સુપ્રિમ કોર્ટના નિવૃત્ત ન્યાયમૂર્તિને, અથવા જે વ્યક્તિએ હાઇકોર્ટના ન્યાયમૂર્તિ તરીકે હોદ્દો સંભાળ્યો હોય અને સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક માટે યોગ્ય રીતે લાયકાત ધરાવતા હોય, તેમને સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ તરીકે બેસવા અને કાર્ય કરવા માટે જણાવી શકતા હતા. એ બાબત નિર્દેશિત કરવામાં આવી હતી કે, આ વધુ એક એવો પ્રસંગ હતો, જ્યાં ઉચ્ચ ન્યાયતંત્રની કામગીરીમાં રાષ્ટ્રપતિની નોંધપાત્ર ભૂમિકાની પરિકલ્પના સ્વયં બંધારણ દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ કોર્ટનું ધ્યાન અનુચ્છેદ ૧૩૦ તરફ દોરવામાં આવ્યું હતું, જે હેઠળ, ભલે સુપ્રિમ કોર્ટની

બેઠક દિલ્હી ખાતે રાખવાની હતી, છતાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા રાષ્ટ્રપતિની મંજૂરીથી તેવી ઇચ્છા વ્યક્ત કરવામાં આવે તો તેને ભારતમાં અન્ય કોઈપણ સ્થળે ખસેડી શકાતી હતી. આ ફરી એકવાર ઉચ્ચ ન્યાયતંત્રની કામગીરીમાં રાષ્ટ્રપતિને સોંપાયેલી સક્રિય ભૂમિકા દર્શાવે છે. તેવી જ રીતે, કોર્ટનું ધ્યાન અનુચ્છેદ ૧૩૩ અને ૧૩૪ તરફ દોરવામાં આવ્યું હતું, જે અનુક્રમે દીવાની અને ફોજદારી બાબતોમાં સુપ્રિમ કોર્ટમાં અપીલના ઉપાયની જોગવાઈ કરે છે, અને કોર્ટના અપીલ અધિકારક્ષેત્રના વ્યાપમાં ફેરફાર કરવાનું સંસદ માટે મુક્ત રાખે છે. જ્યાં સુધી અનુચ્છેદ ૧૩૭ નો સંબંધ છે ત્યાં સુધી, એ બાબત નિર્દેશિત કરવામાં આવી હતી કે, સુપ્રિમ કોર્ટ દ્વારા પસાર કરાયેલા ચુકાદાઓ અથવા હુકમોની પુનરાવલોકન કરવાની સત્તા, સંસદ દ્વારા ઘડવામાં આવેલા કોઈપણ કાયદાની જોગવાઈઓને, અથવા અનુચ્છેદ ૧૪૫ હેઠળ બનાવવામાં આવે તેવા કોઈપણ નિયમોને આધીન હતી. અનુચ્છેદ ૧૩૮ ના સંદર્ભમાં, એવી દલીલ કરવામાં આવી હતી કે, સુપ્રિમ કોર્ટના અધિકારક્ષેત્રનો સંસદ પ્રદાન કરવાનું પસંદ કરે તે રીતે સંઘ સૂચિમાં આવતી બાબતો સુધી વિસ્તાર કરી શકાય છે. અનુચ્છેદ ૧૩૮ ના ખંડ (૨) નો પણ સમાન સંદર્ભ આપવામાં આવ્યો હતો, જેમાં સુપ્રિમ કોર્ટને વધુ અધિકારક્ષેત્ર ત્યારે સોંપી શકાતું હતું, જ્યારે ભારત સરકાર અને કોઈપણ રાજ્ય સરકાર દ્વારા સંમતિ દર્શાવવામાં આવે, જો સંસદ કાયદા દ્વારા તેવી જોગવાઈ કરે. ઉપરોક્તના આધારે, એવી દલીલ કરવામાં આવી હતી કે, અનુચ્છેદ ૧૩૮ એ વધુ એક એવી જોગવાઈ હતી, જે સુપ્રિમ કોર્ટની પ્રવૃત્તિઓમાં સંસદની સહભાગી ભૂમિકા દર્શાવતી હતી. તેવી જ રીતે, આ કોર્ટનું ધ્યાન

અનુચ્છેદ ૧૩૯ તરફ દોરવામાં આવ્યું હતું, જેના દ્વારા સંસદ, અનુચ્છેદ ૩૨(૨) દ્વારા સીમાંકિત કરાયેલા માળખા ઉપરાંત, કાયદા દ્વારા નિર્દેશો, હુકમો અથવા રિટ જારી કરવાની સત્તા પ્રદાન કરી શકતી હતી. વિદ્વાન એટર્ની જનરલના જણાવ્યા અનુસાર, આ સુપ્રિમ કોર્ટની પ્રવૃત્તિઓમાં સંસદની બીજી એક સહભાગી ભૂમિકા દર્શાવતી હતી. અનુચ્છેદ ૧૪૦ તરફ નિર્દેશ કરતાં એવી રજૂઆત કરવામાં આવી હતી કે, સુપ્રિમ કોર્ટ પોતાના અધિકારક્ષેત્રનો વધુ અસરકારક રીતે ઉપયોગ કરવા સક્ષમ બને તે માટે, સંસદને જરૂરી અથવા ઇચ્છનીય જણાય તેવી પૂરક સત્તાઓ સંસદ કાયદા દ્વારા, બંધારણ દ્વારા સુપ્રિમ કોર્ટમાં નિહિત સત્તાઓ ઉપરાંત પ્રદાન કરી શકતી હતી. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, એક પછી એક અનુચ્છેદો, જેમાં અનુચ્છેદ૧૪૦ નો પણ સમાવેશ થાય છે, તે સુપ્રિમ કોર્ટની પ્રવૃત્તિઓમાં રાષ્ટ્રપતિ અને સંસદની સામૂહિક અને સહભાગી ભૂમિકા દર્શાવતા હતા. અનુચ્છેદ ૧૪૨(૨) નું વાંચન કરીને, એવો દાવો કરવામાં આવ્યો હતો કે, કોઈપણ વ્યક્તિની ઉપસ્થિતિ સુનિશ્ચિત કરવા, અને કોઈપણ દસ્તાવેજોની શોધ અથવા રજૂઆત કરવા, અથવા પોતાના તિરસ્કારની તપાસ કે સજા કરવાના વિષય પર પણ, સુપ્રિમ કોર્ટનું અધિકારક્ષેત્ર સંસદ દ્વારા ઘડવામાં આવેલા કાયદાને આધીન હતું. વિદ્વાન એટર્ની જનરલે અનુચ્છેદ ૧૪૫ નો પણ સંદર્ભ આપ્યો હતો, જે હેઠળ સામાન્ય રીતે સુપ્રિમ કોર્ટની પ્રેક્ટિસ અને પ્રક્રિયાનું નિયમન કરવા માટે સંસદ દ્વારા કાયદો ઘડવાનો વિકલ્પ સંસદ માટે ખુલ્લો હતો. આવા કોઈપણ કાયદાની ગેરહાજરીમાં, સુપ્રિમ કોર્ટને રાષ્ટ્રપતિની મંજૂરીથી કોર્ટની પ્રેક્ટિસ અને પ્રક્રિયાનું નિયમન કરવા માટે નિયમો બનાવવાની સ્વતંત્રતા

હતી. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, પ્રક્રિયા જેવા પ્રાથમિક મુદ્દાઓ પર પણ, સંપૂર્ણપણે ન્યાયિક ક્ષેત્રમાં આવતી પ્રવૃત્તિઓમાં બંધારણ દ્વારા સંસદ અને/અથવા રાષ્ટ્રપતિને ભૂમિકા સોંપવામાં આવી હતી. સુપ્રિમ કોર્ટની પ્રવૃત્તિઓના સંદર્ભમાં, કોર્ટનું ધ્યાન અનુચ્છેદ ૧૪૬ તરફ પણ દોરવામાં આવ્યું હતું, જે એવી પરિકલ્પના કરે છે કે સુપ્રિમ કોર્ટના અધિકારીઓ અને સેવકોની નિમણૂક ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા કરવામાં આવવાની હતી. એ બાબત નિર્દેશિત કરવામાં આવી હતી કે, અનુચ્છેદ ૧૪૬ હેઠળ પ્રદાન કરવામાં આવેલી સત્તા એ રાષ્ટ્રપતિના એવા અધિકારને આધીન હતી, જે હેઠળ સુપ્રિમ કોર્ટ સાથે જોડાયેલા કોઈપણ હોદ્દા પર ભવિષ્યની નિમણૂકો માત્ર યુનિયન પબ્લિક સર્વિસ કમિશન સાથે વિચાર-વિમર્શ કરીને જ કરવાની આવશ્યકતા દર્શાવતા નિયમો ઘડવાનો રાષ્ટ્રપતિને અધિકાર છે. સુપ્રિમ કોર્ટમાં અધિકારીઓ અને સેવકોની નિમણૂક કરવાનો ઉપરોક્ત અધિકાર, ઉપરોક્ત વિષય પર કાયદો ઘડીને જોગવાઈ કરવાના સંસદના અધિકારને પણ સ્પષ્ટપણે આધીન છે. સંસદ તરફથી કોઈ કાયદાના અભાવમાં, સુપ્રિમ કોર્ટના અધિકારીઓ અને સેવકોની સેવાની શરતો એવી રહેશે જે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા ઘડવામાં આવેલા નિયમો દ્વારા નિયત કરવામાં આવે. મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા ઘડવામાં આવેલા નિયમો, પગાર, ભથ્થાં, રજા અને પેન્શનના સંદર્ભમાં રાષ્ટ્રપતિની મંજૂરીને આધીન છે.

૨૫. હાઇકોર્ટોમાં કરવામાં આવતી નિમણૂકોના સંદર્ભમાં, કોર્ટનું ધ્યાન અનુચ્છેદ ૨૧૭ તરફ દોરવામાં આવ્યું હતું, જે હેઠળ હાઇકોર્ટમાં ન્યાયમૂર્તિની નિમણૂક કરવાની સત્તા રાષ્ટ્રપતિમાં નિહિત હતી. માત્ર રાષ્ટ્રપતિ જ ભારતના

મુખ્ય ન્યાયમૂર્તિ, રાજ્યના રાજ્યપાલ અને સંબંધિત હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે "વિચાર-વિમર્શ" કર્યા પછી આવી નિમણૂકો કરવા માટે અધિકૃત હતા. કોર્ટનું ધ્યાન અનુચ્છેદ ૨૨૧ તરફ પણ દોરવામાં આવ્યું હતું, જે હેઠળ ન્યાયમૂર્તિને ચૂકવવાપાત્ર પગાર નક્કી કરવાની સત્તા સંસદ દ્વારા ઘડવામાં આવનાર કાયદા દ્વારા નક્કી થવાની હતી. સંસદ દ્વારા આવો કોઈ કાયદો ઘડવામાં ન આવે ત્યાં સુધી, હાઇકોર્ટના ન્યાયમૂર્તિઓ બીજી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરાયેલા પગાર મેળવવા માટે હકદાર રહેશે. હાઇકોર્ટના ન્યાયમૂર્તિઓને ચૂકવવાપાત્ર ભથ્થાં, તેમજ ગેરહાજરીની રજા અને પેન્શન સંબંધિત અધિકાર પણ કાયદા દ્વારા નક્કી કરવા માટે સંસદની વિવેકબુદ્ધિ પર છોડવામાં આવ્યા હતા. અને આવા નિર્ધારણ સુધી, હાઇકોર્ટોના ન્યાયમૂર્તિઓ બીજી અનુસૂચિમાં દર્શાવ્યા મુજબના ભથ્થાં અને અધિકારો મેળવવા માટે હકદાર હતા. કોર્ટનું ધ્યાન અનુચ્છેદ ૨૨૨ તરફ પણ દોરવામાં આવ્યું હતું, જેમાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે "વિચાર-વિમર્શ" કર્યા પછી, એક હાઇકોર્ટમાંથી બીજી હાઇકોર્ટમાં ન્યાયમૂર્તિની બદલી કરવા માટે રાષ્ટ્રપતિ અધિકૃત હતા. ભાગ ૫, પ્રકરણ ૪ - સંઘ ન્યાયતંત્ર, અને ભાગ ૬, પ્રકરણ ૫ - રાજ્યોની હાઇકોર્ટોમાં સમાવિષ્ટ અગાઉના બે પેરાગ્રાફમાં સંદર્ભિત જોગવાઈઓ તરફ કોર્ટનું ધ્યાન દોરતાં, એવો દાવો કરવામાં આવ્યો હતો કે, રાષ્ટ્રપતિની અને સંસદની ભૂમિકા પણ ઉચ્ચ ન્યાયતંત્રને લગતા વિવિધ મહત્વપૂર્ણ પાસાંઓમાં વિચારપૂર્વક વણાયેલી હતી. ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં, તેમજ એક હાઇકોર્ટમાંથી બીજી હાઇકોર્ટમાં ન્યાયમૂર્તિઓ અને મુખ્ય ન્યાયમૂર્તિઓની

બદલીની બાબતમાં, સેકન્ડ જજિસ કેસ દ્વારા વ્યક્ત કરવામાં આવેલી રીતે કારોબારી અને ધારાસભાને બાકાત રાખવા, તે સ્પષ્ટપણે બંધારણની ભાવના વિરુદ્ધ હતું.

૨૬. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની પદ્ધતિ એ ન્યાયતંત્રની સ્વતંત્રતાનું "સર્વસ્વ" અથવા "અંતિમ લક્ષ્ય" ન હતી. કોઈ ન્યાયમૂર્તિના સંદર્ભમાં, ન્યાયતંત્રની સ્વતંત્રતાનો પ્રશ્ન ઉચ્ચ ન્યાયતંત્રના ન્યાયમૂર્તિ તરીકે તેમની નિમણૂક થયા પછી જ ઉપસ્થિત થાય. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, બંધારણીય જોગવાઈઓના સંદર્ભમાં બંધારણના ઘડવૈયાઓનો આશય સ્પષ્ટ કરવા માટે આ કોર્ટે વારંવાર બંધારણ સભાની ચર્ચાઓ પર આધાર રાખ્યો હતો. આ સંબંધમાં, તેમણે ટી.એમ.એ. પાઇ ફાઉન્ડેશન વિ. સ્ટેટ ઓફ કર્ણાટક૬, ઇન રી: સ્પેશિયલ રેફરન્સ નં. ૧/૨૦૦૨૭, અને એસ.આર. ચૌધરી વિ. સ્ટેટ ઓફ પંજાબ૮ પર પણ આધાર રાખ્યો હતો. છેલ્લે ટાંકવામાં આવેલા ચુકાદામાંથી નીચેના અવલોકનો પર ભાર મૂકવામાં આવ્યો હતો:

> "૩૩. બંધારણીય જોગવાઈઓને હેતુલક્ષી અભિગમ સાથે સમજવી અને તેનું અર્થઘટન કરવું આવશ્યક છે. બંધારણનું સંકુચિત અને પાંડિત્યપૂર્ણ અર્થમાં અર્થઘટન થવું જોઈએ નહીં. ઉપયોગમાં લેવાયેલા શબ્દો સામાન્ય હોઈ શકે છે પરંતુ, જે સાચા સંદર્ભમાં તેનો ઉપયોગ કરવામાં આવ્યો છે અને જે હેતુ તેઓ સિદ્ધ કરવા માંગે છે તેને ધ્યાનમાં રાખીને તેનો સંપૂર્ણ

આશય અને સાચો અર્થ સમજવો પડશે. આ ચુકાદાના અગાઉના ભાગમાં સંદર્ભિત બંધારણ સભાની ચર્ચાઓ સ્પષ્ટપણે દર્શાવે છે કે મંત્રીમંડળમાં બિન-સભ્યના સમાવેશને એક "વિશેષાધિકાર" ગણવામાં આવ્યો હતો જે માત્ર છ મહિના માટે જ લંબાય છે, જે સમયગાળા દરમિયાન તે સભ્ય ચૂંટાઈ આવવો જોઈએ, અન્યથા તે મંત્રી તરીકે રહેવાનું બંધ થશે. એ સ્થાપિત સ્થિતિ છે કે બંધારણીય જોગવાઈનું અર્થઘટન કરવા માટે સહાયક તરીકે બંધારણ સભાની ચર્ચાઓ પર આધાર રાખી શકાય છે કારણ કે બંધારણના ઘડવૈયાઓનો આશય શોધવાનું કાર્ય કોર્ટનું છે. આપણે યાદ રાખવું જોઈએ કે બંધારણ એ માત્ર ઔપચારિક સ્વરૂપનો દસ્તાવેજ નથી, પરંતુ લોકોની સરકાર માટેનું એક જીવંત માળખું છે જે પૂરતા પ્રમાણમાં સંકલન દર્શાવે છે અને તેની સફળ[12]

તે જ હેતુ માટે, તેમણે ઇન્દિરા સાહની વિ. યુનિયન ઓફ ઇન્ડિયા૯ નો સંદર્ભ આપ્યો, અને તેમાં વ્યક્ત કરાયેલા અભિપ્રાય તરફ કોર્ટનું ધ્યાન દોર્યું:

"૨૧૭. વધુમાં, ઉપરોક્ત કારણોસર એ સ્પષ્ટ છે કે કારોબારીએ વિભાજન અથવા ઉપ-વર્ગીકરણ કરતી વખતે, ઉપર દર્શાવેલા વિવિધ પરિબળો પ્રત્યે યોગ્ય રીતે પોતાની બુદ્ધિનો ઉપયોગ કર્યો નથી જે આખરે વિભાજન

[1] ૬ (૨૦૦૨) ૮ એસ.સી.સી. ૪૮૧

[2] ૭ (૨૦૦૨) ૮ એસ.સી.સી. ૨૩૭ ૮ (૨૦૦૧) ૭ એસ.સી.સી. ૧૨૬ કામગીરી તેના અંતર્ગત રહેલી લોકશાહી ભાવનાને અક્ષરશઃ અને ભાવનાત્મક રીતે આદર આપવામાં આવે તેના પર નિર્ભર કરે છે. આ ચર્ચાઓ સ્પષ્ટપણે દર્શાવે છે કે આ "વિશેષાધિકાર" "માત્ર" છ મહિના માટે જ લંબાય છે."

અથવા ઉપ-વર્ગીકરણના મૂળ હેતુને જ નિષ્ફળ બનાવી શકે છે. તે દ્રષ્ટિએ, પેરા ૨(૧) માત્ર બંધારણીય રીતે અમાન્ય જ બનતો નથી પરંતુ તે બુદ્ધિનો ઉપયોગ ન કરવા અને મનસ્વીતાના દોષથી પણ પીડાય છે.

xxx xxx xxx

૬૭૨. હવે આપણે "નાગરિકોના પછાત વર્ગ" શબ્દોના ઉપયોગ પાછળ રહેલા મૂળ આશયને સુનિશ્ચિત કરવાના હેતુથી બંધારણ સભાની ચર્ચાઓ તરફ વળી શકીએ છીએ. શરૂઆતમાં જ આપણે સ્પષ્ટ કરવું જોઈએ કે આપણે આ ચર્ચાઓને અથવા ડૉ. આંબેડકરના ભાષણોને પણ "પછાત વર્ગો" શબ્દપ્રયોગના અર્થ પર નિર્ણાયક તરીકે ગણતા નથી. આપણે આ ચર્ચાઓનો સંદર્ભ એ સંદર્ભ પૂરો પાડવા માટે લઈ રહ્યા છીએ જેમાં અને જે ઉદ્દેશ્ય સિદ્ધ કરવા માટે આ શબ્દસમૂહ ખંડ (૪) માં મૂકવામાં આવ્યો હતો. આપણે વાકેફ છીએ કે આ ચર્ચાઓ દરમિયાન જે કહેવામાં આવ્યું છે તે કોર્ટ માટે નિર્ણાયક અથવા બંધનકર્તા નથી કારણ કે ઘણા સભ્યોએ વિવિધ મંતવ્યો વ્યક્ત કર્યા હોઈ શકે છે, જે તમામ આખરે ઘડવામાં આવેલી જોગવાઈમાં પ્રતિબિંબિત ન પણ થયા હોય. જોકે, આ પાસા પર ડૉ. આંબેડકરનું ભાષણ એક અલગ સ્થાન ધરાવે છે. તેઓ માત્ર તે મુસદ્દા સમિતિના અધ્યક્ષ જ ન હતા કે જેણે મુસદ્દા અનુચ્છેદ ૧૦(૩) માં "પછાત" શબ્દપ્રયોગ દાખલ કર્યો હતો [તે ૯ ૧૯૯૨ સપ્લી. (૩) એસ.સી.સી. ૨૧૧ મૂળ મુસદ્દા અનુચ્છેદ ૧૦(૩) માં ન હતો]. તેઓ

વાસ્તવમાં મુસદ્દા અનુચ્છેદનું સંચાલન કરી રહ્યા હતા. તેમના ભાષણમાં, તેઓ મુસદ્દા ખંડ (૩) પાછળનું કારણ સમજાવે છે તેમજ તે કારણ પણ સમજાવે છે કે જેના માટે મુસદ્દા સમિતિએ સદર ખંડમાં "પછાત" શબ્દપ્રયોગ ઉમેર્યો હતો. આ પરિસ્થિતિમાં, સદર શબ્દપ્રયોગનો અર્થ જાણવાનો પ્રયાસ કરતી વખતે કોઈપણ વ્યક્તિ તેમના ભાષણને કેવી રીતે અવગણી શકે તે સમજવામાં અમે અસમર્થ છીએ. બંધારણ સભાની ચર્ચાઓ બંધારણીય જોગવાઈના અર્થઘટન માટે સહાયક તરીકે આધાર રાખી શકાય છે તે આ કોર્ટના શ્રેણીબદ્ધ નિર્ણયો દ્વારા સાબિત થાય છે. [જુઓ મધુ લિમયે, ઈન રે, એ.આઈ.આર. ૧૯૬૯ એસ.સી. ૧૦૧૪, ગોલકનાથ વિ. સ્ટેટ ઓફ પંજાબ, એ.આઈ.આર. ૧૯૬૭ એસ.સી. ૧૬૪૩ (સુબ્બા રાવ, મુખ્ય ન્યાયમૂર્તિ); યુનિયન ઓફ ઈન્ડિયા વિ. એચ.એસ. ધિલ્લોન (૧૯૭૧) ૨ એસ.સી.સી. ૭૭૯ માં સિકરી, મુખ્ય ન્યાયમૂર્તિનો અભિપ્રાય અને કેશવાનંદ ભારતી (૧૯૭૩) ૪ એસ.સી.સી. ૨૨૫ માં વિવિધ અભિપ્રાયો, જ્યાં આ ચર્ચાઓની પ્રસ્તુતતા દર્શાવવામાં આવી છે, સાથે સાથે, કઈ હદ સુધી અને કયા હેતુ માટે તેનો સંદર્ભ લઈ શકાય તેના પર ભાર મૂકવામાં આવ્યો છે.] બંધારણમાં "પછાત" અથવા "નાગરિકોનો પછાત વર્ગ" શબ્દપ્રયોગ વ્યાખ્યાયિત કરવામાં આવ્યો ન હોવાથી, કોઈપણ સંજોગોમાં તેમની પાછળનો સંદર્ભ, પૃષ્ઠભૂમિ અને ઉદ્દેશ્ય જાણવા માટે આવી ચર્ચાઓનો સંદર્ભ લેવો માન્ય છે. ખાસ કરીને, જ્યાં

કોર્ટ 'મૂળ આશય' જાણવા માંગતી હોય ત્યાં આવો સંદર્ભ અનિવાર્ય હોઈ શકે છે."

કેશવાનંદ ભારતી વિ. સ્ટેટ ઓફ કેરળ૧૦ પર પણ આધાર રાખવામાં આવ્યો હતો, અને આ કોર્ટનું ધ્યાન નીચે મુજબની બાબત તરફ દોરવામાં આવ્યું હતું:

"૧૦૮૮. હું બંધારણ સભાની કાર્યવાહીનો સંદર્ભ આપું તે પહેલાં, મારે સૌપ્રથમ એ પ્રશ્ન પર વિચાર કરવો જ જોઈએ કે શું આ જોગવાઈઓનું અર્થઘટન કરવા માટે કોર્ટ દ્વારા બંધારણ સભાની ચર્ચાઓ ધ્યાને લઈ શકાય કે કેમ. મહારાષ્ટ્રના એડવોકેટ-જનરલ જણાવે છે કે એચ.એચ. મહારાજાધિરાજ માધવ રાવ જીવાજી રાવ સિંધિયા બહાદુર અને અન્ય વિ. યુનિયન ઓફ[3] ઈન્ડિયા, (૧૯૭૧) ૧ એસ.સી.સી. ૮૫ - સામાન્ય રીતે પ્રિવિ પર્સીસ કેસ તરીકે જાણીતા - માં આ કોર્ટના નિર્ણય સુધી ચર્ચાઓ અને કાર્યવાહી અગ્રાહ્ય ગણવામાં આવી હતી. તેમ છતાં બંને પક્ષના વકીલોએ તેનો વિપુલ પ્રમાણમાં સંદર્ભ આપ્યો હતો. સામાન્ય કાયદાના અર્થઘટનની બાબતમાં, વ્યાપકપણે પ્રવર્તતો મત એ છે કે જ્યારે અર્થઘટનમાં સહાયક તરીકે ચર્ચાઓનો સંદર્ભ લેવાની મંજૂરી નથી, ત્યારે ખરડો જે વિવિધ તબક્કાઓમાંથી પસાર થયો હતો, તેમાં કોઈપણ ભાગ ઉમેરવા અથવા રદ કરવા માટે પ્રસ્તાવિત સુધારાઓ, જે હેતુ માટે આવો

[3] ૧૦ (૧૯૭૩) ૪ એસ.સી.સી. ૨૨૫

પ્રયાસ કરવામાં આવ્યો હતો અને તેને નકારી કાઢવાનું કારણ, તે ઘડવૈયાઓ અથવા મુસદ્દાકારોના આશય પર પ્રકાશ પાડી શકે છે. ધારાસભાઓમાં થયેલા ભાષણો કોઈ માર્ગદર્શન પૂરું પાડતા નથી તેમ કહેવાય છે કારણ કે જે સભ્યો કોઈ ચોક્કસ જોગવાઈ અથવા સુધારાની તરફેણમાં કે વિરોધમાં બોલે છે તેઓ માત્ર જોગવાઈ અંગેની પોતાની સમજ જ દર્શાવે છે, જે જોગવાઈનું અર્થઘટન કરવા માટે સહાયક તરીકે ગ્રાહ્ય રહેશે નહીં. સભ્યો બોલે છે અને એવા મંતવ્યો વ્યક્ત કરે છે જે એકબીજાથી ભિન્ન હોય છે, અને જેઓ બોલતા નથી તેઓ કેવા મંતવ્યો ધરાવે છે તે જાણવાનો કોઈ રસ્તો નથી. તેથી, કોઈ ચોક્કસ જોગવાઈ અથવા તેનો સુધારો સ્વીકારવામાં આવ્યો છે કે નકારી કાઢવામાં આવ્યો છે તે આખરી પરિણામ સિવાય ચર્ચામાં વ્યક્ત થયેલા મંતવ્યોનું કોઈ પરિણામ મેળવવું મુશ્કેલ છે, અને કોઈપણ સંજોગોમાં આ પૈકીના કોઈપણને અર્થઘટનમાં સહાયક તરીકે ધ્યાને લઈ શકાય નહીં, સિવાય કે જોગવાઈનો વૈધાનિક ઈતિહાસ, જો તે સુસંગત હોય તો, જે અનિષ્ટનું નિવારણ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો તે શોધવા માટે અથવા જે હેતુ માટે તે ઘડવામાં આવ્યો હતો તે હેતુ જાણવા માટે સંદર્ભ તરીકે લઈ શકાય છે. પરંતુ ત્રાવણકોર કોચીન અને અન્ય વિ. બોમ્બે કંપની લિ., એ.આઈ.આર. ૧૯૫૨ એસ.સી. ૩૬૬, ગોલકનાથ કેસ (ઉપરોક્ત), પ્રિવિ પર્સીસ કેસ (ઉપરોક્ત), અને યુનિયન ઓફ ઈન્ડિયા વિ. એચ.એસ. ધિલ્લોન, (૧૯૭૧) ૨ એસ.સી.સી. ૭૭૯ માં, બંધારણ સભાના ભાષણોનો

સંદર્ભ લેવાની વિરુદ્ધમાં અવલોકનો છે અને છેલ્લે જણાવેલા કેસમાં, પહેલેથી જ પહોંચેલા નિષ્કર્ષના સમર્થન તરીકે તેમનો સંદર્ભ લેવામાં આવ્યો હતો. ગોલકનાથ કેસ (ઉપરોક્ત) તેમજ પ્રિવિ પર્સીસ કેસ (ઉપરોક્ત) માં, ભાષણોનો સંદર્ભ લેવામાં આવ્યો હતો, જોકે એવું કહેવામાં આવ્યું હતું કે તે કોઈ જોગવાઈનું અર્થઘટન કરવા માટે નહીં, પરંતુ મૂળભૂત અધિકારોના વિશિષ્ટ સ્વરૂપની તપાસ કરવા માટે અથવા શાસકોને બાંહેધરીઓ આપવાની જરૂરિયાત ઊભી કરનારા સંજોગો માટે હતો. બંધારણ સભાના ભાષણો ગમે તે હેતુ માટે જોવામાં આવ્યા હોય, જોકે હંમેશા એવો દાવો કરવામાં આવતો હતો કે જ્યાં સુધી અર્થ અસ્પષ્ટ ન હોય અથવા જ્યાં અર્થ સ્પષ્ટ હોય ત્યાં પહોંચેલા નિષ્કર્ષના વધુ સમર્થન સિવાય આ ભાષણો ગ્રાહ્ય નથી. બંને કિસ્સાઓમાં તેઓને ધ્યાને લેવામાં આવ્યા હતા. મારું પોતાનું કહું તો, આપણા ઘડવૈયાઓનો આશય શું હતો અને તેઓએ તે આશયને કેવી રીતે ચરિતાર્થ કર્યો તે નક્કી કરવા માટે આપણે હિંમતપૂર્વક તેમને ધ્યાને શા માટે ન લેવા જોઈએ? તેમને નિષિદ્ધ અથવા પ્રતિબંધિત સામગ્રી તરીકે ગણવા પાછળનું તર્ક શું છે? બંધારણીય બાબતમાં કોર્ટે, જ્યાં લેખિત દસ્તાવેજમાં મૂર્તિમંત કરાયેલ બંધારણના ઘડવૈયાઓનો આશય નક્કી કરવાનો હોય, ત્યાં કાર્યવાહી, તેને નક્કી કરવા પર પ્રકાશ પાડી શકે તેવા કોઈપણ ભાષણ સહિતના સુસંગત ડેટાને ધ્યાને લેવો જોઈએ. જો તેઓ કોઈ પ્રકાશ પાડતા ન હોય અથવા માત્ર ઝાંખો પ્રકાશ પાડતા હોય કે જેમાં કશું જોઈ શકાતું ન હોય, તો કોર્ટ તેમને

બિનઉપયોગી તરીકે નકારી શકે છે. કોઈ કાયદાથી વિપરીત, બંધારણ એ સરકારનું એક કાર્યકારી સાધન છે, તે એવા લોકો દ્વારા ઘડવામાં આવ્યું છે કે જેઓ તેને આવનારી પેઢીઓની સેવા માટેનું એક રાષ્ટ્રીય સાધન બનાવવા માંગતા હતા. સભાએ ઉચ્ચ ક્ષમતા, વિદ્વત્તા અને બહોળો અનુભવ ધરાવતા સમર્થ વ્યક્તિઓની સમિતિઓની રચના કરી હતી, અને તેની સહાયતા માટે તેની પાસે એક સમર્થ સલાહકાર શ્રી બી.એન. રાવ હતા. શ્રી બી.એન. રાવ દ્વારા એક યાદી તૈયાર કરવામાં આવી હતી જે દરેક વિચારધારાની જાહેર જનતા, વ્યાવસાયિક સંસ્થાઓ, ધારાસભ્યો, જાહેર સંસ્થાઓ અને અન્ય ઘણા લોકોને મોકલવામાં આવી હતી અને તેનો વ્યાપક પ્રચાર કરવામાં આવ્યો હતો. જ્યારે ટીકાઓ, ટિપ્પણીઓ અને સૂચનો પ્રાપ્ત થયા, ત્યારે આના પ્રકાશમાં એક મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો હતો જેને બંધારણ સભા સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો, અને પ્રાયોજક ડૉ. આંબેડકર દ્વારા ભાષણ સાથે દાખલ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ સભાએ ત્રણ સમિતિઓની રચના કરી: (૧) યુનિયન પાવર્સ કમિટી; (૨) પ્રોવિન્શિયલ પાવર્સ કમિટી; અને (૩) કમિટી ઓન ધ ફંડામેન્ટલ રાઇટ્સ એન્ડ માઇનોરિટીઝ કમિટી. આ સમિતિઓની વિચારણાઓ અને ભલામણો, ડ્રાફ્ટિંગ કમિટીની કાર્યવાહી, અને આ સમિતિઓના અહેવાલ સાથે આ રીતે તૈયાર કરાયેલા મુસદ્દાને રજૂ કરતું ડૉ. આંબેડકરનું ભાષણ એ તમામ મૂલ્યવાન સામગ્રી છે. સભાના ઉદ્દેશ્યો, તેઓએ જે રીતે કોઈપણ ટીકાનો સામનો કર્યો, તેના પર લેવાયેલા

પરિણામી નિર્ણયો, પ્રસ્તાવિત સુધારાઓ, તેમની તરફેણમાં કે વિરોધમાં ભાષણો અને આખરે તેમનો સ્વીકાર કે અસ્વીકાર, તે વિવાદિત ચોક્કસ બાબત પર પ્રકાશ પાડવામાં મદદરૂપ થશે. કોઈ સામાન્ય મુસદ્દા વિધેયક પર ધારાસભાની કાર્યવાહીમાં, જેમ મેં અગાઉ કહ્યું હતું તેમ, પક્ષપાતી અને ગરમાગરમ ચર્ચા થઈ શકે છે, જે ઘણીવાર કોર્ટ સમક્ષ આવતા મુદ્દાઓ પર કોઈ પ્રકાશ પાડતી નથી, પરંતુ બંધારણ સભાની કાર્યવાહીમાં આવા કોઈ પક્ષપાતી રંગ હોતા નથી અને તેમની એકમાત્ર ચિંતા રાષ્ટ્રને તેના મૂળ માળખા અને માનવીય મૂલ્યો સાથેનું એક એવું કાર્યકારી સાધન આપવાની હોય છે જે ભવિષ્યની પેઢીઓની જરૂરિયાતોને પૂર્ણ કરશે તેવા પરિબળોની પરસ્પર ક્રિયાને મંજૂરી આપવા માટે પૂરતું સંતુલિત અને સ્થિર હોય. તેના હેઠળ રચાયેલી અને તેને સમજવાની તથા તેનું અર્થઘટન કરવાની ફરજ સોંપાયેલી સુપ્રિમ કોર્ટે, જો તેણે ઘડવૈયાઓના ઉદ્દેશ્યોને સમજવા હોય, તો સભાની કાર્યવાહીના રેકોર્ડ અને વિચારણાઓમાંથી મેળવી શકાય તેવા માર્ગદર્શનના લાભથી પોતાને વંચિત રાખવું જોઈએ નહીં. ભલે ગમે તે હોય, હાલ પૂરતો મારો ઈરાદો એ તબક્કાઓની તપાસ કરવાનો છે કે જેમાંથી મુસદ્દો પસાર થયો હતો અને શબ્દો કે અભિવ્યક્તિઓ દાખલ કરવા અથવા જે પહેલેથી જ હતા તેમાંથી કોઈપણને દૂર કરવા માટે શું અને કેવા પ્રયાસો કરવામાં આવ્યા હતા અને કયા હેતુ માટે. જો આ કાર્યવાહીની આ દ્રષ્ટિકોણથી તપાસ કરવામાં આવે,

તો શું તે મારા દ્વારા લેવાયેલા દ્રષ્ટિકોણ પર કોઈ પ્રકાશ પાડે છે અથવા તેને સમર્થન આપે છે?"

તે જ પ્રતિપાદન માટે, શમશેર સિંહ વિ. સ્ટેટ ઓફ પંજાબ૧૧, અને મનોજ નરુલા વિ. યુનિયન ઓફ ઇન્ડિયા૧૨ પર પણ આધાર રાખવામાં આવ્યો હતો:

૨૭. બંધારણની જોગવાઈઓનો સાચો આશય અને ભાવાર્થ સમજવાના સાધન તરીકે બંધારણ સભાની ચર્ચાઓ અપનાવવામાં આવી હતી તેના પર ભાર મૂક્યા પછી, પ્રસ્તુત વિચારણાના વિષયરૂપ જોગવાઈઓ (ખાસ કરીને, અનુચ્છેદ ૧૨૪) ના સંદર્ભમાં, બંધારણ સભાની ચર્ચાઓનો વિગતવાર સંદર્ભ આપવામાં આવ્યો હતો. એ નિર્દેશિત કરવામાં આવ્યું હતું કે, બંધારણ સભાની રચના પછી, ન્યાયિક નિમણૂકો અને પગારોનો મુદ્દો સુપ્રિમ કોર્ટ પરની એક એડહોક સમિતિ દ્વારા હાથ પર લેવામાં આવ્યો હતો. આ સમિતિમાં કેટલાક જાણીતા ન્યાયશાસ્ત્રીઓ - અલ્લાદી કૃષ્ણસ્વામી અય્યર, કે.એમ. મુનશી અને બી.એન. રાવ (ભારતની બંધારણ સભાના બંધારણીય સલાહકાર) ઉપરાંત, એસ. વરદાચારિયાર (ફેડરલ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયમૂર્તિ), બી.એલ. મિત્તર (ફેડરલ કોર્ટના ભૂતપૂર્વ એડવોકેટ જનરલ) નો સમાવેશ થતો હતો. આ એડહોક સમિતિએ પોતાનો અહેવાલ તારીખ ૨૧.૫.૧૯૪૭ ના રોજ બંધારણ સભા સમક્ષ રજૂ કર્યો હતો. ન્યાયિક સ્વતંત્રતાના સંદર્ભમાં, તેણે સપ્રુ સમિતિના અહેવાલમાં સૂચવાયેલી વિચાર-વિમર્શની દરખાસ્તમાં ફેરફાર કરીને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથેના વિચાર-વિમર્શથી રાષ્ટ્રપતિ દ્વારા નામાંકિત ૧૧ વ્યક્તિઓની એક

પેનલની ભલામણ કરી હતી. વૈકલ્પિક રીતે, એવું સૂચવવામાં આવ્યું હતું કે, પેનલ ત્રણ ઉમેદવારોની ભલામણ કરશે, અને રાષ્ટ્રપતિ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર-વિમર્શ કરીને તે ત્રણમાંથી એકની પસંદગી કરશે. એવું સૂચવવામાં આવ્યું હતું કે, પેનલ તેના નિર્ણય(નિર્ણયો) ૨/૩ બહુમતીથી લેશે. સ્વતંત્રતા સુનિશ્ચિત કરવા માટે, એવી ભલામણ કરવામાં આવી હતી કે પેનલનો કાર્યકાળ દસ વર્ષનો હોવો જોઈએ. ઉપરોક્ત અહેવાલના આધારે, એવી રજૂઆત કરવામાં આવી હતી કે, આ દરખાસ્ત એક કોલેજિયમની વ્યાપક ભાગીદારી સૂચવતી હતી ૧૧ (૧૯૭૪) ૨ એસ.સી.સી. ૮૩૧ ૧૨ (૨૦૧૪) ૯ એસ.સી.સી. ૧ જેમાં ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં, રાષ્ટ્રપતિ અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ ઉપરાંત, ન્યાયમૂર્તિઓ, રાજકારણીઓ અને કાયદા અધિકારીઓ સામેલ હતા. વિદ્વાન એટર્ની જનરલે આગળ કોર્ટને માહિતી આપી કે, ઉપરોક્ત અહેવાલના આધારે, બી.એન. રાવે તારીખ ૩૦.૫.૧૯૪૭ નું એક મેમોરેન્ડમ તૈયાર કર્યું હતું, જેમાં તેમણે પોતાના સૂચનો કર્યા હતા. ઉપરોક્ત સૂચનો સુપ્રિમ કોર્ટના તેમજ હાઇકોર્ટોના ન્યાયમૂર્તિઓ સાથે સંબંધિત હતા. કોર્ટને એ પણ જણાવવામાં આવ્યું હતું કે, યુનિયન કોન્સ્ટીટ્યુશન કમિટીએ તારીખ ૪.૭.૧૯૪૭ ના રોજ બંધારણ સભા સમક્ષ પોતાનો અહેવાલ રજૂ કર્યો હતો, જે ઉચ્ચ ન્યાયતંત્રમાં નિમણૂકો સંબંધિત પણ હતો. બંધારણીય સલાહકાર દ્વારા તારીખ ૧૩.૫.૧૯૪૭ ના રોજ પ્રિન્સિપલ્સ ઓફ અ મોડેલ પ્રોવિન્શિયલ કોન્સ્ટીટ્યુશન પર વધુ એક મેમોરેન્ડમ તૈયાર કરવામાં આવ્યું હતું, જે ઉચ્ચ ન્યાયતંત્રમાં નિમણૂકો સંબંધિત હતું, જેને પ્રોવિન્શિયલ કોન્સ્ટીટ્યુશન કમિટી

દ્વારા સ્વીકારવામાં આવ્યું હતું. એટર્ની જનરલ દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલ દ્વારા તારીખ ૧૫.૭.૧૯૪૭ ના રોજ આપવામાં આવેલા ભાષણ પર આધાર રાખવામાં આવ્યો હતો, જેમાં તેમણે નીચે મુજબના મંતવ્યો વ્યક્ત કર્યા હતા:

> "સમિતિએ હાઇકોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂક પર વિશેષ ધ્યાન આપ્યું છે. સમિતિ દ્વારા આ બાબતને અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવે છે અને ન્યાયતંત્ર શંકાથી પર હોવું જોઈએ તેમજ પક્ષીય પ્રભાવોથી મુક્ત હોવું જોઈએ, તેથી એ બાબત પર સંમતિ થઈ હતી કે હાઇકોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂક યુનિયનના રાષ્ટ્રપતિ દ્વારા સુપ્રિમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ, પ્રાંતીય હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ અને સંબંધિત પ્રાંતના મંત્રીમંડળની સલાહ સાથેના રાજ્યપાલ સાથે વિચાર-વિમર્શ કરીને થવી જોઈએ. તેથી હાઇકોર્ટમાં નિષ્પક્ષ નિમણૂકો સુનિશ્ચિત કરવા માટે ઘણા નિયંત્રણો પૂરા પાડવામાં આવ્યા છે."

કોર્ટને માહિતી આપવામાં આવી હતી કે, બી.એન. રાવ દ્વારા તૈયાર કરાયેલ નવા બંધારણનો પ્રથમ મુસદ્દો ઓક્ટોબર ૧૯૪૭ માં બંધારણ સભા સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો, જેમાં એવી રજૂઆત કરવામાં આવી હતી કે સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા સુપ્રિમ કોર્ટના વિદ્યમાન ન્યાયમૂર્તિઓ સાથેના વિચાર–વિમર્શથી, અને હાઇકોર્ટોના ન્યાયમૂર્તિઓની નિમણૂક ખુદ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની નિમણૂકની બાબત સિવાય ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથેના વિચાર–વિમર્શથી કરવામાં આવશે. એવું સૂચવવામાં આવ્યું

હતું કે, આ મૂળરૂપે ઘડવામાં આવેલા બંધારણના અનુચ્છેદ ૧૨૪(૨) નો તત્કાલીન પુરોગામી હતો.

૨૮. એ નિર્દેશિત કરવામાં આવ્યું હતું કે, બંધારણીય સલાહકાર દ્વારા તૈયાર કરવામાં આવેલા ઉપરોક્ત અહેવાલમાં, નીચેનો પરિચ્છેદ ન્યાયતંત્ર સાથે સંબંધિત હતો:

> "ન્યાયમૂર્તિઓને હોદ્દા પરથી દૂર કરવાના સંબંધમાં, તેમણે (ન્યાયમૂર્તિ ફ્રેન્કફર્ટર, ન્યાયમૂર્તિ, સુપ્રિમ કોર્ટ ઓફ ધ યુનાઇટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા) ન્યૂયોર્ક રાજ્યમાં હમણાં જ પ્રસ્તાવિત કરવામાં આવેલી એક જોગવાઈ તરફ ધ્યાન દોર્યું હતું - તે જોગવાઈ ત્યારથી મંજૂર કરવામાં આવી છે અને જેને આ દેશના મોટાભાગના ન્યાયમૂર્તિઓ અને વકીલોનું સમર્થન પ્રાપ્ત હતું. તે જોગવાઈ નીચે મુજબ પુનઃ રજૂ કરવામાં આવી છે:
>
> ૯–એ (૧) કોર્ટ ઓફ અપીલ્સના ન્યાયાધીશ, સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ, કોર્ટ ઓફ કલેઇમ્સના ન્યાયાધીશ ... (ન્યાયમૂર્તિઓના પ્રકારો) ને કોર્ટ ઓન ધ જ્યુડિશિયરી દ્વારા પણ દૂર કરી શકાય છે અથવા નિવૃત્ત કરી શકાય છે. આ કોર્ટ, કોર્ટ ઓફ અપીલ્સના મુખ્ય ન્યાયમૂર્તિ, કોર્ટ ઓફ અપીલ્સના વરિષ્ઠ એસોસિએટ ન્યાયાધીશો અને આવી એપેલેટ ડિવિઝનના મોટાભાગના ન્યાયમૂર્તિઓની સહમતી દ્વારા નિયુક્ત કરાયેલ દરેક વિભાગમાં એપેલેટ ડિવિઝનના એક ન્યાયમૂર્તિની બનેલી રહેશે ...

(૨) યોગ્ય કારણ સિવાય, અથવા તેની ન્યાયિક ફરજોના યોગ્ય પાલનમાં અવરોધરૂપ બનતી માનસિક કે શારીરિક અસમર્થતા સિવાય, કોઈ ન્યાયિક અધિકારીને આ કલમના આધારે દૂર કરવામાં આવશે નહિ કે નિવૃત્ત કરવામાં આવશે નહિ, તેમજ જ્યાં સુધી તેને દૂર કરવા માટેના કથિત આરોપોનું નિવેદન અથવા તેની નિવૃત્તિ માટેના કારણો પહોંચાડવામાં આવ્યા ન હોય, અને તેને સાંભળવાની તક આપવામાં આવી ન હોય ત્યાં સુધી પણ નહિ ...

(૩) ન્યાયિક અધિકારીને દૂર કરવા માટેના આરોપોની અથવા તેમની નિવૃત્તિ માટેના કારણોની સુનાવણી કોર્ટ ઓન ધ જ્યુડિશિયરી સમક્ષ ચલાવવામાં આવશે...

(૪) કોર્ટ ઓફ અપીલ્સના મુખ્ય ન્યાયમૂર્તિ પોતાની મેળે કોર્ટ ઓન ધ જ્યુડિશિયરી બોલાવી શકે છે અને રાજ્યપાલ અથવા કોઈપણ એપેલેટ ડિવિઝનના પ્રમુખ ન્યાયમૂર્તિની લેખિત વિનંતી પર કોર્ટ બોલાવશે ... "

એવી રજૂઆત કરવામાં આવી હતી કે, ન્યાયમૂર્તિ ફ્રેન્કફર્ટર દ્વારા ભલામણ કરાયા મુજબ, મહાભિયોગની સત્તા ન્યાયતંત્રને જ આંતરિક રીતે સોંપવાનું ઉપરોક્ત સૂચન નકારી કાઢવામાં આવ્યું હતું. એ નિર્દેશિત કરવામાં આવ્યું હતું કે, તારીખ ૨૧.૨.૧૯૪૮ ના રોજ બંધારણ સભા સમક્ષ બંધારણનો બીજો મુસદ્દો મૂકવામાં આવ્યો હતો. ઉપરોક્ત મુસદ્દાના અનુચ્છેદ ૧૦૩ અને ૧૯૩, સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટોમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકો સાથે સંબંધિત હતા. એવી

રજૂઆત કરવામાં આવી હતી કે, બીજા મુસદ્દાના સંદર્ભમાં લોકો તરફથી અનેક ટિપ્પણીઓ પ્રાપ્ત થઈ હતી. આ સંબંધમાં, ફેડરલ કોર્ટના ન્યાયમૂર્તિઓ અને હાઈકોર્ટોના મુખ્ય ન્યાયમૂર્તિઓ તરફથી પણ એક આવેદનપત્ર પ્રાપ્ત થયું હતું, જેમાં અન્ય બાબતો ઉપરાંત નીચે મુજબ વ્યક્ત કરવામાં આવ્યું હતું:

> "આ અનુચ્છેદોમાં (મુસદ્દા અનુચ્છેદ ૧૦૩(૨) અને ૧૯૩(૨)) એવી જોગવાઈ દાખલ કરવી ઇચ્છનીય જણાય છે કે એવી કોઈપણ વ્યક્તિની સુપ્રિમ કોર્ટ અથવા હાઈકોર્ટના ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક થવી જોઈએ નહિ, જેમણે કોઈપણ સમયે ભારત સંઘમાં અથવા કોઈપણ રાજ્યમાં મંત્રીનું પદ સ્વીકાર્યું હોય. આનો ઉદ્દેશ્ય મંત્રીનું પદ સ્વીકારનાર વ્યક્તિને કોઈપણ સમયે ન્યાયમૂર્તિ બનવા માટે પોતાના પ્રભાવનો ઉપયોગ કરતા અટકાવવાનો છે. ન્યાયમૂર્તિઓનો એવો સર્વસંમત અભિપ્રાય છે કે ઇન્ડિયન સિવિલ સર્વિસના સભ્ય કોઈપણ હાઈકોર્ટના કાયમી મુખ્ય ન્યાયમૂર્તિ હોવા જોઈએ નહિ. આ માટે અનુચ્છેદમાં યોગ્ય જોગવાઈ કરવી જોઈએ."

એવી રજૂઆત કરવામાં આવી હતી કે, ઉપરોક્ત આવેદનપત્રના પ્રત્યુત્તરમાં, બી.એન. રાવે નીચે મુજબના અવલોકનો કર્યા હતા:

> "બંધારણમાં આ પ્રતિબંધો મૂકવા બિનજરૂરી છે. ઇંગ્લેન્ડમાં એટર્ની–જનરલ હંમેશા ક્રાઉનના મંત્રીઓ પૈકીના એક હોય છે અને ઘણીવાર કેબિનેટ મંત્રી પણ હોય છે; તેમની પાછળથી ઘણીવાર ન્યાયમૂર્તિ તરીકે

નિમણૂક કરવામાં આવે છે (લોર્ડ ચાન્સેલર, અલબત્ત, કેબિનેટ મંત્રી અને ન્યાયતંત્રના વડા બંને છે). ભારતમાં, સપ્રુ અને સરકાર લૉ મેમ્બર્સ અથવા લૉ મિનિસ્ટર્સ હતા, જેવું કે તેમને ભવિષ્યમાં કહેવાશે; કોઈ એવું સૂચન નહિ કરે કે આ પ્રકારના માણસો પાછળથી ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક માટે અપાત્ર હોવા જોઈએ...

આ ઉચ્ચ નિમણૂકો માટે માત્ર યોગ્યતા જ એકમાત્ર માપદંડ હોવો જોઈએ; યોગ્યતાની કદર થવાના માર્ગમાં કોઈ બંધારણીય પ્રતિબંધ આડે આવવો જોઈએ નહિ."

એવો દાવો કરવામાં આવ્યો હતો કે, ફેડરલ કોર્ટના ન્યાયમૂર્તિઓ અને હાઇકોર્ટોના મુખ્ય ન્યાયમૂર્તિઓ દ્વારા રજૂ કરવામાં આવેલા આવેદનપત્રમાં નીચે મુજબના સૂચનો કરવામાં આવ્યા હતા:

"તેથી એવું સૂચન કરવામાં આવે છે કે અનુચ્છેદ ૧૯૩(૧) નીચે મુજબ અથવા અન્ય યોગ્ય રીતે શબ્દબદ્ધ કરી શકાય:

હાઇકોર્ટના દરેક ન્યાયમૂર્તિની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા પોતાના હસ્તાક્ષર અને મહોર હેઠળના વોરંટ દ્વારા, રાજ્યના રાજ્યપાલ સાથે વિચાર-વિમર્શ કર્યા પછી અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની સહમતીથી હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિની ભલામણ પર કરવામાં આવશે...

અમે એવું નથી માનતા કે રાષ્ટ્રપતિ દ્વારા પ્રસ્તાવિત નિમણૂકમાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સહમતી આપવાનો ઇનકાર કરે તેવી શક્યતા માટે બંધારણમાં કોઈ જોગવાઈ કરવી જરૂરી છે. બંને સર્વોચ્ચ જવાબદારી ધરાવતા અધિકારીઓ છે અને અત્યાર સુધી આવા ઇનકારનો કોઈ કિસ્સો બન્યો નથી, જોકે હવે એવી પરંપરા અસ્તિત્વમાં છે કે આવી નિમણૂકો મામલો ભારતના મુખ્ય ન્યાયમૂર્તિને મોકલીને અને તેમની સહમતી મેળવીને કરવી જોઈએ. જો કદાચ ક્યારેય આવી પરિસ્થિતિ ઊભી થાય, તો અલબત્ત રાષ્ટ્રપતિ દ્વારા એક અલગ દરખાસ્ત રજૂ કરીને તેનો ઉકેલ લાવી શકાય છે, અને અમને લાગે છે કે તે સંબંધમાં કોઈ સ્પષ્ટ જોગવાઈ કરવાની જરૂર નથી. ઉપરોક્ત બાબત જરૂરી ફેરફારો સાથે સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂકને લાગુ પડે છે અને અનુચ્છેદ ૧૦૩(૨) માં પણ તે મુજબ યોગ્ય સુધારો કરી શકાય છે. આ સંબંધમાં એ સમજાતું નથી કે સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂક કરતાં પહેલાં રાજ્યોમાં હાઇકોર્ટના અથવા સુપ્રિમ કોર્ટના કોઈપણ ન્યાયમૂર્તિ કે ન્યાયમૂર્તિઓ સાથે વિચાર-વિમર્શ કરવાની બંધારણીય ફરજ રાષ્ટ્રપતિ પર શા માટે લાદવી જોઈએ. જ્યારે પણ રાષ્ટ્રપતિ તેમ કરવું જરૂરી સમજે ત્યારે તેમની સાથે વિચાર-વિમર્શ કરવાથી રાષ્ટ્રપતિને કોઈ બાબત રોકતી નથી."

એ નિર્દેશિત કરવામાં આવ્યું હતું કે, ઉપરોક્ત દરખાસ્તો પૈકી કોઈ પણ સ્વીકારવામાં આવી ન હતી. ઇન્ડિયન લૉ રિવ્યુના તંત્રી અને કલકત્તા બાર

એસોસિએશનના સભ્યોનો પણ સંદર્ભ આપવામાં આવ્યો હતો, જેમણે નીચે મુજબના સૂચનો કર્યા હતા:

"કે અનુચ્છેદ ૧૦૩ ના ખંડ (૪) માંથી \"અને મતદાન કરનારા\" શબ્દો કાઢી નાખવા જોઈએ, કારણ કે તેઓ એવું માને છે કે આ ખંડમાં વિચારવામાં આવેલા મહત્વના મુદ્દા જેવા વિષયમાં, ધારાસભ્યો માટે તટસ્થ રહેવાની તક શક્ય તેટલી વ્યવહારુ રીતે ઓછી કરવી જોઈએ."

જેના પ્રત્યુત્તરમાં, બી.એન. રાવનો પ્રતિભાવ નીચે મુજબ હતો:

"કેનેડા, ઓસ્ટ્રેલિયા, દક્ષિણ આફ્રિકા અને આયર્લેન્ડના બંધારણોમાં, ન્યાયમૂર્તિને દૂર કરવા માટે સંબોધન રજૂ કરવા સારૂ હાજર રહીને મતદાન કરનારા સભ્યોની સાદી બહુમતી પૂરતી છે. અનુચ્છેદ ૧૦૩(૪) માં હાજર રહીને મતદાન કરનારા સભ્યોની બે–તૃતીયાંશ બહુમતી આવશ્યક છે. \"અને મતદાન કરનારા\" શબ્દો કાઢી નાખીને તેને વધુ કડક બનાવવાની ભાગ્યે જ જરૂર છે.

ન્યાયમૂર્તિઓના પગારમાં ઘટાડો ન કરવા અંગેના સૂચનોના સંદર્ભમાં, બંધારણીય સલાહકારે નીચે મુજબની ટિપ્પણીઓ કરી હતી:

"હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ અને ન્યાયમૂર્તિઓના પગારમાં લઘુત્તમ કરતાં ઘટાડો કરવા સામેનો બંધારણીય રક્ષણાત્મક ઉપાય અનુચ્છેદ ૧૯૭ માં નિર્ધારિત કરવામાં આવ્યો છે, જેથી રાજ્યોના વિધાનમંડળોને

વ્યાજબી આંકડા કરતાં નીચે પગાર ઘટાડતા અટકાવી શકાય. સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓના પગાર નક્કી કરવાની સંસદની સત્તા પર આવો કોઈ અંકુશ મૂકવાની ભાગ્યે જ જરૂર છે."

પટ્ટાભી સીતારામૈયા અને અન્ય લોકો દ્વારા સુપ્રિમ કોર્ટના અધિકારીઓ અને કર્મચારીઓ તેમજ તેના ખર્ચાઓના સંદર્ભમાં કરવામાં આવેલા સૂચનો પણ પ્રકાશિત કરવામાં આવ્યા હતા. તે નીચે મુજબ ટાંકવામાં આવ્યા છે:

"કે અનુચ્છેદ ૧૨૨ માં, \"રાષ્ટ્રપતિ સાથે વિચાર-વિમર્શ કરીને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ\" તે શબ્દોના સ્થાને \"ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર-વિમર્શ કરીને રાષ્ટ્રપતિ\" તે શબ્દો મૂકવામાં આવે."

બંધારણીય સલાહકારનો પ્રત્યુત્તર નીચે મુજબ હતો:

"અનુચ્છેદ ૧૨૨ ના ખંડ (૧) માં સમાવિષ્ટ રાષ્ટ્રપતિ સાથે વિચાર-વિમર્શ કરીને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા સુપ્રિમ કોર્ટના અધિકારીઓ અને કર્મચારીઓના પગાર, ભથ્થાં અને પેન્શન નક્કી કરવાની જોગવાઈ, અનુકૂલિત ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા એક્ટ, ૧૯૩૫ ની કલમ ૨૪૨(૪) માં સમાવિષ્ટ પ્રવર્તમાન જોગવાઈ પર આધારિત છે. મુસદ્દા સમિતિએ ન્યાયતંત્રની સ્વતંત્રતા સુનિશ્ચિત કરવા માટે આવી જોગવાઈને આવશ્યક ગણી હતી, જેના રક્ષણ પર મુસદ્દા બંધારણ અંગેની પોતાની

ટિપ્પણીઓમાં ફેડરલ કોર્ટ અને હાઇકોર્ટો દ્વારા ખૂબ ભાર મૂકવામાં આવ્યો હતો."

૨૯. એ નિર્દેશિત કરવામાં આવ્યું હતું કે, તારીખ ૪.૧૧.૧૯૪૮ ના રોજ બંધારણ સભામાં બંધારણનો બીજો મુસદ્દો રજૂ કરવામાં આવ્યો હતો. ઉચ્ચ ન્યાયતંત્રમાં નિમણૂકોના સંદર્ભમાં થયેલી ચર્ચાઓ તરફ કોર્ટનું ધ્યાન દોરવામાં આવ્યું હતું, જેમાં બી. પેકર સાહિબના સૂચનનો પણ સમાવેશ થતો હતો, જેમણે અનુચ્છેદ ૧૦૩(૨) નો વિકલ્પ પ્રસ્તાવિત કર્યો હતો. ન્યાયમૂર્તિઓની નિમણૂકના સંદર્ભમાં આગળ આવી શકે તેવા પક્ષીય પ્રભાવો સામે રક્ષણ મેળવવા માટે મહેબૂબ અલી બેગ સાહિબ દ્વારા કરવામાં આવેલી દરખાસ્તનો પણ સંદર્ભ આપવામાં આવ્યો હતો. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, મુસદ્દા સમિતિના અધ્યક્ષ દ્વારા ઉપરોક્ત સૂચન નકારી કાઢવામાં આવ્યું હતું, જેઓ માનતા હતા કે મુખ્ય ન્યાયમૂર્તિને ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિની નિમણૂક પર વીટો વાપરવા સક્ષમ બનાવવું જોખમી રહેશે. ટી.ટી. કૃષ્ણમાચારીનો અભિપ્રાય પણ નીચે મુજબનો હતો:

"ન્યાયતંત્રની સ્વતંત્રતા જાળવવી જોઈએ અને ન્યાયતંત્રને એવું ન લાગવું જોઈએ કે તેઓ એવી કૃપાને આધીન છે જે કારોબારી સમયાંતરે તેમને આપી શકે છે અને જે સ્વાભાવિક રીતે જ તેમણે નિર્ણય લેવાના હોય તેવા કોઈપણ મામલામાં તેમના નિર્ણયને પ્રભાવિત કરશે જ્યાં તે સમયની કારોબારીના હિતો સંકળાયેલા હોય. તે જ સમયે, સાહેબ, હું માનું છું કે એ

સ્પષ્ટ કરવું જોઈએ કે આ ગૃહનો કે આ બંધારણના ઘડવૈયાઓનો એવો કોઈ આશય નથી કે તેઓ વિશેષ કૃપાપાત્ર સંસ્થાઓ બનાવવા માંગે છે કે જે પોતાની જાતમાં કારોબારી અને ધારાસભાથી સંપૂર્ણપણે સ્વતંત્ર અને સમગ્ર શાસન વ્યવસ્થાથી એક પ્રકારની શ્રેષ્ઠ સંસ્થા તરીકે કાર્ય કરતી 'ઇમ્પીરીયમ ઇન ઇમ્પીરીયો' બની જાય".

૩૦. દરખાસ્તો અને તેના પર લેવાયેલા નિર્ણયો અમારા ધ્યાને લાવવામાં આવ્યા હતા, ખાસ કરીને કે.ટી. શાહ, કે.એમ. મુનશી, તજામુલ હુસૈન, અલ્લાદી કૃષ્ણસ્વામી આય્યર, અનંતશયનમ આય્યંગાર અને છેલ્લે ડૉ. બી.આર. આંબેડકર દ્વારા કરવામાં આવેલા અવલોકનો. ડૉ. બી.આર. આંબેડકરે આ મુજબ જણાવ્યું હતું:

"અંતે, બી.આર. આંબેડકરે કહ્યું: માનનીય અધ્યક્ષ મહોદય, સ્થિતિ સ્પષ્ટ કરવા માટે હું માત્ર થોડા અવલોકનો કરવા માંગુ છું. સાહેબ, તેમાં કોઈ શંકા નથી કે ગૃહે સામાન્ય રીતે સંમતિ દર્શાવી છે કે કારોબારીથી ન્યાયતંત્રની સ્વતંત્રતાને આપણે કાયદા દ્વારા જેટલી સ્પષ્ટ અને ચોક્કસ બનાવી શકીએ તેટલી બનાવવી જોઈએ. તે જ સમયે, એવો ડર છે કે ન્યાયતંત્રની સ્વતંત્રતાના નામે, આપણે કદાચ એવું ઊભું કરી શકીએ છીએ, જેને મારા મિત્ર શ્રી ટી.ટી. કૃષ્ણમાચારીએ ખૂબ જ યોગ્ય રીતે \"ઇમ્પીરીયમ ઇન ઇમ્પીરીયો\" કહ્યું છે. આપણે ઇમ્પીરીયમ ઇન ઇમ્પીરીયો બનાવવા માંગતા નથી, અને તે જ સમયે આપણે ન્યાયતંત્રને પૂરતી સ્વતંત્રતા આપવા

માંગીએ છીએ જેથી તે કારોબારીના ભય કે પક્ષપાત વિના કાર્ય કરી શકે. મારા મિત્રો, જો તેઓ મૂળ અનુચ્છેદ ૧૨૨ ની જગ્યાએ મેં પ્રસ્તાવિત કરેલા નવા સુધારાની જોગવાઈઓની કાળજીપૂર્વક તપાસ કરશે, તો તેમને જણાશે કે નવો અનુચ્છેદ મધ્યમ માર્ગ અપનાવવાનો પ્રસ્તાવ મૂકે છે. તે ઇમ્પીરીયમ ઇન ઇમ્પીરીયો બનાવવાનો ઇનકાર કરે છે, અને મને લાગે છે કે તે ન્યાયતંત્રને ભય કે પક્ષપાત વિના ન્યાય વહીવટ કરવાના હેતુ માટે જેટલી સ્વતંત્રતા જરૂરી છે તેટલી સ્વતંત્રતા આપે છે."

૩૧. બંધારણ સભા સમક્ષ થયેલી ચર્ચાઓનું સ્વરૂપ અને તેના પર લેવાયેલા નિર્ણયો અમારા ધ્યાને વિસ્તૃત રીતે લાવ્યા પછી, વિદ્વાન એટર્ની જનરલે એ દર્શાવવાનો પ્રયાસ કર્યો હતો કે, ઉચ્ચ બંધારણીય હોદ્દેદારોની નિમણૂકની બાબતમાં કારોબારીની સહભાગિતા, તેમની ફરજોના નિર્વહનમાં તેમની સ્વતંત્રતા પર "તરાપ મારી શકતી નથી– અને મારી ન હતી". ઉદાહરણ તરીકે, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ સાથે સંબંધિત બંધારણના ૪ અનુચ્છેદો (અનુચ્છેદ ૧૪૮ થી ૧૫૧) ધરાવતા બંધારણના ભાગ ૪ પ્રકરણ ૫ પર આધાર રાખવામાં આવ્યો હતો. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, અનુચ્છેદ ૧૪૯ માં વર્ણવેલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ફરજો અને સત્તાઓ દર્શાવે છે કે, ઉચ્ચ ન્યાયતંત્રના ન્યાયમૂર્તિઓની સરખામણીએ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનું પદ મહત્વમાં સહેજ પણ ઓછું ન હતું. અનુચ્છેદ ૧૪૮ તરફ નિર્દેશ કરતાં, તેમની એવી દલીલ હતી કે, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે.

અનુચ્છેદ ૧૪૮ ના ખંડ (૧) હેઠળ તેમને હોદ્દા પરથી દૂર કરવાનું માત્ર તેવી જ રીતે, ભારતના સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ જેવા જ સમાન કારણોસર કરી શકાય છે. સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિની જેમ જ, તેમનો પગાર અને સેવાની અન્ય શરતો સંસદ દ્વારા કાયદાથી નિર્ધારિત કરવાની હતી, અને જ્યાં સુધી તે તે રીતે નિર્ધારિત ન થાય, ત્યાં સુધી તે બીજી અનુસૂચિમાં દર્શાવ્યા મુજબ રહેવાની હતી. વધુમાં, સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિની જેમ જ, તેમની નિમણૂક પછી, ન તો કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલના પગારમાં, કે ન તો ગેરહાજરીની રજા, પેન્શન અથવા નિવૃત્તિની વયના સંબંધમાં તેમના અધિકારોમાં તેમના ગેરલાભ થાય તેવો કોઈ ફેરફાર કરી શકાતો નથી. તેવી જ રીતે, જેમ કે સુપ્રિમ કોર્ટના કિસ્સામાં, ભારતીય ઓડિટ અને એકાઉન્ટ્સ વિભાગમાં સેવા આપતી વ્યક્તિઓ, સંસદ દ્વારા ઘડવામાં આવેલા કાયદા દ્વારા નિર્ધારિત કરવામાં આવે તેવી સેવાની શરતોને અધીન રહેવાની હતી, અને જ્યાં સુધી આવો કાયદાકીય અધિનિયમ ઘડવામાં ન આવે ત્યાં સુધી, તેમની સેવાની શરતો ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ સાથે વિચાર-વિમર્શ કરીને, નિયમો બનાવીને, રાષ્ટ્રપતિ દ્વારા નિર્ધારિત કરવાપાત્ર હતી. ઉપરોક્તના આધારે, એવી દલીલ કરવામાં આવી હતી કે, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની નિમણૂક સંપૂર્ણપણે કારોબારીમાં નિહિત હોવા છતાં, તેઓ કારોબારીથી પ્રભાવિત થયા હોવાના સંદર્ભમાં ક્યારેય કોઈ પ્રતિકૂળ ગણગણાટ થયો ન હતો. જે અનુમાન તારવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો તે એ હતો કે, "નિમણૂક" ની રીત સ્વતંત્રતાના પ્રશ્ન

માટે અપ્રસ્તુત છે. વિદ્વાન એટર્ની જનરલના મતે, કોઈ સત્તાધિકારીની સ્વતંત્રતા, નિમણૂક થઈ ગયા પછી, હોદ્દેદારની સેવાની શરતોના રક્ષણમાંથી ઉદ્ભવે છે.

૩૨. તેવી જ રીતે, અમારું ધ્યાન ભાગ ૧૫ તરફ દોરવામાં આવ્યું હતું, જે ચૂંટણીઓ સંબંધિત છે. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, અનુચ્છેદ ૩૨૪ એ સંસદ અને દરેક રાજ્યના વિધાનમંડળોની ચૂંટણીઓનું તથા રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિના હોદ્દાની ચૂંટણીઓનું અધિક્ષણ, નિર્દેશન અને નિયંત્રણ ચૂંટણી પંચમાં નિહિત કર્યું છે. અનુચ્છેદ ૩૨૪(૨) ની દ્રષ્ટિએ ચૂંટણી પંચ મુખ્ય ચૂંટણી કમિશનર અને રાષ્ટ્રપતિ સમયાંતરે નક્કી કરે તેટલી સંખ્યાના અન્ય ચૂંટણી કમિશનરોનું બનેલું હતું. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરોની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા કરવાની હતી, અને તે સંસદ દ્વારા બનાવેલા કાયદાની જોગવાઈઓને અધીન હતી. વધુમાં એ નિર્દેશ કરવામાં આવ્યો હતો કે, અનુચ્છેદ ૩૨૪(૫) હેઠળ, ચૂંટણી કમિશનરો (અને પ્રાદેશિક કમિશનરો) ની સેવાની શરતો અને હોદ્દાની મુદત રાષ્ટ્રપતિ નિયમો દ્વારા નક્કી કરે તે રીતે નિયમન કરવામાં આવે છે. અલબત્ત, સંસદ દ્વારા કાયદો ઘડવાને અધીન રહીને. વિચારણા હેઠળની બાબત સાથે સમાનતા દર્શાવવા માટે, એવી દલીલ કરવામાં આવી હતી કે, અનુચ્છેદ ૩૨૪(૫) હેઠળનો પરંતુક એ અર્થમાં સ્પષ્ટ હતો કે, સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિની જેમ જ અને તેવા જ સમાન કારણોસર સિવાય, મુખ્ય ચૂંટણી કમિશનરને તેમના હોદ્દા પરથી દૂર કરી શકાતા નથી. અને વધુમાં, તેમની નિમણૂક પછી મુખ્ય ચૂંટણી કમિશનરની સેવાની શરતોમાં તેમના ગેરલાભ થાય તેવો કોઈ ફેરફાર કરી શકાતો

નથી. એવી દલીલ કરવામાં આવી હતી કે, ભારતનો અનુભવ એવો રહ્યો છે કે મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરોએ સંપૂર્ણ સ્વતંત્રતા સાથે કાર્ય કર્યું હતું, અને તેમની નિમણૂક કારોબારી દ્વારા કરવામાં આવી હોવા છતાં તેમની કામગીરી અપ્રભાવિત રહી હતી. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, નિષ્પક્ષતા/સ્વતંત્રતા એ હોદ્દેદારની નિમણૂક પછી તેની સેવાની શરતોના રક્ષણમાંથી ઉદ્ભવે છે, નહીં કે તેની નિમણૂકની પદ્ધતિ કે રીત દ્વારા.

૩૩. વિદ્વાન એટર્ની જનરલની એવી પણ દલીલ હતી કે, બંધારણની યોજનામાં ગર્ભિત રીતે નિયંત્રણ અને સંતુલનની એવી વ્યવસ્થા હતી, જેમાં વિવિધ બંધારણીય પદાધિકારીઓ પસંદગી, નિમણૂક વગેરેની વિવિધ પ્રક્રિયાઓમાં ભાગ લે છે, જેથી એ સુનિશ્ચિત કરી શકાય કે બંધારણીય પદાધિકારીઓ તેમને સોંપવામાં આવેલી કામગીરી/જવાબદારીઓનું અતિક્રમણ ન કરે. ઉપરોક્ત દલીલના સમર્થનમાં કેશવાનંદ ભારતી કેસ૧૦ પર આધાર રાખવામાં આવ્યો હતો, જેમાં આ કોર્ટે નીચે મુજબ અવલોકન કર્યું હતું:

> "૫૭૭. શબ્દના કોઈપણ અર્થમાં ન્યાયિક સમીક્ષાની સત્તા ન્યાયતંત્રને કઈ રીતે સર્વોચ્ચ બનાવે છે તે અમે સમજી શકતા નથી. સમવાયી બંધારણમાં આ સત્તા સર્વોચ્ચ મહત્વ ધરાવે છે. ખરેખર એવું કહેવામાં આવ્યું છે કે લોકશાહીનું હૃદય અને કેન્દ્ર ન્યાયિક પ્રક્રિયામાં રહેલું છે: (બોઝ, ન્યાયમૂર્તિ અનુસાર, બીડી સપ્લાય કંપની વિ. યુનિયન ઓફ

ઇન્ડિયા, એ.આઇ.આર. ૧૯૫૬ એસસી ૪૭૯). આ સંબંધમાં સ્ટેટ ઓફ મદ્રાસ વિ. વી.જી. રાવ, એ.આઇ.આર. ૧૯૫૨ એસસી ૧૯૬ માં પતંજલિ શાસ્ત્રી, મુખ્ય ન્યાયમૂર્તિના અવલોકનો, જે લોકસ ક્લાસિકસ બની ગયા છે, તેનું માત્ર પુનરાવર્તન કરવાની જરૂર છે. અદાલતો દ્વારા ન્યાયિક સમીક્ષા "કોઈ ધર્મયુદ્ધની ભાવનાથી ધારાકીય સત્તા સામે લડવાની કોઈ ઈચ્છાથી નહીં, પરંતુ બંધારણ દ્વારા તેમના પર સ્પષ્ટપણે સોંપવામાં આવેલી ફરજના નિર્વહનમાં" હાથ ધરવામાં આવે છે. સામાવાળાઓએ એવી પણ દલીલ કરી છે કે બંધારણીય સુધારાઓ પર કોર્ટને ન્યાયિક સમીક્ષા કરવાની મંજૂરી આપવાનો અર્થ કોર્ટને રાજકીય પ્રશ્નોમાં સામેલ કરવાનો થશે. આનો જવાબ કોમનવેલ્થ ઓફ ઑસ્ટ્રેલિયા વિ. બેંક ઓફ ન્યૂ સાઉથ વેલ્સ ૧૯૫૦ એસી ૨૩૫ ના પૃષ્ઠ ૩૧૦ પર લોર્ડ પોર્ટરના શબ્દોમાં આપી શકાય છે: "જે સમસ્યાનો ઉકેલ લાવવાનો છે તે ઘણીવાર કાનૂની કરતાં વધુ રાજકીય, સામાજિક કે આર્થિક હશે, છતાં તેનો ઉકેલ અદાલત દ્વારા જ લાવવો પડશે. કારણ કે જ્યાં વિવાદ, અહીંની જેમ, માત્ર કોમનવેલ્થ અને નાગરિક વચ્ચે જ નહીં, પરંતુ એક તરફ કોમનવેલ્થ અને હસ્તક્ષેપ કરનારા રાજ્યો વચ્ચે તથા બીજી તરફ નાગરિકો અને રાજ્યો વચ્ચે હોય, ત્યાં માત્ર કોર્ટ જ આ મુદ્દાનો નિર્ણય કરી શકે છે, સંસદના અવાજનો આશરો લેવો વ્યર્થ છે."

બંધારણમાં જ એ દર્શાવવા માટે પૂરતા પુરાવા છે કે તે નિયંત્રણ અને સંતુલનની એવી વ્યવસ્થા ઊભી કરે છે જેના કારણે સત્તાઓ એવી રીતે

વહેંચાયેલી છે કે તેના દ્વારા સ્થાપિત ત્રણ અંગોમાંથી કોઈ પણ અંગ એટલું પ્રભાવશાળી ન બની શકે કે જેથી અન્ય અંગોને તેમને સોંપવામાં આવેલી સત્તાઓ અને કાર્યોનો ઉપયોગ કરવા અને તેનું નિર્વહન કરવાથી અસમર્થ બનાવી દે. જોકે બંધારણ યુનાઇટેડ સ્ટેટ્સના બંધારણની જેમ સત્તાના વિભાજનના સિદ્ધાંતને તેની તમામ કઠોરતા સાથે નિર્ધારિત કરતું નથી, પરંતુ તે રાણાસિંઘે કેસમાં જોવા મળ્યા મુજબની હદ સુધીના આવા વિભાજનની પરિકલ્પના કરે છે. આપણા બંધારણમાં અનુચ્છેદ ૨૨૬ અને ૩૨ ના માધ્યમથી સ્પષ્ટપણે પૂરી પાડવામાં આવેલી ન્યાયિક સમીક્ષા એવા લક્ષણો પૈકીનું એક છે જેના પર નિયંત્રણ અને સંતુલનની વ્યવસ્થા નિર્ભર છે. તે સિવાય, અગાઉ જણાવ્યા મુજબ, કોઈ અધિનિયમની સક્ષમતા કે અન્ય બાબતો પર ન્યાયિક નિર્ણયની આવશ્યકતા બંધારણના સમવાયી સ્વરૂપમાંથી જ ઉદ્ભવે છે (હેલ્ડેન, એલ.સી. અનુસાર, એટર્ની-જનરલ ફોર ધ કોમનવેલ્થ ઓફ ઑસ્ટ્રેલિયા વિ. કોલોનિયલ શુગર રિફાઈનિંગ કંપની ૧૯૧૪ એસી ૨૩૭ અને એક્સ પાર્ટે વાલ્શ એન્ડ જોહ્ન્સન; ઇન રે યેટ્સ, (૧૯૨૫) ૩૭ સીએલઆર ૩૬ પેજ ૫૮ પર). આમ બંધારણના અર્થઘટનનું કાર્ય રાજ્યની ન્યાયિક સત્તાને સોંપવામાં આવ્યું હોવાથી, કોઈ કાયદાનો વિષય બંધારણ દ્વારા વિધાનમંડળને પ્રદાન કરવામાં આવેલી એક અથવા વધુ સત્તાઓના દાયરામાં આવે છે કે કેમ તે પ્રશ્ન હંમેશા બંધારણના અર્થઘટનનો પ્રશ્ન રહેશે. એ પણ ઉમેરી શકાય કે કોઈપણ તબક્કે સામાવાળાઓએ એ

સિદ્ધાંતનો વિરોધ કર્યો નથી કે બંધારણીય સુધારાની માન્યતા આ કોર્ટ દ્વારા સમીક્ષાનો વિષય બની શકે છે. મહારાષ્ટ્રના એડવોકેટ જનરલે ન્યાયિક સમીક્ષાને બિન–લોકતાંત્રિક ગણાવી છે. જોકે, આપણા બંધારણમાં તેવું હોઈ શકે નહીં કારણ કે ન્યાયમૂર્તિઓની નિમણૂક સંબંધિત જોગવાઈઓ, મૂળભૂત અધિકારોને જે ચોક્કસ પ્રતિબંધોને અધીન રાખવામાં આવ્યા છે તે, અનુચ્છેદ ૨૧ માં ડ્યુ પ્રોસેસ કલોઝનો ઈરાદાપૂર્વક કરાયેલો બાકાત અને અનુચ્છેદ ૧૪૧ માં એ પ્રતિપાદન કે ન્યાયાધીશો કાયદો જાહેર કરે છે, કાયદો બનાવતા નથી. આમાં સુધારાની બહુ કઠોર ન હોય તેવી પ્રક્રિયા ઉમેરી શકાય છે કે જે ૨/૩ બહુમતી દ્વારા સુધારાની સત્તા આપે છે અને બહાલીની વધારાની આવશ્યકતા ધરાવે છે."

કોર્ટનું ધ્યાન ભીમ સિંહ વિ. યુનિયન ઓફ ઈન્ડિયા૧૩ માં નોંધાયેલા અવલોકનો તરફ પણ દોરવામાં આવ્યું હતું:

"૭૭. અરજદારો દ્વારા ઉપસ્થિત કરવામાં આવેલી અન્ય એક દલીલ એ છે કે સદર યોજના બંધારણ હેઠળ સત્તાના વિભાજનના સિદ્ધાંતનું ઉલ્લંઘન કરે છે. સત્તાના વિભાજનનો ખ્યાલ, જોકે કોઈ ચોક્કસ બંધારણીય જોગવાઈમાં જોવા મળતો ન હોવા છતાં, બંધારણે અપનાવેલી રાજ્યવ્યવસ્થામાં અંતર્ગત છે. સત્તાના વિભાજનનો ઉદ્દેશ સરકારની દરેક શાખાની મહત્તમ હદ સુધીની જવાબદેહી પ્રાપ્ત કરવાનો છે.

૭૮. આ ખ્યાલને સમજતી વખતે, બે પાસાં ધ્યાનમાં રાખવા આવશ્યક છે. એક, સત્તાનું વિભાજન બંધારણનું એક આવશ્યક લક્ષણ છે. બે, આધુનિક શાસનમાં ચુસ્ત વિભાજન ન તો શક્ય છે, ન તો ઇચ્છનીય છે. તેમ છતાં, જ્યાં સુધી જવાબદેહીનો આ સિદ્ધાંત જળવાઈ રહે છે, ત્યાં સુધી સત્તાના વિભાજનનું કોઈ ઉલ્લંઘન થતું નથી. જ્યારે આપણે બંધારણીય લખાણની અંદરની સ્થિતિનું મૂલ્યાંકન કરીએ છીએ ત્યારે પણ આપણે આ જ નિષ્કર્ષ પર પહોંચીએ છીએ. બંધારણ કાર્યોના ઓવરલેપને પ્રતિબંધિત કરતું નથી, પરંતુ વાસ્તવમાં સંસદીય લોકશાહી તરીકે અમુક અંશે ઓવરલેપની જોગવાઈ કરે છે. પરંતુ તે જે બાબતને પ્રતિબંધિત કરે છે તે અન્ય શાખાના કાર્યનો એવો ઉપયોગ છે જે બંધારણીય જવાબદેહીના શાસનને છીનવી લેવામાં પરિણમે છે.

૭૯. રામ જવાયા કપૂર વિ. સ્ટેટ ઓફ પંજાબ, એ.આઈ.આર. ૧૯૫૫ એસસી ૫૪૯ માં, આ કોર્ટે ઠેરવેલ કે: (એ.આઈ.આર. પૃષ્ઠ ૫૫૬, પેરા ૧૨) "૧૨ .... ભારતીય બંધારણે ખરેખર સત્તાના વિભાજનના સિદ્ધાંતને તેની સંપૂર્ણ કઠોરતામાં માન્યતા આપી નથી, પરંતુ સરકારના વિવિધ ભાગો અથવા શાખાઓના કાર્યોને પૂરતા પ્રમાણમાં વિભેદિત કરવામાં આવ્યા છે અને પરિણામે એમ કહી શકાય કે આપણું બંધારણ રાજ્યના એક અંગ અથવા ભાગ દ્વારા બીજા અંગ સાથે અનિવાર્યપણે સંબંધિત કાર્યોને પોતાના હસ્તક લેવાની પરિકલ્પના કરતું નથી. કારોબારી ખરેખર વિભાગીય અથવા ગૌણ કાયદા ઘડવાની સત્તાઓનો ઉપયોગ કરી શકે છે

જ્યારે આવી સત્તાઓ વિધાનમંડળ દ્વારા તેને સોંપવામાં આવી હોય. જ્યારે તે રીતે સશક્ત કરવામાં આવે ત્યારે તે મર્યાદિત રીતે ન્યાયિક કાર્યો પણ કરી શકે છે. જોકે, કારોબારી સરકાર ક્યારેય બંધારણની અથવા કોઈપણ કાયદાની જોગવાઈઓ વિરુદ્ધ જઈ શકતી નથી."

૮૦. કેશવાનંદ ભારતી વિ. સ્ટેટ ઓફ કેરળ (૧૯૭૩) ૪ એસસીસી ૨૨૫ માં, અને ત્યારપછી ઈન્દિરા નહેરુ ગાંધી વિ. રાજ નારાયણ (૧૯૭૬) ૩ એસસીસી ૩૨૧ માં, આ કોર્ટે સત્તાના વિભાજનને બંધારણના મૂળભૂત માળખાનો એક ભાગ જાહેર કર્યો હતો. કેશવાનંદ ભારતી કેસમાં શેલત અને ગ્રોવર, ન્યાયમૂર્તિઓએ એસસીસી પેરા ૫૭૭ માં આ ખ્યાલના ઓક્સ્સ સ્વરૂપ વિશે નીચે મુજબ અવલોકન કર્યું હતું: (એસસીસી પૃષ્ઠ ૪૫૨)

"૫૭૭ .... બંધારણમાં જ એ દર્શાવવા માટે પૂરતા પુરાવા છે કે તે નિયંત્રણ અને સંતુલનની એવી વ્યવસ્થા બનાવે છે જેના કારણે સત્તાઓ એવી રીતે વહેંચાયેલી છે કે તેના દ્વારા સ્થાપિત ત્રણ અંગોમાંથી કોઈ પણ અંગ એટલું પ્રભાવશાળી ન બની શકે કે જેથી અન્ય અંગોને તેમને સોંપવામાં આવેલી સત્તાઓ અને કાર્યોનો ઉપયોગ કરવા અને તેનું નિર્વહન કરવાથી અસમર્થ બનાવી દે. જોકે બંધારણ યુનાઇટેડ સ્ટેટ્સના બંધારણની જેમ સત્તાના વિભાજનના સિદ્ધાંતને તેની તમામ કઠોરતા સાથે નિર્ધારિત કરતું નથી, છતાં તે રાણાસિંઘે કેસમાં જોવા મળ્યા મુજબની હદ સુધીના આવા

વિભાજનની પરિકલ્પના કરે છે. આપણા બંધારણમાં અનુચ્છેદ ૨૨૬ અને ૩૨ ના માધ્યમથી સ્પષ્ટપણે પૂરી પાડવામાં આવેલી ન્યાયિક સમીક્ષા એવા લક્ષણો પૈકીનું એક છે જેના પર નિયંત્રણ અને સંતુલનની વ્યવસ્થા નિર્ભર છે." અને તારણ નં. ૫, જે નીચે મુજબ પુનઃ રજૂ કરવામાં આવે છે: "

"(૫) ભારતીય બંધારણ સત્તાના ચુસ્ત વિભાજનને માન્ય રાખતું નથી. સત્તાના વિભાજનના બંધારણીય સિદ્ધાંતનું ઉલ્લંઘન માત્ર ત્યારે જ થશે જો એક શાખાનું આવશ્યક કાર્ય બીજી શાખા દ્વારા પોતાના હસ્તક લઈ લેવામાં આવે, જેના પરિણામે નિયંત્રણ અને સંતુલન નાબૂદ થઈ જાય."

છેલ્લે, વિદ્વાન એટર્ની જનરલે સ્ટેટ ઓફ યુ.પી. વિ. જીત એસ. બિષ્ટ૧૪ પર આધાર રાખ્યો હતો, જેમાં આ કોર્ટે ઠેરવેલ કે:

"૭૮. સત્તાનું વિભાજન એક અર્થમાં પ્રત્યેક અંગના સક્રિય અધિકારક્ષેત્ર પર મર્યાદા છે. પરંતુ તેનો બીજો વધુ ઊંડો અને વધુ સુસંગત હેતુ છે: અન્ય અંગોની પ્રવૃત્તિઓ પર નિયંત્રણ અને સંતુલન તરીકે કાર્ય કરવાનો છે. તેના દ્વારા અંગના સક્રિય અધિકારક્ષેત્રને પડકારવામાં આવતું નથી; તેમ છતાં સંસ્થાને તેના અતિરેક અને ફરજમાં રહેલી ઉણપ અંગે વાકેફ કરવા માટે ટકોર કરવાની પદ્ધતિઓ છે. બંધારણીય આદેશ રાજ્યવ્યવસ્થાના અંગો વચ્ચેના આ સંચારની ગતિશીલતા નક્કી કરે છે. તેથી, સત્તાના વિભાજનને શૂન્યાવકાશમાં કાર્યરત હોવાનું ન સમજવાનું સૂચન કરવામાં

આવે છે. આધુનિક સમયમાં સત્તાના વિભાજનના સિદ્ધાંતની પુનઃશોધ કરવામાં આવી છે."

૩૪. વિદ્વાન એટર્ની જનરલે ભારપૂર્વક જણાવ્યું હતું કે, આ કોર્ટ સમક્ષ જે વિષય રજૂ કરવામાં આવી રહ્યો છે, તેના પર અભિપ્રાયનો ખૂબ જ ગંભીર અને તીવ્ર મતભેદ હતો. સાંકળચંદ હિંમતલાલ શેઠ કેસપ માં આપવામાં આવેલા ચુકાદા પર આધાર રાખતાં, તેમણે નિર્દેશ કર્યો હતો કે, ઉપરોક્ત ચુકાદામાં, આ કોર્ટ એવા નિષ્કર્ષ પર પહોંચી હતી કે, અનુચ્છેદ ૨૨૨ ના સંદર્ભમાં "વિચાર-વિમર્શ" શબ્દને "સંમતિ" ગણી શકાય નહીં. ઉપરોક્ત સાથે જોડીને, તેમણે શમશેર સિંહ કેસ૧૧ ના ચુકાદા તરફ અમારું ધ્યાન દોર્યું હતું, જેમાં સાત-ન્યાયમૂર્તિઓની બેંચ, કે જે તાબાની અદાલતોના ન્યાયાધીશો સંબંધિત વિવાદ અને અનુચ્છેદ ૩૧૧ ની અસર અંગે વિચારણા કરી રહી હતી, તેણે એ પ્રશ્નની તપાસ કરી હતી કે શું રાષ્ટ્રપતિએ તેમની વ્યક્તિગત ક્ષમતામાં, એટલે કે તેમની પોતાની વિવેકબુદ્ધિથી કાર્ય કરવાનું હતું; અથવા તેઓ અનુચ્છેદ ૭૪ હેઠળ ફરજિયાત બનાવ્યા મુજબ મંત્રી પરિષદની સહાય અને સલાહ પર કાર્ય કરવા બંધાયેલા હતા. ઉપરોક્ત ચુકાદામાંથી નીચેના અવલોકનો પર આધાર રાખવામાં આવ્યો હતો:

"૧૪૯. બંધારણની જે યોજનાનો અમે અગાઉ ઉલ્લેખ કર્યો છે તેના પ્રકાશમાં, રાષ્ટ્રપતિના વ્યક્તિગત સંતોષ અંગેનું આવું અર્થઘટન સાચું છે કે કેમ તે શંકાસ્પદ છે. અમારો એવો મત છે કે તમામ વ્યવહારુ હેતુઓ

માટે રાષ્ટ્રપતિનો અર્થ, યથાપ્રસંગ મંત્રી અથવા મંત્રી પરિષદ થાય છે, અને જ્યારે તેમના મંત્રીઓ આવા અભિપ્રાય, સંતોષ અથવા નિર્ણય પર પહોંચે છે ત્યારે તેમનો અભિપ્રાય, સંતોષ અથવા નિર્ણય બંધારણીય રીતે સુરક્ષિત થાય છે. ન્યાયતંત્રની સ્વતંત્રતા, જે બંધારણનો એક મુખ્ય સિદ્ધાંત છે અને આ વિચલનને વાજબી ઠેરવવા માટે તેના પર આધાર રાખવામાં આવ્યો છે, તેનું રક્ષણ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથેનો વિચાર-વિમર્શ ફરજિયાત બનાવતા સંબંધિત અનુચ્છેદ દ્વારા કરવામાં આવે છે. તમામ સંભવિત કેસોમાં ભારતીય ન્યાયના તે સર્વોચ્ચ મહાનુભાવ સાથેનો વિચાર-વિમર્શ ભારત સરકાર દ્વારા સ્વીકારવામાં આવશે અને સ્વીકારવો જોઈએ અને જો મંત્રી ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા આપવામાં આવેલી સલાહથી વિચલિત થાય, તો કોર્ટ પાસે એ તપાસ કરવાની તક રહેશે કે મંત્રીના નિર્ણયમાં અન્ય કોઈ બાહ્ય સંજોગો પ્રવેશ્યા છે કે કેમ. વ્યવહારમાં આવા સંવેદનશીલ વિષયમાં આખરી શબ્દ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિનો જ હોવો જોઈએ, તેમની સલાહનો અસ્વીકાર સામાન્ય રીતે હુકમને દૂષિત કરતાં પરોક્ષ કારણોથી પ્રેરિત ગણવામાં આવે છે. આ દ્રષ્ટિએ રાષ્ટ્રપતિ, વડાપ્રધાન કે ન્યાય મંત્રી ઔપચારિક રીતે મુદ્દાનો નિર્ણય કરે છે તે મહત્વહીન છે."

૩૫. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, શમશેર સિંહ કેસ૧૧ માં નોંધવામાં આવેલા ઉપરોક્ત અવલોકનો પર સેકન્ડ જજીસ કેસમાં આધાર રાખવામાં આવ્યો હતો. આ કોર્ટે, એ બાબત નિર્દેશિત કરવામાં આવી હતી કે,

સ્પષ્ટતા કરી હતી કે શમશેર સિંહ કેસ૧૧ ના પેરાગ્રાફ ૧૪૯ માં નોંધવામાં આવેલા અવલોકનો માત્ર પ્રાસંગિક કથનના સ્વરૂપના હતા. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, શમશેર સિંહ કેસ૧૧ માંના ઉપરોક્ત અવલોકનો પેરાગ્રાફ ૩૮૩ (પૃષ્ઠ ૬૬૫ પર) માં પણ ધ્યાને લેવામાં આવ્યા હતા, જેમાં એવો નિષ્કર્ષ કાઢવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો કે, તમામ વ્યવહારુ હેતુઓ માટે રાષ્ટ્રપતિનો અર્થ સંબંધિત મંત્રી અથવા મંત્રી પરિષદ તરીકે કરવો જોઈએ. "વિચાર-વિમર્શ" અંગેની બંધારણીય જોગવાઈઓની નોંધ લીધા પછી ન્યાયતંત્ર સાથે, આ કોર્ટે વ્યક્ત કર્યું હતું કે સરકાર આવી સલાહથી બંધાયેલી હતી. ત્યારબાદ આ કોર્ટના ફર્સ્ટ જજીસ કેસના ચુકાદાનો સંદર્ભ આપવામાં આવ્યો હતો, જેમાં એવું ઠેરવવામાં આવ્યું હતું કે, "વિચાર-વિમર્શ" માં "સંમતિ" નો સમાવેશ થતો ન હતો, અને વધુમાં, અનુચ્છેદ ૧૨૪ હેઠળ ન્યાયમૂર્તિઓની નિમણૂકની સત્તા રાષ્ટ્રપતિમાં નિહિત હતી, અને એ પણ કે, રાષ્ટ્રપતિ વિચાર-વિમર્શ કરનારાઓના મંતવ્યોને અમાન્ય કરી શકતા હતા. છેલ્લે, અભિપ્રાયના મતભેદને લગતી પોતાની રજૂઆત(ઓ) ના સમર્થનમાં, કેશવાનંદ ભારતી કેસ૧૦ પર આધાર રાખવામાં આવ્યો હતો, જેમાં આ કોર્ટની તેર-ન્યાયમૂર્તિઓની બેંચે, અનુચ્છેદ ૩૬૮ હેઠળ સુધારાની સત્તાના સંદર્ભમાં ઠેરવ્યું હતું કે, "મૂળભૂત માળખા" નો ખ્યાલ, બંધારણમાં સુધારો કરવાની અન્યથા પૂર્ણ સત્તા પર એક મર્યાદા હતો.

૩૬. પ્રસ્તુત બાબતને નવ-ન્યાયમૂર્તિઓની બેંચ (અથવા, તેનાથી પણ મોટી બેંચ) સમક્ષ મોકલવા માટે અમને સમજાવવાના પોતાના પ્રયાસમાં, વિદ્વાન

એટર્ની જનરલે સૂરજ ઇન્ડિયા ટ્રસ્ટ વિ. યુનિયન ઓફ ઇન્ડિયા૧૫ પર આધાર રાખ્યો હતો, અને નીચે મુજબની બાબતો તરફ અમારું ધ્યાન દોર્યું હતું:

"૩. વિદ્વાન વરિષ્ઠ એડવોકેટ શ્રી એ.કે. ગાંગુલીએ રજૂઆત કરી છે કે સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂકની પદ્ધતિ ભારતના બંધારણના અનુચ્છેદ ૧૨૪(૨) માં દર્શાવવામાં આવી છે જે જણાવે છે:

"૧૨૪. (૨) સુપ્રિમ કોર્ટના દરેક ન્યાયમૂર્તિની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા પોતાના હસ્તાક્ષર અને મહોર હેઠળના વોરન્ટ દ્વારા તે હેતુ માટે રાષ્ટ્રપતિને જરૂરી જણાય તેવા સુપ્રિમ કોર્ટના અને રાજ્યોની હાઇકોર્ટોના ન્યાયમૂર્તિઓ સાથે વિચાર-વિમર્શ કર્યા પછી કરવામાં આવશે અને તેઓ પાંસઠ વર્ષની વય પ્રાપ્ત કરે ત્યાં સુધી હોદ્દો ધરાવશે:

પરંતુ એવી શરતે કે મુખ્ય ન્યાયમૂર્તિ સિવાયના અન્ય ન્યાયમૂર્તિની નિમણૂકના કિસ્સામાં, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે હંમેશા વિચાર-વિમર્શ કરવામાં આવશે." એ નોંધવામાં આવી શકે છે કે નીચે મુજબનો કોઈ ઉલ્લેખ નથી:

(૧) અનુચ્છેદ ૧૨૪(૨) માં કોઈ કોલેજિયમનો.

(૨) અનુચ્છેદ ૧૨૪(૨) માં વપરાયેલો શબ્દ "વિચાર-વિમર્શ" છે, "સંમતિ" નહીં.

(૩) ભારતના રાષ્ટ્રપતિ સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂક કરતી વખતે સુપ્રિમ કોર્ટના અથવા હાઇકોર્ટના પણ તેવા કોઈપણ ન્યાયમૂર્તિ સાથે વિચાર-વિમર્શ કરી શકે છે જે તેઓ તે હેતુ માટે જરૂરી માને, અને તેઓ માત્ર સુપ્રિમ કોર્ટના પાંચ સૌથી વરિષ્ઠ ન્યાયમૂર્તિઓ સાથે જ વિચાર–વિમર્શ કરવા બંધાયેલા નથી.

૪. એ કે ઉપરોક્ત બે કેસોમાં ન્યાયિક ચુકાદાઓ દ્વારા, અનુચ્છેદ ૧૨૪(૨) માં વ્યવહારિક રીતે સુધારો કરવામાં આવ્યો છે, જોકે બંધારણમાં સુધારો માત્ર સંસદ દ્વારા જ ભારતના બંધારણના અનુચ્છેદ ૩૬૮ માં નિર્ધારિત પ્રક્રિયા અનુસાર કરી શકાય છે.

૫. એ કે અનુચ્છેદ ૧૨૪(૨) હેઠળ સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂક કરતી વખતે, ભારતના રાષ્ટ્રપતિએ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર–વિમર્શ કરવો પડે છે, પરંતુ તેઓ સુપ્રિમ કોર્ટના અન્ય કોઈપણ ન્યાયમૂર્તિ સાથે પણ વિચાર–વિમર્શ કરી શકે છે અને માત્ર ચાર સૌથી વરિષ્ઠ ન્યાયમૂર્તિઓ સાથે જ નહીં. તેમજ, ભારતના રાષ્ટ્રપતિ હાઇકોર્ટના ન્યાયમૂર્તિ સાથે પણ વિચાર–વિમર્શ કરી શકે છે, જ્યારે કે, ઉપરોક્ત બે નિર્ણયો અનુસાર ભારતના રાષ્ટ્રપતિ સુપ્રિમ કોર્ટના ચાર સૌથી વરિષ્ઠ ન્યાયમૂર્તિઓ સિવાય સુપ્રિમ કોર્ટના અન્ય કોઈપણ ન્યાયમૂર્તિ સાથે વિચાર–વિમર્શ કરી શકતા નથી, અને તેઓ હાઇકોર્ટના કોઈપણ ન્યાયમૂર્તિ સાથે બિલકુલ વિચાર–વિમર્શ કરી શકતા નથી.

૬. શ્રી ગાંગુલી રજૂઆત કરે છે કે આ બાબત પર મોટી બેંચ દ્વારા વિચારણા થવી જરૂરી છે કારણ કે અરજી બંધારણીય મહત્વના નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત કરે છે:

(૧) શું ઉપરોક્ત બે ચુકાદાઓ એટલે કે ઉપર સંદર્ભિત આ કોર્ટની સાત–ન્યાયમૂર્તિઓની બેંચ અને નવ–ન્યાયમૂર્તિઓની બેંચના નિર્ણયો ખરેખર બંધારણના અનુચ્છેદ ૧૨૪(૨) માં સુધારો કરવા સમાન છે?

(૨) શું બંધારણમાં સુપ્રિમ કોર્ટ અથવા હાઇકોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂક માટે કોઈ "કોલેજિયમ" પ્રણાલી છે?

(૩) શું ન્યાયિક ચુકાદા દ્વારા બંધારણમાં સુધારો કરી શકાય કે પછી અનુચ્છેદ ૩૬૮ અનુસાર માત્ર સંસદ દ્વારા જ તેમાં સુધારો કરી શકાય?

(૪) શું બંધારણીય યોજના એવી હતી કે સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂક ન્યાયતંત્ર અને કારોબારી વચ્ચે પરસ્પર ચર્ચા અને પરસ્પર સર્વસંમતિ દ્વારા થઈ શકે; અથવા શું ન્યાયતંત્ર એકલું જ સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટોના ન્યાયમૂર્તિઓની નિમણૂક કરી શકે છે?

(૫) શું અનુચ્છેદ ૨૨૪ માં "વિચાર-વિમર્શ" શબ્દનો અર્થ "સંમતિ" થાય છે?

(૬) શું ન્યાયિક અર્થઘટન દ્વારા બંધારણના શબ્દોને નિરર્થક બનાવી શકાય છે, જેમ કે ઉપરોક્ત બે નિર્ણયોમાં કરવામાં આવ્યું હોય તેવું જણાય

છે કે જેણે અનુચ્છેદ ૧૨૪(૨) ની સ્પષ્ટ ભાષા પર તે અનુમતિપાત્ર હોવાની હકીકત હોવા છતાં, સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂક કરતી વખતે હાઇકોર્ટના ન્યાયમૂર્તિઓ સાથેના વિચાર-વિમર્શને નિરર્થક બનાવી દીધો છે?

(૭) શું ન્યાયિક ચુકાદાઓ દ્વારા અનુચ્છેદ ૧૨૪(૨) ની સ્પષ્ટ ભાષામાં ફેરફાર કરી શકાય અને ભારતના રાષ્ટ્રપતિને સુપ્રિમ કોર્ટના તેવા ન્યાયમૂર્તિઓ સાથે વિચાર-વિમર્શ કરવાની મંજૂરી આપવાને બદલે જે તેઓને જરૂરી જણાય (કનિષ્ઠ ન્યાયમૂર્તિઓ સહિત પણ), સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂક કરતી વખતે માત્ર ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને સુપ્રિમ કોર્ટના ચાર સૌથી વરિષ્ઠ ન્યાયમૂર્તિઓ સાથે જ વિચાર-વિમર્શ કરી શકાય?

(૮) શું એવી કોઈ પરંપરા હતી કે રાષ્ટ્રપતિ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની સલાહથી બંધાયેલા છે, અને શું આવી કોઈ પરંપરા (એવું માની લઈએ કે કોઈ પરંપરા હતી) અનુચ્છેદ ૧૨૪(૨) ની સ્પષ્ટ ભાષા પર પ્રભાવી થઈ શકે છે?

(૯) શું ઉપરોક્ત નિમણૂકોમાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના અભિપ્રાયની કોઈ પ્રાથમિકતા છે? (૧૦) શું ઉપરોક્ત બે નિર્ણયો મોટી બેંચ દ્વારા ઉલટાવી દેવા જોઈએ?

૭. ભારતના વિદ્વાન એટર્ની જનરલ શ્રી જી.ઈ. વાહનવટી, એવી દલીલ કરીને અરજદારનું સમર્થન કરે છે કે ઉપરોક્ત ચુકાદાઓ પુનર્વિચારણાની અપેક્ષા રાખે છે. જોકે, તેઓ એવી પણ રજૂઆત કરે છે:

(એ) ટ્રસ્ટના કહેવાથી અનુચ્છેદ ૩૨ હેઠળની રિટ અરજી ચાલવાપાત્ર નથી કારણ કે ટ્રસ્ટ તેના કોઈપણ મૂળભૂત અધિકારોના ઉલ્લંઘનનો દાવો કરી શકતું નથી;

(બી) આ કોર્ટના ચુકાદાઓની પુનર્વિચારણા માંગવા માટે અરજદાર પાસે કોઈ લોકસ સ્ટેન્ડાઈ નથી. વાસ્તવમાં, ન્યાયિક હુકમની શુદ્ધતાને પડકારવા માટે બંધારણના અનુચ્છેદ ૩૨ હેઠળની અરજી ટકી શકતી નથી; અને

(સી) બે ન્યાયમૂર્તિઓની બેંચ નવ–ન્યાયમૂર્તિઓની બેંચના ચુકાદાની શુદ્ધતાની તપાસ કરી શકતી નથી.

(ડી) બે ન્યાયમૂર્તિઓની બેંચ આ બાબતને સીધી રીતે નવ કે તેથી વધુ ન્યાયમૂર્તિઓની મોટી બેંચ સમક્ષ મોકલી શકતી નથી.

xxxx xxxx xxxx

૧૧. જોકે, ટ્રસ્ટના લોકસ સ્ટેન્ડાઈના મુદ્દા સાથે કામ કરતાં શ્રી ગાંગુલીએ રજૂઆત કરી છે કે અરજી કદાચ ચાલવાપાત્ર ન હોય પરંતુ તેના પર વિચારણા થવી જોઈએ કારણ કે તે કાયદાના મોટી સંખ્યામાં મહત્વપૂર્ણ

પ્રશ્નો ઉપસ્થિત કરે છે. પોતાની રજૂઆતને પુષ્ટિ આપવા માટે તેઓ આ કોર્ટના બી.પી. સિંઘલ વિ. યુનિયન ઓફ ઇન્ડિયા (૨૦૧૦) ૬ એસ.સી.સી. ૩૩૧ ના તાજેતરના બંધારણીય બેંચના ચુકાદા પર આધાર રાખે છે, જેમાં રાજ્યપાલોને હોદ્દા પરથી દૂર કરવાના મુદ્દા સાથે કામ કરતી વખતે, આ કોર્ટે નીચે મુજબ ઠેરવેલ કે: (એસ.સી.સી. પૃષ્ઠ ૩૪૬, પેરા ૧૫)

"૧૫. વ્યક્તિગત રાજ્યપાલોના લાભ માટે રાહતનો દાવો કરતી અરજોના સંદર્ભમાં અરજી ચાલુ રાખવા માટે અરજદાર પાસે કોઈ લોકસ નથી. તમામ સંજોગોમાં, સમય વીતી જવાના કારણે આવી અરજો હવે અસ્તિત્વમાં રહેતી નથી. જોકે, બંધારણીય બેંચ સમક્ષ મોકલવામાં આવેલા જાહેર મહત્વના સામાન્ય પ્રશ્ન, કે જે અનુચ્છેદ ૧૫૬(૧) ના વ્યાપ અને પ્રસાદીના સિદ્ધાંત પરની મર્યાદાઓને સ્પર્શે છે તેના સંદર્ભમાં, અરજદાર પાસે જરૂરી લોકસ છે."

આમ, શ્રી ગાંગુલી રજૂઆત કરે છે કે અહીં સંકળાયેલા મુદ્દાઓની ગંભીરતાને ધ્યાને લેતાં, આ બાબત પર વિચારણા થવી જોઈએ.

૧૨. મોટી બેંચ સમક્ષ મોકલવાના મુદ્દા પર વિચારણા કરતી વખતે, શ્રી ગાંગુલીએ મિનરલ એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટી વિ. સેલ (૨૦૧૧) ૪ એસ.સી.સી. ૪૫૦ માં તારીખ ૩૦-૩-૨૦૧૧ ના આ કોર્ટના તાજેતરના હુકમ પર ખૂબ જ વજન મૂક્યો છે, જેમાં બંધારણીય જોગવાઈઓના

અર્થઘટન અને તેમાં સંકળાયેલા સદર અધિનિયમની કાયદેસરતાના મુદ્દાને ધ્યાને લેતાં, માનનીય મુખ્ય ન્યાયમૂર્તિની અધ્યક્ષતાવાળી ત્રણ–ન્યાયમૂર્તિઓની બેંચે આ બાબતને નવ–ન્યાયમૂર્તિઓની બેંચ સમક્ષ મોકલી આપી છે.

૧૩. આ તબક્કે, શ્રી ગાંગુલી તેમજ શ્રી વાહનવટીએ રજૂઆત કરી છે કે અરજી દાખલ કરવા માટેની પ્રાથમિક સુનાવણીના તબક્કે પણ, આ બાબત મોટી બેંચ દ્વારા સાંભળવામાં આવે તે જરૂરી છે કારણ કે આ બાબત અગાઉ ત્રણ–ન્યાયમૂર્તિઓની બેંચ દ્વારા હાથ ધરવામાં આવી હતી અને તેમાં ખૂબ જ જટિલ કાનૂની મુદ્દાઓ સંકળાયેલા છે.

૧૪. ઉપરોક્ત બાબતોને ધ્યાને લેતાં, અમે યોગ્ય નિર્દેશો માટે આ બાબત માનનીય મુખ્ય ન્યાયમૂર્તિ સમક્ષ મૂકીએ છીએ."

એ નિર્દેશિત કરવામાં આવ્યું હતું કે, જ્યારે ઉપરોક્ત બાબત આ કોર્ટની ત્રણ-ન્યાયમૂર્તિઓની બેંચ સમક્ષ મૂકવામાં આવી હતી, ત્યારે તેને લોકસ સ્ટેન્ડાઈના કારણોસર ફગાવી દેવામાં આવી હતી. તેમ છતાં, ઉપરોક્ત હુકમ અરજદાર ટ્રસ્ટની ગેરહાજરીમાં પસાર કરવામાં આવ્યો હોવાથી, ઉપરોક્ત હુકમ પાછો ખેંચવા માટે એક અરજી દાખલ કરવામાં આવી હતી. તેમનો એવો દાવો હતો કે, રીકોલ હુકમ પસાર કરવામાં આવ્યો હતો કે નહીં, ઉઠાવવામાં આવેલા પ્રશ્નોના સંદર્ભમાં, એ બાબત સ્પષ્ટ હતી કે, આ કોર્ટની એક બેંચે પહેલેથી જ એવો મત વ્યક્ત કર્યો છે

કે, સેકન્ડ અને થર્ડ જજિસ કેસોમાં કાઢવામાં આવેલા નિષ્કર્ષો પર પુનઃતપાસની જરૂર છે.

૩૭. છેવટે, ઉપરોક્ત સૂચનોના સમર્થન માટે, એચ.એમ. સીરવાઇ દ્વારા તેમના પુસ્તક "કોન્સ્ટીટ્યુશનલ લો ઓફ ઇન્ડિયા" ની ૪થી આવૃત્તિમાં નોંધવામાં આવેલા અવલોકનો તરફ કોર્ટનું ધ્યાન દોરવામાં આવ્યું હતું, જેમાં, સેકન્ડ જજિસ કેસના સંદર્ભમાં, ખૂબ જ સખત અને પ્રતિકૂળ મંતવ્યો વ્યક્ત કરવામાં આવ્યા હતા. ઉપરોક્ત મંતવ્યો પેરાગ્રાફ ૨૫.૪૪૮ થી ૨૫.૪૯૭ માં સમાવિષ્ટ છે. સંક્ષિપ્તતાના કારણોસર, અમારા માટે તેને અહીં ઉદ્ધૃત કરવાનું શક્ય નથી. એટલું જણાવવું પૂરતું છે કે, વિદ્વાન એટર્ની જનરલ દ્વારા રજૂ કરવામાં આવેલી દલીલો, જે આગળના પેરાગ્રાફોમાં વિગતવાર જણાવવામાં આવી છે, તે એચ.એમ. સીરવાઇ દ્વારા વ્યક્ત કરવામાં આવેલા મંતવ્યો સાથે વધુ કે ઓછા અંશે સુસંગત હતી.

૩૮. જે બાબતો પર અગાઉથી ન્યાયનિર્ણય થઈ ચૂક્યો છે તેની પુનર્વિચારણા માટે સંદર્ભ મોકલવાનો માર્ગ આ કોર્ટ માટે ખુલ્લો હતો તેવી દલીલ કરવા માટે, વિદ્વાન એટર્ની જનરલે જિંદાલ સ્ટેનલેસ લિમિટેડ વિ. સ્ટેટ ઓફ હરિયાણા૧૬ તરફ અમારું ધ્યાન દોર્યું.

૧૬. (૨૦૧૦) ૪ એસ.સી.સી. ૫૯૫

"૬. કેશવ મિલ્સ કંપની લિમિટેડ વિ. સી.આઇ.ટી. એ.આઇ.આર. ૧૯૬૫ એસસી ૧૬૩૬ ... (એ.આઇ.આર. પાના નં. ૧૬૪૩–૪૪, પેરા ૨૩) માં આ કોર્ટની એક બંધારણીય બેંચે તે સંજોગો નિર્ધારિત કર્યા હતા જેમાં મોટી બેંચને સંદર્ભ થઈ શકે. એવું ઠેરવવામાં આવ્યું હતું કે પોતાના અગાઉના નિર્ણયની પુનઃતપાસ અને તેમાં સુધારો કરતી વખતે, આ કોર્ટે પોતાની જાતને પૂછવું જોઈએ કે શું જાહેર હિતમાં અથવા અન્ય કોઈ માન્ય અને અનિવાર્ય કારણોસર, અગાઉના નિર્ણયમાં સુધારો કરવો જરૂરી છે? શું અગાઉના પ્રસંગે, પ્રશ્નના કેટલાક સ્પષ્ટ પાસાઓ ધ્યાને આવ્યા વિનાના રહી ગયા હતા, અથવા કોઈપણ સુસંગત અને મહત્વપૂર્ણ વૈધાનિક જોગવાઈ તરફ કોર્ટનું ધ્યાન દોરવામાં આવ્યું ન હતું, અથવા તે મુદ્દા સાથે સંબંધિત અગાઉનો કોઈ નિર્ણય ધ્યાનમાં આવ્યો ન હતો? અગાઉના નિર્ણયની ભૂલની જાહેર હિત પર શી અસર થઈ હતી? શું ત્યારબાદના પ્રસંગોએ કાં તો આ કોર્ટ દ્વારા અથવા તો હાઈકોર્ટો દ્વારા અગાઉના નિર્ણયનું પાલન કરવામાં આવ્યું છે? અને, શું અગાઉના નિર્ણયને ઉલટાવવાથી જાહેર અસુવિધા, મુશ્કેલી કે અનિષ્ટ ઊભું થશે?

૭. કેશવ મિલ્સ કેસના ચુકાદા અનુસાર, જ્યારે પણ આ કોર્ટને તેના અગાઉના નિર્ણયોની સમીક્ષા અને પુનઃતપાસ કરવા માટે તેની હકૂમતનો ઉપયોગ કરવાનું કહેવામાં આવે ત્યારે આ અને અન્ય સુસંગત બાબતો ધ્યાનમાં રાખવી જ જોઈએ. અલબત્ત, કેશવ મિલ્સ કેસમાં એવી ચેતવણી આપવામાં આવી હતી કે પોતાના અગાઉના નિર્ણયોની પુનઃતપાસ

કરવાની પોતાની સત્તાનો આ કોર્ટ દ્વારા વારંવારનો ઉપયોગ આકસ્મિક રીતે કાયદાને અનિશ્ચિત બનાવવાનું વલણ ધરાવી શકે છે અને ગૂંચવાડો ઊભો કરી શકે છે જેને ટાળવો જ જોઈએ. પરંતુ, તેનો અર્થ એવો નથી કે જો ત્યારબાદના કોઈ પ્રસંગે, કોર્ટને ખાતરી થાય કે તેનો અગાઉનો નિર્ણય સ્પષ્ટપણે ભૂલભરેલો હતો, તો તેણે તે ભૂલ સુધારવામાં અચકાવું જોઈએ.

૮. નિષ્કર્ષમાં, કેશવ મિલ્સ કેસમાં, આ કોર્ટે અવલોકન કર્યું હતું કે પોતાના અગાઉના નિર્ણયની પુનઃતપાસના પ્રશ્ન સાથે કામ કરતી વખતે કોર્ટના અભિગમનું સંચાલન કરે તેવા કોઈ સિદ્ધાંતો નિર્ધારિત કરવાનું શક્ય નથી. તે આખરે કેટલીક સુસંગત બાબતો પર નિર્ભર રહેશે.

૯. સેન્ટ્રલ બોર્ડ ઓફ દાઉદી બોહરા કમ્યુનિટી વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર (૨૦૦૫) ૨ એસ.સી.સી. ૬૭૩ ... માં, આ કોર્ટની એક બંધારણીય બેંચે અવલોકન કર્યું હતું કે, શંકાના કિસ્સામાં, નાની બેંચ મુખ્ય ન્યાયમૂર્તિનું ધ્યાન દોરી શકે છે અને જે બેંચના નિર્ણય પર શંકા કરવામાં આવી રહી હોય તેના કરતાં મોટી બેંચ સમક્ષ સુનાવણી માટે બાબતને મૂકવાની વિનંતી કરી શકે છે."

૩૯. ઉપરોક્ત નોંધાયેલી રજૂઆતો સાથે, ભારતના વિદ્વાન એટર્ની જનરલે સેકન્ડ અને થર્ડ જજિસ કેસોના ચુકાદાઓની સમીક્ષા માટેનું પોતાનું સંબોધન પૂર્ણ કર્યું.

૪૦. વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી કે.કે. વેણુગોપાલે કોન્સ્ટીટ્યુશન (૬૭મો સુધારો) બિલ, ૧૯૯૦ ના મુખ્ય લક્ષણો પર પ્રકાશ પાડીને પોતાની રજૂઆતો શરૂ કરી. તેમણે અનુચ્છેદ ૧૨૪, ૨૧૭, ૨૨૨ અને ૨૩૧ ના પ્રસ્તાવિત સુધારાઓ તરફ, અને ખાસ કરીને, "નેશનલ જ્યુડિશિયલ કમિશન" શીર્ષક હેઠળ બંધારણમાં ભાગ ૧૩-એ ના સમાવેશ તરફ અમારું ધ્યાન દોર્યું. ભાગ ૧૩-એ માં એકમાત્ર અનુચ્છેદ તરીકે અનુચ્છેદ ૩૦૭-એ પ્રસ્તાવિત કરવામાં આવ્યો હતો. નેશનલ જ્યુડિશિયલ કમિશનના ગઠનના આધારે, એવો દાવો કરવામાં આવ્યો હતો કે, આ કોર્ટના ફર્સ્ટ જજિસ કેસના ચુકાદાની અસરને નિષ્ફળ બનાવવા માટે ઉપરોક્ત બિલ રજૂ કરવામાં આવ્યું હતું. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, જ્યારે સંસદમાં ઉપરોક્ત બિલ રજૂ કરવામાં આવ્યું, ત્યારે સુપ્રિમ કોર્ટ બાર એસોસિએશન, કે જેના શ્રી વેણુગોપાલ પોતે તે સમયે પ્રમુખ હતા, તેણે કોન્સ્ટીટ્યુશન (૬૭મો સુધારો) બિલ, ૧૯૯૦ ના ગુણદોષ પર ચર્ચા કરવાના હેતુથી તારીખ ૧.૯.૧૯૯૦ ના રોજ એક સેમિનારનું આયોજન કર્યું હતું. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, મોટી સંખ્યામાં વક્તાઓએ ચર્ચામાં ભાગ લીધો હતો અને મહત્વપૂર્ણ સૂચનો કર્યા હતા. સેમિનારના ઠરાવ તરીકે ઘડવામાં આવેલા ઉપરોક્ત સૂચનોને સભા સમક્ષ મૂકવામાં આવ્યા હતા, અને તે કાં તો સર્વાનુમતે અથવા ભારે બહુમતીથી પસાર કરવામાં આવ્યા હતા. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, તારીખ ૫.૧૦.૧૯૯૦ ના કવરિંગ લેટર દ્વારા ઉપરોક્ત ઠરાવો ભારતના મુખ્ય ન્યાયમૂર્તિને મોકલવામાં આવ્યા હતા. એ બાબત નિર્દેશિત કરવામાં આવી હતી કે, તારીખ ૩૧.૮.૧૯૯૦ અને ૨.૯.૧૯૯૦ વચ્ચે યોજાયેલી

ચીફ જસ્ટિસિસ કોન્ફરન્સના સમાપન વખતે પણ ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા, જેમાં પણ, કોન્સ્ટીટ્યુશન (૬૭મો સુધારો) બિલ, ૧૯૯૦ ની જોગવાઈઓ પર વિચાર-વિમર્શ કરવામાં આવ્યો હતો. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, તેમણે ચીફ જસ્ટિસિસ કોન્ફરન્સમાં પસાર કરાયેલા ઠરાવો અને સેકન્ડ જજિસ કેસમાં કાઢવામાં આવેલા તારણોનું એક સંકલન તૈયાર કર્યું હતું, જે વ્યક્ત કરાયેલા મંતવ્યોનું વિહંગાવલોકન આપશે. જે સંકલન તરફ વિદ્વાન વકીલે અમારું ધ્યાન દોર્યું હતું, તે નીચે મુજબ ઉદ્ધૃત કરવામાં આવે છે:

> " ... (૧) સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટોમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની પ્રક્રિયા એ નિમણૂક માટે ઉપલબ્ધ શ્રેષ્ઠ અને સૌથી યોગ્ય વ્યક્તિઓની પસંદગી માટેની એક સંકલિત 'સહભાગી વિચાર-વિમર્શ પ્રક્રિયા' છે; અને તમામ બંધારણીય હોદ્દેદારોએ આ ફરજ સામૂહિક રીતે બજાવવી જોઈએ, જેનો મુખ્ય હેતુ બંધારણીય ઉદ્દેશ્યને સિદ્ધ કરતો સંમત નિર્ણય પર પહોંચવાનો છે, જેથી પ્રાથમિકતાનો પ્રસંગ જ ઊભો ન થાય.
>
> (૨) નિમણૂક માટેની દરખાસ્તની શરૂઆત સુપ્રિમ કોર્ટના કિસ્સામાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા થવી જોઈએ, અને હાઇકોર્ટના કિસ્સામાં તે હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા થવી જોઈએ; અને હાઇકોર્ટના ન્યાયમૂર્તિ/મુખ્ય ન્યાયમૂર્તિની બદલી માટેની દરખાસ્ત ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા શરૂ થવી જોઈએ. આ એવી રીત છે જેમાં સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટોમાં નિમણૂકો તેમજ હાઇકોર્ટોના ન્યાયમૂર્તિઓ/મુખ્ય

ન્યાયમૂર્તિઓની બદલીઓ માટેની દરખાસ્તો અનિવાર્યપણે થવી જ જોઈએ.

(૩) બંધારણીય હોદ્દેદારો વચ્ચે પરસ્પર વિરોધી અભિપ્રાયોના કિસ્સામાં, 'ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના મંતવ્ય દ્વારા પ્રતીકિત' અને નિર્દેશિત કરવામાં આવેલી રીતે રચાયેલા ન્યાયતંત્રના અભિપ્રાયને પ્રાથમિકતા રહેશે.

(૪) સુપ્રિમ કોર્ટ અથવા કોઈપણ હાઇકોર્ટમાં કોઈપણ ન્યાયમૂર્તિની નિમણૂક ત્યાં સુધી કરી શકાતી નથી, જ્યાં સુધી તે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના અભિપ્રાયને અનુરૂપ ન હોય.

(૫) માત્ર અપવાદરૂપ કિસ્સાઓમાં જ, જેમના નામની ભલામણ કરવામાં આવી છે તે વ્યક્તિ નિમણૂક માટે યોગ્ય નથી તેવું દર્શાવતા, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિને જણાવવામાં આવેલા સ્પષ્ટ પ્રબળ અને સંગીન કારણોસર, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા ભલામણ કરાયેલ તે નિમણૂક ન કરવામાં આવી શકે. તેમ છતાં, જો દર્શાવેલા કારણો ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને આ બાબતમાં જેમની સાથે વિચાર-વિમર્શ કરવામાં આવ્યો છે તે સુપ્રિમ કોર્ટના અન્ય ન્યાયમૂર્તિઓ દ્વારા સ્વીકારવામાં ન આવે, તો ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા ભલામણનો પુનરોચ્ચાર કરવામાં આવે ત્યારે, એક સ્વસ્થ પરંપરા તરીકે તે નિમણૂક કરવામાં આવવી જોઈએ .... "

ઉપરોક્ત સંકલનના આધારે, એવી દલીલ કરવામાં આવી હતી કે, સેકન્ડ જજિસ કેસમાં આપવામાં આવેલા ચુકાદાએ અનુચ્છેદ ૧૨૪ ના ત્રણ મુખ્ય લક્ષણોને સંપૂર્ણપણે ભૂંસી નાખ્યા હતા. પ્રથમ તો, મૂળ અનુચ્છેદ ૧૨૪ હેઠળ, મુખ્ય અવાજ રાષ્ટ્રપતિનો હતો. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, સેકન્ડ જજિસ કેસમાં રાષ્ટ્રપતિનો અવાજ સંપૂર્ણપણે રૂંધી નાખવામાં આવ્યો હતો. બીજું, અનુચ્છેદ ૧૨૪, જેવો તે મૂળ રૂપે ઘડવામાં આવ્યો હતો, તેણે કારોબારીને પ્રાથમિકતા આપી હતી, ઉચ્ચ ન્યાયતંત્રમાં નિમણૂકોના સંદર્ભમાં, જ્યારે કે સેકન્ડ જજિસ કેસ દ્વારા ન્યાયતંત્રને પ્રાથમિકતા આપીને આ સ્થિતિ ઉલટાવી દેવામાં આવી હતી. ત્રીજું, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની ભૂમિકા, જે મૂળ રૂપે કેવળ વિચાર-વિમર્શ કરનાર તરીકેની હતી, તે સેકન્ડ જજિસ કેસના નિર્ણય દ્વારા "તદ્દન ઉલટાવી દેવામાં આવી" હતી. હવે, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની અધ્યક્ષતાવાળા ન્યાયમૂર્તિઓના કોલેજિયમને ઉચ્ચ ન્યાયતંત્રમાં નિમણૂકો કરવા માટેની અંતિમ નિર્ણાયક સત્તા સોંપવામાં આવી છે. અને રાષ્ટ્રપતિ કરવામાં આવેલી ભલામણો સાથે "સંમત" થવા માટે બંધાયેલા છે. ઉપરોક્ત દાવાઓના આધારે, વિદ્વાન વકીલની એવી રજૂઆત હતી કે, અનુચ્છેદ ૧૨૪ નું સંપૂર્ણપણે ખોટું અર્થઘટન કરીને, સુપ્રિમ કોર્ટે નિમણૂકની સમગ્ર સત્તા પોતાના હસ્તક લઈ લીધી હતી. અને કારોબારીનો અવાજ સંપૂર્ણપણે દબાવી દેવામાં આવ્યો હતો. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, અનુચ્છેદ ૧૨૪ નું અર્થઘટન કરતી વખતે ન્યાયતંત્રએ ધારાકીય કાર્ય કર્યું હતું. એવો દાવો કરવામાં આવ્યો હતો કે, મૂળ રૂપે બંધારણના ઘડવૈયાઓ પાસે બંધારણની જોગવાઈઓ ઘડવાની સત્તા હતી, અને

ત્યારપછી, સંસદ પાસે અનુચ્છેદ ૩૬૮ અનુસાર બંધારણમાં સુધારો કરવાની સત્તા હતી. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, બંધારણ સભાને તેમજ સંસદને સોંપવામાં આવેલી ભૂમિકા આ કોર્ટ દ્વારા સેકન્ડ જજિસ કેસમાં ભજવવામાં આવી છે. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, આ બધું "ન્યાયિક સ્વતંત્રતા" ના નામે કરવામાં આવ્યું હતું. એવો દાવો કરીને ઉપરોક્ત તર્કનો ગંભીરતાપૂર્વક વિરોધ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો કે, ન્યાયિક સ્વતંત્રતા એકલી અસ્તિત્વ ધરાવી શકે નહીં, ન્યાયિક જવાબદારી જેવી પણ કોઈ બાબત હતી, જેને ધ્યાનમાં રાખવી જરૂરી હતી.

૪૧. એવી પણ દલીલ કરવામાં આવી હતી કે, કોઈપણ હિતધારકોને ધ્યાનમાં લીધા વિના, ન્યાયતંત્રએ ઉચ્ચ ન્યાયતંત્રમાં નિમણૂકો કરવાની એકમાત્ર ભૂમિકા પોતાના હસ્તક લઈ લીધી હતી. એવી રજૂઆત કરવામાં આવી છે કે, ન્યાયતંત્ર એ મુકદ્દમા કરનારા પક્ષકારોના સમુદાય માટે છે, અને તેથી, મુકદ્દમા કરનારા પક્ષકારોના સમુદાયને ઉચ્ચ ન્યાયતંત્રમાં નિમણૂકોની બાબતમાં અમુક ભૂમિકા સોંપવી યોગ્ય હતી. તેવી જ રીતે, એ બાબત નિર્દેશિત કરવામાં આવી હતી કે, આ દેશમાં લગભગ દસ લાખ વકીલો હતા. તેમને પણ આ બાબતમાં કોઈ અભિપ્રાય આપવાની તક આપવામા આવી ન હતી . બાર એસોસિએશનો પણ, જે વકીલોના સમુદાયનું પ્રતિનિધિત્વ કરવાની ક્ષમતા ધરાવે છે, તેમને પણ નિમણૂકની પ્રક્રિયામાં કોઈપણ ભૂમિકામાંથી બાકાત રાખવામાં આવ્યા હતા. એ બાબત પર ભાર મૂકવામાં આવ્યો હતો કે, જૂની વ્યવસ્થા હેઠળ, ઉપરોક્ત તમામ હિતધારકો પાસે ઉચ્ચ ન્યાયતંત્રમાં

નિમણૂકોની બાબતમાં કારોબારી સમક્ષ રજૂઆતો કરવાની તક હતી. પરંતુ, સેકન્ડ જજિસ કેસ દ્વારા અનુચ્છેદ ૧૨૪ નું કરવામાં આવેલા અર્થઘટન દ્વારા, તે ભૂમિકા હવે સંપૂર્ણપણે બાકાત કરી દેવામાં આવી છે. કોર્ટનું ધ્યાન તારણોના સારાંશમાં (સેકન્ડ જજિસ કેસના પેરાગ્રાફ ૪૮૬ માં નોંધાયેલ) કાઢવામાં આવેલા તારણ નં. ૧૪ તરફ દોરવામાં આવ્યું હતું કે, ફર્સ્ટ જજિસ કેસમાં બહુમતી મંતવ્ય, જ્યાં સુધી તેણે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની ભૂમિકાની પ્રાથમિકતા, નિમણૂકો અને બદલીઓની બાબતોમાં અને આ બાબતોની ન્યાયિક યોગ્યતા તેમજ ન્યાયમૂર્તિઓની સંખ્યાના સંબંધમાં વિપરીત દ્રષ્ટિકોણ અપનાવ્યો હતો, તે સાચો દ્રષ્ટિકોણ હોવાનું સ્વીકાર્ય ન હતું. તદનુસાર એવો નિષ્કર્ષ કાઢવામાં આવ્યો હતો કે, બંધારણીય યોજના સહિત બંધારણની સુસંગત જોગવાઈઓનું હવે સેકન્ડ જજિસ કેસમાં કાઢવામાં આવેલા તારણોમાં નિર્દેશિત કરવામાં આવેલી રીતે અર્થઘટન કરવું, સમજવું અને તેનો અમલ કરવો આવશ્યક છે. વિદ્વાન વકીલના જણાવ્યા મુજબ, ઉપરોક્ત નિર્ધારણ સંપૂર્ણપણે ગેરસમજભર્યું હતું, કારણ કે તેણે અનુચ્છેદ ૭૪ ની અસરને સંપૂર્ણપણે નકારી દીધી હતી, જેમાં રાષ્ટ્રપતિ માટે માત્ર મંત્રી પરિષદની સહાય અને સલાહ મુજબ જ કાર્ય કરવું જરૂરી હતું. વિદ્વાન વકીલના મતે, રાષ્ટ્રપતિએ હવે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને ન્યાયમૂર્તિઓના કોલેજિયમના આદેશ મુજબ કાર્ય કરવું પડશે. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, કોઈપણ પક્ષકાર માટે પોતાના લાભમાં નિર્ણય કરવો એ કાયદામાં અસ્વીકાર્ય છે. વિદ્વાન વકીલના જણાવ્યા મુજબ, સેકન્ડ જજિસ કેસમાં સુપ્રિમ કોર્ટે બરાબર આ જ કર્યું હતું. એવી દલીલ કરવામાં આવી હતી કે,

વાદગ્રસ્ત બંધારણીય સુધારો એ સંસદની પહેલ પર ઉપરોક્ત ઐતિહાસિક વિચલનને સુધારવાનો એક પ્રયાસ હતો. વિદ્વાન વકીલે એવો દાવો કરીને પોતાની રજૂઆતો પૂર્ણ કરી કે, બંધારણ હેઠળ સંસદના બે ગૃહો હતા, પરંતુ સુપ્રિમ કોર્ટે સેકન્ડ જજિસ કેસમાં, સંસદના ત્રીજા ગૃહ તરીકે, એટલે કે સુધારણા ગૃહ તરીકે કાર્ય કર્યું હતું. ઉપરોક્ત હકીકતલક્ષી પરિસ્થિતિની પૃષ્ઠભૂમિમાં, એવી રજૂઆત કરવામાં આવી હતી કે, જ્યારે યુનિયન ઓફ ઇન્ડિયા અને કોન્સ્ટીટ્યુશન (૯૯મો સુધારો) એક્ટને અનુસમર્થન આપનારા રાજ્યો, સેકન્ડ જજિસ કેસની પુનર્વિચારણાની માંગ કરે છે, ત્યારે શું યુનિયન અને રાજ્યો જે માંગી રહ્યા હતા તે અતિશય વધારે પડતું હતું?

૪૨. ઉપર નોંધવામાં આવેલી રજૂઆતો બાદ, અમે વરિષ્ઠ એડવોકેટ શ્રી કે. પરાશરનને સાંભળ્યા, જેમણે વિદ્વાન એટર્ની જનરલ દ્વારા કરવામાં આવેલી અરજને પણ સમર્થન આપ્યું હતું. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, ન્યાયમૂર્તિઓની નિમણૂકને સંબંધિત "ન્યાયમૂર્તિની સ્વતંત્રતા" સાથે અથવા સમગ્ર ન્યાયિક સંસ્થા સાથે કોઈ લેવાદેવા નહોતી. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, ઉચ્ચ ન્યાયતંત્રમાં તેમની નિમણૂક પછી, હાઇકોર્ટ અને સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓની સેવાની શરતો સુરક્ષિત રીતે સંરક્ષિત હતી. ત્યારબાદ, ન્યાયમૂર્તિઓની સ્વતંત્રતા તેમના ન્યાયિક અંતઃકરણ પર નિર્ભર હતી, અને તેમાં કારોબારીની કોઈ ભૂમિકા નહોતી.

૪૩. એવો દાવો કરવામાં આવ્યો હતો કે, સેકન્ડ જજિસ કેસમાં બહુમતી મત વ્યક્ત કરનારા ન્યાયમૂર્તિઓ, સેકન્ડ જજિસ કેસમાં સુનાવણી શરૂ થાય તે પહેલાંથી જ "મૂળભૂત માળખા" વિશે પૂર્વગ્રહયુક્ત ખ્યાલ ધરાવતા હતા. આ સંબંધમાં, તેમણે તારીખ ૩૧.૮.૧૯૯૦ અને ૨.૯.૧૯૯૦ વચ્ચે યોજાયેલી મુખ્ય ન્યાયમૂર્તિઓની પરિષદના અંતે પસાર કરાયેલા ઠરાવો પર આધાર રાખ્યો હતો. એવો દાવો કરવામાં આવ્યો હતો કે, (અનુચ્છેદ ૧૨૪ ના લખાણના સંદર્ભમાં) બંધારણ સભાની ચર્ચાઓમાં વ્યક્ત થયેલા મંતવ્યોના સ્વતંત્ર મૂલ્યાંકનના આધારે આ વિવાદનો ન્યાયનિર્ણય કરવામાં આવ્યો ન હતો. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, અનુચ્છેદ ૧૨૪ નું કરવામાં આવેલું અર્થઘટન, ન્યાયમૂર્તિઓની નિમણૂકની પ્રક્રિયા દર્શાવતી સરળ ભાષાની જ નહીં, પરંતુ આસપાસની બંધારણીય જોગવાઈઓની પણ સ્પષ્ટપણે અવગણના કરતું હતું. વિદ્વાન વરિષ્ઠ કાઉન્સેલના જણાવ્યા અનુસાર, ન્યાયતંત્રે ન્યાયમૂર્તિઓની નિમણૂકની કારોબારી સત્તા પર તરાપ મારી હતી. આ બંધારણ દ્વારા કારોબારી માટે અનામત રાખવામાં આવેલી બંધારણીય સત્તા પર તરાપ મારવા સમાન હતું. એવો દાવો કરવામાં આવ્યો હતો કે, અનુચ્છેદ ૩૬૮ હેઠળ સંસદમાં નિહિત બંધારણના સુધારાની સત્તાનો હેતુ માત્ર બંધારણને સતત સમારકામ હેઠળ રાખવાનો હતો. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, સંસદમાં નિહિત ઉપરોક્ત સત્તાનો ઉપયોગ સુપ્રિમ કોર્ટ દ્વારા, સુપ્રિમ કોર્ટને યોગ્ય લાગે તે રીતે ન્યાયમૂર્તિઓની નિમણૂકની પ્રક્રિયા બદલીને કરી શકાયો ન હોત. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, સેકન્ડ જજિસ કેસમાં, તેમજ થર્ડ જજિસ કેસમાં પણ,

સુપ્રિમ કોર્ટે ધારાકીય સત્તા પર તરાપ મારીને "મૂળભૂત માળખા"નું ઉલ્લંઘન કર્યું હતું. એવી દલીલ કરવામાં આવી હતી કે, આ બંને ચુકાદાઓ પર પુનર્વિચારણા કરવી આ કોર્ટ માટે અનિવાર્ય હતી, જેથી એ નક્કી કરી શકાય કે શું ન્યાયતંત્ર દ્વારા ધારાકીય ક્ષેત્રમાં અતિક્રમણ કરવામાં આવ્યું હતું કે કેમ. અને, જો આ કોર્ટ એવા નિષ્કર્ષ પર પહોંચે કે આવી પરિસ્થિતિ હતી, તો તેણે પોતાના અગાઉના નિર્ણયને રદ કરવો જોઈએ. વધુમાં એવી રજૂઆત કરવામાં આવી હતી કે, બંધારણનું ગૌરવ કોઈપણ ભોગે જાળવી રાખવું અને સાચવવું જોઈએ, અને કોઈ ભૂલભરેલા નિર્ણયને સુધારવા માટે, કોઈપણ અગાઉના ચુકાદા પર પુનર્વિચારણા કરવામાં કોઈ સંકોચ હોવો જોઈએ નહીં. ઉપરોક્ત અવલોકનો સાથે, વિદ્વાન કાઉન્સેલે વિદ્વાન એટર્ની જનરલ દ્વારા કરવામાં આવેલી અરજ સ્વીકારવા, અને સેકન્ડ અને થર્ડ જજિસ કેસોમાં આ કોર્ટ દ્વારા આપવામાં આવેલા ચુકાદાઓની પુનર્વિચારણા માટે યોગ્ય સંખ્યાવાળી બેંચને સંદર્ભ મોકલવા માટે બેંચને અનુરોધ કર્યો હતો.

૪૪. વરિષ્ઠ એડવોકેટ શ્રી રવીન્દ્ર શ્રીવાસ્તવે પણ મોટી બેંચને સંદર્ભ મોકલવાની રજૂઆતોનું સમર્થન કર્યું હતું. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, સેકન્ડ જજિસ કેસ અને થર્ડ જજિસ કેસમાં આ કોર્ટ દ્વારા કાઢવામાં આવેલા નિષ્કર્ષોને શંકાસ્પદ તરીકે વર્ણવવા યોગ્ય હતા, કારણ કે જ્યારે તેનો નિર્ણય લેવામાં આવ્યો ત્યારે મોટી સંખ્યામાં મુખ્ય હકીકતો ધ્યાને લેવામાં આવી ન હતી. વિદ્વાન કાઉન્સેલની એવી દલીલ હતી કે, અરજદારો વતી ગુણદોષ પર કરવામાં આવેલી રજૂઆતોને બંધારણીય જોગવાઈઓના લખાણ દ્વારા સમર્થન આપી

શકાય તેમ નહોતું, અને અરજદારોનો સંપૂર્ણ આધાર સેકન્ડ જજિસ કેસના બહુમતી ચુકાદા પર હતો, જેનું થર્ડ જજિસ કેસમાં વધુ સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું હતું, તે ગંભીરપણે ક્ષતિપૂર્ણ હતો. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, ગુણદોષ પર અરજદારો વતી કરવામાં આવેલી રજૂઆતોનો મુખ્ય ભાર માત્ર એ બાબત પર જ નહોતો કે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર-વિમર્શ ફરજિયાત હતો, પરંતુ ન્યાયમૂર્તિઓના કોલેજિયમનો અભિપ્રાય કારોબારી પર બંધનકર્તા હતો. એવો દાવો કરવામાં આવ્યો હતો કે, અનુચ્છેદ ૧૨૪ ના સાદા વાચન પરથી ઉપરોક્ત બંને શરતો પૈકી એકપણ ફલિત થતી નહોતી. એવો દાવો કરવામાં આવ્યો હતો કે, અરજદારોનું પ્રતિનિધિત્વ કરતા વિદ્વાન કાઉન્સેલનો વાદગ્રસ્ત બંધારણીય સુધારા તેમજ એનજેએસી એક્ટને પડકારવાનો આધાર સંપૂર્ણપણે ઉપરોક્ત નિર્ણય પર આધારિત હતો. એવો દાવો કરવામાં આવ્યો હતો કે, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં ન્યાયતંત્રની પ્રાથમિકતાના નિષ્કર્ષને મૂળ બંધારણીય જોગવાઈઓના કોઈપણ લખાણ દ્વારા સમર્થન આપી શકાય તેમ નહોતું. તે મુજબ, એવું સૂચન કરવામાં આવ્યું હતું કે, સેકન્ડ જજિસ કેસમાં વ્યક્ત થયેલા બહુમતી મતને સુધારવો તદ્દન અનિવાર્ય હતો.

૪૫. વિદ્વાન કાઉન્સેલના જણાવ્યા અનુસાર, અરજદારો વતી સેકન્ડ જજિસ કેસમાં આપવામાં આવેલા નિર્ણયની પુનર્વિચારણાનો વિરોધ કરતો ઉઠાવવામાં આવેલો પ્રાથમિક વાંધો, થર્ડ જજિસ કેસના પેરાગ્રાફ ૧૦ માં નોંધાયેલા અવલોકનો પર આધારિત હતો, જેમાં ભારતના તત્કાલીન એટર્ની

જનરલનું નિવેદન નોંધવામાં આવ્યું હતું કે યુનિયન ઓફ ઈન્ડિયા સેકન્ડ જજિસ કેસના ચુકાદાની પુનરાવલોકન કે પુનર્વિચારણાની માંગણી કરતું નથી. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, ઉપરોક્ત નિવેદન ભવિષ્યના તમામ સમય માટે પુનર્વિચારણાની દલીલને અટકાવી શકે નહીં. વધુમાં એવી રજૂઆત કરવામાં આવી હતી કે, ઉપરોક્ત નિવેદન સંસદને બંધનકર્તા રહેશે નહીં. એવી દલીલ કરવામાં આવી હતી કે, યુનિયન ઓફ ઈન્ડિયા સેકન્ડ જજિસ કેસની પુનરાવલોકન કે પુનર્વિચારણા માંગતું નથી તે મતલબના નિવેદનનો અર્થ એવો ન સમજવો જોઈએ કે ગર્ભિત રીતે સ્વીકારી લેવામાં આવ્યું હતું કે સેકન્ડ જજિસ કેસનો નિર્ણય સાચી રીતે લેવામાં આવ્યો હતો. એ બાબત નિર્દેશિત કરવામાં આવી હતી કે, અનુચ્છેદ ૧૪૩ હેઠળનું સલાહકારી અધિકારક્ષેત્ર, કે જે તારીખ ૨૩.૭.૧૯૯૮ ના રોજ કરવામાં આવેલા રાષ્ટ્રપતિ સંદર્ભ દ્વારા લાગુ કરવામાં આવ્યું હતું, જેમાં આ કોર્ટને થર્ડ જજિસ કેસ આપવાની આવશ્યકતા હતી, તે સ્વભાવે અપીલીય કે પુનરાવલોકનકારી (રિવિઝનરી) નહોતું. આ સંદર્ભમાં, વિદ્વાન કાઉન્સેલે રી: કાવેરી વોટર ડિસ્પ્યુટ્સ ટ્રિબ્યુનલ૧૭ પર આધાર રાખ્યો હતો, જેમાં એવું ઠેરવવામાં આવ્યું હતું કે, સુપ્રિમ કોર્ટ દ્વારા પસાર કરાયેલા હુકમનું પુનરાવલોકન માત્ર ત્યારે જ કરી શકાય જ્યારે (ધ સુપ્રિમ કોર્ટ રૂલ્સ, ૧૯૪૯ ના ઓર્ડર ૪૦ ના રુલ ૧ સાથે વંચાણે લેતાં) બંધારણના અનુચ્છેદ ૧૩૭ હેઠળ તેના અધિકારક્ષેત્રનો ઉપયોગ કરવામાં આવે. અને એ કે, સેકન્ડ જજિસ કેસમાં સુપ્રિમ કોર્ટ દ્વારા આપવામાં આવેલા ચુકાદાનું પુનરાવલોકન અનુચ્છેદ ૧૪૩ હેઠળ કરવામાં આવેલા રાષ્ટ્રપતિ સંદર્ભ મારફતે માંગી શકાય

નહીં. વાસ્તવમાં, આ કોર્ટે ઉપરોક્ત ચુકાદામાં આગળ વધીને એવો નિષ્કર્ષ કાઢ્યો હતો કે, જો અનુચ્છેદ ૧૪૩ માં પુનરાવલોકનની સત્તા વાંચવામાં આવે, તો તે "ન્યાયતંત્રની સ્વતંત્રતા" પર ગંભીર તરાપ સમાન હશે. તેથી એવી રજૂઆત કરવામાં આવી હતી કે, થર્ડ જજિસ કેસની સુનાવણી દરમિયાન તત્કાલીન એટર્ની જનરલના નિવેદનને ભવિષ્યના તમામ સમય માટે બંધનકર્તા ગણી શકાય નહીં, જેથી કારોબારી અને ધારાસભાને આપવામાં આવેલા ચુકાદાઓનું પુનરાવલોકન માંગવાથી પણ વંચિત રાખી શકાય. તેથી એવી દલીલ કરવામાં આવી હતી કે પોતાની ફરજ બજાવતી વખતે એ ગર્ભિત હતું કે, આ કોર્ટ ભૂતકાળમાં કદાચ થયેલી કાયદાની ભૂલોને સુધારવા માટે બંધાયેલી હતી. વિદ્વાન કાઉન્સેલે દલીલ કરી હતી કે, સુભાષ શર્મા કેસ૪ માં આ કોર્ટના ચુકાદાનું અવલોકન સ્પષ્ટપણે દર્શાવે છે કે, ફર્સ્ટ જજિસ કેસમાં આ કોર્ટ દ્વારા જાહેર કરવામાં આવેલી કાનૂની સ્થિતિની પુનર્વિચારણા માટે આ કોર્ટ સમક્ષ કોઈ ઔપચારિક વિનંતી કરવામાં આવી નહોતી. તેમ છતાં, આ કોર્ટે પોતાની મેળે ફર્સ્ટ જજિસ કેસની શુદ્ધતાની તપાસ કરી હતી, અને ફર્સ્ટ જજિસ કેસમાં જાહેર કરાયેલા કાયદા પર પુનર્વિચારણા કરવા માટે પોતાની મેળે (સુઓ મોટો) આ બાબતનો સંદર્ભ નવ–ન્યાયમૂર્તિઓની બેંચને મોકલ્યો હતો.

૪૬. સેકન્ડ જજિસ કેસ (થર્ડ જજિસ કેસ સાથે વંચાણે લેતાં) માં આ કોર્ટ દ્વારા નિર્ધારિત કાયદાની પુનર્વિચારણાના કારણો દર્શાવતા, વિદ્વાન વરિષ્ઠ કાઉન્સેલે દાવો કર્યો હતો કે, અનુચ્છેદ ૧૨૪ ના સારની બહુમતી મત દ્વારા સંપૂર્ણપણે અવગણના કરવામાં આવી હતી. વિદ્વાન વરિષ્ઠ કાઉન્સેલે, તે

મુજબ, અનુચ્છેદ ૧૨૪(૨) ની યોજના તરફ અમારું ધ્યાન દોર્યું હતું અને તેમાંથી ઉદ્ભવતા નીચેના મુખ્ય લક્ષણોની રજૂઆત કરી હતી અને તેનો સારાંશ આપ્યો હતો:

> "(૧) ઉચ્ચ ન્યાયતંત્રના ન્યાયમૂર્તિઓની નિમણૂક કરવાની સત્તા રાષ્ટ્રપતિમાં નિહિત હતી.
>
> (૨) રાષ્ટ્રપતિ દ્વારા નિમણૂકની ઉપરોક્ત સત્તા માત્ર એક જ શરતને અધીન હતી, એટલે કે, 'વિચાર-વિમર્શ'.
>
> (૩) ઉપરોક્ત વિચાર-વિમર્શ બે ગણો હતો - એક એવો જે રાષ્ટ્રપતિના અભિપ્રાય મુજબ જરૂરી જણાય, અને બીજો જે ફરજિયાત હતો.
>
> (૪) ફરજિયાત વિચાર-વિમર્શ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે હતો. તે હેતુ માટે 'જરૂરી જણાય તો' રાષ્ટ્રપતિ જે વિચાર-વિમર્શ કરી શકે છે, તે સુપ્રિમ કોર્ટના અને યોગ્ય લાગે તે મુજબ રાજ્યોની હાઇકોર્ટોના ન્યાયમૂર્તિઓ સાથે પણ હતો.
>
> (૫) વિચાર-વિમર્શ કરવા માટે રાષ્ટ્રપતિની સત્તા, વ્યાપ અને ક્ષેત્ર પર કોઈ મર્યાદા નહોતી, તેઓ માત્ર સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓ સાથે જ નહીં, પરંતુ આ હેતુ માટે તેમને જરૂરી જણાય તે મુજબ હાઇકોર્ટોના ન્યાયમૂર્તિઓ સાથે પણ વિચાર-વિમર્શ કરી શકે છે.

(૬) રાષ્ટ્રપતિની વિચાર-વિમર્શની સત્તા પર પણ કોઈ મર્યાદા નહોતી. તેઓ આ હેતુ માટે સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટોના તેટલા ન્યાયમૂર્તિઓ સાથે વિચાર-વિમર્શ કરી શકતા હતા જેટલા તેઓ જરૂરી સમજે.

(૭) સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂકના ઉદ્દેશ્ય અને હેતુને ધ્યાનમાં લેતાં, અને એ કે, આવી નિમણૂક પ્રજાસત્તાકમાં સર્વોચ્ચ ન્યાયિક હોદ્દા માટેની હતી, તે સ્પષ્ટપણે વ્યાપક આધારવાળી, પરસ્પર સંવાદપૂર્ણ, માહિતીપ્રદ અને અર્થપૂર્ણ બનાવવાનો આશય હતો, જેથી સૌથી યોગ્ય ઉમેદવારની નિમણૂક કરી શકાય.

(૮) રાષ્ટ્રપતિની વિચાર-વિમર્શની સત્તાના આ પાસાની, જે રીતે જોગવાઈ કરવામાં આવી હતી, સેકન્ડ જજિસ કેસના બહુમતી ચુકાદામાં સંપૂર્ણપણે અવગણના કરવામાં આવી હતી. અને ધ્યાન માત્ર ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથેના વિચાર-વિમર્શ પૂરતું જ સીમિત રાખવામાં આવ્યું છે.

(૯) સેકન્ડ જજિસ કેસના બહુમતી ચુકાદામાં વિચાર-વિમર્શ પ્રક્રિયાનું અર્થઘટન અને નિર્ધારિત કરવામાં આવેલી પ્રક્રિયા, કે રાષ્ટ્રપતિની વિચાર-વિમર્શની સર્વવ્યાપી સત્તાને 'સીમિત' કરવામાં આવી હતી, જેવું સેકન્ડ જજિસ કેસમાં પેરાગ્રાફ ૪૫૮ માં (ન્યાયમૂર્તિ જે.એસ. વર્મા દ્વારા) સ્પષ્ટપણે ઠેરવવામાં આવ્યું હતું.

(૧૦) બહુમતી ચુકાદામાં મૂળ ભાગની અવગણના કરીને માત્ર રાષ્ટ્રપતિ દ્વારા ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથેના વિચાર-વિમર્શની આવશ્યકતા પર જ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે, જે પરંતુકની (પ્રોવિઝોની) આવશ્યકતા છે.

(૧૧) એવા અર્થઘટન પર ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર-વિમર્શ માટે કોલેજિયમ પ્રણાલી વિકસાવવામાં આવી હતી કે, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર-વિમર્શના હેતુઓ માટે, એક વ્યક્તિ તરીકે માત્ર સીજેઆઈ જ નહીં, પરંતુ બહુલતામાં એટલે કે તેમનું કોલેજિયમ ગણાશે. પરંતુ આ માત્ર પરંતુકનું (પ્રોવિઝોનું) અર્થઘટન છે અને અનુચ્છેદ ૧૨૪(૨) ના મૂળ ભાગનું નથી.

(૧૨) ચુકાદામાં નિર્ધારિત કર્યા મુજબ નિયત સંખ્યામાં ખાસ કરીને સીજેઆઈ અને તેમના સહયોગીઓ સાથે વિચાર-વિમર્શ માટે કોલેજિયમ પ્રણાલી વિકસાવવામાં આવી હતી.

(૧૩) અનુચ્છેદ ૧૨૪(૨) ના મૂળ ભાગની અવગણના કરીને, ભારતના રાષ્ટ્રપતિ દ્વારા સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટના ન્યાયમૂર્તિઓ સાથે વિચાર-વિમર્શ કરવાની સમગ્ર જોગવાઈ આ રીતે વ્યર્થ બની ગઈ હતી, અને તેથી, બહુમતી ચુકાદાને 'પર ઇન્ક્યુરિયમ' તરીકે પ્રશ્નાર્થ હેઠળ મૂકવા માટે લાચાર થવું પડ્યું હતું."

૪૭. વિદ્વાન વરિષ્ઠ કાઉન્સેલના જણાવ્યા અનુસાર, સુભાષ શર્મા કેસ૪ ના ચુકાદાનું અવલોકન દર્શાવે છે કે, ફર્સ્ટ જજિસ કેસના ચુકાદાઓની પુનર્વિચારણા માત્ર બે જ મુદ્દાઓ પર હતી. પ્રથમ, વિચાર-વિમર્શનો દરજ્જો અને મહત્વ, અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના હોદ્દાની પ્રાથમિકતા. અને બીજું, અદાલતમાં ન્યાયમૂર્તિઓની સંખ્યા નક્કી કરવાની ન્યાયિક યોગ્યતા (જસ્ટિસિયેબિલિટી). એવો દાવો કરવામાં આવ્યો હતો કે, પુનર્વિચારણા માટે અન્ય કોઈ મુદ્દો સંદર્ભિત કરવામાં આવ્યો નહોતો. આ દાવાને નીચેના અવલોકનો સાથે સમર્થન આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો; જે સુભાષ શર્મા કેસમાં૪ નોંધવામાં આવ્યા હતા:

> "૪૯. . .... તે જ રીતે, ઉપર દર્શાવેલા કારણોસર સુભાષ શર્મા દ્વારા દાખલ કરવામાં આવેલી રિટ અરજીનો પણ આગળના કોઈ નિર્દેશો વિના નિકાલ કરી શકાય છે. જ્યારે પણ જરૂર જણાય ત્યારે બાબત કોર્ટ સમક્ષ લાવી શકાય છે. અમારા મતે એસ.પી. ગુપ્તા કેસ [(૧૯૮૧) સપ્લી. એસ.સી.સી. ૮૭] માં બહુમતી મંતવ્યની શુદ્ધતા પર મોટી બેંચ દ્વારા વિચારણા થવી જોઈએ, તેથી અમે ઉપર ઉલ્લેખિત બે પ્રશ્નો, એટલે કે, પ્રાથમિકતાના સંદર્ભમાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિનું સ્થાન અને બીજું, ન્યાયમૂર્તિઓની સંખ્યા નક્કી કરવાની ન્યાયિક વિચારણીયતાની તપાસ કરવા માટે નવ ન્યાયમૂર્તિઓની બેંચની રચના કરવા સારુ ડબલ્યુ.પી. નં. ૧૩૦૩/૧૯૮૭ ના કાગળો વિદ્વાન મુખ્ય ન્યાયમૂર્તિ સમક્ષ મૂકવાનો નિર્દેશ આપીએ છીએ."

એવો દાવો કરવામાં આવ્યો હતો કે, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકના વિષય પર, સેકન્ડ જજીસ કેસની સુનાવણી કરતી બેંચ માટે બંધારણને ફરીથી લખવાનો કોઈ અવકાશ કે પ્રસંગ નહોતો. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, સેકન્ડ જજીસ કેસમાં ઉપરોક્ત બે મુદ્દાઓ ઉપરાંત નોંધાયેલા અવલોકનો ઓબિટર ડિક્ટા ગણવા પાત્ર હતા. વિદ્વાન વકીલના જણાવ્યા અનુસાર, સેકન્ડ જજીસ કેસમાં રેશિયો ડેસિડેન્ડાઇ માત્ર મોટી બેંચ સમક્ષ વિચારણા માટે સંદર્ભિત બે મુદ્દાઓ પર જ કાનૂની સ્થિતિની ઘોષણા પૂરતો મર્યાદિત હતો. આ રીતે જોતાં, એવો દાવો કરવામાં આવ્યો હતો કે, પુનર્વિચારણા માટે સંદર્ભિત બે પ્રશ્નો સિવાયના મુદ્દાઓ પર સેકન્ડ જજીસ કેસમાં નોંધાયેલા અન્ય તમામ નિષ્કર્ષોને કાયદેસર રીતે અનુચ્છેદ ૧૪૧ હેઠળ બંધનકર્તા કાયદા તરીકે વર્ણવી શકાય નહીં. ઉપરોક્ત દલીલના સમર્થનમાં, કેરળ સ્ટેટ સાયન્સ એન્ડ ટેકનોલોજી મ્યુઝિયમ વિ. રામબાલ કંપની૧૮ પર આધાર રાખવામાં આવ્યો હતો, જેમાં કોર્ટે નીચે મુજબ ઠેરવેલ કે:

> "૮. એ બાબત સુસ્થાપિત છે કે જ્યારે કોઈ ચોક્કસ મુદ્દા પર વિદ્વાન એકલ ન્યાયાધીશ અથવા ડિવિઝન બેંચ દ્વારા મોટી બેંચ એટલે કે યથાપ્રસંગ ડિવિઝન બેંચ અથવા ફુલ બેંચ અથવા બંધારણીય બેંચને સંદર્ભ કરવામાં આવે, ત્યારે મોટી બેંચ એવા મુદ્દા પર ન્યાયનિર્ણય કરી શકતી નથી કે જે સંદર્ભિત પ્રશ્ન ન હોય. (જુઓ કેશો નાથ ખુરાના વિ. ભારત સંઘ [(૧૯૮૧) સપ્લી. એસ.સી.સી. ૩૮], સમરેશ ચંદ્ર બોઝ વિ. ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ, બર્દવાન [(૧૯૭૨) ૨ એસ.સી.સી. ૪૭૬] અને

કે.સી.પી. લિ. વિ. સ્ટેટ ટ્રેડિંગ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા। [(૧૯૯૫) સપ્લી. (૩) એસ.સી.સી. ૪૬૬]."

૪૮. વિદ્વાન વરિષ્ઠ વકીલે રજૂઆત કરી હતી કે, સેકન્ડ જજીસ કેસમાં, આ કોર્ટે એવું ઠેરવીને "ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ" શબ્દોને એક અભિનવ અર્થ આપ્યો હતો કે અનુચ્છેદ ૧૨૪ માં "ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ" શબ્દપ્રયોગમાં બહુવિધ ન્યાયમૂર્તિઓનો સમાવેશ થતો હતો, ન કે વ્યક્તિગત ભારતના મુખ્ય ન્યાયમૂર્તિનો. વિદ્વાન વકીલના જણાવ્યા અનુસાર, આ બાબત અનુચ્છેદ ૧૨૪ ના સાદા અર્થ અને લખાણની વિરુદ્ધ હતી. વિદ્વાન વકીલે આગળ ઉમેર્યું કે, આ કોર્ટે સેકન્ડ જજીસ કેસમાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની નિમણૂક માટે વરિષ્ઠતાનો એક અણઉલ્લંઘનીય નિયમ ઠરાવ્યો હતો. તેણે ન્યાયાધીશો અને મુખ્ય ન્યાયમૂર્તિઓની એક હાઇકોર્ટમાંથી બીજી હાઇકોર્ટમાં બદલી માટેના નિયમો અને ધોરણો પણ નક્કી કર્યા હતા. તેણે એવો પણ નિષ્કર્ષ કાઢ્યો હતો કે, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની ભલામણ પર કરવામાં આવેલી હાઇકોર્ટના કોઈપણ ન્યાયાધીશ અથવા મુખ્ય ન્યાયમૂર્તિની બદલી બિન-દંડાત્મક ગણાશે. ટૂંકમાં અને સારાંશરૂપે, વિદ્વાન વકીલે એવી દલીલ કરી હતી કે સેકન્ડ જજીસ કેસે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિને સોંપાયેલી ભૂમિકાના સ્થાને એક નવી વ્યવસ્થા સ્થાપિત કરી હતી. વિદ્વાન વકીલના જણાવ્યા અનુસાર, સેકન્ડ જજીસ કેસમાં નોંધાયેલા નિષ્કર્ષોને માત્ર ન્યાયિક અર્થઘટન તરીકે વર્ણવી શકાય નહીં. એવો દાવો કરવામાં આવ્યો હતો કે, તે ન્યાયિક સક્રિયતાવાદ (અથવા, ન્યાયિક કાયદા ઘડતર) થી કમ નહોતું.

૪૯. વિદ્વાન વરિષ્ઠ વકીલે ત્યારબાદ અગાઉના ચુકાદાની પુનર્વિચારણા અથવા પુનરાવલોકન માટે નક્કી કરાયેલા સિદ્ધાંતો તરફ કોર્ટનું ધ્યાન દોર્યું. આ માટે તેમણે ખાસ કરીને બેંગાલ ઇમ્યુનિટી કું. લિ. વિ. બિહાર રાજ્ય૧૯, મગનલાલ છગનલાલ (પ્રા.) લિ. વિ. મ્યુનિસિપલ કોર્પોરેશન ઓફ ગ્રેટર બોમ્બે૨૦, અને ભારત સંઘ વિ. રઘુબીર સિંહ૨૧ તરફ કોર્ટનું ધ્યાન દોર્યું. વિદ્વાન વકીલે પ્રદીપ કુમાર બિસ્વાસ વિ. ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ કેમિકલ બાયોલોજી૨૨ નો પણ સંદર્ભ આપ્યો, જેમાં એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે:

> "૬૧. શું સભાજીત તિવારી (૧૯૭૫) ૧ એસ.સી.સી. ૪૮૫ ... માત્ર ૨૫ વર્ષ સુધી ટકી રહ્યો હોવાના કારણે તથ્યો પર પણ હજુ એક પ્રમાણભૂત ચુકાદા તરીકે કાયમ રહેવો જોઈએ? અમારું માનવું છે કે ના. તથ્યો પર પણ એવી સમાનતા દર્શાવી શકાય છે કે જે અનુચ્છેદ ૧૨ના અસમર્થનીય અર્થઘટન તરફ દોરી જાય, અને પરિણામે તે વ્યક્તિઓને મૂળભૂત અધિકારોના લાભોનો ઇનકાર થાય જેઓ અન્યથા તેના હકદાર હોત અને "આપણા બંધારણમાં એવું કશું નથી જે આપણને અગાઉના નિર્ણયથી અલગ પડતાં અટકાવે જો આપણને તેની ભૂલ અને લોકોના સામાન્ય હિતો પર તેની હાનિકારક અસરની ખાતરી થઈ હોય." [બેંગાલ ઇમ્યુનિટી

કું. લિ. વિ. બિહાર રાજ્ય, એ.આઇ.આર. ૧૯૫૫ એસસી ૬૬૧, ૬૭૨] (એ.આઇ.આર. પાનું ૬૭૨, પેરા ૧૫)[45]

પ્રશ્નની પુનઃતપાસ કરતાં અમે એવા નિષ્કર્ષ પર પહોંચ્યા હોવાથી કે તે નિર્ણય સ્પષ્ટપણે ભૂલભરેલો હતો, તેથી તેમ કહેવું અને આપણી ભૂલને કાયમ ન રાખવી એ આપણી ફરજ છે."

એ નિર્દેશ કરવામાં આવ્યો હતો કે, સેકન્ડ જજીસ કેસમાં, એસ. રત્નવેલ પાંડિયન, ન્યાયમૂર્તિએ નીચે મુજબ અવલોકન કર્યું હતું:

"૧૭. તેથી નવા કાનૂની ખ્યાલની યોગ્ય નિદાનલક્ષી સમજ સાથે બંધારણની ક્ષમતા અને સંભવિત ક્ષમતાની શોધ કરવાની અને ભારતીય લોકશાહીના મૂળમાં રહેલા તેના આવશ્યક લક્ષણો અને મૂળભૂત સિદ્ધાંતોનો ભોગ આપ્યા વિના આ પરિવર્તનશીલ દસ્તાવેજને આ મહાન રાષ્ટ્રના લોકોની જરૂરિયાતો પૂર્ણ કરવા સક્ષમ બનાવવાની જવાબદારી મોટા પાયે ઉચ્ચ અદાલતો પર આવે છે. જોકે, આ પ્રક્રિયામાં, આપણો મુખ્ય ઉદ્દેશ્ય બંધારણમાં વ્યાપેલી અને તેને ઘેરી વળેલી રહસ્યમયતા અને ગૂંચવણને દૂર કરીને બંધારણને સંપૂર્ણપણે સમજી શકાય તેવું બનાવવાનો અને બંધારણીય વ્યવસ્થા તથા યોજનાની કામગીરીની વાસ્તવિકતા પર સ્પષ્ટપણે ધ્યાન કેન્દ્રિત કરવાનો હોવો જોઈએ જેથી

[4] ૧૮ (૨૦૦૬) ૬ એસ.સી.સી. ૨૫૮

[5] ૧૯ (૧૯૫૫) ૬ એસ.સી.આર. ૬૦૩ ૨૦ (૧૯૭૪) ૨ એસ.સી.સી. ૪૦૨

ન્યાય વિતરણ વ્યવસ્થા વધુ અસરકારક અને સ્થિતિસ્થાપક બની શકે. જોકે નિર્ણયોને વારંવાર ઉલટાવવાથી કાયદો અનિશ્ચિત બનશે અને પછીના નિર્ણયો અણધાર્યા બનશે અને આ કોર્ટ સામાન્ય રીતે આખરી થઈ ગયેલા મુદ્દાઓને ફરીથી ખોલવાનું પસંદ કરશે નહીં, તેમ છતાં ન્યાયિક ચુકાદાઓની શ્રેણી દ્વારા હવે એ બાબત સુસ્થાપિત થઈ ગઈ છે કે જો અનિવાર્ય સંજોગોમાં જરૂરી હોય તો પોતાના અગાઉના નિર્ણયોની સમીક્ષા કરવી કે પુનર્વિચારણા કરવી અને જો કોઈ શંકાસ્પદ નિર્ણય ભૂલભરેલી રીતે લેવામાં આવ્યો હોય તો તેને સંપૂર્ણ કે આંશિક રીતે ઉલટાવવો એ ચોક્કસપણે ઉચ્ચ અદાલતોનો ક્ષેત્રાધિકાર અને આવશ્યક ફરજ છે, અને બંધારણીય કે કાનૂની અર્થઘટનના નવા દ્રષ્ટિકોણ પર તથા સમય વીતવાની સાથે વિકસિત થયેલા અભિનવ વિચારો, સિદ્ધાંતો અને ધારણાઓના પ્રકાશમાં કોઈપણ નિર્ણય ન્યાયિક સમીક્ષા કે પુનર્વિચારણામાંથી સંપૂર્ણ મુક્તિ ભોગવતો નથી. આ સત્તા સ્પષ્ટપણે અને સીધી રીતે ન્યાયિક સમીક્ષા અથવા પુનર્વિચારણાના દાયરામાં આવે છે."[6]

એવી રજૂઆત કરવામાં આવી હતી કે, કુલદીપ સિંઘ, ન્યાયમૂર્તિએ સેકન્ડ જજીસ કેસમાં નીચે મુજબ નોંધ્યું હતું:

[6] ૨૧ (૧૯૮૯) ૨ એસ.સી.સી. ૭૫૪

"૩૨૦. એ બાબત નિઃશંકપણે સાચી છે કે સ્ટેર ડેસિસિસનો નિયમ સુસંગતતા અને એકરૂપતા લાવે છે પરંતુ તે જ સમયે તે અપરિવર્તનશીલ નથી. કોઈ આપેલા કેસમાં તેનું પાલન કરવું કે નહીં તે પ્રશ્ન સંપૂર્ણપણે આ કોર્ટના વિવેકાધિકાર હેઠળ છે. અનેક પ્રસંગોએ આ કોર્ટ સમક્ષ અગાઉ નક્કી થઈ ગયેલા પ્રશ્ન પર પુનર્વિચારણા કરવાની માંગણી કરવામાં આવી છે. કોર્ટે યોગ્ય કેસોમાં પોતાના અગાઉના નિર્ણયોને ઉલટાવ્યા છે. અજમાયશ અને ભૂલની પ્રક્રિયા, અનુભવના પાઠ અને બહેતર તર્કશક્તિ આ કોર્ટને તેની ન્યાયિક કામગીરીમાં વધુ વિવેકી બનાવે છે. મહત્વપૂર્ણ બંધારણીય મુદ્દાઓ ધરાવતા કેસોમાં આ કોર્ટે પોતાના મંતવ્યોને અનુભવ અને નવા જાણીતા થયેલા તથ્યો સાથે સુસંગત બનાવવાની જરૂરિયાત અનુભવવી જોઈએ. બંધારણીય કેસોમાં સ્ટેર ડેસિસિસની સુસંગતતા ઓછી હોય છે જ્યાં બંધારણીય સુધારાઓ સિવાય, આ કોર્ટ જ એકમાત્ર એવી સંસ્થા છે જે જરૂરી ફેરફારો કરવા સક્ષમ છે. પુનઃતપાસ અને પુનર્વિચારણા એ બૌદ્ધિક જીવનની સામાન્ય પ્રક્રિયાઓ પૈકીની એક છે. બંધારણના અગાઉના એવા અર્થઘટનની પુનર્વિચારણા કરવાથી અમે પાછા હટ્યા નથી કે જે \"સિદ્ધાંતમાં ક્ષતિપૂર્ણ અને વ્યવહારમાં બિન-અમલક્ષમ\" સાબિત થયું હોય."

ઉપરોક્તના આધારે, વિદ્વાન વકીલે પોતાના દાવાઓનો સારાંશ નીચે મુજબ આપ્યો હતો. પ્રથમ તો, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકના સંદર્ભમાં પુનઃતપાસની જરૂર હોય તેવો વાસ્તવિક બંધારણીય પ્રશ્ન અનુચ્છેદ ૭૪

નું અર્થઘટન હતું. કારણ કે સેકન્ડ જજીસ કેસે રાષ્ટ્રપતિની સત્તામાં ગંભીર દખલ કરી હતી જે અનુચ્છેદ ૭૪ સાથે સુસંગત રહીને વાપરવા માટે બંધાયેલી હતી. એવી દલીલ કરવામાં આવી હતી કે, મંત્રી પરિષદની સહાય અને સલાહની ગેરહાજરીમાં રાષ્ટ્રપતિની કામગીરીની બંધારણની યોજના હેઠળ કલ્પના પણ કરી શકાતી નથી. અને તેથી, મંત્રી પરિષદ (અથવા સંબંધિત મંત્રી) ની સહભાગી ભૂમિકાના સ્થાને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને તેમના કોલેજિયમની ભૂમિકા લાવવી, તે તદ્દન અકલ્પનીય હતું. અને બીજું એ કે, ફર્સ્ટ જજીસ કેસને ખોટી રીતે ઉલટાવવામાં આવ્યો હતો, અને કારોબારીની ભૂમિકાના સંદર્ભમાં ન્યાયમૂર્તિઓની નિમણૂક માટેનો સાચો કાયદો ફર્સ્ટ જજીસ કેસમાં "ન્યાયતંત્રની સ્વતંત્રતા" નું યોગ્ય રીતે રક્ષણ કરીને સાચી રીતે ઠરાવવામાં આવ્યો હતો. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, મોટી બેંચને સંદર્ભ કરવો અનિવાર્ય હતો, કારણ કે પાંચ ન્યાયમૂર્તિઓની બેંચ સમક્ષ ઉપરોક્ત રજૂઆત કરવી સામાવાળાઓ માટે શક્ય નહોતું."

૫૦. શ્રી હરીશ એન. સાલ્વે અને શ્રી ટી.આર. અંધ્યારુજિના, વિદ્વાન વરિષ્ઠ વકીલોએ કોર્ટ સમક્ષ અલગ–અલગ રજૂઆત કરી હતી. જોકે તેમની રજૂઆતો સમાન હતી. તેમની એવી દલીલ હતી કે બંધારણીય અદાલત સમયાંતરે બંધારણીય મુદ્દાઓની પુનઃવિચારણા કરે છે. વિદ્વાન વકીલના જણાવ્યા અનુસાર, આ એટલા માટે કરવું પડે છે કારણ કે બંધારણ એક જીવંત દસ્તાવેજ છે, અને બદલાતા સમય સાથે તાલ મિલાવવા માટે તેને પુનર્જીવિત કરવાની જરૂર હતી. એવી રજૂઆત કરવામાં આવી હતી કે કાયદાની અન્ય

શાખાઓ માટે આ સાચું ન હોઈ શકે, જ્યાં ચુકાદાઓની પુનઃવિચારણા કરવામાં આવતી નથી, કારણ કે ખાનગી અધિકારો સાથે સંકળાયેલા કાયદાઓના સંદર્ભમાં અદાલતો સ્પષ્ટ અને અસંદિગ્ધ રીતે સ્ટેર ડેસિસિસના સિદ્ધાંતનું પાલન કરે તેવી અપેક્ષા રાખવામાં આવતી હતી. જ્યાં સુધી પ્રસ્તુત વિવાદનો સંબંધ છે, એવી રજૂઆત કરવામાં આવી હતી કે સેકન્ડ અને થર્ડ જજીસ કેસોમાં આ કોર્ટ દ્વારા નોંધવામાં આવેલા નિષ્કર્ષો શંકાસ્પદ નિષ્કર્ષો દર્શાવે છે, કારણ કે મોટી સંખ્યામાં મહત્વપૂર્ણ તથ્યો (જે ઉપર નોંધવામાં આવ્યા છે) ધ્યાનમાં લેવામાં આવ્યા નહોતા. એવી રજૂઆત કરવામાં આવી હતી કે પ્રસ્તુત વિવાદ જેવા વિવાદમાં ઉચિતતા કાયદાના વિકાસની તરફેણમાં હોવી જોઈએ. એવી રજૂઆત કરવામાં આવી હતી કે તેમના મતે આ એક એવો કેસ હતો, જેમાં સેકન્ડ અને થર્ડ જજીસ કેસોમાં આ કોર્ટ દ્વારા નિર્ધારિત મુદ્દાની મોટી બેંચને સંદર્ભ કરીને પુનઃતપાસ કરવાની જરૂર હતી. વિદ્વાન વકીલે નિર્દેશ કર્યો કે, આ કોર્ટ સમક્ષ દાખલ કરાયેલી વિવિધ અરજીઓમાં કરવામાં આવેલી રજૂઆતોને કોઈપણ બંધારણીય જોગવાઈના લખાણનું સમર્થન નહોતું, પરંતુ તે માત્ર ઉપરોક્ત બે કેસોમાં આ કોર્ટ દ્વારા જાહેર કરાયેલી કાનૂની સ્થિતિ પર આધારિત હતી. આવા મહત્વપૂર્ણ વિવાદમાં, વિદ્વાન વકીલના જણાવ્યા અનુસાર, આ કોર્ટે પોતાના અગાઉના ચુકાદાઓની પુનઃવિચારણા કરવામાં ખચકાવું જોઈએ નહીં. શ્રી અંધ્યારુજિનાએ એક પ્રશ્ન ઉપસ્થિત કર્યો, એટલે કે, શું આપણે સેકન્ડ અને થર્ડ જજીસ કેસોના ચુકાદાઓની પુનર્વિચારણા કર્યા વિના વર્તમાન કેસમાં ઉપસ્થિત વિવાદનો નિર્ણય કરી શકીએ? તેમણે બીજા એક પ્રશ્ન દ્વારા તેનો જવાબ આપ્યો

કે, ન્યાયમૂર્તિઓની નિમણૂક ન્યાયમૂર્તિઓ દ્વારા કેવી રીતે થઈ શકે? ઉપરોક્ત બાબતને વધુ એક પ્રશ્ન રજૂ કરીને ફરીથી અલગ રીતે મૂકવામાં આવી હતી કે, શું ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં પ્રાથમિકતા ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ પાસે રહી શકે?

૫૧. વિદ્વાન વરિષ્ઠ અધિવક્તા શ્રી અજિત કુમાર સિન્હાએ, આ બાબતની સુનાવણી મોટી બેંચ દ્વારા થવી જરૂરી છે તેવી પોતાની દલીલના સમર્થનમાં, મિનરલ એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટી વિ. સ્ટીલ ઓથોરિટી ઓફ ઇન્ડિયા૨૩ પર આધાર રાખ્યો, અને આ કોર્ટ દ્વારા કરવામાં આવેલા સંદર્ભના પ્રશ્ન નં. ૫ તરફ અમારું ધ્યાન દોર્યું:

> "૫. શું સ્ટેટ ઓફ વેસ્ટ બંગાળ વિ. કેસોરામ ઇન્ડસ્ટ્રીઝ લિ. [(૨૦૦૪) ૧૦ એસ.સી.સી. ૨૦૧] માં બહુમતી નિર્ણયને ઇન્ડિયા સિમેન્ટ લિ. વિ. સ્ટેટ ઓફ તમિલનાડુ [(૧૯૯૦) ૧ એસ.સી.સી. ૧૨] માં સાત-ન્યાયાધીશોની બેંચના નિર્ણયમાં ઠરાવવામાં આવેલા કાયદાથી અલગ પડતો ગણી શકાય?"

એ નિર્દેશ કરવામાં આવ્યો હતો કે, ઉપરોક્ત પ્રશ્ન એટલા માટે ઘડવામાં આવ્યો હતો કારણ કે સ્ટેટ ઓફ વેસ્ટ બંગાળ વિ. કેસોરામ ઇન્ડસ્ટ્રીઝમાં લિ.૨૪ માં, આ કોર્ટે ૪:૧ ની બહુમતીથી ઇન્ડિયા સિમેન્ટ લિ. વિ. સ્ટેટ ઓફ તમિલનાડુ૨૫ માં આ કોર્ટની સાત-ન્યાયમૂર્તિઓની બેંચ દ્વારા આપવામાં આવેલા ચુકાદાને સ્પષ્ટ કર્યો હતો. આ કોર્ટે ઉપરોક્ત પ્રશ્ન ઘડવો પડ્યો હતો,

અને આ બાબતને નવ-ન્યાયમૂર્તિઓની બેંચને સંદર્ભિત કરવી પડી હતી. વિદ્વાન વકીલે, ત્યારબાદ સબ-કમિટી ઓફ જ્યુડિશિયલ એકાઉન્ટેબિલિટી વિ. ભારત સંઘ૨૬ પર આધાર રાખ્યો હતો, જેમાં આ કોર્ટે નીચે મુજબ અવલોકન કર્યું હતું:[789]

> "૫. જો અરજને જાણે કે તે એક સ્વતંત્ર મૂળ કાર્યવાહી હોય તેમ તપાસવામાં આવે તો પણ, આવી પરિસ્થિતિને અનુરૂપ કસોટીઓ પણ આ દાદ મંજૂર કરવાની પરવાનગી આપશે નહીં. આ અરજ મંજૂર કરવાની વિરુદ્ધની વિચારણાઓ સ્પષ્ટ અને અનિવાર્ય છે. ખરેખર, આ કોર્ટની કોઈ સમકક્ષ બેંચ અન્ય સમકક્ષ બેંચ સમક્ષના કોઈ વાદ અથવા બાબતમાં વાપરવામાં આવેલા વિવેકાધિકાર અથવા આપવામાં આવેલા ચુકાદા પર ટિપ્પણી પણ કરી શકે નહીં, તેના પર ન્યાયનિર્ણય કરવાનું તો બાજુ પર રહ્યું....."

ઉપરોક્ત બાબતને ધ્યાનમાં રાખીને, એવી દલીલ કરવામાં આવી હતી કે, આ કોર્ટે હાથ પરના વિવાદના ગુણદોષની તપાસ કરતી વખતે, પોતાના નિષ્કર્ષો નોંધવા માટે સેકન્ડ અને થર્ડ જજીસ કેસોના ચુકાદાઓ પર આધાર રાખવા બંધાયેલી હતી. ઉપર વર્ણવેલી હકીકતલક્ષી પરિસ્થિતિનો ઉલ્લેખ કરતાં, એવી રજૂઆત કરવામાં આવી હતી કે, જ્યાં સુધી આ બાબતને નવ-ન્યાયમૂર્તિઓની બેંચને (અથવા તો, તેનાથી પણ મોટી બેંચને) સંદર્ભિત કરવામાં ન આવે ત્યાં

---

[7] ૨૨ (૨૦૦૨) ૫ એસ.સી.સી. ૧૧૧

[8] ૨૩ (૨૦૧૧) ૪ એસ.સી.સી. ૪૫૦

[9] ૨૪ (૨૦૦૪) ૧૦ એસ.સી.સી. ૨૦૧

સુધી આ કોર્ટ રજૂ કરવામાં આવેલા મુદ્દાઓ પર અસરકારક રીતે ન્યાયનિર્ણય કરવાની સ્થિતિમાં રહેશે નહીં.

૫૨. ભારતના વિદ્વાન સોલિસિટર જનરલ શ્રી રણજીત કુમારે રજૂઆત કરી હતી કે, તેઓ બે ચુકાદાઓ પર આધાર રાખીને મોટી બેંચને સંદર્ભ કરવાના દાવાને સમર્થન આપશે, અને તેનાથી વિશેષ કંઈ કહેશે નહીં. સર્વપ્રથમ, તેમણે બેંગાલ ઇમ્યુનિટી કું. લિ. કેસ૧૯ પર આધાર રાખ્યો હતો, જે અંગે એ નિર્દેશ કરવામાં આવ્યો હતો કે, તેમાં સ્ટેટ ઓફ બોમ્બે વિ. યુનાઇટેડ મોટર્સ (ઇન્ડિયા) લિ.૨૭ ના ચુકાદા પર વિચારણા કરવામાં આવી હતી. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, આ ચુકાદા પર પુનર્વિચારણા કરવાની જરૂર હતી કે કેમ તે નક્કી કરવા માટે આ બાબત સાત-ન્યાયમૂર્તિઓની બેંચને સંદર્ભિત કરવામાં આવી હતી. વિદ્વાન સોલિસિટર જનરલના જણાવ્યા અનુસાર, વર્તમાન વિવાદમાં પણ આ જ પ્રક્રિયા અપનાવવાની જરૂર છે, જેથી અગાઉના ચુકાદાઓ પર નવેસરથી નિર્ણય લઈ શકાય. વિદ્વાન સોલિસિટર જનરલે ત્યારબાદ કેશવ મિલ્સ કું. લિ. વિ. કમિશનર ઓફ ઇન્કમ-ટેક્સ, બોમ્બે નોર્થ૨૮ પર આધાર રાખ્યો હતો, જેમાં સાત-ન્યાયમૂર્તિઓની બેંચે નીચે મુજબ ઠેરવેલ કે:

> "તે પ્રશ્ન પર વિચારણા કરતી વખતે કે શું આ કોર્ટના અગાઉના[10] ૨૮ (૧૯૬૫) ૨ એસ.સી.આર. ૯૦૮ ન્યૂ જહાંગીર મિલ્સ કેસ, (૧૯૬૦) ૧ એસ.સી.આર. ૨૪૯ અને પેટલાદ કું. લિ. કેસ, (૧૯૬૩) સપ્લી. ૧

[10] ૨૫ (૧૯૯૦) ૧ એસ.સી.સી. ૧૨ ૨૬ (૧૯૯૨) ૪ એસ.સી.સી. ૯૭

એસ.સી.આર. ૮૭૧ ના નિર્ણયો પર અમારા દ્વારા પુનર્વિચારણા અને પુનરાવલોકન થવું જોઈએ કે કેમ, આવા કેસોમાં કયો અભિગમ અપનાવવો જોઈએ તે અંગે આપણે સ્પષ્ટ હોવું જોઈએ. શ્રી પાલખીવાલાએ એ હકીકતનો વિરોધ કર્યો નથી કે, કોઈ યોગ્ય કેસમાં, આ કોર્ટ પાસે તેના અગાઉના નિર્ણયો પર પુનર્વિચારણા અને પુનરાવલોકન કરવાની અંતર્ગત હકૂમત છે, અને તેથી, આવી સત્તા આ કોર્ટમાં નિહિત છે કે કેમ તે અંગેના સૈદ્ધાંતિક પ્રશ્ન પર આપણે અટકવાની જરૂર નથી. જોકે, આ અંતર્ગત સત્તાનો ઉપયોગ કરતી વખતે, આ કોર્ટ સ્વાભાવિક રીતે જ અમુક વાજબી મર્યાદાઓ લાદવાનું પસંદ કરશે અને જ્યાં સુધી તેને ખાતરી ન થાય કે તેમ કરવા માટે અનિવાર્ય અને નક્કર કારણો રહેલા છે, ત્યાં સુધી તે તેના અગાઉના નિર્ણયોની પુનર્વિચારણા અને પુનરાવલોકન માટેની દલીલો સ્વીકારવામાં અનિચ્છા દર્શાવશે. સામાન્ય ન્યાયિક અનુભવ એવો છે કે વૈધાનિક અથવા બંધારણીય જોગવાઈઓના અર્થઘટનના પ્રશ્નો ધરાવતી કાયદાકીય બાબતોમાં, ઘણીવાર બે મંતવ્યો વ્યાજબી રીતે સંભવ હોય છે અને જ્યારે ન્યાયિક અભિગમે બે વ્યાજબી રીતે સંભવ મંતવ્યો વચ્ચે પસંદગી કરવાની હોય છે, ત્યારે નિર્ણય લેવાની પ્રક્રિયા ઘણીવાર ખૂબ જ મુશ્કેલ અને નાજુક હોય છે. જ્યારે આ કોર્ટ હાઇકોર્ટોના નિર્ણયો સામેની અપીલો સાંભળે છે અને કાયદાના કોઈપણ મુદ્દા પર હાઇકોર્ટો દ્વારા લેવાયેલા મતની ઔચિત્યતા અથવા શુદ્ધતા પર વિચારણા કરવાની જરૂર હોય છે, ત્યારે આ કોર્ટ માટે એવું ઠેરવવાનું ખુલ્લું રહેશે કે જોકે હાઇકોર્ટ દ્વારા

લેવાયેલો મત વ્યાજબી રીતે સંભવ છે, તેમ છતાં વૈકલ્પિક મત જે વ્યાજબી રીતે સંભવ છે તે વધુ સારો છે અને તેને પ્રાધાન્ય આપવું જોઈએ. આવા કેસમાં, જે હાઈકોર્ટનો ચુકાદો અપીલ હેઠળ છે તેના દ્વારા લેવાયેલા મત અને આ કોર્ટને વધુ વાજબી જણાતા વૈકલ્પિક મત વચ્ચે પસંદગી કરવાની હોય છે; અને હાઈકોર્ટના મત કરતાં પોતાના મતને પ્રાધાન્ય આપીને સ્વીકારવામાં આ કોર્ટ અપીલ કોર્ટ તરીકેની પોતાની ફરજ બજાવતી હોય છે. પરંતુ અનિવાર્યપણે અલગ વિચારણાઓ ઉદ્ભવવી જ જોઈએ જ્યાં આ કોર્ટના અગાઉના નિર્ણયે કોઈ વૈધાનિક જોગવાઈના અર્થઘટન અંગે ચોક્કસ મત અપનાવ્યો હોય, જેમ કે, દાખલા તરીકે, સદર એક્ટની કલમ ૬૬(૪). જ્યારે એવી રજૂઆત કરવામાં આવે છે કે આ કોર્ટ દ્વારા અગાઉ લેવાયેલા મતની સમીક્ષા અને પુનરાવલોકન થવું જોઈએ, ત્યારે આવી સમીક્ષા અને પુનરાવલોકન માટે એવું ઠેરવવું પૂરતું કારણ ન પણ હોઈ શકે કે જોકે અગાઉનો મત વ્યાજબી રીતે સંભવ મત છે, તેમ છતાં પછીના પ્રસંગે ભારપૂર્વક રજૂ કરાયેલો વૈકલ્પિક મત વધુ વાજબી છે. પોતાના અગાઉના નિર્ણયની સમીક્ષા અને પુનરાવલોકન કરતી વખતે, આ કોર્ટે પોતાની જાતને પૂછવું જોઈએ કે શું જાહેર હિતમાં અથવા અન્ય કોઈપણ માન્ય અને અનિવાર્ય કારણોસર, અગાઉના નિર્ણયનું પુનરાવલોકન કરવું જરૂરી છે. જ્યારે આ કોર્ટ કાયદાના પ્રશ્નો નક્કી કરે છે, ત્યારે તેના નિર્ણયો, અનુચ્છેદ ૧૪૧ હેઠળ ભારતના ક્ષેત્ર પ્રદેશમાં આવેલી તમામ અદાલતો માટે બંધનકર્તા હોય છે, અને તેથી, દેશમાં કાયદાના

અર્થઘટનમાં નિશ્ચિતતા અને સાતત્યનું તત્વ દાખલ કરવું અને જાળવી રાખવું એ આ કોર્ટનો સતત પ્રયાસ અને ચિંતા હોવી જોઈએ. પાછળથી પોતાની સમક્ષ રજૂ કરાયેલો મત કોર્ટને વધુ વાજબી જણાય છે તેવા કારણોસર પોતાના અગાઉના નિર્ણયોની સમીક્ષા કરવાની પોતાની સત્તાનો આ કોર્ટ દ્વારા વારંવાર ઉપયોગ કરવાથી આકસ્મિક રીતે કાયદો અનિશ્ચિત બનવાનું વલણ ઊભું થઈ શકે છે અને ગૂંચવણ ઊભી થઈ શકે છે જેને સતત ટાળવી જ જોઈએ. એનો અર્થ એવો નથી કે જો પછીના પ્રસંગે કોર્ટને ખાતરી થાય કે તેનો અગાઉનો નિર્ણય સ્પષ્ટપણે ભૂલભરેલો હતો, તો તેણે તે ભૂલ સુધારવામાં અચકાવું જોઈએ: પરંતુ કોઈ અગાઉનો નિર્ણય સ્પષ્ટપણે ભૂલભરેલો છે તેવું જાહેર કરવામાં આવે તે પહેલાં, કોર્ટના સભ્યો વચ્ચે વ્યાજબી સર્વસંમતિ સાથે કોર્ટને ખાતરી થવી જોઈએ કે સદર મતનું પુનરાવલોકન સંપૂર્ણપણે ન્યાયી છે. પોતાના અગાઉના નિર્ણયોની સમીક્ષા અને પુનરાવલોકન કરવાના પ્રશ્ન સાથે કામ કરતી વખતે કોર્ટના અભિગમનું સંચાલન કરે તેવા કોઈપણ સિદ્ધાંતો નિર્ધારિત કરવા શક્ય કે ઈચ્છનીય નથી, અને કોઈપણ સંજોગોમાં તે અયોગ્ય રહેશે. તે હંમેશા કેટલીક પ્રસ્તુત વિચારણાઓ પર નિર્ભર રહેશે: - અગાઉના મતની સમીક્ષા અને પુનરાવલોકન માટેની દલીલ જે ક્ષતિ અથવા ભૂલ પર આધારિત છે તેનું સ્વરૂપ શું છે? અગાઉના પ્રસંગે, શું પ્રશ્નના કેટલાક સ્પષ્ટ પાસાઓ ધ્યાનમાં લેવાયા વિના રહી ગયા હતા, અથવા કોર્ટનું ધ્યાન દોરવામાં આવ્યું ન હતું. કોઈપણ સંબંધિત અને મહત્વપૂર્ણ

વૈધાનિક જોગવાઈ તરફ, અથવા આ મુદ્દાને લગતો આ કોર્ટનો અગાઉનો કોઈ નિર્ણય ધ્યાને ન આવ્યો હતો? શું આવી દલીલ સાંભળતી કોર્ટ એ બાબતે વાજબી રીતે સર્વસંમત છે કે અગાઉના મતમાં આવી ભૂલ છે? સામાન્ય કાયદા વહીવટ પર અથવા જાહેર હિત પર તે ભૂલની શું અસર થશે? શું પછીના પ્રસંગોએ આ કોર્ટ દ્વારા અથવા હાઈકોર્ટો દ્વારા અગાઉના નિર્ણયનું અનુસરણ કરવામાં આવ્યું છે? અને, શું અગાઉના નિર્ણયને ઉલટાવવાથી જાહેર અસુવિધા, મુશ્કેલી કે અડચણ ઊભી થશે? જ્યારે પણ આ કોર્ટને તેના અગાઉના નિર્ણયોની સમીક્ષા અને સમીક્ષા તથા પુનરાવલોકન કરવા માટે તેની હકૂમતનો ઉપયોગ કરવાનું કહેવામાં આવે ત્યારે આ અને અન્ય સંબંધિત વિચારણાઓ કાળજીપૂર્વક ધ્યાનમાં રાખવી જોઈએ. આ વિચારણાઓ ત્યારે હજુ વધુ મહત્વપૂર્ણ બની જાય છે જ્યારે અગાઉનો નિર્ણય આ કોર્ટના પાંચ વિદ્વાન ન્યાયમૂર્તિઓની બેંચનો સર્વાનુમત નિર્ણય હોય. ..... સ્ટેર ડેસિસિસનો સિદ્ધાંત, નિઃશંકપણે, એવા કેસોમાં લાગુ કરી શકાય નહીં જ્યાં આ કોર્ટના તેના અગાઉના નિર્ણયો પર પુનર્વિચારણા અને પુનરાવલોકન કરવાની હકૂમતનો ઉપયોગ કરવાની માંગણી કરવામાં આવી હોય; પરંતુ તેમ છતાં, આ કોર્ટ દ્વારા આપવામાં આવેલા ચુકાદાઓ આખરી રહેશે તેવા સામાન્ય સિદ્ધાંતની અવગણના કરી શકાય નહીં, અને જ્યાં સુધી નક્કર અને અનિવાર્ય સ્વરૂપની વિચારણાઓ તેમ કરવાનું જરૂરી ન બનાવે, ત્યાં સુધી આ કોર્ટે તેના અગાઉના નિર્ણયોની સમીક્ષા અને પુનરાવલોકન કરવામાં અનિચ્છા

દર્શાવવી જોઈએ અને અનિચ્છા દર્શાવશે. વિદ્વાન એટર્ની જનરલ દ્વારા રજૂ કરવામાં આવેલા એ મુદ્દા સાથે કામ કરતી વખતે આપણે જે અભિગમ અપનાવવાનો પ્રસ્તાવ મૂકીએ છીએ તે વ્યાપક રીતે કહીએ તો આ છે કે ન્યૂ જહાંગીર મિલ્સ કેસ, (૧૯૬૦) ૧ એસ.સી.આર. ૨૪૯ અને પેટલાદ કું. લિ. કેસ, (૧૯૬૩) સપ્લી. ૧ એસ.સી.આર. ૮૭૧ માં આ કોર્ટના અગાઉના નિર્ણયો પર પુનર્વિચારણા અને પુનરાવલોકન થવું જોઈએ. તો ચાલો આપણે સદર એક્ટની કલમ ૬૬(૪) ના અર્થઘટનના પ્રશ્ન પર વિચાર કરીએ. આપણે તેમ કરીએ તે પહેલાં, કલમ ૬૬ ની પેટા-કલમ (૧), (૨) અને (૪) વાંચવી જરૂરી છે. કલમ ૬૬(૧) આ મુજબ વંચાય છે: - "કલમ ૩૩ ની પેટા-કલમ (૪) હેઠળના હુકમની નોટિસ તેને બજાવવામાં આવે તે તારીખથી સાઠ દિવસની અંદર, કરદાતા અથવા કમિશનર, નિયત નમૂનામાં અરજી કરીને, જ્યાં કરદાતા દ્વારા અરજી કરવામાં આવી હોય ત્યાં એક સો રૂપિયાની ફી સાથે, એપેલેટ ટ્રિબ્યુનલ સમક્ષ આવા હુકમમાંથી ઉદ્ભવતો કાયદાનો કોઈપણ પ્રશ્ન હાઈકોર્ટને સંદર્ભિત કરવાની માંગ કરી શકે છે, અને એપેલેટ ટ્રિબ્યુનલ આવી અરજી મળ્યાના નેવું દિવસની અંદર કેસનું નિવેદન તૈયાર કરશે અને તેને હાઈકોર્ટને સંદર્ભિત કરશે." ..... "

ઉપરોક્તના આધારે, વિદ્વાન એટર્ની જનરલ દ્વારા દર્શાવવામાં આવેલી વાસ્તવિક અને કાનૂની સ્થિતિના આધારે એવો દાવો કરવામાં આવ્યો હતો કે, આ કોર્ટ દ્વારા સેકન્ડ જજીસ કેસમાં તેમજ થર્ડ જજીસ કેસમાં જાહેર કરાયેલી સ્થિતિ સ્પષ્ટપણે ભૂલભરેલી હતી. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, ઉચ્ચ

ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂક માટે આ કોર્ટ દ્વારા વિકસાવવામાં આવેલી પ્રક્રિયા સંપૂર્ણપણે નિષ્ફળ ગઈ હોવાથી, તે નિર્ધારિત પ્રક્રિયાની સ્વતંત્રતામાં કોઈ ખામીના કારણે નહીં, પરંતુ ન્યાયમૂર્તિઓના કોલેજિયમમાં નિહિત જવાબદારીઓ નિભાવવામાં ભાગ લેનારા ન્યાયાધીશોની "ન્યાયાધીશોની આંતરિક નિર્ભરતા" ના કારણે નિષ્ફળ ગઈ હોવાથી, ચોક્કસપણે પુનઃતપાસની જરૂર હતી.

૫૩. ભારત સંઘ અને વિવિધ રાજ્ય સરકારોનું પ્રતિનિધિત્વ કરતા વિદ્વાન વકીલો દ્વારા રજૂ કરવામાં આવેલી રજૂઆતો પરથી એ સ્પષ્ટ થાય છે કે, ધ કોન્સ્ટીટ્યુશન (૯૯મો સુધારો) એક્ટ, ૨૦૧૪ અને એનજેએસી એક્ટની બંધારણીય માન્યતાના સંદર્ભમાં કરવામાં આવેલા દાવાઓનો જવાબ આપવાનું પસંદ કરવાને બદલે, તેઓએ સામૂહિક રીતે એવી રજૂઆત કરી હતી કે વર્તમાન પાંચ-ન્યાયમૂર્તિઓની બેંચે વર્તમાન વિવાદને ન્યાયનિર્ણય માટે નવ કે તેથી વધુ ન્યાયમૂર્તિઓની બેંચને સંદર્ભિત કરવો જોઈએ, જે જરૂરી જણાય તો સેકન્ડ અને થર્ડ જજીસ કેસોમાં આ કોર્ટ દ્વારા આપવામાં આવેલા ચુકાદાઓની અસરકારક રીતે પુનર્વિચારણા કરી શકે. ઉપરોક્ત વિચારણાને ધ્યાનમાં રાખીને, અમારો એવો મત છે કે, સુરાજ ઈન્ડિયા ટ્રસ્ટ કેસ૧૫ માં આ કોર્ટ દ્વારા નોંધવામાં આવેલા અવલોકનો, તેમજ તે આ કોર્ટ સમક્ષ પડતર છે તે હકીકત, મહત્વહીન છે. અમારા દ્વારા કરાયેલા આ નિર્ધારણના પરિણામે, ઉપરોક્ત બાબતનો વર્તમાન ચુકાદાની શરતો અનુસાર નિકાલ કરવાપાત્ર રહેશે.

IV. પુનર્વિચારણા માટેની દરખાસ્ત સામે અરજદારોનો વાંધો:

૫૪. શ્રી ફલી એસ. નરીમન એ સૂચન સાથે અસંમત થયા હતા કે હાથ પરના વિવાદનો નિર્ણય મોટી બેંચ દ્વારા લેવાની જરૂર હતી. તેમની ચોક્કસ રજૂઆત હતી કે, મોટી બેંચને સંદર્ભ માટેની અરજ ઉઠાવવામાં આવે તે પહેલાં જે અમુક મુખ્ય લક્ષણોને અનિવાર્યપણે ધ્યાનમાં લેવા જરૂરી હતા તેની અવગણના કરીને, ચર્ચાયેલા મુદ્દા પર અયોગ્ય રીતે ભાર મૂકવામાં આવ્યો હતો. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, સામાવાળાઓનું પ્રતિનિધિત્વ કરતા તમામ વિદ્વાન વકીલોએ એ હકીકતની અવગણના કરી હતી કે, બંધારણના અનુચ્છેદ ૧૨૪ નું અર્થઘટન પ્રથમ કિસ્સામાં ફર્સ્ટ જજીસ કેસમાં સાત-ન્યાયમૂર્તિઓની બેંચ દ્વારા કરવામાં આવ્યું હતું. એ નિર્દેશ કરવામાં આવ્યો હતો કે, ફર્સ્ટ જજીસ કેસમાં આ કોર્ટ દ્વારા જાહેર કરાયેલા કાયદા અંગે શંકા ઊભી થતાં, આ બાબત નવ-ન્યાયમૂર્તિઓની બેંચ સમક્ષ પુનર્વિચારણા માટે સંદર્ભિત કરવામાં આવી હતી, જેણે સેકન્ડ જજીસ કેસમાં ચુકાદો આપ્યો હતો. એ નિર્દેશ કરવામાં આવ્યો હતો કે, યુનિયન ઓફ ઇન્ડિયા અને વિવિધ સહભાગી રાજ્યોનું પ્રતિનિધિત્વ કરતા વિદ્વાન વકીલોના કહેવાથી કરવામાં આવી રહેલી પુનર્વિચારણા માટેની અરજ સ્પષ્ટપણે અસ્વીકાર્ય હતી, કારણ કે ફર્સ્ટ જજીસ કેસમાં આ કોર્ટ દ્વારા જાહેર કરવામાં આવેલી કાનૂની સ્થિતિની મોટી બંધારણીય બેંચ દ્વારા સેકન્ડ જજીસ કેસમાં પહેલેથી જ પુનર્વિચારણા કરવામાં આવી ચૂકી હતી. એટલું જ નહીં, એવો દાવો કરવામાં આવ્યો હતો કે, જ્યારે સેકન્ડ જજીસ કેસના ચુકાદાના અમલીકરણ અંગે અમુક શંકાઓ ઊભી થઈ, ત્યારે અનુચ્છેદ ૧૪૩ હેઠળ

રાષ્ટ્રપતિ સંદર્ભ કરવામાં આવ્યો હતો, જેના પરિણામે વધુ એક નવ-ન્યાયમૂર્તિઓની બેંચ દ્વારા આ બાબતની પુનઃતપાસ કરવામાં આવી હતી, જ્યાં યુનિયન ઓફ ઇન્ડિયાએ ફકરા ૧૧ માં પોતાનું વલણ સ્પષ્ટપણે નીચે મુજબ વ્યક્ત કર્યું હતું:

> "૧૧. અમે શરૂઆતમાં જ એટર્ની જનરલના નિવેદનોની નોંધ લઈએ છીએ કે (૧) યુનિયન ઓફ ઇન્ડિયા સેકન્ડ જજીસ કેસના ચુકાદાની પુનરાવલોકન કે પુનર્વિચારણાની માંગ કરતું નથી અને (૨) યુનિયન ઓફ ઇન્ડિયા આ સંદર્ભમાં નક્કી કરાયેલા પ્રશ્નોના આ કોર્ટના જવાબોને સ્વીકારશે અને બંધનકર્તા તરીકે ગણશે."

એવી રજૂઆત કરવામાં આવી હતી કે, ત્યારબાદ, આ બાબતની ફરીથી તપાસ કરવામાં આવી હતી અને થર્ડ જજીસ કેસમાં આપવામાં આવેલા ચુકાદા દ્વારા સેકન્ડ જજીસ કેસમાં જાહેર કરાયેલી કાનૂની સ્થિતિનો પુનરોચ્ચાર કરવામાં આવ્યો હતો અને તેને બહાલી આપવામાં આવી હતી. ઉપરોક્ત હકીકતલક્ષી પરિસ્થિતિના આધારે, વિદ્વાન વકીલે એક પ્રશ્ન ઉઠાવ્યો હતો, એટલે કે, આ કોર્ટ એક જ પ્રશ્નની કેટલી વાર પુનર્વિચારણા કરી શકે? એવો દાવો કરવામાં આવ્યો હતો કે, સામાવાળાઓનું પ્રતિનિધિત્વ કરનારાઓ માટે આવી અરજ જ એકમાત્ર રસ્તો જણાતી હોવાના માત્ર કારણસર, તેને સ્વીકારવાની જરૂર નથી.

૫૫. વિદ્વાન વરિષ્ઠ વકીલે નિર્દેશ કર્યો હતો કે, ઉચ્ચ ન્યાયતંત્રમાં નિમણૂકોના સંદર્ભમાં કાનૂની સ્થિતિની પ્રથમ વખત ૧૯૮૧ માં ફર્સ્ટ જજીસ

કેસમાં તપાસ કરવામાં આવી હતી અને જાહેર કરવામાં આવી હતી. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, જો ફર્સ્ટ જજીસ કેસની સુનાવણી દરમિયાન આ કોર્ટનું ધ્યાન સમશેર સિંહ કેસ૧૧ તરફ દોરવામાં આવ્યું હોત, તો ઉપરોક્ત નિર્ણય લેવામાં આવ્યો ન હોત. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, ફર્સ્ટ જજીસ કેસમાં આ કોર્ટ દ્વારા જાહેર કરાયેલી સ્થિતિની પુનર્વિચારણા કરવાની જરૂર છે, તે બાબત સુભાષ શર્મા કેસ૪ ની સુનાવણી દરમિયાન અનુભવાઈ હતી. ફર્સ્ટ જજીસ કેસમાં આ કોર્ટ દ્વારા તારવવામાં આવેલા નિષ્કર્ષોના ઔચિત્યની તપાસ કરતી વખતે, આ બાબત નવ-ન્યાયમૂર્તિઓની બેંચ સમક્ષ વિચારણા માટે મૂકવામાં આવી હતી. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, સામાવાળાઓનું પ્રતિનિધિત્વ કરતા વિદ્વાન વરિષ્ઠ વકીલ દ્વારા હવે જે તમામ મુદ્દાઓ ઉઠાવવામાં આવ્યા છે, તે સેકન્ડ જજીસ કેસની સુનાવણી કરતી બેંચ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. આ કોર્ટે સેકન્ડ જજીસ કેસમાં સ્પષ્ટપણે એવો નિષ્કર્ષ કાઢ્યો હતો કે, ફર્સ્ટ જજીસ કેસમાં આપવામાં આવેલો અગાઉનો ચુકાદો સાચો કાયદો પ્રસ્થાપિત કરતો ન હતો. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, સેકન્ડ જજીસ કેસમાં કાનૂની સ્થિતિ ૭:૨ ની બહુમતી દ્વારા જાહેર કરવામાં આવી હતી.

૫૬. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, સેકન્ડ જજીસ કેસમાં લઘુમતી મત એ.એમ. અહમદી અને એમ.એમ. પુંછી, ન્યાયમૂર્તિઓ (તેઓ તે સમયે હતા તે મુજબ) દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો હતો. વિદ્વાન વરિષ્ઠ વકીલે એમ.એમ. પુંછી, ન્યાયમૂર્તિ દ્વારા સેકન્ડ જજીસ કેસમાં નોંધવામાં આવેલા અવલોકનોનો સંદર્ભ આપ્યો હતો:

"૫૦૦. આમ, હું જોઉં છું તે મુજબ એસ.પી. ગુપ્તા કેસ, જ્યાં સુધી તે કારોબારીને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા કરવામાં આવેલી સ્પષ્ટ અસંમતિ કે બિન-ભલામણના મંતવ્યોને અવગણવાની મંજૂરી આપે છે, અને તે બાબતે હાઇકોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂક કરતી વખતે હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિના મંતવ્યોને, તે એક અસ્વીકાર્ય વંચિતતાનું કૃત્ય છે, જે બંધારણની ભાવનાનું ઉલ્લંઘન કરે છે, જેને માન્ય રાખી શકાય નહીં, કારણ કે તે કારોબારીને એક અન્યાયી અને અસમર્થનીય વધારાની સત્તા આપે છે જે મૂળરૂપે વિચારવામાં આવી ન હતી. કારોબારી પાસે આવી સત્તા સોંપવી એ સંપૂર્ણપણે અયોગ્ય અને મનસ્વી સત્તાના સ્વરૂપનું હશે. બંધારણીય જોગવાઈઓ, જે રીતે તે કરે છે તેમ, બહુલતા અને પરસ્પરતાની પરિકલ્પના કરે છે, પરંતુ માત્ર બંધારણીય પદાધિકારીઓ વચ્ચે અને કાયદેસરના પદાધિકારીઓના સ્થાને ગેર-બંધારણીય પદાધિકારીઓમાં તો બિલકુલ નહીં. આ બંને પદાધિકારીઓને પારણાના બાળકો સાથે સરખાવી શકાય, જેઓ તેમની સામાન્ય માતા - બંધારણ સાથે ગાઢ રીતે જોડાયેલા છે. તેઓ તે જોડાણ દ્વારા એકબીજાને ઓળખે છે. આમ, ફળ પ્રત્યે સીધી ફરજ કરતાં જે વૃક્ષ પર તે ફળ આવ્યું છે તે વૃક્ષ પ્રત્યે વધુ ફરજ રહેલી છે. વૃક્ષના મૂળિયાંને અવગણીને માત્ર ફળને પાણી પાવું એ નિરર્થક છે. બંને પદાધિકારીઓએ એકબીજાથી અંતર રાખવું જોઈએ તેવો મત પ્રતિકૂળ પરિણામ આપનાર છે. બંને વચ્ચેના સંબંધો વધુ વિચારણા સાથે જાળવી રાખવાની જરૂર છે.

xxx xxx xxx

૫૦૩. અદાલતમાં આવતા મુકદ્દમાબાજની દુર્દશાનું વર્ણન કરવા માટે આપવામાં આવેલું બેકોનિયન સદીઓ જૂનું ઉદાહરણ મારા ધ્યાનમાં આવે છે. એવું વર્ણન કરવામાં આવ્યું હતું કે જ્યારે ઘેટું વરસાદ અને કરાથી પોતાને બચાવવા માટે ઝાડીમાં આશ્રય લેવા દોડ્યું, ત્યારે બહાર આવતી વખતે તેને પોતાના ઊનથી વંચિત થવું પડ્યું. ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની સંસ્થા માટે પણ એ જ નિયતિ છે. અહીં તે સાદા અને શુદ્ધ સ્વરૂપે પ્રભુત્વના પરિવર્તનમાં પરિણમે છે. એસ.પી. ગુપ્તા પછીના સમયગાળામાં, કેન્દ્ર સરકાર એટલે કે કાયદા મંત્રી અને વડાપ્રધાન પ્રભુત્વ ધરાવતી સ્થિતિમાં જોવા મળ્યા હતા અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા અને તે જ રીતે રાજ્યની હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા અસંમતિ દર્શાવવામાં આવી હોય કે ભલામણ ન કરાઈ હોય છતાં પણ તેઓ ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિની નિમણૂક કરી શકતા હતા. અપવાદ કદાચ માત્ર ત્યારે જ થઈ શકતો હતો જ્યારે મુખ્ય ન્યાયમૂર્તિ પોતાની અસંમતિ બાબતે દ્રઢ નહોતા અને અનિર્ણિત હતા. તેમના આવા વલણને અમુક સંજોગોમાં ગર્ભિત સંમતિ તરીકે ગણી શકાતું હતું. આ અલબત્ત વિરલ કેસો હોઈ શકે. હવે ઉપરોક્ત બે કારોબારી વડાઓના સ્થાને પ્રથમ અને દ્વિતીય વરિષ્ઠ ન્યાયમૂર્તિઓ પ્રભુત્વવાળી સ્થિતિમાં આવે છે, ભલે તેઓ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે અસંમત હોય. હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ અથવા ન્યાયમૂર્તિની નિમણૂક કરતી વખતે પણ આવી જ સ્થિતિ ઊભી થશે.

આમ મારા સુવિચારિત મતે બંધારણ હેઠળ મુખ્ય ન્યાયમૂર્તિની સંસ્થાનું સ્થાન એકલ અને અદ્વિતીય સ્વરૂપનું હોવાથી તેમાં ખલેલ પહોંચાડી શકાય નહીં. તે એસ.પી. ગુપ્તા કેસમાંથી બચી ગઈ હતી, જોકે ખંડિત સ્વરૂપમાં, અને સંપૂર્ણપણે લુપ્ત થઈ નહોતી, જેમ કે અત્યારે કરવામાં આવી રહ્યું છે. એસ.પી. ગુપ્તામાં તે સંબંધમાં સુધારાની જરૂર હતી, ના કે સંપૂર્ણ લોપ કરવાની."

ઉપર ટાંકવામાં આવેલા અભિપ્રાય તરફ નિર્દેશ કરતાં એવો દાવો કરવામાં આવ્યો હતો કે, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા કરવામાં આવેલી ભલામણને (હાઇકોર્ટના ન્યાયમૂર્તિ તરીકે કોઈ વ્યક્તિની નિમણૂકને અસ્વીકાર કરતી) બાજુ પર મૂકવાની કારોબારીની કાર્યવાહી એ "બંધારણની ભાવનાનું ઉલ્લંઘન કરતું" વંચિતતાનું કૃત્ય ગણાશે. કારણ કે, ઉપરોક્ત વલણ/અભિવ્યક્તિ કારોબારીને એક અન્યાયી અને અસમર્થનીય સત્તા આપશે, જે બંધારણના ઘડવૈયાઓનો આશય નહોતો. કોર્ટે આગળ ઠેરવેલ કે, કારોબારીમાં આવી સત્તા નિહિત કરવી સંપૂર્ણપણે અયોગ્ય અને મનસ્વી સત્તાના સ્વરૂપનું હશે. એ બાબત પણ નોંધવામાં આવી હતી કે, આ કોર્ટે ફર્સ્ટ જજીસ કેસમાં પોતાનો નિર્ણય આપ્યા પછી, કાયદા મંત્રી અને વડાપ્રધાન એટલી પ્રભુત્વવાળી સ્થિતિમાં જોવા મળ્યા હતા કે તેઓ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા અસ્વીકાર કરાયા હોવા છતાં (અથવા, જ્યારે તેમની બિલકુલ ભલામણ કરવામાં આવી નહોતી ત્યારે પણ) ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિની નિમણૂક કરી શકતા હતા (અને તે જ રીતે, હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા). આમ, એમ.એમ. પુંછી, ન્યાયમૂર્તિના મતે,

આ વિગતો ફર્સ્ટ જજીસ કેસના રચયિતાઓના ધ્યાન બહાર રહી ગઈ હતી, અને સદર ચુકાદામાં તે સંબંધમાં સુધારાની જરૂર હતી. તે મુજબ, વિદ્વાન વરિષ્ઠ વકીલની એવી દલીલ હતી કે, અનુચ્છેદો ૧૨૪, ૨૧૭ અને ૨૨૨ હેઠળ નિયંત્રિત બાબતોમાં ન્યાયતંત્રની પ્રાથમિકતાના વિષય પર, લઘુમતી ન્યાયમૂર્તિઓ પૈકીના એક ન્યાયમૂર્તિએ પણ બહુમતી દ્વારા નોંધાયેલી લાગણીઓ જેવી જ સમાન લાગણીઓ વ્યક્ત કરી હતી.

૫૭. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, જ્યારે આ કોર્ટે સેકન્ડ જજીસ કેસ મારફતે આ બાબતની સમીક્ષા કરી, ત્યારે ફર્સ્ટ જજીસ કેસમાં આપવામાં આવેલા ચુકાદાની પુનર્વિચારણા કરીને હાથ પરના મુદ્દાની ઝીણવટપૂર્વક તપાસ કરવામાં આવી હતી. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, થર્ડ જજીસ કેસના નિર્ણય દરમિયાન, ભારતના તત્કાલીન એટર્ની જનરલે બેંચ સમક્ષ નિવેદન આપ્યું હતું કે, યુનિયન ઓફ ઇન્ડિયા, સેકન્ડ જજીસ કેસના ચુકાદાની પુનરાવલોકન કે પુનર્વિચારણા માંગતું નથી. જોકે ભારતના રાષ્ટ્રપતિ દ્વારા અનુચ્છેદ ૧૪૩ હેઠળ સુપ્રિમ કોર્ટને કરવામાં આવેલા સંદર્ભના પરિણામે આ કોર્ટ દ્વારા આપવામાં આવેલો અભિપ્રાય બંધનકર્તા નથી, તેમ છતાં ભારતના એટર્ની જનરલ દ્વારા એવું નિવેદન કરવામાં આવ્યું હતું કે યુનિયન ઓફ ઇન્ડિયાએ આ સંદર્ભમાં નક્કી કરાયેલા પ્રશ્નોના આ કોર્ટના જવાબોને બંધનકર્તા તરીકે સ્વીકાર્યા હતા. આ તમામ બાબતો, વિદ્વાન વકીલના જણાવ્યા અનુસાર, થર્ડ જજીસ કેસમાં આપવામાં આવેલા ચુકાદાના ફકરા ૧૧ માં નોંધાયેલી છે. વિદ્વાન વરિષ્ઠ

વકીલના જણાવ્યા અનુસાર, સેકન્ડ અને થર્ડ જજીસ કેસોની પુનર્વિચારણા માંગવી એ સ્પષ્ટપણે યુનિયન ઓફ ઇન્ડિયાના દાયરા બહારની બાબત હતી.

૫૮. અગાઉના ફકરાઓમાં વ્યક્ત કરાયેલી સ્થિતિ ઉપરાંત, આ કોર્ટ દ્વારા જાહેર કરાયેલી કાનૂની સ્થિતિ મુજબ પણ, સેકન્ડ અને થર્ડ જજીસ કેસોમાં આપવામાં આવેલા ચુકાદાઓની શુદ્ધતાની તપાસ કરવાની આ કોર્ટ પાસે માંગણી કરવાનું યુનિયન ઓફ ઇન્ડિયા અને રાજ્ય સરકારો માટે શક્ય નહોતું. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, આવો માર્ગ માત્ર ત્યારે જ અપનાવી શકાય જ્યારે તમામ વ્યાજબી શંકાથી પર એ બાબત સાબિત થાય કે, અગાઉના ચુકાદાઓ ભૂલભરેલા હતા. આ બાબતના પ્રસ્તુત પાસાનો સંબંધ છે ત્યાં સુધી, વિદ્વાન વકીલે લેફ્ટનન્ટ કર્નલ ખજૂર સિંહ વિ. યુનિયન ઓફ ઇન્ડિયા૨૯ પર આધાર રાખ્યો હતો (૭ ન્યાયમૂર્તિઓની બેંચ), જેમાંથી વિદ્વાન વકીલે નીચે મુજબ દર્શાવ્યું હતું:

> "અમે અનુચ્છેદ ૨૨૬ ની ભાષા અને ઉપર ઉલ્લેખિત આ કોર્ટના બે નિર્ણયો પર ગંભીરતાપૂર્વક વિચારણા કરી છે. અમારો એવો મત છે કે જ્યાં સુધી સ્પષ્ટ અને અનિવાર્ય કારણો ન હોય, જેને નકારી શકાય તેમ ન હોય, ત્યાં સુધી આપણે આ બે કેસોમાં આપેલા અર્થઘટનથી અને વાસ્તવમાં આ કોર્ટના અગાઉના કોઈપણ ચુકાદામાં આપેલા કોઈપણ અર્થઘટનથી અલગ પડવું જોઈએ નહીં, સિવાય કે અગાઉના નિર્ણયો સ્પષ્ટપણે ભૂલભરેલા હોવા અંગે વ્યાજબી પ્રમાણમાં સર્વસંમતિ હોય. આ કોર્ટે, યોગ્ય

વિચાર-વિમર્શ અને સંપૂર્ણ સુનાવણી પછી આપવામાં આવેલો તેનો અગાઉનો ચુકાદો ભૂલભરેલો હતો તે તમામ વ્યાજબી શંકાથી પર સાબિત થાય તે સિવાય, ખાસ કરીને બંધારણીય મુદ્દા પર, પોતાના અગાઉના ચુકાદા પરથી પાછા હટવું જોઈએ નહીં."

કેશવ મિલ્સ કું. લિ. કેસ૨૮ નો પણ સંદર્ભ આપવામાં આવ્યો હતો, જેમાં આ કોર્ટની સાત-ન્યાયમૂર્તિઓની બેંચે નીચે મુજબ ઠેરવેલ કે:

"એ વાત સ્વીકારવી જ જોઈએ કે વિદ્વાન એટર્ની જનરલ જે મતની દલીલ કરે છે તે વાજબી રીતે શક્ય મત છે, જોકે અમારે તુરંત ઉમેરવું જોઈએ કે આ કોર્ટ દ્વારા તેના અગાઉના નિર્ણયોમાં લેવાયેલો મત પણ વાજબી રીતે શક્ય છે. ન્યૂ જહાંગીર મિલ્સ, (૧૯૬૦) ૧ એસ.સી.આર. ૨૪૯ માં આ કોર્ટનો નિર્ણય ૧૨ મે, ૧૯૫૯ ના રોજ જાહેર કરવામાં આવ્યો ત્યારથી આ દેશની હાઇકોર્ટોમાં સંદર્ભ કાર્યવાહીની પ્રક્રિયાનું નિયમન સદર અગાઉના મત દ્વારા કરવામાં આવ્યું છે અને આ કોર્ટે અનેક પ્રસંગોએ તેનું અનુસરણ કર્યું છે. આ ઉપરાંત, એ બાબત કંઈક અંશે નોંધપાત્ર છે કે અમારી સમક્ષ એવો કોઈ પ્રકાશિત નિર્ણય ટાંકવામાં આવ્યો નથી કે જ્યાં અર્થઘટન અંગેનો પ્રશ્ન ૨૯ (૧૯૬૧) ૨ એસ.સી.આર. ૮૨૮ કલમ ૬૬(૪) પર વિચારણા કરવામાં આવી હતી અને એટર્ની જનરલની દલીલની તરફેણમાં નિર્ણય લેવામાં આવ્યો હતો. હાલના પ્રસંગે અમારી સમક્ષ ભારપૂર્વક રજૂ કરવામાં આવેલા વિવાદના ગુણદોષને કાળજીપૂર્વક તોળ્યા પછી, અમને

એવો સંતોષ થતો નથી કે ન્યુ જહાંગીર મિલ્સના કેસમાં અને પેટલાદ કું. લિ. (૧૯૬૩) સપ્લી. ૧ એસ.સી.આર. ૮૭૧ ના કેસમાં અમારા નિર્ણયોની સમીક્ષા કરવા અને તેમાં ફેરફાર કરવા માટે કોઈ કેસ બને છે. તેથી જ અમારું માનવું છે કે શ્રી પાલખીવાલા દ્વારા ઉપસ્થિત કરવામાં આવેલી દલીલ માન્ય રાખવી જોઈએ. પરિણામે, હાઈકોર્ટ દ્વારા પસાર કરવામાં આવેલ હુકમ રદ કરવામાં આવે છે અને બાબત એવા નિર્દેશ સાથે હાઈકોર્ટને પરત મોકલવામાં આવે છે કે હાઈકોર્ટે ન્યુ જહાંગીર મિલ્સ અને પેટલાદ કું. લિ. ના બે સંબંધિત નિર્ણયોના પ્રકાશમાં તેની સાથે કામ લેવું જોઈએ."

ગંગા શુગર કોર્પોરેશન લિ. વિ. ઉત્તર પ્રદેશ રાજ્ય૩૦ નો સંદર્ભ આપતી વખતે, પાંચ-ન્યાયાધીશોની બેંચ દ્વારા નોંધવામાં આવેલા નીચેના અવલોકનો તરફ અમારું ધ્યાન દોરવામાં આવ્યું હતું:

"૨૮. અમને અમુક અંશે આશ્ચર્ય થાય છે કે સદર અધિનિયમ 'નિયંત્રિત ઉદ્યોગ' સંબંધિત હોવાના આધાર પર તેની અમાન્યતા અંગેની દલીલ, સીએચ. ટીકા રામજી કેસ [૧૯૫૬] એસ.સી.આર. ૩૯૩ માં આ કોર્ટના ઘાતક નિર્ણય છતાં, સહેલાઈથી ખતમ થતી નથી. દેશમાં પ્રબુદ્ધ મુકદ્દમા નીતિએ બંધારણીય બેંચ દ્વારા આપવામાં આવેલા આ કોર્ટના ચુકાદાઓને આખરી તરીકે સ્વીકારવા જ જોઈએ સિવાય કે તે વિષય રાષ્ટ્રીય જીવન માટે એટલા મૂળભૂત મહત્વનો હોય અથવા પછીના વિચારના પ્રકાશમાં

તર્ક એટલો સ્પષ્ટપણે ભૂલભરેલો હોય કે સતત ખોટા રહેવા કરતાં આખરે સાચા સાબિત થવું વધુ શાણપણભર્યું હોય. સ્ટેર ડેસિસિસ એ સગવડતાની કોઈ વિધિ નથી પરંતુ મર્યાદિત અપવાદો સાથેનો નિયમ છે. બંધારણીય બેંચોના ચુકાદાઓ સાથે એટલી બેદરકારીથી વર્તવું ન જોઈએ કે તેમાં વારંવાર સુધારો કરવામાં આવે. આપણે આ કોર્ટના નિર્ણયોનું મૂલ્ય ઘટાડીને તેને અલ્પકાલીન ક્ષણભંગુરતા બનાવી શકીએ નહીં, જે યુ.એસ. સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ રોબર્ટ્સ દ્વારા સ્મિથ વિ.[11] ઓલરાઈટ ૩૨૧ યુ.એસ. ૬૪૯, ૬૬૯ પર (૧૯૪૪) "કે આ કોર્ટના ન્યાયનિર્ણયો ઝડપથી 'પ્રતિબંધિત રેલવે ટિકિટ જેવા જ વર્ગ તરફ ઢળી રહ્યા હતા, જે માત્ર આજના દિવસ અને આ ટ્રેન માટે જ માન્ય છે'"."

વિદ્વાન વકીલે ગેનન ડંકરલી એન્ડ કું. વિ. રાજસ્થાન રાજ્ય૩૧ (૫ ન્યાયાધીશોની બેંચ) પર આધાર રાખતી વખતે, નીચેનાનો સંદર્ભ આપ્યો હતો:

"૨૮ ..... અમે સંમત થવા તૈયાર નથી. અગાઉના નિર્ણયની પુનર્વિચારણાને નિયંત્રિત કરતા સિદ્ધાંતો આ કોર્ટના વિવિધ નિર્ણયો દ્વારા સુસ્થાપિત થયેલા છે. એવું ઠરાવવામાં આવ્યું છે કે: "આ કોર્ટે, યોગ્ય વિચાર-વિમર્શ અને સંપૂર્ણ સુનાવણી પછી આપવામાં આવેલો તેનો અગાઉનો નિર્ણય ભૂલભરેલો હતો તેવું તમામ વ્યાજબી શંકાથી પર દર્શાવવામાં આવે તે સિવાય, પોતાના અગાઉના નિર્ણયથી પાછા હઠવું

[11] ૨૭ (૧૯૫૩) એસ.સી.આર. ૧૦૬૯

જોઈએ નહીં, ખાસ કરીને બંધારણીય મુદ્દા પર." (જુઓ: લેફ્ટનન્ટ કર્નલ ખજૂર સિંઘ વિ. ભારત સંઘ, (૧૯૬૧) ૨ એસ.સી.આર. ૮૨૮). કેશવ મિલ્સ કું. લિ. વિ. સીઆઈટી, (૧૯૬૫) ૨ એસ.સી.આર. ૯૦૮ માં એવું અવલોકન કરવામાં આવ્યું છે: (એસ.સી.આર. પાના ૯૨૧-૨૨) " ..... પરંતુ અગાઉના નિર્ણયને સ્પષ્ટપણે ભૂલભરેલો જાહેર કરવામાં આવે તે પહેલાં, કોર્ટને તેના સભ્યો વચ્ચે વ્યાજબી પ્રમાણમાં સર્વસંમતિ સાથે સંતોષ થવો જોઈએ કે સદર દ્રષ્ટિકોણમાં સુધારો કરવો સંપૂર્ણપણે વાજબી છે."

xxx xxx xxx"

૩૦. ઉપર સંદર્ભિત અવલોકનો અને અમારી સમક્ષ દલીલો દરમિયાન પક્ષકારોના વલણને ધ્યાનમાં લેતાં, અમે બિલ્ડર્સ એસોસિએશન કેસના નિર્ણય દ્વારા આવરી લેવાયેલા મુદ્દાઓને ફરીથી ખોલવાનું યોગ્ય ગણતા નથી .... "

ઉપરોક્ત ચુકાદાઓનો સંદર્ભ આપ્યા પછી, એવી રજૂઆત કરવામાં આવી હતી કે, સેકન્ડ અને થર્ડ જજીસ કેસોમાં આ કોર્ટ દ્વારા આપવામાં આવેલા નિર્ણયોની પુનઃતપાસ માટે મોટી બેંચને વિવાદ સંદર્ભિત કરવાની સામાવાળાના વિદ્વાન વકીલ દ્વારા કરવામાં આવેલી માંગણી સ્પષ્ટપણે ગેરસમજભરેલી હતી.[12]

[12] ૩૦ (૧૯૮૦) ૧ એસ.સી.સી. ૨૨૩

૫૯. સેકન્ડ અને થર્ડ જજીસ કેસોમાં આ કોર્ટ દ્વારા આપવામાં આવેલા ચુકાદાઓની પુનર્વિચારણા કરવા માટે સામાવાળાનું પ્રતિનિધિત્વ કરતા વિદ્વાન વકીલના કહેવાથી કરવામાં આવેલી અરજ અંગે દાવો કરવાનો વધુ એક આધાર એ કારણસર રજૂ કરવામાં આવ્યો હતો કે, શમશેર સિંઘ કેસ૧૧ માં (પેરાગ્રાફ ૧૪૯ માં) આ કોર્ટ દ્વારા નોંધવામાં આવેલા અવલોકનોને ન તો છૂટાછવાયા અવલોકનો તરીકે સમજી શકાય, કે ન તો ઓબિટર ડિક્ટા તરીકે ગણી શકાય. ઉપરોક્ત મુદ્દા પર વિદ્વાન વરિષ્ઠ વકીલ દ્વારા વ્યક્ત કરવામાં આવેલા કારણો નીચે મુજબ હતા:

> "(૧) ન્યાયતંત્રની સ્વતંત્રતાને લગતા અન્ય કેસમાં (હાઇકોર્ટના ન્યાયમૂર્તિઓની બદલી અંગે)– યુ.ઓ.આઈ. વિ. સંકલ ચંદ શેઠ, (૧૯૭૭) ૪ એસ.સી.સી. ૧૯૩ (૫ ન્યાયાધીશો) – કે શું હાઇકોર્ટના ન્યાયમૂર્તિની તેમની સંમતિ વિના બીજી હાઇકોર્ટમાં બદલી કરી શકાય કે કેમ, તે અંગે બહુમતી દ્વારા એવો નિર્ણય લેવામાં આવ્યો હતો કે તેમ કરી શકાય: બહુમતીમાં ન્યાયમૂર્તિ ચંદ્રચૂડ, ન્યાયમૂર્તિ કૃષ્ણા ઐયર અને ન્યાયમૂર્તિ મુર્તઝા ફઝલ અલી સામેલ હતા.
>
> (૨) સાંકળચંદ શેઠ કેસમાં ન્યાયમૂર્તિ કૃષ્ણા ઐયરનો ચુકાદો (પોતાના વતી અને ન્યાયમૂર્તિ મુર્તઝા ફઝલ અલી વતી – [જેની સાથે ભગવતી, ન્યાયમૂર્તિએ કહ્યું હતું કે તેઓ "સંપૂર્ણપણે સંમત" હતા.]) નીચે મુજબ છે (પેરા ૧૧૫–૧૧૬): "૧૧૫. આ અપીલમાં વિચારણા માટેનો આગામી

મુદ્દો બંધારણના અનુચ્છેદ ૨૨૨(૧) માં દર્શાવ્યા મુજબ, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથેના વિચાર–વિમર્શના સ્વરૂપ, વ્યાપ અને ક્ષેત્ર અંગેનો છે. અનુચ્છેદ ૨૨૨(૧) માં તેના પ્રમાણભૂત કાર્યને પૂર્ણ કરવા માટે, વિચાર–વિમર્શ એ સરકાર દ્વારા મુખ્ય ન્યાયમૂર્તિ સમક્ષ મૂકવામાં આવેલી સંપૂર્ણ અને યોગ્ય સામગ્રી પર આધારિત વાસ્તવિક, નોંધપાત્ર અને અસરકારક વિચાર–વિમર્શ હોવો જોઈએ. પોતાનો અભિપ્રાય આપતાં પહેલાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સ્વાભાવિક રીતે તમામ સુસંગત પરિબળોને ધ્યાનમાં લેશે અને સંબંધિત ન્યાયમૂર્તિ પાસેથી અનૌપચારિક રીતે જાણી શકે છે કે શું તેમને કોઈ વાસ્તવિક અંગત મુશ્કેલી છે કે કોઈ માનવીય કારણ છે જેના પર તેમની બદલીનો નિર્દેશ ન કરી શકાય. આવા કારણો તેમના સ્વાસ્થ્ય અથવા ગંભીર કૌટુંબિક પરિબળો સહિત વ્યાપક શ્રેણીના હોઈ શકે છે. મુખ્ય ન્યાયમૂર્તિ માટે સંબંધિત ન્યાયમૂર્તિને ઔપચારિક નોટિસ પાઠવવી જરૂરી નથી પરંતુ તે પૂરતું છે – જોકે તે ફરજિયાત નથી – જો તેઓ કાં તો હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ પાસેથી અથવા પોતાના સાથીદારો પાસેથી અથવા અન્ય કોઈપણ એવા માધ્યમ દ્વારા આ હકીકતો જાણી લે કે જે મુખ્ય ન્યાયમૂર્તિ સુરક્ષિત, ન્યાયી અને વાજબી માને. જ્યાં ન્યાયમૂર્તિની બદલીની દરખાસ્ત કરવામાં આવે ત્યાં સરકારે દરેક સંભવિત સામગ્રી મુખ્ય ન્યાયમૂર્તિને મોકલવી જ જોઈએ જેથી તેઓ અસરકારક અભિપ્રાય આપવાની સ્થિતિમાં હોય. બીજું, જોકે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિનો અભિપ્રાય સરકાર પર બંધનકર્તા ન હોઈ શકે

છતાં તે ખૂબ વજન મેળવવાને હકદાર છે અને સામાન્ય રીતે સરકારે તેનો સ્વીકાર કરવો જોઈએ કારણ કે અનુચ્છેદ ૨૨૨ હેઠળની સત્તાનો ઉપયોગ લહેરી અથવા મનસ્વી રીતે કરી શકાય નહીં. ચંદ્રમૌલેશ્વર પ્રસાદ વિ. પટના હાઇકોર્ટ, (૧૯૬૯) ૩ એસ.સી.સી. ૩૬ ના કેસમાં, બંધારણના અનુચ્છેદ ૨૩૩ માં આવતા "વિચાર-વિમર્શ" શબ્દનું અર્થઘટન કરતી વખતે આ કોર્ટે નીચે મુજબ અવલોકન કર્યું હતું: "અનુચ્છેદ ૨૩૩ હેઠળ હાઇકોર્ટ સાથે વિચાર-વિમર્શ એ કોઈ અર્થહીન ઔપચારિકતા નથી. જ્યાં સુધી ડિસ્ટ્રિક્ટ જજના કેડરમાં અધિકારીઓની બઢતીનો સંબંધ છે, ત્યાં સુધી બઢતી માટે વિચારણા હેઠળ લેવાપાત્ર વ્યક્તિઓના દાવાઓ અને યોગ્યતાનું મૂલ્યાંકન કરવા માટે હાઇકોર્ટ સૌથી વધુ યોગ્ય છે .... અમે આ સ્વીકારી શકીએ નહીં. વિચાર-વિમર્શ અથવા વિચાર-વિમર્શની પ્રક્રિયા ત્યાં સુધી પૂર્ણ કે અસરકારક નથી જ્યાં સુધી તેના સંબંધિત પક્ષકારો સામા પક્ષ અથવા અન્ય પક્ષકારોને પોતપોતાના દ્રષ્ટિકોણથી વાકેફ ન કરે અને તેમના મંતવ્યોના સાપેક્ષ ગુણદોષની ચર્ચા અને તપાસ ન કરે. જો એક પક્ષકાર બીજા પક્ષકાર સમક્ષ દરખાસ્ત મૂકે અને બીજા પક્ષકારના મનમાં સામેની દરખાસ્ત હોય જે દરખાસ્ત કરનારને જણાવવામાં ન આવી હોય, તો વિશેષ કંઈપણ કર્યા વિના સામી દરખાસ્તને અમલમાં લાવવાનો નિર્દેશ વિચાર-વિમર્શ પછી આપવામાં આવ્યો હતો તેમ કહી શકાય નહીં. શમશેર સિંઘના કેસ, એ.આઈ.આર. ૧૯૭૪ એસસી ૨૧૯૨ માં, અમારામાંથી એકે એ જ સૂર કાઢ્યો છે. એ બાબત પણ ધ્યાનમાં રાખવી

જોઈએ કે જો સરકાર ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના અભિપ્રાયથી અલગ પડે છે, તો તેણે તેના માટે પ્રતીતિકારક અને ખાતરીપૂર્વકના કારણો આપીને પોતાના પગલાને વાજબી ઠેરવવું પડશે અને, જો પડકારવામાં આવે તો, કોર્ટના સંતોષ મુજબ સાબિત કરવું પડશે કે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની સલાહ સ્વીકાર્ય ન રાખવા માટે પૂરતો કેસ બનતો હતો. અમને એવું જણાય છે કે અનુચ્છેદ ૨૨૨ માં 'વિચાર-વિમર્શ' શબ્દનો ઉપયોગ બંધારણીય સૌજન્ય તરીકે કરવામાં આવ્યો છે કારણ કે આ બાબતમાં બે સર્વોચ્ચ મહાનુભાવો સંકળાયેલા છે, એટલે કે રાષ્ટ્રપતિ અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ. અલબત્ત, મુખ્ય ન્યાયમૂર્તિ પાસે કોઈ વીટો પાવર નથી, જેવું કે ડૉ. આંબેડકરે બંધારણ સભામાં સ્પષ્ટ કર્યું હતું."

(૩) ન્યાયમૂર્તિ ચંદ્રચૂડે (પોતાના ચુકાદા દરમિયાન) સંમત થતાં - સાંકળચંદ શેઠના પેરાગ્રાફ ૪૧ માં શમશેર સિંઘ (પેરા ૧૪૯) નું અનુસરણ કર્યું હતું."

ઉપરોક્ત બાબતોના આધારે, વિદ્વાન વરિષ્ઠ વકીલનો એવો દાવો હતો કે જો સામાવાળાના વકીલ દ્વારા રજૂ કરવામાં આવેલી દલીલ સ્વીકારવામાં આવે તો પણ, એટલે કે ઉપરોક્ત બે કેસોમાં આ કોર્ટ દ્વારા આપવામાં આવેલા નિર્ણયોની મોટી બેંચને સંદર્ભ મોકલીને પુનઃતપાસ કરવાની જરૂર હતી, તેમ છતાં શમશેર સિંઘ કેસ૧૧ ના પેરાગ્રાફ ૧૪૯ માં નોંધવામાં આવેલા અવલોકનો પ્રભાવી રહેવાનું ચાલુ રહેશે, કારણ કે તેની સમીક્ષા માંગવામાં આવી નહોતી.

V. વિચારણા:

I.

૬૦. બંધારણની યોજનામાં, ભાગ ૫ ના પ્રકરણ ૪ માં કેન્દ્રીય ન્યાયતંત્રની, અને ભાગ ૬ ના પ્રકરણ ૫ અને ૬ માં અનુક્રમે રાજ્યોમાં હાઇકોર્ટો તેમજ તાબાની અદાલતોની જોગવાઈ કરવામાં આવી છે. તાબાની અદાલતો સહિત સંઘ અને રાજ્યોના ન્યાયતંત્રોના સંદર્ભમાં બંધારણના ભાગ ૫ અને ૬ ની જોગવાઈઓ, આ કોર્ટ દ્વારા અર્થઘટનાત્મક નિર્ધારણ માટે અનેક પ્રસંગોએ ઉપસ્થિત થઈ છે. અમે ઉપરોક્ત ભાગોના સંદર્ભમાં, ખાસ કરીને કેન્દ્રીય ન્યાયતંત્ર, રાજ્યોમાં હાઇકોર્ટો અને તાબાની અદાલતોને લગતી બાબતોમાં કારોબારીની સહભાગિતા સાથે કામ પાર પાડતી જોગવાઈઓ અંગે આ કોર્ટ દ્વારા આપવામાં આવેલા નિર્ધારણની કાલક્રમિક નોંધ લઈ શકીએ છીએ. સુનાવણી દરમિયાન, નીચેની બાબતો તરફ અમારું ધ્યાન દોરવામાં આવ્યું હતું:

(૧) શમશેર સિંઘ વિ. પંજાબ રાજ્ય, (૧૯૭૪) ૨ એસ.સી.સી. ૮૩૧ - પાંચ-ન્યાયાધીશોની બેંચ દ્વારા આપવામાં આવેલ,

(૨) ભારત સંઘ વિ. સાંકળચંદ હિંમતલાલ શેઠ, (૧૯૭૭) ૪ એસ.સી.સી. ૧૯૩ - પાંચ-ન્યાયાધીશોની બેંચ દ્વારા આપવામાં આવેલ,

(૩) એસ.પી. ગુપ્તા વિ. ભારત સંઘ, ૧૯૮૧ સપ્લી. એસ.સી.સી. ૮૭ - સાત-ન્યાયાધીશોની બેંચ દ્વારા આપવામાં આવેલ,

(૪) સુપ્રિમ કોર્ટ એડવોકેટ્સ-ઓન-રેકોર્ડ એસોસિએશન વિ. ભારત સંઘ, (૧૯૯૩) ૪ એસ.સી.સી. ૪૪૧ - નવ-ન્યાયાધીશોની બેંચ દ્વારા આપવામાં આવેલ, અને

(૫) રી: ૧૯૯૮ નો સ્પેશિયલ રેફરન્સ નં. ૧, (૧૯૯૮) ૭ એસ.સી.સી. ૭૩૯ - નવ-ન્યાયાધીશોની બેંચ દ્વારા આપવામાં આવેલ.

આ કોર્ટે પાંચથી ઓછા નહીં તેટલા પ્રસંગોએ, બંધારણીય બેંચો મારફતે એ વિવાદની તપાસ કરી છે જેની સાથે અમે હાલમાં કામ લઈ રહ્યા છીએ. શમશેર સિંઘ કેસ૧૧ માં, એવો નિષ્કર્ષ કાઢવામાં આવ્યો હતો કે, તમામ સંભવિત કેસોમાં, ભારતીય ન્યાયતંત્રના સર્વોચ્ચ મહાનુભાવ - ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથેનો વિચાર-વિમર્શ, ઉપર સંદર્ભિત બંધારણના પ્રકરણો અને ભાગોને લગતી બાબતોમાં, ભારત સરકાર દ્વારા સ્વીકારવામાં આવશે અને સ્વીકારવો જોઈએ. જો તેનો તે રીતે સ્વીકાર કરવામાં ન આવે, તો કોર્ટ પાસે એ તપાસ કરવાની તક રહેશે કે શું સંબંધિત મંત્રી અથવા મંત્રી પરિષદ (જેના વડા વડાપ્રધાન છે) કે જેમના મંતવ્યો ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા આપવામાં આવેલી સલાહની અવગણના કરવામાં પ્રભાવી રહ્યા હતા, તેમના નિર્ણયમાં કોઈ અન્ય બાહ્ય પરિબળો પ્રવેશી ગયા હતા કે કેમ. આ કોર્ટે તે અનુસાર એવો નિષ્કર્ષ કાઢ્યો હતો કે, વ્યવહારમાં, છેલ્લો શબ્દ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિનો જ હોવો જોઈએ. ઉપરોક્ત સ્થિતિને આગળ વધુ સ્પષ્ટ પણ કરવામાં આવી હતી કે, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા આપવામાં આવેલી સલાહનો અસ્વીકાર, સામાન્ય રીતે

બદઇરાદાપૂર્ણ વિચારણાઓથી પ્રેરિત ગણાશે, જે હુકમને દૂષિત કરે છે. એક સમજણ મુજબ, શમશેર સિંહ કેસ૧૧ માં આ કોર્ટે અનુચ્છેદ ૧૨૪ અને ૨૧૭ માં વ્યક્ત થયેલા "વિચાર-વિમર્શ" શબ્દને મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા આપવામાં આવેલા અભિપ્રાયને પ્રાથમિકતા આપતો હોવાનું વાંચ્યું હોવાનું જણાય છે. જ્યારે અનુચ્છેદ ૨૨૨ ના સંદર્ભમાં સાંકળચંદ હિંમતલાલ શેઠ કેસપ માં આ બાબતની તપાસ કરવામાં આવી, ત્યારે આ કોર્ટની અન્ય એક બંધારણીય બેંચે એવું ઠેરવીને શમશેર સિંહ કેસ૧૧ માં તારવેલા નિષ્કર્ષનો પુનરોચ્ચાર કર્યો કે, તમામ સંભવિત કેસોમાં, ભારત સરકાર દ્વારા ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથેનો "વિચાર-વિમર્શ" સ્વીકારવો જોઈએ. અને વધુમાં, કોઈપણ વિચલનના કિસ્સામાં, કારોબારીના નિર્ણયમાં અન્ય કોઈ સંજોગો પ્રવેશ્યા હતા કે કેમ તેની તપાસ કરવા માટે અદાલત સમક્ષ વિકલ્પ ખુલ્લો રહેશે. વધુ મહત્વની બાબત એ છે કે, આ કોર્ટે સ્પષ્ટપણે એક ઉત્કટ આશા વ્યક્ત કરી હતી કે, શમશેર સિંહ કેસ૧૧ માં નોંધાયેલું વિશ્લેષણ બહેરા કાને નહીં પડે. તેમાં કોઈ શંકા રાખી શકાય નહીં કે, ફરી એકવાર, આ કોર્ટે વિચારણા હેઠળની બાબતમાં મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા વ્યક્ત કરાયેલા અભિપ્રાયને પ્રાથમિકતા આપતા શબ્દપ્રયોગ તરીકે "વિચાર-વિમર્શ" શબ્દને વાંચ્યો હતો. ઉપરોક્ત અર્થઘટનમાંથી એકમાત્ર વિચલન આ કોર્ટ દ્વારા ફર્સ્ટ જજીસ કેસમાં નોંધવામાં આવ્યું હતું, જેમાં એવો નિષ્કર્ષ કાઢવામાં આવ્યો હતો કે "વિચાર–વિમર્શ" શબ્દના અર્થને "સંમતિ" તરીકે સમજી શકાય નહીં. બીજા શબ્દોમાં કહીએ તો, એવું ઠેરવવામાં આવ્યું હતું કે, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા આપવામાં આવેલો અભિપ્રાય કારોબારી પર બંધનકર્તા રહેશે

નહીં. ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકના કાર્યને કારોબારી કાર્ય તરીકે વર્ણવવામાં આવ્યું હતું, અને બહુમતી દ્વારા એવું ઠેરવવામાં આવ્યું હતું કે, નિમણૂકની આખરી સત્તા, નિઃશંકપણે રાષ્ટ્રપતિ પાસે રહેલી હતી. ફર્સ્ટ જજીસ કેસમાં આ કોર્ટ દ્વારા વ્યક્ત કરાયેલા અભિપ્રાય પર સુભાષ શર્મા કેસ૪ માં શંકા વ્યક્ત કરવામાં આવી હતી, જેના કારણે આ બાબતની પુનઃતપાસ સેકન્ડ જજીસ કેસમાં, નવ-ન્યાયાધીશોની બેંચ દ્વારા કરવામાં આવી, જેણે ફર્સ્ટ જજીસ કેસમાં આપેલા ચુકાદાને રદ કરતી વખતે, શમશેર સિંહ કેસ૧૧ અને સાંકળચંદ હિંમતલાલ શેઠ કેસ૫ માં આપેલા ચુકાદાઓ સાથે સુસંગત રહીને પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો. આ કોર્ટે, સેકન્ડ જજીસ કેસમાં સ્પષ્ટપણે એવો નિષ્કર્ષ કાઢ્યો હતો કે, અનુચ્છેદ ૧૨૪, ૨૧૭ અને ૨૨૨ માં વ્યક્ત થયેલા "વિચાર-વિમર્શ" શબ્દને સહભાગી વિચાર-વિમર્શ પ્રક્રિયા પર આધારિત, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા વ્યક્ત કરાયેલા અભિપ્રાયને પ્રાથમિકતા આપતો હોવાનું વાંચવું પડશે. બીજા શબ્દોમાં કહીએ તો, અનુચ્છેદ ૧૨૪, ૨૧૭ અને ૨૨૨ નો સમાવેશ કરતી બાબતોમાં, નિમણૂક (અથવા બદલી) ની આખરી સત્તાના સંદર્ભમાં પ્રાથમિકતા ન્યાયતંત્રમાં નિહિત હોવાનું ઠેરવવામાં આવ્યું હતું. ઉપરોક્ત સ્થિતિ પર થર્ડ જજીસ કેસમાં, નવ-ન્યાયાધીશોની બેંચ દ્વારા પુનર્વિચારણા કરવામાં આવી હતી, જેમાં ભારતના તત્કાલીન વિદ્વાન એટર્ની જનરલે નિવેદન આપ્યું હતું કે, યુનિયન ઓફ ઇન્ડિયા સેકન્ડ જજીસ કેસના ચુકાદાની સમીક્ષા કે પુનર્વિચારણા માંગતું નથી, અને વધુમાં, યુનિયન ઓફ ઇન્ડિયાએ સદર ચુકાદો સ્વીકારી લીધો છે, અને સેકન્ડ જજીસ કેસમાં આ કોર્ટના

નિર્ણયને બંધનકર્તા ગણાશે. તેથી એ સ્પષ્ટ છે કે, અનુચ્છેદ ૧૨૪, ૨૧૭ અને ૨૨૨ દ્વારા નિયમન થતી બાબતોમાં ન્યાયતંત્ર પાસે પ્રાથમિકતા રહેશે, તે બાબતનો સ્વીકાર યુનિયન ઓફ ઇન્ડિયા દ્વારા, થર્ડ જજીસ કેસમાં કરવામાં આવ્યો હતો.

૬૧. અમે ઉપર ફર્સ્ટ જજીસ કેસમાં નોંધાયેલા ન્યાયમૂર્તિઓના મંતવ્યોનું પણ વર્ણન કર્યું છે, જે ૪:૩ ની બહુમતીથી આપવામાં આવ્યો હતો. માત્ર એટલું જ નહીં કે તફાવત અત્યંત સાંકડો હતો, પરંતુ કોર્ટ સમક્ષ રજૂ કરાયેલા તમામ મુદ્દાઓ પર ન્યાયમૂર્તિઓ દ્વારા વ્યક્ત કરાયેલા મંતવ્યોમાં પણ નોંધપાત્ર ભિન્નતા હતી. અગાઉ અહીં ફર્સ્ટ જજીસ કેસમાં પ્રત્યેક ન્યાયમૂર્તિના મંતવ્યને નોંધવાનું પ્રાથમિક કારણ તારણો, અનુમાનો અને આખરી પરિણામમાં રહેલા તફાવતો દર્શાવવાનું હતું. ઉપરોક્તની સામે, સેકન્ડ જજીસ કેસમાં મોટી બેંચ દ્વારા બાબતોની પુનર્વિચારણા પર, નિર્ણય ૭:૨ ની બહુમતીથી આપવામાં આવ્યો હતો. સ્થિતિ માત્ર સ્પષ્ટપણે જ વ્યક્ત કરવામાં આવી ન હતી, પરંતુ રજૂ કરાયેલા મુદ્દાઓ પર ભાગ્યે જ કોઈ મતભેદ હતો. થર્ડ જજીસ કેસની પણ એવી જ સ્થિતિ હતી, જે વિવાદનું સર્વાનુમતે અને અસંદિગ્ધ વિશ્લેષણ હતું. તેથી, અમે સેકન્ડ અને થર્ડ જજીસ કેસોની પુનર્વિચારણા માટેની અરજ સ્વીકારવા તરફ વલણ ધરાવતા નથી.

૬૨. સામાવાળાઓના વિદ્વાન વકીલ દ્વારા રજૂ કરવામાં આવેલી દલીલ પર સ્પષ્ટ અને વિચારપૂર્વક વિચારણા કર્યા પછી, અમે એવા નિષ્કર્ષ પર

પહોંચવા મજબૂર છીએ કે, ઉચ્ચ ન્યાયતંત્રના ન્યાયમૂર્તિઓની નિમણૂક અને બદલીની બાબતમાં ન્યાયતંત્રની પ્રાથમિકતાના મુદ્દાની વારંવાર તપાસ કરવામાં આવી હોવાથી, તેની પુનઃતપાસ/પુનર્વિચારણા માટેની અરજ બિલકુલ યોગ્ય ઠરતી નથી. આ કોર્ટે આ જ મુદ્દા પર પહેલેથી જ આટલો બધો સમય ફાળવ્યો હોવાથી, તેણે સામાન્ય રીતે આ બાબતની ફરીથી તપાસ કરવા અને જે મુદ્દા પર પહેલેથી જ સારી રીતે ચર્ચા થઈ ચૂકી છે તેના માટે વધુ સમય પસાર કરવા સંમત થવું જોઈએ નહીં. પરંતુ વર્તમાન કેસોની સુનાવણી કરતી વખતે સમય કોઈ મર્યાદા રહ્યો નથી, કેમ કે અમે મુક્ત ચર્ચાની મંજૂરી આપી છે, અને રજૂ કરાયેલા મુદ્દાઓની તપાસ કરવાનું કાર્ય અમારી જાતે ઉપાડી લીધું છે. તેમ છતાં, પુનર્વિચારણાના ઉપાયની કેટલીક મર્યાદાઓ હોવી જોઈએ. વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી ફલી એસ. નરીમન તેમની એ રજૂઆતમાં સાચા છે, કે પુનર્વિચારણાની સત્તાનો ઉપયોગ થઈ ચૂક્યો હતો અને તે ત્યારે સમાપ્ત થઈ ગઈ હતી જ્યારે સેકન્ડ જજીસ કેસમાં મોટી બેંચ દ્વારા ફર્સ્ટ જજીસ કેસની પુનર્વિચારણા કરવામાં આવી હતી. અને નિશ્ચિતપણે, યુનિયન ઓફ ઇન્ડિયા માટે તે સંપૂર્ણપણે ગેરવાજબી હતું, જેણે થર્ડ જજીસ કેસની સુનાવણી દરમિયાન સ્વીકાર્યું હતું કે તેણે સેકન્ડ જજીસ કેસમાં આપવામાં આવેલા નિર્ણયને બંધનકર્તા તરીકે સ્વીકારી લીધો હતો, કે તે આ બાબતને ફરીથી નવેસરથી ઉઠાવવાનો પ્રયાસ કરે. આ બાબતની પુનઃતપાસ થઈ ચૂકી હોવાથી અને યુનિયન ઓફ ઇન્ડિયા દ્વારા સ્થિતિ સ્વીકારી લેવામાં આવી હોવાથી, સેકન્ડ અને થર્ડ જજીસ કેસોમાં ન્યાયિક ઘોષણાની પુનર્વિચારણા માંગવાનું યુનિયન ઓફ

ઇન્ડિયાને શોભતું નથી. તેથી, કાયદાના સિદ્ધાંત તરીકે, અમે સેકન્ડ અને થર્ડ જજીસ કેસોમાં આપવામાં આવેલા ચુકાદાઓની પુનઃતપાસ અથવા પુનર્વિચારણા માટે યુનિયન ઓફ ઇન્ડિયા અને અન્ય સામાવાળાઓની અરજ સ્વીકારવા તરફ વલણ ધરાવતા નથી. તેમ છતાં, અમે આ હુકમની શરૂઆતમાં દર્શાવ્યું છે તેમ, આ બાબત અત્યંત મહત્વપૂર્ણ અને સંવેદનશીલ હોવાથી, અમે વિદ્વાન વકીલ દ્વારા રજૂ કરાયેલી દલીલોના ગુણદોષની હજુ પણ તપાસ કરીશું.

II.

૬૩. વિદ્વાન એટર્ની જનરલ દ્વારા રજૂ કરવામાં આવેલી સૌથી વજનદાર રજૂઆત બંધારણ સભાની ચર્ચાઓ પર આધારિત હતી. આ સંબંધમાં, કે.ટી. શાહ, કે.એમ. મુનશી, તજમૂલ હુસૈન, અલ્લાદી કૃષ્ણસ્વામી ઐયર, અનંતશયનમ અય્યંગાર અને ડૉ. બી.આર. આંબેડકર દ્વારા વ્યક્ત કરાયેલા મંતવ્યો તરફ અમારું ધ્યાન દોરવામાં આવ્યું હતું. વિદ્વાન એટર્ની જનરલ દ્વારા નિર્દેશ કરવામાં આવ્યો હતો કે, બંધારણ સભાના સભ્યોને એવો ડર હતો કે, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂકની પ્રક્રિયા માત્ર ન્યાયતંત્રમાં જ નિહિત હોવી જોઈએ નહીં. એવી દલીલ કરવામાં આવી હતી કે, બંધારણ સભાની ચર્ચાઓ દરમિયાન, ન્યાયમૂર્તિઓ દ્વારા ન્યાયમૂર્તિઓની નિમણૂકની પ્રક્રિયાને ઈમ્પીરિયમ ઈન ઈમ્પીરિયો તરીકે વર્ણવવામાં આવી હતી. ઉપરોક્ત અવલોકનોનો પ્રત્યુત્તર આપતાં, ડૉ. બી.આર. આંબેડકરે અનુચ્છેદ ૧૨૨ (જે બંધારણમાં અનુચ્છેદ ૧૨૪ તરીકે પુનઃક્રમાંકિત થયો હતો) ની

સામગ્રીનો સંદર્ભ આપતાં, બંધારણ સભાના સભ્યોને ખાતરી આપી હતી કે, મુસદ્દારૂપ અનુચ્છેદે ઈમ્પીરિયમ ઈન ઈમ્પીરિયો ઊભું કરવાનો ઇનકાર કરીને મધ્યમ માર્ગ અપનાવ્યો હતો, એવી રીતે કે જેથી "ન્યાયતંત્રની સ્વતંત્રતા" સંપૂર્ણપણે જળવાઈ રહે. ડૉ. બી.આર. આંબેડકરના પ્રત્યુત્તરનું ચોક્કસ લખાણ ઉપર પેરાગ્રાફ ૩૦ માં ટાંકવામાં આવ્યું છે.

૬૪. વિદ્વાન એટર્ની જનરલની એવી દલીલ હતી કે, ઈમ્પીરિયમ ઈન ઈમ્પીરિયો ઊભું ન કરવાના બંધારણ સભાની ચર્ચાઓ દરમિયાન વ્યક્ત કરાયેલા સ્પષ્ટ આશય છતાં, સેકન્ડ અને થર્ડ જજીસ કેસોએ બરાબર તે જ કર્યું હતું. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, ૧૯૯૩ થી અનુસરવામાં આવતી ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂકની પ્રક્રિયામાં, માત્ર ન્યાયાધીશો જ ન્યાયમૂર્તિઓની નિમણૂક કરતા આવ્યા છે. એવી પણ દલીલ કરવામાં આવી હતી કે, બંધારણ નિયંત્રણ અને સંતુલનની વ્યવસ્થાની કલ્પના કરે છે, જ્યાં શાસનનો દરેક સ્તંભ અન્ય બે સ્તંભો દ્વારા ઉપયોગમાં લેવાતા નિયંત્રણ અને સંતુલન દ્વારા નિયંત્રિત થાય છે. એ બાબત પર વારંવાર ભાર મૂકવામાં આવ્યો હતો કે, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂકની વર્તમાન વ્યવસ્થામાં, કારોબારીની કોઈ પણ પ્રકારની ભૂમિકા નથી. તદનુસાર સામાવાળાઓની એવી દલીલ હતી કે, જે રીતે અનુચ્છેદ ૧૨૪, ૨૧૭ અને ૨૨૨ નું સેકન્ડ અને થર્ડ જજીસ કેસોમાં અર્થઘટન કરવામાં આવ્યું હતું, તે બંધારણ સભાના આશયની વિરુદ્ધ જતું હતું. સામાવાળાઓના વિદ્વાન વકીલના

જણાવ્યા અનુસાર, સેકન્ડ અને થર્ડ જજીસ કેસોમાં વ્યક્ત કરાયેલા અભિપ્રાયની પુનઃતપાસ કરવા અને તેને સુધારવા માટે આ પૂરતું કારણ હતું.

૬૫. સામાવાળાઓના વિદ્વાન વકીલ દ્વારા રજૂ કરવામાં આવેલી દલીલ સ્વીકારવી અમારા માટે શક્ય નથી. સેકન્ડ અને થર્ડ જજીસ કેસોમાં ચુકાદાઓની ઘોષણાના પરિણામે, કાયદા, ન્યાય અને કંપની બાબતોના મંત્રાલય દ્વારા તારીખ ૩૦.૬.૧૯૯૯ ના રોજ ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયાધીશો અને મુખ્ય ન્યાયમૂર્તિઓની નિમણૂક માટે મેમોરેન્ડમ ઓફ પ્રોસિજર તૈયાર કરવામાં આવ્યું હતું. ઉપર જણાવેલ મેમોરેન્ડમ ઓફ પ્રોસિજર ઉપરોક્ત મંત્રાલયની વેબસાઈટ પર ઉપલબ્ધ છે. ઉપરોક્ત મેમોરેન્ડમ ઓફ પ્રોસિજરની અમારા દ્વારા તપાસ કરવામાં આવી છે. અમારા સુવિચારિત મતે, મેમોરેન્ડમ ઓફ પ્રોસિજર ન્યાયતંત્ર તેમજ રાજકીય–કારોબારી બંને માટે સહભાગી ભૂમિકા પૂરી પાડે છે. ઉપરોક્ત દરેક ઘટકો વિચારણા હેઠળની વ્યક્તિના સંદર્ભમાં માહિતી, સામગ્રી અને ડેટા પ્રદાન કરવા માટે જવાબદાર છે. જ્યારે ન્યાયિક યોગદાન વ્યક્તિની વ્યાવસાયિક ક્ષમતાનું મૂલ્યાંકન કરવા માટે જવાબદાર છે, ત્યારે રાજકીય–કારોબારીને તે વ્યક્તિના ચારિત્ર્ય અને પૂર્વઇતિહાસ વિશેની વિગતો પ્રદાન કરવાની જવાબદારી સોંપવામાં આવી છે. મેમોરેન્ડમ ઓફ પ્રોસિજરનું અમારું વિશ્લેષણ દર્શાવે છે કે, તે અન્ય બાબતોની સાથે સાથે હાઇકોર્ટના ન્યાયમૂર્તિઓની પસંદગી માટે નીચેના પગલાંઓની કલ્પના કરે છે:

પગલું ૧: સંબંધિત હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ પાસે સંબંધિત રાજ્યના મુખ્યમંત્રીને નિમણૂક માટે પસંદ કરવા પાત્ર વ્યક્તિઓના નામો જણાવવાની જવાબદારી છે. મેમોરેન્ડમ સાથે જોડેલા ફોર્મેટ અનુસાર મુખ્યમંત્રીને વિગતો પૂરી પાડવામાં આવે છે. ઉપરાંત, જો મુખ્યમંત્રી આવી નિમણૂક માટે વ્યક્તિ(ઓ)ના નામ(ઓ)ની ભલામણ કરવા ઇચ્છતા હોય, તો તેમણે તે મુખ્ય ન્યાયમૂર્તિને તેમની વિચારણા માટે મોકલવાના રહેશે.

પગલું ૨: મુખ્યમંત્રીને પોતાની ભલામણો મોકલતા પહેલાં, મુખ્ય ન્યાયમૂર્તિએ પ્રસ્તાવિત નામોની યોગ્યતા અંગે હાઇકોર્ટ કોલેજિયમમાં સમાવિષ્ટ પોતાના વરિષ્ઠ સાથીઓ સાથે વિચાર-વિમર્શ કરવો આવશ્યક છે. સમગ્ર વિચાર-વિમર્શ લેખિતમાં હોવો જોઈએ, અને આ અભિપ્રાયો મુખ્ય ન્યાયમૂર્તિની ભલામણ સાથે મુખ્યમંત્રીને મોકલવા આવશ્યક છે.

પગલું ૩: હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા સંબંધિત રાજ્યના મુખ્યમંત્રીને કરવામાં આવેલી ભલામણોની નકલો કેન્દ્રીય કાયદા અને ન્યાય મંત્રીને, સંબંધિત રાજ્યના રાજ્યપાલને અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિને મોકલવી જરૂરી છે.

પગલું ૪: મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા પ્રસ્તાવિત નામો પર વિચારણાના પરિણામે, સંબંધિત રાજ્યના રાજ્યપાલ, મુખ્યમંત્રીની સલાહ મુજબ, કાગળોના સમગ્ર સેટ સાથે પોતાની ભલામણ કેન્દ્રીય કાયદા અને ન્યાય મંત્રીને મોકલશે.

પગલું ૫: કેન્દ્રીય કાયદા અને ન્યાય મંત્રી, વિચારણા હેઠળના નામોના સંબંધમાં સરકારને ઉપલબ્ધ હોય તેવા અહેવાલોના પ્રકાશમાં, પોતાની સમક્ષ મૂકવામાં આવેલી ભલામણો પર પોતાની મેળે વિચારણા કરશે. પ્રસ્તાવિત નામો, કેન્દ્રીય ગૃહ મંત્રાલય મારફતે ઇન્ટેલિજન્સ બ્યુરો દ્વારા ચકાસણીને અધીન રહેશે. ઇન્ટેલિજન્સ બ્યુરો વિચારણા હેઠળની વ્યક્તિઓની પ્રામાણિકતા પર પોતાનો અભિપ્રાય આપશે.

પગલું ૬: કેન્દ્રીય કાયદા અને ન્યાય મંત્રી પાસે ઉપલબ્ધ તમામ સામગ્રી ત્યારબાદ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિને તેમની સલાહ માટે મોકલવામાં આવશે. ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ, સુપ્રિમ કોર્ટ કોલેજિયમમાં સમાવિષ્ટ પોતાના વરિષ્ઠ સાથીઓ સાથે વિચાર-વિમર્શ કરીને, નિમણૂક માટે ભલામણ કરાયેલ વ્યક્તિઓ સંબંધિત પોતાનો અભિપ્રાય રચશે.

પગલું ૭: ઉપલબ્ધ કરાવવામાં આવેલી સામગ્રી, અને તે ઉપરાંત સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓ (જેઓ સંબંધિત હાઇકોર્ટની બાબતોથી વાકેફ હતા) ના મંતવ્યોના આધારે, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ ન્યાયમૂર્તિઓના પોતાના કોલેજિયમ સાથે વિચાર-વિમર્શ કરીને પોતાની ભલામણ કેન્દ્રીય કાયદા અને ન્યાય મંત્રીને મોકલશે. હાઇકોર્ટની બાબતોથી વાકેફ એવા સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓના ઉપરોક્ત નોંધાયેલા મંતવ્યો લેખિતમાં મેળવવાના હતા, અને તે ભલામણનો સમાવેશ કરતા સંકલનનો ભાગ બનવાના છે.

પગલું ૮: કેન્દ્રીય કાયદા અને ન્યાય મંત્રી ત્યાર પછી ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા કરવામાં આવેલી ભલામણ વડા પ્રધાન સમક્ષ રજૂ કરશે, જેઓ કેન્દ્રીય કાયદા અને ન્યાય મંત્રી સાથે વિચાર-વિમર્શ કરીને સમગ્ર બાબતની તપાસ કરશે, અને સૂચિત નિમણૂકોની બાબતમાં રાષ્ટ્રપતિને સલાહ આપશે.

૬૬. અમે હાઇકોર્ટના ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂકની પ્રક્રિયામાં, કારોબારીના સ્તરે થતી વાસ્તવિક વિચારણાનું નિરૂપણ કરવાનો પ્રયાસ, મેમોરેન્ડમ ઓફ પ્રોસિજર, તેમજ વાસ્તવિક પ્રચલિત પ્રથા અનુસાર કરીશું.

૬૭. મેમોરેન્ડમ ઓફ પ્રોસિજરના તબક્કા ૧ થી ૩ દર્શાવે છે કે, નિમણૂક માટે પસંદ કરવાના વ્યક્તિઓના નામ સંબંધિત રાજ્યના મુખ્યમંત્રી અને રાજ્યપાલને મોકલવામાં આવે છે. નામો મળવા પર, ભલામણ કરાયેલ ઉમેદવાર(ઓ)ની યોગ્યતા નક્કી કરવાની ગુરુત્તર જવાબદારી મુખ્યમંત્રી નિભાવે છે. ખાસ કરીને પ્રામાણિકતા, સામાજિક વર્તણૂક, રાજકીય સંડોવણી અને તેવા પ્રકારની બાબતો સંબંધિત ઉમેદવાર(ઓ)ની યોગ્યતા. એ ઉલ્લેખ કરવાની જરૂર નથી કે, સંબંધિત રાજ્યના મુખ્યમંત્રી પાસે આવા ઇનપુટ્સ પૂરા પાડવા માટે પર્યાપ્ત તંત્ર ઉપલબ્ધ હોય છે. એ ઉલ્લેખ કરવો પણ પ્રસ્તુત રહેશે કે, સંબંધિત રાજ્યના રાજ્યપાલના સ્તરે થતી વિચારણા પણ માત્ર ઔપચારિકતા નથી. કારણ કે રાજ્યપાલ મારફતે જ, મુખ્યમંત્રી દ્વારા પ્રક્રિયા કરવામાં આવેલી ફાઇલ, કેન્દ્રીય કાયદા અને ન્યાય મંત્રીને મોકલવામાં આવે છે. એવા પ્રસંગો બન્યા છે,

જ્યારે સંબંધિત રાજ્યના રાજ્યપાલોએ ભલામણ કરાયેલ ઉમેદવારની યોગ્યતા અંગે મુખ્યમંત્રી દ્વારા વ્યક્ત કરાયેલા અભિપ્રાયથી તદ્દન વિપરીત પોતાના મંતવ્યો નોંધ્યા હોય. રાજ્યપાલો ઉપરોક્ત પ્રક્રિયામાં ભાગ લે છે કે નહીં, તે તદ્દન અલગ બાબત છે. માત્ર એટલું નોંધવાની જરૂર છે કે, એવા દાખલાઓ છે જ્યાં રાજ્યપાલોએ જરૂરી ઇનપુટ્સ પૂરા પાડીને હાઇકોર્ટોના ન્યાયમૂર્તિઓની પસંદગીની પ્રક્રિયામાં સક્રિયપણે ભાગ લીધો હોય. રેકોર્ડ એ હકીકતની પણ સાક્ષી પૂરે છે કે, કેટલાક પ્રસંગોએ રાજ્યપાલ દ્વારા વ્યક્ત કરાયેલો અભિપ્રાય આખરે પ્રભાવી રહ્યો હતો.

૬૮. હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા ભલામણ કરાયેલ ઉમેદવારની વિચારણાના સંદર્ભમાં કારોબારીની સહભાગિતા, ભારત સરકારના સ્તરે વધુ આગળ વધે છે. ઉમેદવારની યોગ્યતાની બાબત કેન્દ્રીય કાયદા અને ન્યાય મંત્રીના સ્તરે પણ સ્વતંત્ર રીતે તપાસવામાં આવે છે. કાયદા અને ન્યાય મંત્રાલય પાસે કેન્દ્રીય ગૃહ મંત્રાલય મારફતે ઇનપુટ્સ મેળવવાની એક પ્રમાણભૂત પ્રક્રિયા છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા ઇન્ટેલિજન્સ બ્યુરો મારફતે પ્રામાણિકતા, સામાજિક વર્તણૂક, રાજકીય સંડોવણી અને તેવા પ્રકારની બાબતોની તપાસ કરાવીને આવા ઇનપુટ્સ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. આવા ઇનપુટ્સ પ્રાપ્ત થયા પછી, અને કેન્દ્રીય કાયદા અને ન્યાય મંત્રીના સ્તરે દરખાસ્તની તપાસ થયા પછી, ઉપર ઉલ્લેખિત સ્ત્રોતો પાસેથી મળેલી વિગતો સાથે ફાઇલ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ તરફ આગળ વધે છે.

૬૯. ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ, ન્યાયમૂર્તિઓના પોતાના કોલેજિયમ સાથે વિચાર-વિમર્શ કરીને સંબંધિત ઉમેદવારને હાઇકોર્ટમાં બઢતી માટે ભલામણ કરે તે પછી, કારોબારી દ્વારા ત્રીજી વખત ફાઇલ પર પ્રક્રિયા કરવામાં આવે છે. આ પ્રસંગે, ભારતના વડા પ્રધાનના સ્તરે. પ્રસ્તુત વિચારણા દરમિયાન પણ, કારોબારીની સહભાગિતા માત્ર ઔપચારિકતા નથી. વડા પ્રધાનને ઉપલબ્ધ ઇનપુટ્સના આધારે, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને ન્યાયમૂર્તિઓના તેમના કોલેજિયમના ધ્યાને આવવાથી છૂટી ગઈ હોય તેવી સામગ્રી બિડીને, દરખાસ્તની પુનર્વિચારણા માટે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિને ફરી એકવાર ફાઇલ પરત મોકલવાનો વિકલ્પ કારોબારી માટે ખુલ્લો છે. એવા પ્રસંગો બન્યા છે, જ્યારે પુનર્વિચારણા માટે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિને પરત મોકલવામાં આવેલી ફાઇલના પરિણામે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને ન્યાયમૂર્તિઓના તેમના કોલેજિયમ દ્વારા અગાઉ લેવાયેલા અભિપ્રાયમાં સુધારો થયો હોય. તેથી એ સ્પષ્ટ છે કે, હાઇકોર્ટના ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂકની બાબતમાં ન્યાયતંત્ર અને રાજકીય-કારોબારી વચ્ચે હેતુનું સંપૂર્ણ સૌહાર્દ રહેલું છે. અને તેમની વચ્ચે સ્પષ્ટ પારદર્શિતા પણ રહેલી છે. કારણ કે મંતવ્યોનું આદાનપ્રદાન લેખિતમાં થાય છે, મંતવ્યો અને પ્રતિ-મંતવ્યો લેખિત સ્વરૂપે હોય છે. સહભાગી બંધારણીય પદાધિકારીઓની જાણ બહાર, ગુપ્ત રીતે કશું જ થતું નથી.

૭૦. હાઇકોર્ટોમાં ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂકની પ્રક્રિયામાં ન્યાયતંત્રની સહભાગિતાનું નિરૂપણ કરવું અમારા માટે જરૂરી નથી. ઉપર નોંધવામાં આવ્યા મુજબ, મેમોરેન્ડમ ઓફ પ્રોસિજરમાં પરિકલ્પિત તબક્કાઓ

પરથી તે સ્પષ્ટ થાય છે. માત્ર એટલું જણાવવું પૂરતું છે કે, હાઇકોર્ટોમાં ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂકની પ્રક્રિયામાં કારોબારીની કોઈ સહભાગિતા નથી તેવી દલીલ કરવી સામાવાળાઓના મોઢે શોભતી નથી.

૭૧. સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓની પસંદગી માટેનું મેમોરેન્ડમ ઓફ પ્રોસિજર, ન્યાયતંત્ર અને રાજકીય–કારોબારી માટે સમાન સહભાગી ભૂમિકા પૂરી પાડે છે. સંક્ષિપ્તતાના કારણોસર અહીં તેનું વિશ્લેષણ કરવામાં આવતું નથી. માત્ર એટલું જણાવવું પૂરતું છે કે, તે પણ સમાન અભિગમ સાથેની એક સંયુક્ત કવાયત છે.

૭૨. ઉપર અમારા દ્વારા નોંધવામાં આવેલા કારણોસર, અમારા માટે એ સ્વીકારવું શક્ય નથી કે, સેકન્ડ અને થર્ડ જજિસ કેસો હેઠળ પરિકલ્પિત પ્રક્રિયામાં, ન્યાયમૂર્તિઓ પોતાની મેળે જ ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી કરે છે, અથવા તો ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂક માટે 'ઇમ્પીરીયમ ઇન ઇમ્પીરીયો' ની વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. અમારા માટે એ સ્વીકારવું પણ શક્ય નથી કે, સેકન્ડ જજિસ કેસના ચુકાદાએ કારોબારીની સહભાગી ભૂમિકામાં ઘટાડો કરીને, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂકની પ્રક્રિયામાં, બંધારણીય યોજના હેઠળના નિયંત્રણ અને સંતુલનમાં દખલ કરી છે, ઉપર સંપૂર્ણપણે વર્ણવવામાં આવેલી કારોબારીની ભૂમિકાને ધ્યાને લેતાં. સામાવાળાઓ તરફથી રજૂ કરવામાં આવેલી પ્રસ્તુત દલીલમાં અમને કોઈ તથ્ય જણાતું નથી.

III.

૭૩. વિદ્વાન એટર્ની જનરલે બંધારણ સભાની ચર્ચાઓ પર ભારપૂર્વક આધાર રાખ્યો હતો. એવો દાવો કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો કે, બંધારણની જોગવાઈઓની યોગ્ય સમજણ માટે, બંધારણ સભાની તે ચર્ચાઓનો સંદર્ભ લેવો અનિવાર્ય હતો, જેના કારણે સંબંધિત અનુચ્છેદ(દો)ની રચના અને ઘડતર થયું હતું. તે અનુસાર તે ચર્ચાઓ પર આધાર રાખવામાં આવ્યો હતો, જેના કારણે અનુચ્છેદ ૧૨૪ નો મુસદ્દો તૈયાર થયો હતો. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, આ કોર્ટ દ્વારા સેકન્ડ જજિસ કેસમાં કાઢવામાં આવેલા નિષ્કર્ષોમાં એ હકીકતની અવગણના કરવામાં આવી હતી કે, બંધારણ સભાના વિવિધ સભ્યો દ્વારા જે બાબત સ્પષ્ટપણે રજૂ કરવામાં આવી હતી અને ઉઠાવવામાં આવી હતી, તેમજ યોગ્ય વિંચારણા પછી નકારી કાઢવામા આવી હતી , તેને સેકન્ડ જજિસ કેસના ચુકાદા દ્વારા અપનાવી લેવામાં આવી હતી. તેથી, વિદ્વાન એટર્ની જનરલની એવી દલીલ હતી કે, સેકન્ડ અને થર્ડ જજિસ કેસોમાં આપવામાં આવેલા ચુકાદાઓમાં નોંધાયેલો અભિપ્રાય, બંધારણ સભાના આશય અને સંકલ્પથી તદ્દન વિપરીત હતો.

૭૪. સંક્ષિપ્તતાના કારણોસર, મુસદ્દા જોગવાઈમાં બંધારણ સભાના કેટલાક પ્રતિષ્ઠિત સભ્યો દ્વારા માંગવામાં આવેલા સુધારાઓ (જેના તરફ અમારું ધ્યાન દોરવામાં આવ્યું હતું) અહીં ટાંકવા અમારા માટે જરૂરી નથી. આ તબક્કે, એ નોંધવા માટે કે સભ્યોના વ્યક્તિગત મંતવ્યોનો સંદર્ભ લેવો જરૂરી નથી, અને

ચર્ચાના અંતે ડૉ. બી.આર. આંબેડકર દ્વારા વ્યક્ત કરાયેલો અભિપ્રાય શું માન્ય રહ્યું હતું અને શા માટે, તે સમજવા માટે પૂરતો રહેશે, અમારે માત્ર ઈન્દિરા સાહની કેસ૯ ના ફકરા ૭૭૨ (જે ઉપર પહેલેથી જ ટાંકવામાં આવ્યો છે) નો સંદર્ભ લેવાની જરૂર છે. માત્ર એટલું જણાવવું પૂરતું છે કે, બંધારણ સભાની ચર્ચાઓ દરમિયાન, એવો સ્પષ્ટ પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો કે અનુચ્છેદો ૧૨૪ અને ૨૧૭ માં વપરાયેલા "વિચાર-વિમર્શ" શબ્દના સ્થાને "સંમતિ" શબ્દ મૂકવો. જોકે, સૂચિત સુધારો ડૉ. બી.આર. આંબેડકર દ્વારા નકારી કાઢવામાં આવ્યો હતો. ઉપરોક્ત બાબત છતાં, આ કોર્ટે સેકન્ડ અને થર્ડ જજિસ કેસોમાં અનુચ્છેદ ૧૨૪ ના ખંડ (૨) અને અનુચ્છેદ ૨૧૭ ના ખંડ (૧) માં રહેલા "વિચાર-વિમર્શ" શબ્દનું એવું અર્થઘટન કર્યું હતું કે તે ન્યાયતંત્રમાં પ્રાથમિકતા નિહિત કરે છે, જે બાબત બંધારણ સભાની ચર્ચા દરમિયાન સ્પષ્ટપણે નકારી કાઢવામાં આવી હતી. અને તેથી, સામાવાળાઓ વતી એવી દલીલ કરવામાં આવી હતી કે, આ કોર્ટે બંધારણ સભાના આશય અને સંકલ્પને ઉલટાવીને, ઉપરોક્ત જોગવાઈઓનું અર્થઘટન કર્યું હતું. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, ચર્ચાઓની માત્ર ઉપરછલ્લી તપાસ કરવાથી પણ એ સ્પષ્ટ જણાઈ આવતું હતું કે સેકન્ડ જજિસ કેસમાં નોંધાયેલું અર્થઘટન ભૂલભરેલું હતું.

૭૫. અમારો એવો મત છે કે, ઉપરોક્ત દલીલની તપાસ કરવા માટે, ઉપર નોંધેલી જોગવાઈઓમાં, ઉપર જણાવેલા સુધારાઓ અંગે ડૉ. બી.આર. આંબેડકરના પ્રત્યુત્તરનો સંબંધિત ભાગ અહીં ટાંકવો પૂરતો રહેશે:

"હવે, મહાશય, આ અનુચ્છેદમાં રજૂ કરવામાં આવેલા અસંખ્ય સુધારાઓના સંબંધમાં, વાસ્તવમાં ત્રણ મુદ્દાઓ ઉઠાવવામાં આવ્યા છે. પ્રથમ એ છે કે, સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂક કેવી રીતે કરવી? હવે આ ચોક્કસ બાબત સાથે સંબંધિત વિવિધ સુધારાઓનું વર્ગીકરણ કરતાં, મને ત્રણ અલગ અલગ દરખાસ્તો જણાય છે. પ્રથમ દરખાસ્ત એ છે કે સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂક મુખ્ય ન્યાયમૂર્તિની સંમતિથી થવી જોઈએ. તે એક મત છે. બીજો મત એ છે કે રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવતી નિમણૂકો સંસદના બે-તૃતીયાંશ મતો દ્વારા બહાલીને આધીન હોવી જોઈએ; અને ત્રીજું સૂચન એ છે કે તેમની નિમણૂક કાઉન્સિલ ઓફ સ્ટેટ્સ સાથે વિચાર-વિમર્શ કરીને થવી જોઈએ. આ બાબતના સંબંધમાં, હું સંપૂર્ણપણે સહમત છું કે ઉઠાવવામાં આવેલો મુદ્દો અત્યંત મહત્વનો છે. ગૃહમાં એ બાબતે કોઈ મતભેદ હોઈ શકે નહીં કે આપણું ન્યાયતંત્ર કારોબારીથી સ્વતંત્ર હોવું જોઈએ અને પોતાની જાતમાં સક્ષમ પણ હોવું જોઈએ. અને પ્રશ્ન એ છે કે આ બે ઉદ્દેશ્યો કેવી રીતે પ્રાપ્ત કરી શકાય. અન્ય દેશોમાં આ બાબતનું સંચાલન કરવાની બે અલગ અલગ રીતો છે. ગ્રેટ બ્રિટનમાં નિમણૂકો કોઈપણ પ્રકારની મર્યાદા વિના ક્રાઉન દ્વારા કરવામાં આવે છે, જેનો અર્થ એ થાય કે તે સમયની કારોબારી દ્વારા. યુનાઈટેડ સ્ટેટ્સમાં તેનાથી વિપરીત પ્રણાલી છે જ્યાં, દાખલા તરીકે, સુપ્રિમ કોર્ટના હોદ્દાઓ તેમજ રાજ્યના અન્ય હોદ્દાઓની નિમણૂક માત્ર યુનાઈટેડ સ્ટેટ્સની સેનેટની સંમતિથી જ કરી શકાશે. મને એવું લાગે છે કે આજે

આપણે જે સંજોગોમાં જીવીએ છીએ, જ્યાં જવાબદારીની ભાવના તે હદ સુધી વિકસી નથી જેવી આપણે યુનાઇટેડ સ્ટેટ્સમાં જોઈએ છીએ, ત્યાં કોઈપણ પ્રકારના અપવાદ કે મર્યાદા વિના એટલે કે માત્ર તે સમયની કારોબારીની સલાહ પર રાષ્ટ્રપતિ દ્વારા નિમણૂકો કરવામાં આવે તે બાબત છોડી દેવી જોખમી બનશે. તે જ રીતે, કારોબારી કરવા ઇચ્છતી હોય તેવી દરેક નિમણૂકને ધારાસભાની સંમતિને આધીન રાખવી એ પણ મને બહુ યોગ્ય જોગવાઈ જણાતી નથી. તે બોજારૂપ હોવા ઉપરાંત, તેમાં રાજકીય દબાણ અને રાજકીય વિચારણાઓથી નિમણૂક પ્રભાવિત થવાની શક્યતા પણ રહેલી છે. તેથી, મુસદ્દા અનુચ્છેદ મધ્યમ માર્ગ અપનાવે છે. તે નિમણૂકો કરવાના મામલામાં રાષ્ટ્રપતિને સર્વોચ્ચ અને સંપૂર્ણ સત્તાધિકારી બનાવતો નથી. તે ધારાસભાના પ્રભાવને પણ સામેલ કરતો નથી. અનુચ્છેદમાં એવી જોગવાઈ છે કે એવા વ્યક્તિઓ સાથે વિચાર–વિમર્શ થવો જોઈએ કે જેઓ આ પ્રકારની બાબતોમાં યોગ્ય સલાહ આપવા માટે પૂર્વધારણા મુજબ સુયોગ્ય હોય, અને મારું માનવું છે કે આ પ્રકારની જોગવાઈ હાલ પૂરતી પર્યાપ્ત ગણી શકાય. મુખ્ય ન્યાયમૂર્તિની સંમતિના પ્રશ્ન અંગે મને એવું લાગે છે કે જેઓ તે દરખાસ્તની હિમાયત કરે છે તેઓ મુખ્ય ન્યાયમૂર્તિની નિષ્પક્ષતા અને તેમના નિર્ણયની સંગીનતા બંને પર સંપૂર્ણ આધાર રાખતા જણાય છે. મને અંગત રીતે કોઈ શંકા નથી કે મુખ્ય ન્યાયમૂર્તિ એક અત્યંત પ્રતિષ્ઠિત વ્યક્તિ છે. પરંતુ છેવટે મુખ્ય ન્યાયમૂર્તિ પણ તમામ ખામીઓ, તમામ લાગણીઓ અને તમામ પૂર્વગ્રહો

ધરાવતા એક માણસ છે જે સામાન્ય લોકો તરીકે આપણામાં હોય છે; અને મને લાગે છે કે, ન્યાયમૂર્તિઓની નિમણૂક પર મુખ્ય ન્યાયમૂર્તિને વ્યવહારિક રીતે વીટો આપવો એ ખરેખર મુખ્ય ન્યાયમૂર્તિને એવી સત્તા સોંપવા સમાન છે જે આપણે રાષ્ટ્રપતિ અથવા તે સમયની સરકારમાં નિહિત કરવા તૈયાર નથી. તેથી, મને લાગે છે કે તે પણ એક જોખમી દરખાસ્ત છે."

ઉપર ટાંકવામાં આવેલ પ્રથમ ફકરો દર્શાવે છે કે, સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂકના મુદ્દે ત્રણ દરખાસ્તો હતી. પ્રથમ દરખાસ્ત એ હતી કે, સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથેના "વિચાર–વિમર્શ" થી થવી જોઈએ નહીં, પરંતુ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની "સંમતિ" થી થવી જોઈએ. બીજી દરખાસ્ત એ હતી કે, યુનાઈટેડ સ્ટેટ્સની જેમ જ, સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂક બે તૃતીયાંશ બહુમતી દ્વારા સંસદની બહાલીને આધીન રહીને રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવવી જોઈએ. ત્રીજી દરખાસ્ત એ હતી કે, સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા રાજ્યસભા સાથેના "વિચાર–વિમર્શ" થી કરવામાં આવવી જોઈએ.

૭૬. તમામ સૂચનો પર ડૉ. બી.આર. આંબેડકરના પ્રતિભાવની ખૂબ જ ઝીણવટભરી તપાસ જરૂરી છે, કારણ કે, જોકે એટર્ની જનરલ અને સામાવાળાનું પ્રતિનિધિત્વ કરતા વિદ્વાન વકીલ દ્વારા યોગ્ય રીતે ધ્યાન દોરવામાં આવ્યું હતું તેમ છતાં, વર્તમાન વિવાદમાં વિચારણા માટે ઉપસ્થિત થતા તમામ મુદ્દાઓ

ઉપરોક્ત પ્રતિભાવમાં સ્પર્શવામાં આવ્યા હતા. ન્યાયમૂર્તિઓની નિમણૂકને ચોક્કસપણે સ્પર્શતા મુદ્દા પર વિચાર કરતાં પહેલાં, ડૉ. બી.આર. આંબેડકરે અસંદિગ્ધ શબ્દોમાં વ્યક્ત કર્યું હતું કે, બંધારણ સભાનો સર્વસંમત અભિપ્રાય હતો કે, "આપણું ન્યાયતંત્ર કારોબારીથી સ્વતંત્ર હોવું જ જોઈએ". કે.ટી. શાહ, કે.એમ. મુનશી, તજામુલ હુસૈન, અલ્લાદી કૃષ્ણસ્વામી ઐયર અને અનંતશયનમ અય્યંગરને જવાબ આપતી વખતે ડૉ. બી.આર. આંબેડકર દ્વારા આ જ લાગણી વ્યક્ત કરવામાં આવી હતી (જે ઉપર ફકરા ૩૦ માં ટાંકવામાં આવેલ છે) જેમાં તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, "...સામાન્ય રીતે સમગ્ર ગૃહ સંમત થયું છે તેમાં કોઈ શંકા નથી કે કાયદા દ્વારા આપણે કરી શકીએ તેટલું કારોબારીથી ન્યાયતંત્રની સ્વતંત્રતાને સ્પષ્ટ અને ચોક્કસ બનાવવી જોઈએ..." સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂકના મુદ્દા પર ચર્ચા કરતી વખતે કરવામાં આવેલું ઉપરોક્ત વિધાન અસરકારક રીતે સ્વીકારે છે કે, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકનો "ન્યાયતંત્રની સ્વતંત્રતા" ના મુદ્દા સાથે સીધો સંબંધ છે. તેથી, એવો દાવો કરવો સામાવાળાના મોઢે શોભતું નથી કે, "નિમણૂક" નો વિષય "ન્યાયતંત્રની સ્વતંત્રતા" ના કાર્યક્ષેત્ર/દાયરામાં આવશે નહીં.

૭૭. ઉપર ઉલ્લેખિત બીજી અને ત્રીજી દરખાસ્તોનો જવાબ આપતી વખતે, ડૉ. બી.આર. આંબેડકરે ગ્રેટ બ્રિટનમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની પદ્ધતિ ટાંકી હતી, અને નિર્દેશ કર્યો હતો કે યુનાઇટેડ કિંગડમમાં કોઈપણ પ્રકારની મર્યાદા વિના ક્રાઉન દ્વારા નિમણૂકો કરવામાં આવતી હતી, અને તે રીતે, તે કારોબારીના

અનન્ય અધિકારક્ષેત્રમાં આવતી હતી. યુનાઇટેડ સ્ટેટ્સમાં અપનાવવામાં આવેલી વ્યવસ્થાનો ઉલ્લેખ કરતાં, તેમણે નોંધ્યું હતું કે, યુનાઇટેડ સ્ટેટ્સમાં સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂક માત્ર સેનેટની "સંમતિ" થી જ થઈ શકતી હતી. એટલું જણાવવું પર્યાપ્ત છે કે, પાછળનો સંદર્ભ નિમણૂકની એવી પ્રક્રિયા માટે હતો જે ધારાસભાના અધિકારક્ષેત્રમાં આવતી હતી (કારણ કે સેનેટ એ યુનાઇટેડ સ્ટેટ્સની દ્વિગૃહી ધારાસભામાં કાયદાકીય ગૃહ છે, જે યુ.એસ. હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્ઝ સાથે મળીને યુ.એસ. કોંગ્રેસની રચના કરે છે). એ નોંધવું મહત્વપૂર્ણ છે કે તેમણે બંને વ્યવસ્થાઓને નકારી કાઢી હતી, જ્યાં ઉચ્ચ ન્યાયતંત્રમાં નિમણૂકો કારોબારી દ્વારા તેમજ ધારાસભા દ્વારા કરવામાં આવતી હતી. તેથી, ડૉ. બી.આર. આંબેડકરે એવું વ્યક્ત કરીને આ મુદ્દાનો ખૂબ જ સ્પષ્ટપણે નિષ્કર્ષ કાઢ્યો હતો કે, સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂક રાષ્ટ્રપતિ–કારોબારી દ્વારા (એટલે કે, વડાપ્રધાનના નેતૃત્વ હેઠળની મંત્રી પરિષદની સહાય અને સલાહ પર) કરવા માટે છોડી દેવી અયોગ્ય ગણાશે. ડૉ. બી.આર. આંબેડકરના શબ્દોમાં, કોઈપણ પ્રકારના અપવાદ અને મર્યાદા વિના તે સમયની કારોબારીના હાથમાં આવી નિમણૂકો છોડી દેવી જોખમી બનશે. તેથી અમને સંતોષ છે કે, અનુચ્છેદ ૧૨૪ અને ૨૧૭ માં વ્યક્ત કરાયેલ "વિચાર–વિમર્શ" શબ્દ બંધારણ સભા દ્વારા કારોબારીની મુક્ત ઈચ્છાને મર્યાદિત કરવા માટે વિચારવામાં આવ્યો હતો. જો તે સાચો આશય હતો, તો "વિચાર–વિમર્શ" શબ્દને ક્યારેય તેનો સામાન્ય શબ્દકોશ મુજબનો અર્થ આપી શકાય નહીં. અને અનુચ્છેદ ૧૨૪ (અથવા અનુચ્છેદ ૨૧૭) ને ક્યારેય અનુચ્છેદ ૭૪ સાથે

વાંચવાનો અર્થ હોઈ શકે નહીં. તેથી અમારા માટે એ સ્વીકારવું શક્ય નથી કે, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂકની બાબતમાં મુખ્ય અવાજ રાષ્ટ્રપતિનો હતો (અનુચ્છેદ ૭૪ હેઠળ વિચારવામાં આવેલી રીતે વ્યક્ત કરાયેલ). ન તો એ સ્વીકારવું શક્ય છે કે પ્રસ્તુત બાબતમાં પ્રાથમિકતા કારોબારી પાસે રહેલી હતી. ન તો એ કે, આ બાબતમાં ન્યાયતંત્રને એવી ભૂમિકા સોંપવામાં આવી છે, જે બંધારણની જોગવાઈઓ દ્વારા વિચારવામાં આવી નહોતી. સામાવાળા માટે એવો દાવો કરવો ગેરસમજભર્યો છે કે, સેકન્ડ અને થર્ડ જજીસ કેસોમાં આ કોર્ટનો નિર્ણય અર્થઘટનાત્મક પ્રકારનો નહોતો, પરંતુ વાસ્તવમાં કાયદાકીય પ્રકારનો હતો. તેથી, ડૉ. બી.આર. આંબેડકરે એ જ કારણોસર એ દરખાસ્તને નકારી કાઢી હતી કે સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂક ધારાસભા દ્વારા થવી જોઈએ. પરંતુ તેમણે આ સંદર્ભમાં જે કારણ વ્યક્ત કર્યું હતું તે સૌથી યોગ્ય હતું, એટલે કે, સંસદના કોઈ એક અથવા બીજા (અથવા બંને) ગૃહ(ગૃહો) દ્વારા મંજૂરીનો મત મેળવીને ન્યાયમૂર્તિઓની નિમણૂક કરવાની પ્રક્રિયા બોજારૂપ બનશે. વધુ મહત્ત્વની વાત એ છે કે, જો ધારાસભા સામેલ હોય, તો નિમણૂકો "રાજકીય દબાણ" અને "રાજકીય બાબતો" દ્વારા નિર્દેશિત અને પ્રભાવિત થવાની શક્યતા અંગે ડૉ. બી.આર. આંબેડકર શંકાશીલ અને અવિશ્વાસુ હતા. તેથી અમને સંતોષ છે કે, જ્યારે બંધારણ સભાએ ઉપરોક્ત જોગવાઈઓમાં "વિચાર–વિમર્શ" શબ્દપ્રયોગનો ઉપયોગ કર્યો હતો, ત્યારે તેનો આશય ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકના મામલામાં રાજકીય–કારોબારીની સહભાગી ભૂમિકાને મર્યાદિત કરવાનો હતો.

૭૮. ડૉ. બી.આર. આંબેડકરનો એવો અભિપ્રાય હતો કે, મુસદ્દા અનુચ્છેદે મધ્યમ માર્ગ અપનાવ્યો હતો, જેમાં રાષ્ટ્રપતિ–કારોબારીને ન્યાયાધીશોની "નિમણૂક કરવાના મામલામાં સર્વોચ્ચ અને સંપૂર્ણ સત્તાધિકારી" બનાવવામાં આવ્યા નહોતા. અને સાથે સાથે, ધારાસભ્યોને તેમના સ્પષ્ટ રાજકીય ઝુકાવ અને પૂર્વગ્રહોને કારણે બહાર રાખવામાં આવ્યા હતા, જે તેમને આ જવાબદારી નિભાવવા માટે અયોગ્ય બનાવે છે. તેથી અમારો એવો અભિપ્રાય છે કે, "વિચાર–વિમર્શ" શબ્દપ્રયોગને શબ્દકોશ મુજબનો અર્થ ન આપવા બદલ સેકન્ડ અને થર્ડ જજીસ કેસોના ચુકાદાઓને દોષી ઠેરવી શકાય નહીં. જો "વિચાર–વિમર્શ" શબ્દપ્રયોગ દ્વારા પ્રાપ્ત કરવાનો વાસ્તવિક હેતુ ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂકને કારોબારી અને રાજકીય સંડોવણીથી સુરક્ષિત કરવાનો હતો, તો ચોક્કસપણે આ "વિચાર-વિમર્શ" શબ્દપ્રયોગને માત્ર સામાન્ય "વિચાર-વિમર્શ" કરતાં કંઈક વિશેષ સમજવાનો આશય હતો.

૭૯. ડૉ. બી.આર. આંબેડકરના અવલોકનો પરથી સ્પષ્ટ થાય છે કે, મુસદ્દા અનુચ્છેદની જોગવાઈઓ દ્વારા રાષ્ટ્રપતિ – કારોબારી માટે "...એવા વ્યક્તિઓ સાથે વિચાર–વિમર્શ કરવો જરૂરી હતો, જેઓ સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં યોગ્ય સલાહ આપવા માટે પૂર્વધારણા મુજબ સુયોગ્ય હતા." એક જ ફકરામાં ડૉ. બી.આર. આંબેડકરનો પ્રતિભાવ (જે ઉપર ટાંકવામાં આવેલ છે), એવી કોઈ શંકાને સ્થાન આપતો નથી કે અનુચ્છેદ ૧૨૪ પર જે રીતે ચર્ચા કરવામાં આવી હતી, તેનો સ્પષ્ટ અર્થ એવો પ્રતિપાદિત

કરવાનો હતો કે, "ન્યાયમૂર્તિઓની નિમણૂક" ની બાબત "ન્યાયતંત્રની સ્વતંત્રતા" નો એક અભિન્ન ભાગ હતી. ન્યાયમૂર્તિઓની નિમણૂક માટે વિચારવામાં આવેલી પ્રક્રિયાને તેથી એવી પ્રક્રિયા તરીકે સમજવી પડશે, જે રાજકીય દબાણ અને રાજકીય બાબતોથી સુરક્ષિત/રક્ષિત રહે.

૮૦. અગાઉના ફકરાઓમાં જેનું અર્થઘટન કરવામાં આવ્યું છે તેના પછીનો ફકરો પણ એવી કોઈ શંકાને સ્થાન આપતો નથી કે, બંધારણ સભા ન્યાયમૂર્તિઓની નિમણૂક કરવા માટે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિને વીટો સત્તા આપવા માંગતી નહોતી. તેથી જ અનુચ્છેદ ૧૨૪ હેઠળ એક વિચાર–વિમર્શની પ્રક્રિયા વિચારવામાં આવી હતી, જે રીતે તે મૂળરૂપે ઘડવામાં આવ્યો હતો. તેમાં માત્ર ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે જ નહીં, પરંતુ અન્ય ન્યાયમૂર્તિઓ સાથે પણ વિચાર–વિમર્શ કરવાનું ફરજિયાત બનાવવામાં આવ્યું હતું, જેઓ સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટોના હતા. ઝીણવટપૂર્વક જોતાં, સેકન્ડ અને થર્ડ જજીસ કેસોમાં અપાયેલા ચુકાદાઓ એવી રીતે આપવામાં આવ્યા હતા કે જેથી અનુચ્છેદ ૧૨૪ (જે મૂળરૂપે સમાવિષ્ટ હતો) ના સંદર્ભમાં ડૉ. બી.આર. આંબેડકર દ્વારા કરવામાં આવેલા અવલોકનોને સંપૂર્ણ અમલ આપી શકાય. સામાવાળા માટે એવી દલીલ કરવી સ્પષ્ટપણે ભૂલભરેલી છે કે, રાષ્ટ્રપતિની વિવેકબુદ્ધિ અનુસાર, રાજ્યોમાં સુપ્રિમ કોર્ટ અથવા હાઇકોર્ટોના અન્ય ન્યાયમૂર્તિઓ સાથે રાષ્ટ્રપતિ વચ્ચે પરિકલ્પિત વિચાર–વિમર્શની પ્રક્રિયાને સેકન્ડ અને થર્ડ જજીસ કેસો દ્વારા નાબૂદ કરી દેવામાં આવી હતી. એવું કશું જ નથી. અનુચ્છેદ ૧૨૪ માં દર્શાવેલ વિચાર–વિમર્શ રાષ્ટ્રપતિ માટે તેમની અબાધિત વિવેકબુદ્ધિ અનુસાર ખુલ્લો રહ્યો

છે અને હજુ પણ ખુલ્લો છે. વધુમાં, રાષ્ટ્રપતિ માટે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથેના ફરજિયાત "વિચાર–વિમર્શ" દરમિયાન તેના પર આધાર રાખવાનું ખુલ્લું છે. ઉપરોક્ત બાબત, સામાવાળા વતી રજૂ કરવામાં આવેલી દલીલથી તદ્દન વિપરીત, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગીમાં કારોબારીની ભૂમિકાને વધુ દર્શાવે છે. અમને સંતોષ છે કે, બંધારણ સભાની ચર્ચાઓ દરમિયાન વ્યક્ત કરાયેલી સમગ્ર ચર્ચા અને તર્કને, "વિચાર-વિમર્શ" શબ્દપ્રયોગને ચર્ચા હેઠળની બાબતમાં ન્યાયતંત્રમાં પ્રાથમિકતા નિહિત કરવા તરીકે વાંચીને અમલમાં મૂકી શકાય છે. અમારો એવો પણ અભિપ્રાય છે કે, ઉપરોક્ત ચર્ચાઓ તે ચુકાદાઓમાં તારવવામાં આવેલા નિષ્કર્ષોને સમર્થન આપે છે કે જેની પુનઃવિચારણા માંગવામાં આવી રહી છે. ઉપર નોંધાયેલા કારણોસર, બંધારણ સભાની ચર્ચાઓ પર આધારિત સામાવાળાના વિદ્વાન વકીલ દ્વારા કરવામાં આવેલી રજૂઆતોમાં અમને કોઈ વજૂદ જણાતું નથી.

IV.

૮૧. વિચારણા હેઠળની બાબત એક ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય પણ ધરાવે છે. બંધારણ અમલમાં આવ્યા પછી એટલે કે, બંધારણમાં વ્યક્ત કરાયેલી જવાબદારીઓની ગોઠવણ અને ફાળવણી દ્વારા નિર્ધારિત નિશ્ચિત મર્યાદાઓ અને કામગીરીની વિશિષ્ટતાના સંદર્ભમાં આ દેશના લોકોએ પોતાનું શાસન ચલાવવાનું શરૂ કર્યા પછી પ્રાપ્ત થયેલા અનુભવો પરથી અમે તેની તપાસ કરવાનો પ્રયાસ કરીશું. આ સંદર્ભમાં, ૨૪-૨૫.૧૧.૧૯૫૯ ના રોજ જ્યારે ન્યાયિક

સુધારણા પર લો કમિશનનો ચૌદમો અહેવાલ (૧૯૫૮) રાજ્યસભામાં ચર્ચા માટે રજૂ કરવામાં આવ્યો ત્યારે સંસદમાં થયેલી ચર્ચા પર પ્રકાશ પાડવો પ્રસ્તુત રહેશે. ૨૪.૧૧.૧૯૫૯ ના રોજ ચર્ચાનો જવાબ આપતાં, તત્કાલીન કેન્દ્રીય ગૃહમંત્રી ગોવિંદ વલ્લભ પંતના મંતવ્યો, જે સત્તાવાર રીતે નોંધાયેલા છે, અન્ય બાબતો સાથે નીચે મુજબ હતા:

> "સાહેબ, જ્યાં સુધી સુપ્રિમ કોર્ટમાં નિમણૂકોનો સંબંધ છે, ૧૯૫૦ માં જ્યારે બંધારણ અમલમાં લાવવામાં આવ્યું ત્યારથી, ઓગણીસ ન્યાયમૂર્તિઓની નિમણૂક કરવામાં આવી છે અને તે પૈકીના દરેકની નિમણૂક સુપ્રિમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિની ભલામણ પર કરવામાં આવી હતી. મને ખબર નથી કે આ હેતુ માટે અન્ય કોઈ વિકલ્પ વિચારી શકાય કે કેમ. સુપ્રિમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ, હું માનું છું કે, પોતાના સાથીદારો તેમજ વિવિધ રાજ્યોમાં અગ્રણી સ્થાન ધરાવતા ન્યાયાધીશો અને વકીલોની યોગ્યતાથી વાજબી રીતે જ પરિચિત હોવાનું માનવામાં આવે છે અને વિશ્વાસ કરવામાં આવે છે. તેથી અમે સૌથી સક્ષમ, ભરોસાપાત્ર અને પ્રતિષ્ઠિત વ્યક્તિની સલાહનું પાલન કર્યું છે જે આ બાબતમાં અમારું માર્ગદર્શન કરી શકતા હતા.
>
> તે જ રીતે, સાહેબ, જ્યાં સુધી હાઇકોર્ટોનો સંબંધ છે ત્યાં સુધી, ૧૯૫૦ થી, ૨૧૧ નિમણૂકો કરવામાં આવી છે અને તે પૈકી એક સિવાય, એટલે કે, ૨૧૧ માંથી ૨૧૦ નિમણૂકો ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની સલાહ પર,

તેમની સંમતિ અને સહમતિથી કરવામાં આવી હતી. અને તે ૨૧૧ પૈકી, સરકાર દ્વારા સ્વીકારવામાં આવેલી ૧૯૬ દરખાસ્તોને આ બાબત સાથે સંકળાયેલી તમામ વ્યક્તિઓનું સમર્થન પ્રાપ્ત હતું. જેમ કે માનનીય સભ્યો જાણે છે કે, હું માનું છું કે અનુચ્છેદ ૨૧૭ હેઠળ, હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ, સંબંધિત રાજ્યના મુખ્યમંત્રી અને રાજ્યપાલ સૌપ્રથમ આ બાબતો પર વિચારણા કરે છે. ત્યારબાદ તે ગૃહ મંત્રાલયમાં આવે છે અને મંત્રાલય દ્વારા ભારતના મુખ્ય ન્યાયમૂર્તિને સંદર્ભિત કરવામાં આવે છે અને તેઓ જે કંઈ સૂચનો કે ટિપ્પણીઓ કરે છે તેને ધ્યાનમાં લેવામાં આવે છે અને જો જરૂરી હોય તો, ફરીથી મુખ્યમંત્રી અને હાઇકોર્ટને સંદર્ભ કરવામાં આવે છે. પરંતુ મેં કહ્યું તેમ, આ ૧૯૬ નિમણૂકો હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ, રાજ્યના મુખ્યમંત્રી, રાજ્યપાલ અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની સર્વસંમત સલાહ અનુસાર કરવામાં આવી હતી..."

અશોક કુમાર સેન, તત્કાલીન કેન્દ્રીય કાયદા મંત્રી દ્વારા ૨૫.૧૧.૧૯૫૯ ના રોજ, લો કમિશન અહેવાલ સંબંધિત ચર્ચા દરમિયાન કરવામાં આવેલી ટિપ્પણીઓનો પણ સંદર્ભ આપવો જરૂરી છે:

"..... માનનીય ગૃહ સમક્ષ ફરીથી એ બાબત નિર્દેશિત કરવી મારી ફરજ છે, જેમ કે મેં લોકસભામાં કર્યું હતું જ્યારે લો કમિશને સૌપ્રથમ વચગાળાનો અહેવાલ મોકલ્યો હતો – તેને વચગાળાનો અહેવાલ કહો કે આખરી અહેવાલ પહેલાંનો કોઈ અહેવાલ કહો – જેમાં એવો નિર્દેશ કરવામાં

આવ્યો હતો કે ન્યાયમૂર્તિઓની નિમણૂક અપ્રસ્તુત વિચારણાઓના આધારે કરવામાં આવી છે. અમે તેમને ૧૯૫૦ થી કરવામાં આવેલી તમામ નિમણૂકો સંબંધિત તથ્યો અને આંકડા આપ્યા હતા. અમે તેમનું સ્પષ્ટ ધ્યાન એ હકીકત તરફ દોર્યું હતું કે, જેમ કે ગૃહ મંત્રીએ ગઈકાલે નિર્દેશ કર્યો હતો, ૧૯૫૦ થી નિમાયેલા આશરે ૧૭૬ જેટલા ન્યાયમૂર્તિઓમાંથી એક ન્યાયમૂર્તિના કિસ્સા સિવાય, તમામની નિમણૂક મુખ્ય ન્યાયમૂર્તિની સલાહ પર કરવામાં આવી હતી. તે એક કિસ્સાના સંબંધમાં સ્થાનિક મુખ્ય ન્યાયમૂર્તિ અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ વચ્ચે મતભેદ હતો અને સરકારે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના બદલે સ્થાનિક મુખ્ય ન્યાયમૂર્તિની સલાહ સ્વીકારી હતી. પરંતુ તે તેમના ઉમેદવાર નહોતા. અમે લો કમિશન પાસેથી, સંપૂર્ણ નિષ્પક્ષતાથી, એવી અપેક્ષા રાખી હતી કે તેઓ માત્ર હાઈકોર્ટો જ નહીં પરંતુ સુપ્રિમ કોર્ટની પણ તમામ નિમણૂકોના તથ્યો આપતા સરકારના પત્રવ્યવહારની વિચારણા કરે. હું એમ નથી કહી રહ્યો કે તેઓ તેમ કરવા બંધાયેલા હતા, પરંતુ તે માત્ર એક વાજબી બાબત છે, એટલે કે, જ્યારે તમે લો કમિશનના અહેવાલ જેવા ગંભીર દસ્તાવેજમાં અમુક આક્ષેપ મૂકો છો, ત્યારે તમારે તેની તરફેણ અને વિરુદ્ધની તમામ દલીલોની વિચારણા કરવી જોઈએ. અમે સંપૂર્ણ નિષ્પક્ષતાથી એવી અપેક્ષા રાખી હતી કે આ તથ્યોની વિચારણા થવી જોઈતી હતી. કમનસીબે, કોઈ તથ્યો રજૂ કરવામાં આવ્યા નથી જેથી તેની વિચારણા કરવી અશક્ય છે. જો એવું કહેવામાં આવ્યું હોત કે એ ના કિસ્સામાં આવું

બન્યું હતું, બી અથવા સી ના કિસ્સામાં આવું બન્યું હતું, તો અમારા માટે તેની વિચારણા કરવી સરળ બની હોત. વિશેષ કરીને જ્યારે અમે ૧૯૫૦ થી દરેક ન્યાયમૂર્તિની નિમણૂક સંબંધિત તમામ તથ્યો આપ્યા હતા."

૮૨. જો કોઈ ગૃહ મંત્રી અને કાયદા મંત્રીના નિવેદનોમાં દર્શાવેલ વાસ્તવિક આંકડાઓ પરથી, અને તેમાંથી નીકળતા તારણો પરથી અનુમાન કરે, તો એ બાબત તદ્દન સ્પષ્ટ છે કે, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂક સંબંધિત બંધારણની જોગવાઈઓની કામગીરી સંભાળનારાઓની સમજ એવી હતી કે, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની સલાહ રાષ્ટ્રપતિ (અથવા જેમણે પણ નિમણૂકની સત્તાનો ઉપયોગ કર્યો હોય તેમના) દ્વારા સ્વીકારવાની હતી, અને વાસ્તવમાં હંમેશા સ્વીકારવામાં આવતી હતી.

૮૩. ઐતિહાસિક રીતે પણ, ન્યાયિક ઘોષણાઓના પરિપ્રેક્ષ્યમાં, પ્રસ્તુત મુદ્દા પર અપનાવવામાં આવેલી પ્રથાને શમશેર સિંહ કેસ૧૧ માં તે રીતે સમજવામાં આવી હતી, જેમાં સાત-ન્યાયાધીશોની બેંચ મારફતે આ કોર્ટે નીચે મુજબ ઠેરવેલ કે:

"બંધારણની જે યોજનાનો અમે અગાઉ ઉલ્લેખ કર્યો છે તેના પ્રકાશમાં, રાષ્ટ્રપતિના વ્યક્તિગત સંતોષ અંગેનું આવું અર્થઘટન સાચું છે કે કેમ તે શંકાસ્પદ છે. અમારો એવો મત છે કે તમામ વ્યવહારુ હેતુઓ માટે રાષ્ટ્રપતિનો અર્થ, યથાપ્રસંગ મંત્રી અથવા મંત્રી પરિષદ થાય છે, અને તેમનો અભિપ્રાય, સંતોષ કે નિર્ણય બંધારણીય રીતે ત્યારે સુરક્ષિત બને

છે જ્યારે તેમના મંત્રીઓ આવા અભિપ્રાય, સંતોષ કે નિર્ણય પર પહોંચે છે. ન્યાયતંત્રની સ્વતંત્રતા, જે બંધારણનો મુખ્ય સિદ્ધાંત છે અને વિચલનને વાજબી ઠેરવવા માટે જેના પર આધાર રાખવામાં આવ્યો છે, તે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથેના વિચાર-વિમર્શને ફરજિયાત બનાવતા સંબંધિત અનુચ્છેદ દ્વારા સુરક્ષિત છે. તમામ સંભવિત કિસ્સાઓમાં ભારતીય ન્યાયના તે સર્વોચ્ચ મહાનુભાવ સાથેનો વિચાર-વિમર્શ ભારત સરકાર દ્વારા સ્વીકારવામાં આવશે અને સ્વીકારવો જોઈએ અને જો મંત્રી ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા આપવામાં આવેલી સલાહથી અલગ પડે તો મંત્રીના નિર્ણયમાં અન્ય કોઈ અપ્રસ્તુત સંજોગો દાખલ થયા છે કે નહીં તેની તપાસ કરવાની તક કોર્ટ પાસે રહેશે. વ્યવહારમાં આવા સંવેદનશીલ વિષયમાં આખરી શબ્દ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિનો હોવો જોઈએ, તેમની સલાહનો અસ્વીકાર સામાન્ય રીતે હુકમને દૂષિત કરતી અયોગ્ય વિચારણાઓથી પ્રેરિત ગણવામાં આવે છે. આ દ્રષ્ટિએ રાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી કે ન્યાય મંત્રી ઔપચારિક રીતે આ મુદ્દાનો નિર્ણય કરે છે કે કેમ તે મહત્વહીન છે."

૮૪. ૧૯૭૪ થી, જ્યારે ઉપરોક્ત ચુકાદો આપવામાં આવ્યો હતો, ત્યારથી ઉપરોક્ત ઘોષણા પ્રવર્તમાન રહી છે, કારણ કે ઉપરોક્ત ચુકાદાનું ન તો પુનરાવલોકન કરવામાં આવ્યું છે કે ન તો તેને રદ કરવામાં આવ્યો છે. એ બાબત નજરઅંદાજ કરી શકાય નહીં કે, શમશેર સિંહ કેસ૧૧ માંથી લેવામાં આવેલા

અવલોકનોની અન્ય પાંચ-ન્યાયાધીશોની બેંચ દ્વારા સાંકળચંદ હિંમતલાલ શેઠ કેસપ માં પુષ્ટિ કરવામાં આવી હતી, જે નીચે મુજબ છે:

> "આથી, મારા મતે, બંધારણના અનુચ્છેદ ૨૨૨(૧) દ્વારા પરિકલ્પિત વિચાર–વિમર્શનો સાચો અર્થ અને વિષયવસ્તુ આ છે. ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથેના અસરકારક વિચાર–વિમર્શ પછી, ન્યાયમૂર્તિની અન્ય હાઇકોર્ટમાં બદલી કરવી જોઈએ કે કેમ તે પ્રશ્ન પર યોગ્ય નિર્ણય પર પહોંચવા માટે રાષ્ટ્રપતિ સ્વતંત્ર છે કારણ કે, બંધારણ જે અપેક્ષા રાખે છે તે મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર–વિમર્શ છે, પ્રસ્તાવિત બદલી માટે તેમની સહમતિ નહીં. પરંતુ ભગવતી અને કૃષ્ણા ઐયર, ન્યાયમૂર્તિઓએ શમશેર સિંહ (પૂર્વોક્ત) માં જે કહ્યું હતું તેનું પુનરાવર્તન કરવું જરૂરી છે કે તમામ સંભવિત કિસ્સાઓમાં, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથેનો વિચાર–વિમર્શ ભારત સરકાર દ્વારા સ્વીકારવો જોઈએ અને જો કારોબારી ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા આપવામાં આવેલી સલાહથી અલગ પડે તો કારોબારીના નિર્ણયમાં અન્ય કોઈ અપ્રસ્તુત સંજોગો દાખલ થયા છે કે નહીં તેની તપાસ કરવાની તક કોર્ટ પાસે રહેશે: "વ્યવહારમાં આવા સંવેદનશીલ વિષયમાં આખરી શબ્દ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિનો હોવો જોઈએ, તેમની સલાહનો અસ્વીકાર સામાન્ય રીતે હુકમને દૂષિત કરતી આડકતરી વિચારણાઓથી પ્રેરિત ગણવામાં આવે છે." (પાનું ૮૭૩). એવી આશા રાખવામાં આવે છે કે આ શબ્દો બહેરા કાને નહીં પડે અને હવે જ્યારે સામાન્ય સ્થિતિ પુનઃસ્થાપિત થઈ ગઈ છે, ત્યારે કારોબારી અને

ન્યાયતંત્ર વચ્ચેના જો કોઈ મતભેદ હોય તો તે પરસ્પર વિચાર-વિમર્શ દ્વારા ઉકેલાશે, જેમાં પ્રત્યેક પક્ષ બીજાના મંતવ્યોને આદર અને વિચારણા સાથે જોશે."

૮૫. ફર્સ્ટ જજીસ કેસમાં પણ, પી.એન. ભગવતી, ન્યાયમૂર્તિએ શુદ્ધિપત્રક મારફતે પોતાના હુકમમાં સુધારો કર્યો હતો, જેના દ્વારા તેમનો હુકમ, અન્ય બાબતોની સાથે, નીચે મુજબ નોંધવામાં આવ્યો હતો:

"તેના દ્વારા વિચાર-વિમર્શ કરવામાં આવેલા તમામ બંધારણીય સત્તાધિકારીઓ દ્વારા આપવામાં આવેલો અભિપ્રાય સમાન હોય તો પણ, કેન્દ્ર સરકાર આવા અભિપ્રાય અનુસાર કાર્ય કરવા માટે બંધાયેલી નથી, જોકે ત્રણેય બંધારણીય સત્તાધિકારીઓનો સર્વસંમત અભિપ્રાય હોવાથી, તેનું ઘણું મોટું મહત્વ રહેશે અને જો આવા સર્વસંમત અભિપ્રાયની અવગણના કરીને કેન્દ્ર સરકાર દ્વારા નિમણૂક કરવામાં આવે, તો તે બદઇરાદાપૂર્વકની અથવા અપ્રસ્તુત કારણો પર આધારિત હોવાના કારણસર પ્રથમ દર્શનીય રીતે પડકારવાને પાત્ર બની શકે છે. જો હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના સર્વસંમત અભિપ્રાયથી વિરુદ્ધ કેન્દ્ર સરકાર દ્વારા કોઈ નિમણૂક કરવામાં આવે તો પણ આ જ સ્થિતિ રહેશે."

ઉપરોક્ત અંશ પરથી, એ બાબત સ્પષ્ટ થાય છે કે, શમશેર સિંહ કેસ૧૧ ના પેરાગ્રાફ ૧૪૯ માં આ કોર્ટ દ્વારા નોંધવામાં આવેલા અવલોકનોનું સમર્થન

સાંકળચંદ હિંમતલાલ શેઠ કેસપ માં કરવામાં આવ્યું હતું, અને ફર્સ્ટ જજીસ કેસમાં પણ તેને સ્વીકારવામાં આવ્યા હતા. ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં "વિચાર–વિમર્શ" શબ્દનો અર્થ ન્યાયતંત્રને પ્રાથમિકતા આપતો હોવાનું અર્થઘટન કરીને, સેકન્ડ અને થર્ડ જજીસ કેસમાં આ સ્થિતિ ભારપૂર્વક વ્યક્ત કરવામાં આવી હતી. આ વખતે, બે અલગ–અલગ નવ–ન્યાયાધીશોની બેંચો દ્વારા, કે જેમણે શમશેર સિંહ કેસ૧૧ માં વ્યક્ત કરાયેલી સ્થિતિનું પુનરાવર્તન કર્યું હતું.

૮૬. ઉપરોક્ત ઘટનાક્રમ દર્શાવે છે કે, કારોબારીએ ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની પ્રક્રિયાનો અમલ કરતી વખતે (અને એક હાઇકોર્ટમાંથી બીજી હાઇકોર્ટમાં મુખ્ય ન્યાયમૂર્તિઓ અને ન્યાયમૂર્તિઓની બદલીની બાબતમાં પણ), અન્ય બંધારણીય સત્તાધિકારીઓ (અનુચ્છેદ ૧૨૪, ૨૧૭ અને ૨૨૨ માં સંદર્ભિત) ની સહભાગિતાને સ્વીકારતી વખતે, એવી પ્રક્રિયા અપનાવી હતી કે જેમાં નિર્ણય લેવાની પ્રક્રિયામાં પ્રાથમિકતા સભાનપણે ન્યાયતંત્રને સોંપવામાં આવી હતી. આ સ્થિતિનું બંધારણના અમલ પછી શરૂઆતથી જ કારોબારી દ્વારા પોતાની મેળે પાલન કરવામાં આવ્યું હતું. જ્યાં સુધી ધારાસભાનો સંબંધ છે ત્યાં સુધી, એ બાબત સ્પષ્ટ છે કે, દેશ બંધારણ દ્વારા શાસિત બન્યો તેના માત્ર થોડા વર્ષો પછી, છેક ૧૯૫૯ માં સંસદ દ્વારા ન્યાયિક સુધારા અંગેના લો કમિશનના ૧૪મા અહેવાલ (૧૯૫૮) ની ચર્ચા કરવામાં આવી ત્યારે આ મુદ્દો યોગ્ય રીતે ચર્ચા માટે આવ્યો હતો. એ બાબત સ્પષ્ટ છે કે, જ્યારે સંસદના બંને ગૃહોએ અન્ય બાબતોની સાથે સાથે અનુચ્છેદ

૧૨૪, ૨૧૭ અને ૨૨૨ પર વિચાર–વિમર્શ કર્યો હતો, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકના મામલામાં, જે સર્વસંમત લાગણી ઉભરી આવી હતી તે એ હતી કે, "... સૌથી સક્ષમ, આધાર રાખવા યોગ્ય અને પ્રતિષ્ઠિત વ્યક્તિ..." – ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની સલાહનું યોગ્ય રીતે પાલન કરવામાં આવ્યું હતું. સંસદીય ચર્ચાના બે પાસાઓ, જે આ મુદ્દા પર વિચાર–વિમર્શ કરતી વખતે ધ્યાનમાં રાખવામાં આવ્યા હતા, તેને રેખાંકિત કરવાની જરૂર છે. પ્રથમ એ કે, રાષ્ટ્રપતિનો અર્થ (તમામ વ્યવહારિક હેતુઓ માટે), સંબંધિત મંત્રી, અથવા વડાપ્રધાનના નેતૃત્વ હેઠળની મંત્રી પરિષદ થતો હતો. અને બીજું એ કે, પ્રશ્ન હેઠળની જોગવાઈઓમાં અન્ય બંધારણીય સત્તાધિકારીઓની માત્ર સહભાગી ભૂમિકાની જ પરિકલ્પના કરવામાં આવી હતી. તેથી, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકના મામલામાં, ન્યાયતંત્રની પ્રાથમિકતા અંગેનું ઉપરોક્ત સમર્થન, અન્ય સહભાગી બંધારણીય સત્તાધિકારીઓના સમગ્ર વ્યાપને ધ્યાનમાં લીધા પછી, સભાનપણે નોંધવામાં આવ્યું હતું. ન્યાયિક નિર્ણયના મામલામાં,– સુપ્રિમ કોર્ટની બંધારણીય બેંચ દ્વારા ૧૯૭૪ જેટલા ભૂતકાળમાં શમશેર સિંહ કેસ૧૧ માં આ મુદ્દાની તપાસ કરવામાં આવી હતી, જેમાં મુખ્ય સિદ્ધાંત – "ન્યાયતંત્રની સ્વતંત્રતા" ને ધ્યાનમાં રાખીને, એવો નિષ્કર્ષ કાઢવામાં આવ્યો હતો કે, ન્યાયતંત્રના સર્વોચ્ચ મહાનુભાવ – ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથેની વિચાર–વિમર્શનો વ્યવહારમાં અર્થ એવો થતો હતો કે, આખરી શબ્દ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિનો જ હોવો જોઈએ એટલે કે, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકના મામલામાં પ્રાથમિકતા ન્યાયતંત્ર પાસે જ રહેવી

જોઈએ. ઉપરોક્ત સ્થિતિ ૧૯૭૭ માં સાંકળચંદ હિંમતલાલ શેઠ કેસપ માં પાંચ ન્યાયમૂર્તિઓની બેંચ દ્વારા જાળવી રાખવામાં આવી હતી, જેને ૧૯૮૧ માં ફર્સ્ટ જજીસ કેસમાં સાત ન્યાયમૂર્તિઓની બેંચ દ્વારા બદલવામાં આવી હતી, જેમાં એવું ઠેરવવામાં આવ્યું હતું કે, "વિચાર–વિમર્શ" શબ્દને "સંમતિ" તરીકે વાંચી શકાય નહીં. આ કેસમાં પણ પી.એન. ભગવતી, ન્યાયમૂર્તિ (જેઓ તે સમયે હતા) દ્વારા પ્રતિપાદિત કરાયેલી સ્થિતિ, જે ઉપર ટાંકવામાં આવી છે, તેને પણ અનિવાર્યપણે ધ્યાનમાં રાખવી જોઈએ. અગાઉની સ્થિતિ ૧૯૯૩ માં સેકન્ડ જજીસ કેસમાં નવ ન્યાયમૂર્તિઓની બેંચ દ્વારા પુનઃસ્થાપિત કરવામાં આવી હતી (જેણે ફર્સ્ટ જજીસ કેસને ઉલટાવી દીધો હતો). થર્ડ જજીસ કેસ મારફતે નવ ન્યાયમૂર્તિઓની બેંચ દ્વારા આ સ્થિતિની ફરીથી પુષ્ટિ કરવામાં આવી હતી. ઐતિહાસિક રીતે, તેથી, શાસનના ત્રણેય અંગોએ એકસમાન રીતે જાળવી રાખ્યું છે કે, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂક કરતી વખતે, "ન્યાયતંત્રની સ્વતંત્રતા" ને બંધારણના અંતરંગના એક અભિન્ન અંગ તરીકે સ્વીકારવામાં આવી હતી, અને તેના દ્વારા, વિચારણા હેઠળની જોગવાઈઓમાં વપરાયેલા "વિચાર–વિમર્શ" શબ્દને અનુચ્છેદ ૧૨૪, ૨૧૭ અને ૨૨૨ હેઠળ વિચારવામાં આવેલા વિષયોના સંદર્ભમાં, ન્યાયતંત્રમાં પ્રાથમિકતા નિહિત કરવા તરીકે સમજવો પડતો હતો. ઉપરોક્ત ઐતિહાસિક વિશ્લેષણના પરિપ્રેક્ષ્યમાં, સામાવાળાઓ માટે સેકન્ડ અને થર્ડ જજીસ કેસોના ચુકાદાઓની પુનઃવિચારણા માંગવાનું વાસ્તવમાં કોઈ વાજબી કારણ નથી.

V.

૮૭. બંધારણ સભાના સભ્યો દ્વારા વ્યક્ત કરાયેલા આશયના વિષય પર વિચાર કરતી વખતે, બંધારણમાં "સત્તાનું પૃથક્કરણ" અપનાવવાના સંદર્ભમાં વ્યક્ત કરાયેલા મંતવ્યોને પણ ધ્યાનમાં લેવું ન્યાયી અને ઉચિત ગણાય છે. જ્યારે બંધારણ સભા દ્વારા તૈયાર કરાયેલ મુસદ્દો ચર્ચા માટે આવ્યો, ત્યારે ડૉ. બી.આર. આંબેડકરે અનુચ્છેદ ૩૯એ માં સુધારો કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. એ ઉલ્લેખ કરવો પ્રસ્તુત રહેશે કે, ઉપરોક્ત સુધારો સ્વીકારવામાં આવતાં, બંધારણમાં (મૂળ રૂપે ઘડવામાં આવ્યા મુજબ) અનુચ્છેદ ૫૦ તરીકે સમાવિષ્ટ કરવામાં આવ્યો હતો. એ પણ નોંધવું જરૂરી છે કે, જ્યારે બંધારણ સભા સમક્ષ બંધારણના મુસદ્દા પર ચર્ચા થઈ રહી હતી, ત્યારે જવાહરલાલ નેહરુ વડાપ્રધાન તરીકે સાથે સરકારે કામગીરી શરૂ કરી દીધી હતી. તેથી, બંધારણ સભાની ચર્ચાઓમાં તેમની સહભાગિતા માત્ર બંધારણ સભાના એક સભ્ય તરીકેની તેમની ક્ષમતામાં જ નહોતી, પરંતુ સાથોસાથ, ભારત સરકારના એક પ્રતિનિધિ તરીકે પણ હતી. "સત્તાનું પૃથક્કરણ" સંબંધિત ઉપરોક્ત ચર્ચાઓમાં જવાહરલાલ નેહરુ, બક્ષી ટેકચંદ અને લોકનાથ મિશ્રા દ્વારા વ્યક્ત કરાયેલા મંતવ્યો નીચે ઉદ્ધૃત કરવા જરૂરી છે. સંબંધિત અંશો નીચે પુનઃઉત્પાદિત કરવામાં આવે છે:

> "માનનીય પંડિત જવાહરલાલ નેહરુ (યુનાઇટેડ પ્રોવિન્સિસ: જનરલ):
>
> ..... આ ચોક્કસ બાબત પર આવતાં, માનનીય વક્તા, પંડિત કુંઝરુ, કે જેઓ હમણાં જ બોલ્યા અને ડૉ. આંબેડકરના સુધારાનો વિરોધ કર્યો, તેઓ તેમના પ્રત્યેના પૂરા આદર સાથે જો હું એમ કહી શકું તો, મને

સંપૂર્ણપણે પાટા પરથી ઉતરી ગયેલા જણાય છે, અને આ બાબતમાં સરકાર તરફથી કોઈ બદઈરાદાની શંકા કરે છે. સરકાર તરીકે પોતે આ બાબત સાથે સંબંધિત નથી, પરંતુ એ સાચું છે કે સરકારના કેટલાક સભ્યો તેના વિશે ચોક્કસપણે દ્રઢ લાગણી ધરાવે છે અને તેઓ ઈચ્છશે કે આ ગૃહ તે ચોક્કસ દ્રષ્ટિકોણ પર સંપૂર્ણ વિચારણા કરે જે ડૉ. આંબેડકરે ગૃહ સમક્ષ આજે રજૂ કર્યો છે. હું સ્પષ્ટપણે કહી શકું છું કે જ્યાં સુધી સરકારનો સંબંધ છે, તે ન્યાયિક અને કારોબારી કાર્યોના પૃથક્કરણની સંપૂર્ણ તરફેણમાં છે (હર્ષનાદ). હું વધુમાં કહી શકું છું કે તે જેટલું વહેલું અમલમાં આવે તેટલું સારું (સાંભળો, સાંભળો) અને મને કહેવામાં આવ્યું છે કે આપણી કેટલીક પ્રાંતીય સરકારો ખરેખર હવે તે દિશામાં પગલાં લઈ રહી છે. જો કોઈ મને પૂછે, જો કોઈ ત્રણ વર્ષ અથવા અન્ય કોઈ મુદત સૂચવે, તો મારી પ્રથમ પ્રતિક્રિયા એ હોત કે આ મુદત ઘણી લાંબી છે. આપણે આના માટે આટલી લાંબી રાહ શા માટે જોવી જોઈએ? સમગ્ર ભારતમાં નહીં તો પણ, ભારતના મોટા ભાગમાં, તેના કરતાં ઘણા વહેલા આનો અમલ કરી શકાય છે. તે જ સમયે, એ સ્પષ્ટ છે કે પ્રસ્તુત સમયે ભારત, ખાસ કરીને સંક્રમણ કાળ દરમિયાન, રાજકીય રીતે, ન્યાયિક રીતે, આર્થિક રીતે અને ઘણી રીતે ખૂબ જ વૈવિધ્યસભર દેશ છે, અને દરેક વિસ્તારમાં લાગુ કરવા માટેનો કોઈપણ નિશ્ચિત સામાન્ય વ્યવહારુ નિયમ અમુક વિસ્તારોના સંબંધમાં ગેરલાભકારક અને મુશ્કેલ બની શકે છે. એક તરફ, તે નિયમ ખરેખર એક વિસ્તારમાં પ્રગતિને અટકાવશે, અને બીજી તરફ, તે

અન્ય કોઈ વિસ્તારમાં સમગ્ર વ્યવસ્થા ખોરવી શકે છે: તેથી, અમુક પરિવર્તનશીલતા ઇચ્છનીય છે. સામાન્ય રીતે કહીએ તો, મેં કહ્યું હોત કે નીતિના આવા કોઇપણ નિર્દેશમાં, તે કાનૂની ન પણ હોય, પરંતુ બંધારણમાં નીતિના કોઇપણ નિર્દેશની શક્તિશાળી અસર હોવી જોઈએ. આવા કોઇપણ નિર્દેશમાં કોઈ વિગત કે સમય-મર્યાદા વગેરે ન હોવી જોઈએ. તે રાજ્ય શું ઇચ્છે છે તેનો એક નિર્દેશ છે, અને તેથી કોઇપણ પ્રકારની સમય-મર્યાદા મૂકવી તેને રાજ્યની નીતિના તે ઉચ્ચ દરજ્જા પરથી નીચે ઉતારી દે છે અને તેને ધારાકીય પગલાના સ્તરે લાવી દે છે, જે તે અર્થમાં નથી. મેં પસંદ કર્યું હોત કે ત્યાં કોઈ સમય-મર્યાદા ન હોય, પરંતુ વધુ વ્યવહારિક રીતે કહીએ તો, આમાં કોઇપણ સમય-મર્યાદા, જેમ કે ડૉ. આંબેડકરે નિર્દેશ કર્યો હતો, એક તરફ દેશના મોટા ભાગોમાં, સંભવતઃ દેશના મોટા ભાગમાં આ પ્રક્રિયાને વિલંબિત કરવા માટે કારણભૂત બની શકે છે; બીજી તરફ, કેટલાક ભાગોમાં જ્યાં વ્યવહારિક રીતે કહીએ તો તેનો અમલ કરવો ખૂબ મુશ્કેલ હોઈ શકે છે, ત્યાં તે ભારે મૂંઝવણ પેદા કરી શકે છે. તેથી હું માનું છું કે, ડૉ. આંબેડકરનો સુધારો, આપણે લાવવા માંગીએ છીએ તેવા આ અત્યંત ઇચ્છનીય પરિવર્તનના મહત્વ કે તેની અગત્યતાને ઘટાડવાને બદલે, તેને દેશ સમક્ષ ઉચ્ચ સ્તરે મૂકે છે. અને હું પોતે એ સમજી શકતો નથી કે કોઇપણ પ્રાંતીય કે અન્ય સરકાર આ નિર્દેશને કેવી રીતે ભૂલી શકે અથવા તેમાં ઘણો વિલંબ કરી શકે. આખરે, ભવિષ્યમાં જે કંઈ પણ કરવામાં આવશે તે મોટે ભાગે લોકોની લાગણી અને મળનારી

ભવિષ્યની વિધાનસભાઓ અને સંસદો પર નિર્ભર રહેશે. પરંતુ જ્યાં સુધી આ બંધારણનો સંબંધ છે, તે આ પરિવર્તનની તરફેણમાં દ્રઢ અભિપ્રાય આપે છે અને તે એવી રીતે આપે છે કે જેથી જે વિસ્તારોમાં તે લાવી શકાય - પ્રાંતો, વગેરેમાં - ત્યાં તેને લાવવાનું શક્ય બને, અને કોઈપણ ચોક્કસ રાજ્ય, વગેરેમાં મુશ્કેલીના કિસ્સામાં, તે તેમને બાંધી રાખતું નથી. તેથી હું રજૂઆત કરું છું કે ડૉ. આંબેડકરના આ સુધારાનો સ્વીકાર કરવો જોઈએ. (હર્ષનાદ)."

"ડૉ. બક્ષી ટેકચંદ (પૂર્વ પંજાબ: સામાન્ય): માનનીય ઉપપ્રમુખશ્રી, હું આજે ડૉ. આંબેડકર દ્વારા રજૂ કરવામાં આવેલા સુધારાને મારું હૃદયપૂર્વકનું સમર્થન આપવા માટે ઊભો થયો છું. કારોબારી અને ન્યાયિક કાર્યોના પૃથક્કરણનો પ્રશ્ન માત્ર કોંગ્રેસ જેટલો જ જૂનો નથી, પરંતુ વાસ્તવમાં તે તેના કરતાં ઘણો જૂનો છે. વર્ષ ૧૮૫૨ માં જ્યારે બંગાળમાં લોકમત એક સંગઠિત સ્વરૂપે વ્યક્ત થવા લાગ્યો ત્યારે આ બાબત સૌપ્રથમ ચર્ચામાં આવી હતી. તે કોંગ્રેસના અસ્તિત્વમાં આવવાના ત્રીસ કરતાં વધુ વર્ષો પહેલાંની વાત હતી. વિપ્લવ પછી, આ આંદોલને વેગ પકડ્યો અને સિત્તેરના દાયકાની શરૂઆતમાં, બંગાળમાં, ક્રિષ્ટો દાસ પાલ અને રામ ગોપાલ ઘોષ, કે જેઓ તે દિવસોમાં લોકમતનું નેતૃત્વ કરતા હતા, તેમની આગેવાની હેઠળ ન્યાયિક અને કારોબારી કાર્યોના પૃથક્કરણના સંબંધમાં ચોક્કસ દરખાસ્તો મૂકવામાં આવી હતી. ત્યારબાદ, સ્વર્ગસ્થ મનમોહન

ઘોષે આ બાબત હાથ પર લીધી અને તેમણે તથા બાબુ સુરેન્દ્રનાથ બેનર્જીએ વર્ષોવર્ષ તમામ જાહેર સભાઓમાં આ પ્રશ્ન ઉઠાવ્યો હતો.

જ્યારે ૧૮૮૫ માં બોમ્બેમાં પ્રથમ સત્રમાં કોંગ્રેસ મળી, ત્યારે વહીવટમાં આ સુધારાને તેના કાર્યક્રમમાં મોખરે રાખવામાં આવ્યો હતો. ત્યારબાદ, માત્ર તમામ વિચારધારાઓના રાજકારણીઓએ જ નહીં, પરંતુ વહીવટમાં પોતાનું આયખું વિતાવનારા નિવૃત્ત અધિકારીઓએ પણ આ બાબત ઉપાડી લીધી અને તેને પોતાનું સમર્થન આપ્યું, મને ૧૮૯૯ ની લખનૌ કોંગ્રેસ બરાબર યાદ છે જ્યારે ઇન્ડિયન સિવિલ સર્વિસમાંથી હમણાં જ નિવૃત્ત થયેલા રમેશ ચંદ્ર દત્તે પ્રમુખપદ સંભાળ્યું હતું. તેમણે પોતાના પ્રમુખીય પ્રવચનનો મોટો ભાગ આ વિષયને સમર્પિત કર્યો હતો અને તેના માટે ઘણો ઉત્સાહ પેદા કર્યો હતો, એટલું જ નહીં: હાઇકોર્ટના નિવૃત્ત ન્યાયમૂર્તિઓ અને સર આર્થર હોબહાઉસ તથા સર આર્થર વિલ્સન જેવા અંગ્રેજોએ પણ, જે બંને પાછળથી પ્રિવી કાઉન્સિલની જ્યુડિશિયલ કમિટીના સભ્યો બન્યા હતા, આને પોતાનું સમર્થન આપ્યું હતું અને તેઓએ ઘણા પ્રતિષ્ઠિત ભારતીયો સાથે સંયુક્ત રીતે સેક્રેટરી ઓફ સ્ટેટ ફોર ઇન્ડિયાને આ સુધારાનો તાત્કાલિક અમલ કરવા માટે આવેદનપત્ર સુપરત કર્યું હતું.

વર્ષ ૧૯૧૨ માં, જ્યારે પબ્લિક સર્વિસ કમિશનની નિમણૂક કરવામાં આવી, ત્યારે શ્રી અબ્દુર રહીમ, કે જેઓ મદ્રાસ હાઇકોર્ટના ન્યાયમૂર્તિ હતા

અને ઘણા વર્ષો સુધી સેન્ટ્રલ લેજિસ્લેચરના પ્રમુખ રહ્યા હતા, તેમણે એક લાંબી અસંમતિ નોંધ જોડી હતી અને તેમાં તેમણે આ પ્રશ્નને ઘણા પૃષ્ઠો સમર્પિત કર્યા હતા.

તેથી, સાહેબ, આ બાબત લગભગ એક સદીથી દેશ સમક્ષ છે અને સમય આવી ગયો છે કે તેનો તાત્કાલિક અમલ કરવામાં આવે. ગઈકાલે બોલનારા માનનીય સભ્યો પૈકીના એક સભ્યે એવું અવલોકન કર્યું હતું કે જ્યારે આપણી પાસે વિદેશી સરકાર હતી ત્યારે આ બાબત ખૂબ મહત્વની હતી પરંતુ હવે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે, અને તેનો અમલ કરવો જરૂરી ન પણ હોય. વારુ, આનો એક અસરકારક જવાબ માનનીય વડાપ્રધાન દ્વારા આજે આપવામાં આવ્યો છે. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું છે કે તે સરકારની નીતિ છે, અને તેમનો આશય એ જોવાનો છે કે આ સુધારાનો તાત્કાલિક અમલ કરવામાં આવે.

xxxx xxxx xxxx

તેમણે તેની પુષ્ટિ કરી તે સાંભળીને મને આનંદ થાય છે. આનાથી ઉપસ્થિત કરવામાં આવેલા એ બે વાંધાઓ પર પૂર્ણવિરામ મુકાઈ જાય છે કે, બદલાયેલા સંજોગોના કારણે, આપણે આઝાદી મેળવી લીધી હોવાથી, તે હવે જરૂરી રહ્યું નથી અને નાણાકીય બોજ એટલો ભારે હશે કે તે પ્રાંતીય સરકારોને કચડી નાખશે. આ બંને વાંધાઓ પોકળ છે. આ સંબંધમાં મારે વધુ એક વાત કહેવાની છે અને તે એ છે કે, લોકશાહી અને સ્વતંત્રતાના

આગમન સાથે, આ સુધારાની જરૂરિયાત વધુ વધી ગઈ છે. અગાઉ માત્ર ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ અને અમલદારશાહી સરકારના કેટલાક સભ્યો જ હતા કે જેમના તરફથી ન્યાયતંત્રમાં દખલગીરીની આશંકા સેવાતી હતી, પરંતુ હવે, મને કહેતા ખૂબ જ દુઃખ થાય છે કે કેટલાક પ્રાંતોમાં મંત્રીઓ અને રાજકીય પક્ષોના સભ્યોએ પણ

. ન્યાયના મુક્ત વહીવટમાં દખલગીરી કરવા લાગ્યા છે. તમારામાંથી જે લોકો તાજેતરમાં ન્યાયિક નિર્ણયોના અખબારી અહેવાલો વાંચતા હશે, તેઓ આ પ્રકારની દખલગીરીથી ચોક્કસપણે સ્તબ્ધ થયા હશે જે તાજેતરમાં વિવિધ હાઇકોર્ટોમાં સમીક્ષા હેઠળ રહી છે. એક પ્રાંતમાં અમે જોયું કે ફોજદારી કોર્ટમાં પેન્ડિંગ એક કેસમાં, મંત્રાલયે રેકોર્ડ મંગાવ્યો અને કેસ ચલાવતા મેજિસ્ટ્રેટને કેસની કાર્યવાહી સ્થગિત કરવાનો નિર્દેશ આપતો હુકમ પસાર કર્યો. આ બાબત તદ્દન ન સાંભળેલી હતી. આ મામલો છેવટે હાઇકોર્ટ સમક્ષ ગયો અને વિદ્વાન મુખ્ય ન્યાયમૂર્તિ અને અન્ય એક ન્યાયમૂર્તિએ ન્યાયના વહીવટમાં આવી કારોબારી દખલગીરી સામે ખૂબ જ સખત ટીપ્પણીઓ કરવી પડી. અન્ય એક પ્રાંતમાં વિધાનસભાના સભ્ય સામે એક કેસ ચલાવવામાં આવી રહ્યો હતો અને ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ તરફથી કેસ ચલાવતા મેજિસ્ટ્રેટને આ કેસમાં આગળ ન વધવા અને તે વ્યક્તિને મુક્ત કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. મેજિસ્ટ્રેટ કે જેઓ જ્યુડિશિયલ સર્વિસના સભ્ય હતા અને મેજિસ્ટ્રેટ તરીકે કાર્યકારી સેવા બજાવતા હતા, તેમનામાં આ માંગણીનો પ્રતિકાર કરવાની

હિંમત હતી. તેમણે તે તમામ પત્રો રેકોર્ડ પર મુકાવ્યા અને આખરે આ મામલો હાઇકોર્ટ સમક્ષ ગયો અને કલકત્તા હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિએ આ બાબતે ખૂબ જ સખત ટીપ્પણીઓ કરી. ફરીથી પંજાબમાં, તાજેતરમાં એક એવો કેસ બન્યો જેમાં હાઇકોર્ટના ન્યાયમૂર્તિ, શ્રી ન્યાયમૂર્તિ અછુ રામે, હેબિયસ કોર્પસ અરજીની સુનાવણી કરી અને ૧૬૪ પાનાનો ચુકાદો આપ્યો જેના અંતે તેમણે અવલોકન કર્યું કે ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ અને સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ દ્વારા કોંગ્રેસ પક્ષના સભ્ય સામે લેવાયેલા પગલાં બદઈરાદાપૂર્વકના હતા અને તે અંગત અદાવતનું પરિણામ હતા. આ તેમની ટીપ્પણીઓ હતી. આ સંજોગોમાં, હું રજૂઆત કરું છું કે સંજોગો બદલાવાની સાથે અને આઝાદીના આગમન તેમજ લોકશાહીની શરૂઆત સાથે, શક્ય તેટલી વહેલી તકે કારોબારીથી ન્યાયતંત્રનું પૃથક્કરણ લાવવું વધુ આવશ્યક બની ગયું છે."

૮૮. બંધારણ સભા સમક્ષ કરવામાં આવેલા નિવેદનોનું અવલોકન, જેના પરિણામે બંધારણના અનુચ્છેદ ૫૦ ને અપનાવવામાં આવ્યો હતો, તે દર્શાવે છે કે, આ દેશના પ્રથમ વડાપ્રધાન ન્યાયિક અને કારોબારી "કાર્યો" ના પૃથક્કરણની સંપૂર્ણ તરફેણમાં હતા. પૃથક્કરણના વિષય પર, એ નિર્દેશિત કરવામાં આવ્યું હતું કે, તે એક એવો નિર્દેશ હતો જે સરકાર પોતે ઇચ્છતી હતી. બંધારણ સભામાં ડૉ. બક્ષી ટેક ચંદનું નિવેદન એ પરિસ્થિતિ રજૂ કરે છે કે, કારોબારીથી ન્યાયતંત્રને અલગ કરવાનો વિચાર સૌપ્રથમ ૧૮૫૨ જેટલા લાંબા સમય પહેલાં રજૂ કરવામાં આવ્યો હતો, અને ત્યારપછી રાજકીય નેતૃત્વ તેમજ લોકમત, ન્યાયિક અને

કારોબારી કામગીરીનું પૃથક્કરણ સુનિશ્ચિત કરવા તરફ દોરાયા હતા. તેમણે નિર્દેશ કર્યો હતો કે, "વર્ષોવર્ષ", સ્વર્ગસ્થ મન મોહન ઘોષ અને બાપુ સુરેન્દ્રનાથ બેનર્જીએ તમામ જાહેર સભાઓમાં આ પ્રશ્ન ઉઠાવ્યો હતો. અને જ્યારે ૧૮૮૫ માં બોમ્બેમાં કોંગ્રેસનું પ્રથમ અધિવેશન મળ્યું, ત્યારે કારોબારીથી ન્યાયતંત્રને અલગ કરવાની બાબત વિચારણા હેઠળના અન્ય તમામ મુદ્દાઓ કરતાં સર્વોપરી રાખવામાં આવી હતી. ત્યારબાદ, માત્ર તમામ વિચારધારાના રાજકારણીઓ જ નહીં, પરંતુ વાસ્તવમાં વહીવટમાં પોતાનું જીવન વિતાવનાર નિવૃત્ત અધિકારીઓએ પણ "સત્તાઓના પૃથક્કરણ" ના મુદ્દાને સમર્થન આપ્યું હતું. તેમણે એ પણ હાઇલાઇટ કર્યું હતું કે, ૧૮૯૯ માં, રમેશ ચંદ્ર દત્તે તેમના પ્રમુખપદના સંબોધનનો મોટો ભાગ આ મુદ્દા પાછળ સમર્પિત કર્યો હતો. અને એ કે, નિવૃત્ત હાઇકોર્ટ ન્યાયમૂર્તિઓ અને સર આર્થર હોબહાઉસ તેમજ સર આર્થર વિલ્સન જેવા અંગ્રેજો (જે બંને, ત્યારબાદ પ્રિવી કાઉન્સિલની જ્યુડિશિયલ કમિટીના સભ્યો બન્યા હતા), તેમણે પણ ઉપરોક્ત સુધારાને સમર્થન આપ્યું હતું. એ નિર્દેશિત કરવામાં આવ્યું હતું કે, "સત્તાઓના પૃથક્કરણ" ના સિદ્ધાંતને સ્વીકારવા માટે સતત ચર્ચા ચાલી રહી હતી, જેના દ્વારા ન્યાયતંત્રને કારોબારીથી અલગ રાખવામાં આવશે. તેમણે મંત્રીઓ અને વહીવટીતંત્રના સભ્યો દ્વારા કરવામાં આવતી દખલગીરી દર્શાવતા ઉદાહરણો તરફ પણ ધ્યાન દોર્યું હતું, જેના કારણે ન્યાયતંત્ર અને કારોબારી વચ્ચે સત્તાઓનું સંપૂર્ણ પૃથક્કરણ અનિવાર્ય બન્યું હતું. લોકનાથ મિશ્રાએ સિદ્ધાંતના ભાગરૂપે ઉપરોક્ત સુધારાનું સંપૂર્ણ સમર્થન કર્યું હતું. તેથી, એવો નિષ્કર્ષ કાઢવો અનિવાર્ય છે કે બંધારણના

ઘડવૈયાઓ બંધારણના અનુચ્છેદ ૫૦ નો મુસદ્દો તૈયાર કરતી વખતે તેમના મંતવ્યમાં સ્પષ્ટ અને સર્વસંમત હતા કે, કારોબારીના પ્રભાવોથી અલગ એવું એક ન્યાયતંત્ર હોવું જરૂરી છે.

૮૯. તરત જ અગાઉના પેરાગ્રાફોમાં નોંધાયેલી વિચારણાના આધારે પણ, અમને એવું જણાય છે કે, સેકન્ડ જજિસ કેસમાં બંધારણ સભાની ચર્ચાઓનો વિગતવાર સંદર્ભ આપવાની આવશ્યકતા કદાચ કોઈ ગંભીર મહત્વ વિનાની ગણવામાં આવી હશે, પછી ભલે તે "ન્યાયતંત્રની સ્વતંત્રતા" ના એક ઘટક તરીકે ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકના વિષય પર હોય, અથવા "સત્તાઓના પૃથક્કરણ" ના વિષય પર હોય, જેના દ્વારા ન્યાયતંત્રને કારોબારીથી અલગ અને પૃથક રાખવાની માંગ કરવામાં આવી હતી. આ કોર્ટે એવો નિષ્કર્ષ કાઢ્યો હોવાથી કે, "સત્તાઓના પૃથક્કરણ" નો સિદ્ધાંત બંધારણમાં સ્પષ્ટપણે સમાવિષ્ટ હતો, જે કારોબારીને ન્યાયતંત્રમાં કોઈપણ ભૂમિકામાંથી દૂર કરે છે, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં આખરી નિર્ણય લેવાનો કારોબારીનો અધિકાર સ્પષ્ટપણે નકારી કાઢવામાં આવ્યો હતો. અને તેથી, સેકન્ડ અને થર્ડ જજિસ કેસોમાં બંધારણની જોગવાઈઓના સુમેળભર્યા અર્થઘટન પર, આ કોર્ટે યોગ્ય રીતે ઠેરવેલ કે, ઉપરોક્ત બાબતમાં પ્રાથમિકતા ન્યાયતંત્રમાં નિહિત હતી, જે એવા તારણ તરફ દોરી જાય છે કે, સંદર્ભિત જોગવાઈઓમાં "વિચાર-વિમર્શ" શબ્દને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ મારફતે ન્યાયતંત્ર દ્વારા વ્યક્ત કરવામાં આવેલા મંતવ્યને પ્રાથમિકતા આપવા તરીકે સમજવો જોઈએ.

VI.

૯૦. વિદ્વાન એટર્ની જનરલ દ્વારા રજૂ કરવામાં આવેલી અન્ય એક મહત્વપૂર્ણ રજૂઆતનો નિકાલ કરવો અનિવાર્ય છે, એટલે કે, "ન્યાયતંત્રની સ્વતંત્રતા" ના મુદ્દાને ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની "નિમણૂક" ની પ્રક્રિયા સાથે કોઈ લેવાદેવા નથી. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, ન્યાયમૂર્તિની સ્વતંત્રતાનો પ્રશ્ન ત્યારે જ ઉપસ્થિત થાય છે જ્યારે ન્યાયમૂર્તિની (ઉચ્ચ ન્યાયતંત્રમાં) નિમણૂક થઈ ચૂકી હોય, કારણ કે ત્યાર પછી જ તેમને કારોબારી/રાજકીય દબાણો અને પ્રભાવોથી સંરક્ષિત કરવાના હોય છે. એવી વિસ્તૃત સમજૂતી આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો કે, ઉચ્ચ ન્યાયતંત્રના ન્યાયમૂર્તિઓ તેમની નિમણૂક પછી તરત જ એટલી સારી રીતે સંરક્ષિત હોય છે કે, કારોબારી કે ધારાસભાના હાથે કોઈપણ રીતે "ન્યાયતંત્રની સ્વતંત્રતા" સાથે બાંધછોડ થવાનો કોઈ પ્રસંગ ઉપસ્થિત થઈ શકે નહીં.

૯૧. વર્તમાન દલીલ રજૂ કરતી વખતે, વિદ્વાન એટર્ની જનરલનો સ્પષ્ટ દાવો હતો કે, સેકન્ડ અને થર્ડ જજિસ કેસોમાં આપવામાં આવેલા બેમાંથી એકપણ ચુકાદામાં એવું ઠેરવવામાં આવ્યું ન હતું કે, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની "પસંદગી અને નિમણૂક" એ "ન્યાયતંત્રની સ્વતંત્રતા" ના કાર્યક્ષેત્રમાં આવશે. તેથી તેમની એવી દલીલ હતી કે, ઉપરોક્ત બે ચુકાદાઓના આધારે એવું માની લેવું ખોટું હતું કે ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની "નિમણૂક" નો પ્રશ્ન બંધારણના "મૂળભૂત માળખા" નો એક ઘટક બનશે. વિદ્વાન

એટર્ની જનરલની એવી દલીલ હતી કે, સંસદે તેના ડહાપણમાં હવે બંધારણમાં સુધારો કર્યો છે, જેનાથી ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની "પસંદગી અને નિમણૂક" (તેમની બદલી સહિત) ની પ્રક્રિયામાં સ્વીકૃતપણે ફેરફાર થયો છે. વધુમાં એવી દલીલ કરવામાં આવી હતી કે, કોન્સ્ટીટ્યુશન (૯૯મો સુધારો) એક્ટ અને તેની સાથે એનજેએસી એક્ટ દ્વારા વિચારવામાં આવેલી પ્રક્રિયા એવી હતી કે, તેને "ન્યાયતંત્રની સ્વતંત્રતા" માં દખલગીરી કરનારી અથવા તેના પર તરાપ મારનારી ગણી શકાય નહીં, અને આ દ્રષ્ટિએ જોતાં, એવો નિષ્કર્ષ કાઢવો યોગ્ય રહેશે નહીં કે વાદગ્રસ્ત બંધારણીય સુધારો, તેમજ એનજેએસી એક્ટ, આપમેળે "મૂળભૂત માળખા" નું ઉલ્લંઘન કરનારા હતા.

૯૨. અમે એ બાબતની નોંધ લઈને અમારી વિચારણાની પ્રસ્તાવના બાંધી શકીએ છીએ કે, ૧૯૮૫ થી દર બે વર્ષે, લો એસોસિએશન ફોર એશિયા એન્ડ ધ પેસિફિકના જ્યુડિશિયલ સેક્શન દ્વારા એશિયા પેસિફિક ક્ષેત્રના સુપ્રિમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિઓની પરિષદ યોજવામાં આવે છે. તેની શરૂઆતથી જ, આ પરિષદ આ ક્ષેત્રના મુખ્ય ન્યાયમૂર્તિઓ વચ્ચે માહિતીનું આદાન-પ્રદાન કરવા અને પરસ્પર ચિંતાના મુદ્દાઓની ચર્ચા કરવા માટે એક ઉપયોગી મંચ તરીકે સેવા આપી રહી છે. ૧૯૯૭ માં બેઇજિંગ ખાતે યોજાયેલી તેની ૬ઠ્ઠી પરિષદમાં, ૨૦ મુખ્ય ન્યાયમૂર્તિઓએ "ન્યાયતંત્રની સ્વતંત્રતા" ના સિદ્ધાંતોનું સંયુક્ત નિવેદન સ્વીકાર્યું હતું. મનિલા ખાતે યોજાયેલી મુખ્ય ન્યાયમૂર્તિઓની ૭મી પરિષદ દરમિયાન આ નિવેદનને વધુ શુદ્ધ કરવામાં આવ્યું હતું, જેમાં એશિયા પેસિફિક ક્ષેત્રના ૩૨ મુખ્ય ન્યાયમૂર્તિઓ દ્વારા તેના પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

"ન્યાયતંત્રની સ્વતંત્રતા" ના સિદ્ધાંતોનું બેઇજિંગ નિવેદન ન્યાયમૂર્તિઓની નિમણૂક સાથે અલગથી વ્યવહાર કરે છે. ન્યાયમૂર્તિઓની "નિમણૂક" ના સંદર્ભમાં ઉપરોક્ત નિવેદનમાં વ્યક્ત કરવામાં આવેલી સ્થિતિ નીચે મુજબ ઉદ્બૃત કરવામાં આવી છે:

"ન્યાયમૂર્તિઓની નિમણૂક

૧૧. ન્યાયતંત્ર તેના ઉદ્દેશ્યો પ્રાપ્ત કરવા અને તેના કાર્યો કરવા માટે સક્ષમ બને તે માટે, એ આવશ્યક છે કે ન્યાયમૂર્તિઓની પસંદગી સાબિત થયેલી સક્ષમતા, પ્રામાણિકતા અને સ્વતંત્રતાના આધારે કરવામાં આવે.

૧૨. ન્યાયમૂર્તિઓની નિમણૂકની રીત એવી હોવી જોઈએ કે જે ન્યાયિક હોદ્દા માટે શ્રેષ્ઠ લાયકાત ધરાવતી વ્યક્તિઓની નિમણૂક સુનિશ્ચિત કરે. તેમાં અયોગ્ય પ્રભાવોને ધ્યાને લેવા સામે રક્ષણાત્મક ઉપાયો પૂરા પાડવા જોઈએ જેથી માત્ર સક્ષમતા, પ્રામાણિકતા અને સ્વતંત્રતા ધરાવતી વ્યક્તિઓની જ નિમણૂક થાય.

૧૩. ન્યાયમૂર્તિઓની પસંદગીમાં વંશ, રંગ, લિંગ, ધર્મ, રાજકીય કે અન્ય અભિપ્રાય, રાષ્ટ્રીય કે સામાજિક મૂળ, વૈવાહિક સ્થિતિ, લૈંગિક વલણ, મિલકત, જન્મ કે દરજ્જાના આધારે વ્યક્તિ સામે કોઈ ભેદભાવ હોવો જોઈએ નહીં, સિવાય કે ન્યાયિક હોદ્દા માટેનો ઉમેદવાર સંબંધિત દેશનો નાગરિક હોવો જોઈએ તેવી આવશ્યકતાને ભેદભાવપૂર્ણ ગણવામાં આવશે નહીં.

૧૪. કાનૂની વ્યવસાયનું માળખું, અને જે સ્ત્રોતોમાંથી કાનૂની વ્યવસાયમાંથી ન્યાયમૂર્તિઓને લેવામાં આવે છે, તે જુદા જુદા સમાજોમાં ભિન્ન હોય છે. કેટલાક સમાજોમાં, ન્યાયતંત્ર એક કારકિર્દી સેવા છે; અન્યમાં, ન્યાયમૂર્તિઓ પ્રેક્ટિસ કરતા વ્યવસાયમાંથી પસંદ કરવામાં આવે છે. તેથી, એ સ્વીકારવામાં આવે છે કે જુદા જુદા સમાજોમાં, ન્યાયમૂર્તિઓની યોગ્ય નિમણૂક સુનિશ્ચિત કરવા માટે વિવિધ પ્રક્રિયાઓ અને રક્ષણાત્મક ઉપાયો અપનાવી શકાય છે.

૧૫. કેટલાક સમાજોમાં, જ્યુડિશિયલ સર્વિસીસ કમિશન દ્વારા, તેની સંમતિથી, અથવા તેની સાથે વિચાર–વિમર્શ કર્યા પછી ન્યાયમૂર્તિઓની નિમણૂકને એ બાબત સુનિશ્ચિત કરવાના સાધન તરીકે જોવામાં આવી છે કે પસંદ કરાયેલા તે ન્યાયમૂર્તિઓ આ હેતુ માટે યોગ્ય છે. જ્યાં જ્યુડિશિયલ સર્વિસીસ કમિશન અપનાવવામાં આવે છે, ત્યાં ન્યાયિક સક્ષમતા, પ્રામાણિકતા અને સ્વતંત્રતા જળવાઈ રહે તે સુનિશ્ચિત કરવાના સાધન તરીકે તેમાં ઉચ્ચ ન્યાયતંત્ર અને સ્વતંત્ર કાનૂની વ્યવસાયના પ્રતિનિધિઓનો સમાવેશ થવો જોઈએ.

૧૬. જ્યુડિશિયલ સર્વિસીસ કમિશનની ગેરહાજરીમાં, ન્યાયમૂર્તિઓની નિમણૂક માટેની પ્રક્રિયાઓ સ્પષ્ટપણે વ્યાખ્યાયિત અને ઔપચારિક હોવી જોઈએ અને તેમના વિશેની માહિતી જનતા માટે ઉપલબ્ધ હોવી જોઈએ.

૧૭. ન્યાયમૂર્તિઓની બઢતી સક્ષમતા, પ્રામાણિકતા, સ્વતંત્રતા અને અનુભવ જેવા પરિબળોના વસ્તુલક્ષી મૂલ્યાંકન પર આધારિત હોવી જોઈએ."

તેથી એવી દલીલ કરવી કે, "નિમણૂક" નો વિષય "ન્યાયતંત્રની સ્વતંત્રતા" ના પ્રશ્ન માટે અપ્રસ્તુત છે, તેને એક સુસ્થાપિત સ્થિતિની ગેરસમજ ગણવી જોઈએ.

૯૩. વર્તમાન દલીલની વિચારણા કરતી વખતે, અમે એ પણ તપાસ કરીશું કે શું આ કોર્ટે સેકન્ડ અને થર્ડ જજિસ કેસોમાં વાસ્તવમાં એ મુદ્દાની વિચારણા કરી હતી કે, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની "નિમણૂક", "ન્યાયતંત્રની સ્વતંત્રતા" ના સિદ્ધાંતનો એક આવશ્યક ઘટક હતો (કે ન હતો)? જ્યાં સુધી આ બાબતના વર્તમાન પાસાનો સંબંધ છે, ત્યાં સુધી પ્રથમ દ્રષ્ટિએ, સેકન્ડ જજિસ કેસનો સંદર્ભ આપી શકાય, જેમાં ન્યાયમૂર્તિ એસ. રત્નવેલ પાંડિયને, બહુમતી મતના સમર્થનમાં પોતાનો સહમત અભિપ્રાય નોંધાવતી વખતે, નીચે મુજબ અવલોકન કર્યું હતું:

"૪૭. ઉપરોક્ત દલીલો કે ન્યાયતંત્રની સ્વતંત્રતા માત્ર ન્યાયમૂર્તિ જે હોદ્દો ધરાવે છે તેના બંધારણીય રક્ષણ અને સેવાની શરતોની બાંયધરીઓ દ્વારા જ સંતોષકારક રીતે સુરક્ષિત છે અને તેનાથી આગળ નહીં, તે અમારા સુવિચારિત અભિપ્રાય મુજબ અસમર્થનીય છે. વાસ્તવમાં હવે પછી

જણાવવામાં આવનાર કારણોસર અમે આવી દલીલની કલ્પના કરવા માટે પણ અસમર્થ છીએ,"

ઉપરોક્ત અવતરણ ઉપરાંત, ન્યાયમૂર્તિ કુલદીપ સિંઘના નીચેના અવલોકનોનો સંદર્ભ લેવો આવશ્યક છે:

"૩૩૫. તો પછી વિચારણા માટે જે પ્રશ્ન ઉપસ્થિત થાય છે તે એ છે કે, જ્યારે ન્યાયમૂર્તિઓની નિમણૂકની સત્તા કારોબારીમાં નિહિત હોય ત્યારે શું કોઈ સ્વતંત્ર ન્યાયતંત્ર હોઈ શકે? હા કહેવું અતાર્કિક ગણાશે. ... "

ઉપરોક્ત પરથી એ સ્પષ્ટ થાય છે કે, વિદ્વાન એટર્ની જનરલ દ્વારા રજૂ કરવામાં આવેલા મુદ્દાનો નવ-ન્યાયમૂર્તિઓની બેંચ દ્વારા આખરે જવાબ આપવામાં આવ્યો હતો, જેણે એવું ઠેરવીને સેકન્ડ જજિસ કેસનો નિકાલ કર્યો હતો કે, જો ન્યાયમૂર્તિઓની "નિમણૂક" ની સત્તા કારોબારી પર છોડી દેવામાં આવે, તો તે "ન્યાયતંત્રની સ્વતંત્રતા" ના સિદ્ધાંતનો ભંગ કરશે. અને વિપરિત રીતે એ પણ કે, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિની નિમણૂક પછી રક્ષણાત્મક ઉપાયો પૂરા પાડવા, તે "ન્યાયતંત્રની સ્વતંત્રતા" સુરક્ષિત કરવા માટે પૂરતા રહેશે નહીં. બાબતના ઉપરોક્ત પરિપ્રેક્ષ્યમાં, એવો નિષ્કર્ષ કાઢવો આવશ્યક છે કે, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની "પસંદગી અને નિમણૂકની રીત", એ "ન્યાયતંત્રની સ્વતંત્રતા" નો એક અભિન્ન ઘટક છે. યુનિયન ઓફ ઇન્ડિયા વતી રજૂ કરવામાં આવેલી દલીલો, જે ન્યાયતંત્રની બાબતોમાં રાષ્ટ્રપતિ અને સંસદની સહભાગિતા દર્શાવે છે, તેને હાથ પરના વિવાદ સાથે કોઈ લેવાદેવા રહેશે નહીં, જે

મુખ્યત્વે ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની "નિમણૂક" ના મુદ્દા સાથે સંબંધિત છે. અને, તે એક હાઇકોર્ટમાંથી બીજી હાઇકોર્ટમાં મુખ્ય ન્યાયમૂર્તિઓ અને ન્યાયમૂર્તિઓની બદલી સુધી વિસ્તરે છે. એ હકીકત કે ઉચ્ચ ન્યાયતંત્રના ન્યાયમૂર્તિઓની સ્વતંત્રતાને તેમની "નિમણૂક" પછી સુરક્ષિત કરવા માટે પર્યાપ્ત રક્ષણાત્મક ઉપાયો હતા, અને તેથી, એવું સ્વીકારવાની કોઈ જરૂર નહોતી કે "નિમણૂક" ની બાબતમાં પણ, પ્રાથમિકતા ન્યાયતંત્રના હાથમાં હોવી જરૂરી નથી, તે પણ સ્વીકાર્ય નથી. તે તદ્દન અલગ બાબત છે કે, ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂકની રીત, કે જે કોન્સ્ટીટ્યુશન (૯૯મો સુધારો) એક્ટ અને તેની સાથે એનજેએસી એક્ટ દ્વારા દાખલ કરવામાં આવી છે, તે વાસ્તવમાં "ન્યાયતંત્રની સ્વતંત્રતા" નું ઉલ્લંઘન કરનારી ગણી શકાય કે કેમ. આ પાસાની તપાસ અને નિર્ધારણ, અરજદારો દ્વારા ઉપસ્થિત કરવામાં આવેલા પડકારના ગુણદોષની તપાસ કરતી વખતે, સ્વતંત્ર રીતે કરવામાં આવશે.

VI.

૯૪. બંધારણની જોગવાઈઓનું અવલોકન દર્શાવે છે કે, અનુચ્છેદ ૧૨૪ હેઠળ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂક ઉપરાંત, રાષ્ટ્રપતિને અનુચ્છેદ ૨૧૭ હેઠળ હાઇકોર્ટોના ન્યાયમૂર્તિઓ અને મુખ્ય ન્યાયમૂર્તિઓની નિમણૂક કરવાની સત્તા પણ આપવામાં આવી છે. ઉપરોક્ત બંને જોગવાઈઓમાં, રાષ્ટ્રપતિ માટેનો આદેશ, અન્ય બાબતોની સાથે એ છે કે, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે "હંમેશા વિચાર-વિમર્શ કરવામાં આવશે", (મૂળ

રીતે ઘડવામાં આવ્યા મુજબ અનુચ્છેદ ૧૨૪(૨) હેઠળનો પ્રથમ પરંતુક), અને હાઇકોર્ટના ન્યાયમૂર્તિઓના સંદર્ભમાં, અનુચ્છેદ ૨૧૭ માં વપરાયેલી ભાષા એવી હતી કે, રાષ્ટ્રપતિ હાઇકોર્ટોના ન્યાયમૂર્તિઓની નિમણૂક "ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથેના વિચાર-વિમર્શ પછી" કરશે (અનુચ્છેદ ૨૧૭ ના પેટા-અનુચ્છેદ (૧) મુજબ).

૯૫. "વિચાર-વિમર્શ" શબ્દને સમજવા માટે, જે વપરાયેલ છે અનુચ્છેદ ૧૨૪ અને ૨૧૭ માં, ઉપરોક્ત બંને જોગવાઈઓની બંધારણના અન્ય અનુચ્છેદો સાથે તુલના કરવી આવશ્યક છે, જેના હેઠળ પણ રાષ્ટ્રપતિને વિવિધ બંધારણીય સત્તાધિકારીઓની નિમણૂક કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. આ સંબંધમાં અનુચ્છેદ ૧૪૮ હેઠળ ભારતના કમ્પ્ટ્રોલર અને ઓડિટર-જનરલની નિમણૂકનો સંદર્ભ આપી શકાય. સદર જોગવાઈ ઉપરોક્ત નિમણૂકની સત્તા કોઈપણ વિચાર-વિમર્શ પ્રક્રિયા વિના રાષ્ટ્રપતિમાં નિહિત કરે છે. અનુચ્છેદ ૧૫૫ હેઠળ રાજ્યોના રાજ્યપાલોની નિમણૂકના સંદર્ભમાં પરિસ્થિતિ બિલકુલ સમાન છે. સદર જોગવાઈ પણ કોઈપણ વિચાર-વિમર્શ પ્રક્રિયા વિના નિમણૂકોની પરિકલ્પના કરે છે. રાષ્ટ્રપતિને અનુચ્છેદ ૨૮૦ હેઠળ નાણા આયોગના અધ્યક્ષ અને ચાર સભ્યોની નિમણૂક કરવાની સત્તા પણ આપવામાં આવી છે. અહીં પણ, કોઈપણ વિચાર-વિમર્શ પ્રક્રિયા વિના સત્તા વિશિષ્ટપણે રાષ્ટ્રપતિમાં નિહિત છે. યુનિયન પબ્લિક સર્વિસ કમિશનના અધ્યક્ષ અને અન્ય સભ્યોની નિમણૂકની સત્તા પણ અનુચ્છેદ ૩૧૬ હેઠળ રાષ્ટ્રપતિમાં નિહિત છે. ઉપરોક્ત નિમણૂકમાં પણ અન્ય કોઈપણ સત્તાધિકારી સાથે કોઈ વિચાર-વિમર્શની પરિકલ્પના કરવામાં આવી

નથી. અનુચ્છેદ ૩૨૪ હેઠળ, મુખ્ય ચૂંટણી કમિશનર અને ચૂંટણી કમિશનરોની નિમણૂકની સત્તા વિશિષ્ટપણે રાષ્ટ્રપતિમાં નિહિત છે. તેવી જ રીતે, અનુચ્છેદ ૩૩૮ હેઠળ રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગના અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને સભ્યો, તથા અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને અન્ય સભ્યોની નિમણૂકનો મામલો છે અનુચ્છેદ ૩૩૮-એ હેઠળ રાષ્ટ્રીય અનુસૂચિત જનજાતિ આયોગમાં. ઉપરોક્ત જણાવેલી જોગવાઈઓ હેઠળ, અન્ય કોઈપણ સત્તાધિકારી સાથે કોઈપણ વિચાર-વિમર્શ વિના, નિમણૂકો કરવાની વિશિષ્ટ સત્તા રાષ્ટ્રપતિ પાસે છે. અનુચ્છેદ ૩૪૪ હેઠળ, રાષ્ટ્રપતિને સત્તાવાર ભાષાઓ અંગેના સંસદીય આયોગના અધ્યક્ષ અને અન્ય સભ્યોની નિમણૂક કરવાની સત્તા પણ આપવામાં આવી છે. આ જોગવાઈ પણ આવી નિમણૂક પહેલાં કોઈપણ વિચાર-વિમર્શ પ્રક્રિયાની જોગવાઈ કરતી નથી. આવી જ સ્થિતિ અનુચ્છેદ ૩૫૦-બી પરથી ફલિત થાય છે, જેના હેઠળ રાષ્ટ્રપતિએ ભાષાકીય લઘુમતીઓ માટે વિશેષ અધિકારીની નિમણૂક કરવાની હોય છે. અહીં પણ, કોઈપણ પૂર્વ વિચાર-વિમર્શની કોઈ પરિકલ્પના નથી.

૯૬. એ સ્પષ્ટ છે કે, વડાપ્રધાનના વડાપણા હેઠળની મંત્રી પરિષદે રાષ્ટ્રપતિને તેમના કાર્યોના પાલનમાં "સહાય અને સલાહ" આપવાની હોય છે. સામાવાળાઓનું પ્રતિનિધિત્વ કરતા વિદ્વાન વકીલ દ્વારા આ સ્થિતિનો વિવાદ કરવામાં આવ્યો નથી. ઉપરોક્ત રીતે અર્થઘટન કરતાં, વિદ્વાન એટર્ની જનરલના મતે, અનુચ્છેદ ૧૨૪, ૨૧૭, ૧૪૮, ૧૫૫, ૨૮૦, ૩૧૬, ૩૨૪, ૩૩૮, ૩૩૮-એ, ૩૪૪ અને ૩૫૦-બી હેઠળની પોતાની જવાબદારીઓ નિભાવવામાં રાષ્ટ્રપતિ માત્ર એક પ્રતીકાત્મક સત્તાધિકારી છે, જ્યારે વાસ્તવિકતામાં, સત્તા ખરેખર

વડાપ્રધાનના નેતૃત્વ હેઠળની મંત્રી પરિષદમાં નિહિત હોય છે. અને તેથી, તમામ વ્યવહારિક ઉદ્દેશો માટે, વિવિધ બંધારણીય સત્તાધિકારીઓની નિમણૂક માટે રાષ્ટ્રપતિમાં નિહિત સત્તાનો સાચો અર્થ એ થાય છે કે આવી નિમણૂકની સત્તા કારોબારીમાં નિહિત છે.

૯૭. જો કોઈ વ્યક્તિ અનુચ્છેદ ૭૪ માં વ્યક્ત કરાયેલા શબ્દોને સમજે, તો અમારા સુવિચારિત મતે, એવો નિષ્કર્ષ કાઢવો મુશ્કેલ બનશે કે, "સહાય અને સલાહ" ને બંધનકર્તા "નિર્દેશ", અફર "આદેશ" અથવા નિર્ણાયક "જનાદેશ" ના સમાનાર્થી ગણી શકાય. ચોક્કસપણે, "સહાય અને સલાહ" શબ્દપ્રયોગનો વ્યક્તિગત રીતે એવા અનિવાર્ય આદેશ તરીકે અર્થઘટન કરી શકાય નહીં, જેનું તમામ સંજોગોમાં પાલન કરવું જ પડતું હોય. સામાન્ય બોલચાલમાં, "વિચાર-વિમર્શ" ની પ્રક્રિયા વાસ્તવમાં "સહાય અને સલાહ" ની પ્રક્રિયા જ છે. માત્ર એટલો જ તફાવત છે કે, "વિચાર-વિમર્શ" મેળવવામાં આવે છે, જ્યારે "સહાય અને સલાહ" આપવામાં આવી શકે છે. તેથી સાદા વાચન પર, આ બંનેમાંથી કોઈપણ ("સહાય અને સલાહ" અને "વિચાર-વિમર્શ") નો અર્થ એવો દર્શાવતો સમજી શકાય નહીં કે તે બંધનકર્તા સ્વરૂપના હોઈ શકે છે. અમારો એવો અભિપ્રાય છે કે, રાષ્ટ્રપતિ જે ઉચ્ચ હોદ્દો ધરાવે છે (દેશના પ્રથમ નાગરિક તરીકે), તેને ધ્યાનમાં રાખીને ઉપરોક્ત અભિવ્યક્તિઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પ્રથમ નાગરિક તરીકે, તેઓ કારોબારીના નિર્દેશો, આદેશ કે જનાદેશ અનુસાર પોતાની ફરજો બજાવશે તેવી જોગવાઈ કરવી અવિવેકી ગણાઈ હોત. બંને અભિવ્યક્તિઓ ("સહાય અને સલાહ" અને "વિચાર-વિમર્શ") સમાન અર્થઘટનને પાત્ર હોવાથી,

જો તેમાંથી કોઈપણ એકને ફરજિયાત અને બંધનકર્તા ગણવામાં આવે, તો બીજાના સંદર્ભમાં પણ તેવો જ અર્થ નીકળવો જોઈએ. કોન્સ્ટીટ્યુશન (ફોર્ટી-સેકન્ડ એમેન્ડમેન્ટ) એક્ટ, ૧૯૭૬ દ્વારા અનુચ્છેદ ૭૪ માં સુધારો કરવામાં આવ્યો હતો, અને "...તેવી સલાહ અનુસાર કાર્ય કરશે" એવા શબ્દો દાખલ થવાથી, રાષ્ટ્રપતિ વડાપ્રધાનના વડાપણા હેઠળની મંત્રી પરિષદ દ્વારા તેમને આપવામાં આવેલી "સહાય અને સલાહ" અનુસાર તેમના કાર્યો કરવા માટે બંધાયેલા બન્યા. અમારા મતે, આ સુધારો સ્પષ્ટતાકારી સ્વરૂપનો ગણવો જોઈએ, જે માત્ર તે રીતનો પુનરોચ્ચાર કરે છે જે રીતે મૂળ જોગવાઈને સમજવી જોઈતી હતી.

૯૮. જો "સહાય અને સલાહ" બંધનકર્તા અને ફરજિયાત હોઈ શકે છે, તો ઓક્સપણે અનુચ્છેદ ૧૨૪ અને ૨૧૭ માં ઉલ્લેખિત "વિચાર-વિમર્શ" શબ્દ પણ તે જ અર્થઘટન તરફ દોરી શકે છે. ભારતના રાષ્ટ્રપતિ, દેશના પ્રથમ નાગરિક હોવાના નાતે, આદરના હકદાર છે. અનુચ્છેદ ૧૨૪ અને ૨૧૭, દેશના પ્રથમ નાગરિક પ્રત્યે દાખવવામાં આવેલી બંધારણીય સૌજન્યતાના ભાગરૂપે, નિઃશંકપણે નમ્ર ભાષામાં રચવામાં આવ્યા હતા. એ નોંધવું મહત્વપૂર્ણ છે કે, અનુચ્છેદ ૧૨૪(૨) હેઠળનો પ્રથમ પરંતુક સ્પષ્ટપણે આદેશ આપે છે કે, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે "હંમેશા" વિચાર-વિમર્શ કરવામાં આવશે. તે એક વિપરિત જવાબદારી હતી, જે અનુચ્છેદ ૭૪ થી અલગ પડતી હતી. અહીં, સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂકની તમામ બાબતોમાં રાષ્ટ્રપતિ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર-વિમર્શ કરવા માટે બંધાયેલા હતા. તેમાં વિચારવામાં

આવેલી "વિચાર-વિમર્શ" ની પ્રક્રિયાને અર્થપૂર્ણ રીતે સમજવી પડશે. જો તેમ ન હોત, તો ઉપરોક્ત જોગવાઈ ભારતના કમ્પ્ટ્રોલર અને ઓડિટર-જનરલ, રાજ્યોના રાજ્યપાલો, નાણા આયોગના અધ્યક્ષ અને સભ્યો, યુનિયન પબ્લિક સર્વિસ કમિશનના અધ્યક્ષ અને સભ્યો, મુખ્ય ચૂંટણી કમિશનર અને ચૂંટણી કમિશનરો, રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ તેમજ સભ્યો, અને તે જ રીતે, રાષ્ટ્રીય અનુસૂચિત જનજાતિ આયોગના અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને સભ્યોની નિમણૂક સંબંધિત જોગવાઈઓની જેમ જ સમાન શબ્દોમાં ઘડી શકાઈ હોત. એક તરફ અનુચ્છેદ ૧૨૪ અને ૨૧૭, અને બીજી તરફ અનુચ્છેદ ૧૪૮, ૧૫૫, ૨૮૦, ૩૧૬, ૩૨૪, ૩૩૮, ૩૩૮-એ, ૩૪૪ અને ૩૫૦-બી હેઠળ વિચારવામાં આવેલી નિમણૂકોના સંદર્ભમાં કોઈપણ "વિચાર-વિમર્શ" ની ગેરહાજરી વચ્ચેનો આ તફાવત, એવી કોઈ શંકાને સ્થાન છોડતો નથી કે, ઉપરોક્ત "વિચાર-વિમર્શ" માત્ર એક સામાન્ય "વિચાર-વિમર્શ" નહોતો. અને ન્યાયિક શ્રેણીમાં સર્વોચ્ચ પદાધિકારી સાથે વિચાર-વિમર્શ કરવો ફરજિયાત હોવાથી, તેમના પર પણ સમાન આદરભાવ પ્રસ્થાપિત કરવાની જરૂર હતી. જો ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની સલાહને કોઈપણ વાજબી કારણ વિના નકારી શકાય, તો તેમની સાથેના ફરજિયાત "વિચાર-વિમર્શ" નું મૂલ્ય શું રહેત? તેથી આ કોર્ટ દ્વારા એવો નિષ્કર્ષ કાઢવામાં આવ્યો હતો કે, તમામ સંભવિત કેસોમાં, ન્યાયતંત્રના સર્વોચ્ચ મહાનુભાવ - ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથેનો વિચાર-વિમર્શ સ્વીકારવામાં આવશે અને સ્વીકારવો જ જોઈએ. અને, જો તેને તે રીતે સ્વીકારવામાં ન આવે, તો આવો અસ્વીકાર કોઈ બદઈરાદાપૂર્ણ વિચારણાથી

પ્રેરિત હતો કે કેમ તેની તપાસ કરવાની પરવાનગી રહેશે. તેથી યોગ્ય રીતે, અનુચ્છેદ ૧૨૪ અને ૨૧૭ માં મૂળ રીતે ઘડવામાં આવ્યા મુજબ વપરાયેલા "વિચાર-વિમર્શ" શબ્દનો અર્થ એવો થતો હતો કે, જે મુદ્દાઓ માટે રાષ્ટ્રપતિ આવો "વિચાર-વિમર્શ" કરવા બંધાયેલા હતા તે મુદ્દાઓ પર ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા આપવામાં આવેલા અભિપ્રાયને પ્રાથમિકતા આપવી પડતી હતી. સામાવાળાઓ વતી રજૂ કરવામાં આવેલી દલીલ એ કારણસર પણ સ્વીકારી શકાય નહીં કે, તેમના દ્વારા "વિચાર-વિમર્શ" શબ્દનું કરવામાં આવેલું અર્થઘટન, અનુચ્છેદ ૧૨૪ અને ૨૧૭ નું અર્થઘટન અનુચ્છેદ ૧૪૮, ૧૫૫, ૨૮૦, ૩૧૬, ૩૨૪, ૩૩૮, ૩૩૮-એ, ૩૪૪ અને ૩૫૦-બી ની સમકક્ષ પરિણમશે, જેમાં "વિચાર-વિમર્શ" શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો નહોતો. આવું અર્થઘટન સ્પષ્ટપણે અસ્વીકાર્ય ગણાશે. ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની રીત વિદ્વાન એટર્ની જનરલ દ્વારા સંદર્ભિત બંધારણીય સત્તાધિકારીઓની રીતથી તદ્દન વિપરિત હોવાથી, અન્ય બંધારણીય સત્તાધિકારીઓના સંદર્ભમાં સામાવાળાઓ વતી રજૂ કરવામાં આવેલી દલીલને વર્તમાન વિવાદ સાથે કોઈ લેવાદેવા હોઈ શકે નહીં.

૯૯. અમે વિદ્વાન એટર્ની જનરલ દ્વારા કરવામાં આવેલી રજૂઆતને, જેની ઉપર નોંધ લેવામાં આવી છે, કોઈપણ ખચકાટ વિના સ્વીકારીશું અને માન્ય રાખીશું, પરંતુ માત્ર બંધારણના વિવિધ અનુચ્છેદો હેઠળ વિચારવામાં આવેલી નિમણૂકની એવી પરિસ્થિતિઓ પૂરતી મર્યાદિત રાખીને, જ્યાં નિમણૂકની સત્તા વિશિષ્ટપણે રાષ્ટ્રપતિમાં નિહિત છે. તેથી, એ બાબતે કોઈપણ શંકાને કોઈ સ્થાન

નથી કે ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકના સંદર્ભમાં બંધારણની જોગવાઈઓએ એવી પરિકલ્પના કરી હતી કે, અનુચ્છેદ ૧૨૪ અને ૨૧૭ (તેમજ, અનુચ્છેદ ૨૨૨ હેઠળ પણ) નિયમન થતી બાબતો પર ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા આપવામાં આવેલી "સહાય અને સલાહ" (- "વિચાર-વિમર્શ") પ્રાથમિકતા મેળવવા માટે હકદાર હતી.

VIII.

૧૦૦. ઉપરોક્ત વિશ્લેષણમાં તારવેલા નિષ્કર્ષોના અનુસંધાનમાં, આ બાબતની અન્ય એક પરિપ્રેક્ષ્યથી પણ તપાસ કરી શકાય છે. "વિચાર-વિમર્શ" શબ્દ (ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકના સંબંધમાં) અનુચ્છેદ ૨૩૩ માં પણ અપનાવવામાં આવ્યો છે, જ્યાં વિષય છે ડિસ્ટ્રિક્ટ જજોની નિમણૂકનો. અનુચ્છેદ ૨૩૩ હેઠળ, નિમણૂકની સત્તા સંબંધિત રાજ્યના રાજ્યપાલમાં નિહિત છે, જેઓ ડિસ્ટ્રિક્ટ જજોની નિમણૂકો (બઢતી સહિત) કરવા માટે સક્ષમ છે. આ કોર્ટે, પાંચ-ન્યાયમૂર્તિઓની બેંચ મારફતે, રજિસ્ટ્રાર (એડમિન.), હાઇકોર્ટ ઓફ ઓરિસ્સા, કટક વિ. શિશિર કાંત સતપથી૩૨ માં ઠેરવેલ કે, અનુચ્છેદ ૨૩૩ હેઠળ પરિકલ્પિત વિચાર-વિમર્શ પ્રક્રિયામાં હાઇકોર્ટ દ્વારા કરવામાં આવેલી ભલામણો રાજ્યપાલ પર બંધનકર્તા છે. ઉપરોક્ત બંધનકર્તા પૂર્વચુકાદાને જોતાં, જે હાથ પરના વિવાદને આશ્ચર્યજનક રીતે સમાન એવા વિવાદ પરનો છે અને જેને ક્યારેય પ્રશ્નાસ્પદ ગણવામાં આવ્યો નથી, તે જોતાં યુનિયન ઓફ ઇન્ડિયા આ કોર્ટને અનુચ્છેદ ૧૨૪ અને ૨૧૭ ના સંદર્ભમાં

"વિચાર-વિમર્શ" શબ્દની હવે અલગ રીતે તપાસ કરવા માટે કેવી રીતે સમજાવવા માંગે છે તે તદ્દન અગમ્ય છે, ઉપરોક્ત શબ્દને આપવામાં આવેલા અર્થને પડકાર્યા વિના, એવી બાબતના સંદર્ભમાં કે જે ન્યાયતંત્રનું પણ સંચાલન કરે છે.

VI. નિષ્કર્ષ:

૧૦૧. ઉપર તારવવામાં આવેલા નિષ્કર્ષોના આધારે, પરસ્પર વિરોધી પક્ષકારોના વિદ્વાન વકીલો દ્વારા રજૂ કરવામાં આવેલી દલીલોને ધ્યાને લેતાં, જેમ કે "V - વિચારણા" માં નોંધવામાં આવેલ છે, અમારો એવો અભિપ્રાય છે કે, સેકન્ડ અને થર્ડ જજીસ કેસોમાં આ કોર્ટ દ્વારા આપવામાં આવેલા ચુકાદાઓની પુનઃતપાસ અથવા સમીક્ષા કરવા માટે સામાવાળાના વિદ્વાન વકીલ મારફતે કરવામાં આવેલી અરજ સ્વીકારી શકાય નહીં. તદનુસાર, સદર અરજ આથી નકારી કાઢવામાં આવે છે.

ગુણદોષ પર હુકમ

I. પ્રસ્તાવના

૧. સ્પષ્ટતાના સ્વરૂપમાં એક પુરોવચન સાથે આ હુકમની શરૂઆત કરવી આવશ્યક છે. કારણ કે, તે આ હુકમના કદને ઘટાડશે, અને કેસોના વર્તમાન જૂથની સુનાવણી કરતી વખતે જે મુદ્દાઓ ધ્યાને લેવામાં આવ્યા છે અને જેની

સાથે કામ લેવામાં આવ્યું છે, તે મુદ્દાઓ સાથે ફરી વ્યવહાર કરવાની આવશ્યકતાને નિવારશે.[13]

૨. કેસોના વર્તમાન જૂથમાં વિચારણા માટે ઉપસ્થિત થતો પ્રશ્ન નીચે જણાવેલની બંધારણીય માન્યતા સંબંધિત છે - કોન્સ્ટીટ્યુશન (નાઇન્ટી-નાઇન્થ એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૧૪ [જે હવે પછી કોન્સ્ટીટ્યુશન (૯૯મો સુધારો) એક્ટ તરીકે ઉલ્લેખિત છે], તેમજ, નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન એક્ટ, ૨૦૧૪ (જે હવે પછી, એનજેએસી એક્ટ તરીકે ઉલ્લેખિત છે). વિચારણા માટે ઉપસ્થિત થતો મુખ્ય મુદ્દો, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓ (એટલે કે, હાઇકોર્ટો અને સુપ્રિમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિઓ અને ન્યાયમૂર્તિઓ) ની પસંદગી અને નિમણૂકની પ્રક્રિયાની માન્યતા, અને એક હાઇકોર્ટમાંથી બીજી હાઇકોર્ટમાં મુખ્ય ન્યાયમૂર્તિઓ અને ન્યાયમૂર્તિઓની બદલી સાથે સંબંધિત છે.

૩. વર્તમાન વિવાદનો ન્યાયનિર્ણય કરતી વખતે, અમારા દ્વારા પસાર કરવામાં આવેલા હુકમોની શ્રેણીમાં આ ત્રીજો હુકમ છે. પ્રથમ હુકમ, કેસોના વર્તમાન જૂથની સુનાવણીમાંથી અમારામાંથી એક (જે.એસ. ખેહર, ન્યાયમૂર્તિ) ના "રિક્યુઝલ" માટે બાર દ્વારા કરવામાં આવેલી અરજ સાથે સંબંધિત હતો. ઉપરોક્ત પ્રથમ હુકમનો જ્યારે જ્યારે સંદર્ભ આપવામાં આવશે, ત્યારે તેનો "રિક્યુઝલ હુકમ" તરીકે ઉલ્લેખ કરવામાં આવશે. બીજો હુકમ, વિદ્વાન એટર્ની જનરલ અને

[13] ૩૧ (૧૯૯૩) ૧ એસ.સી.સી. ૩૬૪

સામાવાળાનું પ્રતિનિધિત્વ કરતા કેટલાક વિદ્વાન વકીલ દ્વારા, સુપ્રિમ કોર્ટ એડવોકેટ્સ-ઓન-રેકોર્ડ એસોસિએશન વિ. ભારત સંઘ૨

(જે હવે પછી, સેકન્ડ જજીસ કેસ તરીકે ઉલ્લેખિત છે) માં આપવામાં આવેલા ચુકાદા, અને રી: ૧૯૯૮ નો સ્પેશિયલ રેફરન્સ નં. ૧૩ (જે હવે પછી, થર્ડ જજીસ કેસ તરીકે ઉલ્લેખિત છે) માં આપવામાં આવેલા સલાહકારી અભિપ્રાયની પુનઃતપાસ કરવા માટે, એસ.પી. ગુપ્તા વિ. ભારત સંઘ૧ (જે હવે પછી ફર્સ્ટ જજીસ કેસ તરીકે ઉલ્લેખિત છે) માં આ કોર્ટ દ્વારા પ્રતિપાદિત કાનૂની સ્થિતિની ઘોષણાને પુનઃસ્થાપિત અને પુનઃપ્રતિષ્ઠિત કરવાના કથિત ઉદ્દેશ્યથી, વર્તમાન વિવાદને નવ-ન્યાયમૂર્તિઓની બેંચ (અથવા તેનાથી પણ વધુ મોટી બેંચ) સમક્ષ "સંદર્ભિત" કરવાની માંગ કરતી અરજ ધ્યાને લેતો હતો. ઉપરોક્ત બીજા હુકમનો જ્યારે જ્યારે સંદર્ભ આપવામાં આવશે, ત્યારે તેનો "રેફરન્સ હુકમ" તરીકે ઉલ્લેખ કરવામાં આવશે.

૪. તેથી, ગુણદોષના આધારે વર્તમાન વિવાદના નિકાલની પ્રક્રિયામાં રિક્યુઝલ હુકમ અને/અથવા રેફરન્સ હુકમમાં હાથ ધરવામાં આવેલા મુદ્દાઓ ભલે ફરીથી વિચારણા માટે ઉપસ્થિત થાય, છતાં અમે તે મુદ્દાઓની તપાસ કરીશું નહીં. વિવાદના "ગુણદોષ" ની તપાસ કરતા આ ત્રીજા હુકમનો જ્યારે જ્યારે સંદર્ભ આપવામાં આવશે, ત્યારે તેનો "ગુણદોષ પર હુકમ" તરીકે ઉલ્લેખ કરવામાં આવશે.

II. ગુણદોષ પર અરજદારોની દલીલો:

૫. અનુચ્છેદ ૩૬૮ માં પૂરી પાડવામાં આવેલી પ્રક્રિયાના આધારે બંધારણમાં સુધારો કરવાના વિષય પર, વરિષ્ઠ વકીલ શ્રી ફલી એસ. નરીમન દ્વારા એવી રજૂઆત કરવામાં આવી હતી કે, બંધારણમાં સુધારો કરવાની સત્તા એ સર્વાંગીણ સત્તા નથી. એ નિર્દેશિત કરવામાં આવ્યું હતું કે, ઉપરોક્ત સત્તા મર્યાદિત હતી, કારણ કે, સુધારાની સત્તામાં બંધારણના "મૂળ ભાગ" અથવા "મૂળભૂત માળખા" માં સુધારો કરવાની સત્તાનો સમાવેશ થતો નહોતો. આ સંબંધમાં, વિદ્વાન વકીલે મિનર્વા મિલ્સ લિ. વિ. ભારત સંઘ૩૩ પર આધાર રાખ્યો હતો, જેમાં વાય.વી. ચંદ્રચૂડ, મુખ્ય ન્યાયમૂર્તિ મારફતે બહુમતી મત નીચે મુજબ વ્યક્ત કરવામાં આવ્યો હતો:

> "૧૭. બંધારણે સંસદને મર્યાદિત સુધારા સત્તા પ્રદાન કરેલી હોવાથી, સંસદ તે મર્યાદિત સત્તાના ઉપયોગ હેઠળ તે જ સત્તાને નિરંકુશ સત્તામાં વિસ્તારી શકે નહીં. ખરેખર તો, મર્યાદિત સુધારા સત્તા એ આપણા બંધારણના મૂળભૂત લક્ષણો પૈકીનું એક છે અને તેથી, તે સત્તા પરની મર્યાદાઓનો નાશ કરી શકાય નહીં. બીજા શબ્દોમાં કહીએ તો, સંસદ અનુચ્છેદ ૩૬૮ હેઠળ, પોતાની સુધારા સત્તાને એવી રીતે વિસ્તારી શકે નહીં કે જેથી તે બંધારણને રદ કરવાનો કે નાબૂદ કરવાનો અથવા તેના મૂળભૂત અને આવશ્યક લક્ષણોનો નાશ કરવાનો અધિકાર પોતાની જાતે પ્રાપ્ત કરી લે. મર્યાદિત સત્તાનો પ્રાપ્તકર્તા તે સત્તાના ઉપયોગ દ્વારા મર્યાદિત સત્તાને અમર્યાદિત સત્તામાં ફેરવી શકે નહીં."

ઉપરોક્ત ચુકાદામાં, લઘુમતી મત પી.એન. ભગવતી, ન્યાયમૂર્તિ (જેઓ તે સમયે હતા તે મુજબ) દ્વારા નીચે મુજબ નોંધવામાં આવ્યો હતો:

> "૮૮. તે આપણને અનુચ્છેદ ૩૬૮ ની કલમ (૫) તરફ દોરી જાય છે. આ કલમ "શંકાઓ દૂર કરવા માટે" એવા શબ્દો સાથે શરૂ થાય છે અને તે જાહેર કરવા આગળ વધે છે કે અનુચ્છેદ[14] ૩૬૮ હેઠળ સંસદની સુધારા સત્તા પર કોઈપણ પ્રકારની મર્યાદા રહેશે નહીં. "શંકાઓ દૂર કરવા માટે" એવા શરૂઆતના શબ્દોના અર્થને સમજવો મુશ્કેલ છે કારણ કે કેશવાનંદ ભારતી કેસ : એ.આઇ.આર. ૧૯૭૩ એસ.સી. ૧૪૬૧ માં બહુમતીના ચુકાદાએ સ્પષ્ટપણે નિર્ધારિત કર્યું હતું અને કોઈ શંકા બાકી રાખી ન હતી કે બંધારણનું મૂળભૂત માળખું સંસદની સુધારા કરવાની સત્તાની ક્ષમતા બહાર હતું અને ઇન્દિરા ગાંધી કેસ : [૧૯૭૬] ૨ એસ.સી.આર. ૩૪૧ માં, તમામ ન્યાયમૂર્તિઓએ સર્વાનુમતે મૂળભૂત માળખાના સિદ્ધાંતને એવા સિદ્ધાંત તરીકે સ્વીકાર્યો હતો કે જેના આધારે તેમની સમક્ષ વાદગ્રસ્ત સુધારાની માન્યતા, એટલે કે, અનુચ્છેદ ૩૨૯-એ(૪) નો ન્યાય કરવાનો હતો. તેથી, કેશવાનંદ ભારતી કેસ અને ઇન્દિરા ગાંધી કેસના નિર્ણયો પછી, એવી કોઈ જ શંકા નહોતી કે સંસદની સુધારા સત્તા મર્યાદિત હતી અને બંધારણના મૂળભૂત માળખામાં ફેરફાર કરવા સંસદ સક્ષમ નહોતી અને કલમ (૫) એવી શંકા દૂર કરી શકતી નહોતી કે જેનું કોઈ અસ્તિત્વ જ નહોતું. કલમ (૫) ખરેખર જે કરવા માંગતી હતી તે સંસદની સુધારા સત્તા

[14] ૩૨ (૧૯૯૯) ૧ એસ.સી.સી. ૧૨૫

પરની મર્યાદાને દૂર કરવાનું અને તેને મર્યાદિત સત્તામાંથી અમર્યાદિત સત્તામાં ફેરવવાનું હતું. સંસદ તરફથી આ સ્પષ્ટપણે અને નિર્વિવાદપણે એક નિરર્થક કવાયત હતી. હું એ સમજવામાં નિષ્ફળ રહું છું કે સંસદ કે જેની પાસે માત્ર મર્યાદિત સુધારા સત્તા છે અને જે બંધારણના મૂળભૂત માળખામાં ફેરફાર કરી શકતી નથી, તે પોતાની સુધારા સત્તાને એવી રીતે કેવી રીતે વિસ્તારી શકે કે જેથી તે બંધારણને રદ કરવાની કે નાબૂદ કરવાની અથવા તેના મૂળભૂત માળખાને નુકસાન પહોંચાડવાની કે તેનો નાશ કરવાની સત્તા પોતાની જાતને પ્રદાન કરી શકે. તે સ્પષ્ટપણે સંસદ પાસે રહેલી મર્યાદિત સુધારા સત્તા કરતાં વધુ પડતું ગણાશે. બંધારણે સંસદ પર માત્ર મર્યાદિત સુધારા સત્તા પ્રદાન કરી છે જેથી તે બંધારણના મૂળભૂત માળખાને નુકસાન ન પહોંચાડી શકે અથવા તેનો નાશ ન કરી શકે અને સંસદ તે મર્યાદિત સુધારા સત્તાના ઉપયોગ દ્વારા તે જ સત્તાને એક સંપૂર્ણ અને અમર્યાદિત સત્તામાં ફેરવી શકે નહીં. જો સંસદને તેના પર પ્રદાન કરવામાં આવેલી મર્યાદિત સુધારા સત્તાને સંપૂર્ણ સુધારા સત્તામાં વિસ્તૃત કરવાની મંજૂરી આપવામાં આવે, તો પછી મૂળ સુધારા સત્તા પર મર્યાદા મૂકવી અર્થહીન હતી. એ સમજવું મુશ્કેલ છે કે મર્યાદિત સુધારા સત્તા ધરાવતી સંસદ તે જ સત્તાનો ઉપયોગ કરીને તે મર્યાદામાંથી કેવી રીતે મુક્ત થઈ શકે અને તેને નિરંકુશ સત્તામાં ફેરવી શકે. અનુચ્છેદ ૩૬૮ ની કલમ (૫) કે જે સંસદની સુધારા સત્તાને નિરંકુશ બનાવીને તેના પરની મર્યાદા દૂર કરવા માંગતી હતી, તેને તેથી સંસદની સુધારા સત્તાની બહાર

હોવાનું ઠેરવવું જ જોઈએ. આ કલમની માન્યતાને સફળતાપૂર્વક પડકારી શકાય તેવો અન્ય એક આધાર પણ છે. આ કલમ સંસદની સુધારા સત્તા પરની મર્યાદા દૂર કરીને એક નિયંત્રિત બંધારણને અનિયંત્રિત બંધારણમાં ફેરવવા માંગે છે જે, ઉપર દર્શાવ્યા મુજબ, પોતે જ બંધારણનું એક આવશ્યક લક્ષણ છે અને તેથી તે મૂળભૂત માળખાનું ઉલ્લંઘન કરનાર છે. હું આ સંજોગોમાં અનુચ્છેદ ૩૬૮ ની કલમ (૫) ને ગેરબંધારણીય અને શૂન્ય ઠેરવીશ."

તે જ પ્રતિપાદનના સંદર્ભમાં, વિદ્વાન વકીલે કિહોતો હોલોહાન વિ. ઝાચિલ્હુ૩૪ પર આધાર રાખ્યો હતો. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, બંધારણના "મૂળભૂત માળખા" ના સિદ્ધાંતના સ્વીકારના પરિણામે અનુચ્છેદ ૩૬૮ માં પરિકલ્પિત સુધારા સત્તા મર્યાદિત થઈ હતી.

૬. વિદ્વાન વકીલના જણાવ્યા અનુસાર, હવે એ બાબત સ્વીકૃત છે કે, "ન્યાયતંત્રની સ્વતંત્રતા", "કાયદાનું શાસન", "ન્યાયિક સમીક્ષા" અને "સત્તાઓનું પૃથક્કરણ" એ બંધારણના "મૂળભૂત માળખા" ના ઘટકો છે. બાબતના ઉપરોક્ત પરિપ્રેક્ષ્યમાં, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકને લગતી જોગવાઈઓ એવી હોવી જોઈએ કે જેથી ઉપરોક્ત સિદ્ધાંતો અક્ષત અને અખંડ રહે. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, કોઈપણ એવું પગલું કે જેનું પરિણામ સુપ્રિમ કોર્ટમાં અને હાઈકોર્ટોમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકને ખુદ ન્યાયતંત્ર સિવાયની અન્ય કોઈ સંસ્થાને અધીન બનાવવાનું હોય, એટલે કે

કારોબારી અથવા ધારાસભાને તેમની પસંદગી અને નિમણૂકમાં ભાગ લેવાની મંજૂરી આપીને, તે ન્યાયતંત્રને આવી સત્તાને અધીન બનાવી દેશે, અને તેનાથી, "ન્યાયતંત્રની સ્વતંત્રતા" પર તરાપ મારશે.[15]

૭. વિદ્વાન વકીલે "રિફોર્મ ઓફ જ્યુડિશિયલ એડમિનિસ્ટ્રેશન" (ન્યાયિક વહીવટમાં સુધારા) પરના ૧લા લો કમિશન અહેવાલ (એમ.સી. સેતલવાડના અધ્યક્ષપદ હેઠળનો ભારતના લો કમિશનનો ૧૪મો અહેવાલ) તરફ કોર્ટનું ધ્યાન દોર્યું હતું, જેમાં એવી ચર્ચા કરવામાં આવી હતી કે, અનુચ્છેદ ૧૨૪ અને ૨૧૭ ઘડીને, બંધારણના ઘડવૈયાઓએ સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓને "કારોબારી નિયંત્રણથી પર" રાખવાનો પ્રયાસ કર્યો હતો. સદર અહેવાલનો પેરાગ્રાફ ૪ નીચે મુજબ ઉદ્બૃત કરવામાં આવે છે:

> "(ન્યાયમૂર્તિઓની નિમણૂક અને હોદ્દા પરથી દૂર કરવા)
>
> ૪. ન્યાયતંત્રની સ્વતંત્રતાનું રક્ષણ કરવાના મહત્ત્વને સમજીને, બંધારણે એવી જોગવાઈ કરી છે કે સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂક ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથેના વિચાર-વિમર્શથી અને સુપ્રિમ કોર્ટ તથા હાઇકોર્ટોના અન્ય એવા ન્યાયમૂર્તિઓ સાથેના વિચાર-વિમર્શ પછી રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવશે કે જે તેઓ જરૂરી માને. તેઓ ૬૫ વર્ષની વય પ્રાપ્ત કરે ત્યાં સુધી હોદ્દો ધરાવે છે અને સાબિત થયેલા ગેરવર્તન અથવા અસમર્થતાના કારણોસર ચોક્કસ બહુમતીથી પસાર કરાયેલ

[15] ૩૩ (૧૯૮૦) ૩ એસ.સી.સી. ૬૨૫

સંસદના પ્રત્યેક ગૃહના સંબોધનની રજૂઆત સિવાય તેમને હોદ્દા પરથી દૂર કરી શકાતા નથી. આ રીતે બંધારણે સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓને કારોબારી નિયંત્રણથી પર રાખવાનો પ્રયાસ કર્યો છે."

૮. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, "ન્યાયતંત્રની સ્વતંત્રતા" નો અર્થ ઉચ્ચ ન્યાયતંત્રને કારોબારી અને વિધાયી નિયંત્રણથી મુક્ત રાખવું એવો થતો હોવાનું અને તેમાં તેનો સમાવેશ થતો હોવાનું ઠેરવવામાં આવ્યું છે. આ સંબંધમાં, ભારત સંઘ વિ. સાંકળચંદ હિંમતલાલ શેઠપ નો સંદર્ભ આપવામાં આવ્યો હતો, જેમાં આ કોર્ટે અવલોકન કર્યું હતું:

"૫૦. હવે ન્યાયતંત્રની સ્વતંત્રતા એ આપણા બંધારણની લડાયક આસ્થા છે. નિર્ભય ન્યાય એ આપણા મૂળભૂત દસ્તાવેજનો મુખ્ય સિદ્ધાંત છે. તે વાસ્તવમાં આપણી પ્રાચીન પરંપરાનો એક ભાગ છે જેણે ભૂતકાળમાં મહાન ન્યાયાધીશો આપ્યા છે. ઇંગ્લેન્ડમાં પણ, જ્યાંથી આપણે આપણા ન્યાય પ્રશાસનની વર્તમાન પ્રણાલી તેના વ્યાપક અને આવશ્યક લક્ષણોમાં વારસામાં મેળવી છે, ત્યાં ન્યાયિક સ્વતંત્રતાને એક મૂળભૂત મૂલ્ય તરીકે મૂલવવામાં આવે છે અને તેને એટલી સ્વાભાવિક અને અનિવાર્ય ગણવામાં આવી છે તથા લોકોના જીવન અને વિચારમાં તે એટલી વણાઈ ગઈ છે કે હવે તેને લગભગ સહજ માની લેવામાં આવે છે અને કોઈપણ વ્યક્તિ માટે તેનાથી વિપરીત વિચારવું એ ગાંડપણનું કૃત્ય ગણાશે. પરંતુ આ એક લાંબી લડત પછી સિદ્ધ થયું છે જે ધ એક્ટ ઓફ

સેટલમેન્ટ, ૧૬૮૮ માં પરિણામી હતી. સદર અધિનિયમના ઘડતર પૂર્વે, ઇંગ્લેન્ડમાં એક ન્યાયાધીશ ક્રાઉનની મરજી હોય ત્યાં સુધી હોદ્દો ધરાવતા હતા અને જો ન્યાયાધીશ તેમની પસંદગી મુજબ ચુકાદા ન આપે, તો શાસક પોતાની મુનસફી મુજબ ન્યાયમૂર્તિને બરતરફ કરી શકતા હતા. લોર્ડ કોક જેવા પ્રખ્યાત ન્યાયમૂર્તિને પોતાની અદાલતમાં કાર્યવાહી રોકવા અથવા વિલંબિત કરવાનો આદેશ આપતી રાજાની રિટ 'ડી નોન પ્રોસેડેન્ડો રેજ ઇનકન્સલ્ટો' માનવાનો તેમના ગૌરવપૂર્ણ અને હિંમતભર્યા ઇનકાર બદલ ચાર્લ્સ પ્રથમ દ્વારા બરતરફ કરવામાં આવ્યા હતા. ધ એક્ટ ઓફ સેટલમેન્ટ, ૧૬૮૮ એ 'મરજી મુજબની મુદત'ના સ્થાને 'સારા વર્તન દરમિયાનની મુદત' મૂકીને ન્યાયમૂર્તિને મરજી મુજબ બરતરફ કરવાની શાસકની સત્તાનો અંત આણ્યો. ન્યાયાધીશ ત્યાર બાદ કહી શકતા હતા, જેમ કે લોર્ડ બોવેને અત્યંત પ્રભાવશાળી રીતે કહ્યું હતું:

આ એવા દિવસો નથી જેમાં કોઈપણ અંગ્રેજ ન્યાયાધીશ એ ગર્વપૂર્ણ સભાનતા સાથે ઊભા થવાના પોતાના અધિકારનો દાવો કરવામાં નિષ્ફળ જાય કે હર મેજેસ્ટી ધ ક્વીનના રાજ્યમાં ન્યાય નિર્મળ, નિષ્કલંક અને શંકારહિત રીતે કરવામાં આવે છે. કોઈ એવો માનવી નથી કે જેનું સ્મિત કે ભ્રૂકુટી, એવી કોઈ સરકાર નથી, ટોરી કે લિબરલ, જેની કૃપા કે અકૃપા બેન્ચ પર બિરાજમાન અંગ્રેજ ન્યાયમૂર્તિના ધબકારા વધારી શકે, અથવા ન્યાયના ત્રાજવાના સમાન સંતુલનને વાળના અંશ જેટલું પણ વિચલિત કરી શકે.

આપણા બંધારણના ઘડવૈયાઓ ઇંગ્લેન્ડના આ બંધારણીય વિકાસથી વાકેફ હતા અને તેઓ ન્યાયિક સ્વતંત્રતા તથા નિષ્પક્ષતાની આપણી મહાન પરપરા પ્રત્યે સભાન હતા અને તેઓ સમજ્યા હતા કે ઇંગ્લેન્ડ કરતાં આપણા બંધારણ હેઠળ ન્યાયતંત્રની સ્વતંત્રતા સુરક્ષિત કરવાની જરૂરિયાત વધુ મોટી હતી, કારણ કે આપણું બંધારણ સમવાયી અથવા અર્ધ–સમવાયી બંધારણ છે જે મૂળભૂત અધિકારો પ્રદાન કરે છે, અન્ય બંધારણીય મર્યાદાઓ ઘડે છે અને સુપ્રિમ કોર્ટ તથા હાઇકોર્ટોને ન્યાયિક સમીક્ષાની સત્તાથી સજ્જ કરે છે અને પરિણામે ભારત સંઘ અને રાજ્યો સુપ્રિમ કોર્ટ તથા હાઇકોર્ટો સમક્ષ સૌથી મોટા એકલ પક્ષકારો બનશે. ન્યાય, જેવું કે આ કોર્ટે શમશેર સિંહ વિ. પંજાબ રાજ્ય, (૧૯૭૪) ૨ એસ.સી.સી. ૮૩૧ માં નિર્દેશિત કર્યું હતું, "માત્ર ત્યારે જ નિર્ભય અને મુક્ત બની શકે જો સંસ્થાકીય મુક્તિ અને સ્વાયત્તતાની ખાતરી આપવામાં આવે". તેથી, બંધારણ–નિર્માતાઓએ ઉચ્ચ ન્યાયતંત્રને કારોબારી અથવા ધારાસભાના નિયંત્રણથી અલગ રાખીને તેની સ્વતંત્રતા સુરક્ષિત કરવા માટે નિર્ધારિત કરેલી કેટલીક જોગવાઈઓ ઘડી હતી. ઉચ્ચ ન્યાયતંત્રની સ્વતંત્રતા સુનિશ્ચિત કરવા માટે બંધારણ–નિર્માતાઓની ચિંતા કેટલી ગંભીર હતી અને તે ઉદ્દેશ્ય માટે તેમણે કેટલી ઝીણવટભરી કાળજી સાથે જોગવાઈઓ કરી હતી તે દર્શાવવા માટે હું આ જોગવાઈઓનો સંક્ષિપ્તમાં ઉલ્લેખ કરીશ."

આ રજૂઆતના અનુસંધાનમાં, વિદ્વાન વકીલે સેકન્ડ જજીસ કેસ પર આધાર રાખ્યો હતો, અને ન્યાયમૂર્તિ એસ. રત્નવેલ પાંડિયન દ્વારા નોંધવામાં આવેલા નીચેના અવલોકનો તરફ અમારું ધ્યાન દોર્યું હતું:

"૫૪. આ વિભાવનાના મહત્વને ધ્યાને રાખીને આપણા બંધારણના ઘડવૈયાઓએ પોતાની સમક્ષ ફેડરલ કોર્ટ અને હાઇકોર્ટના મંતવ્યો રાખીને એક મેમોરેન્ડમમાં જણાવ્યું છે:

"અમે એવું માની લીધું છે કે તમામ પક્ષે એ સ્વીકારવામાં આવ્યું છે કે સરકારની લોકશાહી પ્રણાલીમાં ન્યાયતંત્રની સ્વતંત્રતા અને અખંડિતતા માત્ર ન્યાયાધીશો માટે જ નહીં પરંતુ સામાન્ય નાગરિકો માટે પણ સર્વોચ્ચ મહત્વ અને હિત ધરાવે છે, જેમને કારોબારી દ્વારા કોઈપણ ગેરકાયદે કૃત્યો અથવા સત્તાના જોહુકમીભર્યા ઉપયોગ સામે આખરી ઉપાય તરીકે અદાલતોમાં દાદ મેળવવી પડી શકે છે... નીચેની દરખાસ્તો અને સૂચનો કરવામાં, એક સ્વતંત્ર અને કાર્યક્ષમ ન્યાયતંત્રની નિર્ભય કામગીરી સુનિશ્ચિત કરવાનું સર્વોચ્ચ મહત્વ સતત ધ્યાનમાં રાખવામાં આવ્યું છે. (જુઓ બી. શિવા રાવ: ધ ફ્રેમિંગ ઓફ ઇન્ડિયાઝ કોન્સ્ટીટ્યુશન, વોલ્યુમ ૧-બી, પૃ. ૧૯૬)

૫૫. આ સંદર્ભમાં, અમે ન્યાયમૂર્તિ કૃષ્ણા ઐયરના અજોડ શબ્દો ઉછીના લઈને સ્પષ્ટ કરી શકીએ છીએ કે "ન્યાયતંત્રની સ્વતંત્રતા એ ઘૂંટણિયે પડવું નથી, તેમજ તે સરકારનો વિરોધ પણ નથી". જુઓ મેઇનસ્ટ્રીમ –

૨૨ નવેમ્બર, ૧૯૮૦ અને એક સમયે ન્યાયમૂર્તિ કૃષ્ણા ઐયરે આ વિભાવનાને "બંધારણીય ધર્મ" તરીકે વર્ણવી હતી.

૫૬. નિર્વિવાદપણે, ન્યાયતંત્રની સ્વતંત્રતાની આ વિભાવના, જે ન્યાયતંત્રની કામગીરી સંબંધિત બંધારણીય પ્રક્રિયા સાથે અતૂટ રીતે જોડાયેલી અને સંકળાયેલી છે, તે આપણી બંધારણીય વિચારણામાં એક "અચળ તારો" છે અને તેનો અવાજ બંધારણના તત્વજ્ઞાનની આસપાસ કેન્દ્રિત છે. આ વિભાવનાનો મૂળભૂત આધાર ન્યાય પ્રશાસનમાં લોકોના અનિવાર્ય વિશ્વાસને સુરક્ષિત અને મજબૂત કરવા માટે તેના સંપૂર્ણ જોમ અને ઉત્સાહ સાથે વધુ અસરકારક ન્યાયિક પ્રણાલી ધરાવવાનો છે. આ સિદ્ધાંતને સફળતાપૂર્વક સિદ્ધ કરવાના અને વર્તમાન ન્યાયિક પ્રણાલી સંબંધિત ઘણી સમસ્યાઓનું નિવારણ કરવાના ઉદ્દેશ્ય સાથે જ અન્ય બાબતોની સાથે સાથે એવી દલીલ કરવામાં આવી છે કે હાઇકોર્ટો અને સુપ્રિમ કોર્ટમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકના મામલે સીજેઆઈના અભિપ્રાયને 'અગ્રતા' આપવામાં આવવી જોઈએ, જે આ વિભાવનાનું માત્ર એક પાસું છે, જેથી ન્યાયતંત્રની સ્વતંત્રતા દ્રઢપણે સુરક્ષિત અને સંરક્ષિત રહે તથા ઉચ્ચ ન્યાયતંત્ર પર પોતાની પસંદગીના ઉમેદવારને થોપવાની કારોબારીની અતિરેકપૂર્ણ દખલગીરીને અસરકારક રીતે નિયંત્રિત અને અંકુશિત કરી શકાય."

અને તે જ ચુકાદામાંથી, ન્યાયમૂર્તિ કુલદીપ સિંઘના નીચેના અવલોકનોનો સંદર્ભ આપવામાં આવ્યો હતો:

"૩૩૫. તો પછી વિચારણા માટે ઉપસ્થિત થતો પ્રશ્ન એ છે કે, જ્યારે ન્યાયમૂર્તિઓની નિમણૂકની સત્તા કારોબારીમાં નિહિત હોય ત્યારે શું સ્વતંત્ર ન્યાયતંત્ર અસ્તિત્વમાં હોઈ શકે? હા કહેવું અતાર્કિક ગણાશે. ન્યાયતંત્રની સ્વતંત્રતા ઉચ્ચ ન્યાયતંત્રના ન્યાયમૂર્તિઓની નિમણૂકની બંધારણીય પ્રક્રિયા સાથે અતૂટ રીતે જોડાયેલી અને સંકળાયેલી છે. 'ન્યાયતંત્રની સ્વતંત્રતા' એ આપણા બંધારણનું મૂળભૂત લક્ષણ છે અને જો તેનો અર્થ એવો થતો હોય જેની આપણે ઉપર ચર્ચા કરી છે, તો બંધારણના ઘડવૈયાઓનો આ સત્તા કારોબારીને આપવાનો ક્યારેય ઈરાદો હોઈ શકે નહીં. અન્યથા પણ સરકારો – કેન્દ્ર અથવા રાજ્ય – મોટી સંખ્યામાં કેસોમાં અદાલતો સમક્ષ પક્ષકારો હોય છે. સુપ્રિમ કોર્ટ સમક્ષ ન્યાયનિર્ણય માટે આવતી વિવિધ મહત્વપૂર્ણ બાબતોમાં કેન્દ્રીય કારોબારીના મહત્વપૂર્ણ હિતો રહેલા હોય છે. કારોબારી – કોઈને કોઈ સ્વરૂપે – અદાલતો સમક્ષ સૌથી મોટો એકલ પક્ષકાર છે. આ બાબતને ધ્યાને લેતાં, ન્યાયતંત્ર એ પ્રજા અને કારોબારી વચ્ચે મધ્યસ્થી હોવાના નાતે, બંધારણના ઘડવૈયાઓએ સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટોના ન્યાયમૂર્તિઓની નિમણૂક કરવાની આખરી સત્તા કારોબારીના હાથમાં છોડી દીધી હોઈ શકે નહીં. આ કોર્ટ એસ.પી. ગુપ્તા વિ. ભારત સંઘ, ૧૯૮૧ સપ્લિ. એસ.સી.સી. ૮૭ માં એ ધારણા પર આગળ વધી હતી કે

> ન્યાયતંત્રની સ્વતંત્રતા એ બંધારણનું મૂળભૂત લક્ષણ છે પરંતુ તે એ બાબતની કદર કરવામાં નિષ્ફળ રહી કે તેણે આપેલું અર્થઘટન, એ બે વિભાવનાઓ – 'ન્યાયતંત્રની સ્વતંત્રતા' અને 'ન્યાયિક સમીક્ષા' – જે પરસ્પર સંકળાયેલી છે, તેના વ્યાપક પાસાઓ સાથે સુસંગત ન હતું."

ઉપરોક્ત તારણોના આધારે, એવી રજૂઆત કરવામાં આવી હતી કે, "ન્યાયતંત્રની સ્વતંત્રતા" ત્યારે જ જાળવી શકાય, જો ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂક, ન્યાયમૂર્તિઓના કોલેજિયમના નિર્ણય પર આધારિત મુખ્ય ન્યાયમૂર્તિના અભિપ્રાયને અગ્રતા આપીને કરવામાં આવે. માત્ર ત્યારે જ, કારોબારી અને ધારાસભાની દખલગીરીને અસરકારક રીતે નિયંત્રિત અને અંકુશિત કરી શકાય.

૯. વિદ્વાન વકીલે ત્યાર બાદ ડૉ. બી. આર. આંબેડકરના વારંવાર ટાંકવામાં આવતા વક્તવ્યનો (૨૪.૫.૧૯૪૯ ના રોજ બંધારણ સભામાં) સંદર્ભ આપ્યો હતો. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, ઉપરોક્ત વક્તવ્યને સેકન્ડ જજીસ કેસમાં યોગ્ય રીતે ધ્યાને લેવામાં આવ્યું હતું, જેમાં આ કોર્ટે નીચે મુજબ તારણ કાઢ્યું હતું:

> "૩૮૯. ઉચ્ચ અદાલતોમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકના મામલે અગ્રતા ન્યાયતંત્રમાં નિહિત છે એવું ઠેરવ્યા પછી, વિચારણા માટે ઉપસ્થિત થતો નિર્ણાયક પ્રશ્ન એ છે કે શું ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ, બંધારણ હેઠળ,

"પર્સોના ડિઝાઇનેટા" તરીકે કાર્ય કરે છે કે ન્યાયતંત્રના નેતા – પ્રવક્તા તરીકે.

૩૯૦. બંધારણીય યોજના કોઈપણ વ્યક્તિવિશેષને અગ્રતા આપતી નથી. અનુચ્છેદ ૧૨૪(૨) ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ, સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓ અને હાઇકોર્ટોના ન્યાયમૂર્તિઓ સાથે વિચાર–વિમર્શની જોગવાઈ કરે છે. તેવી જ રીતે અનુચ્છેદ ૨૧૭(૧) ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિની વાત કરે છે. બંધારણના ઘડવૈયાઓ દ્વારા વિચાર–વિમર્શની બહુલતા સ્પષ્ટપણે દર્શાવવામાં આવી છે. પ્રથમ વાંચને એવી છાપ પડે છે જાણે અનુચ્છેદ ૨૧૭(૧) હેઠળ વિચાર–વિમર્શની પ્રક્રિયામાં સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટોના ન્યાયમૂર્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો નથી, પરંતુ બંધારણીય યોજનાની ઝીણવટભરી તપાસ કરતાં જણાય છે કે બંધારણના ઘડવૈયાઓનો આ ઈરાદો નહોતો. બંધારણના અનુચ્છેદ ૨૧૭(૧) હેઠળ "વિચાર–વિમર્શ ક્ષેત્ર"માંથી સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટના પ્યુઇની ન્યાયમૂર્તિઓને બાકાત રાખવા માટે કોઈ પણ પ્રકારનું ઔચિત્ય નથી.

૩૯૧. શ્રી નરીમાનના જણાવ્યા અનુસાર, "ભારતના મુખ્ય ન્યાયાધીશ" અને "હાઇકોર્ટોના મુખ્ય ન્યાયમૂર્તિ" એવા શબ્દપ્રયોગોનું અર્થઘટન ન્યાયાધીશોની સામૂહિકતાના સંદર્ભમાં કરવું એ કોઈ ખેંચી કાઢેલું અર્થઘટન નહીં ગણાય, જેમાં સુપ્રિમ કોર્ટનું પ્રતિનિધિત્વ ભારતના મુખ્ય

ન્યાયમૂર્તિ દ્વારા અને (સંબંધિત રાજ્યોની) તમામ હાઇકોર્ટોનું પ્રતિનિધિત્વ હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા થાય છે. અનુચ્છેદો ૧૨૪(૨) અને ૨૧૭(૧)ના માત્ર વાંચનથી જ સ્પષ્ટ થાય છે કે બંધારણના ઘડવૈયાઓ ઉચ્ચ અદાલતોમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં આખરી નિર્ણય, બંધારણીય શ્રેણીમાં ગમે તેટલા ઉચ્ચ સ્થાને બેઠેલા હોય તેવા કોઇપણ વ્યક્તિવિશેષના હાથમાં છોડવાનો ઇરાદો ધરાવતા ન હતા. આવી નિમણૂકો માટે વિચાર–વિમર્શ કરનારાઓનું સામૂહિક ડહાપણ અનિવાર્ય શરત છે. સુપ્રિમ કોર્ટમાં ન્યાયમૂર્તિઓની નિમણૂક સંબંધિત મુસદ્દા અનુચ્છેદોના વ્યાપને સમજાવતા બંધારણ સભામાં ૨૪ મે, ૧૯૪૯ ના રોજ પોતાના વક્તવ્યમાં ડૉ. બી.આર. આંબેડકરે...

xxx xxx xxx

૩૯૨. ડૉ. આંબેડકરને ઉચ્ચ અદાલતોમાં ન્યાયમૂર્તિઓની નિમણૂક સંબંધિત બંધારણીય જોગવાઇઓના સરળ સંચાલનમાં કોઈ મુશ્કેલી જણાઈ ન હતી. ઉચ્ચ બંધારણીય હોદ્દેદારોને આ કામ સોંપ્યા પછી બંધારણના ઘડવૈયાઓને ખાતરી હતી કે આવી નિમણૂકો હંમેશા સર્વસંમતિથી કરવામાં આવશે. છેલ્લા ચાર કરતાં વધુ દાયકાઓ દરમિયાન બંધારણની કામગીરીએ આવી નિમણૂકોના મામલે અગ્રતાના પ્રશ્ન પર વિચાર કરવાની જરૂરિયાત ઊભી કરી છે. એકવાર આપણે એવું ઠેરવીએ કે

અગ્રતા ન્યાયતંત્ર પાસે છે, તો પછી ન્યાયતંત્ર એક સામૂહિકતા તરીકે સર્વોચ્ચ અભિપ્રાય ધરાવે છે અને કોઈપણ વ્યક્તિવિશેષ નહીં, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ પણ નહીં. જો આપણે "ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ" શબ્દપ્રયોગનું અર્થઘટન "પર્સોના ડિઝાઇનેટા" તરીકે કરીએ તો તે "મુખ્ય ન્યાયમૂર્તિને ન્યાયમૂર્તિઓની નિમણૂક પર વ્યવહારિક રીતે વીટો આપવા" સમાન થશે, જે ડૉ. આંબેડકરના શબ્દોમાં બંધારણના ઘડવૈયાઓનો ક્યારેય આવો ઈરાદો નહોતો. તેથી, અમારો એવો મત છે કે બંધારણના અનુચ્છેદો ૧૨૪(૨) અને ૨૧૭(૧) માં "ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ" અને "હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ" શબ્દપ્રયોગોનો અર્થ સદર ન્યાયિક હોદ્દેદારો તેમની સંબંધિત અદાલતોના પ્રતિનિધિઓ તરીકે થાય છે."

ઉપર ટાંકવામાં આવેલા અવલોકનોના જોડાણમાં, કોર્ટનું ધ્યાન નીચેના વધારાના તારણો તરફ પણ દોરવામાં આવ્યું હતું:

"૪૬૬. એ બાબત ધ્યાનમાં રાખવી જરૂરી છે કે બિન–મનસ્વીતાનો સિદ્ધાંત, જે કાયદાના શાસનનું એક આવશ્યક લક્ષણ છે, તે સમગ્ર બંધારણમાં સર્વવ્યાપી છે; અને આ સિદ્ધાંતનું એક આનુષંગિક પાસું એ છે કે બંધારણીય પ્રવૃત્તિના કોઈપણ ક્ષેત્રમાં કોઈ એક વ્યક્તિવિશેષમાં સંપૂર્ણ સત્તાનો અભાવ હોવો જોઈએ. બંધારણીય અર્થઘટનમાં મનસ્વીતા ઘૂસી જવાની સંભાવનાને ધ્યાનમાં રાખવી પડશે અને તેને ટાળવી પડશે અને તેથી, મુખ્ય ન્યાયમૂર્તિના અભિપ્રાયનો અર્થ ભારતના, પ્રાથમિકતાના

સંદર્ભમાં, નક્કી કરવો આવશ્યક છે. એક સજાતીય મિશ્રણ, જે બંધારણીય ઉદ્દેશ અને તેની વિચારધારા સાથે સુસંગત છે, તે દર્શાવે છે કે તે ન્યાયતંત્રનો અભિપ્રાય છે જે 'ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના મંતવ્ય દ્વારા પ્રતીકિત છે' જેને નિમણૂકોની બાબતમાં વધુ મહત્વ અથવા પ્રાથમિકતા આપવામાં આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો, વિચાર–વિમર્શની પ્રક્રિયામાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિનો અભિપ્રાય ન્યાયતંત્રના અભિપ્રાયને સાચા અર્થમાં પ્રતિબિંબિત કરતો વ્યક્ત થવો જોઈએ, જેનો અર્થ એ છે કે તેની રચનામાં અનિવાર્યપણે બહુલતાનું તત્વ હોવું જોઈએ. વાસ્તવિક વ્યવહારમાં, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ આ રીતે કાર્ય કરે છે અને તેમની પાસેથી આ રીતે કાર્ય કરવાની અપેક્ષા રાખવામાં આવે છે જેથી તેમના દ્વારા વ્યક્ત કરવામાં આવેલો અંતિમ અભિપ્રાય માત્ર તેમનો વ્યક્તિગત અભિપ્રાય ન રહે, પરંતુ આ કાર્ય સાથે પરંપરાગત રીતે સંકળાયેલા કેટલાક અન્ય ન્યાયમૂર્તિઓના મંતવ્યોને ધ્યાને લીધા પછી રચાયેલો સામૂહિક અભિપ્રાય બને.

૪૬૭. આ પ્રક્રિયામાં ન્યાયતંત્રની પ્રાથમિકતાને ધ્યાને લેતાં, હવે પછીનો પ્રશ્ન આ ઉદ્દેશ્ય પ્રાપ્ત કરવા માટેની પદ્ધતિનો છે. બંધારણીય જોગવાઈઓમાં આનો સંકેત ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના હોદ્દાના સંદર્ભ પરથી મળે છે, જે વ્યવહારિક રીતે આ ઉદ્દેશ્યને પ્રાપ્ત કરવા માટે નિર્દિષ્ટ કરવામાં આવેલ છે. ન્યાયતંત્રનો અભિપ્રાય જે 'ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના મંતવ્ય દ્વારા પ્રતીકિત છે' તે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ

સાથે વિચાર–વિમર્શ કરીને મેળવવાનો રહે છે; અને આ અભિપ્રાય જ છે જેને પ્રાથમિકતા પ્રાપ્ત છે.

૪૬૮. કાયદાનું શાસન વિવેકાધીન સત્તાના ક્ષેત્રને ન્યૂનતમ રાખવાની પરિકલ્પના કરે છે, જેમાં બિન–મનસ્વીપણું સુનિશ્ચિત કરવા માટે માત્ર જાણીતા સિદ્ધાંતો અથવા માર્ગદર્શિકાઓનો અમલ જરૂરી છે, પરંતુ તે મર્યાદિત હદ સુધી, વિવેકાધીન સત્તા એ એક વ્યવહારિક જરૂરિયાત છે. ઉચ્ચ હોદ્દેદારોને વિવેકાધીન સત્તા આપવી અને, જ્યારે પણ શક્ય હોય ત્યારે, સામૂહિક નિર્ણયની આવશ્યકતા રાખીને બહુલતાનું તત્વ દાખલ કરવું, એ મનસ્વીતા સામેના વધુ નિયંત્રણો છે. આ રીતે આદર્શવાદ અને વ્યવહારિકતા વચ્ચે સુમેળ સાધીને તેને એકીકૃત કરવામાં આવે છે, જેથી આ વ્યવસ્થા સંતોષકારક રીતે કાર્યક્ષમ બની શકે. ઉચ્ચ ન્યાયમૂર્તિઓની નિમણૂકનું કાર્ય ઉચ્ચ બંધારણીય હોદ્દેદારોને સોંપવું; ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના મંતવ્યને સર્વોચ્ચ મહત્વ આપવું, જેઓ ઉમેદવારોની યોગ્યતા નક્કી કરવા માટે તેમની સાચી ક્ષમતાનું મૂલ્યાંકન કરવા શ્રેષ્ઠ રીતે સજ્જ છે; ભારતના મુખ્ય ન્યાયમૂર્તિનો અભિપ્રાય તેમના કેટલાક સાથીદારોના મંતવ્યોને ધ્યાને લીધા પછી રચાયેલો સામૂહિક અભિપ્રાય હોવો; અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સમક્ષ જાહેર કરાયેલા મજબૂત કારણોસર, અયોગ્ય માનવામાં આવતી નિમણૂકને અટકાવવા માટે કારોબારીને મંજૂરી આપવી, એ ન્યાયતંત્ર કે કારોબારી પૈકી કોઈપણને, અને કોઈપણ વ્યક્તિને, પછી ભલે તે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ હોય કે

વડાપ્રધાન હોય, તેમને સંપૂર્ણ વિવેકાધીન સત્તા અથવા વીટો આપ્યા વિના બંધારણીય હેતુને પ્રાપ્ત કરવા માટે બંધારણીય યોજનામાં શ્રેષ્ઠ પદ્ધતિ પૂરી પાડે છે."

૧૦. વિદ્વાન વકીલની ભારપૂર્વકની દલીલ હતી કે, સેકન્ડ જજિસ કેસમાં આ કોર્ટ દ્વારા નોંધવામાં આવેલા નિષ્કર્ષોને કારોબારી અને ધારાસભા દ્વારા સ્વીકારવામાં આવ્યા હતા. એ સ્વીકારવામાં આવ્યું હતું કે, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં, પ્રાથમિકતા ન્યાયતંત્રમાં નિહિત રહેશે, અને વધુમાં એ કે, ન્યાયતંત્રના અભિપ્રાયમાં બહુલતાનું તત્વ રહેશે. થર્ડ જજિસ કેસ પર આધાર રાખીને આ દાવાને વધુ સ્થાપિંત કરવાનો પ્રયાસ કરવામા આવ્યો હતો. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, સેકન્ડ જજિસ કેસમાં બહુમતી ચુકાદાના નિષ્કર્ષોને થર્ડ જજિસ કેસના ફકરા ૯ માં પુનઃ રજૂ કરવામાં આવ્યા હતા, અને ત્યારબાદ, આ કોર્ટે તત્કાલીન એટર્ની જનરલનું નિવેદન નોંધ્યું હતું કે, પ્રેસિડેન્શિયલ રેફરન્સ દ્વારા યુનિયન ઓફ ઇન્ડિયા સેકન્ડ જજિસ કેસના ચુકાદાની સમીક્ષા અથવા પુનર્વિચારણા માંગી રહ્યું નથી. અને એ કે, યુનિયન ઓફ ઇન્ડિયાએ ઉપરોક્ત બહુમતી ચુકાદાને બંધનકર્તા તરીકે સ્વીકાર્યો હતો. આ સંદર્ભમાં, થર્ડ જજિસ કેસના ફકરા ૧૦ થી ૧૨, જેના પર આધાર રાખવામાં આવ્યો હતો, તે નીચે મુજબ પુનઃ રજૂ કરવામાં આવે છે:

"૧૦. અમે વિદ્વાન એટર્ની જનરલ, હસ્તક્ષેપ કરનારાઓ અને કેટલીક હાઇકોર્ટો તરફથી ઉપસ્થિત વિદ્વાન વકીલો અને કેટલાક રાજ્યોના એડવોકેટ જનરલોને સાંભળ્યા છે.

૧૧. અમે શરૂઆતમાં જ એટર્ની જનરલના નિવેદનો નોંધીએ છીએ કે (૧) યુનિયન ઓફ ઇન્ડિયા સેકન્ડ જજિસ કેસ ((૧૯૯૩) ૪ એસ.સી.સી. ૪૪૧) ના ચુકાદાની સમીક્ષા અથવા પુનર્વિચારણા માંગી રહ્યું નથી અને (૨) યુનિયન ઓફ ઇન્ડિયા આ સંદર્ભમાં નક્કી કરવામાં આવેલા પ્રશ્નો અંગે આ કોર્ટના જવાબોને સ્વીકારશે અને બંધનકર્તા ગણશે.

૧૨. સેકન્ડ જજિસ કેસ ((૧૯૯૩) ૪ એસ.સી.સી. ૪૪૧) માં બહુમતી મત એ છે કે સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટોમાં નિમણૂકની બાબતમાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિનો અભિપ્રાય પ્રાથમિકતા ધરાવે છે. ભારતના મુખ્ય ન્યાયમૂર્તિનો અભિપ્રાય "ન્યાયતંત્રના અભિપ્રાયને પ્રતિબિંબિત કરે છે, જેનો અર્થ એ છે કે તેની રચનામાં અનિવાર્યપણે બહુલતાનું તત્વ હોવું જોઈએ". તે "પરંપરાગત રીતે આ કાર્ય સાથે સંકળાયેલા કેટલાક અન્ય ન્યાયમૂર્તિઓના મંતવ્યોને ધ્યાને લીધા પછી" રચવાનો રહેશે. ભારતના મુખ્ય ન્યાયમૂર્તિનો "આ રીતે આપવામાં આવેલો અભિપ્રાય તમામ નિમણૂકોની બાબતમાં પ્રાથમિકતા ધરાવે છે". નિમણૂક કરવા માટે, તે "દર્શાવેલ રીતે રચાયેલા ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના અંતિમ અભિપ્રાયને અનુરૂપ" હોવી જોઈએ. તેના પરથી એ ફલિત થાય છે કે ભારતના મુખ્ય

ન્યાયમૂર્તિ દ્વારા દર્શાવેલ રીત સિવાય અન્ય કોઈપણ રીતે રચાયેલા અભિપ્રાયને સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટોમાં નિમણૂકોની બાબતમાં કોઈ પ્રાથમિકતા નથી અને સરકાર તેના પર કાર્ય કરવા બંધાયેલી નથી."

૧૧. વિદ્વાન વકીલે મદ્રાસ બાર એસોસિએશન વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા૩૫ માં તારવવામાં આવેલા ત્રીજા નિષ્કર્ષ તરફ કોર્ટનું ધ્યાન દોર્યું, જે નીચે મુજબ છે:

"૧૩૬.(૩) જો ન્યાયિક સત્તાના હસ્તાંતરણને લગતો કાયદો ઘડતી વખતે, સંસદ એ બાબત સુનિશ્ચિત ન કરે કે નવી રચાયેલી કોર્ટ/ટ્રિબ્યુનલ જે કોર્ટનું સ્થાન લેવાની માંગ કરવામાં આવી છે તેના મુખ્ય લક્ષણો અને ધોરણોને અનુરૂપ છે, તો બંધારણના "મૂળભૂત માળખા" નું ઉલ્લંઘન થશે."

"(૨૦૧૪) ૧૦ એસ.સી.સી. ૧

વિદ્વાન વકીલે ત્યારપછી ભારપૂર્વક જણાવ્યું કે, જો બંધારણમાં સુધારો કરતી વખતે અને/અથવા કાયદો ઘડતી વખતે, સંસદ એ બાબત સુનિશ્ચિત ન કરે કે નવી રચાયેલી સંસ્થા જે સંસ્થાનું સ્થાન લેવાની માંગ કરવામાં આવી છે તેના મુખ્ય લક્ષણો અને ધોરણોને અનુરૂપ છે, તો બંધારણના "મૂળભૂત માળખા" નું ઉલ્લંઘન થશે. એવો દાવો કરવામાં આવ્યો હતો કે, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની હાલની પ્રક્રિયાના મુખ્ય લક્ષણો, જે સમયની કસોટી પર ખરા ઊતર્યા હતા, તેને કાયદેસર અને બંધારણીય રીતે

બદલી શકાય છે, પરંતુ પ્રવર્તમાન પ્રક્રિયાનું સ્થાન લેતી વખતે, અગાઉ અસ્તિત્વમાં રહેલા મુખ્ય લક્ષણો જાળવી રાખવા જરૂરી હતા. અનુચ્છેદ ૧૨૪ અને ૨૧૭ પર આધાર રાખીને, એવો દાવો કરવામાં આવ્યો હતો કે, ઉપરોક્ત જોગવાઈઓ, જે મૂળરૂપે ઘડવામાં આવી હતી, તે આ કોર્ટના નિર્ણયો દ્વારા સમજાવવામાં આવી હતી, જેની શરૂઆત ૧૯૭૪ માં શમશેર સિંઘ વિરુદ્ધ સ્ટેટ ઓફ પંજાબ૧૧ થી થઈ હતી, ત્યારબાદ ૧૯૭૭ માં સાંકળચંદ હિંમતલાલ શેઠ કેસપ, અને ૧૯૯૩ માં સેકન્ડ જજિસ કેસ, અને છેવટે ૧૯૯૮ માં થર્ડ જજિસ કેસ દ્વારા તેનું સમર્થન કરવામાં આવ્યું હતું. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, સુપ્રિમ કોર્ટની ચાર બંધારણીય બેંચોએ ૧૯૫૦ થી (જ્યારે આ દેશના લોકોએ બંધારણ દ્વારા શાસિત થવા માટે સંમતિ આપી હતી) કારોબારી દ્વારા અનુસરવામાં આવતી પ્રથાની માત્ર પુષ્ટિ જ કરી હતી. એ નિર્દેશિત કરવામાં આવ્યું હતું કે, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની પ્રક્રિયા એક સહભાગી વિચાર–વિમર્શ પ્રક્રિયા તરીકે ચાલુ રહી હતી, જેમાં સુપ્રિમ કોર્ટમાં ન્યાયમૂર્તિની નિમણૂક માટેની દરખાસ્તની શરૂઆત ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા કરવામાં આવતી હતી; અને હાઇકોર્ટોમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકના કિસ્સામાં, સંબંધિત હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા કરવામાં આવતી હતી. અને એ કે, હાઇકોર્ટના ન્યાયમૂર્તિ/મુખ્ય ન્યાયમૂર્તિની અન્ય હાઇકોર્ટમાં બદલી માટેની દરખાસ્ત ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા શરૂ કરવામાં આવતી હતી. એવી દલીલ કરવામાં આવી હતી કે, ઉપરોક્ત બાબતો (નિમણૂક અને બદલી) પર નિર્ણય લેવાની પ્રક્રિયામાં, ન્યાયતંત્રનો અભિપ્રાય ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ

દ્વારા પ્રતીકિત થતો હતો, અને તે ૧૯૯૩ થી – જ્યારે સેકન્ડ જજિસ કેસનો નિર્ણય લેવામાં આવ્યો હતો – ન્યાયમૂર્તિઓના કોલેજિયમના નિર્ણય પર આધારિત હતો. વિદ્વાન વકીલના જણાવ્યા મુજબ, ઉપરોક્ત નિયમનો એકમાત્ર અપવાદ એ હતો કે જ્યારે કારોબારી, દર્શાવેલા મજબૂત અને પ્રતીતિકર કારણોના આધારે (જે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સમક્ષ જાહેર કરવામાં આવ્યા હોય), અન્યથા માનતી હોય. જોકે, જો ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સમક્ષ જાહેર કરવામાં આવેલા જણાવેલ કારણો સ્વીકારવામાં ન આવે, તો ન્યાયમૂર્તિઓના કોલેજિયમ દ્વારા પુનરોચ્ચાર કરવામાં આવેલો નિર્ણય પ્રસ્તાવિત નિમણૂક/બદલીમાં પરિણમશે. વિદ્વાન વકીલના જણાવ્યા મુજબ, આ બાબત અનુચ્છેદ ૧૨૪ અને ૨૧૭ હેઠળની અગાઉની પ્રક્રિયાનું નિર્માણ કરતી હતી. ઉપરોક્ત પ્રક્રિયાને "ન્યાયતંત્રની સ્વતંત્રતા" જાળવી રાખવા માટે પર્યાપ્ત ગણવામાં આવતી હતી.

૧૨. વિદ્વાન વકીલના જણાવ્યા મુજબ, એ નક્કી કરવાની જરૂર હતી કે, શું હવે સ્થાપિત કરાયેલા એનજેએસી પાસે નિમણૂકો/બદલીઓની બાબતમાં એવા જ અથવા સમાન લક્ષણો હતા કે જે "ન્યાયતંત્રની સ્વતંત્રતા" ને જાળવી રાખશે? પ્રશ્નનો ઉત્તર આપતાં, વિદ્વાન વકીલે ભારપૂર્વક જણાવ્યું હતું કે, વાદગ્રસ્ત બંધારણીય સુધારા દ્વારા ન્યાયતંત્રની પ્રાથમિકતા સંપૂર્ણપણે ધોવાઈ ગઈ હતી. ઉપરોક્ત બાબત માટે, વિદ્વાન વકીલે કોન્સ્ટીટ્યુશન (૯૯મો સુધારો) એક્ટ દ્વારા ઉમેરવામાં આવેલા અનુચ્છેદ ૧૨૪એ તરફ અમારું ધ્યાન દોર્યું. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, અનુચ્છેદ ૧૨૪એ હેઠળ વિચારવામાં આવેલ એનજેએસી છ સભ્યોનું બનેલું હશે, એટલે કે, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ,

સુપ્રિમ કોર્ટના બે વરિષ્ઠ ન્યાયમૂર્તિઓ (મુખ્ય ન્યાયમૂર્તિ પછીના), કાયદા અને ન્યાયના પ્રભારી કેન્દ્રીય મંત્રી, અને બે "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ". એવી રજૂઆત કરવામાં આવી હતી કે, ન્યાયિક ઘટક, જે અગાઉની પ્રક્રિયા હેઠળ પ્રાથમિકતા (અને એક સમજણ અનુસાર – સર્વસંમતિ) ધરાવતો હતો, તેને હવે પસંદગી કરતી સંસ્થા–એનજેએસીમાં અડધી સંખ્યા પર ઘટાડી દેવામાં આવ્યો હતો. એ નિર્દેશિત કરવામાં આવ્યું હતું કે, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ પાસે હવે એનજેએસીના અન્ય સભ્યો જેટલો જ સમાન મતાધિકાર રહેશે. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ એનજેએસીના અધ્યક્ષ હોવા છતાં, સરખા મત થવાની સ્થિતિમાં તેમની પાસે કોઈ નિર્ણાયક મત નથી. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, બદલાયેલી પ્રક્રિયા હેઠળ, જો ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને સુપ્રિમ કોર્ટના અન્ય બે વરિષ્ઠ ન્યાયમૂર્તિઓ (ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ પછીના) કોઈ વ્યક્તિની નિમણૂક/બદલીનું સમર્થન કરે, તો પણ એનજેએસીના કોઈપણ બે સભ્યો દ્વારા તેને નકારી શકાય છે. તે બે "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ" દ્વારા પણ, જેમને ન્યાય વહીવટની પ્રક્રિયા સાથે કોઈ પ્રત્યક્ષ કે પરોક્ષ સંબંધ ન હોય. તેથી એવી રજૂઆત કરવામાં આવી હતી કે, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિમાં નિહિત પ્રાથમિકતા સંપૂર્ણપણે ધોવાઈ ગઈ હતી.

૧૩. ન્યાયતંત્રની પ્રાથમિકતાના વિષયના સંદર્ભમાં, એવો દાવો કરવામાં આવ્યો હતો કે, જે પ્રણાલીનું સ્થાન લેવાની માંગ કરવામાં આવી છે તેના હેઠળ, સુપ્રિમ કોર્ટમાં ન્યાયમૂર્તિઓની નિમણૂક માટેની દરખાસ્ત માત્ર ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા જ શરૂ કરી શકાતી હતી. અને તે જ રીતે, હાઇકોર્ટના ન્યાયમૂર્તિ

અથવા મુખ્ય ન્યાયમૂર્તિની બદલી માટેની દરખાસ્ત માત્ર ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા જ શરૂ કરી શકાતી હતી. અને તે જ રીતે, હાઇકોર્ટમાં ન્યાયમૂર્તિની નિમણૂક માટેની દરખાસ્ત માત્ર સંબંધિત હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા જ શરૂ કરી શકાતી હતી. બદલાયેલી સ્થિતિ દર્શાવવા માટે, વિદ્વાન વકીલે કોન્સ્ટીટ્યુશન (૯૯મો સુધારો) એક્ટ દ્વારા દાખલ કરવામાં આવેલા અનુચ્છેદ ૧૨૪બી પર આધાર રાખ્યો, જેના હેઠળ, પ્રક્રિયા શરૂ કરવાની સત્તા હવે એનજેએસીમાં નિહિત કરવામાં આવી હતી. નવી વ્યવસ્થા હેઠળ, માત્ર એનજેએસી જ ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક માટે વ્યક્તિઓની ભલામણ કરશે. વિદ્વાન વકીલના જણાવ્યા મુજબ, એ પણ સ્પષ્ટ હતું કે એનજેએસીને હવે હાઇકોર્ટોના મુખ્ય ન્યાયમૂર્તિઓ અને ન્યાયમૂર્તિઓની બદલીની ભલામણ કરવાની વિશિષ્ટ જવાબદારી સોંપવામાં આવી છે. ઉપરોક્ત ફેરફારને પ્રવર્તમાન પ્રક્રિયાના સંપૂર્ણ ઉથલાવી દેવા તરીકે વર્ણવ્યા પછી, જે સમયની કસોટી પર ખરી ઊતરી હતી અને જેણે ઉચ્ચ ન્યાયતંત્રના ન્યાયમૂર્તિઓની નિમણૂક અને બદલીની પ્રક્રિયાની સ્વતંત્રતાને સુરક્ષિત રાખી હતી, એ નિર્દેશિત કરવામાં આવ્યું હતું કે, સંસદે તે કારણો જાહેર કર્યા ન હતા કે શા માટે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને અન્ય વરિષ્ઠ ન્યાયમૂર્તિઓની પ્રાથમિકતા નાબૂદ કરવી પડી. અથવા તે બાબતે, શા માટે પ્રવર્તમાન પ્રક્રિયામાં ફેરફાર કરવાની જરૂર પડી. વિદ્વાન વકીલની આગળ એવી દલીલ હતી કે, કારણો જાહેર ન કરવાથી અનિવાર્યપણે એવું અનુમાન નીકળે છે કે આવા કોઈ કારણો હતા જ નહીં.

૧૪. વિદ્વાન વરિષ્ઠ વકીલ ડૉ. રાજીવ ધવને પણ "મૂળભૂત માળખા" અને બંધારણની જોગવાઈઓમાં સુધારો કરવાના વ્યાપના સંદર્ભમાં રજૂઆતો આગળ ધપાવી હતી. બંધારણમાં સુધારો કરવાની સંસદની સત્તા પર વિગતવાર છણાવટ કરતાં, એવી રજૂઆત કરવામાં આવી હતી કે, આ કોર્ટે કેશવાનંદ ભારતી વિ. કેરળ રાજ્ય૧૦ માં જાહેર કર્યું હતું કે, બંધારણનું "મૂળભૂત માળખું" સુધારાને પાત્ર કે સુધારાને આધીન ન હતું. અનુચ્છેદ ૩૬૮ તરફ અમારું ધ્યાન દોરતાં, એવી રજૂઆત કરવામાં આવી હતી કે, બંધારણમાં સુધારો કરવા માટે સંસદમાં નિહિત સત્તા, બંધારણ ઘડતી વખતે બંધારણ સભા દ્વારા ઉપયોગમાં લેવાયેલી બંધારણીય સત્તાના વિસ્તરણની પરિકલ્પના કરતી હતી. એ નિર્દેશિત કરવામાં આવ્યું હતું કે, ઉપરોક્ત સત્તાના ઉપયોગમાં, સંસદને બંધારણ સભા જેવી જ ભૂમિકા ભજવવાની મંજૂરી આપવામાં આવી હતી. એવો દાવો કરવામાં આવ્યો હતો કે, નાગરિક સમાજમાં થતા વિકાસ સાથે તાલ મિલાવવા માટે બંધારણની જોગવાઈઓમાં સુધારો કરી શકાય છે, જ્યાં સુધી તે સુધારો બંધારણના "મૂળભૂત માળખા" નું ઉલ્લંઘન કરતો ન હોય. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, પ્રસ્તુત કેસના તથ્યો અને સંજોગોમાં, સુધારવા માટે માંગવામાં આવેલી જોગવાઈઓના સાદા વાંચન પર "ન્યાયતંત્રની સ્વતંત્રતા" નો ભંગ થયો છે કે નહીં તે નક્કી કરવા પૂરતી તપાસને મર્યાદિત રાખીને, પ્રશ્ન હેઠળના બંધારણીય સુધારાની માન્યતા નક્કી કરવી પૂરતી ન હતી. એવો દાવો કરવામાં આવ્યો હતો કે, આ વિષય પર આ કોર્ટ દ્વારા આપવામાં આવેલા ચુકાદાઓને ધ્યાને લેવા અનિવાર્ય હતા. એવો દાવો કરવામાં આવ્યો હતો કે, જ્યાં સુધી વર્તમાન વિવાદનો સંબંધ છે ત્યાં સુધી,

આ કોર્ટે ફર્સ્ટ, સેકન્ડ અને થર્ડ જજિસ કેસોમાં કાયદાની જાહેર કરાયેલી સ્થિતિની તપાસ કરવી જરૂરી હતી. વિદ્વાન વકીલના જણાવ્યા અનુસાર, જો પડકાર હેઠળના કાયદાઓ ઉપરોક્ત ચુકાદાઓમાં જાહેર કરાયા મુજબ બંધારણના "મૂળભૂત માળખા" નો ભંગ કરતા હોવાનું જણાય, તો વાદગ્રસ્ત બંધારણીય સુધારો, તેમજ સંદર્ભિત કાયદો, નિઃશંકપણે બંધારણીય રીતે અમાન્ય ઠરશે.

૧૫. ઉપરોક્ત સંદર્ભમાં, વિદ્વાન વકીલે નિર્દેશ કર્યો હતો કે, બંધારણના ભાગ ૩ માં સમાવિષ્ટ મૂળભૂત અધિકાર(રો) ના સુધારાના સંદર્ભમાં, આ કોર્ટ દ્વારા એમ. નાગરાજ વિ. ભારત સંઘ૩૬ માં તેમજ કિહોતો હોલોહાન કેસ૩૭ માં પણ માર્ગદર્શિકા નિર્ધારિત કરવામાં આવી હતી. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, બંધારણમાં વાદગ્રસ્ત સુધારા દ્વારા (અને એનજેએસી એક્ટ દ્વારા) લાવવામાં આવેલો ફેરફાર કોઈ ગૌણ ફેરફાર ન હતો, પરંતુ એક નોંધપાત્ર ફેરફાર હતો, જે દેખીતી રીતે અફર પણ હતો. અને તેથી, વિદ્વાન વકીલના જણાવ્યા અનુસાર, તેની માન્યતા વ્યાપ અને ઓળખ કસોટીઓના આધારે નક્કી કરવી પડશે. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, વ્યાપ અને ઓળખ કસોટીઓ સામાન્ય સંસદીય કાયદાની અથવા મૂળભૂત અધિકારોને લગતા બંધારણીય સુધારાની માન્યતા નક્કી કરવા માટે લાગુ પડતી કસોટીઓ કરતાં ભિન્ન હતી. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, વ્યાપ અને ઓળખ કસોટીઓ લાગુ કરવાની રીત એમ. નાગરાજ કેસ૩૬ માં નિર્ધારિત કરવામાં આવી હતી, જેમાં આ કોર્ટે ઠેરવેલ કે:

"૯. સામાવાળાઓ વતી નીચે મુજબની દલીલો રજૂ કરવામાં આવી હતી. અનુચ્છેદ ૩૬૮ હેઠળ સુધારાની સત્તા એ "બંધારણીય" સત્તા છે અને "રચાયેલી સત્તા" નથી; એ કે, અનુચ્છેદ ૩૬૮ હેઠળની બંધારણીય સત્તા પર કોઈ ગર્ભિત મર્યાદાઓ નથી; એ કે, જ્યારે પણ જરૂરી બને ત્યારે અનુચ્છેદ ૩૬૮ હેઠળની સત્તાએ બંધારણને સુવ્યવસ્થિત રાખવાનું છે અને તેના દ્વારા મૂળભૂત માળખાનું રક્ષણ અને જાળવણી કરવાની છે. સુધારાની આવી પ્રક્રિયામાં, જો તે બંધારણના મૂળભૂત લક્ષણને નષ્ટ કરે, તો તે સુધારો ગેરબંધારણીય રહેશે. સામાવાળાઓના જણાવ્યા અનુસાર બંધારણ માત્ર એ નથી જે તે કહે છે. પરંતુ સુપ્રિમ કોર્ટ દ્વારા આપવામાં આવેલું બંધારણની સંબંધિત જોગવાઈનું આખરી અર્થઘટન છે જે કાયદા તરીકે પ્રવર્તે છે. કોર્ટ દ્વારા બંધારણ પર કરવામાં આવેલું અર્થઘટન બંધારણનો ભાગ બને છે અને તેથી, અનુચ્છેદ ૩૬૮ હેઠળ તેમાં સુધારો થઈ શકે છે. બંધારણની કોઈપણ જોગવાઈ પર કોર્ટ દ્વારા કરવામાં આવેલું અર્થઘટન અર્થઘટિત જોગવાઈઓમાં અંતર્નિહિત થઈ જાય છે. આવા અનુચ્છેદો અનુચ્છેદ ૩૬૮ હેઠળ સુધારાને પાત્ર છે. સુપ્રિમ કોર્ટ દ્વારા આ રીતે જાહેર કરાયેલા કાયદામાં આવો ફેરફાર માત્ર તે જ કારણસર બંધારણના મૂળભૂત માળખાનું ઉલ્લંઘન કરશે નહીં અથવા ન્યાયિક સત્તાના અતિક્રમણ સમાન ગણાશે નહીં. આ રીતે બંધારણ ગતિશીલ બને છે. કાયદાએ બદલાવું પડે છે. તે સમયની જરૂરિયાતો અને સમાજની જરૂરિયાતો અનુસાર બંધારણમાં સુધારાની અપેક્ષા રાખે છે. તે ન્યાયિક

અને બંધારણીય સત્તાઓની એક સતત ચાલતી પ્રક્રિયા છે, જેમાં બંને કાયદાના પરિવર્તનમાં યોગદાન આપે છે, જેમાં બંધારણીય સત્તા દ્વારા લાવવામાં આવેલા કાયદાના આવા પરિવર્તનની માન્યતા અંગે એ તપાસ કરીને નિર્ણય કરવાનો આખરી અધિકાર ન્યાયતંત્ર પાસે છે કે શું આવા સુધારાઓ બંધારણના મૂળભૂત માળખાનું ઉલ્લંઘન કરે છે. દરેક વખતે જ્યારે કોઈ બંધારણીય બાબત કોર્ટ સમક્ષ આવે છે, ત્યારે બંધારણની જોગવાઈઓનો અર્થ અર્થઘટનની માંગ કરશે, પરંતુ અનુચ્છેદનું દરેક અર્થઘટન બંધારણનું મૂળભૂત લક્ષણ બની જતું નથી. એ કે, જ્યારે સંસદ બંધારણમાં સુધારો કરવા માંગે છે ત્યારે અનુચ્છેદ ૩૬૮ હેઠળ સંસદની સત્તા પર કોઈ ગર્ભિત મર્યાદાઓ નથી. જોકે, જો કોઈ સુધારો મૂળભૂત માળખામાં દખલ કરે છે અથવા તેને નબળું પાડે છે, તો તે અમાન્ય રહેશે. સુધારાની માન્યતા અનુચ્છેદ ૧૩ ની કસોટી પર નહીં પરંતુ માત્ર બંધારણના મૂળભૂત લક્ષણોના ઉલ્લંઘનના આધારે જ નક્કી કરવાની છે."

૧૬. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, સંસદ પાસે બંધારણમાં સુધારો કરવાની સત્તા હોવા છતાં; ધારાસભા (- અથવા કારોબારી) પાસે બંધારણનું અર્થઘટન કરવાની કે બંધારણની જોગવાઈઓમાં કરવામાં આવેલા સુધારાની માન્યતા નક્કી કરવાની કોઈ સત્તા ન હતી. વિદ્વાન વકીલના જણાવ્યા અનુસાર, બંધારણીય સુધારાની માન્યતા નક્કી કરવાની સત્તા ફક્ત ઉચ્ચ ન્યાયતંત્ર પાસે જ રહેલી છે. દરેક સુધારાની કસોટી ન્યાયતંત્ર દ્વારા જાહેર કરાયેલા - "મૂળભૂત માળખા" ની એરણ પર થવી જોઈતી હતી. એવી રજૂઆત કરવામાં આવી હતી કે,

ન્યાયતંત્રમાં નિહિત ઉપરોક્ત સત્તા પાછી ખેંચી શકાતી નથી કે રદ કરી શકાતી નથી. વિદ્વાન વકીલના જણાવ્યા અનુસાર, આ મૂળભૂત ન્યાયિક સત્તાનું નિર્માણ કરતી હતી, અને સંસદની ધારાકીય સત્તા કરતાં સહેજેય ઓછી મહત્વપૂર્ણ/વજનદાર ન હતી. ઉચ્ચ ન્યાયતંત્રમાં નિહિત ન્યાયિક સમીક્ષાની સત્તાનું મહત્વ (કારોબારી અને ધારાકીય પગલાંઓની માન્યતા તપાસવા માટે), શાસનના અન્ય બે સ્તંભો પર ન્યાયતંત્રને શ્રેષ્ઠતા પ્રદાન કરતું હતું. એ નિર્દેશિત કરવામાં આવ્યું હતું કે, રાજકીય અને કારોબારી સાર્વભૌમત્વની તરફેણમાં નાગરિક સમાજ દ્વારા સોંપવામાં આવેલી સત્તાને સંતુલિત કરવા માટે આ સ્થિતિ અત્યંત મહત્વપૂર્ણ હતી.

૧૭. અરજદારો વતી રજૂ કરવામાં આવેલી રજૂઆતોની માન્યતા નક્કી કરવા માટે, અમને જણાવવામાં આવ્યું હતું કે, અનુચ્છેદ ૧૨૪ અને ૨૧૭ (વાદગ્રસ્ત સુધારા પહેલાં તેઓ અસ્તિત્વમાં હતા તે મુજબ) પર સુપ્રિમ કોર્ટ દ્વારા કરવામાં આવેલા અર્થઘટનને ધ્યાનમાં રાખવું પડશે. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, અનુચ્છેદ ૧૨૪ ના સંદર્ભમાં "વિચાર-વિમર્શ" શબ્દને ન્યાયતંત્રને પ્રાથમિકતા આપવા તરીકે સમજવામાં આવ્યો હતો. તેથી, અનુચ્છેદ ૧૨૪ માં વાદગ્રસ્ત બંધારણીય સુધારાની તપાસ કરતી વખતે, આ કોર્ટ માટે અનુચ્છેદ ૧૨૪ માં "વિચાર-વિમર્શ" શબ્દને સમજવો અને ન્યાયમૂર્તિઓની નિમણૂકના મામલામાં ન્યાયતંત્રને પ્રાથમિકતા આપવા તરીકે તેને વાંચવો અનિવાર્ય હતો. વિદ્વાન વકીલના જણાવ્યા અનુસાર, અનુચ્છેદ ૧૨૪ હેઠળ રાષ્ટ્રપતિએ માત્ર ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે "વિચાર-વિમર્શ" કરવાનો ન હતો, પરંતુ

કારોબારીએ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા વ્યક્ત કરાયેલા અભિપ્રાયને સ્વીકારવાનો હતો. જ્યાં સુધી "ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ" શબ્દનો સંબંધ છે ત્યાં સુધી, એવી રજૂઆત કરવામાં આવી હતી કે, તેનો અર્થ પણ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિનો વ્યક્તિગત અભિપ્રાય નહીં, પરંતુ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા પ્રતીકાત્મક રીતે રજૂ કરાયેલ ન્યાયતંત્રનો અભિપ્રાય હોવાનું સમજવામાં આવ્યું હતું. તદનુસાર, એ બાબત પર ભાર મૂકવામાં આવ્યો હતો કે, મુખ્ય ન્યાયમૂર્તિના વ્યક્તિગત અભિપ્રાયને (અનુચ્છેદ ૧૨૪ અને ૨૧૭ ના સંદર્ભમાં) ન્યાયતંત્રના સંસ્થાગત અભિપ્રાય તરીકે સમજવામાં આવ્યો હતો. તદનુસાર, વ્યાપ અને ઓળખ કસોટી(ઓ) હેઠળ વાદગ્રસ્ત બંધારણીય સુધારાની તપાસ કરતી વખતે, વાદગ્રસ્ત બંધારણીય સુધારા અને વાદગ્રસ્ત ધારાકીય કાયદાએ બંધારણના "મૂળભૂત માળખા" નો ભંગ કર્યો હતો કે નહીં તે નક્કી કરતી વખતે ઉપરોક્ત જાહેર કરાયેલી કાનૂની સ્થિતિને ધ્યાનમાં રાખવી પડી હતી.

૧૮. એવો દાવો કરવામાં આવ્યો હતો કે, સેકન્ડ જજિસ કેસના ચુકાદાને એવી એરણ તરીકે સ્વીકારવો જોઈએ, જેના દ્વારા વાદગ્રસ્ત બંધારણીય સુધારા (અને એનજેએસી એક્ટ) ની માન્યતાની તપાસ થવી જોઈએ. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, વાદગ્રસ્ત બંધારણીય સુધારાનો અમલ કરવામાં (અને એનજેએસી એક્ટ ઘડીને) અનુચ્છેદ ૩૬૮ હેઠળ સંસદ દ્વારા ઉપયોગમાં લેવાયેલી સત્તાની એવી રીતે કસોટી કરવી પડશે, જે બદલાતા સમય સાથે સહજ અનુકૂલનને મંજૂરી આપે અને તે જ સમયે એ સુનિશ્ચિત કરે કે બંધારણના

"મૂળભૂત માળખા" નું ઉલ્લંઘન થયું નથી. એમ. નાગરાજ કેસ૩૬ પર આધાર રાખીને, કોર્ટનું ધ્યાન નીચેના અવલોકનો તરફ દોરવામાં આવ્યું હતું:

> "૧૮. મુખ્ય મુદ્દો, જે આ કેસમાં નિર્ણય માટે ઉપસ્થિત થાય છે તે એ છે કે - શું વાદગ્રસ્ત બંધારણીય સુધારાઓના આધારે સંસદની સત્તા એટલી હદે વિસ્તૃત થઈ ગઈ છે કે જેથી કોઈપણ અથવા તમામ બંધારણીય મર્યાદાઓ અને આવશ્યકતાઓ નષ્ટ થઈ જાય?
>
> બંધારણીય સુધારાઓની ન્યાયિક સમીક્ષાના ધોરણો
>
> ૧૯. બંધારણ એ ક્ષણભંગુર કાનૂની દસ્તાવેજ નથી કે જે વીતી રહેલી ક્ષણ માટેના કાનૂની નિયમોના સમૂહને સમાવિષ્ટ કરતો હોય. તે વિસ્તરતા ભવિષ્ય માટેના સિદ્ધાંતો નિર્ધારિત કરે છે અને આવનારી સદીઓ સુધી ટકી રહેવા માટે અને પરિણામે માનવ બાબતોના વિવિધ સંકટોને અનુકૂળ થવા માટે પ્રેરિત છે. તેથી, અર્થઘટન માટે ચુસ્ત શાબ્દિક અભિગમ કરતાં હેતુલક્ષી અભિગમ અપનાવવો જોઈએ. બંધારણીય જોગવાઈનું અર્થઘટન સંકુચિત અને મર્યાદિત અર્થમાં નહીં પરંતુ વ્યાપક અને ઉદાર રીતે થવું જોઈએ જેથી બદલાતી પરિસ્થિતિઓ અને હેતુઓની અપેક્ષા રાખી શકાય અને તેમને ધ્યાનમાં લઈ શકાય જેથી બંધારણીય જોગવાઈ જડ ન બની જાય પરંતુ નવી ઉભરતી સમસ્યાઓ અને પડકારોને પહોંચી વળવા માટે પૂરતી લવચીક રહે."

વિદ્વાન વરિષ્ઠ વકીલે સેકન્ડ જજિસ કેસમાં નોંધાયેલા સમાન અવલોકનો તરફ પણ કોર્ટનું ધ્યાન દોર્યું હતું.

૧૯. વિદ્વાન વકીલે ભારપૂર્વક જણાવ્યું હતું કે, જો વાદગ્રસ્ત બંધારણીય સુધારો (અને એનજેએસી એક્ટની જોગવાઈઓ) મંજૂર કરવામાં આવે, તો તે દસ..., વીસ..., ત્રીસ કે ચાલીસ વર્ષ સુધી અમલમાં રહેશે, અને તેથી, તેનું નજીકથી અને વસ્તુલક્ષી રીતે અવલોકન કરવાની જરૂર છે. જોગવાઈઓનું અર્થઘટન એવી રીતે કરવું પડશે કે, જેથી "ન્યાયતંત્રની સ્વતંત્રતા" સાથે કોઈ બાંધછોડ ન થાય. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, જો વાદગ્રસ્ત જોગવાઈઓને બંધારણીય રીતે માન્ય જાહેર કરવામાં આવે, તો ત્યાર પછી "ન્યાયતંત્રની સ્વતંત્રતા" ને પુનઃસ્થાપિત કરવા માટેનું કોઈ સાધન રહેશે નહીં.

૨૦. વિદ્વાન વકીલના જણાવ્યા અનુસાર, પ્રશ્ન ન્યાય વિતરણ પ્રણાલીની શુદ્ધતાનો હતો. પ્રશ્ન ન્યાયિક ધોરણોની જાળવણી વિશે હતો. આ તમામ પ્રશ્નો મૂળ સ્ત્રોતમાંથી ઉદ્ભવ્યા હતા, એટલે કે ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની રીતમાંથી. એ નિર્દેશિત કરવામાં આવ્યું હતું કે, અનુચ્છેદ ૧૨૪ ની જોગવાઈઓ, જે વાદગ્રસ્ત સુધારા પહેલાં અસ્તિત્વમાં હતી તે મુજબ, ટ્રસ્ટીશીપની એક એવી પ્રણાલી પૂરી પાડતી હતી, જેમાં ન્યાયતંત્રનું સંસ્થાગત પ્રભુત્વ એ ઓળખચિહ્ન હતું. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, ઉપરોક્ત ટ્રસ્ટીશીપમાં એવા લોકોને ભાગીદાર બનવાની મંજૂરી આપવી જોઈએ નહીં, કે જેમના હરીફ દાવાઓ કાયદાની અદાલતો સમક્ષ વિચારણા માટે ઉપસ્થિત થતા હોય. વિદ્વાન

વકીલના જણાવ્યા અનુસાર, ન્યાયમૂર્તિઓની નિમણૂકના મામલામાં ન્યાયિક જવાબદારી, સૌથી મહત્વપૂર્ણ ટ્રસ્ટીશીપ હોવાના કારણે, કારોબારી અથવા ધારાસભા બંનેમાંથી કોઈની પણ સાથે વહેંચવાની મંજૂરી આપી શકાય નહીં.

૨૧. ખુદ સુધારાનો સંદર્ભ આપતાં, એવો દાવો કરવામાં આવ્યો હતો કે, માત્ર કાયદાના આધારને બદલવો એ વર્તમાન વિવાદમાં સંસદના પગલાંઓનું મૂલ્યાંકન કરવા માટેની યોગ્ય કસોટી રહેશે નહીં. તેવી જ રીતે એવી રજૂઆત કરવામાં આવી હતી કે, વાજબીપણું અને પ્રમાણસરતા પણ લાગુ કરવા માટેની યોગ્ય કસોટી(ઓ) ન હતી. વિદ્વાન વકીલના જણાવ્યા અનુસાર, વાદગ્રસ્ત બંધારણીય સુધારા (અને એનજેએસી એક્ટ) ની માન્યતા નક્કી કરવા માટે, ભારત સંઘ અને બહાલી આપનારા રાજ્યોએ એ સંતોષકારક રીતે સ્થાપિત કરવાનો બોજ ઉઠાવવો પડશે કે, સુધારેલી જોગવાઈઓનો ઉપયોગ કોઈપણ સંજોગોમાં "ન્યાયતંત્રની સ્વતંત્રતા" ને નષ્ટ કરવા માટે (વાસ્તવમાં દુરુપયોગ) થઈ શકે નહીં. એમ. નાગરાજ કેસ૩૬ પર આધાર રાખીને, નીચેના અવલોકનો તરફ કોર્ટનું ધ્યાન દોરવામાં આવ્યું હતું:

> "૨૨. આપણી સમક્ષ જે પ્રશ્ન ઉપસ્થિત થાય છે તે ન્યાયિક સમીક્ષાના તેવા ધોરણોના સ્વરૂપ અંગેનો છે જે મૂળભૂત માળખાના સિદ્ધાંતના સંદર્ભમાં બંધારણીય સુધારાઓની કાયદેસરતા નક્કી કરવામાં લાગુ કરવા જરૂરી છે. બંધારણને સુસંગતતા અને ટકાઉપણું આપતા મૂળભૂત માળખાની વિભાવના એક ચોક્કસ આંતરિક બળ ધરાવે છે. આ સિદ્ધાંત

અનિવાર્યપણે જર્મન બંધારણમાંથી વિકસિત થયો છે. આ વિકાસ એ બંધારણીય સિદ્ધાંતોનું તેમના પોતાના અધિકાર હેઠળ ઉદભવ છે. તે શબ્દશઃ શબ્દો પર આધારિત નથી. ૨૩ ..... એસ.આર. બોમ્માઇ (૧૯૯૪) ૩ એસ.સી.સી. ૧ માં કોર્ટે સ્પષ્ટપણે પોતાનો નિષ્કર્ષ ચોક્કસ બંધારણીય જોગવાઈઓના ઉલ્લંઘન પર એટલો આધારિત રાખ્યો ન હતો જેટલો આ સામાન્યીકૃત કારણ પર રાખ્યો હતો, એટલે કે બિનસાંપ્રદાયિકતાના સિદ્ધાંત વિરુદ્ધ નિર્દેશિત કાર્યવાહીની પદ્ધતિના પુરાવા પર. તેથી, એ નોંધવું મહત્વપૂર્ણ છે કે સુધારાના સંદર્ભમાં મૂળભૂત માળખાની માન્યતા એવી આંતરદ્રષ્ટિ પૂરી પાડે છે કે ચોક્કસ જોગવાઈઓના શબ્દોથી પર, બંધારણની જોગવાઈઓ હેઠળ રહેલા અને તેમને જોડતા વ્યવસ્થિત સિદ્ધાંતો રહેલા છે. આ સિદ્ધાંતો બંધારણને સુસંગતતા આપે છે અને તેને એક જીવંત સમગ્ર બનાવે છે. આ સિદ્ધાંતો બંધારણીય કાયદાનો ભાગ છે ભલે તેઓ નિયમોના રૂપમાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યા ન હોય. એક ઉદાહરણ વ્યાજબીપણાનો સિદ્ધાંત છે જે અનુચ્છેદો ૧૪, ૧૯ અને ૨૧ ને જોડે છે. આ સિદ્ધાંતો પૈકીના કેટલાક એટલા મહત્વપૂર્ણ અને મૂળભૂત હોઈ શકે છે કે જે બંધારણના "આવશ્યક લક્ષણો" અથવા "મૂળભૂત માળખા"ના ભાગ તરીકે ગણવાને પાત્ર બને, એટલે કે તેઓ સુધારાને પાત્ર નથી. જોકે, જોગવાઈઓને આવા સર્વોચ્ચ સિદ્ધાંતો સાથે જોડીને જ કોઈ વ્યક્તિ બંધારણના આવશ્યક લક્ષણોને ઓછા આવશ્યક લક્ષણોથી અલગ પાડી શકશે.

xxx xxx xxx

૨૫. બંધારણીય સિદ્ધાંત એક આવશ્યક લક્ષણ તરીકે ગણવાને પાત્ર બને તે માટે, એ સ્થાપિત કરવું આવશ્યક છે કે સદર સિદ્ધાંત ધારાસભા પર બંધનકર્તા બંધારણીય કાયદાનો એક ભાગ છે. ત્યારબાદ જ, બીજું પગલું ભરવાનું રહે છે, એટલે કે, શું તે સિદ્ધાંત એટલો મૂળભૂત છે કે જે સંસદની સુધારા કરવાની સત્તાને પણ બાંધે એટલે કે મૂળભૂત માળખાનો એક ભાગ બને. તે મુજબ મૂળભૂત માળખાની વિભાવના સંસદની સુધારા કરવાની સત્તાને મર્યાદિત કરે છે. સારાંશમાં: આવશ્યક લક્ષણ તરીકે ગણવાને પાત્ર બનવા માટે, સિદ્ધાંતને સૌપ્રથમ બંધારણીય કાયદાના ભાગ તરીકે અને તે રીતે ધારાસભા પર બંધનકર્તા તરીકે સ્થાપિત કરવાનો રહે છે. ત્યારબાદ જ, એ તપાસી શકાય કે શું તે એટલો મૂળભૂત છે કે જે સંસદની સુધારા કરવાની સત્તાને પણ બાંધે એટલે કે બંધારણના મૂળભૂત માળખાનો ભાગ બને. મૂળભૂત માળખાના સિદ્ધાંતના સંદર્ભમાં બંધારણીય સુધારાઓની ન્યાયિક સમીક્ષાનું આ ધોરણ છે.

xxx xxx xxx

૩૦. બંધારણીય ન્યાયનિર્ણય એ અન્ય કોઈ નિર્ણય લેવા જેવો નથી. દરેક મોટા બંધારણીય કેસમાં એક નૈતિક પરિમાણ હોય છે; લખાણની ભાષા હંમેશા નિયંત્રક પરિબળ હોય તે જરૂરી નથી. આપણું બંધારણ તેની સામાન્યતાઓના કારણે, અને તેનું અર્થઘટન કરતી વખતે

ન્યાયમૂર્તિઓની વિવેકબુદ્ધિના કારણે કાર્ય કરે છે. ન્યાયમૂર્તિઓની કાર્યવાહી કરવાની તે માહિતીસભર સ્વતંત્રતા છે જે આપણા શાસનના મૂળભૂત દસ્તાવેજને જાળવી રાખવામાં અને તેનું રક્ષણ કરવામાં મદદ કરે છે.

xxx xxx xxx

૩૫. મૂળભૂત માળખાનો સિદ્ધાંત એ સિદ્ધાંત પર આધારિત છે કે કોઈ વસ્તુમાં ફેરફારમાં તેનો વિનાશ સામેલ હોતો નથી અને કોઈ વસ્તુનો વિનાશ એ તત્વની બાબત છે, સ્વરૂપની નહીં. તેથી, કોઈએ બંધારણમાં અનુચ્છેદની યોજના અને તેના સ્થાન તથા માળખા પરથી મેળવી શકાય તેવા સર્વોચ્ચ સિદ્ધાંતની કસોટી લાગુ કરવી પડે છે. ઉદાહરણ તરીકે, સમાનતાની સંહિતામાં અનુચ્છેદ ૧૪ નું સ્થાન; સ્વતંત્રતાની સંહિતામાં અનુચ્છેદ ૧૯ નું સ્થાન; સુપ્રિમ કોર્ટ સમક્ષ પહોંચ આપતી સંહિતામાં અનુચ્છેદ ૩૨ નું સ્થાન. તેથી, મૂળભૂત માળખાનો સિદ્ધાંત એકમાત્ર એવો સિદ્ધાંત છે જેના દ્વારા બંધારણના વાદગ્રસ્ત સુધારાઓની કાયદેસરતા નક્કી કરવાની રહે છે."

૨૨. આ કોર્ટ દ્વારા વ્યક્ત કરવામાં આવેલી સ્થિતિનો સંદર્ભ આપતાં, વિદ્વાન વકીલે રજૂઆત કરી હતી કે, આ કોર્ટ માટે સર્વોચ્ચ સિદ્ધાંત એ હતો કે તેણે સૌપ્રથમ પોતાના ધ્યાનમાં રાખવું, કોન્સ્ટીટ્યુશન (૯૯મો સુધારો) એક્ટ દ્વારા વિચારવામાં આવેલા સુધારાનું ચોક્કસ સ્વરૂપ. અને બીજું પગલું એ હતું કે,

સુધારેલી જોગવાઈ કેટલી મૂળભૂત હતી તે નક્કી કરવું. આ માટે, ફરીથી એમ. નાગરાજ કેસ૩૬ પર આધાર રાખવામાં આવ્યો હતો, અને અમારું ધ્યાન નીચેના તારણો તરફ દોરવામાં આવ્યું હતું:

> "૧૦૨. મૂળભૂત માળખાના સિદ્ધાંતને લાગુ કરવાની બાબતમાં, બેવડી કસોટીઓ સંતોષવી પડે છે, એટલે કે "વ્યાપ કસોટી" અને "ઓળખ"ની કસોટી. ઉપર જણાવ્યા મુજબ, "કેચ-અપ" નિયમ અને "પરિણામી જ્યેષ્ઠતા"ની વિભાવનાઓ બંધારણીય જરૂરિયાતો નથી. તેઓ અનુચ્છેદ ૧૬ ના ખંડો (૧) અને (૪) માં ગર્ભિત નથી. તેઓ બંધારણીય મર્યાદાઓ નથી. તેઓ સેવા ન્યાયશાસ્ત્રમાંથી મેળવવામાં આવેલી વિભાવનાઓ છે. તેઓ બંધારણીય સિદ્ધાંતો નથી. તેઓ બિનસાંપ્રદાયિકતા, સંઘવાદ વગેરે જેવા સ્વયંસિદ્ધ સત્યો નથી. આ વિભાવનાઓનો લોપ કરવો કે આ વિભાવનાઓનો સમાવેશ કરવો તે બંધારણના અનુચ્છેદો ૧૪, ૧૫ અને ૧૬ દ્વારા દર્શાવવામાં આવેલી સમાનતાની સંહિતા બદલતો નથી. અનુચ્છેદ ૧૬ નો ખંડ (૧) રાજ્યને સમાજના પછાત વર્ગોના અનિવાર્ય હિતોની નોંધ લેતાં રોકી શકતો નથી. અનુચ્છેદ ૧૬ ના ખંડો (૧) અને (૪) એ અનુચ્છેદ ૧૪ હેઠળના સમાનતાના સિદ્ધાંતનું પુનઃકથન છે. અનુચ્છેદ ૧૬ નો ખંડ (૪) અનામત દ્વારા હકારાત્મક કાર્યવાહીનો સંદર્ભ આપે છે. જોકે, અનુચ્છેદ ૧૬ નો ખંડ (૪) જણાવે છે કે યોગ્ય સરકાર એવા કિસ્સાઓમાં અનામતની જોગવાઈ કરવા માટે સ્વતંત્ર છે જ્યાં તેને માપી શકાય તેવા ડેટાના આધારે સંતોષ થાય કે સેવાઓમાં પછાત વર્ગનું

અપૂરતું પ્રતિનિધિત્વ છે. તેથી, દરેક કેસમાં જ્યાં રાજ્ય અનામતની જોગવાઈ કરવાનો નિર્ણય કરે છે ત્યાં બે સંજોગો અસ્તિત્વમાં હોવા જોઈએ, એટલે કે, "પછાતપણું" અને "પ્રતિનિધિત્વની અપૂરતતા". ઉપર જણાવ્યા મુજબ, સામ્ય, ન્યાય અને કાર્યક્ષમતા પરિવર્તનશીલ પરિબળો છે. આ પરિબળો સંદર્ભ-વિશિષ્ટ છે. આ ત્રણ પરિબળોને ઓળખવા અને માપવા માટે કોઈ નિશ્ચિત માપદંડ નથી, તે દરેક કેસના તથ્યો અને સંજોગો પર નિર્ભર રહેશે. રાજ્ય દ્વારા સત્તાના ઉપયોગની પદ્ધતિ પર આ મર્યાદાઓ છે. વાદગ્રસ્ત સુધારાઓ દ્વારા આ મર્યાદાઓ પૈકીની કોઈ પણ મર્યાદા દૂર કરવામાં આવી નથી. જો સંબંધિત રાજ્ય પછાતપણું, અપૂરતતા અને એકંદર વહીવટી કાર્યક્ષમતાને ઓળખવામાં અને માપવામાં નિષ્ફળ જાય તો તે સંજોગોમાં અનામત માટેની જોગવાઈ અમાન્ય ઠરશે. આ સુધારાઓ અનુચ્છેદો ૧૪, ૧૫ અને ૧૬ (સમાનતા સંહિતા) ના માળખામાં ફેરફાર કરતા નથી. અનુચ્છેદ ૧૬(૪) માં દર્શાવેલા પરિમાણો જાળવી રાખવામાં આવ્યા છે. ખંડ (૪-એ) અનુચ્છેદ ૧૬ ના ખંડ (૪) માંથી મેળવવામાં આવ્યો છે. ખંડ (૪-એ) માત્ર અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ પૂરતો મર્યાદિત છે. તેથી વર્તમાન કેસ બંધારણની ઓળખ બદલતો નથી. "સુધારો" શબ્દ પરિવર્તનનો અર્થ દર્શાવે છે. પ્રશ્ન એ છે કે - શું વાદગ્રસ્ત સુધારાઓ મૂળ બંધારણનો ત્યાગ કરે છે. અરજદારો વતી ભારપૂર્વક એવી રજૂઆત કરવામાં આવી હતી કે હેતુઓ અને કારણોનું કથન દર્શાવે છે કે વાદગ્રસ્ત સુધારાઓ આ કોર્ટના

નિર્ણયોને રદબાતલ કરવા માટે સંસદ દ્વારા લાગુ કરવામાં આવ્યા છે. અમને આ દલીલમાં કોઈ તથ્ય જણાતું નથી. બંધારણના અનુચ્છેદ ૧૪૧ હેઠળ આ કોર્ટનો ચુકાદો દેશનો કાયદો છે. યુનિયન ઓફ ઈન્ડિયા વિ. વીરપાલ સિંહ ચૌહાણ, (૧૯૯૫) ૬ એસ.સી.સી. ૬૮૪ .... અજિત સિંહ જનુજા વિ. સ્ટેટ ઓફ પંજાબ, (૧૯૯૬) ૨ એસ.સી.સી. ૭૧૫ .... અજિત સિંહ (૨) વિ. સ્ટેટ ઓફ પંજાબ, (૧૯૯૯) ૭ એસ.સી.સી. ૨૦૯ ... અને ઈન્દ્રા સાહની વિ. યુનિયન ઓફ ઈન્ડિયા, ૧૯૯૨ સપ્લી. (૩) એસ.સી.સી. ૨૧૭ ... માં આ કોર્ટના ચુકાદાઓ આ કોર્ટ દ્વારા આપવામાં આવેલા ચુકાદા હતા જેણે દેશના કાયદાનું પ્રતિપાદન કર્યું હતું. તે તે કાયદો છે જેને વાદગ્રસ્ત બંધારણીય સુધારાઓ દ્વારા બદલવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. વાદગ્રસ્ત બંધારણીય સુધારાઓ સ્વરૂપે સક્ષમકારી છે. તેઓ અનામતની જોગવાઈ કરવાનું રાજ્યો પર છોડે છે. એ સુસ્થાપિત છે કે સંસદ કાયદો ઘડતી વખતે "અધિકાર"ને વિષયવસ્તુ પૂરી પાડતી નથી. વિષયવસ્તુ સુપ્રિમ કોર્ટના ચુકાદાઓ દ્વારા પૂરી પાડવામાં આવે છે. જો યોગ્ય સરકાર અનુચ્છેદ ૧૬(૪) અને અનુચ્છેદ ૩૩૫ માંના પરિમાણોને ધ્યાનમાં રાખ્યા વિના અનામતની જોગવાઈ કરતો કાયદો ઘડે, તો આ કોર્ટ આવા કાયદાને ચોક્કસપણે રદબાતલ કરશે અને ફગાવી દેશે. "વ્યાપ કસોટી" લાગુ કરતાં, અમને કોઈપણ બંધારણીય મર્યાદાઓનો લોપ થયેલો જણાતો નથી. "ઓળખ"ની કસોટી લાગુ કરતાં, અમને સમાનતાની સંહિતાના પ્રવર્તમાન માળખામાં કોઈ ફેરફાર જણાતો નથી. ઉપર જણાવ્યા

મુજબ, બિનસાંપ્રદાયિકતા, સંઘવાદ વગેરે જેવા સ્વયંસિદ્ધ સત્યો પૈકીના કોઈપણ, કે જે સર્વોચ્ચ સિદ્ધાંતો છે, તેનું વાદગ્રસ્ત બંધારણીય સુધારાઓ દ્વારા ઉલ્લંઘન થયું નથી. સમાનતાના બે પાસાં છે - "ઔપચારિક સમાનતા" અને "પ્રમાણસર સમાનતા". પ્રમાણસર સમાનતા એ "વાસ્તવિક" સમાનતા છે જ્યારે ઔપચારિક સમાનતા એ "કાયદામાં" સમાનતા છે. ઔપચારિક સમાનતા કાયદાના શાસનમાં અસ્તિત્વ ધરાવે છે. પ્રમાણસર સમાનતાના કિસ્સામાં રાજ્ય ઉદાર લોકશાહીના માળખામાં સમાજના વંચિત વર્ગોની તરફેણમાં હકારાત્મક પગલાં ભરે તેવી અપેક્ષા રાખવામાં આવે છે. સમાનતાવાદી સમાનતા એ પ્રમાણસર સમાનતા છે."

ફરી એકવાર વ્યાપ અને ઓળખ કસોટીઓનો સંદર્ભ આપતાં, વિદ્વાન વકીલે ભારપૂર્વક જણાવ્યું કે, આ કોર્ટ માટે વર્તમાન કેસના તથ્યો અને સંજોગોમાં એ તપાસવું અનિવાર્ય હતું કે શું સંસદ દ્વારા વાપરવામાં આવેલી સુધારાની સત્તા એટલી વ્યાપક હતી કે જેથી તે અતિશય બની જાય. ઉપરોક્ત બાબત માટે, મદ્રાસ બાર એસોસિએશન કેસ૩૫ નો સંદર્ભ આપવામાં આવ્યો હતો, જેમાં આ કોર્ટે નીચેના તારણો નોંધ્યા હતા:

"૧૩૪.(૧) સંસદ પાસે કાયદો ઘડવાની અને અગાઉ હાઈકોર્ટમાં નિહિત ન્યાયનિર્ણયના કાર્યો વૈકલ્પિક અદાલત/ટ્રિબ્યુનલમાં નિહિત કરવાની સત્તા છે. સંસદ દ્વારા આવી સત્તાનો ઉપયોગ આપમેળે બંધારણના "મૂળભૂત માળખા"નું ઉલ્લંઘન કરશે નહીં.

૧૩૫.(૨) વેસ્ટમિન્સ્ટર મોડેલ સંબંધિત માન્ય બંધારણીય પરંપરાઓ ધારાસભાન સત્તાધિકારીને અગાઉ ઉપલી અદાલતમાં નિહિત ન્યાયનિર્ણયના કાર્યો વૈકલ્પિક અદાલત/ટ્રિબ્યુનલમાં નિહિત કરવા માટે કાયદો ઘડતાં અટકાવતી નથી. સંસદ દ્વારા આવી સત્તાનો ઉપયોગ આપમેળે કોઈપણ બંધારણીય પરંપરાનું ઉલ્લંઘન કરશે નહીં.

૧૩૬.(૩) જો ન્યાયિક સત્તાના તબદીલી સંબંધિત કાયદો ઘડતી વખતે, સંસદ એ બાબત સુનિશ્ચિત ન કરે કે નવી રચાયેલી અદાલત/ટ્રિબ્યુનલ જે અદાલતનું સ્થાન લેવાની માંગ કરવામાં આવી છે તેના મુખ્ય લક્ષણો અને ધોરણોને અનુરૂપ છે, તો બંધારણના "મૂળભૂત માળખા"નું ઉલ્લંઘન થશે.

૧૩૭.(૪) વેસ્ટમિન્સ્ટર મોડેલ પર આધારિત બંધારણો સંબંધિત બંધારણીય પરંપરાઓનો પણ ભંગ થશે, જો ન્યાયિક સત્તાના તબદીલી સંબંધિત કાયદો ઘડતી વખતે, જે અદાલતનું સ્થાન લેવાની માંગ કરવામાં આવી છે તેની પરંપરાઓ અને મુખ્ય લક્ષણોને નવી રચાનારી અદાલત/ટ્રિબ્યુનલમાં સામેલ કરવામાં ન આવે. ૧૩૮.(૫) ૨૦૦૭ ની રિટ પિટિશન (સી) નં. ૬૨૧ માં કરવામાં આવેલી અરજ નકારવામાં આવે છે. કંપની સેક્રેટરીઓને એનટીટી સમક્ષ અપીલમાં પક્ષકારનું પ્રતિનિધિત્વ કરવા માટે અપાત્ર ઠેરવવામાં આવે છે. ૧૩૯.(૬) (ઉપરના પેરા ૧૩૬ અને ૧૩૭ માં સમાવિષ્ટ) તારણો (૩) અને (૪) ની એરણ પર ચકાસતાં એનટીટી એક્ટની કલમો ૫, ૬, ૭, ૮ અને ૧૩ (ઉપર દર્શાવેલી હદ સુધી),

ગેરબંધારણીય ઠેરવવામાં આવે છે. ઉપરોક્ત જોગવાઈઓ એનટીટી એક્ટનો પાયો બનતી હોવાથી, અને આ જોગવાઈઓ વિના બાકીની જોગવાઈઓ બિનઅસરકારક અને પરિણામહીન બની જતી હોવાથી, સમગ્ર અધિનિયમ ગેરબંધારણીય જાહેર કરવામાં આવે છે."

ઉપરોક્તના આધારે, એવો દાવો કરવામાં આવ્યો હતો કે, આ કોર્ટે હવે સ્પષ્ટપણે ઠરાવ્યું છે કે, ન્યાયિક સત્તાના તબદીલી સંબંધિત મુદ્દાઓ પર, ન્યાયિક સત્તાના મુખ્ય લક્ષણો, ધોરણો અને પરંપરાઓનો ભંગ કરી શકાય નહીં. એવી પણ રજૂઆત કરવામાં આવી હતી કે, ઉપરોક્ત ધોરણો દ્વારા મૂલ્યાંકન કરતાં, એ સ્પષ્ટપણે સામે આવશે કે, વાદગ્રસ્ત બંધારણીય સુધારા (અને એનજેએસી એક્ટ) દ્વારા "ન્યાયતંત્રની સ્વતંત્રતા" સાથે ગંભીર બાંધછોડ કરવામાં આવી હતી.

૨૩. શ્રી રામ જેઠમલાણી, વિદ્વાન વરિષ્ઠ વકીલની એવી રજૂઆત હતી કે, ફર્સ્ટ જજિસ કેસમાં આ કોર્ટ દ્વારા આપવામાં આવેલા ચુકાદામાં રહેલી ખામી એ હતી કે, વિચારણા માટે બંધારણના અનુચ્છેદ ૫૦ ને યોગ્ય રીતે દર્શાવવામાં આવ્યો ન હતો. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, અનુચ્છેદો ૧૨ અને ૩૬ સાથે વંચાણે લેતાં અનુચ્છેદ ૫૦ ના મહત્વની તપાસ સેકન્ડ જજિસ કેસમાં કરવામાં આવી હતી, જેમાં બહુમતી મત નીચે મુજબ હતો:

"૮૦. ઉપરોક્ત વિચાર-વિમર્શ પરથી, એ સ્પષ્ટ થાય છે કે આ કોર્ટના પ્રતિષ્ઠિત ન્યાયમૂર્તિઓ દ્વારા વિવિધ નિર્ણયોમાં અનુચ્છેદ ૫૦ નો સંદર્ભ

આપવામાં આવ્યો હતો જ્યારે તેઓ ચર્ચા કરી રહ્યા હતા ન્યાયતંત્રની સ્વતંત્રતાના સિદ્ધાંતની. અમે અનુચ્છેદ ૩૬ ટાંકી શકીએ છીએ જે ભાગ ૪ (રાજ્યની નીતિના માર્ગદર્શક સિદ્ધાંતો) હેઠળ આવે છે અને જે નીચે મુજબ વંચાય છે:

"૩૬. આ ભાગમાં, જ્યાં સુધી સંદર્ભથી અન્યથા જરૂરી ન હોય ત્યાં સુધી, 'રાજ્ય' નો અર્થ ભાગ ૩ માં જે છે તે જ રહેશે."

૮૧. આ અનુચ્છેદ મુજબ, અનુચ્છેદ ૧૨ માં "રાજ્ય" શબ્દપ્રયોગની વ્યાખ્યા સમગ્ર ભાગ ૪ માં લાગુ થશે, જ્યાં પણ તે શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો હોય. તેથી, એ પરિણામે છે કે અનુચ્છેદ ૫૦ માં વપરાયેલા "રાજ્ય" શબ્દપ્રયોગનું અર્થઘટન વિભાજક અર્થમાં ભારત સરકાર અને સંસદ તથા દરેક રાજ્યની સરકાર અને વિધાનમંડળ તેમજ ભારતના રાજ્યક્ષેત્રમાં આવેલા અથવા ભારત સરકારના નિયંત્રણ હેઠળના તમામ સ્થાનિક અથવા અન્ય સત્તાધિકારીઓનો સમાવેશ કરવા તરીકે કરવું પડશે. જ્યારે કારોબારીથી ન્યાયતંત્રના પૃથક્કરણની વિભાવનાનું વિશ્લેષણ અને મૂલ્યાંકન કરવામાં આવે છે, ત્યારે તે વિભાવનાને ઉચ્ચ ન્યાયતંત્રને સંપૂર્ણપણે નકારી કાઢીને માત્ર તાબાના ન્યાયતંત્ર પૂરતી સીમિત રાખી શકાય નહીં... જો આવો સંકુચિત અને પાંડિત્યપૂર્ણ અથવા તાર્કિક અભિગમ અપનાવવામાં આવે અને સંકુચિત અર્થઘટન કરવામાં આવે તો તે એવી વિસંગત સ્થિતિ તરફ દોરી જશે કે બંધારણ કારોબારીથી

ઉચ્ચ ન્યાયતંત્રના પૃથક્કરણ પર ભાર મૂકતું નથી. ખરેખર તો, આ કોર્ટના પ્રતિષ્ઠિત ન્યાયમૂર્તિઓએ અગાઉ નિર્દેશ કર્યા મુજબ વિવિધ નિર્ણયોમાં ઉચ્ચ અથવા વરિષ્ઠ ન્યાયતંત્રની સ્વતંત્રતાની વિભાવનાની ચર્ચા કરતી વખતે અનુચ્છેદ ૫૦ નો સંદર્ભ આપ્યો છે અને તે દ્વારા ન્યાયતંત્રની સ્વતંત્રતાનું રક્ષણ કરવામાં અનુચ્છેદ ૫૦ માં રહેલા મૂળભૂત સિદ્ધાંત અને મૂલ્યો પર પ્રકાશ પાડ્યો છે અને ભાર મૂક્યો છે.

xxx xxx xxx

૮૫. ખેદજનક રીતે, સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટોમાં પદભાર સંભાળવા માટે ઉમેદવારોની પસંદગીના પ્રારંભિક તબક્કાથી શરૂ કરીને ન્યાયિક વહીવટ સંબંધિત કેટલીક જટિલ સમસ્યાઓ છે જે વર્તમાન દુર્દશા તરફ દોરી જાય છે. તેથી, પરિસ્થિતિ સુધારવા અથવા પુનઃસ્થાપિત કરવા માટે અસરકારક પગલાં લેવા અનિવાર્ય બની ગયા છે. આ સમસ્યાઓની નોંધ લીધા પછી અને તેનાથી ઉદ્ભવી શકે તેવા વિનાશક પરિણામોને સમજ્યા પછી, કોઈ વ્યક્તિ મૂક પ્રેક્ષક અથવા જૂનો કટ્ટર આશાવાદી બની શકે નહીં, જે ન્યાય વિતરણ વ્યવસ્થાને સમાજની સમકાલીન જરૂરિયાતોને પહોંચી વળવા માટે વધુ અસરકારક અને સ્થિતિસ્થાપક બનાવવા માટેના ઉત્સાહવર્ધક ઉકેલો મેળવવાની આશામાં અન્ય બંધારણીય હોદ્દેદારો, ખાસ કરીને કારોબારી તરફ મીટ માંડીને બેસી રહે, જેવી આશાઓ, અનુભવ દર્શાવે છે તેમ, ક્યારેય સફળ થઈ નથી. તેથી, આવી ગંભીર પરિસ્થિતિનો સામનો

કરતી વખતે, ન્યાયતંત્રની કામગીરી સંબંધિત બંધારણની વિવિધ જોગવાઈઓનું બંધારણના શબ્દો અને ભાવનાના પ્રકાશમાં અર્થઘટન કરીને બંધારણીય માળખાની અંદર આ સમસ્યાઓનું નિરાકરણ લાવવું આપણા માટે અનિવાર્ય બની ગયું છે.

xxx xxx xxx

૧૪૧. વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી રામ જેઠમલાણીએ એવી ફરિયાદ વ્યક્ત કરી કે ચંદ્ર મોહન કેસ (૧૯૬૭) ૧ એસ.સી.આર. ૭૭, ૮૩ ... માં નિર્ધારિત સિદ્ધાંતોની શમશેર સિંઘ વિ. સ્ટેટ ઓફ પંજાબ, (૧૯૭૪) ૨ એસ.સી.સી. ૮૩૧ સાથે વ્યવહાર કરતી વખતે વિદ્વાન ન્યાયમૂર્તિઓ દ્વારા યોગ્ય કદર કરવામાં આવી ન હતી, જેમણે તેમની રજૂઆત મુજબ, સુમેળભર્યા અર્થઘટનના તે સિદ્ધાંતની અવગણના કરી છે જેને કે.એમ. નાણાવટી વિ. સ્ટેટ ઓફ બોમ્બે (૧૯૬૧) ૧ એસ.સી.આર. ૪૯૭ ... માં વ્યક્ત કરવામાં આવ્યો હતો. તેમના જણાવ્યા મુજબ, ગુમા કેસ ૧૯૮૧ સપ્લી. એસ.સી.સી. ૮૭ ના ચુકાદાને પર ઇન્ક્યુરિયમ ગણી શકાય. તેઓ રજૂ કરે છે કે 'વિચાર-વિમર્શ' શબ્દપ્રયોગ પોતે લવચીક છે અને અમુક ચોક્કસ સંદર્ભમાં 'સંમતિ' અથવા 'સહમતિ' નો અર્થ ધરાવવા સક્ષમ છે.

xxx xxx xxx

૧૫૪. કરવામાં આવેલી દલીલો પરથી ચકાસણી માટે ઉપસ્થિત થતો વિવાદ 'વિચાર–વિમર્શ' શબ્દના અર્થઘટન પર આવીને અટકે છે.)()()

(xxx xxx ૧૭૦. આમ, એ જોવામાં આવે છે કે સર્વસંમત અભિપ્રાય એ છે કે રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવતા બદલીના હુકમ માટે સીજેઆઈ સાથે વિચાર–વિમર્શ એ એક ફરજિયાત પૂર્વશરત છે જેથી સીજેઆઈ સાથે વિચાર–વિમર્શ ન કરવો તે સદર હુકમને ગેરબંધારણીય એટલે કે રદબાતલ બનાવશે.

૧૭૧. સાંકળચંદ કેસમાં વિચાર–વિમર્શની આવશ્યકતાના ફરજિયાત સ્વરૂપ અંગે અપનાવવામાં આવેલા ઉપરોક્ત અભિપ્રાયને ગુમા કેસમાં કેટલાક ન્યાયમૂર્તિઓ દ્વારા અનુસરવામાં આવ્યો છે અને તેનો પુનરોચ્ચાર કરવામાં આવ્યો છે. ગુમા કેસમાં ન્યાયમૂર્તિ ફઝલ અલીએ ઠેરવેલ કે: (એસ.સી.સી. પૃ. ૪૮૩, પેરા ૫૬૯)

"(૩) જો ન્યાયમૂર્તિની બદલી કરતા પહેલાં સીજેઆઈ સાથે વિચાર-વિમર્શ કરવામાં આવ્યો ન હોય, તો તે બદલી ગેરબંધારણીય બને છે."

ગુમા કેસમાં ન્યાયમૂર્તિ વેંકટરામૈયાએ પણ સમાન અભિપ્રાય વ્યક્ત કર્યો છે.

૧૭૨. યુનિયન ઓફ ઇન્ડિયા વિ. સાંકળચંદ હિંમતલાલ શેઠ, (૧૯૭૭) ૪ એસ.સી.સી. ૧૯૩ ... અને ગુમા કેસ ૧૯૮૧ સપ્લી. એસ.સી.સી.

૮૭ ... માં કેટલાક ન્યાયમૂર્તિઓ દ્વારા વ્યક્ત કરવામાં આવેલા ઉપરોક્ત અભિપ્રાયના પ્રકાશમાં, સરળતાથી એવું ઠેરવી શકાય કે અનુચ્છેદ

૧૨૪(૨) ના પ્રથમ પરંતુક હેઠળ તેમજ અનુચ્છેદ ૨૧૭ હેઠળ સીજેઆઈ સાથે વિચાર-વિમર્શ એ એક ફરજિયાત શરત છે, જેનું ઉલ્લંઘન બંધારણીય આદેશની વિરુદ્ધ હશે.

xxx xxx xxx

૧૮૧. એ બાબત નિર્વિવાદ છે કે સીજેઆઈ ભારતીય ન્યાયતંત્રના વડા અને ન્યાયિક બિરાદરીના વડીલ હોવાના કારણે તેમણે ન્યાયતંત્રની સત્યનિષ્ઠાનું રક્ષણ કરવા અને સ્વતંત્રતાનું જતન કરવા માટે સતર્ક નજર રાખવી પડે છે અને તેઓ તે ક્ષમતામાં ઉમેદવારની વ્યાવસાયિક સિદ્ધિઓ, કાનૂની ક્ષમતા વગેરેના સંદર્ભમાં તેની યોગ્યતાનું મૂલ્યાંકન કરે છે અને પોતાનો અભિપ્રાય આપે છે. તેથી, સુપરઇમ્પોઝિશન ટેસ્ટ લાગુ કરીને સીજેઆઈના તે અભિપ્રાયની તપાસ કરવામાં ન્યાયતંત્રના અતિ-સંરક્ષણના બહાના હેઠળ કોઈ વાજબીપણું હોઈ શકે નહીં.

Xxx xxx xxx

૧૮૩. કોઈએ એ મહત્વપૂર્ણ હકીકત નજરઅંદાજ કરવી જોઈએ નહીં કે ન્યાયિક હોદ્દા પરની નિમણૂકને કારોબારી અથવા અન્ય સેવાઓમાંની નિમણૂક સાથે સમકક્ષ ગણી શકાય નહીં. ઓલ ઈન્ડિયા જજિસ એસોસિયેશન વિ. યુનિયન ઓફ ઈન્ડિયા (૧૯૯૩) ૪ એસ.સી.સી. ૨૮૮ ... ના તાજેતરના ચુકાદામાં, જે એમ.એન. વેંકટાચલૈયા, મુખ્ય ન્યાયમૂર્તિના અધ્યક્ષપણા હેઠળની અને એ.એમ. અહમદી તથા પી.બી.

સાવંત, ન્યાયમૂર્તિઓની બનેલી ત્રણ ન્યાયમૂર્તિઓની બેંચ દ્વારા આપવામાં આવ્યો હતો, તેમાં નીચે મુજબના અવલોકનો કરવામાં આવ્યા છે: (એસ.સી.સી. પૃ. ૨૯૫ ઈ-એચ, ૨૯૬ એ અને સી-ડી, ૨૯૭ બી, પેરા ૭ અને ૯)

"ન્યાયિક સેવા એ 'રોજગાર'ના અર્થમાં સેવા નથી. ન્યાયમૂર્તિઓ કર્મચારી નથી. ન્યાયતંત્રના સભ્યો તરીકે, તેઓ રાજ્યની સાર્વભૌમ ન્યાયિક સત્તાનો ઉપયોગ કરે છે. તેઓ મંત્રી પરિષદના સભ્યો અને વિધાનમંડળના સભ્યોની જેમ જ જાહેર હોદ્દાઓ ધરાવનારા છે. જ્યારે એવું કહેવામાં આવે છે કે આપણા જેવી લોકશાહીમાં કારોબારી, વિધાનમંડળ અને ન્યાયતંત્ર રાજ્યના ત્રણ સ્તંભો બનાવે છે, ત્યારે જે અભિપ્રેત છે તે એ છે કે રાજ્યના ત્રણ આવશ્યક કાર્યો રાજ્યના ત્રણ અંગોને સોંપવામાં આવ્યા છે અને તે પૈકીનું દરેક અંગ બદલામાં રાજ્યની સત્તાનું પ્રતિનિધિત્વ કરે છે. જોકે, રાજ્યની સત્તાનો ઉપયોગ કરનારા મંત્રીઓ, ધારાસભ્યો અને ન્યાયમૂર્તિઓ છે, અને તેમના સ્ટાફના સભ્યો નથી કે જેઓ તેમના નિર્ણયોનો અમલ કરે છે અથવા અમલ કરવામાં સહાય કરે છે. મંત્રી પરિષદ અથવા રાજકીય કારોબારી એ સચિવાલયના સ્ટાફ અથવા વહીવટી કારોબારીથી અલગ છે જે રાજકીય કારોબારીના નિર્ણયોનો અમલ કરે છે. તેવી જ રીતે, ધારાસભ્યો વિધાનમંડળના સ્ટાફથી અલગ છે.. તેવી જ રીતે ન્યાયમૂર્તિઓ ન્યાયિક સ્ટાફથી અલગ છે. સમાનતા રાજકીય કારોબારી, ધારાસભ્યો અને ન્યાયમૂર્તિઓ વચ્ચે છે અને ન્યાયમૂર્તિઓ

તથા વહીવટી કારોબારી વચ્ચે નથી. યુએસએ જેવી કેટલીક લોકશાહીઓમાં, વિધાનમંડળના સભ્યો અને રાજ્યના વડાઓની જેમ જ કેટલાક રાજ્ય ન્યાયતંત્રોના સભ્યો પણ ચૂંટાય છે. વહીવટી કારોબારી અથવા અન્ય સેવાઓના સભ્યોથી વિપરીત, ન્યાયમૂર્તિઓ ભલે ગમે તે સ્તરે હોય, તેઓ રાજ્ય અને તેની સત્તાનું પ્રતિનિધિત્વ કરે છે. તેથી, અન્ય સેવાઓના સભ્યોને બંધારણીય રીતે અથવા કાર્યાત્મક રીતે ન્યાયતંત્રના સભ્યોની સમકક્ષ મૂકી શકાય નહીં."

ત્યારબાદ, આ કોર્ટે પોતાના તારણો નોંધ્યા. સંબંધિત તારણો નીચે મુજબ ઉદ્બૃત કરવામાં આવ્યા છે:

"(૧) રાષ્ટ્રપતિ દ્વારા સીજેઆઈ સાથેનો 'વિચાર-વિમર્શ' ન્યાયતંત્ર સાથે સંબંધિત છે અને અન્ય કોઈ સેવા સાથે નહીં.

(૨) વિવિધ બંધારણીય નિમણૂકોની પ્રક્રિયામાં, અન્ય ઉચ્ચ-સ્તરીય બંધારણીય હોદ્દાઓથી વિપરીત માત્ર ન્યાયિક હોદ્દા માટે જ 'વિચાર-વિમર્શ' જરૂરી છે. ન્યાયિક હોદ્દાઓના સંબંધમાં અનુચ્છેદ ૧૨૪(૨) ના પ્રથમ પરંતુક અને અનુચ્છેદ ૨૧૭(૧) માં પરિકલ્પિત પૂર્વ 'વિચાર-વિમર્શ' એ રાષ્ટ્રપતિની વરિષ્ઠ અદાલતોમાં ન્યાયમૂર્તિઓની નિમણૂક કરવાની સત્તા પર આરક્ષણ અથવા મર્યાદા છે.

xxx xxx xxx

(૪) જે સંદર્ભમાં અનુચ્છેદ ૧૨૪(૨) ના પ્રથમ પરંતુકમાં વપરાયેલ શબ્દપ્રયોગ "હંમેશા વિચાર-વિમર્શ કરવામાં આવશે" અને શબ્દપ્રયોગ "વિચાર-વિમર્શ કર્યા પછી ... નિમણૂક કરવામાં આવશે" જે અનુચ્છેદ ૨૧૭(૧) માં પ્રયોજાયેલ છે, તે 'વિચાર-વિમર્શ' ના ફરજિયાત સ્વરૂપને દર્શાવે છે, જે બંધનકર્તા સ્વરૂપનું હોવું જોઈએ અને છે.

(૫) અનુચ્છેદ ૧૨૪ અને ૨૧૭ રાષ્ટ્રપતિને કારોબારી સાથે વિચાર-વિમર્શ કરવાની જરૂરિયાત દર્શાવતી કોઈ સ્પષ્ટ શરતોમાં વાત કરતા નથી, પરંતુ બંધારણના અનુચ્છેદ ૭૪ અને ૧૬૩ ના અમલ દ્વારા ન્યાયિક સેવાના ઉચ્ચ સ્તરોમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની પ્રક્રિયામાં કારોબારીની ભૂમિકા સામે આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો ન્યાયમૂર્તિઓની નિમણૂકના કિસ્સામાં, રાષ્ટ્રપતિ કારોબારી સાથે વિચાર-વિમર્શ કરવા બંધાયેલા નથી કારણ કે આવા વિચાર-વિમર્શ માટે કોઈ ચોક્કસ જોગવાઈ નથી.

(૬) અનુચ્છેદ ૧૨૪(૨) ના ફરજિયાત પરંતુક મુજબ સુપ્રિમ કોર્ટમાં ન્યાયમૂર્તિની નિમણૂકના કિસ્સામાં રાષ્ટ્રપતિ બંધારણીય રીતે માત્ર સીજેઆઈ સાથે વિચાર-વિમર્શ કરવા બંધાયેલા છે અને હાઇકોર્ટમાં ન્યાયમૂર્તિની નિમણૂકના કિસ્સામાં, રાષ્ટ્રપતિ સીજેઆઈ અને રાજ્યના રાજ્યપાલ સાથે તથા વધારામાં સંબંધિત હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર-વિમર્શ કરવા બંધાયેલા છે, જો નિમણૂક તે હાઇકોર્ટના મુખ્ય

ન્યાયમૂર્તિ સિવાયના અન્ય ન્યાયમૂર્તિ સંબંધિત હોય. તેથી સીજેઆઈના અભિપ્રાયને અન્ય બંધારણીય હોદ્દેદારોની સમકક્ષ મૂકવો તે બંધારણની ભાવનાને અનુરૂપ નથી પરંતુ ન્યાયતંત્ર સંબંધિત વિષયવસ્તુના મૂળ સ્વરૂપની વિરુદ્ધ છે અને તે સંદર્ભની વિરુદ્ધ છે કે જેમાં 'વિચાર-વિમર્શ' જરૂરી છે. ગુપ્તા કેસમાં ન્યાયમૂર્તિ ભગવતીના એ અવલોકન પછી કે 'વિચાર-વિમર્શ' સંપૂર્ણ અને અસરકારક હોવો જોઈએ, એવું ઠેરવવા માટે કોઈ કલ્પનીય કારણ નથી કે આવા 'વિચાર-વિમર્શ' ને પ્રાથમિક વિચારણા આપવાની જરૂર નથી.

xxx xxx xxx

૧૯૬. ઉપરોક્ત હકીકતલક્ષી અને કાનૂની પરિસ્થિતિની પૃષ્ઠભૂમિમાં, 'વિચાર-વિમર્શ' શબ્દના અર્થને તેની સામાન્ય શબ્દકોશીય વ્યાખ્યા પૂરતો સીમિત રાખી શકાય નહીં. આપણા બંધારણમાં આ શબ્દનો જે સંજોગો અને સંદર્ભમાં ઉપયોગ કરવામાં આવ્યો છે તે મુજબ તેની સામગ્રીમાં ઘણો તફાવત પડે છે.

xxx xxx xxx

૨૦૭. કોઈ પણ એ વાતનો ઇનકાર કરી શકે નહીં કે વર્તમાન સમયમાં રાજ્ય સૌથી મોટો પક્ષકાર બની ગયું છે અને વરિષ્ઠ અદાલતો, ખાસ કરીને સુપ્રિમ કોર્ટ, તોફાની વિવાદોના કેન્દ્રો બની ગઈ છે, જે પૈકીના કેટલાક વિંવાદો રાજકીય પ્રત્યાઘાતોની છાટ ધરાવે છે અને અદાલતોએ

વાવાઝોડા તથા તોફાનનો સામનો કરવો પડે છે કારણ કે તેમનું જોમ એ એક રાષ્ટ્રીય અનિવાર્યતા છે. તેથી આવા સંજોગોમાં, શું સરકાર, એટલે કે મુખ્ય પક્ષકાર, પોતાના લવાદોને નામાંકિત કરવા અને તેમની નિમણૂક કરવામાં સંપૂર્ણ સત્તા ભોગવવા માટે વાજબી ઠરી શકે? તેનો જવાબ નકારમાં હશે. જો આવી પ્રક્રિયા ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે, તો લાંબા ગાળે ન્યાયતંત્રની સ્વતંત્રતા કોઈ પણ નિશાન વિના નામશેષ થઈ જશે. કાયદા પંચના વિવિધ અહેવાલો (ખાસ કરીને ચૌદમો, એંસીમો અને એકસો એકવીસમો), સેમિનારોના અહેવાલો અને પ્રતિષ્ઠિત ન્યાયશાસ્ત્રીઓના લેખો વગેરેનું અવલોકન કરવાથી, અમે સમજીએ છીએ કે કારોબારીની સત્તા પર અંકુશ મૂકીને વરિષ્ઠ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની પદ્ધતિમાં આમૂલ પરિવર્તન લાવવા પર ભાર મૂકવામાં આવ્યો છે પરંતુ આઝાદી મળ્યાને હવે લગભગ ૪૬ વર્ષ અને આપણી બંધારણીય પ્રણાલીની રચના થયાને ૪૨ કરતાં વધુ વર્ષ વીતી ગયા હોવા છતાં ઇચ્છિત પરિણામ પ્રાપ્ત થયું નથી. તેમ છતાં, એ એક ગૌરવપૂર્ણ વિશેષાધિકાર છે કે આપણી ન્યાયિક પ્રણાલીનો પ્રસિદ્ધ જન્મ, તેની સ્વતંત્રતા, અન્ય કોઈપણ દેશના અન્ય ન્યાયમૂર્તિઓ કરતાં વધુ મજબૂત રાષ્ટ્રવાદી દ્રષ્ટિકોણ ધરાવતા પ્રતિષ્ઠિત ન્યાયમૂર્તિઓ દ્વારા ન્યાય આપવાની પદ્ધતિ, અને ભારતીય ન્યાયતંત્રનો પરિણામી વિજય અત્યંત પ્રશંસનીય છે. પરંતુ તેનો અર્થ એવો નથી કે વર્તમાન પ્રણાલી કાયમ માટે ચાલુ રહેવી જોઈએ અને કારોબારીને તેના 'શાહી

વિશેષાધિકાર' તરીકે ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં સંપૂર્ણ પ્રાથમિકતા ભોગવવા દેવી જોઈએ.

૨૦૮. ગુમ્મા કેસ ૧૯૮૧ સપ્લી. એસ.સી.સી. ૮૭ ... માં વ્યક્ત કરાયેલા અભિપ્રાયને ટકાવી રાખવા માટે વિદ્વાન એટર્ની જનરલ અને શ્રી પરાસરનનો વાદ–વિવાદ, જોકે તેમના તર્કની શક્તિ માટે એટલો વિશિષ્ટ છે, તેમ છતાં તે અસ્વીકાર્ય જણાય છે અને ઉપરોક્ત તમામ કારણોસર નિષ્ફળ જાય છે – કારણ કે જે સિદ્ધાંતનો બચાવ કરવાનો તેમણે પ્રયાસ કર્યો છે તેની અંતર્ગત નબળાઈ છે."

જ્યાં સુધી ન્યાયમૂર્તિ એ.એમ. અહમદી (તેઓ તે સમયે હતા તે મુજબ) દ્વારા લખાયેલા લઘુમતી ચુકાદાનો સંબંધ છે, ત્યાં સુધી પેરાગ્રાફ ૩૧૩ માં નોંધાયેલા પ્રથમ તારણને જ હાઇલાઇટ કરવું સુસંગત છે, જે નીચે મુજબ પુનઃપ્રસ્તુત કરવામાં આવે છે:

"૩૧૩. અમે તારણ કાઢીએ છીએ:

(૧) ન્યાયિક સ્વતંત્રતાની વિભાવના આપણી બંધારણીય યોજનામાં ઊંડે સુધી જડાયેલી છે અને અનુચ્છેદ ૫૦ તેને પ્રકાશિત કરે છે. કોઈ વ્યક્તિ ન્યાયિક પરિવારમાં નિમણૂક પામ્યા પછી અને સામેલ થયા પછી સ્વતંત્રતાનું પ્રમાણ લગભગ પૂર્ણ હોય છે ..... "

૨૪. જ્યાં સુધી આ બાબતના પ્રસ્તુત પાસાનો સંબંધ છે ત્યાં સુધી, વિદ્વાન વકીલે એનજેએસી એક્ટના આમુખ તરફ અમારું ધ્યાન દોર્યું હતું, જે નીચે પુનઃઉત્પાદિત કરવામાં આવેલ છે:

"ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને સુપ્રિમ કોર્ટના અન્ય ન્યાયમૂર્તિઓ તથા હાઇકોર્ટોના મુખ્ય ન્યાયમૂર્તિઓ અને અન્ય ન્યાયમૂર્તિઓ તરીકે નિમણૂક માટે વ્યક્તિઓની ભલામણ કરવા અને તેમની બદલીઓ માટે નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન દ્વારા અનુસરવાની પ્રક્રિયાનું વિનિયમન કરવા માટે અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટેનો એક્ટ." હેતુઓ અને કારણોનું કથન પણ નીચે મુજબ ઉદ્ધૃત કરવામાં આવે છે: "

હેતુઓ અને કારણોનું કથન

xxx xxx xxx

૨. સુપ્રિમ કોર્ટે સુપ્રિમ કોર્ટ એડવોકેટ્સ-ઓન-રેકોર્ડ એસોસિએશન વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયાના કેસમાં વર્ષ ૧૯૯૩ માં, અને વર્ષ ૧૯૯૮ માં થર્ડ જજિસ કેસમાં તેના સલાહકારી અભિપ્રાયમાં, બંધારણના અનુચ્છેદ ૧૨૪ ના ખંડ (૨) અને અનુચ્છેદ ૨૧૭ ના ખંડ (૧) નું અર્થઘટન "વિચાર-વિમર્શ" ના અર્થના સંદર્ભમાં "સહમતિ" તરીકે કર્યું હતું. પરિણામે, સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટોમાં ન્યાયમૂર્તિઓની નિમણૂક માટે મેમોરેન્ડમ

ઓફ પ્રોસિજર તૈયાર કરવામાં આવ્યું હતું, અને નિમણૂક માટે તેનું પાલન કરવામાં આવી રહ્યું છે.

૩. સંબંધિત બંધારણીય જોગવાઈઓ, સુપ્રિમ કોર્ટના ચુકાદાઓની સમીક્ષા અને પ્રતિષ્ઠિત ન્યાયશાસ્ત્રીઓ સાથે વિચાર-વિમર્શ કર્યા પછી, એવું અનુભવાય છે કે એક વ્યાપક આધાર ધરાવતું નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટોના ન્યાયમૂર્તિઓની નિમણૂક માટે ભલામણો કરવા સારુ સ્થાપિત કરવું જોઈએ. સદર કમિશન ન્યાયતંત્ર, કારોબારી અને પ્રતિષ્ઠિત વ્યક્તિઓને તેમના દ્રષ્ટિકોણ રજૂ કરવા માટે અર્થપૂર્ણ ભૂમિકા પૂરી પાડશે અને સહભાગીઓને જવાબદાર બનાવશે, તેમજ સાથોસાથ પસંદગી પ્રક્રિયામાં પારદર્શિતા પણ લાવશે.

૪. ધ કોન્સ્ટીટ્યુશન (વન હન્ડ્રેડ એન્ડ ટ્વેન્ટી–ફર્સ્ટ એમેન્ડમેન્ટ) બિલ, ૨૦૧૪ એ બંધારણની સંબંધિત જોગવાઈઓમાં સુધારો કરવા અને નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશનની સ્થાપના કરવા માટેનો એક સક્ષમકારી બંધારણીય સુધારો છે. પ્રસ્તાવિત બિલ બંધારણના અનુચ્છેદ ૧૨૪ પછી નવા અનુચ્છેદો ૧૨૪એ, ૧૨૪બી અને ૧૨૪સી ઉમેરવા માંગે છે. સદર બિલ પ્રસ્તાવિત નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશનની રચના અને કાર્યોની પણ જોગવાઈ કરે છે. વધુમાં, તે જોગવાઈ કરે છે કે સંસદ કાયદા દ્વારા ન્યાયમૂર્તિઓની

નિમણૂકની પ્રક્રિયાનું નિયમન કરી શકશે અને નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશનને તેના કાર્યોના નિર્વહન માટેની પ્રક્રિયા, નિમણૂક માટે વ્યક્તિઓની પસંદગીની પદ્ધતિ અને જરૂરી જણાય તેવી અન્ય બાબતો વિનિયમ દ્વારા નિયત કરવાની સત્તા આપી શકશે.

૫. પ્રસ્તાવિત બિલ સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટોમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની પદ્ધતિને વ્યાપક આધાર આપવા માંગે છે, ન્યાયતંત્ર, કારોબારી અને પ્રતિષ્ઠિત વ્યક્તિઓની ભાગીદારીને સક્ષમ બનાવે છે અને સુપ્રિમ કોર્ટ તેમજ હાઇકોર્ટોમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં વધુ પારદર્શિતા, જવાબદારી અને વસ્તુનિષ્ઠતા સુનિશ્ચિત કરે છે.

૬. આ બિલ ઉપરોક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા માંગે છે.

નવી દિલ્હી; રવિશંકર પ્રસાદ

૮મી ઓગસ્ટ, ૨૦૧૪."

વિદ્યમાન પ્રક્રિયા શા માટે અયોગ્ય ગણવામાં આવી હતી તેના કારણો જાહેર ન કરવાના આધારે, એવી દલીલ કરવામાં આવી હતી કે, સિદ્ધ કરવાનો એકમાત્ર ઉદ્દેશ્ય ભારતના મુખ્ય ન્યાયમૂર્તિમાં (ન્યાયમૂર્તિઓના કોલેજિયમના નિર્ણયના આધારે) અગાઉ નિહિત થયેલી પ્રાથમિકતાને નબળી પાડવાનો હતો, જેની જોગવાઈ મૂળ રીતે ઘડવામાં આવ્યા મુજબના અનુચ્છેદો ૧૨૪ અને ૨૧૭ હેઠળ કરવામાં આવી હતી. એ નિર્દેશિત કરવામાં આવ્યું હતું કે, ભારતના મુખ્ય

ન્યાયમૂર્તિના સ્થાને એનજેએસીને મૂકીને આ વ્યવસ્થા નાબૂદ કરવામાં આવી હતી.

૨૫. વરિષ્ઠ અધિવક્તા શ્રી ફલી એસ. નરીમાન દ્વારા રજૂ કરવામાં આવેલી પ્રાથમિક દલીલ માત્ર કોન્સ્ટીટ્યુશન (૯૯મો સુધારો) એક્ટ દ્વારા જ નહીં, પરંતુ એનજેએસી એક્ટ ઘડીને પણ "મૂળભૂત માળખા" ના ઉલ્લંઘનના સંદર્ભમાં હતી. એ નિર્દેશિત કરવામાં આવ્યું હતું કે, બંધારણના પ્રારંભથી, જ્યારે પણ ન્યાયમૂર્તિઓની નિમણૂકના સંદર્ભમાં ફેરફારોની ભલામણ કરવામાં આવી હતી, ત્યારે જે મુદ્દો ધ્યાનના કેન્દ્રમાં રહ્યો હતો તે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની પ્રાથમિકતાનો હતો. એવી દલીલ કરવામાં આવી હતી કે, પ્રાથમિકતાને, ન્યાયમૂર્તિઓના કોલેજિયમના સામૂહિક નિર્ણયના આધારે, તેની કોલેજિયેટ બુદ્ધિમત્તાનું પ્રતિનિધિત્વ કરતા ન્યાયતંત્રના નિર્ણાયક અવાજ તરીકે માન્યતા આપવામાં આવી હતી. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, એક વ્યક્તિ તરીકે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ તેમજ વ્યક્તિઓ તરીકે હાઇકોર્ટોના મુખ્ય ન્યાયમૂર્તિઓને 'પર્સના ડિઝાઇનરેટા' (નામોલ્લેખિત વ્યક્તિ) ગણી શકાય નહીં. એ નિર્દેશિત કરવામાં આવ્યું હતું કે, સેકન્ડ જજિસ કેસમાં આપવામાં આવેલો ચુકાદો અપ્રસ્તુત બન્યો ન હતો. આ કોર્ટે, ઉપરોક્ત ચુકાદામાં, "ન્યાયતંત્રની સ્વતંત્રતા" ની જાળવણી માટે જોગવાઈ કરી હતી. ઉપરોક્ત ચુકાદાએ, તેમજ ત્યારપછીના થર્ડ જજિસ કેસના ચુકાદાએ પુનઃસ્થાપિત અને પુનઃપુષ્ટિ કરી હતી કે, ન્યાયમૂર્તિઓની સંસ્થા દ્વારા પ્રતિનિધિત્વ પામતા ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ પાસે પ્રાથમિકતા હતી. વિદ્વાન વકીલના જણાવ્યા અનુસાર, વ્યક્તિગત ભારતના

મુખ્ય ન્યાયમૂર્તિ ન્યાયમૂર્તિઓના સામૂહિક અભિપ્રાયનું પ્રતિનિધિત્વ કરી શકતા નહોતા અને કર્યું નહોતું. એવો દાવો કરવામાં આવ્યો હતો કે, કોન્સ્ટીટ્યુશન (૯૯મો સુધારો) એક્ટ અને એનજેએસી એક્ટે, (મૂળ રીતે ઘડવામાં આવ્યા મુજબના અનુચ્છેદો ૧૨૪ અને ૨૧૭ હેઠળ) ન્યાયમૂર્તિઓના કોલેજિયમ મારફતે પ્રતિનિધિત્વ પામતા ભારતના મુખ્ય ન્યાયમૂર્તિમાં નિહિત જવાબદારીને નાબૂદ કરી દીધી હતી. તદનુસાર, એવી રજૂઆત કરવામાં આવી હતી કે જ્યાં સુધી ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂક માટે અપનાવવામાં આવેલી વ્યવસ્થા ન્યાયતંત્રની અકાટ્ય પ્રાથમિકતા સ્થાપિત અને પુષ્ટ ન કરે, ત્યાં સુધી "ન્યાયતંત્રની સ્વતંત્રતા" જળવાયેલી રહી હોવાનું માની શકાય નહીં.

૨૬. જ્યાં સુધી પ્રસ્તુત મુદ્દાનો સંબંધ છે ત્યાં સુધી, વિદ્વાન વકીલની સ્પષ્ટ દલીલ હતી કે, આ કોર્ટ દ્વારા સરદારી લાલ વિ. યુનિયન ઓફ ઈન્ડિયા૩૭ માં આપવામાં આવેલો નિર્ણય શમશેર સિંહ કેસ૧૧ માં રદબાતલ કરવામાં આવ્યો હતો. શમશેર સિંહ કેસ૧૧ ના ચુકાદાનો સંદર્ભ આપતાં, તેમણે તેમાં નોંધાયેલા નીચે મુજબના અવલોકનો તરફ આ કોર્ટનું ધ્યાન દોર્યું હતું:

> "૧૪૭. જે.પી. મિત્તર વિ. ચીફ જસ્ટિસ, કલકત્તા એ.આઈ.આર. ૧૯૬૫ એસસી ૯૬૧ માં આ કોર્ટે કલકત્તા હાઈકોર્ટના ન્યાયમૂર્તિની વય અંગે ભારત સરકારના નિર્ણય પર વિચારણા કરવાની હતી અને, તે સંદર્ભમાં, અનુચ્છેદ ૨૧૭(૩) નો સાચો વ્યાપ અને અસર નક્કી કરવાની હતી જે ન્યાયમૂર્તિની વય આખરી રીતે નિર્ધારિત કરવા માટે રાષ્ટ્રપતિને અનન્ય

અધિકારક્ષેત્ર પ્રદાન કરે છે. તે કેસમાં ગૃહ મંત્રાલયે અનુચ્છેદ ૨૧૭(૩) માં નિર્ધારિત કવાયત હાથ ધરી હતી. "તત્કાલીન ગૃહમંત્રીએ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રીને પત્ર લખ્યો હતો કે તેમણે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર-વિમર્શ કર્યો હતો, અને તેઓ મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા તેમને આપવામાં આવેલી સલાહ સાથે સંમત થયા હતા, અને તેથી તેમણે નિર્ણય કર્યો હતો કે અપીલકર્તાની જન્મ તારીખ ૩૭ એ.આઇ.આર. ૧૯૭૧ એસસી ૧૫૪૭ .... હતી. આ જ તે નિર્ણય હતો જે યોગ્ય સમયે અપીલકર્તાને જણાવવામાં આવ્યો હતો". જ્યારે સદર નિર્ણય પર માત્ર ગૃહમંત્રી દ્વારા લેવાયેલા અને રાષ્ટ્રપતિ દ્વારા વ્યક્તિગત રીતે નહીં લેવાયેલા નિર્ણય તરીકે આક્ષેપ કરવામાં આવ્યો, ત્યારે કોર્ટે અવલોકન કર્યું: "અપીલકર્તાએ લીધેલું વૈકલ્પિક વલણ એ હતું કે કારોબારી તેમની વય નક્કી કરવા માટે હકદાર ન હતી, અને એ યાદ રાખવું જોઈએ કે બંધારણમાં અનુચ્છેદ ૨૧૭(૩) ઉમેરવામાં આવ્યો તે પહેલાં આ વલણ લેવામાં આવ્યું હતું; અપીલકર્તા એ દલીલ કરવામાં નિઃશંકપણે વાજબી હતા કે કારોબારી તેમની વય અંગેના પ્રશ્નનો નિર્ણય કરવા માટે સક્ષમ ન હતી કારણ કે તે એવી બાબત છે કે જેની સામાન્ય રીતે સક્ષમ અધિકારક્ષેત્ર ધરાવતી હાઇકોર્ટો સમક્ષ શરૂ કરાયેલી ન્યાયિક કાર્યવાહીમાં સુનાવણી થવી જોઈએ. આ વિવાદના પ્રારંભિક તબક્કે અપીલકર્તાએ લીધેલી દલીલમાં નોંધપાત્ર વજન છે કે જો કારોબારીને

હાઇકોર્ટના વિદ્યમાન ન્યાયમૂર્તિની વય નક્કી કરવાની મંજૂરી આપવામાં આવે, તો તે ગંભીરપણે ન્યાયતંત્રની સ્વતંત્રતાને જ અસર કરશે."

આ તર્કના આધારે, કોર્ટે હુકમ રદ કર્યો હતો, જેમાં કેસનો રેશિયો એ હતો કે ન્યાયમૂર્તિની વય રાષ્ટ્રપતિએ પોતે કારોબારીથી એટલે કે ન્યાય સાથે સંકળાયેલા પોર્ટફોલિયોના પ્રભારી મંત્રીથી પ્રભાવિત થયા વિના નક્કી કરવી જોઈએ.

૧૪૮. આ નિર્ણય યુનિયન ઓફ ઇન્ડિયા વિ. જ્યોતિ પ્રકાશ મિત્તર (૧૯૭૧) ૧ એસ.સી.સી. ૩૯૬ માં પુનરોચ્ચારિત કરવામાં આવ્યો હતો. જોકે એવી દલીલ કરવામાં આવી હતી કે રાષ્ટ્રપતિ તે કેસમાં ગૃહમંત્રી અને વડાપ્રધાન દ્વારા માર્ગદર્શિત થયા હતા, પરંતુ કોર્ટે તેને ફગાવી દીધી હતી, જેણે હકીકતોના આધારે નિર્ણય વડાપ્રધાન કે ગૃહમંત્રીનો નહીં પરંતુ ખુદ રાષ્ટ્રપતિનો હોવાનું ઠેરવ્યું હતું.

૧૪૯. અમે જે બંધારણની યોજનાનો અગાઉ સંદર્ભ આપ્યો છે તેના પ્રકાશમાં, એ શંકાસ્પદ છે કે રાષ્ટ્રપતિના વ્યક્તિગત સંતોષ અંગેનું આવું અર્થઘટન સાચું છે કે કેમ. અમારો એવો મત છે કે તમામ વ્યવહારિક હેતુઓ માટે રાષ્ટ્રપતિ એટલે કેસના સંજોગો અનુસાર મંત્રી અથવા મંત્રી પરિષદ થાય છે, અને તેમનો અભિપ્રાય, સંતોષ અથવા નિર્ણય બંધારણીય રીતે ત્યારે સુરક્ષિત બને છે જ્યારે તેમના મંત્રીઓ આવા અભિપ્રાય, સંતોષ અથવા નિર્ણય પર પહોંચે. ન્યાયતંત્રની સ્વતંત્રતા કે જે

બંધારણનો એક મુખ્ય સિદ્ધાંત છે અને આ વિચલનને વાજબી ઠેરવવા માટે તેના પર આધાર રાખવામાં આવ્યો છે, તે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથેના વિચાર-વિમર્શને ફરજિયાત બનાવતા સંબંધિત અનુચ્છેદ દ્વારા સંરક્ષિત છે. તમામ સંભવિત કેસોમાં ભારતીય ન્યાયના તે સર્વોચ્ચ મહાનુભાવ સાથેનો વિચાર-વિમર્શ ભારત સરકાર દ્વારા સ્વીકારવામાં આવશે અને સ્વીકારવો જોઈએ, અને જો મંત્રી ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા આપવામાં આવેલી સલાહથી અલગ પડે, તો કોર્ટ પાસે એ તપાસ કરવાની તક રહેશે કે મંત્રીના નિર્ણયમાં અન્ય કોઈ અપ્રસ્તુત સંજોગો પ્રવેશ્યા છે કે નહીં. વ્યવહારમાં આવા સંવેદનશીલ વિષયમાં આખરી શબ્દ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિનો હોવો જોઈએ, તેમની સલાહનો અસ્વીકાર સામાન્ય રીતે હુકમને દૂષિત કરતા અયોગ્ય હેતુઓથી પ્રેરિત ગણવામાં આવે છે. આ દ્રષ્ટિએ રાષ્ટ્રપતિ કે વડાપ્રધાન અથવા ન્યાય મંત્રી ઔપચારિક રીતે આ મુદ્દાનો નિર્ણય કરે છે તે બાબત મહત્વહીન છે."

૨૭. એ નિર્દેશિત કરવામાં આવ્યું હતું કે, શમશેર સિંહ કેસ૧૧ માં આ નિર્ણય ફર્સ્ટ જજિસ કેસના નિર્ણયના ઘણા સમય પહેલાં આપવામાં આવ્યો હતો, જેમાં આ કોર્ટે એવું અનુભવ્યું હતું કે, ન્યાયમૂર્તિઓ માત્ર ત્યારે જ નીડર બની શકે જો સંસ્થાકીય મુક્તિની ખાતરી આપવામાં આવે, અને સંસ્થાકીય સ્વાયત્તતાની ગેરંટી આપવામાં આવે. વર્ષ ૧૯૭૪ માં શમશેર સિંહ કેસ૧૧ માં વ્યક્ત કરાયેલો મત એ હતો કે, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં આખરી સત્તા ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ પાસે હતી. એ નિર્દેશિત

કરવામાં આવ્યું હતું કે, ઉપરોક્ત સ્થિતિ ત્યારથી અસ્તિત્વમાં રહી હતી. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, "ન્યાયતંત્રની સ્વતંત્રતા" નો અર્થ હંમેશા ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં સ્વતંત્રતા રહ્યો છે અને તેમાં તેનો સમાવેશ થાય છે.

૨૮. વિદ્વાન વરિષ્ઠ અધિવક્તા શ્રી અરવિંદ પી. દાતારે એવી દલીલ કરી હતી કે, એનજેએસીની રચના બંધારણમાં સુધારા દ્વારા કરવામાં આવી હતી. તેથી તે બંધારણનું સર્જન હતું. ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓ તરીકે વ્યક્તિઓની નિમણૂક માટે ભલામણો કરવાની સત્તા એનજેએસીમાં નિહિત કરવામાં આવી હતી, જેમાં હાઇકોર્ટોના મુખ્ય ન્યાયમૂર્તિઓ અને ન્યાયમૂર્તિઓની એક હાઇકોર્ટમાંથી બીજી હાઇકોર્ટમાં બદલી કરવાની સત્તાનો પણ સમાવેશ થાય છે. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, ઉપરોક્ત બંધારણીય સત્તાનું નિયમન એક બંધારણીય યોજના દ્વારા થવું જોઈએ, જે ખુદ બંધારણની જોગવાઈઓમાંથી જ વહેવી જોઈએ. તેથી, એવો દાવો કરવામાં આવ્યો હતો કે, એનજેએસીની કામગીરીની પદ્ધતિ ખુદ બંધારણમાં જ સમાવિષ્ટ હોવી જોઈએ. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, એનજેએસીની કામગીરીની પદ્ધતિ સામાન્ય કાયદા દ્વારા નિયમન કરવા માટે સંસદ પર છોડી શકાય નહીં. પોતાની ઉપરોક્ત દલીલના સમર્થનમાં, સાતમી અનુસૂચિની સંઘ સૂચિમાં સમાવિષ્ટ પ્રવિષ્ટિઓ ૭૭ અને ૭૮ પર આધાર રાખવામાં આવ્યો હતો. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, પ્રવિષ્ટિઓ ૭૭ અને ૭૮ ના સંદર્ભમાં કાયદો ઘડવાની સત્તા નિરપેક્ષ ન હતી, કારણ કે અનુચ્છેદ ૨૪૫ સંસદને બંધારણમાં સમાવિષ્ટ મૂળભૂત જોગવાઈઓને

આધીન રહીને જ પોતાના કાર્યક્ષેત્રમાં આવતા વિષયો પર કાયદો ઘડવાની સત્તા આપે છે. ઉપરોક્ત કારણોસર, એવો દાવો કરવામાં આવ્યો હતો કે, એનજેએસીની પ્રવૃત્તિઓને પ્રવિષ્ટિઓ ૭૭ અને ૭૮ હેઠળ સંસદમાં નિહિત સત્તાને આધીન અથવા તેના તાબા હેઠળ રાખી શકાય નહીં.

૨૯. વિદ્વાન વરિષ્ઠ અધિવક્તા શ્રી રામ જેઠમલાણી દ્વારા એવી દલીલ કરવામાં આવી હતી કે, એ દર્શાવવા માટે પૂરતા સંજોગોજન્ય પુરાવા હતા કે, વર્તમાન રાજકીય વ્યવસ્થા એવું માનતી હતી કે ન્યાયતંત્ર તેની નીતિઓના અમલીકરણ માટે એક અવરોધરૂપ હતું. એવી દલીલ કરવામાં આવી હતી કે, જેઓ રાજકીય રીતે પ્રભાવિત થઈ શકે તેવા લોકોને પસંદગી પ્રક્રિયામાં સામેલ કરીને ન્યાયતંત્રને વશ કરવાનો આ સમગ્ર પ્રયાસ હતો. "ન્યાયતંત્રની સ્વતંત્રતા" ને નષ્ટ કરવાના રાજકીય વ્યવસ્થાના સંયુક્ત પ્રયાસને દર્શાવવા માટે, વિદ્વાન વકીલે સૌપ્રથમ એ નિર્દેશિત કર્યું હતું કે, નેશનલ જ્યુડિશિયલ કમિશનની રચના કરવા માટેનું પ્રથમ બિલ [કોન્સ્ટીટ્યુશન (૬૭મો સુધારો) બિલ, ૧૯૯૦] લોકસભામાં રજૂ કરવામાં આવ્યું હતું: ૧૮.૫.૧૯૯૦. તેના "હેતુઓ અને કારણોનું કથન", જેના પર આધાર રાખવામાં આવ્યો હતો, તે નીચે મુજબ ઉદ્બૃત કરવામાં આવેલ છે:

> "ભારત સરકારે તાજેતરના ભૂતકાળમાં સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટોના ન્યાયમૂર્તિઓની નિમણૂક તેમજ હાઇકોર્ટોના ન્યાયમૂર્તિઓની બદલી માટે નેશનલ જ્યુડિશિયલ કમિશન તરીકે ઓળખાતા એક ઉચ્ચ સ્તરીય

ન્યાયિક પંચની સ્થાપના કરવાનો પોતાનો ઈરાદો જાહેર કર્યો છે, જેથી કરીને આવી નિમણૂકો અને બદલીઓમાં કારોબારી પક્ષે મનસ્વીતાની ટીકાઓને ટાળી શકાય અને કોઈપણ વિલંબ વિના આવી નિમણૂકો પણ કરી શકાય. ભારતના લો કમિશને તેમના એક સો અને એકવીસમા અહેવાલમાં આ વ્યવસ્થામાં ફેરફાર કરવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો.

૨. સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂકના સંદર્ભમાં ભલામણો કરવા માટેનું નેશનલ જ્યુડિશિયલ કમિશન ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ પછીની વરિષ્ઠતા ધરાવતા સુપ્રિમ કોર્ટના અન્ય બે ન્યાયમૂર્તિઓનું બનેલું રહેશે. હાઇકોર્ટોના ન્યાયમૂર્તિઓની નિમણૂકના સંદર્ભમાં ભલામણો કરવા માટેનું કમિશન ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ, સુપ્રિમ કોર્ટના એક સૌથી વરિષ્ઠ ન્યાયમૂર્તિ, સંબંધિત રાજ્યના મુખ્યમંત્રી, સંબંધિત હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ અને તે હાઇકોર્ટના એક સૌથી વરિષ્ઠ ન્યાયમૂર્તિનું બનેલું રહેશે.

૩. આ વિધેયક ઉપરોક્ત ઉદ્દેશ્ય સિદ્ધ કરવા માંગે છે.

નવી દિલ્હી;

૧૧મી મે, ૧૯૯૦;"

ઉપરોક્ત વિધેયકમાં પ્રસ્તાવિત નેશનલ જ્યુડિશિયલ કમિશનને, તેમાં અનુચ્છેદ ૩૦૭-એ નો સમાવેશ કરીને બંધારણના ભાગ ૧૩-એ નો એક ઘટક બનાવવાનું હતું. સુપ્રિમ કોર્ટમાં ન્યાયમૂર્તિઓની, હાઇકોર્ટોમાં મુખ્ય ન્યાયમૂર્તિઓ અને ન્યાયમૂર્તિઓની નિમણૂક કરવા માટે, અને હાઇકોર્ટના ન્યાયમૂર્તિઓની એક હાઇકોર્ટમાંથી બીજી હાઇકોર્ટમાં બદલી કરવા માટે, પરિકલ્પિત કમિશનમાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને સુપ્રિમ કોર્ટના ત્યાર પછીના બે સૌથી વરિષ્ઠ ન્યાયમૂર્તિઓનો સમાવેશ કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો. ઉપરોક્ત કમિશનમાં કોઈપણ કારોબારી અને ધારાસભાની સહભાગિતાને બાકાત રાખવામાં આવી હતી. હાઇકોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂક માટે કમિશનની પ્રસ્તાવિત રચનામાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ, સંબંધિત રાજ્યના મુખ્યમંત્રી અથવા રાજ્યપાલ, સુપ્રિમ કોર્ટના સૌથી વરિષ્ઠ ન્યાયમૂર્તિ, સંબંધિત હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ અને તે કોર્ટના સૌથી વરિષ્ઠ ન્યાયમૂર્તિનો સમાવેશ થતો હતો. ઉપરોક્ત વિધેયકમાં પરિકલ્પિત કમિશન માટે સ્વતંત્ર અને અલગ સચિવાલય સ્ટાફની પણ જોગવાઈ કરવામાં આવી હતી. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, બંધારણમાં ઉપરોક્ત સુધારો ફર્સ્ટ જજિસ કેસમાં આ કોર્ટ દ્વારા સ્પષ્ટ કરવામાં આવેલી કાનૂની સ્થિતિ પ્રત્યેના મોહભંગ અને અવિશ્વાસના કારણે હતો. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, જ્યારે આ કોર્ટે સેકન્ડ જજિસ કેસમાં પોતાનો ચુકાદો આપ્યો ત્યારે પ્રસ્તાવિત કોન્સ્ટીટ્યુશન (૬૭મો સુધારો) બિલ, ૧૯૯૦ ને અમલમાં લાવવાની આવશ્યકતા ટળી ગઈ હતી. અરજદારોના વિદ્વાન વકીલના

જણાવ્યા મુજબ, આ બધું ભૂલી જવામાં આવ્યું છે અને તેની અવગણના કરવામાં આવી છે.

૩૦. ઐતિહાસિક રીતે, ત્યાર પછીનો તબક્કો એ હતો જ્યારે કોન્સ્ટીટ્યુશન (૯૮મો સુધારો) બિલ, ૨૦૦૩ સંસદ સમક્ષ તેની વિચારણા માટે મૂકવામાં આવ્યું હતું. ઉપરોક્ત વિધેયકમાં, કેન્દ્રીય કાયદા અને ન્યાય મંત્રીને કમિશનના હોદ્દાની રૂએ સભ્ય બનાવીને ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂકની પ્રક્રિયામાં કારોબારીની સહભાગિતા દાખલ કરવામાં આવી હતી. બે પ્રતિષ્ઠિત નાગરિકો (કાં તો પ્રતિષ્ઠિત ન્યાયશાસ્ત્રીઓ, અથવા પ્રતિષ્ઠિત વકીલો, અથવા ઉચ્ચ પ્રતિષ્ઠા ધરાવતા કાયદાકીય વિદ્વાનો) પણ કમિશનના સભ્યો રહેશે. તેમના પૈકીના એકની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર-વિમર્શ કરીને, અને બીજાની નિમણૂક વડાપ્રધાન સાથે વિચાર-વિમર્શ કરીને કરવાની હતી. ૨૦૦૩ ના વિધેયકની જેમ જ સમાન તર્જ પર, કોન્સ્ટીટ્યુશન (૧૨૦મો સુધારો) બિલ, ૨૦૧૩ મારફતે તે જ દિશામાં (અગાઉની યુ.પી.એ. સરકાર દ્વારા) વધુ એક પ્રયાસ કરવામાં આવ્યો હતો. એ નિર્દેશિંત કરવાનો પ્રયાસ કરવામા આવ્યો હતો કે, તમામ પક્ષો વચ્ચે સર્વસંમતિ હતી કે ઉપરોક્ત વિધેયક મંજૂર થવું જોઈએ. અને એ કે, વિદ્વાન વકીલે વ્યક્તિગત રીતે, રાજ્યસભાના સભ્ય તરીકે, ઉપરોક્ત પગલાનો સખત વિરોધ કર્યો હતો. વિદ્વાન વકીલે રાજ્યસભા સમક્ષની ચર્ચા દરમિંયાન પોતાના દ્વારા ઉઠાવવામા આવેલા વાંધાઓ તરફ આ કોર્ટનું ધ્યાન દોર્યું. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, તેમણે સંસદ સમક્ષ રજૂઆત કરી હતી કે, બંધારણ સુધારા વિધેયકને સંસદની

સિલેક્ટ કમિટીને મોકલવાની જરૂર હતી, કારણ કે તેમના મતે તે ગેરબંધારણીય હતું. ચર્ચાનો એક અંશ પણ અમારા ધ્યાને લાવવામાં આવ્યો હતો (તેના પ્રાદેશિક ભાષાના ભાગના સ્થાને તેનું અંગ્રેજી અનુવાદ મૂકીને), તે નીચે મુજબ પુનઃ રજૂ કરવામાં આવે છે:

> "મારું સૂચન એ છે કે: જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન બિલને સ્ટેન્ડિંગ કમિટી પાસે જવા દો. બાકીનું કામકાજ આપણે આજે પસાર કરવું જોઈએ. આભાર. શ્રી રામ જેઠમલાણી: મેડમ, આભાર; ક્યારેય નહીં કરતાં મોડું પણ સારું.
>
> સાહેબ, હું બે પ્રારંભિક સૂચનો કરવા માંગુ છું. જો એવી ખાતરી આપવામાં આવે કે કોન્સ્ટીટ્યુશન (એમેન્ડમેન્ટ) બિલ તેમજ ગૌણ વિધેયક બંને સંસદની સિલેક્ટ કમિટીને મોકલવામાં આવશે, તો હું આ ગૃહને બિલકુલ સંબોધિત કરવા માંગતો નથી. પરંતુ, માત્ર બીજા વિધેયકને જ સિલેક્ટ કમિટીને મોકલવામાં આવે તે હું યોગ્ય કે ઉચિત માનતો નથી. બંનેને મોકલવા જોઈએ. અને, હું મારા કારણો આપીશ.
>
> સાહેબ, મારે જે બીજું સૂચન કરવાનું છે તે આ છે. મારી મુખ્ય દલીલ, જે હું કરવા જઈ રહ્યો છું તે એ છે કે, કોન્સ્ટીટ્યુશન (એમેન્ડમેન્ટ) બિલ સંપૂર્ણપણે ગેરબંધારણીય છે અને જો તે પસાર થશે, તો તે નિઃશંકપણે સુપ્રિમ કોર્ટ દ્વારા રદબાતલ કરવામાં આવશે, કારણ કે તે બંધારણના મૂળભૂત લક્ષણમાં દખલગીરી કરે છે. બંધારણના આવા સુધારાઓ આ

ગૃહના અધિકારક્ષેત્રની બહાર છે. બંધારણ દ્વારા નિર્ધારિત સુધારાની પ્રક્રિયા માટે ૨/૩ બહુમતી વગેરેની આવશ્યકતા હોય છે. તે બંધારણના માત્ર તેવા જ સુધારાઓને લાગુ પડે છે જે કેશવાનંદ ભારતી કેસમાં સમજાવ્યા મુજબ બંધારણના મૂળભૂત લક્ષણો તરીકે ઓળખાતી બાબતોને સ્પર્શતા નથી. આ બંધારણીય સુધારો, નિશ્ચિતપણે, ભારતીય બંધારણના એક મૂળભૂત લક્ષણમાં દખલ કરે છે અને તે ક્યારેય ટકાવી શકાશે નહીં. પરંતુ, જો એવું કહેવામાં આવે કે તમે તેને પસાર કરો તો પણ, જ્યાં સુધી સુપ્રિમ કોર્ટને સંદર્ભ કરવામાં ન આવે અને સુપ્રિમ કોર્ટ આ બંધારણ સુધારાની માન્યતાના પ્રશ્નનો હકારાત્મક જવાબ ન આપે ત્યાં સુધી તેને અમલમાં લાવવામાં આવશે નહીં. જો તેમ કરવામાં આવે તો મારે, ફરીથી, બોલવાની જરૂર રહેશે નહીં. પરંતુ, સાહેબ, આ બંને વાજબી સૂચનો સ્વીકારવામાં આવશે તેવી મને અપેક્ષા ન હોવાથી, હું બોલવા અને મારા મનની વાત રજૂ કરવા માંગુ છું.

xxx xxx xxx

કપિલ મારો મહાન મિત્ર છે અને સરકારના એવા મંત્રીઓ પૈકીનો એક છે કે જેમના કાયદા મંત્રી તરીકેના કામકાજનું હું નિરીક્ષણ કરતો રહું છું અને તેઓ જે રીતે પોતાનું મંત્રાલય ચલાવે છે તેનાથી હું ખુશ છું. પરંતુ, સાહેબ, મારે આજે જાહેર કરવું જોઈએ કે મારું અંતઃકરણ, સમજ અને આ દેશના લોકો પ્રત્યેની મારી ફરજ, જેને હું મારી સર્વોચ્ચ જવાબદારી માનું છું, તે

મને આ પ્રકારના કાયદા સમક્ષ ઝૂકવાની મંજૂરી આપતી નથી. મારા મતે બંને વિધેયકો અનિષ્ટરૂપ છે. સૌપ્રથમ તો, આ અનિષ્ટ ગેરમાર્ગે દોરનારા હેતુઓ અને કારણોના કથનમાં રહેલું છે. તમારે સંપૂર્ણ પ્રામાણિકતા સાથે કહેવું જોઈતું હતું કે તમે જેનો નાશ કરવાનો પ્રયાસ કરી રહ્યા છો તે કોલેજિયમ પ્રણાલી છે, જે તેનો ઉદ્દેશ્ય જણાય છે અને જે કોઈપણ વ્યક્તિ માટે સ્પષ્ટ છે. જે વ્યક્તિઓ બોલી છે તે પૈકીની કેટલીક વ્યક્તિઓ એ ધારણા પર બોલી છે કે આ ઓક્ક્સ કાયદાનો હેતુ તે જ છે. સાહેબ, પહેલો મુદ્દો જે હું રજૂ કરવા માંગુ છું તે એ છે કે નવ ન્યાયમૂર્તિઓનો ૧૯૯૩ નો ચુકાદો એ બંધારણના મૂળભૂત લક્ષણની શોધ પર, અને તે મૂળભૂત લક્ષણને ટકાવી રાખવા માટેની વ્યવસ્થા ઘડવા પર આધારિત ચુકાદો છે. મેડમ, હું પોતે તે મુકદ્દમામાં ઉપસ્થિત રહ્યો હતો અને હું દાવો કરું છું કે તે ચુકાદાની સફળતામાં મારું જબરજસ્ત યોગદાન હતું. એક અર્થમાં, હું કોલેજિયમ પ્રણાલીનો સ્થાપક હોવાનો દાવો કરું છું. પરંતુ તેનો અર્થ એવો નથી કે હું કોલેજિયમ પ્રણાલીનો નિરપેક્ષ પ્રશંસક છું. કોલેજિયમ પ્રણાલીમાં, નિઃશંકપણે, કેટલીક ખામીઓ છે. પરંતુ કોલેજિયમ પ્રણાલી એક મુખ્ય દલીલના આધારે અસ્તિત્વમાં આવી હતી. તે એક મુખ્ય દલીલ જે અમે રજૂ કરી હતી, અને ખૂબ જોશ તથા બળ સાથે રજૂ કરી હતી, તે એ છે કે બંધારણનો એક અનુચ્છેદ છે, બંધારણનો અનુચ્છેદ ૫૦, જે બંધારણનો સૌથી ટૂંકો અનુચ્છેદ છે, જેમાં માત્ર એક જ વાક્ય છે. તે

અનુચ્છેદ કહે છે કે સરકાર કારોબારીથી ન્યાયતંત્રને અલગ રાખવાનો પ્રયાસ કરશે.

સાહેબ, અમે સુપ્રિમ કોર્ટ સમક્ષ દલીલ કરી હતી કે આ અનુચ્છેદનો અર્થ એવો નથી કે ન્યાયમૂર્તિઓ અને મંત્રીઓએ સામાજિક રીતે મળવું જોઈએ નહીં. તેનો અર્થ એવો નથી કે તેઓએ અલગ-અલગ શહેરોમાં રહેવું જોઈએ, અથવા તેઓ અડીને આવેલા બંગલાઓમાં પણ ન રહી શકે. આ અનુચ્છેદનો હેતુ એ સુનિશ્ચિત કરવાનો છે કે ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં સલાહકારી ભૂમિકા સિવાય, કારોબારીની કોઈ ભૂમિકા ન રહે. બીજા શબ્દોમાં કહીએ તો, નિમણૂક પ્રક્રિયામાં કારોબારીની પ્રાથમિકતાનો સિદ્ધાંત અમારા માટે ત્રાસદાયક હતો કારણ કે સમગ્ર ભારત રાષ્ટ્ર અગાઉની વ્યવસ્થા હેઠળ નિમાયેલા ન્યાયમૂર્તિઓનું ભોગ બન્યું હતું. કટોકટી દરમિયાન હું મારા પોતાના જ દેશમાંથી શરણાર્થી બન્યો હતો. તે શા માટે હતું? તે એટલા માટે હતું કારણ કે સુપ્રિમ કોર્ટના ચાર ન્યાયમૂર્તિઓ - હું પાંચમા ન્યાયમૂર્તિની વાત નથી કરી રહ્યો જેમણે ન્યૂ યોર્ક ટાઇમ્સની પ્રશંસા મેળવી હતી કે ભારત રાષ્ટ્રે તેમની સ્મૃતિમાં એક સ્મારક બનાવવું પડશે; હું અન્ય ચાર ન્યાયમૂર્તિઓની વાત કરી રહ્યો છું જેમણે ન્યાયતંત્રને કલંકિત કર્યું, સુપ્રિમ કોર્ટને કલંકિત કરી અને તેઓ ભારતીય લોકશાહીના વિનાશ તથા સમગ્ર ભારતના બંધારણના ધ્વંસ અને અધઃપતનમાં ભાગીદાર બન્યા હતા.

સાહેબ, તેઓ કઈ વ્યવસ્થાનું પરિણામ હતા? તેઓ તે વ્યવસ્થાનું પરિણામ હતા જેને, ૧૯૮૧ માં, આખરે ગુપ્ત ચુકાદા દ્વારા સમર્થન આપવામાં આવ્યું હતું, પરંતુ થોડા સમય પછી, એવા લોકો, બુદ્ધિજીવીઓ હતા, જેમણે અવાજ ઉઠાવ્યો કે આ વ્યવસ્થા કામ કરશે નહીં; આ વ્યવસ્થામાં ફેરફારની જરૂર છે. સાહેબ, ભારતીય લોકશાહી બુદ્ધિજીવીઓ દ્વારા બચાવવામાં આવી નથી; ભારતીય લોકશાહીને તેની સૌથી નિર્ણાયક ઘડીમાં આ દેશના ગરીબ અભણો દ્વારા બચાવવામાં આવી છે. કટોકટીના સમયમાં, માત્ર હિંમતવાન લોકો જ મહત્વ ધરાવે છે. જેમના પર ગર્વ હતો તેઓ મૂંગા રહ્યા (બે વાક્યોનું ભાષાંતર);

તે આપણા દેશની કરુણતા છે. સાહેબ, આ દેશના બુદ્ધિજીવીઓ સતત નિષ્ફળ ગયા છે, અને મને કહેતાં ખેદ થાય છે કે તેઓ આજે પણ નિષ્ફળ જઈ રહ્યા છે. કોલેજિયમ કદાચ ન્યાયતંત્રનું સર્જન હોઈ શકે, તે ફરીથી બંધારણના ન્યાયિક અર્થઘટનનું સર્જન છે, પરંતુ કોલેજિયમની ખામીઓ ગમે તે હોય, કોલેજિયમ આજે એવી વ્યવસ્થાનું પ્રતિનિધિત્વ કરે છે જે બંધારણના મૂળભૂત લક્ષણો સાથે સુસંગત છે; એટલે કે, ન્યાયતંત્રની સર્વોચ્ચતા અને નિમણૂક પ્રક્રિયામાં કારોબારીના કોઈપણ પ્રભાવથી તેની સ્વતંત્રતા.

xxx xxx xxx

સાહેબ, હું એવા લોકો માટે બોલી રહ્યો છું જેઓ આ સુધારાની તરફેણમાં મતદાન કરવા માટે અફર રીતે પ્રતિબદ્ધ નથી. કેટલાક લોકો એવા છે જેમણે પોતાના મન હજુ પણ ખુલ્લા રાખ્યા હશે. હું આજે માત્ર તેવા લોકોને જ અપીલ કરી રહ્યો છું. જેઓ અફર રીતે પ્રતિબદ્ધ છે તેઓ ભારતીય લોકશાહીના વિનાશ માટે પ્રતિબદ્ધ છે.

કે રાજકીય, ની નિર્ભીકતા, અને જે વર્ગમાંથી ન્યાયમૂર્તિઓ આવતા હતા તે વર્ગ દ્વારા સંપાદિત અને પોષાયેલા પૂર્વગ્રહોમાંથી મુક્તિનો સમાવેશ થતો હતો (ફકરો ૧૦૩૭). તેના આધારે, એવો દાવો કરવામાં આવ્યો હતો કે, "ન્યાયતંત્રની સ્વતંત્રતા" માં અન્ય ન્યાયમૂર્તિઓના પ્રભાવથી સ્વતંત્રતાનો પણ સમાવેશ થતો હતો. અને તેથી, એવો નિષ્કર્ષ કાઢવામાં આવ્યો હતો કે, એનજેએસીની રચના એવી હતી કે જે ઉચ્ચ ન્યાયતંત્રમાં નિમણૂક પામેલા ન્યાયમૂર્તિઓની સ્વતંત્રતા સુનિશ્ચિત કરશે, જેવી કે ફર્સ્ટ જજીસ કેસ માં પરિકલ્પના કરવામાં આવી હતી.

૮૧. "સત્તાના પૃથક્કરણ" ના ખ્યાલમાંથી ઉદ્ભવતા "ન્યાયતંત્રની સ્વતંત્રતા" ના મુદ્દાના સંદર્ભમાં, એ નિર્દેશિત કરવામાં આવ્યું હતું કે, બંધારણની યોજના નિયંત્રણ અને સંતુલનની એક વ્યવસ્થાની પરિકલ્પના કરે છે. એટલી હદ સુધી કે, શાસનના દરેક અંગને તેને સોંપવામાં આવેલી ફરજો બજાવવાની સ્વતંત્રતા આપવાની સાથે સાથે, અન્ય અંગો પૈકીના એક, અથવા બંને અન્ય અંગોના હાથે નિયંત્રણોને આધીન રાખવામાં આવ્યું હતું. દ્રષ્ટાંતરૂપે, એવી દલીલ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો કે, તમામ કારોબારી સત્તા, (ન્યાયતંત્રના હાથે) ન્યાયિક સમીક્ષા મારફતે ચકાસણીને આધીન છે. તેવી જ રીતે, સંસદ અથવા રાજ્ય વિધાનમંડળો દ્વારા ઘડવામાં આવેલા કાયદાઓ પણ, (ન્યાયતંત્રના હાથે) ન્યાયિક સમીક્ષાને આધીન છે. ભલે શાસનના અન્ય અંગ(ઓ) ની દખલગીરી વિના, કારોબારી અને ધારાસભા પાસે કાર્ય કરવાની અને પોતાની વ્યક્તિગત જવાબદારીઓ નિભાવવાની સ્વતંત્રતા છે, તેમ છતાં કારોબારી અને વિધાયી કાર્યોનો ઉપયોગ કાયદા સાથે સુસંગત રહે તે સુનિશ્ચિત

કરવાની જવાબદારી ન્યાયતંત્રમાં નિહિત કરવામાં આવી છે. તેવી જ રીતે, એવી રજૂઆત કરવામાં આવી હતી કે, ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં, નિયંત્રણ અને સંતુલનની વ્યવસ્થા હેઠળ, અનુચ્છેદ ૧૨૪ અને ૨૧૭ માં કારોબારી નિયંત્રણની જોગવાઈ કરવામાં આવી હતી. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં, સેકન્ડ અને થર્ડ જજીસ કેસો દ્વારા નિયંત્રણ અને સંતુલનની પ્રસ્તુત યોજનાને દૂર કરવામાં આવી હતી. એવો દાવો કરવામાં આવ્યો હતો કે, બંધારણના પ્રારંભ સમયે અસ્તિત્વ ધરાવતી સ્થિતિમાંથી કારોબારીની ભૂમિકા ઘટાડીને, ધ કોન્સ્ટીટ્યુશન (૯૯મો સુધારો) એક્ટ દ્વારા નિયંત્રણ અને સંતુલનની સ્થિતિ પુનઃસ્થાપિત કરવામાં આવી છે. કેશવાનંદ ભારતી કેસ૧૦, ઇન્દિરા નેહરુ ગાંધી કેસપ૬, સાંકળચંદ હિંમતલાલ શેઠ કેસપ, આસિફ હમીદ વિ. સ્ટેટ ઓફ જમ્મુ એન્ડ કાશ્મીર૫૮, સ્ટેટ ઓફ બિહાર વિ. બિહાર ડિસ્ટિલરી લિમિટેડપ૯, અને ભીમ સિંહ વિ. યુનિયન ઓફ ઇન્ડિયા૧૩ ના નિર્ણયોનો સંદર્ભ આપતાં, એવી રજૂઆત કરવામાં આવી હતી કે, આ કોર્ટે સ્વીકાર્યું હતું કે, નિયંત્રણ અને[19] ઉપર નોંધવામાં આવ્યું છે). તેથી, વિદ્વાન એટર્ની જનરલના જણાવ્યા મુજબ, પ્રસ્તુત કારણ પર અરજદારો દ્વારા કરવામાં આવેલી અરજો ફગાવી દેવાને પાત્ર હતી. પ૯ (૧૯૯૭) ૨ એસ.સી.સી. ૪૫૩ સંતુલનનો ખ્યાલ બંધારણની યોજનામાં અંતર્ગત હતો. અને એ કે, ભલે ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્રએ બંધારણના વિવિધ અનુચ્છેદો દ્વારા સીમાંકિત કરાયેલા પોતાના ક્ષેત્રોમાં કાર્ય કરવાનું હતું, તેમ છતાં

[19] ૫૬ (૧૯૭૫) સપ્લી. એસ.સી.સી. ૧ ૫૭ (૧૯૮૧) ૨ એસ.સી.સી. ૩૬૨

તેમની વિશેષતાઓ ક્યારેય સંપૂર્ણ હોઈ શકે નહીં. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, શાસનની દરેક પાંખે જવાબદાર રહેવું પડશે, અને જ્યાં સુધી જવાબદારીનો સિદ્ધાંત જાળવવામાં ન આવે ત્યાં સુધી, "સત્તાના પૃથક્કરણ" નો સિદ્ધાંત પ્રાપ્ત કરી શકાશે નહીં. તેથી એવી દલીલ કરવામાં આવી હતી કે, બંધારણની યોજનામાં પૂરા પાડવામાં આવેલા નિયંત્રણ અને સંતુલનને અવગણીને, "ન્યાયતંત્રની સ્વતંત્રતા" ના ખ્યાલને સંપૂર્ણ સાધ્ય તરીકે આંકી શકાય નહીં.

૮૨. તેમ દાવો કર્યા પછી, એવી દલીલ કરવામાં આવી હતી કે, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં સૌથી મહત્વપૂર્ણ અને નોંધપાત્ર લક્ષણ એ હતું કે, કોઈ અયોગ્ય કે શંકાસ્પદ નિમણૂક થવી જોઈએ નહીં, ભલે ક્યારેક દેખીતી રીતે સારા ઉમેદવારની ઉમેદવારી સ્વીકારવામાં ન આવે. એવો દાવો કરવામાં આવ્યો હતો કે, ઉપર નોંધવામાં આવેલા અર્થમાં એનજેએસીએ નિમણૂકની પ્રક્રિયામાં એવી જોગવાઈ કરીને સંપૂર્ણ રક્ષણ પૂરું પાડ્યું હતું કે, એનજેએસીના બે સભ્યો પૈકીના કોઈપણ સભ્ય દ્વારા વ્યક્ત કરવામાં આવેલો નકારાત્મક મત સંબંધિત ઉમેદવારની નામંજૂરીમાં પરિણમશે. તેથી, નિમણૂકની દરખાસ્તને વીટો કરવા માટે માત્ર એનજેએસીના બે સભ્યો જ પૂરતા રહેશે. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, એનજેએસીના ત્રણ સભ્યો સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓ હોવાથી, એનજેએસીમાં તેમની સહભાગિતા એ સુનિશ્ચિત કરશે કે "ન્યાયતંત્રની સ્વતંત્રતા" સંપૂર્ણપણે સુરક્ષિત અને સલામત રહે. તેથી એવી દલીલ કરવામાં આવી હતી કે, માત્ર ધ કોન્સ્ટીટ્યુશન (૯૯મો

સુધારો) એક્ટ જ નહીં, પરંતુ એનજેએસી એક્ટ પણ બંધારણના "મૂળભૂત માળખા" તરીકે નિર્ધારિત સ્વતંત્રતાના માપદંડને સંપૂર્ણપણે સંતોષે છે.

૮૩. ઉપરોક્ત સ્થિતિનો પુનરોચ્ચાર કરવા માટે, એવો દાવો કરવામાં આવ્યો હતો કે, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં પ્રાધાન્યની, મૂળ ઘડાયેલા બંધારણમાં પરિકલ્પના કરવામાં આવી ન હતી. આ સંબંધમાં, અનુચ્છેદ ૧૨૪ અને ૨૧૭ નો સંદર્ભ આપવામાં આવ્યો હતો. અને તેની સાથે સાથે, બંધારણ સભાના સભ્યો દ્વારા આ વિષય પર થયેલી ચર્ચાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. તેના પરથી, એવો દાવો કરવામાં આવ્યો હતો કે, ન્યાયમૂર્તિઓના કોલેજિયમના નિર્ણય પર આધારિત મુખ્ય ન્યાયમૂર્તિના પ્રાધાન્યનો મુદ્દો એ એક ન્યાયિક નવીનતા હતી, જે પુનર્વિચારણાની અપેક્ષા રાખતી હતી. તદુપરાંત, એવી રજૂઆત કરવામાં આવી હતી કે, સેકન્ડ અને થર્ડ જજીસ કેસો બંધારણના તે અનુચ્છેદોના અર્થઘટન પર આધારિત હતા, જેમાં હવે સુધારો કરવામાં આવ્યો હતો, અને તેથી, સેકન્ડ અને થર્ડ જજીસ કેસોનો મૂળ આધાર હવે અસ્તિત્વમાં રહ્યો ન હતો. તેથી, ઉપરોક્ત ચુકાદાઓમાં જાહેર કરાયેલી કાનૂની સ્થિતિ, અરજદારો દ્વારા રજૂ કરવામાં આવેલી દલીલોનો આધાર બની શકે નહીં. વધુમાં, જો સેકન્ડ અને થર્ડ જજીસ કેસોમાં આ કોર્ટ દ્વારા નોંધવામાં આવેલા ચુકાદાના સિદ્ધાંતને હજુ પણ ધ્યાને લેવામાં આવે, તો પણ જે.એસ. વર્મા, ન્યાયમૂર્તિ (જેમણે બહુમતી મત લિપિબદ્ધ કર્યો હતો) દ્વારા નોંધાયેલા તારણો (૫), (૬) અને (૭) દર્શાવે છે કે ન્યાયતંત્રનું પ્રાધાન્ય એ સુનિશ્ચિત કરવા માટે હતું કે, જ્યાં સુધી કોલેજિયમની મંજૂરી ન હોય ત્યાં સુધી

ઉચ્ચ ન્યાયતંત્રમાં કોઈ નિમણૂક થઈ શકે નહીં. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, પ્રસ્તુત પાસું, જે "ન્યાયતંત્રની સ્વતંત્રતા" સુનિશ્ચિત કરવા માટેનો કાર્યાત્મક આધાર હતું, તે વાદગ્રસ્ત બંધારણીય સુધારા અને એનજેએસી એક્ટમાં જાળવી રાખવામાં આવ્યું હતું. તદનુસાર એવી દલીલ કરવામાં આવી હતી કે, જો ન્યાયતંત્ર દ્વારા પ્રસ્તાવિત ઉમેદવારની નિમણૂકનો આગ્રહ રાખવાનો અધિકાર, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ પાસેથી (ન્યાયમૂર્તિઓના કોલેજિયમના નિર્ણયના આધારે) છીનવી લેવામાં આવે, તો તેનું પરિણામ બંધારણના "મૂળભૂત માળખા" ના નિર્બળીકરણમાં આવશે નહીં. બીજા શબ્દોમાં કહીએ તો, તે બંધારણના "આવશ્યક અને મૂળભૂત લક્ષણો" નું કે જરાય પણ "ન્યાયતંત્રની સ્વતંત્રતા" નું ઉલ્લંઘન કરશે નહીં.

૮૪. ઉપરોક્ત રજૂઆતોના આધારે, વિદ્વાન એટર્ની જનરલે અરજદારો દ્વારા રજૂ કરવામાં આવેલી મુખ્ય દલીલ તરફ કોર્ટનું ધ્યાન દોર્યું હતું, અર્થાત્, જો સુપ્રિમ કોર્ટના ત્રણેય ન્યાયમૂર્તિઓ કે જેઓ હવે એનજેએસીના હોદ્દાની રૂએ સભ્યો છે, તેઓ સામૂહિક રીતે કોઈ નામાંકિત વ્યક્તિની ભલામણ કરે, તો પણ એનજેએસીના બિન–ન્યાયમૂર્તિ સભ્યો દ્વારા આવી ભલામણ રદબાતલ કરી શકાય છે. વિદ્વાન એટર્ની જનરલે રજૂઆત કરી હતી કે, ઉપરોક્ત દલીલ નિમણૂક માટેનો "આગ્રહ રાખવાના" અધિકાર પૂરતી મર્યાદિત હતી. અને એ કે, "આગ્રહ રાખવાનો" અધિકાર સેકન્ડ અને થર્ડ જજીસ કેસોમાં નોંધાયેલા તારણોમાંથી ઉદ્ભવતો ન હતો. અને વધુમાં, "ન્યાયતંત્રની સ્વતંત્રતા" નો ભંગ સ્થાપિત કરવા માટે તેને આપમેળે કોઈ ઘટના તરીકે ગણી શકાય નહીં.

૮૫. જ્યાં સુધી સેકન્ડ અને થર્ડ જજીસ કેસોનો સંબંધ છે, એવી રજૂઆત કરવામાં આવી હતી કે, ૧૯૭૬ માં સોળ ન્યાયમૂર્તિઓની (તેઓ જે હાઇકોર્ટોમાં કાર્યરત હતા તેમાંથી) અન્ય હાઇકોર્ટોમાં બદલી કરવામાં આવી હતી તે હકીકતના કારણે તે સમયની જરૂરિયાત હોઈ શકે છે. સાંકળચંદ હિંમતલાલ શેઠ કેસપ માં, બદલી કરાયેલા ન્યાયમૂર્તિઓ પૈકીના એક ન્યાયમૂર્તિએ પોતાની બદલીને, અન્ય બાબતોની સાથે સાથે એ કારણસર પડકારી હતી કે, તેમની સહમતિ વિનાની બદલી અનુચ્છેદ ૨૨૨ ના કાર્યક્ષેત્ર બહારની હતી, કારણ કે તે "ન્યાયતંત્રની સ્વતંત્રતા" પર પ્રતિકૂળ અસર કરશે. સાંકળચંદ હિંમતલાલ શેઠ કેસપ માં ઉપસ્થિત કરવામાં આવેલા પડકાર પર આપવામાં આવેલા નિર્ણયને ધ્યાને લીધા વિના, એ નિર્દેશિત કરવામાં આવ્યું હતું કે, આ જ પ્રશ્ન ફર્સ્ટ જજીસ કેસ માં ફરીથી ઉપસ્થિત કરવામાં આવ્યો હતો. અનુચ્છેદ ૨૨૨ નું અર્થઘટન કરતી વખતે બહુમતી દ્વારા એવું ઠેરવવામાં આવ્યું હતું કે, જે ન્યાયમૂર્તિની બદલી કરવામાં આવી રહી છે તેમની સહમતિ મેળવવી જરૂરી નથી. એ પણ નિર્દેશિત કરવામાં આવ્યું હતું કે, બંધારણના પ્રારંભથી જ, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિનું પદ સુપ્રિમ કોર્ટના સૌથી વરિષ્ઠ ન્યાયમૂર્તિ દ્વારા ધારણ કરવામાં આવતું હતું. એપ્રિલ ૧૯૭૩ માં ઉપરોક્ત સિદ્ધાંતથી વિચલન કરવામાં આવ્યું હતું, કારણ કે તે પછીના સૌથી વરિષ્ઠ ન્યાયમૂર્તિ- જે.એમ. શેલતને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના પદ પર બઢતી આપવામાં આવી ન હતી. તેમના પછીના બીજા બે સૌથી વરિષ્ઠ ન્યાયમૂર્તિઓ - કે.એસ. હેગડે અને એ.એન. ગ્રોવરની પણ અવગણના કરવામાં આવી હતી. ચોથા સૌથી વરિષ્ઠ ન્યાયમૂર્તિ - એ.એન. રેને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે નિયુક્ત

કરીને કરવામાં આવેલા પ્રસ્તુત ક્રમભંગને, જોખમ તરીકે જોવામાં આવ્યો હતો - "ન્યાયતંત્રની સ્વતંત્રતા". ફરીથી જાન્યુઆરી ૧૯૭૭ માં, એ.એન. રે, મુખ્ય ન્યાયમૂર્તિની નિવૃત્તિ પર, તેમના પછીના તુરંતના સૌથી વરિષ્ઠ ન્યાયમૂર્તિ - એચ.આર. ખન્નાની અવગણના કરવામાં આવી હતી અને બીજા ક્રમના સૌથી વરિષ્ઠ ન્યાયમૂર્તિ - એમ.એચ. બેગને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. ઉપરોક્ત પૃષ્ઠભૂમિમાં, કારોબારીના પગલાંને "ન્યાયતંત્રની સ્વતંત્રતા" ના ખંડન તરીકે દર્શાવવામાં આવ્યું હતું. આ ઉપરોક્ત પૃષ્ઠભૂમિમાં જ આ કોર્ટે સેકન્ડ અને થર્ડ જજીસ કેસોમાં ચુકાદા આપ્યા હતા, પરંતુ તેની સાથે સુસંગત રહીને ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની પદ્ધતિનો અમલ ભારે અને ચોતરફી ટીકાનો ભોગ બન્યો હતો, જેમાં સેકન્ડ જજીસ કેસમાં બહુમતી અભિપ્રાય આપનાર જે.એસ. વર્મા, મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા તેમની નિવૃત્તિ પછી તેના પર પ્રતિકૂળ ટિપ્પણી કરવાનો પણ સમાવેશ થતો હતો. આ સંબંધમાં, નીચે ટાંકવામાં આવેલા તેમના અવલોકનો તરફ કોર્ટનું ધ્યાન દોરવામાં આવ્યું હતું:

> "મારો ૧૯૯૩ નો ચુકાદો જે અમલમાં છે તેને ખૂબ જ ગેરસમજવામાં આવ્યો હતો અને તેનો દુરુપયોગ કરવામાં આવ્યો હતો. આ સંદર્ભમાં જ મેં કહ્યું હતું કે, ચુકાદાની કાર્યપદ્ધતિ, હવે કેટલાક સમયથી, ગંભીર પ્રશ્નો ઉભા કરી રહી છે, જેને ગેરવાજબી કહી શકાય નહીં. તેથી, કોઈ પ્રકારના પુનર્વિચારની જરૂર છે. મારો ચુકાદો કહે છે કે હાઇકોર્ટ અને સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂકની પ્રક્રિયા મૂળભૂત રીતે કારોબારી અને

ન્યાયતંત્ર વચ્ચેની એક સંયુક્ત અથવા સહભાગી કવાયત છે, જેમાં બંને ભાગ લે છે."

તેથી એવી દલીલ કરવામાં આવી હતી કે, બદલાયેલા સંજોગોમાં, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની પ્રવર્તમાન પ્રણાલી સામે કરવામાં આવેલા આક્ષેપોને નકારી કાઢવા માટે આ કોર્ટે પોતાની મેળે જ પગલાં દાખલ કરવા જોઈતા હતા. ન્યાયતંત્ર દ્વારા પોતાની મેળે આવા કોઈ ઉપચારાત્મક પગલાં અપનાવવામાં આવ્યા ન હોવાથી, ધારાસભા ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂકની પ્રક્રિયાને વધુ વ્યાપક બનાવવા, તેને પારદર્શક બનાવવા અને સહભાગીઓને જવાબદાર બનાવવા માટે એનજેએસી એક્ટ દ્વારા પૂરક એવો કોન્સ્ટીટ્યુશન (૯૯મો સુધારો) એક્ટ લાવી હતી.

૮૬. બાબતના બંધારણીય પાસાની વિચારણા કર્યા પછી, વિદ્વાન એટર્ની જનરલે પંદર દેશોમાં જે રીતે ન્યાયિક નિમણૂકો કરવામાં આવતી હતી તે તરફ કોર્ટનું ધ્યાન દોર્યું હતું. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, નવ દેશોમાં ન્યાયમૂર્તિઓની નિમણૂક કાં તો ન્યાયિક નિમણૂક પંચ (કેન્યા, પાકિસ્તાન, દક્ષિણ આફ્રિકા અને યુ.કે.), અથવા સમિતિ (ઇઝરાયેલ), અથવા પરિષદો (ફ્રાન્સ, ઇટાલી, નાઇજીરીયા અને શ્રીલંકા) દ્વારા કરવામાં આવતી હતી. ચાર દેશોમાં, ન્યાયમૂર્તિઓની નિમણૂક સીધી ગવર્નર જનરલ (ઓસ્ટ્રેલિયા, કેનેડા અને ન્યુઝીલેન્ડ), અથવા રાષ્ટ્રપતિ (બાંગ્લાદેશ) દ્વારા કરવામાં આવતી હતી. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, જર્મનીમાં ન્યાયમૂર્તિઓની નિમણૂક કાયદા મંત્રી

દ્વારા નામાંકન અને સંસદીય સમિતિઓ દ્વારા પુષ્ટિની બહુ-તબક્કાવાર પ્રક્રિયા દ્વારા કરવામાં આવતી હતી, જે પછી સંબંધિત વ્યક્તિની નિમણૂકનો અંતિમ હુકમ રાષ્ટ્રપતિ દ્વારા જારી કરવામાં આવે છે. યુનાઇટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકામાં, ન્યાયમૂર્તિઓની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા નામાંકન અને સેનેટ દ્વારા પુષ્ટિની પ્રક્રિયા દ્વારા કરવામાં આવતી હતી. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, ઉપર ઉલ્લેખિત તમામ પંદર દેશોમાં, કારોબારી એ અંતિમ નિર્ણાયક/નિમણૂક સત્તામંડળ હતી. જ્યાં સુધી ન્યાયિક નિમણૂક પંચો/સમિતિઓ/પરિષદો (ઉપર ઉલ્લેખિત) દ્વારા કરવામાં આવતી નિમણૂકોનો સંબંધ છે, પંચો ધરાવતા નવ દેશોમાંથી, બે દેશોમાં (દક્ષિણ આફ્રિકા અને શ્રીલંકા) કારોબારીની પ્રચંડ બહુમતી હતી, ચાર દેશોમાં (ફ્રાન્સ, ઇઝરાયેલ, કેન્યા અને યુ.કે.) કારોબારી સહિત હિતધારકોનું સંતુલિત પ્રતિનિધિત્વ હતું, ત્રણ દેશોમાં (ઇટાલી, નાઇજીરીયા અને પાકિસ્તાન) ન્યાયમૂર્તિઓની સંખ્યા બહુમતીમાં હતી. પંચો/સમિતિઓ/પરિષદો વિનાના પાંચ દેશોમાં (કેનેડા, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, બાંગ્લાદેશ અને યુનાઇટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા), ન્યાયતંત્ર સાથે વિચાર-વિમર્શની કોઈ ઔપચારિક પ્રક્રિયા વિના જ કારોબારી દ્વારા નિર્ણય લેવામાં આવતો હતો. એ નિર્દેશિત કરવામાં આવ્યું હતું કે, જર્મનીમાં નિમણૂકની પ્રક્રિયા સંસદ દ્વારા હાથ ધરવામાં આવતી હતી, અને પાછળથી રાષ્ટ્રપતિ દ્વારા તેની પુષ્ટિ કરવામાં આવતી હતી. એ નિર્દેશિત કરવામાં આવ્યું હતું કે, ઉપર ઉલ્લેખિત તમામ દેશોમાં ન્યાયતંત્ર સંપૂર્ણપણે સ્વતંત્ર હતું. ઉપરોક્ત રજૂઆતોના આધારે, એવી દલીલ કરવામાં આવી હતી કે, ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂકની પદ્ધતિને

"ન્યાયતંત્રની સ્વતંત્રતા" ના ખ્યાલ સાથે જોડી શકાય નહીં. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, ઉપર ઉલ્લેખિત દેશોમાં ન્યાયિક કામગીરી સંતોષકારક કરતાં પણ વધુ હોવાનું સ્વીકારવામાં આવ્યું હોવાથી, એવું માનવાને કોઈ કારણ નથી કે ભારતમાં દાખલ કરવામાં આવેલી નિમણૂક પ્રણાલી પર એનજેએસીમાં કારોબારીના એકમાત્ર પ્રતિનિધિ દ્વારા પ્રતિકૂળ અસર થશે. તેથી એવો દાવો કરવામાં આવ્યો હતો કે, બંધારણીય માળખા દ્વારા શાસિત (તેમાંથી કેટલાક વેસ્ટમિન્સ્ટર મોડેલના) અન્ય દેશોના અનુભવના સંદર્ભમાં પણ, અરજદારો તરફથી રજૂ કરવામાં આવેલી દલીલો સ્વીકાર્ય ન હતી.

૮૭. વધુમાં એવો દાવો કરવામાં આવ્યો હતો કે, એનજેએસીમાં ન્યાયમૂર્તિઓની સંપૂર્ણ બહુમતીની ગેરહાજરી પરથી એવું અનુમાન લગાવી શકાય નહીં કે તે બંધારણના "મૂળભૂત માળખા" નું ઉલ્લંઘન કરે છે, જેથી એવો નિષ્કર્ષ કાઢી શકાય કે તે "ન્યાયતંત્રની સ્વતંત્રતા" પર તરાપ મારશે. એવો દાવો કરવામાં આવ્યો હતો કે, શાસનના અન્ય બે અંગો, એટલે કે કારોબારી અને ધારાસભા કરતાં એનજેએસીમાં ન્યાયતંત્રનું પ્રતિનિધિત્વ વધુ મોટું હતું. કોઈપણ સંજોગોમાં, એનજેએસીમાં ન્યાયતંત્રના પ્રતિનિધિત્વને જોતાં, તે ઉચ્ચ ન્યાયતંત્રમાં એવા ઉમેદવારની નિમણૂકને અટકાવવા માટે સંપૂર્ણપણે સક્ષમ હતું, જેને ન્યાયિક પ્રતિનિધિઓ દ્વારા અયોગ્ય ગણવામાં આવ્યો હોય. અન્ય લોકો દ્વારા સમર્થન આપવામાં આવેલી કોઈપણ નિમણૂક પર વીટો કરવા માટે ન્યાયતંત્રના ત્રણ પ્રતિનિધિઓમાંથી કોઈપણ બે પૂરતા હતા.

૮૮. વધુમાં એવી રજૂઆત કરવામાં આવી હતી કે, ન્યાયતંત્ર, કારોબારીના પ્રતિનિધિઓ સાથે એનજેએસી વ્યાપક આધાર ધરાવતું હતું અને "બે પ્રતિષ્ઠિત વ્યક્તિઓ" ન્યાયશાસ્ત્રીઓ, પ્રતિષ્ઠિત કાનૂની શિક્ષણવિદો કે પ્રતિષ્ઠિત વકીલોની શ્રેણીમાં આવશે નહીં. એવી દલીલ કરવામાં આવી હતી કે, કોઈ કાનૂની પૃષ્ઠભૂમિ ન ધરાવતી હોય તેવી "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ" નો સમાવેશ કરવાનો આશય ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂકની પ્રક્રિયામાં સામાન્ય વ્યક્તિઓને એ જ રીતે દાખલ કરવાનો હતો, જે રીતે યુનાઈટેડ કિંગડમમાં જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશનમાં જોગવાઈ કરવામાં આવી છે.

૮૯. વિદ્વાન એટર્ની જનરલની એવી પણ દલીલ હતી કે, આ એવો પ્રથમ પ્રસંગ નહીં હોય જ્યારે આવી કવાયત પર સંસદીય કાયદા દ્વારા વિચાર કરવામાં આવ્યો હોય. કોર્ટનું ધ્યાન કન્ઝ્યુમર પ્રોટેક્શન એક્ટ, ૧૯૮૬ તરફ દોરવામાં આવ્યું હતું, જેમાં સર્વોચ્ચ ન્યાયનિર્ણય સત્તામંડળ નેશનલ કન્ઝ્યુમર ડિસ્પ્યુટ્સ રિડ્રેસલ કમિશન છે. એ નિર્દેશિત કરવામાં આવ્યું હતું કે, ઉપરોક્ત રિડ્રેસલ કમિશન ન્યાયિક પૃષ્ઠભૂમિ ધરાવતા અને ન ધરાવતા સભ્યોનું બનેલું હતું. નેશનલ કન્ઝ્યુમર ડિસ્પ્યુટ્સ રિડ્રેસલ કમિશનના અધ્યક્ષ એવી વ્યક્તિ હોવા જોઈએ, જે સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ રહી ચૂક્યા હોય. ઉદાહરણ તરીકે, એવી દલીલ કરવામાં આવી હતી કે, જ્યાં ત્રણ-સભ્યોની બેંચ દ્વારા કોઈ બાબતનો ન્યાયનિર્ણય કરવામાં આવતો હોય, ત્યાં સભ્યોમાંથી બે સભ્યો કોઈ ન્યાયિક પૃષ્ઠભૂમિ ધરાવતા ન પણ હોય. આ બે બિન-ન્યાયિક સભ્યો, ઉચ્ચ ન્યાયતંત્રમાં ભૂતપૂર્વ ન્યાયમૂર્તિ રહી ચૂકેલી વ્યક્તિ દ્વારા વ્યક્ત કરાયેલા અભિપ્રાયને

ઉલટાવી શકે છે. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, ઉપરોક્ત પ્રકારની પરિસ્થિતિઓ કેટલીકવાર બનતી હોય છે. તેમ છતાં, ન્યાયનિર્ણયની કામગીરી માટે આવી રચના, જ્યાં ન્યાયિક પૃષ્ઠભૂમિ ધરાવતા સભ્યો લઘુમતીમાં હોય, કાયદેસર અને બંધારણીય રીતે માન્ય છે. જો ઉપરોક્ત પરિસ્થિતિમાં ન્યાયિક સ્વતંત્રતા સાથે સમાધાન થયું હોવાનું માની શકાય નહીં, તો એવો દાવો કરવામાં આવ્યો હતો કે, એવી પરિસ્થિતિમાં તેની સાથે સમાધાન થયું હોવાનું કેવી રીતે ગણી શકાય તે સમજવું મુશ્કેલ હતું, જેમાં એનજેએસી પાસે તેના છ સભ્યોમાંથી ત્રણ સભ્યો ન્યાયિક બિરાદરીના હોય.

૯૦. એવું સૂચવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો કે, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં ન્યાયતંત્રની સર્વોચ્ચતાને બંધારણના "મૂળભૂત માળખા" નો ભાગ ગણી શકાય નહીં. વધુમાં, એનજેએસીમાં ન્યાયમૂર્તિઓની સંપૂર્ણ બહુમતીનો અભાવ પણ બંધારણીય સુધારો "મૂળભૂત માળખા" નું ઉલ્લંઘન કરતો હોવા સમાન ગણાશે નહીં. બાબતના ઉપરોક્ત સંદર્ભમાં, એવો દાવો કરવામાં આવ્યો હતો કે, "ન્યાયતંત્રની સ્વતંત્રતા" ને નબળી પાડીને બંધારણના "મૂળભૂત માળખા" ના ઉલ્લંઘનના પાસા પર, અરજદારોનું પ્રતિનિધિત્વ કરતા વિદ્વાન વકીલ દ્વારા રજૂ કરવામાં આવેલી દલીલો નકારી કાઢવાને પાત્ર હતી.

૯૧. છ-સભ્યોના એનજેએસીમાં બે "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ" ના સમાવેશના સંદર્ભમાં, એવી રજૂઆત કરવામાં આવી હતી કે, સામાન્ય જનતા

ન્યાયનિર્ણયની પ્રક્રિયામાં મુખ્ય હિતધારક હતી. અને તે મુજબ, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી/નિમણૂકમાં તેમની સહભાગિતા સુનિશ્ચિત કરવી અનિવાર્ય હતી. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, તેમની સહભાગિતા યોગ્ય નિર્ણય લેવા માટે આવશ્યક એવી પર્યાપ્ત વિવિધતા સુનિશ્ચિત કરશે. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, એમ.એન. વેંકટચલૈયા, મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા સૂચવવામાં આવેલા પંચના મોડેલમાં, એક પ્રતિષ્ઠિત વ્યક્તિની સહભાગિતાની જોગવાઈ કરવામાં આવી હતી. તેમનું નામાંકન ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથેના વિચાર-વિમર્શથી રાષ્ટ્રપતિ દ્વારા કરવાનું હતું. ૨૦૦૩ ના બિલમાં, જે સંસદ સમક્ષ મૂકવામાં આવ્યું હતું, તેમાં સૂચિત ન્યાયિક પંચમાં કારોબારી દ્વારા નામાંકિત કરવામાં આવનાર એક પ્રતિષ્ઠિત વ્યક્તિનો સમાવેશ કરવાનો હતો. ૨૦૧૩ ના બિલમાં, જે અગાઉની રાજકીય વ્યવસ્થા - યુ.પી.એ. સરકાર દ્વારા મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો હતો, તેમાં સૂચિત ન્યાયિક પંચમાં વડાપ્રધાન, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા દ્વારા પસંદ કરવામાં આવનાર બે પ્રતિષ્ઠિત વ્યક્તિઓ રાખવાની હતી. ૨૦૧૪ ના બિલમાં, જે વર્તમાન રાજકીય વ્યવસ્થા - એન.ડી.એ. સરકાર દ્વારા મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો હતો, તેમાં લગભગ તે જ રીતે પસંદ કરવામાં આવનાર બે પ્રતિષ્ઠિત વ્યક્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો, જે રીતે ૨૦૧૩ ના બિલ હેઠળ વિચારવામાં આવ્યું હતું. ફેરફાર માત્ર એ હતો કે, પ્રતિષ્ઠિત વ્યક્તિઓમાંથી એક વ્યક્તિ અનુસૂચિત જાતિ, અથવા અનુસૂચિત જનજાતિ, અથવા અન્ય પછાત વર્ગો, અથવા લઘુમતીઓ, અથવા મહિલાઓમાંથી હોવી જરૂરી હતી, જેથી સ્પષ્ટ

સામાજિક જવાબદારી પૂર્ણ થઈ શકે. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી માટેની વિચારણાઓમાં તેમની સહભાગિતાને ન્યાયિક સમુદાય માટે પ્રતિકૂળ તરીકે વર્ણવી શકાય નહીં. તેમની સહભાગિતા નિમણૂકની પ્રક્રિયાને વધુ વ્યાપક આધારવાળી બનાવશે.

૯૨. કોન્સ્ટીટ્યુશન (૯૯મો સુધારો) એક્ટમાં એનજેએસીમાં નામાંકિત થનારી "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ" ની પાત્રતા દર્શાવતી કોઈ માર્ગદર્શિકા આપવામાં આવી નથી, અને તેથી, તે રદબાતલ થવાને પાત્ર છે તેવી અસરવાળી અરજદારોના વિદ્વાન વકીલ તરફથી રજૂ કરવામાં આવેલી દલીલોનો જવાબ આપતાં, એવી રજૂઆત કરવામાં આવી હતી કે, "પ્રતિષ્ઠિત વ્યક્તિ" શબ્દ કોઈપણ રીતે અસ્પષ્ટ નહોતો. તેનો અર્થ એવો હતો - એવી વ્યક્તિ કે જેણે પોતાની વિશેષજ્ઞતાના ક્ષેત્રમાં વિશિષ્ટતા પ્રાપ્ત કરી હોય. બંધારણ સભાની ચર્ચાઓનો પણ સંદર્ભ આપવામાં આવ્યો હતો, અને અનુચ્છેદ ૧૨૪(૩) માં સમાવિષ્ટ "વિશિષ્ટ ન્યાયશાસ્ત્રી" શબ્દની ચર્ચા કરતી વખતે, એ નિર્દેશિત કરવામાં આવ્યું હતું કે, "વિશિષ્ટ વ્યક્તિ" શબ્દ અસ્પષ્ટ નહોતો. વર્તમાન પરિસ્થિતિમાં, એવી રજૂઆત કરવામાં આવી હતી કે, "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ" ની પસંદગી અને નામાંકન ઉચ્ચ બંધારણીય હોદ્દેદારો (ખુદ વડાપ્રધાન, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને લોકસભામાં વિરોધ પક્ષના નેતાથી કમ નહીં) ના હાથમાં હોવાથી, એવું માની લેવું સ્વાભાવિક હતું કે, નામાંકિત કરવામાં આવનાર વ્યક્તિ(ઓ)ની પસંદગી જે ફરજ અને જવાબદારી નિભાવવાની હતી તેને ધ્યાનમાં રાખીને કરવામાં આવશે. આ સંબંધમાં, સેન્ટર ફોર પબ્લિક ઇન્ટરેસ્ટ

લિટિગેશન કેસ૪૩ પર એવો દાવો કરવા આધાર રાખવામાં આવ્યો હતો કે, પ્રશ્ન હેઠળની સમિતિ જેવી ઉચ્ચ સ્તરીય સમિતિ પોતાની સત્તાઓનો ઉપયોગ ઉદ્દેશ્યપૂર્ણ રીતે અને ન્યાયી તેમજ વાજબી રીતે કરશે તેવું માની લેવું પૂરતું હતું. ઉપરોક્તના આધારે, એવી દલીલ કરવામાં આવી હતી કે, એ સુસ્થાપિત બાબત છે કે માત્ર વ્યાપક વિવેકાધીન સત્તાઓ આપવાથી જોગવાઈ પોતે દૂષિત થતી નથી.

૯૩. નવેમ્બર ૨૦૦૨ માં ધ હેગ ખાતે યોજાયેલ મુખ્ય ન્યાયમૂર્તિઓની રાઉન્ડ ટેબલ બેઠકમાં સુધાર્યા મુજબ, "બેંગલોર પ્રિન્સિપલ્સ ઓફ જ્યુડિશિયલ કન્ડક્ટ" માં ગણાવ્યા મુજબ અને ત્યારબાદ સમગ્ર વિશ્વમાં સ્વીકારવામાં આવ્યા મુજબ, ભારતીય સંદર્ભમાં માન્યતા પ્રાપ્ત ન્યાયમૂર્તિના આવશ્યક ગુણોનો સંદર્ભ આપતાં, એવી રજૂઆત કરવામાં આવી હતી કે, વિચારણા હેઠળના ઉમેદવારોના સંદર્ભમાં આવી બાબતોનું મૂલ્યાંકન કરવા માટે બે "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ" સૌથી વધુ યોગ્ય રહેશે. જ્યારે ન્યાયતંત્રમાંથી આવતા સભ્યોની પ્રાથમિક જવાબદારી મુખ્યત્વે સંબંધિત ઉમેદવારોની ન્યાયિક કુશાગ્રતા નક્કી કરવા સાથે સંબંધિત રહેશે, ત્યારે કારોબારીની જવાબદારી ઉમેદવારના ચારિત્ર્ય અને સત્યનિષ્ઠા નક્કી કરવાની રહેશે, અને ઉમેદવાર ઉચ્ચ ન્યાયતંત્રના ન્યાયમૂર્તિ પાસેથી અપેક્ષિત મૂલ્યો ધરાવે છે કે કેમ તે અંગેના ઈનપુટ્સ એનજેએસીમાંની "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ" ના રહેશે. તેથી એવો દાવો કરવામાં આવ્યો હતો કે, બે "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ" એવા સામાન્ય વ્યક્તિઓ હશે કે જેમને ન્યાયતંત્ર સાથે અથવા વકીલાતના વ્યવસાય સાથે પણ કોઈ સંબંધ ન હોય, કદાચ એવી

વ્યક્તિઓ કે જેઓ કાયદા સંબંધિત કોઈ શૈક્ષણિક લાયકાત ધરાવતા ન પણ હોય. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, ન્યાયમૂર્તિઓની નિમણૂકની પ્રવર્તમાન વ્યવસ્થા કરતાં એનજેએસીનું આ વ્યાપક આધારિત માળખું વધુ યોગ્ય સાબિત થવાનું જ હતું. આર. ગાંધી કેસ૩૮ પર આધાર રાખતાં, એવી રજૂઆત કરવામાં આવી હતી કે, કોઈ અલગ જૂથમાં, અથવા કોઈ એક જ જૂથ – ન્યાયતંત્રના પ્રતિનિધિઓનું પ્રભુત્વ ધરાવતી પસંદગી સમિતિમાં પસંદગીની પ્રક્રિયા નિહિત કરીને નિમણૂકો કરવી યોગ્ય રહેશે નહીં. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, ન્યાયિક નિમણૂકોની બાબતમાં, ઉદ્દેશ્ય ગુણાત્મક વ્યક્તિત્વ સાથે શ્રેષ્ઠ કાનૂની રીતે પ્રશિક્ષિત મગજોની પસંદગી કરવાનો હોવો જોઈએ. આ માટે, એટર્ની જનરલના જણાવ્યા અનુસાર, એક સામૂહિક વિચાર–વિમર્શની પ્રક્રિયા સૌથી યોગ્ય રહેશે. એ નિર્દેશિત કરવામાં આવ્યું હતું કે, ન્યાયિક પ્રવૃત્તિઓ સાથે કોઈ સંબંધ ન ધરાવતી "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ", અલિપ્તતાનું એક તત્વ દાખલ કરશે, અને એક સામાન્ય નાગરિકના પરિપ્રેક્ષ્યથી બિન–કાનૂની ક્ષમતાઓનું મૂલ્યાંકન કરવા માટે સ્વતંત્ર નિપુણતા લાવવામાં મદદ કરશે, અને તે રીતે, ન્યાય વિતરણ વ્યવસ્થાના તમામ હિતધારકોનું પ્રતિનિધિત્વ કરશે. એવી દલીલ કરવામાં આવી હતી કે, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂકમાં સામાન્ય જનતાની પ્રતિનિધિત્વપૂર્ણ ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ" ની ઉપસ્થિતિ આવશ્યક હતી. તેમની ઉપસ્થિતિ એ પણ સુનિશ્ચિત કરશે કે, પસંદગી પ્રક્રિયા વ્યાપક આધાર ધરાવતી હોય, અને પર્યાપ્ત વિવિધતા તથા જવાબદેહી પ્રતિબિંબિત

કરતી હોય, અને સમગ્ર વિશ્વમાં ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂકની વિકસતી પ્રક્રિયા સાથે સુસંગત હોય.

૯૪. વિદ્વાન એટર્ની જનરલે, ત્યારબાદ કાયદા અને ન્યાયના પ્રભારી કેન્દ્રીય મંત્રીના એનજેએસીમાં હોદ્દાની રૂએ સભ્ય તરીકે સમાવેશના મુદ્દા પર રજૂઆત કરી હતી. સૌપ્રથમ અનુચ્છેદો ૧૨૪ અને ૨૧૭ નો સંદર્ભ આપવામાં આવ્યો હતો, જેમ કે તેઓ મૂળરૂપે બંધારણમાં ઘડવામાં આવ્યા હતા. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, મૂળરૂપે, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની સત્તા ફક્ત રાષ્ટ્રપતિમાં જ નિહિત હતી. આ સંબંધમાં અનુચ્છેદ ૭૪ પર આધાર રાખવામાં આવ્યો હતો, જેના હેઠળ રાષ્ટ્રપતિ વડા પ્રધાનના નેતૃત્વ હેઠળની મંત્રી પરિષદની સહાય અને સલાહ પર કાર્ય કરવા બંધાયેલા હતા. એ નિર્દેશિત કરવામાં આવ્યું હતું કે, ઉપરોક્ત સ્થિતિ ફર્સ્ટ જજિસ કેસ દ્વારા આ રીતે જાહેર કરવામાં આવી હતી. અને તે રીતે, બંધારણના અમલની તારીખથી, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂકમાં કારોબારીની એકમાત્ર ભૂમિકા હતી. એવો દાવો કરવામાં આવ્યો હતો કે, આ સ્થિતિં પ્રથમ વખત ૧૯૯૩ મા સેકન્ડ જજિસ કેસ દ્વારા બદલાઈ હતી , જેમાં "વિચાર–વિમર્શ" શબ્દનો, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના સંદર્ભમાં, "સંમતિ" તરીકે અર્થ કરવામાં આવ્યો હતો. આવું અર્થઘટન કરવામાં આવતાં, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં પ્રાથમિકતા, કારોબારી પાસેથી ભારતના મુખ્ય ન્યાયમૂર્તિને (ન્યાયમૂર્તિઓના કોલેજિયમ દ્વારા સામૂહિક નિર્ણયના આધારે) હસ્તાંતરિત થઈ ગઈ. ઉપરોક્ત બાબત છતાં, કાયદા અને

ન્યાયના પ્રભારી કેન્દ્રીય મંત્રી, કારોબારીના પ્રતિનિધિ હોવાના કારણે, પસંદગી પ્રક્રિયામાં સતત ભૂમિકા ધરાવતા રહ્યા, જોકે તેમની સંડોવણી મૂળરૂપે ઘડવામાં આવેલા અનુચ્છેદો ૧૨૪ અને ૨૧૭ હેઠળ કારોબારીને સોંપવામાં આવેલી જવાબદારીની સરખામણીમાં નોંધપાત્ર રીતે મર્યાદિત હતી. એ નિર્દેશિત કરવામાં આવ્યું હતું કે, કાયદા અને ન્યાયના પ્રભારી કેન્દ્રીય મંત્રીનો એનજેએસીના સભ્ય તરીકે સમાવેશ કરીને, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂકની બાબતમાં કારોબારીની સહભાગી ભૂમિકા, વાસ્તવમાં મૂળ સ્થિતિની સરખામણીમાં ઘટાડી દેવામાં આવી હતી. કારણ કે, એનજેએસીમાં કારોબારીની ભૂમિકા કમિશનના છ સભ્યો પૈકી ઘટાડીને માત્ર એક સભ્ય પૂરતી કરી દેવામાં આવી હતી. બાબતના ઉપરોક્ત સંદર્ભમાં, એવો દાવો કરવામાં આવ્યો હતો કે, એનજેએસીના સભ્ય તરીકે કાયદા અને ન્યાયના પ્રભારી કેન્દ્રીય મંત્રીની ઉપસ્થિતિ સામે અસંતોષ વ્યક્ત કરવો અરજદારો માટે અવાજબી હતું.

૯૫. જ્યાં સુધી કેન્દ્રીય મંત્રીના એનજેએસીમાં સમાવેશનો સંબંધ છે ત્યાં સુધી, એવી રજૂઆત કરવામાં આવી હતી કે, એ હકીકતથી બચી શકાય તેમ નહોતું કે, પ્રશ્નગત મંત્રી ન્યાયતંત્ર અને સંસદ વચ્ચેની કડી સમાન બનશે. તેમના કાર્યોમાં ન્યાયિક સંસ્થાપનના કારોબાર વિશે સંસદને માહિતગાર કરવાની જવાબદારીનો સમાવેશ થશે. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, સહભાગી પ્રક્રિયામાંથી તેમની બાદબાકીના પરિણામે શાસનના બે મહત્વપૂર્ણ સ્તંભો વચ્ચે સંકલનનો અભાવ સર્જાશે. વધુમાં, એવી રજૂઆત કરવામાં આવી હતી કે પ્રશ્નગત મંત્રી, કારોબારીના સભ્ય તરીકે, કોઈ ચોક્કસ ઉમેદવારના પૂર્વવૃત્ત વિશેની

તમામ સુસંગત માહિતી મેળવી શકશે અને એનજેએસીને પૂરી પાડી શકશે, જે માહિતી એનજેએસીના બાકીના સભ્યો મેળવી શકે તેવી શક્યતા નથી. વિદ્વાન એટર્ની જનરલના જણાવ્યા અનુસાર, આ બાબત એ સુનિશ્ચિત કરશે કે ઉચ્ચ ન્યાયતંત્ર માટે સૌથી વધુ યોગ્ય વ્યક્તિઓની પસંદગી કરવામાં આવે. વધુમાં, એવી રજૂઆત કરવામાં આવી હતી કે કારોબારી ન્યાય વિતરણ વ્યવસ્થામાં એક મુખ્ય હિતધારક હતી, અને તે રીતે, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂકની પ્રક્રિયામાં તેમની ભૂમિકા હોવી અનિવાર્ય હતી.

૯૬. વિદ્વાન એટર્ની જનરલે એવો દાવો કરીને એનજેએસીમાં કેન્દ્રીય મંત્રીની ઉપસ્થિતિના સંદર્ભમાં તમામ આશંકાઓ દૂર કરી હતી કે, તેઓ નિમણૂકોનું રાજકારણીકરણ કરવાની સ્થિતિમાં રહેશે નહીં, કારણ કે તેઓ એનજેએસીના છ સભ્યો પૈકીના માત્ર એક સભ્ય હતા. અને એ કે, જો પ્રશ્નગત મંત્રી રાજકીય બાબતોને ધ્યાનમાં રાખીને કોઈ ચોક્કસ ઉમેદવારની તરફેણ કરવા માંગતા હોય તો પણ, અન્ય સભ્યો પર્યાપ્ત નિયંત્રણરૂપ બનશે. વિદ્વાન એટર્ની જનરલ દ્વારા આ રજૂઆત શાસક રાજકીય વ્યવસ્થા સાથે કેન્દ્રીય મંત્રીના રાજકીય ઝુકાવના કારણે અરજદારોએ વ્યક્ત કરેલા અનુમાનિત ડરને ધ્યાનમાં રાખીને કરવામાં આવી હતી. તે અનુસાર એવો દાવો કરવામાં આવ્યો હતો કે, છ સભ્યોના કમિશનમાં કારોબારીના એક સભ્યની ઉપસ્થિતિ "ન્યાયતંત્રની સ્વતંત્રતા" ને અસર કરશે નહીં, જે એ સ્પષ્ટ અને અસંદિગ્ધ નિષ્કર્ષ તરફ દોરી જાય છે કે, એનજેએસીમાં કાયદા અને ન્યાયના પ્રભારી કેન્દ્રીય મંત્રીની ઉપસ્થિતિ બંધારણના "મૂળભૂત માળખા" નું ઉલ્લંઘન કરશે નહીં.

૯૭. મદ્રાસ બાર એસોસિએશન કેસ૩૫ માં આ કોર્ટ દ્વારા આપવામાં આવેલા ચુકાદાનો સંદર્ભ આપતાં, એવી રજૂઆત કરવામાં આવી હતી કે, પ્રશ્નગત ટ્રિબ્યુનલ માટે, તેના સભ્યોની પસંદગીમાં કારોબારીની ભાગીદારી અસમર્થનીય ઠેરવવામાં આવી હતી, કારણ કે ટ્રિબ્યુનલ દ્વારા જે બાબતોનો ન્યાયનિર્ણય કરવાનો હતો તે દરેક બાબતમાં કારોબારી એક હિતધારક હતી. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, જ્યાં સુધી ઉચ્ચ ન્યાયતંત્રનો સંબંધ હતો ત્યાં સુધી ઉપરોક્ત સ્થિતિ પ્રવર્તતી ન હતી, કારણ કે ઉચ્ચ ન્યાયતંત્ર સમક્ષના હિતધારકો વૈવિધ્યસભર હતા. તેથી, એવી રજૂઆત કરવામાં આવી હતી કે, માત્ર એનજેએસીના હોદ્દાની રૂએ સભ્ય તરીકે કેન્દ્રીય મંત્રીની ઉપસ્થિતિના કારણોસર એનજેએસીની માન્યતાને પડકારી શકાય નહીં.

૯૮. એવો દાવો કરવામાં આવ્યો હતો કે, એનજેએસી મારફતે ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની પદ્ધતિના બે મુખ્ય ફાયદાઓ થશે. તે ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂકની પ્રક્રિયામાં પારદર્શિતા લાવશે, જે આ અગાઉ અત્યંત ગુપ્ત રહેતી હતી, જેમાં નાગરિક સમાજ ઉમેદવારોની યોગ્યતા નક્કી કરવામાં અપનાવવામાં આવતા ધોરણો અને માપદંડો વિશે વિચારતો રહી જતો હતો. બીજું, એનજેએસી પસંદગી પ્રક્રિયામાં વિવિધતા લાવશે, જે નિમણૂકોની બાબતમાં આગળ જતાં જવાબદેહી તરફ દોરી જશે. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, માત્ર મુકદ્દમો લડતી જનતા કે પ્રેક્ટિસ કરતા વકીલો જ નહીં, પરંતુ નાગરિક સમાજને પણ જાણવાનો અધિકાર હતો. એ નિર્દેશિત કરવામાં આવ્યું હતું કે, જ્યાં સુધી કાયદાકીય પ્રક્રિયાનો સંબંધ છે, સંસદમાં થતી

ચર્ચાઓ હવે જાહેર ક્ષેત્રમાં છે. કારોબારી દ્વારા નક્કી કરવામાં આવતા વ્યક્તિઓના અધિકારો, ધ રાઇટ ટુ ઇન્ફોર્મેશન એક્ટ, ૨૦૦૫ હેઠળ પારદર્શક બન્યા છે. એવી રજૂઆત કરવામાં આવી હતી કે તેવી જ રીતે, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂકની જાણ નાગરિક સમાજને થવી જોઈએ, જેથી માત્ર નિષ્પક્ષતા જ નહીં, પરંતુ એ બાબતની ખાતરી પણ મળી રહે કે, ઇચ્છુક વ્યક્તિઓમાંથી શ્રેષ્ઠ વ્યક્તિઓની ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક કરવામાં આવી રહી છે.

૯૯. કોન્સ્ટીટ્યુશન (૯૯મો સુધારો) એક્ટ દ્વારા દાખલ કરવામાં આવેલા અનુચ્છેદ ૧૨૪એ(૨) નો સંદર્ભ આપતાં, એવો દાવો કરવામાં આવ્યો હતો કે, એનજેએસીના એક અથવા વધુ સભ્યોની બિન–ઉપલબ્ધતા (અને/અથવા અસમર્થતા) ના કારણે કોઈ બંધારણીય પ્રક્રિયા અટકાવી શકાય નહીં. જેથી એનજેએસીની રચનામાં રહેલી કોઈ ખામી, અથવા તેમાં કોઈ ખાલી જગ્યા, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂકની પ્રક્રિયાને પ્રતિકૂળ અસર ન કરે. અનુચ્છેદ ૧૨૪એ(૨) માં જોગવાઈ કરવામાં આવી હતી કે, એનજેએસીની રચનામાં કોઈ ખાલી જગ્યા અથવા કોઈ ખામીના કારણોસર એનજેએસીની કાર્યવાહી સામે પ્રશ્ન ઉઠાવી શકાય નહીં અથવા તેને અમાન્ય ઠેરવી શકાય નહીં. એવી દલીલ કરવામાં આવી હતી કે, સમાન જોગવાઈઓ ધરાવતા સંખ્યાબંધ વૈધાનિક અધિનિયમો અસ્તિત્વમાં હોવાથી, અરજદારો દ્વારા અનુચ્છેદ ૧૨૪એ(૨) સામે નારાજગી દર્શાવવી અયોગ્ય હતી. આ સંબંધમાં, અન્ય બાબતોની સાથે સાથે કોર્ટનું ધ્યાન ધ સેન્ટ્રલ વિજીલન્સ કમિશન એક્ટ,

૨૦૦૩ ની કલમ ૪(૨), ધ લોકપાલ એન્ડ લોકાયુક્ત એક્ટ, ૨૦૧૩ ની કલમ ૪(૨), ધ નેશનલ કમિશન ફોર બેકવર્ડ ક્લાસીસ એક્ટ, ૧૯૯૩ ની કલમ ૭, ધ કન્ઝ્યુમર પ્રોટેક્શન એક્ટ, ૧૯૮૬ ની કલમ ૨૯એ, ધ એડવોકેટ્સ વેલ્ફેર એક્ટ, ૨૦૦૧ ની કલમ ૭, ધ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન એક્ટ, ૧૯૫૬ ની કલમ ૮, ધ પ્રોટેક્શન ઓફ હ્યુમન રાઈટ્સ એક્ટ, ૧૯૯૩ ની કલમ ૯, ધ નેશનલ કમિશન ફોર માઈનોરિટીઝ એક્ટ, ૧૯૯૩ ની કલમ ૭, ધ નેશનલ કમિશન ફોર માઈનોરિટી એજ્યુકેશનલ ઈન્સ્ટીટ્યુશન્સ એક્ટ, ૨૦૦૪ ની કલમ ૮, ધ પર્સન્સ વિથ ડીસેબિલિટીઝ (ઇક્વલ ઓપોર્ચ્યુનિટીઝ, પ્રોટેક્શન ઓફ રાઈટ્સ એન્ડ ફૂલ પાર્ટીસિપેશન) એક્ટ, ૧૯૯૫ ની કલમ ૨૪, અને તે જ પ્રકારના અન્ય સંખ્યાબંધ કાયદાકીય અધિનિયમો તરફ દોરવામાં આવ્યું હતું. બેંગલોર વુલન, કોટન એન્ડ સિલ્ક મિલ્સ કંપની લિમિટેડ વિ. કોર્પોરેશન ઓફ ધ સિટી ઓફ બેંગલોર૬૦, ખાદીમ હુસૈન વિ. સ્ટેટ ઓફ યુ.પી.૬૧, બી.કે. શ્રીનિવાસન વિ. સ્ટેટ ઓફ કર્ણાટક૬૨, અને પીપલ્સ યુનિયન ફોર સિવિલ લિબર્ટીઝ વિ. યુનિયન ઓફ ઈન્ડિયા૬૩ ના ચુકાદાઓ પર આધાર રાખીને, એવો દાવો કરવામાં આવ્યો હતો કે, સમાન પ્રકૃતિની જોગવાઈઓની તપાસ કરતાં ૬૩ (૨૦૦૫) ૫ એસ.સી.સી. ૩૬૩ આ કોર્ટે વારંવાર ઠેરવેલ કે, આધુનિક કાયદાકીય અધિનિયમો એ સુનિશ્ચિત કરે છે કે, પ્રક્રિયાની એવી ખામીઓ, જે કોઈ નોંધપાત્ર પૂર્વગ્રહ તરફ દોરી જતી નથી, તેને કાયદાકીય રીતે પડકારના દાયરા બહાર રાખવામાં આવે છે. તે અનુસાર એવો દાવો કરવામાં આવ્યો હતો કે, તકનીકી અનિયમિતતાના કારણસરની અમાન્યતા ન્યાયિક સમીક્ષામાંથી

બાકાત હોઈ, અનુચ્છેદ ૧૨૪એ ના ખંડ (૨) ની બંધારણીય માન્યતા પર અરજદારો વતી રજૂ કરવામાં આવેલી દલીલો સીધેસીધી ફગાવી દેવાને પાત્ર હતી.

૧૦૦. વિદ્વાન એટર્ની જનરલની એવી દલીલ હતી કે, એનજેએસી અતિશય પ્રત્યાયોજનના દોષથી પીડાતું ન હતું. એ બાબતનો પુનરોચ્ચાર કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો કે, "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ" ના નામાંકનની સત્તા સુરક્ષિત અને યોગ્ય રીતે ભારતના વડા પ્રધાન, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને વિરોધ પક્ષના નેતાની વિવેકબુદ્ધિ પર છોડી દેવામાં આવી હતી સંસદ. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, ઉચ્ચ ન્યાયતંત્રમાં નિમણૂક માટે ન્યાયમૂર્તિઓની પસંદગી કરતી વખતે ક્ષમતા, ગુણવત્તા અને યોગ્યતા સ્પષ્ટપણે એનજેએસી નું ધ્યાન આકર્ષિત કરશે તેવી વિશિષ્ટ જોગવાઈ કરીને પસંદગી માટેના માપદંડનું સીમાંકન કરતા એનજેએસી એક્ટની કલમ ૫ અને ૬ માં વ્યક્ત કરવામાં આવેલા માપદંડોએ આ પસંદગી અને નિમણૂક પ્રક્રિયા માટેના માપદંડો સ્પષ્ટપણે નિર્ધારિત કર્યા હતા. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, ક્ષમતા, ગુણવત્તા અને યોગ્યતા નક્કી કરવા માટેની પદ્ધતિઓ નિયમો અને વિનિયમો દ્વારા વધુ વિગતવાર દર્શાવવામાં આવશે. અને એ કે, બારમાં પ્રેક્ટિસના લઘુત્તમ વર્ષોની સંખ્યા, દલીલ કરાયેલા કેસોની સંખ્યા અને પ્રકાર, પ્રતિષ્ઠિત જર્નલોમાં શૈક્ષણિક પ્રકાશનો, લઘુત્તમ અને મહત્તમ વય, અને તેવા જ અન્ય પરિબળો માટે પણ સમાન રીતે જોગવાઈ કરવામાં આવશે. એવી દલીલ કરવામાં આવી હતી કે, આ તમામ સ્પષ્ટપણે વ્યાખ્યાયિત માપદંડો ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂકની પ્રક્રિયાને પારદર્શક

બનાવશે, અને એ પણ સુનિશ્ચિત કરશે કે, વિચારણા હેઠળના ઉમેદવારો લઘુત્તમ ઇચ્છિત ધોરણો ધરાવતા હોય. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, હાઇકોર્ટોના મુખ્ય ન્યાયમૂર્તિઓ અને ન્યાયમૂર્તિઓની નિમણૂક અને બદલી માટેની, તેમજ સુપ્રિમ કોર્ટમાં ન્યાયમૂર્તિઓની બઢતી માટેની મેમોરેન્ડમ ઓફ પ્રોસિજર આવી કોઈપણ વિગતોથી રહિત હતી, અને કોઈપણ નિર્ધારિત માપદંડની ગેરહાજરીના પરિણામે છેક સુપ્રિમ કોર્ટમાં પણ એવા ન્યાયમૂર્તિઓની નિમણૂક થઈ હતી, જેને સામાન્ય રીતે ટાળવી જોઈતી હતી. વિદ્વાન એટર્ની જનરલે ત્રણ દ્રષ્ટાંતોનો સંદર્ભ આપ્યો હતો, જેને તેમના જણાવ્યા મુજબ, સૌ કોઈ દ્વારા એક અવાજે વખોડી કાઢવામાં આવ્યા હતા. તેમના જણાવ્યા અનુસાર, આ કોર્ટમાં નિમણૂક પામેલા ન્યાયમૂર્તિઓ પૈકીના એક ન્યાયમૂર્તિ બિન-કાર્યક્ષમ (નોન-પરફોર્મર) હતા કારણ કે તેમણે દિલ્હી અને કેરળની હાઇકોર્ટોના ન્યાયમૂર્તિ તરીકે માંડ થોડા ચુકાદાઓ આપ્યા હતા, અને ઉત્તરાખંડ તથા કર્ણાટક હાઇકોર્ટોના મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે તેનાથી પણ ઘણા ઓછા ચુકાદાઓ આપ્યા હતા, અને સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ તરીકેના તેમના સમગ્ર કાર્યકાળ દરમિયાન દસ કરતાં પણ ઓછા ચુકાદાઓ આપ્યા હતા. તેમના જણાવ્યા મુજબ, બીજા ન્યાયમૂર્તિ કોર્ટની કાર્યવાહી શરૂ કરવામાં કુખ્યાત રીતે મોડા પડતા હતા, જે આદત સદર ન્યાયમૂર્તિમાં પટના અને રાજસ્થાન હાઇકોર્ટોના ન્યાયમૂર્તિ તરીકે, અને ત્યારબાદ, ઝારખંડ હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે, તેમજ સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ તરીકે પણ સતત ચાલુ રહી હતી. વિદ્વાન એટર્ની જનરલના જણાવ્યા અનુસાર, ત્રીજા ન્યાયમૂર્તિ નિવૃત્ત થયા પછી પોતાના મંતવ્યો ટ્વીટ કરવાની તેમની આદતના કારણે, કુખ્યાત રીતે

ટ્વિટિંગ જજ તરીકે વર્ણવવામાં આવ્યા હતા. સામાવાળાઓ તરફથી ઉપસ્થિત વિદ્વાન વકીલે વિદ્વાન એટર્ની જનરલ દ્વારા આપવામાં આવેલા ઉપરોક્ત વર્ણન પરથી ન્યાયમૂર્તિઓની ઓળખ સમજી લીધી હોવાનું સ્વીકાર્યું હતું, અને ઉલ્લેખિત ન્યાયમૂર્તિઓના સંદર્ભમાં જણાવવામાં આવેલી વાસ્તવિક સ્થિતિને પણ પુષ્ટિ આપી હતી. વિદ્વાન એટર્ની જનરલે કારોબારી દ્વારા પ્રતિકૂળ અભિપ્રાય વ્યક્ત કરવામાં આવ્યો હોવા છતાં, વિવિધ હાઇકોર્ટોમાં કરવામાં આવેલી ન્યાયમૂર્તિઓની નિમણૂકો વિશેનું એક સંકલન (સીલબંધ કવરમાં) પણ અમને સોંપ્યું હતું. આ સંકલનમાં હાઇકોર્ટોમાં પાંચ ન્યાયમૂર્તિઓની બઢતી (- જમ્મુ અને કાશ્મીર હાઇકોર્ટમાં બે ન્યાયમૂર્તિઓ, પંજાબ અને હરિયાણા હાઇકોર્ટમાં એક ન્યાયમૂર્તિ, પટના હાઇકોર્ટમાં એક ન્યાયમૂર્તિ, અને કલકત્તા હાઇકોર્ટમાં એક ન્યાયમૂર્તિ) અને સુપ્રિમ કોર્ટમાં ત્રણ ન્યાયમૂર્તિઓની બઢતીનો સંદર્ભ આપવામાં આવ્યો હતો. એ સ્પષ્ટ કરી શકાય કે સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓના સંદર્ભમાં વાંધો તેમની યોગ્યતા સંબંધિત ન હતો, પરંતુ એ કારણસર હતો કે કેટલીક હાઇકોર્ટો સુપ્રિમ કોર્ટમાં પ્રતિનિધિત્વ ધરાવતી ન હતી. તેથી અમે ઉપરોક્ત સ્થિતિને ૧૯૯૩ થી આજ સુધીના સમયગાળાને આવરી લેતી સમજીશું. પરંતુ તેમની એવી દલીલ ન હતી કે, આ બઢતીઓ અયોગ્ય સાબિત થઈ હતી. અમે માત્ર એટલું નોંધી શકીએ છીએ કે, ઉલ્લેખિત ત્રણ સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓ પૈકીના બે ન્યાયમૂર્તિઓ સમય જતાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના ઉચ્ચ હોદ્દા પર બઢતી પામ્યા હતા.

૧૦૧. અરજદારોનું પ્રતિનિધિત્વ કરતા વિદ્વાન વકીલ દ્વારા કરવામાં આવેલા એ દાવા સામે વિદ્વાન એટર્ની જનરલે જોરદાર વિરોધ કર્યો હતો કે, એનજેએસી ની કામગીરી માટે નિયમો અને વિનિયમો ઘડવાની સત્તા માર્ગદર્શનવિહીન હતી, કારણ કે, ન તો બંધારણીય સુધારામાં કે ન તો વૈધાનિક અધિનિયમમાં યોગ્યતાના માપદંડને લગતા નિયમો અને વિનિયમો ઘડવા માટેના કોઈપણ માપદંડો પૂરા પાડવામાં આવ્યા હતા. આ સંબંધમાં, એવી રજૂઆત કરવામાં આવી હતી કે, અનુચ્છેદ ૧૨૪બી અને ૧૨૪સી માંથી પૂરતી માર્ગદર્શિકાઓ મેળવી શકાય તેમ હતી. ઉપરોક્ત ઉપરાંત, એનજેએસી એક્ટની કલમ ૫(૨), ૬(૧) અને ૬(૩) તરફ કોર્ટનું ધ્યાન દોરવામાં આવ્યું હતું, જેમાં ન્યાયમૂર્તિઓની નિમણૂક માટે યોગ્યતાના માપદંડો નિર્ધારિત કરવામાં આવ્યા હતા. આ સંબંધમાં, એવો પણ દાવો કરવામાં આવ્યો હતો કે, અનુચ્છેદ ૧૨૪ માં, જ્યારે તે મૂળરૂપે ઘડવામાં આવ્યો હતો ત્યારે, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂક માટે માત્ર મૂળભૂત પાત્રતાની શરતો જ નિર્ધારિત કરવામાં આવી હતી, પરંતુ યોગ્યતાના કોઈ માપદંડો દર્શાવવામાં આવ્યા ન હતા. એવો પણ દાવો કરવામાં આવ્યો હતો કે, ન્યાયમૂર્તિઓની નિમણૂક માટેની પ્રક્રિયા અને શરતો પણ નિર્ધારિત કરવામાં આવી ન હતી. તેની સામે, એ નિર્દેશિત કરવામાં આવ્યું હતું કે, અનુચ્છેદ ૧૨૪બી અને ૧૨૪સી તથા એનજેએસી એક્ટની કલમ ૫(૨), ૬(૧) અને ૬(૩) માં ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક માટેના ઉમેદવારની યોગ્યતા નક્કી કરવા માટેની શરતો અને માર્ગદર્શિકાઓ સ્પષ્ટપણે નિર્ધારિત કરવામાં આવી હતી. ઉપરોક્ત વિશ્લેષણના આધારે, એવી રજૂઆત કરવામાં આવી હતી

કે, ન તો બંધારણીય સુધારો "મૂળભૂત માળખા" નો ભંગ કરતો હતો, કે ન તો એનજેએસી એક્ટ બંધારણીય રીતે અમાન્ય હતો. ઉપરોક્ત કારણોસર, એવો દાવો કરવામાં આવ્યો હતો કે, અરજદારો દ્વારા ઉપસ્થિત કરવામાં આવેલો પડકાર ફગાવી દેવાને પાત્ર હતો.

૧૦૨. શ્રી ફલી એસ. નરીમન દ્વારા રજૂ કરવામાં આવેલી તકનીકી રજૂઆતના પ્રત્યુત્તરમાં, એટલે કે કેન્દ્ર સરકાર દ્વારા ૧૩.૪.૨૦૧૫ ના રોજ અધિકૃત ગેઝેટમાં બહાર પાડવામાં આવેલા જાહેરનામાના પરિણામે કોન્સ્ટીટ્યુશન (૯૯મો સુધારો) એક્ટ અમલમાં લાવવામાં આવ્યો હોવાથી, કોન્સ્ટીટ્યુશન (૯૯મો સુધારો) એક્ટ અમલમાં આવ્યો તે પહેલાં એનજેએસી બિલ પરની વિચારણા અને એનજેએસી એક્ટ પસાર કરવાના પરિણામે તે અમાન્ય અને શૂન્ય ઠરશે, તેના જવાબમાં વિદ્વાન એટર્ની જનરલે અમારું ધ્યાન અનુચ્છેદ ૧૧૮ તરફ દોર્યું હતું, જે સંસદના દરેક ગૃહને તેમના કામકાજના સંચાલનની બાબતમાં તેમની પ્રક્રિયાનું નિયમન કરવા માટે નિયમો બનાવવાની સત્તા આપે છે. એ નિર્દેશિત કરવામાં આવ્યું હતું કે, લોકસભા દ્વારા રુલ્સ ઓફ પ્રોસિજર એન્ડ કન્ડક્ટ ઓફ બિઝનેસ ઓફ ધ લોકસભા યોગ્ય રીતે ઘડવામાં આવ્યા હતા. ઉપરોક્ત નિયમોનો એક સંબંધિત અંશ અમને સોંપવામાં આવ્યો હતો. તે પૈકીનો રુલ ૬૬ નીચે ટાંકવામાં આવે છે:

"૬૬. કોઈ બિલ, જે ગૃહ સમક્ષ પેન્ડિંગ હોય તેવા અન્ય બિલ પર સંપૂર્ણપણે અથવા આંશિક રીતે નિર્ભર હોય, તે જેના પર નિર્ભર છે તે બિલ પસાર થવાની અપેક્ષાએ ગૃહમાં રજૂ કરી શકાય છે:

પરંતુ શરત એ છે કે બીજું બિલ ગૃહો દ્વારા પ્રથમ બિલ પસાર કરવામાં આવે અને રાષ્ટ્રપતિ દ્વારા તેને સંમતિ આપવામાં આવે ત્યાર પછી જ ગૃહમાં વિચારણા અને પસાર કરવા માટે હાથ પર લેવામાં આવશે."

રુલ ૬૬ હેઠળના પરંતુકનો સંદર્ભ આપીને, એ સ્વીકારવામાં આવ્યું હતું કે સ્વતંત્ર રીતે વાંચવામાં આવે તો આ નિયમ શ્રી ફલી એસ. નરીમનની રજૂઆતોને સંપૂર્ણપણે વાજબી ઠેરવે છે. જોકે એ નિર્દેશિત કરવામાં આવ્યું હતું કે, રુલ ૩૮૮ હેઠળ ઉપરોક્ત નિયમ મોકૂફ રાખવાની માગણી કરવા માટે સંસદ સ્વતંત્ર હતી. રુલ ૩૮૮ પણ નીચે ટાંકવામાં આવે છે:

"૩૮૮. કોઈપણ સભ્ય, અધ્યક્ષની સંમતિથી, ગૃહ સમક્ષના ચોક્કસ પ્રસ્તાવના સંબંધમાં કોઈપણ નિયમનો અમલ મોકૂફ રાખવામાં આવે તેવી દરખાસ્ત મૂકી શકે છે અને જો પ્રસ્તાવ પસાર થાય તો પ્રશ્નગત નિયમ હાલ પૂરતો મોકૂફ રહેશે."

ત્યારબાદ વિદ્વાન એટર્ની જનરલે અમને લોકસભાની તારીખ ૧૨.૮.૨૦૧૪ ની કાર્યવાહીની નકલ સોંપી હતી, જેમાં અન્ય બાબતોની સાથે સાથે કોન્સ્ટીટ્યુશન (૧૨૧મો સુધારો) બિલ અને એનજેએસી બિલનો સમાવેશ થતો હતો. તેમણે એ

હકીકત તરફ અમારું ધ્યાન દોર્યું હતું કે, પ્રસ્તાવ રજૂ કરતી વખતે, તત્કાલીન કાયદા અને ન્યાયના પ્રભારી કેન્દ્રીય મંત્રીએ રુલ્સ ઓફ પ્રોસિજર એન્ડ કન્ડક્ટ ઓફ બિઝનેસ ઇન લોકસભાના રુલ ૬૬ ના પરંતુકને મોકૂફ રાખવાની માગણી કરી હતી અને તેમને તેની મંજૂરી આપવામાં આવી હતી. રુલ ૩૮૮ ની મોકૂફી દર્શાવતા પ્રસ્તાવનો સંબંધિત અંશ નીચે પુનઃ રજૂ કરવામાં આવે છે:

"રુલ ૩૮૮ હેઠળનો પ્રસ્તાવ

શ્રી રવિશંકર પ્રસાદે નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો:- "આ ગૃહ નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન બિલ, ૨૦૧૪ ને વિચારણામાં લેવા અને પસાર કરવા માટેના પ્રસ્તાવોના સંબંધમાં રુલ્સ ઓફ પ્રોસિજર એન્ડ કન્ડક્ટ ઓફ બિઝનેસ ઇન લોકસભાના રુલ ૬૬ ના પરંતુકને મોકૂફ રાખે છે, કારણ કે તે કોન્સ્ટીટ્યુશન (વન હન્ડ્રેડ એન્ડ ટ્વેન્ટી-ફર્સ્ટ એમેન્ડમેન્ટ) બિલ, ૨૦૧૪ પર નિર્ભર છે."

પ્રસ્તાવ સ્વીકારવામાં આવ્યો હતો.

બિલોની વિચારણા માટેના પ્રસ્તાવો એટલે કે (૧) ધ કોન્સ્ટીટ્યુશન (વન હન્ડ્રેડ એન્ડ ટ્વેન્ટી-ફર્સ્ટ એમેન્ડમેન્ટ) બિલ, ૨૦૧૪ (નવા અનુચ્છેદ ૧૨૪એ, ૧૨૪બી અને ૧૨૪સી નો સમાવેશ); અને (૨) ધ નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન બિલ, ૨૦૧૪ શ્રી રવિશંકર પ્રસાદ દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા."

અનુચ્છેદ ૧૧૮ હેઠળ ઘડવામાં આવેલા નિયમોના બળ પર આધાર રાખીને, વિદ્વાન એટર્ની જનરલે અનુચ્છેદ ૧૨૨ પર પણ આધાર રાખ્યો હતો, જે નીચે પુનઃ રજૂ કરવામાં આવે છે:

> "૧૨૨. કોર્ટો સંસદની કાર્યવાહીની તપાસ કરશે નહીં.- (૧) પ્રક્રિયાની કોઈપણ કથિત અનિયમિતતાના કારણોસર સંસદની કોઈપણ કાર્યવાહીની માન્યતા સામે પ્રશ્ન ઉઠાવી શકાશે નહીં.
>
> (૨) સંસદમાં પ્રક્રિયા અથવા કામકાજના સંચાલનનું નિયમન કરવા માટે, અથવા વ્યવસ્થા જાળવવા માટે આ બંધારણ દ્વારા અથવા તે હેઠળ જેમનામાં સત્તાઓ નિહિત કરવામાં આવી હોય તેવા સંસદના કોઈપણ અધિકારી અથવા સભ્ય, તેમના દ્વારા તે સત્તાઓના ઉપયોગના સંબંધમાં કોઈપણ કોર્ટના અધિકારક્ષેત્રને અધીન રહેશે નહીં."

અનુચ્છેદ ૧૨૨ ના આધારે, એવી રજૂઆત કરવામાં આવી હતી કે, ખુદ બંધારણમાં જ એવી પરિકલ્પના કરવામાં આવી હતી કે, પ્રક્રિયામાં કથિત અનિયમિતતાના કારણોસર સંસદની કાર્યવાહીની માન્યતા સામે પ્રશ્ન ઉઠાવી શકાય નહીં. અનુચ્છેદ ૧૧૮ હેઠળ સંસદ દ્વારા નિર્ધારિત પ્રક્રિયાનું યોગ્ય રીતે પાલન કરવામાં આવ્યું હતું તેનો પુનરોચ્ચાર કરતાં, એવી રજૂઆત કરવામાં આવી હતી કે જો તેમ ન પણ કરવામાં આવ્યું હોત, તો પણ જ્યાં સુધી કાયદો ઘડવાની સંસદની સત્તા પર પ્રશ્ન ન ઉઠાવવામાં આવ્યો હોય ત્યાં સુધી, એનજેએસી એક્ટ ઘડવામાં પ્રક્રિયાગત ખામીઓના આધારે કોઈ પડકાર કરી શકાય નહીં. આ

સંબંધમાં, એવી દલીલ કરવા માટે અનુચ્છેદ ૨૪૬ નો પણ સંદર્ભ આપવામાં આવ્યો હતો કે, સંસદની એનજેએસી એક્ટ ઘડવાની સક્ષમતા સ્પષ્ટપણે અને અસંદિગ્ધ રીતે સંસદમાં નિહિત હતી. ઉપરોક્ત દલીલના સમર્થનમાં, ફેડરલ કોર્ટ દ્વારા આપવામાં આવેલા ઇન રે: હિન્દુ વુમેન્સ રાઇટ્સ ટુ પ્રોપર્ટી એક્ટ, ૧૯૩૭૬૪ પર આધાર રાખવામાં આવ્યો હતો, જેમાં તેણે નીચે મુજબ અવલોકન કર્યું હતું:

> "પરિશિષ્ટ ૯ માં સમાવિષ્ટ જોગવાઈઓ પૈકીની એક એ છે કે, જ્યાં સુધી બંને ગૃહો દ્વારા કોઈ સુધારા વિના અથવા માત્ર બંને ગૃહો દ્વારા સંમત થઈ શકાય તેવા સુધારાઓ સાથે સંમતિ આપવામાં ન આવે ત્યાં સુધી કોઈપણ બિલ ભારતીય ધારાસભા દ્વારા પસાર કરવામાં આવ્યું હોવાનું માનવામાં આવશે નહીં. એ સ્વીકૃત સ્થિતિ છે કે હિન્દુ વુમેન્સ રાઇટ્સ ટુ પ્રોપર્ટી બિલ પર ભારતીય ધારાસભાના બંને ગૃહો દ્વારા કોઈ સુધારા વિના સંમતિ આપવામાં આવી હતી, અને ગવર્નર-જનરલની સંમતિ મળતાની સાથે જ તે એક અધિનિયમ બની ગયું હતું (પરિશિષ્ટ ૯, ફકરો ૬૮ (૨)). ત્યાં સુધી આ કોર્ટ કે અન્ય કોઈપણ કોર્ટ પાસે તે કાયદેસરનો કાયદો હતો કે નહીં તે નક્કી કરવાનું અધિકારક્ષેત્ર નહોતું. કોઈ અધિનિયમ કાયદેસર રીતે પસાર કરવામાં આવ્યો હતો કે નહીં તે નક્કી કરવાના હેતુસર ક્યારેક કોઈ કોર્ટ માટે ધારાસભાની કાર્યવાહીની તપાસ કરવી જરૂરી બની શકે છે: ઉદાહરણ તરીકે, શું તે હકીકતમાં, જેમ કે ભારતીય ધારાસભાના કિસ્સામાં કાયદો આવશ્યક બનાવે છે તેમ, ગવર્નર-જનરલની સંમતિ પ્રાપ્ત થાય તે

પહેલાં ધારાસભાના બંને ગૃહો દ્વારા પસાર કરવામાં આવ્યો હતો કે કેમ. પરંતુ કોર્ટને એવું જણાતું નથી કે ધારાસભાના કોઈપણ ગૃહમાં વિધેયક રજૂ કરવાના સમયે અથવા તેના દ્વારા તેના પર વિચારણા કરવાના સમયે તેનું સ્વરૂપ, સામગ્રી કે વિષયવસ્તુ એવી બાબત છે કે જેની સાથે કોઈ અદાલત સંબંધિત હોય. પોતાની સમક્ષ મૂકવામાં આવેલા વિધેયક પર ચર્ચા કરવાનો અધિકાર બંનેમાંથી કોઈપણ ગૃહ પાસે છે કે કેમ તે પ્રશ્ન એ ગૃહના નિયમો દ્વારા નિયંત્રિત થતી એક આંતરિક બાબત છે, જેનું અર્થઘટન તેના સ્પીકર દ્વારા કરવામાં આવે છે, અને તે એવી બાબત નથી કે જેમાં કોઈ કોર્ટ દખલ કરી શકે, અથવા ખરેખર જેના પર તે કોઈ અભિપ્રાય વ્યક્ત કરવા હકદાર હોય. એવું માની લેવાનું નથી કે કોઈ ધારાકીય સંસ્થા એવા વિધેયક પર ચર્ચા કરીને પોતાનો સમય બગાડશે કે જે, ભલે તેને ગવર્નર-જનરલની સંમતિ પ્રાપ્ત થાય, તો પણ સ્પષ્ટપણે તેને ઘડવાની ધારાસભાની સક્ષમતાની બહાર હશે; પરંતુ જો તે તેમ કરવાનું પસંદ કરે, તો તે તેની પોતાની બાબત છે, અને કોર્ટનું એકમાત્ર કાર્ય વિધેયક અધિનિયમ બની ગયા પછી તેના પર પોતાનો નિર્ણય આપવાનું છે. તેથી, આ કોર્ટના અભિપ્રાય મુજબ, વિધેયક લેજિસ્લેટિવ એસેમ્બલીમાંથી કાઉન્સિલ ઓફ સ્ટેટમાં પસાર થવા દરમિયાન ધારાસભાની સત્તાઓ બદલાઈ ગઈ તે બાબત અપ્રસ્તુત છે. કોર્ટ જેની સાથે સંબંધ ધરાવે છે તે એકમાત્ર તારીખ ૧૪મી એપ્રિલ ૧૯૩૭ છે, જે તારીખે ગવર્નર જનરલની સંમતિ આપવામાં આવી હતી; અને તે

અધિનિયમ ધારાસભાની સક્ષમતાની અંદર હતો કે નહીં તે પ્રશ્ન તે તારીખના સંદર્ભમાં જ નક્કી થવો જોઈએ અને અન્ય કોઈ તારીખના સંદર્ભમાં નહીં."

પંડિત એમ.એસ.એમ. શર્મા વિ. ડૉ. શ્રી કૃષ્ણ સિંહા૬૫ પર પણ આધાર રાખવામાં આવ્યો હતો, જ્યાંથી નીચે મુજબના અવલોકનો અમારા ધ્યાને લાવવામાં આવ્યા હતા:[20]

"હવે અરજદાર વતી ઉપસ્થિત કરવામાં આવેલા અન્ય ગૌણ પ્રશ્નો પર વિચાર કરવાનું રહે છે. એવી દલીલ કરવામાં આવી હતી કે ધારાસભાના ગૃહની અંદર અપનાવવામાં આવેલી પ્રક્રિયા નિયમિત ન હતી અને કાયદા અનુસાર ચુસ્તપણે ન હતી. આ દલીલના બે જવાબો છે, પ્રથમતઃ એ કે, આ કોર્ટના અગાઉના નિર્ણય મુજબ, અરજદાર પાસે તેના દ્વારા દાવો કરવામાં આવેલ મૂળભૂત અધિકાર નથી. તેથી, તેઓ કોર્ટની બહાર છે. બીજું કે, કાયદા દ્વારા નિર્ધારિત પ્રક્રિયાનું ચુસ્તપણે પાલન કરવામાં આવ્યું ન હતું તેવા આક્ષેપ પર રાજ્યની ધારાસભા અંદરની કાર્યવાહીની માન્યતા સામે પ્રશ્ન ઉઠાવી શકાય નહીં. બંધારણનો અનુચ્છેદ ૨૧૨ એ અરજદાર વતી ઉઠાવવામાં આવેલી દલીલના આ ભાગનો સંપૂર્ણ જવાબ છે. કોઈપણ કોર્ટ એવા પ્રશ્નોમાં જઈ શકે નહીં કે જે ખુદ ધારાસભાના વિશેષ અધિકારક્ષેત્રની અંદર હોય, જે પોતાનું કામકાજ ચલાવવાની સત્તા ધરાવે

[20] ૫૮ ૧૯૮૯ સપ્લી. (૨) એસ.સી.સી. ૩૬૪

છે. સંભવતઃ, અરજદાર વતી ઉઠાવવામાં આવેલી દલીલના આ ભાગનો ત્રીજો જવાબ એ છે કે પ્રક્રિયાના પ્રશ્ન પર વિચાર કરવો હજુ અપરિપક્વ છે કારણ કે સમિતિએ તેની કાર્યવાહી હજુ પૂર્ણ કરવાની બાકી છે. એ પણ અવલોકન કરવું જોઈએ કે એકવાર જ્યારે એવું ઠેરવવામાં આવ્યું હોય કે ધારાસભા પાસે તેની કાર્યવાહીના પ્રકાશનને નિયંત્રિત કરવાનું અને તેના વિશેષાધિકારોનો કોઈ ભંગ થયો છે કે કેમ તે પ્રશ્નમાં જવાનું અધિકારક્ષેત્ર છે, ત્યારે ધારાસભા તેના કામકાજના નિયમો અનુસાર પોતાની કાર્યવાહી ચલાવવા માટેના સંપૂર્ણ અધિકારક્ષેત્રથી સંપન્ન છે. ભલે તેણે પોતાનું કામકાજ ચલાવવા માટે નિર્ધારિત પ્રક્રિયાત્મક કાયદાની જરૂરિયાતોનું ચુસ્તપણે પાલન ન કર્યું હોય, છતાં તે બંધારણના અનુચ્છેદ ૩૨ હેઠળ આ કોર્ટ દ્વારા દખલગીરી માટેનું કારણ બની શકે નહીં. કોર્ટોએ હંમેશા અધિકારક્ષેત્રના સંપૂર્ણ અભાવ અને અધિકારક્ષેત્રના અયોગ્ય કે અનિયમિત ઉપયોગ વચ્ચેના મૂળભૂત તફાવતને સ્વીકાર્યો છે. પ્રક્રિયાના નિયમોનું માત્ર પાલન ન થવું એ બંધારણના અનુચ્છેદ ૩૨ હેઠળ રિટ જારી કરવા માટેનું કારણ બની શકે નહીં, જુઓ જનાર્દન રેડ્ડી વિ. ધ સ્ટેટ ઓફ હૈદરાબાદ, (૧૯૫૧) એસ.સી.આર. ૩૪૪."

ઉપરોક્ત રજૂઆતોના આધારે, વિદ્વાન એટર્ની જનરલની જોરદાર દલીલ હતી કે, એનજેએસી એક્ટની જોગવાઈઓને પડકારતી વખતે અરજદારો દ્વારા ઉઠાવવામાં આવેલા ટેકનિકલ વાંધાઓમાં કોઈ તથ્ય ન હતું.

૧૦૩. શ્રી કે.કે. વેણુગોપાલ, વિદ્વાન વરિષ્ઠ અધિવક્તા, મધ્યપ્રદેશ રાજ્ય વતી ઉપસ્થિત થયા હતા. વિદ્વાન એટર્ની જનરલ દ્વારા રજૂ કરવામાં આવેલી કેટલીક કાનૂની રજૂઆતોનો પુનરોચ્ચાર કરતી વખતે, તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, આ કોર્ટ દ્વારા સેકન્ડ અને થર્ડ જજિસ કેસોમાં આપવામાં આવેલા ચુકાદાઓએ મૂળ અનુચ્છેદ ૧૨૪ અને ૨૧૭ હેઠળ પરિકલ્પિત કાનૂની સ્થિતિને સંપૂર્ણપણે ઉલટાવી નાખી હતી. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, ન્યાયિક સમીક્ષાના અભૂતપૂર્વ ઉપયોગમાં, આ કોર્ટે જાહેર હિતની અરજી હાથ ધરવી પડી છે, જેમાં એવો દાવો કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે કે શાસનના અન્ય બે અંગો દ્વારા "ન્યાયતંત્રની સ્વતંત્રતા" પર અતિક્રમણ કરવામાં આવ્યું હતું. વિદ્વાન વકીલ દ્વારા એવી દલીલ કરવામાં આવી હતી કે, પ્રસ્તુત દાવો એક ખોટી માન્યતા પર આધારિત હતો, કારણ કે ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં પ્રાથમિકતા ક્યારેય ન્યાયતંત્રમાં નિહિત ન હતી. એ નિર્દેશિત કરવામાં આવ્યું હતું કે, મૂળરૂપે ઘડવામાં આવેલા અનુચ્છેદ ૧૨૪ અને ૨૧૭ હેઠળ ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં પ્રાથમિકતા કારોબારીમાં નિહિત કરવામાં આવી હતી. વધુમાં, આ કોર્ટે ફર્સ્ટ જજિસ કેસમાં પરિણમેલા પોતાના ચુકાદાઓ દ્વારા, બંધારણની ઉપરોક્ત જોગવાઈઓનું યોગ્ય અર્થઘટન કરતી વખતે, યોગ્ય રીતે એવો નિષ્કર્ષ કાઢ્યો હતો કે, કારોબારી અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ (તેમજ ઉચ્ચ ન્યાયતંત્રના અન્ય ન્યાયમૂર્તિઓ) વચ્ચેનો સંવાદ માત્ર "સલાહકારી" હતો, અને ઉચ્ચ ન્યાયતંત્રમાં મુખ્ય ન્યાયમૂર્તિઓ સહિત ન્યાયમૂર્તિઓની નિમણૂકની જવાબદારી

નિભાવવા માટે કારોબારી સંપૂર્ણપણે જવાબદાર હતી. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, સેકન્ડ જજિસ કેસે, ન્યાયિક અર્થઘટન દ્વારા, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં પ્રાથમિકતા ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને તેમના ન્યાયમૂર્તિઓના કોલેજિયમમાં નિહિત કરી હતી. એ નિર્દેશિત કરવામાં આવ્યું હતું કે, સેકન્ડ જજિસ કેસનો ચુકાદો આપ્યા પછી, ઉપરોક્ત બંધારણીય બેંચ દ્વારા વ્યક્ત કરવામાં આવેલી રીતે ન્યાયમૂર્તિઓની નિમણૂકો થવાનું શરૂ થયું હતું. એવો દાવો કરવામાં આવ્યો હતો કે, સેકન્ડ અને થર્ડ જજિસ કેસો દ્વારા પરિકલ્પિત ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની પ્રક્રિયાની ચારેય તરફથી ભારે ટીકા થઈ હતી. એવી દલીલ કરવામાં આવી હતી કે, પસંદગી પ્રક્રિયા હવે કોઈપણ બાહ્ય સહભાગિતા વિના, ન્યાયમૂર્તિઓ દ્વારા જ ન્યાયમૂર્તિઓની પસંદગી કરવા પૂરતી મર્યાદિત થઈ ગઈ હતી. એવો પણ દાવો કરવામાં આવ્યો હતો કે, ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂકની ભૂમિકામાંથી કારોબારીની બાદબાકી એટલી વ્યાપક હતી કે, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓ/મુખ્ય ન્યાયમૂર્તિઓની નિમણૂક માટે કોઈપણ ઉમેદવારી શરૂ કરવાનો કોઈ અધિકાર કારોબારી પાસે રહ્યો ન હતો. એ નિર્દેશિત કરવામાં આવ્યું હતું કે, બંધારણની જોગવાઈઓના આવા અર્થઘટનનું પરિણામ માત્ર અનુચ્છેદ ૧૨૪ અને ૨૧૭ માંના "સલાહ-મસલત" શબ્દને "સંમતિ" તરીકે વાંચવામાં આવ્યું તે પૂરતું જ ન હતું, પરંતુ તે તેનાથી ઘણું આગળ વધી ગયું હતું. એવો દાવો કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો કે, બંધારણના વાદગ્રસ્ત સુધારામાં, મૂળ અનુચ્છેદ ૧૨૪ અને ૨૧૭ માં સમાવિષ્ટ આશય જાળવી રાખવામાં આવ્યો છે.

એ નિર્દેશિત કરવામાં આવ્યું હતું કે, સુધારેલી જોગવાઈઓ ન્યાયતંત્રની તરફેણમાં ઝુકેલી છે, અને અગાઉ કારોબારીમાં નિહિત સહભાગી ભૂમિકાને ભારે ક્ષીણ કરવામાં આવી છે. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, મૂળરૂપે ઘડવામાં આવેલા અનુચ્છેદ ૧૨૪ દ્વારા ન્યાયતંત્રને પ્રાથમિકતાનું કોઈ તત્વ પ્રદાન કરવામાં આવ્યું ન હોવા છતાં, હવે ન્યાયતંત્રમાં પ્રાથમિકતા નિહિત કરવામાં આવી છે, કારણ કે એનજેએસી માં સૌથી વધુ સભ્યપદ ન્યાયિક બિરાદરીમાંથી છે. એ બાબત રેખાંકિત કરવામાં આવી હતી કે, સુધારેલી જોગવાઈઓ હેઠળ પરિકલ્પિત પસંદગી પ્રક્રિયામાં, કાયદા અને ન્યાયના પ્રભારી કેન્દ્રીય મંત્રી કારોબારીના એકમાત્ર પ્રતિનિધિ છે. તેથી એવો દાવો કરવામાં આવ્યો હતો કે, કોઈના માટે પણ એવી હિમાયત કરવી તદ્દન અવાસ્તવિક હતી કે, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની રીતમાં ન્યાયતંત્રની ભૂમિકા ક્ષીણ થવાથી તેની સ્વતંત્રતાને બાધ પહોંચ્યો હતો.

૧૦૪. એવી દલીલ કરવામાં આવી હતી કે, સેકન્ડ જજિસ કેસમાં બહુમતી અભિપ્રાયના લેખક (જે.એસ. વર્મા, ન્યાયમૂર્તિ, જેઓ તે સમયે હતા), તેમણે પોતે જ સેકન્ડ અને થર્ડ જજિસ કેસોના ચુકાદાઓના અમલીકરણની રીતમાં ક્ષતિ શોધી કાઢી હતી. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, સંસદે, લોકોનો અવાજ હોવાના નાતે, સેકન્ડ અને થર્ડ જજિસ કેસો હેઠળ પરિકલ્પિત ન્યાયમૂર્તિઓની નિમણૂકની પ્રક્રિયામાં સુધારો કરવા માટે, જે.એસ. વર્મા, ન્યાયમૂર્તિ (અન્યો ઉપરાંત) દ્વારા કરવામાં આવેલી ટીકાને ધ્યાનમાં લીધી હતી. આવી દલીલ કર્યા પછી, વિદ્વાન વકીલે ભારપૂર્વક જણાવ્યું હતું કે, જો આ કોર્ટને

એવું લાગે કે ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂકના સંદર્ભમાં કોઈપણ જોગવાઈ તે ધોરણો અને માપદંડોને પૂર્ણ કરતી નથી, જેને આ કોર્ટ અલંઘનીય માને છે, તો વાદગ્રસ્ત બંધારણીય અને વૈધાનિક જોગવાઈઓને સંપૂર્ણપણે રદ કરવાને બદલે, વાંધાજનક જોગવાઈઓની તીવ્રતા ઘટાડવા માટે યોગ્ય જોગવાઈઓનું સંકુચિત અર્થઘટન (રીડ ડાઉન) કરવાનો માર્ગ આ કોર્ટ માટે ખુલ્લો હતો.

૧૦૫. ભારતના વિદ્વાન સોલિસિટર જનરલ શ્રી રણજીત કુમારે રજૂઆત કરી હતી કે, સમગ્ર બંધારણને એક સમગ્રતા તરીકે વાંચવું પડશે. આ સંબંધમાં, એવી દલીલ કરવામાં આવી હતી કે, પ્રત્યેક જોગવાઈ બંધારણનો એક અભિન્ન ભાગ હતી, અને તેથી, તેનું અર્થઘટન સર્વગ્રાહી રીતે થવું જોઈતું હતું. પ્રસ્તુત રજૂઆત માટે, કિહોતો હોલોહાન કેસ૩૪, ટી.એમ.એ. પાઈ ફાઉન્ડેશન વિ. સ્ટેટ ઓફ કર્ણાટક૬, આર.સી. પૌડ્યાલ વિ. યુનિયન ઓફ ઈન્ડિયા૬૬, એમ. નાગરાજ કેસ૩૫, અને કેશવાનંદ ભારતી કેસ૧૦ પર આધાર રાખવામાં આવ્યો હતો. ઉપરોક્ત ચુકાદાઓના આધારે, એવો દાવો કરવામાં આવ્યો હતો કે, અનુચ્છેદ ૧૨૪ અને ૨૧૭ માં અસ્તિત્વ ધરાવતા "રાષ્ટ્રપતિ" શબ્દનું જો સર્વગ્રાહી અર્થઘટન કરવામાં આવે, તો તે સ્પષ્ટ અને અસંદિગ્ધ નિષ્કર્ષ તરફ દોરી જશે કે, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓ/મુખ્ય ન્યાયમૂર્તિઓની નિમણૂકના સંદર્ભમાં પોતાની જવાબદારી નિભાવતી વખતે રાષ્ટ્રપતિ, અનુચ્છેદ ૭૪ હેઠળ પરિકલ્પિત મંત્રીમંડળની સહાય અને સલાહથી બંધાયેલા હતા. એવી દલીલ કરવામાં આવી હતી કે, ઉપરોક્ત ભાવાર્થની યોગ્ય રીતે તપાસ કરવામાં

આવી હતી અને અનુચ્છેદ ૧૨૪ ના સંદર્ભમાં, ફર્સ્ટ જજિસ કેસમાં તેનું અર્થઘટન કરવામાં આવ્યું હતું. પરંતુ ત્યારબાદના ચુકાદાઓમાં તેની ભૂલભરેલી રીતે અવગણના કરવામાં આવી હતી. તદનુસાર, એવો દાવો કરવામાં આવ્યો હતો ૧૯૯૪ સપ્લી. (૧) એસ.સી.સી. ૩૨૪ કે, વાદગ્રસ્ત બંધારણીય સુધારા તેમજ વાદગ્રસ્ત વૈધાનિક કાયદાની તપાસ કરતી વખતે એ બાબતમાં લેશમાત્ર પણ શંકા હોઈ શકે નહીં કે, સંસદે બંધારણના "મૂળભૂત માળખા" ના કોઈપણ ઘટકનો ભંગ કર્યો ન હતો.

૧૦૬. એવી પણ દલીલ કરવામાં આવી હતી કે, જો વાદગ્રસ્ત બંધારણીય સુધારા સામે ઉઠાવવામાં આવેલો પડકાર આ કોર્ટ દ્વારા સ્વીકારવામાં આવે, અને આ કોર્ટ દ્વારા જાહેર કરવામાં આવેલી કાનૂની સ્થિતિનો અમલ કરવામાં આવે, તો જેને પડકારવામાં આવ્યા હતા તેવા સુધારા/કાયદાને ગેરબંધારણીય ઠેરવવામાં આવ્યા માત્ર તે કારણસર રદ કરાયેલી જોગવાઈઓ પુનર્જીવિત થશે નહીં. જ્યાં સુધી બાબતના પ્રસ્તુત પાસાનો સંબંધ છે, વિદ્વાન સોલિસિટર જનરલે બે સ્વતંત્ર દલીલો રજૂ કરી હતી.

૧૦૭. પ્રથમતઃ એ કે, એકવાર બંધારણીય સુધારો રદબાતલ ઠેરવવામાં આવે પછી, તે મૂળ/અવેજી અનુચ્છેદને પુનર્જીવિત કરશે કે કેમ તે મુદ્દો એક એવી બાબત હતી કે જેને નવ-ન્યાયમૂર્તિઓની બંધારણીય બેંચને પહેલેથી જ સંદર્ભિત કરવામાં આવી હતી. ઉપરોક્ત દલીલના સમર્થનમાં, અને સંપૂર્ણ ચિત્ર રજૂ કરવા માટે, પ્રોપર્ટી ઓનર્સ એસોસિયેશન વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર૬૭, પ્રોપર્ટી ઓનર્સ

એસોસિયેશન વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર૬૮, અને પ્રોપર્ટી ઓનર્સ એસોસિયેશન વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર૬૯ પર આધાર રાખવામાં આવ્યો હતો. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, આ કોર્ટ દ્વારા પસાર કરવામાં આવેલો હુકમ, જેમાં નવ-ન્યાયમૂર્તિઓની બંધારણીય બેંચને સંદર્ભ કરવામાં આવ્યો હતો, તે અનુચ્છેદ ૩૧સી ની બંધારણીયતાને લગતો કેસ હતો. એ નિર્દેશિત કરવામાં આવ્યું હતું કે, મૂળરૂપે ઘડવામાં આવેલા અનુચ્છેદ ૩૧સી માં એવી જોગવાઈ કરવામાં આવી હતી કે, "... અનુચ્છેદ ૧૩ માં સમાવિષ્ટ કોઈપણ બાબત હોવા છતાં, અનુચ્છેદ ૩૯ ના ખંડ (બી) અથવા ખંડ (સી) માં નિર્દિષ્ટ સિદ્ધાંતોને સુરક્ષિત કરવા તરફ રાજ્યની નીતિને અમલમાં મૂકતો કોઈપણ કાયદો, તે અનુચ્છેદ ૧૪ અને ૧૯ દ્વારા પ્રદાન કરવામાં આવેલા અધિકારો સાથે અસંગત હતો તેવા કારણસર રદબાતલ ગણવામાં આવશે નહીં".[21] એવી રજૂઆત કરવામાં આવી હતી કે, અનુચ્છેદ ૩૧સી નો પાછળનો ભાગ, જેમાં જોગવાઈ હતી કે " ... અને એવી ઘોષણા ધરાવતો કોઈપણ કાયદો કે તે આવી નીતિને અમલમાં લાવવા માટે છે તેને કોઈપણ કોર્ટમાં એવા કારણસર પડકારી શકાશે નહીં કે તે આવી નીતિને અમલમાં લાવતો નથી ... ", તેને કેશવાનંદ ભારતી કેસ૧૦ માં આ કોર્ટ દ્વારા રદ કરવામાં આવ્યો હતો. એવી દલીલ કરવામાં આવી હતી કે, જ્યારે બંધારણીય સુધારાને રદ કરવાની અસર સંબંધિત બાબત નવ-ન્યાયમૂર્તિઓની બેંચને સંદર્ભિત કરવામાં આવી હતી, ત્યારે આ કોર્ટ માટે, તેની વર્તમાન રચનામાં બેસીને, ઉપરોક્ત મુદ્દો નક્કી કરવો અયોગ્ય રહેશે.

---

[21] ૬૦ (૧૯૬૧) ૩ એસ.સી.આર. ૭૦૭ ૬૧ (૧૯૭૬) ૧ એસ.સી.સી. ૮૪૩ ૬૨ (૧૯૮૭) ૧ એસ.સી.સી. ૬૫૮

૧૦૮. વિદ્વાન સોલિસિટર જનરલ દ્વારા રજૂ કરવામાં આવેલી બીજી દલીલ ધ જનરલ ક્લોઝીસ એક્ટ ની કલમો ૬, ૭ અને ૮ પર આધારિત હતી. એવી દલીલ કરવામાં આવી હતી કે, એક સુધારો કે જેણે બંધારણના તત્કાલીન અનુચ્છેદ ૧૨૪ નો કેટલોક ભાગ કાઢી નાખ્યો હતો અને તેના સ્થાને કંઈક અલગ અવેજીમાં મૂક્યું હતું, જેમ કે ધ કોન્સ્ટીટ્યુશન (૯૯મો સુધારો) એક્ટ દ્વારા અનુચ્છેદ ૧૨૪ ના ક્લિસ્સામાં કરવામાં આવ્યું છે, તેના પરિણામે બંધારણીય સુધારા પહેલાં અમલમાં રહેલા મૂળ અનુચ્છેદનું પુનર્જીવન થશે નહીં, ભલે સદર સુધારો પોતે રદબાતલ કરવામાં આવે. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, જો કોઈ અવેજી જોગવાઈને ગમે તે કારણ અથવા કારણોસર ગેરબંધારણીય જાહેર કરવામાં આવે, તો તેના પરિણામે રદ કરાયેલી જોગવાઈ આપમેળે પુનર્જીવિત થશે નહીં. ઉપરોક્ત દલીલના સમર્થનમાં, અમીર-ઉન-નિસા બેગમ વિ. મહેબૂબ બેગમ૭૦, ફર્મ એ.ટી.બી. મહેતાબ મજીદ એન્ડ કંપની વિ. મદ્રાસ રાજ્ય૭૧, બી.એન. તિવારી વિ. ભારત સંઘ૭૨, કોટેશ્વર વિઠ્ઠલ કામથ વિ. કે. રંગપ્પા બાલિગા એન્ડ કંપની૭૩, મુલચંદ ઓધવજી વિ. રાજકોટ બોરો મ્યુનિસિપાલિટી૭૪, મોહમ્મદ શૌકત હુસૈન ખાન વિ. આંધ્ર પ્રદેશ રાજ્ય૭૫, મહારાષ્ટ્ર રાજ્ય વિ. સેન્ટ્રલ ૭૦ એ.આઇ.આર. ૧૯૫૫ એસ.સી. ૩૫૨ ૭૧ એ.આઇ.આર. ૧૯૬૩ એસ.સી. ૯૨૮[2223] પ્રોવિન્સિસ મેંગેનીઝ ઓર કંપની લિમિટેડ૭૬, ઇન્ડિયા ટોબેકો કંપની લિમિટેડ વિ. કમર્શિયલ ટેક્સ ઓફિસર,

---

[22] ૬૫ ૧૯૬૧ (૧) એસ.સી.આર. ૯૬

[23] ૬૭ (૧૯૯૬) ૪ એસ.સી.સી. ૪૯ ૬૮ (૨૦૦૧) ૪ એસ.સી.સી. ૪૫૫ ૬૯ (૨૦૧૩) ૧ એસ.સી.સી. ૫૨૨

ભવાનીપોર૭૭, અને કોલ્હાપુર કેનશુગર વર્ક્સ લિમિટેડ વિ. ભારત સંઘ૭૮ પર આધાર રાખવામાં આવ્યો હતો. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, અર્થઘટનનો સામાન્ય નિયમ એવો હતો કે, રદ કરનારા કાયદા દ્વારા કરાયેલું રદ્દીકરણ તેના દ્વારા રદ કરાયેલી કોઈપણ બાબતને પુનર્જીવિત કરશે નહીં. ઉત્તર પ્રદેશ રાજ્ય વિ. હિરેન્દ્ર પાલ સિંહ૭૯, જોઈન્ટ એક્શન કમિટી ઓફ એર લાઇન પાઇલટ્સ એસોસિએશન ઓફ ઇન્ડિયા વિ. ડાયરેક્ટર જનરલ ઓફ સિવિલ એવિએશન૮૦, અને તમિલનાડુ રાજ્ય વિ. કે. શ્યામ સુંદર૮૧ પર પણ એવી દલીલ કરવા માટે આધાર રાખવામાં આવ્યો હતો કે, સ્થાપિત કાનૂની સિદ્ધાંત એવો હતો કે, જ્યારે પણ કોઈ કાયદો રદ કરવામાં આવે છે, ત્યારે તેને એવો ગણાવો જ જોઈએ કે જાણે તે ક્યારેય અસ્તિત્વમાં જ ન હતો. એ નિર્દેશિત કરવામાં આવ્યું હતું કે, અગાઉની જોગવાઈઓના પ્રસ્તુત રદ્દીકરણના પરિણામે, અગાઉની જોગવાઈઓ સંપૂર્ણપણે અને સમૂળગી રીતે નાબૂદ/રદ/નાશ પામેલી માનવી જ જોઈએ. પ્રસ્તુત દલીલનો સારાંશ એવો દાવો કરીને રજૂ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો કે, જો કોઈ અવેજી જોગવાઈને રદબાતલ કરવામાં આવે, તો મૂળ જોગવાઈ (જેના સ્થાને રદ કરાયેલી જોગવાઈ અવેજીમાં મૂકવામાં આવી હતી) ના પુનર્જીવનનો પ્રશ્ન ઉપસ્થિત થશે નહીં, કારણ કે જે જોગવાઈના સ્થાને અવેજી કરવામાં આવી હતી, તે જોગવાઈ રદ થઈ ચૂકી હતી, અને તેથી ખુદ કાયદામાંથી તેનું અસ્તિત્વ સમાપ્ત થઈ ગયું હતું. તેથી એવી રજૂઆત કરવામાં આવી હતી કે, જો વાદગ્રસ્ત બંધારણીય સુધારા સામે કરાયેલા પડકારને આ કોર્ટ દ્વારા

સ્વીકારવામાં આવે તો પણ, મૂળ રીતે ઘડવામાં આવેલી અનુચ્છેદો ૧૨૪ અને ૨૧૭ ની જોગવાઈઓ પુનર્જીવિત થશે નહીં.

૧૦૯. વિદ્વાન સોલિસિટર જનરલે વધારામાં એવી દલીલ કરી હતી કે, અરજદારો દ્વારા કરવામાં આવેલા વર્તમાન પડકારને ધ્યાને લેવો જોઈએ નહીં, કારણ કે તે અકાળે ઉઠાવવામાં આવ્યો છે. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, અરજદારો દ્વારા કરવામાં આવેલો પડકાર ધારણાઓ અને અનુમાનો પર આધારિત હતો,[24252627] ૮૦ (૨૦૧૧) ૫ એસ.સી.સી. ૪૩૫ ૮૧ (૨૦૧૧) ૫ એસ.સી.સી. ૭૩૭ બંધારણમાં વાદગ્રસ્ત સુધારાને મૂર્ત સ્વરૂપ ધારણ કરવા દીધા વિના. એવો દાવો કરવામાં આવ્યો હતો કે, એનજેએસી એક્ટ હેઠળ નિયમો અને વિનિયમો ઘડવામાં આવે તે પછી જ સ્થિતિ મૂર્ત બનશે. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, કરવામાં આવેલા સુધારાઓના સંદર્ભમાં "ન્યાયતંત્રની સ્વતંત્રતા" નો પ્રશ્ન ત્યારે જ નક્કી કરી શકાય જ્યારે એનજેએસી એક્ટ તેની કામગીરીની પદ્ધતિ નિર્ધારિત કરીને કાર્યાન્વિત કરવામાં આવે. વર્તમાન મુકદ્દમાની પેન્ડન્સીએ બંધારણના સુધારાની તેમજ એનજેએસી એક્ટ ની જોગવાઈઓના અમલમાં વિલંબ કર્યો હોવાથી, આ કોર્ટ માટે અટકળો અને અનુમાનો પર આધારિત પડકારને સ્વીકારવો અયોગ્ય રહેશે.

---

[24] ૭૩ (૧૯૬૯) ૧ એસ.સી.સી. ૨૫૫

[25] ૭૪ (૧૯૭૧) ૩ એસ.સી.સી. ૫૩ ૭૫ (૧૯૭૪) ૨ એસ.સી.સી. ૩૭૬

[26] ૭૬ (૧૯૭૭) ૧ એસ.સી.સી. ૬૪૩

[27] ૭૭ (૧૯૭૫) ૩ એસ.સી.સી. ૫૧૨

૧૧૦. વરિષ્ઠ અધિવક્તા શ્રી કે. પરાસરન રાજસ્થાન રાજ્ય વતી ઉપસ્થિત થયા હતા. તેમણે રજૂઆત કરી હતી કે, તેઓ વાદગ્રસ્ત બંધારણીય સુધારા તેમજ એનજેએસી એક્ટ ની માન્યતાને સમર્થન આપશે, અને તેઓ ભારત સંઘ વતી રજૂ કરવામાં આવેલી તમામ રજૂઆતોનું સમર્થન કરે છે. તેમની એવી દલીલ હતી કે, ઉચ્ચ ન્યાયતંત્રના ન્યાયમૂર્તિઓ પહેલેથી જ તેમના ન્યાયિક કાર્યના બોજ હેઠળ હતા, અને તેથી, તેમણે ન્યાયમૂર્તિઓની નિમણૂકની કામગીરી અંગે ગંભીરતાથી ચિંતિત થવું જોઈએ નહીં, જે વાદગ્રસ્ત સુધારા દ્વારા એનજેએસી ને સોંપવામાં આવી હતી. તેમના મતે, કારોબારી અને સંસદ લોકો પ્રત્યે જવાબદાર હતા, અને તેથી, તેમને ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂક કરવાની મુશ્કેલ જવાબદારી નિભાવવાની મંજૂરી આપવી જોઈએ. એવો દાવો કરવામાં આવ્યો હતો કે, કારોબારી અને ધારાસભા તેઓ જે નિમણૂકો કરશે તેના માટે આ દેશના લોકો પ્રત્યે જવાબદાર રહેશે.

૧૧૧. બે "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ" ના સમાવેશના મુદ્દા પર છ–સભ્યોના એનજેએસી માં, એવો દાવો કરવામાં આવ્યો હતો કે, "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ" નું નામાંકન પ્રધાનમંત્રી, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા દ્વારા કરવાનું હતું. આ ત્રણેય વ્યક્તિઓ, ઉચ્ચ કક્ષાના બંધારણીય પદાધિકારીઓ હોવાથી, "ન્યાયતંત્રની સ્વતંત્રતા" ના હિતમાં તેમના પર સોંપવામાં આવેલી જવાબદારી નિભાવવા માટે તેમના પર વિશ્વાસ મૂકવો જોઈએ. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, જો બંધારણીય પદાધિકારીઓ અને "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ" પર વિશ્વાસ ન કરી શકાય, તો બંધારણીય તંત્ર ખુદ

નિષ્ફળ જશે. એ નિર્દેશિત કરવામાં આવ્યું હતું કે, આ કોર્ટે વારંવાર વર્ણવ્યું હતું કે, બંધારણ સ્વભાવે જૈવિક છે, અને બદલાતા સમય સાથે વિકસિત થવા માટે તેમાં એક આંતરિક વ્યવસ્થા રહેલી છે. એવો દાવો કરવામાં આવ્યો હતો કે, બંધારણની જોગવાઈઓમાં સુધારો કરવા માટે અનુચ્છેદ ૩૬૮ હેઠળ સંસદમાં નિહિત સત્તા એક "બંધારણ ઘડતર સત્તા" હતી, જે સંસદને બદલાતા વાતાવરણ સાથે અનુકૂળ થવા માટે બંધારણને નવો આકાર આપવા માટે અધિકૃત કરે છે. એવી દલીલ કરવામાં આવી હતી કે, સંસદમાં નિહિત ઉપરોક્ત સત્તાનો ઉપયોગ માત્ર એ એકમાત્ર અપવાદ સાથે કરી શકાય છે કે, કેશવાનંદ ભારતી કેસ૧૦ માં સુપ્રિમ કોર્ટ દ્વારા પ્રતિપાદિત કર્યા મુજબ બંધારણનું "મૂળભૂત માળખું/લક્ષણો" બદલી/ફેરફાર કરી શકાશે નહીં. વિદ્વાન વરિષ્ઠ વકીલના જણાવ્યા અનુસાર, ધ કોન્સ્ટીટ્યુશન (૯૯મો સુધારો) એક્ટ એ ઉપરોક્ત બંધારણ ઘડતર સત્તાનો ઉપયોગ હતો, અને તેના દ્વારા બંધારણમાં દાખલ કરવામાં આવેલો સુધારો કોઈપણ રીતે "ન્યાયતંત્રની સ્વતંત્રતા" પર તરાપ મારતો નથી.

૧૧૨. અનુચ્છેદ ૧૨૪એ નો સંદર્ભ આપતાં, એવો દાવો કરવામાં આવ્યો હતો કે, એનજેએસી ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની ઓળખ કરવા, પસંદગી કરવા અને નિમણૂક કરવા માટે છ-સભ્યોનું કમિશન હતું. અરજદારો દ્વારા કરવામાં આવેલા દાવાઓના સંદર્ભમાં, તેને કોઈપણ સંજોગોમાં ખામીયુક્ત ગણી શકાય નહીં. એ નિર્દેશિત કરવામાં આવ્યું હતું કે, તેના પર એકમાત્ર કારોબારી પ્રતિનિધિ કાયદો અને ન્યાય પ્રભારના કેન્દ્રીય મંત્રી હોવાથી, એવું અનુમાન લગાવી શકાય નહીં કે કારોબારી તેમના દ્વારા એવો પ્રભાવ પાડશે, જે કમિશનના

અન્ય પાંચ સભ્યોની સ્વતંત્રતાને નબળી પાડે. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, કમિશનમાં સૌથી મોટું પ્રતિનિધિત્વ સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓનું હતું, કારણ કે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને સુપ્રિમ કોર્ટના બે સૌથી વરિષ્ઠ ન્યાયમૂર્તિઓ એનજેએસી ના હોદ્દાની રૂએ સભ્યો હતા.

૧૧૩. એનજેએસી માં બે "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ" ના સંદર્ભમાં, તેમની એવી દલીલ હતી કે, તેમને કારોબારી કે ધારાસભા સાથે જોડી શકાય નહીં. બે "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ" ના નામાંકન માટે, પસંદગી સમિતિમાં કારોબારીના એક સભ્ય, ધારાસભાના એક સભ્ય અને ન્યાયતંત્રના એક સભ્યનો સમાવેશ થાય છે. બાબતના ઉપરોક્ત પરિપ્રેક્ષ્યમાં, એવો દાવો કરવામાં આવ્યો હતો કે, કમિશનમાં બે "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ" કારોબારી/ધારાસભાને સમર્થન આપશે તેવી દલીલ હાસ્યાસ્પદ હતી. તેથી વિદ્વાન વરિષ્ઠ વકીલની એવી રજૂઆત હતી કે, એનજેએસી ની રચનાને ધ્યાનમાં રાખતાં, "ન્યાયતંત્રની સ્વતંત્રતા" નબળી પડી હોવાનું ગણી શકાય નહીં.

૧૧૪. એવી પણ દલીલ કરવામાં આવી હતી કે, એનજેએસી સમક્ષની કાર્યવાહી વધુ પારદર્શક અને વ્યાપક આધારિત હશે, અને તે અનુસાર, વધુ પરિણામલક્ષી હશે, અને તે સુનિશ્ચિત કરશે કે ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓ તરીકે નિમણૂક માટે શ્રેષ્ઠ ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે.

૧૧૫. એવો દાવો કરવામાં આવ્યો હતો કે, એનજેએસી ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં યોગ્ય સલાહ આપવા માટે પૂર્વધારણા

મુજબ સુયોગ્ય વ્યક્તિઓ સાથે એક વિચાર-વિમર્શ પ્રક્રિયા પૂરી પાડે છે. તે મુજબ વિદ્વાન વકીલનો એવો દાવો હતો કે, સેકન્ડ અને થર્ડ જજીસ કેસોમાં આ કોર્ટ દ્વારા આપવામાં આવેલો નિર્ણય તે આશય સાથે સુસંગત ન હતો, જેની સાથે અનુચ્છેદો ૧૨૪ અને ૨૧૭ મૂળ રીતે ઘડવામાં આવ્યા હતા. તેથી એવી રજૂઆત કરવામાં આવી હતી કે, વાદગ્રસ્ત બંધારણીય સુધારાના સંદર્ભમાં "ન્યાયતંત્રની સ્વતંત્રતા" નો વિષય સેકન્ડ અને થર્ડ જજીસ કેસો પર આધાર રાખીને નક્કી કરવો જોઈએ નહીં, પરંતુ માત્ર ઉપરોક્ત જોગવાઈઓ પર ચર્ચા કરતી વખતે બંધારણ સભાના સભ્યો દ્વારા વ્યક્ત કરાયેલા અવલોકનો સાથે અનુચ્છેદો ૧૨૪ અને ૨૧૭ ના સાદા વાચનના આધારે જ નક્કી કરવો જોઈએ. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, જ્યારે કેન્દ્રીય કાયદો અને ન્યાય પ્રભારના મંત્રી, સંબંધિત ઉમેદવાર(ઓ)ના ચારિત્ર્ય અને પૂર્વવૃત્તના સંદર્ભમાં જરૂરી વિગતો પૂરી પાડવા માટે એક અસરકારક સ્થિતિમાં હશે (તેમના નિયંત્રણ હેઠળ ઉપલબ્ધ સરકારી તંત્રને ધ્યાને લેતાં), ત્યારે બે "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ" સામાન્ય જનતાનું પ્રતિનિધિત્વ કરીને પસંદગી પ્રક્રિયામાં ભાગ લેવાની સ્થિતિમાં હશે, અને તેના દ્વારા, સમગ્ર વિચારણા માટે પસંદગી પ્રક્રિયામાં ચોતરફ તાર્કિક વિચારોનો સમાવેશ થશે.

૧૧૬. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, એનજેએસી ના કોઈપણ બે સભ્યો નામાંકિત વ્યક્તિની ઉમેદવારી પર વીટો વાપરવા માટે સક્ષમ હોવાથી, ભારતની સુપ્રિમ કોર્ટના ત્રણ પ્રતિનિધિઓ અયોગ્ય ઉમેદવારોની નિમણૂકને અટકાવવા માટે સ્પષ્ટપણે સ્થિતિમાં હશે. તેથી એવી દલીલ કરવામાં આવી હતી

કે, સંસદ દ્વારા ઘડવામાં આવેલા કાયદાઓ, જેનું અનુચ્છેદ ૩૬૮ ની શરતો અનુસાર વિધિવત સમર્થન કરવામાં આવ્યું છે, તેમને એનજેએસી ની રચના સાથે કાર્યાન્વિત થવાની મંજૂરી આપવી જોઈએ, અને ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂક કરવાની જવાબદારી નિભાવવાની વધુ મંજૂરી આપવી જોઈએ. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, સદર જવાબદારી નિભાવવામાં કોઈપણ ખામીના કિસ્સામાં, આ કોર્ટ સુઓ મોટો પસંદગી પ્રક્રિયાને રદ કરી શકે છે, અથવા જો તેઓ પોતાની જવાબદારી નિભાવવા માટે અયોગ્ય કે અપાત્ર જણાય તો પસંદગી પ્રક્રિયામાંથી એક અથવા બંને "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ" ને બાકાત રાખી શકે છે. અથવા ભલે તેઓ પોતાની ઉપયોગિતા સાબિત ન કરી શકે તો પણ. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, આ કોર્ટે એનજેએસી દ્વારા ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂકની પરિકલ્પિત પ્રક્રિયાનું પરીક્ષણ થયા વિના જ તેને અટકાવવી જોઈએ નહીં.

૧૧૭. વરિષ્ઠ અધિવક્તા શ્રી ટી.આર. અંધ્યારુજિના મહારાષ્ટ્ર રાજ્ય વતી ઉપસ્થિત થયા હતા. ભારત સંઘ વતી રજૂ કરવામાં આવેલી રજૂઆતોનું સમર્થન કરતાં, તેમની એવી દલીલ હતી કે, વાદગ્રસ્ત ધ કોન્સ્ટીટ્યુશન (૯૯મો સુધારો) એક્ટ એક વિરલ ઘટના હતી, કારણ કે સંસદે તમામ પક્ષોના સમર્થન સાથે તેને સર્વાનુમતે પસાર કર્યો હતો. તેમણે દાવો કર્યો હતો કે, સુધારાની વિરુદ્ધમાં એક પણ મત પડ્યો ન હતો, જોકે એ સ્વીકારવામાં આવ્યું હતું કે સંસદના એક સભ્ય એવા હતા જેમણે મતદાનમાં ભાગ લીધો ન હતો. ઉપરોક્ત ઉપરાંત, એવો દાવો કરવામાં આવ્યો હતો કે, રાજ્ય વિધાનમંડળોએ પણ પ્રસ્તુત બંધારણીય

સુધારાનું સમર્થન કર્યું હતું, જેમાં સત્તારૂઢ પક્ષ તેમજ વિરોધ પક્ષોએ સુધારાને સમર્થન આપ્યું હતું. ઉપરોક્તના આધારે, એવી દલીલ કરવામાં આવી હતી કે, પ્રસ્તુત બંધારણીય સુધારાને સમાજના તમામ વર્ગોના લોકોની સર્વાનુમત ઇચ્છા ગણવો જોઈએ, અને તેથી તમામ હિતધારકો દ્વારા ઉપયોગમાં લેવાયેલી રાષ્ટ્રની ઇચ્છા તરીકે તેને યોગ્ય રીતે ગણી શકાય.

૧૧૮. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, સંદર્ભ હેઠળના સુધારાને શંકાની નજરે જોવો જોઈએ નહીં. એ બાબત દર્શાવવામાં આવી હતી કે, અનુચ્છેદ ૧૨૪ અને ૨૧૭ માં કારોબારી માટે પ્રભાવી ભૂમિકાની વિચારણા કરવામાં આવી હતી. એવી દલીલ કરવામાં આવી હતી કે, સેકન્ડ જજિસ કેસના ચુકાદાએ, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકના મામલામાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને તેમના ન્યાયમૂર્તિઓના કોલેજિયમમાં પ્રાધાન્ય નિહિત કર્યું હતું. વિદ્વાન વકીલના જણાવ્યા અનુસાર, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂકની આ પદ્ધતિ બાકીના વિશ્વ માટે અજાણી હતી, કારણ કે અન્ય કોઈ પણ દેશમાં ન્યાયમૂર્તિઓની નિમણૂક ખુદ ન્યાયમૂર્તિઓ દ્વારા કરવામાં આવતી નથી. કોલેજિયમ પ્રણાલીની ખામીઓ દર્શાવતાં, એવો દાવો કરવામાં આવ્યો હતો કે, તેમાં પારદર્શિતાનો અભાવ હતો, અને તે પૂરતી વ્યાપક ન હતી. જે.એસ. વર્મા, મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા વ્યક્ત કરાયેલા અભિપ્રાયનો સ્વીકાર કરતાં કે, સેકન્ડ અને થર્ડ જજિસ કેસો દ્વારા પરિકલ્પિત ન્યાયમૂર્તિઓની નિમણૂકની પદ્ધતિ ખૂબ સારી હતી, એવી રજૂઆત કરવામાં આવી હતી કે, ખુદ જે.એસ. વર્મા, મુખ્ય ન્યાયમૂર્તિ તેમના અમલીકરણથી ભ્રમનિવૃત્ત થયા હતા, કારણ કે તેમને લાગ્યું

હતું કે તે મોરચે સંપૂર્ણ નિષ્ફળતા મળી હતી. વિદ્વાન વરિષ્ઠ વકીલે રજૂઆત કરી હતી કે, જે પ્રશ્નોના જવાબ આપવાની જરૂર હતી તે એ હતા કે, શું બંધારણીય સુધારામાં કોઈ મૂળભૂત ગેરકાયદેસરતા હતી? અથવા, શું એનજેએસી દ્વારા પરિકલ્પિત ન્યાયમૂર્તિઓની નિમણૂક બંધારણના "મૂળભૂત માળખા" નું ઉલ્લંઘન કરતી હતી? અને, શું વાદગ્રસ્ત બંધારણીય સુધારા દ્વારા "ન્યાયતંત્રની સ્વતંત્રતા" ઉથલાવી દેવામાં આવી હતી? એવો દાવો કરવામાં આવ્યો હતો કે, ન્યાયમૂર્તિઓની નિમણૂકની પદ્ધતિની "ન્યાયતંત્રની સ્વતંત્રતા" પર કોઈ અસર પડી હતી તેવું માની લેવું ખોટું હતું. આ સંબંધમાં, એ બાબત દર્શાવવામાં આવી હતી કે, ન્યાયમૂર્તિઓની સ્વતંત્રતા, તેમની નિમણૂક કોણે કરી છે તેના પર નિર્ભર ન હતી. એ બાબત પણ દર્શાવવામાં આવી હતી કે, ન્યાયમૂર્તિઓની સ્વતંત્રતા તેમના વ્યક્તિગત ચારિત્ર્ય પર નિર્ભર હતી. વિદ્વાન વકીલે બંધારણ સભાની ચર્ચાઓ દરમિયાન ડૉ. બી.આર. આંબેડકર દ્વારા પ્રતિપાદિત સ્થિતિનું પુનરાવર્તન કર્યું હતું. તેમણે રજૂઆત કરી હતી કે, "ન્યાયતંત્રની સ્વતંત્રતા" ની વિભાવના સેકન્ડ અને થર્ડ જજિસ કેસોમાં આ કોર્ટ દ્વારા વ્યક્ત કરવામાં આવેલા અભિપ્રાયના સંદર્ભમાં નક્કી થવી જોઈએ નહીં, પરંતુ બંધારણ સભાની તે ચર્ચાઓના સંદર્ભમાં નક્કી થવી જોઈએ, જે મૂળ રૂપે ઘડવામાં આવેલા અનુચ્છેદ ૧૨૪ અને ૨૧૭ ના સ્વરૂપ નિર્ધારણ તરફ દોરી ગઈ હતી.

૧૧૯. વિદ્વાન વકીલે "મેકિંગ ધ એન્જલ્સ વીપ" શીર્ષક હેઠળના તેમના લેખમાં લોર્ડ કૂક ઓફ થોર્નડન પર આધાર રાખ્યો હતો, જેમાં તેમણે સેકન્ડ જજિસ કેસની આકરી ટીકા કરી હતી. થર્ડ જજિસ કેસના સંદર્ભમાં, તેમના લેખ

"વ્હેર એન્જલ્સ ફિયર ટુ ટ્રેડ" નો પણ સંદર્ભ આપવામાં આવ્યો હતો. એચ.એમ. સીરવાઈ, ફલી એસ. નરીમાન અને અન્ય લોકો દ્વારા સેકન્ડ અને થર્ડ જજિસ કેસોની કરવામાં આવેલી ટીકા, ખાસ કરીને કૃષ્ણા ઐયર અને રૂમા પાલ, ન્યાયમૂર્તિઓ દ્વારા કરવામાં આવેલી ટીકા, અને ત્યાર પછી સેકન્ડ જજિસ કેસમાં બહુમતી ચુકાદાના લેખક - જે.એસ. વર્મા, મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા કરવામાં આવેલી ટીકા તરફ પણ કોર્ટનું ધ્યાન દોરવામાં આવ્યું હતું. તદનુસાર, વિદ્વાન વરિષ્ઠ વકીલની એવી દલીલ હતી કે, "ન્યાયતંત્રની સ્વતંત્રતા" ના મુદ્દાનો નિર્ણય કરતી વખતે, ઉપરોક્ત બંને ચુકાદાઓ પૈકી કોઈનો પણ સંદર્ભ લેવો જોઈએ નહીં, પરંતુ અનુચ્છેદ ૧૨૪ અને ૨૧૭ ની સાદી ભાષાનો સંદર્ભ લેવો જોઈએ. ઉપરોક્ત રીતે જોતાં, એવો દાવો કરવામાં આવ્યો હતો કે, વાદગ્રસ્ત બંધારણીય સુધારો "સત્તાના પૃથક્કરણ" અને "ન્યાયતંત્રની સ્વતંત્રતા" ની મૂળભૂત વિભાવનાઓનું ઉલ્લંઘન કરે છે તેવા નિષ્કર્ષ પર પહોંચવાનો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત થશે નહીં.

૧૨૦. જોકે ધ કોન્સ્ટીટ્યુશન (૯૯મો સુધારો) એક્ટ, અને/અથવા એનજેએસી એક્ટમાંથી બે "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ" ની નિમણૂક માટે કોઈ માર્ગદર્શિકા બહાર આવતી ન હતી, છતાં એવી રજૂઆત કરવામાં આવી હતી કે, એ સ્પષ્ટ હતું કે પસંદ કરવાના થતા "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ" એવી વ્યક્તિઓ હશે જેઓ અદાલતોની કામગીરીથી સુમાહિતગાર હોય. કોર્ટના પૂછવા પર, વિદ્વાન વરિષ્ઠ વકીલે એવું સૂચન કર્યું હતું કે, આ હેતુ માટે "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ" માત્ર પ્રતિષ્ઠિત વકીલો, પ્રતિષ્ઠિત ન્યાયશાસ્ત્રીઓ અને નિવૃત્ત ન્યાયમૂર્તિઓ અથવા તેના જેવા લોકોમાંથી જ પસંદ કરી શકાય. બાબતના વર્તમાન પાસાનો સંબંધ છે

ત્યાં સુધી, એ સ્પષ્ટ છે કે વિદ્વાન વરિષ્ઠ વકીલે વિદ્વાન એટર્ની જનરલ દ્વારા રજૂ કરવામાં આવેલી સ્થિતિથી તદ્દન વિપરીત સ્થિતિ અપનાવી હતી. અન્ય એક પાસું, કે જેના પર અમને શ્રી ટી.આર. અંધ્યારુજીનાની રજૂઆતમાં થોડી ભિન્નતા જણાઈ તે એ હતી કે, ઘણા દેશોમાં ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકના મામલામાં કારોબારીની સહભાગિતા ઘટાડવામાં આવી રહી હતી. અને કેટલાક દેશોમાં તે હવે કારોબારીના હાથમાં રહી ન હતી. આ સંબંધમાં, વિદ્વાન વરિષ્ઠ વકીલ દ્વારા આગળ ધપાવવામાં આવેલી સ્પષ્ટ દલીલ એ હતી કે, સમગ્ર વિશ્વમાં, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની પ્રક્રિયા વિકસી રહી હતી, જેથી તે એનજેએસી જેવી પ્રકૃતિના કમિશનોમાં નિહિત થઈ શકે. અને તેથી, "ન્યાયતંત્રની સ્વતંત્રતા" ના કારણોસર તેમાં ખામી કાઢવી સંપૂર્ણપણે અયોગ્ય હતી, જ્યારે સમગ્ર વિશ્વમાં કમિશનો સંતોષકારક રીતે આ જવાબદારી નિભાવી રહ્યા હોવાનું જણાયું હતું.

૧૨૧. શ્રી તુષાર મહેતા, એડિશનલ સોલિસિટર જનરલ ઓફ ઈન્ડિયા, ગુજરાત રાજ્ય વતી ઉપસ્થિત થયા હતા. તેમણે વિદ્વાન એટર્ની જનરલ, તેમજ, શ્રી રણજિત કુમાર, વિદ્વાન સોલિસિટર જનરલ દ્વારા રજૂ કરવામાં આવેલી દલીલો અપનાવી હતી. તેમની એવી રજૂઆત હતી કે, મુખ્ય ન્યાયમૂર્તિ અને તેમના ન્યાયમૂર્તિઓના કોલેજિયમનો સમાવેશ કરતી, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂક માટે આ કોર્ટ દ્વારા નવીન રીતે શોધવામાં આવેલી પ્રણાલી, એક ન્યાયિક નવીનતા હતી. એ બાબત દર્શાવવામાં આવી હતી કે, ૧૯૯૩ થી જ્યારે ઉપરોક્ત પ્રણાલી અસ્તિત્વમાં આવી, ત્યારથી વાદગ્રસ્ત

બંધારણીય સુધારો અમલમાં આવ્યો ત્યાં સુધી, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂક માટે તેનું પાલન કરવામાં આવ્યું હતું. એવો દાવો કરવામાં આવ્યો હતો કે, આ વચગાળાના સમયમાં, કેટલીક વિશિષ્ટ ઘટનાઓ બની હતી, જે ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની પદ્ધતિ અને રીતમાં ફેરફારની જરૂરિયાત દર્શાવતી હતી. વિદ્વાન વકીલે ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂક માટે એક કમિશનની સ્થાપના કરવાના હેતુસર સંસદમાં રજૂ કરવામાં આવેલા વિવિધ બિલો તરફ અમારું ધ્યાન દોર્યું હતું, જેનું વર્ણન અગાઉ અહીં કરવામાં આવેલ છે. એ બાબત દર્શાવવામાં આવી હતી કે, દેશના નાગરિકોની લાંબા સમયથી ચાલી આવતી આકાંક્ષાઓને પૂર્ણ કરવા માટે, એક વ્યાપક આધાર ધરાવતા નેશનલ જ્યુડિશિયલ કમિશન સાથે "કોલેજિયમ પ્રણાલી" ના બદલાવની હિમાયત કરતી અનેક રજૂઆતો તે સમયની સરકારને પ્રાપ્ત થઈ હતી. તેનું પરિણામી પરિણામ, સંસદ દ્વારા ધ કોન્સ્ટીટ્યુશન (૯૯મો સુધારો) એક્ટ અને એનજેએસી એક્ટ પસાર થવાનું હતું. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, તે લગભગ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા હતા, જેમાં રાજ્યસભાના માત્ર એક સભ્ય મતદાનથી દૂર રહ્યા હતા. એવો દાવો કરવામાં આવ્યો હતો કે, આઝાદી પછીની આ એક દુર્લભ ઐતિહાસિક ઘટના હતી, જ્યારે ભિન્ન રાજકીય વિચારધારાઓ ધરાવતા તમામ રાજકીય પક્ષોએ વાદગ્રસ્ત બંધારણીય સુધારાની તરફેણમાં મતદાન કર્યું હતું. ઉપરોક્ત ઉપરાંત, એવી રજૂઆત કરવામાં આવી હતી કે, અત્યાર સુધીમાં ૨૮ રાજ્ય વિધાનસભાઓએ આ બિલને બહાલી આપી હતી. એવો દાવો કરવામાં આવ્યો હતો કે, ઉચ્ચ

ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂક માટેની બંધારણીય વ્યવસ્થા પૂરતા લાંબા સમય સુધી કાર્યરત રહી હતી, અને આવી કામગીરીમાંથી ઉદ્ભવતા અનુભવમાંથી શીખીને, એવું અનુભવાયું હતું કે એક વ્યાપક આધાર ધરાવતા કમિશનની રચના થવી જોઈએ. એવી દલીલ કરવામાં આવી હતી કે, વાદગ્રસ્ત બંધારણીય સુધારો, સુધારાની બંધારણીય માન્યતા ચકાસવા માટેના તમામ પરિમાણોને પૂર્ણ કરતો હતો. વિદ્વાન એડિશનલ સોલિસિટર જનરલે એ જ રીતે, એનજેએસીના સભ્ય તરીકે કાયદા અને ન્યાયના પ્રભારી કેન્દ્રીય મંત્રીના સમાવેશને પડકારતી અરજદારો દ્વારા આગળ ધપાવવામાં આવેલી રજૂઆતોનો વિરોધ કર્યો હતો. તેમણે એનજેએસીમાં બે "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ" ના સમાવેશમાં પણ તથ્ય જોયું હતું. એવી દલીલ કરવામાં આવી હતી કે, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકના સંદર્ભમાં "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ" શબ્દપ્રયોગ પોતે સ્પષ્ટ અને અસંદિગ્ધ હતો, અને જ્યારે પણ નામાંકન કરવામાં આવશે, ત્યારે તેની પ્રમાણિકતા સમજાઈ જશે. એનજેએસીમાં "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ" તરીકે કોને નામાંકિત કરી શકાય તેમની ઓળખ અંગે રજૂઆત કરતી વખતે, મહારાષ્ટ્ર રાજ્યનું પ્રતિનિધિત્વ કરતા શ્રી ટી.આર. અંધ્યારુજીના દ્વારા આગળ ધપાવવામાં આવેલી રજૂઆતથી તેમણે પોતાને અલગ રાખ્યા હતા. મ્યુનિસિપલ કમિટી, અમૃતસર વિ. સ્ટેટ ઓફ પંજાબ૮૨, કે.એ. અબ્બાસ વિ. યુનિયન ઓફ ઇન્ડિયા૮૩, અને એ.કે. રોય કેસ૪૯ પર આધાર રાખીને એવી રજૂઆત કરવામાં આવી હતી કે, કાયદાની અસ્પષ્ટતા અને અનિશ્ચિતતાના સંદર્ભમાં આ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવેલી આવી જ રજૂઆતોને આ કોર્ટ દ્વારા

સતત ફગાવી દેવામાં આવી હતી. વિદ્વાન વકીલના જણાવ્યા અનુસાર, "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ" શબ્દપ્રયોગમાં કથિત અસ્પષ્ટતાના સંદર્ભમાં, જો કોઈ વ્યક્તિના નામાંકનને પડકારવામાં આવે, તો સક્ષમ અધિકારક્ષેત્ર ધરાવતી અદાલત શક્ય હોય ત્યાં સુધી, ધારાસભાના આશય અનુસાર તેનું અર્થઘટન કરશે. એવો દાવો કરવામાં આવ્યો હતો કે, એવું માની શકાય નહીં કે એવો રાજકીય ખતરો હતો કે જો એનજેએસીમાં બે ખોટી વ્યક્તિઓને "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ" તરીકે નામાંકિત કરવામાં આવે, તો તેઓ એનજેએસીના ન્યાયિક ઘટકની વિરુદ્ધમાં પલ્લું નમાવી શકશે. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, બે "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ" ની નિમણૂક વડાપ્રધાન, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને લોકસભામાં વિરોધ પક્ષના નેતાના સુરક્ષિત હાથમાં હતી. બાબતના ઉપરોક્ત પરિપ્રેક્ષ્યમાં, વિદ્વાન એડિશનલ સોલિસિટર જનરલે એવી અરજ સાથે પૂર્ણ કર્યું હતું કે, અરજદારોના વિદ્વાન વકીલ દ્વારા આગળ ધપાવવામાં આવેલી રજૂઆતો ફગાવી દેવાને પાત્ર હતી.

૧૨૨. વરિષ્ઠ વકીલ શ્રી રવિન્દ્ર શ્રીવાસ્તવ, છત્તીસગઢ રાજ્ય વતી ઉપસ્થિત થયા હતા. તેમણે અગિયાર શીર્ષકો હેઠળ વિભાજિત રજૂઆતો કરવાનું પસંદ કર્યું હતું. જોકે, એ હકીકતને ધ્યાનમાં રાખીને કે, વિગતવાર રજૂઆતો ૮૨ (૧૯૬૯) ૧ એસ.સી.સી. ૪૭૫ ૮૩ (૧૯૭૦) ૨ એસ.સી.સી. ૭૮૦ તેમની પહેલાં ઉપસ્થિત થયેલા વકીલો દ્વારા પહેલેથી જ રજૂ કરવામાં આવી ચૂકી હતી, તેથી તેમણે તેને મર્યાદિત કરવાનું પસંદ કર્યું હતું. વિદ્વાન વરિષ્ઠ વકીલની પ્રાથમિક દલીલ એ હતી કે, વાદગ્રસ્ત બંધારણીય સુધારો, તેમજ એનજેએસી એક્ટ,

બંધારણના "મૂળભૂત માળખા" નું કોઈપણ રીતે ઉલ્લંઘન કરતા નથી. વિદ્વાન વરિષ્ઠ વકીલના જણાવ્યા અનુસાર, વાદગ્રસ્ત બંધારણીય સુધારો મુક્ત અને સ્વતંત્ર ન્યાયતંત્રના "મૂળભૂત માળખા" ના સિદ્ધાંતને આગળ ધપાવે છે અને મજબૂત બનાવે છે. તેમની એવી રજૂઆત હતી કે, વાદગ્રસ્ત બંધારણીય સુધારો બંધારણના "મૂળભૂત માળખા" અને "ન્યાયતંત્રની સ્વતંત્રતા" પર તરાપ મારે છે તેવી અરજદારો દ્વારા કરવામાં આવેલી રજૂઆતો સંપૂર્ણપણે ગેરસમજભરી હતી. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, આ કોર્ટે ક્યારેય એવું ઠેરવેલ નથી કે, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ મારફતે ન્યાયતંત્રનું પ્રાધાન્ય, "ન્યાયતંત્રની સ્વતંત્રતા" નો એક આવશ્યક ઘટક હતું. એવો દાવો કરવામાં આવ્યો હતો કે, વાદગ્રસ્ત બંધારણીય સુધારા સામે અરજદારો દ્વારા ઉઠાવવામાં આવેલા પડકાર પર વિચાર કરતી વખતે, એવું માની લઈને પડકાર તરફ આગળ વધવું સંપૂર્ણપણે ગેરવાજબી રહેશે કે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ મારફતે ન્યાયતંત્રનું પ્રાધાન્ય જ માત્ર "સત્તાના પૃથક્કરણ" અને "ન્યાયતંત્રની સ્વતંત્રતા" ના આવશ્યક ઘટકોને સંતોષશે. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં બહુલતા દાખલ કરવી એ દખલગીરીનું ઉદાહરણ હોવા કરતાં સ્વતંત્રતાનું ઉદાહરણ હતું. એનજેએસીના સભ્યોના સંદર્ભમાં, એવી રજૂઆત કરવામાં આવી હતી કે, તે કોઈપણ છૂપા હેતુઓ વિના માત્ર પારદર્શિતા જ નહીં, પરંતુ એક વ્યાપક આધાર ધરાવતી પસંદગી પ્રક્રિયા પણ સુનિશ્ચિત કરશે. એવો દાવો કરવામાં આવ્યો હતો કે, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી માટે એનજેએસી અપનાવવાથી નિયુક્ત થવા ઇચ્છુક

લોકોમાંથી શ્રેષ્ઠની પસંદગી થશે. કેન્દ્રીય કાયદા અને ન્યાયના પ્રભારી મંત્રીની, એનજેએસીના હોદ્દાની રૂએ સભ્ય તરીકેની સહભાગિતાના સંદર્ભમાં, એવી રજૂઆત કરવામાં આવી હતી કે, માત્ર એક કારોબારી પ્રતિનિધિની સહભાગિતા આ પ્રક્રિયાને "ન્યાયતંત્રની સ્વતંત્રતા" ની વિભાવના સાથે અસંગત બનાવશે નહીં. આ સંબંધમાં, ફર્સ્ટ જજિસ કેસના બે ફકરાઓમાંથી ઈ.એસ. વેંકટરામૈયા, ન્યાયમૂર્તિના અવલોકનો પર ભારપૂર્વક આધાર રાખવામાં આવ્યો હતો, જે અહીં નીચે ઉદ્ધૃત કરવામાં આવ્યા છે:

> "૧૦૩૩. આ જ દલીલના એક ભાગ તરીકે એવી ભારપૂર્વક રજૂઆત કરવામાં આવી છે કે, ભારતમાં ઉચ્ચ અદાલતોના ન્યાયમૂર્તિઓની નિમણૂકના મામલે કારોબારીનો કોઈ અવાજ હોવો જોઈએ નહીં કારણ કે ન્યાયતંત્રની સ્વતંત્રતા જે બંધારણનું મૂળભૂત લક્ષણ છે તે ગંભીર જોખમમાં મુકાઈ જશે જો કારોબારી તેમની નિમણૂકની પ્રક્રિયામાં દખલ કરી શકે. માત્ર એટલા માટે કે નિમણૂકની સત્તા કારોબારી પાસે છે, ન્યાયતંત્રની સ્વતંત્રતા ક્ષતિગ્રસ્ત થઈ જશે તેવું ઠેરવવું મુશ્કેલ છે. સાચો સિદ્ધાંત એ છે કે આવી નિમણૂક પછી કારોબારીને ન્યાયમૂર્તિના કામમાં દખલ કરવાનો કોઈ અવકાશ ન હોવો જોઈએ." "૧૦૩૮. ઉપરોક્ત બાબતો ન્યાયમૂર્તિઓની નિમણૂકની અંગ્રેજી પદ્ધતિનું તદ્દન વિશ્વસનીય ચિત્ર આપે છે. આથી જોવામાં આવે છે કે ઇંગ્લેન્ડમાં ન્યાયમૂર્તિઓની નિમણૂક કારોબારી દ્વારા કરવામાં આવે છે. "તેમ છતાં ન્યાયતંત્ર સખત

કાયદાના નિયમો, બંધારણીય રૂઢિઓ, રાજકીય પ્રથા અને વ્યવસાયિક પરંપરાના આધારે રાજકીય પ્રભાવથી નોંધપાત્ર રીતે સુરક્ષિત છે."

વિદ્વાન વકીલ દ્વારા આખરે એવી રજૂઆત કરવામાં આવી હતી કે, બહુ-સભ્ય બંધારણીય સંસ્થા પાસેથી નિષ્પક્ષ અને સ્વતંત્ર રીતે અને બંધારણના ઉલ્લંઘનમાં નહીં તે રીતે કાર્ય કરવાની અપેક્ષા રાખવામાં આવે છે. એવી દલીલ કરવામાં આવી હતી કે, બહુલતા પોતે જ એક પર્યાપ્ત રક્ષણ છે. આ સંબંધમાં ટી.એન. શેષન વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા૮૪ પર આધાર રાખવામા આવ્યો હતો, જેથી આખરે એવો નિષ્કર્ષ કાઢી શકાય કે બંધારણીય સુધારો બંધારણના "મૂળભૂત માળખા"નું ઉલ્લંઘન કરતો નથી, અને તે બંધારણના "મૂળભૂત માળખા"ને વધુ મજબૂત બનાવીને મુક્ત અને સ્વતંત્ર ન્યાયતંત્રના ખ્યાલને અનુરૂપ હતો.

૧૨૩. વરિષ્ઠ અધિવક્તા શ્રી અજિત કુમાર સિંહા ઝારખંડ રાજ્ય વતી હાજર થયા હતા. તેમણે જણાવ્યું હતું કે, .. (૧૯૯૫) ૪ એસસીસી ૬૧૧ તેઓ ભારત સંઘ વતી કરવામાં આવેલી તમામ રજૂઆતોને અપનાવી લીધી હોવાનું ગણવું જોઈએ. પોતાની રજૂઆતો શરૂ કરતી વખતે, તેમણે એવી દલીલ કરવા માટે અનુચ્છેદ ૧૨૪(૪) અને અનુચ્છેદ ૨૧૭(૧) હેઠળના પરંતુક (બી) પર આધાર રાખ્યો હતો કે, સાબિત થયેલ ગેરવર્તણૂક અથવા અસમર્થતાના કારણોસર સંસદના દરેક ગૃહના કુલ સભ્યસંખ્યાની બહુમતી દ્વારા અને હાજર રહીને મતદાન કરનારા ગૃહના ૨/૩ કરતાં ઓછા ન હોય તેટલા સભ્યોની

બહુમતી દ્વારા સમર્થિત સંબોધન રાષ્ટ્રપતિ સમક્ષ રજૂ કરવામાં આવ્યા પછી રાષ્ટ્રપતિ દ્વારા પસાર કરવામાં આવેલા હુકમ સિવાય ઉચ્ચ ન્યાયતંત્રના ન્યાયમૂર્તિઓને દૂર કરી શકાતા નથી. આ સંબંધમાં, વિદ્વાન વરિષ્ઠ વકીલે ધ જનરલ ક્લોઝીસ એક્ટ, ૧૮૯૭ ની કલમ ૧૬ પર આધાર રાખ્યો હતો, જે જોગવાઈ કરે છે કે નિમણૂક કરવાની સત્તામાં સસ્પેન્ડ કરવાની અથવા બરતરફ કરવાની સત્તાનો સમાવેશ થાય છે. અનુચ્છેદ ૩૬૭ સાથે વાંચતાં, જે આદેશ આપે છે કે, જ્યાં સુધી સંદર્ભ અન્યથા જરૂરી ન હોય ત્યાં સુધી, ધ જનરલ ક્લોઝીસ એક્ટ ૧૮૯૭ ની જોગવાઈઓ બંધારણની જોગવાઈઓના અર્થઘટન માટે તે જ રીતે લાગુ થશે જે રીતે તે ધારાસભાના અધિનિયમના અર્થઘટન માટે લાગુ પડતી હતી. ઉપરોક્ત બાબતોના આધારે, એવું ભારપૂર્વક જણાવવા માંગવામાં આવ્યું હતું કે ઉચ્ચ ન્યાયતંત્રના ન્યાયમૂર્તિને દૂર કરવાના મામલે ન્યાયતંત્રની કોઈ ભૂમિકા ન હોવાથી, ન્યાયતંત્ર "ન્યાયતંત્રની સ્વતંત્રતા"ના એક અભિન્ન અંગ તરીકે ઉચ્ચ ન્યાયતંત્રના ન્યાયમૂર્તિઓની નિમણૂકના મામલે પ્રાધાન્યતાની માંગ કરી શકે નહીં. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, "ન્યાયતંત્રની સ્વતંત્રતા"ના મુદ્દા પર, નિમણૂકની પદ્ધતિનો પ્રશ્ન ન્યાયમૂર્તિના પદ પરથી દૂર કરવાના પ્રશ્ન કરતાં ઘણો ઓછો મહત્વનો હતો. ઉપર જણાવેલ જોગવાઈઓ અનુસાર ઉચ્ચ ન્યાયતંત્રના ન્યાયમૂર્તિઓને દૂર કરવાની પદ્ધતિનો ઉલ્લેખ કરતાં એવું ભારપૂર્વક જણાવવામાં આવ્યું હતું કે ઉચ્ચ ન્યાયતંત્રમાંથી ન્યાયમૂર્તિને દૂર કરવાના મામલે કોઈ ન્યાયિક સહભાગિતા નહોતી. તે માત્ર ધારાસભાનો વિશેષાધિકાર હતો. એવું હોવાથી, એવી દલીલ કરવામાં આવી હતી

કે અરજદારો વતી કરવામાં આવેલી રજૂઆતો, કે ન્યાયમૂર્તિઓની નિમણૂકના મામલે પ્રાધાન્યતા ન્યાયતંત્રમાં નિહિત હોવી જોઈએ, તે ભ્રમણા સિવાય બીજું કંઈ નહોતું.

૧૨૪. વિદ્વાન વરિષ્ઠ વકીલ દ્વારા આગળ કરવામાં આવેલી બીજી દલીલ એ હતી કે, એવું માની લેવું જોઈએ નહીં કે એનજેએસી ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની સત્તા ન્યાયતંત્ર પાસેથી છીનવી લેશે. એવી રજૂઆત કરવામાં આવી હતી કે એનજેએસીના છ સભ્યોમાંથી ત્રણ સભ્યો ન્યાયતંત્રના હતા, અને તેમાંથી એક, એટલે કે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ, તેના અધ્યક્ષ તરીકે એનજેએસીની કાર્યવાહીનું પ્રમુખપદ સંભાળવાના હતા. આમ જોતાં, એવી રજૂઆત કરવામાં આવી હતી કે ન્યાયમૂર્તિઓની નિમણૂકની સત્તા ન્યાયતંત્ર પાસેથી છીનવી લેવામાં આવી છે અને કારોબારીને સોંપવામાં આવી છે તેવી દલીલ કરવી અરજદારો તરફથી તદ્દન ગેરસમજભરી હતી. એવી રજૂઆત કરવામાં આવી હતી કે વાદગ્રસ્ત બંધારણીય સુધારા દ્વારા વિચારવામાં આવેલ ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની પદ્ધતિમાં મૂળભૂત રીતે કંઈ ગેરકાયદેસર કે ગેરબંધારણીય નહોતું. એવી પણ દલીલ કરવામાં આવી હતી કે, એનજેએસી દ્વારા વિચારવામાં આવેલ ન્યાયમૂર્તિઓની નિમણૂકની પદ્ધતિ માત્ર એ હકીકતથી બંધારણના "મૂળભૂત માળખા"નું ઉલ્લંઘન કરતી હોવાનું માની શકાય નહીં કે એનજેએસીના કોઈપણ બે સભ્યો ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિની નિમણૂકની દરખાસ્ત પર વીટો વાપરી શકે છે. અને એ કે, ઉપરોક્ત બાબત "ન્યાયતંત્રની સ્વતંત્રતા"ના વિધ્વંસમાં પરિણમશે. ઉપરોક્ત રજૂઆતોના

સમર્થનમાં, એ બાબત પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો કે સેકન્ડ અને થર્ડ જજીસ કેસોમાં આપવામાં આવેલા ચુકાદાઓમાં નિર્ધારિત કરવામાં આવેલી ન્યાયમૂર્તિઓની નિમણૂકની પદ્ધતિ એવા અનુમાન તરફ દોરી જતી નથી કે જો તેમાં વિચારવામાં આવેલી નિમણૂકની પદ્ધતિમાં ફેરફાર કરવામાં આવે તો તે બંધારણના "મૂળભૂત માળખા"નું ઉલ્લંઘન કરશે.

૧૨૫. વિદ્વાન વરિષ્ઠ અધિવક્તા શ્રી યતીન્દ્ર સિંહ હસ્તક્ષેપ કરનાર તરીકે હાજર થયા હતા. તેમણે દલીલ કરી હતી કે, ભારતનું બંધારણનું આમુખ, અનુચ્છેદ ૫૦ (જે કારોબારીથી ન્યાયતંત્રના વિભાજનની જોગવાઈ કરે છે), ઉચ્ચ ન્યાયતંત્રમાં નિમાયેલા ન્યાયમૂર્તિના હોદ્દાના શપથ, નિવૃત્તિની નિશ્ચિત વય સહિત તેમના કાર્યકાળની સુરક્ષા, પગાર અને ભથ્થાં સહિત ન્યાયમૂર્તિઓને ચૂકવવાપાત્ર મહેનતાણાનું રક્ષણ જે રજા વગેરે, એ હકીકત કે ઉચ્ચ ન્યાયતંત્રમાં નિમાયેલા ન્યાયાધીશો રેકોર્ડ અદાલતોમાં સેવા આપતા હતા, જે તિરસ્કાર માટે સજા કરવાની સત્તા ધરાવે છે, અને ધ જ્યુડિશિયલ ઓફિસર્સ પ્રોટેક્શન એક્ટ, ૧૮૫૦, અને ધ જજીસ (પ્રોટેક્શન) એક્ટ, ૧૯૮૫ ની જોગવાઈઓ, જે તેમને દીવાની તેમજ ફોજદારી કાર્યવાહીમાંથી મુક્તિ આપે છે, તે એવી બાબતો છે, જેણે "ન્યાયતંત્રની સ્વતંત્રતા" સુનિશ્ચિત કરી છે. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની પદ્ધતિને "ન્યાયતંત્રની સ્વતંત્રતા" સાથે કોઈ લેવાદેવા નથી. એ બાબત નિર્દેશિત કરવામાં આવી હતી કે વાદગ્રસ્ત બંધારણીય સુધારાની માન્યતા નક્કી કરવાનો સંબંધ છે ત્યાં સુધી, આ કોર્ટ દ્વારા સેકન્ડ અને થર્ડ જજીસ કેસોમાં આપવામાં આવેલા ચુકાદાઓનો

સંદર્ભ આપવો આવશ્યક નહોતો. એવી રજૂઆત કરવામાં આવી હતી કે વર્તમાન વિવાદનો સંબંધ છે ત્યાં સુધી એકમાત્ર પ્રશ્ન જે નક્કી કરવાનો હતો તે એ હતો કે, શું એનજેએસી દ્વારા પ્રસ્તાવિત નિમણૂકની પદ્ધતિ "ન્યાયાધીશોની સ્વતંત્રતા"માં દખલ કરશે. આ સંબંધમાં, સૌપ્રથમ એવો દાવો કરવામાં આવ્યો હતો કે સેકન્ડ કે થર્ડ જજીસ કેસે એવો નિષ્કર્ષ કાઢ્યો નહોતો કે ન્યાયમૂર્તિઓની નિમણૂકની પદ્ધતિ બંધારણનું "મૂળભૂત માળખું" બનાવશે. તેમજ એવું પણ નહીં કે, સેકન્ડ અને થર્ડ જજીસ કેસોમાં નિર્ધારિત કરવામાં આવેલી ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની પદ્ધતિનો જો ભંગ કરવામાં આવે તો તે બંધારણના "મૂળભૂત માળખા"નું ઉલ્લંઘન કરશે. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, સેકન્ડ અને થર્ડ જજીસ કેસોમાં આપવામાં આવેલા ચુકાદાઓએ માત્ર તે સમયે અસ્તિત્વમાં રહેલા કાયદાનું અર્થઘટન કર્યું હતું. એવો દાવો કરવામાં આવ્યો હતો કે ઉપરોક્ત ચુકાદાઓ એ પ્રશ્નમાં ઊંડા ઉતર્યા નહોતા કે ધ્યાનમાં લેવાયેલ કોઈપણ પરિબળ(ળો) અથવા લક્ષણ(ણો) બંધારણના "મૂળભૂત માળખા"ના ઘટકો હતા કે કેમ.

૧૨૬. વિદ્વાન વરિષ્ઠ વકીલે યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, કેનેડા અને જાપાનમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની પદ્ધતિ પર પણ આધાર રાખીને એવી દલીલ કરી હતી કે આ તમામ દેશોમાં ઉચ્ચ ન્યાયતંત્રમાં નિમાયેલા ન્યાયાધીશો તેમની જવાબદારીઓ સ્વતંત્ર રીતે નિભાવી રહ્યા હતા, અને તેથી, આ કોર્ટ માટે એવું અનુમાન કરવાનું કોઈ કારણ કે ઔચિત્ય નહોતું કે જો ન્યાયમૂર્તિઓની નિમણૂકની પદ્ધતિને સેકન્ડ અને થર્ડ

જજીસ કેસોમાં વિચારવામાં આવેલી સ્થિતિમાંથી બદલીને વાદગ્રસ્ત બંધારણીય સુધારા દ્વારા કલ્પના કરવામાં આવેલી પદ્ધતિમાં ફેરવવામાં આવે, તો તે "ન્યાયાધીશોની સ્વતંત્રતા"ને અસર કરશે. એવી રજૂઆત કરવામાં આવી હતી કે વિશ્વના વિવિધ દેશોએ ન્યાયમૂર્તિઓની નિમણૂક માટે પસંદગીની જુદી જુદી પ્રક્રિયાઓ અપનાવી હતી. દરેક દેશે "ન્યાયતંત્રની સ્વતંત્રતા" પ્રાપ્ત કરી હતી, અને તેથી, માત્ર ન્યાયમૂર્તિઓ દ્વારા નિયુક્ત કરાયેલા ન્યાયાધીશો જ તેમની ફરજો સ્વતંત્ર રીતે નિભાવી શકે છે તેવું વિચારવું અતિશયોક્તિભર્યું હતું.

૧૨૭. વિદ્વાન વરિષ્ઠ વકીલે એ બાબત પણ નિર્દેશિત કરી હતી કે, "કોલેજિયમ સિસ્ટમ" એ ન્યાયમૂર્તિઓની નિમણૂકની એકમાત્ર એવી પ્રક્રિયા નહોતી, જે "ન્યાયતંત્રની સ્વતંત્રતા" પ્રાપ્ત કરી શકે. જો એવું હોત, તો સેકન્ડ અને થર્ડ જજીસ કેસોમાં આપવામાં આવેલા ચુકાદાઓમાં આવો જ નિષ્કર્ષ કાઢવામાં આવ્યો હોત. વિદ્વાન વરિષ્ઠ વકીલની એવી રજૂઆત હતી કે, "ન્યાયતંત્રની સ્વતંત્રતા" અન્ય પદ્ધતિઓ દ્વારા પ્રાપ્ત કરી શકાય છે, જેમ કે અન્ય દેશોમાં અપનાવવામાં આવી હતી, અથવા એવી રીતે, જે સંસદ ભારત માટે યોગ્ય અને ઉચિત ગણે. એવો દાવો કરવામાં આવ્યો હતો કે વાદગ્રસ્ત બંધારણીય સુધારા દ્વારા વિચારવામાં આવેલી નિમણૂકની પદ્ધતિમાં "ન્યાયતંત્રની સ્વતંત્રતા"ના મુદ્દાના સંદર્ભમાં કોઈ ક્ષતિ નહોતી, કારણ કે એનજેએસીમાં ન્યાયતંત્ર સિવાયના અન્ય અંગો તરફથી ભાગ્યે જ કોઈ સહભાગિતા હતી.

૧૨૮. છેલ્લે, વિદ્વાન વરિષ્ઠ વકીલે એવી દલીલ કરી હતી કે, "કોલેજિયમ સિસ્ટમ" ઉપલબ્ધ શ્રેષ્ઠમાંથી શ્રેષ્ઠ પસંદ કરવાના હેતુને પૂર્ણ કરતી નહોતી. વિદ્વાન વરિષ્ઠ વકીલના જણાવ્યા મુજબ "કોલેજિયમ સિસ્ટમ"ની નિષ્ફળતા યુ.એલ. ભટ્ટ, ન્યાયમૂર્તિ દ્વારા લખાયેલ પુસ્તક "સ્ટોરી ઓફ અ ચીફ જસ્ટિસ"ની પ્રસ્તાવનામાં વી.આર. કૃષ્ણા ઐયર, ન્યાયમૂર્તિ દ્વારા વ્યક્ત કરાયેલા અભિપ્રાય પરથી સ્પષ્ટ હતી. "એન ઇન્ડિપેન્ડન્ટ જ્યુડિશિયરી" વિષય પર પમું વી.એમ. તારકુંડે સ્મૃતિ વ્યાખ્યાન આપતાં રૂમા પાલ, ન્યાયમૂર્તિ દ્વારા પણ "કોલેજિયમ સિસ્ટમ" પર પ્રતિકૂળ ટિપ્પણી કરવામાં આવી હતી. આ સંબંધમાં અલ્હાબાદ હાઇકોર્ટના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયમૂર્તિ એસ.એસ. સોઢી, ન્યાયમૂર્તિ દ્વારા તેમના પુસ્તક "ધ અધર સાઇડ ઓફ જસ્ટિસ"માં કરાયેલા અવલોકનો અને ફાલી એસ. નરીમાન દ્વારા તેમની આત્મકથા "બીફોર મેમરી ફેડ્સ"માં લખાયેલા પુસ્તકનો પણ સંદર્ભ આપવામાં આવ્યો હતો. એવી દલીલ કરવામાં આવી હતી કે ઉપરોક્ત અનુભવો અને "કોલેજિયમ સિસ્ટમ"ના અમલીકરણના સંદર્ભમાં ચારે બાજુથી થયેલી પ્રતિકૂળ ટિપ્પણીઓએ સંસદને બંધારણ (૯૯મો સુધારો) અધિનિયમ ઘડવાની ફરજ પાડી, જેણે "કોલેજિયમ સિસ્ટમ" હેઠળ વિચારવામાં આવેલી પ્રક્રિયા કરતાં ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂક માટે ઘણી સારી પદ્ધતિ પૂરી પાડી હતી. એવી રજૂઆત કરવામાં આવી હતી કે જ્યારે એનજેએસીએ ન્યાયતંત્રની ભૂમિકાને બાકાત રાખી નથી, ત્યારે તેમાં એક કારોબારી નામાંકિત વ્યક્તિ, એટલે કે કાયદા અને ન્યાય પ્રભારી કેન્દ્રીય મંત્રી સાથે બે "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ"નો એનજેએસીના સભ્યો તરીકે સમાવેશ કરવામાં

આવ્યો હતો. એનજેએસીમાં કારોબારી/સરકારની ભૂમિકા ન્યૂનતમ હોવાથી, એવું માની લેવું વાહિયાત હતું કે ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકના મામલે કારોબારી ક્યારેય પોતાની મનમાની કરી શકશે. એવી રજૂઆત કરવામાં આવી હતી કે એનજેએસી ન્યાયમૂર્તિઓની નિમણૂકના મામલે પારદર્શિતાના ઉદ્દેશ્યને પરિપૂર્ણ કરશે, અને તે જ સમયે, પસંદગી પ્રક્રિયાને વ્યાપક બનાવશે. પોતાની રજૂઆતોનું સમાપન કરતી વખતે, વિદ્વાન વકીલ દ્વારા એવું પણ સૂચન કરવામાં આવ્યું હતું કે એનજેએસીને તેની શરૂઆતમાં જ રદ કરતાં પહેલાં ચકાસવા માટે તેને થોડો સમય કાર્ય કરવા દેવું જોઈએ. અને એ કે, પ્રયોગ શરૂ થાય તે પહેલાં જ પ્રક્રિયાને નકારી કાઢવી અયોગ્ય ગણાશે.

૧૨૯. સુપ્રિમ કોર્ટ બાર એસોસિએશનના પ્રમુખ અને વરિષ્ઠ અધિવક્તા શ્રી દુષ્યંત એ. દવેએ રજૂઆત કરી હતી કે, વર્તમાન વિવાદના સંદર્ભમાં જે એકમાત્ર પ્રશ્ન પર નિર્ણય કરવાનો હતો તે એ હતો કે, શું એનજેએસી દ્વારા ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની પદ્ધતિ બંધારણીય માળખાની અંદર આવશે? વિદ્વાન વરિષ્ઠ વકીલે એ હકીકતને રેખાંકિત કરીને પોતાની રજૂઆતો શરૂ કરી હતી કે, બંધારણની જોગવાઈઓ દ્વારા પરિકલ્પિત સંસદીય લોકશાહી એ "ન્યાયતંત્રની સ્વતંત્રતા" ની તુલનામાં વધુ મોટી મૂળભૂત સંકલ્પના હતી. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, અરજદારો વતી જે રીતે રજૂઆતો કરવામાં આવી હતી, તેના પરથી એવું જણાતું હતું કે ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતને "મૂળભૂત માળખાના સિદ્ધાંત" માં સર્વોચ્ચ સ્થાન પર મૂકવામાં આવી છે. વિદ્વાન વરિષ્ઠ વકીલે ઉપરોક્ત માન્યતાની સત્યતા સામે

ગંભીર વાંધો ઉઠાવ્યો હતો. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, જો અરજદારોનું પ્રતિનિધિત્વ કરનારાઓ ઉપરોક્ત સિદ્ધાંત દર્શાવવા માટે સેકન્ડ જજિસ કેસમાં આપવામાં આવેલા ચુકાદા પર આધાર રાખતા હોય, તો તેમ કરવું કાનૂની રીતે ભ્રામક હતું. વિદ્વાન વરિષ્ઠ વકીલના જણાવ્યા મુજબ તેનું કારણ એ હતું કે, સેકન્ડ જજિસ કેસનો ચુકાદો કોઈપણ બંધારણીય જોગવાઈ(ઓ) ના અર્થઘટન પર આધારિત ન હતો, કે ન તો તે વિચારણા હેઠળના વિષયના સંદર્ભમાં વિસ્તૃત ચર્ચા પર આધારિત હતો, કે ન તો બંધારણ સભાની ચર્ચાઓ પર આધાર રાખવામાં આવ્યો હતો. એ બાબત નિર્દેશિત કરવામાં આવી હતી કે, સેકન્ડ જજિસ કેસમાં ચુકાદો કાયદાના કોઈપણ સિદ્ધાંતો પર નહીં, પરંતુ ચુકાદાના લેખકો દ્વારા પરિકલ્પિત સિદ્ધાંતોના આધારે આપવામાં આવ્યો હતો. તદનુસાર એવો દાવો કરવામાં આવ્યો હતો કે, અરજદારોની દલીલો સંપૂર્ણપણે ફગાવી દેવાને પાત્ર હતી.

૧૩૦. વિદ્વાન વરિષ્ઠ વકીલે આ કોર્ટનું ધ્યાન એ હકીકત તરફ દોર્યું હતું કે, કેશવાનંદ ભારતી કેસ૧૦, મિનર્વા મિલ્સ લિમિટેડ કેસ૩૩, અને આઈ.આર. કોયલ્હો વિ. તમિલનાડુ રાજ્ય૮૫ માં આપવામાં આવેલા ચુકાદાઓ, કે જેમાં બંધારણના "મૂળભૂત માળખા" ની સંકલ્પના ઘડવામાં આવી હતી અને તેને અમલમાં મૂકવામાં આવી હતી, તે તમામ એવા કેસો હતા કે જેમાં વિવિધ પાસાઓ પર ન્યાયિક સમીક્ષાની સત્તાનું દમન/અધિનિયંત્રણ કરવામાં આવ્યું હતું. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની પદ્ધતિ એ બંધારણના "મૂળભૂત માળખા" નો ભાગ છે કે નહીં તે

નક્કી કરવા માટે ઉપરોક્ત કોઈપણ ચુકાદા પર આધાર રાખી શકાય નહીં. તેથી જ, (૨૦૦૭) ૨ એસ.સી.સી. ૧ અનુચ્છેદ ૩૬૮ પર એ દલીલ કરવા માટે આધાર રાખવામાં આવ્યો હતો કે, બંધારણમાં સુધારો કરવાની સત્તાને "બંધારણીય સત્તા" તરીકે વર્ણવવામાં આવી હતી, એટલે કે બંધારણ ઘડવા માટે બંધારણ સભામાં નિહિત કરવામાં આવેલી સત્તા જેવી જ સત્તા. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, કોઈપણ ચુકાદો અનુચ્છેદ ૩૬૮ હેઠળ સંસદમાં નિહિત "બંધારણીય સત્તા" ને નકારી કે ઘટાડી શકે નહીં. ઉપરોક્ત વાસ્તવિક સ્થિતિને રેખાંકિત કર્યા પછી, વિદ્વાન વરિષ્ઠ વકીલે સેકન્ડ અને થર્ડ જજિસ કેસોમાં દર્શાવેલ પ્રક્રિયાના આધારે કરવામાં આવેલી વિવિધ નિમણૂકોના સંદર્ભમાં ઉત્સાહપૂર્ણ રજૂઆતો કરી હતી. ખાસ કરીને આ કોર્ટમાં એક ચોક્કસ ન્યાયમૂર્તિની નિમણૂકનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. એ બાબત નિર્દેશિત કરવામાં આવી હતી કે, સંબંધિત ન્યાયમૂર્તિએ એક કેસ તેમની સમક્ષ સુનાવણી માટે સૂચિબદ્ધ ન હોવા છતાં, તેની સુનાવણી હાથ પર લઈને તેનો નિર્ણય કર્યો હતો. ત્યારબાદ, તે વિસંગતતા સુધારવા માટે પુનર્વિચારણા અરજી દાખલ કરવામાં આવી હોવા છતાં, સંબંધિત ન્યાયમૂર્તિ દ્વારા તેને ફગાવી દેવામાં આવી હતી. કોલેજિયમ સિસ્ટમ હેઠળ ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકના સંદર્ભમાં પોતાની ચિંતા વ્યક્ત કરતાં, વિદ્વાન વરિષ્ઠ વકીલે ભારપૂર્વક નિર્દેશ કર્યો હતો કે, વાદગ્રસ્ત બંધારણીય સુધારા પહેલાં પ્રચલિત પ્રક્રિયાને બંધ બારણાની પ્રક્રિયા તરીકે વર્ણવી શકાય છે, જ્યાં ગુપ્ત રીતે નિમણૂકો કરવામાં આવતી હતી. તેમણે જણાવ્યું હતું કે, અખંડ પ્રમાણિકતા ધરાવતા અગ્રણી

વકીલો સહિતના હિતધારકો સાથે ક્યારેય વિચાર–વિમર્શ કરવામાં આવ્યો ન હતો. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, ઉપલબ્ધ વ્યક્તિઓમાંથી શ્રેષ્ઠની પસંદગી કરવા માટે મૂલ્યવાન સહાય પૂરી પાડી શકે તેવા લોકો પાસેથી ક્યારેય અભિપ્રાયો માંગવામાં આવ્યા ન હતા. એ બાબત નિર્દેશિત કરવામાં આવી હતી કે, કોલેજિયમ સિસ્ટમ હેઠળ ન્યાયમૂર્તિઓની નિમણૂકની પ્રક્રિયાનો અમુક કેસોમાં દુરુપયોગ થયો હોવાનું જાણીતું હતું, અને તેમાં કેટલીક અંતર્નિહિત ખામીઓ રહેલી હતી. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, પસંદગીની નીતિ અને પસંદગીની પદ્ધતિ ન્યાયિક સમીક્ષાને પાત્ર ન હોવાથી ન્યાયિક રીતે પડકારી શકાય તેવી ન હતી, અને તેથી, "કોલેજિયમ સિસ્ટમ" હેઠળ કરવામાં આવેલી ગેરકાયદેસર નિમણૂકો સામે કોઈ પડકાર ઉઠાવી શકાય તેમ ન હતો.

૧૩૧. ઉચ્ચ ન્યાયતંત્રમાં નિમણૂકોના સંદર્ભમાં બંધારણના અર્થઘટનની પદ્ધતિના વિષય પર, રજિસ્ટ્રાર (વહીવટ), ઓરિસ્સા હાઇકોર્ટ, કટક વિ. શિશિર કાંત સતપથી૩૨ પર એ દલીલ કરવા માટે આધાર રાખવામાં આવ્યો હતો કે, સેકન્ડ જજિસ કેસમાં આપવામાં આવેલા ચુકાદાઓની નોંધ લીધી હોવા છતાં, આ કોર્ટે તાબાના ન્યાયતંત્ર પર હાઇકોર્ટોમાં નિહિત નિયંત્રણના સંદર્ભમાં સાવચેતીનો સૂર ઉચ્ચાર્યો હતો. એ નિર્દેશિત કરવામાં આવ્યું હતું કે, એવું ઠેરવવામાં આવ્યું હતું કે કારોબારીમાં નિહિત સત્તા, ખાસ કરીને અનુચ્છેદો ૨૩૩, ૨૩૪ અને ૨૩૫ હેઠળની સત્તાનું અતિક્રમણ કર્યા વિના નિયંત્રણનો ઉપયોગ કરવો પડશે. એવી રજૂઆત કરવામાં આવી છે કે, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં કારોબારીની સત્તાને કોઈપણ વાજબી

કારણ વિના ફગાવી શકાય નહીં. એવી દલીલ કરવામાં આવી હતી કે, એવું માની લેવું અયોગ્ય હતું કે માત્ર ન્યાયતંત્ર જ શ્રેષ્ઠ ન્યાયમૂર્તિઓની નિમણૂક કરી શકે છે, અને કારોબારી કે ધારાસભા તેમ કરી શકતી નથી.

૧૩૨. વિદ્વાન વરિષ્ઠ વકીલે દિલ્હીમાં ૧૯૮૪ ના રમખાણો અને ગુજરાતમાં ૨૦૦૩ ના રમખાણોના ભોગ બનેલાઓને રાહત આપવામાં ન્યાયતંત્રની નિષ્ફળતાનો પણ ભાવુકતાપૂર્વક ઉલ્લેખ કર્યો હતો. એવો પણ દાવો કરવામાં આવ્યો હતો કે જેઓ તેના સૌથી વધુ હકદાર હતા, એટલે કે આ દેશના ગરીબ નાગરિકો, તેમને ન્યાયથી વંચિત રાખવામાં આવ્યા હતા. એ બાબત નિર્દેશિત કરવામાં આવી હતી કે, "કોલેજિયમ સિસ્ટમ" દ્વારા ન્યાયમૂર્તિઓની નિમણૂકની પદ્ધતિથી એવા પ્રકારના ન્યાયાધીશો તૈયાર થયા ન હતા કે જેઓ ગરીબ અને જરૂરિયાતમંદોના અધિકારો પ્રત્યે સંવેદનશીલ હોય. વિદ્વાન વરિષ્ઠ વકીલનો એવો દાવો હતો કે, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂક માટે લાવવામાં આવેલી નવી વ્યવસ્થાને અજમાવવી અને ચકાસવી જોઈએ, અને જો શ્રેષ્ઠ પરિણામો પ્રાપ્ત કરવા માટે તેના યોગ્ય કાર્યની ખાતરી કરવા હેતુ કેટલાક માપદંડો નિર્ધારિત કરવાના હોય, તો આવી માર્ગદર્શિકા પૂરી પાડવા માટે આ કોર્ટ સમક્ષ હંમેશા વિકલ્પ ખુલ્લો હતો.

V. <u>ચર્ચા અને વિચાર-વિમર્શ:</u>

I.

૧૩૩. કેન્દ્ર સરકાર, તેમજ સહભાગી રાજ્ય સરકારો, તેમની રજૂઆતમાં એકમત હતી કે, વાદગ્રસ્ત બંધારણીય સુધારો લોકસભા અને રાજ્યસભા બંને દ્વારા સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો, જેમાં તમામ રાજકીય પક્ષોના સંસદસભ્યોએ એક અવાજે વાત કરી હતી. લોકસભાએ ખરડાની તરફેણમાં ૩૬૭ સભ્યોના મતદાન સાથે અને તેની વિરુદ્ધમાં કોઈએ પણ મત ન આપવા સાથે આ ખરડો પસાર કર્યો હતો (જોકે એઆઈએડીએમકેના સભ્યો - કુલ ૩૭, મતદાનથી દૂર રહ્યા હતા). રાજ્યસભાએ ખરડાની તરફેણમાં ૧૭૯ સભ્યોના મતદાન સાથે અને તેના એક સભ્ય - રામ જેઠમલાણી મતદાનથી દૂર રહેવા સાથે ખરડો પસાર કર્યો હતો. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, અનુચ્છેદ ૩૬૮(૨) ના પરંતુક હેઠળ નિર્ધારિત વિશેષ પ્રક્રિયાના કારણે, અડધા રાજ્ય વિધાનમંડળો દ્વારા બિલકુલ ઓછા સમયમાં ખરડાને બહાલી આપવામાં આવી હતી. ભારતના વિદ્વાન એડિશનલ સોલિસિટર જનરલ શ્રી તુષાર મહેતાએ કોર્ટને માહિતી આપી હતી કે, છેવટે અઠ્ઠાવીસ જેટલી રાજ્ય વિધાનસભાઓએ આ ખરડાને બહાલી આપી હતી. તેને ૩૧.૧૨.૨૦૧૪ ના રોજ રાષ્ટ્રપતિ દ્વારા સંમતિ આપવામાં આવી હતી. તેથી એવો દાવો કરવામાં આવ્યો હતો કે, ધ કોન્સ્ટીટ્યુશન (૯૯મો સુધારો) એક્ટ લોકોની સર્વસંમત ઇચ્છા પ્રગટ કરે છે, અને તેથી, તેને રાષ્ટ્રની આકાંક્ષાને વ્યક્ત કરતો ગણવો જ જોઈએ. વાદગ્રસ્ત બંધારણીય સુધારો લોકોની ઇચ્છાને પ્રતિબિંબિત કરે છે તે હકીકતના આધારે, એવી રજૂઆત કરવામાં આવી હતી કે, "મૂળભૂત માળખા" ની સંકલ્પનાની એરણ પર પણ ન્યાયિક સમીક્ષાની પ્રક્રિયા દ્વારા તેને ચકાસવો યોગ્ય રહેશે નહીં.

૧૩૪. અરજદારોનું પ્રતિનિધિત્વ કરતા વિદ્વાન વકીલે ઉપરોક્ત દાવાને અસ્થાને ગણાવ્યો હતો. એવો સવાલ પૂછીને આ દલીલનું ખંડન કરવામાં આવ્યું હતું કે, શું તે "સંપન્ન લોકો" ના રાષ્ટ્રની ઇચ્છા હતી, કે પછી "વંચિત લોકો" ના રાષ્ટ્રની ઇચ્છા હતી? બીજો પ્રશ્ન એ પૂછવામાં આવ્યો હતો કે, શું વાદગ્રસ્ત બંધારણીય સુધારો ધનિક, સમૃદ્ધ અને પ્રભાવશાળી લોકોની આકાંક્ષાનું પ્રતિનિધિત્વ કરતો હતો, કે પછી ગરીબ અને જરૂરિયાતમંદ લોકોની, કે જેમની પરિસ્થિતિઓ, આશાઓ અને અપેક્ષાઓને વાદગ્રસ્ત બંધારણીય સુધારા સાથે કોઈ લેવાદેવા ન હતી? એવી રજૂઆત કરવામાં આવી હતી કે, રાષ્ટ્રની ઇચ્છા માત્ર લોકમત કે જનમત દ્વારા જ નક્કી કરી શકાય. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, અરજદારો એ સ્વીકારશે કે તેને ચોક્કસપણે રાજકીય-કારોબારીની પ્રચંડ ઇચ્છા તરીકે વર્ણવી શકાય. અને તેનાથી વધુ કંઈ નહીં. એવો દાવો કરવામાં આવ્યો હતો કે, વાદગ્રસ્ત બંધારણીય સુધારા પાછળ એક છૂપો આશય રહેલો હતો. અરજદારોના મતે, આ સુધારો સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો તેનું સાદું કારણ એ હતું કે, ઉચ્ચ ન્યાયતંત્ર કારોબારી અને ધારાસભાઓના પગલાંઓને સુધારે છે. એ બાબત નિર્દેશિત કરવામાં આવી હતી કે, આ બાબત રાજકીય-કારોબારીને પરેશાન કરે છે.

૧૩૫. લોકોની ઇચ્છાના સંદર્ભમાં, એવી રજૂઆત કરવામાં આવી હતી કે, તે આઈ.સી. ગોલકનાથ કેસ૪૧ માં આપવામાં આવેલા નિર્ણય પરથી સરળતાથી જાણી શકાય તેમ હતું, જેમાં અગિયાર-ન્યાયમૂર્તિઓની બેંચે જાહેર કર્યું હતું કે, બંધારણીય સુધારો એ બંધારણના ભાગ ૩ ના સંદર્ભમાં "કાયદો" હતો, અને

તેથી, સદર ભાગમાં રહેલા મૂળભૂત અધિકારોની મર્યાદાઓને આધીન હતો. એ નિર્દેશિત કરવામાં આવ્યું હતું કે, સંસદે ધ કોન્સ્ટીટ્યુશન (૨૫મો સુધારો) એક્ટ, ૧૯૭૧ પસાર કરતી વખતે અનુચ્છેદ ૩૬૮ નો સહારો લીધો હતો. ઉપરોક્ત સુધારા દ્વારા, અનુચ્છેદો ૩૯(બી) અને ૩૯(સી) હેઠળ રાજ્યની નીતિને અમલમાં મૂકતા કાયદાને, તે મૂળભૂત અધિકારો સાથે અસંગત હોવાના કારણોસર રદબાતલ જાહેર કરી શકાતો ન હતો, જે વ્યક્ત કરવામાં આવ્યા હતા અનુચ્છેદો ૧૪, ૧૯ અને ૩૧ દ્વારા. અનુચ્છેદ ૩૧સી માં એવી પણ જોગવાઈ કરવામાં આવી હતી કે, આવી "જાહેરાત" ધરાવતા ધારાકીય કાયદાને, એટલે કે તે રાજ્યની ઉપરોક્ત નીતિને અમલમાં મૂકવા માટે હતો, તેને એ કારણોસર પ્રશ્નાસ્પદ બનાવી શકાશે નહીં કે તે વાસ્તવમાં આવી નીતિને અમલમાં મૂકતો નથી. એ બાબત નિર્દેશિત કરવામાં આવી હતી કે, આ કોર્ટે કેશવાનંદ ભારતી કેસ૧૦ માં આઈ.સી. ગોલકનાથ કેસ૪૧ ના ચુકાદાને ઉલટાવી દીધો હતો. આ કોર્ટે, ઉપર ઉલ્લેખિત "જાહેરાત" ના આધારે ન્યાયિક સમીક્ષાનો ઈનકાર કરતા અનુચ્છેદ ૩૧સી ના ભાગને ગેરબંધારણીય ઠેરવતી વખતે, એ પણ ઠેરવેલ કે ન્યાયિક સમીક્ષાનો અધિકાર એ બંધારણના "મૂળભૂત માળખા" નો એક ભાગ હતો, અને તેનો ઈનકાર બંધારણના "મૂળભૂત માળખા" ના ઉલ્લંઘનમાં પરિણમશે.

૧૩૬. આગળ વધતાં, એવી રજૂઆત કરવામાં આવી હતી કે, ૧૧.૬.૧૯૭૫ ના રોજ અલ્હાબાદ હાઇકોર્ટ દ્વારા ઈન્દિરા ગાંધીની લોકસભામાં ચૂંટણી રદ કરવામાં આવી હતી. તે નિર્ણયને સુપ્રિમ કોર્ટ સમક્ષ પડકારવામાં આવ્યો હતો. અપીલ પેન્ડિંગ હતી તે દરમિયાન, સંસદે ધ કોન્સ્ટીટ્યુશન (૩૯મો

સુધારો) એક્ટ, ૧૯૭૫ પસાર કર્યો હતો. ઉપરોક્ત સુધારા દ્વારા, વડાપ્રધાન અને સ્પીકરની સંસદમાં ચૂંટણીને પડકારી શકાતી ન હતી, તેમજ જે કારણોસર કોઈ ચૂંટણીને રદબાતલ જાહેર કરી શકાય તેવા કોઈપણ કારણોસર આ ચૂંટણીને રદબાતલ ઠેરવી શકાતી ન હતી, અથવા ક્યારેય રદબાતલ બની હોવાનું માની શકાતું ન હતું. ટૂંકમાં અને સારાંશરૂપે, કાયદાકીય પરિકલ્પના દ્વારા, તેમાં રહેલી ખામી(ઓ) અને ગેરકાયદેસરતાઓને ધ્યાને લીધા વિના, વડાપ્રધાન અને સ્પીકરની ચૂંટણી માન્ય રહેતી હતી. ઉપરોક્ત સુધારા દ્વારા, એવી જોગવાઈ કરવામાં આવી હતી કે સુપ્રિમ કોર્ટ સમક્ષ પેન્ડિંગ કોઈપણ અપીલનો નિકાલ ધ કોન્સ્ટીટ્યુશન (૩૯મો સુધારો) એક્ટ, ૧૯૭૫ ની જોગવાઈઓને અનુરૂપ કરવામાં આવશે. ઉપરોક્ત સુધારો આ કોર્ટ દ્વારા એ જાહેર કરીને રદ કરવામાં આવ્યો હતો કે તે "કાયદાના શાસન" ને નકારવા સમાન હતો, અને એ કારણસર પણ કે, તે "લોકશાહી વિરોધી" હતો, અને આ રીતે, તેણે બંધારણના "મૂળભૂત માળખા" નું ઉલ્લંઘન કર્યું હતું. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, બંધારણના અનુચ્છેદ ૩૯એ ના મહત્વપૂર્ણ ભાગોને રદ કરવાના જવાબરૂપે, સંસદે અનુચ્છેદ ૩૬૮ હેઠળ પોતાની સત્તાનો ઉપયોગ કરીને પ્રચંડ બહુમતીથી ધ કોન્સ્ટીટ્યુશન (૪૨મો સુધારો) એક્ટ, ૧૯૭૬ પસાર કર્યો હતો. ઉપરોક્ત સુધારા દ્વારા, સંસદે અનુચ્છેદ ૩૬૮ માં ખંડો (૪) અને (૫) ઉમેર્યા હતા, જે નીચે મુજબ વંચાય છે:

> "(૪) ધ કોન્સ્ટીટ્યુશન (૪૨મો સુધારો) એક્ટ, ૧૯૭૬ ની કલમ ૫૫ ના પ્રારંભ પહેલાં કે પછી આ અનુચ્છેદ હેઠળ કરવામાં આવેલ અથવા કરવામાં આવેલ હોવાનું તાત્પર્ય ધરાવતા આ બંધારણના કોઈપણ

સુધારાને (ભાગ ૩ ની જોગવાઈઓ સહિત) કોઈપણ કોર્ટમાં કોઈપણ કારણોસર પ્રશ્નાસ્પદ બનાવી શકાશે નહીં.

(૫) શંકાઓ દૂર કરવા માટે, આથી જાહેર કરવામાં આવે છે કે આ અનુચ્છેદ હેઠળ ઉમેરો, ફેરફાર અથવા રદબાતલ કરવાના માધ્યમથી આ બંધારણની જોગવાઈઓમાં સુધારો કરવાની સંસદની બંધારણીય સત્તા પર કોઈપણ પ્રકારની મર્યાદા રહેશે નહીં."

મિનર્વા મિલ્સ લિમિટેડ કેસ૩૩ માં સર્વાનુમત નિર્ણય દ્વારા ઉપરોક્ત સુધારો ગેરબંધારણીય હોવાના કારણે રદ કરવામાં આવ્યો હતો. એવું ઠેરવવામાં આવ્યું હતું કે, અનુચ્છેદ ૩૬૮ હેઠળ સંસદની સુધારા કરવાની સત્તા મર્યાદિત હતી, એટલી હદ સુધી કે, તેને બંધારણને રદબાતલ કરવાનો કે નાબૂદ કરવાનો, અથવા તેના "મૂળભૂત કે આવશ્યક લક્ષણો" નો નાશ કરવાનો કોઈ અધિકાર ન હતો.

૧૩૭. વિદ્વાન વરિષ્ઠ વકીલે નિર્દેશ કર્યો હતો કે, વર્ષો જતાં સંસદની કામગીરીમાં ન્યાયિક હસ્તક્ષેપ ટાળવા માટે સંસદ દ્વારા વધુ એક વ્યૂહરચના અપનાવવામાં આવી હતી. આ સંદર્ભમાં, ધ કોન્સ્ટીટ્યુશન (જપમો સુધારો) બિલ, ૧૯૭૮ નો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો, જેમાં એવી જોગવાઈ કરવામાં આવી હતી કે, લોકમત દ્વારા તેની મંજૂરી મળ્યેથી બંધારણના "મૂળભૂત માળખા" માં પણ સુધારો કરી શકાય છે. સદર સુધારા દ્વારા અનુચ્છેદ ૩૬૮(૨) માં એક પરંતુક ઉમેરવામાં આવ્યું હતું જેમાં એવી જોગવાઈ કરવામાં આવી હતી કે, "ન્યાયતંત્રની

સ્વતંત્રતા" સાથે સમાધાન કરતો કાયદો માટે અડધા રાજ્યો દ્વારા બહાલીની આવશ્યકતા રહેશે, અને ત્યારબાદ, જો લોકમતમાં સાદી બહુમતીના મત દ્વારા સ્વીકારવામાં આવે, તો તે પડકારી ન શકાય તેવો બની જશે. પોતાની ઉપરોક્ત કાર્યવાહી દ્વારા, તત્કાલીન સરકારે "ન્યાયતંત્રની સ્વતંત્રતા" સાથે પણ સમાધાન કરવાનો પોતાનો ઈરાદો છતો કર્યો હતો. જોકે ઉપરોક્ત ખરડો લોકસભામાં પ્રચંડ બહુમતીથી પસાર કરવામાં આવ્યો હતો, પરંતુ તે રાજ્યસભામાં જરૂરી બે-તૃતીયાંશ બહુમતી મેળવી શક્યો ન હતો. એ બાબત નિર્દેશિત કરવામાં આવી હતી કે, આ ખરડાના પ્રસ્તાવક તત્કાલીન જનતા પાર્ટી સરકાર હતી, અને કોંગ્રેસ પાર્ટી સરકાર નહીં (જે કટોકટી અને અગાઉના બંધારણીય સુધારાઓ માટે જવાબદાર હતી). તેથી એવો દાવો કરવામાં આવ્યો હતો કે, જો તમામ રાજકીય પક્ષો એક અવાજે બોલ્યા હોય તો તેમાં કોઈને આશ્ચર્ય થવું જોઈએ નહીં, કારણ કે ન્યાયતંત્રને દબાવવા અને પોતાના તાબે કરવાના પોતાના સંકલ્પમાં તમામ રાજકીય પક્ષો એકજૂટ હતા.

૧૩૮. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, સત્તામાં રહેલા પક્ષને ધ્યાને લીધા વિના, ધારાસભા અને કારોબારીનો ઈરાદો "ન્યાયતંત્રની સ્વતંત્રતા" પર અતિક્રમણ કરવાનો રહ્યો છે. વધુમાં એવી રજૂઆત કરવામાં આવી હતી કે, તાજેતરના સમયમાં ન્યાયતંત્ર પર નિયંત્રણ મેળવવાના પ્રયાસો વધુ સ્પષ્ટ બન્યા છે. આ સંદર્ભમાં, લીલી થોમસ વિ. ભારત સંઘ૮૬, અને ચીફ ઈલેક્શન કમિશનર વિ. જન ચૌકીદાર૮૭ ના ચુકાદાઓ તરફ કોર્ટનું ધ્યાન દોરવામાં આવ્યું હતું. એ નિર્દેશિત કરવામાં આવ્યું હતું કે, અગાઉના ચુકાદામાં, આ કોર્ટે ધ

રિપ્રેઝન્ટેશન ઓફ ધ પીપલ એક્ટ, ૧૯૫૧ ની કલમ ૮(૪) ને અમાન્ય અને ગેરબંધારણીય ઠેરવેલ કે જેમાં અન્ય બાબતોની સાથે એવી જોગવાઈ હતી કે, કોઈ ગુના માટે દોષિત ઠરેલ અને બે વર્ષથી ઓછી નહીં તેટલી કેદની સજા પામેલ સંસદસભ્ય, દોષસિદ્ધિની તારીખથી ત્રણ મહિનાના સમયગાળા માટે, અથવા જો દોષસિદ્ધિને અપીલ કે રિવિઝન દ્વારા પડકારવામાં આવી હોય - તો જ્યાં સુધી અપીલ કે રિવિઝનનો નિકાલ ન થાય ત્યાં સુધી, સદર જોગવાઈ હેઠળ પરિકલ્પિત ગેરલાયકાત ભોગવશે નહીં. અગાઉના ચુકાદા દ્વારા, દોષિત ઠરેલા સભ્યો ગેરલાયક બન્યા હતા, અને દોષસિદ્ધિ પડકાર હેઠળ હોવા છતાં, તેમણે પોતાની સંબંધિત બેઠકો ખાલી કરવી પડી હતી. પાછળના ચુકાદામાં, આ કોર્ટે પટના હાઇકોર્ટ દ્વારા પસાર કરાયેલા હુકમને માન્ય રાખ્યો હતો, જેમાં એવી જાહેરાત કરવામાં આવી હતી કે ધ રિપ્રેઝન્ટેશન ઓફ ધ પીપલ એક્ટ, ૧૯૫૧ ની કલમ ૬૨(૨) માં સમાવિષ્ટ જોગવાઈઓના આધારે, જેલમાં બંધ વ્યક્તિને મત આપવાનો કોઈ અધિકાર ન હતો. તે મતદાર ન હોવાથી, તેથી એવું ઠેરવવામાં આવ્યું હતું કે, તેને સંસદના કોઈપણ ગૃહની, અથવા રાજ્યની વિધાનસભાની ચૂંટણી લડવા માટે લાયક ગણી શકાય નહીં.

૧૩૯. એ બાબત નિર્દેશિત કરવામાં આવી હતી કે, સરકારે (તત્કાલીન યુ.પી.એ. શાસિત) જન ચૌકીદાર કેસ૮૭ માં આ કોર્ટ દ્વારા આપવામાં આવેલા ચુકાદાને અમાન્ય કરવા માટે શ્રેણીબદ્ધ ખરડાઓ રજૂ કર્યા હતા. ઉપર્યુક્ત ચુકાદો આપ્યાના ત્રણ મહિનાની અંદર ધ રિપ્રેઝન્ટેશન ઓફ ધ પીપલ (એમેન્ડમેન્ટ એન્ડ વેલિડેશન) એક્ટ, ૨૦૧૩ પસાર કરીને આ કરવાનો પ્રયાસ કરવામાં

આવ્યો હતો. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, ભારત સંઘ અને સંબંધિત રાજ્યોનું પ્રતિનિધિત્વ કરતા વિદ્વાન વકીલ માટે એવી દલીલ કરવી સંપૂર્ણપણે અસ્થાને હતી કે, બંધારણીય સુધારાઓના સંદર્ભમાં સંસદ અને રાજ્ય વિધાનમંડળો દ્વારા કરવામાં આવેલ નિર્ધારણ, (૨૦૧૩) ૧ એસ.સી.સી. ૬૫૩, (૨૦૧૩) ૧ એસ.સી.સી. ૫૦૭ એવા કાર્યો તરીકે વર્ણવી શકાય કે જેની સમગ્ર રાષ્ટ્રએ ઇચ્છા કરી હતી, અથવા તે લોકોની ઇચ્છાનું પ્રતિનિધિત્વ કરતા હતા. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, જે બાબત સ્પષ્ટપણે ગેરબંધારણીય હતી, તે રાષ્ટ્રની ઇચ્છા કે લોકોની ઇચ્છા કોઈપણ બની શકે નહીં.

૧૪૦. ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની "કોલેજિયમ સિસ્ટમ" નો ઉલ્લેખ કરતાં, એ નિર્દેશિત કરવામાં આવ્યું હતું કે, સેકન્ડ જજિસ કેસમાં નવ–ન્યાયમૂર્તિઓની બેંચ દ્વારા આપવામાં આવેલા નિર્ણય દ્વારા તે અમલમાં મૂકવામાં આવી હતી, જેના દ્વારા "ન્યાયતંત્રની સ્વતંત્રતા" સુદૃઢ અને મજબૂત થઈ હતી. ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂકની બાબતમાં ન્યાયતંત્રને પ્રાધાન્ય આપીને આ પ્રાપ્ત કરી શકાયું હતું. વધુમાં એ નિર્દેશિત કરવામાં આવ્યું હતું કે, પારદર્શિતાના અભાવના કારણે કોલેજિયમ સિસ્ટમ ટીકા હેઠળ રહી છે. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, ઉપરોક્ત ટીકાનો લાભ લઈને સમગ્ર રાજકીય ક્ષેત્રના રાજકીય પક્ષો "કોલેજિયમ સિસ્ટમ" ની નિંદા અને દોષારોપણ કરી રહ્યા છે. ફરી એકવાર, એ બાબત નિર્દેશિત કરવામાં આવી હતી કે સંસદે ન્યાયિક પ્રણાલીમાં ઘૂસણખોરી કરવાના પોતાના પ્રયાસરૂપે, ન્યાયિક પ્રક્રિયામાં હસ્તક્ષેપ કરવા માટે વાદગ્રસ્ત બંધારણીય સુધારો

ઘડ્યો હતો. એવો દાવો કરવામાં આવ્યો હતો કે, આ છૂપા આશયને લોકોની ઇચ્છા કે રાષ્ટ્રની ઇચ્છા તરીકે વર્ણવી શકાય નહીં.

૧૪૧. તેની સરખામણીમાં, વાદગ્રસ્ત બંધારણીય સુધારા અને એનજેએસી એક્ટનો ઉલ્લેખ કરતી વખતે, તેટલી જ ગંભીરતાપૂર્વક એવી દલીલ કરવામાં આવી હતી કે, આ બંધારણીય સુધારાએ "ન્યાયતંત્રના પ્રાધાન્ય" ને નકારીને "ન્યાયતંત્રની સ્વતંત્રતા" સાથે સમાધાન કર્યું છે. સુનાવણી દરમિયાન ભારત સંઘ અને સંબંધિત રાજ્ય સરકારો દ્વારા કરવામાં આવેલા આક્ષેપોના સંદર્ભમાં, નિક રોબિન્સન દ્વારા લખાયેલા "સ્ટ્રક્ચર મેટર્સ: ધ ઇમ્પેક્ટ ઓફ કોર્ટ સ્ટ્રક્ચર ઓન ધ ઇન્ડિયન એન્ડ યુ.એસ. સુપ્રિમ કોર્ટ્સ" શીર્ષક ધરાવતા એક લેખનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. તેમાં કરવામાં આવેલી નીચે મુજબની રજૂઆતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો:

> "તેમની વાસ્તવિક સ્વનિર્માણકને જોતાં, ભારતીય સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓ યુનાઇટેડ સ્ટેટ્સની તુલનામાં ઓછા રાજકીયકરણ પામેલા ગણાય છે. કોર્ટનું પેનલ માળખું સ્પષ્ટ વૈચારિક જૂથોની છાપ ઊભી થતી પણ અટકાવે છે (ભલે વધુ "સક્રિયતાવાદી" કે "રૂઢિચુસ્ત" ન્યાયાધીશો હોય) લોકોની નજરમાં કોઈ નિર્ણય કાયદેસર કે ન્યાયી બનવા માટે તમામ ન્યાયાધીશોએ એકસાથે એકઠા થવું પડે તેવી કોઈ લાગણી નથી. બિલકુલ તેનાથી વિપરીત. ન્યાયાધીશો વિવિધ કૌશલ્યો અથવા

પૃષ્ઠભૂમિ લાવનારા તરીકે જોવામાં આવે છે કે જેનો પસંદગીપૂર્વક ઉપયોગ થવો જોઈએ."

૧૪૨. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, સેકન્ડ અને થર્ડ જજિસ કેસો દ્વારા વિકસાવવામાં આવેલી નિમણૂકની પદ્ધતિની ઘણા ન્યાયશાસ્ત્રીઓ દ્વારા પ્રશંસા કરવામાં આવી હતી, જેમણે એવો અભિપ્રાય આપ્યો હતો કે તેને યુનાઈટેડ કિંગડમ દ્વારા અનુકરણ કરવા યોગ્ય દાખલા તરીકે ગણી શકાય. આ સંબંધમાં, યુનાઈટેડ કિંગડમમાં હાઉસ ઓફ લોર્ડ્સના સભ્ય લોર્ડ ટેમ્પલમેનના અભિપ્રાયનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

૧૪૩. સામસામેના પક્ષકારોનું પ્રતિનિધિત્વ કરતા વિદ્વાન વકીલો દ્વારા અપનાવવામાં આવેલા વલણ પર વિચારપૂર્વક વિચારણા કર્યા પછી, એ ઠેરવવું આવશ્યક છે કે, સંસદ દ્વારા અનુચ્છેદ ૩૬૮(૨) હેઠળ પરિકલ્પિત સામાન્ય પ્રક્રિયાને અનુસરીને, અથવા અનુચ્છેદ ૩૬૮(૨) ના પરંતુકમાં પરિકલ્પિત વિશેષ પ્રક્રિયાને અનુસરીને પસાર કરવામાં આવેલ દરેક બંધારણીય સુધારો, આ મુદ્દાની કાનૂની બારીકાઈઓથી અજાણ વ્યક્તિઓ દ્વારા સમજવાના અર્થમાં, લોકોની ઈચ્છા તરીકે ગણી શકાય, કારણ કે સંસદસભ્યોને લોકોના પ્રતિનિધિઓ તરીકે ગણવામાં આવે છે. અમારા મતે, જ્યાં સુધી નિર્ધારિત બહુમતી બંધારણીય સુધારાને સમર્થન આપે છે, ત્યાં સુધી તેને કાયદેસર રીતે પસાર થયેલ બંધારણીય સુધારો ગણવામાં આવશે. ઉપરોક્ત માપદંડ સંતોષ્યા પછી, ઉપર જણાવેલ અર્થમાં તેને લોકોની ઈચ્છાની અભિવ્યક્તિ તરીકે સમજી

શકાય છે. કોઈ બંધારણીય સુધારો તેના માટે પરિકલ્પિત ન્યૂનતમ બહુમતી દ્વારા પસાર કરવામાં આવ્યો હોય, કે નોંધપાત્ર બહુમતી દ્વારા, અથવા સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો હોય, તોપણ તેનું બળ અને અમલવારી બિલકુલ સમાન રહેશે. જે બાબત મહત્વની છે, તે એ ધ્યાનમાં રાખવાની છે કે, સંસદને આપવામાં આવેલી સુધારા કરવાની સત્તા પર નિર્ધારિત મર્યાદાઓ રહેલી છે, જેનો ભંગ કરી શકાતો નથી.

૧૪૪. સંઘ યાદી અથવા સમવર્તી યાદીમાં સમાવિષ્ટ વિષયોના સંદર્ભમાં સંસદ દ્વારા ઘડવામાં આવેલ સામાન્ય કાયદો, અને તે જ રીતે, રાજ્ય યાદી અને સમવર્તી યાદીમાં સમાવિષ્ટ વિષયો પર રાજ્ય વિધાનમંડળો દ્વારા ઘડવામાં આવેલ સામાન્ય કાયદો, ઉપર જણાવેલ સમજણના અર્થમાં, આ મુદ્દાની કાનૂની બારીકાઈઓથી અજાણ સામાન્ય વ્યક્તિઓ દ્વારા લોકોની ઈચ્છાને અનુરૂપ કરવામાં આવેલા કાયદા તરીકે ગણી શકાય. અહીં પણ, કાયદો ઘડવાની સત્તા પર નિર્ધારિત મર્યાદાઓ રહેલી છે, જેનું ઉલ્લંઘન કરી શકાતું નથી. ૧૪૫. અનુચ્છેદ ૩૬૮ હેઠળ કરવામાં આવેલા બંધારણીય સુધારાઓ સામે "મૂળભૂત માળખા" ના ઉલ્લંઘનના કારણોસર કરવામાં આવેલા લગભગ તમામ પડકારોમાં, અને ખાસ કરીને, અનુચ્છેદ ૩૬૮(૨) હેઠળના પરંતુકમાં દર્શાવેલ વિશેષ અને વધુ કડક પ્રક્રિયાના પાલનની આવશ્યકતા ધરાવતા સુધારાઓમાં, સંઘ તરફથી વારંવાર કરવામાં આવેલ દાવો એક જ રહ્યો છે. ભારત સંઘની એવી દલીલ રહી છે કે, અનુચ્છેદ ૩૬૮(૨) ના પરંતુકમાં દર્શાવેલ પ્રક્રિયાને અનુસરીને પસાર કરવામાં આવેલ બંધારણનો સુધારો લોકોની ઈચ્છા રજૂ કરે છે, અને તે ન્યાયિક

સમીક્ષાને પાત્ર નથી. આ કોર્ટ દ્વારા એવું ઠેરવીને આ જ દલીલ વારંવાર ફગાવી દેવામાં આવી હતી કે, અનુચ્છેદ ૩૬૮ બંધારણના સુધારા માટે માત્ર એક "પ્રક્રિયા" ની પરિકલ્પના કરે છે, અને તેને બંધારણમાં સુધારો કરવા માટે સંસદમાં નિહિત એવી "સત્તા" તરીકે ગણી શકાય નહીં કે જેથી બંધારણના "કેન્દ્રવર્તી તત્વ" માં ફેરફાર થાય, જેને બંધારણના "મૂળભૂત લક્ષણો/મૂળભૂત માળખું" તરીકે પણ વર્ણવવામાં આવ્યું છે. ઉપર્યુક્ત સ્થિતિ અરજદારો વતી ટાંકવામાં આવેલા ચુકાદાઓ દ્વારા દર્શાવવામાં આવી છે, જેનો ઉપર ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

૧૪૬. તેથી, સંસદે ધ કોન્સ્ટીટ્યુશન (૧૨૧મો સુધારો) બિલ પ્રચંડ બહુમતી સાથે પસાર કર્યું હોય, કારણ કે લોકસભામાં એઆઈએડીએમકેના માત્ર ૩૭ સભ્યો જ સભાનપણે મતદાનથી દૂર રહ્યા હતા, અને રાજ્યસભાના માત્ર એક સભ્ય - રામ જેઠમલાણી, તેની તરફેણમાં મતદાન કરવાથી સભાનપણે દૂર રહ્યા હતા, તેમ છતાં તે ન્યાયિક સમીક્ષામાંથી મુક્ત છે તેવું સ્વીકારી શકાય નહીં. સંસદ અથવા રાજ્ય વિધાનમંડળ દ્વારા ઘડવામાં આવેલ બંધારણીય સુધારો અને/અથવા સામાન્ય કાયદાના સંદર્ભમાં ન્યાયિક સમીક્ષાનો વ્યાપ, સંબંધિત ખરડાને મંજૂર કરનાર અને પસાર કરનાર સંબંધિત વિધાનમંડળના સભ્યોની સંખ્યાને ધ્યાને લઈને અલગ-અલગ ધોરણો અપનાવવા માટે બદલાઈ શકે નહીં. જો કોઈ બંધારણીય સુધારો બંધારણના "કેન્દ્રવર્તી તત્વ" નો ભંગ કરે છે અથવા સ્પષ્ટપણે ગેરબંધારણીય હોય તેવી રીતે તેના "મૂળભૂત કે આવશ્યક લક્ષણો" નો નાશ કરે છે, તો તેણે નિષિદ્ધ ક્ષેત્રનું અતિક્રમણ કર્યું ગણાશે. આ પાસું

નિઃશંકપણે ન્યાયિક સમીક્ષાના ક્ષેત્રમાં આવશે. બાબતના ઉપરોક્ત પરિપ્રેક્ષ્યમાં, એ ઠેરવવું અનિવાર્ય છે કે, વાદગ્રસ્ત બંધારણીય સુધારો સર્વાનુમતે અથવા પ્રચંડ બહુમતીથી મંજૂર અને પસાર કરવામાં આવ્યો હોય, અને અઠ્ઠાવીસ જેટલી રાજ્ય વિધાનસભાઓ દ્વારા તેને બહાલી આપવામાં આવી હોવા છતાં, વાદગ્રસ્ત બંધારણીય સુધારો, તેમજ એનજેએસી એક્ટ, બંધારણના "મૂળભૂત માળખા" ની એરણ પર અને આ સંબંધમાં આ કોર્ટ દ્વારા નિર્ધારિત માપદંડોના આધારે ન્યાયિક સમીક્ષાને આધીન રહેશે. તદનુસાર, સામાવાળાઓના વિદ્વાન વકીલ દ્વારા રજૂ કરવામાં આવેલી એ દલીલમાં અમને કોઈ તથ્ય જણાતું નથી કે, વાદગ્રસ્ત બંધારણીય સુધારો ન્યાયિક સમીક્ષાની પ્રક્રિયા દ્વારા પડકારી શકાય તેમ નથી.

II.

૧૪૭. વિદ્વાન એટર્ની જનરલની એવી રજૂઆત હતી કે, બંધારણના "મૂળભૂત લક્ષણો/મૂળભૂત માળખું", બંધારણની જોગવાઈ(ઓ) જે રીતે મૂળ રૂપે ઘડવામાં આવી હતી/હતી, તેના માત્ર સાદા વાંચન પરથી જ મેળવવામાં આવવા જોઈએ. આ સંબંધમાં, અરજદારોનું પ્રતિનિધિત્વ કરતા વિદ્વાન વકીલ દ્વારા એ સ્વીકારવામાં આવ્યું હતું કે, બંધારણના "મૂળભૂત લક્ષણો/મૂળભૂત માળખા" નો વ્યાપ અને વિસ્તાર, માત્ર મૂળ રૂપે ઘડવામાં આવેલી બંધારણની જોગવાઈઓ પરથી, અને વધારામાં, આ કોર્ટ દ્વારા સંબંધિંત જોગવાઈઓ પર કરવામા આવેલા અર્થઘટન પરથી નક્કી કરવાનો હતો. ઉપરોક્ત અરજદારો વતી કરવામાં આવેલું

શરતી પ્રતિપાદન, સામાવાળાનું પ્રતિનિધિત્વ કરતા વિદ્વાન વકીલ માટે અસ્વીકાર્ય હતું.

૧૪૮. ઉપરોક્ત મતભેદ માટે કોઈ વિગતવાર વિશ્લેષણની જરૂર નથી. પ્રસ્તુત પાસું, એમ. નાગરાજ કેસ૩૬ માં નિર્ધારિત થયેલ છે, જેમાં નીચે મુજબ ઠેરવવામાં આવ્યું હતું:

> "... પ્રશ્ન એ છે કે - શું વાદગ્રસ્ત સુધારાઓ મૂળ બંધારણનો ત્યાગ કરે છે. અરજદારો વતી એવી ભારપૂર્વક દલીલ કરવામાં આવી હતી કે હેતુઓ અને કારણોનું કથન દર્શાવે છે કે આ કોર્ટના નિર્ણયોને ઉલટાવી દેવા માટે સંસદ દ્વારા વાદગ્રસ્ત સુધારાઓ પ્રખ્યાપિત કરવામાં આવ્યા છે. અમને આ દલીલમાં કોઈ તથ્ય જણાતું નથી. બંધારણના અનુચ્છેદ ૧૪૧ હેઠળ આ કોર્ટનો ચુકાદો દેશનો કાયદો છે."

૧૪૯. કોઈ જોગવાઈનું કારણ, અસર અને વ્યાપ, જે કોઈ પડકારનો આધાર છે, તે ક્યારેક તેના સાદા વાંચન પરથી સ્પષ્ટ ન પણ હોઈ શકે. આ કોર્ટ દ્વારા કોઈ ચોક્કસ જોગવાઈ પર કરવામાં આવેલું અર્થઘટન, ચોક્કસપણે તેની સર્વગ્રાહી સમજણ દર્શાવશે, જેમાં સાદા વાંચનને સ્વાભાવિક રીતે જ ધ્યાને લેવામાં આવ્યું હશે, પરંતુ તે ઉપરાંત, આસપાસની જોગવાઈઓ સાથે સદર જોગવાઈના સુમેળભર્યા અર્થઘટનના આધારે તેમાં છુપાયેલા મહત્વપૂર્ણ મૌનને પણ ધ્યાને લેવામાં આવ્યા હશે. અનુચ્છેદ ૧૪૧ નો આદેશ, ભારતના પ્રદેશની અંદરની દરેક અદાલતને, આ કોર્ટ દ્વારા કોઈ જોગવાઈને આપવામાં આવેલા

અર્થઘટન, નિષ્કર્ષ અથવા અર્થનું સન્માન કરવા માટે બાધ્ય કરે છે. તેથી, જેમના પર આધાર રાખવામાં આવ્યો છે તે બંધારણની જોગવાઈઓનું આ કોર્ટ દ્વારા કરવામાં આવેલા અર્થઘટન પર તેમને આપવામાં આવેલ અર્થ, સમજણ અને વિવરણ આપીને સંબંધિત જોગવાઈઓનું અર્થઘટન કરવું ઉચિત રહેશે. બાબતના ઉપરોક્ત પરિપ્રેક્ષ્યમાં, સંબંધિત જોગવાઈ(ઓ)ના માત્ર સાદા વાંચનના આધારે જ તેની સમજણ પર અડગ રહેવું, જેમ કે સામાવાળા વતી સૂચવવામાં આવ્યું હતું, તે ન તો કાયદેસર રહેશે કે ન તો ન્યાયી રહેશે. અનુચ્છેદ ૧૪૧ ના સાદા વાંચન પર પણ, અમે બંધારણની જોગવાઈઓને તે જ રીતે વાંચવા માટે બાધ્ય છીએ, જે રીતે આ કોર્ટ દ્વારા તેમનું અર્થઘટન કરવામાં આવ્યું છે.

૧૫૦. જે રીતે "વિચાર-વિમર્શ" શબ્દપ્રયોગનો ઉપયોગ અનુચ્છેદ ૧૨૪, ૨૧૭ અને ૨૨૨ માં કરવામાં આવ્યો છે અને તેનું સુપ્રિમ કોર્ટ દ્વારા જે રીતે અર્થઘટન કરવામાં આવ્યું છે, તેની "રેફરન્સ હુકમ" માં ખૂબ વિગતવાર વિચારણા કરવામાં આવી છે, અને તેથી, અમારા માટે તે બાબત ફરીથી પુનઃનોંધવાનો કોઈ પ્રસંગ નથી. માત્ર એટલું નોંધવું પર્યાપ્ત છે કે, અનુચ્છેદ ૧૨૪, ૨૧૭ અને ૨૨૨ માં સમાવિષ્ટ "વિચાર-વિમર્શ" શબ્દપ્રયોગને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા (ન્યાયમૂર્તિઓના કોલેજિયમ દ્વારા લેવાયેલા નિર્ણયના આધારે) વ્યક્ત કરવામાં આવેલા અભિપ્રાયને પ્રાધાન્ય આપવા તરીકે વાંચવો પડશે, જેમ કે "રેફરન્સ હુકમ" માં નિષ્કર્ષ કાઢવામાં આવ્યો છે. સેકન્ડ અને થર્ડ જજિસ કેસોમાં, ઉપરોક્ત જોગવાઈઓનું આ કોર્ટ દ્વારા તે રીતે અર્થઘટન કરવામાં આવ્યું હતું, જે રીતે તે તેમના મૂળ સ્વરૂપમાં અસ્તિત્વમાં હતી, એટલે કે, જે રીતે ૨૬.૧૧.૧૯૪૯

ના રોજ બંધારણ સભા દ્વારા આ જોગવાઈઓ અપનાવવામાં આવી હતી (- જે ૨૬.૦૧.૧૯૫૦ ના રોજ અમલમાં આવી હતી). આ રીતે જોતાં, અમે પુનરોચ્ચાર કરીએ છીએ કે, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકના મામલામાં, તેમજ, અનુચ્છેદ ૧૨૪, ૨૧૭ અને ૨૨૨ હેઠળ એક હાઇકોર્ટમાંથી અન્ય કોઈ હાઇકોર્ટમાં મુખ્ય ન્યાયમૂર્તિઓ અને ન્યાયમૂર્તિઓની બદલીના મામલામાં, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને તેમના ન્યાયમૂર્તિઓના કોલેજિયમને આપવામાં આવેલું પ્રાધાન્ય, ઉપરોક્ત જોગવાઈઓ (મૂળ રૂપે ઘડવામાં આવી હતી તે મુજબ) ના એક અભિન્ન અંગ તરીકે સ્વીકારવાને પાત્ર છે. તેથી, જ્યારે બંધારણના "મૂળભૂત લક્ષણ/માળખા" તરીકે "ન્યાયતંત્રની સ્વતંત્રતા"નું ઉલ્લંઘન થયું હોવાનો આક્ષેપ કરીને ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂક (તેમજ, બદલી) ના સંદર્ભમાં કોઈ પ્રશ્ન ઉપસ્થિત કરવામાં આવે, ત્યારે એ નક્કી કરવું પડશે કે શું ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ મારફતે ઉપયોગમાં લેવાતા (ન્યાયમૂર્તિઓના કોલેજિયમની સામૂહિક વિવેકબુદ્ધિ પર આધારિત) ન્યાયતંત્રના પ્રાધાન્યનો ભંગ થયો હતો કે કેમ. ત્યારે જ, એ નિષ્કર્ષ કાઢવો શક્ય બનશે કે, શું એક આવશ્યક "મૂળભૂત લક્ષણ" તરીકે "ન્યાયતંત્રની સ્વતંત્રતા" બંધારણની, જળવાઈ રહી હતી (-અને તેનો ભંગ થયો નહોતો) કે નહીં.

III.

૧૫૧. અમે "રેફરન્સ હુકમ" માં પહેલેથી જ એવો નિષ્કર્ષ કાઢ્યો છે કે, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂક સંબંધિત, તેમજ, એક

હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિઓ અને ન્યાયમૂર્તિઓની અન્ય હાઇકોર્ટમાં બદલીના સંદર્ભમાં, નિર્ણય લેવાની પ્રક્રિયામાં ન્યાયતંત્રમાં પ્રાધાન્ય નિહિત કરવા તરીકે (મૂળ રૂપે ઘડવામાં આવેલા) અનુચ્છેદ ૧૨૪, ૨૧૭ અને ૨૨૨ માં વપરાયેલા "વિચાર-વિમર્શ" શબ્દપ્રયોગને વાંચવો પડશે. ઉપરોક્ત નિષ્કર્ષ પર પહોંચવા માટે, નીચેના પરિમાણોને ધ્યાને લેવામાં આવ્યા હતા:

(૧) પ્રથમતઃ, ચાર ચુકાદાઓનો સંદર્ભ આપવામાં આવ્યો હતો, અર્થાત્ ૧૯૭૪ માં સાત-ન્યાયમૂર્તિઓની બેંચ દ્વારા આપવામાં આવેલ શમશેર સિંહ કેસ૧૧, જેમાં મુખ્ય સિદ્ધાંત - "ન્યાયતંત્રની સ્વતંત્રતા" ને ધ્યાનમાં રાખીને, એવો નિષ્કર્ષ કાઢવામાં આવ્યો હતો કે, ન્યાયતંત્રના સર્વોચ્ચ મહાનુભાવ - ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથેના વિચાર-વિમર્શનો વ્યવહારમાં અર્થ એવો થતો હતો કે, અંતિમ શબ્દ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિનો જ હોવો જોઈએ, એટલે કે, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકના મામલામાં પ્રાધાન્ય ન્યાયતંત્ર પાસે જ રહેવું જોઈએ. ઉપરોક્ત સ્થિતિ ૧૯૭૭ માં પાંચ-ન્યાયમૂર્તિઓની બેંચ દ્વારા સાંકળચંદ હિંમતલાલ શેઠ કેસપ માં જાળવી રાખવામાં આવી હતી, જેમાં ઠેરવવામાં આવ્યું હતું કે, તમામ સંભવિત કેસોમાં, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા (તેમના "વિચાર-વિમર્શ" દરમિયાન) આપવામાં આવેલી સલાહ મુખ્યત્વે ભારત સરકાર દ્વારા સ્વીકારવી જોઈએ, અને એ કે, જો સરકાર ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા આપવામાં આવેલી સલાહથી અલગ પડે, તો અદાલતો પાસે એ તપાસ કરવાની તક રહેશે કે શું કારોબારીના નિર્ણયમાં અન્ય કોઈ અપ્રસ્તુત સંજોગો પ્રવેશી ગયા હતા. પ્રસ્તુત ચુકાદામાં, બાબતની ગંભીરતા પર ભાર મૂકવા માટે, આ કોર્ટે એવી

અપેક્ષા પણ વ્યક્ત કરી હતી કે, ઉપરોક્ત શબ્દો બહેરા કાને અથડાશે નહીં. ૧૯૯૩ માં નવ-ન્યાયમૂર્તિઓની બેંચ દ્વારા ૭:૨ ની બહુમતીથી આપવામાં આવેલા સેકન્ડ જજિસ કેસમાં પણ આ જ સ્થિતિ અપનાવવામાં આવી હતી, જે એવા નિષ્કર્ષ પર પણ પહોંચી હતી કે, ફર્સ્ટ જજિસ કેસમાં આપવામાં આવેલો ચુકાદો સાચો કાયદો પ્રસ્થાપિત કરતો ન હતો. બેંચના ન્યાયમૂર્તિઓ પૈકીના એક, એમ.એમ. પુંછી, ન્યાયમૂર્તિ (તેઓ તે સમયે હતા તે મુજબ), જેમણે લઘુમતી મંતવ્યનું સમર્થન કર્યું હતું, તેમણે પણ એ મતનું સમર્થન કર્યું હતું કે, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા કરવામાં આવેલી ભલામણ(ણો)ને મુલતવી રાખવાની કારોબારીની કાર્યવાહી, "બંધારણની ભાવનાનું ઉલ્લંઘન કરનાર", વંચિત કરવાના કૃત્ય સમાન હશે. તેથી, સારાંશમાં, સેકન્ડ જજિસ કેસે લગભગ સર્વાનુમતે એવો નિષ્કર્ષ કાઢ્યો હતો કે, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂકના મામલામાં, નિર્ણય લેવાની પ્રક્રિયામાં પ્રાધાન્ય, નિઃશંકપણે ન્યાયતંત્ર પાસે જ રહેલું હતું. છેવટે, ૧૯૯૮ માં અન્ય એક નવ-ન્યાયમૂર્તિઓની બેંચ દ્વારા આપવામાં આવેલા થર્ડ જજિસ કેસે સેકન્ડ જજિસ કેસમાં અપાયેલી સ્થિતિનો પુનરોચ્ચાર કર્યો હતો.

(૨) દ્વિતીયતઃ, અન્ય બાબતોની સાથોસાથ ડૉ. બી.આર. આંબેડકર દ્વારા વ્યક્ત કરવામાં આવેલા સમાપન વક્તવ્ય પર આધારિત બંધારણ સભાની ચર્ચાઓમાંથી ઉદ્ભવતો અંતિમ આશય એ બાબત જાળવી રાખતો હતો કે ન્યાયતંત્ર કારોબારીથી સ્વતંત્ર હોવું જ જોઈએ. ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની "નિમણૂક" ના વિષય પર વિચાર-વિમર્શ કરતી વખતે ઉપરોક્ત

સ્થિતિ વ્યક્ત કરવામાં આવી હતી. ડૉ. બી.આર. આંબેડકરે કે.ટી. શાહ, કે.એમ. મુનશી, તજમૂલ હુસૈન, અલ્લાદી કૃષ્ણસ્વામી ઐયર અને અનંતશયનમ અય્યંગર દ્વારા વ્યક્ત કરવામાં આવેલી લાગણીઓનો પ્રત્યુત્તર આપતી વખતે, બંધારણ સભાના એ મતની નોંધ લીધી હતી કે, સભ્યો સામાન્ય રીતે સહમત હતા કે, કારોબારીથી "ન્યાયતંત્રની સ્વતંત્રતા" "કાયદા દ્વારા શક્ય તેટલી સ્પષ્ટ અને ઓક્સ બનાવવી જોઈએ". સુપ્રિમ કોર્ટમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકના મુદ્દા પર ચર્ચા કરતી વખતે કરવામાં આવેલા ઉપરોક્ત પ્રતિપાદનનું અસરકારક પરિણામ એ સ્વીકૃતિમાં આવ્યું કે, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની "નિમણૂક" ના મુદ્દાને "ન્યાયતંત્રની સ્વતંત્રતા" સાથે સીધો સંબંધ હતો. ડૉ. બી.આર. આંબેડકરે યુનાઈટેડ કિંગડમ અને યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકામાં પ્રચલિત ન્યાયમૂર્તિઓની નિમણૂકની પદ્ધતિ અપનાવવાની દરખાસ્ત નકારી કાઢી હતી, અને તેના દ્વારા, અનુક્રમે કારોબારી અને ધારાસભાના હાથમાં ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂકની પ્રક્રિયાને અધીન બનાવવાનો ઇનકાર કર્યો હતો. પાછળની દરખાસ્તને નકારી કાઢતી વખતે, ડૉ. બી.આર. આંબેડકર શંકાશીલ અને અવિશ્વાસુ હતા કે, આવી સંભાવનામાં, ઉચ્ચ ન્યાયતંત્રમાં નિમણૂકો "રાજકીય દબાણ" અને "રાજકીય વિચારણાઓ" થી પ્રભાવિત થઈ શકે છે.

(૩) તૃતીયતઃ, સંસદીય ચર્ચાઓમાંથી બહાર આવતી ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની વાસ્તવિક પ્રથા અને પદ્ધતિ સ્પષ્ટપણે દર્શાવે છે કે, ૧૯૫૦ થી નિમાયેલા તમામ ન્યાયમૂર્તિઓ (એક કેસ સિવાય) ભારતના મુખ્ય

ન્યાયમૂર્તિની સલાહથી જ નિમાયા હતા. તેથી એ સ્પષ્ટ છે કે, રાજકીય-કારોબારી એ હકીકતથી વાકેફ હતી કે, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકનો મુદ્દો, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ મારફતે વ્યક્ત થતાં ન્યાયતંત્રના પ્રાધાન્યનો આદેશ આપતો હતો. આ સંબંધમાં, વિદ્વાન એટર્ની જનરલે પણ સ્વીકાર્યું હતું કે, ૧૯૭૩ માં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની નિમણૂકના સમયે સુપ્રિમ કોર્ટના વરિષ્ઠ ન્યાયમૂર્તિઓની વરિષ્ઠતાની અવગણના, ૧૯૭૬ માં કટોકટી દરમિયાન ઉચ્ચ ન્યાયતંત્રના ન્યાયમૂર્તિઓની સામૂહિક બદલી, અને સુપ્રિમ કોર્ટના એક ન્યાયમૂર્તિની વરિષ્ઠતાની બીજી વારની અવગણના, ૧૯૭૭ માં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની નિમણૂકના સમયે, કારોબારી વિચલનો હતા.

(૪) ચતુર્થતઃ, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓ અને મુખ્ય ન્યાયમૂર્તિઓની નિમણૂક માટેનું મેમોરેન્ડમ ઓફ પ્રોસિજર જે ૧૯૫૦ માં, ભારત સ્વતંત્ર થયા પછી તરત જ તૈયાર કરવામાં આવ્યું હતું, તેમજ, સેકન્ડ જજિસ કેસના નિર્ણય પછી ૧૯૯૯ માં ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓ અને મુખ્ય ન્યાયમૂર્તિઓની નિમણૂક માટે પુનઃતૈયાર કરવામાં આવેલ મેમોરેન્ડમ ઓફ પ્રોસિજર સ્પષ્ટ કરે છે કે, કારોબારીએ એ બાબત સમજી અને સ્વીકારી લીધી હતી કે, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂક તેમની પાસેથી જ ઉદ્ભવશે અને તે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની સલાહથી કરવામાં આવશે.

(૫) પંચમતઃ, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂક માટે અમલમાં રહેલી પ્રક્રિયાનો ઉલ્લેખ કરીને, સામાવાળા વતી રજૂ કરવામાં આવેલી

એવી દલીલ કે, સેકન્ડ અને થર્ડ જજિસ કેસોએ એવી પ્રક્રિયા ઊભી કરી હતી જ્યાં ન્યાયમૂર્તિઓ જ ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂક કરે છે, અથવા તો ન્યાયમૂર્તિઓની નિમણૂક માટે 'ઇમ્પીરીયમ ઇન ઇમ્પીરીયો' ની વ્યવસ્થા ઊભી કરવામાં આવી હતી, તે બાબત ધ્યાને લેવામાં આવી હતી અને ("રેફરન્સ હુકમ" માં) સ્પષ્ટપણે નકારી કાઢવામાં આવી હતી. વધુમાં, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકના મામલામાં કારોબારીની ભૂમિકા પર પ્રકાશ પાડીને, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂકની પ્રવર્તમાન પ્રક્રિયામાં કારોબારીની કોઈ ભૂમિકા નહોતી તેવી રજૂઆતને પણ નકારી કાઢવામાં આવી હતી. ઉપરોક્ત નિષ્કર્ષો નોંધતી વખતે, એ બાબત જાળવી રાખવામાં આવી હતી ("રેફરન્સ હુકમ" માં) કે, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકના મામલામાં પ્રાધાન્ય ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ પાસે હતું, અને એ કે, તે ન્યાયમૂર્તિઓના કોલેજિયમની સામૂહિક વિવેકબુદ્ધિ પર આધારિત હતું.

(૬) ષષ્ઠતઃ, સામાવાળા તરફથી રજૂ કરવામાં આવેલી એવી દલીલ કે, અનુચ્છેદ ૧૨૪, ૨૧૭ (અને ૨૨૨) હેઠળ ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકના મામલામાં પણ (અને તેમની બદલીના મામલામાં પણ) સત્તા કારોબારીમાં નિહિત થયેલી ગણવી જોઈએ, કારણ કે રાષ્ટ્રપતિએ અનુચ્છેદ ૭૪ માં સમાવિષ્ટ બંધારણીય આદેશ અનુસાર મંત્રી પરિષદ દ્વારા તેમને આપવામાં આવેલી સહાય અને સલાહ મુજબ કાર્ય કરવાનું હોય છે, તે એવું ઠેરવીને નકારી કાઢવામાં આવી હતી કે, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકના મામલામાં પ્રાધાન્ય ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ પાસે જળવાઈ રહ્યું હતું, અને એ કે, તે ન્યાયમૂર્તિઓના

કોલેજિયમની સામૂહિક વિવેકબુદ્ધિ પર આધારિત હતું. ઉપરોક્ત નિષ્કર્ષ નોંધતી વખતે, અનુચ્છેદ ૫૦ પર આધાર રાખવામાં આવ્યો હતો. એવો વધારાનો નિષ્કર્ષ નોંધવા માટે પણ અનુચ્છેદ ૫૦ પર આધાર રાખવામાં આવ્યો હતો કે, જો ન્યાયમૂર્તિઓની નિમણૂકની સત્તા કારોબારી પર છોડી દેવામાં આવે, તો તે "ન્યાયતંત્રની સ્વતંત્રતા" અને "સત્તાઓનું પૃથક્કરણ" ના સિદ્ધાંતોનો ભંગ કરશે.

૧૫૨. ઉપરોક્ત બાબતોને ધ્યાને લેતાં, એવો નિષ્કર્ષ કાઢવો પડે છે કે, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકના મામલે, તેમજ, તેમની બદલીના મામલે પણ, નિર્ણય લેવાની પ્રક્રિયામાં પ્રાધાન્ય, અનિવાર્યપણે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ પાસે રહે છે. અને એ કે, તે ન્યાયમૂર્તિઓના કોલેજિયમના સામૂહિક વિવેકના આધારે વ્યક્ત કરવામાં આવે તેવી અપેક્ષા રાખવામાં આવી હતી. આવો નિષ્કર્ષ કાઢ્યા પછી, અમે પ્રતિવાદીઓના વિદ્વાન વકીલ દ્વારા તેનાથી વિપરીત કરવામાં આવેલી તમામ રજૂઆતોને ફગાવી દઈએ છીએ.

IV.

૧૫૩. હવે વિચારણા માટે ઉપસ્થિત થતો આગામી પ્રશ્ન એ છે કે, શું ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂકની પ્રક્રિયા (એટલે કે, હાઇકોર્ટો અને સુપ્રિમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિઓ, અને ન્યાયમૂર્તિઓ), તેમજ મુખ્ય ન્યાયમૂર્તિઓ અને ન્યાયમૂર્તિઓની એક હાઇકોર્ટમાંથી બીજી હાઇકોર્ટમાં બદલી, જે વાદગ્રસ્ત બંધારણીય સુધારા દ્વારા પરિકલ્પિત છે, તે નિર્ણય લેવાની પ્રક્રિયામાં ન્યાયતંત્ર પાસે પ્રાધાન્ય જાળવી રાખે છે અને સુરક્ષિત રાખે છે?

વિદ્વાન એટર્ની જનરલ, વિદ્વાન સોલિસિટર જનરલ, વિદ્વાન એડિશનલ સોલિસિટર જનરલ, અને પ્રતિવાદીઓનું પ્રતિનિધિત્વ કરતા વિદ્વાન વરિષ્ઠ વકીલોની નોંધપાત્ર સંખ્યાની એવી ભારપૂર્વકની દલીલ હતી કે, વાદગ્રસ્ત બંધારણીય સુધારા પછી પણ, અનુચ્છેદ ૧૨૪, ૨૧૭ અને ૨૨૨ હેઠળ નિર્ણય લેવાની પ્રક્રિયામાં પ્રાધાન્ય ન્યાયતંત્ર પાસે જાળવી રાખવામાં આવ્યું છે. જ્યાં સુધી બાબતના વર્તમાન પાસાનો સંબંધ છે, ત્યાં સુધી પ્રતિવાદીઓ વતી એવી દલીલ કરવામાં આવી હતી કે, એનજેએસીના છ સભ્યોમાંથી ત્રણ સભ્યો ન્યાયતંત્રમાંથી લેવાયેલા હોદ્દાની રૂએ સભ્યો હતા- ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ, અને મુખ્ય ન્યાયમૂર્તિ પછીના સુપ્રિમ કોર્ટના અન્ય બે વરિષ્ઠ ન્યાયમૂર્તિઓ. ઉપરોક્ત વાસ્તવિક સ્થિતિના જોડાણમાં, એ બાબત નિર્દેશિત કરવામાં આવી હતી કે, રાજકીય-કારોબારી તરફથી માત્ર એક જ નામાંકિત વ્યક્તિ હતા - કાયદા અને ન્યાયના પ્રભારી કેન્દ્રીય મંત્રી. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, છ સભ્યોના એનજેએસીમાંથી બાકીના બે સભ્યો "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ" હતા, જેઓ રાજકીય રીતે તટસ્થ રહે તેવી અપેક્ષા હતી. તેથી, પ્રતિવાદીઓનું પ્રતિનિધિત્વ કરતા વિદ્વાન વકીલના જણાવ્યા અનુસાર, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂકના મામલે, તેમજ એક હાઇકોર્ટમાંથી બીજી હાઇકોર્ટમાં મુખ્ય ન્યાયમૂર્તિઓ અને ન્યાયમૂર્તિઓની બદલીના મામલે પ્રાધાન્ય, વાદગ્રસ્ત બંધારણીય સુધારા હેઠળ પણ, ન્યાયતંત્રના હાથમાં જ રહેવાનું ચાલુ રહ્યું હતું.

૧૫૪. ઉપરોક્ત રજૂઆતના જોડાણમાં, એવી ભારપૂર્વક રજૂઆત કરવામાં આવી હતી કે, એનજેએસી એક્ટની જોગવાઈઓ એવી પૂર્વધારણા કરે છે કે, જો

એનજેએસીના કોઈપણ બે સભ્યો આવી ભલામણ સાથે સંમત ન થાય, તો એનજેએસી ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક માટે કોઈ વ્યક્તિની ભલામણ કરશે નહીં. ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને સુપ્રિમ કોર્ટના અન્ય બે વરિષ્ઠ ન્યાયમૂર્તિઓ એનજેએસીના હોદ્દાની રૂએ સભ્યો હતા. તે હકીકતના આધારે, એવો દાવો કરવામાં આવ્યો હતો કે, એનજેએસીના ન્યાયિક ઘટક દ્વારા અયોગ્ય ભલામણને નકારી કાઢવાની વીટો સત્તા, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂકના મામલે, તેમજ એક હાઇકોર્ટમાંથી બીજી હાઇકોર્ટમાં મુખ્ય ન્યાયમૂર્તિઓ અને ન્યાયમૂર્તિઓની બદલીના મામલે ન્યાયતંત્રના હાથમાં પ્રાધાન્ય જાળવી રાખવામાં પરિણમશે. પ્રતિવાદીઓના વિદ્વાન વકીલના જણાવ્યા અનુસાર, આ એટલા માટે હતું કારણ કે એનજેએસીના અન્ય સભ્યોને પોતાની મનમાની કરતા રોકવા માટે ન્યાયિક ઘટક પૂરતો હશે.

૧૫૫. ઉપરોક્ત દલીલ પર અમારા વિચારપૂર્વકના ચિંતન પછી, એમાં કોઈ શંકા હોઈ શકે નહીં કે, વિદ્વાન વકીલ દ્વારા જે રીતે વ્યક્ત કરવામાં આવ્યું છે તે રીતે, સૂચિત અનુમાન કાગળ પર યોગ્ય ઠરી શકે છે. વિચારવા જેવો મહત્વનો પ્રશ્ન એ છે કે, શું વ્યવહારિકતાની દ્રષ્ટિએ, વાદગ્રસ્ત બંધારણીય સુધારો, દાખલ કરવામાં આવેલી અનુચ્છેદ ૧૨૪એ થી ૧૨૪સી ની જોગવાઈઓ સાથે વંચાણે લેતાં, અનુચ્છેદ ૧૨૪, ૨૧૭ અને ૨૨૨ ની સુધારેલી જોગવાઈઓ હેઠળ, નિર્ણય લેવાની બાબતમાં ન્યાયતંત્ર પાસે પ્રાધાન્ય જાળવી રાખ્યું હોવાનું ગણી શકાય?

૧૫૬. વિદ્વાન એટર્ની જનરલ અને પ્રતિવાદીઓનું પ્રતિનિધિત્વ કરતા અન્ય કેટલાક વિદ્વાન વકીલો દ્વારા કરવામાં આવેલી રજૂઆત, એક અતિ સરળીકૃત અને સંકુચિત અભિગમમાંથી ઉદ્ભવે છે. ન્યાયમૂર્તિઓના કોલેજિયમના સામૂહિક વિવેકના આધારે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિમાં નિહિત થયેલા પ્રાધાન્ય માટે એક સમગ્રલક્ષી અભિગમની જરૂર છે. અમારા માટે એ સ્વીકારવું શક્ય નથી કે, માત્ર એટલી ખાતરી કરીને કે એનજેએસીના સભ્યપદમાં ન્યાયિક ઘટક કોઈ અયોગ્ય ઉમેદવારની ઉમેદવારીને નકારી કાઢવા માટે પૂરતો સક્ષમ હતો, ન્યાયતંત્રનું પ્રાધાન્ય જળવાઈ રહ્યું હોવાનું માની શકાય. અમને સંતોષ છે કે, પ્રાધાન્યની બાબતમાં, એનજેએસીનો ન્યાયિક ઘટક કોઈ યોગ્ય ઉમેદવારની નિમણૂક સુનિશ્ચિત કરવા માટે પણ પોતાની મેળે જ સક્ષમ હોવો જોઈએ. આ બદલાયેલી યોજના હેઠળ, જો ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને સુપ્રિમ કોર્ટના અન્ય બે સૌથી વરિષ્ઠ ન્યાયમૂર્તિઓ (ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ પછીના ક્રમે આવતા), કોઈ ઉમેદવારને ઉચ્ચ ન્યાયતંત્રમાં નિમણૂક માટે યોગ્ય ગણે, તો પણ સંબંધિત વ્યક્તિની નિમણૂક ન થઈ શકે, જો એનજેએસીના કોઈપણ બે સભ્યો તેનાથી વિપરીત અભિપ્રાય આપે. આ બાબત ન્યાયિક ઘટકના પ્રાધાન્ય માટે તદ્દન વાંધાજનક હશે. આ મુદ્દાની ગંભીરતા એ હકીકત પરથી સ્પષ્ટ થાય છે કે બે "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ" (વિદ્વાન એટર્ની જનરલના જણાવ્યા મુજબ - સામાન્ય વ્યક્તિઓ), વિચારણા હેઠળની વ્યક્તિની નિમણૂકની તરફેણ કરતી ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને સુપ્રિમ કોર્ટના બે સૌથી વરિષ્ઠ ન્યાયમૂર્તિઓ દ્વારા કરવામાં આવેલી સર્વાનુમત ભલામણને નિષ્ફળ બનાવી શકે છે. કોઈપણ

શંકા વિના, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂકના મામલે આ ન્યાયતંત્રના પ્રાધાન્યને ઘટાડનારું છે. તેને વાંધાજનક ગણાવવાનું કારણ એ છે કે - વિદ્વાન એટર્ની જનરલના જણાવ્યા અનુસાર, "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ" એવી સામાન્ય વ્યક્તિઓ હોવી જોઈતી હતી જેમને ન્યાયતંત્ર સાથે, કે વકીલાતના વ્યવસાય સાથે પણ કોઈ સંબંધ ન હોય, કદાચ એવી વ્યક્તિઓ કે જેઓ કાયદા સંબંધિત કોઈ શૈક્ષણિક લાયકાત પણ ધરાવતી ન હોય, આવી સામાન્ય વ્યક્તિઓ પાસે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને ભારતના સુપ્રિમ કોર્ટના બે ન્યાયમૂર્તિઓના સામૂહિક વિવેકને બાજુ પર રાખવાની સામૂહિક સત્તા હશે. જ્યારે કાયદા અને ન્યાયના પ્રભારી કેન્દ્રીય મંત્રી પણ ન્યાયિક ઘટકના સર્વાનુમત અભિપ્રાયને સમર્થન આપે છે, ત્યારે વર્તમાન મુદ્દો દેખીતી રીતે ઘણો વધુ પશ્ચાદગામી બની જાય છે, કારણ કે તો પણ "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ" નો અસંમતિભર્યો અવાજ પ્રભાવી રહેશે. એ સ્પષ્ટ છે કે, ન્યાયતંત્રના પ્રાધાન્યને અત્યંત નાજુક બનાવીને તેના પર વધુ એક વિનાશક ફટકો મારવામાં આવ્યો છે.

૧૫૭. જ્યારે મુદ્દો ઉચ્ચ ન્યાયતંત્રના ન્યાયમૂર્તિઓના બંધારણીય પદ જેટલો મહત્વપૂર્ણ હોય, ત્યારે વ્યક્તિઓની નૈતિક શક્તિ પર નિર્ભર રહેવું ઘાતક સાબિત થશે. ન્યાયતંત્ર અખંડ પ્રમાણિકતા ધરાવતા લોકો દ્વારા સચાલિત હોવું જોઈએ, જેઓ કોઈપણ ભય કે પક્ષપાત વિના પોતાની જવાબદારી નિભાવી શકે. એવી કોઈ વૈકલ્પિક પ્રક્રિયા સ્વીકારવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી, જે ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂકના મામલે (તેમજ, હાઇકોર્ટોના મુખ્ય ન્યાયમૂર્તિઓ અને ન્યાયમૂર્તિઓની અન્ય હાઇકોર્ટોમાં

બદલીના મામલે પણ) ન્યાયતંત્રનું પ્રાધાન્ય સુનિશ્ચિત કરતી ન હોય. ઉપર જણાવેલી સ્થિતિમાં, એવો નિષ્કર્ષ કાઢવો શક્ય નથી કે, એનજેએસીની રચના માટે વિચારવામાં આવેલું સંયોજન એવું છે, કે જે "ન્યાયતંત્રની સ્વતંત્રતા" ના સરળ ભંગ માટે સંવેદનશીલ નહીં હોય.

૧૫૮. અનુચ્છેદ ૧૨૪એ(૧)(એ) અને (બી) ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂકના મામલે ન્યાયતંત્રનું પ્રાધાન્ય સુનિશ્ચિત કરવા માટે, આ બાબતમાં ન્યાયિક ઘટકને પૂરતું પ્રતિનિધિત્વ પૂરું પાડતા નથી, અને તેથી, તેઓ ભારતના બંધારણના "મૂળભૂત માળખા" નું ઉલ્લંઘન કરનારા હોવાના કારણે રદ કરવા અને અમાન્ય ઠેરવવાને પાત્ર છે. આ રીતે જોતાં, અમને સંતોષ છે કે, જો ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગીની પ્રક્રિયા એનજેએસી દ્વારા વિચારવામાં આવેલી રીતે હાથ ધરવામાં આવે, તો બંધારણના "મૂળભૂત માળખા" નું સ્પષ્ટપણે ઉલ્લંઘન થશે. વાદગ્રસ્ત બંધારણીય સુધારો, બંધારણના "મૂળભૂત માળખા" ની સત્તા બહારનો હોવાથી, રદ કરવાપાત્ર છે.

V.

૧૫૯. એ આશ્ચર્યજનક છે કે, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ, ન્યાયિક બિરાદરીના કુળપિતા (પેટરફેમિલિયસ) તરીકે તેઓ જે પદ ધરાવે છે તેના કારણે, અને તેમની સમક્ષ ન્યાયિક ન્યાયનિર્ણય માટે આવતા ગંભીર મુદ્દાઓ, કે જે દૂરગામી જાહેર હિતના મુદ્દાઓ ઉપરાંત અપરિમેય રાજકીય અને નાણાકીય

પરિણામો ધરાવે છે તેના કારણે, તેમના પર બંધારણ સભાની ચર્ચાઓ દરમિયાન ખુદ ડૉ. બી.આર. આંબેડકર દ્વારા શંકા કરવામાં આવી હતી, જ્યારે તેમણે બંધારણ સભાના કેટલાક સભ્યો દ્વારા કરવામાં આવેલા તે સૂચનો સ્વીકારવાનો ઇનકાર કર્યો હતો કે ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂક ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની "સંમતિ" થી થવી જોઈએ, એવું અવલોકન કરીને કે ભલે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ ખૂબ જ પ્રતિષ્ઠિત વ્યક્તિ હોય, છતાં તેઓ છેવટે તો તમામ નબળાઈઓ, તમામ લાગણીઓ અને તમામ પૂર્વગ્રહો ધરાવતા માત્ર એક માણસ જ છે, જે સામાન્ય લોકો ધરાવે છે. અને તેથી, બંધારણ સભાએ તેને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના વ્યક્તિગત વિવેક પર છોડ્યું ન હતું, પરંતુ (ભારતના રાષ્ટ્રપતિના વિવેકાધિકાર પર) વિચાર-વિમર્શની પ્રક્રિયામાં માત્ર ભારતના સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓને જ નહીં, પરંતુ હાઇકોર્ટોના ન્યાયમૂર્તિઓને પણ સામેલ કરીને (ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથેના ફરજિયાત વિચાર-વિમર્શ ઉપરાંત), બહુવિધ ન્યાયમૂર્તિઓ સાથે વિચાર-વિમર્શ જરૂરી બનાવ્યો હતો. સામાન્ય રીતે કોઈને એવું પણ લાગે કે, દેશના કારોબાર ચલાવવાની પોતાની ભારે જવાબદારીઓ નિભાવવામાં ભારતના રાષ્ટ્રપતિ અને/અથવા ભારતના વડાપ્રધાન, વ્યવહારિક રીતે હંમેશા એવા નિર્ણયો લે છે જે દૂરગામી પરિણામો ધરાવે છે, માત્ર આંતરિક મોરચે દેશની આંતરિક બાબતોના મામલે જ નહીં, પરંતુ અન્ય દેશો સાથેના આંતરરાષ્ટ્રીય સંબંધોના મામલે પણ. કોઈ એવી અપેક્ષા રાખે કે, તેમાંથી કોઈપણ એકને ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની સત્તા સોંપવી સામાન્ય રીતે કોઈપણ ગેરરીતિની

શંકા હેઠળ ન હોવી જોઈએ. છતાં, બંધારણ સભાએ તેમાંથી કોઈને પણ કોઈ ચોક્કસ વ્યાખ્યાયિત સહભાગી ભૂમિકા આપી ન હતી. વાસ્તવમાં બંધારણ સભાની ચર્ચાએ, "રાજકીય દબાણ" અને "રાજકીય વિચારણાઓ" થી પ્રભાવિત થવાના ડરથી, રાજકીય-કારોબારી ઘટકની સહભાગિતાને દૂર કરી હતી. શું બંધારણ સભાનો અભિપ્રાય, અને ઉપર નોંધાયેલો અવિશ્વાસ, વાજબી હતો?

૧૬૦. થોડા અંગત સંશોધનના પરિણામે "પરસ્પરતાની કાયદેસર સત્તા" ની સંકલ્પના સામે આવી, જેની ચર્ચા બર્ટ્રામ રેવેન દ્વારા તેમના લેખ - "ધ બેસીસ ઓફ પાવર એન્ડ ધ પાવર/ઇન્ટરેક્શન મોડેલ ઓફ ઇન્ટરપર્સનલ ઇન્ફ્લુઅન્સ" (આ લેખ એનાલિસિસ ઓફ સોશિયલ ઇશ્યૂઝ એન્ડ પબ્લિક પોલિસી, વોલ્યુમ ૮, નં. ૧, ૨૦૦૮, પૃષ્ઠ ૧-૨૨ માં પ્રસિદ્ધ થયો હતો) માં કરવામાં આવી હતી. વ્યક્તિના વ્યક્તિત્વને પ્રભાવિત કરતા વિવિધ મનોવૈજ્ઞાનિક કારણો સાથે સંબંધ ધરાવવા ઉપરાંત, "પરસ્પરતાની કાયદેસર સત્તા" નો પણ સંદર્ભ આપવામાં આવ્યો હતો. એ બાબત નિર્દેશિત કરવામાં આવી હતી કે, પરસ્પરતાનો નિયમ એવી પરિકલ્પના કરે છે કે, જો કોઈ વ્યક્તિ અન્ય વ્યક્તિ માટે કંઈક ફાયદાકારક કાર્ય કરે, તો લાભ મેળવનાર વ્યક્તિ પરસ્પર બદલો ચૂકવવાની ફરજ અનુભવશે ("જ્યારે તમને તેની જરૂર હતી ત્યારે મેં તમને મદદ કરી હતી, તેથી તમારે મારા માટે આ કરવાની ફરજ અનુભવવી જોઈએ." - ગોરાન્સન અને બર્કોવિટ્ઝ, ૧૯૬૬; ગાઉલ્ડનર, ૧૯૬૦). લેખક દ્વારા વ્યક્ત કરાયેલા મંતવ્ય મુજબ, સત્તાની અંતર્નિહિત જરૂરિયાત, વ્યક્તિના અર્ધજાગ્રત

મનમાં સાર્વત્રિક રીતે ઉપલબ્ધ હોય છે. ઇચ્છિત સત્તાના સંતોષ અને પ્રાપ્તિ પછી, કરેલા ઉપકારનો બદલો ચૂકવવાની આવી જ એક અચેતન ઇચ્છા ઊભી થાય છે.

૧૬૧. "પરસ્પરતાની કાયદેસર સત્તા" ની મનોવૈજ્ઞાનિક સંકલ્પના, કોર્નેલ યુનિવર્સિટીના ડેનિસ ટી. રેગન દ્વારા તેમના લેખ - "ઇફેક્ટ્સ ઓફ અ ફેવર એન્ડ લાઇકિંગ ઓન કમ્પ્લાયન્સ" માં પણ રેખાંકિત કરવામાં આવી હતી. એ બાબત નિર્દેશિત કરવામાં આવી હતી કે, એ સાબિત કરવા માટે પૂરતા પુરાવા હતા કે ઉપકાર ચોક્કસપણે આભારની લાગણી અને બદલો ચૂકવવાની ઇચ્છા પેદા કરે છે. લેખકના જણાવ્યા અનુસાર, ઉપલબ્ધ માહિતી એવું સૂચવે છે કે, કોઈ ઉપકાર તેના પ્રાપ્તકર્તાના પક્ષે આભાર અને જવાબદારીની લાગણી તરફ દોરી જાય છે.

૧૬૨. તેમના પુસ્તક "ઇન્ફ્લુઅન્સ: ધ સાયકોલોજી ઓફ પર્સ્યુએશન" - એરિઝોના સ્ટેટ યુનિવર્સિટી ખાતે મનોવિજ્ઞાન અને માર્કેટિંગના રીજન્ટ્સ પ્રોફેસર એમેરિટસ, રોબર્ટ સિઆલ્ડીનીએ, "રેસિપ્રોકેશન" શીર્ષક હેઠળના પ્રકરણ ૨ માં એવો મત વ્યક્ત કર્યો હતો કે, "સંભવતઃ સૌથી વધુ અસરકારક અનુપાલન પદ્ધતિઓ પૈકી એક પરસ્પરતાનો નિયમ હતો, જે વ્યક્તિને કોઈએ તેને જે આપ્યું છે તે પરત ચૂકવવા માટે પ્રેરે છે. જ્યારે કોઈ ભેટ આપવામાં આવે છે, ત્યારે મેળવનાર આપનાર પ્રત્યે ઋણી અનુભવે છે, ઘણીવાર આ ઋણથી અસ્વસ્થતા અનુભવે છે, અને દેવું ચૂકતે કરવા માટે મજબૂર અનુભવે છે... ઘણીવાર પોતાના વિવેકબુદ્ધિપૂર્ણ નિર્ણયની વિરુદ્ધ જઈને પણ". એ નિર્દેશિત કરવામાં આવ્યું હતું કે, પરસ્પરતાનો નિયમ સમગ્ર માનવ સંસ્કૃતિઓમાં વ્યાપક હતો, જે દર્શાવે છે કે

તે પરસ્પરાવલંબન ઊભું કરવા માટે મૂળભૂત હતો જેના પર સમાજો, સંસ્કૃતિઓ અને સભ્યતાઓનું નિર્માણ થયું હતું. એવો દાવો કરવામાં આવ્યો હતો કે, વાસ્તવમાં પરસ્પરતાના નિયમે એવી ખાતરી આપી હતી કે, જેણે સૌપ્રથમ કોઈ વસ્તુ આપી હોય, તેને સાપેક્ષ ખાતરી હોય છે કે આ પ્રારંભિક ભેટ આખરે પરત ચૂકવવામાં આવશે. બાબતના ઉપરોક્ત સંદર્ભમાં, કશું ગુમાવવાનું રહેતું નથી. માર્સેલ નૌસ, જેમણે ભેટ આપવા અંગે અભ્યાસ હાથ ધર્યો હતો, તેમનો ઉલ્લેખ કરતાં એ બાબત પર ભાર મૂકવામાં આવ્યો હતો કે, "આપવાની એક ફરજ છે, સ્વીકારવાની એક ફરજ છે અને પરત ચૂકવવાની એક ફરજ છે". લેખકના મતે, ઋણના ઉપરોક્ત નેટવર્કમાં જ પ્રથમ આપનાર ઉપકારનો લાભ ઉઠાવી શકતો હતો અને યોગ્ય રીતે અનુપાલન કરાવનારની ભૂમિકા ધારણ કરી શકતો હતો. અને તે મુજબ એવો નિષ્કર્ષ કાઢવામાં આવ્યો હતો કે, જોકે પરત ચૂકવવાની ફરજ એ પરસ્પરતાના નિયમનો સાર હતી, પરંતુ સ્વીકારવાની ફરજ હતી કે જેણે આ નિયમનો લાભ ઉઠાવવાનું ખૂબ સરળ બનાવી દીધું હતું. પરસ્પરતાની શક્તિનું વર્ણન કરતાં, સિઆલ્ડીનીએ તેમના લેખમાં વ્યક્ત કર્યું હતું કે, જે વ્યક્તિ પ્રથમ આપે છે તે નિયંત્રણમાં રહે છે; અને જે વ્યક્તિ પ્રાપ્તકર્તા હતી, તે હંમેશા ઋણમાં રહેતી હતી. એ નિર્દેશિત કરવામાં આવે છે કે, ઉપરોક્ત પરિસ્થિતિ ઘણીવાર જાણીજોઈને ઊભી કરવામાં આવતી હતી અને મનોવૈજ્ઞાનિક રીતે જાળવી રાખવામાં આવતી હતી. લેખકનો એવો પણ મત હતો કે, મૂળ ઉપકાર જેટલો વધુ મૂલ્યવાન, નોંધપાત્ર અને મદદરૂપ હોય, તેટલો જ વધુ ઋણી પ્રાપ્તકર્તા સતત અનુભવતો રહેશે. ઉપરોક્ત લેખમાં, એલ્વિન ગોલ્ડનરનો સંદર્ભ આપવામાં

આવ્યો હતો, જેમના મતે, પૃથ્વી પર એવો કોઈ માનવ સમાજ નથી જે પરસ્પરતાના નિયમનું પાલન કરતો ન હોય. પ્રખ્યાત સાંસ્કૃતિક માનવશાસ્ત્રીઓ - લાયોનેલ ટાઈગર અને રોબિન ફોક્સના મંતવ્યોનો પણ ઉલ્લેખ કરતાં એ વાતની પુષ્ટિ કરવામાં આવી હતી કે માનવીઓ "ઋણના જાળા"માં જીવતા હતા. તેથી એવું અનુભવાયું હતું કે, પરસ્પરતા એ એક ઋણ અને એક શક્તિશાળી મનોવૈજ્ઞાનિક સાધન હતું, જેનો પ્રતિકાર કરવો લગભગ અશક્ય હતો.

૧૬૩. અમલમાં રહેલી બંધારણીય યોજના હેઠળ, યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકામાં, ફેડરલ ન્યાયાધીશો રાષ્ટ્રપતિ દ્વારા નામાંકિત કરવામાં આવે છે, અને સેનેટ દ્વારા બહાલી આપવામાં આવે છે. જે મુદ્દા પર ચર્ચા થઈ રહી છે, એટલે કે "પરસ્પરતાની કાયદેસર સત્તા" નો ખ્યાલ, તેથી ફેડરલ ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં યુનાઈટેડ સ્ટેટ્સમાં સીધો ઉપસ્થિત થાય છે. ફેડરલ ન્યાયમૂર્તિ પર પ્રથમ ઉપકાર રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે, જેઓ તેમના નામનું નામાંકન કરે છે, અને વધુ ઉપકારો સેનેટના એક અથવા વધુ સભ્ય(સભ્યો) દ્વારા કરવામાં આવે છે, જેમના સમર્થનથી ન્યાયાધીશ માને છે કે તેઓ બહાલીનો મત જીત્યા છે. લોરા ઈ. લિટલ (એસોસિએટ પ્રોફેસર ઓફ લો, ટેમ્પલ યુનિવર્સિટી સ્કૂલ ઓફ લો, છેક ૧૯૯૫ માં) દ્વારા લખાયેલ "લોયલ્ટી, ગ્રેટીટ્યુડ, એન્ડ ધ ફેડરલ જ્યુડિશિયરી" શીર્ષક ધરાવતો એક લેખ, ન્યાયમૂર્તિઓની નિમણૂકના સંદર્ભમાં સ્પષ્ટપણે વર્તમાન મુદ્દા સાથે સંબંધિત છે. આ લેખ દર્શાવે છે કે, લાંબા સમયગાળાથી ન્યાયમૂર્તિઓની નિમણૂકના સંદર્ભમાં પરસ્પરતાનો મુદ્દો સભાન ચર્ચાનો વિષય રહ્યો છે. ઉપરોક્ત લેખમાં

કાઢવામાં આવેલા નિષ્કર્ષો વર્તમાન વિવાદ માટે સુસંગત છે, અને તે નીચે મુજબ ટાંકવામાં આવ્યા છે:

> "નિષ્પક્ષતાના મુદ્દા પર, ફેડરલ ન્યાયમૂર્તિનું પદ સંભાળતી વ્યક્તિ એક મુશ્કેલ કાર્યનો સામનો કરે છે. સમકાલીન વકીલો સામાન્ય રીતે સંમત થાય છે કે કાયદો સંપૂર્ણપણે તટસ્થ સિદ્ધાંતોનું પરિણામ નથી અને જ્યારે કોઈ ન્યાયાધીશ કાયદાને આકાર આપે છે ત્યારે તેમણે મૂલ્યો વચ્ચે પસંદગી કરવી પડે છે. તેમ છતાં, ફેડરલ કોર્ટોમાં નિષ્પક્ષતાનું નિયમન કરતા ધોરણો મોટે ભાગે એવું માની લે છે કે સંપૂર્ણ ન્યાયિક તટસ્થતા અને નિર્લેપતા શક્ય છે. તેથી નિર્ણય લેવા માટે વ્યક્તિગત માળખું ઘડવાની પ્રક્રિયા ન્યાયાધીશ માટે નોંધપાત્ર વિસંગતતા ઊભી કરે તેવી શક્યતા રહે છે. આ બોજમાં એ વ્યક્તિઓ પ્રત્યે કૃતજ્ઞતા અને વફાદારીના વિશેષ ખેંચાણનો ઉમેરો થાય છે જેમણે ન્યાયમૂર્તિનું પદ શક્ય બનાવ્યું હતું. મેં એ દર્શાવવાનો પ્રયાસ કર્યો છે કે કેસનો નિર્ણય કરવાનું હાથ ધરનાર ફેડરલ ન્યાયમૂર્તિ પર કૃતજ્ઞતા અને વફાદારી બંને શક્તિશાળી પ્રભાવ પાડી શકે છે. આ સમસ્યા જટિલ છે કારણ કે વફાદારી અને કૃતજ્ઞતા અન્ય ન્યાયમૂર્તિઓની સરખામણીએ કેટલાક ન્યાયાધીશો માટે વધુ સંભવિત સમસ્યા ઊભી કરે છે. આ જટિલતા મોટા અંશે નામાંકન અને બહાલીની પ્રક્રિયામાંથી ઉદ્ભવે છે, જે ઘણીવાર તેના ઉપકારકર્તાઓ પ્રત્યે ન્યાયમૂર્તિની વફાદારી અને કૃતજ્ઞતાની ભાવના પેદા કરે છે અથવા તો ઓછામાં ઓછું તેને વધુ દૃઢ બનાવે છે.

છેલ્લા કેટલાક વર્ષોમાં, આપણે ફેડરલ ન્યાયમૂર્તિઓની પસંદગી પ્રક્રિયા સામે અસંતોષનું મોજું જોયું છે. ખાસ કરીને કાનૂની વિદ્વત્તાએ વારંવાર ટીકા અને પરિવર્તન માટે રચનાત્મક સૂચનો રજૂ કર્યા છે. જે સ્વાભાવિક છે તે મુજબ, આ વિદ્વત્તા સ્વીકારે છે કે હાથ ધરવામાં આવેલ કોઈપણ પરિવર્તને સત્તાના બંધારણીય સંતુલન અને ન્યાયતંત્ર પ્રત્યે લોકોની ધારણા સહિત અમેરિકન જીવનના અનેક વર્ગો પર નામાંકન અને બહાલીની અસરનું મૂલ્યાંકન કરવું જ જોઈએ. ન્યાયિક નિર્ણય લેવાની અંતિમ ગુણવત્તા પર કોઈપણ પરિવર્તનની અસરને આ ચિંતાઓમાંથી બાકાત રાખવી, અલબત્ત, એક ભૂલ હશે. આમ, કોઈપણ નવી પસંદગી પ્રક્રિયાનો અભ્યાસ કરતી વખતે, આપણે તેના ઉપકારકર્તાઓ પ્રત્યે ન્યાયમૂર્તિની વફાદારી અને કૃતજ્ઞતાની લાગણીઓ પેદા કરવાની અને તેને પ્રોત્સાહિત કરવાની પ્રક્રિયાની સંભાવના પર વિચાર કરવો જ જોઈએ. તેથી ઉપરોક્ત બાબતોએ માત્ર સામાન્ય રીતે ફેડરલ કોર્ટના નિર્ણય લેવાની પ્રક્રિયા પર પ્રકાશ પાડવો જોઈએ એટલું જ નહીં, પરંતુ ન્યાયિક પસંદગીમાં પ્રસ્તાવિત ફેરફારોનું મૂલ્યાંકન કરવા માટે અત્યંત જરૂરી માર્ગદર્શન પણ આપવું જોઈએ."

૧૬૪. જોકે એ ઉલ્લેખ કરવો પ્રસ્તુત છે કે, પોતાના લેખમાં લોરા ઈ. લિટલે એવો મત વ્યક્ત કર્યો છે, જે મોટાભાગના નૈતિક ફિલસૂફો માનતા હતા કે, કૃતજ્ઞતામાં નોંધપાત્ર નૈતિક ઘટકો રહેલા છે. અને વધુમાં, ઉપયોગિતાવાદી નૈતિક પ્રણાલીઓમાં કૃતજ્ઞતાનું એક સહજ સ્થાન છે, જે મહત્તમ સંખ્યામાં

વ્યક્તિઓ માટે મહત્તમ કલ્યાણ સુનિશ્ચિત કરવા માટે રચાયેલી હતી. જોકે કૃતજ્ઞતાનો ખ્યાલ લોરા ઈ. લિટલ દ્વારા વફાદારી સાથે ગૂંથાયેલો હતો, કારણ કે તેમના મતે, કૃતજ્ઞતા અને વફાદારી ગાઢ રીતે સંબંધિત હતા. એક લાભાર્થી વફાદારીની અભિવ્યક્તિ દ્વારા ઉપકારકર્તા પ્રત્યે કૃતજ્ઞતા દર્શાવી શકે છે. જે બાબત સમજાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો તે એ હતી કે, વફાદારીને સમજવાથી વ્યક્તિ સમજે છે કે આપણી મિત્રતા, પ્રેમ, પારિવારિક બંધનો, રાષ્ટ્રીય સંબંધો અને ધાર્મિક ભક્તિમાં આપણે કોણ છીએ. જ્યાં સુધી ભારતીય સાંસ્કૃતિક વ્યવસ્થામાં વર્તનની રીતોનો સંબંધ છે, ત્યાં સુધી એક બાળક તેના ઉછેર માટે હંમેશાં તેના માતાપિતા પ્રત્યે ઋણી રહે છે, અને અખંડ વફાદારી તથા કૃતજ્ઞતા વ્યક્ત કરીને પોતાના માતાપિતા પ્રત્યે વળતર ચૂકવવું એ બાળકની સહજ નૈતિક ફરજ છે. ઉપરોક્ત સ્થિતિ ગુરુ અને શિષ્ય, શેઠ અને નોકર, અને તેવા જ અન્ય સંબંધોમાં પણ પ્રતિબિંબિત થાય છે. હાલના ભારતીય સાંસ્કૃતિક પરિદ્રશ્યમાં, ઉપકારકર્તા પ્રત્યે વળતર ન આપવાનું કૃત્ય મોટાભાગે ગંભીર નૈતિક અધઃપતનના કાર્ય તરીકે ગણવામાં આવશે. જ્યારે કરવામાં આવેલ ઉપકાર ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિના પદ જેટલો મહત્ત્વપૂર્ણ હોય, ત્યારે પરસ્પર કૃતજ્ઞતા અને વફાદારીની વિશાળતા નક્કી કરવાનું વ્યક્તિગત કલ્પના પર છોડી દેવું જ શ્રેષ્ઠ રહેશે.

૧૬૫. ઉપર નોંધવામાં આવેલી વિચારણા એ મતનું સમર્થન કરે છે કે, બને ત્યાં સુધી રાજકીય–કારોબારીની ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયાધીશોની આખરી/અંતિમ પસંદગી અને નિમણૂકમાં કોઈ ભૂમિકા ન હોવી જોઈએ. ખાસ

કરીને ન્યાયિક ન્યાયનિર્ણયની કાર્યવાહીમાં રાજકીય–કારોબારીની સહભાગિતાની વિશાળતાને ધ્યાનમાં રાખતાં. પરસ્પરતા અને રાજકીય–કારોબારીને વળતર ચૂકવવાની લાગણીઓ "ન્યાયતંત્રની સ્વતંત્રતા" માટે વિનાશક સાબિત થશે. આમાં, અમે માત્ર ડૉ. બી.આર. આંબેડકર દ્વારા અપનાવવામાં આવેલા વલણનો પુનરોચ્ચાર કરી રહ્યા છીએ. તેમને ડર હતો કે, રાજકીય–કારોબારીની સહભાગિતાથી ન્યાયમૂર્તિઓની પસંદગી "રાજકીય દબાણ" અને "રાજકીય વિચારણાઓ" થી પ્રભાવિત થશે. તેમના મતને મનોવૈજ્ઞાનિકો દ્વારા વ્યક્ત કરાયેલી સ્થાપિત વર્તણૂક પદ્ધતિઓનું સમર્થન મળે છે. આ પૃષ્ઠભૂમિમાં જ એ સુનિશ્ચિત કરવાની જરૂર છે કે, રાજકીય–કારોબારી વ્યવસ્થાને ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકોને આખરી ઓપ આપવાની પ્રક્રિયા સાથે લઘુત્તમ સંબંધ રહે.

VI.

૧૬૬. ઉચ્ચ ન્યાયતંત્રના ન્યાયમૂર્તિઓ દ્વારા જે હુકુમતો હાથ ધરવાની હોય છે, તે વિશાળ અને વ્યાપક છે. ઉપરોક્ત હુકુમતો પૈકી, એવી અનેક હુકુમતો છે જેમાં કારોબારી અનિવાર્યપણે વિવાદમાં એક મૂળભૂત પક્ષકાર હોય છે. આમાં અન્ય બાબતોની સાથે કરવેરા કાયદાઓમાંથી ઉદ્ભવતા કેસોનો સમાવેશ થાય છે જે ગંભીર નાણાકીય અસરો ધરાવે છે. કારોબારી કુદરતી સંસાધનોના ઉપયોગ/દોહનમાં – ઘણીવાર ખાનગી ઉદ્યોગસાહસિકો મારફતે એકમાત્ર સંકળાયેલી છે. કુદરતી સંસાધનોનું વેચાણ, જે વિશાળ નાણાકીય અસરો પણ ધરાવે છે, તે ઘણીવાર ન્યાયિક ન્યાયનિર્ણયને આધીન હોય છે, જેમાં પણ

કારોબારી એક અનિવાર્ય પક્ષકાર હોય છે. તેવા પ્રકારના ટ્રિબ્યુનલો દ્વારા પસાર કરાયેલા હુકમો સામેના પડકારો જેવા કે ટેલિકોમ ડિસ્પ્યુટ્સ સેટલમેન્ટ એન્ડ એપેલેટ ટ્રિબ્યુનલ અને એપેલેટ ટ્રિબ્યુનલ ફોર ઇલેક્ટ્રિસિટી, અને તેના જેવા અન્ય, તે પણ ઉચ્ચ ન્યાયતંત્ર દ્વારા હાથ ધરવામાં આવે છે, જ્યાં કારોબારીની પણ ભૂમિકા હોય છે. આમાં પણ, વિશાળ નાણાકીય અસરો હોઈ શકે છે. નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલની અપીલો સહિત પર્યાવરણીય મુદ્દાઓને લગતી તમામ બાબતોમાં પણ કારોબારી એક જરૂરી પક્ષકાર છે. માત્ર તમામ ફોજદારી બાબતોમાં જ નહીં, પરંતુ હાઇ પ્રોફાઇલ કૌભાંડોમાં પણ, જે હવે દુર્લભ રહ્યા નથી, કારોબારીની અનિવાર્ય ભૂમિકા રહે છે. આ બાબતોમાં, ક્યારેક ભૂતપૂર્વ અને વર્તમાન વડાપ્રધાનો તથા કેન્દ્રીય કેબિનેટના મંત્રીઓ સામે, અને ક્યારેક ભૂતપૂર્વ અને વર્તમાન મુખ્યમંત્રીઓ તથા રાજ્ય કેબિનેટના મંત્રીઓ સામે આક્ષેપો કરવામાં આવે છે. રોજગારના મુદ્દાઓના ક્ષેત્રમાં પણ, સેન્ટ્રલ એડમિનિસ્ટ્રેટિવ ટ્રિબ્યુનલ અને આર્મ્ડ ફોર્સીસ એપેલેટ ટ્રિબ્યુનલ દ્વારા આપવામાં આવેલા ન્યાયનિર્ણયો ઉચ્ચ ન્યાયતંત્રના ન્યાયમૂર્તિઓ સમક્ષ આવે છે. આ ન્યાયનિર્ણયોમાં ક્યારેક ઉચ્ચ હોદ્દા ધરાવતા વહીવટકર્તાઓ અને સશસ્ત્ર દળોના કર્મચારીઓનો પણ સમાવેશ થાય છે. આમાં પણ કારોબારી એક આવશ્યક ઘટક છે. ઉચ્ચ ન્યાયતંત્ર સમક્ષના મુકદ્દમાઓમાં રાજકીય–કારોબારીની વ્યાપક સંડોવણીનો આ માત્ર એક નાનો અંશ છે.

૧૬૭. ઉચ્ચ ન્યાયતંત્ર સમક્ષ વિચારણા માટે આવતા મોટાભાગના કેસોમાં કારોબારીનો મોટો હિતસંબંધ હોવાથી, એનજેએસીના હોદ્દાની રૂએ સભ્ય

તરીકે કાયદા અને ન્યાય મંત્રાલયનો હવાલો સંભાળતા કેન્દ્રીય મંત્રીની સહભાગિતા સ્પષ્ટપણે પ્રશ્નાસ્પદ રહેશે. આજના વિશ્વમાં લોકો એ હકીકત પ્રત્યે સભાન અને જાગૃત છે કે તેમના અધિકારોનો નિર્ણય કુદરતી ન્યાયના નિયમો અનુસાર થવો જોઈએ. કુદરતી ન્યાયના નિયમો પૈકીનો એક નિયમ એ છે કે ન્યાયનિર્ણય કરનાર પક્ષપાતી ન હોવો જોઈએ. આનો અર્થ એ થશે કે, તેમણે વિવાદના કોઈપણ પક્ષકાર સામે ન તો પૂર્વગ્રહ રાખવો જોઈએ, કે ન તો તેમાંથી કોઈના તરફ અનુકૂળ વલણ ધરાવતા હોવા જોઈએ. પક્ષપાતના નિયમનો બીજો ઘટક એ છે કે, ન્યાયનિર્ણય કરનારને જે વિવાદનો નિકાલ કરવાનો હોય તેની સાથે હિતોનો સંઘર્ષ ન હોવો જોઈએ. જ્યારે વર્તમાન કેસો વિચારણા માટે આવ્યા, ત્યારે બેંચ પરના પીઠાસીન ન્યાયમૂર્તિઓ પૈકીના એક સામે પણ હિતોના સંઘર્ષની રજૂઆત કરવામાં આવી હતી, જેના પરિણામે ૧૫.૪.૨૦૧૫ ના રોજ ન્યાયમૂર્તિ અનિલ આર. દવે સુનાવણીમાંથી ખસી ગયા હતા. આવી જ અરજ અમારા પૈકીના એક (જે.એસ. ખેહર, ન્યાયમૂર્તિ) સામે ૨૧.૪.૨૦૧૫ ના રોજ હિતોના સંઘર્ષના કારણોસર કરવામાં આવી હતી. જે બાબત ઉજાગર કરવાની જરૂર છે તે એ છે કે, પક્ષપાત, પૂર્વગ્રહ, તરફેણ અને હિતોનો સંઘર્ષ એવા મુદ્દાઓ છે જે વારંવાર ઉપસ્થિત થાય છે. ન્યાયાધીશો આવી બાબતોમાં ન્યાયનિર્ણય કરવાનું ટાળવા માટે સાવચેત રહે છે. ન્યાયાધીશો ન્યાયનિર્ણયની પ્રક્રિયામાં કોઈ એક કે બીજા પક્ષે હોતા નથી. તેનાથી વિપરીત, રાજકીય-કારોબારીની મોટાભાગના કેસોમાં સહભાગી ભૂમિકા હોય છે. તે અર્થમાં, એક અથવા બીજી રીતે આપવામાં આવેલા નિર્ણયની અસર/પરિણામ હોઈ શકે છે. સફળતા અથવા

પરાજય - જીત અથવા હાર. જો કારોબારી ન્યાયાધીશોની અંતિમ પસંદગી અને નિમણૂકમાં સહભાગી ભૂમિકા ધરાવતી હોય, જે ન્યાયાધીશોએ ત્યારબાદ એવા કેસોમાં ન્યાય તોળવાનો હોય કે જ્યાં કારોબારી એક અનિવાર્ય અને ફરજિયાત પક્ષકાર હોય, તો કારોબારી સામે હિતોના સંઘર્ષની દલીલ ઉપલબ્ધ બનશે. મદ્રાસ બાર એસોસિએશન કેસ૩૫ માં વર્તમાન મુદ્દો વિચારણા માટે ઉપસ્થિત થયો હતો. ઉપરોક્ત કેસમાં પાંચ-ન્યાયમૂર્તિઓની બેંચે નેશનલ ટેક્સ ટ્રિબ્યુનલના અધ્યક્ષ અને સભ્યોની પસંદગી અને નિમણૂકમાં કેન્દ્ર સરકારના વિભાગોના સચિવોની સહભાગિતાની કાયદેસરતા પર વિચારણા કરી હતી. ઉપરોક્ત બાબત પર, આ કોર્ટે નીચે મુજબ ઠેરવેલ કે:

> "૧૩૧. કલમ ૭ અન્યથા પણ બંધારણીય રીતે માન્ય ગણી શકાય નહીં, કારણ કે તેમાં એનટીટીના અધ્યક્ષ અને સભ્યોની પસંદગી અને નિમણૂકની પ્રક્રિયામાં કેન્દ્ર સરકારના વિભાગોના સચિવોનો સમાવેશ થાય છે. આ સંદર્ભમાં, એ ઉલ્લેખ કરવો પણ પ્રસ્તુત રહેશે કે એનટીટી સમક્ષ દરેક મુકદ્દમામાં એક તરફ કેન્દ્ર સરકારના હિતોનું પ્રતિનિધિત્વ કરવામાં આવશે. મુકદ્દમાનો કોઈ પક્ષકાર એવી પસંદગી પ્રક્રિયામાં ભાગ લઈ શકે કે જેના દ્વારા ન્યાયનિર્ણાયક સંસ્થાના અધ્યક્ષ અને સભ્યોની પસંદગી કરવામાં આવે છે તે સ્વીકારવું શક્ય નથી.... " અહીં પણ પરિસ્થિતિ કંઈ જુદી નથી. જોકે, એટર્ની જનરલે એવો દાવો કરીને ટાંકવામાં આવેલા કેસમાં નક્કી કરાયેલા વિવાદથી હાથ પરની બાબતને અલગ પાડવાનો પ્રયાસ કર્યો હતો કે, નેશનલ ટેક્સ ટ્રિબ્યુનલ દ્વારા

ન્યાયનિર્ણય કરવામાં આવતા કેસોમાં "... દરેક મુકદ્દમામાં એક તરફ કેન્દ્ર સરકારનું પ્રતિનિધિત્વ કરવામાં આવશે..." જે ઉચ્ચ ન્યાયતંત્ર સમક્ષની બાબત નથી. આ રદિયો સ્પષ્ટપણે રજૂ કરાયેલા મુદ્દાને ટાળે છે. આ પ્રત્યુત્તર પરથી એવું માની શકાય કે, જ્યાં કારોબારી મુકદ્દમામાં પક્ષકાર હતી તે હદ સુધીની બાબતો પૂરતી આ સ્થિતિ સ્વીકારી લેવામાં આવી હતી. પરંતુ તે પોતે જ પસંદ કરાયેલા ન્યાયમૂર્તિઓને મોટાભાગના કેસોની સુનાવણી કરવાથી બાકાત રાખશે. તેથી ભારતીય સંઘના પ્રત્યુત્તરને નકારી કાઢવામાં આવે છે.

૧૬૮. અમારો એવો અભિપ્રાય છે કે, કાયદા અને ન્યાયના પ્રભારી કેન્દ્રીય મંત્રીની સહભાગિતાના પરિણામે, મંત્રીના સમર્થનથી નિમણૂક માટે મંજૂર કરાયેલ ન્યાયાધીશ, જ્યારે કારોબારી વિરોધી ભૂમિકા ધરાવતી હોય તેવી બાબતમાં, કોઈ મુકદ્દમેદાર દ્વારા ઉઠાવવામાં આવેલી હિતોના સંઘર્ષની દલીલનો પ્રતિકાર કરવા કે તેનો સામનો કરવા માટે સક્ષમ ન પણ હોઈ શકે. એનજેએસીમાં, કાયદા અને ન્યાયના પ્રભારી કેન્દ્રીય મંત્રી ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયાધીશોની તમામ આખરી પસંદગીઓ અને નિમણૂકોમાં પક્ષકાર રહેશે. જ્યાં રાજકીય-કારોબારી મુકદ્દમામાં (લિસ) પક્ષકાર હોય, ત્યાં એનજેએસી દ્વારા મંજૂર કરાયેલા ન્યાયાધીશો માટે હિતોના સંઘર્ષની દલીલનો પ્રતિકાર કરવો મુશ્કેલ બની શકે છે (જો આવી દલીલ ઉઠાવવામાં આવે અને તેના પર ભાર મૂકવામાં આવે તો). ઉપરોક્ત બાબતની, આવી દલીલને ફગાવી દેવામાં આવે તો પણ, "ન્યાયતંત્રની સ્વતંત્રતા"ને ક્ષીણ કરવાની અનિવાર્ય અસર થશે. તેથી, રાજકીય-કારોબારીને સોંપવામાં આવેલી

ભૂમિકા, વધુમાં વધુ સહયોગી સહભાગિતા પૂરતી મર્યાદિત હોઈ શકે છે, જેમાં આખરી નિર્ણયમાં કોઈપણ ભૂમિકા બાકાત રાખવામાં આવે છે. તેથી, એનજેએસીના હોદ્દાની રૂએ સભ્ય તરીકે, પસંદગીની આખરી પ્રક્રિયામાં કાયદા અને ન્યાયના પ્રભારી કેન્દ્રીય મંત્રીની માત્ર સહભાગિતા, અનુચ્છેદ ૧૨૭એ(૧)(સી) ની સુધારેલી જોગવાઈને બંધારણથી સત્તા બહારની ઠેરવશે, કારણ કે તે "ન્યાયતંત્રની સ્વતંત્રતા" અને "સત્તાના પૃથક્કરણ"ના સિદ્ધાંતો પર તરાપ મારે છે.

VII.

૧૬૯. વિદ્વાન એટર્ની જનરલે પંદર દેશોમાં જે રીતે ન્યાયિક નિમણૂકો કરવામાં આવતી હતી તે પદ્ધતિ તરફ અમારું ધ્યાન દોર્યું હતું. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, નવ દેશોમાં ન્યાયમૂર્તિઓની નિમણૂક કાં તો જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન મારફતે, અથવા જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિટી મારફતે, અથવા જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કાઉન્સિલ મારફતે કરવામાં આવતી હતી. એ બાબત રેખાંકિત કરવામાં આવી હતી કે, ચાર દેશોમાં, ન્યાયમૂર્તિઓની નિમણૂક સીધી કારોબારી દ્વારા, એટલે કે ગવર્નર જનરલ અથવા રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવતી હતી. અમને જણાવવામાં આવ્યું હતું કે, એક યુરોપીયન દેશમાં, ન્યાયમૂર્તિઓને ન્યાય મંત્રી દ્વારા નામાંકિત કરવામાં આવતા હતા અને સંસદીય સમિતિ દ્વારા તેની પુષ્ટિ કરવામાં આવતી હતી. યુનાઇટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકામાં, ન્યાયમૂર્તિઓની નિમણૂક

રાષ્ટ્રપતિ દ્વારા નામાંકન અને સેનેટ દ્વારા પુષ્ટિ કરવાની પ્રક્રિયા મારફતે કરવામાં આવતી હતી. એ બાબત રેખાંકિત કરવામાં આવી હતી કે, તમામ પંદર દેશોમાં, કારોબારી આખરી નિર્ણાયક/નિમણૂક સત્તામંડળ હતી. અને વધુમાં એ કે, તમામ દેશોમાં, ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂકમાં કારોબારીની ચોક્કસ ભૂમિકા હતી. ઉપરોક્ત વાસ્તવિક પરિસ્થિતિ એ દર્શાવવાના એકમાત્ર હેતુથી અમારા ધ્યાને લાવવામાં આવી હતી કે, ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂકની પ્રક્રિયામાં કારોબારીની સહભાગિતાએ આ પંદર દેશોમાંથી કોઈપણ દેશમાં ન્યાયતંત્રને રાજકીય–કારોબારીને આધીન બનાવ્યું નથી. એવો દાવો કરવામાં આવ્યો હતો કે, તેમના દ્વારા સંદર્ભ લીધેલા દેશો વિશ્વના વિવિધ ખંડોમાં આવેલા હતા, અને "ન્યાયતંત્રની સ્વતંત્રતા" ના સંદર્ભમાં કોઈ ફરિયાદ ન હતી. જે મુદ્દો ગળે ઉતારવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો તે એ હતો કે, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂકમાં કારોબારીની માત્ર સહભાગિતા,

"ન્યાયતંત્રની સ્વતંત્રતા" પર કોઈ તરાપ મારતી નથી. ૧૭૦. ઉપરોક્ત રજૂઆત માટે વિસ્તૃત ચર્ચાની જરૂર નથી. જ્યાં સુધી આ બાબતના વર્તમાન પાસાનો સંબંધ છે, સેકન્ડ જજિસ કેસમાં તેની ચકાસણી કરવામાં આવી હતી, જેમાં બહુમતી મંતવ્યનું સમર્થન કરતો અલગ સહમતી હુકમ પસાર કરનારા ન્યાયાધીશો પૈકીના એક એસ. રત્નવેલ પાંડિયન, ન્યાયમૂર્તિ હતા. તેમણે વિદ્વાન એટર્ની જનરલ દ્વારા રજૂ કરવામાં આવેલી આ પ્રકારની રજૂઆતને નીચે મુજબના અવલોકનો સાથે નકારી કાઢી હતી:

"૧૯૪. તેમ છતાં, આપણે, પ્રથમતઃ આપણી ન્યાયિક પ્રણાલી જે બીમારીઓથી પીડાઈ રહી છે તે શોધવાની છે; દ્વિતીયતઃ કાયદાકીય બાયોપ્સી હેઠળ તે બીમારીઓના મૂળ કારણનું નિદાન કરવાનું છે, તૃતીયતઃ પ્રણાલી પરના રોગના સ્વરૂપની ખાતરી કરવાની છે અને છેવટે ઇન્ડિયન ફાર્માકોપિયા હેઠળના ફોર્મ્યુલા મુજબ ઉત્પાદિત (એટલે કે મિશ્ર સંસ્કૃતિ વગેરેમાં રાષ્ટ્રીય સમસ્યાઓ અનુસાર) 'નવી શોધાયેલી દવા' (એટલે કે નવવિકસિત પદ્ધતિ અને વ્યૂહરચના) આપીને અને ઇન્જેક્ટ કરીને તે બીમારીઓની સારવાર અને ઉપચાર કરવા માટે નવી પદ્ધતિ અને વ્યૂહરચના વિકસાવવાની છે, પરંતુ અમેરિકન કે બ્રિટિશ ફાર્માકોપિયા અનુસાર નહીં કે જે આપણી ભારતીય પ્રણાલી માટે પરાયા છે, જોકે અન્ય દેશોમાં અપનાવવામાં આવેલી પ્રણાલી આપણી પ્રણાલીના વિકાસ માટે થોડો પ્રકાશ ફેંકી શકે છે. કેટલાક ટીકાકારોનો આક્રોશ એ છે કે જ્યારે દૂર-સુદૂરના તમામ લોકશાહી દેશોમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની સત્તા માત્ર કારોબારી પાસે રહેલી છે, ત્યારે ન્યાયાધીશ પદ માટેના ઉમેદવારોની પસંદગી અને નિમણૂકમાં સીજેઆઈના અભિપ્રાયને પ્રાથમિકતા આપવી જોઈએ તેવો આગ્રહ રાખવામાં કોઈ તથ્ય નથી. આપણે વિદેશી પદ્ધતિની નકલ કરવી જોઈએ અને તેને અપનાવવી જોઈએ તેવો આ પ્રસ્તાવ એક શુષ્ક કાનૂની તર્ક છે, જેને એ ટૂંકા આધાર પર પણ નકારી કાઢવો પડે તેમ છે કે ખુદ ભારતના બંધારણમાં ઉચ્ચ ન્યાયતંત્રમાં નિમણૂકો કરતા પહેલાં રાષ્ટ્રપતિ દ્વારા સીજેઆઈ સાથે ફરજિયાત વિચાર-વિમર્શ કરવાની

આવશ્યકતા રહેલી છે. સામાવાળાઓ/પ્રતિવાદીઓ વતી ઉપસ્થિત કોઈપણ વકીલ દ્વારા અમારા ધ્યાને એવું લાવવામાં આવ્યું નથી કે અન્ય દેશોમાં તેમના બંધારણોમાં આવી સમાન બંધારણીય જોગવાઈઓનું અસ્તિત્વ હોવા છતાં માત્ર કારોબારી જ નિમણૂકો કરે છે."

૧૭૧. પંદર દેશોમાં ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની પદ્ધતિ પર આધારિત વિદ્વાન એટર્ની જનરલ દ્વારા રજૂ કરવામાં આવેલી દલીલની વિચારણા કરી હોવા છતાં, અમે આ વિષય પર વધુ ઊંડાણપૂર્વક વિચારવું યોગ્ય માનીએ છીએ. વર્તમાન વિવાદની સુનાવણી દરમિયાન, યુનિવર્સિટી ઓફ શિકાગોની લો સ્કૂલના નુનો ગરોપા અને ટોમ ગિન્સબર્ગ દ્વારા નવેમ્બર ૨૦૦૮ માં લખાયેલ એક સંશોધન પત્ર હાથ લાગ્યો હતો. તે પત્રનું શીર્ષક હતું – "ગાર્ડિંગ ધ ગાર્ડિયન્સ: જ્યુડિશિયલ કાઉન્સિલ્સ એન્ડ જ્યુડિશિયલ ઇન્ડિપેન્ડન્સ". આ સંશોધન પત્ર ન્યાયમૂર્તિઓની પસંદગી અને શિસ્ત અંગે ચાલી રહેલી ચર્ચાના તુલનાત્મક પુરાવાઓનો સંદર્ભ આપે છે. આ લેખ બે ઉદ્દેશ્યો ધરાવતો હોવાનો દાવો કરે છે. પ્રથમ, જ્યુડિશિયલ કાઉન્સિલ્સની રચનાનો સિદ્ધાંત અને તે જે પાસાઓ પર ભિન્ન પડે છે તે પરિમાણો. અને બીજું, જ્યુડિશિયલ કાઉન્સિલની વિવિધ રચનાઓ કઈ હદ સુધી ન્યાયિક ગુણવત્તાને અસર કરે છે. આ બે મુદ્દાઓ અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવ્યા હતા, કારણ કે તે એ હકીકતનું નિર્ધારણ કરતા હતા કે શું ન્યાયાધીશો વ્યાપક રૂપે વિચારાયેલી સામાજિક નીતિના અમલીકરણમાં અસરકારક ભૂમિકા ભજવવા સક્ષમ બનશે કે કેમ. એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે, ન્યાયમૂર્તિઓની

નિમણૂક, બઢતી અને શિસ્તને પક્ષપાતી રાજકીય પ્રભાવથી મુક્ત રાખવા અને સાથે સાથે ન્યાયિક જવાબદેહીના અમુક સ્તરને પૂરા પાડવા માટે જ્યુડિશિયલ કાઉન્સિલ્સ અસ્તિત્વમાં આવી હતી. લેખકોનો એવો અભિપ્રાય હતો કે, જ્યુડિશિયલ કાઉન્સિલ્સ એ ન્યાયમૂર્તિઓને તેમની પોતાની બાબતોનું સંચાલન કરવા દેવાના અને નિમણૂકો, બઢતીઓ તેમજ શિસ્ત પર સંપૂર્ણ રાજકીય–કારોબારી નિયંત્રણના વિકલ્પ વચ્ચેના બે વિરોધાભાસી છેડાઓની ક્યાંક વચ્ચે સ્થિત છે.

૧૭૨. સંશોધન પત્ર અનુસાર, ફ્રાન્સે ૧૯૪૬ માં પ્રથમ હાઇ કાઉન્સિલ ઓફ ધ જ્યુડિશિયરીની સ્થાપના કરી હતી. ઇટાલીની જ્યુડિશિયલ કાઉન્સિલ ૧૯૫૮ માં બનાવવામાં આવી હતી. સમગ્ર ન્યાયતંત્રને રાજકીય નિયંત્રણથી સંપૂર્ણપણે મુક્ત રાખનાર ઇટાલી પ્રથમ હતું. એવો દાવો કરવામાં આવ્યો હતો કે, ત્યારબાદ અન્ય દેશોમાં ઇટાલિયન મોડેલનું અનુકરણ કરવામાં આવ્યું હતું. સ્પેન અને પોર્ટુગલમાં સ્થાપિત મોડેલમાં સભ્યોનો એક મોટો હિસ્સો ન્યાયમૂર્તિઓનો હતો. આ મોડેલો આ દેશોમાં સરમુખત્યારશાહીના પતન પછી સ્થાપિત કરવામાં આવ્યા હતા. આ દેશો દ્વારા રચવામાં આવેલી પરિષદો ન્યાયિક બઢતી, કાર્યકાળ અને હોદ્દા પરથી દૂર કરવા સંબંધિત બાબતોમાં આખરી નિર્ણય લેવાની સત્તા ધરાવતી હોવાનું જણાવાયું છે. સંશોધન પત્ર મુજબ, ફ્રેન્ચ મોડેલ અતિશય રાજકીયકરણ અંગેની ચિંતાઓના પરિણામે અસ્તિત્વમાં આવ્યું હતું. સ્વાભાવિક રીતે, આ પ્રક્રિયા ન્યાયિક સત્તાની વ્યાપક સ્વતંત્રતામાં પરિણમી હતી. તેમ છતાં, યુરોપિયન કન્વેન્શન ઓફ હ્યુમન

રાઇટ્સનો અમલ કરવાના ન્યાયતંત્રના પ્રયાસમાં ન્યાયિક ચિંતા અનેક ગણી વધી ગઈ હતી. અને વધતા જતા રાજકીય કૌભાંડોની પૃષ્ઠભૂમિમાં, ન્યાયિક સમીક્ષાની પ્રક્રિયામાં ન્યાયતંત્રની સંડોવણી વધી હતી. સંશોધન પત્ર ઇટાલીમાં પણ આવી જ પેટર્ન હોવાનું વર્ણવે છે. ઇટાલીમાં પણ, અગ્રણી કૌભાંડોના લીધે તપાસ હાથ ધરવામાં આવી હતી. વેપારીઓ, રાજકારણીઓ અને અમલદારોની (૧૯૯૨ થી ૧૯૯૭ ના સમયગાળા દરમિયાન), જેના પરિણામે રાજકીય પ્રવૃત્તિમાં વ્યાપક ન્યાયિક સહભાગિતા થઈ હતી. ઇટાલીમાં કાઉન્સિલની રચનામાં સંસદનો પ્રભાવ વધારવા માટે ૨૦૦૨ માં તદનુસાર ફેરફાર કરવામાં આવ્યો હતો.

૧૭૩. સંશોધન પત્રમાં નોંધવામાં આવ્યું હતું કે, ફ્રેન્ચ-ઇટાલિયન મોડેલો લેટિન અમેરિકા અને અન્ય વિકાસશીલ દેશોમાં અપનાવવામાં આવ્યા હતા. એ નિર્દેશિત કરવામાં આવ્યું હતું કે, કાયદાના શાસનના અમલીકરણ માટે, ન્યાયિક સુધારણા સાથે જ્યુડિશિયલ કાઉન્સિલ્સ જોડાયેલી રહે તેવો આગ્રહ વિશ્વ બેંક અને અન્ય સમાન બહુપક્ષીય દાતા એજન્સીઓ રાખે છે. 'ધ એલિમેન્ટ્સ ઓફ યુરોપિયન સ્ટેચ્યુટ ઓન ધ જ્યુડિશિયરી' ને જ્યુડિશિયલ કાઉન્સિલ મોડેલના સુધારેલા સ્વરૂપ તરીકે ગણવામાં આવ્યું હતું. ધારવામાં આવેલી સુપ્રિમ કાઉન્સિલ ઓફ મેજિસ્ટ્રસી એવી અપેક્ષા રાખે છે કે ઓછામાં ઓછા અડધા સભ્યો ન્યાયાધીશો હોય, ભલે સુપ્રિમ કાઉન્સિલના કેટલાક સભ્યો સંસદમાંથી લેવામાં આવ્યા હોય. સંશોધન પત્રના લેખકોનું એવું માનવું હતું કે, ફ્રેન્ચ-ઇટાલિયન પરંપરામાં સુપ્રિમ કાઉન્સિલ્સ અપનાવવા પાછળની પ્રેરક ચિંતા,

બિન-લોકશાહી શાસનના સમયગાળા પછી "ન્યાયતંત્રની સ્વતંત્રતા" સુનિશ્ચિત કરવાના ઉદ્દેશ્યથી હતી. કદાચ માળખાકીય સમસ્યાઓ અંગેની ચિંતાઓના કારણે, એ નિર્દેશ કરવામાં આવ્યો હતો કે, બાહ્ય જવાબદેહી એ આ સુપ્રિમ કાઉન્સિલ્સ માટે બીજા લક્ષ્ય તરીકે ઉભરી આવી હતી. જર્મની, ઑસ્ટ્રિયા અને નેધરલેન્ડ્સના મોડેલોનો સંદર્ભ આપતાં, એવો દાવો કરવામાં આવ્યો હતો કે, તેમની કાઉન્સિલ્સ ન્યાયમૂર્તિઓની પસંદગીમાં (બઢતી અને શિસ્તને બદલે) ભૂમિકા ભજવવા પૂરતી મર્યાદિત હતી. ડચ મોડેલનો સંદર્ભ આપતાં, એ નિર્દેશિત કરવામાં આવ્યું હતું કે, વધુ પારદર્શિતા અને જવાબદેહી સુનિશ્ચિત કરવા માટે તાજેતરના સુધારાઓ દાખલ કરવામાં આવ્યા હતા.

૧૭૪. એ બાબત પણ સામે લાવવામાં આવી હતી કે, સિવિલ લો અધિકારક્ષેત્રોમાં જ્યુડિશિયલ કાઉન્સિલ્સ દેશની સુપ્રિમ કોર્ટ સાથે સંબંધ ધરાવતી હતી. કોસ્ટા રિકા અને ઑસ્ટ્રિયાનો સંદર્ભ આપતાં, એ દર્શાવવામાં આવ્યું હતું કે, આ દેશોમાં જ્યુડિશિયલ કાઉન્સિલ્સ એ સુપ્રિમ કોર્ટનું ગૌણ અંગ હતી. બ્રાઝિલ જેવા કેટલાક દેશોમાં, જ્યુડિશિયલ કાઉન્સિલ્સ બંધારણીય દરજ્જો ધરાવતી સ્વતંત્ર સંસ્થાઓ હતી, જ્યારે અન્ય દેશોમાં જ્યુડિશિયલ કાઉન્સિલ્સ સમગ્ર ન્યાયતંત્રનું સંચાલન કરતી હતી. અને ગ્વાટેમાલા અને આર્જેન્ટિના જેવા કેટલાક અન્ય દેશોમાં, તેઓ માત્ર નીચલી અદાલતોનું જ સંચાલન કરતી હતી.

૧૭૫. કોમન લો દેશોમાં ન્યાયતંત્રમાં ભરતીનો સંદર્ભ આપતાં, એ નિર્દેશ કરવામાં આવ્યો હતો કે, યુનાઇટેડ કિંગડમમાં, ધ કોન્સ્ટીટ્યુશનલ રિફોર્મ એક્ટ,

૨૦૦૫ એ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશનની રચના કરી હતી, જે માત્ર યોગ્યતાના આધારે નિમણૂકો કરવા માટે જવાબદાર હતું, અને તેમાં કારોબારીની કોઈ સહભાગિતા ન હતી. એ નિર્દેશિત કરવામાં આવ્યું હતું કે, ન્યુઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા તેનું અનુકરણ કરવું કે કેમ તે અંગે ચર્ચા કરી રહ્યા હતા. એવી દલીલ કરવામાં આવી હતી કે, ઉપરોક્ત કાયદાએ સરકારના સભ્યો પર ન્યાયિક નિર્ણયોને પ્રભાવિત ન કરવાની વૈધાનિક ફરજ લાદી હતી. અને લોર્ડ ચાન્સેલરના કાર્યોને પ્રેસિડેન્ટ ઓફ ધ કોર્ટ્સ ઓફ ઇંગ્લેન્ડ એન્ડ વેલ્સ (જે અગાઉ લોર્ડ ચીફ જસ્ટિસ ઓફ ઇંગ્લેન્ડ એન્ડ વેલ્સ તરીકે નિયુક્ત હતા) ને તબદીલ કરીને આવી તમામ પ્રવૃત્તિઓમાંથી તેમની સહભાગિતાને બાકાત પણ રાખી હતી.

૧૭૬. અમેરિકન અનુભવનો સંદર્ભ આપતાં, એ નોંધવામાં આવ્યું હતું કે, ન્યાયિક પસંદગીની પરંપરાગત પદ્ધતિઓ (કાં તો રાજકારણીઓ દ્વારા અથવા ચૂંટણી દ્વારા) અંગેની ચિંતાએ "મેરિટ કમિશન્સ" માટે માર્ગ મોકળો કર્યો હતો જેથી ન્યાયમૂર્તિઓની પસંદગી યોગ્યતા પર આધારિત રાખી શકાય. એવું માનવામાં આવ્યું હતું કે, મેરિટ કમિશન્સ જ્યુડિશિયલ કાઉન્સિલ્સને સમાન હતા. તેમાં વિચારવામાં આવેલી પ્રણાલી બિન–પક્ષપાતી હતી. જ્યુડિશિયલ સિલેક્શન કમિશનમાં ન્યાયાધીશો, વકીલો અને રાજકીય નિમણૂક પામેલા વ્યક્તિઓનો સમાવેશ થતો હતો.

૧૭૭. આ વિષય પર પ્રખ્યાત કાયદાવિદોના કાર્યોનો સંદર્ભ આપીને, એવો નિષ્કર્ષ કાઢવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો કે, આજના વિશ્વમાં, એવી પ્રબળ સર્વસંમતિ પ્રવર્તતી હતી કે, તમામ પ્રક્રિયાઓ પૈકી, મેરિટ યોજના ન્યાયતંત્રને રાજકીય દબાણથી સુરક્ષિત રાખતી હતી. તેઓ દ્વારા હાથ ધરવામાં આવેલા સર્વેક્ષણમાંથી બહાર આવતા તેમના મંતવ્યોમાં, એવો નિષ્કર્ષ કાઢવામાં આવ્યો હતો કે, ન્યાયતંત્ર પરના રાજકીય દબાણને દૂર કરવું અશક્ય હતું. વિવિધ દેશોમાં રચાયેલા ન્યાયિક પંચો/કાઉન્સિલો, તેમના મતે, ન્યાયતંત્રની સ્વતંત્રતા વધારવા અને રાજકીય પ્રભાવને ન્યૂનતમ કરવાના પગલાં હતા. તેમનો એવો અભિપ્રાય હતો કે એકવાર સ્વતંત્રતા આપવામાં આવ્યા પછી, ન્યાયાધીશો વધુ મહત્વના વિવાદોની વ્યાપક શ્રેણીનો ઉકેલ લાવવા માટે વધુ ઉપયોગી હતા, જે એ હકીકતને ધ્યાને લેતાં આવશ્યક ગણવામાં આવતા હતા કે હવે ન્યાયતંત્રને વધુ ને વધુ કામગીરી સોંપવામાં આવી રહી હતી.

૧૭૮. લેખમાં તારવવામાં આવેલા તારણોનું વિશ્લેષણ કરતાં, એવો નિષ્કર્ષ કાઢવાની ફરજ પડે છે કે, સમગ્ર વિશ્વમાં સમાજોના ક્રમિક વિકાસની પ્રક્રિયામાં, ન્યાયતંત્રને કારોબારી અને રાજકીય નિયંત્રણમાંથી મુક્ત કરવાનો, અને ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂકની સંપૂર્ણપણે ગુણવત્તા પર આધારિત પદ્ધતિનો સમાવેશ કરવાનો પ્રવાહ રહ્યો છે. કારણ કે માત્ર ત્યારે જ, ન્યાયિક સમીક્ષાની પ્રક્રિયા રાષ્ટ્ર નિર્માણને અસરકારક રીતે સમર્થન આપશે. અમારી વિચારણા હેઠળ આવતી બાબતમાં, અમારા માટે એ ધ્યાનમાં રાખવું અનિવાર્ય રહેશે કે "ન્યાયતંત્રની સ્વતંત્રતા" અને "ન્યાયિક સમીક્ષા" ની

વિભાવનાઓની પ્રગતિને હવે સમગ્ર વિશ્વમાં માન્યતા આપવામાં આવી રહી હતી. ઉચ્ચ ન્યાયતંત્રમાં નિમણૂકોની બાબતમાં કારોબારી અને રાજકીય સહભાગિતાની ઘટતી જતી ભૂમિકા, એક સ્પષ્ટ વાસ્તવિકતા છે. ઉપરોક્ત પ્રવાહને ધ્યાને લેતાં, અગાઉ અત્યાર સુધી અસ્તિત્વમાં હતી તેના કરતાં કારોબારીની કોઈપણ મોટી અને વધુ સહભાગિતા હોઈ શકે નહીં. અને ભારતીય પરિપ્રેક્ષ્યમાં, જેમ કે હાલમાં સેકન્ડ અને થર્ડ જજિસ કેસોમાં આપવામાં આવેલા ચુકાદાઓ દ્વારા વિચારવામાં આવ્યું છે. તેથી એવો નિષ્કર્ષ કાઢવો અનિવાર્ય છે કે, એનજેએસીમાં નિહિત અંતિમ નિર્ણાયક પ્રક્રિયામાં કાયદા અને ન્યાયના પ્રભારી કેન્દ્રીય મંત્રીની સહભાગિતા, તેમજ, "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ" ની પસંદગીમાં વડાપ્રધાન અને લોકસભામાં વિરોધ પક્ષના નેતાની (અને જો કોઈ ન હોય તો - લોકસભામાં સૌથી મોટા એકમાત્ર વિરોધ પક્ષના નેતાની) સહભાગિતા, એક પશ્ચાતગામી પગલું હશે, અને તેને સ્વીકારી શકાય નહીં.

VIII.

૧૭૯. એનજેએસીનો એકમાત્ર ઘટક, જેની વિચારણા કરવાનું બાકી રહે છે, તે એનજેએસીમાં નામાંકિત કરવા જરૂરી એવા બે "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ" ના સંદર્ભમાં છે. પ્રસ્તુત પાસા પર પરસ્પર વિરોધી રજૂઆતોની વિગતો આપવી જરૂરી નથી, કારણ કે અગાઉ અહીં વિસ્તૃતપણે તેની નોંધ લેવામાં આવી ચૂકી છે.

૧૮૦. અમે એ નિર્વિવાદ સ્થિતિ સ્વીકારીને આગળ વધી શકીએ છીએ કે, વાદગ્રસ્ત બંધારણીય સુધારો કે એનજેએસી એક્ટ, બંનેમાંથી કોઈ પણ

એનજેએસીમાં નામાંકિત કરવાના બે "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ" પાસે હોવી જરૂરી એવી કોઈ સકારાત્મક લાયકાતની પરિકલ્પના કરતા નથી. આ બંધારણીય અને ધારાકીય અધિનિયમો કોઈ નકારાત્મક ગેરલાયકાતો પણ નિર્ધારિત કરતા નથી. તેથી એ સ્પષ્ટ છે કે, બે "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ" ની પસંદગી નામાંકિત કરનાર સત્તાધિકારીઓની મુક્ત ઇચ્છા પર નિર્ભર રહેશે. વિચારણા માટે ઉપસ્થિત થતો પ્રશ્ન એ છે કે, શું આ મુદ્દાને નામાંકિત કરનાર સત્તાધિકારીઓની મુક્ત ઇચ્છા અને પસંદગી પર છોડી દેવો ન્યાયી અને યોગ્ય છે?

૧૮૧. વિદ્વાન એટર્ની જનરલનો પ્રત્યુત્તર ભારપૂર્વકનો હતો. વડાપ્રધાન, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ, અથવા લોકસભામાં વિરોધ પક્ષના નેતા (અને જ્યારે આવા કોઈ વિરોધ પક્ષના નેતા ન હોય, ત્યારે લોકસભામાં સૌથી મોટા એકલ વિરોધ પક્ષના નેતા) કરતાં વધુ સારી રીતે કોણ જાણી શકે? અને તેમણે પોતે જ તેનો જવાબ આપ્યો કે, જો આવા ઉચ્ચ પદ ધરાવતા બંધારણીય સત્તાધિકારીઓને અજાણ ગણવામાં આવે, તો આ દેશમાં કોઈપણ વ્યક્તિ આ બાબતે નિર્ણય લેવા માટે સક્ષમ હોવાનો વિશ્વાસ કરી શકાય નહીં - ન તો ધારાસભા, ન તો કારોબારી, અને ન્યાયતંત્ર પણ નહીં. ત્યારબાદ એટર્ની જનરલે કટાક્ષ કર્યો - નિશ્ચિતપણે આ કોર્ટ વાદગ્રસ્ત બંધારણીય સુધારો, અથવા એનજેએસી એક્ટને, આવા નજીવા મુદ્દા પર રદ કરશે નહીં. તેમણે એવું પણ સૂચન કર્યું કે, આપણે નામાંકિત કરનાર સત્તાધિકારીઓના પરિણામની પ્રતીક્ષા કરવી જોઈએ, અને જો આ કોર્ટને જણાય કે એનજેએસી પર "પ્રતિષ્ઠિત વ્યક્તિ" તરીકે પોતાને સોંપાયેલ જવાબદારી નિભાવવા માટે નામાંકિત ચોક્કસ વ્યક્તિ

અયોગ્ય અથવા અસ્વીકાર્ય હતી અથવા જે જવાબદારી ઉપાડવાની જરૂર હતી તેની સાથે કોઈ સંબંધ ધરાવતી ન હતી, તો તેની નિમણૂક રદ કરી શકાય છે.

૧૮૨. આ બાબત પર અમારો વિચારપૂર્વક વિચાર કર્યા પછી, અમારો એવો અભિપ્રાય છે કે, પ્રસ્તુત મુદ્દો ચોક્કસપણે એટલો નજીવો નથી, જેટલો દર્શાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. બે "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ" એનજેએસીની ૧/૩ સભ્યસંખ્યા ધરાવે છે, અને રાજકીય-કારોબારી ઘટક કરતાં બમણી સંખ્યા ધરાવે છે. અમે વિદ્વાન વકીલને સાંભળ્યા પછી જ આ રજૂઆતના મહત્વને સમજી શક્યા. એટર્ની જનરલ દ્વારા ભારપૂર્વક વ્યક્ત કરવામાં આવેલો અભિપ્રાય એ હતો કે "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ" એવા "સામાન્ય વ્યક્તિઓ" હોવા જોઈએ કે જેમને ન્યાયતંત્ર સાથે, કે વકીલાતના વ્યવસાય સાથે પણ કોઈ સંબંધ ન હોય, કદાચ એવી વ્યક્તિઓ કે જેઓ કાયદા સંબંધિત કોઈ શૈક્ષણિક લાયકાત પણ ધરાવતી ન હોય. વાદગ્રસ્ત બંધારણીય સુધારાને બહાલી આપનાર મહારાષ્ટ્ર રાજ્યનું પ્રતિનિધિત્વ કરનારા અને વાદગ્રસ્ત બંધારણીય સુધારા તેમજ એનજેએસી એક્ટનું સમર્થન કરવા ઉપસ્થિત થયેલા વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી ટી.આર. અંધ્યારુજિનાએ તદ્દન વિપરીત અભિપ્રાય વ્યક્ત કર્યો હતો. તેમના મતે, એનજેએસીના સંદર્ભમાં "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ" ની પસંદગી માત્ર પ્રતિષ્ઠિત વકીલો, પ્રતિષ્ઠિત કાયદાવિદો, અને નિવૃત્ત ન્યાયાધીશો, અથવા ન્યાયિક પ્રણાલીની કામગીરી અને કાર્યપદ્ધતિની ઊંડી સમજ ધરાવતા સમાન વ્યક્તિઓમાંથી જ કરી શકાય. તેથી એ સ્પષ્ટ છે કે, વિદ્વાન વરિષ્ઠ વકીલના મતે, નામાંકિત "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ" કાનૂની પૃષ્ઠભૂમિ ધરાવતી વ્યક્તિઓ

હોવી જોઈએ, અને ચોક્કસપણે સામાન્ય વ્યક્તિઓ નહીં, જેવું વિદ્વાન એટર્ની જનરલ દ્વારા સૂચવવામાં આવ્યું હતું. અમે સુપ્રિમ કોર્ટ બાર એસોસિએશનના પ્રમુખ, વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી દુષ્યંત એ. દવે દ્વારા કરવામાં આવેલી રજૂઆતો નોંધી છે, જેમણે કોઈપણ સંકોચ વિના, તેમની સામાન્ય ઉત્સાહપૂર્ણ શૈલીમાં બેંચને સંબોધન કર્યું હતું. અમે તેમનો અભિપ્રાય માંગ્યો હતો કે, શું બે "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ" ના સ્થાને સુપ્રિમ કોર્ટ બાર એસોસિએશનના પ્રમુખ અને/અથવા બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના અધ્યક્ષનો હોદ્દાની રૂએ એનજેએસીના સભ્યો તરીકે સમાવેશ કરવા પર વિચાર કરવો યોગ્ય રહેશે. તેમનો પ્રત્યુત્તર સહજ હતો "કૃપા કરીને એવું ન કરશો!!" અને ત્યારબાદ ટૂંકા વિરામ પછી, "...તે વિનાશક સાબિત થશે!!". અત્યંત વિદ્વાન અને પ્રતિષ્ઠિત વકીલોની સહાયથી આ મુદ્દાની તપાસ કર્યા પછી, એવો નિષ્કર્ષ કાઢવો અનિવાર્ય છે કે, "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ" ની લાયકાતોનું (- કદાચ, ગેરલાયકાતોનું પણ) વર્ણન કરવાનો મુદ્દો અત્યંત મહત્વનો છે, અને તે નામાંકિત કરનાર સત્તાધિંકારીઓ દ્વારા ધારણ કરવામા આવેલા ઉચ્ચ બંધારણીય હોદ્દાઓને ધ્યાનમાં લીધા વિના, તેમની મુક્ત ઈચ્છા અને પસંદગી પર છોડી શકાય નહીં. ખાસ કરીને એટલા માટે, કારણ કે બે "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ" એનજેએસીની ૧/૩ સભ્યસંખ્યા ધરાવે છે, અને રાજકીય-કારોબારી ઘટક કરતાં બમણી સંખ્યા ધરાવે છે, અને તેથી, એનજેએસીની નિર્ણય લેવાની પ્રક્રિયામાં સર્વોચ્ચ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. તેથી અમે એ સ્વીકારવા પ્રેરાઈએ છીએ કે, "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ" તરીકે નામાંકિત થવા માટેની પાત્રતાની લાયકાતો નિર્ધારિત ન કરવા બદલ, અને તેને અસ્પષ્ટ તેમજ અવ્યાખ્યાયિત

છોડી દેવા બદલ, અનુચ્છેદ ૧૨૪એ(૧)(ડી) રદ કરવા અને ફગાવી દેવાને પાત્ર છે.

૧૮૩. છ–સભ્ય એનજેએસીમાં બે "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ" નો સમાવેશ કરવા પાછળના તર્કને સમજવો અન્યથા પણ મુશ્કેલ છે. જો વિદ્વાન એટર્ની જનરલ દ્વારા વ્યક્ત કરાયેલા અભિપ્રાય મુજબ જઈએ, તો ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂક માટેની પ્રચલિત પસંદગી પ્રક્રિયામાં અત્યાર સુધી ઉપલબ્ધ ન હોય તેવા ઇનપુટ્સ ઉમેરવા માટે એનજેએસીમાં "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ" નો સમાવેશ કરવામાં આવ્યો હતો. ખરેખર તમામ અસ્પષ્ટતાઓ ધરાવતી અને કોઈ સ્પષ્ટ અર્થ વગરની આ રજૂઆત છે. તેમણે દલીલ કરી હતી કે, તેઓ એવા "સામાન્ય વ્યક્તિઓ" હશે કે જેમને ન્યાયતંત્ર સાથે, કે વકીલાતના વ્યવસાય સાથે પણ કોઈ સંબંધ ન હોય, કદાચ એવી વ્યક્તિઓ કે જેમની પાસે કાયદા સંબંધિત કોઈ શૈક્ષણિક લાયકાત પણ ન હોય. વિદ્વાન એટર્ની જનરલ દ્વારા દર્શાવવામાં આવેલી લાયકાત સંતોષતી "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ", ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂકની બાબતમાં શું ઇનપુટ્સ આપશે તે સમજવું મુશ્કેલ છે. એનજેએસી પર બે "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ" નો સમાવેશ કરવાની નિરર્થકતા કદાચ ત્યારે સમજી શકાય જો કોઈ કમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર–જનરલ, નાણાપંચના અધ્યક્ષ અને સભ્યો, યુનિયન પબ્લિક સર્વિસ કમિશનના અધ્યક્ષ અને સભ્યો, મુખ્ય ચૂંટણી કમિશનર અને ચૂંટણી કમિશનરો અને તેવા અન્ય હોદ્દાઓની પસંદગીમાં આવી "સામાન્ય વ્યક્તિઓ" ની સહભાગિતાની કલ્પના કરે. આ પરિસ્થિતિ વિનાશક

હશે. અમારા સુવિચારિત અભિપ્રાય મુજબ, વિકસિત નાગરિક સમાજ ધરાવતા પ્રગતિશીલ દેશમાં પ્રચલિત વ્યવસ્થાનું અંધાનુકરણ કરવું અવિચારી છે.

૧૮૪. ન્યાયમૂર્તિઓની પસંદગીની સંવેદનશીલતા એટલી પ્રચંડ છે, અને અયોગ્ય નિમણૂકો કરવાના પરિણામો એટલા જોખમી છે કે, જો ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂકની પ્રક્રિયામાં સામેલ લોકો ખોટી પસંદગી કરે, તો તે રાષ્ટ્રને એક પ્રકારની અરાજકતા તરફ દોરી શકે છે. વાદગ્રસ્ત બંધારણીય સુધારા અને ધારાકીય અધિનિયમ દ્વારા વ્યક્ત કરવામાં આવેલી રીતે "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ" ની ભૂમિકાને સમજી શકાય નહીં. વધુમાં વધુ, શરૂઆત કરવા માટે, વિચારણા હેઠળના નામાંકિત ઉમેદવારો વિશે પોતાનો અભિપ્રાય વ્યક્ત કરવાની મંજૂરી આપીને એક અથવા વધુ "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ" ને (કદાચ "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ" ની સમિતિને પણ) સલાહકાર/પરામર્શકારી ભૂમિકા સોંપી શકાય છે. કદાચ, પસંદગી પ્રક્રિયાના ન્યાયિક ઘટક હેઠળ. અને સંભવતઃ, પ્રતિષ્ઠિત વકીલો, પ્રતિષ્ઠિત કાયદાવિદો, અને નિવૃત્ત ન્યાયાધીશો, અથવા ન્યાયિક પ્રણાલીની કામગીરી અને કાર્યપદ્ધતિની ઊંડી સમજ ધરાવતા સમાન વ્યક્તિઓનો સમાવેશ કરીને. અને એ સુનિશ્ચિત કરીને કે સહભાગીઓનો કોઈ હિતોનો સંઘર્ષ ન હોય. દેખીતી રીતે, અંતિમ પસંદગી કરતી સંસ્થા વ્યક્ત કરાયેલા અભિપ્રાયથી બંધાયેલી રહેશે નહીં, પરંતુ નામાંકિત ઉમેદવારોના નામોને આખરી ઓપ આપતી વખતે રજૂ કરાયેલા અભિપ્રાયને ધ્યાનમાં રાખવા બંધાયેલી રહેશે.

૧૮૫. સંસદની એ બુદ્ધિમત્તાને પણ સમજવી મુશ્કેલ છે, કે ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂકની પ્રક્રિયામાં બે સામાન્ય વ્યક્તિઓનો પ્રવેશ કરાવવો, અને સાથોસાથ તેમને વીટોની સત્તા આપવી. એનજેએસી એક્ટની કલમ ૫(૨) હેઠળનો બીજો પરંતુક, અને કલમ ૬(૬), સ્પષ્ટપણે આદેશ આપે છે કે, સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક માટે વિચારણા કરવા નામાંકિત વ્યક્તિ, અને હાઇકોર્ટોના મુખ્ય ન્યાયમૂર્તિઓ અને ન્યાયમૂર્તિઓ તરીકે નિમણૂક માટે વિચારણા હેઠળની વ્યક્તિઓની નિમણૂક કરી શકાતી નથી, જો એનજેએસીના કોઈપણ બે સભ્યો આ દરખાસ્ત સાથે સંમત ન થાય. એનજેએસી એક્ટ સાથે વંચાણે લેતાં વાદગ્રસ્ત બંધારણીય સુધારા હેઠળ વિચારવામાં આવેલી ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી પ્રક્રિયાની યોજનામાં, આ બે "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ" પોતાની મેળે જ તમામ ભલામણોને નકારી કાઢવા માટે પૂરતી સત્તા ધરાવે છે. માત્ર એટલું જ નહીં, આ બે "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ" પાસે એનજેએસીના બાકીના ચાર સભ્યો દ્વારા સર્વાનુમતે મંજૂર કરવામાં આવેલા તમામ નામોને નકારી કાઢવાની સંપૂર્ણ સત્તા પણ રહેશે. જેમાં દેખીતી રીતે જ એનજેએસીના સમગ્ર ન્યાયિક ઘટકની સર્વાનુમત ભલામણને નકારી કાઢવાની સત્તાનો સમાવેશ થશે. અમારા સુવિચારિત અભિપ્રાય મુજબ, "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ" માં આવી સત્તા નિહિત કરવી, "ન્યાયતંત્રની સ્વતંત્રતા" ની યોજનામાં સ્પષ્ટપણે અસમર્થનીય છે. ન્યાય વહીવટની વ્યવસ્થા સાથે કોઈ સંબંધ ન ધરાવતી વ્યક્તિઓમાં આવી સત્તા નિહિત કરવી તે સ્પષ્ટપણે મનસ્વી છે, અને અમે તેવું ઠેરવીએ છીએ. ઉપર પહેલેથી જ નિષ્કર્ષ કાઢવામાં આવ્યો છે

તેમ (ફકરા ૧૫૬ નો સંદર્ભ લો), "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ" નો સમાવેશ ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂક (તેમજ તેમની બદલી) ની બાબતમાં ન્યાયતંત્રની પ્રાધાન્યતા પર પ્રતિકૂળ અસર કરશે. ઉપર નોંધવામાં આવેલા કારણોસર, એ સ્પષ્ટ છે કે, બંધારણના "મૂળભૂત માળખા" નું ઉલ્લંઘન કરનાર હોવાના કારણે અનુચ્છેદ ૧૨૭એ(૧)(ડી) રદ કરવા અને ફગાવી દેવાને પાત્ર છે.

IX.

૧૮૬. સુનાવણી દરમિયાન, વિદ્વાન એટર્ની જનરલે, સુપ્રિમ કોર્ટમાં ભૂતકાળની નિમણૂકોના કેટલાક સંદર્ભો આપ્યા હતા, જેથી એવા આક્ષેપનું રણશિંગું ફૂંકી શકાય કે, "કોલેજિયમ સિસ્ટમ" કાર્યક્ષમ રીતે કામ કરતી ન હતી, કેમ કે, તેમના દ્વારા ઉલ્લેખ કરવામાં આવેલ પ્રકૃતિની વ્યક્તિઓની સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓ તરીકે પસંદગી અને નિમણૂક કરવામાં આવી હતી. આ કોર્ટની ગરિમાને અનુરૂપ હોય તેવી રીતે, તેમણે કોઈપણ ન્યાયાધીશ(ઓ)નો નામજોગ ઉલ્લેખ કર્યો ન હતો. તેમનો સંદર્ભ કાર્યો દ્વારા હતો. જે રીતે રજૂઆતો આગળ ધપાવવામાં આવી હતી, તે જોતાં કોર્ટ–હોલમાં ઉપસ્થિત પ્રત્યેક વ્યક્તિ સંબંધિત ન્યાયમૂર્તિની ઓળખથી વાકેફ હતી. વિદ્વાન એટર્ની જનરલ દ્વારા રજૂ કરવામાં આવેલા ચિત્રણને પ્રિન્ટ અને ઇલેક્ટ્રોનિક મીડિયા દ્વારા ઉત્સાહપૂર્વક દર્શાવવામાં આવ્યું હતું, જેમાં વિદ્વાન એટર્ની જનરલ દ્વારા રજૂ કરવામાં આવેલા સંકેતોને વ્યાપકપણે પ્રકાશિત કરવામાં આવ્યા હતા.

૧૮૭. જો અમારી યાદશક્તિ સાથ આપતી હોય તો, વિદ્વાન એટર્ની જનરલે સુપ્રિમ કોર્ટમાં ત્રણ ન્યાયાધીશોની અયોગ્ય નિમણૂકનો સંદર્ભ આપ્યો હતો. આરોપના ગુણદોષમાં ગયા વિના કોઈને પણ એવું લાગ્યું હોત કે, સેકન્ડ જજિસ કેસમાં આપવામાં આવેલા ચુકાદાના અમલ પછીથી (જે ૬.૧૦.૧૯૯૩ ના રોજ જાહેર કરવામાં આવ્યો હતો) – એમ.કે. મુખર્જી, ન્યાયમૂર્તિ, ૧૪.૧૨.૧૯૯૩ ના રોજ "કોલેજિયમ સિસ્ટમ" હેઠળ નિમાયેલા પ્રથમ ન્યાયમૂર્તિ હતા, અને બી.એન. કિરપાલ, મુખ્ય ન્યાયમૂર્તિ, તેના હેઠળના પ્રથમ મુખ્ય ન્યાયમૂર્તિ હતા, જેમની ૧૧.૯.૧૯૯૫ ના રોજ "કોલેજિયમ સિસ્ટમ" હેઠળ સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક કરવામાં આવી હતી – સુપ્રિમ કોર્ટમાં સો કરતાં વધુ ન્યાયમૂર્તિઓની નિમણૂક છતાં માત્ર ત્રણ ન્યાયમૂર્તિઓમાં ખામી શોધવી, તેને કોઈ નાની સિદ્ધિ ગણવી જોઈએ નહીં.

૧૮૮. વિદ્વાન એટર્ની જનરલની યાદીમાં પ્રથમ એવા એક ન્યાયાધીશ હતા કે જેમણે, તેમના જણાવ્યા મુજબ, દેશની વિવિધ હાઇકોર્ટોમાં ન્યાયાધીશ અને મુખ્ય ન્યાયમૂર્તિ રહ્યા તે સમયગાળા દરમિયાન, તેમજ આ કોર્ટના ન્યાયાધીશ રહ્યા તે સમયગાળા દરમિયાન ભાગ્યે જ કોઈ ચુકાદા આપ્યા હતા. "કોલેજિયમ સિસ્ટમ" ની નિષ્ફળતા એ હકીકતને આભારી ગણાવવામાં આવી હતી કે, જો કોઈ અર્થપૂર્ણ પ્રક્રિયા અમલમાં હોત તો આવી વ્યક્તિને બહાર કાઢી નાખવામાં આવી હોત. અને તેમના ઉપરોક્ત વલણ છતાં, સંબંધિત ન્યાયમૂર્તિને સુપ્રિમ કોર્ટમાં વધુ બઢતી આપવામાં આવી હતી. તેમના દ્વારા ટાંકવામાં આવેલ બીજો દાખલો એવા એક ન્યાયમૂર્તિના સંદર્ભમાં હતો, જેઓ કોઈપણ

સમયપત્રકનું પાલન કરતા ન હતા. એવો દાવો કરવામાં આવ્યો હતો કે, તે ન્યાયાધીશ કોર્ટની કાર્યવાહી શરૂ કરવામાં અનિવાર્યપણે મોડા પડતા હતા. તેમની એવી દલીલ હતી કે, સદર ન્યાયમૂર્તિના સંદર્ભમાં ભૂતકાળનો અનુભવ વિવિધ હાઇકોર્ટોના ન્યાયમૂર્તિ તરીકે અને એક હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે સમાન વર્તણૂક દર્શાવતો હતો. એવો ખેદ વ્યક્ત કરવામાં આવ્યો હતો કે, ઉપરોક્ત વર્તન "કોલેજિયમ સિસ્ટમ" હેઠળ અપનાવવામાં આવેલી પ્રક્રિયામાં તે ન્યાયમૂર્તિને સુપ્રિમ કોર્ટમાં બઢતી આપવાથી નકારી કાઢવા માટે પૂરતું ન હતું. ત્રીજા ન્યાયમૂર્તિને એવી વ્યક્તિ તરીકે વર્ણવવામાં આવ્યા હતા, જેઓ ઇન્ટરનેટ પર પોતાના મંતવ્યો ટ્વિટ કરવાની ટેવ ધરાવતા હતા. તેમણે તેમને સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિના ઉચ્ચ પદ માટે અયોગ્ય વ્યક્તિ તરીકે વર્ણવ્યા હતા, અને તેમ છતાં, "કોલેજિયમ સિસ્ટમ" દ્વારા સુપ્રિમ કોર્ટમાં તેમની નિમણૂકને સમર્થન આપવામાં આવ્યું હતું.

૧૮૯. જેવી રીતે એટર્ની જનરલ દ્વારા રજૂ કરવામાં આવેલી રજૂઆતને નજરઅંદાજ કરવી અશક્ય હતી, તેવી જ રીતે, સુપ્રિમ કોર્ટ બાર એસોસિએશનના પ્રમુખ સિવાય અન્ય કોઈ નહીં પરંતુ તેમના દ્વારા જ આવી જ બાબત પર આગળ ધપાવવામાં આવેલી રજૂઆતોને બાકાત રાખવી અયોગ્ય ગણાશે. જ્યાં સુધી વરિષ્ઠ અધિવક્તા શ્રી દુષ્યંત એ. દવેનો સંબંધ છે, ત્યાં સુધી ખોટી નિમણૂકો અંગેના તેમના સ્પષ્ટ દાવામાં આ કોર્ટના એક એવા ન્યાયમૂર્તિનો સંદર્ભ સામેલ હતો, જેમણે કથિત રીતે એક એવો કેસ પોતાના બોર્ડ પર લીધો હતો, જે તેમના રોસ્ટરને સોંપવામાં આવ્યો ન હતો. એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે, તેમણે

આ કેસનો ખોટી રીતે નિકાલ કર્યો હતો. અમે ઉપરોક્ત દલીલ પર વિચાર કરીએ તે પહેલાં, એ નોંધવું જરૂરી છે કે, લગાવવામાં આવેલો આરોપ કથિત અયોગ્ય પસંદગી અને નિમણૂક સાથે સંબંધિત નથી. આ આરોપ "એક" કેસના ખોટા નિર્ણય પૂરતો મર્યાદિત છે. બાબતના પ્રસ્તુત પાસાનો સંબંધ છે ત્યાં સુધી, અમારા માટે એ નોંધવું જરૂરી છે કે, સદર ન્યાયમૂર્તિ દ્વારા પસાર કરવામાં આવેલા કથિત અયોગ્ય હુકમ સામે પુનર્વિચારણા અરજી દાખલ કરવામાં આવી હતી. તે ફગાવી દેવામાં આવી હતી. ન્યાયાધીશે પદ છોડ્યા પછી, એક ક્યુરેટિવ પિટિશન દાખલ કરવામાં આવી હતી, જેમાં સંબંધિત ન્યાયમૂર્તિ દ્વારા પસાર કરવામાં આવેલા કથિત અયોગ્ય હુકમને પડકારવામાં આવ્યો હતો. તે પણ ફગાવી દેવામાં આવી હતી. ત્યારબાદ પણ, સંબંધિત ન્યાયમૂર્તિને પક્ષકાર–સામાવાળા તરીકે જોડીને તેમની સામે એક અરજી દાખલ કરવામાં આવી હતી. સદર અરજી પણ ફગાવી દેવામાં આવી હતી. સંબંધિત ન્યાયમૂર્તિ દ્વારા કથિત રીતે ખોટો નિર્ણય લેવામાં આવેલા ચોક્કસ કેસના સંદર્ભમાં, ઉપર જે અવલોકન કરવામાં આવ્યું છે તેનાથી વધુ અમારે કશું કહેવાની જરૂર નથી.

૧૯૦. વિદ્વાન એટર્ની જનરલ દ્વારા આગળ ધપાવવામાં આવેલી રજૂઆતોને ધ્યાનમાં લેતી વખતે અમારા માટે એ પ્રકાશિત કરવું અનિવાર્ય છે કે, સેકન્ડ જજિસ કેસમાં આપવામાં આવેલા ચુકાદાને અનુરૂપ ન્યાયમૂર્તિઓની નિમણૂકની ભૂમિકા, ન્યાયતંત્રના સભ્યો તેમજ કારોબારીના સભ્યોની બેવડી સહભાગિતાની પરિકલ્પના કરે છે. આ સંબંધમાં વિગતો અમારા દ્વારા "રેફરન્સ ઓર્ડર" માં નોંધવામાં આવી છે. અને તેથી, કોઈપણ નિષ્ફળતાના કિસ્સામાં,

માત્ર ન્યાયિક ઘટક જ નહીં, પરંતુ કારોબારી ઘટક પણ સંયુક્ત રીતે અને સમાન રીતે જવાબદાર છે. તેથી, ટીકા માટે માત્ર ન્યાયતંત્રને જ અલગ તારવવું, તે આ બાબતનું યોગ્ય પ્રતિબિંબ ન હોઈ શકે.

૧૯૧. વિદ્વાન એટર્ની જનરલ તરફથી આગળ ધપાવવામાં આવેલી દલીલો સાથે અમારી સંમતિ કે અસંમતિ વ્યક્ત કરવી એ અમારા અધિકારક્ષેત્રમાં નથી. તેઓ પોતાના દ્રષ્ટિકોણમાં સાચા હોઈ શકે છે, પરંતુ તેમના દ્વારા દર્શાવવામાં આવેલી આશંકાઓ અન્ય લોકોના દ્રષ્ટિકોણમાં વધુ મહત્વ ધરાવતી ન હોઈ શકે, ખાસ કરીને એવા લોકો કે જેઓ ન્યાયિક પ્રણાલીની કામગીરીને સંપૂર્ણપણે સમજે છે. વિદ્વાન એટર્ની જનરલ દ્વારા દર્શાવવામાં આવેલી આશંકાઓને નીચેની બાબતોની પૃષ્ઠભૂમિમાં જોવાની જરૂર છે:

પ્રથમ, પ્રશ્ન હેઠળના ન્યાયાધીશો સામે લગાવવામાં આવેલા આક્ષેપો ન્યાયિક જવાબદારીના નિર્વહનમાં યોગ્યતાનો કોઈ અભાવ દર્શાવતા નથી. નિઃશંકપણે, ઉચ્ચ ન્યાયતંત્રના સ્તરે ન્યાયમૂર્તિ તરીકે કોઈપણ વ્યક્તિની પસંદગી અને નિમણૂક કરતી વખતે ધ્યાનમાં લેવાની તે મુખ્ય બાબત છે.

બીજું, સામાવાળાઓ વતી વ્યક્ત કરવામાં આવેલી આશંકાઓ પૈકી કોઈપણ પ્રામાણિકતા અને ગેરવર્તણૂકને લગતી નથી. આ અન્ય એક એવું પાસું છે, જેની સાથે ઉચ્ચ ન્યાયતંત્રના સ્તરે ન્યાયમૂર્તિ તરીકે કોઈપણ વ્યક્તિની પસંદગી વખતે કોઈ બાંધછોડ કરી શકાય નહીં. આ મોરચે પણ કંઈ ખોટું નથી.

ત્રીજું, ઉપર ઉલ્લેખ કરવામાં આવેલા દાખલાઓ પૈકી એક પણ દાખલામાં, રાજકીય-કારોબારીએ ઉલ્લેખિત ન્યાયાધીશોની બઢતી સામે વાંધો ઉઠાવ્યો ન હતો. અમે આવું એટલા માટે કહીએ છીએ, કારણ કે અમારા પૂછવા પર, કેન્દ્ર-કારોબારી તરફથી વાંધાઓ હોવા છતાં જેમને બઢતી આપવામાં આવી હતી તેમની વિગતો અમને પૂરી પાડવામાં આવી હતી. ઉલ્લેખિત ન્યાયાધીશો પૈકી કોઈપણ તે યાદીમાં સામેલ ન હતા.

ચોથું, એટર્ની જનરલ દ્વારા એવા ન્યાયમૂર્તિઓના સંદર્ભમાં કોઈપણ પ્રકારનો આક્ષેપ કરવામાં આવ્યો ન હતો, કે જેમના સામે વાંધાઓ રાજકીય-કારોબારી દ્વારા ઉઠાવવામાં આવ્યા હતા, અને તેમ છતાં, "કોલેજિયમ સિસ્ટમ" હેઠળ મુખ્ય ન્યાયમૂર્તિના આગ્રહથી તેમની નિમણૂક કરવામાં આવી હતી.

પાંચમું, વિદ્વાન એટર્ની જનરલ દ્વારા લગાવવામાં આવેલા આક્ષેપો છતાં, રાજકીય–કારોબારી વ્યવસ્થાએ સુનાવણી દરમિયાન ઉલ્લેખ કરાયેલા ચાર દાખલાઓ પૈકી ત્રણને નિવૃત્તિ પછીની કામગીરી સોંપવાનું પસંદ કર્યું હતું. શ્રી દુષ્યંત એ. દવે દ્વારા જે ન્યાયમૂર્તિનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો તેમને પણ રાજકીય–કારોબારી દ્વારા નિવૃત્તિ પછીની કામગીરી મંજૂર કરવામાં આવી હતી. ઉપરોક્ત વાસ્તવિક પરિસ્થિતિમાં, કાં તો વિદ્વાન એટર્ની જનરલ સંપૂર્ણપણે ખોટા હતા. અને જો તેઓ સાચા હોય, તો રાજકીય–કારોબારી સંપૂર્ણપણે ખોટી ઠરી હતી, કારણ કે દર્શાવવામાં આવેલી વાસ્તવિક સ્થિતિથી વાકેફ હોવા છતાં તે થાપ ખાઈ ગઈ હતી.

છેલ્લે, નિવૃત્તિ પછી પોતાના મંતવ્યો ટ્વિટ કરવાનું શરૂ કરનાર ન્યાયમૂર્તિને બઢતી માટે અયોગ્ય કેવી રીતે અને શા માટે ગણી શકાય, તે સમજવું અમારા માટે શક્ય બન્યું નથી. સંબંધિત ન્યાયમૂર્તિ તેમની નિવૃત્તિ પછી પોતાના મંતવ્યો ટ્વિટ કરવાનું શરૂ કર્યું હતું તે હકીકત વિવાદમાં નથી. આ દાખલાનો સમાવેશ એ બાબત સારી રીતે દર્શાવી શકે છે કે, કુલ મળીને, "કોલેજિયમ સિસ્ટમ" ની કામગીરી કદાચ એટલી ખરાબ નથી જેટલી દર્શાવવામાં આવી રહી છે.

૧૯૨. શ્રી દુષ્યંત એ. દવે દ્વારા આગળ ધપાવવામાં આવેલી રજૂઆતો માત્ર સુપ્રિમ કોર્ટના એક ન્યાયમૂર્તિના દાખલા પૂરતી જ મર્યાદિત ન હતી. રમખાણોના કેસમાં દોષિત ઠરેલા ગુજરાતના ભૂતપૂર્વ મંત્રી માયા કોડનાણી જેવી વ્યક્તિઓને રાહત આપવામાં આવી હતી, જ્યારે કથિત રીતે જાણીતા કાર્યકર્તા તીસ્તા સેતલવાડે આગોતરા જામીન મેળવવા માટે દર–દર ભટકવું પડ્યું હતું, તે બાબતે તેમણે આકરા મંતવ્યો વ્યક્ત કર્યા હતા. તેમણે દોષિત રાજકારણીઓ અને ફિલ્મ સ્ટાર્સનો પણ સંદર્ભ આપ્યો હતો, જેમને બે અલગ–અલગ હાઇકોર્ટો દ્વારા તેમજ આ કોર્ટ દ્વારા રાહત આપવામાં આવી હતી. તેમનો એવો ખેદ હતો કે, જ્યારે ફિલ્મ સ્ટાર્સ અને રાજકારણીઓને ઉચ્ચ ન્યાયતંત્ર દ્વારા તાત્કાલિક રાહત આપવામાં આવી રહી હતી, ત્યારે સામાન્ય નાગરિકો વર્ષો સુધી પીડાતા રહ્યા હતા. તેમણે આ તમામ બાબતો માટે પ્રચલિત ખામીયુક્ત પસંદગી પ્રક્રિયાને જવાબદાર ગણાવી હતી, જેનું પરિણામ "ખરાબ ન્યાયાધીશો" ની નિમણૂકમાં આવ્યું હતું. તેમણે વારંવાર એ બાબત પર ભાર મૂક્યો હતો કે, દિલ્હીમાં ૧૯૮૪ ના શીખ વિરોધી રમખાણો અને ગુજરાતમાં ૨૦૦૨ ના મુસ્લિમ વિરોધી

રમખાણોના પીડિતોને કોઈ ન્યાય મળ્યો ન હતો. તેમની એવી દલીલ હતી કે, હાલમાં પ્રચલિત પ્રક્રિયા દ્વારા પસંદ કરાયેલા અને નિમાયેલા ન્યાયાધીશો તેના માટે જવાબદાર હતા. તેમણે એવો અભિપ્રાય પણ વ્યક્ત કર્યો હતો કે, નિમાયેલા ન્યાયાધીશો માનવ અધિકારોના ઉલ્લંઘનથી અજાણ હતા. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, કાયદાની અદાલતો જેમના મૂળભૂત અને માનવ અધિકારોનું ઉલ્લંઘન થયું હતું તેમને ન્યાય આપી શકી નહીં, તે શરમજનક હતું.

૧૯૩. એ બાબત પર ભાર મૂકવો જરૂરી છે કે, કાયદાની દરેક પ્રણાલી હેઠળ, દરેક મુકદ્દમાની બે બાજુઓ હોય છે. જેમાંથી માત્ર એક જ પક્ષ સફળ થાય છે. કોઈ બાબતનો નિર્ણય કેવી રીતે લેવામાં આવ્યો છે તે પ્રશ્ન હંમેશા ચર્ચાનો વિષય રહેશે. જે પક્ષકાર સફળ થાય છે, તેને લાગશે કે ન્યાય થયો છે. જ્યારે હારનાર પક્ષકાર એવી ફરિયાદ કરશે કે ન્યાયનો ઇનકાર કરવામાં આવ્યો હતો. ન્યાયિક પ્રક્રિયામાં, સંબંધિત પક્ષકારો માટે ઉપાયોનો એક સમૂહ ઉપલબ્ધ હોય છે. આ પ્રક્રિયા સુપ્રિમ કોર્ટના સ્તરે કાર્યવાહીની પૂર્ણાહુતિની વિચારણા કરે છે. એકવાર આ પ્રક્રિયા સંપૂર્ણ વર્તુળ પૂર્ણ કરી લે, પછી અન્યથા દર્શાવવા માટે પૂરતી સામગ્રીના આધાર સિવાય, કોઈપણ ખોટું કાર્ય થયાનો આક્ષેપ કરવો ખરેખર નિરર્થક છે. એવું નથી કે, સુપ્રિમ કોર્ટ સાચી જ છે, પરંતુ એ કે, તેનો અંત આવવો જરૂરી છે. સુપ્રિમ કોર્ટ બાર એસોસિએશનના પ્રમુખ દ્વારા ઉદાહરણ રૂપે દર્શાવવામાં આવેલા મોટાભાગના કિસ્સાઓ ફોજદારી કાર્યવાહીઓને લગતા હતા. આવા વિવાદોનો ન્યાયિક નિર્ણય ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલા પુરાવાની પર્યાપ્તતા પર નિર્ભર કરે છે. આક્ષેપોનું સ્વરૂપ (સાચા અથવા

અન્યથા), પક્ષકારો દ્વારા માંગવામાં આવેલી વચગાળાની દાદ પર મહત્વપૂર્ણ પ્રભાવ ધરાવે છે. તેથી, ઈચ્છિત હુકમો પસાર કરવાનો (અથવા ન કરવાનો) દોષ આપોઆપ ન્યાયિક નિર્ણય કરનાર ન્યાયમૂર્તિની ઈચ્છા પર રહેતો નથી, પરંતુ રજૂ કરાયેલા પુરાવાની ગુણવત્તા અને અધિકૃતતા તથા આક્ષેપોના સ્વરૂપ પર રહે છે. એકવાર ઉપલબ્ધ તમામ ઉપાયો સમાપ્ત થઈ જાય, પછી રેકોર્ડ પર આગળ કોઈ સામગ્રી મૂક્યા વિના હેતુઓનો આક્ષેપ કરવો એ પક્ષકાર કે સંબંધિત વકીલ બંનેમાંથી કોઈને પણ શોભતું નથી. એ પણ નોંધવું જરૂરી છે કે, આક્ષેપો કરતી વખતે, વિદ્વાન વરિષ્ઠ વકીલે કોઈપણ હાઈકોર્ટના ન્યાયમૂર્તિનો નામજોગ કોઈ ચોક્કસ સદર્ભ આપ્યો ન હતો , કે પછી સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓના સંદર્ભમાં દર્શાવેલા કિસ્સાઓથી વિપરીત, માત્ર રજૂ કરવામાં આવેલી દલીલોના આધારે અમારા માટે આવા કોઈપણ ન્યાયમૂર્તિની ઓળખ કરવી શક્ય ન હતી. બાબતના ઉપરોક્ત પરિપ્રેક્ષ્યમાં, અમારી સમક્ષ રજૂ કરવામાં આવેલી દલીલોના આધારે, પ્રવર્તમાન "કોલેજિયમ પ્રણાલી" હેઠળ, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂકની બાબતમાં ગંભીર ખામીઓ રહેલી છે તેવું અનુમાન કરવું અમારા માટે શક્ય નથી.

૧૯૪. એ સ્પષ્ટ છે કે વિદ્વાન વકીલે કોઈપણ મર્યાદા વિના પોતાની રજૂઆત કરી હતી. ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂકની પ્રવર્તમાન પ્રક્રિયામાં રહેલી આશંકાઓને સમજવા માટે તે આવશ્યક હતું. અમે સમર્થન આપતા પ્લીડિંગ્સના અભાવમાં પણ, આગળ ધપાવવામાં આવેલી દલીલોના સંદર્ભમાં (આશાસ્પદ રીતે) તમામ રજૂઆતો નોંધી છે. જો અમે સુપ્રિમ

કોર્ટ બાર એસોસિએશનના પ્રમુખ – શ્રી દુષ્યંત એ. દવેના વિદાય વેળાના શબ્દોનો ઉલ્લેખ ન કરીએ, તો અમે અમારી જવાબદારી નિભાવવામાં નિષ્ફળ જઈશું, જેમણે પોતાના આક્રોશ પછી શાંત થયા બાદ છેવટે સ્વીકાર્યું હતું કે, હજુ પણ હાઇકોર્ટો અને સુપ્રિમ કોર્ટમાં નિમાયેલા મોટાભાગના ન્યાયમૂર્તિઓ ઉત્કૃષ્ટ હતા/છે, અને એક અતિ અલ્પ લઘુમતી "ખરાબ ન્યાયમૂર્તિઓ" હતી. કુલ મળીને, તેમણે જે રીતે શરૂઆત કરી હતી તેનાથી નોંધપાત્ર ભાવનાત્મક પરિવર્તન. એવું અવલોકન કરીને જ માત્ર નિષ્કર્ષ પર પહોંચી શકાય છે કે, કારોબારી, ધારાસભા અને ન્યાયતંત્રની વાસ્તવિક કામગીરીમાં સંકળાયેલા વ્યક્તિઓની વ્યક્તિગત ખામીઓ અનિવાર્યપણે એવા અનુમાન તરફ દોરી જતી નથી કે, જે પ્રણાલી તેમને પસંદ કરે છે અને તેમને તેમની ભૂમિકા સોંપે છે, તે ખામીયુક્ત છે.

X.

૧૯૫. આપણા મનમાં એ બાબત રહેવી જોઈએ કે, ભારતીય બંધારણ એ શાસનનો એક જીવંત દસ્તાવેજ છે, જેને નાગરિક સમાજના ક્રમિક વિકાસ સાથે બદલાવાની જરૂર છે. અમે પહેલેથી જ એવો નિષ્કર્ષ કાઢ્યો છે કે, સેકન્ડ જજિસ કેસમાં નોંધાયેલા કારણો કરતાં ઘણા વધુ કારણોસર, "વિચાર-વિમર્શ" શબ્દપ્રયોગ, કે જે ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી સંદર્ભે છે, તેનો વાસ્તવિક અર્થ, બંધારણના ઘડવૈયાઓની વિદ્વત્તામાં પણ એવો જ હતો કે, આ બાબતમાં પ્રાધાન્ય ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ પાસે જ રહેવું જોઈએ (જે

ન્યાયમૂર્તિઓની બહુલતા સાથે વિચાર-વિમર્શ કરીને લેવાયેલ હોય). નિઃશંકપણે, અનુચ્છેદ ૩૬૮ હેઠળ પોતાની સત્તાનો ઉપયોગ કરતી વખતે, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂક માટે અન્ય કોઈ વૈકલ્પિક પ્રક્રિયા પૂરી પાડવાનો માર્ગ સંસદ માટે ખુલ્લો છે, જ્યાં સુધી બંધારણના "મૂળભૂત માળખા" ના "મુખ્ય" ઘટકો એવા "સત્તાના પૃથક્કરણ" અને "ન્યાયતંત્રની સ્વતંત્રતા" ના લક્ષણો જાળવી રાખવામાં આવે.

૧૯૬. જોકે, તે ભારતીય રાજવ્યવસ્થાના નૈતિક ચારિત્ર્યના ધોરણો પર નિર્ભર રહેશે. એ બાબતને નજરઅંદાજ કરી શકાય નહીં કે, વિદ્વાન એટર્ની જનરલે સ્વીકાર્યું હતું કે અમુક રાજકીય ઉથલપાથલ થઈ હતી, જેણે "ન્યાયતંત્રની સ્વતંત્રતા" ને હાનિ પહોંચાડી હતી, જેમાં ૧૯૭૩ માં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની નિમણૂક વખતે કારોબારીનો અતિરેક, ત્યારબાદ ૧૯૭૬ માં કટોકટી દરમિયાન ઉચ્ચ ન્યાયતંત્રના ન્યાયમૂર્તિઓની સામૂહિક બદલી, અને ત્યાર પછી ૧૯૭૭ માં ભારતના અન્ય મુખ્ય ન્યાયમૂર્તિની નિમણૂક સમયે બીજી વખત વરિષ્ઠતાની અવગણના (સુપરસેશન) નો સમાવેશ થાય છે. અને વધુમાં, ૧૯૮૦ ના દાયકા દરમિયાન ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં કારોબારી દ્વારા હસ્તક્ષેપ.

૧૯૭. વાદગ્રસ્ત બંધારણીય સુધારા દ્વારા વિચારવામાં આવેલી રીતે બંધારણના સજીવ માળખામાં ફેરફાર કરવામાં આવે તે પહેલાં, જે મહત્વપૂર્ણ મુદ્દા પર નિર્ણય લેવાની જરૂર રહેશે તે એ હશે કે, શું નાગરિક સમાજ પોતાના

નેતાઓને રાષ્ટ્રીય હિત તરફ દોરી જવા માટે સક્ષમ રહ્યો છે? અને શું નાગરિક સમાજની શક્તિ એટલા પ્રમાણમાં છે, જે શાસનના કોઈપણ સ્તંભ દ્વારા થતા કોઈપણ અતિરેક માટે અવરોધક બની શકે? વર્તમાન તબક્કે, તે દિશામાં કોઈપણ અસરકારક ભૂમિકા ભજવવા માટે નાગરિક સમાજ પર વિશ્વાસ અને ભરોસો મૂકવો મુશ્કેલ જણાય છે. સરળ કારણ એ છે કે, તે હજુ સુધી પૂરતો પ્રેરિત નથી, કે ન તો પૂરતો દ્રઢનિશ્ચયી છે, કે જેથી તે રાજકીય-કારોબારી વ્યવસ્થા માટે દિશાસૂચક અવરોધક તરીકે કાર્ય કરવાની સ્થિતિમાં આવી શકે. તેથી જ, અનુચ્છેદો ૩૨ અને ૨૨૬ હેઠળ તેને સોંપવામાં આવેલી બંધારણીય જવાબદારીના આધારે, આ દેશના નાગરિકોના મૂળભૂત અધિકારોનું રક્ષક એવું ઉચ્ચ ન્યાયતંત્ર, નાગરિક સમાજના રક્ષક તરીકે સતત કાર્ય કરતું રહેવું જોઈએ. આ બાબતમાં અનિવાર્યપણે, બંધારણ દ્વારા પરિકલ્પિત પોતાની સત્તાની મર્યાદાઓનું ઉલ્લંઘન કરવાથી રાજકીય-કારોબારીને અટકાવીને "કાયદાના શાસન" ને જાળવી રાખવાની જવાબદારીની વિચારણા કરવામાં આવશે.

૧૯૮. કોઈના પર વ્યાપક અનુમાનો નોંધવાનો આરોપ ન મૂકાય તે માટે, ઉપરોક્ત નિષ્કર્ષ માટેના કારણો નોંધવા જરૂરી રહેશે. ધ ઈન્ડિયન એક્સપ્રેસે, તારીખ ૧૮.૬.૨૦૧૫ ના રોજ, ભાજપના એક પીઢ લોકસભાના સંસદસભ્ય એલ.કે. અડવાણીનો ઈન્ટરવ્યુ આ શીર્ષક હેઠળ પ્રકાશિત કર્યો હતો: "તારીખ ૨૫.૬.૧૯૭૫ ના રોજ કટોકટી લાદવાની ૪૦મી વર્ષગાંઠ પૂર્વે". તેમના વિચારો અત્યંત ચોંકાવનારા હતા. તેમના મતે, લોકશાહીને કચડી શકે તેવી શક્તિઓ હવે પહેલા કરતાં વધુ મજબૂત હતી. તેમણે દાવો કર્યો હતો કે, "મને નથી લાગતું કે

એવું કંઈ કરવામાં આવ્યું છે જે મને એવી ખાતરી આપે કે નાગરિક સ્વાતંત્ર્ય ફરીથી સ્થગિત કે નષ્ટ કરવામાં આવશે નહીં. બિલકુલ નહીં"!! તેમનું એવું પણ વલણ હતું કે, કટોકટી ફરીથી આવી શકે છે. જોકે તેમણે સ્વીકાર્યું હતું કે, ચાલીસ વર્ષ પહેલાં તત્કાલીન વડાપ્રધાન ઇન્દિરા ગાંધી દ્વારા જ્યારે કટોકટી જાહેર કરવામાં આવી હતી તે સમયની સરખામણીમાં આજનું મીડિયા વધુ સતર્ક અને સ્વતંત્ર હતું. છતાં તેમના મતે, મીડિયાને લોકશાહી અને નાગરિક સ્વાતંત્ર્ય પ્રત્યે કોઈ વાસ્તવિક પ્રતિબદ્ધતા ન હતી. નાગરિક સમાજના સંદર્ભમાં, તેમણે દર્શાવ્યું હતું કે, ભ્રષ્ટાચાર વિરુદ્ધ અણ્ણા હજારેના જન આંદોલન દરમિયાન આશાઓ જાગી હતી, જે તેમના જણાવ્યા અનુસાર, ખુદ ભ્રષ્ટાચારના વિષયના સંદર્ભમાં પણ નિરાશામાં પરિણમી હતી. આ ત્યારે બન્યું જ્યારે આ દેશની ગરીબ અને વંચિત બહુમતી ભ્રષ્ટાચાર બિલકુલ સહન કરી શકે તેમ નથી. આ દેશમાં લોકશાહીની સુચારુ કામગીરી માટે જે વિવિધ સંસ્થાઓને જવાબદાર ગણી શકાય, તેમાં તેમણે વ્યક્ત કર્યું હતું કે, અન્ય સંસ્થાઓ કરતાં ન્યાયતંત્ર વધુ જવાબદાર હતું.

૧૯૯. ઉપરોક્ત ઇન્ટરવ્યુ પર, રાજ્યસભાના કોંગ્રેસના એક પીઢ સંસદસભ્ય મણિશંકર ઐયરે, પોતાના વિચારો વ્યક્ત કરતી વખતે નોંધ્યું હતું કે, ભારત ત્યાં સુધી "કટોકટી-મુક્ત" બની શકે નહીં, જ્યાં સુધી બંધારણ ચૂંટાયેલી સરકારના વિવેકાધિકાર પર કટોકટી જાહેર કરવાની જોગવાઈ કરતું હોય. તેમણે દર્શાવ્યું હતું કે, એ ભૂલવું જોઈએ નહીં કે, ૧૯૭૫ માં બંધારણના માળખાની અંદર જ કટોકટી જાહેર કરવામાં આવી હતી. તેથી એવું સૂચન કરવામાં આવ્યું હતું કે,

કટોકટીની જાહેરાત ટાળવા માટેના ઉકેલો પૈકીનો એક ઉકેલ બંધારણના ભાગ ૧૮ ને દૂર કરવાનો અથવા તેમાં સુધારો કરવાનો અને "માત્ર બાહ્ય કટોકટી માટે જોગવાઈ કરવાનો" હોઈ શકે છે. જોકે તેમણે એક પ્રશ્ન ઉપસ્થિત કર્યો હતો કે, શું તેમ કરવું વ્યવહારુ હશે? કોઈ પણ તેનો નકારાત્મક જવાબ આપવાનું સાહસ કરશે. અને આવી પરિસ્થિતિમાં, એવો વિશ્વાસ રાખવો કે ચૂંટાયેલી સરકાર રાષ્ટ્રના હિતમાં કાર્ય કરશે.

૨૦૦. એલ.કે. અડવાણીના વલણને રાજ્યસભાના સીપીઆઈ (માર્ક્સવાદી) ના પીઢ સંસદસભ્ય સીતારામ યેચુરી દ્વારા સમર્થન આપવામાં આવ્યું હતું, જેમની ૧૯૭૫ માં કટોકટી દરમિયાન એલ.કે. અડવાણીની જેમ જ ધરપકડ કરવામાં આવી હતી.

૨૦૧. વર્તમાન એન.ડી.એ. સરકારે તારીખ ૨૬.૫.૨૦૧૪ ના રોજ શપથ લીધા હતા. એવું માનવામાં આવે છે કે, ત્યાર પછી વિવિધ રાજ્યોના તેર રાજ્યપાલો અને એક કેન્દ્રશાસિત પ્રદેશના લેફ્ટનન્ટ ગવર્નરે જોતજોતામાં પોતાના રાજીનામા આપી દીધા હતા. કેટલાક રાજ્યપાલોએ અગાઉની યુ.પી.એ. સરકાર દ્વારા તેમની નિમણૂક થયાના થોડા સમય બાદ જ પોતાનો હોદ્દો છોડી દીધો હતો. એ હકીકત હોવા છતાં કે, અનુચ્છેદ ૧૫૬(૩) ના બંધારણીય આદેશ હેઠળ રાજ્યપાલ પોતાનો હોદ્દો ગ્રહણ કરે તે તારીખથી પાંચ વર્ષની મુદત ધરાવે છે. વ્યાવસાયિક શ્રેષ્ઠતા અને/અથવા વ્યક્તિગત પ્રશંસા ધરાવતી વ્યક્તિઓમાંથી રાજ્યપાલની પસંદગી કરવામાં આવે છે. તેમાંથી દરેક વ્યક્તિ,

અનુચ્છેદ ૧૨૪એ(૧)(ડી) હેઠળ "પ્રતિષ્ઠિત વ્યક્તિ" તરીકે નામાંકિત થવા માટે પાત્ર રહેશે. કોઈને આશ્ચર્ય થાય કે, શું આ તમામ રાજીનામા સ્વૈચ્છિક હતા. ઉપરોક્ત નિરૂપણ કોઈ આક્ષેપ કરવા માટે નથી. વાસ્તવમાં, તેની પુરોગામી - યુ.પી.એ. સરકારે, ૨૦૦૪ માં બરાબર આવું જ કર્યું હતું.

૨૦૨. એ સમજવું જરૂરી છે કે, બંધારણ "સ્પૉઇલ્સ સિસ્ટમ" (જેને "પેટ્રોનેજ સિસ્ટમ" તરીકે પણ ઓળખવામાં આવે છે) ની વિચારણા કરતું નથી, જેમાં ચૂંટણી જીતનાર રાજકીય પક્ષ વિજય માટે કામ કરવાના બદલામાં પુરસ્કાર તરીકે અને પક્ષને સત્તામાં જાળવી રાખવાના પ્રોત્સાહન તરીકે પોતાના સમર્થકો, મિત્રો અને સંબંધીઓને સરકારી હોદ્દાઓ સોંપે છે.

૨૦૩. એ દર્શાવવું પણ પ્રસ્તુત છે કે, "સ્પૉઇલ્સ સિસ્ટમ" ના પ્રતિબિંબ એ હકીકત પરથી જણાઈ આવે છે કે, વર્તમાન એન.ડી.એ. સરકારે શપથ લીધા પછી, મહત્વની સંસ્થાઓમાં ઉચ્ચ હોદ્દા ધરાવતી મોટી સંખ્યામાં વ્યક્તિઓએ તે જ રીતે પોતાની કામગીરીમાંથી રાજીનામા આપ્યા હતા. તેમનામાંના કેટલાકની મુદત પૂરી થવામાં માત્ર થોડા મહિના જ બાકી હતા - અને કેટલાકની તો, એક મહિના કરતાં પણ ઓછો સમય બાકી હતો. જેમણે હોદ્દો છોડ્યો તેમાં સર્વોચ્ચ સ્તરે પ્રતિષ્ઠિત હોદ્દા ધરાવતા અખિલ ભારતીય સેવાઓના અમલદારો, રાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત શૈક્ષણિક સંસ્થાઓના ડિરેક્ટરો/ચેરમેનો, બંધારણીય સત્તાધિકારીઓ (રાજ્યપાલો સિવાયના), રાષ્ટ્રીય સંશોધન સંસ્થાઓના ડિરેક્ટરો/ચેરમેનો અને તેના જેવા અન્ય લોકોનો સમાવેશ થતો હતો. ગંભીરતાપૂર્વક કહીએ તો, હાલનું

વર્ણન કોઈની બદનક્ષી કરવાના હેતુથી નથી, પરંતુ આ પ્રણાલી વાસ્તવમાં કેવી રીતે કાર્ય કરે છે તેની જમીની વાસ્તવિકતાને સમજવા માટે છે.

૨૦૪. ઉપરોક્ત પરથી, શું કોઈએ એવું સમજવું કે, આ તમામ વ્યક્તિઓ પુરોગામી રાજકીય-કારોબારી વ્યવસ્થા દ્વારા મંજૂર કરાયેલા ખાસ માનીતા હતા? અથવા, શું અગાઉની સરકાર દ્વારા તે જગ્યા ભરવા માટે શ્રેષ્ઠ વ્યક્તિઓની પસંદગી કરવામાં આવી ન હતી? શું એવું હોઈ શકે કે, જેમના હાથમાં સરકારનું સુકાન આવે છે, તેઓ પોતાના માનીતાઓને લાવે છે? અથવા, શું વર્તમાન પદાધિકારીઓ બરાબર તેના જ હકદાર હતા? શું એવું હોઈ શકે કે, પોતાની પુરોગામીની જેમ જ, વર્તમાન રાજકીય વ્યવસ્થાએ હવે પોતાના ખાસ માનીતાઓની નિમણૂક કરી છે? જે બાબત સામે આવે છે તે, સ્પૉઇલ્સ સિસ્ટમના લક્ષણો છે, અને બીજું કંઈ નથી. ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં ઉપરોક્ત પરિમાણોમાંથી કોઈપણ અપનાવી શકાય નહીં. ન્યાયતંત્ર માટે, ઉપલબ્ધ લોકોમાંથી શ્રેષ્ઠની પસંદગી કરવાની હોય છે. સરકાર બદલાવાની સાથે વિંચારણાઓ બદલી શકાય નહી . પ્રત્યક્ષ રીતે, બિન-ન્યાયિક નિમણૂકોની બાબતમાં બરાબર આવું જ (વારંવાર?) બન્યું છે. તેથી, સ્પૉઇલ્સ સિસ્ટમની શાસનવ્યવસ્થાથી "ન્યાયતંત્રની સ્વતંત્રતા" જાળવી રાખવા માટે, કોઈપણ રાજકીય-કારોબારી દખલગીરીથી ન્યાયિક નિમણૂકોનું રક્ષણ કરવું અત્યંત મહત્વપૂર્ણ રહેશે. ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂકની બાબતમાં ન્યાયતંત્રમાં પ્રાધાન્ય જાળવી રાખવું એ તેમ કરવાનો એક સુરક્ષિત માર્ગ હશે.

૨૦૫. નિષ્કર્ષરૂપે, ઉપર વ્યક્ત કરવામાં આવેલી વાસ્તવિક સ્થિતિને ધ્યાને લેતાં, એ માનવું મુશ્કેલ છે કે ન્યાયમૂર્તિઓની નિમણૂકની વિવેકબુદ્ધિ રાજકીય–કારોબારી સાથે વહેંચી શકાય છે. ભારતમાં, નાગરિક સમાજનો સ્વાભાવિક વિકાસ હજુ સુધી પૂરતા પ્રમાણમાં થયો નથી. આ દેશના નાગરિકોના અધિકારોનું રક્ષણ કરવા માટે ન્યાયતંત્ર પાસેથી રહેલી અપેક્ષા, શાસનના અન્ય અંગોથી તેને સંપૂર્ણપણે અલગ અને સ્વતંત્ર રાખીને જ સુનિશ્ચિત કરી શકાય છે. અમારા સુવિચારિત મત મુજબ, ભારતમાં "નાગરિક સમાજ" ના વિકાસની વર્તમાન સ્થિતિ, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂકમાં, અથવા એક હાઇકોર્ટમાંથી બીજી હાઇકોર્ટમાં મુખ્ય ન્યાયમૂર્તિઓ અને ન્યાયમૂર્તિઓની બદલીની બાબતમાં, રાજકીય–કારોબારી સંસ્થાપનની સહભાગિતા માટે શુભ સંકેત આપતી નથી.

XI.

૨૦૬. એ બાબત ધ્યાને લઈ શકાય કે, અરજદારો વતી કરવામાં આવેલી દલીલો પૈકીની એક એ હતી કે, ૧૨૧મો કોન્સ્ટીટ્યુશન એમેન્ડમેન્ટ બિલ લોકસભા અને રાજ્યસભા દ્વારા પસાર કરવામાં આવ્યા પછી, તેને બહાલી માટે રાજ્ય વિધાનમંડળો સમક્ષ મોકલવામાં આવ્યો હતો. રાજ્ય વિધાનમંડળો દ્વારા બહાલી મળ્યાના પરિણામે, અનુચ્છેદ ૩૬૮ માં સમાવિષ્ટ આદેશના પાલનમાં, રાષ્ટ્રપતિએ ૩૧.૧૨.૨૦૧૪ ના રોજ તેને પોતાની મંજૂરી આપી હતી, જેના પગલે તે ધ કોન્સ્ટીટ્યુશન (૯૯મો સુધારો) એક્ટ તરીકે અધિનિયમિત થયો. તેની કલમ

૧(૨) એવી જોગવાઈ કરે છે કે, સુધારાની જોગવાઈઓ કેન્દ્ર સરકાર દ્વારા સરકારી ગેઝેટમાં અધિસૂચિત કરવામાં આવે તેવી તારીખથી અમલમાં આવશે. અને ઉપરોક્ત અધિસૂચના બહાર પાડવામાં આવ્યાના પરિણામે, એક અધિસૂચના મારફતે આ સુધારો તારીખથી અમલમાં લાવવામાં આવ્યો હતો ૧૩.૪.૨૦૧૫. અરજદારોની એવી રજૂઆત હતી કે, એનજેએસી એક્ટ ઘડવાની હકૂમત સંસદ દ્વારા ૧૩.૪.૨૦૧૫ ના રોજ પ્રાપ્ત કરવામાં આવી હતી, તે સરળ કારણસર કે, જ્યાં સુધી પ્રવર્તમાન અનુચ્છેદો ૧૨૪(૨) અને ૨૧૭(૧) અમલમાં હતા તે દરમિયાન સદર કાયદો ઘડી શકાયો ન હોત, કારણ કે તેમાં એનજેએસી જેવી સંસ્થા દ્વારા નિમણૂકો કરવાની જોગવાઈ ન હતી. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયાધીશો અને મુખ્ય ન્યાયમૂર્તિઓની નિમણૂકની ભલામણ કરતી વખતે એનજેએસી દ્વારા અનુસરવાની પ્રક્રિયા નિર્ધારિત કરવા માટે એનજેએસી એક્ટ પ્રખ્યાપિત કરવામાં આવ્યો હતો. એવી દલીલ કરવામાં આવી હતી કે, જ્યાં સુધી બંધારણમાં સુધારો કરવામાં ન આવે અને ઉચ્ચ ન્યાયતંત્રના સ્તરે ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂક (તેમજ, બદલી) માટે બંધારણીય સંસ્થા તરીકે એનજેએસીની રચના કરવામાં ન આવે, ત્યાં સુધી એનજેએસી દ્વારા અનુસરવાની પ્રક્રિયા અંગે સંસદ દ્વારા કાયદો ઘડી શકાયો ન હોત. એવો દાવો કરવામાં આવ્યો હતો કે, જ્યારે ધ કોન્સ્ટીટ્યુશન (૯૯મો સુધારો) એક્ટ ૧૩.૪.૨૦૧૫ થી અમલમાં લાવવામાં આવ્યો, ત્યારે જ એનજેએસીની રચના થયેલી માનવી જોઈએ. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, એનજેએસી એક્ટને ૩૧.૧૨.૨૦૧૪ ના રોજ રાષ્ટ્રપતિની મંજૂરી મળી હતી

એટલે કે એવી તારીખે જ્યારે એનજેએસી હજુ અસ્તિત્વમાં આવ્યું ન હતું. આ માટે, વિદ્વાન વકીલે એ.કે. રોય કેસ૪૯ પર એ દલીલ કરવા માટે આધાર રાખ્યો હતો કે, પ્રસ્તુત કેસમાં બંધારણીય સુધારો ૧૩.૧૨.૨૦૧૪ ના રોજ નહીં, પરંતુ ૧૩.૪.૨૦૧૫ ના રોજ અમલમાં આવશે.

૨૦૭. હકીકતોના સમાન ક્રમ પર આધાર રાખીને, અરજદારો વતી એક પૂરક વધારાની રજૂઆત કરવામાં આવી હતી. એવી દલીલ કરવામાં આવી હતી કે, એનજેએસી એક્ટની કલમ ૫(૨) હેઠળના બીજા પરંતુક મારફતે એનજેએસીના બે સભ્યોમાં નિહિત વીટોની સત્તા (સુપ્રિમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ અને ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં), અને એનજેએસી એક્ટની કલમ ૬(૬) (હાઇકોર્ટોના મુખ્ય ન્યાયમૂર્તિઓ અને ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં)–ને કોઈપણ પ્રક્રિયા નિર્ધારિત કરવા તરીકે વર્ણવી શકાય નહીં. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, ઉપરોક્ત જોગવાઈઓએ સ્પષ્ટપણે સારભૂત કાયદો ઘડ્યો હતો. તે જ રીતે, એવી દલીલ કરવામાં આવી હતી કે, "તે હેતુ માટે રાષ્ટ્રપતિ જરૂરી માને તેવા સુપ્રિમ કોર્ટના અને રાજ્યોમાંની હાઇકોર્ટોના એવા ન્યાયમૂર્તિઓ સાથે વિચાર–વિમર્શ કર્યા પછી" તે શબ્દોના સુધારાને, "અનુચ્છેદ ૧૨૪એ માં સંદર્ભિત નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશનની ભલામણ પર" તે શબ્દો દ્વારા બદલવામાં આવતાં, તેમજ અનુચ્છેદ ૧૨૪(૨) હેઠળના પ્રથમ પરંતુકને રદ કરવું કે જેણે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર–વિમર્શ ફરજિયાત બનાવ્યો હતો, અને તેના સ્થાને "અનુચ્છેદ ૧૨૪એ હેઠળ સંદર્ભિત નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશનની ભલામણ પર"

તે શબ્દો મૂકવાથી, એક સંપૂર્ણપણે નવી વ્યવસ્થા દાખલ થશે. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, આવા બદલાવથી બંધારણની પ્રવર્તમાન જોગવાઈઓમાં સુધારો પણ ગણાશે, અને તે રીતે, તેના માટે અનુચ્છેદ ૩૬૮(૨) ના પરંતુક હેઠળ બંધારણીય સુધારાના સંદર્ભમાં પૂરી પાડવામાં આવેલી નિર્ધારિત બહાલીની પણ જરૂર પડશે. અને એનજેએસી એક્ટ એક સામાન્ય કાયદા તરીકે ઘડવામાં આવ્યો હોવાથી, બંધારણમાં સુધારા માટે નિર્ધારિત અનુચ્છેદ ૩૬૮ હેઠળ પરિકલ્પિત પ્રક્રિયાનું પાલન કરવામાં આવ્યું ન હોવાના કારણે, સદર કાયદો અસ્તિત્વવિહીન ઠેરવવાપાત્ર હતો.

૨૦૮. કારણ કે એ બાબત વિવાદિત ન હતી કે, સંસદે ખરેખર અનુચ્છેદ ૧૧૮ હેઠળ રૂલ્સ ઓફ પ્રોસિજર એન્ડ કન્ડક્ટ ઓફ બિઝનેસ ઓફ લોકસભા ઘડ્યા હતા, જેમાં રૂલ ૬૬ સમાવિષ્ટ હતો જે એવી પરિકલ્પના કરે છે કે, અન્ય ખરડા પર સંપૂર્ણપણે અથવા અંશતઃ નિર્ભર હોય તેવો ખરડો, જેના પર તે નિર્ભર હતો તે ખરડો પસાર થવાની અપેક્ષાએ "રજૂ" કરી શકાય છે. જેના પરથી એવા તારણ પર પહોંચાય છે કે, ૧૨૧મો કોન્સ્ટીટ્યુશન એમેન્ડમેન્ટ બિલ, કે જેના પર એનજેએસી બિલ નિર્ભર હતું, તેને (સંસદમાં રજૂ કરીને) વિચારણા માટે હાથ પર લઈ શકાયું હોત, પરંતુ જેના પર તે નિર્ભર હતું તે ધ કોન્સ્ટીટ્યુશન (૯૯મો સુધારો) એક્ટ પસાર ન થાય ત્યાં સુધી તેને પસાર કરી શકાયું ન હોત.

૨૦૯. ઉપરોક્ત પરિપ્રેક્ષ્યમાં જોતાં, એમાં કોઈ શંકા હોઈ શકે નહીં કે અમે ઉપરોક્ત રજૂઆતને કોઈપણ ખચકાટ વિના સ્વીકારી લીધી હોત, અને વાસ્તવમાં

આ બાબત વિદ્વાન એટર્ની જનરલ દ્વારા એ મતલબથી સ્વીકારવામાં પણ આવી હતી કે, નિર્ભર ખરડાને "...ગૃહ દ્વારા પ્રથમ ખરડો પસાર કરવામાં આવ્યા પછી જ, ગૃહમાં વિચારણા માટે અને પસાર કરવા માટે હાથ પર લઈ શકાય...". પરંતુ એટર્ની જનરલ દ્વારા અમારું ધ્યાન રૂલ ૩૮૮ તરફ દોરવામાં આવ્યું હતું, જે સ્પીકરને કોઈ ચોક્કસ નિયમ (જેમાં રૂલ ૬૬ નો સમાવેશ થશે) ના મોકૂફીની મંજૂરી આપવા માટે સત્તા આપે છે. જો રૂલ ૬૬ મોકૂફ રાખી શકાય, તો રૂલ ૬૬ ની એવી અસર થશે નહીં, જે અરજદારો પ્રસ્તુત રજૂઆત દ્વારા મેળવવા માંગે છે. એ વિવાદનો વિષય નથી કે, તત્કાલીન કાયદા અને ન્યાય પ્રભારી કેન્દ્રીય મંત્રીએ (રૂલ્સ ઓફ પ્રોસિજર એન્ડ કન્ડક્ટ ઓફ બિઝનેસ ઓફ ધ લોકસભાના રૂલ ૩૮૮ હેઠળ) રૂલ ૬૬ ના પરંતુકને મોકૂફ રાખવાની માંગણી કરી હતી. અને યોગ્ય વિચારણા કર્યા પછી, લોકસભાએ રૂલ ૬૬ ના પરંતુકને મોકૂફ રાખ્યો હતો, અને એનજેએસી બિલને વિચારણા માટે હાથ પર લીધું હતું. કારણ કે રૂલ ૩૮૮ ની માન્યતા અમારી સમક્ષ પડકારનો વિષય નથી, તેથી એ સ્પષ્ટ છે કે, જ્યાં સુધી કોન્સ્ટીટ્યુશન (૧૨૧મો સુધારો) બિલ, કે જેના પર એનજેએસી એક્ટ સંપૂર્ણપણે નિર્ભર હતો, તે હજુ પસાર થયો ન હતો તે દરમિયાન, કોન્સ્ટીટ્યુશન (૧૨૧મો સુધારો) બિલ પસાર થવાની અપેક્ષાએ, એનજેએસી એક્ટને વિચારણા માટે હાથ પર લેવો એ સંસદની સંપૂર્ણ સક્ષમતાની અંદર હતું.

૨૧૦. રૂલ ૬૬માં સમાવિષ્ટ સિદ્ધાંત, જો સદર નિંયમની જોગવાઈ ન કરવામા આવી હોત તોપણ, ગર્ભિત રીતે હંમેશા ત્યાં રહેલો માનવામાં આવત. પાયાની ગેરહાજરીમાં, કોઈ ઉપરી માળખું ઊભું કરી શકાતું

નથી. પ્રસ્તુત દ્રષ્ટાંત રૂલ ૬૬ સાથે સંબંધિત છે, જેમાં પેન્ડિંગ ખરડો પાયો બનશે, અને પેન્ડિંગ ખરડો પસાર થવાની અપેક્ષાએ રજૂ કરવામાં આવેલ ખરડો ઉપરી માળખું બનશે. તેથી, પાયારૂપ ખરડા (- પ્રસ્તુત કેસમાં, ૧૨૧મો કોન્સ્ટીટ્યુશન એમેન્ડમેન્ટ બિલ) ની ગેરહાજરીમાં, માળખું (- પ્રસ્તુત કેસમાં, એનજેએસી એક્ટ) ઊભું કરવાનો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત થઈ શકે નહીં. અમારા સુવિચારિત મત મુજબ, રૂલ ૩૮૮ ની જોગવાઈઓ અનુસાર, નિર્ભર ખરડો - કોન્સ્ટીટ્યુશન (૧૨૧મો સુધારો) બિલ પસાર થવાની અપેક્ષાએ, સંસદમાં ખરડો રજૂ કરવો અને પસાર કરવો શક્ય હતો. પરંતુ, હજુ પણ એ વિચારવું શક્ય નથી કે, જે ખરડો સંપૂર્ણપણે (અથવા, અંશતઃ) અન્ય ખરડા પર નિર્ભર હોય, તે ખરડાને જ્યાં સુધી તેના પર આધારિત ખરડો પસાર કરીને અમલમાં લાવવામાં ન આવે, ત્યાં સુધી પસાર કરી શકાય અને અમલમાં મૂકી શકાય.

૨૧૧. જોકે એ નોંધવું જરૂરી છે કે, એટર્ની જનરલ દ્વારા રજૂ કરવામાં આવ્યા મુજબ અગાઉના ફકરાઓમાં પરિકલ્પિત સ્થિતિ અનુમતિપાત્ર હોવા છતાં, જ્યાં સુધી પાયારૂપ કાયદો કાર્યરત ન બને ત્યાં સુધી નિર્ભર કાયદા એટલે કે એનજેએસી બિલને પસાર કરીને અમલમાં મૂકી શકાયો ન હોત. પ્રસ્તુત કેસમાં, એનજેએસી એક્ટ કસોટીમાં નિષ્ફળ ગયો હોત, જો તેને એવી તારીખ પહેલાંની તારીખથી અમલમાં મૂકવામાં આવ્યો હોત જે તારીખે, જેના પર તે નિર્ભર હતો તે કાયદો - ધ કોન્સ્ટીટ્યુશન (૯૯મો સુધારો) એક્ટ કાર્યાન્વિત થયો હતો. બીજા શબ્દોમાં કહીએ તો, એનજેએસી એક્ટ મૃતપ્રાય સાબિત થયો હોત, જો બંધારણીય સુધારા દ્વારા દાખલ કરવામાં આવેલી નિર્ભર જોગવાઈઓ હજુ

અમલમાં આવવાની બાકી હોત. અન્ય રીતે કહીએ તો, સદર નિયમના મોકૂફી છતાં, રૂલ ૬૬ માં પરિકલ્પિત સિદ્ધાંતના ઉલ્લંઘનને અવગણી શકાયું ન હોત, અને નિર્ભર કાયદો, આધારિત/નિયંત્રક જોગવાઈ કાર્યરત થાય તે પહેલાં અમલમાં આવી શક્યો ન હોત. અહીં ઉપર વર્ણવેલ હકીકતોનો ક્રમ દર્શાવે છે કે, નિર્ભર અને આધારિત જોગવાઈઓ એક જ તારીખે એટલે કે ૧૩.૪.૨૦૧૫ ના રોજ એકસાથે અમલમાં લાવવામાં આવી હતી. તેથી એ સ્પષ્ટ છે કે, જ્યારે ઉપરી માળખું - એનજેએસી એક્ટ ઊભું કરવામાં આવ્યું, ત્યારે પાયો - ધ કોન્સ્ટીટ્યુશન (૯૯મો સુધારો) એક્ટ મોજૂદ હતો. આ દ્રષ્ટિએ જોતાં, અમને સંતોષ થાય છે કે, અરજદારોના વિદ્વાન વકીલ દ્વારા સૂચવવામાં આવ્યા મુજબ, એનજેએસી બિલને મતદાન માટે મૂકતી વખતે સંસદ દ્વારા અપનાવવામાં આવેલી પ્રક્રિયા, અથવા જે તારીખે એનજેએસી એક્ટને રાષ્ટ્રપતિની મંજૂરી મળી તે તારીખ, એનજેએસી એક્ટના ઘડતરને અમાન્ય બનાવી શકતી નથી.

૨૧૨. વિદ્વાન એટર્ની જનરલ દ્વારા રજૂ કરવામાં આવેલી એ દલીલ સ્વીકારવા માટે પણ સહમત થવાય છે કે, અનુચ્છેદ ૧૨૨ મારફતે પરિકલ્પિત રક્ષણને ધ્યાને લેતાં, સંસદમાં કોઈપણ કાર્યવાહીની માન્યતાને પ્રક્રિયાની અનિયમિતતાના કારણોસર પડકારી શકાતી નથી. વિદ્વાન એટર્ની જનરલની પ્રસ્તુત દલીલ સ્વીકારતી વખતે, અમારા માટે એ નોંધવું જરૂરી છે કે, અમારા સુવિચારિત મત મુજબ, વિદ્વાન વકીલ દ્વારા દર્શાવવામાં આવેલી ઉપરોક્ત અનિયમિંતતા પડકારના દાયરાથી સપૂર્ણપણે બહાર રહેશે , ખાસ કરીને એટલા માટે કે અરજદારોનો એવો કેસ ન હતો કે એનજેએસી એક્ટ ઘડવા માટે સંસદ

પાસે ધારાકીય સક્ષમતા ન હતી. અહીં ઉપર નોંધાયેલા કારણોસર, અમારા માટે એ સ્વીકારવું શક્ય નથી કે એનજેએસી એક્ટ મૃતપ્રાય હતો, અથવા તે રદ કરવાપાત્ર હતો, તેવા કારણોસર જે રજૂ કરવામાં આવ્યા હતા વિદ્વાન અરજદારોના વકીલ દ્વારા.

૨૧૩. અમારા માટે એ સ્વીકારવું પણ શક્ય નથી કે, એનજેએસી એક્ટ ઘડતી વખતે, સંસદ માટે અનુચ્છેદ ૩૬૮ હેઠળ પરિકલ્પિત પ્રક્રિયાનું પાલન કરવું અનિવાર્ય હતું. જ્યાં સુધી આ બાબતના પ્રસ્તુત પાસાનો સંબંધ છે, ધ કોન્સ્ટીટ્યુશન (૯૯મો સુધારો) એક્ટે અનુચ્છેદો ૧૨૪ અને ૨૧૭ (તેમજ, અનુચ્છેદો ૧૨૬, ૧૨૮, ૨૨૨, ૨૨૪, ૨૨૪એ અને ૨૩૧) માં સુધારો કર્યો, અને અનુચ્છેદો ૧૨૪એ થી ૧૨૪સી બંધારણમાં ઉમેરવામાં આવ્યા હતા. ઉપરોક્ત સુધારાઓ અમલમાં મૂકતી વખતે, અનુચ્છેદ ૩૬૮ માં સમાવિષ્ટ પ્રક્રિયાગત આવશ્યકતાઓનું સ્વીકૃતપણે પાલન કરવામાં આવ્યું હતું. તેથી એ સ્પષ્ટ છે કે, ધ કોન્સ્ટીટ્યુશન (૯૯મો સુધારો) એક્ટ ઘડતી વખતે કોઈ પ્રક્રિયાગત ક્ષતિ આચરવામાં આવી ન હતી. અનુચ્છેદ ૧૨૪સી એ સંસદને એનજેએસી એક્ટ જેવા સ્વરૂપનો કાયદો ઘડવાની સત્તા આપી હતી. સામાન્ય કાયદા માટે પરિકલ્પિત પ્રક્રિયાને અનુસરીને આ કાયદેસર રીતે કરી શકાતું હતું. એ બાબત વિવાદિત નથી કે, એનજેએસી બિલ સંસદમાં રજૂ કરવામાં આવ્યા પછી, સામાન્ય કાયદો ઘડવા માટે પરિકલ્પિત કરવામાં આવેલી આવી પ્રક્રિયાનું સંસદ દ્વારા ખરેખર પાલન કરવામાં આવ્યું હતું, કારણ કે, સંસદના બંને ગૃહોએ નિર્ધારિત બહુમતીથી એનજેએસી બિલ મંજૂર કર્યું હતું, અને ત્યારબાદ, સદરને ૩૧.૧૨.૨૦૧૪ ના રોજ

રાષ્ટ્રપતિની મંજૂરી પ્રાપ્ત થઈ હતી. ઉપરોક્ત કારણોસર, અરજદારો દ્વારા કરવામાં આવેલી પ્રસ્તુત વધારાની રજૂઆત પણ સ્વીકારી શકાય તેમ નથી, અને તદનુસાર નામંજૂર કરવામાં આવે છે.

XII.

૨૧૪. ભારતના વિદ્વાન એટર્ની જનરલ શ્રી મુકુલ રોહતગીએ અરજદારો દ્વારા રજૂ કરવામાં આવેલી એવી દલીલોને ફગાવી દીધી હતી કે, એનજેએસી એક્ટની જોગવાઈઓની કાયદેસરતાને, બંધારણના "મૂળભૂત માળખા" નું ઉલ્લંઘન કરવાના કારણોસર પડકારી શકાય છે.

૨૧૫. વિદ્વાન એટર્ની જનરલ દ્વારા રજૂ કરવામાં આવેલી પ્રથમ અને અગ્રણી દલીલ એ હતી કે, બંધારણના સુધારાની બંધારણીય માન્યતાને માત્ર બંધારણના "મૂળભૂત માળખા" નું ઉલ્લંઘન કરવાના આધારે જ પડકારી શકાય છે. ઉપરાંત એવી રજૂઆત કરવામાં આવી હતી કે, સામાન્ય કાયદાકીય અધિનિયમન (જેમ કે એનજેએસી એક્ટ) ને માત્ર ધારાકીય સક્ષમતાના અભાવ અને/અથવા બંધારણના અનુચ્છેદ ૧૩ ના ઉલ્લંઘનના કારણોસર જ પડકારી શકાય છે. કારણ કે, રાજ્ય એવા કાયદા ઘડી શકે નહીં, જે બંધારણના ભાગ ૩ માં પ્રદાન કરવામાં આવેલા અધિકારોને છીનવી લે અથવા ઘટાડે, અથવા અન્ય કોઈપણ બંધારણીય જોગવાઈનું ઉલ્લંઘન કરતા હોય. એ સ્વીકારવામાં આવ્યું હતું કે, બંધારણના ભાગ ૩ માં સમાવિષ્ટ જોગવાઈઓ, અથવા અન્ય કોઈપણ બંધારણીય જોગવાઈના ઉલ્લંઘનમાં બનાવવામાં આવેલો કાયદો, આવા ઉલ્લંઘનની હદ સુધી, રદબાતલ

રહેશે. જ્યાં સુધી બાબતના પ્રસ્તુત પાસાનો સંબંધ છે, વિદ્વાન એટર્ની જનરલે ઇન્દિરા નહેરુ ગાંધી કેસપક, સ્ટેટ ઓફ કર્ણાટક વિ. યુનિયન ઓફ ઇન્ડિયા૮૮, અને ખાસ કરીને નીચેના અવલોકનો પર આધાર રાખ્યો હતો:

> "૨૩૮. શ્રી સિન્હાએ એવી પણ દલીલ કરી હતી કે સામાન્ય કાયદો બંધારણમાં સમાવિષ્ટ કેન્દ્ર-રાજ્ય સંબંધોની મૂળભૂત યોજના અથવા પાયાના માળખાની વિરુદ્ધ જઈ શકે નહીં. તેમણે આ સંબંધમાં પોતાની દલીલ ખૂબ જ[28] ઇન્દિરા નહેરુ ગાંધી વિ. શ્રી રાજ નારાયણ ના કેસમાં આ કોર્ટ દ્વારા આવી દલીલ સ્પષ્ટપણે ફગાવી દેવામાં આવી હતી. અમે અમારા વિદ્વાન સાથી ન્યાયમૂર્તિ ચંદ્રચૂડના ચુકાદામાંથી એક પરિચ્છેદનો સંદર્ભ આપીને સંતોષ માની શકીએ છીએ, ... જે આ મુજબ છે:
>
> "બંધારણીય સુધારાઓને, ફંડામેન્ટલ રાઇટ્સ કેસના રેશિયો મુજબ, મૂળભૂત માળખાની એરણ પર ચકાસી શકાય છે. પરંતુ કોઈ કેસ માત્ર જે નિર્ણય કરે છે તે પૂરતો જ સત્તાધિકાર ધરાવે છે તે સિદ્ધાંત સિવાય, ફંડામેન્ટલ રાઇટ્સ કેસના બહુમતી ચુકાદા પરથી તાર્કિક રીતે એવું ફલિત થતું નથી કે સામાન્ય કાયદાએ પણ બંધારણીય સુધારા જેવી જ કસોટીમાંથી પસાર થવું જોઈએ. સામાન્ય કાયદાઓએ તેમની માન્યતા માટે બે કસોટીઓ ખરી ઉતરવી પડે છે: (૧) કાયદો બંધારણના ભાગ ૧૧ ના પ્રકરણ ૧ માં વ્યાખ્યાયિત અને નિર્દિષ્ટ કર્યા મુજબ ધારાસભાની

[28] ૭૮ (૨૦૦૦) ૨ એસ.સી.સી. ૫૩૬

ધારાકીય સક્ષમતાની અંદર હોવો જોઈએ અને (૨) તે બંધારણના અનુચ્છેદ ૧૩(૧) અને (૨) ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરતો હોવો જોઈએ નહીં. બહુમતી ચુકાદા અનુસાર, 'મૂળભૂત માળખું' એ મૂળભૂત અધિકારોનો ભાગ નથી કે વાસ્તવમાં તે બંધારણની જોગવાઈ પણ નથી. મૂળભૂત માળખાનો સિદ્ધાંત બંધારણના સર્વગ્રાહી પરિપ્રેક્ષ્યમાંથી વણાયેલો છે અને સુધારાની સત્તા તેને આધીન કરવામાં આવી છે કારણ કે તે મૂળ બંધારણ ઘડવાની સત્તા છે. 'મૂળભૂત દસ્તાવેજમાં સુધારો કરવાની સત્તા પોતાની સાથે તેના આવશ્યક લક્ષણોનો નાશ કરવાની સત્તા લાવી શકે નહીં'- સંક્ષિપ્તમાં કહીએ તો, આ મૂળભૂત માળખાના સિદ્ધાંતની કમાન છે. બંધારણ હેઠળ ઘડાયેલા સામાન્ય કાયદાઓની માન્યતા સંબંધિત બાબતોમાં તે સંપૂર્ણપણે અસ્થાને છે."

કોર્ટનું ધ્યાન કુલદીપ નાયર વિ. યુનિયન ઓફ ઇન્ડિયા૮૯ તરફ પણ દોરવામા આવ્યું હતું, જેમાં એવું નોંધવામાં આવ્યું હતું:

"૧૦૭. મૂળભૂત માળખાનો સિદ્ધાંત બંધારણમાં સુધારો કરવાની સંસદની સત્તા પર મર્યાદા લાદે છે. ૮૯ (૨૦૦૬) ૭ એસ.સી.સી. ૧ અનુચ્છેદ ૩૬૮ હેઠળ બંધારણના સુધારાને બંધારણના મૂળભૂત માળખાના ઉલ્લંઘનના કારણસર પડકારી શકાય છે. સામાન્ય કાયદાને તે રીતે પડકારી શકાતો નથી. આમ, બંધારણના મૂળભૂત માળખાના ઉલ્લંઘનના કારણસર સંસદ

દ્વારા તેની ધારાકીય સક્ષમતાની અંદર રહીને ઘડવામાં આવેલા કાયદા સામેનો પડકાર અરજદારો માટે ઉપલબ્ધ નથી."

છેવટે, વિદ્વાન એટર્ની જનરલે અશોક કુમાર ઠાકુર વિ. યુનિયન ઓફ ઇન્ડિયા૯૦ પર આધાર રાખ્યો હતો, અને નીચેના અવલોકનોનો સંદર્ભ આપ્યો હતો:

"૧૧૬. બંધારણનું કોઈ ચોક્કસ લક્ષણ મૂળભૂત માળખાનો ભાગ છે કે નહીં તે નક્કી કરવા માટે, બંધારણની યોજના, તેના ઉદ્દેશ્યો અને હેતુ તેમજ દેશના શાસન માટેના મૂળભૂત દસ્તાવેજ તરીકે બંધારણની અખંડિતતાને ધ્યાનમાં રાખીને દરેક વ્યક્તિગત કેસમાં તેની તપાસ કરવી પડશે. એ બાબત ધ્યાને લઈ શકાય કે મૂળભૂત માળખાના સિદ્ધાંતના આધારે સામાન્ય કાયદાઓને પડકારવાનું ખુલ્લું નથી. રાજ્યના કાયદાને એ પ્રશ્ન પર પડકારી શકાય છે કે શું તે બંધારણની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે છે. પરંતુ જ્યાં સુધી બંધારણીય સુધારાઓનો સંબંધ છે, જો મૂળભૂત માળખાના આધારે કોઈ પડકાર કરવામાં આવે, તો બંધારણના મૂળભૂત લક્ષણોના આધારે તેની તપાસ કરવી પડશે."

ઉપર ટાંકવામાં આવેલા ચુકાદાઓના આધારે, વિદ્વાન એટર્ની જનરલનો એવો દાવો હતો કે, કાયદાકીય અધિનિયમન, એટલે કે સામાન્ય કાયદાની માન્યતાને, તે બંધારણના "મૂળભૂત માળખા" નું ઉલ્લંઘન કરતો હોવાના કારણસર પડકારી શકાય નહીં. તેથી એવો દાવો કરવામાં આવ્યો હતો કે,

અરજદારો વતી ઉપસ્થિત રહેલા વિદ્વાન વકીલ દ્વારા મદ્રાસ બાર એસોસિએશન કેસ૩૫ પર મૂકવામાં આવેલો આધાર કાયદામાં સ્વીકાર્ય ન હતો.

૨૧૬. વિદ્વાન એટર્ની જનરલ દ્વારા રજૂ કરવામાં આવેલી ઉપરોક્ત દલીલ ફગાવી દેવામાં આવી છે. આ માટે, પ્રથમ

૯૦ (૨૦૦૮) ૬ એસ.સી.સી. ૧ તબક્કે, પબ્લિક સર્વિસીસ ટ્રિબ્યુનલ બાર એસોસિએશન વિ. સ્ટેટ ઓફ યુ.પી.૯૧ પર આધાર રાખવામાં આવ્યો હતો. પ્રસ્તુત ચુકાદામાં, ફકરા ૨૬ માં નોંધાયેલા અવલોકનો પરથી જણાય છે કે, આ કોર્ટે એવો નિષ્કર્ષ કાઢ્યો હતો કે સામાન્ય કાયદાની બંધારણીય માન્યતાને માત્ર બે કારણોસર જ પડકારી શકાય છે, એટલે કે, ધારાકીય સક્ષમતાના અભાવના કારણોસર, અને બંધારણના ભાગ ૩ માં બાંયધરી આપવામાં આવેલા કોઈપણ મૂળભૂત અધિકારો, અથવા અન્ય કોઈપણ બંધારણીય જોગવાઈના ઉલ્લંઘનના કારણે. ઉપરોક્ત નિર્ધારણ વિદ્વાન એટર્ની જનરલ દ્વારા રજૂ કરવામાં આવેલી દલીલને સમર્થન આપે છે, જેઓ ઉપરોક્ત નિષ્કર્ષ પરથી એવો અર્થ કાઢવા માંગે છે કે, સામાન્ય કાયદાને બંધારણના "મૂળભૂત માળખા" નું ઉલ્લંઘન કરવાના કારણોસર પડકારી શકાય નહીં. ઉપર મુજબ ઠેરવ્યું હોવા છતાં, ફકરા ૪૪ માં નોંધાયેલા તેના અંતિમ નિષ્કર્ષમાં, નીચે મુજબ અવલોકન કરવામાં આવ્યું હતું:

"૪૪. ઉપર જણાવેલા કારણોસર, અમને જણાય છે કે રાજ્ય વિધાનમંડળ વાદગ્રસ્ત જોગવાઈઓ ઘડવા માટે સક્ષમ હતું. વધુમાં, ઘડવામાં આવેલી જોગવાઈઓ મનસ્વી નથી અને તેથી બંધારણના અનુચ્છેદો ૧૪, ૧૬

અથવા અન્ય કોઈપણ જોગવાઈઓનું ઉલ્લંઘન કરતી નથી. તેઓ ભારતના બંધારણના મૂળભૂત માળખાની વિરુદ્ધ પણ નથી. તદનુસાર, અમને આ અપીલોમાં કોઈ તથ્ય જણાતું નથી અને ખર્ચ અંગે કોઈ હુકમ કર્યા વિના તે ફગાવી દેવામાં આવે છે."

એ નિર્દેશિત કરવામાં આવ્યું હતું કે, એ બાબત સ્પષ્ટ હતી કે સામાન્ય કાયદા, એટલે કે, યુ.પી. પબ્લિક સર્વિસીસ (ટ્રિબ્યુનલ્સ) એક્ટ, ૧૯૭૬ ની માન્યતા નક્કી કરતી વખતે પણ, આ કોર્ટે ઉપરોક્ત ચુકાદામાં તપાસ કરી હતી કે, શું પડકારાયેલા કાયદાની જોગવાઈઓ બંધારણના "મૂળભૂત માળખા" ની વિરુદ્ધ હતી, અને તેમ કર્યા પછી, તેણે તે દલીલ ફગાવી દીધી હતી. જેના દ્વારા એવો અર્થ નીકળતો હતો કે, વ્યથિત પક્ષકાર માટે "મૂળભૂત માળખા" ના ખ્યાલના આધારે સામાન્ય કાયદાની જોગવાઈઓને પણ પડકારવાનું ખુલ્લું હતું. ઉપરોક્ત ઉપરાંત, કુલદીપ નાયર કેસ૮૯ (જેના પર[29]"૧૦૮. ઉપર જણાવ્યા મુજબ, "રહેઠાણ" એ બંધારણીય આવશ્યકતા નથી અને તેથી મૂળભૂત માળખાના ઉલ્લંઘનનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી." એવી રજૂઆત કરવામાં આવી હતી કે, પ્રસ્તુત ચુકાદામાં પણ, આ કોર્ટે સ્વતંત્ર રીતે તપાસ કરી હતી કે શું પ્રશ્ન હેઠળનું કાયદાકીય અધિનિયમન, એટલે કે ધ રિપ્રેઝન્ટેશન ઓફ ધ પીપલ (એમેન્ડમેન્ટ) એક્ટ ૪૦ ઓફ ૨૦૦૩, ખરેખર બંધારણના "મૂળભૂત માળખા" નું ઉલ્લંઘન કરે છે. અને તે નક્કી કરતી વખતે એવો નિષ્કર્ષ કાઢ્યો હતો કે રહેઠાણનો પ્રશ્ન બંધારણીય આવશ્યકતા ન હતી, અને તેથી "મૂળભૂત માળખા"

[29] ૭૯ (૨૦૧૧) ૫ એસ.સી.સી. ૩૦૫

ના ઉલ્લંઘનનો પ્રશ્ન ઉપસ્થિત થતો ન હતો. ત્યારબાદ વિદ્વાન વકીલે એમ. નાગરાજ કેસ૩૬ પર આધાર રાખ્યો હતો, જેમાં નીચે મુજબ નિષ્કર્ષ કાઢવામાં આવ્યો હતો:

> "૧૨૪. ઉપરોક્તને આધીન રહીને, અમે ધ કોન્સ્ટીટ્યુશન (સેવન્ટી–સેવન્થ એમેન્ડમેન્ટ) એક્ટ, ૧૯૯૫; ધ કોન્સ્ટીટ્યુશન (એઇટી–ફર્સ્ટ એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૦૦; ધ કોન્સ્ટીટ્યુશન (એઇટી–સેકન્ડ એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૦૦ અને ધ કોન્સ્ટીટ્યુશન (એઇટી–ફિફ્થ એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૦૧ ની બંધારણીય માન્યતાને માન્ય રાખીએ છીએ.
>
> ૧૨૫. અમે સંબંધિત રાજ્યોના વ્યક્તિગત કાયદાઓની માન્યતાની તપાસ કરી નથી અને તે પ્રશ્નની યોગ્ય બેંચ દ્વારા વર્તમાન કેસમાં અમારા દ્વારા નિર્ધારિત કાયદા અનુસાર વ્યક્તિગત રિટ અરજીમાં તપાસ કરવામાં આવશે."

૨૧૭. વિદ્વાન વરિષ્ઠ વકીલ ડૉ. રાજીવ ધવન દ્વારા એવી રજૂઆત કરવામાં આવી હતી કે, આ કોર્ટે એમ. નાગરાજ કેસ૩૬ માં વાદગ્રસ્ત બંધારણીય સુધારાની "વ્યાપ કસોટી" લાગુ કરીને તેની ચકાસણી કરતાં તેની બંધારણીય માન્યતા માન્ય રાખતી વખતે, ઉપરોક્ત ખ્યાલને રાજ્યના કાયદાઓ સુધી લંબાવ્યો હતો. તદનુસાર એવો અર્થ કાઢવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો કે, રાજ્યના કાયદાઓને માત્ર બંધારણીય જોગવાઈઓના અક્ષર અને લખાણના

આધારે જ નહીં, પરંતુ "વ્યાપ કસોટી" ના આધારે પણ પડકારી શકાય છે, જે બંધારણના "મૂળભૂત માળખા" પર આધારિત કાયદાકીય અધિનિયમન સામે ઉઠાવવામાં આવેલા પડકાર સમાન હતી.

૨૧૮. ત્યારબાદ ઉત્તર પ્રદેશ પાવર કોર્પોરેશન લિમિટેડ વિ. રાજેશ કુમાર૯૨ પર આધાર રાખવામાં આવ્યો હતો, જેમાં સંદર્ભ હેઠળનો મુદ્દો ઉપસ્થિત કરવામાં આવ્યો હતો, જે ફકરા ૬૧ માં થયેલી ચર્ચા પરથી સ્પષ્ટ થાય છે, જે નીચે ટાંકવામાં આવ્યો છે:

> "૬૧. રુલને સત્તા બહારનો જાહેર કરનાર ડિવિઝન બેંચના નિર્ણયને સમર્થન આપતાં, વિદ્વાન વરિષ્ઠ વકીલ ડૉ. રાજીવ ધવને એવી રજૂઆત કરી છે કે જો એમ. નાગરાજ યોગ્ય રીતે વાંચવામાં આવે, તો તે સ્પષ્ટપણે દર્શાવે છે કે સામાજિક ન્યાય એ બિનસાંપ્રદાયિકતા, લોકશાહી, વ્યાજબીપણું, સામાજિક ન્યાય વગેરેની જેમ બંધારણનો એક સર્વોચ્ચ સિદ્ધાંત છે અને તે સમાનતાની સંહિતા તેમજ બંધારણીય બેંચ દ્વારા નિર્ધારિત પરિમાણો પર ભાર મૂકે છે કારણ કે મૂળભૂત હેતુ સંતુલનની સ્થિતિ લાવવાનો છે પરંતુ ૧૯૯૪ ના એક્ટની કલમ ૩(૭) અને રુલ ૮-એ દ્વારા સદર સંતુલન નષ્ટ થઈ જાય છે કારણ કે એમ. નાગરાજ પછીના સમયગાળા દરમિયાન કોઈ કવાયત હાથ ધરવામાં આવી નથી. એમ. નાગરાજ માં, અર્થઘટન અને અમલીકરણ, વ્યાપ અને ઓળખ, અધિકારના સારતત્વ, સમાનતાની સંહિતા અને વિપરીત ભેદભાવના

નિવારણ, પર્યાપ્તતા અને પ્રમાણસરતા વચ્ચેના સૂક્ષ્મ તફાવત, પછાત વર્ગ અને પછાતપણું, સમાન ન્યાય અને કાર્યક્ષમતાના સંદર્ભમાં સંદર્ભ-વિશિષ્ટતાનો ખ્યાલ, જોગવાઈઓના અનુમતિજનક સ્વરૂપ અને માર્ગદર્શિત સત્તાના વૈચારિક સારતત્વ, નક્કર શબ્દોમાં અમલીકરણ કે જે બંધારણીય આદેશને હાનિ ન પહોંચાડે; અને ત્વરિત વરિષ્ઠતાની અસર તેમજ સ્થાપિત સિદ્ધાંતો લાગુ કરવા માટેની પૂર્વશરતોના સંતોષ માટે પ્રવર્તમાન પરિસ્થિતિઓ પર ભાર મૂકવામાં આવ્યો છે."[30]

આ બાબત પર નીચે મુજબ ન્યાયનિર્ણય કરવામાં આવ્યો હતો:

"૮૬. અમારો એવો દ્રઢ મત છે કે એમ. નાગરાજ માં બંધારણીય બેંચના ચુકાદાના પ્રકાશમાં નવી કવાયત હાથ ધરવી સ્પષ્ટપણે અનિવાર્ય છે. બંધારણીય સુધારાઓએ પરિણામી વરિષ્ઠતા સાથે બઢતીમાં અનામતને સરળ બનાવી છે અને એક્ટ તેમજ રુલ્સ પર મંજૂરીની મહોર લગાવી છે તે વલણ ઝીણવટભરી ચકાસણી સામે ટકી શકે તેમ નથી, કારણ કે બંધારણીય બેંચે સ્પષ્ટપણે અભિપ્રાય આપ્યો છે કે અનુચ્છેદો ૧૬(૪-એ) અને ૧૬(૪-બી) એ સક્ષમકારી જોગવાઈઓ છે અને રાજ્ય અમુક આધાર અથવા પાયા પર તેના માટે જોગવાઈઓ કરી શકે છે. પૂર્વશરતો સંતોષાઈ નથી. કોઈ કવાયત હાથ ધરવામાં આવી નથી. જે બાબત પર ભારપૂર્વક

[30] ૮૮ (૧૯૭૭) ૪ એસ.સી.સી. ૬૦૮ ચતુરાઈભરી રીતે રજૂ કરી હતી કારણ કે સામાન્ય કાયદો બંધારણના મૂળભૂત માળખાનું ઉલ્લંઘન કરી શકે નહીં એમ કહીને તેને સીધી રીતે રજૂ કરવામાં તેમને મુશ્કેલી જણાતી હતી. શ્રીમતી

દલીલ કરવામાં આવી છે તે એ છે કે તે જરૂરી નથી કારણ કે બઢતીમાં અનામતનો ખ્યાલ પહેલેથી જ પ્રચલિત હતો. અમે સદર રજૂઆત સ્વીકારવામાં અસમર્થ છીએ, કારણ કે જ્યારે બંધારણની જોગવાઈઓને અમુક શરતો અથવા નિયંત્રણો સાથે માન્ય ગણવામાં આવે છે, ત્યારે રાજ્ય માટે કસોટીને સમજવી અને લાગુ કરવી અનિવાર્ય બની જાય છે જેથી તેના સુધારાઓની ચકાસણી થઈ શકે અને તેમાં નિર્ધારિત પરિમાણો પરની ચકાસણી સામે તે ટકી શકે."

ઉપરોક્ત ચુકાદા ઉપરાંત, સ્ટેટ ઓફ બિહાર વિ. બાલ મુકુંદ સાહ૯૩ પર પણ આધાર રાખવામાં આવ્યો હતો, જેમાં આ કોર્ટની બંધારણીય બેન્ચે, ડિસ્ટ્રિક્ટ જજો અને અન્ય ન્યાયિક અધિકારીઓની ભરતીના વિષય પર કાયદો ઘડવાની રાજ્ય વિધાનમંડળની સત્તાની તપાસ કરતી વખતે, કેશવાનંદ ભારતી કેસ૧૦ માં આ કોર્ટ દ્વારા આપવામાં આવેલા ચુકાદા પર આધાર રાખ્યો હતો, કે જેમાં બંધારણના જાહેર કરાયેલા પાંચ "મૂળભૂત લક્ષણો" ને ધ્યાને લેવામાં આવ્યા હતા, અને પ્રશ્નગત વિષયવસ્તુની તપાસ, ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્ર વચ્ચે "સત્તાના વિભાજન" ના ખ્યાલને લાગુ કરીને કરી હતી, જેને બંધારણના "મૂળભૂત માળખા" ના એક આવશ્યક લક્ષણ તરીકે સ્વીકારવામાં આવ્યું હતું. છેવટે, નવલ કિશોર મિશ્રા વિ. હાઇકોર્ટ ઓફ " (૨૦૦૦) ૪ એસ.સી.સી. ૬૪૦ જ્યુડિકેચર ઓફ અલ્હાબાદ૯૪ પર આધાર રાખવામાં આવ્યો હતો, જેમાંથી તારણ નં. ૨૦.૧૧ પર આધાર રાખવામાં આવ્યો હતો, જે નીચે ઉદ્ધૃત કરવામાં આવેલ છે:

"૨૦.૧૧ ધારાસભા દ્વારા કરવામાં આવતો આવો કોઈપણ પ્રયાસ બંધારણીય યોજના દ્વારા પ્રતિબંધિત રહેશે, કારણ કે તે ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્ર વચ્ચે સત્તાના વિભાજન સંબંધિત ખ્યાલ તેમજ સ્વતંત્ર ન્યાયતંત્રના મૂળભૂત ખ્યાલ પર આધારિત છે, કેમ કે આ બંને ખ્યાલોને બંધારણના મૂળભૂત માળખાના સ્તર સુધી ઉન્નત કરવામાં આવ્યા છે અને તે બંધારણીય યોજનાનું હાર્દ છે."

તેથી વિદ્વાન વરિષ્ઠ વકીલની એવી દલીલ હતી કે, સામાવાળા દ્વારા એવી દલીલ ઉપસ્થિત કરવી ઉચિત ન હતી કે, એનજેએસી એક્ટની જોગવાઈઓની માન્યતા બંધારણના "મૂળભૂત માળખા" ના ખ્યાલની એરણ પર ચકાસી શકાય નહીં.

૨૧૯. એ બાબતને ઉજાગર કરવાની જરૂર છે કે, સંદર્ભ હેઠળનો મુદ્દો એ હકીકતના કારણે ઉપસ્થિત થયો હતો કે, અરજદારોના વિદ્વાન વકીલે મદ્રાસ બાર એસોસિએશન કેસ૩૫ માં આ કોર્ટના ચુકાદા પર આધાર રાખ્યો હતો, જેમાં આ કોર્ટે નેશનલ ટેક્સ ટ્રિબ્યુનલ એક્ટ, ૨૦૦૫ ની જોગવાઈઓની તપાસ કરી હતી, અને તેમ કરતી વખતે, બંધારણના "મૂળભૂત માળખા" નું ઉલ્લંઘન કરતી હોવાના કારણે ઉપરોક્ત કાયદાકીય અધિનિયમની જોગવાઈઓને બંધારણની જોગવાઈઓથી અલ્ટ્રા વાયર્સ ઠેરવી હતી. તેથી એ તદ્દન સ્પષ્ટ છે કે, અરજદારોના વિદ્વાન વકીલને મદ્રાસ બાર એસોસિએશન કેસ૩૫ માં નોંધાયેલા તારણો પર આધાર રાખતા અટકાવવા માટે પ્રસ્તુત દલીલ ઉઠાવવામાં આવી હતી.

૨૨૦. અમે ઉપરોક્ત દલીલો પર અમારી સુવિચારિત વિચારણા કરી છે. બંધારણના "મૂળભૂત માળખા" માં, હાલમાં અન્ય બાબતોની સાથે સાથે બંધારણની સર્વોચ્ચતા, સરકારનું પ્રજાસત્તાક અને લોકશાહી સ્વરૂપ, સત્તાના વિતરણનું "સમવાયી સ્વરૂપ", બિનસાંપ્રદાયિકતા, ધારાસભા, કારોબારી, અને (૨૦૧૫) ૫ એસ.સી.સી. ૪૭૯ ન્યાયતંત્ર વચ્ચે "સત્તાનું વિભાજન", તેમજ "ન્યાયતંત્રની સ્વતંત્રતા" નો સમાવેશ થાય છે. આ કોર્ટે, ઉપરોક્ત દરેક "મૂળભૂત લક્ષણો" તારવતી વખતે, બંધારણના એક અથવા વધુ અનુચ્છેદો પર (કેટલીકવાર, બંધારણના આમુખ સાથે જોડીને) આધાર રાખ્યો હતો. એ કહેવાની જરૂર નથી કે, બંધારણના દરેક "મુખ્ય" અથવા "મૂળભૂત લક્ષણો/મૂળભૂત માળખા" ને તારવવા માટે, માત્ર બંધારણની જોગવાઈઓ પર જ આધાર રાખવામાં આવે છે. તેથી એ સ્પષ્ટ છે કે, "મૂળભૂત લક્ષણો" અથવા "મૂળભૂત માળખા" નું નિર્ધારણ, માત્ર અને માત્ર બંધારણની જોગવાઈઓમાંથી જ કરવામાં આવે છે. દ્રષ્ટાંતરૂપે, આપણે "ન્યાયતંત્રની સ્વતંત્રતા" નો ઉલ્લેખ કરી શકીએ છીએ, જેને એટલા માટે પસંદ કરવામાં આવી છે કારણ કે વિચારણાની વર્તમાન પ્રક્રિયા દરમિયાન તેના પર ચર્ચા-વિચારણા કરવામાં આવી છે. "ન્યાયતંત્રની સ્વતંત્રતા" ના ખ્યાલનું તારણ, અનુચ્છેદો ૧૨, ૩૬ અને ૫૦ ના સામૂહિક વાંચનમાંથી ઉદ્ભવ્યું હતું. બંધારણની જોગવાઈઓના સીધા વાંચન પરથી સંબંધિત "મૂળભૂત માળખું" તારવવાનું કેટલીકવાર શક્ય હોતું નથી. અને કેટલીકવાર, તે અનુચ્છેદોમાં છુપાયેલા અત્યંત મહત્વપૂર્ણ મૌનમાંથી આવું તારણ કાઢવામાં આવે છે, ઉદાહરણ તરીકે, શમશેર સિંહ કેસ૧૧, સાંકળચંદ હિંમતલાલ શેઠ કેસ૫

અને સેકન્ડ જજિસ કેસ માં સમજાવવામાં આવેલ "ન્યાયતંત્રની પ્રાધાન્યતા", જેમાં આ કોર્ટે બંધારણ સભાની ચર્ચાઓમાંથી મેળવેલા બંધારણના ઘડવૈયાઓના આશય, અને ઉચ્ચ ન્યાયતંત્રના ન્યાયમૂર્તિઓની નિમણૂક તેમજ બદલીની બાબતમાં રાજકીય-કારોબારી સત્તાતંત્ર દ્વારા પાળવામાં આવતી પ્રણાલીઓ સાથે જોડીને અનુચ્છેદો ૧૨૪, ૨૧૭ અને ૨૨૨ સાથે અનુચ્છેદ ૭૪ નું અર્થઘટન કરતી વખતે, એવા નિષ્કર્ષ પર પહોંચી હતી કે, "ન્યાયતંત્રની પ્રાધાન્યતા" એ "ન્યાયતંત્રની સ્વતંત્રતા" નો એક ઘટક હતી, જે બંધારણનું "મૂળભૂત લક્ષણ" હતું. તેથી, જ્યારે "ન્યાયતંત્રની સ્વતંત્રતા" ના સંદર્ભમાં "મૂળભૂત માળખા" ના ઉલ્લંઘનના આધારે પડકાર ઉઠાવતી દલીલ રજૂ કરવામાં આવે, ત્યારે તેની સાચી સમજ એ છે, અને હોવી જ જોઈએ કે, એક તરફ અનુચ્છેદો ૧૨, ૩૬ અને ૫૦, અને બીજી તરફ અનુચ્છેદો ૧૨૪, ૨૧૭ અને ૨૨૨ (સામૂહિક રીતે અને સુમેળપૂર્વક વાંચતાં) તેનો આધાર રચે છે. સ્પષ્ટપણે, "મૂળભૂત માળખું" એ ખરેખર ખુદ બંધારણની જોગવાઈઓમાંથી જ તારવવામાં આવેલા મૂળભૂત પાયાના સિદ્ધાંતોનો સમૂહ છે. આ કંઈ ન્યાયતંત્ર દ્વારા પોતાની મેળે ઘડી કાઢવામાં આવેલા કાલ્પનિક સિદ્ધાંતો નથી. તેથી, જો એવો નિષ્કર્ષ કાઢવામાં આવે કે, "ન્યાયતંત્રની સ્વતંત્રતા" નું અતિક્રમણ થયું છે, તો એ સમજવાનું રહે છે કે, ઉપરોક્ત જોગવાઈઓમાંથી સામૂહિક રીતે ઉદ્ભવતા નિયમ/સિદ્ધાંતનો ભંગ થયો હતો, અથવા ઉપરોક્ત અનુચ્છેદોને એકસાથે વાંચતાં, તેમનું અતિક્રમણ થયું હતું.

૨૨૧. જ્યાં સુધી સામાન્ય કાયદાકીય અધિનિયમની બંધારણીય માન્યતાની તપાસ કરવાના મુદ્દાનો સંબંધ છે, ત્યાં સુધી જે બંધારણીય જોગવાઈઓના આધારે સંબંધિત "મૂળભૂત લક્ષણ" ઉદ્ભવે છે, તે તમામ જોગવાઈઓ ઉપલબ્ધ છે. બંધારણની એક જ જોગવાઈનો ભંગ પણ તે કાયદાને બંધારણથી અલ્ટ્રા વાયર્સ ઠેરવવા માટે પૂરતો રહેશે. આ બાબતને ધ્યાને લેતાં, બંધારણીય માન્યતા પર આધારિત પડકારને સ્વીકારવા માટે, તે ચોક્કસ અનુચ્છેદ(દો)નો એકલ કે સામૂહિક રીતે સંદર્ભ આપવો યોગ્ય રહેશે, જેનું ઉલ્લંઘન તે કાયદાકીય અધિનિયમ કરે છે. અને એવા કિસ્સાઓમાં જ્યાં બંધારણના કેટલાક અનુચ્છેદોની સંચિત અસરનું ઉલ્લંઘન થયું હોવાનું જણાવાયું હોય, ત્યાં જો જરૂરી હોય તો આમુખ સહિતના તમામ સંબંધિત અનુચ્છેદોનો સંદર્ભ આપવો જોઈએ. આ મુદ્દો તદ્દન ટેકનિકલ છે. તેમ છતાં, જો "મૂળભૂત માળખા" ના સિદ્ધાંતના આધારે સામાન્ય કાયદાકીય અધિનિયમ સામે પડકાર ઉઠાવવામાં આવે, તો તેને કાનૂની ક્ષતિંથી પીડાતો ગણી શકાય નહી . તે માત્ર એક ટેકનિકલ ખામી જ ગણાશે. આ રીતે, અરજદારોના વિદ્વાન વકીલે જે ચુકાદાઓ પર આધાર રાખ્યો છે તેમાં આ કોર્ટ દ્વારા કરવામાં આવેલા અવલોકનોને સમજાવવાનું શક્ય બનશે. તેથી, જ્યારે બંધારણના કેટલાક અનુચ્છેદોની સંચિત અસરના આધારે કાયદાકીય અધિનિયમ સામે પડકાર ઉઠાવવામાં આવે છે, ત્યારે સંબંધિત દરેક અનુચ્છેદનો સંદર્ભ આપવો હંમેશા જરૂરી નથી, જ્યારે સદર અનુચ્છેદોની સંચિત અસર બંધારણના "મૂળભૂત લક્ષણો" પૈકીનું એક રચે છે તેવું પહેલેથી જ નિર્ધારિત થઈ ગયું હોય. સામાન્ય કાયદા સાથે કામ કરતી વખતે "મૂળભૂત

માળખા" નો સંદર્ભ આપવાથી, તે જ નિષ્કર્ષ નોંધવાની આવશ્યકતા નિવારી શકાશે, જે સંદર્ભ હેઠળના અનુચ્છેદ(દો)નું સુમેળપૂર્વક અર્થઘટન કરતી વખતે પહેલેથી જ આલેખવામાં આવ્યો છે. તેથી અમે પુનરોચ્ચાર કરીશું કે, બંધારણનું "મૂળભૂત માળખું" અનુલ્લંઘનીય છે, અને તેથી, તેના કોઈપણ "મૂળભૂત લક્ષણો" ને નકારી શકાય તે રીતે બંધારણમાં સુધારો કરી શકાતો નથી, અને તેવી જ રીતે, જો બંધારણના "મૂળભૂત લક્ષણો" પૈકીના એકના આધારે સામાન્ય કાયદા સામે પડકાર ઉઠાવવામાં આવે, તો તેમ કરવું કાયદેસર રહેશે. જો "મૂળભૂત માળખા" ના ઉલ્લંઘનના કારણોસર આવા પડકારને સ્વીકારવામાં આવે, તો તેનો અર્થ એ થશે કે બંધારણના તે અનુચ્છેદોનો સમૂહ (જ્યાં પણ સુસંગત હોય ત્યાં તેના આમુખ સહિત), જે તે ચોક્કસ "મૂળભૂત લક્ષણ" રચે છે, તેનું ઉલ્લંઘન થયું હતું. જોકે, આપણે વિદ્વાન એટર્ની જનરલની એ દલીલને સ્વીકારવી પડશે કે જ્યારે કોઈ સામાન્ય કાયદાને બંધારણની જોગવાઈઓથી અલ્ટ્રા વાયર્સ હોવાના કારણે રદબાતલ કરવાની માંગ કરવામાં આવે, ત્યારે જે અનુચ્છેદોનું ઉલ્લંઘન થયું હોય તેનો સંદર્ભ આપવો ટેકનિકલ દ્રષ્ટિએ યોગ્ય ગણાશે. પરંતુ તેના પરથી એવા અનુમાન પર પહોંચી શકાય નહીં કે, "મૂળભૂત માળખા" નું ઉલ્લંઘન કરતો હોવાના કારણે સામાન્ય કાયદાકીય અધિનિયમને રદ કરવો એ ખોટું ગણાશે. તેથી વિદ્વાન એટર્ની જનરલ દ્વારા રજૂ કરવામાં આવેલી દલીલમાં, ઉપર સંદર્ભિત ટેકનિકલ પાસા સિવાય, અમને કોઈ તથ્ય જણાતું નથી.

XIII.

૨૨૨. એનજેએસી એક્ટની વિવિધ જોગવાઈઓ સામે અનેક પડકારો ઉઠાવવામાં આવ્યા હતા. સૌપ્રથમ અને સૌથી મહત્વપૂર્ણ, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની પસંદગી અને નિમણૂકની પદ્ધતિ સામે પડકાર ઉઠાવવામાં આવ્યો હતો. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, એનજેએસી એક્ટની કલમ ૫(૧) એવી જોગવાઈ કરે છે કે, એનજેએસી સુપ્રિમ કોર્ટના સૌથી વરિષ્ઠ ન્યાયમૂર્તિને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક કરવા માટે ભલામણ કરશે, તે શરતને આધીન કે તેઓ તે હોદ્દો ધારણ કરવા માટે "યોગ્ય" ગણાયેલા હોય. એવી દલીલ કરવામાં આવી હતી કે, અનુચ્છેદ ૧૨૪સી હેઠળ કાયદા દ્વારા ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની નિમણૂકની પ્રક્રિયાનું નિયમન કરવા માટે સંસદને અધિકૃત કરવામાં આવી હતી. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સહિત ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂકની પદ્ધતિના સંદર્ભમાં, એનજેએસીને વિનિયમો ઘડવાની મંજૂરી આપવી જોઈતી હતી.

૨૨૩. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, એનજેએસી એક્ટની કલમ ૫(૧) માં દર્શાવવામાં આવેલા "યોગ્ય" શબ્દનું વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું નથી. અને તેથી, યોગ્યતા એનજેએસીના સભ્યોના વ્યક્તિલક્ષી સંતોષના આધારે નક્કી કરવામાં આવશે. એ સ્વીકારવામાં આવ્યું હતું કે, સુનાવણી દરમિયાન વિદ્વાન એટર્ની જનરલે એવી રજૂઆત કરી હોવા છતાં કે યોગ્યતાનો અર્થ માત્ર "... માનસિક અને શારીરિક યોગ્યતા ..." જ થાય છે, પરંતુ ઉત્તરાધિકારી એટર્ની જનરલ આ બાબતને અલગ રીતે જોઈ શકે છે, જેવી રીતે વર્તમાન એટર્ની જનરલ

તેમના પુરોગામી વતી (થર્ડ જજિસ કેસ માં) નોંધાયેલી છૂટછાટથી અલગ પડ્યા છે, ભલે તે બંને એક જ શાસક રાજકીય પક્ષનું પ્રતિનિધિત્વ કરતા હોય. અને, કારોબારીની ઈચ્છાને પોષી શકે તે રીતે "યોગ્ય" શબ્દની હેતુપૂર્વક વ્યાખ્યા કરવાનો માર્ગ સંસદ માટે હંમેશા ખુલ્લો હતો. એ નિર્દેશ કરવામાં આવ્યો હતો કે, રાજકીય-કારોબારીની પસંદગીની વ્યક્તિને લાવવા માટે, કાયદો ઘડવાની પ્રક્રિયાને અનુસરવાની જરૂરિયાત વિના વટહુકમ પણ બહાર પાડી શકાય છે. એવી દલીલ કરવામાં આવી હતી કે, બિન-ન્યાયિક સત્તાવાળાઓની સ્વેચ્છા મુજબ યોગ્યતાના માપદંડને વ્યાખ્યાયિત અથવા પુનઃવ્યાખ્યાયિત કરી શકાય છે.

૨૨૪. એ નિર્દેશ કરવામાં આવ્યો હતો કે, એક એવી બંધારણીય પ્રણાલી હતી, જેના હેઠળ સુપ્રિમ કોર્ટના સૌથી વરિષ્ઠ ન્યાયમૂર્તિને હંમેશા ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક આપવામાં આવી છે. અને એ કે, ઉપરોક્ત પ્રણાલી અખંડ રહી હતી, ભલે કેટલાક કિસ્સાઓમાં નિમાયેલી વ્યક્તિનો કાર્યકાળ અત્યંત ટૂંકો રહ્યો હોય, અને એક સંસ્થા તરીકે ન્યાયતંત્રના લાભમાં ન પણ રહ્યો હોય. વિદ્વાન વકીલના જણાવ્યા મુજબ, અનુભવે દર્શાવ્યું હતું કે, સૌથી વરિષ્ઠ ન્યાયમૂર્તિને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક કરવાની પ્રથાને વળગી રહેવાથી ન્યાયમૂર્તિઓ વચ્ચે સંસ્થાકીય સુમેળ અને સહકારિતા પરિણામી હતી, જે ન્યાયતંત્રના સ્વાસ્થ્ય માટે અને ન્યાયતંત્રની સ્વતંત્રતા માટે પણ અત્યંત મહત્વપૂર્ણ હતી. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, ભવિષ્યમાં તેના

દુરુપયોગની કોઈપણ શક્યતાને રોકવા માટે, વર્તમાન તબક્કે સત્તાના વ્યાપને સમજવો ન્યાયી અને ઉચિત રહેશે.

૨૨૫. એવું સૂચન કરવામાં આવ્યું હતું કે, પોતાના માનીતાઓને લાવવા માટે, વરિષ્ઠ ન્યાયમૂર્તિઓની વરિષ્ઠતાની અવગણના કરવાના વિવિધ રસ્તાઓ અને ઉપાયો શોધી શકાય છે. ભૂતકાળના અનુભવે દર્શાવ્યું હતું કે, કારોબારીએ પોતાની સત્તાનો દુરુપયોગ કર્યો હતો, જ્યારે તેણે એપ્રિલ ૧૯૭૩ માં સૌથી વરિષ્ઠ ન્યાયમૂર્તિ જે.એમ. શેલત, તેમજ તેમની પછી વરિષ્ઠતાના ક્રમમાં આવતા તે પછીના બે ન્યાયમૂર્તિઓ, એટલે કે કે.એસ. હેગડે અને એ.એન. ગ્રોવરની વરિષ્ઠતાની અવગણના કરીને, ચોથા સૌથી વરિષ્ઠ ન્યાયમૂર્તિ એ.એન. રે ની નિમણૂક ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે કરી હતી. ફરીથી જાન્યુઆરી ૧૯૭૭ માં એ.એન. રે, સી.જે. ની નિવૃત્તિ પર, સૌથી વરિષ્ઠ ન્યાયમૂર્તિ એચ.આર. ખન્નાની અવગણના કરવામાં આવી હતી, અને તે પછીના સૌથી વરિષ્ઠ ન્યાયમૂર્તિ એમ.એચ. બેગની ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક કરવામાં આવી હતી. વિદ્વાન વકીલના જણાવ્યા મુજબ, કારોબારીના હાથમાં આવું નિયંત્રણ નિર્ણય લેવાની પ્રક્રિયામાં ગંભીર દખલગીરી ઊભી કરશે. અને તેના પરિણામે, વ્યક્તિગત લાભો અને પારિતોષિકો મેળવવાના હેતુથી ન્યાયમૂર્તિઓ રાજકીય-કારોબારી વર્ગને શાંત કરવા અને ખુશ રાખવાના પ્રયાસો કરી શકે છે.

૨૨૬. ઉપર નોંધવામાં આવેલી રજૂઆતને નીચેના ઉદાહરણ દ્વારા સમજાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. એવી દલીલ કરવામાં આવી હતી કે,

સંસદ કાયદા દ્વારા એવી જોગવાઈ કરે કે કોઈ વ્યક્તિને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક માટે માત્ર ત્યારે જ "યોગ્ય" ગણવામાં આવશે જો તેનો ઓછામાં ઓછો બાકી રહેલો કાર્યકાળ બે વર્ષનો હોય, તો તે સાચું અને કાયદેસર ગણાશે. આવો કાયદો વિનાશક અસર કરશે, ભલે તે દેખીતી રીતે નિર્દોષપણે કાયદેસર જણાતો હોય. એ નિર્દેશિત કરવામાં આવ્યું હતું કે, આજદિન સુધી નિયુક્ત થયેલા ભારતના ૪૧ મુખ્ય ન્યાયમૂર્તિઓમાંથી, ભારતના માત્ર ૧૨ મુખ્ય ન્યાયમૂર્તિઓનો કાર્યકાળ બે વર્ષ કરતાં વધુ હતો. જો સંસદ દ્વારા ઉપર ઉદાહરણ આપ્યા મુજબનું આવું પગલું લેવામાં આવે, તો તે વરિષ્ઠતાના નિયમ હેઠળ, કે જે આ સમગ્ર સમય દરમિયાન અમલમાં રહ્યો હતો, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિનો હોદ્દો ધારણ કરવાની કાયદેસર અપેક્ષા ધરાવતા લોકોમાં અસંતોષ પેદા કરવા માટે નિશ્ચિત હતું.

૨૨૭. એવો દાવો કરવામાં આવ્યો હતો કે, કોઈ માનીતી વ્યક્તિને સમાવી લેવા માટે ખાસ તૈયાર કરાયેલા જુદા જુદા માપદંડો નિર્ધારિત કરીને, અગાઉના ફકરામાં દર્શાવેલા ઉદાહરણમાં પરિમાણીય ફેરફાર કરી શકાય છે. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, સંસદને ક્યારેય અનિશ્ચિતતા ઊભી કરવાનો અધિકાર આપવો જોઈએ નહીં, પસંદગી અને નિમણૂકની બાબતમાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના, કારણ કે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિનો હોદ્દો અત્યંત મહત્વપૂર્ણ હતો, અને અત્યંત ગંભીર જવાબદારીઓ વહન કરતો હતો. સંસદ દ્વારા ઉપરોક્ત સત્તાનો ઉપયોગ, એ બાબત તરફ નિર્દેશ કરવામાં આવ્યો હતો કે, "ન્યાયતંત્રની સ્વતંત્રતા" ને ગંભીર રીતે અસર કરી શકે છે/કરશે.

૨૨૮. ઉપરોક્ત સંદર્ભમાં, ન્યાયિક સંસ્થાઓમાં બહોળો અનુભવ ધરાવતી પ્રખ્યાત વ્યક્તિઓ દ્વારા વ્યક્ત કરાયેલા અભિપ્રાયનો પણ સંદર્ભ આપવામાં આવ્યો હતો, જે રજૂ કરવામાં આવેલી દલીલની સત્યતાને અસરકારક રીતે બહાર લાવે છે. આ સંબંધમાં એમ.સી. ચાગલાના તેમના પુસ્તક, "રોઝીસ ઇન ડિસેમ્બર - એન ઓટોબાયોગ્રાફી" માંના અવલોકનોનો સંદર્ભ આપવામાં આવ્યો હતો, જેમાં તેમણે ન્યાયમૂર્તિઓ પર વરિષ્ઠતાની અવગણના (સુપરસેશન) ની અસરનું વર્ણન કર્યું હતું, જેઓ પ્રવર્તમાન પરંપરા મુજબ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ બનવાની હરોળમાં હતા, પરંતુ કોઈ જુનિયરને પ્રાથમિકતા આપીને તેમની અવગણના કરવામાં આવી હતી. તે સ્થિતિ આ પ્રમાણે વ્યક્ત કરવામાં આવી હતી:

> "સુપ્રિમ કોર્ટના જે ન્યાયમૂર્તિઓ મુખ્ય ન્યાયમૂર્તિ પદના ઉત્તરાધિકારની હરોળમાં હતા તેમના પર વરિષ્ઠતાની આ અવગણનાઓની સૌથી વધુ હાનિકારક અસર પડી હતી. દરેકે એકબીજાને શંકાની નજરે જોયા અને પોતાના ચુકાદાઓમાં અથવા જાહેર મંચો પર પણ સરકાર પ્રત્યેની પોતાની વફાદારી જાહેર કરવામાં એકબીજાથી આગળ નીકળી જવાનો પ્રયાસ કર્યો. જો કોઈ ન્યાયમૂર્તિ પોતાની બઢતી માટે પોતાની આંતરિક ગુણવત્તાને બદલે સરકારની કૃપાના ઋણી હોય, તો ન્યાયતંત્રની સ્વતંત્રતા અનિવાર્યપણે નષ્ટ થઈ જાય છે."

એચ.આર. ખન્ના, ન્યાયમૂર્તિએ, (તેમના પુસ્તક - "નાઈધર રોઝીસ નોર થોર્ન્સ" માં) તે સ્થિતિ નીચે મુજબ વ્યક્ત કરી હતી:

"ચુકાદો જાહેર થવાના બે-એક દિવસ પહેલાં તણાવનું વાતાવરણ વધુ વણસી ગયું હતું કારણ કે તમામ પ્રકારની અફવાઓ ફેલાવા લાગી હતી અને મુખ્ય ન્યાયમૂર્તિના ઉત્તરાધિકારીનું નામ જાહેર કરવામાં આવી રહ્યું ન હતું. ચુકાદો જાહેર થયા પછી રેડિયો પર જાહેરાત આવી અને તેના પરિણામે ત્રણ વરિષ્ઠ ન્યાયમૂર્તિઓની વરિષ્ઠતાની અવગણના થઈ.

હું અત્યંત વ્યથિત થયો કારણ કે મારા મતે તે ભયગ્રંથિ અથવા પુરસ્કારની આશાઓ પેદા કરવા અને તે રીતે ન્યાયતંત્રની સ્વતંત્રતાને નબળી પાડવા માટે બંધાયેલું હતું. સમાચાર સાંભળતાં જ હું ન્યાયમૂર્તિ હેગડેના નિવાસસ્થાને ગયો. મેં તેમને કંઈક અંશે તણાવમાં જોયા, જેમ કે તે પરિસ્થિતિમાં કોઈ પણ હોય, પરંતુ તેઓ અન્યથા શાંત હતા. તેમણે મને કહ્યું કે તેઓ, તેમજ ન્યાયમૂર્તિ શેલત અને ન્યાયમૂર્તિ ગ્રોવર કે જેમની વરિષ્ઠતાની અવગણના કરવામાં આવી હતી, તેઓ પોતાના રાજીનામા આપી રહ્યા હતા. શેલત, હેગડે અને ગ્રોવરના રાજીનામા પછી, કોર્ટે એક નવું સ્વરૂપ ધારણ કર્યું અને મને વાતાવરણમાં નોંધપાત્ર ફેરફાર જણાયો. ઘણી બાબતો બની જેનાથી વ્યક્તિ દુઃખી થાય અને મેં વિચાર્યું કે સૌથી સારો માર્ગ ન્યાયિક કામગીરીના નિકાલમાં મગ્ન થઈ જવાનો હતો. ન્યાયિક

કામગીરી હંમેશા મારા માટે આકર્ષણનું કેન્દ્ર રહી હતી અને મને તેના પર આપવામાં આવેલું સંપૂર્ણ ધ્યાન ફળદાયી તેમજ રસપ્રદ જણાયું.

નવા પ્રવાહો પૈકીનો એક પ્રવાહ સરકારના આદેશોને માન્ય રાખવાની તરફેણમાં ઝુકાવ આપવાના ઉદ્દેશથી કોર્ટના અભિગમમાં આવેલો બદલાવ હતો. સામાજિક ન્યાય જેવા ભપકાદાર શબ્દોની આડમાં કોર્ટે એવા આદેશો પસાર કર્યા, જેની અસર સ્થાપિત સિદ્ધાંતોને અસ્થિર કરવાની અને અગાઉના કેસોમાં નિર્ધારિત સિદ્ધાંતોને નબળા પાડવાની અથવા રદબાતલ કરવાની હતી."

આ સંબંધમાં, એચ.એમ. સીરવાઇ ("કોન્સ્ટીટ્યુશનલ લો ઓફ ઇન્ડિયા - ક્રિટિકલ કમેન્ટ્રી" માં) ના અવલોકનોનો પણ સંદર્ભ આપવામાં આવ્યો હતો, જે નીચે મુજબ છે:

"સાંકળચંદ શેઠ કેસમાં, ભગવતી, ન્યાયમૂર્તિએ કોઈ ન્યાયમૂર્તિને અન્ય રાજ્યની હાઇકોર્ટમાં બદલી કરતાં પહેલાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે શા માટે વિચાર-વિમર્શ કરવો જરૂરી હતો તે સમજાવ્યા પછી કહ્યું હતું કે: "મને લાગે છે કે તે શ્રીમાન ન્યાયમૂર્તિ જેક્સન હતા જેમણે કહ્યું હતું કે 'ન્યાયમૂર્તિઓને નાણાં કરતાં વધુ વખત તેમની મહત્વાકાંક્ષા અને વફાદારી દ્વારા લાંચ આપવામાં આવે છે'... મારી રજૂઆતમાં ઉપરોક્ત પરિચ્છેદ ટાંકતી વખતે ભગવતી, ન્યાયમૂર્તિ એ સમજવામાં નિષ્ફળ રહ્યા કે તેમની એકમાત્ર વફાદારી પોતાની જાત પ્રત્યે જ હતી કારણ કે, જેમ

પાછળથી જણાશે, તેઓ શક્ય તેટલી વહેલી તકે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ બનવાની પોતાની મહત્વાકાંક્ષા પૂર્ણ કરવા માટે અન્ય બાબતોની સાથોસાથ પોતાના વડા, ચંદ્રચૂડ, મુખ્ય ન્યાયમૂર્તિ પ્રત્યે બેવફા રહ્યા હતા. ભગવતી, ન્યાયમૂર્તિ તે મહત્વાકાંક્ષાથી લાંચિત થયા હતા તે ત્યારે સ્પષ્ટ થશે જ્યારે હું જજિસ કેસમાં ન્યાયમૂર્તિ કુમાર અને સિંઘ, મુખ્ય ન્યાયમૂર્તિના કેસમાં મુખ્ય ન્યાયમૂર્તિ ચંદ્રચૂડની ભૂમિકા અંગેના તેમના વલણની ચર્ચા કરીશ. વાચકને એ જાણીને રસ પડશે કે "એમ્બિશન" (મહત્વાકાંક્ષા) શબ્દ "એમ્બિટ, કેનવાસ ફોર વોટ્સ" (મતો મેળવવા માટે પ્રયાસ કરવો) પરથી ઉતરી આવ્યો છે... શું ભગવતી, ન્યાયમૂર્તિએ તેમના એક અથવા વધુ સાથી ન્યાયમૂર્તિઓને એ બાબતે રાજી કરવા માટે મત મેળવવાનો પ્રયાસ કર્યો હતો કે તેઓ સિંઘ, મુખ્ય ન્યાયમૂર્તિના સોગંદનામાના જવાબમાં મુખ્ય ન્યાયમૂર્તિ ચંદ્રચૂડના સોગંદનામા પર અવિશ્વાસ કરે, તે જાણી શકાયું નથી: પરંતુ જો તેઓ તેમના એક અથવા વધુ સાથી ન્યાયમૂર્તિઓને તે સોગંદનામા પર અવિશ્વાસ કરવા માટે સમજાવવામાં સફળ થયા હોત, તો ચંદ્રચૂડ, મુખ્ય ન્યાયમૂર્તિએ રાજીનામું આપી દીધું હોત અને ભારતના આગામી મુખ્ય ન્યાયમૂર્તિ બનવાની ન્યાયમૂર્તિ ભગવતીની મહત્વાકાંક્ષા, તમામ સંભાવનાઓ મુજબ, પૂર્ણ થઈ ગઈ હોત. જોકે, ચંદ્રચૂડ, મુખ્ય ન્યાયમૂર્તિના ચારિત્ર્ય અને આચરણને કલંકિત કરવાનો તેમનો પ્રયાસ નિરર્થક સાબિત થયો કારણ કે તેમના ૪ સાથી ન્યાયમૂર્તિઓએ મુખ્ય ન્યાયમૂર્તિના

સોગંદનામાનો સ્વીકાર કર્યો અને તેના આધારે કાર્ય કર્યું તથા ઠેરવ્યું કે સિંઘ, મુખ્ય ન્યાયમૂર્તિની મદ્રાસ ખાતેની બદલી માન્ય હતી.""

૨૨૯. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, યોગ્યતા નક્કી કરવાનો પ્રશ્ન સંસદ પર છોડી દેવો એ ન્યાયમૂર્તિઓની મહત્વાકાંક્ષાઓને ઉત્તેજિત કરવા માટે જવાબદાર હતો, અને તે ન્યાયમૂર્તિઓને તેવા લોકો પ્રત્યે વફાદાર બનાવે તેવી સંભાવના હતી કે જેઓ તેમની મહત્વાકાંક્ષાઓ સંતોષી શકતા હતા. તેથી એ બાબત પર ભાર મૂકવામાં આવ્યો હતો કે, કલમ ૫(૧), કે જેણે અસ્પષ્ટતા ઊભી કરી હતી, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના પદ પર નિમણૂકની બાબતમાં, તે "ન્યાયતંત્રની સ્વતંત્રતા" ને જોખમમાં મૂકવા માટે દુરુપયોગ થવાની શક્યતાઓ ધરાવતી હતી, અને તેથી, તેને કાયદાના પુસ્તક પર રહેવા દેવાની મંજૂરી આપી શકાય નહીં, તે ખાતરીને ધ્યાને લીધા વિના પણ એટર્ની જનરલની, કે પ્રસ્તુત હેતુ માટે, "યોગ્ય" શબ્દનો અર્થ "... માનસિક અને શારીરિક યોગ્યતા..." હતો.

૨૩૦. એવી પણ દલીલ કરવામાં આવી હતી કે, સુપ્રિમ કોર્ટમાં ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક માટે નામોની ભલામણ કરતી વખતે, (હાઇકોર્ટોના) ન્યાયમૂર્તિઓના સંવર્ગમાં સંબંધિત ન્યાયમૂર્તિની વરિષ્ઠતાને, તેમની ક્ષમતા અને ગુણવત્તા સાથે જોડીને પ્રાથમિક વિચારણા તરીકે લેવાપાત્ર હતી. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, એનજેએસી એક્ટની કલમ ૫(૨) હેઠળના પ્રથમ પરંતુકમાં સમાવિષ્ટ વર્તમાન આદેશ, સુપ્રિમ કોર્ટમાં પ્રાદેશિક પ્રતિનિધિત્વની પરંપરાનો સ્પષ્ટપણે ભંગ કરતો હતો. સત્તાના વિતરણનું "સંઘીય સ્વરૂપ" પણ માન્યતા

પ્રાપ્ત "મૂળભૂત માળખાઓ" પૈકીનું એક હોવાથી, એવી રજૂઆત કરવામાં આવી હતી કે, પ્રાદેશિક પ્રતિનિધિત્વની અવગણના કરી શકાય નહીં.

૨૩૧. ઉપરોક્ત ઉપરાંત, કલમ ૫(૨) હેઠળના બીજા પરંતુક તરફ કોર્ટનું ધ્યાન દોરવામાં આવ્યું હતું, જે જો તેના કોઈપણ બે સભ્યો ઉમેદવારના નામાંકનનો વિરોધ કરે, તો એનજેએસીને તરફેણકારી ભલામણ કરતાં અટકાવે છે. એવી દલીલ કરવામાં આવી હતી કે, એનજેએસીના બે સભ્યોના હાથમાં વીટોની સત્તા સોંપવી, તે અનુચ્છેદ ૧૨૪બી માં વ્યક્ત કરાયેલી ભલામણ કરવાની સત્તાનું ઉલ્લંઘન કરશે. આ સંબંધમાં, એવી દલીલ કરવામાં આવી હતી કે, ઉપરોક્ત સ્થિતિ બે "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ"-સામાન્ય વ્યક્તિઓ (જો વિદ્વાન એટર્ની જનરલ દ્વારા રજૂ કરવામાં આવેલી દલીલ સ્વીકારવામાં આવે તો) ને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને સુપ્રિમ કોર્ટના બે સૌથી વરિષ્ઠ ન્યાયમૂર્તિઓની સર્વસંમત ભલામણને નિષ્ફળ બનાવવાનો અધિકાર આપશે. અને તે ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં ન્યાયતંત્રમાં નિહિત પ્રાધાન્યને પણ નકારી કાઢશે.

૨૩૨. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, બે સામાન્ય વ્યક્તિઓ દ્વારા અથવા વૈકલ્પિક રીતે કાયદા અને ન્યાય પ્રભારી કેન્દ્રીય મંત્રી સાથે મળીને એક સામાન્ય વ્યક્તિ દ્વારા ઉપયોગમાં લઈ શકાય તેવી વીટોની ઉપરોક્ત સત્તા, "ન્યાયતંત્રની સ્વતંત્રતા" માં ગંભીર દખલગીરી ઊભી કરશે. સૌથી મહત્વની બાબત એ છે કે, એવી દલીલ કરવામાં આવી હતી કે, ન તો વાદગ્રસ્ત બંધારણીય

સુધારામાં, કે ન તો એનજેએસી એક્ટની જોગવાઈઓમાં, એનજેએસીની બેઠકો યોજવા માટે કોઈ કોરમની જોગવાઈ કરવામાં આવી હતી. અને તેથી, વિદ્વાન એટર્ની જનરલ દ્વારા રજૂ કરવામાં આવેલી દલીલોથી તદ્દન વિપરીત, એનજેએસીના તમામ સભ્યોની ઉપસ્થિતિ વિના એનજેએસીની બેઠક યોજી શકાતી ન હતી. પોતાની ઉપરોક્ત દલીલના સમર્થનમાં, તેમણે ઉદાહરણ રૂપે ધ કોન્સ્ટીટ્યુશન (૧૨૨મો સુધારો) બિલ, ૨૦૧૪ પર આધાર રાખ્યો હતો (જે એ જ શાસક રાજકીય પક્ષ દ્વારા સંસદ સમક્ષ લાવવામાં આવ્યો હતો, જેણે ધ કોન્સ્ટીટ્યુશન (૧૨૧મો સુધારો) બિલ, ૨૦૧૪ રજૂ કરીને બંધારણમાં સુધારો કર્યો હતો). ઉપરોક્ત ખરડા હેઠળ જે ઉદ્દેશ્ય પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો તે, નવો અનુચ્છેદ ૨૭૯એ દાખલ કરવાનો હતો. નવા અનુચ્છેદ ૨૭૯એ દ્વારા ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ કાઉન્સિલની રચના કરવામાં આવી હતી. અનુચ્છેદ ૨૭૯એ નો પેટા-અનુચ્છેદ (૭) એવી પરિકલ્પના કરે છે કે, "...ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ કાઉન્સિલના કુલ સભ્યોની સંખ્યાના અડધા..." સભ્યો તેની બેઠકો માટે કોરમની રચના કરશે. અને વધુમાં એ કે, "...ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ કાઉન્સિલનો દરેક નિર્ણય બેઠકમાં, હાજર રહીને મતદાન કરતા સભ્યોના ભારિત મતોના ઓછામાં ઓછા ત્રણ-ચતુર્થાંશની બહુમતી દ્વારા લેવામાં આવશે...". વાદગ્રસ્ત ધ કોન્સ્ટીટ્યુશન (૯૯મો સુધારો) એક્ટના પ્રખ્યાપન તરફ દોરી ગયેલા ખરડા પછી આવેલા ખરડામાં ઉપરોક્ત માપદંડો નિર્ધારિત કર્યા હોવાથી, એવી રજૂઆત કરવામાં આવી હતી કે, એનજેએસીની કામગીરી માટે

કોરમનો અભાવ અને માન્ય નિર્ણય લેવા માટે જરૂરી સંખ્યાનું પ્રમાણ નક્કી કરવામાં થયેલો લોપ, જોગવાઈને જ દૂષિત કરે છે.

૨૩૩. અગાઉના ફકરામાં નોંધવામાં આવી છે તે મુજબ, અરજદારોના વિદ્વાન વકીલ દ્વારા રજૂ કરવામાં આવેલી દલીલ માટે કોઈ વિગતવાર તપાસની જરૂર નથી, કારણ કે પ્રવર્તમાન જાહેર કરાયેલી કાનૂની સ્થિતિ સ્પષ્ટ અને અસંદિગ્ધ છે. આ સંબંધમાં, એ નોંધી શકાય કે, જો કોઈ વૈધાનિક જોગવાઈ લઘુત્તમ કોરમ નિર્ધારિત કર્યા વિના વ્યક્તિઓના કોઈ મંડળમાં નિર્ણય લેવાની સત્તા નિહિત કરે છે, તો માન્ય બેઠક માત્ર ત્યારે જ યોજી શકાય જો તે મંડળના તમામ સભ્યોની બહુમતી નિર્ણય લેવાની પ્રક્રિયામાં વિચાર-વિમર્શ કરે. તેથી તે જ સમાનતાના આધારે, આવા મંડળ દ્વારા લેવામાં આવતા માન્ય નિર્ણય માટે તે મંડળના તમામ સભ્યોની સાદી બહુમતી દ્વારા નિર્ણય લેવો આવશ્યક બનશે. જો ઉપરોક્ત સિદ્ધાંતો એનજેએસીને લાગુ કરવામાં આવે, તો તેનું સ્વાભાવિક પરિણામ એ આવશે કે, એનજેએસીની માન્ય બેઠકમાં છ સભ્યોના એનજેએસીમાં ઓછામાં ઓછા ચાર સભ્યો ભાગ લેતા હોવા જોઈએ. તેવી જ રીતે, એનજેએસીનો માન્ય નિર્ણય (કોઈપણ નિર્ધારિત પૂર્વશરતના અભાવમાં), માત્ર સાદી બહુમતી દ્વારા જ લઈ શકાય છે, એટલે કે, એનજેએસીના ઓછામાં ઓછા ચાર સભ્યો દ્વારા (બંને તરફના ત્રણ-ત્રણ સભ્યો સાદી બહુમતી બનાવી શકશે નહીં). અમને સંતોષ છે કે, એનજેએસી એક્ટની જોગવાઈઓ કે જે એવો આદેશ આપે છે કે, એનજેએસી કોઈ વ્યક્તિની તરફેણમાં હાઇકોર્ટના અથવા સુપ્રિમ કોર્ટ, જો તેના કોઈપણ બે સભ્યો આવી ભલામણ સાથે સંમત ન થયા હોય, તો તેને ઉપર વ્યક્ત કરેલા

નિયમ/સિદ્ધાંતનું ઉલ્લંઘન કરતી ગણી શકાય નહીં. વાસ્તવમાં, એનજેએસી એક્ટ સ્પષ્ટપણે જોગવાઈ કરે છે કે, જો તેના કોઈપણ બે સભ્યો કોઈ ચોક્કસ દરખાસ્ત સાથે સંમત ન થાય, તો એનજેએસી ભલામણ કરશે નહીં. એનજેએસી એક્ટની કલમ ૫(૨) ના બીજા પરંતુક અને કલમ ૬(૬) ની ઉપરોક્ત શરતોને અસ્વીકાર્ય ગણવા અથવા માનવા માટે કાયદામાં કશું નથી. તેથી અરજદારોના વિદ્વાન વકીલ દ્વારા રજૂ કરવામાં આવેલી પ્રસ્તુત રજૂઆત નકારી કાઢવાપાત્ર છે, અને તે અનુસાર નકારી કાઢવામાં આવે છે.

૨૩૪. અમે એનજેએસી એક્ટની કલમ ૫ ના સંદર્ભમાં, અરજદારોના વિદ્વાન વકીલ દ્વારા રજૂ કરવામાં આવેલી અન્ય દલીલો પર પણ વિચારપૂર્વકની વિચારણા કરી છે. અમારો એવો મત છે કે, સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓની તેમજ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના પદની પસંદગી પ્રક્રિયાને અનિશ્ચિત અને અસ્પષ્ટ શબ્દોને આધીન રાખવી તે સંસદના કાર્યક્ષેત્રમાં ન હતું. એનજેએસી એક્ટની કલમ ૫ હેઠળ સુપ્રિમ કોર્ટના સૌથી વરિષ્ઠ ન્યાયમૂર્તિના સંદર્ભમાં "યોગ્ય" શબ્દના સ્પષ્ટ પરિમાણો વ્યક્ત કરવા અનિવાર્ય હતા. અમને સંતોષ છે કે, વરિષ્ઠતા યાદીમાં ઘણા નીચે રહેલા ઉમેદવારને પસંદ કરવા માટે "યોગ્ય" શબ્દને મનસ્વી રીતે અનુકૂળ બનાવી શકાય છે. અરજદારોના વિદ્વાન વકીલ દ્વારા આ બાબત પર્યાપ્ત રીતે દર્શાવવામાં આવી છે.

૨૩૫. વિદ્વાન એટર્ની જનરલ દ્વારા અપનાવવામાં આવેલું સ્પષ્ટ વલણ કે, કલમ ૫(૧) માં વ્યક્ત કરાયેલ "યોગ્ય" શબ્દ, એનજેએસી એક્ટના, સરકાર દ્વારા

માત્ર " ... માનસિક અને શારીરિક યોગ્યતા ... ", જેથી ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના પદની ગુરુતર જવાબદારીઓ નિભાવી શકાય, અને તેનાથી વિશેષ કશું નહીં, તેવો અર્થ અને સમાવેશ કરવા માટે સ્વીકારવામાં આવ્યો હતો. આવું નિવેદન ઉત્તરોત્તર સરકારોને અથવા આવનારી પેઢીઓને સદાય માટે બાંધી શકતું નથી અને બાંધતું પણ નથી. વર્તમાન ડહાપણ, ભવિષ્યની પેઢીઓને બાંધી શકે નહીં. અને, બરાબર આ જ કારણસર સામાવાળાઓ તત્કાલીન એટર્ની જનરલ દ્વારા થર્ડ જજિસ કેસની સુનાવણી કરતી બેંચ સમક્ષ કરવામાં આવેલા તે નિવેદન પરથી ફરી શક્યા કે યુનિયન ઓફ ઇન્ડિયા સેકન્ડ જજિસ કેસના ચુકાદાની સમીક્ષા કે પુનઃવિચારણા માંગતું નથી (એટલે કે, તેણે સેકન્ડ જજિસ કેસના નિર્ણયને બંધનકર્તા તરીકે ગણવાનું સ્વીકાર્યું હતું). અને છતાં, પ્રસ્તુત કેસની સુનાવણી દરમિયાન, યુનિયન ઓફ ઇન્ડિયાએ સેકન્ડ જજિસ કેસની પુનઃવિચારણા માંગી હતી.

૨૩૬. જ્યાં સુધી એનજેએસી એક્ટની કલમ ૫(૧) ના પડકારનો સંબંધ છે, અમે એટર્ની જનરલ દ્વારા અપનાવવામાં આવેલી સ્થિતિની પુષ્ટિ કરવા અને તેને સુસ્પષ્ટ કરવા માટે સંતુષ્ટ છીએ, એટલે કે, કલમ ૫(૧) માં વપરાયેલા "યોગ્ય" શબ્દનો અર્થ માત્ર " ... માનસિક અને શારીરિક યોગ્યતા ... " તરીકે જ વાંચવામાં આવશે. જો તેમ કરવામાં આવે, તો તે કાયદેસર અને બંધારણીય રહેશે. પરંતુ, જો અપનાવવામાં આવેલી સ્થિતિ અરજદારોના વિદ્વાન વકીલ દ્વારા સૂચવવામાં આવેલી રીતે "ન્યાયતંત્રની સ્વતંત્રતા" નો ભંગ કરતી હોય, તો તે કાયદાની દ્રષ્ટિએ પડકારવાપાત્ર બનશે.

૨૩૭. અમે હવે એનજેએસી એક્ટની કલમ ૫ ના સંદર્ભમાં બીજી રજૂઆતને સંબોધવાનો પ્રયાસ કરીશું. નિઃશંકપણે, એનજેએસી એક્ટની કલમ ૫(૨) હેઠળના પ્રથમ પરંતુકમાં "વરિષ્ઠતા" ની જોગવાઈ કરવી, તે એક પ્રશંસનીય ઉદ્દેશ્ય છે. અને જો વરિષ્ઠતાને "ક્ષમતા અને યોગ્યતા" સાથે પૂરક બનાવીને સાંકળવામાં આવે, તો સૌથી આદર્શ અભિગમ અપનાવવામાં આવ્યો હોવાનું જોઈ શકાય છે. પરંતુ જે કાગળ પર દેખાય છે, તે ક્યારેક વ્યવહારમાં સાચું ન પણ હોય. અનુભવ દર્શાવે છે કે, દરેક હાઇકોર્ટમાં ન્યાયમૂર્તિઓની નિમણૂક બેચમાં કરવામાં આવે છે, દરેક બેચમાં માત્ર બે કે ત્રણ નિમણૂક પામેલા હોઈ શકે છે, અથવા ક્યારેક દસ કે તેથી વધુ વ્યક્તિઓ પણ હોઈ શકે છે. એક હાઇકોર્ટમાં નિમણૂક પામેલા ન્યાયમૂર્તિઓનું જૂથ, બીજી હાઇકોર્ટમાં નિમણૂક પામેલા ન્યાયમૂર્તિઓના જૂથથી માત્ર થોડા દિવસો, અથવા માત્ર થોડા અઠવાડિયા અને ક્યારેક માત્ર થોડા મહિનાઓથી અલગ પડશે. ન્યાયમૂર્તિઓની અખિલ ભારતીય વરિષ્ઠતામાં, એક જ દિવસે એક હાઇકોર્ટમાં નિમણૂક પામેલી સંપૂર્ણ બેચને, માત્ર થોડા દિવસો કે અઠવાડિયા કે મહિનાઓ પછી બીજી હાઇકોર્ટમાં નિમણૂક પામેલા અન્ય ન્યાયમૂર્તિઓની ઉપર ક્રમિક ક્રમમાં (વરિષ્ઠતામાં) મૂકવામાં આવશે. પાછળથી નિમણૂક પામેલા ન્યાયમૂર્તિઓને વરિષ્ઠતામાં સામૂહિક રીતે અગાઉની બેચની નીચે મૂકવા પડશે. જો સુપ્રિમ કોર્ટમાં ન્યાયમૂર્તિઓની નિમણૂક વરિષ્ઠતાના આધારે (પ્રાથમિક વિચારણા તરીકે) કરવાની હોય, તો સુપ્રિમ કોર્ટમાં બઢતીની બાબતમાં અગાઉની બેચને પ્રાથમિકતા મળશે. અને કાલ્પનિક રીતે, જો તે બેચમાં દસ ન્યાયમૂર્તિઓ હોય (કોઈ ચોક્કસ હાઇકોર્ટમાં એકસાથે નિમણૂક

પામેલા), અને જો તે તમામે હાઇકોર્ટના ન્યાયમૂર્તિ તરીકે પોતાને સક્ષમ અને યોગ્ય સાબિત કર્યા હોય, તો જ્યારે સુપ્રિમ કોર્ટમાં ન્યાયમૂર્તિઓની ખાલી જગ્યાઓ ઊભી થાય ત્યારે તેઓને એક પછી એક નિમણૂક આપવી પડશે. તે પરિસ્થિતિમાં, સમગ્ર બેચ પૂર્ણ ન થાય ત્યાં સુધી, એ જ હાઇકોર્ટમાંથી ન્યાયમૂર્તિઓની સુપ્રિમ કોર્ટમાં નિમણૂક કરવામાં આવશે. એ જ હાઇકોર્ટના ન્યાયમૂર્તિઓ, ઉપરોક્ત પરિસ્થિતિમાં જ્યાં બેચમાં દસ ન્યાયમૂર્તિઓનો સમાવેશ થતો હતો, તેઓ સુપ્રિમ કોર્ટમાં ન્યાયમૂર્તિઓના કુલ પદો પૈકી ત્રીજા ભાગના પદો પર બિરાજમાન થશે. અરજદારોના વિદ્વાન વકીલ દ્વારા દર્શાવવામાં આવેલા કારણોસર તે સ્પષ્ટપણે અસ્વીકાર્ય હશે. અમને પણ આ સ્થિતિ કાયદાની દ્રષ્ટિએ અસ્વીકાર્ય જણાય છે.

૨૩૮. તેથી, જ્યાં સુધી એનજેએસી એક્ટની કલમ ૫(૨) નો સંબંધ છે, તેમાં કોઈ શંકા હોઈ શકે નહીં કે, વરિષ્ઠતાને પ્રાથમિક વિચારણા તરીકે ગણીને તેના આધારે ન્યાયમૂર્તિઓની વિચારણા કરવી, તે શક્ય તેટલી વધુ રાજ્યોની હાઇકોર્ટોમાંથી પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરવાની વર્તમાન પરંપરાને પ્રતિકૂળ અસર કરશે. પ્રચલિત પરંપરા પ્રાદેશિક પ્રતિનિધિત્વ જાળવી રાખવાની છે. ઉપર નોંધાયેલા કારણોસર, કલમ ૫(૨) હેઠળનો પ્રથમ પરંતુક રદબાતલ અને બાજુ પર રાખવાપાત્ર છે. કલમ ૬(૧) હાઇકોર્ટના ન્યાયમૂર્તિની હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક કરવા માટે લાગુ પડે છે. તે વરિષ્ઠતાનો એવો જ અર્થ દર્શાવે છે જેવો કલમ ૫(૨) હેઠળના પ્રથમ પરંતુકના સંદર્ભમાં ઉપર દર્શાવવામાં આવ્યો છે. બરાબર એ જ કારણોસર જે ઉપર નોંધવામાં આવ્યા છે, વરિષ્ઠતાના

આધારે (પ્રાથમિક વિચારણા તરીકે), વિવિધ રાજ્યોની દસ હાઇકોર્ટોમાં એક જ મૂળ હાઇકોર્ટમાંથી આવેલા મુખ્ય ન્યાયમૂર્તિઓ હોઈ શકે છે. તેથી એનજેએસી એક્ટની કલમ ૬(૧) પણ કલમ ૫(૨) હેઠળના પ્રથમ પરંતુક જેવા જ પરિણામને પાત્ર હતી.

૨૩૯. અમારો એવો પણ સુવિચારિત મત છે કે, એનજેએસીના કોઈપણ બે સભ્યોમાં નિહિત વીટોની સત્તા, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂકની (તેમજ તેમની બદલીની પણ) બાબતમાં ન્યાયતંત્રની પ્રાથમિકતાને પ્રતિકૂળ અસર કરશે. આ સંબંધમાં વિગતો ઉપર ભાગ ૮ માં પહેલેથી જ નોંધવામાં આવી છે. એનજેએસી એક્ટની કલમ ૬(૬) એ જ અર્થ ધરાવે છે જેવો કલમ ૫(૨) હેઠળના બીજા પરંતુકનો છે, અને તેથી એનજેએસી એક્ટની કલમ ૬(૬) પણ કલમ ૫(૨) જેવા જ પરિણામને પાત્ર રહેશે. ઉપર નોંધાયેલા કારણોસર, અમને સંતોષ છે કે, એનજેએસી એક્ટની કલમો ૫(૨) અને ૬(૬) "ન્યાયતંત્રની સ્વતંત્રતા" અને "સત્તાના પૃથક્કરણ" ના સંદર્ભમાં બંધારણના "મૂળભૂત માળખા" નો પણ ભંગ કરે છે. અમારા સુવિચારિત મત મુજબ, તેથી, કલમો ૫(૨) અને ૬(૬) પણ બંધારણની સત્તા બહાર (અલ્ટ્રા વાયર્સ) જાહેર કરવાને પાત્ર છે.

૨૪૦. અરજદારોના વિદ્વાન વકીલ દ્વારા એનજેએસી એક્ટની કલમ ૭ સામે પણ પડકાર ઉઠાવવામાં આવ્યો હતો. એવો દાવો કરવામાં આવ્યો હતો કે, એનજેએસી દ્વારા કરવામાં આવેલી ભલામણ પર, રાષ્ટ્રપતિ અનુચ્છેદ ૨૧૭(૧)

હેઠળ ભલામણ કરાયેલ વ્યક્તિની હાઇકોર્ટના ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક કરવા માટે બંધાયેલા હતા. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, ઉપરોક્ત સ્થિતિ અનુચ્છેદ ૧૨૪(૨) હેઠળ વિચારવામાં આવેલી સ્થિતિને સમાન હતી, જે એવી પણ જોગવાઈ કરે છે કે, એનજેએસી દ્વારા ભલામણ કરાયેલ ઉમેદવારની રાષ્ટ્રપતિ દ્વારા સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક કરવામાં આવશે. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, ન તો અનુચ્છેદ ૧૨૪(૨) કે ન તો અનુચ્છેદ ૨૧૭(૧) એવી પરિકલ્પના કરે છે કે, રાષ્ટ્રપતિ એનજેએસી દ્વારા કરવામાં આવેલી ભલામણ પર પુનઃવિચારણા કરવા માટે એનજેએસીને જણાવી શકે, જેવી જોગવાઈ એનજેએસી એક્ટની કલમ ૭ ના પ્રથમ પરંતુક હેઠળ કરવામાં આવી છે. તે મુજબ અરજદારોના વિદ્વાન વકીલની એવી દલીલ હતી કે, કલમ ૭ નો પ્રથમ પરંતુક પુનઃવિચારણાની જોગવાઈ કરીને અનુચ્છેદો ૧૨૪(૨) અને ૨૧૭(૧) ની જોગવાઈઓની સત્તા બહાર (અલ્ટ્રા વાયર્સ) હતો, અને તે ઉપર સંદર્ભિત જોગવાઈઓના દાયરા અને વ્યાપની બહાર હતો.

૨૪૧. અગાઉના ફકરામાં અરજદારોના વિદ્વાન વકીલ દ્વારા રજૂ કરવામાં આવેલી રજૂઆત પર વિચારણા કર્યા પછી, અમારા માટે એ સ્વીકારવું શક્ય નથી કે એનજેએસી એક્ટની કલમ ૭, એવી જોગવાઈ કરીને કે રાષ્ટ્રપતિ એનજેએસી દ્વારા કરવામાં આવેલી ભલામણ પર પુનઃવિચારણા કરવા માટે તેને જણાવી શકે છે, તે કોઈપણ રીતે અનુચ્છેદો ૧૨૪(૨) અને ૨૧૭(૧) નું ઉલ્લંઘન કરશે (જે આદેશ આપે છે કે, ન્યાયમૂર્તિઓની નિમણૂક એનજેએસીની ભલામણ પર રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવશે). એવો નિષ્કર્ષ કાઢવો અયોગ્ય રહેશે કે,

એનજેએસીને તેની દરખાસ્ત પર પુનઃવિચારણા કરવા જણાવવાની રાષ્ટ્રપતિની કાર્યવાહી, એનજેએસી દ્વારા કરવામાં આવેલી દરખાસ્તને નકારી કાઢવા સમાન હતી. કારણ કે, જો એનજેએસી અગાઉ કરવામાં આવેલી દરખાસ્તનો પુનરોચ્ચાર કરે, તો રાષ્ટ્રપતિ કલમ ૭ ની શરતો મુજબ પણ તેને સુસંગત રહીને કાર્ય કરવા બંધાયેલા હતા (જેમ કે એનજેએસી એક્ટની કલમ ૭ હેઠળના બીજા પરંતુક પરથી સ્પષ્ટ થાય છે). અમારા સુવિચારિત મત મુજબ, અરજદારો દ્વારા રજૂ કરવામાં આવેલી પ્રસ્તુત રજૂઆત નકારી કાઢવાને પાત્ર છે, અને તે અનુસાર નકારી કાઢવામાં આવે છે.

૨૪૨. અરજદારોના વિદ્વાન વકીલે એનજેએસી એક્ટની કલમ ૮ ની માન્યતાને પણ પડકારી હતી, જે ભારત સરકારના ન્યાય વિભાગના સચિવને, એનજેએસીના કન્વીનર હોવાની જોગવાઈ કરે છે. એવી દલીલ કરવામાં આવી હતી કે, એનજેએસીના સંદર્ભમાં કન્વીનરના કાર્યમાં અન્ય બાબતોની સાથે એનજેએસીની બેઠકો માટેનો એજન્ડા તૈયાર કરવાની જવાબદારી સમાવિષ્ટ થશે, એટલે કે, આગામી બેઠકમાં વિચારણા માટે હાથ પર લેવાના હોય તેવા વ્યક્તિઓના નામો નક્કી કરવા. આમાં આગામી બેઠકમાં વિચારણા માટે લેવામાંથી નામોને અવગણવાના નિર્ણયનો પણ સમાવેશ થશે. તે પોતાના ઉપરી અધિકારીના કહેવાથી વિચારણામાંથી નામોનો સમાવેશ કરી શકે છે અથવા બાકાત રાખી શકે છે. એનજેએસી એક્ટ હેઠળ વિચાર્યા મુજબ વિવિધ વર્ગોમાંથી ઉપલબ્ધ કરાયેલ ડેટાનું સંકલન કરવાની અને તે ઉપરાંત, કાયદા અને ન્યાયના પ્રભારી કેન્દ્રીય મંત્રી તથા ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા માંગવામાં આવી શકે

તેવા ડેટાનું સંકલન કરવાની જવાબદારી પણ કન્વીનરની રહેશે. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, આવી ગુરુતર જવાબદારી માત્ર કારોબારી પર છોડી શકાય નહીં, કારણ કે કન્વીનર દ્વારા તેના ઉપરી અધિકારી - કાયદા અને ન્યાયના પ્રભારી કેન્દ્રીય મંત્રીની ઇચ્છાને આધીન રહીને એનજેએસી સમક્ષ પસંદગીપૂર્વકની સામગ્રી મૂકી શકાય છે, જેમાં કારોબારી દ્વારા અયોગ્ય ગણવામાં આવેલા ઉમેદવારના સંદર્ભમાં સાનુકૂળ સામગ્રીને બાકાત રાખીને, અને કારોબારીની કૃપા ધરાવતા ઉમેદવારના સંદર્ભમાં પ્રતિકૂળ સામગ્રીને બાકાત રાખીને સામગ્રી રજૂ કરી શકાય છે.

૨૪૩. વધુમાં એવી રજૂઆત કરવામાં આવી હતી કે, બે કારણોસર એનજેએસીની કાર્યવાહીમાંથી તમામ કારોબારી સહભાગિતાને બાકાત રાખવી અનિવાર્ય હતી. પ્રથમ તો એ કે, ઉચ્ચ ન્યાયતંત્ર સમક્ષ પેન્ડિંગ બાબતોમાં કારોબારી સૌથી મોટો વ્યક્તિગત મુકદ્દમાબાજ હતો, અને તેથી, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂકની પ્રક્રિયામાં તેની કોઈ વિવેકાધીન ભૂમિકા હોઈ શકે નહીં (અગાઉના ફકરામાં દર્શાવેલી રીતે). અને બીજું એ કે, તે "સત્તાના પૃથક્કરણ" અને "ન્યાયતંત્રની સ્વતંત્રતા" ની વિભાવનાઓને નબળી પાડશે, જેના હેઠળ ન્યાયતંત્રને કારોબારી અથવા ધારાસભા તરફથી કોઈપણ સંભવિત દખલગીરીથી સુરક્ષિત રાખવું પડે છે.

૨૪૪. અગાઉના બે ફકરાઓમાં ચર્ચવામાં આવેલી ઉપરોક્ત બે રજૂઆતો પર અમે અમારી વિચારપૂર્વકની વિચારણા કરી છે. અમે અગાઉ પહેલેથી જ એવો

નિષ્કર્ષ કાઢ્યો છે કે, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં, અનુચ્છેદ ૧૨૪એ(૧) હેઠળ વિચાર્યા મુજબ એનજેએસીના સભ્ય તરીકે કાયદા અને ન્યાયના પ્રભારી કેન્દ્રીય મંત્રીની સહભાગિતા, "સત્તાના પૃથક્કરણ" ની વિભાવનાઓનો ભંગ કરશે અને "ન્યાયતંત્રની સ્વતંત્રતા", જે બંને નિર્વિવાદપણે ભારતના બંધારણના "મૂળભૂત માળખા" ના ઘટકો છે. બરાબર એ જ કારણોસર, અમારો એવો મત છે કે, એનજેએસી એક્ટની કલમ ૮ જે એવી જોગવાઈ કરે છે કે, ન્યાય વિભાગમાં ભારત સરકારના સચિવ એનજેએસીના કન્વીનર રહેશે, તે કાયદાની દ્રષ્ટિએ ટકી શકે તેમ નથી. એનજેએસી જેવી સંસ્થામાં, વહીવટી કામગીરી કારોબારી કે ધારાકીય નિયંત્રણ હેઠળ હોઈ શકે નહીં. એકમાત્ર બાકી રહેલો વિકલ્પ, આવી સંસ્થાનું વહીવટી નિયંત્રણ ન્યાયતંત્રમાં નિહિત કરવાનો છે. ઉપરોક્ત કારણોસર, એનજેએસી એક્ટની કલમ ૮ એ જ રીતે કાયદાની દ્રષ્ટિએ ટકી શકે તેવી રહેશે નહીં.

૨૪૫. કાનૂની પરિપ્રેક્ષ્યથી તપાસતાં, અમારા માટે એનજેએસી એક્ટની વ્યક્તિગત જોગવાઈઓની તપાસ કરવી બિનજરૂરી હતી. એકવાર અનુચ્છેદ ૧૨૪એ(૧) ની બંધારણીય માન્યતા ટકી શકે તેવી ન હોવાનું ઠેરવવામાં આવે, એટલે વાદગ્રસ્ત બંધારણીય સુધારો, તેમજ, એનજેએસી એક્ટ, શૂન્યવત બની જશે. કેટલાક મુદ્દાઓ સાથે કામ લેવાની આવશ્યકતા એ વિચારણાથી પ્રેરિત હતી કે, વ્યાપક માપદંડો વ્યક્ત થવા જોઈએ.

V. વાદગ્રસ્ત બંધારણીય સુધારાને રદબાતલ ઠેરવવાની અસર:

૨૪૬. જો વાદગ્રસ્ત બંધારણીય સુધારાને બંધારણના "મૂળભૂત માળખા" નું ઉલ્લંઘન કરનાર હોવાના કારણે રદ કરવામાં આવે, તો શું બંધારણની સુધારેલી જોગવાઈઓ પુનર્જીવિત થશે? એ ઉલ્લેખ કરવો સુસંગત રહેશે કે, અરજદારોના વિદ્વાન વકીલ દ્વારા વર્તમાન મુદ્દા પર ધ્યાન દોરવામાં આવ્યું ન હતું, સંભવતઃ એ ધારણા પર કે, જો વર્તમાન વિવાદની વિચારણા પર, આ કોર્ટ ધ કોન્સ્ટીટ્યુશન (૯૯મો સુધારો) એક્ટને રદબાતલ ઠેરવે, તો અનુચ્છેદ ૧૨૪, ૧૨૭, ૧૨૮, ૨૧૭, ૨૨૨, ૨૨૪, ૨૨૪એ અને ૨૩૧, વાદગ્રસ્ત સુધારા પહેલાં જે રીતે અસ્તિત્વમાં હતા તે રીતે, પુનર્જીવિત થઈ જશે. અને આવા પુનર્જીવન પર, સેકન્ડ અને થર્ડ જજીસ કેસોમાં આપવામાં આવેલા ચુકાદાઓ, ઉચ્ચ ન્યાયતંત્રના ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂકો, તેમજ, બદલીનું ફરીથી નિયમન કરશે.

૨૪૭. ઉપરોક્ત ધારણા સામે પ્રતિવાદીઓ વતી સોલિસિટર જનરલ દ્વારા ગંભીર વાંધો ઉઠાવવામાં આવ્યો હતો, જેમણે એવી દલીલ કરી હતી કે, વાદગ્રસ્ત બંધારણીય સુધારાને રદબાતલ ઠેરવવાથી સંસદ દ્વારા સુધારવામાં આવેલી જોગવાઈઓ પુનર્જીવિત થશે નહીં. ઉપરોક્ત રજૂઆતને આગળ ધપાવવા માટે, અનુચ્છેદ ૩૬૭ પર આધાર રાખવામાં આવ્યો હતો, જે એવી પરિકલ્પના કરે છે કે, બંધારણના અનુચ્છેદોના અર્થઘટન માટે ધ જનરલ ક્લોઝીસ એક્ટ, ૧૮૯૭ ની જોગવાઈઓ એ જ રીતે લાગુ કરવાની રહેશે, જે રીતે સામાન્ય કાયદાના અર્થઘટન માટે ધ જનરલ ક્લોઝીસ એક્ટની જોગવાઈઓ લાગુ પડે છે. જ્યાં સુધી વર્તમાન રજૂઆતનો સંબંધ છે, ત્યાં સુધી અમને એ બાબતની પુષ્ટિ કરવામાં કોઈ ખચકાટ

નથી કે, સંદર્ભમાં અન્યથા જરૂરી ન હોય તો, બંધારણની જોગવાઈઓની યોગ્ય અને અસરકારક સમજ માટે ધ જનરલ ક્લોઝીસ એક્ટની જોગવાઈઓ લાગુ કરી શકાય છે.

૨૪૮. અગાઉના ફકરામાં નોંધાયેલી રજૂઆત પર આધારિત રહીને, સોલિસિટર જનરલે ધ જનરલ ક્લોઝીસ એક્ટની કલમ ૬, ૭ અને ૮ પર આધાર રાખ્યો હતો, જે નીચે ટાંકવામાં આવી છે:

"૬. રદ કરવાની અસર.- જ્યાં આ અધિનિયમ, અથવા આ અધિનિયમના પ્રારંભ પછી ઘડવામાં આવેલ કોઈપણ કેન્દ્રીય અધિનિયમ કે વિનિયમ, અત્યાર સુધી કરવામાં આવેલ અથવા હવે પછી કરવામાં આવનાર કોઈપણ કાયદાને રદ કરે, ત્યારે, જુદો આશય જણાતો ન હોય તો, તે રદ થવાથી-

(એ) જે સમયે રદબાતલ અમલમાં આવે તે સમયે અમલમાં ન હોય અથવા અસ્તિત્વમાં ન હોય તેવી કોઈપણ બાબત પુનર્જીવિત થશે નહીં; અથવા

(બી) તે રીતે રદ કરાયેલા કોઈપણ કાયદાના અગાઉના અમલને અથવા તેના હેઠળ વિધિવત રીતે કરવામાં આવેલ કે ભોગવવામાં આવેલ કોઈપણ બાબતને અસર થશે નહીં; અથવા

(સી) તે રીતે રદ કરાયેલા કોઈપણ કાયદા હેઠળ પ્રાપ્ત થયેલા, મળેલા કે ઉપસ્થિત થયેલા કોઈપણ અધિકાર, વિશેષાધિકાર, જવાબદારી કે

દાયિત્વને અસર થશે નહીં; અથવા

(ડી) તે રીતે રદ કરાયેલા કોઈપણ કાયદા વિરુદ્ધ કરવામાં આવેલા કોઈપણ ગુનાના સંબંધમાં થયેલી કોઈપણ પેનલ્ટી, જપ્તી કે સજાને અસર થશે નહીં; અથવા

(ઈ) ઉપરોક્ત મુજબના આવા કોઈપણ અધિકાર, વિશેષાધિકાર, જવાબદારી, દાયિત્વ, પેનલ્ટી, જપ્તી કે સજાના સંબંધમાં કોઈપણ તપાસ, કાનૂની કાર્યવાહી કે ઉપાયને અસર થશે નહીં; અને આવી કોઈપણ તપાસ, કાનૂની કાર્યવાહી કે ઉપાય શરૂ કરી શકાશે, ચાલુ રાખી શકાશે અથવા અમલમાં મૂકી શકાશે, અને આવી કોઈપણ પેનલ્ટી, જપ્તી કે સજા લાદી શકાશે જાણે કે રદ કરનાર અધિનિયમ કે વિનિયમ પસાર કરવામાં આવ્યો ન હતો.

૭. રદ કરાયેલા કાયદાઓનું પુનર્જીવન.–(૧) આ અધિનિયમના પ્રારંભ પછી કરવામાં આવેલા કોઈપણ કેન્દ્રીય અધિનિયમ કે વિનિયમમાં, સંપૂર્ણપણે અથવા અંશતઃ રદ કરાયેલા કોઈપણ કાયદાને, સંપૂર્ણપણે અથવા અંશતઃ પુનર્જીવિત કરવાના હેતુ માટે, તે હેતુ સ્પષ્ટપણે દર્શાવવો આવશ્યક રહેશે.

(૨) આ કલમ ૩ જાન્યુઆરી, ૧૮૬૮ પછી કરવામાં આવેલા તમામ કેન્દ્રીય અધિનિયમોને, અને ૧૪ જાન્યુઆરી, ૧૮૮૭ ના રોજ કે તે પછી કરવામાં આવેલા તમામ વિનિયમોને પણ લાગુ પડે છે.

૮. રદ કરાયેલા કાયદાઓના સંદર્ભોનું અર્થઘટન.–(૧) જ્યાં આ અધિનિયમ, અથવા આ અધિનિયમના પ્રારંભ પછી કરવામાં આવેલ કોઈપણ કેન્દ્રીય અધિનિયમ કે વિનિયમ, અગાઉના કાયદાની કોઈપણ જોગવાઈને ફેરફાર સાથે કે ફેરફાર વિના રદ કરે છે અને ફરીથી ઘડે છે, ત્યારે અન્ય કોઈપણ કાયદામાં અથવા કોઈપણ દસ્તાવેજમાં તે રીતે રદ કરાયેલી જોગવાઈના સંદર્ભોને, જ્યાં સુધી કોઈ જુદો આશય જણાતો ન હોય ત્યાં સુધી, તે રીતે પુનઃ ઘડવામાં આવેલી જોગવાઈના સંદર્ભો તરીકે અર્થઘટન કરવામાં આવશે.

(૨) જ્યાં ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ પહેલાં, યુનાઈટેડ કિંગડમની સંસદના કોઈપણ અધિનિયમે અગાઉના કાયદાની કોઈપણ જોગવાઈને ફેરફાર સાથે કે ફેરફાર વિના રદ કરી અને પુનઃ ઘડી હોય, ત્યાં કોઈપણ કેન્દ્રીય અધિનિયમમાં અથવા કોઈપણ વિનિયમ કે દસ્તાવેજમાં તે રીતે રદ કરાયેલી જોગવાઈના સંદર્ભને, જુદો આશય જણાતો ન હોય તો, તે રીતે પુનઃ ઘડવામાં આવેલી જોગવાઈના સંદર્ભ તરીકે અર્થઘટન કરવામાં આવશે.''

૨૪૯. કલમ ૬ પર આધાર રાખીને, એવી રજૂઆત કરવામાં આવી હતી કે, વાદગ્રસ્ત બંધારણીય સુધારાને રદબાતલ ઠેરવવાની બાબતને રદ કરનારી જોગવાઈને રદ કરવા સમાન ગણવી જોઈએ. અને તે રીતે, અરજદારોના દાવાનો સ્વીકાર કરવાથી સુધારા પહેલાં અસ્તિત્વમાં હતી તેવી જોગવાઈઓનું આપમેળે

પુનર્જીવન થશે નહીં. કલમ ૭ પર આધાર રાખીને એવો દાવો કરવામાં આવ્યો હતો કે, જો કોઈ રદ કરાયેલી જોગવાઈને પુનર્જીવિત કરવી હોય, તો ધારાસભા માટે આવો આશય વ્યક્ત કરવો અનિવાર્ય હતો, અને જ્યાં સુધી સ્પષ્ટપણે દર્શાવવામાં ન આવે ત્યાં સુધી, સંપૂર્ણપણે કે અંશતઃ રદ કરાયેલ કાયદો પુનર્જીવિત ગણાશે નહીં. છેવટે ધ જનરલ ક્લોઝીસ એક્ટની કલમ ૮ પર આધાર રાખીને, એવી રજૂઆત કરવામાં આવી હતી કે, જ્યારે કોઈ પ્રવર્તમાન જોગવાઈ રદ કરવામાં આવી હોય અને તેના સ્થાને બીજી જોગવાઈ પુનઃ ઘડવામાં આવી હોય, ત્યારે રદ કરાયેલા કાયદાનો હવે પછી કોઈ સંદર્ભ આપી શકાતો નથી, અને તમામ હેતુઓ માટે, માત્ર પુનઃ ઘડાયેલી જોગવાઈનો જ સંદર્ભ ફરજિયાતપણે આપવો જોઈએ. આધારભૂત સિદ્ધાંતો પર આધાર રાખીને કલમ ૬, ૭ અને ૮ ના, એવી રજૂઆત કરવામાં આવી હતી કે, જો અરજદારો દ્વારા કરવામાં આવેલી અરજો સ્વીકારવામાં આવે, અને વાદગ્રસ્ત બંધારણીય સુધારાને રદ કરવામાં આવે તોપણ, તેના પરિણામે બિનસુધારેલી જોગવાઈઓનું પુનર્જીવન થશે નહીં.

૨૫૦. વિદ્વાન સોલિસિટર જનરલે તેમના દ્વારા કાઢવામાં આવેલા નિષ્કર્ષના સમર્થન માટે આ કોર્ટ દ્વારા આપવામાં આવેલા સંખ્યાબંધ ચુકાદાઓનો પણ સંદર્ભ આપ્યો હતો. તેથી, અમે પ્રથમ તબક્કે, જેના પર આધાર રાખવામાં આવ્યો છે તે ચુકાદાઓની તપાસ કરીશું:

(૧) પ્રથમ તબક્કે અમીર-ઉન-નિસા બેગમ કેસ૭૦ પર આધાર રાખવામાં આવ્યો હતો. તેના ફકરા ૨૪ માં નોંધાયેલા અવલોકનો તરફ અમારું ખાસ ધ્યાન

દોરવામાં આવ્યું હતું, જે નીચે પુનઃ રજૂ કરવામાં આવેલ છે:

> "૨૪. પરિણામ એ જ આવશે ભલે આપણે એ આધાર પર આગળ વધીએ કે નિઝામ દ્વારા બહાર પાડવામાં આવેલા વિવિધ 'ફરમાનો' સંસદના ખાનગી અધિનિયમોની સમાનતા પર અમુક અંશે ખાનગી અધિકારો નક્કી કરનારા કાયદાકીય અધિનિયમોના સ્વરૂપના હતા. આપણે માની શકીએ છીએ કે ૨૬-૬-૧૯૪૭ ના 'ફરમાન' ને ૨૪-૨-૧૯૪૯ ના 'ફરમાન' દ્વારા રદ કરવામાં આવ્યું હતું, અને તે પછીના 'ફરમાન' ને બદલામાં ૭-૯-૧૯૪૯ ના ફરમાન દ્વારા રદ કરવામાં આવ્યું હતું. ઇંગ્લિશ કોમન લો હેઠળ, જ્યારે કોઈ રદ કરનાર કાયદાને અન્ય કાયદા દ્વારા રદ કરવામાં આવતો હતો, ત્યારે બીજા અધિનિયમનું રદ થવું અગાઉના અધિનિયમને 'એબ ઇનિશિયો' પુનર્જીવિત કરતું હતું. પરંતુ આ નિયમ ૧૮૫૦ થી પસાર થયેલા રદ કરનારા અધિનિયમોને લાગુ પડતો નથી અને હવે જો અગાઉના અધિનિયમને રદ કરનાર અધિનિયમ પોતે જ રદ થાય છે, તો છેલ્લું રદ થવું એ અગાઉ રદ કરાયેલા અધિનિયમને ત્યાં સુધી પુનર્જીવિત કરતું નથી જ્યાં સુધી તેને પુનર્જીવિત કરતા શબ્દો ઉમેરવામાં ન આવ્યા હોય: જુઓ મેક્સવેલ્સ ઇન્ટરપ્રિટેશન ઓફ સ્ટેચ્યુટ્સ, પૃષ્ઠ ૪૦૨ (૧૦મી આવૃત્તિ). ખરેખર એવું કહી શકાય કે વર્તમાન નિયમ એ ધ ઇન્ટરપ્રિટેશન એક્ટ ઓફ ૧૮૮૯ દ્વારા દાખલ કરવામાં આવેલી વૈધાનિક જોગવાઈઓનું પરિણામ છે અને કારણ કે આપણે કોઈપણ અંગ્રેજી કાયદાની જોગવાઈઓથી બંધાયેલા નથી, જો આપણને વાજબી અને યોગ્ય જણાય

તો આપણે હજુ પણ ઇંગ્લિશ કોમન લો નિયમ લાગુ કરી શકીએ છીએ. પરંતુ કોમન લો સિદ્ધાંત મુજબ પણ, રદ કરનાર કાયદાનું રદ થવું મૂળ કાયદાને પુનર્જીવિત કરશે નહીં જો બીજો રદ કરનાર કાયદો તેનાથી વિપરીત આશય દર્શાવતો હોય .... "

આધાર રાખવામાં આવેલા ચુકાદામાં નોંધાયેલા તારણો પર અમારો વિચારપૂર્વકનો વિચાર કર્યા પછી, અમને સંતોષ થાય છે કે, તે પ્રતિવાદીઓના કેસને સમર્થન આપતો નથી, કારણ કે આધાર રાખવામાં આવેલા ચુકાદામાં, સ્પષ્ટપણે એવો નિષ્કર્ષ કાઢવામાં આવ્યો હતો કે, ઇંગ્લિશ કોમન લો હેઠળ જ્યારે રદ કરનાર કાયદાને અન્ય કાયદા દ્વારા રદ કરવામાં આવતો હતો, ત્યારે બીજા કાયદાનું રદ થવું અગાઉના કાયદાને "એબ ઇનિશિયો" પુનર્જીવિત કરતું હતું. બાબતના ઉપરોક્ત પરિપ્રેક્ષ્યમાં, માત્ર ઇંગ્લિશ કોમન લો પર આધારિત રહીને, વાદગ્રસ્ત બંધારણીય સુધારાને રદ કરવાથી, બિનસુધારેલી જોગવાઈ પુનર્જીવિત થશે. એ બાબત પણ ધ્યાને લેવાની જરૂર છે કે, જે ચુકાદા પર આધાર રાખવામાં આવ્યો છે તેમાં વ્યક્ત થયેલી તેનાથી વિપરીત આખરી સ્થિતિ, ઇંગ્લેન્ડમાં કરવામાં આવેલા ત્યાર પછીના કાયદાકીય અધિનિયમનના પરિણામે ઊભી થઈ હતી, જે ભારતને લાગુ પડતી નથી. ઉપરોક્ત ત્યાર પછીના સુધારાઓને ધ્યાને લીધા પછી, એવો નિષ્કર્ષ કાઢવામાં આવ્યો હતો કે, રદ કરનાર કાયદાનું રદ થવું એ મૂળ કાયદાને પુનર્જીવિત કરશે નહીં, સિવાય કે "... જો બીજો રદ કરનાર કાયદો તેનાથી વિપરીત આશય દર્શાવતો હોય .... " બીજા શબ્દોમાં કહીએ તો, તેનો ગર્ભિતાર્થ એવો થશે કે, રદ કરનાર કાયદામાં તેનાથી

વિંપરીત આશય વ્યક્ત કરવામા આવ્યો ન હોત તો, મૂળ અધિનિયમ પુનર્જીવિત થઈ ગયો હોત. જોકે એ બાબત ધ્યાનમાં રાખવી જરૂરી છે કે, ઉપરોક્ત ચુકાદો એવી સ્થિતિ સાથે સંબંધિત ન હતો જ્યાં ધારાસભા દ્વારા ઘડવામાં આવેલી જોગવાઈને કોર્ટના હુકમ દ્વારા રદ કરવામાં આવી હોય.

(૨) ત્યારબાદ ફર્મ એ.ટી.બી. મેહતાબ મજીદ એન્ડ કંપની કેસ૭૧ પર આધાર રાખવામાં આવ્યો હતો, અને વિશેષ કરીને, તેના ફકરા ૨૦ માં કાઢવામાં આવેલા તારણો પર. ઉપરોક્ત ચુકાદાના અવલોકનથી સ્પષ્ટ થશે કે, આ કોર્ટે ઇંગ્લિશ કોમન લો કે ધ જનરલ ક્લોઝીસ એક્ટની જોગવાઈઓ પર આધાર રાખ્યા વિના પોતાના તારણો નોંધ્યા હતા, જે અમારી સમક્ષ પ્રતિવાદીઓ દ્વારા રજૂ કરવામાં આવેલી દલીલોનો પાયો હતા. તેથી અમને સંતોષ થાય છે કે, જ્યાં સુધી વર્તમાન વિવાદનો સંબંધ છે, ત્યાં સુધી એક યા બીજી રીતે કોઈ નિષ્કર્ષ પર પહોંચવા માટે પ્રસ્તુત ચુકાદામાં કાઢવામાં આવેલા તારણો લાગુ પડશે નહીં.

(૩) ત્યારબાદ બી.એન. તિવારી કેસ૭૨ નો સંદર્ભ આપવામાં આવ્યો હતો, અને નીચેના અવલોકનો તરફ અમારું ધ્યાન દોરવામાં આવ્યું હતું:

> "૬. અમે પ્રથમ એ પ્રશ્ન પર વિચાર કરીશું કે શું ૧૯૫૨ નો કેરી ફોરવર્ડ નિયમ હજુ પણ અસ્તિત્વમાં છે. એ સાચું છે કે દેવદાસન કેસ, એ.આઇ.આર. ૧૯૬૪ એસસી ૧૭૯ માં, આ કોર્ટનો આખરી હુકમ આ મુજબ હતો: "પરિણામે અરજ અંશતઃ સફળ થાય છે અને ૧૯૫૫ માં સુધારવામાં આવેલ કેરી ફોરવર્ડ નિયમ અમાન્ય જાહેર કરવામાં આવે છે."

જોકે તેનો અર્થ એવો થતો નથી કે આ કોર્ટે ઠેરવેલ કે ૧૯૫૨ ના નિયમનું અસ્તિત્વ માનવું જ જોઈએ કારણ કે આ કોર્ટે કહ્યું હતું કે ૧૯૫૫ માં સુધારેલ કેરી ફોરવર્ડ નિયમ અમાન્ય જાહેર કરવામાં આવ્યો હતો. ૧૯૫૨ ના કેરી ફોરવર્ડ નિયમને ૧૯૫૫ ના કેરી ફોરવર્ડ નિયમ દ્વારા બદલવામાં આવ્યો હતો. આવા બદલાવ પર ૧૯૫૨ ના કેરી ફોરવર્ડ નિયમનું સ્પષ્ટપણે અસ્તિત્વ સમાપ્ત થઈ ગયું હતું કારણ કે તેનું સ્થાન ૧૯૫૫ ના કેરી ફોરવર્ડ નિયમે લીધું હતું. આમ ૧૯૫૫ માં નવો કેરી ફોરવર્ડ નિયમ પ્રખ્યાપિત કરીને, ભારત સરકારે પોતે જ ૧૯૫૨ ના કેરી ફોરવર્ડ નિયમને રદ કર્યો હતો. તેથી જ્યારે આ કોર્ટે ૧૯૫૫ માં સુધારેલા કેરી ફોરવર્ડ નિયમને રદબાતલ ઠેરવ્યો, ત્યારે તેનો અર્થ એવો નહોતો કે ૧૯૫૨ નો કેરી ફોરવર્ડ નિયમ જે અગાઉથી જ અસ્તિત્વમાં ન હતો, કારણ કે ભારત સરકારે પોતે તેને રદ કર્યો હતો અને તેના સ્થાને ૧૯૫૫ માં સુધારેલો નિયમ મૂક્યો હતો, તે પુનર્જીવિત થઈ શકે. તેથી અમારો એવો મત છે કે આ કોર્ટના દેવદાસન કેસ એ.આઇ.આર. ૧૯૬૪ એસસી ૧૭૯ ના ચુકાદા પછી બિલકુલ કોઈ કેરી ફોરવર્ડ નિયમ રહ્યો નથી, કારણ કે ૧૯૫૫ ના કેરી ફોરવર્ડ નિયમને આ કોર્ટ દ્વારા રદબાતલ ઠેરવવામાં આવ્યો હતો જ્યારે ૧૯૫૨ નો કેરી ફોરવર્ડ નિયમ ત્યારે અસ્તિત્વવિહીન થઈ ગયો હતો જ્યારે ભારત સરકારે તેના સ્થાને ૧૯૫૫ ના કેરી ફોરવર્ડ નિયમની બદલી કરી હતી. પરંતુ એ સ્પષ્ટ કરવું આવશ્યક છે કે દેવદાસન કેસ એ.આઇ.આર. માં આ કોર્ટનો ચુકાદો ૧૯૬૪ એસસી ૧૭૯, માત્ર ભારત

સરકારની સૂચનાઓના તે ભાગ સાથે સંબંધિત છે જે 'કેરી ફોરવર્ડ' નિયમ સાથે સંબંધ ધરાવે છે; તે અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ માટે અનુક્રમે ૧૨-૧/૨% અને ૫% ના અનામતને કોઈપણ રીતે સ્પર્શતું નથી; તેમજ કોઈ ચોક્કસ વર્ષમાં અનુસૂચિત જનજાતિના પર્યાપ્ત સંખ્યામાં ઉમેદવારો ઉપલબ્ધ ન હોય ત્યારે અનુસૂચિત જનજાતિની ખાલી જગ્યાઓ અનુસૂચિત જાતિના ઉમેદવારો દ્વારા ભરવાને, અથવા તેનાથી વિપરીત સ્થિતિને પણ સ્પર્શતું નથી. તેથી દેવદાસનના કેસ, એ.આઇ.આર. ૧૯૬૪ એસસી ૧૭૯ માં ચુકાદાની અસર માત્ર 'કેરી ફોરવર્ડ' નિયમને રદબાતલ કરવાની છે અને તે અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ માટે વર્ષ-દર-વર્ષના અનામતને અથવા જો તે વર્ષમાં અનુસૂચિત જનજાતિના પર્યાપ્ત સંખ્યામાં ઉમેદવારો ઉપલબ્ધ ન હોય તો કોઈ ચોક્કસ વર્ષમાં અનુસૂચિત જાતિના સભ્ય દ્વારા અનુસૂચિત જનજાતિની ખાલી જગ્યાઓ ભરવાને, અથવા તેનાથી વિપરીત સ્થિતિને અસર કરતું નથી. અનુસૂચિત જાતિઓ અને જનજાતિઓ વચ્ચેના અનામતમાં આ સમાયોજનને વર્ષ-દર-વર્ષના 'કેરી ફોરવર્ડ' નિયમ સાથે કોઈ લેવાદેવા નથી, પછી ભલે તે ૧૯૫૨ નો હોય જે અસ્તિત્વમાં રહેલ ન હતો અથવા ૧૯૫૫ નો હોય જેને આ કોર્ટ દ્વારા રદબાતલ કરવામાં આવ્યો હતો. બાબતના આ પરિપ્રેક્ષ્યમાં, ૧૯૫૨ નો 'કેરી ફોરવર્ડ' નિયમ ગેરબંધારણીય હશે કે કેમ તે વિચારવું બિનજરૂરી છે, કારણ કે તે નિયમ હવે અસ્તિત્વ ધરાવતો નથી."

હાલના ચુકાદામાં નિર્ધારિત ૧૯૫૨ ના 'કેરી-ફોરવર્ડ-નિયમ' નું પુનર્જીવન ન થવું, કે જેમાં ૧૯૫૫ માં ફેરફાર કરવાની કોશિશ કરવામાં આવી હતી, તે વર્તમાન વિવાદમાં અમારી સમક્ષ રજૂ કરવામાં આવેલી દલીલોના કારણે ન હતું. પરંતુ, તે એ હકીકતના કારણે હતું કે, ભારત સરકારે પોતે જ ૧૯૫૨ ના 'કેરી-ફોરવર્ડ-નિયમ' ને રદ કર્યો હતો. તદુપરાંત, ઉપરોક્ત ચુકાદામાં વિચારણા હેઠળનો મુદ્દો હાલના વિવાદને સમાન ન હતો. તેથી, અમને ખાતરી છે કે બી.એન. તિવારી કેસ૭૨ પરનો આધાર સ્પષ્ટપણે અસ્થાને છે.

(૪) કોટેશ્વર વિઠ્ઠલ કરનાથ કેસ૭૩ પર આધાર રાખીને, વિદ્વાન સોલિસિટર જનરલે તેમાં નોંધાયેલા નીચેના અવલોકનો પર આધાર રાખ્યો હતો:

> "૮. તે સામ્યતાના આધારે, એવી દલીલ કરવામાં આવી હતી કે, જો અમે એવું ઠેરવીએ કે ૧૯૫૦ નો પ્રોહિબિશન ઓર્ડર અમાન્ય હતો, તો અગાઉનો ૧૧૧૯ નો પ્રોહિબિશન ઓર્ડર પુનર્જીવિત થયેલો ગણી શકાય નહીં. આ દલીલ નિયમના અધિક્રમણ અને નિયમના પ્રતિસ્થાપન વચ્ચેના તફાવતને નજરઅંદાજ કરે છે. ફર્મ એ.ટી.બી. મહેતાબ મજીદ એન્ડ કંપની (પૂર્વોક્ત) ના કેસમાં, જૂના રૂલ ૧૬ ના સ્થાને નવો રૂલ ૧૬ પ્રતિસ્થાપિત કરવામાં આવ્યો હતો. પ્રતિસ્થાપનની પ્રક્રિયા બે પગલાંઓ ધરાવે છે. પ્રથમ, જૂનો નિયમ અસ્તિત્વ ધરાવતો બંધ થાય છે અને, ત્યાર પછી, તેના સ્થાને નવો નિયમ અસ્તિત્વમાં લાવવામાં આવે છે. નવો

નિયમ અમાન્ય હોય તોપણ, જૂના નિયમનું અસ્તિત્વ સમાપ્ત થવાનું પ્રથમ પગલું અમલમાં આવે છે, અને આ જ કારણસર કોર્ટે ઠેરવેલ કે,

નવા નિયમને અમાન્ય જાહેર કરવા પર, જૂનો નિયમ પુનર્જીવિત થયેલો ગણી શકાય નહીં. અમારી સમક્ષના કેસમાં ૧૧૧૯ ના પ્રોહિબિશન ઓર્ડરના સ્થાને ૧૯૫૦ ના પ્રોહિબિશન ઓર્ડરનું કોઈ પ્રતિસ્થાપન ન હતું. ૧૯૫૦ નો પ્રોહિબિશન ઓર્ડર, ૧૧૧૯ ના પ્રોહિબિશન ઓર્ડરથી સ્વતંત્ર રીતે પ્રખ્યાપિત કરવામાં આવ્યો હતો અને કાયદાની જોગવાઈઓના કારણે જો તે માન્ય ઓર્ડર હોત તો તેણે ૧૧૧૯ ના પ્રોહિબિશન ઓર્ડરને બિન-અમલી બનાવવાની અસર કરી હોત. જો ૧૯૫૦ નો પ્રોહિબિશન ઓર્ડર શરૂઆતથી જ રદબાતલ જણાય, તો તે ૧૧૧૯ ના પ્રોહિબિશન ઓર્ડરને ક્યારેય બિન-અમલી બનાવી શકે નહીં. પરિણામે ૩૦ માર્ચ, ૧૯૫૦ ના રોજ કાં તો ૧૧૧૯ નો પ્રોહિબિશન ઓર્ડર અથવા ૧૯૫૦ નો પ્રોહિબિશન ઓર્ડર ત્રાવણકોર-કોચીનમાં અમલમાં રહ્યો હોવાનું માનવું જ જોઈએ, જેથી ૧૯૫૦ ના એક્ટ ૫ ની કલમ ૭૩(૨) ની જોગવાઈઓ તે ઓર્ડરને લાગુ પડે અને તેને અમલમાં ચાલુ રાખે. ૧૯૫૦ ના એક્ટ ૫ પછી આ વધુ ચાલુ રહેવું, અલબત્ત, ૧૯૫૦ ના એક્ટ ૫ ની કલમ ૩ ની માન્યતા પર નિર્ભર કરે છે, કારણ કે કલમ ૭૩(૨) તે કલમ હેઠળ ઓર્ડરને અમલમાં ચાલુ રાખવાનો આશય ધરાવતી હતી, જેથી અમે જે દલીલ તપાસવા આગળ વધીએ છીએ તે કલમ ૩ ની માન્યતા સંબંધિત છે, એક્ટ ૫ ના વર્ષ ૧૯૫૦."

ઉપર જણાવેલા નિષ્કર્ષનું અવલોકન, દેખીતી રીતે સામાવાળાઓ વતી રજૂ કરવામાં આવેલી એ દલીલને સમર્થન આપે છે કે, જો કોઈ અગાઉના કાયદાકીય અધિનિયમમાં કરવામાં આવેલ સુધારો પ્રવર્તમાન જોગવાઈના પ્રતિસ્થાપનની પરિકલ્પના કરતો હોય, તો પ્રતિસ્થાપનની પ્રક્રિયામાં બે પગલાંઓનો સમાવેશ થયેલો માનવો જોઈએ. પ્રથમ પગલું એવી પરિકલ્પના કરશે કે, જૂનો નિયમ અસ્તિત્વ ધરાવતો બંધ થઈ જશે, અને બીજું પગલું એવી પરિકલ્પના કરશે કે, નવા નિયમે જૂના નિયમનું સ્થાન લઈ લીધું છે. અને તે રીતે, નવો નિયમ અમાન્ય જાહેર કરવામાં આવે તોપણ, ઉપર દર્શાવેલ પ્રથમ પગલું, એટલે કે જૂનો નિયમ અસ્તિત્વ ધરાવતો બંધ થયો છે, તે યથાવત્ રહેશે. જેનાથી એવા અનુમાન તરફ દોરી જવાય છે કે, વર્તમાન વિવાદમાં, વાદગ્રસ્ત બંધારણીય સુધારો રદબાતલ કરવામાં આવે તોપણ, તે સુધાર્યા વિનાના અનુચ્છેદો ૧૨૪, ૧૨૭, ૧૨૮, ૨૧૭, ૨૨૨, ૨૨૪, ૨૨૪એ અને ૨૩૧ ના પુનર્જીવન તરફ દોરી જશે નહીં. અમારા સુવિચારિત મત મુજબ, ઉપર નોંધાયેલી દલીલો અને અનુમાનો તરફ દોરી જતાં ચુકાદામાં કરવામાં આવેલા અવલોકનો વર્તમાન કેસને લાગુ પડતા નથી. ઉપર ટાંકવામાં આવેલા ચુકાદાનો હાઇલાઇટ કરેલો ભાગ વર્તમાન વિવાદને લાગુ પડશે. પ્રસ્તુત કેસમાં વાદગ્રસ્ત બંધારણીય સુધારો બંધારણની મૂળ જોગવાઈઓથી સ્વતંત્ર રીતે પ્રખ્યાપિત કરવામાં આવ્યો હતો. વાસ્તવમાં, સુધારેલી જોગવાઈઓ પસંદગી અને નિમણૂકની એક નવી વ્યવસ્થા દાખલ કરે છે, ઉચ્ચ ન્યાયતંત્રના ન્યાયમૂર્તિઓની, જે પ્રવર્તમાન સ્થિતિથી દિશાકીય રીતે ભિન્ન છે. અને તેથી, બંધારણની મૂળ જોગવાઈઓ માત્ર ત્યારે જ

બિન-અમલી બની હોત, જો સુધારેલી જોગવાઈઓ માન્ય હોત. પરિણામે, જો આધાર ઉપરોક્ત ચુકાદા પર રાખવો જ પડે, તો નિષ્કર્ષ રજૂ કરાયેલી દલીલની વિરુદ્ધમાં હશે. જોકે એ ઉલ્લેખ કરવો પ્રસ્તુત રહેશે કે, હાલનો ચુકાદો, તેમજ સામાવાળાઓના વિદ્વાન વકીલ દ્વારા આધાર રાખવામાં આવેલા અન્ય કેટલાક ચુકાદાઓ, સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ. સેન્ટ્રલ પ્રોવિન્સિસ મેંગેનીઝ ઓર કંપની લિ.૭૬ માં સમજાવવામાં આવ્યા છે અને વિભેદિત કરવામાં આવ્યા છે, જેની હવે પછી કાલક્રમિક રીતે વિચારણા કરવામાં આવશે.

(૫) ત્યારબાદ વિદ્વાન સોલિસિટર જનરલે મૂળચંદ ઓધવજી કેસ૭૪ પર આધાર રાખ્યો હતો, અને તેના ફકરા ૮ માં નોંધાયેલા અવલોકનો તરફ અમારું ધ્યાન દોર્યું હતું. મોહમ્મદ શૌકત હુસૈન ખાન કેસ૭૫ પર પણ આધાર રાખવામાં આવ્યો હતો, અને ખાસ કરીને તેના ફકરા ૧૧ માં નોંધાયેલા અવલોકનો પર. અમને ખાતરી છે કે, સામાવાળાઓના વિદ્વાન વકીલ વતી રજૂ કરવામાં આવેલી વિશિષ્ટ દલીલના નિર્ણય માટે આ બંને ચુકાદાઓ અપ્રસ્તુત છે, કારણ કે ઉપરોક્ત કેસોમાં હાથ ધરવામાં આવેલા વિવાદનો વિષયવસ્તુ હાલના કેસ કરતાં સંપૂર્ણપણે ભિન્ન હતો.

(૬) ત્યારબાદ સેન્ટ્રલ પ્રોવિન્સિસ મેંગેનીઝ ઓર કંપની લિ. કેસ૭૬ નો સંદર્ભ આપવામાં આવ્યો હતો, અને તેમાં નોંધાયેલા નીચેના અવલોકનો તરફ અમારું ધ્યાન દોરવામાં આવ્યું હતું:

"૧૮. અમે એવું માનતા નથી કે 'પ્રતિસ્થાપન' શબ્દ અનિવાર્યપણે અથવા હંમેશા બે અલગ કરી શકાય તેવા પગલાંઓનો અર્થ દર્શાવે છે, એટલે કે એક રદ કરવાનું અને બીજું નવો કાયદો ઘડવાનું, ભલે તે બે પગલાંઓ સૂચવતો હોય. ખરેખર, 'પ્રતિસ્થાપન' શબ્દનો સ્વાભાવિક અર્થ એ દર્શાવવાનો છે કે આ પ્રક્રિયાને આ રીતે બે ટુકડાઓમાં વિભાજિત કરી શકાય નહીં. જો પ્રતિસ્થાપન તરીકે વર્ણવવામાં આવેલી પ્રક્રિયા નિષ્ફળ જાય, તો તે સંપૂર્ણપણે બિનઅસરકારક રહે છે જેથી જેને વિસ્થાપિંત કરવાનો પ્રયાસ કરવામા આવ્યો હતો તેને યથાવત્ રાખે છે . અમને "પ્રતિસ્થાપિત કરવામાં આવશે" તે શબ્દોનો આ જ સામાન્ય અને સ્વાભાવિક અર્થ જણાય છે. ગવર્નર–જનરલની મંજૂરી વિના આ ભાગ અસરકારક બની શક્યો ન હોત. રાજ્યના રાજ્યપાલની મંજૂરી અપૂરતી હતી. એવું અનુમાન કરી શકાય નહીં કે, એવો આશય હતો કે, જો પ્રતિસ્થાપન નિષ્ફળ જાય અથવા બિનઅસરકારક સાબિત થાય, તો જેનો બિલકુલ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી તેવું કોઈ રદ્દીકરણ અસ્તિત્વમાં આવ્યું હતું અને અસરકારક રહ્યું હતું, જેથી વિષયવસ્તુ પરના વૈધાનિક કાયદામાં જેને શૂન્યાવકાશ તરીકે વર્ણવી શકાય તેવું સર્જન થાય. પ્રાથમિક રીતે, આ પ્રશ્ન હાથ ધરવામાં આવેલી પ્રક્રિયાના પરિપ્રેક્ષ્યમાં જોતાં કાયદો ઘડનારી જોગવાઈમાં વપરાયેલા શબ્દો પરથી આશય તારવવાનો છે. અહીં, પ્રતિસ્થાપન વિના રદ કરવાનો કોઈ આશય તારવી શકાય તેમ નથી. બીજા શબ્દોમાં કહીએ તો, જો પ્રતિસ્થાપન નિષ્ફળ

જાય તો કોઈ રદ્દીકરણ થઈ શકે નહીં. આ બંને એક અવિભાજ્ય પ્રક્રિયાનો અભિન્ન ભાગ હતા અને કોઈ અલગ–અલગ કામગીરીના ટુકડા ન હતા.

૧૯. જે વાસ્તવિક પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી તેના પર નજર કરતાં, અમે શોધી કાઢ્યું કે, રાજ્યપાલે પ્રતિસ્થાપનને મંજૂરી આપી હોય તોપણ, આ સુધારો એક માન્ય કાયદા તરીકે માત્ર ત્યારે જ અમલમાં આવ્યો હોત, જ્યારે તેને ગવર્નર–જનરલની પણ મંજૂરી મળી હોત. એવું કહી શકાય નહીં કે ધારાસભાનો જે આશય હતો અથવા રાજ્યપાલે જેને મંજૂરી આપી હતી તેમાં એક અલગ રદ્દીકરણ અને નવો કાયદો ઘડવાનો સમાવેશ થતો હતો. આ બંને પરિણામો એક જ અને સમાન અસરકારક કાયદાકીય પ્રક્રિયામાંથી ઉદ્ભવવાના હતા. તેથી, આ પ્રક્રિયાને તે રીતે જોવી અને તેનું અર્થઘટન કરવું જરૂરી હતું.

૨૦. બી.એન. તિવારી વિ. યુનિયન ઓફ ઇન્ડિયા [૧૯૬૫] ૨ એસ.સી.આર. ૪૨૧ અને ફર્મ એ.ટી.બી. મહેતાબ મજીદ એન્ડ કંપની વિ. સ્ટેટ ઓફ મદ્રાસના કેસના સંદર્ભ પરથી કેટલીક મદદ મેળવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. તિવારીનો કેસ ખાતાકીય સૂચનામાં સમાવિષ્ટ જેને "કેરી ફોરવર્ડ" નિયમ તરીકે વર્ણવવામાં આવ્યો હતો તેના પ્રતિસ્થાપન સાથે સંબંધિત હતો, જેને કોર્ટ દ્વારા અમાન્ય જાહેર કરાયેલી સુધારેલી સૂચના દ્વારા પ્રતિસ્થાપિંત કરવાનો પ્રયાસ કરવામા આવ્યો હતો. એવું ઠેરવવામાં આવ્યું હતું કે જ્યારે ૧૯૫૫ ની સુધારેલી સૂચનામાં

સમાવિષ્ટ નિયમને રદબાતલ કરવામાં આવ્યો ત્યારે વિસ્થાપિત સૂચનામાં સમાવિષ્ટ નિયમ અસ્તિત્વમાં રહ્યો ન હતો. ખરેખર, ત્યાં એવી દલીલો પૈકીની એક એ હતી કે ૧૯૫૨ નો મૂળ "કેરી ફોરવર્ડ" નિયમ પોતે જ તે જ કારણસર રદબાતલ હતો જેના કારણે ૧૯૫૫ ની સુધારેલી સૂચનાઓમાં સમાવિષ્ટ "કેરી ફોરવર્ડ" નિયમને રદ કરવામાં આવ્યો હતો. કોઈ એક ઓર્ડરનું બીજા ઓર્ડરમાં વિલીનીકરણ કે જે તેનો વિકલ્પ બનવા માટે હતો તેની સામ્યતા પણ માત્ર ત્યારે જ લાગુ થઈ શકે જ્યાં માન્ય પ્રતિસ્થાપન હોય. આવો સિદ્ધાંત એવા કેસમાં લાગુ પડે છે જ્યાં તાબાની અદાલતનો ચુકાદો એપેલેટ કોર્ટના ચુકાદામાં વિલીન થાય છે અથવા પુનરાવલોકન કરાયેલ ઓર્ડર એવા ઓર્ડરમાં વિલીન થાય છે જેના દ્વારા પુનરાવલોકન મંજૂર કરવામાં આવે છે. કાયદાકીય પ્રક્રિયામાં તેનો અમલ માત્ર માન્ય પ્રતિસ્થાપનના કિસ્સાઓમાં જ શક્ય બની શકે છે. કાયદાકીય આશય અને તેની અસર, અન્ય બાબતોની સાથે, કાર્ય કરતી સત્તાધિકારીની કાર્યવાહીના સ્વરૂપ પરથી જાણી શકાય છે. બીજા નિયમ દ્વારા જેને વિસ્થાપિંત કરવાનો પ્રયાસ કરવામા આવ્યો છે તેને કોઈપણ સંજોગોમાં સંપૂર્ણપણે રદ કરવાનો આશય કારોબારી નિયમ–નિર્માણ સત્તાધિકારી પર આરોપિત કરવો વધુ સરળ છે. ટાંકવામાં આવેલા કેસો કારોબારી સૂચનાઓના હતા. અમે એવું માનતા નથી કે તે નવા કાયદા દ્વારા સુધારવા માંગતી કાયદાકીય જોગવાઈનું અર્થઘટન કરવા માટે ઉપયોગી માર્ગદર્શક તરીકે કામ કરી શકે છે. કાયદો ઘડવાની પ્રક્રિયા ઘણી વધુ

વિસ્તૃત અને ઔપચારિક છે. નવા કાયદા દ્વારા કાયદાકીય જોગવાઈનું રદ્દીકરણ અને વિસ્થાપન તે વિસ્તૃત પ્રક્રિયાનું સંપૂર્ણપણે પાલન કરવામાં આવ્યા પછી જ થઈ શકે છે. બીજી તરફ, કારોબારી સૂચનામાં સમાવિષ્ટ કોઈપણ નિયમના કિસ્સામાં, તે જ વિષય પર નવી સૂચનાઓ બહાર પાડવા માત્રથી રદ્દીકરણ તેમજ વિસ્થાપન બંને પ્રાપ્ત કરી શકાય છે અને તેનું અનુમાન લગાવી શકાય છે.

૨૧. મહેતાબ મજીદ એન્ડ કંપનીના કેસમાં, અમાન્ય ઠેરવવામાં આવેલા અન્ય નિયમ દ્વારા પ્રતિસ્થાપિંત કરવાનો પ્રયાસ કરવામા આવ્યા પછી વૈધાનિક નિયમ પુનર્જીવિત થયો ન હોવાનું ઠેરવવામાં આવ્યું હતું. આ પણ એક એવો કેસ હતો કે જેમાં રદ્દીકરણ માટે કોઈ વિસ્તૃત કાયદાકીય પ્રક્રિયા નિર્ધારિત કરવામાં આવી ન હતી, જેવી ધારાસભાઓ દ્વારા કાયદાઓના વૈધાનિક ઘડતરના કિસ્સામાં હોય છે. દરેક કેસમાં, તે ભાષા તેમજ નિયમ–નિર્માણ અથવા કાયદો ઘડનાર સત્તાધિકારીના કૃત્યો જે સંદર્ભમાં બન્યા હોય તે પરથી તારવવામાં આવતા આશયનો પ્રશ્ન છે.

૨૨. ઇંગ્લેન્ડમાં ૧૮૫૦ થી કરવામાં આવેલી કાનૂની જોગવાઈમાં હાલમાં સમાવિષ્ટ અર્થઘટનનો એક સિદ્ધાંત એ રહ્યો છે: જ્યાં ૧૮૫૦ પછી પસાર થયેલો કોઈ કાયદો અગાઉના કોઈપણ અધિનિયમને સંપૂર્ણપણે અથવા અંશતઃ રદ કરે છે અને રદ કરાયેલા અધિનિયમના સ્થાને જોગવાઈઓ અવેજીમાં મૂકે છે, ત્યાં રદ કરાયેલો અધિનિયમ જ્યાં સુધી અવેજી

જોગવાઈઓ અમલમાં ન આવે ત્યાં સુધી અમલમાં રહે છે. (જુઓ: હાલ્સબરીઝ લોઝ ઓફ ઇંગ્લેન્ડ, ત્રીજી આવૃત્તિ, વોલ્યુમ ૩૬, પૃષ્ઠ ૪૭૪; કેઇઝ ઓન "સ્ટેચ્યુટ લો", ૬ઠ્ઠી આવૃત્તિ, પૃષ્ઠ ૩૮૬). જોકે, આપણા જનરલ ક્લોઝીસ એક્ટ્સમાં આને અનુરૂપ કોઈ જોગવાઈ નથી, છતાં, તે દર્શાવે છે કે અવેજીકરણ દર્શાવતા શબ્દોનો માત્ર ઉપયોગ કરવાથી કોઈ જોગવાઈ આપોઆપ કે સ્વચાલિત રીતે રદ થતી નથી જ્યાં સુધી તેનું સ્થાન લેનારી જોગવાઈ કાયદેસર રીતે અસરકારક ન બને. અમે ઉપર સમજાવ્યા મુજબ, કોઈ અન્ય અનુમાન તરફ દોરી જાય તેવા ઉપયોગમાં લેવાયેલી ભાષામાં અથવા તેના સંદર્ભમાં કે તેની આસપાસના તથ્યો અને સંજોગોમાં અન્ય કશા વિના જ્યારે "અવેજીકરણ" શબ્દ આવે છે ત્યારે તેના સામાન્ય અને સ્વાભાવિક અર્થને ધ્યાનમાં લઈને એ જ નિષ્કર્ષ પર પહોંચ્યા છીએ. સામાન્ય રીતે તેનો અર્થ એ થાય છે કે જ્યાં સુધી કાયદામાં અને અસરમાં તેનું સ્થાન લેવા માટે અવેજી જોગવાઈ અસ્તિત્વમાં ન હોય ત્યાં સુધી અગાઉથી અસ્તિત્વ ધરાવતી જોગવાઈ ચાલુ રહે છે. "પુનર્જીવન" નો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી."

એ ઉલ્લેખ કરવો પ્રસ્તુત રહેશે કે, વિદ્વાન સોલિસિટર જનરલે સ્વીકાર્યું હતું કે, પ્રસ્તુત ચુકાદામાં તારવવામાં આવેલી સ્થિતિ તેમના દ્વારા અપનાવવામાં આવેલા વલણને નિષ્ફળ બનાવશે. અમે ઉપરોક્ત દ્રષ્ટિકોણને સમર્થન આપીએ છીએ. સામાવાળાઓ વતી રજૂ કરવામાં આવેલી દલીલ માટે વધુ નુકસાનકારક સ્થિતિ એ છે કે, ઉપરોક્ત નિષ્કર્ષો નોંધતી વખતે, આ કોર્ટે ઉપરોક્ત ટાંકવામાં

આવેલા કેસમાં, ફર્મ એ.ટી.બી. મહેતાબ મજીદ કેસ૭૧, બી.એન. તિવારી કેસ૭૨, કોટેશ્વર વિઠ્ઠલ કારનાથ કેસ૭૩, અને મૂળચંદ ઓધવજી કેસ૭૪ ના ચુકાદાઓને ધ્યાને લીધા હતા. તેથી, સામાવાળાઓના વિદ્વાન વકીલ દ્વારા આધાર રાખવામાં આવેલા અગાઉના ચુકાદાઓ, હાથ પરના વિવાદને સ્પષ્ટપણે લાગુ પડતા નથી. બાબતના આ પરિપ્રેક્ષ્યમાં, સામાવાળાઓ વતી રજૂ કરવામાં આવેલા નિર્દેશિત મુદ્દામાં ભાગ્યે જ કોઈ તથ્ય છે.

(૭) ત્યારબાદ વિદ્વાન સોલિસિટર જનરલે ઈન્ડિયન એક્સપ્રેસ ન્યૂઝપેપર્સ (બોમ્બે) પ્રાઇવેટ લિમિટેડ વિ. યુનિયન ઓફ ઈન્ડિયા૯૫ પર આધાર રાખ્યો હતો, અને તેમાં નોંધાયેલા નીચે મુજબના અવલોકનો તરફ અમારું ધ્યાન દોર્યું હતું:

> "૧૦૭. અમારી સમક્ષના કેસોમાં મૂળચંદ કેસ (૧૯૭૧) ૩ એસ.સી.સી. ૫૩ ની જેમ બે અલગ અલગ સત્તાવાળાઓ દ્વારા બનાવવામાં આવેલા નિયમો નથી અને અનુગામી અધિસૂચના રદબાતલ ઠરવાના સંજોગોમાં મુક્તિને જીવંત રાખવાનો કેન્દ્ર સરકાર તરફથી કોઈ આશય હતો તે પણ સાબિત થતું નથી. કોટેશ્વર વિઠ્ઠલ કારનાથ વિ. કે. રંગપ્પા બાલિગા એન્ડ કંપની (૧૯૬૯) ૩ એસ.સી.આર. ૪૦ માં આ કોર્ટનો નિર્ણય પણ અરજદારોને સમર્થન આપતો નથી. તે કેસમાં પણ ફરીથી પ્રશ્ન એ હતો કે શું સક્ષમતા વિના વિધાનમંડળ દ્વારા પસાર કરવામાં આવેલો અનુગામી કાયદો અગાઉના નિયમ કે જેને અધિક્રમિત કરવાનો તે દાવો કરતો હતો તેને પુનર્જીવિત કરવાની અસર ધરાવશે. આ કેસ ફરીથી મોહમ્મદ શૌકત

હુસૈન ખાન કેસ, એ.આઇ.આર. ૧૯૭૪ એસસી ૧૪૮૦ ની શ્રેણીમાં આવે છે. એ પણ નોંધી શકાય કે કોટેશ્વર વિઠ્ઠલ કારનાથ કેસ, એ.આઇ.આર. ૧૯૬૯ એસસી ૫૦૪ માં, ફર્મ એ.ટી.બી. મહેતાબ મજીદ એન્ડ કંપની, એ.આઇ.આર. ૧૯૬૩ એસસી ૯૨૮ ના કેસના ચુકાદાને અલગ પાડવામાં આવ્યો છે. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ. સેન્ટ્રલ પ્રોવિન્સીસ મેંગેનીઝ ઓર[31] વિદ્વાન એટર્ની જનરલ દ્વારા પણ આધાર રાખવામાં આવ્યો હતો) પર આધાર રાખવામાં આવ્યો હતો, અને ઉપરોક્ત ચુકાદામાં નોંધાયેલી તે સ્થિતિને સ્વીકારવા છતાં કે સામાન્ય કાયદાને બંધારણના "મૂળભૂત માળખા" ના ઉલ્લંઘનના કારણસર પડકારી શકાય નહીં, કોર્ટે ફકરા ૧૦૮ માં નીચે મુજબ અવલોકન કર્યું હતું કંપની લિ., એ.આઇ.આર. ૧૯૭૭ એસસી ૮૭૯ નો કેસ પણ અલગ પાડવા યોગ્ય છે. આ કેસમાં અવેજીકરણ તરીકે ઓળખાતી સમગ્ર વૈધાનિક પ્રક્રિયા નિષ્ફળ રહી હતી, કારણ કે, ગવર્નર-જનરલની મંજૂરીના અભાવે તે અમલમાં આવી ન હતી અને કોર્ટે તે કેસને તિવારી કેસ, એ.આઇ.આર. ૧૯૬૫ એસસી ૧૪૩૦ થી અલગ પાડ્યો હતો. અમે એમ પણ જણાવી શકીએ કે જ્યારે અગાઉના કાયદાના સ્થાને ઘડવામાં આવેલો પછીનો કાયદો અમાન્ય જાહેર કરવામાં આવે ત્યારે અગાઉના કાયદા પર તેની કાનૂની અસર માત્ર 'અવેજીકરણ' કે 'અધિક્રમણ' જેવા શબ્દોના ઉપયોગ પર આધાર રાખતી નથી. તે

[31] ૯૧ (૨૦૦૩) ૪ એસ.સી.સી. ૧૦૪

સંજોગોની સમગ્રતા અને જે સંદર્ભમાં તેનો ઉપયોગ કરવામાં આવ્યો છે તેના પર આધાર રાખે છે."

ઉપર પુનઃઉત્પાદિત કરવામાં આવેલા અવતરણમાંથી જે નોંધવાની જરૂર છે તે એ છે કે, આ કોર્ટે ઉપરોક્ત ચુકાદામાં સ્પષ્ટપણે એવો નિષ્કર્ષ કાઢ્યો હતો કે, જ્યારે અગાઉના કાયદાના સ્થાને ઘડાયેલો પછીનો કાયદો અમાન્ય જાહેર કરવામાં આવ્યો ત્યારે અગાઉના કાયદા પર થતી કાનૂની અસર માત્ર 'અવેજીકરણ' અથવા 'અધિક્રમણ' જેવા શબ્દોના ઉપયોગ પર આધાર રાખતી ન હતી. અને વધુમાં, તે સંજોગોની સમગ્રતા અને જે સંદર્ભમાં જોગવાઈ ઘડવામાં આવી હતી તેના પર આધાર રાખશે. જો વિદ્વાન સોલિસિટર જનરલ દ્વારા રજૂ કરવામાં આવેલી દલીલ સ્વીકારવામાં આવે, તો તે બંધારણીય ભંગાણ તરફ દોરી જશે. આવી પરિસ્થિતિના આંચકા પહેલેથી જ અનુભવાઈ રહ્યા છે. ઉચ્ચ ન્યાયતંત્રના નિવૃત્ત થતા ન્યાયમૂર્તિઓના સ્થાને નવી નિમણૂકો કરવામાં આવી રહી નથી. અમારા સુવિચારિત મત મુજબ ઉપરોક્ત ચુકાદો રજૂ કરવામાં આવી રહેલી રજૂઆતને સમર્થન આપતો નથી, કારણ કે "...સંજોગોની સમગ્રતા અને સંદર્ભ..." ની વિચારણા કરતાં પ્રસ્તુત દલીલ બિલકુલ સ્વીકાર્ય નથી. તેથી અમારો સુવિચારિત મત છે કે, જ્યાં સુધી વર્તમાન વિવાદનો સંબંધ છે ત્યાં સુધી, પ્રસ્તુત ચુકાદો પણ સામાવાળાઓને કોઈ મદદરૂપ થઈ શકે નહીં.

(૮) ત્યારબાદ આ કોર્ટ દ્વારા ભગત રામ શર્મા વિ. યુનિયન ઓફ ઇન્ડિયા૧૬ માં આપવામાં આવેલા ચુકાદા પર આધાર રાખવામાં આવ્યો હતો. પ્રસ્તુત ચુકાદા પર

માત્ર એ દર્શાવવા માટે આધાર રાખવામાં આવ્યો હતો કે, સુધારા તરીકે ઉદ્દેશિત અધિનિયમ પ્રવર્તમાન કાનૂની જોગવાઈને રદ કરવા જેવી જ ગુણાત્મક અસર ધરાવે છે. ઉપરોક્ત[32] અમે ન્યાયિક સમીક્ષાની પ્રક્રિયા દ્વારા, બંધારણીય સુધારા અને ધારાકીય અધિનિયમને રદબાતલ ઠેરવવાની અસર સાથે કામ પાર પાડી રહ્યા છીએ.

(૯) ત્યારબાદ સ્ટેટ ઓફ રાજસ્થાન વિ. માંગીલાલ પિંડવાલ૯૭ પર, અને ખાસ કરીને તેના પેરા ૧૨ માં નોંધાયેલા અવલોકનો/નિષ્કર્ષો પર આધાર રાખવામાં આવ્યો હતો. માત્ર એટલું જ જણાવવાની જરૂર છે કે, ઉપરોક્ત ચુકાદામાં નક્કી કરવામાં આવેલો મુદ્દો પ્રસ્તુત કેસમાં વિચારણા માટે ઉપસ્થિત થતો નથી, અને તદનુસાર, તેમાં તારવવામાં આવેલા નિષ્કર્ષો પ્રસ્તુત કેસને લાગુ કરી શકાય નહીં.

(૧૦) ત્યાર પછીના ક્રમમાં, ઇન્ડિયા ટોબેકો કંપની લિમિટેડ કેસ૭૭ પર આધાર રાખવામાં આવ્યો હતો, અને તેમાં નોંધાયેલા નીચે મુજબના અવલોકનો તરફ અમારું ધ્યાન દોરવામાં આવ્યું હતું:

> "૧૫. અર્થઘટનનો સામાન્ય નિયમ એ છે કે રદ કરનારા કાયદાનું રદ્દીકરણ તેના દ્વારા રદ કરાયેલી કોઈપણ બાબતને પુનર્જીવિત કરતું નથી. પરંતુ આ નિયમનો અમલ નિરપેક્ષ નથી. તે રદ કરનારા કાયદામાં "ભિન્ન આશય" ના પ્રગટ થવાને આધીન છે. વળી, આવો આશય સ્પષ્ટ અથવા ગર્ભિત હોઈ શકે છે. તેથી, નિર્ણય માટે ઉપસ્થિત થતા પ્રશ્નો આ

[32] ૯૨ (૨૦૧૨) ૧ એસ.સી.સી. ૧

છે: શું સિગારેટના સંબંધમાં, ૧૯૪૧ ના કાયદાને ૧૯૫૪ ના કાયદા દ્વારા અને પછીનાને ૧૯૫૮ ના કાયદા દ્વારા રદ કરવામાં આવ્યો હતો? શું ૧૯૫૪ નો કાયદો અને ૧૯૫૮ નો કાયદો રદ કરનારા અધિનિયમો હતા? શું ૧૯૫૪ ના કાયદા અને ૧૯૫૮ ના કાયદામાં એવું કંઈ છે જે સિગારેટના સંબંધમાં ૧૯૪૧ ના કાયદાના પુનર્જીવનનો સંકેત આપતું હોય?

૧૬. હવે એ સુસ્થાપિત છે કે "રદ્દીકરણ" એક કાયદા દ્વારા બીજા કાયદાને કાયદાના પુસ્તકમાંથી એટલી સંપૂર્ણપણે રદ કે નાબૂદ કરવાનો અર્થ દર્શાવે છે "જાણે કે તે ક્યારેય પસાર જ કરવામાં ન આવ્યો હોય"; જ્યારે ૯૭ (૧૯૯૬) ૫ એસ.સી.સી. ૬૦૯ કોઈ કાયદો રદ કરવામાં આવે છે, ત્યારે "તેને (ભૂતકાળના અને પૂર્ણ થયેલા વ્યવહારો સિવાય) એવો ગણવો જ જોઈએ કે જાણે તે ક્યારેય અસ્તિત્વમાં જ ન હતો". (સ્ટેટ ઓફ ઓરિસ્સા વિ. એમ.એ. તુલોચ એન્ડ કંપની, એ.આઈ.આર. ૧૯૬૪ એસસી ૧૨૮૪ માં માન્યતા સાથે ટાંકવામાં આવેલ કે વિ. ગુડવિન (૧૮૩૦) ૬ બિંગ ૫૭૬, ૫૮૨ માં મુખ્ય ન્યાયમૂર્તિ ટિન્ડલ અને સર્ટિસ વિ. એલિસન (૧૮૨૯) ૯ બી એન્ડ સી ૭૫૦, ૭૫૨ માં લોર્ડ ટેન્ટરડન).

૧૭. રદ્દીકરણ એ માત્ર સ્વરૂપની બાબત નથી પરંતુ વિધાનમંડળના આશય પર નિર્ભર રહેતી સારની બાબત છે. જો અનુગામી કાયદામાં સ્પષ્ટપણે અથવા આવશ્યક ગર્ભિતાર્થ દ્વારા દર્શાવવામાં આવેલો આશય,

અગાઉના અધિનિયમને સંપૂર્ણપણે અથવા અંશતઃ રદ કરવાનો અથવા નાબૂદ કરવાનો હતો, તો તે સંપૂર્ણ અથવા તે હદે રદ્દીકરણનો કેસ બનશે. જો આશય કોઈ અપવાદ દાખલ કરીને અથવા મુક્તિ આપીને, અથવા વધારાની શરતો ઉમેરીને, અથવા તેના અમલને પ્રતિબંધિત, અવરોધિત કે સ્થગિત કરીને અગાઉના અધિનિયમમાં માત્ર ફેરફાર કરવાનો હતો, તો આવો ફેરફાર રદ્દીકરણ સમાન ગણાશે નહીં – (જુઓ ક્રેઇઝ ઓન સ્ટેચ્યુટ લો, ૭મી આવૃત્તિ, પૃષ્ઠ ૩૪૯, ૩૫૩, ૩૭૩, ૩૭૪ અને ૩૭૫; માઉન્ટ વિ. ટેલર (૧૮૬૮) એલ.આર. ૩ સી.પી. ૬૪૫ પર આધારિત મેક્સવેલ્સ ઇન્ટરપ્રિટેશન ઓફ સ્ટેચ્યુટ્સ, ૧૧મી આવૃત્તિ, પૃષ્ઠ ૧૬૪, ૩૯૦; સધરલેન્ડ્સ સ્ટેચ્યુટરી કન્સ્ટ્રક્શન, ૩જી આવૃત્તિ, વોલ્યુમ ૧, ફકરા ૨૦૧૪ અને ૨૦૨૨, પૃષ્ઠ ૪૬૮ અને ૪૯૦). મોટા પાયે કહીએ તો, રિપીલિંગ એન્ડ એમેન્ડિંગ એક્ટનો મુખ્ય ઉદ્દેશ્ય 'નિર્જીવ બાબતોને દૂર કરવી, બિનજરૂરી બાબતોને છાંટી નાખવી અને સ્પષ્ટપણે અસંગત કાયદાઓને નકારી કાઢવાનો' છે – જુઓ મોહિન્દર સિંહ વિ. મસ્તા. હરભજન કૌર."

જે બાબત ધ્યાનમાં રાખવાની જરૂર છે, જેમ કે અમે ઉપર વારંવાર વ્યક્ત કર્યું છે, તે એ છે કે આધાર રાખવામાં આવેલા ચુકાદાઓમાં રજૂ કરવામાં આવેલો મુદ્દો પ્રવર્તમાન જોગવાઈમાં સુધારો કરવા અથવા તેને રદ કરવા અંગેના વિધાનમંડળના સ્વૈચ્છિક નિર્ણયની અસરનો હતો. આવી સ્થિતિ ત્યારે ઉપસ્થિત થાત, જો સંસદે પ્રવર્તમાન બંધારણીય જોગવાઈમાં કાયદેસર રીતે

સુધારો કર્યો હોત અથવા તેને રદ કરી હોત. અહીં, વાદગ્રસ્ત બંધારણીય સુધારો ચોક્કસપણે બંધારણની કેટલીક પ્રવર્તમાન જોગવાઈઓની અવેજીમાં નવી જોગવાઈઓ લાવવાની અસર ધરાવે છે, અને તેમાં કેટલીક નવી જોગવાઈઓ પણ ઉમેરે છે. સ્વાભાવિક રીતે અવેજીકરણનો અર્થ એ થાય છે કે અગાઉની જોગવાઈનું અસ્તિત્વ સમાપ્ત થાય છે, અને સુધારેલી જોગવાઈ તેનું સ્થાન લે છે. વર્તમાન પરિસ્થિતિ એવી છે જ્યાં ન્યાયિક સમીક્ષાની પ્રક્રિયા દ્વારા વાદગ્રસ્ત બંધારણીય સુધારાને રદબાતલ કરવામાં આવ્યો છે. આવી સ્થિતિ હોવાના કારણે, વાદગ્રસ્ત બંધારણીય સુધારાનું કારણ અને અસર ગમે તે હોય, તે રદબાતલ થયેલ માનવામાં આવશે, અને સુધારા અગાઉની સ્થિતિ પુનઃસ્થાપિત થશે. તેનાથી કોઈ ફરક પડતો નથી કે સુધારાના કારણ અને અસરના તબક્કા કે પગલાં શું છે, તે તમામ તબક્કા અને પગલાં જ્યારે સુધારેલી જોગવાઈઓને રદબાતલ ઠેરવવામાં આવે ત્યારે તે જ રીતે નકારાઈ જશે જે રીતે તેઓ સુધારા દ્વારા દાખલ કરવામાં આવ્યા હતા.

(૧૧) ઉપરોક્ત ચુકાદા ઉપરાંત, કોલ્હાપુર કેનશુગર વર્ક્સ લિ. કેસ૭૮, વેસ્ટ યુ.પી. શુગર મિલ્સ એસોસિયેશન વિ. સ્ટેટ ઓફ યુ.પી.૯૮, ગેમન ઇન્ડિયા લિ. વિ. સ્પેશિયલ ચીફ સેક્રેટરી૯૯, હિરેન્દ્ર પાલ સિંહ કેસ૭૯; જોઇન્ટ એક્શન કમિટી ઓફ એર લાઇન પાઇલટ્સ એસોસિયેશન્સ ઓફ ઇન્ડિયા કેસ૮૦, અને કે. શ્યામ સુંદર કેસ૮૧ પર પણ આધાર રાખવામાં આવ્યો હતો. ઉપર નોંધાયેલા ચુકાદાઓમાં તારવવામાં આવેલા નિષ્કર્ષો કાં તો અમારા દ્વારા ઉપર ચર્ચા કરવામાં આવેલા ચુકાદાઓ પર આધારિત હતા, અથવા સામાન્ય સિદ્ધાંતો પર

આધારિત હતા. ઉપરોક્ત તમામ ચુકાદાઓ પૈકી દરેકમાં નોંધાયેલા અવલોકનોની સ્પષ્ટપણે નોંધ લઈને તે તમામની તપાસ કરવી જરૂરી નથી.

૨૫૧. જોકે અમે વિદ્વાન સોલિસિટર જનરલ દ્વારા ટાંકવામાં આવેલા ચુકાદાઓના સંદર્ભમાં અમારો નિર્ણય પહેલેથી જ નોંધી લીધો છે, છતાં અમારા માટે એ નોંધવું અનિવાર્ય છે કે, સેન્ટ્રલ પ્રોવિન્સીસ મેંગેનીઝ ઓર કંપની લિ. કેસ૭૬ માં આપવામાં આવેલા નિષ્કર્ષો પરથી એ સ્પષ્ટ થાય છે કે, પ્રસ્તુત કેસના તથ્યો અને સંજોગોમાં એ બાબત ધ્યાનમાં રાખવી પડશે કે, જો વિદ્વાન સોલિસિટર જનરલ દ્વારા સૂચવવામાં આવેલું અર્થઘટન સ્વીકારવામાં આવે, તો તેના પરિણામે શૂન્યાવકાશ સર્જાશે. અમે એમ એટલા માટે કહીએ છીએ, કારણ કે જો વાદગ્રસ્ત ૯૮ (૨૦૦૨) ૨ એસ.સી.સી. ૬૪૫ ૯૯ (૨૦૦૬) ૩ એસ.સી.સી. ૩૫૪ બંધારણીય જોગવાઈ કે ન તો બંધારણની સુધારેલી જોગવાઈઓ અસ્તિત્વમાં રહે, તો તે બંધારણીય તંત્રના ભંગાણ તરફ દોરી જશે, કારણ કે જ્યાં સુધી ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂકની પદ્ધતિનો સંબંધ છે ત્યાં સુધી એક ઊણપ અથવા અંતરાલ સર્જાશે. અમારા મતે, આવી સ્થિતિ કોઈપણ સુયોગ્ય અર્થઘટન પ્રક્રિયાનું પરિણામ હોઈ શકે નહીં. તે જ રીતે, ઇન્ડિયન એક્સપ્રેસ ન્યૂઝપેપર્સ (બોમ્બે) પ્રાઇવેટ લિમિટેડ કેસ૯૫ માં આપવામાં આવેલા નિર્ણયમાંથી ઉપસી આવતા અવલોકનો પરથી અમને ખાતરી થાય છે કે, ધ કોન્સ્ટીટ્યુશન (૯૯મો સુધારો) એક્ટ ઘડતી વખતે સંસદનો સ્પષ્ટ આશય પસંદગીની એક નવી પ્રક્રિયા પૂરી પાડવાનો હતો અને પ્રવર્તમાન જોગવાઈઓમાં

સુધારો કરીને ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂક કરવાની હતી. સ્વાભાવિક રીતે જ, જ્યારે સુધારેલી એક અલગ પ્રક્રિયા નિર્ધારિત કરતી જોગવાઈ રદબાતલ કરવામાં આવે છે, ત્યારે અણસુધારેલી જોગવાઈઓ હેઠળ પસંદગી અને નિમણૂકની મૂળ પ્રક્રિયા પુનર્જીવિત થશે. ઉપરોક્ત સ્થિતિ પણ કોટેશ્વર વિઠ્ઠલ કામરાજ કેસ૭૩ માં જાહેર કરવામાં આવેલી કાનૂની સ્થિતિમાંથી ઉપસી આવે છે.

૨૫૨. અમારા માટે એ આનુમાનિક દલીલો સ્વીકારવી શક્ય નથી, જે આગળ ધપાવવામાં આવી હતી વિદ્વાન વકીલ દ્વારા સામાવાળાઓ વતી, જનરલ ક્લોઝીસ એક્ટની કલમો ૬, ૭ અને ૮ પર આધાર રાખીને. અમે આવું કહીએ છીએ, કારણ કે દલીલ વિદ્વાન સોલિસિટર જનરલની, એ ધારણા પર આધારિત હતી કે, કોઈ સુધારાને રદ કરતો ન્યાયિક ચુકાદો, કાયદા દ્વારા કોઈ અધિનિયમ રદ કરવા જેવી જ અસર ધરાવે છે. આ એક અસ્વીકાર્ય ધારણા છે. જ્યારે ધારાસભા કોઈ પ્રવર્તમાન જોગવાઈમાં સુધારો કરે છે અથવા તેને રદ કરે છે, ત્યારે તેનું પગલું તેની પોતાની મુક્ત ઇચ્છાથી હોય છે, અને તે અર્થઘટનના સુસ્થાપિત સિદ્ધાંતો પર આધારિત હોય છે, જેમાં જનરલ ક્લોઝીસ એક્ટની જોગવાઈઓનો સમાવેશ થાય છે. જ્યારે કોઈ સુધારો/રદબાતલ ન્યાયિક પ્રક્રિયા દ્વારા રદ કરવામાં આવે ત્યારે આવું હોતું નથી. ઉપર ફકરા ૨૫૦(૯) માં નોંધાયેલ વિચારણાનું પુનરાવર્તન કરવું જરૂરી નથી. જ્યારે કોઈ ચુકાદો ધારાસભા દ્વારા કરાયેલા સુધારા અથવા રદબાતલને રદ કરે છે, ત્યારે એ સ્વાભાવિક છે કે પૂર્વસ્થિતિ પુનઃસ્થાપિત થશે.

૨૫૩. ઉપર નોંધાયેલા કારણોસર, અમારો એવો મત છે કે, વાદગ્રસ્ત કોન્સ્ટીટ્યુશન (૯૯મો સુધારો) એક્ટ રદબાતલ થવાના સંજોગોમાં, તેના દ્વારા સુધારવા માંગવામાં આવેલી બંધારણની જોગવાઈઓ આપોઆપ પુનર્જીવિત થશે.

VI. <u>તારણો:</u>

૨૫૪. અનુચ્છેદ ૧૨૪એ કોન્સ્ટીટ્યુશન (૯૯મો સુધારો) એક્ટ, ૨૦૧૪ નું પાયારૂપ માળખું રચે છે. અનુચ્છેદ ૧૨૪એ ને રદબાતલ ઠેરવવાથી અનુચ્છેદો ૧૨૪, ૧૨૪બી, ૧૨૪સી, ૧૨૭, ૧૨૮, ૨૧૭, ૨૨૨, ૨૨૪, ૨૨૪એ અને ૨૩૧ માં કરવામાં આવેલા સુધારાઓ આપોઆપ રદ થશે. આ, તે સરળ કારણસર કે, પાછળથી દર્શાવેલા અનુચ્છેદો માત્ર ત્યારે જ ટકી શકે છે જો અનુચ્છેદ ૧૨૪એ માન્ય રાખવામાં આવે. અનુચ્છેદ ૧૨૪એ(૧) નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન (એનજેએસી) ની રચના અને બંધારણ માટે જોગવાઈ કરે છે. તેના અવલોકન પરથી જણાય છે કે, તે નીચેનાથી બનેલું છે:

(એ) ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ, અધ્યક્ષ, હોદ્દાની રૂએ;

(બી) સુપ્રિમ કોર્ટના અન્ય બે વરિષ્ઠ ન્યાયમૂર્તિઓ, જે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ પછીના ક્રમે હોય - સભ્યો, હોદ્દાની રૂએ;

(સી) કાયદો અને ન્યાય પ્રભારી કેન્દ્રીય મંત્રી - સભ્ય, હોદ્દાની રૂએ;

(ડી) બે પ્રતિષ્ઠિત વ્યક્તિઓ, નામાંકિત થવા માટે - સભ્યો.

જો એનજેએસીના સભ્યો પૈકી કોઈપણ એકનો સમાવેશ ગેરબંધારણીય ઠેરવવામાં આવે, તો અનુચ્છેદ ૧૨૪એ તેની સંપૂર્ણતામાં નિરર્થક બની જશે. પરસ્પર વિરોધી પક્ષકારોના વિદ્વાન વકીલ દ્વારા રજૂ કરવામાં આવેલી દલીલોના ગુણદોષ પર ન્યાયનિર્ણય કરતી વખતે, હું એ નિષ્કર્ષ પર પહોંચ્યો છું કે, અનુચ્છેદ ૧૨૪એ(૧) ના ખંડો (એ) અને (બી) એનજેએસીમાં ન્યાયિક ઘટકને પર્યાપ્ત પ્રતિનિધિત્વ પૂરું પાડતા નથી, અનુચ્છેદ ૧૨૪એ(૧) ના ખંડો (એ) અને (બી) ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂકની બાબતમાં (તેમજ એક હાઇકોર્ટમાંથી બીજી હાઇકોર્ટમાં મુખ્ય ન્યાયમૂર્તિઓ અને ન્યાયમૂર્તિઓની બદલીની બાબતમાં) ન્યાયતંત્રની સર્વોચ્ચતા જાળવી રાખવા માટે અપૂરતા છે. તદનુસાર, તે "ન્યાયતંત્રની સ્વતંત્રતા" ના સિદ્ધાંતનું ઉલ્લંઘન કરનારા છે. હું સ્વતંત્ર રીતે એ નિષ્કર્ષ પર પહોંચ્યો છું કે, કાયદો અને ન્યાય પ્રભારી કેન્દ્રીય મંત્રીનો એનજેએસીના હોદ્દાની રૂએ સભ્ય તરીકે સમાવેશ કરવાના કારણે, અનુચ્છેદ ૧૨૪એ(૧) નો ખંડ (સી) બંધારણની જોગવાઈઓની સત્તા બહાર છે. અનુચ્છેદ ૧૨૪એ(૧) નો ખંડ (સી), મારા મતે, "ન્યાયતંત્રની સ્વતંત્રતા", તેમજ "સત્તાના પૃથક્કરણ" ના સિદ્ધાંતો પર તરાપ મારે છે. મારા દ્વારા એવો પણ નિષ્કર્ષ કાઢવામાં આવ્યો છે કે, અનુચ્છેદ ૧૨૪એ(૧) નો ખંડ (ડી), જે એનજેએસીના સભ્યો તરીકે બે "પ્રતિષ્ઠિત વ્યક્તિઓ" ના સમાવેશની જોગવાઈ કરે છે, તે વિવિધ કારણોસર બંધારણની જોગવાઈઓની સત્તા બહાર છે. તેને બંધારણના "મૂળભૂત માળખા" નું ઉલ્લંઘન કરનાર પણ ઠેરવવામાં આવ્યો

છે. બાબતના ઉપરોક્ત પરિપ્રેક્ષ્યમાં, મારો સુવિચારિત મત છે કે, અનુચ્છેદ ૧૨૪એ(૧) ના તમામ ખંડો (એ) થી (ડી) રદબાતલ થવાપાત્ર છે. તદનુસાર, તે રદબાતલ ઠેરવવામાં આવે છે. અનુચ્છેદ ૧૨૪એ(૧) ને રદબાતલ ઠેરવવાના સંદર્ભમાં, સમગ્ર કોન્સ્ટીટ્યુશન (૯૯મો સુધારો) એક્ટ, ૨૦૧૪ રદબાતલ થવાપાત્ર છે. તદનુસાર, બંધારણની જોગવાઈઓની સત્તા બહાર હોવાના કારણે, તેને આથી સંપૂર્ણપણે રદબાતલ ઠેરવવામાં આવે છે.

૨૫૫. સામાવાળાઓ દ્વારા આગળ ધપાવવામાં આવેલી એ મતલબની દલીલ કે, જો અરજદારો દ્વારા કરવામાં આવેલો પડકાર સ્વીકારવામાં આવે (અને કોન્સ્ટીટ્યુશન (૯૯મો સુધારો) એક્ટ, ૨૦૧૪ રદબાતલ કરવામાં આવે) તો પણ, વાદગ્રસ્ત બંધારણીય સુધારા દ્વારા સુધારવા માંગવામાં આવેલી બંધારણની જોગવાઈઓ પુનર્જીવિત થશે નહીં, તેની એક અલગ શીર્ષક હેઠળ, રજૂ કરાયેલી દલીલોના સંદર્ભમાં, ઝીણામાં ઝીણી વિગતો સુધી વિચારણા કરવામાં આવી છે. મેં એવો નિષ્કર્ષ કાઢ્યો છે કે, વાદગ્રસ્ત કોન્સ્ટીટ્યુશન (૯૯મો સુધારો) એક્ટ, ૨૦૧૪ રદબાતલ થતાંની સાથે જ, તેના દ્વારા સુધારવા માંગવામાં આવેલી બંધારણની જોગવાઈઓ આપોઆપ પુનર્જીવિત થશે, અને પૂર્વસ્થિતિ પુનઃસ્થાપિત થશે.

૨૫૬. નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન એક્ટ, ૨૦૧૪ અન્ય બાબતો સાથે અનુચ્છેદ ૧૨૪સી માંથી ઉદ્ભવે છે. અનુચ્છેદ ૧૨૪એ(૧) હેઠળ રચાયેલ એનજેએસી ની ગેરહાજરીમાં તેનું કોઈ સ્વતંત્ર અસ્તિત્વ નથી.

અનુચ્છેદો ૧૨૪એ અને ૧૨૪સી રદબાતલ કરવામાં આવ્યા હોવાથી, સ્વાભાવિક પરિણામ સ્વરૂપે, નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન એક્ટ, ૨૦૧૪ પણ રદબાતલ થવાપાત્ર છે, અને તદનુસાર તેને આથી રદબાતલ ઠેરવવામાં આવે છે. ઉપરોક્ત બાબતને ધ્યાને લેતાં, અમારા માટે એનજેએસી એક્ટની વ્યક્તિગત જોગવાઈઓની બંધારણીય કાયદેસરતા (વાયર્સ) ની તપાસ કરવી આવશ્યક ન હતી. તેમ છતાં, મેં તેની કલમો ૫, ૬, ૭ અને ૮ સામે કરવામાં આવેલા પડકારની તપાસ કરી છે. મેં એવો નિષ્કર્ષ કાઢ્યો છે કે, એનજેએસી એક્ટની કલમો ૫, ૬ અને ૮ બંધારણની જોગવાઈઓની સત્તા બહાર છે.

VII. આભાર દર્શન:

૨૫૭. આ હુકમ પૂર્ણ કરતાં પહેલાં, બંને પક્ષેથી અમારી સમક્ષ દલીલો રજૂ કરનાર વિદ્વાન વકીલો દ્વારા અમને પૂરી પાડવામાં આવેલી અત્યંત સક્ષમ સહાય બદલ હું મારી પ્રશંસા નોંધવા માંગુ છું. હું તમામ સહાયક વકીલો પ્રત્યે પણ મારી ઊંડી પ્રશંસા વ્યક્ત કરવા માંગુ છું, જેમણે દેખીતી રીતે કેસની તૈયારીમાં અને દલીલ કરનાર વકીલોને માર્ગદર્શન આપવામાં પોતાનો સમય અને શક્તિ સંપૂર્ણ નિષ્ઠાપૂર્વક સમર્પિત કર્યા હતા. જો હું બેંચ પરના મારા સાથી ન્યાયમૂર્તિઓ પ્રત્યે, તેમજ ઉનાળુ વેકેશન દરમિયાન બેંચને સહાય કરવા સંમત થયેલા વિદ્વાન વકીલો પ્રત્યે મારી કૃતજ્ઞતા વ્યક્ત ન કરું, તો હું મારી ફરજમાં ચૂક કરીશ. તેથી, હું મારા હૃદયના અંતઃકરણથી તેઓ પ્રત્યે મારી કૃતજ્ઞતા અને ઋણ વ્યક્ત કરું છું.

નોંધ: પ્રસ્તુત ચુકાદામાં તમામ અવતરણોમાં મૂકવામાં આવેલો ભાર મારો પોતાનો છે.

હુકમ*

ચેલમેશ્વર, ન્યાયમૂર્તિ ૧. બાબતોના આ જૂથમાં ખૂબ જ મહત્વપૂર્ણ અને દૂરગામી પ્રશ્નો આ કોર્ટની વિચારણા હેઠળ આવે છે. કોન્સ્ટીટ્યુશન (નાઇન્ટી-નાઇન્થ એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૧૪ અને નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન એક્ટ, ૨૦૧૪ ની બંધારણીય માન્યતા પડકાર હેઠળ છે. માનનીય ન્યાયમૂર્તિ શ્રી આદર્શ કુમાર ગોયલ.

૨. જ્યારે આ બાબતો તારીખ ૨૧.૦૪.૨૦૧૫ ના રોજ પ્રાથમિક સુનાવણી માટે સૂચિબદ્ધ કરવામાં આવી હતી, ત્યારે અરજદારો પૈકીના એક તરફથી ઉપસ્થિત વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી ફલી એસ. નરીમાન દ્વારા એક વાંધો ઉઠાવવામાં આવ્યો હતો કે, ન્યાયમૂર્તિ જગદીશ સિંઘ ખેહર માટે આ બેંચના પીઠાસીન ન્યાયમૂર્તિ તરીકે આ કાર્યવાહીમાં ભાગ લેવો અયોગ્ય છે. આ વાંધો એ હકીકતો પર આધારિત છે: આ કોર્ટના ત્રીજા સૌથી વરિષ્ઠ પુઇસ્ને ન્યાયમૂર્તિ હોવાના કારણે, ન્યાયમૂર્તિ ખેહર સેકન્ડ જજિસ કેસ૧ હેઠળ પ્રતિપાદિત કોલેજિયમના સભ્ય છે, જે આ કોર્ટ તેમજ આ દેશની હાઇકોર્ટોના ન્યાયમૂર્તિઓની પસંદગીની બાબતમાં "નોંધપાત્ર બંધારણીય સત્તા" નો ઉપયોગ કરે છે; વાદગ્રસ્ત કાયદાના આધારે, જ્યાં સુધી તેઓ આ કોર્ટના ત્રીજા સૌથી વરિષ્ઠ ન્યાયમૂર્તિનું

પદ પ્રાપ્ત ન કરે ત્યાં સુધી, ન્યાયમૂર્તિ ખેહર આવી સત્તા ભોગવવાનું બંધ કરશે; અને તેથી, તેઓ નિષ્પક્ષ ન હોવાની શક્યતા રહેલી છે.

૩. જ્યારે આ વાંધો ઉઠાવવામાં આવ્યો, ત્યારે બંને પક્ષો વતી ઉપસ્થિત વિવિધ વકીલોએ આ કાર્યવાહીમાં ન્યાયમૂર્તિ ખેહરના ભાગ લેવાની યોગ્યતા અંગે જુદા જુદા દ્રષ્ટિકોણ વ્યક્ત કર્યા હતા. તેથી, અમે આ બાબતમાં ઉપસ્થિત વિદ્વાન વકીલોને આ પ્રશ્ન પર તેમના સંબંધિત દ્રષ્ટિકોણો સ્પષ્ટપણે જણાવવા અને શ્રી ફલી એસ. નરીમાન દ્વારા ઉઠાવવામાં આવેલા વાંધાના યોગ્ય જવાબ સુધી પહોંચવા માટે સુસંગત કાયદાના સિદ્ધાંતો ઓળખવામાં કોર્ટને સહાય કરવા આહ્વાન કર્યું હતું.

૪. આ બાબત ફરીથી તારીખ ૨૨.૦૪.૨૦૧૫ ના રોજ સૂચિબદ્ધ કરવામાં આવી હતી, જે તારીખે શ્રી નરીમાને એક સંક્ષિપ્ત લેખિત નિવેદન૨ દાખલ કર્યું હતું, જેમાં દર્શાવવામાં આવ્યા હતા ૧ સુપ્રિમ કોર્ટ એડવોકેટ્સ-ઓન-રેકોર્ડ એસોસિએશન એન્ડ અધર્સ વિ. યુનિયન ઓફ ઇન્ડિયા, (૧૯૯૩) ૪ એસ.સી.સી. ૪૪૧ ૨ બંધારણીય પડકારના આ કેસોની સુનાવણી કરતી આ બેંચ પર પીઠાસીન ન્યાયમૂર્તિનું પદ 'કોલેજિયમ' ના સભ્ય તરીકેના તેમના પદ સાથે સુસંગત નથી (અને દેખીતી રીતે તેની સાથે વિરોધાભાસ ધરાવે છે); અને તેને તે રીતે જોવામાં આવે તેવી શક્યતા છે; એ બાબત હંમેશા ધ્યાનમાં રાખવી જોઈએ કે જો બંધારણીય સુધારો અને તેને સંબંધિત કાયદો બંધારણીય રીતે માન્ય ઠેરવવામાં આવે અને કાયમ રાખવામાં આવે, તો વર્તમાન પીઠાસીન ન્યાયમૂર્તિ

હવે કોલેજિયમનો ભાગ રહેશે નહીં - એ બાબત સ્વીકારવી જ રહી કે કોલેજિયમ નોંધપાત્ર બંધારણીય સત્તાનો ઉપયોગ કરે છે તે કારણો કે જે તેમના જણાવ્યા અનુસાર ન્યાયમૂર્તિ ખેહર માટે હાલની બેંચનું અધ્યક્ષપદ સંભાળવું અયોગ્ય બનાવે છે.

૫. બીજી તરફ, અરજદારો પૈકીના એક તરફથી ઉપસ્થિત વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી અરવિંદ પી. દાતારે કોઈ ન્યાયમૂર્તિને કોઈ ચોક્કસ કેસની સુનાવણીમાંથી પોતાની મેળે ખસી જવા માટે જરૂરી એવા કાનૂની સિદ્ધાંતો સમજાવતી વિસ્તૃત દલીલો રજૂ કરી હતી અને એવી રજૂઆત કરી હતી કે આ સંબંધમાં કાયદાના સુસ્થાપિત સિદ્ધાંતોના પ્રકાશમાં ન્યાયમૂર્તિ ખેહર આ બાબતોની સુનાવણી કરે તેમાં કોઈ અયોગ્યતા નથી કે ન તો તેમના માટે તેમ કરવાની કોઈ જરૂર છે.

૬. વિદ્વાન એટર્ની જનરલ શ્રી મુકુલ રોહતગીએ શ્રી નરીમાનના સૂચનનો અત્યંત સખત વિરોધ કર્યો હતો અને એવી રજૂઆત કરી હતી કે કાયદામાં એવું કશું નથી જે ન્યાયમૂર્તિ ખેહરના ખસી જવાની માંગ કરતું હોય કે ન તો ભારત સંઘને ન્યાયમૂર્તિ ખેહર બાબતોના આ જૂથની સુનાવણી કરે તેની સામે કોઈ વાંધો છે.

૭. જુદા જુદા રાજ્યો વતી ઉપસ્થિત થવાનો પ્રસ્તાવ રાખનાર વિદ્વાન વરિષ્ઠ વકીલો શ્રી હરીશ એન. સાલ્વે અને શ્રી કે.કે. વેણુગોપાલે પણ વિદ્વાન

એટર્ની જનરલના વલણને સમર્થન આપ્યું હતું અને તે તારણના સમર્થનમાં સ્વતંત્ર દલીલો રજૂ કરી હતી.

૮. આ બાબતની વિસ્તૃત સુનાવણી પછી, અમે સર્વાનુમતે એ નિષ્કર્ષ પર આવ્યા કે કાયદાનો એવો કોઈ સિદ્ધાંત નથી જે આ કાર્યવાહીમાંથી ન્યાયમૂર્તિ ખેહરના ખસી જવાનું વાજબી ઠેરવતો હોય. અમે તારીખ ૨૨.૦૪.૨૦૧૫ ની કાર્યવાહીમાં બેંચનું આ તારણ નોંધ્યું હતું અને નિર્દેશ આપ્યો હતો કે સમયના અભાવના કારણે, આ નિષ્કર્ષ માટેના કારણો પાછળથી આપવામાં આવશે૩

૩ તારીખ ૨૨.૦૪.૨૦૧૫ નો હુકમ જ્યાં સુધી સુસંગત છે ત્યાં સુધી નીચે મુજબ વંચાય છે:

> "અરજદારો દ્વારા એક પ્રાથમિક વાંધો ઉઠાવવામાં આવ્યો હતો કે, શું ન્યાયમૂર્તિ જગદીશ સિંઘ ખેહરે આ બેંચની અધ્યક્ષતા કરવી જોઈએ, કારણ કે તેઓ આ કોર્ટના ચોથા સૌથી વરિષ્ઠ ન્યાયમૂર્તિ હોવાના નાતે કોલેજિયમના સભ્ય પણ છે. અરજદારો અને સામાવાળાઓના વિદ્વાન વકીલ દ્વારા વિસ્તૃત દલીલો રજૂ કરવામાં આવી હતી. તમામ વિદ્વાન વકીલોને સાંભળ્યા પછી, અમારો સર્વાનુમત અભિપ્રાય છે કે અમને કાયદામાં એવું કોઈ કારણ જણાતું નથી કે જેના આધારે ન્યાયમૂર્તિ જગદીશ સિંઘ ખેહરે આ બાબતની સુનાવણીમાંથી પોતાની મેળે ખસી જવું જરૂરી બને. કારણો પાછળથી અપાશે. રુલ જારી કરો."

૯. શરૂઆતમાં જ, અમારે એ નોંધવું જોઈએ કે આ કાર્યવાહીમાં ન્યાયમૂર્તિ ખેહરના ભાગ લેવા સામે વાંધો ઉઠાવનાર પ્રત્યેક વિદ્વાન વકીલે આ વાંધાને કાયદાના જુદા જુદા સિદ્ધાંતો પર આધારિત રાખ્યો હતો. જ્યારે શ્રી નરીમાને તેને અયોગ્યતાના કારણોસર મૂક્યો હતો, ત્યારે શ્રી સંતોષ પોલે પૂર્વગ્રહના સિદ્ધાંતનો આધાર લીધો હતો, તેઓ પરસ્પર વિરોધી હિતો ધરાવતા હોવાના કારણોસર - એક કોલેજિયમના સભ્ય તરીકેની તેમની ક્ષમતામાં અને બીજું કોલેજિયમ પ્રણાલીનું સ્થાન લેવા માંગતી જોગવાઈઓની બંધારણીય માન્યતાની તપાસ કરવા માટે ન્યાયમૂર્તિ તરીકેની તેમની ક્ષમતામાં. સારાંશમાં, કેટલાક અરજદારોનો એવો અભિપ્રાય છે કે ન્યાયમૂર્તિ ખેહરે ખસી જવું જોઈએ૪

૧૦. એક સભ્ય કાનૂની વ્યવસ્થાનો આ એક સુસ્થાપિત સિદ્ધાંત છે કે ન્યાયમૂર્તિ નિષ્પક્ષ હોવા જરૂરી છે. એવું કહેવાય છે કે નિષ્પક્ષ ન્યાયમૂર્તિનું અસ્તિત્વ એ લોકશાહીની ઓળખ છે.

૧૧. આ બધું લેટિન સુક્તિ 'નેમો જુડેક્સ ઇન રે સુઆ' થી શરૂ થયું હતું જેનો શાબ્દિક અર્થ એવો થાય છે - કે કોઈ પણ વ્યક્તિ પોતાના જ કેસમાં ન્યાયાધીશ હોઈ શકે નહીં. બીજો એક નિયમ છે જે ન્યાયાધીશ નિષ્પક્ષ હોવાનું જરૂરી બનાવે છે. તેનો સૈદ્ધાંતિક આધાર થોમસ હોબ્સ દ્વારા કુદરતના તેમના અગિયારમા કાયદામાં સમજાવવામાં આવ્યો છે. તેમણે કહ્યું હતું કે, "જો કોઈ વ્યક્તિ પર માણસ અને માણસ વચ્ચે ન્યાય કરવાનો વિશ્વાસ મૂકવામાં આવે, તો તે કુદરતી કાયદાનો આદેશ છે કે તે તેમની વચ્ચે સમાન વ્યવહાર કરે. કારણ

કે તેના વિના, માણસોના વિવાદોનો નિર્ણય યુદ્ધ સિવાય થઈ શકતો નથી. તેથી, જે વ્યક્તિ ન્યાય આપવામાં પક્ષપાતી છે તે લોકોને ન્યાયાધીશો અને લવાદોનો સહારો લેતાં અટકાવવા માટે પોતાનાથી બનતું બધું કરે છે; અને પરિણામે, કુદરતના મૂળભૂત કાયદાની વિરુદ્ધ, તે યુદ્ધનું કારણ બને છે."

૧૨. ગ્રાન્ટ હેમન્ડ, કોર્ટ ઓફ અપીલ ઓફ ન્યુઝીલેન્ડના ભૂતપૂર્વ ન્યાયાધીશ અને શિક્ષણશાસ્ત્રી, તેમણે પોતાના "જ્યુડિશિયલ રિક્યુઝલ"પ શીર્ષકવાળા પુસ્તકમાં રિક્યુઝલના કાયદા પરના સિદ્ધાંતો ૪ ન્યૂ ઓક્સફોર્ડ ડિક્શનરી ઓફ ઇંગ્લિશ અનુસાર 'રિક્યુઝ' શબ્દપ્રયોગનો અર્થ થાય છે – (ન્યાયમૂર્તિનું કાર્ય) હિતોના સંભવિત સંઘર્ષ અથવા નિષ્પક્ષતાના અભાવના કારણે કેસમાંથી પોતાને મુક્ત કરવા. ૫ આર. ગ્રાન્ટ હેમન્ડ, જ્યુડિશિયલ રિક્યુઝલ: પ્રિન્સિપલ્સ, પ્રોસેસ એન્ડ પ્રોબ્લેમ્સ, (હાર્ટ પબ્લિશિંગ, ૨૦૦૯).

> ઇંગ્લેન્ડમાં વિકસિત થયા મુજબ નીચેના શબ્દોમાં તારવ્યા છે: 'રિક્યુઝલ અંગેના પ્રારંભિક અંગ્રેજી સામાન્ય કાયદાનું મુખ્ય લક્ષણ સરળ અને અત્યંત મર્યાદિત બંને હતું: ન્યાયમૂર્તિને માત્ર પ્રત્યક્ષ નાણાકીય હિત માટે જ ગેરલાયક ઠેરવી શકાતા હતા. જેને આજે 'પક્ષપાત' કહેવામાં આવે છે, જે ગેરલાયકાત માટેનું સૌથી વિવાદાસ્પદ કારણ છે, તેને ન્યાયમૂર્તિઓના રિક્યુઝલના કારણ તરીકે સંપૂર્ણપણે નકારી કાઢવામાં આવ્યું હતું, જોકે જ્યુરી સભ્યોના સંબંધમાં તેને સંપૂર્ણપણે ફગાવી દેવામાં આવ્યું ન હતું.

આ બાબત પ્રમાણમાં અત્યાધુનિક કેનન લો થી તદ્દન વિપરીત હતી, જેમાં જો કોઈ ન્યાયમૂર્તિ પર પક્ષકાર સાથે રક્તસંબંધ, વૈવાહિક સંબંધ, મિત્રતા અથવા શત્રુતાના કારણે, અથવા પક્ષકાર પ્રત્યેના તેમના ગૌણ દરજ્જાના કારણે અથવા તેઓ પક્ષકારના વકીલ હોય કે રહી ચૂક્યા હોય તેના કારણે પક્ષપાતની શંકા હોય તો રિક્યુઝલની જોગવાઈ હતી."

તેમણે એ પણ નિર્દેશ કર્યો હતો કે તેનાથી વિપરીત યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકામાં, આ વિષય કાયદા દ્વારા આવરી લેવામાં આવ્યો છે.

૧૩. ***ડાઈમ્સ વિ. પ્રોપ્રાઈટર્સ ઓફ ગ્રાન્ડ જંક્શન કેનાલ,*** (૧૮૫૨) ૧૦ ઈ.આર. ૩૦૧, એ સૌથી પ્રારંભિક કેસો પૈકીનો એક છે જ્યાં ન્યાયમૂર્તિની ગેરલાયકાતના પ્રશ્ન પર વિચારણા કરવામાં આવી હતી. તેનું કારણ એ હતું કે આ બાબતમાં તેમનું કેટલુંક નાણાકીય હિત હતું. આ કેસના પક્ષકારો વચ્ચેના વિવાદની વિગતો સાથે અમારે કોઈ સંબંધ નથી. લોર્ડ ચાન્સેલર કોટનહામે વાઇસ–ચાન્સેલરના હુકમ સામેની અપીલ સાંભળી હતી અને તે હુકમની પુષ્ટિ કરી હતી. તે હુકમ પ્રતિવાદી કંપનીની તરફેણમાં ગયો હતો. એક વર્ષ પછી, ***ડાઈમ્સને*** જાણ થઈ કે લોર્ડ ચાન્સેલર કોટનહામ પ્રતિવાદી કંપનીમાં શેર ધરાવતા હતા. તેમણે રાણીને તેમના હસ્તક્ષેપ માટે અરજી કરી હતી. આ મુકદ્દમાનો લાંબો અને ચડાવ-ઉતારવાળો ઈતિહાસ રહ્યો હતો, જેની વિગતો અમારા માટે મહત્વપૂર્ણ નથી. આખરે, આ બાબત હાઉસ ઓફ લોર્ડ્સ સમક્ષ પહોંચી. ધ હાઉસે ***ડાઈમ્સની*** અપીલ એ કારણસર ફગાવી દીધી હતી કે લોર્ડ

ચાન્સેલરના હુકમને રદ કરવા છતાં વાઇસ-ચાન્સેલરનો હુકમ અકબંધ રહેશે કારણ કે લોર્ડ ચાન્સેલરે માત્ર વાઇસ-ચાન્સેલરના હુકમની પુષ્ટિ કરી હતી. જોકે, હાઉસ ઓફ લોર્ડ્સે ઠેરવ્યું કે ન્યાયનિર્ણયનની પ્રક્રિયામાં લોર્ડ કોટનહામની ભાગીદારી વાજબી ન હતી. જોકે લોર્ડ કેમ્પબેલે અવલોકન કર્યું હતું કે:

> "કોઈ પણ એવી કલ્પના કરી શકે નહીં કે લોર્ડ કોટનહામ આ કંપનીમાં પોતાના હિતથી સહેજ પણ પ્રભાવિત થઈ શકે: પરંતુ, માય લોર્ડ્સ, એ અત્યંત મહત્વનું છે કે કોઈ પણ વ્યક્તિ પોતાના જ કેસમાં ન્યાયાધીશ બની શકે નહીં તે સુક્તિને પવિત્ર ગણવામાં આવે. અને તે માત્ર એવા કેસ પૂરતી મર્યાદિત નથી જેમાં તેઓ પક્ષકાર હોય, પરંતુ તે એવા કેસને પણ લાગુ પડે છે જેમાં તેમનું હિત હોય.... તમામ તાબાની ટ્રિબ્યુનલો માટે આ એક બોધપાઠ રહેશે કે તેઓ માત્ર એટલું જ ધ્યાન ન રાખે કે તેમના હુકમનામામાં તેઓ પોતાના અંગત હિતથી પ્રભાવિત ન થાય, પરંતુ આવા પ્રભાવ હેઠળ કાર્યરત હોવાનો આભાસ પણ ટાળે."

૧૪. ઉપરોક્ત કેસ દ્વારા પ્રતિપાદિત સિદ્ધાંતનો સારાંશ આપતાં, ***હેમન્ડે*** નીચે મુજબ અવલોકન કર્યું હતું:

> "***ડાઈમ્સમાં*** વ્યક્ત થયેલ 'કોઈ નાણાકીય હિત નહીં' નો સિદ્ધાંત ન્યાયાધીશ આપમેળે ગેરલાયક ઠરવાની અપેક્ષા રાખે છે જ્યારે તે ન્યાયાધીશ તરફથી ન તો વાસ્તવિક પક્ષપાત હોય કે ન તો પક્ષપાતની

કોઈ આશંકા પણ હોય. તેથી ***ડાઈમ્સનો*** મૂળભૂત દાર્શનિક આધાર હિતોના સંઘર્ષના અભિગમ પર આધારિત છે."

૧૫. "પક્ષપાત" ના પ્રશ્ન પર આગામી સીમાચિહ્નરૂપ કેસ ***રેજીના*** વિ. ***ગફ,*** (૧૯૯૩) એસી ૬૪૬ છે. ગફને લૂંટના ષડયંત્રના ગુના માટે દોષિત ઠેરવવામાં આવ્યો હતો અને ટ્રાયલ કોર્ટ દ્વારા તેને પંદર વર્ષની કેદની સજા ફટકારવામાં આવી હતી. તે જ્યુરી દ્વારા ચલાવવામાં આવેલ ટ્રાયલ હતી. દોષસિદ્ધિ જાહેર થયા પછી, ટ્રાયલ કોર્ટના ધ્યાને લાવવામાં આવ્યું હતું કે જ્યુરી સભ્યો પૈકીની એક વ્યક્તિ દોષિતની પાડોશી હતી. દોષિતે કોર્ટ ઓફ અપીલ સમક્ષ અસફળ અપીલ કરી હતી. જે કારણોસર દોષસિદ્ધિને પડકારવામાં આવી હતી તેમાંનું એક કારણ એ હતું કે, જ્યુરી સભ્યો પૈકીની એક વ્યક્તિ દોષિતની પાડોશી હોવાની હકીકતને જોતાં તેના તરફથી પક્ષપાતની શક્યતા રહેલી હતી અને તેથી દોષસિદ્ધિ ટકી શકે તેવી નથી. કોર્ટ ઓફ અપીલે નોંધ્યું હતું કે પક્ષપાતના કારણસર ન્યાયમૂર્તિની ગેરલાયકાત નક્કી કરવા માટે બે અલગ અલગ કસોટીઓ રજૂ કરતી બે વિચારધારાઓ અસ્તિત્વમાં છે:

(૧) "વાસ્તવિક જોખમ" કસોટી; અને

(૨) "વાજબી શંકા" કસોટી.

કોર્ટ ઓફ અપીલે "વાસ્તવિક જોખમ" કસોટી લાગુ કરીને દોષસિદ્ધિની પુષ્ટિ કરી હતી.

૧૬. આ બાબત હાઉસ ઓફ લોર્ડ્સ સમક્ષ આગળ લઈ જવામાં આવી હતી.

૧૭. લોર્ડ ગોફે નોંધ્યું કે પૂર્વચુકાદાઓની એક એવી શ્રેણી છે જે "માત્ર મોટી સંખ્યામાં જ નથી પરંતુ પોતાની અસરમાં ગૂંચવણભરી પણ છે". ડાઇમ્સ (પૂર્વોક્ત) ના ચુકાદાનું વિશ્લેષણ કર્યા પછી, લોર્ડ ગોફે ઠેરવ્યું હતું કે:

> "તેથી આવા કિસ્સામાં, માત્ર એ જ અપ્રસ્તુત નથી કે ટ્રિબ્યુનલ તરફથી વાસ્તવમાં કોઈ પક્ષપાત ન હતો, પરંતુ તે ચોક્કસ કેસની હકીકતો પર પક્ષપાતની કોઈ વાસ્તવિક સંભાવના હતી કે પક્ષપાતની કોઈ વાજબી શંકા હતી કે કેમ તેની વસ્તુલક્ષી દ્રષ્ટિકોણથી તપાસ કરવાનો કોઈ પ્રશ્ન જ નથી. હિતનું સ્વરૂપ એવું છે કે ન્યાય વહીવટમાં જનતાનો વિશ્વાસ એવી અપેક્ષા રાખે છે કે તે નિર્ણય ટકી રહેવો જોઈએ નહીં."

બીજા શબ્દોમાં કહીએ તો, જ્યાં ન્યાયમૂર્તિનું નાણાકીય હિત હોય, ત્યાં કોઈ "વાસ્તવિક જોખમ" હતું કે પક્ષપાતની "વાજબી શંકા" હતી કે કેમ તે અંગે કોઈ વધુ તપાસ કરવાની જરૂર નથી. પરંતુ અન્ય કેસોમાં, આવી તપાસ જરૂરી છે અને સંબંધિત કસોટી "વાસ્તવિક જોખમ" કસોટી છે.

> "પરંતુ અન્ય કેસોમાં, તપાસ એ પ્રશ્ન તરફ દોરવામાં આવે છે કે શું તે હદ સુધીની ટ્રિબ્યુનલ તરફથી પક્ષપાતની શક્યતા હતી કે જેથી કોર્ટ તે નિર્ણયને ટકી રહેવા દેશે નહીં. આવો પ્રશ્ન વિવિધ પ્રકારના સંજોગોમાં

ઉપસ્થિત થઈ શકે છે. આમાં એવા કેસોનો સમાવેશ થાય છે.... જેમાં ટ્રિબ્યુનલના સભ્ય કાર્યવાહીના પરિણામમાં એવું હિત ધરાવતા હોય, જે પ્રત્યક્ષ નાણાકીય હિતથી ઓછું હોય. આવા હિતો તેમના સ્વરૂપમાં, તેમની અસરમાં, અને કાર્યવાહીની વિષયવસ્તુ સાથેની તેમની પ્રસ્તુતતામાં વ્યાપકપણે ભિન્ન હોઈ શકે છે; અને એવો કોઈ નિયમ નથી.... કે આવું હિત ધરાવવાથી ટ્રિબ્યુનલના સભ્ય બેઠક યોજવા (સુનાવણી કરવા) માટે આપમેળે ગેરલાયક ઠરે છે. દરેક કેસની તેની પોતાની હકીકતો પર વિચારણા કરવાની રહે છે."

૧૮. વિદ્વાન ન્યાયમૂર્તિ આ વિષય પરના વિવિધ મહત્વપૂર્ણ કેસોની તપાસ કરી અને આખરે તારણ કાઢ્યું કે:

"અંતે, શંકાના નિવારણ માટે, હું વાસ્તવિક સંભાવનાને બદલે વાસ્તવિક જોખમના સંદર્ભમાં કસોટી જણાવવાનું પસંદ કરું છું, જેથી એ સુનિશ્ચિત થઈ શકે કે કોર્ટ પક્ષપાતની સંભાવ્યતાના બદલે શક્યતાના સંદર્ભમાં વિચારી રહી છે. તદનુસાર, સંબંધિત સંજોગોની ખાતરી કર્યા પછી, કોર્ટે પોતાની જાતને પૂછવું જોઈએ કે, તે સંજોગોને ધ્યાને લેતાં, શું પ્રશ્નાસ્પદ ટ્રિબ્યુનલના સંબંધિત સભ્ય તરફથી પક્ષપાતનું કોઈ વાસ્તવિક જોખમ હતું, એ અર્થમાં કે તેઓ પોતાની વિચારણા હેઠળના મુદ્દાના કોઈ પક્ષકારના કેસ પ્રત્યે ગેરવાજબી રીતે તરફેણ અથવા બિનતરફેણ ધરાવતા હોય (અથવા ગેરવાજબી રીતે ધરાવી હોય)."

૧૯. લોર્ડ વુલ્ફે તેમના અલગ ચુકાદામાં લોર્ડ ગોફ સાથે સંમતિ દર્શાવી હતી. તેમણે ઠેરવ્યું કે:

> "માત્ર એક જ સ્થાપિત વિશિષ્ટ શ્રેણી છે અને તે ત્યાં અસ્તિત્વ ધરાવે છે જ્યાં ટ્રિબ્યુનલ કાર્યવાહીની વિષયવસ્તુમાં નાણાકીય અથવા માલિકી હિત ધરાવતી હોય, જેમ કે ડાઇમ્સ વિ. પ્રોપ્રાઇટર્સ ઓફ ગ્રાન્ડ જંક્શન કેનાલ, ૩ એચ.એલ. કેસ ૭૫૯ માં હતું. અદાલતોએ અન્ય કોઈ વિશેષ શ્રેણી બનાવતા પહેલાં ખૂબ ખચકાવું જોઈએ કારણ કે તેનાથી તે શ્રેણીના માપદંડો શું છે અને તે શ્રેણીના કિસ્સામાં કઈ કસોટી લાગુ કરવાની છે તે અંગે તાત્કાલિક અનિશ્ચિતતા ઊભી થશે. વાસ્તવિક જોખમ કસોટી સાચો જવાબ આપવા માટે અને જ્યાં પક્ષપાત હોઈ શકે તેવી પરિસ્થિતિઓની શ્રેણીમાં ન્યાયની શુદ્ધતા જળવાઈ રહે તે સુનિશ્ચિત કરવા માટે સંપૂર્ણ સક્ષમ છે."

૨૦. સારરૂપે, કોર્ટે ઠેરવેલ કે જે કેસોમાં ન્યાયાધીશ કાર્યવાહીના પરિણામમાં નાણાકીય હિત ધરાવતા હોય, તેમાં તેમની ગેરલાયકાત આપમેળે થાય છે. આવું હિત "વાસ્તવિક જોખમ" તરફ દોરી ગયું હતું કે "વાજબી શંકા" ઊભી કરી હતી તે અંગે કોઈ વધુ તપાસ જરૂરી નથી. અન્ય હિતોના કિસ્સામાં, ન્યાયાધીશ કેસની સુનાવણી માટે ગેરલાયક છે કે કેમ તે નક્કી કરવાની કસોટી "વાસ્તવિક જોખમ" કસોટી છે.

૨૧. ***પિનોશેઽ*** કેસે ન્યાયાધીશ માટે આપમેળે ગેરલાયકાતના કેસોમાં વધુ એક શ્રેણી ઉમેરી. ચિલીના ભૂતપૂર્વ સરમુખત્યાર પિનોશેની તેમના હોદ્દા દરમિયાનના આચરણ બદલ ઇંગ્લેન્ડથી ધરપકડ કરવાની અને પ્રત્યાર્પણ કરવાની માંગ કરવામાં આવી હતી. મુદ્દો એ હતો કે શું પિનોશે આવી ધરપકડ કે પ્રત્યાર્પણ સામે મુક્તિ મેળવવા હકદાર હતા કે કેમ. એક ધર્માદા સંસ્થા, એમ્નેસ્ટી ઇન્ટરનેશનલે કોર્ટની પરવાનગીથી સદર કાર્યવાહીમાં ભાગ લીધો હતો. હાઉસ ઓફ લોર્ડ્સે ઠેરવ્યું કે પિનોશે આવી કોઈ મુક્તિ ધરાવતા ન હતા. ત્યારબાદ, એ બાબત પ્રકાશમાં આવી કે પિનોશે કેસની સુનાવણી કરનાર બોર્ડના સભ્યો પૈકીના એક એવા લોર્ડ હોફમેન, એમ્નેસ્ટી ઇન્ટરનેશનલ સાથે ગાઢ રીતે જોડાયેલી એક કંપની (જે એ.આઇ.સી.એલ. તરીકે ઓળખાતી હતી) ના ડિરેક્ટર અને ચેરમેન હતા. એક અરજી કરવામાં આવી હતી હાઉસ ઓફ લોર્ડ્સ સમક્ષ લોર્ડ હોફમેન તરફથી પક્ષપાતના કારણસર અગાઉના ચુકાદાને રદ કરવા માટે.

ઽ પિનોશે ઉગાર્ટે, (૧૯૯૯) ૧ ઓલ ઇ.આર. ૫૭૭

૨૨. હાઉસ ઓફ લોર્ડ્સે નીચેના પ્રશ્નોની તપાસ કરી;

(૧) શું લોર્ડ હોફમેનનો એમ્નેસ્ટી ઇન્ટરનેશનલ સાથેનું જોડાણ તેમને આપોઆપ ગેરલાયક ઠેરવવા માટે જરૂરી હતું?

(૨) શું એ પ્રશ્નની તપાસ કે શું લોર્ડ હોફમેનનું એમ્નેસ્ટી ઇન્ટરનેશનલ સાથેનું જોડાણ વાસ્તવિક જોખમ ઊભું કરતું હતું અથવા તેમનો ચુકાદો

પક્ષપાતી હોવાની વાજબી આશંકા ઊભી કરતું હતું - તે જરૂરી છે?

(૩) શું તેનાથી કોઈ ફેર પડ્યો કે લોર્ડ હોફમેન એમ્નેસ્ટી ઈન્ટરનેશનલ સાથે સંકળાયેલી કંપનીના માત્ર એક સભ્ય હતા કે જે વાસ્તવમાં સેનેટર પિનોશેનું પ્રત્યાર્પણ મેળવવામાં રસ ધરાવતી હતી?

૨૩. લોર્ડ વિલ્કિન્સને એ સિદ્ધાંતોનો સારાંશ આપ્યો જેના પર ન્યાયાધીશ કેસની સુનાવણી કરવા માટે ગેરલાયક ઠરે છે. લોર્ડ વિલ્કિન્સન અનુસાર

"મૂળભૂત સિદ્ધાંત એ છે કે કોઈ વ્યક્તિ પોતાના જ કેસમાં ન્યાયાધીશ હોઈ શકે નહીં. અદાલતો દ્વારા વિકસાવવામાં આવેલા આ સિદ્ધાંતના બે ખૂબ જ સમાન પરંતુ એકરૂપ ન હોય તેવા ફલિતાર્થો છે. પ્રથમ, તે શાબ્દિક રીતે લાગુ થઈ શકે છે: જો કોઈ ન્યાયાધીશ વાસ્તવમાં મુકદ્દમામાં પક્ષકાર હોય અથવા તેના પરિણામમાં નાણાકીય કે માલિકી હિત ધરાવતા હોય, તો તેઓ ખરેખર પોતાના જ કેસમાં ન્યાયમૂર્તિ તરીકે બેઠા છે. તે કિસ્સામાં, માત્ર એ હકીકત કે તેઓ કાર્યવાહીમાં પક્ષકાર છે અથવા તેના પરિણામમાં નાણાકીય કે માલિકી હિત ધરાવે છે, તે તેમની આપોઆપ ગેરલાયકાત માટે પૂરતી છે. આ સિદ્ધાંતનો બીજો અમલ ત્યાં થાય છે જ્યાં ન્યાયાધીશ દાવામાં પક્ષકાર નથી અને તેના પરિણામમાં નાણાકીય હિત ધરાવતા નથી, પરંતુ અન્ય કોઈ રીતે તેમનું આચરણ અથવા વર્તન એવી શંકા ઉપજાવી શકે છે કે તેઓ નિષ્પક્ષ નથી, ઉદાહરણ તરીકે કોઈ પક્ષકાર

સાથેની તેમની મિત્રતાના કારણે. આ બીજા પ્રકારનો કેસ કડક અર્થમાં એ સિદ્ધાંતનો અમલ નથી કે માણસ પોતાના જ કેસમાં ન્યાયાધીશ ન હોવો જોઈએ, કારણ કે ન્યાયાધીશ સામાન્ય રીતે પોતે લાભ મેળવતા નથી, પરંતુ નિષ્પક્ષ રહેવામાં નિષ્ફળ જઈને અન્યને લાભ પૂરો પાડતા હોય છે.

મારા મતે, આ કેસ કેસોની પ્રથમ શ્રેણીમાં આવે છે, એટલે કે જ્યાં ન્યાયાધીશ ગેરલાયક ઠરે છે કારણ કે તેઓ પોતાના જ કેસમાં ન્યાયાધીશ છે. આવા કિસ્સામાં, એકવાર એ દર્શાવવામાં આવે કે ન્યાયાધીશ પોતે કેસમાં પક્ષકાર છે, અથવા તેની વિષયવસ્તુમાં સુસંગત હિત ધરાવે છે, તો પક્ષપાતની કોઈ સંભાવના કે શંકા હતી કે કેમ તેની કોઈ તપાસ કર્યા વિના તેઓ ગેરલાયક ઠરે છે. જ્યાં સુધી તેમણે પૂરતો ખુલાસો કર્યો ન હોય ત્યાં સુધી માત્ર તેમના હિતની હકીકત જ તેમને ગેરલાયક ઠેરવવા માટે પૂરતી છે.

અને પ્રશ્ન ઘડ્યો;

" .... પછી પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે શું, બિન–નાણાકીય મુકદ્દમામાં, પરિણામમાં નાણાકીય અથવા માલિકી હિત સિવાયનું કંઈપણ કોઈ વ્યક્તિને કેસમાં ન્યાયમૂર્તિ તરીકે બેસવા માટે **આપોઆપ ગેરલાયક** ઠેરવવા માટે પૂરતું છે."

તેમણે અભિપ્રાય આપ્યો કે જોકે અગાઉના કેસો "તમામ નાણાકીય હિતના કારણોસર આપોઆપ ગેરલાયકાત સાથે સંબંધિત હતા, છતાં સૈદ્ધાંતિક રીતે આપોઆપ ગેરલાયકાતને આ રીતે મર્યાદિત કરવાનું કોઈ યોગ્ય કારણ નથી."

૨૪. લોર્ડ વિલ્કિન્સને તારણ કાઢ્યું કે એમ્નેસ્ટી ઈન્ટરનેશનલ અને એ.આઇ.સી.એલ. તરીકે ઓળખાતી તેની સહયોગી કંપની એક બિન–નાણાકીય હિત ધરાવતી હતી જેણે સ્થાપિત કર્યું કે સેનેટર પિનોશે પ્રત્યાર્પણની પ્રક્રિયામાંથી મુક્તિ ધરાવતા ન હતા. તેમણે તારણ કાઢ્યું કે, " .... વિવાદિત બાબત નાણાં કે આર્થિક લાભ સાથે સંબંધિત નથી પરંતુ ઉદ્દેશના સંવર્ધન સાથે સંબંધિત છે, ન્યાયમૂર્તિને ગેરલાયક ઠેરવવાનો તર્ક એટલો જ લાગુ પડે છે જો ન્યાયમૂર્તિનો નિર્ણય એવા ઉદ્દેશના સંવર્ધન તરફ દોરી જશે જેમાં ન્યાયાધીશ પક્ષકારો પૈકીના એક સાથે સામેલ હોય"

૨૫. આવું તારણ કાઢ્યા પછી, છેલ્લા પ્રશ્ન પર વિચાર કરતાં કે શું લોર્ડ હોફમેન માત્ર એ.આઇ.સી.એલ. ના સભ્ય હતા પરંતુ એમ્નેસ્ટી ઈન્ટરનેશનલના સભ્ય ન હતા તે હકીકતથી સિદ્ધાંતમાં કોઈ ફેર પડ્યો કે કેમ, લોર્ડ વિલ્કિન્સને અભિપ્રાય આપ્યો કે ભલે ન્યાયાધીશ કેસના પરિણામમાં નાણાકીય હિત ધરાવતા ન હોય, પરંતુ અન્ય કોઈ રીતે તેમનું આચરણ અથવા વર્તન એવી શંકા ઉપજાવી શકે છે કે તેઓ નિષ્પક્ષ નથી અને ઠેરવ્યું કે જો ન્યાયતંત્રની સંપૂર્ણ નિષ્પક્ષતા જાળવવી હોય, તો એવો નિયમ હોવો જ જોઈએ જે દાવામાં પક્ષકાર

હોય તેવી સંસ્થામાં જ સમાન ઉદ્દેશોને આગળ વધારવામાં, વ્યક્તિગત રીતે કે કંપનીના ડિરેક્ટર તરીકે સામેલ હોય તેવા ન્યાયમૂર્તિને આપોઆપ ગેરલાયક ઠેરવે. સૂક્ષ્મ ભેદ માટે કોઈ અવકાશ નથી. આ બાબતના આ પાસા પર પી.ડી. *દિનકરણ કેસ૭* માં વિચારણા કરવામાં આવી હતી.

૨૬. ઉપરોક્ત નિર્ણયો પરથી, અમારા મતે, નીચેના સિદ્ધાંતો ફલિત થાય છે;

(૧) જો કોઈ ન્યાયાધીશ કેસના પરિણામમાં નાણાકીય હિત ધરાવતા હોય, તો તેઓ કેસની સુનાવણી કરવાથી આપોઆપ ગેરલાયક ઠરે છે.

(૨) જે કેસોમાં કેસમાં ન્યાયમૂર્તિનું હિત નાણાકીય સિવાયનું હોય, ત્યાં ગેરલાયકાત આપોઆપ થતી નથી પરંતુ પક્ષપાતના "વાસ્તવિક જોખમ" અથવા "વાજબી આશંકા" ના સિદ્ધાંતના આધારે ચકાસણી કરીને એ તપાસ કરવી જરૂરી છે કે શું આવા હિતનું અસ્તિત્વ ન્યાયમૂર્તિને ગેરલાયક ઠેરવે છે. ૭ પી.ડી. દિનકરણ (૧) વિ. જજિસ ઇન્ક્વાયરી કમિટી, (૨૦૧૧) ૮ એસ.સી.સી. ૩૮૦, પેરા ૪૯ થી ૫૩.

(૩) પિનોશે કેસે એક નવી શ્રેણી ઉમેરી એટલે કે ન્યાયાધીશ એવા કેસની સુનાવણી કરવાથી આપોઆપ ગેરલાયક ઠરે છે જ્યાં ન્યાયાધીશ એવા ઉદ્દેશમાં હિત ધરાવતા હોય જેને કેસના પક્ષકારો પૈકીના કોઈ એક દ્વારા આગળ વધારવામાં આવી રહ્યો હોય.

૨૭. કોઈનો પણ એવો કેસ નથી કે, પ્રસ્તુત કેસમાં, ન્યાયમૂર્તિ ખેહર કોઈ નાણાકીય હિત અથવા ઉપરોક્ત શ્રેણીઓ પૈકીની બીજી શ્રેણી હેઠળ આવતું અન્ય કોઈ હિત ધરાવતા હતા. કેસના મૂળ સ્વભાવથી જ, આવું કોઈ હિત બિલકુલ ઊભું થઈ શકે તેમ નથી.

૨૮. પ્રશ્ન એ છે કે શું ***પિનોશે કેસમાં*** નિર્ધારિત કાયદાનો સિદ્ધાંત અહીં લાગુ પડે છે. બીજા શબ્દોમાં કહીએ તો, શું ન્યાયમૂર્તિ ખેહર એવા કોઈ હિતમાં ભાગીદાર હોવાનું કહી શકાય જેને પક્ષકારો પૈકીનો એક આગળ વધારી રહ્યો છે. આ કાર્યવાહીના તમામ પક્ષકારો એક નિષ્પક્ષ અને સ્વતંત્ર ન્યાયતંત્રનું અસ્તિત્વ સુનિશ્ચિત કરવાના ઉદ્દેશને આગળ વધારવાનો દાવો કરે છે. પક્ષકારો વચ્ચે એકમાત્ર મતભેદ તે પ્રક્રિયા અંગેનો છે જેના દ્વારા આવું પરિણામ પ્રાપ્ત કરવાનું છે. તેથી, એવું કહી શકાય નહીં કે ન્યાયમૂર્તિ ખેહર એવા કોઈ હિતમાં ભાગીદાર છે જેને કાર્યવાહીના પક્ષકારો પૈકીનો કોઈ એક આગળ વધારવા માંગે છે.

૨૯. શ્રી નરીમાનની રજૂઆતનો ફલિતાર્થ એ છે કે ન્યાયમૂર્તિ ખેહર વાદગ્રસ્ત કાયદાને અમાન્ય ઠેરવવા માટે પૂર્વ-નિર્ધારિત હશે. અમે અરજદારોનું વલણ સમજવામાં અસમર્થ છીએ. જો અરજદારોની આવી આશંકા સાચી પડે, તો તેના લાભાર્થી માત્ર અરજદારો જ હશે. આ કારણસર કોઈ ફરિયાદ, જો હોય તો, તે સામાવાળાઓ તરફથી હોવી જોઈએ.

૩૦. યુનિયન ઓફ ઇન્ડિયા તરફથી ઉપસ્થિત રહેલા વિદ્વાન એટર્ની જનરલે ભારપૂર્વક નિવેદન આપ્યું હતું કે ન્યાયમૂર્તિ ખેહર બેંચના અધ્યક્ષ

ન્યાયમૂર્તિ તરીકે આ બાબતની સુનાવણી કરે તેની સામે યુનિયન ઓફ ઇન્ડિયાને કોઈ વાંધો નથી.

૩૧. અમારા ધ્યાને એવો કોઈ પૂર્વચુકાદો લાવવામાં આવ્યો નથી, જ્યાં અદાલતોએ નિર્ણયકર્તાના પક્ષપાતના લાભાર્થીની માંગણી પર એવો ચુકાદો આપ્યો હોય કે કોઈ ચુકાદો કે વહીવટી નિર્ણય પક્ષપાતના કારણોસર રદબાતલપાત્ર કે રદબાતલ છે. બીજી બાજુ, કાયદાનો એ સુસ્થાપિત સિદ્ધાંત છે કે નિર્ણયકર્તાના પક્ષપાત પર આધારિત વાંધો જતો કરી શકાય છે. વ્યથિત પક્ષકાર દ્વારા વિલંબથી ઉઠાવવામાં આવેલા આવા વાંધાને અદાલતો સામાન્ય રીતે ગ્રાહ્ય રાખતી નથી.

> "ગેરલાયક નિર્ણયકર્તા સામે વાંધો ઉઠાવવાનો અધિકાર જતો કરી શકાય છે, અને ગેરલાયકાત વૈધાનિક હોય તેવા કિસ્સામાં પણ આવું બની શકે છે.૮ અદાલત સામાન્ય રીતે એવો આગ્રહ રાખે છે કે જે પક્ષકારને પ્રતિકૂળ અસર થવાની હોય તે પક્ષકારને વાંધો ઉઠાવવાનો હક આપતી હકીકતોની જાણ થતાં જ તરત વાંધો ઉઠાવવો જોઈએ. જો તેઓ અથવા તેમના સલાહકારો ગેરલાયકાત વિશે જાણ્યા પછી, વિરોધ કર્યા વિના કાર્યવાહી ચાલુ રહેવા દે, તો તેઓએ પોતાનો વાંધો જતો કર્યો હોવાનું ઠેરવવામાં આવે છે અને તે નિર્ણયને પડકારી શકાતો નથી."૯

અમારા મતે, ઉપરોક્ત સિદ્ધાંતનો ફલિતાર્થ એ છે કે માત્ર એવો પક્ષકાર કે જેને નિર્ણયકર્તાના પક્ષપાતની સંભાવનાને કારણે પ્રતિકૂળ ન્યાયનિર્ણય વેઠવો

પડ્યો હોય અથવા વેઠવો પડે તેવી સંભાવના હોય, તે જ વાંધો ઉઠાવી શકે છે.

૩૨. શ્રી નરીમાન દ્વારા વર્ણવવામાં આવેલી મહત્વપૂર્ણ સત્તા માત્ર કોલેજિયમના સભ્યોમાં જ નિહિત નથી, પરંતુ આ કોર્ટના દરેક ન્યાયમૂર્તિમાં નિહિત છે કે જેમને હાઇકોર્ટના ન્યાયમૂર્તિઓ, મુખ્ય ન્યાયમૂર્તિઓ અથવા આ કોર્ટના ન્યાયમૂર્તિઓની વિવિધ નિમણૂકોની દરખાસ્તો અંગે પોતાનો અભિપ્રાય વ્યક્ત કરવા માટે જણાવવામાં આવી શકે છે, જ્યારે કોલેજિયમના સભ્યો માટે આવી "મહત્વપૂર્ણ સત્તા" નો ઉપયોગ કરવો જરૂરી છે ૮ વેકફિલ્ડ લોકલ બોર્ડ ઓફ હેલ્થ વિ. વેસ્ટ રાઇડિંગ એન્ડ ગ્રિમ્સબી રેલવે કું. (૧૮૬૫) ૧ ક્યુ.બી. ૮૪. ૯ આર વિ. બાઇલ્સ એક્સ પા. હોલિજ (૧૯૧૨) ૭૭ જે.પી. ૪૦; આર. વિ. નેઇલ્સવર્થ લાયસન્સિંગ જસ્ટિસિસ એક્સ પા. બર્ડ [૧૯૫૩] ૧ ડબલ્યુ.એલ.આર. ૧૦૪૬; આર વિ. લિલીડેલ મેજિસ્ટ્રેટ્સ કોર્ટ એક્સ પા. સિકોન [૧૯૭૩] વી.આર. ૧૨૨; અને જુઓ આર. વિ. એન્ટ્રિમ જસ્ટિસિસ [૧૮૯૫] ૨ આઇ.આર. ૬૦૩; ટોલપુટ (એચ.) એન્ડ કું. લિ. વિ. મોલ [૧૯૧૧] ૧ કે.બી. ૮૩૬; કોરિગન વિ. આઇરિશ લેન્ડ કમિશન [૧૯૭૭] આઇ.આર. ૩૧૭. ઉપરોક્ત શ્રેણીઓની પ્રત્યેક અને દરેક નિમણૂકના સંબંધમાં, ત્યારે આ કોર્ટના અન્ય ન્યાયમૂર્તિઓએ આવી "મહત્વપૂર્ણ સત્તા" નો ઉપયોગ કરવો જરૂરી છે, ઓછામાં ઓછું તે હાઇકોર્ટમાં અથવા ત્યાંથી થતી નિમણૂકોના સંબંધમાં કે જેની સાથે તેઓ અગાઉ ન્યાયમૂર્તિઓ અથવા મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે સંકળાયેલા હતા. શ્રી નરીમાનની દલીલ, જો સ્વીકારવામાં આવે તો, આ કોર્ટના તમામ ન્યાયમૂર્તિઓને પ્રસ્તુત વિવાદની સુનાવણી કરવાથી ગેરલાયક ઠેરવશે.

એક એવું પરિણામ જેને "આવશ્યકતાના સિદ્ધાંત" દ્વારા કાયદેસર રીતે માન્ય રાખી શકાય નહીં.

૩૩. ઉપરોક્ત કારણોસર, અમે એ રજૂઆતને નકારી કાઢીએ છીએ કે ન્યાયમૂર્તિ ખેહરે કાર્યવાહીમાંથી ખસી જવું જોઈએ.

ચુકાદો

ન્યાયમૂર્તિ ચેલમેશ્વર ૧. આપણે ન્યાયતંત્રના સભ્યો રાજ્યના અન્ય બે અંગોમાંથી આપણી મુક્તિ પર હર્ષોલ્લાસ અને આનંદ વ્યક્ત કરીએ છીએ. પરંતુ શું આપણે નિયંત્રણ અને સંતુલનના સિદ્ધાંતમાંથી આપણને મુક્ત કરવા માટે એવી વૈકલ્પિક બંધારણીય નૈતિકતા વિકસાવી છે, જે આવી સ્વતંત્રતાનો દુરુપયોગ કરવાથી આપણને નિયંત્રણમાં રાખવા માટે પૂરતી મજબૂત હોય? શું આપણે આપણી બુદ્ધિમત્તા, પરિપક્વતા અને સ્વભાવ પચાવી શકે તેના કરતાં વધુ સ્વતંત્રતા પ્રાપ્ત કરી લીધી છે? શું આપણે ખરેખર પરાધીનતાની બીમારીમાંથી બહાર નીકળી ગયા છીએ કે પછી તેને માત્ર રાજકીય પદાનુક્રમમાંથી ન્યાયિક પદાનુક્રમમાં તબદીલ કરી છે? શું આપણે એવી નૈતિક અને બંધારણીય અવ્યવસ્થા તરફ આગળ વધી રહ્યા છીએ કે ભયભીત નાગરિક સમાજ આપણને શિસ્તબદ્ધ કરવા માટે કુદરત કે અન્ય કોઈ ઓછી ઉચિત સત્તા તરફ પાછો દોડે? શું પમી ઓક્ટોબર, ૧૯૯૩ થી ન્યાયિક શાખા દ્વારા મેળવવામાં આવેલી તમામ સ્વતંત્રતા એક મિથ્યા રહી છે - અન્ય બાબતો ઉપરાંત સામાન્યતાને અથવા પ્રસંગોપાત તેનાથી પણ ઉતરતી કક્ષાને પ્રોત્સાહન આપવા માટે સક્ષમ બનાવતા

સગાવાદ માટેનો એક વિનમ્ર પર્યાય - તે કેસોના આ જૂથમાં ચર્ચાના કેન્દ્રસ્થાને રહેલા પ્રશ્નો છે જેના દ્વારા અરજદારો કોન્સ્ટીટ્યુશન (૯૯મો સુધારો) એક્ટ, ૨૦૧૪ અને ધ નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન એક્ટ, ૨૦૧૪ (જે હવે પછી સરળતા ખાતર "એમેન્ડમેન્ટ" અને "એક્ટ" તરીકે ઉલ્લેખિત છે) ની કાયદેસરતા સામે સવાલ ઉઠાવે છે.

૨. પ્રસ્તુત વિવાદને સમજવા માટે, વાદગ્રસ્ત એમેન્ડમેન્ટ પહેલાં અને પછી ભારતના બંધારણની સંબંધિત જોગવાઈઓ જે સ્થિતિમાં હતી, તેના પર એક નજર નાખવી જરૂરી છે.

એમેન્ડમેન્ટ પહેલાં

અનુચ્છેદ ૧૨૪. સુપ્રિમ કોર્ટની સ્થાપના અને રચના.

(૧) ભારતના એક મુખ્ય ન્યાયમૂર્તિ અને, સંસદ કાયદા દ્વારા વધુ સંખ્યા નિયત ન કરે ત્યાં સુધી, ત્રીસથી વધુ નહીં તેટલા અન્ય ન્યાયમૂર્તિઓની બનેલી ભારતની એક સુપ્રિમ કોર્ટ રહેશે.

(૨) સુપ્રિમ કોર્ટના દરેક ન્યાયમૂર્તિની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા પોતાના હસ્તાક્ષર અને મહોર હેઠળના વોરંટ દ્વારા તે હેતુ માટે રાષ્ટ્રપતિને જરૂરી જણાય તેવા સુપ્રિમ કોર્ટના અને રાજ્યોમાંની હાઇકોર્ટોના ન્યાયમૂર્તિઓ સાથે વિચાર-વિમર્શ કર્યા પછી કરવામાં આવશે અને તેઓ પાંસઠ વર્ષની વય પ્રાપ્ત કરે ત્યાં સુધી હોદ્દો સંભાળશે:

પરંતુ મુખ્ય ન્યાયમૂર્તિ સિવાયના ન્યાયમૂર્તિની નિમણૂકના કિસ્સામાં, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે હંમેશા વિચાર-વિમર્શ કરવામાં આવશે:

xxxx xxxx xxxx xxxx

અનુચ્છેદ ૨૧૭. હાઇકોર્ટના ન્યાયમૂર્તિના હોદ્દાની નિમણૂક અને શરતો

(૧) હાઇકોર્ટના દરેક ન્યાયમૂર્તિની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા પોતાના હસ્તાક્ષર અને મહોર હેઠળના વોરંટ દ્વારા ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ, રાજ્યના રાજ્યપાલ, અને મુખ્ય ન્યાયમૂર્તિ સિવાયના ન્યાયમૂર્તિની નિમણૂકના કિસ્સામાં હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર-વિમર્શ કર્યા પછી કરવામાં આવશે, ...

xxxx xxxx xxxx xxxx

૩. સુધારા-પૂર્વેના લખાણમાં એવી જોગવાઈ કરવામાં આવી હતી કે ભારતના રાષ્ટ્રપતિ અનુચ્છેદ ૧૨૪ અને ૨૧૭ માં દર્શાવેલ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ (જે હવે પછી સીજેઆઈ તરીકે ઉલ્લેખિત છે) અને અન્ય બંધારણીય હોદ્દેદારો સાથે વિચાર-વિમર્શ કરીને આ કોર્ટ અને આ દેશની હાઇકોર્ટો (જે હવે પછી બંધારણીય અદાલતો તરીકે ઉલ્લેખિત છે) ના ન્યાયમૂર્તિઓની નિમણૂક કરશે. વ્યવહારમાં, ખાલી જગ્યાઓ ભરવા માટેની નિમણૂક પ્રક્રિયા યથાપ્રસંગ સંબંધિત હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ અથવા સીજેઆઈ દ્વારા શરૂ કરવામાં

આવતી હતી. આવી પ્રક્રિયા ભારત સરકારના એક મેમોરેન્ડમ૧ દ્વારા નિર્ધારિત કરવામાં આવી હતી.

સુધારા પછી

૪. અનુચ્છેદ ૧૨૪ અને ૨૧૭ જ્યાં સુધી આપણા હેતુ માટે સુસંગત છે ત્યાં સુધી નીચે મુજબ વંચાય છે

"અનુચ્છેદ ૧૨૪ xxxxx xxxxx xxxxx

(૨) સુપ્રિમ કોર્ટના દરેક ન્યાયમૂર્તિની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા પોતાના હસ્તાક્ષર અને મહોર હેઠળના વોરંટ દ્વારા અનુચ્છેદ ૧૨૪એ માં ઉલ્લેખિત નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશનની ભલામણ પર કરવામાં આવશે અને તેઓ પાંસઠ વર્ષની વય પ્રાપ્ત કરે ત્યાં સુધી હોદ્દો સંભાળશે.

અનુચ્છેદ ૨૧૭. હાઇકોર્ટના ન્યાયમૂર્તિના હોદ્દાની નિમણૂક અને શરતો-

(૧) હાઇકોર્ટના દરેક ન્યાયમૂર્તિની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા પોતાના હસ્તાક્ષર અને મહોર હેઠળના વોરંટ દ્વારા નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશનની ભલામણ પર કરવામાં આવશે ૧ જેની વિગતો મારા સાથી ન્યાયમૂર્તિ ખેહરના ચુકાદામાં પહેલેથી જ નોંધવામાં આવેલ છે. જેનો ઉલ્લેખ અનુચ્છેદ ૧૨૪એ માં કરવામાં આવ્યો છે, અને તેઓ વધારાના અથવા કાર્યકારી ન્યાયમૂર્તિના કિસ્સામાં અનુચ્છેદ ૨૨૪

માં જોગવાઈ કર્યા મુજબ, અને અન્ય કોઈપણ કિસ્સામાં, જ્યાં સુધી તેઓ બાસઠ વર્ષની વય પ્રાપ્ત ન કરે ત્યાં સુધી હોદ્દો સંભાળશે."

૫. સુધારા દ્વારા અનુચ્છેદ ૧૨૪એ, ૧૨૪બી અને ૧૨૪સી દાખલ કરવામાં આવ્યા. આ જોગવાઈઓ નીચે મુજબ વંચાય છે:

"૧૨૪એ (૧) નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન તરીકે ઓળખાતું એક કમિશન રહેશે જેમાં નીચેનાનો સમાવેશ થશે, એટલે કે

(એ) ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ, અધ્યક્ષ, હોદ્દાની રૂએ;

(બી) ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ પછીના સુપ્રિમ કોર્ટના અન્ય બે વરિષ્ઠ ન્યાયમૂર્તિઓ - સભ્યો, હોદ્દાની રૂએ;

(સી) કાયદા અને ન્યાયના પ્રભારી કેન્દ્રીય મંત્રી - સભ્ય, હોદ્દાની રૂએ

(ડી) વડાપ્રધાન, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા અથવા જ્યાં આવા કોઈ વિરોધ પક્ષના નેતા ન હોય, ત્યારે લોકસભામાં સૌથી મોટા એકલ વિરોધ પક્ષના નેતાની બનેલી સમિતિ દ્વારા નામાંકિત કરવામાં આવનાર બે પ્રતિષ્ઠિત વ્યક્તિઓ – સભ્યો:

પરંતુ પ્રતિષ્ઠિત વ્યક્તિઓ પૈકી એક વ્યક્તિનું નામાંકન અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ, અન્ય પછાત વર્ગો, લઘુમતીઓ અથવા મહિલાઓ પૈકીની વ્યક્તિઓમાંથી કરવામાં આવશે;

વધુમાં પરંતુ પ્રતિષ્ઠિત વ્યક્તિ ત્રણ વર્ષના સમયગાળા માટે નામાંકિત કરવામાં આવશે અને પુનઃનામાંકન માટે પાત્ર રહેશે નહીં.

(૨) નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશનનું કોઈપણ કૃત્ય અથવા કાર્યવાહી માત્ર કમિશનની રચનામાં કોઈપણ ખાલી જગ્યા અથવા ક્ષતિના અસ્તિત્વના કારણોસર પ્રશ્નાસ્પદ ગણાશે નહીં અથવા અમાન્ય ઠરશે નહીં.

૧૨૭બી. નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશનની એ ફરજ રહેશે કે -

(એ) ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ, સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓ, હાઇકોર્ટોના મુખ્ય ન્યાયમૂર્તિઓ અને હાઇકોર્ટોના અન્ય ન્યાયમૂર્તિઓ તરીકે નિમણૂક માટે વ્યક્તિઓની ભલામણ કરવી;

(બી) એક હાઇકોર્ટમાંથી અન્ય કોઈપણ હાઇકોર્ટમાં હાઇકોર્ટોના મુખ્ય ન્યાયમૂર્તિઓ અને અન્ય ન્યાયમૂર્તિઓની બદલીની ભલામણ કરવી; અને

(સી) ભલામણ કરાયેલ વ્યક્તિ ક્ષમતા અને સત્યનિષ્ઠા ધરાવે છે તેની ખાતરી કરવી.

૧૨૭સી. સંસદ, કાયદા દ્વારા, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને સુપ્રિમ કોર્ટના અન્ય ન્યાયમૂર્તિઓ તથા હાઇકોર્ટોના મુખ્ય ન્યાયમૂર્તિઓ અને અન્ય ન્યાયમૂર્તિઓની નિમણૂક માટેની પ્રક્રિયાનું નિયમન કરી શકશે અને કમિશનને

તેના કાર્યોના નિર્વહન માટેની પ્રક્રિયા, નિમણૂક માટે વ્યક્તિઓની પસંદગીની રીત અને તેને જરૂરી જણાય તેવી અન્ય બાબતો વિનિયમો દ્વારા ઠરાવવાની સત્તા આપી શકશે.

અન્ય અનુચ્છેદોમાં પણ આનુષંગિક સુધારાઓ કરવામાં આવ્યા છે, વિગતો જરૂરી નથી.

૬. સુધારાનો મુખ્ય સાર એ છે કે જે સંસ્થાકીય વ્યવસ્થા દ્વારા બંધારણીય અદાલતોના ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂક પ્રક્રિયા હાથ ધરવામાં આવતી હતી, તેનું સ્થાન નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન (જે હવે પછી એનજેએસી તરીકે ઉલ્લેખિત છે) નામના એક નવા એકમ દ્વારા લેવામાં આવ્યું. તેમાં છ સભ્યોનો સમાવેશ થાય છે. સીજેઆઈ તેના હોદ્દાની રૂએ અધ્યક્ષ છે. અનુચ્છેદ ૧૨૭એ(૧)(ડી) માં વિચારવામાં આવેલી સમિતિ દ્વારા નામાંકિત કરવાના બે પ્રતિષ્ઠિત વ્યક્તિઓ ઉપરાંત, સીજેઆઈ પછીના સુપ્રિમ કોર્ટના બે વરિષ્ઠ ન્યાયમૂર્તિઓ અને કેન્દ્રીય કાયદા મંત્રી પણ હોદ્દાની રૂએ સભ્યો છે.

૭. અનુચ્છેદ ૧૨૭બી હેઠળ, એનજેએસીને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ, સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓ, હાઇકોર્ટોના મુખ્ય ન્યાયમૂર્તિઓ અને હાઇકોર્ટોના અન્ય ન્યાયમૂર્તિઓ તરીકે નિમણૂક માટે ક્ષમતા અને સત્યનિષ્ઠા ધરાવતી વ્યક્તિઓની ભલામણ કરવાની અને એક હાઇકોર્ટમાંથી અન્ય કોઈપણ હાઇકોર્ટમાં હાઇકોર્ટોના મુખ્ય ન્યાયમૂર્તિઓ અને અન્ય ન્યાયમૂર્તિઓની બદલીની ભલામણ કરવાની ફરજ સોંપવામાં આવી છે.

૮. અનુચ્છેદ ૧૨૪સી સંસદને કાયદા દ્વારા મુખ્ય ન્યાયમૂર્તિ અને સુપ્રિમ કોર્ટના અન્ય ન્યાયમૂર્તિઓ વગેરેની નિમણૂક માટેની પ્રક્રિયાનું નિયમન કરવાની સત્તા આપે છે. તે એનજેએસીને તેના કાર્યોના નિર્વહન માટેની પ્રક્રિયા નક્કી કરતા વિનિયમો બનાવવાની સત્તા પણ આપે છે.

૯. અનુચ્છેદ ૧૨૪સી ના આદેશને અનુસરીને, સંસદે સદર એક્ટ બનાવ્યો. હાલ પૂરતું, એ નોંધવું પર્યાપ્ત છે કે જોકે બંધારણના સુધારેલા લખાણમાં આવી જોગવાઈ નથી, છતાં સદર એક્ટની કલમ ૬(૬)૨ એવી જોગવાઈ કરે છે કે જો કમિશનના કોઈપણ બે સભ્યો આવી ભલામણ માટે સંમત ન થાય, તો એનજેએસી નિમણૂક માટે કોઈ વ્યક્તિની ભલામણ કરશે નહીં.

૧૦. સદર સુધારાએ બંધારણની યોજનામાં દૂરગામી ફેરફારો કર્યા, જ્યાં સુધી તે બંધારણીય અદાલતોના ન્યાયમૂર્તિઓની પસંદગી પ્રક્રિયાને સંબંધિત છે. રાષ્ટ્રપતિ હવે બંધારણીય અદાલતોમાં નિમણૂકો કરવા માટે ૨ કલમ ૬(૬). "જો કમિશનના કોઈપણ બે સભ્યો આવી ભલામણ માટે સંમત ન થાય તો આ કલમ હેઠળ કમિશન નિમણૂક માટે કોઈ વ્યક્તિની ભલામણ કરશે નહીં." ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ, હાઇકોર્ટોના મુખ્ય ન્યાયમૂર્તિઓ અને રાજ્યોના રાજ્યપાલો સાથે વિચાર-વિમર્શ કરવા માટે બંધાયેલા નથી પરંતુ તેઓ એનજેએસી સાથે વિચાર-વિમર્શ કરવા માટે બંધાયેલા છે.

૧૧. સદર સુધારા સામેનો પડકાર મુખ્યત્વે એવા કારણોસર છે કે આવો બદલાવ ન્યાયતંત્રની સ્વતંત્રતાને ક્ષીણ કરે છે. એવી દલીલ કરવામાં આવી છે કે

ન્યાયતંત્રની સ્વતંત્રતા એ બંધારણના મૂળભૂત માળખાનો એક ભાગ છે અને સદર સુધારો આવી સ્વતંત્રતાનો નાશ કરનાર છે. તેથી, આ કોર્ટ દ્વારા હિઝ હોલીનેસ કેશવાનંદ ભારતી શ્રીપાદાગાલવારુ વિ. કેરળ રાજ્ય અને અન્ય, (૧૯૭૩) ૪ એસ.સી.સી. ૨૨૫ (જે હવે પછી ભારતી કેસ તરીકે ઉલ્લેખિત છે) માં જાહેર કરાયેલા કાયદાને ધ્યાનમાં લેતાં, તે સંસદની સત્તા બહાર છે.

૧૨. સદનસીબે આ મુકદ્દમાના પક્ષકારો વચ્ચે એ બાબત અંગે કોઈ મતભેદ નથી કે સ્વતંત્ર ન્યાયતંત્રનું અસ્તિત્વ એ લોકશાહી પ્રજાસત્તાકની અનિવાર્ય આવશ્યકતા છે. તેમજ એ બાબત અંગે પણ કોઈ મતભેદ નથી કે સ્વતંત્ર ન્યાયતંત્ર એ ભારતના બંધારણના મૂળભૂત લક્ષણો પૈકીનું એક છે.

૧૩. માત્ર એક જ મુદ્દો એ છે કે એવી કઈ માન્ય પ્રક્રિયા અથવા તંત્ર છે જે સ્વતંત્ર ન્યાયતંત્રની સ્થાપના સુનિશ્ચિત કરશે. આ મુદ્દાના નિરાકરણ માટે નીચેના પ્રશ્નોની તપાસ કરવી જરૂરી છે;

(૧) શું બંધારણીય અદાલતોના ન્યાયમૂર્તિઓની નિમણૂક માટે બંધારણ સભા દ્વારા સ્થાપિત તંત્ર એ સ્વતંત્ર ન્યાયતંત્ર સુરક્ષિત કરવા માટેની એકમાત્ર માન્ય પદ્ધતિ છે કે પછી તેના વિકલ્પો હોઈ શકે?

(૨) જો વિકલ્પો હોઈ શકે, તો શું સદર સુધારા દ્વારા સ્થાપિત કરવા માંગેલું તંત્ર (એનજેએસી) બંધારણીય સત્તાની સીમાઓનું ઉલ્લંઘન કરે છે?

૧૪. છેલ્લા થોડા અઠવાડિયામાં, બાબતોના આ જૂથમાં સુનાવણી પૂર્ણ થયા પછી, મેં ઘણા લોકોને એવું કહેતા સાંભળ્યા છે કે સમગ્ર દેશ આ ચુકાદાની રાહ જોઈ રહ્યો છે. કેટલાકે તો એમ પણ કહ્યું કે સમગ્ર વિશ્વ રાહ જોઈ રહ્યું છે. તે વિધાનોમાં ચોક્કસપણે અતિશયોક્તિનું તત્વ રહેલું છે. જેઓ ખરેખર રાહ જોઈ રહ્યા છે, મને ખાતરી છે કે, તેમની ચિંતાઓ પણ વ્યક્તિએ વ્યક્તિએ અલગ છે. ન્યાયશાસ્ત્રીય અને રાજકીય ઔચિત્ય, ન્યાયતંત્રના ભવિષ્ય પર તેની અસર, રાજકીય અને વ્યક્તિગત ભાવીનું મૂલ્યાંકન વગેરે અંગેની ઉત્સુકતા તે પૈકીની કેટલીક ચિંતાઓ હોઈ શકે છે. મને માત્ર ન્યાયમૂર્તિ ફઝલ અલીના એસ.પી. ગુપ્તા વિ. યુનિયન ઓફ ઈન્ડિયા અને અન્ય ૩ એ.આઈ.આર. ૧૯૮૨ એસ.સી. ૧૪૯ (ટૂંકમાં એસ.પી. ગુપ્તા કેસ) માં દર્શાવેલા મંતવ્યની યાદ આવે છે કે આ મુદ્દો સામાન્ય જનતા અને મુકદ્દમાબાજો માટે અપ્રસ્તુત છે. તેઓ માત્ર એટલું જ ઈચ્છે છે કે તેમના કેસોનો ઝડપથી એવા ન્યાયમૂર્તિઓ દ્વારા નિર્ણય કરવામાં આવે જેઓ વિશ્વાસ પેદા કરે છે. પ્રશ્ન એ છે કે - એવું કયું સૂત્ર છે જેના દ્વારા - સામાન્ય જનતા અને પક્ષકારોમાં વિશ્વાસ પેદા કરી શકે અને કેસોનો ઝડપથી નિર્ણય પણ કરી શકે તેવા - ન્યાયમૂર્તિઓ પેદા કરી શકાય. એવા કયા ગુણો છે જે ન્યાયમૂર્તિને ઝડપથી કેસોનો નિર્ણય કરવા અને વિશ્વાસ પેદા કરવા માટે સક્ષમ બનાવે છે? ૩ "પેરા ૫૨૦. જીવનની બીજી એક એવી વાસ્તવિકતા છે જેને, ભલે તે ગમે તેટલી અપ્રિય હોય, નકારી શકાય તેમ નથી અને તે એ છે કે કયા ન્યાયમૂર્તિની નિમણૂક કરવામાં આવે છે કે નથી કરવામાં આવતી અથવા કયા ન્યાયમૂર્તિને ચાલુ રાખવામાં આવે છે કે નથી રાખવામાં આવતા તેની સાથે આપણી સામાન્ય જનતા

કે મુકદ્દમાબાજોને બહુ ઓછો સંબંધ છે. ન્યાયતંત્રની સ્વતંત્રતા અથવા એક અથવા બીજા બંધારણીય હોદ્દેદારોની અગ્રતા અથવા અસરકારક વિચાર-વિમર્શની પદ્ધતિનો ભવ્ય ખ્યાલ એ શૈક્ષણિક રસની બાબતો છે જેમાં આપણી સામાન્ય જનતાને ઓછામાં ઓછો રસ છે. બીજી તરફ, તેઓ મુખ્યત્વે સક્રિય જોખમી પરિબળો અને આર્થિક દબાણો, કુગાવાની વૃત્તિઓ, આકરી ગરીબી, સ્ત્રીઓની મુક્તિ, કાયદો અને વ્યવસ્થાની જાળવણી, અન્ન અને વસ્ત્ર, રોજી-રોટી અને સૌથી ઉપર બેરોજગારીની ગંભીર સમસ્યામાં પ્રતિબિંબિત થતી બદીઓ સાથે સંબંધ ધરાવે છે, પર૧. તે માત્ર અખબારી આલમ અને વકીલો ધરાવતા બૌદ્ધિકોનો એક મોટો વર્ગ છે જેમણે ન્યાયતંત્રની સ્વતંત્રતાને પ્રતિષ્ઠાનો મુદ્દો બનાવ્યો છે. હું પૂરેપૂરી રીતે સમજી શકું છું કે વકીલો અથવા ન્યાય વહીવટ સાથે સીધા સંકળાયેલા અન્ય વ્યક્તિઓને, ભલે તે ગમે તેટલી આધારહીન હોય, એવી ફરિયાદ હોઈ શકે છે કે ન્યાયમૂર્તિઓની યોગ્ય પસંદગી ન થવી અથવા બંધારણીય જોગવાઈઓ અનુસાર સખત રીતે ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં દખલગીરી થવી તે ન્યાયતંત્રની સંસ્થાને બગાડી શકે છે અને તેથી તેઓ અમુક હદ સુધી તેમના અધિકારોનું સમર્થન કરવામાં વાજબી હોઈ શકે છે. પરંતુ સાથોસાથ, ભલે તે ગમે તેટલું ચુભનારું કે કડવું, અરુચિકર અને અપ્રિય જણાતું હોય, હકીકત એ રહે છે કે સામાન્ય જનતાને આ કાનૂની બારીકાઈઓ સાથે કોઈ લેવાદેવા નથી અને જ્યાં સુધી ન્યાય વહીવટનો સંબંધ છે ત્યાં સુધી તેઓ માત્ર એટલું જ ઈચ્છે છે કે તેમના કેસોનો ઝડપથી એવા ન્યાયમૂર્તિઓ દ્વારા નિર્ણય કરવામાં આવે જેઓ વિશ્વાસ પેદા કરે છે."

૧૫. કાયદાનું ઊંડું જ્ઞાન, વિવાદને ઝડપથી સમજી લેવા માટેનું તીક્ષ્ણ અને સતર્ક મન, સમસ્યાનું નિરાકરણ લાવવા માટેની ઊર્જા અને પ્રતિબદ્ધતા એ મહત્વપૂર્ણ તત્વો છે જે ન્યાયમૂર્તિને કાર્યક્ષમ બનાવે છે અને તેમને કેસોનો ઝડપથી નિર્ણય કરવા સક્ષમ બનાવે છે. જોકે, ઉપરોક્ત તમામ ગુણો ધરાવતા દરેક ન્યાયમૂર્તિ આપમેળે એવા ન્યાયમૂર્તિ બની શકતા નથી કે જેઓ મુકદ્દમાબાજોમાં વિશ્વાસ પેદા કરી શકે, જ્યાં સુધી મુકદ્દમાબાજ એવું ન માને કે ન્યાયમૂર્તિ સંપૂર્ણપણે ન્યાયી અને નિષ્પક્ષ છે.

૧૬. ન્યાયમૂર્તિની નિષ્પક્ષતા અંગેનો વિશ્વાસ એ હકીકત પર નિર્ભર કરે છે કે ન્યાયમૂર્તિ મુકદ્દમાના કોઈપણ પક્ષકાર સાથે કોઈ સંબંધ ધરાવતા નથી. આ સંદર્ભમાં સંબંધ વ્યક્તિગત, નાણાકીય, રાજકીય અથવા દાર્શનિક વગેરે પણ હોઈ શકે છે. જ્યારે મુકદ્દમાના પક્ષકારો પૈકી એક પક્ષકાર રાજ્ય અથવા તેની કોઈ સંસ્થા હોય, ત્યારે અનિવાર્યપણે એક સંબંધ રહેલો હોય છે. કારણ કે, રાજ્ય જ ન્યાયતંત્રની સ્થાપના કરે છે. ન્યાયમૂર્તિઓના પગાર અને ભથ્થાં સહિત ન્યાયિક પ્રણાલી ચલાવવા માટે જરૂરી ભંડોળ અનિવાર્યપણે રાજ્યની તિજોરીમાંથી આવે છે.

૧૭. લોકશાહી સમાજો માને છે કે રાજ્ય પાસે માત્ર શાસન કરવાની સત્તા જ નથી પરંતુ તેની પ્રજા પ્રત્યે અમુક કાયદાકીય રીતે અમલવારી કરાવી શકાય તેવી જવાબદારીઓ પણ છે. રાજ્યને તેની જવાબદારીઓનું નિર્વહન કરવાનો આદેશ આપવાની ન્યાયિક મંચોની સત્તા આવી અમલવારી કરાવી શકાય તેવી

જવાબદારીઓના અસ્તિત્વમાંથી ઉદ્ભવે છે. ન્યાયિક મંચો તેમની વિચારણા માટે લાવવામાં આવેલા વિવાદોનો નિષ્પક્ષપણે નિર્ણય કરે છે તેવો વિશ્વાસ પેદા કરવા માટે, તેઓ સ્વતંત્ર હોવા જરૂરી છે. એ હકીકત હોવા છતાં કે તેઓ શાસન કરવાની પોતાની વ્યાપક જવાબદારીના ભાગરૂપે રાજ્ય દ્વારા સ્થાપિત અને સંગઠિત કરવામાં આવે છે.

૧૮. ન્યાયતંત્ર એ બંધારણ અને તેના મૂળભૂત મૂલ્યોનું પ્રહરી છે. તેને લોકશાહી સમાજોમાં બંધારણવાદનું જીવનરક્ત પણ કહેવામાં આવે છે. ઓછામાં ઓછું માર્બરી વિ. મેડિસન ૪ થી લેખિત લોકશાહી બંધારણ હેઠળ કાર્યરત અદાલતોની સત્તામાં ધારાસભા દ્વારા ઘડવામાં આવેલા કાયદાઓને પણ ગેરબંધારણીય જાહેર કરવાની સત્તાનો સમાવેશ થાય છે. તે એક પ્રચંડ સત્તા છે જે અનિવાર્યપણે એક મોટી જવાબદારી સૂચવે છે. આવી સત્તાના ડહાપણભર્યા ઉપયોગ માટે કાર્યક્ષમ અને સ્વતંત્ર ન્યાયમૂર્તિ (ન્યાયિક પ્રણાલી) ની આવશ્યકતા રહે છે. આ સંદર્ભમાં, ડહાપણ એ ચોકસાઈપૂર્વક પારખવામાં રહેલું છે કે શું ધારાસભાના પગલાંએ સમાજના વ્યાપક હિતો અને નાગરિકોની સ્વતંત્રતાઓ વચ્ચે બંધારણીય રીતે અપેક્ષિત સંતુલન સાધ્યું છે કે કેમ.

૧૯. આવા મંચોની સ્વતંત્રતા બે ઘટકો પર ટકેલી છે - સંસ્થાની સ્વતંત્રતા અને સંસ્થાનું સંચાલન કરનાર વ્યક્તિઓની સ્વતંત્રતા.

"(ન્યાયિક સ્વતંત્રતા) માત્ર ન્યાયિક કાર્યોના વાસ્તવિક નિર્વહનમાં મનની સ્થિતિ કે વલણ જ સૂચવતી નથી, પરંતુ અન્ય લોકો સાથે, ખાસ કરીને

સરકારની કારોબારી શાખા સાથેનો એક દરજ્જો અથવા સંબંધ સૂચવે છે, જે વસ્તુલક્ષી શરતો અથવા ખાતરીઓ પર આધારિત છે.

* * *

સામાન્ય રીતે એ બાબતે સહમતિ છે કે ન્યાયિક સ્વતંત્રતામાં વ્યક્તિગત અને સંસ્થાકીય બંને સંબંધોનો સમાવેશ થાય છે: ન્યાયમૂર્તિની વ્યક્તિગત સ્વતંત્રતા, જે હોદ્દાની મુદતની સુરક્ષા જેવી બાબતોમાં પ્રતિબિંબિત થાય છે, અને અદાલત કે ટ્રિબ્યુનલ કે જેના તેઓ અધ્યક્ષ છે તેની સંસ્થાકીય સ્વતંત્રતા, જે સરકારની કારોબારી અને ધારાકીય શાખાઓ સાથેના તેના સંસ્થાકીય અથવા વહીવટી સંબંધોમાં પ્રતિબિંબિત થાય છે." ૫

૨૦. લોકશાહી સમાજોમાં ન્યાયતંત્રની સ્વતંત્રતાના ખ્યાલના વિકાસના સમગ્ર ઇતિહાસને તપાસવો મારા માટે ખરેખર જરૂરી નથી. કોઈપણ વિરોધાભાસના ડર વિના એમ કહી શકાય કે તમામ આધુનિક લોકશાહી સમાજો સ્વતંત્ર ન્યાયતંત્રની સ્થાપના કરવાનો પ્રયત્ન કરે છે. ન્યાયતંત્રની સ્વતંત્રતા સુનિશ્ચિત કરવા માટેના સૌથી આવશ્યક રક્ષણાત્મક ઉપાયોમાં નીચેનાનો સમાવેશ થાય છે - હોદ્દાની મુદતની નિશ્ચિતતા, ન્યાયતંત્રના સભ્યો તરીકે ચાલુ રાખવા માટે અયોગ્ય જણાયેલા ન્યાયમૂર્તિઓના કિસ્સામાં કડક પ્રક્રિયા સિવાય હોદ્દા પરથી દૂર કરવા સામે રક્ષણ, કારોબારી અને ધારાસભા દ્વારા દખલગીરી સામે પગાર અને અન્ય વિશેષાધિકારોનું રક્ષણ, કથિત ગેરવર્તણૂકના કિસ્સાઓ

સિવાય ન્યાયિક કાર્યોના નિર્વહનના સંદર્ભમાં ન્યાયમૂર્તિઓના આચરણની કારોબારી અથવા ધારાસભા દ્વારા તપાસમાથી મુક્તિ, ફરજોના નિર્વહનમાં કરવામાં આવેલા કૃત્યો માટે દીવાની અને ફોજદારી જવાબદારીમાંથી મુક્તિ, મોટા પ્રમાણમાં ટીકા સામે રક્ષણ. આવા રક્ષણાત્મક ઉપાયો એવી ઉમદા આશા સાથે પૂરા પાડવામાં આવે છે કે આ રીતે સંરક્ષિત થયેલ ન્યાયમૂર્તિ પોતાની ફરજોના નિર્વહનમાં સંપૂર્ણપણે સ્વતંત્ર અને નિર્ભય રહેશે.

૨૧. મોટે ભાગે લોકશાહી સમાજો ન્યાયતંત્ર અને તેના સભ્યો માટે ઉપરોક્ત સંરક્ષણોની આવશ્યકતાને સ્વીકારે છે. આવા સંરક્ષણો કાં તો બંધારણમાં સમાવિષ્ટ હોય છે અથવા કાયદા દ્વારા પૂરા પાડવામાં આવે છે. આ મુદ્દાને સ્પષ્ટ કરવા માટે કેટલાક લોકશાહી પ્રજાસત્તાકોના બંધારણોનું સંક્ષિપ્ત સર્વેક્ષણ નીચે મુજબ છે;

૨૨. ૧૭૦૧ પહેલાં, **બ્રિટિશ ક્રાઉન** પાસે પોતાની મરજી મુજબ ન્યાયમૂર્તિઓને બરતરફ કરવાની સત્તા હતી. ધ એક્ટ ઓફ સેટલમેન્ટ, ૧૭૦૧ ૬ એ વરિષ્ઠ અદાલતોના ન્યાયમૂર્તિઓને મરજી મુજબ બરતરફ કરવાની ક્રાઉનની સત્તા નાબૂદ કરી. તેણે સંસદના બંને ગૃહોના સંબોધન પર ન્યાયમૂર્તિઓને હોદ્દા પરથી દૂર કરવા માટે સમ્રાટને સક્ષમ બનાવ્યા. રસપ્રદ વાત એ છે કે ૧૭૨૦ સુધી, જે સમ્રાટે કમિશન જારી કર્યા હોય તેમના મૃત્યુ પર ન્યાયમૂર્તિઓ હોદ્દો ધરાવતા બંધ થઈ જતા હતા. ૧૭૨૦ના એક કાયદામાં એવી જોગવાઈ કરવામાં

આવી હતી કે સમ્રાટના અવસાન પછી ન્યાયમૂર્તિઓએ છ મહિના સુધી હોદ્દા પર ચાલુ રહેવું જોઈએ. ૧૭૬૧માં એક કાયદાએ એવી જોગવાઈ કરી કે

> "...ન્યાયમૂર્તિઓના કમિશન ક્વામદિયુ સે બેને ગેસેરિન્ટ બનાવવામાં આવે, અને તેમના પગાર નિશ્ચિત અને સ્થાપિત કરવામાં આવે; પરંતુ સંસદના બંને ગૃહોના સંબોધન પર તેમને દૂર કરવાનું કાયદેસર રહેશે." આ કલમ રદ કરવામાં આવી છે... હિઝ મેજેસ્ટી અથવા તેમના કોઈપણ વારસદારો અને ઉત્તરાધિકારીઓના અવસાન છતાં સારા વર્તન દરમિયાન ન્યાયમૂર્તિઓના કમિશન સંપૂર્ણ અમલ અને અસરમાં રહેશે - આમ આજીવન મુદત મંજૂર કરવામાં આવી. બ્લેકસ્ટોનના જણાવ્યા અનુસાર,
>
> "(૧) વ્યક્તિઓના એક વિશિષ્ટ જૂથમાં ન્યાયિક સત્તાના આ વિશિષ્ટ અને અલગ અસ્તિત્વમાં, જેઓ ખરેખર નામાંકિત થયેલા છે પરંતુ ક્રાઉન દ્વારા પોતાની મરજી મુજબ દૂર કરી શકાતા નથી, જાહેર સ્વતંત્રતાનું એક મુખ્ય રક્ષક તત્વ સમાયેલું છે જે કોઈપણ રાજ્યમાં લાંબા સમય સુધી ટકી શકતું નથી જ્યાં સુધી સામાન્ય ન્યાયનો વહીવટ અમુક અંશે ધારાકીય અને કારોબારી બંને સત્તાઓથી અલગ ન કરવામાં આવે." ૭

૨૩. અમેરિકન બંધારણના અનુચ્છેદ III (૧)૮ માં ઠરાવવામાં આવ્યું છે કે સુપ્રિમ કોર્ટ તેમજ કોંગ્રેસ દ્વારા સ્થાપિત ગૌણ અદાલતોના ન્યાયમૂર્તિઓ સદાચાર દરમિયાન પોતાનો હોદ્દો ધારણ કરશે અને મહાભિયોગ૯ ની પ્રક્રિયા સિવાય તેમને દૂર કરી શકાશે નહીં. તેમાં એ પણ ઠરાવવામાં આવ્યું છે કે તેઓ

તેમની સેવાઓ માટે એવું વળતર મેળવશે જે તેમના હોદ્દા પર ચાલુ રહેવા દરમિયાન ઘટાડવામાં આવશે નહીં.

૨૪. ઓસ્ટ્રેલિયાના બંધારણની કલમ ૭૨૧૦ એવી જોગવાઈ કરે છે ૭ સર વિલિયમ બ્લેકસ્ટોન્સ, કોમેન્ટરીઝ ઓન ધ લોઝ ઓફ ઇંગ્લેન્ડ, (૧૭૬૫) વોલ્યુમ ૧ પાનું ૨૬૯ ૮ અનુચ્છેદ III કલમ ૧. યુનાઇટેડ સ્ટેટ્સની ન્યાયિક સત્તા એક સુપ્રિમ કોર્ટમાં, અને એવી ગૌણ અદાલતોમાં નિહિત રહેશે કે જે કોંગ્રેસ સમયાંતરે આદેશિત અને સ્થાપિત કરે. સુપ્રિમ અને ગૌણ બંને અદાલતોના ન્યાયમૂર્તિઓ સદાચાર દરમિયાન પોતાનો હોદ્દો ધારણ કરશે, અને નિયત સમયે, તેમની સેવાઓ માટે એવું વળતર મેળવશે, જે તેમના હોદ્દા પર ચાલુ રહેવા દરમિયાન ઘટાડવામાં આવશે નહીં. ૯ અનુચ્છેદ II કલમ ૪. યુનાઇટેડ સ્ટેટ્સના રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને તમામ સનદી અધિકારીઓને દેશદ્રોહ, લાંચરુશવત અથવા અન્ય ગંભીર ગુનાઓ અને ગેરવર્તણૂક માટે મહાભિયોગ અને દોષિત ઠરવા પર હોદ્દા પરથી દૂર કરવામાં આવશે, ૧૦ કલમ ૭૨. ન્યાયમૂર્તિઓની નિમણૂક, મુદત અને મહેનતાણું: હાઇકોર્ટના ન્યાયમૂર્તિઓ ... . (૨) સાબિત થયેલા ગેરવર્તન અથવા અસમર્થતાના કારણોસર આવી રીતે દૂર કરવાની અરજ કરતા, તે જ સત્રમાં સંસદના બંને ગૃહોના સંબોધન સિવાય ..... દૂર કરવામાં આવશે નહીં; (૩) સંસદ નક્કી કરે તેવું મહેનતાણું મેળવશે; પરંતુ તેમના હોદ્દા પર ચાલુ રહેવા દરમિયાન મહેનતાણામાં ઘટાડો કરવામાં આવશે નહીં. કે હાઇકોર્ટ અને અન્ય અદાલતોના ન્યાયમૂર્તિઓ કે જે સંસદ દ્વારા રચાયેલ છે તેમની નિમણૂક ન્યાયમૂર્તિ સિત્તેર વર્ષની વય પ્રાપ્ત કરે ત્યારે સમાપ્ત થતી મુદત માટે

કરવામાં આવશે અને સાબિત થયેલા ગેરવર્તન અથવા અસમર્થતાના કારણોસર ન્યાયમૂર્તિને દૂર કરવાની અરજ કરતા તે જ સત્રમાં સંસદના બંને ગૃહોના સંબોધન સિવાય તેમને દૂર કરવામાં આવશે નહીં. તેમાં એ પણ ઠરાવવામાં આવ્યું છે કે ન્યાયમૂર્તિઓના મહેનતાણામાં તેમના હોદ્દા પર ચાલુ રહેવા દરમિયાન ઘટાડો કરવામાં આવશે નહીં.

૨૫. જ્યારે ભારત એક સાર્વભૌમ પ્રજાસત્તાક બન્યું, ત્યારે આપણે બ્રિટિશ બંધારણીય પ્રણાલીને તેની સમગ્રતામાં સ્વીકારી ન હતી - જોકે ભારત બ્રિટિશ સામ્રાજ્યનો એક ભાગ રહ્યું હતું. જ્યારથી બ્રિટિશ ક્રાઉને ભારતના પ્રદેશ પર સાર્વભૌમત્વનો દાવો કરવાનું શરૂ કર્યું, ત્યારથી બ્રિટિશ સંસદે એવા કાયદા બનાવ્યા કે જેણે સમયાંતરે ભારતના શાસન માટે કાનૂની માળખું પૂરું પાડ્યું, જે ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ્સ તરીકે ઓળખાયા. જે પૈકી છેલ્લો ૧૯૩૫ નો હતો. કેનેડા૧૧ અને ઓસ્ટ્રેલિયા૧૨ કે જેઓ પણ બ્રિટિશ સામ્રાજ્યનો ભાગ હતા, તેઓ બ્રિટિશ સંસદ દ્વારા ઘડવામાં આવેલા બંધારણો દ્વારા શાસિત થવાનું ચાલુ રાખે છે. આપણે બંધારણ સભા દ્વારા એક નવું બંધારણ ઘડ્યું.

૨૬. સામાન્ય રીતે બંધારણ સભાના અને ખાસ કરીને મુસદ્દા સમિતિના સભ્યો મહાન રાજકીય અનુભવ, માનવ સ્વભાવની ઊંડી સૂઝ અને ભારતીય સમાજની જટિલ સમસ્યાઓની ગહન સમજણ ધરાવતા પુરુષો અને સ્ત્રીઓ હતા. તેઓએ આઝાદીની ચળવળનું નેતૃત્વ કર્યું હતું. તેઓ ઇતિહાસ, કાયદો, રાજનીતિ શાસ્ત્ર અને લોકશાહી પ્રથાઓમાં પારંગત હતા. તેઓએ વિવિધ

લોકશાહી સમાજોમાં પ્રચલિત વિવિધ બંધારણીય પ્રણાલીઓ, અન્ય બાબતોની સાથે સાથે અમેરિકન, ઓસ્ટ્રેલિયન, બ્રિટિશ અને કેનેડિયનની તપાસ કરી અને ભારતીય સમાજની જરૂરિયાતો મુજબ તેમાં યોગ્ય ફેરફાર કરીને વિવિધ બંધારણીય પ્રણાલીઓમાંથી વિવિધ લક્ષણો અપનાવ્યા. ૧૧ ધ બ્રિટિશ નોર્થ અમેરિકા એક્ટ, ૧૮૬૭ કે જેનું ૧૯૮૨ ના સુધારા દ્વારા કોન્સ્ટીટ્યુશન એક્ટ, ૧૮૬૭ તરીકે પુનઃનામકરણ કરવામાં આવ્યું ૧૨ કોમનવેલ્થ ઓફ ઓસ્ટ્રેલિયા કોન્સ્ટીટ્યુશન એક્ટ, ૧૯૦૦.

૨૭. બંધારણના ઘડવૈયાઓ પાસે ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ, ૧૯૩૫૧૩ હેઠળ આ દેશની ફેડરલ કોર્ટ, હાઇકોર્ટો અને તાબાની અદાલતોની કામગીરીના નિકટના જ્ઞાનનો લાભ હતો. જોકે ઉપરોક્ત દરેક શાસન હેઠળની ન્યાયિક પ્રણાલીઓના માળખામાં ઘણા તફાવતો હતા, છતાં તે તમામમાં એક સમાન લક્ષણ એ હતું કે ન્યાયમૂર્તિઓની નિમણૂક કારોબારી દ્વારા થતી હતી. આવું બંધારણીય માળખું અનિવાર્યપણે બ્રિટિશ બંધારણીય પ્રણાલીનો વારસો છે જ્યાં કારોબારી પાસે (૨૦૦૬ સુધી) ન્યાયમૂર્તિઓની નિમણૂક કરવાની સંપૂર્ણ સત્તા હતી.

૨૮. કોઈપણ દેશમાં, અન્ય જાહેર હોદ્દેદારોની સરખામણીમાં ન્યાયમૂર્તિઓ ઉચ્ચ કક્ષાની સદાચારિતા જાળવે તેવી અપેક્ષા રાખવામાં આવે છે. ભારતીય ન્યાયતંત્ર અંગેની અપેક્ષા પણ તેનાથી ભિન્ન નથી. તેથી બંધારણ, બંધારણીય અદાલતોના ન્યાયમૂર્તિઓને રાજકીય-કારોબારી તેમજ લોકોના

પ્રતિનિધિઓની ચૂંટાયેલી બહુમતી૧૪ દ્વારા દખલગીરીની સંભાવનાથી નોંધપાત્ર રીતે સુરક્ષિત રાખવા માટે અસાધારણ સુરક્ષા અને વિશેષાધિકારો પૂરા પાડે છે.

I. ન્યાયમૂર્તિની નિમણૂક અને હોદ્દા પર ચાલુ રહેવું એ કોઈ ચૂંટણી પ્રક્રિયાને અધીન નથી;

૧૩ આ દેશમાં બંધારણીય અદાલતોના વર્તમાન બંધારણ અને સંગઠનની ન્યાયમૂર્તિ વર્મા દ્વારા સેકન્ડ જજિસ કેસમાં ફકરા ૪૪૪, ૪૪૫, ૪૪૬ માં વિગતવાર ચર્ચા કરવામાં આવી છે.

૪૪૪. ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ, ૧૯૧૯ ની કલમ ૧૦૧ માં હાઇકોર્ટોની રચના અંગેની જોગવાઈ કરવામાં આવી હતી; અને મુખ્ય ન્યાયમૂર્તિ તેમજ કાયમી ન્યાયમૂર્તિઓની નિમણૂક માત્ર પાત્રતાની નિર્ધારિત શરતોને આધીન ક્રાઉનની સંપૂર્ણ વિવેકબુદ્ધિમાં હતી. કલમ ૧૦૨ અનુસાર, તેમના હોદ્દાની મુદત સંપૂર્ણપણે ક્રાઉનની મરજી પર નિર્ભર હતી.

xxxxx xxxxxx xxxxxx xxxxx

૪૪૫. ત્યારબાદ, ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ, ૧૯૩૫ માં, કલમ ૨૦૦ માં ફેડરલ કોર્ટની સ્થાપના અને રચના માટે જોગવાઈ કરવામાં આવી હતી, જ્યારે કલમ ૨૨૦ માં હાઇકોર્ટોની રચના માટે જોગવાઈ કરવામાં આવી હતી.

xxxxx xxxxxx xxxxxx xxxxx

૪૪૬. આમ, ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ, ૧૯૩૫ હેઠળ પણ, ફેડરલ કોર્ટ અને હાઇકોર્ટોના ન્યાયમૂર્તિઓની નિમણૂક ક્રાઉનની અથવા બીજા શબ્દોમાં કહીએ તો કારોબારીની સંપૂર્ણ વિવેકબુદ્ધિમાં હતી, જેમાં નિમણૂક પ્રક્રિયામાં મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર-વિમર્શ માટે કોઈ ચોક્કસ જોગવાઈ ન હતી. ૧૪ એલ. ચંદ્ર કુમાર અને અન્ય વિ. યુનિયન ઓફ ઇન્ડિયા અને અન્ય, (૧૯૯૭) ૩ એસ.સી.સી. ૨૬૧, ફકરો ૭૮

II. ન્યાયિક નિમણૂકની સમાપ્તિ (હોદ્દાની મુદત ચાલુ રહેવા દરમિયાન) વર્ચ્યુઅલ રીતે અશક્ય બનાવવામાં આવી છે.

બંધારણ એવી જોગવાઈ કરે છે કે બંધારણીય અદાલતના ન્યાયમૂર્તિને હોદ્દા પરથી દૂર કરી શકાશે નહીં સિવાય કે અનુચ્છેદ ૧૨૪(૪)૧૫ હેઠળ નિર્ધારિત મહાભિયોગની વિસ્તૃત પ્રક્રિયાને અનુસરીને, જે અનુચ્છેદ ૨૧૭(૧)(બી)૧૬ ના આધારે હાઇકોર્ટના ન્યાયમૂર્તિઓ માટે પણ લાગુ પડે છે.

III. બંધારણીય અદાલતોના ન્યાયમૂર્તિઓના પગાર, વિશેષાધિકારો, ભથ્થાં અને ગેરહાજરીની રજા તેમજ પેન્શન સંબંધિત અધિકારો સંસદ દ્વારા બનાવેલા કાયદા દ્વારા અથવા તેના હેઠળ નક્કી કરી શકાય છે. પરંતુ, નિમણૂક પછી ન્યાયમૂર્તિને ગેરલાભ થાય તે રીતે તેમાં ફેરફાર કરી શકાશે નહીં૧૭.

IV. બંધારણીય અદાલતોના ન્યાયમૂર્તિઓને ચૂકવવાપાત્ર પગાર, ભથ્થાં અને પેન્શન ભારતના એકત્રિત ભંડોળ અથવા સંબંધિત રાજ્યના એકત્રિત

ભંડોળ૧૮ પર પ્રભારિત છે. વધુમાં અનુચ્છેદો ૧૫ અનુચ્છેદ ૧૨૪(૪) સુપ્રિમ કોર્ટના કોઈપણ ન્યાયમૂર્તિને સાબિત થયેલા ગેરવર્તન અથવા અસમર્થતાના કારણોસર તે રીતે દૂર કરવા માટે સંસદના તે ગૃહની કુલ સભ્યસંખ્યાની બહુમતી દ્વારા અને તે ગૃહમાં હાજર રહીને મતદાન કરનારા સભ્યોના ઓછામાં ઓછા બે તૃતીયાંશ સભ્યોની બહુમતીથી સમર્થિત સંસદના દરેક ગૃહનું સંબોધન તે જ સત્રમાં રાષ્ટ્રપતિને રજૂ કરવામાં આવ્યા પછી રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવેલા હુકમ સિવાય તેમના હોદ્દા પરથી દૂર કરી શકાશે નહીં. ૧૬ અનુચ્છેદ ૨૧૭(૧) (બી) સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિને દૂર કરવા માટે અનુચ્છેદ ૧૨૪ ના ખંડ (૪) માં દર્શાવેલી રીતે રાષ્ટ્રપતિ દ્વારા ન્યાયમૂર્તિને તેમના હોદ્દા પરથી દૂર કરી શકાશે; ૧૭ અનુક્રમે અનુચ્છેદ ૧૨૫(૨) ના પરંતુક અને અનુચ્છેદ ૨૨૧(૨) ના પરંતુક હેઠળ. ૧૮ અનુચ્છેદ ૧૧૨(૩)(ડી) - (૩) નીચે મુજબનો ખર્ચ ભારતના એકત્રિત ભંડોળ પર પ્રભારિત ખર્ચ રહેશે

**** ***** ***** ******

(ડી) (૧) સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓને અથવા તેમના સંબંધમાં ચૂકવવાપાત્ર પગાર, ભથ્થાં અને પેન્શન; અનુચ્છેદ ૨૦૨(૩)(ડી)- (૩) નીચે મુજબનો ખર્ચ દરેક રાજ્યના એકત્રિત ભંડોળ પર પ્રભારિત ખર્ચ રહેશે

***** **** ******

(ડી) કોઈપણ હાઇકોર્ટના ન્યાયમૂર્તિઓના પગાર અને ભથ્થાં અંગેનો ખર્ચ;

૧૧૩(૧)૧૯ અને ૨૦૩(૧)૨૦ હેઠળ, યથાપ્રસંગ ભારતના એકત્રિત ભંડોળ અથવા રાજ્યના એકત્રિત ભંડોળ પર પ્રભારિત ખર્ચ મતદાન માટે મૂકવામાં આવશે નહીં.

૨૯. અનિષ્ઠ મુકદ્દમાબાજો ન્યાયમૂર્તિઓને પ્રભાવિત કરવાના માર્ગો સતત શોધતા રહે છે. રાજ્ય અથવા તેના ઉપકરણો (આધુનિક લોકશાહીઓમાં સૌથી મોટા મુકદ્દમાબાજો) નું વલણ પણ તેનાથી અલગ હોતું નથી૨૧. આવી લાલચ અને તેની સાથે એ હકીકત કે રાજ્ય પાસે ન્યાયમૂર્તિઓની પસંદગી પ્રક્રિયા અને તેમની સેવાની શરતો નક્કી કરતા કાયદાઓ સહિતના કાયદા બનાવવાની કાનૂની સત્તા છે, જો આવી કાયદા બનાવવાની સત્તા કોઈપણ મર્યાદાઓ વિનાની હોય તો તે ન્યાયતંત્રની સ્વતંત્રતા માટે સૌથી મોટો ખતરો બની શકે છે. તેથી, ન્યાયતંત્રના સભ્યોના હોદ્દાની મુદત અને સેવાની શરતોનું રક્ષણ કરવા માટે બંધારણમાં અસાધારણ સુરક્ષા પૂરી પાડવામાં આવી છે; એવી આશા સાથે કે આ રીતે સુરક્ષિત કરાયેલા ન્યાયિક હોદ્દાઓ ધારણ કરનારા સ્ત્રી-પુરુષો સંપૂર્ણ સ્વતંત્રતા અને કાર્યક્ષમતા સાથે પોતાના કાર્યોનું નિર્વહન કરી શકશે.

૩૦. જોકે, કોઈપણ પ્રમાણમાં કાનૂની અને સંસ્થાકીય રક્ષણ વ્યક્તિઓને જરૂરી સ્વતંત્રતા અને કાર્યક્ષમતા પૂરી પાડી શકશે નહીં જો મૂળભૂત રીતે જ તેમનામાં તેનો અભાવ હોય.

૧૯ ૧૧૩(૧) - ભારતના એકત્રિત ભંડોળ પર પ્રભારિત ખર્ચ સંબંધિત અંદાજોનો જેટલો ભાગ છે તે સંસદના મતદાન માટે મૂકવામાં આવશે નહીં, પરંતુ આ ખંડની કોઈપણ બાબત તે અંદાજો પૈકીના કોઈપણ અંદાજ પર સંસદના કોઈપણ ગૃહમાં ચર્ચા કરવાને અટકાવે છે તેવો તેનો અર્થ કરવામાં આવશે નહીં.

૨૦ ૨૦૩(૧) - રાજ્યના એકત્રિત ભંડોળ પર પ્રભારિત ખર્ચ સંબંધિત અંદાજોનો જેટલો ભાગ છે તે વિધાનસભાના મતદાન માટે મૂકવામાં આવશે નહીં, પરંતુ આ ખંડની કોઈપણ બાબત તે અંદાજો પૈકીના કોઈપણ અંદાજ પર વિધાનમંડળમાં ચર્ચા કરવાને અટકાવે છે તેવો તેનો અર્થ કરવામાં આવશે નહીં. ૨૧ ફાલી એસ. નરીમન, બીફોર મેમરી ફેડ્સ: એન ઓટોબાયોગ્રાફી, (પ્રથમ આવૃત્તિ હે હાઉસ (૨૦૧૦), પાનું ૩૪૮) "હું રંગભેદના દિવસો દરમિયાન દક્ષિણ આફ્રિકામાં એક ઉત્તમ, સ્વતંત્ર ન્યાયમૂર્તિ - નાતાલ સુપ્રિમ કોર્ટના જજ-પ્રેસિડેન્ટ જોન મિલ્નેને જાણતો હતો. અમે પત્રવ્યવહાર કરતા હતા, અને મિલ્નેએ આવું જ કંઈક કહ્યું હતું. મિલ્નેએ એક પ્રસંગે મને (નિરાશામાં) લખ્યું હતું:

> એવું જણાય છે કે ન્યાયતંત્ર કારોબારીથી સંપૂર્ણપણે સ્વતંત્ર છે તે વિચાર પ્રત્યે તેઓ ગમે તેટલો દેખાડો કરે, પરંતુ દરેક યુગમાં અને સમગ્ર વિશ્વમાં રાજકારણીઓ વાસ્તવમાં કારોબારી માનસિકતા ધરાવતા ખુશામતિયાઓ રાખવાનું વધુ પસંદ કરે છે અને સ્વતંત્ર રીતે કાર્ય કરતા સ્વતંત્ર ન્યાયમૂર્તિઓથી તેઓ ઘણા અકળાય છે."

જ્યાં ન્યાયમૂર્તિની સેવાના દરેક પાસાંનું બંધારણ દ્વારા રક્ષણ કરવામાં આવે છે, ત્યાં સરકારો ન્યાયતંત્ર પર કેટલુંક નિયંત્રણ મેળવવા માટે વિચારી શકે તે એકમાત્ર માર્ગ એવા વ્યક્તિઓની નિમણૂક કરવાનો પ્રયાસ કરવાનો છે જેઓ મૂળભૂત રીતે જ નમી જાય તેવા હોય. એવા વિવિધ પરિબળો છે જે ન્યાયમૂર્તિને નમી જાય તેવા બનાવે છે. કેટલાક પરિબળો આ મુજબ છે - વ્યક્તિગત મહત્વાકાંક્ષા, રાજકીય, ધાર્મિક અથવા સાંપ્રદાયિક બાબતો પર આધારિત વફાદારી, અસમર્થતા અને નિષ્ઠાનો અભાવ. ઉપરોક્ત પરિબળો પૈકી કોઈપણ એક પરિબળ ન્યાયમૂર્તિને નમી જાય તેવા બનાવવા માટે પૂરતું છે. તે પૈકી એક કરતાં વધુનું સંયોજન ન્યાયમૂર્તિને વધુ સંવેદનશીલ બનાવે છે. અસમર્થતા અને મહત્વાકાંક્ષાનું સંયોજન સૌથી ખરાબ છે. મહત્વાકાંક્ષી અસમર્થ વ્યક્તિ ઉચ્ચ જાહેર હોદ્દા પર પહોંચી શકે તે માટેનો એકમાત્ર રસ્તો સત્તામાં રહેલા લોકો સમક્ષ લાચારીપૂર્વક નમવાનો છે. એવું કહેવાય છે કે સત્તામાં રહેલા લોકો માનવજાતના સૌથી અલ્પ યોગ્યતા ધરાવતા લોકોને એ આશા સાથે પ્રોત્સાહન આપે છે કે તેઓ જેમનામાં કોઈપણ સિદ્ધિનો અભાવ છે તેઓ પોતાના ઉપકારક પ્રત્યે કૃતજ્ઞ રહેશે. ઈતિહાસ આવા ઉદાહરણોથી ભરેલો છે - જોકે અપેક્ષિત વફાદારીના પુરાવા ખૂબ જ દુર્લભ છે. સામાન્ય રીતે આવા લોકો માત્ર સત્તા પ્રત્યે વફાદાર હોય છે, ઉપકારક પ્રત્યે નહીં.

૩૧. ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં ઓછામાં ઓછું આવા વિચલનો ટાળવામાં આવે તે સુનિશ્ચિત કરવા માટે, સમગ્ર વિશ્વની લોકશાહીઓએ ન્યાયમૂર્તિઓ તરીકે 'યોગ્ય વ્યક્તિઓ' ની પસંદગી કરવા માટે વિવિધ

વ્યૂહરચનાઓ અપનાવી છે. આવી પસંદગી કરવા માટે અપનાવવામાં આવેલી પ્રક્રિયાઓ ઘણી ભિન્ન છે. તે દર્શાવવા માટે, અંગ્રેજી બોલતા કેટલાક દેશોની ન્યાયિક પ્રણાલીઓની તપાસ કરવી ઉપયોગી છે.

૩૨. યુનાઇટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકાનું બંધારણ સેનેટ૨૩ ની સલાહ અને સંમતિથી સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓ૨૨ ની નિમણૂક કરવાની સત્તા રાષ્ટ્રપતિને આપે છે. જ્યાં સુધી ૨૨ અનુચ્છેદ II કલમ ૨ રાષ્ટ્રપતિ પાસે ".. નામાંકિત કરવાની અને સેનેટની સલાહ અને સંમતિથી તેમજ તેની સાથે .. સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓની .. નિમણૂક કરવાની .. સત્તા રહેશે . ." અન્ય વૈધાનિક ફેડરલ અદાલતોના ન્યાયમૂર્તિઓની નિમણૂકના કિસ્સામાં, કોંગ્રેસ કાયદા દ્વારા આ સત્તા સુપ્રિમ કોર્ટને સ્વયં સોંપી શકે છે. સ્ટેટ્સ કે જે બે ગૃહો - સેનેટ અને હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સનું બનેલું છે. સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂકનો સંબંધ છે ત્યાં સુધી, યુનાઇટેડ સ્ટેટ્સમાં, અમેરિકાના મુખ્ય ન્યાયમૂર્તિ કે સુપ્રિમ કોર્ટ બંનેમાંથી કોઈને પણ કોઈ ભૂમિકા સોંપવામાં આવી નથી. કારોબારીના વડાને સેનેટની સલાહ અને સંમતિને આધીન રહીને સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓની પસંદગી કરવાની વિશિષ્ટ સત્તા એનાયત કરવામાં આવી છે. રાષ્ટ્રપતિ દ્વારા સત્તાના મનસ્વી ઉપયોગની શક્યતા પર એક અંકુશ.

૩૩. કેનેડિયન કાનૂની પ્રણાલી અન્ય એક રસપ્રદ મોડેલ રજૂ કરે છે. કેનેડાની સુપ્રિમ કોર્ટ બંધારણ એટલે કે ધ કોન્સ્ટીટ્યુશન એક્ટ ઓફ ૧૮૬૭ દ્વારા સ્થાપિત થયેલ નથી. સદર અધિનિયમનું પ્રકરણ VII ન્યાયતંત્ર સાથે

સંબંધિત છે. કલમ ૧૦૧૨૪ માત્ર કેનેડાની સંસદને કેનેડા માટે જનરલ કોર્ટ ઓફ અપીલના બંધારણ, જાળવણી અને સંગઠન માટે તથા કેનેડાના કાયદાઓના બહેતર વહીવટ માટે કોઈપણ વધારાની અદાલતોની સ્થાપના માટે જોગવાઈ કરવાની સત્તા આપે છે. આવી સત્તાના ઉપયોગમાં જ, કેનેડાની સંસદે ૧૮૭૫માં એક કાનૂન (ધ સુપ્રિમ એન્ડ એક્સચેકર કોર્ટ્સ એક્ટ, ૧૮૭૫૨૫) દ્વારા કેનેડાની સુપ્રિમ કોર્ટની સ્થાપના કરી હતી. સુપ્રિમ કોર્ટ ઓફ કેનેડાનું અસ્તિત્વ, તેનું માળખું અને અધિકારક્ષેત્ર એક સામાન્ય ફેડરલ કાનૂન પર આધાર રાખે છે અને સમય જતાં તેમાં ઘણા ફેરફારો થયા હતા. સૈદ્ધાંતિક રીતે, ફેડરલ સંસદના એકપક્ષીય પગલાં દ્વારા આ કોર્ટને નાબૂદ કરી શકાય છે. સુપ્રિમ કોર્ટ એક્ટ (ઉપરોક્ત) ની કલમ ૨ હેઠળ આપવામાં આવેલી સત્તાના ઉપયોગમાં ગવર્નર ઇન કાઉન્સિલ (ફેડરલ કેબિનેટ) દ્વારા સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂક કરવામાં આવે છે. કેનેડામાં એવી કોઈ આવશ્યકતા નથી કે આવી નિમણૂકોને સેનેટ અથવા હાઉસ ઓફ કોમન્સ દ્વારા બહાલી આપવામાં આવે. ૨૪ કલમ ૧૦૧. આ અધિનિયમમાં કંઈપણ સમાવિષ્ટ હોવા છતાં, કેનેડાની સંસદ સમયાંતરે કેનેડા માટે જનરલ કોર્ટ ઓફ અપીલના બંધારણ, જાળવણી અને સંગઠન માટે તથા કેનેડાના કાયદાઓના બહેતર વહીવટ માટે કોઈપણ વધારાની અદાલતોની સ્થાપના માટે જોગવાઈ કરી શકશે. ૨૫ હવે સુપ્રિમ કોર્ટ એક્ટ, ૧૯૮૫ દ્વારા બદલવામાં આવેલ છે.

૩૪. ઓસ્ટ્રેલિયામાં, સર્વોચ્ચ ફેડરલ કોર્ટને ઓસ્ટ્રેલિયન બંધારણની કલમ ૭૧૨૬ હેઠળ સ્થાપિત હાઇકોર્ટ ઓફ ઓસ્ટ્રેલિયા કહેવામાં આવે છે. તેમાં એક

મુખ્ય ન્યાયમૂર્તિ અને સંસદ નિર્ધારિત કરે તે મુજબ બેથી ઓછા ન હોય તેવા અન્ય ન્યાયમૂર્તિઓનો સમાવેશ થાય છે. હાઇકોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂક ગવર્નર જનરલ ઇન કાઉન્સિલ દ્વારા કરવામાં આવે છે.

૩૫. કેનેડા કે ઓસ્ટ્રેલિયા બંનેમાંથી કોઈ પણ મુખ્ય ન્યાયમૂર્તિ અથવા સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓને બંધારણીય અદાલતોના ન્યાયમૂર્તિઓની પસંદગીમાં કોઈ ભૂમિકા આપતા નથી. ઓસ્ટ્રેલિયામાં, અમેરિકન મોડેલથી વિપરીત, બંધારણમાં આવી નિમણૂકો માટે ફેડરલ ધારાસભાની સંમતિ જરૂરી હોય તેવી કોઈ જોગવાઈ નથી.

૩૬. આ બાબતોમાં ઇંગ્લેન્ડ અનન્ય છે. ભારત, યુ.એસ., કેનેડા અને ઓસ્ટ્રેલિયામાં સમજાય છે તેવું કોઈ લેખિત બંધારણ ત્યાં નથી. ૨૦૦૬ સુધી, ન્યાયમૂર્તિઓની નિમણૂકો ફક્ત લોર્ડ ચાન્સેલર ઓફ ધ એક્સચેકર દ્વારા જ કરવામાં આવતી હતી જેઓ કેબિનેટના સભ્ય છે.

૩૭. ભારતીય બંધારણના ઘડવૈયાઓએ અન્ય બાબતોની સાથે ઉપરોક્ત દર્શાવેલા વિવિધ મોડેલોના અભ્યાસ કર્યા પછી, જોગવાઈ કરી હતી કે બંધારણીય અદાલતોના ન્યાયમૂર્તિઓની નિમણૂક કરતી વખતે, રાષ્ટ્રપતિ દ્વારા CJI અને સંબંધિત હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિઓ સાથે વિચાર-વિમર્શ કરવો જરૂરી છે, જેઓ આ અદાલતોના ન્યાયમૂર્તિઓની નિમણૂક કરનાર સત્તાધિકારી છે. બંધારણના લખાણે સંસદ અથવા રાજ્ય વિધાનમંડળો બંનેમાંથી કોઈ માટે પણ કોઈપણ ભૂમિકાને સ્પષ્ટપણે બાકાત રાખી હતી.

૩૮. ડૉ. આંબેડકરે બંધારણની યોજના સમજાવી હતી, જ્યાં સુધી તે ૨૬ કલમ ૭૧. ન્યાયિક સત્તા અને અદાલતો કોમનવેલ્થની ન્યાયિક સત્તા ફેડરલ સુપ્રિમ કોર્ટમાં નિહિત રહેશે, જેને હાઇકોર્ટ ઓફ ઓસ્ટ્રેલિયા કહેવામાં આવશે, અને સંસદ રચે તેવી અન્ય ફેડરલ અદાલતોમાં, અને જેને તે ફેડરલ અધિકારક્ષેત્ર આપે તેવી અન્ય અદાલતોમાં નિહિત રહેશે. હાઇકોર્ટમાં એક મુખ્ય ન્યાયમૂર્તિ, અને સંસદ નિર્ધારિત કરે તે મુજબ બેથી ઓછા ન હોય તેવા અન્ય ન્યાયમૂર્તિઓનો સમાવેશ થશે. બંધારણીય અદાલતોના ન્યાયમૂર્તિઓની નિમણૂક અને આવા મોડેલને અપનાવવા માટે ડ્રાફ્ટિંગ કમિટી સમક્ષ ધ્યાને આવેલી સ્પર્ધાત્મક ચિંતાઓ સાથે સંબંધિત છે:

> 'ગૃહમાં એ બાબતે કોઈ મતભેદ હોઈ શકે નહીં કે આપણું ન્યાયતંત્ર કારોબારીથી સ્વતંત્ર હોવું જોઈએ અને પોતાની મેળે સક્ષમ પણ હોવું જોઈએ. અને પ્રશ્ન એ છે કે આ બે ઉદ્દેશો કેવી રીતે સિદ્ધ કરી શકાય. અન્ય દેશોમાં આ બાબતનું સંચાલન બે અલગ અલગ રીતે થાય છે. ગ્રેટ બ્રિટનમાં કોઈપણ પ્રકારની મર્યાદા વિના ક્રાઉન દ્વારા નિમણૂકો કરવામાં આવે છે, જેનો અર્થ છે કે તે સમયની કારોબારી દ્વારા. યુનાઈટેડ સ્ટેટ્સમાં તેનાથી વિપરીત વ્યવસ્થા છે જ્યાં, ઉદાહરણ તરીકે, સુપ્રિમ કોર્ટના અધિકારીઓ તેમજ રાજ્યના અન્ય હોદ્દાઓની નિમણૂકો માત્ર યુનાઈટેડ સ્ટેટ્સમાં સેનેટની સંમતિથી જ કરવામાં આવશે. આપણે આજે જે સંજોગોમાં જીવીએ છીએ તેમાં મને એવું લાગે છે કે, જ્યાં જવાબદારીની ભાવના તે હદે વિકસી નથી જે હદે આપણે તેને યુનાઈટેડ સ્ટેટ્સમાં જોઈએ

છીએ, તો કોઈપણ પ્રકારના આરક્ષણ કે મર્યાદા વિના, એટલે કે માત્ર તે સમયની કારોબારીની સલાહ પર, રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવતી નિમણૂકોને તેમના પર છોડી દેવી જોખમી ગણાશે. તેવી જ રીતે, મને એવું લાગે છે કે કારોબારી કરવા માંગતી હોય તેવી દરેક નિમણૂકને ધારાસભાની સંમતિને આધીન બનાવવી એ પણ બહુ યોગ્ય જોગવાઈ નથી. તે બોજારૂપ હોવા ઉપરાંત, તેમાં નિમણૂક રાજકીય દબાણ અને રાજકીય બાબતોથી પ્રભાવિત થવાની શક્યતા પણ રહેલી છે. મુસદ્દા અનુચ્છેદ, તેથી, મધ્યમ માર્ગ અપનાવે છે. તે નિમણૂકો કરવાની બાબતમાં રાષ્ટ્રપતિને સર્વોચ્ચ અને સંપૂર્ણ સત્તાધિકારી બનાવતું નથી. તે ધારાસભાના પ્રભાવને પણ સામેલ કરતું નથી. અનુચ્છેદમાં એવી જોગવાઈ છે કે એવી વ્યક્તિઓ સાથે વિચાર-વિમર્શ થવો જોઈએ જેઓ પૂર્વધારણા મુજબ, આ પ્રકારની બાબતોમાં યોગ્ય સલાહ આપવા માટે સુયોગ્ય હોય, અને મારો અભિપ્રાય છે કે આ પ્રકારની જોગવાઈ હાલના તબક્કે પૂરતી ગણી શકાય. મુખ્ય ન્યાયમૂર્તિની સંમતિના પ્રશ્ન અંગે, મને એવું લાગે છે કે જેઓ તે દરખાસ્તની તરફેણ કરે છે તેઓ મુખ્ય ન્યાયમૂર્તિની નિષ્પક્ષતા અને તેમના નિર્ણયની સંગીનતા બંને પર ગર્ભિતપણે આધાર રાખતા જણાય છે. હું વ્યક્તિગત રીતે કોઈ શંકા અનુભવતો નથી કે મુખ્ય ન્યાયમૂર્તિ અત્યંત પ્રતિષ્ઠિત વ્યક્તિ છે. પરંતુ છેવટે તો મુખ્ય ન્યાયમૂર્તિ પણ તમામ ખામીઓ, તમામ લાગણીઓ અને તમામ પૂર્વગ્રહો ધરાવતો એક માણસ છે જે આપણે સામાન્ય લોકો તરીકે

ધરાવીએ છીએ; અને મને લાગે છે કે, મુખ્ય ન્યાયમૂર્તિને વ્યવહારિક રીતે ન્યાયમૂર્તિઓની નિમણૂક પર વીટોની સત્તા આપવી એ વાસ્તવમાં મુખ્ય ન્યાયમૂર્તિને એવી સત્તા સોંપવા સમાન છે જે આપણે રાષ્ટ્રપતિ અથવા તે સમયની સરકારમાં નિહિત કરવા તૈયાર નથી. તેથી, હું માનું છું કે તે પણ જોખમી દરખાસ્ત છે૨૭."

(ભારપૂર્વક ઉમેરેલ)

ડૉ. આંબેડકરના નિવેદનના મુખ્ય લક્ષણો નીચે મુજબ છે:

૧. ન્યાયતંત્ર સ્વતંત્ર અને સક્ષમ બંને હોવું જોઈએ.

૨. ન્યાયમૂર્તિઓની પસંદગી કે નિમણૂક કરવાની અનિયંત્રિત સત્તા કારોબારીને સોંપવી જોખમી છે. ધારાસભાની સંમતિ પણ ઇચ્છનીય નથી કારણ કે તે નિમણૂકો રાજકીય વિચારણાઓથી અથવા રાજકીય દબાણ હેઠળ પ્રભાવિત થવાની શક્યતા તરફ દોરી જાય છે.

૩.(એ) મુખ્ય ન્યાયમૂર્તિની સંમતિ જરૂરી હોવી તે પણ એક જોખમી દરખાસ્ત છે.

(બી) એ કે, મુખ્ય ન્યાયમૂર્તિ પણ એક માનવી છે અને તમામ ખામીઓ, લાગણીઓ અને પૂર્વગ્રહો ધરાવતો એક માણસ છે જે સામાન્ય લોકોમાં હોવાનું માનવામાં આવે છે૨૮.

(સી) CJI ની સંમતિની જોગવાઈ કરવી એ CJI ને વીટોની સત્તા આપવા સમાન હશે જેનો તાત્ત્વિક અર્થ કોઈપણ મર્યાદા વિના CJI ને નિમણૂકની સત્તા સોંપવાનો થાય છે, જે રાષ્ટ્રપતિને સોંપવી બંધારણ સભા અવિવેકી માનતી હતી.

૪. એ કે, ડ્રાફ્ટિંગ કમિટી માનતી હતી કે અનુચ્છેદો ૧૨૪ અને ૨૧૭ (સુધારા પહેલાં તેઓ જે સ્વરૂપમાં હતા તે મુજબ) હેઠળ નિર્દિષ્ટ વ્યવસ્થાઓ ન્યાયતંત્રની જરૂરી સ્વતંત્રતા અને સક્ષમતા સુનિશ્ચિત કરશે અને આવી વ્યવસ્થાઓ "હાલના તબક્કે" પૂરતી રહેશે.

૨૬ સચર વિ. યુનાઇટેડ સ્ટેટ્સ ૩૪૩ યુ.એસ. ૧ (૧૯૫૨) માં ન્યાયમૂર્તિ જેક્સનના શબ્દો યાદ કરો

> "ન્યાયાસન સુધી પહોંચનારા લોકો ક્યારેક મિથ્યાભિમાન, ચીડિયાપણું, સંકુચિતતા, ઘમંડ અને અન્ય એવી નબળાઈઓ દર્શાવે છે જે માનવ શરીરનો સહજ વારસો છે."

૩૯. ૧૯૭૭ સુધી, ભારતના બંધારણના અનુચ્છેદો ૧૨૪ અને ૨૧૭ માં આવતા વિચાર-વિમર્શ શબ્દપ્રયોગના સાચા અર્થ અને વ્યાપે કારોબારી કે ન્યાયતંત્ર બંનેમાંથી કોઈને પરેશાન કર્યા ન હતા. બંધારણીય પદાધિકારીઓ વચ્ચે હંમેશા વિચાર-વિમર્શ થતો રહ્યો હતો. કોઈ ખાસ વિવાદ વિના નિમણૂકો કરવામાં આવતી હતી. આ કોર્ટે સુપ્રિમ કોર્ટ એડવોકેટ્સ-ઓન-રેકોર્ડ

એસોસિએશન વિ. યુનિયન ઓફ ઈન્ડિયા, (૧૯૯૩) ૪ એસ.સી.સી. ૪૪૧ (જે હવે પછી સેકન્ડ જજિસ કેસ તરીકે ઉલ્લેખિત છે) માં તેમ નોંધ્યું હતું૨૯

૪૦. અનુચ્છેદ ૨૨૨૩૦ રાષ્ટ્રપતિને CJI સાથે વિચાર-વિમર્શ કરીને હાઇકોર્ટના ન્યાયમૂર્તિઓની બદલી કરવાની સત્તા આપે છે. ૧૯૭૫ સુધી, રાષ્ટ્રપતિ દ્વારા તે સત્તાનો ભાગ્યે જ ઉપયોગ કરવામાં આવ્યો હતો. ૧૯૭૬માં૩૧, ૧૬ હાઇકોર્ટના ન્યાયમૂર્તિઓની સામૂહિક બદલી કરવા માટે અનુચ્છેદ ૨૨૨ હેઠળની સત્તાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો૩૨. તે ૧૬ ન્યાયમૂર્તિઓ પૈકીના એક ન્યાયમૂર્તિએ, જોકે ૨૯ પેરા ૩૭૧

> (૩) ૧૯૫૦ થી ૧૯૫૯ સુધી સુપ્રિમ કોર્ટમાં થયેલી તમામ નિમણૂકો ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની સંમતિથી કરવામાં આવી હતી. તે સમયગાળા દરમિયાન હાઇકોર્ટોમાં કરવામાં આવેલી ૨૧૧ નિમણૂકોમાંથી ૨૧૦ નિમણૂકો પણ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની સંમતિથી કરવામાં આવી હતી. (૪) ભારતના ગૃહ મંત્રી શ્રી ગોવિંદ વલ્લભ પંતે ૨૪ નવેમ્બર, ૧૯૫૯ના રોજ સંસદના ગૃહમાં જાહેર કર્યું હતું કે ન્યાયમૂર્તિઓની નિમણૂક વાસ્તવમાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા કરવામાં આવી રહી હતી અને કારોબારી માત્ર હુકમ જારી કરનારી સત્તા હતી. (૫) કાયદા મંત્રી શ્રી અશોક સેને ૨૫ નવેમ્બર, ૧૯૫૯ના રોજ સંસદમાં પુનરોચ્ચાર કર્યો હતો કે સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટોમાં કરવામાં આવેલી લગભગ તમામ નિમણૂકો ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની સંમતિથી કરવામાં આવી હતી. (૬) ૧

જાન્યુઆરી, ૧૯૮૩ થી ૧૦ એપ્રિલ, ૧૯૯૩ ના સમયગાળા દરમિયાન કરવામાં આવેલી ન્યાયમૂર્તિઓની ૫૪૭ નિમણૂકોમાંથી માત્ર ૭ નિમણૂકો જ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા વ્યક્ત કરાયેલા મંતવ્યો સાથે સુસંગત ન હતી."

૩૦ અનુચ્છેદ ૨૨૨ - એક હાઇકોર્ટમાંથી બીજી હાઇકોર્ટમાં ન્યાયમૂર્તિની બદલી (૧) રાષ્ટ્રપતિ, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર-વિમર્શ કર્યા પછી, કોઈ ન્યાયમૂર્તિની એક હાઇકોર્ટમાંથી અન્ય કોઈ હાઇકોર્ટમાં બદલી કરી શકશે (૨) જ્યારે કોઈ ન્યાયમૂર્તિની બદલી કરવામાં આવી હોય અથવા તે રીતે બદલી કરવામાં આવે, ત્યારે તે ધ કોન્સ્ટીટ્યુશન (ફિફ્ટીન્થ એમેન્ડમેન્ટ) એક્ટ, ૧૯૬૩ ના પ્રારંભ પછી, બીજી હાઇકોર્ટના ન્યાયમૂર્તિ તરીકે સેવા આપે તે સમયગાળા દરમિયાન, તેના પગાર ઉપરાંત સંસદ દ્વારા કાયદાથી નિર્ધારિત કરવામાં આવે તેવું વળતર ભથ્થું મેળવવા માટે હકદાર રહેશે અને, જ્યાં સુધી તે રીતે નિર્ધારિત ન થાય ત્યાં સુધી, રાષ્ટ્રપતિ હુકમ દ્વારા નક્કી કરે તેવું વળતર ભથ્થું મેળવવા હકદાર રહેશે ૩૧ કટોકટીની (અંશતઃ વિવાદાસ્પદ) ઘોષણાના અસ્તિત્વ દરમિયાન ૩૨ યુનિયન ઓફ ઇન્ડિયા વિ. સાંકળચંદ હિંમતલાલ શેઠ અને અન્ય, (૧૯૭૭) ૪ એસ.સી.સી. ૧૯૩ (ન્યાયમૂર્તિ ભગવતી - પેરા ૪૬) બદલીના હુકમનું પાલન કર્યું પરંતુ ન્યાયતંત્રની સ્વતંત્રતાને સ્થાપિત અને સાબિત કરવા માટે પ્રો બોનો પબ્લિકો અરજી દાખલ કરીને બદલીને પડકારી૩૩, તે કેસના સંદર્ભમાં, પ્રથમ વખત, અનુચ્છેદ ૨૨૨(૧) હેઠળ આવતા વિચાર-વિમર્શ શબ્દપ્રયોગનો સાચો અર્થ આ કોર્ટની વિચારણા હેઠળ આવ્યો હતો. આ બાબત, યુનિયન ઓફ

ઇન્ડિયા વિ. સાંકળચંદ હિંમતલાલ શેઠ અને અન્ય, (૧૯૭૭) ૪ એસ.સી.સી. ૧૯૩ (ટૂંકમાં સાંકળચંદ કેસ) ની પાંચ ન્યાયમૂર્તિઓ દ્વારા સુનાવણી કરવામાં આવી હતી. ન્યાયમૂર્તિઓ ચંદ્રચૂડ, ભગવતી, કૃષ્ણા ઐયર અને ઉંટવાળિયા દ્વારા ચાર અલગ-અલગ ચુકાદાઓ આપવામાં આવ્યા હતા. ન્યાયમૂર્તિ ચંદ્રચૂડે અભિપ્રાય આપ્યો હતો કે આ સંદર્ભમાં "વિચાર-વિમર્શ" નો અર્થ એક અસરકારક વિચાર-વિમર્શ અને સંપૂર્ણ માહિતીનું આદાન-પ્રદાન થાય છે જેના આધારે બદલી કરવાનો પ્રયાસ કરવામાં આવે છે પરંતુ એવો નિષ્કર્ષ કાઢ્યો કે - 'ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથેના અસરકારક વિચાર-વિમર્શ પછી, રાષ્ટ્રપતિ માટે તે પ્રશ્ન અંગે યોગ્ય નિર્ણય પર પહોંચવાનો વિકલ્પ ખુલ્લો છે કે શું ન્યાયમૂર્તિની અન્ય હાઇકોર્ટમાં બદલી કરવી જોઈએ કારણ કે, બંધારણ જે અપેક્ષા રાખે છે તે મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર-વિમર્શ છે, પ્રસ્તાવિત બદલી માટે તેમની સંમતિ નહીં'. આવો નિષ્કર્ષ નોંધ્યા પછી, ન્યાયમૂર્તિશ્રીએ આગળ નીચે મુજબ અવલોકન કર્યું:

> "૪૧. ..... પરંતુ શમશેર સિંહ (ઉપરોક્ત) માં ન્યાયમૂર્તિઓ ભગવતી અને કૃષ્ણા ઐયરે જે કહ્યું હતું તેનો પુનરોચ્ચાર કરવો જરૂરી છે કે તમામ સંભવિત કેસોમાં, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથેના વિચાર-વિમર્શને ભારત સરકાર દ્વારા સ્વીકારવો જોઈએ અને જો કારોબારી ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા આપવામાં આવેલી સલાહથી વિચલિત થાય તો કારોબારીના નિર્ણયમાં અન્ય કોઈ અપ્રસ્તુત સંજોગો પ્રવેશ્યા છે કે કેમ તેની તપાસ કરવાની તક કોર્ટ પાસે રહેશે. "વ્યવહારમાં આવા સંવેદનશીલ વિષયમાં આખરી શબ્દ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિનો હોવો જોઈએ, તેમની

સલાહનો અસ્વીકાર સામાન્ય રીતે હુકમને દૂષિત કરતાં પરોક્ષ કારણોથી પ્રેરિત ગણવામાં આવશે." (પૃષ્ઠ ૮૭૩). એવી આશા રાખવામાં આવે છે કે આ શબ્દો બહેરા કાને નહીં પડે અને હવે સામાન્ય સ્થિતિ પુનઃસ્થાપિત થઈ ગઈ હોવાથી, કારોબારી અને ન્યાયતંત્ર વચ્ચેના મતભેદો, જો કોઈ હોય તો, પરસ્પર વિચાર-વિમર્શ દ્વારા ઉકેલાઈ જશે, જેમાં દરેક પક્ષ બીજા પક્ષના વિચારોને આદર અને સદ્ભાવના સાથે ધ્યાને લેશે."

૪૧. ન્યાયમૂર્તિ ભગવતી, કૃષ્ણા અૈયરે પોતાના ચુકાદામાં જે કહ્યું હતું તેની સાથે સંપૂર્ણપણે સહમત હતા. ૩૫

૪૨. ન્યાયમૂર્તિ કૃષ્ણા અૈયરે પોતાના વતી અને ન્યાયમૂર્તિ ફઝલ અલી વતી વાત કરી હતી. ન્યાયમૂર્તિ કૃષ્ણા અૈયરે, આ કોર્ટ દ્વારા અગાઉના બે ચુકાદાઓમાં વ્યક્ત કરાયેલા મંતવ્યોનો પુનરોચ્ચાર કરતાં, એટલે કે ચંદ્રમૌલેશ્વર પ્રસાદ વિ. પટના હાઇકોર્ટ અને અન્ય, (૧૯૬૯) ૩ એસ.સી.સી. ૫૬ અને શમશેર સિંહ વિ. સ્ટેટ ઓફ પંજાબ, એ.આઇ.આર. ૧૯૭૪ એસ.સી. ૨૧૯૨, અભિપ્રાય આપ્યો કે જોકે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિનો અભિપ્રાય સરકાર પર બંધનકર્તા ન હોઈ શકે તેમ છતાં તે ખૂબ મહત્વનો હકદાર છે અને સામાન્ય રીતે સરકાર દ્વારા સ્વીકારવામાં આવવો જોઈએ ..... ૩૬ એક ચેતવણી સાથે:

"૧૧૫ ..... એ પણ ધ્યાનમાં રાખવું જોઈએ કે જો સરકાર ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના અભિપ્રાયથી વિચલિત થાય છે તો તેણે તેના માટે સચોટ અને વિશ્વાસપાત્ર કારણો આપીને પોતાના પગલાંને વાજબી ઠેરવવું પડશે

અને, જો પડકારવામાં આવે તો, કોર્ટના સંતોષ મુજબ સાબિત કરવું પડશે કે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની સલાહ ન સ્વીકારવા માટે કેસ બન્યો હતો. અમને એવું જણાય છે કે અનુચ્છેદ ૨૨૨ માં 'વિચાર-વિમર્શ' શબ્દનો ઉપયોગ બંધારણીય સૌજન્યના ભાગરૂપે કરવામાં આવ્યો છે કારણ કે આ બાબતમાં બે અત્યંત ઉચ્ચ મહાનુભાવો સંકળાયેલા છે, એટલે કે રાષ્ટ્રપતિ અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ. અલબત્ત, મુખ્ય ન્યાયમૂર્તિ પાસે કોઈ વીટો સત્તા નથી, જેમ કે ડૉ. આંબેડકરે બંધારણ સભામાં સમજાવ્યું હતું."

ન્યાયમૂર્તિ ઉંટવાળિયા ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથેના વિચાર-વિમર્શના પ્રશ્ન પર ન્યાયમૂર્તિ ચંદ્રચૂડ દ્વારા વ્યક્ત કરાયેલા મંતવ્યો સાથે સહમત થયા અને ઉમેર્યું:

"૧૨૫. .. .. જોકે, શ્રી સીરવાઈ દ્વારા યોગ્ય રીતે સ્વીકારવામાં આવ્યું છે તેમ, સરકાર મુખ્ય ન્યાયમૂર્તિની સલાહ સ્વીકારવા અને તેના પર અમલ કરવા માટે બંધાયેલી નથી. તે તેમનાથી અસહમત થઈ શકે છે અને સચોટ કારણોસર વિપરીત મત અપનાવી શકે છે. બીજા શબ્દોમાં કહીએ તો, ચંદ્રમૌલેશ્વર પ્રસાદ વિ. પટના હાઈકોર્ટ અને અન્ય [૧૯૭૦] ૨ એસ.સી.આર. ૬૬૬ ના કેસમાં આ કોર્ટે ઠેરવેલ કે, સલાહ અનિવાર્યપણે અને કાયદાની ફરજના ભાગરૂપે સરકાર પર બંધનકર્તા નથી. જોકે ચંદ્રમૌલેશ્વર પ્રસાદના કેસમાં આ કોર્ટનો નિર્ણય

બંધારણના અનુચ્છેદ ૨૩૩ અને ૨૩૫ ના અર્થઘટનના સંદર્ભમાં હતો, સિદ્ધાંતની દ્રષ્ટિએ ભાગ્યે જ કોઈ તફાવત છે."

૪૩. ઉપરોક્ત કેસમાંથી એક રસપ્રદ પરિબળ નોંધવું જરૂરી છે કે તમામ ૧૬ બદલીઓ તે સમયના સીજેઆઈ સાથે વિચાર-વિમર્શ કરીને કરવામાં આવી હતી. ત્યારપછીના એક વર્ષમાં, માર્ચ ૧૯૭૭ માં, સામાન્ય ચૂંટણીઓ યોજાઈ અને એક નવો રાજકીય પક્ષ સત્તામાં આવ્યો. સરકારે આ બાબતની પુનઃતપાસ પર અભિપ્રાય આપ્યો કે ન્યાયમૂર્તિ શેઠની ગુજરાતમાંથી બદલી કરવા માટે કોઈ વાજબીપણું ન હતું. એ ઇતિહાસની બાબત છે કે કટોકટી દરમિયાન જે તમામ ૧૬ ન્યાયમૂર્તિઓની બદલી કરવામાં આવી હતી, તેમને ન્યાયમૂર્તિ શેઠની સાથે તેમની મૂળ હાઇકોર્ટોમાં પાછા મોકલવામાં આવ્યા હતા૩૭

૩૭ ન્યાયમૂર્તિ ફઝલ અલી અનુસાર - એસ.પી. ગુપ્તા કેસ, પૃષ્ઠ ૪૦૩- "એ સાચું છે કે કટોકટી દરમિયાન ઘણી બદલીઓ થઈ હતી જે અનુચ્છેદ ૨૨૨ ની ભાવના સાથે સુસંગત ન હતી અને તેથી જ સરકારે આ હકીકત સ્વીકારી હતી અને લગભગ તમામ ન્યાયમૂર્તિઓની પુનઃબદલી કરીને બદલીઓ રદ કરવા માટે પગલાં લીધાં હતાં તે હાઇકોર્ટોમાં જ્યાંથી તેમની બદલી કરવામાં આવી હતી." આ હકીકત તે દલીલના સંદર્ભમાં મહત્વપૂર્ણ છે કે બંધારણીય અદાલતોમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં કારોબારીને કોઈ પણ અભિપ્રાય આપવાની મંજૂરી આપવી તે ન્યાયતંત્રની સ્વતંત્રતા માટે વિનાશક બનશે.

૪૪. ત્યારપછીના ત્રણ વર્ષમાં, આ દેશના બંધારણીય ઈતિહાસમાં બીજી એક મહત્વપૂર્ણ ઘટના બની. ભારત સરકારના તત્કાલીન કાયદા મંત્રીએ એક પરિપત્ર મોકલ્યો જેની તારીખ હતી ૧૮ માર્ચ, ૧૯૮૧ વિવિધ રાજ્યોના મુખ્યમંત્રીઓને. મુખ્યમંત્રીઓને તમામ વધારાના ન્યાયમૂર્તિઓ (સંબંધિત હાઈકોર્ટોમાં કામ કરતા) પાસેથી દેશની અન્ય કોઈ પણ હાઈકોર્ટમાં કાયમી ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક મેળવવા માટેની સંમતિ મેળવવા વિનંતી કરવામાં આવી હતી. તેમાં મુખ્યમંત્રીઓને એવી વ્યક્તિઓ પાસેથી પણ આવા જ સંમતિ પત્રો મેળવવાની સલાહ આપવામાં આવી હતી કે જેમના નામ હાઈકોર્ટના ન્યાયમૂર્તિ તરીકે પ્રારંભિક નિમણૂક માટે અગાઉ પ્રસ્તાવિત કરવામાં આવ્યા હોય અથવા ભવિષ્યમાં પ્રસ્તાવિત થઈ શકે. સદર પત્રને એસ.પી. ગુપ્તા કેસમાં એ કારણોસર પડકારવામાં આવ્યો હતો કે તે ન્યાયતંત્રની સ્વતંત્રતા પર સીધો હુમલો હતો જે બંધારણનું મૂળભૂત લક્ષણ છે૩૮ (પેરા ૨). આ બાબતની સુનાવણી આ કોર્ટના સાત ન્યાયમૂર્તિઓ દ્વારા કરવામાં આવી હતી. સાત અલગ-અલગ ચુકાદાઓ આપવામાં આવ્યા હતા. આ કોર્ટ સમક્ષનો એક પ્રશ્ન એ હતો કે શું અન્ય બંધારણીય હોદ્દેદારોના અભિપ્રાય કરતાં સીજેઆઈના અભિપ્રાયને પ્રાથમિકતા આપવી જોઈએ. મુખ્યત્વે, આ કોર્ટે એ જ મત અપનાવ્યો હતો જે સાંકળચંદ કેસ૩૯ માં લેવામાં આવ્યો હતો

૪૫. વસ્તી વૃદ્ધિ, વસ્તીમાં કાનૂની અધિકારો અંગે વધતી જાગૃતિ, વિવિધ મૂળભૂત અધિકારો અને તેમના આંતર-સંબંધોના વ્યાપની સમજણમાં ફેરફારના પરિણામે ન્યાયિક સમીક્ષાના દાયરાનો વિસ્તાર, અનુચ્છેદ ૩૨ હેઠળના

અધિકારક્ષેત્રના ઉપયોગમાં કાર્યપદ્ધતિની મર્યાદાઓ પરના કાયદામાં ધરખમ ફેરફાર ૩૮ એસ.પી. ગુપ્તા કેસનો પેરા ૨ - ન્યાયમૂર્તિ ભગવતી. ૩૯ જુઓ પેરા ૩૦ અને ૩૧ - ન્યાયમૂર્તિ ભગવતી; પેરા ૧૩૪ - ન્યાયમૂર્તિ ગુપ્તા, પેરા ૬૩૨:.. ન્યાયમૂર્તિ તુળઝાપુરકર; પેરા ૭૨૬ - ન્યાયમૂર્તિ દેસાઈ, પેરા ૮૯૦ અને ૮૯૧ - ન્યાયમૂર્તિ પાઠક; પેરા ૧૦૩૧ અને ૧૦૩૨- ન્યાયમૂર્તિ ઈ.એસ. વેંકટરામૈયા અને ૨૨૬ ના લીધે આ દેશની બંધારણીય અદાલતોના કેસોના ભરાવામાં ભારે ઉછાળો આવ્યો. પરંતુ, ન્યાયમૂર્તિઓની સંખ્યા પ્રમાણમાં સ્થિર રહી. ૮૦ના દાયકા સુધીમાં, આ સમસ્યા વધુ વિકટ અને જટિલ બની ગઈ. ભારત સરકારે ન્યાયમૂર્તિઓની સંખ્યા વધારવાની જરૂરિયાતનું સમયાંતરે મૂલ્યાંકન કરવા માટે જરૂરી કવાયત હાથ ધરી ન હતી. કેટલીક હાઇકોર્ટોના કિસ્સામાં તો ઘટાડો પણ થયો હતો૪૦ એટલું જ નહીં, હાઇકોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂકની પ્રક્રિયા કાનૂની રીતે અસમર્થનીય કારણોસર ગેરવાજબી રીતે લાંબો સમય લઈ રહી હતી૪૧ સુભાષ શર્મા વિ. યુનિયન ઓફ ઇન્ડિયા (૧૯૯૧) સપ્લી. ૧ એસ.સી.સી. ૫૭૪ (ટૂંકમાં સુભાષ શર્મા કેસ) માં આ કોર્ટની ત્રણ ન્યાયમૂર્તિઓની બેંચે આવી પરિસ્થિતિની નોંધ લીધી હતી.

૪૬. ૧૯૭૦ અને ૧૯૮૦ના દાયકામાં બંધારણીય અદાલતોના ન્યાયમૂર્તિઓની નિમણૂક અંગે ભારે અશાંતિ પ્રવર્તતી હતી. સીજેઆઈના હોદ્દા પર નિમણૂક માટે વરિષ્ઠ ન્યાયમૂર્તિઓની અવગણના કરવામાં આવી હતી. કદાચ, સાંકળચંદ અને એસ.પી. ગુપ્તા માં આ કોર્ટના ચુકાદાઓથી પ્રોત્સાહિત થઈને, કારોબારીએ (રાષ્ટ્રીય તેમજ રાજ્ય સ્તરે) વ્યવસ્થાના બિનઆરોગ્યપ્રદ

દુરુપયોગનો આશરો લીધો હતો. ધ ઇન્ફોર્મલ કોન્સ્ટીટ્યુશન : અનરિટન ક્રાઇટેરિયા ઇન સિલેક્ટિંગ જજિસ ફોર ધ સુપ્રિમ કોર્ટ ઓફ ઇન્ડિયા૪૨ માં આવા દુરુપયોગના કેટલાક કિસ્સાઓ નોંધવામાં આવ્યા છે જે આધારિત છે

૪૦ સુભાષ શર્મા વિ. યુનિયન ઓફ ઇન્ડિયા, ૧૯૯૧ સપ્લી. (૧) એસ.સી.સી. ૫૭૪, પૃષ્ઠ ૫૮૬ પર: પેરા ૧૮. "અમને જાણવા મળ્યું છે કે કેરળ હાઇકોર્ટ જ્યાં મંજૂર થયેલી સંખ્યામાં ૨ નો ઘટાડો કરવામાં આવ્યો છે, ત્યાં મંજૂર થયેલી સંખ્યા ૨૨ છે જ્યારે ૧ જાન્યુઆરી, ૧૯૯૦ ના રોજ તેની પેન્ડન્સી ૩૪,૩૩૦ કેસ હોવાથી તે પ્રતિ વર્ષ ન્યાયમૂર્તિ દીઠ ૬૫૦ કેસોના માપદંડના આધારે લગભગ ૫૦ ન્યાયમૂર્તિઓની સંખ્યાને વાજબી ઠેરવે છે. અમારો નિર્દેશ કરવાનો આશય એ છે કે મંજૂર સંખ્યામાં ઘટાડો કરવા માટે કોઈ વાજબીપણું ન હતું." ૪૧ પેરા ૧૯. "હાલ પૂરતું અમે સરકારને સૂચન કરીએ છીએ કે આ બાબતની સમયાંતરે સમીક્ષા થવી જોઈએ અને હાલની જરૂરિયાતના આધારે વ્યવહારુ રીતે મંજૂર સંખ્યા નક્કી કરવા માટે પગલાં લેવાવા જોઈએ. જો જરૂરિયાત અને મંજૂર સંખ્યા વચ્ચે કોઈ સહસંબંધ ન હોય અને ન્યાયમૂર્તિ-માનવબળની જોગવાઈ તદ્દન અપૂરતી હોય, તો અનિવાર્ય પરિણામ બેકલોગ અને કાયદાના શાસનનો ધીમો અમલ જ હોવાનો છે ..... ." ·

., અભિનવ ચંદ્રચૂડ, ધ ઇન્ફોર્મલ કોન્સ્ટીટ્યુશન : અનરિટન ક્રાઇટેરિયા ઇન સિલેક્ટિંગ જજિસ ફોર ધ સુપ્રિમ કોર્ટ ઓફ ઇન્ડિયા, (ઓક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ, યુનાઇટેડ કિંગડમ ૨૦૧૪) સમકાલીન મુદ્દાઓ પર સારી શાખ ધરાવતા

ટીકાકારો અને વિદ્વાનો દ્વારા પ્રતિષ્ઠિત પ્રિન્ટ મીડિયામાં પ્રકાશિત સમાચાર અહેવાલો પર પૃષ્ઠ ૧૧૩ થી ૧૨૦ જુઓ. એવું જણાય છે કે ૧૯૮૪-૮૫ માં કેટલીક હાઇકોર્ટોમાં કરવામાં આવેલી ન્યાયમૂર્તિઓની ૫૩ નિમણૂકોમાંથી, ૩૨ નિમણૂકો કાર્યકારી મુખ્ય ન્યાયમૂર્તિઓ. એવું માનવામાં આવે છે કે કેટલીક હાઇકોર્ટોના સૌથી વરિષ્ઠ ન્યાયમૂર્તિઓ (જ્યાંથી સદર ૩૨ ભલામણો ઉદ્ભવી હતી) કે જેમણે કાર્યકારી મુખ્ય ન્યાયમૂર્તિઓ તરીકે તે ભલામણો શરૂ કરી હતી, તેમને કારોબારી દ્વારા સૂચવવામાં આવેલા નામોની ભલામણ કરવા સંમત થયા પછી જ કાયમી મુખ્ય ન્યાયમૂર્તિઓ બનાવવામાં આવ્યા હતા. હાઇકોર્ટના સતત ત્રણ મુખ્ય ન્યાયમૂર્તિઓ અને ત્રણ સીજેઆઈ દ્વારા તેમની પુષ્ટિ માટેની ભલામણો હોવા છતાં, એક ચોક્કસ અધિક ન્યાયમૂર્તિને ઘણા વર્ષો સુધી કાયમી ન્યાયમૂર્તિ તરીકે પુષ્ટિ આપવામાં આવી ન હતી, કથિત રીતે એવા કારણસર કે સદર ન્યાયમૂર્તિએ એવો ચુકાદો આપ્યો હતો જે રાજ્ય સરકારને રુચિકર ન હતો. એવું જણાય છે કે વડાપ્રધાન વી.પી. સિંહના નેતૃત્વ હેઠળની સરકારે વિવિધ હાઇકોર્ટોના મુખ્ય ન્યાયમૂર્તિઓ દ્વારા ભલામણ કરાયેલી ૬૭ વ્યક્તિઓની નિમણૂકો અટકાવી રાખી હતી. બંધારણીય અદાલતોની નિમણૂક પ્રક્રિયાનો ભાગ હોય તેવા બંધારણીય હોદ્દેદારો દ્વારા એકબીજા સામે ખુલ્લેઆમ આક્ષેપો કરવામાં આવ્યા હતા. એવું જણાય છે કે યુનિયન ઓફ ઇન્ડિયાના એક કાયદા મંત્રીએ ફરિયાદ કરી હતી કે રાજ્ય સરકારો હાઇકોર્ટોમાં તેમના 'પોતાના માણસો'૪૩ ભરવાનો પ્રયાસ કરી રહી હતી. મૂળભૂત હકીકતો ચકાસી શકાય તેવી છે, તેના પરથી તારવવામાં આવેલા અનુમાનો કદાચ વિવાદાસ્પદ હોઈ શકે છે. દુર્ભાગ્યે,

સરકાર અને સીજેઆઈ વચ્ચેનો પત્રવ્યવહાર અને વિચાર-વિમર્શ પ્રક્રિયાનો રેકોર્ડ આ દેશના સૌથી સુરક્ષિત રહસ્યો પૈકીના કેટલાક છે.

૪૭. પ્રશ્ન એ નથી કે ઉપરોક્ત પુસ્તકમાં કરવામાં આવેલા વિવિધ નિવેદનો સંપૂર્ણપણે સચોટ છે કે કેમ. સુભાષ શર્મા કેસમાં આ કોર્ટ દ્વારા કરવામાં આવેલા અવલોકનો એવા સુરક્ષિત નિષ્કર્ષ પર દોરી શકે છે કે, પુસ્તકમાં કરવામાં આવેલા વિવિધ નિવેદનોમાં થોડું સત્ય હોવું જ જોઈએ. ઉપરોક્ત પરિદ્રશ્ય, સાચું હોય કે અંશતઃ સાચું હોય, તેણે સુભાષ શર્મા કેસ (ઉપરોક્ત) માં કરવામાં આવેલા અવલોકનોની પૃષ્ઠભૂમિ રચી હતી. પરિણામે, બેંચે યોગ્ય માન્યું કે એસ.પી. ગુપ્તા કેસની શુદ્ધતા અંગે મોટી બેંચ દ્વારા વિચારણા થવી જોઈએ.

> "૪૯. . ..... એસ.પી. ગુપ્તા કેસમાં બહુમતી મંતવ્ય પર મોટી બેંચ દ્વારા વિચારણા થવી જોઈએ, અમે ઉપર ઉલ્લેખ કરેલા બે પ્રશ્નો, એટલે કે, પ્રાથમિકતાના સંદર્ભમાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિનું સ્થાન અને, બીજું, ન્યાયમૂર્તિઓની સંખ્યા નક્કી કરવાની વાદયોગ્યતાની તપાસ કરવા માટે નવ ન્યાયમૂર્તિઓની બેંચની રચના કરવા સારું વિદ્વાન મુખ્ય ન્યાયમૂર્તિ સમક્ષ ડબ્લ્યુ.પી. નં. ૧૩૦૩/૧૯૮૭ ના કાગળો રજૂ કરવાનો નિર્દેશ આપીએ છીએ ..... "

૪૮. આ બાબત સેકન્ડ જજિસ કેસ તરફ દોરી ગઈ. આ બાબતની સુનાવણી નવ ન્યાયમૂર્તિઓ દ્વારા કરવામાં આવી હતી. પાંચ અલગ અલગ ચુકાદાઓ આપવામાં આવ્યા હતા. ન્યાયમૂર્તિ વર્માએ તેમાંથી પાંચ વતી

અભિપ્રાય આપ્યો હતો. ન્યાયમૂર્તિ પાંડિયન અને ન્યાયમૂર્તિ કુલદીપ સિંહે અલગ ચુકાદાઓ લખ્યા હતા પરંતુ તેઓ ન્યાયમૂર્તિ વર્માના તારણો સાથે સંમત થયા હતા, પરંતુ ન્યાયમૂર્તિ અહમદી અને ન્યાયમૂર્તિ પુંછી સંમત થયા ન હતા. એક મુદ્દો કે જેના પર તમામ નવ ન્યાયમૂર્તિઓ સર્વસંમત હતા તે એ છે કે બંધારણની યોજના હેઠળ, ન્યાયતંત્રની સ્વતંત્રતા અનિવાર્ય છે. ન્યાયમૂર્તિ વર્માએ સ્પષ્ટપણે ઠેરવેલ કે તે બંધારણના મૂળભૂત માળખાનો એક ભાગ છે૪૪. અસંમતિનો મુદ્દો ૪૪ ફકરો ૪૨૧ - લોકશાહી પ્રણાલીના રક્ષણ માટે આવશ્યક એવા 'કાયદાના શાસન' ને સુરક્ષિત કરવા માટે, બંધારણના મૂળભૂત માળખાના એક ભાગ તરીકે ન્યાયતંત્રની સ્વતંત્રતાના સંદર્ભમાં આ પ્રશ્નો પર વિચાર કરવો પડશે. બંધારણમાં અપનાવવામાં આવેલી સત્તાના પૃથક્કરણની વ્યાપક યોજના, સૌથી નીચલા સ્તરે પણ 'કારોબારીથી ન્યાયતંત્રના પૃથક્કરણ' ના માર્ગદર્શક સિદ્ધાંત સાથે મળીને, ન્યાયતંત્રની રચનાને લગતી બંધારણની સંબંધિત જોગવાઈઓના સાચા અર્થ અંગે થોડી આંતરદ્રષ્ટિ પૂરી પાડે છે. બંધારણને એક જીવંત વ્યવસ્થા તરીકે જાળવી રાખવા માટે આવશ્યક એવી જીવંતતાનું રક્ષણ કરવા અને વિકાસને પ્રોત્સાહન આપવા માટે આ જોગવાઈઓનું અર્થઘટન બંધારણીય યોજનામાં રહેલા આ મૂળભૂત ખ્યાલો સાથે સુસંગત હોવું જોઈએ. બહુમતી અને લઘુમતી વચ્ચે માત્ર તે પદ્ધતિ અંગેનો છે જેના દ્વારા આવા સ્વતંત્ર ન્યાયતંત્રની સ્થાપના અને સાતત્ય પ્રાપ્ત કરી શકાય છે.

૪૯. શાબ્દિક રીતે, ન્યાયતંત્ર કારોબારીથી સ્વતંત્ર હોવું જરૂરી છે તે દર્શાવતી જોગવાઈઓ અનુચ્છેદ ૫૦૪૫ અને ભારતના બંધારણની ત્રીજી

અનુસૂચિ હેઠળ ફોર્મ ૪૪૬ અને ૮૪૭ માં નિર્ધારિત બંધારણીય અદાલતોના ન્યાયમૂર્તિઓ દ્વારા લેવામાં આવતી શપથનું ફોર્મ છે.

૫૦. જોકે, માળખાકીય રીતે બંધારણની યોજનામાં એવા ઘણા સંકેતો છે જે એવા નિર્વિવાદ અનુમાન તરફ દોરી જાય છે કે બંધારણના ઘડવૈયાઓ એવું ન્યાયતંત્ર ઇચ્છતા હતા જે કારોબારીથી સંપૂર્ણપણે સ્વતંત્ર હોય અને ક્ષણિક તેમજ બદલાતી રહેતી બહુમતીવાદી ગતિવિધિઓની અનિશ્ચિતતાઓથી સુરક્ષિત હોય. બંધારણની યોજના હેઠળ, આ દેશની બંધારણીય અદાલતોની સ્થાપના સંબંધિત બાબતોમાં રાજ્ય વિધાનમંડળોની બિલકુલ કોઈ ભૂમિકા નથી. માત્ર સંસદ જ અમુક ૪૫ અનુચ્છેદ ૫૦. કારોબારીથી ન્યાયતંત્રનું પૃથક્કરણ - "રાજ્ય, રાજ્યની જાહેર સેવાઓમાં કારોબારીથી ન્યાયતંત્રને અલગ કરવા માટે પગલાં ભરશે." ૪૬ સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓ અને ભારતના કમ્પ્ટ્રોલર અને ઑડિટર-જનરલ દ્વારા લેવાની શપથ અથવા પ્રતિજ્ઞાનું ફોર્મ:- "હું, એ.બી., ભારતના સુપ્રિમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ (અથવા ન્યાયમૂર્તિ) (અથવા ભારતના કમ્પ્ટ્રોલર અને ઑડિટર-જનરલ) તરીકે નિમાયેલ હોવાથી ઈશ્વરના નામે સોગંદ લઉં છું / ગંભીરતાપૂર્વક પ્રતિજ્ઞા કરું છું કે હું કાયદા દ્વારા સ્થાપિત ભારતના બંધારણ પ્રત્યે સાચી શ્રદ્ધા અને નિષ્ઠા રાખીશ, હું ભારતનું સાર્વભૌમત્વ અને અખંડિતતા જાળવી રાખીશ, હું મારા હોદ્દાની ફરજો ભય કે પક્ષપાત, રાગ કે દ્વેષ વિના, યોગ્ય રીતે અને વફાદારીપૂર્વક તથા મારી સંપૂર્ણ ક્ષમતા, જ્ઞાન અને નિર્ણયશક્તિ અનુસાર બજાવીશ અને હું બંધારણ અને કાયદાઓનું પાલન કરીશ."

૪૭ હાઇકોર્ટના ન્યાયમૂર્તિઓ દ્વારા લેવાની શપથ અથવા પ્રતિજ્ઞાનું ફોર્મ:-

"હું, એ.બી., ... -..... ખાતેની (અથવા ની) હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ (અથવા ન્યાયમૂર્તિ) તરીકે નિમાયેલ હોવાથી ઈશ્વરના નામે સોગંદ લઉં છું / ગંભીરતાપૂર્વક પ્રતિજ્ઞા કરું છું કે હું કાયદા દ્વારા સ્થાપિત ભારતના બંધારણ પ્રત્યે સાચી શ્રદ્ધા અને નિષ્ઠા રાખીશ, હું ભારતનું સાર્વભૌમત્વ અને અખંડિતતા જાળવી રાખીશ, હું મારા હોદ્દાની ફરજો ભય કે પક્ષપાત, રાગ કે દ્વેષ વિના, યોગ્ય રીતે અને વફાદારીપૂર્વક તથા મારી સંપૂર્ણ ક્ષમતા, જ્ઞાન અને નિર્ણયશક્તિ અનુસાર બજાવીશ અને હું બંધારણ અને કાયદાઓનું પાલન કરીશ."

બંધારણીય અદાલતોની સ્થાપના અને તેમના વહીવટના અમુક પાસાઓ, જેમ કે અદાલતોની સંખ્યા નક્કી કરવી, ન્યાયમૂર્તિઓના પગાર અને સેવાની અન્ય શરતો વગેરે સાથે વ્યવહાર કરવા માટે અધિકૃત છે. બંધારણીય અદાલતમાં થયેલી નિમણૂકનો અંત માત્ર સંસદ દ્વારા મહાભિયોગની પ્રક્રિયા મારફતે જ લાવી શકાય છે, જે માત્ર 'સાબિત થયેલ ગેરવર્તણૂક અથવા અસમર્થતા' ના કારણોસર ચોક્કસ વિધાયી પ્રક્રિયાનું પાલન કરીને મહાભિયોગ ચલાવવા માટે અધિકૃત એકમાત્ર વિધાયી સંસ્થા છે. અનુચ્છેદ ૧૨૪(૫)૪૮ હેઠળની બંધારણીય જોગવાઈ દ્વારા આવી પ્રક્રિયાને વધુ કડક બનાવવામાં આવી છે કે ન્યાયમૂર્તિની ગેરવર્તણૂક અથવા અસમર્થતાની તપાસ અને સાબિતી માટેની કાર્યરીતિ કાયદા દ્વારા નિયમન થવી જોઈએ. ગેરવર્તણૂક અથવા અસમર્થતા સાબિત થયા પછી પણ ન્યાયમૂર્તિને દૂર કરવાનું આપમેળે થતું નથી પરંતુ અનુચ્છેદ ૧૨૪(૪)૪૯

હેઠળ નિર્દિષ્ટ સંસદની વિશેષ બહુમતી દ્વારા મતદાન અને મંજૂરીને આધીન છે. સુધારા પહેલાં, બંધારણીય અદાલતોના ન્યાયમૂર્તિઓની નિમણૂક કરવાની સત્તા રાષ્ટ્રપતિમાં નિહિત હતી, જેનો ઉપયોગ યથાપ્રસંગ અનુચ્છેદો ૧૨૪ અને ૨૧૭ હેઠળ ઉલ્લેખિત વિવિધ બંધારણીય હોદ્દેદારો સાથે વિચાર-વિમર્શ કરીને કરવાનો હતો. તમામ બંધારણીય અદાલતોના ન્યાયમૂર્તિઓની નિમણૂક માટે સીજેઆઈ સાથે વિચાર-વિમર્શ ફરજિયાત હતો. હાઈકોર્ટોના ન્યાયમૂર્તિઓની નિમણૂક માટે હાઈકોર્ટોના મુખ્ય ન્યાયમૂર્તિઓ સાથે વિચાર-વિમર્શ ફરજિયાત હતો.

૫૧. આવી યોજનાની પૃષ્ઠભૂમિમાં, એક પ્રશ્ન ઉપસ્થિત થયો કે શું નિમણૂક પ્રક્રિયા, કોઈપણ રીતે, ન્યાયતંત્રની સ્વતંત્રતા પર અસર કરે છે, જે, સ્વીકૃતપણે, ૪૮ અનુચ્છેદ ૧૨૪(૫). સંસદ ખંડ (૪) હેઠળ ન્યાયમૂર્તિની ગેરવર્તણૂક અથવા અસમર્થતાની તપાસ અને સાબિતી માટે તેમજ સંબોધન રજૂ કરવાની પ્રક્રિયાનું કાયદા દ્વારા નિયમન કરી શકે છે. ૪૯ અનુચ્છેદ ૧૨૪(૪). સુપ્રિમ કોર્ટના કોઈ ન્યાયમૂર્તિને સાબિત થયેલ ગેરવર્તણૂક અથવા અસમર્થતાના કારણસર દૂર કરવા માટે સંસદના દરેક ગૃહના કુલ સભ્ય સંખ્યાની બહુમતી દ્વારા અને હાજર રહી મતદાન કરનારા સભ્યોની ઓછામાં ઓછી બે-તૃતીયાંશ બહુમતી દ્વારા સમર્થિત સંબોધન તે જ સત્રમાં રાષ્ટ્રપતિ સમક્ષ રજૂ કરવામાં આવ્યા બાદ રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવેલા હુકમ સિવાય તેમના હોદ્દા પરથી દૂર કરી શકાશે નહીં. બંધારણના મૂળભૂત માળખાનો એક ભાગ હતો. મોટાભાગના ન્યાયમૂર્તિઓએ અભિપ્રાય આપ્યો હતો કે તે અસર કરે છે૫૦. નામદાર ન્યાયમૂર્તિઓએ આવા "(માનનીય ન્યાયમૂર્તિ પાંડિયન અનુસાર) - ફકરો ૪૯.

"ન્યાયતંત્રની સ્વતંત્રતા સમયસર સુરક્ષિત કરવા માટે બીજી એક મૂળભૂત અને અવિભાજ્ય મહત્વપૂર્ણ શરત અત્યંત આવશ્યક છે; અને તે (સુપ્રિમ કોર્ટ અથવા હાઇકોર્ટ) ઉચ્ચ ન્યાયતંત્રમાં યોગ્ય અને લાયક ઉમેદવારને પ્રાયોજિત કરવા, પસંદ કરવા અને નિમણૂક કરવાની બાબતમાં અનુસરવામાં આવતી પદ્ધતિ સંબંધિત છે. આ સર્વાંગી શરત એક મુખ્ય ઘટક છે જે ન્યાયતંત્રની સંપૂર્ણ સ્વતંત્રતા સુનિશ્ચિત કરવામાં અન્ય બંધારણીય રીતે ખાતરીપૂર્વકની સેવાની શરતો સાથે જોડાય છે. અન્ય રીતે કહીએ તો, એક સ્વસ્થ સ્વતંત્ર ન્યાયતંત્ર, પ્રથમ તો, ન્યાયમૂર્તિઓની નિમણૂકની પદ્ધતિ અંગેની ઉત્તરોત્તર મહત્વપૂર્ણ શરતની પરિપૂર્ણતા દ્વારા સુરક્ષિત થયેલું કહી શકાય અને બીજું, અધિકારો, વિશેષાધિકારો અને સેવાની અન્ય શરતોની પરિપૂર્ણતા દ્વારા સંરક્ષિત થયેલું કહી શકાય. પરિણામરૂપ અનિવાર્ય નિષ્કર્ષ એ છે કે ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂકની પદ્ધતિ અને વ્યૂહરચનાથી શરૂ કરીને તમામ આવશ્યક શરતોની પરિપૂર્ણતા અથવા સમગ્રતા જ ન્યાયતંત્રની સ્વતંત્રતાને સુરક્ષિત અને સંરક્ષિત કરશે. અન્યથા, માત્ર ન્યાયતંત્રની વિશ્વસનીયતા જ ડગમગી જશે નહીં અને ઘટશે નહીં, પરંતુ સમગ્ર ન્યાયિક વ્યવસ્થા પણ વિસ્ફોટ પામશે જે બદલામાં લોકશાહીની યોગ્ય કામગીરીને ખોરવી શકે છે અને આ પ્રિય વિભાવનાનું તત્વજ્ઞાન વાસ્તવિકતા બનવાના બદલે માત્ર એક કલ્પના બની રહેશે." (માનનીય ન્યાયમૂર્તિ કુલદીપ સિંહ અનુસાર) - ફકરો ૩૩૫. "ત્યારબાદ વિચારણા માટે જે પ્રશ્ન ઉપસ્થિત થાય છે તે એ છે કે, જ્યારે ન્યાયમૂર્તિઓની નિમણૂકની સત્તા કારોબારીમાં નિહિત હોય ત્યારે શું કોઈ સ્વતંત્ર ન્યાયતંત્ર હોઈ શકે? હા કહેવું

અતાર્કિક ગણાશે. ન્યાયતંત્રની સ્વતંત્રતા ઉચ્ચ ન્યાયતંત્રના ન્યાયમૂર્તિઓની નિમણૂકની બંધારણીય પ્રક્રિયા સાથે અતૂટ રીતે જોડાયેલી અને સંબંધિત છે. 'ન્યાયતંત્રની સ્વતંત્રતા' એ આપણા બંધારણનું મૂળભૂત લક્ષણ છે અને જો તેનો અર્થ એવો થતો હોય જેની આપણે ઉપર ચર્ચા કરી છે, તો બંધારણના ઘડવૈયાઓનો આ સત્તા કારોબારીને આપવાનો ક્યારેય આશય હોઈ શકે નહીં. અન્યથા પણ સરકારો - કેન્દ્ર અથવા રાજ્ય - મોટી સંખ્યામાં કેસોમાં અદાલતો સમક્ષ પક્ષકારો હોય છે. સુપ્રિમ કોર્ટ સમક્ષ ન્યાયનિર્ણયન માટે આવતી વિવિધ મહત્વપૂર્ણ બાબતોમાં કેન્દ્રીય કારોબારીનું મહત્વનું હિત રહેલું હોય છે. કારોબારી - એક યા બીજા સ્વરૂપે - અદાલતો સમક્ષ સૌથી મોટી એકમાત્ર મુકદ્દમાબાજ છે. બાબતના આ પરિપ્રેક્ષ્યમાં ન્યાયતંત્ર મધ્યસ્થી હોવાના નાતે - વચ્ચે લોકો અને કારોબારી વચ્ચે – બંધારણના ઘડવૈયાઓ સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટોના ન્યાયમૂર્તિઓની નિમણૂક કરવાની આખરી સત્તા કારોબારીના હાથમાં છોડી શકે નહીં." (માનનીય ન્યાયમૂર્તિ વર્મા અનુસાર) – પેરા ૪૪૭. "જ્યારે બંધારણનો મુસદ્દો તૈયાર કરવામાં આવી રહ્યો હતો, ત્યારે સામાન્ય સહમતિ હતી કે ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકો કારોબારીના સંપૂર્ણ વિવેકાધિકાર પર છોડવી જોઈએ નહીં, અને આ જ કારણ હતું કે બંધારણમાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર–વિમર્શ કરવાની જવાબદારી લાદતી જોગવાઈ કરવામાં આવી હતી. નિમણૂક કરવામાં આવ્યા પછી માત્ર કાર્યકાળની સુરક્ષા અને સેવાની અન્ય શરતોની જોગવાઈ પૂરતું તેને મર્યાદિત રાખવાને બદલે, ઉચ્ચ ન્યાયતંત્રના ન્યાયમૂર્તિઓની નિમણૂકના સમયે

પણ તેમની સ્વતંત્રતા હાંસલ કરવા માટે આ કરવામાં આવ્યું હતું. એવો અહેસાસ કરવામાં આવ્યો હતો કે ન્યાયતંત્રની સ્વતંત્રતાનું રક્ષણ માત્ર સુરક્ષા પૂરી પાડીને જ કરવાનું ન હતું સાંકળચંદ અને એસ.પી. ગુપ્તાના કેસોમાં કરવામાં આવેલાં અવલોકનો ઉપરાંત, બંધારણ સભાના ઇતિહાસ અને ચર્ચાઓ પરથી આવા તારણ માટે નામદાર ન્યાયાધીશોએ સમર્થન મેળવ્યું હતું. નામદાર ન્યાયાધીશોએ એ હકીકતની પણ નોંધ લીધી હતી કે બંધારણ સભાએ નિમણૂકોની પ્રક્રિયામાં સંસદની કોઈપણ ભૂમિકાને સભાનપણે બાકાત રાખી હતી, જે અમેરિકન બંધારણીય મોડેલથી એક સભાન વિચલન હતું કે જ્યાં ફેડરલ ન્યાયિક નિમણૂકો સેનેટની સંમતિને અધીન છે.

૫૨. આવા વિશ્લેષણની પૃષ્ઠભૂમિમાં, અનુચ્છેદો ૧૨૪ અને ૨૧૭ માં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથેના વિચાર–વિમર્શનું સીજેઆઈના અભિપ્રાયને પ્રાથમિકતા આપવા તરીકે અર્થઘટન કરવામાં આવ્યું હતું. બંધારણીય અદાલતોના ન્યાયમૂર્તિઓની નિમણૂક કરવા માટે (કેન્દ્રીય કારોબારીને) અનિયંત્રિત સત્તા નકારવા માટે સીજેઆઈ સાથેનો વિચાર–વિમર્શ એ બંધારણ સભાની યોજનાનો એક ભાગ હતો. બંધારણ સભાએ આવી નિયંત્રક સત્તા સંસદમાં નિહિત કરવાનું પસંદ કર્યું ન હતું, કે જેને બંધારણની યોજના હેઠળ કારોબારી અન્યથા જવાબદાર છે. આ કોર્ટે, તેથી, તારણ કાઢ્યું કે સીજેઆઈના અભિપ્રાયને પ્રાથમિકતા આપ્યા વિના, અનુચ્છેદો ૧૨૪ અને ૨૧૭ માત્ર શોભાના ગાંઠિયા સમાન બની રહેશે, જે કારોબારીને તેના સંપૂર્ણ વિવેકાધિકારથી, સંભવતઃ રાજકીય અનુકૂળતાની વિચારણાઓના આધારે નિમણૂકો કરવા સક્ષમ

બનાવશે. આવી પ્રક્રિયા સ્વતંત્ર ન્યાયતંત્રની સ્થાપના કરવાના બંધારણીય ધ્યેયથી તદ્દન વિપરીત હશે. જોકે, ન્યાયમૂર્તિ વર્માએ સ્પષ્ટપણે જાહેર કર્યું કે "૪૩૮. પ્રાથમિકતા પરની ચર્ચા એ નક્કી કરવા માટે છે કે, બંધારણીય કાર્યકાળ અને નિમણૂક પછીની સેવાની અન્ય શરતોની, પરંતુ નિમણૂક કરનાર સત્તાધિકારી તરીકે જો કારોબારીના સંપૂર્ણ વિવેકાધિકાર પર છોડી દેવામાં આવે તો નિમણૂકો કરવામાં રાજકીય વિચારણાઓના પ્રભાવને અટકાવીને પણ. આ જ કારણ છે કે જેણે અનુચ્છેદો ૧૨૪(૨) અને ૨૧૭(૧) માં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર-વિમર્શ કરવાની જવાબદારીનો સમાવેશ કરવાની પ્રેરણા આપી. બંધારણ સભાની ચર્ચાઓ આવા વિચાર-વિમર્શની જોગવાઈ કરવા પાછળનો આ હેતુ દર્શાવે છે, ભલે નિમણૂક આખરે એક કારોબારી કૃત્ય હોય.'" હોદ્દેદારો પૈકી કોણ યોગ્ય પસંદગી કરવાના, પ્રાથમિકતાની ભૂમિકા સાથે જોડાયેલા મોટા બોજને નિભાવવા માટે શ્રેષ્ઠ રીતે સજ્જ છે; અને આ ચર્ચા એ નક્કી કરવા માટે નથી કે તેમની વચ્ચે કોણ વધુ મહત્વ મેળવવા માટે હકદાર છે અથવા ચર્ચાના અંતે કોણ વિજેતાનું ઇનામ લેશે. આપણી સમક્ષનું કાર્ય આ જ દ્રષ્ટિકોણ સાથે પૂર્ણ કરવાનું છે.

૪૫૦. . ..... સંકેત એવો છે કે, નિમણૂક માટે યોગ્ય ઉમેદવારની પસંદગીમાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના અભિપ્રાયને સૌથી વધુ મહત્વ મળવું જોઈએ; પસંદગી એક સહભાગી વિચાર–વિમર્શ પ્રક્રિયાના પરિણામ સ્વરૂપે થવી જોઈએ જેમાં બંધારણીય હેતુ સિદ્ધ કરવા માટે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા સત્તાના ઉપયોગ પર માત્ર નિયંત્રણ તરીકે કાર્ય કરવાની સત્તા કારોબારી પાસે

હોવી જોઈએ. આમ, નિમણૂક પ્રક્રિયામાં કારોબારી તત્વ ઘટીને નહિવત થઈ જાય છે અને કોઈપણ રાજકીય પ્રભાવ દૂર થાય છે. આ જ કારણથી 'સંમતિ' ને બદલે 'વિચાર–વિમર્શ' શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, પરંતુ તે માત્ર એ દર્શાવવા માટે કરવામાં આવ્યું હતું કે કોઈ એક વ્યક્તિને સંપૂર્ણ વિવેકાધિકાર આપવામાં આવ્યો ન હતો, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિને એક વ્યક્તિ તરીકે પણ નહીં, અને કારોબારીને તો બિલકુલ નહીં, જેની પાસે અગાઉ ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ્સ હેઠળ સંપૂર્ણ વિવેકાધિકાર હતો."

[ભાર આપેલ છે]

૫૩. આ કોર્ટે એવા સંજોગો પણ દર્શાવ્યા હતા કે જેના પર ભારતના રાષ્ટ્રપતિ સીજેઆઈ દ્વારા વ્યક્ત કરાયેલા અભિપ્રાય અનુસાર કાર્ય ન કરવામાં બંધારણીય રીતે વાજબી ઠરશે. આ કોર્ટે ક્યારેય એવું ઠેરવ્યું નથી કે વિચાર-વિમર્શ એટલે સંમતિ થાય છે, જેવું કે કેટલાક વર્ગોમાં અને મારે ખેદ સાથે કહેવું પડે છે કે સુધારાના ઉદ્દેશો અને કારણોના કથનમાં પણ અર્થઘટન કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

> "સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટોના ન્યાયમૂર્તિઓની નિમણૂક સંબંધમાં, સુપ્રિમ કોર્ટે, સુપ્રિમ કોર્ટ એડવોકેટ્સ-ઓન-રેકોર્ડ એસોસિએશન વિ. યુનિયન ઓફ ઇન્ડિયા અને થર્ડ જજિસ કેસમાં તેના ૧૯૯૮ના સલાહકારી અભિપ્રાયની બાબતોમાં, "વિચાર-વિમર્શ" ના અર્થને "સંમતિ" તરીકે બંધારણના અનુચ્છેદો ૧૨૪(૨) અને ૨૧૭(૧) નું અર્થઘટન કર્યું હતું. એવું

પણ ઠેરવવામાં આવ્યું હતું કે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથેના વિચાર-વિમર્શનો અર્થ, યથાપ્રસંગ મુખ્ય ન્યાયમૂર્તિ અને બે અથવા ચાર ન્યાયમૂર્તિઓનું બનેલું કોલેજિયમ થાય છે. આના પરિણામે એક મેમોરેન્ડમ ઓફ પ્રોસિજર અસ્તિત્વમાં આવ્યું કે જે હાઇકોર્ટો અને સુપ્રિમ કોર્ટ બંનેમાં ન્યાયમૂર્તિઓની નિમણૂક માટે હાલમાં અનુસરવામાં આવી રહેલી પ્રક્રિયા નિર્ધારિત કરે છે. મેમોરેન્ડમ ઓફ પ્રોસિજર ન્યાયમૂર્તિઓની નિમણૂક કરવાની સત્તા ખુદ ન્યાયતંત્રને જ પ્રદાન કરે છે."

[ભાર આપેલ છે]

૫૪. સેકન્ડ જજિસના ચુકાદાની ન્યાયશાસ્ત્રીય સદ્ધરતા અંગે પરસ્પર વિરોધી મંતવ્યોપ૧ પ્રવર્તે છે

૫૧ 'સુપ્રિમ બટ નોટ ઇનફેલિબલ' - ઓક્સફોર્ડ યુનિવર્સિટી પ્રેસ - ૨૦૦૦ એ.ડી. શીર્ષકવાળા પુસ્તકમાં પ્રકાશિત લોર્ડ ટેમ્પલમેનના તરફેણકારી અભિપ્રાય અને લોર્ડ કૂક ઓફ થોર્નડનના ટીકાત્મક દ્રષ્ટિકોણના લેખો જુઓ. "બંધારણનો અનુચ્છેદ ૧૨૪ રાષ્ટ્રપતિને (વડાપ્રધાન અને મંત્રીમંડળની સલાહ પર કાર્ય કરતા) સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂક કરવાની સત્તા આપે છે. રાષ્ટ્રપતિને સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટોના ન્યાયમૂર્તિઓ સાથે વિચાર-વિમર્શ કરવા અંગે વિવેકાધિકાર આપવામાં આવ્યો છે પરંતુ મુખ્ય ન્યાયમૂર્તિ સિવાયના ન્યાયમૂર્તિની નિમણૂકના કિસ્સામાં, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે હંમેશા વિચાર-વિમર્શ કરવામાં આવશે. તેવી જ રીતે, અનુચ્છેદ ૨૧૭ રાજ્યની

હાઇકોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂક સંબંધમાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર-વિમર્શ કરવાની આવશ્યકતા રાખે છે.

૧૯૯૩ માં, સુપ્રિમ કોર્ટ એડવોકેટ્સ ઓન રેકોર્ડ એસોસિએશન કેસમાં સુપ્રિમ કોર્ટે બહુમતીથી ઠેરવ્યું હતું કે, ન્યાયતંત્રની સ્વતંત્રતા અને સત્તાના પૃથક્કરણને ધ્યાનમાં રાખીને, જેને કોર્ટે બંધારણમાં અંતર્નિહિત ઠેરવેલ હતું, જ્યારે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર-વિમર્શ કરવામાં આવ્યો ત્યારે તેમના દ્વારા વ્યક્ત કરવામાં આવેલા મંતવ્યો સર્વોચ્ચ હોવા જોઈએ. કોર્ટે કામચલાઉ કાર્યકારી ન્યાયમૂર્તિઓની નિમણૂક અને હોદ્દાની મુદતનું સંચાલન કરતી માર્ગદર્શિકાઓ પણ નિર્ધારિત કરી હતી. બહુમતી નિર્ણયની 'વિચાર-વિમર્શ' શબ્દના અર્થના વિસ્તરણ તરીકે ટીકા કરવામાં આવી છે. જોકે, અગાઉના અનુભવને ધ્યાનમાં લેતાં કેસમાં. વર્તમાન વિવાદ નક્કી કરવાના હેતુ માટે બાબતના તે પાસાની તપાસ કરવી હું જરૂરી માનતો નથી.

૫૫. સેકન્ડ જજિસ કેસ હેઠળ રચાયેલી વ્યવસ્થાના લગભગ ૨૦ વર્ષના કામકાજ પછી, ગંભીર પ્રશ્નો ઊભા થયા કે સેકન્ડ જજિસ કેસમાં આ કોર્ટ દ્વારા કરવામાં આવેલા અર્થઘટનના પરિણામે ઉદ્ભવેલી વ્યવસ્થાએ સ્વતંત્ર અને કાર્યક્ષમ ન્યાયતંત્ર - બંધારણીય અદાલતોની સ્થાપનાનું કોઈ બંધારણીય રીતે અપેક્ષિત પરિણામ આપ્યું છે કે કેમ. સ્વતંત્રતા અંગેનો જવાબ વ્યક્તિલક્ષી હોઈ શકે છે, અને કાર્યક્ષમતા કદાચ બહુ સુખદ ન હોઈ શકે.

૫૬. થોડા જ વર્ષોમાં સેકન્ડ જજિસ કેસના સાચા તાત્પર્ય અંગે શંકાઓ ઊભી થઈ. ભારતના રાષ્ટ્રપતિએ અનુચ્છેદ ૧૪૩ નો ઉપયોગ કર્યો અને સેકન્ડ જજિસ કેસના ચુકાદા પર કેટલીક સ્પષ્ટતાઓ માંગી, જેના પરિણામે સ્પેશિયલ રેફરન્સ નં. ૧/૧૯૯૮, (૧૯૯૮) ૭ એસ.સી.સી. ૭૩૯ (જે હવે પછી 'થર્ડ જજિસ કેસ' તરીકે ઉલ્લેખિત છે) માં અહેવાલ થયેલ આ કોર્ટનો અભિપ્રાય આવ્યો. કમનસીબે, જે હકીકતોના આધારે ભારત સરકાર દ્વારા શંકાઓ સેવવામાં આવી હતી તે આ અભિપ્રાયમાં નોંધવામાં આવી નથી. પરંતુ થર્ડ જજિસ કેસના પેરા ૪૧ માં નોંધવામાં આવ્યું છે કે:

> "૪૧. . .. અમે આશાવાદી દ્રષ્ટિકોણ અપનાવીએ છીએ કે ક્રમિક મુખ્ય ભારતમાં ન્યાયતંત્રના સભ્યોના વ્યક્તિત્વ અને વલણોને પ્રભાવિત કરવાના કારોબારીના પ્રયાસો, અને પાકિસ્તાનમાં ન્યાયતંત્રને નિયંત્રિત કરવા માટે કરવામાં આવેલા સફળ પ્રયાસોને ધ્યાનમાં રાખીને તથા કોંગ્રેસની મંજૂરીને અધીન રહીને રાષ્ટ્રપતિ દ્વારા યુનાઈટેડ સ્ટેટ્સની સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂકના કમનસીબ પરિણામોને ધ્યાનમાં રાખીને, એડવોકેટ્સ ઓન રેકોર્ડ કેસમાં ભારતીય સુપ્રિમ કોર્ટનો બહુમતી નિર્ણય ન્યાયતંત્રની સ્વતંત્રતાના આવકાર્ય સમર્થનને દર્શાવે છે અને પ્રામાણિકતા તેમજ ગુણવત્તાયુક્ત નિમણૂકો મેળવવાની શ્રેષ્ઠ પદ્ધતિ છે, એક એવી પૂર્વવર્તી પદ્ધતિ કે જેને બ્રિટિશરો આવા લાભ સાથે અનુસરી શકે છે." - લોર્ડ ટેમ્પલમેન "કુલ મળીને, થર્ડ જજિસ કેસમાં સુપ્રિમ કોર્ટનો અભિપ્રાય કોમન લો વિશ્વમાં સર્વોચ્ચ રાષ્ટ્રીય એપેલેટ કોર્ટ દ્વારા અત્યાર

સુધી આપવામાં આવેલા સૌથી નોંધપાત્ર નિર્ણયો પૈકીનો એક હોવો જોઈએ. કેમ કે, કેટલાક સંદર્ભોમાં, મારે તે અભિપ્રાયના બંધારણીય પાયાની સદ્ધરતા વિશે આદરપૂર્વક શંકાઓ વ્યક્ત કરવી પડી છે .... " - લોર્ડ કૂક ઓફ થોર્નડન

ન્યાયમૂર્તિઓ હવે પછી સેકન્ડ જજિસ કેસ અને આ અભિપ્રાય અનુસાર કાર્ય કરશે."

૫૭. આવા સંજોગોમાં અફવાઓ અને અટકળોને વેગ અને ચલણ મળે તેમાં કોઈ નવાઈ નથી. જો આ કોર્ટની નવ-ન્યાયમૂર્તિઓની બેંચ એવો આશાવાદી દ્રષ્ટિકોણ અપનાવે કે ભારતના ક્રમિક મુખ્ય ન્યાયમૂર્તિઓ હવે પછી સેકન્ડ જજિસ કેસ અનુસાર કાર્ય કરશે, તો તેમાંથી એકમાત્ર તાર્કિક અનુમાન એ જ કાઢી શકાય કે સેકન્ડ જજિસ કેસ દ્વારા નિર્ધારિત કાયદાનું ક્રમિક મુખ્ય ન્યાયમૂર્તિઓ દ્વારા નિષ્ઠાપૂર્વક પાલન કરવામાં આવ્યું ન હતું, જો તમામમાં નહીં તો ઓછામાં ઓછા કેટલાક કેસોમાં, જેના કારણે ટીકા-ટિપ્પણીઓ થઈ હતી. મંત્રીઓને બદલે, ન્યાયમૂર્તિઓએ આશ્રય આપ્યો.૫૨

૫૮. ત્યારપછીના દોઢ દાયકામાં, આ રાષ્ટ્ર ન્યાયિક નિમણૂકો સાથે સંકળાયેલી ઘણી અપ્રિય ઘટનાઓનું સાક્ષી બન્યું છે - એવી ઘટનાઓ કે જે તે અટકળને પુષ્ટિ આપે છે કે સેકન્ડ અને થર્ડ જજિસ કેસો દ્વારા સ્થાપિત પ્રણાલી તેની કાર્યકારી વાસ્તવિકતામાં કદાચ એક સ્વતંત્ર અને કાર્યક્ષમ ન્યાયતંત્ર સુનિશ્ચિત કરવા માટે શ્રેષ્ઠ પ્રણાલી નથી.૫૩

૫૯. બે ઘટનાઓ આ કોર્ટના રેકોર્ડનો ભાગ છે અને સંસ્થાની પવિત્રતા પ્રત્યે બિનજવાબદાર અને ઉદાસીન હોવાના આક્ષેપને વહોર્યા વિના તેને ટાંકી શકાય તેમ છે.

૫૨ અય્યર, વી.આર. કૃષ્ણ, જ્યુડિશિયરી: એ રિફોર્મ એજન્ડા-(૨), ધ હિન્દુ (ઓનલાઈન એડિશન) ૧૫.૦૮.૨૦૦૨

૫૩ "એન ઈન્ડિપેન્ડન્ટ જ્યુડિશિયરી" - ૧૦ નવેમ્બર, ૨૦૧૧ ના રોજ પમા વી.એમ. તારકુંડે સ્મૃતિ વ્યાખ્યાનમાં શ્રીમતી ન્યાયમૂર્તિ રૂમા પાલ દ્વારા આપવામાં આવેલું વક્તવ્ય. "જેમ કે મેં અન્યત્ર કહ્યું છે કે 'જે પ્રક્રિયા દ્વારા ઉચ્ચ અદાલતમાં ન્યાયમૂર્તિની નિમણૂક કરવામાં આવે છે તે આ દેશમાં સૌથી સુરક્ષિત રાખવામાં આવતા ગુપ્ત રહસ્યો પૈકીનું એક છે. પ્રક્રિયાની આ ગુપ્તતા જ ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક માટેના સંભવિત ઉમેદવારની ક્ષમતાઓ અને યોગ્યતા અંગેની માહિતીના અપૂરતા સ્ત્રોત તરફ દોરી જાય છે. કોઈ આકસ્મિક ટિપ્પણી, અફવા અથવા તો ત્રીજા પક્ષ પાસેથી મળેલી માહિતી પણ કોઈ ન્યાયમૂર્તિની સંભાવનાઓને નુકસાન પહોંચાડવા માટે પૂરતી હોઈ શકે છે. તેનાથી વિપરીત, કોઈ અંગત મિત્રતા અથવા અવ્યક્ત ઉપકાર ભલામણને પ્રભાવિત કરી શકે છે. કોલેજિયમની અંદર સર્વસંમતિ કેટલીકવાર પરસ્પર બાંધછોડ દ્વારા ઉકેલાય છે, જેના પરિણામે પક્ષકારો અને ન્યાયિક પ્રણાલીની વિશ્વસનીયતા માટે વિનાશક પરિણામો આપતી શંકાસ્પદ નિમણૂકો થાય છે. આ ઉપરાંત, પ્રણાલીની

અંદર વધતી જતી ખુશામતખોરી અને 'લોબિંગ' દ્વારા સંસ્થાકીય સ્વતંત્રતા સાથે પણ સમાધાન કરવામાં આવ્યું છે.'"

સંસ્થાના સંદર્ભમાં. આ ઘટનાઓના પરિણામે શાંતિ ભૂષણ અને અન્ય વિ. યુનિયન ઓફ ઇન્ડિયા અને અન્ય, (૨૦૦૯) ૧ એસ.સી.સી. ૬૫૭, પી.ડી. દિનકરણ (૧) વિ. જજિસ ઇન્ક્વાયરી કમિટી અને અન્ય, (૨૦૧૧) ૮ એસ.સી.સી. ૩૮૦, પી.ડી. દિનકરણ (૨) વિ. જજિસ ઇન્ક્વાયરી કમિટી અને અન્ય, (૨૦૧૧) ૮ એસ.સી.સી. ૪૭૪ માં અહેવાલ થયેલા નિર્ણયો આવ્યા. જ્યારે ઉક્ત બે ઘટનાઓ પૈકીની ૧લી ઘટના મદ્રાસ હાઇકોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂક સંબંધિત છે, ત્યારે ૨જી ઘટના હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિને આ કોર્ટમાં બઢતી આપવા અંગે સીજેઆઈ (કોલેજિયમ) દ્વારા કરવામાં આવેલી ભલામણ સંબંધિત છે.

૬૦. શાંતિ ભૂષણ કેસ (પૂર્વોક્ત) માં વિવાદ મદ્રાસ હાઇકોર્ટમાં કાયમી ન્યાયમૂર્તિની નિમણૂક સંબંધિત હતો. એવો આક્ષેપ હોવાનું જણાય છે કે સેકન્ડ અને થર્ડ જજિસ કેસોમાં દર્શાવવામાં આવેલી પ્રક્રિયાનું પાલન કરવામાં આવ્યું ન હતું. હું 'હોવાનું જણાય છે' શબ્દપ્રયોગ એટલા માટે વાપરું છું કારણ કે સદર કેસપત્ર માં ઓક્ક્સ દલીલ/પ્લીડિંગ શું હતી તે ઓળખવું મુશ્કેલ છે, માત્ર અનુમાન દ્વારા જ આવા તારણ પર પહોંચી શકાય છે. આ કોર્ટ દ્વારા નોંધવામાં આવેલું તારણ પણ વાસ્તવમાં કોઈ પ્રકાશ પાડતું નથી. આ કોર્ટના ચુકાદાના પેરા ૨૨ માં નીચે મુજબ નોંધવામાં આવ્યું છે:

"૨૨. એ સ્થિતિ લગભગ નિર્વિવાદ છે કે ૧૭.૩.૨૦૦૫ ના રોજ ભારતના તત્કાલીન મુખ્ય ન્યાયમૂર્તિએ ૩.૪.૨૦૦૫ થી અમલમાં આવે તે રીતે અધિક ન્યાયમૂર્તિઓ તરીકે નામાંકિત ૯ વ્યક્તિઓ પૈકી ૮ ની મુદત વધુ ચાર મહિનાના સમયગાળા માટે લંબાવવાની ભલામણ કરી હતી. ૨૯.૪.૨૦૦૫ ના રોજ ભારતના તત્કાલીન મુખ્ય ન્યાયમૂર્તિ સહિતનું

૫૪ શાંતિ ભૂષણ (પૂર્વોક્ત) - પેરા ૨. ૨જૂ કરવામાં આવેલું પ્રાથમિક કારણ એ છે કે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિનો અભિપ્રાય તેમના વરિષ્ઠ સાથી ન્યાયમૂર્તિઓના મંતવ્યો ધ્યાને લીધા પછી સામૂહિક રીતે રચાવો જોઈએ કે જેમની સાથે અભિપ્રાય રચવા માટે તેમના દ્વારા વિચાર-વિમર્શ કરવો આવશ્યક છે અને જ્યાં સુધી તે ઉપરોક્ત રીતે રચાયેલા ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના આખરી અભિપ્રાયને અનુરૂપ ન હોય ત્યાં સુધી કોઈ નિમણૂક કરી શકાતી નથી. . ... તેથી, એવી રજૂઆત કરવામાં આવી છે કે ૨.૨.૨૦૦૭ ના રોજ અધિસૂચિત કરાયેલ કાયમી ન્યાયમૂર્તિ તરીકે સામાવાળા નં. ૨ ની નિમણૂકની કાયદામાં કોઈ માન્યતા નથી. કોલેજિયમ એવા મતનું હતું કે કાયમી ન્યાયમૂર્તિ તરીકે પુષ્ટિ કરવા માટે અન્ય એક ન્યાયમૂર્તિ સાથે સામાવાળા નં. ૨ ના નામની ભલામણ કરી શકાય નહીં. કારણ કે તે તદ્દન સ્પષ્ટ છે કે જો અધિક ન્યાયમૂર્તિ અથવા કાયમી ન્યાયમૂર્તિ તરીકે નિમણૂકની બાબતમાં કોઈ રાજકીય દ્રષ્ટિકોણ હોય તો પણ ન્યાયમૂર્તિઓને તેની સાથે કોઈ લેવાદેવા નથી; તત્કાલીન મુખ્ય ન્યાયમૂર્તિએ કોલેજિયમ દ્વારા વ્યક્ત કરવામાં આવેલા મતને વળગી રહેવું જોઈતું હતું અને સામાવાળા નં. ૨ ની મુદત એક વર્ષ માટે લંબાવવાની ભલામણ કરવા

માટે સરકારના મંતવ્યોથી પ્રભાવિત થવું જોઈતું ન હતું; કારણ કે તે શબ્દોની રમત દ્વારા પ્રાથમિકતાનું સમર્પણ કરવા સમાન છે."

[ભાર આપેલ છે]

આ કોર્ટના ભૂતપૂર્વ સભ્યો સહિત ઉચ્ચ બંધારણીય હોદ્દા ધરાવતી અને નિમણૂક પ્રક્રિયામાં અમુક ભૂમિકા ભજવનાર વ્યક્તિઓ દ્વારા સદર કેસમાં પ્રશ્નગત નિમણૂક સંબંધમાં (તાજેતરના ભૂતકાળમાં) કરવામાં આવેલા વિવાદાસ્પદ નિવેદનોને જો હું અવગણવાનું પસંદ કરું તો પણ, આ ચુકાદો એવું માનવા માટે પૂરતો અવકાશ આપે છે કે નિમણૂકમાં બધું યોગ્ય રીતે બન્યું ન હતું. તે સેકન્ડ અને થર્ડ જજિસ કેસો દ્વારા નિર્ધારિત કાયદાને ઉથલાવી દેવામાં કારોબારી અને ન્યાયતંત્ર બંનેનું એક સંયુક્ત સાહસ હોવાનું જણાય છે, જેને સ્વીકારવા માટે બંનેમાંથી કોઈ પણ પક્ષ તૈયાર નથી.

૬૧. તે કેસમાં અરજદારોની ફરિયાદ એ હોવાનું જણાય છે કે "....કોલેજિયમ સાથે વિચાર-વિમર્શ કરવામાં આવ્યો ન હતો ..... " કમનસીબે, સદર ચુકાદામાં આ સંબંધમાં કોઈ ચોક્કસ તારણ નથી. બીજી તરફ, ચુકાદાના પેરા ૨૨ ની વિગત મારા મનમાં એક અસ્વસ્થ લાગણી છોડી જાય છે કે સંભવતઃ કોઈ રાજકીય દબાણ હેઠળ કાયદાથી કોઈ વિચલન થયું હતું. હું ઈચ્છું છું કે હું ખોટો હોઉં.

૬૨. બીજી ઘટના અરજદારને બઢતી આપવા માટે કોલેજિયમની સંમતિ સાથે તત્કાલીન સીજેઆઈ દ્વારા દેખીતી રીતે કરવામાં આવેલી એક ભલામણ છે. [જુઓ: પી.ડી. દિનાકરણ (૧) (પૂર્વોક્ત); પી.ડી. દિનાકરણ (૨) (પૂર્વોક્ત)]. આ ભલામણ ફળીભૂત થઈ નહીં. જે ઉમેદવારના નામની ભલામણ કરવામાં આવી હતી તેની અયોગ્યતાના ગંભીર આક્ષેપો સામે આવ્યા જેના પરિણામે વ્યાપક જાહેર ચર્ચા થઈ. તે આક્ષેપોને યાદ કરવા અપ્રિય છે. તે ઉપર જણાવેલ બંને ચુકાદાઓમાં નોંધાયેલા છે. આ કમનસીબ ભલામણ કરવામાં નિર્ધારિત પ્રક્રિયાનું પાલન કરવામાં કોલેજિયમ તરફથી કોઈ ક્ષતિ થઈ હોવાનો કોઈ આક્ષેપ નથી કે જે સેકન્ડ અને થર્ડ જજિસ કેસોમાં નિર્ધારિત કરવામાં આવી હતી. પરંતુ, આ ભલામણે એસ.પી. ગુપ્તાથી શરૂ કરીને થર્ડ જજિસ કેસ સાથે પૂર્ણ થતી કેસોની ત્રિપુટીમાં આ કોર્ટ દ્વારા પ્રતિપાદિત સિદ્ધાંતના છીછરાપણાને (ઓછામાં ઓછું એક વાર તો) ચોક્કસપણે ખુલ્લું પાડ્યું કે સીજેઆઈ અને કોલેજિયમ એ સૌથી યોગ્ય સત્તાધિકારીઓ છે જે આ દેશની બંધારણીય અદાલતોના ન્યાયમૂર્તિઓ તરીકે નિમણૂક માટેના ઉમેદવારોની યોગ્યતાનું મૂલ્યાંકન કરી શકે. સુનાવણી દરમિયાન બાર સમક્ષ આવા કેટલાક વધુ ઉદાહરણોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો જેથી માત્ર સિદ્ધાંતના છીછરાપણાને જ નહીં પરંતુ એ પણ દર્શાવી શકાય કે કોલેજિયમ દ્વારા કરવામાં આવેલી ભલામણો હંમેશા અનિવાર્યપણે સંસ્થા અને રાષ્ટ્રના શ્રેષ્ઠ હિતમાં રહી નથી. તમામ વિગતો રેકોર્ડ પર મૂકવી ખરેખર જરૂરી નથી પરંતુ માત્ર એટલો ઉલ્લેખ કરવો પૂરતો છે કે અગાઉ દર્શાવેલા બે કેસો જ કોલેજિયમની સત્તાના અયોગ્ય ઉપયોગના એકમાત્ર ઉદાહરણો નથી.

૬૩. હું સભાન છું કે સત્તાના અયોગ્ય ઉપયોગના અમુક ખરાબ ઉદાહરણો સત્તાના સ્વરૂપને નિર્ધારિત કરતા નથી. કારોબારી દ્વારા પણ સત્તાનો આવો અયોગ્ય ઉપયોગ કરવામાં આવ્યો હતો જેની અગાઉ નોંધ લેવામાં આવી છે. સરકારના બંને અંગો એકબીજા પર વિશ્વાસપાત્ર ન હોવાનો આક્ષેપ કરી રહ્યા છે.૫૫ નાગરિક સમાજનો ઓછામાં ઓછો એક વર્ગ એવું માને છે કે બંને ૫૫ મહેતા, પ્રતાપ ભાનુ, 'વ્હૂમ ડુ યુ ટ્રસ્ટ', ધ ઈન્ડિયન એક્સપ્રેસ, ૧૪ મે, ૨૦૧૫- "ગર્ભિત બંધારણીય આક્ષેપ આ છે. ન્યાયતંત્રે, કામચલાઉ વ્યવસ્થા દ્વારા, ન્યાયમૂર્તિઓની નિમણૂક કરવાની એક એવી પદ્ધતિ ઊભી કરી હતી કે જેણે સરકારના અન્ય અંગોને અસરકારક રીતે બાજુ પર મૂકી દીધા હતા. આ વ્યવસ્થા સહન કરવામાં આવી હતી, એટલા માટે નહીં કે તે કોઈ બંધારણીય લખાણ અથવા કોઈ પવિત્ર સિદ્ધાંતને અનુરૂપ હતી, પરંતુ એટલા માટે કે સાચા છે. વાદગ્રસ્ત સુધારો ઉપરોક્ત અનુભવની પૃષ્ઠભૂમિમાં આવ્યો હતો.

૬૪. ન્યાયતંત્રની સ્વતંત્રતા એ બંધારણના મૂળભૂત લક્ષણો પૈકીનું એક છે. આ કોર્ટની સાત-ન્યાયમૂર્તિઓની બેંચે એલ. ચંદ્ર કુમાર વિ. યુનિયન ઓફ ઈન્ડિયા અને અન્ય, (૧૯૯૭) ૩ એસ.સી.સી. ૨૬૧ માં પહેલેથી જ ઠેરવેલ છે કે બંધારણીય અદાલતો દ્વારા ધારાકીય કાર્યવાહીની ન્યાયિક સમીક્ષા કરવાની સત્તા એ બંધારણના મૂળ માળખાનો ભાગ છે અને આવા મહત્વપૂર્ણ કાર્યનો ઉપયોગ સ્વતંત્ર ન્યાયતંત્રના અસ્તિત્વની માંગ કરે છે.

"૭૮. બંધારણીય લોકશાહીઓમાં અદાલતો દ્વારા ધારાકીય કાર્યવાહીની સમીક્ષા કરવાની સત્તાની કાયદેસરતા સામે તે જ્યારથી પ્રથમ વખત કલ્પના કરવામાં આવી હતી ત્યારથી પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે. ભારતીય બંધારણ, આવી ટીકાઓ પ્રત્યે સભાન રહીને, ઉચ્ચ ન્યાયતંત્રને આવી સત્તા આપતી વખતે, મહત્વપૂર્ણ સુરક્ષાત્મક પગલાંઓનો સમાવેશ કરેલ છે. આપણા બંધારણના ઘડવૈયાઓએ ન્યાયતંત્ર સંબંધિત જોગવાઈઓનો જે રીતે સમાવેશ કર્યો હતો તેનું વિશ્લેષણ દર્શાવે છે કે તેઓ ન્યાયતંત્રની સ્વતંત્રતા સુનિશ્ચિત કરવા અંગે ખૂબ જ ચિંતિત હતા. આ પ્રયાસો એ સુનિશ્ચિત કરવા તરફ નિર્દેશિત હતા કે ન્યાયતંત્ર ન્યાયિક સમીક્ષાની તેની વિશાળ સત્તાઓ અસરકારક રીતે નિભાવવા સક્ષમ બને. જ્યારે બંધારણ કાયદાઓને રદબાતલ ઠેરવવાની સત્તા હાઇકોર્ટો અને તે ન્યાયિક સ્વતંત્રતા જાળવી રાખતું જણાયું હતું. ૧૯૭૦ના દાયકાના અનુભવે ન્યાયતંત્રમાં રાજકીય ભરતીની સંભાવનાને એક જીવંત ભય બનાવી દીધો હતો. આ વ્યવસ્થાને પડકારવામાં આવી રહી છે, એટલા માટે નહીં કે આપણે કોઈ નવો સિદ્ધાંત શોધી કાઢ્યો છે, પરંતુ એટલા માટે કે ન્યાયતંત્રની વિશ્વસનીયતા ઘટી ગઈ છે. આપણે, વાસ્તવમાં, એમ કહી રહ્યા છીએ કે માત્ર ન્યાયતંત્ર પર નિર્ભર રહેતી કોઈપણ વ્યવસ્થા અવિશ્વસનીય સાબિત થઈ છે. એનજેએસી ને પડકારનારાઓ ૧૯૭૦ના દાયકાના ભૂત પર આધાર રાખી રહ્યા છે: શું તમે ખરેખર ઈચ્છો છો કે નિમણૂકોમાં રાજકીય વર્ગનો વધુ પ્રભાવ રહે? સરકારના બંને અંગો

એકબીજા પર વિશ્વાસપાત્ર ન હોવાનો આક્ષેપ કરી રહ્યા છે. આ પ્રક્રિયામાં, તેઓએ એકબીજાને નીચે પાડ્યા છે. સમસ્યા એ છે કે બંને સાચા છે."

સુપ્રિમ કોર્ટને આપે છે, ત્યારે તેમાં કાર્યકાળ, પગાર, ભથ્થાં, ન્યાયમૂર્તિઓની નિવૃત્તિ વય તેમજ ઉચ્ચ અદાલતોમાં ન્યાયમૂર્તિઓની પસંદગી કરવાની વ્યવસ્થા સંબંધિત વિસ્તૃત જોગવાઈઓ પણ સમાવિષ્ટ છે. આવી વિસ્તૃત જોગવાઈઓનો સમાવેશ એવી માન્યતાથી પ્રેરિત હોવાનું જણાય છે કે, આવી જોગવાઈઓથી સજ્જ થઈને, ઉચ્ચ અદાલતો તેમના નિર્ણયો લેવામાં દખલ કરવાના કારોબારી કે ધારાકીય કોઈપણ પ્રયાસોથી સુરક્ષિત રહેશે. ઉચ્ચ અદાલતોના ન્યાયમૂર્તિઓને બંધારણનું રક્ષણ કરવાનું કાર્ય સોંપવામાં આવ્યું છે અને આ હેતુ માટે, તેનું અર્થઘટન કરવાની સત્તા આપવામાં આવી છે. તેમણે જ એ સુનિશ્ચિત કરવાનું છે કે બંધારણ દ્વારા પરિકલ્પિત સત્તાનું સંતુલન જળવાઈ રહે અને ધારાસભા તેમજ કારોબારી, તેમના કાર્યોના નિર્વહનમાં, બંધારણીય મર્યાદાઓનું ઉલ્લંઘન ન કરે. એ જોવાની પણ તેમની સમાન ફરજ છે કે ન્યાયિક તાબાની અદાલતો અને ટ્રિબ્યુનલોનું સંચાલન કરતા લોકો દ્વારા આપવામાં આવતા નિર્ણયો કાનૂની શુદ્ધતા અને ન્યાયિક સ્વતંત્રતાના કડક ધોરણોથી વિપરીત ન હોય. ઉચ્ચ ન્યાયતંત્રના ન્યાયમૂર્તિઓની સ્વતંત્રતા સુનિશ્ચિત કરતા બંધારણીય રક્ષણો, તાબાના ન્યાયતંત્રના ન્યાયમૂર્તિઓને અથવા સામાન્ય કાયદાઓ દ્વારા રચાયેલા ટ્રિબ્યુનલોનું સંચાલન કરતા લોકોને ઉપલબ્ધ નથી. પરિણામે, પાછલી શ્રેણીના ન્યાયમૂર્તિઓને બંધારણીય અર્થઘટનનું કાર્ય કરવા માટે ઉચ્ચ ન્યાયતંત્રના સંપૂર્ણ અને અસરકારક વિકલ્પ તરીકે ક્યારેય ગણી

શકાય નહીં. તેથી, અમે ઠેરવીએ છીએ કે ધારાકીય કાર્યવાહી પર ન્યાયિક સમીક્ષાની સત્તા જે હાઇકોર્ટોમાં અનુચ્છેદ ૨૨૬ હેઠળ અને બંધારણના અનુચ્છેદ ૩૨ હેઠળ આ કોર્ટમાં નિહિત છે, તે બંધારણનું એક અભિન્ન અને આવશ્યક લક્ષણ છે, જે તેના મૂળ માળખાનો ભાગ રચે છે. તેથી, સામાન્ય રીતે, કાયદાઓની બંધારણીય માન્યતા ચકાસવાની હાઇકોર્ટો અને સુપ્રિમ કોર્ટની સત્તાને ક્યારેય નકારી કે બાકાત કરી શકાતી નથી."

[ભાર આપેલ છે]

બાબતનું આ પાસું વિવાદમાં નથી. સામાવાળાઓ પૈકી કોઈએ પણ તે રજૂઆતનો વિરોધ કર્યો નથી. બંધારણનું લખાણ એ પ્રતિપાદન માટે પૂરતી સાક્ષી પૂરે છે કે બંધારણ એક સ્વતંત્ર ન્યાયતંત્રની સ્થાપના કરવા અને તેનું જતન કરવા માંગે છે. બંધારણના ઘડવૈયાઓ આ બાબતે સ્પષ્ટ હતા. બંધારણના વિવિધ અનુચ્છેદો ધારાસભા અથવા કારોબારી દ્વારા ન્યાયમૂર્તિઓની સેવાની શરતો અને બંધારણીય અદાલતોના સભ્યપદ સાથે સંકળાયેલા વિશેષાધિકારો, જેવા કે પગાર, પેન્શન, હોદ્દાના કાર્યકાળની સુરક્ષા વગેરેમાં અયોગ્ય દખલગીરી સામે યોગ્ય રક્ષણાત્મક પગલાં પૂરા પાડીને ન્યાયતંત્રની સ્વતંત્રતાનું રક્ષણ કરવાનો પ્રયાસ કરે છે. તે સંબંધમાં બંધારણની યોજના અગાઉ ધ્યાને લેવામાં આવી છે.૫૬ આવા રક્ષણો માત્ર આપણા બંધારણ હેઠળ જ નહીં, પરંતુ અન્ય કેટલાક લોકશાહી બંધારણો હેઠળ પણ જરૂરી જણાયા છે (તે પૈકીના કેટલાકની વિગતો પેરા ૨૫ થી ૨૭ માં અગાઉ ધ્યાને લેવામાં આવી છે). આવા રક્ષણો

ઇતિહાસના અનુભવ અને જ્ઞાનના પ્રકાશમાં સમાવિષ્ટ કરવામાં આવ્યા છે. ન્યાયતંત્રની સ્વતંત્રતાને ઉથલાવી દેવા માટે સરકારો દ્વારા કરવામાં આવેલા વિવિધ પ્રયાસો તે બંધારણોના ઘડવૈયાઓ તેમજ આપણા બંધારણના ઘડવૈયાઓ સારી રીતે જાણતા હતા.

૬૫. અનુચ્છેદો ૧૨૪ અને ૨૧૭ સ્વતંત્ર ન્યાયતંત્રની સ્થાપના કરવા માટે જરૂરી તત્વો પૈકીના એક - નિમણૂક પ્રક્રિયા સાથે સંબંધિત છે. સ્વતંત્ર ન્યાયતંત્રની સ્થાપના અને તેના જતનમાં આવા તત્વના મહત્વ પ્રત્યે બંધારણ સભા સંપૂર્ણપણે સભાન હતી. તેણે અન્ય દેશોમાં પ્રચલિત વિવિધ મોડેલોની તપાસ કરી હતી. ડૉ. આંબેડકરનું ૨૪મી મે ૧૯૪૯૫૭ નું વક્તવ્ય (ઉપર ટાંકેલ) આવી જાગૃતિનો પુરાવો છે. બંધારણીય અદાલતોના સભ્યોની નિમણૂક કરવાની સત્તા સંપૂર્ણપણે માત્ર કારોબારીને સોંપવાના જોખમોથી બંધારણ સભા સંપૂર્ણપણે વાકેફ હતી. તે જ સમયે, આવી સત્તા માત્ર સીજેઆઈને સોંપવાની અથવા ન્યાયિક નિમણૂકોની બાબતમાં સંસદને કોઈપણ ભૂમિકા આપવાની અનિચ્છનીયતા પ્રત્યે પણ બંધારણ સભા સંવેદનશીલ હતી. આવી ભૂમિકા સોંપવાના સંભવિત પરિણામોનો ઉલ્લેખ પણ ડૉ. આંબેડકર દ્વારા કરવામાં આવ્યો હતો. ઉચ્ચ ન્યાયતંત્રના સભ્યોની નિમણૂક માટે વિવિધ લોકશાહી બંધારણો હેઠળ પ્રચલિત વિવિધ મોડેલો અને સંસ્થાકીય વ્યવસ્થાઓ વિશે બંધારણ સભાને માહિતગાર કરવામાં આવી હતી. બંધારણ સભાને ડૉ. આંબેડકર દ્વારા જણાવવામાં આવ્યું હતું કે અનુચ્છેદો ૧૨૪ અને ૨૧૭ માં સમાવિષ્ટ મોડેલ (જેમ તે સુધારા પહેલાં અસ્તિત્વમાં હતા) - હાલના તબક્કે પર્યાપ્ત ગણી શકાય.

સભ્યો દ્વારા સૂચવવામાં આવેલા વિવિધ વૈકલ્પિક મોડેલો સ્વીકારવામાં આવ્યા ન હતા.૫૮ ધારાકીય ઇતિહાસ સ્પષ્ટપણે ૫૭ કોન્સ્ટીટ્યુઅન્ટ એસેમ્બલી ડિબેટ્સ (બંધારણ સભાની ચર્ચાઓ), ૨૪મી મે ૧૯૪૯ વોલ્યુમ ૮ ૫૮ ૨૪મી મે ૧૯૪૯ ના રોજ જ્યારે વર્તમાન અનુચ્છેદ ૧૨૪ ને સમકક્ષ મુસદ્દા બંધારણના મુસદ્દા અનુચ્છેદ ૧૦૩ ની ચર્ચા કરવામાં આવી રહી હતી, ત્યારે ચાર સભ્યો, પ્રો. શિબ્બન લાલ સક્સેના અને પ્રો. કે.ટી. શાહ, કે જેઓ યુનાઇટેડ પ્રોવિન્સિસ ઓફ બિહારનું પ્રતિનિધિત્વ કરતા હતા અને શ્રી બી. પોકર સાહિબ અને શ્રી મહબૂબ અલી બેગ સાહિબ, કે જેઓ મદ્રાસ પ્રોવિન્સિસનું પ્રતિનિધિત્વ કરતા હતા, તેમણે અનુચ્છેદ ૧૦૩ માં સુધારાઓ સૂચવ્યા હતા, જેના સંબંધિત ભાગો નીચે મુજબ વંચાય છે:

> "પ્રો. શિબ્બન લાલ સક્સેના: કે અનુચ્છેદ ૧૦૩ ના ખંડ (૨) ની જગ્યાએ નીચેના ખંડો સ્થાપિત કરવામાં આવે- (૨) ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ, કે જેઓ સુપ્રિમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ રહેશે, તેમની નિમણૂક સંસદના બંને ગૃહોના સંયુક્ત સત્રમાં એકત્રિત સંસદની બે-તૃતીયાંશ બહુમતી દ્વારા બહાલીને અધીન રહીને રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવશે." દર્શાવે છે કે બંધારણ સભાના સભ્યોએ નિમણૂક કરવાની સંપૂર્ણ અને અબાધિત સત્તા નિહિત કરવાનો સ્પષ્ટપણે ઇનકાર કર્યો હતો

બંધારણીય અદાલતોના ન્યાયમૂર્તિઓની, બંધારણના ૩ અંગો પૈકીના કોઈપણ એક અંગમાં. બંધારણ સભાએ સંસદને કોઈપણ ભૂમિકા સોંપવાનો

ઇનકાર કર્યો હતો. તેણે કારોબારીમાં અનિયંત્રિત સત્તા નિહિત કરવાનો ઇનકાર કર્યો હતો. તે જ સમયે તે એ પ્રસ્તાવ સાથે સંમત થઈ ન હતી કે કોઈપણ નિમણૂક માટે સીજેઆઈની સંમતિ જરૂરી છે.

૬૬. સેકન્ડ અને થર્ડ જજિસ કેસમાં હાથ ધરવામાં આવેલા અનુચ્છેદો ૧૨૪ અને ૨૧૭ ના લખાણ પરના અર્થઘટનાત્મક અર્થવિસ્તારનું પરિણામ એવી કોલેજિયમ પ્રણાલી, એક સ્વતંત્ર અને કાર્યક્ષમ ન્યાયતંત્રની સ્થાપના અને પોષણ કરવા માટે શ્રેષ્ઠ હોઈ પણ શકે અથવા ન પણ હોઈ શકે. ચુકાદાઓની ન્યાયશાસ્ત્રીય સદ્ધરતા અને છેલ્લા બે દાયકામાં કોલેજિયમ પ્રણાલી જે રીતે કાર્યરત રહી તે બંને બાબતો પર પ્રતિષ્ઠિત વ્યક્તિઓપ૯ દ્વારા ગંભીરપણે પરસ્પર વિરોધી મંતવ્યો વ્યક્ત કરવામાં આવ્યા છે. "પ્રો. કે.ટી. શાહ: સુપ્રિમ કોર્ટના દરેક ન્યાયમૂર્તિની નિમણૂક, કાઉન્સિલ ઓફ સ્ટેટ્સ અને તે હેતુ માટે જરૂરી જણાય તેવા સુપ્રિમ કોર્ટના તથા રાજ્યોની હાઇકોર્ટોના ન્યાયમૂર્તિઓ સાથે વિચાર-વિમર્શ કર્યા પછી, રાષ્ટ્રપતિ દ્વારા પોતાના હસ્તાક્ષર અને મહોર હેઠળના વોરંટ દ્વારા કરવામાં આવશે અને તેઓ પાંસઠ વર્ષની વય પ્રાપ્ત કરે ત્યાં સુધી હોદ્દો સંભાળશે."

> "શ્રી બી. પોકર સાહિબ: કે અનુચ્છેદ ૧૦૩ ના ખંડ (૨) અને ખંડ (૨) ના પહેલા પરંતુકની જગ્યાએ નીચે મુજબ સ્થાપિત કરવામાં આવે- (૨) ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સિવાયના સુપ્રિમ કોર્ટના દરેક ન્યાયમૂર્તિ

ની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની સંમતિ સાથેના વિચાર-વિમર્શ પછી પોતાના હસ્તાક્ષર અને મહોર હેઠળના વોરંટ દ્વારા કરવામાં આવશે; અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓ અને રાજ્યોની હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિઓ તથા સુપ્રિમ કોર્ટના દરેક ન્યાયમૂર્તિ સાથેના વિચાર-વિમર્શ પછી પોતાના હસ્તાક્ષર અને મહોર હેઠળના વોરંટ દ્વારા કરવામાં આવશે."

"શ્રી મહેબૂબ અલી બેગ સાહિબ: કે અનુચ્છેદ ૧૦૩ ના ખંડ (૨) ના પહેલા પરંતુકમાં, 'ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે હંમેશા વિચાર-વિમર્શ કરવામાં આવશે' શબ્દોની જગ્યાએ 'તે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની સંમતિથી કરવામાં આવશે' શબ્દો સ્થાપિત કરવામાં આવે."

૬૭. ન તો કોલેજિયમની વિભાવનાની ન્યાયશાસ્ત્રીય શુદ્ધતા કે ન તો છેલ્લા બે દાયકામાં કોલેજિયમ પ્રણાલી કેટલી સારી કે ખરાબ રીતે કાર્યરત રહી તે આપણી સમક્ષનો પ્રશ્ન છે. પ્રશ્ન એ છે કે - શું આવી પ્રણાલી અપરિવર્તનશીલ છે અથવા શું આ દેશની બંધારણીય અદાલતોના સભ્યોની પસંદગી અને નિમણૂક માટે બંધારણમાં સુધારો કરવા અને એક વૈકલ્પિક વ્યવસ્થા રચવા માટે સંસદ સક્ષમ છે.

૬૮. વાદગ્રસ્ત સુધારા સામેનો મૂળભૂત વાંધો એ છે કે તે સ્વતંત્ર ન્યાયતંત્રની સ્થાપનાના બંધારણીય ઉદ્દેશનો, અને પરિણામે બંધારણના

મૂળભૂત માળખાનો નાશ કરનાર છે. તેથી, તે ભારતી કેસમાં આ કોર્ટ દ્વારા નિર્ધારિત કાયદાનું ઉલ્લંઘન કરે છે.

૬૯. રજૂઆતની શુદ્ધતા નક્કી કરવા માટે, તે જરૂરી છે:

(૧) ભારતી કેસના રેશિયો ડેસિડેન્ડાઈને નિર્ધારિત કરવો કે જ્યાં "મૂળભૂત માળખા" અને "મૂળભૂત લક્ષણો" ના સિદ્ધાંતનો ઉદ્ભવ થયો હતો.

(૨) શું બંધારણના "મૂળભૂત લક્ષણો" અને "મૂળભૂત માળખું" શબ્દપ્રયોગો સમાનાર્થી છે કે તેઓ અલગ અલગ વિચારો અથવા ખ્યાલો વ્યક્ત કરે છે? જો તેમ હોય, તો તેઓ કયા વિચારો વ્યક્ત કરે છે?

(૩) શું આ કોર્ટના અગાઉના નિર્ણયો દ્વારા તેમને સ્પષ્ટપણે નિર્ધારિત કરવામાં આવ્યા છે?

(૪) શું બંધારણના મૂળભૂત લક્ષણોને ઓળખવા માટે આ કોર્ટ દ્વારા કોઈ કાયદાકીય સિદ્ધાંતો નિર્ધારિત કરવામાં આવ્યા છે?

(૫) જો "મૂળભૂત લક્ષણો" અને "મૂળભૂત માળખું" એ બે શબ્દપ્રયોગોનો અર્થ બે અલગ બાબતો થતો હોય, તો શું તેમાંથી કોઈપણ એકનો નાશ કોઈપણ બંધારણીય સુધારાને રદબાતલ બનાવે છે અથવા રદબાતલ બનવા માટે આવા સુધારાએ તે બંનેનો નાશ કરવો જોઈએ.

(૬) બંધારણીય સુધારો બંધારણના "મૂળભૂત લક્ષણ" અથવા બંધારણના "મૂળભૂત માળખા" નો નાશ કરે છે અથવા તેને રદ કરે છે તેમ ક્યારે કહી શકાય?

૭૦. ભારતી કેસમાં, પ્રશ્નો પૈકીનો એક પ્રશ્ન એ હતો કે - શું અનુચ્છેદ ૩૬૮ સંસદને બંધારણમાં સુધારો કરવાની અનિયંત્રિત સત્તા આપે છે. તે પ્રશ્ન આ કોર્ટના આઈ. સી. ગોલકનાથ અને અન્ય વિ. સ્ટેટ ઓફ પંજાબ અને અન્ય, (૧૯૬૭) ૨ એસ.સી.આર. ૭૬૨૬૦ ના અગાઉના નિર્ણયની પૃષ્ઠભૂમિમાં ઉદ્ભવ્યો હતો જેમાં એવું ઠેરવવામાં આવ્યું હતું કે અનુચ્છેદ ૩૬૮ એ સંસદને બંધારણમાં સુધારો કરવાની મર્યાદિત સત્તા પ્રદાન કરી હતી. બંધારણીય સુધારો એ અનુચ્છેદ ૧૩(૩)(એ)૬૧ ના અર્થમાં 'કાયદો' છે. કોઈપણ બંધારણીય સુધારો કે જે બંધારણના ભાગ-૩ હેઠળ ખાતરી આપવામાં આવેલા અધિકારો પૈકીના કોઈપણ અધિકારને છીનવી લેવા અથવા સંક્ષિપ્ત કરવા માંગતો હોય, તે અનુચ્છેદ ૧૩(૨)૬૨ હેઠળ રહેલા આદેશનું ઉલ્લંઘન કરનાર અને તેથી ગેરકાયદેસર રહેશે.

૭૧. આઈ. સી. ગોલકનાથની શુદ્ધતા એ ભારતી કેસમાં આ કોર્ટની મોટી બેંચ સમક્ષ વિચારણા માટે આવેલા પ્રશ્નો પૈકીનો એક હતો. અગિયાર અભિપ્રાયો આપવામાં આવ્યા હતા. આ કોર્ટે બહુમતીથી ઠેરવેલ કે મૂળભૂત અધિકારોનો સમાવેશ કરતા અનુચ્છેદો સહિત બંધારણનો દરેક અનુચ્છેદ, સંસદની સુધારા કરવાની સત્તા૬૩ ને અધીન છે જે

૬૦ ૧૧ ન્યાયમૂર્તિઓની બેંચ દ્વારા સુનાવણી કરવામાં આવી હતી અને ૬:૫ ની બહુમતીથી નિર્ણય લેવામાં આવ્યો હતો ૬૧ અનુચ્છેદ ૧૩(૩)(એ). "કાયદો" માં ભારતના રાજ્યક્ષેત્રમાં કાયદાનું બળ ધરાવતા કોઈપણ વટહુકમ, હુકમ, ઉપ-નિયમ, રુલ, વિનિયમ, જાહેરનામું, રૂઢિ અથવા પ્રથાનો સમાવેશ થાય છે.

૬૨ અનુચ્છેદ ૧૩(૨). રાજ્ય એવો કોઈ કાયદો બનાવશે નહીં કે જે આ ભાગ દ્વારા પ્રદાન કરવામાં આવેલા અધિકારોને છીનવી લે અથવા ઘટાડે અને આ ખંડના ઉલ્લંઘનમાં બનાવવામાં આવેલો કોઈપણ કાયદો, ઉલ્લંઘનની મર્યાદા સુધી, રદબાતલ રહેશે.

૬૩ (મુખ્ય ન્યાયમૂર્તિ સીકરી અનુસાર) - પેરા ૨૯૨, "મૂળભૂત અધિકારો રદ કરી શકાતા નથી પરંતુ જાહેર હિતમાં મૂળભૂત અધિકારોમાં વાજબી ઘટાડો કરી શકાય છે" .... 'કે બંધારણની દરેક જોગવાઈમાં સુધારો કરી શકાય છે, શરત એ છે કે તેના પરિણામે બંધારણનો મૂળભૂત પાયો અને માળખું યથાવત રહે. મૂળભૂત માળખામાં નીચેના લક્ષણોનો સમાવેશ થાય છે તેમ કહી શકાય:

અનુચ્છેદ ૩૬૮ હેઠળ એક બંધારણીય સત્તા છે, પરંતુ આવી સત્તા સંસદને બંધારણના મૂળભૂત માળખા અથવા સ્વરૂપમાં ફેરફાર કરવા સક્ષમ બનાવતી નથી. ૬૪

(૧) બંધારણની સર્વોચ્ચતા; (૨) સરકારનું પ્રજાસત્તાક અને લોકશાહી સ્વરૂપ; (૩) બંધારણનું બિનસાંપ્રદાયિક સ્વરૂપ; (૪) ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્ર વચ્ચે સત્તાનું પૃથક્કરણ; (૫) બંધારણનું સમવાયી સ્વરૂપ."

(ન્યાયમૂર્તિ શેલત અનુસાર, કે જેઓ પોતાના વતી અને ન્યાયમૂર્તિ ગ્રોવર વતી બોલ્યા હતા) - પેરા ૫૮૨, ૫૮૩, "તે પારખવામાં કોઈ મુશ્કેલી હોઈ શકે નહીં કે નીચેનાને બંધારણીય માળખાના મૂળભૂત તત્વો ગણી શકાય. આની સંપૂર્ણ યાદી આપી શકાય નહીં પરંતુ માત્ર દ્રષ્ટાંત આપી શકાય છે: (૧) બંધારણની સર્વોચ્ચતા. (૨) સરકારનું પ્રજાસત્તાક અને લોકશાહી સ્વરૂપ તથા દેશનું સાર્વભૌમત્વ. (૩) બંધારણનું બિનસાંપ્રદાયિક અને સમવાયી સ્વરૂપ. (૪) ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્ર વચ્ચે સત્તાનું સીમાંકન. (૫) ભાગ-૩ માં વિવિધ સ્વતંત્રતાઓ અને મૂળભૂત અધિકારો દ્વારા સુરક્ષિત વ્યક્તિનું ગૌરવ અને ભાગ-૪ માં સમાવિષ્ટ કલ્યાણકારી રાજ્ય બનાવવાનો આદેશ.

(૬) રાષ્ટ્રની એકતા અને અખંડિતતા."

અને, તેથી, "અનુચ્છેદ ૩૬૮ હેઠળની સત્તા દરેક અનુચ્છેદમાં સુધારો કરવાની મંજૂરી આપવા માટે પૂરતી વ્યાપક છે ... જ્યાં સુધી તેના મૂળભૂત તત્વો રદ કરવામાં ન આવે અથવા તેમની ઓળખ છીનવી લેવામાં ન આવે". (ન્યાયમૂર્તિ હેગડે અનુસાર, કે જેઓ ન્યાયમૂર્તિ મુખર્જી વતી પણ બોલ્યા હતા) - પેરા ૬૬૬, "સંસદ પાસે બંધારણના મૂળભૂત તત્વો

અથવા મૂળભૂત લક્ષણો જેવા કે ભારતનું સાર્વભૌમત્વ, આપણી શાસનવ્યવસ્થાનું લોકશાહી સ્વરૂપ, દેશની એકતા, નાગરિકોને સુનિશ્ચિત કરવામાં આવેલી વ્યક્તિગત સ્વતંત્રતાઓના આવશ્યક લક્ષણોને રદ કરવાની કે નિર્બળ કરવાની કોઈ સત્તા નથી." ... અને "કલ્યાણકારી રાજ્ય અને સમતાવાદી સમાજ બનાવવાનો આદેશ." (ન્યાયમૂર્તિ પી. જગનમોહન રેડ્ડી અનુસાર) - પેરા ૧૧૫૯, ૧૧૬૨, "એક સાર્વભૌમ લોકશાહી પ્રજાસત્તાક. સંસદીય લોકશાહી, રાજ્યના ત્રણ અંગો ... મૂળભૂત માળખાની રચના કરે છે." તેમણે વધુમાં ઠેરવેલ કે "મૂળભૂત અધિકારો અથવા માર્ગદર્શક સિદ્ધાંતો પૈકીના કોઈપણ એક વિના તે લોકશાહી પ્રજાસત્તાક હોઈ શકે નહીં. તેથી, અનુચ્છેદ ૩૬૮ હેઠળ સુધારો કરવાની સત્તા ..... મૂળભૂત અધિકારો પૈકીના કોઈપણ એકને અથવા બંધારણના મૂળભૂત માળખાના અન્ય આવશ્યક તત્વોને સંપૂર્ણપણે રદ કરવા અને તેની ઓળખનો નાશ કરવા માટે ..... પૂરતી વ્યાપક નથી". (ન્યાયમૂર્તિ ખન્ના અનુસાર) - પેરા ૧૪૨૬, "અનુચ્છેદ ૩૬૮ હેઠળની સત્તા તેના વ્યાપમાં જૂના બંધારણનો નાશ કરવાની સત્તાનો સમાવેશ કરતી નથી" ... તેનો અર્થ "જૂના બંધારણના મૂળભૂત માળખા અથવા સ્વરૂપની જાળવણી" થાય છે ... "પાયાને સ્પર્શ કરવો અથવા મૂળભૂત સંસ્થાકીય ઢાંચામાં ફેરફાર કરવો અનુમતિપાત્ર નથી." ન્યાયમૂર્તિ ખન્નાના જણાવ્યા અનુસાર, "આવી મર્યાદાઓ "સુધારો" શબ્દમાં જ અંતર્નિહિત અને ગર્ભિત છે."

(૧૯૭૩) ૪ એસ.સી.સી. ૨૨૫ પૈકી ૧૦૦૧.

૭૨. તે બંધારણના મૂળભૂત માળખાના સિદ્ધાંતનો ઉદ્ભવ છે. ન્યાયમૂર્તિ શેલત અને ન્યાયમૂર્તિ ગ્રોવરે મૂળભૂત તત્વો શબ્દપ્રયોગનો ઉપયોગ કર્યો હતો અને ઠેરવેલ કે તેમને રદ કરી શકાય નહીં અથવા તેમની ઓળખ છીનવી શકાય નહીં. ન્યાયમૂર્તિ હેગડે અને ન્યાયમૂર્તિ મુખર્જીએ મૂળભૂત તત્વો અથવા મૂળભૂત લક્ષણો શબ્દપ્રયોગનો ઉપયોગ કર્યો હતો અને ઠેરવેલ કે તેમને રદ કરી શકાય નહીં અથવા નિર્બળ કરી શકાય નહીં. ન્યાયમૂર્તિ જગનમોહન રેડ્ડીએ મૂળભૂત માળખાના આવશ્યક તત્વો શબ્દપ્રયોગનો ઉપયોગ કર્યો હતો અને ઠેરવેલ કે બંધારણની ઓળખનો નાશ કરીને તેમને રદ કરી શકાય નહીં. ન્યાયમૂર્તિ સીકરી અને ન્યાયમૂર્તિ ખન્નાએ મૂળભૂત માળખું અથવા સ્વરૂપ, પાયો, મૂળભૂત સંસ્થાકીય ઢાંચો શબ્દપ્રયોગોનો ઉપયોગ કર્યો હતો, જે બંધારણના અનુચ્છેદ ૩૬૮ હેઠળ સંસદની સત્તાની બહાર છે. વિદ્વાન ન્યાયમૂર્તિઓ પૈકીના કેટલાકે અમુક લક્ષણોનો ઉલ્લેખ કર્યો હતો કે જે તેમના મતે બંધારણના મૂળભૂત અથવા આવશ્યક લક્ષણો વગેરેની રચના કરે છે. તે તમામ એ બાબત સ્પષ્ટ કરવા માટે સાવચેત હતા કે તેમના દ્વારા ઉલ્લેખિત આવા લક્ષણો અથવા તત્વો માત્ર દ્રષ્ટાંતરૂપ છે, સંપૂર્ણ નથી. મિનેર્વા મિલ્સ લિમિટેડ અને અન્ય વિ. યુનિયન ઓફ ઇન્ડિયા અને અન્ય, (૧૯૮૦) ૩ એસ.સી.સી. ૬૨૫ માં, બંધારણીય બેંચની બહુમતી વતી બોલતા ન્યાયમૂર્તિ ચંદ્રચૂડે અવલોકન કર્યું હતું કે નવ ન્યાયમૂર્તિઓ દ્વારા હસ્તાક્ષર કરાયેલા સારાંશનો પેરા નં. ૨ બહુમતી દ્રષ્ટિકોણને યોગ્ય રીતે પ્રતિબિંબિત કરે છે.

"૧૨. કેશવાનંદ ભારતી (ઉપરોક્ત) ના વિવિધ ચુકાદાઓના સારાંશ પર તેર પૈકીના નવ ન્યાયમૂર્તિઓ દ્વારા હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. સારાંશનો ફકરો ૨ જણાવે છે કે બહુમતી અનુસાર, "અનુચ્છેદ ૩૬૮ સંસદને બંધારણના મૂળભૂત માળખા અથવા સ્વરૂપમાં ફેરફાર કરવા સક્ષમ બનાવતો નથી". સારાંશ એ ચુકાદાનો કાયદેસરનો ભાગ છે કે નહીં, અથવા લેખકો દ્વારા ટાંકવામાં આવેલા વિદ્વતાપૂર્ણ કારણોસર પર ઇન્ક્યુરિયમ છે કે નહીં, એ વાત નિર્વિવાદ છે કે તે બહુમતી દ્રષ્ટિકોણને યોગ્ય રીતે પ્રતિબિંબિત કરે છે."

[ભાર આપેલ છે]

૭૩. ફરીથી વામન રાવ અને અન્ય વગેરે વગેરે વિ. યુનિયન ઓફ ઇન્ડિયા અને અન્ય, (૧૯૮૧) ૨ એસ.સી.સી. ૩૬૨ માં, અન્ય એક બંધારણીય બેંચ વતી બોલતા મુખ્ય ન્યાયમૂર્તિ ચંદ્રચૂડે અવલોકન કર્યું:

"બહુમતીનો ચુકાદો, જેમાં તેર પૈકી સાત ન્યાયમૂર્તિઓ પક્ષકાર હતા, તેણે એવું ઠેરવીને એક નવો માર્ગ કંડાર્યો હતો કે અનુચ્છેદ ૩૬૮ દ્વારા પ્રદાન કરવામાં આવેલી સત્તાના ઉપયોગમાં, સંસદ બંધારણમાં એવી રીતે સુધારો કરી શકે નહીં જેથી બંધારણના મૂળભૂત માળખાને નુકસાન પહોંચે અથવા તેનો નાશ થાય." (પેરા ૧૫)

[ભાર આપેલ છે]

ત્યાં સુધીમાં ન્યાયમૂર્તિ ચંદ્રચૂડે ઇન્દિરા નેહરુ ગાંધી વિ. રાજ નારાયણ, (૧૯૭૫) સપ્લીમેન્ટરી

એસ.સી.સી. ૧ માં પોતાનો અભિપ્રાય નીચે મુજબ પહેલેથી જ વ્યક્ત કર્યો હતો:

"૬૬૩. ફંડામેન્ટલ રાઇટ્સ કેસમાં બહુમતી નિર્ણય અનુસાર બંધારણના કયા લક્ષણો બંધારણનું મૂળ માળખું રચે છે તે અંગે બાર સમક્ષ કેટલીક ચર્ચા થઈ હતી. મારા મતે, તે તપાસ નિરર્થક અને અપ્રસ્તુત બંને છે.

બહુમતી નિર્ણયનો રેશિયો એવો નથી કે બંધારણના કેટલાક નામાંકિત લક્ષણો તેના મૂળ માળખાનો ભાગ છે પરંતુ એવો છે કે સુધારાની સત્તાનો ઉપયોગ બંધારણના આવશ્યક તત્વો અથવા મૂળ માળખાને નુકસાન પહોંચાડવા અથવા તેનો નાશ કરવા માટે થઈ શકતો નથી, પછી ભલે આ શબ્દપ્રયોગોમાં ગમે તે સમાવિષ્ટ થતું હોય."

[ભાર આપેલ છે]

ઉપરોક્ત ફકરાઓ દર્શાવે છે કે, ભારતી કેસ પરથી એ બહુ સ્પષ્ટ નથી કે મૂળ માળખું, મૂળભૂત લક્ષણો અને આવશ્યક તત્વો એવા શબ્દપ્રયોગો એક જ વિચાર વ્યક્ત કરે છે કે જુદા જુદા વિચારો. તેથી, એવા કેટલાક નિર્ણયોની તપાસ કરવી જરૂરી છે કે જ્યાં ભારતી કેસ પછી આ કોર્ટ દ્વારા બંધારણીય સુધારાઓની કાયદેસરતા પર વિચારણા કરવામાં આવી હતી.

૭૪. તે પૈકીનો સૌથી પહેલો કેસ ઇન્દિરા નેહરુ ગાંધી કેસ (ઉપરોક્ત) છે. બંધારણના ૩૯મા સુધારા દ્વારા અનુચ્છેદ ૩૨૯-એ દાખલ કરવામાં આવ્યો હતો. સદર અનુચ્છેદની કલમો (૪) અને (૫) એ ધ રિપ્રેઝન્ટેશન ઓફ ધ પીપલ એક્ટ, ૧૯૫૧ ની જોગવાઈઓના ઉલ્લંઘન અંગેની ફરિયાદોને, જ્યાં સુધી આવી ફરિયાદો વડા પ્રધાન અથવા લોકસભાના અધ્યક્ષની ચૂંટણીને લગતી હોય ત્યાં સુધી, કોઈપણ મંચની ચકાસણીમાંથી બાકાત રાખવાનો પ્રયાસ કર્યો હતો. શું આવો સુધારો બંધારણના મૂળભૂત લક્ષણો પૈકીના કોઈપણ એકનું ઉલ્લંઘન કરે છે કે કેમ તેવો પ્રશ્ન ઉપસ્થિત થયો હતો. એવી દલીલ કરવામાં આવી હતી કે આ સુધારો બંધારણના ચાર મૂળભૂત લક્ષણોનું ઉલ્લંઘન કરતો હતો. તે આ મુજબ છે: (૧) સરકારનું લોકશાહી સ્વરૂપ; (૨) ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્ર વચ્ચે સત્તાનું પૃથક્કરણ; (૩) કાયદા સમક્ષ સૌની સમાનતાનો સિદ્ધાંત; અને (૪) કાયદાના શાસનની સંકલ્પના. આ કોર્ટની બંધારણીય બેન્ચે ઠેરવેલ કે વાદગ્રસ્ત કલમો અનુચ્છેદ ૩૬૮ હેઠળ સંસદની સત્તાની ક્ષમતા બહારની હતી.૬૫

૭૫. પાંચ ન્યાયમૂર્તિઓ પૈકીના ચાર ન્યાયમૂર્તિઓ એવા નિષ્કર્ષ પર સંમત થયા હતા કે વાદગ્રસ્ત સુધારો

> ૬૫ ઇન્દિરા નેહરુ ગાંધી કેસ (ઉપરોક્ત) માં આપેલા ચુકાદાનો ન્યાયમૂર્તિ ચંદ્રચૂડ દ્વારા વામન રાવ કેસના પેરા ૧૫ માં સ્પષ્ટ રીતે સારાંશ આપવામાં આવ્યો છે: "૧૫ ..... ઇન્દિરા ગાંધી વિ. રાજ નારાયણ માં કોર્ટે ઠેરવેલ કે અનુચ્છેદ ૩૨૯-એ(૪) સંસદની સુધારા કરવાની ક્ષમતા

બહારનો હતો, કારણ કે વડા પ્રધાન અને અધ્યક્ષની સંસદની ચૂંટણીઓ અંગે અલગ અને વિશેષ જોગવાઈઓ કરીને તેણે બંધારણના મૂળ માળખાનો નાશ કર્યો હતો. મુખ્ય ન્યાયમૂર્તિ રે એ એવા કારણોસર પોતાનો નિર્ણય આપ્યો હતો કે ૩૯મો સુધારો જેના દ્વારા અનુચ્છેદ ૩૨૯-એ દાખલ કરવામાં આવ્યો હતો તેણે કાયદાના શાસનનું ઉલ્લંઘન કર્યું હતું (પાનું ૪૧૮) (એસ.સી.સી. પાનું ૪૪); ન્યાયમૂર્તિ ખન્નાએ એવા કારણોસર પોતાનો નિર્ણય આધારિત રાખ્યો હતો કે લોકશાહી એ બંધારણનું મૂળભૂત લક્ષણ હતું, લોકશાહી એવી કલ્પના કરે છે કે ચૂંટણીઓ મુક્ત અને નિષ્પક્ષ હોવી જોઈએ અને પ્રશ્નાધીન કલમે મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણીઓના પાયા પર પ્રહાર કર્યો હતો (પાના ૪૬૭ અને ૪૭૧) (એસ.સી.સી. પાના ૮૭ અને ૯૧); ન્યાયમૂર્તિ મેથ્યુએ એવા કારણોસર સદર કલમ રદબાતલ ઠેરવી હતી કે તે લેજિસ્લેશન એડ હોમિનેમના સ્વરૂપમાં હતી (પાનું ૫૧૩) (એસ.સી.સી. પાનું ૧૨૭) અને તેણે બંધારણના લોકશાહી માળખાને નુકસાન પહોંચાડ્યું હતું (પાનું ૫૧૫) (એસ.સી.સી. પાનું ૧૨૯); જ્યારે આપણા પૈકીના એક, ન્યાયમૂર્તિ ચંદ્રચૂડે ઠેરવેલ કે આ કલમ ખામીયુક્ત હતી કારણ કે તેણે કાયદાના શાસનનું ઉલ્લંઘન કર્યું હતું અને તે સમાનતાના સિદ્ધાંતનો સંપૂર્ણ નકાર હતી કે જે બંધારણનું મૂળભૂત લક્ષણ છે (પાના ૬૬૩-૬૫) (એસ.સી.સી. પાનું ૨૫૭)."

બંધારણના મૂળ માળખા માટે વિનાશક હતો. દરેક ન્યાયમૂર્તિએ એવો અભિપ્રાય આપ્યો હતો કે વાદગ્રસ્ત જોગવાઈએ બંધારણના એક અલગ મૂળભૂત લક્ષણનું ઉલ્લંઘન કર્યું હતું, જેના પરિણામે બંધારણના મૂળ માળખાનો નાશ થયો હતો.

૭૬. મિનર્વા મિલ્સ કેસ (ઉપરોક્ત) માં, આ કોર્ટ સમક્ષ ફરી એકવાર "બંધારણનું મૂળ માળખું" નો પ્રશ્ન આવ્યો હતો.૪૬ કોન્સ્ટીટ્યુશન (૪૨મો સુધારો) એક્ટ દ્વારા અન્ય બાબતોની સાથોસાથ, અનુચ્છેદ ૩૬૮ માં કલમો (૪) અને (૫) ઉમેરવામાં આવી હતી અને મૂળ અનુચ્છેદમાં અમુક શબ્દો બદલીને અનુચ્છેદ ૩૧-સી માં સુધારો કરવામાં આવ્યો હતો. મુખ્ય ન્યાયમૂર્તિ ચંદ્રચૂડે કોર્ટની બહુમતી વતી અભિપ્રાય આપ્યો અને કોન્સ્ટીટ્યુશન (૪૨મો સુધારો) એક્ટ ની કલમો ૪ અને ૫૫ ને બંધારણના મૂળ માળખાનું ઉલ્લંઘન કરનારી જાહેર કરી. અનુચ્છેદ ૩૬૮ ના સુધારાની વિચારણા કરતાં, આ કોર્ટે ઠેરવેલ કે:

> "પેરા ૧૬ ..... બહુમતીએ (ભારતી કેસમાં) સંસદને બંધારણમાં ફેરફાર કરવાનો અધિકાર ત્યાં સુધી સ્વીકાર્યો હતો જ્યાં સુધી તે તેના મૂળ માળખાની અંદર હોય. અને જો તે ચુકાદાનો અર્થ આટલો જ થતો હોય અને તેનાથી વધુ નહીં, તો તે ચુકાદો કયો ભય પેદા કરી શકે કે કઈ આશંકાઓ ઊભી કરી શકે. આમુખ ભારતના લોકોને એવી રાજવ્યવસ્થાની ખાતરી આપે છે કે જેનું મૂળ માળખું તેમાં સાર્વભૌમ લોકશાહી પ્રજાસત્તાક તરીકે વર્ણવવામાં આવ્યું છે; સંસદ બંધારણમાં તેને યોગ્ય જણાય તેવા

કોઈપણ સુધારા કરી શકે છે જ્યાં સુધી તે ભારતના સાર્વભૌમત્વ અને તેના લોકશાહી, પ્રજાસત્તાક સ્વરૂપને નુકસાન પહોંચાડે નહીં અથવા તેનો નાશ કરે નહીં. લોકશાહી એ કોઈ પોકળ સ્વપ્ન નથી. તે એક અર્થપૂર્ણ સંકલ્પના છે જેના આવશ્યક લક્ષણો વર્ણવવામાં આવ્યા છે

૬૬ પેરા ૧૩. કેશવાનંદ ભારતીમાં બહુમતી મતના આધારે આપણે જે પ્રશ્ન નક્કી કરવાનો છે તે એ છે કે શું કોન્સ્ટીટ્યુશન (૪૨મો સુધારો) એક્ટ, ૧૯૭૬ ની કલમો ૪ અને ૫૫ દ્વારા દાખલ કરવામાં આવેલા સુધારાઓ બંધારણના કોઈપણ મૂળભૂત લક્ષણો અથવા આવશ્યક તત્વોનો નાશ કરીને તેના મૂળ માળખાને નુકસાન પહોંચાડે છે કે કેમ.

ખુદ આમુખમાં જ: ન્યાય - સામાજિક, આર્થિક અને રાજકીય; વિચાર, અભિવ્યક્તિ, માન્યતા, શ્રદ્ધા અને ઉપાસનાની સ્વતંત્રતા; અને દરજ્જા તેમજ તકની સમાનતા. તેનો ઉદ્દેશ્ય, ફરીથી જેમ કે આમુખમાં દર્શાવવામાં આવ્યું છે તેમ, લોકોમાં "વ્યક્તિનું ગૌરવ અને રાષ્ટ્રની એકતા સુનિશ્ચિત કરતી બંધુતા" ની અવિરત ભાવનાને પ્રોત્સાહન આપવાનો છે. અનુચ્છેદ ૩૬૮ ની નવી દાખલ કરાયેલી કલમ (૫) સંસદને કોઈપણ "મર્યાદા વિના" તેની ઘટક સત્તાનો ઉપયોગ કરવા સક્ષમ બનાવીને તે જ સ્તંભોને તોડી પાડે છે જેના પર આમુખ આધારિત છે. કલમ (૫) દ્વારા આપવામાં આવેલી આકાશ જેવી સર્વોચ્ચ સત્તા કરતાં વધુ ઉચ્ચ કોઈ ઘટક સત્તાની કલ્પના થઈ શકે નહીં, કારણ કે તે સંસદને "આ બંધારણની જોગવાઈઓને

રદ કરવાની" સત્તા પણ આપે છે, એટલે કે લોકશાહીને નાબૂદ કરવા અને તેના સ્થાને તદ્દન વિપરીત સરકારનું સ્વરૂપ સ્થાપિત કરવા સક્ષમ બનાવે છે. લોકશાહીને અન્ય કોઈ નામ આપ્યા વિના પણ, લોકોને સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાયનો સંપૂર્ણ ઇનકાર કરીને, વિચાર, અભિવ્યક્તિ, માન્યતા, શ્રદ્ધા અને ઉપાસનાની સ્વતંત્રતાને નિષ્પ્રાણ બનાવીને અને સમાન લોકોના સમાજના ભવ્ય આદર્શ પ્રત્યેની પ્રતિબદ્ધતાનો ત્યાગ કરીને આ સૌથી અસરકારક રીતે હાંસલ કરી શકાય છે. નાશ કરવાની સત્તા એ સુધારો કરવાની સત્તા નથી."

[ભાર આપેલ છે]

અનુચ્છેદ ૩૧-સી ના સુધારાથી ઉદ્ભવતો મુદ્દો એ નક્કી કરવામાં આવ્યો હતો કે - શું રાજ્યની નીતિના માર્ગદર્શક સિદ્ધાંતો કે જે ભાગ-૪ માં સમાવિષ્ટ છે તે બંધારણના ભાગ-૩ માં સમાવિષ્ટ મૂળભૂત અધિકારો પર પ્રાથમિકતા ધરાવી શકે - કારણ કે ૪૨મા સુધારા દ્વારા અનુચ્છેદો ૧૪ અને ૧૯ દ્વારા આપવામાં આવેલા મૂળભૂત અધિકારોને માર્ગદર્શક સિદ્ધાંતોને અધીન બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ કોર્ટે પ્રશ્ન ઘડી કાઢ્યો - શું આ કોર્ટ દ્વારા ભારતી કેસમાં નિર્ધારિત કરવામાં આવેલા કાયદાને ધ્યાનમાં લેતાં આવો સુધારો સંસદની સુધારા સત્તાની અંદર હતો. કોર્ટે પ્રતિપાદિત કર્યું કે:

"૪૧ . ..... જો આ બે અનુચ્છેદો દ્વારા આપવામાં આવેલા અધિકારો બંધારણના મૂળ માળખાનો ભાગ ન હોય તો જ તેમને બંધારણીય સુધારા

દ્વારા નાબૂદ કરવાની મંજૂરી આપી શકાય છે. જો તેઓ મૂળ માળખાનો ભાગ હોય, તો અનુચ્છેદ ૩૧-સી માં વર્ણવેલા કાયદાઓના વર્ગના સંબંધમાં અથવા તે બાબત માટે, કોઈપણ ઉદ્દેશ્ય કે નીતિ હાંસલ કરવા માટે પસાર કરવામાં આવેલા કોઈપણ પ્રકારના કાયદાઓના સંબંધમાં તેમના અસ્તિત્વને સંપૂર્ણપણે નષ્ટ કરી શકાય નહીં. આ બાબત એ મુદ્દો સ્પષ્ટ કરશે કે બંધારણના આવશ્યક લક્ષણોને સંપૂર્ણપણે નિષ્પ્રાણ બનાવવાનું, કેશવાનંદ ભારતીના રેશિયો અનુસાર, સંસદ માટે અનુમતિપાત્ર નથી."

કોર્ટ આખરે એવા નિષ્કર્ષ પર પહોંચી કે બંધારણના ભાગ ૩ અને ૪ એ રથના બે પૈડાં જેવા છે અને બંને સમાન રીતે મહત્વપૂર્ણ છે અને ઠેરવેલ કે:

"૫૬. . .... એકને બીજા પર સંપૂર્ણ પ્રાથમિકતા આપવી એ બંધારણની સુમેળતાને ખલેલ પહોંચાડવા સમાન છે. મૂળભૂત અધિકારો અને માર્ગદર્શક સિદ્ધાંતો વચ્ચેની આ સુમેળતા અને સંતુલન એ બંધારણના મૂળ માળખાનું એક આવશ્યક લક્ષણ છે."

[ભાર આપેલ છે]

આ કોર્ટે એવો નિષ્કર્ષ કાઢ્યો કે અનુચ્છેદ ૩૧ નો સુધારો મૂળ માળખા માટે વિનાશક છે કારણ કે તેણે અનુચ્છેદ ૩૧-સી માં સમાવિષ્ટ વર્ણનના

દાયરામાં આવતા કાયદાઓ સામે અનુચ્છેદ ૧૪ અને ૧૯ ના રક્ષણને નાબૂદ કર્યું હતું.

૭૭. વામન રાવ કેસ (ઉપરોક્ત) માં, અનુચ્છેદ ૩૧-એ(૧)(એ) કે જે કોન્સ્ટીટ્યુશન (ફર્સ્ટ એમેન્ડમેન્ટ)

એક્ટ દ્વારા દાખલ કરવામાં આવ્યો હતો તેને એ કારણોસર પડકારવામાં આવ્યો હતો કે તે બંધારણના મૂળ માળખાને નુકસાન પહોંચાડે છે. સદર અનુચ્છેદે એવી ઘોષણા કરી હતી કે રાજ્ય દ્વારા કોઈપણ 'એસ્ટેટ' અથવા 'તેમાં રહેલા કોઈપણ અધિકારો' વગેરેના સંપાદનની જોગવાઈ કરતો કોઈપણ કાયદો એ કારણસર શૂન્ય ગણાશે નહીં કે આવો કાયદો બંધારણના અનુચ્છેદો ૧૪, ૧૯ અને ૩૧ નું ઉલ્લંઘન કરે છે. બીજા શબ્દોમાં કહીએ તો, અનુચ્છેદો ૧૪, ૧૯ અને ૩૧ કાયદાના પુસ્તક પર રહેતા હોવા છતાં, અનુચ્છેદ ૩૧-એ(૧)(એ) માં વર્ણવેલા કાયદાઓના વર્ગની માન્યતા અનુચ્છેદો ૧૪, ૧૯ અને ૩૧ ની એરણ પર ચકાસી શકાતી નથી. આવા સુધારાની અનુમતિપાત્રતા અંગે વિચારણા કરતાં, કોર્ટે નીચે મુજબ ઠેરવેલ કે:

> "કોઈપણ આપેલ કેસમાં, નિર્ણાયક બાબત એ છે કે, જ્યાં સુધી વાદગ્રસ્ત કાયદાનો સંબંધ છે ત્યાં સુધી, તે કાયદાથી પ્રભાવિત વ્યક્તિઓને ભાગ ૩ ના કોઈપણ અનુચ્છેદ હેઠળ ઉપલબ્ધ અધિકારો સંપૂર્ણપણે અથવા મોટા પાયે પાછા ખેંચી લેવામાં આવ્યા છે કે કેમ અને એ નહીં કે જે અનુચ્છેદોનો અમલ નિર્ધારિત વર્ગના કાયદાઓના સંદર્ભમાં પાછો ખેંચી લેવામાં આવ્યો

છે, તે અન્ય વર્ગોના કાયદાઓના સંબંધમાં ઉપલબ્ધ રહે તે રીતે કાયદાના પુસ્તક પર ચાલુ રહે છે કે કેમ. તેથી અમારે એવો નિષ્કર્ષ કાઢવો જ જોઈએ કે કલમ (એ) હેઠળ આવતા કાયદાઓના સંદર્ભમાં અનુચ્છેદો ૧૪, ૧૯ અને ૩૧ ના અમલને પાછો ખેંચવો એ પૂર્ણ અને સંપૂર્ણ છે, એટલે કે, વાદગ્રસ્ત કાયદાઓ કે જે નિઃશંકપણે કલમ (એ) ના દાયરામાં આવે છે તેમના સંબંધમાં તે અનુચ્છેદોનો અમલ માત્ર મર્યાદિત નહીં પરંતુ નાબૂદ થઈ જાય છે. અમે એ ઉમેરવા માંગીએ છીએ કે એવો દરેક કેસ જેમાં મૂળભૂત અધિકારનું રક્ષણ પાછું ખેંચવામાં આવે છે તે અનિવાર્યપણે બંધારણના મૂળ માળખાને નુકસાન પહોંચાડવા અથવા તેનો નાશ કરવામાં પરિણમશે નહીં. કોઈપણ આપેલ કેસમાં મૂળ માળખાને નુકસાન થયું છે કે તેનો નાશ થયો છે તે પ્રશ્ન એ બાબત પર આધાર રાખશે કે ભાગ ૩ નો કયો ચોક્કસ અનુચ્છેદ વિવાદમાં છે અને જે પાછું ખેંચવામાં આવ્યું છે તે બંધારણના મૂળ માળખા માટે અનિવાર્ય તત્વ છે કે કેમ." (પેરા ૧૪)

[ભાર આપેલ છે]

પરંતુ આ કોર્ટ આખરે એવા નિષ્કર્ષ પર પહોંચી કે સુધારાએ મૂળ માળખાને નુકસાન પહોંચાડ્યું નથી કે તેનો નાશ કર્યો નથી અને તેથી, સુધારાને માન્ય રાખ્યો.૬૭ આવો નિષ્કર્ષ નીચે મુજબના તર્કના આધારે પહોંચવામાં આવ્યો હતો: "૨૯. પ્રથમ સુધારાનો ઉદ્દેશ્ય કૃષિ ક્ષેત્રમાં સામાજિક અને આર્થિક અસમાનતાઓ દૂર કરવાનો છે. એવું બની શકે છે કે પ્રવર્તમાન

અસમાનતાઓને દૂર કરતી વખતે, નજીવી અને આકસ્મિક રીતે નવી અસમાનતાઓ ઊભી થાય. આવી નજીવી અને આકસ્મિક અસમાનતાઓ બંધારણના મૂળ માળખાને નુકસાન પહોંચાડી શકે નહીં કે તેનો નાશ કરી શકે નહીં. કોઈપણ સરકાર માટે, ભલે તે ગમે તેટલી નિષ્ણાત સલાહ મેળવેલી હોય, સામાજિક અભિમુખ હોય અને વિવેકપૂર્ણ રીતે સંચાલિત હોય, કાયદા સમક્ષ સમાન વ્યવહારના હકદાર હોય તેવા વ્યક્તિઓના કોઈ વર્ગને થોડીક મુશ્કેલી કે અન્યાય કર્યા વિના દરેક આર્થિક અસમાનતાને દૂર કરવી અશક્ય છે. . .... "

આ કોર્ટે ઠેરવેલ કે જોકે અનુચ્છેદો ૧૪ અને ૧૯ નું રક્ષણ સંપૂર્ણપણે નાબૂદ કરવામાં આવ્યું છે, તેમ છતાં આવા રક્ષણને પાછું ખેંચવું કે નાબૂદ કરવું અનિવાર્યપણે બંધારણના મૂળ માળખાના નુકસાન અથવા વિનાશમાં પરિણમતું નથી. બીજા શબ્દોમાં કહીએ તો, આ કોર્ટે ઠેરવેલ કે જો કૃષિ ક્ષેત્રમાં સામાજિક અને આર્થિક અસમાનતાઓને દૂર કરવાના અને અનુચ્છેદ ૩૯(બી) અને (એ) માં સમાવિષ્ટ બેવડા સિદ્ધાંતોને અસરકારક બનાવવાના વ્યાપક બંધારણીય ધ્યેયને હાંસલ કરવાની પ્રક્રિયામાં જો નજીવી અને આકસ્મિક રીતે નવી અસમાનતાઓ પરિણમે, તો તેમને બંધારણના મૂળ માળખા માટે વિનાશક કહી શકાય નહીં.

૬૭ પેરા ૩૧. આ કારણોસર, અમારો એવો મત છે કે કોન્સ્ટીટ્યુશન (ફર્સ્ટ એમેન્ડમેન્ટ) એક્ટ, ૧૯૫૧ ની કલમ ૪ દ્વારા દાખલ કરવામાં આવેલો સુધારો

બંધારણના મૂળ માળખાને નુકસાન પહોંચાડતો નથી કે તેનો નાશ કરતો નથી. તેથી, આ સુધારાને તેના પોતાના ગુણદોષના આધારે માન્ય રાખવો જ જોઈએ.

૭૮. મિનર્વા મિલ્સ અને વામન રાવ બંને ચોક્કસ વર્ગના કાયદાઓના સંદર્ભમાં અનુચ્છેદો ૧૪ અને ૧૯ ની નાબૂદી અથવા તે મૂળભૂત અધિકારોના સંરક્ષણને સંપૂર્ણપણે પાછું ખેંચવા સાથે સંબંધિત હતા. ઉપરોક્ત કેસો પૈકીના પ્રથમ કેસમાં કોર્ટે ઠેરવેલ કે આવું પાછું ખેંચવું એ મૂળભૂત લક્ષણની નાબૂદી સમાન હતું અને તેથી તે બંધારણના મૂળભૂત માળખાનો નાશ કરનારું હતું અને બીજા કેસમાં આ કોર્ટે મિનર્વા મિલ્સમાં નિર્ધારિત નિયમમાં એક અપવાદ કર્યો હતો અને ઠેરવેલ કે જ્યાં સુધી કૃષિ સુધારાઓ સાથે સંબંધિત કાયદાનો સંબંધ છે ત્યાં સુધી આવી નાબૂદીએ મૂળભૂત માળખાનો નાશ કર્યો ન હતો. આ કેસો માત્ર એટલું જ દર્શાવે છે કે; (૧) 'મૂળભૂત માળખું' અને 'મૂળભૂત લક્ષણો' શબ્દપ્રયોગો બે અલગ અલગ વિચારો વ્યક્ત કરે છે, (૨) મૂળભૂત લક્ષણો એ મૂળભૂત માળખાના ઘટકો ઘટકો છે. આ કેસો પરથી એ પણ ફલિત થાય છે કે કાં તો કોઈ ચોક્કસ અનુચ્છેદ અથવા અનુચ્છેદોનો સમૂહ બંધારણનું મૂળભૂત લક્ષણ રચી શકે છે. મૂળભૂત લક્ષણ રચતા અનુચ્છેદો પૈકીના એક અથવા કેટલાકમાં સુધારો કરવાથી બંધારણના મૂળભૂત માળખાનો નાશ થઈ પણ શકે અથવા ન પણ થઈ શકે. તે બધું સંદર્ભ પર નિર્ભર કરે છે.

૭૯. આ કોર્ટે એસ.આર. બોમ્માઈ વિ. યુનિયન ઓફ ઈન્ડિયા, (૧૯૯૪) ૩ એસ.સી.સી. ૧ માં, બિનસાંપ્રદાયિકતાના ખ્યાલને બંધારણના મૂળભૂત લક્ષણો

પૈકીના એક તરીકે માન્યતા આપી હતી, તે એટલા માટે નહીં કે બંધારણના કોઈપણ અનુચ્છેદમાં તે મતલબની કોઈ સ્પષ્ટ ઘોષણા કરવામાં આવી હતી પરંતુ બંધારણની વિવિધ જોગવાઈઓની યોજના પરથી આવો નિષ્કર્ષ ફલિત થયો હતો.૬૮

૮૦. આ કોર્ટે એમ. નાગરાજ અને અન્ય વિ. યુનિયન ઓફ ઈન્ડિયા અને અન્ય૬૯, (૨૦૦૬) ૮ એસ.સી.સી. ૨૧૨ માં, એવો સિદ્ધાંત તારવ્યો હતો કે બંધારણના મૂળભૂત લક્ષણોની ઓળખ કરવાની પ્રક્રિયા ૬૬ પેરા ૨૫ થી ૨૯ - ન્યાયમૂર્તિ અહમદી, પેરા ૧૪૫ - ન્યાયમૂર્તિ સાવંત, પેરા ૧૮૩ થી ૧૮૬ - ન્યાયમૂર્તિ રામાસ્વામી, પેરા ૩૦૪ - ન્યાયમૂર્તિ જીવન રેડ્ડી જુઓ. ૬૯ આ કેસમાં, આ કોર્ટે ધ કોન્સ્ટીટ્યુશન (એઈટી ફિફ્થ એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૦૧ ની માન્યતા નક્કી કરવાની હતી કે જેના દ્વારા બંધારણમાં પૂર્વવર્તી અસરથી અનુચ્છેદ ૧૬(૪એ) સુધારવામાં આવ્યો હતો. તેણે સરકારી સેવામાં બઢતીના સંદર્ભમાં અનામતનો નિયમ પૂરો પાડ્યો હતો. આવા સુધારાને બંધારણના મૂળભૂત માળખાનું ઉલ્લંઘન કરનાર તરીકે પડકારવામાં આવ્યો હતો. એવા કેટલાક ખ્યાલોની ઓળખમાં રહેલી છે કે જે કોઈપણ ચોક્કસ જોગવાઈના શબ્દોથી પર છે પરંતુ બંધારણની યોજનામાં વ્યાપેલા છે. આ ખ્યાલો પૈકીના કેટલાક એટલા મહત્વપૂર્ણ અને મૂળભૂત હોઈ શકે છે કે તેઓ બંધારણના આવશ્યક લક્ષણો અથવા બંધારણના મૂળભૂત માળખાનો ભાગ કહેવા માટે લાયક ઠરે છે, તેથી તેમાં સુધારો થઈ શકે નહીં.

આ કોર્ટે તે પ્રક્રિયા નિર્દિષ્ટ કરી હતી જેના દ્વારા બંધારણના મૂળભૂત લક્ષણોની ઓળખ કરવાની હોય છે. કોર્ટે ઠેરવેલ કે:

"૨૩ ..... તેથી, એ નોંધવું મહત્વપૂર્ણ છે કે સુધારાના સંદર્ભમાં મૂળભૂત માળખાની માન્યતા એવી આંતરદ્રષ્ટિ પૂરી પાડે છે કે ચોક્કસ જોગવાઈઓના શબ્દોથી પર, બંધારણની જોગવાઈઓમાં અંતર્નિહિત અને તેમને જોડતા પદ્ધતિસરના સિદ્ધાંતો રહેલા છે. આ સિદ્ધાંતો બંધારણને સુસંગતતા આપે છે અને તેને એક સજીવ સમગ્ર બનાવે છે. આ સિદ્ધાંતો બંધારણીય કાયદાનો ભાગ છે, ભલે તે નિયમોના સ્વરૂપમાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યા ન હોય. એક ઉદાહરણ વાજબીપણાનો સિદ્ધાંત છે જે અનુચ્છેદો ૧૪, ૧૯ અને ૨૧ ને જોડે છે .. આ સિદ્ધાંતો પૈકીના કેટલાક એટલા મહત્વપૂર્ણ અને મૂળભૂત હોઈ શકે છે કે તેઓ બંધારણના "આવશ્યક લક્ષણો" અથવા "મૂળભૂત માળખા" ના ભાગ તરીકે ગણાવા લાયક બને છે, એટલે કે, તેઓ સુધારાને પાત્ર નથી. જોકે, જોગવાઈઓને આવા સર્વોચ્ચ સિદ્ધાંતો સાથે જોડીને જ બંધારણના આવશ્યક લક્ષણોને ઓછા આવશ્યક લક્ષણોથી અલગ પાડી શકાશે.

૨૪. જે મુદ્દો નોંધવો મહત્વપૂર્ણ છે તે એ છે કે સંઘવાદ, બિનસાંપ્રદાયિકતા, વાજબીપણું અને સમાજવાદ વગેરેના સિદ્ધાંતો ચોક્કસ જોગવાઈના શબ્દોથી પર છે. તેઓ બંધારણની વિવિધ જોગવાઈઓમાં અંતર્નિહિત અને તેમને જોડતા પદ્ધતિસરના અને

માળખાકીય સિદ્ધાંતો છે. તેઓ બંધારણને સુસંગતતા આપે છે. તેઓ બંધારણને એક સજીવ સમગ્ર બનાવે છે. તેઓ બંધારણીય કાયદાનો ભાગ છે, ભલે તે નિયમોના સ્વરૂપમાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યા ન હોય.

૨૫. બંધારણીય સિદ્ધાંત આવશ્યક લક્ષણ તરીકે લાયક ઠરે તે માટે, એ સ્થાપિત થવું આવશ્યક છે કે સદર સિદ્ધાંત વિધાનમંડળ પર બંધનકર્તા બંધારણીય કાયદાનો એક ભાગ છે. માત્ર ત્યારપછી જ બીજું પગલું ભરવાનું હોય છે, એટલે કે, શું તે સિદ્ધાંત એટલો મૂળભૂત છે કે તે સંસદની સુધારા કરવાની સત્તાને પણ બાંધે છે, એટલે કે મૂળભૂત માળખાનો એક ભાગ બને છે. મૂળભૂત માળખાનો ખ્યાલ તે અનુસાર સંસદની સુધારા કરવાની સત્તાને મર્યાદિત કરે છે.. સંક્ષેપમાં: આવશ્યક લક્ષણ તરીકે લાયક ઠરવા માટે, સિદ્ધાંતને સૌપ્રથમ બંધારણીય કાયદાના ભાગ તરીકે અને તે રીતે વિધાનમંડળ પર બંધનકર્તા તરીકે સ્થાપિત કરવો પડશે. માત્ર ત્યારે જ, એ તપાસી શકાય છે કે શું તે એટલો મૂળભૂત છે કે તે સંસદની સુધારા કરવાની સત્તાને પણ બાંધે છે, એટલે કે બંધારણના મૂળભૂત માળખાનો ભાગ બને છે. મૂળભૂત માળખાના સિદ્ધાંતના સંદર્ભમાં બંધારણીય સુધારાઓની ન્યાયિક સમીક્ષાનું આ ધોરણ છે."

[ભાર આપેલ છે]

૮૧. આઈ.આર. કોએલ્હો (મૃત્યુ પામેલ) કાનૂની વારસદારો મારફતે વિ. સ્ટેટ ઓફ ટી.એન. (૨૦૦૭) ૨ એસ.સી.સી. ૧ માં, આ કોર્ટે ચુકાદો આપ્યો હતો;

"૧૨૯. સમાનતા, કાયદાનું શાસન, ન્યાયિક સમીક્ષા અને સત્તાનું પૃથક્કરણ બંધારણના મૂળભૂત માળખાના ભાગો રચે છે. આમાંનો દરેક ખ્યાલ ગાઢ રીતે જોડાયેલો છે. જો કાયદા સમક્ષ સમાનતા ન હોય, તો કાયદાનું કોઈ શાસન હોઈ શકે નહીં. જો ઉલ્લંઘન ન્યાયિક સમીક્ષાને અધીન ન હોય તો આ અર્થહીન બની રહેશે. જો ધારાસભીય, કારોબારી અને ન્યાયિક સત્તાઓ કોઈ એક અંગમાં નિહિત હોય તો આ તમામ નિરર્થક બની જશે. તેથી, મર્યાદાઓનું ઉલ્લંઘન થયું છે કે કેમ તે નક્કી કરવાની ફરજ ન્યાયતંત્ર પર મૂકવામાં આવી છે.

૧૩૦. મૂળભૂત અધિકારોનો અમલ સુરક્ષિત કરવો જરૂરી છે તે સમજીને, આવા અમલ માટેની સત્તા બંધારણ દ્વારા સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટોમાં નિહિત કરવામાં આવી છે. ન્યાયિક સમીક્ષા એ બંધારણનું એક આવશ્યક લક્ષણ છે. તે બંધારણના ભાગ ૩ માં અને બંધારણના અન્ય ભાગોમાં સમાવિષ્ટ બંધારણના ઉદ્દેશોને વ્યવહારુ સ્વરૂપ આપે છે. એ નોંધી શકાય કે માત્ર એ હકીકત કે સમાનતા, જે મૂળભૂત માળખાનો એક ભાગ છે, ચોક્કસ પ્રકારના કાયદાઓનું રક્ષણ કરવા માટે મર્યાદિત હેતુસર બાકાત રાખી શકાય છે, તે તેને મૂળભૂત માળખાનો ભાગ બનતા અટકાવતી નથી. તેથી, એ ફલિત થાય છે કે બંધારણનું કોઈપણ ચોક્કસ લક્ષણ - કાયદાનું શાસન, સત્તાનું પૃથક્કરણ - મૂળભૂત માળખાનો ભાગ છે કે કેમ તે વિચારતી વખતે, ચોક્કસ પ્રકારના કાયદાઓનું રક્ષણ કરવા માટે મર્યાદિત

હેતુઓ માટે મર્યાદિત અપવાદો કરવામાં આવ્યા છે તે હકીકતનો અર્થ એ નથી કે તે મૂળભૂત માળખાનો ભાગ નથી."

[ભાર આપેલ છે]

૮૨. ભારતી કેસથી શરૂ કરીને ઉપરોક્ત કેસોના ચુકાદાઓનું વિશ્લેષણ નીચેના વિધાનો તારવે છે:

(૧) અનુચ્છેદ ૩૬૮ સંસદને બંધારણની કોઈપણ જોગવાઈમાં સુધારો કરવા સક્ષમ બનાવે છે;

(૨) જોકે, અનુચ્છેદ ૩૬૮ હેઠળની સત્તા સંસદને બંધારણના મૂળભૂત માળખાનો નાશ કરવા સક્ષમ બનાવતી નથી;

(૩) ઉપર ઉલ્લેખિત કેસો પૈકીના કોઈ પણ કેસે બંધારણનું મૂળભૂત માળખું શું છે તે નિર્દિષ્ટ કર્યું નથી કે જાહેર કર્યું નથી; (૪) "મૂળભૂત માળખું" અને "મૂળભૂત લક્ષણો" શબ્દપ્રયોગો

અલગ અલગ વિચારો વ્યક્ત કરે છે જોકે કેટલાક વિદ્વાન ન્યાયમૂર્તિઓએ તે શબ્દપ્રયોગોનો એકબીજાના સ્થાને ઉપયોગ કર્યો હતો.

(૫) બંધારણનું મૂળભૂત માળખું એ બંધારણના મૂળભૂત લક્ષણોનો કુલ સરવાળો છે;

(૬) આ કોર્ટ દ્વારા અત્યાર સુધી ઓળખવામાં આવેલા કેટલાક મૂળભૂત લક્ષણોમાં લોકશાહી, બિનસાંપ્રદાયિકતા, દરજ્જાની સમાનતા, ન્યાયતંત્રની સ્વતંત્રતા, ન્યાયિક સમીક્ષા અને કેટલાક મૂળભૂત અધિકારો છે;

(૭) કેટલાક અપવાદોને અધીન રહીને, મૂળભૂત લક્ષણો પૈકીના કોઈપણ એકની નાબૂદી સામાન્ય રીતે બંધારણના મૂળભૂત માળખાના વિનાશમાં પરિણમે છે;

(૮) કોઈ ચોક્કસ મૂળભૂત લક્ષણની નાબૂદી બંધારણના મૂળભૂત માળખાનો નાશ કરે છે તેમ ક્યારે કહી શકાય, તે જે મૂળભૂત લક્ષણમાં સુધારો કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે તેના સ્વરૂપ અને સુધારાના સંદર્ભ પર નિર્ભર કરે છે. તમામ મૂળભૂત લક્ષણોના સંદર્ભમાં સાર્વત્રિક રીતે લાગુ પડે તેવી કોઈ કસોટી નથી.

૮૩. અગાઉ ઉલ્લેખિત વિવિધ કેસોમાં અત્યાર સુધી ઓળખવામાં આવેલા મોટાભાગના મૂળભૂત લક્ષણો બંધારણના કોઈપણ એક જ અનુચ્છેદમાંથી ઉદ્ભવતા નથી. તેઓ અનેક અનુચ્છેદોના સંયોજનમાંથી ઉદ્ભવતા ખ્યાલો છે જેમાંથી દરેક ચોક્કસ અધિકારો અથવા જવાબદારીઓ અથવા બંનેનું સર્જન કરે છે (સરળ સંદર્ભ ખાતર હું તેમને "તત્વો" કહું છું). ઉદાહરણ તરીકે,

(એ) જ્યારે એવું કહેવામાં આવે છે કે લોકશાહી આપણા બંધારણનું મૂળભૂત લક્ષણ છે, ત્યારે આવું લક્ષણ, મારા મતે, બંધારણના વિવિધ

અનુચ્છેદોમાંથી ઉદ્ભવે છે જે વિધાન મંડળો૭૦ (સંસદ અને રાજ્ય વિધાનમંડળો) ની સ્થાપનાની જોગવાઈ કરે છે અને તે અનુચ્છેદો જે પુખ્ત મતાધિકાર૭૨ પર આધારિત આ મંડળોની સામયિક ચૂંટણી૭૧ નિર્ધારિત કરે છે; આ મંડળોને સોંપવામાં આવેલી ભૂમિકા, એટલે કે, તેમના સંબંધિત ક્ષેત્રોમાં આ દેશના શાસન માટે કાયદા ઘડવા૭૩; અને સામયિક ચૂંટણીઓ યોજવા માટે એક સ્વતંત્ર તંત્ર૭૪ ની સ્થાપના વગેરે; (બી) બિનસાંપ્રદાયિકતાનો ખ્યાલ મૂળભૂત અધિકારોના પ્રકરણમાં સમાવિષ્ટ વિવિધ અનુચ્છેદોમાંથી ઉદ્ભવે છે જેમ કે અનુચ્છેદો ૧૫ અને ૧૬ જે ધર્મના કારણસર રાજ્યને કોઈપણ પ્રકારનો ભેદભાવ રાખવાથી પ્રતિબંધિત કરે છે અને અનુચ્છેદો ૨૫ થી ૩૦ જે દરેક વ્યક્તિને ધર્મની સ્વતંત્રતા સંબંધિત અમુક મૂળભૂત અધિકારોની બાંહેધરી આપે છે અને લઘુમતીઓના સંદર્ભમાં આવા અધિકારોનો ચોક્કસ ઉલ્લેખ કરે છે.

૮૪. મૂળભૂત લક્ષણ રચતા અનુચ્છેદોના સમૂહમાંના એક જ અનુચ્છેદમાં સુધારાના પરિણામે મૂળભૂત લક્ષણની નાબૂદી થઈ શકે છે જેવું કે મિનર્વા મિલ્સ કેસ અને ઇન્દિરા નેહરુ ગાંધી કેસમાં બન્યું હતું.

૮૫. બીજી તરફ, કેટલાક મૂળભૂત લક્ષણોના સંદર્ભમાં આવું પરિણામ ન પણ આવી શકે. ઉદાહરણ તરીકે, અનુચ્છેદ ૩૨૬ નિર્ધારિત કરે છે કે લોકસભા અને વિધાનસભાઓની ચૂંટણી પુખ્ત મતાધિકારના આધારે થશે. સદર અનુચ્છેદમાં પુખ્ત મતાધિકાર નીચે મુજબ સમજાવવામાં આવ્યો છે:

" ... એટલે કે, જે દરેક વ્યક્તિ ભારતનો નાગરિક હોય અને જે અઢાર વર્ષ કરતાં ઓછી

૭૦ અનુચ્છેદો ૭૯-૮૪ અને ૧૬૮-૧૭૩ ૭૧ અનુચ્છેદો ૮૩ અને ૧૭૨ ૭૨ અનુચ્છેદ ૩૨૬ ૭૩ અનુચ્છેદો ૨૪૫ અને ૨૪૬ વગેરે ૭૪ અનુચ્છેદ ૩૨૪ યોગ્ય વિધાનમંડળ દ્વારા કરવામાં આવેલા કોઈ કાયદાથી અથવા તે હેઠળ તે સંબંધમાં નિયત કરવામાં આવે તેવી તારીખે ઉંમર ધરાવતી ન હોય અને આ બંધારણ હેઠળ અથવા યોગ્ય વિધાનમંડળ દ્વારા કરવામાં આવેલા કોઈ કાયદા હેઠળ બિન-રહેઠાણ, અસ્વસ્થ મન, ગુનો અથવા ભ્રષ્ટ કે ગેરકાયદે આચરણના કારણસર અન્યથા ગેરલાયક ન હોય, તે આવી કોઈ પણ ચૂંટણીમાં મતદાર તરીકે નોંધાવા હકદાર રહેશે."

ઘટકો પૈકીનું એક ૧૮ વર્ષની લઘુત્તમ વયમર્યાદાનું નિર્ધારણ છે. નિઃશંકપણે, લોકસભા અને વિધાનસભાઓની ચૂંટણી પ્રક્રિયામાં ભાગ લેવા માટે ભારતના નાગરિકોની તરફેણમાં અનુચ્છેદ ૩૨૬ હેઠળ રચાયેલો અધિકાર એ મૂળભૂત લક્ષણ એટલે કે લોકશાહીનો એક અભિન્ન ભાગ (સરળતા ખાતર, હું તેને એક તત્વ કહું છું) છે. જોકે, કેટલાક માન્ય કારણોસર, જો સંસદ વધુ લઘુત્તમ વયમર્યાદા નક્કી કરીને અનુચ્છેદ ૩૨૬ માં સુધારો કરે, તો એ શંકાસ્પદ છે કે શું આવો સુધારો લોકશાહીના મૂળભૂત લક્ષણનો લોપ કરનારો બનશે કે જેના પરિણામે બંધારણના મૂળભૂત માળખાનો નાશ થશે. એ યાદ રાખવું યોગ્ય છે કે આજે અનુચ્છેદ ૩૨૬ હેઠળ આવતી ૧૮ વર્ષની લઘુત્તમ વય ધ કોન્સ્ટીટ્યુશન

(સિક્સ્ટી-ફર્સ્ટ એમેન્ડમેન્ટ) એક્ટ, ૧૯૮૮ મારફતે દાખલ કરવામાં આવી હતી. સદર સુધારા પહેલાં, લઘુત્તમ વયમર્યાદા ૨૧ વર્ષ હતી.

૮૬. જેમ કે મિનર્વા મિલ્સ કેસમાં આ કોર્ટે ઠેરવેલ કે, એક જ અનુચ્છેદમાં સુધારો બંધારણના મૂળભૂત માળખાના વિનાશમાં પરિણમી શકે છે, જે મૂળભૂત લક્ષણના સ્વરૂપ અને તે અનુચ્છેદના રદ્દીકરણના સંદર્ભ પર આધાર રાખે છે જો સદર અનુચ્છેદ દ્વારા પ્રાપ્ત કરવા માંગતો હેતુ બંધારણના મૂળભૂત માળખા માટે આવશ્યક સારતત્વ બનતો હોય.

૮૭. મારા મતે, આ કેસો પણ હાથ પરના કેસનો નિર્ણય કરવા માટે ખરેખર કોઈ ઉપયોગી નથી કારણ કે તેઓ એવો કોઈ સામાન્ય સિદ્ધાંત નિર્ધારિત કરતા નથી કે જેના દ્વારા એ નક્કી કરી શકાય કે ક્યારે બંધારણીય સુધારો બંધારણના મૂળભૂત માળખાનો નાશ કરે છે તેમ કહી શકાય. હાથ પરના કેસમાં, મૂળભૂત લક્ષણની ઓળખ વિવાદમાં નથી. પ્રશ્ન એ છે કે શું સુધારો ન્યાયતંત્રની સ્વતંત્રતાને (એક મૂળભૂત લક્ષણ) રદબાતલ કરનારો છે, જેના પરિણામે બંધારણના મૂળભૂત માળખાનો નાશ થાય છે.

૮૮. જે મૂળભૂત લક્ષણ સાથે આપણે કામ લઈ રહ્યા છીએ તેના સ્વરૂપને કારણે જ, તે વ્યક્તિઓની તરફેણમાં કોઈ મૂળભૂત કે બંધારણીય અધિકાર પ્રદાન કરતું નથી. તે ભારતના લોકોને ન્યાય, સ્વતંત્રતા અને સમાનતા સુનિશ્ચિત કરવા માટેનું માત્ર એક સાધન છે. તે શાસનવ્યવસ્થાની તરફેણમાં એક

એવું ન્યાયતંત્ર મેળવવાનો સામૂહિક અધિકાર ઊભો કરે છે કે જે નિર્ણય લેવાના તેના આવશ્યક કાર્યમાં કારોબારી કે ધારાસભાના નિયંત્રણથી મુક્ત હોય.

૮૯. સુધારા સામેના પડકારની અગાઉની ચર્ચાના સંદર્ભમાં તપાસ કરવી આવશ્યક છે. અરજદારોએ દલીલ કરી હતી કે (૧) ન્યાયતંત્રની સ્વતંત્રતા એ બંધારણના મૂળભૂત માળખાનું એક મૂળભૂત લક્ષણ (ઘટક) છે; (૨) બંધારણીય અદાલતોના સભ્યોની નિમણૂકની પ્રક્રિયા આવા ઘટકનું આવશ્યક અંગ (તત્વ) છે; (૩) સુધારા વગરના અનુચ્છેદો ૧૨૪ અને ૨૧૭ હેઠળ નિર્ધારિત પ્રક્રિયા, જેમ કે આ કોર્ટ દ્વારા સેકન્ડ અને થર્ડ જજિસ કેસોમાં અર્થઘટન કરવામાં આવેલ છે, તે એક મૂળભૂત લક્ષણ છે અને બંધારણના ઘડવૈયાઓ દ્વારા ન્યાયતંત્રની સ્વતંત્રતા સુનિશ્ચિત કરવા માટે, રાષ્ટ્રપતિ (કારોબારી)ના અભિપ્રાયને નહીં, પરંતુ સીજેઆઈ (કોલેજિયમ)ના અભિપ્રાયને પ્રાથમિકતા આપીને આવી રીતે તૈયાર કરવામાં આવી હતી; (૪) સુધારો આવી પ્રાથમિકતાને નબળી પાડે છે અને કારોબારીની તરફેણમાં સંતુલન ઝુકાવે છે, જેનાથી મૂળભૂત લક્ષણને રદબાતલ કરે છે, જે મૂળભૂત માળખાના વિનાશ તરફ દોરી જાય છે.

૯૦. અરજદારોના આક્ષેપનું મુખ્ય લક્ષ્ય સુધારાની કલમ ૨(એ) છે કે જેના દ્વારા બંધારણીય અદાલતોના ન્યાયમૂર્તિઓની નિમણૂક માટેની સંસ્થાકીય વ્યવસ્થા બદલવામાં આવી છે.

અરજદારોના જણાવ્યા મુજબ, સુધારો એ બંધારણીય અદાલતોમાં ન્યાયમૂર્તિઓની નિમણૂક કરવાની સત્તા હડપ કરવાનો કારોબારી શાખાનો નિર્લજ્જ પ્રયાસ છે. કારોબારીના હાથમાં સત્તાનું આવું હસ્તાંતરણ બંધારણીય અદાલતોને એવી વ્યક્તિઓથી ભરી દેવા સક્ષમ બનાવશે કે જેઓ સંભવતઃ ઓછા સ્વતંત્ર હશે.

૯૧. વધુમાં એવી દલીલ કરવામાં આવી છે કે સેકન્ડ અને થર્ડ જજિસ કેસોમાં નિર્ધારિત સિદ્ધાંતો માત્ર વાદગ્રસ્ત સુધારા પહેલાં અસ્તિત્વમાં હતા તે મુજબના બંધારણના લખાણના અર્થઘટન પર જ આધારિત નથી પરંતુ એવા મૂળભૂત બંધારણીય સિદ્ધાંતના આધારે પણ છે કે સ્વતંત્ર ન્યાયતંત્ર એ બંધારણના મૂળભૂત લક્ષણો પૈકીનું એક છે. બંધારણીય અદાલતોના ન્યાયમૂર્તિઓની નિમણૂકની પ્રક્રિયા સ્વતંત્ર ન્યાયતંત્રની સ્થાપના અને તેના પોષણમાં એક મહત્વપૂર્ણ તત્વ છે. આવું તારણ વાદગ્રસ્ત સુધારા પહેલાંના અનુચ્છેદો ૧૨૪ અને ૨૧૭ ના લખાણમાંથી માત્ર મળતું નથી પરંતુ બંધારણની યોજનામાંથી ઉદ્ભવતા એક અનિવાર્ય ગર્ભિતાર્થમાંથી પણ મળે છે જે અનુચ્છેદો ૩૨, ૫૦, ૧૧૨(૩)(ડી), ૧૧૩(૧), ૨૦૩(૧), ૧૨૫(૨), ૨૨૧(૨) વગેરે દ્વારા પ્રમાણિત થાય છે.

૯૨. અરજદારો પૈકીના એક તરફથી હાજર રહેલા વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી નરીમને ભારપૂર્વક રજૂઆત કરી હતી કે તેઓ અનુચ્છેદો ૧૨૪ અને ૨૧૭ હેઠળ પૂરી પાડવામાં આવેલી વ્યવસ્થાના ફેરફારની વિરુદ્ધ નથી. તેમણે રજૂઆત કરી

હતી કે બાબતનું આ પાસું ન્યાયમૂર્તિ એમ.એન. વેંકટચલૈયા કમિશન૭૫ ની વિચારણા હેઠળ આવ્યું હતું, જેણે નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશનની રચના કરવાની ભલામણ પણ કરી હતી પરંતુ સહેજ અલગ રચના સાથે૭૬. જો સંસદ ખરેખર

૭૫ ન્યાયમૂર્તિ એમ.એન. વેંકટચલૈયાના અધ્યક્ષપદે ધ નેશનલ કમિશન ટુ રિવ્યુ ધ વર્કિંગ ઓફ ધ કોન્સ્ટીટ્યુશન (એનસીઆરડબલ્યુસી), ૨૦૦૨

૭૬ ૭.૩.૭ "'ન્યાયમૂર્તિઓની નિમણૂકની પદ્ધતિ સંબંધિત બાબત પર એક દાયકાથી વધુ સમય સુધી ચર્ચા કરવામાં આવી હતી. ધ કોન્સ્ટીટ્યુશન (સિક્સટી-સેવન્થ એમેન્ડમેન્ટ) બિલ, ૧૯૯૦ એ ૧૮ મે, ૧૯૯૦ ના રોજ (૯મી લોકસભા) રજૂ કરવામાં આવ્યું હતું કે જે સુપ્રિમ કોર્ટ અને વિવિધ હાઇકોર્ટોમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની ભલામણ કરવા માટે નેશનલ જ્યુડિશિયલ કમિશનના સંસ્થાકીય માળખાની જોગવાઈ કરતું હતું. ઉચ્ચ ન્યાયતંત્રના સભ્યોની પસંદગી માટેની વ્યવસ્થામાં ફેરફાર કરવા માંગતી હતી, તો ન્યાયમૂર્તિ એમ.એન. વેંકટચલૈયા કમિંશન દ્વારા ભલામણ કરવામા આવેલું મોડેલ અપનાવી શકાયું હોત. શ્રી નરીમનના જણાવ્યા મુજબ, સુધારામાં અપનાવવામાં આવેલા મોડેલ કરતાં ન્યાયતંત્રની સ્વતંત્રતા જાળવવા માટે વેંકટચલૈયા કમિશન દ્વારા દર્શાવવામાં આવેલું મોડેલ વધુ યોગ્ય છે. શ્રી નરીમને વધુમાં એવી દલીલ કરી હતી કે ન્યાયમૂર્તિ એમ.એન. વેંકટચલૈયા કમિશનની ભલામણો શા માટે

સ્વીકારવામાં ન આવી તે સ્પષ્ટ કરતા કોઈ કારણો યુનિયન ઓફ ઈન્ડિયા દ્વારા આપવામાં આવ્યા નથી.

૯૩. બીજી તરફ, વિદ્વાન એટર્ની જનરલ અને વિવિધ સામાવાળાઓ તરફથી હાજર રહેલા અન્ય વરિષ્ઠ વકીલો દ્વારા રજૂઆત કરવામાં આવી છે કે; કોર્ટો વધુમાં, એવું જણાય છે કે તાજેતરમાં વિશ્વભરમાં આ કાર્યને કારોબારીના અનન્ય હુકમથી દૂર ખસેડવા અને એવા કોઈ સંસ્થાકીય માળખાને સાંકળવા માટેનું એક વલણ રહ્યું છે કે જેના હેઠળ આવી નિમણૂકો કરતાં પહેલાં કોઈ સ્તરે ન્યાયતંત્ર સાથે વિચાર-વિમર્શ કરવાની જોગવાઈ હોય. જાપાન, ઈઝરાયેલ અને યુકેમાં કોઈને કોઈ સ્વરૂપે વિચાર-વિમર્શની પદ્ધતિ પહેલેથી જ ઉપલબ્ધ છે. ધ કોન્સ્ટીટ્યુશન (સિક્સટી-સેવન્થ એમેન્ડમેન્ટ) બિલ, ૧૯૯૦ માં સુપ્રિમ કોર્ટમાં નિમણૂક કરવા માટે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને સુપ્રિમ કોર્ટના અન્ય બે ન્યાયમૂર્તિઓના કોલેજિયમની જોગવાઈ કરવામાં આવી હતી. જોકે, આવી ભલામણો કરવામાં કારોબારી અને ન્યાયતંત્ર બંનેની સહભાગિતા સાથેનો સહભાગી અભિગમ હોવો યોગ્ય રહેશે. કમિશન કોલેજિયમની એવી રચનાની દરખાસ્ત કરે છે કે જે ન્યાયમૂર્તિઓની નિમણૂકની વ્યવસ્થા માટે એક સંકલિત યોજના તરીકે રાજ્યના કારોબારી અને ન્યાયિક બંને અંગોને યોગ્ય મહત્વ આપે છે અને તેમની અસરકારક સહભાગિતા પૂરી પાડે છે. આ કમિશન, તે અનુસાર, બંધારણ હેઠળ નેશનલ જ્યુડિશિયલ કમિશનની સ્થાપના કરવાની ભલામણ કરે છે. ન્યાયમૂર્તિઓની નિમણૂક માટેનું નેશનલ જ્યુડિશિયલ કમિશન સુપ્રિમ કોર્ટ માટેનું આ મુજબનું બનેલું રહેશે: ૧. ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અધ્યક્ષ ૨. સુપ્રિમ

કોર્ટના બે સૌથી વરિષ્ઠ ન્યાયમૂર્તિઓ સભ્ય: ૩ કાયદા અને ન્યાયના કેન્દ્રીય મંત્રી સભ્ય: ૪ સીજેઆઈ સાથે વિચાર-વિમર્શ કર્યા પછી રાષ્ટ્રપતિ દ્વારા નામાંકિત એક પ્રતિષ્ઠિત વ્યક્તિ સભ્ય

નેશનલ જ્યુડિશિયલ કમિશનની સ્થાપના માટેની ભલામણ અને તેની રચનાને ન્યાયતંત્રની સ્વતંત્રતા જાળવવાની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને અભિન્ન ગણવાની રહેશે."

(૧) બંધારણમાં સુધારો કરવાની સંસદની સત્તા માત્ર એ મર્યાદાને અધીન સંપૂર્ણ સત્તા છે કે તે બંધારણના મૂળભૂત માળખાને રદબાતલ કરી શકે નહીં. આ સુધારો કોઈપણ રીતે બંધારણના મૂળભૂત માળખાને રદબાતલ કરતો નથી. (૨) ન્યાયતંત્રની સ્વતંત્રતા એ બંધારણ દ્વારા પરિકલ્પિત એકમાત્ર ઉદ્દેશ્ય નથી, તે એક કાર્યક્ષમ ન્યાયતંત્રની પણ પરિકલ્પના કરે છે. આવા બેવડા ઉદ્દેશ્યો સિદ્ધ કરવા માટે, સંસદે તેની બુદ્ધિમત્તામાં વિચાર્યું કે સુધારા પહેલાં અસ્તિત્વમાં હતી તે મુજબની બંધારણીય અદાલતોના સભ્યોની પસંદગી પ્રક્રિયામાં ફેરફાર કરવાની જરૂર હતી. સામાન્ય કાયદાના સંદર્ભમાં પણ, સંસદની બુદ્ધિમત્તા આ કોર્ટની ચકાસણીને પાત્ર નથી. તાર્કિક રીતે, તેથી એક બંધારણીય સુધારાને વધુ માત્રામાં મુક્તિ મળવી જોઈએ.

બીજા શબ્દોમાં કહીએ તો, જ્યાં સંસદ દ્વારા પ્રાપ્ત કરવા માંગતો ધ્યેય બંધારણીય રીતે કાયદેસર હોય, ત્યાં જે કાયદા દ્વારા આવો ધ્યેય પ્રાપ્ત કરવા માંગતો હોય તેને માત્ર મર્યાદિત કારણોસર જ પડકારી શકાય છે. તે કારણો છે:

(૧) ધારાકીય સક્ષમતાનો અભાવ, (૨) કાયદો બંધારણના ભાગ ૩ માં ગણાવેલા મૂળભૂત અધિકારો પૈકીના કોઈપણ એકનું ઉલ્લંઘન કરે છે, અથવા બંધારણના અન્ય કોઈ સ્પષ્ટ નિષેધનું ઉલ્લંઘન કરે છે. આવા વાંધાજનક લક્ષણોની ગેરહાજરીમાં, કાયદા દ્વારા જે ધ્યેય પ્રાપ્ત કરવા માંગતો હોય તે ધ્યેય કાયદા દ્વારા પસંદ કરાયેલ પદ્ધતિ સિવાયની અન્ય પદ્ધતિઓ દ્વારા પ્રાપ્ત કરી શકાય તેવી શક્યતા, સામાન્ય કાયદાને પણ અમાન્ય ઠેરવવા માટે ક્યારેય કારણ બની શકે નહીં, જેમ કે આ કોર્ટ દ્વારા સતત ઠેરવવામાં આવેલ છે.

બંધારણીય સુધારાના કિસ્સામાં, ઉપરોક્ત અર્થમાં ધારાકીય સક્ષમતાનો પ્રશ્ન અને બંધારણની અન્ય જોગવાઈઓ સાથેનો સંઘર્ષ અપ્રસ્તુત છે અને તે ઉપસ્થિત થતો નથી.

(૩) શાસનના ત્રણ મહાન અંગો - ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્ર પર બંધારણ દ્વારા પ્રદાન કરવામાં આવેલી સત્તાઓનું નિયંત્રણ અને સંતુલન તમામ લોકશાહી બંધારણોનું સૌથી મૂળભૂત લક્ષણ છે. ત્રણ અંગો પૈકીના કોઈપણ એક અંગની સંપૂર્ણ સ્વતંત્રતા એ મુખ્ય લોકશાહી મૂલ્યો અને આપણા બંધારણની યોજના સાથે અસંગત છે. આ કોર્ટે સુધારા પહેલાં અસ્તિત્વમાં હતા તે મુજબના બંધારણની અર્થઘટન પ્રક્રિયા દ્વારા આવા સંતુલનને ખલેલ પહોંચાડી હતી. આ સુધારો માત્ર આવા સંતુલનને પુનઃસ્થાપિત કરવાનો પ્રયાસ કરે છે અને તેથી તે બંધારણના મૂળભૂત માળખાનો નાશ કરનારો છે તેમ કહી શકાય નહીં.

(૪) સેકન્ડ અને થર્ડ જજિસ કેસોમાં આ કોર્ટ દ્વારા નિર્ધારિત કરવામાં આવેલો કાયદો હવે પ્રસ્તુત રહ્યો નથી તે હકીકતને ધ્યાનમાં રાખીને કે સદર કેસોમાં અર્થઘટનનો વિષય બનેલું બંધારણનું લખાણ હવે સુધારી દેવામાં આવ્યું છે. કાયદાઓના અર્થઘટનના સુસ્થાપિત સિદ્ધાંતોના સંદર્ભમાં તે બે કેસોમાં નિર્ધારિત કરવામાં આવેલો કાયદો હવે યોગ્ય કાયદો રહ્યો નથી. વધુમાં એવી દલીલ કરવામાં આવી છે કે જો આ કોર્ટ એવા તારણ પર આવે કે ઉપરોક્ત બે ચુકાદાઓમાં નિર્ધારિત કાયદો સુધારાની બંધારણીય માન્યતા નક્કી કરવા માટે કોઈ પ્રસ્તુતતા ધરાવે છે, તો તે ચુકાદાઓમાં નિર્ધારિત સિદ્ધાંતોની શુદ્ધતા અંગે પણ યોગ્ય સંખ્યાબળ ધરાવતી બેંચ દ્વારા પુનઃવિચારણા કરવાની જરૂર છે. એટર્ની જનરલ અને સામાવાળાઓ તરફના અન્ય વિદ્વાન વકીલોના જણાવ્યા મુજબ, ઉપરોક્ત બે ચુકાદાઓ તે સમયે અસ્તિત્વમાં હતા તે મુજબના બંધારણના લખાણથી વિપરીત છે અને સંબંધિત જોગવાઈઓના બંધારણીય ઇતિહાસ અને પૃષ્ઠભૂમિની સંપૂર્ણ અવગણના કરનારા છે. વધુમાં એવી રજૂઆત કરવામાં આવી છે કે બંધારણની યોજના હેઠળ, વિવિધ જોગવાઈઓ હેઠળ ઘણી હદ સુધી સ્વાયત્તતા આપવામાં આવી હોવા છતાં, આ કોર્ટ કે હાઇકોર્ટોને કોઈ બિનશરતી સ્વાયત્તતા આપવામાં આવી નથી. ઉદાહરણ તરીકે અનુચ્છેદો ૧૨૫ અને ૨૨૧, ૧૩૭, ૧૪૦, ૧૪૫ વગેરે હેઠળ સંસદ દ્વારા બનાવવામાં આવેલા કાયદા દ્વારા પગાર, વિશેષાધિકારો અને ભથ્થાં, પેન્શન વગેરેનું હજુ પણ વિનિયમન કરી શકાય છે.

(૫) એવી રજૂઆત કરવામાં આવી છે કે ન્યાયતંત્રની સ્વતંત્રતા એ નિર્વિવાદપણે બંધારણનું એક મૂળભૂત લક્ષણ છે. આ મૂળભૂત લક્ષણનું એક આવશ્યક તત્વ એ છે કે આવી નિમણૂક પ્રક્રિયામાં રાષ્ટ્રપતિ (કારોબારી) પાસે અનિયંત્રિત વિવેકાધિકાર હોવો જોઈએ નહીં, પરંતુ એવું નથી કે સીજેઆઈ (કોલેજિયમ)ના અભિપ્રાયને પ્રાથમિકતા કે પ્રભુત્વ હોવું જોઈએ. સેકન્ડ અને થર્ડ જજિસ કેસોમાં આ કોર્ટના ચુકાદાઓ માત્ર લખાણથી વિપરીત જ નથી પરંતુ બંધારણ સભાના ઈરાદાથી સ્પષ્ટપણે વિરુદ્ધ અને ન્યાયિક સત્તાની મર્યાદાઓથી તદ્દન બહાર છે, તે અર્થઘટનના ઓઠા હેઠળ બંધારણ ઘડવાની સત્તાનો ઉપયોગ છે. સુધારા હેઠળ, બંધારણીય અદાલતોના ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં રાષ્ટ્રપતિ પાસે કોઈ વિવેકાધિકાર નથી. તેઓ એનજેએસી ની ભલામણથી બંધાયેલા છે જેમાં ન્યાયતંત્રના સભ્યો સૌથી મોટો એકલ જૂથ બનાવે છે. સંસદે બંધારણ ઘડવાની સત્તાનો ઉપયોગ કરીને (અનુચ્છેદ ૩૬૮ હેઠળ) એ યોગ્ય માન્યું કે બંધારણીય અદાલતોમાં નિમણૂકોની પ્રક્રિયામાં નાગરિક સમાજના પ્રતિનિધિઓને સહભાગી ભૂમિકા આપવી જોઈએ અને તેમની ઉપસ્થિતિ સંભવિત અને પરિણામે વિનાશક 'બાંધછોડ' પર નિયંત્રણ રાખશે; (૧) ન્યાયતંત્રનું પ્રતિનિધિત્વ કરતા ત્રણ સભ્યો વચ્ચે અને તેમની અંદરોઅંદર અને (૨) ન્યાયતંત્ર અને કારોબારી વચ્ચે; અને જે અત્યાર સુધી અપારદર્શક પ્રક્રિયા હતી તેમાં પારદર્શિતા વધારશે. સંસદની આવી બુદ્ધિમત્તા સામે સવાલ ઉઠાવી શકાય નહીં. આ એક સ્થાપિત અને આદરણીય સિદ્ધાંત છે કે સામાન્ય કાયદાના

સંદર્ભમાં પણ કોર્ટ સંસદની બુદ્ધિમત્તા પર પોતાનો ચુકાદો આપવા બેસશે નહીં; બંધારણીય સુધારો વધુ માત્રામાં આદરની અપેક્ષા રાખે છે.

(૬) સુધારાની યોજના હેઠળ પણ, ન્યાયતંત્ર એક પ્રમુખ ભૂમિકા ધરાવે છે. નવી વ્યવસ્થા હેઠળ, કારોબારીને આ દેશની બંધારણીય અદાલતોમાં મળતીયાઓની ભરતી કરવાની તક મળશે તેવી આશંકા અતાર્કિક અને પાયાવિહોણી છે. એનજેએસીમાં આ કોર્ટના ત્રણ સૌથી વરિષ્ઠ ન્યાયમૂર્તિઓની ઉપસ્થિતિ આવી શક્યતા સામે એક સંપૂર્ણ સુરક્ષાત્મક ઉપાય છે. કારોબારી દ્વારા જો ક્યારેય આવો પ્રયાસ કરવામાં આવે તો, ત્રણ ન્યાયમૂર્તિઓ પૈકીના કોઈપણ બે ન્યાયમૂર્તિ આવા પ્રયાસને અટકાવી શકે છે.

(૭) ન્યાયમૂર્તિ એમ.એન. વેંકટચલૈયાના વડપણ હેઠળના કમિશને કેટલીક ભલામણો કરી હતી તે હકીકતનો અર્થ અનિવાર્યપણે એવો નથી થતો કે કમિશન દ્વારા સૂચવવામાં આવેલું મોડેલ એ ન્યાયતંત્રની સ્વતંત્રતા સુનિશ્ચિત કરવા માટેનું એકમાત્ર મોડેલ અથવા શ્રેષ્ઠ મોડેલ છે. કોઈપણ સંજોગોમાં, યોગ્ય મોડેલની પસંદગીમાં અનિવાર્યપણે મૂલ્ય નિર્ધારણ સામેલ હોય છે. સંસદ દ્વારા તેની બંધારણીય સત્તાઓનો ઉપયોગ કરીને પસંદ કરવામાં આવેલા મોડેલને માત્ર એ કારણોસર ગેરબંધારણીય ઠેરવી શકાય નહીં કે કેટલાકના મતે વધુ સારા મોડેલ અથવા વિકલ્પો ઉપલબ્ધ છે. આવું મૂલ્ય નિર્ધારણ સંપૂર્ણપણે સંસદની બંધારણીય સત્તાઓના દાયરામાં આવે છે. એવી પણ દલીલ કરવામાં આવી છે કે સેકન્ડ અને થર્ડ જજિસ કેસોમાં પ્રતિપાદિત કરવામાં આવેલી બંધારણીય

અદાલતોના સભ્યોની પસંદગી માટેની વ્યવસ્થા, શ્રી નરીમાનના અભિપ્રાય મુજબ પણ શ્રેષ્ઠ નથી. શ્રી નરીમાને તેમના દ્વારા લખાયેલા પુસ્તકો પૈકીના એક પુસ્તક "બિફોર મેમરી ફેડ્સ : એન ઓટોબાયોગ્રાફી"૭૭ માં રેકોર્ડ પર આવું જણાવેલ છે.

> ૭૭ ફાલી એસ. નરીમાન, બિફોર મેમરી ફેડ્સ - એન ઓટોબાયોગ્રાફી, પૃ. ૩૮૯ - "જો ભારતીય સુપ્રિમ કોર્ટ દ્વારા ચુકાદો આપવામાં આવેલ એવો કોઈ મહત્વપૂર્ણ કેસ હોય કે જેમાં હું ઉપસ્થિત રહ્યો હતો અને જીત્યો હતો, અને જેના માટે મને જીવનભર પસ્તાવો રહ્યો હોય, તો તે એ નિર્ણય છે જેનું શીર્ષક છે - સુપ્રિમ કોર્ટ એડવોકેટ્સ-ઓન-રેકોર્ડ એસોસિએશન વિ. યુનિયન ઓફ ઈન્ડિયા. તે વર્ષ ૧૯૯૩નો નિર્ણય છે અને તે સેકન્ડ જજિસ કેસ તરીકે વધુ જાણીતો છે."

૯૪. બંધારણ હેઠળ સ્થાપિત કોઈપણ નિમણૂક પ્રક્રિયા માત્ર સ્વતંત્ર ન્યાયતંત્રની સ્થાપના માટે જ અનુકૂળ હોવી જરૂરી નથી પરંતુ તેની કાર્યક્ષમતા પણ સુનિશ્ચિત કરતી હોવી જોઈએ. સ્વતંત્રતાના રક્ષણ માટે બે ગુણો આવશ્યક છે.

> "સરકારની વિવિધ સત્તાઓના તે અલગ અને વિશિષ્ટ ઉપયોગ માટે યોગ્ય પાયો નાખવા સારુ, જે અમુક હદ સુધી સ્વતંત્રતાના રક્ષણ માટે આવશ્યક હોવાનું સર્વાનુમતે સ્વીકારવામાં આવ્યું છે, તે સ્પષ્ટ છે કે દરેક વિભાગની પોતાની સ્વતંત્ર ઇચ્છા હોવી જોઈએ, અને પરિણામે તેની રચના એવી રીતે

થવી જોઈએ કે દરેકના સભ્યો અન્ય વિભાગોના સભ્યોની નિમણૂકમાં શક્ય તેટલી ઓછી દખલગીરી ધરાવતા હોય. જો આ સિદ્ધાંતનું ચુસ્તપણે પાલન કરવામાં આવે, તો તેના માટે સર્વોચ્ચ કારોબારી, ધારાકીય અને ન્યાયિક મેજિસ્ટ્રેસીની તમામ નિમણૂકો એકબીજા સાથે કોઈપણ પ્રકારનો સંપર્ક ન ધરાવતા માધ્યમો દ્વારા, સત્તાના સમાન સ્ત્રોત એટલે કે લોકોમાંથી મેળવવી જરૂરી બનશે. તેના અમલીકરણમાં કેટલીક મુશ્કેલીઓ અને કેટલાક વધારાના ખર્ચાઓ થશે. તેથી, આ સિદ્ધાંતમાંથી કેટલાક વિચલનો સ્વીકારવા જ પડશે. ખાસ કરીને ન્યાયતંત્ર વિભાગની રચનામાં, આ સિદ્ધાંત પર ચુસ્તપણે આગ્રહ રાખવો અયોગ્ય હોઈ શકે છે: પ્રથમ, કારણ કે સભ્યોમાં વિશિષ્ટ લાયકાતો હોવી આવશ્યક હોવાથી, પ્રાથમિક પૃ. ૪૦૦ - "મને સમજાતું નથી કે સુપ્રિમ

કોર્ટના પ્રથમ પાંચ ન્યાયમૂર્તિઓમાં એવું શું વિશેષ છે. તેઓ માત્ર નિમણૂકની વરિષ્ઠતામાં પ્રથમ પાંચ છે - બુદ્ધિ કે સક્ષમતાની શ્રેષ્ઠતામાં અનિવાર્યપણે નહીં. હાઇકોર્ટના ન્યાયમૂર્તિની (અથવા કોઈ પ્રતિષ્ઠિત વકીલની) સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક કરવા માટે જ્યારે કોઈ દરખાસ્ત કરવામાં આવે ત્યારે સુપ્રિમ કોર્ટના તમામ ન્યાયમૂર્તિઓ સાથે શા માટે વિચાર-વિમર્શ ન કરવો જોઈએ તેનું મને કોઈ કારણ જણાતું નથી. હું એવું સૂચન કરીશ કે પાંચ ન્યાયમૂર્તિઓનું કલોઝ્ડ-સર્કિટ નેટવર્ક વિખેરી નાખવું જોઈએ. તેઓ હંમેશા પોતાના 'પત્તા' છાતી સરસા ચાંપી રાખે છે.

તેઓ કોઈને પૂછતા નથી. તેઓ પોતાના સિવાય કોઈની સાથે વિચાર-વિમર્શ કરતા નથી."

વિચારણા એવી પસંદગીની પદ્ધતિ પસંદ કરવાની હોવી જોઈએ જે આ લાયકાતોને શ્રેષ્ઠ રીતે સુરક્ષિત કરે."૭૮

[ભાર આપેલ છે]

તેમની સમક્ષ લાવવામાં આવતા કેસોનો ઝડપથી અને ન્યાયશાસ્ત્રના લાગુ સિદ્ધાંતો સાથે સુસંગત રીતે નિર્ણય કરી શકે તેવા ન્યાયમૂર્તિઓ, પક્ષકારો અને રાજ્યવ્યવસ્થામાં એવો વિશ્વાસ પેદા કરે છે કે તેઓ ખરેખર ન્યાય તોળે છે. સુધારા પૂર્વેની નિમણૂક પ્રક્રિયા આવી નિમણૂકો કરવામાં સફળ રહી હતી કે કેમ તે બાબત અત્યંત વિવાદાસ્પદ રહી છે. જેવું કે વિદ્વાન

એટોર્ની જનરલ દ્વારા રજૂઆત કરવામાં આવી છે કે, આપણા પ્રજાસત્તાકમાં બંધારણીય અદાલતોમાં નિમણૂકોના ઈતિહાસને બે તબક્કામાં વિભાજિત કરી શકાય છે - સેકન્ડ જજિસ કેસ પહેલાં અને પછીનો તબક્કો. નિઃશંકપણે બંને તબક્કાઓ દરમિયાન, સ્વતંત્રતા અને કાર્યક્ષમતા બંનેના માપદંડ પર નિમણૂક પ્રક્રિયા મિશ્ર પરિણામો આપનારી રહી છે. બંને તબક્કામાં કેટલાક ઉત્કૃષ્ટ અને કેટલાક બહુ ઉત્કૃષ્ટ ન હોય તેવા વ્યક્તિઓની નિમણૂક થઈ હતી. ગંભીરપણે અયોગ્ય નિમણૂકોના આક્ષેપો પુષ્કળ પ્રમાણમાં છે પરંતુ

આપણી સિસ્ટમ ઓડિટ અથવા ગુણાત્મક વિશ્લેષણ માટે કોઈ વ્યવસ્થા પૂરી પાડતી નથી.

આવી વ્યવસ્થાગત ખામી રોગવિષયક પરિણામો ધરાવે છે.

૯૫. બહુમતીની ઇચ્છાનું પ્રતિનિધિત્વ કરતી સંસદને સંતોષ થયો હતો કે પ્રવર્તમાન પ્રક્રિયામાં ફેરફાર જરૂરી છે અને તેણે પોતાની બંધારણીય સત્તા અને તેની સાથે સંકળાયેલા વિવેકાધિકારનો ઉપયોગ કરીને પગલાં લીધાં હતાં. જરૂરિયાતનું આવું બંધારણીય મૂલ્યાંકન સ્પષ્ટપણે ન્યાયિક સમીક્ષાની મર્યાદાની બહાર છે. સુધારા દ્વારા લાવવામાં આવેલ ઉપચાર સુધારા કરવાની સત્તાની અનુમતિપાત્ર મર્યાદાઓનું ઉલ્લંઘન કરે છે કે કેમ તે નિશ્ચિતપણે ન્યાયિક સમીક્ષાને પાત્ર છે, કારણ કે ભારતી કેસમાં કાયદો જાહેર કરવામાં આવ્યો હતો અને ત્યાર પછી સતત તેનું પાલન કરવામાં આવ્યું છે.

૯૬. સુધારાનું લખાણ અને યોજના રાષ્ટ્રપતિને નિમણૂકો કરવામાં વિવેકાધિકાર બાકાત રાખે છે બંધારણીય અદાલતોમાં, અને રાષ્ટ્રપતિએ એનજેએસી દ્વારા કરવામાં આવેલી ભલામણો સ્વીકારવી જરૂરી છે. સુધારેલા અનુચ્છેદો નિર્ધારિત કરે છે કે બંધારણીય અદાલતોના ન્યાયમૂર્તિઓની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા ..... એનજેએસીની ભલામણ પર કરવામાં આવશે.

૯૭. સુધારા પહેલાં, નિમણૂક પ્રક્રિયામાં માત્ર બે પક્ષકારો હતા, કારોબારી અને ન્યાયતંત્ર. તેમની ભૂમિકાઓનું સાપેક્ષ મહત્વ સમયાંતરે બદલાતું રહ્યું હતું.

સુધારો ત્રણ મહત્વપૂર્ણ ફેરફારો કરે છે - (૧) ન્યાયતંત્રની પ્રાથમિકતા ઘટાડવામાં આવી છે; (૨) કારોબારીની ભૂમિકા પણ ઘટાડવામાં આવી છે; અને (૩) નાગરિક સમાજના પ્રતિનિધિઓને વ્યવસ્થાનો એક ભાગ બનાવવામાં આવ્યા છે.

૯૮. ન્યાયિક નિમણૂકોની બાબતમાં ન્યાયતંત્રના અભિપ્રાયની પ્રાથમિકતા એ સ્વતંત્ર અને કાર્યક્ષમ ન્યાયતંત્રની સ્થાપના માટેનું એકમાત્ર સાધન નથી. એવા મંતવ્યોની વિપુલતા છે (કાનૂની ક્ષેત્ર, ન્યાયશાસ્ત્રીઓ, રાજકીય સિદ્ધાંતકારો અને વિદ્વાનોમાં નાગરિક સમાજના વિવેકી અને જવાબદાર વર્ગોમાં) કે ન્યાયતંત્રના અભિપ્રાયને પ્રાથમિકતા આપવી એ સ્વતંત્ર અને કાર્યક્ષમ ન્યાયતંત્રની સ્થાપના માટેનું કોઈ પ્રમાણભૂત કે બંધારણીય મૂળભૂત તત્વ નથી. આવી ધારણા શંકાસ્પદ ચોકસાઈવાળી સાબિત થઈ છે. સંસદની દાવો કરાયેલી ધારણા છે કે નાગરિક સમાજના પ્રતિનિધિત્વનો સમાવેશ કરવાથી અંતિમ હિતધારકો - પ્રજાની અત્યંત ઈચ્છનીય પારદર્શિતા, પ્રતિબદ્ધતા અને સહભાગિતા આવશે. જે તમામ બંધારણીય સત્તાનો સ્ત્રોત છે, જેથી અનેક હરીફ હિતોની વાજબી આકાંક્ષાઓને યોગ્ય ધ્યાનમાં રાખીને સૌથી યોગ્ય વ્યક્તિઓની નિમણૂક સુનિશ્ચિત કરી શકાય. વિવિધ લોકશાહી સમાજો આવી પસંદગી પ્રક્રિયામાં નાગરિક સમાજના પ્રતિનિધિત્વના જોડાણવાળા મોડેલો સાથે પ્રયોગો કરી ચૂક્યા છે અને કરી રહ્યા છે. જોકે આવા પ્રયોગોના પરિણામનું મૂલ્યાંકન અનિર્ણિત છે. પ્રશ્ન એ નથી કે સુધારા દ્વારા કલ્પિત મોડેલ વધુ સ્વતંત્ર અને કાર્યક્ષમ ન્યાયતંત્ર આપશે કે કેમ. પ્રશ્ન એ છે કે બંધારણીય સત્તાનો આશરો

લઈને આવો પ્રયોગ હાથ ધરવાની સંસદની બુદ્ધિમત્તા અને સત્તા ન્યાયિક ચકાસણીને અધીન છે કે કેમ.

૯૯. જેવું કે વિદ્વાન એટોર્ની જનરલ દ્વારા યોગ્ય રીતે નિર્દેશ કરવામાં આવ્યો છે, બંધારણનું મૂળભૂત લક્ષણ એ સીજેઆઈ (કોલેજિયમ) ના અભિપ્રાયની પ્રાથમિકતા નથી પરંતુ બંધારણીય અદાલતોના ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂક કરવા માટે રાષ્ટ્રપતિ (કારોબારી) માં સંપૂર્ણ સત્તા નિહિત ન કરવામાં રહેલું છે. તે લક્ષણ સુધારા દ્વારા રદ કરવામાં આવ્યું નથી. કારોબારી વધુમાં વધુ એનજેએસીમાં તેના પ્રતિનિધિ, એટલે કે કાયદા મંત્રી મારફતે માત્ર એક દરખાસ્ત કરી શકે છે. આવી દરખાસ્ત, જો અયોગ્ય ગણાય, તો એનજેએસીના અન્ય સભ્યો દ્વારા તેને હજુ પણ નકારી શકાય છે. ઉમેદવારની યોગ્યતા નામ કોણ પ્રસ્તાવિત કરે છે તેના પર નિર્ભર નથી કે ઉમેદવારનું રાજકીય જોડાણ, જો કોઈ હોય તો, તે કોઈ ગેરલાયકાત હોવી જોઈએ નહીં.

> " ..... , પક્ષના માણસો પણ ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક થયા પછી પ્રખરપણે સ્વતંત્ર હોઈ શકે છે, જેવું કે રાજકારણમાં સક્રિય રહેલા કેટલાક ન્યાયમૂર્તિઓ દ્વારા સાબિત કરવામાં આવ્યું છે. ન્યાયમૂર્તિ કે.એસ. હેગડે ૧૯૫૨ થી ૧૯૫૭ સુધી રાજ્યસભાના સભ્ય તરીકે સેવા આપી હતી અને સીધા રાજ્યસભામાંથી હાઇકોર્ટના ન્યાયમૂર્તિ તરીકે બઢતી પામ્યા હતા. જોકે તેઓ કોંગ્રેસના સાંસદ હતા, છતાં તેઓ એટલા સ્વતંત્ર સાબિત થયા કે ૧૯૭૩ માં તેમની પોતાની પાર્ટીની સરકાર દ્વારા સીજેઆઈની

નિમણૂકમાં તેમને સુપરસીડ કરવામાં આવ્યા હતા. ન્યાયમૂર્તિ ટેકચંદ પણ ન્યાયમૂર્તિ બનતા પહેલા રાજ્યસભાના સભ્ય હતા. તેઓ જ્યારે સિટિંગ સાંસદ હતા ત્યારે તેમની નિમણૂક કરવામાં આવી હતી, પરંતુ તેઓ એક ઉત્તમ ન્યાયમૂર્તિ સાબિત થયા કે જેમનો દારૂબંધી પરનો અહેવાલ સીમાચિહ્નરૂપ છે. બીજું અગ્રણી ઉદાહરણ ન્યાયમૂર્તિ વી.આર. કૃષ્ણા ઐયરનું છે જેમને ૧૯૬૮ માં કેરળ હાઇકોર્ટના ન્યાયમૂર્તિ બનાવવામાં આવ્યા હતા, જોકે તેઓ માત્ર ધારાસભ્ય જ ન હતા પરંતુ નંબુદિરીપાદ સરકાર (૧૯૫૭-૫૯) માં મંત્રી પણ હતા.

કેરળમાં. ૧૯૭૩ માં, સીજેઆઈ ન્યાયમૂર્તિ એસ.એમ. સીકરી એ કારણોસર સુપ્રિમ કોર્ટમાં ન્યાયમૂર્તિ ઐયરની બઢતીનો સંપૂર્ણ વિરોધ કરતા હતા કે તેઓ કેરળમાં કેબિનેટ મંત્રીનો હોદ્દો સંભાળનાર રાજકારણી રહી ચૂક્યા હતા. તે એ.એન. રે હતા જેમણે તેમની બઢતીને મંજૂરી આપી હતી, અને ન્યાયમૂર્તિ ઐયર એક ન્યાયમૂર્તિ કેવા હોવા જોઈએ તેનું એક તેજસ્વી ઉદાહરણ સાબિત થયા. તેઓ સુપ્રિમ કોર્ટની બેંચ પર બિરાજમાન થયેલા શ્રેષ્ઠ ન્યાયમૂર્તિઓ પૈકીના એક હતા કે જેમણે સુપ્રિમ કોર્ટ અને સામાન્ય લોકો વચ્ચેનું અંતર ઘટાડવાનો પ્રયાસ કર્યો હતો. ન્યાયમૂર્તિ બહરૂલ ઈસ્લામનું પણ ઉદાહરણ છે જેમણે હાઇકોર્ટના ન્યાયમૂર્તિ તરીકે નિમાતા પહેલા ૧૦ વર્ષ સુધી રાજ્યસભાના સભ્ય તરીકે સેવા આપી હતી. ત્યારબાદ તેમને સુપ્રિમ કોર્ટમાં બઢતી આપવામાં આવી હતી. તેમણે અર્બન કોઓપરેટિવ બેંક કૌભાંડમાં બિહારના મુખ્યમંત્રી જગન્નાથ મિશ્રાને મુક્ત કર્યા હતા, અને તરત જ તે પછી ચૂંટણી લડવા માટે રાજીનામું આપ્યું હતું

બારપેટાથી કોંગ્રેસ (આઈ) ના ઉમેદવાર તરીકે લોકસભા ચૂંટણી - તેઓ ક્યારેય સ્વચ્છ પ્રતિષ્ઠા ધરાવતા ન હતા. તેથી, કોઈપણ સામાન્યીકરણ કરવું યોગ્ય નથી. દોષરહિત પ્રામાણિકતા ધરાવતા લોકોની વ્યક્તિગત પસંદગી કરવી પડે છે." ૭૯

૧૦૦. અનુચ્છેદો ૧૨૪, ૨૧૭ અને ૧૨૪-એ તેમજ ૧૨૪-બી નું વિવેચનાત્મક વિશ્લેષણ એવી સ્થિતિ તરફ દોરી જાય છે કે સરકારની કારોબારી શાખા જ્યાં સુધી ન્યાયિક શાખાનું પ્રતિનિધિત્વ કરતા ઓછામાં ઓછા બે સભ્યો તે ઉમેદવારની અયોગ્યતા અંગે તેમના મંતવ્યમાં એકમત હોય ત્યાં સુધી કોઈ 'બિનલાયક ઉમેદવાર' ને આગળ ધપાવી શકતી નથી. એનજેએસીની એક પણ પ્રતિષ્ઠિત વ્યક્તિ અને એક ન્યાયિક સભ્ય પણ કોઈ અયોગ્ય નિમણૂકના પ્રવેશને અસરકારક રીતે અટકાવી શકે છે. તેવી જ રીતે, ન્યાયિક સભ્યો પણ તેમની પસંદગીની વ્યક્તિઓને ત્યાં સુધી આગળ ધપાવી શકતા નથી જ્યાં સુધી બિન-ન્યાયિક જૂથનો ઓછામાં ઓછો એક અન્ય સભ્ય તેમના દ્વારા પ્રસ્તાવિત ઉમેદવારને સમર્થન ન આપે.

૧૦૧. સ્વતંત્રતાઓના રક્ષણ માટે કદાચ લોકશાહી શાસન પ્રણાલી એ શોધાયેલી શ્રેષ્ઠ સંસ્થા છે. ઓછામાં ઓછું શાસનના આ મોડેલને અપનાવતા સમાજોની એવી માન્યતા છે. સાચું છે કે, લોકશાહીના ઘણા પ્રકારો છે. તે પ્રકારોનું વિશ્લેષણ આ ચુકાદાના દાયરાની બહાર છે. કોઈપણ બંધારણીય મોડેલ હેઠળ, લોકોની સ્વતંત્રતાઓનું રક્ષણ કરવાની પ્રાથમિક જવાબદારી ધારાકીય અને

કારોબારી શાખાઓને સોંપવામાં આવે છે. આવી સોંપણી તે માળખાકીય અને અનુભવજન્ય ધારણા પર આધારિત છે કે સમયાંતરે ચૂંટાયેલા ધારાશાસ્ત્રીઓ તેમના "એકમાત્ર માલિકો – પ્રજા" ની સ્વતંત્રતાઓનું રક્ષણ કરવાનો પ્રયાસ કરશે. આ એકસાથે કામ કરતા બે કારણોને લીધે છે. તે મૂકેલા વિશ્વાસને નિભાવવાની ફરજ અને ચૂંટાયેલા પ્રતિનિધિ હોવાના ગૌરવને ગુમાવવાનો ભય છે. સામયિક ચૂંટણીઓની વ્યવસ્થામાં એક અંતર્નિહિત શક્યતા.

૧૦૨. એવું માની લેવું અથવા ભારપૂર્વક કહેવું કે માત્ર ન્યાયતંત્ર જ સ્વતંત્રતાઓના રક્ષણ સાથે સંબંધ ધરાવે છે અને તે કાર્ય સારી રીતે કરે છે, તે એક એવી ધારણા છે જે સિદ્ધાંતવાદી, પુરાવાના આધાર વિનાની અને ઐતિહાસિક રીતે ખોટી સાબિત થયેલી છે. પ્રતિષ્ઠિત બંધારણીય ન્યાયશાસ્ત્રી અને શિક્ષક લોરેન્સ એચ. ટ્રાઇબ અમેરિકન અનુભવના સંદર્ભમાં નીચે મુજબ જણાવે છે.

> "કોઈએ એવું ન માની લેવું જોઈએ કે આપણી સ્વતંત્રતાઓનું રક્ષણ કરવા માટે સુપ્રિમ કોર્ટે હંમેશા કાયદાઓ અને કારોબારી પગલાંને રદબાતલ ઠેરવવાની જરૂર છે. તેનાથી વિપરીત, કેટલીકવાર કોર્ટ રાજકીય શાખાઓના નિર્ણયોને રદ કરવાને બદલે, તેમને માન આપીને આપણા અધિકારોની શ્રેષ્ઠ ગેરંટી આપે છે. જ્યારે સુપ્રિમ કોર્ટે ૧૯૦૦ થી ૧૯૩૭ દરમિયાન બાળ મજૂરી સંબંધિત ડઝનબંધ કાયદાઓ,

લઘુત્તમ વેતન કાયદાઓ, કામ કરવાની પરિસ્થિતિ અંગેના નિયમનો, અને યુનિયનો સંગઠિત કરવાના કામદારોના અધિકારોનું રક્ષણ કરતા કાયદાઓ, એવા કારણસર કે આવા નિયમો મિલકતના અધિકારોનું અતિક્રમણ કરતા હતા અને "કરારની સ્વતંત્રતા"નું ઉલ્લંઘન કરતા હતા, ત્યારે કોર્ટે વાસ્તવમાં જે એકમાત્ર અધિકારોનું સમર્થન કર્યું હતું તે વધુ પડતું કામ કરાવવાના, ઓછું વેતન ચૂકવવાના અથવા બેરોજગાર રહેવાના અધિકારો હતા. કોર્ટે આખરે આ મુદ્દાઓ પર પોતાનો નિર્ણય ઉલટાવી દીધો જ્યારે તેણે સ્વીકાર્યું કે, વીસમી સદીના અમેરિકામાં, આવા કાયદાઓ કોઈ સાર્થક અર્થમાં માનવ સ્વતંત્રતા પર અતિક્રમણ નથી, પરંતુ તેના બદલે આર્થિક તાબેદારી સામે લડવાના સંપૂર્ણપણે વાજબી અને ન્યાયી ઉપાયો છે. વેસ્ટ કોસ્ટ હોટેલ વિ. પેરિશના સીમાચિહ્નરૂપ કેસમાં લઘુત્તમ વેતન કાયદાને માન્ય રાખતાં, સુપ્રિમ કોર્ટે ૧૯૩૭ માં તારણ કાઢ્યું કે, "તાજેતરના આર્થિક અનુભવ"ના પ્રકાશમાં, આવા કાયદાઓ વાજબી હતા કારણ કે તેઓ "કામદારોના એક વર્ગનું તેમના સ્વાસ્થ્ય અને સુખાકારી માટે હાનિકારક હોય તેવી રીતે થતું શોષણ" અટકાવે છે.

સ્વાભાવિક રીતે, આ અપૂર્ણ વિશ્વમાં, સુપ્રિમ કોર્ટે હંમેશા આપણી સ્વતંત્રતાઓનું તેટલી જાગૃતિપૂર્વક રક્ષણ કર્યું નથી જેટલું તેણે કરવું જોઈતું હતું. પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન અને ફરીથી મેકકાર્થી યુગમાં, આપણે જે માનીએ છીએ તે વિચારવાના અને બોલવાના આપણા અધિકારોની પુષ્ટિ કરવામાં કોર્ટ ઘણીવાર પાછી પડી હતી. અને પર્લ હાર્બર પરના બોમ્બમારા પછીના યુદ્ધના ઉન્માદમાં, સુપ્રિમ કોર્ટે કોરેમાત્સુ વિ. યુનાઇટેડ સ્ટેટ્સમાં એવા હજારો જાપાની

મૂળના અમેરિકનોની કેદને માન્ય રાખી હતી કે જેમણે કોઈ ગુનો કર્યો ન હતો. આવી ક્ષતિઓના સંદર્ભમાં, કેટલાકે એવી દલીલ કરી છે કે જ્યારે મૂળભૂત અધિકારોનું રક્ષણ કરવાની વાત આવે છે, ત્યારે સુપ્રિમ કોર્ટ અનિવાર્યપણે બિનજરૂરી છે: મોટાભાગના પ્રસંગોએ કોંગ્રેસ અને રાષ્ટ્રપતિ આપણા અધિકારોનું પર્યાપ્ત રીતે રક્ષણ કરશે, અને તે મુશ્કેલ સમયમાં જ્યારે રાજકીય શાખાઓ પર ભરોસો રાખી શકાતો નથી, ત્યારે કોર્ટ પર પણ ભરોસો રાખી શકાતો નથી."૮૦

૧૦૩. આપણો અનુભવ પણ જુદો નથી. એ. કે. ગોપાલન૮૧, સાંકળચંદ૮૨ અને એડીએમ જબલપુર૮૩ (કેટલાકનો ઉલ્લેખ કરીએ તો) ના ચુકાદાઓ એક સમાન નિષ્કર્ષ તરફ દોરી જવા જોઈએ કે મુશ્કેલ સમયમાં જ્યારે રાજકીય શાખાઓ પર ભરોસો રાખી શકાતો નથી, ત્યારે ન્યાયતંત્ર પર પણ રાખી શકાતો નથી. જે મુદ્દો ઉજાગર કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે તે એ છે કે ન્યાયતંત્ર એ લોકોની સ્વતંત્રતાઓનું રક્ષણ કરનાર એકમાત્ર બંધારણીય અંગ નથી. તદનુસાર, સ્વતંત્રતાઓના રક્ષણ માટે ન્યાયતંત્રની સ્વતંત્રતા સુનિશ્ચિત કરવાનો એકમાત્ર માર્ગ ન્યાયિક નિમણૂકોની બાબતમાં ન્યાયતંત્રના અભિપ્રાયને પ્રાધાન્ય આપવું તે નથી. પરિણામે, એવી ધારણા કે ન્યાયિક શાખાનું નિમણૂક પ્રક્રિયામાં પ્રાધાન્ય એક આવશ્યક તત્વ છે અને તેથી તે એક મૂળભૂત લક્ષણ છે, તે રાષ્ટ્રના બંધારણીય ઈતિહાસમાં કે અન્ય ક્યાંય પણ કોઈ આધાર વિના પ્રયોગમૂલક રીતે ખામીયુક્ત છે અને માનદંડીય રીતે ભ્રામક છે, તેમજ રાજકીય સિદ્ધાંતથી વિપરીત છે.

૧૦૪. હવે હું એ રજૂઆત પર આવું છું કે એનજેએસીમાં કાયદા મંત્રીની ઉપસ્થિતિ ન્યાયતંત્રની સ્વતંત્રતાને નબળી પાડે છે. અરજદારોના જણાવ્યા અનુસાર, કારોબારીના એક સભ્યની ઉપસ્થિતિ અનિવાર્યપણે સત્તાના સમીકરણોને બદલવાની અસર ધરાવે છે. કાયદા મંત્રીની એનજેએસીમાં ઉપસ્થિતિ કે જે મતદાન સત્તાનો ૧/૬ ભાગ પ્રદાન કરે છે તે સ્વયંભૂ ન્યાયતંત્રની સ્વતંત્રતાને જોખમાવે છે. આ રજૂઆત અસમર્થનીય છે. પોતાના નિયંત્રણ હેઠળના વિશાળ વહીવટી તંત્ર સાથેની કારોબારી પસંદગી પ્રક્રિયામાં મોટું અને મૂલ્યવાન યોગદાન આપવા સક્ષમ છે. એનજેએસીનો એક ઘટક બનવા માટે, બંધારણીય અર્થમાં કારોબારી શાખામાં વિશ્વાસના અભાવ૮૪ ના આધારે આ વાંધો અમુક અંશે વાજબી છે. ૮૧ એ.કે. ગોપાલન વિ. સ્ટેટ ઓફ મદ્રાસ એ.આઈ.આર. ૧૯૫૦ એસસી ૨૭ ૮૨ યુનિયન ઓફ ઈન્ડિયા વિ. સાંકળચંદ હિંમતલાલ શેઠ અને અન્ય, (૧૯૭૭) ૪ એસ.સી.સી. ૧૯૩ ૮૩ એડીએમ જબલપુર વિ. એસ.એસ. શુક્લા વગેરે વગેરે એ.આઈ.આર. ૧૯૭૬ એસસી ૧૨૦૭ ૮૪ લોરેન્સ એચ. ટ્રાઈબ (અમેરિકન કોન્સ્ટીટ્યુશનલ લો) બીજી આવૃત્તિ, પ્રકરણ ૧ "એપ્રોચીસ ટુ કોન્સ્ટીટ્યુશનલ એનાલિસિસ" નું પૃષ્ઠ ૨ - "તમામ કાયદેસરની સત્તા લોકોમાંથી ઉદ્ભવે છે અને તેમની સ્વતંત્રતા જાળવવા માટે તેના પર નિયંત્રણ રાખવું આવશ્યક છે, તે અમેરિકન બંધારણવાદનો સૌથી જૂનો અને સૌથી કેન્દ્રીય સિદ્ધાંત છે. શરૂઆતમાં, સરકારી સત્તાના ઉપયોગ પર માત્ર થોડી સંખ્યામાં સ્પષ્ટ મૂળભૂત મર્યાદાઓ જ આવશ્યક માનવામાં આવી હતી; મુખ્યત્વે, એવું ન્યાયિક શાખા સૌથી ઓછી જોખમી શાખા છે તેવી માન્યતા હોવા છતાં, આ

જ તર્ક ન્યાયિક શાખાને વિશેષ બળ સાથે લાગુ પડે છે. બંધારણ સભાએ સીજેઆઈમાં પણ અનન્ય વિશ્વાસ મૂકવાનો સ્પષ્ટપણે ઇનકાર કર્યો હતો. પસંદગીની પ્રક્રિયામાંથી કારોબારીને સંપૂર્ણપણે બાકાત રાખવી એ લોકશાહીમાં સરકાર લોકોના ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા ચલાવવામાં આવે છે તે મૂળભૂત આધાર સાથે અસંગત હશે. આપણા બંધારણની યોજના હેઠળ, કારોબારીને દેશનું સંરક્ષણ, આંતરિક સુરક્ષા, જાહેર વ્યવસ્થાની જાળવણી, કરવેરા જેવા નિર્ણાયક ક્ષેત્રોનો વહીવટ કરવા અને નાણાકીય નીતિઓનું સંચાલન કરવા તથા રાષ્ટ્રના વહીવટ અને તેના લોકોના જીવનના દરેક પાસાને સ્પર્શતા અન્ય ઘણા પાસાઓ માટે સ્પષ્ટ સત્તા આપવામાં આવી છે. આ સંદર્ભમાં, એવું ઠેરવવું કે ન્યાયમૂર્તિઓની નિમણૂકની પ્રક્રિયામાંથી તેને સંપૂર્ણપણે બાકાત રાખવી જોઈએ, તે તદ્દન અતાર્કિક અને લોકશાહીના સિદ્ધાંતના પાયા સાથે અસંગત તથા એક સિદ્ધાંત વિરોધી પાખંડ (ડોક્ટ્રીનલ હેરેસી) સમાન હશે. આવી બાકાતતાની કોઈ સમાનતા બંધારણ સભા દ્વારા તપાસવામાં આવેલા કોઈપણ અન્ય લોકશાહી મોડેલમાં જોવા મળતી નથી અને આવી અન્ય કોઈ બાબત આપણા ધ્યાને પણ લાવવામાં આવી નથી. બંધારણીય સરકારના સ્થાપિત સિદ્ધાંતો, અન્ય લોકશાહી બંધારણીય એવું માનવામાં આવતું હતું કે વ્યક્તિગત સ્વતંત્રતા સ્પષ્ટ આદેશ કરતાં વિકેન્દ્રીકરણ દ્વારા વધુ અસરકારક રીતે સુરક્ષિત કરી શકાય છે. સત્તરમી સદીના અંગ્રેજ ઉદારવાદીઓના વિચારોમાંથી, ખાસ કરીને અઢારમી સદીના ફ્રાન્સમાં મોન્ટેસ્ક્યુ દ્વારા વિગતવાર સમજાવવામાં આવ્યા મુજબ, બંધારણના ઘડવૈયાઓએ એવી દ્રઢ માન્યતા મેળવી હતી કે પ્રેરણામાં લગભગ ન્યૂટોનિયન

દ્રષ્ટિકોણ ધરાવતા સંતુલિત સત્તાના જાણીજોઈને વિભાજિત કરાયેલા કેન્દ્રોના રક્ષણ હેઠળ નિષ્ક્રિયતા અને પરોક્ષતા દ્વારા માનવ અધિકારોનું શ્રેષ્ઠ રીતે રક્ષણ કરી શકાય છે. આ પ્રથમ મોડેલમાં, કોઈપણ વ્યક્તિ અથવા વ્યક્તિઓના એક જ જૂથમાં સત્તાનું કેન્દ્રીકૃત સંચય એટલે જુલમ; ઊભી રીતે (ફેડરલ, રાજ્ય અને સ્થાનિક સત્તાની ધરી પર) અને આડી રીતે (ધારાસભા, કારોબારી અને ન્યાયિક સત્તાની ધરી પર) સત્તાનું વિભાજન અને પૃથક્કરણ એટલે સ્વતંત્રતા. આમ એ આવશ્યક હતું કે સરકારના કોઈપણ વિભાગ, શાખા અથવા સ્તરને પોતાની જાતે વર્ચસ્વ પ્રાપ્ત કરવાની સત્તા ન મળે. જો ધારાસભાએ શિક્ષા કરવી હોય, તો તેણે અન્ય શાખાઓનો સહયોગ મેળવવો જ પડશે - કાર્યવાહી ચલાવવા માટે કારોબારીનો, અને કેસ ચલાવી દોષિત ઠેરવવા માટે ન્યાયતંત્રનો. સરકારી સત્તાના અન્ય દરેક કેન્દ્ર સાથે પણ આ જ બાબત લાગુ પડે છે; બંધારણરૂપી સામાજિક કરારમાં લોકો દ્વારા તેને સોંપવામાં આવેલા કાર્યોના મિશ્રણનો ઉપયોગ કરીને, દરેક સત્તા કેન્દ્ર સામાજિક રચનાઓની અંતિમ અસરકારકતા માટે અન્ય પર નિર્ભર રહેશે."

વ્યવસ્થાઓ અને એ હકીકત કે બંધારણ સભાએ કારોબારી માટે એક ભૂમિકા પ્રદાન કરી હતી, તે સ્પષ્ટપણે એવા અનુમાનનો નિષેધ કરે છે કે પસંદગી પ્રક્રિયામાં કારોબારીની ભાગીદારી મૂળભૂત લક્ષણને નાબૂદ કરે છે. એટર્ની જનરલ તેમની એ રજૂઆતમાં સાચા છે કે કારોબારી શાખાને બાકાત રાખવી એ નિયંત્રણ અને સંતુલનના મૂળભૂત લક્ષણ માટે વિનાશક છે - જે બંધારણીય સિદ્ધાંતનો એક મૂળભૂત સિદ્ધાંત છે.

૧૦૫. તે મને બીજી જોગવાઈ તરફ લઈ જાય છે કે જે પડકાર હેઠળ છે. અનુચ્છેદ ૧૨૪એ(૧)(ડી) કે જે નિર્ધારિત કરે છે કે એનજેએસી બે પ્રતિષ્ઠિત વ્યક્તિઓનું બનેલું હોવું જોઈએ૮૫. આ જોગવાઈની માન્યતા અંગે સુનાવણી દરમિયાન નોંધપાત્ર ચર્ચા થઈ હતી, જેનો સાર ન્યાયમૂર્તિ ખેહરના ચુકાદામાં નોંધાયેલ છે. આ આક્ષેપ ફરીથી એ કારણસર છે કે પ્રતિષ્ઠિત વ્યક્તિઓની પસંદગી અંગે આ જોગવાઈ સંપૂર્ણપણે માર્ગદર્શન વિનાની છે. અરજદારોએ દલીલ કરી હતી કે (૧) સત્તાધારી પક્ષ અને વિપક્ષ વચ્ચે દ્વિપક્ષીય સમાધાન થઈ શકે છે, જેના પરિણામે પ્રતિષ્ઠિત વ્યક્તિઓ માટે નિર્ધારિત બે જગ્યાઓની વહેંચણી થઈ શકે છે. આવી શક્યતા આખરે રાજકીય પક્ષોને સંપૂર્ણપણે રાજકીય વિચારણાઓના આધારે નિમણૂકો કરવા સક્ષમ બનાવશે, જેથી ન્યાયતંત્રની સ્વતંત્રતા નષ્ટ થશે; (૨) એમ માની લેવામાં આવે તો પણ કે નામાંકિત કરવામાં આવેલી બે પ્રતિષ્ઠિત વ્યક્તિઓ સંપૂર્ણપણે રાજકીય રીતે તટસ્થ છે, પરંતુ તેઓ ન્યાયિક ૮૫ અનુચ્છેદ ૧૨૪એ. રાષ્ટ્રીય ન્યાયિક નિમણૂક પંચ.- (૧) રાષ્ટ્રીય ન્યાયિક નિમણૂક પંચ તરીકે ઓળખાતું એક પંચ રહેશે કે જેમાં નીચેનાનો સમાવેશ થશે, એટલે કે... (ડી) વડાપ્રધાન, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા અથવા જ્યાં વિરોધ પક્ષના આવા કોઈ નેતા ન હોય, ત્યાં લોકસભામાં સૌથી મોટા એકલ વિરોધ પક્ષના નેતાની બનેલી સમિતિ દ્વારા નામાંકિત કરવામાં આવનાર બે પ્રતિષ્ઠિત વ્યક્તિઓ - સભ્યો.

પરંતુ શરત એ છે કે પ્રતિષ્ઠિત વ્યક્તિઓ પૈકી એક વ્યક્તિને અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ, અન્ય પછાત વર્ગો, લઘુમતીઓ અથવા

મહિલાઓમાંથી નામાંકિત કરવામાં આવશે.

વધુમાં એવી શરત છે કે પ્રતિષ્ઠિત વ્યક્તિને ત્રણ વર્ષની મુદત માટે નામાંકિત કરવામાં આવશે અને તે પુનઃનામાંકન માટે પાત્ર રહેશે નહીં..

વ્યવસ્થાથી અજાણ હોવાથી, તેઓ પસંદગી પ્રક્રિયામાં કોઈ અર્થપૂર્ણ યોગદાન આપી શકશે નહીં, કારણ કે નિર્ણય લેવાની પ્રક્રિયા માટે સુસંગત યોગ્ય માહિતી એકત્રિત કરવા માટે તેમની પાસે કોઈ સાધનો નહીં હોય; (૩) એનજેએસીના ત્રણ ન્યાયિક સભ્યો દ્વારા સર્વાનુમતે મંજૂર કરવામાં આવેલી વ્યક્તિની ઉમેદવારી સામે બે પ્રતિષ્ઠિત વ્યક્તિઓ દ્વારા વીટો વાપરવાની શક્યતા સ્વયં મૂળભૂત માળખાનો નાશ કરનારી છે.

૧૦૬. બંધારણીય શાસનમાં પારદર્શિતા એ એક મહત્વપૂર્ણ પરિબળ છે. આ કોર્ટે અસંખ્ય કેસોમાં નોંધ્યું છે કે બંધારણવાદ રાજ્યની કામગીરીના દરેક ક્ષેત્રમાં તાર્કિકતાની માંગ કરે છે. ન્યાયિક કાર્યવાહીના સંદર્ભમાં, નરેશ શ્રીધર મિરાજકર અને અન્ય વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર અને અન્ય૮૬ માં આ કોર્ટે ઠેરવેલ કે:

> "૨૦ ..... ખુલ્લી અદાલતમાં જાહેર ટ્રાયલ નિઃશંકપણે ન્યાયના સ્વસ્થ, ઉદ્દેશ્યપૂર્ણ અને નિષ્પક્ષ વહીવટ માટે આવશ્યક છે. લોકોની ચકાસણી અને નજર હેઠળ હાથ ધરવામાં આવતી ટ્રાયલ સ્વાભાવિક રીતે ન્યાયિક મનસ્વીતા અથવા ધૂન સામે એક નિયંત્રણ તરીકે કામ કરે છે,

અને ન્યાય વહીવટની નિષ્પક્ષતા, ઉદ્દેશ્યપૂર્ણતા અને તટસ્થતામાં જનતાનો વિશ્વાસ નિર્માણ કરવા માટે એક શક્તિશાળી સાધન તરીકે સેવા આપે છે. ન્યાય વહીવટમાં લોકોનો વિશ્વાસ એટલો મહત્વપૂર્ણ છે કે એ વ્યાપક પ્રસ્તાવ પર કોઈ બે મત હોઈ શકે નહીં કે ન્યાયિક ટ્રિબ્યુનલો તરીકે તેમના કાર્યો બજાવતી વખતે, અદાલતોએ સામાન્ય રીતે ખુલ્લી અદાલતમાં કેસોની સુનાવણી કરવી જોઈએ અને કોર્ટ-રૂમમાં લોકોના પ્રવેશની પરવાનગી આપવી જોઈએ. જેમ કે બેન્થમે અવલોકન કર્યું છે:

"ગુપ્તતાના અંધકારમાં કપટી હિતો અને દરેક સ્વરૂપની બુરાઈઓ બેફામ બને છે. પ્રસિદ્ધિને જે પ્રમાણમાં સ્થાન મળે છે તે પ્રમાણમાં જ ન્યાયિક અન્યાય સામે લાગુ પડતા કોઈપણ નિયંત્રણો કાર્ય કરી શકે છે. જ્યાં પ્રસિદ્ધિ નથી ત્યાં ન્યાય નથી. પ્રસિદ્ધિ એ ન્યાયનો આત્મા છે. તે પ્રયત્ન માટે સૌથી તીવ્ર પ્રેરણા છે, અને અપ્રમાણિકતા સામેના તમામ રક્ષકોમાં સૌથી ખાતરીપૂર્વકનું રક્ષક છે. તે ન્યાયાધીશ ખુદ જ્યારે કેસ ચલાવી રહ્યા હોય ત્યારે તેમને પણ અજમાયશ હેઠળ રાખે છે (એ અર્થમાં કે) સુરક્ષાઓની સુરક્ષા એ પ્રસિદ્ધિ છે."

પારદર્શિતા એ તાર્કિકતાનું એક પાસું છે. નિમણૂક પ્રક્રિયાના કિસ્સામાં પારદર્શિતાની જરૂરિયાત વધુ છે. પ્રસંગોપાત માહિતી બહાર આવી જવા સિવાય, કોલેજિયમની કાર્યવાહી જનતા અને ઇતિહાસ બંને માટે સંપૂર્ણપણે અપારદર્શક અને અગમ્ય હતી. ન્યાયમૂર્તિ રૂમા પાલનું નિવેદન નોંધ પર છે કે "કોલેજિયમની

અંદર સહમતિ કેટલીકવાર આપ-લે (ટ્રેડ-ઓફ) દ્વારા સાધવામાં આવે છે જેના પરિણામે પક્ષકારો માટે અને ન્યાયિક વ્યવસ્થાની વિશ્વસનીયતા માટે વિનાશક પરિણામો સાથે શંકાસ્પદ નિમણૂકો થાય છે. આ ઉપરાંત, વ્યવસ્થાની અંદર વધતી જતી ખુશામતખોરી અને 'લોબિંગ' દ્વારા સંસ્થાકીય સ્વતંત્રતા સાથે પણ સમાધાન કરવામાં આવ્યું છે."૮૭

નાગરિક સમાજ (સિવિલ સોસાયટી) ના પ્રતિનિધિઓનો સમાવેશ કરવાથી જે એક લાભદાયી હેતુ સિદ્ધ થવાની આશા છે તે એ છે કે તે કોલેજિયમની અંદરની અયોગ્ય આપ-લે અને ન્યાયિક તથા કારોબારી શાખાઓ વચ્ચેની અતિ-નિકટવર્તી અનુકૂળતાઓ પર નિયંત્રણ તરીકે કામ કરે છે.

એવું માનવું કે માત્ર ન્યાયતંત્રના સભ્યો જ નિમણૂક પ્રક્રિયામાં મૂલ્યવાન માહિતી/યોગદાન લાવી શકે છે તેના માટે નાગરિક સમાજ પ્રત્યે ખૂબ મોટો અહંકાર અને અનાદર જરૂરી છે.. ન્યાયમૂર્તિ ઐયરે ચેતવણી આપી હતી કે "૭૪ ..... અને જ્યારે રાષ્ટ્રપતિ દ્વારા ન્યાયમૂર્તિઓની બદલી માટેના માપદંડો રજૂ કરવામાં આવે કે જે ભૂતકાળની પ્રથાઓને બદલી નાખે, ત્યારે આપણે, લોકશાહીવાદી તરીકે,

> " "એન ઇન્ડિપેન્ડન્ટ જ્યુડિશિયરી" - ૧૦.૧૧.૨૦૧૧ ના રોજ પમા વી.એમ. તારકુંડે મેમોરિયલ લેક્ચરમાં ન્યાયમૂર્તિ સુશ્રી રૂમા પાલ દ્વારા આપવામાં આવેલ વ્યાખ્યાન લર્નડ હેન્ડને યાદ કરવા જોઈએ કે જેમણે એકવાર કહ્યું હતું કે સ્વતંત્રતાની ભાવના એ "એવી ભાવના છે કે જેને બહુ

ખાતરી નથી હોતી કે તે સાચી જ છે". તે મહાન ન્યાયાધીશ ક્રોમવેલના આ કથનને યાદ કરવાના શોખીન હતા: "હું તમને ખ્રિસ્તના નામે વિનંતી કરું છું, વિચારો કે કદાચ તમારી ભૂલ પણ હોઈ શકે છે." તેમણે સેનેટ કમિટીને કહ્યું હતું. "હું ઈચ્છીશ કે તે યુનાઈટેડ સ્ટેટ્સમાં દરેક ચર્ચ, દરેક શાળા અને દરેક કોર્ટ-હાઉસ, અને જો હું કહી શકું તો દરેક વિધાન મંડળના પ્રવેશદ્વાર પર લખાયેલું હોય. હું ઈચ્છીશ કે દરેક અદાલત આનાથી શરૂઆત કરે કે "હું તમને ખ્રિસ્તના નામે વિનંતી કરું છું, વિચારો કે કદાચ આપણી ભૂલ હોઈ શકે છે." (યેલ લો જર્નલ: વોલ્યુમ ૭૧ : ૧૯૬૧, નવેમ્બર ભાગ)."૮૮

[ભાર આપેલ છે]

"બદલીઓ" અને "રાષ્ટ્રપતિ" ની જગ્યાએ "નિમણૂકો" અને "સંસદ" મૂકો અને ન્યાયમૂર્તિ ઐયરની આ ચેતવણી અરજદારોના (૨) અને (૩) વાંધાઓનો ઉત્તર આપવા માટે તદ્દન અનુરૂપ છે.

૧૦૭. એવી શક્યતા છે કે અરજદારો દ્વારા વ્યક્ત કરવામાં આવેલી આશંકા સાચી સાબિત થાય. બંધારણ દ્વારા પ્રદાન કરવામાં આવેલી સત્તાના દુરુપયોગની શક્યતા એ આવી સત્તા પ્રદાન કરવાની સત્તાને નકારવા માટેનું કોઈ કારણ નથી. ન્યાયમૂર્તિ બચાવતે આઈ. સી. ગોલકનાથ (ઉપરોક્ત) માં નીચે મુજબ અભિપ્રાય આપ્યો હતો:

"૨૩૫. એવું કહેવાય છે કે સંસદ ખૂબ વારંવાર ફેરફારો કરીને તેની સુધારા કરવાની સત્તાનો દુરુપયોગ કરી રહી છે. જો સંસદ પાસે સુધારા કરવાની સત્તા હોય, તો કોઈ ચોક્કસ સુધારો કરવાની પસંદગી તેના પર જ છોડવી જોઈએ. નીતિ વિષયક પ્રશ્નો પર આ કોર્ટમાં ચર્ચા થઈ શકે નહીં. સત્તાના દુરુપયોગની શક્યતા એ તેના અસ્તિત્વની કસોટી નથી: વેબ વિ. આઉટ્રીમ (૧૯૦૭) એ.સી. ૮૧ માં, લોર્ડ

હોબહાઉસે કહ્યું હતું કે, "જો તેઓ જુએ કે સદર એક્ટના યોગ્ય અર્થઘટન પર કોઈ કાયદાકીય સત્તા કલમ ૯૨ હેઠળ આવે છે, તો કોઈ શક્યતાને કારણે તેનો દુરુપયોગ થઈ શકે છે તેવા કારણસર તેના અસ્તિત્વનો ઇનકાર કરવો, અથવા અન્યથા ડોમિનિયન સંસદ માટે ખુલ્લા રહેતા ક્ષેત્રને મર્યાદિત કરવું તેમના માટે તદ્દન ખોટું હશે". અર્થઘટનના સામાન્ય નિયમો અનુસાર નિર્ધારિત સત્તાના ઉપયોગ સામે ગર્ભિત મનાઈના સિદ્ધાંતના સંદર્ભમાં, મુખ્ય ન્યાયમૂર્તિ નોક્સે ધ એમાલ્ગમેટેડ સોસાયટી ઓફ એન્જિનિયર્સ વિ. ધ એડિલેડ સ્ટીમશીપ કંપની લિમિટેડ, ૧૨૯ સી.એલ.આર. ૧૫૧ માં કહ્યું હતું કે, "તેનો અર્થ કોઈ બહારની અને સંભવિતપણે પ્રતિકૂળ સંસ્થાના આક્રમણ સામે રક્ષણની આવશ્યકતા છે. તે અવિશ્વાસ પર આધારિત છે, રખેને સત્તાઓ, જો એકવાર સહેજ પણ સ્વીકારવામાં આવે, તો વિનાશની હદ સુધી તેનો દુરુપયોગ થઈ શકે. પરંતુ સત્તાનો સંભવિત દુરુપયોગ એ બ્રિટિશ કાયદામાં તે સત્તાઓનું સર્જન કરતી ભાષાના કુદરતી બળને મર્યાદિત કરવા માટેનું કોઈ કારણ નથી".

જોકે, તે એક અસંમત અભિપ્રાય હતો. પરંતુ આ કોર્ટે આઈ. આર. કોઈલ્હો (ઉપરોક્ત) માં, ન્યાયમૂર્તિ સભરવાલે નવ ન્યાયમૂર્તિઓની સર્વસંમત ખંડપીઠ વતી બોલતાં, નીચે મુજબ ઠેરવ્યું હતું:

> "૭૬. એવી પણ દલીલ કરવામાં આવી છે કે અનુચ્છેદ ૩૧બી માં કોઈપણ નિર્દેશકના અભાવે નવમી અનુસૂચિમાં કાયદાઓ સમાવવાની સત્તાનો દુરુપયોગ કરવામાં આવ્યો છે અને તે દુરુપયોગ ચાલુ રહેવાની શક્યતા છે. એવી રજૂઆત કરવામાં આવી છે કે નવમી અનુસૂચિ, જે માત્ર ૧૩ કાયદાઓ સાથે શરૂ થઈ હતી, તેમાં હવે ૨૮૪ કાયદાઓની યાદી છે. અનુચ્છેદ ૩૧બી ની માન્યતા અમારી સમક્ષ પ્રશ્નાસ્પદ નથી. વધુમાં, માત્ર દુરુપયોગની શક્યતા એ કોઈ જોગવાઈની માન્યતા નક્કી કરવા માટેની પ્રસ્તુત કસોટી નથી. લોકોએ, બંધારણ દ્વારા, સંસદ મારફતે પોતાના પ્રતિનિધિઓમાં કાયદા બનાવવાની સત્તા એ જ રીતે નિહિત કરી છે જે રીતે તેઓએ ન્યાયતંત્રને કાયદાનું અને બંધારણની મર્યાદાઓ સહિત બંધારણનો ન્યાયનિર્ણય કરવાની, અર્થઘટન કરવાની અને વિશ્લેષણ કરવાની જવાબદારી સોંપી છે. તેથી, અમે સત્તાના કથિત દુરુપયોગ વિશે કોઈ પૂર્વધારણા કરી શકીએ નહીં."

[ભાર આપેલ છે]

આખરી વિશ્લેષણમાં, ન્યાયિક સત્તા સહિત તમામ સત્તાનો દુરુપયોગ થઈ શકે છે. તેનો ઉપાય સત્તા પ્રદાન કરવાનો ઇનકાર કરવાનો નથી પરંતુ તેનું એવું

માળખું ઘડવાનો છે જેથી દુરુપયોગની સંભાવના દૂર થઈ શકે. બે પ્રતિષ્ઠિત વ્યક્તિઓને નામાંકિત કરવાની સત્તા ત્રણ ઉચ્ચ બંધારણીય હોદ્દેદારો—વડાપ્રધાન, વિરોધ પક્ષના નેતા અને સીજેઆઈને પ્રદાન કરવામાં આવી છે. તે પ્રાથમિક રાજકીય જ્ઞાન છે કે વડાપ્રધાન અને વિરોધ પક્ષના નેતાના હંમેશા પરસ્પર વિરોધી રાજકીય હિતો હશે અને તેઓ કોઈપણ મુદ્દે ભાગ્યે જ સહમત થશે. તેમ છતાં, દ્વિપક્ષીય સમાધાનની શક્યતાને નકારી શકાય નહીં. જોકે, સમિતિમાં સીજેઆઈની ઉપસ્થિતિ સામાન્ય રીતે એક મજબૂત અવરોધક હોવી જોઈએ, છતાં સીજેઆઈ રાજકીય સમાધાનને પારખવામાં નિષ્ફળ જાય અથવા આવા સમાધાનની સ્થિતિમાં લાચારી અનુભવે તેવી શક્યતાને નકારી શકાય નહીં.

૧૦૮. એ નિર્વિવાદ છે કે પ્રતિષ્ઠિત વ્યક્તિઓનું નામાંકન ન્યાયિક સમીક્ષાથી મુક્ત નથી. આમ એનજેએસીની કામગીરીમાં અને અનિવાર્યપણે બંધારણીય અદાલતોમાં નિમણૂકોની પ્રક્રિયામાં વિલંબ થવાની શક્યતા રહેલી છે. તેથી, એ આવશ્યક છે કે પ્રતિષ્ઠિત વ્યક્તિઓના નામાંકનની એક સુસ્થાપિત પ્રક્રિયા હોવી જોઈએ જે સંભવિત દ્વિપક્ષીય સમાધાનોના જોખમને દૂર કરે. એકમાત્ર કલ્પી શકાય એવો ઉપાય નામાંકનની પ્રક્રિયામાં ચકાસણીનું વધુ એક સ્તર સામેલ કરવાનો છે. મારા સુવિચારિત મત મુજબ, નીચે મુજબનો રક્ષણાત્મક ઉપાય 'વિલંબના પરિબળ'ને દૂર કરવાની સાથે સાથે આ પ્રક્રિયાને મૂળભૂત લક્ષણની અનુમતિપાત્ર સીમાઓની અંદર લાવશે. અનુચ્છેદ ૧૨૪-એ(૧)(એ) હેઠળ કલ્પિત સમિતિએ (પ્રતિષ્ઠિત વ્યક્તિઓ માટેના) નામાંકિતોની બે

શ્રેણીઓ પૈકી પ્રત્યેક માટે ત્રણ સભ્યોની પેનલ - કુલ છ વ્યક્તિઓની પેનલ તૈયાર કરવી જોઈએ. આવી પેનલ સુપ્રિમ કોર્ટના કુલ હાઉસ સમક્ષ મતદાન માટે મૂકવી જોઈએ. જે નામાંકિતો

બંને શ્રેણીઓ પૈકી પ્રત્યેકમાં સૌથી વધુ મત મેળવે તેમને આખરે એનજેએસીના પ્રતિષ્ઠિત સભ્યો તરીકે નામાંકિત કરવા જોઈએ. આવી પ્રક્રિયા સમિતિ દ્વારા સત્તાના સંભવિત દુરુપયોગ સામે પૂરતા રક્ષણાત્મક ઉપાયનો સમાવેશ કરતી વખતે, પ્રતિષ્ઠિત વ્યક્તિઓની પસંદગી મુખ્યત્વે અનુચ્છેદ ૧૨૪એ હેઠળ કલ્પિત સમિતિ પાસે જ જાળવી રાખશે.

૧૦૯. ત્રીજી જોગવાઈ કે જેની માન્યતા પડકાર હેઠળ છે તે અનુચ્છેદ ૧૨૪બી(સી) છે, જે એનજેએસી પર એ સુનિશ્ચિત કરવાની જવાબદારી લાદે છે કે ભલામણ કરવામાં આવેલી વ્યક્તિ ક્ષમતા અને પ્રામાણિકતા ધરાવતી હોય. આ પડકાર એ કારણોસર છે કે સુધારો ક્ષમતા અને પ્રામાણિકતાનું મૂલ્યાંકન કરવા માટે એનજેએસી દ્વારા અનુસરવામાં આવનારી કોઈપણ માર્ગદર્શિકા નિર્ધારિત કરતો નથી. કોઈપણ સ્પષ્ટ ઘોષણાના અભાવમાં પણ, એનજેએસીને સોંપાયેલી કાર્યાત્મક જવાબદારીઓને ધ્યાનમાં લેતાં, આવી જવાબદારી અંતર્નિહિત અને ગર્ભિત છે. આ ચોકસાઈ માત્ર અત્યંત સાવચેતી ખાતર છે. કદાચ સેકન્ડ જજિસ કેસના પૂર્વે અને પશ્ચાત બંને સમયના ભૂતકાળના અમુક ખરાબ અનુભવોથી પ્રેરાઈને.

૧૧૦. (૧) જે દસ્તાવેજ દ્વારા આવી જવાબદારી ઊભી કરવામાં આવી છે તેનું સ્વરૂપ; (૨) જે સંસ્થા (એનજેએસી) પર આ જવાબદારી લાદવામાં આવી છે તેનું ગઠન; અને (૩) સોંપાયેલા કાર્યના સ્વરૂપને ધ્યાનમાં લેતાં, આ દલીલ ફગાવી દેવા પાત્ર છે. એનજેએસી એ એક મહત્વપૂર્ણ બંધારણીય કાર્ય કરવા માટે રચાયેલું બંધારણીય સત્તામંડળ છે. તેનું અધિકારપત્ર સ્વયં બંધારણ છે. આપણા બંધારણની વિસ્તૃતતા હોવા છતાં, બંધારણ પાસેથી રાજ્યના વહીવટ સંબંધિત દરેક નાની-મોટી વિગત સ્પષ્ટ કરવાની અપેક્ષા રાખવામાં આવતી નથી કે તેની આવશ્યકતા હોતી નથી. અમેરિકન બંધારણના સંદર્ભમાં, એવું કહેવાય છે કે બંધારણ એ રાજકીય આદર્શો અને સરકારી પ્રથાઓના સહભાગી વિકાસ માટેનું એક ઈરાદાપૂર્વક અપૂર્ણ, ઘણીવાર જાણીજોઈને અનિશ્ચિત રાખવામાં આવેલું માળખું છે. બંધારણો સરકારની માળખાકીય વ્યવસ્થાઓની ગણતરી કરે છે અને રાજ્યના દરેક અંગની સત્તાઓની બાહ્ય સીમાઓ નિર્દિષ્ટ કરે છે. આવી મર્યાદાઓની અંદર, રાજ્યના વિવિધ અંગોએ તેમના ફાળવેલા કાર્યો કેવી રીતે બજાવવા જોઈએ તે વિગતવાર બાબત છે, જે કાયદા દ્વારા અથવા રૂઢિ-પરંપરા દ્વારા પ્રદાન કરવાની હોય છે. તમામ લેખિત લોકશાહી બંધારણો અમૂર્ત નૈતિક આદેશોથી ભરેલા હોય છે!

૧૧૧. આ દેશની સર્વોચ્ચ ન્યાયિક સંસ્થાના ત્રણ સભ્યો, કેન્દ્રીય મંત્રીમંડળના એક સભ્ય અને બંધારણ હેઠળના ત્રણ ઉચ્ચ હોદ્દેદારોની બનેલી સમિતિ દ્વારા પસંદ કરાયેલ બે પ્રતિષ્ઠિત વ્યક્તિઓ મળીને એનજેએસીની રચના કરે છે. એવું સૂચન કરવું કે એનજેએસીને બંધારણના મૂળ લખાણમાં

સ્પષ્ટપણે દર્શાવેલી વિગતવાર માર્ગદર્શિકાઓની આવશ્યકતા છે, તે બંધારણીય મુસદ્દો ઘડવા માટે ન્યાયિક રીતે જડ ધોરણો લાદવા સમાન છે. બંધારણનું અર્થઘટન અને વિશ્લેષણ કરવાનું કાર્ય કોઈ કાયદાનું અર્થઘટન કરવાના કાર્ય કરતાં નિર્ણાયક રીતે અલગ છે.

૧૧૨. બંધારણની જોગવાઈઓનું અર્થઘટન વ્યાપક અને ઉદાર રીતે કરવાનું હોતું નથી. તેનું અર્થઘટન ગૌણ કાયદા અથવા તે બાબતે કોઈ કાયદાનું જે રીતે અર્થઘટન કરવું જરૂરી છે તે રીતે કરવાનું હોતું નથી. આ કોર્ટને એસ.આર. બોમ્માઈ માં આ પ્રશ્ન પર વિચાર કરવાનો પ્રસંગ મળ્યો હતો. ભારતના બંધારણના અનુચ્છેદ ૩૫૬ હેઠળ રાષ્ટ્રપતિની સત્તા અને બેરિયમ કેમિકલ્સ લિ. વિ. કંપની લો બોર્ડ, એ.આઇ.આર. ૧૯૬૭ એસસી ૨૯૫ માં આ કોર્ટ દ્વારા પ્રતિપાદિત માપદંડો પર રાષ્ટ્રપતિ દ્વારા આવી સત્તાનો ઉપયોગ ન્યાયિક સમીક્ષાને અધીન છે કે કેમ તે બાબત પર વિચાર કરતાં, કોર્ટે તે રજૂઆત ફગાવી દીધી હતી.

> "૩૫. . ..... વહીવટી કાર્યવાહીની માન્યતા નક્કી કરવા માટે બેરિયમ કેમિકલ્સ લિ. વિ. કંપની લો બોર્ડ અને ત્યારબાદના નિર્ણયોમાં આ કોર્ટ દ્વારા નિર્ધારિત કરવામાં આવેલી કસોટી અનુચ્છેદ ૩૫૬ હેઠળ રાષ્ટ્રપતિના સંતોષની ચકાસણી કરવા માટે લાગુ થઈ શકે નહીં. એ યાદ રાખવું જોઈએ કે અનુચ્છેદ ૩૫૬ દ્વારા પ્રદાન કરવામાં આવેલી સત્તા ગંભીર કટોકટીઓમાં વાપરવા માટેનું એક અસાધારણ સ્વરૂપ ધરાવે છે

અને તેથી, આવી સત્તાના ઉપયોગને વહીવટી કાયદાના ક્ષેત્રમાં ઉપયોગમાં લેવાતી સત્તા સમાન ગણી શકાય નહીં અને તેથી, તેને તે જ માપદંડ દ્વારા ચકાસી શકાય નહીં ..... .

૨૫૫. .. .. સત્તાનો ઉપયોગ અનુચ્છેદ ૩૫૬ હેઠળ એ સત્તાનો બંધારણીય ઉપયોગ છે. વસ્તુનિષ્ઠ આધાર પર વહીવટી નિર્ણયનો સામાન્ય વ્યક્તિલક્ષી સંતોષ, જે અદાલતો દ્વારા ગૌણ અધિકારીઓ અથવા અર્ધ-ન્યાયિક સત્તાધિકારીઓ અથવા ગૌણ વિધાનના વહીવટી નિર્ણયો પર લાગુ કરવામાં આવે છે, તે અનુચ્છેદ ૩૫૬ હેઠળ રાષ્ટ્રપતિના નિર્ણયને લાગુ પડતો નથી.

૩૭૩. . ..... જ્યાં સુધી બેરિયમ કેમિકલ્સ માં આ કોર્ટ દ્વારા અપનાવવામાં આવેલા અભિગમનો સંબંધ છે, તે કાયદા દ્વારા રચાયેલા સત્તાધિકારીના વ્યક્તિલક્ષી સંતોષ સંબંધિત નિર્ણય છે. ત્યારે વિકસિત થયેલા સિદ્ધાંતો આપોઆપ અનુચ્છેદ ૩૫૬ હેઠળની બંધારણીય સત્તાના ઉપયોગ સુધી વિસ્તારી શકાય નહીં. એ હકીકતને ધ્યાનમાં લેતાં કે આ દેશના સર્વોચ્ચ

બંધારણીય હોદ્દેદાર દ્વારા ઉપયોગમાં લેવાતી એક ઉચ્ચ બંધારણીય સત્તા છે, તેથી વૈધાનિક અથવા વહીવટી સત્તાધિકારીઓ દ્વારા લેવામાં આવતાં પગલાંના કિસ્સામાં લાગુ પડતી કસોટીઓ અપનાવવી યોગ્ય ન હોઈ શકે - અથવા કોઈપણ સંજોગોમાં, તેની સમગ્રતામાં તો નહીં જ."

૧૧૩. આવી કસોટી માત્ર કાયદાઓ અને ગૌણ વિધાન દ્વારા રચાયેલી સંસ્થાઓ માટે જ પ્રસ્તુત છે. કોઈપણ બંધારણીય સંસ્થાની કામગીરી માત્ર યોગ્ય કાયદા દ્વારા જ શિસ્તબદ્ધ થાય છે. બંધારણ રાષ્ટ્રપતિ અને વડાપ્રધાન તેમજ રાજ્યપાલો કે મુખ્યમંત્રીઓની કામગીરી માટે કોઈ માર્ગદર્શિકા નિર્ધારિત કરતું નથી. તેમને સોંપવામાં આવેલી બંધારણીય ફરજોનું પાલન કાયદા અને બંધારણીય સંસ્કૃતિ દ્વારા સંરચિત થાય છે. બંધારણની જોગવાઈઓને છેલ્લા વસિયતનામાની જેમ વાંચી શકાય નહીં, રખેને તે વસિયતનામું બની જાય. સુધારા પહેલાં પણ, બંધારણીય લખાણમાં રાષ્ટ્રપતિ અને સીજેઆઈ માટે અનુસરવા યોગ્ય કોઈ સ્પષ્ટ માર્ગદર્શિકા ન હતી. જોકે, કોઈનો એવો કેસ નથી કે સુધારા પહેલાંના પસંદગીના પરિદ્રશ્યએ કોઈ અનિયંત્રિત વિવેકાધિકાર આપ્યો હતો અને તેથી તેના પરિણામે કેટલીક અનિચ્છનીય ન્યાયિક નિમણૂકો થઈ હતી. જો વ્યવહારમાં, ક્યારેક અંગત પસંદગીઓ જાહેર હિતની ચિંતાઓ કરતાં વધુ પ્રબળ બની ગઈ હોય જેના પરિણામે અનિચ્છનીય નિમણૂકો થઈ હોય, તો તે આ ક્ષેત્રમાં બંધારણીય મૌનને કારણે નથી પરંતુ પસંદગી પ્રક્રિયામાં ભાગ લેનારાઓના નૈતિક ધોરણોની ખામીઓને કારણે છે. સુધારા પછી પણ, આ જવાબદારી અપરિવર્તિત છે. માત્ર એવા પક્ષકારોના ગઠનમાં ફેરફાર થયો છે કે જેમને આ કાર્ય સોંપવામાં આવ્યું છે અને પસંદગી પ્રક્રિયામાં વધુ પારદર્શિતા લાવવાના હેતુથી કાર્ય કરવાની પદ્ધતિ બદલવામાં આવી છે. એવી દલીલ કરવી કે આ સુધારો મૂળભૂત માળખાનો નાશ કરે છે કારણ કે તે કોઈ માર્ગદર્શિકા

નિર્ધારિત કરતો નથી, તે એવું ઠેરવવા સમાન છે કે મૂળ રૂપે ઘડવામાં આવેલી બંધારણની રચના જ ખામીયુક્ત છે!

૧૧૪. હવે પછીની રજૂઆત કે જેને ધ્યાનમાં લેવાની જરૂર છે તે એ છે કે સદર એક્ટની કલમ ૬(૬), જે એવી શરત મૂકે છે કે જો એનજેએસીના કોઈપણ બે સભ્યો એનજેએસી દ્વારા પ્રસ્તાવિત ભલામણ સાથે સંમત ન થાય, તો એનજેએસી તેવા ઉમેદવારની ભલામણ કરશે નહીં. અરજદારોના મતે, આ એક એવી જોગવાઈ છે જે પ્રસ્તાવોને રદ કરવા માટે એનજેએસીના બે સભ્યોને વીટો સત્તા આપે છે. એવી રજૂઆત કરવામાં આવી છે કે જોકે આ જોગવાઈ દેખીતી રીતે નિર્દોષ લાગે છે, વ્યવહારમાં, આના પરિણામે એનજેએસીના ત્રણ ન્યાયિક સભ્યો દ્વારા કરવામાં આવેલા પ્રસ્તાવોને નકારી કાઢવા માટે કારોબારીને વીટો સત્તા મળશે. આવી જોગવાઈ બંધારણના મૂળભૂત માળખાનું ઉલ્લંઘન કરે છે. વધુમાં એવી દલીલ કરવામાં આવી છે કે જોકે આ જોગવાઈ સુધારાનો ભાગ નથી, છતાં સુધારો અને સદર એક્ટ એકસાથે બનાવવામાં આવ્યા હોવાથી અને સદર એક્ટ એ સુધારાનો પૂરક હોવાથી, સદર એક્ટને સુધારાના માળખાનો એક ભાગ સમજવો જોઈએ અને તેથી, તે બંધારણના મૂળભૂત માળખાનું ઉલ્લંઘન કરતું હોવાના કારણસર કલમ ૬(૬) રદ કરવા પાત્ર છે.

૧૧૫. સામાવાળા(ઓ)એ રજૂઆત કરી હતી કે સદર એક્ટની કલમ ૬(૬)

માત્ર એનજેએસીની ભલામણોને માન્યતા આપવા માટે એક વિશેષ બહુમતી નિર્ધારિત કરે છે. કાયદામાં વિશેષ બહુમતીઓ નિર્ધારિત કરવી એ એક જાણીતી બાબત છે. ખુદ બંધારણ પણ અમુક કિસ્સાઓમાં વિશેષ બહુમતીઓ નિર્ધારિત કરે છે. ઉદાહરણ તરીકે,

અનુચ્છેદ ૩૬૮(૨) બંધારણમાં સુધારો કરવા માટે વિશેષ બહુમતી નિર્ધારિત કરે છે. તેવી જ રીતે, અનુચ્છેદ ૧૨૪(૪) બંધારણીય અદાલતોના ન્યાયમૂર્તિઓ પર મહાભિયોગ માટે વિશેષ બહુમતી નિર્ધારિત કરે છે. એવી દલીલ કરવામાં આવી છે કે અરજદારોની એવી ધારણા કે માત્ર સરકાર જ કલમ ૬(૬) હેઠળની જોગવાઈનો લાભ લઈ શકે છે તે તદ્દન પાયાવિહોણી છે. કોઈ ચોક્કસ કેસમાં એવું બની શકે છે કે એનજેએસીના બે ન્યાયિક સભ્યો એનજેએસીની દરખાસ્તને નકારી શકે છે. વિદ્વાન એટર્ની જનરલે એવી પણ રજૂઆત કરી હતી કે વિશેષ બહુમતીની આવી જોગવાઈ એ સેકન્ડ જજીસ કેસ હેઠળ સ્થાપિત વ્યવસ્થાનો પણ એક ભાગ છે અને, તેથી, આવી જોગવાઈમાં બંધારણીય રીતે કશું વાંધાજનક નથી.

૧૧૬. કલમ ૬(૬) ની વિષયવસ્તુ વીટોની સત્તા આપે છે કે વિશેષ બહુમતી નિર્ધારિત કરે છે તે પ્રશ્ન માત્ર શાબ્દિક સુસંગતતા ધરાવે છે. આપણે તેને ગમે તે નામ આપીએ, પરિણામ એ જ છે. એનજેએસીના બે સભ્યો અન્ય ચાર સભ્યોના અભિપ્રાયને બાજુ પર રાખી શકે છે અને ભલામણને અટકાવી શકે છે.

મને આવી જોગવાઈમાં સ્વાભાવિક રીતે ગેરકાયદેસર કશું જણાતું નથી. પ્રસ્તુત કેસના હેતુ માટે, હું એ પણ ઇચ્છતો નથી કે

મૂળભૂત માળખાના સિદ્ધાંત પ્રત્યેના બંધારણીય આકર્ષણને સમગ્ર ધારાકીય છાવણીમાં પ્રવેશવા માટે ટ્રોજન હોર્સ બનાવવામાં આવે કે કેમ તે અંગેની તપાસ હાથ ધરું. મારી દ્રષ્ટિએ, પ્રશ્નનો જવાબ આપતાં પહેલાં હું આ પ્રશ્નની વધુ વિંગતવાર ચકાસણી કરવા માગીશ . આ પ્રતિપાદન પર આ કોર્ટના પરસ્પર વિરોધી મંતવ્યો છે.૮૯ મારા મતે, સુધારો ટકી શકે તેમ નથી તેવા બહુમતીના નિર્ણયને જોતાં આ કેસમાં આવી તપાસની જરૂર નથી. અરજદારો તરફથી ઉપસ્થિત કેટલાક વિદ્વાન વકીલોએ મૂળભૂત માળખાના સિદ્ધાંતનો આશરો લેવાના વાજબીપણા તરીકે એસ.આર. બોમ્માઇ કેસ પર આધાર રાખ્યો હતો.

૧૧૭. અરજદારોની રજૂઆતનો જવાબ આપવા માટે માત્ર નિર્દેશ કરવા માટે, નિર્ણાયક રીતે નક્કી કરવા માટે નહિ, હું એસ.આર. બોમ્માઇ કેસની તપાસ કરું છું. આ કોર્ટ સમક્ષ પ્રશ્ન એ હતો કે અનુચ્છેદ ૩૫૬ હેઠળની સત્તાઓનો ઉપયોગ કરવામાં રાષ્ટ્રપતિનું પગલું બંધારણીય રીતે ટકી શકે તેમ હતું? બીજા શબ્દોમાં કહીએ તો, જે સામગ્રીના આધારે રાષ્ટ્રપતિએ પગલું ભર્યું હતું તે અનુચ્છેદ ૩૫૬ હેઠળની સત્તાઓનો ઉપયોગ કરવા માટે બંધારણીય રીતે સુસંગત હતી કે કેમ. આ કોર્ટ સમક્ષ અરજદારોની એવી રજૂઆત હતી કે અનુચ્છેદ ૩૫૬ હેઠળ સત્તાઓનો ઉપયોગ બંધારણના બે લક્ષણો, એટલે કે લોકશાહી અને

સંઘવાદ સાથે અસંગત હતો, તેથી, તે મૂળભૂત માળખાનો નાશ કરનાર હતો, કારણ કે અનુચ્છેદ ૩૫૬ હેઠળ રાષ્ટ્રપતિના પગલાના પરિણામે કેન્દ્ર સરકાર દ્વારા લોકશાહી રીતે ચૂંટાયેલી રાજ્ય સરકારોનું અધિક્રમણ થયું હતું.

૧૧૮. આ દલીલને ફગાવતાં, કોર્ટે ઠેરવેલ કે બિનસાંપ્રદાયિકતા પણ બંધારણના મૂળભૂત લક્ષણો પૈકીનું એક છે. વિવિધ રાજ્ય સરકારોની સભાન નિષ્ક્રિયતા અને તેના પરિણામે અમુક પ્રવૃત્તિઓને અટકાવવામાં નિષ્ફળતા કે જે અરજદારોના મતે (આ કોર્ટ દ્વારા

૮૯ મહારાવ સાહિબ શ્રી ભીમ સિંહજી વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા અને અન્ય, (૧૯૮૧) ૧ એસ.સી.સી.

૧૬૬, કૃષ્ણા ઐયર, ન્યાયમૂર્તિ - .

"૨૦. જ્યારે આપણે બંધારણીય સુધારાથી ભિન્ન એવા કોઈ સામાન્ય કાયદાની કાયદેસરતા તપાસીએ છીએ ત્યારે મૂળભૂત માળખાનો ભંગ થવાનો પ્રશ્ન ઊભો થઈ શકતો નથી."

ચુકાદા દ્વારા) આખરે બંધારણના બિનસાંપ્રદાયિક માળખાના વિનાશમાં પરિણમશે, તે અનુચ્છેદ ૩૫૬ હેઠળ રાષ્ટ્રપતિમાં નિહિત અસાધારણ સત્તાઓનો ઉપયોગ કરવા માટે ચોક્કસપણે એક સુસંગત વિચારણા છે. કારણ કે અનુચ્છેદ ૩૫૬ રાષ્ટ્રપતિને માત્ર ત્યારે જ તે હેઠળ વિચારાયેલી કાર્યવાહીનો આશરો લેવા બાધ્ય કરે છે જો રાષ્ટ્રપતિને સંતોષ થાય કે એવી પરિસ્થિતિ ઊભી થઈ છે જેમાં

રાજ્ય સરકાર બંધારણની જોગવાઈઓ અનુસાર ચલાવી શકાતી નથી. વિવિધ ધર્મોનું પાલન કરતા લોકો વચ્ચે કોમી એખલાસને નષ્ટ કરતી પ્રવૃત્તિઓને રોકવામાં રાજ્ય સરકારની નિષ્ફળતા એ ચોક્કસપણે બંધારણને જાળવી રાખવાની રાજ્યની બંધારણીય જવાબદારી સાથે અસંગત છે, જેનું બિનસાંપ્રદાયિકતા એ એક મૂળભૂત લક્ષણ છે. એસ.આર. બોમ્માઇ કેસ એવા પ્રતિપાદન માટે કોઈ સત્તાવાર દાખલો નથી કે કાયદાની માન્યતા.

મૂળભૂત માળખાના સિદ્ધાંતના કારણોસર ન્યાયિક પુનરાવલોકનને આધીન છે.

૧૧૯. દિનકરણ કેસ (ઉપરોક્ત) અને

શાંતિ ભૂષણ કેસ (ઉપરોક્ત) માં સર્જાયેલ ફિયાસ્કો રૂમા પાલ, ન્યાયમૂર્તિ દ્વારા નિર્દેશિત પસંદગી પ્રક્રિયામાં સંકળાયેલી ખામીઓને દૂર કરવા માટે તે પ્રક્રિયામાં નાગરિક સમાજના સભ્યોની ભાગીદારીને વાજબી ઠેરવશે. ઉપરોક્ત બે જ એવા કિસ્સા નથી કે જ્યાં આ વ્યવસ્થા નિષ્ફળ ગઈ હોય. તે જાહેર રેકર્ડની બાબત છે કે છેલ્લા ૨૦ વર્ષોમાં, કોલેજિયમ વ્યવસ્થાના આગમન પછી, હાઇકોર્ટોની કોલેજિયમ દ્વારા કરવામાં આવેલી અનેક ભલામણો સુપ્રિમ કોર્ટની કોલેજિયમ દ્વારા નકારી કાઢવામાં આવી હતી. એવા કેસો પણ છે કે જ્યાં હાઇકોર્ટ કોલેજિયમ દ્વારા કરવામાં આવેલી કોઈ ચોક્કસ નામના વ્યક્તિની ભલામણોને નકારી કાઢ્યા પછી આ કોર્ટની કોલેજિયમે ઝડપથી પોતાના પગલાં પાછા ખેંચી લીધા હતા, જેના કારણે આવો ઝડપી પલટો લેવા માટે કોલેજિયમને કયા

પરિબળો અસર કરી ગયા હશે તે અંગે ઘણી બધી અટકળો માટે અવકાશ ઊભો થયો હતો. આવા નિર્ણયો કેટલાક કિસ્સાઓમાં વાજબી હોઈ શકે છે અને અન્ય કિસ્સાઓમાં ન પણ હોઈ શકે. આ બાબતમાં કોઈ જવાબદેહી નથી. આ રેકોર્ડ આ

કોર્ટના એવા ન્યાયાધીશો, જેઓ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ બનવા માટે એટલા ભાગ્યશાળી નથી, તેમની પહોંચથી તદ્દન બહાર છે. આવી પરિસ્થિતિ ન તો આ સંસ્થાની વિશ્વસનીયતામાં વધારો કરે છે કે ન તો આ દેશના લોકો માટે સારી છે.

૧૨૦. ઉપરોક્ત તમામ કારણોસર, હું આ સુધારાને માન્ય રાખીશ. જો કે, બહુમતીના નિર્ણયને ધ્યાને લેતાં, મને સદર અધિનિયમની બંધારણીયતા તપાસવાનો કોઈ ઉપયોગી હેતુ જણાતો નથી.

૧૨૧. માત્ર એક સ્વતંત્ર અને કાર્યક્ષમ ન્યાયિક વ્યવસ્થા જ તે સમાજમાં વિશ્વાસ પેદા કરી શકે છે જેની તે સેવા કરે છે. આ દેશની વિવિધ બંધારણીય અદાલતો સમક્ષ પડતર કેસોની સતત વધતી જતી સંખ્યા સ્પષ્ટપણે કાર્યક્ષમતાનું પ્રમાણપત્ર નથી. હાઇકોર્ટો દ્વારા કરવામાં આવેલી ભૂલોને સુધારવાની માંગ સાથે, જેમાંથી કેટલીક નજીવી અને કેટલીક ગંભીર છે, જે આવૃત્તિથી અનુચ્છેદ ૧૩૬ હેઠળ આ કોર્ટના અવશિષ્ટ અધિકારક્ષેત્રનો આશરો લેવામાં આવે છે અને તેની સાથે આ કોર્ટની વિવિધ બેંચો દ્વારા આપવામાં આવેલા પરસ્પર વિરોધી નિર્ણયોની આશ્ચર્યજનક સંખ્યા માત્ર એ જ સૂચવે છે કે આ વ્યવસ્થામાં વ્યાપક સુધારો ઘણા સમયથી બાકી છે. બંધારણીય અદાલતોમાં

ન્યાયમૂર્તિઓની પસંદગી પ્રક્રિયા આવા સુધારાઓનું માત્ર એક પાસું છે. તે દિશામાં થયેલો એક પ્રયાસ, કમનસીબે, આ કોર્ટની મંજૂરી મેળવવામાં નિષ્ફળ રહ્યો, જેનાથી કાનૂની વ્યવસ્થાની કાર્યક્ષમતાની એકમાત્ર જવાબદારી અને અનન્ય જવાબદેહી આ કોર્ટ પર આવી પડી. હું મેકોલેના શબ્દો યાદ કરીને જ આ કેસ પૂર્ણ કરું છું – "સુધારો કરો જેથી તમે સાચવી શકો"૯૦ ભવિષ્ય જ કહી શકશે કે મને તે શબ્દો યોગ્ય રીતે યાદ આવ્યા હતા કે નહીં.

હુકમ

મદન બી. લોકુર, ન્યાયમૂર્તિ ૧. મારા વિદ્વાન સાથી ન્યાયમૂર્તિ ખેહર, ન્યાયમૂર્તિ ચેલમેશ્વર અને ન્યાયમૂર્તિ કુરિયન જોસેફ દ્વારા તૈયાર કરવામાં આવેલા મુસદ્દા હુકમનું અવલોકન કરવાનો મને લાભ મળ્યો છે. મારા વિદ્વાન સાથી ન્યાયમૂર્તિ ખેહર અને ન્યાયમૂર્તિ ચેલમેશ્વર દ્વારા વ્યક્ત કરાયેલા અભિપ્રાયનું સમર્થન કરતી વખતે, હું રિક્યુઝલ માટેની અરજીનો નિકાલ કરવાના પ્રક્રિયાગત પાસા પર થોડા શબ્દો ઉમેરવા માંગુ છું.

૨. ન્યાયમૂર્તિ ખેહરે મુસદ્દા હુકમના ફકરા ૧૭ માં નીચે મુજબ જણાવ્યું છે:

"પુનર્ગઠિત બેંચના સભ્ય તરીકે ચાલુ રહેવાનો નિર્ણય મારો અને માત્ર મારો જ હતો."

૩. મારા નમ્ર મતે, જ્યારે કોઈ કેસની સુનાવણીમાંથી ન્યાયમૂર્તિના રિક્યુઝલ માટે અરજી કરવામાં આવે છે, ત્યારે તે અરજી સંબંધિત ન્યાયમૂર્તિને

કરવામાં આવે છે અને સમગ્ર બેંચને નહીં. તેથી, મારા વિદ્વાન સાથી ન્યાયમૂર્તિ ખેહર એ જણાવવામાં તદ્દન સાચા છે કે આ નિર્ણય સંપૂર્ણપણે તેમનો પોતાનો છે, અને હું તેમના નિર્ણયનું સન્માન કરું છું.

૪. કોર્ટ ઓન ઈટ્સ ઓન મોશન વિરુદ્ધ સ્ટેટ અને અન્ય૧ માં જાહેર કરાયેલા વિગતવાર હુકમમાં યુનાઇટેડ સ્ટેટ્સની સુપ્રિમ કોર્ટના જવેલ રીજ કોલ કોર્પોરેશન વિરુદ્ધ લોકલ નં. ૬૧૬૭, યુનાઈટેડ માઈન વર્કર્સ ઓફ અમેરિકા૨ ના નિર્ણયનો સંદર્ભ આપવામાં આવ્યો હતો, જેમાં એવું ઠેરવવામાં આવ્યું હતું કે કોઈ કેસના નિર્ણયમાં ભાગ લેવા માટે સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિની યોગ્યતા અંગેની ફરિયાદ સમગ્ર કોર્ટને યોગ્ય રીતે સંબોધિત કરી શકાતી નથી અને કેસમાંથી ખસી જવાની યોગ્યતા પોતાના માટે નક્કી કરવાની જવાબદારી પ્રત્યેક ન્યાયમૂર્તિની છે.

૫. ન્યાયમૂર્તિ રેહનક્વિસ્ટ દ્વારા હનરાહન વિરુદ્ધ હેમ્પટન૩ માં આ મંતવ્યનો નીચે મુજબના શબ્દોમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો:

"આ કેસોમાં વાદી-સામાવાળાઓ અને તેમના વકીલે ૩ એપ્રિલ, ૧૯૮૦ ના રોજ આ કોર્ટના ક્લાર્ક સમક્ષ દાખલ કરેલી તેમની ૧૪ પાનાની અરજી અને તેમના પાંચ પરિશિષ્ટોમાં જણાવેલા કારણોસર હું આ કેસની કાર્યવાહીમાંથી રિક્યુઝ થાઉં તેવી માંગણી કરી છે. આ કાર્યવાહીમાં રાજ્ય પ્રતિવાદી અરજદારો દ્વારા આ અરજીનો વિરોધ કરવામાં આવ્યો છે [૪૪૬ યુ.એસ. ૧૩૦૧ (૧૯૮૦)]. સામાન્ય રીતે એક સંસ્થા તરીકે કોર્ટ આવી અરજીઓ, ભલે તે તેને સંબોધવામાં

આવી હોય, તે જે વ્યક્તિગત ન્યાયમૂર્તિઓનો સંદર્ભ આપે છે તેમના નિર્ણય પર છોડે છે, જુઓ જ્વેલ રીજ કોલ કોર્પોરેશન વિરુદ્ધ માઈન વર્કર્સ, ૩૨૫ યુ.એસ. ૮૯૭ (૧૯૪૫) (પુનર્વિચારણા અરજી નકારવી) (જેક્સન, ન્યાયમૂર્તિ, સહમત થતાં), તેથી હું આ અરજીને વ્યક્તિગત રીતે મને સંબોધવામાં આવેલી ગણીશ. મેં આ અરજી, પરિશિષ્ટો, રાજ્ય પ્રતિવાદીઓનો જવાબ, ૨૮ યુ.એસ.સી. ૪૫૫ (૧૯૭૬ આવૃત્તિ અને પૂરક ૨), અને વર્તમાન અમેરિકન બાર એસોસિએશન કોડ ઓફ જ્યુડિશિયલ કન્ડક્ટ પર વિચાર કર્યો છે, અને તે મુજબ આ અરજી નકારવામાં આવે છે."

૬. કાનૂની બારીકીઓથી અલગ રિક્યુઝલના મુદ્દાને સહેજ અલગ રીતે પણ જોઈ શકાય છે. જો પાંચ ન્યાયમૂર્તિઓની બેંચમાં, ન્યાયાધીશ એ ના રિક્યુઝલ માટે અરજી કરવામાં આવે અને અરજીની સુનાવણી પછી ન્યાયાધીશ એ કેસમાંથી રિક્યુઝ થવાનો નિર્ણય કરે પરંતુ અન્ય ચાર ન્યાયાધીશો અસંમત થાય અને એવો અભિપ્રાય વ્યક્ત કરે કે ન્યાયાધીશ એ માટે સુનાવણીમાંથી રિક્યુઝ થવાનું કોઈ વાજબી કારણ નથી, તો શું થશે? શું ન્યાયાધીશ એ સુનાવણીમાંથી રિક્યુઝ થવા ઇચ્છતા હોવા છતાં તેમને કેસની સુનાવણી કરવાની ફરજ પાડી શકાય? આવી મુશ્કેલ પરિસ્થિતિમાંથી બહાર આવવા માટે જ રિક્યુઝલ માટેની અરજી વાસ્તવમાં એક વ્યક્તિગત ન્યાયમૂર્તિને કરવામાં આવે છે અને સમગ્ર બેંચને નહીં.

૭. જ્યાં સુધી ન્યાયમૂર્તિ કુરિયન જોસેફ દ્વારા વ્યક્ત કરાયેલા એ મંતવ્યનો સંબંધ છે કે રિક્યુઝલની અરજીનો નિર્ણય કરતી વખતે કારણો આપવા જોઈએ, તો હું તે નિર્ણયમાં ન જોડાવાનું પસંદ કરીશ. પ્રથમ બાબત તો એ છે કે, કારણો આપવા કે ન આપવા તે અમારી સમક્ષ કોઈ મુદ્દો ન હતો. હાલમાં કારણો આપવામાં આવી રહ્યા છે તે તદ્દન અલગ બાબત છે. બીજું, કારણો આપવાનું કામ કેટલીક મુશ્કેલીઓથી ભરેલું છે. ઉદાહરણ તરીકે, એ શક્ય છે કે કોઈ ઓક્ક્સ કેસમાં, હાઈકોર્ટના એક વિદ્વાન ન્યાયમૂર્તિ કેસમાંથી પોતાના રિક્યુઝલ માટેની અરજી સ્વીકારે અને પક્ષકારો પૈકીનો એક પક્ષકાર તે હુકમને આ કોર્ટમાં પડકારે. પક્ષકારોને સાંભળ્યા પછી, આ કોર્ટ એવા નિષ્કર્ષ પર આવે કે વિદ્વાન ન્યાયમૂર્તિ દ્વારા આપવામાં આવેલા કારણો ક્ષુલ્લક હતા અને તેથી હુકમ અયોગ્ય છે અને પછી તેને રદ કરવામાં આવે છે. આવા સંજોગોમાં, શું આ કોર્ટ તે વિદ્વાન ન્યાયમૂર્તિને કેસની સુનાવણી કરવાની આવશ્યકતા દર્શાવતો પરિણામી હુકમ કરી શકે, ભલે તેઓ પ્રમાણિકપણે માનતા હોય કે તેમણે તે કેસ સાંભળવો જોઈએ નહીં?

૮. કોઈ કેસની સુનાવણીમાંથી રિક્યુઝલનો મુદ્દો એટલો સરળ નથી જેટલો તે જણાય છે. તેનાથી ઉપસ્થિત થતા પ્રશ્નો ઘણા મહત્ત્વપૂર્ણ છે અને કારણ કે એવું જણાય છે કે આવી અરજીઓની સંખ્યા વધી રહી છે, તેથી સમય આવી ગયો છે કે આ સંબંધમાં કેટલાક પ્રક્રિયાગત અને મૂળભૂત નિયમો ઘડવામાં આવે. જો યોગ્ય નિયમો ઘડવામાં આવે, તો કોઈ ઓક્ક્સ કેસમાં, તે બેંચ પરના અન્ય ન્યાયમૂર્તિઓ માટે ક્ષોભની સ્થિતિ ટાળી શકશે.

ચુકાદો

મદન બી. લોકુર, ન્યાયમૂર્તિ ૧. વિચારણા હેઠળના પ્રશ્નો આ મુજબ છે: પ્રથમ, શું ધ કોન્સ્ટિટ્યુશન (નાઇન્ટી–નાઇન્થ એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૧૪ કે જે સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટોના ન્યાયમૂર્તિઓની નિમણૂક માટેની પ્રવર્તમાન પ્રક્રિયાને બદલે સંપૂર્ણપણે અલગ પ્રક્રિયા દાખલ કરે છે, તે ન્યાયતંત્રની સ્વતંત્રતા પર તરાપ મારે છે અને બંધારણના મૂળભૂત માળખાનું ઉલ્લંઘન કરે છે; બીજું, શું ધ નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન એક્ટ, ૨૦૧૪ એ બંધારણીય રીતે માન્ય કાયદો છે.

૨. મારા મતે, ધ કોન્સ્ટિટ્યુશન (નાઇન્ટી–નાઇન્થ એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૧૪ (ટૂંકમાં ૯૯મો કોન્સ્ટિટ્યુશન એમેન્ડમેન્ટ એક્ટ) સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટોમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં સારભૂત ફેરફારો દાખલ કરીને અને બંધારણના અનુચ્છેદ ૧૨૪(૨) અને અનુચ્છેદ ૨૧૭(૧) ને ફરીથી લખીને બંધારણના મૂળભૂત માળખામાં ફેરફાર કરે છે, જેથી ન્યાયતંત્રની સ્વતંત્રતા સાથે ગંભીર બાંધછોડ થાય છે. પરિણામે, ૯૯મો કોન્સ્ટિટ્યુશન એમેન્ડમેન્ટ એક્ટ ગેરબંધારણીય છે. ૯૯મો કોન્સ્ટિટ્યુશન એમેન્ડમેન્ટ એક્ટ ગેરબંધારણીય હોવાથી, ધ નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન એક્ટ, ૨૦૧૪ (ટૂંકમાં એનજેએસી એક્ટ) કે જે ૯૯મા કોન્સ્ટિટ્યુશન એમેન્ડમેન્ટ એક્ટનું સંતાન છે તે કાયદાના પુસ્તક પર સ્વતંત્ર રીતે અસ્તિત્વ ધરાવી શકે નહીં.

અન્યથા પણ, તે સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટોમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં સારભૂત મનસ્વીતાને સક્ષમ કરીને બંધારણના અનુચ્છેદ ૧૪નું ઉલ્લંઘન કરે છે.

૩. ન્યાયમૂર્તિ ખેહર, ન્યાયમૂર્તિ કુરિયન જોસેફ અને ન્યાયમૂર્તિ આદર્શ કુમાર ગોયલના મુસદ્દા ચુકાદાનું વાંચન કરવાનો લાભ મળ્યો હોવાથી, હું ૯૯મા કોન્સ્ટિટ્યુશન એમેન્ડમેન્ટ એક્ટની બંધારણીય માન્યતાના સંબંધમાં આવેલા નિષ્કર્ષો સાથે આદરપૂર્વક સંમત છું પરંતુ વધારાના કારણો સાથે તેમને પૂરક બનાવવાનું પસંદ કરું છું. હું ન્યાયમૂર્તિ ચેલમેશ્વરના મત સાથે આદરપૂર્વક અસંમત છું. હું માનું છું કે અરજદારો વતી શ્રી ફાલી એસ. નરીમનની આગેવાની હેઠળના વિવિધ વિદ્વાન વકીલો દ્વારા અને સામાવાળાઓ વતી વિદ્વાન એટર્ની-જનરલ શ્રી મુકુલ રોહતગી દ્વારા કરવામાં આવેલી તમામ રજૂઆતોની ન્યાયમૂર્તિ ખેહર દ્વારા તેમના મુસદ્દા ચુકાદામાં નોંધ લેવામાં આવી છે અને તેની સાથે કામ પાર પાડવામાં આવ્યું છે અને તે પૈકીની કેટલીક બાબતોના સંબંધમાં, જે પહેલેથી જ કહેવામાં આવ્યું છે તેમાં મારે કશું ઉમેરવાનું નથી.

ઐતિહાસિક પૃષ્ઠભૂમિ

૪. એવું માનવામાં આવે છે કે ફિલસૂફ, નિબંધકાર, કવિ અને નવલકથાકાર જ્યોર્જ સંતાયનાએ આ મતલબનું કંઈક કહ્યું હતું કે: 'જેઓ પોતાના ભૂતકાળને યાદ રાખતા નથી તેઓ તેમની ભૂલોનું પુનરાવર્તન કરવા માટે શ્રાપિત છે.' આ બાબતને ધ્યાનમાં રાખીને, ભારતીય ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની પ્રક્રિયાના વિકાસ, ચર્ચા અને વાદ–વિવાદ કરાયેલા વિવિધ

વિકલ્પોને સમજવા અને ત્યારબાદ ધ કોન્સ્ટિટ્યુશન (નાઈન્ટી–નાઈન્થ એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૧૪ અને ધ નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન એક્ટ, ૨૦૧૪ દ્વારા આપવામાં આવેલા ઉકેલ પર વિચાર કરવો અને તેનું વિશ્લેષણ કરવું આવશ્યક છે. આ અન્ય એક કારણસર પણ મહત્વપૂર્ણ છે – બંધારણ સભાએ ભારતના બંધારણનો સ્વીકાર કર્યો તે પહેલાં થયેલી કેટલીક 'ભૂલો'ને, બંધારણ સભાએ તેના પર ચર્ચા કરી તેને નકારી કાઢી હોવા છતાં, પુનર્જીવિત કરવામાં આવી છે અને કાયદાનું સ્વરૂપ આપવામાં આવ્યું છે.

૫. ધ **ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ, ૧૯૧૯** ની કલમ ૧૦૧ હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ અને ન્યાયમૂર્તિઓની નિમણૂકની જોગવાઈ કરતી હતી અને કલમ ૧૦૨ તેમના કાર્યકાળની જોગવાઈ કરતી હતી. એવી જોગવાઈ કરવામાં આવી હતી કે નિમણૂક હિઝ મેજેસ્ટી દ્વારા કરવામાં આવશે અને ન્યાયાધીશ 'હિઝ મેજેસ્ટીની મરજી હોય ત્યાં સુધી' હોદ્દો ધરાવશે. ન્યાયમૂર્તિની નિમણૂક પ્રક્રિયા અને કાર્યકાળ ક્રાઉનની મરજી પર નિર્ભર હોવાથી, કદાચ ન્યાયતંત્રની સ્વતંત્રતાનો મુદ્દો ભારતમાં ચર્ચાનો વિષય ન હતો. કોઈપણ સંજોગોમાં, વિદ્વાન વકીલો દ્વારા કરવામાં આવેલી રજૂઆતો દરમિયાન આ સંબંધમાં એક કે બીજી રીતે કશું નિર્દેશિત કરવામાં આવ્યું ન હતું.

૬. ધ **ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ, ૧૯૩૫** એ હાઇકોર્ટોમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની પ્રક્રિયામાં આંશિક ફેરફાર કર્યો અને સદર અધિનિયમ દ્વારા રચાયેલી ફેડરલ કોર્ટમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની પ્રક્રિયા

દાખલ કરી. કલમ ૨૦૦ અને ૨૦૧ ફેડરલ કોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂક સાથે સંબંધિત હતી અને જ્યારે ક્રાઉન નિમણૂકો કરવાનું ચાલુ રાખતું હતું (દેખીતી રીતે કોઈપણ ઔપચારિક વિચાર-વિમર્શ પ્રક્રિયા વિના); તેમનો કાર્યકાળ ૬૫ વર્ષની વયે નિર્ધારિત કરવામાં આવ્યો હતો. ન્યાયમૂર્તિને દૂર કરવાનું માત્ર ગેરવર્તણૂક અથવા મન કે શરીરની અશક્તતાના કારણોસર જ શક્ય હતું. કલમ ૨૦૧ ન્યાયમૂર્તિના પગાર, ભથ્થાં, રજા અને પેન્શનની જોગવાઈ કરતી હતી અને નિમણૂક પછી તેમાં તેમના ગેરલાભમાં કોઈ ફેરફાર કરી શકાતો ન હતો. કલમ ૨૨૦ અને ૨૨૧ હાઈકોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂક સાથે સંબંધિત હતી અને તેની જોગવાઈઓ ફેડરલ કોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂકને વધુ કે ઓછા અંશે સમાન હતી.

૭. ધ ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા એક્ટ, ૧૯૩૫ એ સ્વતંત્ર ન્યાયતંત્રનો એક આભાસ આપ્યો હતો કે જેમાં તેણે સ્વતંત્રતાની કેટલીક મૂળભૂત આવશ્યકતાઓ પૂરી પાડી હતી જેમ કે નિમણૂક માટેની પાત્રતા, દૂર કરવાની પ્રક્રિયા સહિત કાર્યકાળની સુરક્ષા, પગાર, ભથ્થાં અને પેન્શનની ખાતરી વગેરે. ફરીથી, અમારી સમક્ષ એવું કંઈ ચોક્કસ દર્શાવવામાં આવ્યું ન હતું, એક કે બીજી રીતે, જે નિમણૂક પ્રક્રિયા અથવા ન્યાયતંત્રની સ્વતંત્રતા સંબંધિત સમકાલીન પ્રથા પર પ્રકાશ પાડી શકે. જો કે, ન્યાયમૂર્તિઓની નિમણૂક અંગેની સામાન્ય પ્રથા અસ્તિત્વમાં હતી અને પાકિસ્તાનની સુપ્રિમ કોર્ટ દ્વારા ***અલ-જેહાદ ટ્રસ્ટ વિરુદ્ધ ફેડરેશન ઓફ પાકિસ્તાન***[૧] માં આ બાબતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે ૧૯૧૧ થી જ્યારથી ઈન્ડિયન હાઈકોર્ટ્સ એક્ટ

ઘડવામાં આવ્યો હતો અને ચોક્કસપણે ૧૯૧૫/૧૯૧૯ પછીથી જ્યારથી ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ ઘડવામાં આવ્યો હતો ત્યારથી, ન્યાયમૂર્તિની નિમણૂક એ ક્રાઉનની મરજીની બાબત હોવા છતાં, ન્યાયમૂર્તિની નિમણૂક માટે મુખ્ય ન્યાયમૂર્તિની ભલામણ સ્વીકારવામાં આવતી હતી. એવું કહેવામાં આવ્યું હતું કે:

> "ઉચ્ચ અદાલતમાં મુખ્ય ન્યાયમૂર્તિ અથવા ન્યાયમૂર્તિની નિમણૂકનું કાર્ય એ એક કારોબારી કાર્ય છે. કોઈ શંકા નથી કે બંધારણના સંબંધિત અનુચ્છેદો હેઠળ આ સત્તા કારોબારીમાં નિહિત છે, પરંતુ પ્રશ્ન એ છે કે, આ સત્તાનો ઉપયોગ કેવી રીતે કરવાનો છે. બંધારણની જોગવાઈનું અર્થઘટન કરતી વખતે અને બંધારણ હેઠળ સત્તાના ઉપયોગને માર્ગદર્શન આપવા અને તેનું નિયમન કરવા માટે પરંપરાઓનો આશરો લઈ શકાય છે: જ્યારે ઇસ્લામિક ન્યાયશાસ્ત્ર હેઠળ, જેને 'ઉર્ફ' કહેવામાં આવે છે તેવી પરંપરા વિવિધ ઇસ્લામિક સ્ત્રોતોના આધારે બંધનકર્તા બળ ધરાવે છે, ભારતના ભાગલા પહેલાંના દિવસો તેમજ ભાગલા પછીના સમયગાળા દરમિયાન એ એક સુસંગત પ્રથા રહી છે કે જેણે પરંપરાનો દરજ્જો પ્રાપ્ત કર્યો છે કે અત્યંત દુર્લભ કિસ્સાઓ સિવાય ભારતમાં તેમજ પાકિસ્તાનમાં હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ અને સુપ્રિમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિની ભલામણો સતત સ્વીકારવામાં આવી છે અને તેના પર અમલ કરવામાં આવ્યો છે. હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ અને ભારતીય

ફેડરલ કોર્ટ સાથે વિચાર-વિમર્શ કરવાની પ્રથા ઇન્ડિયન હાઇકોર્ટ્સ એક્ટ [૧૯૧૧] હેઠળ તેમજ ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ ૧૯૧૫ હેઠળ પણ પ્રચલિત હતી, જોકે ભારતમાં ઉચ્ચ અદાલતોના ન્યાયમૂર્તિઓની નિમણૂક એ ક્રાઉનમાં નિહિત મરજીની બાબત હતી. તે દિવસોમાં પણ મુખ્ય ન્યાયમૂર્તિઓની ભલામણો સહજ સ્વીકારવામાં આવતી હતી."

સપ્રુ સમિતિ

૮. ન્યાયમૂર્તિઓની નિમણૂકનો મુદ્દો (સ્વતંત્ર ભારત માટે) સૌપ્રથમ ચર્ચા માટે (જેમ જણાય છે તેમ) સપ્રુ સમિતિ સમક્ષ આવ્યો હતો. આ સમિતિ દ્વારા ૧૯૪૫ માં તૈયાર કરાયેલા અહેવાલના પ્રકરણ ૫ માં ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્રની ચર્ચા કરવામાં આવી હતી. ન્યાયમૂર્તિઓની નિમણૂકને લગતા સંબંધિત ફકરાઓ ફકરા ૨૫૯, ૨૬૧ અને ૨૬૮ છે.૨ સમિતિનો એવો અભિપ્રાય હતો કે ન્યાયતંત્રની સ્વતંત્રતા 'બંધારણના સંતોષકારક કાર્ય માટે સર્વોચ્ચ મહત્વ ધરાવે છે અને પ્રાંતના સર્વોચ્ચ ટ્રીબ્યુનલની સંખ્યા અને સ્વતંત્રતામાં કારોબારીની દખલગીરીની શક્યતા કરતાં વધુ પ્રાંતના કલ્યાણ માટે હાનિકારક અથવા લોકોના વિશ્વાસને નબળો પાડનાર કશું હોઈ શકે નહીં.' તે સ્પષ્ટ હતું કે તે હાઇકોર્ટની 'સંપૂર્ણ સ્વતંત્રતા' સુરક્ષિત રાખવા અને ન્યાયમૂર્તિઓને પક્ષીય રાજકારણ કે પ્રભાવોથી પર રાખવા માંગતી હતી. સમિતિએ ધારાસભા અને કારોબારીને સંપૂર્ણપણે બાકાત રાખીને ન્યાયમૂર્તિઓની નિમણૂકની એક મર્યાદિત વિચાર–વિમર્શ પ્રણાલીનો પ્રસ્તાવ

મૂક્યો હતો. સમિતિએ સુપ્રિમ કોર્ટમાં નિમણૂકો માટે માત્ર રાજ્યના વડા અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ વચ્ચે તથા હાઇકોર્ટો માટે, વધારામાં, એકમના વડા (પ્રાંત) અને હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ વચ્ચે વિચાર-વિમર્શનો પ્રસ્તાવ મૂક્યો હતો. અહેવાલના સંબંધિત ફકરાઓ નીચે મુજબ વંચાય છે:

> "૨૫૯. અમારી ભલામણ નં. ૧૩ માં અમે સૌપ્રથમ ભલામણ કરીએ છીએ કે એક સુપ્રિમ કોર્ટ https://archive.org/stream/saprucommittee૦૩૫૫૨૦mbp/saprucommittee ૦૩૫૫૨૦mbp djvu txt સંઘ માટે અને પ્રત્યેક એકમમાં એક હાઇકોર્ટ રહેશે. ત્યારબાદ બીજા ખંડમાં અમે ભલામણ કરીએ છીએ કે સંઘની શરૂઆતમાં આ પ્રત્યેક અદાલતોમાં ન્યાયમૂર્તિઓની સંખ્યા તેમજ તેમને ચૂકવવામાં આવનાર પગાર બંધારણ અધિનિયમમાં નક્કી કરવામાં આવશે અને હાઇકોર્ટ, સંબંધિત સરકાર અને સુપ્રિમ કોર્ટની ભલામણ પર તથા રાજ્યના વડાની મંજૂરી વિના આ બંનેમાંથી કોઈમાં પણ ફેરફાર કરવામાં આવશે નહીં, જોકે, શરત એ છે કે તેના હોદ્દાની મુદત દરમિયાન કોઈ ન્યાયમૂર્તિના પગારમાં તેના ગેરલાભમાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં. પેટા-ખંડ (૩) માં અમે ભલામણ કરીએ છીએ: "(એ) ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની નિમણૂક રાજ્યના વડા દ્વારા કરવામાં આવશે અને સુપ્રિમ કોર્ટના અન્ય ન્યાયમૂર્તિઓની નિમણૂક ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર-વિમર્શ કરીને રાજ્યના વડા દ્વારા કરવામાં આવશે."

"(બી) હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિની નિમણૂક એકમના વડા અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર-વિમર્શ કરીને રાજ્યના વડા દ્વારા કરવામાં આવશે."

"(સી) હાઇકોર્ટના અન્ય ન્યાયમૂર્તિઓની નિમણૂક એકમના વડા, સંબંધિત હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર–વિમર્શ કરીને રાજ્યના વડા દ્વારા કરવામાં આવશે."

૨૬૧. આ ભલામણો કરવાનો અમારો મુખ્ય ઉદ્દેશ્ય હાઇકોર્ટની સંપૂર્ણ સ્વતંત્રતા સુરક્ષિત કરવાનો અને તેમને પક્ષીય રાજકારણ અથવા પ્રભાવોથી પર રાખવાનો છે. આવા કેટલાક રક્ષણાત્મક ઉપાયો વિના, એ અશક્ય નથી કે કોઈ પ્રાંતીય સરકાર રાજકીય દબાણ હેઠળ

તેના અધિકારક્ષેત્ર હેઠળની હાઇકોર્ટના ન્યાયમૂર્તિઓની સંખ્યા અથવા તેના ન્યાયમૂર્તિઓના પગારને પ્રતિકૂળ અસર કરે. જો એવી દલીલ કરવામાં આવે કે આ બાબતમાં હાઇકોર્ટ અને સંબંધિત સરકાર વધુ કે ઓછા અંશે હિત ધરાવતા પક્ષકારો હશે, તો સુપ્રિમ કોર્ટ અને રાજ્યના વડાની દરમિયાનગીરી રાજકીય અથવા પક્ષીય પ્રભાવોના ઉપયોગની તમામ શક્યતાઓને નકારી કાઢશે. આ શરતો લાદવી, ઉપરછલ્લી દ્રષ્ટિએ, પ્રાંતોની સૈદ્ધાંતિક સ્વાયત્તતા સાથે અસંગત લાગી શકે છે, પરંતુ, અમારા મતે, હાઇકોર્ટ અને સામાન્ય રીતે ન્યાયતંત્રની સ્વતંત્રતા બંધારણના સંતોષકારક કાર્ય માટે સર્વોચ્ચ મહત્વ ધરાવે છે અને પ્રાંતના સર્વોચ્ચ ટ્રીબ્યુનલની સંખ્યા અને સ્વતંત્રતામાં કારોબારીની

દખલગીરીની શક્યતા કરતાં વધુ પ્રાંતના કલ્યાણ માટે હાનિકારક અથવા લોકોના વિશ્વાસને નબળો પાડનાર કશું હોઈ શકે નહીં.

૨૬૮. હવે આપણે ન્યાયમૂર્તિઓની નિમણૂકની પદ્ધતિ પર આવીએ છીએ. પ્રવર્તમાન કાયદા હેઠળ હાઇકોર્ટો અને ફેડરલ કોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂક કાઉન દ્વારા કરવામાં આવે છે. અમે ભલામણ કરી છે કે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની નિમણૂક રાજ્યના વડા દ્વારા થવી જોઈએ. આ સંબંધમાં અમે પ્રકરણ ૬ માં 'રાજ્યના વડા' (હેડ ઓફ ધ સ્ટેટ) શબ્દપ્રયોગની અમારી ચર્ચાનો સંદર્ભ આપીશું. તેવી જ રીતે અમે ભલામણ કરી છે કે સુપ્રિમ કોર્ટના અન્ય ન્યાયમૂર્તિઓની નિમણૂક ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર–વિમર્શ કરીને રાજ્યના વડા દ્વારા કરવામાં આવશે. હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિની નિમણૂક એકમના વડા અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર–વિમર્શ કરીને રાજ્યના વડા દ્વારા કરવામાં આવશે, અને હાઇકોર્ટના અન્ય ન્યાયમૂર્તિઓની નિમણૂક એકમના વડા, સંબંધિત હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર–વિમર્શ કરીને રાજ્યના વડા દ્વારા કરવામાં આવશે. અમે પ્રાંતીય હાઇકોર્ટોના ન્યાયમૂર્તિઓ સહિત આ ન્યાયમૂર્તિઓની નિમણૂકને જાણીજોઈને પક્ષીય રાજકારણના દાયરાની બહાર રાખી છે, અને પ્રાંતોની સૈદ્ધાંતિક સ્વાયત્તતામાં તેની દેખીતી દખલગીરી હોવા છતાં આ જોગવાઈના વાજબીપણામાં અમે ઉપર મુજબનું જ અવલોકન કરીએ છીએ."

૯. ઉલ્લેખ કર્યા મુજબ, અહેવાલના પ્રકરણ ૬ માં 'રાજ્યના વડા' (હેડ ઓફ સ્ટેટ) ની ચર્ચા કરવામાં આવી હતી અને જ્યાં સુધી ન્યાયતંત્રનો સંબંધ છે ત્યાં સુધી, રાજ્યના વડા પાસેથી એવી અપેક્ષા રાખવામાં આવી હતી કે તેઓ 'પોતાની મેળે રાજ્યના વડાના હોદ્દાના ધારક તરીકે કાર્ય કરે અને ફેડરલ મંત્રાલયની સલાહ પર નહીં. વધુ સ્પષ્ટ રીતે, રાજ્યના વડાએ ન્યાયમૂર્તિઓની નિમણૂક અને તેમને દૂર કરવાની બાબતમાં પોતાની મેળે કાર્ય કરવાનું હતું. અહેવાલમાં આ મુજબ કહેવામાં આવ્યું હતું:

> "સંઘ એક લોકશાહી સંઘીય રાજ્ય રહેશે અને રાજ્યના વડા, કે જેઓ ગવર્નર–જનરલ અને ક્રાઉન રિપ્રેઝન્ટેટિવ બંનેનું સ્થાન લેશે અને જો જરૂરી હોય તો, તેમને યોગ્ય સ્વદેશી હોદ્દો આપવામાં આવી શકે છે, તેમણે કોન્સ્ટિટ્યુશન એક્ટમાં ખાસ ઉલ્લેખ કરવામાં આવે તેવા કેટલાક અત્યંત અપવાદરૂપ કિસ્સાઓ સિવાય, જ્યાં તેમને (૧) રાજકીય કે કોમી ભ્રષ્ટાચાર ટાળવા માટે, અથવા (૨) રાષ્ટ્રીય હિતમાં પહેલ કરવા માટે, ખાસ કરીને આજના સમયમાં પ્રવર્તે છે તેવી અપવાદરૂપ અને ઝડપથી બદલાતી પરિસ્થિતિઓમાં પોતાની મેળે અથવા ફેડરલ મંત્રાલય સિવાયની સલાહ પર કાર્ય કરવાની વિવેકબુદ્ધિ આપવામાં આવી હોય, તે સિવાય માત્ર તેમના ફેડરલ મંત્રાલયની સલાહ પર જ તેમને સોંપવામાં આવેલા કાર્યો કરવા જોઈએ. અપવાદ (૧) હેઠળ હાઈકોર્ટોની સંખ્યામાં ફેરફાર કરવા અંગે અને સુપ્રિમ કોર્ટ તથા હાઈકોર્ટોના ન્યાયમૂર્તિઓની

નિમણૂક અને તેમને દૂર કરવા અંગે અમારી ભલામણોના ફકરા ૧૩ હેઠળ અમે કરેલા સૂચનો આવશે."૩

સુપ્રિમ કોર્ટ પર એડહોક કમિટી

૧૦. બંધારણ સભાની રચના થયા પછી, **સુપ્રિમ કોર્ટ પર એક એડહોક કમિટીની** સ્થાપના કરવામાં આવી હતી, જેણે ૨૧મી મે, ૧૯૪૭ ના રોજનો પોતાનો અહેવાલ બંધારણ સભા સમક્ષ રજૂ કર્યો હતો. અહેવાલનો ફકરો ૧૪ સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂકના મુદ્દા સાથે સુસંગત છે. તેણે ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ, ૧૯૩૫ માં ઉલ્લેખ કર્યા મુજબ, સુપ્રિમ કોર્ટમાં ન્યાયમૂર્તિઓની નિમણૂક માટેની લાયકાતનો સિદ્ધાંતિક રીતે સ્વીકાર કર્યો હતો, પરંતુ 'સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂક કરવાની સત્તા સંઘના રાષ્ટ્રપતિની અનિયંત્રિત વિવેકબુદ્ધિ પર છોડી દેવી' તેને અયોગ્ય જણાયું હતું. તેણે નિમણૂક પ્રક્રિયામાં બે સૂચનો કર્યા હતા, જે બંનેમાં રાષ્ટ્રપતિ અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ વચ્ચે વિચાર–વિમર્શ તથા અન્ય બાબતોની સાથે સાથે હાઇકોર્ટોના કેટલાક મુખ્ય ન્યાયમૂર્તિઓ, કેન્દ્રીય ધારાસભાના બંને ગૃહોના કેટલાક સભ્યો અને સંઘના કેટલાક કાયદા અધિકારીઓ ધરાવતી ૧૧ (અગિયાર) વ્યક્તિઓની પેનલના અભિપ્રાયની આવશ્યકતા હતી. એવી દરખાસ્ત કરવામાં આવી હતી કે કારોબારીને નિમણૂક પ્રક્રિયાથી બહાર રાખવામાં આવે. સદર ફકરો નીચે મુજબ વંચાય છે:

"૧૪. ફેડરલ કોર્ટના ન્યાયાધીશો અંગે ૧૯૩૫ના અધિનિયમમાં દર્શાવેલી શરતોને ઘણી મળતી આવતી શરતો પર સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓની લાયકાતો નિર્ધારિત કરી શકાય છે, જેમાં (૧૯૩૫ના અધિનિયમની જેમ) એવી શક્યતા ધ્યાનમાં રાખવામાં આવે છે કે સંઘમાં જોડાઈ શકે તેવા રાજ્યોમાંથી પણ વરિષ્ઠ અદાલતોના ન્યાયાધીશો સુપ્રિમ કોર્ટમાં સ્થાન મેળવવા માટે યોગ્ય જણાઈ શકે છે. અમે એવું નથી માનતા કે સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂક કરવાની સત્તા અનિયંત્રિત વિવેકબુદ્ધિ પર છોડી દેવી તે યોગ્ય રહેશે ફકરો ૨૮૮ સંઘના રાષ્ટ્રપતિની. અમે ભલામણ કરીએ છીએ કે નીચેની પદ્ધતિઓ પૈકીની કોઈપણ એક પદ્ધતિ અપનાવી શકાય. એક પદ્ધતિ એ છે કે રાષ્ટ્રપતિએ સુપ્રિમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર–વિમર્શ કરીને (જ્યાં સુધી પ્યુઇસ્ને ન્યાયમૂર્તિઓની નિમણૂકનો સંબંધ છે) એવી વ્યક્તિને નામાંકિત કરવી જોઈએ કે જેને તેઓ સુપ્રિમ કોર્ટમાં નિમણૂક માટે યોગ્ય માને છે અને તે નામાંકનની ઘટક એકમોની હાઈકોર્ટોના કેટલાક મુખ્ય ન્યાયમૂર્તિઓ, કેન્દ્રીય ધારાસભાના બંને ગૃહોના કેટલાક સભ્યો અને સંઘના કેટલાક કાયદા અધિકારીઓની બનેલી ૧૧ સભ્યોની પેનલમાંથી ઓછામાં ઓછા ૭ સભ્યોની બહુમતી દ્વારા પુષ્ટિ થવી જોઈએ. બીજી પદ્ધતિ એ છે કે ૧૧ સભ્યોની પેનલે ત્રણ નામોની ભલામણ કરવી જોઈએ કે જેમાંથી રાષ્ટ્રપતિ, મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર–વિમર્શ કરીને, નિમણૂક માટે એક ન્યાયમૂર્તિની પસંદગી કરી શકે છે. મુખ્ય ન્યાયમૂર્તિની નિમણૂક માટે

પણ આ જ પ્રક્રિયા અનુસરવી જોઈએ, સિવાય કે અલબત્ત આ કિસ્સામાં મુખ્ય ન્યાયમૂર્તિ સાથે કોઈ વિચાર–વિમર્શ થશે નહીં. પેનલ સ્વતંત્ર રહે [અને] વિશ્વાસ સંપાદિત કરે તે સુનિશ્ચિત કરવા માટે પેનલ એડહોક બોડી ન હોવી જોઈએ પરંતુ અમુક વર્ષોની મુદત માટે નિમાયેલી હોવી જોઈએ."૪

૧૧. ન્યાયમૂર્તિઓની નિમણૂક માટેની વિચાર–વિમર્શ પ્રક્રિયા પર સપ્રુ કમિટી અને એડહોક કમિટી વચ્ચે સ્પષ્ટપણે મતભેદ હતો. સપ્રુ કમિટીનું માનવું હતું કે ન્યાયમૂર્તિઓની નિમણૂક રાજ્યના વડા પોતાની મેળે કાર્ય કરે તેના પર છોડી દેવી જોઈએ જ્યારે એડહોક કમિટીએ નિમણૂક પ્રક્રિયાને 'રાષ્ટ્રપતિની અનિયંત્રિત વિવેકબુદ્ધિ' પર છોડી દેવાનું મંજૂર રાખ્યું ન હતું પરંતુ એક પેનલનો સમાવેશ કરીને તેને વ્યાપક આધારવાળી બનાવવાનું સૂચન કર્યું હતું.

૧૨. જો કે, સપ્રુ કમિટીના અહેવાલ અને એડહોક કમિટીના અહેવાલ બંને પરથી જે સ્પષ્ટ થાય છે તે એ છે કે ન્યાયમૂર્તિઓની નિમણૂકની પ્રક્રિયામાં કારોબારીને બિલકુલ સામેલ કરવાની ન હતી. આ બાબત નોંધપાત્ર મહત્વ ધરાવે છે.૫

યુનિયન કોન્સ્ટીટ્યુશન અને ડ્રાફ્ટ પર મેમોરેન્ડમ ક્લોઝિસ

૧૩. ૩૦મી મે, ૧૯૪૭ ના રોજ બંધારણ સભાના બંધારણીય સલાહકાર, સર બી.એન. રાઉએ યુનિયન કોન્સ્ટીટ્યુશન અને ડ્રાફ્ટ ક્લોઝિસ પર એક મેમોરેન્ડમ સુપરત કર્યું. સદર મેમોરેન્ડમમાં પ્રકરણ ૬ (ધ યુનિયન જ્યુડિકેચર)

માં એવી જોગવાઈ કરવામાં આવી હતી કે એક સુપ્રિમ કોર્ટ રહેશે 'જેની સત્તાઓ અને અધિકારક્ષેત્ર તેવા રહેશે જેવી ભલામણ એડહોક કમિટી દ્વારા કરવામાં આવી હતી

યુનિયન જ્યુડિશિયરી પરની.'૬ મેમોરેન્ડમ સાથે પરિશિષ્ટ તરીકે જોડાયેલા યુનિયન કોન્સ્ટીટ્યુશનના મુસદ્દા કલમોમાં એવી જોગવાઈ કરવામાં આવી હતી કે સુપ્રિમ કોર્ટના દરેક ન્યાયમૂર્તિની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા કાઉન્સિલ ઓફ સ્ટેટના ઓછામાં ઓછા ૨/૩ સભ્યોની મંજૂરીથી કરવામાં આવશે.૭ આ સંબંધમાં, ભારતના લો કમિશન તેના ૮૦મા અહેવાલમાં નીચે મુજબ નોંધે છે:

> "બંધારણીય સલાહકારે, ૩૦મી મે, ૧૯૪૭ ના પોતાના મેમોરેન્ડમમાં એવું સૂચન કર્યું હતું કે ન્યાયમૂર્તિઓની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા કાઉન્સિલ ઓફ સ્ટેટના ઓછામાં ઓછા બે–તૃતીયાંશ સભ્યોની મંજૂરીથી થવી જોઈએ.

તેમના મતે, રાષ્ટ્રપતિને એવી કેટલીક બાબતો પર સલાહ આપવા માટે પ્રિવિ કાઉન્સિલના સ્વરૂપની એક સંસ્થા બનવાની હતી કે જેના પર સ્વતંત્ર બિન-પક્ષીય ધોરણે નિર્ણયો જરૂરી હતા. કાઉન્સિલ ઓફ સ્ટેટમાં તેના સભ્યોમાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિનો સમાવેશ થવાનો હતો અને તેની રચના પક્ષપાતી પૂર્વગ્રહથી મુક્તિ સુનિશ્ચિત કરે તેવી રાખવાની હતી. આવી કાઉન્સિલ

૫ વિચાર-વિમર્શ પ્રક્રિયામાં સામાન્ય વ્યક્તિઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો ન હતો.

બી. શિવા રાવ: 'ધ ફ્રેમિંગ ઓફ ઇન્ડિયાઝ કોન્સ્ટીટ્યુશન' સિલેક્ટ ડોક્યુમેન્ટ્સ, વોલ્યુમ ૨ પાનું ૪૮૬ ૭ બી. શિવા રાવ: 'ધ ફ્રેમિંગ ઓફ ઇન્ડિયાઝ કોન્સ્ટીટ્યુશન' સિલેક્ટ ડોક્યુમેન્ટ્સ, વોલ્યુમ ૨ પાનું ૫૧૯ ઓફ સ્ટેટ, બંધારણીય સલાહકાર દ્વારા એવું સૂચન કરવામાં આવ્યું હતું કે, સ્પેશિયલ કમિટી દ્વારા ભલામણ કરાયેલ પેનલ માટે એક સંતોષકારક વિકલ્પ બનશે.

યુનિયન કોન્સ્ટીટ્યુશન કમિટીએ કાઉન્સિલ ઓફ સ્ટેટની સ્થાપના માટેની બંધારણીય સલાહકારની દરખાસ્ત સ્વીકારી ન હતી, અને એવું સૂચન કર્યું હતું કે ન્યાયમૂર્તિઓની નિમણૂક માટેની પ્રક્રિયા એવી હોવી જોઈએ કે રાષ્ટ્રપતિએ મુખ્ય ન્યાયમૂર્તિ અને સુપ્રિમ કોર્ટના એવા અન્ય ન્યાયમૂર્તિઓ સાથે વિચાર–વિમર્શ કરવો જોઈએ કે જેઓ જરૂરી જણાય."૮

૧૪. એવું જણાય છે કે આ સમય સુધીમાં, ન્યાયતંત્રની સ્વતંત્રતાને સ્વીકારી લેવામાં આવી હતી, એકમાત્ર પ્રશ્ન ન્યાયમૂર્તિઓની નિમણૂકની પ્રક્રિયા અંગેનો હતો – શું તે રાષ્ટ્રપતિની એકમાત્ર જવાબદારી હોવી જોઈએ કે પછી પેનલ અથવા કાઉન્સિલ ઓફ સ્ટેટનો સમાવેશ કરીને વ્યાપક આધારવાળી હોવી જોઈએ. કોઈ પણ સંજોગોમાં, નિમણૂક પ્રક્રિયામાં કારોબારીને બાકાત રાખવાની બાબત સ્વીકૃત ગણી લેવામાં આવી હોય તેવું જણાય છે.

યુનિયન કોન્સ્ટીટ્યુશન કમિટી

૧૫. યુનિયન કોન્સ્ટીટ્યુશન કમિટી, કે જેણે ૪થી જુલાઇ, ૧૯૪૭ ના રોજ બંધારણ સભા સમક્ષ અહેવાલ રજૂ કર્યો હતો, તેણે કાઉન્સિલ ઓફ સ્ટેટની સ્થાપના માટેની દરખાસ્ત સ્વીકારી ન હતી. પરિણામે, સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂક માટે એક વૈકલ્પિક પ્રક્રિયા સૂચવવામાં આવી હતી, એટલે કે, રાષ્ટ્રપતિ અને સુપ્રિમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ તથા સુપ્રિમ કોર્ટના એવા અન્ય ન્યાયમૂર્તિઓ તેમજ હાઇકોર્ટના ન્યાયમૂર્તિઓ વચ્ચે વિચાર–વિમર્શ દ્વારા નિમણૂક, જે તે હેતુ માટે જરૂરી જણાય. બીજા શબ્દોમાં કહીએ તો, સપ્રુ કમિટી દ્વારા મૂળ રૂપે પરિકલ્પિત મર્યાદિત વિચાર–વિમર્શ પ્રક્રિયા (રાષ્ટ્રપતિ અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ વચ્ચે) ફેરફારો સાથે સ્વીકારવામાં આવી હતી. અહેવાલના પ્રકરણ ૪ નો ફકરો ૧૮ સંબંધ ધરાવે છે ફકરા ૪.૪ અને ૪.૫ સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂક સાથે અને તે નીચે મુજબ વંચાય છે:

> "**૧૮. સુપ્રિમ કોર્ટ.**–યુનિયન જ્યુડિશિયરી પરની એડહોક કમિટી દ્વારા ભલામણ કરાયેલ બંધારણ, સત્તાઓ અને અધિકારક્ષેત્ર ધરાવતી એક સુપ્રિમ કોર્ટ રહેશે, સિવાય કે સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા મુખ્ય ન્યાયમૂર્તિ અને સુપ્રિમ કોર્ટના એવા અન્ય ન્યાયમૂર્તિઓ તેમજ હાઇકોર્ટોના ન્યાયમૂર્તિઓ સાથે વિચાર–વિમર્શ કર્યા પછી કરવામાં આવશે, જે તે હેતુ માટે જરૂરી જણાય.

[નોંધ – સુપ્રિમ કોર્ટ પરની એડહોક કમિટીએ એવું અવલોકન કર્યું છે કે સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂક કરવાની સત્તા ફેડરેશનના રાષ્ટ્રપતિની અનિયંત્રિત વિવેકબુદ્ધિ પર છોડી દેવી યોગ્ય રહેશે નહીં. તેમણે બે વિકલ્પો સૂચવ્યા છે, જે બંનેમાં અગિયાર સભ્યોની વિશેષ પેનલની સ્થાપના સામેલ છે. એક વિકલ્પ અનુસાર, રાષ્ટ્રપતિએ, મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર–વિમર્શ કરીને, પ્યુઇસ્ને ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક માટે વ્યક્તિનું નામાંકન કરવાનું છે અને તે નામાંકનની પેનલના ઓછામાં ઓછા સાત સભ્યો દ્વારા પુષ્ટિ થવી જરૂરી છે. બીજા વિકલ્પ અનુસાર, પેનલે ત્રણ નામોની ભલામણ કરવી જોઈએ, જેમાંથી રાષ્ટ્રપતિએ, મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર–વિમર્શ કરીને, નિમણૂક માટે એકની પસંદગી કરવાની રહેશે. ઉપરોક્ત કલોઝમાં સૂચવેલી જોગવાઈ યુનિયન કોન્સ્ટીટ્યુશન કમિટીના નિર્ણયને અનુસરે છે.]"૯

ફરીથી, ન્યાયાધીશોની, ખાસ કરીને સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં કારોબારીની કોઈ ભૂમિકા ન હતી.

વોલ્યુમ ૨ પાનું ૫૮૩

પ્રોવિન્સિયલ કોન્સ્ટીટ્યુશન કમિટી

૧૬. હાઇકોર્ટોના સંબંધમાં, ૨૭મી જૂન, ૧૯૪૭ નો એક અહેવાલ બંધારણ સભા સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો પ્રોવિન્સિયલ કોન્સ્ટીટ્યુશન કમિટી દ્વારા. તેનો ભાગ ૨ પ્રોવિન્સિયલ જ્યુડિશિયરી સંબંધિત હતો અને હાઇકોર્ટના

ન્યાયમૂર્તિઓની નિમણૂક માટે કરવામાં આવેલી ભલામણોમાં ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ, ૧૯૩૫ ની જોગવાઈઓ અને યુનિયન કોન્સ્ટીટ્યુશન કમિટી દ્વારા કરવામાં આવેલી ભલામણોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ ભલામણો નીચે મુજબ વંચાય છે:

"પ્રોવિન્સિયલ જ્યુડિશિયરી

૧. હાઇકોર્ટ સંબંધિત ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ, ૧૯૩૫ ની જોગવાઈઓ યથાવશ્યક ફેરફારો સાથે અપનાવવી જોઈએ; પરંતુ ન્યાયમૂર્તિઓની નિમણૂક ફેડરેશનના રાષ્ટ્રપતિ દ્વારા સુપ્રિમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ, પ્રાંતના રાજ્યપાલ અને પ્રાંતની હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર–વિમર્શ કરીને થવી જોઈએ (સિવાય કે જ્યારે હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિની પોતાની જ નિમણૂક કરવાની હોય).

૨. હાઇકોર્ટના ન્યાયમૂર્તિઓ એવા મહેનતાણા અને ભથ્થાં મેળવશે જે પ્રોવિન્સિયલ લેજિસ્લેચરના એક્ટ દ્વારા નક્કી કરવામાં આવે અને ત્યાં સુધી તેવા મેળવશે જે અનુસૂચિ ..... માં નિર્ધારિત કરવામાં આવ્યા હોય.

૩. ન્યાયમૂર્તિઓના મહેનતાણા અને ભથ્થાં તેમના હોદ્દાની મુદત દરમિયાન ઘટાડી શકાશે નહીં."૧૦

ઉપરોક્ત ચર્ચા દર્શાવે છે કે સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટોમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની પ્રક્રિયામાંથી કારોબારીને બહાર રાખવાની હતી. આ બાબત: (૧)

સપ્રુ સમિતિ; (૨) સુપ્રિમ કોર્ટ પરની એડ હોક સમિતિ; (૩) સંઘ બંધારણ સમિતિ, અને (૪) પ્રાંતીય બંધારણ સમિતિના મંતવ્યો પરથી સ્પષ્ટ થાય છે. જ્યારે નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશનની રચનાની ચકાસણી કરવામાં આવશે ત્યારે આ બાબતની અમુક અસર પડશે.

૧૭. ન્યાયતંત્ર સંબંધિત આ પૃષ્ઠભૂમિમાં, પ્રથમ બંધારણનો મુસદ્દો ઓક્ટોબર, ૧૯૪૭ માં મુસદ્દા સમિતિ સમક્ષ મૂકવામાં આવ્યો હતો. ત્યારબાદ ૨૧ ફેબ્રુઆરી, ૧૯૪૮ ના રોજ બંધારણ સભાના અધ્યક્ષ સમક્ષ અન્ય એક (સુધારેલો) મુસદ્દો રજૂ કરવામાં આવ્યો હતો. જ્યાં સુધી ફેડરલ ન્યાયતંત્ર (અથવા પ્રાંતો/રાજ્યોમાંની હાઇકોર્ટો) માટેની નિમણૂક પ્રક્રિયાનો સંબંધ છે ત્યાં સુધી આ બંને મુસદ્દાઓ વચ્ચે કોઈ નોંધપાત્ર ફેરફાર ન હતો. પરંતુ, એ નોંધવું મહત્ત્વપૂર્ણ છે કે મુસદ્દા સમિતિએ ઉપર જણાવેલ કોઈપણ સમિતિના દ્રષ્ટિકોણને ફગાવી દીધો ન હતો, એટલે કે, ન્યાયમૂર્તિઓની નિમણૂકની પ્રક્રિયામાંથી કારોબારીને બહાર રાખવી.

મુખ્ય ન્યાયમૂર્તિઓની પરિષદ

૧૮. રસ ધરાવતી વ્યક્તિઓ ટિપ્પણીઓ અને સૂચનો દ્વારા પોતાના વિચારો વ્યક્ત કરી શકે તે માટે મુસદ્દા બંધારણને વ્યાપક પ્રસિદ્ધિ આપવામાં આવી હતી. મુખ્ય ન્યાયમૂર્તિઓની પરિષદ (ફેડરલ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ અને હાઇકોર્ટોના મુખ્ય ન્યાયમૂર્તિઓ), લઘુમતી પેટા–સમિતિ અને મૂળભૂત અધિકારો, લઘુમતીઓ અને આદિજાતિ તેમજ બહિષ્કૃત વિસ્તારો પરની

સલાહકાર સમિતિ દ્વારા વ્યક્ત કરવામાં આવેલા મંતવ્યો મહત્ત્વપૂર્ણ છે કારણ કે તેઓ ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં કારોબારી અને ન્યાયતંત્ર વચ્ચેની આંતર–ક્રિયા સમજાવે છે.

૧૯. આ મંતવ્યો એ પણ સ્પષ્ટ કરે છે કે આઝાદી પછી તરત જ (અથવા તે અરસામાં) કારોબારીએ હાઇકોર્ટોના ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં દખલગીરી કરવાનું શરૂ કર્યું હતું. કારોબારી (અથવા આજની ભાષામાં, રાજકીય કારોબારી) દ્વારા આ દખલગીરી એ તે સમસ્યાનું મૂળ છે જેની સાથે આપણે આજે પણ ઝઝૂમી રહ્યા છીએ.

૨૦. મુખ્ય ન્યાયમૂર્તિઓની પરિષદ ૨૬ અને ૨૭ માર્ચ, ૧૯૪૮ ના રોજ ન્યાયતંત્ર સંબંધિત મુસદ્દા બંધારણમાંની દરખાસ્તો પર વિચારણા કરવા માટે યોજવામાં આવી હતી. પરિષદ દ્વારા ફેડરલ કોર્ટના અને ભારતીય સંઘની તમામ પ્રાંતીય હાઇકોર્ટોનું પ્રતિનિધિત્વ કરતા મુખ્ય ન્યાયમૂર્તિઓના મંતવ્યો દર્શાવતું એક મેમોરેન્ડમ તૈયાર કરવામાં આવ્યું હતું અને સુપરત કરવામાં આવ્યું હતું.૧૧ પ્રવર્તમાન નિમણૂક પ્રક્રિયાને સમજવા માટે આ મેમોરેન્ડમ અત્યંત મહત્ત્વપૂર્ણ છે.

૨૧. ખૂબ જ ટૂંકમાં, જેને મેમોરેન્ડમની 'પ્રસ્તાવના' તરીકે વર્ણવી શકાય તેમાં, કેટલાક મુખ્ય મુદ્દાઓ ગૃહીત ધરવામાં આવ્યા હતા અને ધ્યાને લેવામાં આવ્યા હતા. એવું માની લેવામાં આવ્યું હતું કે ન્યાયતંત્રની સ્વતંત્રતા અને સચ્ચાઈ માત્ર ન્યાયાધીશો માટે જ નહીં પરંતુ સત્તાના આપખુદ અને ગેરકાયદેસર

ઉપયોગ સામે અદાલતનો આશરો શોધતા નાગરિકો માટે પણ 'સર્વોચ્ચ મહત્ત્વ' ધરાવે છે,

જે કારોબારી દ્વારા આચરવામાં આવે છે. એવું ધ્યાને આવ્યું હતું કે ન્યાયતંત્રની સત્તાઓ, અધિકારો અને અધિકારક્ષેત્રને ઘટાડવાની એક વૃત્તિ છે, જેને જો ચાલુ રહેવા દેવામાં આવે તો તે 'સૌથી વધુ કમનસીબ' હશે. તેથી, આ વૃત્તિનો પ્રતિકાર કરવાની જરૂર હતી જે રાજકીય પક્ષોના હાથમાં વધુ સત્તા સોંપાવાથી વધવાની સંભાવના હતી. એવું કહેવામાં આવ્યું હતું: -

> "અમે માની લીધું છે કે તમામ પક્ષે એ સ્વીકારવામાં આવ્યું છે કે સરકારની લોકશાહી પ્રણાલીમાં ન્યાયતંત્રની સ્વતંત્રતા અને સચ્ચાઈ એ માત્ર ન્યાયાધીશો માટે જ નહીં પરંતુ સમગ્ર નાગરિકો માટે પણ સર્વોચ્ચ મહત્ત્વ અને હિતની બાબત છે, જેમને કારોબારી દ્વારા કોઈપણ ગેરકાયદેસર કૃત્યો અથવા સત્તાના જોહુકમીભર્યા ઉપયોગ સામે આખરી ઉપાય તરીકે અદાલતોમાં દાદ માંગવાની જરૂર પડી શકે છે. આ દેશમાં બ્રિટિશરો દ્વારા સ્થાપિત ન્યાય વહીવટ પ્રણાલીને આભારી, ન્યાયતંત્રએ અત્યાર સુધી કારોબારી સત્તા દ્વારા અતિક્રમણ અને તરાપ સામે વ્યક્તિગત નાગરિકના અધિકારોનું રક્ષણ કરવામાં મુખ્યત્વે સ્વતંત્ર ભૂમિકા ભજવી છે. જોકે, કમનસીબે, તાજેતરમાં એક એવી વૃત્તિ જોવા મળી રહી છે કે જે ઇન્ડિયાઝ કોન્સ્ટીટ્યુશન' - સિલેક્ટ ડોક્યુમેન્ટ્સ, વોલ્યુમ ૪, પૃષ્ઠ ૧૯૩ ન્યાયતંત્રના દરજ્જા અને ગરિમાને ઘટાડવાની અને તેમની સત્તાઓ,

અધિકારો અને સત્તાધિકારને ક્ષીણ કરવાની એક વૃત્તિ, જેને જો અંકુશમાં રાખવામાં નહીં આવે તો તે અત્યંત કમનસીબ હશે. જોકે અમે સ્વીકારીએ છીએ કે મુસદ્દા બંધારણમાં કારોબારી દખલગીરી સામેના પ્રવર્તમાન રક્ષણોને કેટલાક અંશે ઉદાર બનાવવાની અને તેમની હાલની સત્તાઓને વિસ્તૃત કરવાની દરખાસ્ત છે, છતાં એવું જણાય છે કે ઉપરોક્ત વૃત્તિનો અસરકારક રીતે પ્રતિકાર કરવા માટે તે જ દિશામાં આગળની જોગવાઈ કરવી જોઈએ, કારણ કે આગામી વર્ષોમાં સરકારી તંત્ર પર નિયંત્રણ અને પ્રભુત્વ મેળવનાર રાજકીય પક્ષોના હાથમાં વધુ સત્તા જવાના કારણે આ વૃત્તિ વધુ પ્રબળ બનવાની શક્યતા છે. નીચેની દરખાસ્તો અને સૂચનો કરતી વખતે, એક સ્વતંત્ર, નિષ્કલંક અને કાર્યક્ષમ ન્યાયતંત્રની નિર્ભય કામગીરી સુનિશ્ચિત કરવાના સર્વોચ્ચ મહત્ત્વને સતત ધ્યાનમાં રાખવામાં આવ્યું છે."

મેમોરેન્ડમમાં ખાસ કરીને (દુઃખપૂર્વક) નિર્દેશ કરવામાં આવ્યો હતો કે ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ પછી (કેટલાક રાજ્યો દ્વારા) અનુસરવામાં આવેલી પ્રથાને ધ્યાને લેતાં, ગુણવત્તાના આધારે હાઇકોર્ટોમાં ન્યાયમૂર્તિઓની નિમણૂક હંમેશા ખાતરીપૂર્વક થતી ન હતી. વધુમાં, હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા કરવામાં આવેલી ભલામણો હંમેશા કેન્દ્ર સરકારને મોકલવામાં આવતી ન હતી, જેનો ગર્ભિત અર્થ એવો થતો હતો કે અન્ય કેટલીક ભલામણો મોકલવામાં આવી હતી. આ સંબંધમાં એવું કહેવામાં આવ્યું હતું:

"પરિષદમાં થયેલી ચર્ચાઓ દર્શાવે છે કે ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ પછી અનુસરવામાં આવેલી પ્રક્રિયા વ્યવહારમાં હંમેશા આ બાબતમાં રાજકીય, સાંપ્રદાયિક અને પક્ષીય વિચારણાઓને લાવ્યા વિના કેવળ ગુણવત્તાના આધારે નિમણૂક કરવાની ખાતરી આપતી નથી. જોકે સૈદ્ધાંતિક રીતે આ બાબત પૂરતી સરળતાથી સ્વીકારવામાં આવે છે કે આવા પરિબળોએ નિમણૂક પર અસર કરવી જોઈએ નહીં, પરંતુ વ્યવહારમાં આ પ્રક્રિયાના અમલમાં આ બાબત હંમેશા ધ્યાનમાં રાખવામાં આવતી નથી. મુખ્ય ન્યાયમૂર્તિ પોતાની ભલામણ પ્રીમિયરને મોકલે છે જેઓ પોતાના ગૃહ મંત્રી સાથે વિચાર-વિમર્શ કરે છે. ત્યારબાદ પ્રીમિયરની ભલામણ કેન્દ્રના ગૃહ મંત્રાલયને મોકલવામાં આવે છે અને તેની સાથે મુખ્ય ન્યાયમૂર્તિની ભલામણ પણ મોકલવામા આવતી નથી , કારણ કે નિર્ધારિત પ્રક્રિયા દેખીતી રીતે એવી સમજવામાં આવે છે કે તે પ્રીમિયર માટે તેમ કરવાનું ફરજિયાત બનાવતી નથી."

૨૨. પરિણામે, પરિષદ દ્વારા ભલામણો કરવા માટેની એક સુધારેલી પ્રક્રિયાની સર્વાનુમતે ભલામણ કરવામાં આવી હતી જે એ બાબતની ખાતરી કરશે કે મુખ્ય ન્યાયમૂર્તિની ભલામણ રાષ્ટ્રપતિ સુધી પહોંચે અને કોઈપણ રાજકીય દબાણોને ટાળવા માટે નિમણૂક ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની સહમતિથી કરવામાં આવે. એવું કહેવામાં આવ્યું હતું:

"મુખ્ય ન્યાયમૂર્તિએ તે સંબંધમાં પોતાની ભલામણ સીધી રાષ્ટ્રપતિને મોકલવી જોઈએ. રાજ્યપાલ સાથે વિચાર–વિમર્શ કર્યા પછી રાષ્ટ્રપતિએ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની સહમતિથી નિમણૂક કરવી જોઈએ. આ પ્રક્રિયા હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા પ્રીમિયર અને તેમના ગૃહ મંત્રી સાથે આ બાબતની ચર્ચા કરવાની અને તેમની સમક્ષ પોતાની ભલામણોને "વાજબી ઠેરવવાની" જરૂરિયાતને દૂર કરશે. તે એ બાબત પણ સુનિશ્ચિત કરશે કે હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિની ભલામણ હંમેશા નિમણૂક સત્તાધિકારી, એટલે કે રાષ્ટ્રપતિ સમક્ષ મૂકવામાં આવે. ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની "સહમતિ" મેળવવાની આવશ્યકતા આ બાબતમાં સર્વોચ્ચ સ્તરે લાવવામાં આવતા રાજકીય અને પક્ષીય દબાણ સામે રક્ષણ પૂરું પાડશે." ૨૩. નોંધપાત્ર રીતે, મેમોરેન્ડમમાં ગર્ભિત અને અપ્રત્યક્ષ રીતે એ સ્વીકારવામાં આવ્યું હતું કે હાઇકોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂક માટે હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ તરફથી ઉદ્ભવતી ભલામણ સિવાય, રાજકીય કારોબારી દ્વારા અથવા તેના કહેવાથી ભલામણો કરવામાં આવી રહી હતી. આવી પ્રક્રિયા યોગ્ય હતી કે અયોગ્ય તે અંગે વિચારણા કરવામાં આવી ન હતી પરંતુ એવું સૂચન કરવામાં આવ્યું હતું કે આવી ભલામણ કરવામાં આવે તેવા સંજોગોમાં, નિમણૂક કરવામાં આવે તે પહેલાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની સહમતિ મેળવવી જોઈએ.

મેમોરેન્ડમમાં પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો કે હાઇકોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂક સંબંધિત મુસદ્દા બંધારણનો અનુચ્છેદ ૧૯૩(૧) નીચે મુજબ વંચાવો જોઈએ:

> "હાઇકોર્ટના દરેક ન્યાયમૂર્તિની નિમણૂક રાજ્યના રાજ્યપાલ સાથે વિચાર-વિમર્શ કર્યા પછી અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની સહમતિ સાથે હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિની ભલામણ પર રાષ્ટ્રપતિ દ્વારા પોતાના હસ્તાક્ષર અને મહોર હેઠળના વોરંટ દ્વારા કરવામાં આવશે ... "

મેમોરેન્ડમમાં એ સ્વીકારવામાં આવ્યું હતું કે હાઇકોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂક માટેની ભલામણ રાષ્ટ્રપતિ દ્વારા (વ્યક્તિગત ક્ષમતામાં) પણ કરી શકાય છે. (રાષ્ટ્રપતિ દ્વારા) આવી દરખાસ્તના કિસ્સામાં, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ તેને ન સ્વીકારે તેવી કોઈ સંભાવના ન હતી અને, તેથી, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની સહમતિને

બંધારણમાં સામેલ કરવાની જરૂર ન હતી. તેથી, એવું નોંધવામાં આવ્યું હતું:

> "રાષ્ટ્રપતિ દ્વારા પ્રસ્તાવિત નિમણૂકમાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સહમતિ આપવાનો ઇનકાર કરે તેવી સંભાવના માટે બંધારણમાં કોઈ જોગવાઈ કરવી અમને જરૂરી જણાતી નથી. બંને સર્વોચ્ચ જવાબદારી ધરાવતા હોદ્દેદારો છે અને અત્યાર સુધી આવા ઇનકારનો કોઈ કિસ્સો બન્યો નથી, જોકે હવે એવી પ્રણાલિ અસ્તિત્વ ધરાવે છે કે આવી

નિમણૂકો ભારતના મુખ્ય ન્યાયમૂર્તિને આ બાબત મોકલીને અને તેમની સહમતિ મેળવ્યા પછી જ કરવી જોઈએ. જો કદાચ ક્યારેય આવી પરિસ્થિતિ ઊભી થાય, તો રાષ્ટ્રપતિ દ્વારા અલગ દરખાસ્ત કરીને તેનો ચોક્કસ ઉકેલ લાવી શકાય છે, અને અમને લાગે છે કે તે સંબંધમાં કોઈ સ્પષ્ટ જોગવાઈ કરવાની જરૂર નથી.

ઉપરોક્ત બાબતો સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂક માટે પણ જરૂરી ફેરફારો સાથે લાગુ પડે છે, અને અનુચ્છેદ ૧૦૩(૨) માં પણ યોગ્ય રીતે સુધારો કરી શકાય છે ..... "

૨૪. આ મેમોરેન્ડમનું મહત્ત્વ અત્યંત વિશેષ છે અને તેને નીચે મુજબ સંક્ષિપ્તમાં રજૂ કરી શકાય છે: (૧) ન્યાયતંત્રની સ્વતંત્રતા અને સચ્ચાઈ સર્વોચ્ચ મહત્ત્વ ધરાવતી હતી. (૨) કારોબારીમાં ન્યાયતંત્રની સત્તા અને અધિકારક્ષેત્રને ઘટાડવાની એક વૃત્તિ વિકસી હતી. (૩) એ નોંધવામાં આવ્યું હતું કે હાઇકોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂક માટેની ભલામણો હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ તરફથી ઉદ્ભવે છે. પ્રસંગોપાત, પ્રાંતીય સ્તરે કારોબારી દ્વારા આવી ભલામણોને દબાવી દેવામાં આવે છે. એવો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો કે મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા કરવામાં આવેલી ભલામણો આગળની પ્રક્રિયા માટે સીધી રાષ્ટ્રપતિને મોકલવી જોઈએ જેથી પ્રાંતીય સ્તરે રાજકીય કારોબારી તેને દબાવી ન શકે. (૪) એ સ્વીકારવામાં આવ્યું હતું કે પ્રાંતીય સ્તરે રાજકીય કારોબારી પણ

હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિની જાણ બહાર સીધી કેન્દ્ર સરકારને ભલામણો કરે છે (જોકે હંમેશા ગુણવત્તાના આધારે નહીં). આવી ભલામણો માત્ર ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની સહમતિથી જ સ્વીકારવી જોઈએ, અને મુસદ્દા બંધારણમાં આ બાબતની તકેદારી રાખવી જોઈએ. (૫) એ સ્વીકારવામાં આવ્યું હતું કે હાઇકોર્ટ (અથવા સુપ્રિમ કોર્ટ) ના ન્યાયમૂર્તિની નિમણૂક માટેની ભલામણ રાષ્ટ્રપતિ દ્વારા (વ્યક્તિગત રીતે – 'બંને સર્વોચ્ચ જવાબદારી ધરાવતા હોદ્દેદારો છે ..... .') કરી શકાય છે. સામાન્ય રીતે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા તે સ્વીકારવામાં આવશે અને તેથી મુસદ્દા બંધારણમાં આ સંબંધમાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની સહમતિ માટે કોઈ જોગવાઈ કરવાની જરૂર ન હતી. જોકે, જો ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ તે ભલામણ સ્વીકારવાનો ઇનકાર કરે, તો રાષ્ટ્રપતિ દ્વારા એક અલગ દરખાસ્ત કરીને આ પરિસ્થિતિનો ઉકેલ લાવી શકાય છે. કારણ કે, એવું નોંધવામાં આવ્યું હતું કે, 'હવે એવી પ્રણાલિ અસ્તિત્વ ધરાવે છે કે આવી નિમણૂકો ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સમક્ષ આ બાબત મોકલીને અને તેમની સહમતિ મેળવ્યા પછી જ થવી જોઈએ.'

મુસદ્દા બંધારણના અનુચ્છેદ ૬૧ અને અનુચ્છેદ ૬૨ માં સુધારાઓ

૨૫. લઘુમતી પેટા-સમિતિ અને મૂળભૂત અધિકારો, લઘુમતીઓ અને આદિજાતિ તેમજ બહિષ્કૃત વિસ્તારો પરની સલાહકાર સમિતિએ મુસદ્દા બંધારણના (અન્ય બાબતો ઉપરાંત) અનુચ્છેદ ૬૧ અને અનુચ્છેદ ૬૨ નો ઉલ્લેખ

કર્યો હતો અને તેના પર વિચારણા કરી હતી. મુસદ્દા બંધારણનો અનુચ્છેદ ૬૧ અને અનુચ્છેદ ૬૨ રાષ્ટ્રપતિને સહાય અને સલાહ આપવા માટેની મંત્રી પરિષદ અને મંત્રીઓ સંબંધિત અન્ય જોગવાઈઓ સાથે સંબંધિત છે. આ સંબંધમાં, શિવા રાવ તેમના ઉત્કૃષ્ટ પ્રયાસ 'ધ ફ્રેમિંગ ઓફ ઇન્ડિયાઝ કોન્સ્ટિટ્યુશન - અ સ્ટડી' માં નીચે મુજબ જણાવે છે: -

> "કેન્દ્રીય અને રાજ્ય મંત્રીમંડળોમાં લઘુમતી પ્રતિનિધિઓનો સમાવેશ કરવાની જરૂરિયાત અંગે લઘુમતી સબ-કમિટીમાં અને મૂળભૂત અધિકારો, લઘુમતીઓ તથા આદિજાતિ અને બાકાત વિસ્તારો અંગેની સલાહકાર સમિતિમાં નોંધપાત્ર ચર્ચા થઈ હતી ..... તેઓ માનતા હતા કે જો, ધ ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ, ૧૯૩૫ દ્વારા પૂરા પાડવામાં આવેલા દાખલાનું અનુસરણ કરીને, બંધારણની અનુસૂચિ તરીકે સમાવિષ્ટ કરવા માટે એક ઇન્સ્ટ્રુમેન્ટ ઓફ ઇન્સ્ટ્રક્શન્સ તૈયાર કરવામાં આવે, જેમાં રાજ્યપાલો અને રાષ્ટ્રપતિને વ્યવહારુ હોય ત્યાં સુધી તેમના મંત્રીમંડળોમાં લઘુમતી સમુદાયોના સભ્યોનો સમાવેશ કરવાનો આદેશ આપવામાં આવે, તો તે પૂરતું રહેશે. જોકે, ફેબ્રુઆરી ૧૯૪૮ ના મુસદ્દા બંધારણમાં, આ હેતુ માટેનું ઇન્સ્ટ્રુમેન્ટ ઓફ ઇન્સ્ટ્રક્શન્સ માત્ર રાજ્યપાલો માટે જ તૈયાર કરવામાં આવ્યું હતું પરંતુ રાષ્ટ્રપતિ માટે નહીં. સંભવતઃ આ ક્ષતિને સુધારવા માટે, મુસદ્દા સમિતિએ મંત્રી પરિષદને લગતા અનુચ્છેદોની વધુ વિચારણા પર એવો નિર્ણય લીધો કે રાષ્ટ્રપતિ માટે પણ એક ઇન્સ્ટ્રુમેન્ટ ઓફ ઇન્સ્ટ્રક્શન્સ જરૂરી બનશે"૧૨

૨૬. દેખીતી રીતે, આને અનુસરીને, મુસદ્દા સમિતિએ ઓક્ટોબર ૧૯૪૮ માં અનુચ્છેદ ૬૨ માં નીચેનો ખંડ ઉમેરવાની દરખાસ્ત કરતી સુધારાની એક નોટિસ આપી હતી:

> "પોતાના મંત્રીઓની પસંદગી કરવામાં અને આ બંધારણ હેઠળના પોતાના અન્ય કાર્યોના નિર્વહનમાં, રાષ્ટ્રપતિ સામાન્ય રીતે અનુસૂચિ ૩-એ માં દર્શાવેલ સૂચનાઓ દ્વારા માર્ગદર્શિત થશે, પરંતુ રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવેલ કોઈપણ કાર્યની માન્યતા એ કારણસર પ્રશ્નાસ્પદ ગણી શકાશે નહીં કે તે આવી સૂચનાઓ અનુસાર કરવા સિવાય અન્ય રીતે કરવામાં આવ્યું હતું."

૨૭. અનુસૂચિ ૩-એ માં રાષ્ટ્રપતિ માટેના ઇન્સ્ટ્રુમેન્ટ ઓફ ઇન્સ્ટ્રક્શન્સનો સમાવેશ કરવામાં આવ્યો હતો અને આ મહત્વપૂર્ણ છે તથા તે નીચે મુજબ વંચાય છે:

નવી અનુસૂચિ ૩-એ

[અનુચ્છેદ ૬૨(૫એ)]

રાષ્ટ્રપતિને સૂચનાઓ

૧. આ સૂચનાઓમાં, જ્યાં સુધી સંદર્ભથી અન્યથા જરૂરી ન હોય ત્યાં સુધી, "રાષ્ટ્રપતિ" શબ્દમાં આ બંધારણની જોગવાઈઓ અનુસાર રાષ્ટ્રપતિ તરીકે કાર્ય કરતી અથવા તે સમય પૂરતું રાષ્ટ્રપતિના કાર્યોનું નિર્વહન કરતી દરેક વ્યક્તિનો સમાવેશ થશે.

૨. xxx

૩. xxx

૪. (૧) રાષ્ટ્રપતિ આ બંધારણ હેઠળ અમુક નિમણૂકો કરવા બાબતે રાષ્ટ્રપતિને સલાહ આપવાના હેતુ માટે એકલ સંક્રમણીય મત દ્વારા પ્રમાણસર પ્રતિનિધિત્વની પદ્ધતિ અનુસાર બંને ગૃહો દ્વારા ચૂંટાવાના હોય તેવા સંસદના ગૃહોના પંદરથી ઓછા નહીં તેટલા સભ્યોના બનેલા એક સલાહકાર બોર્ડની રચના માટે નિયમો બનાવશે અને આ બંધારણના પ્રારંભ પછી બને તેટલી વહેલી તકે આવા બોર્ડની વિધિવત રચના માટે તમામ જરૂરી પગલાં લેશે.

(૨) આવા નિયમોમાં એવી જોગવાઈ કરવામાં આવશે કે સંસદના કોઈપણ ગૃહમાં વિરોધ પક્ષના નેતા, જો કોઈ હોય તો, જો તેઓ સલાહકાર બોર્ડમાં ચૂંટાયા ન હોય, તો રાષ્ટ્રપતિ દ્વારા બોર્ડમાં નામાંકિત કરવામાં આવશે.

(૩) આવા નિયમો સલાહકાર બોર્ડના સભ્યોની હોદ્દાની મુદત અને તેની કાર્યપદ્ધતિ પણ નિર્ધારિત કરશે અને તેમાં રાષ્ટ્રપતિને જરૂરી જણાય તેવી આનુષંગિક જોગવાઈઓ સમાવિષ્ટ હોઈ શકશે.

૫. (૧) નીચેના પૈકી કોઈપણ નિમણૂક કરવામાં -(એ) ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અથવા સુપ્રિમ કોર્ટના અન્ય કોઈપણ ન્યાયમૂર્તિ;

(બી) હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ અથવા અન્ય કોઈપણ ન્યાયમૂર્તિ;

(સી) વિદેશી રાજ્યમાં રાજદૂત;

(ડી) ભારતના ઓડિટર-જનરલ;

(ઈ) યુનિયન પબ્લિક સર્વિસ કમિશનના અધ્યક્ષ અથવા અન્ય કોઈપણ સભ્ય;

(એફ) સંસદની તમામ ચૂંટણીઓ અને રાષ્ટ્રપતિ તથા ઉપરાષ્ટ્રપતિના હોદ્દાઓની ચૂંટણીઓનું અધિક્ષણ, નિર્દેશન અને નિયંત્રણ કરવા માટેના કમિશનના કોઈપણ સભ્ય,

રાષ્ટ્રપતિ ફકરા ૪ હેઠળ રચાયેલા સલાહકાર બોર્ડ સાથે વિચાર-વિમર્શ કરશે.

(૨) રાજ્યના રાજ્યપાલના હોદ્દા સિવાયના ભારત સરકાર અથવા રાજ્ય સરકાર હેઠળના અન્ય કોઈપણ હોદ્દા પર આ બંધારણ દ્વારા પોતાને પ્રદાન કરવામાં આવેલી સત્તાઓની રૂએ નિમણૂક કરવામાં પણ રાષ્ટ્રપતિ તે રીતે રચાયેલા સલાહકાર બોર્ડ સાથે વિચાર-વિમર્શ કરશે, જો સંસદ બંને ગૃહો દ્વારા પસાર કરવામાં આવેલા ઠરાવો દ્વારા રાષ્ટ્રપતિને એવી ભલામણ કરે કે આવા હોદ્દા પર નિમણૂક કરવામાં સલાહકાર બોર્ડ સાથે વિચાર-વિમર્શ કરવામાં આવશે.

૬. (૧) સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટોના ન્યાયમૂર્તિઓની નિમણૂક કરવામાં, રાષ્ટ્રપતિ સલાહકાર બોર્ડની સલાહ મેળવતા પહેલાં નીચેની પ્રક્રિયાનું પાલન કરશે:

(એ) ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની નિમણૂકના કિસ્સામાં, તેઓ પ્રથમ અનુસૂચિના ભાગ ૩ માં તે સમય પૂરતા નિર્દિષ્ટ કરાયેલા રાજ્યો સિવાય ભારતના રાજ્યક્ષેત્ર અંતર્ગતની હાઇકોર્ટોના મુખ્ય ન્યાયમૂર્તિઓ અને સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓ સાથે વિચાર-વિમર્શ કરશે.

(બી) ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સિવાયના સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂકના કિસ્સામાં, તેઓ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને સુપ્રિમ કોર્ટના અન્ય ન્યાયમૂર્તિઓ તથા પ્રથમ અનુસૂચિના ભાગ ૩ માં તે સમય પૂરતા નિર્દિષ્ટ કરાયેલા રાજ્યો સિવાય ભારતના રાજ્યક્ષેત્ર અંતર્ગતની હાઇકોર્ટોના મુખ્ય ન્યાયમૂર્તિઓ સાથે પણ વિચાર-વિમર્શ કરશે.

(સી) હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિની નિમણૂકના કિસ્સામાં, તેઓ જે રાજ્યમાં હાઇકોર્ટની મુખ્ય બેઠક હોય તે રાજ્યના રાજ્યપાલ અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર-વિમર્શ કરશે.

(ડી) મુખ્ય ન્યાયમૂર્તિ સિવાયના હાઇકોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂકના કિસ્સામાં, તેઓ જે રાજ્યમાં હાઇકોર્ટની મુખ્ય બેઠક હોય તે રાજ્યના રાજ્યપાલ,

ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર-વિમર્શ કરશે.

(૨) તે પેટા-ફકરામાં ઉલ્લેખિત કોઈપણ નિમણૂક સંબંધે તે બોર્ડની સલાહ મેળવતી વખતે, રાષ્ટ્રપતિ પેટા-ફકરા (૧) હેઠળ પોતાના દ્વારા વિચાર-વિમર્શ કરવામાં આવેલા સત્તાવાળાઓની ભલામણો સલાહકાર બોર્ડ સમક્ષ રજૂ કરશે.

૭. xxx

૮. xxx"૧૩

૧૩ ધ ફ્રેમિંગ ઓફ ઇન્ડિયાઝ કોન્સ્ટીટ્યુશન - સિલેક્ટ ડોક્યુમેન્ટ્સ, વોલ્યુમ - ૪, પૃષ્ઠ ૮૪.

૨૮. એ બાબત નોંધપાત્ર છે કે જ્યાં સુધી ન્યાયમૂર્તિઓની નિમણૂકનો સંબંધ છે ત્યાં સુધી ઇન્સ્ટ્રુમેન્ટ ઓફ ઇન્સ્ટ્રક્શન્સે પણ કારોબારીને સંપૂર્ણપણે બહાર રાખી હતી. કારોબારીમાંથી કોઈપણ વ્યક્તિ સાથે વિચાર-વિમર્શ કરવાનો ન હતો કે તેને નિમણૂક પ્રક્રિયામાં સામેલ કરવાની ન હતી.

૨૯. મુસદ્દા સમિતિએ પણ, દેખીતી રીતે અનુસૂચિ ૩-એ દાખલ કરવાને ધ્યાને લેતાં, એવી દરખાસ્ત કરી હતી કે મુસદ્દા બંધારણના અનુચ્છેદ ૧૦૩(૨) (સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂકને લગતા અને ભારતના બંધારણના અનુચ્છેદ ૧૨૪(૨) ને અનુરૂપ)૧૪ માં નીચે મુજબ સુધારો કરવામાં આવે:

"(૧) ખંડ (૨) માંથી \"તે હેતુ માટે જરૂરી જણાય તેવા સુપ્રિમ કોર્ટના અને રાજ્યોમાંની હાઇકોર્ટોના ન્યાયમૂર્તિઓ સાથે વિચાર-વિમર્શ કર્યા પછી\" શબ્દો કાઢી નાખવામાં આવે; અને

(૨) ખંડ (૨) નો પ્રથમ પરંતુક કાઢી નાખવામાં આવે."૧૫

૩૦. બીજા શબ્દોમાં કહીએ તો, રાષ્ટ્રપતિ પાસેથી મંત્રી પરિષદ સાથે બિલકુલ વિચાર–વિમર્શ કરવાની અથવા તેની સલાહ પર કાર્ય કરવાની અપેક્ષા રાખવામાં આવી ન હતી પરંતુ તેમણે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને અન્ય ન્યાયમૂર્તિઓ સાથે વિચાર–વિમર્શ કરવાનો હતો અને ત્યારબાદ સલાહકાર બોર્ડની સલાહ લેવાની હતી. આ સપ્રુ સમિતિની એવી ભલામણનું મિશ્રણ હતું કે જેમાં રાજ્યના વડા (અથવા જેમ આ ઉચ્ચ હોદ્દાને રાષ્ટ્રપતિ તરીકે નિયુક્ત કરવામાં આવ્યો હતો) પોતાની મેળે કાર્ય કરે અને તેમ છતાં ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં રાષ્ટ્રપતિ પાસે 'અમર્યાદિત વિવેકબુદ્ધિ' ન હોય.

૩૧. મુખ્ય ન્યાયમૂર્તિઓની પરિષદ, લઘુમતી પેટા-સમિતિ અને મૂળભૂત અધિકારો, લઘુમતીઓ અને આદિજાતિ તેમજ બહિષ્કૃત વિસ્તારો પરની સલાહકાર સમિતિ દ્વારા આપવામાં આવેલી દરખાસ્તો સહિતની તમામ દરખાસ્તો પર મુસદ્દા ૧૪ મુસદ્દા બંધારણનો અનુચ્છેદ ૧૦૩(૨) નીચે મુજબ વંચાય છે: "સુપ્રિમ કોર્ટના દરેક ન્યાયમૂર્તિની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા પોતાના હસ્તાક્ષર અને મહોર હેઠળના વોરંટ દ્વારા તે હેતુ માટે જરૂરી જણાય તેવા સુપ્રિમ કોર્ટના અને રાજ્યોમાંની હાઇકોર્ટોના ન્યાયમૂર્તિઓ સાથે વિચાર–વિમર્શ કર્યા પછી

કરવામાં આવશે અને તેઓ પાંસઠ વર્ષની વય પ્રાપ્ત કરે ત્યાં સુધી હોદ્દો સંભાળશે: પરંતુ મુખ્ય ન્યાયમૂર્તિ સિવાયના અન્ય ન્યાયમૂર્તિની નિમણૂકના કિસ્સામાં, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે હંમેશા વિચાર-વિમર્શ કરવામાં આવશે." ૧૫ ધ ફ્રેમિંગ ઓફ ઇન્ડિયાઝ કોન્સ્ટીટ્યુશન – સિલેક્ટ ડોક્યુમેન્ટ્સ, વોલ્યુમ – ૪,

પૃષ્ઠ ૧૪૭.

સમિતિ દ્વારા વિચારણા કરવામાં આવી હતી અને ૪ નવેમ્બર, ૧૯૪૮ ના રોજ મુસદ્દા સમિતિના અધ્યક્ષ ડૉ. બી.આર. આંબેડકર દ્વારા બંધારણ સભામાં બંધારણનો બીજો મુસદ્દો રજૂ કરવામાં આવ્યો હતો. જોકે, ઑક્ટોબર, ૧૯૪૮ માં લેવાયેલ મુસદ્દા સમિતિનો નિર્ણય મુસદ્દા બંધારણમાં સમાવિષ્ટ કરવામાં આવ્યો ન હતો. તેથી, ડૉ. આંબેડકરે મુસદ્દા બંધારણના અનુચ્છેદ ૬૨ માં ખંડ (૫)એ દાખલ કરવા માટે ૩૧ ડિસેમ્બર, ૧૯૪૮ ના રોજ બંધારણ સભામાં એક સુધારો રજૂ કર્યો હતો. ડૉ. આંબેડકર દ્વારા પ્રસ્તાવિત સુધારો નીચે મુજબ વંચાય છે:

"કે અનુચ્છેદ ૬૨ ના ખંડ ૫ પછી નીચેનો નવો ખંડ દાખલ કરવામાં આવે:

(૫)એ પોતાના મંત્રીઓની પસંદગીમાં અને આ બંધારણ હેઠળના પોતાના અન્ય કાર્યોના નિર્વહનમાં, રાષ્ટ્રપતિ સામાન્ય રીતે પરિશિષ્ટ ૩-એ માં નિર્ધારિત સૂચનાઓ દ્વારા માર્ગદર્શન મેળવશે, પરંતુ રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવેલ કોઈપણ કાર્યની માન્યતા સામે તે આવી સૂચનાઓ

અનુસાર સિવાય અન્યથા કરવામાં આવ્યું હતું તેવા કારણસર કોઈ પ્રશ્ન ઉઠાવી શકાશે નહીં."

૩૨. આ સુધારા પર સંક્ષિપ્તમાં ચર્ચા કરવામાં આવી હતી અને તે જ દિવસે બંધારણ સભા દ્વારા તેને સ્વીકારવામાં આવ્યો હતો. જોકે મુસદ્દા સમિતિનો નિર્ણય મુસદ્દા બંધારણના અનુચ્છેદ ૬૨ માં ખંડ (૫)એ દાખલ કરવાનો અને તે સાથે જ મુસદ્દા બંધારણના અનુચ્છેદ ૧૦૩ ના ખંડ (૨) નો ભાગ કાઢી નાખવાનો હતો, તેમ છતાં મુસદ્દા બંધારણના અનુચ્છેદ ૧૦૩ ના ખંડ (૨) ને કાઢી નાખવા સંબંધિત સુધારો દેખીતી રીતે ડૉ. આંબેડકર દ્વારા રજૂ કરવામાં આવ્યો ન હતો. તે શા માટે રજૂ ન કરાયો તે સ્પષ્ટ નથી. જ્યાં સુધી ઇન્સ્ટ્રુમેન્ટ ઓફ ઇન્સ્ટ્રક્શન્સનો સંબંધ છે, ગ્રેનવિલે ઓસ્ટિન દ્વારા નિર્દેશ કરવામાં આવ્યો છે કે બંધારણ સભા દ્વારા તેને વાસ્તવિક રીતે નહીં, પરંતુ ગર્ભિત રીતે સ્વીકારવામાં આવ્યો હતો.૧૬

૩૩. મુસદ્દા સમિતિના મંતવ્યો, ઇન્સ્ટ્રુમેન્ટ ઓફ ઇન્સ્ટ્રક્શન્સ અને ૧૬ ગ્રેનવિલે ઓસ્ટિન દ્વારા ઇન્ડિયન કોન્સ્ટીટ્યુશન – કોર્નરસ્ટોન ઓફ અ નેશન, પૃષ્ઠ ૧૨૬ પર, ફૂટનોટ ૩૯. મુસદ્દા બંધારણના અનુચ્છેદ ૬૨ માં ખંડ (૫)એ ના સમાવેશનું સંયુક્ત વાંચન દર્શાવે છે કે તે સમયે વિચાર એવો હતો કે ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં રાષ્ટ્રપતિએ પોતાની વ્યક્તિગત ક્ષમતામાં કાર્ય કરવાનું હતું. આ ખૂબ જ નોંધપાત્ર છે અન્યથા ઇન્સ્ટ્રુમેન્ટ ઓફ ઇન્સ્ટ્રક્શન્સ અથવા સલાહકાર બોર્ડની સ્થાપના કરવાની અથવા

ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં મંત્રી પરિષદ કે કારોબારીને સંપૂર્ણપણે બાકાત રાખવાની બિલકુલ જરૂર ન હતી. જોકે, આ વિચાર પાછળથી છોડી દેવામાં આવ્યો હતો.

બંધારણ સભાની ચર્ચાઓ

૩૪. આ ઐતિહાસિક પૃષ્ઠભૂમિ ૨૩ અને ૨૪ મે, ૧૯૪૯ ના રોજ બંધારણ સભામાં થયેલી તે પછીની ચર્ચાને સમજવા પર અસર ધરાવે છે જ્યારે મુસદ્દા બંધારણના અનુચ્છેદ ૧૦૩ પર બંધારણ સભામાં વિચારણા અને ચર્ચા કરવામાં આવી હતી. આ તબક્કે એ બાબત પર ભાર મૂકવો જરૂરી છે કે જ્યારે ૨૩ અને ૨૪ મે, ૧૯૪૯ ના રોજ ચર્ચા થઈ ત્યારે તે એ હકીકતની પૃષ્ઠભૂમિમાં હતી કે મુસદ્દા બંધારણના અનુચ્છેદ ૬૨ માં ખંડ (૫)એ પહેલેથી જ દાખલ કરવામાં આવ્યો હતો કે ન્યાયમૂર્તિઓની નિમણૂક સહિતની કેટલીક બાબતોના સંબંધમાં રાષ્ટ્રપતિ પોતાની વ્યક્તિગત ક્ષમતામાં કાર્ય કરશે અને મંત્રી પરિષદ તો ચિત્રમાં પણ ન હતી. આ ચર્ચાનો સંદર્ભ થોડી વાર પછી આપવામાં આવશે.

૩૫. થોડા મહિનાઓ પછી, ૧૧ ઑક્ટોબર, ૧૯૪૯ ના રોજ બંધારણ સભાના અધ્યક્ષને શ્રી ટી.ટી. કૃષ્ણમાચારી દ્વારા જણાવવામાં આવ્યું હતું કે પરિશિષ્ટ ૩-એ રજૂ કરવામાં આવી રહ્યું નથી અને તેને યાદીમાંથી બહાર કાઢી શકાય છે. તેમણે મુસદ્દા બંધારણમાંથી પરિશિષ્ટ ૪ ને કાઢી નાખવા માટેની દરખાસ્ત પણ રજૂ કરી હતી. મુસદ્દા બંધારણમાંથી પરિશિષ્ટ ૪ ને કાઢી નાખવાના પગલાંની સમજૂતી આપતાં એવું જણાવવામાં આવ્યું હતું કે આ

બાબતને ઇન્સ્ટ્રુમેન્ટ ઓફ ઇન્સ્ટ્રક્શન્સના સ્વરૂપમાં પરિશિષ્ટ તરીકે બંધારણના મુખ્ય ભાગમાં મૂકવા કરતાં સંપૂર્ણપણે પરંપરા પર છોડી દેવી જોઈએ અને તે વિચારની તરફેણ કરતો ઘણો મોટો લોકમત છે.

૩૬. ડૉ. આંબેડકરે નીચે મુજબ ઉમેર્યું હતું:

"સાહેબ, ઇન્સ્ટ્રુમેન્ટ ઓફ ઇન્સ્ટ્રક્શન્સના સંબંધમાં બે બાબતો ધ્યાનમાં રાખવાની છે. વસાહતોની સરકાર માટે બ્રિટિશ બંધારણમાં મૂળ રૂપે ઘડવામાં આવેલા ઇન્સ્ટ્રુમેન્ટ ઓફ ઇન્સ્ટ્રક્શન્સનો ઉદ્દેશ્ય રાજ્યોના વડાઓને તેમનામાં નિહિત કરવામાં આવેલી વિવેકાધીન સત્તાઓનો કેવી રીતે ઉપયોગ કરવો તે અંગે ચોક્કસ નિર્દેશો આપવાનો હતો. હવે ઇન્સ્ટ્રુમેન્ટ ઓફ ઇન્સ્ટ્રક્શન્સ ત્યાં સુધી અસરકારક હતા જ્યાં સુધી જે ચોક્કસ રાજ્યપાલ અથવા વાઇસરોયને આ સૂચનાઓ આપવામાં આવી હતી તેઓ સેક્રેટરી ઓફ સ્ટેટની સત્તાને અધીન હતા. જો ગંભીર સ્વરૂપની કોઈ ચોક્કસ બાબતમાં, ઉદાહરણ તરીકે રાજ્યપાલ તેમને જારી કરાયેલ ઇન્સ્ટ્રુમેન્ટ ઓફ ઇન્સ્ટ્રક્શન્સનું પાલન કરવાનો સતત ઇનકાર કરે, તો સેક્રેટરી ઓફ સ્ટેટ પાસે તેમને દૂર કરવાનો અને અન્યની નિમણૂક કરવાનો વિકલ્પ ઉપલબ્ધ હતો અને તે દ્વારા ઇન્સ્ટ્રુમેન્ટ ઓફ ઇન્સ્ટ્રક્શન્સનો અસરકારક અમલ સુનિશ્ચિત કરી શકાતો હતો. જ્યાં સુધી આપણા બંધારણનો સંબંધ છે, તેના દ્વારા એવો કોઈ હોદ્દેદાર રચવામાં

આવ્યો નથી જે એ સુનિશ્ચિત કરી શકે કે રાજ્યપાલ દ્વારા આ ઇન્સ્ટ્રુમેન્ટ્સ ઓફ ઇન્સ્ટ્રક્શન્સનું નિષ્ઠાપૂર્વક પાલન કરવામાં આવે છે.

બીજું, આ બંધારણ હેઠળ આપણે રાજ્યપાલ પાસે જે વિવેકાધિકાર છોડવા જઈ રહ્યા છીએ તે ખૂબ જ અલ્પ છે. તેમની પાસે ભાગ્યે જ કોઈ વિવેકાધિકાર છે. મંત્રીમંડળના સભ્યોની પસંદગીની બાબતમાં તેમણે વડાપ્રધાનની સલાહ પર કાર્ય કરવાનું છે. તેમણે પોતે કરેલા કોઈપણ ચોક્કસ કારોબારી અથવા ધારાકીય પગલાંના સંદર્ભમાં પણ વડાપ્રધાન અને તેમના રાજ્ય કક્ષાના મંત્રીઓની સલાહ પર કાર્ય કરવાનું છે. તેમ હોવાથી, ધારો કે વડાપ્રધાન, કોઈ ખાસ કારણ કે સંજોગોવશાત, પોતાના મંત્રીમંડળમાં લઘુમતી સમુદાયના સભ્યોનો સમાવેશ કરવાનો પ્રસ્તાવ ન મૂકે, તો આપણે આ ચોક્કસ ઇન્સ્ટ્રુમેન્ટ ઓફ ઇન્સ્ટ્રક્શન્સ દ્વારા તેમને કોઈ ચોક્કસ રીતે કાર્ય કરવાની જવાબદારી સોંપી રહ્યા હોઈશું તે હકીકત છતાં, રાજ્યપાલ કશું જ કરી શકતા નથી. તેથી, બંધારણ હેઠળ આનો અમલ કોણ કરાવી શકે તે ધ્યાને લેતાં, એવું જણાય છે કે આવા કોઈ

નિર્દેશો આપવા જોઈએ નહીં. તે નિરર્થક છે અને કોઈ ચોક્કસ હેતુ સિદ્ધ કરી શકતા નથી. તેથી, સંજોગોને જોતાં એવું અનુભવાયું કે આવું ઇન્સ્ટ્રુમેન્ટ ઓફ ઇન્સ્ટ્રક્શન્સ રાખવું ઇચ્છનીય નથી જે વાસ્તવમાં અલગ પ્રકારના સંજોગોમાં જ અસરકારક બની શકે, જે સંજોગો નવું બંધારણ અમલમાં આવ્યા પછી અસ્તિત્વ ધરાવે છે તેમ કોઈપણ કલ્પનાથી માની શકાય નહીં. આ મુખ્ય કારણ છે કે શા

માટે એવું અનુભવાય છે કે આ ઇન્સ્ટ્રુમેન્ટ ઓફ ઇન્સ્ટ્રક્શન્સ અનિચ્છનીય છે."૧૭

૩૭. ઉપરોક્ત ચર્ચાના આધારે, મુસદ્દા બંધારણમાંથી પરિશિષ્ટ ૪ કાઢી નાખવામાં આવ્યું હતું અને તે મતલબનો પ્રસ્તાવ સ્વીકારવામાં આવ્યો હતો.

૩૮. ત્યારબાદ ૧૪ ઑક્ટોબર, ૧૯૪૯ ના રોજ મુસદ્દા બંધારણના અનુચ્છેદ ૬૨ ના ખંડ (૫)એ ને રદ કરવા માટે શ્રી ટી.ટી. કૃષ્ણમાચારી દ્વારા એક સુધારો રજૂ કરવામાં આવ્યો હતો. એવું જણાવવામાં આવ્યું હતું કે પરિશિષ્ટ ૩-એ રજૂ કરવામાં આવ્યું ન હોવાથી, આ ખંડ નિરર્થક બની જાય છે અને તેથી તેને રદ કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો. મુસદ્દા બંધારણના અનુચ્છેદ ૬૨ ના ખંડ (૫)એ ને રદ કરવાનો સુધારો સ્વીકારવામાં આવ્યો હતો. આના સમર્થનમાં, બંધારણીય જવાબદારીઓ અને બંધારણીય પરંપરાઓ પર ભાર મૂકતાં, ડૉ. આંબેડકરે [કદાચ ખંડ (૫)એ ના મુખ્ય હિમાયતી] આ મુજબ કહ્યું હતું:

> "દરેક બંધારણ, જ્યાં સુધી તે આપણે જેને સંસદીય લોકશાહી કહીએ છીએ તેને સંબંધિત છે, રાજ્યના ત્રણ અલગ-અલગ અંગો - કારોબારી, ન્યાયતંત્ર અને ધારાસભાની આવશ્યકતા ધરાવે છે. મને કોઈપણ બંધારણમાં એવી કોઈ જોગવાઈ ક્યાંય જોવા મળી નથી કે જેમાં કહેવાયું હોય કે કારોબારીએ ધારાસભાનું પાલન કરવું પડશે, કે મને કોઈપણ બંધારણમાં એવી જોગવાઈ પણ ક્યાંય જોવા મળી નથી કે કારોબારીએ ન્યાયતંત્રનું પાલન કરવું પડશે. ક્યાંય આવી જોગવાઈ જોવા મળતી નથી. તે એટલા માટે છે

કારણ કે સામાન્ય રીતે એવું સમજવામાં આવે છે કે બંધારણની જોગવાઈઓ રાજ્યના વિવિધ અંગો પર બંધનકર્તા છે. પરિણામે, એવું માની લેવાનું રહે છે કે જેઓ બંધારણનું સંચાલન કરે છે, જેઓ

ધારાસભાની રચના કરે છે અને જેઓ કારોબારી તથા ન્યાયતંત્રની રચના કરે છે તેઓ પોતાના કાર્યો, પોતાની મર્યાદાઓ અને પોતાની ફરજો જાણે છે. તેથી એવી અપેક્ષા રાખવામાં આવે છે કે જો કારોબારી બંધારણના સંચાલનમાં પ્રામાણિક હોય, તો કારોબારી બંધારણમાં નિર્ધારિત કોઈપણ પ્રકારની ફરજિયાત જવાબદારી વિના પણ ધારાસભાનું પાલન કરવા બંધાયેલી છે.

તેવી જ રીતે, જો કારોબારી બંધારણના સંચાલનમાં પ્રામાણિક હોય, તો તેણે સુપ્રિમ કોર્ટ દ્વારા આપવામાં આવેલા ન્યાયિક નિર્ણયો અનુસાર કાર્ય કરવું જ જોઈએ. તેથી મારી રજૂઆત એ છે કે આ બાબત રાજ્યના એક અંગ દ્વારા પોતાની મર્યાદામાં રહીને કાર્ય કરવાની અને રાજ્યના અન્ય અંગોની સર્વોચ્ચતાનું પાલન કરવાની છે. જ્યાં સુધી બંધારણ જેને સર્વોચ્ચતા આપે છે તે બંધારણીય જવાબદારીની બાબત છે જે ખુદ બંધારણમાં જ ગર્ભિત છે.

મને યાદ છે, સાહેબ, કે આપે આ પ્રશ્ન ઉપસ્થિત કર્યો હતો અને મેં તે જોયો હતો તથા મારી પાસે કિંગ્સ બેન્ચ ડિવિઝનના બે નિર્ણયો હતા જેને હું એક દિવસ અહીં લાવવા અને ગૃહમાં તેનો સંદર્ભ આપવા માંગતો હતો જેથી આ મુદ્દો તદ્દન સ્પષ્ટ થઈ શકે. પરંતુ મને ખેદ છે કે આજે આ મુદ્દો ઉપસ્થિત કરવામાં આવશે

તેવી મને કોઈ નોટિસ ન હતી. પરંતુ ઉપસ્થિત કરવામાં આવેલા પ્રશ્નનો જવાબ આ છે.

કોઈપણ દેશમાં કોઈપણ બંધારણીય સરકાર ત્યાં સુધી કાર્ય કરી શકતી નથી જ્યાં સુધી કોઈપણ ચોક્કસ બંધારણીય સત્તાધિકારી એ હકીકત યાદ ન રાખે કે તેની સત્તા બંધારણ દ્વારા મર્યાદિત છે અને જો બંધારણ દ્વારા રચાયેલ એવું કોઈ સત્તાધિકારી હોય કે જેણે તે ચોક્કસ સત્તાધિકારી અને અન્ય કોઈપણ સત્તાધિકારી વચ્ચે નિર્ણય કરવાનો હોય, તો તે સત્તાધિકારીનો નિર્ણય અન્ય કોઈપણ અંગ પર બંધનકર્તા રહેશે. આ બંધારણ એ સુનિશ્ચિત કરવા માટે આ મંજૂરી (બળ) આપે છે કે રાષ્ટ્રપતિ પોતાના મંત્રીઓની સલાહનું પાલન કરશે, કારોબારી પોતાની કારોબારી સત્તામાં સંસદ દ્વારા ઘડવામાં આવેલા કાયદાથી આગળ વધશે નહીં અને કારોબારી કાયદાનું પોતાનું એવું અર્થઘટન આપશે નહીં જે બંધારણ દ્વારા રચાયેલા ન્યાયિક અંગના અર્થઘટન સાથે વિરોધાભાસી હોય.

શ્રી એચ.વી. કામથ: જો કોઈ ચોક્કસ કિસ્સામાં રાષ્ટ્રપતિ પોતાની મંત્રી પરિષદની સલાહ અનુસાર કાર્ય ન કરે, તો શું તે બંધારણના ઉલ્લંઘન સમાન ગણાશે અને શું તેઓ મહાભિયોગ માટે જવાબદાર બનશે?

માનનીય ડૉ. બી.આર. આંબેડકર: તેમાં જરાય શંકા નથી."૧૮

આ અત્યંત મહત્વપૂર્ણ વિવેચનનો સંદર્ભ આપતાં, ગ્રેનવિલે

ઓસ્ટિન નિષ્કર્ષ કાઢે છે:

"આના પરથી, વ્યક્તિ એવું તારણ કાઢવા મજબૂર બને છે કે આંબેડકર અને મુસદ્દા સમિતિના સભ્યો, કદાચ નેહરુ અથવા પટેલના દબાણ હેઠળ, એવા નિષ્કર્ષ પર આવ્યા હતા કે ન્યાયિક રીતે અપ્રવર્તનીય ઇન્સ્ટ્રુમેન્ટ ઓફ ઇન્સ્ટ્રક્શન્સની લેખિત જોગવાઈઓ અને કેબિનેટ સરકારની ગર્ભિત પરંપરાઓ સમાન મૂલ્ય ધરાવતી હતી: બંને કાયદાકીય રીતે અપ્રવર્તનીય હતા, પરંતુ બંનેએ એવી વ્યવસ્થા પૂરી પાડી હતી જેના દ્વારા ધારાસભા કારોબારી પર નિયંત્રણ રાખી શકે; અને બંનેમાંથી, પરંપરાઓ એ કારોબારી સત્તાને મર્યાદિત કરવાનો સૌથી વ્યવસ્થિત અને સૌથી સરળ માર્ગ હતો."૧૯

આ બાબતને ન્યાયતંત્ર અને કારોબારી વચ્ચેના સંબંધ પર લાગુ કરતાં, તે તદ્દન સ્પષ્ટ છે કે ડૉ. આંબેડકર અને વાસ્તવમાં બંધારણ સભાનો એવો મત હતો કે બંધારણીય જવાબદારીઓ અને બંધારણીય પ્રણાલિઓનું સન્માન થવું જ જોઈએ, ભલે તે અલિખિત હોય. અને, આ બંધારણીય જવાબદારીઓ અને બંધારણીય પ્રણાલિઓ પૈકીની એક એ છે કે માત્ર ન્યાયિક નિર્ણયોના સંબંધમાં જ નહીં પરંતુ ન્યાયતંત્રની સ્વતંત્રતા પર સીધી અસર કરતી અન્ય બાબતોમાં પણ કારોબારી દ્વારા ન્યાયતંત્રના અભિપ્રાયનું સન્માન થવું જ જોઈએ.

http://parliamentofindia.nic.in/ls/debates/vol૧૦p૭c.htm ૧૯

ઇન્ડિયન કોન્સ્ટીટ્યુશન - કોર્નરસ્ટોન ઓફ અ નેશન, પાના નં. ૧૩૮-૧૩૯

૨૩મી અને ૨૪મી મે, ૧૯૪૯ ના રોજની ચર્ચાઓ

૩૯. એ સમજવું મહત્વપૂર્ણ છે કે બંધારણ સભાની ચર્ચાઓ (ટૂંકમાં સીએડી), કે જેના તરફ આપણું ધ્યાન દોરવામાં આવ્યું હતું, તે સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂકનો સંદર્ભ આપે છે અને વિશિષ્ટ રીતે હાઇકોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂકનો નહીં. પરંતુ આ ચર્ચાનો સાર અને તત્વ હાઇકોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂક માટે પણ એટલો જ લાગુ પડે છે.

૪૦. ૨૩મી અને ૨૪મી મે, ૧૯૪૯ ના રોજ સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂક સંબંધિત મુસદ્દા બંધારણના અનુચ્છેદ ૧૦૩(૨) માં ત્રણ મહત્વપૂર્ણ સુધારાઓ પર બંધારણ સભામાં વિચારણા કરવામાં આવી હતી. પ્રથમ સુધારો રજૂ કરવામાં આવ્યો હતો પ્રો. કે.ટી. શાહ (બિહાર: સામાન્ય) દ્વારા, જેમણે એવું સૂચન કર્યું હતું કે સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂક કાઉન્સિલ ઓફ સ્ટેટ્સ સાથે વિચાર–વિમર્શ કર્યા પછી થવી જોઈએ. આ સૂચન રાજકીય પ્રભાવ, પક્ષીય દાવપેચ અને નિમણૂક પ્રક્રિયામાં દબાણોને ટાળવાના હેતુથી હતું. બીજો સુધારો રજૂ કરવામાં આવ્યો હતો

પ્રો. શિબ્બન લાલ સક્સેના (યુનાઇટેડ પ્રોવિન્સિસ: સામાન્ય) દ્વારા, જેમણે એવું સૂચન કર્યું હતું કે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની નિમણૂક સંસદના બંને ગૃહોના સંયુક્ત સત્રમાં એકત્ર થયેલા સંસદસભ્યોની કુલ સંખ્યાના બે-તૃતીયાંશ બહુમતી દ્વારા બહાલીને આધીન હોવી જોઈએ. ત્રીજો સુધારો શ્રી બી. પોકર સાહેબ (મદ્રાસ: મુસ્લિમ) દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો, જેમણે સૂચવ્યું હતું કે સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂકમાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની

સંમતિ હોવી જોઈએ. પોતાના સુધારાના સમર્થનમાં શ્રી બી. પોકર સાહેબે મુખ્ય ન્યાયમૂર્તિઓની પરિષદ દ્વારા રજૂ કરાયેલા મેમોરેન્ડમનો વિસ્તૃત ઉલ્લેખ કર્યો હતો અને તેના પર આધાર રાખ્યો હતો. તેમણે જણાવ્યું તે મુજબ:

> "હું રજૂઆત કરું છું, મહાશય, કે આ જોગવાઈ પસાર થાય તે પહેલાં, ફેડરલ કોર્ટ અને પરિષદમાં એકત્ર થયેલી વિવિધ હાઈકોર્ટોના મુખ્ય ન્યાયમૂર્તિઓ દ્વારા વ્યક્ત કરાયેલા વિચારો આ સભા સમક્ષ સર્વોચ્ચ મહત્વ મેળવવાને હકદાર છે. એ બાબત અત્યંત મહત્વપૂર્ણ છે કે સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓને એવું ન લાગવું જોઈએ કે તેમનું

અસ્તિત્વ અથવા તેમની નિમણૂક રાજકીય વિચારણાઓ પર કે કોઈ રાજકીય પક્ષની ઇચ્છા પર નિર્ભર છે. તેથી, આવી નિમણૂકો પર રાજકીય પ્રભાવ પાડવામાં આવે તેની સામે પૂરતા રક્ષણાત્મક ઉપાયો હોવા આવશ્યક છે. અલબત્ત, જો કોઈ ન્યાયાધીશ પોતાની નિમણૂક માટે કોઈ રાજકીય પક્ષના ઋણી હોય, તો ચોક્કસપણે ન્યાયમૂર્તિ તરીકેની પોતાની કારકિર્દી દરમિયાન, એક સામાન્ય માનવી તરીકે પણ, જે સત્તાવાળાએ તેમની નિમણૂક કરી છે તેના રાજકીય મંતવ્યો પ્રત્યે કંઈક વિચારણા રાખવા તેઓ ચોક્કસપણે બંધાયેલા રહેશે. ન્યાયાધીશો આ તમામ રાજકીય વિચારણાઓથી પર હોવા જોઈએ તેનો ઇનકાર કરી શકાય નહીં. તેથી, હું રજૂઆત કરું છું કે નિર્ધારિત પ્રક્રિયામાં ઉલ્લેખિત મુખ્ય શરતો પૈકીની એક, એટલે કે સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની સંમતિ, પૂર્ણ થવી જ જોઈએ. આ

મેમોરેન્ડમમાં આ બાબત પર આગ્રહ રાખવામાં આવ્યો છે અને તે એક અત્યંત હિતકારી સિદ્ધાંત છે જે આ ગૃહ દ્વારા સ્વીકારવો જોઈએ. હું રજૂઆત કરું છું, મહાશય, કે એ બાબત અત્યંત મહત્વપૂર્ણ છે કે રાષ્ટ્રપતિએ માત્ર ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર–વિમર્શ જ કરવો જોઈએ એટલું જ નહીં, પરંતુ તેમના સાથીદારો, એટલે કે સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂક કરવામાં આવે તે પહેલાં તેમની સંમતિ મેળવવી જોઈએ. આ મેમોરેન્ડમમાં ખૂબ જ ભારપૂર્વક જણાવવામાં આવ્યું છે કે તેઓને રાજકીય પ્રભાવોથી પર રાખવા તદ્દન આવશ્યક છે. નિઃશંકપણે, આ પ્રક્રિયામાં એવું કહેવામાં આવ્યું છે કે રાજ્યના રાજ્યપાલ સાથે પણ વિચાર–વિમર્શ કરી શકાય છે; પરંતુ તે ગૌણ મહત્વની બાબત છે. એ સંભવ છે કે રાજ્યપાલનો પણ કોઈ રાજકીય ઝુકાવ હોઈ શકે છે. તેથી, મારા સુધારામાં રાજ્યપાલનું નામ બાકાત રાખવામાં આવ્યું છે. ન્યાયતંત્ર તમામ રાજકીય પક્ષોથી પર અને તમામ રાજકીય વિચારણાઓથી પર હોવું જોઈએ તેનો ઇનકાર થઈ શકે નહીં. કારોબારીના સંદર્ભમાં ન્યાયતંત્રની સ્વતંત્રતાની આવશ્યકતા અંગે ગઈકાલે જે ચર્ચા થઈ હતી તે વિવાદમાં હું હાલ પ્રવેશવા માંગતો નથી. આ એક એવી બાબત છે કે જેના પર આ ગૃહ દ્વારા ખૂબ ગંભીર વિચારણા થવી જોઈએ અને મને આશા છે કે માનનીય કાયદા મંત્રી પણ આ પ્રશ્નના આ પાસા પર ગંભીર ધ્યાન આપશે, ખાસ કરીને એ હકીકતને ધ્યાનમાં રાખીને કે આ ભલામણ ફેડરલ કોર્ટ અને પરિષદમાં એકત્ર થયેલી અન્ય હાઇકોર્ટોના મુખ્ય ન્યાયમૂર્તિઓ દ્વારા કરવામાં આવી છે. હું નથી માનતો,

મહાશય, કે ફેડરલ કોર્ટ અને ભારતમાં વિવિધ હાઇકોર્ટોના મુખ્ય ન્યાયમૂર્તિઓની આ પરિષદ કરતાં આ વિષય પર કોઈ ઉચ્ચ સત્તા હોઈ શકે."૨૦

શ્રી મહબૂબ અલી બેગ સાહેબ (મદ્રાસ: મુસ્લિમ) એ કંઈક અંશે સમાન સુધારો રજૂ કર્યો હતો. શ્રી મહબૂબ અલી બેગ સાહેબ દ્વારા આપવામાં આવેલું કારણ નીચે મુજબ હતું:

> "આપણા પ્રસ્તાવિત બંધારણ હેઠળ રાષ્ટ્રપતિ કારોબારીના બંધારણીય વડા હશે. અને બંધારણ સંસદીય લોકશાહી તરીકે ઓળખાતી વ્યવસ્થાની પરિકલ્પના કરે છે. તેથી રાષ્ટ્રપતિ વડા પ્રધાન અથવા મંત્રી પરિષદ દ્વારા માર્ગદર્શન મેળવશે જેઓ અનિવાર્યપણે કોઈ રાજકીય પક્ષમાંથી આવે છે. તેથી રાષ્ટ્રપતિનો નિર્ણય અનિવાર્યપણે પક્ષીય વિચારણાઓથી પ્રભાવિત થશે. તેથી એ આવશ્યક છે કે ન્યાયમૂર્તિઓની નિમણૂક પર લાવી શકાય તેવા પક્ષીય પ્રભાવો સામે આપણું રક્ષણ કરવા માટે સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂક માટે મુખ્ય ન્યાયમૂર્તિની સંમતિને પૂર્વશરત બનાવવામાં આવે."૨૧

૪૧. તે સ્પષ્ટ છે કે આ બંને માનનીય સભ્યોએ 'સંમતિ' નું સૂચન એટલા માટે કર્યું હતું કારણ કે તેઓ સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂક કોઈપણ પ્રકારના રાજકીય અથવા કારોબારી હસ્તક્ષેપથી મુક્ત રહે તેમ ઇચ્છતા હતા. એવું જણાય છે કે મુસદ્દા બંધારણના અનુચ્છેદ ૬૨ માં ખંડ (૫)એ અને તેની

અનુસૂચિ ૩–એ ના સમાવેશને ધ્યાનમાં લીધા વિના આ સુધારાઓ રજૂ કરવામાં આવ્યા હતા.

૪૨. ગમે તે હોય, ન્યાયમૂર્તિઓની નિમણૂકની પ્રક્રિયામાં રાષ્ટ્રપતિની ઓક્ક્સ ભૂમિકા અંગે વિવિધ વ્યક્તિઓના મંતવ્યો અને દ્રષ્ટિકોણમાં કંઈક વિસંગતતા જણાય છે. શું રાષ્ટ્રપતિ મંત્રી પરિષદની સલાહ પર કાર્ય કરે તેવી અપેક્ષા રાખવામાં આવે છે કે તેમની વ્યક્તિગત ક્ષમતામાં?

૪૩. એક મત, જે ડૉ. આંબેડકર દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો હતો તે એ હતો કે રાષ્ટ્રપતિ મંત્રી પરિષદ દ્વારા માર્ગદર્શન મેળવશે. બીજો મત અથવા દ્રષ્ટિકોણ એવો હતો કે મુસદ્દા બંધારણના અનુચ્છેદ ૬૨ માં ખંડ (૫)એ અને અનુસૂચિ ૩-એ ના સમાવેશ સાથે રાષ્ટ્રપતિએ પોતાની વ્યક્તિગત ક્ષમતામાં કાર્ય કરવાનું હતું અને મંત્રી પરિષદ દ્વારા માર્ગદર્શન મેળવવાનું ન હતું કારણ કે કારોબારીને નિમણૂક પ્રક્રિયામાંથી સંપૂર્ણપણે બહાર રાખવાની હતી. એ સ્પષ્ટ નથી કે આ બે મંતવ્યોમાંથી કયા મંતવ્યને શ્રી બી. પોકર સાહેબ અને શ્રી મહબૂબ અલી બેગ સાહેબે પસંદ કર્યું હતું - પરંતુ બંને એ બાબતે સ્પષ્ટ હતા કે નિમણૂક માટે કોઈ વ્યક્તિની ભલામણમાં રાષ્ટ્રપતિ પર રાજકીય કે પક્ષીય દબાણ આવી શકે છે અને તેને ટાળવું જોઈએ તથા આ દબાણને એક નિષ્પક્ષ વ્યક્તિ એવા ભારતના મુખ્ય

ન્યાયમૂર્તિની સંમતિની આવશ્યકતા દ્વારા નિષ્પ્રભાવી બનાવી શકાય છે.

૪૪. પરંતુ જે બાબત વધુ મહત્વપૂર્ણ છે તે એ છે કે શ્રી બી. પોકર સાહેબ અને શ્રી મહબૂબ અલી બેગ સાહેબે માત્ર રાષ્ટ્રપતિ દ્વારા ન્યાયમૂર્તિની નિમણૂક માટેની ભલામણનો જ ઉલ્લેખ કર્યો હતો – આથી ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની સંમતિની આવશ્યકતા ઊભી થઈ. તેઓએ, તદ્દન સ્પષ્ટપણે, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા ન્યાયમૂર્તિની નિમણૂક માટેની ભલામણનો ઉલ્લેખ કર્યો ન હતો.

૪૫. દ્રષ્ટિકોણની આ ભિન્નતાની પૃષ્ઠભૂમિમાં જ ૨૪મી મે, ૧૯૪૯ ના રોજ ડૉ. આંબેડકરના વક્તવ્યને સમજવું જોઈએ. ચર્ચાનો જવાબ આપતાં, ડૉ. આંબેડકરે જણાવ્યું હતું કે:

> "હવે, મહાશય, આ અનુચ્છેદમાં રજૂ કરવામાં આવેલા અસંખ્ય સુધારાઓના સંબંધમાં, વાસ્તવમાં ત્રણ મુદ્દાઓ ઉઠાવવામાં આવ્યા છે. પ્રથમ એ છે કે, સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂક કેવી રીતે કરવી? હવે આ ચોક્કસ બાબત સાથે સંબંધિત વિવિધ સુધારાઓનું વર્ગીકરણ કરતાં, મને ત્રણ અલગ–અલગ દરખાસ્તો જણાય છે. પ્રથમ દરખાસ્ત એ છે કે સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂક મુખ્ય ન્યાયમૂર્તિની સંમતિથી થવી જોઈએ. તે એક મત છે. બીજો મત એ છે કે રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવતી નિમણૂકો સંસદના બે–તૃતીયાંશ મતો દ્વારા બહાલીને આધીન હોવી જોઈએ; અને ત્રીજું સૂચન એ છે કે તેમની નિમણૂક કાઉન્સિલ ઓફ સ્ટેટ્સ સાથે વિચાર–વિમર્શ કરીને થવી જોઈએ.

આ બાબતના સંબંધમાં, હું સંપૂર્ણપણે સહમત છું કે ઉઠાવવામાં આવેલો મુદ્દો અત્યંત મહત્વનો છે. ગૃહમાં એ બાબતે કોઈ મતભેદ હોઈ શકે નહીં કે આપણું ન્યાયતંત્ર કારોબારીથી સ્વતંત્ર હોવું જોઈએ અને પોતાની જાતમાં સક્ષમ પણ હોવું જોઈએ. અને પ્રશ્ન એ છે કે આ બે ઉદ્દેશ્યો કેવી રીતે પ્રાપ્ત કરી શકાય. અન્ય દેશોમાં બે પ્રણાલિઓ છે. ગ્રેટ બ્રિટનમાં નિમણૂકો કોઈપણ પ્રકારની મર્યાદા વિના ક્રાઉન દ્વારા કરવામાં આવે છે, જેનો અર્થ એ થાય કે તે સમયની કારોબારી દ્વારા. યુનાઈટેડ સ્ટેટ્સમાં તેનાથી વિપરીત પ્રણાલી છે જ્યાં, દાખલા તરીકે, સુપ્રિમ કોર્ટના અધિકારીઓ તેમજ રાજ્યના અન્ય અધિકારીઓની નિમણૂક માત્ર યુનાઈટેડ સ્ટેટ્સની સેનેટની સંમતિથી જ કરી શકાશે. મને એવું લાગે છે કે આજે આપણે જે સંજોગોમાં જીવીએ છીએ, જ્યાં જવાબદારીની ભાવના તે હદ સુધી વિકસી નથી જેવી આપણે યુનાઈટેડ સ્ટેટ્સમાં જોઈએ છીએ, ત્યાં કોઈપણ પ્રકારના અપવાદ કે મર્યાદા વિના, એટલે કે માત્ર તે સમયની કારોબારીની સલાહ પર, રાષ્ટ્રપતિ દ્વારા નિમણૂકો કરવાનું છોડી દેવું જોખમી રહેશે. તેવી જ રીતે, મને એવું લાગે છે કે કારોબારી કરવા માંગતી હોય તેવી દરેક નિમણૂકને ધારાસભાની સંમતિને આધીન બનાવવી એ પણ બહુ યોગ્ય જોગવાઈ નથી. તે જટિલ હોવા ઉપરાંત, તેમાં નિમણૂક રાજકીય દબાણ અને રાજકીય વિચારણાઓથી પ્રભાવિત થવાની સંભાવના પણ રહેલી છે. તેથી, મુસદ્દો અનુચ્છેદ વચલો માર્ગ અપનાવે છે. તે નિમણૂકો કરવાની બાબતમાં રાષ્ટ્રપતિને સર્વોચ્ચ અને સંપૂર્ણ સત્તા બનાવતો નથી. તે ધારાસભાના પ્રભાવને પણ લાવતો નથી. અનુચ્છેદમાં એવી જોગવાઈ છે કે એવી વ્યક્તિઓ સાથે વિચાર–

વિમર્શ થવો જોઈએ કે જેઓ પૂર્વધારણા મુજબ, આ પ્રકારની બાબતોમાં યોગ્ય સલાહ આપવા માટે સુયોગ્ય લાયકાત ધરાવતી હોય, અને મારો મત એ છે કે આ પ્રકારની જોગવાઈ હાલના તબક્કે પર્યાપ્ત ગણી શકાય. મુખ્ય ન્યાયમૂર્તિની સંમતિના પ્રશ્ન સંબંધમાં, મને એવું લાગે છે કે જેઓ આ દરખાસ્તની હિમાયત કરે છે તેઓ મુખ્ય ન્યાયમૂર્તિની નિષ્પક્ષતા અને તેમના નિર્ણયની સદ્ધરતા બંને પર ગર્ભિતપણે આધાર રાખતા જણાય છે. હું વ્યક્તિગત રીતે કોઈ શંકા અનુભવતો નથી કે મુખ્ય ન્યાયમૂર્તિ એક અત્યંત પ્રતિષ્ઠિત વ્યક્તિ છે. પરંતુ છેવટે તો મુખ્ય ન્યાયમૂર્તિ એ પણ એ તમામ નબળાઈઓ, તમામ લાગણીઓ અને તમામ પૂર્વગ્રહો ધરાવતા એક માનવી છે જે સામાન્ય લોકો તરીકે આપણામાં હોય છે; અને મને લાગે છે કે, ન્યાયમૂર્તિઓની નિમણૂક પર વ્યવહારિક રીતે મુખ્ય ન્યાયમૂર્તિને વીટો આપવો એ વાસ્તવમાં મુખ્ય ન્યાયમૂર્તિને એવી સત્તા સોંપવા સમાન છે જે આપણે રાષ્ટ્રપતિ અથવા તે સમયની સરકારમાં નિહિત કરવા તૈયાર નથી. તેથી, હું માનું છું કે તે પણ એક જોખમી દરખાસ્ત છે."૨૨

૪૬. ડૉ. આંબેડકર તદ્દન સ્પષ્ટ હતા કે ન્યાયતંત્ર કારોબારીથી સ્વતંત્ર હોવું જોઈએ, છતાં સક્ષમ હોવું જોઈએ તે બાબતે કોઈ મતભેદ હોઈ શકે નહીં. તેમનો એવો મત હતો કે કોઈ પણ શરત કે મર્યાદા વિના ન્યાયમૂર્તિઓની નિમણૂક રાષ્ટ્રપતિ પર છોડી દેવી, એટલે કે તત્કાલીન કારોબારીની માત્ર સલાહ પર છોડી દેવી તે 'જોખમી' હશે. ડૉ. આંબેડકર ઇન્સ્ટ્રુમેન્ટ ઓફ ઇન્સ્ટ્રક્શન્સના અસ્તિત્વની બાબત ધ્યાને લેવામાં ચૂકી ગયા હોય તેવું જણાય છે (અથવા તે તેમના દ્વારા 'છોડી દેવામાં આવ્યું' હતું) કારણ કે તે દસ્તાવેજમાં કારોબારીની

નહીં પરંતુ સલાહકાર બોર્ડની સલાહનો ઉલ્લેખ હતો અને તે દસ્તાવેજ એ પણ સક્ષમ બનાવતો હતો કે રાષ્ટ્રપતિ પોતાની મેળે કાર્ય કરે, અને કારોબારીની સલાહ પર નહીં.

૪૭. જો રાષ્ટ્રપતિ અને કારોબારીની ભૂમિકા વચ્ચેના આ દ્વિભાજનને તથા રાષ્ટ્રપતિ પર કારોબારીની સલાહની બંધનકર્તા કે બિન–બંધનકર્તા અસરને સમજવામાં આવે, તો ડૉ. આંબેડકરના મંતવ્યો તદ્દન સ્પષ્ટ થઈ જાય છે. તેઓ તદ્દન સ્પષ્ટ હતા કે નિમણૂક પ્રક્રિયામાં કારોબારીની પ્રાથમિકતા હોવી જોઈએ નહીં કે ન તો તેઓ ઇચ્છતા હતા કે રાષ્ટ્રપતિ પાસે કારોબારીની સલાહ સ્વીકારવા કે નકારવા અથવા પોતાની મેળે કાર્ય કરવાની અનિયંત્રિત મુનસફી હોય. જ્યાં સુધી ધારાસભાની સહમતિનો સંબંધ છે, ડૉ. આંબેડકરને લાગ્યું હતું કે રાજકીય દબાણ અને વિચારણાઓની શક્યતા સાથે આ પ્રક્રિયા જટિલ બનશે. આ સંદર્ભમાં જ ડૉ. આંબેડકરે કહ્યું હતું કે તેઓ મધ્યમ માર્ગ અપનાવી રહ્યા હતા અને તેઓ ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં રાષ્ટ્રપતિને વીટો આપવા તૈયાર ન હતા (કારોબારીની સલાહ નકારીને અથવા પોતાની મેળે કાર્ય કરીને), કારણ કે કારોબારીની પ્રાથમિકતા તેમના દ્વારા પહેલેથી જ નકારી કાઢવામાં આવી હતી. આ સંજોગોમાં, તેમને લાગ્યું કે 'આ પ્રકારની જોગવાઈ [ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર–વિમર્શ] હાલ પૂરતી પર્યાપ્ત ગણી શકાય.'

૪૮. સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂકમાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર–વિમર્શની સામે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની 'સહમતિ' ના

સંદર્ભમાં, ડૉ. આંબેડકરનો એવો અભિપ્રાય હતો કે મુખ્ય ન્યાયમૂર્તિ, પોતાની પ્રતિષ્ઠા હોવા છતાં, સામાન્ય લોકોની તમામ ખામીઓ, લાગણીઓ અને પૂર્વગ્રહો ધરાવતા હતા અને તેમને વીટોની સત્તા આપવી, જે રાષ્ટ્રપતિ અથવા તત્કાલીન સરકાર (એટલે કે કારોબારી) માં નિહિત નથી, તે એક 'જોખમી બાબત' હશે.

૪૯. ડૉ. આંબેડકરનો એવો મત હતો કે ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં રાષ્ટ્રપતિ કે તત્કાલીન સરકાર (કારોબારી) કે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિમાંથી કોઈની પાસે પણ આખરી શબ્દ હોવો જોઈએ નહીં. તો પછી કોઈ ચોક્કસ વ્યક્તિની ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક અંગે રાષ્ટ્રપતિ અથવા તત્કાલીન સરકાર અથવા ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ વચ્ચે મતભેદના કિસ્સામાં આખરી નિર્ણય કોનો રહેશે? ડૉ. આંબેડકરે આ પ્રશ્નને સીધો સંબોધ્યો ન હતો કારણ કે તેઓ આ સંબંધમાં કોઈ મડાગાંઠ ઊભી થવાની કલ્પના કરતા ન હતા.

૫૦. એક નાનકડો વિષયાંતર – ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં નિર્ણય લેવાની પ્રક્રિયામાંથી કારોબારીને બહાર રાખવા માટે પહેલેથી જ ઉલ્લેખિત કારણો ઉપરાંત, એ જાણવું રસપ્રદ રહેશે કે, તદ્દન અલગ વિષય પર, 'નિવૃત્તિ પછી ન્યાયતંત્રના સભ્યો દ્વારા હોદ્દો સ્વીકારવા પર' ની ચર્ચાનો જવાબ આપતી વખતે ડૉ. આંબેડકરે અવલોકન કર્યું હતું કે ન્યાયતંત્ર નાગરિકો અને સરકાર વચ્ચેના મુદ્દાઓ નક્કી કરવામાં ખૂબ જ ભાગ્યે જ સંકળાયેલું હોય છે. તેમણે કહ્યું હતું:

"ન્યાયતંત્ર એવા કેસોનો નિર્ણય કરે છે જેમાં સરકારને, જો હોય તો પણ, દૂર-દૂરનો રસ હોય છે, વાસ્તવમાં કોઈ રસ હોતો જ નથી. ન્યાયતંત્ર નાગરિકો વચ્ચેના મુદ્દા નક્કી કરવામાં સંકળાયેલું છે અને નાગરિકો તથા સરકાર વચ્ચેના મુદ્દાઓમાં ખૂબ જ ભાગ્યે જ. પરિણામે સરકાર દ્વારા ન્યાયતંત્રના કોઈ સભ્યના આચરણને પ્રભાવિત કરવાની શક્યતાઓ ઘણી ઓછી છે, અને તેથી મારો અંગત મત એવો છે કે ફેડરલ પબ્લિક સર્વિસ કમિશનને લાગુ પડતી જોગવાઈઓ જ્યાં સુધી ન્યાયતંત્રનો સંબંધ છે ત્યાં સુધી કોઈ સ્થાન ધરાવતી નથી."૨૩

૫૧. ત્યારથી સમય નાટકીય રીતે બદલાયો છે અને નાગરિકો તથા સરકાર વચ્ચેના વિવાદો 'ખૂબ જ ભાગ્યે જ' ઉદ્ભવવાના બદલે, આજે સરકાર નિર્લજ્જપણે દેશમાં સૌથી મોટી મુકદ્દમેબાજ છે. સુપ્રિમ કોર્ટ એડવોકેટ્સ ઓન રેકોર્ડ એસોસિએશન વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા૨૪ માં એ નોંધવામાં આવ્યું છે કે: "કોઈ એ વાતનો ઇનકાર કરી શકે નહીં કે વર્તમાન સમયમાં રાજ્ય મુખ્ય મુકદ્દમેબાજ બની ગયું છે અને વરિષ્ઠ અદાલતો, ખાસ કરીને સુપ્રિમ કોર્ટ, તોફાની વિવાદોના કેન્દ્રો બની ગઈ છે, જેમાંથી કેટલાક રાજકીય પ્રત્યાઘાતોનો રંગ ધરાવે છે અને અદાલતોએ તોફાન અને વંટોળનો સામનો કરવો પડે છે કારણ કે તેમની જીવંતતા એ રાષ્ટ્રીય અનિવાર્યતા છે. આવા સંજોગોમાં, તેથી, શું સરકાર, એટલે કે મુખ્ય મુકદ્દમેબાજ, પોતાના લવાદોને નામાંકિત કરવામાં અને નિમણૂક કરવામાં સંપૂર્ણ સત્તા ભોગવવા માટે વાજબી ઠરી શકે? જવાબ નકારાત્મક હશે. જો આવી

પ્રક્રિયા ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે, તો ન્યાયતંત્રની સ્વતંત્રતા લાંબા ગાળે કોઈપણ નિશાન વિના ડૂબી જશે."૨૫

૫૨. આ વાસ્તવિક પરિસ્થિતિને ધ્યાનમાં લેતાં, ન્યાયતંત્ર અને નિમણૂક પ્રક્રિયાને કારોબારીના પ્રત્યક્ષ કે પરોક્ષ પ્રભાવ તથા રાજકીય કે પક્ષીય દબાણોથી અલિપ્ત રાખવા માટે ૧૯૯૯ માં આ કારણ હતું, તેથી જો ન્યાયતંત્રની સ્વતંત્રતા જાળવી રાખવી હોય તો આજે તેમ કરવા માટેનું કારણ વધુ પ્રબળ છે.

૫૩. ઇંગ્લેન્ડમાં પણ કારોબારી 'સૌથી વારંવાર મુકદ્દમા કરનાર' છે અને ત્યાંની સ્થિતિ આપણા દેશ કરતાં સહેજ પણ સારી હોય તેમ જણાતું નથી. ન્યાયિક સ્વતંત્રતા પરના એક વ્યાખ્યાનમાં, લોર્ડ ફિલિપ્સે૨૬ આ મુજબ કહ્યું હતું:

> "આધુનિક સમાજમાં વ્યક્તિગત નાગરિક જીવનના લગભગ દરેક પાસાના સંબંધમાં કારોબારી દ્વારા લાદવામાં આવેલા નિયંત્રણોને આધીન છે. તે નિયંત્રણો પૈકીના મોટાભાગના નિયંત્રણો લાદવાની સત્તા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ધારાસભામાંથી આવે છે. નાગરિક એક સ્વતંત્ર ન્યાયતંત્ર સમક્ષ કારોબારી પગલાની કાયદેસરતાને પડકારવા સક્ષમ હોવો જોઈએ. કારણ કે તે કારોબારી છે જે રાજ્યની સત્તાનો ઉપયોગ કરે છે અને કારણ કે તે કારોબારી છે જે, કોઈને કોઈ સ્વરૂપે, અદાલતોમાં સૌથી વારંવાર મુકદ્દમા કરનાર છે, તેથી કારોબારીના દબાણ અથવા પ્રભાવથી જ ન્યાયમૂર્તિઓને વિશેષ રૂપે રક્ષણ આપવાની જરૂર છે."૨૭ ૨૫ પેરા ૨૦૭

(ન્યાયમૂર્તિ પાંડિયન). આવો જ મત ન્યાયમૂર્તિ કુલદીપ સિંઘ દ્વારા પેરા ૩૨૭ માં વ્યક્ત કરવામાં આવ્યો હતો. ૨૬ યુનાઇટેડ કિંગડમની સુપ્રિમ કોર્ટના ભૂતપૂર્વ પ્રમુખ અને લોર્ડ ચીફ જસ્ટિસ ઓફ ઇંગ્લેન્ડ એન્ડ વેલ્સ

ઉપસંહાર

૫૪. બંધારણ સભાની ચર્ચાઓ સુધી દોરી જતી અને ન્યાયમૂર્તિઓની નિમણૂક સંબંધિત ચર્ચા સ્પષ્ટપણે દર્શાવે છે કે:

(૧) ન્યાયતંત્રની સ્વતંત્રતા તમામ નીતિ અને નિર્ણય ઘડવૈયાઓ દ્વારા અડગપણે સ્વીકારવામાં આવી હતી;

(૨) સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટોના ન્યાયમૂર્તિઓની નિમણૂક રાષ્ટ્રપતિ અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ વચ્ચે વિચાર–વિમર્શની પ્રક્રિયા દ્વારા થવાની હતી, જે પૈકી કોઈ પણ આ બાબતમાં અનિયંત્રિત મુનસફી ધરાવતા ન હતા;

(૩) કોઈ પણ સંજોગોમાં, નિર્ણય લેવાની પ્રક્રિયામાં રાજકીય કારોબારીની કોઈ ભૂમિકા ન હતી અથવા ખૂબ જ નજીવી ભૂમિકા હતી. આમ છતાં, રાજકીય કારોબારીએ નિમણૂક પ્રક્રિયામાં, અન્ય બાબતોની સાથે, હાઇકોર્ટના ન્યાયમૂર્તિઓ તરીકે નિમણૂક માટે વ્યક્તિઓની ભલામણ કરીને દખલગીરી કરી હતી, જે મુખ્ય ન્યાયમૂર્તિઓની પરિષદમાં તૈયાર કરાયેલા મેમોરેન્ડમ દ્વારા સાબિત થાય છે. પરિણામે, હાઇકોર્ટોમાં ન્યાયમૂર્તિઓની

નિમણૂક હંમેશા યોગ્યતાના આધારે થતી ન હતી અને કેટલીકવાર હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિની ભલામણ વિના થતી હતી;

(૪) એવી બંધારણીય પરંપરા અસ્તિત્વમાં હતી કે ન્યાયમૂર્તિઓની નિમણૂક ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના મંતવ્યોને અનુરૂપ થવી જોઈએ;

(૫) સુપ્રિમ કોર્ટ અથવા હાઇકોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂક માટેની દરખાસ્ત રાષ્ટ્રપતિ (જોકે તે ક્યારેય થઈ ન હતી) અથવા ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ તરફથી શરૂ થઈ શકતી હતી અને તેના ઉદ્ભમને ધ્યાનમાં લીધા વિના, તે સામાન્ય રીતે સ્વીકારવામાં આવતી હતી. જોકે, રાષ્ટ્રપતિ રાજકીય કે પક્ષીય દબાણો સામે નમી જાય તેવી શક્યતા કલ્પના બહારની ન હતી.

(૬) ઐતિહાસિક રીતે, ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે હંમેશા વિચાર–વિમર્શ કરવામાં આવતો હતો, અને પરંપરાગત રીતે તેમની સહમતિ હંમેશા લેવામાં આવતી હતી, ભલે નિમણૂક માટેની ભલામણ હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ તરફથી શરૂ થઈ હોય કે રાજકીય કારોબારી તરફથી. આ સંદર્ભમાં જ સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટોના ન્યાયમૂર્તિઓની નિમણૂકના મુદ્દે બંધારણ સભામાં થયેલી ચર્ચાનું મૂલ્યાંકન થવું જોઈએ.

(૭) તે એક અસ્પષ્ટ બાબત રહી હતી કે ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં રાષ્ટ્રપતિ પોતાની મેળે કાર્ય કરે તેવી અપેક્ષા હતી કે રાજકીય કારોબારીની સલાહ પર.

ભારતના લો કમિશનના મંતવ્યો

૫૫. સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટોના ન્યાયમૂર્તિઓની નિમણૂકના મુદ્દાને આઝાદી પછી સૌપ્રથમ ભારતના લો કમિશન (સંક્ષિપ્તમાં એલસીઆઈ) ના ૧૪મા અહેવાલમાં, ત્યારબાદ ૮૦મા અહેવાલમાં અને અંતે ૧૨૧મા અહેવાલમાં સંબોધવામાં આવ્યો હતો. (૨૧૪મા અહેવાલ અને ૨૩૦મા અહેવાલમાં સંદર્ભ આપવામાં આવ્યો હતો પરંતુ તેનું કોઈ તાત્કાલિક મહત્વ નથી). આ મુદ્દાને એસ.પી. ગુપ્તા વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા૨૮ માં અને સુભાષ શર્મા વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા૨૯ માં પણ સંબોધવામાં આવ્યો હતો. તે ત્રણ બંધારણ સુધારા વિધેયકો અને મોટી બેંચો દ્વારા આપવામાં આવેલા આ કોર્ટના અન્ય બે ચુકાદાઓનો વિષય પણ હતો. આ બાબત માત્ર આ મુદ્દાની જટિલતા અને ન્યાયતંત્રની સ્વતંત્રતાના સંદર્ભમાં નિમણૂક પ્રક્રિયામાં થોડી સ્થિરતા અને નિશ્ચિતતા માટેની સતત શોધને રેખાંકિત કરવા માટે જ ઉલ્લેખિત છે. યુનાઈટેડ સ્ટેટ્સમાં ન્યાયમૂર્તિઓની પસંદગીના સંબંધમાં એવું કહેવામાં આવ્યું છે, અને આ આપણા દેશને પણ સમાન રીતે લાગુ પડશે:

> "તે તદ્દન નિશ્ચિત છે કે છેલ્લા ૫૦ વર્ષોમાં લૉ રિવ્યૂઝ અને કાયદા સંબંધિત પ્રકાશનોમાં ન્યાયિક પસંદગીના વિષય જેટલા પાના અન્ય કોઈ એક વિષયે રોક્યા નથી."૩૦

(એ) ૧૪મો અહેવાલ - ૨૬.૯.૧૯૫૮[33]

[33] ૯૫ (૧૯૮૫) ૧ એસ.સી.સી. ૬૪૧

સિસ્ટમ્સ, ૧૦ ડબલ્યુએમ એન્ડ મેરી બિલ રાઇટ્સ જે. ૭, નોટ ૯ (૨૦૦૧) (ફિલિપ ડુબોઇસને ટાંકતા).

સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂક

૫૬. બંધારણના અમલીકરણના એક દાયકા કરતાં પણ ઓછા સમયમાં, સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટોના ન્યાયમૂર્તિઓની નિમણૂકની પ્રક્રિયા એલસીઆઈ તરફથી તીવ્ર ટીકાનો ભોગ બની હતી. એલસીઆઈના ૧૪મા અહેવાલનું પ્રકરણ ૫ અને પ્રકરણ ૬, જે અન્ય બાબતોની સાથે, અનુક્રમે સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓ અને હાઇકોર્ટોના ન્યાયમૂર્તિઓની નિમણૂક સંબંધિત છે અમુક ખેદજનક વાચન પૂરું પાડે છે, વિશેષ કરીને એટલા માટે કે ભારતના એટર્ની જનરલ એલસીઆઈના અધ્યક્ષ હતા.૩૧ અહીં એ નોંધવું આવશ્યક છે કે એલસીઆઈએ પોતાનો અહેવાલ આપતાં પહેલાં લગભગ એક વર્ષ સુધી સમગ્ર દેશનો પ્રવાસ કર્યો હતો અને સમાજના વિવિધ વર્ગોમાંથી ૪૭૩ જેટલા સાક્ષીઓની તપાસ કરી હતી. સ્થાનિક સમસ્યાઓને સમજવા માટે તેણે જે રાજ્યોની મુલાકાત લીધી હતી તે રાજ્યોમાંથી બે સભ્યોને સામેલ કરવાની એક નવીન પદ્ધતિ પણ અપનાવી હતી. આ સ્મારકરૂપ અને પ્રમાણભૂત કાર્ય માત્ર પ્રશંસાને જ પાત્ર હોઈ શકે છે.

૫૭. એલસીઆઈએ અવલોકન કર્યું હતું કે બંધારણે સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓને 'કારોબારી નિયંત્રણથી પર' રાખવાનો પ્રયાસ કર્યો હતો. તેણે ખૂબ જ વિશિષ્ટ રીતે મહત્ત્વનો સ્વીકાર કર્યો હતો ન્યાયતંત્રની સ્વતંત્રતાનું રક્ષણ

કરવાના અને અવલોકન કર્યું હતું કે 'તે સ્પષ્ટ છે કે રાષ્ટ્રની પ્રગતિ માટે આવા નિર્ણાયક મહત્ત્વ ધરાવતી કોર્ટની રચના કરતા ન્યાયમૂર્તિઓની પસંદગી એ ખૂબ જ કાળજીપૂર્વક નિભાવવાની જવાબદારી હોવી જોઈએ.'૩૨

૫૮. ત્યારબાદ ત્રણ મુખ્ય મુદ્દાઓ પર ધ્યાન દોરવામાં આવ્યું હતું -

(૧) કોમી અને પ્રાદેશિક બાબતો પ્રવર્તી રહી હતી ન્યાયમૂર્તિઓની પસંદગી કરવામાં. (૨) એવી સામાન્ય છાપ હતી કે અમુક નિમણૂકોના સંબંધમાં સર્વોચ્ચ વર્તુળોમાંથી વખતોવખત કારોબારી પ્રભાવનો ઉપયોગ કરવામાં આવતો હતો બેન્ચ પર. (૩) હાઇકોર્ટોના ન્યાયમૂર્તિઓમાંથી શ્રેષ્ઠ પ્રતિભા સુપ્રિમ કોર્ટ સુધી પહોંચી શકી ન હતી. ૩૧ આ અહેવાલનું શીર્ષક 'રિફોર્મ્સ ઓફ ધ જ્યુડિશિયલ એડમિનિસ્ટ્રેશન' છે ૩૨ પ્રકરણ ૫ ફકરો ૫

૫૯. અહેવાલમાં જણાવાયું હતું કે:

"એવું વ્યાપકપણે અનુભવાય છે કે ન્યાયમૂર્તિઓની પસંદગી કરવામાં કોમી અને પ્રાદેશિક બાબતો પ્રવર્તી રહી છે. એવો વિચાર પ્રબળ બન્યો જણાય છે કે ભારતના ઘટક રાજ્યોનું, જાણે કે, કોર્ટમાં પ્રતિનિધિત્વ હોવું જોઈએ. જોકે આપણે આપણી જાતને બિનસાંપ્રદાયિક રાજ્ય કહીએ છીએ, છતાં કોમી પ્રતિનિધિત્વના વિચારો, જે અંગ્રેજો દ્વારા આપણી રાજ્યવ્યવસ્થામાં દૂષિત રીતે રોપવામાં આવ્યા હતા, તેણે પોતાનો પ્રભાવ સંપૂર્ણપણે ગુમાવ્યો નથી. કદાચ જે બાબત હજુ વધુ ખેદજનક છે તે એ

સામાન્ય છાપ છે કે સર્વોચ્ચ વર્તુળોમાંથી વખતોવખત કરવામાં આવતો કારોબારી પ્રભાવ બેન્ચ પર કેટલીક નિમણૂકો માટે જવાબદાર રહ્યો છે. એ નિઃશંકપણે સાચું છે કે હાઇકોર્ટોના ન્યાયમૂર્તિઓમાંથી શ્રેષ્ઠ પ્રતિભા હંમેશા સુપ્રિમ કોર્ટ સુધી પહોંચી શકી નથી. આ બાબતે કોર્ટને તે આદર અને ખરેખર પૂજ્યભાવથી તાબાની અદાલતો અને સામાન્ય જનતા દ્વારા જોવામાં આવતી અટકાવી છે કે જેને માટે તે પોતાના દરજ્જા અનુસાર હકદાર છે."૩૩

૬૦. પોતાના તારણોના આધારે, એલસીઆઈએ અન્ય બાબતોની સાથે એવી ભલામણ કરી હતી કે 'સુપ્રિમ કોર્ટમાં નિમણૂકો કરવામાં કોમી અને પ્રાદેશિક બાબતોએ કોઈ ભાગ ભજવવો જોઈએ નહીં.' જોકે, એલસીઆઈએ સુપ્રિમ કોર્ટમાં વધુ સંતોષકારક નિમણૂકો કરવાના જટિલ મુદ્દાનો કોઈ ઉકેલ રજૂ કર્યો ન હતો.

હાઇકોર્ટોના ન્યાયમૂર્તિઓની નિમણૂક

૬૧. તેવી જ રીતે, હાઇકોર્ટોમાં ન્યાયમૂર્તિઓની નિમણૂક સંબંધિત અહેવાલનું પ્રકરણ ૬ પણ તેટલું જ ખેદજનક વાચન પૂરું પાડે છે. કરવામાં આવેલી નિમણૂકોમાં રહેલી ખામીઓ નીચે મુજબ દર્શાવવામાં આવી હતી: (૧) પસંદગીઓ અસંતોષકારક રહી છે અને કારોબારીના પ્રભાવથી પ્રેરાયેલી છે. (૨) નિમણૂકો કરવા માટે કોઈ સ્પષ્ટ સિદ્ધાંત નથી અને રાજકીય અનુકૂળતા અથવા

પ્રાદેશિક કે કોમી લાગણીઓની વિચારણાઓએ ભૂમિકા ભજવી છે. (૩) નિમણૂકો કરવામાં ગુણવત્તાની અવગણના કરવામાં આવી છે.

૬૨. એવું કહેવામાં આવ્યું હતું કે આ ખામીઓ સંપૂર્ણપણે આધારભૂત હતી અને કરવામાં આવેલી નિમણૂકો અંગે તીવ્ર જન-અસંતોષ હતો:

> "અમે તમામ હાઇકોર્ટ કેન્દ્રોની મુલાકાત લીધી છે અને તમામ તરફથી અમે તાજેતરના વર્ષોમાં હાઇકોર્ટ ન્યાયતંત્રમાં થયેલી નિમણૂકો વિશે કડવી અને આકરી ટીકાઓ સાંભળી છે. આ ટીકા સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓ, હાઇકોર્ટના ન્યાયમૂર્તિઓ, નિવૃત્ત ન્યાયાધીશો, સરકારી વકીલો, બાર એસોસિએશનોના અસંખ્ય પ્રતિનિધિઓ, લો કોલેજોના પ્રિન્સિપાલો અને પ્રોફેસરો તથા સમગ્ર દેશમાં કાયદાકીય વ્યવસાયના અત્યંત જવાબદાર સભ્યો દ્વારા કરવામાં આવી છે. રાજ્ય સરકારો પૈકીની એક સરકારે સ્વીકારવું પડ્યું હતું કે કેટલીક પસંદગીઓ સારી જણાતી ન હતી અને ઝીણવટભરી ચકાસણી જરૂરી હતી. લગભગ સર્વસંમત મંતવ્ય એ છે કે પસંદગીઓ અસંતોષકારક છે અને તે કારોબારીના પ્રભાવથી પ્રેરાયેલી છે. એવું કહેવામાં આવ્યું છે કે આ પસંદગીઓ કોઈ સ્પષ્ટ સિદ્ધાંત પર આધારિત હોય તેમ જણાતું નથી અને રાજકીય અનુકૂળતા અથવા પ્રાદેશિક કે કોમી લાગણીઓની વિચારણામાંથી કરવામાં આવી હોય તેવું લાગે છે. બેન્ચ પર નિમાયેલા બારના કેટલાક સભ્યો કાનૂની સજ્જતાની બાબતમાં કે બાર ખાતે તેમની વકીલાતના વ્યાપની બાબતમાં

આ વ્યવસાયમાં મોખરાનું સ્થાન ધરાવતા ન હતા. વધુ સક્ષમ અને લાયક એવી અનેક વ્યક્તિઓની એવા કારણોસર અવગણના કરવામાં આવી જણાય છે જે માત્ર રાજકીય કે કોમી અથવા સમાન કારણોમાંથી જ ઉદ્ભવી શકે છે. સેવાઓમાંથી પસંદ કરાયેલી વ્યક્તિઓના સંબંધમાં પણ તેટલી જ જોરદાર અથવા તેનાથી પણ વધુ પ્રતિકૂળ ટિપ્પણીઓ કરવામાં આવી છે. અમને ખાતરી થઈ છે કે અમારી સમક્ષ વ્યક્ત કરાયેલા અભિપ્રાયો આ નિમણૂકો સામે સંપૂર્ણપણે આધારભૂત અને તીવ્ર જન–અસંતોષ દર્શાવે છે."૩૪

૬૩. હાઈકોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂક માટે અનુસરવામાં આવતી પ્રક્રિયા અને બંધારણના અનુચ્છેદ ૨૧૭ ની વહીવટી કામગીરી અંગે, એલસીઆઈએ આ મુજબ જણાવ્યું હતું:

"મુખ્ય ન્યાયમૂર્તિ પોતાની ભલામણ મુખ્યમંત્રીને મોકલે છે, જેઓ બદલામાં રાજ્યપાલ સાથે વિચાર-વિમર્શ કરીને આ ભલામણ કેન્દ્ર સરકારના ગૃહ મંત્રીને મોકલે છે. જોકે, જો મુખ્યમંત્રી મુખ્ય ન્યાયમૂર્તિની ભલામણ સાથે સહમત ન થાય, તો તેઓ પોતાની ભલામણ કરે છે. એવું જણાય છે કે આવા કિસ્સામાં, મુખ્યમંત્રી દ્વારા કરવામાં આવેલી ભલામણ પર પોતાની ટિપ્પણી કરવા માટે મુખ્ય ન્યાયમૂર્તિને તક આપવામાં આવે છે. જોકે, આ પ્રથાનું હંમેશા પાલન કરવામાં આવતું નથી, જેથી કેટલાક કિસ્સાઓમાં એવું બને છે કે મુખ્યમંત્રી દ્વારા કરવામાં આવેલી ભલામણ

મુખ્ય ન્યાયમૂર્તિની જાણમાં આવતી નથી. ત્યારબાદ આ પરસ્પર વિરોધી ભલામણો ગૃહ મંત્રીને મોકલવામાં આવે છે જેઓ, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર-વિમર્શ કરીને, રાષ્ટ્રપતિને કરવામાં આવનાર પસંદગી અંગે સલાહ આપે છે. મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા ભલામણ કરાયેલી વ્યક્તિ કરતાં મુખ્યમંત્રી દ્વારા ભલામણ કરાયેલ વ્યક્તિને પ્રાધાન્ય આપીને પસંદ કરી શકાય છે, અને ક્યારેક પસંદ કરવામાં આવે પણ છે."૩૫ ૬૪. એલસીઆઈએ નોંધ્યું હતું કે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ જેવા સર્વોચ્ચ મહાનુભાવે પણ હાઈકોર્ટોમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં કારોબારીની દખલગીરી અંગે (ગુણવત્તા સિવાયના અન્ય કારણોસર) આ મુજબ જણાવ્યું હતું:

'હાઈકોર્ટ બેન્ચમાં નિમણૂકની બાબતમાં હવે મુખ્યમંત્રીનો પ્રત્યક્ષ કે પરોક્ષ હાથ રહે છે. તેનું અનિવાર્ય પરિણામ એ આવ્યું છે કે હાઈકોર્ટની નિમણૂકો હંમેશા ગુણવત્તાના આધારે થતી નથી પરંતુ સમુદાય, જ્ઞાતિ, રાજકીય જોડાણોની બાહ્ય વિચારણાઓના આધારે થાય છે, અને ગમા-અણગમા મુક્તપણે પ્રવર્તે છે. આ બાબત અનિવાર્યપણે કેનવાસિંગને ઉત્તેજન આપે છે કે જે, મને કહેતાં ખેદ થાય છે કે, આજનો સામાન્ય ક્રમ બની ગયો છે. પોતાના પક્ષના અનુયાયીઓની સદ્ભાવના પર નિર્ભર રાજકીય હોદ્દો ધરાવતા મુખ્યમંત્રી કેનવાસિંગ સાંભળવા અને તેને વશ થવા માટે પ્રેરાઈ શકે છે. બીજી તરફ મુખ્ય ન્યાયમૂર્તિ કોઈપણ પક્ષની મહેરબાની પર પોતાનો હોદ્દો ધરાવતા નથી અને તેઓ વકીલો તથા

તેમની ગુણવત્તા અને ખામીઓને જાણે છે, અને તેથી મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા કરવામાં આવેલી ભલામણ માત્ર ગુણવત્તા પર આધારિત હોવાની વધુ સંભાવના રહે છે, મુખ્યમંત્રી દ્વારા કરવામાં આવેલી ભલામણ કરતાં કે જેઓ વકીલોની તુલનાત્મક કાનૂની કુશાગ્રતા વિશે કદાચ કશું જ જાણતા ન હોય."૩૬

૬૫. આ પાસાનું સમાપન કરતાં, અહેવાલમાં અવલોકન કરવામાં આવ્યું છે કે બાહ્ય પરિબળોએ નિમણૂકોને પ્રભાવિત કરી છે અને હાઇકોર્ટના ન્યાયમૂર્તિ તરીકેની નિમણૂક માટે કેનવાસિંગ થતું હોય તેમ જણાય છે:

'આ ખરેખર એક નિરાશાજનક ચિત્ર છે અને તે દર્શાવતું જણાય છે કે કોમવાદ, પ્રદેશવાદ અને રાજકીય આશ્રયના વાતાવરણે હાઇકોર્ટ ન્યાયતંત્રમાં નિમણૂકોને નોંધપાત્ર પ્રમાણમાં પ્રભાવિત કરી છે.

આ અત્યંત ચિંતાજનક બાબત ઉપરાંત, ન્યાયાધીશ પદ માટે કેનવાસિંગનું વલણ પણ એક દુઃખદ બાબત છે. ભૂતકાળમાં, બારના સભ્યને ન્યાયાધીશ પદ સ્વીકારવા માટે આમંત્રિત કરવામાં આવતા હતા અને તેઓ તેને એક મોટો વિશેષાધિકાર અને સન્માન માનતા હતા. જોકે, આઝાદીના થોડા વર્ષોમાં જ, હાઇકોર્ટનું ન્યાયાધીશ પદ એક એવો હોદ્દો બની ગયું જણાય છે કે જેને મેળવવા માટે પ્રયાસ અને કેનવાસિંગ કરવું પડે."૩૭

૬૬. પોતાના તારણોના આધારે, એલસીઆઈ અન્ય બાબતો સહિત નીચે મુજબના નિષ્કર્ષો પર પહોંચી હતી:

"(૮) રાજકીય, પ્રાદેશિક અને કોમી અથવા અન્ય કારણોસર હાઇકોર્ટોમાં ઘણી અસંતોષકારક નિમણૂકો કરવામાં આવી છે, જેના પરિણામે સૌથી યોગ્ય વ્યક્તિઓની નિમણૂક થઈ શકી નથી. આના પરિણામે ન્યાયમૂર્તિઓના કામના નિકાલમાં ઘટાડો થયો છે. (૯) મોટાભાગના કિસ્સાઓમાં હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા નિમણૂકોમાં સંમતિ આપવામાં આવી હોવાની હકીકત છતાં, આ અસંતોષકારક નિમણૂકો કરવામાં આવી છે.

(૧૦) હાઇકોર્ટમાં નિમણૂકો કરવામાં આવે તે પહેલાં રાજ્ય કારોબારી સાથે વિચાર-વિમર્શ જરૂરી છે.

(૧૧) મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા સૂચવવામાં આવેલા નામ પર રાજ્ય કારોબારી પોતાનો અભિપ્રાય વ્યક્ત કરવા માટે સ્વતંત્ર હોવી જોઈએ, પરંતુ પોતાના કોઈ ઉમેદવારનું નામ પ્રસ્તાવિત કરવા અને તેને કેન્દ્રને મોકલવા માટે તે સ્વતંત્ર હોવી જોઈએ નહીં.

(૧૨) રાજ્ય કારોબારીની ભૂમિકા મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા પ્રસ્તાવિત ઉમેદવાર વિશે પોતાની ટિપ્પણીઓ કરવા પૂરતી અને જો જરૂરી હોય તો મુખ્ય ન્યાયમૂર્તિને નવી ભલામણ કરવા વિનંતી કરવા પૂરતી સીમિત હોવી જોઈએ.

"(૧૪) બંધારણના અનુચ્છેદ ૨૧૭ માં સુધારો કરીને એવી જોગવાઈ કરવી જોઈએ કે હાઈકોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂક માત્ર તે રાજ્યના મુખ્ય ન્યાયમૂર્તિની ભલામણ પર અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની સહમતિથી જ થવી જોઈએ."૩૮

૬૭. સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂકથી વિપરીત, એલસીઆઈએ હાઈકોર્ટો માટે એવું સૂચન કર્યું હતું કે નિમણૂકમાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની સહમતિનો સમાવેશ કરવા માટે બંધારણના અનુચ્છેદ ૨૧૭ માં સુધારો થવો જોઈએ. આ ભલામણ એટલા માટે કરવામાં આવી હતી જેથી ભવિષ્યમાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની સહમતિ વિના કોઈ નિમણૂક ન થઈ શકે.

૩૮ પ્રકરણ ૬ ફકરો ૮૨

૬૮. સદર અહેવાલ પર સંસદમાં ૨૩, ૨૪ અને ૨૫ નવેમ્બર, ૧૯૫૯ ના રોજ વિચારણા કરવામાં આવી હતી અને તત્કાલીન સરકારે પોતાનો દ્રષ્ટિકોણ રજૂ કર્યો હતો, તેમજ કેટલાક માનનીય સભ્યોએ પણ રજૂ કર્યો હતો. પરંતુ જે વધુ મહત્ત્વનું છે તે એ છે કે ૨૪ નવેમ્બર, ૧૯૫૯ ના રોજની ચર્ચામાં શ્રી ગોવિંદ વલ્લભ પંત, માનનીય

ગૃહ મંત્રી દ્વારા જણાવવામાં આવ્યું હતું કે ૧૯૫૦ થી, હાઈકોર્ટોમાં ૨૧૧ જેટલા ન્યાયમૂર્તિઓની નિમણૂક કરવામાં આવી હતી અને આ પૈકી એક સિવાયની તમામ 'ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની સલાહ પર, સંમતિ અને

સહમતિથી કરવામાં આવી હતી. અને ૨૧૧ પૈકી, સરકાર દ્વારા સ્વીકારવામાં આવેલી ૧૯૬ દરખાસ્તોને આ બાબત સાથે સંકળાયેલી તમામ વ્યક્તિઓનું સમર્થન પ્રાપ્ત હતું.'૩૯

૬૯. થોડા સમય બાદ જણાવવામાં આવ્યું હતું:

"પરંતુ મેં કહ્યું તેમ, આ ૧૯૬ નિમણૂકો હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ, રાજ્યના મુખ્યમંત્રી, રાજ્યપાલ અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની સર્વાનુમત સલાહ અનુસાર કરવામાં આવી હતી. પંદર કેસો એવા હતા જેમાં મુખ્ય ન્યાયમૂર્તિ અને મુખ્યમંત્રી અથવા રાજ્યપાલ વચ્ચે મતભેદ હતો. તેથી, આ કેસો પણ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિને સંદર્ભિત કરવામાં આવ્યા હતા. આ પૈકીના કેટલાકમાં તેમણે મુખ્યમંત્રી દ્વારા કરવામાં આવેલી દરખાસ્ત સ્વીકારી લીધી હતી અને અન્યમાં તેમણે સંબંધિત હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ પાસેથી મળેલી સલાહ કે સૂચન સ્વીકાર્યા હતા. પરંતુ અમારા પક્ષે અમારી પાસે સંબંધિત હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ અને સંબંધિત મુખ્યમંત્રીની સલાહ સાથે તેમની સલાહ પણ હતી. તેથી, આ કેસો પાંચ ટકા પણ થતા નથી. પરંતુ ત્યાં પણ, જ્યાં સુધી અમારો સંબંધ છે, આ ૨૧૧ કેસો પૈકી, મેં કહ્યું તેમ, એક કેસ સિવાય કે જ્યાં મુખ્યમંત્રી અને મુખ્ય ન્યાયમૂર્તિ વચ્ચે મતભેદ હતો, અમે ૨૧૦ કેસોમાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની સલાહ સ્વીકારી લીધી હતી."૪૦

૭૦. બીજા દિવસે, એટલે કે, ૨૫ નવેમ્બર, ૧૯૫૯ ના રોજ કાયદા મંત્રી શ્રી એ.કે. સેને ગૃહ મંત્રી દ્વારા કરવામાં આવેલા નિવેદનનો પુનરોચ્ચાર કર્યો હતો. તેમણે સ્પષ્ટતા કરી હતી કે જે એક કેસમાં મતભેદ હતો, તેમાં સરકારે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની સલાહના બદલે હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિની સલાહ (મુખ્યમંત્રીની નહીં) સ્વીકારી હતી.

૭૧. એક માનનીય સભ્ય દ્વારા એવું સૂચન કરવા સાથે ચર્ચા સમાપ્ત થઈ કે એલસીઆઈની ભલામણોની નોંધ લેવામાં આવે અને શક્ય તેટલી ઝડપથી તેનો અમલ કરવામાં આવે.

૭૨. આ અહેવાલમાં (અન્ય ઘણા તારણો ઉપરાંત) જે બાબત મહત્વની છે તે એ છે કે એવા કિસ્સાઓ બન્યા હતા જ્યાં હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિની જાણ બહાર મુખ્યમંત્રી દ્વારા હાઇકોર્ટના ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક માટે ભલામણ કરવામાં આવી હતી અને હાઇકોર્ટના ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક માટે કેનવાસિંગ શરૂ થઈ ગયું હતું. પરંતુ એક સિવાયના તમામ કેસોમાં, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની સહમતિ લેવામાં આવી હતી.

(બી) ૮૦મો અહેવાલ - ૧૦.૮.૧૯૭૯

સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂક

૭૩. એલસીઆઈનો ૮૦મો અહેવાલ ૧૦ ઓગસ્ટ, ૧૯૭૯ ના રોજ રજૂ કરવામાં આવ્યો હતો અને તે મુખ્યત્વે ન્યાયમૂર્તિ એચ.આર. ખન્ના દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો જ્યારે તેઓ તેના અધ્યક્ષ હતા.૪૧

૭૪. એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે કાયદાનું શાસન સુનિશ્ચિત કરવા માટે એક સ્વતંત્ર ન્યાયતંત્ર અત્યંત અનિવાર્ય છે. સામાન્ય રીતે ન્યાયમૂર્તિઓની નિમણૂકના સંદર્ભમાં, એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે ખોટી નિમણૂકોએ અદાલતોની છબીને પ્રભાવિત કરી છે અને તેમાં લોકોના વિશ્વાસને નબળો પાડ્યો છે. વધુમાં, એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે ગુણવત્તાના આધારે નહીં પરંતુ પક્ષપાત અથવા અન્ય ગર્ભિત બાબતોના કારણે કરવામાં આવેલી નિમણૂક બારનું વાસ્તવિક અને સહજ સન્માન ભાગ્યે જ મેળવી શકે છે અને સહમતિ કે અયોગ્ય નિમણૂકની અસર માત્ર તે સમય પૂરતી જ અનુભવાતી નથી પરંતુ તેના પ્રત્યાઘાતો તે પછી લાંબા સમય સુધી અનુભવાય છે.૪૨

૭૫. આ પૃષ્ઠભૂમિમાં, અને સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂકના સંદર્ભમાં, એવો નિષ્કર્ષ કાઢવામાં આવ્યો હતો કે (૧) માત્ર એવી વ્યક્તિઓ કે જેઓ સ્વતંત્રતા, નિષ્પક્ષ અભિગમ અને તટસ્થતા માટે સર્વોચ્ચ પ્રતિષ્ઠા ધરાવે છે તેમને જ સુપ્રિમ કોર્ટમાં પદોન્નત કરવી જોઈએ. (૨) કોઈપણ વ્યક્તિને જ્યાં સુધી તેણે ઓછામાં ઓછા ૭ (સાત) વર્ષ માટે રાજકીય પક્ષો સાથેના સંબંધો તોડી ન નાખ્યા હોય ત્યાં સુધી સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક કરવી

જોઈએ નહીં. (૩) કોઈ વ્યક્તિને ન્યાયમૂર્તિ તરીકે ત્યારે નિમણૂક આપવી જોઈએ જો તેણે પોતાની સ્વતંત્રતા, નિષ્પક્ષ અભિગમ અને રાજકીય પૂર્વગ્રહ, પક્ષપાત અથવા ઝુકાવથી મુક્તિ માટે વિશિષ્ટતા પ્રાપ્ત કરી હોય.૪૩

૭૬. નોંધપાત્ર રીતે, એલસીઆઈએ વિચાર-વિમર્શની પ્રક્રિયા અપનાવવાની એવી ભલામણ કરી હતી કે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિએ નિમણૂક માટે ભલામણ કરતી વખતે તેમના ત્રણ સૌથી વરિષ્ઠ સાથીઓ સાથે વિચાર-વિમર્શ કરવો જોઈએ. ભલામણ કરતી વખતે તેમણે તેમના મંતવ્યો પણ રજૂ કરવા જોઈએ. આનાથી કોઈપણ સંભવિત મનસ્વીતા અથવા પક્ષપાતની શક્યતાઓ નહિવત થઈ જશે.૪૪

૭૭. આ ભલામણોનો સમાવેશ

એલસીઆઈ દ્વારા તેની ભલામણોના સારાંશમાં કરવામાં આવ્યો હતો. મારે નીચેની ભલામણ સાથે સંબંધ છે:

> "(૩૨) સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક માટે કોઈ વ્યક્તિના નામની ભલામણ કરતી વખતે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિએ તેમના ત્રણ સૌથી વરિષ્ઠ સાથીઓ સાથે વિચાર-વિમર્શ કરવો જોઈએ અને પોતાની ભલામણ સમાવિષ્ટ કરતા પત્રવ્યવહારમાં આવા વિચાર-વિમર્શનું પરિણામ દર્શાવવું જોઈએ અને પોતાની ભલામણ અંગે આ રીતે વિચાર-વિમર્શ કરાયેલા તેમના દરેક સાથીના મંતવ્યો રજૂ કરવા જોઈએ. આ

સાથીઓની ભૂમિકા મુખ્ય ન્યાયમૂર્તિની ભલામણ પર ટિપ્પણી કરવા પૂરતી મર્યાદિત રહેશે. આવો વિચાર-વિમર્શ સંભવિત મનસ્વીતા અથવા પક્ષપાતને નહિવત કરશે."૪૫

હાઇકોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂક

૭૮. હાઇકોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂકના સંદર્ભમાં, અહેવાલના પ્રકરણ ૬ માં એલસીઆઈ દ્વારા સામાન્ય રીતે એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે એવી પ્રવર્તમાન છાપ હતી કે તેમની નિમણૂક 'હંમેશા ગુણવત્તાના આધારે કરવામાં આવી નથી અને તેનાથી હાઇકોર્ટોની છબી પ્રભાવિત થઈ છે.'૪૬

૭૯. એલસીઆઈએ હાઇકોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂક માટે વિચાર-વિમર્શની પ્રક્રિયા સૂચવી હતી. એવું સૂચન કરવામાં આવ્યું હતું કે મુખ્ય ન્યાયમૂર્તિએ ભલામણ કરતી વખતે તેમના બે સૌથી વરિષ્ઠ સાથીઓ સાથે વિચાર-વિમર્શ કરવો જોઈએ અને તેમના મંતવ્યો લેખિતમાં દર્શાવવા જોઈએ. આની એક 'સ્વસ્થ અસર' થશે અને સંભવિત પક્ષપાતની શક્યતાઓમાં નોંધપાત્ર ઘટાડો થશે. એવો અભિપ્રાય આપવામાં આવ્યો હતો કે મુખ્ય ન્યાયમૂર્તિની કોઈપણ ભલામણ જેને બે સૌથી વરિષ્ઠ ન્યાયમૂર્તિઓની સહમતિ હોય તે સામાન્ય રીતે સ્વીકારવી જોઈએ. એલસીઆઈ સૈદ્ધાંતિક રીતે, ધર્મ, જાતિ અથવા પ્રદેશના કારણો કે વિચારણાઓના આધારે હાઇકોર્ટના ન્યાયમૂર્તિઓ તરીકે વ્યક્તિઓની પસંદગી કરવાની વિરુદ્ધમાં હતું.

૮૦. રાજકીય કારોબારી તરફથી ઉદ્ભવતી ભલામણોના સંદર્ભમાં એવું કહેવામાં આવ્યું હતું:

"બીજો પ્રશ્ન કે જેણે ધ્યાન આકર્ષિત કર્યું છે તે એ છે કે શું મુખ્યમંત્રીની ભૂમિકા મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા ભલામણ કરાયેલા નામ પર ટિપ્પણી કરવા પૂરતી હોવી જોઈએ, કે પછી, જો તેઓ મુખ્ય ન્યાયમૂર્તિની ભલામણ સાથે અસંમત થાય, તો શું તેઓ (મુખ્યમંત્રી) અન્ય નામ પણ સૂચવી શકે છે. આ પ્રશ્ન ભૂતકાળમાં ઉઠાવવામાં આવ્યો હતો, અને યોગ્ય વિચારણા પછી એવો નિર્ણય લેવામાં આવ્યો હતો કે જો મુખ્યમંત્રી મુખ્ય

ન્યાયમૂર્તિની ભલામણ સાથે અસંમત થાય, તો તેઓ અન્ય નામ સૂચવવા માટે હકદાર રહેશે. આવા સંજોગોમાં મુખ્યમંત્રીએ મુખ્ય ન્યાયમૂર્તિની ટિપ્પણીઓ મંગાવવી પડશે અને ત્યારપછી આ બાબત મુખ્ય ન્યાયમૂર્તિની ટિપ્પણીઓ સાથે કેન્દ્રીય કાયદા અને ન્યાય મંત્રીને મોકલવી પડશે. ઉપર જણાવેલ નિર્ણય યોગ્ય વિચારણા પછી પહેલેથી જ લેવામાં આવ્યો હોવાની હકીકતને ધ્યાનમાં રાખીને, અમારે આ બાબતમાં આગળ કશું કહેવાની જરૂર નથી."૪૭

૮૧. આ તમામ પરિબળોને ધ્યાનમાં રાખીને, એલસીઆઈ દ્વારા કરવામાં આવેલી કેટલીક ભલામણો નીચે મુજબ હતી:

"(૩) હાઇકોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂક માટે ભલામણ કરતી વખતે, મુખ્ય ન્યાયમૂર્તિએ તેમના બે સૌથી વરિષ્ઠ સાથીઓ સાથે વિચાર-વિમર્શ કરવો

જોઈએ. મુખ્ય ન્યાયમૂર્તિએ નિમણૂકની ભલામણ કરતા તેમના પત્રમાં આવા વિચાર-વિમર્શની હકીકત જણાવવી જોઈએ અને આ રીતે વિચાર-વિમર્શ કરાયેલા તેમના બે સાથીઓના મંતવ્યો દર્શાવવા જોઈએ.

(૪) મુખ્ય ન્યાયમૂર્તિની કોઈપણ ભલામણ જેને તેમના બે સૌથી વરિષ્ઠ સાથીઓની સહમતિ હોય તે સામાન્ય રીતે સ્વીકારવી જોઈએ.

(૭) પંચ સૈદ્ધાંતિક રીતે ધર્મ, જાતિ અથવા પ્રદેશના કારણોસર હાઇકોર્ટ બેંચમાં પસંદગી કરવાની વિરુદ્ધમાં છે. ગુણવત્તા જ એકમાત્ર વિચારણા હોવી જોઈએ. રાજ્યની નીતિની બાબતો અમુક ધર્મ, જાતિ અથવા પ્રદેશના લોકોનું પ્રતિનિધિત્વ આપવું જરૂરી બનાવે ત્યારે પણ, શ્રેષ્ઠ વ્યક્તિની પસંદગી કરવા માટે તમામ પ્રયાસો કરવા જોઈએ. આવી નિમણૂકોની સંખ્યા શક્ય તેટલી ઓછી હોવી જોઈએ.

(૧૨) મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા ભલામણ કરાયેલા નામ પર માત્ર ટિપ્પણી કરવા પૂરતી જ મુખ્યમંત્રીની ભૂમિકા હોવી જોઈએ કે પછી મુખ્યમંત્રી અન્ય કોઈ નામ પણ સૂચવી શકે છે તે પ્રશ્ન પર, પહેલેથી જ નિર્ણય લેવાઈ ચૂક્યો છે અને આ બાબતમાં આગળ કશું કહેવાની જરૂર નથી."૪૮

૮૨. સામાન્ય રીતે કહીએ તો, એલસીઆઈનો એવો મત હતો કે ન્યાયમૂર્તિઓની નિમણૂકની બંધારણીય યોજના મૂળભૂત રીતે સુદ્રઢ હતી, તેણે સંતોષકારક રીતે કામ કર્યું હતું અને તેમાં કોઈ ધરમૂળથી ફેરફારની જરૂર ન હતી,

જોકે કેટલાક પાસાઓમાં સુધારાની જરૂર હતી. ઉપર દર્શાવેલ ભલામણો તે સંદર્ભમાં કરવામાં આવી હતી.

(સી) ૧૨૧મો અહેવાલ - ૩૧.૭.૧૯૮૧ ન્યાયિક નિમણૂકો માટે નવું મંચ

૮૩. એ નોંધવું મહત્વપૂર્ણ છે કે આ અહેવાલ એસ.પી. ગુપ્તા કેસમાં આ કોર્ટના નિર્ણય પછી તૈયાર કરવામાં આવ્યો હતો. તેના ૧૨૧મા અહેવાલમાં, એલસીઆઈએ નોંધ્યું હતું કે છેલ્લા ચાર દાયકાઓમાં, વરિષ્ઠ ન્યાયતંત્રમાં નિમણૂક કરવા માટે પસંદગીની પદ્ધતિ અને વ્યૂહરચના તેમજ પસંદ કરાયેલ વ્યક્તિઓ સામે વધતો જતો અસંતોષ વ્યક્ત કરવામાં આવ્યો છે.૪૯ વધુમાં, તેના અહેવાલના ફકરા ૭.૧ માં, એલસીઆઈએ નોંધ્યું હતું કે 'દરેક વ્યક્તિ સંમત છે કે વરિષ્ઠ ન્યાયતંત્રમાં ભરતી માટેની વર્તમાન યોજના અથવા મોડેલ કે વ્યવસ્થા ઈચ્છિત પરિણામો આપવામાં નિષ્ફળ રહી છે.' આ એસ.પી. ગુપ્તા કેસમાં પ્રતિપાદિત કરાયેલ ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં કારોબારીની પ્રાથમિકતાના સિદ્ધાંતના સંદર્ભમાં હતું. આ બાબતને ધ્યાનમાં રાખીને એલસીઆઈએ નેશનલ જ્યુડિશિયલ સર્વિસ કમિશન તરીકે ઓળખાતા એક નવા વ્યાપક આધારિત મોડેલની ભલામણ કરી હતી.૫૦

૮૪. એલસીઆઈએ અવલોકન કર્યું હતું કે ન્યાયમૂર્તિઓની નિમણૂક માટે બે મોડેલ ઉપલબ્ધ હતા. પ્રથમ મોડેલ વિદ્યમાન મોડેલ હતું જેણે ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂક કરવામાં કારોબારીને સર્વોપરી સત્તાઓ પ્રદાન કરી હતી. પરંતુ, બંધારણનો અનુચ્છેદ ૫૦ કારોબારી અને ન્યાયતંત્ર વચ્ચે

પૃથક્કરણનો આદેશ આપે છે. બીજા મોડેલમાં નિર્ણય લેવાની પ્રક્રિયામાં વધુ લોકોને જોડીને અને એક એવી સંસ્થા સ્થાપીને કે જેમાં ન્યાયતંત્રનું સર્વોચ્ચ સ્થાન હોય, કારોબારીની સત્તાને હળવી (બાકાત નહીં) કરવાનો સમાવેશ થતો હતો. આ સહભાગી મોડેલને એલસીઆઈ દ્વારા નેશનલ જ્યુડિશિયલ સર્વિસ કમિશન કહેવામાં આવ્યું હતું.

૮૫. કમિશનને એક બહુ-સભ્ય સંસ્થા તરીકે વિચારવામાં આવ્યું હતું જેના વડા ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ હોય કે જેમનું 'સર્વોચ્ચ સ્થાન બિલકુલ નબળું પાડવું જોઈએ નહીં', તેમના પુરોગામી, સુપ્રિમ કોર્ટના ત્રણ સૌથી વરિષ્ઠ ન્યાયમૂર્તિઓ, તેમની વરિષ્ઠતાના ક્રમમાં હાઇકોર્ટોના ત્રણ મુખ્ય ન્યાયમૂર્તિઓ, કાયદા મંત્રી, ભારતના એટર્ની-જનરલ અને એક પ્રતિષ્ઠિત કાયદા વિદ્વાન. આમ, સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટોના ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂક માટે એલસીઆઈ દ્વારા ૧૧ (અગિયાર) સભ્યોની સંસ્થાની દરખાસ્ત કરવામાં આવી હતી. આ ભલામણનો અમલ કરવા માટે, બંધારણમાં યોગ્ય સુધારો કરવાની દરખાસ્ત કરવામાં આવી હતી.૫૧

૮૬. એલસીઆઈની ભલામણ તત્કાલીન સરકાર દ્વારા આંશિક રીતે સ્વીકારવામાં આવી હતી અને સંસદમાં ધ કોન્સ્ટીટ્યુશન (સિક્સટી-સેવન્થ એમેન્ડમેન્ટ) બિલ, ૧૯૯૦ રજૂ કરવામાં આવ્યું હતું. આ બાબતનો થોડા સમય બાદ ઉલ્લેખ કરવામાં આવશે.

એરિયર્સ કમિટી - ૧૯૮૯-૯૦

૮૭. ૧૧ અને ૧૩ ડિસેમ્બર, ૧૯૮૭ ની વચ્ચે મુખ્ય ન્યાયમૂર્તિઓની એક પરિષદ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. પરિષદમાં, અન્ય બાબતોની સાથે સાથે, દેશની હાઇકોર્ટો અને જિલ્લા અદાલતોમાં કેસોના ભરાવાને લગતા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. ભરાવાની સમસ્યા અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી અને મોટાભાગના મુખ્ય ન્યાયમૂર્તિઓ દ્વારા એ બાબત દર્શાવવામાં આવી હતી કે ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં વિલંબ એ ભરાવા માટે જવાબદાર છે. ભલામણો મોકલવામાં આવ્યા પછી પણ, સરકાર નિમણૂક કરે તે માટે મુખ્ય ન્યાયમૂર્તિએ લાંબો સમય રાહ જોવી પડે છે, જેના પરિણામે કેટલાંક વર્ષોથી અદાલતો તેમની લગભગ ૫૦% ક્ષમતા સાથે કામ કરી રહી છે.

૮૮. આ બાબત પર વિગતવાર ચર્ચા કર્યા પછી, ઉઠાવવામાં આવેલા મુદ્દાઓની સંપૂર્ણ તપાસ કરવા માટે મુખ્ય ન્યાયમૂર્તિઓની એક સમિતિ નીમવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો અને આવી સમિતિની નિમણૂક કરતો એક ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. એરિયર્સ કમિટી તરીકે ઓળખાતી સમિતિની રચના સમય જતાં બદલાઈ હતી પરંતુ અંતે તેમાં મુખ્ય ન્યાયમૂર્તિ વી.એસ. મલીમથ (કેરળ હાઇકોર્ટ), મુખ્ય ન્યાયમૂર્તિ પી.ઓ. દેસાઈ (કલકત્તા હાઇકોર્ટ) અને મુખ્ય ન્યાયમૂર્તિ ડૉ. એ.એસ. આનંદ (મદ્રાસ હાઇકોર્ટ) નો સમાવેશ થતો હતો. એરિયર્સ કમિટીએ ૩૧ ઓગસ્ટ અને ૨ સપ્ટેમ્બર, ૧૯૯૦ ની વચ્ચે યોજાયેલી મુખ્ય ન્યાયમૂર્તિઓની પરિષદને બે ગ્રંથોમાં પોતાનો

અહેવાલ આપ્યો હતો, જેણે થોડા ફેરફારોને આધીન રહીને અહેવાલો સ્વીકાર્યા હતા.

૮૯. અહેવાલના ગ્રંથ ૨ નું પ્રકરણ ૫ હાઇકોર્ટોમાં ન્યાયમૂર્તિઓની અસંતોષકારક નિમણૂક સાથે સંબંધિત છે. એરિયર્સ કમિટી દ્વારા એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે અસંતોષકારક નિમણૂકોએ હાઇકોર્ટોમાં ભરાવો એકઠો થવામાં મોટા પ્રમાણમાં ફાળો આપ્યો છે. એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે સત્યનિષ્ઠા, યોગ્યતા અને ક્ષમતા માટેની પ્રતિષ્ઠા સાથે માત્ર અને માત્ર ગુણવત્તા જ ન્યાયમૂર્તિઓની પસંદગી માટેનો માપદંડ હોવો જોઈએ અને તે આધારે પસંદ ન કરાયેલા અથવા ગુણવત્તા સિવાયની અન્ય બાબતોના આધારે નિમણૂક પામેલા ન્યાયમૂર્તિઓ નિષ્પક્ષ અને વાજબી રીતે કાર્ય કરવા સક્ષમ ન પણ હોય. એ નોંધવામાં આવ્યું હતું કે આ કારણોસર ન્યાયમૂર્તિઓની પસંદગી અત્યંત કાળજી અને ચીવટ સાથે થવી જોઈએ.૫૨

૯૦. એરિયર્સ કમિટીએ તાજેતરના ભૂતકાળમાં સતીશ ચંદ્ર સમિતિ દ્વારા આપવામાં આવેલા અહેવાલ પર પણ વિચારણા કરી હતી, જેનો એવો દ્રઢ મત હતો કે કેટલાક ન્યાયમૂર્તિઓની સીધી ભલામણ હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા કરવામાં આવી નથી પરંતુ તેમને હાઇકોર્ટ પર થોપી બેસાડવામાં આવ્યા છે અને જો આ વલણ ચાલુ રહેશે, તો મુખ્ય ન્યાયમૂર્તિ માટે અદાલતનું ન્યાયિક કામકાજ અસરકારક રીતે ચલાવવું ખૂબ મુશ્કેલ બનશે.૫૩

૯૧. ત્યારબાદ, ગુણવત્તા સિવાયના અન્ય કારણોસર હાઈકોર્ટના ન્યાયમૂર્તિની પસંદગી અંગે ચર્ચા કરવામાં આવી હતી અને નીચે મુજબ અવલોકન કરવામાં આવ્યું હતું:

> "ગુણવત્તા સિવાયની અન્ય બાબતોના આધારે કોઈ વ્યક્તિની પસંદગી કરવી દૂરગામી પરિણામો ધરાવે છે અને દેખીતી રીતે નજરે પડે છે તેના કરતાં વધુ નુકસાન કરે છે. આવા નિમણૂક પામેલા વ્યક્તિને બારના સભ્યો તરફથી તે પ્રમાણમાં સન્માન અને સહકાર પણ મળતો નથી જે યોગ્ય ન્યાય વહીવટ માટે અનિવાર્ય છે. તેમને કદાચ પોતાનામાં પણ વિશ્વાસ ન હોય અને અદાલતની કાર્યવાહી પર પ્રભુત્વ ન હોય. આ બધું યોગ્ય ન્યાય વહીવટના ભોગે થશે. તેની અસર માત્ર ગુણવત્તા પર જ નહીં પરંતુ કરવામાં આવેલા કામના પ્રમાણ પર પણ અનુભવાશે.

સતીશ ચંદ્ર સમિતિના જણાવ્યા અનુસાર, રાજકીય પ્રક્રિયામાં ક્રમશઃ આવેલો મોટો ફેરફાર અગાઉ જાળવી રાખવામાં આવેલા હાઈકોર્ટ બેંચમાં નિમણૂકોના ઉચ્ચ ધોરણોમાં ગંભીર ઘટાડા અને પતન માટે સીધી રીતે જવાબદાર છે. અપવાદોને બાદ કરતાં, આજના મુખ્યમંત્રીઓ એવું વિચારવા લાગ્યા છે કે હાઈકોર્ટ બેંચમાં ખાલી જગ્યાઓ ભરવી એ પણ એક રાજકીય અથવા અન્ય આશ્રયની બાબત છે. તેણે નોંધ્યું કે અગાઉ બારના સભ્યોને ન્યાયમૂર્તિપદ સ્વીકારવા માટે આમંત્રિત કરવામાં આવતા હતા. હવે, હાઈકોર્ટનું ન્યાયમૂર્તિપદ એક એવો હોદ્દો બની ગયું જણાય છે જેના માટે કેનવાસિંગ કરવું પડે છે. એવું

જણાયું હતું કે જ્યાં સુધી રાજ્યની કારોબારી આવી નિમણૂકોમાં અસરકારક હાથ ધરાવે છે, ત્યાં સુધી આ ચિંતાજનક લક્ષણ ચાલુ રહેશે અને તેનો ઉપાય માત્ર એ સુરક્ષા પ્રદાન કરીને જ કરી શકાય છે કે નિમણૂકની બાબતમાં કારોબારીનો કોઈ આખરી નિર્ણય ન હોય અને આ બાબતમાં છેલ્લો શબ્દ સંબંધિત હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિનો હોવો જોઈએ. તેથી સમિતિએ, ગુણવત્તા સુનિશ્ચિત કરવાની ખાતરી તરીકે, બંધારણમાં સુધારો કરવાનું સૂચન કર્યું હતું કે હાઇકોર્ટમાં નિમણૂક માટે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની સહમતિ હોવી જોઈએ અને તે માત્ર તેમની સાથેના વિચાર-વિમર્શથી ન થવી જોઈએ. તે ધોરણે બંધારણના અનુચ્છેદ ૨૧૭(૧) માં સુધારો સૂચવવામાં આવ્યો હતો."૫૪

૯૨. એવો નિષ્કર્ષ કાઢવામાં આવ્યો હતો કે ન્યાયિક વ્યવસ્થા અસરકારક રીતે કાર્ય કરે અને લોકો તેમાં શ્રદ્ધા અને વિશ્વાસ ધરાવે તે માટે, ન્યાયમૂર્તિઓની નિમણૂક માત્ર ગુણવત્તા, યોગ્યતા, સત્યનિષ્ઠા અને ક્ષમતાની વિચારણાઓના આધારે જ થવી જોઈએ અને રાજકીય અનુકૂળતા કે પ્રાદેશિક અથવા કોમી લાગણીઓના આધારે નહીં. આ સંબંધમાં નીચે મુજબ અવલોકન કરવામાં આવ્યું હતું:

> "આ સમિતિનો એવો દ્રઢ મત છે કે ન્યાયિક વ્યવસ્થા અસરકારક રીતે કાર્ય કરે અને ન્યાયિક કાર્યની ગુણવત્તા અને જથ્થો બંને જળવાઈ રહે, તેમજ જનતાની શ્રદ્ધા અને વિશ્વાસ જળવાઈ રહે તે સુનિશ્ચિત કરવા માટે, નિમણૂકો માત્ર ગુણવત્તા, યોગ્યતા, સત્યનિષ્ઠા અને ક્ષમતાની

વિચારણાઓના આધારે જ થવી જોઈએ અને રાજકીય અનુકૂળતા કે પ્રાદેશિક અથવા કોમી લાગણીઓના આધારે નહીં. તેમના દ્વારા કરવામાં આવેલી ભલામણને કારોબારીની મંજૂરી કદાચ નહીં મળે તેવો ડર, ક્યારેક મુખ્ય ન્યાયમૂર્તિને એવી વ્યક્તિના નામની દરખાસ્ત કરવા પ્રેરી શકે છે જે જરૂરી ધોરણો મુજબ ખરી ઉતરતી ન હોય, જે તદ્દન કમનસીબ છે. ન્યાયતંત્રની સ્વતંત્રતાની જાળવણી માટે એ મૂળભૂત બાબત છે કે તે કોઈપણ પક્ષ તરફથી થતા ડર અને દબાણથી મુક્ત રહે. રાજ્યની એ ફરજ છે કે તે સુનિશ્ચિત કરે કે ન્યાયતંત્ર રાજ્યવ્યવસ્થામાં એવું સ્થાન ધરાવે છે અને ધરાવતું જણાય છે જેથી તે બંધારણ દ્વારા તેને સોંપવામાં આવેલા કાર્યો અસરકારક રીતે કરી શકે અને તે માત્ર ત્યારે જ થઈ શકે જો નિમણૂકની પ્રક્રિયાને અદૂષિત રાખવામાં આવે."પપ

૯૩. ન્યાયમૂર્તિઓની નિમણૂકની વિદ્યમાન વ્યવસ્થા પર ટિપ્પણી કરતાં, એરિયર્સ કમિટીએ અહેવાલના પ્રકરણ ૬ માં આ વ્યવસ્થાની સમીક્ષા કરી હતી. અન્ય બાબતોની સાથે સાથે એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે ન્યાયમૂર્તિઓની નિમણૂકની આ વ્યવસ્થા ચાર દાયકાઓથી પ્રવર્તતી હતી અને જ્યાં સુધી સુસ્થાપિત પરંપરાઓનું સન્માન અને પાલન કરવામાં આવતું હતું ત્યાં સુધી તે સંતોષકારક રીતે કાર્ય કરી રહી હતી અને એ વ્યવસ્થા નથી કે જે નિષ્ફળ ગઈ છે પરંતુ આ વ્યવસ્થાનું સંચાલન કરનારાઓએ તેને વિકૃત થવા દઈને તેને નિષ્ફળ બનાવી છે. નીચે મુજબ અવલોકન કરવામાં આવ્યું હતું:

"હાઇકોર્ટોમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની વર્તમાન વ્યવસ્થા લગભગ ચાર દાયકાથી પ્રચલિત છે. જ્યાં સુધી સુસ્થાપિત પરંપરાઓનું સન્માન અને પાલન કરવામાં આવ્યું ત્યાં સુધી તેણે સંતોષકારક રીતે કાર્ય કર્યું હતું. છેલ્લા બે દાયકા કે તેથી વધુ સમય દરમિયાન પરંપરાઓનું ક્રમશઃ પરંતુ પદ્ધતિસરનું ઉલ્લંઘન અને વાસ્તવિક વિનાશ મુખ્યત્વે વર્તમાન દુર્ભાગ્યપૂર્ણ પરિસ્થિતિ માટે જવાબદાર છે. તેથી, શું વ્યવસ્થા નિષ્ફળ ગઈ છે કે પછી સંબંધિત લોકોએ વ્યવસ્થાને નિષ્ફળ બનાવી છે તે એક સર્વોચ્ચ મહત્વનો પ્રશ્ન છે. એ સ્પષ્ટ છે કે વ્યવસ્થા નિષ્ફળ ગઈ નથી, પરંતુ વ્યવસ્થા ચલાવવા સાથે સંકળાયેલા તમામે તેને વિકૃત થવા દઈને તેને નિષ્ફળ બનાવી છે."૫૬

૯૪. ન્યાયમૂર્તિઓની નિમણૂક માટે તે સમયે અમલમાં રહેલા મેમોરેન્ડમ ઓફ પ્રોસિજરની ચર્ચા કરતી વખતે, એરિયર્સ કમિટીએ એ મતલબના તીખા અવલોકનો કર્યા હતા કે એવા કેસો બન્યા હતા જ્યાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ, સંબંધિત હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ અને રાજ્યના રાજ્યપાલ વચ્ચે સહમતિ હતી પરંતુ કેન્દ્રીય કાયદા મંત્રીએ કાં તો નિમણૂક ન કરવાનું પસંદ કર્યું હતું અથવા નિમણૂકમાં અતિશય વિલંબ કર્યો હતો. એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે કેટલીકવાર કેન્દ્રીય કાયદા મંત્રીએ ન્યાયમૂર્તિઓની નિમણૂક કરવા માટે 'પિક એન્ડ ચૂઝ' નીતિ અપનાવી હતી અથવા જે ક્રમમાં ભલામણો કરવામાં આવી હતી તે ક્રમને ખોરવી નાખ્યો હતો. આ સંબંધમાં રાજકીય દખલગીરી અને

ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં ગેરબંધારણીય સત્તાવાળાઓનો અનિચ્છનીય પ્રભાવ રહ્યો હતો.

તેથી નિમણૂક પ્રક્રિયા નબળી પડી ગઈ હતી, જેના પરિણામે કારોબારી ન્યાયમૂર્તિઓની નિમણૂક શ્રેષ્ઠતાના આધારે નહીં પરંતુ પ્રભાવના આધારે કરવા લાગી હતી. નીચે મુજબ અવલોકન કરવામાં આવ્યું હતું:

> "એવા કિસ્સાઓ બન્યા છે કે જ્યાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર-વિમર્શ કરવામાં આવતાં, તેઓ સંબંધિત હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા કરવામાં આવેલી ભલામણ સાથે સંમત થાય છે જેને રાજ્યના રાજ્યપાલની પણ સહમતિ હોય છે અને પોતાની ભલામણ કેન્દ્રીય કાયદા મંત્રીને મોકલે છે, છતાં નિમણૂકો કાં તો કરવામાં આવતી નથી અથવા તો અતિશય વિલંબ પછી કરવામાં આવે છે. કેટલીકવાર, કેન્દ્રીય કાયદા મંત્રી હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા ભલામણ કરાયેલ અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા યોગ્ય રીતે સંમતિ અપાયેલ પસંદગી પામેલાઓની યાદીમાંથી ન્યાયમૂર્તિઓની નિમણૂક કરવા માટે 'પિક એન્ડ ચૂઝ' નીતિ પણ અપનાવે છે અથવા જે ક્રમમાં ભલામણો કરવામાં આવી હોય તે ક્રમને ખોરવીને નિમણૂકો કરે છે. રાજકીય દખલગીરી અને ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં 'ગેરબંધારણીય સત્તાવાળાઓ' ના અનિચ્છનીય પ્રભાવને કારણે આ દૂષણ વધુ ગંભીર બન્યું છે. આમ,

ઉચ્ચ ન્યાયતંત્રની નિમણૂકની બાબતમાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની સત્તા અને હાઇકોર્ટોના મુખ્ય ન્યાયમૂર્તિઓની ભૂમિકા મોટા પાયે નબળી પડી ગઈ છે, જેના કારણે કારોબારી ન્યાયમૂર્તિઓની નિમણૂક 'શ્રેષ્ઠતા' ના આધારે નહીં પરંતુ 'પ્રભાવ' ના આધારે કરવા લાગી છે. આમ, ગુણવત્તા, ક્ષમતા અને યોગ્યતા, જેને પારખવા માટે નિઃશંકપણે હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ સૌથી યોગ્ય વ્યક્તિ છે, તેનો રાજકીય અથવા અન્ય અનુકૂળતાની વેદી પર ભોગ લેવામાં આવે છે. આ વલણ મુખ્યત્વે હાઇકોર્ટ બેંચોમાં નિમણૂકોના ઉચ્ચ ધોરણોમાં બગાડ અને પતન માટે જવાબદાર છે. એ દુર્ભાગ્યપૂર્ણ છે, પરંતુ તદ્દન સાચું છે કે મુખ્યમંત્રીઓ એવું વિચારવા લાગ્યા છે અને કેન્દ્રીય કાયદા મંત્રી એવું માનવા લાગ્યા છે કે હાઇકોર્ટ બેંચમાં ખાલી જગ્યા એ રાજકીય આશ્રયની બાબત છે જેને તેઓ પોતાના માનીતાઓને વહેંચવા કે લહાણી કરવા માટે હકદાર છે. કારોબારી પાસેની આ વીટો સત્તાએ ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં તબાહી મચાવી છે."૫૭

૯૫. પોતાની ભલામણોમાં, એરિયર્સ કમિટીએ કારોબારીની ભૂમિકા હળવી કરવાની અને નિમણૂકની વિદ્યમાન વ્યવસ્થાને વિકૃત થતી અટકાવવા માટેના પગલાંઓની ભલામણ કરી હતી. નીચે મુજબ ભલામણ કરવામાં આવી હતી:

> "ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં કારોબારીની ભૂમિકા હળવી થવી જોઈએ અને વર્તમાન વ્યવસ્થાની કામગીરીમાં મોટાભાગની ખામીઓનું મૂળ કારોબારીની વીટો સત્તામાં રહેલું છે. હાઇકોર્ટોના ન્યાયમૂર્તિઓની

નિમણૂકની બાબતમાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર-વિમર્શના બદલે તેમની સહમતિની જોગવાઈ કરતા અનુચ્છેદ ૨૧૭ માં કેટલાક સુધારાઓ કરીને ખરેખર આનો ઉપાય કરી શકાય તેમ છે."૫૮

"સમિતિનો એવો મત છે કે બંધારણના ઘડવૈયાઓ દ્વારા ગહન વિચાર-વિમર્શ અને ખૂબ ચિંતન પછી ઘડવામાં આવેલી વર્તમાન બંધારણીય યોજના આંતરિક રીતે સુદ્રઢ છે અને જો તેને સાચી ભાવનાથી ચલાવવામાં આવે તો તેમાં કોઈ ધરમૂળથી ફેરફારની જરૂર નથી. આ યોજનાના અમલમાં જોવા મળેલી વિકૃતિ સામે રક્ષણ મેળવવા અને તેને નિવારવા માટે સમિતિએ યોગ્ય ભલામણો કરી છે. સમિતિ માને છે કે જો આ ભલામણોનો અમલ કરવામાં આવે, તો તેને કોઈ અલગ તંત્ર દ્વારા બદલવાની કોઈ જરૂર રહેશે નહીં."૫૯

૯૬. ન્યાયમૂર્તિઓની નિમણૂકની વ્યવસ્થાની આકરી ટીકાને ધ્યાનમાં રાખીને જ્યાં કારોબારી પાસે 'આખરી સત્તા'૬૦ હતી જેનો દુરુપયોગ કરવામાં આવી રહ્યો હતો અને બંધારણ સભાના આશયથી વિપરીત ન્યાયતંત્રની સ્વતંત્રતા છીનવી લેવા માટે તેને વિકૃત કરવામાં આવી રહી હતી, ત્યારે ન્યાયમૂર્તિઓની નિમણૂકના સમગ્ર મુદ્દા પર નવેસરથી વિચાર કરવા સિવાય અન્ય કોઈ વિકલ્પ નહોતો અને ૫૮ ફકરો ૧૨૪

૫૯ ફકરો ૧૩૦

૬૦ આ શબ્દપ્રયોગનો ઉપયોગ ન્યાયમૂર્તિ ભગવતી દ્વારા અને ન્યાયમૂર્તિ ડી.એ. દેસાઈ દ્વારા એસ.પી. ગુપ્તા વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા ના ફકરા ૭૧૯ માં કરવામાં આવ્યો હતો.

જેના કારણે છેવટે ૧૯૯૦ ના દાયકાની શરૂઆતમાં આ મુદ્દો આ કોર્ટની ૯ (નવ) ન્યાયમૂર્તિઓની બેંચને સંદર્ભિત કરવામાં આવ્યો. તદ્દન સ્પષ્ટપણે, કારોબારીએ ન્યાયમૂર્તિઓની નિમણૂકને અસ્તવ્યસ્ત કરી નાખી હતી, ન્યાયતંત્રની સ્વતંત્રતાને નબળી પાડવા માટે પગલાં લીધાં હતાં, બંધારણ સભાના મંતવ્યોની મૂળ ભાવના વિરુદ્ધ ગઈ હતી અને એક જવાબદાર કારોબારીએ જે રીતે વર્તવું ન જોઈએ તે રીતે વર્તી હતી.

૯૭. આઝાદી પછીથી ૧૯૯૦ના દાયકાની શરૂઆત સુધી, ન્યાયતંત્રએ ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં કારોબારીની ધીમી પરંતુ ચોક્કસ દખલગીરી જોઈ હતી. આ હાઇકોર્ટના ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક કરવા માટે કારોબારી દ્વારા હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિને વ્યક્તિઓની ભલામણ કરવાના સ્વરૂપમાં હતું. એવા પ્રસંગો પણ બન્યા હતા જ્યારે કારોબારીએ હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિને સંપૂર્ણપણે અવગણીને ન્યાયમૂર્તિઓ તરીકે નિમણૂક કરવા માટે કેન્દ્ર સરકારને સીધી વ્યક્તિઓની ભલામણ કરી હતી. કારોબારી દ્વારા અપનાવવામાં આવેલી ત્રીજી વ્યૂહરચના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા કરવામાં આવેલી ભલામણોને અટકાવી રાખવાની અને તેના બદલે કેન્દ્ર સરકારને પોતાની ભલામણ મોકલવાની હતી. ચોથી પદ્ધતિ કોઈને કોઈ બહાને મંજૂર થયેલી ભલામણોને ફરીથી ખોલવાની

હતી. પાંચમી પદ્ધતિ મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા કરવામાં આવેલી ભલામણ પર કાર્યવાહી કરવામાં વિલંબ કરવાની હતી.

૯૮. દુઃખદ બાબત એ છે કે, આ સમયગાળા દરમિયાન કરવામાં આવેલી લગભગ તમામ નિમણૂકોમાં (બંધારણીય પ્રણાલી તરીકે) ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની સહમતિ હતી અને તેમ છતાં, કરવામાં આવેલી કેટલીક નિમણૂકોની ટીકા થઈ હતી. જ્યારે કાયદાકીય રીતે ન્યાયતંત્રની સ્વતંત્રતા જાળવી રાખવામાં આવી હતી, ત્યારે યોગ્યતા પ્રસંગોપાત ગૌણ બની જવા સાથે 'અયોગ્ય' ન્યાયમૂર્તિઓની નિમણૂક દ્વારા અંદરથી અને બહારથી બંને તરફથી તેનું ધીમે ધીમે ક્ષરણ થઈ રહ્યું હતું. એલસીઆઈનો ૧૪મો અહેવાલ સામાન્ય રીતે હાઈકોર્ટોમાં કરવામાં આવેલી નિમણૂકોની ટીકા કરતો હતો અને આ સંદર્ભમાં એલસીઆઈ દ્વારા સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓ સહિત વિવિધ સ્ત્રોતો પાસેથી એકત્રિત કરવામાં આવેલી માહિતી પર આધાર રાખવામાં આવ્યો હતો. એ સાચું છે કે એલસીઆઈના ૮૦મા અહેવાલમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની વ્યવસ્થામાં કોઈ ગંભીર ખામી જણાઈ ન હતી, પરંતુ તેમ છતાં તેમાં ફેરફારની જરૂર હતી. જોકે, એરિયર્સ કમિટીએ ન્યાયમૂર્તિઓની નિમણૂકની વિદ્યમાન વ્યવસ્થાની આકરી ટીકા કરી હતી અને વિદ્યમાન વ્યવસ્થા અંતર્ગત કેટલીક સકારાત્મક ભલામણો કરી હતી, જ્યારે એલસીઆઈના ૧૨૧મા અહેવાલમાં વ્યાપક ફેરફારો સૂચવવામાં આવ્યા હતા.

૯૯. ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં આ ચર્ચા સૂચવે છે કે ન્યાયમૂર્તિઓની નિમણૂક શબ્દના વાસ્તવિક અર્થમાં ન્યાયતંત્રની સ્વતંત્રતામાં અત્યંત મહત્ત્વપૂર્ણ અને નિર્ણાયક ભૂમિકા ભજવે છે. જો ન્યાયમૂર્તિઓ રાજકીય વિચારણાઓ અને અન્ય બાહ્ય પરિબળોથી પ્રભાવિત થઈ શકે, તો આવા ન્યાયમૂર્તિઓના પગાર, ભથ્થાં, સેવાની શરતો અને પેન્શન માત્ર સુરક્ષિત કરવાથી ન્યાયતંત્ર સ્વતંત્ર રહી શકે નહીં. મૂળ હાર્દ ન્યાયમૂર્તિઓની ક્ષમતામાં રહેલું છે, તેમના મળવાપાત્ર લાભોમાં નહીં.

૧૦૦. ૨૬ નવેમ્બર, ૧૯૪૯ ના રોજ બંધારણ સભાને આપેલા તેમના સમાપન સંબોધનમાં ડૉ. રાજેન્દ્ર પ્રસાદે ન્યાયતંત્રની સ્વતંત્રતાનો ઉલ્લેખ કર્યો હતો અને નીચે મુજબ જણાવ્યું હતું:

> "આપણે બંધારણમાં એક એવા ન્યાયતંત્રની જોગવાઈ કરી છે જે સ્વતંત્ર રહેશે. સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટોને કારોબારીના પ્રભાવથી સ્વતંત્ર બનાવવા માટે આનાથી વધુ કંઈપણ સૂચવવું મુશ્કેલ છે. બંધારણમાં નીચલી અદાલતોને પણ કોઈપણ બાહ્ય કે અન્ય દબાણથી સ્વતંત્ર રાખવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આપણા અનુચ્છેદો પૈકીનો એક અનુચ્છેદ રાજ્ય સરકારો માટે કારોબારી કાર્યોથી ન્યાયિક કાર્યોનું પૃથક્કરણ કરવાનું અને ફોજદારી કેસો ચલાવતી મેજિસ્ટ્રસીને દીવાની અદાલતોની સમકક્ષ મૂકવાનું સરળ બનાવે છે. હું માત્ર એવી આશા વ્યક્ત

કરી શકું છું કે આ લાંબા સમયથી બાકી રહેલો સુધારો ટૂંક સમયમાં રાજ્યોમાં લાગુ કરવામાં આવશે."૬૧

૧૦૧. સ્વતંત્ર ન્યાયતંત્રની જોગવાઈ કરવી પૂરતી નથી - સ્વતંત્ર ન્યાયમૂર્તિઓની નિમણૂક દ્વારા પ્રાપ્ત ગુણવત્તાયુક્ત ન્યાય સુધીની પહોંચ પણ તેટલી જ મહત્ત્વપૂર્ણ છે. તે વિશે એવું કહેવામાં આવ્યું છે કે

૬૧ http://parliamentofindia.nic.in/ls/debates/vol૧૧p૧૨.htm દક્ષિણ આફ્રિકામાં રંગભેદ દરમિયાન ન્યાયમૂર્તિઓ વિશે:

"હવે રંગભેદ દરમિયાન ન્યાયમૂર્તિઓ પાસે સ્વતંત્રતાની ઔપચારિક ખાતરીઓ હતી - આજીવન કાર્યકાળ, પગાર, વહીવટી સ્વાયત્તતા - જે યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા, કેનેડા, યુનાઇટેડ કિંગડમ, ન્યુઝીલેન્ડ અથવા ઓસ્ટ્રેલિયાના ન્યાયમૂર્તિઓ પાસે હતી. રંગભેદ યુગના ન્યાયમૂર્તિઓ પાસે આવા ઔપચારિક લક્ષણો હોવા છતાં મોટાભાગે સ્વતંત્રતાનો અભાવ શા માટે હતો તે સમજવાથી આપણે જોઈ શકીએ છીએ કે ન્યાયિક સ્વતંત્રતા પણ એક પ્રકારની નિર્ભરતા છે; તે કોઈ સકારાત્મક બાબત પર નિર્ભર કરે છે - કાયદાના ન્યાયની ન્યાયિક શોધ. કોઈએ માત્ર એ જ પૂછવાનું નથી કે ન્યાયમૂર્તિઓ સ્વતંત્ર રહે તે માટે તેમને શેનાથી રક્ષણ આપવું જોઈએ, પરંતુ એ પણ પૂછવાનું છે કે આપણે તેમને શાના માટે સ્વતંત્ર રાખવા માંગીએ છીએ."૬૨

૧૦૨. આ સમીક્ષા દર્શાવે છે કે કાયદાના શાસન અને ન્યાયતંત્રની સ્વતંત્રતાનું એક મહત્ત્વપૂર્ણ લક્ષણ નિમણૂક પ્રક્રિયા છે. તેથી, આઝાદી પછી નિમણૂક પ્રક્રિયાના ક્રમિક વિકાસનું અને ન્યાયતંત્રએ તેને કેવી રીતે સમજ્યું હતું તેનું વસ્તુલક્ષી રીતે મૂલ્યાંકન કરવું જરૂરી છે.

ન્યાયિક ચુકાદાઓ

૧૦૩. ન્યાયમૂર્તિઓની (મુખ્યત્વે હાઇકોર્ટોના) નિમણૂકનો પ્રશ્ન આ કોર્ટ સમક્ષ ત્રણ પ્રસંગોએ વિચારણા માટે આવ્યો હતો. આ પ્રત્યેક કેસમાં આપવામાં આવેલો નિર્ણય માત્ર નોંધપાત્ર મહત્ત્વનો જ નથી પરંતુ ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં રહેલી જટિલતા અને કારોબારીની દખલગીરી તથા અતિક્રમણથી ન્યાયતંત્રની સ્વતંત્રતા જાળવવા માટે બાર દ્વારા કરવામાં આવેલા સંઘર્ષને પણ દર્શાવે છે. આ ત્રણ કેસોને ફર્સ્ટ જજિસ કેસ,૬૩ સેકન્ડ જજિસ કેસ૬૪ અને થર્ડ જજિસ કેસ૬૫ તરીકે ઓળખવામાં આવે છે. આ વિષય પર અન્ય

૬૨ જ્યુડિશિયલ ઈન્ડિપેન્ડન્સ, ટ્રાન્ઝિશનલ જસ્ટિસ એન્ડ ધ રૂલ ઓફ લો, ડેવિડ ડાયઝેનહૌસ દ્વારા, (૨૦૦૧-૨૦૦૪) ૧૦ ઓટાગો એલ રેવ ૩૪૫, ૩૪૫-૩૪૬ પર ૬૩ એસ.પી. ગુપ્તા વિ. યુનિયન ઓફ ઈન્ડિયા, ૧૯૮૧ સપ્લ. એસ.સી.સી. ૮૭ (સાત ન્યાયમૂર્તિઓની બેંચ) ૬૪ સુપ્રિમ કોર્ટ એડવોકેટ્સ-ઓન-રેકોર્ડ એસોસિએશન વિ. યુનિયન ઓફ ઈન્ડિયા, (૧૯૯૩) ૪ એસ.સી.સી. ૪૪૧ (નવ ન્યાયમૂર્તિઓની બેંચ) મહત્ત્વપૂર્ણ ચુકાદાઓ પણ રહ્યા છે અને યોગ્ય તબક્કે તેમની વિચારણા કરવામાં આવશે.

ફર્સ્ટ જજિસ કેસ - ૩૦.૧૨.૧૯૮૧

૧૦૪. ફર્સ્ટ જજિસ કેસ ઘણા કારણોસર મહત્ત્વપૂર્ણ છે, પરંતુ મારે તે પૈકીના કેટલાક સાથે જ સંબંધ છે. તે આ મુજબ છે: (૧) ન્યાયતંત્રની સ્વતંત્રતા બંધારણના મૂળભૂત લક્ષણનો એક ભાગ હોવાનું ઠેરવવામાં આવ્યું હતું.૬૬ આવું ઠેરવનાર આ પ્રથમ ચુકાદો હતો.

(૨) ન્યાયમૂર્તિની નિમણૂક એ એક ગંભીર બાબત છે અને તેને ન્યાયતંત્રની સ્વતંત્રતાના અત્યંત મહત્ત્વપૂર્ણ ઘટક તરીકે સ્વીકારવામાં આવે છે. 'નવા સાધનો ઘડવા, નવી પદ્ધતિઓ તૈયાર કરવા, નવી વ્યૂહરચનાઓ ઘડી કાઢવા અને નવા ન્યાયશાસ્ત્રનો વિકાસ કરવા માટે તૈયાર હોય તેવા ન્યાયમૂર્તિઓ હોવા જરૂરી છે, જેઓ ન્યાયિક સામાજિક દ્રષ્ટિ અને સર્જનાત્મક ક્ષમતા ધરાવતા મુત્સદ્દીઓ હોય અને જેઓ સૌથી ઉપર, સત્તાધારી પક્ષ પ્રત્યે કે વિરોધ પક્ષ પ્રત્યે કે અવાજ ઉઠાવતા વર્ગો પ્રત્યે નહીં, પરંતુ ભારતના એવા લાખો અર્ધ-ભૂખ્યા લોકો પ્રત્યે કે જેમને તેમના મૂળભૂત માનવ અધિકારોથી સતત વંચિત રાખવામાં આવે છે તેમના પ્રત્યે સક્રિય અભિગમ અને ઉત્તરદાયિત્વની ભાવના સાથે બંધારણ પ્રત્યે ઊંડી પ્રતિબદ્ધતા ધરાવતા હોય. આપણને એવા ન્યાયમૂર્તિઓની જરૂર છે જેઓ ભારતીય જીવનની સામાજિક-આર્થિક વાસ્તવિકતાઓથી વાકેફ હોય, જેઓ પ્રત્યેક આંખમાંથી દરેક આંસુ લૂછવા માટે ઉત્સુક હોય, જેઓ બંધારણીય મૂલ્યોમાં શ્રદ્ધા ધરાવતા હોય અને જેઓ બંધારણીય ઉદ્દેશો પ્રાપ્ત કરવા માટે કાયદાનો એક સાધન તરીકે ઉપયોગ કરવા

તૈયાર હોય. ન્યાયિક સેવાના ઉચ્ચ સ્તરો માટે નિમણૂક યોજનાની આ વ્યાપક રૂપરેખા હોવી જોઈએ. જો નિમણૂક સત્તાધિકારી સમક્ષ આ બાબતો મુખ્યત્વે ધ્યાનમાં રાખીને ન્યાયમૂર્તિઓની નિમણૂક કરવામાં આવે તો જ આપણી પાસે માત્ર બંધારણ અને ભારતના લોકો પ્રત્યે પ્રતિબદ્ધ સાચે જ સ્વતંત્ર ન્યાયતંત્ર હોઈ શકે.'૬૭ જોકે, ન્યાયમૂર્તિ વેંકટરામૈયાનો એવો મત હતો કે ન્યાયતંત્રની સ્વતંત્રતા માત્ર નિમણૂક પછીની બાબત (તે પછીના નિર્ણયો. ૬૭ ફકરો ૨૭) સાથે સંબંધિત છે અને 'માત્ર નિમણૂકની સત્તા કારોબારી પાસે હોવાના કારણે ન્યાયતંત્રની સ્વતંત્રતા ક્ષતિગ્રસ્ત બનશે તેવું માનવું મુશ્કેલ છે. સાચો સિદ્ધાંત એ છે કે આવી નિમણૂક પછી કારોબારી પાસે ન્યાયમૂર્તિના કાર્યમાં દખલગીરી કરવાનો કોઈ અવકાશ હોવો જોઈએ નહીં.'૬૮

(૩) સુપ્રિમ કોર્ટ અથવા હાઇકોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂકમાં, અનુચ્છેદ ૧૨૪(૨) અને બંધારણના અનુચ્છેદ ૨૧૭(૧) માં આવતા 'વિચાર-વિમર્શ' શબ્દનો અર્થ 'સહમતિ' થતો નથી.૬૯ જોકે, વિચાર-વિમર્શના હેતુઓ માટે, પ્રત્યેક બંધારણીય હોદ્દેદાર પાસે ન્યાયમૂર્તિની નિમણૂક સંબંધિત સંપૂર્ણ અને સમાન હકીકતો હોવી જોઈએ અને વિચાર-વિમર્શ આ સમાન સામગ્રી પર આધારિત હોવો જોઈએ.૭૦

(૪) ન્યાયમૂર્તિની નિમણૂકમાં જે બંધારણીય હોદ્દેદારો સાથે વિચાર-વિમર્શ કરવો જરૂરી છે તેમની વચ્ચે મતભેદના કિસ્સામાં, કોનો અભિપ્રાય સ્વીકારવો અને નિમણૂક કરવી કે નહીં તે કેન્દ્ર સરકાર નક્કી કરશે. આવા સંજોગોમાં, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના અભિપ્રાયને કોઈ પ્રાધાન્યતા નથી.૭૧ ઉચ્ચ

અદાલતોમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની 'આખરી સત્તા' કેન્દ્ર સરકાર પાસે રહેલી છે.૭૨ (આ બંધારણ સભા અને ડૉ. આંબેડકરના અભિપ્રાયથી તદ્દન વિપરીત છે).

(૫) ન્યાયમૂર્તિઓની નિમણૂકની હાલની વ્યવસ્થા એ નિમણૂકની આદર્શ વ્યવસ્થા નથી. તેના સ્થાને એક સલાહકાર પેનલ (જેને કોલેજિયમ અથવા જ્યુડિશિયલ કમિશન કહેવાય છે) નો વિચાર રજૂ કરવામાં આવ્યો હતો. આ સંસ્થા એવી વ્યક્તિઓની બનેલી હોવાની અપેક્ષા હતી કે જેઓ બેંચ પર નિમણૂક માટે યોગ્ય હોઈ શકે તેવી વ્યક્તિઓનું જ્ઞાન ધરાવતી હોય અને આવી નિમણૂક માટે જરૂરી ગુણો ધરાવતી હોય. ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ જેવા દેશો 'એવા અભિપ્રાય તરફ વળ્યા છે કે એક જ્યુડિશિયલ

૬૮ ફકરો ૧૦૩૩ ૬૯ ફકરો ૩૦ અને ફકરો ૮૯૦ ૭૦ ફકરા ૩૦, ૬૩૨ અને ૮૪૮

કમિશન ઉચ્ચ ન્યાયતંત્રની નિમણૂક માટે હોવું જોઈએ.'૭૩

પ્રાસંગિક રીતે, સુનાવણી દરમિયાન અમને જણાવવામાં આવ્યું હતું કે ફર્સ્ટ જજિસ કેસના નિર્ણયના લગભગ ૩૫ વર્ષ પછી પણ ઓસ્ટ્રેલિયા કે ન્યુઝીલેન્ડ બંનેમાંથી કોઈએ હજુ સુધી જ્યુડિશિયલ કમિશનની સ્થાપના કરી નથી.

૧૦૫. બંધારણના અનુચ્છેદ ૧૨૪(૨) અને અનુચ્છેદ ૨૧૭(૧) ના હેતુઓ માટે 'વિચાર–વિમર્શ' ના અર્થ પર, બહુમતી વતી બોલતા ન્યાયમૂર્તિ ભગવતીએ યુનિયન ઓફ ઇન્ડિયા વિ. સાંકળચંદ હિંમતલાલ શેઠ૭૪ અને આર. પુષ્પમ વિ. સ્ટેટ ઓફ મદ્રાસ૭૫ પર આધાર રાખીને ઠેરવ્યું હતું કે:

> "આ બંને અનુચ્છેદો હેઠળ જે બંધારણીય હોદ્દેદારો સાથે વિચાર-વિમર્શ કરવો જરૂરી છે તે પૈકીના પ્રત્યેક પાસે સંબંધિત વ્યક્તિની ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક કરવા કે ન કરવા પર અસર કરતી સંપૂર્ણ અને સમાન હકીકતો તેમની વિચારણા માટે હોવી જોઈએ અને સંબંધિત વ્યક્તિને ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક આપવી કે નહીં તે અંગે નિર્ણય લેતાં પહેલાં કેન્દ્ર સરકાર દ્વારા સમાન સામગ્રી પર લેવાયેલા તે પૈકીના દરેકના અભિપ્રાય પર વિચાર કરવો આવશ્યક છે."૭૬

૧૦૬. ફર્સ્ટ જજિસ કેસમાં બહુમતી દ્રષ્ટિકોણને સેકન્ડ જજિસ કેસમાં ઉલટાવી દેવામાં આવ્યો હતો અને એવું ઠેરવવામાં આવ્યું હતું કે બંધારણના અનુચ્છેદ ૨૧૭ અને અનુચ્છેદ ૧૨૪ માં 'વિચાર-વિમર્શ' નો અર્થ એવો થાય છે કે ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં 'પ્રાધાન્યતા' ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ પાસે રહેવી જોઈએ.૭૭ કોલેજિયમ વ્યવસ્થા અને જ્યુડિશિયલ કમિશનના ક્રમિક વિકાસની ચર્ચા થોડી વાર પછી કરવામાં આવશે, જોકે એ નોંધવું આવશ્યક છે કે તેના બીજ (એલસીઆઈના અહેવાલો ઉપરાંત) ફર્સ્ટ જજિસ કેસમાં વવાયા હતા.

૧૦૭. હું ફર્સ્ટ ૭૩ ફકરા ૩૦ અને ૩૧ ૭૪ (૧૯૭૭) ૪ એસ.સી.સી. ૧૯૯૩ (પાંચ ન્યાયમૂર્તિઓની બેંચ) ૭૫ એ.આઇ.આર. ૧૯૫૩ મદ્રાસ ૩૯૨ ૭૬ ફકરો ૩૦ ૭૭ હું ન્યાયમૂર્તિ ચેલમેશ્વર સાથે સંપૂર્ણપણે સંમત છું જ્યારે તેઓ કહે છે કે સેકન્ડ જજિસ કેસમાં એવું ઠેરવવામાં આવ્યું ન હતું કે વિચાર-વિમર્શનો અર્થ સહમતિ થાય છે.

જજિસ કેસની વધુ ચર્ચા કરવી જરૂરી માનતો નથી, કારણ કે ન્યાયમૂર્તિ ખેહર દ્વારા તેની વિગતવાર વિચારણા કરવામાં આવી છે.

સુભાષ શર્માનો કેસ

૧૦૮. દેશની સુપ્રિમ કોર્ટ અને કેટલીક હાઇકોર્ટોમાં ન્યાયમૂર્તિઓની ખાલી જગ્યાઓ ભરવા માટેની અરજ કરતી આ કોર્ટમાં દાખલ કરવામાં આવેલી રિટ પિટિશનમાં, ત્રણ ન્યાયમૂર્તિઓની બેંચનો એવો મત હતો કે ***ફર્સ્ટ જજિસ કેસ*** પર પુનર્વિચારણા જરૂરી છે.૭૮ એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે બહુમતીનો નિર્ણય માત્ર ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની પ્રાધાન્યતાને જ નકારી કાઢતો નથી પરંતુ 'વિચાર-વિમર્શ' ના મહત્ત્વને પણ ઘટાડે છે.

૧૦૯. એ નોંધવામાં આવ્યું હતું કે ધ કોન્સ્ટીટ્યુશન (સિક્સટી-સેવન્થ એમેન્ડમેન્ટ) બિલ, ૧૯૯૦ સંસદમાં વિચારણા હેઠળ પેન્ડિંગ હતું અને સદર સુધારા અધિનિયમના હેતુઓ અને કારણોના કથનમાં સ્વીકારવામાં આવ્યું હતું કે ન્યાયમૂર્તિઓની નિમણૂકની વિદ્યમાન વ્યવસ્થા (જ્યાં કારોબારીની પ્રાધાન્યતા

હતી) ની ટીકા થઈ રહી હતી અને તેમાં ફેરફારની જરૂર હતી, તેથી સુધારા અધિનિયમની જરૂરિયાત ઊભી થઈ હતી.७९

૧૧૦. ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં કારોબારીની દખલગીરીના મુદ્દા પર, બેંચને જણાયું હતું કે આ દખલગીરી ન્યાયમૂર્તિની નિમણૂક માટેની ભલામણ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા સ્વીકારવામાં આવી હોવા છતાં પણ નિમણૂક પ્રક્રિયાને અસ્વીકાર્ય રીતે ફરીથી શરૂ કરવાની હદ સુધી પહોંચી ગઈ હતી. એવું અવલોકન કરવામાં આવ્યું હતું:

> "યુનિયન ઓફ ઈન્ડિયા દ્વારા દાખલ કરવામાં આવેલા સોગંદનામાઓ અને જ્યારે આ બાબતની સુનાવણી હાથ ધરવામાં આવી હતી તે વિવિધ પ્રસંગોએ વિદ્વાન એટર્ની જનરલ દ્વારા કરવામાં આવેલા નિવેદનો પરથી અમને જણાયું કે યુનિયન સરકારે ભલામણોને ફરીથી ખોલવાની નીતિ અપનાવી હતી, ભલે તે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા મંજૂર કરવામાં આવી ચૂકી હોય, તેવા આધાર પર કે તે દરમિયાન હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ અથવા રાજ્યના મુખ્યમંત્રીના હોદ્દેદારમાં ફેરફાર થયો હતો. ન્યાયમૂર્તિ તરીકે કોઈ વ્યક્તિની પસંદગીમાં હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ કે રાજ્યના મુખ્યમંત્રીનું કંઈપણ અંગત હોતું નથી. હાઇકોર્ટ એ રાષ્ટ્રીય મહત્ત્વની એવી સંસ્થા છે જેમાં ન્યાયમૂર્તિ તરીકે નિમાયેલી વ્યક્તિ બિન–અંગત રીતે કાર્ય કરે છે. પસંદગીની પ્રક્રિયા ખાલી જગ્યા માટે સૌથી યોગ્ય વ્યક્તિને શોધવાના હેતુથી સંપૂર્ણપણે પ્રામાણિક અને સદાચારી હોવાનો

આશય ધરાવે છે. જો કોઈ ચોક્કસ કેસમાં હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિએ ભલામણ કરી હોય અને મુખ્યમંત્રી દ્વારા તે નામ પર વિચારણા કરવામાં આવી હોય અને ન્યાય મંત્રાલય મારફતે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના હાથ સુધી પહોંચાડવા માટે રાજ્યપાલ મારફતે વિધિવત પ્રક્રિયા કરવામાં આવી હોય અને દેશના સર્વોચ્ચ ન્યાયિક સત્તાધિકારી તરીકે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિએ, પોતાના મગજનો યોગ્ય ઉપયોગ કરીને, પોતાના સ્તરે આ પ્રક્રિયાને આખરી ઓપ આપ્યો હોય, તો માત્ર એટલા માટે કે સંબંધિત રાજ્યના મુખ્ય ન્યાયમૂર્તિ અથવા મુખ્યમંત્રીના હોદ્દેદારમાં ફેરફાર થયો છે, આ બાબતને ફરીથી ખોલવા માટે સામાન્ય રીતે કોઈ ઔચિત્ય હોઈ શકે નહીં."૮૦

૧૧૧. ઉપરોક્ત બાબતો સિવાય, બેન્ચનો એવો મત હતો કે પ્રથમ જજિસ કેસમાં બહુમતી દ્વારા 'વિચાર-વિમર્શ' ને આપવામાં આવેલું અર્થઘટન બંધારણીય યોજનામાં યોગ્ય રીતે મૂલવવામાં આવ્યું ન હતું. એવું પણ અનુભવાયું હતું કે પ્રથમ જજિસ કેસમાં બંધારણીય યોજનામાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની સંસ્થાની ભૂમિકાને નબળી પાડી દેવામાં આવી હતી. આ તમામ પરિબળોને ધ્યાનમાં રાખીને, ખાસ કરીને નિમણૂક પ્રક્રિયાની કામગીરી અને ફેરફારની જરૂરિયાત હોવાની યુનિયન સરકારની સ્વીકૃતિને ધ્યાનમાં રાખીને, એવું અવલોકન કરવામાં આવ્યું હતું:

'ન્યાયમૂર્તિ ભગવતી, ન્યાયમૂર્તિ ફઝલ અલી, ન્યાયમૂર્તિ દેસાઈ અને ન્યાયમૂર્તિ વેંકટરામૈયા દ્વારા અપનાવવામાં આવેલો અભિપ્રાય, કે જેના તરફ અમે હવે પછી નિર્દેશ કરીશું, તે અમારા મતે, માત્ર તે હોદ્દાની પ્રાથમિકતાને ગંભીરપણે ઘટાડતો અને નબળી પાડતો નથી, જે ૮૦ પેરા ૨૮ બંધારણીય યોજનામાં ગર્ભિત છે, એટલે કે વિચાર-વિમર્શ પ્રક્રિયામાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના હોદ્દાની, પરંતુ બંધારણીય યોજના અને સંદર્ભમાં જે રીતે સમજવું આવશ્યક છે તે મુજબ "વિચાર-વિમર્શ" ના ખૂબ જ મહત્વને પણ ઘટાડી દે છે. આ બંધારણીય યોજનાના સાર અને પ્રક્રિયા બંને પર અસર કરે છે ..... બંધારણીય હેતુ અને પ્રક્રિયા સાથે સુસંગત રહીને એ અનિવાર્ય બની જાય છે કે સુપ્રિમ કોર્ટ અને રાજ્યોની હાઇકોર્ટોમાં નિમણૂકોની બાબતમાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની સંસ્થાની ભૂમિકાને અત્યંત મહત્વની તરીકે માન્યતા આપવામાં આવે. અમારો એવો મત છે કે ગુપ્તા કેસમાં વિચારવામાં આવેલ આ પાસા પર મોટી બેંચ દ્વારા પુનર્વિચારણા કરવાની જરૂર છે."૮૧

૧૧૨. મોટી બેંચની વિચારણા માટેના મુદ્દાઓ ત્યારબાદ નીચેના શબ્દોમાં ઘડવામાં આવ્યા હતા:

"જે મુદ્દાઓ પર પુનર્વિચારણા કરવાની આવશ્યકતા છે તે સામાન્ય રીતે અને ખાસ કરીને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથેના "વિચાર–વિમર્શ" ના સંદર્ભમાં "વિચાર–વિમર્શ" ના વાસ્તવિક દરજ્જાને સ્પર્શતા બહુમતી

અભિપ્રાયના મંતવ્યો સાથે સંબંધિત છે અને તેમાંથી ઉદ્ભવે છે અને, બીજું, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની ભૂમિકાની પ્રાથમિકતા અંગે છે. રાજ્યના કારોબારી અને ન્યાયિક અંગો વચ્ચેના આદાન–પ્રદાનમાં વિવિધ પરિસ્થિતિઓમાં વિચાર–વિમર્શની સામગ્રી અને ગુણવત્તા કદાચ બદલાઈ શકે છે અને કેટલાક પાસાઓ પર સ્પષ્ટતા જરૂરી બની શકે છે."૮૨ ૧૧૩. એવું પણ અવલોકન કરવામાં આવ્યું હતું કે પ્રથમ જજિસ કેસમાં એવો મત વ્યક્ત કરવામાં આવ્યો હતો કે રાજ્ય સરકાર ન્યાયમૂર્તિની નિમણૂક માટેની દરખાસ્ત શરૂ કરી શકે છે પરંતુ તે દરખાસ્ત સીધી યુનિયન સરકારને મોકલી શકાતી નથી, પરંતુ સૌપ્રથમ હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિને મોકલવી જોઈએ.૮૩ આ સ્પષ્ટ સમજૂતી છતાં, કારોબારી દ્વારા આ પ્રક્રિયાને વિકૃત કરવામાં આવી રહી હતી અને હાઇકોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂક માટેની દરખાસ્ત સીધી યુનિયન

સરકારને મોકલવામાં આવી રહી હતી. આ સંબંધમાં એવું કહેવામાં આવ્યું હતું:

"પરંતુ એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે એવી પ્રથા વિકસાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે કે જ્યાં રાજ્યની કારોબારી સરકાર રાજ્યના મુખ્ય ન્યાયમૂર્તિના સંદર્ભ વિના દરખાસ્તો સીધી કેન્દ્રને મોકલે છે. આ બંધારણીય યોજનાની વિકૃતિ છે અને સંપૂર્ણપણે અસ્વીકાર્ય છે. જ્યાં સુધી કારોબારીનો સંબંધ છે, નિમણૂકની શરૂઆત કરવાનો 'અધિકાર'

હાઇકોર્ટોના મુખ્ય ન્યાયમૂર્તિ અથવા ભારતના મુખ્ય ન્યાયમૂર્તિને યોગ્ય નામો સૂચવવા પૂરતો મર્યાદિત હોવો જોઈએ. જો ભલામણ હાઇકોર્ટોના કિસ્સામાં હાઇકોર્ટોના મુખ્ય ન્યાયમૂર્તિઓ અને હાઇકોર્ટો તથા સુપ્રિમ કોર્ટ બંનેના કિસ્સામાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સિવાયના અન્ય કોઈ સ્ત્રોતમાંથી સીધી આવવાની હોય, તો યોગ્ય પસંદગી કરવી મુશ્કેલ બનશે. દાયકાઓથી વધુને વધુ એવું અનુભવાયું છે કે ન્યાયાધીશોની આખરી પસંદગીમાં પોતાની પસંદગી લાદવા માટે તત્કાલીન સરકાર તરફથી એક આતુરતા રહી છે. જો ભલામણ કરવાની સત્તા રાજ્ય સરકાર અથવા તો કેન્દ્ર સરકારમાં નિહિત થશે, તો ચિત્ર અસ્પષ્ટ થવાની સંભાવના છે અને પસંદગીની પ્રક્રિયા આખરે મુશ્કેલ સાબિત થઈ શકે છે."૮૪

૧૧૪. હાઇકોર્ટના ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક માટે કોઈ વ્યક્તિની ભલામણ કરવાની બાબતમાં હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિને અવગણવા એ એક બિનઆરોગ્યપ્રદ પ્રથા હતી જેને રાજ્યની રાજકીય કારોબારી આઝાદીના સમયની આસપાસથી સ્થાપિત કરવાનો પ્રયાસ કરી રહી હતી. ઉપર નોંધવામાં આવ્યું છે તેમ, એક કરતાં વધુ પ્રસંગોએ આ 'છળકપટ' ની નિંદા કરવામાં આવી હતી.

૧૧૫. રાજકીય કારોબારી જે અન્ય એક પ્રથા સ્થાપિત કરવાનો પ્રયાસ કરી રહી હતી તે તે હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિને હાઇકોર્ટના ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક માટે વ્યક્તિઓની ભલામણ કરવાની હતી. આ સંદર્ભમાં, સુભાષ શર્મા

(જેમ ઉપર ટાંકવામાં આવ્યું છે) માં પણ એવું જણાવવામાં આવ્યું હતું કે: 'દાયકાઓથી વધુને વધુ એવું અનુભવાયું છે કે ન્યાયાધીશોની આખરી પસંદગીમાં પોતાની પસંદગી લાદવા માટે તત્કાલીન સરકાર તરફથી એક આતુરતા રહી છે.'૮૫ આ સ્પષ્ટપણે દર્શાવે છે કે ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં કારોબારી દખલગીરીનું દૂષણ, જે સૌપ્રથમ મુખ્ય ન્યાયમૂર્તિઓની પરિષદમાંથી બહાર આવેલા મેમોરેન્ડમમાં અને ત્યારબાદ એલસીઆઈ દ્વારા તેના ૧૪મા અહેવાલમાં દર્શાવવામાં આવ્યું હતું, તે આઝાદીથી લઈને ૧૯૯૦ના દાયકાની શરૂઆત સુધીના સમગ્ર સમયગાળા દરમિયાન કોઈને કોઈ સ્વરૂપે ચાલુ રહ્યું હતું.

આ ઉપરાંત, કારોબારી 'પોતાના ઉમેદવારનું નામ પ્રસ્તાવિત કરવા અને તેને કેન્દ્રને મોકલવા' માટે હકદાર નથી તે અંગે એલસીઆઈના ૧૪મા અહેવાલમાં પ્રકરણ ૬ માં આપવામાં આવેલી ભલામણને કારોબારી તરફથી તે યોગ્ય મહત્વ અને વિચારણા આપવામાં આવી ન હતી કે જેને તે પાત્ર હતી.

૧૧૬. તદ્ધન સ્પષ્ટપણે, મુખ્યત્વે રાજકીય કારોબારીની દખલગીરીને કારણે ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં કેટલાક જટિલ મુદ્દાઓ ઊભા થયા હતા અને તેના પર મોટી બેંચ દ્વારા વિચારણા કરવાની જરૂર હતી. સુસ્થાપિત અને સ્વીકૃત બંધારણીય પરંપરાઓની રાજકીય કારોબારી દ્વારા અવગણના કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જો ન્યાયતંત્રની સ્વતંત્રતા જાળવી રાખવી

હોય અને સંસદીય લોકશાહીનું જતન કરવું હોય, તો પ્રથમ જજિસ કેસ અને નિમણૂક પ્રક્રિયા પર નવેસરથી વિચારણા કરવાની જરૂર હતી.

સેકન્ડ જજિસ કેસ - ૬.૧૦.૧૯૯૩

૧૧૭. ઉપર જણાવ્યા મુજબ, સેકન્ડ જજિસ કેસ એ બાબતની સ્વીકૃતિનું પરિણામ હતું કે: (૧) ન્યાયમૂર્તિઓની નિમણૂકની હાલની પદ્ધતિ કે જેમાં કારોબારી પાસે 'આખરી સત્તા' હતી તેના પર પુનર્વિચાર કરવાની જરૂર હતી કારણ કે તે 'આખરી સત્તા' નો દુરુપયોગ થઈ રહ્યો હતો; (૨) ન્યાયમૂર્તિઓની નિમણૂકની હાલની પદ્ધતિના પરિણામે કેટલીક એવી નિમણૂકો થઈ જેમાં ૮૫ પેરા ૩૪ કારોબારી દખલગીરીને કારણે અથવા અપ્રસ્તુત વિચારણાઓને લીધે ગુણવત્તાની અવગણના કરવામાં આવી હતી. રાજકીય કારોબારી દ્વારા પ્રસંગોપાત હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિની અવગણના કરવામાં આવતી હતી અને હાઇકોર્ટના ન્યાયમૂર્તિ તરીકે કોઈ વ્યક્તિની નિમણૂક માટેની ભલામણ સીધી યુનિયન સરકારને કરવામાં આવતી હતી. આ કમનસીબ પરિસ્થિતિ ૪૦ થી વધુ વર્ષો સુધી ચાલુ રહી હતી અને ફેરફાર લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો અને તેથી સંસદમાં બંધારણ સુધારા બિલ રજૂ કરવામાં આવ્યું હતું, પરંતુ તે લેપ્સ થઈ ગયું હતું.

૧૧૮. સેકન્ડ જજિસ કેસમાં ન્યાયમૂર્તિ પાંડિયન દ્વારા ઠેરવવામાં આવ્યું હતું કે: (૧) ઉચ્ચ ન્યાયતંત્રમાં યોગ્ય અને લાયક ઉમેદવારની પસંદગી અને નિમણૂક એ ન્યાયતંત્રની સ્વતંત્રતા સુરક્ષિત કરવા માટેની અવિભાજ્ય અને

મહત્વપૂર્ણ શરતો પૈકીની એક છે.૮૬ 'અયોગ્ય વ્યક્તિની ભૂલભરેલી નિમણૂક ન્યાય પ્રશાસનમાં સમાજના વિશ્વાસને ન પુરી શકાય તેવું નુકસાન પહોંચાડવા અને જાહેર હિતને ગંભીર નુકસાન પહોંચાડવા માટે નિશ્ચિત છે . . .' ૮૭ (૨) ન્યાયતંત્રની સ્વતંત્રતાનું વધુ એક પાસું બંધારણના અનુચ્છેદ ૫૦ દ્વારા પરિકલ્પિત કારોબારી અને ન્યાયતંત્ર (ઉચ્ચ ન્યાયતંત્ર સહિત)૮૮ વચ્ચેનું પૃથક્કરણ છે.૮૯ (૩) પ્રથમ જજિસ કેસ પહેલાંના સમયગાળા સંબંધિત લેખિત રજૂઆતો સાથે યુનિયન ઓફ ઇન્ડિયા દ્વારા દાખલ કરવામાં આવેલ ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂક માટેનું મેમોરેન્ડમ ઓફ પ્રોસિજર અને પ્રથમ જજિસ કેસ પછીના સમયગાળા સંબંધિત એલસીઆઈના ૧૨૧મા અહેવાલમાં જણાવ્યા મુજબની પ્રવર્તમાન પ્રક્રિયા વત્તાઓછા અંશે સમાન છે. તેઓ દર્શાવે છે કે સુપ્રિમ કોર્ટમાં ખાલી જગ્યા ભરવા માટેની ભલામણ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા શરૂ કરવામાં આવે છે અને હાઇકોર્ટમાં ખાલી જગ્યા ભરવા માટેની ભલામણ હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા શરૂ કરવામાં આવે છે. રાજ્યના મુખ્યમંત્રી કોઈ વ્યક્તિની ભલામણ કરી શકે છે

૮૬ પેરા ૪૯ ૮૭ પેરા ૬૩ ૮૮ પેરા ૮૧ હાઇકોર્ટમાં ખાલી જગ્યા ભરવા માટે, પરંતુ તે માત્ર હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ મારફતે જ મોકલવાની રહેશે.૯૦ (૪) સાંકળચંદ શેઠ અને પ્રથમ જજિસ કેસમાં વ્યક્ત કરાયેલા મંતવ્યનો પુનરોચ્ચાર કરતાં એવું ઠેરવવામાં આવ્યું હતું કે વિચાર–વિમર્શના હેતુઓ માટે, રાષ્ટ્રપતિ અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સમક્ષની સામગ્રી એકસમાન હોવી આવશ્યક છે.૯૧ (૫) સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂક (બંધારણના

અનુચ્છેદ ૧૨૪(૨) હેઠળ) અથવા હાઇકોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂક (બંધારણના અનુચ્છેદ ૨૧૭(૧) હેઠળ) માટે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર-વિમર્શ ફરજિયાત છે.૯૨ (૬) સુપ્રિમ કોર્ટ અથવા હાઇકોર્ટમાં ન્યાયમૂર્તિઓની પસંદગી અને હાઇકોર્ટના ન્યાયમૂર્તિઓની બદલીની બંધારણીય વિચાર-વિમર્શ પ્રક્રિયામાં, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિનો અભિપ્રાય પ્રાથમિકતા મેળવવા માટે હકદાર છે.૯૩ (૭) ન્યાયમૂર્તિ જે.એસ. વર્મા દ્વારા લખાયેલા બહુમતી અભિપ્રાય સાથે સંમત થતાં, એવું ઠેરવવામાં આવ્યું હતું કે જો ન્યાયમૂર્તિની નિમણૂક માટે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની ભલામણ ન સ્વીકારવા માટે વજનદાર અને પ્રતીતિકારક કારણો હોય, તો નિમણૂક ન પણ કરવામાં આવે. જોકે, જો તે 'વજનદાર અને પ્રતીતિકારક' કારણો ભારતના મુખ્ય ન્યાયમૂર્તિને સ્વીકાર્ય ન હોય, અને ભલામણનો પુનરોચ્ચાર કરવામાં આવે, તો નિમણૂક કરવામાં આવશે ૪.૯૪ (૮) ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં કારોબારીની પ્રાથમિકતા અંગે પ્રથમ જજિસ કેસમાં આપવામાં આવેલો બહુમતી અભિપ્રાય ઉલટાવી દેવામાં આવ્યો હતો.૯૫

૧૧૯. ન્યાયમૂર્તિ અહમદી બહુમતીના અભિપ્રાય સાથે અસંમત થયા હતા અને નિષ્કર્ષ કાઢ્યો હતો કે: (૧) ન્યાયિક સ્વતંત્રતા આપણી બંધારણીય યોજનામાં વણાયેલી છે અને બંધારણનો અનુચ્છેદ ૫૦ 'તેને પ્રકાશિત કરે છે'.૯૬ (૨) પ્રથમ જજિસ કેસને

૯૦ પેરા ૯૫ થી ૯૯. જોકે આવી પ્રથા અસ્તિત્વમાં છે અને સ્વીકૃત છે, છતાં એલસીઆઈના ૧૪મા અહેવાલમાં અને મુખ્ય ન્યાયમૂર્તિઓની પરિષદમાં જણાવ્યા મુજબ આ સંબંધમાં કેટલાક વિચલનો રહ્યા છે. ૯૧ પેરા ૧૬૪ ૯૨ પેરા ૧૭૨ ૯૩ પેરા ૧૯૭ અને ૨૦૯ ૯૪ પેરા ૨૧૨ ૯૫ પેરા ૨૫૪ ઉલટાવી દેવાની જરૂર ન હતી પરંતુ ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં પ્રાથમિકતાના પ્રશ્ન પર, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિનો અભિપ્રાય 'ક્રમિક વજન' મેળવવા માટે હકદાર છે.૯૭

૧૨૦. ન્યાયમૂર્તિ કુલદીપ સિંઘ બહુમતી સાથે સંમત થયા હતા અને ઘણા દાયકાઓથી વિકસિત થયેલી બંધારણીય પરંપરાઓ પર ખૂબ ભાર મૂક્યો. વિદ્વાન ન્યાયમૂર્તિએ ઠેરવ્યું: (૧) હોદ્દાની મુદતની સુરક્ષા એ ન્યાયતંત્રની સ્વતંત્રતાનો એકમાત્ર સ્ત્રોત નથી પરંતુ 'એક સંસ્થા તરીકે સ્વતંત્ર ન્યાયતંત્ર હોવું જરૂરી છે.'૯૮

(૨) ન્યાયતંત્રની સ્વતંત્રતા ઉચ્ચ ન્યાયતંત્રના ન્યાયમૂર્તિઓની નિમણૂકની બંધારણીય પ્રક્રિયા સાથે અતૂટ રીતે જોડાયેલી અને સંબંધિત છે. જ્યારે ન્યાયમૂર્તિઓની નિમણૂકની સત્તા કારોબારીમાં નિહિત હોય ત્યારે સ્વતંત્ર ન્યાયતંત્ર હોઈ શકે નહીં.૯૯ (૩) રાષ્ટ્રપતિ મંત્રી પરિષદ દ્વારા આપવામાં આવેલી સલાહથી બંધાયેલા છે.૧૦૦ (૪) ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ, ૧૯૩૫ થી (હું 'ઓછામાં ઓછા' શબ્દો ઉમેરીશ) એવી બંધારણીય પરંપરા સ્થાપિત થયેલી છે કે ન્યાયમૂર્તિઓની નિમણૂક અચૂકપણે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની સહમતિથી

કરવામાં આવતી હતી. ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિનો અભિપ્રાય અને ભલામણ કારોબારી પર બંધનકર્તા છે.૧૦૧ (૫) ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર-વિમર્શ ફરજિયાત છે.૧૦૨ (૬) બંધારણના અનુચ્છેદ ૧૨૪(૨) અને ૨૧૭(૧) હેઠળ વિચાર-વિમર્શ પ્રક્રિયામાં, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની સલાહ અને ભલામણ કારોબારી પર બંધનકર્તા છે અને તે આખરી શબ્દ હોવો જોઈએ. ફર્સ્ટ જજિસ કેસમાં બહુમતી મત ૯૭ ફકરા ૩૦૩ અને ૩૧૩. ફકરા ૩૦૩ માં એવું અવલોકન કરવામાં આવ્યું હતું: "જો રાષ્ટ્રપતિએ મંત્રી પરિષદની સહાય અને સલાહ પર કાર્ય કરવાનું હોય તો તેઓ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના અભિપ્રાયથી બંધાયેલા છે તેવું ઠેરવવું મુશ્કેલ છે સિવાય કે આપણે એવું ઠેરવીએ કે વડા પ્રધાન સહિતની મંત્રી પરિષદ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના અભિપ્રાયથી બંધાયેલી રહેશે, જે અર્થઘટન અમારા મતે સ્વીકાર્ય ગણવા માટે અત્યંત કૃત્રિમ અને અસ્વાભાવિક છે." ૯૮ ફકરો ૩૩૪ ૯૯ ફકરો ૩૩૫ ૧૦૦ ફકરા ૨૭૭, ૩૫૬, ૩૮૩ અને ૪૧૧ ૧૦૧ ફકરા ૩૫૯, ૩૭૧, ૩૭૩ અને ૩૭૬. ન્યાયમૂર્તિઓની નિમણૂક સંબંધિત આંકડાઓનો ઉલ્લેખ ફકરા ૩૬૭ અને ૩૬૯ માં કરવામાં આવ્યો છે. ૧૦૨ ફકરા ૩૭૭ અને ૪૧૧ સાચો કાયદો ઠરાવતો નથી.૧૦૩

(૭) બંધારણના અનુચ્છેદ ૧૨૪(૨) અને ૨૧૭(૧) ના હેતુઓ માટે, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિનો અર્થ તેમની સંબંધિત કોર્ટનું પ્રતિનિધિત્વ કરતા પદાધિકારીઓ થાય છે.૧૦૪

૧૨૧. ન્યાયમૂર્તિ કુલદીપ સિંહ દ્વારા દર્શાવવામાં આવેલી વધુ રસપ્રદ હકીકતો પૈકીની એક એ છે કે ૧ જાન્યુઆરી, ૧૯૮૩ થી (ફર્સ્ટ જજિસ કેસમાં નિર્ણય પછી) ૧૦ એપ્રિલ, ૧૯૯૩ સુધી (એટલે કે દસ વર્ષના સમયગાળા દરમિયાન) ભારતના મુખ્ય ન્યાયમૂર્તિનો અભિપ્રાય રાષ્ટ્રપતિ દ્વારા સાત જેટલા કેસોમાં સ્વીકારવામાં આવ્યો ન હતો. આ બાબત 'આખરી સત્તા' નો સિદ્ધાંત પ્રતિપાદિત કરવામાં આવ્યો તે પહેલાંના સમયગાળાના એક ભાગ સાથે સરખાવવા યોગ્ય છે જ્યારે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિનો અભિપ્રાય રાષ્ટ્રપતિ દ્વારા માત્ર એક જ કેસમાં સ્વીકારવામાં આવ્યો ન હતો અને તે કેસમાં, હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિનો અભિપ્રાય (રાજકીય કારોબારીનો નહીં) સ્વીકારવામાં આવ્યો હતો. વિદ્વાન ન્યાયમૂર્તિએ આ પ્રમાણે જણાવ્યું હતું:

> "શ્રી એસ.કે. બોઝ, સંયુક્ત સચિવ, ન્યાય વિભાગ, કાયદા અને ન્યાય મંત્રાલયે અમારી સમક્ષ ૨૨ એપ્રિલ, ૧૯૯૩ ના રોજનું એક સોગંદનામું દાખલ કર્યું છે. સદર સોગંદનામાના ફકરા ૬ માં નીચે મુજબ જણાવવામાં આવ્યું છે:
>
> "ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા વ્યક્ત કરાયેલા મંતવ્યો સાથે સુસંગત ન હોય તેવી ન્યાયમૂર્તિઓની નિમણૂકોના સંબંધમાં, આદરપૂર્વક રજૂઆત કરવામાં આવે છે કે ૧ જાન્યુઆરી, ૧૯૮૩ થી ૧૦ એપ્રિલ, ૧૯૯૩ સુધીમાં, આવા માત્ર સાત કેસો બન્યા છે, આ પૈકી પાંચ ૧૯૮૩ માં હતા (૨ જાન્યુઆરી ૧૯૮૩ માં, ૨ જુલાઈ ૧૯૮૩ માં, ૧ ઓગસ્ટ ૧૯૮૩ માં);

એક સપ્ટેમ્બર ૧૯૮૫ માં અને એક માર્ચ ૧૯૯૧ માં, આ સમયગાળા દરમિયાન કરવામાં આવેલી કુલ ૫૪૭ નિમણૂકો પૈકી."

આમ ખુદ કારોબારી દ્વારા આપવામાં આવેલી હકીકતો અને આંકડાઓ પરથી સ્પષ્ટ થાય છે કે વાસ્તવિક વ્યવહારમાં

૧૦૩ ફકરા ૩૮૫, ૩૮૭ અને ૪૧૧ ૧૦૪ ફકરા ૩૯૨ અને ૪૧૧

ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની ભલામણો અચૂકપણે સ્વીકારવામાં આવી છે."૧૦૫

૧૨૨. બહુમતી વતી બોલતા ન્યાયમૂર્તિ વર્માએ ઠેરવ્યું: (૧) ન્યાયતંત્રની સ્વતંત્રતાનું રક્ષણ માત્ર હોદ્દાની મુદતની સુરક્ષા અને સેવાની અન્ય શરતો પૂરી પાડીને જ નહીં, પરંતુ ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂક કરવામાં રાજકીય વિચારણાઓને અટકાવીને પણ કરવું પડશે.૧૦૬

(૨) ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં, ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ, ૧૯૧૯ અને ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ, ૧૯૩૫ માં કારોબારીને પ્રાથમિકતા આપવામાં આવી હતી પરંતુ બંધારણીય યોજનામાં, કારોબારીની પ્રાથમિકતા બાકાત રાખવામાં આવી છે.૧૦૭

(૩) ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ 'કોઈ ઉમેદવારની ક્ષમતા જાણવા અને તેનું મૂલ્યાંકન કરવા માટે સૌથી સક્ષમ છે

અને ઉચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક માટે તેની યોગ્યતાનું મૂલ્યાંકન કરવા માટે.' કારોબારી અને ન્યાયતંત્ર વચ્ચે મતભેદના સંજોગોમાં, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના અભિપ્રાયને સૌથી વધુ મહત્વ હોવું જોઈએ. [આ ડૉ. આંબેડકરના તે વિચારને પડઘાવે છે કે વિચાર-વિમર્શ એવી વ્યક્તિઓ વચ્ચે થશે કે જેઓ આ પ્રકારની બાબતોમાં સલાહ આપવા માટે સારી રીતે લાયક છે.] તેથી, જ્યારે કારોબારી પાસે પ્રાથમિકતા નથી, ત્યારે આવી પરિસ્થિતિમાં, તે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ પાસે જ હોવી જોઈએ.૧૦૮ આ બાબત ચોક્કસપણે કારોબારીને નિમણૂક પ્રક્રિયામાંથી બાકાત કરતી નથી. કારોબારી (મુખ્ય ન્યાયમૂર્તિથી વિપરીત) કોઈ વકીલ અથવા ન્યાયમૂર્તિના કેટલાક પૂર્વવૃત્ત અથવા અંગત ચારિત્ર્ય કે લક્ષણ સાથે સંબંધિત એવી કેટલીક માહિતીથી વાકેફ હોઈ શકે છે કે જે તે વ્યક્તિના સારા ન્યાયમૂર્તિ બનવાની ક્ષમતા પર અસર કરી શકે છે:૧૦૯ આ બાબત ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા ન્યાયમૂર્તિ તરીકે કોઈ વ્યક્તિની નિમણૂક માટેની ભલામણને નકારી કાઢવા માટેનો આધાર બની શકે છે.૧૧૦

૧૦૫ ફકરા ૩૬૯ અને ૩૭૦

૧૦૬ ફકરો ૪૪૭ ૧૦૭ ફકરા ૪૪૪, ૪૪૬, ૪૪૮ અને ૪૫૦

૧૦૮ ફકરા ૪૫૦, ૪૫૧, ૪૫૫, ૪૭૮ અને ૪૮૬

૧૦૯ ફકરો ૪૬૨ ૧૧૦ ફકરો ૪૭૮(૭)

(૪) ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના અભિપ્રાયની પ્રાથમિકતા એ તેમના વ્યક્તિગત અભિપ્રાયને નહીં પરંતુ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને તેમના વરિષ્ઠ સાથીઓ અથવા ન્યાયમૂર્તિઓની નિમણૂકના કાર્ય સાથે સંકળાયેલા લોકોના સામૂહિક અભિપ્રાયને છે.૧૧૧ તેથી, જો ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની ભલામણને અન્ય વરિષ્ઠ ન્યાયમૂર્તિઓના સર્વાનુમત અભિપ્રાયનું સમર્થન ન હોય, તો રાષ્ટ્રપતિ ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક માટે કોઈ વ્યક્તિની ભલામણ સ્વીકારી ન પણ શકે.૧૧૨ રાષ્ટ્રપતિ યોગ્ય કારણોસર સર્વાનુમત ભલામણને પુનર્વિચારણા માટે પરત મોકલી શકે છે. જોકે, પાછળની ઘટનામાં, જો ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને તેમના દ્વારા વિચાર-વિમર્શ કરાયેલા અન્ય ન્યાયમૂર્તિઓ, 'ભલામણ પાછી ન ખેંચવાના કારણો સાથે' સર્વાનુમતે ભલામણનો પુનરોચ્ચાર કરે, તો એક સ્વસ્થ પરંપરા તરીકે તે નિમણૂક થવી જ જોઈએ.'૧૧૩ (અહીં મુખ્ય શબ્દ સર્વાનુમત છે - પ્રારંભિક ભલામણના તબક્કે અને પુનરોચ્ચારના તબક્કે બંને જગ્યાએ).

(૫) સુપ્રિમ કોર્ટ અથવા હાઇકોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂક માટે, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અથવા હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર-વિમર્શ ફરજિયાત છે.૧૧૪

(૬) બંધારણના અનુચ્છેદ ૧૨૪(૨) અને ૨૧૭(૧) માં રાષ્ટ્રપતિનો અર્થ વડા પ્રધાનના વડપણ હેઠળની મંત્રી પરિષદની સલાહ અનુસાર કાર્ય કરતા રાષ્ટ્રપતિ થાય છે.૧૧૫

(૭) મંત્રી પરિષદ દ્વારા રાષ્ટ્રપતિને આપવામાં આવેલી સલાહ બંધારણ સાથે સુસંગત હોવી જોઈએ. આવી સલાહ રાષ્ટ્રપતિ પર બંધનકર્તા છે. ભારતના મુખ્ય ન્યાયમૂર્તિનો અભિપ્રાય (ન્યાયતંત્રનું પ્રતિનિધિત્વ કરતો) નિર્ણાયકતા ધરાવતો હોવાથી, મંત્રી પરિષદ દ્વારા રાષ્ટ્રપતિને આપવામાં આવતી સલાહ

૧૧૧ ફકરા ૪૫૬ અને ૪૬૬ ૧૧૨ ફકરો ૪૭૮(૮) ૧૧૩ ફકરો ૪૭૮(૭) ૧૧૪ ફકરો ૪૪૮ ૧૧૫ ફકરો ૪૫૭ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના અભિપ્રાય અનુસાર હોવી જ જોઈએ.૧૧૬

(૮) પરંપરા એવી છે કે સુપ્રિમ કોર્ટમાં ન્યાયમૂર્તિની નિમણૂક માટે નિમણૂક પ્રક્રિયા ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા અને

હાઇકોર્ટમાં ન્યાયમૂર્તિની નિમણૂક માટે હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા શરૂ કરવામાં આવે છે.

આ પરંપરાથી વિચલિત થવાનું કોઈ કારણ નથી.૧૧૧

(૯) ફર્સ્ટ જજિસ કેસમાં ઠેરવવામાં આવેલો કાયદો એ સાચો મત નથી.૧૧૮

૧૨૩. પોતાના અન્યથા અસંમત અભિપ્રાયમાં, ન્યાયમૂર્તિ પુંછીએ ન્યાયમૂર્તિ વર્મા દ્વારા લેવાયેલા દ્રષ્ટિકોણને તે હદ સુધી સમર્થન આપ્યું હતું કે કારોબારી ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના મંતવ્યો અથવા (સંજોગો અનુસાર)

હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિના મંતવ્યોને અસ્વીકાર કરી શકે નહીં જ્યારે કોઈ ભલામણ

ઉચ્ચ અદાલતમાં ન્યાયમૂર્તિની નિમણૂક માટે કરવામાં આવી હોય.૧૧૯

૧૨૪. સેકન્ડ જજિસ કેસનું સૌથી નોંધપાત્ર લક્ષણ એ છે કે તેણે સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટોના ન્યાયમૂર્તિઓની નિમણૂક માટે વિચાર-વિમર્શની જેને 'કોલેજિયમ સિસ્ટમ' કહેવામાં આવે છે તે દાખલ કરી. જ્યાં સુધી ભારતના મુખ્ય

ન્યાયમૂર્તિનો સંબંધ છે, કોલેજિયમ સિસ્ટમે હાઇકોર્ટો અને સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં તેમની ભૂમિકાને વ્યાપક બનાવી અને (એક અર્થમાં) ડૉ. આંબેડકર દ્વારા વિચારવામાં આવેલી ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની વ્યક્તિગત અથવા વ્યક્તિલક્ષી ભૂમિકામાંથી તેને બહાર કાઢીને નિમણૂક પ્રક્રિયામાં તેમની ભૂમિકાને હળવી કરી. ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની વિચાર-વિમર્શકારી ભૂમિકા બંધારણના અનુચ્છેદ ૧૨૪ હેઠળ તે જોગવાઈના વ્યવહારુ અર્થઘટન દ્વારા ધરમૂળથી પરિવર્તિત થઈ ગઈ હતી. આ કેવી રીતે બન્યું?

૧૨૫. સેકન્ડ જજિસ કેસમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં ન્યાયમૂર્તિ વર્મા દ્વારા અમુક ધોરણો નિર્ધારિત કરવામાં આવ્યા હતા. આ ધોરણો હતા: ન્યાયમૂર્તિઓની નિમણૂક માટે ૧૧૬ ફકરા ૪૫૭ અને ૪૭૬ ૧૧૭ ફકરા ૪૭૮(૧૦) અને ૪૮૬(૨) ૧૧૮ ફકરો ૪૮૬ ૧૧૯ ફકરો ૫૦૦ સુપ્રિમ કોર્ટમાં, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિએ સુપ્રિમ કોર્ટના બે સૌથી વરિષ્ઠ ન્યાયમૂર્તિઓ અને

સંબંધિત ઉમેદવાર જે હાઇકોર્ટમાંથી આવતા હોય તે હાઇકોર્ટના સુપ્રિમ કોર્ટમાં રહેલા સૌથી વરિષ્ઠ ન્યાયમૂર્તિના મંતવ્યો મેળવવા જ જોઈએ. આ પ્રક્રિયા દ્વારા, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના વ્યક્તિગત અભિપ્રાયનું સ્થાન અનેક ન્યાયમૂર્તિઓના સામૂહિક અભિપ્રાય દ્વારા લેવામાં આવ્યું હતું. આ અર્થમાં વિચાર-વિમર્શની પ્રક્રિયામાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના અભિપ્રાયને વ્યાપક આધારિત બનાવવામાં આવ્યો હતો અને તે વ્યક્તિગત રહેતો બંધ થયો હતો. આ તબક્કે ડૉ. આંબેડકરના શબ્દો યાદ કરવા યોગ્ય છે કે 'મુખ્ય ન્યાયમૂર્તિ, પોતાની પ્રતિષ્ઠા છતાં, સામાન્ય લોકોની તમામ નબળાઈઓ, લાગણીઓ અને પૂર્વગ્રહો ધરાવતા હતા.' જો ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ વ્યક્તિગત કે અંગત ક્ષમતામાં કાર્ય કરે તો તે સંદર્ભમાં ડૉ. આંબેડકરને જે આશંકા કે ડર હતો તે હવે દફનાવી દેવામાં આવ્યો હતો.૧૨૦ હાઇકોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂક માટેના વિચાર-વિમર્શ માટે કંઈક આવો જ ધોરણ નિયત કરવામાં આવ્યો હતો. આ મુજબ કહેવામાં આવ્યું હતું:

> "આ અભિપ્રાય વ્યવહારુ રીતે રચવો પડશે અને પરંપરા પર આધારિત ભૂતકાળની પ્રથા એક સુરક્ષિત માર્ગદર્શક છે. સુપ્રિમ કોર્ટમાં નિમણૂકો સંબંધિત બાબતોમાં, વિચાર-વિમર્શની પ્રક્રિયામાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા આપવામાં આવતો અભિપ્રાય સુપ્રિમ કોર્ટના બે સૌથી વરિષ્ઠ ન્યાયમૂર્તિઓના મંતવ્યોને ધ્યાનમાં લઈને રચવો પડશે. ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ પાસેથી સુપ્રિમ કોર્ટના તે સૌથી વરિષ્ઠ ન્યાયમૂર્તિના મંતવ્યો મેળવવાની પણ અપેક્ષા રાખવામાં આવે છે કે જેઓ સમાન

હાઇકોર્ટમાંથી આવ્યા હોવાના કારણસર, અથવા અન્યથા, જેમનો અભિપ્રાય ઉમેદવારની યોગ્યતા નક્કી કરવામાં મહત્વપૂર્ણ હોવાની સંભાવના છે. અનુચ્છેદ ૧૨૪(૨) એવો સંકેત આપે છે કે સુપ્રિમ કોર્ટના કેટલાક અન્ય ન્યાયમૂર્તિઓના મંતવ્યો મેળવવા આવશ્યક છે. અનુચ્છેદ ૧૨૪(૨) માં રહેલો ઉદ્દેશ્ય આ રીતે પ્રાપ્ત થાય છે કારણ કે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ પોતાના.

૧૨૦ વિદ્વાન એટર્ની જનરલના જણાવ્યા મુજબ, આનાથી ડૉ. આંબેડકર પોતાની કબરમાં તરફડી ઊઠ્યા હોત. એવું નથી અને તદ્દન તેનાથી વિપરીત છે. અભિપ્રાયની રચના માટે તેમની સાથે વિચાર-વિમર્શ કરે છે. અનુચ્છેદ ૧૨૪(૨) માંની આ જોગવાઈ વિદ્યમાન પરંપરાનો આધાર છે કે જે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિને પોતાની ભલામણ કરતા પહેલા સુપ્રિમ કોર્ટના કેટલાક ન્યાયમૂર્તિઓ સાથે વિચાર-વિમર્શ કરવાની આવશ્યકતા નિર્ધારિત કરે છે. આ સુનિશ્ચિત કરે છે કે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિનો અભિપ્રાય માત્ર તેમનો વ્યક્તિગત અભિપ્રાય નથી, પરંતુ ન્યાયતંત્રમાં સર્વોચ્ચ સ્તરે વ્યક્તિઓના જૂથ દ્વારા સામૂહિક રીતે રચાયેલો અભિપ્રાય છે. હાઇકોર્ટોમાં નિમણૂકો સંબંધિત બાબતોમાં, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ પાસેથી સુપ્રિમ કોર્ટમાંના તેમના સાથીઓના મંતવ્યોને ધ્યાનમાં લેવાની અપેક્ષા રાખવામાં આવે છે કે જેઓ સંબંધિત હાઇકોર્ટની બાબતોથી વાકેફ હોવાની સંભાવના હોય. ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ તે હાઇકોર્ટના એક અથવા વધુ વરિષ્ઠ ન્યાયમૂર્તિઓના મંતવ્યો પણ મેળવી શકે છે કે જેમનો અભિપ્રાય, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના મત મુજબ,

પોતાના અભિપ્રાયની રચનામાં મહત્વપૂર્ણ હોવાની સંભાવના હોય. હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિનો અભિપ્રાય સર્વાધિક મહત્વ મેળવવા માટે હકદાર રહેશે, અને સંકળાયેલા અન્ય પદાધિકારીઓના અભિપ્રાયને, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના અભિપ્રાયની રચનામાં યોગ્ય મહત્વ આપવું જ જોઈએ. હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિનો અભિપ્રાય હાઈકોર્ટના ઓછામાં ઓછા બે સૌથી વરિષ્ઠ ન્યાયમૂર્તિઓના મંતવ્યો મેળવ્યા પછી જ રચવો જોઈએ."૧૨૧

૧૨૬. ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની ભૂમિકાનું મહત્વએ બાબતમાં સ્વીકારવામાં આવ્યું હતું કે એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે બંધારણીય પરંપરા એવી હતી કે જ્યાં સુધી ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના આખરી અભિપ્રાય સાથે સુસંગત ન હોય ત્યાં સુધી રાષ્ટ્રપતિ દ્વારા બંધારણના અનુચ્છેદ ૧૨૪(૨) અને અનુચ્છેદ ૨૧૭(૧) હેઠળ કોઈ નિમણૂક થવી જોઈએ નહીં. એવું કહેવામાં આવ્યું હતું:

> 'અનુચ્છેદ ૧૨૪(૨) અને ૨૧૭(૧) ના હેતુ માટે આ રીતે આપવામાં આવેલા ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના અભિપ્રાયને તમામ નિમણૂકોની બાબતમાં પ્રાથમિકતા છે; અને કોઈ નિમણૂક
>
> "' ફકરો ૪૭૮(૧) આ જોગવાઈઓ હેઠળ રાષ્ટ્રપતિ દ્વારા સુપ્રિમ કોર્ટ અને હાઈકોર્ટોમાં ત્યાં સુધી કરી શકાશે નહીં, જ્યાં સુધી તે દર્શાવેલી રીતે રચાયેલા ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના આખરી અભિપ્રાય સાથે સુસંગત ન હોય."૧૨૨

૧૨૭. 'દર્શાવેલી રીત' એ હતી કે જો કારોબારી દ્વારા (સંગીન કારણોસર) ભારતના મુખ્ય ન્યાયમૂર્તિને ભલામણ પરત કરવામાં આવે અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ તે ભલામણનો અગાઉ વિચાર-વિમર્શ કરાયેલા ન્યાયમૂર્તિઓની સર્વાનુમતે સંમતિ સાથે પુનરોચ્ચાર કરે, તો 'એક સ્વસ્થ પરંપરા તરીકે' નિમણૂક કરવામાં આવવી જોઈએ. આ સંદર્ભમાં આ મુજબ કહેવામાં આવ્યું હતું: '

> "અયોગ્યતાના કારણોસર ભલામણ કરાયેલ કોઈપણ વ્યક્તિની બિન-નિમણૂક યોગ્ય કારણોસર હોવી જોઈએ, જે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સમક્ષ જાહેર કરવામાં આવે જેથી તેઓ તે વિચારણાઓના આધારે પુનર્વિચારણા કરવા અને પોતાની ભલામણ પાછી ખેંચવા સક્ષમ બને. જો ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ તે પછી પણ પોતાની ભલામણ પાછી ખેંચવી જરૂરી ન માને, પરંતુ આ બાબતમાં વિચાર-વિમર્શ કરાયેલા સુપ્રિમ કોર્ટના અન્ય ન્યાયમૂર્તિઓનો એવો મત હોય કે તે પાછી ખેંચી લેવી જોઈએ, તો તે વ્યક્તિની બિન-નિમણૂક, કારણો નોંધીને, જાહેર હિતમાં અનુમતિપાત્ર હોઈ શકે છે. જો આ કારણસર, કોઈ વિરલ કેસમાં બિન-નિમણૂક ભૂલ સાબિત થાય, તો અંતિમ જાહેર હિતમાં તે ભૂલ ખોટી નિમણૂક કરતાં ઓછી નુકસાનકારક છે. જોકે, જો ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સમક્ષ જાહેર કરાયેલા કારણોની યોગ્ય વિચારણા કર્યા પછી, ભલામણ પાછી ન ખેંચવાના કારણો સાથે, તે બાબતમાં વિચાર-વિમર્શ કરાયેલા સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓની સર્વાનુમતે સંમતિ સાથે ભારતના મુખ્ય

ન્યાયમૂર્તિ દ્વારા તે ભલામણનો પુનરોચ્ચાર કરવામાં આવે, તો સ્વસ્થ પરંપરા તરીકે તે નિમણૂક કરવી જ જોઈએ."૧૨૩

૧૨૨ ફકરો ૪૭૮(૫) ૧૨૩ ફકરો ૪૭૮(૭)

૧૨૮. આ ધોરણોએ તારણોનું સ્વરૂપ ધારણ કર્યું જે ન્યાયતંત્ર અને કારોબારી પર બંધનકર્તા બન્યા. જે તારણો પર પહોંચવામાં આવ્યું હતું તેને અહીં પુનઃ રજૂ કરવા જરૂરી નથી.

૧૨૯. નિમણૂક પ્રક્રિયાનું એક મહત્વપૂર્ણ પાસું,

જેનો ન્યાયમૂર્તિ વર્મા દ્વારા ઉલ્લેખ કરવામાં આવ્યો હતો, તે એવી બંધારણીય પરંપરા છે કે ભલામણ હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા શરૂ થવી જોઈએ અને તેમના તરફથી જ ઉદ્ભવવી જોઈએ (હાઈકોર્ટમાં નિમણૂક માટે) અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા શરૂ થવી જોઈએ અને તેમના તરફથી જ ઉદ્ભવવી જોઈએ (સુપ્રિમ કોર્ટમાં નિમણૂક માટે). જો કોઈ રાજ્યના મુખ્યમંત્રી હાઈકોર્ટના ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક માટે કોઈ વ્યક્તિની ભલામણ કરે, તો તે માત્ર હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ મારફતે જ મોકલવી જોઈએ. ત્યારબાદ સદર મુખ્ય ન્યાયમૂર્તિએ તેમના સાથીઓ (અને જો જરૂરી હોય તો અન્ય લોકો) સાથે વિચાર-વિમર્શ કરવાનો રહેશે અને તે વ્યક્તિની ઔપચારિક રીતે ભલામણ કરવી જોઈએ કે નહીં તે નક્કી કરવાનું રહેશે. જો હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ તે વ્યક્તિની ભલામણ કરે, તો ત્યારબાદ સેકન્ડ જજીસ કેસમાં ઉલ્લેખિત પ્રક્રિયાનું

અનુસરણ કરવામાં આવશે. જો હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ નિમણૂક માટે તે વ્યક્તિની ભલામણ ન કરવાનો નિર્ણય લે, તો બાબત ત્યાં જ પૂર્ણ થઈ જાય છે અને, તેથી, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની સંમતિ વિના નિમણૂક કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો જ નથી અને ઉપસ્થિત થઈ શકે પણ નહીં. આ બંધારણીય અને પરંપરાગત રીતે સ્વીકૃત પ્રક્રિયા છે, જે દેખીતી રીતે રાજકીય કારોબારીને સ્વીકાર્ય નથી, જેના કારણે રાજકીય કારોબારી હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિને અવગણીને હાઈકોર્ટના ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક માટે કેન્દ્ર સરકારને સીધી રીતે કોઈ વ્યક્તિની ભલામણ કરે છે. ગમે તે હોય, સેકન્ડ જજીસ કેસમાં વ્યક્ત કરાયેલા બહુમતી મતે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની વ્યક્તિગત સત્તાને હળવી કરીને અને તેને ન્યાયમૂર્તિઓના કોલેજિયમને સોંપીને ડૉ. આંબેડકર દ્વારા પરિકલ્પિત બંધારણીય સ્થિતિને પુનઃસ્થાપિત કરી હતી, જે કદાચ ડૉ. આંબેડકરના મંતવ્યો સાથે સુસંગત છે.

૧૩૦. વિદ્વાન એટર્ની જનરલના જણાવ્યા મુજબ, આ તારણોએ બંધારણના અનુચ્છેદ ૧૨૪(૨) અને અનુચ્છેદ ૨૧૭(૧) ને 'ઊંધા માથે' કરી દીધા હતા અને ચુકાદાના લેખક ન્યાયમૂર્તિ વર્માને પણ લાગ્યું હતું કે આ નિર્ણય પર પુનર્વિચારણા જરૂરી છે. આ સંદર્ભ ન્યાયમૂર્તિ વર્મા દ્વારા તેમની નિવૃત્તિ પછી આપવામાં આવેલા એક ઇન્ટરવ્યુનો હતો. તેમાં, ન્યાયમૂર્તિ વર્મા દ્વારા કહેવામાં આવ્યું હતું: "મારો ૧૯૯૩ નો ચુકાદો કે જે પ્રવર્તમાન છે, તેનો ખૂબ જ ગેરસમજ અને દુરુપયોગ કરવામાં આવ્યો હતો. તે સંદર્ભમાં મેં કહ્યું હતું કે હવે કેટલાક

સમયથી ચુકાદાની કામગીરી ગંભીર પ્રશ્નો ઊભા કરી રહી છે, જેને ગેરવાજબી કહી શકાય નહીં. તેથી કોઈ પ્રકારની પુનર્વિચારણા જરૂરી છે."૧૨૪

૧૩૧. એવું જણાય છે કે સેકન્ડ જજીસ કેસના નિર્ણય અંગેની ગેરસમજ આજે પણ ચાલુ છે, ખાસ કરીને રાજકીય કારોબારી દ્વારા. આ ગેરસમજ આ કોર્ટ દ્વારા આપવામાં આવેલા નિર્ણયમાં કોઈ સ્પષ્ટતાના અભાવને કારણે નથી પરંતુ 'ચુકાદાની કામગીરી' માં અસ્વસ્થતાને કારણે છે. હું આ એટલા માટે કહું છું કારણ કે વિદ્વાન એટર્ની જનરલ અને કેટલાક રાજ્યોના વિદ્વાન વકીલ દ્વારા એવી રજૂઆત કરવામાં આવી હતી કે સેકન્ડ જજીસ કેસે સુપ્રિમ કોર્ટ અથવા હાઇકોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂકમાં કારોબારી પાસે ભજવવા માટે કોઈ ભૂમિકા (અથવા કોઈ અસરકારક ભૂમિકા) રાખી નથી, ખાસ કરીને કારણ કે કારોબારીનો અભિપ્રાય હવે અર્થહીન બની ગયો છે. આનાથી વધુ અસત્ય કશું હોઈ શકે નહીં. ન્યાયમૂર્તિની નિમણૂકમાં કારોબારી પાસે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવાનું ચાલુ રહે છે અને કેટલાક કેસોમાં આખરી નિર્ણય પણ હોય છે - ચુકાદા અંગેની ગેરસમજ ભારત સંઘ અને રાજ્યોના સંપૂર્ણપણે અને ખેદજનક રીતે પરાજયવાદી વલણને કારણે છે અથવા તેમના એવા દ્રષ્ટિકોણને કારણે છે કે ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં, તેમનું ધાર્યું જ થવું જોઈએ અથવા કશું જ નહીં ('ધેર વે ઓર ધ હાઇવે'). ભારતનું બંધારણ એક પવિત્ર દસ્તાવેજ છે અને તે કોઈ રૂબિક્સ ક્યુબ નથી કે જેને રાજકીય કારોબારી દ્વારા માત્ર પોતાની તાત્કાલિક જરૂરિયાતોને અનુરૂપ કોઈપણ રીતે હેરફેર અને દાવપેચ કરી શકાય.

૧૩૨. તમિલનાડુ

૧૨૪ ધ ફ્રન્ટલાઇન, વોલ્યુમ ૨૫ અંક ૨૦ સપ્ટેમ્બર ૨૭, ૨૦૦૮ થી ઓક્ટોબર ૧૦, ૨૦૦૮

રાજ્ય ન્યાયિક અકાદમીની વેબસાઇટ પર મળેલા એક લેખમાં, ન્યાયમૂર્તિ વર્માએ સેકન્ડ જજીસ કેસમાં નિમણૂક પ્રક્રિયા અને કારોબારીની ભૂમિકાનો ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું:

"નિર્ણયની સ્પષ્ટ ભાષા કોઈપણ શંકા માટે કોઈ અવકાશ છોડતી નથી કે આ નિમણૂકોમાં કારોબારીની સહભાગી ભૂમિકા છે; ઉમેદવારના પૂર્વવૃત્ત અને અંગત ચારિત્ર્ય તથા વર્તણૂકના ક્ષેત્રમાં કારોબારીનો અભિપ્રાય વધુ વજનદાર છે; સીજેઆઈની ભલામણ હોવા છતાં, આ કારણસર બિન-નિમણૂકની સત્તા સ્પષ્ટપણે કારોબારી પાસે છે; અને શંકાસ્પદ પૂર્વવૃત્ત વગેરે કારોબારી દ્વારા બિન-નિમણૂક માટે એકલા પૂરતા છે. આ નિર્ણય એવું પણ ઠેરવે છે કે ન્યાયિક કોલેજિયમનો અભિપ્રાય, જો સર્વાનુમત ન હોય તો, નિમણૂક કરવા માટે કારોબારી પર બંધનકર્તા નથી.

તાજેતરના ભૂતકાળમાં જ્યારે ન્યાયિક કોલેજિયમની ભલામણ સર્વાનુમત ન હતી અને તત્કાલીન ભારતના રાષ્ટ્રપતિએ તેને પુનર્વિચારણા માટે પરત કરી હતી ત્યારે પણ આ સત્તાનો ઉપયોગ કરીને પોતાની ફરજ બજાવવામાં કારોબારી નિષ્ફળ રહી હોવાના કેટલાક અહેવાલિત દાખલાઓ માત્ર અકળ જ નથી પરંતુ

નિર્ણયનો ખોટો અમલ પણ છે, જે અંગે સીજેઆઈ બાલકૃષ્ણન યોગ્ય રીતે કહે છે કે તે તેની માન્યતા દરમિયાન બંધનકર્તા છે. આવા દાખલાઓ માત્ર ડૉ. રાજેન્દ્ર પ્રસાદની એ ભવિષ્યવાણીને સાબિત કરે છે કે બંધારણ એટલું જ સારું રહેશે જેટલા તેનું સંચાલન કરનારા લોકો સારા હશે. તમને ગમે તેવી વ્યવસ્થા રાખો, તેનું મૂલ્ય અને અસરકારકતા તેનું સંચાલન કરનારા લોકોની ગુણવત્તા પર નિર્ભર રહેશે! તેથી, પારદર્શિતા અને જવાબદારી સુનિશ્ચિત કરવા માટે વ્યવસ્થાની કામગીરી પર નજર રાખવી આવશ્યક છે."૧૨૫ લેખમાં થોડા આગળ ન્યાયમૂર્તિ વર્મા કહે છે (અને વિદ્વાન એટર્ની જનરલ દ્વારા સંદર્ભિત ઇન્ટરવ્યુમાં પણ આનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે):

૧૨૫

http://www.tnsja.tn.nic.in/article/Judicial%૨૦Independence%૨૦JSVJ.pdf

> 'તાજેતરના વિચલનો નિમણૂકો કરવામાં સેકન્ડ જજીસ કેસના અમલમાં છે, અને તેના કારણે નથી. આ જ બાબત મેં સીજેઆઈ વાય.કે. સભરવાલને ૫ ડિસેમ્બર, ૨૦૦૫ ના મારા પત્રમાં દર્શાવી હતી જેની નકલ બે સૌથી વરિષ્ઠ ન્યાયમૂર્તિઓને મોકલી હતી, જેમાં વર્તમાન સીજેઆઈ કે.જી. બાલકૃષ્ણનનો સમાવેશ થતો હતો."

૧૩૩. તેથી, ગેરસમજ રાજકીય કારોબારીની છે અને અન્ય કોઈની નહીં. જોકે, વિદ્વાન એટર્ની જનરલ દ્વારા નિર્દેશિત કરવામાં આવ્યા મુજબ, ૯૯મા

બંધારણીય સુધારા અધિનિયમ પછી સેકન્ડ જજીસ કેસના ગુણદોષ મુદ્દા પર નથી અને તેથી વધુ કોઈ ટિપ્પણી કરવામાં આવતી નથી, જોકે તે બિલકુલ સ્પષ્ટપણે કહેવું આવશ્યક છે કે રાજકીય કારોબારી સેકન્ડ જજીસ કેસના વ્યાપ અને પ્રભાવ તથા કોલેજિયમ પ્રણાલીની કામગીરીને સંપૂર્ણપણે ગેરસમજ કરી ચૂકી છે.

થર્ડ જજીસ કેસ - ૨૮.૧૦.૧૯૯૮

૧૩૪. સ્પેશિયલ રેફરન્સ નં. ૧/૧૯૯૮ ને સામાન્ય રીતે થર્ડ જજીસ કેસ તરીકે ઓળખવામાં આવે છે. રાષ્ટ્રપતિએ બંધારણના અનુચ્છેદ ૧૪૩ હેઠળ આ કોર્ટનો સલાહકારી અભિપ્રાય, અન્ય પ્રશ્નો સહિત, નીચે મુજબના પ્રશ્નો પર માંગ્યો હતો:

> "(૧) શું અનુચ્છેદ ૨૧૭(૧) અને ૨૨૨(૧) માં 'ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર-વિમર્શ' શબ્દપ્રયોગ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિનો અભિપ્રાય રચવામાં બહુવિધ ન્યાયમૂર્તિઓ સાથે વિચાર-વિમર્શની અપેક્ષા રાખે છે કે પછી ભારતના મુખ્ય ન્યાયમૂર્તિનો એકમાત્ર વ્યક્તિગત અભિપ્રાય સદર અનુચ્છેદોના અર્થ અંતર્ગત વિચાર-વિમર્શ ગણાય છે.

(૩) શું સદર ચુકાદામાં [સેકન્ડ જજીસ કેસ] અર્થઘટન કર્યા મુજબ અનુચ્છેદ ૧૨૪(૨) હેઠળ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ માટે માત્ર બે સૌથી વરિષ્ઠ

ન્યાયમૂર્તિઓ સાથે જ વિચાર-વિમર્શ કરવો જરૂરી છે કે પછી ભૂતકાળની પ્રથા અનુસાર વધુ વ્યાપક વિચાર-વિમર્શ થવો જોઈએ.

(૪) શું નિમણૂક માટે ભલામણ કરાયેલ ન્યાયમૂર્તિની નિમણૂક ન કરવા માટે ભારત સરકાર દ્વારા મોકલવામાં આવેલી તમામ સામગ્રી અને માહિતીના સંદર્ભમાં, સુપ્રિમ કોર્ટના અન્ય ન્યાયમૂર્તિઓ સાથે વિચાર-વિમર્શ કર્યા વિના, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ માત્ર તેમની વ્યક્તિગત ક્ષમતામાં કામ કરવા માટે હકદાર છે;"

૧૩૫. શરૂઆતમાં જ, એ નોંધવું આવશ્યક છે કે વિદ્વાન એટર્ની જનરલે પ્રેસિડેન્શિયલ રેફરન્સની સુનાવણી વખતે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર સેકન્ડ જજીસ કેસની ન તો સમીક્ષા કે ન તો પુનઃવિચારણા માંગી રહી હતી.

તેથી, પ્રેસિડેન્શિયલ રેફરન્સના જવાબો સેકન્ડ જજીસ કેસમાં આ કોર્ટે કાઢેલા તારણોથી વિચલિત થતા નથી. તે અર્થમાં, આ અભિપ્રાયે મૂળભૂત ચર્ચાને બહુ આગળ વધારી ન હતી જોકે તેણે કેટલાક પ્રક્રિયાગત મુદ્દાઓનું નોંધપાત્ર રીતે નિરાકરણ કર્યું હતું અને ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની પ્રક્રિયા સંબંધિત ખામીઓને પૂરી કરી હતી. ગમે તે સંજોગોમાં, ઉપર જણાવેલા ત્રણ પ્રશ્નોના જવાબો નીચે મુજબ છે:

"૧. ભારતના બંધારણના અનુચ્છેદ ૨૧૭(૧) અને ૨૨૨(૧) માં "ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર-વિમર્શ" શબ્દપ્રયોગ ભારતના

મુખ્ય ન્યાયમૂર્તિનો અભિપ્રાય રચવામાં બહુવિધ ન્યાયમૂર્તિઓ સાથે વિચાર-વિમર્શની અપેક્ષા રાખે છે. ભારતના મુખ્ય ન્યાયમૂર્તિનો એકમાત્ર વ્યક્તિગત અભિપ્રાય સદર અનુચ્છેદોના અર્થ અંતર્ગત "વિચાર-વિમર્શ" ગણાતો નથી.

૩. ભારતના મુખ્ય ન્યાયમૂર્તિએ સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂક કરવા અને હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ અથવા પ્યુઇસ્ને ન્યાયમૂર્તિની બદલી કરવા માટે સુપ્રિમ કોર્ટના ચાર સૌથી વરિષ્ઠ પ્યુઇસ્ને ન્યાયમૂર્તિઓ સાથે વિચાર-વિમર્શ કરીને ભલામણ કરવી આવશ્યક છે. જ્યાં સુધી હાઇકોર્ટમાં નિમણૂકનો સંબંધ છે, ત્યાં સુધી ભલામણ સુપ્રિમ કોર્ટના બે સૌથી વરિષ્ઠ પ્યુઇસ્ને ન્યાયમૂર્તિઓ સાથે વિચાર-વિમર્શ કરીને થવી આવશ્યક છે.

૪. ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ માત્ર પોતાની

વ્યક્તિગત ક્ષમતામાં, નિમણૂક માટે ભલામણ કરાયેલ ન્યાયમૂર્તિની નિમણૂક ન કરવા માટે ભારત સરકાર દ્વારા મોકલવામાં આવેલી સામગ્રી અને માહિતીના સંદર્ભમાં, સુપ્રિમ કોર્ટના અન્ય ન્યાયમૂર્તિઓ સાથે વિચાર-વિમર્શ કર્યા વિના, કામ કરવા માટે હકદાર નથી."૧૨૬

૧૩૬. પ્રેસિડેન્શિયલ રેફરન્સ અથવા થર્ડ જજીસ કેસમાં ઉપસ્થિત કરવામાં આવેલા વિવિધ પ્રશ્નો પર આ કોર્ટ દ્વારા આપવામાં આવેલા અભિપ્રાય સાથે વંચાણે લેતાં સેકન્ડ જજીસ કેસના નિર્ણયે ઉચ્ચ ન્યાયતંત્રમાં

ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં અપનાવવાની પ્રક્રિયા સંબંધિત વિવાદોનું સંપૂર્ણપણે સમાધાન કર્યું હતું. મંતવ્યોની પ્રાથમિકતા અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર-વિમર્શના મુદ્દાઓનો તે નિર્ણય અને અભિપ્રાય દ્વારા સંપૂર્ણ ઉત્તર આપવામાં આવ્યો હતો.

૧૩૭. એ નોંધવું મહત્વપૂર્ણ છે કે થર્ડ જજીસ કેસે સેકન્ડ જજીસ કેસના એક મહત્વપૂર્ણ ધોરણ અથવા તારણમાં ફેરફાર કર્યો હતો. આ ફેરફાર એ હતો કે સુપ્રિમ કોર્ટમાં ન્યાયમૂર્તિઓની નિમણૂક માટેનું 'કોલેજિયમ', સેકન્ડ જજીસ કેસમાં તારવવામાં આવેલા બે સૌથી વરિષ્ઠ ન્યાયમૂર્તિઓના બદલે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને ચાર સૌથી વરિષ્ઠ ન્યાયમૂર્તિઓનો સમાવેશ કરવા માટે વિસ્તૃત કરવામાં આવ્યું હતું. આ રીતે, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથેના વિચાર-વિમર્શને વધુ વ્યાપક આધાર આપવામાં આવ્યો હતો. તારણ ૯ માં નીચે મુજબ સ્પષ્ટતા કરવામાં આવી હતી:

> "૯. ઉપરોક્ત જણાવ્યા મુજબ વિચાર-વિમર્શ પ્રક્રિયાના ધોરણો અને આવશ્યકતાઓનું પાલન કર્યા વિના ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા કરવામાં આવેલી ભલામણો ભારત સરકાર પર બંધનકર્તા નથી."

આ તારણ મહત્વપૂર્ણ છે, પરંતુ રાષ્ટ્રપતિ દ્વારા તેની અવગણના કરવામાં આવી હોય અથવા તેની ઉપેક્ષા કરવામાં આવી હોય તેમ જણાય છે.

શમશેર સિંહ કેસ

૧૩૮. આ વિષય પરના ન્યાયિક ચુકાદાઓનું સંપૂર્ણ ચિત્ર મેળવવા માટે, એ પણ સંદર્ભ લેવો આવશ્યક છે

૧૨૬ ફકરો ૪૪ શમશેર સિંહ વિ. સ્ટેટ ઓફ પંજાબ૧૨૭ માં આ કોર્ટ દ્વારા આપવામાં આવેલા નિર્ણયનો.

૧૩૯. આ કેસ તાબાની ન્યાયિક સેવાના બે અધિકારીઓની સેવાઓ સમાપ્ત કરવા સંબંધિત હતો જે રાજ્યના

રાજ્યપાલ દ્વારા કરવામાં આવી હતી. મુદ્દો એ હતો કે શું રાજ્યપાલ આ બાબતમાં પોતાની મુનસફીનો ઉપયોગ વ્યક્તિગત રીતે કરી શકે કે પછી તેમણે મંત્રી પરિષદની સલાહ પર કાર્ય કરવું જોઈએ. ન્યાયિક અધિકારીઓએ એવી દલીલ કરી હતી કે રાજ્યપાલ પોતાની વ્યક્તિગત મુનસફીનો ઉપયોગ કરવા બંધાયેલા હતા અને સરદારી લાલ વિ. યુનિયન ઓફ ઈન્ડિયા૧૨૮ પર આધાર રાખવામાં આવ્યો હતો જેમાં એવું ઠેરવવામાં આવ્યું હતું કે બંધારણના અનુચ્છેદ ૩૧૧(૨) હેઠળ 'મરજીના સિદ્ધાંત' નો ઉપયોગ કરવા માટે, બંધારણના અનુચ્છેદ ૩૧૧(૨) ના પરંતુકના ખંડ (સી) હેઠળ તપાસમાંથી મુક્તિ આપવા માટે રાષ્ટ્રપતિનો વ્યક્તિગત સંતોષ આવશ્યક છે. બીજી તરફ, રાજ્યે એવી દલીલ કરી હતી કે રાજ્યપાલ માત્ર

મંત્રી પરિષદની સલાહ પર જ કાય કરવા બંધાયેલા હતા.

૧૪૦. મુખ્ય ન્યાયમૂર્તિ એ.એન. રે (પોતાના વતી અને અન્ય ચાર વિદ્વાન ન્યાયમૂર્તિઓ વતી) મારફતે આ કોર્ટે સરદારી લાલ કેસને ઉલટાવી દીધો અને ઠેરવ્યું કે તે નિર્ણય કાયદાની સાચી સ્થિતિ જણાવતો ન હતો. એવું ઠેરવવામાં આવ્યું હતું કે રૂલ્સ ઓફ બિઝનેસ હેઠળ, સંબંધિત મંત્રી અથવા અધિકારીનો નિર્ણય યથાપ્રસંગ રાષ્ટ્રપતિ અથવા રાજ્યપાલનો નિર્ણય છે. ત્યારબાદ એવો નિષ્કર્ષ કાઢવામાં આવ્યો હતો:

> "ઉપરોક્ત કારણોસર અમે ઠેરવીએ છીએ કે સંઘના કિસ્સામાં વડાપ્રધાનના વડપણ હેઠળની અને રાજ્યના કિસ્સામાં મુખ્યમંત્રીના વડપણ હેઠળની મંત્રી પરિષદની સહાય અને સલાહ પર, કારોબારીમાં નિહિત તમામ બાબતોમાં, રાષ્ટ્રપતિ અથવા રાજ્યપાલ કાર્ય કરે છે, પછી ભલે તે કાર્યો કારોબારી સ્વરૂપના હોય કે
>
> ધારાકીય સ્વરૂપના. રાષ્ટ્રપતિ કે રાજ્યપાલે વ્યક્તિગત રીતે કારોબારી કાર્યો કરવાના નથી. વર્તમાન અપીલો જિલ્લા ન્યાયમૂર્તિઓ સિવાયની વ્યક્તિઓની રાજ્યની ન્યાયિક[34]
>
> સેવાઓમાં નિમણૂક સંબંધિત છે, જે બંધારણના અનુચ્છેદ ૨૩૪ માં વિચાર્યા મુજબ રાજ્ય જાહેર સેવા આયોગ અને હાઇકોર્ટ સાથે વિચાર-વિમર્શ કર્યા

[34] ૯૬ ૧૯૮૮ (સપ્લી.) એસ.સી.સી. ૩૦ અનુમાન સધરલેન્ડ્સ સ્ટેચ્યુટરી કન્સ્ટ્રક્શન, ૩જી આવૃત્તિ, વોલ્યુમ ૧ પર આધાર રાખીને તારવવામાં આવ્યું હતું. પ્રસ્તુત સિદ્ધાંત પર કોઈ વિવાદ ન હોવાથી, આગળ કંઈપણ નોંધવું જરૂરી નથી. જોકે એ નોંધવાની જરૂર છે કે, આપણી સમક્ષ કોઈ સુધારા અથવા રદ્દીકરણની અસરનો પ્રશ્ન નથી.

પછી રાજ્યપાલ દ્વારા કરવાની હોય છે. રાજ્યની ન્યાયિક સેવા સાથે સંકળાયેલી વ્યક્તિઓની નિમણૂક અથવા બરતરફી કે તેમને હોદ્દા પરથી દૂર કરવા એ કોઈ વ્યક્તિગત કાર્ય નથી પરંતુ બંધારણ હેઠળ તે સંબંધિત નિયમો અનુસાર રાજ્યપાલ દ્વારા ઉપયોગમાં લેવાતું કારોબારી કાર્ય છે."૧૨૯

૧૪૧. ન્યાયમૂર્તિ કૃષ્ણા અૈયર દ્વારા (પોતાના વતી અને ન્યાયમૂર્તિ ભગવતી વતી) લખાયેલા એક અલગ પરંતુ સંમત ચુકાદામાં મુખ્ય ન્યાયમૂર્તિ રે દ્વારા વ્યક્ત કરાયેલા મતને નીચે મુજબના શબ્દોમાં સ્વીકારવામાં આવ્યો હતો:

> "અમે અમારા બંધારણની આ શાખાના કાયદાને એ રીતે જાહેર કરીએ છીએ કે રાષ્ટ્રપતિ અને રાજ્યપાલ, વિવિધ અનુચ્છેદો હેઠળની તમામ કારોબારી અને અન્ય સત્તાઓના રક્ષક હોવાના નાતે, આ જોગવાઈઓના આધારે, કેટલીક જાણીતી અપવાદરૂપ પરિસ્થિતિઓ સિવાય, માત્ર તેમના મંત્રીઓની સલાહ પર અને તે અનુસાર જ તેમની ઔપચારિક બંધારણીય સત્તાઓનો ઉપયોગ કરશે. હઠાગ્રહી કે સંપૂર્ણ બન્યા વિના, આ પરિસ્થિતિઓ સંબંધ ધરાવે છે: (એ) વડાપ્રધાન (મુખ્યમંત્રી) ની પસંદગી, જોકે આ પસંદગી એ સર્વોચ્ચ વિચારણાથી મર્યાદિત છે કે ગૃહમાં તેમની પાસે બહુમતી હોવી જોઈએ; (બી) એવી સરકારની બરતરફી કે જેણે ગૃહમાં પોતાની બહુમતી ગુમાવી દીધી છે, પરંતુ હોદ્દો છોડવાનો ઇનકાર કરે છે; (સી) ગૃહનું વિસર્જન જ્યાં દેશ સમક્ષ અપીલ કરવી અનિવાર્ય હોય, જોકે આ ક્ષેત્રમાં રાજ્યના વડાએ રાજકારણમાં સામેલ થવાનું ટાળવું જોઈએ

અને તેમના વડાપ્રધાન (મુખ્યમંત્રી) દ્વારા સલાહ આપવી આવશ્યક છે કે જેઓ આખરે આ પગલાની જવાબદારી લેશે."૧૩૦

૧૪૨. આ નિષ્કર્ષ પર પહોંચવા માટે બંને વિદ્વાન ન્યાયમૂર્તિઓ દ્વારા એક વધારાનું કારણ આપવામાં આવ્યું હતું અને તે પણ મહત્વપૂર્ણ છે

૧૨૯ ફકરો ૮૮

૧૩૦ ફકરો ૧૫૪ આપણા વર્તમાન હેતુઓ માટે. આ વધારાનું કારણ ન્યાયતંત્રની સ્વતંત્રતા સાથે સંબંધિત છે. આ માટે, જ્યોતિ પ્રકાશ મિત્તર વિ. ચીફ જસ્ટિસ, કલકત્તા૧૩૧ નો સંદર્ભ આપવામાં આવ્યો હતો. તે કેસમાં પ્રશ્ન બંધારણના અનુચ્છેદ ૨૧૭(૩) હેઠળ હાઈકોર્ટના વર્તમાન ન્યાયમૂર્તિની ઉંમર નક્કી કરવા સંબંધિત હતો.૧૩૨ કોર્ટે ઠેરવેલ કે ઉંમરનું નિર્ધારણ કારોબારીના મંતવ્યોથી પ્રભાવિત થયા વિના રાષ્ટ્રપતિ દ્વારા થવું જોઈએ. આ એ કારણોસર હતું કે જો કારોબારી વર્તમાન ન્યાયમૂર્તિની ઉંમરનું નિર્ધારણ કરે, તો તે 'ન્યાયતંત્રની સ્વતંત્રતાને ગંભીરપણે અસર કરશે.' આ મતનો ત્યારબાદ યુનિયન ઓફ ઇન્ડિયા વિ. જ્યોતિ પ્રકાશ મિત્તર૧૩૩ માં પુનરોચ્ચાર કરવામાં આવ્યો હતો.

૧૪૩. વિદ્વાન ન્યાયમૂર્તિઓએ ત્યારબાદ, બંધારણની જે યોજનાનો પહેલેથી જ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો તેના આધારે ઠેરવ્યું કે રાષ્ટ્રપતિ એટલે મંત્રી પરિષદ અને ઉંમર નક્કી કરવાના સંબંધમાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ

સાથેનો વિચાર-વિમર્શ ફરજિયાત બનાવીને બંધારણના અનુચ્છેદ ૨૧૭(૩) દ્વારા ન્યાયતંત્રની સ્વતંત્રતાનું રક્ષણ કરવામાં આવ્યું છે. જો મંત્રી ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના મંતવ્યોથી વિચલિત થાય તો આ બાબત મંત્રીના નિર્ણયમાં અપ્રસ્તુત વિચારણાઓ પ્રવેશવાની શક્યતાને અટકાવશે. એવું ઠેરવવામાં આવ્યું હતું કે તમામ કલ્પી શકાય તેવા કેસોમાં, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથેના વિચાર-વિમર્શને કારોબારી દ્વારા સ્વીકારવો જોઈએ અને જો ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના મંતવ્યોથી વિચલન થાય, તો કોર્ટ ઉપલબ્ધ હકીકતોના પ્રકાશમાં તે મુદ્દાની તપાસ કરી શકે છે. આવા એક 'સંવેદનશીલ વિષય' માં આખરી શબ્દ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ પાસે હોવો જોઈએ. આ અર્થઘટન પર, આ મુદ્દાનો ઔપચારિક રીતે કોણ નિર્ણય કરે છે તે અપ્રસ્તુત બની જાય છે. આ મુજબ ઠેરવવામાં આવ્યું હતું:

૧૩૧ [૧૯૬૫] ૨ એસ.સી.આર. ૫૩ (પાંચ ન્યાયમૂર્તિઓની બેંચ)

૧૩૨ ૨૧૭. હાઇકોર્ટના ન્યાયમૂર્તિના હોદ્દાની નિમણૂક અને શરતો.- (૩) જો હાઇકોર્ટના કોઈ ન્યાયમૂર્તિની ઉંમર અંગે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય, તો તે પ્રશ્નનો નિર્ણય ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર-વિમર્શ કર્યા પછી રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવશે અને રાષ્ટ્રપતિનો નિર્ણય આખરી રહેશે.

'૩૩ (૧૯૭૧) ૧ એસ.સી.સી. ૩૯૬ (પાંચ ન્યાયમૂર્તિઓની બેંચ)

"બંધારણની જે યોજનાનો આપણે અગાઉ ઉલ્લેખ કર્યો છે તેના પ્રકાશમાં, રાષ્ટ્રપતિના વ્યક્તિગત સંતોષ અંગેનું આવું અર્થઘટન સાચું છે કે કેમ તે શંકાસ્પદ છે. અમારો એવો અભિપ્રાય છે કે તમામ વ્યવહારુ હેતુઓ માટે રાષ્ટ્રપતિનો અર્થ, યથાપ્રસંગ મંત્રી અથવા મંત્રી પરિષદ થાય છે, અને તેમનો અભિપ્રાય, સંતોષ અથવા નિર્ણય બંધારણીય રીતે ત્યારે સુરક્ષિત થાય છે જ્યારે તેમના મંત્રીઓ આવા અભિપ્રાય, સંતોષ અથવા નિર્ણય પર પહોંચે છે. ન્યાયતંત્રની સ્વતંત્રતા, જે બંધારણનો એક મુખ્ય સિદ્ધાંત છે અને વિચલનને વાજબી ઠેરવવા માટે જેના પર આધાર રાખવામાં આવ્યો છે, તે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથેના વિચાર-વિમર્શને ફરજિયાત બનાવતા સંબંધિત અનુચ્છેદ દ્વારા સુરક્ષિત છે. તમામ સંભવિત કેસોમાં ભારતીય ન્યાયના તે સર્વોચ્ચ મહાનુભાવ સાથેનો વિચાર-વિમર્શ ભારત સરકાર દ્વારા સ્વીકારવામાં આવશે અને સ્વીકારવો જોઈએ અને જો મંત્રી ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા આપવામાં આવેલી સલાહથી અલગ પડે છે, તો મંત્રીના નિર્ણયમાં અન્ય કોઈ બાહ્ય સંજોગો પ્રવેશ્યા છે કે કેમ તેની તપાસ કરવાની કોર્ટ પાસે તક રહેશે. વ્યવહારમાં આવા સંવેદનશીલ વિષયમાં આખરી શબ્દ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિનો જ હોવો જોઈએ, તેમની સલાહનો અસ્વીકાર સામાન્ય રીતે હુકમને દૂષિત કરતા પરોક્ષ કારણોથી પ્રેરિત ગણવામાં આવશે. આ દ્રષ્ટિએ રાષ્ટ્રપતિ કે વડા પ્રધાન કે ન્યાય મંત્રી ઔપચારિક રીતે આ મુદ્દાનો નિર્ણય કરે છે કે કેમ તે મહત્વહીન છે."૧૩૪

૧૪૪. આ નિર્ણય ત્રણ મુખ્ય કારણોસર મહત્વપૂર્ણ છે: (૧) તેણે ન્યાયિક રીતે ન્યાયતંત્રની સ્વતંત્રતાને માન્યતા આપી. (આ ફર્સ્ટ જજીસ કેસ પહેલાં હતું કે જેણે માન્યતા આપી હતી કે ન્યાયતંત્રની સ્વતંત્રતા એ બંધારણનું મૂળભૂત લક્ષણ હતું). (૨) તેણે એવો નિષ્કર્ષ કાઢીને અનિશ્ચિતતા દૂર કરી કે ન્યાયમૂર્તિઓની નિમણૂકના મુદ્દા પર પણ, રાષ્ટ્રપતિ મંત્રી પરિષદની સલાહ પર કાર્ય કરવા બંધાયેલા હતા. આ બાબતને ધ કોન્સ્ટીટ્યુશન (ફોર્ટી-સેકન્ડ એમેન્ડમેન્ટ)

એક્ટ, ૧૯૭૬ દ્વારા 'ઔપચારિક સ્વરૂપ' આપવામાં આવ્યું હતું. (૩) એક અર્થમાં, આ નિર્ણય સેકન્ડ જજીસ કેસમાં પ્રાથમિકતાના નિષ્કર્ષનો પુરોગામી હતો જેમાં આ વિષય પર આખરી શબ્દ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ પાસે રહ્યો હતો.

૧૪૫. આ તબક્કે બે અવલોકનો કરવાની જરૂર છે. પ્રથમ તો, ન્યાયમૂર્તિ કૃષ્ણા ઐયરે શમશેર સિંહ કેસમાં ન્યાયમૂર્તિ ભગવતી વતી પણ ચુકાદો લખ્યો હતો. આશ્ચર્યજનક રીતે, ન્યાયમૂર્તિ ભગવતીએ ફર્સ્ટ જજીસ કેસમાં આ નિર્ણયનો સંદર્ભ આપ્યો ન હતો. આ નિષ્ફળતાનું મહત્વ એ છે કે જ્યારે શમશેર સિંહમાં ન્યાયમૂર્તિ ભગવતી દ્વારા એવું ઠેરવવામાં આવ્યું હતું કે 'આખરી શબ્દ' ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ પાસે હોવો જોઈએ, ત્યારે ફર્સ્ટ જજીસ કેસમાં ન્યાયમૂર્તિ ભગવતી દ્વારા એવું ઠેરવવામાં આવ્યું હતું કે 'અંતિમ સત્તા' કારોબારી પાસે છે. આ

તદ્દન ભિન્ન દ્રષ્ટિકોણ, ભલે અલગ સંજોગોમાં હોય, અસમજાવી શકાય તેવો છે કારણ કે મૂળભૂત સિદ્ધાંત સમાન છે, અર્થાત્ ન્યાયતંત્રને લગતી બાબતોના સંદર્ભમાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિનો દરજ્જો. બીજું અવલોકન એ છે કે 'આખરી શબ્દ' સિદ્ધાંત પર કારોબારી દ્વારા કોઈપણ કેસમાં, સેકન્ડ જજીસ કેસમાં પણ, ક્યારેય પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો ન હતો અને ઉઠાવવામાં આવ્યો નથી. તેથી, 'આખરી શબ્દ' ના સિદ્ધાંતનો સ્વીકાર કરવામાં આવ્યો હોવાથી, હવે તેનાથી પાછા હટવાનું અથવા તેને નકારી કાઢવાનું કોઈ કારણ નથી. 'આખરી શબ્દ' ના સંદર્ભમાં એ ઉલ્લેખ કરી શકાય કે જ્યારથી બંધારણ અમલમાં આવ્યું ત્યારથી, મુખ્ય ન્યાયમૂર્તિ મેહર ચંદ મહાજનના 'અ પિલર ઓફ જસ્ટિસ' માંથી ટાંકીને ગ્રેનવિલે ઓસ્ટિન લખે છે:

> "નેહરુએ 'હંમેશા સીજેઆઈની સલાહ અનુસાર કાર્ય કર્યું છે', તેમણે યાદ કર્યું, 'નોંધપાત્ર વગ' ધરાવતા રાજ્યના રાજકારણીઓ દ્વારા તેમને પ્રભાવિત કરવાના પ્રયાસો છતાં, વિરલ સંજોગો સિવાય."૧૩૫

સાંકળચંદ શેઠનો કેસ

૧૪૬. નોંધપાત્ર મહત્વ ધરાવતો અન્ય એક નિર્ણય યુનિયન ઓફ ઇન્ડિયા વિ. સાંકળચંદ હિંમતલાલ શેઠ૧૩૬ છે. તે કેસ ન્યાયમૂર્તિઓની એક હાઇકોર્ટમાંથી

૧૩૫ ગ્રેનવિલે ઓસ્ટિન: વર્કિંગ અ ડેમોક્રેટિક કોન્સ્ટીટ્યુશન પૃષ્ઠ ૧૩૧ ૧૩૬ (૧૯૭૭) ૪ એસ.સી.સી. ૧૯૩ (પાંચ ન્યાયમૂર્તિઓની બેંચ) બીજી હાઇકોર્ટમાં બદલી અને બંધારણના અનુચ્છેદ ૨૨૨(૧) ના અર્થઘટન સાથે સંબંધિત હતો.૧૩૭ ન્યાયતંત્રની સ્વતંત્રતા તેમજ બંધારણના અનુચ્છેદ ૫૦ નો સંદર્ભ આપતાં ન્યાયમૂર્તિ વાય.વી. ચંદ્રચૂડ દ્વારા કહેવામાં આવ્યું હતું:

> "ન્યાયતંત્ર, કે જેણે લોકોના અધિકારો અને સ્વતંત્રતાના રક્ષક તરીકે કાર્ય કરવું જોઈએ, તે કારોબારીના પ્રભાવ અને દખલગીરીથી મુક્ત હોવું જોઈએ તેવી પરિકલ્પના કરીને, બંધારણ સભાએ ન્યાયતંત્રની સ્વતંત્રતાને સુરક્ષિત અને સુનિશ્ચિત કરવા માટે વિવિધ જોગવાઈઓ કરીને તે સંકલ્પનાને એક નક્કર સ્વરૂપ આપ્યું. બંધારણનો અનુચ્છેદ ૫૦, કે જે રાજ્યની નીતિના માર્ગદર્શક સિદ્ધાંતો ધરાવે છે, તે જોગવાઈ કરે છે કે રાજ્યની જાહેર સેવાઓમાં ન્યાયતંત્રને કારોબારીથી અલગ કરવા માટે રાજ્ય પગલાં ભરશે."

૧૪૭. બંધારણના અનુચ્છેદ ૨૨૨ ના સંદર્ભમાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે રાષ્ટ્રપતિ દ્વારા વિચાર-વિમર્શના અર્થ અંગે, એવું ઠેરવવામાં આવ્યું હતું કે તે સંપૂર્ણ અને અસરકારક વિચાર-વિમર્શ હોવો જોઈએ અને ઔપચારિક કે બિનઉત્પાદક નહીં. એવું કહેવામાં આવ્યું હતું:

> "અનુચ્છેદ ૨૨૨(૧) કે જે રાષ્ટ્રપતિ માટે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર-વિમર્શ કરવાનું આવશ્યક બનાવે છે, તે એ સિદ્ધાંત પર આધારિત

છે કે ન્યાયતંત્ર સાથે અત્યંત મહત્વપૂર્ણ રીતે સંકળાયેલી બાબતમાં, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના મંતવ્યો મેળવ્યા વિના કારોબારી દ્વારા કોઈ નિર્ણય લેવો જોઈએ નહીં, જેઓ પોતાની તાલીમ અને અનુભવથી, પરિસ્થિતિ પર નિષ્પક્ષપણે, સક્ષમતાપૂર્વક અને વસ્તુલક્ષી રીતે વિચારણા કરવા માટે શ્રેષ્ઠ સ્થિતિમાં છે. પરંતુ કોઈ બાબત પર કોઈ હેતુપૂર્ણ વિચારણા થઈ શકે નહીં,

૧૩૭ ૨૨૨. એક હાઇકોર્ટમાંથી બીજી હાઇકોર્ટમાં ન્યાયમૂર્તિની બદલી.- (૧) રાષ્ટ્રપતિ, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર-વિમર્શ કર્યા પછી, કોઈ ન્યાયમૂર્તિની એક હાઇકોર્ટમાંથી અન્ય કોઈપણ હાઇકોર્ટમાં બદલી કરી શકે છે. (૨) જ્યારે કોઈ ન્યાયમૂર્તિની બદલી કરવામાં આવી હોય અથવા તે રીતે બદલી કરવામાં આવે, ત્યારે તેઓ ધ કોન્સ્ટીટ્યુશન (ફિફ્ટીન્થ એમેન્ડમેન્ટ) એક્ટ, ૧૯૬૩ ના પ્રારંભ પછી, બીજી હાઇકોર્ટના ન્યાયમૂર્તિ તરીકે સેવા આપે તે સમયગાળા દરમિયાન, પોતાના પગાર ઉપરાંત સંસદ દ્વારા કાયદાથી નિર્ધારિત કરવામાં આવે તેવું વળતર ભથ્થું મેળવવા માટે હકદાર રહેશે અને, જ્યાં સુધી તે રીતે નિર્ધારિત ન થાય ત્યાં સુધી, રાષ્ટ્રપતિ હુકમ દ્વારા નક્કી કરે તેવું વળતર ભથ્થું મેળવવા હકદાર રહેશે.

તે તથ્યો અને સંજોગોની ગેરહાજરીમાં કે જેના આધારે જ સંકળાયેલી સમસ્યાના સ્વરૂપને સમજી શકાય અને યોગ્ય નિર્ણય લઈ શકાય. તેથી, તેમાંથી એ ફલિત થવું જોઈએ કે મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર-વિમર્શ કરતી વખતે,

રાષ્ટ્રપતિએ તેમને સંબંધિત માહિતી ઉપલબ્ધ કરાવવી જ જોઈએ કે જેના આધારે તેઓ રાષ્ટ્રપતિને પોતાના સુવિચારિત અભિપ્રાયનો લાભ આપી શકે. જો યોગ્ય નિષ્કર્ષ પર પહોંચવા માટે જરૂરી તથ્યો મુખ્ય ન્યાયમૂર્તિને ઉપલબ્ધ કરાવવામાં ન આવે, તો તેમણે તે માંગવા જ જોઈએ કારણ કે, રાષ્ટ્રપતિ પર મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર-વિમર્શ કરવાની જવાબદારી લાદીને, બંધારણે તે જ સમયે મુખ્ય ન્યાયમૂર્તિ પર પણ એવી ફરજ લાદી હોવાનું માનવું જોઈએ કે જે બાબત પર તેમની સાથે વિચાર-વિમર્શ કરવાનો તેમને અધિકાર છે તે બાબતની સંપૂર્ણ વિચારણાથી ઓછી ન હોય તેવી રીતે જ તેઓ પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે. મુખ્ય ન્યાયમૂર્તિ સમક્ષ સંપૂર્ણ તથ્યો રજૂ કરવાની રાષ્ટ્રપતિ દ્વારા તેમની બંધારણીય જવાબદારીની પરિપૂર્તિ અને યોગ્ય નિષ્કર્ષ પર પહોંચવા માટે જરૂરી તથ્યો મેળવવાની બાદના (મુખ્ય ન્યાયમૂર્તિ) દ્વારા ફરજનું પાલન એ એક જ પ્રક્રિયાના ભાગો છે અને એકબીજાના પૂરક છે. આનું નિષ્ઠાપૂર્વક પાલન ન્યાય વ્યવસ્થાના વહીવટ માટે ઉપયોગી એવું શ્રેષ્ઠ વળતર આપી શકે છે. તેથી, અનુચ્છેદ ૨૨૨(૧) ના અર્થમાં વિચાર-વિમર્શ એટલે સંપૂર્ણ અને અસરકારક વિચાર-વિમર્શ, નહીં કે ઔપચારિક અથવા બિનઉત્પાદક વિચાર-વિમર્શ."૧૩૮

૧૪૮. એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે જોકે 'વિચાર-વિમર્શ' નો અર્થ 'સંમતિ' થતો નથી, તેમ છતાં, શમશેર સિંહમાં ઠેરવ્યા મુજબ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથેનો વિચાર-વિમર્શ સ્વીકારવો જોઈએ અને આવા સંવેદનશીલ વિષયમાં આખરી શબ્દ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ પાસે હોવો જોઈએ. એ નોંધવામાં આવ્યું હતું કે જો ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની સલાહથી વિચલન

થાય, તો નિર્ણયમાં કોઈ બાહ્ય કારણો પ્રવેશ્યા છે કે કેમ તેની તપાસ કરવાની કોર્ટ પાસે તક રહેશે.૧૩૯

"' ફકરો ૩૭

૧૩૯ ફકરો ૪૧

૧૪૯. ન્યાયમૂર્તિ કૃષ્ણા અૈયર (પોતાના વતી અને ન્યાયમૂર્તિ ફઝલ અલી વતી) દ્વારા આ મતનો પુનરોચ્ચાર કરવામાં આવ્યો હતો.૧૪૦ નોંધપાત્ર રીતે, તેમાં ઉમેરવામાં આવ્યું હતું કે: 'અમને એવું જણાય છે કે, 'વિચાર-વિમર્શ' શબ્દનો ઉપયોગ

અનુચ્છેદ ૨૨૨ માં બંધારણીય સૌજન્યની બાબત તરીકે કરવામાં આવ્યો છે કારણ કે આ બાબતમાં બે અત્યંત ઉચ્ચ મહાનુભાવો સંકળાયેલા છે, એટલે કે, રાષ્ટ્રપતિ અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ.'૧૪૧

૧૫૦. સાંકળચંદ શેઠનું વધુ મહત્વ આર. પુષ્પમ પર આધાર રાખીને કાઢવામાં આવેલા તે નિષ્કર્ષમાં રહેલું છે કે અર્થપૂર્ણ વિચાર-વિમર્શ માટે, બંને પક્ષકારો પાસે વિચારણા માટે સંપૂર્ણ અને સમાન તથ્યો હોવા આવશ્યક છે. એવું કહેવામાં આવ્યું હતું:

"'વિચાર-વિમર્શ' શબ્દ બે કે તેથી વધુ વ્યક્તિઓની પરિષદ અથવા કોઈ વિષયના સંદર્ભમાં બે કે તેથી વધુ મનોમસ્તિષ્કના પ્રભાવને સૂચવે છે જેથી તેઓ સાચો, અથવા ઓછામાં ઓછો, સંતોષકારક ઉકેલ વિકસાવવા

સક્ષમ બને". તે બે મનોમસ્તિષ્કો વિચાર-વિમર્શ કરવા અને પરસ્પર પ્રભાવ ઉત્પન્ન કરવા સક્ષમ બને તે માટે, એ આવશ્યક છે કે પ્રત્યેક પાસે પોતાની વિચારણા માટે સંપૂર્ણ અને સમાન તથ્યો હોવા જોઈએ, જે એકસાથે આખરી નિર્ણયનો સ્ત્રોત અને પાયો બંને બની શકે."૧૪૨

૧૫૧. આ મત ફર્સ્ટ જજીસ કેસમાં ન્યાયમૂર્તિ ભગવતી,૧૪૩ ન્યાયમૂર્તિ ફઝલ અલી,૧૪૪ ન્યાયમૂર્તિ વી.ડી. તુળઝાપુરકર૧૪૫ અને ન્યાયમૂર્તિ ડી.એ. દેસાઈ૧૪૬ દ્વારા સ્વીકારવામાં આવ્યો હતો. તે સેકન્ડ જજીસ કેસમાં ન્યાયમૂર્તિ પાંડિયન૧૪૭ દ્વારા પણ સ્વીકારવામાં આવ્યો હતો.

મેમોરેન્ડમ ઓફ પ્રોસિજર- ૩૦.૬.૧૯૯૯

૧૫૨. સેકન્ડ જજીસ કેસ અને થર્ડ જજીસ કેસમાં આપવામાં આવેલા નિર્ણય અને અભિપ્રાયના અનુસંધાનમાં, ભારત સરકારના કાયદા મંત્રીએ સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂક માટે એક મેમોરેન્ડમ ઓફ પ્રોસિજર ઘડ્યું અને તૈયાર કર્યું

"' ફકરો ૧૧૫ ૧૪૧ ફકરો ૧૧૫ ૧૪૨ ફકરો ૩૯ ૧૪૩ ફકરો ૩૦ ૧૪૪ ફકરા ૫૬૩, ૫૬૪ અને ૫૬૯

૧" ફકરા ૬૩૨ અને ૬૬૩

૧૪૦ ફકરા ૮૪૮ અને ૮૪૯

૧૪૭ ફકરા ૧૨૯ થી ૧૩૩ અને ૧૬૪ અને બીજું હાઇકોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂક માટે. આ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે શેર કરવામાં આવ્યા હતા. ભારતના ક્રમિક મુખ્ય ન્યાયમૂર્તિઓ પૈકી કોઈએ પણ આ પૈકીના કોઈપણ મેમોરેન્ડમ અંગે ફરિયાદ કે ટીકા કરી નથી અથવા તેના પર પ્રતિકૂળ ટિપ્પણી કરી નથી, અથવા ઓછામાં ઓછું

અમને આવી કોઈ ફરિયાદ કે વાંધા વિશે જણાવવામાં આવ્યું નથી. ભારત સરકારના કોઈપણ અનુગામી કાયદા મંત્રી સહિત કોઈએ પણ એવી ફરિયાદ કરી નથી કે આ મેમોરેન્ડમ બિનઅમલી હતા અથવા ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં કોઈ અવરોધ કે વિલંબ ઊભો કર્યો હતો અથવા ઉપર ઉલ્લેખિત બે નિર્ણયોમાં આ કોર્ટના મંતવ્યોને યોગ્ય રીતે પ્રતિબિંબિત કરતા ન હતા અથવા તે શબ્દશઃ કે ભાવનાની દ્રષ્ટિએ અથવા અન્યથા પણ બંધારણની કોઈપણ જોગવાઈ સાથે સુસંગત ન હતા, અથવા ઓછામાં ઓછું અમને આવી કોઈ મર્યાદા વિશે જણાવવામાં આવ્યું નથી. આ મેમોરેન્ડમ કાર્યરત રહ્યા અને

તે પછી ઉચ્ચ ન્યાયતંત્રમાં કરવામાં આવેલી ન્યાયમૂર્તિઓની નિમણૂક તેમની સાથે સુસંગત રહીને કરવામાં આવી છે. કોઈપણ મેમોરેન્ડમ ઓફ પ્રોસિજરને અસરકારક રીતે અમલમાં મૂકવાની અસમર્થતા વિશે કોઈએ ફરિયાદ કરી નથી.

૧૫૩. જાહેર હિતમાં તેમજ પારદર્શિતાના કારણોસર ન્યાયમૂર્તિઓની નિમણૂકની પ્રક્રિયાનો ઉલ્લેખ કરવા માટે શ્રી ફલી એસ. નરીમન દ્વારા અમને

વિનંતી કરવામાં આવી હતી. સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂક માટેના મેમોરેન્ડમ ઓફ પ્રોસિજર ભારત સરકારના ન્યાય વિભાગની વેબસાઇટ પર ઉપલબ્ધ છે૧૪૮ અને તેથી આ પ્રક્રિયાનો વિગતવાર ઉલ્લેખ કરવો જરૂરી નથી. આવા જ મેમોરેન્ડમનો સંદર્ભ સેકન્ડ જજીસ કેસમાં ન્યાયમૂર્તિ પાંડિયન૧૪૯ દ્વારા આપવામાં આવ્યો છે.

૧૫૪. આ મેમોરેન્ડમનું વાંચન સ્પષ્ટ કરે છે કે હાઇકોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂકની ભલામણ કરતી દરખાસ્ત હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા શરૂ કરવામાં આવશે. જોકે, જો મુખ્યમંત્રી ભલામણ કરવાની ઇચ્છા રાખે

૧૪૮ http://doj.gov.in/sites/default/files/memohc.pdf (હાઇકોર્ટના ન્યાયમૂર્તિઓ માટે) http://doj.gov.in/sites/default/files/memosc.pdf (સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓ માટે) ૧૪૯ ફકરો ૯૬ અને ૯૭ કોઈ વ્યક્તિના નામની, તો તેમણે તે નામ મુખ્ય ન્યાયમૂર્તિને તેમની વિચારણા માટે આગળ મોકલવું જોઈએ. જોકે તે સ્પષ્ટપણે દર્શાવવામાં આવ્યું નથી, છતાં તે ગર્ભિત છે કે મુખ્ય ન્યાયમૂર્તિ મુખ્યમંત્રીના સૂચનને સ્વીકારવા માટે બંધાયેલા નથી.

૧૫૫. એ પણ નોંધવું અર્થપૂર્ણ અને મહત્ત્વપૂર્ણ છે કે મેમોરેન્ડામાં, સુપ્રિમ કોર્ટમાં નિમણૂક કરવા માટે કોલેજિયમના ન્યાયમૂર્તિઓ દ્વારા 'બિન-ન્યાયમૂર્તિઓ' સાથે વિચાર-વિમર્શ કરવાની કલ્પના કરવામાં આવી છે અને હાઇકોર્ટમાં નિમણૂક કરવા માટે તેના પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો નથી. એટલે કે, હાઇકોર્ટ અથવા સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક માટે કોઈ વ્યક્તિની

યોગ્યતા કે અન્યથા બાબતે માહિતગાર નિર્ણય લેવા માટે કાયદાકીય વ્યવસાય સાથે સંકળાયેલી અથવા અન્યથા કોઈપણ વ્યક્તિનો અભિપ્રાય લેવાથી 'કોલેજિયમના ન્યાયમૂર્તિ' પ્રતિબંધિત નથી. આ બાબત અજાણી નથી તે એક ઇન્ટરવ્યુમાં ન્યાયમૂર્તિ વર્માના સ્પષ્ટ નિવેદન પરથી સ્પષ્ટ થાય છે કે:

> "સુપ્રિમ કોર્ટની દરેક નિમણૂક માટે, મેં ફાલી એસ. નરીમન અને શાંતિ ભૂષણ જેવા વરિષ્ઠ વકીલો સાથે વિચાર-વિમર્શ કર્યો હતો. હું પાંચ કે છ ટોચના વકીલો સાથે વિચાર-વિમર્શ કરતો હતો. હું મધ્યમ સ્તરના વકીલો સાથે પણ વિચાર-વિમર્શ કરતો હતો. હાઇકોર્ટોના કિસ્સામાં પણ આવો જ વિચાર-વિમર્શ થયો હતો. મેં દરેક વિચાર-વિમર્શની વિગતો નોંધી રાખી હતી. હું ઇચ્છું છું કે મારો તમામ પત્રવ્યવહાર જાહેર કરવામાં આવે."

૧૫૬. તેથી, ન્યાયમૂર્તિઓની નિમણૂકની પદ્ધતિના વિકાસ દરમિયાન ચાર જાળાં દૂર કરવામાં આવ્યા હતા. તેઓ હતા: (૧) રાષ્ટ્રપતિની ભૂમિકા - ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં પણ તેઓ મંત્રી પરિષદની સલાહ પર કાર્ય કરે તેવી અપેક્ષા રાખવામાં આવી હતી; (૨) હાઇકોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂક માટેની પ્રારંભિક ભલામણ હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ તરફથી અને સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂક માટેની પ્રારંભિક ભલામણ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ તરફથી શરૂ થવાની હતી; (૩) રાષ્ટ્રપતિ અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ વચ્ચેનો વિચાર-વિમર્શ એ એક સંકલિત સહભાગી પ્રક્રિયા છે જેના પરિણામે અમુક સંજોગોમાં ન્યાયમૂર્તિની નિમણૂકમાં રાષ્ટ્રપતિનો આખરી નિર્ણય હોય છે અને

અમુક સંજોગોમાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિનો (તેમના દ્વારા વિચાર-વિમર્શ કરાયેલા અન્ય ન્યાયમૂર્તિઓ સાથે વિચાર-વિમર્શ કરીને અને તેમના સર્વાનુમત અભિપ્રાય પર) આખરી નિર્ણય હોય છે; અને (૪) યુનિયન ઓફ ઇન્ડિયાએ થર્ડ જજીસ કેસમાં કોઈપણ ખચકાટ વિના આ દરખાસ્તોનો સ્વીકાર કર્યો હતો. બંધારણમાં સુધારાઓ

૧૫૭. ન્યાયમૂર્તિઓની નિમણૂક અંગેના ન્યાયિક વિમર્શ ઉપરાંત, સંસદમાં પણ ચર્ચાઓનો તેનો હિસ્સો રહ્યો છે. ચાર જેટલા પ્રસંગોએ, સુધારો કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો

સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટોના ન્યાયમૂર્તિઓની નિમણૂકની પ્રક્રિયાના સંબંધમાં બંધારણમાં. આ પ્રસ્તાવિત સુધારાઓ નીચે ધ્યાને લેવામાં આવ્યા છે.

(એ) ધ કોન્સ્ટીટ્યુશન (સિક્સટી-સેવન્થ એમેન્ડમેન્ટ) બિલ, ૧૯૯૦

૧૫૮. ધ કોન્સ્ટીટ્યુશન (સિક્સટી-સેવન્થ એમેન્ડમેન્ટ) બિલ, ૧૯૯૦ લોકસભામાં ૧૮મી મે, ૧૯૯૦ ના રોજ રજૂ કરવામાં આવ્યું હતું અને તેમાં એક નેશનલ જ્યુડિશિયલ કમિશન (ટૂંકમાં એનજેસી) ની સ્થાપના કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો, જોકે તે એલસીઆઈની ભલામણોને અનુરૂપ ન હતું. એનજેસીની રચના સંબંધિત વિષયવસ્તુ અનુસાર બદલાવાની હતી, એટલે કે, સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂક અથવા હાઇકોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂક.

૧૫૯. સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂક માટે, બંધારણના પ્રસ્તાવિત અનુચ્છેદ ૩૦૭A અનુસાર, એનજેસીમાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ પછી વરિષ્ઠતા ધરાવતા સુપ્રિમ કોર્ટના અન્ય બે ન્યાયમૂર્તિઓનો સમાવેશ થવાનો હતો. હાઇકોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂક માટે, એનજેસીમાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ, સંબંધિત રાજ્યના મુખ્યમંત્રી અથવા રાજ્યપાલ (જેવી સ્થિતિ હોય તે મુજબ), ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ પછી વરિષ્ઠતા ધરાવતા સુપ્રિમ કોર્ટના અન્ય એક ન્યાયમૂર્તિ, હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ અને હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ પછી વરિષ્ઠતા ધરાવતા હાઇકોર્ટના ન્યાયમૂર્તિનો સમાવેશ થવાનો હતો. ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અથવા હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિની નિમણૂક માટે કોઈ જોગવાઈ ન હતી.

૧૬૦. એનજેસીના કામકાજના સંચાલન માટેની પ્રક્રિયા ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર-વિમર્શ કરીને રાષ્ટ્રપતિ દ્વારા નક્કી કરવામાં આવનાર હતી અને તે સંસદ દ્વારા ઘડવામાં આવેલા કોઈપણ કાયદાને આધીન હતી.

૧૬૧. સુધારા અધિનિયમમાં એવી જોગવાઈ પણ કરવામાં આવી હતી કે જો એનજેસીની ભલામણ સ્વીકારવામાં ન આવે, તો તેના કારણો લેખિતમાં નોંધવામાં આવશે.

૧૬૨. એરિયર્સ કમિટી દ્વારા આ બિલની (અંશતઃ) ટીકા કરવામાં આવી હતી, જેણે જણાવ્યું હતું કે:

"કમિટી અલગ-અલગ પંચો માટે કોઈ તર્ક કે ઔચિત્ય શોધવામાં અસમર્થ છે .... પંચની રચનાના ઉદ્દેશ્યો અને કારણોને ધ્યાનમાં રાખતાં, એટલે કે, હાઇકોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂક અને બદલીની બાબતમાં કારોબારીની મનસ્વીતાની ટીકાને નિવારવા અને નિમણૂકો કરવામાં વિલંબ અટકાવવા માટે, મુખ્યમંત્રી મારફતે કારોબારીનું પંચમાં હોવા માટે કોઈ ઔચિત્ય નથી. વર્તમાન વ્યવસ્થાની કામગીરીને દૂષિત કરનારા કારોબારી હસ્તક્ષેપના દૂષણને દૂર કરવાને બદલે, ભલામણ કરતી સંસ્થામાં મુખ્યમંત્રીની ઉપસ્થિતિ વાસ્તવમાં તેમને માત્ર પરામર્શ લેવાતી વ્યક્તિના દરજ્જામાંથી ભલામણ કરતી સંસ્થાની પસંદગી પ્રક્રિયામાં સમાન સહભાગીના સ્થાને પહોંચાડે છે. જ્યારે ઉમેદવારોની ગુણવત્તા, ક્ષમતા, સક્ષમતા, પ્રામાણિકતા અને નિમણૂક માટેની યોગ્યતા અંગે કોઈ અભિપ્રાય આપવા માટે મુખ્યમંત્રી સજ્જ નથી ત્યારે તેમને સમાન પક્ષકાર બનાવીને, કારોબારી હસ્તક્ષેપનો વ્યાપ વધારવામાં આવે છે."૧૫૦

૧૬૩. મે, ૧૯૯૧ માં લોકસભાનું વિસર્જન થવાના કારણે આ બિલ વિચારણા માટે હાથ ધરવામાં આવ્યું ન હતું.

૧૫૦ ફકરો ૭.૮

(બી) ધ કોન્સ્ટીટ્યુશન (નાઇન્ટી-એઇથ એમેન્ડમેન્ટ) બિલ, ૨૦૦૩

૧૬૪. ૨૨મી ફેબ્રુઆરી, ૨૦૦૦ ના રોજ - (સુધારેલા) મેમોરેન્ડમ ઓફ પ્રોસિજર જારી થયાના માંડ ૮ મહિના પછી જેનો ઉપર ઉલ્લેખ કરવામાં આવ્યો છે - ભારત સરકારે ઉચ્ચ ન્યાયતંત્રના ન્યાયમૂર્તિઓની નિમણૂકની પ્રક્રિયા સહિત, નેશનલ કમિશન ટુ રિવ્યુ ધ વર્કિંગ ઓફ ધ કોન્સ્ટીટ્યુશન (ટૂંકમાં એનસીઆરડબલ્યુસી) ની સ્થાપના કરતી એક અધિસૂચના બહાર પાડી. એનસીઆરડબલ્યુસી ની સંદર્ભ શરતો નીચે મુજબ હતી:

> "આ કમિશન, છેલ્લા ૫૦ વર્ષોના અનુભવના સંદર્ભમાં, સંસદીય લોકશાહીના માળખાની અંદર આધુનિક ભારતના સામાજિક-આર્થિક વિકાસ અને શાસનની કાર્યક્ષમ, સુગમ અને અસરકારક વ્યવસ્થાની બદલાતી જરૂરિયાતોને બંધારણ કેવી રીતે શ્રેષ્ઠ રીતે પ્રતિસાદ આપી શકે તેની તપાસ કરશે અને તેના મૂળભૂત માળખા કે લક્ષણો સાથે છેડછાડ કર્યા વિના બંધારણની જોગવાઈઓમાં જરૂરી હોય તેવા ફેરફારો, જો કોઈ હોય તો, તેની ભલામણ કરશે."

૧૬૫. ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૦૧ ના રોજ એનસીઆરડબલ્યુસી ની એક એડવાઇઝરી પેનલે ઉચ્ચ ન્યાયતંત્ર પર એક કન્સલ્ટેશન પેપર જારી કર્યું.૧૫૧ આ પેપરમાં સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટોના ન્યાયમૂર્તિઓની નિમણૂકની પ્રક્રિયા, ન્યાયમૂર્તિઓની નિવૃત્તિ વય, હાઇકોર્ટોના ન્યાયમૂર્તિઓની બદલી અને કોઈ ન્યાયમૂર્તિના 'વિચલિત' આચરણ સામે કામ લેવા તેમજ તેમને હોદ્દા પરથી દૂર કરવા માટેની પ્રક્રિયા અંગે વિચારણા કરવામાં આવી હતી.

૧૬૬. ઉચ્ચ ન્યાયતંત્રના ન્યાયમૂર્તિઓની નિમણૂકના સંદર્ભમાં, આ પેપરનો ફકરો ૮.૨૦ મહત્ત્વપૂર્ણ છે કારણ કે તે ગર્ભિત રીતે સ્વીકારે છે કે વર્ષો દરમિયાન વિકસિત થયેલી પ્રક્રિયા, ખાસ કરીને સેકન્ડ જજીસ કેસ

૧૫૧ આ કન્સલ્ટેશન પેપર કાયદા મંત્રાલયની વેબસાઇટ પર મળી શકે છે. આ ૨જી મે, ૨૦૧૫ ના રોજ જોવામાં આવ્યું હતું: http://lawmin.nic.in/ncrwc/finalreport/v૨b૧-૧૪.htm અને થર્ડ જજીસ કેસના પરિણામે, તદ્દન સંતોષકારક હતી. ફકરો ૮.૨૦ નીચે મુજબ વંચાય છે:

> "૮.૨૦ સ્કોરા એસસીએઓઆરએ ના ચુકાદા દ્વારા ૬૭મો સુધારો બિલનો હેતુ સિદ્ધ થયો: વિવિધ સંસ્થાઓ, સમિતિઓ અને સંગઠનો દ્વારા સૂચવવામાં આવેલી નિમણૂકની (સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટોમાં) કેટલીક પદ્ધતિઓ અમે ઉપર દર્શાવી છે. અમે સ્કોરા એસસીએઓઆરએ ૧૫૨ માં સુપ્રિમ કોર્ટના ૧૯૯૩ ના નિર્ણય દ્વારા અને અનુચ્છેદ ૧૪૩ હેઠળ આપવામાં આવેલા ૧૯૯૮ ના અભિપ્રાય દ્વારા ઘડવામાં આવેલી નિમણૂકની પદ્ધતિ અને પ્રક્રિયા પણ દર્શાવી છે. તે પરથી સ્પષ્ટ થશે કે ૧૯૯૩ નો નિર્ણય, અલબત્ત તેને 'નેશનલ જ્યુડિશિયલ કમિશન' કહ્યા વિના, અને સદર એમેન્ડમેન્ટ બિલ દ્વારા સૂચવ્યા મુજબ બંધારણમાં સુધારો કરવાની આવશ્યકતા વિના, ધ કોન્સ્ટીટ્યુશન (સિક્સટી–સેવન્થ એમેન્ડમેન્ટ) બિલના સારતત્વને અમલમાં મૂકે છે. વાસ્તવમાં, તે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને તેમના સાથીઓની ભલામણો રાષ્ટ્રપતિ

પર બંધનકર્તા બનાવીને એમેન્ડમેન્ટ બિલના મૂળભૂત હેતુને આગળ ધપાવે છે. ૧૯૯૮ નો અભિપ્રાય ખરેખર 'કોલેજિયમ' નો વિસ્તાર કરે છે. આ અર્થમાં, વ્યાપક રીતે કહીએ તો, અનુચ્છેદ ૧૨૪(૨) ના પરંતુક અને તેની સાથે જોડાયેલી સ્પષ્ટતા દ્વારા દર્શાવવામાં આવેલ સદર એમેન્ડમેન્ટ બિલનો હેતુ સિદ્ધ થાય છે. આ નિર્ણયો દ્વારા વિકસાવવામાં આવેલી નિમણૂકની પદ્ધતિને વાસ્તવમાં કેટલાક ન્યાયશાસ્ત્રીઓ દ્વારા બિરદાવવામાં આવી છે અને તેને યુ.કે. તથા અન્ય દેશો દ્વારા અનુકરણ કરવા યોગ્ય દાખલા તરીકે રજૂ કરવામાં આવી છે. (જુઓ ઉપર ટાંકવામાં આવેલ હાઉસ ઓફ લોર્ડ્સના સભ્ય લોર્ડ ટેમ્પલમેનનો અભિપ્રાય.) સદર નિર્ણયો એવો સિદ્ધાંત પ્રસ્થાપિત કરે છે કે અનુચ્છેદો ૧૨૪ અને ૨૧૭ દ્વારા વિચારવામાં આવેલ "વિચાર–વિમર્શ" વાસ્તવિક અને અસરકારક વિચાર–વિમર્શ હોવો જોઈએ અને ન્યાયતંત્રની સ્વતંત્રતાના ખ્યાલને ધ્યાનમાં રાખીને, જે બંધારણનું એક મૂળભૂત લક્ષણ છે, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ

૧૫૨ સેકન્ડ જજીસ કેસ (પોતાના સાથીઓ સાથે વિચાર-વિમર્શ કર્યા પછી) દ્વારા આપવામાં આવેલ અભિપ્રાય કારોબારી પર બંધનકર્તા રહેશે. બાબતના આ પરિપ્રેક્ષ્યમાં, નેશનલ જ્યુડિશિયલ કમિશન (એન.જે.સી.) પાસેથી મોટાભાગની અપેક્ષાઓ પૂર્ણ થઈ ગઈ છે. એવું જણાય છે કે, સદર બંધારણ સુધારા બિલ તમામ રાજકીય પક્ષો અને અન્ય હિતધારકો સાથે વ્યાપક અને વિસ્તૃત વિચાર-વિમર્શ પછી તૈયાર કરવામાં આવ્યું હતું. જોકે,

શિસ્ત સંબંધી અધિકારક્ષેત્રનું પાસું અનુત્તરિત રહે છે. તેમ છતાં, આપણે એન.જે.સી. ની એક એવી વિભાવના પર ચર્ચા કરી શકીએ છીએ જે નિમણૂકો અને શિસ્ત બંને બાબતોને આવરી શકે."

૧૬૭. આ પેપરે સ્વીકાર્યું હતું કે સેકન્ડ જજીસ કેસ અને થર્ડ જજીસ કેસે 'વ્યાપક રીતે કહીએ તો' ધ કોન્સ્ટીટ્યુશન (સિક્સટી-સેવન્થ એમેન્ડમેન્ટ) બિલનો હેતુ સિદ્ધ કર્યો હતો અને 'નેશનલ જ્યુડિશિયલ કમિશન (એન.જે.સી.) પાસેથી મોટાભાગની અપેક્ષાઓ પૂર્ણ થઈ ગઈ છે.' અપેક્ષાઓમાં રહેલી ખામીઓ શિસ્ત વિષયક અધિકારક્ષેત્ર સિવાય આ પેપરમાં સ્પષ્ટ કરવામાં આવી ન હતી, જે પ્રશ્ન સેકન્ડ જજીસ કેસ અથવા થર્ડ જજીસ કેસમાં ઉપસ્થિત થયો ન હતો અને તેમાં હાથ ધરવામાં આવ્યો ન હતો. જોકે, એ નોંધવું મહત્ત્વપૂર્ણ છે કે તટસ્થ ન્યાયશાસ્ત્રી લોર્ડ ટેમ્પલમેન, જેઓ હાઉસ ઓફ લોર્ડ્સના સભ્ય હતા, તેમનો એવો મત હતો કે ભારતમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની પદ્ધતિનું ઇંગ્લેન્ડમાં પણ અનુસરણ થવું જોઈએ. તેમના ઉપરાંત, આ નિર્ણયો દ્વારા નિર્ધારિત કરવામાં આવેલી ન્યાયમૂર્તિઓની નિમણૂકની પદ્ધતિને 'કેટલાક ન્યાયશાસ્ત્રીઓ દ્વારા બિરદાવવામાં આવી છે અને અનુકરણ કરવા યોગ્ય દાખલા તરીકે રજૂ કરવામાં આવી છે'.

૧૬૮. ગમે તે હોય, એનસીઆરડબલ્યુસી એ ૩૧મી માર્ચ, ૨૦૦૨ ના રોજ પોતાનો અહેવાલ વડાપ્રધાનને સુપરત કર્યો. ન્યાયતંત્રને લગતા અહેવાલના પ્રકરણ ૭ માં, એનસીઆરડબલ્યુસી એ તેના ફકરા ૭.૩.૭ માં એક નેશનલ

જ્યુડિશિયલ કમિશન (ટૂંકમાં એનજેસી) ની સ્થાપના કરવાની ભલામણ કરી હતી. એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે 'ન્યાયમૂર્તિઓની નિમણૂકની વ્યવસ્થા માટે એક સંકલિત યોજના તરીકે રાજ્યના કારોબારી અને ન્યાયિક બંને અંગોની અસરકારક સહભાગિતા' માટે આવું પંચ આવશ્યક હતું,

સેકન્ડ જજીસ કેસ અને થર્ડ જજીસ કેસમાં આ કોર્ટ દ્વારા સૂચવવામાં આવેલી સંકલિત સહભાગી વિચાર-વિમર્શ પ્રક્રિયાને અનુરૂપ. એનસીઆરડબલ્યુસી એ આ મુજબ જણાવ્યું હતું:

> "ન્યાયમૂર્તિઓની નિમણૂકની પદ્ધતિ સંબંધિત બાબત પર એક દાયકાથી વધુ સમય સુધી ચર્ચા કરવામાં આવી હતી. સુપ્રિમ કોર્ટ અને વિવિધ હાઇકોર્ટોમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની ભલામણ કરવા માટે નેશનલ જ્યુડિશિયલ કમિશનના સંસ્થાકીય માળખાની જોગવાઈ કરતું ધ કોન્સ્ટીટ્યુશન (સિક્સટી-સેવન્થ એમેન્ડમેન્ટ) બિલ, ૧૯૯૦ એ ૧૮ મે, ૧૯૯૦ ના રોજ (૯મી લોકસભા) રજૂ કરવામાં આવ્યું હતું. વધુમાં, એવું જણાય છે કે તાજેતરમાં સમગ્ર વિશ્વમાં આ કાર્યને કારોબારીના વિશિષ્ટ આદેશથી દૂર ખસેડવા અને એવા કોઈ સંસ્થાકીય માળખાને સામેલ કરવા માટે એક ચળવળ ચાલી રહી છે કે જેના હેઠળ આવી નિમણૂકો કરતાં પહેલાં કોઇક સ્તરે ન્યાયતંત્ર સાથે વિચાર-વિમર્શ કરવાની જોગવાઈ કરવામાં આવી હોય. જાપાન, ઇઝરાયેલ અને યુકેમાં કોઈને કોઈ સ્વરૂપે વિચાર-વિમર્શની પદ્ધતિ પહેલેથી જ ઉપલબ્ધ છે. ધ કોન્સ્ટીટ્યુશન

(સિક્સટી-સેવન્થ એમેન્ડમેન્ટ) બિલ, ૧૯૯૦ માં સુપ્રિમ કોર્ટમાં નિમણૂક કરવા માટે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને સુપ્રિમ કોર્ટના અન્ય બે ન્યાયમૂર્તિઓના કોલેજિયમની જોગવાઈ કરવામાં આવી હતી. જોકે, આવી ભલામણો કરવામાં કારોબારી અને ન્યાયતંત્ર બંનેની સહભાગિતા સાથે સહભાગી પદ્ધતિ હોવી યોગ્ય રહેશે. આ કમિશન કોલેજિયમની એવી રચનાની દરખાસ્ત કરે છે કે જે ન્યાયમૂર્તિઓની નિમણૂકની વ્યવસ્થા માટે એક સંકલિત યોજના તરીકે રાજ્યના કારોબારી અને ન્યાયિક બંને અંગોની અસરકારક સહભાગિતાને યોગ્ય મહત્વ આપે છે અને તેની જોગવાઈ કરે છે. તદનુસાર, આ કમિશન બંધારણ હેઠળ નેશનલ જ્યુડિશિયલ કમિશનની સ્થાપના કરવાની ભલામણ કરે છે.

સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂક માટેનું નેશનલ જ્યુડિશિયલ કમિશન નીચે મુજબનું બનેલું રહેશે:

(૧) ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ: અધ્યક્ષ

(૨) સુપ્રિમ કોર્ટના બે સૌથી વરિષ્ઠ

ન્યાયમૂર્તિઓ: સભ્ય

(૩) કાયદા અને ન્યાયના કેન્દ્રીય મંત્રી: સભ્ય

(૪) ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર-વિમર્શ કર્યા પછી રાષ્ટ્રપતિ દ્વારા નામાંકિત એક પ્રતિષ્ઠિત વ્યક્તિ: સભ્ય

ન્યાયતંત્રની સ્વતંત્રતા જાળવવાની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને નેશનલ જ્યુડિશિયલ કમિશનની સ્થાપના માટેની ભલામણ અને તેની રચનાને અભિન્ન ગણવાની રહેશે."૧૫૩

૧૬૯. એનસીઆરડબલ્યુસીની ભલામણોને અનુસરીને, ધ કોન્સ્ટીટ્યુશન (નાઇન્ટી-એઇથ એમેન્ડમેન્ટ) બિલ, ૨૦૦૩ સંસદમાં ૮ મે, ૨૦૦૩ ના રોજ અથવા તેની આસપાસ રજૂ કરવામાં આવ્યું હતું. સદર બિલના હેતુઓ અને કારણોના કથનમાં અન્ય બાબતોની સાથોસાથ જણાવવામાં આવ્યું છે કે ભારત સરકાર સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓ, હાઇકોર્ટોના મુખ્ય ન્યાયમૂર્તિઓ અને ન્યાયમૂર્તિઓની નિમણૂક તેમજ તેમની બદલી માટે એનજેસીની સ્થાપના કરવા માટે પ્રતિબદ્ધ છે જેથી સરકારના કારોબારી અને ન્યાયિક બંને અંગોની અસરકારક સહભાગિતા પૂરી પાડી શકાય. તેમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે એનસીઆરડબલ્યુસીએ પણ આ બાબત પર વિચારણા કરી હતી અને એનજેસીની સ્થાપના કરવાની ભલામણ કરી હતી.

૧૭૦. હેતુઓ અને કારણોનું કથન એનજેસીની રચનાનો ઉલ્લેખ કરે છે અને જ્યારે એનસીઆરડબલ્યુસીએ ભારતના મુખ્ય

ન્યાયમૂર્તિ સાથે વિચાર-વિમર્શ કર્યા પછી ભારતના રાષ્ટ્રપતિ દ્વારા એનજેસીમાં એક પ્રતિષ્ઠિત વ્યક્તિના નામાંકનની ભલામણ કરી હતી, ત્યારે ધ કોન્સ્ટીટ્યુશન (નાઇન્ટી-એઇથ એમેન્ડમેન્ટ) બિલ દ્વારા આ ભલામણમાં ફેરફાર કરવામાં આવ્યો હતો અને એવી દરખાસ્ત કરવામાં આવી હતી કે ભારતના વડા

પ્રધાન સાથે વિચાર-વિમર્શ કરીને ભારતના રાષ્ટ્રપતિ દ્વારા એક પ્રતિષ્ઠિત નાગરિકને

૧૫૩ ફકરો ૭.૩.૭ ત્રણ વર્ષના સમયગાળા માટે નામાંકિત કરવામાં આવે.

૧૭૧. ધ કોન્સ્ટીટ્યુશન (નાઈન્ટી-એઇથ એમેન્ડમેન્ટ) બિલ દ્વારા બંધારણમાં પ્રકરણ ૪એ દાખલ કરવાની દરખાસ્ત કરવામાં આવી હતી જેમાં માત્ર એક અનુચ્છેદ એટલે કે અનુચ્છેદ ૧૪૭એ નો સમાવેશ થતો હતો. આ અનુચ્છેદ હેતુઓ અને કારણોના કથનની શરતો અનુસાર એનજેસીની સ્થાપના સંબંધિત હતો.

૧૭૨. માર્ચ ૨૦૦૪ માં લોકસભાનું વિસર્જન થવાને કારણે અને સામાન્ય ચૂંટણીઓની જાહેરાત થવાને કારણે આ બિલ સંસદના કોઈપણ ગૃહમાં પસાર થઈ શક્યું ન હતું. (સી) ધ કોન્સ્ટીટ્યુશન (વન હન્ડ્રેડ એન્ડ ટ્વેન્ટિએથ એમેન્ડમેન્ટ) બિલ, ૨૦૧૩

૧૭૩. ઉચ્ચ ન્યાયતંત્રના ન્યાયમૂર્તિઓની નિમણૂકના હેતુઓ માટે બંધારણમાં સુધારો કરવાનો ત્રીજો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ પ્રયાસ ૨૪ ઓગસ્ટ, ૨૦૧૩ ના રોજ રાજ્યસભામાં રજૂ કરવામાં આવેલા ધ કોન્સ્ટીટ્યુશન (વન હન્ડ્રેડ એન્ડ ટ્વેન્ટિએથ એમેન્ડમેન્ટ) બિલ, ૨૦૧૩ ની રજૂઆત દ્વારા કરવામાં આવ્યો હતો.

૧૭૪. સદર બિલના હેતુઓ અને કારણોના કથનમાં સેકન્ડ જજીસ કેસ અને થર્ડ જજીસ કેસ તેમજ મેમોરેન્ડમ ઓફ પ્રોસિજરનો સંદર્ભ આપવામાં આવ્યો હતો. તેમાં એવો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે આ મેમોરેન્ડમ ઉચ્ચ ન્યાયતંત્રના ન્યાયમૂર્તિઓની નિમણૂકની સત્તા ન્યાયતંત્રને ખુદને પ્રદાન કરે છે.૧૫૪ તેમાં વધુમાં જણાવવામાં આવ્યું હતું કે આ કોર્ટના ચુકાદાઓ અને સંબંધિત બંધારણીય જોગવાઈઓની સમીક્ષા કર્યા પછી, ન્યાયમૂર્તિઓની પસંદગી માટે ભલામણો કરવા માટે એક વ્યાપક આધાર ધરાવતું ન્યાયિક નિમણૂક પંચ સ્થાપિત કરી શકાય છે. આ પંચ પસંદગી પ્રક્રિયામાં પારદર્શિતા લાવવાની સાથોસાથ સહભાગીઓને જવાબદાર બનાવવા અને પોતાનો દ્રષ્ટિકોણ રજૂ કરવા માટે કારોબારી તેમજ ન્યાયતંત્રને અર્થપૂર્ણ ભૂમિકા પૂરી પાડશે. હેતુઓ અને કારણોના કથનમાં એવો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે પ્રસ્તાવિત બિલ ન્યાયતંત્ર

૧૫૪ આ હકીકતની દ્રષ્ટિએ ખોટું છે. મેમોરેન્ડમ કાયદા મંત્રી દ્વારા તૈયાર કરવામાં આવ્યું હતું અને તેણે ન્યાયતંત્રને કોઈ સત્તા પ્રદાન કરી ન હતી.

અને કારોબારીની ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં સમાન સહભાગિતા સક્ષમ બનાવશે અને આ પ્રણાલીને વધુ જવાબદાર બનાવશે અને તેનાથી ન્યાયતંત્રમાં જનતાનો વિશ્વાસ વધારશે.

૧૭૫. ધ કોન્સ્ટીટ્યુશન (વન હન્ડ્રેડ એન્ડ ટ્વેન્ટિએથ એમેન્ડમેન્ટ) બિલ દ્વારા નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન (ટૂંકમાં એનજેએસી) તરીકે

ઓળખાતા એક કમિશનની સ્થાપના કરતો અનુચ્છેદ ૧૨૪એ બંધારણમાં દાખલ કરવાની દરખાસ્ત કરવામાં આવી હતી. એનજેએસીની રચના, તેના અધ્યક્ષ અને સભ્યોની નિમણૂક, તેમની લાયકાતો, સેવાની શરતો, કાર્યકાળ, કાર્યો અને પ્રક્રિયા તેમજ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ, સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓ, હાઇકોર્ટોના મુખ્ય ન્યાયમૂર્તિઓ અને અન્ય ન્યાયમૂર્તિઓ તરીકે નિમણૂક માટે વ્યક્તિઓની પસંદગીની પદ્ધતિ સંસદ દ્વારા ઘડવામાં આવેલા કાયદા દ્વારા પૂરી પાડવાની હતી.

૧૭૬. ધ કોન્સ્ટીટ્યુશન (વન હન્ડ્રેડ એન્ડ ટ્વેન્ટિએથ એમેન્ડમેન્ટ) બિલ રાજ્યસભા દ્વારા ૫ સપ્ટેમ્બર, ૨૦૧૩ ના રોજ પસાર કરવામાં આવ્યું હતું પરંતુ સદર બિલ લોકસભાને મોકલી શકાય તે પહેલાં જ મે ૨૦૧૪ માં લોકસભાનું વિસર્જન થઈ ગયું અને સામાન્ય ચૂંટણીઓની જાહેરાત થઈ ગઈ.

૧૭૭. આશ્ચર્યજનક રીતે, હેતુઓ અને કારણોના કથનમાં એ હકીકતને સંપૂર્ણપણે અવગણવામાં આવી હતી કે 'ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં ન્યાયતંત્ર અને કારોબારીની સમાન સહભાગિતા' પહેલેથી જ અસ્તિત્વમાં હતી. સેકન્ડ જજીસ કેસમાં સ્પષ્ટપણે, પ્રત્યક્ષ રીતે અને અસંદિગ્ધપણે જણાવવામાં આવ્યું હતું કે:

> "સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટોમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની પ્રક્રિયા એ નિમણૂક માટે ઉપલબ્ધ શ્રેષ્ઠ અને સૌથી યોગ્ય વ્યક્તિઓની પસંદગી કરવા માટેની એક સંકલિત 'સહભાગી વિચાર-વિમર્શ પ્રક્રિયા' છે; અને

તમામ બંધારણીય પદાધિકારીઓએ બંધારણીય હેતુને પરિપૂર્ણ કરતાં, મુખ્યત્વે સર્વસંમત નિર્ણય પર પહોંચવાના ઉદ્દેશ્ય સાથે સામૂહિક રીતે આ ફરજ બજાવવી જોઈએ, જેથી

પ્રાથમિકતાનો પ્રસંગ ઉપસ્થિત ન થાય."૧૫૫

જોકે, મતભેદના કિસ્સામાં, બંધારણીય સત્તાધિકારીઓ પૈકીના એક પાસે આખરી નિર્ણય હોવો જોઈએ અને દાયકાઓથી ચાલી આવતી બંધારણીય પરંપરાને ધ્યાનમાં લેતાં અમુક સંજોગોમાં ભારતમાં ન્યાયતંત્રના વડા એવા ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ પાસે અને અમુક સંજોગોમાં રાષ્ટ્રપતિ પાસે આખરી નિર્ણય હોવો જોઈએ. અન્યથા, મડાગાંઠ અથવા અડચણની સ્થિતિ ઊભી થઈ શકે છે જેની બંધારણ સભાએ બે બંધારણીય પદાધિકારીઓ પાસેથી દેખીતી રીતે અપેક્ષા રાખી ન હતી. સેકન્ડ જજીસ કેસ અને થર્ડ જજીસ કેસ દ્વારા આ સહિયારી જવાબદારી રાષ્ટ્રપતિ અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિને સોંપવામાં આવી હતી.૧૫૬ સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂક માટે, ૫ (પાંચ) ન્યાયમૂર્તિઓના કોલેજિયમે સર્વાનુમત ભલામણ કરવી આવશ્યક છે. રાષ્ટ્રપતિ ૪-૧ અથવા ૩-૨ ની ભલામણને નકારી કાઢવા માટે હકદાર છે. જો સર્વાનુમત ભલામણ મજબૂત અને પ્રતીતિકારક કારણોસર રાષ્ટ્રપતિને સ્વીકાર્ય ન જણાય અને પુનર્વિચારણા માટે કોલેજિયમને પરત મોકલવામાં આવે, અને તેનો સર્વાનુમતે પુનરોચ્ચાર કરવામાં આવે, તો રાષ્ટ્રપતિ તે ભલામણ સ્વીકારવા માટે બંધાયેલા છે. જોકે, જો પુનરોચ્ચાર સર્વાનુમત ન હોય, તો રાષ્ટ્રપતિ તે ભલામણને નકારી કાઢવા માટે

હકદાર છે. ધ કોન્સ્ટીટ્યુશન (વન હન્ડ્રેડ એન્ડ ટ્વેન્ટિએથ એમેન્ડમેન્ટ) બિલ, ૨૦૧૩ [અને ત્યારબાદ ધ કોન્સ્ટીટ્યુશન (વન હન્ડ્રેડ એન્ડ ટ્વેન્ટી-ફર્સ્ટ એમેન્ડમેન્ટ) બિલ, ૨૦૧૪] એ જે સિદ્ધાંતને ખંડિત કરવાનો પ્રયાસ કર્યો હતો કે 'ન્યાયમૂર્તિઓ જ ન્યાયમૂર્તિઓની નિમણૂક કરે છે' તે અસ્તિત્વમાં જ નથી.

(ડી) ધ કોન્સ્ટીટ્યુશન (વન હન્ડ્રેડ એન્ડ ટ્વેન્ટી-ફર્સ્ટ એમેન્ડમેન્ટ) બિલ, ૨૦૧૪

૧૭૮. બંધારણમાં સુધારો કરવાનો ચોથો અને અંતિમ પ્રયાસ (હાલમાં સફળ અને આ અરજીઓમાં પડકાર હેઠળ) ૧૧ ઓગસ્ટ, ૨૦૧૪ ના રોજ

૧૫૫ ફકરો ૪૮૬(૧) ૧૫૬ રાષ્ટ્રપતિ અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે કામ પાર પાડતી વખતે હું 'પ્રાથમિકતા' શબ્દથી કંઈક અંશે અસહજ છું. ન્યાયમૂર્તિઓની નિમણૂકના સંદર્ભમાં, એલસીઆઈ દ્વારા તેના ૧૪મા અહેવાલમાં વપરાયેલ 'જવાબદારી' શબ્દ વધુ યોગ્ય જણાય છે.

ધ કોન્સ્ટીટ્યુશન (વન હન્ડ્રેડ એન્ડ ટ્વેન્ટી-ફર્સ્ટ એમેન્ડમેન્ટ)

બિલ, ૨૦૧૪ ની રજૂઆત દ્વારા કરવામાં આવ્યો હતો. આ બિલ લોકસભા દ્વારા ૧૩ ઓગસ્ટ, ૨૦૧૪ ના રોજ અને રાજ્યસભા દ્વારા ૧૪ ઓગસ્ટ, ૨૦૧૪ ના રોજ પસાર કરવામાં આવ્યું હતું. બંધારણના અનુચ્છેદ ૩૬૮(૨) દ્વારા જરૂરી હોય તે મુજબ તેણે અડધાથી વધુ રાજ્યોનું અનુસમર્થન મેળવ્યું હતું અને ૩૧

ડિસેમ્બર, ૨૦૧૪ ના રોજ તેને રાષ્ટ્રપતિની મંજૂરી મળી હતી જ્યારે તે ધ કોન્સ્ટીટ્યુશન (નાઇન્ટી-નાઇન્થ એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૧૪ બન્યો હતો.

૧૭૯. પ્રાસંગિક રીતે એ ઉલ્લેખ કરી શકાય કે વિદ્વાન

સોલિસિટર જનરલને ધ કોન્સ્ટીટ્યુશન (વન હન્ડ્રેડ એન્ડ ટ્વેન્ટી-ફર્સ્ટ એમેન્ડમેન્ટ) બિલ, ૨૦૧૪ ના અનુસમર્થન માટે રાજ્ય વિધાનમંડળો દ્વારા અપનાવવામાં આવેલી પ્રક્રિયાને રેકોર્ડ પર મૂકવા વિનંતી કરવામાં આવી હતી પરંતુ અજ્ઞાત કારણોસર તે માહિતી ઉપલબ્ધ કરાવવામાં આવી ન હતી. આશય અનુસમર્થનની હકીકત પર પ્રશ્ન ઉઠાવવાનો ન હતો પરંતુ માત્ર આ પ્રક્રિયાને સમજવાનો અને પ્રક્રિયામાં પારદર્શિતા લાવવાનો હતો, કારણ કે યુનાઈટેડ સ્ટેટ્સમાં એવા દાખલા બન્યા છે જ્યાં અદાલતોએ બંધારણના સુધારાના અનુસમર્થનના મુદ્દાની ચકાસણી કરી છે.૧૫૭

પારદર્શિતા એ કોઈ એકતરફી માર્ગ નથી.

૧૮૦. ધ કોન્સ્ટીટ્યુશન (નાઇન્ટી-નાઇન્થ એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૧૪ ની કલમ ૧(૨) જોગવાઈ કરે છે કે તે કેન્દ્ર સરકાર સત્તાવાર ગેઝેટમાં જાહેરનામા દ્વારા નિયત કરે તે તારીખથી અમલમાં આવશે. નિયત કરવામાં આવેલી તારીખ ૧૩ એપ્રિલ, ૨૦૧૫ છે.

૧૮૧. ધ કોન્સ્ટીટ્યુશન (વન હન્ડ્રેડ એન્ડ ટ્વેન્ટી-ફર્સ્ટ એમેન્ડમેન્ટ) બિલ પસાર થવાની સાથે સાથે, સંસદે નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ કમિશન

બિલ, ૨૦૧૪ પર પણ વિચારણા કરી હતી. આ બિલ ૧૧ ઓગસ્ટ, ૨૦૧૪ ના રોજ સંસદમાં રજૂ કરવામાં આવ્યું હતું. તે ૧૩ ઓગસ્ટ, ૨૦૧૪ ના રોજ લોકસભા દ્વારા અને ૧૪ ઓગસ્ટ, ૨૦૧૪ ના રોજ રાજ્યસભા દ્વારા પસાર કરવામાં આવ્યું હતું.

૧૫૭ ઉદાહરણ તરીકે જુઓ: હેમન્ડ વિ. ક્લાર્ક, ૧૩૬ ગા. ૩૧૩ (૧૯૧૧), ફાહે વિ. હેકમેન, ૨૯૧ મો. ૩૫૧ (૧૯૨૨), એસોસિએટેડ ઇન્ડસ્ટ્રીઝ ઓફ ઓક્લાહોમા વિ. ઓક્લાહોમા ટેક્સ કમિશન, ૧૭૬ ઓક્લા. ૧૨૦ (૧૯૩૬), સ્ટેટ ઓફ વિસ્કોન્સિન વિ. એડમ એસ. ગોન્ઝાલેસ, ૨૫૩ વિસ.૨ડી ૧૩૪ (૨૦૦૨), ધ સ્ટેટ વિ. સ્વિફ્ટ, ૬૯ ઇન્ડ. ૫૦૫ (૧૮૮૦) વગેરે.

નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન એક્ટને પણ ૩૧ ડિસેમ્બર, ૨૦૧૪ ના રોજ રાષ્ટ્રપતિની મંજૂરી મળી હતી અને તેને ૧૩ એપ્રિલ, ૨૦૧૫ ના રોજ બહાર પાડવામાં આવેલા ગેઝેટ જાહેરનામા દ્વારા અમલમાં લાવવામાં આવ્યો હતો.

૧૮૨. ધ કોન્સ્ટીટ્યુશન (નાઇન્ટી-નાઇન્થ એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૧૪ અને નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન એક્ટ, ૨૦૧૪ બંને આમાં અને જોડાયેલી રિટ પિટિશનોના જૂથમાં પડકારવામાં આવ્યા છે.

હકીકતલક્ષી પૃષ્ઠભૂમિ પરના તારણો

૧૮૩. પૃષ્ઠભૂમિની ઐતિહાસિક હકીકતો પરથી જે તારણો કાઢી શકાય છે તે નીચે મુજબ છે:

(૧) ન્યાયતંત્રની સ્વતંત્રતા સંબંધિત તમામ દ્વારા હંમેશા માન્ય અને સ્વીકારવામાં આવી છે.

(૨) આઝાદી પહેલાં, વરિષ્ઠ અદાલતમાં ન્યાયમૂર્તિની નિમણૂક સંપૂર્ણપણે ક્રાઉનનો વિવેકાધિકાર હતો. બંધારણ સભાને લાગ્યું કે આવી 'સર્વોચ્ચ અને નિરપેક્ષ' સત્તા રાષ્ટ્રપતિ અથવા તત્કાલીન સરકાર અથવા ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ (એક વ્યક્તિ તરીકે) માં નિહિત હોવી જોઈએ નહીં અને તેથી સુપ્રિમ કોર્ટમાં ન્યાયમૂર્તિની નિમણૂક માટે રાષ્ટ્રપતિ દ્વારા ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે ફરજિયાતપણે વિચાર-વિમર્શ કરવાનું (અન્ય ન્યાયમૂર્તિઓ સાથે વિચાર-વિમર્શ કરવાના વિવેકાધિકાર સાથે) જરૂરી બનાવીને તે સત્તા પર અંકુશ મૂકવામાં આવ્યો હતો. હાઇકોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂક માટે પણ, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર-વિમર્શ ફરજિયાત હતો. આ ઉપરાંત, હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ અને રાજ્યના રાજ્યપાલ સાથે વિચાર-વિમર્શ ફરજિયાત હતો. નોંધપાત્ર રીતે, નાગરિક સમાજમાંથી કોઈની પણ સાથે વિચાર-વિમર્શનો કોઈ ઉલ્લેખ નથી.

(૩) ન્યાયમૂર્તિઓની નિમણૂકની પ્રક્રિયામાં રાષ્ટ્રપતિની વ્યક્તિગત ભૂમિકા અંગેની કોઈપણ શંકાનો અંત આવ્યો અને તે સ્પષ્ટ થઈ ગયું હતું કે

રાષ્ટ્રપતિ માત્ર મંત્રી પરિષદની સલાહ પર જ કાય કરે તેવી અપેક્ષા રાખવામાં આવી હતી.

(૪) તેવી જ રીતે, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ વ્યક્તિગત કે અંગત ક્ષમતામાં કાર્ય કરે તેવી અપેક્ષા રાખવામાં આવતી નથી પરંતુ તેમણે ન્યાયમૂર્તિની નિમણૂક માટે ભલામણ કરતાં પહેલાં પોતાના વરિષ્ઠ ન્યાયમૂર્તિઓ સાથે વિચાર-વિમર્શ કરવો જ જોઈએ.

(૫) ડૉ. આંબેડકર અને બંધારણ સભાએ સી.એ.ડી. માં 'અનિયંત્રિત વિવેકાધિકાર' ના સિદ્ધાંતનો સ્વીકાર કર્યો ન હતો પરંતુ આ દ્રષ્ટિકોણને પાછળથી ફર્સ્ટ જજીસ કેસમાં નકારી કાઢવામાં આવ્યો હતો જેણે ન્યાયમૂર્તિ ભગવતી અને ન્યાયમૂર્તિ દેસાઈ દ્વારા પ્રતિપાદિત 'પરમ સત્તા' ના સિદ્ધાંતને દાખલ કર્યો હતો.

(૬) નિમણૂક પ્રક્રિયામાં કારોબારી હસ્તક્ષેપ (કદાચ 'કબજો કરવાની' એક અનૌપચારિક પદ્ધતિ સાથે) આઝાદીના સમય આસપાસ શરૂ થયો હતો અને આઝાદી પછી વધુ વણસ્યો હતો, જે ૧૯૮૦ ના દાયકાના અંત તરફ ચરમસીમાએ પહોંચ્યો હતો.

(૭) અમારી સમક્ષ એવો એક પણ દાખલો આપવામાં આવ્યો ન હતો જ્યાં રાષ્ટ્રપતિએ સુપ્રિમ કોર્ટ કે હાઇકોર્ટના ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક માટે કોઈ વ્યક્તિની ભલામણ કરી હોય. રાજ્યના મુખ્યમંત્રીએ કોઈ ભલામણ કરી હોઈ શકે

છે (જોકે અમારી સમક્ષ આવો કોઈ દાખલો આપવામાં આવ્યો ન હતો) પરંતુ મેમોરેન્ડમ ઓફ પ્રોસિજર અનુસાર તે હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ મારફતે મોકલવી જરૂરી હતી.

(૮) ફર્સ્ટ જજીસ કેસ પહેલાં, અમારી સમક્ષ માત્ર એક જ એવો દાખલો આપવામાં આવ્યો હતો જ્યાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની સહમતિ વિના હાઇકોર્ટના ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક કરવામાં આવી હતી. ફર્સ્ટ જજીસ કેસ પછી આવી સાત જેટલી નિમણૂકો કરવામાં આવી હતી. આ એક સ્પષ્ટ સંકેત છે કે ફર્સ્ટ જજીસ કેસમાં પ્રતિપાદિત 'પરમ સત્તા' નો સિદ્ધાંત 'સંપૂર્ણ કારોબારી પ્રાથમિકતા' માં પરિવર્તિત થયો હતો. રાજકીય કારોબારીના કારણે ડૉ. આંબેડકરનું સ્વપ્ન એક દુઃસ્વપ્ન બની ગયું.

(૯) 'પરમ સત્તા' નો સિદ્ધાંત અથવા 'સંપૂર્ણ કારોબારી પ્રાથમિકતા' નો સિદ્ધાંત હવે હળવો થયો છે અને સેકન્ડ જજીસ કેસ તથા થર્ડ જજીસ કેસ મુજબ સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂકમાં આખરી નિર્ણય રાષ્ટ્રપતિ અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ વચ્ચે વહેંચાયેલો છે. ઐતિહાસિક રીતે, કારોબારીને આખરી નિર્ણય સોંપવાની બાબતની ટીકા અન્ય કોઈ નહીં પણ એટર્ની જનરલ શ્રી એમ.સી. સેતલવાડ દ્વારા કરવામાં આવી હતી જેઓ જ્યારે ૧૪મો અહેવાલ આપવામાં આવ્યો ત્યારે ભારતના લો કમિશનના અધ્યક્ષ હતા. સમયાંતરે નોંધવામાં આવ્યા મુજબ તે વ્યવસ્થા બિલકુલ સારી રીતે કામ કરી શકી ન હતી.

(૧૦) નેશનલ કમિશન ટુ રિવ્યુ ધ વર્કિંગ ઓફ ધ કોન્સ્ટીટ્યુશન તેમજ હાઉસ ઓફ લોર્ડ્સના એક જવાબદાર ન્યાયમૂર્તિનો એવો અભિપ્રાય હતો કે સેકન્ડ જજીસ કેસ અને થર્ડ જજીસ કેસમાં નિર્ધારિત કરવામાં આવેલી ન્યાયમૂર્તિઓની નિમણૂક માટેની પ્રક્રિયા વ્યાપકપણે ન્યાયતંત્રની સ્વતંત્રતા જાળવવાનો અને વરિષ્ઠ અદાલતોના ન્યાયમૂર્તિઓની નિમણૂક માટે યોગ્ય પદ્ધતિ પૂરી પાડવાનો હેતુ સિદ્ધ કરે છે.

૧૮૪. આનો અર્થ એવો નથી કે 'કોલેજિયમ વ્યવસ્થા' સંપૂર્ણ દોષરહિત છે. ભાગ્યે જ તેમ કહી શકાય. સુનાવણી દરમિયાન, આ અદાલતમાં કેટલાક ન્યાયમૂર્તિઓની નિમણૂક અંગે કેટલીક ટીકાત્મક ટિપ્પણીઓ કરવામાં આવી હતી, જે વિદ્વાન એટર્ની જનરલ દ્વારા રજૂ કરવામાં આવ્યા મુજબ કોલેજિયમ વ્યવસ્થાની નિષ્ફળતા ન હોત તો શક્ય બન્યું ન હોત. અરજદારો પણ કોલેજિયમ વ્યવસ્થાના ટીકાકાર હતા. જોકે, સામાવાળા તરફથી ઉપસ્થિત રહેલા કેટલાક વિદ્વાન વકીલો દ્વારા જે રીતે 'હુમલો' કરવામાં આવ્યો હતો તે પદ્ધતિ સામે મારે મારી વ્યથા વ્યક્ત કરવી જ જોઈએ. તે ઘણીવાર કડવાશભર્યો, વિવેકબુદ્ધિ વગરનો અને સંપૂર્ણપણે બિનજરૂરી હતો. ન્યાયમૂર્તિઓને બદનામ કરવા એ સૌથી સરળ બાબત છે - તેઓ સામો પ્રહાર કરી શકતા નથી - અને તે ન્યાયતંત્ર પોતાની સ્વતંત્રતા ગુમાવે તથા ન્યાયતંત્રમાં લોકોનો વિશ્વાસ ઘટે તે સુનિશ્ચિત કરવાનો સૌથી ખાતરીપૂર્વકનો માર્ગ છે, જે કદાપી સલાહભર્યું નથી. ન્યાયતંત્રની સ્વતંત્રતામાં બારનો સમાન (જો વધારે નહીં તો) હિસ્સો છે અને સંબંધિત ક્ષણોમાં બારનું મૌન અકળ છે. વિશાળ ફલક પર, તેનો ઉકેલ એક લોકશાહી ઓડિટ છે,

એવું ઓડિટ જે ન્યાયતંત્ર અને કાયદાના શાસન પૂરતું મર્યાદિત હોય. જો કેટલાક હકારાત્મક

સુધારાઓનો ન્યાય વિતરણ વ્યવસ્થામાં (વ્યાપક સંદર્ભમાં) સમાવેશ કરી શકાતો હોય, તો તેમનો સમાવેશ કરવો જોઈએ.

૧૮૫. આ સંદર્ભમાં, બંધારણની કામગીરી અંગે ડૉ. આંબેડકરના શબ્દો યાદ કરવા રસપ્રદ છે:

> "... બંધારણ ભલે ગમે તેટલું સારું હોય, પણ જો તેને ચલાવવાનું જેમના હાથમાં છે તેઓ ખરાબ નીવડે, તો તે ચોક્કસપણે ખરાબ સાબિત થશે. બંધારણ ભલે ગમે તેટલું ખરાબ હોય, પણ જો તેને ચલાવવાનું જેમના હાથમાં છે તેઓ સારા નીવડે, તો તે સારું સાબિત થઈ શકે છે. બંધારણની કામગીરી સંપૂર્ણપણે બંધારણના સ્વરૂપ પર નિર્ભર નથી."૧૫૮

૧૮૬. 'સંપૂર્ણ કારોબારી પ્રાથમિકતા' વ્યવસ્થા અથવા 'પરમ સત્તા' નો સિદ્ધાંત અને 'કોલેજિયમ વ્યવસ્થા' બંને તેમના સમયમાં સુપ્રિમ કોર્ટ અને હાઈકોર્ટોના ન્યાયમૂર્તિઓની નિમણૂક માટે સ્વીકાર્ય વ્યવસ્થાઓ હતી. કારોબારી દ્વારા 'કારોબારી પ્રાથમિકતા' વ્યવસ્થાનો કમનસીબે દુરુપયોગ કરવામાં આવ્યો હતો અને ન્યાયમૂર્તિઓ કાયદાના શાસનથી બંધાયેલા હોવાથી ન્યાયતંત્ર આ બાબતમાં ભાગ્યે જ કંઈ કરી શક્યું હતું. આ દુરુપયોગના કારણે જ આ અદાલતના બારના અનુરોધ પર બંધારણીય જોગવાઈઓની પુનઃવિચારણા

કરવામાં આવી હતી અને આ પુનઃવિચારણાએ આપણા બંધારણીય ઈતિહાસ અને બંધારણીય જોગવાઈઓમાં સાચી અર્થઘટનાત્મક સમજ આપી હતી. આ જ સમજ હતી જેના પરિણામે સેકન્ડ જજીસ કેસ અને બંધારણનું અર્થપૂર્ણ તથા વ્યવહારુ અર્થઘટન આવ્યું.

૧૮૭. સેકન્ડ જજીસ કેસ બહુમતી દ્વારા યોગ્ય રીતે નક્કી કરવામાં આવ્યો હતો તે બાબત થર્ડ જજીસ કેસમાં એટર્ની જનરલ દ્વારા અને, જે વધુ મહત્વપૂર્ણ છે તે એ કે, રાષ્ટ્રપતિ (મંત્રી પરિષદની સહાય અને સલાહથી) દ્વારા સ્વીકારવામાં આવી હતી જેમણે સેકન્ડ જજીસ કેસમાં નિર્ધારિત સિદ્ધાંતોને ઉલટાવવાની માંગ કરી ન હતી.

૧૮૮. આ કેસની સુનાવણી દરમિયાન અમારી સમક્ષ જે રજૂ કરવામાં આવ્યું હતું તે રીતે એ કહેવું કે

૧૫૮ http://parliamentofindia.nic.in/ls/debates/vol૧૧p૧૧.htm કોલેજિયમ વ્યવસ્થા નિષ્ફળ ગઈ છે અને તેને બદલવાની જરૂર છે તે સાચું કે વાજબી પોસ્ટ મોર્ટમ ગણાશે નહીં. એ સાચું છે કે કોલેજિયમના નિર્ણયોની ટીકા (ક્યારેક આકરી ટીકા) થઈ છે, પરંતુ એ ભૂલવું ન જોઈએ કે ન્યાયમૂર્તિઓની નિમણૂકની સંકલિત પ્રક્રિયામાં કારોબારીની પણ એટલી જ મહત્વપૂર્ણ સહભાગી ભૂમિકા હતી. કારોબારીએ પરાજયવાદી અથવા 'મને કંઈ પડી નથી' તેવું વલણ અપનાવ્યું તે અત્યંત કમનસીબ છે. ન્યાયમૂર્તિઓની નિમણૂકની તમામ ખામીઓ માટે કોલેજિયમને દોષ આપી શકાય નહીં - રાજકીય કારોબારીએ પણ તે દોષમાં

સમાન રીતે, જો વધારે નહીં તો, ભાગીદાર બનવું પડશે, કારણ કે તેણે કોલેજિયમના જેને ભૂલભરેલા નિર્ણયો તરીકે વર્ણવી શકાય તેના પર અંકુશ જાળવી રાખવાની પોતાની બંધારણીય જવાબદારી ગીરવે મૂકી દીધી હતી.

૧૮૯. કારોબારીની કોઈ ભૂમિકા ન હતી તેમ કહેવું (જેમ કે અમારી સમક્ષ સૂચવવામાં આવ્યું હતું) તે ઓછામાં ઓછું કહીએ તો ખોટું છે, જે સેકન્ડ જજીસ કેસ અને થર્ડ જજીસ કેસના ગહન વાંચન પરથી સ્પષ્ટ થાય છે. રાષ્ટ્રપતિ પણ એવું માનતા ન હતા. વાસ્તવમાં, રાષ્ટ્રપતિ સ્પષ્ટપણે એવા અભિપ્રાયના હતા કે ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં કારોબારીની અથવા ઓછામાં ઓછું રાષ્ટ્રના વડાની ભૂમિકા હતી. આ બાબત "'મેરિટ" ઇન ધ એપોઇન્ટમેન્ટ ઓફ જજીસ'૧૫૯ શીર્ષકવાળા એક લેખ પરથી સ્પષ્ટ થાય છે જે ૨૫ જાન્યુઆરી, ૧૯૯૯ ના ઇન્ડિયા ટુડે મેગેઝિનના અંકમાંથી સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂક અંગે રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવેલી નીચે મુજબની નોંધ ટાંકે છે:

> "હું મારા વિચારો નોંધવા માંગુ છું કે સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂકની ભલામણ કરતી વખતે, જો સમાજના નબળા વર્ગો જેવા કે એસ.સી. અને એસ.ટી., જેઓ વસ્તીના ૨૫ ટકા હિસ્સો ધરાવે છે, અને મહિલાઓને યોગ્ય વિચારણા આપવામાં આવે તો તે બંધારણીય સિદ્ધાંતો અને રાષ્ટ્રના સામાજિક ઉદ્દેશોને અનુરૂપ રહેશે. આ શ્રેણીઓમાંથી પાત્ર વ્યક્તિઓ ઉપલબ્ધ છે અને તેમનું અપર્યાપ્ત પ્રતિનિધિત્વ અથવા બિન-પ્રતિનિધિત્વ વાજબી ઠેરવી શકાય નહીં.

૧૫૯ પ્રોફેસર એમ.પી. સિંહ દ્વારા, (૧૯૯૯) ૮ એસ.સી.સી. (જર્નલ) ૧

સમાજના વિવિધ વર્ગોના પ્રતિનિધિત્વની જરૂરિયાત અને સુપ્રિમ કોર્ટે જે કામનો બોજ સંભાળવાનો હોય છે તે જોતાં જગ્યાઓ ખાલી રાખવી પણ ઇચ્છનીય નથી."

ભારતના મુખ્ય ન્યાયમૂર્તિએ નીચે પ્રમાણે પ્રતિસાદ આપ્યો હોવાનું જણાવાયું છે:

"હું ભારપૂર્વક જણાવવા માંગુ છું કે ન્યાયમૂર્તિઓની પસંદગી માટે માત્ર ગુણવત્તા જ માપદંડ રહી છે અને નિમણૂકો કરતી વખતે કોઈ ભેદભાવ કરવામાં આવ્યો નથી. સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક માટે નામોની ભલામણ કરતી વખતે અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ સાથે સંબંધ ધરાવતા ઉમેદવારો સહિત તમામ પાત્ર ઉમેદવારો પર અમારા દ્વારા વિચારણા કરવામાં આવે છે. આપણું બંધારણ એવી કલ્પના કરે છે કે સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટોમાં તમામ નિમણૂકો માટે માત્ર ગુણવત્તા જ માપદંડ છે. અને અમે આ જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરી રહ્યા છીએ. ખાલી રહેલી જગ્યા કદાચ એટલું નુકસાન ન પહોંચાડે જેટલું ખોટી રીતે ભરાયેલી જગ્યા પહોંચાડે છે."

૧૯૦. કોલેજિયમ વ્યવસ્થાને પાટા પર રાખવા માટે જે કંઈ જરૂરી હતું તે કારોબારીનો સંપૂર્ણ સહકાર અને એક અસરકારક અમલીકરણ વ્યૂહરચના હતી, જેમાં ગંભીર અને અર્થપૂર્ણ આત્મનિરીક્ષણ તથા તેને વધુ અસરકારક બનાવવા

માટે કદાચ થોડીક સૂક્ષ્મ ગોઠવણ અને સુધારાઓ હતા. કમનસીબે, કદાચ આ અદાલતના નિર્ણયો અંગેની પોતાની ગેરસમજને કારણે કારોબારીએ હકારાત્મક પ્રતિસાદ આપ્યો ન હતો.

૧૯૧. બીજી તરફ, એક સ્વતંત્ર અને નિષ્પક્ષ ન્યાયશાસ્ત્રી, લોર્ડ ટેમ્પલમેને સંકલિત વિચાર-વિમર્શયુક્ત કોલેજિયમ વ્યવસ્થાની પ્રશંસા કરી હતી અને તેને એક એવી પદ્ધતિ તરીકે ભલામણ કરી હતી કે જેને બ્રિટિશરો લાભપૂર્વક અનુસરી શકે છે. વિદ્વાન ન્યાયમૂર્તિએ લખ્યું:

> "જોકે, ભારતમાં ન્યાયતંત્રના સભ્યોના વ્યક્તિત્વ અને વલણોને પ્રભાવિત કરવાના કારોબારીના અગાઉના પ્રયાસોના અનુભવને ધ્યાને લેતાં, અને પાકિસ્તાનમાં ન્યાયતંત્રને નિયંત્રિત કરવા માટે કરવામાં આવેલા સફળ પ્રયાસોને ધ્યાને લેતાં, તેમજ કોંગ્રેસ દ્વારા મંજૂરીને અધીન રહીને રાષ્ટ્રપતિ દ્વારા યુનાઇટેડ સ્ટેટ્સની સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂકના કમનસીબ પરિણામોને ધ્યાને લેતાં, એડવોકેટ્સ ઓન રેકોર્ડ કેસમાં ભારતની સુપ્રિમ કોર્ટનો બહુમતી નિર્ણય ન્યાયતંત્રની સ્વતંત્રતાનું એક આવકાર્ય પ્રતિપાદન દર્શાવે છે અને તે પ્રામાણિકતા તેમજ ગુણવત્તાયુક્ત નિમણૂકો મેળવવાની શ્રેષ્ઠ પદ્ધતિ છે, એક એવી પુરોગામી પદ્ધતિ જેને બ્રિટિશરો લાભપૂર્વક અનુસરી શકે છે."૧૬૦

જ્યારે અન્ય લોકો ન્યાયમૂર્તિઓની નિમણૂકની આપણી પદ્ધતિની પ્રશંસા કરે છે, ત્યારે આપણે માત્ર તિરસ્કાર જ ઠાલવી શકીએ છીએ!

પ્રાથમિક મુદ્દો - સેકન્ડ જજિસ કેસ અને થર્ડ જજિસ કેસની પુનર્વિચારણા.

૧૯૨. આ વિગતવાર ઇતિહાસ સાથે, વિદ્વાન એટર્ની જનરલ દ્વારા ઉઠાવવામાં આવેલા પ્રાથમિક વાંધાઓ પર વિચારણા જરૂરી છે. વિદ્વાન એટર્ની જનરલે ત્રણ પ્રાથમિક મુદ્દાઓ ઉઠાવ્યા હતા: (૧) રિટ અરજીઓ અકાળ અને બિન-પોષણક્ષમ છે કારણ કે ૯૯મો બંધારણ સુધારા અધિનિયમ અને એનજેએસી એક્ટ અમલમાં આવ્યા નથી; (૨) રિટ અરજીઓ અકાળ અને બિન-પોષણક્ષમ છે કારણ કે નેશનલ

જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશનની રચના કરવામાં આવી નથી અને તેથી ૯૯મા બંધારણ સુધારા અધિનિયમ અને એનજેએસીની કોઈ પ્રતિકૂળ અસર થઈ નથી તેમજ આ સંબંધમાં અરજદારો દ્વારા કોઈ હકીકતો રજૂ કરવામાં આવી નથી; (૩) કેસોના આ જૂથની સુનાવણી ૯ (નવ) કે તેથી વધુ ન્યાયમૂર્તિઓની બેંચ દ્વારા થવી જોઈએ કારણ કે આ કોર્ટ દ્વારા સેકન્ડ જજિસ કેસ૧૬૧ અને થર્ડ જજિસ કેસ૧૬૨ માં અપાયેલો નિર્ણય સાચો કાયદો ઠરાવતો નથી પરંતુ તેના પર પુનર્વિચારણા જરૂરી છે. એવી રજૂઆત કરવામાં આવી હતી કે આ નિર્ણયો બંધારણના અનુચ્છેદ ૧૨૪(૨) અને અનુચ્છેદ ૨૧૭(૧) હેઠળ રાષ્ટ્રપતિની સત્તાઓ હડપી લેવાની અસર ધરાવે છે અને ન્યાયતંત્રે ન્યાયમૂર્તિઓની નિમણૂકને અસરકારક રીતે

૧૬૦ સુપ્રિમ બટ નોટ ઇનફેલિબલ, એસેઇઝ ઇન ઓનર ઓફ ધ સુપ્રિમ કોર્ટ ઓફ

ઇન્ડિયા પાના નં. ૪૮, ૫૩ ૧૬૧ સુપ્રિમ કોર્ટ એડવોકેટ્સ–ઓન–રેકોર્ડ એસોસિએશન વિ. યુનિયન ઓફ ઇન્ડિયા, (૧૯૯૩) ૪ એસ.સી.સી. ૪૪૧ (નવ ન્યાયમૂર્તિઓની બેંચ) ૧૬૨ સ્પેશિયલ રેફરન્સ નં. ૧/૧૯૯૮, (૧૯૯૮) ૭ એસ.સી.સી. ૭૩૯ (નવ ન્યાયમૂર્તિઓની બેંચ) સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટોમાં, રાષ્ટ્રપતિ અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ વચ્ચેના 'વિચાર–વિમર્શ'માંથી (જેમ બંધારણના અનુચ્છેદ ૧૨૪(૨) માં આવે છે) ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની 'સહમતિ'માં પરિવર્તિત કરી દીધી છે અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની ભલામણ સ્વીકારવા માટે 'આગ્રહ રાખવાના અધિકાર'ને જન્મ આપ્યો છે. તદુપરાંત, ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્ર વચ્ચે સત્તાના પૃથક્કરણના સિદ્ધાંતને તેમજ બંધારણમાં અંતર્નિહિત નિયંત્રણ અને સંતુલનની પ્રણાલીને પણ નેવે મૂકી દેવામાં આવી છે. આ ચોક્કસ પ્રાથમિક મુદ્દાનો નિર્ણય કરવા માટે, વિદ્વાન એટર્ની જનરલે આપણા બંધારણમાં સત્તાના પૃથક્કરણ, કાયદો અને તે સિદ્ધાંતોનો સંદર્ભ આપ્યો કે જેના આધારે આ કોર્ટે એ નક્કી કરવા માટે આગળ વધવું જોઈએ કે અગાઉ કે પૂર્વે આપવામાં આવેલા નિર્ણય પર પુનર્વિચારણા કરવાની જરૂર છે કે નહીં.

૧૯૩. જ્યાં સુધી પ્રથમ પ્રાથમિક વાંધાનો સંબંધ છે, તે ૯૯મો બંધારણ સુધારા અધિનિયમ અને એનજેએસી એક્ટ અમલમાં આવ્યા તે પહેલાં ઉઠાવવામાં આવ્યો હતો. હવે આ પ્રાથમિક વાંધો ટકી શકતો નથી કારણ કે ૯૯મો બંધારણ સુધારા અધિનિયમ અને એનજેએસી એક્ટ વાસ્તવમાં અમલમાં આવી ગયા છે. બીજા પ્રાથમિક વાંધામાં કોઈ તથ્ય નથી કારણ કે આ

અરજીઓમાં રહેલો પ્રશ્ન બંધારણના મૂળભૂત માળખા અને ન્યાયતંત્રની સ્વતંત્રતા સાથે સંબંધિત છે. એવું કહેવું હાસ્યાસ્પદ ગણાશે કે બંધારણના મૂળભૂત માળખામાં ફેરફાર થવાથી પ્રતિકૂળ અસર અનુભવાય તે પછી અને ન્યાયતંત્રની સ્વતંત્રતાનો સોદો થઈ ગયા પછી જ રિટ અરજીઓ દાખલ કરવી જોઈતી હતી. જો અરજદારો પાસેથી આટલી લાંબી રાહ જોવાની અપેક્ષા રાખવામાં આવત તો કદાચ ઘણું મોડું થઈ ગયું હોત. તે ઉપરાંત, અમે આ અરજીઓની લંબાણપૂર્વક સુનાવણી કરી હોવાથી, ઉઠાવવામાં આવેલા મૂળભૂત મુદ્દાઓ પર નિર્ણય આપવો સલાહભર્યું છે. વાસ્તવમાં જોતાં, માત્ર ત્રીજો પ્રાથમિક વાંધો જ એવો છે કે જેના પર વિચારણા કરવાની જરૂર છે.

ત્રીજો પ્રાથમિક વાંધો અને સત્તાનું પૃથક્કરણ

૧૯૪. સત્તાના પૃથક્કરણનો મુદ્દો અનેક કેસોમાં ચર્ચાનો વિષય રહ્યો છે. વ્યાપકપણે, આ કોર્ટનો સુસંગત મત એ રહ્યો છે કે બંધારણ સત્તાના પૃથક્કરણને માન્યતા આપે છે ખરું, પરંતુ તે કોઈ જડ પૃથક્કરણ નથી અને તેમાં કંઈક અંશે પરસ્પર વ્યાપન (ઓવરલેપ) રહેલું છે.

૧૯૫. રામ જવાયા કપૂર વિ. સ્ટેટ ઓફ પંજાબ૧૯૫૯ માં આ કોર્ટ વતી બોલતા મુખ્ય ન્યાયમૂર્તિ મુખર્જી દ્વારા ઠેરવવામાં આવ્યું હતું:

"કારોબારી કાર્યનો અર્થ અને ગર્ભિતાર્થ શું છે તેની સંપૂર્ણ વ્યાખ્યા ઘડવી કદાચ શક્ય ન બને. સામાન્ય રીતે કારોબારી સત્તા એ ધારાકીય અને

ન્યાયિક કાર્યો બાદ કર્યા પછી બચેલા સરકારી કાર્યોના અવશેષો દર્શાવે છે. ભારતીય બંધારણે ખરેખર સત્તાના પૃથક્કરણના સિદ્ધાંતને તેની સંપૂર્ણ જડતા સાથે માન્યતા આપી નથી પરંતુ સરકારના વિવિધ ભાગો અથવા શાખાઓના કાર્યો પૂરતા પ્રમાણમાં વિભાજિત કરવામાં આવ્યા છે અને પરિણામે એમ કહી શકાય કે આપણું બંધારણ રાજ્યના એક અંગ અથવા ભાગ દ્વારા અન્ય અંગના મૂળભૂત કાર્યોને પોતાના હસ્તક લેવાની કલ્પના કરતું નથી. જ્યારે ધારાસભા દ્વારા આવી સત્તાઓ કારોબારીને સોંપવામાં આવે ત્યારે કારોબારી ખરેખર વિભાગીય અથવા ગૌણ કાયદા ઘડવાની સત્તાઓનો ઉપયોગ કરી શકે છે. જ્યારે તેને એવી સત્તા આપવામાં આવે ત્યારે તે મર્યાદિત રીતે ન્યાયિક કાર્યો પણ કરી શકે છે. કારોબારી

સરકાર, જોકે, બંધારણ અથવા કોઈપણ કાયદાની જોગવાઈઓની વિરુદ્ધ ક્યારેય જઈ શકે નહીં."૧૬૪

૧૯૬. આપણા બંધારણમાં સત્તાનું પૃથક્કરણ યુનાઇટેડ સ્ટેટ્સ જેટલું જડ નથી. સત્તાના પૃથક્કરણના તત્વો પૈકીનું એક તત્વ નિયંત્રણ અને સંતુલન (ચેક્સ એન્ડ બેલેન્સ) ની વ્યવસ્થા છે. આને પણ આપણા બંધારણ દ્વારા માન્યતા આપવામાં આવી છે અને અનુચ્છેદ ૨૨૬ તથા અનુચ્છેદ ૩૨ (ન્યાયિક સમીક્ષા) એ નિયંત્રણ અને સંતુલનના લક્ષણો પૈકીનું એક લક્ષણ છે. કેશવાનંદ ભારતી વિ. સ્ટેટ ઓફ

૧૬૩ [૧૯૫૫] ૨ એસ.સી.આર. ૨૨૫ (પાંચ ન્યાયમૂર્તિઓની બેંચ) ૧૬૪ ફકરો ૧૨ કેરળ૧૬૫ માં આવું ઠેરવવામાં આવ્યું હતું જ્યાં ન્યાયમૂર્તિ શેલત અને ન્યાયમૂર્તિ ગ્રોવર દ્વારા નીચે મુજબ જણાવવામાં આવ્યું હતું:

> "ખુદ બંધારણમાં એ દર્શાવવા માટે પુષ્કળ પુરાવા છે કે તે નિયંત્રણ અને સંતુલન (ચેક્સ એન્ડ બેલેન્સ) ની એવી વ્યવસ્થાનું સર્જન કરે છે જેના કારણે સત્તાઓ એવી રીતે વહેંચાયેલી છે કે તેણે સ્થાપેલા ત્રણ અંગોમાંથી કોઈ પણ અંગ એટલું પ્રભાવશાળી ન બની શકે કે જેથી અન્ય અંગોને સોંપવામાં આવેલી સત્તાઓ અને કાર્યોનો ઉપયોગ કરવામાં અને તેનું પાલન કરવામાં તે અસમર્થ બની જાય. જોકે બંધારણ સત્તાના પૃથક્કરણના સિદ્ધાંતને તેની તમામ જડતા સાથે નિર્ધારિત કરતું નથી જેમ કે યુનાઈટેડ સ્ટેટ્સના બંધારણમાં છે, તેમ છતાં તે તે હદ સુધીના પૃથક્કરણની કલ્પના કરે છે જેવું રાણાસિંઘે કેસ૧૬૬ માં જોવા મળ્યું હતું. આપણા બંધારણમાં અનુચ્છેદો ૨૨૬ અને ૩૨ દ્વારા સ્પષ્ટપણે પૂરી પાડવામાં આવેલી ન્યાયિક સમીક્ષા એ એવા લક્ષણો પૈકીનું એક લક્ષણ છે કે જેના પર નિયંત્રણ અને સંતુલનની પ્રણાલી આધારિત છે."૧૬૭

૧૯૭. ઇન્દિરા નેહરુ ગાંધી વિ. રાજ નારાયણ૧૬૮ માં બંધારણ (ઓગણચાલીસમો સુધારો) અધિનિયમ, ૧૯૭૫ ની બંધારણીય કાયદેસરતાને પડકારવામાં આવી હતી. આ સુધારા અધિનિયમ દ્વારા, બંધારણમાં અનુચ્છેદ

૩૯-એ ઉમેરવામાં આવ્યો હતો અને તે પડકાર, અન્ય બાબતોની સાથોસાથ, તેની કલમ (૪) સામે હતો.૧૬૯ વાંધાજનક કલમને રદબાતલ

૧૬૫ (૧૯૭૩) ૪ એસ.સી.સી. ૨૨૫ (તેર ન્યાયમૂર્તિઓની બેંચ) ૧૬૬ ૧૯૬૫ એ.સી. ૧૭૨ ૧૬૭ ફકરો ૫૭૭ ૧૬૮ ૧૯૭૫ સપ્લી. એસ.સી.સી. ૧ (પાંચ ન્યાયમૂર્તિઓની બેંચ) ૧૬૯ (૪) બંધારણ (ઓગણચાલીસમો સુધારો) અધિનિયમ, ૧૯૭૫ ના પ્રારંભ પહેલાં સંસદ દ્વારા ઘડવામાં આવેલો કોઈ પણ કાયદો, જ્યાં સુધી તે ચૂંટણી અરજીઓ અને તેની સાથે જોડાયેલી બાબતોને લગતો હોય ત્યાં સુધી, સંસદના કોઈપણ ગૃહ માટે કલમ (૧) માં નિર્દેશિત આવી કોઈપણ વ્યક્તિની ચૂંટણીને લાગુ પડશે નહીં અથવા ક્યારેય લાગુ પડ્યો હોવાનું ગણાશે નહીં અને આવી ચૂંટણી જે કોઈપણ આધાર પર રદબાતલ જાહેર કરી શકાતી હોય તેવા કોઈપણ આધાર પર શૂન્ય ગણાશે નહીં અથવા ક્યારેય શૂન્ય થઈ ગયેલી ગણાશે નહીં, અથવા આવા પ્રારંભ પહેલાં, આવા કોઈપણ કાયદા હેઠળ શૂન્ય જાહેર કરવામાં આવી હોય અને આવા પ્રારંભ પહેલાં કોઈપણ કોર્ટ દ્વારા આવી ચૂંટણીને શૂન્ય જાહેર કરતો કોઈપણ હુકમ કરવામાં આવ્યો હોવા છતાં, આવી ચૂંટણી તમામ બાબતોમાં માન્ય રહેવાનું ચાલુ રહેશે અને આવો કોઈપણ હુકમ તેમજ કોઈપણ તારણ કે જેના પર આવો હુકમ આધારિત હોય તે હંમેશા શૂન્ય અને બિનઅસરકારક રહેશે તેમજ હંમેશા તેવો રહ્યો હોવાનું માનવામાં આવશે.

ઠેરવતી વખતે, ન્યાયમૂર્તિ એચ.આર. ખન્ના દ્વારા ઠેરવવામાં આવ્યું હતું:

"અદાલત દ્વારા કરવામાં આવેલો હુકમ શૂન્ય છે તેવી ઘોષણા કરવી એ સામાન્ય રીતે ન્યાયિક કાર્યનો એક ભાગ છે અને તે ધારાકીય કાર્ય નથી. જોકે ભારતના બંધારણમાં સત્તાનું કોઈ જડ પૃથક્કરણ નથી, તેમ છતાં મોટાભાગે ન્યાયિક કાર્ય અને ધારાકીય કાર્યના ક્ષેત્રો સીમાંકિત કરવામાં આવ્યા છે અને ધારાસભા માટે ન્યાયિક ક્ષેત્ર પર અતિક્રમણ કરવું અનુમતિપાત્ર નથી. તે અનુસાર એવું ઠેરવવામાં આવ્યું છે કે ધારાસભા જે કાયદો ન્યાયિક નિર્ણયનો આધાર બન્યો હતો તેને પૂર્વવર્તી અસરથી બદલવાનો હક ધરાવે છે, પરંતુ ધારાસભા માટે અદાલતના ચુકાદાને શૂન્ય અથવા બિન-બંધનકર્તા જાહેર કરવાની પરવાનગી નથી (જુઓ શ્રી પૃથ્વી કોટન મિલ્સ લિ. વિ. ભરૂચ બોરો મ્યુનિસિપાલિટી, જનપદ સભા, છિંદવાડા વિ. સેન્ટ્રલ પ્રોવિન્સિસ સિન્ડિકેટ લિ., મ્યુનિસિપલ કોર્પોરેશન ઓફ ધ સિટી ઓફ અમદાવાદ વિ. ન્યૂ શોરોક સ્પિનિંગ એન્ડ વીવિંગ કું. લિ. અને સ્ટેટ ઓફ તમિલનાડુ વિ. એમ. રાયપ્પા ગાઉન્ડર)."૧૭૦ (આંતરિક ટાંચણો બાકાત રાખવામાં આવ્યા છે).

૧૯૮. ન્યાયમૂર્તિ મેથ્યુએ ઠેરવ્યું કે આપણું સમવાયતંત્ર એ સહકારી સમવાયતંત્ર છે કે જેમાં સત્તાનું કોઈ જડ પૃથક્કરણ નથી અને તેમાં નિયંત્રણ અને સંતુલનની વ્યવસ્થા અસ્તિત્વ ધરાવે છે. હેરોલ્ડ લાસ્કીને એવું કહેતા ટાંકવામાં આવ્યા હતા કે 'સત્તાના પૃથક્કરણનો અર્થ સત્તાઓનું સમાન સંતુલન થતો નથી.'૧૭૧ તે સંદર્ભમાં એવું ઠેરવવામાં આવ્યું હતું કે ધારાસભા દ્વારા

ન્યાયિક સત્તાનો ઉપયોગ કરવો અસ્વીકાર્ય છે. વિદ્વાન ન્યાયમૂર્તિએ એવો મત વ્યક્ત કર્યો હતો કે:

> "મોન્ટેસ્ક્યુ સૌપ્રથમ એવા વ્યક્તિ હતા જેમણે સરકારના ત્રણ કાર્યોની કલ્પના ત્રણ અંગો દ્વારા ઉપયોગમાં લેવાતા કાર્યો તરીકે કરી હતી, જેમાંનું દરેક એકબીજાની સામસામે ગોઠવાયેલું છે. તેઓ સમજ્યા હતા કે સરકારની કાર્યક્ષમ કામગીરીમાં અમુક અંશે પરસ્પર વ્યાપન (ઓવરલેપિંગ) સામેલ છે અને નિયંત્રણ તેમજ સંતુલનના સિદ્ધાંત માટે જરૂરી છે કે દરેક અંગ અન્ય બે સત્તાઓ દ્વારા સત્તાના અત્યંત મોટા વિસ્તરણને અવરોધે. જેમ કે ૧૭૦ ફકરો ૧૯૦ ૧૭૧ અ ગ્રામર ઓફ પોલિટિક્સ (વર્ક્સ ઓફ હેરોલ્ડ જે. લાસ્કી), ૨૯૭

હોલ્ડ્સવર્થ કહે છે તેમ, મોન્ટેસ્ક્યુએ વિશ્વને ખાતરી આપી હતી કે તેમણે એક નવો બંધારણીય સિદ્ધાંત શોધી કાઢ્યો છે જે સાર્વત્રિક રીતે માન્ય હતો. સરકારી સત્તાઓના પૃથક્કરણનો સિદ્ધાંત એ માત્ર સૈદ્ધાંતિક, દાર્શનિક વિભાવના નથી. તે એક વ્યવહારુ, રોજિંદો સિદ્ધાંત છે. સરકારનું ત્રણ શાખાઓમાં વિભાજન એવું સૂચવતું નથી, જેમ કે તેના ટીકાકારો આપણને વિચારવા મજબૂર કરે છે, કે તે ત્રણ જળચુસ્ત (વોટરટાઈટ) ખાનાઓ છે. આમ, કારોબારી અધિકારીઓ અથવા ન્યાયમૂર્તિઓ પર ધારાકીય મહાભિયોગ, કાયદા ઘડતર પર કારોબારી વીટો, વહીવટી અથવા ધારાકીય કાર્યોની ન્યાયિક સમીક્ષાને આંશિક અપવાદો તરીકે ગણવામાં આવે છે જેને સ્પષ્ટતાની જરૂર છે."૧૭૨

૧૯૯. ન્યાયમૂર્તિ વાય.વી. ચંદ્રચૂડે યુનાઇટેડ સ્ટેટ્સ અને ઓસ્ટ્રેલિયામાં સમજવામાં આવતા સત્તાના પૃથક્કરણ અને ભારતમાં સમજવામાં આવતા સત્તાના પૃથક્કરણ વચ્ચે ભેદરેખા દોરી હતી અને આ સંબંધમાં નીચે મુજબનો મત વ્યક્ત કર્યો હતો:

> "અમેરિકન બંધારણ સરકારી સત્તાઓને ત્રણ મૂળભૂત વિભાગો, કારોબારી, ધારાકીય અને ન્યાયિકમાં જડ પૃથક્કરણની જોગવાઈ કરે છે. તે બંધારણનો એક આવશ્યક સિદ્ધાંત છે કે એક વિભાગને સોંપવામાં આવેલી સત્તાઓ અન્ય કોઈપણ વિભાગ દ્વારા વાપરવામાં આવવી જોઈએ નહીં. ઓસ્ટ્રેલિયન બંધારણ પણ સત્તાની વહેંચણીની આ જ પ્રણાલીને અનુસરે છે. આ બંધારણોથી વિપરીત, ભારતીય બંધારણ સ્પષ્ટપણે રાજ્યના ત્રણ અલગ અલગ અંગોમાં આ ત્રણ પ્રકારની સત્તાઓ નિહિત કરતું નથી. પરંતુ સત્તાના પૃથક્કરણનો સિદ્ધાંત એ રાજ્યના ત્રણ અંગોને તેમના કાર્યોની ચુસ્ત મર્યાદામાં રાખવા માટેનો કોઈ જાદુઈ નુસખો નથી. પનામા રિફાઇનિંગ કંપની વિ. રાયન૧૭૩ માં પોતાના અસંમત અભિપ્રાયમાં ન્યાયમૂર્તિ કાર્ડોઝો દ્વારા અવલોકન કરવામાં આવ્યું હતું તેમ, સત્તાના પૃથક્કરણનો સિદ્ધાંત "એ કોઈ સિદ્ધાંતવાદી ખ્યાલ નથી કે જેનો પાંડિત્યપૂર્ણ ચુસ્તતા સાથે ઉપયોગ કરવામાં આવે. ત્યાં સમજદારીપૂર્વકનો

૧૭૨ ફકરો ૩૧૮ ૧૭૩ ૨૯૩ યુ.એસ. ૩૮૮ (૧૯૩૫) અંદાજ હોવો જોઈએ, સરકારની વ્યવહારુ જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને સમાયોજનની સ્થિતિસ્થાપકતા હોવી જોઈએ, જે આજે તેના લગભગ અનંત વૈવિધ્યમાં આવતી કાલના વિકાસની આગાહી કરી શકતી નથી". આમ, અમેરિકામાં પણ, ધારાસભા પોતાની સત્તા કારોબારીને સોંપી શકતી નથી તેવા સિદ્ધાંત છતાં, બિન-ધારાકીય સંસ્થાઓ દ્વારા અસંખ્ય નિયમો અને વિનિયમો પસાર કરવામાં આવે છે, જેને ન્યાયિક રીતે માન્ય ગણવામાં આવ્યા છે."૧૭૪

૨૦૦. મિનર્વા મિલ્સ લિ. વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા૧૭૫ માં ન્યાયમૂર્તિ ભગવતીએ અભિપ્રાય આપ્યો હતો કે બંધારણે સત્તાના વિભાજન અને નિયંત્રણો અને સંતુલન માટે એક માળખું ઘડ્યું છે અને ઠેરવ્યું કે:

> "કેશવાનંદ ભારતી કેસમાં બહુમતી નિર્ણય પરથી સ્પષ્ટ થાય છે કે આપણું બંધારણ એક નિયંત્રિત બંધારણ છે જે તેના દ્વારા રચવામાં આવેલા અને માન્યતા પ્રાપ્ત વિવિધ સત્તાધિકારીઓને સત્તાઓ પ્રદાન કરે છે અને તે સત્તાઓની મર્યાદાઓ નિર્ધારિત કરે છે. બંધારણ સુપ્રીમા લેક્સ, દેશનો સર્વોચ્ચ કાયદો છે અને રાજ્યનો એવો કોઈ સત્તાધિકારી, કોઈ વિભાગ કે શાખા નથી કે જે બંધારણથી પર કે બંધારણથી ઉપર હોય અથવા બંધારણ દ્વારા અંકુશમુક્ત અને અનિયંત્રિત સત્તાઓ ધરાવતી હોય. બંધારણે નિયંત્રણો અને સંતુલન સાથે સત્તા સંબંધોનું એક માળખું ઘડ્યું છે અને બંધારણ હેઠળના દરેક સત્તાધિકારી અથવા માધ્યમની

સત્તાઓ પર મર્યાદાઓ મૂકવામાં આવી છે. રાજ્યનું દરેક અંગ, પછી તે કારોબારી હોય, ધારાસભા હોય કે ન્યાયતંત્ર હોય, બંધારણમાંથી તેની સત્તા મેળવે છે અને તેણે આવી સત્તાની મર્યાદામાં રહીને કાર્ય કરવું પડે છે."૧૭૬

૨૦૧. તે પછી થોડા આગળ જતાં, વિદ્વાન ન્યાયમૂર્તિ દ્વારા અવલોકન કરવામાં આવ્યું હતું કે:

"આપણી બંધારણીય યોજનાનો આ એક મૂળભૂત સિદ્ધાંત છે, અને મેં અગાઉના ફકરામાં આ બાબત દર્શાવી છે,

૧૭૪ ફકરો ૮૭[35]

૧૭૬ ફકરો ૮૬ કે રાજ્યનું દરેક અંગ, બંધારણ હેઠળનો દરેક સત્તાધિકારી, બંધારણમાંથી તેની સત્તા મેળવે છે અને આવી સત્તાની મર્યાદામાં રહીને કાર્ય કરવું પડે છે. પરંતુ પછી એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે કયા સત્તાધિકારીએ નક્કી કરવું જોઈએ કે રાજ્યના દરેક અંગ અથવા માધ્યમ પર પ્રદાન કરવામાં આવેલી સત્તાની મર્યાદાઓ શું છે અને શું આવી મર્યાદાઓનું ઉલ્લંઘન થયું છે કે તેનું અતિક્રમણ થયું છે. હવે રાજ્યના ત્રણ મુખ્ય વિભાગો છે જેમના વચ્ચે સરકારની સત્તાઓ વહેંચાયેલી છે; કારોબારી, ધારાસભા અને ન્યાયતંત્ર. આપણા બંધારણ હેઠળ આપણી પાસે કોઈ જડ

[35] ૨૮ ૧૯૮૧ (સપ્લી.) એસ.સી.સી. ૮૭ (સાત ન્યાયાધીશોની બેંચ) ૨૯ ૧૯૯૧ સપ્લી. (૧) એસ.સી.સી. ૫૭૪

યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકાની જેમ સત્તાનું વિભાજન નથી, પરંતુ એક વ્યાપક સીમાંકન છે, તેમ છતાં, સરકારી કાર્યોના જટિલ સ્વરૂપને ધ્યાને લેતાં, અમુક અંશે આચ્છાદન અનિવાર્ય છે. સત્તાના આ વ્યાપક વિભાજનનું કારણ એ છે કે "કોઈપણ એક અંગમાં સત્તાઓનું કેન્દ્રીકરણ" - ઈન્દિરા ગાંધી કેસમાં ન્યાયમૂર્તિ ચંદ્રચૂડ (જેઓ તે સમયે હતા) ના શબ્દો ટાંકતાં - 'તે ત્રણ અંગો વચ્ચેના સૂક્ષ્મ સંતુલનને ખોરવીને, લોકશાહી સરકારના તે મૂળભૂત પાયાને નષ્ટ કરી શકે છે જેના માટે આપણે વચનબદ્ધ છીએ'."૧૭૭

૨૦૨. આઈ.આર. કોએલ્હો વિરુદ્ધ તમિલનાડુ રાજ્ય૧૭૮ માં કોર્ટ વતી બોલતાં મુખ્ય ન્યાયમૂર્તિ સભરવાલ દ્વારા ઠેરવવામાં આવ્યું હતું કે સત્તાના વિભાજનનો સિદ્ધાંત એ બંધારણના મૂળભૂત માળખાનો એક ભાગ છે. એવું ઠેરવવામાં આવ્યું હતું કે:

> "ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્ર વચ્ચે સત્તાનું વિભાજન મૂળભૂત માળખું રચે છે, તેવું કેશવાનંદ ભારતી કેસમાં બહુમતી દ્વારા તારવવામાં આવ્યું છે. ત્યારબાદ, ઈન્દિરા ગાંધી કેસમાં તેનો પુનરોચ્ચાર કરવામાં આવ્યો હતો. મોટી સંખ્યામાં ચુકાદાઓએ પુનરોચ્ચાર કર્યો છે કે સત્તાનું વિભાજન એ બંધારણના મૂળભૂત લક્ષણો પૈકીનું એક છે."૧૭૯

૧૭૭ ફકરો ૮૭ ૧૭૮ (૨૦૦૭) ૨ એસ.સી.સી. ૧ (નવ ન્યાયમૂર્તિઓની બેંચ) ૧૭૯ ફકરો ૬૩. આ બાબત ફકરા ૬૭, ૧૨૫ અને ૧૨૯ માં પુનરાવર્તિત કરવામાં આવી છે.

૨૦૩. ભીમ સિંહ વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા૧૮૦ માં એવું ઠેરવવામાં આવ્યું હતું કે સત્તાનું વિભાજન એ બંધારણનું એક આવશ્યક લક્ષણ છે અને આધુનિક શાસનમાં કડક વિભાજન ન તો શક્ય છે કે ન તો ઇચ્છનીય. જો શાસનની એક શાખાના કાર્યનું બીજી શાખા સાથે આચ્છાદન થાય તો સત્તાના વિભાજનના સિદ્ધાંતનું કોઈ ઉલ્લંઘન થતું નથી, પરંતુ જો એક શાખા બીજી શાખાના આવશ્યક કાર્યને પોતાના હાથમાં લઈ લે, તો તે સિદ્ધાંતનું ઉલ્લંઘન છે. મેમ્બર્સ ઓફ પાર્લામેન્ટ લોકલ એરિયા ડેવલપમેન્ટ સ્કીમની બંધારણીય માન્યતા પર વિચારણા કરતી વખતે, કોર્ટ વતી બોલતાં ન્યાયમૂર્તિ સદાશિવમ દ્વારા અવલોકન કરવામાં આવ્યું હતું કે:

> "સત્તાના વિભાજનનો ખ્યાલ, જોકે તે બંધારણની કોઈ ચોક્કસ જોગવાઈમાં જોવા મળતો નથી છતાં, બંધારણે અપનાવેલી શાસનવ્યવસ્થામાં અંતર્ગત છે. સત્તાના વિભાજનનો હેતુ સરકારની દરેક શાખાની મહત્તમ હદ સુધીની જવાબદેહી પ્રાપ્ત કરવાનો છે.

આ ખ્યાલને [સત્તાના વિભાજનના] સમજતી વખતે, બે પાસાં ધ્યાનમાં રાખવાં જોઈએ. એક, કે સત્તાનું વિભાજન એ બંધારણનું એક આવશ્યક લક્ષણ છે. બે, કે આધુનિક શાસનમાં, કડક વિભાજન ન તો શક્ય છે, ન તો ઇચ્છનીય. તેમ છતાં, જ્યાં સુધી જવાબદેહીનો આ સિદ્ધાંત જળવાઈ રહે છે, ત્યાં સુધી સત્તાના વિભાજનનું કોઈ ઉલ્લંઘન થતું નથી. જ્યારે આપણે બંધારણીય લખાણની અંદરની સ્થિતિનું મૂલ્યાંકન કરીએ છીએ ત્યારે પણ આપણે એ જ તારણ પર

પહોંચીએ છીએ. બંધારણ કાર્યોના આચ્છાદન પર પ્રતિબંધ મૂકતું નથી, પરંતુ વાસ્તવમાં સંસદીય લોકશાહી તરીકે અમુક આચ્છાદનની જોગવાઈ કરે છે. પરંતુ તે જે બાબતનો પ્રતિબંધ કરે છે તે અન્ય શાખાના કાર્યનો એવો ઉપયોગ છે જે બંધારણીય જવાબદેહીની વ્યવસ્થાને છીનવી લેવામાં પરિણમે છે.

આમ, સત્તાના વિભાજનના ઉલ્લંઘન માટેની કસોટી બરાબર આ જ હોવી જોઈએ. કોઈ કાયદો ત્યારે જ ઉલ્લંઘન કરતો ગણાશે[36]

૨૦૪. આખરે, તમિલનાડુ રાજ્ય વિરુદ્ધ કેરળ રાજ્ય૧૮૨ માં આ કોર્ટ દ્વારા નિર્ણીત અનેક કેસોના સંદર્ભ સાથે સત્તાના વિભાજન પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે.૧૮૩ તેમાં એવું ઠેરવવામાં આવ્યું હતું કે સત્તાના વિભાજનના સિદ્ધાંતને ધ્યાને લેતાં (અને અન્ય કારણોસર પણ) કેરળ ધારાસભા દ્વારા પસાર કરવામાં આવેલો કેરળ ઇરિગેશન એન્ડ વોટર કન્ઝર્વેશન (એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૦૬ ગેરબંધારણીય છે કારણ કે તે મુલ્લાપેરિયાર એન્વાયર્નમેન્ટલ પ્રોટેક્શન ફોરમ વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા૧૮૪ માં આ કોર્ટના નિર્ણયને અપ્રભાવી બનાવવાનો પ્રયાસ કરે છે.

૨૦૫. વિદ્વાન એટર્ની જનરલની રજૂઆત એવી હતી કે સુપ્રિમ કોર્ટ અથવા હાઇકોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂક એ એક કારોબારી કાર્ય છે અને સેકન્ડ જજીસ કેસમાં પણ આવું જ ઠેરવવામાં આવ્યું છે. ન્યાયમૂર્તિ અહમદીએ ઠેરવ્યું હતું કે

[36] ૧૨૭ (૧૯૭૪) ૨ એસ.સી.સી. ૮૩૧ (સાત ન્યાયમૂર્તિઓની બેંચ) ૧૨૮ (૧૯૭૧) ૧ એસ.સી.સી. ૪૧૧ (પાંચ ન્યાયમૂર્તિઓની બેંચ)

ન્યાયમૂર્તિઓની નિમણૂક એ એક કારોબારી કાર્ય છે૧૮૫ જેમ કે ન્યાયમૂર્તિ વર્માએ પણ ઠેરવ્યું હતું.૧૮૬ બંધારણના એક અસમર્થનીય અર્થઘટન દ્વારા (એવું અર્થઘટન જેણે, વિદ્વાન એટર્ની જનરલના જણાવ્યા મુજબ, ડૉ. આંબેડકરને પોતાની કબરમાં તરફડાવી દીધા હશે), આ કારોબારી કાર્ય ન્યાયતંત્ર દ્વારા પોતાના હાથમાં લઈ લેવામાં આવ્યું છે અથવા પડાવી લેવામાં આવ્યું છે અને તે જ કારણ છે કે સેકન્ડ જજીસ કેસ પર પુનર્વિચારણા કરવાની જરૂર છે અને સાચી બંધારણીય સ્થિતિ પુનઃસ્થાપિત થવી જોઈએ. બીજા શબ્દોમાં કહીએ તો, ન્યાયિક અતિક્રમણની પ્રક્રિયા દ્વારા, બંધારણના મૂળભૂત માળખાના ઉલ્લંઘનમાં, આ કોર્ટ દ્વારા સત્તાના વિભાજનના સિદ્ધાંતને તોડી પાડવામાં આવ્યો છે.

૧૮૧ ફકરા ૭૭ અને ૭૮ ૧૮૨ (૨૦૧૪) ૧૨ એસ.સી.સી. ૬૯૬ (પાંચ ન્યાયમૂર્તિઓની બેંચ) ૧૮૩ ફકરા ૯૮ થી ૧૨૬.૭. તારણો ફકરા ૧૨૬.૧ થી ૧૨૬.૭ માં જણાવવામાં આવ્યા છે. ૧૮૪ (૨૦૦૬) ૩ એસ.સી.સી. ૬૪૩ (પાંચ ન્યાયમૂર્તિઓની બેંચ) ૧૮૫ ફકરો ૨૯૮ અને ૩૦૪

૧૮૬ ફકરો ૪૪૩

બંધારણ સભાની ચર્ચાઓ અને ત્રીજો પ્રારંભિક મુદ્દો

૨૦૬. સેકન્ડ જજીસ કેસ અને થર્ડ જજીસ કેસ સાચો કાયદો પ્રસ્થાપિત કરતા નથી અને તેમના પર પુનર્વિચારણાની જરૂર છે તેવી પોતાની દલીલના વધુ સમર્થનમાં, વિદ્વાન એટર્ની જનરલે સીએડી પર ખૂબ આધાર રાખ્યો હતો. તેથી,

આ વિષય પરના કાયદા અને ત્યારબાદ તે ચર્ચાઓ પર વિચારણા કરવી જરૂરી બને છે.

૨૦૭. એડમિનિસ્ટ્રેટર-જનરલ ઓફ બંગાળ વિરુદ્ધ પ્રેમ લાલ

મલિક૧૮૭ માં પ્રિવી કાઉન્સિલે કાયદાના અર્થઘટન માટે કાયદેસર સહાય તરીકે ધારાસભાની ચર્ચાઓના સંદર્ભને અનુમોદન આપ્યું ન હતું. એવું ઠેરવવામાં આવ્યું હતું કે:

> "તેમની લોર્ડશિપ્સે અવલોકન કર્યું કે એપેલેટ કોર્ટમાં બહુમતી ધરાવતા બે વિદ્વાન ન્યાયમૂર્તિઓ, જોકે તેઓ પોતાનો ચુકાદો તેના પર આધારિત રાખતા નથી, છતાં કલમ ૩૧ ના અર્થઘટન માટે કાયદેસર સહાય તરીકે ધારાસભાની તે કાર્યવાહીનો સંદર્ભ આપે છે જેના પરિણામે ૧૮૭૪ નો અધિનિયમ [એડમિનિસ્ટ્રેટર-જનરલ્સ એક્ટ] પસાર થયો હતો. તેમની લોર્ડશિપ્સ તે પ્રતિપાદન પ્રત્યે પોતાની અસંમતિ વ્યક્ત કરવી યોગ્ય માને છે. બ્રિટિશ ધારાસભાના કાયદાની કલમોના અર્થઘટન વખતે જે કારણો આ બાબતોને બાકાત રાખે છે તે જ કારણો ભારતીય કાયદાના કિસ્સામાં પણ સમાન રીતે સચોટ છે."

૨૦૮. એ.કે. ગોપાલન વિરુદ્ધ મદ્રાસ રાજ્ય૧૮૮ માં મુખ્ય ન્યાયમૂર્તિ હરિલાલ કણિયા દ્વારા સીએડી ના સંદર્ભમાં આ મત આંશિક રીતે સ્વીકારવામાં આવ્યો હતો, જેમણે ઠેરવ્યું હતું કે સીએડી નો સંદર્ભ ખૂબ સાવધાનીપૂર્વક અને

માત્ર ત્યારે જ લઈ શકાય છે જ્યારે 'ગર્ભિત અસ્પષ્ટતાઓનું નિરાકરણ લાવવાનું હોય.'૧૮૯ વિદ્વાન મુખ્ય ન્યાયમૂર્તિએ અવલોકન કર્યું હતું કે:

"બંધારણ સભાની મુસદ્દા સમિતિની ચર્ચાઓ અને અહેવાલ તરફ આપણું ધ્યાન દોરવામાં આવ્યું હતું -

૧૮૭ (૧૮૯૪-૯૫) ૨૨ આઈ.એ. ૧૦૭, ૧૧૮ ૧૮૮ ૧૯૫૦ એસસીઆર ૮૮ (૬ ન્યાયમૂર્તિઓની બેંચ) ૧૮૯ વિલોબી ઓન ધ કોન્સ્ટીટ્યુશન ઓફ ધ યુનાઈટેડ સ્ટેટ્સ, પૃષ્ઠ ૬૪ પરથી ટાંકવામાં આવ્યું આ કલમના શબ્દોના સંબંધમાં. અહેવાલને અનુચ્છેદના અર્થને નિયંત્રિત કરવા માટે નહીં, પરંતુ અસ્પષ્ટતાના કિસ્સામાં જોઈ શકાય છે. મ્યુનિસિપલ કાઉન્સિલ ઓફ સિડની વિરુદ્ધ ધ કોમનવેલ્થ૧૯૦ માં એવો વિચાર કરવામાં આવ્યો હતો કે બંધારણના અર્થઘટનના હેતુ માટે ચર્ચામાં વ્યક્ત થયેલા કન્વેન્શનના સભ્યોના વ્યક્તિગત અભિપ્રાયનો સંદર્ભ લઈ શકાય નહીં. યુનાઈટેડ સ્ટેટ્સ વિરુદ્ધ વોંગ કિમ આર્ક૧૯૧ માં પણ આવો જ મત વ્યક્ત કરવામાં આવ્યો હતો. તેનું પરિણામ એ જણાય છે કે કોઈ ચોક્કસ કલમનો અર્થ ઘટાવવા માટે સંસદ અથવા કન્વેન્શનના સભ્યોના વ્યક્તિગત મંતવ્યોને ધ્યાને લેવા યોગ્ય નથી, પરંતુ જ્યારે એવો પ્રશ્ન ઉપસ્થિત થાય કે કોઈ ચોક્કસ શબ્દસમૂહ કે અભિવ્યક્તિ વિચારણા હેઠળ હતી કે નહીં, ત્યારે ચર્ચાઓના સંદર્ભની પરવાનગી આપી શકાય છે. પ્રસ્તુત કેસમાં એ દર્શાવવા માટે ચર્ચાઓનો સંદર્ભ લેવામાં આવ્યો હતો કે "ડ્યુ પ્રોસેસ ઓફ લો" શબ્દપ્રયોગ અમેરિકન બંધારણમાં અસ્તિત્વ ધરાવતો હોવાનું જાણીતું

હતું અને ચર્ચા પછી આપણી બંધારણ સભા દ્વારા તેને આપણા બંધારણમાં અપનાવવામાં આવ્યો ન હતો. એડમિનિસ્ટ્રેટર જનરલ ઓફ બંગાળ વિરુદ્ધ પ્રેમલાલ મલિકમાં અધિનિયમ પસાર થવામાં પરિણમેલી ધારાસભાની કાર્યવાહીના સંદર્ભને કોઈ ચોક્કસ કલમના અર્થઘટનમાં કાયદેસર સહાય ગણવામાં આવ્યો ન હતો. ભારતીય કાયદાના અર્થઘટનમાં આવી ચર્ચાઓના સંદર્ભને બાકાત રાખવા માટે તે જ કારણો સચોટ ઠેરવવામાં આવ્યા હતા. આ સ્ત્રોતોનો આશરો ખૂબ જ સાવધાનીપૂર્વક અને માત્ર ત્યારે જ લઈ શકાય છે જ્યારે ગર્ભિત અસ્પષ્ટતાઓનું નિરાકરણ કરવાનું હોય."૧૯૨

૨૦૯. આ મતનું સમર્થન ન્યાયમૂર્તિ ફઝલ અલી દ્વારા કરવામા આવ્યું હતું, જેમણે 'ડ્યુ પ્રોસેસ ઓફ લો' શબ્દપ્રયોગનો સંદર્ભ આપ્યો હતો જેનું યુનાઈટેડ સ્ટેટ્સ સુપ્રિમ કોર્ટ દ્વારા મૂળ રૂપે માત્ર કાર્યરીતિની બાબતોના સંદર્ભમાં અર્થઘટન કરવામાં આવ્યું હતું પરંતુ ત્યારબાદ સારભૂત કાયદાને પણ આવરી લેવા માટે તેનો વ્યાપ વધારવામાં આવ્યો હતો. વિદ્વાન ન્યાયમૂર્તિએ ઠેરવ્યું કે:[37]

> "દલીલો દરમિયાન, વિદ્વાન એટર્ની જનરલે એ દર્શાવવાના હેતુથી અમારું ધ્યાન બંધારણ સભાની કાર્યવાહી તરફ દોર્યું હતું કે મૂળ રૂપે મુસદ્દો તૈયાર કરાયેલા અનુચ્છેદમાં "ડ્યુ પ્રોસેસ ઓફ લો વિના" શબ્દો સમાવિષ્ટ હતા પરંતુ તે શબ્દોના સ્થાને પાછળથી "કાયદા દ્વારા સ્થાપિત પ્રક્રિયા સિવાય" શબ્દો મૂકવામાં આવ્યા હતા. મારા મતે, જોકે બંધારણ સભાની

[37] ૧૭૫ (૧૯૮૦) ૩ એસ.સી.સી. ૬૨૫ (પાંચ ન્યાયમૂર્તિઓની બેંચ)

કાર્યવાહી કે ચર્ચાઓ અનુચ્છેદ ૨૧ માં વપરાયેલા શબ્દપ્રયોગોનો અર્થ ઘટાવવાના હેતુ માટે સુસંગત નથી, ખાસ કરીને જ્યારે તે સ્પષ્ટ અને અસંદિગ્ધ હોય, તેમ છતાં સભા "ડ્યુ પ્રોસેસ ઓફ લો વિના" શબ્દપ્રયોગનો ઉપયોગ ટાળવા માંગતી હતી તે દર્શાવવા માટે તે સુસંગત છે ..... શરૂઆતના સમયમાં, અમેરિકન સુપ્રિમ કોર્ટે "ડ્યુ પ્રોસેસ ઓફ લો" નું અર્થઘટન માત્ર કાર્યરીતિની બાબતોને આવરી લેવા પૂરતું કર્યું હતું, પરંતુ ધીમે ધીમે "ડ્યુ" શબ્દ પર ભાર મૂકીને, તે શબ્દપ્રયોગનો અર્થ સારભૂત કાયદાને પણ આવરી લેવા માટે વિસ્તૃત કરવામાં આવ્યો હતો."૧૯૩

૨૧૦. ન્યાયમૂર્તિ પતંજલિ શાસ્ત્રી પણ તે જ મત ધરાવતા હતા અને તેથી વિદ્વાન ન્યાયમૂર્તિએ નીચે મુજબ ઠેરવ્યું હતું:

"વિદ્વાન વકીલે, જેમ તેમણે જણાવ્યું તેમ, "ઐતિહાસિક પૃષ્ઠભૂમિ" સમજાવવા માટે ગૃહના ફ્લોર પર સભાના કેટલાક સભ્યો દ્વારા કરવામાં આવેલા વક્તવ્યો તરફ ધ્યાન દોર્યું. કોઈ ખરડા પરની ચર્ચા દરમિયાન કરવામાં આવેલું વક્તવ્ય વધુમાં વધુ વક્તાના વ્યક્તિલક્ષી આશયનું સૂચક હોઈ શકે છે, પરંતુ તે સદર ખરડો પસાર કરનાર બહુમતી મત પાછળ રહેલી અવ્યક્ત માનસિક પ્રક્રિયાઓને પ્રતિબિંબિત કરી શકે નહીં. તેમજ તે તમામ ધારાસભ્યોના મન એકમત હતા તેવું માની લેવું પણ વાજબી નથી. કોર્ટ મુખ્યત્વે અધિનિયમમાં વપરાયેલા શબ્દોમાં જ

ધારાસભાના ઉદ્દેશ્યલક્ષી આશયની શોધ કરી શકે છે, જેમાં આવી ઐતિહાસિક સામગ્રીની સહાય મળે છે જેમ કે વૈધાનિક

૧૯૩ પૃષ્ઠ ૧૫૮ અને ૧૫૯ સમિતિઓના અહેવાલો, આમુખ વગેરે. તેથી, હું અનુચ્છેદ ૧૫ (હવે અનુચ્છેદ ૨૧) પરની ચર્ચા દરમિયાન બંધારણ સભાના કેટલાક સભ્યો દ્વારા કરવામાં આવેલા વક્તવ્યોને કોઈ મહત્વ આપતો નથી."૧૯૪

૨૧૧. ન્યાયમૂર્તિ મુખર્જીએ વિદ્વાન એટર્ની જનરલની તે કબૂલાત નોંધી કે વપરાયેલા શબ્દોના અર્થને સમજાવવા માટે સીએડી ગ્રાહ્ય નથી - આ એક એવું વલણ છે જે હાલમાં વિદ્વાન એટર્ની જનરલ દ્વારા લેવાયેલા વલણથી તદ્દન વિપરીત છે. ત્યારબાદ વિદ્વાન ન્યાયમૂર્તિએ અવલોકન કર્યું કે આવા બાહ્ય પુરાવાઓને ધ્યાનમાં ન લેવા તે જ શ્રેષ્ઠ છે અને આ પ્રમાણે ઠેરવ્યું:

'વિદ્વાન એટર્ની જનરલે અમારી સમક્ષ ડ્રાફ્ટિંગ કમિટીની આ ભલામણના સ્વીકારની આસપાસ કેન્દ્રિત બંધારણ સભાની ચર્ચાઓ રજૂ કરી છે અને તેમણે બંધારણને ઘડવામાં મહત્વની ભૂમિકા ભજવનાર સભાના કેટલાક સભ્યોના વક્તવ્યો તરફ અમારો સંદર્ભ દોર્યો છે. બંધારણમાં શબ્દોના અર્થને શોધવાની સહાય તરીકે, આ ચર્ચાઓ શંકાસ્પદ મૂલ્ય ધરાવે છે. વિલોબી કહે છે, "તેમનો સહારો ખૂબ જ સાવધાનીપૂર્વક અને માત્ર ત્યારે જ લઈ શકાય જ્યારે ગર્ભિત અસ્પષ્ટતાઓનું નિરાકરણ કરવાનું હોય. જ્યારે કાર્યવાહી જોગવાઈના ઉદ્દેશ્યને સ્પષ્ટપણે દર્શાવતી હોય ત્યારે તે કંઈક

અંશે મૂલ્યવાન હોઈ શકે છે. પરંતુ જ્યારે પ્રશ્ન અમૂર્ત અર્થનો હોય, ત્યારે આ સ્ત્રોતમાંથી અર્થઘટનમાં વધુ સામગ્રીજન્ય સહાય મેળવવી મુશ્કેલ બનશે."

વિદ્વાન એટર્ની જનરલ સ્વીકારે છે કે વપરાયેલા શબ્દોના અર્થને સમજાવવા માટે આ ચર્ચાઓ ગ્રાહ્ય નથી અને તેઓ તેનો ઉપયોગ માત્ર એ દર્શાવવાના હેતુ માટે કરવા માંગતા હતા કે બંધારણ સભાએ જ્યારે ડ્રાફ્ટિંગ કમિટીની ભલામણનો આખરે સ્વીકાર કર્યો, ત્યારે તે અભિવ્યક્તિના જૂના સ્વરૂપ અને ૧૯૪ પૃષ્ઠ ૨૦૧ અને ૨૦૨ નવા સ્વરૂપ વચ્ચેના તફાવતના પરિણામોથી સંપૂર્ણપણે વાકેફ હતી. મારા મતે, બંધારણનું અર્થઘટન કરતી વખતે, જો આવા બાહ્ય પુરાવાઓને ધ્યાનમાં ન લેવામાં આવે તો તે વધુ સારું રહેશે.

આવી બાબતોમાં, જુદા જુદા સભ્યો જુદા જુદા આવેગો અને જુદા જુદા હેતુઓથી કાર્ય કરે છે અને એ તદ્દન શક્ય છે કે કેટલાક સભ્યોએ અમુક શબ્દો ચોક્કસ અર્થમાં સ્વીકાર્યા હોય, જ્યારે અન્ય સભ્યોએ તેને અલગ દ્રષ્ટિકોણથી લીધા હોય."૧૯૫

૨૧૨. ન્યાયમૂર્તિ એસ.આર. દાસે ખાસ કરીને જણાવ્યું હતું કે તેઓ બંધારણનું અર્થઘટન કરવા માટે સીએડીની ગ્રાહ્યતા અથવા અન્યથા હોવાના પ્રશ્ન પર કોઈ અભિપ્રાય વ્યક્ત કરતા નથી.

૨૧૩. સ્ટેટ ઓફ ત્રાવણકોર-કોચીન વિ. ધ બોમ્બે કંપની લિ.૧૯૬ માં સર્વાનુમતે ઠેરવવામાં આવ્યું હતું કે સીએડી નો સંદર્ભ અયોગ્ય છે અને કાયદાઓના અર્થઘટન માટે આવી બાહ્ય સહાય ગ્રાહ્ય નથી. કોર્ટ વતી બોલતા, મુખ્ય ન્યાયમૂર્તિ પતંજલિ શાસ્ત્રીએ ઠેરવ્યું:

"માત્ર એ નિર્દેશ કરવાનું બાકી રહે છે કે મુસદ્દા બંધારણ પરની ચર્ચાઓ દરમિયાન બંધારણ સભાના સભ્યો દ્વારા કરવામાં આવેલા વક્તવ્યોનો નીચેની અદાલતના વિદ્વાન ન્યાયમૂર્તિઓ દ્વારા કરવામાં આવેલો ઉપયોગ અયોગ્ય છે. કાયદાઓના અર્થઘટન માટે બાહ્ય સહાયનું આ સ્વરૂપ ગ્રાહ્ય નથી તે ઇંગ્લેન્ડમાં સામાન્ય રીતે સ્વીકારવામાં આવ્યું છે, અને ભારતીય કાયદાઓના અર્થઘટનમાં પણ આ જ નિયમનું પાલન કરવામાં આવ્યું છે – જુઓ એડમિનિસ્ટ્રેટર–જનરલ ઓફ બેંગાલ વિ. પ્રેમ લાલ મલ્લિક. આ નિયમ પાછળનું કારણ અમારા પૈકીના એક દ્વારા ગોપાલન કેસમાં આ પ્રમાણે સમજાવવામાં આવ્યું હતું:

"કોઈ ખરડા પરની ચર્ચા દરમિયાન કરવામાં આવેલું વક્તવ્ય વધુમાં વધુ વક્તાના વ્યક્તિલક્ષી આશયનું સૂચક હોઈ શકે છે, પરંતુ તે સદર ખરડો પસાર કરનાર બહુમતી મત પાછળ રહેલી અવ્યક્ત માનસિક પ્રક્રિયાને પ્રતિબિંબિત કરી શકે નહીં. તેમજ એવું માની લેવું પણ વાજબી નથી કે

૧૯૫ પૃષ્ઠ ૨૭૩ અને ૨૭૪ ૧૯૬ ૧૯૫૨ એસ.સી.આર. ૧૧૧૨ (૫ ન્યાયમૂર્તિઓની બેંચ) તે તમામ ધારાસભ્યોના મન એકમત હતા,"

અથવા, જેમ કે એક અમેરિકન કેસમાં વધુ સંક્ષિપ્તમાં કહેવામાં આવ્યું છે "જેમણે વાત ન કરી તેઓ કદાચ બોલનારાઓ સાથે સંમત ન પણ હોય; અને જેઓ બોલ્યા તેઓ એકબીજાથી ભિન્ન હોઈ શકે છે - યુનાઇટેડ સ્ટેટ્સ વિ. ટ્રાન્સ-મિસૌરી ફ્રેટ એસોસિએશન. ૧૯૭" ૧૯૮

૨૧૪. ગોલકનાથ વિ. સ્ટેટ ઓફ પંજાબ૧૯૯ માં મુખ્ય ન્યાયમૂર્તિ

સુબ્બા રાવે અરજદારોની રજૂઆતો નોંધી હતી, જે પૈકીની એક નીચે મુજબ હતી:

'બંધારણ સભાની ચર્ચાઓ, ખાસ કરીને ભારતના પ્રથમ વડા પ્રધાન શ્રી જવાહર લાલ નેહરુનું વક્તવ્ય અને સદર ખરડાનું નેતૃત્વ કરનાર ડૉ. આંબેડકરનો પ્રત્યુત્તર સ્પષ્ટપણે દર્શાવે છે કે બંધારણના ઘડવૈયાઓનો એવો ક્યારેય આશય ન હતો કે અનુચ્છેદ ૩૬૮ દાખલ કરીને સંસદને મૂળભૂત અધિકારો રદ કરવા સક્ષમ બનાવવી; જે સંજોગો હેઠળ બંધારણ સભાના સભ્યો પૈકીના એક શ્રી એચ.વી. કામથ દ્વારા રજૂ કરવામાં આવેલો સુધારો પાછો ખેંચી લેવામાં આવ્યો હતો અને અનુચ્છેદ ૩૬૮ આખરે અપનાવવામાં આવ્યો હતો, તે સંજોગો એ દલીલને સમર્થન આપે છે કે ભાગ-૩ નો સુધારો અનુચ્છેદ ૩૬૮ ના દાયરાની બહાર છે."૨૦૦

૨૧૫. વિદ્વાન એટર્ની જનરલની રજૂઆતો પણ નોંધવામાં આવી હતી અને તે પૈકીની એક રજૂઆત, ફરીથી, વિદ્વાન એટર્ની જનરલ દ્વારા અમારી સમક્ષ કરવામાં આવેલી રજૂઆતથી તદ્દન વિપરીત હતી:

> "બંધારણના અનુચ્છેદ ૩૬૮ નું અર્થઘટન કરવા માટે બંધારણ સભાની ચર્ચાઓ પર આધાર રાખી શકાય નહીં અને જો આધાર રાખી શકાય તો પણ, ચર્ચાઓમાં એવું સકારાત્મક રીતે સાબિત કરવા માટે કંઈ નથી કે મૂળભૂત અધિકારોને બાકાત રાખવામાં આવ્યા હતા.
>
> ૧૯૭ ૧૬૯ યુ.એસ. ૨૯૦, ૩૧૮ ૧૯૮ પૃષ્ઠ ૧૧૨૧ ૧૯૯ (૧૯૬૭) ૨ એસ.સી.આર. ૭૬૨ (૧૧ ન્યાયમૂર્તિઓની બેંચ) ૨૦૦ પૃષ્ઠ ૭૮૨ સુધારામાંથી."૨૦૧

૨૧૬. વિદ્વાન મુખ્ય ન્યાયમૂર્તિએ (બહુમતી વતી બોલતા) સીએડી નો સંદર્ભ આપ્યો અને અવલોકન કર્યું:

> "અમે પંડિત જવાહરલાલ નેહરુ અને ડૉ. આંબેડકરના વક્તવ્યોનો સંદર્ભ અનુચ્છેદ ૩૬૮ ની જોગવાઈઓનું અર્થઘટન કરવાના દ્રષ્ટિકોણથી નહીં, જે અમે તેની પોતાની શરતો પર કરવાનો પ્રસ્તાવ રાખીએ છીએ, પરંતુ માત્ર બંધારણના બે મહત્વપૂર્ણ ઘડવૈયાઓ દ્વારા મૂળભૂત અધિકારોને આપવામાં આવેલા પારલૌકિક સ્વરૂપની નોંધ લેવા માટે આપ્યો છે."૨૦૨

૨૧૭. ન્યાયમૂર્તિ વાંચૂએ આ મુદ્દા સાથે થોડી વધુ વિગતવાર ચર્ચા કરી અને કાયદાની વિચારણા પર (પ્રેમ લાલ મલ્લિક અને એ.કે. ગોપાલન માંથી સમર્થન મેળવીને) ઠેરવ્યું કે બંધારણના અનુચ્છેદ ૩૬૮ ના અર્થઘટન માટે સીએડી ને ધ્યાને લઈ શકાય નહીં અને સદર અનુચ્છેદનું 'તેમાં વપરાયેલા તે શબ્દોના આધારે અર્થઘટન કરવું જોઈએ કે જે આખરે બંધારણમાં સ્થાન પામ્યા છે.'

એવું કહેવામાં આવ્યું હતું:

"દલીલો દરમિયાન સંસદમાં થયેલી ચર્ચાઓના વિપુલ સંદર્ભો આપવામાં આવ્યા હતા અને એવી ભારપૂર્વક રજૂઆત કરવામાં આવી છે કે બંધારણના ઘડવૈયાઓનો આશય જાણવા માટે અનુચ્છેદ ૩૬૮ નું અર્થઘટન કરવા સારુ આ કોર્ટ માટે ચર્ચાઓ ધ્યાને લેવાનું ખુલ્લું છે. અમારો એવો મત છે કે અનુચ્છેદ ૩૬૮ નું અર્થઘટન અને તેમાં સમાવિષ્ટ જોગવાઈનો વ્યાપ અને વિસ્તાર નક્કી કરવા માટે અમે બંધારણ સભામાં થયેલી ચર્ચાઓ ધ્યાને લઈ શકીએ નહીં અને અમારે ધ્યાને લેવી જોઈએ પણ નહીં. એ બાબત સ્વીકારી શકાય કે ઐતિહાસિક પૃષ્ઠભૂમિ અને કદાચ જ્યારે બંધારણ ઘડવામાં આવી રહ્યું હતું ત્યારે બંધારણ સભા દ્વારા શું સ્વીકારવામાં આવ્યું હતું અથવા શું નકારી કાઢવામાં આવ્યું હતું, તે બાબત અનુચ્છેદ ૩૬૮ નો વ્યાપ અને વિસ્તાર શોધવા માટે ધ્યાનમાં લઈ શકાય છે. પરંતુ અમને કોઈ શંકા નથી કે બંધારણ સભામાં થયેલી ચર્ચાઓમાં જે

કંઈ બોલવામાં આવ્યું હતું તેને ધ્યાને લઈ શકાય નહીં અને ૨૦૧ પૃષ્ઠ ૭૮૩ ૨૦૨ પૃષ્ઠ ૭૯૨ અનુચ્છેદ ૩૬૮ નું અર્થઘટન કરવા માટે ધ્યાને લેવું જોઈએ પણ નહીં ..... .

તેથી અમારો એવો મત છે કે અનુચ્છેદ ૩૬૮ નું અર્થઘટન કરવા માટે અથવા તેના વિસ્તાર અને વ્યાપને વ્યાખ્યાયિત કરવા માટે અને તે શેનો સમાવેશ કરે છે અને શેનો નહીં તે નક્કી કરવા માટે બંધારણ સભામાં કરવામાં આવેલા વક્તવ્યો વાંચવા શક્ય નથી. ઐતિહાસિક તથ્યોના સંબંધમાં, એટલે કે, અનુચ્છેદ ૩૬૮ ના સંદર્ભમાં બંધારણ સભામાં શું સ્વીકારવામાં આવ્યું હતું અથવા શું ટાળવામાં આવ્યું હતું, તે અંગે એટલું કહેવું પૂરતું છે કે અમે આ સંબંધિત સામગ્રીમાંથી કોઈ મદદ મેળવી શક્યા નથી. અનુચ્છેદ ૩૬૮ હેઠળ સુધારાની સત્તાને મર્યાદિત કરવા અને મૂળભૂત અધિકારોને તેમાંથી મુક્ત રાખવા માટેની દરખાસ્તો હતી અને બંધારણ સભા સમક્ષ સુધારાની સત્તાને સર્વગ્રાહી બનાવવા માટેની વળતી દરખાસ્તો પણ હતી. તે તમામ કાં તો પડતી મૂકવામાં આવી હતી અથવા નકારી કાઢવામાં આવી હતી અને સંજોગોમાં તે અનુચ્છેદ ૩૬૮ નું અર્થઘટન નક્કી કરવામાં કોઈ મદદરૂપ થતી નથી, જેનું અર્થઘટન તેમાં વપરાયેલા તે શબ્દોના આધારે થવું જોઈએ કે જે આખરે બંધારણમાં સ્થાન પામ્યા છે, અને તે શબ્દો પર અમને કોઈ શંકા નથી કે તેમાં આપવામાં આવેલી સુધારાની સત્તા પર કોઈપણ પ્રકારની ગર્ભિત મર્યાદાઓ નથી."૨૦૩

૨૧૮. ન્યાયમૂર્તિ બછાવતે બંધારણનું અર્થઘટન કરવા માટે સીએડી એક સહાયક હોવાના મુદ્દાનો સંદર્ભ આપીને પોતાના ચુકાદાનું સમાપન કર્યું. ખૂબ જ સંક્ષિપ્ત શબ્દોમાં, વિદ્વાન ન્યાયમૂર્તિએ આ સંબંધમાં કરવામાં આવેલી રજૂઆતને નકારી કાઢી અને સ્ટેટ ઓફ ત્રાવણકોર-કોચીન પર આધાર રાખ્યો. તેમણે આ પ્રમાણે જણાવ્યું હતું:

> "આ ચુકાદાનું સમાપન કરતાં પહેલાં મારે મુસદ્દા બંધારણ પરની ચર્ચાઓ દરમિયાન બંધારણ સભાના સભ્યો દ્વારા કરવામાં આવેલા કેટલાક વક્તવ્યોનો સંદર્ભ આપવો જ જોઈએ. આ વક્તવ્યોનો ઉપયોગ બંધારણના અર્થઘટન માટે સહાયક તરીકે થઈ શકે નહીં. જુઓ સ્ટેટ ઓફ ત્રાવણકોર-કોચીન અને અન્ય વિ. બોમ્બે કંપની લિ. તદનુસાર, હું
>
> ૨૦૩ પૃષ્ઠ ૮૩૬, ૮૩૭ અને ૮૩૮ અર્થઘટન માટે સહાયક તરીકે તેમના પર આધાર રાખતો નથી."૨૦૪

૨૧૯. ન્યાયમૂર્તિ બછાવત ૧૫મી ઓગસ્ટ, ૧૯૪૮ ના રોજ સર બી.એન. રાવ (બંધારણીય સલાહકાર) દ્વારા લખાયેલા એક વિશેષ લેખનો પણ એક ખૂબ જ રસપ્રદ સંદર્ભ આપે છે. સર બેનેગલે ટિપ્પણી કરી હતી:

> "એ બાબત કંઈક અંશે અતાર્કિક જણાય છે કે અત્યંત મર્યાદિત મતાધિકારના આધારે પરોક્ષ રીતે ચૂંટાયેલી સભા દ્વારા સાદી બહુમતીથી બંધારણ નક્કી કરવામાં આવે અને પુખ્ત મતાધિકાર દ્વારા ચૂંટાયેલી -

અને કદાચ મોટાભાગે સીધી રીતે ચૂંટાયેલી સંસદ દ્વારા તે જ રીતે તેમાં સુધારો કરી શકાતો ન હોવો જોઈએ."૨૦૫

આ બાબત, કોઈપણ ટિપ્પણી વિના, માત્ર એ વિચાર ખુલ્લો મૂકવા માટે દર્શાવવામાં આવી છે કે શું બંધારણનું અર્થઘટન બંધારણ સભાના થોડા માનનીય સભ્યો દ્વારા વ્યક્ત કરવામાં આવેલા મંતવ્યો સાથે કાયમ માટે બાંધી શકાય, કે જેઓ નિઃશંકપણે અત્યંત વિદ્વાન અને દીર્ઘદ્રષ્ટા હતા પરંતુ તેમ છતાં તેઓ 'ખૂબ જ મર્યાદિત મતાધિકાર પર પરોક્ષ રીતે ચૂંટાયેલી સભા' ની રચના કરતા હતા.

૨૨૦. કેશવાનંદ ભારતીમાં મુખ્ય ન્યાયમૂર્તિ સીક્રી દ્વારા ઠેરવવામાં આવ્યું હતું કે 'કાયદાના ઘડતર સંબંધિત ચર્ચાઓ દરમિયાન ધારાસભાના સભ્યો દ્વારા કરવામાં આવેલા ભાષણોનો ઉપયોગ કાયદાની કોઈપણ જોગવાઈઓના અર્થઘટન માટે સહાયક તરીકે થઈ શકે નહીં.' વિદ્વાન મુખ્ય ન્યાયમૂર્તિએ ઠેરવ્યું કે આ જ નિયમ બંધારણની જોગવાઈઓને પણ લાગુ પડે છે અને આ માટે અન્ય બાબતોની સાથોસાથ પ્રેમ લાલ મલ્લિક, એ.કે. ગોપાલન, સ્ટેટ ઓફ ત્રાવણકોર-કોચીન અને ગોલક નાથ પર આધાર રાખવામાં આવ્યો હતો. યુનિયન ઓફ ઇન્ડિયા વિ. એચ.એસ. ધીલોન૨૦૬ ની સમજૂતી આપતાં વિદ્વાન મુખ્ય ન્યાયમૂર્તિએ કહ્યું હતું કે:

"યુનિયન ઓફ ઇન્ડિયા વિ. એચ.એસ. ધીલોનમાં મેં, બહુમતી વતી, ભાષણોનો સંદર્ભ લેતાં પહેલાં પાના નં. ૫૮ પર અવલોકન કર્યું હતું કે

૨૦૪ પાનું ૯૨૨ ૨૦૫ પાનું ૯૧૭[38]

"જોકે, ચર્ચાઓમાંથી નીચેના અંશો પરથી એ જાણીને અમને આનંદ થાય છે કે અમારું અર્થઘટન જે અભિપ્રેત હતું તેની સાથે મેળ ખાય છે". ચર્ચાઓમાંથી પોતાના અર્થઘટનની પુષ્ટિ શોધવામાં કોઈ વાંધો નથી પરંતુ ચર્ચાઓના પ્રકાશમાં બંધારણની જોગવાઈઓનું અર્થઘટન કરવું એ તદ્દન અલગ બાબત છે."૨૦૭

૨૨૧. ચુકાદાઓના કાયદા પર આધાર રાખવા ઉપરાંત, વિદ્વાન મુખ્ય ન્યાયમૂર્તિએ એવા નિષ્કર્ષ પર પહોંચવા માટે એક વધારાનું કારણ આપ્યું હતું કે બંધારણની જોગવાઈઓના અર્થઘટન માટે સીએડી પર આધાર રાખવો સલાહભર્યો ન હતો. આ બાબત વિદ્વાન મુખ્ય ન્યાયમૂર્તિના શબ્દોમાં શ્રેષ્ઠ રીતે સમજી શકાય છે:

'અર્થઘટનના હેતુ માટે ચર્ચાઓનો સંદર્ભ ન લેવા માટે એક વધારાનું કારણ છે. જ્યાં સુધી મોટાભાગના ભારતીય રાજ્યોનો સંબંધ હતો, બંધારણ શાસક અથવા રાજપ્રમુખ દ્વારા સ્વીકૃતિ મળવાના કારણે જ અમલમાં આવ્યું હતું. આ બાબત ૧૨ ઓક્ટોબર, ૧૯૪૯ ના રોજ બંધારણ સભામાં સરદાર વલ્લભભાઈ પટેલના નિવેદનના નીચેના અંશ પરથી સમર્થિત થાય છે, (સીએડી, વોલ્યુમ ૧૦, પાના નં. ૧૬૧-૬૩):

[38] ૧૮૦ (૨૦૧૦) ૫ એસ.સી.સી. ૫૩૮ (પાંચ ન્યાયમૂર્તિઓની બેંચ) સત્તાના વિભાજનનું માત્ર ત્યારે નહીં જો તે રાજ્યની વિવિધ શાખાઓના કાર્યોના અમુક આચ્છાદનમાં પરિણમે, પરંતુ જો તે અન્ય શાખાના કોઈ આવશ્યક કાર્યને પોતાના હાથમાં લઈ લે જેનાથી બંધારણીય જવાબદેહીમાં ક્ષતિ સર્જાય."૧૮૧

"કમનસીબે (મૈસૂર, સૌરાષ્ટ્ર અને ત્રાવણકોર અને કોચીન યુનિયન સિવાયના) બાકીના રાજ્યોમાં આપણી પાસે યોગ્ય રીતે રચાયેલી ધારાસભાઓ નથી કે ભારતનું બંધારણ તેના અંતિમ સ્વરૂપમાં બહાર આવે તે પહેલાં તેમાં ધારાસભાઓની રચના કરવાનું શક્ય બનશે નહીં. તેથી, શાસકો અથવા રાજપ્રમુખ, જે કેસ હોય તે મુજબ, કે જેઓ નિઃશંકપણે તેમના મંત્રી પરિષદની સલાહ લેશે, તેમના દ્વારા સ્વીકૃતિના આધારે આ રાજ્યોમાં બંધારણનો અમલ કરવા સિવાય આપણી પાસે અન્ય કોઈ વિકલ્પ નથી."

આ નિવેદનને અનુરૂપ, શાસકો અથવા રાજપ્રમુખો દ્વારા ૨૦૭ ફકરો ૧૮૩ બંધારણનો સ્વીકાર કરતાં જાહેરનામા બહાર પાડવામાં આવ્યા હતા.

મને એવું લાગે છે કે જ્યારે કોઈ શાસક અથવા રાજપ્રમુખ અથવા રાજ્યના લોકોએ ભારતના બંધારણને તેના અંતિમ સ્વરૂપમાં સ્વીકાર્યું, ત્યારે તેમણે બંધારણ સભાની ચર્ચાઓ દરમિયાન કરવામાં આવેલા ભાષણોને આધીન રહીને તેનો સ્વીકાર કર્યો ન હતો. મારા મતે, આ ભાષણો પર માત્ર એ જોવા માટે જ આધાર રાખી શકાય કે કોઈ ચોક્કસ જોગવાઈ અથવા જોગવાઈઓની પ્રગતિનો ક્રમ ઐતિહાસિક પૃષ્ઠભૂમિ પર કોઈ પ્રકાશ પાડે છે કે કેમ અથવા એ દર્શાવે છે કે લોકોના અમુક વર્ગો વચ્ચે કોઈ સમાન સમજૂતી અથવા કરાર થયો હતો કે કેમ."૨૦૮

૨૨૨. ન્યાયમૂર્તિ હેગડે અને ન્યાયમૂર્તિ એ.કે. મુખર્જીએ પણ ઠેરવ્યું હતું કે બંધારણની કોઈપણ જોગવાઈનું અર્થઘટન કરવા માટે સીએડી પર આધાર રાખી શકાય નહીં. સ્ટેટ ઓફ ત્રાવણકોર-કોચીન નો સંદર્ભ લેવામાં આવ્યો હતો અને ઠેરવવામાં આવ્યું હતું કે:

> "અનુચ્છેદ ૩૧(૨) હાલમાં જે સ્વરૂપમાં છે તેનો સાચો વ્યાપ શોધવા માટે, મહારાષ્ટ્રના વિદ્વાન એડવોકેટ-જનરલ તેમજ સોલિસિટર-જનરલ અમને આ અનુચ્છેદના ઈતિહાસમાંથી લઈ ગયા છે. તેમના મતે આ અનુચ્છેદ હાલમાં જે સ્વરૂપમાં છે તે બંધારણના ઘડવૈયાઓના આશયનું સાચું પ્રતિનિધિત્વ કરે છે. તે દલીલના સમર્થનમાં, અમને તે અનુચ્છેદ સંબંધિત બંધારણ સભાની ચર્ચાઓ જોવાનું કહેવામાં આવ્યું હતું. વિશેષ કરીને અમને પંડિત નેહરુ, સર અલ્લાદી કૃષ્ણસ્વામી અય્યર, ડૉ. મુનશી અને ડૉ. આંબેડકર દ્વારા આપવામાં આવેલા ભાષણો જોવાનું જણાવવામાં આવ્યું હતું. અમારા મતે, અમારા માટે આવું કરવું અસ્વીકાર્ય છે. અર્થઘટનનો આ એક સુસ્થાપિત નિયમ છે કે કાયદાના ઘડતર સંબંધિત ચર્ચાઓ દરમિયાન ધારાસભાના સભ્યો દ્વારા કરવામાં આવેલા ભાષણોનો ઉપયોગ કાયદાની કોઈપણ જોગવાઈઓના અર્થઘટન માટે સહાયક તરીકે થઈ શકે નહીં. જ્યારે આપણને બંધારણની જોગવાઈઓનું અર્થઘટન કરવાનું કહેવામાં આવે ત્યારે પણ આ જ નિયમ લાગુ પડે છે."૨૦૯ ૨૦૮ ફકરો ૧૮૪ થી ૧૮૬ ૨૦૯ ફકરો ૬૮૩

વિદ્વાન ન્યાયમૂર્તિઓએ અવલોકન કર્યું હતું કે ઉપર જણાવેલ મત સાથે અસહમત હોય તેવો કોઈ પણ નિર્ણય તેમના ધ્યાને લાવવામાં આવ્યો ન હતો.

૨૨૩. ન્યાયમૂર્તિ એચ.આર. ખન્ના પણ એવા મતના હતા કે

બંધારણીય જોગવાઈના ઈતિહાસને નિર્ધારિત કરવાના માત્ર મર્યાદિત હેતુ માટે જ સીએડી નો સંદર્ભ લઈ શકાય. સીએડી 'બંધારણની જોગવાઈઓનું અર્થઘટન કરવા માટેનો આધાર બની શકે નહીં.' વિદ્વાન ન્યાયમૂર્તિએ વધુમાં જણાવ્યું હતું કે કાયદાના મુસદ્દાકારના આશયને વપરાયેલા શબ્દો પરથી તારવવો પડશે. વિદ્વાન ન્યાયમૂર્તિએ કહ્યું હતું કે:

> "મારા મતે, બંધારણીય જોગવાઈનો ઈતિહાસ અને જે પૃષ્ઠભૂમિ હેઠળ સદર જોગવાઈનો મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો હતો તે જાણવા માટે બંધારણ સભામાં થયેલા ભાષણોનો સંદર્ભ લઈ શકાય છે. આ ભાષણો એ દર્શાવવા પર પણ પ્રકાશ પાડી શકે છે કે કઈ ક્ષતિનું નિવારણ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો અને જોગવાઈનો મુસદ્દો ઘડવામાં કયો ઉદ્દેશ્ય પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જોકે, આ ભાષણો બંધારણની જોગવાઈઓનું અર્થઘટન કરવા માટેનો આધાર બની શકે નહીં. બંધારણની જોગવાઈનું અર્થઘટન કરવાનું કાર્ય સ્વતંત્ર રીતે થવું જોઈએ અને બંધારણ સભામાં કરવામાં આવેલા ભાષણોનો સંદર્ભ કોર્ટને તે કાર્ય કરવાથી મુક્ત કરતો નથી. મુસદ્દાકારોએ જોગવાઈઓમાં તેમના દ્વારા ઉપયોગમાં લેવાયેલા શબ્દોમાં પોતાના આશયો વ્યક્ત કર્યા હોવાનું

માનવામાં આવે છે. તે શબ્દો આશયના અંતિમ સંગ્રહસ્થાન છે અને આખરે જોગવાઈના શબ્દો પરથી જ મુસદ્દાકારોનો આશય તારવવો પડશે."૨૧૦

૨૨૪. ન્યાયમૂર્તિ વાય.વી. ચંદ્રચૂડે એવા નિષ્કર્ષ પર પહોંચવા માટે સ્ટેટ ઓફ ત્રાવણકોર-કોચીન, એ.કે. ગોપાલન અને ગોલક નાથ પર આધાર રાખ્યો હતો કે:

"દલીલો દરમિયાન બંધારણ સભા અને પ્રથમ ૨૧૦ ફકરો ૧૩૬૮

કામચલાઉ સંસદની ચર્ચાઓ અમને વિસ્તૃત રીતે વાંચી સંભળાવવામાં આવી હતી. મેં આ ભાષણો રસપૂર્વક વાંચ્યા, પરંતુ મારા મતે, બંધારણીય જોગવાઈઓના અર્થઘટન માટે આ ચર્ચાઓ સહાયક તરીકે ગ્રાહ્ય નથી."૨૧૧ થોડા સમય પછી કહેવામાં આવ્યું હતું:

"કાયદાકીય અર્થઘટન માટે સહાયક તરીકે સંસદીય ચર્ચાઓ પર આધાર રાખવો જોખમી છે. જુદા જુદા વક્તાઓના જુદા જુદા હેતુઓ હોય છે અને "પાર્ટી વ્હીપ" ની પ્રણાલી એવું માની લેવા માટે કોઈ આધાર આપતી નથી કે જેમણે મતદાન કર્યું પરંતુ બોલ્યા નહીં તેઓ સમાન વિચારસરણી ધરાવતા હતા. જેઓ બોલે છે તેમના સંબંધમાં પણ આવું અનુમાન કરવું મુશ્કેલ હોઈ શકે છે. સૌથી સલામત માર્ગ એ છે કે ધારાસભા જે ભાષાનો ઉપયોગ કરે છે તેના પરથી તેનો આશય તારવવો. તેથી, ગોપાલન કેસમાં

સમજાવ્યા મુજબ સંસદીય કાર્યવાહીનો ઉપયોગ માત્ર મર્યાદિત હેતુ માટે જ થઈ શકે છે."૨૧૨

૨૨૫. ન્યાયમૂર્તિ જગનમોહન રેડ્ડી દ્વારા અલંકારિક રીતે એક વિપરીત મત વ્યક્ત કરવામાં આવ્યો હતો પરંતુ આખરે એવું ઠેરવવામાં આવ્યું હતું કે સીએડી અર્થઘટનમાં સહાય કરી શકે છે, કારણ કે તે ધારાકીય ચર્ચાઓ કરતાં અલગ 'મૂલ્યવાન સામગ્રી' છે જે પક્ષપાતી દ્રષ્ટિકોણ અને પક્ષીય રાજકારણથી પ્રેરિત હોઈ શકે છે. બંધારણ સભાની ચર્ચાઓ આવી પક્ષપાતી વિચારણાઓથી પ્રેરિત ન હતી. એવું કહેવામાં આવ્યું હતું કે:

"મારી પોતાની વાત કરું તો, આપણા ઘડવૈયાઓનો આશય શું હતો તે નક્કી કરવા માટે આપણે તેમાં [સીએડી] હિંમતપૂર્વક શા માટે ન જોવું જોઈએ

અને તેમણે તે આશયને કેવી રીતે સાકાર કર્યો? તેમને નિષિદ્ધ અથવા અસ્વીકાર્ય સામગ્રી તરીકે ગણવા પાછળનો તર્ક શું છે? એક બંધારણીય બાબતમાં, જ્યાં લેખિત દસ્તાવેજમાં મૂર્તિમંત થયેલ બંધારણના ઘડવૈયાઓનો આશય નક્કી કરવાનો હોય, ત્યાં કોર્ટે કાર્યવાહી અને સંબંધિત વિગતો, જેમાં તેને નક્કી કરવા પર પ્રકાશ પાડી શકે તેવા કોઈપણ ભાષણનો સમાવેશ થાય છે, તે જોવી જોઈએ. કોર્ટ તેમને બિનઉપયોગી તરીકે નકારી શકે છે, જો તેઓ કોઈ પ્રકાશ

૨૧૧ ફકરો ૨૧૩૭

૨૧૨ ફકરો ૨૧૪૦ ન પાડતા હોય અથવા માત્ર એવો ઝાંખો પ્રકાશ પાડતા હોય જેમાં કંઈપણ પારખી શકાતું ન હોય ..... એક સામાન્ય મુસદ્દા બિલ પર ધારાસભાની કાર્યવાહીમાં, જેમ મેં અગાઉ કહ્યું હતું તેમ, પક્ષપાતી અને ઉગ્ર ચર્ચા થઈ શકે છે, જે ઘણીવાર કોર્ટ સમક્ષ આવતા મુદ્દાઓ પર કોઈ પ્રકાશ પાડતી નથી પરંતુ બંધારણ સભાની કાર્યવાહીમાં આવી કોઈ પક્ષપાતી છાપ હોતી નથી અને તેમની એકમાત્ર ચિંતા રાષ્ટ્રને તેના મૂળભૂત માળખા અને માનવીય મૂલ્યો સાથે પૂરતી સંતુલિત અને સ્થિર એવી એક કાર્યકારી વ્યવસ્થા આપવાની હોય છે જેથી ભવિષ્યની પેઢીઓની જરૂરિયાતોને પૂર્ણ કરી શકે તેવા પરિબળોના આદાનપ્રદાનને મંજૂરી આપી શકાય. તેના હેઠળ રચાયેલી અને તેને સમજવા તથા તેનું અર્થઘટન કરવાની ફરજ સોંપાયેલી સુપ્રિમ કોર્ટે, જો ઘડવૈયાઓના ઉદ્દેશ્યોને પકડવાના હોય, તો બંધારણ સભાની કાર્યવાહી અને વિચાર-વિમર્શના રેકોર્ડમાંથી મેળવી શકાય તેવા માર્ગદર્શનના લાભથી પોતાને વંચિત રાખવી જોઈએ નહીં."૨૧૩

૨૨૬. ન્યાયમૂર્તિ કે.કે. મેથ્યુએ ન્યાયમૂર્તિ જગનમોહન રેડ્ડીના મતને ટેકો આપ્યો હતો અને અવલોકન કર્યું હતું કે: 'તાર્કિક રીતે, જો વ્યક્તિગત સભ્યો દ્વારા બંધારણ સભામાં આપવામાં આવેલા ભાષણો બંધારણની જોગવાઈમાં રહેલી ગર્ભિત અસ્પષ્ટતાનું નિરાકરણ લાવે તેવો કોઈ પ્રકાશ પાડતા હોય, તો આપણે તે ભાષણોને સંપૂર્ણપણે બાકાત રાખવા જોઈએ તેવું કોઈ કારણ નથી.' વિદ્વાન ન્યાયમૂર્તિએ તે નિર્ણયના ત્યાર પછીના ફકરામાં આગળ ઠેરવ્યું હતું કે:

"જો બંધારણના ઘડવૈયાઓનો આશય નક્કી કરવા માટે, તેના મૂળ સહિત બંધારણની કોઈ જોગવાઈના ધારાકીય ઈતિહાસને એટલે કે તેના ઘડતર સુધી દોરી જતાં અને તેની સાથે સંકળાયેલા વિવિધ પગલાંઓને સમજવા માટે બંધારણ સભાની ચર્ચાઓ જોઈ શકાતી હોય, તો જોગવાઈના હેતુ અને સામાન્ય આશય પર પ્રકાશ પાડવા માટે આ ચર્ચાઓ અગ્રાહ્ય શા માટે છે તે સમજવું મુશ્કેલ છે. આખરે, ધારાકીય ઈતિંહાસ માત્ર જોગવાઈ ઘડવામા ધારાકીય હેતુને પ્રગટ કરવાનું વલણ ધરાવે છે અને

૨૧૩ ફકરો ૧૦૮૮ તે દ્વારા ધારાકીય આશય પર પ્રકાશ પાડે છે. જો માત્ર ધારાકીય ઈતિહાસ દર્શાવવા માટે ચર્ચાઓનો આશરો લેવાની મંજૂરી આપવામાં આવે અને જોગવાઈમાં રહેલી ગર્ભિત અસ્પષ્ટતાના કિસ્સામાં ધારાકીય આશય દર્શાવવા માટે તેની મંજૂરી આપવામાં ન આવે તો તે એક અદ્રશ્ય ભેદરેખા દોરવા સમાન ગણાશે."૨૧૪

૨૨૭. શમશેર સિંહમાં પોતાના સહમતિજનક અભિપ્રાયમાં, ન્યાયમૂર્તિ કૃષ્ણા અય્યરે (પોતાના વતી અને ન્યાયમૂર્તિ પી.એન. ભગવતી વતી) પોતાના નિષ્કર્ષ પર પહોંચવા માટે સીએડી નો વ્યાપક સંદર્ભ લીધો હતો, જ્યારે મુખ્ય ન્યાયમૂર્તિ રે એ (પોતાના વતી અને અન્ય ચાર વિદ્વાન ન્યાયમૂર્તિઓ વતી) સીએડી નો કોઈ સંદર્ભ લીધો ન હતો.

૨૨૮. તે ભલે ગમે તે હોય, ઇન્દ્રા સાહની વિ. યુનિયન ઓફ ઇન્ડિયા૨૧૫ માં સીએડી નો સંદર્ભ ફરીથી વિચારણા માટે આવ્યો હતો.

વિદ્વાન મુખ્ય ન્યાયમૂર્તિ, ન્યાયમૂર્તિ એમ.એન. વેંકટાચલૈયા, ન્યાયમૂર્તિ અહમદી અને પોતાના વતી બોલતાં, ન્યાયમૂર્તિ બી.પી. જીવન રેડ્ડીએ સ્પષ્ટતા કરી કે જોકે સીએડી અથવા ડૉ. આંબેડકરના ભાષણોને અવગણી શકાય નહીં, તેમ છતાં તે કોર્ટ માટે નિર્ણાયક અથવા બંધનકર્તા નથી પરંતુ બંધારણીય જોગવાઈનું અર્થઘટન કરવા માટે સહાયક તરીકે તેના પર આધાર રાખી શકાય છે. બંધારણના અનુચ્છેદ ૧૬ ના ખંડ (૪) દ્વારા પ્રાપ્ત કરવાના 'સંદર્ભ અને ઉદ્દેશ્ય પૂરા પાડવા' માટે સીએડી નો સંદર્ભ આપવામાં આવ્યો હતો. અન્ય બાબતોની સાથે, ગોલકનાથ, ધિલ્લોન અને કેશવાનંદ ભારતીનો સંદર્ભ આપવામાં આવ્યો હતો અને ઠેરવવામાં આવ્યું હતું કે:

> "અમે વાકેફ છીએ કે આ ચર્ચાઓ દરમિયાન જે કહેવામાં આવ્યું છે તે કોર્ટ માટે નિર્ણાયક અથવા બંધનકર્તા નથી કારણ કે ઘણા સભ્યોએ વિવિધ મંતવ્યો વ્યક્ત કર્યા હોઈ શકે છે, જે તમામ આખરે ઘડવામાં આવેલી જોગવાઈમાં પ્રતિબિંબિત ન પણ થયા હોય. જોકે, આ પાસા પર ડૉ. આંબેડકરનું ભાષણ એક અલગ સ્થાન ધરાવે છે. તેઓ માત્ર તે મુસદ્દા સમિતિના અધ્યક્ષ જ ન હતા કે જેણે શબ્દપ્રયોગ
>
> "પછાત" મુસદ્દા અનુચ્છેદ ૧૦(૩) માં દાખલ કર્યો હતો [તે મૂળ મુસદ્દા અનુચ્છેદ ૧૦(૩) માં ન હતો], તેઓ વાસ્તવમાં મુસદ્દા

૨૧૪ પેરા ૧૫૯૮

૨૧૫ ૧૯૯૨ સપ્લી. (૩) એસ.સી.સી. ૨૧૭ (૯ ન્યાયમૂર્તિઓની બેંચ) અનુચ્છેદનું સંચાલન કરી રહ્યા હતા. તેમના ભાષણમાં, તેઓ મુસદ્દા ખંડ (૩) પાછળનું કારણ સમજાવે છે તેમજ તે કારણ પણ સમજાવે છે કે જેના માટે મુસદ્દા સમિતિએ સદર ખંડમાં "પછાત" શબ્દપ્રયોગ ઉમેર્યો હતો. આ પરિસ્થિતિમાં, સદર શબ્દપ્રયોગનો અર્થ જાણવાનો પ્રયાસ કરતી વખતે કોઈપણ વ્યક્તિ તેમના ભાષણને કેવી રીતે અવગણી શકે તે સમજવામાં અમે અસમર્થ છીએ. બંધારણ સભાની ચર્ચાઓ બંધારણીય જોગવાઈના અર્થઘટન માટે સહાયક તરીકે આધાર રાખી શકાય છે તે આ કોર્ટના શ્રેણીબદ્ધ નિર્ણયો દ્વારા સાબિત થાય છે ..... બંધારણમાં "પછાત" અથવા "નાગરિકોનો પછાત વર્ગ" શબ્દપ્રયોગ વ્યાખ્યાયિત કરવામાં આવ્યો ન હોવાથી, ગમે તે રીતે, તેમની પાછળનો સંદર્ભ, પૃષ્ઠભૂમિ અને ઉદ્દેશ્ય જાણવા માટે આવી ચર્ચાઓનો સંદર્ભ લેવો અનુમતિપાત્ર છે. વિશેષ કરીને, જ્યાં કોર્ટ 'મૂળ આશય' જાણવા માંગતી હોય ત્યાં આવો સંદર્ભ અનિવાર્ય હોઈ શકે છે."૨૧૬

૨૨૯. એસ.આર. ચૌધરી વિ. સ્ટેટ ઓફ પંજાબ૨૧૭ માં ઠેરવવામાં આવ્યું હતું કે એ બાબત સ્થાપિત છે કે સીએડી પર 'બંધારણીય જોગવાઈનું અર્થઘટન કરવા માટે સહાયક તરીકે આધાર રાખી શકાય છે કારણ કે બંધારણના ઘડવૈયાઓનો આશય શોધવાનું કાર્ય કોર્ટનું છે.' આ મતનું મનોજ નરુલા વિ. યુનિયન ઓફ ઈન્ડિયા૨૧૮ માં મારા દ્વારા અનુસરણ કરવામાં આવ્યું હતું.

૨૩૦. ટી.એમ.એ. પાઇ ફાઉન્ડેશન વિ. સ્ટેટ ઓફ કર્ણાટક૨૧૯ માં

ન્યાયમૂર્તિ ખરેએ કેશવાનંદ ભારતીનો સંદર્ભ આપ્યો હતો અને તેમાં અવલોકન કર્યું હતું કે જોકે સીએડી નિર્ણાયક નથી, તેમ છતાં તે બંધારણની જોગવાઈઓ ઘડવામાં ઘડવૈયાઓના આશય પર પ્રકાશ પાડી શકે છે. આ આધારે વિદ્વાન ન્યાયમૂર્તિએ ઠેરવેલ કે:

"આમ, સ્વીકૃત મત એવો જણાય છે કે બંધારણ સભાની ચર્ચાઓના અહેવાલને

૨૧૬ પેરા ૭૭૨ ૨૧૭ (૨૦૦૧) ૭ એસ.સી.સી. ૧૨૬ ૨૧૮ (૨૦૧૪) ૯ એસ.સી.સી. ૧ (૫ ન્યાયમૂર્તિઓની બેંચ) ૨૧૯ (૨૦૦૨) ૮ એસ.સી.સી. ૪૮૧ (૧૧ ન્યાયમૂર્તિઓની બેંચ)

અધિનિયમ અથવા બંધારણની જોગવાઈઓના અર્થઘટન માટે કાયદેસર રીતે ધ્યાનમાં લઈ શકાય છે."૨૨૦

૨૩૧. ન્યાયમૂર્તિ વરિયાવા (પોતાના વતી અને ન્યાયમૂર્તિ ભાન વતી) એ પણ કેશવાનંદ ભારતીનો સંદર્ભ આપ્યો હતો અને ઠેરવ્યું હતું કે જોકે સીએડી નિર્ણાયક નથી, પરંતુ 'બંધારણીય બાબતમાં જ્યાં બંધારણના ઘડવૈયાઓનો આશય જાણવાનો હોય, ત્યાં કોર્ટે કાર્યવાહી અને સંબંધિત ડેટા જોવો જોઈએ, જેમાં ભાષણોનો પણ સમાવેશ થાય છે, જે આશય જાણવા પર પ્રકાશ પાડે છે.'

૨૩૨. ન્યાયમૂર્તિ સૈયદ શાહ કાદરીએ નીચેના શબ્દોમાં એક રસપ્રદ સિદ્ધાંત જણાવ્યો હતો:

> "અનુચ્છેદનું અર્થઘટન કરવાની સાચી રીત તેની સરળ ભાષાને અનુસરવી અને તે જે અર્થ દર્શાવે છે તેને સ્પષ્ટ કરવાની છે. કોર્ટ દ્વારા આપવામાં આવેલા અર્થઘટનને સમર્થન આપતી ઐતિહાસિક અને રાજકીય પૃષ્ઠભૂમિનો સંદર્ભ લેવો નિઃશંકપણે ઉપયોગી રહેશે અને તે સંદર્ભમાં બંધારણ સભાની ચર્ચાઓ તે તમામ પાસાઓને સમજવા માટેનો શ્રેષ્ઠ રેકોર્ડ રહેશે. બંધારણ સભાના સભ્યો મારફતે ભારતના લોકોને બંધારણ સ્વીકારવા, ઘડવા અને પોતાને સમર્પિત કરવા માટે ઘણા બધા પરિબળોએ પ્રેરિત કર્યા હોઈ શકે છે. તેમણે આ દસ્તાવેજોમાં જે સ્વીકાર્યું છે, ઘડ્યું છે અને પોતાને સમર્પિત કર્યું છે તેની સાથે જ અમારે ખરેખર નિસ્બત છે. આપણે તેના પર એવો કોઈ ડાઘ લગાવી શકીએ નહીં અને લગાવવો જોઈએ પણ નહીં કે જેને તેના ચહેરા પરથી દૂર કરવામાં આવનારી પેઢીઓને વર્ષો લાગી જાય."૨૨૧

૨૩૩. વિદ્વાન ન્યાયમૂર્તિએ ત્યારબાદ પ્રેમ લાલ મલ્લિક, એ.કે. ગોપાલન, સ્ટેટ ઓફ ત્રાવણકોર-કોચીન, કેશવાનંદ ભારતી અને ઇન્દ્રા સાહની પર આધાર રાખીને ઠેરવ્યું કે 'બંધારણની જોગવાઈઓનું અર્થઘટન કરવા માટે બંધારણ સભામાં આપવામાં આવેલા ભાષણોની ગ્રાહ્યતા અનુમતિપાત્ર નથી' અને એ પણ

કે 'મને અભિપ્રાયની બહુમતી બંધારણ સભા અથવા ૨૨૦ આ નિષ્કર્ષ શંકાસ્પદ જણાય છે

૨૨૧ પેરા ૨૮૬

સંસદની ચર્ચાઓ પર બંધારણીય જોગવાઈનું અર્થઘટન કરવા માટે આધાર ન રાખવાની જણાય છે, જોકે તે અન્ય હેતુઓ માટે સુસંગત હોઈ શકે છે.' વિદ્વાન ન્યાયમૂર્તિએ બ્લેક ક્લોસન ઈન્ટરનેશનલ લિમિટેડ વિ. પેપિયરવર્કે વાલ્ડહોફ એસ્ચાફેનબર્ગ

એક્ટિએનજેસેલશાફ્ટ૨૨૨ માંથી નીચે મુજબની અસરે એક વાક્ય ટાંક્યું હતું:

"આપણે સંસદનો શું આશય હતો તે શોધતા નથી પરંતુ સંસદે જે કહ્યું તેનો સાચો અર્થ શોધી રહ્યા છીએ."૨૨૩

૨૩૪. ઈન રી: સ્પેશિયલ રેફરન્સ નં. ૧/૨૦૦૨ (ગુજરાત એસેમ્બલી ઈલેક્શન મેટર)૨૨૪ માં સીએડી પર આધાર રાખવાનો મુદ્દો ફરીથી વિચારણા માટે આવ્યો હતો. ન્યાયમૂર્તિ ખરેએ (મુખ્ય ન્યાયમૂર્તિ, ન્યાયમૂર્તિ ભાન અને પોતાના વતી) કેશવાનંદ ભારતીનો સંદર્ભ આપ્યો હતો અને ઠેરવ્યું હતું કે:

"બંધારણ સભાની ચર્ચાઓ જોકે નિર્ણાયક નથી, તેમ છતાં તે બંધારણની જોગવાઈઓ ઘડવામાં બંધારણના ઘડવૈયાઓનો આશય દર્શાવે છે અને

બંધારણ સભાની ચર્ચાઓ આવી જોગવાઈઓ પાછળ રહેલા આશયને જાણવા પર પ્રકાશ પાડી શકે છે."૨૨૫

૨૩૫. રિપબ્લિક ઓફ સાઉથ આફ્રિકાની કોન્સ્ટીટ્યુશનલ કોર્ટ દ્વારા ધ સ્ટેટ વિ. ટી. મકવાન્યાને૨૨૬ માં આપવામાં આવેલા નિર્ણયમાં, યુનાઈટેડ સ્ટેટ્સ સુપ્રિમ કોર્ટ, જર્મન કોન્સ્ટીટ્યુશનલ કોર્ટ, કેનેડિયન સુપ્રિમ કોર્ટ, આ કોર્ટ, યુરોપિયન કોર્ટ ઓફ હ્યુમન રાઈટ્સ અને યુનાઈટેડ નેશન્સ કમિટી ઓન હ્યુમન રાઈટ્સના કાયદાનું સંક્ષિપ્ત સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું અને ઠેરવવામાં આવ્યું હતું (ન્યાયમૂર્તિ ચાસ્કલસન અનુસાર):

જે દેશોમાં બંધારણ સમાન રીતે સર્વોચ્ચ કાયદો છે, તેવા દેશોમાં બંધારણ જ્યારે અપનાવવામાં આવ્યું ત્યારે પ્રવર્તમાન સંજોગોને ધ્યાનમાં લેવાનું અદાલતો માટે અસામાન્ય નથી, જેમાં તે પ્રક્રિયાનો ભાગ બનેલી ચર્ચાઓ અને લખાણોનો સમાવેશ થાય છે. યુનાઈટેડ સ્ટેટ્સ સુપ્રિમ

૨૨૨ [૧૯૭૫] એ.સી. ૫૯૧

૨૨૩ પેરા ૨૯૭[39]

કોર્ટ આવી બાબતો પર ધ્યાન આપે છે, અને તેના ચુકાદાઓમાં ઘણીવાર પ્રશ્નાધીન જોગવાઈના વિધાયી ઈતિહાસની સમીક્ષાઓ હોય છે, જેમાં જોગવાઈ સ્વીકારવામાં આવી તે સમયે થયેલી ચર્ચાઓ અને કરવામાં આવેલા વિધાનોના

[39] ૧૯૦ (૧૯૦૪) ૧ કોમ એલઆર ૨૦૮ ૧૯૧ ૧૬૯ યુ.એસ. ૬૪૯, ૬૯૯ ૧૯૨ પૃષ્ઠ ૧૧૦ અને ૧૧૧

સંદર્ભોનો સમાવેશ થાય છે. જર્મન કોન્સ્ટીટ્યુશનલ કોર્ટ પણ આવા પુરાવાઓને ધ્યાને લે છે. કેનેડિયન સુપ્રિમ કોર્ટે આવા પુરાવાઓને ગ્રાહ્ય ગણાવ્યા છે, અને કેનેડિયન બંધારણની જોગવાઈઓનું અર્થઘટન કરવાના હેતુ માટે પૂર્વ-સંઘ ચર્ચાઓ સહિતની ઐતિહાસિક પૃષ્ઠભૂમિનો સંદર્ભ આપ્યો છે, જોકે તે યુનાઈટેડ સ્ટેટ્સ સુપ્રિમ કોર્ટની તુલનામાં આવી માહિતીને ઓછું મહત્વ આપે છે. તે ચોક્કસ કાયદાના હેતુના સંબંધમાં સંસદમાં મંત્રીઓના વિધાનોને પણ ધ્યાને લે છે. ભારતમાં, જ્યારે સંસદ અથવા સંમેલનના વ્યક્તિગત સભ્યોના ભાષણો દેખીતી રીતે સામાન્ય રીતે ગ્રાહ્ય નથી, ત્યારે મુસદ્દા સમિતિઓના અહેવાલો, સીરવાઈના જણાવ્યા મુજબ, "અર્થઘટન માટે એક ઉપયોગી બાહ્ય સહાયક બની શકે છે." સીરવાઈ કાનિયા

મુખ્ય ન્યાયમૂર્તિને એ.કે. ગોપાલન વિ. ધ સ્ટેટ માં તે પ્રતિપાદન માટે ટાંકે છે કે કોઈ ચોક્કસ ખંડનો અર્થ તારવવા માટે સંસદ અથવા સંમેલનના સભ્યોના વ્યક્તિગત મંતવ્યો "... ધ્યાનમાં ન લેવા છતાં, જ્યારે કોઈ ચોક્કસ શબ્દસમૂહ અથવા શબ્દપ્રયોગ વિચારણા માટે આવ્યો હતો કે નહીં તેવો પ્રશ્ન ઉપસ્થિત થાય, ત્યારે ચર્ચાઓનો સંદર્ભ લેવાની પરવાનગી આપી શકાય છે." યુરોપિયન કોર્ટ ઓફ હ્યુમન રાઈટ્સ અને યુનાઈટેડ નેશન્સ કમિટી ઓન હ્યુમન રાઈટ્સ તમામ તેમના વિચાર-વિમર્શને ટ્રાવૉ પ્રિપેરેટોયર્સ દ્વારા માહિતગાર કરવાની મંજૂરી આપે છે."૨૨૭ (આંતરિક સંદર્ભો બાકાત રાખવામાં આવ્યા છે)

૨૩૬. અગાઉ, ઇંગ્લેન્ડના કાયદાની વિચારણા પર (ન્યાયમૂર્તિ ચાસ્કલસન અનુસાર) ઠેરવવામાં આવ્યું હતું કે:

"સંસદની ચર્ચાઓ, જેમાં કાયદા માટે જવાબદાર મંત્રીઓ દ્વારા કરવામાં આવેલા વિધાનોનો સમાવેશ થાય છે, અને નવા વિધેયકો માટે કારણો પૂરા પાડતા સમજૂતીત્મક

૨૨૭ પેરા ૧૬

મેમોરેન્ડાને પૃષ્ઠભૂમિ સામગ્રી તરીકે સ્વીકારવામાં આવ્યા નથી. જોકે, પ્રશ્નાધીન કાયદાકીય અધિનિયમ દ્વારા જે "દૂષણ નિવારવાનો લક્ષ્યાંક હતો" તે જાણવાના મર્યાદિત હેતુ માટે ન્યાયિક તપાસ પંચના અહેવાલની નોંધ લેવી અનુમતિપાત્ર છે. આ સિદ્ધાંતો આંશિક રીતે અંગ્રેજી કાયદામાંથી તારવવામાં આવ્યા હતા. ઇંગ્લેન્ડમાં, અદાલતોએ તાજેતરમાં આ બાકાતીના નિયમમાં છૂટછાટ આપી છે અને પેપર (ઇન્સ્પેક્ટર ઓફ ટેક્સિસ) વિ. હાર્ટ માં ઠેરવ્યું છે કે, હાઉસ ઓફ કોમન્સના વિશેષાધિકારોને આધીન રહીને:

... એવા કાયદાના અર્થઘટનમાં સહાયક તરીકે સંસદીય સામગ્રીના સંદર્ભની પરવાનગી આપવી જોઈએ જે અસ્પષ્ટ કે સંદિગ્ધ હોય અથવા જેનો શાબ્દિક અર્થ કોઈ વાહિયાતતા તરફ દોરી જતો હોય. આવા કિસ્સાઓમાં પણ કોર્ટમાં સંસદીય સામગ્રીના સંદર્ભની પરવાનગી માત્ર ત્યારે જ આપવી જોઈએ જ્યાં આવી સામગ્રી તે અસ્પષ્ટ કે સંદિગ્ધ શબ્દો પાછળ રહેલા વિધાયી આશયને

અથવા જે દૂષણ નિવારવાનો લક્ષ્યાંક હતો તેને સ્પષ્ટપણે જાહેર કરતી હોય."૨૨૮ (આંતરિક સંદર્ભો બાકાત રાખવામાં આવ્યા છે)

૨૩૭. તે તદ્દન સ્પષ્ટ છે કે આ કોર્ટ દ્વારા અને અન્ય અધિકારક્ષેત્રોમાં પણ આપવામાં આવેલા વિવિધ નિર્ણયોમાં વિવિધ વિદ્વાન ન્યાયમૂર્તિઓનો પ્રબળ મત એ છે કે: (૧) બંધારણીય અથવા કાનૂની જોગવાઈઓ કયા સંદર્ભમાં ઘડવામાં આવી હતી તે સમજવા માટે અને કાયદા ઘડનારાઓનો આશય જાણવા માટે સીએડી અથવા સંસદીય ચર્ચાઓનો (તેમજ ખરેખર અન્ય કોઈપણ 'પ્રસ્તુત સામગ્રી'નો) સંદર્ભ લઈ શકાય છે, પરંતુ માત્ર ત્યારે જ જો જોગવાઈની ભાષામાં કોઈ અસ્પષ્ટતા અથવા અનિશ્ચિતતા અથવા અસંગતતા અથવા સંદિગ્ધતા હોય. સીએડી અથવા સંસદીય ચર્ચાઓનો સંદર્ભ માત્ર એટલા માટે ન લેવો જોઈએ કારણ કે તે ત્યાં ઉપલબ્ધ છે;૨૨૯ (૨) સીએડી અથવા સંસદીય ચર્ચાઓ પર આધાર રાખવો જોઈએ નહીં જોગવાઈઓનું અર્થઘટન કરવા માટે

> ૨૨૮ ફક્રો ૧૪ ૨૨૯ જ્યોર્જ મેલોરીની યોગ્ય ક્ષમાયાચના સાથે કે જેમના વિશે પ્રખ્યાત રીતે ટાંકવામાં આવે છે કે તેમણે "તમે શા માટે માઉન્ટ એવરેસ્ટ પર ચઢવા માંગો છો?" તે પ્રશ્નનો એવો વળતો જવાબ આપ્યો હતો કે "કારણ કે તે ત્યાં છે."

બંધારણ અથવા કાયદાની, જો ઉપયોગમાં લેવાયેલી ભાષામાં કોઈ અસ્પષ્ટતા ન હોય. આ જોગવાઈઓનું સ્વતંત્ર રીતે અર્થઘટન થવું જોઈએ - અથવા ઓછામાં ઓછું, જો સીએડી અથવા સંસદીય ચર્ચાઓનો સંદર્ભ લેવામાં

આવે, તો કરવામાં આવેલા ભાષણોથી અદાલતે અયોગ્ય રીતે પ્રભાવિત થવું જોઈએ નહીં. અર્થઘટનની પુષ્ટિ સીએડી અથવા સંસદીય ચર્ચાઓમાંથી મેળવી શકાય છે પરંતુ તેનાથી ઊલટું નહીં.

૨૩૮. આ ચર્ચા વિદ્વાન એટર્ની-જનરલની એ રજૂઆતને કારણે જરૂરી બની છે કે બંધારણ સભાનો એવો આશય ન હતો કે સુપ્રિમ કોર્ટ અથવા હાઇકોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂક માટે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની સહમતિ આવશ્યક છે. બંધારણના અનુચ્છેદ ૧૨૪ અને બંધારણના અનુચ્છેદ ૨૧૭ માં 'વિચાર-વિમર્શ' શબ્દનો અર્થ 'સહમતિ' ન હતો અને થઈ શકે નહીં. વિદ્વાન એટર્ની-જનરલના જણાવ્યા મુજબ, આ બાબત સીએડી પરથી ચોક્કસપણે અને સ્પષ્ટપણે ફલિત થાય છે. હકીકતમાં, વિદ્વાન એટર્ની-જનરલે ૨૩મી અને ૨૪મી મે, ૧૯૪૯ ના રોજ બંધારણ સભામાં થયેલી ચર્ચા તરફ આપણું ધ્યાન દોર્યું હતું.

૨૩૯. એવી રજૂઆત કરવામાં આવી હતી કે આ સંજોગોમાં 'વિચાર-વિમર્શ' શબ્દના અર્થમાં કોઈ અસ્પષ્ટતા ન હતી અને મુખ્ય ન્યાયમૂર્તિ સિકરીના સિદ્ધાંતને લાગુ કરતાં, માત્ર 'વિચાર-વિમર્શ' નો અર્થ 'સહમતિ' થતો નથી તે અર્થઘટનની પુષ્ટિ કરવા માટે જ સીએડી નો સંદર્ભ લેવો જરૂરી હતો. આ જ કારણસર, અન્ય બાબતો ઉપરાંત, સેકન્ડ જજિસ કેસ અને થર્ડ જજિસ કેસમાં પુનઃવિચારણા જરૂરી હતી.

૨૪૦. વિદ્વાન એટર્ની-જનરલે સુપ્રિમ કોર્ટના અધિકારીઓ અને સેવકો તેમજ ખર્ચાઓ સંબંધિત મુસદ્દા અનુચ્છેદ ૧૨૨ ના ખંડ (૩) ના સંબંધમાં ૨૭મી

મે, ૧૯૪૯ ના રોજ બંધારણ સભામાં શ્રી ટી.ટી. કૃષ્ણમાચારી દ્વારા વ્યક્ત કરવામાં આવેલા નીચે મુજબના મંતવ્ય તરફ પણ આપણું ધ્યાન દોર્યું હતું.૨૩૦

૨૩૦ (૩) અદાલતના અધિકારીઓ અને સેવકોને અથવા તેમના સંબંધમાં ચૂકવવાપાત્ર તમામ પગાર, ભથ્થાં અને પેન્શન સહિત સુપ્રિમ કોર્ટના વહીવટી ખર્ચાઓ, ભારતના મહેસૂલ પર પ્રભારિત રહેશે અને અદાલત દ્વારા લેવામાં આવતી કોઈપણ ફી અથવા અન્ય નાણાં તે મહેસૂલનો ભાગ બનશે.

એવી દલીલ હતી કે બંધારણ સભાનો એવો આશય ન હતો કે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અથવા સુપ્રિમ કોર્ટને કારોબારી અથવા ધારાસભાથી ઉપર રાખવામાં આવે અને તેના દ્વારા સત્તાના પૃથક્કરણના સિદ્ધાંતને ફગાવી દેવામાં આવે, અને જો 'વિચાર-વિમર્શ' નો અર્થ 'સહમતિ' કરવામાં આવે, તો તે તેનું અનિવાર્ય પરિણામ બનશે. નીચેના ભાષણ પર આધાર રાખવામાં આવ્યો હતો:

> "જ્યારે હું ડૉ. આંબેડકર દ્વારા રજૂ કરવામાં આવેલા સુધારાને નિઃશંકપણે સમર્થન આપું છું, ત્યારે મને લાગે છે કે આ ગૃહના સભ્યો દ્વારા, અને હું આશા રાખું છું કે ભવિષ્યમાં ન્યાયનું સંચાલન કરનારા તેમજ દેશનો વહીવટ ચલાવનારા તે લોકો દ્વારા એ સમજવું જોઈએ કે આ એક કાર્યકારી જોગવાઈ કરતાં રક્ષણાત્મક વ્યવસ્થા વધુ છે. આ બાબતમાં એકમાત્ર વાત એ છે કે ન્યાયમૂર્તિઓ દ્વારા સ્ટાફની રોજગારી જેવી બાબતોને સામાન્ય રીતે કારોબારીના દાયરાની બહાર રાખવી જોઈએ કે જેણે અન્યથા આ બાબતોને બજેટમાં સામેલ કરવા માટે પહેલ કરવી પડત, તે કારણસર કે

> ન્યાયતંત્રની સ્વતંત્રતા જળવાઈ રહેવી જોઈએ અને ન્યાયતંત્રને એવું ન લાગવું જોઈએ કે તેઓ એવી કૃપાને આધીન છે જે કારોબારી સમયાંતરે તેમને આપી શકે છે અને જે સ્વાભાવિક રીતે જ તેમણે લેવાના કોઈપણ નિર્ણયમાં તેમના નિર્ણયને પ્રભાવિત કરશે જ્યાં તે સમયની કારોબારીના હિતો સંકળાયેલા હોય. તે જ સમયે, સાહેબ, મને લાગે છે કે એ સ્પષ્ટ કરવું જોઈએ કે આ ગૃહનો કે આ બંધારણના ઘડવૈયાઓનો એવો કોઈ આશય નથી કે તેઓ વિશેષ કૃપાપાત્ર સંસ્થાઓ બનાવવા માંગે છે કે જે પોતે કારોબારી અને ધારાસભાથી સંપૂર્ણપણે સ્વતંત્ર અને સામાન્ય રાજકીય માળખાથી એક પ્રકારની સર્વોચ્ચ સંસ્થા તરીકે કાર્ય કરતી 'ઇમ્પીરીયમ ઇન ઇમ્પીરીયો' બની જાય. જો તેમ હોત,"

તો મને લાગે છે કે આપણે આ પ્રકારની જોગવાઈ દાખલ કરવામાં ખૂબ સાવચેત રહેવું જોઈએ, માત્ર સુપ્રિમ કોર્ટના સંબંધમાં જ નહીં

. પરંતુ ઑડિટર-જનરલના સંબંધમાં પણ, યુનિયન પબ્લિક સર્વિસ કમિશનના સંબંધમાં પણ, બે ગૃહોના સ્પીકર અને અધ્યક્ષના સંબંધમાં પણ સંસદના અને એ જ રીતે, કારણ કે તેના દ્વારા આપણે એવી સંખ્યાબંધ સંસ્થાઓનું નિર્માણ કરીશું જે એવી સ્થિતિમાં મુકાશે કે તેઓ પોતાની શ્રેષ્ઠતા દર્શાવવાના દરેક પ્રયાસમાં કારોબારી સાથે સંઘર્ષમાં આવવા બંધાયેલી છે. વાસ્તવિક વ્યવહારમાં, આ તમામ સંસ્થાઓ માટે જાહેર સેવાઓમાં ભરતી,

બઢતીની શરતો અને તેમના સ્ટાફને ચૂકવાતા પગારની બાબતોમાં પ્રવર્તતા નિયમોને વધતે-ઓછે અંશે અનુરૂપ રહેવું વધુ સારું છે."૨૩૧

આ ચર્ચાનો જવાબ આપતાં, ડૉ. આંબેડકરે સ્થિતિ સ્પષ્ટ કરી હતી કે 'ઇમ્પીરીયમ ઇન ઇમ્પીરીયો' ઊભું કરવાનો કોઈ પ્રશ્ન જ ન હતો. ડૉ. આંબેડકરે કહ્યું હતું કે:

> "માનનીય અધ્યક્ષ મહોદય, સાહેબ, સ્થિતિ સ્પષ્ટ કરવા માટે હું માત્ર થોડાં અવલોકનો રજૂ કરવા માંગુ છું. સાહેબ, એમાં કોઈ શંકા નથી કે ગૃહે સામાન્ય રીતે સંમતિ દર્શાવી છે કે કારોબારીથી ન્યાયતંત્રની સ્વતંત્રતાને આપણે કાયદા દ્વારા જેટલી સ્પષ્ટ અને ચોક્કસ બનાવી શકીએ તેટલી બનાવવી જોઈએ. તે જ સમયે, એવો ડર છે કે ન્યાયતંત્રની સ્વતંત્રતાના નામે, આપણે કદાચ એવું ઊભું કરી શકીએ છીએ, જેને મારા મિત્ર શ્રી ટી.ટી. કૃષ્ણમાચારીએ ખૂબ જ યોગ્ય રીતે "ઇમ્પીરીયમ ઇન ઇમ્પીરીયો" કહ્યું છે. આપણે ઇમ્પીરીયમ ઇન ઇમ્પીરીયો બનાવવા માંગતા નથી, અને તે જ સમયે આપણે ન્યાયતંત્રને પૂરતી સ્વતંત્રતા આપવા માંગીએ છીએ જેથી તે કારોબારીના ડર કે પક્ષપાત વિના કાર્ય કરી શકે. મારા મિત્રો, જો તેઓ મૂળ અનુચ્છેદ ૧૨૨ ની જગ્યાએ મેં પ્રસ્તાવિત કરેલા નવા સુધારાની જોગવાઈઓની કાળજીપૂર્વક તપાસ કરશે, તો તેમને જણાશે કે નવો અનુચ્છેદ મધ્યમ માર્ગ અપનાવવાનો પ્રસ્તાવ મૂકે છે. તે ઇમ્પીરીયમ ઇન ઇમ્પીરીયો બનાવવાનો ઇનકાર કરે છે, અને મને લાગે છે કે તે

ન્યાયતંત્રને ડર કે પક્ષપાત વિના ન્યાય વહીવટ કરવાના હેતુ માટે જેટલી સ્વતંત્રતા જરૂરી છે તેટલી સ્વતંત્રતા આપે છે. તેથી મારે આ નવા અનુચ્છેદ ૧૨૨ માં સમાવિષ્ટ તમામ જોગવાઈઓ પર લંબાણપૂર્વક બોલવાની જરૂર નથી ..... "૨૩૨

૨૩૧ http://parliamentofindia.nic.in/ls/debates/vol૮p૧૦b.htm

૨૩૨ http://parliamentofindia.nic.in/ls/debates/vol૮p૧૦b.htm

૨૪૧. ઉપરોક્ત બાબત પરથી એ તદ્દન સ્પષ્ટ છે કે ડૉ. આંબેડકરનો પ્રયાસ સત્તાનું કોઈ અસંતુલન ઊભું કર્યા વિના કારોબારીથી ન્યાયતંત્રની સ્વતંત્રતા સુનિશ્ચિત કરવાનો હતો અને તેથી, સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં હોય કે અધિકારીઓની, મધ્યમ માર્ગ અપનાવવાની જરૂર હતી. આ બાબતે જરાય શંકા હોઈ શકે નહીં. પરંતુ 'ન્યાયતંત્રની સ્વતંત્રતા' શું છે અને તેને કેવી રીતે જાળવી શકાય તથા શું ૯૯મો બંધારણીય સુધારો અધિનિયમ તે સ્વતંત્રતા પર અસર કરે છે? આ કેટલાક પરેશાન કરનારા પ્રશ્નો છે કે જેનો આપણી સમક્ષના મુદ્દા, એટલે કે ૯૯મા બંધારણીય સુધારા અધિનિયમની બંધારણીય માન્યતાના સંદર્ભમાં જવાબ જરૂરી છે.

ન્યાયિક ચુકાદાઓ અને ત્રીજો પ્રારંભિક મુદ્દો

૨૪૨. વિદ્વાન એટર્ની-જનરલે રજૂઆત કરી હતી કે કોઈપણ સંજોગોમાં સેકન્ડ જજિસ કેસની પુનઃવિચારણા જરૂરી છે. આ કોર્ટના અગાઉના નિર્ણયની

કયા સંજોગોમાં પુનઃવિચારણા થવી જોઈએ તે અંગે માર્ગદર્શન આપતા ચુકાદાઓનો મોટો જથ્થો છે. સેકન્ડ જજિસ કેસની પુનઃવિચારણા માટે કોઈ આધાર બન્યો છે કે નહીં તે નક્કી કરતાં પહેલાં આ કેસો પર વિચાર કરવો જરૂરી છે.

૨૪૩. બંગાળ ઇમ્યુનિટી કું. લિ. વિ. સ્ટેટ ઓફ બિહાર અને અન્ય૨૩૩ નો કેસ બંધારણના અનુચ્છેદ ૨૮૬ ના અર્થઘટન સાથે સંબંધિત હતો, જે બાબતે એવી દલીલ કરવામાં આવી હતી કે સ્ટેટ ઓફ બોમ્બે વિ. ધ યુનાઇટેડ મોટર્સ (ઇન્ડિયા) લિ.૨૩૪ માં તેનું ખોટું અર્થઘટન કરવામાં આવ્યું હતું. આ કોર્ટે તેના દ્વારા આપવામાં આવેલા અગાઉના નિર્ણયની પુનઃવિચારણાના મુદ્દા પર વિચારણા કરી હતી. મુખ્ય ન્યાયમૂર્તિ દાસે (પોતાના વતી, ન્યાયમૂર્તિ વિવિયન બોઝ અને ન્યાયમૂર્તિ સૈયદ જાફર ઇમામ વતી બોલતાં) ઇંગ્લેન્ડ, ઓસ્ટ્રેલિયા, યુનાઇટેડ સ્ટેટ્સ અને પ્રિવિ કાઉન્સિલ દ્વારા આપવામાં આવેલા ચુકાદાઓની ચર્ચા કરી હતી અને (કેટલાંક કારણોસર) એવો મત વ્યક્ત કર્યો હતો કે આ કોર્ટ દ્વારા આપવામાં આવેલા અગાઉના નિર્ણયથી અલગ થઈ શકાય છે. એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે

૨૩૩ એ.આઇ.આર. ૧૯૫૫ એસ.સી. ૬૬૧ (૭ ન્યાયમૂર્તિઓની બેંચ) ૨૩૪ (૧૯૫૩) ૪ એસ.સી.આર. ૧૦૬૯ (૫ ન્યાયમૂર્તિઓની બેંચ) બંધારણમાં સુધારો કરવો સરળ ન હતો અને જો તેની કોઈ જોગવાઈનું ખોટું અર્થઘટન કરવામાં આવે તો તે 'સંભવિતપણે કાયમી બની શકે છે અથવા ગમે તે સંજોગોમાં

જાહેર સુખાકારીના ભારે નુકસાન સાથે નોંધપાત્ર સમય સુધી સુધાર્યા વિના રહી શકે છે.' અન્ય બાબતોની સાથોસાથ, કોર્ટે ઠેરવેલ કે જો આ કોર્ટને તેની ભૂલ અને બંધારણની જોગવાઈના ખોટા અર્થઘટનની લોકોના સામાન્ય હિતો પરની 'હાનિકારક અસર' ની ખાતરી થઈ જાય, તો બંધારણમાં એવું કંઈ નથી જે આ કોર્ટને તેના અગાઉના નિર્ણયથી અલગ થતાં અટકાવે. જો અગાઉનો નિર્ણય અસ્પષ્ટ હોય અથવા અસંગત હોય અથવા સ્પષ્ટપણે ભૂલભરેલો હોય તો પણ કોર્ટ તેનાથી અલગ થઈ શકે છે. કોર્ટે ઠેરવેલ કે સ્ટેર ડેસિસિસનો સિદ્ધાંત 'કાયદાનો અપરિવર્તનશીલ નિયમ નથી અને જનતાના સામાન્ય કલ્યાણને અથવા તેના કોઈ નોંધપાત્ર વર્ગને નુકસાન પહોંચાડીને આપણી ભૂલોને કાયમી બનાવવાની મંજૂરી આપી શકાય નહીં.' ૨૪૪. એક નોંધપાત્ર ફકરામાં (જે આ વિષય પર અસર ધરાવશે), એવું અવલોકન કરવામાં આવ્યું હતું:

> "બહુમતી નિર્ણય માત્ર બોમ્બે અપીલના બે વિવાદિત પક્ષકારોના અધિકારો નક્કી કરતો નથી. તેની અસર દૂરગામી છે કારણ કે તે સમગ્ર ઉપભોક્તા જનતાના અધિકારોને અસર કરે છે. તે બંધારણીય જોગવાઈના એવા અર્થઘટન પર રાજ્ય દ્વારા કર લાદવા અને વસૂલવાની સત્તા આપે છે જે અમને અસમર્થનીય જણાય છે. તે અર્થઘટનને અનુસરવાનું પરિણામ એ બાબતને કાયમી બનાવવામાં આવશે કે જેને, નમ્રતાપૂર્વક અમે કહીએ છીએ કે, એક ભૂલ છે અને લોકો પર લાદવામાં આવેલા કરના બોજને કાયમી બનાવવામાં આવશે કે જે, અમારા સુવિચારિત અભિપ્રાય મુજબ, સ્પષ્ટપણે અને સંપૂર્ણપણે અનધિકૃત છે.

તે બે ખાનગી વ્યક્તિઓના પરસ્પર અધિકારો જાહેર કરતો કોઈ સામાન્ય ચુકાદો નથી. તેમાં સામાન્ય રીતે સમગ્ર ઉપભોક્તા જનતા વિરુદ્ધ રાજ્યોની કરવેરા સત્તા પરનો ન્યાયનિર્ણય સામેલ છે. જો તે નિર્ણય ભૂલભરેલો હોય, જેવો કે ખરેખર અમે તેને માનીએ છીએ, તો તે ભૂલભરેલા તાજેતરના નિર્ણયના બળે રાજ્યો જે ગેરકાયદેસર કર બોજ લાદવા માંગે છે તેની સામે તે જનતાનું રક્ષણ કરવાની આપણી તે જનતા પ્રત્યે ફરજ છે."૨૩૫

૨૪૫. ન્યાયમૂર્તિ એન.એચ. ભગવતીએ પણ વિવિધ અધિકારક્ષેત્રોના કેટલાક નિર્ણયોની સમીક્ષા કરી હતી અને મુખ્ય ન્યાયમૂર્તિ દાસ સાથે સંમતિ દર્શાવી હતી પરંતુ કાયદાકીય અધિનિયમની જોગવાઈના અર્થઘટનને લગતા અગાઉના નિર્ણયની પુનઃવિચારણા અને બંધારણની જોગવાઈના અર્થઘટન વચ્ચે તફાવત દર્શાવ્યો હતો. જ્યારે અદાલત દ્વારા કાયદાકીય અધિનિયમના ખોટા અર્થઘટનને ધારાસભા દ્વારા સુધારી શકાતું હતું, ત્યારે અદાલત દ્વારા કરાયેલા ખોટા અર્થઘટનને સુધારવા માટે બંધારણમાં સુધારો કરવો સરળ ન હતો. આ જ કારણસર ન્યાયમૂર્તિ એન.એચ. ભગવતીએ ઠેરવ્યું હતું કે જો બંધારણની જોગવાઈઓનું અર્થઘટન કરતો અગાઉનો નિર્ણય 'સ્પષ્ટપણે ખોટો અથવા ભૂલભરેલો' હોય અને 'જાહેર હિત' તેની પુનઃવિચારણાની માંગ કરતું હોય તો અદાલતે તેમ કરવામાં કોઈ ખચકાટ રાખવો જોઈએ નહીં.

૨૪૬. ન્યાયમૂર્તિ જગન્નાધદાસે પણ ઠેરવ્યું કે આ કોર્ટ તેના અગાઉના નિર્ણયો પર પુનર્વિચારણા કરવા માટે સક્ષમ છે. તેમણે ઉમેર્યું કે: 'પરંતુ, તેનો અર્થ

એવો થતો નથી કે આવી સત્તાનો ઉપયોગ કોઈપણ પ્રતિબંધ કે મર્યાદા વિના કરી શકાય છે અથવા એવા કારણસર અગાઉનો નિર્ણય ઉલટાવી શકાય છે કે, પાછળથી વિચારણા કરતાં, કોર્ટ અગાઉના નિર્ણય સાથે અસંમત થાય છે અને તેને ભૂલભરેલો ગણે છે.' એવું ઠેરવવામાં આવ્યું હતું કે જોકે અગાઉના નિર્ણય પર પુનર્વિચારણા કરવાની સત્તા અસ્તિત્વ ધરાવે છે, છતાં તે સત્તાનો વાસ્તવિક ઉપયોગ 'ખૂબ જ સંકુચિત મર્યાદામાં' મર્યાદિત હોવો જોઈએ. વિદ્વાન ન્યાયમૂર્તિએ એટર્ની-જનરલ ફોર એન.એસ.ડબલ્યુ. વિ. ધી પરપેચ્યુઅલ ટ્રસ્ટી કો. લિ. ૨૩૬ માં ઓસ્ટ્રેલિયાની હાઇકોર્ટના ન્યાયમૂર્તિ ડિક્સન દ્વારા વ્યક્ત કરાયેલ તે મતને અપનાવવાનું પસંદ કર્યું કે માત્ર વિપરીત નિષ્કર્ષ વધુ પસંદ કરવા યોગ્ય છે તેટલા ખાતર અગાઉના નિર્ણય પર પુનર્વિચારણા થવી જોઈએ નહીં.

૨૪૭. ન્યાયમૂર્તિ વેંકટરામ ઐયરે પણ એવો મત વ્યક્ત કર્યો હતો કે આ કોર્ટ તેના દ્વારા આપવામાં આવેલા અગાઉના નિર્ણય પર પુનર્વિચારણા કરી શકે છે. જોકે, વિદ્વાન ન્યાયમૂર્તિનો એવો મત હતો કે પુનર્વિચારણા કરવાની સત્તાનો ઉપયોગ 'ખૂબ જ સંયમપૂર્વક અને માત્ર અસાધારણ સંજોગોમાં જ થવો જોઈએ, જેમ કે જ્યારે કાયદાની કોઈ મહત્વપૂર્ણ જોગવાઈ ધ્યાને લેવામાં ન આવી હોય, અથવા જ્યાં નિર્ણય જેના પર આધારિત છે તે મૂળભૂત ધારણા ભૂલભરેલી સાબિત થાય.' ન્યાયમૂર્તિ જગન્નાધદાસ (અને ન્યાયમૂર્તિ ડિક્સન) દ્વારા રજૂ કરાયેલા મત સાથે સંમત થતાં વિદ્વાન ન્યાયમૂર્તિએ નીચેનો પ્રશ્ન ઉપસ્થિત કર્યો અને તેનો જવાબ પણ આપ્યો: 'શું આપણે આ કોર્ટના અગાઉના નિર્ણયથી અલગ થઈ શકીએ, કારણ કે તેમાં લેવાયેલા મત કરતાં વિપરીત મત વધુ પસંદ

કરવા યોગ્ય જણાય છે? હું ખચકાટ વિના તેનો નકારાત્મક જવાબ આપીશ, એટલા માટે નહીં કે અગાઉ લેવાયેલો મત અનિવાર્યપણે અચૂક હોવો જ જોઈએ પરંતુ એટલા માટે કે જાહેર હિતમાં એ મહત્વપૂર્ણ છે કે જાહેર કરાયેલો કાયદો નિશ્ચિત અને આખરી હોવો જોઈએ, નહીં કે તે એક યા બીજા અર્થમાં જાહેર થવો જોઈએ.'

૨૪૮. ન્યાયમૂર્તિ બી.પી. સિન્હા ન્યાયમૂર્તિ જગન્નાધદાસ અને ન્યાયમૂર્તિ વેંકટરામ ઐયર સાથે સંમત થયા અને ઠેરવ્યું કે વિવાદના મુદ્દાઓ પર અન્ય મત લઈ શકાય તેમ હોવાના માત્ર કારણસર આ કોર્ટના અગાઉના ચુકાદાની સમીક્ષા થવી જોઈએ નહીં. આ કોર્ટે માત્ર અસાધારણ સંજોગોમાં જ તેના અગાઉના નિર્ણયોની સમીક્ષા કરવી જોઈએ. એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે 'કાનૂની સ્થિતિની ચોક્કસતા અને નિશ્ચિતતા એ કાયદાના શાસનના વિકાસ માટે આવશ્યક શરતો છે.'

૨૪૯. લેફ્ટનન્ટ કર્નલ ખજૂર સિંહ વિ. યુનિયન ઓફ ઈન્ડિયા ૨૩૭ એ બંધારણના અનુચ્છેદ ૨૨૬ અને બંધારણના અનુચ્છેદ ૩૨(૨-એ) ના અર્થઘટન સાથે સંબંધિત હતો (જે જમ્મુ અને કાશ્મીરને લાગુ પડતો હતો). જોકે ન્યાયમૂર્તિ સુબ્બા રાવ (અસંમત) અને ન્યાયમૂર્તિ દાસ ગુપ્તા (સંમત) એ અલગ ચુકાદાઓ આપ્યા હતા, તેમ છતાં તેમણે આ કોર્ટના નિર્ણયની પુનર્વિચારણાના પ્રશ્નનો ઉલ્લેખ કર્યો ન હતો. બાકીના વિદ્વાન ન્યાયમૂર્તિઓ વતી બોલતા મુખ્ય ન્યાયમૂર્તિ બી.પી. સિન્હાએ એવો મત વ્યક્ત કર્યો હતો કે આ કોર્ટ દ્વારા આપવામાં આવેલા

અગાઉના નિર્ણય પર પુનર્વિચારણા કરી શકાય છે જો ૨૩૭ એ.આઇ.આર. ૧૯૬૧ એસ.સી. ૫૩૨ (૭ ન્યાયમૂર્તિઓની બેંચ) તેમ કરવા માટે 'સ્પષ્ટ અને અનિવાર્ય કારણો' હોય અથવા અગાઉનો નિર્ણય 'સ્પષ્ટપણે ખોટો' હોવા અંગે વાજબી પ્રમાણમાં સર્વસંમતિ હોય અથવા ખાસ કરીને કોઈ બંધારણીય મુદ્દા પર એવું દર્શાવવામાં આવે કે અગાઉનો નિર્ણય 'તમામ વ્યાજબી શંકાથી પર' ભૂલભરેલો હતો. જો વિચારણા હેઠળની બંધારણની જોગવાઈઓના અર્થઘટન પર કોઈ અસુવિધા જણાય, તો તેનો ઉપાય 'બંધારણીય સુધારો જણાય છે.'

૨૫૦. કેશવ મિલ્સ વિ. સી.આઇ.ટી.૨૩૮ માં વિચારણા માટેનો પ્રશ્ન ઇન્કમ ટેક્સ એક્ટ, ૧૯૨૨ ની કલમ ૬૬(૪) હેઠળ હાઇકોર્ટની સત્તાઓના વ્યાપ અંગેનો હતો. વિદ્વાન એટર્ની જનરલ દ્વારા એવી રજૂઆત કરવામાં આવી હતી કે આ વિષય પરના અગાઉના બે નિર્ણયો, એટલે કે, ન્યૂ જહાંગીર વકીલ મિલ્સ લિ. વિ. સી.આઇ.ટી.૨૩૯ અને પેટલાદ તુર્કી રેડ ડાઇ વર્ક્સ કું. લિ., પેટલાદ વિ. સી.આઇ.ટી.૨૪૦ પર પુનર્વિચારણાની જરૂર હતી. આ રજૂઆત પર વિચારણા કરતાં, એવું ઠેરવવામાં આવ્યું હતું કે જ્યારે આ કોર્ટ કોઈ વૈધાનિક જોગવાઈનું અર્થઘટન કરે છે, ત્યારે માત્ર એટલા માટે કે આ કોર્ટ દ્વારા અગાઉ વ્યક્ત કરાયેલા અભિપ્રાય કરતાં ભિન્ન એવો વૈકલ્પિક મત વધુ વાજબી છે તે અગાઉના અભિપ્રાય પર પુનર્વિચારણા કરવા માટે અનિવાર્યપણે પૂરતું કારણ બનતું નથી. આ કોર્ટે પોતાની જાતને એ પ્રશ્ન પૂછવો જોઈએ કે શું જાહેર હિતમાં અથવા અન્ય કોઈ માન્ય અને અનિવાર્ય કારણોસર અગાઉના નિર્ણયમાં ફેરફાર કરવો જરૂરી છે. કોર્ટે ઠેરવેલ કે:

"જ્યારે આ કોર્ટ કાયદાના પ્રશ્નો નક્કી કરે છે, ત્યારે તેના નિર્ણયો, અનુચ્છેદ ૧૪૧ હેઠળ ભારતના ક્ષેત્ર પ્રદેશમાંની તમામ અદાલતો પર બંધનકર્તા હોય છે અને તેથી દેશમાં કાયદાના અર્થઘટનમાં નિશ્ચિતતા અને સાતત્યનું તત્વ દાખલ કરવું અને જાળવી રાખવું એ આ કોર્ટનો સતત પ્રયાસ અને ચિંતા હોવી જોઈએ ..... તેનો અર્થ એવો નથી કે જો ત્યારપછીના કોઈ પ્રસંગે, કોર્ટને ખાતરી થાય કે તેનો અગાઉનો નિર્ણય સ્પષ્ટપણે ભૂલભરેલો હતો, તો તેણે ૨૩૬ એ.આઇ.આર. ૧૯૬૫ એસ.સી. ૧૬૩૬ (૭ ન્યાયમૂર્તિઓની બેંચ)[40]

૨૫૧. મગનલાલ છગનલાલ વિ. મ્યુનિસિપલ કોર્પોરેશન ઓફ ગ્રેટર બોમ્બે૨૪૨ એ નોર્ધન ઇન્ડિયા કેટરર્સ વિ. સ્ટેટ ઓફ પંજાબ૨૪૩ માં આ કોર્ટના નિર્ણયના સંદર્ભમાં બોમ્બે મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ, ૧૮૮૮ ના પ્રકરણ ૫-એ અને બોમ્બે ગવર્નમેન્ટ પ્રેમિસિસ (ઇવિક્શન) એક્ટ, ૧૯૫૫ હેઠળની કાર્યવાહીઓની કાયદેસરતા સાથે સંબંધિત હતો. માત્ર ન્યાયમૂર્તિ એચ.આર. ખન્નાએ આ કોર્ટના અગાઉના નિર્ણયને, એટલે કે, નોર્ધન ઇન્ડિયા કેટરર્સને ઉલટાવવાના પ્રશ્ન પર વિચાર કર્યો હતો. એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે જો ઘણા વર્ષોથી 'અમલમાં રહેલા' કોઈ નિર્ણયને સરળતાથી ઉલટાવી દેવામાં આવે તો કાયદામાં નિશ્ચિતતા ક્ષીણ થઈ જશે - 'નિશ્ચિતતા અને સાતત્ય એ કાયદાના શાસનના આવશ્યક ઘટકો છે.' એવું ઠેરવવામાં આવ્યું હતું કે જો બે મંતવ્યો શક્ય હોય તો, માત્ર એટલા ખાતર કે અગાઉના નિર્ણયમાં વધુ સ્વીકાર્ય

[40] ૨૦૬ (૧૯૭૨) ૨ એસ.સી.આર. ૩૩૧

હોય તેવો મત લેવામાં આવ્યો નથી તે અગાઉના નિર્ણયને ઉલટાવવાનું કારણ બનશે નહીં. અગાઉના નિર્ણયને માત્ર અનિવાર્ય કારણોસર જ ઉલટાવવો જોઈએ અન્યથા તે 'અનિશ્ચિતતા, અસ્થિરતા અને મૂંઝવણ ઊભી કરશે જો આ કોર્ટ દ્વારા પ્રતિપાદિત કાયદો કે જેના આધારે અસંખ્ય કેસો નક્કી કરવામાં આવ્યા છે અને ઘણા વ્યવહારો થયા છે તેને સાચો કાયદો ન ગણવામાં આવે.' ન્યાયમૂર્તિ ખન્નાએ અવલોકન કર્યું કે કાયદાના ક્ષેત્રમાં નવા વિચારો અને વિકાસ તથા અનુભવની પરિપક્વતા અને વાસ્તવમાં ત્યારપછીના અનુભવને નકારી શકાય નહીં. વિદ્વાન ન્યાયમૂર્તિએ ઠેરવ્યું કે:

> "જીવનની જેમ જ કાયદામાં પણ બાબતો સ્થિર હોતી નથી. જીવનના વિવિધ ક્ષેત્રોમાં નવા વિચારો અને વિકાસના પ્રભાવના પરિણામે નવી ક્ષિતિજો અને નવા પરિપ્રેક્ષ્યો પ્રગટ થઈ શકે છે.

૨૪૧ ફકરો ૨૩ ૨૪૨ (૧૯૭૪) ૨ એસ.સી.સી. ૪૦૨ (૭ ન્યાયમૂર્તિઓની બેંચ) ૨૪૩ એ.આઇ.આર. ૧૯૬૭ એસ.સી. ૧૫૮૧ કાયદો, જો તેણે માનવીય જરૂરિયાતો સંતોષવી હોય અને જીવનની સમસ્યાઓનો સામનો કરવો હોય, તો તેણે નવી પરિસ્થિતિઓનો સામનો કરવા માટે પોતાની જાતને અનુકૂળ બનાવવો જ જોઈએ. કોઈ પણ વ્યક્તિ એવી દીર્ઘદ્રષ્ટિથી સંપન્ન નથી કે તે તમામ સંભવિત માનવીય ઘટનાઓનો અગાઉથી અંદાજ લગાવી શકે અને તે દરેક માટે યોગ્ય નિયમો નિર્ધારિત કરી શકે. જોકે, અમુક એવા સત્યો છે કે જે કાયદાના શાસનનો સાર છે અને કોઈપણ કાયદો તેને દૂર કરવાનું પરવડી શકે નહીં. સાથોસાથ એ

પણ સ્વીકારવું પડશે કે કાયદાના વિકાસની એક સતત પ્રક્રિયા ચાલી રહી છે અને કાયદાને જીવનથી જ અલગ કરવાના જોખમે જ કોઈ તેને ધીમી પાડી શકે છે. કોઈ અસમર્થનીય સ્થિતિનો ત્યાગ કરવામાં વધુ ખચકાટ ન હોવો જોઈએ જ્યારે જે નિયમનો ત્યાગ કરવાનો છે તે તેના મૂળમાં એવી સંસ્થાઓ અથવા પરિસ્થિતિઓનું પરિણામ હતું કે જેમણે વર્ષોની પ્રગતિ સાથે નવું મહત્વ અથવા વિકાસ પ્રાપ્ત કર્યો છે. ક્યારેક એવું બને છે કે કાયદાનો નિયમ જે ભૂતકાળની પેઢીઓમાં વિકસ્યો હતો તે અનુભવની પરિપક્વતામાં બીજી પેઢી માટે નુકસાનકારક સાબિત થાય. કોર્ટ પોતાની જાતને એવા મતથી બંધાયેલી રહેવા અને કેદી બનવા દઈ શકે નહીં કે જે ત્યારપછીના અનુભવના પ્રકાશમાં સ્પષ્ટપણે ભૂલભરેલો, પ્રત્યક્ષપણે અવાજબી જણાયો હોય અથવા મુશ્કેલી ઊભી કરતો હોય અથવા સ્પષ્ટ અન્યાય કે જાહેર અસુવિધામાં પરિણમતો હોય."૨૪૪

૨૫૨. ગંગા શુગર કોર્પોરેશન વિ. સ્ટેટ ઓફ ઉત્તર પ્રદેશ૨૪૫ એ યુ.પી. સુગરકેન (પર્ચેઝ ટેક્સ) એક્ટ, ૧૯૬૧ હેઠળના કરની બંધારણીય કાયદેસરતા સાથે સંબંધિત હતો. આ નિર્ણયમાં આ કોર્ટના અગાઉના નિર્ણય પર પુનર્વિચારણા કરવાના વિષય પર કોઈ વિગતવાર ચર્ચા નથી. પરંતુ તેમ છતાં એવું ઠેરવવામાં આવ્યું હતું કે બંધારણીય બેંચના નિર્ણયોને આખરી તરીકે સ્વીકારવા જ જોઈએ સિવાય કે તે વિષય રાષ્ટ્રીય જીવન માટે મૂળભૂત મહત્વ

ધરાવતો હોય અથવા અગાઉના નિર્ણયની દલીલ એટલી સ્પષ્ટપણે ભૂલભરેલી હોય કે 'છેવટે ૨૪૪ ફકરો ૨૨[41]

૨૫૩. યુનિયન ઓફ ઇન્ડિયા વિ. રઘુબીર સિંહ૨૪૬ માં વિવિધ ન્યાયક્ષેત્રોમાં નિર્ધારિત થયેલા કેસો અને કાયદાનો વિસ્તૃત સંદર્ભ આપવામાં આવ્યો હતો. આ નિર્ણય લેન્ડ એક્વિઝિશન (એમેન્ડમેન્ટ) એક્ટ, ૧૯૮૪ દ્વારા સુધારેલા લેન્ડ એક્વિઝિશન એક્ટ, ૧૮૯૪ હેઠળ સોલેશિયમ આપવા સાથે સંબંધિત હતો. હાઉસ ઓફ લોર્ડ્સ૨૪૭ ના નિર્ણયોમાંથી તારવવામાં આવેલી 'માર્ગદર્શિકાઓ' નો સંદર્ભ આપવામાં આવ્યો હતો જે સૂચવે છે કે અગાઉના નિર્ણય પર પુનર્વિચારણા કરવાની સ્વતંત્રતાનો ઉપયોગ સંયમપૂર્વક થવો જોઈએ; જો કોઈ નિર્ણય અગાઉના નિર્ણયના આધારે વ્યવસ્થા કરનાર વ્યક્તિઓની કાયદેસરની અપેક્ષાને ઠેસ પહોંચાડતો હોય અથવા કાયદામાં ભારે અનિશ્ચિતતા ઊભી કરતો હોય તો તેને ઉલટાવવો જોઈએ નહીં; કાયદાઓ અથવા દસ્તાવેજોના અર્થઘટન સાથે સંકળાયેલા નિર્ણયોને દુર્લભ અથવા અસાધારણ સંજોગો સિંવાય ઉલટાવવા જોઈએ નહી ; જો અગાઉના નિર્ણયથી અલગ થવાના પરિણામો પૂર્વાનુમાનિત ન હોય; માત્ર એટલા ખાતર કે અગાઉનો નિર્ણય ખોટી રીતે લેવામાં આવ્યો હતો તે તેને ઉલટાવવા માટે પૂરતું વાજબી સમર્થન નથી. બીજી બાજુ, અગાઉના નિર્ણયને ઉલટાવવો જોઈએ 'જો કોઈ

[41] ૨૨૪ (૨૦૦૨) ૮ એસ.સી.સી. ૨૩૭ ૨૨૫ પેરા ૧૬ ૨૨૬ ૧૯૯૫ (૩) એસ.એ. ૩૯૧ (સીસી) (અગિયાર ન્યાયમૂર્તિઓની બેંચ) પેરા ૧૬

વ્યાપક મુદ્દા અથવા સિદ્ધાંતના સંબંધમાં તેને ન્યાયી અથવા સમકાલીન સામાજિક પરિસ્થિતિઓ કે જાહેર નીતિના આધુનિક ખ્યાલો સાથે સુસંગત ન ગણવામાં આવે.'

૨૫૪. આ કોર્ટ દ્વારા અગાઉ આપવામાં આવેલા કેટલાક નિર્ણયોનો (ઉપર જણાવેલા નિર્ણયો સહિત) પણ સંદર્ભ આપવામાં આવ્યો હતો અને જોકે કોઈ નવા કે ભિન્ન સિદ્ધાંતો અથવા માર્ગદર્શિકાઓ નિર્ધારિત કરવામાં આવી ન હતી, છતાં આ કોર્ટ દ્વારા જણાવવામાં આવેલા કાયદાનો પુનરોચ્ચાર કરવામાં આવ્યો હતો, અને એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે: 'આ મુદ્દા પરના તમામ કેસોનો સંદર્ભ આપવો જરૂરી નથી. વ્યાપક માર્ગદર્શિકાઓ સરળતાથી તારવી શકાય છે[42]

જે અગાઉ આવી ગયું છે તેના પરથી. વધુ ન્યાયિક અનુભવ સાથે આ માર્ગદર્શક સિદ્ધાંતોને વધુ વ્યાખ્યાયિત કરવાની સંભાવનાની કલ્પના કરી શકાય છે, અને જ્યારે કાયદાની વિવિધ રાષ્ટ્રીય પ્રણાલીઓને જોડતા સામાન્ય ન્યાયશાસ્ત્રીય મૂલ્યો સર્વસંમતિપૂર્ણ માળખાને શક્ય બનાવી શકે છે. પરંતુ તે ભવિષ્યની બાબત છે.'

૨૫૫. સમય વીતવાની સાથે પરિવર્તનો અને જાહેર નીતિના આધુનિક ખ્યાલોને સ્વીકારવા સંબંધમાં મગનલાલ છગનલાલ અને રઘુબીર સિંહમાં વ્યક્ત થયેલા મંતવ્યોનો પડઘો પાડતાં, એવું કહેવામાં આવ્યું હતું:

---

[42] ૨૩૯ (૧૯૬૦) ૧ એસ.સી.આર. ૨૪૯ ૨૪૦ (૧૯૬૩) સપ્લી. ૧ એસ.સી.આર. ૮૭૧ તે ભૂલ સુધારવામાં અચકાવું જોઈએ; પરંતુ અગાઉના નિર્ણયને સ્પષ્ટપણે ભૂલભરેલો જાહેર કરવામાં આવે તે પહેલાં, તેના સભ્યો વચ્ચે વાજબી પ્રમાણમાં સર્વસંમતિ સાથે કોર્ટને ખાતરી થવી જોઈએ કે સદર મતમાં સુધારો કરવો સંપૂર્ણપણે વાજબી છે."૨૪૧

"સ્વાભાવિક રીતે, પૂર્વચુકાદાના કાયદા દ્વારા સ્થાપિત ચીલાને અનુસરવા તરફ ઘણીવાર એક ભારે ઝુકાવ હોય છે. છતાં એક સંવેદનશીલ ન્યાયિક અંતરાત્મા બદલાયેલા સામાજિક સંદર્ભ પ્રત્યે વધુ પ્રતિભાવશીલ એવા ધોરણોના એક અલગ જૂથની શોધ કરવા માટે ઘણીવાર મનને પ્રેરિત કરે છે. ન્યાયમૂર્તિ સમક્ષની આ દ્વિધા પરસ્પર વિરોધી ગતિશીલતાઓમાં સમાધાન કરવાની ઇચ્છા દ્વારા અવારનવાર પ્રેરિત એક નવું સંતુલન શોધવાનું કાર્ય ઉપસ્થિત કરે છે. ડીન રોસ્કો પાઉન્ડના જણાવ્યા અનુસાર, આ સ્પર્ધાત્મક લક્ષ્યો ન્યાયમૂર્તિ પર એ જવાબદારી સોંપે છે કે "માનવજાત સમક્ષ એ સાબિત કરવું કે કાયદો એ એક નિશ્ચિત અને સ્થાપિત બાબત હતી, જેની સત્તા શંકાથી પર હતી, જ્યારે કે સાથોસાથ અનંત અને પરિવર્તનશીલ માનવીય ઇચ્છાઓના દબાણ હેઠળ સતત પુનર્ગોઠવણ અને પ્રસંગોપાત આમૂલ પરિવર્તનો કરવા માટે તેને સક્ષમ બનાવવો". ધ જજ એઝ લો મેકરમાં લોર્ડ રીડ દ્વારા સૂચવાયેલ સમાધાન બંને ઉદ્દેશ્યોને ધ્યાનમાં રાખવામાં રહેલું છે, "કે કાયદો નિશ્ચિત હોવો જોઈએ, અને તે ન્યાયી હોવો જોઈએ તથા સમય સાથે ચાલવો જોઈએ"."૨૪૮ (આંતરિક સંદર્ભો બાકાત રાખવામાં આવ્યા છે).

૨૫૬. ગેનન ડંકરલી એન્ડ કંપની વિ. સ્ટેટ ઓફ રાજસ્થાન૨૪૯ માં પ્રશ્ન 'કામ કરારના અમલમાં સંકળાયેલા માલસામાનમાં મિલકતની તબદીલી પર કર લાદવા' સંબંધિત હતો. આ કર લાદવાની સત્તા ૨૪૮ ફકરો ૧૩, (૧૯૯૩) ૧ એસ.સી.સી. ૩૬૪ ધ કોન્સ્ટીટ્યુશન (ફોર્ટી–સિક્સથ એમેન્ડમેન્ટ) એક્ટ,

૧૯૮૨ દ્વારા બંધારણમાં દાખલ કરવામાં આવેલા સુધારાના પરિણામે રાજ્ય વિધાનમંડળોને ઉપલબ્ધ થઈ હતી.' આ એમેન્ડમેન્ટ એક્ટની બંધારણીય માન્યતા બિલ્ડર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા વિ. યુનિયન ઓફ ઈન્ડિયા૨૫૦ માં માન્ય રાખવામાં આવી હતી. ઉપસ્થિત કરવામાં આવેલા મુદ્દાઓ પૈકીનો એક એ હતો કે શું બિલ્ડર્સ એસોસિએશન કેસનો સાચો નિર્ણય લેવામાં આવ્યો હતો કે નહીં. આ કોર્ટે આ વિષય પરની ચર્ચામાં કોઈ ઉમેરો કર્યો ન હતો પરંતુ ખજૂર સિંહ, કેશવ મિલ્સ અને ગંગા સુગર કોર્પોરેશન પર આધાર રાખીને એવો નિષ્કર્ષ કાઢ્યો હતો કે બિલ્ડર્સ એસોસિએશન ના નિર્ણય પર પુનર્વિચાર કરવાનો કોઈ પ્રસંગ ન હતો.

૨૫૭. અગાઉના નિર્ણય પર પુનર્વિચાર કરવાના વિષય પરનો અન્ય એક નિર્ણય (જે ખાસો રસપ્રદ છે) પ્રદીપ કુમાર બિસ્વાસ વિ. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ કેમિકલ બાયોલોજી૨૫૧ છે.

આ કોર્ટ સમક્ષનો પ્રશ્ન એ હતો કે શું કાઉન્સિલ ફોર સાયન્ટિફિક એન્ડ ઈન્ડસ્ટ્રીયલ રિસર્ચ એ બંધારણના અનુચ્છેદ ૧૨ માં 'વ્યાખ્યાયિત' કર્યા મુજબ 'રાજ્ય' છે કે કેમ. આ પ્રશ્નના ઉત્તર માટે સભાજીત તિવારી વિ. યુનિયન ઓફ ઈન્ડિયા૨૫૨ માં આ કોર્ટના અગાઉના સર્વસંમત નિર્ણયની વિચારણા જરૂરી હતી જે લગભગ ૨૫ વર્ષ સુધી અવિચલિત રહ્યો હતો. આ પ્રશ્નનો ઉત્તર આપતી વખતે, આ કોર્ટે આ કોર્ટના અગાઉના નિર્ણય પર પુનર્વિચાર કરવાના વિષય પરના કાયદાની વિગતવાર ચર્ચા કરી ન હતી, પરંતુ

હકીકતોની (અને કાયદાની) વિચારણા પરથી એવો નિષ્કર્ષ કાઢ્યો કે સભાજીત તિવારી નો નિર્ણય ખોટી રીતે લેવામાં આવ્યો હતો અને તેને રદબાતલ ઠરાવવામાં આવ્યો હતો. આ કોર્ટે મગનલાલ છગનલાલ અને રઘુબીર સિંહ નો સંદર્ભ આપ્યો અને ઠેરવેલ કે:

"હકીકતોને ગમે તે દ્રષ્ટિકોણથી ધ્યાને લેવામાં આવે, તેમાં કોઈ શંકા હોઈ શકે નહીં કે સભાજીત તિવારી માં પહોંચેલ નિષ્કર્ષ ભૂલભરેલો હતો ....."

હકીકતોના આકલનમાં, કોર્ટે અમુક સિદ્ધાંતો માની લીધા હતા, અને એવા નિર્ણયોમાંથી પૂર્વઉદાહરણરૂપ સમર્થન મેળવવાનો પ્રયાસ કર્યો હતો જે અપ્રસ્તુત હતા અને "એવા સંદર્ભ વચ્ચે કંડારેલી કેડીને અનુસર્યા હતા જે ક્યારનોય ૨૫૦ (૧૯૮૯) ૨ એસ.સી.સી. ૬૪૫ ૨૫૧ (૨૦૦૨) ૫ એસ.સી.સી. ૧૧૧ (૭ ન્યાયમૂર્તિઓની બેંચ) ૨૫૨ (૧૯૭૫) ૧ એસ.સી.સી. ૪૮૫ (૫ ન્યાયમૂર્તિઓની બેંચ) ધ્વસ્ત થઈ ચૂક્યો છે."૨૫૩ જો હકીકતોને યોગ્ય દ્રષ્ટિકોણથી ઝીણવટપૂર્વક તપાસવામાં આવી હોત, તો તે એવા નિષ્કર્ષ પર દોરી શકી હોત અને માત્ર એવા નિષ્કર્ષ પર દોરી શકે કે સીએસઆઈઆર અનુચ્છેદ ૧૨ ના અર્થ અંતર્ગત એક રાજ્ય છે.

શું સભાજીત તિવારી માત્ર ૨૫ વર્ષ સુધી ટકી રહ્યો હોવાના કારણે હકીકતો પર પણ એક અધિકૃત દાખલા તરીકે ચાલુ રહેવો જોઈએ? અમારું માનવું છે કે નહીં. હકીકતો પર પણ સમાનતા દર્શાવી શકાય જે અનુચ્છેદ ૧૨ ના બિનટકાઉ

અર્થઘટન તરફ દોરી જાય અને તેના પરિણામે તે વ્યક્તિઓને મૂળભૂત અધિકારોના લાભોથી વંચિત રાખે જેઓ અન્યથા તેના માટે હકદાર હોત અને

> "આપણા બંધારણમાં એવું કશું નથી જે આપણને અગાઉના નિર્ણયમાંથી વિચલિત થતાં અટકાવે જો આપણને તેની ભૂલ અને જાહેર જનતાના સામાન્ય હિતો પર તેની હાનિકારક અસર અંગે ખાતરી થઈ હોય".

પ્રશ્નની પુનઃતપાસ કરતાં અમે એવા નિષ્કર્ષ પર આવ્યા હોવાથી કે તે નિર્ણય સ્પષ્ટપણે ભૂલભરેલો હતો, તેથી તેવું કહેવું અને આપણી ભૂલને કાયમી ન બનાવવી એ આપણી ફરજ છે." ૨૫૪ (આંતરિક અવતરણો બાકાત રાખવામાં આવ્યા છે).

૨૫૮. પ્રદીપ કુમાર બિસ્વાસ ના વધુ રસપ્રદ પાસાઓ પૈકીનું એક એ છે કે બેંચની રચના કરતા ૭ (સાત) વિદ્વાન ન્યાયમૂર્તિઓમાંથી, ૫ વિદ્વાન ન્યાયમૂર્તિઓએ સભાજીત તિવારી માં અન્ય ૫ વિદ્વાન ન્યાયમૂર્તિઓના જૂથના સર્વસંમત નિર્ણયને રદબાતલ કર્યો હતો. પ્રદીપ કુમાર બિસ્વાસ માં બે વિદ્વાન ન્યાયમૂર્તિઓને જણાયું હતું કે સભાજીત તિવારી નો નિર્ણય યોગ્ય રીતે લેવામાં આવ્યો હતો. બીજા શબ્દોમાં કહીએ તો, જ્યારે કુલ ૭ વિદ્વાન ન્યાયમૂર્તિઓએ હકીકત અને કાયદાના મુદ્દા પર ચોક્કસ મત અપનાવ્યો હતો, ત્યારે તે મત ૫ વિદ્વાન ન્યાયમૂર્તિઓ દ્વારા ખોટો જણાયો હતો, જેમનો નિર્ણય વાસ્તવમાં આજે અમલમાં છે. શું સંખ્યાઓનું વજન અપ્રસ્તુત છે?

શું એવું છે કે માત્ર ત્યારપછીની બેંચમાં રહેલી સંખ્યા જ એવી છે જે ૨૫૩ સભાજીત તિવારી એ આ કોર્ટના ૫ વિદ્વાન ન્યાયમૂર્તિઓનો સર્વસંમત નિર્ણય હતો. એવો નિષ્કર્ષ કાઢવો કે તેણે "અપ્રસ્તુત હોય તેવા નિર્ણયોમાંથી પૂર્વઉદાહરણરૂપ સમર્થન મેળવવાનો પ્રયાસ કર્યો હતો" તે, આદરપૂર્વક કહીએ તો, ખાસું અનુદાર છે.

૨૫૪ ફકરા ૫૯ થી ૬૧ ખરેખર મહત્વ ધરાવે છે? જો પ્રદીપ કુમાર બિસ્વાસ માં માત્ર ૪ વિદ્વાન ન્યાયમૂર્તિઓએ સભાજીત તિવારી ને રદબાતલ કરવાનો નિર્ણય કર્યો હોત જ્યારે બાકીના ૩ વિદ્વાન ન્યાયમૂર્તિઓને તે નિર્ણયમાં કોઈ ભૂલ ન જણાઈ હોત તો શી પરિસ્થિતિ હોત? શું ૫ વિદ્વાન ન્યાયમૂર્તિઓની બેંચ દ્વારા સર્વસંમતિથી આપવામાં આવેલો નિર્ણય ત્યારપછીની ૭ વિદ્વાન ન્યાયમૂર્તિઓની બેંચમાં ૪ વિદ્વાન ન્યાયમૂર્તિઓના નિર્ણય દ્વારા રદબાતલ ગણાય? પ્રદીપ કુમાર બિસ્વાસ એક તદ્દન વિસંગત પરિસ્થિતિ રજૂ કરે છે જેને યોગ્ય કાર્યરીતિના નિયમો દ્વારા ઉકેલવાની જરૂર છે. જો આ વિસંગતતા કાયમી રાખવામાં આવે તો થર્ડ જજિસ કેસ માં ૯ વિદ્વાન ન્યાયમૂર્તિઓનો સર્વસંમત નિર્ણય (વિદ્વાન એટર્ની જનરલ દ્વારા માંગવામાં આવ્યા મુજબ) ૧૧ વિદ્વાન ન્યાયમૂર્તિઓની બેંચમાં ૬ વિદ્વાન ન્યાયમૂર્તિઓ દ્વારા રદબાતલ કરી શકાય, જેમાં તેમના પૈકીના ૫ અલગ મત ધરાવતા હોય, જેનાથી એક મત ધરાવતા ન્યાયમૂર્તિઓની કુલ સંખ્યા ૧૪ અને અન્ય મત ધરાવતા ન્યાયમૂર્તિઓની સંખ્યા ૬ થાય, જેમાં ૬ વિદ્વાન ન્યાયમૂર્તિઓનો મત કાયદા તરીકે ગણવામાં આવે!

૨૫૯. ગમે તે હોય, આ કોર્ટના અગાઉના નિર્ણય પર પુનર્વિચાર કરવાના વિષય પરના અન્ય બે મહત્વપૂર્ણ નિર્ણયો કેશવાનંદ ભારતી અને સેકન્ડ જજિસ કેસ છે.

૨૬૦. કેશવાનંદ ભારતી માં મુખ્ય ન્યાયમૂર્તિ એસ.એમ. સિકરી દ્વારા સંક્ષિપ્તમાં જણાવવામાં આવ્યું હતું કે કોર્ટ સમક્ષનો પ્રશ્ન એ હતો કે શું ગોલકનાથ નો યોગ્ય રીતે નિર્ણય લેવામાં આવ્યો હતો કે નહીં. વિદ્વાન મુખ્ય ન્યાયમૂર્તિએ અવલોકન કર્યું:

> "જોકે, હું જે રીતે જોઉં છું તે મુજબ, ગોલકનાથ કેસનો યોગ્ય રીતે નિર્ણય લેવામાં આવ્યો હતો કે નહીં તે પ્રશ્ન મહત્વનો નથી કારણ કે વાસ્તવિક મુદ્દો અલગ છે અને ઘણા મોટા મહત્વનો છે, તે મુદ્દો એ છે કે: અનુચ્છેદ ૧૩(૨) ઉપરાંત, બંધારણના અનુચ્છેદ ૩૬૮ દ્વારા સંસદને પ્રદાન કરવામાં આવેલી સુધારાની સત્તાનો વ્યાપ કેટલો છે?"૨૫૫

૨૬૧. આના પરથી એ ફલિત થાય છે કે જ્યાં કોઈ બાબત 'ખૂબ મહત્વ'ની હોય, ત્યાં આ કોર્ટ તેના અગાઉના નિર્ણય પર પુનર્વિચાર કરવા માટે તે મુદ્દાને મોટી બેંચ સમક્ષ મોકલી શકે છે.

૨૫૫ ફકરો ૧૦

૨૬૨. સેકન્ડ જજિસ કેસ માં ન્યાયમૂર્તિ પાંડિયન દ્વારા એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે આ કોર્ટ દ્વારા આપવામાં આવેલા અગાઉના નિર્ણય પર

પુનર્વિચાર કરી શકાય છે જો, અન્ય બાબતોની સાથે, 'અપવાદરૂપ અને અસાધારણ રીતે અનિવાર્ય' સંજોગો તેવું સમર્થન કરતા હોય. એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે 'કોઈપણ નિર્ણય બંધારણીય અથવા કાનૂની અર્થઘટનના નવા દ્રષ્ટિકોણ પર અને સમય વીતવાની સાથે વિકસિત થયેલા નવીન વિચારો, સિદ્ધાંતો અને ધારણાઓના પ્રકાશમાં ન્યાયિક સમીક્ષા અથવા પુનર્વિચારણામાંથી સંપૂર્ણ મુક્તિ ભોગવતો નથી.'૨૫૬ મગનલાલ છગનલાલ, રઘુબીર સિંહ અને

પ્રદીપ કુમાર બિસ્વાસ ના અવલોકનોને યાદ કરતાં ઠેરવેલ કે:

"તેથી, અપવાદરૂપ અને અસાધારણ રીતે અનિવાર્ય સંજોગોમાં અથવા નવી પરિસ્થિતિઓ હેઠળ, કોર્ટ એક નવા દ્રષ્ટિકોણ પર અને સમય વીતવાની સાથે વિકસિત થયેલા નવીન વિચારો, સિદ્ધાંતો અને ધારણાઓના પ્રકાશમાં, પોતાના અગાઉના ચુકાદા અથવા નિર્ણય પર પુનર્વિચાર કરવા માટે કાનૂની અને નૈતિક બળો દ્વારા બંધાયેલી છે અને જો જરૂરી બને તો 'પૂર્વવર્તી અમાન્યતાના સિદ્ધાંત' ના અમલ દ્વારા ભૂલભરેલા નિર્ણયને રદબાતલ કરવા અથવા ઉલટાવવા માટે પણ બંધાયેલી છે. અન્યથા બંધારણ કે કાયદાને દાયકાઓ સુધી મળેલું ખોટું ન્યાયિક અર્થઘટન પણ તે ભૂલ સુધાર્યા વગર આવનારા યુગો સુધી અમલમાં રહેશે. ખરેખર, કોઈ ઐતિહાસિક પૂર્વઉદાહરણ અને દીર્ઘકાલીન વ્યવહાર અપરિવર્તનશીલ નિર્ણયનો નિયમ પૂરો પાડી શકતો નથી."૨૫૭

૨૬૩. તેમાં બિલકુલ કોઈ વિવાદ કે શંકા નથી કે આ કોર્ટ પોતાના દ્વારા આપવામાં આવેલા અગાઉના નિર્ણય પર પુનર્વિચાર કરી શકે છે (અને તેને રદ કરી શકે છે). પરંતુ એવા કયા સંજોગો છે કે જે હેઠળ પુનર્વિચારની માંગ કરી શકાય? ઉપર જણાવ્યા મુજબ આ કોર્ટે અનેક પ્રસંગોએ આ મુદ્દા પર વિચાર-વિમર્શ અને ચર્ચા કરી છે અને વિવિધ નિર્ણયોમાંથી તારવી શકાય તેવા વ્યાપક સિદ્ધાંતો સૂચવે છે કે:

૨૫૬ ફકરો ૧૭ ૨૫૭ ફકરો ૧૯

(૧) જો નિર્ણય બંધારણના અર્થઘટન સંબંધિત હોય, તો કદાચ પુનર્વિચાર માટેનો માપદંડ થોડો હળવો કરી શકાય (જેમ કે કેશવાનંદ ભારતી માં). જોકે બંધારણમાં સુધારો કરવાનો ઉપાય સંસદ પાસે ઉપલબ્ધ છે, પરંતુ તમામ સુધારાઓ હાથ ધરવા સરળ નથી. કેટલાક સુધારાઓ માટે રાજ્યો દ્વારા બહાલી આપવાની પ્રક્રિયાનું પાલન કરવું જરૂરી બને છે.

તેમ છતાં, જ્યાં બંધારણીય મુદ્દો સંકળાયેલો હોય, ત્યાં સંસદ પાસે બંધારણમાં સુધારો કરવાનો ઉપાય હંમેશા ઉપલબ્ધ હોવાથી, પુનર્વિચારની આવશ્યકતા તમામ વાજબી શંકાથી પર સાબિત થવી જોઈએ. (૨) જો નિર્ણય કર લાદવા સંબંધિત હોય, તો પણ માપદંડ થોડો હળવો કરી શકાય કારણ કે કરનો બોજ જનતાના મોટા વર્ગને અસર કરશે. જોકે, પુનર્વિચારની જરૂરિયાત માટેના સામાન્ય સિદ્ધાંતો આપોઆપ બાજુ પર મુકાઈ જતા નથી.

(૩) જો નિર્ણય લોકોના મૂળભૂત અધિકારો સંબંધિત હોય, તો પણ સ્વાભાવિક કારણોસર માપદંડ હળવો કરી શકાય. જોકે ફરીથી, પુનર્વિચારની જરૂરિયાત માટેના સામાન્ય સિદ્ધાંતોનું પાલન કરવું આવશ્યક છે.

(૪) અન્ય કેસોમાં, કોર્ટને ખાતરી થવી જોઈએ કે અગાઉનો નિર્ણય સ્પષ્ટપણે ભૂલભરેલો છે અને જનતા પર તેની હાનિકારક અસર છે; તે અસ્પષ્ટ અથવા અસંગત અથવા પ્રત્યક્ષ રીતે ખોટો છે.

(૫) જો નિર્ણય માત્ર બે વિવાદગ્રસ્ત ખાનગી પક્ષકારો અથવા વ્યક્તિઓ સંબંધિત હોય, તો કદાચ તેના પર પુનર્વિચાર કરવો સલાહભર્યું ન હોઈ શકે. કાયદાની પ્રત્યેક ભૂલ આ કોર્ટ દ્વારા સ્વાભાવિક રીતે સુધારી શકાતી નથી.

(૬) પુનર્વિચાર કરવાની સત્તા અનિયંત્રિત કે અમર્યાદિત નથી, પરંતુ તે સંકુચિત મર્યાદાઓમાં સીમિત છે અને તેનો ઉપયોગ સ્પષ્ટ અને અનિવાર્ય કારણોસર અપવાદરૂપ સંજોગોમાં અને સંયમપૂર્વક થવો જોઈએ. તેથી, અગાઉ જે વ્યક્ત કરવામાં આવ્યું હતું તેનાથી ભિન્ન અથવા વિરુદ્ધનો મત વધુ પસંદગીપાત્ર છે માત્ર તે કારણસર અગાઉના નિર્ણય પર પુનર્વિચાર કરવાનું કોઈ કારણ બનતું નથી. આ કોર્ટનો પ્રયાસ હંમેશા એ સુનિશ્ચિત કરવાનો હોવો જોઈએ કે કાયદો સુનિશ્ચિત અને ચોક્કસ રહે અને કાયદાના અર્થઘટનમાં સાતત્ય જળવાઈ રહે.

આ સંબંધમાં, રઘુબીર સિંહ એક રસપ્રદ ચિત્ર રજૂ કરે છે. ધ લેન્ડ એક્વિઝિશન એક્ટ, ૧૮૯૪ (૧૯૮૪ માં સુધાર્યા મુજબ) ની કલમ ૨૩(૨) નું આ

કોર્ટ દ્વારા ૧૪ ફેબ્રુઆરી, ૧૯૮૫ ના રોજ કે. કમલજમ્મન્નીયાવરુ વિ. સ્પેશિયલ લેન્ડ એક્વિઝિશન ઓફિસર૨૫૮ માં અર્થઘટન કરવામાં આવ્યું હતું. તે નિર્ણયને છ મહિના પછી ૧૪ ઓગસ્ટ, ૧૯૮૫ ના રોજ ભાગ સિંહ વિ. યુનિયન ટેરિટરી ઓફ ચંદીગઢ૨૫૯ માં રદબાતલ કરવામાં આવ્યો હતો. તે નિર્ણયને બદલામાં ૧૬ મે, ૧૯૮૯ ના રોજ રઘુબીર સિંહ માં રદબાતલ કરવામાં આવ્યો હતો અને કમલજમ્મન્નીયાવરુ માં નિર્ધારિત કાયદાનું પુનરાવર્તન કરવામાં આવ્યું હતું. કાયદામાં આ જ અનિશ્ચિતતા અને સાતત્યનો અભાવ છે જેને ટાળવાની જરૂર છે.

(૭) જો કાયદાની કોઈ મહત્વપૂર્ણ જોગવાઈ ધ્યાને ન લેવાઈ હોય૨૬૦ અથવા કોઈ મૂળભૂત ધારણા ભૂલભરેલી જણાય અથવા જો માન્ય અને ફરજિયાત કે અનિવાર્ય કારણો હોય અથવા જો મુદ્દો રાષ્ટ્રીય જીવન માટે મૂળભૂત મહત્વનો હોય તો અગાઉના નિર્ણય પર પુનર્વિચાર કરી શકાય છે. જોકે, જો લોકોએ પ્રવર્તમાન કાયદાના આધારે પોતાની સ્થિતિ બદલી હોય તો કોઈ નિર્ણયને રદબાતલ કરવો તે યોગ્ય ન પણ હોઈ શકે. આ એટલા માટે છે કારણ કે તે અગાઉના નિર્ણયના આધારે વ્યવસ્થા કરનાર વ્યક્તિઓની કાયદેસરની અપેક્ષાને વિપરીત અસર કરી શકે છે અને વળી એટલા માટે પણ કારણ કે આવા નિર્ણયના પરિણામો પૂર્વાનુમાનિત ન પણ હોઈ શકે.

(૮) કોઈ નિર્ણય લાંબા સમય સુધી અમલમાં રહ્યો છે કે નહીં તે બહુ મહત્વનું નથી. બંગાળ ઇમ્યુનિટી માં બંધારણીય બેંચ દ્વારા આપવામાં આવેલ

તાજેતરનો નિર્ણય રદબાતલ કરવામાં આવ્યો હતો; પ્રદીપ કુમાર બિસ્વાસ માં પા સદી સુધી અમલમાં રહેલા નિર્ણયને રદબાતલ કરવામાં આવ્યો હતો.

(૯) મહત્વપૂર્ણ રીતે, આ કોર્ટે એ મતની નોંધ લીધી છે અને[43] તે મતને માન્ય રાખ્યો છે કે બદલાતા સમયને ધ્યાને રાખીને 'અનંત અને પરિવર્તનશીલ માનવીય ઇચ્છાઓ' તથા 'વર્ષોની પ્રગતિ સાથેના વિકાસ' ને કારણે બદલાયેલી પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને કાયદાના અર્થઘટનને પુનઃવ્યવસ્થિત કરવાની જરૂર પડી શકે છે. એક પેઢી માટે માન્ય રહેલું કાયદાનું અર્થઘટન ત્યારપછીની પેઢીઓ માટે પણ માન્ય રહેવું અનિવાર્ય નથી. આ એક એવી વાસ્તવિકતા છે જે સ્વીકારવી જોઈએ, જેમ કે આ કોર્ટ દ્વારા મગનલાલ છગનલાલ માં અને કેનેડિયન સુપ્રિમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ ડિક્સન દ્વારા ધ ક્વીન વિ. બ્યુરેગાર્ડ૨૬૧ માં કરવામાં આવ્યું છે.

તેવી જ રીતે, સામાજિક સંદર્ભ અથવા 'સમકાલીન સામાજિક પરિસ્થિતિઓ કે જાહેર નીતિના આધુનિક ખ્યાલો' ને અવગણી શકાય નહીં.

ઓલિવર વેન્ડેલ હોમ્સ, જેઓ પાછળથી યુનાઇટેડ સ્ટેટ્સની સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ બન્યા, તેમણે તદ્દન સચોટ રીતે જણાવ્યું હતું જ્યારે તેમણે કહ્યું હતું કે: 'પરંતુ વર્તમાન જ્યાં સુધી બની શકે ત્યાં સુધી પોતાની જાતનું

[43] ૨૪૫ (૧૯૮૦) ૧ એસ.સી.સી. ૨૨૩ (૫ ન્યાયમૂર્તિઓની બેંચ) સાચા સાબિત થવું એ સતત ખોટા રહેવા કરતાં વધુ શાણપણભર્યું છે. સ્ટેર ડિસાઇસિસ એ અનુકૂળતાની કોઈ વિધિ નથી પરંતુ મર્યાદિત અપવાદો સાથેનો નિયમ છે. બંધારણીય બેંચોના નિર્ણયોને એટલી બેદરકારીથી ન લેવા જોઈએ કે વારંવાર તેમાં ફેરફાર કરવામાં આવે.'

સંચાલન કરવાનો અધિકાર ધરાવે છે; અને હંમેશા યાદ રાખવું જોઈએ કે ભૂતકાળ સાથેનું ઐતિહાસિક સાતત્ય એ કોઈ ફરજ નથી, તે માત્ર એક અનિવાર્યતા છે.'૨૬૨

૨૬૪. એ સર્વવિદિત છે કે બંધારણ એક જીવંત દસ્તાવેજ છે૨૬૩.

૨૬૧ [૧૯૮૬] ૨ એસ.સી.આર. ૫૬ જેમાં જણાવવામાં આવ્યું છે કે: આ દલીલો પૈકીની પ્રથમ દલીલના સંદર્ભમાં, મને નથી લાગતું કે [ધ કોન્સ્ટીટ્યુશન એક્ટ, ૧૮૬૭ ની] કલમ ૧૦૦ સંસદ પર ન્યાયમૂર્તિઓને બરાબર તે જ પ્રકારનું પેન્શન પૂરું પાડવાનું ચાલુ રાખવાની ફરજ લાદે છે જે તેઓ ૧૮૬૭ માં મેળવતા હતા. કેનેડિયન બંધારણ ૧૧૯ વર્ષ જૂની પેટીમાં હંમેશ માટે બંધ નથી. તે જીવે છે અને શ્વાસ લે છે તથા દેશ અને તેના લોકોના વિકાસ સાથે કદમ મિલાવીને વિકસવા માટે સક્ષમ છે. તદનુસાર, જો બંધારણ ૧૮૬૭ માં અજાણ એવા ઘણા વિષયો - વિમાનો, અણુ ઊર્જા, જળવિદ્યુત ઊર્જાને સમાવી શકે છે, જેમ કે તેણે સમાવ્યા છે, તો એવું કહેવામાં કલમ ૧૦૦ નું વધુ પડતું અર્થઘટન ખેંચવું પડતું નથી કે 'પેન્શન' શબ્દ, જે ૧૮૬૭ માં સ્વીકૃતપણે એક અર્થમાં સમજાયો હતો, તે આજે 'પેન્શન' ની ભિન્ન સમજ પર આધારિત સંઘીય કાયદાનું સમર્થન કરી શકે છે. ૨૬૨ "કાયદો, જ્યાં સુધી તે જ્ઞાન પર આધાર રાખે છે, ત્યાં સુધી તે ખરેખર, જેમ કહેવામાં આવ્યું છે તેમ, મૃતકો દ્વારા જીવંત લોકોનું શાસન છે. નોંધપાત્ર હદ સુધી તેમાં કોઈ શંકા નથી કે જીવંત લોકોનું આ રીતે શાસન થવું અનિવાર્ય છે. ભૂતકાળ આપણને આપણી શબ્દાવલી આપે છે અને આપણી કલ્પનાની

મર્યાદાઓ નક્કી કરે છે; આપણે તેનાથી દૂર જઈ શકતા નથી. આપણે જે કરી રહ્યા છીએ અને અગાઉ જે કરવામાં આવ્યું છે તેની વચ્ચે સાતત્ય પ્રગટ કરવામાં એક વિશિષ્ટ તાર્કિક આનંદ પણ રહેલો છે. પરંતુ વર્તમાન જ્યાં સુધી બની શકે ત્યાં સુધી પોતાની જાતનું સંચાલન કરવાનો અધિકાર ધરાવે છે; અને હંમેશા યાદ રાખવું જોઈએ કે ભૂતકાળ સાથેનું ઐતિહાસિક સાતત્ય એ કોઈ ફરજ નથી, તે માત્ર એક અનિવાર્યતા છે." "લર્નિંગ એન્ડ સાયન્સ", પ્રોફેસર સી.સી. લેંગડેલના સન્માનમાં હાર્વર્ડ લો સ્કૂલ એસોસિએશનના ભોજન સમારંભમાં ભાષણ (૨૫ જૂન, ૧૮૯૫); સ્પીચીસ બાય ઓલિવર વેન્ડેલ હોમ્સ (૧૮૯૬) માં અહેવાલિત. પૃ. ૬૭-૬૮ ૨૬૩ આઈ.આર. કોએલ્હો વિ. સ્ટેટ ઓફ તમિલનાડુ, (૨૦૦૭) ૨ એસ.સી.સી. ૧ ફકરો ૪૨ અને આ સંદર્ભમાં, આર.સી. પૌડ્યાલ વિ. યુનિયન ઓફ ઇન્ડિયા૨૬૪ માં જે કહેવામાં આવ્યું હતું તે યાદ રાખવું પણ શાણપણભર્યું છે કે:

> "બંધારણીય દસ્તાવેજના અર્થઘટનમાં, 'શબ્દો એ માત્ર ખ્યાલોનું માળખું છે અને ખ્યાલો પોતે શબ્દો કરતાં વધુ બદલાઈ શકે છે'. ખુદ ખ્યાલોના પરિવર્તનનું મહત્વ નિર્ણાયક છે અને બંધારણીય મુદ્દાઓ શબ્દોના વિકાસના માર્ગનો સ્વીકાર કર્યા વિના માત્ર શબ્દોના અર્થના સહારે ઉકેલાતા નથી. એવું યોગ્ય રીતે કહેવામાં આવ્યું છે કે 'બંધારણનો આશય વિગતો કંડારવાને બદલે સિદ્ધાંતોની રૂપરેખા આપવાનો છે'."૨૬૫

૨૬૫. આ કોર્ટ દ્વારા નિર્ધારિત કાયદાના આધારે અને છેલ્લા છ દાયકાના ઐતિહાસિક વિકાસને ધ્યાનમાં લેતાં, વિદ્વાન એટર્ની જનરલ દ્વારા એવી રજૂઆત કરવામાં આવી હતી કે બંધારણના અર્થઘટન અંગેનો એક મૂળભૂત અને મહત્વપૂર્ણ પ્રશ્ન ઉપસ્થિત થયો છે; સેકન્ડ જજિસ કેસ અને થર્ડ જજિસ કેસ માં ન્યાયતંત્ર પરની બંધારણ સભાની ચર્ચાઓનું યોગ્ય રીતે મૂલ્યાંકન કરવામાં આવ્યું ન હતું અને હવે માર્ગ સુધારો કરવાનો સમય આવી ગયો છે.

પ્રાથમિક મુદ્દા પરના તારણો

૨૬૬. એ તદ્દન સ્પષ્ટ છે કે ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્ર વચ્ચે સત્તાના પરંપરાગત પૃથક્કરણ કરતાં નિયંત્રણ અને સંતુલનની પ્રણાલી દ્વારા સત્તાની વહેંચણી થયેલી છે. રાજ્યના આ ત્રણ અંગો એકબીજાથી સંપૂર્ણપણે અલિપ્ત નથી અને તેથી ક્યારેક ઓવરલેપ થાય છે - પરંતુ દરેક ઓવરલેપ અનિવાર્યપણે સત્તાના પૃથક્કરણના સિદ્ધાંતના ઉલ્લંઘન તરફ દોરી જતો નથી.૨૬૬

૨૬૭. આ 'ઓવરલેપ' ના ઘણા ઉદાહરણો છે અને વિદ્વાન એટર્ની જનરલે આ સંબંધમાં આપણને બંધારણની વિવિધ

૨૬૮ ૧૯૯૮ સપ્લી. (૧) એસ.સી.સી. ૩૨૮ ૨૬૫ ૧૯૯૮ સપ્લી. (૧) એસ.સી.સી. ૩૨૮ ફકરો ૧૨૮ ૨૬૬ તેમના સમાપન ભાષણમાં, ડૉ. રાજેન્દ્ર પ્રસાદે 'સત્તાનું પૃથક્કરણ' નહીં પરંતુ 'સત્તાની વહેંચણી' શબ્દપ્રયોગનો ઉપયોગ

કર્યો હતો. જુઓ: http://parliamentofindia.nic.in/ls/lsdebates/vol૧૧p૧૨.htm જોગવાઈઓ દર્શાવી છે: બંધારણનો અનુચ્છેદ ૧૨૪(૧) સંસદને સુપ્રિમ કોર્ટની રચના સાત કરતાં વધુ ન્યાયમૂર્તિઓની બનેલી હોવાનું નિર્ધારિત કરતો કાયદો પસાર કરવા સક્ષમ બનાવે છે. આને અનુસરીને ધ સુપ્રિમ કોર્ટ (નંબર ઓફ જજિસ) એક્ટ, ૧૯૫૬ પસાર કરવામાં આવ્યો હતો; અનુચ્છેદ ૧૨૪(૪) ન્યાયમૂર્તિને હોદ્દા પરથી દૂર કરવા માટે મહાભિયોગની પ્રક્રિયાની જોગવાઈ કરે છે; અનુચ્છેદ ૧૨૪(૫) મહાભિયોગ પ્રક્રિયામાં સંબોધન રજૂ કરવાની અને ન્યાયમૂર્તિના ગેરવર્તણૂક અથવા અસમર્થતાની તપાસ અને સાબિતી માટેની કાર્યરીતિનું નિયમન કરવા કાયદો ઘડવા સંસદને સક્ષમ બનાવે છે; અનુચ્છેદ ૧૨૫(૧) સંસદને કાયદા દ્વારા ન્યાયમૂર્તિનો પગાર નક્કી કરવા સક્ષમ બનાવે છે જ્યારે અનુચ્છેદ ૧૨૫(૨) સંસદને ન્યાયમૂર્તિના વિશેષાધિકારો, ભથ્થાઓ વગેરે સંબંધમાં કાયદો પસાર કરવા સક્ષમ બનાવે છે. આને અનુસરીને ધ સુપ્રિમ કોર્ટ જજિસ (કન્ડિશન્સ ઓફ સર્વિસ) એક્ટ, ૧૯૫૮ ઘડવામાં આવ્યો છે; અનુચ્છેદ ૧૩૪(૨) સંસદને કાયદા દ્વારા સુપ્રિમ કોર્ટને અપીલો અને ફોજદારી કાર્યવાહીઓ દાખલ કરવા અને સાંભળવાની વધુ સત્તાઓ પ્રદાન કરવા સક્ષમ બનાવે છે. આને અનુસરીને, સંસદે ધ સુપ્રિમ કોર્ટ (એન્લાર્જમેન્ટ ઓફ ક્રિમિનલ એપેલેટ જ્યુરિસ્ડિક્શન) એક્ટ, ૧૯૭૦ ઘડ્યો છે; અનુચ્છેદ ૧૩૫ સંસદને એવી કોઈપણ બાબતના સંબંધમાં સુપ્રિમ કોર્ટના અધિકારક્ષેત્ર અને સત્તા અંગે કાયદો બનાવવાની સત્તા આપે છે જેને અનુચ્છેદ ૧૩૩ અને અનુચ્છેદ

૧૩૪ ની જોગવાઈઓ લાગુ પડતી નથી; અનુચ્છેદ ૧૩૭ જોગવાઈ કરે છે કે સંસદ દ્વારા ઘડવામાં આવેલા કોઈપણ કાયદાને આધીન રહીને સુપ્રિમ કોર્ટ પાસે પોતાના દ્વારા જાહેર કરવામાં આવેલા કોઈપણ ચુકાદા કે કરવામાં આવેલા હુકમની પુનઃસમીક્ષા કરવાની સત્તા રહેશે; અનુચ્છેદ ૧૩૮ સંસદને ભારત સરકાર અને કોઈપણ રાજ્ય સરકાર વિશેષ કરાર દ્વારા સોંપે તેવી કોઈપણ બાબત સંબંધે કાયદા દ્વારા સુપ્રિમ કોર્ટના અધિકારક્ષેત્રનો વિસ્તાર કરવા સક્ષમ બનાવે છે અને અનુચ્છેદ ૧૩૯ સંસદને તે સિવાયની રિટ જારી કરવા માટે કાયદો ઘડવા સક્ષમ બનાવે છે જેનો ઉલ્લેખ બંધારણના અનુચ્છેદ ૩૨ માં છે; અનુચ્છેદ ૧૪૦ સંસદને સુપ્રિમ કોર્ટને પૂરક સત્તાઓ પ્રદાન કરતો કાયદો બનાવવાની સત્તા આપે છે; અનુચ્છેદ ૧૪૨ સંસદને હુકમનામા અથવા હુકમના અમલ માટે કાયદો ઘડવા સક્ષમ બનાવે છે જે સુપ્રિમ કોર્ટના હોય અને કોઈપણ વ્યક્તિની હાજરી સુનિશ્ચિત કરવા, કોઈપણ દસ્તાવેજો શોધવા કે રજૂ કરવા, અથવા કોઈપણ તિરસ્કારની તપાસ કે શિક્ષા કરવાના હેતુથી કોઈપણ હુકમ કરવા માટે સુપ્રિમ કોર્ટ દ્વારા સત્તાનો ઉપયોગ કરવા સક્ષમ બનાવે છે, અનુચ્છેદ ૧૪૫ સંસદને સુપ્રિમ કોર્ટની પ્રક્રિયા અને કાર્યરીતિનું નિયમન કરવા માટે કોઈપણ કાયદો ઘડવા સક્ષમ બનાવે છે જ્યારે અનુચ્છેદ ૧૪૬(૨) સંસદને સુપ્રિમ કોર્ટના અધિકારીઓ અને સેવકોની સેવાની શરતો નિર્ધારિત કરવા સક્ષમ બનાવે છે. બંધારણનો અનુચ્છેદ ૧૩૦ રાષ્ટ્રપતિની મંજૂરીથી સુપ્રિમ કોર્ટને દિલ્હી સિવાયના કોઈપણ સ્થળે બેઠક યોજવાની પરવાનગી આપે છે જ્યારે અનુચ્છેદ ૧૪૫ રાષ્ટ્રપતિની મંજૂરીથી

કોર્ટની પ્રક્રિયા અને કાર્યરીતિનું નિયમન કરવા માટે નિયમો બનાવવાની સુપ્રિમ કોર્ટને સત્તા આપે છે.

૨૬૮. ન્યાયતંત્ર પર સંસદીય અને કાયદાકીય નિયંત્રણોની એક આખી શ્રેણી લાદવામાં આવી છે તે તદ્દન સ્પષ્ટ છે જેના દ્વારા તેની વહીવટી કામગીરીને નિયંત્રિત કરી શકાય છે અને કરવામાં આવે છે, પરંતુ જ્યાં સુધી નિર્ણય લેવાનો સંબંધ છે ત્યાં સુધી આ બાબતો અનિવાર્યપણે સત્તાના પૃથક્કરણના સિદ્ધાંતનું ઉલ્લંઘન કરતી નથી અથવા ન્યાયતંત્રની સ્વતંત્રતાનું હનન કરતી નથી. જેમ કે વારંવાર ઠેરવવામાં આવ્યું છે તેમ, આપણા બંધારણમાં સત્તાના પૃથક્કરણનો સિદ્ધાંત જડતાપૂર્વક અમલમાં મૂકવામાં આવ્યો નથી, પરંતુ જો રાજ્યના એક અંગ સામે બીજા અંગના કોઈ આવશ્યક અથવા મૂળભૂત કાર્ય કે તત્વના સંદર્ભમાં નિયંત્રણના રૂપમાં કોઈ ઓવરલેપ હોય, તો બંધારણીય મુદ્દો ચોક્કસપણે ઉપસ્થિત થાય છે. આ જ સંદર્ભમાં ૯૯મા બંધારણીય સુધારા અધિનિયમને જોવો રહ્યો - કે શું તે ન્યાયતંત્રની સ્વતંત્રતાના કોઈ મૂળભૂત કે આવશ્યક તત્વ પર, એટલે કે તેની નિર્ણય લેવાની સ્વતંત્રતા પર અસર કરે છે કે કેમ.

૨૬૯. વિદ્વાન એટર્ની જનરલ તેમની એ રજૂઆતમાં સાચા નથી કે સેકન્ડ જજિસ કેસ માં સત્તાના પૃથક્કરણ અને સીએડી (બંધારણ સભાની ચર્ચાઓ) ની અવગણના કરવામાં આવી હતી અને બંધારણની જોગવાઈઓનું, ખાસ કરીને તેના અનુચ્છેદ ૧૨૪(૨) નું ખોટું અર્થઘટન કરવામાં આવ્યું હતું. આ સેકન્ડ જજિસ કેસ ની ઘણી સંકુચિત સમજ છે જેણે, અન્ય બાબતો ઉપરાંત, બંધારણના

અનુચ્છેદ ૫૦ ના અર્થઘટન, બંધારણીય ઇતિહાસ અને પરંપરાઓ, ન્યાયતંત્રની સ્વતંત્રતાના સંદર્ભમાં ન્યાયમૂર્તિઓની નિમણૂક સંબંધિત મુદ્દાઓની સમગ્ર શ્રેણી, બંધારણીય સત્તાધિકારીઓ વચ્ચે પારદર્શિતા અને માહિતીના આદાનપ્રદાન, નિમણૂક પ્રક્રિયામાં રાષ્ટ્રપતિ અથવા ન્યાયતંત્રની સર્વોચ્ચતા (સંજોગોને આધીન), બંધારણ સભાની ચર્ચાઓમાંથી તારવેલી સંકલિત વિચાર-વિમર્શ પ્રક્રિયામાં રાષ્ટ્રપતિના મહત્વ અને અન્ય ઘણા સંબંધિત પાસાઓની વિચારણા કરી હતી. આ તમામ બાબતોમાં બંધારણનું એક વ્યવહારુ અને કાર્યાન્વિત કરી શકાય તેવું અર્થઘટન સામેલ હતું, જે માત્ર ન્યાયતંત્રનું જ કાર્ય છે અને આ અંગે કોઈ શંકા હોઈ શકે નહીં. માર્બરી વિ. મેડિસન૨૬૭ માં આ બાબત તદ્દન સંક્ષિપ્ત અને સચોટ રીતે જણાવવામાં આવી હતી: 'કાયદો શું છે તે કહેવું એ ઓક્ક્સપણે ન્યાયિક વિભાગનું ક્ષેત્ર અને ફરજ છે.' તે રી: પાવર્સ, પ્રિવિલેજિસ એન્ડ ઇમ્યુનિટીઝ ઓફ સ્ટેટ લેજિસ્લેચર્સ૨૬૮ માં પણ સ્પષ્ટપણે ઠેરવવામાં આવ્યું હતું જ્યાં કહેવામાં આવ્યું હતું કે:

> "ભારતીય બંધારણ હેઠળ સત્તાનું સ્પષ્ટ અને જડ પૃથક્કરણ છે કે નહીં, તેમાં કોઈ શંકા નથી કે બંધારણે આ દેશના ન્યાયતંત્રને બંધારણની જોગવાઈઓનું અર્થઘટન કરવાનું અને નાગરિકોના મૂળભૂત અધિકારોનું રક્ષણ કરવાનું કાર્ય સોંપ્યું છે. જ્યારે કોઈ કાયદાને એવા કારણસર પડકારવામાં આવે કે તે ધારાસભા દ્વારા સત્તા વિના પસાર કરવામાં આવ્યો છે, અથવા અન્યથા ગેરબંધારણીય રીતે મૂળભૂત અધિકારો પર તરાપ મારે છે, ત્યારે તે વિવાદનું સમાધાન કરવું અને ધારાસભા દ્વારા

પસાર કરવામાં આવેલો કાયદો માન્ય છે કે નહીં તે નક્કી કરવું અદાલતોનું કામ છે. જે રીતે ધારાસભાઓને કાયદાકીય સત્તા પ્રદાન કરવામાં આવી છે અને તેમના કાર્યો સામાન્ય રીતે કાયદાકીય કાર્યો પૂરતા મર્યાદિત છે, અને કારોબારીના કાર્યો અને સત્તા કારોબારી સત્તાના કાર્યક્ષેત્રમાં રહેલા છે, તે જ રીતે આ દેશમાં ન્યાયતંત્રનું અધિકારક્ષેત્ર અને સત્તા ૨૬૭ ૫ યુ.એસ. (૧ ક્રેન્ચ) ૧૩૭, ૧૭૭ (૧૮૦૩) ૨૬૮ [૧૯૬૫] ૧ એસ.સી.આર. ૪૧૩ (સાત ન્યાયમૂર્તિઓની બેંચ) ન્યાયનિર્ણયના ક્ષેત્રમાં રહેલા છે. જો અદાલતો સમક્ષ કોઈપણ કાયદાની માન્યતાને પડકારવામાં આવે, તો ક્યારેય એવું સૂચન કરવામાં આવતું નથી કે ધારાકીય સત્તા ઓળંગવામાં આવી છે કે મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન થયું છે તે અંગેનો મહત્વનો પ્રશ્ન ખુદ ધારાસભાઓ દ્વારા નક્કી કરી શકાય છે."૨૬૯

૨૭૦. સેકન્ડ જજીસ કેસ ને માત્ર એક જ પાસા સુધી સીમિત કરવામાં વિદ્વાન એટર્ની જનરલ પણ સાચા નથી - આ કોર્ટના નિર્ણયનું મૂલ્યાંકન ન્યાયતંત્રની સ્વતંત્રતા સંબંધિત વ્યાપક બંધારણીય યોજનાના એક ભાગ તરીકે થવું જોઈએ. આ કોર્ટ દ્વારા બંધારણીય યોજનાને આપવામાં આવેલા અર્થઘટન સાથે વિદ્વાન એટર્ની જનરલ સંમત હોઈ શકે કે ન પણ હોઈ શકે પરંતુ તે એ બાબતનો કોઈ સંકેત નથી કે સત્તાના પૃથક્કરણનો સિદ્ધાંત ભાંગી પડ્યો છે. જો અર્થઘટનની કોઈ ભૂલ હોય, તો તેને માત્ર ન્યાયતંત્ર દ્વારા જ સુધારી શકાય છે, અથવા બંધારણમાં એવા યોગ્ય સુધારા દ્વારા કે જે તેના મૂળભૂત માળખાનું ઉલ્લંઘન ન કરતો હોય.

૨૭૧. કોઈએ એવું વિચાર્યું ન હતું કે આ કોર્ટે, સેકન્ડ જજીસ કેસ માં, ન્યાયમૂર્તિઓની નિમણૂક અને ન્યાયતંત્રની સ્વતંત્રતા સંબંધિત બંધારણીય યોજનાનું ભૂલભરેલું અર્થઘટન કર્યું હતું અથવા તેને ગેરસમજ કરી હતી. કેટલાક સમસ્યાજનક ક્ષેત્રો હતા અને તે થર્ડ જજીસ કેસ માં આ કોર્ટનો સલાહકારી અભિપ્રાય મેળવવા માટે રાષ્ટ્રપતિ દ્વારા ઉપસ્થિત કરવામાં આવેલા પ્રશ્નોના સ્વરૂપમાં આ કોર્ટને મોકલવામાં આવ્યા હતા. સેકન્ડ જજીસ કેસ માં આપવામાં આવેલા નિર્ણયની શુદ્ધતા શંકાસ્પદ ન હતી અને આ સંબંધમાં કોઈપણ ગેરસમજ દૂર કરવા માટે વિદ્વાન એટર્ની જનરલે થર્ડ જજીસ કેસ માં સ્પષ્ટપણે જણાવ્યું હતું કે 'યુનિયન ઓફ ઈન્ડિયા સેકન્ડ જજીસ કેસ ના ચુકાદાની સમીક્ષા અથવા પુનર્વિચારની માંગ કરી રહ્યું નથી.' તેથી, ન તો રાષ્ટ્રપતિએ કે ન તો યુનિયન ઓફ ઈન્ડિયાએ અથવા તે બાબતે અન્ય કોઈએ સેકન્ડ જજીસ કેસ ના પુનર્વિચારની માંગણી કરી ન હતી. એવું કોઈ ૨૬૯ પૃષ્ઠ ૪૪૬ કારણ નથી (કાયદા હેઠળના કારણના અભાવ સિવાય) કે શા માટે આ તબક્કે આવી વિનંતીને ધ્યાને લેવી જોઈએ, સિવાય કે યુનિયન ઓફ ઈન્ડિયા દ્વારા કાયદાની કાલ્પનિક ગેરસમજ.

૨૭૨. વિદ્વાન એટર્ની જનરલની દલીલ એવી છે કે સુપ્રિમ કોર્ટ અથવા હાઈકોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂક એ એક કારોબારી કાર્ય છે અને 'આગ્રહ રાખવાના અધિકાર' દ્વારા ન્યાયિક અતિક્રમણની પ્રક્રિયા વડે ન્યાયતંત્ર દ્વારા તે પોતાના હસ્તક લઈ લેવામાં આવ્યું છે, જેનાથી સત્તાના પૃથક્કરણનો સિદ્ધાંત ભાંગી પડ્યો છે. આ વિચારસરણીને સ્વીકારવી શક્ય નથી. ન્યાયમૂર્તિની

નિમણૂક એ રાષ્ટ્રપતિનું એક કારોબારી કાર્ય છે અને તે તેમ જ ચાલુ રહે છે. જોકે, આઝાદી પહેલાંથી પણ પ્રસ્થાપિત થયેલી બંધારણીય પરંપરા એ રહી છે કે ન્યાયમૂર્તિની નિમણૂક ત્યારે જ કરવામાં આવે છે જો ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અથવા હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ તે નિમણૂક માટે પોતાની સંમતિ આપે. આ સ્થિતિ આઝાદી પછી પણ ચાલુ રહી. ન્યાયમૂર્તિ કુલદીપ સિંઘે સેકન્ડ જજીસ કેસ માં નિમણૂકની સ્થિતિનો સાર નીચે મુજબના શબ્દોમાં આપ્યો હતો:

> "(૧) ધ ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ, ૧૯૩૫ હેઠળ ન્યાયમૂર્તિઓની નિમણૂક કરવાની સંપૂર્ણ સત્તા કારોબારી પાસે હતી. તેમ છતાં તે હેઠળ કરવામાં આવેલી તમામ નિમણૂકો ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની સહમતિથી કરવામાં આવી હતી.
>
> (૨) વર્ષ ૧૯૪૮ સુધીમાં એવી પરંપરા પ્રસ્થાપિત થઈ ચૂકી હતી કે ન્યાયમૂર્તિની નિમણૂક માત્ર ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની સહમતિથી જ કરી શકાય.
>
> (૩) ૧૯૫૦ થી ૧૯૫૯ દરમિયાન સુપ્રિમ કોર્ટમાં કરવામાં આવેલી તમામ નિમણૂકો ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની સહમતિથી કરવામાં આવી હતી. તે સમયગાળા દરમિયાન હાઇકોર્ટોમાં કરવામાં આવેલી ૨૧૧ નિમણૂકો પૈકી ૨૧૦ નિમણૂકો પણ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની સહમતિથી કરવામાં આવી હતી.
>
> (૪) ભારતના ગૃહમંત્રી શ્રી ગોવિંદ વલ્લભ પંતે ૨૪ નવેમ્બર,

૧૯૫૯ ના રોજ સંસદના ગૃહમાં જાહેર કર્યું હતું કે ન્યાયમૂર્તિઓની નિમણૂક વાસ્તવમાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા કરવામાં આવી રહી હતી અને કારોબારી માત્ર હુકમ જારી કરનારી સત્તા હતી.

(૫) કાયદા મંત્રી શ્રી અશોક સેને ૨૫ નવેમ્બર, ૧૯૫૯ ના રોજ સંસદમાં પુનરોચ્ચાર કર્યો હતો કે સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટોમાં કરવામાં આવેલી લગભગ તમામ નિમણૂકો ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની સહમતિથી કરવામાં આવી હતી.

(૬) ૧ જાન્યુઆરી, ૧૯૮૩ થી ૧૦ એપ્રિલ, ૧૯૯૩ ના સમયગાળા દરમિયાન કરવામાં આવેલી ન્યાયાધીશોની ૫૪૭ નિમણૂકો પૈકી માત્ર ૭ જ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા વ્યક્ત કરવામાં આવેલા અભિપ્રાયો સાથે સુસંગત ન હતી."૨૭૦

૨૭૩. આ હકીકતો અને આંકડા સ્પષ્ટપણે દર્શાવે છે કે ઓછામાં ઓછા ૧૯૩૫ થી, જો અગાઉથી નહીં, તો ન્યાયમૂર્તિઓની નિમણૂક યથાપ્રસંગ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અથવા હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિના અભિપ્રાય અનુસાર કરવામાં આવતી હતી. કેટલાક વિચલનો હતા પરંતુ ઉપર જણાવ્યા મુજબ તે મુખ્યત્વે આઝાદી પછી જ થયા હોવાનું જણાય છે. પરંતુ ૧૯૫૯ પૂર્વેના જે કેસોમાં વિચલનો હતા (જેમાં હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિની અવગણના કરવામાં આવી હતી) તેમાં પણ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની સહમતિ લેવામાં આવી હતી. તેથી, ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં કારોબારી પાસે ક્યારેય વાસ્તવિક પ્રાધાન્ય ન હતું. પરંતુ, ફર્સ્ટ જજીસ કેસ પછી કારોબારીએ

ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં પોતાને નવેસરથી મળેલા સંપૂર્ણ પ્રાધાન્યનો ઉપયોગ કર્યો અને વિચલનો વધ્યા. નિશ્ચિતપણે, કારોબારી પોતાના કારણે ઉદ્ભવેલા વિચલનોનો લાભ લઈ શકે નહીં અને પછી તેનો ઉપયોગ એવી દલીલ તરીકે કરી શકે નહીં કે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની સહમતિ અંગે કોઈ બંધારણીય પરંપરા અસ્તિત્વમાં ન હતી. તેનાથી વિપરીત, આ વિચલનો એવી નિમણૂકો દ્વારા ન્યાયતંત્રની સ્વતંત્રતાને નબળી પાડવાના રાજકીય કારોબારીના છૂપા પ્રયાસ દર્શાવે છે જે અનિવાર્યપણે યોગ્યતા–આધારિત ન હતી, અને જે દલીલો ૨૭૦ ફકરો ૩૭૧. અમારી સમક્ષ આગળ ધપાવવામાં આવી છે તે સૂચવે છે કે હવે પછી ન્યાયતંત્રની સ્વતંત્રતા અનિવાર્યપણે પવિત્ર ન પણ રહે. આ જ કારણોસર બારે વિદ્યમાન પરંપરાઓ અને પ્રથાઓનું જતન અને રક્ષણ કરવા માટે લડત આપી છે અને આશા છે કે પોતાની તકેદારી જાળવી રાખશે.

૨૭૪. ધ પોકેટ વીટો કેસ૨૭૧ માં યુએસ સુપ્રિમ કોર્ટે બંધારણીય જોગવાઈના અર્થઘટન તરીકે એક દીર્ઘકાલીન પ્રથાનો ઉલ્લેખ કર્યો હતો, જે ભારતને પણ સમાન રીતે લાગુ પડશે. તેમાં કહેવામાં આવ્યું હતું કે:

> "અહીં પ્રશ્ન હેઠળની બંધારણીય જોગવાઈના અર્થઘટન અને અસર અંગે અમે જે મંતવ્યો વ્યક્ત કર્યા છે તેની પુષ્ટિ વર્ષોના લાંબા ગાળા દરમિયાન રાષ્ટ્રપતિઓ દ્વારા તેને આપવામાં આવેલા વ્યવહારુ અર્થઘટન દ્વારા થાય છે, જેમાં કોંગ્રેસે મૌન સંમતિ આપી છે. આ પ્રકારની બંધારણીય જોગવાઈઓના યોગ્ય અર્થઘટનમાં લાંબા સમયથી સ્થિર અને પ્રસ્થાપિત

પ્રથા એ ખૂબ વજનદાર વિચારણા છે. સરખાવો મિઝોરી પેક. રેલ્વે કું. વિ. કેન્સાસ૨૭૨; માયર્સ વિ. યુનાઇટેડ સ્ટેટ્સ૨૭૩; અને સ્ટેટ વિ. સાઉથ નોરવોક૨૭૪ જેમાં કોર્ટે કહ્યું હતું કે કારોબારી વિભાગ તરફથી ઓછામાં ઓછા વીસ વર્ષના સમયગાળાની પ્રથા, જેમાં ધારાકીય વિભાગે મૌન સંમતિ આપી હોય, જોકે તે ન્યાયિક વિભાગ પર સંપૂર્ણપણે બંધનકર્તા નથી, તેમ છતાં જે બંધારણીય જોગવાઈની શબ્દાવલી કોઈપણ સંદર્ભમાં શંકાસ્પદ અર્થ ધરાવતી હોય તેનું સાચું અર્થઘટન નક્કી કરવામાં તે ખૂબ આદરને પાત્ર છે."

૨૭૫. સંપૂર્ણ કારોબારી પ્રાધાન્યનો દાવો કરીને, વિદ્વાન એટર્ની જનરલ વાસ્તવમાં એવા મતનો પ્રચાર કરી રહ્યા છે કે ન્યાયમૂર્તિની નિમણૂકની દરખાસ્ત પર રાષ્ટ્રપતિ વીટો વાપરી શકે છે, ભલે તે દરખાસ્તને અન્ય તમામ

૨૭૧ ૨૭૯ યુ.એસ. ૬૫૫, ૬૮૯ (૧૯૨૯) ૨૭૨ ૨૪૮ યુ.એસ. ૨૭૬ ૨૭૩ ૨૭૨ યુ.એસ. ૫૨ ૨૭૪ ૭૭ કોન. ૨૫૭ બંધારણીય સત્તાધિકારીઓની મંજૂરી હોય. આવો મત ડો. આંબેડકર અને બંધારણ સભાને સ્વીકાર્ય ન હતો અને તેને પાછલા બારણેથી દાખલ કરવો અસ્વીકાર્ય છે. ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ પાસે નિમણૂક માટે કોઈ 'આગ્રહ રાખવાનો અધિકાર' નથી કે રાષ્ટ્રપતિ પાસે 'નકારવાનો અધિકાર' કે વીટો નથી. હાઇકોર્ટ અથવા સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ તરીકે સંભવિત 'શ્રેષ્ઠ' વ્યક્તિની નિમણૂક કરવા માટે બંધારણ બંધારણીય પદાધિકારીઓ વચ્ચે સલાહકારી અને સહભાગી પ્રક્રિયાની

પરિકલ્પના કરે છે. આ સલાહકારી પ્રક્રિયામાં, વર્ષોથી વિકસિત થયેલી બંધારણીય પરંપરા અને પ્રથા દ્વારા આખરી શબ્દ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિને આપવામાં આવ્યો છે કારણ કે તે બંધારણીય પદાધિકારી અસરકારક ન્યાય પ્રદાન કરવાની જરૂરિયાતોનું મૂલ્યાંકન કરવા, ન્યાયતંત્રની સ્વતંત્રતા જાળવી રાખવા, બાહ્ય પ્રભાવોને દૂર રાખવા, 'ન્યાયમૂર્તિની પ્રારંભિક નિમણૂકના તબક્કે પણ રાજકીય પ્રભાવ નાબૂદ કરવા'૨૭૫ માટે સૌથી વધુ સક્ષમ છે અને ન્યાયતંત્રના વડા તરીકે, આ સંબંધમાં તેમના નિર્ણય પર વિશ્વાસ રાખવો જોઈએ. આ બાબતને 'આગ્રહ રાખવાના અધિકાર' તરીકે દર્શાવવી તે બિલકુલ વાજબી નથી, કે કારોબારી દ્વારા અસંમતિના કોઈપણ સૂરને 'નકારવાના અધિકાર' અથવા વીટો તરીકે અર્થઘટિત કરી શકાય નહીં. આ અભિવ્યક્તિઓ બંધારણીય યોજના અથવા બંધારણીય પદાધિકારીઓની જવાબદારીઓ સાથે બંધબેસતી નથી.

૨૭૬. સેકન્ડ જજીસ કેસ અને થર્ડ જજીસ કેસ માં એવું શું નક્કી કરવામાં આવ્યું હતું કે જેના કારણે રાજકીય કારોબારી વ્યક્ત કરાયેલા મંતવ્યોની ગેરસમજ કરે અને અર્થઘટિત કાયદાની ગેરસમજ કરે અથવા નિર્ધારિત કાયદા પર પુનર્વિચારની માંગણી કરે? મૂળભૂત રીતે, માત્ર એટલું જ નક્કી કરવામાં આવ્યું હતું કે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ (વ્યક્તિગત ક્ષમતામાં) ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક માટે કોઈ વ્યક્તિની ભલામણ કરી શકે નહીં, પરંતુ અન્ય ન્યાયમૂર્તિઓ (અને જો જરૂરી હોય તો બિન-ન્યાયાધીશો) સાથે પરામર્શ કરીને જ તેમ કરવું

જોઈએ. ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની આવી ભલામણ, જો સર્વસંમતિથી કરવામાં આવી હોય, તો સામાન્ય રીતે રાષ્ટ્રપતિ દ્વારા સ્વીકારવી જોઈએ. જોકે, રાષ્ટ્રપતિ

૨૭૫ સેકન્ડ જજીસ કેસ, ફકરો ૪૫૦ મજબૂત અને પ્રતીતિકારક કારણોસર પુનર્વિચાર માટે તે ભલામણ પરત કરી શકે છે. જો ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ (અન્ય ન્યાયમૂર્તિઓ સાથે પરામર્શ કરીને અને સર્વસંમતિથી) તે ભલામણનો પુનરોચ્ચાર કરે, તો તેનો સ્વીકાર થવો જોઈએ. બીજી તરફ, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા કરવામાં આવેલી ભલામણ, જે શરૂઆતમાં સર્વસંમત ન હોય, તે રાષ્ટ્રપતિ દ્વારા સ્વીકારવામાં ન પણ આવે. ન્યાયમૂર્તિ વર્મા દ્વારા નિર્દેશિત કર્યા મુજબ, રાષ્ટ્રપતિ અજ્ઞાત કારણોસર અથવા આ કોર્ટ દ્વારા નિર્ધારિત સિદ્ધાંતોની ગેરસમજના કારણે ક્યારેક આ ચોક્કસ બંધારણીય સત્તાનો ઉપયોગ કરવામાં નિષ્ફળ રહ્યા હતા. આ કોર્ટ દ્વારા અપનાવવામાં આવેલો માર્ગ બંધારણ સભાના મંતવ્યો સાથે સુસંગત હતો, એ અર્થમાં કે ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં કોઈપણ બંધારણીય પદાધિકારી વ્યક્તિગત ક્ષમતામાં કાર્ય કરી શકે નહીં, પરંતુ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને અન્ય ન્યાયમૂર્તિઓ આ પ્રકારની બાબતમાં રાષ્ટ્રપતિને યોગ્ય સલાહ આપવા માટે સંપૂર્ણ લાયકાત ધરાવતા હતા, અને જ્યાં સુધી તે સર્વસંમત હોય ત્યાં સુધી તેનો સ્વીકાર થવો જોઈતો હતો.

૨૭૭. ૨૪ મે, ૧૯૪૯ ના રોજની ચર્ચા દર્શાવે છે કે સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂકની પ્રક્રિયાના સંબંધમાં બંધારણ સભા સમક્ષ વિવિધ વિકલ્પો ઉપલબ્ધ હતા.

૨૭૮. ઉપલબ્ધ પદ્ધતિઓ પૈકીની એક ન્યાયમૂર્તિની નિમણૂકને કાઉન્સિલ ઓફ સ્ટેટ દ્વારા મંજૂર કરાવવાની હતી. આનો શ્રી આર.કે. સિધવા (સી.પી. અને બેરાર: જનરલ) દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો, જેઓ એવા મતના હતા કે જો નિમણૂક કાઉન્સિલ ઓફ સ્ટેટ પર છોડી દેવામાં આવે તો કેનવાસિંગની શક્યતા રહે છે, જે સંજોગોમાં ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક માટે ભલામણ કરાયેલ વ્યક્તિની ક્ષમતા વગેરેનો મુદ્દો અપ્રસ્તુત બની જશે. શ્રી સિધવા એવા મતના હતા કે આ પદ્ધતિ ચૂંટણી સમાન બનશે, જોકે પ્રો. કે.ટી. શાહ અન્યથા માનતા હતા. આ દરખાસ્તનો શ્રી બિશ્વનાથ દાસ (ઓરિસ્સા: જનરલ) દ્વારા પણ વિરોધ કરવામાં આવ્યો હતો, જેમણે નિમણૂકની આ પદ્ધતિને ખૂબ જ ખતરનાક સિદ્ધાંત નિર્ધારિત કરનારી ગણાવી હતી.

૨૭૯. ચર્ચા કરવામાં આવેલી નિમણૂકની અન્ય એક પદ્ધતિ આ પ્રક્રિયા સંપૂર્ણપણે રાષ્ટ્રપતિ પર છોડી દેવાની હતી. શ્રી રોહિણી કુમાર ચૌધરી (આસામ: જનરલ) એ દેખીતી રીતે તે મતને સમર્થન આપ્યું હતું અને આગળ એવું સૂચન કર્યું હતું કે રાષ્ટ્રપતિ દ્વારા સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટના ન્યાયમૂર્તિઓ સાથેના પરામર્શને રદ કરવા માટે ડો. આંબેડકર દ્વારા પ્રસ્તાવિત સુધારો સ્વીકારવો જોઈએ. તેઓ એવા મતના હતા કે આ બાબતનો નિકાલ માત્ર રાષ્ટ્રપતિ દ્વારા જ થવો જોઈએ જેઓ કોઈપણ વ્યક્તિ સાથે પરામર્શ કરી શકે છે, માત્ર સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટના ન્યાયમૂર્તિઓ સાથે જ શા માટે. જો રાષ્ટ્રપતિ કોઈ વ્યક્તિને અસાધારણ ક્ષમતા ધરાવતી વ્યક્તિ તરીકે જાણતા હોય, તો નિમણૂક કરવા માટે તેમને કોઈની સાથે પરામર્શ કરવાની જરૂર ન પણ પડે. આ મતને શ્રી એમ.

અનંતશયનમ અય્યંગર (મદ્રાસ: જનરલ) દ્વારા ટેકો આપવામાં આવ્યો હતો જેમણે પણ એવું અનુભવ્યું હતું કે, જો જરૂરી હોય તો, કોની સાથે પરામર્શ કરવો તે નક્કી કરવાનું રાષ્ટ્રપતિ પર છોડી દેવું જોઈએ.

૨૮૦. નિમણૂકની હજુ એક અન્ય પદ્ધતિ બ્રિટિશ પદ્ધતિ હતી જ્યાં કોઈપણ પ્રકારની મર્યાદા વિના ક્રાઉન દ્વારા, એટલે કે રાજકીય કારોબારી દ્વારા નિમણૂકો કરવામાં આવતી હતી. ચર્ચા કરાયેલી ચોથી પદ્ધતિ યુનાઈટેડ સ્ટેટ્સમાં પ્રચલિત હતી જ્યાં સેનેટની સહમતિથી નિમણૂકો કરવામાં આવતી હતી.

૨૮૧. ડૉ. આંબેડકરનો એવો મત હતો કે વિવિધ કારણોસર પ્રસ્તાવિત પદ્ધતિઓ પૈકીની કોઈ પણ પદ્ધતિ યોગ્ય ન હતી અને તેથી એક મધ્યમ માર્ગ અપનાવવામાં આવ્યો હતો જેમાં રાષ્ટ્રપતિએ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને અન્ય ન્યાયમૂર્તિઓ સાથે વિચાર-વિમર્શ કરવો જરૂરી હતો. ડૉ. આંબેડકરને જણાયું હતું કે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને અન્ય ન્યાયમૂર્તિઓ સાથે વિચાર-વિમર્શ જરૂરી હતો કારણ કે તેઓ આ પ્રકારની બાબતમાં સલાહ આપવા માટે પૂર્વધારણા મુજબ જ સુયોગ્ય લાયકાત ધરાવતા હતા.

૨૮૨. હાઇકોર્ટ કે સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક પામનાર વ્યક્તિના જ્ઞાન, ક્ષમતા, સક્ષમતા અને યોગ્યતાના સંબંધમાં યોગ્ય સલાહ આપવા માટે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને અન્ય ન્યાયમૂર્તિઓ નિઃશંકપણે સુયોગ્ય લાયકાત ધરાવે છે. તેથી, એવું કોઈ કારણ નથી કે અન્ય ન્યાયમૂર્તિઓના અભિપ્રાય સાથે લેવાયેલા ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના

અભિપ્રાયને કારોબારી દ્વારા કેમ સ્વીકારવામાં ન આવે, જે આ સંબંધમાં આકલન કરવા માટે ચોક્કસપણે વધુ યોગ્ય લાયકાત ધરાવતી નથી. તેમ છતાં, એ શક્ય છે કે કોઈ ચોક્કસ વ્યક્તિના કોઈ પાસા વિશે કારોબારી પાસે એવી કેટલીક માહિતી હોઈ શકે છે જે કદાચ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની જાણમાં ન હોય અને સાંકળચંદ હિંમતલાલ શેઠ માં તથા સેકન્ડ જજીસ કેસ માં પ્રતિપાદિત કર્યા મુજબ સમગ્ર સામગ્રી ભારતના મુખ્ય ન્યાયમૂર્તિને ઉપલબ્ધ કરાવવી જોઈએ, અને કોઈપણ પૂર્વઇતિહાસ, વિશિષ્ટતાઓ અને વિષમતાઓ હોવા છતાં, નિમણૂક માટે ભલામણ કરાયેલ વ્યક્તિ ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક મેળવવાની આવશ્યકતાઓને પૂર્ણ કરે છે કે નહીં તે નક્કી કરવાનું તેમના પર છોડી દેવું જોઈએ. જો ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને અન્ય વ્યક્તિઓ કે જેમની સાથે તેમણે આ બાબતે ચર્ચા કરી છે તેઓ – સર્વસંમતિથી – એવો નિષ્કર્ષ કાઢે છે કે પૂર્વઇતિહાસ, વિશિષ્ટતાઓ અને વિષમતાઓ હોવા છતાં તે વ્યક્તિની હાઇકોર્ટ અથવા સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક થવી જોઈએ, તો તે સામૂહિક મત સ્વીકારવામાં ન આવે તેવું કોઈ જ સાંસારિક કારણ હોઈ શકે નહીં. જ્યાં સુધી ન્યાયતંત્રનો સંબંધ છે ત્યાં સુધી ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ એક અર્થમાં જહાજના કેપ્ટન છે અને જહાજના કોઈ મુસાફર (ભલે તે મહત્વપૂર્ણ મુસાફર હોય) ના અભિપ્રાય કરતાં તેમના (સામૂહિક રીતે અને સર્વસંમતિથી મેળવાયેલા) અભિપ્રાયને સ્વીકારવો જોઈએ. ડૉ. આંબેડકરનો એવો દ્રઢ મત હતો કે ન્યાયતંત્ર સ્વતંત્ર અને નિષ્પક્ષ હોવું જોઈએ અને જો આ બાબતમાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિનો આખરી નિર્ણય ન હોય તો ન્યાયતંત્ર, એક અર્થમાં,

અન્ય કોઈ સત્તા હેઠળ આવે છે અને તેથી તે હદ સુધી સ્વતંત્ર રહેતું નથી. આ ડૉ. આંબેડકરના મંતવ્યોનો અસ્વીકાર અને બંધારણ સભાના મંતવ્યોનું ખંડન ગણાશે.

૨૮૩. બંધારણ સભાની ચર્ચાઓ પરથી એ સ્પષ્ટ થાય છે કે ડૉ. આંબેડકરનો વાંધો એવા સૂચન સામે હતો કે આ બાબતમાં માત્ર ભારતના મુખ્ય ન્યાયમૂર્તિનો જ (એક વ્યક્તિ તરીકે) આખરી નિર્ણય હોવો જોઈએ. એવું સૂચવતું કશું જ નથી કે ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં સેકન્ડ જજીસ કેસ અને થર્ડ જજીસ કેસ માં જણાવ્યા મુજબની એકીકૃત વિચાર–વિમર્શપૂર્ણ સહભાગી પ્રક્રિયા સામે અથવા ડૉ. રાજીવ ધવને તેનું વર્ણન કર્યું હતું તે મુજબ 'સંસ્થાકીય સહભાગિતા' સામે બંધારણ સભાને કોઈ વાંધો હતો. વાંધો માત્ર એક વ્યક્તિ (રાષ્ટ્રપતિ અથવા ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ) આ બાબતમાં આખરી નિર્ણય ધરાવે તે સામે હતો અને તે એક વ્યક્તિ (ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ) પણ આપણામાંથી કોઈપણ વ્યક્તિની જેમ જ સમાન નબળાઈઓ ધરાવી શકે છે અને ડૉ. આંબેડકરે પોતાના વાંધામાં આ બાબત પર ભાર મૂકવાનો પ્રયાસ કર્યો હતો. એ બાબત ધ્યાને લેવી જોઈએ કે જ્યારે આ ચર્ચા થઈ (૨૪મી મે, ૧૯૪૯ ના રોજ), ત્યારે મુસદ્દા બંધારણના અનુચ્છેદ ૬૨ માં કલમ (૫)એ દાખલ કરવાના કારણે૨૭૬ ન્યાયમૂર્તિઓની નિમણૂક એ મંત્રી પરિષદ મારફતે નહીં પરંતુ પોતાની મેળે કાર્ય કરતા રાષ્ટ્રપતિની જવાબદારી ગણવામાં આવતી હતી. આ સિદ્ધાંતને છોડી દેવાની પ્રક્રિયા ચાલી રહી હતી (અને વાસ્તવમાં છોડી દેવામાં આવ્યો હતો) તે તદ્દન અલગ બાબત છે.

વૈકલ્પિક રીતે, જો તે સમયે એવો વિચાર હતો કે રાષ્ટ્રપતિએ માત્ર મંત્રી પરિષદની સલાહ પર જ કાય કરવાનું હતું (અને અમર્યાદિત વિવેકાધીન સત્તા ધરાવતી વ્યક્તિ તરીકે નહીં), તો આજે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ પોતાના સાથીદારોના મંતવ્યો પર સંસ્થાકીય રીતે કાર્ય કરે અને ડૉ. આંબેડકરની ઇચ્છા મુજબ વ્યક્તિગત રીતે નહીં, તેની સામે સંભવતઃ કોઈ વાંધો હોઈ શકે નહીં. બીજા શબ્દોમાં કહીએ તો, ભારતમાં બંધારણવાદમાં સકારાત્મક પરિવર્તન આવ્યું છે અને કોઈપણ વ્યક્તિ આખરી નિર્ણય ધરાવે તે સામે ડૉ. આંબેડકરનો જે વાંધો હતો તે અસ્તિત્વવિહીન બની ગયો છે. શમશેર સિંહ ને ધ્યાને લેતાં રાષ્ટ્રપતિ વ્યક્તિગત ક્ષમતામાં કાર્ય કરી શકતા નથી (મર્યાદિત અંશે સિવાય) અને સેકન્ડ જજીસ કેસ અને થર્ડ જજીસ કેસ ને ધ્યાને લેતાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ વ્યક્તિગત ક્ષમતામાં કાર્ય કરી શકતા નથી (મર્યાદિત અંશે સિવાય). બંધારણ એક જૈવિક અને જીવંત દસ્તાવેજ હોવાના કારણે તેનું સકારાત્મક અને અર્થપૂર્ણ રીતે અર્થઘટન થવું જોઈએ અને કરવામાં આવ્યું છે.

૨૭૬ અનુચ્છેદ ૬૨ નો ખંડ ૫(એ) આ મુજબ વંચાય છે:

"(૫)એ પોતાના મંત્રીઓની પસંદગીમાં અને આ બંધારણ હેઠળના પોતાના અન્ય કાર્યોના નિર્વહનમાં, રાષ્ટ્રપતિ સામાન્ય રીતે પરિશિષ્ટ ૩-એ માં નિર્ધારિત સૂચનાઓ દ્વારા માર્ગદર્શન મેળવશે, પરંતુ રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવેલ કોઈપણ કાર્યની માન્યતા સામે તે આવી સૂચનાઓ

અનુસાર સિવાય અન્યથા કરવામાં આવ્યું હતું તેવા કારણસર કોઈ પ્રશ્ન ઉઠાવી શકાશે નહીં."

૨૮૪. બંધારણ એક જૈવિક અને જીવંત દસ્તાવેજ હોવાની આ જ વિચારધારા છે, કે જેનું સકારાત્મક અને અર્થપૂર્ણ રીતે અર્થઘટન થવું જોઈએ, જે શમશેર સિંહ માં જોવા મળે છે. સીએડી સાથે વાંચવામાં આવેલ આ જ રચનાત્મક અર્થઘટન છે કે જેણે મંત્રી પરિષદની સલાહને રાષ્ટ્રપતિ પર બંધનકર્તા બનાવી હતી અને 'સ્વીકારો અથવા છોડો' તેવી સલાહ નહીં. તેવી જ રીતે, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથેના 'વિચાર-વિમર્શ' ને આ પરિપ્રેક્ષ્યમાં સમજવાનો છે અને 'વિચાર-વિમર્શ કર્યો અને અભિપ્રાય ફગાવી દીધો' તેવી પરિસ્થિતિ તરીકે નહીં.

૨૮૫. એવું સૂચવવું યોગ્ય નથી, જેમ કે વિદ્વાન એટર્ની–જનરલે કર્યું હતું કે, સેકન્ડ જજીસ કેસ માં બંધારણના અનુચ્છેદ ૧૨૪(૨) ને આપવામાં આવેલા અર્થઘટન દ્વારા બંધારણમાં સત્તાના પૃથક્કરણના સિદ્ધાંતને નષ્ટ કરી દેવામાં આવ્યો છે. તેનાથી વિપરીત, બંધારણીય પરંપરા, બંધારણીય યોજના અને બંધારણીય પ્રથા ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં ન્યાયતંત્રની જવાબદારીને સ્વીકારે છે અને સેકન્ડ જજીસ કેસ માં તેને માત્ર ઔપચારિક સ્વરૂપ આપવામાં આવ્યું હતું. સત્તાના પૃથક્કરણ અથવા સત્તાના વિભાજનનો સિદ્ધાંત સેકન્ડ જજીસ કેસ દ્વારા ફગાવી દેવાને બદલે જાળવી રાખવામાં આવ્યો હતો. યુએસ સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ જેક્સનના શબ્દોને યંગ્સટાઉન શીટ એન્ડ ટ્યુબ કંપની વિ. સોયર૨૭૭ માં ફરીથી રજૂ કરીએ તો, બંધારણ તેના અંગો પર 'અલગતા પરંતુ

પરસ્પર નિર્ભરતા, સ્વાયત્તતા પરંતુ પરસ્પરતા' નો આદેશ આપે છે અને સેકન્ડ જજીસ કેસ દ્વારા ન્યાયમૂર્તિઓની નિમણૂક સહિત ન્યાયતંત્રની સ્વતંત્રતાને ધ્યાનમાં રાખીને, ન્યાયતંત્ર અને રાજકીય કારોબારી વચ્ચે આ સંતુલન અસરકારક રીતે જાળવી રાખવામાં આવ્યું છે.

૨૮૬. આ તમામ પરિબળો અને સીએડી ને ધ્યાનમાં લેતાં, જે તમામની સેકન્ડ જજીસ કેસ માં ચર્ચા કરવામાં આવી હતી, વિદ્વાન એટર્ની જનરલની એ દલીલ સ્વીકારવી મુશ્કેલ છે કે સેકન્ડ જજીસ કેસ ગુણદોષના આધારે પુનર્વિચારણાની અપેક્ષા રાખે છે. જ્યારે સંદર્ભિત વિવિધ નિર્ણયો આ કોર્ટના અગાઉના નિર્ણય પર પુનર્વિચારણા કરવાના મુદ્દા સાથે સંબંધિત હતા, ત્યારે તે ૨૭૭ ૩૪૩ યુ.એસ. ૫૭૯, ૬૩૫ (૧૯૫૨) એવો નિષ્કર્ષ કાઢવો મુશ્કેલ છે કે સેકન્ડ જજીસ કેસ નો નિર્ણય કરનારા ૯ ન્યાયમૂર્તિઓમાંથી ૮ ન્યાયમૂર્તિઓ દ્વારા આપવામાં આવેલા નિર્ણયને (ન્યાયમૂર્તિ પુંચી પણ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની પ્રાથમિકતા પર સંમત થયા હતા) માત્ર એટલા માટે નકારી કાઢવો જોઈએ કારણ કે અભિપ્રાયમાં ફેરફાર અથવા સંજોગોમાં ફેરફાર થઈ શકે છે. સેકન્ડ જજીસ કેસ એટર્ની-જનરલ દ્વારા સ્વીકારવામાં આવ્યો હતો, જેમ કે થર્ડ જજીસ કેસ માં ઉલ્લેખ કરવામાં આવ્યો છે, અને રાષ્ટ્રપતિ દ્વારા પણ સ્વીકારવામાં આવ્યો હતો કે જેમણે બંધારણના અનુચ્છેદ ૧૨૪(૨) અને અનુચ્છેદ ૨૧૭(૧) ને આપવામાં આવેલા અર્થઘટન અંગે કોઈ પ્રશ્ન ઉઠાવ્યો ન હતો. આ બંધારણીય સત્તાધિકારીઓએ સેકન્ડ જજીસ કેસ માં પ્રસ્થાપિત કાયદાને સ્વીકારી લીધો હોવાથી, કોર્ટ દ્વારા વારંવાર નિર્ધારિત કરવામાં આવેલા માપદંડોના આધારે તે

નિર્ણય પર પુનર્વિચારણા કરવાનું કોઈ કારણ નથી. પુનર્વિચારણા માટે કોઈ અસાધારણ સંજોગો, સ્પષ્ટ અને અનિવાર્ય કારણો નથી, તેમજ એવું પણ કહી શકાય નહીં કે સેકન્ડ જજીસ કેસ સ્પષ્ટપણે ભૂલભરેલો હતો અથવા તેની લોકો પર કોઈ હાનિકારક અસર પડી છે. તેનાથી વિપરીત, આ નિર્ણયે વાસ્તવિક અર્થમાં ન્યાયતંત્રની સ્વતંત્રતા પુનઃસ્થાપિત કરી અને કારોબારી નિયંત્રણોની હાનિકારક અસરને દૂર કરી.

૨૮૭. એ પણ ઉલ્લેખ કરી શકાય કે શમશેર સિંહ માં સ્પષ્ટપણે ઠરાવવામાં આવ્યું હતું કે ન્યાયતંત્રને લગતી બાબતોમાં આખરી શબ્દ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ પાસે હોવો જોઈએ. શમશેર સિંહ નો નિર્ણય સાત વિદ્વાન ન્યાયમૂર્તિઓની બેંચ દ્વારા લેવામાં આવ્યો હતો અને કોઈએ એવું કહ્યું નથી કે તે નિર્ણય પર પુનર્વિચારણાની જરૂર છે અથવા તે સાચો કાયદો પ્રસ્થાપિત કરતો નથી. સેકન્ડ જજીસ કેસ માત્ર મર્યાદિત અર્થમાં 'આખરી શબ્દ' ના મતનું પુનરાવર્તન કરે છે.

૨૮૮. સર્વસંમત અભિપ્રાય તદ્દન સ્પષ્ટ છે કે સેકન્ડ જજીસ કેસ નો નિર્ણય યોગ્ય રીતે લેવામાં આવ્યો હતો અને તેમાં નિર્ધારિત પરંપરાઓ અને સિદ્ધાંતો આપણા બંધારણીય ઇતિહાસમાંથી ઉદ્ભવે છે અને તેના પર કોઈ પુનર્વિચારણાની જરૂર નથી.

૨૮૯. એ કહેવાનો અર્થ એવો નથી કે સેકન્ડ જજીસ કેસ અને થર્ડ જજીસ કેસ કોઈ ત્રુટિઓ છોડતા નથી. કદાચ આ નિર્ણયોમાં નિર્ધારિત યોજનાનું બહેતર

સંસ્થાકીયકરણ અને સૂક્ષ્મ સંયોજન જરૂરી છે, પરંતુ તેનાથી વધુ કંઈ નહીં. પરંતુ, વિદ્વાન એટર્ની-જનરલ દ્વારા કરવામાં આવેલી આ રજૂઆતને ધ્યાને લેતાં કે વિચારણા માટેનો એકમાત્ર પ્રશ્ન ૯૯મા બંધારણીય સુધારા અધિનિયમ અને એનજેએસી એક્ટની બંધારણીય માન્યતાનો છે, પુનર્વિચારણાનો મુદ્દો સૈદ્ધાંતિક બની જાય છે અને હાલમાં આ બાબતે વધુ કોઈ મત વ્યક્ત કરવો બિલકુલ જરૂરી નથી. ૯૯મા બંધારણીય સુધારા અધિનિયમ દ્વારા શબ્દ 'વિચાર-વિમર્શ' ને બંધારણના અનુચ્છેદ ૧૨૪(૨) અને અનુચ્છેદ ૨૧૭(૧) માંથી રદ કરવામાં આવ્યો છે. તેથી સેકન્ડ જજીસ કેસ માં તે શબ્દનું સાચું અર્થઘટન કરવામાં આવ્યું હતું કે નહીં તે પ્રશ્ન આજે સંપૂર્ણપણે સૈદ્ધાંતિક છે. એક નવી બંધારણીય વ્યવસ્થા અમલમાં મૂકવામાં આવી છે અને તેની જેમ છે તેમ જ કસોટી થવી જોઈએ.

જો ૯૯મા બંધારણીય સુધારા અધિનિયમને બંધારણના મૂળભૂત માળખાનું ઉલ્લંઘન કરનાર ઠેરવવામાં આવે અને ગેરબંધારણીય જાહેર કરવામાં આવે તો જ સેકન્ડ જજીસ કેસ અને થર્ડ જજીસ કેસ માં સૂક્ષ્મ સંયોજન કરવાનો અને ત્રુટિઓ પૂરવાનો પ્રશ્ન ઉપસ્થિત થશે.

૨૯૦. તેથી હવે એકમાત્ર પ્રશ્ન એ છે કે શું ૯૯મો બંધારણીય સુધારો અધિનિયમ બંધારણના મૂળભૂત માળખાનું ઉલ્લંઘન કરે છે અને આ પ્રશ્નનો નિર્ણય કરવા માટે સેકન્ડ જજીસ કેસ અથવા થર્ડ જજીસ કેસ પર પુનર્વિચારણા કરવી જરૂરી નથી. આ એ હકીકત ઉપરાંત છે કે કાયદાની દ્રષ્ટિએ, ગુણદોષના આધારે પણ પુનર્વિચારણા વાજબી નથી.

કાયદાનું શાસન

૨૯૧. આપણી સમક્ષના વિવાદના ગુણદોષ પર, એ આધાર પર આગળ વધવું જરૂરી છે કે તેમાં કોઈ શંકા નથી કે સીએડી, બંધારણ અને ન્યાયિક ચુકાદાઓ ન્યાયતંત્રની સ્વતંત્રતાની ખાતરી આપે છે. શું ન્યાયતંત્રની સ્વતંત્રતામાં ન્યાયમૂર્તિની નિમણૂકનો સમાવેશ થાય છે? વિદ્વાન એટર્ની–જનરલના જણાવ્યા મુજબ, ન્યાયમૂર્તિઓની નિમણૂક એ ન્યાયતંત્રની સ્વતંત્રતાનો એક ભાગ છે, પરંતુ કોઈ પ્રમુખ ભાગ નથી.

૨૯૨. આ મુદ્દાઓ પર વિચારણા કરતાં પહેલાં, આપણા બંધારણીય ઈતિહાસમાં કાયદાના શાસનની ભૂમિકાને સમજવી જરૂરી છે. એવું કહેવામાં આવ્યું છે: 'આખરે, ન્યાયાધીશો નહીં પરંતુ કાયદાનું શાસન છે, જે વ્યક્તિગત સ્વતંત્રતા અને જવાબદાર સરકાર માટેનો પાયો પૂરો પાડે છે.'૨૭૮

૨૯૩. કાયદાનું શાસન આપણા બંધારણના એક મૂળભૂત લક્ષણ તરીકે સ્વીકારવામાં આવ્યું છે. આ સંદર્ભમાં જ 'તમે ભલે ગમે તેટલા ઉચ્ચ હો, કાયદો તમારાથી ઉપર છે' તે સૂત્ર ન્યાયતંત્ર દ્વારા સ્વીકારવામાં આવે છે અને તેનો અમલ કરવામાં આવે છે. જો કાયદાનું શાસન આપણા બંધારણનું એક મૂળભૂત લક્ષણ હોય, તો ન્યાયતંત્રની સ્વતંત્રતા પણ હોવી જ જોઈએ કારણ કે કાયદાના શાસનના 'અમલીકરણ' માટે તેના અભિન્ન અને નિર્ણાયક ઘટક તરીકે એક સ્વતંત્ર ન્યાયતંત્રની આવશ્યકતા રહે છે.

૨૯૪. ન્યાયમૂર્તિ મેથ્યુએ ઇન્દિરા નહેરુ ગાંધી માં એવો નિષ્કર્ષ કાઢ્યો હતો કે કેશવાનંદ ભારતી માં બહુમતી રચનારા કેટલાક ન્યાયમૂર્તિઓ અનુસાર કાયદાનું શાસન એ બંધારણનું મૂળભૂત માળખું છે.૨૭૯

૨૯૫. શમશેર સિંહ માં પોતાના વતી અને ન્યાયમૂર્તિ ભગવતી વતી બોલતાં ન્યાયમૂર્તિ કૃષ્ણ ઐયર દ્વારા ન્યાયતંત્રની સ્વતંત્રતાને બંધારણનો એક મુખ્ય સિદ્ધાંત ઠેરવવામાં આવી હતી.૨૮૦ તે બંધારણના મૂળભૂત માળખાનો એક ભાગ છે તેવું ફર્સ્ટ જજિસ કેસ માં ન્યાયમૂર્તિ ભગવતી,૨૮૧ ન્યાયમૂર્તિ ફઝલ અલી૨૮૨ અને ન્યાયમૂર્તિ વી.ડી. તુલ્ઝાપુરકર૨૮૩ દ્વારા પ્રથમ વખત સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું હતું.

૨૯૬. સેકન્ડ જજિસ કેસ માં ન્યાયમૂર્તિ પાંડિયને એવો મત વ્યક્ત કર્યો હતો કે ન્યાયતંત્રની સ્વતંત્રતા એ 'ન્યાયિક પ્રક્રિયા સાથે અવિભાજ્ય રીતે જોડાયેલી અને સંકળાયેલી છે.'૨૮૪

૨૭૮ જોનાથન કે. વાન પેટન દ્વારા જ્યુડિશિયલ ઇન્ડિપેન્ડન્સ એન્ડ ધ રૂલ ઓફ લો, વોલ્યુમ ૨ બેન્ચમાર્ક પાના નં. ૧૧૭, ૧૨૯ (૧૯૮૬)

૨૭૯ ફકરો ૩૩૫ ૨૮૦ ફકરો ૧૪૯ ૨૮૧ ફકરો ૨૭ અને ફકરો ૮૩ ૨૮૨ ફકરો ૩૨૦ ૨૮૩ ફકરો ૬૩૪ ૨૮૪ ફકરો ૫૬

આ મત ન્યાયમૂર્તિ કુલદીપ સિંહ દ્વારા પણ વ્યક્ત કરવામાં આવ્યો હતો જેમણે ઠેરવ્યું હતું કે ન્યાયતંત્રની સ્વતંત્રતા એ બંધારણનું એક મૂળભૂત લક્ષણ

છે:૨૮૫ બહુમતી વતી બોલતાં અને કેટલાક નિર્ણયો પર આધાર રાખતાં ન્યાયમૂર્તિ જે.એસ. વર્માએ ઠેરવ્યું હતું કે કાયદાનું શાસન એ બંધારણનું એક મૂળભૂત લક્ષણ છે.૨૮૬ તેવી જ રીતે, ન્યાયમૂર્તિ પુંછીએ (અસંમતિ) ઠેરવ્યું હતું કે કાયદાનું શાસન એ બંધારણનું એક મૂળભૂત લક્ષણ છે અને ન્યાયતંત્રની સ્વતંત્રતા એ તેનું આવશ્યક લક્ષણ છે:

> "એવું કહેવાય છે કે કાયદાનું શાસન એ સમગ્ર બંધારણીય તાણાવાણામાં વ્યાપ્ત બંધારણનું એક મૂળભૂત લક્ષણ છે. હું સંમત છું. ન્યાયતંત્રની સ્વતંત્રતા એ કાયદાના શાસનનું એક આવશ્યક લક્ષણ છે, અને બંધારણના મૂળભૂત માળખાનો એક ભાગ છે. આ બાબતે પણ હું સંમત છું."૨૮૭

૨૯૭. સબ-કમિટી ઓન જ્યુડિશિયલ એકાઉન્ટેબિલિટી વિ. યુનિયન ઓફ ઇન્ડિયા૨૮૮ માં બહુમતી વતી બોલતાં ન્યાયમૂર્તિ બી.સી. રે દ્વારા ઠેરવવામાં આવ્યું હતું કે કાયદાનું શાસન એ બંધારણનું એક મૂળભૂત લક્ષણ છે અને સ્વતંત્ર ન્યાયતંત્ર એ તેનું એક આવશ્યક લક્ષણ છે. એવું કહેવામાં આવ્યું હતું:

> "દલીલોના ગુણદોષની ચર્ચા કરીએ તે પહેલાં ન્યાયતંત્ર અને તેની સ્વતંત્રતા સંબંધિત બંધારણીય જોગવાઈઓનું વિહંગાવલોકન કરવું જરૂરી છે. આ ક્ષેત્રમાં બંધારણીય જોગવાઈઓનું અર્થઘટન કરતી વખતે કોર્ટે એવું અર્થઘટન અપનાવવું જોઈએ જે બંધારણના પાયાના લક્ષણો અને

મૂળભૂત માળખાને મજબૂત બનાવે. કાયદાનું શાસન એ બંધારણનું એક મૂળભૂત લક્ષણ છે જે સમગ્ર બંધારણીય તાણાવાણામાં વ્યાપ્ત છે અને બંધારણીય માળખાનો એક અભિન્ન ભાગ છે. ન્યાયતંત્રની સ્વતંત્રતા એ કાયદાના શાસનનું એક આવશ્યક લક્ષણ છે."૨૮૯

૨૮૫ ફકરો ૩૩૧ ૨૮૬ ફકરો ૪૨૧ ૨૮૭ ફકરો ૫૦૨ ૨૮૮ (૧૯૯૧) ૪ એસ.સી.સી. ૬૯૯ (૫ ન્યાયમૂર્તિઓની બેંચ) ૨૮૯ ફકરો ૧૬

૨૯૮. તેવી જ રીતે, કરતાર સિંહ વિ. સ્ટેટ ઓફ પંજાબ૨૯૦ માં ન્યાયમૂર્તિ કે. રામાસ્વામી (અસંમતિ) દ્વારા કહેવામાં આવ્યું હતું કે એક સ્વતંત્ર ન્યાયતંત્ર એ કાયદાના શાસનનું સૌથી આવશ્યક લક્ષણ છે:

"સ્વતંત્ર ન્યાયતંત્ર એ કાયદાના શાસનનું સૌથી આવશ્યક લક્ષણ છે અને લોકશાહીને ટકાવી રાખવા માટે અનિવાર્ય છે. સરકારની લોકશાહી પ્રણાલીમાં ન્યાયતંત્રની સ્વતંત્રતા અને સત્યનિષ્ઠા માત્ર ન્યાયમૂર્તિઓ માટે જ નહીં પરંતુ મોટા પાયે લોકો માટે પણ સર્વોચ્ચ મહત્વ અને હિત ધરાવે છે જેઓ જાણતા કાનૂની નુકસાન અથવા કારોબારી અતિરેક સામે ન્યાયિક દાદ મેળવવા માંગે છે."૨૯૧

૨૯૯. આ મતનો વિદ્વાન ન્યાયમૂર્તિ દ્વારા અન્ય એક અસંમતિમાં, એટલે કે, કૃષ્ણ સ્વામી વિ. યુનિયન ઓફ ઇન્ડિયા૨૯૨ માં પુનરોચ્ચાર કરવામાં આવ્યો હતો.

૩૦૦. યુનિયન ઓફ ઈન્ડિયા વિ. મદ્રાસ બાર એસોસિએશન૨૯૩ માં કોર્ટ વતી બોલતાં ન્યાયમૂર્તિ રવીન્દ્રને ઠેરવેલ કે:

> "કાયદાના શાસનના ઘણા પાસાઓ છે, જે પૈકીનું એક એ છે કે નાગરિકોના વિવાદોનો નિર્ણય એવા ન્યાયમૂર્તિઓ દ્વારા કરવામાં આવશે જેઓ સ્વતંત્ર અને નિષ્પક્ષ હોય; અને સરકારના કૃત્યોની કાયદેસરતા અંગેના વિવાદોનો નિર્ણય એવા ન્યાયમૂર્તિઓ દ્વારા કરવામાં આવશે જેઓ કારોબારીથી સ્વતંત્ર હોય."૨૯૪

૩૦૧. છેવટે, સ્ટેટ ઓફ તમિલનાડુ માં મુખ્ય ન્યાયમૂર્તિ લોઢા મારફતે બોલતાં બેંચ દ્વારા સર્વાનુમતે ઠેરવવામાં આવ્યું હતું કે ન્યાયતંત્રની સ્વતંત્રતા એ કાયદાના શાસન માટે પાયાની છે:

> "કારોબારી અને ધારાસભાથી અદાલતોની સ્વતંત્રતા એ કાયદાના શાસન માટે પાયાની છે અને ભારતીય બંધારણના મૂળભૂત સિદ્ધાંતો પૈકીનું એક છે. ન્યાયિક સત્તાનું[44]
>
> પૃથક્કરણ એ ભારતના બંધારણ હેઠળનો એક મહત્વપૂર્ણ બંધારણીય સિદ્ધાંત છે."૨૯૫

---

[44] ૨૪૬ (૧૯૮૯) ૨ એસ.સી.સી. ૭૫૪ (૫ ન્યાયમૂર્તિઓની બેંચ). ૨૪૭ ડૉ. એલન પેટરસનના લો લોર્ડ્સનો સંદર્ભ આપવામાં આવ્યો હતો. આ સંદર્ભ બિલકુલ સ્પષ્ટ નથી અને તેમાં માત્ર '૧૯૮૨ પૃષ્ઠ ૧૫૬-૧૫૭ પર' એમ દર્શાવવામાં આવ્યું છે

૩૦૨. કાયદાનું શાસન અને ન્યાયતંત્રની સ્વતંત્રતા સાથે સાથે ચાલે છે અને બંધારણના મૂળભૂત માળખાનો એક ભાગ છે તે મત અન્ય કેટલાક નિર્ણયોમાં પણ સ્વીકારવામાં આવ્યો છે અને હવે વિવાદમાં નથી, તેમજ અમારી સમક્ષ ઉપસ્થિત વિદ્વાન વકીલો પૈકીના કોઈ દ્વારા પણ તેનો વિવાદ કરવામાં આવ્યો ન હતો. તેથી, કાયદાનું શાસન અને ન્યાયતંત્રની સ્વતંત્રતા એકબીજા સાથે વણાયેલા અને અવિભાજ્ય છે તથા આપણા બંધારણના મૂળભૂત માળખાનો એક ભાગ છે તેવો નિષ્કર્ષ કાઢવા સિવાય આ સંદર્ભમાં ચુકાદાઓની હારમાળા ટાંકવી જરૂરી નથી.

ન્યાયતંત્રની સ્વતંત્રતા - તેનું સ્વરૂપ અને વિષયવસ્તુ

૩૦૩. સ્વતંત્ર ન્યાયતંત્રના લક્ષણો કયા છે?

દ્રષ્ટાંતરૂપે સિવાય, તેમને વ્યાખ્યાયિત કરવા અશક્ય છે. આ તબક્કે, ઓસ્ટ્રેલિયાની હાઇકોર્ટના ભૂતપૂર્વ ન્યાયમૂર્તિ સર નિનિયન સ્ટીફનના શબ્દોને યાદ કરવા યોગ્ય છે, જેમણે યાદગાર રીતે કહ્યું હતું: '[એક] સ્વતંત્ર ન્યાયતંત્ર, વ્યક્તિગત સ્વતંત્રતાનું પ્રબળ રક્ષક હોવા છતાં, તે જ સમયે એક અત્યંત સંવેદનશીલ સંસ્થા છે, ખરેખર એક નાજુક ગઢ છે.'૨૯૬ આ તે નાજુક ગઢ છે જેને તેની સ્વતંત્રતા જાળવી રાખવા માટે રક્ષણની જરૂર છે અને જો આ નાજુક ગઢ પડકાર હેઠળ આવે છે, તો બંધારણીય રક્ષણ જરૂરી છે.

૩૦૪. ન્યાયતંત્રની સ્વતંત્રતા પોતાના દાયરામાં બે વ્યાપક વિભાવનાઓ સમાવે છે: (૧) વ્યક્તિગત ન્યાયમૂર્તિની સ્વતંત્રતા, એટલે કે, નિર્ણાયક સ્વતંત્રતા; અને (૨) એક સંસ્થા અથવા રાજ્યના એક અંગ તરીકે ન્યાયતંત્રની સ્વતંત્રતા, એટલે કે, કાર્યાત્મક સ્વતંત્રતા. ન્યાયિક સ્વતંત્રતા પરના એક વ્યાખ્યાનમાં, લોર્ડ ફિલિપ્સે૨૯૭ કહ્યું હતું: 'નિષ્પક્ષ રહેવા માટે એક ન્યાયમૂર્તિ સ્વતંત્ર હોવા જોઈએ; વ્યક્તિગત રીતે સ્વતંત્ર, એટલે કે

> ૨૯૫ ફકરો ૧૨૬.૨ ૨૯૬ સાઉથી મેમોરિયલ લેક્ચર, ૧૯૮૧ ૨૯૭ યુનાઇટેડ કિંગડમની સુપ્રિમ કોર્ટના ભૂતપૂર્વ પ્રમુખ અને ઇંગ્લેન્ડ અને વેલ્સના લોર્ડ ચીફ જસ્ટિસ વ્યક્તિગત દબાણોથી મુક્ત અને સંસ્થાકીય રીતે સ્વતંત્ર, એટલે કે રાજ્યના દબાણથી મુક્ત.'

૩૦૫. જ્યાં સુધી વ્યક્તિગત સ્વતંત્રતાનો સંબંધ છે, બંધારણ સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ માટે ૬૫ વર્ષની વય સુધી હોદ્દાની મુદતની સુરક્ષા પૂરી પાડે છે.૨૯૮ જોકે, ન્યાયમૂર્તિ અગાઉ રાજીનામું આપી શકે છે અથવા સાબિત થયેલ ગેરવર્તણૂક કે અસમર્થતાના કારણોસર મહાભિયોગની પ્રક્રિયા દ્વારા તેમને દૂર કરી શકાય છે.૨૯૯ આને અમલમાં મૂકવા માટે, સંસદે ધ જજિસ (ઇન્ક્વાયરી) એક્ટ, ૧૯૬૮ ઘડ્યો છે. ન્યાયમૂર્તિના મહાભિયોગ માટેની પ્રક્રિયા એ છે કે તે ગૃહની કુલ સભ્ય સંખ્યાની બહુમતી દ્વારા અને તે જ સત્રમાં હાજર રહી મતદાન કરતાં તે ગૃહના ઓછામાં ઓછા ૨/૩ સભ્યોની બહુમતી દ્વારા સમર્થિત સંસદના દરેક ગૃહ દ્વારા સંબોધન પછી દરખાસ્ત પસાર થઈ શકે છે. ન્યાયતંત્રની

અખંડિતતા અને સ્વતંત્રતા જાળવી રાખવા માટે, મહાભિયોગની પ્રક્રિયા કોઈ સરળ બાબત નથી.

૩૦૬. ન્યાયમૂર્તિનો પગાર, વિશેષાધિકારો, ભથ્થાં, ગેરહાજરીની રજા અને પેન્શન તેમજ બંધારણની બીજી અનુસૂચિમાં ઉલ્લેખિત આવા અન્ય વિશેષાધિકારો, ભથ્થાં અને અધિકારો સુરક્ષિત છે અને નિમણૂક પછી તેમના ગેરલાભ થાય તે રીતે તેમાં ફેરફાર કરવામાં આવશે નહીં.૩૦૦ આને અમલમાં મૂકવા માટે, સંસદે ધ સુપ્રિમ કોર્ટ જજિસ (કન્ડિશન્સ ઓફ સર્વિસ) એક્ટ, ૧૯૫૮ ઘડ્યો છે.

૩૦૭. સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિને અથવા તેમના સંબંધમાં ચૂકવવાપાત્ર પગાર, ભથ્થાં અને પેન્શન ભારતના એકત્રિત ભંડોળ પર પ્રભારિત છે.૩૦૧ આ ખર્ચના અંદાજ પર ચર્ચા થઈ શકે છે પરંતુ તે સંસદના મતદાન માટે રજૂ કરવામાં આવશે નહીં.૩૦૨

૩૦૮. જ્યાં સુધી આ વિષયનો સંબંધ

૨૯૮ અનુચ્છેદ ૧૨૪(૨) ૨૯૯ અનુચ્છેદ ૧૨૪(૪) ૩૦૦ અનુચ્છેદ ૧૨૫ ૩૦૧ અનુચ્છેદ ૧૧૨(૨)(ડી) ૩૦૨ અનુચ્છેદ ૧૧૩ હાઇકોર્ટના ન્યાયમૂર્તિના સંદર્ભમાં છે, સાંકળચંદ શેઠ માં તેનો વિસ્તૃત સંદર્ભ રહેલો છે. વ્યાપક રીતે, હાઇકોર્ટના ન્યાયમૂર્તિ માટેના બંધારણીય રક્ષણો અને જોગવાઈઓ સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ જેવા જ છે.

૩૦૯. હાઇકોર્ટના ન્યાયમૂર્તિ ૬૨ વર્ષની વય સુધી હોદ્દાની મુદતની સુરક્ષા ધરાવે છે૩૦૩ અને તેમને દૂર કરવાની પ્રક્રિયા સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ જેવી જ છે.૩૦૪ પગાર, વિશેષાધિકારો, ભથ્થાં, ગેરહાજરીની રજાનો અધિકાર અને પેન્શન વગેરે બંધારણના અનુચ્છેદ ૨૨૧ દ્વારા સુરક્ષિત છે. જ્યારે પગાર અને ભથ્થાં રાજ્યના એકત્રિત ભંડોળ પર પ્રભારિત છે,૩૦૫ ચૂકવવાપાત્ર પેન્શન ભારતના એકત્રિત ભંડોળ પર પ્રભારિત છે.૩૦૬ સુપ્રિમ કોર્ટના કિસ્સાની જેમ જ, આ ખર્ચના અંદાજ પર ચર્ચા થઈ શકે છે પરંતુ તે વિધાનસભાના મતદાન માટે રજૂ કરવામાં આવશે નહીં.૩૦૭ હાઇકોર્ટના ન્યાયમૂર્તિની સેવાની શરતો બંધારણના અનુચ્છેદ ૨૨૧ ની રૂએ ધ હાઇકોર્ટ જજિસ (સેલેરીઝ એન્ડ કન્ડિશન્સ ઓફ સર્વિસ) એક્ટ, ૧૯૫૪ દ્વારા સંચાલિત થાય છે.

૩૧૦. અધિકારો અને રક્ષણોનું સમગ્ર માળખું એ સુનિશ્ચિત કરે છે કે ન્યાયમૂર્તિ સ્વતંત્ર રહે અને ન્યાયમૂર્તિ તરીકે પોતાના ચાલુ રહેવા પરના પરિણામોની પરવા કર્યા વિના કાયદા અનુસાર નિર્ણય લેવા માટે મુક્ત રહે. તેનો અર્થ એવો થતો નથી કે ન્યાયમૂર્તિ જે ઈચ્છે તે નિર્ણય લઈ શકે છે. નિર્ણય લેવાના અને વિવેકબુદ્ધિના માપદંડો બંધારણ, કાયદો અને કાયદાના શાસન દ્વારા સીમિત છે. આ નિર્ણાયક સ્વતંત્રતાનો સાર છે, નહીં કે ન્યાયમૂર્તિઓ પોતાની મરજી મુજબ કરી શકે.

૩૧૧. આ સંદર્ભમાં, યુ.એસ. સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ એન્થોની એમ. કેનેડીએ ૧૪ ફેબ્રુઆરી, ૨૦૦૭ ના રોજ યુનાઇટેડ સ્ટેટ્સ સેનેટ કમિટી ઓન ધ

જ્યુડિશિયરી (જ્યુડિશિયલ સિક્યુરિટી એન્ડ ઈન્ડિપેન્ડન્સ) સમક્ષ આ મુજબ જણાવ્યું હતું: ૩૦૩ અનુચ્છેદ ૨૧૭ ૩૦૪ અનુચ્છેદ ૨૧૮ ૩૦૫ અનુચ્છેદ ૨૦૨ ૩૦૬ અનુચ્છેદ ૧૧૨(૩)(ડી) ૩૦૭ અનુચ્છેદ ૨૦૩

> "ન્યાયિક સ્વતંત્રતા એટલા માટે આપવામાં આવતી નથી જેથી ન્યાયમૂર્તિઓ પોતાની મરજી મુજબ કરી શકે. ન્યાયિક સ્વતંત્રતા એટલા માટે આપવામાં આવે છે જેથી ન્યાયમૂર્તિઓ જે કરવું જરૂરી છે તે કરી શકે. કાયમી મુદત ધરાવતું, સરકારની અન્ય શાખાઓથી પર્યાપ્ત માત્રામાં પૃથક્કરણ ધરાવતું, અને અયોગ્ય પ્રભાવનો પ્રતિકાર કરવાની નિર્વિવાદ જવાબદારી ધરાવતું ન્યાયતંત્ર એ કાયદાના શાસન માટે આવશ્યક છે, જે રીતે આપણે તે શબ્દને સમજતા આવ્યા છીએ."૩૦૮

૩૧૨. જ્યાં સુધી નિર્ણય લેવાની સ્વતંત્રતાનો સંબંધ છે, ત્યાં સુધી આ રક્ષણનું એક સારું ઉદાહરણ એન્ડરસન વિ. ગોરી૩૦૯ માં જોવા મળે છે જ્યાં લોર્ડ એશર એમ.આર. દ્વારા કહેવામાં આવ્યું હતું:

> "પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે શું અભિલેખ અદાલતના ન્યાયમૂર્તિ સામે તેમના અધિકારક્ષેત્ર અંતર્ગત કોઈ કાર્ય કરવા બદલ, પરંતુ તે દ્વેષભાવપૂર્વક અને શુદ્ધબુદ્ધિથી વિપરીત કરવા બદલ કોઈ કાર્યવાહી થઈ શકે કે કેમ. ઇંગ્લેન્ડના કોમન લો મુજબ એવો કાયદો છે કે આવી કોઈ કાર્યવાહી થઈ શકશે નહીં."

આ બાબત સમજાવતાં, લોર્ડ બ્રિજ ઓફ હાર્વિચે મી (એ માઈનોર), રી૩૧૦ માં જણાવ્યું હતું:

> "આ નિયમ પાછળનો સિદ્ધાંત સ્પષ્ટ છે. જો હજારમાંથી એક ન્યાયમૂર્તિ પોતાની સમક્ષના પક્ષકારના નુકસાન માટે પોતાના અધિકારક્ષેત્ર અંતર્ગત અપ્રમાણિકપણે કાર્ય કરે, તો તે પક્ષકારને ઉપાય વિના રહેવા દેવો એ સમાજના સ્વાસ્થ્ય માટે તેના કરતાં ઓછું નુકસાનકારક છે કે નવસો નવ્વાણું પ્રામાણિક ન્યાયમૂર્તિઓને તેમના યોગ્ય અધિકારક્ષેત્રના ઉપયોગમાં દ્વેષભાવનો આક્ષેપ કરતી ત્રાસદાયક મુકદ્દમાબાજી દ્વારા હેરાન કરવામાં આવે."

૩૧૩. જ્યાં સુધી સંસ્થાકીય સ્વતંત્રતાનો સંબંધ છે, ત્યાં સુધી આપણું બંધારણ તેના માટે પણ જોગવાઈ કરે છે. સુપ્રિમ કોર્ટ માટે, સંસ્થાકીય સ્વતંત્રતાની જોગવાઈ અનુચ્છેદ ૧૨૯ માં કરવામાં આવી છે જે આ સંસ્થાને પોતાના તિરસ્કાર બદલ શિક્ષા કરવાની સક્ષમતા આપે છે. હાઇકોર્ટ માટે આવી જ જોગવાઈ અનુચ્છેદ ૨૧૫ માં કરવામાં આવી છે. સુપ્રિમ કોર્ટ દ્વારા જાહેર કરવામાં આવેલો કાયદો

૩૦૮

http://www.judiciary.senate.gov/imo/media/doc/kennedy_testimony_૦૨_૧૪_૦૭.pdf

૩૦૯ [૧૮૯૫] ૧ ક્યુ.બી. ૬૬૮, ૬૭૦

૩૧૦ [૧૯૮૫] એ.સી. ૫૨૮, ૫૪૦ ભારતના રાજ્યક્ષેત્રમાંની તમામ અદાલતો પર બંધનકર્તા રહેશે.૩૧૧ તમામ સત્તાવાળાઓ, દીવાની અને ન્યાયિક, સુપ્રિમ કોર્ટની સહાયમાં કાર્ય કરવા માટે બંધાયેલા છે.૩૧૨ સુપ્રિમ કોર્ટ પોતાની સમક્ષ પેન્ડિંગ કોઈપણ દાવા અથવા બાબતમાં સંપૂર્ણ ન્યાય કરવા માટે જરૂરી હોય તેવો હુકમનામું પસાર કરવા અથવા એવો હુકમ કરવા માટે હકદાર છે અને આવો હુકમનામું અથવા હુકમ સમગ્ર ભારતના રાજ્યક્ષેત્રમાં અમલપાત્ર પણ રહેશે.૩૧૩ સંસદ દ્વારા ઘડવામાં આવેલા કાયદાને આધીન રહીને, સુપ્રિમ કોર્ટ પોતાની કાર્યપદ્ધતિ અને કાર્યરીતિનું નિયમન કરવા માટે નિયમો ઘડવા હકદાર છે.૩૧૪ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિને સુપ્રિમ કોર્ટના અધિકારીઓ અને 'સેવકો' ની નિમણૂક કરવાની સત્તા આપવામાં આવી છે પરંતુ તેમની સેવાની શરતો સુપ્રિમ કોર્ટ દ્વારા ઘડવામાં આવેલા નિયમો (રાષ્ટ્રપતિની મંજૂરીને આધીન) દ્વારા અથવા સંસદ દ્વારા ઘડવામાં આવેલા કાયદા દ્વારા નિયમિત કરવામાં આવશે.૩૧૫

સુપ્રિમ કોર્ટના વહીવટી ખર્ચાઓ, જેમાં તેના અધિકારીઓ અને 'સેવકો' સંબંધિત ખર્ચાઓનો સમાવેશ થાય છે, તે ભારતના એકત્રિત ભંડોળ પર પ્રભારિત રહેશે.૩૧૬ ૩૧૪. નોંધપાત્ર રીતે, સંસદમાં મહાભિયોગની કાર્યવાહી સિવાય, સુપ્રિમ કોર્ટ અથવા હાઈકોર્ટના ન્યાયમૂર્તિના આચરણ સંબંધમાં કોઈ ચર્ચા થશે નહીં.૩૧૭ તે જ રીતે, રાજ્યનું વિધાનમંડળ પોતાની ફરજો બજાવવામાં

સુપ્રિમ કોર્ટ અથવા હાઇકોર્ટના ન્યાયમૂર્તિના આચરણ અંગે ચર્ચા કરશે નહીં.૩૧૮

૩૧૫. ઉપરોક્ત ઉપરાંત, અન્ય સામાન્ય

૩૧૧ અનુચ્છેદ ૧૪૧. હાઇકોર્ટ માટે કોઈ અનુરૂપ બંધારણીય જોગવાઈ નથી.

૩૧૨ અનુચ્છેદ ૧૪૪. હાઇકોર્ટ માટે કોઈ અનુરૂપ બંધારણીય જોગવાઈ નથી.

૩૧૩ અનુચ્છેદ ૧૪૨. હાઇકોર્ટ માટે કોઈ અનુરૂપ બંધારણીય જોગવાઈ નથી.

૩૧૪ અનુચ્છેદ ૧૪૫. હાઇકોર્ટ માટે કોઈ અનુરૂપ બંધારણીય જોગવાઈ નથી.

૩૧૫ અનુચ્છેદ ૧૪૬. હાઇકોર્ટ માટે અનુરૂપ બંધારણીય જોગવાઈ અનુચ્છેદ ૨૨૯ છે. ૩૧૬ અનુચ્છેદ ૧૪૬. હાઇકોર્ટ માટે અનુરૂપ બંધારણીય જોગવાઈ અનુચ્છેદ ૨૨૯ છે.

૩૧૭ અનુચ્છેદ ૧૨૧ ૩૧૮ અનુચ્છેદ ૨૧૧ રક્ષણો વ્યક્તિગત ન્યાયમૂર્તિને અથવા સંસ્થા તરીકે ઉપલબ્ધ છે. અનુચ્છેદ ૫૦૩૧૯ મારફતે, જે બંધારણના ભાગ ૪ ની એક જોગવાઈ છે (ગ્રેનવિલે ઓસ્ટિન 'ધ કોન્સ્ટીટ્યુશન:

કોર્નરસ્ટોન ઓફ અ નેશન' માં બંધારણના ભાગ ૩ અને ભાગ ૪ ને 'બંધારણનો અંતરાત્મા' તરીકે વર્ણવે છે)૩૨૦ ન્યાયતંત્રને કારોબારીની દખલગીરીથી સુરક્ષિત રાખવામાં આવશે. પોતાના વતી અને ન્યાયમૂર્તિ ફઝલ અલી વતી બોલતા ન્યાયમૂર્તિ કૃષ્ણા અૈયરે સાંકળચંદ શેઠ માં નિર્દેશ કર્યો હતો કે:

> "દીવાની જવાબદારી (ટોર્ટ) ના સામાન્ય કાયદા હેઠળ, હાઈકોર્ટના ન્યાયમૂર્તિ દ્વારા તેમની ન્યાયિક ફરજો બજાવવા દરમિયાન બોલાયેલા કે લખાયેલા શબ્દો સંપૂર્ણપણે વિશેષાધિકૃત હોય છે અને આવા શબ્દો સંબંધમાં બદનક્ષીની કોઈ કાર્યવાહી થઈ શકતી નથી. ન્યાયમૂર્તિઓને આ સંપૂર્ણ મુક્તિ જાહેર નીતિના કારણોસર આપવામાં આવી છે, એટલે કે, તેઓ તેના દ્વારા પોતાની ફરજ નિર્ભયપણે બજાવી શકે."૩૨૧

૩૧૬. તે જ રીતે, જજીસ (પ્રોટેક્શન) એક્ટ, ૧૯૮૫ ની કલમ ૩ અન્ય બાબતો ઉપરાંત જોગવાઈ કરે છે કે કોઈ વ્યક્તિ જે ન્યાયમૂર્તિ છે અથવા હતા તેમની સત્તાવાર અથવા ન્યાયિક ફરજ કે કાર્ય બજાવતી વખતે અથવા બજાવવા દરમિયાન કાર્ય કરતાં અથવા કાર્ય કરવાનો દાવો કરતાં તેમના દ્વારા કરવામાં આવેલા કોઈપણ કૃત્ય, બાબત અથવા બોલાયેલા શબ્દ માટે તેમની વિરુદ્ધ કોઈ અદાલત કોઈ દીવાની અથવા ફોજદારી કાર્યવાહી હાથ ધરશે નહીં અથવા ચાલુ રાખશે નહીં. આ ઇન્ડિયન પીનલ કોડ ની કલમ ૭૭ દ્વારા આપવામાં આવેલા રક્ષણ ઉપરાંત છે જે જોગવાઈ કરે છે કે: 'કોઈપણ બાબત ગુનો નથી જે ન્યાયમૂર્તિ દ્વારા ન્યાયિક રીતે કાર્ય કરતી વખતે એવી કોઈપણ સત્તાના ઉપયોગમાં કરવામાં

આવી હોય જે કાયદા દ્વારા તેમને આપવામાં આવી હોય, અથવા જેના વિશે તેઓ શુદ્ધબુદ્ધિથી માનતા હોય કે કાયદા દ્વારા તેમને આપવામાં આવી છે.'

૩૧૭. ન્યાયતંત્રની સ્વતંત્રતાના સમગ્ર પરિપ્રેક્ષ્ય અને માળખામાં, ફર્સ્ટ જજિસ કેસ માં ન્યાયમૂર્તિ ડી.એ. દેસાઈ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે: 'બંધારણ હેઠળ ન્યાયતંત્રની સ્વતંત્રતાનું અર્થઘટન બંધારણના

૩૧૯ અનુચ્છેદ ૫૦: રાજ્યની જાહેર સેવાઓમાં ન્યાયતંત્રને કારોબારીથી અલગ કરવા માટે રાજ્ય પગલાં ભરશે.

૩૨૦ પાનું ૫૦

૩૨૧ ફકરો ૭૭ માળખા અને પરિમાણોની મર્યાદામાં થવું જોઈએ.'૩૨૨ એ ઉમેરી શકાય કે કાયદાના માળખા અને પરિમાણોને પણ ધ્યાનમાં લેવા જરૂરી છે. ન્યાયમૂર્તિ ભગવતીએ ખૂબ જ સંક્ષિપ્તમાં જણાવ્યું હતું જ્યારે તેમણે કહ્યું હતું:

> "ન્યાયતંત્રની સ્વતંત્રતાનો ખ્યાલ માત્ર કારોબારીના દબાણ અથવા પ્રભાવથી સ્વતંત્રતા પૂરતો મર્યાદિત નથી પરંતુ તે ઘણો વ્યાપક ખ્યાલ છે જે પોતાના દાયરામાં અન્ય ઘણા દબાણો અને પૂર્વગ્રહોથી સ્વતંત્રતાને સમાવી લે છે. તેના ઘણા પરિમાણો છે, એટલે કે, અન્ય સત્તા કેન્દ્રોથી, આર્થિક કે રાજકીય, નિર્ભયતા, અને ન્યાયમૂર્તિઓ જે વર્ગના હોય તે વર્ગ દ્વારા મેળવેલા અને પોષાયેલા પૂર્વગ્રહોથી મુક્તિ."૩૨૩

૩૧૮. તેથી, સામાન્ય રીતે કહીએ તો, ન્યાયતંત્રની સ્વતંત્રતા એ કોઈપણ બાહ્ય (અથવા આંતરિક) દબાણ અથવા કોઈપણ બાહ્ય (અથવા આંતરિક) દબાણના ડરથી મુક્ત રહીને નિર્ણય લેવાની ન્યાયમૂર્તિની ક્ષમતામાં પ્રગટ થાય છે અને તે 'નિર્ણય લેવાની સ્વતંત્રતા' છે. તે 'કાર્યાત્મક સ્વતંત્રતા' ધરાવવાની સંસ્થાની ક્ષમતામાં પણ પ્રગટ થાય છે. 'ન્યાયતંત્રની સ્વતંત્રતા' ની સર્વગ્રાહી અને સંયુક્ત વ્યાખ્યા મળવી મુશ્કેલ છે પરંતુ તે સમજવી સરળ છે.

૩૧૯. બંધારણ સભાએ સ્વતંત્ર ન્યાયતંત્ર હોવાની આવશ્યકતાની સંપૂર્ણ કદર કરી હતી અને કદાચ અન્ય કોઈપણ મુદ્દા કરતાં આ અંગે ચર્ચા કરવા માટે વધુ સમય ફાળવ્યો હતો. ગ્રેનવિલે ઓસ્ટિન નીચે મુજબ નિર્દેશ કરે છે:

> "ન્યાયિક જોગવાઈઓ ઘડતી વખતે સભાના સભ્યોના મનમાં જે વિષયો સૌથી વધુ છવાયેલા હતા તે અદાલતોની સ્વતંત્રતા અને તેની સાથે ગાઢ રીતે સંકળાયેલા બે મુદ્દાઓ, સુપ્રિમ કોર્ટની સત્તાઓ અને ન્યાયિક સમીક્ષા હતા. અદાલતો સ્વતંત્ર રહે તે સુનિશ્ચિત કરવા માટે સભાએ ખૂબ પ્રયાસો કર્યા હતા, અને જોગવાઈઓના લગભગ અન્ય કોઈપણ ૩૨૨ ફકરો ૭૦૯ ૩૨૩ ફકરો ૨૭ પાસા કરતાં આ વિષયની ચર્ચા માટે વધુ કલાકો ફાળવ્યા હતા. જો ન્યાયતંત્રની દીવાદાંડી તેજસ્વી રાખવી હોય, તો અદાલતો દોષારોપણથી પર, દબાણથી મુક્ત અને રાજકીય પ્રભાવથી મુક્ત હોવી જ જોઈએ."૩૨૪

ન્યાયતંત્ર અને કારોબારી વચ્ચેનું પૃથક્કરણ

૩૨૦. ન્યાયતંત્રની સ્વતંત્રતા સંબંધિત ચર્ચાના અન્ય એક પાસાનો ઉકેલ બંધારણના અનુચ્છેદ ૫૦ ની વિચારણા કરીને લાવી શકાય છે.૩૨૫ આ અનુચ્છેદનો સેકન્ડ જજીસ કેસ માં સંદર્ભ લેવામાં આવ્યો હતો અને, અરજદારોના વિદ્વાન વકીલના જણાવ્યા અનુસાર, ફર્સ્ટ જજીસ કેસ માં તેને નજરઅંદાજ કરવામાં આવ્યો હતો. એવી રજૂઆત કરવામાં આવી હતી કે તે અનુચ્છેદ ખૂબ જ મહત્વનો છે કારણ કે બંધારણ સભા તદ્દન સ્પષ્ટ હતી કે કારોબારી અને ન્યાયતંત્ર વચ્ચે પૃથક્કરણ હોવું જોઈએ. બીજી બાજુ, વિદ્વાન એટર્ની જનરલે એવી રજૂઆત કરી હતી કે બંધારણના અનુચ્છેદ ૫૦ દ્વારા અનુમાનિત પૃથક્કરણ માત્ર રાજ્યની જાહેર સેવાઓ પૂરતું જ મર્યાદિત હતું અને સમગ્ર ન્યાયતંત્ર માટે નહીં.

૩૨૧. ડૉ. આંબેડકરના કહેવાથી બંધારણમાં રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો પરના પ્રકરણમાં અનુચ્છેદ ૫૦ નો સમાવેશ કરવામાં આવ્યો હતો, જેમણે ૨૪ નવેમ્બર, ૧૯૪૮ ના રોજ મુસદ્દા બંધારણમાં અનુચ્છેદ ૩૯-એ દાખલ કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો.૩૨૬

૩૨૨. મુસદ્દા બંધારણમાં અનુચ્છેદ ૩૯-એ દાખલ કરવાની આવશ્યકતા સમજાવતાં ડૉ. આંબેડકરે જણાવ્યું હતું કે લાંબા સમયથી એવી ઇચ્છા હતી કે કારોબારીથી ન્યાયતંત્રનું પૃથક્કરણ થવું જોઈએ અને કોંગ્રેસ (પક્ષ) ની સ્થાપના થઈ ત્યારથી જ આ માટેની માંગણી ચાલુ રહી હતી. જોકે, બ્રિટિશ સરકારે આ

૩૨૪ ગ્રેનવિલે ઓસ્ટિન - "ઇન્ડિયન કોન્સ્ટીટ્યુશન: કોર્નરસ્ટોન ઓફ અ નેશન" પાના ૧૬૪-૧૬૪ ૩૨૫ ૫૦. કારોબારીથી ન્યાયતંત્રનું પૃથક્કરણ.- રાજ્યની જાહેર સેવાઓમાં કારોબારીથી ન્યાયતંત્રને પૃથક્ક કરવા માટે રાજ્ય પગલાં ભરશે. ૩૨૬ ૩૯-એ. તે રાજ્ય આ બંધારણના પ્રારંભથી ત્રણ વર્ષના સમયગાળાની અંદર, રાજ્યની જાહેર સેવાઓમાં કારોબારીથી ન્યાયતંત્રનું પૃથક્કરણ થાય તે સુનિશ્ચિત કરવા પગલાં ભરશે.

માંગણીનો કોઈ અમલ કર્યો ન હતો. ડૉ. આંબેડકરે મુસદ્દા બંધારણમાં અનુચ્છેદ ૩૯-એ દાખલ કરવા માટે નીચેના શબ્દોમાં દરખાસ્ત મૂકી હતી:

> "હું નથી માનતો કે મેં જે સુધારો રજૂ કર્યો છે તેના સમર્થનમાં મારે કોઈ ખૂબ લાંબુ નિવેદન આપવાની જરૂર છે. આ દેશની લાંબા સમયથી એવી ઇચ્છા રહી છે કે કારોબારીથી ન્યાયતંત્રનું પૃથક્કરણ થવું જોઈએ અને જ્યારથી કોંગ્રેસની સ્થાપના થઈ ત્યારથી જ આ માંગણી ચાલુ રહી છે. દુર્ભાગ્યવશ, બ્રિટિશ સરકારે દેશના વહીવટમાં આ ચોક્કસ સિદ્ધાંત દાખલ કરવાની માંગણી કરતા કોંગ્રેસના ઠરાવોનો અમલ કર્યો ન હતો. અમને લાગે છે કે હવે સમય આવી ગયો છે જ્યારે આ સુધારો અમલમાં મૂકવો જોઈએ. અલબત્ત, એ બાબત સમજી શકાય છે કે આ સુધારો અમલમાં મૂકવામાં અમુક મુશ્કેલીઓ હોઈ શકે છે; પરિણામે આ સુધારામાં એવી બે ચોક્કસ બાબતોને ધ્યાને લેવામાં આવી છે જે મુશ્કેલીની બાબતો જણાઈ શકે છે. તેમાંની એક બાબત એ છે કે: અમે જાણીજોઈને તેને મૂળભૂત

સિદ્ધાંતની બાબત બનાવી નથી, કારણ કે જો અમે તેને મૂળભૂત સિદ્ધાંતની બાબત બનાવી હોત તો બંધારણ પસાર થતાંની સાથે જ તાત્કાલિક ધોરણે ન્યાયતંત્ર અને કારોબારીનું પૃથક્કરણ કરવું સંપૂર્ણપણે ફરજિયાત બની ગયું હોત. તેથી અમે જાણીજોઈને આ બાબતને માર્ગદર્શક સિદ્ધાંતો સંબંધિત પ્રકરણમાં મૂકી છે અને ત્યાં પણ અમે એવી જોગવાઈ કરી છે કે આ સુધારો ત્રણ વર્ષની અંદર અમલમાં મૂકવામાં આવશે, જેથી આ પ્રકારની બાબતમાં જેને વિલંબ કહી શકાય તેને માટે કોઈ અવકાશ રહે નહીં. સાહેબ, હું દરખાસ્ત રજૂ કરું છું."૩૨૭

૩૨૩. શ્રી બી. દાસ (ઓરિસ્સા: જનરલ) એ એવા કારણોસર સુધારાનો વિરોધ કર્યો હતો કે જ્યારે લોકો બ્રિટિશ સરકાર દ્વારા હેરાન થતા હતા, ત્યારે એવી લાગણી હતી કે કોઈ ન્યાય આપવામાં આવતો ન હતો અને તેથી જ કારોબારીથી ન્યાયતંત્રના.

૩૨૭ http://parliamentofindia.nic.in/ls/debates/vol૭p૧૨.htm પૃથક્કરણ માટેની માંગણી હતી. આઝાદી પછી તે શંકા અસ્તિત્વમાં ન હતી અને તેથી પૃથક્કરણ જરૂરી હતું કે કેમ તેની તપાસ કરવી આવશ્યક હતી.

૩૨૪. બીજે દિવસે ૨૫ નવેમ્બર, ૧૯૪૮ ના રોજ ચર્ચા ચાલુ રહી જ્યારે, બંધારણ સભા મળતાંની સાથે જ, ડૉ. આંબેડકરે મુસદ્દા બંધારણના અનુચ્છેદ ૩૯-એ માંથી અમુક શબ્દો કાઢી નાખવા માટેનો સુધારો રજૂ કર્યો હતો. આ સૂચિત સુધારાના પરિણામે, અનુચ્છેદ ૩૯-એ નીચે મુજબ છે:

"રાજ્યની જાહેર સેવાઓમાં કારોબારીથી ન્યાયતંત્રને પૃથક્ક કરવા માટે રાજ્ય પગલાં ભરશે."

૩૨૫. ૨૫ નવેમ્બર, ૧૯૪૮ ના રોજ ચર્ચા દરમિયાન એક સ્વયંસ્પષ્ટ સત્ય સામે આવ્યું. પંડિત જવાહરલાલ નેહરુ (યુનાઇટેડ પ્રોવિન્સિસ: જનરલ) દ્વારા નિર્દેશ કરવામાં આવ્યો હતો કે બંધારણ લાંબો સમય ટકી રહે તેવી અપેક્ષા રાખવામાં આવે છે અને તે જડ ન હોવું જોઈએ. જ્યાં સુધી બંધારણના 'મૂળભૂત સ્વરૂપ' નો સંબંધ છે, તે રાજકીય, સામાજિક, આર્થિક અને અન્ય ક્ષેત્રોના મૂળભૂત પાસાઓ સાથે સંબંધિત હોવું જોઈએ અને એવી વિગતો સાથે નહીં જે કાયદા ઘડતરની બાબતો છે. આ સંદર્ભમાં નીચે મુજબ જણાવવામાં આવ્યું હતું:

"આ પ્રસ્તુત સુધારા પર આવતાં, જો હું આ ગૃહ પ્રત્યેના પૂરા આદર સાથે ફરીથી કેટલાક સામાન્ય અવલોકનો રજૂ કરું, તો તે આ છે: મને લાગ્યું છે કે જો કોઈ બંધારણમાં ખૂબ વિગતોમાં જાય તો કદાચ બંધારણની ગરિમા પૂરતા પ્રમાણમાં જળવાતી નથી. બંધારણ એક એવી બાબત છે જે લાંબો સમય ટકવી જોઈએ, જે મજબૂત પાયા પર રચાયેલી હોય છે, અને જેમાં અલબત્ત સમયાંતરે ફેરફાર થઈ શકે છે - તે જડ ન હોવું જોઈએ - તેમ છતાં, વ્યક્તિએ તેને એક એવી બાબત તરીકે વિચારવું જોઈએ જે કાયમી રહેવાનું છે, જે કોઈ ક્ષણિક બંધારણ નથી, કામચલાઉ બંધારણ નથી, એવી બાબત નથી જેને તમે રોજેરોજ બદલવાના છો, એવી બાબત નથી જેમાં આવતા વર્ષ માટે કે તે પછીના વર્ષ માટેની જોગવાઈઓ હોય અને એ જ રીતે

આગળ ને આગળ. અમુક કામચલાઉ જોગવાઈઓ હોવી જરૂરી હોઈ શકે છે. તે જરૂરી હશે, કારણ કે ફેરફાર હોવાથી આવી કેટલીક જોગવાઈઓ રાખવી જરૂરી બને છે, પરંતુ જ્યાં સુધી બંધારણના મૂળભૂત સ્વરૂપનો સંબંધ છે, તેણે રાજકીય, સામાજિક, આર્થિક અને અન્ય ક્ષેત્રોના મૂળભૂત પાસાઓ સાથે કામ પાર પાડવું જોઈએ, અને એવી વિગતો સાથે નહીં જે કાયદા ઘડતરની બાબતો છે. તમને જણાશે કે જો તમે ખૂબ વધારે વિગતમાં જાઓ અને ખરેખર પાયાની અને મૂળભૂત બાબતોને મહત્વપૂર્ણ છતાં પણ ગૌણ બાબતો સાથે ભેળવી દો, તો તમે મૂળભૂત બાબતોને પણ ગૌણ બાબતોના સ્તરે લાવી દો છો. તમે તેને વિગતોના જંગલમાં ગુમાવી દો છો. જે વિશાળ વૃક્ષો તમે વાવવા માંગતા હોવ અને તેમના મોટા થવાની અને દેખાવાની રાહ જોતા હોવ, તે વિગતો અને નાના વૃક્ષોના જંગલમાં છુપાઈ જાય છે. મને લાગ્યું છે કે આપણે નિઃશંકપણે મહત્વપૂર્ણ બાબતો પર, પરંતુ તેમ છતાં ગૌણ બાબતો પર ઘણો સમય વિતાવી રહ્યા છીએ - એવી બાબતો જે કાયદા ઘડતર માટે છે, બંધારણ માટે નહીં. જોકે, તે એક સામાન્ય અવલોકન છે."૩૨૮

૩૨૬. પંડિત જવાહરલાલ નેહરુ દ્વારા વ્યક્ત કરાયેલા મતનું મહત્વ એ છે કે બંધારણના 'મૂળભૂત સ્વરૂપ' ના અસ્તિત્વને માન્યતા આપવામાં આવી હતી અને એવું જણાય છે કે આ તે જ છે જેને આપણે આજે બંધારણનું મૂળભૂત માળખું અથવા મૂળભૂત લક્ષણો કહીએ છીએ. નિઃશંકપણે બંધારણના અમુક મૂળભૂત પાસાઓનો સ્વીકાર કરવામાં આવ્યો હતો પરંતુ તે દરેક બાબતના

સંબંધમાં વિગતોમાં જવું શક્ય ન હતું. 'અત્યંત મહત્વની બાબતો' ના સંદર્ભમાં આ બાબત સમજાવતાં પંડિત જવાહરલાલ નેહરુએ કહ્યું હતું કે ભારત 'રાજકીય રીતે, ન્યાયિક રીતે, આર્થિક રીતે અને ઘણી રીતે' ખૂબ જ વૈવિધ્યસભર દેશ છે અને દરેક ક્ષેત્રમાં લાગુ પાડવા માટેનો કોઈપણ નિશ્ચિત સામાન્ય વ્યવહારુ નિયમ અમુક ક્ષેત્રોના સંબંધમાં ગેરલાભકારક અને મુશ્કેલ બની શકે છે. એક તરફ, તે નિયમ ખરેખર એક ક્ષેત્રમાં પ્રગતિને અટકાવશે, અને બીજી તરફ, તે અન્ય કોઈ ક્ષેત્રમાં સમગ્ર વ્યવસ્થા ખોરવી શકે છે. તેથી, અમુક પરિવર્તનશીલતા ઇચ્છનીય છે.'૩૨૯

૩૨૮ http://parliamentofindia.nic.in/ls/debates/vol૭p૧૩.htm

૩૨૯ http://parliamentofindia.nic.in/ls/debates/vol૭p૧૩.htm

૩૨૭. ડૉ. બક્ષી ટેક ચંદ (પૂર્વ પંજાબ: જનરલ) દ્વારા વ્યક્ત કરાયેલા મંતવ્યો આ સંબંધમાં અત્યંત મહત્વપૂર્ણ છે. માનનીય સભ્યએ કારોબારી અને ન્યાયતંત્રના પૃથક્કરણની માંગણી માટે વિગતવાર ઐતિહાસિક પૃષ્ઠભૂમિ આપી હતી અને એવો મત વ્યક્ત કર્યો હતો કે છેક ૧૮૫૨ માં જ્યારે બંગાળમાં લોકમત સંગઠિત રીતે વ્યક્ત થવા લાગ્યો ત્યારે પૃથક્કરણનો મુદ્દો સૌપ્રથમ ચર્ચાયો હતો. બીજા શબ્દોમાં કહીએ તો, કારોબારીથી ન્યાયતંત્રના પૃથક્કરણની લગભગ ૧૦૦ વર્ષથી માંગણી કરવામાં આવી રહી હતી.

૩૨૮. ડૉ. બક્ષી ટેક ચંદનો એવો મત હતો કે આઝાદી સાથે, આ સુધારાની આવશ્યકતા વધુ વધી ગઈ હતી. માનનીય સભ્યએ ત્રણ દ્રષ્ટાંતરૂપ કિસ્સાઓ ટાંક્યા હતા,

જે ન્યાયના નિષ્પક્ષ વહીવટમાં કેટલાક પ્રાંતોના મંત્રીઓ અને રાજકીય પક્ષોના સભ્યો દ્વારા ન્યાયતંત્રમાં દખલગીરીના હતા. ડૉ. બક્ષી ટેક ચંદે આ અત્યંત ચોટદાર ઉદાહરણો આપ્યા હતા અને જે કહેવામાં આવ્યું હતું તેને ટાંકવું શ્રેષ્ઠ છે:

> "આ સંબંધમાં મારે વધુ એક વાત કહેવાની છે અને તે એ છે કે, લોકશાહી અને સ્વતંત્રતાના આગમન સાથે, આ સુધારાની આવશ્યકતા વધુ વધી ગઈ છે. અગાઉ માત્ર ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ અને અમલદારશાહી સરકારના અમુક સભ્યો તરફથી જ ન્યાયતંત્રમાં દખલગીરીની આશંકા હતી, પરંતુ હવે, મારે ખૂબ જ દિલગીરી સાથે કહેવું પડે છે કે કેટલાક પ્રાંતોમાં મંત્રીઓ અને રાજકીય પક્ષોના સભ્યો પણ ન્યાયના વહીવટમાં દખલગીરી કરવા લાગ્યા છે. તમારામાંથી જેઓ તાજેતરમાં ન્યાયિક નિર્ણયોના અખબારી અહેવાલો વાંચતા હશે, તેઓ આ પ્રકારની દખલગીરીથી ચોંકી ગયા હશે જેની તાજેતરમાં વિવિધ હાઇકોર્ટોમાં સમીક્ષા થઈ રહી છે. એક પ્રાંતમાં અમને જણાયું કે એક ફોજદારી અદાલતમાં પેન્ડિંગ કેસમાં, મંત્રાલયે રેકોર્ડ મંગાવ્યો હતો અને કેસ ચલાવતા મેજિસ્ટ્રેટને કેસની કાર્યવાહી સ્થગિત કરવાનો નિર્દેશ આપતો હુકમ પસાર કર્યો હતો. આ એક એવી બાબત હતી

જે તદ્દન અણસાંભળેલી હતી. આ બાબત આખરે હાઇકોર્ટ સમક્ષ ગઈ અને વિદ્વાન મુખ્ય ન્યાયમૂર્તિ તથા અન્ય એક ન્યાયમૂર્તિએ ન્યાયના વહીવટમાં આવી કારોબારી દખલગીરી સામે ખૂબ જ કડક અવલોકનો કરવા પડ્યા હતા. અન્ય એક પ્રાંતમાં લેજિસ્લેટિવ એસેમ્બલીના એક સભ્ય સામે કેસ ચલાવવામાં આવી રહ્યો હતો અને ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ તરફથી કેસ ચલાવતા મેજિસ્ટ્રેટને નિર્દેશ ગયો હતો કે તેમાં આગળ કાર્યવાહી ન કરવી અને તે વ્યક્તિને છોડી મૂકવો. મેજિસ્ટ્રેટ જેઓ જ્યુડિશિયલ સર્વિસના સભ્ય હતા અને મેજિસ્ટ્રેટ તરીકે કામ કરી રહ્યા હતા, તેમનામાં આ માંગણીનો પ્રતિકાર કરવાની હિંમત હતી. તેમણે તે તમામ પત્રો રેકોર્ડ પર મુકાવ્યા અને આખરે આ બાબત હાઇકોર્ટમાં ગઈ અને કલકત્તા હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિએ આ બાબત અંગે ખૂબ જ કડક અવલોકનો કર્યા હતા.

ફરીથી પંજાબમાં, તાજેતરમાં એક એવો કેસ બન્યો છે જેમાં હાઇકોર્ટના ન્યાયમૂર્તિ, શ્રી ન્યાયમૂર્તિ અછરુ રામે હેબિયસ કોર્પસ અરજીની સુનાવણી કરી હતી અને ૧૬૪ પાનાનો ચુકાદો આપ્યો હતો જેના અંતે તેમણે અવલોકન કર્યું હતું કે કોંગ્રેસ પક્ષના એક સભ્ય સામે ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ અને સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ દ્વારા લેવાયેલ પગલું બદદાનતભર્યું હતું અને અંગત અદાવતનું પરિણામ હતું. આ તેમના અવલોકનો હતા.

આ સંજોગોમાં, હું રજૂઆત કરું છું કે સંજોગો બદલાવાની સાથે અને સ્વતંત્રતાના આગમન તથા લોકશાહીની શરૂઆત સાથે, શક્ય તેટલી વહેલી તકે કારોબારીથી ન્યાયતંત્રનું પૃથક્કરણ લાવવું વધુ આવશ્યક બની ગયું છે."૩૩૦

૩૨૯. ૨૫ નવેમ્બર, ૧૯૪૮ ના રોજ બંધારણ સભા દ્વારા આખરે મુસદ્દા બંધારણમાં અનુચ્છેદ ૩૯-એ દાખલ કરવાનો સ્વીકાર કરવા સાથે ચર્ચા સમાપ્ત થઈ હતી. આ હવે આપણા બંધારણમાં અનુચ્છેદ ૫૦ છે.

૩૩૦ http://parliamentofindia.nic.in/ls/debates/vol૭p૧૩.htm

૩૩૦. આ ચર્ચાના મહત્વને માત્ર ઐતિહાસિક પરિપ્રેક્ષ્યથી જ નહીં પરંતુ બંધારણ સભા દ્વારા ભવિષ્ય માટે શું અભિપ્રેત હતું તે દ્રષ્ટિએ પણ જોવું જોઈએ. ભૂતકાળમાં તાબાના ન્યાયતંત્ર દ્વારા કરવામાં આવતા ન્યાય વહીવટમાં કારોબારી દ્વારા બેરોકટોક હસ્તક્ષેપ થતો રહ્યો હતો અને તેને ચોક્કસપણે અટકાવવાની જરૂર હતી. તે અર્થમાં, ૨૪મી અને ૨૫મી નવેમ્બર, ૧૯૪૮ ના રોજ થયેલી ચર્ચા એ ૨૩મી અને ૨૪મી મે, ૧૯૪૯ ના રોજ યોજાયેલી મુસદ્દા બંધારણના અનુચ્છેદ ૧૦૩ પરની ચર્ચાની પુરોગામી હતી. તે સમય સુધીમાં બંધારણ સભા માટે એ સ્પષ્ટ થઈ રહ્યું હતું (જો તે પહેલેથી સ્પષ્ટ ન હતું તો) કે ન્યાય વહીવટમાં કારોબારી દ્વારા કોઈ હસ્તક્ષેપ ન હોવો જોઈએ અને મુસદ્દા બંધારણમાં દરેક વિગત આપવી જરૂરી ન હતી. આઝાદી પહેલાં બંધારણીય પરંપરાઓ અસ્તિત્વમાં હતી તે જાણીતી બાબત હતી, પરંતુ આઝાદી પછી પણ તેને ચાલુ રાખવી જરૂરી હતી તે બાબત એટલી જ મહત્વપૂર્ણ હતી.

૩૩૧. બંધારણમાં વિગતો ટાળવાની જરૂરિયાત સાથે, મુસદ્દા બંધારણમાં તાબાના ન્યાયતંત્ર સિવાયના ન્યાયતંત્રની સ્વતંત્રતા માટે ખાસ જોગવાઈ કરવામાં આવી ન હતી. જો આ બાબતને તદ્દન સાદી રીતે જોવામાં આવે, તો એવો મત ધરાવવો કાળવિસંગત જણાશે કે મુસદ્દા બંધારણના અનુચ્છેદ ૩૯એ મુજબ તાબાનું ન્યાયતંત્ર કારોબારીથી સ્વતંત્ર અને અલગ હોવું જરૂરી હતું પરંતુ ઉચ્ચ ન્યાયતંત્ર સ્વતંત્ર કે અલગ હોવું જરૂરી ન હતું. આવી સ્પષ્ટ કાળવિસંગતતા બંધારણ સભાને આભારી ગણી શકાય નહીં. તેથી, એવું માની લેવું જ જોઈએ કે કાં તો ઉચ્ચ ન્યાયતંત્ર પહેલેથી જ સ્વતંત્ર હતું (અને તેના પુનરાવર્તનની જરૂર ન હતી) અથવા જો તે સ્વતંત્ર ન હતું તો, તાબાના ન્યાયતંત્રની જેમ જ, તેને સ્વતંત્ર બનાવવું આવશ્યક હતું, જેમાં કારોબારીને ન્યાય વહીવટમાં હસ્તક્ષેપ કરવાની મંજૂરી ન હોય. કોઈપણ રીતે, સ્વતંત્ર ન્યાયતંત્ર ધરાવવાના આશય સાથે ન્યાયતંત્ર અને કારોબારી વચ્ચેનું વિભાજન એક વાંછનીય ઉદ્દેશ્ય હતો.

૩૩૨. કોઈ પણ શંકા કરી શકે નહીં અને, ખરેખર, વિદ્વાન એટર્ની-જનરલે પણ એવી શંકા કરી ન હતી કે ન્યાયતંત્રની સ્વતંત્રતા અત્યંત આવશ્યક છે. પરંતુ, ન્યાયતંત્રની સ્વતંત્રતા એ પોતાનામાં જ કોઈ અંતિમ ધ્યેય નથી. 'તેના બદલે, હેતુ એક એવું સ્વતંત્ર ન્યાયતંત્ર સુનિશ્ચિત કરવાનો છે જે તેની મૂળભૂત જવાબદારીઓ નિભાવશે, જેમાં કાયદાના શાસનને જાળવી રાખવામાં એક મહત્વપૂર્ણ ભૂમિકાનો સમાવેશ થાય છે.'૩૩૧ વધુમાં, ન્યાયતંત્ર સ્પષ્ટપણે કારોબારીથી અલગ હોવું જોઈએ.

૩૩૩. વિષયાંતર કરીને, ન્યાયતંત્રની નાણાકીય સ્વતંત્રતા વિશે પણ થોડું કહી શકાય. ૧૫મી જૂન, ૨૦૦૮ ના પત્ર દ્વારા 'જ્યુડિશિયલ ઇમ્પેક્ટ એસેસમેન્ટ' પરના ટાસ્ક ફોર્સનો અહેવાલ મોકલતી વખતે ન્યાયમૂર્તિ એમ. જગન્નાધા રાવ (નિવૃત્ત) દ્વારા કાયદા અને ન્યાય મંત્રી સમક્ષ એ બાબત દર્શાવવામાં આવી હતી કે 'દિવાની અને ફોજદારી બંને પ્રકારના 'ન્યાય સુધી પહોંચ' અને 'ઝડપી ન્યાય'ના મૂળભૂત માનવ અધિકારો સાકાર કરવા માટે યોજના પંચ અને નાણાં પંચે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર-વિમર્શ કરીને પૂરતી જોગવાઈ કરવી જોઈએ. ૯મી, ૧૦મી અને ૧૧મી યોજનામાં યોજના ખર્ચના ૦.૦૭૧%, ૦.૦૭૮% અને ૦.૦૭% ની વર્તમાન ફાળવણી તદ્દન અપૂરતી છે.' નાણાકીય સ્વતંત્રતા એ એક એવું ક્ષેત્ર છે જે ન્યાયતંત્રની સ્વતંત્રતા માટે પણ અત્યંત મહત્વપૂર્ણ છે પરંતુ તેના પર સૌથી ઓછી ચર્ચા કરવામાં આવી છે.

ન્યાયતંત્રની સ્વતંત્રતા અને નિમણૂક પ્રક્રિયા

૩૩૪. આપણે એ આધાર પર આગળ વધવું જોઈએ કે લોકશાહી માટે ન્યાયતંત્રની સ્વતંત્રતા અત્યંત મહત્વપૂર્ણ છે અને કારોબારી તથા ન્યાયતંત્ર વચ્ચે વિભાજન હોવું જોઈએ. ન્યાયતંત્રની સ્વતંત્રતા ન્યાયમૂર્તિની નિમણૂક સાથે શરૂ થાય છે. ગ્રેનવિલે ઓસ્ટિન કહે છે: 'સ્વતંત્ર ન્યાયતંત્રની શરૂઆત એ બાબતથી થાય છે કે કઈ ક્ષમતાના ન્યાયમૂર્તિઓની નિમણૂક કોણ કરે છે.' ૩૩૨

૩૩૧ જે. વાન ઝીલ સ્મિટ, ધ એપોઇન્ટમેન્ટ, ટેન્યોર એન્ડ રિમૂવલ ઓફ જજિસ અંડર કોમનવેલ્થ પ્રિન્સિપલ્સ: અ કોમ્પેન્ડિયમ એન્ડ એનાલિસિસ ઓફ

બેસ્ટ પ્રેક્ટિસ (બિંગહામ સેન્ટર ફોર ધ રૂલ ઓફ લો દ્વારા હાથ ધરવામાં આવેલા સંશોધનનો અહેવાલ) ફકરો ૦.૨.૯ ૩૩૨ ગ્રેનવિલે ઓસ્ટિન - "વર્કિંગ અ ડેમોક્રેટિક કોન્સ્ટીટ્યુશન: ધ ઇન્ડિયન

એક્સપિરિયન્સ" પૃષ્ઠ ૧૨૪

એ બાબતની સરાહના અને સ્વીકાર થવો જોઈએ કે પદ્ધતિગત સ્વતંત્રતા, એટલે કે, ઉચ્ચ અદાલતમાં ન્યાયાધીશોની ભલામણ અને નિમણૂક એ ન્યાયતંત્રની સ્વતંત્રતાનું એક મહત્વપૂર્ણ પાસું છે.૩૩૩ જો શંકાસ્પદ ક્ષમતા અથવા પ્રામાણિકતા ધરાવતી કોઈ વ્યક્તિની ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક કરવામાં આવે, તો તે આંતરિક કે બાહ્ય દબાણ સામે ઝૂકી જાય અને દૂષિત ચુકાદો આપે તેવી સંભાવના રહે છે. આ બાબત ન્યાયતંત્રની સ્વતંત્રતાના મૂળ પર પ્રહાર કરશે અને નિષ્પક્ષ ન્યાય વિતરણમાં સામાન્ય માનવીના વિશ્વાસને નષ્ટ કરશે. તેથી, તમામ બંધારણીય હોદ્દેદારો, જેમાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને રાષ્ટ્રપતિનો સમાવેશ થાય છે, તેમના પર માત્ર લાયક વ્યક્તિઓની જ ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક થાય એટલું જ નહીં, પરંતુ લાયક વ્યક્તિઓને નિમણૂકથી વંચિત રાખવામાં ન આવે તે સુનિશ્ચિત કરવાની ઘણી મોટી ફરજ અને જવાબદારી છે.૩૩૪ ૩૩૫. માર્બરી વિ. મેડિસન માં મુખ્ય ન્યાયમૂર્તિ માર્શલે અવલોકન કર્યું હતું કે યુનાઇટેડ સ્ટેટ્સના તમામ અધિકારીઓના કમિશનિંગના સંબંધમાં, બંધારણની કલમો અને યુનાઇટેડ સ્ટેટ્સના કાયદા 'ત્રણ અલગ પ્રક્રિયાઓની વિચારણા કરતા જણાય છે', એટલે કે:

"૧. નામાંકન. આ રાષ્ટ્રપતિનું એકમાત્ર કાર્ય છે, અને તે સંપૂર્ણપણે સ્વૈચ્છિક છે.

૨. નિમણૂક. આ પણ રાષ્ટ્રપતિનું જ કાર્ય છે, અને તે પણ એક સ્વૈચ્છિક કાર્ય છે, જોકે તે માત્ર સેનેટની સલાહ અને સંમતિથી જ કરી શકાય છે.

૩. કમિશન. નિમાયેલી વ્યક્તિને કમિશન આપવું, કદાચ બંધારણ દ્વારા લાદવામાં આવેલી ફરજ ગણી શકાય. તે દસ્તાવેજ કહે છે કે, "તે યુનાઈટેડ સ્ટેટ્સના તમામ અધિકારીઓને કમિશન આપશે."૩૩૫

૩૩૬. આ બાબતને ન્યાયમૂર્તિઓની નિમણૂકના સંદર્ભમાં

૩૩૩ સેકન્ડ જજિસ કેસ, ફકરા ૪૯, ૩૩૫ અને ૪૪૭.

૩૩૪ એલસીઆઈનો ૧૪મો અહેવાલ, પ્રકરણ ૫

૩૩૫ પૃષ્ઠ ૧૫૫ અને ૧૫૬ આપણા દેશમાં લાગુ કરતાં, પ્રથમ પગલું એ ન્યાયમૂર્તિઓ તરીકે નિમણૂક માટે વ્યક્તિઓની ભલામણ (અથવા નામાંકન) કરવાનું છે. ઐતિહાસિક રીતે, સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂક માટે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા અને હાઇકોર્ટમાં ન્યાયમૂર્તિની નિમણૂક માટે હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા ભલામણ કરવામાં આવે છે. ક્યારેક, રાજ્યના મુખ્યમંત્રી પણ ભલામણ કરે છે, પરંતુ તે હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ મારફત મોકલવી જરૂરી છે. સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક માટે રાષ્ટ્રપતિએ કોઈ વ્યક્તિની ભલામણ કરી હોય તેવો કોઈ દાખલો નથી.

૩૩૭. બીજું પગલું ન્યાયમૂર્તિની નિમણૂકનું છે અને આ માત્ર રાષ્ટ્રપતિ અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ વચ્ચેની વિચાર–વિમર્શયુક્ત સહભાગી પ્રક્રિયા દ્વારા જ શક્ય છે.

આ જ પ્રક્રિયામાં અર્થઘટન સંબંધિત કેટલોક મતભેદ રહ્યો છે, પરંતુ સેકન્ડ જજિસ કેસ અને થર્ડ જજિસ કેસે રાષ્ટ્રપતિ અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ વચ્ચે સહિયારી પ્રાથમિકતા અને જવાબદારી સાથે તેનો અંત લાવી દીધો છે. આ બાબતની ચર્ચા ઉપર પહેલેથી જ કરવામાં આવી છે.

૩૩૮. ત્રીજું પગલું નિમણૂક વોરંટ (અથવા કમિશન) જારી કરવાનું છે. તે તદ્દન સ્પષ્ટ છે કે નિમણૂક વોરંટ માત્ર રાષ્ટ્રપતિ દ્વારા જ જારી કરી શકાય છે. આ બાબતે કોઈ વિવાદ નથી અને હોઈ પણ શકે નહીં. આ સંજોગોમાં એ સ્પષ્ટ છે કે વિદ્વાન એટર્ની–જનરલ જે કહે છે તેનાથી વિપરીત, રાષ્ટ્રપતિનું કારોબારી કાર્ય અકબંધ રહે છે અને 'ન્યાયાધીશો જ ન્યાયમૂર્તિઓની નિમણૂક કરે છે' તે મંત્રના રટણ માટે કોઈ અવકાશ રહેતો નથી.

૩૩૯. કદાચ આ ત્રણ પગલાંની સરળ પ્રક્રિયા જ બંધારણ સભા દ્વારા અભિપ્રેત હતી. પરંતુ વર્ષો જતાં, પ્રથમ અને બીજા પગલામાં રાજકીય કારોબારીના હસ્તક્ષેપને કારણે આ પ્રક્રિયા વિકૃત થઈ ગઈ હતી.

૩૪૦. 'જ્યુડિશિયલ ઇન્ડિપેન્ડન્સ: લો એન્ડ પ્રેક્ટિસ ઓફ એપોઇન્ટમેન્ટ્સ ટુ ધ યુરોપિયન કોર્ટ ઓફ હ્યુમન

રાઇટ્સ'૩૩૬ શીર્ષક હેઠળના એક અહેવાલમાં કાયદાના શાસન, ન્યાયતંત્રની સ્વતંત્રતા અને ન્યાયમૂર્તિઓની નિમણૂક વચ્ચેના આંતરપ્રભાવ પર ટિપ્પણી કરવામાં આવી છે અને આંતરરાષ્ટ્રીય ધોરણોના સંદર્ભમાં એવું કહેવામાં આવ્યું છે કે ન્યાયમૂર્તિઓની નિમણૂક ન્યાયતંત્રની સ્વતંત્રતાનું રક્ષણ કરવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. આ મુજબ જણાવવામાં આવ્યું હતું:

> "ન્યાયતંત્રની સ્વતંત્રતા એ કાયદાના શાસનના પાયાના પથ્થરો પૈકી એક છે. લોકો દ્વારા ચૂંટાવાને બદલે, ન્યાયાધીશો પોતાની સત્તા અને કાયદેસરતા રાજકીય કે અન્ય હસ્તક્ષેપથી તેમની સ્વતંત્રતામાંથી મેળવે છે. પ્રવર્તમાન આંતરરાષ્ટ્રીય ધોરણો પરથી એ સ્પષ્ટ થાય છે કે ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂક એ ન્યાયિક સ્વતંત્રતાનું રક્ષણ કરવામાં અને સૌથી વધુ સક્ષમ વ્યક્તિઓની પસંદગી થાય તે સુનિશ્ચિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે."

૩૪૧. ભારત કોમનવેલ્થનો એક ભાગ છે અને ધ કોમનવેલ્થ પ્રિન્સિપલ્સ ઓન ધ એકાઉન્ટેબિલિટી ઓફ એન્ડ ધ રિલેશનશિપ બિટવીન ધ થ્રી બ્રાન્ચીસ ઓફ ગવર્નમેન્ટ૩૩૭ માં ન્યાયમૂર્તિઓની નિમણૂકના સંદર્ભમાં, અન્ય બાબતોની સાથે, નીચે મુજબ જોગવાઈ છે:

> "કાયદાના શાસનને જાળવી રાખવા, જનવિશ્વાસ નિર્માણ કરવા અને ન્યાય આપવા માટે એક સ્વતંત્ર, નિષ્પક્ષ, પ્રામાણિક અને સક્ષમ ન્યાયતંત્ર અનિવાર્ય છે. દરેક કોમનવેલ્થ દેશના સ્થાનિક કાયદા દ્વારા જે

હદ સુધી પરવાનગી આપવામાં આવી હોય તે હદ સુધી, આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર સંમેલનો અને આંતરરાષ્ટ્રીય કાયદા સાથે સુસંગત રહીને, રાષ્ટ્રીય બંધારણો અને કાયદાઓનું અર્થઘટન કરવું અને તેનો અમલ કરવો એ ન્યાયતંત્રનું કાર્ય છે. આ ઉદ્દેશો સિદ્ધ કરવા માટે: (એ) ન્યાયિક નિમણૂકો ૩૩૬ યોગદાનકર્તાઓ: પ્રોફેસર ડૉ. જુલ્હા લિમ્બાચ, પ્રોફેસર ડૉ. પેડ્રો વિલાલોન,

રોજર એરેરા, ધ રાઇટ ઓનરેબલ લોર્ડ લેસ્ટર ઓફ હર્ન હિલ ક્યુ.સી., પ્રોફેસર ડૉ. તામારા મોર્શકોવા, ધ રાઇટ ઓનરેબલ લોર્ડ જસ્ટિસ સેડલી, પ્રોફેસર ડૉ. એન્ડ્રેઝ ઝોલ. http://www.interights.org/document/૧૪૨/index.html પર ઉપલબ્ધ

૩૩૭ કાયદા મંત્રીઓ દ્વારા સંમત થયા મુજબ અને કોમનવેલ્થ હેડ્સ ઓફ ગવર્નમેન્ટ મીટિંગ, અબુજા, નાઇજીરીયા, ૨૦૦૩ દ્વારા સમર્થન આપ્યા મુજબ સ્પષ્ટપણે વ્યાખ્યાયિત માપદંડોના આધારે અને જાહેરમાં જાહેર કરાયેલી પ્રક્રિયા દ્વારા થવી જોઈએ. આ પ્રક્રિયાએ નીચેની બાબતો સુનિશ્ચિત કરવી જોઈએ: ન્યાયિક હોદ્દા માટે પાત્ર હોય તેવા તમામ માટે તકની સમાનતા; ગુણવત્તાના આધારે નિમણૂક; અને લિંગ સમાનતાની ક્રમશઃ સિદ્ધિ તેમજ ભેદભાવના અન્ય ઐતિહાસિક પરિબળોને દૂર કરવાની જરૂરિયાતને યોગ્ય વિચારણા આપવામાં આવે;"૩૩૮

૩૪૨. જેક સ્ટ્રો યુનાઇટેડ

કિંગડમમાં ૨૦૦૭ થી ૨૦૧૦ દરમિયાન લોર્ડ ચાન્સેલર હતા. તેમણે ૨૦૧૨ માં 'આસ્પેક્ટ્સ ઓફ લો રિફોર્મ - એન ઇનસાઇડર્સ પર્સ્પેક્ટિવ' શીર્ષક હેઠળ હેમલિન વ્યાખ્યાનોની ૬૪મી શ્રેણી આપી હતી. તે શ્રેણીમાં ૩જું વ્યાખ્યાન તેમના દ્વારા ૪થી ડિસેમ્બર, ૨૦૧૨ ના રોજ 'જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ' પર આપવામાં આવ્યું હતું. તે વ્યાખ્યાનમાં, તેઓ કહે છે:

> "ન્યાયમૂર્તિઓની નિમણૂક – કોના દ્વારા, કયા ધોરણો અને પ્રક્રિયા અનુસાર, અને કેવા પરિણામ સાથે – તે અત્યંત મહત્વપૂર્ણ છે. એક એવું ન્યાયતંત્ર જાળવી રાખવા માટે કે જે સ્વતંત્ર હોય, જે સારા નિર્ણયો લેતું હોય, અને જેમાં જનતા સતત વિશ્વાસ ધરાવી શકે, આપણે સૌથી વધુ યોગ્યતા ધરાવતા ઉમેદવારોની નિમણૂક કરવાની અને એક એવું ન્યાયતંત્ર સુનિશ્ચિત કરવાની જરૂર છે કે જે તે જે સમાજની સેવા કરી રહ્યું છે તેનું શક્ય તેટલું પ્રતિબિંબ પાડતું હોય.
>
> અને આપણે પહેલી જ વાર, દરેક વખતે તેને યોગ્ય રીતે કરવાની જરૂર છે, કારણ કે, એકવાર પૂર્ણ–સમયના પગારદાર હોદ્દા પર નિમણૂક થયા પછી, અત્યંત અસાધારણ સંજોગો સિવાય ન્યાયમૂર્તિઓને હોદ્દા પરથી દૂર કરી શકાતા નથી."૩૩૯

૩૪૩. તેથી, ન્યાયમૂર્તિની નિમણૂકમાં, માત્ર એવું જ નથી (નકારાત્મક રીતે વ્યક્ત કરીએ તો) કે કોઈ 'ખોટી વ્યક્તિ' ની નિમણૂક ન થવી જોઈએ પરંતુ

(હકારાત્મક રીતે વ્યક્ત કરીએ તો) વકીલો અને ન્યાયિક અધિકારીઓમાંથી શ્રેષ્ઠ પ્રતિભાની હાઇકોર્ટના ન્યાયમૂર્તિઓ તરીકે નિમણૂક થવી જોઈએ અને

૩૩૮

http://thecommonwealth.org/sites/default/files/history-items/documents/

LatimerHousePrinciples.pdf

૩૩૯ પૃષ્ઠ ૫૨ હાઇકોર્ટોના ન્યાયમૂર્તિઓમાંથી શ્રેષ્ઠ અથવા વકીલો કે પ્રતિષ્ઠિત ન્યાયશાસ્ત્રીઓમાંથી શ્રેષ્ઠ વ્યક્તિઓની સુપ્રિમ કોર્ટમાં નિમણૂક થવી જોઈએ. એલસીઆઈના ૧૪મા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ન્યાયમૂર્તિઓની પસંદગી રાષ્ટ્રની પ્રગતિ માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે અને તે જવાબદારી ખૂબ કાળજીપૂર્વક નિભાવવી જોઈએ.

૩૪૪. રિપોર્ટ ઓન જ્યુડિશિયલ ઇન્ડિપેન્ડન્સ: લો એન્ડ પ્રેક્ટિસ ઓફ એપોઇન્ટમેન્ટ્સ ટુ ધ યુરોપિયન કોર્ટ ઓફ હ્યુમન રાઇટ્સ માં ન્યાયમૂર્તિઓની નિમણૂકની પ્રક્રિયા અને નિમણૂકના માપદંડો પર ઘણો ભાર મૂકવામાં આવ્યો હતો. એવું કહેવામાં આવ્યું હતું:

"ન્યાયમૂર્તિઓની નિમણૂક કેવી રીતે કરવામાં આવે છે તે મુદ્દો બે બાબતોમાં મહત્ત્વપૂર્ણ છે. પ્રથમ, નિમણૂક પ્રક્રિયાઓ ન્યાયતંત્રની સ્વતંત્રતા અને નિષ્પક્ષતા પર સીધી અસર કરે છે. કોઈપણ ન્યાયિક સંસ્થાની કાયદેસરતા અને વિશ્વસનીયતા તેની સ્વતંત્રતામાં લોકોના

વિશ્વાસ પર નિર્ભર હોવાથી, એ અનિવાર્ય છે કે ન્યાયિક હોદ્દા માટેની નિમણૂક પ્રક્રિયાઓ ન્યાયિક સ્વતંત્રતા પરના આંતરરાષ્ટ્રીય ધોરણોને અનુરૂપ હોય – અને અનુરૂપ હોવાનું દેખાય. જો અદાલત [યુરોપિયન કોર્ટ ઓફ હ્યુમન રાઇટ્સ] આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર ધોરણોને પૂર્ણ કરવામાં નિષ્ફળ જાય, જેનો અમલ કરવાની જવાબદારી તેની છે, જેમાં કેસોની સુનાવણી સ્વતંત્ર અને નિંષ્પક્ષ અદાલત દ્વારા કરવામા આવે તેવી આવશ્યકતા પણ સામેલ છે, તો તે વિસંગત અને અસ્વીકાર્ય હશે.

બીજું, 'યોગ્ય વ્યાવસાયિક લાયકાત પર આધારિત વસ્તુલક્ષી અને પારદર્શક માપદંડો' ના અસરકારક અમલીકરણ વિના, એવી ખૂબ જ વાસ્તવિક શક્યતા રહે છે કે પસંદ કરાયેલા ન્યાયાધીશો પાસે તેમના આદેશનું વહન કરવા માટે જરૂરી કૌશલ્યો અને ક્ષમતાઓ નહીં હોય. ઘટતા જતા ધોરણો આખરે અદાલત [યુરોપિયન કોર્ટ ઓફ હ્યુમન રાઇટ્સ] ના દરજ્જા પર, તેમજ આંતરરાષ્ટ્રીય અને (આખરે) રાષ્ટ્રીય સ્તરે માનવ અધિકાર કાયદાના અમલ અને વિકાસ પર નકારાત્મક અસર કરશે."

૩૪૫. ફર્સ્ટ જજિસ કેસમાં, ન્યાયતંત્રની સ્વતંત્રતા માટે ન્યાયમૂર્તિઓની નિમણૂક અભિન્ન હોવાનો પ્રશ્ન કોઈ મુદ્દો ન હતો પરંતુ ન્યાયમૂર્તિ વેંકટરામૈયાએ એવો મત વ્યક્ત કર્યો હતો કે જો ન્યાયમૂર્તિઓની નિમણૂક કારોબારી પર છોડી દેવામાં આવે તો તે ન્યાયતંત્રની સ્વતંત્રતાને ક્ષતિ પહોંચાડશે તેવું ઠેરવવું મુશ્કેલ છે. વિદ્વાન ન્યાયમૂર્તિનો એવો મત હતો કે માત્ર 'આવી નિમણૂક પછી જ

કારોબારી પાસે ન્યાયમૂર્તિના કામમાં દખલ કરવાનો કોઈ અવકાશ હોવો જોઈએ નહીં.'૩૪૦ આ મત, આદરપૂર્વક કહીએ તો, ઘણો સંકુચિત અને મર્યાદિત છે. જોકે, ન્યાયમૂર્તિ ડી.એ. દેસાઈ એક જુદો મત ધરાવતા હતા જે નીચે મુજબના શબ્દોમાં વ્યક્ત કરવામાં આવ્યો હતો:

> "હવે, ન્યાયતંત્રની સ્વતંત્રતા માત્ર ન્યાયમૂર્તિઓને તેમના હોદ્દાની મુદત દરમિયાન સલામતી આપીને જ નહીં, પરંતુ તે ઉપરાંત જે વ્યક્તિઓ સ્વતંત્ર, નિષ્ઠાવાન અને સર્વોચ્ચ ચારિત્ર્ય ધરાવતી હોય તેમની ન્યાયમૂર્તિઓ તરીકે નિમણૂક થાય તે સુનિશ્ચિત કરીને જ સંપૂર્ણપણે સુરક્ષિત કરી શકાય છે. વધુમાં, હંમેશા એવો ડર રહે છે કે નિમણૂક કરનાર કારોબારીની સંપૂર્ણ વિવેકબુદ્ધિ પર છોડી દેવાયેલી નિમણૂકો પક્ષીય વિચારણાઓથી પ્રભાવિત થઈ શકે છે."૩૪૧

૩૪૬. સેકન્ડ જજિસ કેસમાં ન્યાયમૂર્તિ પાંડિયન તદ્દન સ્પષ્ટ હતા અને એવો મત વ્યક્ત કર્યો હતો કે ઉચ્ચતર ન્યાયતંત્રમાં યોગ્ય અને લાયક ઉમેદવારની પસંદગી તેમજ નિમણૂક એ ન્યાયતંત્રની સ્વતંત્રતાથી અવિભાજ્ય છે અને તેને સુનિશ્ચિત કરવા માટે એક મહત્વપૂર્ણ શરત છે.૩૪૨ તેવી જ રીતે, ન્યાયમૂર્તિ કુલદીપ સિંઘે પણ ઠેરવ્યું હતું કે જ્યારે ન્યાયમૂર્તિઓની નિમણૂકની સત્તા કારોબારી પાસે હોય ત્યારે કોઈ સ્વતંત્ર ન્યાયતંત્ર હોઈ શકે નહીં અને ન્યાયતંત્રની સ્વતંત્રતા 'ઉચ્ચતર ન્યાયતંત્રના ન્યાયમૂર્તિઓની નિમણૂકની બંધારણીય પ્રક્રિયા સાથે અતૂટ રીતે જોડાયેલી અને સંકળાયેલી છે.'૩૪૩

બહુમતી વતી બોલતા ન્યાયમૂર્તિ વર્માએ એવો મત વ્યક્ત કર્યો હતો કે ઉચ્ચતર અદાલતોના ન્યાયમૂર્તિઓની નિમણૂકની પ્રક્રિયામાં સંકળાયેલા તમામ બંધારણીય સત્તાધિકારીઓએ

૩૪૦ ફકરો ૧૦૩૩

૩૪૧ ફકરો ૮૮૬ ૩૪૨ ફકરો ૪૯

૩૪૩ ફકરો ૩૩૫ 'તેમની બંધારણીય જવાબદારીની ગંભીર અસરો પ્રત્યે સંપૂર્ણપણે સભાન રહેવું જોઈએ અને કોઈ શંકાસ્પદ નિમણૂક ન થઈ શકે તે સુનિશ્ચિત કરવા માટે તેના નિર્વહનમાં ઉત્સાહી રહેવું જોઈએ.'૩૪૪ વિદ્વાન ન્યાયમૂર્તિએ વધુમાં જણાવ્યું હતું કે ઉચ્ચતર ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂક કરવામાં રાજકીય વિચારણાના પ્રભાવને અટકાવીને ન્યાયતંત્રની સ્વતંત્રતાનું રક્ષણ કરી શકાય છે.૩૪૫

૩૪૭. તેથી, તેમાં કોઈ શંકા નથી કે સુપ્રિમ કોર્ટ અથવા હાઇકોર્ટમાં ન્યાયમૂર્તિની નિમણૂક એ ન્યાયતંત્રની સ્વતંત્રતાનો એક અભિન્ન ભાગ છે. વિદ્વાન એટર્ની જનરલ જ્યારે એવું કહે છે કે જોકે ન્યાયમૂર્તિની નિમણૂક એ ન્યાયતંત્રની સ્વતંત્રતાનો એક ભાગ છે, પરંતુ તે માત્ર એક નાનો ભાગ છે અને ચોક્કસપણે કોઈ મુખ્ય ભાગ નથી, ત્યારે તેમની સાથે સંમત થવું શક્ય નથી. હું એમ કહીશ કે તે વાસ્તવમાં ન્યાયતંત્રની સ્વતંત્રતાનો પાયાનો ભાગ છે.

૩૪૮. શિમોન શેટ્રીટ ન્યાયમૂર્તિઓની નિમણૂક અંગે નીચે મુજબ જણાવે છે:

"કોઈપણ વ્યવસ્થામાં, નિમણૂકની પદ્ધતિઓ ન્યાયાધીશોની સત્યનિષ્ઠા અને સ્વતંત્રતા બંને પર સીધી અસર કરે છે. નબળી નિમણૂકો જનતાની નજરમાં ન્યાયતંત્રના દરજ્જાને ઘટાડે છે અને એવું વાતાવરણ સર્જે છે જેમાં ન્યાયતંત્રની આવશ્યક સ્વતંત્રતા જોખમાય તેવી શક્યતા છે. તેવી જ રીતે, જનતા દ્વારા યોગ્યતા પર આધારિત ન ગણાતી હોય તેવી રાજકીય નિમણૂકો બેંચ પર ન્યાયમૂર્તિની સ્વતંત્રતા અને નિષ્પક્ષતા અંગે ચિંતા પેદા કરી શકે છે. ન્યાયિક નિમણૂકોની ગુણવત્તા નિમણૂક કરનાર સત્તાધિકારીઓ દ્વારા લાગુ કરવામાં આવતી પ્રક્રિયા અને ધોરણો પર આધારિત હોય છે, છતાં દરેક નિમણૂક વ્યવસ્થાની પોતાની મર્યાદા હોય છે. કોઈ પુરુષ કે સ્ત્રી કેવા ન્યાયાધીશ બનશે તેની આગાહી કરવી મુશ્કેલ છે અને ન્યાયિક નિમણૂકોમાં અફર ભૂલો થવી અનિવાર્ય છે, ભલે નિમણૂકની પદ્ધતિ ન્યાયી ૩૪૪ ફકરો ૪૩૧ ૩૪૫ ફકરો ૪૪૭ અને કાર્યક્ષમ હોય તેમજ ધોરણો ઊંચા હોય, જેમ કે તે ઇંગ્લેન્ડમાં છે. પસંદગીમાં આવી ભૂલો ન્યાયિક હોદ્દો સંભાળવા માટે અયોગ્ય હોય તેવી વ્યક્તિઓની નિમણૂક કરવા તેમજ જે વ્યક્તિ સારા ન્યાયાધીશ બની શક્યા હોત તેવી વ્યક્તિની નિમણૂક કરવામાં નિષ્ફળ જવા બંનેને સમાન રીતે લાગુ પડે છે."૩૪૬

૩૪૯. આંતરરાષ્ટ્રીય સંમેલનો આ મુદ્દાને કેવી રીતે જુએ છે? ધ બેઇજિંગ સ્ટેટમેન્ટ ઓફ પ્રિન્સિપલ્સ ઓફ ધ ઇન્ડિપેન્ડન્સ ઓફ ધ જ્યુડિશિયરી ઇન ધ લૉએશિયા રિજન૩૪૭ અન્ય બાબતોની સાથે સાથે નીચે મુજબ જોગવાઈ કરે છે:

> "ન્યાયતંત્રની સ્વતંત્રતા માટે જરૂરી છે કે; (એ) ન્યાયતંત્ર તેની સમક્ષની બાબતોનો નિર્ણય કોઈપણ સ્ત્રોત તરફથી પ્રત્યક્ષ કે પરોક્ષ અયોગ્ય પ્રભાવ વિના, હકીકતોના તેના નિષ્પક્ષ મૂલ્યાંકન અને કાયદાની તેની સમજ અનુસાર કરશે; અને (બી) ન્યાયતંત્ર ન્યાયનિર્ણયપાત્ર સ્વરૂપના તમામ મુદ્દાઓ પર સીધી રીતે અથવા પુનરાવલોકન દ્વારા અધિકારક્ષેત્ર ધરાવે છે.૩૪૮

ન્યાયતંત્ર તેના ઉદ્દેશ્યો પ્રાપ્ત કરવા અને તેના કાર્યો કરવા સક્ષમ બને તે માટે, એ આવશ્યક છે કે ન્યાયમૂર્તિઓની પસંદગી સાબિત થયેલી સક્ષમતા, સત્યનિષ્ઠા અને સ્વતંત્રતાના આધારે કરવામાં આવે.૩૪૯

ન્યાયમૂર્તિઓની નિમણૂકની પદ્ધતિ એવી હોવી જોઈએ કે જે ન્યાયિક હોદ્દા માટે શ્રેષ્ઠ લાયકાત ધરાવતી વ્યક્તિઓની નિમણૂક સુનિશ્ચિત કરે. તેણે અયોગ્ય પ્રભાવોને ધ્યાનમાં લેવા સામે રક્ષણ પૂરું પાડવું જોઈએ જેથી માત્ર સક્ષમતા, સત્યનિષ્ઠા અને સ્વતંત્રતા ધરાવતી વ્યક્તિઓની જ નિમણૂક કરવામાં આવે."૩૫૦

આ દસ્તાવેજ પર આ કોર્ટના ન્યાયમૂર્તિ એસ.સી. અગ્રવાલ દ્વારા

૩૪૬ જજીસ ઓન ટ્રાયલ: ધ ઇન્ડિપેન્ડન્સ એન્ડ એકાઉન્ટેબિલિટી ઓફ ધ ઇંગ્લિશ જ્યુડિશિયરી, પ્રકરણ ૪ ૩૪૭ ૨૮ ઓગસ્ટ, ૧૯૯૭ ના રોજ મનિલા ખાતે સુધાર્યા મુજબ. આનો સંદર્ભ વિશાખા વિ. સ્ટેટ ઓફ રાજસ્થાન, (૧૯૯૭) ૬ એસ.સી.સી. ૨૪૧ ના અહેવાલના ફકરા ૧૧ માં આપવામાં આવ્યો છે. ૩૪૮ કલમ ૩ ૩૪૯ કલમ ૧૧ ૩૫૦ કલમ ૧૨ મુખ્ય ન્યાયમૂર્તિ એ.એમ. અહમદીનું પ્રતિનિધિંત્વ કરતા હસ્તાક્ષર કરવામા આવ્યા હતા.

૩૫૦. ધ બેંગલોર પ્રિન્સિપલ્સ ઓફ જ્યુડિશિયલ કન્ડક્ટ, ૨૦૦૨ કે જે ન્યાયાધીશ માટે છ આવશ્યક મૂલ્યો નક્કી કરે છે (અને જે સિવિલ લો તેમજ કોમન લો બંને દેશોમાં વિશ્વભરમાં સ્વીકાર્ય છે) તે સંપૂર્ણપણે બિનકાર્યક્ષમ બની જશે જો ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક પામનાર વ્યક્તિમાં, નિમણૂક સમયે, મૂળભૂત સક્ષમતા અને સ્વતંત્રતાનો અભાવ હોય.૩૫૧ આ તમામ બાબતોને ધ્યાનમાં લેતાં, એવું ઠેરવવું જ જોઈએ અને ઠેરવવામાં આવે છે કે હાઇકોર્ટ અથવા સુપ્રિમ કોર્ટમાં ન્યાયમૂર્તિની નિમણૂકની પ્રક્રિયા અને વાસ્તવિક નિમણૂક એ ન્યાયતંત્રની સ્વતંત્રતાનો એક પ્રમુખ ભાગ છે અને તેથી, બંધારણના મૂળભૂત માળખાનો એક અભિન્ન ભાગ છે."

૩૫૧. તેથી, સુપ્રિમ કોર્ટ અથવા હાઇકોર્ટોના ન્યાયમૂર્તિઓની નિમણૂકની પ્રક્રિયા ન્યાયતંત્રની સ્વતંત્રતા અને બંધારણના મૂળભૂત માળખા પર અસર કરી શકે છે.

ભલામણ પ્રક્રિયા

૩૫૨. રાષ્ટ્રપતિ કેવી રીતે સુનિશ્ચિત કરી શકે કે સૌથી લાયક વ્યક્તિઓની જ ન્યાયમૂર્તિઓ તરીકે નિમણૂક થાય અથવા તેમને નિમણૂકથી વંચિત રાખવામાં ન આવે? આ અમારી સમક્ષના વિવાદનું મુખ્ય હાર્દ છે અને આ એવી સમસ્યા છે જેણે કેટલાક દાયકાઓથી કારોબારી, ન્યાયતંત્ર, શિક્ષણ જગત, કાનૂની જગત અને નાગરિક સમાજને મૂંઝવણમાં મૂક્યા છે. ન્યાય વિતરણ નિઃશંકપણે ન્યાયતંત્રની જવાબદારી હોવાથી, તેથી, ન્યાયતંત્ર

(જેનું પ્રતીક જાણે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ છે) એ સુનિશ્ચિત કરવા માટે બંધાયેલું છે કે માત્ર સૌથી વધુ લાયક વ્યક્તિઓની જ ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક માટે વિચારણા કરવામાં આવે.૩૫૨

૩૫૩. ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક માટે કોઈ વ્યક્તિની વિચારણા કરવાની પ્રક્રિયા બંને તબક્કે મહત્ત્વપૂર્ણ છે – તે તબક્કે પણ જે પૂર્વેનો છે

૩૫૧ તે છ મૂલ્યો આ મુજબ છે: સ્વતંત્રતા, નિષ્પક્ષતા, સત્યનિષ્ઠા, ઔચિત્ય, સમાનતા, સક્ષમતા અને ખંત ૩૫૨ આ ચર્ચાના હેતુઓ માટે, એ વિવાદમાં ઊતરવું જરૂરી નથી કે નિમણૂક માટે વિચારણા હેઠળની વ્યક્તિની ભલામણ કારોબારી તરફથી શરૂ થવી જોઈએ કે ન્યાયતંત્ર તરફથી.

ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા તેમના સાથીદારો, કે જેઓ 'કોલેજિયમ'ની રચના કરે છે, તેમની સાથે વિચાર-વિમર્શ કરીને ભલામણ કરવામાં આવે છે અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા કારોબારીને ભલામણ મોકલવામાં આવ્યા પછી પણ. બંને તબક્કે, આ પ્રક્રિયા સહભાગી છે. ભલામણ પૂર્વેના તબક્કામાં, તે

ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને તેમના સાથીદારો, કે જેઓ કોલેજિયમની રચના કરે છે, તેમને સાંકળતી એક સહભાગી પ્રક્રિયા છે.૩૫૩ આ એવો તબક્કો છે કે જેમાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અન્ય ન્યાયમૂર્તિઓ અને, જો જરૂરી જણાય તો, અન્ય કોઈપણ વ્યક્તિનો અભિપ્રાય લે છે. આ તબક્કામાં કારોબારીની સહભાગિતાનો પણ સમાવેશ થાય છે કારણ કે આ એવો તબક્કો છે કે જેમાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિને એવી વ્યક્તિની નબળાઈઓ, જો કોઈ હોય તો, તે અંગે કારોબારી તરફથી ઇનપુટ્સ પ્રાપ્ત થાય છે જેને છેવટે ન્યાયમૂર્તિ તરીકે નિયુક્ત કરવામાં આવી શકે છે. ભલામણ પછીના તબક્કામાં પણ પ્રક્રિયા સહભાગી હોય છે પરંતુ પ્રાથમિક રીતે કારોબારી સાથે, જો લેખિતમાં નોંધવાના રહેતા પ્રબળ અને મજબૂત કારણોસર કોઈ ચોક્કસ વ્યક્તિની નિમણૂક સામે કારોબારીને કોઈ વાંધો હોય.૩૫૪ તેથી, જ્યારે કોઈ વ્યક્તિની ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક માટે વિચારણા કરવામાં આવે છે, ત્યારે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ ખરેખર ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક માટે કોઈ વ્યક્તિની ભલામણ કરે તે પહેલાં ન્યાયતંત્રની અંદર વ્યાપક અને સઘન સહભાગી વિચાર-વિમર્શ થાય છે; અને ભલામણ કરવામાં આવ્યા પછી, પ્રક્રિયા આગળ ધપાવવામાં આવે તે પહેલાં કારોબારી અને ન્યાયતંત્ર વચ્ચે વિચાર-વિમર્શ થાય છે. તેનાથી વધુ અર્થપૂર્ણ વિચાર-વિમર્શ કયો હોઈ શકે જેની પરિકલ્પના

બંધારણના અનુચ્છેદ ૧૨૪(૨) દ્વારા કરવામાં આવી છે?

૩૫૪. જો કોઈ વ્યક્તિની નિમણૂક માટે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અથવા હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા ભલામણ કરવામાં ન આવે, તો તેની નિમણૂકનું પ્રકરણ તે તબક્કે જ બંધ થઈ જાય છે. અને, જો નિમણૂક માટે કોઈ વ્યક્તિની યોગ્યતા અંગે બંધારણીય પદાધિકારીઓ વચ્ચે કોઈ મતભેદ ન હોય તો, સ્વાભાવિક રીતે જ, નિમણૂકના વોરંટ જારી કરવામાં કોઈ અવરોધ રહેતો નથી.

૩૫૩ સેકન્ડ જજિસ કેસ, ફકરો ૨૯૩ અને ૪૨૮ ૩૫૪ સેકન્ડ જજિસ કેસ, ફકરો ૪૪૨, ૪૫૦, ૪૬૧, ૪૮૬ અને ૫૦૯

૩૫૫. ભલામણ પર વિચારણા કરવામાં અને તેનો સ્વીકાર કરવામાં મુશ્કેલી ત્યારે જ ઊભી થાય છે જ્યારે કારોબારી અને ન્યાયતંત્ર વચ્ચે વિચાર-વિમર્શ દરમિયાન મતભેદ હોય. સેકન્ડ જજિસ કેસ આ વિવાદનું અસરકારક રીતે નિરાકરણ લાવે છે.

૩૫૬. ભલામણ પૂર્વેના તબક્કામાં, તે તદ્દન શક્ય છે કે કારોબારી પાસે કોઈ વકીલ અથવા ન્યાયમૂર્તિના ચારિત્ર્યની કોઈ અંગત ખાસિયત કે નબળાઈ સંબંધિત એવી સામગ્રી હોય કે જે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અથવા હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ જાણતા ન હોય અને જે સંભવિતપણે તે વ્યક્તિને ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક મેળવવા માટે અયોગ્ય ઠેરવતી હોય. ત્યારબાદ એક સલાહકાર તરીકે કારોબારીનું એ કામ છે કે તે આ માહિતી અથવા સામગ્રી ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના ધ્યાને લાવે.૩૫૫ ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક માટે યોગ્ય

ઉમેદવારની ભલામણ કરવાની જવાબદારી ન્યાયતંત્રની હોવાથી, ન્યાયતંત્રના મંતવ્યને (ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના મંતવ્ય દ્વારા પ્રતીકિત) પ્રાથમિકતા આપવામાં આવે છે કે જે સદર સામગ્રી અથવા માહિતીનું મૂલ્યાંકન કરશે અને ઉદ્દેશ્યપૂર્ણ રીતે તેની વિચારણા કરશે તથા નિમણૂકની ઇચ્છનીયતા અંગે આખરી નિર્ણય લેશે.૩૫૬ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ, યોગ્ય કારણોસર, કારોબારીના મંતવ્યનો સ્વીકાર કરી શકે છે અથવા, યોગ્ય કારણોસર જ, કારોબારીના મંતવ્યનો સ્વીકાર ન પણ કરી શકે. બંધારણના અનુચ્છેદ ૧૨૪(૨) અને અનુચ્છેદ ૨૧૭(૧) માં આવતા 'વિચાર-વિમર્શ' શબ્દને આ અર્થમાં સમજવાનો રહે છે. ન્યાયતંત્રને માત્ર આ મર્યાદિત હદ સુધી જ પ્રાથમિકતા આપવામાં આવી છે, પરંતુ તે એક પરંતુકને આધીન છે જેની ચર્ચા થોડીવાર પછી કરવામાં આવશે.

૩૫૭. ન્યાયતંત્રને મર્યાદિત પ્રાથમિકતા શા માટે આપવામાં આવી છે? કોઈ વ્યક્તિને ન્યાયમૂર્તિ તરીકે નિયુક્ત કરવી જોઈએ કે નહીં તે અંગેનો નિર્ણય લેવા માટે ન્યાયતંત્ર સૌથી વધુ યોગ્ય છે તે બાબત બંધારણના અનુચ્છેદ ૧૨૪(૨) અને અનુચ્છેદ ૨૧૭(૧) માં ગર્ભિત છે.

બંધારણના અનુચ્છેદ ૧૨૪(૨) માં, રાષ્ટ્રપતિ માટે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને 'સુપ્રિમ કોર્ટના તેમજ રાજ્યોની હાઇકોર્ટોના એવા ન્યાયમૂર્તિઓ કે જેમને ૩૫૫ સેકન્ડ જજિસ કેસ ફકરો ૪૬૨ અને ૪૭૮(૬) ૩૫૬ સેકન્ડ

જજિસ કેસ ફકરો ૪૬૭, ૪૬૮ અને ૪૭૮(૬) એસોસિએશન વિ. યુ.ઓ.આઈ. [મદન બી. લોકુર, ન્યાયમૂર્તિ]

રાષ્ટ્રપતિ જરૂરી સમજે' તેમની સાથે વિચાર-વિમર્શ કરવાનું ફરજિયાત બનાવવામાં આવ્યું છે. રાષ્ટ્રપતિ કાયદા ક્ષેત્ર કે નાગરિક સમાજમાંથી પ્રતિષ્ઠિત વ્યક્તિઓ સાથે વિચાર-વિમર્શ કરવાનું પસંદ કરી શકે છે તે બાબત અલગ છે, પરંતુ રાષ્ટ્રપતિ માટે તેમ કરવું જરૂરી નથી. તેનું એક સંભવિત કારણ એ હોઈ શકે કે બંધારણના ઘડવૈયાઓનો એવો અભિપ્રાય હતો કે આખરે જે મહત્વનું છે તે ન્યાયમૂર્તિઓનો અભિપ્રાય છે અને અનિવાર્યપણે અન્ય લોકોનો નહીં. તેવી જ રીતે, બંધારણના અનુચ્છેદ ૨૧૭(૧) હેઠળ હાઇકોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂક માટે, રાષ્ટ્રપતિએ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ, રાજ્યના રાજ્યપાલ અને હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર-વિમર્શ કરવો જરૂરી છે- ફરીથી કાયદા ક્ષેત્ર કે નાગરિક સમાજમાંથી અન્ય કોઈ વ્યક્તિ સાથે નહીં.

૩૫૮. તેવી જ રીતે, રાજકીય કારોબારીને મર્યાદિત પ્રાથમિકતા આપવામાં આવી છે. જો ન્યાયતંત્ર સુપ્રિમ કોર્ટ અથવા હાઇકોર્ટોના ન્યાયમૂર્તિની નિમણૂક માટે સર્વાનુમત ભલામણ ન કરે, તો રાષ્ટ્રપતિ સદર ભલામણને નકારી કાઢવા માટે હકદાર છે. પરંતુ જો ભલામણ સર્વાનુમત હોય પરંતુ રાષ્ટ્રપતિ દ્વારા પુનર્વિચારણા માટે પરત મોકલવામાં આવી હોય અને ત્યારબાદ ન્યાયતંત્ર દ્વારા સર્વાનુમતે તેનો પુનરોચ્ચાર કરવામાં આવે, તો મંત્રી પરિષદ ન્યાયતંત્રના નિર્ણયથી બંધાયેલી છે અને તેણે તે મુજબ રાષ્ટ્રપતિને સલાહ આપવી જ જોઈએ.

૩૫૯. બંધારણ એક લવચીક દસ્તાવેજ હોવાથી, રાષ્ટ્રપતિ કે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ બંનેમાંથી કોઈને પણ સામાન્ય કે વ્યાવસાયિક, કોઈપણ વ્યક્તિની સલાહ લેવાથી અટકાવવામાં આવતા નથી. વાસ્તવમાં, ન્યાયમૂર્તિ વર્માએ આ સંબંધમાં એક ઇન્ટરવ્યુમાં નીચે મુજબ જણાવ્યું હતું:

"સીજેઆઈ તરીકેના તમારા કાર્યકાળ દરમિયાન નિમણૂકો કેવી રીતે થતી હતી તે અંગે શું તમે પ્રકાશ પાડી શકો છો?

સુપ્રિમ કોર્ટની દરેક નિમણૂક માટે, મેં ફાલી એસ. નરીમાન અને શાંતિ ભૂષણ જેવા વરિષ્ઠ વકીલો સાથે વિચાર-વિમર્શ કર્યો હતો. હું પાંચ કે છ ટોચના વકીલો સાથે વિચાર-વિમર્શ કરતો હતો. હું મધ્યમ સ્તરના વકીલો સાથે પણ વિચાર-વિમર્શ કરતો હતો. હાઇકોર્ટોના કિસ્સામાં પણ આવો જ વિચાર-વિમર્શ થયો હતો. મેં દરેક વિચાર-વિમર્શની વિગતો નોંધી રાખી હતી. મારી ઇચ્છા છે કે મારો તમામ પત્રવ્યવહાર જાહેર કરવામાં આવે. નિમણૂક પછી, તે શા માટે ગુપ્ત રહેવું જોઈએ? જો ન્યાયમૂર્તિઓની નિમણૂક કરવા પાછળ કોઈ યોગ્ય કારણ હોય, તો ઓછામાં ઓછી લોકો અત્યારે પણ તેમના પર જે શંકાઓ કરે છે તે રહેશે નહીં. અને જો તેમની નિમણૂક શા માટે ન થવી જોઈતી હતી તેનું કોઈ યોગ્ય કારણ હોય, તો તે તેમની નિમણૂક માટે જવાબદાર વ્યક્તિઓને ખુલ્લા પાડશે."૩૫૭

૩૬૦. બંધારણનું આ વ્યવહારુ અર્થઘટન છે કે જેની પરિકલ્પના બંધારણ સભા દ્વારા કરવામાં આવી હતી, જેને દસ્તાવેજમાં દરેક વિગત ભરવાની આવશ્યકતા જણાતી ન હતી, કેમ કે વાસ્તવમાં તેમ કરવું શક્ય પણ ન હતું.

૩૬૧. બંધારણીય જોગવાઈઓના શાબ્દિક અર્થઘટન અને બંધારણ સભાની ચર્ચાઓ પરની ચર્ચાને બાજુ પર રાખીએ તો પણ, વરિષ્ઠ અદાલતના ન્યાયમૂર્તિ તરીકે કોઈ વ્યક્તિની નિમણૂકમાં મુખ્ય ન્યાયમૂર્તિના અભિપ્રાયનો સ્વીકાર કરવાની એક બંધારણીય પરંપરા છેલ્લા સાતથી વધુ દાયકાઓમાં વિકસિત થઈ છે. આ બંધારણીય પરંપરા, જો ધ ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ, ૧૯૧૯ ના દિવસોથી નહીં તો ચોક્કસપણે ધ ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ, ૧૯૩૫ ના દિવસોથી અસ્તિત્વ ધરાવે છે. આ બંધારણીય પરંપરાની સેકન્ડ જજિસ કેસ માં ન્યાયમૂર્તિ કુલદીપ સિંહ દ્વારા વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે અને એવો નિષ્કર્ષ કાઢવામાં આવ્યો હતો કે બંધારણીય પરંપરા બંધારણીય કાયદા જેટલી જ બંધનકર્તા છે.૩૫૮ કોઈપણ સંજોગોમાં, જો કોઈ બંધારણીય પરંપરા સારી રીતે કામ કરી રહી હોય તો તેને ફગાવી દેવાનું કોઈ સબળ કારણ નથી. આ તબક્કે, સ્ટેટ ઓફ રાજસ્થાન વિ. યુનિયન ઓફ ઇન્ડિયા૩૫૯ માં મુખ્ય ન્યાયમૂર્તિ બેગની ટિપ્પણી યાદ કરવી ઉપયોગી છે કે: '... બંધારણીય વ્યવહાર અને પરંપરા બંધારણીય જોગવાઈઓ સાથે એટલા બધા સંકળાયેલા અથવા જોડાયેલા બની જાય છે અને ઘણીવાર બંધારણીય જોગવાઈઓના વાસ્તવિક ઉદ્દેશ્ય અને કાર્યને સમજવા માટે એટલા મહત્વપૂર્ણ અને નિર્ણાયક હોય છે કે તે બંનેને ઘણીવાર અલગ રીતે જોઈ શકાતા નથી.' વર્તમાન કેસમાં બરાબર આવું જ બન્યું છે જ્યાં બંધારણીય ૩૫૭ ફ્રન્ટલાઇન, વોલ્યુમ ૨૫ - ઇશ્યૂ ૨૦: સપ્ટેમ્બર ૨૭-ઓક્ટોબર ૧૦, ૨૦૦૮ ૩૫૮ સેકન્ડ જજિસ કેસ ફકરો ૩૫૩ અને ૩૭૬[45]

[45] ૨૫૮ (૧૯૮૫) ૧ એસ.સી.સી. ૫૮૨ ૨૫૯ (૧૯૮૫) ૩ એસ.સી.સી. ૭૩૭ ૨૬૦ આ કેવી રીતે નક્કી કરવું?

૩૬૨. આ એવું બંધારણીય અર્થઘટન અને બંધારણીય પરંપરા છે કે જેના પરિણામે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની ભલામણ કારોબારી પર બંધનકર્તા બને છે, જેનો વિદ્વાન એટર્ની જનરલ દ્વારા ઘડવામાં આવેલા બંધારણથી વિપરીત હોવાના આધારે વાંધો ઉઠાવવામાં આવ્યો છે અને આ જ બાબતને ૯૯મા બંધારણ સુધારા અધિનિયમ દ્વારા 'સુધારવાનો' પ્રયાસ કરવામાં આવ્યો છે.

૩૬૩. આ મુદ્દાને હજુ અન્ય એક દ્રષ્ટિકોણથી પણ જોઈ શકાય છે. ધારી લઈએ કે, કારોબારી એવી ભલામણ નકારી કાઢે છે જે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની હોય તેના સર્વાનુમત પુનરોચ્ચાર પછી પણ, તો સર્જાયેલી આ મડાગાંઠનો ઉકેલ શું છે? તેનો જવાબ શમશેર સિંહ માં મળે છે અને સાંકળચંદ શેઠ માં તેનો પુનરોચ્ચાર કરવામાં આવ્યો હતો. શમશેર સિંહ માં ઠેરવવામાં આવ્યું હતું કે આવા સંજોગોમાં, કારોબારીનો નિર્ણય ન્યાયિક ચકાસણીને પાત્ર છે. એવું કહેવામાં આવ્યું હતું:

> "તમામ સંભવિત કેસોમાં ભારતીય ન્યાયના તે સર્વોચ્ચ મહાનુભાવ સાથેનો વિચાર-વિમર્શ ભારત સરકાર દ્વારા સ્વીકારવામાં આવશે અને સ્વીકારવો જોઈએ અને જો મંત્રી ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા આપવામાં આવેલી સલાહથી અલગ પડે, તો મંત્રીના નિર્ણયમાં અન્ય કોઈ બાહ્ય સંજોગો પ્રવેશ્યા છે કે નહીં તેની તપાસ કરવાની કોર્ટ પાસે તક રહેશે."૩૬૦

સાંકળચંદ શેઠ માં આ મંતવ્યનો પુનરોચ્ચાર કરવામાં આવ્યો હતો.૩૬૧ અલબત્ત, એ બીજી બાબત છે કે કોઈને ન્યાયમૂર્તિ તરીકે નિયુક્ત થવાનો અધિકાર નથી, પરંતુ ચોક્કસપણે જો ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ મારફતે ન્યાયતંત્રની સર્વાનુમત ભલામણ રાષ્ટ્રપતિ દ્વારા સ્વીકારવામાં ન આવે, તો બીજું કંઈ નહીં તો ઓછામાં ઓછું રેકોર્ડ સીધો થઈ જશે અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા જે વ્યક્તિની ભલામણ કરવામાં આવી હતી તેની ગરિમા, પ્રતિષ્ઠા અને માન-સન્માનને થયેલ સંભવિત નુકસાન પુનઃસ્થાપિત થશે, ઓછામાં ઓછા.

૩૬૦ ફકરો ૧૪૯

૩૬૧ ફકરો ૪૧ અમુક અંશે તો જરૂર.

૩૬૪. પરંતુ શું ન્યાયિક સમીક્ષા અનિવાર્યપણે આ પ્રકારની સમસ્યાનો એકમાત્ર ઉકેલ છે? શું ન્યાયમૂર્તિની નિમણૂકની બાબતમાં કારોબારી અને ન્યાયતંત્ર ક્યારેય ટકરાવના માર્ગ પર હોવા જોઈએ?

ડૉ. આંબેડકરે માત્ર એવું વિચાર્યું જ ન હતું કે આવી પરિસ્થિતિ ઊભી નહીં થાય, તેમણે ક્યારેય તેની કલ્પના પણ કરી ન હતી. ડૉ. આંબેડકરે મડાગાંઠ અથવા ગતિરોધની પરિસ્થિતિ સિવાય, લગભગ દરેક આકસ્મિકતા માટે જોગવાઈ કરી હતી - તેમણે ક્યારેય કલ્પના કરી ન હતી કે આવી કોઈ સંભાવના ક્યારેય ઊભી થશે.

૩૬૫. રાષ્ટ્રપતિ અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ વચ્ચે કોઈ મતભેદ નહીં હોય અથવા ઓછો મતભેદ હશે અથવા નિયંત્રિત કરી શકાય તેવો મતભેદ હશે અથવા વિચાર-વિમર્શની પ્રક્રિયા માત્ર એક ઔપચારિકતા બની ન રહે તે માટે આ બાબતમાં ન્યાયતંત્રનો આખરી નિર્ણય હોવો જોઈએ, તે બાબત એ હકીકત પરથી તદ્દન સ્પષ્ટ થાય છે કે બંધારણ સભાએ રાષ્ટ્રપતિ દ્વારા સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ અને હાઇકોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂક (એક તરફ) અને રાષ્ટ્રપતિ દ્વારા અન્ય બંધારણીય સત્તાધિકારીઓની નિમણૂક વચ્ચે જાણીજોઈને ભેદરેખા દોરી હતી. ન્યાયમૂર્તિની નિમણૂક માટે, બંધારણમાં ફરજિયાત બનાવવામાં આવ્યું છે કે રાષ્ટ્રપતિએ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર-વિમર્શ કરવો જ પડશે. જોકે, કમ્પ્ટ્રોલર અને

ઑડિટર જનરલની બંધારણના અનુચ્છેદ ૧૪૮ હેઠળ નિમણૂક કરવા માટે (ઉદાહરણ તરીકે); આ હોદ્દો અત્યંત મહત્વપૂર્ણ હોવા છતાં પણ કોઈની સાથે વિચાર-વિમર્શ કરવાની રાષ્ટ્રપતિ પર આવી કોઈ જવાબદારી નથી. ડૉ. આંબેડકરે આ સંબંધમાં કહ્યું હતું:

> "હું કહી શકતો નથી કે આ ગૃહમાં ઓડિટર-જનરલ સંબંધિત અનુચ્છેદોમાં રજૂ કરવામાં આવેલા સુધારાઓ સહિત મુસદ્દા બંધારણ તેમને જે સ્થાન સોંપે છે તેનાથી હું બહુ ખુશ છું. વ્યક્તિગત રીતે મારું પોતાનું કહું તો, મારો એવો અભિપ્રાય છે કે આ મહાનુભાવ કે અધિકારી કદાચ ભારતના બંધારણમાં સૌથી મહત્વપૂર્ણ અધિકારી છે. તેઓ એવી એક વ્યક્તિ છે

જેઓ એ જોશે કે સંસદ દ્વારા મંજૂર કરાયેલ ખર્ચ વધી ન જાય, અથવા જે નિર્ધારિત કરવામાં આવ્યું છે તેનાથી ભિન્ન ન થાય

સંસદ દ્વારા જેને ધ એપ્રોપ્રિયેશન એક્ટ કહેવામાં આવે છે તેમાં. જો આ અધિકારીએ પોતાની ફરજો બજાવવાની હોય - અને મારી રજૂઆત છે કે તેમની ફરજો ન્યાયતંત્રની ફરજો કરતાં પણ ઘણી વધુ મહત્વપૂર્ણ છે - તો તેઓ ચોક્કસપણે ન્યાયતંત્ર જેટલા જ સ્વતંત્ર હોવા જોઈતા હતા. પરંતુ, સુપ્રિમ કોર્ટ સંબંધિત અનુચ્છેદો અને ઓડિટર-જનરલ સંબંધિત અનુચ્છેદોની સરખામણી કરતાં, હું એ કહ્યા વિના રહી શકતો નથી કે આપણે

તેમને તે જ સ્વતંત્રતા આપી નથી જે આપણે ન્યાયતંત્રને આપી છે, જોકે હું વ્યક્તિગત રીતે અનુભવું છું કે તેમની પાસે ન્યાયતંત્ર

ખુદ કરતાં ઘણી વધારે સ્વતંત્રતા હોવી જોઈતી હતી."૩૬૨

તેવી જ રીતે, મુખ્ય ચૂંટણી કમિશનર અને બંધારણના અનુચ્છેદ ૩૨૪ હેઠળના ચૂંટણી કમિશનરોની નિમણૂક માટે રાષ્ટ્રપતિએ કોઈની સાથે વિચાર-વિમર્શ કરવો જરૂરી નથી, ભલે મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણીઓ આપણી લોકશાહી માટે નિઃશંકપણે અત્યંત મહત્વપૂર્ણ છે. વિચાર-વિમર્શની જોગવાઈ માત્ર ન્યાયમૂર્તિઓની નિમણૂક માટે જ સમાવિષ્ટ કરવામાં આવી હોવાથી, ચોક્કસપણે; આ ભેદ પાડવા માટે બંધારણ સભા પાસે સબળ કારણો હતા. ન્યાયમૂર્તિ ખેહરે તેમના મુસદ્દા ચુકાદામાં અન્ય રાષ્ટ્રપતિ નિમણૂકોનો સંદર્ભ

આપ્યો છે અને તેનું પુનરાવર્તન કરવું જરૂરી નથી: જે મહત્વનું છે તે બંધારણ સભા દ્વારા પહોંચાડવા માંગતો 'સંદેશ' અને સુપ્રિમ કોર્ટ અથવા હાઇકોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂક માટે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા કરવામાં આવેલી ભલામણને આપવામાં આવેલી પવિત્રતા છે

૩૬૬. એ સુવિદિત છે કે બંધારણ એક જીવંત દસ્તાવેજ છે.૩૬૩ આ બાબત ધ્યાનમાં રાખતાં, શું એવું કહી શકાય કે બંધારણના અનુચ્છેદ ૧૨૪(૨) અને અનુચ્છેદ ૨૧૭(૧) નું ખેંચતાણભર્યું અર્થઘટન કરવામાં આવ્યું છે, ખાસ કરીને જ્યારે અનુચ્છેદ ૧૨૪ના મુસદ્દામાં 'વિચાર-વિમર્શ' ના બદલે 'સહમતિ' મૂકવાની બાબત પર બંધારણ સભામાં ચર્ચા કરવામાં આવી હતી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો ન હતો?૩૬૪ ચોક્કસપણે નહીં, ખાસ કરીને જો કોઈ તે સંદર્ભને જુએ કે જેમાં

૩૬૨ http://parliamentofindia.nic.in/ls/debates/vol૮p૧૧a.htm ૩૬૩ આઈ.આર. કોઈલ્હો વિ. સ્ટેટ ઓફ તમિલનાડુ, (૨૦૦૭) ૨ એસ.સી.સી. ૧ ફકરો ૪૨

૩૬૪ ફૂટ નોટ ૧૬

'વિચાર-વિમર્શ' નો ઉપયોગ કરવામાં આવ્યો છે અને જે હેતુ માટે તેનો ઉપયોગ કરવામાં આવ્યો છે, એટલે કે, ન્યાયતંત્રના શ્રેષ્ઠ હિતમાં શું છે તે જાણતી કોઈ વ્યક્તિ દ્વારા રાષ્ટ્રપતિની વિવેકબુદ્ધિને મર્યાદિત કરવા માટે.

૩૬૭. પરંતુ, અગાઉ જણાવ્યા મુજબ, લંબાણપૂર્વક વિચારવું જરૂરી નથી

સેકન્ડ જજિસ કેસ અને થર્ડ જજિસ કેસમાં નિર્ધારિત કરવામાં આવેલી ન્યાયમૂર્તિની નિમણૂકની પ્રક્રિયાની યોગ્યતા કે અન્યથા બાબત પર. વાસ્તવિક પ્રશ્ન એ છે કે શું ન્યાયમૂર્તિઓની નિમણૂકની પ્રક્રિયામાં ફેરફાર બંધારણના મૂળભૂત માળખાનું ઉલ્લંઘન કરે છે. જો નિમણૂકની પ્રક્રિયા રાષ્ટ્રીય ન્યાયિક નિમણૂક પંચના હાથમાં હોય તો શું ન્યાયતંત્ર સ્વતંત્ર રહી શકે?

અનુચ્છેદ ૩૬૮ દ્વારા બંધારણમાં સુધારો

૩૬૮. આપણે જે આધાર પર આગળ વધવું જોઈએ, તે એ છે કે

ન્યાયતંત્રની સ્વતંત્રતા બંધારણના મૂળભૂત માળખાનો એક ભાગ છે, અને એ કે કોઈ ન્યાયમૂર્તિની

સુપ્રિમ કોર્ટ અથવા હાઈકોર્ટમાં નિમણૂક એ ન્યાયતંત્રની સ્વતંત્રતાનો એક અભિન્ન અને પાયાનો ભાગ છે, ત્યારે એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે, જો જરા પણ કરી શકાતો હોય તો, સંસદ દ્વારા નિમણૂક પ્રક્રિયા સાથે કઈ હદ સુધી છેડછાડ કરી શકાય.

૩૬૯. બંધારણનો અનુચ્છેદ ૩૬૮ 'બંધારણમાં સુધારો કરવાની સંસદની સત્તા અને તે માટેની પ્રક્રિયા' ની જોગવાઈ કરે છે. આ સત્તા વિશાળ હોવા છતાં, જે સંસદને બંધારણની કોઈપણ જોગવાઈ ઉમેરવા, તેમાં ફેરફાર કરવા અથવા તેને રદ કરવાની સત્તા આપે છે, તેમ છતાં કેશવાનંદ ભારતી માં સમજાવ્યા મુજબ તે

સત્તાના વ્યાપની અંતર્નિહિત મર્યાદાઓ છે જે એ છે કે બંધારણના મૂળભૂત માળખામાં ફેરફાર કરી શકાતો નથી. બંધારણનું મૂળભૂત માળખું શેનું બનેલું છે તે અંગે આ કોર્ટના અનેક નિર્ણયોમાં વિચારણા કરવામાં આવી છે અને લોકશાહી (ઉદાહરણ તરીકે) અથવા મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણીઓ અથવા ધારાકીય કાર્યવાહીની ન્યાયિક સમીક્ષા અથવા ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્ર વચ્ચે સત્તાનું પૃથક્કરણ (અથવા વિતરણ) એ તમામને બંધારણના મૂળભૂત માળખાનો એક ભાગ હોવાનું ઠેરવેલ છે. તેમાં કોઈ શંકા નથી, અને કોઈએ તેનો વિવાદ કર્યો નથી, કે

ન્યાયતંત્રની સ્વતંત્રતા પણ બંધારણના મૂળભૂત માળખાનો એક ભાગ છે.

૩૭૦. બંધારણમાં સુધારો કરવા માટેની બંધારણીય આવશ્યકતા એ છે કે: (એ) સુધારાની શરૂઆત માત્ર તે હેતુ માટેના વિધેયકની રજૂઆત દ્વારા જ કરી શકાય છે;

(બી) વિધેયક સંસદના કોઈપણ ગૃહમાં રજૂ કરી શકાય છે; (સી) તે ગૃહની કુલ સભ્ય સંખ્યાની બહુમતી દ્વારા અને તે ગૃહના હાજર રહીને મતદાન કરતા સભ્યોની ઓછામાં ઓછી બે-તૃતીયાંશ બહુમતી દ્વારા દરેક ગૃહમાં વિધેયક પસાર થવું જોઈએ; (ડી) વિધેયક રાષ્ટ્રપતિ સમક્ષ રજૂ કરવામાં આવશે જેઓ વિધેયકને પોતાની મંજૂરી આપશે અને ત્યારપછી તે વિધેયકની શરતો અનુસાર બંધારણમાં સુધારો થયેલ ગણાશે.

૩૭૧. બંધારણના અનુચ્છેદ ૩૬૮ માં એક પરંતુક છે

અને વર્તમાન હેતુઓ માટે, આગળની આવશ્યકતા એ છે કે 'જો આવો સુધારો' ભાગ ૫ ના પ્રકરણ ૪ (કેન્દ્રીય ન્યાયતંત્ર) અને ભાગ ૬ ના પ્રકરણ ૫ (રાજ્યોમાંની હાઇકોર્ટો) માં 'કોઈ ફેરફાર કરવા માંગતો હોય' તો તે સુધારો 'આવા સુધારાની જોગવાઈ કરતું વિધેયક રાષ્ટ્રપતિ સમક્ષ મંજૂરી માટે રજૂ કરવામાં આવે તે પહેલાં તે ધારાસભાઓ દ્વારા તે મતલબનો ઠરાવ પસાર કરીને રાજ્યોની ધારાસભાઓ દ્વારા પણ બહાલી મેળવવી જરૂરી બનશે.'

૩૭૨. જ્યાં સુધી ધ કોન્સ્ટીટ્યુશન (વન હન્ડ્રેડ એન્ડ ટ્વેન્ટી-ફર્સ્ટ એમેન્ડમેન્ટ) બિલ, ૨૦૧૪ નો સંબંધ છે, ત્યાં સુધી તેમાં કોઈ શંકા કે વિવાદ નથી કે ઉપરોક્ત પ્રક્રિયાનું પાલન કરવામાં આવ્યું હતું અને તેને ૩૧મી ડિસેમ્બર,

૨૦૧૪ ના રોજ રાષ્ટ્રપતિની મંજૂરી મળી હતી. તે હદ સુધી ધ કોન્સ્ટીટ્યુશન (નાઇન્ટી-નાઇન્થ એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૧૪ એ કાર્યરીતિની દ્રષ્ટિએ માન્ય કાયદો છે.

બંધારણમાં સુધારો કરવાની મર્યાદાઓ

૩૭૩. બંધારણમાં સુધારાના સંદર્ભમાં સંસદ પર મૂકવામાં આવેલી અંતર્નિહિત મર્યાદાઓને સમજવા માટે, કેશવાનંદ ભારતી માં બહુમતી રચે તેવા મંતવ્યો પર વિચાર કરવો જરૂરી છે. તે કેસમાં, આ કોર્ટ સમક્ષનો પ્રશ્ન (મુખ્ય

ન્યાયમૂર્તિ સિકરી દ્વારા ઘડવામાં આવ્યા મુજબ) એ હતો: બંધારણના અનુચ્છેદ ૧૩(૨) ઉપરાંત, અનુચ્છેદ ૩૬૮ દ્વારા સંસદને પ્રદાન કરવામાં આવેલી સુધારાની સત્તાનો વ્યાપ કેટલો છે?

૩૭૪. વિદ્વાન મુખ્ય ન્યાયમૂર્તિએ નોંધ્યું હતું કે બંધારણમાં 'સુધારો' શબ્દ વ્યાખ્યાયિત કરવામાં આવ્યો નથી. બંધારણની કેટલીક જોગવાઈઓમાં તેનો સંકુચિત અર્થ થાય છે, જ્યારે અન્ય જોગવાઈઓમાં તેનો વિસ્તૃત અર્થ થાય છે. આ મત ન્યાયમૂર્તિ શેલત અને ન્યાયમૂર્તિ ગ્રોવર દ્વારા પણ વ્યક્ત કરવામાં આવ્યો હતો, જેમણે અવલોકન કર્યું હતું કે બંધારણની વિવિધ જોગવાઈઓમાં વિવિધ અર્થો દર્શાવવા માટે 'સુધારો' અને 'સુધારો કરવો' શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. કેટલાક અનુચ્છેદોમાં આ શબ્દોનો સંકુચિત અર્થ થાય છે જ્યારે અન્યમાં અર્થ ઘણો મોટો કે વ્યાપક છે. આ શબ્દ કોઈ ચોક્કસ મહત્વ ધરાવતો નથી અને બંધારણની વિવિધ જોગવાઈઓમાં એકસરખો અર્થ દર્શાવવા માટે તેનો ઉપયોગ કરવામાં આવ્યો નથી. આ બાબત અમુક અંશે મહત્વપૂર્ણ છે કારણ કે આ આધાર પર જ આ કોર્ટે 'સુધારો' અને 'સુધારો કરવો' શબ્દોનું અર્થઘટન કરવા માટે સીએડી બંધારણ સભાની ચર્ચાઓ નો સંદર્ભ લીધો હતો.

૩૭૫. બંધારણની વિવિધ જોગવાઈઓના વાંચન પરથી વિદ્વાન મુખ્ય ન્યાયમૂર્તિ એવા નિષ્કર્ષ પર આવ્યા હતા કે બંધારણના અનુચ્છેદ ૩૬૮ માં આવતા 'આ બંધારણમાં સુધારો' શબ્દપ્રયોગનો અર્થ 'આમુખ અને માર્ગદર્શક સિદ્ધાંતોના ઉદ્દેશ્યોને સાકાર કરવા માટે આમુખ અને બંધારણની વ્યાપક

રૂપરેખાની અંદર' બંધારણની કોઈપણ જોગવાઈમાં કોઈપણ ઉમેરો અથવા ફેરફાર થાય છે. મૂળભૂત અધિકારોને લાગુ કરતાં, તેનો અર્થ એ થશે કે જ્યારે મૂળભૂત અધિકારોને નાબૂદ કરી શકાતા નથી, ત્યારે જાહેર હિતમાં મૂળભૂત અધિકારોમાં વાજબી ઘટાડો કરી શકાય છે.'૩૬૫ આ સંદર્ભમાં, વિદ્વાન મુખ્ય ન્યાયમૂર્તિએ વ્યક્તિઓના અમુક અધિકારો અવિભાજ્ય છે તેવો નિષ્કર્ષ કાઢવા માટે યુનિવર્સલ ડિક્લેરેશન ઓફ હ્યુમન રાઈટ્સ નો સંદર્ભ આપ્યો હતો.૩૬૬ ૩૬૫ ફકરો ૨૮૭ ૩૬૬ યુડીએચઆર ના અનુચ્છેદ ૮ અને ૧૦ આ સંબંધમાં સુસંગત છે: અનુચ્છેદ ૮: બંધારણ અથવા કાયદા દ્વારા આપવામાં આવેલા મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન કરતા કૃત્યો સામે સક્ષમ રાષ્ટ્રીય ટ્રિબ્યુનલો દ્વારા અસરકારક ઉપાય મેળવવાનો દરેક વ્યક્તિને અધિકાર છે. અનુચ્છેદ ૧૦: દરેક વ્યક્તિ પોતાના અધિકારો અને જવાબદારીઓ નક્કી કરવામાં તેમજ પોતાની સામેના કોઈપણ ફોજદારી આરોપના નિર્ણયમાં, સ્વતંત્ર અને નિષ્પક્ષ ટ્રિબ્યુનલ દ્વારા ન્યાયી અને જાહેર સુનાવણી માટે સંપૂર્ણ સમાનતા સાથે હકદાર છે.

એસોસિએશન વિ. યુ.ઓ.આઈ. [મદન બી. લોકુર, ન્યાયમૂર્તિ]

૩૭૬. વિદ્વાન મુખ્ય ન્યાયમૂર્તિએ અન્ય બાબતોની સાથે સાથે નીચે મુજબ ઠેરવીને સમાપન કર્યું:

> "'આ બંધારણમાં સુધારો' શબ્દપ્રયોગ સંસદને મૂળભૂત અધિકારોને નાબૂદ કરવા અથવા છીનવી લેવા અથવા બંધારણની ઓળખનો નાશ થાય તે રીતે બંધારણના મૂળભૂત લક્ષણોને સંપૂર્ણપણે બદલવા સક્ષમ બનાવતો

નથી. આ મર્યાદાઓની અંદર સંસદ દરેક અનુચ્છેદમાં સુધારો કરી શકે છે."૩૬૭

૩૭૭. ન્યાયમૂર્તિ શેલત અને ન્યાયમૂર્તિ ગ્રોવરે ૨૪મા બંધારણ સુધારા અધિનિયમ દ્વારા થયેલા તેના સુધારા પહેલાંના અનુચ્છેદ ૩૬૮ ના લખાણને જોયું અને અવલોકન કર્યું કે સંસદની સુધારો કરવાની સત્તા મર્યાદિત છે તેવું દર્શાવતા આંતરિક પુરાવા રહેલા છે. સત્તાના શબ્દો ભલે ગમે તેટલા વ્યાપક હોય, તેનો ઉપયોગ બંધારણનું પોતાનું સ્વરૂપ, પ્રકૃતિ અથવા ઓળખ ગુમાવી બેસે તે માટે કરી શકાતો નથી અને તેનો ઉપયોગ બંધારણના માળખાની અંદર જ કરવો પડશે. એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે સુધારાની અમર્યાદિત સત્તા બંધારણના અસ્તિત્વ માટે અનુકૂળ હોઈ શકે નહીં. આ આધાર પર, એવો નિષ્કર્ષ કાઢવામાં આવ્યો હતો કે:

> "અનુચ્છેદ ૩૬૮ માં વપરાયેલા 'આ બંધારણમાં સુધારો' શબ્દોનો અર્થ એવો હોવો જોઈએ જે ઐતિહાસિક પૃષ્ઠભૂમિ, આમુખ, બંધારણની સમગ્ર યોજના, તેનું માળખું અને સંરચના તથા અનુચ્છેદ ૩૬૮ સહિતના વિવિધ અનુચ્છેદોમાં રહેલા આંતરિક પુરાવા પરથી સુનિશ્ચિત કરી શકાય તેવા બંધારણના ઘડવૈયાઓના સાચા આશય સાથે સુસંગત હોય. તેને સંકુચિત અર્થ આપવો શક્ય નથી તેમજ તેને એવો વિશાળ અર્થ પણ આપી શકાતો નથી જે સુધારો કરનાર સંસ્થાને બંધારણના માળખા અને ઓળખમાં સારભૂત રીતે અથવા સંપૂર્ણપણે ફેરફાર કરવા સક્ષમ બનાવે."૩૬૮

૩૭૮. ન્યાયમૂર્તિ હેગડે અને ન્યાયમૂર્તિ મુખર્જીએ અવલોકન કર્યું કે અનુચ્છેદ ૩૬૮ નું સંકુચિત અને પાંડિત્યપૂર્ણ ૩૬૭ ફકરો ૪૭૫ ૩૬૮ ફકરો ૫૪૬ રીતે અર્થઘટન કરી શકાય નહીં પરંતુ તેને વ્યાપક અને ઉદાર અર્થઘટન આપવું જોઈએ. એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે 'સુધારો' શબ્દનો કોઈ ચોક્કસ અર્થ નથી અને તે એક 'રંગહીન' શબ્દ છે. વાસ્તવમાં, બંધારણમાં જુદી જુદી જગ્યાએ 'સુધારો' અને 'સુધારવું' શબ્દોનો જુદા જુદા ભાવાર્થ સાથે ઉપયોગ કરવામાં આવ્યો છે. આ હોવા છતાં, વિદ્વાન ન્યાયમૂર્તિઓનો એવો મત હતો કે આ શબ્દપ્રયોગોનો અર્થ એટલો વ્યાપક ન હોઈ શકે કે જે સંસદને બંધારણના 'વ્યક્તિત્વ' ને બદલવા માટે સક્ષમ બનાવે કારણ કે તેની યોજના અને માળખું 'તેવા આધાર પર આગળ વધે છે કે અમુક મૂળભૂત લક્ષણો છે જે કાયમી રહેવાની અપેક્ષા રાખવામાં આવે છે.' તેથી, બંધારણના અનુચ્છેદ ૩૬૮ હેઠળ સુધારાની સત્તા ગર્ભિત મર્યાદાઓને આધીન છે.

૩૭૯. આ તમામ પરિબળો પર વિચારણા કર્યા પછી, વિદ્વાન ન્યાયમૂર્તિઓએ એવો નિષ્કર્ષ કાઢ્યો કે:

> "કેસના વિવિધ પાસાઓની કાળજીપૂર્વક વિચારણા કર્યા પછી, અમને ખાતરી થઈ છે કે સંસદ પાસે ભારતનું સાર્વભૌમત્વ, આપણી રાજ્યવ્યવસ્થાનું લોકશાહી સ્વરૂપ, દેશની એકતા, નાગરિકોને સુનિશ્ચિત કરવામાં આવેલી વ્યક્તિગત સ્વતંત્રતાઓના આવશ્યક લક્ષણો જેવા બંધારણના મૂળભૂત તત્વો અથવા પાયાના લક્ષણોને રદ કરવાની કે

નબળા પાડવાની કોઈ સત્તા નથી. તેમજ કલ્યાણકારી રાજ્ય અને સમાનતાવાદી સમાજનું નિર્માણ કરવાના આદેશને રદ કરવાની સત્તા પણ સંસદ પાસે નથી. આ મર્યાદાઓ માત્ર દ્રષ્ટાંતરૂપ છે અને સર્વગ્રાહી નથી. જોકે, આ મર્યાદાઓ હોવા છતાં, તેમાં કોઈ પ્રશ્ન હોઈ શકે નહીં કે સુધારાની સત્તા એક વ્યાપક સત્તા છે અને તે બંધારણના પ્રત્યેક અનુચ્છેદ અને પ્રત્યેક ભાગ સુધી પહોંચે છે. રાજ્ય પર લાદવામાં આવેલી જવાબદારી પૂર્ણ કરવા માટે બંધારણને નવો આકાર આપવા માટે તે સત્તાનો ઉપયોગ કરી શકાય છે. અગાઉ ઉલ્લેખિત મર્યાદાઓની અંદર રહીને, તેને સામાજિક કલ્યાણ માટેનું એક અસરકારક સાધન બનાવવા માટે પણ બંધારણને નવો આકાર આપવા તેનો ઉપયોગ કરી શકાય છે. કલ્યાણકારી રાજ્યનું નિર્માણ કરવા માટે કેટલીક માનવ સ્વતંત્રતાઓનો નાશ કરવો જરૂરી છે તેવી દલીલ સાથે અમે સંમત થઈ શકતા નથી. કોઈપણ સંજોગોમાં, તે આપણા બંધારણનો દ્રષ્ટિકોણ નથી."૩૬૯

૩૮૦. ન્યાયમૂર્તિ ખન્નાએ બંધારણના મૂળભૂત માળખા પર વિસ્તૃત વિચારણા કરી અને એવો મત વ્યક્ત કર્યો કે 'સુધારો' તેની ઓળખ ગુમાવ્યા વિના 'જૂના' બંધારણનું અસ્તિત્વ ટકી રહેવાની અને 'જૂના' બંધારણના મૂળભૂત માળખા અથવા ઢાંચાની જાળવણીની પૂર્વધારણા કરે છે. એવું ઠેરવવામાં આવ્યું હતું:

"જોકે સુધારાની સત્તા હેઠળ ગમે તેટલા મહત્વપૂર્ણ ફેરફારો કરવા અને બદલાતી પરિસ્થિતિઓની જરૂરિયાતો અનુસાર વ્યવસ્થાને અનુકૂળ બનાવવાની પરવાનગી છે, પરંતુ પાયાને સ્પર્શ કરવો અથવા મૂળભૂત સંસ્થાકીય પેટર્નને બદલવી પરવાનગીપાત્ર નથી. "બંધારણનો સુધારો" શબ્દો તેમના તમામ વ્યાપક વ્યાપ અને ક્ષમતા સાથે, બંધારણના મૂળભૂત માળખા અથવા ઢાંચાને નષ્ટ કે રદ કરવાનો પ્રભાવ ધરાવી શકતા નથી ."

૩૮૧. ત્યારબાદ, ન્યાયમૂર્તિ ખન્ના જરૂરિયાત કરતાં ઘણા આગળ વધ્યા અને ઠેરવ્યું કે જ્યાં સુધી બંધારણનું મૂળભૂત માળખું અને ઢાંચો જળવાઈ રહે છે, ત્યાં સુધી સુધારાની સંપૂર્ણ સત્તામાં 'મૂળભૂત અધિકારો સંબંધિત અનુચ્છેદો સહિતના વિવિધ અનુચ્છેદો ઉમેરવાની, ફેરફાર કરવાની કે રદ કરવાની સત્તાનો તેની પોતાની અંદર સમાવેશ થશે.' આ માટેનો તર્ક ચુકાદામાં થોડા સમય પછી નીચે મુજબના શબ્દોમાં આપવામાં આવ્યો હતો:

"અનુચ્છેદ ૩૬૮ માં 'સુધારો' શબ્દનો એક જ અર્થ થવો જોઈએ, પછી ભલે તે સુધારો બંધારણના ભાગ ૩ માંના મૂળભૂત અધિકારોને છીનવી લેવા કે ઘટાડવા સંબંધિત હોય અથવા તે બંધારણના ભાગ ૩ બહારની અન્ય કોઈ જોગવાઈ સંબંધિત હોય. અનુચ્છેદ ૩૬૮ દ્વારા પ્રદાન કરવામાં આવેલી સુધારાની સત્તા હેઠળ બંધારણના ભાગ ૩ સિવાયની જોગવાઈઓને રદ કરવા, ઉમેરવા કે ફેરફાર કરવા સામે કોઈ ગંભીર વાંધો

લેવામાં આવ્યો નથી. મારા મતે, તે જ અભિગમ યોગ્ય ગણાવો જોઈએ જ્યારે આપણે "' ફકરો ૬૬૬ બંધારણના ભાગ ૩ માં સમાવિષ્ટ મૂળભૂત અધિકારો સંબંધિત સુધારા સાથે વ્યવહાર કરીએ. જ્યારે તે મૂળભૂત અધિકાર સાથે સંબંધિત હોય ત્યારે સુધારાની સત્તાના વ્યાપ અને વિસ્તાર વચ્ચે, અને જ્યારે તે મૂળભૂત અધિકારો સાથે સંબંધ ન ધરાવતી જોગવાઈઓ સાથે સંબંધિત હોય ત્યારે તે સત્તાના વ્યાપ અને વિસ્તાર વચ્ચે ભેદભાવ કરવો અપરવાનગીપાત્ર ગણાશે."૩૭૦

૩૮૨. ન્યાયમૂર્તિ ખન્ના દ્વારા તારવવામાં આવેલ નિષ્કર્ષ વિદ્વાન ન્યાયમૂર્તિ દ્વારા નીચેના શબ્દોમાં જણાવવામાં આવ્યો છે:

"અનુચ્છેદ ૩૬૮ હેઠળ સુધારાની સત્તામાં બંધારણને રદ કરવાની સત્તાનો સમાવેશ થતો નથી કે બંધારણના મૂળભૂત માળખા અથવા ઢાંચાને બદલવાની સત્તાનો પણ સમાવેશ થતો નથી. બંધારણના મૂળભૂત માળખા અથવા ઢાંચાની જાળવણીને આધીન રહીને, સુધારાની સત્તા સંપૂર્ણ છે અને તેમાં મૂળભૂત અધિકારોને લગતા તેમજ આવશ્યક લક્ષણો સંબંધિત કહી શકાય તેવા અનુચ્છેદો સહિત બંધારણના વિવિધ અનુચ્છેદોમાં સુધારો કરવાની સત્તાનો પોતાની અંદર સમાવેશ થાય છે. મૂળભૂત અધિકારના કોઈપણ ભાગને તે અધિકારના સાર અથવા મૂળ તત્વ તરીકે વર્ણવીને સુધારાત્મક પ્રક્રિયામાંથી મુક્તિનો દાવો કરી શકાય

નહીં. સુધારાની સત્તામાં વિવિધ અનુચ્છેદો ઉમેરવાની, ફેરફાર કરવાની અથવા રદ કરવાની સત્તાનો પણ પોતાની અંદર સમાવેશ થશે."૩૭૧

૩૮૩. પ્રાસંગિક રીતે એ ઉલ્લેખ કરી શકાય કે ન્યાયમૂર્તિ ખન્ના દ્વારા વ્યક્ત કરવામાં આવેલા ઉપરોક્ત મંતવ્યથી ઘણો વિવાદ સર્જાયો હતો. ઈન્દિરા નહેરુ ગાંધી માં વિદ્વાન ન્યાયમૂર્તિ દ્વારા તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો અને રિપોર્ટના ફકરા ૨૫૧ અને ૨૫૨ માં સ્પષ્ટતા કરવામાં આવી હતી કે 'વાંધાજનક' પરિચ્છેદો સુધારાની સત્તાના વ્યાપના સંદર્ભમાં હતા અને બંધારણના મૂળભૂત માળખાના સંદર્ભમાં ન હતા. વિદ્વાન ન્યાયમૂર્તિએ સ્પષ્ટ કર્યું હતું કે મૂળભૂત અધિકારો બંધારણના મૂળભૂત માળખાનો એક ભાગ હતા પરંતુ મિલકતનો અધિકાર ન હતો. ૩૭૨ ૩૭૦ ફકરો ૧૪૩૫ ૩૭૧ ફકરો ૧૫૩૭ ૩૭૨ ફકરા ૨૫૧ અને ૨૫૨. ન્યાયમૂર્તિ ભગવતી પણ મિનર્વા મિલ્સ વિ. યુનિયન ઓફ ઈન્ડિયા, (૧૯૮૦) ૩ એસ.સી.સી. ૬૨૫ માં આનો ઉલ્લેખ કરે છે.

૩૮૪. સરળ શબ્દોમાં કહીએ તો, કેશવાનંદ ભારતી ના નિર્ણયનો સાર અને અર્ક એ છે કે તેણે સ્વીકાર્યું કે બંધારણ એક મૂળભૂત માળખું ધરાવે છે અને બંધારણનું મૂળભૂત માળખું અપરિવર્તનશીલ છે. કદાચ કોઈપણ શંકા ટાળવા માટે અને બેન્ચની રચના કરતા તેર ન્યાયમૂર્તિઓ દ્વારા નવ જેટલા ચુકાદાઓ આપવામાં આવ્યા હોવાથી, તારણોનો એક સારાંશ તૈયાર કરવામાં આવ્યો હતો. આ સારાંશ પર તેર પૈકી નવ ન્યાયમૂર્તિઓ દ્વારા હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. નવ હસ્તાક્ષરકર્તાઓમાં લઘુમતીમાં રહેલા બે વિદ્વાન ન્યાયમૂર્તિઓ પણ સામેલ

હતા. સારાંશ પર હસ્તાક્ષર કરનાર નવ વિદ્વાન ન્યાયમૂર્તિઓ દ્વારા સંમત થયેલા તારણો પૈકી એક તારણ હતું: 'અનુચ્છેદ ૩૬૮ સંસદને બંધારણના મૂળભૂત માળખા અથવા ઢાંચાને બદલવા માટે સક્ષમ બનાવતો નથી.'

બંધારણના સુધારાની ન્યાયિક સમીક્ષા

૩૮૫. ઈન્દિરા નહેરુ ગાંધી માં ઠેરવવામાં આવ્યું હતું કે બંધારણના સુધારાને માત્ર મૂળભૂત માળખાના ઉલ્લંઘનના કારણસર જ પડકારી શકાય છે, જ્યારે કાયદાને તે રીતે પડકારી શકાતો નથી. કોઈ કાયદાને માત્ર ત્યારે જ પડકારી શકાય છે જો તે ધારાસભા દ્વારા તેની ધારાકીય સક્ષમતા બહાર પસાર કરવામાં આવ્યો હોય અથવા જો તે બંધારણના અનુચ્છેદ ૧૩ નું ઉલ્લંઘન કરતો હોય. ૩૭૩

૩૭૩ ૧૩. મૂળભૂત અધિકારો સાથે અસંગત અથવા તેનું અલ્પીકરણ કરતા કાયદાઓ (૧) આ બંધારણના પ્રારંભની તરત જ પહેલાં ભારતના પ્રદેશમાં અમલમાં હોય તેવા તમામ કાયદા, જ્યાં સુધી તેઓ આ ભાગની જોગવાઈઓ સાથે અસંગત હોય, તેટલી આવી અસંગતતાની હદ સુધી રદબાતલ રહેશે. (૨) રાજ્ય એવો કોઈ કાયદો બનાવશે નહીં જે આ ભાગ દ્વારા પ્રદાન કરવામાં આવેલા અધિકારોને છીનવી લે અથવા ઘટાડે અને આ ખંડના ઉલ્લંઘનમાં બનાવવામાં આવેલો કોઈપણ કાયદો, આવા ઉલ્લંઘનની હદ સુધી, રદબાતલ રહેશે. (૩) આ અનુચ્છેદમાં, જ્યાં સુધી સંદર્ભમાં અન્યથા જરૂરી ન હોય ત્યાં સુધી,- (એ) "કાયદો" માં ભારતના પ્રદેશમાં કાયદાનું બળ ધરાવતો કોઈપણ વટહુકમ, હુકમ,

ઉપ-નિયમ, રુલ, વિનિયમ, જાહેરનામું, રૂઢિ અથવા પ્રથાનો સમાવેશ થાય છે; (બી) "અમલમાં હોય તેવા કાયદા" માં આ બંધારણના પ્રારંભ પહેલાં ભારતના પ્રદેશમાં ધારાસભા અથવા અન્ય સક્ષમ સત્તાધિકારી દ્વારા પસાર કરવામાં આવેલા અથવા બનાવવામાં આવેલા અને અગાઉ રદ ન કરવામાં આવેલા કાયદાઓનો સમાવેશ થાય છે, ભલે આવો કોઈપણ કાયદો અથવા તેનો કોઈપણ ભાગ તે સમયે સંપૂર્ણપણે અથવા ચોક્કસ વિસ્તારોમાં અમલમાં ન હોય. (૪) આ અનુચ્છેદની કોઈપણ બાબત અનુચ્છેદ ૩૬૮ હેઠળ કરવામાં આવેલા આ બંધારણના કોઈપણ સુધારાને લાગુ પડશે નહીં.

"બંધારણીય સુધારાઓને, ફંડામેન્ટલ રાઇટ્સ કેસ ૩૭૪ ના રેશિયો મુજબ, મૂળભૂત માળખાની એરણ પર ચકાસી શકાય છે. પરંતુ કેસ જે નિર્ણય કરે છે તે પૂરતો જ સત્તાધિકાર ધરાવે છે તે સિદ્ધાંત સિવાય, ફંડામેન્ટલ રાઇટ્સ કેસ ના બહુમતી ચુકાદા પરથી તાર્કિક રીતે એવું ફલિત થતું નથી કે સામાન્ય કાયદાએ પણ બંધારણીય સુધારા જેવી જ સમાન કસોટીમાંથી પસાર થવું જોઈએ. સામાન્ય કાયદાઓએ તેમની માન્યતા માટે બે કસોટીઓ ખરી ઉતરવી પડે છે: (૧) કાયદો બંધારણના ભાગ ૧૧, પ્રકરણ ૧ માં વ્યાખ્યાયિત અને નિર્દિષ્ટ કર્યા મુજબ ધારાસભાની ધારાકીય સક્ષમતાની અંદર હોવો જોઈએ, અને (૨) તે બંધારણના અનુચ્છેદ ૧૩(૧) અને (૨) ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરતો હોવો જોઈએ નહીં. બહુમતી ચુકાદા અનુસાર, "મૂળભૂત માળખું" એ મૂળભૂત અધિકારોનો કોઈ ભાગ નથી કે વાસ્તવમાં તે બંધારણની જોગવાઈ પણ નથી. મૂળભૂત માળખાનો

સિદ્ધાંત બંધારણના સર્વગ્રાહી પરિપ્રેક્ષ્યમાંથી વણાયેલો છે અને સુધારાની સત્તા તેને આધીન કરવામાં આવી છે કારણ કે તે મૂળ બંધારણ ઘડવાની સત્તા છે. "મૂળભૂત દસ્તાવેજમાં સુધારો કરવાની સત્તા પોતાની સાથે તેના આવશ્યક લક્ષણોનો નાશ કરવાની સત્તા લાવી શકે નહીં- સંક્ષિપ્તમાં કહીએ તો, આ મૂળભૂત માળખાના સિદ્ધાંતની કમાન છે. બંધારણ હેઠળ ઘડાયેલા સામાન્ય કાયદાઓની માન્યતા સંબંધિત બાબતોમાં તે સંપૂર્ણપણે અસ્થાને છે."

૩૮૬. સ્ટેટ ઓફ કર્ણાટક વિ. યુનિયન ઓફ ઈન્ડિયા ૩૭૫ માં સમાન મત લેવામાં આવ્યો હતો જેમાં ઈન્દિરા નહેરુ ગાંધી માંથી ઉપરોક્ત પરિચ્છેદને અનુમોદન સાથે ટાંકવામાં આવ્યો હતો. ન્યાયમૂર્તિ ઉંટવાળિયા દ્વારા પોતાના વતી તેમજ ન્યાયમૂર્તિ સિંઘલ અને ન્યાયમૂર્તિ જસવંત સિંહ વતી એક સહમતીપૂર્ણ ચુકાદામાં કહેવામાં આવ્યું હતું કે:

"શ્રી સિન્હાએ એવી પણ દલીલ કરી હતી કે સામાન્ય કાયદો બંધારણમાં સમાવિષ્ટ કેન્દ્ર-રાજ્ય સંબંધોની મૂળભૂત યોજના અથવા પાયાના માળખાની વિરુદ્ધ જઈ શકે નહીં. તેમણે આ સંબંધમાં પોતાની દલીલ ખૂબ જ ચતુરાઈભરી રીતે રજૂ કરી હતી કારણ કે તેમને રજૂ કરવામાં મુશ્કેલી જણાતી હતી ૩૭૪ કેશવાનંદ ભારતી ૩૭૫ (૧૯૭૭) ૪ એસ.સી.સી. ૬૦૮ ફકરો ૨૩૮ (સાત ન્યાયમૂર્તિઓની બેન્ચ) તેને સીધી રીતે એમ કહીને કે સામાન્ય કાયદો બંધારણના મૂળભૂત માળખાનું ઉલ્લંઘન કરી શકે

નહીં. શ્રીમતી ઇન્દિરા નહેરુ ગાંધી વિ. શ્રી રાજ નારાયણ ના કેસમાં આ કોર્ટ દ્વારા આવી દલીલ સ્પષ્ટપણે ફગાવી દેવામાં આવી હતી. અમારા વિદ્વાન સાથી ન્યાયમૂર્તિ ચંદ્રચૂડના ચુકાદામાંથી એક પરિચ્છેદનો સંદર્ભ આપીને અમે સંતોષ માની શકીએ છીએ જે આ મુજબ છે ..... "

૩૮૭. કુલદીપ નાયર વિ. યુનિયન ઓફ ઇન્ડિયા ૩૭૬ માં એક બંધારણીય બેન્ચે નીચેના શબ્દોમાં ઉપરોક્ત મતનો પુનરોચ્ચાર કર્યો હતો:

"મૂળભૂત માળખાનો સિદ્ધાંત બંધારણમાં સુધારો કરવાની સંસદની સત્તા પર મર્યાદા લાદે છે. અનુચ્છેદ ૩૬૮ હેઠળ બંધારણના સુધારાને બંધારણના મૂળભૂત માળખાના ઉલ્લંઘનના કારણસર પડકારી શકાય છે. સામાન્ય કાયદાને તે રીતે પડકારી શકાતો નથી. આમ, બંધારણના મૂળભૂત માળખાના ઉલ્લંઘનના કારણસર સંસદ દ્વારા તેની ધારાકીય સક્ષમતાની અંદર રહીને ઘડવામાં આવેલા કાયદા સામેનો પડકાર અરજદારો માટે ઉપલબ્ધ નથી."

૩૮૮. છેવટે, અશોક કુમાર ઠાકુર વિ. યુનિયન ઓફ ઇન્ડિયા ૩૭૭ માં ઠેરવવામાં આવ્યું હતું કે જો કોઈ કાયદો બંધારણની કોઈ જોગવાઈનું ઉલ્લંઘન કરતો હોય તો તેને પડકારી શકાય છે પરંતુ બંધારણના સુધારાને માત્ર ત્યારે જ પડકારી શકાય છે જો તે બંધારણના એવા મૂળભૂત લક્ષણનું ઉલ્લંઘન કરતો હોય કે જે તેના મૂળભૂત માળખાનો ભાગ હોય. એવું ઠેરવવામાં આવ્યું હતું:

"બંધારણનું કોઈ ચોક્કસ લક્ષણ મૂળભૂત માળખાનો ભાગ છે કે નહીં તે નક્કી કરવા માટે, બંધારણની યોજના, તેના ઉદ્દેશ્યો અને હેતુ તેમજ દેશના શાસન માટેના એક મૂળભૂત દસ્તાવેજ તરીકે બંધારણની અખંડિતતાને ધ્યાનમાં રાખીને દરેક વ્યક્તિગત કેસમાં તેની તપાસ કરવી પડશે. એ નોંધવું જરૂરી છે કે સામાન્ય કાયદાઓને પડકારવાનું શક્ય નથી ૩૭૬ (૧૯૯૬) ૭ એસ.સી.સી. ૧ ફકરો ૧૦૭ (પાંચ ન્યાયમૂર્તિઓની બેન્ચ) ૩૭૭ (૨૦૦૮) ૬ એસ.સી.સી. ૧ ફકરો ૧૧૬ (પાંચ ન્યાયમૂર્તિઓની બેન્ચ) મૂળભૂત માળખાના સિદ્ધાંતના આધારે. રાજ્યના કાયદાને એ પ્રશ્ન પર પડકારી શકાય છે કે શું તે બંધારણની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે છે. પરંતુ જ્યાં સુધી બંધારણીય સુધારાઓનો સંબંધ છે, જો મૂળભૂત માળખાના આધારે કોઈ પડકાર કરવામાં આવે, તો બંધારણના મૂળભૂત લક્ષણોના આધારે તેની તપાસ કરવી પડશે."

૩૮૯. મદ્રાસ બાર એસોસિએશન વિ. યુનિયન ઓફ ઈન્ડિયા૩૭૮ માં એક અલગ અભિપ્રાય વ્યક્ત કરવામાં આવ્યો હતો જેમાં એવું ઠેરવવામાં આવ્યું હતું કે બંધારણના મૂળભૂત માળખાના ઉલ્લંઘનના કારણોસર બંધારણમાં સુધારાને પડકારી શકાય છે તે મત કાયદાઓને પણ લાગુ કરવામાં આવે છે. આ એક સિદ્ધાંતનો તાર્કિક વિસ્તાર હોવાનું માની લેવામાં આવ્યું હતું. એવું ઠેરવવામાં આવ્યું હતું:

"આ કોર્ટે વારંવાર ઠેરવેલ છે કે બંધારણની જોગવાઈઓમાં કરવામાં આવેલો સુધારો જો બંધારણના "મૂળભૂત માળખા"નું ઉલ્લંઘન કરતો હોય તો તે ટકી શકે નહીં, ભલે તે સુધારો બંધારણના "ભાગ ૧૧" હેઠળ વિચારવામાં આવેલી પ્રક્રિયાને અનુસરીને કરવામાં આવ્યો હોય. આ બાબત એવા નિર્ધારણ તરફ દોરી જાય છે કે "મૂળભૂત માળખું" અનુલ્લંઘનીય છે. અમારા મતે, આ જ બાબત અન્ય તમામ કાયદાઓને (બંધારણના સુધારાઓ સિવાય) પણ લાગુ પડશે, ભલે કાયદો નિર્ધારિત પ્રક્રિયાને અનુસરીને ઘડવામાં આવ્યો હોય, અને તે કાયદો ઘડનાર ધારાસભાના અધિકારક્ષેત્રમાં હોય, "મૂળભૂત માળખા"નું કોઈપણ ઉલ્લંઘન અસ્વીકાર્ય રહેશે."

૩૯૦. પ્રસ્તુત ચર્ચાના હેતુઓ માટે, હું સ્ટેટ ઓફ કર્ણાટક વિ. યુનિયન ઓફ ઈન્ડિયા માં સાત વિદ્વાન ન્યાયમૂર્તિઓની બેંચ દ્વારા વ્યક્ત કરવામાં આવેલા મંતવ્યને અનુસરવાનું પસંદ કરીશ કે માત્ર બંધારણના સુધારાને જ તે બંધારણના મૂળભૂત માળખાનું ઉલ્લંઘન કરે છે તે કારણસર પડકારી શકાય છે - કોઈ કાયદાને તે ઉલ્લંઘન કરે છે તે કારણસર પડકારી શકાય નહીં[46]

૯૯મા બંધારણીય સુધારા અધિનિયમ સામે પડકાર - પ્રાથમિક બાબતો

(એ) પડકારની મર્યાદાઓ

[46] ૨૯૦ (૧૯૯૪) ૩ એસ.સી.સી. ૫૬૯ (૫ ન્યાયમૂર્તિઓની બેંચ) ૨૯૧ ફકરો ૪૧૨ ૨૯૨ (૧૯૯૨) ૪ એસ.સી.સી. ૬૦૫ ફકરો ૬૬ ૨૯૩ (૨૦૧૦) ૧૧ એસ.સી.સી. ૧ (૫ ન્યાયમૂર્તિઓની બેંચ) ૨૯૪ ફકરો ૧૦૧

૩૯૧. ૯૯મા બંધારણીય સુધારા અધિનિયમની બંધારણીયતાને સમર્થન આપવા માટે વિદ્વાન એટર્ની જનરલ દ્વારા કરવામાં આવેલી પ્રથમ રજૂઆત કેશવાનંદ ભારતીના આધારે હતી. એવી રજૂઆત કરવામાં આવી હતી કે બંધારણ સુધારા અધિનિયમને મર્યાદિત પરિમાણોની અંદર જ બંધારણના મૂળભૂત માળખાનું ઉલ્લંઘન કરતો હોવાના આધારે પડકારી શકાય છે, એટલે કે, માત્ર ત્યારે જ જો તે બંધારણને 'નિર્બળ' કરે, અથવા તેને 'રદ' કરે અથવા તેના મૂળભૂત લક્ષણોને સંપૂર્ણપણે બદલી નાખે જેથી તેની ઓળખ અથવા વ્યક્તિત્વનો નાશ થાય અથવા જેના પર તે ટકેલું છે તે સ્તંભોને હચમચાવી નાખે. ન્યાયતંત્રની સ્વતંત્રતા આવો જ એક સ્તંભ છે તે સ્વીકારવાની સાથે સાથે એવી રજૂઆત કરવામાં આવી હતી કે સુપ્રિમ કોર્ટ અથવા હાઇકોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂકની પદ્ધતિ અને પ્રક્રિયામાં ફેરફાર કરવાથી ન્યાયતંત્રની સ્વતંત્રતાના પાયા કે સ્તંભો નિર્બળ થતા નથી, રદ થતા નથી કે હચમચી જતા નથી. પરિણામે ૯૯મો બંધારણીય સુધારો અધિનિયમ બંધારણના મૂળભૂત માળખાનું ઉલ્લંઘન કરતો નથી.

૩૯૨. આ દલીલ એ સમજવામાં નિષ્ફળ જાય છે કે કેશવાનંદ ભારતીનો નિર્ણય કરનારી બેંચની રચના કરતા વિદ્વાન ન્યાયમૂર્તિઓની બહુમતીનો એવો અભિપ્રાય હતો કે જો કોઈ બંધારણીય સુધારો મૂળભૂત માળખામાં ફેરફાર કરતો હોય, તો તેને મૂળભૂત માળખાનું ઉલ્લંઘન કરનાર જાહેર કરવા માટે તે પૂરતું છે. નિઃશંકપણે, વિદ્વાન ન્યાયમૂર્તિઓ પૈકીના કેટલાકે તેમના ચુકાદા દરમિયાન ખૂબ જ કડક શબ્દોનો ઉપયોગ કર્યો છે - નિર્બળ કરવું, નાશ કરવો, રદ કરવું અને

ઓળખમાં નોંધપાત્ર ફેરફાર કરવો વગેરે, પરંતુ જ્યારે વાસ્તવમાં કયો કાયદો નિર્ધારિત કરવામાં આવ્યો છે તે જણાવવાની વાત આવી, ત્યારે બહુમતીએ એવું ઠરાવ્યું કે 'અનુચ્છેદ ૩૬૮ સંસદને બંધારણના મૂળભૂત માળખા અથવા સ્વરૂપમાં ફેરફાર કરવા માટે સક્ષમ બનાવતો નથી.'૩૭૯

૩૯૩. ઈન્દિરા નેહરુ ગાંધી માં ન્યાયમૂર્તિ ખન્ના દ્વારા આ બાબતનો પુનરોચ્ચાર કરવામાં આવ્યો હતો અને તેને સ્પષ્ટ કરવામાં આવી હતી. 'નાશ કરવો' અને 'રદ કરવું' વગેરે શબ્દોનો ઉપયોગ 'સુધારો' અને 'બંધારણનો સુધારો' શબ્દોના સંદર્ભમાં કરવામાં આવ્યો હતો, જેનો અર્થ એ છે કે 'સુધારો' અને 'બંધારણનો સુધારો' નો વ્યાપક અર્થ 'નાશ કરવો' અથવા 'રદ કરવો' વગેરે તરીકે કરી શકાય નહીં પરંતુ તેનો મર્યાદિત અર્થ થાય છે. 'નાશ કરવો' અને 'રદ કરવું' વગેરે શબ્દોનો ઉપયોગ બંધારણના મૂળભૂત માળખાનો નાશ કરવા અથવા તેને રદ કરવાના સંદર્ભમાં કરવામાં આવ્યો ન હતો. વિદ્વાન ન્યાયમૂર્તિએ સ્પષ્ટપણે કહ્યું હતું કે '[બંધારણના] અનુચ્છેદ ૩૬૮ હેઠળ સુધારાની સત્તા સંસદને બંધારણના મૂળભૂત માળખા અથવા સ્વરૂપમાં ફેરફાર કરવા માટે સક્ષમ બનાવતી નથી ... .' વાસ્તવમાં, ચૂંટણી અરજદારના વિદ્વાન વકીલની આ જ ચોક્કસ રજૂઆત હતી, એટલે કે, બંધારણીય સુધારો 'બંધારણના મૂળભૂત માળખા અથવા સ્વરૂપને અસર કરે છે અને તેથી, [બંધારણના] અનુચ્છેદ ૩૬૮ હેઠળની સુધારા સત્તાથી પર છે.'૩૮૦ વિદ્વાન ન્યાયમૂર્તિએ આ મહત્વપૂર્ણ તફાવત નીચેના શબ્દોમાં સમજાવ્યો હતો:

"અનુચ્છેદ ૩૬૮ હેઠળ સુધારાની સત્તા સંસદને બંધારણના મૂળભૂત માળખા અથવા સ્વરૂપમાં ફેરફાર કરવા સક્ષમ બનાવતી નથી તે પ્રતિપાદન આ કોર્ટ દ્વારા હિસ હોલિનેસ કેશવાનંદ ભારતી વિ. સ્ટેટ ઓફ કેરળ ના કેસમાં ૭ વિરુદ્ધ ૬ ની બહુમતીથી નિર્ધારિત કરવામાં આવ્યું હતું. બહુમતીની રચના કરનારા વિદ્વાન ન્યાયમૂર્તિઓના કેટલાક ચુકાદાઓમાં આપવામાં આવેલા અન્ય કારણો ઉપરાંત, બહુમતીએ "સુધારો" શબ્દના ભાવાર્થની વિચારણા કરી હતી. એવું ઠેરવવામાં આવ્યું હતું કે અનુચ્છેદ ૩૬૮ માં આવતા "બંધારણનો સુધારો" શબ્દો બંધારણના મૂળભૂત માળખાનો નાશ કરવાની કે તેને રદ કરવાની અસર ધરાવી શકે નહીં. આપણામાંથી કેટલાક કે જેઓ તે કેસમાં પક્ષકાર હતા

૩૭૯ ન્યાયમૂર્તિ ખન્ના ઇન્દિરા નેહરુ ગાંધી માં આપવામાં આવેલા નિર્ણયના ફકરા ૧૯૮ માં આ નિષ્કર્ષનો સંદર્ભ આપે છે ૩૮૦ ફકરો ૧૭૩ તેમણે એક અલગ અભિપ્રાય અપનાવ્યો હતો અને એવા નિષ્કર્ષ પર પહોંચ્યા હતા કે અનુચ્છેદ ૩૬૮ માં "બંધારણનો સુધારો" શબ્દો કોઈપણ મર્યાદાને સ્વીકારતા નથી. આપણામાંથી જેઓ કેશવાનંદ કેસમાં લઘુમતીમાં હતા તેઓ કદાચ હજુ પણ તે જ અભિપ્રાય ધરાવી શકે છે જે તે કેસમાં વ્યક્ત કરવામાં આવ્યો હતો. પ્રસ્તુત કેસના હેતુ માટે, આપણે તે કેસમાં બહુમતી દ્વારા નિર્ધારિત કરવામાં આવેલા કાયદા અનુસાર આગળ વધવું પડશે."૩૮૧

૩૯૪. ની બંધારણીય માન્યતાની વિચારણા કરતી વખતે ૩૯મા બંધારણીય સુધારા અધિનિયમ દ્વારા દાખલ કરવામાં આવેલા બંધારણના અનુચ્છેદ ૩૨૯-એ ના ક્લોઝ (૪) ની, ન્યાયમૂર્તિ ખન્નાએ એવો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો કે જો બંધારણના મૂળભૂત માળખાના કોઈ સિદ્ધાંત, અનિવાર્ય નિયમ કે ધારણાનું ઉલ્લંઘન થાય છે, તો બંધારણીય સુધારો પડકાર સામેની પોતાની મુક્તિ ગુમાવે છે.

> "નિર્ણય કરવાનો પ્રશ્ન એ છે કે જો બંધારણનો વાદગ્રસ્ત સુધારો બંધારણના મૂળભૂત માળખાનો ભાગ હોય તેવા કોઈ સિદ્ધાંતનું ઉલ્લંઘન કરતો હોય, તો શું તે ભવિષ્ય માટે બંધારણનું મૂળભૂત માળખું અપ્રભાવિત રહે છે તે હકીકતના કારણે તેની માન્યતા સામેના પડકારમાંથી મુક્તિ ભોગવી શકે છે? ઉપરોક્ત પ્રશ્નનો જવાબ, મારા મતે, નકારાત્મક હોવો જોઈએ. આવી બાબતમાં જે જોવાનું રહે છે તે એ છે કે શું સુધારો એવા કોઈ અનિવાર્ય નિયમ કે ધારણાનું ઉલ્લંઘન કરે છે અથવા તેની વિરુદ્ધ જાય છે કે જે બંધારણના મૂળભૂત માળખાનો અભિન્ન અંગ છે. જો એમ હોય, તો તે એક અસ્વીકાર્ય સુધારો હશે અને તે એક કેસ સાથે સંબંધિત છે કે મોટી સંખ્યામાં કેસો સાથે તેનાથી કોઈ ફરક પડશે નહીં. જો બંધારણના મૂળભૂત માળખા પર પ્રહાર કરતો સુધારો અનુમતિપાત્ર ન હોય, તો તે માત્ર એક કેસ પૂરતો સંબંધિત હોવાના કારણે માન્યતા પ્રાપ્ત કરી લેશે નહીં. ના સમર્થનમાં રજૂ કરવામાં આવેલી દલીલ સ્વીકારવી એટલે ૩૮૧ ફકરા ૧૭૫ અને ૧૭૬ સુધારાની માન્યતા એવું ઠેરવવા સમાન ગણાશે કે ભલે

બંધારણના મૂળભૂત માળખામાં ફેરફાર કરવાની પરવાનગી નથી, છતાં જ્યારે પણ સંબંધિત સત્તાધિકારી આવો સુધારો કરવાનું યોગ્ય સમજે, ત્યારે તે તેમ કરી શકે છે અને આવા સુધારાને એક કેસ પૂરતો મર્યાદિત રાખીને આવો સુધારો કરવા પરના પ્રતિબંધમાંથી છટકી શકે છે. જે બાબત પ્રતિબંધિત છે તે માત્ર એક બાબત પૂરતી મર્યાદિત હોવાના કારણે અનુમતિપાત્ર બની શકે નહીં."૩૮૨

નિષ્કર્ષમાં ન્યાયમૂર્તિ ખન્ના દ્વારા નીચે મુજબ જણાવવામાં આવ્યું હતું:

"ઉપરોક્તના પરિણામે, હું અનુચ્છેદ ૩૨૯-એ ના ક્લોઝ (૪) ને તે મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણીઓના સિદ્ધાંતનું ઉલ્લંઘન કરે છે તે કારણસર રદબાતલ ઠેરવું છું, જે લોકશાહીની આવશ્યક ધારણા છે અને જે બદલામાં બંધારણના મૂળભૂત માળખાનો એક ભાગ છે, કારણ કે (૧) તે અપીલકર્તાની ચૂંટણીની માન્યતા સંબંધિત વિવાદની તપાસ કરવા માટે અન્ય કોઈ ફોરમની જોગવાઈ કર્યા વિના અસ્તિત્વમાં રહેલા ફોરમને નાબૂદ કરે છે અને વધુમાં એવું નિર્ધારિત કરે છે કે સદર વિવાદ કોઈપણ ચૂંટણી કાયદા દ્વારા સંચાલિત થશે નહીં અને સદર ચૂંટણીની માન્યતા આત્યંતિક રહેશે તથા પરિણામે તેને પડકારી શકાશે નહીં, અને (૨) તે ઉપરોક્ત ચૂંટણીની માન્યતાને પડકારવાના અધિકાર અને ઉપાય બંનેનો અંત આણે છે."૩૮૩

૩૯૫. તેવી જ રીતે, કેશવાનંદ ભારતી માં લઘુમતીમાં રહેલા ન્યાયમૂર્તિ કે.કે. મેથ્યુએ (ઇન્દિરા નેહરુ ગાંધી માં) એવો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો કે બહુમતીનો નિર્ણય એવો હતો કે સુધારા દ્વારા બંધારણના મૂળભૂત માળખાને નુકસાન પહોંચાડી શકાય નહીં અથવા તેનો નાશ કરી શકાય નહીં, અને વિદ્વાન ન્યાયમૂર્તિએ તે આધારે આગળ વધીને ઠેરવ્યું કે ૩૯મા બંધારણીય સુધારા અધિનિયમ દ્વારા દાખલ કરવામાં આવેલા બંધારણના અનુચ્છેદ ૩૨૯-એ ના ક્લોઝ (૪) એ બંધારણના મૂળભૂત માળખાને નુકસાન પહોંચાડ્યું હતું અથવા તેનો નાશ કર્યો હતો.૩૮૪ ૩૮૨ ફકરો ૨૧૦ ૩૮૩ ફકરો ૨૧૩ ૩૮૪ ફકરા ૨૬૪ અને ૨૬૫

૩૯૬. ન્યાયમૂર્તિ વાય.વી. ચંદ્રચૂડ, કે જેઓ પણ કેશવાનંદ ભારતી માં લઘુમતીમાં હતા, તેમણે એવો અભિપ્રાય લીધો હતો કે તે નિર્ણયમાં બહુમતી અભિપ્રાય અનુસાર જે સિદ્ધાંત ઉભરી આવ્યો તે એ હતો કે બંધારણનો અનુચ્છેદ ૩૬૮ 'સંસદને બંધારણના મૂળભૂત માળખા અથવા સ્વરૂપમાં ફેરફાર કરવાની સત્તા પ્રદાન કરતો નથી.'૩૮૫ વિદ્વાન ન્યાયમૂર્તિએ વધુમાં કહ્યું કે કેશવાનંદ ભારતી માં રેશિયો ડેસિડેન્ડાઈ એવો હતો કે '[બંધારણના અનુચ્છેદ ૩૬૮ માં રહેલી] સુધારાની સત્તાનો ઉપયોગ બંધારણના આવશ્યક તત્વો અથવા મૂળભૂત માળખાને નુકસાન પહોંચાડવા અથવા તેનો નાશ કરવા માટે કરી શકાય નહીં, ભલે આ શબ્દપ્રયોગો ગમે તે સમાવિષ્ટ કરતા હોય.'૩૮૬

૩૯૭. આ મુદ્દો ફરીથી મિનેર્વા મિલ્સ વિ. યુનિયન ઓફ ઈન્ડિયા૩૮૭ માં વિચારણા માટે આવ્યો હતો. તે કેસમાં પ્રશ્ન એ હતો કે શું ૪૨મા બંધારણ સુધારા અધિનિયમની કલમ ૪ અને કલમ ૫૫ બંધારણના અનુચ્છેદ ૩૬૮ ની સુધારા સત્તાની મર્યાદાનું ઉલ્લંઘન કરે છે કે કેમ. પોતાના વતી અને બહુમતીમાં રહેલા અન્ય વિદ્વાન ન્યાયમૂર્તિઓ (ન્યાયમૂર્તિ એ.સી. ગુપ્તા, ન્યાયમૂર્તિ એન.એલ. ઉંટવાળિયા અને ન્યાયમૂર્તિ પી.એસ. કૈલાસમ) વતી બોલતા મુખ્ય ન્યાયમૂર્તિ ચંદ્રચૂડ દ્વારા ઠેરવવામાં આવ્યું હતું કે:

> "કેશવાનંદ ભારતી માં, આ કોર્ટે બહુમતીથી ઠેરવેલ કે જોકે અનુચ્છેદ ૩૬૮ દ્વારા સંસદને બંધારણમાં સુધારો કરવાની સત્તા આપવામાં આવી છે, છતાં તે સત્તાનો ઉપયોગ બંધારણના મૂળભૂત લક્ષણોને નુકસાન પહોંચાડવા માટે અથવા તેના મૂળભૂત માળખાનો નાશ કરવા માટે કરી શકાય નહીં. અનુચ્છેદ ૩૨ હેઠળની અરજીઓના આ જૂથમાં વિચારણા માટેનો પ્રશ્ન એ છે કે શું કોન્સ્ટીટ્યુશન (૪૨મો સુધારો) એક્ટ, ૧૯૭૬ ની કલમો ૪ અને ૫૫ સુધારાની સત્તા પરની તે મર્યાદાનું ઉલ્લંઘન કરે છે કે કેમ."૩૮૮ ચુકાદામાં થોડા આગળ જતાં, નીચે મુજબ ઠેરવવામાં આવ્યું હતું:
>
> 'કેશવાનંદ ભારતી ના વિવિધ ચુકાદાઓના સારાંશ પર
>
> ૩૮૫ ફકરો ૬૫૧ ૩૮૬ ફકરો ૬૬૩[47]

[47] ૩૫૯ (૧૯૭૭) ૩ એસ.સી.સી. ૫૯૨, ફકરો ૫૬ પર પરંપરાઓ અને વ્યવહારો બંધારણીય જોગવાઈઓ સાથે એટલા બધા સંકળાયેલા છે કે તેમને અલગ કરવા મુશ્કેલ છે.

તેર પૈકીના નવ ન્યાયમૂર્તિઓ દ્વારા હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. સારાંશનો ફકરો ૨ જણાવે છે કે બહુમતી અનુસાર, "અનુચ્છેદ ૩૬૮ સંસદને બંધારણના મૂળભૂત માળખા અથવા સ્વરૂપમાં ફેરફાર કરવા સક્ષમ બનાવતો નથી". સારાંશ એ ચુકાદાનો કાયદેસરનો ભાગ છે કે નહીં, અથવા લેખકો દ્વારા ટાંકવામાં આવેલા વિદ્વતાપૂર્ણ કારણોસર પર ઇન્ક્યુરિયમ છે કે નહીં, એ વાત નિર્વિવાદ છે કે તે બહુમતી દ્રષ્ટિકોણને યોગ્ય રીતે પ્રતિબિંબિત કરે છે.

કેશવાનંદ ભારતી માં બહુમતી મતના આધારે આપણે જે પ્રશ્ન નક્કી કરવાનો છે તે એ છે કે શું કોન્સ્ટીટ્યુશન (૪૨મો સુધારો) એક્ટ, ૧૯૭૬ ની કલમો ૪ અને ૫૫ દ્વારા દાખલ કરવામાં આવેલા સુધારાઓ તેના કોઈપણ મૂળભૂત લક્ષણો અથવા આવશ્યક તત્વોનો નાશ કરીને બંધારણના મૂળભૂત માળખાને નુકસાન પહોંચાડે છે કે કેમ."૩૮૯

કેશવાનંદ ભારતી માં રેશિયો ડેસિડેન્ડાઈની ઉપરોક્ત રજૂઆત પરથી જણાય છે કે 'ફેરફાર કરવો' અને 'નુકસાન પહોંચાડવું' શબ્દો એકબીજાના સ્થાને વાપરવામાં આવ્યા છે. તેવી જ રીતે, 'મૂળભૂત લક્ષણોને નુકસાન પહોંચાડવું' અને 'મૂળભૂત માળખાનો નાશ કરવો' એ 'મૂળભૂત માળખાને નુકસાન પહોંચાડવું' અને 'મૂળભૂત લક્ષણોનો નાશ કરવો' સાથે એકબીજાના સ્થાને વાપરવામાં આવ્યા છે.૩૯૦ મુખ્ય બાબત એ છે જે કેશવાનંદ ભારતી ના 'સારાંશ' માં સમાવિષ્ટ છે, એટલે કે: અનુચ્છેદ ૩૬૮ સંસદને બંધારણના મૂળભૂત માળખા અથવા સ્વરૂપમાં ફેરફાર કરવા સક્ષમ બનાવતો નથી. આના બે કારણો છે. પ્રથમ, તે કેશવાનંદ

ભારતી માં બહુમતીના મંતવ્યોની સમકાલીન રજૂઆત છે અને અન્ય કોઈ અથવા જુદી રજૂઆત નથી અને બીજું, આ રજૂઆત ખુદ ન્યાયમૂર્તિઓની બહુમતી દ્વારા (જેમાં લઘુમતીમાં રહેલા બે ન્યાયમૂર્તિઓનો સમાવેશ થાય છે) કરવામાં આવી છે અને અન્ય કોઈ દ્વારા નહીં.

૩૯૮. એ ઉલ્લેખ કરી શકાય કે કેટલીક આશંકાઓ

૩૮૯ ફકરા ૧૨ અને ૧૩ ૩૯૦ જ્યારે ન્યાયમૂર્તિ ચેલમેશ્વર એવું કહે છે કે 'મૂળભૂત માળખું' અને 'મૂળભૂત લક્ષણો' અલગ-અલગ વિચારો વ્યક્ત કરે છે, ત્યારે હું તેમની સાથે સંમત થવામાં અસમર્થ છું. શબ્દકોશની દ્રષ્ટિએ - હા, પરંતુ બંધારણીય રીતે કહીએ તો - ના. તેઓ એક જ ચિત્રના બે પરિમાણો છે. ગમે તે સંજોગોમાં, હાલની ચર્ચા માટે, આ તફાવત, જો કોઈ હોય તો, પ્રસ્તુત નથી.

સંજીવ કોક મેન્યુફેક્ચરિંગ કું. વિ. ભારત કોકિંગ કોલ લિ.૩૯૧ માં મિનર્વા મિલ્સ 'વિશે' વ્યક્ત કરવામાં આવી હતી. આ આશંકાઓ બેંચ દ્વારા સ્પષ્ટ કરવામાં આવી ન હતી સિવાય કે એવું જણાવવામાં આવ્યું હતું કે આ કેસે 'અમને મૂંઝવણમાં મૂકી દીધા છે', દેખીતી રીતે એ કારણસર કે ૪૨મા બંધારણ સુધારા અધિનિયમની કલમ ૪ અને કલમ ૫૫ ની બંધારણીય માન્યતા અંગે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થયો ન હતો.૩૯૨ આ બાબત કંઈક અંશે વિચિત્ર છે કારણ કે મિનર્વા મિલ્સમાં બહુમતી નિર્ણય આ જણાવવાથી શરૂ થાય છે: 'અનુચ્છેદ ૩૨ હેઠળની અરજીઓના આ જૂથમાં વિચારણા માટેનો પ્રશ્ન એ છે કે શું બંધારણ (૪૨મો સુધારો) અધિનિયમ, ૧૯૭૬ ની કલમો ૪ અને ૫૫ સુધારા સત્તા પરની તે

મર્યાદાનું ઉલ્લંઘન કરે છે.' ન્યાયમૂર્તિ ભગવતી કે જેમણે બહુમતીના મંતવ્યો સાથે આંશિક અસંમતિ દર્શાવી હતી, તેમણે પણ જણાવ્યું હતું કે બંધારણ (૪૨મો સુધારો) અધિનિયમ, ૧૯૭૬ ની કલમો ૪ અને ૫૫ ની બંધારણીય માન્યતા પડકાર હેઠળ હતી.૩૯૩ જોકે, આ ગૂંચવણમાં પ્રવેશવું જરૂરી નથી, પરંતુ એ નોંધવું આવશ્યક છે કે સંજીવ કોક કેશવાનંદ ભારતીની તેની સમજણમાં મિનર્વા મિલ્સ સાથે અસંમત ન હતું.

૩૯૯. વધુ તાજેતરમાં, એમ. નાગરાજ વિ. યુનિયન ઓફ ઈન્ડિયા૩૯૪ માં (ઇન્દિરા નેહરુ ગાંધી કેસમાં ન્યાયમૂર્તિ ખન્નાના શબ્દોને પુનઃવ્યક્ત કરતા) એવું ઠેરવવામાં આવ્યું હતું કે મૂળભૂત માળખાનો સિદ્ધાંત વાસ્તવમાં સંસદની સુધારો કરવાની સત્તા પર એક નિયંત્રણ છે. બંધારણનું મૂળભૂત માળખું એવા બંધારણીય સિદ્ધાંતોનું બનેલું છે કે જે એટલા મૂળભૂત છે કે તેઓ સંસદની સુધારો કરવાની સત્તાને મર્યાદિત કરે છે.

એવો નિષ્કર્ષ કાઢવામાં આવ્યો હતો કે મૂળભૂત માળખાનો સિદ્ધાંત બંધારણીય ઓળખના ખ્યાલ પર આધારિત છે (મિનર્વા મિલ્સમાં ન્યાયમૂર્તિ ભગવતીના શબ્દોને પુનઃવ્યક્ત કરતા). ત્યારબાદ એવું કહેવામાં આવ્યું હતું:

> "મૂળભૂત માળખાનું ન્યાયશાસ્ત્ર એ બંધારણીય ઓળખ સાથેનું જોડાણ છે. કેશવાનંદ ભારતી વિ. સ્ટેટ ઓફ કેરળ માં એવું અવલોકન કરવામાં આવ્યું છે કે \"કોઈપણ વ્યક્તિ કાયદેસર રીતે ૩૯૧ (૧૯૮૩) ૧ એસ.સી.સી. ૧૪૭ (પાંચ ન્યાયમૂર્તિઓની બેંચ) ૩૯૨ ફકરો ૧૧ ૩૯૩

ફકરો ૭૭-એ ૩૯૪ (૨૦૦૬) ૮ એસ.સી.સી. ૨૧૨ (પાંચ ન્યાયમૂર્તિઓની બેંચ) બંધારણનો નાશ કરવા માટે બંધારણનો ઉપયોગ કરી શકે નહીં'. વધુમાં એવું અવલોકન કરવામાં આવ્યું છે કે \"બંધારણનું વ્યક્તિત્વ અપરિવર્તિત રહેવું જોઈએ\". તેથી, આ કોર્ટે કેશવાનંદ ભારતી માં મૂળભૂત માળખાના સિદ્ધાંતનું પ્રતિપાદન કરતી વખતે, બંધારણીય ઓળખના સિદ્ધાંત પર આધાર રાખ્યો છે. \"સુધારો\" શબ્દ એવી પૂર્વધારણા રાખે છે કે ફેરફાર છતાં જૂનું બંધારણ પોતાની ઓળખ ગુમાવ્યા વિના અસ્તિત્વ ધરાવે છે અને તેમાં ફેરફાર કરવામાં આવ્યો હોવા છતાં તે ચાલુ રહે છે. કેશવાનંદ ભારતી માં બહુમતી નિર્ણયમાં વ્યક્ત થયેલા મંતવ્યોનો આ સતત વિષય રહ્યો છે. તેની ઓળખનો નાશ કરવો એટલે બંધારણના મૂળભૂત માળખાને રદબાતલ કરવું. આ બંધારણીય સાર્વભૌમત્વનો સિદ્ધાંત છે ..... બંધારણીય ઓળખના સિદ્ધાંત પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય સાતત્ય જાળવવાનો છે અને ઓળખના તે સાતત્યની અંદર, સમયની સ્થિતિ અને સંજોગોના આધારે ફેરફારો સ્વીકાર્ય છે.\"

૪૦૦. આ 'વિવાદ' હવે આઈ.આર. કોઈલ્હો માં અપાયેલા નિર્ણય સાથે શાંત થઈ ગયો છે જ્યાં બંધારણના સુધારાની બંધારણીય માન્યતા નક્કી કરવા માટેની કસોટી તરીકે મૂળભૂત માળખામાં ફેરફારને સ્વીકારવામાં આવ્યો છે. એવું કહેવામાં આવ્યું હતું: ..

'કેશવાનંદ ભારતી કેસમાં નિર્ણય ૨૪-૪-૧૯૭૩ ના રોજ તેર ન્યાયમૂર્તિઓની બેંચ દ્વારા આપવામાં આવ્યો હતો અને સાત વિરુદ્ધ છ ની બહુમતીથી ગોલકનાથ કેસ૩૯૫ ને ઉલટાવી દેવામાં આવ્યો હતો. બહુમતી મંતવ્યમાં એવું ઠેરવવામાં આવ્યું હતું કે અનુચ્છેદ ૩૬૮ સંસદને બંધારણના મૂળભૂત માળખા કે રૂપરેખામાં ફેરફાર કરવા માટે સક્ષમ બનાવતો નથી.\"૩૯૬ અને ફરીથી, \"કેશવાનંદ ભારતી કેસમાં- બહુમતીએ ઠેરવ્યું હતું કે અનુચ્છેદ ૩૬૮ હેઠળ બંધારણમાં સુધારો કરવાની સત્તા સંસદને બંધારણના મૂળભૂત માળખામાં ફેરફાર કરવા માટે સક્ષમ બનાવતી નથી.\"૩૯૭ ૩૯૫ [૧૯૬૭] ૨ એસ.સી.આર. ૭૬૨ (અગિયાર ન્યાયમૂર્તિઓની બેંચ) ૩૯૬ ફકરો ૨૧ ૩૯૭ ફકરો ૧૧૯

તેથી, આ આક્ષેપ બંધારણના મૂળભૂત માળખા પર નથી પરંતુ સંસદની સુધારો કરવાની સત્તા પર છે.

૪૦૧. વિદ્વાન એટર્ની જનરલે ન્યાયમૂર્તિ કૃષ્ણા ઐયરના ભીમ સિંહજી વિ. યુનિયન ઓફ ઇન્ડિયા૩૯૮ ના ચુકાદામાંથી નીચેના ફકરા પર એ દલીલ કરવા માટે આધાર રાખ્યો હતો કે બંધારણીય સુધારો મૂળભૂત માળખાનું ઉલ્લંઘન કરે તે માટે, તે આઘાતજનક, અંતઃકરણ વિરુદ્ધનો અથવા સમાન ન્યાયના સારતત્વની નિર્લજ્જ વિડંબના હોવો જોઈએ. તે કેસ અર્બન લેન્ડ (સીલિંગ એન્ડ રેગ્યુલેશન) એક્ટ, ૧૯૭૬ ની બંધારણીય માન્યતા સાથે સંબંધિત હતો જેને ૪૦મા બંધારણ સુધારા અધિનિયમ, ૧૯૭૬ દ્વારા બંધારણની નવમી અનુસૂચિમાં મૂકવામાં

૪૬૭. બંધારણના અનુચ્છેદ ૧૨૪બી માં જોગવાઈ કર્યા મુજબ એનજેએસી ની ફરજ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ, સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓ, હાઇકોર્ટોના મુખ્ય ન્યાયમૂર્તિઓ અને હાઇકોર્ટોના અન્ય ન્યાયમૂર્તિઓ તરીકે નિમણૂક માટે વ્યક્તિઓની ભલામણ કરવાની અને એક હાઇકોર્ટમાંથી બીજી કોઈપણ હાઇકોર્ટમાં મુખ્ય ન્યાયમૂર્તિઓ અને હાઇકોર્ટના અન્ય ન્યાયમૂર્તિઓની બદલીની ભલામણ કરવાની છે. ભલામણ કરાયેલ વ્યક્તિ ક્ષમતા અને પ્રામાણિકતા ધરાવે છે તે સુનિશ્ચિત કરવાની ફરજ એનજેએસી ની છે.

૪૬૮. બંધારણના અનુચ્છેદ ૧૨૪સી માં જોગવાઈ છે કે સંસદ કાયદા દ્વારા ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને સુપ્રિમ કોર્ટના અન્ય ન્યાયમૂર્તિઓ, હાઇકોર્ટોના મુખ્ય ન્યાયમૂર્તિ અને અન્ય ન્યાયમૂર્તિઓની નિમણૂક માટેની પ્રક્રિયાનું નિયમન કરી શકશે. આ અનુચ્છેદ એનજેએસી ને તેના કાર્યોના નિર્વહન માટેની પ્રક્રિયા, નિમણૂક માટે વ્યક્તિઓની પસંદગીની રીત અને જરૂરી જણાય તેવી અન્ય બાબતો વિનિયમો દ્વારા નિર્ધારિત કરવાની સત્તા આપે છે.

૪૬૯. બંધારણમાં ઉપરોક્ત સુધારાઓની સાથોસાથ, સંસદ દ્વારા એનજેએસી એક્ટ પસાર કરવામાં આવ્યો હતો. એનજેએસી એક્ટ સુપ્રિમ કોર્ટના સૌથી વરિષ્ઠ ન્યાયમૂર્તિને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે ભલામણ કરવાની જોગવાઈ કરે છે 'જો તેઓ હોદ્દો સંભાળવા માટે યોગ્ય માનવામાં આવે તો' અને સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક માટે તે રીતે નિમાવા પાત્ર હોય તેવી વ્યક્તિઓના નામોની ભલામણ કરવાની જોગવાઈ કરે છે. રસપ્રદ વાત એ છે કે,

એનજેએસી 'નિમણૂક માટે એવી વ્યક્તિની ભલામણ કરશે નહીં જો કમિશનના કોઈપણ બે સભ્યો આવી ભલામણ માટે સંમત ન હોય' (એનજેએસી એક્ટની કલમ ૫). હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ અને હાઈકોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂકની ભલામણ કરવા માટે પણ કંઈક અંશે સમાન પ્રક્રિયા પૂરી પાડવામાં આવી છે (એનજેએસી એક્ટની કલમ ૬).

૪૭૦. રાષ્ટ્રપતિ ચોક્કસ વ્યક્તિની ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક માટે એનજેએસી ની ભલામણ સ્વીકારી શકે છે, પરંતુ તે એનજેએસી ને તેની ભલામણ પર પુનર્વિચાર કરવા માટે પણ કહી શકે છે. જો એનજેએસી તેની અગાઉની ભલામણની પુષ્ટિ કરે તો રાષ્ટ્રપતિ નિમણૂકનું વોરંટ જારી કરશે (એનજેએસી એક્ટની કલમ ૭).

૪૭૧. એનજેએસી ના અધિકારીઓ અને કર્મચારીઓની નિમણૂક એનજેએસી સાથે વિચાર-વિમર્શ કરીને કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવશે અને એનજેએસી ના કન્વીનર કાયદા અને ન્યાય વિભાગમાં ભારત સરકારના સચિવ રહેશે (એનજેએસી એક્ટની કલમ ૮).

૪૭૨. એક હાઈકોર્ટમાંથી બીજી હાઈકોર્ટમાં ન્યાયમૂર્તિઓની બદલી માટેની પ્રક્રિયા એનજેએસી દ્વારા ઘડવામાં આવનાર વિનિયમો દ્વારા નક્કી કરવા પર છોડવામાં આવી છે (સદર અધિનિયમની કલમ ૯). તેવી જ રીતે, એનજેએસી તેના કાર્યોના નિર્વહન માટેની પ્રક્રિયાના સંબંધમાં વિનિયમો ઘડશે (સદર અધિનિયમની કલમ ૧૦).

૪૭૩. કેન્દ્ર સરકારને સત્તા આપવામાં આવી છે એનજેએસી એક્ટની જોગવાઈઓનો અમલ કરવા માટે નિયમો બનાવવાની (તેની કલમ ૧૧) અને કમિશન એનજેએસી એક્ટની જોગવાઈઓનો અમલ કરવા માટે નિયમો બનાવી શકે છે (તેની કલમ ૧૨). કેન્દ્ર સરકાર દ્વારા અને એનજેએસી દ્વારા ઘડવામાં આવેલા નિયમો અને વિનિયમો સંસદ સમક્ષ મૂકવામાં આવશે અને જો સંસદના બંને ગૃહો તે ફેરફાર સાથે સંમત થાય તો તેમાં ફેરફાર કરી શકાશે અને સંસદ એવી જોગવાઈ પણ કરી શકે છે કે કોઈ નિયમ કે વિનિયમની કોઈ અસર રહેશે નહીં (તેની કલમ ૧૩).

૪૭૪. વિવાદનો મુખ્ય સારાંશ આ છે: જો ૯૯મા બંધારણીય સુધારા અધિનિયમ દ્વારા એનજેએસી ની સ્થાપના બંધારણના મૂળભૂત માળખામાં ફેરફાર કરતી હોય, તો ૯૯મા બંધારણીય સુધારા અધિનિયમ અને એનજેએસી એક્ટને ગેરબંધારણીય જાહેર કરવા જ જોઈએ. બંધારણના અનુચ્છેદ ૧૨૪એ દ્વારા એનજેએસી ની સ્થાપના ૯૯મા બંધારણીય સુધારા અધિનિયમ અને એનજેએસી એક્ટ માટે અભિન્ન હોવાથી અને તેઓ વિભાજ્ય ન હોવાથી તેમજ સ્વતંત્ર રીતે ટકી શકતા ન હોવાથી, તેમને પણ ગેરબંધારણીય જાહેર કરવા જ જોઈએ.

૪૭૫. ની બંધારણીય માન્યતાની વિચારણા કરતી વખતે ૯૯મા બંધારણીય સુધારા અધિનિયમ અને એનજેએસી એક્ટની, બ્રિટિશ સંસદ દ્વારા પસાર કરવામાં આવેલા કોન્સ્ટીટ્યુશનલ રિફોર્મ એક્ટ ૨૦૦૫ (સીઆરએ) ના

સંદર્ભ સાથે કરવામાં આવેલી એક રજૂઆત ધ્યાને લેવી જરૂરી છે. આ એટલા માટે કારણ કે રજૂઆતો દરમિયાન એક કરતાં વધુ પ્રસંગે તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. એવું સૂચવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો કે યુકે સુપ્રિમ કોર્ટમાં ન્યાયમૂર્તિઓની નિમણૂક સીઆરએ ની જોગવાઈઓ હેઠળ રચાયેલા જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન દ્વારા કરવામાં આવે છે અને જો આપણી સંસદ દ્વારા કંઈક અંશે સમાન પ્રક્રિયા અપનાવવામાં આવે કે જ્યાં હાઇકોર્ટો અને સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓની ભલામણ એનજેએસી દ્વારા કરવામાં આવે તો તેમાં કશું ખોટું નથી.

૪૭૬. સીઆરએ અને તેની કાર્યપદ્ધતિનો ઉલ્લેખ જેક સ્ટ્રો દ્વારા કરવામાં આવ્યો હતો; જેઓ ૨૦૦૭ થી ૨૦૧૦ સુધી લોર્ડ ચાન્સેલર હતા. તે સમયે લોર્ડ ચીફ જસ્ટિસ યુકેમાં ન્યાયતંત્રના વડા હતા પરંતુ લોર્ડ ચાન્સેલર તેમ છતાં 'ન્યાયતંત્રની સ્વતંત્રતા જાળવી રાખવા માટે' જવાબદાર હતા. 'એસ્પેક્ટ્સ ઓફ લો રિફોર્મ - એન ઇનસાઇડર્સ પર્સ્પેક્ટિવ' શીર્ષક હેઠળના હેમલિન લેક્ચર્સની ૬૪મી શ્રેણીમાં ૪ ડિસેમ્બર, ૨૦૧૨ ના રોજ આપેલા 'ન્યાયિક નિમણૂકો' પરના ૩જા વ્યાખ્યાનમાં તેમણે કહ્યું હતું:

> "સીઆરએ એ એક સ્વતંત્ર જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન (જેએસી) ની સ્થાપના માટે જોગવાઈ કરી હતી.

સૌથી વરિષ્ઠ નિમણૂકો સિવાયની તમામ નિમણૂકો માટે નિમણૂક પ્રક્રિયાનું સંચાલન કરવા અને લોર્ડ ચાન્સેલરને ભલામણો કરવા માટે જેએસી ને

જવાબદાર બનાવવામાં આવ્યું હતું. આ અત્યંત વરિષ્ઠ નિમણૂકો (કોર્ટ ઓફ અપીલ, અને હેડ ઓફ ડિવિઝન, લોર્ડ ચીફ જસ્ટિસના હોદ્દાઓ, અને યુકે સુપ્રિમ કોર્ટના પ્રેસિડેન્ટ, ડેપ્યુટી પ્રેસિડેન્ટ અને સભ્યો માટે) માટે વિશેષરૂપે રચાયેલી પસંદગી પેનલો દ્વારા લોર્ડ ચાન્સેલરને ભલામણો કરવા માટે અલગ જોગવાઈ કરવામાં આવી હતી.

દરેક નિમણૂક માટે, જેએસી, અથવા વિશેષરૂપે રચાયેલી પસંદગી પેનલે, લોર્ડ ચાન્સેલરને એક ભલામણ કરવી જરૂરી હતી."૪૫૭

> "વ્યવહારમાં, જેમ કે મેં કડવા અનુભવ દ્વારા જાણ્યું, આ વ્યવસ્થામાં ઘણી સમસ્યાઓ હતી."૪૫૮
>
> "હું સ્વીકારું છું કે હાઇકોર્ટ અને કોર્ટ ઓફ અપીલની નિમણૂકોના સંબંધમાં લોર્ડ ચાન્સેલરની ભૂમિકા મર્યાદિત હોવી જોઈએ. પરંતુ અમારા સૌથી વરિષ્ઠ ન્યાયમૂર્તિઓના બે જૂથો માટે, અને જુદા જુદા કારણોસર, મારા મતે કોન્સ્ટીટ્યુશનલ રિફોર્મ એક્ટ દ્વારા પૂરી પાડવામાં આવેલી ભૂમિકા કરતાં, અથવા વર્તમાન ક્રાઈમ એન્ડ કોર્ટ્સ બિલ દ્વારા પૂરી પાડવામાં આવવાની સંભાવના છે તેના કરતાં લોર્ડ ચાન્સેલર પાસે વધુ મોટી ભૂમિકા હોવી જોઈએ.

હું ન્યાયમૂર્તિઓના જે બે જૂથો વિશે વાત કરી રહ્યો છું તે છે, પ્રથમ, કોર્ટ ઓફ અપીલના સૌથી વરિષ્ઠ સભ્યો – એટલે કે, હેડ્સ ઓફ ડિવિઝન અને લોર્ડ

ચીફ જસ્ટિસ – અને, બીજું, યુકે સુપ્રિમ કોર્ટના સભ્યો. તારણ સમાન છે, પરંતુ દલીલો જુદી જુદી છે."૪૫૯

યુકે સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂક માટેની 'વિશેષરૂપે રચાયેલી પસંદગી પેનલ' (ઉદાહરણ તરીકે) સીઆરએ ની અનુસૂચિ ૮ સાથે વંચાણે લેવાતી તેની કલમ ૨૬(૫) માં પૂરી પાડવામાં આવી છે અને આ પસંદગી પેનલ (એ) પ્રેસિડેન્ટ

૪૫૭ પૃષ્ઠ ૫૪ ૪૫૮ પૃષ્ઠ ૫૫ ૪૫૯ પૃષ્ઠ ૫૬

એસોસિએશન વિ. યુ.ઓ.આઈ. [મદન બી. લોકુર, ન્યાયમૂર્તિ] સુપ્રિમ કોર્ટના, (બી) સુપ્રિમ કોર્ટના ડેપ્યુટી પ્રેસિડેન્ટ, (સી) (૧) જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન, (૨) જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ બોર્ડ ફોર સ્કોટલેન્ડ, (૩) નોર્ધન આયર્લેન્ડ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન માંથી પ્રત્યેકના એક સભ્યની બનેલી છે. શ્રેણી (સી) માં ઓછામાં ઓછો એક સભ્ય 'બિન-કાયદાકીય લાયકાત ધરાવતો' હોવો જોઈએ. 'વિશેષરૂપે રચાયેલી પસંદગી પેનલ' ની આ પ્રકારની રચના સાથે જેક સ્ટ્રો એક નિમણૂકના સંબંધમાં ન્યાયતંત્રની ઇચ્છાઓ વિરુદ્ધ જઈ શક્યા ન હતા, જેનો તેમના દ્વારા નીચે પરોક્ષ રીતે ઉલ્લેખ કરવામાં આવ્યો છે:

"આ તમામ બાબતોને, ઓછામાં ઓછું સૈદ્ધાંતિક રીતે, કોન્સ્ટીટ્યુશનલ રિફોર્મ એક્ટ દ્વારા પહેલેથી જ માન્યતા આપવામાં આવી છે, જે એવી

જોગવાઈ કરે છે કે અત્યંત વરિષ્ઠ નિમણૂકોના આ બે જૂથોની નિમણૂક સામાન્ય જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન પ્રક્રિયા દ્વારા થવી જોઈએ નહીં.

વરિષ્ઠ ન્યાયતંત્ર અને કારોબારી વચ્ચેના સંબંધની વાસ્તવિકતાને લગભગ અન્ય દરેક અધિકારક્ષેત્રમાં પણ સ્વીકારવામાં આવી છે. વિશ્વમાં અન્યત્ર, સુચારુ રીતે કાર્યરત કોમન-લો અધિકારક્ષેત્રો સહિત, અત્યાર સુધીનો સૌથી સામાન્ય અભિગમ એ રહ્યો છે કે સંબંધિત મંત્રીને ત્રણથી પાંચ નામોની ભલામણ કરવામાં આવે, અને તે પછી તે મંત્રી આ નામાંકિતોમાંથી પસંદગી કરી શકે.

યુનાઇટેડ કિંગડમમાં મંત્રીને માત્ર એક જ નામ મળે તેવો આગ્રહ રાખવાની બાબતમાં આપણે તદ્દન અસામાન્ય છીએ. આ બાબત માત્ર તે સંદર્ભમાં જ સમજી શકાય છે કે જ્યાંથી આપણે આવ્યા છીએ: ૧૯૯૦ ના દાયકાના મધ્ય સુધી લોર્ડ ચાન્સેલરની અનિયંત્રિત વિવેકબુદ્ધિ, ૨૦૦૫ પહેલાંની વ્યવસ્થાઓનું બિન-કાયદાકીય સ્વરૂપ, અપારદર્શક નિર્ણય-નિર્માણ પ્રક્રિયા અને તેની વધતી જતી ટીકા.

પરંતુ આ અત્યંત વરિષ્ઠ નિમણૂકો માટેની આ શાબ્દિક રીતે વિચિત્ર વ્યવસ્થાઓ, જે સંબંધિત હોદ્દાઓની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ન્યાયતંત્ર અને લોર્ડ ચાન્સેલર વચ્ચે ભાગીદારીનો અભિગમ ઊભો કરવાના હેતુથી કરવામાં આવી હતી, તે અસંતોષકારક સાબિત થઈ છે.

વિગતવાર શબ્દરચના અને વ્યવહારમાંની અપેક્ષા બંને લોર્ડ ચાન્સેલર માટે ભલામણને નકારી કાઢવાની અથવા તેના પર પુનર્વિચાર કરવાની વિનંતી કરવાની પોતાની મર્યાદિત સત્તાઓનો ઉપયોગ કરવાનું પણ અત્યંત મુશ્કેલ બનાવે છે. જેમ કે અખબારોમાં નોંધાયેલી બાબત છે, એક એવો પ્રસંગ બન્યો હતો જ્યારે, લોર્ડ ચાન્સેલર તરીકે, મેં આ સત્તાઓનો ઉપયોગ કરવાનો પ્રયાસ કર્યો હતો.

આવી નિમણૂકોની વિચારણા માટે જરૂરી ગુપ્તતાનું મેં હંમેશા પાલન કર્યું હોવાથી, હું અહીં કોઈ વિગતમાં જઈ રહ્યો નથી. જોકે હું આશા રાખું છું કે એ સ્વીકારવામાં આવશે કે જ્યાં સુધી હું એવું ન માનતો હોત કે અધિનિયમ હેઠળ મારી પાસે તેમ કરવા માટે સબળ કારણો છે ત્યાં સુધી મેં આ સત્તાઓનો ઉપયોગ કરવાનો પ્રયાસ કર્યો ન હોત - મારી પાસે સબળ કારણો હતા, જેમ કે ઘણા લોકો હવે જોઈ શકે છે. મારા પગલાંને પક્ષીય રાજકીય તરીકે અર્થઘટિત ન કરી શકાય, જે તે લેશમાત્ર ન હતા, તે સુનિશ્ચિત કરવા માટે મેં ઘણા પ્રયાસો કર્યા હતા. આખરે, આ બાબત કોઈ નિષ્કર્ષ સુધી પહોંચી શકી નહીં. નિમણૂકના સમર્થકોએ - આ પ્રક્રિયામાં સીધી રીતે સંકળાયેલી કોઈ વ્યક્તિએ નહીં - અખબારોમાં વ્યાપક વિગતો લીક કરી દીધી, ચૂંટણી માથે તોળાઈ રહી હતી; મેં નિમણૂકની પુષ્ટિ કરી."૪૬૦

૪૭૭. આ વ્યાખ્યાન અને સીઆરએ ની વાસ્તવિક કાર્યપદ્ધતિનો ઉલ્લેખ કરતાં એવું કહેવાય છે કે વરિષ્ઠ સ્તરની ન્યાયિક નિમણૂકો કરવા માટે, 'લોર્ડ

ચાન્સેલર માટે ન્યાયતંત્રની ઇચ્છાઓ વિરુદ્ધ જવું અશક્ય' છે. પબ્લિક લો માં પ્રકાશિત થયેલા એક તાજેતરના લેખમાં એવું કહેવામાં આવ્યું છે કે:

> "ન્યાયિક નિમણૂકો એ પછીનો સૌથી મોટો ફેરફાર છે, જેની જવાબદારી લોર્ડ ચાન્સેલરના રૂપમાં રહેલી કારોબારીમાંથી ન્યાયતંત્રમાં સ્થળાંતરિત થઈ છે. ઔપચારિક રીતે આ પ્રક્રિયાનું સંચાલન સ્વતંત્ર જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન (જેએસી) દ્વારા કરવામાં આવે છે, પરંતુ વ્યવહારમાં આ પ્રક્રિયા દરેક તબક્કે ન્યાયતંત્ર દ્વારા ભારે પ્રભાવિત હોય છે. દરેક સ્પર્ધાની શરૂઆતમાં લોર્ડ ચીફ જસ્ટિસ સાથે વિચાર-વિમર્શ કરવામાં આવે છે. ન્યાયાધીશો કેસ સ્ટડીઝ અને ૪૬૦ પૃષ્ઠ પ૭-પ૯ લાયકાત કસોટીઓ તૈયાર કરે છે. ન્યાયાધીશો રેફરન્સ લખે છે. ઉમેદવારોના ઇન્ટરવ્યુ લેતી પેનલોમાં એક ન્યાયાધીશ બેસે છે; અને વૈધાનિક વિચાર-વિમર્શમાં ન્યાયાધીશોની સલાહ લેવાય છે. જેએસી માં, ૧૫ કમિશનરોમાંથી ૭ ન્યાયાધીશો છે. એકવાર જેએસી પોતાની પસંદગી પૂર્ણ કરી લે, પછી નીચલા સ્તરે (સર્કિટ જજિસ અને તેનાથી નીચે) તમામ ન્યાયિક નિમણૂકો હવે ઔપચારિક રીતે લોર્ડ ચીફ જસ્ટિસ દ્વારા કરવામાં આવે છે, અને ટ્રિબ્યુનલ નિમણૂકો સિનિયર પ્રેસિડેન્ટ ઓફ ટ્રિબ્યુનલ્સ દ્વારા કરવામાં આવે છે. લોર્ડ ચીફ જસ્ટિસ અને એસપીટી હવે તમામ ન્યાયિક નિમણૂકોના ૯૭ ટકા માટે જવાબદાર છે. વધુ વરિષ્ઠ સ્તરે નિમણૂકો હજુ પણ ઔપચારિક રીતે લોર્ડ ચાન્સેલર દ્વારા નક્કી કરવામાં

આવે છે; પરંતુ વ્યવહારમાં લોર્ડ ચાન્સેલર માટે ન્યાયતંત્રની ઇચ્છાઓ વિરુદ્ધ જવું અશક્ય સાબિત થયું છે."૪૬૧

યુકેમાં નિમણૂક પ્રક્રિયા અને ભારતમાં 'ન્યાયમૂર્તિઓ દ્વારા ન્યાયમૂર્તિઓની નિમણૂક' ની ટીકા વિશે આટલું ઘણું છે!

૪૭૮. આપણામાંથી કોઈના માટે પણ સીઆરએ પર (આ કે તે રીતે) ટિપ્પણી કરવી શક્ય નથી સિવાય કે એટલું કહેવું કે તેમની સમસ્યાઓ અને મુદ્દાઓની સંપૂર્ણ સમજ વગર અન્ય દેશોમાં ન્યાયિક સ્વતંત્રતાના મૂલ્યો અને પરંપરાઓ તથા ન્યાયમૂર્તિઓની નિમણૂકની પ્રણાલીઓ પર આધાર રાખવો સલાહભર્યો નથી. આપણે આપણા દેશની પરિસ્થિતિને (અને આ કોર્ટ દ્વારા આપવામાં આવેલા નિર્ણયોને) અને આપણા દેશમાં પ્રવર્તમાન સંજોગોમાં ન્યાયિક સ્વતંત્રતાનું શ્રેષ્ઠ રીતે રક્ષણ અને જાળવણી કેવી રીતે કરવી તે વધુ સારી રીતે સમજવું જોઈએ અને અન્ય દેશોમાં અમલમાં રહેલી પ્રણાલીઓ વિશે ભ્રમણા રાખવી જોઈએ નહીં.

બંધારણના અનુચ્છેદ ૧૨૪એ અને ૧૨૪(૨) ની માન્યતા - પેકેજ ડીલ

૪૭૯. વિદ્વાન એટર્ની જનરલની રજૂઆત (ઉપર જણાવ્યા મુજબ) એવી છે કે ૯૯મો બંધારણીય સુધારો અધિનિયમ

૪૬૧ પબ્લિક લો (૨૦૧૫): રોબર્ટ હેઝલ દ્વારા જ્યુડિશિયલ ઇન્ડિપેન્ડન્સ એન્ડ એકાઉન્ટેબિલિટી ઇન ધ યુકે હેવ બોથ ઇમર્જ્ડ સ્ટ્રોંગર એઝ

અ રિઝલ્ટ ઓફ ધ કોન્સ્ટીટ્યુશનલ રિફોર્મ એક્ટ ૨૦૦૫ અને એનજેએસી એક્ટ એક 'પેકેજ ડીલ' છે અને એકનું બીજા વગર મૂલ્યાંકન કરી શકાય નહીં. આ રજૂઆતના પ્રકાશમાં ચર્ચા કરવામાં આવશે.

૪૮૦. શરૂઆતમાં જ, એ નોંધવું મહત્વપૂર્ણ છે કે આ પેકેજ અધૂરું છે. ૯૯મો બંધારણીય સુધારો અધિનિયમ અને

એનજેએસી એક્ટ અનુત્તરિત પ્રશ્નોની એક શ્રેણી ઉપસ્થિત કરે છે. ઉદાહરણ તરીકે, એનજેએસી પોતાની ફરજો કેવી રીતે બજાવશે તેવી અપેક્ષા રાખવામાં આવે છે? શું એનજેએસી ની કામગીરીમાં કોઈ પારદર્શિતા રહેશે અને જો હા તો કઈ હદ સુધી? શું 'ઉમેદવારો' ની ગોપનીયતાની ચિંતાઓનું ધ્યાન રાખવામાં આવશે? શું એનજેએસી ની જવાબદેહીના મુદ્દાઓનું નિરાકરણ કરવામાં આવશે? વિદ્વાન એટર્ની જનરલે રજૂઆત કરી હતી કે માત્ર અરજદારો દ્વારા જ નહીં પરંતુ બેંચ દ્વારા પણ મોટી સંખ્યામાં કાલ્પનિક મુદ્દાઓ અને પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે અને ૯૯મા બંધારણીય સુધારા અધિનિયમના સિદ્ધાંતો અનુસાર સંયુક્ત કાયદો અને વિનિયમો ઘડવામાં આવ્યા ન હોવાને કારણે તે તમામને જવાબ આપવો શક્ય નથી. વિદ્વાન એટર્ની જનરલની આ રજૂઆત સ્વીકારી શકાય નહીં, ખાસ કરીને એક કરતાં વધુ પ્રસંગોએ ઉઠાવવામાં આવેલી તેમની તે દલીલને ધ્યાનમાં લેતાં કે ૯૯મા બંધારણીય સુધારા અધિનિયમ દ્વારા જે ઘડવામાં આવ્યું છે તે એક પેકેજ ડીલ છે. જ્યાં સુધી તમામ સંભવિત પરિસ્થિતિઓનું ધ્યાન રાખવામાં ન આવે ત્યાં સુધી, દેશ સમક્ષ રજૂ કરવામાં

આવેલ પેકેજ ડીલ એ એનજેએસી એક્ટના રૂપમાં રેપિંગ પેપર અને ૯૯મા બંધારણીય સુધારા અધિનિયમના રૂપમાં રિબન ધરાવતું એક ખાલી પેકેજ છે. જો સંયુક્ત કાયદો, નિયમો અને વિનિયમોના અભાવે તમામ પ્રશ્નોના જવાબ આપવા શક્ય ન હોય, તો અધકચરા પગલા તરીકે ૯૯મા બંધારણીય સુધારા અધિનિયમ અને એનજેએસી એક્ટને અમલમાં લાવવાની શી ઉતાવળ હતી?

૪૮૧. એ સાચું છે કે બંધારણ દરેક વિગત, ખાસ કરીને કાર્યપદ્ધતિની વિગતોનો ઉલ્લેખ અને સમાવેશ કરી શકતું નથી.૪૬૨ પરંતુ તે જ સમયે, એનજેએસી યોજનાની સારભૂત આવશ્યકતાઓ ૯૯મા બંધારણીય

૪૬૨ જુઓ સ્ટેટ ઓફ પંજાબ વિ. સલિલ સબલોક, (૨૦૧૩) ૫ એસ.સી.સી. ૧, અહેવાલનો ફકરો ૧૧૫.

સુધારા અધિનિયમ સાથે એનજેએસી એક્ટ વાંચતા તેમાંથી સ્પષ્ટ થવી જોઈએ, ખાસ કરીને જ્યારે તે ન્યાયમૂર્તિઓની નિમણૂકની એવી પ્રવર્તમાન પદ્ધતિને ઉથલાવી દેવા માંગતો હોય કે જે ન્યાયતંત્રની સ્વતંત્રતા જાળવી રાખે છે. મહત્વપૂર્ણ મુદ્દાઓને પૂરક કાયદા અથવા પૂરક ગૌણ

વિધાન દ્વારા પાછળથી ઉકેલવા માટે છોડી શકાય નહીં, અન્યથા એક અનિચ્છનીય શૂન્યાવકાશ સર્જાશે, જે સ્થિતિને વધુ વણસાવશે.

૪૮૨. આ પેકેજ ડીલ કાં તો સંપૂર્ણપણે ટકી રહેવી જોઈએ અથવા સંપૂર્ણપણે પડી ભાંગવી જોઈએ - તેનું ટુકડે-ટુકડે અસ્તિત્વ હોઈ શકે નહીં.

૪૮૩. આ દ્રષ્ટિકોણથી જોતાં, ની બંધારણીય માન્યતા ૯૯મા બંધારણીય સુધારા અધિનિયમ દ્વારા દાખલ કરવામાં આવેલા બંધારણના અનુચ્છેદ ૧૨૪એ સાથે વંચાણે લેવાતા અનુચ્છેદ ૧૨૪(૨) ની, કેટલાક કારણોસર શંકાસ્પદ છે.

(એ) એનજેએસી અને રાષ્ટ્રપતિની ભૂમિકા

૪૮૪. બંધારણના અનુચ્છેદ ૧૨૪(૨) અનુસાર તેના અનુચ્છેદ ૧૨૪એ હેઠળ રચાયેલ એનજેએસી એ સુપ્રિમ કોર્ટ અથવા હાઇકોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂક માટે રાષ્ટ્રપતિને ભલામણ કરવી જરૂરી છે. શ્રી ફલી એસ. નરીમને નિર્દેશ કર્યો હતો કે જ્યાં સુધી એનજેએસીનો સંબંધ છે, ત્યાં સુધી એ સ્પષ્ટ નથી કે રાષ્ટ્રપતિનો અર્થ પોતાની વ્યક્તિગત ક્ષમતામાં કાર્ય કરતા રાષ્ટ્રપતિ થાય છે કે મંત્રી પરિષદ. રાષ્ટ્રપતિનો અર્થ ચોક્કસપણે વ્યક્તિગત હોઈ શકે નહીં, અન્યથા ૯૯મા બંધારણ સુધારા અધિનિયમ અને એનજેએસી એક્ટ દ્વારા પરિકલ્પિત ન્યાયમૂર્તિઓની નિમણૂકની પ્રક્રિયા એક ઈમ્પીરિયમ ઈન ઈમ્પીરિયોનું સર્જન કરશે જેને બંધારણ સભાએ જાણીજોઈને ટાળ્યું હતું. બીજી બાજુ, જો રાષ્ટ્રપતિનો અર્થ મંત્રી પરિષદ થતો હોય, તો મંત્રી પરિષદ/રાષ્ટ્રપતિ કયા આધારે (એનજેએસી એક્ટની કલમ ૭ ના પરંતુક હેઠળ) તેના મંતવ્ય પર પુનર્વિચારણા કરવા માટે એનજેએસીને કહી શકે? મંત્રી પરિષદ/રાષ્ટ્રપતિનું કાયદા મંત્રી મારફતે એનજેએસીમાં 'મતદાર સભ્ય' તરીકે પહેલેથી જ પ્રતિનિધિત્વ છે. શું રાષ્ટ્રપતિ/મંત્રી પરિષદ/વડાપ્રધાન એનજેએસી દ્વારા કરવામાં આવેલી એવી ભલામણની પુનર્વિચારણાની માંગણી કરી શકે કે જેમાં કાયદા મંત્રી (કેબિનેટના

એક સભ્ય) પક્ષકાર છે? ખાસ કરીને જ્યારે કાયદા મંત્રી એનજેએસીમાં કેન્દ્ર સરકાર/રાષ્ટ્રપતિનું પ્રતિનિધિત્વ કરતા હોય ત્યારે શું આ માન્ય ગણાશે અને શું તે કેબિનેટની જવાબદારીના સુસ્થાપિત સિદ્ધાંતની વિરુદ્ધ નહીં જાય? વૈકલ્પિક રીતે, જો કોઈ ચોક્કસ કિસ્સામાં કાયદા મંત્રી કોઈ નિમણૂક માટે સંમત થાય પરંતુ મંત્રી પરિષદ તેને સ્વીકારે નહીં, તો શું તે કાયદા મંત્રીની સત્તાને ક્ષીણ નહીં કરે? વધુ મહત્ત્વપૂર્ણ રીતે, જ્યાં સુધી એનજેએસીનો સંબંધ છે ત્યાં સુધી શું મંત્રી પરિષદ/રાષ્ટ્રપતિ એક દેખરેખ સંસ્થા છે?

૪૮૫. (ઉપરોક્ત શંકાઓ છતાં) એવું માની લઈએ કે મંત્રી પરિષદ/રાષ્ટ્રપતિ એનજેએસી પાસે તેની ભલામણ પર પુનર્વિચારણા કરવાની માંગ કરે છે અને પુનર્વિચારણા પર એનજેએસી પોતાની ભલામણનો પુનરોચ્ચાર કરે છે, તો રાષ્ટ્રપતિ તેનાથી બંધાયેલા રહેશે, ભલે તેનો અર્થ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના વાંધાઓને અમાન્ય કરવાનો થતો હોય. ન્યાયમૂર્તિઓની નિમણૂકની આ પ્રક્રિયા સામેનો વાંધો બેવડો છે. પ્રથમ તો, એનજેએસી એક્ટ દ્વારા રાષ્ટ્રપતિને બાંધવા માટે એનજેએસીને કાયદાકીય રીતે આપવામાં આવેલી સત્તા બંધારણના અનુચ્છેદ ૧૨૪(૨) અથવા ૯૯મા બંધારણ સુધારા અધિનિયમ દ્વારા આપવામાં આવેલી સત્તા કરતાં ઘણી વધારે છે. બીજું, આવા પુનરોચ્ચારના કિસ્સામાં, બંધારણ સભાના ઈરાદા અને દાયકાઓથી અનુસરવામાં આવતી બંધારણીય પરંપરાઓથી વિપરીત, આખરે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના અભિપ્રાયનું કોઈ મૂલ્ય રહેતું નથી. ઐતિહાસિક રીતે, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની સંમતિ વિના કોઈ પણ નિમણૂક (કદાચ એકને બાદ કરતાં)

કરવામાં આવી નથી. શું ૯૯મો બંધારણ સુધારો અધિનિયમ, જાણીજોઈને કે અજાણતાં, બંધારણ સભાના મંતવ્યો અને બંધારણીય પરંપરાઓની ઉપેક્ષા કરવા અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના મંતવ્યોને ગૌણ બનાવવાનો ઈરાદો ધરાવે છે? આ પ્રક્રિયાની તુલના નિમણૂકની કોલેજિયમ પ્રણાલી સાથે કરી શકાય છે જેમાં જો કોલેજિયમ દ્વારા કરવામાં આવેલી ભલામણ સર્વસંમત ન હોય તો રાષ્ટ્રપતિ તેને નકારી શકતા હતા. વર્તમાન વ્યવસ્થામાં, ભલામણ સર્વસંમત ન હોય તો પણ રાષ્ટ્રપતિનો આ અધિકાર છીનવી લેવામાં આવ્યો છે, અને તેનાથી રાષ્ટ્રપતિના મહત્ત્વમાં નોંધપાત્ર ઘટાડો કરવામાં આવ્યો છે.

૪૮૬. વધુમાં, એક અર્થમાં રાષ્ટ્રપતિનો નિર્ણય એનજેએસીના બે સભ્યોના અભિપ્રાય પર નિર્ભર બનાવી દેવાયો છે, જેઓ કોઈ ચોક્કસ કિસ્સામાં બંધારણના અનુચ્છેદ ૧૨૪એ(૧)(ડી) મુજબ એનજેએસીમાં નામાંકિત બે પ્રતિષ્ઠિત વ્યક્તિઓ હોઈ શકે છે. આ બે પ્રતિષ્ઠિત વ્યક્તિઓ એનજેએસી એક્ટની કલમ ૫ ની પેટા–કલમ (૨) ના બીજા પરંતુક દ્વારા એનજેએસીના દરેક સભ્યને આપવામાં આવેલા વીટોનો ઉપયોગ કરીને અને કોઈપણ કારણ દર્શાવ્યા વિના, વાસ્તવમાં ન્યાયમૂર્તિની નિમણૂક માટેની એનજેએસીની ભલામણને અવરોધી શકે છે. બીજા શબ્દોમાં કહીએ તો, આ બે પ્રતિષ્ઠિત વ્યક્તિઓ (અથવા એનજેએસીના કોઈપણ બે સભ્યો) કોઈપણ કારણ વિના ન્યાયમૂર્તિઓની નિમણૂકને અટકાવી શકે છે. આવું વારંવાર બનવું જરૂરી નથી તે પ્રસ્તુત નથી– આવી પરિસ્થિતિ સર્જાઈ શકે છે તે જ ચિંતાજનક છે. આ જોગવાઈના પરિણામે, ન્યાયમૂર્તિની નિમણૂક કરવાની જવાબદારી વાસ્તવમાં

આંશિક રીતે રાષ્ટ્રપતિ અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ પાસેથી એનજેએસીના સભ્યો પાસે ચાલી જાય છે, જેમાં કોઈપણ ચોક્કસ વાજબીપણું દર્શાવ્યા વિના કોઈપણ બે અનિર્દિષ્ટ સભ્યોને વીટો એનાયત કરવામાં આવ્યો છે. ૯૯મા બંધારણ સુધારા અધિનિયમ દ્વારા લાવવામાં આવેલો આ એક ખૂબ જ મહત્ત્વપૂર્ણ બંધારણીય ફેરફાર છે જે રાષ્ટ્રપતિ અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ તરફથી એનજેએસી તરફ સંતુલન ફેરવીને ન્યાયમૂર્તિઓની નિમણૂકની પ્રક્રિયા પર માત્ર અતિક્રમણ જ નથી કરતો પરતુ તેમાં ધરખમ ફેરફાર પણ કરે છે . સ્થિતિને વધુ વણસાવતાં, રાષ્ટ્રપતિ કોઈપણ વ્યક્તિ (અન્ય ન્યાયમૂર્તિઓ અથવા વકીલો અથવા નાગરિક સમાજ) ના મંતવ્યો પણ માંગી શકતા નથી, જે ૯૯મા બંધારણ સુધારા અધિનિયમ પહેલાં માન્ય હતું અને સુધારા પહેલાં બંધારણના અનુચ્છેદ ૧૨૪(૨) નો ભાગ હતું. યાદ કરી શકાય છે કે બંધારણનો અનુચ્છેદ ૧૨૪(૨) રાષ્ટ્રપતિને સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટના ન્યાયમૂર્તિઓ સાથે વિચાર–વિમર્શ કરવા સક્ષમ બનાવે છે પરંતુ તે અધિકાર હવે ૯૯મા બંધારણ સુધારા અધિનિયમ દ્વારા છીનવી લેવામાં આવ્યો છે. આ પ્રક્રિયામાં, રાષ્ટ્રપતિ વાસ્તવમાં માત્ર કઠપૂતળી બનીને રહી જાય છે.

૪૮૭. એ પણ યાદ કરી શકાય છે કે ૨૫મી જાન્યુઆરી, ૧૯૯૯ ના ઇન્ડિયા ટુડે મેગેઝિનમાં અહેવાલ મુજબ રાષ્ટ્રપતિએ (એક વ્યક્તિ તરીકે) સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂક અંગે એક દ્રષ્ટિકોણ વ્યક્ત કર્યો હતો. આવી સંભાવનાનું અસ્તિત્વ હવે શક્ય નથી કારણ કે રાષ્ટ્રપતિ (એક વ્યક્તિ

તરીકે) પાસે નિમણૂક પ્રક્રિયામાં તેમ કરવા માટે કહેવામાં આવે ત્યારે નિમણૂકનું વોરંટ જારી કરવા સિવાય ખરેખર કોઈ ભૂમિકા ભજવવાની રહેતી નથી.

૪૮૮. આ ચર્ચાનો સારાંશ એ છે કે રાષ્ટ્રપતિની ભૂમિકા અંગે કોઈ સ્પષ્ટતા નથી. કોઈપણ સંજોગોમાં, ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓ સાથે વિચાર–વિમર્શ કરવા માટે રાષ્ટ્રપતિને ઉપલબ્ધ વિવેકાધિકાર છીનવી લેવામાં આવ્યો છે; રાષ્ટ્રપતિનો નિર્ણય બે પ્રતિષ્ઠિત વ્યક્તિઓના અભિપ્રાયને અધીન છે જેમાંથી કોઈ પણ બંધારણીય રીતે જવાબદાર નથી; કેબિનેટની જવાબદારીના સુસ્થાપિત સિદ્ધાંત પર શંકા ઉપસ્થિત થાય છે; એક કાનૂન – એનજેએસી એક્ટ, બંધારણ નહીં, બંધારણીય માળખાથી વિપરીત રાષ્ટ્રપતિને બાંધે છે; ૯૯મો બંધારણ સુધારો અધિનિયમ બંધારણના મૂળ ઘડાયેલા અનુચ્છેદ ૧૨૪(૨) માં ગંભીર અને ગેરબંધારણીય અતિક્રમણ કરે છે.

(બી) ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને ન્યાયતંત્રની ભૂમિકા

૪૮૯. ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ નિઃશંકપણે એનજેએસીના અધ્યક્ષ છે. જોકે, ૯૯મા બંધારણ સુધારા અધિનિયમ અને એનજેએસી એક્ટ દ્વારા એક વ્યક્તિ તરીકે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની સહભાગિતા અને એક સંસ્થા તરીકે ન્યાયતંત્રની એનજેએસીમાં સહભાગિતાને ઉપહાસાસ્પદ બનાવી દેવામાં આવી છે. ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક માટે કોઈ વ્યક્તિની યોગ્યતા અંગે ન્યાયતંત્રમાં સર્વોચ્ચ બંધારણીય સત્તા ધરાવતા ભારતના મુખ્ય ન્યાયમૂર્તિનો અભિપ્રાય

એનજેએસીના બહુમતી સભ્યોને સ્વીકાર્ય હોય તો પણ, એનજેએસી એક્ટની કલમ ૫ મુજબ તેના અન્ય બે સભ્યો દ્વારા તેને ફગાવી શકાય છે. આ બે વ્યક્તિઓ કાયદા મંત્રી (રાષ્ટ્રપતિનું પ્રતિનિધિત્વ કરતા) અને એક પ્રતિષ્ઠિત વ્યક્તિ અથવા બે પ્રતિષ્ઠિત વ્યક્તિઓ હોઈ શકે છે, જેમાંથી કોઈ પણ તેના સુધારા પહેલાં બંધારણના અનુચ્છેદ ૧૨૪(૨) હેઠળ નિમણૂક પ્રક્રિયામાં અન્ય સર્વોચ્ચ બંધારણીય સત્તા ધરાવતા રાષ્ટ્રપતિનું પ્રતિનિધિત્વ કરતા નથી અથવા પ્રતિનિધિત્વ કરવાનો દાવો કરતા નથી.

૪૯૦. ૯૯મો બંધારણ સુધારો અધિનિયમ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિને, ન્યાયતંત્રના વડા હોવા છતાં, એનજેએસીમાં રાષ્ટ્રપતિને ભલામણ કરતા છ સભ્યો પૈકીના એક બનાવી દે છે, જેનાથી તેઓ પરંપરાગત, ઐતિહાસિક અને કાયદેસરના બંધારણીય મહત્ત્વ અને સત્તાથી વંચિત થાય છે અને બંધારણ સભા તથા બંધારણ દ્વારા પરિકલ્પિત નિમણૂક પ્રક્રિયામાં નોંધપાત્ર વિકૃતિ આવે છે. ૯૯મા બંધારણ સુધારા અધિનિયમ પહેલાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના અભિપ્રાયનું 'ક્રમબદ્ધ વજન' અથવા 'સૌથી વધુ વજન' હતું. પરંતુ હવે ૯૯મા બંધારણ સુધારા અધિનિયમ અને એનજેએસી એક્ટ પસાર થવાથી ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ માત્ર મતના એક આંકડા સમાન બનીને રહી ગયા છે. ભારતના મુખ્ય ન્યાયમૂર્તિને એનજેએસીના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવા તે ચોક્કસપણે ન્યાયતંત્રના વડાના કદમાં ઘટાડો કરવાનું કોઈ આશ્વાસન કે ઉકેલ નથી.

૪૯૧. એનજેએસીમાં એક સંસ્થા તરીકે ન્યાયતંત્રની સહભાગિતા પણ ઉપહાસાસ્પદ છે. ૯૯મો બંધારણ સુધારો અધિનિયમ એનજેએસીમાં કોઈપણ વ્યક્તિને 'વીટો' એનાયત કરવાની પરિકલ્પના કરતો નથી. પરંતુ ૯૯મા બંધારણ સુધારા અધિનિયમ છતાં એનજેએસી એક્ટ એનજેએસીના તમામ સભ્યોને અસરકારક રીતે તે સત્તા આપે છે. આ બાબત એનજેએસી એક્ટની જોગવાઈઓ પરથી સ્પષ્ટ થાય છે જે બે વ્યક્તિઓને, જે પૈકી એક કાયદા મંત્રી છે, ત્રણ સહભાગી ન્યાયાધીશો (ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સહિત) ના સર્વસંમત અભિપ્રાયને વીટો કરવાની સક્ષમતા આપે છે. તેથી, સમગ્ર ન્યાયતંત્ર અને એક સંસ્થા તરીકે (એટલે કે ત્રણ સહભાગી ન્યાયાધીશો) કોઈ ચોક્કસ નિમણૂકની તરફેણમાં હોય તો પણ, એનજેએસીના અન્ય કોઈપણ બે સભ્યો દ્વારા તે સર્વસંમત અભિપ્રાયને નિરર્થક બનાવી શકાય છે, જેમાંથી એક રાજકીય કારોબારીનું પ્રતિનિધિત્વ કરતા કાયદા મંત્રી હોઈ શકે છે અને અન્ય વ્યક્તિ કદાચ ન્યાય વિતરણ સાથે કોઈ સંબંધ ધરાવતી ન હોય. મૂળ ઘડાયેલા બંધારણે ચોક્કસપણે આવી કોઈ પરિકલ્પના કરી ન હતી અથવા આવો કોઈ ઈરાદો રાખ્યો ન હતો.

૪૯૨. આ વિચિત્ર પરિસ્થિતિમાંથી બહાર નીકળવા માટે એવું મધ્યપ્રદેશ રાજ્ય વતી ઉપસ્થિત શ્રી કે.કે. વેણુગોપાલ દ્વારા (એક વૈકલ્પિક દલીલ તરીકે) સૂચવવામાં આવ્યું હતું કે ત્રણ સહભાગી ન્યાયમૂર્તિઓના સર્વસંમત અભિપ્રાયનું વજન સર્વોપરી હોવું જોઈએ, એટલે કે વીટો પર વીટો અથવા 'ટાઈ બ્રેક વોટ' હોવો જોઈએ. શ્રી વેણુગોપાલ આ કોર્ટને કેચ–૨૨ ની સ્થિતિમાં મૂકે છે.

સૂચવવામાં આવેલો વિકલ્પ સ્પષ્ટપણે ન્યાયિક અતિરેક અને ન્યાયતંત્ર દ્વારા કાનૂનને ફરીથી લખવા સમાન ગણાશે. એકમાત્ર તર્કસંગત માર્ગ એ છે કે કાયદાનું જેવો છે તેવો જ અર્થઘટન કરવો અને જો તે બંધારણીય રીતે માન્ય હોય તો તેમ ભલે હોય અને જો તે બંધારણીય રીતે અમાન્ય હોય તો પણ તેમ ભલે હોય. જ્યારે કાનૂનની ભાષા સ્પષ્ટ હોય ત્યારે કાયદાને ફરીથી લખવો સલાહભર્યો કે શક્ય નથી.

૪૯૩. ઉપર નોંધપાત્ર વિગતવાર જણાવ્યા મુજબ, ન્યાયતંત્રની સ્વતંત્રતાએ વિવિધ સમિતિઓ, બંધારણ સભા અને વિવિધ અન્ય સંસ્થાઓ તથા મંચોનો ઘણો ચર્ચાનો સમય લીધો હતો. ઘણા કાયદાવિદોએ પણ ન્યાયતંત્રની સ્વતંત્રતા માટે નોંધપાત્ર પ્રયાસો કર્યા છે અને વિચારશીલ અભ્યાસ આપ્યો છે. તેનો એક ઉદ્દેશ્ય હતો, અર્થાત્, બાહ્ય કે આંતરિક દબાણો દ્વારા આ સ્વતંત્રતા ખોરવાવી ન જોઈએ. ૯૯મા બંધારણ સુધારા અધિનિયમ અને એનજેએસી એક્ટના માધ્યમથી, આ સ્વતંત્રતા સૂક્ષ્મ રીતે જોખમમાં મુકાઈ ગઈ છે. ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં રાષ્ટ્રપતિની વાસ્તવમાં કોઈ ભૂમિકા રહેતી નથી, આ પ્રક્રિયામાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિને બાજુ પર ધકેલી દેવામાં આવ્યા છે અને સંભવિત ક્ષરણને અધીન એવી પ્રણાલી અમલમાં મૂકવામાં આવી છે. ન્યાયમૂર્તિ ઓ'કોનોરે કહ્યું હતું: 'ન્યાયિક સ્વતંત્રતા પોતાની મેળે જ આપોઆપ આવી જતી નથી .....

તેનું સર્જન કરવું અત્યંત મુશ્કેલ છે, અને તેનો નાશ કરવો મોટાભાગના લોકો કલ્પના કરે છે તેના કરતાં વધુ સરળ છે.' ૯૯મો બંધારણ સુધારો અધિનિયમ અને એનજેએસી એક્ટ આ નાજુક ગઢના સંબંધમાં આપણને આ સર્વસ્વીકૃત સત્યની સામસામે લાવીને ઊભા કરી દે છે.

૪૯૪. આ ચર્ચાનો સારાંશ એ છે કે ન્યાયતંત્રના સર્વસંમત અભિપ્રાયને બે પ્રતિષ્ઠિત વ્યક્તિઓ દ્વારા અથવા એક પ્રતિષ્ઠિત વ્યક્તિ અને કાયદા મંત્રી (જેમનો અભિપ્રાય મંત્રી પરિષદના અભિપ્રાયને અધીન છે, જેનું તેઓ પ્રતિનિધિત્વ કરે છે) દ્વારા નકારી શકાય છે; એક સંસ્થા તરીકે ન્યાયતંત્રનો સર્વસંમત અભિપ્રાય, જે અભિપ્રાયનું સન્માન કરવામાં આવતું હતું (અને વાજબી રીતે જ કરવામાં આવતું હતું) તે ૯૯મા બંધારણ સુધારા અધિનિયમ અને એનજેએસી એક્ટ પસાર થવાથી વાસ્તવમાં કંઈપણ ગણાતો નથી; ૯૯મા બંધારણ સુધારા અધિનિયમ દ્વારા ભારતના મુખ્ય ન્યાયમૂર્તિને માત્ર મતના એક આંકડા સમાન અને એનજેએસીમાં છ પૈકીના એક બનાવી દેવામાં આવ્યા છે, જેનાથી તેઓ વડી અદાલતોમાં ન્યાયમૂર્તિઓની નિમણૂક કરવાની બંધારણીય જવાબદારીથી વાસ્તવમાં વંચિત થાય છે અને ઇતિહાસ, બંધારણીય પરંપરા તથા બંધારણ દ્વારા એનાયત કરાયેલ સત્તાથી વંચિત થઈ જાય છે; ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને ન્યાયતંત્રની સંસ્થા હવે તેના નિર્ણયોમાં નાગરિક સમાજના વીટોને અધીન છે. બંધારણ સભા દ્વારા પરિકલ્પિત ન્યાયમૂર્તિઓની નિમણૂકની સમગ્ર યોજના ૯૯મા બંધારણ સુધારા અધિનિયમ અને એનજેએસી

એક્ટ દ્વારા ઉલટસુલટ કરી દેવામાં આવી છે. જો આ બંધારણના મૂળભૂત માળખામાં ફેરફાર કરતું નથી, તો પછી બીજું શું કરે છે?

(સી) પ્રતિષ્ઠિત વ્યક્તિઓ અને વીટો

૪૯૫. એનજેએસી માં પ્રતિષ્ઠિત વ્યક્તિઓનો સમાવેશ કરવાની પ્રેરણા એનસીઆરડબલ્યુસી ના અહેવાલમાંથી મળે છે કે જેણે સુપ્રિમ કોર્ટ અથવા હાઇકોર્ટના ન્યાયમૂર્તિની પસંદગી કરવાની લોકશાહી પ્રક્રિયાના ભાગરૂપે આ ભલામણ કરી હતી. બંધારણના અનુચ્છેદ ૧૨૪એ(૧)(ડી) માં બે પ્રતિષ્ઠિત વ્યક્તિઓને એનજેએસી ના સભ્યો તરીકે નામનિર્દેશિત કરવાની જોગવાઈ છે. આ નામનિર્દેશન વડાપ્રધાન, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા અથવા જ્યાં આવા કોઈ નેતા ન હોય, ત્યાં લોકસભામાં સૌથી મોટા એકમાત્ર વિરોધ પક્ષના નેતાની બનેલી સમિતિ દ્વારા કરવામાં આવે છે. પ્રથમ પરંતુક આદેશ આપે છે કે પ્રતિષ્ઠિત વ્યક્તિઓ પૈકીની એક વ્યક્તિનું નામનિર્દેશન અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ, અન્ય પછાત વર્ગો, લઘુમતીઓ અથવા મહિલાઓ પૈકીની વ્યક્તિઓમાંથી કરવામાં આવશે.

૪૯૬. અરજદારો તરફથી ઉપસ્થિત રહેલા કેટલાક વિદ્વાન વકીલો દ્વારા વ્યક્ત કરવામાં આવેલી આશંકા એ છે કે બે પ્રતિષ્ઠિત વ્યક્તિઓના નામનિર્દેશન માટે કોઈ માર્ગદર્શિકા નિર્ધારિત કરવામાં આવી ન હોવાથી, એવી શક્યતા છે કે જે વ્યક્તિઓ વાસ્તવમાં પ્રતિષ્ઠિત નથી તેમનું એનજેએસી માં નામનિર્દેશન થઈ શકે અથવા તેમની નિમણૂક રાજકીય રીતે પ્રેરિત હશે. તેવી જ

રીતે, સર્વસ્વીકૃત પ્રતિષ્ઠિત વ્યક્તિઓનું એનજેએસી માં નામનિર્દેશન ન પણ થાય. પરંતુ, પ્રતિષ્ઠિત વ્યક્તિ કોણ છે?

૪૯૭. એ.કે. રોય વિ. યુનિયન ઓફ ઈન્ડિયા૪૬૩ માં ચોક્કસ વ્યાખ્યાઓ ઘડવામાં રહેલી મુશ્કેલીનો સંદર્ભ આપવામાં આવ્યો હતો. જોકે આ નિર્ણય નિવારક અટકાયત અને ફોજદારી કાયદાને લગતો હતો, તેમ છતાં વર્તમાન ચર્ચાના સંદર્ભમાં નીચેનું અવલોકન પ્રસ્તુત છે:

> "ગાણિતિક ચોકસાઈ સાથે વ્યાખ્યા ઘડવાની અશક્યતા અસ્પષ્ટ અભિવ્યક્તિઓના ઉપયોગને અથવા એવી કોઈપણ વ્યાખ્યા ઘડવામાં સંપૂર્ણ નિષ્ફળતાને વાજબી ઠેરવી શકતી નથી કે જે ઓછામાં ઓછી તેની સર્વસમાવેશકતા દ્વારા, ધારાસભા દ્વારા ઉપયોગમાં લેવાયેલી અભિવ્યક્તિઓનો અર્થ સમજવા માટે સુરક્ષિત માર્ગદર્શિકા પૂરી પાડી શકે. પરંતુ નોંધવા જેવો મુદ્દો એ છે કે એવી અભિવ્યક્તિઓ હોય છે જે સ્વાભાવિક રીતે પરિસ્થિતિઓની એટલી અનંત વિવિધતાને સમાવી લે છે કે વ્યાખ્યાઓ, તેમને ચોક્કસ અર્થ આપવાને બદલે, માત્ર તેમના ઈચ્છિત વ્યાપને છીનવી લેવામાં અથવા વ્યાખ્યાયિત પદોની વધુ વ્યાખ્યાઓ ઘડવાનું જરૂરી બનાવવામાં જ સફળ થઈ શકે છે."૪૬૪

૪૯૮. બહુમતી વતી બોલતાં ન્યાયમૂર્તિ વર્મા દ્વારા સેકન્ડ જજીસ કેસમાં વ્યક્ત કરાયેલા અભિપ્રાયની નોંધ લેવી પણ જરૂરી છે. વિદ્વાન ન્યાયમૂર્તિનો

એવો મત હતો કે વિવેકબુદ્ધિના ઉપયોગમાં મનસ્વીતા[49] ૪૬૪ પેરા ૬૧ સામૂહિક નિર્ણય દ્વારા ન્યૂનતમ કરી શકાય છે. નીચે મુજબ અવલોકન કરવામાં આવ્યું હતું:

> "કાયદાનું શાસન વિવેકબુદ્ધિનો વ્યાપ ન્યૂનતમ હોવાની કલ્પના કરે છે, જેમાં બિન-મનસ્વીતા સુનિશ્ચિત કરવા માટે માત્ર જાણીતા સિદ્ધાંતો અથવા માર્ગદર્શિકાઓના અમલની આવશ્યકતા હોય છે, પરંતુ તે મર્યાદિત હદ સુધી, વિવેકબુદ્ધિ એક વ્યવહારુ જરૂરિયાત છે. ઉચ્ચ પદાધિકારીઓને વિવેકબુદ્ધિ આપવી અને જ્યારે પણ શક્ય હોય ત્યારે સામૂહિક નિર્ણયની આવશ્યકતા રાખીને બહુલતાનું તત્વ દાખલ કરવું, તે મનસ્વીતા સામેના વધુ નિયંત્રણો છે. આ રીતે આદર્શવાદ અને વ્યવહારવાદ વચ્ચે સમાધાન અને સંકલન સાધવામાં આવે છે, જેથી આ પ્રણાલી સંતોષકારક રીતે કાર્યક્ષમ બની શકે. ઉચ્ચ બંધારણીય પદાધિકારીઓને ઉચ્ચ ન્યાયમૂર્તિઓની નિમણૂકનું કાર્ય સોંપવું; ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના મતને સર્વોચ્ચ મહત્વ આપવું, કે જેઓ ઉમેદવારોની યોગ્યતા નક્કી કરવા માટે તેમની સાચી ક્ષમતાનું મૂલ્યાંકન કરવા શ્રેષ્ઠ રીતે સક્ષમ છે; ભારતના મુખ્ય ન્યાયમૂર્તિનો અભિપ્રાય તેમના કેટલાક સાથીદારોના મંતવ્યો ધ્યાનમાં લીધા પછી રચાયેલો સામૂહિક અભિપ્રાય હોવો; અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સમક્ષ જાહેર કરાયેલા મજબૂત કારણોસર, અયોગ્ય ગણાતી નિમણૂકને અટકાવવાની કારોબારીને

[49] ૩૮૭ (૧૯૮૦) ૩ એસ.સી.સી. ૬૨૫ (પાંચ ન્યાયમૂર્તિઓની બેંચ) ૩૮૮ ફકરો ૧

પરવાનગી હોવી, ન્યાયતંત્ર અથવા કારોબારી પૈકી કોઈને પણ, અને ખાસ કરીને કોઈપણ વ્યક્તિગત વ્યક્તિને, પછી ભલે તે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ હોય કે વડાપ્રધાન, સંપૂર્ણ વિવેકાધિકાર કે વીટો આપ્યા વિના બંધારણીય હેતુ સિદ્ધ કરવા માટે, બંધારણીય યોજનામાં શ્રેષ્ઠ પદ્ધતિ પૂરી પાડે છે."૪૬૫

૪૯૯. ન્યાયમૂર્તિ પાંડિયને એક અલગ પરંતુ સહમત અભિપ્રાયમાં આ જ મત ધરાવ્યો હતો અને તેને નીચેના શબ્દોમાં વ્યક્ત કર્યો હતો:

"વાસ્તવિક સહભાગી લોકશાહીની સ્થાપના માટે એ આવશ્યક અને મહત્વપૂર્ણ છે કે લોકોના તમામ વર્ગો અને સમુદાયો, પછી ભલે તે પછાત વર્ગો હોય કે અનુસૂચિત જાતિઓ કે અનુસૂચિત જનજાતિઓ કે લઘુમતીઓ કે મહિલાઓ હોય, તેમને ૪૬૫ પેરા ૪૬૮ સમાન તક પૂરી પાડવામાં આવવી જોઈએ જેથી ન્યાયિક વહીવટમાં પણ સમાજના તમામ વર્ગોના ઉત્કૃષ્ટ અને ગુણવાન ઉમેદવારો સહભાગી બને અને માત્ર કોઈ પસંદગીના કે સંકુચિત જૂથ દ્વારા જ નહીં."૪૬૬

૫૦૦. સેન્ટર ફોર પીઆઈએલ વિ. યુનિયન ઓફ ઈન્ડિયા૪૬૭ માં સેન્ટ્રલ વિજીલન્સ કમિશન એક્ટ, ૨૦૦૩ હેઠળ સેન્ટ્રલ વિજીલન્સ કમિશનર અને વિજીલન્સ કમિશનરોની નિમણૂક સંબંધિત પ્રશ્ન હતો. સંબંધિત જોગવાઈ એવી હતી કે વડાપ્રધાન, ગૃહ બાબતોના મંત્રી અને લોકસભામાં વિરોધ પક્ષના નેતાની બનેલી પસંદગી સમિતિ રાષ્ટ્રપતિને ભલામણ કરશે, જેઓ પછી સેન્ટ્રલ

વિજીલન્સ કમિશનર અથવા વિજીલન્સ કમિશનરોની, જેવી સ્થિતિ હોય તે મુજબ, પોતાના હસ્તાક્ષર અને મહોર હેઠળના વોરંટ દ્વારા નિમણૂક કરશે. આ સંદર્ભમાં, કોર્ટે ઠેરવેલ કે સંસદે ઉચ્ચ સત્તાવાળી સમિતિમાં વિશ્વાસ મૂક્યો હતો અને એવી ધારણા કરવામાં આવે છે કે વ્યાપક વિવેકાધિકાર સોંપાયેલી ઉચ્ચ સત્તાવાળી સમિતિ સદર અધિનિયમ અનુસાર નિષ્પક્ષપણે અને વાજબી તથા ઉચિત રીતે પોતાની સત્તાઓનો ઉપયોગ કરશે.

૫૦૧. અરજદારો પૈકીના એક તરફથી ઉપસ્થિત રહેલા વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી અરવિંદ દાતાર દ્વારા એ બાબત નિર્દેશિત કરવામાં આવી હતી કે મોટી સંખ્યામાં કાયદાઓમાં કોઈ સંસ્થામાં પ્રતિષ્ઠિત વ્યક્તિઓની ઉપસ્થિતિનો ઉલ્લેખ છે, જેમાં વિષય-વિશિષ્ટ હોય તેવા કેટલાક કાયદાઓનો પણ સમાવેશ થાય છે. જોકે, વિદ્વાન એટર્ની જનરલ દ્વારા એ બાબત નિર્દેશિત કરવામાં આવી હતી કે આ કાયદાઓ પૈકીના કેટલાકના યાદચ્છિક નમૂનામાં એવું જણાયું છે કે તેમાંથી કોઈપણ કાયદામાં કોઈ હોદ્દા પર નિમણૂક માટે વ્યક્તિનું નામનિર્દેશન કરવા અથવા ભલામણ કરવા માટે સેન્ટ્રલ વિજીલન્સ કમિશન એક્ટ જેવી કોઈ ઉચ્ચ સત્તાવાળી સમિતિ નથી.

૫૦૨. અન્ય બાબતો ઉપરાંત, વિદ્વાન એટર્ની જનરલ દ્વારા એવી રજૂઆત કરવામાં આવી હતી કે એનજેએસી માં પ્રતિષ્ઠિત વ્યક્તિઓની ઉપસ્થિતિ 'પસંદગી પેનલ' ની રચનામાં વિવિધતા લાવશે અને આ બાબત અનિવાર્યપણે ૪૬૬ પેરા ૨૧૬(૩) ૪૬૭ (૨૦૧૧) ૪ એસ.સી.સી. ૧ સમાજના મંતવ્યોને

પ્રતિબિંબિત કરશે. આ સંદર્ભમાં રજિસ્ટ્રાર જનરલ, હાઇકોર્ટ ઓફ મદ્રાસ વિ. આર. ગાંધી૪૬૮ નો સંદર્ભ આપવામાં આવ્યો હતો જેમાં નીચે મુજબ ઠેરવવામાં આવ્યું હતું:

> "નિમણૂકો માત્ર કોઈ અલગ-તારવેલા જૂથમાંથી જ કરી શકાતી નથી કે ન તો કોઈ સંકુચિત જૂથનું પ્રતિનિધિત્વ કરીને તેનું વર્ચસ્વ હોવું જોઈએ. તેથી ન્યાયિક નિમણૂકોમાં ગુણાત્મક વ્યક્તિત્વ સાથે શ્રેષ્ઠ કાનૂની તાલીમબદ્ધ મગજ પસંદ કરવા માટેની વિવિધતા એ માર્ગદર્શક પરિબળો છે જે વ્યક્તિગત મંતવ્યોની માત્ર વિચારણાઓથી પ્રભાવિત થયા વિના પાળવા યોગ્ય છે. આ જ કારણસર પૂર્વોક્ત નિર્ણયોમાં નિર્ધારિત કરવામાં આવેલી સામૂહિક વિચાર-વિમર્શ પ્રક્રિયાને કોઈપણ મનસ્વીતા સામેની અંતર્નિહિત વ્યવસ્થા તરીકે ઠેરવવામાં આવી છે."૪૬૯

૫૦૩. આ સંજોગોમાં, નિમણૂક પ્રક્રિયામાં સલાહકારો તરીકે પ્રતિષ્ઠિત વ્યક્તિઓની સહભાગિતા સામે ભાગ્યે જ કોઈ વાંધો હોઈ શકે; વાસ્તવમાં, ન્યાયમૂર્તિ વર્માએ સ્વીકાર્યું હતું કે તેમણે ન્યાયમૂર્તિઓની નિમણૂક માટેની ભલામણો પર વિચાર કરતી વખતે પ્રતિષ્ઠિત વકીલોના મંતવ્યો મેળવ્યા હતા. જો સમિતિ પર 'પ્રતિષ્ઠિત' વ્યક્તિઓનું નામનિર્દેશન કરવા માટે વિશ્વાસ ન મૂકી શકાય, તો કદાચ અન્ય કોઈ સમિતિ પર પણ મૂકી શકાય નહીં. સમિતિ પર મૂકવામાં આવેલો વિશ્વાસ એ સાદો કે કાનૂની વિશ્વાસ નથી પરંતુ બંધારણીય

વિશ્વાસ છે. આ સંબંધમાં, ભીમ સિંઘજી માં ન્યાયમૂર્તિ કૃષ્ણા અૈયરના શબ્દો યાદ કરવા યોગ્ય છે:

> "સત્તા અને તેના આડકતરા ઉપયોગ વચ્ચેનો ભ્રમ એ એક બૌદ્ધિક ભ્રામકતા છે જેની સામે આપણે સાવચેત રહેવું જોઈએ.
>
> કાલ્પનિક શક્યતાઓ, વિચિત્ર ઉપયોગ અને અનુમાનિત વિચલનો બંધારણીય અમાન્યતા માટે પૂરતા વાસ્તવિક નથી. કારોબારીની શંકાસ્પદ અવિચારીતા અથવા તેનાથી પણ ખરાબ બાબત દ્વારા ધારાસભાને નિષ્ફળ કરી શકાય નહીં."૪૭૦

૫૦૪. તેથી, ખોટો ભય પેદા કરવો સલાહભર્યું નથી, જેમ કે કેટલાક[50] ૪૬૯ પેરા ૧૬૩ ૪૭૦ પેરા ૨૦ અરજદારો તરફના વિદ્વાન વકીલો કરતા હતા, પરંતુ તે જ સમયે સત્તાના સંભવિત દુરુપયોગને નકારી શકાય નહીં, જેમ કે આપણો તાજેતરનો ઇતિહાસ આપણને જણાવે છે. કદાચ સ્વસ્થ ચર્ચા સાથે ઘણું સારું અને ચોક્કસ કાયદાકીય મુસદ્દા ઘડતર એ એક ઉકેલ છે, પરંતુ જે બાબત મહત્વની છે તે સમિતિની નિર્ણય લેવાની (નિર્ણય ઘડવાથી ભિન્ન) પ્રક્રિયા છે. સેન્ટર ફોર પીઆઇએલ માં નિર્દેશિત કરવામાં આવ્યું હતું કે વર્તમાન જેવી પરિસ્થિતિમાં, જ્યાં સમિતિની કામગીરીની કોઈ કાર્યપદ્ધતિ નિર્ધારિત કરવામાં આવી નથી, ત્યાં પ્રતિષ્ઠિત વ્યક્તિઓનું નામનિર્દેશન સમિતિના સભ્યોના બહુમતી નિર્ણય દ્વારા થશે.૪૭૧ આનો અર્થ એ થાય છે કે જો ભારતના મુખ્ય

[50] ૪૧૫ (૧૯૯૬) ૧ એસ.સી.સી. ૬૩૭

ન્યાયમૂર્તિ લઘુમતીમાં હોય તો નામનિર્દેશન પ્રક્રિયામાં તેમની ગૌણ ભૂમિકા રહેશે. આનો અર્થ એ પણ થાય છે કે પ્રતિષ્ઠિત વ્યક્તિઓના નામનિર્દેશનની પ્રક્રિયામાં કારોબારી તેમજ ધારાકીય પ્રભાવ ઘૂસી જશે. બીજા શબ્દોમાં, શરૂઆતથી જ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિને હાઇકોર્ટો અને સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂકની પ્રક્રિયામાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે બાજુ પર ધકેલી દેવામાં આવે છે.

૫૦૫. એવી દલીલ સ્વીકારવી પણ શક્ય નથી કે એનજેએસી માં મતદાનના અધિકાર સાથે પ્રતિષ્ઠિત વ્યક્તિઓની ઉપસ્થિતિ ન્યાયતંત્રની સ્વતંત્રતા પર કોઈ અસર કરશે નહીં, પરંતુ વિવિધતા લાવવાના સંદર્ભમાં ફાયદાકારક રહેશે. આ જ પરિણામ ખૂબ સારી રીતે પ્રાપ્ત કરી શકાયું હોત, જેમ કે ન્યાયમૂર્તિ વર્મા દ્વારા સૂચવવામાં આવ્યું હતું, બંધારણના મૂળભૂત માળખામાં ફેરફાર કર્યા વિના, સલાહકારોને કોઈ વીટો આપ્યા વિના.

૫૦૬. બાબતને વધુ ખરાબ બનાવનારી હકીકત એ છે કે ગણપૂર્તિ (કોરમ) ના અભાવમાં અથવા પ્રતિષ્ઠિત વ્યક્તિઓના નામનિર્દેશનમાં સર્વસંમતિના અભાવમાં, સમિતિ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર-વિમર્શ કર્યા વિના નામનિર્દેશન કરી શકે છે. તેથી, જો કોઈ માન્ય કારણસર, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ બેઠકમાં હાજરી આપવા અસમર્થ હોય, તો સમિતિ એનજેએસી માં પ્રતિષ્ઠિત વ્યક્તિઓનું (કદાચ પ્રતિબદ્ધ ન્યાયતંત્રના ખ્યાલમાં માનતી હોય તેવી) નામનિર્દેશન કરી શકે છે અને પ્રતિબદ્ધ ન્યાયતંત્ર સ્વીકારવા માટે તેના

નિર્ણયોને પ્રભાવિત કરી શકે છે ૪૭૧ અહેવાલના પેરા ૭૯ થી ૮૬ માંની ચર્ચા ખૂબ ઉપયોગી છે. સ્વતંત્ર ન્યાયતંત્રના બદલે.૪૭૨ આવું થવાની શક્યતા ઓછી છે, પરંતુ જો રાજકીય કારોબારી કોઈ સમયે પ્રતિબદ્ધ ન્યાયતંત્ર મેળવવા માટે દૃઢનિશ્ચયી હોય, તો ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના મતની અવગણના કરીને એનજેએસી માં રાજકીય રીતે સક્રિય પ્રતિષ્ઠિત વ્યક્તિઓનું નામનિર્દેશન કરવું એ એક વાસ્તવિક શક્યતા છે.

૫૦૭. 'પ્રતિષ્ઠિત વ્યક્તિ' ની શ્રેણી સામે ઉઠાવવામાં આવેલો અન્ય એક વાંધો એ છે કે આવી વ્યક્તિને ન્યાયતંત્રની જરૂરિયાતોનું કોઈ જ્ઞાન ન હોઈ શકે અને તે ન્યાયમૂર્તિની પસંદગીમાં કોઈ અસરકારક યોગદાન આપી શકશે નહીં. એવી રજૂઆત કરવામાં આવી હતી કે પ્રતિષ્ઠિત વ્યક્તિ પાસે કાયદા અને ન્યાયતંત્રની થોડી પૃષ્ઠભૂમિ હોવી જોઈએ. સૈદ્ધાંતિક રીતે આ દલીલ ખૂબ જ આકર્ષક છે, પરંતુ વાસ્તવમાં તેમાં બહુ ઓછો સાર છે. બંધારણ સભાના ઘણા સભ્યો પાસે કાયદાની કોઈ તાલીમ કે પૃષ્ઠભૂમિ નહોતી અને છતાં તેમણે આપણને એક ભવ્ય બંધારણ આપવામાં યોગદાન આપ્યું હતું. આજે આપણી પાસે રહેલા શ્રેષ્ઠ મગજો પૈકીના એક – પ્રોફેસર અમર્ત્ય સેન – પાસે કાયદાની કોઈ તાલીમ કે પૃષ્ઠભૂમિ નહોતી અને છતાં તેમણે આપણને ન્યાયશાસ્ત્રમાં એક મહત્વપૂર્ણ યોગદાન તરીકે 'ધ આઈડિયા ઓફ જસ્ટિસ', સંસ્થાકીય અર્થમાં ન્યાયનો વિચાર (નીતિ) અને સાક્ષાત્કાર થયેલા ન્યાયનો વિચાર (ન્યાય) આપ્યા છે. તેથી, એવું કહેવું યોગ્ય રહેશે નહીં કે એનજેએસી માંની (અથવા બહારના સલાહકાર તરીકેની) પ્રતિષ્ઠિત વ્યક્તિને કાયદા અથવા ન્યાય વિતરણ

સાથે કોઈ સંબંધ હોવો જ જોઈએ. જો પ્રતિષ્ઠિત વ્યક્તિ પાસે તે 'લાયકાત' હોય તો તે ઉપયોગી થઈ શકે છે, પરંતુ તે ચોક્કસપણે એકદમ આવશ્યક હોવી જરૂરી નથી.

૫૦૮. છેવટે, એવી દલીલ કરવામાં આવી હતી કે બંધારણના અનુચ્છેદ ૧૨૪એ(૧)(ડી) ના પ્રથમ પરંતુકમાં જણાવ્યા મુજબ એક પ્રતિષ્ઠિત વ્યક્તિ નિર્દિષ્ટ શ્રેણીમાંથી હોવી જોઈએ તેવી આવશ્યકતા ભેદભાવપૂર્ણ છે અને તેનો કોઈ ઉદ્દેશ્ય સરતો નથી. તેના ૪૭૨ ઈશ્વર ચંદ્ર વિ. સત્યનારાયણ સિંહા, (૧૯૭૨) ૩ એસ.સી.સી. ૩૮૩ ના અહેવાલના ફકરા ૧૦ માં ઠેરવવામાં આવ્યું હતું કે: "... જ્યાં કોરમ નક્કી કરવા માટે કોઈ નિયમ કે વિનિયમ અથવા અન્ય કોઈ જોગવાઈ નથી, ત્યાં સભ્યોની બહુમતીની ઉપસ્થિતિ તેને એક માન્ય બેઠક બનાવશે અને તેમાં વિચારણા હેઠળ લેવાયેલી બાબતોને અમાન્ય ઠેરવી શકાય નહીં."

પ્રત્યુત્તરમાં, વિદ્વાન એટર્ની જનરલે રજૂઆત કરી કે કાયદાના ક્ષેત્ર બહારની પ્રતિષ્ઠિત વ્યક્તિની ઉપસ્થિતિ ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં અત્યંત જરૂરી વિવિધતા લાવશે. યુનાઇટેડ કિંગડમનો અનુભવ, જેમ કે જેક સ્ટ્રો દ્વારા સમજાવવામાં આવ્યો છે, તે આ ધારણાને સમર્થન આપતો જણાતો નથી. તેમના વ્યાખ્યાનમાં, તેમણે જણાવ્યું હતું કે: 'વિવિધતા અંગેની ધારણા– જે છેવટે ભોળી સાબિત થઈ– એ હતી કે જો આપણે પ્રક્રિયા બદલીશું, તો આપણે પરિણામ બદલી નાખીશું.' કોઈપણ સંજોગોમાં, પ્રતિષ્ઠિત વ્યક્તિ દ્વારા

એનજેએસીમાં કઈ શ્રેણીનું પ્રતિનિધિત્વ હોવું જોઈએ કે ન હોવું જોઈએ તે અનિવાર્યપણે નીતિનો વિષય છે અને તે નીતિ કોઈપણ રીતે વિકૃત જણાતી નથી, પરંતુ તેના પર પુનર્વિચાર કરવાની જરૂર ચોક્કસ છે.

૫૦૯. અસંતોષનું વાસ્તવિક કારણ એનજેએસી એક્ટની કલમ ૫(૨) નો બીજો પરંતુક છે જે અસરકારક રીતે એનજેએસીના દરેક સભ્યને વીટો પ્રદાન કરે છે. વીટો (વિદ્વાન એટર્ની જનરલ દ્વારા ઉલ્લેખિત પેકેજ ડીલનો એક ભાગ) વિશે જે બાબત વાંધાજનક છે તે એ છે કે તેનો ઉપયોગ બે પ્રતિષ્ઠિત વ્યક્તિઓ દ્વારા પણ કરી શકાય છે કે જેમની નિમણૂક પ્રક્રિયામાં ભાગીદારીની બંધારણ સભા દ્વારા કલ્પના પણ કરવામાં આવી નહોતી: બંધારણના અનુચ્છેદ ૧૨૪(૨) માં (તેના સુધારા પહેલાં) નિમણૂક પ્રક્રિયામાં માત્ર બે જ બંધારણીય સત્તાધિકારીઓ સામેલ હતા- રાષ્ટ્રપતિ અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ. ૯૯મા બંધારણ સુધારા અધિનિયમે એક ત્રીજા અને અગાઉ બિન-બંધારણીય રહેલા 'સત્તાધિકારી' એટલે કે પ્રતિષ્ઠિત વ્યક્તિનો પ્રવેશ કરાવ્યો છે. ૯૯મા બંધારણ સુધારા અધિનિયમ પહેલાં નિમણૂક પ્રક્રિયામાં જેમની કોઈ ભૂમિકા નહોતી તેવી બે પ્રતિષ્ઠિત વ્યક્તિઓએ અચાનક કાફકાએસ્ક પ્રમાણ ધારણ કરી લીધું છે અને તેઓ સાથે મળીને નિમણૂક પ્રક્રિયાને લકવાગ્રસ્ત કરી શકે છે, જેનાથી રાષ્ટ્રપતિ અને ભારતના મુખ્ય

ન્યાયમૂર્તિને એવા કારણોસર શૂન્ય સમાન બનાવી શકે છે જેમને ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક માટે વિચારણા હેઠળની વ્યક્તિની ન્યાયિક ક્ષમતા

અથવા સક્ષમતા અને યોગ્યતા સાથે કશી લેવાદેવા ન હોય. તેઓ કદાચ આવું ન પણ કરે તે તદ્દન અલગ બાબત છે, પરંતુ ન્યાયમૂર્તિઓની નિમણૂક જેવા ગંભીર બંધારણીય મુદ્દામાં તમામ શક્યતાઓને ધ્યાનમાં લેવી જરૂરી છે કારણ કે તે ન્યાયતંત્રની સ્વતંત્રતાને અને આખરે લોકોના અધિકારોને, જેમાં મૂળભૂત અધિકારોનો પણ સમાવેશ થાય છે, અસર કરે છે. એનજેએસીના કોઈપણ સભ્યને, પ્રતિષ્ઠિત વ્યક્તિ હોય કે અન્યથા, વીટો આપવો એ રાષ્ટ્રપતિ અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની સત્તા પર સ્પષ્ટપણે ગેરબંધારણીય અંકુશ છે.

૫૧૦. આ ચર્ચાનો સારાંશ એ છે કે સિદ્ધાંતિક રીતે, ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં જીવનના તમામ ક્ષેત્રોની પ્રતિષ્ઠિત વ્યક્તિઓ સાથે વિચાર–વિમર્શ કરવા સામે કોઈ વાંધો હોઈ શકે નહીં, પરંતુ આ પ્રતિષ્ઠિત વ્યક્તિઓ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા (અન્ય ન્યાયમૂર્તિઓ અને સંભવિતપણે અન્ય પ્રતિષ્ઠિત વ્યક્તિઓ સાથે વિચાર–વિમર્શ કરીને) સર્વાનુમતે કે અન્ય રીતે લેવાયેલા નિર્ણય પર વીટો વાપરી શકે તે અકલ્પ્ય છે – તે એનજેએસીમાં પ્રતિષ્ઠિત વ્યક્તિઓને વર્ચ્યુઅલ રીતે રાજાશાહી સત્તા પ્રદાન કરે છે, કોઈપણ જવાબદારી વિનાની સત્તા; પ્રતિષ્ઠિત વ્યક્તિઓની શ્રેણીઓ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ, અન્ય પછાત વર્ગો, લઘુમતીઓ કે મહિલાઓ સુધી મર્યાદિત ન હોવી જોઈએ, પરંતુ તે નીતિનો વિષય છે અને તેના વિશે પુનર્વિચાર જરૂરી છે તે સિવાય વધુ કંઈ કહી શકાય નહીં; એનજેએસીમાં નામાંકનના હેતુઓ માટે કોણ પ્રતિષ્ઠિત વ્યક્તિ છે કે નહીં તે નક્કી કરવા માટે કોઈ માર્ગદર્શિકા હોઈ શકે નહીં, પરંતુ આ પસંદગી એક ઉચ્ચ–

સત્તાવાળી સમિતિ પર છોડી દેવામાં આવી છે તે પૂરતો અંકુશ છે, શરત માત્ર એટલી કે સમિતિનો નિર્ણય સર્વાનુમત હોવો જોઈએ.

(ડી) કાયદા મંત્રી

૫૧૧. અરજદારો દ્વારા ઘણા કારણોસર એનજેએસીમાં કાયદા મંત્રીની ઉપસ્થિતિ સામે વાંધો ઉઠાવવામાં આવ્યો હતો. મુખ્યત્વે, એવી દલીલ કરવામાં આવી હતી કે ભારતીય સંઘ અદાલતોમાં સૌથી મોટો પક્ષકાર છે અને કાયદા મંત્રીને એનજેએસીના સભ્ય તરીકે રાખવાથી નિષ્પક્ષ પસંદગી માટે નુકસાનકારક સાબિત થઈ શકે છે, જો વિપરીત પરિણામ આપનારું ન બને તો પણ.

૫૧૨. એ સાચું છે કે ભારતીય સંઘ દેશમાં સૌથી મોટો પક્ષકાર છે અને તે બાબત સેકન્ડ જજિસ કેસમાં સ્વીકારવામાં આવી હતી. ન્યાયમૂર્તિ પાંડિયન દ્વારા નીચે મુજબ જણાવવામાં આવ્યું હતું:

> "કોઈપણ એ વાતનો ઇનકાર કરી શકે નહીં કે વર્તમાન સમયમાં રાજ્ય મુખ્ય પક્ષકાર બની ગયું છે અને ઉચ્ચ અદાલતો, ખાસ કરીને સુપ્રિમ કોર્ટ, તોફાની વિવાદોના કેન્દ્રો બની ગઈ છે, જે પૈકીના કેટલાક રાજકીય પ્રત્યાઘાતોનો રંગ ધરાવે છે અને અદાલતોએ વાવાઝોડા અને તોફાનોનો સામનો કરવો પડે છે કારણ કે તેમની જીવંતતા એક રાષ્ટ્રીય અનિવાર્યતા છે. તેથી આવા સંજોગોમાં, શું સરકાર, એટલે કે મુખ્ય પક્ષકાર, પોતાના લવાદોને નામાંકિત કરવામાં અને તેમની નિમણૂક કરવામાં સંપૂર્ણ સત્તા

ભોગવવા માટે વાજબી ગણાય? તેનો જવાબ નકારાત્મક હશે. જો આવી પ્રક્રિયા ચાલુ રહેવા દેવામાં આવે, તો લાંબા ગાળે ન્યાયતંત્રની સ્વતંત્રતા કોઈ નિશાન વિના ડૂબી જશે."૪૭૩

૫૧૩. તેવી જ રીતે, ન્યાયમૂર્તિ કુલદીપ સિંઘે પણ ઉલ્લેખ કર્યો હતો કે ભારતીય સંઘ દેશમાં એકમાત્ર સૌથી મોટો પક્ષકાર છે. વિદ્વાન ન્યાયમૂર્તિએ જણાવ્યું હતું:

"એસ.પી. ગુપ્તા કેસમાં આ કોર્ટે ઘડિયાળના કાંટાને ચાલીસ વર્ષ પાછળ લઈ જઈને બંધારણના અનુચ્છેદો ૧૨૪(૨) અને ૨૧૭(૧) માં રહેલા શબ્દોનું અર્થઘટન કર્યું હતું. છેલ્લા ચાર દાયકા દરમિયાન સર્વોચ્ચ ન્યાયતંત્રની કામગીરી, 'ન્યાયિક સમીક્ષા'ની વિસ્તરતી ક્ષિતિજો, 'ન્યાયતંત્રની સ્વતંત્રતા'નો વ્યાપક ખ્યાલ, ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં રૂઢિઓમાં પરિણમેલી પ્રથા અને દાખલાઓ અને અદાલતો સમક્ષ કારોબારીની સૌથી મોટા એકલ પક્ષકાર તરીકેની ભૂમિકા, એ કેટલાક એવા મહત્વપૂર્ણ પાસાંઓ છે કે જેના પર બંધારણીય જોગવાઈઓનું અર્થઘટન કરતી વખતે આ કોર્ટ દ્વારા ધ્યાન આપવામાં આવ્યું ન હતું."૪૭૪

૫૧૪. વિદ્વાન ન્યાયમૂર્તિએ આ જ ભાવના નીચેના શબ્દોમાં ઘણી વધુ ભારપૂર્વક વ્યક્ત કરી હતી:

"પછી જે પ્રશ્ન વિચારણા માટે આવે છે તે એ છે કે, જ્યારે ન્યાયમૂર્તિઓની નિમણૂકની સત્તા કારોબારીમાં નિહિત હોય ત્યારે શું સ્વતંત્ર ન્યાયતંત્ર હોઈ શકે? એમ કહેવું કે

૪૭૩ ફકરો ૨૦૭ ૪૭૪ ફકરો ૩૨૭

હા, તે અતાર્કિક ગણાશે. ન્યાયતંત્રની સ્વતંત્રતા ઉચ્ચ ન્યાયતંત્રના ન્યાયમૂર્તિઓની નિમણૂકની બંધારણીય પ્રક્રિયા સાથે અતૂટ રીતે જોડાયેલી અને સંલગ્ન છે. 'ન્યાયતંત્રની સ્વતંત્રતા' એ આપણા બંધારણનું મૂળભૂત લક્ષણ છે અને જો તેનો અર્થ એવો થતો હોય જેની આપણે ઉપર ચર્ચા કરી છે, તો બંધારણના ઘડવૈયાઓનો આ સત્તા કારોબારીને આપવાનો ક્યારેય ઈરાદો હોઈ શકે નહીં. અન્યથા પણ, મોટી સંખ્યામાં કેસોમાં સરકારો – કેન્દ્ર કે રાજ્ય – અદાલતો સમક્ષ પક્ષકારો હોય છે. સુપ્રિમ કોર્ટ સમક્ષ ન્યાયનિર્ણય માટે આવતી વિવિધ મહત્વપૂર્ણ બાબતોમાં કેન્દ્રીય કારોબારીના મહત્વપૂર્ણ હિતો સંકળાયેલા હોય છે. કારોબારી – એક યા બીજા સ્વરૂપમાં – અદાલતો સમક્ષ સૌથી મોટો એકલ પક્ષકાર છે. બાબતના આ પરિપ્રેક્ષ્યમાં, ન્યાયતંત્ર – લોકો અને કારોબારી વચ્ચે – મધ્યસ્થ હોવાથી, બંધારણના ઘડવૈયાઓ સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટોના ન્યાયમૂર્તિઓની નિમણૂક કરવાની આખરી સત્તા કારોબારીના હાથમાં છોડી શકે નહીં. આ કોર્ટે એસ.પી. ગુપ્તા કેસમાં એવી ધારણા પર કામ કર્યું હતું કે ન્યાયતંત્રની સ્વતંત્રતા એ બંધારણનું મૂળભૂત લક્ષણ છે પરંતુ તેણે આપેલું અર્થઘટન આ બે વિભાવનાઓ – 'ન્યાયતંત્રની સ્વતંત્રતા' અને 'ન્યાયિક

સમીક્ષા' – જે પરસ્પર જોડાયેલી છે, તેના વ્યાપક પાસાંઓ સાથે સુસંગત ન હતું તેની કદર કરવામાં નિષ્ફળ રહી હતી."૪૭૫

આ બાબતને ધ્યાને લેતાં, એમાં કોઈ શંકા હોઈ શકે નહીં કે ભારત સરકાર એક મુખ્ય પક્ષકાર છે અને કેબિનેટ મંત્રી હાઇકોર્ટ કે સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિની વાસ્તવિક પસંદગીમાં ભાગ લે (અને વીટો ધરાવે) તે અત્યંત વિસંગત છે.૪૭૬

૫૧૫. ઐતિહાસિક રીતે, અને મેં આ સંબંધમાં વર્ચ્યુઅલ રીતે દરેક સંબંધિત સમિતિમાંથી વિગતવાર ટાંક્યું છે કે,

૪૭૫ ફકરો ૩૩૫ ૪૭૬ દેશમાં રાજ્ય એક મુખ્ય પક્ષકાર હોવાની સ્થિતિ આજે પણ એવી જ રહે છે. ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં નિર્ણય લેવાની પ્રક્રિયામાંથી કારોબારીને હંમેશા બહાર રાખવાનો જ ઈરાદો હતો. એનજેએસીમાં કાયદા મંત્રીનો સમાવેશ કરીને જે હાંસલ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે તે ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં નિર્ણય લેવાની પ્રક્રિયામાંથી કારોબારીને બહાર રાખવાની બાબતમાં કાનૂની દિગ્ગજો, ડૉ. આંબેડકર અને બંધારણ સભાના ડહાપણ પર શંકા ઊભી કરવાનું છે.

૫૧૬. તેમ છતાં, એ સાચું છે કે કોઈ વ્યક્તિને હાઇકોર્ટ કે સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ તરીકે નિયુક્ત કરવી જોઈએ કે નહીં તે અંગે નિર્ણય લેવાની પ્રક્રિયામાં કારોબારી તરફથી મળતા ઇનપુટ્સ મહત્વપૂર્ણ છે. પરંતુ કારોબારી દ્વારા ઇનપુટ્સ પૂરા પાડવા એ કારોબારી દ્વારા નિર્ણય લેવાની પ્રક્રિયા કરતાં અથવા નિર્ણય લેવાની પ્રક્રિયામાં કારોબારીના સામેલ હોવા કરતાં તદ્દન અલગ છે. જ્યારે એ

સ્વીકારવું રહ્યું કે કાયદા મંત્રી એનજેએસીના છ સભ્યો પૈકી માત્ર એક છે, પરંતુ એનજેએસીમાં સમગ્ર કેબિનેટ અને ભારત સરકારનું પ્રતિનિધિત્વ કરતા કેબિનેટ મંત્રી હોવાના કારણે, કાયદા મંત્રી નિઃશંકપણે એક ખૂબ જ મહત્વપૂર્ણ અને રાજકીય રીતે શક્તિશાળી વ્યક્તિ છે કે જેમના મંતવ્યો એનજેએસીના અન્ય સભ્યો ધરાવતા હોય તેવા મંતવ્યો પર સંભવિતપણે મોટો પ્રભાવ પાડી શકે છે. કાયદા મંત્રી પોતાના હોદ્દાની રૂએ એનજેએસીના સભ્યના નિર્ણયને પ્રભાવિત કરવા સંભવિતપણે સક્ષમ હોવાથી, કાયદા મંત્રી માટે નિર્ણય લેવાની પ્રક્રિયાનો ભાગ બનવું અયોગ્ય ગણાશે. પસંદગી પ્રક્રિયા માત્ર નિષ્પક્ષ હોવી જોઈએ એટલું જ નહીં પરંતુ નિષ્પક્ષ દેખાવી પણ જોઈએ.

૫૧૭. એ સમજવું અને મૂલ્યાંકન કરવું આવશ્યક છે કે ઘણા દેશોમાં ન્યાયિક નિમણૂક પંચની રચના તરફનું ધરખમ પરિવર્તન માત્ર એ સુનિશ્ચિત કરવા માટે થઈ રહ્યું છે કે ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં કારોબારીની કોઈ ભૂમિકા ન રહે.

વિદ્વાન એટર્ની જનરલે આ પરિવર્તનને સમર્થન આપ્યું હતું પરંતુ જો આ વલણને ગંભીરતાથી લેવામાં આવે, તો કોઈપણ પંચમાં અથવા વર્તમાન કેસની જેમ એનજેએસીમાં, કાયદા મંત્રીનું કોઈ સ્થાન હોઈ શકે નહીં. તેથી, જ્યારે ૯૯મો બંધારણ સુધારા અધિનિયમ અને

એનજેએસી એક્ટ કારોબારીથી સ્વતંત્ર રહેવાના ઉદ્દેશવાળી સંસ્થા સ્થાપવાનો પ્રયાસ કરે છે, ત્યારે સ્થાપિત કરવામાં આવેલ એનજેએસીમાં આ

સંસ્થાના એક ભાગ તરીકે રાજકીય કારોબારીના એક મહત્વપૂર્ણ સભ્ય છે, જે તદ્દન કાળબાહ્ય છે.

૫૧૮. એ પણ સમજવું જરૂરી છે કે ફર્સ્ટ જજિસ કેસમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો તે મુજબ બે દેશો ઑસ્ટ્રેલિયા (હાલમાં હાઇકોર્ટ અને સ્ટેટ

સુપ્રિમ કોર્ટોમાં કુલ આશરે ૨૦૦ ન્યાયાધીશો ધરાવે છે) અને ન્યુઝીલેન્ડ (આજે [સુપ્રિમ કોર્ટ અને કોર્ટ ઓફ અપીલમાં] કુલ આશરે ૨૦ ન્યાયાધીશો ધરાવે છે) ઉચ્ચ ન્યાયતંત્ર માટે ન્યાયિક નિમણૂક પંચ રચવા તરફ વળી રહ્યા હતા.૪૭૭ આ અરજીઓની સુનાવણી દરમિયાન અમને જણાવવામાં આવ્યું હતું કે આ દેશોએ ચાર દાયકા પછી પણ આવા પંચોની સ્થાપના કરી નથી, જ્યારે આપણો દેશ તેમ કરવા માટે ભારે ઉતાવળમાં જણાય છે. આ દેશોમાં મુદ્દાઓ, વાદ-વિવાદો, ચર્ચાઓ અને વિચારણાઓ આપણા કરતાં અલગ હશે, પરંતુ માત્ર આ અને અન્ય દેશો ન્યાયિક નિમણૂક પંચ તરફ જોઈ રહ્યા છે તે ભારત માટે તેમ કરવાનું કોઈ કારણ નથી. દક્ષિણ આફ્રિકાનો પણ સંદર્ભ આપવામાં આવ્યો હતો પરંતુ, જેમ કે દરેક વ્યક્તિ જાણે છે કે, રંગભેદ (એપાર્થાઇડ) ના અંત પછી તે દેશમાં વિવિધતાના મુદ્દાઓ ભારે ચિંતાનો વિષય છે. તેથી, અન્ય દેશોની ન્યાયિક નિમણૂક પ્રણાલીઓની આપણા દેશ સાથે તુલના કરવી અને તે દેશોમાં કાર્યક્ષમ હોઈ શકે તેવા વિચારો અને ખ્યાલોને, આપણા દેશમાં તેનો સ્વીકાર કરી શકાય કે તેને અનુકૂળ બનાવી શકાય કે નહીં તે ધ્યાનમાં લીધા વિના સીધા ઉઠાવી લેવા તે અયોગ્ય છે.

૫૧૯. ઑસ્ટ્રેલિયામાં, સીઆરએ દ્વારા દાખલ કરવામાં આવેલા યુકે જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશનને અપનાવવાનું સૂચન કરતા એક લેખમાં ૪૭૭ ન્યાયમૂર્તિ ભગવતી: "અમે નિર્દેશ કરી શકીએ છીએ કે ઑસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ એવા વિચાર તરફ વળ્યા છે કે ઉચ્ચ ન્યાયતંત્રની નિમણૂક માટે એક જ્યુડિશિયલ કમિશન હોવું જોઈએ. છેક જુલાઈ ૧૯૭૭ માં ઓસ્ટ્રેલિયાના મુખ્ય ન્યાયમૂર્તિએ જાહેરમાં જણાવ્યું હતું કે ઓસ્ટ્રેલિયામાં આવા કમિશનની નિમણૂક કરવાનો સમય આવી ગયો છે. તેવી જ રીતે ન્યુઝીલેન્ડમાં પણ, રોયલ કમિશન ઓન ધ કોર્ટ્સ કે જેના અધ્યક્ષ ન્યાયમૂર્તિ મિ. બીટલ હતા, જેઓ હવે ન્યુઝીલેન્ડના ગવર્નર–જનરલ બન્યા છે, તેણે ભલામણ કરી હતી કે એક જ્યુડિશિયલ કમિશને હાઇકોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂકો સહિતની તમામ ન્યાયિક નિમણૂકો પર વિચાર કરવો જોઈએ." [પેરા ૩૧) માં ન્યાયિક નિમણૂકો અને રાજકીય આશ્રય (જે સ્થાપિત એનજેએસી માં શક્ય હોઈ શકે છે) વિશે આ કહેવામાં આવ્યું છે:

> "જ્યારે ઓસ્ટ્રેલિયન ન્યાયતંત્રની સામૂહિક શક્તિ અને ગુણવત્તા શંકાથી પર છે, તેમ છતાં એ બાબત છે કે અમુક ચોક્કસ નિમણૂકોએ ટીકા આકર્ષિત કરી છે, પછી ભલે તે પસંદ કરાયેલી વ્યક્તિના ચારિત્ર્ય અને ક્ષમતાના સંબંધમાં હોય અથવા હોદ્દા પર હોવા દરમિયાન તેમના આચરણના સંબંધમાં હોય. તે એક સર્વવિદિત હકીકત છે કે એવા ન્યાયિક અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે, જેમાં હાઇકોર્ટમાં પણ સમાવેશ થાય છે, કે જેમના ચારિત્ર્ય અને બૌદ્ધિક તેમજ કાનૂની ક્ષમતાઓ

અંગે શંકા કરવામાં આવી છે અને જેમની નિમણૂકોને રાજકીય આશ્રયના ઉદાહરણો તરીકે ઓળખવામાં આવી છે. જે આવશ્યક છે તે એ છે કે ન્યાયિક અધિકારીઓને નિર્ણયકારી સ્વતંત્રતાની ખાતરી આપવામાં આવે. ન્યાયિક સ્વતંત્રતાનું હાર્દ ખાનગી પક્ષકારો વચ્ચે, રાજ્ય અને ખાનગી પક્ષકારો વચ્ચે, અને (એક સંઘરાજ્યમાં) રાજ્યના ઘટકો વચ્ચે ઉદ્ભવતા કાનૂની અધિકારો સંબંધિત વિવાદોનો ન્યાયનિર્ણય કરવાના કેન્દ્રીય ન્યાયિક કાર્યમાં પ્રભાવથી મુક્તિ છે. આ હાર્દનું રક્ષણ કાર્યકાળ, મહેનતાણું અને સત્તાઓના અધિકારક્ષેત્રીય પૃથક્કરણ જેવી સંસ્થાગત વ્યવસ્થાઓ દ્વારા કરવામાં આવે છે. જેમ કે અમે અગાઉ નોંધ્યું છે, એ અનિવાર્ય છે કે નિમણૂક પ્રક્રિયામાં રાજકારણની ભૂમિકા રહેશે. જોકે, જો નિમણૂકો રાજકીય આશ્રયના આધારે કરવામાં આવી હોવાનું માનવામાં આવે તો નિર્ણયકારી સ્વતંત્રતા સામે (ઓછામાં ઓછું તેના બાહ્ય દેખાવ સામે) ખતરો ઊભો થાય છે. નિમણૂક પ્રક્રિયામાંથી રાજકીય બાબતને સંપૂર્ણપણે દૂર કરવી અશક્ય - અને અનિચ્છનીય - છે. ખરેખર તો, અમારા મતે, નિમણૂકો માટેની જવાબદારી અને ઉત્તરદાયિત્વના અર્થમાં 'રાજકીય' વિચારણાઓને અસ્પષ્ટ કરવાને બદલે વધુ સુદ્રઢ બનાવવાની જરૂર છે. નિમણૂકના મોડેલે જે કરવાનો પ્રયાસ કરવો જોઈએ તે એ છે કે નિમણૂક પ્રક્રિયા પર રાજકીય શાખાના સીધા પ્રભાવને ઓછો કરવો અને નિર્ણયકારી સ્વતંત્રતા સુનિશ્ચિત કરવા માટેની તમામ હાલની બંધારણીય

વ્યવસ્થાઓનું જતન કરતી વખતે, નિમણૂક પ્રક્રિયામાં તેની સંડોવણીને વધુ પારદર્શિતા અને ઉત્તરદાયિત્વને આધીન કરવી."૪૭૮

૫૨૦. દક્ષિણ આફ્રિકામાં, ન્યાયિક નિમણૂકો અંગે વિચારણા કરતી વખતે, બંધારણીય અદાલતના ભૂતપૂર્વ ન્યાયાધીશ ન્યાયમૂર્તિ યવોન મોકગોરોએ આ મુજબ જણાવ્યું હતું:

'આમ, દક્ષિણ આફ્રિકામાં ન્યાયિક પરિવર્તનમાં નવી ન્યાયિક નિમણૂક પ્રક્રિયાનો સમાવેશ થવો જોઈએ જે મુક્ત અને બાહ્ય પ્રભાવથી સ્વતંત્ર હોય; મુક્ત અને લોકશાહી સમાજની સેવા કરતા ન્યાયતંત્રના સ્વરૂપને આકાર આપવાના મહત્વપૂર્ણ પાસાઓ તરીકે, ખાસ કરીને જાતિ અને લિંગના સંદર્ભમાં, બેંચની જનસાંખ્યિકી બદલવી; એ બાબતને સમજવી કે ન્યાયિક સક્ષમતા અને ન્યાયાધીશો તેમની ન્યાયિક સત્તા અને સ્વતંત્રતાનું સંચાલન કેવી રીતે કરે છે તે ન્યાય સુધીની સુગમતા અને ન્યાયિક ઉત્તરદાયિત્વ વધારવાના મુખ્ય પાસાઓ છે. મૂળભૂત રીતે નવી કાનૂની વ્યવસ્થાના સિદ્ધાંતો અને મૂલ્યોનો અમલ કરવો અને તેનો સ્વીકાર કરવો એ પણ એક મહત્વપૂર્ણ વલણગત ફેરફાર છે જે કાયદાના ન્યાયિક અર્થઘટન અને નવા બંધારણીય ન્યાયશાસ્ત્રના સર્જન પર મૂળભૂત અસરો પાડશે. આ તમામ સુધારાઓ કોઈ શંકા વિના ન્યાયિક પરિવર્તન માટે જરૂરી વિચારણાઓ છે. તેથી અદાલતોએ કાર્યક્ષમ રીતે કાર્ય કરવું જોઈએ જેથી ન્યાયાધીશો અત્યંત સક્ષમતાપૂર્વક સૌને ન્યાય

આપી શકે. આ સિદ્ધાંત માટે મૂળભૂત બાબત એ છે કે ન્યાયમૂર્તિઓની નિમણૂક કરતી વખતે દક્ષિણ આફ્રિકાની જાતીય અને લિંગ સંરચનાને ન્યાયતંત્ર વ્યાપકપણે પ્રતિબિંબિત કરે તે જરૂરિયાત ધ્યાને લેવી જ જોઈએ. ૪૭૮ સિમોન ઈવાન્સ અને જોન વિલિયમ્સ દ્વારા એપોઇન્ટિંગ ઓસ્ટ્રેલિયન જજિસ: અ ન્યૂ મોડેલ. [૨૦૦૮] સિડની લો રિવ્યુ વોલ્યુમ ૩૦ પાનું ૨૯૫. જુઓ http://sydney.edu.au/law/slr/slr૩૦_૨/Evans.pdf

આપણા જેવા સમાજમાં, જ્યાં પિતૃસત્તા એટલી ઊંડે સુધી જડબેસલાક થયેલી છે, જે કાયદાના ક્ષેત્રની મહિલાઓ સહિત ઘણી બધી મહિલાઓના રોજિંદા જીવન પર પ્રતિકૂળ અસર કરે છે, ત્યાં બેંચ પર અને સત્તા તેમજ સત્તાધિકારના હોદ્દાઓ પર મહિલાઓની સહભાગિતાના વ્યૂહાત્મક મૂલ્યને ઓછું આંકવું જોઈએ નહીં. તેમની વિકાસ સંચાલન શૈલી, ન્યાયનિર્ણયના કાર્યમાં તેઓ જે વિશિષ્ટ દ્રષ્ટિકોણ લાવે છે તેનો પ્રભાવ અને ત્યાં તેમની ઉપસ્થિતિનું માત્ર પ્રતીક પણ પરિવર્તનની પ્રક્રિયા માટે તથા સમગ્ર સમાજમાં મહિલાઓ પ્રત્યેના આદર માટે પ્રચંડ લાભ લાવી શકે છે. સમગ્ર ન્યાયતંત્રમાં તેમજ ખાસ કરીને નેતૃત્વના હોદ્દાઓ પર મહિલાઓની જરૂરિયાતને વધારે પડતી ગણાવી શકાય નહીં. જોકે, આપણે લાંબી મજલ કાપી છે, છતાં આપણે સહમત થવું પડશે કે આપણે હજુ સપાટીને જ સ્પર્શી શક્યા છીએ. આપણે આપણા પ્રયાસો વધારવા જ પડશે. કેટલીક બાબતો બદલાવી જ જોઈએ."૪૭૯

સરળ શબ્દોમાં કહીએ તો, વિવિધ દેશોમાં વિચારણાઓ ભિન્ન હોય છે. આપણા પોતાના વાતાવરણ અને આપણી પોતાની જરૂરિયાતોને અનુરૂપ હોય તેવી આપણી પોતાની સ્વદેશી પ્રણાલી હોવી આપણને જરૂરી છે.

૫૨૧. ન્યાયમૂર્તિઓની નિમણૂક પર ૧૧મી ડિસેમ્બર, ૨૦૧૧ ના એક પોઝિશન પેપરમાં, લો સોસાયટી ઓફ બોત્સ્વાનાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે વિવિધ કાનૂની પ્રણાલીઓમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં વિવિધ પ્રતિભાવોની જરૂર પડે છે. એવું કહેવામાં આવ્યું હતું કે:

> "સમગ્ર પ્રદેશમાં, કાયદાના શાસન, લોકશાહી અને માનવ અધિકારોના સંરક્ષણ તેમજ સંવર્ધન માટે ન્યાયિક સ્વતંત્રતાની સુસંગતતા નિર્વિવાદ છે. આ સ્વીકૃતિ હોવા છતાં, ન્યાયિક સ્વતંત્રતા સતત એવા જોખમોનો સામનો કરી રહી છે જે માત્ર વ્યક્તિગત ન્યાયમૂર્તિઓ સાથે જ નહીં પરંતુ વિશેષ કરીને ન્યાય આપવાની જવાબદારી ધરાવતી સંસ્થાઓ સાથે સમાધાન કરે છે. તે હેતુ માટે, ન્યાયિક સ્વતંત્રતા લોકશાહી અને બંધારણવાદની મુખ્ય આધારશિલાઓ પૈકીની એક રહી છે

૪૭૯ http://www.sabar.co.za/law-journals/૨૦૧૦/december/૨૦૧૦-december-vol૦૨૩-no૩-pp૪૩-૪૮.pdf સમગ્ર વિશ્વમાં, જે મોટાભાગની કાનૂની પ્રણાલીઓનું મુખ્ય લક્ષ્ય રહેલું છે. એ નોંધવામાં આવ્યું છે કે ન્યાયતંત્રની સ્વતંત્રતા માટે એ જરૂરી છે કે સરકારની કારોબારી અને ધારાકીય શાખાઓના પ્રભાવ અથવા

નિયંત્રણમાંથી મુક્તિ હોવી જોઈએ. આ મહત્વપૂર્ણ લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે, ન્યાયિક અધિકારીઓની નિમણૂકની પ્રણાલીઓને ન્યાયતંત્રની સ્વતંત્રતા હાંસલ થાય તે સુનિશ્ચિત કરવા માટે નિર્ણાયક માનવામાં આવે છે. જોકે ન્યાયિક સ્વતંત્રતાના મહત્વ પર સામાન્ય સર્વસંમતિ છે, છતાં વિવિધ કાનૂની પ્રણાલીઓએ ન્યાયિક હોદ્દો ધરાવનારાઓની નિમણૂક માટે વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ કર્યો છે. આમાં સમાવેશ થાય છે; (એ) રાજકીય સંસ્થાઓ દ્વારા નિમણૂક; (બી) સ્વયં ન્યાયતંત્ર દ્વારા નિમણૂક; (સી) જ્યુડિશિયલ કાઉન્સિલ દ્વારા નિમણૂક (જેમાં બિન–ન્યાયાધીશ સભ્યોનો સમાવેશ થઈ શકે છે) અને કેટલીકવાર (ડી) એક ચૂંટણી પ્રણાલી દ્વારા પસંદગી. આ વિવિધતા ઓછામાં ઓછું એ દર્શાવે છે કે ન્યાયિક સ્વતંત્રતાની ખાતરી આપવા માટેના શ્રેષ્ઠ અભિગમ પર કોઈ સામાન્ય સવસંમતિ અસ્તિત્વમાં નથી . તેમ છતાં, ન્યાયમૂર્તિઓની નિમણૂક માટેની કાર્યપદ્ધતિઓ ન્યાયિક સ્વતંત્રતા અને ન્યાયતંત્રમાં જનતાનો વિશ્વાસ જાળવી રાખવા માટે નિર્ણાયક રહે છે."૪૮૦

૫૨૨. વિદ્વાન એટર્ની જનરલ દ્વારા નિર્દેશ કરવામાં આવ્યો હતો કે આઝાદી પછીના તમામ સમય દરમિયાન, કાયદા મંત્રી ન્યાયમૂર્તિઓની નિમણૂકની પ્રક્રિયાનો એક ભાગ રહ્યા છે. વાસ્તવમાં કાયદા મંત્રી મારફતે જ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સમક્ષ મહત્વપૂર્ણ ઇનપુટ્સ મૂકવામાં આવે છે, ખાસ કરીને એવી બાબતોના સંબંધમાં કે જેના વિશે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ વાકેફ ન પણ હોય, જેમ કે ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક માટે વિચારણા હેઠળની

વ્યક્તિનો પૂર્વઇતિહાસ અને અંગત લક્ષણો. તેથી, હવે કાયદા મંત્રીને આ પ્રક્રિયામાંથી બાકાત રાખવાનું કોઈ કારણ નથી.

૫૨૩. ઉપર જણાવ્યા મુજબ, વચ્ચે તફાવત રહેલો છે -

૪૮૦

http://www.lawsociety.org.bw/news/Position%૨૦Paper%૨૦on%૨૦Appointment%૨૦of%૨૦Judges%૨૦Final%૨૦૧૪%૨૦june%૨૦૨૦૧૨%૨૦'Final'.pdf કાયદા મંત્રી દ્વારા ભારતના મુખ્ય ન્યાયમૂર્તિને ઇનપુટ્સ પૂરા પાડવા અને હાઇકોર્ટ અથવા સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂક અંગેના આખરી નિર્ણયમાં કાયદા મંત્રીનો મત હોવો. જ્યારે પ્રથમ બાબત સામે ચોક્કસપણે કોઈ વાંધો હોઈ શકે નહીં અને વાસ્તવમાં તે જરૂરી હશે, પરંતુ નિર્ણય લેવાની પ્રક્રિયામાં ભાગીદારી વાંધાજનક છે. બીજા શબ્દોમાં કહીએ તો, કાયદા મંત્રી નિર્ણય–ઘડતરની પ્રક્રિયાનો ભાગ હોઈ શકે છે (જેમ કે ૯૯મા બંધારણ સુધારા અધિનિયમ પહેલાંની સ્થિતિ હતી) પરંતુ તેઓ નિર્ણય લેવાની પ્રક્રિયાનો ભાગ ન હોવા જોઈએ. આ તફાવત ખૂબ જ મહત્વપૂર્ણ છે. નિર્ણય લેવાની પ્રક્રિયામાં કાયદા મંત્રીની મતદાન સહિતની સહભાગિતા બંધારણ સભાની ચર્ચાઓના મૂળ ભાવની વિરુદ્ધ જાય છે અને સ્પષ્ટપણે બંધારણના મૂળ માળખાના ફેરફાર સમાન છે.

૫૨૪. શ્રી નરીમાન દ્વારા ઝાંખી એવી દલીલ કરવામાં આવી હતી કે એનજેએસીના સભ્ય તરીકે માત્ર ભારત સરકારના કાયદા મંત્રીને રાખવા અને

રાજ્ય સરકારમાંથી તેમના સમકક્ષ મંત્રીને એનજેએસીના સભ્ય તરીકે ન રાખવાથી આપણા બંધારણમાં સંઘવાદ પર અસર પડી શકે છે. તેનો માત્ર ઉલ્લેખ કરવા સિવાય, આ સંબંધમાં કોઈ ગંભીર દલીલ કરવામાં આવી ન હતી, કદાચ એટલા માટે કે મુખ્ય વાંધો એનજેએસીમાં ભારત સરકારના પ્રતિનિધિત્વ સામે છે. આ બાબતમાં કોઈ વિગતવાર રજૂઆતો કરવામાં આવી ન હોવાની હકીકતને જોતાં, હું આ દલીલ પર કોઈ અભિપ્રાય વ્યક્ત કરવા માંગતો નથી.

૫૨૫. આ ચર્ચાનો સારાંશ એ છે કે ન્યાયતંત્રની સ્વતંત્રતા માટેનો સંઘર્ષ હંમેશા નિર્ણય લેવામાં કારોબારીને બાકાત રાખવા પર જ કેન્દ્રિત રહ્યો છે, પરંતુ એનજેએસીમાં કાયદા મંત્રીનો સમાવેશ પ્રતિકૂળ પરિણામ આપનારો, ઐતિહાસિક રીતે કાઉન્ટર-મેજોરિટેરિયન છે અને વિવિધ સમિતિઓમાં વ્યક્ત કરાયેલા વિવિધ મંતવ્યોના મૂળ ભાવની વિરુદ્ધ જાય છે - વિશેષ કરીને એટલા માટે કારણ કે કાયદા મંત્રી નિર્ણય લેનારી સંસ્થામાં વીટો વાપરી શકે છે; એનજેએસીમાં કાયદા મંત્રીની ઉપસ્થિતિ સંપૂર્ણપણે બિનજરૂરી અને અયોગ્ય છે; એનજેએસીમાં કાયદા મંત્રીની ઉપસ્થિતિ કેબિનેટ જવાબદારીના સિદ્ધાંત પર શંકા ઉપજાવે છે.

(ઈ) એનજેએસી અને ફરજિયાત વિચાર-વિમર્શ પર તેની અસર

૫૨૬. મૂળ રીતે ઘડવામાં આવેલા બંધારણના અનુચ્છેદ ૧૨૪(૨) માં ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં રાષ્ટ્રપતિ માટે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર–વિમર્શ કરવાનું ફરજિયાત બનાવવામાં આવ્યું હતું. આ પાછળના તર્કની

ચર્ચા અગાઉ કરવામાં આવી ચૂકી છે. ૯૯મો બંધારણ સુધારા અધિનિયમ ફરજિયાત વિચાર–વિમર્શને સંપૂર્ણપણે નાબૂદ કરે છે. નિમણૂક પ્રક્રિયામાં રાષ્ટ્રપતિ કોઈની પણ સાથે વિચાર–વિમર્શ કરે તેવી અપેક્ષા રાખવામાં આવતી નથી – તેમણે માત્ર એનજેએસીની ભલામણ પર જ કાર્ય કરવાનું અપેક્ષિત છે. કોલેજિયમ દ્વારા કરવામાં આવેલી ભલામણ જો સર્વાનુમત ન હોય તો તેને ફગાવી દેવાની રાષ્ટ્રપતિ પાસે જે સત્તા હતી, તે હવે રાષ્ટ્રપતિ પાસેથી છીનવી લેવામાં આવી છે કે જેઓ એનજેએસી તરફથી મળેલી ભલામણ સર્વાનુમત ન હોય તો પણ તેને સ્વીકારવા માટે બંધાયેલા છે. આ રાષ્ટ્રપતિની સત્તામાં નોંધપાત્ર ઘટાડો અને નિમણૂક પ્રક્રિયામાં ધરખમ ફેરફાર છે અને એક અર્થમાં રાષ્ટ્રપતિને (એક વ્યક્તિ તરીકે) રબર સ્ટેમ્પ બનાવી દે છે.૪૮૧ તેવી જ રીતે, ઉપર જણાવ્યા મુજબ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ એનજેએસીમાં માત્ર એક અન્ય સંખ્યા બનીને રહી જાય છે.

૫૨૭. રાષ્ટ્રપતિ અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ વચ્ચે ફરજિયાત વિચાર-વિમર્શ એ ડ્રાફ્ટિંગ કમિટી અને બંધારણ સભા દ્વારા સુવિચારિત હતો, પરંતુ ઉપર જણાવેલા કારણોસર ૯૯મા બંધારણ સુધારા અધિનિયમ દ્વારા તેને હવે ઉપહાસાસ્પદ બનાવી દેવામાં આવ્યો છે. બંધારણના અનુચ્છેદ ૧૨૭(૨) એ (તેના સુધારા પહેલાં) રાષ્ટ્રપતિ અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિને સમાન દરજ્જા પર મૂક્યા હતા. આ બાબતે જ આ બે બંધારણીય સત્તાધિકારીઓ વચ્ચેના વિચાર-વિમર્શને અર્થપૂર્ણ બનાવ્યો હતો અને એક બંધારણીય સત્તાધિકારી બીજા પર નિયંત્રણ તરીકે કામ કરે તેવી વ્યવસ્થા કરી હતી. આ તે 'ભાગીદારીનો

અભિગમ' હતો જે બંધારણ સભાના ધ્યાનમાં હતો અને તેને મૂર્તરૂપ ૪૮૧ આની તુલના રાષ્ટ્રપતિ અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ વચ્ચેના અગાઉ સંદર્ભિત વિચારોના સીધા આદાનપ્રદાન સાથે કરી શકાય છે. અને જીવંતતા, સેકન્ડ જજીસ કેસમાં જેને ડૉ. રાજીવ ધવને 'સંસ્થાગત સહભાગિતા' તરીકે ઓળખાવી હતી તેના દ્વારા આપવામાં આવી હતી. સેકન્ડ જજીસ કેસનું મહત્વ સહિયારી જવાબદારીમાં એટલું બધું નથી જેટલું રાષ્ટ્રપતિની સહભાગિતા સાથે એકીકૃત એવી નિમણૂક પ્રક્રિયામાં ન્યાયતંત્રની 'સંસ્થાગત સહભાગિતા'માં છે. હવે આ બાબત ગેરહાજર છે.

૫૨૮. ફરજિયાત વિચાર–વિમર્શનું શું મહત્વ છે? કોઈપણ વ્યક્તિને સુપ્રિમ કોર્ટ કે હાઈકોર્ટના ન્યાયમૂર્તિ તરીકે નિયુક્ત કરવામાં આવે તે પહેલાં કાળજીપૂર્વક વિચારણા કરવા જેવા બે નિર્ણાયક પરિબળો છે. તે આ મુજબ છે: (૧) સારો ન્યાયાધીશ બનવા માટે તે વ્યક્તિની વ્યાવસાયિક કુશળતા, ન્યાયિક ક્ષમતા, યોગ્યતા અને સ્વભાવ, અને (૨) તે વ્યક્તિની અંગત શક્તિઓ, નબળાઈઓ, ટેવો અને લક્ષણો. જ્યાં સુધી વ્યક્તિના સારો ન્યાયાધીશ બનવા માટેની વ્યાવસાયિક કુશળતા, ન્યાયિક ક્ષમતા, યોગ્યતા અને સ્વભાવનો સંબંધ છે, તે મૂલ્યાંકન કરવા માટે સૌથી યોગ્ય વ્યક્તિ (અન્ય ન્યાયમૂર્તિઓ સાથે વિચાર–વિમર્શ કરીને) ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ રહેશે અને કાનૂની જગત બહારની કોઈ વ્યક્તિ નહીં. બીજી તરફ, જ્યાં સુધી વ્યક્તિની અંગત શક્તિઓ, નબળાઈઓ, ટેવો અને લક્ષણોનો સંબંધ છે, યોગ્ય માહિતી માત્ર કારોબારી તરફથી જ મળી શકે છે, કારણ કે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને અન્ય

ન્યાયમૂર્તિઓ તેનાથી વાકેફ ન પણ હોઈ શકે. આ જ કારણસર બંધારણ સભાએ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ (ન્યાયતંત્રના વડા તરીકે), કે જેમની પાસે કોઈ વ્યક્તિના સારો ન્યાયાધીશ બનવાની ક્ષમતા અંગે મહત્વપૂર્ણ માહિતી હોય, અને રાષ્ટ્રપતિ (કારોબારીના વડા તરીકે વડાપ્રધાન સાથેના મંત્રીમંડળ મારફતે કાર્ય કરતા રાજ્યના વડા તરીકે), કે જેઓ ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક માટે વિચારણા હેઠળની વ્યક્તિના અંગત લક્ષણોનું મૂલ્યાંકન કરવા માટે સર્વોત્તમ ન્યાયકર્તા છે, તેમની વચ્ચે વિચાર–વિમર્શ ફરજિયાત બનાવ્યો હતો. બીજા શબ્દોમાં કહીએ તો, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ ક્ષમતાના સંદર્ભમાં 'નિષ્ણાત' છે જ્યારે કારોબારી પૂર્વવૃત્ત અને અંગત લક્ષણોના સંદર્ભમાં 'નિષ્ણાત' છે. સંભવિત ન્યાયમૂર્તિના વ્યક્તિત્વના આ બંને પાસાઓ નિઃશંકપણે અલગ હોવાથી, આ સંદર્ભમાં ન્યાયતંત્ર અને કારોબારી વચ્ચે કોઈ મતભેદ હોઈ શકે નહીં કારણ કે તેઓ બંને વ્યક્તિના જીવનના જુદા જુદા પાસાઓ પર અભિપ્રાય વ્યક્ત કરે છે. ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ કારોબારીના 'નિષ્ણાત અભિપ્રાય' પર ટિપ્પણી કરી શકતા નથી કે કારોબારી પણ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના 'નિષ્ણાત અભિપ્રાય' પર ટિપ્પણી કરી શકતી નથી.

૫૨૯. ન્યાય વિતરણ વ્યવસ્થાનું સંચાલન કરવું એ ન્યાયતંત્રના વડા તરીકે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિનું કામ છે અને કોઈ વ્યક્તિનું પૂર્વવૃત્ત અથવા અંગત લક્ષણો ન્યાયમૂર્તિ તરીકેના કાર્યોના નિર્વહનમાં દખલ કરશે કે નહીં અથવા કોઈપણ રીતે સારો ન્યાયાધીશ બનવાની ક્ષમતા પર અસર કરશે કે નહીં તે અંગેનો આખરી નિર્ણય તેમણે લેવાનો હોય છે. જેક સ્ટ્રો દ્વારા જણાવ્યા

મુજબ, મહત્વનું એ છે કે પ્રથમ વખતે અને દરેક વખતે તેને યોગ્ય રીતે કરવું જરૂરી છે. એવી પરિસ્થિતિ હોઈ શકે છે જ્યાં વ્યક્તિના અંગત લક્ષણો એવા હોઈ શકે છે જે તે વ્યક્તિને ન્યાયમૂર્તિ તરીકે નિયુક્ત થવા માટે અયોગ્ય ઠેરવે અને એવી પરિસ્થિતિ પણ હોઈ શકે છે જ્યાં અંગત લક્ષણો સામે વાંધો ઉઠાવવામાં આવ્યો હોવા છતાં, તે વ્યક્તિના સારા ન્યાયાધીશ બનવાની સંભાવના પર તેની બિલકુલ કોઈ અસર ન પડે. ઉદાહરણ તરીકે, તાજેતરના ભૂતકાળમાં, સામાન્ય રીતે પરંતુ ન્યાયતંત્ર સાથે સંબંધિત નહીં, લૈંગિક અભિમુખતાના મુદ્દાઓ અંગે નોંધપાત્ર વાદવિવાદ અને ચર્ચા થઈ છે. એ શક્ય છે કે ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક માટે વિચારણા હેઠળની વ્યક્તિની લૈંગિક અભિમુખતા સામે કારોબારીને વાંધો હોઈ શકે પરંતુ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિનો એવો અભિપ્રાય હોઈ શકે કે તેની ન્યાયિક કાર્યો અસરકારક રીતે બજાવવાની તેની ક્ષમતા પર અથવા તે વ્યક્તિના સારા ન્યાયાધીશ બનવાની સંભાવના પર કોઈ અસર પડશે નહીં.૪૮૨ આવી પરિસ્થિતિઓમાં, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના અભિપ્રાયને વધુ મહત્વ મળવું જોઈએ કારણ કે, અગાઉ જણાવ્યા મુજબ, ન્યાય વિતરણ વ્યવસ્થાનું કાર્યક્ષમ અને અસરકારક સંચાલન કરવાનું કામ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિનું છે અને તેથી, સર્વાનુમતે વ્યક્ત થયેલો આખરી નિર્ણય ભારતના મુખ્ય ન્યાયમૂર્તિનો હોવો જોઈએ.

૪૮૨ ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકાની બેંચ પર ગે ન્યાયાધીશ રહી ચૂક્યા છે. ભારતમાં વર્તમાન રાજકીય કારોબારી કદાચ બેંચ પર ગે વ્યક્તિની નિમણૂકની પરવાનગી આપશે નહીં.

૫૩૦. ૯૯મો બંધારણ સુધારા અધિનિયમ અને એનજેએસી એક્ટ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિને માત્ર એનજેએસીમાં એક સંખ્યા સુધી સીમિત કરતા નથી પરંતુ એનજેએસી મધ્યસ્થી તરીકે કાર્ય કરવા સાથે રાષ્ટ્રપતિ અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ વચ્ચેના ફરજિયાત વિચાર-વિમર્શને એક મૂક તમાશામાં ફેરવી નાખે છે. અગાઉના પ્રસંગોએ, સંસદે બંધારણીય સુધારાઓ મારફતે પોતાની સત્તા વધારી હતી, જેને અન્ય બાબતો સાથે ઇન્દિરા નેહરુ ગાંધી અને મિનર્વા મિલ્સ૧૯૮૩ માં રદબાતલ કરવામાં આવી હતી. ૯૯મો બંધારણ સુધારા અધિનિયમ ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને ન્યાયતંત્રની ભૂમિકાને ગેરબંધારણીય રીતે લુપ્ત થવાના બિંદુ સુધી ઘટાડી દે છે. તે રાષ્ટ્રપતિની ભૂમિકાને પણ નોંધપાત્ર રીતે સંકુચિત કરે છે. આ ન્યાયતંત્રની સ્વતંત્રતાના મૂળભૂત માળખાને ભૂંસી નાખે છે કારણ કે તે પર્યાપ્ત રીતે ફેરફાર કરે છે

સુપ્રિમ કોર્ટમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની પ્રક્રિયા અને હાઇકોર્ટની પ્રક્રિયાને, અથવા ઓછામાં ઓછું તેમાં ગેરબંધારણીય રીતે ફેરફાર કરે છે જેથી ન્યાયતંત્રની સ્વતંત્રતાના પાયા પર જ પ્રહાર થાય છે.

૫૩૧. આ સમગ્ર મુદ્દાને અન્ય દ્રષ્ટિકોણથી જોઈ શકાય છે: જ્યારે સમાન રીતે મહત્વપૂર્ણ, જો વધુ મહત્વપૂર્ણ ન હોય તો, તેવા બંધારણીય સત્તાધિકારીઓની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા કોઈની સાથે વિચાર-વિમર્શ કર્યા વિના અને તેમની 'અનિયંત્રિત વિવેકબુદ્ધિ' થી કરી શકાતી હતી, ત્યારે બંધારણ

સભાએ સુપ્રિમ કોર્ટ કે હાઇકોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂક માટે રાષ્ટ્રપતિ દ્વારા ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર–વિમર્શ કરવો શા માટે ફરજિયાત બનાવ્યો? તેનું

> ૪૮૩ આઈ.આર. કોએલ્હો વિ. સ્ટેટ ઓફ તમિલનાડુ, (૨૦૦૭) ૨ એસ.સી.સી. ૧ માં અહેવાલના ફકરા ૧૩૮ માં આ કોર્ટે અવલોકન કર્યું હતું કે: "ઇન્દિરા ગાંધી કેસ, મિનર્વા મિલ્સ કેસ અને વામન રાવ કેસ [(૧૯૮૧) ૨ એસ.સી.સી. ૩૬૨] ની સુસંગતતા એ હકીકતમાં રહેલી છે કે સંસદ દ્વારા પોતાની સત્તામાં કરવામાં આવેલ દરેક અયોગ્ય વધારો, પછી ભલે તે અનુચ્છેદ ૩૨૯-એ નો ખંડ (૪) હોય કે અનુચ્છેદ ૩૬૮ ના ખંડ (૪) અને (૫) હોય અથવા ૪૨મા સુધારાની કલમ ૪ હોય, તેને મૂળભૂત માળખાના સિદ્ધાંત સાથે અસંગત ઠેરવવામાં આવ્યો છે કારણ કે તેઓએ એવા નવા તત્વો દાખલ કર્યા હતા કે જેણે બંધારણની ઓળખ બદલી નાખી હતી અથવા બંધારણમાંથી હાલના તત્વોને હટાવી દીધા હતા જેના દ્વારા બંધારણના મુખ્ય હાર્દને જ ફગાવી દેવામાં આવ્યું હતું. તેઓએ ન્યાયિક સમીક્ષા જેવા મહત્વપૂર્ણ તત્વોને નાબૂદ કરી દીધા હતા. તેઓએ તમામ મૂળભૂત અધિકારોને નાબૂદ કરવા માટે માર્ગદર્શક સિદ્ધાંતોને સામૂહિક રીતે એક કસોટી બનાવ્યા હતા અને નવમી અનુસૂચિમાં એવા કાયદાઓ દાખલ કરવાની જોગવાઈ કરી હતી જેમને કૃષિ સુધારાઓ સાથે કોઈ સંબંધ નહોતો."

ન્યાયતંત્રમાં નિમણૂકોના કિસ્સામાં 'વિશેષ' વ્યવહારનું કારણ એ છે કે બંધારણ સભાએ સંસદીય લોકશાહીના એક મહત્વપૂર્ણ સ્તંભ એવા ન્યાયતંત્રની સ્વતંત્રતા જાળવવાની અને તેનું રક્ષણ કરવાની આવશ્યકતાની કદર કરી અને તેને સ્વીકારી અને તેથી તેનો સ્વીકાર કર્યો. તેણે એ પણ સ્વીકાર્યું હતું કે ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં રાષ્ટ્રપતિનું માર્ગદર્શન કરવા અને સલાહ આપવા માટે સૌથી યોગ્ય વ્યક્તિ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સિવાય અન્ય કોઈ હોઈ શકે નહીં. બંધારણ સભાને એ બાબતની જાણ હતી કે લોકોના અધિકારોને, જેમાં તેમના મૂળભૂત અધિકારોનો સમાવેશ થાય છે, કારોબારીની મનસ્વી સત્તા અને ધારાસભાના અતિશય પગલાં સામે રક્ષણની જરૂર છે અને જ્યાં સુધી ન્યાયતંત્ર હસ્તક્ષેપ કરીને તે રક્ષણ ન આપે, ત્યાં સુધી આવી મનસ્વી સત્તા કે અતિશય પગલાંનો દુરુપયોગ થઈ શકે છે. આવું આઝાદી પહેલાંના ભારતમાં બન્યું હતું અને આપણા તાજેતરના ઈતિહાસમાં પણ બન્યું છે. ૯૯મો બંધારણ સુધારા અધિનિયમ અને એનજેએસી એક્ટ સ્પષ્ટપણે (ગેરબંધારણીય રીતે) સૂચવે છે કે હવે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને અન્ય ન્યાયમૂર્તિઓ ન્યાયમૂર્તિઓની નિમણૂક અંગે રાષ્ટ્રપતિને સલાહ આપવા માટે આવશ્યકપણે શ્રેષ્ઠ વ્યક્તિઓ નથી.

૫૩૨. સ્વતંત્ર ન્યાયમૂર્તિઓની નિમણૂકના મહત્વ પર ભાર મૂકતા (અમેરિકનો માટે, અને આ ભારતીયોને પણ સમાન રીતે લાગુ પડશે) એવું કહેવામાં આવ્યું છે કે:

"ન્યાયિક નિમણૂકો મહત્વપૂર્ણ છે કારણ કે ન્યાયાધીશો માત્ર શિક્ષણવિદો, રાજકારણીઓ અને વકીલો માટે જ નહીં, પરંતુ તમામ અમેરિકનો માટે મહત્વ ધરાવે છે. ન્યાયાધીશો રોજિંદા જીવનના નિર્ણયોમાં ઉત્તરોત્તર મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેના પરથી ફલિત થાય છે કે જે પ્રક્રિયા દ્વારા તેમની પસંદગી કરવામાં આવે છે તે પ્રક્રિયા મહત્વ રાખે છે. તેવી જ રીતે એ પણ ફલિત થાય છે કે ન્યાયમૂર્તિઓની નિમણૂકના સમજાયેલા મહત્વને કારણે, નિમણૂક પ્રક્રિયા વિવાદને જન્મ આપે છે."૪૮૪

૫૩૩. સ્વતંત્ર ન્યાયતંત્ર વિના, માત્ર 'રોજિંદા ૪૮૪ કાર્લી વાન ઓરમેન, ઇન્ટ્રોડક્શન ટુ ધ સિમ્પોઝિયમ: ધ જ્યુડિશિયલ પ્રોસેસ એપોઇન્ટમેન્ટ્સ પ્રોસેસ. ૧૦ વિલિયમ એન્ડ મેરી બિલ રાઇટ્સ જે. ૧ (૨૦૦૧). http://scholarship.law.wm.edu/wmborj/vol૧૦/iss૧/૨ જીવનના નિર્ણયો' પ્રભાવિત થાય છે એટલું જ નહીં, પરંતુ એક પ્રભુત્વ ધરાવતી કારોબારી એ સુનિશ્ચિત કરી શકે છે કે કાનૂની અધિકારોનો કોઈ અર્થ રહેશે નહીં અને દેશના લોકોના મૂળભૂત અધિકારોને સરળતાથી કચડી શકાય છે. કાયદાના શાસન પર (સામાન્ય રીતે) અને ખાસ કરીને વ્યક્તિઓના અધિકારો અને હિતો પર ન્યાયતંત્રની અસરને રેખાંકિત કરતાં, ઓસ્ટ્રેલિયાના મુખ્ય ન્યાયમૂર્તિ મેસને આ પ્રમાણે કહ્યું હતું:

"ન્યાયમૂર્તિઓની પસંદગીની પદ્ધતિ સાથે સુસંગત અન્ય એક પરિબળ સરકારના મહત્વપૂર્ણ અંગ અથવા સંસ્થા તરીકે ન્યાયતંત્રનું સ્થાન છે. ન્યાયાધીશો એવી રીતે જાહેર સત્તાનો ઉપયોગ કરે છે જેની વ્યક્તિઓના અધિકારો અને હિતો પર તેમજ સરકાર, સરકારી એજન્સીઓ અને અન્ય સંસ્થાઓ દ્વારા મહત્વપૂર્ણ નિર્ણયો લેવા પર નોંધપાત્ર અસર પડે છે."૪૮૫

૫૩૪. આપણી આઝાદી માટે લડત આપી હોવાથી, બંધારણ સભા કારોબારી દ્વારા સત્તાના ગેરઉપયોગ અને દુરુપયોગથી સારી રીતે વાકેફ હતી અને સ્વતંત્ર ન્યાયતંત્રના મૂલ્યને જાણતી અને સમજતી હતી. આ જ કારણસર બંધારણ સભાએ ન્યાયતંત્રની સ્વતંત્રતાને સર્વોચ્ચ મહત્વ આપ્યું હતું અને કદાચ અન્ય કોઈપણ વિષય કરતાં તેના પર ચર્ચા કરવામાં વધુ સમય વિતાવ્યો હતો.

૫૩૫. આ સંદર્ભમાં, કેશવાનંદ ભારતી માં 'સત્તાની વ્યાપ્તિ' ની કસોટી (જે પાછળથી એમ. નાગરાજ માં અપનાવવામાં આવી હતી) નો આધાર તૈયાર કરતી વખતે શ્રી પાલખીવાલાની રજૂઆત યાદ કરવા જેવી છે કે:

"... સત્તાની વાસ્તવિક વ્યાપ્તિની કસોટી એ નથી કે તેનો ઉપયોગ થવાની કેટલી સંભાવના છે, પરંતુ તેની હેઠળ સંભવિતપણે શું કરી શકાય છે; સત્તાનો ગેરઉપયોગ કે દુરુપયોગ સંપૂર્ણપણે અપ્રસ્તુત છે; સત્તાની

વ્યાપ્તિના પ્રશ્નને તેના ઉપયોગના પ્રશ્ન સાથે ભેળવી શકાય નહીં અને જ્યારે વાસ્તવિક પ્રશ્ન સત્તાની વ્યાપ્તિ અંગેનો હોય,

૪૮૫ સર એન્થોની મેસન એસી કેબીઇ, ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા 'ધ એપોઇન્ટમેન્ટ એન્ડ રિમૂવલ ઓફ જજીસ' http://www.judcom.nsw.gov.au/publications/education-monographs-૧/monograph૧/fbmason.htm

ત્યારે તેનો ક્યારેય ઉપયોગ કરવામાં આવશે નહીં તેવી અપેક્ષા તેના ઉપયોગના તોળાઈ રહેલા ભય જેટલી જ સંપૂર્ણપણે અપ્રસ્તુત છે. અદાલત એ નક્કી કરતી નથી કે શ્રેષ્ઠ શું છે અને સૌથી ખરાબ શું છે. તે માત્ર એટલું જ નક્કી કરે છે કે જો સત્તા પ્રદાન કરતા શબ્દોનું એવું અર્થઘટન કરવામાં આવે કે જેથી તેની વ્યાપ્તિ અમર્યાદિત અને અસીમ હોય, જેવો સામાવાળાઓ વતી દાવો કરવામાં આવ્યો છે, તો તે સત્તા હેઠળ સંભવિતપણે શું કરી શકાય."૪૮૬

૫૩૬. હવે, આ બાબતનો વિચાર કરો – ૯૯મા બંધારણ સુધારા અધિનિયમ હેઠળ ઉપલબ્ધ સત્તાની વ્યાપ્તિને જોતાં જો પ્રતિબદ્ધ ન્યાયમૂર્તિઓની નિમણૂક કરવામાં આવે (જેમ કે એક સમયે પ્રચાર કરવામાં આવ્યો હતો અને ૯૯મા બંધારણ સુધારા અધિનિયમ પછી તે વાસ્તવિક બની શકે છે) તો સામાન્ય રીતે સમજાય છે તેમ કોઈ પણ વ્યક્તિ 'પ્રતિબદ્ધ' સુપ્રિમ કોર્ટ કે હાઇકોર્ટ પાસેથી નિષ્પક્ષ ન્યાયની અપેક્ષા રાખી શકે નહીં. બંધારણ સભા આ બાબતને સંપૂર્ણપણે ટાળવા માંગતી હતી અને તેથી જ ન્યાયમૂર્તિઓની

નિમણૂકની પ્રક્રિયા અને ન્યાયતંત્રની સ્વતંત્રતાને નોંધપાત્ર મહત્વ આપવામાં આવ્યું હતું. 'ન્યાયિક કાર્યના તમામ સ્વરૂપોમાં સામાન્ય બાબત સ્વતંત્ર, નિષ્પક્ષ અને તટસ્થ ન્યાયનિર્ણય છે, જોકે સંપૂર્ણ તટસ્થ ન્યાયનિર્ણય પ્રાપ્ત કરવાની શક્યતા અંગે પ્રશ્ન રહેલો છે.'૪૮૭ ૯૯મો બંધારણ સુધારા અધિનિયમ અને એનજેએસી એક્ટ એક પ્રતિબદ્ધ ન્યાયતંત્ર સ્થાપિત થવાની સ્પષ્ટ શક્યતા તરફ દોરી જાય છે. જો આ બંધારણના મૂળભૂત માળખાનું ઉલ્લંઘન ન કરતું હોય, તો પછી બીજું શું કરે?

૫૩૭. આ ચર્ચાનો સારાંશ એ છે કે બંધારણમાં પરિકલ્પિત રાષ્ટ્રપતિ અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ વચ્ચેના ફરજિયાત વિચાર–વિમર્શને બાયપાસ કરવામાં આવ્યો છે – જેનાથી ન્યાયમૂર્તિઓની નિમણૂકની પ્રક્રિયામાં મોટો ફેરફાર આવ્યો છે; ૯૯મા બંધારણ સુધારા અધિનિયમ અને એનજેએસી એક્ટે વિચાર–વિમર્શની પ્રક્રિયાને એક પ્રહસનમાં ફેરવી નાખી છે – અર્થપૂર્ણ સહભાગી વિચાર–વિમર્શ પ્રક્રિયા હવે અસ્તિત્વમાં રહી નથી;

૪૮૬ ફકરો ૫૩૧ ૪૮૭ સર એન્થોની મેસન એસી કેબીઇ દ્વારા 'ધ એપોઇન્ટમેન્ટ એન્ડ રિમૂવલ ઓફ જજીસ'.

ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયમૂર્તિ http://www.judcom.nsw.gov.au/publications/education-monographs-૧/monograph૧/fbmason.htm

ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં રાષ્ટ્રપતિ અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ વચ્ચેની સહિયારી જવાબદારી બંધારણ સભાની કલ્પનાથી ઘણી પરે રહેલા એક નિકાયને સોંપવામાં આવી છે; કટિબદ્ધ ન્યાયમૂર્તિઓ હોવાની શક્યતા અને કટિબદ્ધ ન્યાયતંત્ર, એવું ન્યાયતંત્ર કે જે કદાચ સ્વતંત્ર ન હોય, તેના પરિણામો અકલ્પનીય છે.

(એફ) એનજેએસી અને હાઇકોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂક

૫૩૮. જ્યાં સુધી હાઇકોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂકનો સંબંધ છે, ૯૯મા બંધારણ સુધારા અધિનિયમ અને એનજેએસી એક્ટ દ્વારા નિમણૂકની પ્રક્રિયામાં બે અત્યંત નોંધપાત્ર ફેરફારો કરવામાં આવ્યા છે. પ્રથમ તો, હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર-વિમર્શ કરવાની ફરજિયાત જરૂરિયાત સંપૂર્ણપણે નાબૂદ કરવામાં આવી છે. બંધારણનો અનુચ્છેદ ૨૧૭(૧) જેમ તે મૂળરૂપે ઘડવામાં આવ્યો હતો તેમ, હાઇકોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂકમાં રાષ્ટ્રપતિ માટે રાજ્યના રાજ્યપાલ અને હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર-વિમર્શ કરવાનું ફરજિયાત બનાવતો હતો. મુખ્ય ન્યાયમૂર્તિને હવે સાવ બાકાત રાખી દેવામાં આવ્યા છે. બીજું, છેલ્લા કેટલાક દાયકાઓમાં જે બંધારણીય જવાબદારી અને બંધારણીય પરંપરા વિકસિત થઈ છે તે એ છે કે હાઇકોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂક માટેની ભલામણ હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ તરફથી ઉદ્ભવે છે. ૯૯મા બંધારણ સુધારા અધિનિયમ અને એનજેએસી એક્ટ દ્વારા હવે તેને

તિલાંજલિ આપી દેવામાં આવી છે. નિમણૂક પ્રક્રિયા શરૂ કરવાની સમગ્ર પદ્ધતિમાં હવે ધરમૂળથી ફેરફાર કરી દેવામાં આવ્યો છે.

૫૩૯. એનજેએસી એક્ટની કલમ ૬(૨) ની દ્રષ્ટિએ, હાઇકોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂક માટેની ભલામણ હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ તરફથી ઉદ્ભવી શકતી નથી, પરંતુ એનજેએસી તે હેતુ માટે હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ પાસેથી નામાંકન માંગશે. બીજા શબ્દોમાં કહીએ તો, હાઇકોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂક માટેની પહેલ એનજેએસી દ્વારા હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ પાસેથી છીનવી લેવામાં આવી છે. એનજેએસી ની પહેલ પર હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા હાઇકોર્ટના ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક માટે કોઈ વ્યક્તિનું નામાંકન કરવા (એનજેએસી એક્ટની કલમ ૬(૨)) અને હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા હાઇકોર્ટના ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક માટે કોઈ વ્યક્તિની ભલામણ કરવા (બંધારણનો અનુચ્છેદ ૨૧૭(૧)) વચ્ચે ગુણાત્મક તફાવત છે. છેલ્લા કેટલાક દાયકાઓમાં સ્થાપિત બંધારણીય જવાબદારી અને બંધારણીય પરંપરાથી આટલા મોટા વિચલન સાથે, આ નવી વ્યવસ્થા નામાંકન માટે ટેકો મેળવવાના પ્રયાસોને પ્રોત્સાહન આપી શકે છે - આવી જ એક ઘટનાને એલસીઆઈ દ્વારા તેના ૧૪મા અહેવાલમાં અનુચિત ગણવામાં આવી હતી.

૫૪૦. જોકે, વધુ ચિંતાજનક અને વાંધાજનક બાબત એ છે કે તે હાઇકોર્ટના ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક માટે તેમના દ્વારા કોઈ વ્યક્તિનું નામાંકન કરવામાં આવ્યા પછી હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર-વિમર્શ કરવાની

પ્રક્રિયા નાબૂદ કરી દેવામાં આવી છે. વિચાર-વિમર્શની પ્રક્રિયા એ એક સંકલિત અને સહભાગી પ્રક્રિયા છે પરંતુ ૯૯મા બંધારણ સુધારા અધિનિયમ અને એનજેએસી એક્ટના આધારે એનજેએસી દ્વારા હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ પાસેથી માત્ર નામાંકન માંગવામાં આવે છે. ત્યારબાદ, મુખ્ય ન્યાયમૂર્તિની કોઈ ભૂમિકા રહેતી નથી. આ બાબત એનજેએસી એક્ટની કલમ ૬(૭) પરથી સ્પષ્ટ થાય છે, જે હાઇકોર્ટના ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક માટે કોઈ વ્યક્તિની ભલામણ કરતાં પહેલાં રાજ્યના રાજ્યપાલ અને મુખ્યમંત્રીના મંતવ્યો લેખિતમાં મેળવવાનું એનજેએસી માટે ફરજિયાત બનાવે છે, પરંતુ મુખ્ય ન્યાયમૂર્તિના મંતવ્યો નહીં, જેમને માત્ર એક નામાંકન અધિકારી બનાવી દેવામાં આવ્યા છે, જેમનું સોંપાયેલું કાર્ય નામાંકન થતાં જ પૂર્ણ થઈ જાય છે.

૫૪૧. ૯૯મા બંધારણ સુધારા અધિનિયમ અને એનજેએસી એક્ટની કલમ ૬ ની સંયુક્ત અસર એ છે કે હાઇકોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂક પરનું સમગ્ર નિયંત્રણ એનજેએસી દ્વારા પોતાના હસ્તક લઈ લેવામાં આવ્યું છે અને આ માળખું સંપૂર્ણપણે બદલાઈ ગયું છે, જેમાં પરંપરાગત સમજ મુજબ બંધારણના અનુચ્છેદ ૨૧૭(૧) દ્વારા નિર્ધારિત કરાયેલ ફરજિયાત સલાહકાર અને નિમણૂક માટેની ભલામણના પ્રણેતામાંથી હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિનો દરજ્જો ઘટાડીને એવા વ્યક્તિ બનાવી દેવાયા છે કે જેઓ માત્ર નામાંકન કરે છે અને ત્યારબાદ કરેલા નામાંકન સંદર્ભે તેમની સાથે કોઈપણ રીતે વિચાર-વિમર્શ કરવાની જરૂર રહેતી નથી. હાઇકોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂકની પ્રક્રિયામાં આ ધરમૂળનો ફેરફાર દેખીતી રીતે જ ખૂબ લાંબા ગાળાની અસર ધરાવે છે કારણ કે આખરે જો વર્તમાન

પ્રથાનું પાલન કરવામાં આવે તો હાઇકોર્ટના ન્યાયમૂર્તિઓના 'કેડર'માંથી જ સુપ્રિમ કોર્ટના મોટાભાગના ન્યાયમૂર્તિઓની નિમણૂક કરવામાં આવે છે. આના પરિણામે હાઇકોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂકની પ્રક્રિયામાં સંપૂર્ણ ફેરફાર કરવા ઉપરાંત દેખીતી રીતે જ ન્યાયતંત્રની સ્વતંત્રતા પર લાંબા ગાળાની અસર પડશે.

૫૪૨. ન્યાયમૂર્તિઓની નિમણૂક એ ખૂબ જ ગંભીર બાબત છે અને તેના મહત્ત્વને ઓછું આંકવું મુશ્કેલ છે. શિમન શેત્રીત૪૮૮ દ્વારા વ્યક્ત કરાયેલા મંતવ્યનો સંદર્ભ આપતાં રાજશાહી યુનિવર્સિટી, બાંગ્લાદેશના સરકાર અલી અક્કાસ દ્વારા જણાવવામાં આવ્યું છે કે:

> "ન્યાયમૂર્તિઓની નિમણૂક એ ન્યાયિક સ્વતંત્રતાનું એક મહત્ત્વપૂર્ણ પાસું છે જે એવી અપેક્ષા રાખે છે કે ન્યાયદાન કરતી વખતે ન્યાયમૂર્તિઓ તમામ પ્રકારના પ્રત્યક્ષ કે પરોક્ષ હસ્તક્ષેપ અથવા પ્રભાવોથી મુક્ત હોવા જોઈએ. ન્યાયતંત્રની સ્વતંત્રતાનો સિદ્ધાંત કોઈપણ ડર કે પક્ષપાત વિના, નિષ્પક્ષપણે ન્યાય આપવાની ન્યાયમૂર્તિઓની સ્વતંત્રતા સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરે છે. ન્યાયમૂર્તિઓની આ સ્વતંત્રતા ન્યાયિક નિમણૂક સાથે ગાઢ સંબંધ ધરાવે છે કારણ કે નિમણૂક પ્રણાલી ન્યાયમૂર્તિઓની નિષ્પક્ષતા, સત્યનિષ્ઠા અને સ્વતંત્રતા પર સીધી અસર કરે છે."૪૮૯

૫૪૩. મૂળભૂત રીતે, ૯૯મો બંધારણ સુધારા અધિનિયમ ન્યાયમૂર્તિઓની નિમણૂકની કોલેજિયમ પ્રણાલીનું સ્થાન એનજેએસી દ્વારા લે છે અથવા બદલે

છે. એ સમજવું જરૂરી છે કે એક ન્યાયિક નિમણૂક પંચ (તેને ભલે ગમે તે નામથી બોલાવવામાં આવે) એ

૪૮૮ શિમન શેત્રીત, જજિસ ઓન ટ્રાયલ (નોર્થ-હોલેન્ડ પબ્લિશિંગ કંપની, એમ્સ્ટરડેમ, (૧૯૭૬), પૃ. ૪૬.

૪૮૯ અક્કાસ, સરકાર અલી (૨૦૦૪) "અપોઇન્ટમેન્ટ ઓફ જજિસ: અ કી ઇશ્યૂ ઓફ જ્યુડિશિયલ

ઇન્ડિપેન્ડન્સ," બોન્ડ લો રિવ્યુ: વોલ્યુમ ૧૬: અંક ૨, આર્ટિકલ ૮. અહીં ઉપલબ્ધ: http:/ /epublications.bond.edu.au/blr/vol ૧૬/iss૨/૮ કારોબારી દ્વારા સત્તા પોતાના હાથમાં લેવા અને ન્યાયમૂર્તિઓની નિમણૂક કરવા સામેની એક વિશ્વવ્યાપી પ્રતિક્રિયા છે. કાયદાના શાસનનું પાલન કરતી કોઈપણ વ્યવસ્થા ન્યાયમૂર્તિઓની નિમણૂકની એવી પ્રણાલી જાળવી રાખવા માંગશે નહીં કે જ્યાં કારોબારી મુખ્ય ભૂમિકા ભજવતી હોય અથવા આ વિષય પર અંતિમ નિર્ણય ધરાવતી હોય, તેથી જ ન્યાયિક નિમણૂક પંચ માટે ક્યારેક ક્યારેક માંગણી ઊઠતી રહી છે. જેમ કે જેક સ્ટ્રોનું હેમલિન વ્યાખ્યાન સ્પષ્ટ કરે છે, કારોબારી ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં વધુ નિયંત્રણ ઇચ્છે છે પરંતુ આખરે ન્યાયતંત્રનું પલ્લું ભારે રહે છે, જેમ કે હોવું જોઈએ - પરંતુ એનજેએસી સાથે એવું નથી.

૫૪૪. કુમાર પદ્મ પ્રસાદ વિ. યુનિયન ઓફ ઈન્ડિયા૪૯૦ માં આ કોર્ટનો નિર્ણય એ બાબતનું ઉદાહરણ છે કે ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં કારોબારી કેટલી હદે ખોટી હોઈ શકે છે. તે કેસમાં, મિઝોરમના મુખ્યમંત્રીના કહેવાથી ગુવાહાટી હાઇકોર્ટના ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક માટે એક ન્યાયિક અધિકારીની ભલામણ કરવામાં આવી હતી. આ ભલામણ સાથે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સંમત થયા હતા અને ભલામણ કરાયેલ વ્યક્તિની નિમણૂકનું વોરંટ રાષ્ટ્રપતિ દ્વારા જારી કરવામાં આવ્યું હતું પરંતુ ત્યારબાદ તેનો અમલ કરવામાં આવ્યો ન હતો કારણ કે તે વ્યક્તિ હાઇકોર્ટના ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક માટે લાયક ન હોવાનું જણાયું હતું. તાજેતરમાં, કેનેડિયન સુપ્રિમ કોર્ટે ગવર્નર જનરલ ઇન કાઉન્સિલ દ્વારા કરવામાં આવેલા એક રેફરન્સનો જવાબ આપ્યો હતો જેના પરિણામે સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂક અને શપથવિધિને શરૂઆતથી જ રદબાતલ (વોઇડ એબ ઇનિશિયો) જાહેર કરવામાં આવી હતી કારણ કે તેઓ પાત્રતાની આવશ્યકતા ધરાવતા ન હતા.૪૯૧ આ પ્રકારના કિસ્સાઓ, જે સદનસીબે ઘણા ઓછા અને વિરલ છે, તેમણે ન્યાયમૂર્તિઓની નિમણૂકની એવી વ્યવસ્થામાં જાહેર વિશ્વાસને હચમચાવી દીધો છે કે જ્યાં પ્રાથમિકતા કારોબારી પાસે છે, તેથી એક અસરકારક વિકલ્પ તરફ આગળ વધવાની ઇચ્છા થઈ છે. જોકે ન્યાયમૂર્તિઓની નિમણૂકની વધુ કાર્યક્ષમ કે બહેતર પ્રણાલીની જરૂરિયાત હોઈ શકે છે, પરંતુ એનજેએસી કંઈ સ્વર્ગ તરફ જતી સીડી નથી, ખાસ કરીને તેની કામગીરીમાં રહેલી વિવિધ ખામીઓ, એનજેએસી પ્રણાલી દ્વારા રાષ્ટ્રપતિ અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના દરજ્જાને ઘટાડવા અને અન્ય ઘણી બધી બાબતોનો

સમાવેશ કરવાના સંદર્ભમાં કે જે ગંભીર રીતે[51] ૪૯૧ રેફરન્સ રી સુપ્રિમ કોર્ટ એક્ટ, કલમો ૫ અને ૬, [૨૦૧૪] ૧ એસ.સી.આર. ૪૩૩ ન્યાયમૂર્તિઓની નિમણૂક પર અને તેના દ્વારા ન્યાયતંત્રની સ્વતંત્રતા પર અને તેના દ્વારા બંધારણના મૂળભૂત માળખા પર અસર કરે છે.

૫૪૫. વિદ્વાન એટર્ની જનરલ દ્વારા એવી રજૂઆત કરવામાં આવી હતી કે ન્યાયમૂર્તિઓની નિમણૂકની કોલેજિયમ પ્રણાલી પ્રત્યે મોહભંગ થયો છે અને તેથી જ તેને બદલવાની અથવા તેના સ્થાને નવી વ્યવસ્થા લાવવાની જરૂર છે અને ૯૯મા બંધારણ સુધારા અધિનિયમ દ્વારા બરાબર આ જ પ્રાપ્ત કરવામાં આવ્યું છે. વિદ્વાન એટર્ની જનરલે એનજેએસી નો ઉલ્લેખ ન્યાયમૂર્તિઓની નિમણૂકના ત્રીજા પ્રકરણ તરીકે કર્યો હતો - જેમાં પ્રથમ પ્રકરણ એવું હતું જેમાં નિમણૂક પ્રક્રિયામાં કારોબારી પાસે 'અંતિમ સત્તા' હતી અને બીજું પ્રકરણ એવું હતું જેમાં કારોબારી અને ન્યાયતંત્ર સહિયારી જવાબદારી ધરાવતા હતા જેમાં ન્યાયતંત્રની સંસ્થાકીય સહભાગિતા હતી. આ કદાચ એમ હોઈ શકે, પરંતુ ૯૯મા બંધારણ સુધારા અધિનિયમ દ્વારા એનજેએસી માત્ર કારોબારીની જવાબદારી જ નહીં પરંતુ ન્યાયતંત્ર અને કારોબારીની સહિયારી જવાબદારી પણ છીનવી લે છે, અને બંધારણ સભા દ્વારા આપણને આપવામાં આવેલી નિમણૂક વ્યવસ્થાનું સંપૂર્ણપણે શીર્ષચ્છેદ કરે છે - એવી વ્યવસ્થા કે જે ન્યાયતંત્રની સ્વતંત્રતા સુનિશ્ચિત કરે છે.

[51] ૪૬૩ (૧૯૮૨) ૧ એસ.સી.સી. ૨૭૧ (પાંચ ન્યાયમૂર્તિઓની બેંચ)

૫૪૬. વિદ્વાન એટર્ની જનરલ દ્વારા સૂચવવામાં આવેલા માપદંડોની અંદર રહીને કામ કરતાં, એટલે કે, ૯૯મા બંધારણ સુધારા અધિનિયમની બંધારણીયતાની ધારણા, સેકન્ડ જજિસ કેસના ચુકાદાનો આધાર દૂર કરવામાં આવ્યો છે, સંસદના ડહાપણ અને લોકોની જરૂરિયાતો સામે પ્રશ્ન ઉઠાવી શકાય નહીં અને આ કોર્ટે એ સ્વીકારવું જ જોઈએ કે સમય વીતવાની સાથે સમાજ અને તેની જરૂરિયાતો બદલાઈ ગઈ છે, છતાં પણ ૯૯મા બંધારણ સુધારા અધિનિયમની બંધારણીય માન્યતાને માન્ય રાખવી શક્ય નથી. આ નુસખો સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટોના ન્યાયમૂર્તિઓની નિમણૂકની પ્રક્રિયાના આવશ્યક ઘટકો છીનવી લઈને તેમાં ધરમૂળથી ફેરફાર કરે છે, જેના પરિણામે એવો બંધારણીય પડકાર ઊભો થાય છે જેને સ્વીકારવો જ રહ્યો.

૫૪૭. દરેક જોગવાઈની છૂટક–છવાઈ ચર્ચા કે તેનું વિચ્છેદન કરવાને બદલે ૯૯મા બંધારણ સુધારા અધિનિયમ અને એનજેએસી એક્ટનો સમગ્રતયા અને સંયુક્ત દ્રષ્ટિકોણ લેતાં, તેમાં લેશમાત્ર શંકા રહી શકતી નથી કે બંધારણનો અનુચ્છેદ ૧૨૪એ (સુધારેલા મુજબ) ગેરબંધારણીય છે. બંધારણનો અનુચ્છેદ ૧૨૪એ ગેરબંધારણીય જાહેર કરવામાં આવ્યો હોવાથી, બંધારણના અનુચ્છેદ ૧૨૪બી અને અનુચ્છેદ ૧૨૪સી તેમજ ૯૯મા બંધારણ સુધારા અધિનિયમની અન્ય જોગવાઈઓમાં કંઈ પણ સારતત્વ બચતું નથી, જે વિભાજ્ય નથી અને તેથી આ જોગવાઈઓ બંધારણના મૂળભૂત માળખાનું ઉલ્લંઘન કરતી હોવાથી અને તેમાં ફેરફાર કરતી હોવાથી તેમને ગેરબંધારણીય જાહેર કરવી જ જોઈએ અને ગેરબંધારણીય જાહેર કરવામાં આવે છે.

૫૪૮. આ ચર્ચાનો મુખ્ય સારાંશ એ છે કે આઝાદી પછીથી સામાન્ય રીતે સ્વીકારાયેલી ન્યાયમૂર્તિની નિમણૂક માટેની ભલામણ શરૂ કરવાની પ્રક્રિયામાં ધરમૂળથી ફેરફાર કરવામાં આવ્યો છે, અને સુસ્થાપિત બંધારણીય પરંપરાઓને નજરઅંદાજ કરવામાં આવી છે; હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિની ભૂમિકા ઘટાડીને માત્ર એક નામાંકન અધિકારી જેટલી કરી દેવામાં આવી છે, જેમનો અભિપ્રાય માત્ર નામાંકનના હેતુ માટે જ લેવામાં આવે છે પરંતુ ન્યાયમૂર્તિની નિમણૂક જેવી અત્યંત મહત્વપૂર્ણ બાબતમાં સલાહકાર તરીકે લેવામાં આવતો નથી; હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિને આપવામાં આવેલા બંધારણીય મહત્વને સંપૂર્ણપણે ઘટાડીને વ્યવહારિક રીતે શૂન્ય સમાન બનાવી દેવામાં આવ્યું છે.

એનજેએસી ના કન્વીનર

૫૪૯. કેટલાક ગૌણ મુદ્દાઓ છે જેની ચર્ચા કરવાની જરૂર છે. એનજેએસી માં કારોબારીની સંડોવણી માત્ર કાયદા મંત્રી તેના સભ્યો પૈકીના એક હોવા પૂરતી અટકતી નથી. એનજેએસી એક્ટની કલમ ૮(૩) અનુસાર ન્યાય વિભાગમાં ભારત સરકારના સચિવ એનજેએસી ના કન્વીનર છે. કન્વીનરની ફરજો અને જવાબદારીઓ એનજેએસી એક્ટમાં વર્ણવવામાં આવી નથી અને, ઉપર જણાવ્યા મુજબ, સદર અધિનિયમ હેઠળના નિયમો અને વિનિયમો ઘડવામાં આવ્યા નથી. તેથી કન્વીનરે કયા કાર્યો કરવાના છે તે સમજવું મુશ્કેલ છે.

૫૫૦. તે ઉપરાંત, સચિવ સરકારના એક અધિકારી છે અને તેઓ એનજેએસીને જવાબદાર નથી. સચિવને સરકારી તિજોરીમાંથી પગાર અને ભથ્થાં

ચૂકવવામાં આવે છે. આ બાબત હાઇકોર્ટો અથવા સુપ્રિમ કોર્ટના અધિકારીઓથી તદ્દન વિપરીત છે જેઓ સીધા પોતાના સંબંધિત મુખ્ય ન્યાયમૂર્તિને જવાબદાર હોય છે. વધુમાં, તેમના પગાર અને ભથ્થાં ભારતના એકત્રિત ભંડોળ પર પ્રભારિત હોય છે. આ અધિકારીઓની 'સ્વતંત્રતા' જળવાઈ રહે છે જ્યારે ન્યાય વિભાગમાં ભારત સરકારના સચિવની તેવી સ્વતંત્રતા જળવાતી નથી. વળી, સચિવ બદલીપાત્ર હોદ્દો ધરાવે છે અને કારોબારીની મનસ્વી ધૂન મુજબ તેમને બદલી શકાય છે, જે એનજેએસીને સાતત્યથી વંચિત કરે છે અને, એક અર્થમાં, કારોબારી ઇચ્છે ત્યારે તેને અધવચ્ચે નિરાધાર છોડી દે છે. આ બાબત સ્પષ્ટપણે વાંધાજનક છે. જોકે, વિદ્વાન એટર્ની જનરલ પ્રત્યે ન્યાયી રહેવા માટે, એવી રજૂઆત કરવામાં આવી હતી કે જો જરૂરી હોય તો સુપ્રિમ કોર્ટના રજિસ્ટ્રારને કન્વીનર તરીકે નિયુક્ત કરી શકાય છે, પરંતુ પૂરા આદર સાથે તે ઉપસ્થિત કરવામાં આવેલા પ્રશ્નનો સહેજ પણ જવાબ નથી.

પારદર્શિતા

૫૫૧. ગોપનીયતાની આવશ્યકતાઓના સંદર્ભમાં, વિદ્વાન એટર્ની જનરલની રજૂઆત એવી હતી કે એનજેએસીની કામગીરી સંપૂર્ણપણે પારદર્શક રહેશે. પારદર્શિતાની જરૂરિયાતને વાજબી ઠેરવતાં એવી રજૂઆત કરવામાં આવી હતી કે અત્યાર સુધી કોલેજિયમ પ્રણાલીમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની પ્રક્રિયા એ અર્થમાં અત્યંત ગુપ્ત રહી છે કે કોલેજિયમ અથવા ન્યાય વિભાગની બહાર કોઈ પણ વ્યક્તિ સુપ્રિમ કોર્ટ અથવા હાઇકોર્ટોના ન્યાયમૂર્તિની નિમણૂક માટે

ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા કરવામાં આવેલી ભલામણોથી વાકેફ હોતી નથી. તમામ ન્યાયિક સંસ્થાઓમાં નિમણૂકની બાબતમાં 'દીવાદાંડી હેઠળનો સંપૂર્ણ અંધકાર દૂર કરવો પડશે'૪૯૩ તેવી દલીલ કરવા માટે રેણુ વિ. ડિસ્ટ્રિક્ટ જજ૪૯૨ નો સંદર્ભ આપવામાં આવ્યો હતો.

૫૫૨. પારદર્શિતાના મુદ્દા ઉપરાંત એવી રજૂઆત કરવામાં આવી હતી કે ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં, નાગરિક ૪૯૨ (૨૦૧૪) ૧૪ એસ.સી.સી. ૫૦ ૪૯૩ પેરાગ્રાફ ૪ સમાજને એ જાણવાનો અધિકાર છે કે નિમણૂક માટે કોના નામ પર વિચારણા કરવામાં આવી રહી છે. આ સંદર્ભમાં, ઇન્ડિયન એક્સપ્રેસ ન્યૂઝપેપર્સ વિ. યુનિયન ઓફ ઇન્ડિયા૪૯૪ માં કોર્ટે ઠેરવેલ કે લોકોને જાણવાનો અધિકાર છે. એટર્ની જનરલ વિ. ટાઇમ્સ ન્યૂઝપેપર્સ લિ. ૪૯૫ પર આધાર રાખવામાં આવ્યો હતો જ્યાં જાણવાના અધિકારને અભિવ્યક્તિની સ્વતંત્રતા અને ચર્ચાની સ્વતંત્રતાના મૂળભૂત સિદ્ધાંત તરીકે માન્યતા આપવામાં આવી હતી.

૫૫૩. સ્ટેટ ઓફ યુ.પી. વિ. રાજ નારાયણ૪૯૬ માં જાણવાનો અધિકાર વાણી સ્વાતંત્ર્યના ખ્યાલમાંથી ઉદ્ભવ્યો હોવાનું માન્ય રાખવામાં આવ્યું હતું.

૫૫૪. આખરે, રિલાયન્સ પેટ્રોકેમિકલ્સ લિ. વિ. પ્રોપ્રાઇટર્સ ઓફ ઇન્ડિયન એક્સપ્રેસ ન્યૂઝપેપર્સ બોમ્બે (પી) લિ. ૪૯૭ માં કોર્ટે ઠેરવેલ કે જાણવાનો અધિકાર એ એક મૂળભૂત અધિકાર છે જેની એક મુક્ત દેશના નાગરિકો આપણા

બંધારણના અનુચ્છેદ ૨૧ હેઠળ આપણી ભૂમિમાં આ યુગમાં જીવવાના અધિકારના વ્યાપક ક્ષિતિજમાં આકાંક્ષા રાખે છે.

૫૫૫. પારદર્શિતા અને ગોપનીયતા વચ્ચેનું સંતુલન ખૂબ જ નાજુક છે અને જો કોઈ ચોક્કસ વ્યક્તિ વિશેની કેટલીક સંવેદનશીલ માહિતી જાહેર કરવામાં આવે, તો તેની તેની/તેણીની પ્રતિષ્ઠા અને ગરિમા પર દૂરગામી અસર પડી શકે છે. ૯૯મા બંધારણ સુધારા અધિનિયમ અને એનજેએસી એક્ટે વ્યક્તિની ગોપનીયતાની ચિંતાઓની નોંધ લીધી નથી. આ મહત્વપૂર્ણ છે કારણ કે વિદ્વાન એટર્ની જનરલ દ્વારા એવી રજૂઆત કરવામાં આવી હતી કે એનજેએસીની કાર્યવાહી સંપૂર્ણપણે પારદર્શક રહેશે અને કોઈપણ વ્યક્તિ એનજેએસી પાસે ઉપલબ્ધ માહિતી મેળવી શકે છે. આ એક તદ્દન વ્યાપક સામાન્યીકરણ છે જે દેખીતી રીતે એવી વ્યક્તિની ગોપનીયતાને ધ્યાનમાં લેતું નથી જેની નિમણૂક માટે ખાસ કરીને હાઇકોર્ટના ન્યાયમૂર્તિ તરીકે અથવા પ્રથમ તબક્કે સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ તરીકે ભલામણ કરવામાં આવી હોય. જાણવાનો અધિકાર એ કોઈ મૂળભૂત ૪૯૪ (૧૯૮૫) ૧ એસ.સી.સી. ૬૪૧ ૪૯૫ (૧૯૭૩) ૩ ઓલ ઇ.આર. ૫૪ ૪૯૬ (૧૯૭૫) ૪ એસ.સી.સી. ૪૨૮ ૪૯૭ (૧૯૮૮) ૪ એસ.સી.સી. ૫૯૨ અધિકાર નથી પરંતુ વધુમાં વધુ તે એક ગર્ભિત મૂળભૂત અધિકાર છે અને તે તમામ લોકો જે ગોપનીયતાના ગર્ભિત મૂળભૂત અધિકારનો ઉપભોગ કરે છે તેનાથી મર્યાદિત છે. આ બે ગર્ભિત મૂળભૂત અધિકારો વચ્ચે સંતુલન જાળવવું મુશ્કેલ છે, પરંતુ ૯૯મો બંધારણ સુધારા અધિનિયમ અને

એનજેએસી એક્ટ તે સંતુલન પ્રાપ્ત કરવાનું તો દૂર રહ્યું, તેના પર વિચાર કરવાનો પણ પ્રયાસ કરતા નથી.

૫૫૬. એવી દલીલ કરવી શક્ય છે કે ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક માટે ભલામણ કરાયેલ વ્યક્તિ દ્વારા સ્વેચ્છાએ પૂરી પાડવામાં આવેલી માહિતી માટે કદાચ ગોપનીયતાનો અધિકાર ન હોય, પરંતુ તે જ સમયે, માહિતી વિશ્વાસમાં પૂરી પાડવામાં આવી હોવાથી, એવી દલીલ કરવી શક્ય છે કે તે ત્રીજા પક્ષકાર એવા અસંબંધિત વ્યક્તિઓને જાહેર કરવી જોઈએ નહીં. વળી, જો રાષ્ટ્રપતિ દ્વારા ભલામણ સ્વીકારવામાં ન આવે, તો શું ભલામણ કરાયેલ વ્યક્તિને રાષ્ટ્રપતિ દ્વારા પૂરી પાડવામાં આવેલી પ્રતિકૂળ માહિતી જાહેર ન કરાવવાનો અધિકાર છે? આ મુશ્કેલ પ્રશ્નો છે જેના પર પૂરતો વિચાર કરવામાં આવ્યો નથી અને માત્ર જાણવાના અધિકારના આધારે, કોઈ વ્યક્તિની પ્રતિષ્ઠાને ધોબી ઘાટમાં ધોઈ શકાય નહીં.

પુનર્જીવનનો સિદ્ધાંત

૫૫૭. વિદ્વાન સોલિસિટર જનરલે રજૂઆત કરી હતી કે જ્યારે કાયદામાં સુધારો કરવામાં આવે અને તે સુધારો ગેરબંધારણીય જાહેર કરવામાં આવે, ત્યારે સુધારા પહેલાંનો કાયદો પુનર્જીવિત થતો નથી. તેથી, જો ૯૯મો બંધારણ સુધારા અધિનિયમ બંધારણના મૂળભૂત માળખામાં ફેરફાર કરતો હોવાનું જાહેર કરવામાં આવે તો પણ, ૯૯મા બંધારણ સુધારા અધિનિયમ પહેલાં અસ્તિત્વમાં હતો તેવો

બંધારણનો અનુચ્છેદ ૧૨૪(૨) આપમેળે પુનર્જીવિત થશે નહીં અને કોલેજિયમ પ્રણાલી પુનઃ સપાટી પર આવશે નહીં.

૫૫૮. આ સંબંધમાં એક રસપ્રદ ચર્ચા વેસ્ટ યુ.પી. સુગર મિલ્સ એસો. વિ. સ્ટેટ ઓફ યુ.પી. ૪૯૮ માં જોવા મળે છે. આ કોર્ટે બી.એન. તિવારી વિ. યુનિયન ઓફ ઇન્ડિયા૪૯૯ અને ફર્મ એ.ટી.બી. મહેતાબ મજીદ એન્ડ કું. વિ. સ્ટેટ ઓફ મદ્રાસ૫૦૦ નો સંદર્ભ આપ્યો હતો જેમાંના બંનેમાં[52] ૪૯૯ એ.આઇ.આર. ૧૯૬૫ એસ.સી. ૧૪૩૦ (પાંચ ન્યાયમૂર્તિઓની બેંચ) ૫૦૦ એ.આઇ.આર. ૧૯૬૩ એસ.સી. ૯૨૮ (પાંચ ન્યાયમૂર્તિઓની બેંચ) એવું ઠેરવવામાં આવ્યું હતું કે જો કોઈ વૈધાનિક નિયમ કોઈ નિયમનું સ્થાન લે અને તે નવા નિયમને રદ કરવામાં આવે અથવા અમાન્ય જાહેર કરવામાં આવે, તો બદલાયેલો અથવા જૂનો નિયમ પુનર્જીવિત થતો નથી કારણ કે તેના સ્થાનાંતરણ પર તેનું અસ્તિત્વ સમાપ્ત થઈ ગયું હતું. ઇન્ડિયન એક્સપ્રેસ ન્યૂઝપેપર્સ (બોમ્બે) (પી) લિ. વિ. યુનિયન ઓફ ઇન્ડિયા૫૦૧ માં જાહેરનામાને આ જ તર્ક લાગુ કરવામાં આવ્યો હતો.

૫૫૯. જોકે, વધુમાં એવું ઠેરવવામાં આવ્યું હતું કે જો કોઈ પછીનો કાયદો રદબાતલ ઠેરવવામાં આવે જેમ કે એવા કેસમાં જ્યાં ધારાસભા પાસે કાયદો ઘડવાની સક્ષમતા ન હતી, તો અગાઉનો અથવા જૂનો કાયદો પુનર્જીવિત થશે. કોર્ટે ઠેરવેલ કે:

[52] ૪૬૮ (૨૦૧૪) ૧૧ એસ.સી.સી. ૫૪૭

"એ એક અલગ બાબત હોત જ્યાં અગાઉના કાયદામાં ફેરફાર કરતો કોઈ પછીનો કાયદો રદબાતલ ઠેરવવામાં આવ્યો હોય. આવા કિસ્સામાં, અગાઉનો કાયદો ક્યારેય સુધારવામાં આવ્યો ન હતો કે રદ કરવામાં આવ્યો ન હતો તેમ માનવામાં આવશે અને તેથી, તે અમલમાં ચાલુ રહ્યો હતો. જ્યાં એવું જણાય છે કે ધારાસભા પાસે કાયદો ઘડવાની સક્ષમતા ન હતી, છતાં તે પ્રવર્તમાન કાયદામાં સુધારો કરે છે અને ત્યારબાદ એવું જણાય છે કે ધારાસભા અથવા સત્તાધિકારી પ્રવર્તમાન કાયદામાં સુધારો કરવાની સત્તાથી વંચિત હતા, તેવા કિસ્સામાં જૂનો કાયદો પુનર્જીવિત થશે અને ચાલુ રહેશે."૫૦૨

૫૬૦. સ્ટેટ ઓફ ટી.એન. વિ. કે. શ્યામ સુંદર૫૦૩ માં આ વિષય પરના બે પ્રવર્તમાન મંતવ્યો નોંધવામાં આવ્યા છે. અહેવાલના પેરાગ્રાફ ૫૬ માં એ નિર્દેશિત કરવામાં આવ્યું છે કે કાયદાના નિરસન પર તે કાનૂન સંગ્રહમાંથી અસરકારક રીતે ભૂંસી નાખવામાં આવે છે અને જો સુધારો કરનાર [નિરસન કરનાર] કાયદો ધારાસભામાં કાયદાકીય સક્ષમતાના અભાવના કારણોસર ગેરબંધારણીય જાહેર કરવામાં આવે તો પણ, રદ કરાયેલ કાયદો પુનર્જીવિત થશે નહીં. આ મુજબ જણાવવામાં આવ્યું હતું:

"સ્ટેટ ઓફ યુ.પી. વિ. હિરેન્દ્ર પાલ સિંહ માં આ કોર્ટે ઠેરવેલ કે: (એસસીસી પાના નં. ૩૧૪, પેરા ૨૨)

"૨૨. એ સુસ્થાપિત કાનૂની સિદ્ધાંત છે કે જ્યારે પણ કોઈ અધિનિયમ રદ કરવામાં આવે છે, ત્યારે તેને એવું ગણવું જોઈએ કે જાણે તે ક્યારેય

૫૦૧ (૧૯૮૫) ૧ એસ.સી.સી. ૬૪૧ ૫૦૨ પેરાગ્રાફ ૧૫ ૫૦૩ (૨૦૧૧) ૮ એસ.સી.સી. ૭૩૭ અસ્તિત્વમાં જ ન હતો. ધ જનરલ ક્લોઝીસ એક્ટ, ૧૮૯૭ ની કલમ ૬ હેઠળ પૂરા પાડવામાં આવેલા અમુક હેતુઓ સિવાય, કાનૂન સંગ્રહમાંથી અધિનિયમને ભૂંસી નાખવાનો નિરસનનો હેતુ છે. નિરસન એ માત્ર સ્વરૂપની બાબત નથી પરંતુ તત્વની બાબત છે. તેથી, નિરસન પર, અગાઉની જોગવાઈઓ સંપૂર્ણપણે ભૂંસાઈ જાય છે/રદબાતલ થાય છે/નાબૂદ થાય છે એટલે કે પ્રો ટેન્ટો નિરસન. ... "

આમ, નિઃશંકપણે, વિદ્વાન સિનિયર કાઉન્સેલ દ્વારા સામાવાળાઓ વતી કરવામાં આવેલી રજૂઆત કે એકવાર અધિનિયમ રદ થઈ જાય અને સુધારો કરનાર અધિનિયમ ધારાસભાની અક્ષમતાના આધારે અમાન્ય અને અધિકારક્ષેત્ર બહારનો/ગેરબંધારણીય હોવાથી કોર્ટ દ્વારા રદ કરવામાં આવે, તો રદ કરાયેલ અધિનિયમ આપમેળે પુનર્જીવિત થશે તે હાસ્યાસ્પદ [પ્રીપોસ્ચરસ] છે અને તેના પર વધુ વિચારણા કરવાની જરૂર નથી. સ્ટેટ ઓફ યુ.પી. વિ. હિરેન્દ્ર પાલ સિંહ માં આ જ બેંચે, અગાઉના ઘણા ચુકાદાઓ પર ખાસ કરીને અમીર-ઉન-નિસા બેગમ વિ. મહબૂબ બેગમ, બી.એન. તિવારી વિ. યુનિયન ઓફ ઈન્ડિયા, ઈન્ડિયા ટોબેકો કું. લિ. વિ. સીટીઓ, ઈન્ડિયન એક્સપ્રેસ ન્યૂઝપેપર્સ (બોમ્બે) (પી) લિ. વિ. યુનિયન ઓફ ઈન્ડિયા, વેસ્ટ યુ.પી. સુગર મિલ્સ એસો. વિ. સ્ટેટ ઓફ યુ.પી.,

ઝિલે સિંહ વિ. સ્ટેટ ઓફ હરિયાણા, સ્ટેટ ઓફ કેરળ વિ. પીપલ્સ યુનિયન ફોર સિવિલ લિબર્ટીઝ અને ફર્મ એ.ટી.બી. મહેતાબ મજીદ એન્ડ કું. પર આધાર રાખ્યા પછી આ જ નિષ્કર્ષ કાઢ્યો હતો." (આંતરિક ટાંકણો બાકાત રાખ્યા છે)

બીજી તરફ, અહેવાલના પેરાગ્રાફ ૫૭ માં એ નિર્દેશિત કરવામાં આવ્યું છે કે જો કોઈ કાયદો રદ કરવામાં આવે અને નવો કાયદો મૂળભૂત અધિકારોના પ્રકરણનું ઉલ્લંઘન કરે છે તેવા કારણોસર ગેરબંધારણીય જાહેર કરવામાં આવે, તો રદ કરાયેલ કાયદો પુનર્જીવિત થાય છે. એવું કહેવામાં આવ્યું હતું:

> "આ કાનૂની સિદ્ધાંતનું બીજું પાસું છે, એટલે કે, જ્યાં બંધારણના અનુચ્છેદ ૧૪ ની જોગવાઈઓને ધ્યાનમાં રાખીને મનસ્વીપણાના કારણોસર અથવા બંધારણના ભાગ ૩ માં સમાવિષ્ટ મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન કરતો હોવાના કારણે કોર્ટ દ્વારા અધિનિયમને અમાન્ય ગણીને રદ કરવામાં આવે છે, ત્યારે તેવા અધિનિયમને શરૂઆતથી જ રદબાતલ (વોઇડ એબ ઇનિશિયો) તરીકે વર્ણવી શકાય છે જેનો અર્થ ગેરબંધારણીય, મૃતપ્રાય અથવા સહેજ પણ અસ્તિત્વ ન ધરાવતો એવો થાય છે. આવી પરિસ્થિતિમાં, જે અધિનિયમ રદ થયો હતો, તે આપમેળે પુનર્જીવિત થાય છે. (જુઓ બહેરામ ખુરશીદ પેશીકાકા અને મહેન્દ્ર લાલ જૈની.)" (આંતરિક ટાંકણો બાકાત રાખ્યા છે)

એવી શંકા (જો મંતવ્યોનો સૂક્ષ્મ સંઘર્ષ ન હોય તો) ચોક્કસપણે દેખાય છે જેનું નિરાકરણ લાવવાની જરૂર છે એ અર્થમાં કે જો કોઈ કાયદો રદ કરવામાં

આવે અને કાનૂન સંગ્રહમાંથી ભૂંસી નાખવામાં આવે, તો કયા સંજોગોમાં તે વિલોપન અદૃશ્ય થાય છે, જો ક્યારેય થતું હોય તો. જોકે, આમાંના કોઈપણ નિર્ણયમાં બંધારણના સુધારાનો કોઈ સંદર્ભ આપવામાં આવ્યો નથી, અને હાલના તબક્કે તે વિવાદમાં ઊંડા ઉતરવું જરૂરી નથી. આનું સાદું કારણ એ છે કે આ મુદ્દા પર નોંધપાત્ર ચર્ચાની જરૂર છે, જેનો લાભ અમને મળ્યો ન હતો. ન્યાયમૂર્તિ ખેહરે તેમના મુસદ્દા ચુકાદામાં આ મુદ્દા પર વિસ્તૃત રીતે વિચારણા કરી છે પરંતુ હું યોગ્ય પ્રસંગે ચર્ચા માટે આ પ્રશ્નને ખુલ્લો રાખવા માંગુ છું.

૫૬૧. પરંતુ, આનાથી તદ્દન અલગ, જો વિદ્વાન સોલિસિટર જનરલની દલીલ સ્વીકારવામાં આવે, તો આ કેસના તથ્યો પર; પરિણામ વિનાશક આવશે. તેનું સાદું કારણ એ છે કે જો ૯૯મા બંધારણ સુધારા અધિનિયમને બંધારણના મૂળભૂત માળખામાં ફેરફાર કરતો હોવાથી રદ કરવામાં આવે અને જો અનુચ્છેદ ૧૨૪(૨) તેના મૂળ સ્વરૂપમાં પુનર્જીવિત ન થાય, તો બંધારણના અનુચ્છેદ ૧૨૪(૨) માંથી (૯૯મા બંધારણ સુધારા અધિનિયમ દ્વારા) કાઢી નાખવામાં આવેલા શબ્દો બાદ કરતાં અને (૯૯મા બંધારણ સુધારા અધિનિયમ દ્વારા ઉમેરવામાં આવેલા) રદ કરાયેલા શબ્દો બાદ કરતાં, તે નીચે મુજબ વંચાશે:

અનુચ્છેદ ૧૨૪(૨) મૂળ સ્વરૂપમાં હતો તે મુજબ ૯૯મા બંધારણ સુધારા પછી અનુચ્છેદ ૧૨૪(૨) ૯૯મો બંધારણ સુધારો રદ થયા પછી અને મૂળ

અધિનિયમ અનુચ્છેદ ૧૨૪(૨) પુનર્જીવિત ન થાય તે પછી અનુચ્છેદ ૧૨૪(૨)

મૂળ જોગવાઈ	૯૯મા સુધારા હેઠળ	સુધારો રદ થયા પછી
(૨) સુપ્રિમ કોર્ટના પ્રત્યેક ન્યાયાધીશની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા પોતાના હસ્તાક્ષર અને મહોર સહિતના અધિપત્ર દ્વારા સુપ્રિમ કોર્ટના અને રાજ્યોની હાઇકોર્ટોના એવા ન્યાયાધીશો સાથે વિચાર-વિમર્શ કર્યા પછી કરવામાં આવશે જે રાષ્ટ્રપતિ તે હેતુ માટે જરૂરી માને અને તેઓ પાંસઠ વર્ષની વય પ્રાપ્ત કરે ત્યાં સુધી હોદ્દો ધરાવશે:	(૨) સુપ્રિમ કોર્ટના પ્રત્યેક ન્યાયાધીશની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા પોતાના હસ્તાક્ષર અને મહોર સહિતના અધિપત્ર દ્વારા અનુચ્છેદ ૧૨૪એ માં ઉલ્લેખિત રાષ્ટ્રીય ન્યાયિક નિમણૂક આયોગની ભલામણ પર કરવામાં આવશે અને તેઓ પાંસઠ વર્ષની વય પ્રાપ્ત કરે ત્યાં સુધી હોદ્દો ધરાવશે:	(૨) સુપ્રિમ કોર્ટના પ્રત્યેક ન્યાયાધીશની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા પોતાના હસ્તાક્ષર અને મહોર સહિતના અધિપત્ર દ્વારા કરવામાં આવશે અને તેઓ પાંસઠ વર્ષની વય પ્રાપ્ત કરે ત્યાં સુધી હોદ્દો ધરાવશે:

૫૬૨. આનાથી ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર-વિમર્શ કર્યા વિના સુપ્રિમ કોર્ટમાં ન્યાયમૂર્તિની નિમણૂક કરવાની (અને હાઇકોર્ટમાં પણ ન્યાયમૂર્તિની નિમણૂક કરવાની) રાષ્ટ્રપતિને સંપૂર્ણ સત્તા મળશે. તેમની રજૂઆત સ્વીકારવાનું પરિણામ એક સરમુખત્યાર ઊભો કરવાનું થશે, જેમ જેમ્સ મેડિસને ધ ફેડરલિસ્ટ પેપર્સ નં. ૪૭ માં જણાવ્યું હતું:

> "તમામ સત્તાઓ, ધારાકીય, કારોબારી અને ન્યાયિક, એક જ હાથમાં કેન્દ્રિત થવી, ભલે તે એક વ્યક્તિના, થોડા લોકોના કે ઘણા લોકોના હાથમાં હોય, અને ભલે તે વારસાગત, સ્વયં-નિયુક્ત કે ચૂંટાયેલી હોય, તેને ઉચિત રીતે જ સરમુખત્યારશાહીની ચોક્કસ વ્યાખ્યા તરીકે જાહેર કરી શકાય."

૫૬૩. વિદ્વાન સોલિસિટર-જનરલ સમક્ષ આ બાબત મૂકવામાં આવી હતી અને તેમની સમક્ષ એ બાબત પણ મૂકવામાં આવી હતી કે જો તેમની રજૂઆતો

સાચી હોય, તો યુનિયન ઓફ ઈન્ડિયા માટે ૯૯મો બંધારણ સુધારા અધિનિયમ રદ કરાવી દેવો વધુ સારો રહેશે જેથી જ્યાં સુધી ન્યાયમૂર્તિઓની નિમણૂકનો સંબંધ છે ત્યાં સુધી સંપૂર્ણ સત્તા રાષ્ટ્રપતિમાં નિહિત થાય અને તે તેમને ઈમ્પીરિયમ ઈન ઈમ્પીરિયો બનાવે. વિદ્વાન સોલિસિટર-જનરલ હસ્યા પરંતુ દેખીતી રીતે તેમની પાસે આપવા માટે કોઈ જવાબ ન હતો. તેથી, એવું ઠેરવવું જ જોઈએ કે ૯૯મો બંધારણ સુધારા અધિનિયમ ગેરબંધારણીય હોવાની જાહેરાત થતાં જ ૯૯મા બંધારણ સુધારા અધિનિયમ દ્વારા સુધારેલી બંધારણીય જોગવાઈઓ પુનર્જીવિત થાય છે.

તારણો

૫૬૪. ખૂબ જ સંક્ષિપ્તમાં, ડૉ. આંબેડકરનો એવો મત હતો કે ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં રાષ્ટ્રપતિ પાસે અમુક વિવેકાધિકાર હોવો જોઈએ પરંતુ અનિયંત્રિત વિવેકાધિકાર નહીં. સેકન્ડ જજીસ કેસે સ્વીકાર્યું હતું કે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા કરવામાં આવેલી ભલામણને નકારી કાઢવાનો રાષ્ટ્રપતિ પાસે વિવેકાધિકાર છે, પરંતુ માત્ર ચોક્કસ સંજોગો હેઠળ જ. આ રાષ્ટ્રપતિના વિવેકાધિકાર પર નિયંત્રણ હતું. જોકે, ૯૯મા બંધારણ સુધારા અધિનિયમ અને એનજેએસી એક્ટ દ્વારા ન્યાયમૂર્તિની નિમણૂક માટેની ભલામણને નકારી કાઢવાનો રાષ્ટ્રપતિનો વિવેકાધિકાર સંપૂર્ણપણે છીનવી લેવામાં આવ્યો છે, જેનાથી રાષ્ટ્રપતિનું બંધારણીય મહત્વ ઘટી ગયું છે.

૫૬૫. ડૉ. આંબેડકરનો એવો મત હતો કે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા નિમણૂક માટેની ભલામણના સંબંધમાં રાષ્ટ્રપતિ પાસે સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટોના ન્યાયમૂર્તિઓ સાથે વિચાર-વિમર્શ કરવાનો વિવેકાધિકાર હોવો જોઈએ. સેકન્ડ જજીસ કેસ અને થર્ડ જજીસ કેસ દ્વારા, રાષ્ટ્રપતિ સમક્ષ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા હાથ ધરવામાં આવેલી વિચાર-વિમર્શની પ્રક્રિયાનું પરિણામ રજૂ કરવામાં આવ્યું હતું જે કરવું ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ માટે ફરજિયાત હતું. આ ઉપરાંત રાષ્ટ્રપતિ સુપ્રિમ કોર્ટ અથવા હાઇકોર્ટોના અન્ય ન્યાયમૂર્તિઓ સાથે વિચાર-વિમર્શ કરવા માટે હકદાર હતા. જોકે, ૯૯મા બંધારણ સુધારા અધિનિયમ અને એનજેએસી એક્ટ દ્વારા રાષ્ટ્રપતિ પાસેથી વિચાર-વિમર્શની આ સ્વતંત્રતા છીનવી લેવામાં આવી છે, જેમની પાસે એનજેએસીની ભલામણને જ ધ્યાનમાં લેવા સિવાય અને તેનાથી આગળ ન જવા સિવાય અન્ય કોઈ વિકલ્પ નથી. ફરી એકવાર, રાષ્ટ્રપતિનું બંધારણીય મહત્વ અને મૂલ્ય સંપૂર્ણપણે છીનવી ન લેવાયું હોય તો પણ, નોંધપાત્ર રીતે ઘટી ગયું છે.

૫૬૬. ડૉ. આંબેડકર ન્યાયમૂર્તિની દરેક નિમણૂકના સંબંધમાં (એક વ્યક્તિ તરીકે) ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની સહમતિના વિરોધી હતા. સેકન્ડ જજીસ કેસે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ માટે અન્ય ન્યાયમૂર્તિઓનો અભિપ્રાય લેવાનું ફરજિયાત બનાવ્યું અને આ સંબંધમાં ન્યાયમૂર્તિઓ સિવાયની અન્ય વ્યક્તિઓ સાથે વિચાર-વિમર્શ કરવાનો વિકલ્પ પણ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ માટે ખુલ્લો રાખ્યો. ભારતના મુખ્ય ન્યાયમૂર્તિનો અભિપ્રાય (ડૉ. આંબેડકરની 'ઇચ્છા' મુજબ) એક વ્યક્તિગત અભિપ્રાય રહેવાને બદલે સામૂહિક અથવા

સંસ્થાકીય અભિપ્રાય બન્યો, અને આ બંને વચ્ચે ઘણો મોટો તફાવત છે. જોકે, ૯૯મા બંધારણ સુધારા અધિનિયમ અને એનજેએસી એક્ટ દ્વારા ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની સત્તાને (વ્યક્તિગત તેમજ સંસ્થાકીય બંને રીતે) નોંધપાત્ર રીતે મર્યાદિત અને સંકુચિત કરી દેવામાં આવી છે અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિને હવે અન્ય ન્યાયમૂર્તિઓનો અથવા એનજેએસી બહારની કોઈપણ વ્યક્તિનો અભિપ્રાય લેવાથી રોકી દેવામાં આવ્યા છે. ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ એક સંસ્થાકીય વડામાંથી ઘટીને માત્ર એક વ્યક્તિગત દરજ્જા સુધી સીમિત થઈ ગયા છે.

૫૬૭. ડૉ. આંબેડકર ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં (એક વ્યક્તિ તરીકે) ભારતના મુખ્ય ન્યાયમૂર્તિના અભિપ્રાયને આખરી શબ્દ તરીકે સ્વીકારવા તૈયાર ન હતા. કારણ કે આપણા બધાની જેમ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિમાં પણ નબળાઈઓ હોય છે. ડૉ. આંબેડકરની આ શંકા સેકન્ડ જજીસ કેસ અને થર્ડ જજીસ કેસ દ્વારા દૂર કરવામાં આવી હતી જેણે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ માટે વ્યક્તિગત અભિપ્રાય નહીં પરંતુ સામૂહિક અભિપ્રાય વ્યક્ત કરવાનું ફરજિયાત બનાવ્યું હતું. સામૂહિક અને સર્વસંમત અભિપ્રાય (જો જરૂરી હોય તો યોગ્ય રીતે પુનરોચ્ચારિત) રાષ્ટ્રપતિ પર બંધનકર્તા રહેશે કારણ કે તે એવી વ્યક્તિઓનો સામૂહિક અને સર્વસંમત અભિપ્રાય હતો કે જેઓ પૂર્વધારણા મુજબ જ 'આ પ્રકારની બાબતમાં યોગ્ય સલાહ આપવા માટે સુયોગ્ય લાયકાત ધરાવતા હતા.' જોકે, ૯૯મા બંધારણ સુધારા અધિનિયમ અને એનજેએસી એક્ટ દ્વારા સેકન્ડ જજીસ કેસ અને થર્ડ જજીસ કેસમાં સુવિચારિત પ્રક્રિયાને ઉલટાવી દેવામાં આવી

અને ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની બંધારણીય સત્તા છીનવી લઈને એનજેએસીના ઉપયોગ માટે થાળીમાં પીરસી દેવામાં આવી.

૫૬૮. આપણા બંધારણીય ઇતિહાસ, પ્રસ્થાપિત પરંપરાઓ, છેલ્લા સિત્તેર વર્ષો દરમિયાન વિવિધ સમિતિઓના મંતવ્યો અને શ્રી મોતીલાલ સેતલવાડથી શરૂ કરીને અનેક કાનૂની વિદ્વાનોના મંતવ્યો, ઘણા દાયકાઓ દરમિયાન ન્યાયતંત્ર જે યાતનાઓમાંથી પસાર થયું છે તે અને આપણા બંધારણની જોગવાઈઓને ધ્યાનમાં લેતાં, હું ઠેરવું છું કે ધ કોન્સ્ટિટ્યુશન (નાઈન્ટી-નાઈન્થ એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૧૪ દ્વારા બંધારણમાં દાખલ કરવામાં આવેલ અનુચ્છેદ ૧૨૭એ ન્યાયતંત્રની સ્વતંત્રતા પર અને ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં (કે જે ન્યાયતંત્રની સ્વતંત્રતાનો પાયારૂપ અને અભિન્ન ભાગ છે) તરાપ મારે છે અને બંધારણના મૂળભૂત માળખામાં ફેરફાર કરે છે. તેથી તેને તદનુસાર ગેરબંધારણીય જાહેર કરવામાં આવે છે. ધ કોન્સ્ટિટ્યુશન (નાઈન્ટી-નાઈન્થ એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૧૪ ની અન્ય જોગવાઈઓ પોતાની મેળે ટકી શકે તેમ નથી અને તેથી તેને પણ ગેરબંધારણીય જાહેર કરવામાં આવે છે. તેવી જ રીતે, ધ નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન એક્ટ, ૨૦૧૪ કાનૂન હેઠળના વિવિધ સત્તાધિકારીઓને મનસ્વી અને અસીમિત સત્તાઓ આપે છે અને તે બંધારણના અનુચ્છેદ ૧૪ નું ઉલ્લંઘન કરે છે તથા તેને ગેરબંધારણીય જાહેર કરવામાં આવે છે. અન્યથા પણ, ધ કોન્સ્ટિટ્યુશન (નાઈન્ટી-નાઈન્થ એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૧૪ ની ગેરહાજરીમાં ધ નેશનલ જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન એક્ટ, ૨૦૧૪ એકલો ટકી શકે નહીં.

૫૬૯. આ જાહેરાતનું પરિણામ એ છે કે સેકન્ડ જજીસ કેસ અને થર્ડ જજીસ કેસ દ્વારા પ્રસ્તાવિત 'કોલેજિયમ પ્રણાલી' પુનર્જીવિત થાય છે. જોકે, (સુધારેલા) મેમોરેન્ડમ ઓફ પ્રોસિજર સાથે વંચાણે લેતાં આ નિર્ણયોમાં નિર્ધારિત ન્યાયમૂર્તિઓની નિમણૂકની પ્રક્રિયાને ચોક્કસપણે વધુ સુધારવાની (ફાઇન ટ્યુનિંગની) જરૂર છે. અમે રજૂઆતો પૂર્ણ થવા પર, વિદ્વાન વકીલશ્રીઓને અરજીઓ ફગાવી દેવામાં આવે તે આધાર પર અને અરજીઓ મંજૂર કરવામાં આવે તે આધાર પર સૂચનો આપવા વિનંતી કરી હતી. કમનસીબે, અમને કોઈ પ્રતિસાદ મળ્યો નહીં, અથવા વધુમાં વધુ ઉદાસીન પ્રતિસાદ મળ્યો. આ સંજોગોમાં, મારા મતે, ન્યાયમૂર્તિઓની નિમણૂકની પ્રક્રિયા અને પદ્ધતિને સુવ્યવસ્થિત કરવા, તેને લોકોની જરૂરિયાતો પ્રત્યે વધુ પ્રતિભાવશીલ બનાવવા, તેને વધુ પારદર્શક અને સામાજિક જરૂરિયાતોને અનુરૂપ બનાવવા, અને વિશેષ કરીને, ફિફ્થ જજીસ કેસથી બચવા માટે ભવિષ્યમાં લેવાના થતાં પગલાં બાબતે અમને સહાય કરવા માટે અમારે એક 'પરિણામી સુનાવણી' (કોન્સિક્વન્સ હિયરિંગ) યોજવાની જરૂર છે! તેથી, હું અરજીઓ મંજૂર કરું છું પરંતુ યોગ્ય તારીખે 'પરિણામી સુનાવણી' માટે તેને સૂચિબદ્ધ કરું છું.

હુકમ

કુરિયન, ન્યાયમૂર્તિ ૧. હું મારા આદરણીય બંધુ, ચેલમેશ્વર, ન્યાયમૂર્તિ દ્વારા લેવાયેલા આ મત સાથે સંપૂર્ણપણે સહમત છું કે આ કેસમાં ન્યાયમૂર્તિ ખેહરના રિક્યુઝલને વાજબી ઠેરવતી કોઈ પરિસ્થિતિ નથી. હવે, જ્યારે આપણે

કોઈ ન્યાયમૂર્તિએ કેસમાંથી શા માટે રિક્યુઝ થવાની જરૂર નથી તે અંગે વિગતવાર અને કારણબદ્ધ હુકમ પસાર કરવાનો છે, ત્યારે મને સિક્કાની બીજી બાજુ પર પણ વિચાર કરવો યોગ્ય લાગે છે, કે શું કોઈ ન્યાયમૂર્તિએ ચોક્કસ કેસમાં પોતાના રિક્યુઝલ માટેના કારણો દર્શાવવા જોઈએ.

૨. ન્યાયમૂર્તિના રિક્યુઝલ માટેનું એક કારણ એ છે કે પક્ષકારો/જનતા તેમની નિષ્પક્ષતા અંગે વાજબી આશંકા સેવી શકે છે. જેમ લોર્ડ ચીફ જસ્ટિસ હેવાર્ટે કહ્યું હતું:

> "ન્યાય માત્ર થવો જ જોઈએ એટલું જ નહીં, પરંતુ પ્રત્યક્ષપણે અને નિઃશંકપણે થયેલો દેખાવો પણ જોઈએ, તે માત્ર અમુક અંશે જ મહત્વપૂર્ણ નથી પરંતુ મૂળભૂત મહત્વની બાબત છે."૧

અને તેથી, સંસ્થાની અખંડિતતા અને વિશ્વસનીયતા જાળવી રાખવા માટે, ન્યાયમૂર્તિ કેસની સુનાવણીમાંથી પોતાને રિક્યુઝ કરે છે.

૩. સુપ્રિમ કોર્ટ અથવા હાઇકોર્ટના ન્યાયમૂર્તિ, હોદ્દો ગ્રહણ કરતી વખતે, ભારતના બંધારણની ત્રીજી અનુસૂચિ હેઠળ નિર્ધારિત કર્યા મુજબના શપથ લે છે કે:

> " ... હું કાયદા દ્વારા સ્થાપિત ભારતના બંધારણ પ્રત્યે સાચી શ્રદ્ધા અને નિષ્ઠા રાખીશ, હું ભારતનું સાર્વભૌમત્વ અને અખંડિતતા જાળવી રાખીશ, હું કોઈપણ ભય કે પક્ષપાત, સ્નેહ કે દ્વેષ વિના મારી સંપૂર્ણ ક્ષમતા, જ્ઞાન

અને વિવેકબુદ્ધિ અનુસાર યોગ્ય રીતે અને વફાદારીપૂર્વક મારા હોદ્દાની ફરજો બજાવીશ અને હું બંધારણ અને કાયદાઓનું પાલન કરીશ."

૪. ભય કે પક્ષપાત, સ્નેહ કે દ્વેષ વિના હોદ્દાની ફરજો બજાવવા માટે આહ્વાન કરાયેલા હોવાથી, તે માત્ર યોગ્ય જ નહીં પરંતુ ઇચ્છનીય પણ છે કે કોઈ ન્યાયમૂર્તિ, અમુક આર્થિક હિત, કેસના પક્ષકારો સાથે આત્મીયતા કે પ્રતિકૂળતા, મુકદ્દમાના પરિણામમાં પ્રત્યક્ષ કે પરોક્ષ હિત, અન્ય કોઈ સ્થળે તે જ મુદ્દા પર મુકદ્દમામાં પરિવારનું સીધું સંકળાયેલ હોવું, ન્યાયમૂર્તિ વાકેફ હોય કે તેમનું અથવા તેમના નિકટના પરિવારમાં કોઈનું કોઈ હિત, નાણાકીય કે અન્યથા, છે જે મુકદ્દમાના નિર્ણયના પરિણામે નોંધપાત્ર અસર કરી શકે છે, વગેરે જેવા કોઈપણ અપરિહાર્ય કારણોસર, ચોક્કસ બાબતના ન્યાયનિર્ણયમાંથી પોતાને રિક્યુઝ કરે. નિઃશંકપણે, આ ઉદાહરણો સંપૂર્ણ નથી.

સ્વતંત્રતાને પણ નુકસાન પહોંચાડે છે. આ સત્તા સંસદને ન્યાયતંત્રની અગ્રતાના સ્થાને કારોબારીની અગ્રતા સ્થાપિત કરવા માટે સક્ષમ બનાવે છે. જો તેને કાયમ રહેવા દેવામાં આવે, તો આ જોગવાઈમાં વધુ સુધારો સરળતાથી કરી શકાય છે જેથી સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટોના ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં ઉચ્ચ ન્યાયતંત્રના સૌથી વરિષ્ઠ ન્યાયમૂર્તિઓની કોઈપણ અસરકારક ભૂમિકાનો ઇનકાર થઈ શકે. આમ, આ સુધારો ન્યાયમૂર્તિઓ માટે અગ્રણી અવાજની કલ્પના કરતો નથી અને ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં કારોબારી તત્વને પ્રભાવશાળી બનાવે છે જે બંધારણના મૂળભૂત માળખામાં ફેરફાર કરે છે અને તેને નુકસાન પહોંચાડે છે. એવી પણ દલીલ કરવામાં આવી છે કે એનજેએસી એક્ટ શૂન્ય હતો કારણ કે તે સુધારા અધિનિયમ અમલમાં આવ્યો તે પહેલાં સંસદ દ્વારા પસાર કરવામાં આવ્યો હતો.

૯. આમ, અરજદારો વતી દલીલો નીચે મુજબ છે:

(૧) બંધારણ સર્વોચ્ચ છે અને તમામ અંગોની સત્તાઓ તેના હેઠળ વ્યાખ્યાયિત અને નિયંત્રિત છે;

(૨) સંસદની સુધારા કરવાની સત્તા ન્યાયિક રીતે અર્થઘટન કરાયેલ મૂળભૂત માળખાની સંકલ્પના દ્વારા મર્યાદિત છે;

(૩) બંધારણ અને તેના હેઠળની સત્તાઓના વ્યાપની અંતિમ અર્થઘટનકાર આ કોર્ટ છે;

(૪) ન્યાયતંત્રની સ્વતંત્રતા અને સત્તાનું પૃથક્કરણ મૂળભૂત માળખાનો ભાગ છે;

(૫) ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં ન્યાયતંત્રની અગ્રતા એ ન્યાયતંત્રની સ્વતંત્રતા અને સત્તાના પૃથક્કરણનો મહત્વપૂર્ણ ભાગ છે અને તેથી તે મૂળભૂત માળખાનો ભાગ છે;

(૬) ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં કારોબારી અને ધારાસભાની ભૂમિકા ન્યૂનતમ રાખવામાં આવે તે પણ મૂળભૂત માળખાનો ભાગ હતો;

(૭) વાદગ્રસ્ત સુધારામાં આયોગની રચના ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં ન્યાયતંત્રની અગ્રતાનો નાશ કરીને અને આવી નિમણૂકોમાં કારોબારી અને ધારાસભાને નિયંત્રક ભૂમિકા આપીને બંધારણના મૂળભૂત માળખાને ગંભીર રીતે નુકસાન પહોંચાડે છે;

(૮) વાદગ્રસ્ત સુધારો જ્યાં સુધી કારોબારી દ્વારા સૂચવવામાં આવેલા ઉમેદવારોની નિમણૂક કરવામાં ન આવે ત્યાં સુધી ન્યાયતંત્ર દ્વારા પ્રસ્તાવિત ન્યાયમૂર્તિઓની નિમણૂકને અટકાવવા સક્ષમ બનાવે છે, જેથી ન્યાયતંત્રની સ્વતંત્રતા સાથે સમાધાન થાય છે;

(૯) વાદગ્રસ્ત સુધારો ન્યાયમૂર્તિઓની નિમણૂકના નિર્ણાયક મુદ્દાઓ સંસદને સોંપીને સુધારાની સત્તાનો વિસ્તાર કરે છે, જે બંધારણના મૂળભૂત માળખાની વિરુદ્ધ છે;

(૧૦) જો કારોબારી કે ધારાસભાનો પ્રભાવશાળી અવાજ હશે તો આયોગની રચના ન્યાયતંત્રમાં લોકોના વિશ્વાસને ડગમગાવી દેશે; અને

(૧૧) વાદગ્રસ્ત અધિનિયમ સંસદની વિધાયક સક્ષમતા બહારનો છે.

૧૦. સુધારો અને અધિનિયમનો બચાવ કરતાં, ન્યાય વિભાગના સંયુક્ત સચિવે ભારત સંઘ (યુ.ઓ.આઇ.) વતી જવાબી સોગંદનામું દાખલ કર્યું છે. ભારત સંઘનો કેસ એવો છે કે ન્યાયતંત્રની સ્વતંત્રતા માત્ર નિમણૂક પછીની છે. નિમણૂક એ એક કારોબારી કૃત્ય છે અને ન્યાયતંત્રની સ્વતંત્રતાને નિમણૂકના કારોબારી કૃત્ય સાથે કોઈ સુસંગતતા નથી. ભારત સંઘ રજૂઆત કરે છે કે ન્યાયિક સ્વતંત્રતા નિયંત્રણો અને સંતુલનો સાથે જોડાયેલી હોવી જોઈએ અને બંધારણ સભાની ચર્ચાઓ (સી.એ.ડી.) સાથે અનુચ્છેદો ૧૨૪(૨) અને ૨૧૭(૧) ના સંદર્ભપૂર્ણ વાંચનથી સ્પષ્ટ થાય છે કે ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિની કોઈ અગ્રતા નથી. ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચાર-વિમર્શ એ માત્ર કારોબારી પરના એક નિયંત્રણના રૂપમાં હતો, જેનો આ બાબતમાં આખરી નિર્ણય હતો. વધુમાં, અન્ય ન્યાયમૂર્તિઓ સાથે વિચાર-વિમર્શની જોગવાઈ કોલેજિયમની રચનાને વાજબી ઠેરવતી નથી. ભારત સંઘની રજૂઆત ન્યાયમૂર્તિઓને હોદ્દા પરથી દૂર કરવા માટેની મહાભિયોગની જોગવાઈઓ (અનુચ્છેદ ૧૨૪(૪)); સંબોધન રજૂ કરવા માટેની પ્રક્રિયા તેમજ ન્યાયમૂર્તિના ગેરવર્તણૂક કે અસમર્થતાની તપાસ અને સાબિતીની પ્રક્રિયાનું વિનિયમન કરવાની સંસદની સત્તા (અનુચ્છેદ ૧૨૪(૫)) અને ન્યાયમૂર્તિઓનો પગાર નક્કી

કરવાની તથા ન્યાયિક કામગીરીના અન્ય પાસાંઓને લગતી સંસદને કાયદો ઘડવાની સત્તા આપતી જોગવાઈઓ (અનુચ્છેદ ૧૨૫) નો સંદર્ભ આપે છે. ભારત સંઘ રજૂઆત કરે છે કે સેકન્ડ જજીસ કેસ અને થર્ડ જજીસ કેસમાં આ કોર્ટના નિર્ણયો, કે જેણે અનુચ્છેદો ૧૨૪(૧) અને ૨૧૭(૧) હેઠળ વિચાર-વિમર્શની પ્રક્રિયાના સંદર્ભમાં ન્યાયતંત્રની અગ્રતા ઠરાવી હતી, તે વાદગ્રસ્ત નવ્વાણુમા સુધારાની માન્યતા ચકાસવા માટે કોઈ સુસંગતતા ધરાવતા નથી કે જેના દ્વારા અનુચ્છેદો ૧૨૪(૨) અને ૨૧૭(૧) ની જોગવાઈઓમાં સુધારો કરવામાં આવ્યો છે. તેમ છતાં, એવી દલીલ કરવામાં આવી છે કે સદર ચુકાદાઓમાં લેવાયેલો એ દ્રષ્ટિકોણ કે નિમણૂકમાં ન્યાયતંત્રની અગ્રતા છે તે ક્ષતિપૂર્ણ છે, અને તેના પર પુનર્વિચારણા કરવાની જરૂર છે. કોઈપણ સંજોગોમાં, ભારત સંઘ દલીલ કરે છે કે ઉચ્ચ ન્યાયતંત્રના ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં ન્યાયતંત્રની અગ્રતાને ન્યાયતંત્રની સ્વતંત્રતા સાથે કોઈ સંબંધ નથી અને તે બંધારણનું મૂળભૂત લક્ષણ નથી. ઑસ્ટ્રેલિયા જેવા કેટલાક દેશોમાં, ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં ન્યાયતંત્રની અગ્રતા વિના પણ ન્યાયતંત્રની સ્વતંત્રતા અસ્તિત્વ ધરાવે છે. ભારત સંઘ રજૂઆત કરે છે કે એનજેએસી ની પ્રક્રિયાનું વિનિયમન કરવા અથવા એનજેએસી દ્વારા ઘડવામાં આવેલા વિનિયમોમાં ફેરફાર કરવા માટે કાયદો ઘડવાની સંસદને આપવામાં આવેલી સત્તા માન્ય છે. વિનિયમો ઘડવામાં એનજેએસી સંસદને જવાબદાર છે. એનજેએસી ના સભ્ય તરીકે કાયદા મંત્રીની ઉપસ્થિતિ જનતા પ્રત્યેની જવાબદારી સુનિશ્ચિત કરે છે. બે પ્રતિષ્ઠિત વ્યક્તિઓની ઉપસ્થિતિ અન્ય સભ્યોની કામગીરી પર નિયંત્રણ અને સંતુલન

સમાન છે. સભ્યોની વિવિધતા દરેક સભ્યની અન્ય સભ્ય પ્રત્યે વધુ જવાબદારી સુનિશ્ચિત કરશે. આનાથી ન્યાયતંત્રની કામગીરીમાં વધુ જાહેર વિશ્વાસ સુનિશ્ચિત થશે. એનજેએસી રાઇટ ટુ ઇન્ફોર્મેશન એક્ટ, ૨૦૦૫ ના દાયરામાં આવશે જે પારદર્શિતા સુનિશ્ચિત કરશે. જો સુધારો રદ કરવામાં આવે તો પણ, મૂળ જોગવાઈઓ પુનર્જીવિત થઈ શકે નહીં કારણ કે પુનર્જીવનનો સિદ્ધાંત બંધારણીય સુધારાઓને લાગુ પડતો નથી. બંધારણના અનુચ્છેદ ૩૧સી ના સંબંધમાં પ્રોપર્ટી ઓનર્સ એસોસિએશન વિ. મહારાષ્ટ્ર રાજ્ય ૪ માં આ મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો જે નવ ન્યાયમૂર્તિઓની બેંચ સમક્ષ પેન્ડિંગ છે. એવી પણ રજૂઆત કરવામાં આવી છે કે રીટ અરજી અકાળ છે કારણ કે નવી વ્યવસ્થાને કામ કરવાની તક આપવામાં આવી નથી અને કોઈ અધિકારોને અસર થઈ નથી.

૧૧. સામાવાળા વતી દલીલો[55]

(બી) નિમણૂકોમાં ન્યાયતંત્રની અગ્રતાને બંધારણની અસુધારેલી જોગવાઈઓના ક્ષતિપૂર્ણ અર્થઘટન દ્વારા માન્યતા આપવામાં આવી હતી અને સુધારા દ્વારા તે અર્થઘટનને સુધારી લેવામાં આવ્યું છે અને આમ મૂળભૂત માળખાનું કોઈ ઉલ્લંઘન થતું નથી. વૈકલ્પિક રીતે, અગાઉના અર્થઘટનને સુધારવા માટે મોટી બેંચની રચના કરવામાં આવે;

[55] ૧ (૧૯૭૩) ૪ એસ.સી.સી. ૨૨૫

(સી) નિમણૂકોમાં ન્યાયતંત્રની અગ્રતા અવિભાજ્ય ન હતી અને બદલાયેલી પરિસ્થિતિમાં, પ્રાપ્ત થયેલા અનુભવોના પ્રકાશમાં, આ અગ્રતાને નાબૂદ કરી શકાય અથવા તેમાં ફેરફાર કરી શકાય;

(ડી) પસંદગી કરવામાં બંધારણીય સંસ્થાની વિવેકબુદ્ધિ ન્યાયિક પુનરાવલોકનને પાત્ર ન હતી;

(ઈ) બંધારણને સમગ્રતયા ધ્યાને લેતાં, ન્યાયતંત્રની સ્વતંત્રતાના મૂલ્યને લોકશાહી, જવાબદેહી તેમજ નિયંત્રણો અને સંતુલનોના અન્ય બંધારણીય મૂલ્યો સાથે સંતુલિત કરી શકાય છે;

(એફ) સુધારાની સત્તા સંપૂર્ણ હતી અને જ્યાં સુધી તે બંધારણના કોઈ સ્તંભના વિનાશમાં પરિણમે નહીં ત્યાં સુધી તેને પડકારી શકાય નહીં;

(જી) સત્તા કારોબારી પાસે હોવા છતાં અથવા વીટો સત્તા કારોબારી પાસે હોવા છતાં પણ, જ્યાં સુધી ન્યાયમૂર્તિઓના કાર્યકાળ અને સેવાની શરતોનું રક્ષણ હોય ત્યાં સુધી ન્યાયતંત્રની સ્વતંત્રતા ટકી શકે છે;

(એચ) દરેક બંધારણીય અંગની કામગીરીમાં જવાબદેહી અને પારદર્શિતા એ લોકશાહીનો ભાગ હતો, જે સંજોગોમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની અનન્ય સત્તા ન્યાયતંત્ર પાસે હોવી એ અલોકતાંત્રિક હતી;

(આઇ) વાદગ્રસ્ત સુધારો છમાંથી ત્રણ સભ્યો ધરાવીને પ્રાથમિકતા જાળવી રાખે છે, જેમાંથી બે સભ્યો અનિચ્છનીય નિમણૂક અટકાવી શકતા હતા. કારોબારીની પ્રમુખ ભૂમિકા ન હતી કારણ કે બે પ્રતિષ્ઠિત વ્યક્તિઓની નિમણૂક વડા પ્રધાન, સીજેઆઈ અને વિરોધ પક્ષના નેતા ધરાવતી સમિતિ દ્વારા કરવામાં આવતી હતી જેથી વડા પ્રધાનની ભૂમિકા મર્યાદિત રહેતી હતી. સભ્યો તરીકે કાયદા મંત્રી અને પ્રતિષ્ઠિત વ્યક્તિઓ પ્રસ્તુત પ્રતિસાદ આપવાનું અને જવાબદારી તેમજ પારદર્શિતા સુનિશ્ચિત કરતા હતા;

(જે) વાદગ્રસ્ત સુધારો સત્તા પ્રદાન કરવામાં

સંસદ અને કેન્દ્ર સરકાર પર કાર્યપદ્ધતિની બાબતોમાં ન્યાયતંત્રની સ્વતંત્રતાનું ઉલ્લંઘન કરતો ન હતો; અને (કે) વાદગ્રસ્ત અધિનિયમ સંસદની વિધાયી સક્ષમતાની અંદર હતો.

૧૨. મુખ્ય અરજીમાં અરજદારો વતી વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી ફલી એસ. નરીમને દલીલોનું નેતૃત્વ કર્યું હતું, ત્યારબાદ વિદ્વાન વરિષ્ઠ વકીલો સર્વશ્રી રામ જેઠમલાણી, અનિલ બી. દિવાન, કે.એન. ભટ, અરવિંદ દાતાર, ડૉ. રાજીવ ધવન અને વ્યક્તિગત રીતે અથવા હસ્તક્ષેપકાર તરીકે કે અન્યથા ઉપસ્થિત રહેલા અન્ય વકીલોએ દલીલો કરી હતી. તેમનો વિદ્વાન એટર્ની જનરલ શ્રી મુકુલ રોહતગી, વિદ્વાન સોલિસિટર જનરલ શ્રી રણજીત કુમાર અને સર્વશ્રી કે. પરાશરન, સોલી જે. સોરાબજી, કે.કે. વેણુગોપાલ, હરીશ એન. સાલ્વે, ટી.આર. અંધ્યારુજીના, દુષ્યંત દવે વિદ્વાન વરિષ્ઠ વકીલો અને વિવિધ રાજ્યો તેમજ

હસ્તક્ષેપકારો અથવા અન્યથા તરફથી ઉપસ્થિત અન્ય વિદ્વાન વકીલો દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. વિચારણા માટે ઉદ્ભવતા મહત્વપૂર્ણ મુદ્દાઓ નક્કી કરવા માટે તેમની અસાધારણ ક્ષમતા અને કુશળતા સાથે કોર્ટને તેમની સઘન સહાય બદલ હું વિદ્વાન વકીલો પ્રત્યે મારી કૃતજ્ઞતા નોંધું છું. જરૂરી હદ સુધી યોગ્ય તબક્કે તેમની રજૂઆતોનો સંદર્ભ લેવામાં આવશે.

૧૩. જ્યારે સામાન્ય રીતે બંને પક્ષના વિદ્વાન વકીલોએ સમાન વલણ અપનાવ્યું છે, ત્યારે એમ.પી. રાજ્ય, કે જે અન્યથા સુધારાને સમર્થન આપી રહ્યું છે, તેના તરફથી ઉપસ્થિત રહેલા શ્રી વેણુગોપાલે વધારાના પ્રસ્તાવોના રૂપમાં ૧૪ જુલાઈ, ૨૦૧૫ ના રોજ દાખલ કરાયેલી તેમની વૈકલ્પિક રજૂઆતમાં, અન્ય બાબતોની સાથે નીચે મુજબ રજૂઆત કરી હતી:

> "૩. ૯૯મા સુધારા અને નેશનલ જ્યુડિશિયલ કમિશન એપોઇન્ટમેન્ટ્સ એક્ટ, ૨૦૧૪ (એનજેએસી એક્ટ) ની યોજનાને જોતાં, વિકસિત થયેલી યોજના ૬ સભ્યોના કમિશનની રચના માટે અને અનુચ્છેદ ૧૨૪-સી હેઠળ, સંસદ દ્વારા ઘડવામાં આવેલા કાયદા હેઠળ પ્રક્રિયા પૂરી પાડવાની જોગવાઈ કરે છે. એનજેએસી એક્ટમાં અમુક મુખ્ય લક્ષણો છે જેમાં કલમ ૫(૨) ના બીજા પરંતુક હેઠળ, 'વીટો' ના સ્વરૂપની એક જોગવાઈનો સમાવેશ થાય છે, કારણ કે જો કમિશનના બે સભ્યો તે નિમણૂક સાથે સંમત ન થાય તો કોઈ નિમણૂક કરી શકાતી નથી. અરજદારો દ્વારા આ જોગવાઈને પડકારવામાં આવી છે કારણ કે ૯૯મો સુધારા અધિનિયમ

આવી કોઈ જોગવાઈ કરતો નથી અને છમાંથી બે સભ્યો દ્વારા જાણે કે 'વીટો' પૂરો પાડવો, એ સુધારા અધિનિયમની સત્તા બહારનો છે અથવા, કોઈપણ સંજોગોમાં, પ્રક્રિયાની બાબત નથી તેમ જણાવવામાં આવ્યું છે.

૪. નીચેના કારણોસર આ રજૂઆત સાચી જણાય છે:

એ. ન્યાયતંત્રની 'પ્રાથમિકતા'નો સિદ્ધાંત, જે ન્યાયિક સ્વતંત્રતાનો એક ભાગ છે, તેને અનિવાર્યપણે એનજેએસી એક્ટમાં પણ વાંચવો જોઈએ. પ્રક્રિયાની જોગવાઈ કરતો કોઈપણ અધિનિયમ જો પ્રાથમિકતાની આવશ્યકતાને સંતોષતો ન હોય તો તે બંધારણીય જોગવાઈની સત્તા બહારનો ગણાશે. તેથી, 'વીટો' ની જોગવાઈ સ્પષ્ટપણે 'પ્રાથમિકતા' ના ખ્યાલથી વિપરીત છે અને સુધારાની સત્તા બહારની હોવાના કારણે તેને રદબાતલ કરવી જોઈએ.

xxx xxx xxx

૬. નવ ન્યાયમૂર્તિઓની બેંચના ચુકાદાને ધ્યાનમાં લીધા વિના પણ, લોકશાહીમાં ન્યાયતંત્રની કામગીરીની બાબતમાં કાયદામાં અમુક સંકલ્પનાઓ અસ્તિત્વ ધરાવે છે. લોકશાહીના વિકાસ માટે સ્વતંત્ર ન્યાયતંત્રનું અસ્તિત્વ એ અનિવાર્ય શરત (સાઇન ક્વા નોન) છે. અહીં, આપણે ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકના મુદ્દા સાથે સંબંધ ધરાવીએ છીએ. સત્તા કારોબારી છે કે નહીં, પરંતુ એ વાત નકારી શકાય નહીં કે જો કારોબારી પાસે ન્યાયમૂર્તિઓની નિમણૂક કરવાની અનન્ય સત્તા હોય તો તે ન્યાયતંત્રની સ્વતંત્રતા પર તરાપ મારે

છે. નિમણૂકની આવી પ્રણાલી એવા ન્યાયમૂર્તિઓને અસ્તિત્વમાં લાવવામાં પરિણમી શકે છે કે જેઓ સરકારની ઇચ્છાને આધીન હોય, જે સરકાર અદાલતોમાં એક મુખ્ય પક્ષકાર હશે. તેથી, સ્વતંત્રતા પ્રભાવિત થશે.

૭. જો 'વીટો' અમાન્ય હોય, તો બહુમતીનો સામાન્ય કાયદાનો સિદ્ધાંત લાગુ થશે. ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને અન્ય બે ન્યાયમૂર્તિઓ ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની પસંદગીની બાબતમાં નિપુણતા ધરાવે છે અને સંભવિત ઉમેદવારોની કામગીરીનું સંપૂર્ણ જ્ઞાન પણ ધરાવે છે. જોકે, જો અન્ય ત્રણ સભ્યો વિરોધ કરે તો ત્રણ ન્યાયમૂર્તિઓનો સર્વાનુમત અભિપ્રાય પ્રભાવી બનશે નહીં. અન્ય દરેક કિસ્સામાં, જ્યાં તમામ છ સભ્યો ઉમેદવાર અંગે સહમત હોય, ત્યાં યોગ્ય નિર્ણય લેવામાં કોઈ મુશ્કેલી ઊભી થશે નહીં. તેથી, વાસ્તવિક પ્રશ્ન એ છે કે જ્યારે ત્રણ ન્યાયમૂર્તિઓના સર્વાનુમત નિર્ણયનો અન્ય ત્રણ સભ્યો દ્વારા વિરોધ કરવામાં આવે ત્યારે કોઈ ગતિરોધ ઊભો થાય તો પરિસ્થિતિ શું હશે. એ કહેવાની જરૂર નથી કે જો ત્રણ ન્યાયમૂર્તિઓ ઉમેદવાર અંગે એકમત ન હોય, તો 'પ્રાથમિકતાનો કોઈ પ્રશ્ન' ઊભો થશે નહીં અને બહુમતી પ્રભાવી રહેશે.

૮. એ સાચું છે કે ૯૯મા સુધારાને અમાન્ય કરવાના હેતુ માટે નવ ન્યાયમૂર્તિઓનો કેસ હવે પ્રભાવી રહી શકે નહીં, જે સુધારો દેખીતી રીતે નવ ન્યાયમૂર્તિઓના ચુકાદા દ્વારા વિકસિત કોલેજિયમ પ્રણાલી સાથે અસંગત છે. પરંતુ તેનો અર્થ એવો નથી કે સદર ચુકાદા દ્વારા પ્રતિપાદિત સિદ્ધાંતો પર આવા કેસોમાં લાગુ પડતા ન્યાયશાસ્ત્રીય સિદ્ધાંત તરીકે આધાર રાખી શકાય નહીં.

બીજા શબ્દોમાં કહીએ તો, નીચેના કારણોસર આ સિદ્ધાંતો આવનારા તમામ સમય માટે પ્રસ્તુત કહી શકાય:

એ. ઉચ્ચ ન્યાયતંત્રના સભ્યો તરીકે કાર્ય કરતી વખતે નિમણૂક પામેલાઓની સ્વતંત્રતાને પ્રભાવિત કરવા અથવા નષ્ટ કરવા માટે નિમણૂકની સત્તાનો ઉપયોગ થઈ શકે છે.

બી. નિમણૂકની એવી પ્રણાલી કે જ્યાં કારોબારીનો અવાજ પ્રમુખ હોય તે આવી સ્વતંત્રતાને અસર કરશે.

સી. જોકે, કારોબારી અથવા અન્ય કોઈની ગૌણ ભૂમિકા હોય તેવી પ્રણાલીમાં પણ જો ન્યાયતંત્રનું પ્રતિનિધિત્વ કરતા ભારતના મુખ્ય ન્યાયમૂર્તિનો અવાજ પ્રભાવી રહે, તોપણ આ સ્વતંત્રતાને અસર કરશે નહીં અને બીજી તરફ સ્વતંત્રતાને પ્રોત્સાહન આપશે. બીજા શબ્દોમાં કહીએ તો, નિમણૂકની બાબતમાં પ્રાથમિકતા ન્યાયતંત્ર પાસે હોવી જોઈએ.

xxx xxx xxx

૧૧. આ સામાન્ય સિદ્ધાંતો છે જે

ન્યાયતંત્રની સ્વતંત્રતાની સંકલ્પનાના આધારે સુપ્રિમ કોર્ટ દ્વારા પ્રતિપાદિત કરવામાં આવ્યા છે. તે સંકલ્પના સર્વવ્યાપી છે અને જ્યારે પણ તેવી પરિસ્થિતિ ઊભી થાય, ત્યારે કોર્ટ, જે રીતે તેણે સેકન્ડ જજિસ કેસમાં કર્યું હતું તે જ રીતે, વર્તમાન અનુચ્છેદ ૧૨૪-એ નું અર્થઘટન કરશે. આનો અર્થ એ થશે કે

ઉચ્ચ ન્યાયતંત્રના ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં અંતર્ગત સ્વતંત્રતાના સિદ્ધાંત માટે જરૂરી રહેશે કે કમિશનના ત્રણ ન્યાયમૂર્તિઓ એક અવાજે બોલતા હોય તેવા મંતવ્યોને પ્રાથમિકતા મળે. આ પરિણામ એટલા માટે નહીં આવે કે સેકન્ડ જજિસ કેસનો ચુકાદો કોર્ટ માટે બંધનકર્તા રહેશે, પરંતુ એટલા માટે આવશે કારણ કે ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકના કિસ્સામાં લાગુ પડતો ન્યાયિક સ્વતંત્રતાનો ખ્યાલ જ્યારે અને જ્યાં એવી પરિસ્થિતિ ઊભી થાય કે બંધારણમાં કોઈ સ્પષ્ટ જોગવાઈ ન્યાયિક પાંખને પ્રાથમિકતા ન આપતી હોય ત્યારે લાગુ પડશે. આવા કિસ્સાઓમાં, બંધારણીય જોગવાઈની માન્યતાને સેકન્ડ જજિસ કેસમાં જે આધારે ખ્યાલ વિકસાવવામાં આવ્યો હતો તે જ આધારે માન્ય રાખવામાં આવશે અને કાયદેસર ગણવામાં આવશે. પરિણામે, બંધારણમાં ૯૯મો સુધારો હંમેશા ઘટક સત્તાનો માન્ય ઉપયોગ ગણાશે. 'પીટો' ના અસ્તિત્વની ગેરહાજરીમાં, જો ત્રણ ન્યાયમૂર્તિઓ એક અવાજે બોલે, તો તેમનો નિર્ણય પ્રભાવી રહેશે. ત્યારબાદ રાષ્ટ્રપતિએ નિમણૂકનું વોરંટ જારી કરવું પડશે.

xxx xxx xxx

૧૬. ઉપરોક્ત ઉપરાંત, અરજદારોએ એવી પણ દલીલ કરી છે કે 'પ્રતિષ્ઠિત વ્યક્તિ' શબ્દ ખૂબ વ્યાપક છે અને જેમને કાયદા સાથે કોઈ લેવાદેવા નથી અને જેઓ ન્યાયિક પ્રણાલીની કામગીરીથી અજાણ છે તેવી પ્રતિષ્ઠિત વ્યક્તિઓની નિમણૂક ન્યાયિક સ્વતંત્રતાના સિદ્ધાંતના ઉલ્લંઘનમાં પરિણમશે. આ જોગવાઈ પર 'હેતુલક્ષી અર્થઘટનનો નિયમ' લાગુ કરી શકાય છે. આ નિયમના

ઉપયોગ દ્વારા, કોર્ટ પ્રતિષ્ઠિત વ્યક્તિઓનો અર્થ ફક્ત 'કાયદામાં પ્રશિક્ષિત વ્યક્તિઓ' અથવા 'પ્રતિષ્ઠિત ન્યાયશાસ્ત્રીઓ' કરી શકે છે (આ સંબંધમાં જુઓ, પી. વૈકુંઠ શેનોય વિ. પી. હરિ શર્મા (૨૦૦૭) ૧૪ એસ.સી.સી. ૨૯૭ @ પેરા ૧૧-૧૩ અને વી.જી. શુક્લા વિ. સ્ટેટ (દિલ્હી એડમિનિસ્ટ્રેશન) (૧૯૮૦ સપ્લી.

એસ.સી.સી. ૨૪૯ @ પેરા ૨૮)"

મુદ્દો

૧૪. એ બાબતે કોઈ વિવાદ ન હોવાથી કે બંધારણીય

સુધારો માત્ર ત્યારે જ માન્ય હોઈ શકે જો તે બંધારણના મૂળભૂત માળખા સાથે સુસંગત હોય, વિચારણા માટેનો મુખ્ય મુદ્દો એ છે કે શું વાદગ્રસ્ત સુધારો સદર મૂળભૂત માળખામાં ફેરફાર કરે છે કે તેને નુકસાન પહોંચાડે છે અને તે કારણસર શૂન્ય છે કે કેમ. અરજદારોના જણાવ્યા અનુસાર ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં ન્યાયતંત્રની પ્રાથમિકતા અને તેમાં કારોબારીની દખલગીરીની ગેરહાજરી, ન્યાયતંત્રની સ્વતંત્રતા અને કારોબારીથી ન્યાયતંત્રના પૃથક્કરણનું અભિન્ન અંગ હોવાના નાતે પોતાની મેળે જ બંધારણના મૂળભૂત લક્ષણનો ભાગ છે. સામાવાળાઓના જણાવ્યા અનુસાર ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં ન્યાયતંત્રની પ્રાથમિકતા એ ન્યાયતંત્રની સ્વતંત્રતાનો ભાગ નથી. જ્યારે કારોબારી દ્વારા નિમણૂકો કરવામાં આવે ત્યારે પણ ન્યાયતંત્રની સ્વતંત્રતાને અસર થતી નથી. વૈકલ્પિક રીતે સુધારેલી યોજનામાં, ન્યાયતંત્રની પ્રાથમિકતા

જાળવી રાખવામાં આવી છે અને ન્યાયતંત્રની સ્વતંત્રતા સુદ્રઢ કરવામાં આવી છે. આ સુધારો પારદર્શિતા અને જવાબદારીને પ્રોત્સાહન આપે છે અને બંધારણના મૂળભૂત માળખાને અસર કર્યા વિના જરૂરી સુધારાનો એક ભાગ છે. આ પ્રશ્ન નક્કી કરવા માટે વ્યક્તિએ મૂળભૂત લક્ષણની સંકલ્પના જોવી પડશે જે સંસદની સુધારા કરવાની સત્તાને નિયંત્રિત કરે છે. આ સમજણ એ નિર્ણય તરફ દોરી જશે કે ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં ન્યાયતંત્રની પ્રાથમિકતા અને કારોબારીની દખલગીરીની ગેરહાજરી એવા મૂળભૂત માળખાનો ભાગ છે કે કેમ.

ચર્ચા

એ. મૂળભૂત લક્ષણોની સંકલ્પના - બંધારણમાં સુધારો કરવાની સંસદની સત્તા પર મર્યાદા તરીકે

૧૫. બંધારણનો અનુચ્છેદ ૩૬૮ બંધારણમાં સુધારો કરવાની સત્તા અને તે માટેની પ્રક્રિયાની જોગવાઈ કરે છે. કેશવાનંદ ભારતી વિ. સ્ટેટ ઓફ કેરળ ૫ (કેશવાનંદ ભારતી કેસ) માં, ૧૩-ન્યાયમૂર્તિઓની બેંચ દ્વારા સુધારા સત્તાના વ્યાપની તપાસ કરવામાં આવી હતી. ૯-ન્યાયમૂર્તિઓ દ્વારા હસ્તાક્ષર કરાયેલા આખરી પેરામાં એવું ઠેરવવામાં આવ્યું હતું કે "અનુચ્છેદ ૩૬૮[56] સંસદને બંધારણના મૂળભૂત માળખા અથવા રૂપરેખામાં ફેરફાર કરવા સક્ષમ બનાવતો નથી". આ નિષ્કર્ષ 'સુધારો' શબ્દના અર્થઘટન પર આધારિત હતો. એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે આ શબ્દ વ્યાપક તેમજ સંકુચિત અર્થ માટે

[56] ૨ (૧૯૭૪) ૨ એસ.સી.સી. ૮૩૧

સક્ષમ હતો અને જ્યારે વ્યાપક અર્થ પસંદ કરવાનો હતો પરંતુ તે બંધારણના ઘડવૈયાઓના આશય અને સંદર્ભ સાથે સુસંગત હોવો જોઈએ. તેને એટલો વ્યાપક અર્થ આપી શકાય નહીં જેથી બંધારણની ઓળખ દર્શાવતા બંધારણીય મૂલ્યોને નુકસાન પહોંચાડવાની પરવાનગી મળે.૬

૧૫.૧ મૂળભૂત માળખું અથવા રૂપરેખા સર્વગ્રાહી રીતે વ્યાખ્યાયિત કરવામાં આવી ન હતી પરંતુ સાત ન્યાયમૂર્તિઓની બહુમતી - સિકરી સીજે, શેલત, ગ્રોવર, હેગડે, મુખર્જી, રેડ્ડી અને ખન્ના, ન્યાયમૂર્તિઓ દ્વારા બંધારણના કેટલાક લક્ષણોને મૂળભૂત માળખાના ઉદાહરણો તરીકે ઠેરવવામાં આવ્યા હતા. તેમના દ્વારા આપવામાં આવેલા ઉદાહરણોમાં બંધારણની સર્વોચ્ચતા, સરકારનું લોકશાહી સ્વરૂપ, બંધારણનું બિનસાંપ્રદાયિક સ્વરૂપ, ન્યાયતંત્ર, કારોબારી અને ધારાસભા વચ્ચે સત્તાનું પૃથક્કરણ, બંધારણનું સંઘીય સ્વરૂપ, ભાગ ૩ અને ૪ અનુસાર મૂળભૂત અધિકારો દ્વારા સુરક્ષિત વ્યક્તિની ગરિમા, રાષ્ટ્રની એકતા અને અખંડિતતાનો સમાવેશ થાય છે.૭

૧૫.૨ એવું ઠેરવવામાં આવ્યું હતું કે બંધારણમાં સુધારો કરવાની સંસદની સત્તા એ આવશ્યકતા દ્વારા મર્યાદિત હતી કે બંધારણનો મૂળભૂત પાયો અને માળખું સમાન રહે. દેશની સામાજિક-આર્થિક પ્રગતિ દરમિયાન ઉદ્ભવી શકે તેવી સમસ્યાઓના પડકારને પહોંચી વળવા માટે સુધારાની સત્તાની પરિકલ્પના કરવામાં આવી હતી પરંતુ સુધારાની સત્તાના ઉપયોગમાં બંધારણના અમુક અવિભાજ્ય લક્ષણો બદલાશે તેવી ક્યારેય કલ્પના કરવામાં આવી ન હતી. કોર્ટે

બંધારણના સુધારાના વ્યાપ સાથે સંબંધિત વિવિધ અધિકારક્ષેત્રોના વિવિધ નિર્ણયોનો સંદર્ભ લીધો હતો. સિકરી, મુખ્ય ન્યાયમૂર્તિએ અવલોકન કર્યું કે વ્યક્તિની સ્વતંત્રતાના મહત્વ અને આર્થિક, સામાજિક તેમજ રાજકીય ન્યાયના મહત્વને ધ્યાનમાં લેતાં, ૬ (ફકરો ૨૮૪, સીક્રી, મુખ્ય ન્યાયમૂર્તિ); (ફકરો ૫૮૩, શેલત અને ગ્રોવર, ન્યાયમૂર્તિઓ); (ફકરો ૬૫૧, હેગડે અને મુખર્જી, ન્યાયમૂર્તિઓ); (ફકરો ૧૧૬૨, રેડ્ડી, ન્યાયમૂર્તિ) અને (ફકરો ૧૪૨૬, ખન્ના, ન્યાયમૂર્તિ) ૭ ફકરા ૨૯૨, ૫૮૨, ૬૬૬, ૧૧૫૯, ૧૪૨૬ આમુખમાં ઉલ્લેખિત, "સુધારો" શબ્દ તેના સૌથી વ્યાપક અર્થમાં વાંચી શકાય નહીં. મૂળભૂત અધિકારોમાં સુધારો કરીને તેનું અસ્તિત્વ સમાપ્ત કરી શકાય નહી .

બિનસાંપ્રદાયિકતા, લોકશાહી અને વ્યક્તિગત સ્વાતંત્ર્યના મૂળભૂત લક્ષણો હંમેશાં અસ્તિત્વમાં રહેવા જોઈએ. "સુધારો" અભિવ્યક્તિનો મર્યાદિત અર્થ હતો. અન્યથા બે-તૃતીયાંશ બહુમતી ધરાવતો રાજકીય પક્ષ બંધારણમાં એવો સુધારો કરી શકે કે જેથી અન્ય કોઈપણ પક્ષને કાર્ય કરવાથી રોકી શકાય, સરમુખત્યારશાહી સ્થાપિત કરી શકાય અને લોકોને ગુલામ બનાવી શકાય અને ત્યાર પછી બંધારણને અસંશોધનીય બનાવી શકાય. આમ, સંપૂર્ણ સુધારાની સત્તાને વાજબી ઠેરવવા માટે લોકશાહી સિદ્ધાંતોની અપીલ, જો સ્વીકારવામાં આવે, તો તે લોકશાહી સિદ્ધાંતોને જ નુકસાન પહોંચાડી શકે છે. આમ, સુધારાનો અર્થ બંધારણના આમુખની વ્યાપક રૂપરેખાની અંદર ઉમેરો અથવા ફેરફાર કરવાનો હતો. સંસદ મૂળભૂત દરેક નાગરિકની સ્વતંત્રતા અને ગરિમા જાળવી રાખીને માર્ગદર્શક સિદ્ધાંતોના ઉદ્દેશ્યો પ્રાપ્ત કરવા માટે અધિકારોનું સમાયોજન

કરી શકે છે. વ્યક્તિની ગરિમા અને સ્વતંત્રતા સર્વોચ્ચ મહત્વના હોવાનું ઠેરવવામાં આવ્યું હતું. મૂળભૂત લક્ષણો માત્ર આમુખ પરથી જ નહીં પરંતુ બંધારણની સમગ્ર યોજનામાંથી પણ પારખી શકાય તેવા હોવાનું ઠેરવવામાં આવ્યું હતું. શેલત અને ગ્રોવર, ન્યાયમૂર્તિઓએ અવલોકન કર્યું હતું કે બંધારણના ઘડવૈયાઓ એવું ઇચ્છતા ન હતા કે નાગરિકો મૂળભૂત સ્વતંત્રતાઓ, સમાનતા, ધર્મની સ્વતંત્રતા વગેરેનો આનંદ ન માણે જેથી વ્યક્તિની ગરિમા જળવાઈ રહે. આર્થિક અને સામાજિક ફેરફારો વ્યક્તિની ગરિમા છીનવી લીધા વિના કરવાના હતા. ભાગ ૩ અથવા ભાગ ૪ ની મહત્વપૂર્ણ જોગવાઈઓ રદ કરી શકાય નહીં અથવા તેમની ઓળખથી તેમને વંચિત કરી શકાય નહીં. હેગડે અને મુખર્જી, ન્યાયમૂર્તિઓએ અવલોકન કર્યું હતું કે સુધારાની સત્તા સંસદને એનાયત કરવામાં આવી હતી. તે રીતે લોકો સુધારા સાથે જોડાયેલા ન હતા. બંધારણ લોકો દ્વારા પોતાને આપવામાં આવ્યું હતું. બંધારણ સભાના સભ્યોનો અવાજ લોકોનો અવાજ હતો. સંસદના બંને ગૃહોના બે-તૃતીયાંશ સભ્યો લોકોની બહુમતીનું પણ આવશ્યકપણે પ્રતિનિધિત્વ કરતા ન હતા. આમ, સંસદના બંને ગૃહોના બે-તૃતીયાંશ સભ્યો દેશના સમગ્ર લોકો વતી બોલી શકે નહીં.૮ ઉત્તમ સરકાર પણ પોતાની યોજનાઓ અને કાર્યક્રમો કે જે તેઓ જાહેર હિતમાં હોવાનું માને છે તેનો અમલ કરવા માટે વધુ ને વધુ સત્તાઓ મેળવવા વિમુખ ન હતી, પરંતુ એકવાર ગુમાવેલી સ્વતંત્રતા ભાગ્યે જ પુનઃપ્રાપ્ત થઈ શકે છે. સ્વતંત્રતા પરનું દરેક અતિક્રમણ આગળના અતિક્રમણ માટે એક પેટર્ન નક્કી કરે છે. વ્યક્તિગત સ્વાતંત્ર્યના વિનાશ વિના વિકાસની કલ્પના કરવામાં આવી હતી. રેડ્ડી,

ન્યાયમૂર્તિએ અવલોકન કર્યું કે જો કોઈ આવશ્યક લક્ષણમાં ફેરફાર કરવામાં આવે, તો બંધારણીય માળખું તેની ઓળખ જાળવી શકશે નહીં. લોકશાહી વિના ન્યાય, સ્વતંત્રતા કે સમાનતા હોઈ શકે નહીં. ન્યાય, સમાનતા અને સ્વતંત્રતા વિના લોકશાહી હોઈ શકે નહીં. બંધારણનું માળખું એક સજીવ દસ્તાવેજ હતું. સામાજિક ક્રાંતિ માટેની મુખ્ય પ્રતિબદ્ધતા ભાગ ૩ અને ૪ માં રહેલી છે. તે બંધારણનો અંતરાત્મા છે. તેમના મૂળ આઝાદીની લડતમાં ઊંડા હતા. તેઓ એ આશા સાથે સામેલ કરવામાં આવ્યા હતા કે એક દિવસ ભારતમાં લોકોનો વિજય ખીલશે. તેઓ ભારતના ભવિષ્ય, વર્તમાન અને ભૂતકાળને જોડે છે. મૂળભૂત અધિકારોની માંગને મેગ્ના કાર્ટા, ધ ઇંગ્લિશ બિલ ઓફ રાઇટ્સ, ફ્રેન્ચ ક્રાંતિ, યુ.એસ. બંધારણમાં સમાવિષ્ટ અમેરિકન બિલ ઓફ રાઇટ્સમાંથી પ્રેરણા મળી હતી. ડૉ. આંબેડકરના એ વિધાનનો સંદર્ભ આપતાં કે અનુચ્છેદ ૩૨ એ બંધારણનો આત્મા અને તેનું હૃદય છે, એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે આવા અનુચ્છેદને સુધારા દ્વારા રદ કરી શકાય નહીં. ખન્ના, ન્યાયમૂર્તિએ અવલોકન કર્યું કે સુધારાના પરિણામે, જૂના બંધારણને નાબૂદ કરી શકાય નહીં. મૂળભૂત માળખું જાળવી રાખવું જ જોઈએ. પાયાને સ્પર્શ કરવો અથવા મૂળભૂત સંસ્થાકીય પેટર્નમાં ફેરફાર કરવાની પરવાનગી ન હતી. જેમાં સુધારો કરી શકાય છે તે વિદ્યમાન બંધારણ છે અને સુધારાના પરિણામે જે બહાર આવવું જોઈએ તે નવું અને ભિન્ન બંધારણ નહીં પરંતુ વિદ્યમાન બંધારણ જ છે. સુધારા દ્વારા જે વિચારવામાં આવ્યું હતું તે બંધારણમાં અહીં-તહીં ફેરફાર કરવાનું હતું અને તેના

મૂળભૂત માળખાને નાબૂદ કરવાનું ન હતું જેના પરિણામે તેની ઓળખ ગુમાવવી પડે.

૧૫.૩ વિચારણા હેઠળ લેવાયેલા પ્રશ્નો પૈકીનો એક પ્રશ્ન કાયદેસરતાનો હતો: ૮ ફકરા ૬૫૨ અને ૬૫૩ ૧૯૭૧ ના પચ્ચીસમા સુધારા અધિનિયમની કલમ ૩ કે જે નીચે મુજબ અનુચ્છેદ ૩૧-સી ઉમેરે છે: "૪૧૬. પચ્ચીસમા સુધારાની કલમ ૩ આ પ્રમાણે વંચાય છે:

૩. બંધારણના અનુચ્છેદ ૩૧-બી પછી, નીચેનો અનુચ્છેદ દાખલ કરવામાં આવશે, એટલે કે: ૩૧-સી. અનુચ્છેદ ૧૩ માં સમાવિષ્ટ કોઈપણ બાબત હોવા છતાં, અનુચ્છેદ ૩૯ ના ખંડ (બી) અથવા ખંડ (સી) માં નિર્દિષ્ટ સિદ્ધાંતોને સુરક્ષિત કરવા તરફની રાજ્યની નીતિને અમલમાં મૂકતો કોઈપણ કાયદો અનુચ્છેદ ૧૪, અનુચ્છેદ ૧૯ અથવા અનુચ્છેદ ૩૧ દ્વારા પ્રદાન કરવામાં આવેલા અધિકારો પૈકીના કોઈપણ અધિકાર સાથે અસંગત હોવાના, અથવા તે છીનવી લેતો હોવાના કે સંકુચિત કરતો હોવાના કારણોસર રદબાતલ ગણાશે નહીં; અને આવી નીતિને અમલમાં મૂકવા માટેનો છે તેવી ઘોષણા ધરાવતા કોઈપણ કાયદાને તે આવી નીતિને અમલમાં મૂકતો નથી તેવા કારણોસર કોઈપણ કોર્ટમાં પડકારી શકાશે નહીં:

"પરંતુ શરત એ છે કે જ્યાં આવો કાયદો રાજ્યના વિધાનમંડળ દ્વારા બનાવવામાં આવે છે, ત્યાં આ અનુચ્છેદની જોગવાઈઓ તેને ત્યાં સુધી

લાગુ પડશે નહીં જ્યાં સુધી તેવા કાયદાને, રાષ્ટ્રપતિની વિચારણા માટે અનામત રાખવામાં આવ્યા બાદ, તેમની સંમતિ પ્રાપ્ત ન થઈ હોય."

હાઈલાઈટ કરેલા ભાગને, પડકાર સામે મુક્તિ આપવા બદલ અને તેના કારણે ન્યાયિક સમીક્ષાના મૂળભૂત લક્ષણને અસર પહોંચાડવા બદલ, બહુમતી દ્વારા ગેરબંધારણીય ઠેરવવામાં આવ્યો હતો.૯ ફકરો ૧૫૩૫ (ખન્ના, ન્યાયમૂર્તિ) મારા મતે, અનુચ્છેદ ૩૧-સી નો બીજો ભાગ નીચેના કારણોસર રદ થવાને પાત્ર છે: (૧) તે ધારાસભાને અનુચ્છેદ ૧૪, ૧૯ અને ૩૧ નું ઉલ્લંઘન કરતો કોઈપણ કાયદો બનાવવાની અને જરૂરી ઘોષણા દાખલ કરીને તેને પડકાર સામે મુક્ત બનાવવાની સંપૂર્ણ છૂટ આપે છે. અનુચ્છેદ ૩૧-સી તેના બીજા ભાગ સાથે મળીને વાસ્તવમાં રાજ્ય વિધાનમંડળ સહિતની ધારાસભાને બંધારણમાં સુધારો કરવાની સત્તા આપે છે. (૨) ધારાસભા દ્વારા ઘડવામાં આવેલો કાયદો અનુચ્છેદ ૩૧-સી માં દર્શાવેલા ઉદ્દેશ્યો માટે છે કે કેમ તે નક્કી કરવા માટે ધારાસભાને આખરી સત્તાધિકારી બનાવવામાં આવી છે. અનુચ્છેદ ૩૧-સી ના બીજા ભાગની ખામી એ હકીકતમાં રહેલી છે કે જો ઘડવામાં આવેલો કાયદો અનુચ્છેદ ૩૧-સી માં દર્શાવેલ ઉદ્દેશ્ય માટે ન હોય તો પણ, ધારાસભા દ્વારા કરવામાં આવેલી ઘોષણા પક્ષકારને એ દર્શાવવાથી વંચિત રાખે છે કે કાયદો તે ઉદ્દેશ્ય માટે નથી અને કોર્ટને એ પ્રશ્નમાં પ્રવેશતા અટકાવે છે કે શું

૧૫.૪ ઇન્દિરા નેહરુ ગાંધી વિ. રાજ નારાયણ૧૦ માં વડાપ્રધાન અને લોકસભાના અધ્યક્ષની ચૂંટણી સામેના કોઈપણ પડકારને રોકતા

ઓગણચાલીસમા સુધારાના પડકાર દરમિયાન આ કોર્ટ દ્વારા સુધારાની સત્તાના વ્યાપ પર ફરીથી વિચારણા કરવામાં આવી હતી. ચંદ્રચૂડ, ન્યાયમૂર્તિએ (ત્યારબાદ મુખ્ય ન્યાયમૂર્તિ) અવલોકન કર્યું હતું કે બંધારણના માત્ર અમુક નામાંકિત લક્ષણો જ તેના મૂળભૂત માળખાનો ભાગ છે તેવું નથી. કેશવાનંદ ભારતી કેસમાં વ્યક્તિગત ન્યાયમૂર્તિઓ દ્વારા નિર્દિષ્ટ લક્ષણો માત્ર દ્રષ્ટાંતરૂપ હતા અને તે સંપૂર્ણ હોવાનો હેતુ ન હતો. બંધારણની યોજનામાં તેના સ્થાન, તેના ઉદ્દેશ્ય અને હેતુ તથા બંધારણની અખંડિતતા પર તેના ઇનકારના પરિણામોને ધ્યાનમાં રાખીને, બંધારણના કોઈ લક્ષણને મૂળભૂત લક્ષણ ગણી શકાય.૧૧ તેમણે ઉમેર્યું કે નિઃશંકપણે અસંશોધનીય મૂળભૂત લક્ષણો આ મુજબ છે: "(૧) ભારત એક સાર્વભૌમ લોકશાહી પ્રજાસત્તાક છે; (૨) તેના તમામ નાગરિકોને દરજ્જા અને તકની સમાનતા પ્રાપ્ત થશે; (૩) રાજ્યનો પોતાનો કોઈ ધર્મ રહેશે નહીં અને તમામ વ્યક્તિઓ સમાન રીતે હકદાર રહેશે ઘડવામાં આવેલ કાયદો ખરેખર તે ઉદ્દેશ્ય માટે છે. રાજ્ય વિધાનમંડળ સહિત ધારાસભા દ્વારા તે મર્યાદિત ન્યાયિક સમીક્ષાને પણ બાકાત રાખવી એ બંધારણના મૂળભૂત માળખા પર પ્રહાર કરે છે. અનુચ્છેદ ૩૧-સી નો બીજો ભાગ અનુચ્છેદ ૩૬૮ હેઠળ સુધારો શું ગણાય તેની સ્વીકાર્ય મર્યાદાથી આગળ જાય છે. અનુચ્છેદ ૩૧-સી ના બીજા ભાગને તેના બાકીના ભાગથી અલગ કરી શકાય છે

અનુચ્છેદ ૩૧-સી ના અને તેની અમાન્યતા બાકીના ભાગની માન્યતાને અસર કરશે નહીં.

તેથી, હું અનુચ્છેદ ૩૧-સી માં નીચેના શબ્દોને રદબાતલ ઠેરવીશ:

"અને આવી નીતિને અમલમાં મૂકવા માટેનો છે તેવી ઘોષણા ધરાવતા કોઈપણ કાયદાને તે આવી નીતિને અમલમાં મૂકતો નથી તેવા કારણોસર કોઈપણ કોર્ટમાં પડકારી શકાશે નહીં."[57]

૧૧ ફકરો ૬૬૩ - બંધારણનું કોઈ ઓક્સ્સ લક્ષણ તેના મૂળભૂત માળખાનો ભાગ છે કે કેમ તે નક્કી કરવા માટે, વ્યક્તિએ દરેક વ્યક્તિગત કેસમાં આપણા બંધારણની યોજનામાં તે ઓક્સ્સ લક્ષણના સ્થાન, તેના ઉદ્દેશ્ય અને હેતુ, અને દેશના શાસનના મૂળભૂત સાધન તરીકે બંધારણની અખંડિતતા પર તેના ઇનકારના પરિણામોની અચૂકપણે તપાસ કરવી પડે છે. પરંતુ આ અપીલોના હેતુ માટે મૂળભૂત માળખાની ઈંટો શોધવા બંધારણના ખૂણે-ખૂણાને ફેંદવાની કોઈ જરૂર નથી. બહુમતી ચુકાદાઓમાં જે ગણાવવામાં આવ્યા છે તે શ્રી શાંતિ ભૂષણના પડકારની જરૂરિયાતોને આવરી લેવા માટે પૂરતા વિશાળ છે.

અંતઃકરણની સ્વતંત્રતા અને મુક્તપણે ધર્મ માનવા, પાળવા અને તેનો પ્રચાર કરવાનો અધિકાર અને (જ) રાષ્ટ્રનું શાસન કાયદાની સરકાર દ્વારા ચલાવવામાં આવશે, માણસો દ્વારા નહીં".

અન્ય બાબતો સાથે ચૂંટણી સામેના પડકારને રોકતો ૩૯મો સુધારો

[57] જ (૧૯૯૬) જ એસ.સી.સી. જ૯ નીચે મુજબ સારાંશિત કરી શકાય છે: (એ) ન્યાયમૂર્તિઓની નિમણૂકની સત્તા કારોબારી પાસે રહેલી છે અને ન્યાયતંત્રની ભૂમિકા વિચાર-વિમર્શ પૂરતી સીમિત છે જે કારોબારી દ્વારા સ્વીકારવામાં આવી પણ શકે અથવા ન પણ સ્વીકારવામાં આવે;

વડાપ્રધાનની ચૂંટણી સંબંધિત બંધારણના મૂળભૂત લક્ષણોની વિરુદ્ધ હોવાના કારણે રદ કરવામાં આવ્યો હતો.૧૨ અનુચ્છેદ ૩૨૯એ, ખંડ (૪) (સુધારા દ્વારા ઉમેરાયેલ) એ એવી જોગવાઈ કરી હતી કે ચૂંટણી કાયદો વડાપ્રધાન અને અધ્યક્ષનો હોદ્દો ધરાવતી વ્યક્તિને લાગુ પડશે નહીં અને આવી વ્યક્તિઓની ચૂંટણી આવા કોઈપણ કાયદા હેઠળ રદબાતલ ગણાશે નહીં. એવું ઠેરવવામાં આવ્યું હતું કે લોકશાહી એ મૂળભૂત માળખાનો ભાગ છે જે મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણીની કલ્પના કરે છે. ચૂંટણી વિવાદના નિરાકરણ માટે કોઈ તંત્ર ન હોય તો, ચૂંટણીઓ મુક્ત અને નિષ્પક્ષ હોઈ શકે નહીં જે બદલામાં લોકશાહીના મૂળભૂત લક્ષણને નુકસાન પહોંચાડશે. વડાપ્રધાનની ચૂંટણીની માન્યતા સંબંધિત કોઈપણ કાયદાની ગેરહાજરીમાં, કાયદાના શાસનના મૂળભૂત લક્ષણનું ઉલ્લંઘન થશે.

> "ધ ફેડરલિસ્ટ" માં મેડિસનના લખાણનો સંદર્ભ આપતાં, એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે સરકારની તમામ સત્તાઓ એક વિભાગમાં નિહિત કરી શકાય નહીં. નિયંત્રણો અને સંતુલનોનું પાલન કર્યા વિના કોઈપણ બંધારણ ટકી શકે નહીં. "જેમ કોર્ટોએ "રાજકીય ગૂંચવણો" માં ગૂંચવાયેલી સમસ્યાઓમાં પ્રવેશ કરવો જોઈએ નહીં, તેમ સંસદે પણ કોર્ટોના સંરક્ષિત ક્ષેત્રનું સન્માન કરવું જોઈએ.૧૩"

૧૫.૫. આ કોર્ટ દ્વારા મિનર્વા મિલ્સ લિ. વિ. યુનિયન ઓફ ઇન્ડિયા૧૪ માં બેતાલીસમા સુધારાની કાયદેસરતા પર વિચારણા કરવામાં આવી હતી. કોર્ટે

૪૨મા સુધારા અધિનિયમની કલમ ૪ અને ૫૫ ની કાયદેસરતા પર વિચારણા કરી હતી. કલમ ૪ દ્વારા, અનુચ્છેદ ૩૧-સી માં એવી જોગવાઈ કરવા માટે સુધારો કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો કે બંધારણના ભાગ ૪ ને અમલમાં મૂકતો કાયદો અનુચ્છેદ ૧૪, ૧૯ અને ૩૧ સાથે અસંગત હોવાના કારણે રદબાતલ ગણી શકાય નહીં અને સદર કાયદો અમલમાં મૂકવા માટેનો ન હતો તેવા કારણોસર તેને પડકારી શકાય નહીં

૧૨ ખન્ના અને મેથ્યુ, ન્યાયમૂર્તિઓએ ઠેરવ્યું હતું કે મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણી લોકશાહી માટે આવશ્યક હતી અને મૂળભૂત માળખાનો ભાગ હતી. ચંદ્રચૂડ, ન્યાયમૂર્તિએ ઠેરવ્યું હતું કે સમાનતાનો અધિકાર મૂળભૂત માળખાનો ભાગ હતો જેનું ઉલ્લંઘન થયું હતું. રે, મુખ્ય ન્યાયમૂર્તિએ ઠેરવ્યું હતું કે કાયદાનું શાસન એ બંધારણનું મૂળભૂત માળખું હતું જેનું ઉલ્લંઘન થયું હતું. ૧૩ ફકરો ૬૮૮[58]

ઉક્ત ભાગ ૪ ને અમલમાં લાવવા માટે. કલમ ૫૫ દ્વારા, એવી જોગવાઈ કરવામાં આવી હતી કે બંધારણના કોઈપણ સુધારાને કોઈપણ કારણોસર પડકારી શકાશે નહીં અને બંધારણમાં સુધારો કરવાની સંસદની બંધારણીય સત્તા પર કોઈ મર્યાદા રહેશે નહીં. આ કોર્ટે અવલોકન કર્યું હતું કે બંધારણે સંસદને મર્યાદિત સુધારા સત્તા પ્રદાન કરી હતી જે પોતે જ બંધારણનું મૂળભૂત લક્ષણ હતું. સંસદ પોતાની સુધારા સત્તાનો એ રીતે વિસ્તાર કરી શકે નહીં જેથી

[58] ૫ (૧૯૭૩) ૪ એસ.સી.સી. ૨૨૫

બંધારણના સદર મૂળભૂત લક્ષણનો નાશ થાય. મર્યાદિત સત્તાને અમર્યાદિત સત્તામાં ફેરવી શકાય નહીં. ૪૨મા સુધારા દ્વારા ઉમેરવામાં આવેલા અનુચ્છેદ ૩૬૮ ના ક્લોઝ ૪ અને ૫ ને બંધારણના મૂળભૂત માળખાના ઉલ્લંઘનકર્તા તરીકે રદબાતલ કરવામાં આવ્યા હતા. એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે બંધારણના ભાગ ૩ અને ભાગ ૪ વચ્ચેનું સંતુલન એ બંધારણનું મૂળભૂત લક્ષણ હતું૧૫. સંસદની મર્યાદિત સુધારા સત્તા પણ મૂળભૂત માળખાનો ભાગ હતી.૧૬ એવું પણ ઠેરવવામાં આવ્યું હતું કે કોઈ કાયદો ભાગ ૪ ને અમલમાં લાવવા માટે હતો કે કેમ તે નક્કી કરવા માટેની ન્યાયિક સમીક્ષાને બાકાત રાખી શકાય નહીં કારણ કે ન્યાયિક સમીક્ષા મૂળભૂત માળખાનો ભાગ હતી.૧૭ એવું પણ અવલોકન કરવામાં આવ્યું હતું કે જોકે રાજ્યના ત્રણ વિભાગો - કારોબારી, ધારાસભા અને ન્યાયતંત્ર વચ્ચે સત્તાઓનું કોઈ કઠોર વિભાજન નથી, છતાં વ્યાપક સીમાંકન રહેલું છે. ત્રણેય અંગો વચ્ચેના સૂક્ષ્મ સંતુલનને ખોરવી શકાય નહીં કારણ કે તે લોકશાહી સરકારના મૂળભૂત પાયાને નષ્ટ કરશે. કારોબારી અને ધારાસભાને તેમને સોંપવામાં આવેલી સત્તાની મર્યાદામાં રાખવાની ફરજ ન્યાયતંત્રને સોંપવામાં આવી છે જે બંધારણનું મૂળભૂત લક્ષણ પણ છે.૧૮

૧૫.૬. એલ. ચંદ્ર કુમાર વિ. ભારત સંઘ ૧૯ માં, અનુચ્છેદ ૩૨૩-એ(૨)(ડી) અને ૩૨૩-બી(૩)(ડી) નો ભાગ જે હદે ટ્રિબ્યુનલોને અધિકારક્ષેત્ર સોંપવામાં આવ્યું હતું તેવી નિર્દિષ્ટ બાબતોના સંબંધમાં હાઇકોર્ટોના અધિકારક્ષેત્રને બાકાત રાખતો હતો તે હદે તેને

૧૮ પેરા ૨૧, ૮૬ અને ૮૭ ૧૯ (૧૯૯૭) ૩ એસ.સી.સી. ૨૫૧ મૂળભૂત માળખાના ઉલ્લંઘનકર્તા તરીકે રદબાતલ કરવામાં આવ્યો હતો. અગાઉના નિર્ણયોને ધ્યાને લેતાં આ કોર્ટ અને હાઇકોર્ટોને આપવામાં આવેલી ન્યાયિક સમીક્ષાની સત્તા બંધારણીય યોજના માટે અભિન્ન હોવાનું ઠેરવવામાં આવ્યું હતું અને અન્ય ન્યાયિક સંસ્થાને ન્યાયિક સમીક્ષાની સત્તા સોંપવી એ હાઇકોર્ટોના અધિકારક્ષેત્રની બાકાતતાને વ્યાજબી ઠેરવી શકે નહીં.૨૦

૧૫.૭. આઇ.આર. કોએલ્હો વિ. તમિલનાડુ રાજ્ય ૨૧ માં, નવ ન્યાયમૂર્તિઓની બેંચે, બંધારણીય સુધારા દ્વારા નવમી અનુસૂચિમાં કોઈ કાયદાનો સમાવેશ કરવાથી તેને પડકાર સામે મળતી મુક્તિના સંદર્ભમાં ન્યાયિક સમીક્ષાના વ્યાપ પર વિચારણા કરી હતી, જે

બંધારણના અનુચ્છેદ ૩૧-બી ને કારણે છે. એવું ઠેરવવામાં આવ્યું હતું કે આવા દરેક સુધારાને બંધારણના આવશ્યક લક્ષણોની એરણ પર ચકાસવો પડશે જેમાં અનુચ્છેદ ૧૪, ૧૯ અને ૨૧ માં પ્રતિબિંબિત લક્ષણો અને તેમના અંતર્ગત સિદ્ધાંતોનો સમાવેશ થાય છે. આવા સુધારાઓ મૂળભૂત માળખાનો નાશ કરે છે અથવા તેને નુકસાન પહોંચાડે છે તેવા કારણસરના પડકાર સામે મુક્ત નથી. બંધારણના ભાગ ૩ ના અનુચ્છેદોનો સર્વગ્રાહી દ્રષ્ટિકોણ ધ્યાને લઈને કોર્ટ 'અધિકારોની કસોટી' અને 'અધિકારોના સારની કસોટી' લાગુ કરશે. એવું પણ અવલોકન કરવામાં આવ્યું હતું કે મૂળભૂત લક્ષણનું ઉલ્લંઘન થયું છે કે કેમ તે નક્કી કરવામાં કોર્ટે 'અસરની કસોટી' થી માર્ગદર્શિત થવું પડશે. કોર્ટ સૌપ્રથમ એ

નક્કી કરશે કે શું વાદગ્રસ્ત સુધારા દ્વારા ભાગ ૩ ના અધિકારોનું ઉલ્લંઘન થયું છે, બંધારણના મૂળભૂત માળખા પર તેની શી અસર છે અને આવા સુધારાને અમાન્ય ઠેરવવાના શું પરિણામો આવે છે૨૨. ૧૫.૮ એમ. નાગરાજ વિ. ભારત સંઘ ૨૩ માં, બંધારણના મૂળભૂત લક્ષણ તરીકે સમાનતાના અધિકારના ઉલ્લંઘનના કારણસર બંધારણના ૮૫મા અને સંલગ્ન સુધારાઓને પડકારવામાં આવ્યા હતા. આ પડકાર પર વિચારણા કરતી વખતે, એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે બંધારણ નિર્ધારિત કરે છે[59]

વિસ્તરતા ભવિષ્ય માટેના સિદ્ધાંતો. આ અર્થઘટન માટે હેતુલક્ષી અભિગમની માંગ કરે છે. એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે બંધારણીય જોગવાઈનું અર્થઘટન સંકુચિત અર્થમાં નહીં પરંતુ વ્યાપક અને ઉદાર અર્થમાં થવું જોઈએ જેથી બદલાતી પરિસ્થિતિઓ અને ઉદ્ભવતી સમસ્યાઓ તથા પડકારોને ધ્યાને લઈ શકાય. અધિકારોના વિષયવસ્તુને કોર્ટો દ્વારા વ્યાખ્યાયિત કરવાનું હોય છે. સંઘવાદ, બિનસાંપ્રદાયિકતા, વાજબીપણું અને સમાજવાદ જેવા કેટલાક ખ્યાલો કોઈ ચોક્કસ જોગવાઈના શબ્દોથી પર છે. તેઓ બંધારણને સુસંગતતા પ્રદાન કરે છે અને બંધારણને એક જીવંત સમગ્ર બનાવે છે. નિયમોના રૂપમાં સ્પષ્ટપણે જણાવવામાં ન આવ્યા હોય તો પણ તેઓ બંધારણીય કાયદાનો ભાગ છે. આવશ્યક લક્ષણ તરીકે લાયક ઠરવા માટે, કોઈ સિદ્ધાંત બંધારણીય કાયદાના ભાગ તરીકે સ્થાપિત થવો જોઈએ અને તે મુજબ તે ધારાસભા પર બંધનકર્તા હોવો જોઈએ. ત્યારબાદ જ, તે મૂળભૂત લક્ષણનો ભાગ હતો કે કેમ તેની તપાસ

[59] ૧૦ (૧૯૭૫) સપ્લ. એસ.સી.સી. ૧

થઈ શકે. મૂળભૂત લક્ષણનો સિદ્ધાંત બંધારણીય ઓળખના ખ્યાલ પર આધારિત હતો. બંધારણનું વ્યક્તિત્વ અપરિવર્તિત રહેવું જોઈએ. 'સુધારો' શબ્દ એવી પૂર્વધારણા બાંધે છે કે ફેરફાર છતાં બંધારણ પોતાની ઓળખ ગુમાવ્યા વિના ટકી રહે છે.૨૪

તારણ:

૧૫.૯ એવું નિઃશંકપણે ઠેરવી શકાય કે બંધારણીય સુધારાએ મૂળભૂત માળખાની કસોટીમાંથી પસાર થવું પડે છે. મૂળભૂત માળખાનું ઉલ્લંઘન થયું છે કે નહીં તે આખરી રીતે આ કોર્ટ દ્વારા કેસ-દર-કેસ નક્કી કરવાનું રહે છે.

બી. શું ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં ન્યાયતંત્રની સર્વોચ્ચતા મૂળભૂત માળખાનો ભાગ છે

૧૬. બંધારણનું કોઈ લક્ષણ મૂળભૂત લક્ષણ છે કે મૂળભૂત માળખાનો ભાગ છે તે બંધારણની યોજનામાં તેના સ્થાનને અને બંધારણના કામકાજ પર તેના ઇનકારના પરિણામને ધ્યાનમાં રાખીને નક્કી કરવાનું હોય છે.

૧૬.૧ દરેક બંધારણીય અંગની સત્તાઓ તેમજ વ્યક્તિઓના અધિકારો નક્કી કરવાની ભૂમિકા ન્યાયતંત્રને સોંપવામાં આવી છે. ભારત સરકાર અને રાજ્યો વચ્ચે, નાગરિક અને રાજ્ય વચ્ચે અથવા નાગરિક અને નાગરિક વચ્ચે વિવાદો ઉદ્ભવી શકે છે. કેન્દ્રીય વિધાનમંડળ (સંસદ) અને રાજ્ય વિધાનમંડળની સત્તાઓ અથવા કારોબારી સત્તાના ઉપયોગને લગતા વિવાદોમાં

બંધારણીયતા કે કાયદેસરતાના પ્રશ્નો સંકળાયેલા હોઈ શકે છે. તેમાં સર્વોચ્ચ બંધારણીય મહાનુભાવો સામે પણ બદદાનતના આક્ષેપો સંકળાયેલા હોઈ શકે છે. આ માટે એક નિષ્પક્ષ અને સ્વતંત્ર ન્યાયતંત્રની આવશ્યકતા રહે છે. ન્યાયતંત્ર કારોબારી નિયંત્રણથી અલગ હોવું જરૂરી છે. ન્યાયતંત્રે તેની નિષ્પક્ષતા અને સક્ષમતા માટે લોકોમાં વિશ્વાસ પ્રેરિત કરવાનો હોય છે. વિદ્વાન એટર્ની જનરલ દ્વારા એવો વિવાદ કરવામાં આવ્યો નથી કે ન્યાયતંત્રની સ્વતંત્રતા એ મૂળભૂત માળખાનો ભાગ છે. એ પણ નિર્વિવાદ છે કે ન્યાયિક સમીક્ષા મૂળભૂત માળખાનો ભાગ છે. આ કોર્ટના નિર્ણયો સ્પષ્ટપણે નિર્ધારિત કરે છે કે ન્યાયતંત્રની સ્વતંત્રતા અને ન્યાયિક સમીક્ષા એ મૂળભૂત માળખાનો ભાગ છે. રાજ્યના ત્રણ વિભાગો વચ્ચે સત્તાઓનું વ્યાપક વિભાજન એ નિયંત્રણો અને સંતુલનોના સિદ્ધાંતનો એક ભાગ છે. તે લોકશાહીનો પણ એક ભાગ છે. ન્યાયતંત્રની સ્વતંત્રતા એ બંધારણની સમગ્ર યોજના માટે અભિન્ન છે, જેના વિના બંધારણની સર્વોચ્ચતા, સંઘીય સ્વરૂપ, સામાજિક લોકશાહી કે સમાનતા અને સ્વતંત્રતાના અધિકારોમાંથી કંઈપણ અસરકારક બની શકે નહીં.

૧૬.૨ ન્યાયતંત્ર પોતાની કામગીરીમાં બિન-રાજકીય પ્રતિબદ્ધતા ધરાવે છે. એકવાર ન્યાયતંત્રની સ્વતંત્રતાને બંધારણના મૂળભૂત લક્ષણ તરીકે સ્વીકારવામાં આવે, ત્યારે પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે શું ન્યાયમૂર્તિઓની નિમણૂકની સત્તાને ન્યાયતંત્રની સ્વતંત્રતાના ખ્યાલથી અલગ કરી શકાય કે તે તેનો અભિન્ન ભાગ છે? જો ન્યાયમૂર્તિઓની નિમણૂક પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે

કારોબારી દ્વારા નિયંત્રિત થતી હોય, તો પણ શું ન્યાયતંત્રની સ્વતંત્રતા જાળવી શકાય?

૧૬.૩ ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં ન્યાયતંત્રની સર્વોચ્ચતા કઈ હદ સુધી બંધારણના અસંશોધનીય મૂળભૂત લક્ષણનો ભાગ છે. આ મુદ્દાની અગાઉના બંધનકર્તા પૂર્વચુકાદાઓમાં ચર્ચા કરવામાં આવી હોવાથી, આવા નિર્ણયોનો સંદર્ભ લેવો યોગ્ય છે. અગાઉ ઉલ્લેખ કર્યા મુજબ, એ બાબત નિર્વિવાદ રહે છે કે ન્યાયિક સમીક્ષાની સત્તા, ન્યાયતંત્રની સ્વતંત્રતા, રાજ્યના ત્રણ વિભાગો વચ્ચે સત્તાઓનું વ્યાપક વિભાજન, સંઘવાદ અને લોકશાહી એ બંધારણના મૂળભૂત લક્ષણો છે. પ્રતિવાદીઓનું વલણ એવું છે કે ન્યાયમૂર્તિઓની નિમણૂકની સત્તાની આવા મૂળભૂત લક્ષણો પર કોઈ અસર પડતી નથી કારણ કે ન્યાયાધીશોની સ્વતંત્રતા નિમણૂક પછીના સમય માટે પરિકલ્પિત છે. કોઈ સુધારા દ્વારા, ન્યાયતંત્રની ભૂમિકા ઘટાડવા અને કારોબારી તથા ધારાસભાની ભૂમિકા વધારવા માટે ન્યાયમૂર્તિઓની નિમણૂકની પ્રક્રિયામાં ફેરફાર કરી શકાય છે. વૈકલ્પિક રીતે, એવી રજૂઆત કરવામાં આવી છે કે ઉક્ત ભૂમિકાઓમાં કોઈ નોંધપાત્ર ફેરફાર થયો નથી.

૧૬.૪ સેકન્ડ જજીસ કેસમાં, આ કોર્ટની ૯–ન્યાયમૂર્તિઓની બેંચે બંધારણ હેઠળ ન્યાયમૂર્તિઓની નિમણૂકને લગતી બિનસુધારેલી બંધારણીય યોજનાના અર્થઘટનના પ્રશ્નની તપાસ કરી હતી. એસ.પી. ગુપ્તા વિ. ભારત સંઘ ૨૫ (ફર્સ્ટ જજીસ કેસ) માં વ્યક્ત કરાયેલા મંતવ્યની શુદ્ધતા અંગે શંકાઓ ઊભી

થવાને કારણે આ મુદ્દો ૯–ન્યાયમૂર્તિઓની બેંચને મોકલવામાં આવ્યો હતો, જેમાં એવું નિર્ધારિત કરવામાં આવ્યું હતું કે ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં સર્વોચ્ચતા કેન્દ્ર સરકાર પાસે રહેલી હતી.૨૬ ઉક્ત નિર્ણયનો આધાર એ હતો કે અનુચ્છેદ ૧૨૪, ૨૧૭ વગેરેમાં વપરાયેલા 'વિચાર–વિમર્શ' ('કન્સલ્ટેશન') શબ્દનો અર્થ એવો થતો હતો કે જેમની સાથે વિચાર–વિમર્શ કરવામાં આવ્યો છે તેમના મંતવ્યોને બંધનકર્તા ગણવાની જરૂર નથી કારણ કે નિમણૂકની અંતિમ સત્તા કેન્દ્ર સરકાર પાસે રહેલી હતી. એવું ઠેરવવામાં આવ્યું હતું કે જેમની સાથે વિચાર–વિમર્શ કરવામાં આવ્યો હતો તેવા CJI અથવા અન્ય ન્યાયમૂર્તિઓના મંતવ્યો ભારે વજન મેળવવાને પાત્ર હોઈ શકે છે પરંતુ મતભેદના કિસ્સામાં અંતિમ નિર્ણય કેન્દ્ર સરકાર દ્વારા લઈ શકાતો હતો. 'વિચાર–વિમર્શ' શબ્દને 'સંમતિ' તરીકે વાંચી શકાય નહીં. ૨૫ ૧૯૮૧ સપ્લી. એસ.સી.સી. ૮૭, પેરા ૩૦ (ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં સર્વોચ્ચતા કેન્દ્ર સરકારની હોવાનું એવું ઠેરવીને માનવામાં આવ્યું છે કે રાષ્ટ્રપતિ (કેન્દ્ર સરકાર) ની ફરજ માત્ર ન્યાયતંત્ર સાથે વિચાર–વિમર્શ કરવાની હતી જેને બંધનકર્તા ગણી શકાય નહીં) ૨૬ પેરા ૨૫, પાંડિયન ન્યાયમૂર્તિ (સેકન્ડ જજીસ કેસ) : ફર્સ્ટ જજીસ કેસ પર પુનર્વિચારણા તરફ દોરી જનારા કારણો.

૧૬.૫ સુભાષ શર્મા વિ. ભારત સંઘ ૨૭ માં લેવાયેલા મંતવ્ય અંગે શંકા વ્યક્ત કરવામાં આવી હતી. ન્યાયમૂર્તિઓની નિમણૂકના સંબંધમાં CJI નો અભિપ્રાય સર્વોચ્ચતાને પાત્ર હતો કે કેમ તે પ્રશ્ન

અગાઉ ઉલ્લેખ કર્યા મુજબ, મોટી બેંચની વિચારણા માટે મોકલવામાં આવ્યો હતો. આ કોર્ટે અવલોકન કર્યું હતું કે સત્તાના વિભાજનના બંધારણીય તત્વજ્ઞાન અને ન્યાયિક સ્વતંત્રતાના પ્રિય મૂલ્યોના સંદર્ભમાં બંધારણીય શબ્દાવલીને વાંચવી અને તેનું અર્થઘટન કરવું જરૂરી હતું. CJI ની ભૂમિકા નિર્ણાયક મહત્વ ધરાવતી હોવાનું સ્વીકારવું જરૂરી હતું, જેના માટે ફર્સ્ટ જજીસ કેસમાં લેવાયેલા મંતવ્ય પર મોટી બેંચ દ્વારા પુનર્વિચારણા જરૂરી હતી. એ બાબતની નોંધ લેવામાં આવી હતી કે ન્યાયમૂર્તિઓની પસંદગીમાં પોતાની પસંદગીનો દાવો કરવા માટે તત્કાલીન સરકાર તરફથી ઉત્સુકતા હતી અને જો ન્યાયમૂર્તિઓની નિમણૂકની ભલામણ કરવાની સત્તા રાજ્ય સરકાર અથવા કેન્દ્ર સરકારમાં નિહિત કરવામાં આવે, તો ચિત્ર અસ્પષ્ટ થવાની શક્યતા હતી અને પસંદગી પ્રક્રિયા મુશ્કેલ બની શકે તેમ હતી. એવું પણ અવલોકન કરવામાં આવ્યું હતું કે ન્યાયતંત્ર બિન-રાજકીય પ્રતિબદ્ધતા ધરાવે છે અને ન્યાયતંત્રના બિન-રાજકીય સ્વરૂપની ખાતરીને નિમણૂકની પ્રક્રિયાથી અલગ કરી શકાય નહીં. "વિચાર-વિમર્શ" શબ્દસમૂહને બંધારણીય ભાવના સાથે સુસંગત અને તેને પ્રોત્સાહન આપવાના સંદર્ભમાં સમજવો જરૂરી હતો. ન્યાયમૂર્તિઓની નિમણૂકને માત્ર કારોબારી કૃત્ય ગણાવીને બંધારણીય મૂલ્યોને ઘટાડી શકાય નહીં. તેના બદલે નિમણૂક એ સામૂહિક બંધારણીય પ્રક્રિયાનું પરિણામ હતી. એવું કહી શકાય નહીં કે નિમણૂક કરવાની સત્તા માત્ર કારોબારીમાં નિહિત હતી અથવા ન્યાયતંત્ર સાથે વિચાર-વિમર્શ કર્યા પછી કારોબારી પોતાને યોગ્ય લાગે તેવો નિર્ણય લેવા માટે સ્વતંત્ર હતી. "વિચાર-વિમર્શ" શબ્દ ઉચ્ચ બંધારણીય

મહાનુભાવના દરજ્જાની માન્યતામાં વપરાયો હતો અને તેનું શાબ્દિક અર્થઘટન કરી શકાય નહીં. તદુપરાંત, રાજ્યના મુખ્ય ન્યાયમૂર્તિ અને CJI દ્વારા ભલામણ ન કરાયેલી નિમણૂક એ સત્તાનો અયોગ્ય અને મનસ્વી ઉપયોગ ગણાશે.

CJI ની પ્રમુખ ભૂમિકા હોવી જોઈએ. CJI ની પ્રાથમિકતા પસંદગીની ગુણવત્તામાં સુધારો કરશે ૨૭ ૧૯૯૧ સપ્લી. (૧) એસ.સી.સી. ૫૭૪ – ફકરા ૩૧–૩૪, ૪૨–૪૬. રાજ્યોના મુખ્ય ન્યાયમૂર્તિઓ અને CJI નો મત નિર્ણાયક હોવો જોઈએ સિવાય કે કારોબારી પાસે એવી સામગ્રી હોય જે દર્શાવતી હોય કે નિમણૂક પામનાર વ્યક્તિ અનિચ્છનીય હશે. ફર્સ્ટ જજીસ કેસમાં બહુમતીના મતે CJI ની સંસ્થાના સદર મહત્વપૂર્ણ સ્થાનને માન્યતા આપી ન હતી અને સદર અભિપ્રાયની શુદ્ધતા પુનઃવિચારણા માંગી લેતી હતી. એ બાબતની નોંધ લેવામાં આવી હતી કે કેન્દ્ર સરકારે સંસદ સમક્ષ અને બહાર વારંવાર જણાવ્યું હતું કે નીતિગત બાબત તરીકે તેણે CJI દ્વારા નામ આપવામાં ન આવ્યું હોય તેવી કોઈ નિમણૂક કરી નથી અને કારોબારીને તે ધોરણને આધીન રાખવી જોઈએ કે જેના દ્વારા તે પોતાની કાર્યવાહીનું મૂલ્યાંકન કરવાનો દાવો કરતી હતી. મોટી બેંચને સંદર્ભ મોકલવામાં આવતાં, ફર્સ્ટ જજીસ કેસમાં અપનાવવામાં આવેલો અભિપ્રાય સેકન્ડ જજીસ કેસમાં રદબાતલ કરવામાં આવ્યો હતો, જે થર્ડ જજીસ કેસમાં પુનરોચ્ચારિત કરવામાં આવ્યો હતો. તેમાં ઠેરવવામાં આવ્યું હતું કે અનુચ્છેદ ૧૨૪ માં રહેલા "વિચાર–વિમર્શ" શબ્દનું શાબ્દિક અર્થઘટન થવું જોઈએ નહીં. તેનું અર્થઘટન તેના હેતુની બંધારણીય પૃષ્ઠભૂમિમાં અને ન્યાયતંત્રની સ્વતંત્રતાને જાળવી રાખવા તેમજ સુરક્ષિત કરવા માટે થવું જોઈએ.

આવું અર્થઘટન કરતાં, એવું ઠેરવવામાં આવ્યું હતું કે બંધારણીય હોદ્દેદારોના પરસ્પર વિરોધી અભિપ્રાયોના કિસ્સામાં, CJI ના અભિપ્રાય દ્વારા પ્રતીકિત અને દર્શાવેલ રીતે રચાયેલ ન્યાયતંત્રના અભિપ્રાયને પ્રાથમિકતા રહેશે.

૧૬.૬ ન્યાયમૂર્તિ પાંડિયને ઠેરવેલ કે વિચાર–વિમર્શની જરૂરિયાત અન્ય કોઈ સેવા સાથે સંબંધિત ન હતી અને અન્ય ઉચ્ચ હોદ્દાઓથી વિપરીત માત્ર ન્યાયમૂર્તિઓની નિમણૂકને જ લાગુ પડતી હતી. CJI સાથે વિચાર–વિમર્શ એ નિમણૂક માટેની પૂર્વશરત હતી અને આ પ્રક્રિયામાં ન્યાયતંત્ર દ્વારા આપવામાં આવેલી સલાહ પવિત્રતા ધરાવતી હતી. નિમણૂકની કારોબારી સત્તા અનુચ્છેદો ૭૪ અને ૧૬૩ ના આધારે અમલમાં આવે છે, જોકે અનુચ્છેદો ૧૨૪ અને ૨૧૭ માં તેની ખાસ જોગવાઈ કરવામાં આવી ન હતી. રાજ્ય એક મુખ્ય મુકદ્દમેબાજ હતું. ઉચ્ચ અદાલતો સમક્ષ રાજકીય રંગ ધરાવતા વિવાદો આવતા હતા અને આવી પરિસ્થિતિમાં જો ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં કારોબારીનો સંપૂર્ણ અધિકાર હોય, તો ન્યાયતંત્રની સ્વતંત્રતાને નુકસાન પહોંચશે. કાયદા પંચના અહેવાલો અને ધારાશાસ્ત્રીઓના મતે કારોબારી સત્તા પર અંકુશ મૂકીને ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં મૂળભૂત પરિવર્તનનું સૂચન કર્યું હતું.૨૮

૧૬.૭ ન્યાયમૂર્તિ કુલદીપ સિંહે અવલોકન કર્યું હતું કે ન્યાયિક સ્વતંત્રતાની વિભાવનાનો અર્થ માત્ર વ્યક્તિગત ન્યાયમૂર્તિઓના હોદ્દાની મુદતની સુરક્ષા પૂરતો જ ન હતો. એક સંસ્થા તરીકે ન્યાયતંત્રની સ્વતંત્રતા હોવી જોઈએ જેથી તે સરકારો અને વ્યક્તિઓ વચ્ચે અથવા સરકારો વચ્ચે આપસમાં

એક નિષ્પક્ષ અમ્પાયર તરીકે અસરકારક રીતે કાર્ય કરી શકે. જ્યારે નિમણૂકની સત્તા કારોબારીમાં નિહિત હોય ત્યારે ન્યાયતંત્ર સ્વતંત્ર હોઈ શકે તેમ કહેવું અતાર્કિક ગણાશે. બંધારણના ઘડવૈયાઓ ક્યારેય અદાલતો સમક્ષ સૌથી મોટા મુકદ્દમેબાજ એવા કારોબારી તંત્રને આ સત્તા આપવા માંગતા ન હતા.૨૯ ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં CJI ના પ્રાથમિક અને બંધનકર્તા અભિપ્રાયને માન્યતા આપતી સ્થાપિત બંધારણીય પરંપરા હતી. બંધારણના પ્રારંભથી તમામ નિમણૂકો CJI ની સંમતિથી કરવામાં આવી હતી. કાયદા પંચના ૧૪મા અહેવાલ અને સંસદમાં ૨૩મી અને ૨૪મી નવેમ્બર, ૧૯૫૯ ના રોજ થયેલી ચર્ચાનો સંદર્ભ આપવામાં આવ્યો હતો.૩૦ બંધારણ સભા સમક્ષ ૨૪મી મે, ૧૯૪૯ ના રોજ ડૉ. આંબેડકરના એ નિવેદન અંગે કે ન્યાયમૂર્તિઓની નિમણૂક પર CJI ને વીટો આપી શકાય નહીં, એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે વ્યક્તિગત ક્ષમતાની સામે પ્રતિનિધિત્વ ક્ષમતામાં કાર્ય કરતા CJI ની પ્રાથમિકતા સદર નિવેદનના ઉદ્દેશ્યની વિરુદ્ધ નહીં હોય.૩૧ ૧૬.૮ ન્યાયમૂર્તિ વર્માએ અવલોકન કર્યું હતું કે સત્તાના વિભાજનની બંધારણીય યોજના, કારોબારીથી ન્યાયતંત્રને અલગ કરવાના માર્ગદર્શક સિદ્ધાંતો સાથે, અને કાયદાના શાસનને સુરક્ષિત કરવા માટે ન્યાયતંત્રની ભૂમિકા એવી માંગ કરે છે કે ઉચ્ચ ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિઓની નિમણૂક કારોબારીના વિવેક પર છોડી શકાય નહીં. ન્યાયાધીશોની સ્વતંત્રતા માત્ર ૨૮ ફકરા ૧૯૫ અને ૨૦૭ ૨૯ ફકરા ૩૩૪, ૩૩૫ ૩૦ ફકરો ૩૫૭ ૩૧ ફકરો ૩૯૨ તેમની નિમણૂકના સમયે પણ જરૂરી હતી, તેને માત્ર હોદ્દાની મુદતની સુરક્ષા અને સેવાની શરતોની

જોગવાઈઓ પૂરતી મર્યાદિત રાખવાને બદલે. કારોબારી દ્વારા થતી નિમણૂકોના કારણે રાજકીય વિચારણાઓના પ્રભાવને રોકવા માટે તે જરૂરી હતું. ઉમેદવારની પસંદગીમાં, CJI ના અભિપ્રાયને સર્વાધિક મહત્વ હોવું જોઈએ. સહભાગી વિચાર-વિમર્શ પ્રક્રિયામાં કારોબારીની ભૂમિકા CJI દ્વારા સત્તાના ઉપયોગ પર એક નિયંત્રણના રૂપમાં રાખવાનો હેતુ હતો. રાજકીય પ્રભાવને નાબૂદ કરવા માટે કારોબારી ઘટક ન્યૂનતમ હોવું જોઈતું હતું.૩૨

૧૬.૯ તદનુસાર, ફકરા ૪૮૬ માં એવા તારણો નોંધવામાં આવ્યા હતા કે નિમણૂક અને બદલી માટેની દરખાસ્ત ન્યાયતંત્ર દ્વારા શરૂ કરી શકાય છે અને પરસ્પર વિરોધી અભિપ્રાયોના કિસ્સામાં, CJI ના અભિપ્રાયને પ્રાથમિકતા હતી. અપવાદરૂપ કિસ્સાઓમાં કારણો દર્શાવીને નિમણૂકનો ઇનકાર કરી શકાતો હતો પરંતુ જો પ્રતિનિધિત્વ ક્ષમતામાં કાર્ય કરતા CJI દ્વારા તે કારણો સ્વીકારવામાં ન આવે, તો એક સ્વસ્થ પરંપરા તરીકે નિમણૂક કરવી જરૂરી હતી. CJI ની નિમણૂક વરિષ્ઠતાના આધારે કરવાની હતી. સદર હોદ્દો સંભાળવા માટે યોગ્ય ગણાતા સૌથી વરિષ્ઠ ન્યાયમૂર્તિ CJI બનવાના હતા.

૧૬.૧૦ થર્ડ જજીસ કેસમાં ફકરા ૪૪ માં તારણોએ માત્ર થોડા ફેરફાર સાથે આ મતનો પુનરોચ્ચાર કર્યો હતો. તે આધારે, આ અભિપ્રાયના અગાઉના ભાગમાં ઉલ્લેખિત મેમોરેન્ડા ઓફ પ્રોસિજર જારી કરવામાં આવ્યા હતા. ન્યાયમૂર્તિ એમ.એન. વેંકટચલૈયાના વડપણ હેઠળના નેશનલ કમિશન ટુ રિવ્યુ ધ વર્કિંગ ઓફ ધ કોન્સ્ટીટ્યુશન એનસીઆરડબલ્યુસી એ તારીખ ૩૧મી માર્ચ,

૨૦૦૨ ના તેના અહેવાલમાં અવલોકન કર્યું હતું કે ન્યાયમૂર્તિઓની નિમણૂક ન્યાયતંત્રની સ્વતંત્રતાનો એક ભાગ હતી. એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે કારોબારી દ્વારા નિમણૂકની સત્તા પોતાના હસ્તક લેવી અને પ્રભાવશાળી ભૂમિકા ભજવવી તે બંધારણના મૂળભૂત માળખાનું, ન્યાયતંત્રની સ્વતંત્રતાનું ઉલ્લંઘન કરનારું હશે.૩૩

૧૬.૧૧ અરજદારોની દલીલ એ છે કે સદર નિર્ણયો બંધારણની યોજનામાંથી ફલિત થતી ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં ન્યાયતંત્રની પ્રાથમિકતાને નિર્ણાયક રીતે માન્યતા આપે છે અને આવી પ્રાથમિકતા મૂળભૂત માળખાનો એક ભાગ હતી.

૧૬.૧૨ એવી રજૂઆત કરવામાં આવી છે કે જો કારોબારી પાસે પ્રાથમિકતા હોય, તો બંધારણીય અદાલતોના સભ્યો તરીકે નિમણૂક પામનારાઓની સ્વતંત્રતાને અસર કરવા અથવા નબળી પાડવા માટે ન્યાયમૂર્તિઓની નિમણૂકની સત્તાનો ઉપયોગ કરી શકાય છે. આ બાબત બંધારણના ઘડવૈયાઓના આશયની વિરુદ્ધ હશે. નવી વ્યવસ્થા જ્યાં સુધી એ સુનિશ્ચિત ન કરે કે ન્યાયતંત્રની ભૂમિકા ઘટાડવામાં આવી નથી અને કારોબારીની ભૂમિકા વધારવામાં આવી નથી તથા કરવામાં આવેલા ફેરફારની બંધારણની કામગીરી પર કોઈ પ્રતિકૂળ અસર પડી નથી, ત્યાં સુધી બિન–સુધારેલી જોગવાઈને નવી વ્યવસ્થા દ્વારા બદલી શકાય નહીં. જો આ દલીલ માન્ય રાખવામાં આવે, તો વાદગ્રસ્ત સુધારો રદ કરવો પડશે સિવાય કે એવું ઠેરવી

શકાય કે સુધારેલી જોગવાઈઓએ પણ સદર પ્રાથમિકતા જાળવી રાખી છે. જો ન્યાયતંત્રની પ્રાથમિકતાને બંધારણના મૂળભૂત માળખાનો ભાગ ન ગણવામાં આવે અથવા એવું ઠેરવવામાં આવે કે તે હજુ પણ જળવાઈ રહી છે, તો સુધારો માન્ય રાખવો પડશે.

સી. અગાઉના બંધનકર્તા પૂર્વચુકાદાઓની પુનર્વિચારણા માટે સામાવાળાઓની રજૂઆત

૧૭. સામાવાળાઓના વિદ્વાન વકીલ દ્વારા ઉપરોક્ત નિર્ણયોમાં અપનાવવામાં આવેલા અભિપ્રાયની શુદ્ધતાને પડકારવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જે કારણસર અગાઉના અભિપ્રાયની પુનઃવિચારણા માંગવામાં આવી છે તે એ છે કે સેકન્ડ અને થર્ડ જજીસ કેસોમાં કરવામાં આવેલું અર્થઘટન સ્પષ્ટપણે ભૂલભરેલું છે. બંધારણ સભાના સભ્યોનો ક્યારેય એવો આશય ન હતો કે ન્યાયમૂર્તિઓની નિમણૂકના વિષય પર CJI નો આખરી શબ્દ હોવો જોઈએ. જે લખાણ આખરે મંજૂર કરવામાં આવ્યું હતું અને જે બંધારણનો ભાગ બન્યું હતું તેમાં આ કોર્ટે ઠેરવ્યા મુજબ CJI ની સંમતિ માટેની કોઈ જોગવાઈ ન હતી. એવી પણ રજૂઆત કરવામાં આવી છે કે આ કોર્ટ દ્વારા કરવામાં આવેલું અર્થઘટન ખાસ કરીને કટોકટી દરમિયાન કારોબારી દ્વારા સત્તાના દુરુપયોગના કારણે વ્યાજબી હોઈ શકે છે (જેમ કે યુનિયન ઓફ ઈન્ડિયા વિ. સાંકળચંદ હિંમતલાલ શેઠ૩૪) અને કાયદા પંચના અહેવાલોમાં (ખાસ કરીને ૧૪મા અને ૧૨૧મા અહેવાલોમાં) નોંધવામાં આવ્યું છે, તે પરિસ્થિતિ હવે ચાલુ રહી નથી.

વધુમાં જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ કમિશન્સ માટે વૈશ્વિક વલણ છે. ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં ન્યાયતંત્રની પ્રાથમિકતા વિના પણ, ન્યાયતંત્ર સ્વતંત્ર રીતે કાર્ય કરી શકે છે. જ્યુડિશિયલ એપોઇન્ટમેન્ટ કમિશનનું સૂચન અગાઉ પણ કરવામાં આવ્યું હતું. પ્રતિષ્ઠિત ધારાશાસ્ત્રીઓએ ન્યાયમૂર્તિઓની નિમણૂક માટેની પ્રવર્તમાન વ્યવસ્થાની અને ખાસ કરીને કોલેજિયમ પ્રણાલીની કામગીરીની ટીકા કરી હતી.

૧૭.૧ બંધારણના પ્રકરણ ૪ ની યોજનાનો સંદર્ભ આપતાં, વિદ્વાન એટર્ની જનરલે રજૂઆત કરી હતી કે ન્યાયતંત્રની કામગીરીમાં કારોબારી અને ધારાસભાની ભૂમિકા રહેલી છે. ન્યાયમૂર્તિઓના પગાર અને સેવાની શરતો સંસદ દ્વારા નક્કી કરવામાં આવે છે. સુપ્રિમ કોર્ટની કામગીરી માટેના નિયમો રાષ્ટ્રપતિની મંજૂરીથી ઘડવામાં આવે છે અને તે સંસદ દ્વારા બનાવવામાં આવેલા કાયદાને આધીન છે. સંસદ સુપ્રિમ કોર્ટને પૂરક સત્તાઓ પ્રદાન કરી શકે છે. સુપ્રિમ કોર્ટના અધિકારીઓ અને સેવકોની સેવાની શરતો સંસદ દ્વારા બનાવવામાં આવેલા કાયદાને આધીન છે. CJI દ્વારા ઘડવામાં આવેલા નિયમો માટે રાષ્ટ્રપતિની મંજૂરી જરૂરી છે. ન્યાયતંત્રની કામગીરીમાં કારોબારી અને ધારાસભા વચ્ચે પરસ્પર આંતર–ક્રિયા રહેલી હતી. ન્યાયાધીશોની સ્વતંત્રતા તેમના હોદ્દાની મુદતની સુરક્ષા અને સેવાની શરતોના સંદર્ભમાં હતી. નિમણૂકની પદ્ધતિ ન્યાયતંત્રની સ્વતંત્રતાને અસર કરતી ન હતી. કારોબારી દ્વારા ભારતના કમ્પ્ટ્રોલર જનરલ અથવા ચૂંટણી પંચની નિમણૂક કરવાથી તેમની સ્વતંત્રતા પર અસર થતી ન હતી. ન્યાયમૂર્તિઓની નિમણૂકની સત્તા એ કારોબારી સત્તા છે

જેનો ઉપયોગ ન્યાયતંત્ર સાથે વિચાર–વિમર્શ કર્યા પછી મંત્રી પરિષદની સલાહથી રાષ્ટ્રપતિ દ્વારા કરવાનો હોય છે. સત્તાના વિભાજનનો સિદ્ધાંત અથવા કારોબારીથી ન્યાયતંત્રને અલગ કરવાનો સિદ્ધાંત એવી માંગ કરતો નથી કે ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં કારોબારીની કોઈ ભૂમિકા ન હોઈ શકે. ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં ન્યાયતંત્રની પ્રાથમિકતા નિયંત્રણ અને સંતુલનના સિદ્ધાંતોની અવગણના કરે છે. અગાઉના નિર્ણયોમાં કરવામાં આવેલું અર્થઘટન પારદર્શિતા અને જવાબદેહીના સિદ્ધાંતોની અવગણના કરે છે. અગાઉના નિર્ણયોમાં કોઈ સ્પષ્ટ ભૂલ ન હોવા છતાં પણ, આ મુદ્દાના સંવેદનશીલ સ્વરૂપને ધ્યાનમાં રાખીને અને એ હકીકતને પણ ધ્યાનમાં રાખીને કે હવે એક સુધારો લાવવામાં આવ્યો છે, અગાઉના નિર્ણયોની પુનઃવિચારણા કરવાની જરૂર છે.

૧૭.૨ વિદ્વાન એટર્ની જનરલ અને સામાવાળાઓ વતી ઉપસ્થિત અન્ય વિદ્વાન વકીલોના વલણનો અરજદારોના વિદ્વાન વકીલ દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. એવી રજૂઆત કરવામાં આવી હતી કે સામાવાળાઓ દ્વારા ઉપસ્થિત કરવા માંગતા તમામ મુદ્દાઓ પર નવ–ન્યાયમૂર્તિઓની બેંચ દ્વારા યોગ્ય રીતે વિચારણા કરવામાં આવી હતી. કેન્દ્ર સરકારે અનુચ્છેદ ૧૪૩ હેઠળ આ કોર્ટનો અભિપ્રાય માંગ્યો હતો. તત્કાલીન વિદ્વાન એટર્ની જનરલ દ્વારા એવું નિવેદન કરવામાં આવ્યું હતું કે સેકન્ડ જજીસ કેસની પુનઃવિચારણા માંગવામાં આવી નથી. નવ–ન્યાયમૂર્તિઓની બેંચનો અભિપ્રાય શમશેર સિંહ વિ. સ્ટેટ ઓફ પંજાબ૩૫ અને સાંકળચંદ કેસ (ઉપરોક્ત) ના અગાઉના બંધનકર્તા નિર્ણયો પર આધારિત હતો જેમાં ઠરાવવામાં આવ્યું હતું કે આવી બાબતો પર

આખરી શબ્દ CJI નો હતો. નિષ્ણાતોના અભ્યાસો અને બંધારણ સભાની ચર્ચાઓએ ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં કારોબારી અથવા ધારાસભા માટે પ્રબળ ભૂમિકાને નકારી કાઢી હતી. બંધારણીય યોજના ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં કારોબારીની દખલગીરીની મંજૂરી આપતી ન હતી. કારોબારી પ્રતિક્રિયા આપી શકતી હતી અને નિમણૂકો કરીને કારોબારી કાર્યો કરી શકતી હતી પરંતુ દરખાસ્ત ન્યાયતંત્ર દ્વારા જ શરૂ અને આખરી કરવાની હતી. મોટી આ કોર્ટની બેંચો દ્વારા અગાઉના અભિપ્રાયની શુદ્ધતા વિશે કોઈ શંકાના અભાવમાં વારંવાર પુનઃવિચારણા કરવી ઇચ્છનીય ન હતી.

૧૭.૩ અગાઉના બંધનકર્તા નિર્ણયો ક્યારે ફરીથી ખોલવા જોઈએ તે નક્કી કરવા માટેના માપદંડો આ કોર્ટ દ્વારા વારંવાર નિર્ધારિત કરવામાં આવ્યા છે. સ્થાપિત સિદ્ધાંત એ છે કે યોગ્ય વિચારણા અને સંપૂર્ણ સુનાવણી પછી આપવામાં આવેલો અગાઉનો ચુકાદો ભૂલભરેલો હતો તે તમામ વાજબી શંકાઓથી પર સાબિત ન થાય ત્યાં સુધી, કોર્ટે અગાઉના ૩૫ (૧૯૭૪) ૨ એસ.સી.સી. ૮૩૧ નિર્ણયોની પુનઃવિચારણા કરવી જોઈએ નહીં જેથી કાયદો નિશ્ચિત રહે.૩૬ અપવાદરૂપ સંજોગોમાં અથવા નવા વિચારોના પ્રકાશમાં નવી પરિસ્થિતિઓ હેઠળ, અગાઉનો અભિપ્રાય, જો ભૂલભરેલો માનવામાં આવે તો, ઉલટાવી શકાય છે. જ્યારે કાયદાની પ્રગતિ ચાલુ રહે છે અને જ્યારે પણ જરૂર પડે ત્યારે નવી વ્યવસ્થાઓ વિકસાવી શકાય છે, તે માત્ર ત્યારે જ કરી શકાય જો અગાઉની વ્યવસ્થાઓ બિનકાર્યક્ષમ માનવામાં આવે.૩૭

૧૭.૪ એવી કોઈ પરિસ્થિતિ ઊભી થઈ નથી. સ્થાપિત સિદ્ધાંતો મુજબ, મોટી બેંચો દ્વારા લેવાયેલા અગાઉના નિર્ણયો પર પુનર્વિચારણા કરવાનો કોઈ કેસ બનતો નથી. અગાઉના નિર્ણયોમાં પ્રત્યક્ષ ભૂલ હતી તેવી દલીલના સંબંધમાં, સેકન્ડ જજીસ કેસ દર્શાવે છે કે બંધારણ સભાની ચર્ચાઓ સંપૂર્ણપણે ટાંકવામાં આવી છે અને ધ્યાને લેવામાં આવી છે. ન તો ચર્ચાઓ કે ન તો બંધારણ દ્વારા અપનાવવામાં આવેલ લખાણ એવું દર્શાવે છે કે ન્યાયમૂર્તિઓની નિમણૂકની સત્તા કારોબારી અથવા ધારાસભાને આપવાનો આશય હતો. 'વિચાર–વિમર્શ' શબ્દનું જે રીતે અર્થઘટન કરવામાં આવ્યું અને તેને સમજવામાં આવ્યો, તેનો અર્થ એ હતો કે ન્યાયમૂર્તિઓની નિમણૂકના વિષય પર આખરી શબ્દ સીજેઆઈ પાસે હતો. બંધારણના પ્રારંભથી જ પ્રથા અને પરંપરા દર્શાવતી હતી કે નિમણૂક માટેની દરખાસ્ત હંમેશા ન્યાયતંત્ર દ્વારા શરૂ કરવામાં આવતી હતી અને આ વિષય પર છેલ્લો શબ્દ સીજેઆઈનો હતો. આ યોજના બંધારણના ઘડવૈયાઓના આશય સાથે સુસંગત હતી. વિદ્વાન એટર્ની જનરલ દ્વારા અત્યારે ઉપસ્થિત કરવા માંગવામાં આવેલા તમામ મુદ્દાઓ સેકન્ડ જજીસ કેસમાં સંપૂર્ણપણે ધ્યાને લેવામાં આવ્યા છે. કારોબારીની દખલગીરીની અગાઉની પરિસ્થિતિ હવે બદલાઈ ગઈ છે તેવી દલીલ પણ અગાઉના મત પર પુનર્વિચારણાને વ્યાજબી ઠેરવતી નથી. જો પરિસ્થિતિ બદલાઈ ગઈ હોય, તો બંધારણના ઘડવૈયાઓના આશય મુજબ કાર્યરત એવી પ્રણાલીને બદલવાનું કોઈ કારણ હોઈ શકે નહીં જ્યારે આવો ફેરફાર મૂળભૂત માળખાથી વિપરીત હશે જે બંધારણીય રીતે અસ્વીકાર્ય છે. કોલેજિયમ પ્રણાલીની કામગીરીમાં રહેલી ક્ષતિઓ

અંગેનો વાંધો આ ચુકાદાના પછીના ભાગમાં ચર્ચાનો વિષય બનશે. કોઈપણ પ્રણાલીની કામગીરીમાં વ્યક્તિગત ખામીઓને ક્યારેય નકારી શકાય નહીં. અગાઉ વિચારવામાં આવેલા જ્યુડિશિયલ એપોઈન્ટમેન્ટ કમિશનો સમાન સ્વરૂપના ન હતા. શરૂઆતમાં જ્યુડિશિયલ કમિશન સ્થાપવાની દરખાસ્ત સેકન્ડ જજીસ કેસ પહેલાં કરવામાં આવી હતી, જેનો ઉદ્દેશ્ય ફર્સ્ટ જજીસ કેસમાં નિર્ધારિત કરાયેલ કારોબારીની સર્વોચ્ચતાને નાબૂદ કરવાનો હતો. સિક્સ્ટી-સેવન્થ એમેન્ડમેન્ટ બિલમાં, હેતુઓ અને કારણોના કથનમાં, એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે કમિશન સ્થાપવાનો ઉદ્દેશ્ય 'કારોબારી તરફથી મનસ્વીતાની ટીકાને દૂર કરવાનો'૩૮ હતો. નાઇન્ટી-એઇથ એમેન્ડમેન્ટ બિલ, ૨૦૦૩, નેશનલ કમિશન ટુ રિવ્યુ ધ વર્કિંગ ઓફ ધ કોન્સ્ટિટ્યુશનની ભલામણ પર એક અલગ રચના સાથે રજૂ કરવામાં આવ્યું હતું. વન-ટ્વેન્ટિએથ એમેન્ડમેન્ટ બિલ, ૨૦૧૩ માં કોઈ રચનાની જોગવાઈ કરવામાં આવી ન હતી અને તેની રચના સંસદ દ્વારા નિર્ધારિત કરવા પર છોડી દેવામાં આવી હતી. આવા પ્રસ્તાવિત કમિશનોની કાયદેસરતા ક્યારેય ચકાસવામાં આવી ન હતી કારણ કે આવા કમિશનો ક્યારેય અસ્તિત્વમાં આવ્યા ન હતા.

૧૭.૫ અન્ય દેશોમાં જ્યુડિશિયલ કમિશનો અને ન્યાયમૂર્તિઓની નિમણૂક કરવાની સત્તા કારોબારીને આપતી અન્ય દેશોના બંધારણોની જોગવાઈઓ પણ સેકન્ડ જજીસ કેસ પર પુનર્વિચારણાની માંગ કરી શકે નહીં કારણ કે આવી અને સમાન ઘણી જોગવાઈઓ સેકન્ડ જજીસ કેસમાં યોગ્ય રીતે ધ્યાને લેવામાં આવી હતી જેનો આગળ ઉલ્લેખ કરવામાં આવશે. આમ, સેકન્ડ

અને થર્ડ જજીસ કેસોમાં અગાઉના નિર્ણયો પર પુનર્વિચારણા કરવા માટે કોઈ કેસ બનતો નથી.

ડી. મૂળભૂત માળખાના ભાગ તરીકે ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં ન્યાયતંત્રની સર્વોચ્ચતાના મુદ્દાની આનુષંગિક વિચારણા.

૧૮. સેકન્ડ અને થર્ડ જજીસ કેસમાં અગાઉના નિર્ણયોને બંધનકર્તા પૂર્વચુકાદાઓ તરીકે ગણવાના રહે છે. એકવાર એમ થાય, ત્યારે એવું ઠેરવવું પડે કે ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં ન્યાયતંત્રની સર્વોચ્ચતા એ મૂળભૂત માળખાનો ભાગ છે. ન્યાયમૂર્તિઓની નિમણૂક એ ન્યાયતંત્રની સ્વતંત્રતાનો ભાગ છે. ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્ર વચ્ચે સત્તાનું સંતુલન જાળવી રાખવા માટે પણ તે આવશ્યક છે, જે પોતે સમગ્ર બંધારણની કામગીરીની ચાવીરૂપ છે. જ્યારે પણ એવો આક્ષેપ કરવામાં આવે કે સદર અંગોએ તેમની બંધારણીય રીતે સોંપાયેલ સત્તાનું અતિક્રમણ કર્યું છે, ત્યારે કારોબારી અને ધારાસભાની સત્તા પર નિયંત્રણ રાખવાની સત્તા ન્યાયતંત્રને સોંપવામાં આવી છે. આ લોકશાહીનો સાર છે. અરજદારો તરફના વિદ્વાન વકીલે ભારપૂર્વક જણાવ્યું હતું કે કેટલીકવાર બંધારણીય અદાલતો દ્વારા ન્યાયિક સમીક્ષાની સત્તાઓનો ઉપયોગ કારોબારી અથવા ધારાસભાને પસંદ ન પણ આવે. આ કોર્ટના ૨જી સ્પેક્ટ્રમ કેસ૩૯ અને કોલ સ્કેમ કેસ૪૦ ના નિર્ણયોના ચોક્કસ ઉદાહરણો આપવામાં આવ્યા છે જ્યાં કારોબારીના કાર્યો બંધારણીય જવાબદારીઓનું ઉલ્લંઘન કરનારા અને સરકારી તિજોરીને ભારે નુકસાન પહોંચાડનારા હોવાનું જણાયું હતું. એવી રજૂઆત

કરવામાં આવી હતી કે 'સ્પૉઇલ સિસ્ટમ' જેવી દુર્લભ સંસાધનો અથવા કોન્ટ્રાક્ટ્સ અથવા નોકરીઓ અથવા મહત્ત્વના હોદ્દાઓ આપીને રાજ્યની સંપત્તિની મનસ્વી વહેંચણીને આ કોર્ટે બંધારણનું ઉલ્લંઘન કરનારી ઠેરવેલ છે. જમીન સંપાદન માટેની મનસ્વી અથવા પર્યાવરણીય કાયદાઓનું ઉલ્લંઘન કરતી રાજ્યની નીતિઓને આ કોર્ટ દ્વારા રદબાતલ કરવામાં આવી છે. રાજ્ય વિધાનસભાઓનું વિસર્જન અને રાજ્ય સરકારોની બરતરફીને પણ આ કોર્ટ દ્વારા રદબાતલ કરવામાં આવેલ છે૪૧. આ કોર્ટે કેન્દ્રીય અથવા રાજ્ય વિધાનમંડળોમાં પક્ષપલટાને માન્યતા આપવા કે ન આપવા અંગેના સ્પીકરોના નિર્ણયોમાંથી ઉદ્ભવતા મુદ્દાઓ સાથે પણ વ્યવહાર કરવો પડ્યો હતો૪૨. અદાલતોએ દૂરગામી સ્વરૂપના વિધાયક અથવા કારોબારી નિર્ણયોની કાયદેસરતા સાથે વ્યવહાર કરવો પડ્યો હોય તેવા અસંખ્ય ઉદાહરણો છે. ન્યાયતંત્રની નિષ્પક્ષતા અને સક્ષમતામાં લોકોનો વિશ્વાસ જ લોકશાહીને ટકાવી રાખે છે. જો ન્યાયમૂર્તિઓની નિમણૂક, જે ન્યાયતંત્રની કામગીરી માટે અભિન્ન છે, તે કારોબારી દ્વારા પ્રભાવિત અથવા નિયંત્રિત થાય, તો તે ચોક્કસપણે ન્યાયાધીશોની નિષ્પક્ષતા અને તેમની કામગીરીને અસર કરશે. પોતાના બંધારણીય અધિકારોનું રક્ષણ કરવામાં ન્યાયતંત્રની નિષ્પક્ષતા અને અસરકારકતામાં લોકોનો વિશ્વાસ ક્ષીણ થશે.

૧૮.૧ વિદ્વાન એટર્ની જનરલની રજૂઆતો એવી છે કે જો ન્યાયમૂર્તિઓની નિમણૂકને ન્યાયતંત્રની સ્વતંત્રતાનો ભાગ ગણવામાં આવે તોપણ, કોઈ ચોક્કસ મોડેલની પસંદગી એ મૂળભૂત માળખાનો ભાગ નથી. કારોબારીની ભૂમિકાને

સંપૂર્ણપણે નકારી શકાય નહીં તેમજ નિમણૂકની પ્રક્રિયામાં નાગરિક સમાજના સભ્યોનો સમાવેશ કરવા સામે કોઈ વાંધો હોઈ શકે નહીં.

ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં ન્યાયતંત્રની સર્વોચ્ચતા એ કોઈ નિરપેક્ષ આદર્શ નથી. નિમણૂકની સત્તાને નિયંત્રણો અને સંતુલનની જરૂરિયાતના સંદર્ભમાં જોવી પડશે. ન્યાયતંત્રની સ્વતંત્રતા એ કોઈ એક–પરિમાણીય કસોટી નથી. ન્યાયમૂર્તિઓની નિમણૂકની પ્રક્રિયામાં અન્ય પાંખોનું મિશ્રણ હોઈ શકે છે. અનુચ્છેદ ૧૨૪ અને ૨૧૭ ના રદ્દીકરણ પછી, સેકન્ડ જજીસ કેસનો આધાર ટકી શક્યો નથી. ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં ન્યાયતંત્રની સર્વોચ્ચતા માત્ર ખોટી નિમણૂક અટકાવવા અથવા કારોબારીના વર્ચસ્વને રોકવાના સંદર્ભમાં જ છે. જો કોઈ ચોક્કસ સમયે ન્યાયતંત્રની સર્વોચ્ચતા માન્ય રાખવામાં આવી હતી તોપણ, તે માત્ર બંધારણમાં સુધારો ન થાય ત્યાં સુધી જ લાગુ થઈ શકતી હતી. સામાજિક દ્રષ્ટિકોણ પૂરો પાડવા માટે બે પ્રતિષ્ઠિત વ્યક્તિઓ સામાન્ય નાગરિકો હોઈ શકે છે. જવાબદારી અને પારદર્શિતા માટે કાયદા મંત્રીને કમિશનના સભ્ય બનાવવામાં આવ્યા હતા. આઈ.આર. કોએલ્હો કેસમાં નિર્ધારિત કરાયા મુજબ, સત્તાના વિભાજન છતાં, સરકારની વિવિધ શાખાઓના કાર્યો એકબીજા પર આચ્છાદિત હોઈ શકે છે૪૩. સહારા ઇન્ડિયા રિયલ એસ્ટેટ કોર્પો. લિ. વિરુદ્ધ સેબી૪૪ માં, એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે બંધારણ હેઠળ વિવિધ મૂલ્યો છે જેનું સંતુલન જાળવવું આવશ્યક છે. આમ, ન્યાયતંત્રની સ્વતંત્રતા, નિયંત્રણો અને સંતુલન, લોકશાહી અને સત્તાનું વિભાજન સમગ્રતામાં ધ્યાને લેવાના રહે છે. તેમણે વર્ષ ૧૯૭૩ અને ૧૯૭૭ માં

ન્યાયાધીશોની વરિષ્ઠતાની અવગણનાની પૃષ્ઠભૂમિ અને કટોકટી દરમિયાન ન્યાયમૂર્તિઓની પસંદગીયુક્ત બદલીનો સંદર્ભ આપ્યો જે લો કમિશનના ૧૨૧મા અહેવાલમાં નોંધાયેલ છે૪૫. આ અહેવાલ નોંધે છે કે ૧૯૭૬ માં, સોળ ન્યાયાધીશોની તેઓ જે સંબંધિત હાઇકોર્ટોમાં કાર્યરત હતા ત્યાંથી અન્ય હાઇકોર્ટોમાં બદલી કરવામાં આવી હતી. આ ન્યાયતંત્રમાં દખલગીરીનું કાર્ય હોવાનું માનવામાં આવ્યું હતું. તત્કાલીન કાયદા મંત્રીનો પરિપત્ર જેમાં ન્યાયમૂર્તિઓની બદલી અને ટૂંકા ગાળાની નિમણૂકની જોગવાઈ હતી અને જે ફર્સ્ટ જજીસ કેસમાં ધ્યાને લેવાયો હતો તેને સદર અહેવાલમાં કારોબારીની દખલગીરી તરીકે ગણવામાં આવ્યો હતો. આ અહેવાલમાં સીજેઆઈની નિમણૂકમાં વરિષ્ઠતાની અવગણના, અધિક ન્યાયમૂર્તિઓને કાયમી ન કરવા, ન્યાયમૂર્તિઓની બદલી કે જેના કારણે કારોબારીના હાથે ન્યાયતંત્રની સ્વતંત્રતાનું ધોવાણ થવાની આશંકા ઊભી થતી હતી, તે અંગેની ચિંતાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. એવો નિષ્કર્ષ કાઢવામાં આવ્યો હતો કે તે સમયે પ્રવર્તમાન મોડેલ (કારોબારીની સર્વોચ્ચતા સાથેનું) ઇચ્છિત પરિણામ આપવામાં નિષ્ફળ ગયું હતું. જેના લીધે ૬૭મું સુધારા બિલ, ૧૯૯૦ રજૂ કરવામાં આવ્યું હતું. ૧૮.૨ વિદ્વાન એટર્ની જનરલની દલીલો સ્વીકારી શકાય નહીં. ઉપરોક્ત બંધનકર્તા પૂર્વચુકાદાઓમાં આ બાબતની ખૂબ વિગતવાર તપાસ કરવામાં આવી હોવાથી, જેમાં પુનર્વિચારણાની કોઈ જરૂર નથી, સદર નિર્ણયોમાં નોંધાયેલી ચર્ચાનું વિગતવાર પુનરાવર્તન કરવું હું જરૂરી માનતો નથી.

૧૮.૩ સેકન્ડ જજીસ કેસમાં, નીચે મુજબના તારણો નોંધવામાં આવ્યા છે:

(૧) બંધારણના અનુચ્છેદ ૧૨૪, ૨૧૭ અને ૨૨૨ માં વપરાયેલા 'વિચાર-વિમર્શ' શબ્દનો અર્થ એ હતો કે જેની સાથે વિચાર-વિમર્શ કરવામાં આવે છે તેમનો અભિપ્રાય સામાન્ય રીતે સ્વીકારવાનો રહેશે અને તેના દ્વારા ન્યાયતંત્રને સર્વોચ્ચતા આપવામાં આવી છે;

(૨) કારોબારી મુખ્ય મુકદ્દમેબાજ હોવાથી અને ન્યાયતંત્રની ભૂમિકા નાગરિક અને રાજ્ય વચ્ચેના વિવાદોનો નિષ્પક્ષપણે નિર્ણય કરવાની હોવાથી, ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં કારોબારીનો નિર્ણાયક અવાજ હોઈ શકે નહીં;

(૩) બંધારણ હેઠળ સત્તાના વિભાજનના સિદ્ધાંત મુજબ ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં ન્યાયતંત્રની સર્વોચ્ચતા આવશ્યક હતી;

(૪) ઉમેદવારોના ગુણધર્મોનું મૂલ્યાંકન મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા વધુ સારી રીતે થઈ શકતું હોવાથી, ઉમેદવારની યોગ્યતા અને ગુણવત્તા અંગે મુખ્ય ન્યાયમૂર્તિના મતનું વજન વધુ હતું;

(૫) ભારતના મુખ્ય ન્યાયમૂર્તિએ વ્યક્તિગત રીતે નહીં પરંતુ નિર્ધારિત પદ્ધતિ અનુસાર ન્યાયતંત્રનું પ્રતિનિધિત્વ કરીને, એટલે કે કોલેજિયમ સાથે વિચાર-વિમર્શ કર્યા પછી ભલામણ કરવાની હતી; અને

(૬) ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં ન્યાયતંત્રની સર્વોચ્ચતા એ ન્યાયતંત્રની સ્વતંત્રતા અને બંધારણ હેઠળ સત્તાના વિભાજનનો ભાગ છે.

૧૮.૪ બંધારણીય યોજના, તેની પૃષ્ઠભૂમિ અને અર્થઘટનનો સંદર્ભ આપતાં, બંધારણના અનુચ્છેદ ૨૧૪ અને ૨૧૭ માં વપરાયેલી ભાષાના શાબ્દિક અર્થને ધ્યાનમાં લીધા વિના, એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે દરખાસ્તની શરૂઆત હંમેશા હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ/સીજેઆઈ (નિર્ધારિત કર્યા મુજબ પ્રતિનિધિ ક્ષમતામાં) તરફથી જ થવી જોઈએ અને તેના પરના કોઈપણ વાંધા અંગેનો આખરી શબ્દ સામાન્ય રીતે સીજેઆઈનો હોવો જોઈએ.૪૬

૧૮.૫ ચંદ્ર મૌલેશ્વર પ્રસાદ વિરુદ્ધ પટના હાઇકોર્ટ૪૭, શમશેર સિંહ અને સાંકળચંદ કેસોમાં અગાઉના ચુકાદાઓમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકના સંદર્ભમાં 'વિચાર–વિમર્શ' શબ્દના અર્થઘટનનો સંદર્ભ આપવામાં આવ્યો હતો. એવું ઠેરવવામાં આવ્યું હતું કે "વ્યવહારમાં, આવા સંવેદનશીલ વિષયમાં આખરી શબ્દ સીજેઆઈનો જ હોવો જોઈએ, તેમની સલાહનો અસ્વીકાર સામાન્ય રીતે હુકમને દૂષિત કરતા અયોગ્ય કારણોથી પ્રેરિત ગણવામાં આવે છે."

૧૮.૬ ડૉ. આંબેડકરના એ વિધાનનો પણ સંદર્ભ આપવામાં આવ્યો હતો કે ન્યાયમૂર્તિઓની નિમણૂક કરવાની સત્તા કારોબારીને આપવી અથવા ધારાસભાની સંમતિ સાથે આપવી તે જોખમી હતું.૪૮ સીજેઆઈને વીટો પાવર આપવો જોખમી હતો તેવા આગળના વિધાનનો અર્થ એવો સમજાવવામાં આવ્યો હતો કે સીજેઆઈએ વ્યક્તિગત ક્ષમતામાં નહીં પરંતુ વરિષ્ઠ ન્યાયમૂર્તિઓ સાથે વિચાર–વિમર્શ કર્યા પછી કાર્ય કરવું આવશ્યક છે.૪૯

૧૮.૭ એ કહેવાની જરૂર નથી કે ભારતનું બંધારણ અજોડ છે. અમુક હેતુઓ માટે અન્ય બંધારણોનો સંદર્ભ લઈ શકાયપ૦, પરંતુ ભારતીય બંધારણના મૂળભૂત લક્ષણો (જે અન્ય બંધારણો કરતાં સ્પષ્ટપણે ભિન્ન હોઈ શકે છે) જાળવી રાખવા પડશે અને તેને તિલાંજલિ આપી શકાય નહીં. ઉપરોક્ત ચુકાદામાં, ભારતીય બંધારણની કામગીરીના સંદર્ભમાં, એવું ઠેરવવામાં આવ્યું હતું કે ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં કારોબારી અને ધારાસભાની ભૂમિકા સર્વોચ્ચ હોઈ શકે નહીં. બંધારણ સભામાં પણ, અન્ય દેશોના મોડેલ ભારતમાં અનુસરવા યોગ્ય જણાયા ન હતાપ૧. અગાઉ જણાવ્યા મુજબ, ન્યાયિક વહીવટની પ્રણાલી અને તેના તમામ પાસાઓની સમીક્ષા કરવા માટે ભારત સરકારે શ્રી એમ.સી. સેતલવાડના વડપણ હેઠળ પ્રથમ લો કમિશનની નિમણૂક કરી હતી. કમિશને સ્પષ્ટપણે ઉલ્લેખ કર્યો હતો કે ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં કારોબારીની દખલગીરી ન્યાયતંત્રની સ્વતંત્રતા માટે અનુકૂળ રહી નથી. કમિશને નોંધ્યું હતું કે ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં મુખ્યમંત્રીઓનો પ્રત્યક્ષ કે પરોક્ષ હાથ રહેતો હતો જેના પરિણામે નિમણૂકો ગુણવત્તાના આધારે નહીં પરંતુ સમુદાય, જ્ઞાતિ, રાજકીય જોડાણોની વિચારણાના આધારે થતી હતી. રાજકીય હોદ્દો ધરાવતા મુખ્યમંત્રી પોતાના પક્ષના અનુયાયીઓની સદ્‌ભાવના પર નિર્ભર હોય છે. સીજેઆઈની ભલામણ ગુણવત્તા પર આધારિત હોવાની વધુ સંભાવના રહે છે. અહેવાલમાં નોંધાયેલ એક અભિપ્રાય જણાવે છે કે જો કારોબારી ૪૮ પેરા ૨૫(૫), ન્યાયમૂર્તિ પાંડિયન. ૪૯ પેરા ૩૯૨, ન્યાયમૂર્તિ વર્મા (સેકન્ડ જજીસ કેસ) ૫૦ જેમ કે ન્યાયિક પુનરાવલોકનની સત્તા, જીવનના અધિકારની વિષયવસ્તુ વગેરે.

૫૧ પેરા ૧૮૪ અને ૧૯૨, સેકન્ડ જજીસ કેસ (પેરા ૧૯૨ માં આ સંદર્ભમાં યુ.કે. અને યુ.એસ. મોડેલોની અયોગ્યતા વિશે ડો. આંબેડકરના પ્રખ્યાત વિધાનનો સંદર્ભ આપવામાં આવ્યો છે) શક્તિશાળી ભૂમિકા ધરાવવાનું ચાલુ રાખશે, તો ન્યાયતંત્રની સ્વતંત્રતા અદ્રશ્ય થઈ જશે અને અદાલતો એવા ન્યાયાધીશોથી ભરાઈ જશે જેઓ તેમની નિમણૂકો માટે રાજકારણીઓના ઋણી હશેપ૨ એવી ભલામણ કરવામાં આવી હતી કે સીજેઆઈના હાથ મજબૂત કરવા જોઈએ અને વિચાર-વિમર્શની આવશ્યકતા રાખવાના બદલે તેમાં સીજેઆઈ દ્વારા ભલામણની આવશ્યકતા હોવી જોઈએપ૩ તેમાં સીજેઆઈની સહમતિની આવશ્યકતા હોવી જોઈએપ૪ આ અહેવાલ પર સંસદમાં ચર્ચા કરવામાં આવી હતી અને તત્કાલીન ગૃહમંત્રીએ જાહેર કર્યું હતું કે કારોબારી માત્ર હુકમ જારી કરનાર સત્તાધિકારી હતી અને નિમણૂકો વાસ્તવમાં સીજેઆઈ દ્વારા કરવામાં આવી રહી હતી. આ વિધાનનું તત્કાલીન કાયદા મંત્રી દ્વારા પુનરાવર્તન કરવામાં આવ્યું હતુંપપ ફરીથી ૧૨૧મા અહેવાલમાં, એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે કારોબારીના પ્રભાવ સાથે ન્યાયમૂર્તિઓની નિમણૂક ન્યાયિક પુનરાવલોકનના તંદુરસ્ત વિકાસ માટે અનુકૂળ ન હતી. સમગ્ર વિશ્વના પ્રવાહો દર્શાવે છે કે ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં કારોબારીની સત્તા ઓછી કરવી જરૂરી હતીપ૬ સેકન્ડ જજીસ કેસે બંધારણીય પરંપરાના પ્રકાશમાં વાસ્તવિક પરિસ્થિતિઓને ધ્યાનમાં લીધી હતી. કોર્ટે ઠેરવેલ કે શ્રેષ્ઠની પસંદગી કરવા માટે અને નિષ્પક્ષતામાં જનતાનો વિશ્વાસ પ્રેરિત કરવા માટે કારોબારીના વર્ચસ્વથી મુક્ત નિમણૂકો કરવા સારુ, તેમજ કારોબારીથી ન્યાયતંત્રના પૃથક્કરણના સિદ્ધાંત સાથે સુસંગત અને બંધારણના ઘડવૈયાઓની

ભાવના સાથે પણ સુસંગત રહેવા માટે સીજેઆઈ વધુ સક્ષમ હતા. પ્રાથમિકતાના સિદ્ધાંતને માન્ય રાખવામાં આવ્યો હતો અને ન્યાયમૂર્તિઓની નિમણૂક ન્યાયતંત્રની સ્વતંત્રતા માટે અભિન્ન હોવાનું ઠેરવવામાં આવ્યું હતું૫૭ કોઈપણ વ્યક્તિ દ્વારા સત્તાના મનસ્વી ઉપયોગને રોકવા માટે, મુખ્ય ન્યાયમૂર્તિઓ વરિષ્ઠ ન્યાયમૂર્તિઓ સાથે વિચાર–વિમર્શ કરે તે ફરજિયાત બનાવવામાં આવ્યું હતું. આમ, દરખાસ્ત શરૂ કરવામાં તેમજ આખરી નિર્ણય લેવામાં ન્યાયતંત્રની પ્રાથમિકતા માન્ય રાખવામાં આવી હતી૫૮ જોકે, દરખાસ્ત શરૂ કરવામાં આવે તે પહેલાં નામો સૂચવીને ઇનપુટ્સ આપવામાં કારોબારીની સહભાગિતા ૫૨ પેરા ૧૪ ૫૩ પેરા ૧૯ ૫૪ પેરા ૨૦ ૫૫ પેરા ૩૬૨–૩૭૧ (સેકન્ડ જજીસ કેસ) ૫૬ પેરા ૭.૫–૭.૧૧ (૧૨૧મો લો કમિશન અહેવાલ) ૫૭ પેરા ૩૩૩–૩૩૫, ન્યાયમૂર્તિ કુલદીપ સિંઘ, પેરા ૪૭, ૪૯, ૬૩, ન્યાયમૂર્તિ પાંડિયન ૫૮ પેરા ૪૮૬ અથવા દરખાસ્ત શરૂ થયા પછી પણ પ્રતિસાદ આપવો અનુમતિપાત્ર હતો. એ નોંધવામાં આવ્યું હતું કે બંધારણના પ્રારંભથી જ, નિમણૂકો માટેની તમામ દરખાસ્તો હંમેશા મુખ્ય ન્યાયમૂર્તિઓ દ્વારા જ શરૂ કરવામાં આવતી હતી૫૯. ફર્સ્ટ જજીસ કેસમાં લેવાયેલો એ મત કે ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં પ્રાથમિકતા કેન્દ્ર સરકારની હતી, તે અન્ય બાબતોની સાથે સાથે નીચેના કારણોસર મોટી બેંચ દ્વારા ભૂલભરેલો ઠેરવવામાં આવ્યો હતો :

(૧) ન્યાયતંત્ર બિનરાજકીય પ્રતિબદ્ધતા ધરાવે છે અને જો ન્યાયમૂર્તિઓની નિમણૂકની સત્તા કારોબારીને આપવામાં આવે, તો તેનાથી ન્યાયતંત્રની સ્વતંત્રતાને અસર થશે૬૦;

(૨) કાયદાના શાસનની એવી માંગ છે કે ન્યાય નિષ્પક્ષ હોવો જોઈએ અને લોકોને કારોબારીથી અલગ અને સ્વતંત્ર ન્યાયતંત્રમાં વિશ્વાસ હોવો જોઈએ જેથી તે કારોબારી સામે પણ અધિકારોના રક્ષણ માટે સતર્ક નજર રાખવાના પોતાના કાર્યોનું નિર્વહન કરી શકે૬૧;

(૩) લોકશાહીની કામગીરીમાં અને કાયદાનું શાસન જાળવી રાખવા માટે ન્યાયતંત્રની મુખ્ય ભૂમિકા છે૬૨;

(૪) બંધારણીય યોજના સીજેઆઈ સાથે ફરજિયાત વિચાર-વિમર્શની જોગવાઈ કરે છે કારણ કે સીજેઆઈ ઉમેદવારની યોગ્યતાનું મૂલ્યાંકન કરવા માટે વધુ સક્ષમ હતા, જે વિચાર-વિમર્શ અન્ય ઉચ્ચ બંધારણીય નિમણૂકોના સંબંધમાં પૂરો પાડવામાં આવ્યો ન હતો૬૩

(૫) ન્યાયમૂર્તિઓની નિમણૂક ન્યાયતંત્રની સ્વતંત્રતા સાથે અતૂટ રીતે જોડાયેલી હતી અને જિલ્લા ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં પણ નિર્ણાયક મત હાઇકોર્ટોનો હતો અને સરકારનો ન હતો૬૪ ૫૯ પેરા ૫૦૫, ન્યાયમૂર્તિ પુંછી; ૨૧૦, ૨૧૪, ન્યાયમૂર્તિ પાંડિયન; પેરા ૩૬૧ થી ૩૭૬, ન્યાયમૂર્તિ કુલદીપ સિંઘ. ૬૦ પેરા ૮૪ અને ૧૯૭; ન્યાયમૂર્તિ પાંડિયન; પેરા ૪૨૮ અને ૪૩૯, ન્યાયમૂર્તિ વર્મા; પેરા ૩૩૪, ન્યાયમૂર્તિ કુલદીપ સિંઘ ૬૧ પેરા ૫૬, ૭૨ થી ૭૪ અને ૨૦૭, ન્યાયમૂર્તિ પાંડિયન. ૬૨ પેરા ૫૫ થી ૫૭, ન્યાયમૂર્તિ પાંડિયન. ૬૩ પેરા ૧૯૫, ન્યાયમૂર્તિ પાંડિયન અને પેરા ૪૫૦, ન્યાયમૂર્તિ વર્મા; ૬૪ પેરા ૪૪૭ થી ૪૬૩, ન્યાયમૂર્તિ વર્મા; પેરા ૧૯૫ થી ૧૯૭, ન્યાયમૂર્તિ પાંડિયન; પેરા ૩૩૫ અને

૩૮૦, ન્યાયમૂર્તિ કુલદીપ સિંઘ. (પેરા ૨૧૫, ન્યાયમૂર્તિ પાંડિયન – જિલ્લા ન્યાયમૂર્તિઓની નિમણૂકો અને નિયંત્રણ હાઇકોર્ટો પાસે છે)

(૬) જે દેશોમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની સત્તા કારોબારી પાસે હતી તેવા દેશોમાં પણ કારોબારીની ભૂમિકા ન્યૂનતમ કરવા માટેની માંગણી/દરખાસ્ત છે૬૫

(૭) ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં કારોબારી પોતાનો અભિપ્રાય રાખવાનો પ્રયાસ કરે તે ન્યાયતંત્રની સ્વતંત્રતા માટે અનુકૂળ ન હોવાનું નિષ્ણાત અભ્યાસો દ્વારા જણાયું હતું૬૬ લો કમિશનના ૧૪મા અહેવાલનો સંદર્ભ આપવામાં આવ્યો હતો કે જો ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં કારોબારીનો શક્તિશાળી અવાજ હશે, તો ન્યાયતંત્રની સ્વતંત્રતા અદ્રશ્ય થઈ જશે અને અદાલતો એવા ન્યાયાધીશોથી ભરાઈ જશે જેઓ તેમની નિમણૂકો માટે રાજકારણીઓના ઋણી હશે. લો કમિશનના ૧૨૧મા અહેવાલનો પણ એવો સંદર્ભ આપવામાં આવ્યો હતો કે યુ.કે.માં પણ ન્યાયમૂર્તિઓની પસંદગી અને નિમણૂક કરવાની કારોબારીની સત્તા પર નિયંત્રણ ઊભું કરવાનો વિચાર ચાલતો હતો.

(૮) બંધારણના ઘડવૈયાઓ દ્વારા સીજેઆઈ સાથેના વિચાર-વિમર્શને ઔપચારિક સ્વરૂપનો હોવાનું વિચારવામાં આવ્યું ન હતું, પરંતુ તેનો ગર્ભિત અર્થ એવો હતો કે તેને ઘણું વજન આપવાનું હતું જેથી આખરી શબ્દ સીજેઆઈનો રહે૬૭

(૯) અનુચ્છેદ ૫૦ અને તેના ઘડતરની પૃષ્ઠભૂમિ ન્યાયમૂર્તિઓની નિમણૂકની સત્તા કારોબારી પાસેથી લઈ લેવા અને તેને ન્યાયતંત્રને સોંપવા માટેના આદેશને સ્પષ્ટ કરે છે. ૬૮

૧૮.૮ ઉપરોક્ત પૃષ્ઠભૂમિમાં, વિદ્વાન એટર્ની જનરલની આ ભારપૂર્વકની દલીલ કે બંધારણની યોજના ન્યાયતંત્રની પ્રાથમિકતાની કલ્પના કરતી નથી પરંતુ માત્ર સીજેઆઈ સાથે ફરજિયાત વિચાર-વિમર્શ અને જરૂરી જણાય તેવા

૬૫ પેરા ૨૫(૬), ન્યાયમૂર્તિ પાંડિયન. ૬૬ લો કમિશનના ૧૪મા અહેવાલનો સંદર્ભ ન્યાયમૂર્તિ પાંડિયન દ્વારા પેરા ૬૪ અને ૬૫ માં આપવામાં આવ્યો છે; લો કમિશનના ૧૨૧મા અહેવાલનો સંદર્ભ ન્યાયમૂર્તિ પાંડિયન દ્વારા પેરા ૧૮૪ થી ૧૯૧ અને ૨૦૪ માં આપવામાં આવ્યો છે. ૬૭ પેરા ૩૮૩ થી ૩૮૭, ન્યાયમૂર્તિ કુલદીપ સિંઘ. (જોકે, સીજેઆઈ પર્સોના ડિઝિગ્નેટા બનવાના ન હતા પરંતુ ચુકાદામાં નિર્ધારિત રીતે ન્યાયતંત્રના પ્રવક્તા તરીકે હતા.) ૬૮ સેકન્ડ જજીસ કેસ (પેરા ૭૪ થી ૮૧) અન્ય ન્યાયમૂર્તિઓ સાથે વૈકલ્પિક વિચારણાની કલ્પના કરતી હતી, તે જોગવાઈના લખાણમાં વપરાયેલા શબ્દોના શાબ્દિક અર્થ દ્વારા એવું સૂચવવામાં આવતું હોય તો પણ, સ્વીકારી શકાય નહીં. એ ઉલ્લેખ કરી શકાય કે હેતુલક્ષી અર્થઘટન પર, બંધારણની યોજનાને કારણે 'વિચાર–વિમર્શ' શબ્દ વિશેષ અર્થ ધરાવે છે તેવું ઠેરવવામાં આવ્યું હતું. અર્થઘટન માત્ર 'વિચાર–વિમર્શ' શબ્દ પર આધારિત ન હતું પરંતુ ન્યાયતંત્રની સ્વતંત્રતાની યોજના પર આધારિત હતું. એવી દલીલ કે જ્યારે કારોબારી દ્વારા

નિમણૂક કરવામાં આવી ત્યારે પણ ન્યાયતંત્રની સ્વતંત્રતાને અસર થઈ ન હતી, તે નિષ્ણાત અભ્યાસો અને આ કોર્ટના સુવિચારિત નિર્ણયોથી વિપરીત છે. બંધારણની સ્વીકૃત યોજના અને તેની કામગીરી ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં કારોબારીના વર્ચસ્વને મંજૂરી આપવાની નથી. આવું વર્ચસ્વ ન્યાયતંત્રની સ્વતંત્રતાને, તેની નિષ્પક્ષતામાં જનતાના વિશ્વાસને (જ્યારે સરકાર મુખ્ય મુકદ્દમેબાજ હોય ત્યારે) અસર કરે છે, અપ્રસ્તુત વિચારણાઓ લાવે છે, યોગ્યતા સાથે સમાધાન કરે છે, નિયંત્રણો અને સંતુલનો તેમજ કારોબારીથી ન્યાયતંત્રના પૃથક્કરણના સિદ્ધાંતોને નબળા પાડે છે. આમ, શબ્દોના બદલાવ દ્વારા, સંસદ ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં ન્યાયતંત્રની પ્રાથમિકતામાં દખલગીરી કરી શકે નહીં અને તે રીતે બંધારણના મૂળભૂત લક્ષણમાં દખલગીરી કરી શકે નહીં. એ ઉલ્લેખ કરી શકાય કે મંત્રી પરિષદની "સહાય અને સલાહ" પર કાર્ય કરવાની રાષ્ટ્રપતિની કારોબારી સત્તાના સંદર્ભમાં બંધારણના અનુચ્છેદ ૭૪ માં સમાન અભિવ્યક્તિના ઉપયોગનો અર્થ એવો કરવામાં આવ્યો હતો કે રાષ્ટ્રપતિ માત્ર ઔપચારિક વડા હતા. ૬૯ એવું સૂચવી શકાય નહીં કે વપરાયેલી અભિવ્યક્તિના સુધારા દ્વારા, રાષ્ટ્રપતિ ઔપચારિક વડા હોવાની બંધારણીય યોજના બદલી શકાય છે કારણ કે આવો સુધારો બંધારણના મૂળભૂત માળખાથી પ્રતિકૂળ હશે. તેવી જ રીતે, સુધારા દ્વારા પણ ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં ન્યાયતંત્રની પ્રાથમિકતાને બાકાત રાખી શકાય નહીં. આવી પ્રાથમિકતા માત્ર 'વિચાર–વિમર્શ' શબ્દ દ્વારા જ અસ્તિત્વમાં ન હતી પરંતુ બંધારણની કામગીરીમાં ન્યાયતંત્રની ભૂમિકાને કારણે, સીજેઆઈ ઉમેદવારની યોગ્યતાનું મૂલ્યાંકન કરવા માટે વધુ યોગ્ય

હોવાને કારણે અને કારોબારી મુખ્ય મુકદ્દમેબાજ હોવાને કારણે અસ્તિત્વમાં હતી. સુધારા પછી પણ આ પરિબળોમાં કોઈ ફેરફાર થયો નથી. આમ તે સંસદ પાસેના મોડેલના ફેરફાર અથવા ઉપલબ્ધ વિકલ્પનો પ્રશ્ન નથી. જ્યાં બંધારણના સ્થાપિત મૂળભૂત લક્ષણને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવે ત્યાં બંધારણીયતાના અનુમાનની દલીલ કોઈ કામ આવી શકે નહીં. તેવી જ રીતે, સંસદ લોકોની જરૂરિયાતોનું મૂલ્યાંકન કરવા માટે શ્રેષ્ઠ રીતે સક્ષમ છે તેવી દલીલ બંધારણના મૂળભૂત લક્ષણમાં સુધારો કરવાની સંસદની સત્તાને વિસ્તારવા માટે પૂરતું કારણ નથી. સમયનો બદલાવ ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં કારોબારી માટે વધુ મોટી ભૂમિકાને વાજબી ઠેરવતો નથી. સરકારના વિવિધ વિભાગોની પરસ્પર વ્યાપક ભૂમિકાની દલીલ જ્યાં સુધી ન્યાયમૂર્તિઓની નિમણૂકનો સંબંધ છે ત્યાં સુધી મૂળભૂત માળખાની વિરુદ્ધ છે.

૧૮.૯ જ્યારે એ સાચું છે કે ધારાસભા પૂર્વવર્તી અસરથી પણ પોતાના ઇરાદાને સ્પષ્ટ કરી શકે છે અને તેના દ્વારા કાયદામાં ફેરફાર લાવી શકે છે૭૦, વર્તમાન સંદર્ભમાં અસંશોધિત જોગવાઈનો અર્થ માત્ર વપરાયેલા શબ્દો પર આધારિત ન હતો પરંતુ ખાસ કરીને ન્યાયતંત્રની સ્વતંત્રતા સહિત બંધારણની સમગ્ર યોજના પર આધારિત હતો. એવું ઠેરવવામાં આવ્યું છે કે ભારતીય બંધારણના સંદર્ભમાં, ભૂતકાળની સુસંગત પ્રથાને ધ્યાનમાં રાખીને અને ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં રાજકીય દખલગીરી ટાળવા માટે, તેમજ સીજેઆઈ/મુખ્ય ન્યાયમૂર્તિ ઉમેદવારની યોગ્યતાનું મૂલ્યાંકન કરવા માટે વધુ સક્ષમ હોવાના કારણે, દરખાસ્ત હંમેશા સીજેઆઈ/મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા જ શરૂ

થવી જોઈએ અને આ વિષય પર સીજેઆઈનો આખરી શબ્દ પણ હોવો જોઈએ. તેમાં ભાગ્યે જ કોઈ શંકા હોઈ શકે કે બંધારણ એક ગતિશીલ દસ્તાવેજ છે અને સમયની અનુભવાયેલી જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે તેનું અર્થઘટન કરવું પડે છે અને તે તમામ ભાવિ પેઢીઓને બાંધી શકતું નથી. સાથોસાથ, હવે એ પણ સુસ્થાપિત છે કે સુધારા કરવાની સત્તા બિન–આવશ્યક/બિન–મૂળભૂત લક્ષણો પૂરતી મર્યાદિત છે અને બંધારણના મૂળભૂત લક્ષણો અને માળખાને બદલવા સુધી વિસ્તરતી નથી. ન્યાયતંત્રની પ્રાથમિકતા ચોક્કસપણે બંધારણના મૂળભૂત લક્ષણનો એક ભાગ છે. જો ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં ન્યાયતંત્રની પ્રાથમિકતાને મૂળભૂત લક્ષણનો ભાગ ન ગણવામાં આવે, તો સંસદ સદર સત્તા કારોબારી અથવા ધારાસભાને અથવા અન્ય કોઈપણ સત્તાધિકારીને સોંપવા માટે મુક્ત થઈ શકે છે જે ચોક્કસપણે ન્યાયતંત્રની સ્વતંત્રતા સાથે સમાધાન કરી શકે છે. તે બદલામાં સત્તાના પૃથક્કરણના સિદ્ધાંત અને કાયદાનું શાસન, લોકશાહી અને સંઘવાદ જેવા અન્ય મૂળભૂત લક્ષણો તેમજ સમગ્ર બંધારણની કામગીરીને પણ ખોરવી નાખશે. ન્યાયતંત્રની સ્વતંત્રતા બંધારણની સમગ્ર કામગીરીમાં મુખ્ય તત્વ છે અને આવી સ્વતંત્રતા કારોબારીની દખલગીરીથી મુક્ત ન્યાયમૂર્તિઓની નિમણૂક સાથે અભિન્ન રીતે જોડાયેલી છે. પેરા ૪ અને ૮ માં મધ્યપ્રદેશ રાજ્ય તરફથી ઉપસ્થિત રહેલા વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી વેણુગોપાલની વૈકલ્પિક રજૂઆત (ઉપરોક્ત પેરા ૧૩ માં પુનઃઉત્પાદિત કરેલ) પણ એ તારણને સમર્થન આપે છે કે ન્યાયમૂર્તિઓની નિમણૂક ન્યાયતંત્રની સ્વતંત્રતાનો ભાગ છે અને ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં ન્યાયતંત્રની પ્રાથમિકતા જાળવી રાખવી જરૂરી છે.

ન્યાયમૂર્તિઓની નિમણૂકની સત્તા કારોબારી દ્વારા વાપરી શકાય નહીં કારણ કે તે ન્યાયતંત્રની સ્વતંત્રતાને અસર કરશે. મૂળ જોગવાઈઓમાં સુધારો કરવામાં આવ્યા પછી પણ, આ સિદ્ધાંત હજુ પણ લાગુ પડે છે.

૧૮.૧૦ આ તબક્કે, એ ઉલ્લેખ કરી શકાય કે ન્યાયમૂર્તિઓની નિમણૂકની હાલની વ્યવસ્થાની કામગીરીમાં કોઈપણ જણાયેલી ખામી, એકવાર તે મૂળભૂત લક્ષણનો ભાગ હોવાનું ઠેરવવામાં આવ્યા પછી, હાલની યોજનામાં ફેરફાર કરવા કે તેને નુકસાન પહોંચાડવાને પોતાની મેળે વાજબી ઠેરવી શકતી નથી. જેમ કે ડો. આંબેડકરે અવલોકન કર્યું હતું૭૧ :– "બંધારણ માત્ર રાજ્યના અંગો જેવા કે ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્રની જ જોગવાઈ કરી શકે છે. રાજ્યના તે અંગોની કામગીરી જેના પર આધાર રાખે છે તે પરિબળો લોકો અને રાજકીય પક્ષો છે જેમને તેઓ પોતાની ઈચ્છાઓ અને પોતાના રાજકારણને પૂર્ણ કરવા માટે પોતાના સાધનો તરીકે સ્થાપિત કરશે."

> તે જ મતલબનું ડૉ. રાજેન્દ્ર પ્રસાદે* કહ્યું હતું : "જો ચૂંટાયેલા લોકો સક્ષમ અને ચારિત્ર્યવાન તેમજ નિષ્ઠાવાન માણસો હોય, તો તેઓ ખામીયુક્ત બંધારણનો પણ શ્રેષ્ઠ ઉપયોગ કરી શકશે. જો તેમનામાં આ બાબતોનો અભાવ હોય, તો બંધારણ દેશને મદદ કરી શકતું નથી. છેવટે, યંત્રની જેમ બંધારણ એક નિર્જીવ બાબત છે. તેનું નિયંત્રણ અને સંચાલન કરનારા માણસોના કારણે તે જીવન પ્રાપ્ત કરે છે, અને ભારતને આજે એવા

પ્રામાણિક માણસોના જૂથથી વિશેષ કશાની જરૂર નથી કે જેમના સમક્ષ દેશનું હિત હશે."

કોઈપણ સારી વ્યવસ્થાની કામગીરીમાં પણ વ્યક્તિગત નિષ્ફળતાઓના કારણે ખામીઓ હોઈ શકે છે. એ ઉલ્લેખ કરી શકાય કે કારોબારી અને ધારાસભા સહિત બંધારણના દરેક અંગની કામગીરી સામે ટીકા થઈ શકે છે અને જ્યારે દરેક ક્ષેત્રમાં સુધારો લાવવા માટે સતત તમામ પ્રયાસો કરવા જ જોઈએ, ત્યારે તે કારણોસર બંધારણ દ્વારા સ્થાપિત મૂળભૂત યોજનાને તિલાંજલિ આપી શકાય નહીં. કોઈપણ બંધારણીય સત્તાધિકારીઓએ તેમની ફરજોના નિર્વહનમાં કેવું સારું કે ખરાબ પ્રદર્શન કર્યું છે અથવા ન્યાયતંત્રએ કેવું સારું કે ખરાબ પ્રદર્શન કર્યું છે તેના પર ટિપ્પણી કરવી જરૂરી નથી, કારણ કે કોર્ટ સમક્ષ વિચારણા માટેનો મર્યાદિત પ્રશ્ન ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં બંધારણના મૂળભૂત માળખાને ઓળખવાનો અને તેને જાળવી રાખવાનો છે. ન્યાયમૂર્તિઓની નિમણૂકની હાલની વ્યવસ્થાની કામગીરીમાં સુધારો એ અલગ વિચારણાનો વિષય બની શકે છે જે પ્રસ્તાવિત કરવામાં આવી રહ્યો છે પરંતુ ન્યાયતંત્રની સ્વતંત્રતાના બંધારણના મૂળભૂત લક્ષણોને ચોક્કસપણે તિલાંજલિ આપ્યા વિના. મનોજ નરુલા વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા૭૨ માં, વિચારણા હેઠળનો પ્રશ્ન એ હતો કે ગુનાહિત ઈતિહાસ ધરાવતી વ્યક્તિઓને મંત્રી તરીકે નિમણૂક થતાં કેવી રીતે અટકાવી શકાય. આવા પૂર્વઇતિહાસ ધરાવતી વ્યક્તિઓને ધારાસભ્ય બનતા કેવી રીતે અટકાવી શકાય તે અંગેની ચિંતાનો પણ સંદર્ભ હતો. કોર્ટે ઠેરવેલ કે આ મુદ્દાનો નિકાલ એમના દ્વારા થવો જોઈએ જેમને બંધારણે

જવાબદારી સોંપી છે અને આ કોર્ટ માત્ર બંધારણીય યોજનાનો અમલ કરાવી શકે છે. ૭૨ (૨૦૧૪) ૯ એસસીસી ૧

૧૮.૧૧ આ તબક્કે, એ ઉલ્લેખ કરી શકાય કે વિદ્વાન એટર્ની જનરલનો એ દાવો કે સંસદ લોકોની ઇચ્છાનું પ્રતિનિધિત્વ કરે છે અથવા આ સુધારો લોકોની ઇચ્છાનું પ્રતિનિધિત્વ કરે છે અને તેમાં દખલગીરી અનિચ્છનીય રહેશે, તે કેશવાનંદ ભારતી કેસ (ઉપરોક્ત)૭૩ માં ઠેરવવામાં આવેલા કાયદાથી વિપરીત છે. લોકોની ઇચ્છા એ બંધારણ છે જ્યારે સંસદ આપેલ ચોક્કસ સમયે બહુમતીની ઇચ્છાનું પ્રતિનિધિત્વ કરે છે જે બંધારણ એટલે કે લોકોની ઇચ્છાને આધીન છે. બંધારણ સર્વોચ્ચ હતું અને સંસદ પાસે પણ અમર્યાદિત સુધારા સત્તા નથી. વિદ્વાન એટર્ની જનરલે યોગ્ય રીતે રજૂઆત કરી હતી કે બંધારણીય સુધારાની માન્યતા પર આખરી શબ્દ આ કોર્ટનો છે. ન્યાયતંત્ર ભલે ચૂંટાયેલું અંગ ન હોય, તોપણ તે બંધારણમાં પ્રતિબિંબિત થયેલી લોકોની ઇચ્છા મુજબ બંધારણીય કાર્યોનું નિર્વહન કરે છે અને વિવિધ બંધારણીય અંગોની સત્તાઓ નક્કી કરવાનું કાર્ય ન્યાયતંત્રને સોંપવામાં આવેલ છે૭૪

નિષ્કર્ષ:

૧૮.૧૨ તદનુસાર, હું ઠેરવું છું કે ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં ન્યાયતંત્રની પ્રાથમિકતા અને કારોબારીની મર્યાદિત ભૂમિકા એ બંધારણના મૂળભૂત માળખાનો ભાગ છે. ન્યાયતંત્રની પ્રાથમિકતા દરખાસ્ત શરૂ કરવામાં અને તેને આખરી ઓપ આપવામાં રહેલી છે. આ બાબતમાં આખરી શબ્દ

સીજેઆઈનો છે. સેકન્ડ અને થર્ડ જજીસ કેસોમાં ઠેરવ્યા મુજબ, દરખાસ્ત શરૂ થાય તે પહેલાં સૂચનો આપવા અને સૂચિત ઉમેદવારોના ચારિત્ર્ય તેમજ પૂર્વઇતિહાસ અંગે પ્રતિસાદ આપવા તથા જાહેર કરેલા કારણોસર નિમણૂક સામે વાંધો ઉઠાવવા માટે કારોબારી સ્વતંત્ર છે.

ઈ. શું વાદગ્રસ્ત સુધારો મૂળભૂત માળખામાં ફેરફાર કરે છે કે તેને નુકસાન પહોંચાડે છે

૧૯. ઉપરોક્ત પૃષ્ઠભૂમિમાં, વિચારણા માટે બાકી રહેતો એકમાત્ર પ્રશ્ન એ છે કે શું વાદગ્રસ્ત સુધારા હેઠળ ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં ન્યાયતંત્રની પ્રાથમિકતાના મૂળભૂત લક્ષણમાં ફેરફાર કરવામાં આવ્યો છે કે તેને નુકસાન પહોંચાડવામાં આવ્યું છે.

૧૯.૧ વિદ્વાન એટર્ની જનરલે રજૂઆત કરી હતી કે મૂળભૂત માળખું પાયામાં રહેલા અનેક સ્તંભો જેવા ઘણા લક્ષણોથી બનેલું છે, જેમાંથી કેટલાક કેશવાનંદ ભારતી કેસમાં આપવામાં આવેલા મતોમાં ગણાવવામાં આવ્યા છે. બંધારણીય સુધારાની માન્યતા નક્કી કરવામાં, કસોટી એ છે કે શું સુધારો બંધારણના પતન તરફ દોરી જશે. મૂળભૂત માળખાનો ભાગ હોય તેવા લક્ષણને સમાવિષ્ટ કરતા કોઈ અનુચ્છેદ પર માત્ર અસર થવી કે તેનું અતિક્રમણ થવું એ સુધારાને ગેરબંધારણીય જાહેર કરવા માટે પૂરતું ન હતું. બંધારણના મૂળભૂત માળખાનું ઉલ્લંઘન એવું હોવું જોઈએ કે જેથી માળખું પોતે જ પડી ભાંગે. તેમણે

ભીમ સિંહ જી વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા૭૫ માં થયેલા અવલોકનો, ખાસ કરીને નીચેના અવલોકનો પર પણ આધાર રાખ્યો હતો :

> "તેથી, મૂળભૂત લક્ષણ સાથેનો વિશ્વાસઘાત શું છે તે માત્ર અનુચ્છેદ ૧૪ નું ઉલ્લંઘન નથી પરંતુ સમાન ન્યાયના સારતત્વની આઘાતજનક, અંતરાત્મા વગરની કે નીતિહીન વિડંબના છે. જો કોઈ કાયદો આટલી હદ સુધી જાય છે તો તે લોકશાહીના પાયાને હચમચાવી નાખે છે અને તેણે મૃત્યુદંડ ભોગવવો જ પડશે. પરંતુ અસમાનતાના દરેક લક્ષણ માટે ઘાતક રિટ લહેરાવીને કોર્ટની પરસાળોમાં ભારતીના ભૂતને ભટકવાની મંજૂરી આપવી એ સંસદીય કાર્યનું ન્યાયિક લકવાગ્રસ્તિકરણ છે. તેમજ મૂળભૂત માળખાના સિદ્ધાંત પ્રત્યેના બંધારણીય આકર્ષણને નવી સામાજિક વ્યવસ્થા માટે લડતી સમગ્ર ધારાસભાની છાવણીમાં ઘૂસવા માટેનો ટ્રોજન હોર્સ અને 'મૂળભૂત માળખા'ના મિસાઈલ દ્વારા પાયાની ગરીબી નાબૂદીની લડાઈને પરાસ્ત કરવા માટેનું સાધન બનાવી શકાય નહીં." અને અશોક કુમાર ઠાકુર વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા૭૬ માં નીચે મુજબના અવલોકનો : (૧૯૮૧) ૧ એસસીસી ૧૬૬ " (૨૦૦૮) ૬ એસસીસી ૧
>
> "બંધારણમાં બંધારણના સંઘીય સ્વરૂપ સાથે સંબંધિત મોટી સંખ્યામાં જોગવાઈઓ છે. જો તે જોગવાઈઓમાંથી કોઈપણ એકમાં ફેરફાર અથવા સુધારો કરવામાં આવે, તો તે બંધારણના મૂળભૂત માળખામાં ફેરફાર સમાન નથી. માનવ જીવનના વિવિધ પાસાઓ સાથે સંબંધિત વિવિધ

મૂળભૂત અધિકારો બંધારણમાં આપવામાં આવ્યા છે. બંધારણ પોતે એક વિસ્તરતા ભવિષ્ય માટેના સિદ્ધાંતો નિર્ધારિત કરે છે - અને આવનારા ભાવી યુગો સુધી ટકી રહેવા માટે બંધાયેલું છે અને પરિણામે માનવ બાબતોમાં થઈ શકે તેવા વિવિધ ફેરફારોને તેણે અનુકૂળ થવું પડશે."

૧૯.૨ ઉપરોક્ત કસોટીઓ લાગુ કરતાં એવી રજૂઆત કરવામાં આવી હતી કે ૯૯મો સુધારો લોકશાહી, કાયદાનું શાસન અને નિયંત્રણો તેમજ સંતુલનને જાળવી રાખીને ન્યાયતંત્રની સ્વતંત્રતા સાથે સુસંગત છે અને તેને મજબૂત બનાવે છે. એનજેએસી સમયની જરૂરિયાતો સાથે સુસંગત છે અને વિચારોની બહુલતા સાથે લોકશાહી પ્રક્રિયા સુનિશ્ચિત કરવા માટે નિયંત્રણો અને સંતુલન પર આધારિત છે. એનજેએસી ન્યાયતંત્રની તરફેણમાં કારોબારીની સત્તા ઘટાડે છે. તેમણે રજૂઆત કરી હતી કે આઈડેન્ટિટી ટેસ્ટ લાગુ કરવાની જરૂર હતી જેનો અર્થ એ છે કે સુધારા પછી સુધારેલું બંધારણ મૂળ બંધારણની ઓળખ ગુમાવે છે. પાયાને અડ્યા વિના કે મૂળભૂત બંધારણીય ઢાંચાને બદલ્યા વિના બદલાતા સમયની જરૂરિયાતો અનુસાર બંધારણને અનુકૂળ બનાવવા અને તેમાં ફેરફારો કરવા સામે કોઈ મનાઈ નથી. તેમણે વધુમાં ઈન્દિરા ગાંધી અને મિનર્વા મિલ્સ લિ. કેસો (ઉપરોક્ત) ના અવલોકનો પર આધાર રાખ્યો હતો.

૧૯.૩ વિદ્વાન એટર્ની જનરલે વધુમાં રજૂઆત કરી હતી કે આ સુધારાનો ઉદ્દેશ્ય કોલેજિયેટ સંસ્થાને વ્યાપક આધાર આપવાનો છે જેથી ન્યાયતંત્ર, કારોબારી અને નાગરિક સમાજને સહભાગી તેમજ સામૂહિક ભૂમિકા પૂરી પાડી

શકાય. કારોબારીમાંથી માત્ર એક જ સભ્ય છે, કાયદા મંત્રી. કાયદા મંત્રીને સમાવવાનો ઉદ્દેશ્ય ઉમેદવારો વિશે એવી માહિતી પૂરી પાડવાનો છે જે માહિતી અન્ય સભ્યો પાસે ન હોય. વડાપ્રધાન, સીજેઆઈ અને વિરોધ પક્ષના નેતાની બનેલી સમિતિ દ્વારા પ્રતિષ્ઠિત વ્યક્તિઓની સ્વતંત્ર રીતે નિમણૂક કરવામાં આવશે. આ રીતે ન્યાયતંત્રની સ્વતંત્રતાનું કોઈ હનન થતું નથી. તદુપરાંત, છમાંથી ત્રણ સભ્યો ન્યાયતંત્રમાંથી છે અને આમ, અસ્વીકાર કરવાનો અધિકાર ન્યાયાધીશો પાસે ઉપલબ્ધ હતો, જ્યારે કારોબારી એકલા હાથે અસ્વીકાર કરવાનો અધિકાર વાપરી શકતી નથી. સેકન્ડ જજીસ કેસમાં પણ એવું અવલોકન કરવામાં આવ્યું છે કે નિમણૂકની પ્રક્રિયા એક સહભાગી પ્રક્રિયા છે. ઉમેદવારોની યોગ્યતા સંબંધિત બાબતો જેવી કે તેમનો પૂર્વઇતિહાસ અને વ્યક્તિગત ચારિત્ર્ય વિશે અન્ય સલાહકારોને સીજેઆઈ કરતાં વધુ સારી જાણ હોઈ શકે છે. 'પ્રતિષ્ઠિત વ્યક્તિ' અભિવ્યક્તિ જાણીતી છે અને તેનો અર્થ ચારિત્ર્ય અથવા સિદ્ધિઓમાં અથવા જીવનના કોઈપણ ક્ષેત્રમાં સફળતા દ્વારા વિશિષ્ટ એવો થાય છે. 'વિશિષ્ટ' અભિવ્યક્તિ અનુચ્છેદ ૧૨૪(૩) માં વપરાયેલ છે જે યોગ્યતાના માપદંડો પૂરા પાડે છે -

સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓ માટે. ત્રણ ઉચ્ચ હોદ્દેદારો ધરાવતી ઉચ્ચ અધિકારપ્રાપ્ત સમિતિએ પ્રતિષ્ઠિત વ્યક્તિની નિમણૂક કરવાની હોવાથી, કોઈપણ અનિયંત્રિત સત્તા સામે પૂરતી સુરક્ષા છે. બંધારણીય વિશ્વાસના સિદ્ધાંતો આ ઉચ્ચ અધિકારપ્રાપ્ત સમિતિને લાગુ પડે છે જેના પર સૌથી યોગ્ય વ્યક્તિઓની પસંદગી કરવાનો વિશ્વાસ મૂકી શકાય છે. આવી પ્રતિષ્ઠિત

વ્યક્તિઓ એવા ગુણો માટે ઇનપુટ્સ પૂરા પાડશે જે વ્યક્તિને ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક માટે યોગ્ય બનાવે છે. કમિશનની રચનામાં વિવિધતા એકરૂપતા (ક્લોનિંગ) ના જોખમને ઘટાડશે. અન્ય સંસ્થાઓમાં પણ બિન–ન્યાયાધીશો માટેની જોગવાઈઓ છે. દાખલા તરીકે, કન્ઝ્યુમર પ્રોટેક્શન એક્ટ. લઘુમતીઓ, મહિલાઓ, અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ અને ઓબીસી ની તરફેણમાં અનામત આ વર્ગો દ્વારા સામનો કરવામાં આવતી સમસ્યાઓ પ્રત્યે અન્ય સભ્યોને સંવેદનશીલ બનાવશે. નેશનલ કમિશન ટુ રિવ્યુ ધ વર્કિંગ ઓફ ધ કોન્સ્ટિટ્યુશન (એનસીઆરડબલ્યુસી), જે વેંકટાચલૈયા કમિશન તરીકે પણ ઓળખાય છે, તેના અહેવાલમાં પણ કોઈપણ માપદંડ નિર્ધારિત કર્યા વિના પ્રતિષ્ઠિત વ્યક્તિ માટે જોગવાઈ કરવામાં આવી હતી. પ્રતિષ્ઠિત વ્યક્તિનું માર્ગદર્શન સીજેઆઈ દ્વારા કરવામાં આવશે, જેઓ અધ્યક્ષ રહેશે અને ઉમેદવારોની કાનૂની ગુણવત્તાનું મૂલ્યાંકન કરવા માટે શ્રેષ્ઠ સ્થાને હશે. ન્યાય વિતરણ વ્યવસ્થામાં કારોબારી એક મુખ્ય હિતધારક છે જેના માટે તે સંસદને જવાબદાર છે અને ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં તેની ભૂમિકા નકારી શકાય નહીં. જોગવાઈના દુરુપયોગની માત્ર સંભાવના એ જોગવાઈને ગેરવાજબી ઠેરવવાનું કારણ હોઈ શકે નહીં. મફતલાલ ઇન્ડસ્ટ્રીઝ લિ. વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા૭૭ પર આધાર રાખવામા આવ્યો છે જે નીચે મુજબ વંચાય છે : "તે જ મતલબના અવલોકનો કેશવાનંદ ભારતી વિરુદ્ધ કેરળ રાજ્ય (એસ.સી.આર. પાના નં. ૭૫૫ : એસ.સી.સી. પાના નં. ૬૬૯) માં ન્યાયમૂર્તિ ખન્ના દ્વારા

કરવામાં આવ્યા છે. વિદ્વાન ન્યાયમૂર્તિએ કહ્યું હતું: (એસ.સી.સી. પાના નં. ૮૨૧, પેરા ૧૫૩૫)

> "ન્યાયિક પુનરાવલોકનની સત્તાનો ઉપયોગ કરતી વખતે, અદાલતો સરકારની વ્યવહારિક જરૂરિયાતોથી અજાણ રહી શકે નહીં. અજમાયશ અને ભૂલ માટે દરવાજો ખુલ્લો રાખવો પડે છે. અન્ય માનવસર્જિત રચનાઓની જેમ બંધારણીય કાયદાએ પણ કેટલીક તકો લેવી પડે છે. અનુભવ દ્વારા વાજબી માન્યતાને સાબિત કરવા માટે તક આપવી જ જોઈએ."

ટી.એન. એજ્યુકેશન ડિપાર્ટમેન્ટ મિનિસ્ટ્રીયલ એન્ડ જનરલ સબઓર્ડિનેટ સર્વિસીસ એસોસિએશન વિરુદ્ધ તમિલનાડુ રાજ્ય [(૧૯૮૦) ૩ એસ.સી.સી. ૯૭] (એસ.સી.આર. પાના નં. ૧૦૩૧) (ન્યાયમૂર્તિ કૃષ્ણા ઐયર) માં પણ તે જ મતલબના અવલોકનો છે. તે પણ એટલું જ સુસ્થાપિત છે કે જોગવાઈનો અમલ કરવા માટે જવાબદાર વ્યક્તિઓ દ્વારા તેના દુરુપયોગની માત્ર સંભાવના એ જોગવાઈને કાર્યરીતિની દ્રષ્ટિએ અથવા મૂળભૂત રીતે ગેરવાજબી ઠેરવવાનું કારણ બની શકતી નથી. કલેક્ટર ઓફ કસ્ટમ્સ વિરુદ્ધ નથેલ્લા સંપથુ ચેટ્ટી [૧૯૬૨ (૩) એસ.સી.આર. ૭૮૬] માં, આ કોર્ટે અવલોકન કર્યું હતું કે: "અન્યથા માન્ય એવા કાયદાના દુરુપયોગની સંભાવના તેમાં અમાન્યતાનું કોઈ તત્વ ઉમેરતી નથી." રાજસ્થાન રાજ્ય વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા [(૧૯૭૭) ૩ એસ.સી.સી. ૫૯૨] (એસ.સી.આર. પાના નં. ૭૭) માં કહેવામાં આવ્યું હતું કે, "એ યાદ રાખવું જોઈએ

કે માત્ર એટલા માટે કે સત્તાનો ક્યારેક દુરુપયોગ થઈ શકે છે, તે સત્તાના અસ્તિત્વનો ઇનકાર કરવાનું કોઈ કારણ નથી. માણસની બુદ્ધિ હજુ સુધી એવી કલ્પના કરવા સક્ષમ બની નથી[60]

> નિમણૂકની બાબતમાં પારદર્શિતા અને જવાબદારી ન્યાયતંત્રમાં જનવિશ્વાસ માટે આવશ્યક છે. આ સંબંધમાં ઇન્દરપ્રીત સિંઘ કાહલોન વિ. પંજાબ રાજ્ય૭૮ નો સંદર્ભ આપવામાં આવ્યો છે જે નીચે મુજબ વંચાય છે : "આ કમનસીબ ઘટના આપણને એક મહત્વપૂર્ણ પાઠ શીખવે છે કે બંધારણીય સત્તાધિકારીઓની નિમણૂક કરતા પહેલાં, તેમના પૂર્વવૃત્ત અંગે સંપૂર્ણ અને ઝીણવટભરી તપાસ અને ચકાસણી થવી જોઈએ. આવા ઉચ્ચ પદો પર નિમણૂકોમાં સત્યનિષ્ઠા અને ગુણવત્તાને યોગ્ય રીતે ધ્યાને લેવી જોઈએ અને તેનું મૂલ્યાંકન કરવું જોઈએ. સમયની એ તાતી જરૂરિયાત છે કે આવી નિમણૂકોમાં સંપૂર્ણ પારદર્શિતા જાળવવી અને દર્શાવવી આવશ્યક છે. બંધારણીય સત્તાધિકારીઓ (જેઓ ઉચ્ચ સ્થાને બિરાજમાન છે) ના કાર્યો અને દુષ્કૃત્યોની અસર ખૂબ લાંબા સમય સુધી ખૂબ મોટી સંખ્યામાં લોકોને પ્રભાવિત કરે છે, તેથી, તે એકદમ અનિવાર્ય છે કે માત્ર ઉચ્ચ સત્યનિષ્ઠા, ગુણવત્તા, સદાચાર અને પ્રામાણિકતા ધરાવતા લોકોની જ આ બંધારણીય પદો પર નિમણૂક કરવામાં આવે."

[60] ૧૪ (૧૯૮૦) ૩ એસ.સી.સી. ૬૨૫

૧૯.૪ આ રજૂઆતો સ્વીકારી શકાય નહીં. એ સ્પષ્ટ છે કે સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂક અને હાઇકોર્ટોના ન્યાયમૂર્તિઓની નિમણૂક અને બદલીના મુદ્દે આખરી નિર્ણય લેવામાં મૂળ બંધારણીય યોજનાના પ્રકાશમાં ન્યાયતંત્રની જે પ્રમુખ ભૂમિકા અસ્તિત્વમાં છે, તેને તિલાંજલિ આપવામાં આવી છે. ન્યાયમૂર્તિઓની નિમણૂકની અસંશોધિત યોજના હેઠળ, જે બંધારણનું એક મૂળભૂત લક્ષણ છે, રાષ્ટ્રપતિએ ન્યાયતંત્રનું પ્રતિનિધિત્વ કરતા સીજેઆઈ સાથે વિચાર–વિમર્શ કર્યા પછી નિમણૂક કરવાની હોય છે.

ઉમેદવારના ચારિત્ર્ય અને પૂર્વવૃત્ત પર અસર કરતા નોંધાયેલા કારણોસર અને જો આવા કારણો સીજેઆઈને સ્વીકાર્ય જણાય, તો અપવાદરૂપ સંજોગોમાં સીજેઆઈના મંતવ્યોની અવગણના કરવી અનુમતિપાત્ર છે. સુધારેલી યોજના હેઠળ, સીજેઆઈ દ્વારા આવો કોઈ આખરી મત લઈ શકાતો નથી. કોઈપણ કારણ આપ્યા વિના, મંત્રી અથવા નામાંકિત સભ્યો ન્યાયમૂર્તિઓના સર્વસંમત મતને નકારી શકે છે. હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ કમિશનના સભ્ય નથી અને હાઇકોર્ટોના ન્યાયમૂર્તિઓની નિમણૂક/બદલીમાં તેમની કોઈ બંધારણીય ભૂમિકા નથી. માત્ર એ હકીકત કે ન્યાયાધીશો વિના, મંત્રી અને નામાંકિત સભ્યો નિમણૂક કરી શકતા નથી, તે એવી પરિસ્થિતિની સમકક્ષ નથી જ્યાં નિર્ણય પોતે

ન્યાયતંત્રનું પ્રતિનિધિત્વ કરતા સીજેઆઈ દ્વારા લેવામાં આવે છે. હાઇકોર્ટના

મુખ્ય ન્યાયમૂર્તિની હાઇકોર્ટના ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક માટેની દરખાસ્ત શરૂ કરવાની બંધારણીય સત્તા, ઓછામાં ઓછું જ્યાં સુધી બંધારણીય જોગવાઈઓનો સંબંધ છે ત્યાં સુધી, નાબૂદ કરવામાં આવી છે.

૧૯.૫ એવી દલીલ કે આ સુધારો ન્યાયતંત્રની સ્વતંત્રતા અથવા લોકશાહીને મજબૂત બનાવે છે અથવા પારદર્શિતા કે જવાબદારી લાવે છે, તે માત્ર શબ્દોથી આગળ કોઈ તર્ક પર આધારિત હોવાનું દર્શાવવામાં આવ્યું નથી. બે પ્રતિષ્ઠિત સભ્યોની નિમણૂક કરવામાં સીજેઆઈ પણ સમિતિના સભ્ય હોય તોપણ, હકીકત એ રહે છે કે આવા સભ્યોની નિમણૂક કરવામાં વડાપ્રધાન અને વિરોધ પક્ષના નેતાની નોંધપાત્ર ભૂમિકા છે, જે સભ્યો પાસે સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂક અને હાઇકોર્ટોના ન્યાયમૂર્તિઓની નિમણૂક/બદલી કરવામાં સીજેઆઈ અને સુપ્રિમ કોર્ટના બે સૌથી વરિષ્ઠ ન્યાયમૂર્તિઓની સમાન જ સત્તા નહીં, પરંતુ સીજેઆઈ અને બે સૌથી વરિષ્ઠ ન્યાયમૂર્તિઓની સર્વસંમત દરખાસ્તને નકારી કાઢવાનો અધિકાર પણ રહેશે. કમિશનની આવી રચના ન્યાયતંત્રની સ્વતંત્રતા માટે અનુકૂળ હોવાનું ઠેરવી શકાય નહીં. સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂક અને હાઇકોર્ટોના ન્યાયમૂર્તિઓની નિમણૂક/બદલી કાયદા મંત્રી અને બે નામાંકિત સભ્યો દ્વારા ચોક્કસપણે મોટા પ્રમાણમાં પ્રભાવિત થઈ શકે છે, જેનાથી ન્યાયતંત્રની સ્વતંત્રતાને અસર થાય છે.

૧૯.૬ વિદ્વાન એટર્ની જનરલની એવી દલીલ કે એવું અનુમાન છે કે કાયદા મંત્રી અને નામાંકિત સભ્યો સ્વતંત્ર રીતે વર્તશે અને ન્યાયમૂર્તિઓની પસંદગીમાં

વધુ સારી રીતે મૂલ્યવર્ધન કરશે, તે સ્વીકારી શકાય નહીં. બંધારણના ઘડવૈયાઓ અને પ્રતિષ્ઠિત નિષ્ણાત સમિતિઓના મંતવ્યો સ્પષ્ટપણે દર્શાવે છે કે ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં કારોબારીની ભૂમિકા ન્યૂનતમ અને મોટે ભાગે ઉમેદવારોના ચારિત્ર્ય અને પૂર્વવૃત્ત તપાસવા પૂરતી મર્યાદિત હોવી જોઈએ અને આવા ઉમેદવારોની ગુણવત્તા અને યોગ્યતાનું આખરી મૂલ્યાંકન કરવા માટે નહીં. બાબતના આ દ્રષ્ટિકોણથી, જ્યારે સમિતિમાં ઉચ્ચ મહાનુભાવોનો સમાવેશ થતો હોય ત્યારે પ્રતિષ્ઠિત વ્યક્તિઓની નિમણૂકના માપદંડ માટે કોઈ માર્ગદર્શિકાની જરૂર ન હતી તેવી દલીલ સ્વીકારવામાં આવે તોપણ, હકીકત એ રહે છે કે આવી વ્યક્તિઓ સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં માત્ર સહાયક જ નહીં પરંતુ પ્રમુખ ભૂમિકા ભજવશે જે ન્યાયતંત્રની સ્વતંત્રતા માટે અનુકૂળ રહેશે નહીં. નામાંકિત સભ્યો પૈકીના એક સભ્ય નિર્દિષ્ટ કેટેગરીમાંથી હોવાના અનામત માટે કોઈ ઔચિત્ય નથી. આવી જોગવાઈ બંધારણની યોજનાની વિરુદ્ધ છે અને સંપૂર્ણપણે ગુણવત્તાના આધારે ન્યાયમૂર્તિઓની પસંદગી કરવાના ઉદ્દેશ્યથી વિપરીત છે. નિમણૂકનું સ્વરૂપ કોઈપણ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો અથવા અનુસૂચિત જાતિઓ કે અનુસૂચિત જનજાતિઓ અથવા મહિલાઓની ઉન્નતિ માટેના કોઈપણ હકારાત્મક પગલાંને વાજબી ઠેરવતું નથી. ન્યાયમૂર્તિઓની નિમણૂક

ઉમેદવારોની ગુણવત્તા અને યોગ્યતાના મૂલ્યાંકન પર થવી જોઈએ. મૂલ્યાંકનકારનો ધર્મ, જ્ઞાતિ કે લિંગ કોઈ પ્રસ્તુતતા ધરાવતા નથી. કાયદા મંત્રી અને નામાંકિત સભ્યો પ્રતિસાદ પૂરો પાડશે તેવી દલીલ પણ તેઓ કમિશનના સભ્યો બનવા અને તે રીતે સુપ્રિમ કોર્ટ અથવા હાઇકોર્ટોના ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક માટેના ઉમેદવારના મૂલ્યાંકન અને યોગ્યતામાં ભાગ લેવા તથા ન્યાયમૂર્તિઓના સર્વસંમત મતને ઉલટાવવાની સત્તા ધરાવવા માટે કોઈ ઔચિત્ય પૂરું પાડતી નથી. સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિની નિમણૂક સામાન્ય રીતે હાઇકોર્ટોના

મુખ્ય ન્યાયમૂર્તિઓ અથવા વરિષ્ઠ ન્યાયમૂર્તિઓ અથવા પ્રતિષ્ઠિત વકીલો અથવા પ્રતિષ્ઠિત ન્યાયશાસ્ત્રીઓમાંથી કરવામાં આવે છે જેમની ગુણવત્તા વરિષ્ઠ ન્યાયમૂર્તિઓ વધુ સારી રીતે જાણતા હોય છે. તેમનું મૂલ્યાંકન નિષ્પક્ષ અને કોઈપણ રાજકીય કે અન્ય વિચારણાઓથી મુક્ત હોવું જોઈએ. પસંદગી કરનાર વ્યક્તિઓ તેમની ગુણવત્તા અને યોગ્યતાનું મૂલ્યાંકન કરવા માટે શ્રેષ્ઠ સ્થિતિમાં હોવી આવશ્યક છે. ન્યાયતંત્રની પ્રમુખ અને નિર્ણાયક ભૂમિકા માત્ર ન્યાયતંત્રની સ્વતંત્રતા અને સત્તાના પૃથક્કરણની જ જરૂરિયાત નથી પરંતુ લોકશાહીની મજબૂતી માટે જરૂરી એવા સામાન્ય લોકોમાં વિશ્વાસ પ્રેરિત કરવા માટે પણ આવશ્યક છે. કારોબારી અથવા ધારાસભા સામે પોતાના મૂળભૂત અને કાનૂની અધિકારોના ઉલ્લંઘનની ફરિયાદ ધરાવતા નાગરિકો એવી અપેક્ષા રાખે છે કે તેમની ફરિયાદ પર એવી વ્યક્તિઓ દ્વારા વિચારણા કરવામાં આવે જેમની નિમણૂક કારોબારી અથવા ધારાસભા દ્વારા પ્રભાવિત ન હોય. જો કોઈ નિમણૂક

રાજકીય વિચારણા અથવા અન્ય કોઈપણ બાહ્ય પ્રભાવથી પ્રભાવિત હોવાનું માનવામાં આવે, તો નિષ્પક્ષતામાં રહેલો વિશ્વાસ, જે ન્યાયતંત્રની સ્વતંત્રતાની ઓળખ છે, તે ક્ષીણ થઈ જશે. અન્ય દેશોની યોજના જ્યારે ભારતીય બંધારણની મૂળભૂત યોજના સાથે સંઘર્ષમાં હોય ત્યારે તેનું યાંત્રિક રીતે અનુકરણ કરી શકાય નહીં.

૧૯.૭ આ સંબંધમાં, એ યાદ કરી શકાય કે સુધારો શબ્દનો શાબ્દિક અર્થ સુધારણા અથવા બહેતરી થાય છે અને સુધારાના પ્રાયોજક હંમેશા સુધારાનો દાવો કરી શકે છે. આવા દાવાની ચકાસણી 'આઈડેન્ટિટી ટેસ્ટ' અને 'ઇમ્પેક્ટ ટેસ્ટ' લાગુ કરીને કરવી પડશે. ઉક્ત કસોટીઓનો ઉલ્લેખ આ અભિપ્રાયના અગાઉના ભાગમાં પહેલેથી જ કરવામાં આવ્યો છે. આ સુધારાથી બંધારણના આવશ્યક લક્ષણની ઓળખ પ્રભાવિત થવી જોઈએ નહીં. બંધારણની યોજનાની કામગીરી પર સુધારાની અસરને ધ્યાનમાં લેવી પડશે૭૯ આ અમુક અંશે વ્યક્તિલક્ષી તત્વ લાવે છે જે કોઈપણ એવા કાયદાની ચકાસણી કરતી વખતે પણ અનિવાર્ય છે જેના પર મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન કરવાનો આક્ષેપ હોય અને 'વાજબી નિયંત્રણો'૮૦ ના ખ્યાલ પર તેનું સમર્થન કરવામાં આવતું હોય. આ સંબંધમાં, કારોબારીની દખલગીરીની અસર

એસ.સી.સી. ૨૪૮ - પેરા ૧૯; આઇ.આર. કોએલ્હો કેસ - પેરા ૧૪૯

જે નિષ્ણાત અભ્યાસો દ્વારા દસ્તાવેજીકૃત થયેલ છે, તેને એ કારણોસર અપ્રસ્તુત ઠેરવી શકાય નહીં અથવા અવગણી શકાય નહીં કે આ સંસદની

શાણપણનો વિષય છે. અગાઉ ઉલ્લેખ કર્યા મુજબ, ન્યાયતંત્રની કામગીરીએ અનેક પ્રસંગોએ કારોબારી અને ધારાસભાને અસર કરી છે, જેમાં (દ્રષ્ટાંત તરીકે) પ્રિવિ પર્સિસ કેસ૮૧, બેંક નેશનાલાઇઝેશન કેસ૮૨, ફ્રીડમ ઓફ પ્રેસ કેસ૮૩, કેશવાનંદ ભારતી કેસ (પૂર્વોક્ત), ઇન્દિરા ગાંધી કેસ (પૂર્વોક્ત), મિનર્વા મિલ્સ કેસ (પૂર્વોક્ત), એલ. ચંદ્રકુમાર કેસ (પૂર્વોક્ત), એમ. નાગરાજ કેસ (પૂર્વોક્ત), આઇ.આર. કોએલ્હો કેસ (પૂર્વોક્ત), એસ.આર. બોમ્માઇ કેસ૮૪ નો સમાવેશ થાય છે. ૧૯.૮ નવું માળખું કમિશન પાસે નિર્ણાયક અવાજ પૂરો પાડે છે જેમાં ન્યાયાધીશો ઉપરાંત કાયદા મંત્રી અને એક નિર્દિષ્ટ સમિતિ દ્વારા નામાંકિત થનારી બે પ્રતિષ્ઠિત વ્યક્તિઓનો સમાવેશ થાય છે. સદર માળખાની તપાસ કરતા પહેલાં, એ નોંધવું ઘટે કે માત્ર સુધારાના લખાણને જ નહીં પરંતુ મૂળ યોજનાની 'ઓળખ' અને નવી યોજના હેઠળની સત્તાના 'વ્યાપ' પર તેની અસર અને સંભાવનાને પણ ધ્યાનમાં રાખવી પડશે૮૫ હાઇકોર્ટોના સ્થાને કંપની બાબતો સાથે વ્યવહાર કરવા માટે જ્યારે વૈકલ્પિક ન્યાયિક મંચ બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો તેવા સમાન સંદર્ભમાં, કોર્ટે ઠેરવેલ કે કાયદાના શાસનના ખ્યાલની એવી જરૂરિયાત હતી કે નવી વ્યવસ્થામાં, શક્ય તેટલા અંશે, સમાન ધોરણો હોવા જોઇએ૮૬ કર બાબતોમાં હાઇકોર્ટોના અધિકારક્ષેત્રના સ્થાને નેશનલ ટેક્સ ટ્રિબ્યુનલ્સની સ્થાપનાના સંદર્ભમાં પણ આવો જ મત લેવામાં આવ્યો હતો૮૭ નવી યોજના કરચલીઓ દૂર કરી શકે છે પરંતુ વ્યવસ્થા બદલાયેલી યોજના સાથે તુલનાત્મક હોવી જોઇએ.

૧૯.૯ અગાઉ ઉલ્લેખ કર્યા મુજબ, આ કોર્ટ દ્વારા અધિકૃત રીતે અર્થઘટન કરવામાં આવેલી અસંશોધિત યોજના હેઠળ, દરખાસ્ત શરૂ કરવાની ૮૧ માધવ રાવ જીવાજી રાવ સિંધિયા વિ. ભારત સંઘ [૧૯૭૧ (૧) એસ.સી.સી. ૮૫], ૮૨ રુસ્તમ કાવસજી કૂપર વિ. ભારત સંઘ [૧૯૭૦ (૧) એસ.સી.સી. ૨૪૮] ૮૩ બેનેટ કોલમેન એન્ડ કંપની લિ. વિ. ભારત સંઘ [૧૯૭૨ (૨) એસ.સી.સી. ૭૮૮] ૮૪ એસ.આર. બોમ્માઇ વિ. ભારત સંઘ [(૧૯૯૪) ૩ એસ.સી.સી. ૧] . ૮૫ કેશવાનંદ ભારતી કેસ - પેરા ૫૩૧; મેનકા ગાંધી વિ. ભારત સંઘ (૧૯૭૮) ૧ એસ.સી.સી. ૨૪૮ – પેરા ૧૯; આઇ.આર. કોએલ્હો કેસ – પેરા ૧૪૯ ૮૬ ભારત સંઘ વિ. મદ્રાસ બાર એસો. (૨૦૧૦) ૧૧ એસ.સી.સી. ૧ – પેરા ૧૦૮ ૮૭ મદ્રાસ બાર એસો. વિ. ભારત સંઘ (૨૦૧૪) ૧૦ એસ.સી.સી. ૧ – પેરા ૧૩૬ અને ૧૩૭ સત્તા હંમેશા ન્યાયતંત્ર પાસે હતી. બંધારણ ઘડતી વખતે, ન્યાયમૂર્તિઓના મંતવ્યો મેળવવા માટે બંધારણનો મુસદ્દો ફેડરલ કોર્ટ અને હાઇકોર્ટોમાં મોકલવામાં આવ્યો હતો. ન્યાયમૂર્તિઓના મંતવ્યોનું પ્રતિનિધિત્વ કરતા આવેદનપત્રમાં, એવો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે પ્રવર્તમાન પરંપરા એવી હતી કે મુખ્ય ન્યાયમૂર્તિને બાબત મોકલીને અને તેમની સહમતિ મેળવ્યા પછી ન્યાયમૂર્તિઓની નિમણૂક કરવામાં આવતી હતી૮૮.

૧૯.૧૦ સીએડી (બંધારણ સભાની ચર્ચાઓ) માં, વિવિધ મોડેલો પર વિચાર કરવામાં આવ્યો હતો પરંતુ અન્ય દેશોમાં લાગુ પડતી વ્યવસ્થા જેમાં કારોબારીનો આખરી શબ્દ હોય અથવા ધારાસભાની સહમતિ હોય (જેમ કે યુ.કે. અને યુ.એસ.એ. માં) તે અયોગ્ય જણાઈ હતી. ડૉ. આંબેડકર દ્વારા જણાવવામાં

આવ્યું હતું કે આ સત્તા કારોબારીની સલાહ પર વાપરવા માટે છોડી શકાય નહીં અથવા ધારાસભાની સહમતિને આધીન બનાવી શકાય નહીં. એવું પણ વધુમાં જણાવવામાં આવ્યું હતું કે ન્યાયમૂર્તિઓની નિમણૂક પર મુખ્ય ન્યાયમૂર્તિને પણ વીટો આપી શકાય નહીં૮૯ લો કમિશને તેના ૧૪મા અહેવાલમાં ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં કારોબારીની દખલગીરીની ટીકા કરી હતી. આ બાબત સંસદ સમક્ષ ચર્ચા માટે આવી હતી અને ગૃહમંત્રી તેમજ કાયદા મંત્રીએ નિવેદન આપ્યું હતું કે તમામ નિમણૂકો સીજેઆઈની ભલામણ પર કરવામાં આવી હતી કારણ કે સીજેઆઈ ઉમેદવારોની ગુણવત્તાથી પરિચિત હતા. ૨૧૧ માંથી, ૨૧૦ નિમણૂકો સીજેઆઈની સંમતિ અને સહમતિથી કરવામાં આવી હતી૯૦ એ નોંધવામાં આવ્યું હતું કે સેકન્ડ જજીસ કેસ પહેલાં લાગુ પડતી ન્યાયમૂર્તિઓની નિમણૂકની પ્રક્રિયા એવી હતી કે નિમણૂક માટેની દરખાસ્ત

સુપ્રિમ કોર્ટના કિસ્સામાં સીજેઆઈ દ્વારા અને હાઇકોર્ટના ન્યાયમૂર્તિઓના કિસ્સામાં હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા શરૂ કરવામાં આવતી હતી૯૧ આ વ્યવસ્થા પરંપરાનો એક ભાગ હોવાનું ઠેરવવામાં આવ્યું હતું૯૨

૧૯.૧૧ શમશેર સિંહ કેસ (પૂર્વોક્ત) માં આ કોર્ટે ૮૪ સેકન્ડ જજીસ કેસ – પેરા ૩૪૦ અને ૩૪૧ ૮૯ સેકન્ડ જજીસ કેસમાં પેરા ૧૯૨ માં સંદર્ભિત ડો. આંબેડકરનું વિધાન ૯૦ સેકન્ડ જજીસ કેસમાં પેરા ૩૪૨ – ૩૪૮ માં પુનઃઉત્પાદિત ચર્ચાઓ ૯૧ પેરા ૯૮ સેકન્ડ જજીસ કેસ ૯૨ પેરા ૩૭૦, ન્યાયમૂર્તિ કુલદીપ સિંઘ અને પેરા ૫૦૫, સેકન્ડ જજીસ કેસમાં ન્યાયમૂર્તિ પુંછી

એવું અવલોકન કર્યું હતું કે વ્યવહારમાં ન્યાયતંત્રની બાબતોમાં આખરી શબ્દ સીજેઆઈનો હોવો જોઈએ. ન્યાયમૂર્તિઓની બદલીના સંદર્ભમાં સાંકળચંદ કેસ (ઉપરોક્ત) માં પણ આવો જ મત વ્યક્ત કરવામાં આવ્યો હતો૯૩ ન્યાયમૂર્તિ એચ.આર. ખન્ના (૧૯૭૯) ના અધ્યક્ષપણા હેઠળના લો કમિશનના ૮૦મા અહેવાલમાં, ન્યાયમૂર્તિઓની નિમણૂક અને બદલી સાથે કામ પાર પાડવા માટે ન્યાયતંત્રના પ્રભાવશાળી અવાજ ધરાવતા કમિશનની દરખાસ્ત કરવામાં આવી હતી. સીજેઆઈની નિમણૂકમાં ન્યાયાધીશોની વરિષ્ઠતાની અવગણના અને ન્યાયમૂર્તિઓની પસંદગીયુક્ત બદલીની પૃષ્ઠભૂમિમાં સદર અહેવાલ નોંધપાત્ર હતો, જેને ન્યાયતંત્રની સ્વતંત્રતામાં દખલગીરી તરીકે જોવામાં આવ્યા હતા. જોકે, સદર ભલામણોથી વિપરીત, કાયદા મંત્રી દ્વારા ૧૯૮૧ માં એક પરિપત્ર બહાર પાડવામાં આવ્યો હતો જેમાં ન્યાયમૂર્તિઓની બદલી કરવાની અને ટૂંકા ગાળા માટે ન્યાયમૂર્તિઓની નિમણૂક કરવાની દરખાસ્ત કરવામાં આવી હતી, જેને પોતાની રીતે જ ન્યાયતંત્રની સ્વતંત્રતામાં દખલગીરી તરીકે જોવામાં આવી હતી અને તેને ફર્સ્ટ જજીસ કેસમાં પડકારવામાં આવ્યો હતો. અગાઉ ઉલ્લેખ કર્યા મુજબ, બહુમતીએ ઠેરવેલ કે આવી બાબતોમાં પ્રાથમિકતા કેન્દ્ર સરકાર પાસે હતી૯૪ સદર મત તીવ્ર ટીકાનો વિષય બન્યો હતો. પ્રતિષ્ઠિત બંધારણીય નિષ્ણાત સીરવાઈએ ટિપ્પણી કરી હતી કે કારોબારી કોઈ ઉમેદવારના ગુણદોષનું મૂલ્યાંકન કરવા માટે સક્ષમ ન હતી. કારોબારી દ્વારા દરખાસ્ત શરૂ કરવી તે બંધારણના ઘડવૈયાઓના આશયની વિરુદ્ધ હતું. ન્યાયમૂર્તિની નિમણૂકમાં રાજકીય, કારોબારી કે વિધાયી દબાણ પ્રવેશવું જોઈએ નહીં૯૫ ન્યાયમૂર્તિ

ડી.એ. દેસાઈના અધ્યક્ષપણા હેઠળના લો કમિશને પણ તેના ૧૨૧મા અહેવાલમાં એવી વ્યવસ્થાની ટીકા કરી હતી જ્યાં ન્યાયમૂર્તિઓની નિમણૂકની બાબતમાં કારોબારી પાસે સર્વોપરી સત્તાઓ હતી. તેમણે જણાવ્યું હતું કે કારોબારી દ્વારા ઉચ્ચ અદાલતોના ન્યાયમૂર્તિઓની નિમણૂક અને બદલી કરવાની સત્તા ન્યાયતંત્રની સ્વતંત્રતાને અસર કરે છે અને તેના તંદુરસ્ત વિકાસ માટે અનુકૂળ નથી. તેમણે આવી નિમણૂકો અને બદલીઓમાં કારોબારી તરફથી થતી મનસ્વીતા પર અંકુશ રાખવા માટે જ્યુડિશિયલ કમિશનની ભલામણ કરી હતી૯૬

૧૯.૧૨ સેકન્ડ જજીસ કેસમાં અર્થઘટન ઉપરોક્ત ઐતિહાસિક પૃષ્ઠભૂમિમાં હતું. ભારતીય બંધારણની કામગીરીના સંદર્ભમાં, ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં કારોબારીની પ્રભાવશાળી ભૂમિકાએ ન્યાયતંત્રની સ્વતંત્રતાને પ્રતિકૂળ અસર કરી હતી. કાયદાનું શાસન અને લોકશાહી જાળવી રાખવા માટે ન્યાયતંત્રને મહત્વપૂર્ણ ભૂમિકા સોંપવામાં આવી છે. તેની સ્વતંત્રતા અને તેની ન્યાયિક પુનરાવલોકનની સત્તા એ મૂળભૂત માળખાનો ભાગ છે. ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં ન્યાયતંત્રની પ્રાથમિકતા એ મૂળભૂત માળખાનો ભાગ છે. આ પૃષ્ઠભૂમિમાં પ્રશ્ન એ છે કે શું નવી યોજના ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં ન્યાયતંત્રની સદર પ્રાથમિકતા જાળવી રાખે છે કે નહીં.

૧૯.૧૩ નવી યોજના હેઠળ, કાયદા મંત્રીને સીજેઆઈની સમકક્ષ ભૂમિકા આપવામાં આવી છે. બંધારણના પ્રારંભથી જ, પ્રક્રિયા શરૂ કરતી વખતે અને તેને

